# Ordinary Gazette Part - I / 2017

| Issue No. | Date | Department |
|---|---|---|
| Issue No. 1 | 05-01-2017 | This Gazette may contain multiple departments/offices. |
| Issue No. 2 | 12-01-2017 | This Gazette may contain multiple departments/offices. |
| Issue No. 3 | 19-01-2017 | This Gazette may contain multiple departments/offices. |
| Issue No. 4 | 26-01-2017 | This Gazette may contain multiple departments/offices. |
| Issue No. 5 | 02-02-2017 | This Gazette may contain multiple departments/offices. |
| Issue No. 6 | 09-02-2017 | This Gazette may contain multiple departments/offices. |
| Issue No. 7 | 16-02-2017 | This Gazette may contain multiple departments/offices. |
| Issue No. 8 | 23-02-2017 | This Gazette may contain multiple departments/offices. |
| Issue No. 9 | 02-03-2017 | This Gazette may contain multiple departments/offices. |
| Issue No. 10 | 09-03-2017 | This Gazette may contain multiple departments/offices. |
| Issue No. 11 | 16-03-2017 | This Gazette may contain multiple departments/offices. |
| Issue No. 12 | 23-03-2017 | This Gazette may contain multiple departments/offices. |
| Issue No. 13 | 30-03-2017 | This Gazette may contain multiple departments/offices. |
| Issue No. 14 | 06-04-2017 | This Gazette may contain multiple departments/offices. |
| Issue No. 15 | 13-04-2017 | This Gazette may contain multiple departments/offices. |
| Issue No. 16 | 20-04-2017 | This Gazette may contain multiple departments/offices. |
| Issue No. 17 | 27-04-2017 | This Gazette may contain multiple departments/offices. |
| Issue No. 18 | 04-05-2017 | This Gazette may contain multiple departments/offices. |
| Issue No. 19 | 11-05-2017 | This Gazette may contain multiple departments/offices. |
| Issue No. 20 | 18-05-2017 | This Gazette may contain multiple departments/offices. |
| Issue No. 21 | 25-05-2017 | This Gazette may contain multiple departments/offices. |
| Issue No. 22 | 01-06-2017 | This Gazette may contain multiple departments/offices. |
| Issue No. 23 | 08-06-2017 | This Gazette may contain multiple departments/offices. |
| Issue No. 24 | 15-06-2017 | This Gazette may contain multiple departments/offices. |
| Issue No. 25 | 22-06-2017 | This Gazette may contain multiple departments/offices. |
| Issue No. 26 | 29-06-2017 | This Gazette may contain multiple departments/offices. |
| Issue No. 27 | 06-07-2017 | This Gazette may contain multiple departments/offices. |
| Issue No. 28 | 13-07-2017 | This Gazette may contain multiple departments/offices. |
| Issue No. 29 | 20-07-2017 | This Gazette may contain multiple departments/offices. |
| Issue No. 30 | 27-07-2017 | This Gazette may contain multiple departments/offices. |

| Issue No. | Date | Department |
|---|---|---|
| Issue No. 31 | 03-08-2017 | This Gazette may contain multiple departments/offices. |
| Issue No. 32 | 10-08-2017 | This Gazette may contain multiple departments/offices. |
| Issue No. 33 | 17-08-2017 | This Gazette may contain multiple departments/offices. |
| Issue No. 34 | 24-08-2017 | This Gazette may contain multiple departments/offices. |
| Issue No. 35 | 31-08-2017 | This Gazette may contain multiple departments/offices. |
| Issue No. 36 | 07-09-2017 | This Gazette may contain multiple departments/offices. |
| Issue No. 37 | 14-09-2017 | This Gazette may contain multiple departments/offices. |
| Issue No. 38 | 21-09-2017 | This Gazette may contain multiple departments/offices. |
| Issue No. 39 | 28-09-2017 | This Gazette may contain multiple departments/offices. |
| Issue No. 40 | 05-10-2017 | This Gazette may contain multiple departments/offices. |
| Issue No. 41 | 12-10-2017 | This Gazette may contain multiple departments/offices. |
| Issue No. 42 | 19-10-2017 | This Gazette may contain multiple departments/offices. |
| Issue No. 43 | 26-10-2017 | This Gazette may contain multiple departments/offices. |
| Issue No. 44 | 02-11-2017 | This Gazette may contain multiple departments/offices. |
| Issue No. 45 | 09-11-2017 | This Gazette may contain multiple departments/offices. |
| Issue No. 46 | 16-11-2017 | This Gazette may contain multiple departments/offices. |
| Issue No. 47 | 23-11-2017 | This Gazette may contain multiple departments/offices. |
| Issue No. 48 | 30-11-2017 | This Gazette may contain multiple departments/offices. |
| Issue No. 49 | 07-12-2017 | This Gazette may contain multiple departments/offices. |
| Issue No. 50 | 14-12-2017 | This Gazette may contain multiple departments/offices. |
| Issue No. 51 | 21-12-2017 | This Gazette may contain multiple departments/offices. |
| Issue No. 52 | 28-12-2017 | This Gazette may contain multiple departments/offices. |

©

सत्यमेव जयते

Postal Regd. No. GRJ-24
WPP License No. G-PMG-RJT/014/2012-14
Valid Up to Dt. 30-06-2014

# The Gujarat Government Gazette

## SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

***PUBLISHED BY AUTHORITY***

**VOL. LVI] THURSDAY, 05th JANUARY, 2017/PAUSHA 15, 1938 No. 01**

**Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central section in order that it may be filed as a separate compilation.**

# PART-I


| Part | Pages |
|---|---|
| **PART - I**<br>Government Notifications Appointments Promotions, Leave of absence, Rules and orders (Other than those published in Part-I-A, IV-A, IV-B, and IV-C) list of publications for sales etc.,<br>Miscellaneous Notifications Appoint-ments etc., | 01-30 |
| **PART - I - A**<br>Order and Notifications (Other than those published in Part-IV-B) under the Gujarat Local Boards, Village Panchayats, Municipals, Boroughs, (Districts) Municipals Primary Education and Local Fund Audits, Acts., | Nil |
| **PART - I - B**<br>(Suppliment) Government Notifications Published under Land Acquisition Act only Supplement. | Nil |
| **PART - II**<br>Miscellaneous Notices, Advertisments, List of Books Sanctioned by the Director of Education, List of Jurors. Schedule of Estates by the Official Assignee, Summary of Births and Deaths, etc., | 01-48 |
| **PART - III**<br>Miscellaneous Supplements Season and Crop Reports, Prices, Current Rainfalls Returns, District Local Boards Accounts etc., | Nil |

# GOVERNMENT NOTIFICATIONS, ORDERS APPOINTMENTS, ETC.
## SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION
## NOTIFICATION
### MISCELLANEOUS NOTIFICATIONS APPOINTMENTS ETC.

## કલેક્ટર દ્વારા

વંચાણ :

(૧) ધી કેરોસીન (રીસ્ટ્રીકશન ઓન યુઝ એન્ડ ફીક્સેશન ઓફ સેલીંગ પ્રાઈઝ) ઓર્ડર-૧૯૯૩.

(૨) અત્રેના જાહેરનામાં નાં. સપ-કસન પરીવહન-દર-વધારો-૨૦૧૪, તા. ૨૦-૦૯-૨૦૧૪.

(૩) અત્રેના જાહેરનામા નાં. સપ/કસન/ભાવ મુકરર/૧૨/૨૦૧૬, તા. ૦૩-૧૨-૨૦૧૬.

(૪) સરકારશ્રીના પત્ર નાં : કસન/૧૦/૨૦૧૬/૩૭૩/બ, તા. ૧૭-૧૨-૨૦૧૬.

## જાહેરનામું

નં. સપ-કસન-ભાવ-મુકરર-૧૨-૨૦૧૬.-અત્રેના વંચાણ-(૨) વાળા જાહેરનામાથી પરિવહન સમિતિની બેઠકમાં વિચારણા મુજબ પરીવહન દર માટેના ભાવ નક્કી થયેલ હતા. ત્યાર બાદ ડીલર્સના કમીશનમાં વધારો થતા ક્રમ-(૩) વાળા જાહેરનામાથી ઘરગથ્થુ વપરાશના કેરોસીનના એક કીલોલીટરના જથ્થાબંધ વેંચાણભાવ તથા એક લીટરનો છુટક વેચાણ ભાવ દરેક તાલુકાવાઈઝ નક્કી કરવામાં આવેલ.

સરકારશ્રીના અન્ન નાગરિક પુરવઠા વિભાગ ગાંધીનગરના વંચાણ-(૪) વાળા પત્ર મુજબ કંપનીના ૧ કે.એલ.ના ભાવ જુના રૂા. ૧૫૧૦૪.૦૧/- હતા. તે વધારીને નવો ભાવ ૧ કે.એલ.નો રૂા. ૧૫૩૫૪.૦૧/- કરેલ છે. જેથી જથ્થાબંધ ભાવમાં કંપનીઓએ રૂા. ૨૫૦/- ભાવ વધારો જાહેર કરેલ છે. તે નજરે જથ્થાબંધ ભાવ તથા છુટક ભાવ તા. ૧૫ મી ડીસેમ્બરથી નવેસરથી નક્કી કરવાના રહેશે. તે નજરે કેરોસીનના કચ્છ જિલ્લાના દરેક તાલુકાના એક કિલોલીટરના (૧૦૦૦ લીટર) જથ્થાબંધ વેંચાણ ભાવ તથા એક લીટરના છુટક વેંચાણ ભાવ નકકી કરવાના રહે છે. સબબ ઉપરોકત વિગત ધ્યાને લેતાં વંચાણ-(૧) વાળા ઓર્ડરથી મને મળેલ અધિકારની રૂએ હું, કલેકટર-કચ્છ, કંડલા ઈન્સ્ટોલેશન ડેપોથી આવતા ઘરગથ્થુ વપરાશના કેરોસીનના એક કીલો લીટરના કંપનીના વધેલ ભાવ નજરે જથ્થાબંધ વેંચાણ ભાવ તથા એક લીટરના છુટક વેંચાણ ભાવ આ સાથેના પત્રકની વિગતે તાલુકાવાઈઝ નીચે મુજબ નક્કી કરવાનું ઠરાવું છું.

### ઘરગથ્થુ વપરાશ માટેના કેરોસીનના ભાવ

| અનુ. નં. | તાલુકાના મુખ્ય મથકનું નામ | એક કિલો લીટર કેરોસીનના તાલુકાના મુખ્ય મથક માટેના જથ્થાબંધ વેંચાણ ભાવ (૧૦૦૦ લીટર) રૂા. પૈસા | એક લીટર કેરોસીનનો તાલુકાના મુખ્ય મથક માટેના છુટક વેચાણ ભાવ રૂા. પૈસા | વિશેષ નોંધ |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧ | ગાંધીધામ | ૧૬૬૪૨.૨૩ | ૧૭.૨૬ | -- |
| ૨ | અંજાર | ૧૬૭૧૮.૧૩ | ૧૭.૩૪ | -- |
| ૩ | ભચાઉ | ૧૬૭૮૭.૬૩ | ૧૭.૪૦ | -- |
| ૪ | ભુજ | ૧૬૯૪૮.૬૩ | ૧૭.૫૭ | -- |
| ૫ | મુન્દ્રા | ૧૬૯૪૮.૬૩ | ૧૭.૫૭ | -- |
| ૬ | રાપર | ૧૭૦૩૮.૦૮ | ૧૭.૬૬ | -- |
| ૭ | નખત્રાણા | ૧૭૧૫૦.૯૩ | ૧૭.૭૭ | -- |
| ૮ | માંડવી | ૧૭૧૫૮.૩૩ | ૧૭.૭૮ | -- |
| ૯ | અબડાસા, મુ. નલીયા | ૧૭૩૦૬.૩૩ | ૧૭.૯૨ | -- |
| ૧૦ | લખપત, મુ. દયાપર | ૧૭૪૨૨.૮૮ | ૧૮.૦૪ | -- |

ઉપર મુજબના મુકરર કરવામાં આવેલ ભાવો જિલ્લાના તાલુકાના મુખ્ય મથકના હોઈ કેરોસીનના ઓઈલ કંપનીનાં જથ્થાબંધ વિક્રેતાઓ કેરોસીનના છુટક વિક્રેતાના સ્થળ સુધી કેરોસીનની ડીલીવરી આપવા જાય ત્યારે ૦ થી ૧૦(દશ) કીલો મીટરના દરેક સ્ટેજે વધુમાં વધુ ૫૦ (પચાસ) કિલો મીટર સુધી ૦૧ (એક) લીટરે ૧૦ (દશ) પૈસા જે વધુમાં વધુ પચાસ કિ.મી. ની મર્યાદામાં સ્ટેજ ચાર્જ લઈ શકશે.

કેરોસીનના છુટક વિક્રેતા સ્ટેજ ખર્ચની રકમ બિલ મુજબ ગણતરી કરતા નજીકના ૦૫ (પાંચ) પૈસાના ગુણાંકમાં છુટક વિક્રેતા કેરોસીનના વેંચાણ બિલ બનાવી કેરોસીનનું વેચાણ કરી શકશે.

આ જાહેરનામાંનો અમલ તા. ૧૬-૧૨-૨૦૧૬ ની તારીખની અસરથી કરવાનો રહેશે.

કચ્છ-ભુજ, ૨૦ માહે ડીસેમ્બર, સને ૨૦૧૬.

---

જિલ્લો : કચ્છ

## ઘરગથ્થું વપરાશના કેરોસીનના જથ્થાબંધ વેચાણ ભાવ તથા છુટક વેચાણ ભાવ નકકી કરવાની કિંમત દર્શાવતું પત્રક

| ક્રમ | વિગત | કચ્છ જિલ્લાના તાલુકાના મુખ્ય મથકનું નામ (તાલુકા) | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | ગાંધીધામ | અંજાર | ભચાઉ | ભુજ | મુન્દ્રા | રાપર | નખત્રાણા | માંડવી | અબડાસા, મુ.નલીયા | લખપત, મુ.દયાપર |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ |
| ૧ | એક કિલોલીટરના ઓઈલ કંપનીના વેંચાણ ભાવ રૂપિયા | ૧૫૩૫૪.૦૧ | ૧૫૩૫૪.૦૧ | ૧૫૩૫૪.૦૧ | ૧૫૩૫૪.૦૧ | ૧૫૩૫૪.૦૧ | ૧૫૩૫૪.૦૧ | ૧૫૩૫૪.૦૧ | ૧૫૩૫૪.૦૧ | ૧૫૩૫૪.૦૧ | ૧૫૩૫૪.૦૧ |
| ૨ | જથ્થાબંધ વિક્રેતાનું કમીશન રૂા. (૧ કે. એલ. ના) કેન્દ્રનું રૂા. ૭૮૭.૮૨ +રાજ્યનું રૂા. ૧૮૦.૩૦ = કુલ રૂા. ૯૬૮.૧૨. | ૯૬૮.૧૨ | ૯૬૮.૧૨ | ૯૬૮.૧૨ | ૯૬૮.૧૨ | ૯૬૮.૧૨ | ૯૬૮.૧૨ | ૯૬૮.૧૨ | ૯૬૮.૧૨ | ૯૬૮.૧૨ | ૯૬૮.૧૨ |
| ૩ | એક કિલોલીટરનો પરિવહન દર રૂપિયા | ૩૨૦.૧૦ | ૩૯૬.૦૦ | ૪૬૫.૫૦ | ૬૨૬.૫૦ | ૬૨૬.૫૦ | ૭૧૫.૯૫ | ૮૨૮.૮૦ | ૮૩૬.૨૦ | ૯૮૪.૨૦ | ૧૧૦૦.૭૫ |
| ૪ | એક કિલોલીટર કેરોસીનનું જથ્થાબંધ વેંચાણ ભાવ રૂપિયા. | ૧૬૬૪૨.૨૩ | ૧૬૭૧૮.૧૩ | ૧૬૭૮૭.૬૩ | ૧૬૯૪૮.૬૩ | ૧૬૯૪૮.૬૩ | ૧૭૦૩૮.૦૮ | ૧૭૧૫૦.૯૩ | ૧૭૧૫૮.૩૩ | ૧૭૩૦૬.૩૩ | ૧૭૪૨૨.૮૮ |
| ૫ | એક કિલોલીટર કેરોસીનનું છુટક વિક્રેતાનું કમિશન રૂપિયા. કેન્દ્રનું ૫૬૩.૦૦ +રાજ્યનું એકસ્ટ્રા ઓર્ડીનરી કમિશન રૂા. ૫૪.૦૦ = કુલ રૂા. ૬૧૭.૦૦ | ૬૧૭.૦૦ | ૬૧૭.૦૦ | ૬૧૭.૦૦ | ૬૧૭.૦૦ | ૬૧૭.૦૦ | ૬૧૭.૦૦ | ૬૧૭.૦૦ | ૬૧૭.૦૦ | ૬૧૭.૦૦ | ૬૧૭.૦૦ |
| ૬ | એક કિલોલીટર કેરોસીનના કુલ રૂપિયા. | ૧૭૨૫૯.૨૩ | ૧૭૩૩૫.૧૩ | ૧૭૪૦૪.૬૩ | ૧૭૫૬૫.૬૩ | ૧૭૫૬૫.૬૩ | ૧૭૬૫૫.૦૮ | ૧૭૭૬૭.૯૩ | ૧૭૭૭૫.૩૩ | ૧૭૯૨૩.૩૩ | ૧૮૦૩૯.૮૮ |
| ૭ | એક લીટર કેરોસીનનું છુટક વેચાણ ભાવ રૂા. | ૧૭.૨૬ | ૧૭.૩૪ | ૧૭.૪૦ | ૧૭.૫૭ | ૧૭.૫૭ | ૧૭.૬૬ | ૧૭.૭૭ | ૧૭.૭૮ | ૧૭.૯૨ | ૧૮.૦૪ |

કચ્છ-ભુજ, ૨૦ માહે ડીસેમ્બર, સને ૨૦૧૬.

એમ. એ. ગાંધી,
કલેકટર,
કચ્છ-ભુજ.

INDEX

**જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા**

**ધી પ્રીવેન્શન ઓફ ડેમેજીસ ઓફ પબ્લીક પ્રોપર્ટી એક્ટ-૧૯૮૪ હેઠળ કરાયેલ**

**હુકમ**

નં. એમએજી/સી/ગ્રા.પં.ચૂંટણી/૪/૨૦૧૬.-રાજ્યના ચૂંટણી પંચ તરફથી તા. ૨૮-૧૧-૨૦૧૬ થી પ્રસિધ્ધ કરાયેલ સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓના ચૂંટણી કાર્યક્રમ અંતર્ગત જુનાગઢ જિલ્લામાં ગ્રામ પંચાયતોની સામાન્ય ચૂંટણી-૨૦૧૬ યોજાનાર છે.

આ ચૂંટણી દરમ્યાન રાજકીય પક્ષો, ઉમેદવારો તથા તેના ટેકેદારો દ્વારા પોસ્ટરર્સ, બેનર્સ, હોર્ડિંગ્સ દ્વારા ચૂંટણી પ્રચાર કરવામાં આવનાર છે. આ ચૂંટણી પ્રચારમા ચૂંટણીની આદર્શ આચાર સંહિતાનું પાલન થાય, તથા ચૂંટણી મુકત, ન્યાયી તથા પારદર્શક રહે અને ચૂંટણી પ્રચાર દરમ્યાન જાહેર મિલ્કને નુકશાન પહોંડીને બગાડ કરતો અટકાવવા માટે ચૂંટણી પ્રચારના બોર્ડ/બેનર્સ વિ. ના ઉપયોગ નિયંત્રીત કરવા જરૂરી જણાય છે.

સબબ હું, ડૉ. રાહુલ ગુપ્તા, આઈ.એ.એસ., જિલ્લા મેજીસ્ટ્રેટ, જુનાગઢ જિલ્લો, જુનાગઢ, ધી પ્રીવેન્શન ઓફ ડેમેજીસ ઓફ પબ્લીક પ્રોપર્ટી એક્ટ-૧૯૮૪ હેઠળ જુનાગઢ જિલ્લામાં ચૂંટણી યોજાનાર છે તે ગ્રામ પંચાયતોની ચૂંટણીના હદ વિસ્તારમાં ચૂંટણી દરમ્યાન ચૂંટણીલક્ષી જાહેરાત, પાટીયા, બેનર્સ, કટ આઉટ મુકવા વિગેરે માટે નીચેની બાબતોનો અમલ કરવા હુકમ કરૂ છું.

(૧) કોઈપણ જાહેર મિલ્કત/જાહેર જગ્યા પર દીવાલ પર લખાણ કરવા, પોસ્ટર્સ/કાગળો ચોંટાડવા અથવા કોઈપણ રીતે નુકશાન કરવા અથવા લખાણો, જાહેરાતના પાટીયા, ઝંડા વગેરે લગાડવા/પ્રદર્શિત કરવા દેવામાં આવશે નહીં.

(૨) આમ છતાં, જો સ્થાનિક કાયદાઓ, ચુકવણી કરીને કે અન્ય રીતે આવા હેતુઓ માટે ખાસ કરીને મુકરર કરવામાં આવેલા જાહેર સ્થળે જાહેર ખબરનાં સૂત્રો લખવાની, પોસ્ટર્સ, વગેરે પ્રદર્શિત કરવાની કે લખાણો, પાટીયા, ઝંડા વગેરે લગાડવાની રજા કે છૂટ આપતા હોય તો, કાયદાની પ્રસ્તુત જોગવાઈઓ પ્રમાણે અને કોર્ટના આદેશોને ચુસ્તપણે આધીન રહીને એમ કરવા દેવાની રજા આપવી. એ બાબત સુનિશ્ચિત કરવી કે આવી કોઈ જગ્યા પર કોઈ અમુક પક્ષ (પક્ષો) અથવા ઉમેદવાર (રો) નું વર્ચસ્વ/ઈજારો ન હોય. તમામ રાજકીય પક્ષો અને ઉમેદવારોને આ બાબતમાં સમાન તક આપવી.

(૩) વધુમાં, ચૂંટણી જાહેર કરવામાં આવ્યા પછી, આ હેતુ માટે આપવામાં આવેલી કોઈપણ જગ્યાનો વિસ્તાર વધારવો કે ઘટાડવો નહીં.

જાહેર મિલકતનો અર્થ ધ પ્રિવેન્શન ઓફ ડેમેજીસ ઓફ પબ્લીક પ્રોપર્ટી એક્ટ-૧૯૮૪ની કલમ-૨ મુજબનો રહેશે અને બગાડનો અર્થ ભારતીય દંડ સંહિતાની કલમ-૪૨૫ મુજબનો રહેશે. જાહેર મિલકતને નુકશાન પહોંચાડીને નુકશાન કરવાની બાબત સદરહું કાયદાની કલમ-૩માં દર્શાવ્યા મુજબની રહેશે.

કોઈ રાજકીય પક્ષ/ઉમેદવાર તથા કોઈ વ્યક્તિ દ્વારા ઉક્ત નિયમોનો ભંગ કરી ચૂંટણીલક્ષી કટ-આઉટ, જાહેરાત, પાટીયા અથવા બેનર્સ પ્રદર્શિત કરવામાં આવશે તો તે ધી પ્રિવેન્શન ઓફ ડેમેજીસ ઓફ પબ્લીક પ્રોપર્ટી એક્ટ-૧૯૮૪ની કલમ-૩ મુજબની શિક્ષાને પાત્ર ઠરશે.

આ હુકમ જુનાગઢ જિલ્લામાં યોજાનાર છે તે ગ્રામ પંચાયતોના મતદાર વિસ્તારોમાં હુકમ પ્રસિધ્ધ કર્યાની તારીખથી ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ થાય ત્યાં સુધી આ હુકમ અમલમાં રહેશે.

આજ તા. ૦૬ માહે ડીસેમ્બર-૨૦૧૬ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી બહાર પાડેલ છે.

જુનાગઢ, ૬ માહે ડીસેમ્બર, સને ૨૦૧૬.

**ડૉ. રાહુલ ગુપ્તા,**
જિલ્લા મેજીસ્ટ્રેટ,
જુનાગઢ જિલ્લો, જુનાગઢ.

---

**જાહેરનામુ**

નં. : ડી.એમ./વશી/૫૪૪૧ થી ૫૪૫૮/૨૦૧૬.-તાજેતરમાં છેલ્લા કેટલાક સમયથી ઉતરાયણ/અન્ય તહેવારો વખતે ચાઈનીઝ તુક્કલ, ચાયનીસ લેટર્ન ખુબજ વધારે પ્રમાણમાં આકાશમાં ઉડાડવામાં આવે છે. તુક્કલમાં હલકી ક્વોલીટીના સળગી જાય તેવા વેક્સ પદાર્થોના કારણે પર્યાવરણને પણ નુકશાન થાય છે. તેમજ સળગતી તુક્કલ ગમે ત્યાં પડવાને કારણે જાનમાલ અને સંપતિને ઘણુજ નુકશાન થાય છે. તેમજ ચાઈનીઝ માંઝા/પ્લાસ્ટીક દોરીના ઉપયોગથી પશુ-પંખી તેમજ વાતાવરણને થતા નુકશાન, આગજની કે તેવી અન્ય કોઈ દુર્ઘટના ન બને તે બાબતો નીવારવા માટે નામ. હાઈકોર્ટના તા. ૨૨-૧૨-૨૦૧૫ના ઓરલ ઓર્ડરનું પાલન કરવાનું રહે છે. અને આ બાબતે સરકારશ્રીના ગૃહ વિભાગના તા. ૧૭-૧૨-૨૦૧૬ના પત્ર નં. વિ.૨/ડી.એસ.એમ./૧૩૨૦૧૬, હા.કો.૦૨ થી પણ આ કામે જાહેરનામું બહાર પાડવા સૂચના થઈ આવેલ હોય, અત્રેના ચાઈનીઝ માંઝા/પ્લાસ્ટીકની દોરીના ઉત્પાદન, વેચાણ અને ઉડાડવા કે વાપરવા પર હંગામી પ્રતિબંધ મૂકવો જરૂરી જણાય છે.

ઉક્ત જણાવેલ તમામ વિગતો મુજબ સમગ્ર બોટાદ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તેમજ જાહેર સુરક્ષા અને સલામતી માટે ચાઈનીઝ તુક્કલ, ચાઈનીઝ લેટર્નના ઉત્પાદન, ચાઈનીઝ માંઝા/પ્લાસ્ટીકની દોરીના ઉત્પાદન, વેચાણ અને ઉડાડવા કે વાપરવા પર હંગામી પ્રતિબંધ મૂકવો આવશ્યક છે. આથી હું પ્રવિણા ડી. કે., (I.A.S.) જિલ્લા મેજીસ્ટ્રેટ, બોટાદ જિલ્લો, બોટાદ, ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪નો બીજો અધિનિયમ) ના કાયદાની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ સત્તાની

રૂએ આથી હુકમ કરૂ છુ કે, સમગ્ર બોટાદ જિલ્લામાં ચાઈનીઝ તુક્કલ, ચાઈનીઝ લેટર્નના ઉત્પાદન, ચાઈનીઝ માંઝા/પ્લાસ્ટીકની દોરીના ઉત્પાદન, વેચાણ અને ઉડાડવા કે વાપરવા પર હંગામી પ્રતિબંધ મુકું છુ.

સદરહું હુકમ તા. ૨૫-૧૨-૧૬ થી તા. ૨૫-૦૧-૨૦૧૭ સુધી (બન્ને દિવસો સુધ્ધા) દિન-૩૨ માટે અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય દંડ સહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

''જાહેરનામાના અમલ તથા તેના ભંગ બદલ પગલા લેવા હેડકોન્સ્ટેબલથી નીચેના ન હોય તેવા પોલીસ અધિકારીશ્રીને અધિકૃત કરવામાં આવે છે.

આ જાહેરનામું જાહેર વિસ્તારોમાં સહેલાઈથી દેખી શકાય તેવી રીતે તેની નકલ ચોંટાડીને તેમજ સ્થાનિક વર્તમાનપત્રોમાં બહોળી પ્રસિધ્ધી આપીને પ્રસિધ્ધ કરવાનું આથી હું ફરમાવું છું.

આજ તા. ૨૦-૧૨-૨૦૧૬ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી જાહેરનામું બહાર પાડેલ છે.

રાજકોટ, ૨૦ માહે ડીસેમ્બર, સને ૨૦૧૬.

**પ્રવિણા ડી. કે.,**
જિલ્લા મેજીસ્ટ્રેટ,
બોટાદ.

---

## અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

### ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭ની પેટા કલમ-૧ તથા કલમ-૩ અન્વયેનો હુકમ

### જાહેરનામું

નં. નાચિ/પલસ/૩/વશી/૨૧૨૦૨ થી ૨૧૨૭૫/૨૦૧૬.- (૧) આગામી દિવસો દરમ્યાન ગ્રામ પંચાયતની ચૂંટણીઓ તથા મતગણતરી થનાર હોય અને હાલની પ્રવર્તમાન પરિસ્થિતિને અનુલક્ષીને સમગ્ર અમરેલી જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાય રહે તે માટે તેમજ જાહેર સુલેહ શાંતિ અને સલામતી જાળવવા માટે ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭ની પેટા કલમ-૧ તથા કલમ-૩ અન્વયે પગલા લેવા પુરતા કારણો છે. તેની મને ખાત્રી થઈ છે.

(૨) જેથી હું, ડી. ડી. પંડ્યા, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, અમરેલી, ગુજરાત પોલીસ અધિનિયમ–૧૯૫૧ની કલમ–૩૭ની પેટા કલમ–૧ તથા કલમ–૩ અન્વયે મળેલ સત્તાની રૂઈએ આથી ફરમાવું છું કે,

(૩) તા. ૧૮-૧૨-૧૬ થી તા. ૦૧-૦૧-૧૭ (બંને દિવસો સહિત) અમરેલી જિલ્લાના સમગ્ર વિસ્તારમાં,

(૪) કોઈપણ ઈસમે શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટા, બંદુક, ચપ્પુ, લાકડી અથવા લાઠી અથવા શારિરીક ઈજા અને હિંસા પહોંચાડવા ઉપયોગી થઈ શકે તેવી બીજી કોઈપણ ચીજવસ્તુ, સ્ફોટક પદાર્થ અથવા પથ્થરો સાથે ઘર બહાર નીકળવું નહીં. કોઈ આકૃતિઓ અથવા પુતળા દેખાડવા નહીં અને બુમો પાડવી નહીં તથા સુત્રોચ્ચાર કરવા નહીં.

(૫) આ હુકમ નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહીં.

(અ) ફરજ પર રોકાયેલ પોલીસ તથા હોમગાર્ડ સહિતના તમામ સરકારી તેમજ અર્ધ સરકારી કર્મચારી તથા અધિકારીઓને,

(બ) શારિરીક અશક્તિને કારણે લાકડી તથા લાઠી લઈને ફરવુ જરૂરી છે તેવી વ્યક્તિઓને,

(૬) વધુમાં ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭ની પેટા કલમ-૩ હેઠળ મળેલ સત્તાની રૂઈએ,

**તારીખ : ૧૮-૧૨-૨૦૧૬ થી તા. ૦૧-૦૧-૨૦૧૭** (બંને દિવસો સહિત) અમરેલી જિલ્લાનાં સમગ્ર વિસ્તારની અંદર સંબંધિત સબ ડીવઝનલ મેજીસ્ટ્રેટશ્રી/તાલુકા એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટશ્રીની પુર્વ મંજુરી/પરવાનગી સિવાય કોઇ સભા મંડળી ભરવાની અથવા સરઘસ કાઢવાની હું મનાઈ ફરમાવુ છું.

(૭) ઉપરોક્ત પેરા-૬(છ) માં કરવામાં આવેલ આદેશ ફરજ પરના કોઈપણ સરકારી/બિનસરકારી કર્મચારીઓ અને અધિકારીઓને તેમજ કોઈપણ લગ્નનાં વરઘોડાને અથવા સ્મશાનયાત્રાને લાગુ પડશે નહીં.

(૮) આ જાહેરનામાનું ઉલ્લંઘન કરનાર અથવા ઉલ્લંઘન માટે મદદ કરનાર શખ્સ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૫ની જોગવાઈ મુજબ સજા તથા દંડને પાત્ર થશે.

હું એવો પણ આદેશ કરૂં છું કે, પોલીસ અધિક્ષકશ્રી, અમરેલીએ સદરહું હુકમ નિર્દિષ્ટ કરેલ વિસ્તારમાં સહેલાઈથી દેખી શકાય તેવી જગ્યાએ તેની નકલ ચોટાડીને તથા લાઉડ સ્પીકર તેમજ સ્થાનિકેથી પ્રસિધ્ધ થતા સ્થાનીક વર્તમાનપત્રો દ્વારા તેની બહોળી જાહેરાત કરી/કરાવીને પ્રસિધ્ધ કરવો.

(૯) આજ તા. : ૧૭–ડિસેમ્બર–૨૦૧૬ નાં રોજ મારી સહી તથા સિક્કો કરી હુકમ બહાર પાડયો.

અમરેલી, ૧૭ માહે ડિસેમ્બર, સને ૨૦૧૬.

---

### ફોજદારી કાર્યરીતિ અધિનીયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ

### જાહેરનામું

નાં. હોમ/પલસ/વશી/૨૧૩૭૬ થી ૨૧૪૫૦/૨૦૧૫.- ઉપસચિવશ્રી (કાયદો અને વ્યવસ્થા) ગૃહ વિભાગ, ગાંધીનગરના પત્ર ક્રમાંક : વિ-૨/ડી.એસ.એમ./૧૩૨૦૧૬/હા.કો. ૦૨, તા. ૧૭-૧૨-૨૦૧૬ થી સ્કાય લેન્ટર્ન અને ચાઈનીઝ માંઝા/પ્લાસ્ટીક દોરી પર પ્રતિબંધ મુકવા સી.આર.પી.સી. કલમ ૧૪૪ મુજબ જાહેરનામુ બહાર પાડવા જણાવેલ છે. જે મુજબ છેલ્લા

ઘણા સમયથી લોકો દ્વારા ઉતરાયણ તથા અન્ય તહેવારો દરમ્યાન રાત્રિના સમયે સ્કાય લેન્ટર્સ (ચાઈનીઝ તુક્કલ) ઉડાવવાની તેમજ ચાઈનીજ માંજા/પ્લાસ્ટીક દોરીનો ઉપયોગ કરવાની પ્રથા શરૂ થયેલ છે. ચાઈનીઝ માંજા/પ્લસ્ટીક દોરીના તેમજ સ્કાય લેન્ટર્સના ઉપયોગથી પશુ પંખી તેમજ પર્યાવરણને થતા નુકશાન, આગજની કે તેવી અન્ય કોઈ દુર્ઘટના બનવાના પ્રસંગો નકારી શકાય નહિ.

સ્કાય લેન્ટર્સ પર મોટા ભાગે Biodegradable લખેલ હોય છે. પરંતુ આ પ્રકારના સ્કાય લેન્ટર્સની ગુણવતા સારી હોતી નથી અને સસ્તા મીણના ચોસલા તેમા બળતણ તરીકે વપરાય છે. જે બાયોડીગ્રેડેબલ હોતા નથી તથા તે મોટી પર્યાવરણીય આપત્તિ સર્જી શકે છે. ભુતકાળમાં સ્કાય લેન્ટર્સને કારણે તહેવારો દરમ્યાન આગના બનાવો બનેલા હોય તેના પર પ્રતિબંધ મુકવો જરૂરી જણાતો હોય આ બાબતે જનજાગૃતી કેળવવા માટે પ્રતિબંધાત્મક પગલા ભરવા જરૂરી છે.

સબબ હું, ડી. ડી. પંડ્યા, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, અમરેલી, જિ. અમરેલી, ફોજદારી કાર્યરીતિ અધિનીયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ સત્તાની રૂઈએ નીચે જણાવ્યા મુજબની પ્રવૃતી ઉપર સમગ્ર અમરેલી જિલ્લામાં પ્રતિબંધ ફરમાવું છું.

**પ્રતિબંધ**

સસ્તા કાગળમાંથી બનેલ સ્કાય લેન્ટર્સ કે જેમા મીણના ચોસલા બળતર તરીકે વપરાય છે. તેવા તુલ તથા તે માટેની જરૂરી સામગ્રીનો કોઈપણ વેપારી, વ્યકિત કે સંસ્થાએ ખરીદ વેચાણ, સંગ્રહ, બક્ષીસ, ભેટ કે ઉપયોગ કરવો નહિ તથા આવા સ્કાય લેન્સ ઉડાડવા નહિ.

સદરહું જાહેરનામુ પ્રસિધ્ધ થયા તા. ૨૫-૧૨-૨૦૧૬ થી ૨૫-૦૧-૨૦૧૭ના સમયગાળા દરમ્યાન સમગ્ર અમરેલી જિલ્લામાં અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ભારતીય ફોજદારી કાર્યરીતિ અધિનીયમ-૧૯૭૩ ની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ તા.૧૭ ડીસેમ્બર, સને ૨૦૧૬ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા કરી જાહેર જનતાની જાણ તથા અમલ થવા માટે પ્રસિધ્ધ કર્યુ.

અમરેલી, ૧૭ માહે ડીસેમ્બર, સને ૨૦૧૬.

---

**ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩(૧૯૭૪ નો બીજો અધિનિયમ)નાં કાયદાની કલમ-૧૪૪ હેઠળ હુકમ**

**હુકમ**

નં. નાચિ/પલસ/૩/વશી/૨૧૨૭૬ થી ૨૧૩૭૦/૨૦૧૬.- (૧) પ્રીન્સીપાલશ્રી, જવાહર નવોદય વિદ્યાલય, મોટા ભંડારીયા, તા. અમરેલીના તા. ૦૮-૧૨-૧૬ના પત્રથી શૈક્ષણીક વર્ષ ૨૦૧૭-૧૮ માં જવાહર નવોદય વિદ્યાલયમાં વિદ્યાર્થીઓને પ્રવેશ મેળવવા માટે આગામી તા. ૮-૧-૧૭ના રોજ અમરેલી જિલ્લાના તમામ તાલુકા મથકો ખાતે યોજાનાર છે. જે પરીક્ષા કેન્દ્રોની આસપાસના ૧૦૦ મીટર વિસ્તારમાં ઝેરોક્ષ મશીનો બંધ રાખવા, પરીક્ષા કેન્દ્રમાં મોબાઈલ કે અન્ય પ્રકારના કોમ્યુનીકેશન અંગેના સાધનો નહી લઈ જવા અંગે સી.આર.પી.સી.ની જોગવાઈ મુજબનું જાહેરનામુ પ્રસિધ્ધ કરવા અત્રે દરખાસ્ત કરેલ છે. સદરહું સ્પર્ધાત્મક પરીક્ષા કેન્દ્રો ખાતે યોજાનાર છે.

| ક્રમ | તાલુકાનુ નામ | સ્કુલનું નામ |
|---|---|---|
| ૧ | અમરેલી | ૧. દીપક હાઈસ્કુલ, અમરેલી<br>૨. કમાણી ફોરવર્ડ હાઈસ્કુલ, અમરેલી |
| ૨ | બાબરા | ૧. કમલસિહ હાઈસ્કુલ, બાબરા<br>૨. કે.પી. આશરા હાઈસ્કુલ, બાબરા |
| ૩ | ધારી | વી.પી.જી. ગર્લ્સ હાઈસ્કુલ, ધારી |
| ૪ | જાફરાબાદ | પારેખ મહેતા હાઈસ્કુલ, જાફરાબાદ |
| ૫ | ખાંભા | જે.એન.મહેતા હાઈસ્કુલ, ખાંભા |
| ૬ | કુંકાવાવ | સુરગવાલા સાર્વજનીક હાઈ. સેકન્ડરી સ્કુલ, વડીયા |
| ૭ | લાઠી | કલાપી વિનય મંદીર, લાઠી |
| ૮ | લીલીયા | અમૃતબા હાઈસ્કુલ, લીલીયા |
| ૯ | રાજુલા | ૧. જે.એન. સંગવી હાઈસ્કુલ, રાજુલા<br>૨. ટી.જે.બી. ગર્લ્સ હાઈસ્કુલ, રાજુલા |
| ૧૦ | સાવરકુંડલા | ૧. સ.વ.દોષી ગર્લ્સ હાઈસ્કુલ, સાવરકુંડલા<br>૨. જે.વી.મોદી હાઈસ્કુલ, સાવરકુંડલા |
| ૧૧ | બગસરા | મેઘાણી હાઈસ્કુલ, બગસરા |

(૨) આથી હું, ડી. ડી. પંડ્યા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમરેલી, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ થી મળેલ સત્તાની રૂઈએ નીચે જણાવ્યા મુજબનાં પ્રતિબંધિત વિસ્તારમાં નીચે મુજબનાં કૃત્યો કરવાની મનાઈ ફરમાવું છું કે,

(૩) તા. ૦૮-૦૧-૧૭ ના રોજ સવારે ૧૦:૩૦ કલાકથી ૧૨:૩૦ કલાક સુધી ઉકત પરીક્ષા કેન્દ્રોની ૧૦૦ મીટરની ત્રિજ્યામાં ચારથી વધુ વ્યક્તિઓએ ભેગા થવું નહિ તથા પરીક્ષાખંડમાં પરીક્ષાર્થી અને સુપરવાઈઝરશ્રીઓએ પોતાની પાસે મોબાઈલ ફોન કે ગેરરીતિ કરવામાં ઉપયોગી થાય તેવા ઉપકરણો લઈ જઈ શકશે નહિં. તેમજ તા. ૦૮-૦૧-૧૭ના રોજ સવારના ૧૦:૩૦ કલાકથી ૧૨:૩૦ કલાક સુધી ઉક્ત પરીક્ષા કેન્દ્રોની ૧૦૦ મીટરની ત્રિજ્યા વિસ્તારમાં ખાનગી ઝેરોક્ષ સેન્ટરો તથા ઝેરોક્ષ મશીનો બંધ રાખવા તેમજ પ્રાઈવેટ ફેકસ મશીનો પણ બંધ રાખવા ફરમાવું છું.

(૪) આ હુકમનું ઉલ્લંઘન કરનાર અથવા ઉલ્લંઘન માટે મદદ કરનાર શખ્સ ભારતીય દંડ સહિતાની કલમ-૧૮૮ હેઠળ સજાને પાત્ર થશે.

(૫) આજ તારીખઃ ૧૭ મી ડીસેમ્બર–૨૦૧૬ના રોજ મારી સહી તથા સિક્કો કરી હુકમ બહાર પાડયો.

અમરેલી, ૧૭ માહે ડીસેમ્બર, સને ૨૦૧૬.

**ડી. ડી. પંડ્યા,**
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
અમરેલી.

---

**ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ના (આંક-૨૨)ની કલમ-૩૭(૧) અન્વયે**

## જાહેરનામું

નં. એમએજી/સી/૩૭(૧)/૬૪૦૯/૨૦૧૬.-પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢની કચેરી પત્ર નં. સી/એલઆઈબી/જાહેરનામું/હથિ.બંધી/૩૦૦૬/૨૦૧૬, તા. ૦૨-૧૨-૨૦૧૬ થી (૧) ગીરનાર પર્વત ઉપર ગુરૂદત્તાત્રેય રક્ષિત સ્મારકની જગ્યા ખાતે તથા ત્રીજી ટુંક ખાતે હિન્દુ અને જૈન ધર્મના લોકો વચ્ચે વિવાદ ચાલુ હોય, આ સ્થળે વિવાદના કારણે અગાઉ ગુન્હાઓ બનવા પામેલ છે. જેથી આ વિસ્તારનો પણ જાહેરનામાંમાં સમાવેશ કરવો જરૂરી હોય, (૨) તાજેતરમાં થઈ રહેલ જીવનજરૂરી ચીજ-વસ્તુઓના ભાવવધારાના વિરોધમાં આંદોલાત્મક કાર્યક્રમો રાખવામાં આવનાર હોવાથી કાયદો અને વ્યવસ્થાની દષ્ટિએ તકેદારી રાખવી આવશ્યક છે. (૩) ઉપલા દાતાર ખાતે ભંડારીની નિમણુંકના પ્રશ્ને તેમજ પટેલ બાપુની મૂર્તિ રાખવા સબંધે હિન્દુ અને મુસ્લીમ વચ્ચે વિવાદ ચાલે છે. (૪) વીજ પુરવઠો અનિયમીત તથા પુરતા પ્રમાણમાં મળતો ન હોય, કિસાનો દ્વારા પી.જી.વી.સી.એલ. સબસ્ટેશન ઘેરાવ/વિરોધ જેવા આંદોલનાત્મક કાર્યક્રમો કરવામાં આવે તેમજ હાલની મોંઘવારીના પ્રશ્ને પણ આંદોલનો થવાની શક્યતા નકારી શકાય નહીં. (૫) આ સમય દરમ્યાન પાટીદાર અનામત આંદોલન તથા ઉના કાંડ (દલિત આંદોલન) પણ ગતિમા હોય, જેથી સવિશેષ તકેદારી રાખવી આવશ્યક છે. જેથી જુનાગઢ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તથા જાહેર સુલેહશાંતી જળવાઈ રહે તે હેતુસર હથિયારબંધીનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા અત્રેને દરખાસ્ત થઈ આવેલ છે.

ઉક્ત રજુ થયેલ દરખાસ્ત વ્યાજબી જણાતા સુલેહશાંતિ જાળવવા સારૂ અને કાયદો વ્યવસ્થાની સ્થિતિ યથાવત જળવાય રહે તેમજ કોઈ જાતનો અનિચ્છનીય બનાવ બને નહી તે માટે હું, મિતા એમ. જોષી, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, જુનાગઢ જિલ્લો, જુનાગઢ, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ના આંક-૨૨ની કલમ-૩૭(૧) અન્વયે મને મળેલ અધિકારની રૂએ સમગ્ર જુનાગઢ જિલ્લા વિસ્તારમાં તા. ૧૩-૧૨-૨૦૧૬ થી તા. ૧૦-૦૧-૨૦૧૭ સુધી બન્ને દિવસો સહિત નીચે પ્રમાણે મનાઈ ફરમાવું છું કે, કોઈપણ વ્યકિત,

(ક) શસ્ત્ર, દંડા, તલવાર, ભાલા, ચપ્પુ, લાકડી અથવા શારિરીક હિંસા પહોંચાડવામાં ઉપયોગી થઈ શકે તેવી બીજી કોઈ ચીજો લઈ જવી નહીં.

(ખ) પથ્થરો અથવા બીજા શસ્ત્રો ફેંકવા અથવા નાખવામાં ઉપયોગી હોય તેવા યંત્રો અથવા સાધનો લઈ જવા, એકઠા કરવા તથા તૈયાર કરવા નહી.

(ગ) વ્યક્તિઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવા નહી.

(ઘ) અપમાન કરવા અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેર બિભત્સ સુત્રો પોકારવા નહી, અસ્લીલ ગીતો ગાવા નહી.

(ચ) જેનાથી સુરૂચીનો અને શાંતિનો ભંગ થાય તેવું ભાષણ કરવું નહી, તેવા હાવભાવ કરવા નહી, તેવી ચેષ્ટા કરવી નહી તથા ચિત્રો, પ્લેકાર્ડ અથવા બીજા કોઈ પદાર્થ અથવા વસ્તુઓ કરવી નહી.

**(૩) આ હુકમ નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહીં.**

૧. સરકારશ્રીની નોકરીમાં કામ કરતી કોઈ વ્યક્તિ કે જેના ઉપરી અધિકારીઓને ફરમાવ્યા હોય અથવા આવા કોઈ હથિયાર લઈ જવાની તેમની ફરજ હોય.

૨. જિલ્લા પોલીસ અધિકારીશ્રીએ જે તે શારિરીક અશક્તિને કારણે લાઠી લઈ જવાની અથવા શુભ હેતુથી ધંધો કરવાની પરવાનગી આપી હોય તે વ્યક્તિ.

૩. ખેડુતો પોતાની ખેતીકામ માટે ખેતીના ઓજારો લઈ જવામાં હાડમારી ન થાય, તે અને રોજીંદા કામ કરી શકે તે આશયથી ખેડુતો પોતાના ઓજારો ખેતીકામ માટે લઈ જતા હોય.

આ જાહેરનામાંના કોઈ ખંડનો ભંગ કરનાર અથવા પાલન ન કરવામાં મદદ કરનાર વ્યક્તિને ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૫(૧) મુજબ એક વર્ષની મુદત સુધીની કેદની શિક્ષા અને દંડને પાત્ર થશે. આ ઉપરાંત ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ તે વ્યક્તિનો ગુનો સાબિત થયેથી એક માસની સાદી કેદ અગર રૂા. ૨૦૦/- નો દંડ અગર બન્ને શિક્ષા થઈ શકશે અને આ હુકમની અવગણના માનવજીવનને અથવા સ્વાસ્થ્યને અથવા સલામતીને નુકશાન કરે, ભય ઉત્પન્ન થાય અથવા કોઈ હુલ્લડ-બખેડો થાય તો તેવી વ્યક્તિને-૬ (છ) માસ સુધીની પરિશ્રમ અથવા સાદી કેદ અથવા રૂા. ૧૦૦૦/- સુધીનો દંડ સહિત બંન્ને શિક્ષાને પાત્ર ઠરશે.

આજ તારીખ : ૦૬ મી, માહે ડિસેમ્બર, સને-૨૦૧૬ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા કરી જાહેર જનતાની જાણ તથા અમલ થવા માટે પ્રસિધ્ધ કર્યુ.

જુનાગઢ, ૬ માહે ડિસેમ્બર, સને ૨૦૧૬.

---

સને-૧૯૫૧ના ગુજરાત પોલીસ અધિનિયમ (આંક-૨૨)ની કલમ-૩૭(૩) અન્વયેનું

## જાહેરનામું

નં. એમએજી/સી/૩૭(૩)/૬૪૧૦/૨૦૧૬.-પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢના પત્ર નં. સી/એલઆઈબી/જાહેરનામું/સભા-સરઘસ/૩૦૦૫/૧૬, તા. ૦૨-૧૨-૨૦૧૬ થી (૧) ગીરનાર પર્વત ઉપર ગુરુ દત્તાત્રેયની જગ્યા ખાતે તથા હિન્દુ અને જૈન ધર્મના લોકો વચ્ચે વિવાદ ચાલુ હોય અને તેના અનુસંધાને ગુન્હાઓ પણ દાખલ થયેલ હોય (૨) વીજપુરવઠો અનિયમીત તથા પુરતા પ્રમાણમાં મળતો ન હોય, કિસાનો દ્વારા પી.જી.વી.સી.એલ. સબ સ્ટેશન ઘેરાવ/વિરોધ જેવા આંદોલનાત્મક કાર્યક્રમો કરવામાં આવે તેમજ હાલમાં મોંઘવારીના પ્રશ્ને પણ આંદોલનો થવાની શક્યતા નકારી શકાય નહીં. (૩) હાલ પણ પાટીદાર અનામત આંદોલન તથા દલિત આંદોલન તથા દલિત અત્યાચારના બનાવો તથા તેને સંલગ્ન આંદોલનો ગતિમા હોય, જેને ધ્યાને લઈ સવિશેષ તકેદારી રાખવાની આવશ્યકતા છે. જેથી જુનાગઢ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તથા જાહેર સુલેહશાંતી જળવાઈ રહે તે હેતુસર સભા-સરઘસ વગર પરવાનગીએ કોઈ કાઢે નહીં તે માટેનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા અત્રે દરખાસ્ત રજુ થયેલ છે.

પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢ તરફથી ઉકત વિગતે રજુ થયેલ દરખાસ્ત વ્યાજબી જણાતા ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ના આંક-૨૨ની કલમ-૩૭ની પેટા કલમ-૩ થી મને મળેલ અધિકારની રૂએ હું, મિતા એમ. જોષી, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, જુનાગઢ જિલ્લો, જુનાગઢ, આથી જુનાગઢ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં તા. ૧૩-૧૨-૨૦૧૬ ના રોજથી તા. ૨૬-૧૨-૨૦૧૬ (બંન્ને દિવસો સહીત) સુધીની મુદત માટે કોઈપણ સભા કે સરઘસ માટે મનાઈ હુકમ ફરમાવું છું. આદેશ કરૂ છું કે, આ હુકમ નીચેનાને લાગુ પડશે નહી.

(૧) ફરજ ઉપર હોય તેવી ગૃહરક્ષક મંડળીઓ.

(૨) સરકારી નોકરીએ અવરજવર કરતી હોય તેવી વ્યકિતને.

(૩) કોઈ લગ્નના વરઘોડાને.

(૪) સ્મશાનયાત્રા કે જેમાં જોડાનાર વ્યકિતઓને.

(૫) સક્ષમ અધિકારીશ્રીની કાયદેસર પરવાનગી લઈને.

આ હુકમનું પાલન ન કરનાર અથવા તેનું પાલન ન કરવામાં કોઈને મદદ કરનારને ગુનો સાબિત થયેથી, દંડની શિક્ષાને પાત્ર ઠરશે તથા ભારતીય દંડસહિતાની કલમ-૧૮૮ મુજબનો ગુનો સાબિત થયેથી, જે તે વ્યકિતને એક માસની સાદી કેદ અથવા રૂા. ૨૦૦/- સુધીનો દંડ અગર બંન્ને શિક્ષા થઈ શકશે અને આ હુકમની અવગણના માનવ જીવનને કોઈ નુકશાન અથવા સ્વાસ્થ્યને અથવા સલામતીને કોઈ ભય ઉત્પન્ન થાય અથવા કોઈ હુલ્લડ-બખેડો થાય તો તેવી વ્યકિતને-૬ (છ) માસ પરિશ્રમ અથવા સાદી કેદ અથવા રૂા. ૧૦૦૦/- સુધીનો દંડ સહિત બંન્ને શિક્ષાને પાત્ર ઠરશે.

આજ તારીખ : ૦૬, માહે ડિસેમ્બર, સને ૨૦૧૬ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા કરી જાહેર જનતાની જાણ તથા અમલ થવા માટે પ્રસિધ્ધ કર્યુ.

જુનાગઢ, ૦૬ માહે ડિસેમ્બર, સને ૨૦૧૬.

---

સને-૧૯૫૧ના ગુજરાત પોલીસ અધિનિયમ (આંક-૨૨)ની કલમ-૩૭(૩) અન્વયેનું

## જાહેરનામું

નં. એમએજી/સી/૩૭(૩)/૬૧૧૪/૨૦૧૬.-પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢના પત્ર નં. સી/એલઆઈબી/જાહેરનામું/સભા-સરઘસ/૨૮૯૧/૧૬, તા. ૧૯-૧૧-૨૦૧૬ થી (૧) ગીરનાર પર્વત ઉપર ગુરુ દત્તાત્રેયની જગ્યા ખાતે તથા હિન્દુ અને જૈન ધર્મના લોકો વચ્ચે વિવાદ ચાલુ હોય અને તેના અનુસંધાને ગુન્હાઓ પણ દાખલ થયેલ હોય (૨) વીજપુરવઠો અનિયમીત તથા પુરતા પ્રમાણમાં મળતો ન હોય, કિસાનો દ્વારા પી.જી.વી.સી.એલ. સબ સ્ટેશન ઘેરાવ/વિરોધ જેવા આંદોલનાત્મક કાર્યક્રમો કરવામાં આવે તેમજ હાલમાં મોંઘવારીના પ્રશ્ને પણ આંદોલનો થવાની શક્યતા નકારી શકાય નહીં. (૩) હાલ પણ પાટીદાર અનામત આંદોલન તથા દલિત આંદોલન તથા દલિત અત્યાચારના બનાવો તથા તેને સંલગ્ન આંદોલનો ગતિમા હોય, જેને ધ્યાને લઈ સવિશેષ તકેદારી રાખવાની આવશ્યકતા છે. જેથી જુનાગઢ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તથા જાહેર સુલેહશાંતી જળવાઈ રહે તે હેતુસર સભા-સરઘસ વગર પરવાનગીએ કોઈ કાઢે નહીં તે માટેનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા અત્રે દરખાસ્ત રજુ થયેલ છે.

પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢ તરફથી ઉકત વિગતે રજુ થયેલ દરખાસ્ત વ્યાજબી જણાતા ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ના આંક-૨૨ની કલમ-૩૭ની પેટા કલમ-૩થી મને મળેલ અધિકારની રૂએ હું, મિતા એમ. જોષી, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, જુનાગઢ જિલ્લો, જુનાગઢ, આથી જુનાગઢ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં તા. ૨૮-૧૧-૨૦૧૬ ના રોજથી તા. ૧૧-૧૨-૨૦૧૬ (બંન્ને દિવસો સહીત) સુધીની મુદત માટે કોઈપણ સભા કે સરઘસ માટે મનાઈ હુકમ ફરમાવું છું. આદેશ કરૂ છું કે, આ હુકમ નીચેનાને લાગુ પડશે નહી.

(૧) ફરજ ઉપર હોય તેવી ગૃહરક્ષક મંડળીઓ.

(૨) સરકારી નોકરીએ અવરજવર કરતી હોય તેવી વ્યકિતને.

(૩) કોઈ લગ્નના વરઘોડાને.

(૪) સ્મશાનયાત્રા કે જેમાં જોડાનાર વ્યકિતઓને.

(૫) સક્ષમ અધિકારીશ્રીની કાયદેસર પરવાનગી લઈને.

આ હુકમનું પાલન ન કરનાર અથવા તેનું પાલન ન કરવામાં કોઈને મદદ કરનારને ગુનો સાબિત થયેથી, દંડની શિક્ષાને પાત્ર ઠરશે તથા ભારતીય દંડસહિતાની કલમ-૧૮૮ મુજબનો ગુનો સાબિત થયેથી, જે તે વ્યકિતને એક માસની સાદી કેદ અથવા રૂા. ૨૦૦/- સુધીનો દંડ અગર બંન્ને શિક્ષા થઈ શકશે અને આ હુકમની અવગણના માનવ જીવનને કોઈ નુકશાન અથવા સ્વાસ્થ્યને અથવા સલામતીને કોઈ ભય ઉત્પન્ન થાય અથવા કોઈ હુલ્લડ-બખેડો થાય તો તેવી વ્યકિતને-૬ (છ) માસ પરિશ્રમ અથવા સાદી કેદ અથવા રૂા. ૧૦૦૦/- સુધીનો દંડ સહિત બંન્ને શિક્ષાને પાત્ર ઠરશે.

આજ તારીખ : ૨૨, માહે નવેમ્બર, સને ૨૦૧૬ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા કરી જાહેર જનતાની જાણ તથા અમલ થવા માટે પ્રસિધ્ધ કર્યુ.

જુનાગઢ, ૨૨ માહે નવેમ્બર, સને ૨૦૧૬.

---

**ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪નો-અધિનિયમ ક્રમાંક-૨)ની કલમ-૧૪૪ હેઠળ કાઢેલ**

**હુકમ**

નં. એમએજી/સી/ગ્રા.પં.સા.ચૂંટણી/૩/૨૦૧૬.-રાજયના ચૂંટણી પંચ તરફથી તા. ૨૮-૧૧-૨૦૧૬ થી પ્રસિધ્ધ કરાયેલ સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓના ચૂંટણી કાર્યક્રમ અંતર્ગત જુનાગઢ જિલ્લામાં ગ્રામ પંચાયતોની સામાન્ય ચૂંટણી-૨૦૧૬ યોજાનાર છે.

આ ચૂંટણી દરમ્યાન જુનાગઢ જિલ્લાની ગ્રામ પંચાયતોના મતદાર વિસ્તારમાં તમામ સ્તરે કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તથા મતદારો પોતાનો મત મુકત અને નિર્ભય રીતે આપી શકે તેમજ સમગ્ર ચૂંટણી પ્રક્રિયા માટે જરૂરી શાંતીમય વાતાવરણમાં વિક્ષેપો ઉભા થાય નહી અને જાહેર સુલેહશાંતીનો ભંગ થતો અટકાવવાનું અત્યંત જરૂરી જણાતુ હોવાથી ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪નો અધિનિયમ ક્રમાંક-૨)ની કલમ-૧૪૪ મુજબ પગલાં લેવા માટે પુરતા કારણો છે.

વાસ્તે, હું, મિતા એમ. જોષી, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, જુનાગઢ-જિલ્લો, જુનાગઢ, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪નો અધિનિયમ ક્રમાંક-૨)ની કલમ-૧૪૪ મુજબ મને મળેલ સત્તાની રૂઈએ આથી ફરમાવું છું કે, આ હુકમ પ્રસિધ્ધ થયાની તારીખથી ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ થતા સુધી જુનાગઢ જિલ્લામાં ચૂંટણી યોજાનાર છે તે ગ્રામ પંચાયતોના મતદાર વિસ્તારોમાં કોઈ પણ ઈસમે પોતાના પરવાનાવાળા હથિયાર સાથે લઈને નિકળવું કે ફરવુ નહી. ઉપરાંત દંડા, તલવાર, ભાલા, ચપ્પુ, લાકડી, લાઠી અથવા શારિરીક હિંસા પહોચાડવામાં ઉપયોગ થઈ શકે તેવી બીજી ચીજો સાથે લઈ ઘર બહાર નિકળવું કે ફરવુ નહી.

**આ હુકમ નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં.**

(૧) ફરજ ઉપર રોકાયેલ પોલીસ કર્મચારી/અધિકારીઓ કે જેઓના ફરજના ભાગરૂપે શસ્ત્રો રાખવાની પરવાનગી આપવામાં આવી હોય તેવી વ્યકિતને.

(૨) શારિરીક અશકિતના કારણે લાકડી અથવા લાઠી લઈ ફરવુ જરૂરી હોય તે વ્યકિતને.

(૩) રાષ્ટ્રીયકૃત શિડયુલ્ડ બેન્કો કે તેઓને તે બેન્કની કેશ-કરન્સી લઈ આવવા તથા લઈ જવા માટે તેની ફરજના ભાગરૂપે બેન્કના હથિયાર પરવાનાવાળા શસ્ત્રો રાખવાની પરવાનગી આપવામાં આવેલ હોય, તે વ્યકિતને.

ઉપર્યુકત જાવાઈઓનો ભંગ કર્યેથી ઈન્ડીયન પીનલ કોડ કલમ-૧૮૮ હેઠળ કસુરવાર સામે પગલા લેવાની કાર્યવાહી કરવામાં આવશે અને ગુન્હો સાબિત થયે એક માસની સાદી કેદ અથવા રૂા. ૨૦૦/- દંડ અથવા બન્નેની સજા થઈ શકે છે.

આજ તારીખઃ ૦૫ માહે ડિસેમ્બર-૨૦૧૬ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કો કરી બહાર પાડેલ છે.

જુનાગઢ, ૫ માહે ડિસેમ્બર, સને ૨૦૧૬.

---

**ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩ ની બેટા કલમ-૧ (ધ ક) તથા (ધ ખ) હેઠળ કાઢેલ**

**હુકમ**

નં. એમએજી/સી/ગ્રા.પં.સા.ચૂંટણી/૨/૨૦૧૬.-રાજયના ચૂંટણી પંચ તરફથી તા. ૨૮-૧૧-૨૦૧૬ થી પ્રસિધ્ધ કરાયેલ સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓના ચૂંટણી કાર્યક્રમ અંતર્ગત જુનાગઢ જિલ્લામાં ગ્રામ પંચાયતોની સામાન્ય ચૂંટણી-૨૦૧૬ યોજાનાર છે.

આ ચૂંટણી દરમ્યાન રાજકીય પક્ષો, ઉમેદવારો તથા તેના ટેકેદારો દ્વારા પોસ્ટર, બેનર્સ, હોર્ડિંગ્સ દ્વારા ચૂંટણી પ્રચાર કરવામાં આવનાર છે આ ચૂંટણી પ્રચારમાં ચૂંટણીની આદર્શ આચાર સંહિતાનું પાલન થાય, ચૂંટણી મુકત, ન્યાયી તથા પારદર્શક રહે તે માટે ખાનગી મિલ્કત/સ્થળ/જગ્યા વિ. પર ચૂંટણી પ્રચારના બોર્ડ/બેનર્સ વિ.ના ઉપયોગ નિયંત્રીત કરવા જરૂરી જણાય છે.

સબબ, હું, મિતા એમ. જોષી, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, જુનાગઢ-જિલ્લો, જુનાગઢ, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની પેટા કલમ-૧ (ધ ક) તથા (ધ ખ) હેઠલ મને મળેલ સત્તાની રૂએ જુનાગઢ જિલ્લામાં ગ્રામ પંચાયત સામાન્ય ચૂંટણી દરમ્યાન ખાનગી મિલ્કત/સ્થળ/ જમીન પર ચૂંટણી પ્રચારના બોર્ડ, બેનર્સ, કમાન, તોરણ પોર્સ્ટડ વિ. મુકવા માટે નીચેની બાબતોનો અમલ કરવા હુકમ કરૂં છું.

(૧) જો સ્થાનિક કાયદાઓ ખાનગી જગ્યાઓ પર દીવાલ પર, લખાણ કરવા, પોસ્ટરો ચોંડવા, પાટિયા/ઝંડા/લખાણો વિ. લગાડવાની મંજુરી આપતા ન હોય તો ખાનગી મિલ્કતના માલિકની મંજુરી મળી હોય તો પણ ખાનગી જગ્યા પર,

દીવાલ પર લખાણ કરી શકાશે નહીં, પોસ્ટરો ચોંટાડી શકાશે નહીં, પાટિયા, ઝંડા, લખાણો લગાડી શકાશે નહી.

(૨) કોઈપણ સ્થાનિક કાયદા હેઠળના કોઈપણ પ્રતિબંધને આધિન રહીને, રાજકીય પક્ષો, ઉમેદવારો, તેમના એજન્ટો, કાર્યકર્તાઓ અને ટેકેદારો તેમની પોતાની મિલકત ઉપર તેમના ચૂંટણી પ્રતિકને દર્શાવતા તેમના પક્ષનો એક ઝંડો ફરકાવી શકશે પરંતુ શરત એ રહેશે કે તેઓ સ્વૈચ્છાથી અને કોઈપણ પક્ષ, સંગઠન કે વ્યકિત તરફથી કોઈપણ પ્રકારના દબાણ વગર તેમના ખુદના સંકલ્પથી આમ કરતા હોય આ જોગવાઈ હેઠળ રાજકીય જાહેરાતનાં સંદર્ભમાં કોઈપણ પ્રકારના કટ-આઉટ, હોર્ડીંગ્સ અથવા બેનર્સ કોઈપણ ખાનગી મિલકત પર લગાડી શકાશે નહી.

(૩) સ્થાનિક કાયદાઓ જયાં તેના માલિકની પરવાનગીથી ખાનગી જગ્યામાં દીવાલો પર લખાણ કરવાની અને પોસ્ટરો ચોંટાડવાની, હોર્ડિગ્સ, બેનર્સ વગેરે લગાડવાની મંજુરી આપતા હોય ત્યાં, ચૂંટણી લડતા ઉમેદવારો અથવા સંબંધીત રાજકીય પક્ષઓએ મિલ્કતના માલિક પાસેથી લેખિત પરવાનગી મેળવવાની રહેશે અને તેની ફોટો નકલો નિયત પ્રોફોર્માના પત્રક સાથે તેમાં (ખાનગી) મિલ્કતના જે માલિક પાસેથી આવી પરવાનગી મેળવી હોય તેનું નામ અને સરનામું, આ હેતુ માટે તેમના દ્વારા કરવામાં આવેલા અથવા કરવામાં આવનાર ખર્ચ તેમાં દર્શાવીને, તે ચૂંટણી અધિકારીને અથવા આ હેતુ માટે તેમના દ્વારા પદનામિત કરવામાં આવેલા અધિકારીને મોકલી આપવાની રહેશે. ચૂંટણી અધિકારી અથવા ચૂંટણી નિરીક્ષક અથવા ચૂંટણીની કામગીરી સાથે સંકળાયેલા કોઈપણ અધિકારી સરળતાથી તપાસ કરી શકે એ માટે, ચૂંટણી લડતા ઉમેદવારે ગ્રામ્ય વિસ્તાર વાર આવી માહિતી, આવશ્યક પરવાનગી મેળવી લીધા પછી ૩ દિવસની અંદર ચૂંટણી અધિકારીને અથવા અધિકૃત અધિકારીને પૂરી પાડવાની રહેશે.

આ હુકમનો ભંગ કરનાર ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧, ભારતના ફોજદાર અધિનિયમની કલમ-૧૮૮ તથા ચૂંટણી અંગેના આચાર સંહિતાની જોગવાઈઓ હેઠળની શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ જુનાગઢ જિલ્લામાં ચૂંટણી યોજનાર ગ્રામ પંચાયતોના મતદાર વિસ્તારોમાં, હુકમ પ્રસિધ્ધ કર્યાની તારીખથી ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ થાય ત્યાં સુધી અમલમાં રહેશે.

આજ તારીખઃ ૦૫ માહે ડિસેમ્બર-૨૦૧૬ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કો કરી બહાર પાડેલ છે.

જુનાગઢ, ૫ માહે ડિસેમ્બર, સને ૨૦૧૬.

## અખબારી યાદી

નં. એમએજી/સી/ગ્રા.પં.ચૂંટણી/પ્રેસ/૨૦૧૬.-રાજયના ચૂંટણી પંચ તરફથી તા. ૨૮-૧૧-૨૦૧૬ થી પ્રસિધ્ધ કરાયેલ સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓના ચૂંટણી કાર્યક્રમ અંતર્ગત જુનાગઢ જિલ્લામાં ગ્રામ પંચાયતોની સામાન્ય ચૂંટણી-૨૦૧૬ યોજાનાર છે. રાજ્ય ચૂંટણીપંચ ગાંધીનગરના તા. ૨૫-૦૪-૧૯૯૫ ના હુકમથી ચૂંટણી અંગેના સાહિત્ય, ભિતપત્ર, પેમ્ફલેટ, ચોપાનીયાની છાપકામ ઉપર નિયંત્રણ મુકવામાં આવેલ છે. સબબ જુનાગઢ જિલ્લાના તમામ ખાનગી મુદ્રણાલયોના માલિકો, સંચાલકોને તથા ઝેરોક્ષ કે અન્ય રીતે નકલો છાપનારાઓને આથી જાણ કરવામાં આવે છે કે, રાજય ચૂંટણીપંચના તા. ૨૫-૦૪-૧૯૯૫ ના હુકમની જોગવાઈ મુજબ ઉપરોકત ચૂંટણી અંગેના કોઈપણ સાહિત્ય ચોપાનીયા, ભીતપત્ર, પેમ્ફલેટ કે આવી અન્ય સામગ્રી ઉપર મુદ્રક અને પ્રકાશકના નામ અને પુરા સરનામા અવશ્યપણે છાપેલા હોવા જોઈશે.

તેમજ ઉપરોકત તા. ૨૫-૦૪-૧૯૯૫ ના હુકમની જોગવાઈ હેઠળ જોગવાઈ મુજબનું એકરારનામુ પ્રકાશક પાસેથી મુદ્રકે બે નકલમાં મેળવી તેની એક નકલ ઉપરમાં જણાવ્યા વિગતેના તેમણે કે તેમના પ્રતિનિધિએ મુદ્રીત કરેલ (છાપેલ દસ્તાવેજોની) બે નકલો સાથે નીચે સહી કરનારને દિવસ-બે માં મળી જાય તે રીતે રજુ કરવાની રહેશે.

રાજય ચૂંટણીપંચની આ અંગેની સુચનાઓના કોઈપણ ઉલ્લંઘન કરનારને ખૂબ ગંભીરતાથીજોમાં આવશે અને યોગ્ય કેસોમાં રાજયના પ્રવર્તમાન કાયદાની જોગવાઈ અન્વયે મુદ્રણાલયનું લાયસન્સ/રજીસ્ટ્રેશન રદ કરવા જેવા કડક પગલાં લેવામાં આવશે જેની તમામ સબંધકર્તાઓએ નોંધ લેવી.

જુનાગઢ, ૫ માહે ડિસેમ્બર, સને ૨૦૧૬.

---

## ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ ની કલમ-૧૪૪ હેઠળ કાઢેલ

## હુકમ

નં. એમએજી/સી/૬૧૦૦/૨૦૧૬.-પ્રવર્તમાન સંજોગોને ધ્યાને લઈ જુનાગઢ જિલ્લામાં કોસ્ટલ વિસ્તાર સહિત આંતરીક સુરક્ષા જાળવવામાં આવે છે. પરંતુ હાલની પ્રવર્તમાન આતંકવાદી પ્રવૃતિને ધ્યાને લઈ, સવિશેષ તકેદારી રાખવી આવશ્યક હોય, તેમજ વાઈટલ ઈન્સ્ટેલોશન તથા અન્ય સરકારી કચેરીઓની સલામતી હીતાવહ હોય, રીમોટ કંટ્રોલ સંચાલીત ડ્રોન, એરીયલ મીસાઈલ જેવા સંસાધનોથી દેશ વિરોધી સંગઠનો, આતંકવાદીઓ અને ભાંગ ફોડીયા તત્વો ગેરલાભ લઈ જુનાગઢ જિલ્લાની સુરક્ષાને હાની પહોંચાડે નહી માટે સમગ્ર જિલ્લા વિસ્તારમાં રીમોટથી ચલાવાતા ડ્રોન કે રીમોટથી કંટ્રોલ કરાતા એરીયલ મિસાઈલ કે પારાગ્લાઈડર રીમટ કંટ્રોલ, માઈક્રો લાઈટ એર ક્રાફટ ચલાવવા બબતે તા. ૨૧-૧૧-૨૦૧૬ થી તા. ૧૯-૦૧-૨૦૧૭ સુધી ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩

ની કલમ-૧૪૪ હેઠળ પ્રતિબંધ મુકતુ જાહેરનામુ બહાર પાડવા પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢના પત્ર નં. સી/એલઆઈબી/જા. ના./૨૮૯૩/૨૦૧૬, તા. ૧૯-૧૧-૨૦૧૬ થી દરખાસ્ત થઈ આવેલ છે. જે વ્યાજબી જણાય છે.

આથી હું, મિતા એમ. જોષી, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, જુનાગઢ જિલ્લો, જુનાગઢ, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ ના નં. ૨)ની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂ છું કે, જુનાગઢ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં રિમોટથી ચલાવાતા ડ્રોન કે રીમોટથી કંટ્રોલ કરાતા એરીયલ મીસાઈલ કે પારાગ્લાઈડર રીમોટ કંટ્રોલ, માઈક્રો લાઈટ એર ક્રાફટ ચલાવવાની મનાઈ ફરમાવુ છું.

આ હુકમની તારીખથી દિવસ-૬૦ માટે અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડસંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમની જાહેર જનતાને જાણ સંબંધીત કચેરીઓએ તેમના નોટિસ બોર્ડ પર, સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યા ઉપર નકલ ચોંટાડીને તથા માહિતી ખાતાએ વર્તમાનપત્રોમાં પ્રસિધ્ધી કરી કરવાની રહેશે.

આજ તારીખ ૨૧/૨૨મી માહે નવેમ્બર, સને-૨૦૧૬ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે જાહેર જનતાની જાણ તથા અમલવારી માટે આ હુકમ પ્રસિધ્ધ કરવામાં આવ્યો.

જુનાગઢ, ૨૨ માહે નવેમ્બર, સને ૨૦૧૬.

---

**ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ કાઢેલ**

**હુકમ**

નં. એમએજી/સી/૬૧૦૩/૨૦૧૬.-પોલીસ અધિક્ષકશ્રી જુનાગઢના પત્ર ક્રમાંક : એસઓજી/જા.નામુ/મકાન/૬૪૩/૧૬, તા. ૨૧-૧૧-૨૦૧૬ ના પત્રથી ત્રાસવાદી/અસામાજીક તત્વો શહેરોમાં તેમજ ગીચ વસ્તીવાળા વિસ્તારોમાં ગુપ્ત આશરો મેળવી જાહેર સલામતી અને શાંતીનો ભંગ કરે છે, તેમજ આતંકવાદી પ્રવૃતિ કરે છે. જેથી માનવ જીંદગીની ખુવારી થાય છે અને જાહેર તેમજ લોકોની સંપતીને નુકશાન પહોંચાડે છે. બહારના રાજયોમાંથી કે દેશ બહારથી આવતા આવા તત્વો કોઈના મકાન ભાડે રાખીને રહેતા હોય છે અને વિસ્તારનો સર્વે કરી સ્થાનિક પરિસ્થીતીથી માહિતગાર થઈને તેઓની ત્રાસવાદી પ્રવૃત્તિને અંજામ આપતા હોય છે, આથી સમગ્ર જિલ્લામાં કોઈ મકાન માલિક સંબંધીત પોલીસ સ્ટેશનને જાણ કર્યા સિવાય કોઈ વ્યક્તિને મકાન ભાડે આપી શકાશે નહી તેનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા દરખાસ્ત કરાયેલ છે.

જુનાગઢ જિલ્લો દરીયા કિનારો ધરાવે છે. જિલ્લામાં પવિત્ર યાત્રાધામ ગિરનાર આવેલ છે. આ સિવાય જિલ્લામાં પ્રવાસ-પર્યટનના તથા ધાર્મિક ઘણા સ્થળો આવેલા છે. જ્યાં વિશાળ પ્રમાણમાં દેશ-વિદેશના પ્રવાસીઓ યાત્રાળુઓ આવે છે. આજ રીતે જિલ્લામાં આવેલ ઔદ્યોગિક એકમોમાં પરપ્રાંતના માણસો કામ-ધંધા અર્થે આવે છે. આવા સંજોગોમાં ત્રાસવાદી પ્રવૃત્તિ સાથે સંકળાયેલા કોઈ વ્યક્તિ સ્થાનિકે ભાડેથી મકાન લઈ સ્થાનિક માણસો સાથે ભળી જઈ બદઈરાદો પાર ન પાડે તે માટે જાહેર જનતાની સલામતી તથા સુરક્ષા માટે તકેદારીના પગલા લેવા આવશ્યક જણાતાં હોય પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢ તરફથી કરાયેલ દરખાસ્ત વ્યાજબી જણાય છે.

આથી હું, મિતા એમ. જોષી, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, જુનાગઢ જિલ્લો, જુનાગઢ, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ ના નં. ૨)ની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂ છું કે, જુનાગઢ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં કોઈ મકાન માલિક અગર તો આ માટે આવા મકાન માલિકે ખાસ સત્તા આપેલ વ્યક્તિ જ્યારે મકાન ભાડે આપે ત્યારે સંબંધીત પોલીસ સ્ટેશને જાણ કર્યા સિવાય કોઈ વ્યક્તિને મકાન ભાડેથી આપી શકશે નહી. ભાડે આપેલ મકાનની વિગત ભાડુઆત એ સંબંધીત દલાલ કે જેઓએ ભાડુઆતની ઓળખાણ આપેલ હોય તે અંગેની જરૂરી માહિતી નીચેના કોલમો મુજબ જે તે વિસ્તારના પોલીસ સ્ટેશન ખાતે આપવાની રહેશે.

| અનુ. | મકાન માલિકનું નામ, સરનામુ અને ટેલીફોન/મોબાઇલ નંબર તથા ભાડે આપેલ મકાનની વિગત, જેમાં ક્યા વિસ્તારમાં મકાન આવેલ છે અને મકાનનુ બાંધકામ કેટલા ચો.મી. માં છે તેની વિગત | મકાન ભાડે આપવા સત્તા ધરાવતા વ્યક્તિનું નામ, સરનામું, ટેલીફોન/ મોબાઇલ નંબર | મકાન કઇ તારીખથી ભાડે આપેલ છે તથા માસીક ભાડુ કેટલુ છે? | જે વ્યક્તિને મકાન ભાડે આપેલ છે તેનું પુરૂ નામ હાલનું સરનામું, ટેલીફોન/ મોબાઇલ નંબર ફોટા સાથે | જે વ્યક્તિને મકાન ભાડે આપેલ છે તેમના મુળ વતનનું પાકુ સરનામુ તથા વતનમાં ઓળખતા ત્રણ સગા સંબંધીના નામ અને સરનામા | મકાન માલીકને ભાડુઆતનો સંપર્ક કરાવનાર વ્યક્તિનું નામ, સરનામું, ટેલીફોન/ મોબાઇલ નંબર | રીમાર્કસ |
|---|---|---|---|---|---|---|---|
| (૧) | (૨) | (૩) | (૪) | (૫) | (૬) | (૭) | (૮) |
| | | | | | | | |

આ હુકમ તા. ૨૩-૧૧-૨૦૧૬ ના રોજ થી દિવસ-૬૦ સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમની જાહેર જનતાને જાણ સંબંધીત કચેરીઓએ તેમના નોટિસ બોર્ડ પર સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યા ઉપર નકલ ચોટાડીને તથા માહિતી ખાતાએ વર્તમાનપત્રોમાં પ્રસિધ્ધી કરી કરવાની રહેશે.

આજ તારીખઃ ૨૧ માહે નવેમ્બર, સને–૨૦૧૬ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે જાહેર જનતાની જાણ તથા અમલવારી માટે આ હુકમ પ્રસિધ્ધ કરવામાં આવ્યો.

જુનાગઢ, ૨૧ માહે નવેમ્બર, સને ૨૦૧૬.

---

### ફોજદારી કાર્યરીતિ આધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ કાઢેલ હુકમ

### હુકમ

નં. : એમએજી/સી/૬૦૯૯/૨૦૧૬.-પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢના પત્ર નં. : સી/એલઆઈબી/બોટ ગુમ/જા. નામું/૨૮૯૪/ ૨૦૧૬, તા. ૧૯-૧૧-૨૦૧૬ ના દરખાસ્ત પત્રથી જુનાગઢ જિલ્લાના ચોરવાડ, માંગરોળ મરીન, શીલ ખાતેથી વહાણ/બોટ દરીયામાં માચ્છીમારી માટે જાય છે અને મોટાભાગની વસ્તી માચ્છીમારીના ધંધા સાથે સંકળાયેલ છે. ગત તા. ૨૯-૧૧-૨૦૧૩ના રોજ મુંદ્રા બંદરથી નૌશાદ ઈશા થૈમ તથા જુસબ સુલેમાન જાફરાબાદી, રહે. બન્ને મોટા સલાયા, તા. માંડવી વાળાની માલીકીનું વહાણ MCV SHANE HIND (MNV 2176) સલાલા (ઓમાન) જવા ખાંડનો જથ્થો ભરીને ૧૨ ક્રુમેમ્બરો સહિત રવાના થયેલ હતું. મુંદ્રા બંદરેથી નીકળ્યા બાદ તા. ૦૨-૦૧-૨૦૧૪ ના રોજ વહાણનુ સોમાલીયન ચાંચીયાઓએ અપહરણ કરેલ પરંતુ આ વહાણ ગુમ થવા સંબંધે તેના માલીકે કોઈ એજન્સી કે સરકારી તંત્રને જાણ કરી નોંધ કરાવેલ ન હતી. આ એક રાષ્ટ્રીય સલામતીને સ્પર્શતી ગંભીર ઘટના છે. વહાણ ગુમ રહ્યુ હોય તે સમયગાળા દરમ્યાન વહાણ કે વહાણના ક્રુમેમ્બરોનો રાષ્ટ્ર વિરોધી પ્રવૃતિમાં ઉપયોગ થયો હોય તે બાબત નકારી શકાય નહી. આવી ઘટનાઓ અટકી શકે તે માટે સમગ્ર જુનાગઢ જિલ્લામાં આવેલ વહાણ/બોટ માલીકે જયારે પોતાનું વહાણ/બોટ વાતાવરણીય કારણસર/ચાચીયાઓ દ્વારા અપહરણ થવાના કારણસર કે અન્ય કોઈપણ કારણોસર વહાણ/બોટ ગુમ થાય કે વહાણ/બોટ સાથેનો તેના માલીકનો સંપર્ક નિશ્ચિત સમયગાળા બાદ ન થતો હોય તો તે બાબતેની જાણ સંબંધીત તમામ સરકારી એજન્સીને ફરજીયાત કરવી તેવુ જાહેરનામુ પ્રસિધ્ધ કરવા દરખાસ્ત કરાયેલ છે.

જુનાગઢ જિલ્લો વિશાળ દરીયા કિનારો ધરાવે છે અને મોટા પ્રમાણમાં માચ્છીમારી માટે બોટો દરીયામાં જાય છે. જેથી બોટો સાથે જતા લોકોની સલામતી તથા સુરક્ષા માટે તકેદારીના પગલા લેવા આવશ્યક જણાતા હોય, પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢ તરફથી કરાયેલ દરખાસ્ત વ્યાજબી જણાય છે.

આથી હું, મિતા એમ. જોષી, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, જુનાગઢ જિલ્લો, જુનાગઢ, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ ના નં. ૨)ની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ સત્તાની રૂઈએ આથી હુકમ કરૂં છું કે, જુનાગઢ જિલ્લાના વહાણ/બોટ માલીકોએ જયારે પોતાનું વહાણ/બોટ વાતાવરણીય કારણસર/ચાચીયાઓ દ્વારા અપહરણ થવાના કારણસર કે અન્ય કોઈપણ કારણોસર વહાણ/બોટ ગુમ થાય કે વહાણ/બોટ સાથેનો તેના માલીકનો સંપર્ક નિશ્ચિત સમયગાળા બાદ ન થતો હોય તો તે બાબતેની જાણ નીચે મુજબના પત્રકની વિગતો સહની સંબંધીત તમામ સરકારી એજન્સીઓને જાણ કરવી ફરજીયાત છે.

| ક્રમ | વહાણ/બોટનું નામ તથા નંબર | વહાણ/બોટ માલીકનું નામ તથા સરનામું તથા સંપર્ક નંબર | વહાણ/બોટમાં રવાના થયેલ ટંડેલ/ ખલાસીનઓના નામ તથા સરનામાની વિગત | વહાણ/બોટ રવાના થયાની તારીખ, સમય તથા સ્થળ | વહાણ/બોટ પરત આવવાની સંભવીત તારીખ | અન્ય જરૂરી વિગતો | રીમાર્કસ |
|---|---|---|---|---|---|---|---|
| (૧) | (૨) | (૩) | (૪) | (૫) | (૬) | (૭) | (૮) |

આ હુકમ તારીખથી દિવસ–૬૦ સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમની જાહેર જનતાને જાણ સંબંધીત કચેરીઓએ તેમના નોટિસ બોર્ડ પર, સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યા ઉપર નકલ ચોટાડીને તથા માહિતી ખાતાએ વર્તમાન પત્રોમાં પ્રસિધ્ધી કરી કરવાની રહેશે.

આજ તારીખઃ ૨૨ મી, માહે નવેમ્બર, સને-૨૦૧૬ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે જાહેર જનતાની જાણ તથા અમલવારી માટે આ હુકમ પ્રસિધ્ધ કરવામાં આવ્યો.

જુનાગઢ, ૨૨ માહે નવેમ્બર, સને ૨૦૧૬.

**મિતા એમ. જોષી,**
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
જુનાગઢ જિલ્લો, જુનાગઢ.

---

**ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ તળેનુ**

**જાહેરનામુ**

નં. એમએજી/સી/૫૬૯૨/૨૦૧૬.-સરકારશ્રીના ગૃહવિભાગના પત્ર ક્રમાંક : વિ-૨/ડી. એસ. એમ./૧૩૨૦૧૬/હા. કો.૦૨, તા. ૧૭-૧૨-૨૦૧૬ થી જણાવ્યા મુજબ શ્રી જીવણભાઈ રેવાભાઈ રબારી દ્વારા નામ. ગુજરાત હાઈકોર્ટમા દાખલ કરવામા આવેલ રીટ પીટીશન (પી.આઈ.એલ.) નં. ૨૦/૨૦૧૫ અન્વયે ઉતરાયણ સંદર્ભે સ્કાય લેન્ટર્ન (ચાઈનીઝ તુક્કલ) ઉપર પ્રતિબંધ મુકવા બાબતે નામ. હાઈકોર્ટમા દાદ માંગવામા આવેલ છે.

સ્કાય લેન્ટર્ન (ચાઈનીઝ તુક્કલ) તેમજ ચાઈનીઝ માંઝા/પ્લાસ્ટીકની દોરીના ઉપયોગથી પશુ-પંખી તેમજ પર્યાવરણને થતા નુકશાન, આગજની કે તેવી અન્ય કોઈ દુર્ઘટના ન બને તે સારૂ તા. ૨૫-૧૨-૨૦૧૬ થી તા. ૨૫-૦૧-૨૦૧૭ સુધી અત્રેના જિલ્લા સ્કાય લેન્ટર્ન (ચાઈનીઝ તુક્કલ) તેમજ ચાઈનીઝ માંઝા/પ્લાસ્ટીક દોરીના ઉપયોગ પર પ્રતિબંધ મુકવા માટેનુ સી.આર.પી.સી. ની કલમ-૧૪૪ તળેનુ જાહેરનામુ બહાર પાડવા સરકારશ્રીના ગૃહ વિભાગના ઉપરોકત તા. ૧૭-૧૨-૨૦૧૬ ના પત્રથી સુચના થઈ આવેલ છે.

ગીર સોમનાથ જિલ્લાના લોકોના જાનમાલ, સંપતિ અને પર્યાવરણને નુકશાન થતુ નિવારવા આ જિલ્લામા ઉપરોકત વિગતેનો પ્રતિબંધ ફરમાવતુ જાહેરનામુ બહાર પાડવુ આવશ્યક છે.

આથી હું પી. બી. પંડ્યા, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ગીર સોમનાથ જિલ્લો, વેરાવળ, ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ સત્તાની રૂઈએ ગીર સોમનાથ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં સ્કાય લેન્ટર્ન (ચાઈનીઝ તુક્કલ) તેમજ ચાઈનીઝ માંઝા/પ્લાસ્ટીક દોરીના ઉપયોગ ઉપર પ્રતિબંધ ફરમાવુ છું.

આ હુકમ તા. ૨૫-૧૨-૨૦૧૬ થી તા. ૨૫-૦૧-૨૦૧૭ સુધી (બન્ને દિવસો સહિત) અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય દંડ સંહીતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમની જાહેર જનતાને જાણ સંબંધીત કચેરીઓએ તેમના નોટીસ બોર્ડ ઉપર સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યા ઉપર નકલ ચોટાડીને તથા માહિતી ખાતાએ વર્તમાન પત્રોમાં પ્રસિધ્ધી કરી કરવાની રહેશે. ગુજરાત પોલીસ એકટની કલમ-૧૨૬ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજ તારીખ : ૧૯મી, માહે ડિસેમ્બર, ૨૦૧૬ ના રોજ મારી સહી તથા કચેરીના સિકકા સાથે જાહેર જનતાની જાણ તથા અમલવારી માટે આ હુકમ પ્રસિધ્ધ કરવામાં આવ્યો.

ગીર સોમનાથ, ૧૯ માહે ડિસેમ્બર, સને ૨૦૧૬.

**પી. બી. પંડ્યા,**
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
ગીર સોમનાથ જિલ્લો
વેરાવળ.

---

**જાહેરનામું**

નં. ડી.એમ.-૧/ફા. બટ/ઈ. નં. ૫૮૨૬૭/૧૬.-ભાવનગર જિલ્લાના શિહોર ગામની સર્વે નં. ૨૮૨ની શિહોર-ટાણા રોડની દક્ષિણ બાજુએ આવેલ જમીન કે જેનો ઉપયોગ હાલ પોલીસ તંત્ર દ્વારા ફાયરીંગ બટ માટે થાય છે. આ ફાયરીંગ બટ ખાતે

આગામી તા. ૦૧-૦૨-૨૦૧૭ થી તા. ૩૦-૦૨-૨૦૧૭ સુધી પોલીસ અધિકારી/કર્મચારી માટેનો વાર્ષિક ફાયરીંગ પ્રેકટીસ પ્રોગ્રામનું આયોજન કરવામાં આવેલ છે. જે સંદર્ભે શિહોરના સર્વે નં. ૨૮૨ માં ફાયરીંગ બટના સ્થળની પરીફેરીથી આજુબાજુ ના ૧૦૦ મીટર સુધીના વિસ્તારમાં તકેદારીના પગલા રૂપે જરૂરી જાહેરનામું બહાર પાડવા પોલીસ અધિક્ષકશ્રી, ભાવનગરની કચેરીના પત્ર નં. ૬૫/સીબી-૫/૩૫૩૩/૨૦૧૬, તા. ૧૯-૧૨-૨૦૧૬ થી દરખાસ્ત રજુ થયેલ છે. જે દરખાસ્ત મુજબનું જાહેરનામું બહાર પાડવું જરૂરી જણાય છે.

સબબ જાનમાલની સલામતી ખાતર મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(ફ)થી મળેલ અધિકારની રૂઈએ હું, આર. પી. ચોધરી, (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ભાવનગર જિલ્લો, ભાવનગર આથી ફરમાવું છું કે, શિહોર ગામના સર્વે નં. ૨૮૨ શિહોર-ટાણા રોડની દક્ષિણ દિશાએ ફાયરીંગ બટનું ક્ષેત્રફળ ૨-૧૯-૫૩ આરેમાં આવેલ છે તે સ્થળ તથા તેની પરિફેરીથી આજુબાજુ ૧૦૦ મીટર સુધીના વિસ્તારમાં આગામી તા. ૦૧-૦૧-૨૦૧૭ થી તા. ૩૦-૦૧-૨૦૧૭ સુધી કોઈપણ શખ્સે જવું નહીં તેમજ ઢોરોને સદરહું વિસ્તારમાં ચરાવવા નહી.

જાહેરનામાનો અમલ તથા તેના ભંગ બદલ પગલા લેવા માટે ફરજ પરના કોઈપણ હેડ કોન્સ્ટેબલ તથા તેનાથી ઉપરના અધિકારીને અધિકાર રહેશે.

આ જાહેરનામાનો ભંગ કર્યેથી આ અધિનિયમની કલમ-૧૩૧ મુજબ સજા થશે.

આજ તારીખ : ૨૧-૧૨-૨૦૧૬ના રોજ મારી સહી તથા કચેરીના સીક્કા કરી જાહેર જનતાની જાણ માટે જાહેરનામું બહાર પાડવામાં આવ્યુ.

ભાવનગર, ૨૧ માહે ડિસેમ્બર, સને ૨૦૧૬.

---

## જાહેરનામું

નં. ડી.એમ.-૧/ઈ. નં. ૫૮૦૦૮/૨૦૧૬.-મકરસંક્રાતિ/અન્ય તહેવારો દરમ્યાન ચાઈનીઝ તુક્કલ તથા ચાઈનીઝ લેન્ટર્ન ખુબ જ વધારે પ્રમાણમા આકાશમા ઉડાડવામા આવે છે. આ ચાઈનીઝ તુક્કલ/લેન્ટર્નમાં હલ્કી કવોલીટીના સળગી જાય તેવા વેકસ પદાર્થોને કારણે પર્યાવરણને નુકસાન થાય છે તથા સળગતી તુકકલ/લેન્ટર્ન ગમે ત્યા પડવાના કારણે જાનમાલ અને સંપતિને ઘણુ જ નુકશાન થાય છે. ''સ્કાય લેન્ટર્ન'' (ચાઈનીઝ તુક્કલ) તેમજ ચાઈનીઝ માંઝા/પ્લાસ્ટીક દોરીના ઉપયોગથી પશુ પંખી તેમજ પર્યાવરણને થતા નુકશાન, આગજની કે તેવી અન્ય કોઈ દુર્ઘટના ન બને તે બાબતને લક્ષમાં લેવી જરૂરી બને છે.

સબબ, આગામી તા. ૧૪-૦૧-૨૦૧૭ના રોજ મકરસંક્રાતિના તહેવારને અનુલક્ષીને ભાવનગર શહેર તથા જિલ્લામાં સ્કાય લેન્ટર્ન (ચાઈનીઝ તુકકલ) તેમજ ચાઈનીઝ માંઝા/પ્લાસ્ટીક દોરીના ઉપયોગથી પશુ પંખી તેમજ પર્યાવરણને થતા નુકશાન, આગજની કે તેવી અન્ય કોઈ દુર્ઘટના ન બને તે બાબતને લક્ષમાં લઈ ચાઈનીઝ તુક્કલ તથા ચાઈનીઝ લેન્ટર્નનુ ઉત્પાદન, વેચાણ તથા ઉડાવવા પર તેમજ ચાઈનીઝ માંઝા/પ્લાસ્ટીક દોરીના ઉપરગ પર પ્રતિબંધ મુકવો અત્યંત જરૂરી જણાય છે.

આથી ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪નો બીજો અધિનિયમ)ના કાયદાની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ સત્તાની રૂઈએ હું, આર. પી. ચૌધરી, (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ભાવનગર જિલ્લો, ભાવનગર હુકમ કરૂ છું કે, ભાવનગર શહેર તથા જિલ્લામાં ચાઈનીઝ તુકકલ તથા ચાઈનીઝ લેન્ટર્નનુ ઉત્પાદન તથા વેચાણ કરવું નહી અને ચાઈનીઝ તુકકલ તથા ચાઈનીઝ લેન્ટર્ન ઉડાડવા નહી તેમજ ચાઈનીઝ માંઝા/પ્લાસ્ટીક દોરીનો ઉપયોગ કરવો નહિ.

આ જાહેરનામું તા. ૨૫-૧૨-૨૦૧૬ થી તા. ૨૫-૦૧-૨૦૧૭ સુધી (બંને દિવસો સુધ્ધા) માટે અમલમાં રહેશે.

આ જાહેરનામાનો ભંગ કરનાર વ્યકિત ભારતીય દંડ સંહીતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે. ''જાહેરનામાના અમલ તથા તેના ભંગ બદલ પગલા લેવા હેડ કોન્સ્ટેબલથી નીચેના ન હોય તેવા પોલીસ અધિકારીશ્રીને અધિકૃત કરવામાં આવે છે.''

આ જાહેરનામું જાહેર વિસ્તારોમાં સહેલાઈથી દેખી શકાય તેવી રીતે તેની નકલ ચોંટાડીને તેમજ સ્થાનિક વર્તમાનપત્રોમાં બહોળી પ્રસિધ્ધી આપીને પ્રસિધ્ધ કરવાનું આથી હું ફરમાવું છું.

આજ તા. ૧૭-૧૨-૨૦૧૬ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી જાહેરનામું બહાર પાડેલ છે.

ભાવનગર, ૧૭ માહે ડિસેમ્બર, સને ૨૦૧૬.

**આર. પી. ચૌધરી,**
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
ભાવનગર.

---

**મુંબઈ પોલીસ અધિનિયમ (સને-૧૯૫૧ ના ૨૨ માં)ની કલમ-૩૬ (ગ)(ઘ) મુજબનું**

## જાહેરનામુ

ક્રમાંક : ડીએમ/ગ્રામ પંચાયત સા. ચૂં./વશી/૫૫૫૮ થી ૫૫૭૪/૨૦૧૬.-બોટાદ જિલ્લાની હકુમત હેઠળના જે વિસ્તારમાં ગ્રામ પંચાયત સામાન્ય ચૂંટણી-૨૦૧૬ના સબંધમાં નક્કી કરેલ મતદાન મથકોએ આગામી ડિસેમ્બર માસમાં મતદાન થનાર છે. જેથી મતદાન મથકો ઉપર મોટી સંખ્યામાં મતદારો પોતાનો મત આપવા એકઠા થવાનો સંભવ છે. જે સ્થળોએ મતદાન થનાર છે તે મતદાન મથકો ઉપર તથા તેની નજીકના વિસ્તારોમાં અડચણ થતી અટકાવવા તથા વ્યવસ્થા જાળવવા પગલા લેવા જરૂરી છે.

વાસ્તે, હું, બી. વી. લીંબાસીયા, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, બોટાદ જિલ્લા, બોટાદ, મુંબઈ પોલીસ અધિનિયમ (સને-૧૯૫૧ના ૨૨ મા) ની કલમ-૩૬(ગ)(ઘ) થી મને મળેલ અધિકારની રૂઈએ ફરમાવું છું કે, સદરહું ચૂંટણીમાં મતાધિકાર વાપરનાર તમામ મતદારોએ,

(૧) જે મતદાન મથકો ઉપર મત આપવા જવાનું છે તે મતદાન મથકોના અધિકૃત પ્રવેશ સ્થાન પાસે એક લાઈનમાં ઉભા રહેવું અને જો સ્ત્રીઓ માટે જુદી લાઈન હોય તો તેમાં તેણીએ ઉભા રહેવું.

(૨) મતદારે મતદાન મથકમાં લાઈન મુજબ પોતાના વારા પ્રમાણે એક પછી એક દાખલ થવું.

(૩) મતદારે પોતાનો મત આપ્યા પછી મતદાન મથક તથા તેનો વિસ્તાર છોડી તુરત જ ચાલ્યા જવું.

આ જાહેરનામું મતદાનનાં દિવસ માટે અમલમાં રહેશે તથા સમગ્ર બોટાદ જિલ્લાની ચૂંટણી યોજાનાર છે ગ્રામ્ય વિસ્તારમાં સહેલાઈથી દેખી, વાંચી શકાય તેવી જગ્યાએ તેની નકલો ચોંટાડીને અને તે વિસ્તારમાં પોલીસ લાઉડસ્પીકર વાહનો દ્વારા, સ્થાનિક વર્તમાનપત્રો મારફતે તેમજ ગુજરાત રાજયના અસાધારણ ગેઝેટમાં જાહેર કરીને પ્રસિધ્ધ કરવાનું ફરમાવું છું.

જો કોઈ ઈસમ ઉપરોકત હુકમનો ભંગ કરશે અગર ભંગ કરવામાં મદદગારી કરશે તો આવા ઈસમો ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ તથા મુંબઈ પોલીસ અધિનિયમ (સને-૧૯૫૧ના ૨૨મા) ની કલમ-૧૩૪ હેઠળ દંડ અને શિક્ષાને પાત્ર થશે.

આજ રોજ મારી સહી તથા કચેરીના મુદ્રા સાથે હુકમ બહાર પાડવામાં આવ્યો.

બોટાદ, ૨૨ માહે ડિસેમ્બર, સને ૨૦૧૬.

---

**ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ**

## હુકમ

ક્રમાંક : ડીએમ/ગ્રામ પંચાયત સા. ચૂં./વશી/૫૫૪૧ થી ૫૫૫૭/૨૦૧૬.-ગ્રામ પંચાયત સામાન્ય ચૂંટણી-૨૦૧૬ આગામી ડિસેમ્બર માસમાં યોજાનાર છે. ચૂંટણીના મુકત, ન્યાયી અને સરળ સંચાલન માટે તથા કાયદો અને વ્યવસ્થાની જાળવણી સુનિશ્ચિત કરવા જાહેર શાંતિ અને સલામતી જળવાઈ રહે તે માટે મતદાન મથકમાં તથા તેની નજીક પ્રચાર કરવા ઉપર તથા મતદાર મતદારયાદીનાં ગેરઉપયોગ સામે પ્રતિબંધ ફરમાવવો જરૂરી જણાય છે.

વાસ્તે, હું, બી. વી. લીંબાસીયા, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, બોટાદ જિલ્લા, બોટાદ, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ ની કલમ-૧૪૪ થી મને મળેલ અધિકારની રૂએ નીચે પ્રમાણે પ્રતિબંધ ફરમાવું છું.

ગ્રામ પંચાયત સામાન્ય ચૂંટણી-૨૦૧૬ અનુસંધાને ડિસેમ્બર માસમાં મતદાનના દિવસે મતદાન સમય દરમિયાન મતદાન એજન્ટ દ્વારા મતદારયાદી કે તેની નકલ મતદાન મથકની બહાર લઈ જવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

આ હુકમનો ભંગ કરનાર શખ્સ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ હેઠળ તથા લોક પ્રતિનિધિત્વ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૧૩૦ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ સમગ્ર બોટાદ જિલ્લાના ચૂંટણી યોજાનાર છે તે ગ્રામ્ય વિસ્તારને લાગુ પડશે.

આ ફરમાનનો અમલ ગ્રામ પંચાયત સામાન્ય ચૂંટણી-૨૦૧૬ દરમ્યાન મતદાનની સમગ્ર પ્રક્રિયા પુરી થાય ત્યાં સુધી અમલમાં રહેશે.

આજ રોજ મારી સહી તથા કચેરીના મુદ્રા સાથે હુકમ બહાર પાડવામાં આવ્યો.

બોટાદ, ૨૨ માહે ડિસેમ્બર, સને ૨૦૧૬.

---

**ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળનું**

## હુકમ

ક્રમાંક : ડીએમ/ગ્રામ પંચાયત સા. ચૂં./વશી/૫૫૭૫ થી ૫૫૯૧/૨૦૧૬.-ગ્રામ પંચાયત સામાન્ય ચૂંટણી-૨૦૧૬ આગામી ડિસેમ્બર માસમાં યોજાનાર છે. ચૂંટણીના મુકત, ન્યાયી અને સરળ સંચાલન માટે તથા કાયદો અને વ્યવસ્થાની જાળવણી સુનિશ્ચિત કરવા જાહેર શાંતિ અને સલામતી જળવાઈ રહે તે માટે મતદાન મથકમાં તથા તેની નજીક પ્રચાર કરવા ઉપર પ્રતિબંધ ફરમાવવો જરૂરી જણાય છે.

વાસ્તે, હું, બી. વી. લીંબાસીયા, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, બોટાદ જિલ્લા, બોટાદ, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ ની કલમ-૧૪૪ થી મને મળેલ અધિકારની રૂએ નીચે પ્રમાણે પ્રતિબંધ ફરમાવું છું.

ગ્રામ પંચાયત સામાન્ય ચૂંટણી-૨૦૧૬ અનુસંધાને આગામી ડિસેમ્બર માસમાં મતદાનના દિવસે મતદાન મથકની અંદર તથા મતદાન મથકથી ૧૦૦ મીટરના અંતરમાં આવેલ વિસ્તારમાં કોઈપણ વ્યકિતએ નીચેના કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

(૧) મત માટે પ્રચાર કરવા પર.

(૨) મતદારોને ધાક-ધમકી આપીને કે રંજાડીને મતદાન કરવા જતા અટકાવવા.

(૩) કોઈપણ મતદારને મત આપવા આગ્રહપૂર્વક વિનંતી કરવી.

(૪) અમુક મતદારોને મત ન આપવા માટે કોઈ મતદારને સમજાવવા.

(૫) કોઈ મતદારોને ચૂંટણીમાં મત ન આપવા સમજાવવા.

(૬) ચૂંટણીને લગતી (સરકારી નોટિસ સિવાયની) કોઈ નોટિસ કે નિશાની પ્રદર્શિત કરવી.

(૭) સેલ્યુલર/મોબાઈલ ફોન, કોડલેસફોન, પેજર, વાયરલેસ સેટ અને અન્ય વિજાણું સંદેશા વ્યવહારના સાધનો લઈ જવાની.

(૮) વાહનો સાથે આવવું.

(૯) મતદાન મથકમાં મતદાન માટે આવેલ મતદાર, ઉમેદવાર, ચૂંટણી એજન્ટ તથા ચૂંટણી પંચે અધિકૃત કરેલ વ્યકિત સિવાયની વ્યકિતએ પ્રવેશ કરવો.

**આ હુકમનો નીચે મુજબ અપવાદ છે.**

કાયદો અને વ્યવસ્થાના ઈન્ચાર્જ અધિકારીઓ અને મતદાન મથક નજીક ફરજ ઉપર મુકેલ સલામતી કર્મચારીઓ તેમની વિધિસર ફરજો બજાવવા દરમ્યાન સેલ્યુલર/મોબાઈલ ફોન, કોડલેસ ફોન, પેજર, વાયરલેસ સેટ અને અન્ય વિજાણું સંદેશા વ્યવહારના સાધનોનો ઉપયોગ કરી શકશે. આ જ પ્રમાણે ભારતના ચૂંટણી પંચે નીમેલ નિરીક્ષકો અને ચૂંટણી ફરજો પરના પોલીસ અધિકારીશ્રીઓ સહિતના મતદાનની ફરજોનો હવાલો ધરાવતા અધિકારીઓ/કર્મચારીઓ તેમની વિધિસરની ફરજો દરમ્યાન આવા સાધનોનો ઉપયોગ કરી શકશે.

આ ફરમાનનો અમલ તાલુકા ગ્રામ પંચાયત સામાન્ય ચૂંટણી-૨૦૧૬ દરમ્યાન મતદાનની સમગ્ર પ્રક્રિયા પુરી થાય ત્યાં સુધી અમલમાં રહેશે અને સમગ્ર બોટાદ જિલ્લાની ચૂંટણી યોજાનાર તે ગ્રામ્ય વિસ્તારને લાગુ પડશે તથા તેનો ભંગ કરનાર શખ્સ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ હેઠળ તથા લોક પ્રતિનિધિત્વ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૧૩૦ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ રોજ મારી સહી તથા કચેરીના મુદ્રા સાથે હુકમ બહાર પાડવામાં આવ્યો.

બોટાદ, ૨૨ માહે ડિસેમ્બર, સને ૨૦૧૬.

---

**ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળનું**

**હુકમ**

ક્રમાંક : ડીએમ/ગ્રામ પંચાયત સા. ચૂં./વશી/૫૫૨૪ થી ૫૫૪૦/૨૦૧૬.-ગ્રામ પંચાયત સામાન્ય ચૂંટણી-૨૦૧૬ ડિસેમ્બર-૨૦૧૬ માં યોજાનાર છે. ચૂંટણીના મુકત, ન્યાયી અને સરળ સંચાલન માટે તથા કાયદો અને વ્યવસ્થાની જાળવણી સુનિશ્ચિત કરવા જાહેર શાંતિ અને સલામતી જળવાઈ રહે તે માટે ઉમેદવારશ્રીઓ દ્વારા ઉમેદવારી પત્રો રજુ કરતી વખતે ચૂંટણી અધિકારીશ્રી/મદદનીશ ચૂંટણી અધિકારીશ્રીની કચેરી આસપાસના ૧૦૦ મીટરના વિસ્તારમા વધુમાં વધુ ૩(ત્રણ) વાહનો તથા ઉમેદવારશ્રી સહીત વધુમા વધુ કુલ-૫(પાંચ)થી વધુ વ્યકિતઓના દાખલ થવા ઉપર પ્રતિબંધ ફરમાવવો જરૂરી જણાય છે.

વાસ્તે, હું, બી. વી. લીંબાસીયા, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, બોટાદ જિલ્લા, બોટાદ, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ ની કલમ-૧૪૪ થી મને મળેલ અધિકારીની રૂએ નીચે પ્રમાણે પ્રતિબંધ ફરમાવું છું.

ઉમેદવારશ્રીઓ દ્વારા ઉમેદવારી પત્રો રજુ કરતી વખતે ચૂંટણી અધિકારીશ્રી/મદદનીશ ચૂંટણી અધિકારીશ્રીની કચેરી આસપાસના ૧૦૦ મીટરના વિસ્તારમા વધુમાં વધુ ૩(ત્રણ) વાહનો તથા ઉમેદવારશ્રી સહીત વધુમા વધુ કુલ-૫(પાંચ)થી વધુ વ્યકિતઓના દાખલ થવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું. અપક્ષ ઉમેદવાર અને બીનમાન્યતા પ્રાપ્ત પક્ષના ઉમેદવારોના કિસ્સામા પણ ચૂંટણી અધિકારી/મદદનીશ ચૂંટણી અધિકારીની કચેરીમાં ઉમેદવાર ઉપરાંત બીજી ચાર વ્યકિતઓ એમ કુલ-૫(પાંચ) વ્યકિતઓને જ દાખલ થઈ શકશે પરંતુ કોઈ કારણોસર દરખાસ્ત મુકનાર બીજા મતદારોને પણ ચૂંટણી અધિકારી/મદદનીશ ચૂંટણી અધિકારીની કચેરીમાં દાખલ થવુ જરૂરી થાય તો પહેલા ચાર મતદારો બહાર નિકળે પછી બીજા મતદારો અંદર પ્રવેશી શકશે.

આ હુકમનો ભંગ કરનાર શખ્સ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ હેઠળ તથા લોક પ્રતિનિધિત્વ અધિનિયમ-૧૯૫૧ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ ફરમાનનો અમલ ચૂંટણી દરમ્યાન મતદાનની પ્રક્રિયા પુરી થાય ત્યાં સુધી અમલમાં રહેશે.

આજ તા. ૨૨ માહે ડિસેમ્બર-૨૦૧૬ ના રોજ મારી સહી તથા કચેરીની મુદ્રા સાથે હુકમ બહાર પાડવામાં આવ્યો.

બોટાદ, ૨૨ માહે ડિસેમ્બર, સને ૨૦૧૬.

---

**ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ**

**હુકમ**

ક્રમાંક : ડીએમ/ગ્રામ પંચાયત સા. ચૂં./વશી/૫૫૯૨ થી ૫૬૦૮/૨૦૧૬.-ગ્રામ પંચાયત સામાન્ય ચૂંટણી-૨૦૧૬ આગામી ડિસેમ્બર માસમાં યોજાનાર છે. ઉમેદવારોના ચૂંટણી પ્રચાર મથકોને કારણે મતદારો માટે અવરોધ ઉભા થાય છે. વિવિધ પક્ષોના કાર્યકરો વચ્ચે અથડામણ થાય છે. જેને કારણે કાયદો અને વ્યવસ્થાના પ્રશ્નો ઉભા થાય છે અને એ રીતે મુકત, ન્યાયી અને સરળ સંચાલનમાં

ઘણી મુશ્કેલીઓ ઉભી થાય છે. જેથી ચૂંટણી પ્રચાર મથકો ઉભા કરવા ઉપર પ્રતિબંધ ફરમાવવો જરૂરી જણાય છે.

વાસ્તે, હું, બી. વી. લીંબાસીયા, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, બોટાદ જિલ્લા, બોટાદ, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ ની કલમ-૧૪૪ થી મને મળેલ અધિકારીની રૂએ નીચે પ્રમાણે પ્રતિબંધ ફરમાવું છું.

ગ્રામ પંચાયત સામાન્ય ચૂંટણી-૨૦૧૬ અનુસંધાને આગામી ડિસેમ્બર માસમાં મતદાનના દિવસે ચૂંટણી પ્રચાર માટેના મથકો ઉભા કરવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

**આ હુકમનો નીચે મુજબ અપવાદ છે.**

લોકપ્રતિનિધિત્વ અધિનિયમ-૧૯૫૧ની જોગવાઈઓ તથા ભારતના ચૂંટણી પંચની પ્રવર્તમાન સુચનાઓના સંદર્ભે, મતદારોને અવિધિસર ઓળખ કાપલીઓ આપવા માટે ઉમેદવારો તેમજ એજન્ટો અને કાર્યકરોના ઉપયોગ સારુ મતદાન મથકથી ૨૦૦ મીટરથી દુરના અંતરે એક ટેબલ અને બે ખુરશીઓની તેમજ તેમને તડકા/વરસાદથી રક્ષણ આપવા માટે ઉપરના વિભાગમાં તાડપત્રી કે છત્રીની વ્યવસ્થા કરી શકશે. કંતાન વગેરેથી ઢાંકી શકશે નહી. આવા ટેબલની આસપાસ ટોળુ ભેગું થવું જોઈએ નહી. આવા મથક ઉભા કરવાની ઈચ્છા રાખનાર દરેક ઉમેદવારે પોતે જ્યાં આવા મથકો ઉભા કરવા માંગે છે તે ચૂંટણી મથકોના નામ અને ક્રમ વિશેની માહિતી સબંધકર્તા મદદનીશ ચૂંટણી અધિકરીશ્રીને અગાઉથી લેખિતમાં આપવાની રહેશે. આવા મથકો ઉભા કરતા પહેલા સ્થાનિક કાયદા અનુસાર સંબંધિત સક્ષમ સત્તાધિકારીની પરવાનગીની જરૂર હોય તેવા પ્રસંગે આવી પરવાનગી મેળવેલ હોવી જોઈએ અને બુથ સંભાળતી વ્યકિતઓ પાસે ઉપલબ્ધ હોવી જોઈએ. મતદારોને આપવાના હેતુસર અવિધિસર ઓળખ કાપલીઓ ભારતના ચૂંટણી પંચની સુચનાઓ અનુસાર જ છપાયેલ હોવી જોઈએ અને તેના પર ઉમેદવારનું નામ અથવા ચિન્હ અથવા રાજકીય પક્ષનું નામ ન હોવું જોઈએ તેમજ આવા દરેક બુથ ખાતે ઉમેદવાર તેમના પક્ષનું નામ અને તેમને ફાળવેલ ચૂંટણી પ્રતિક પ્રદર્શિત કરવા ત્રણ ફુટની લંબાઈ તથા દોઢ ફુટની પહોળાઈવાળું ફકત એક જ બેનર ઉપયોગમાં લઈ શકશે. તેમજ એક જ મકાનમાં એક કરતા વધારે મતદાન મથકો ઉભા કરવામાં આવ્યા હશે તો પણ ઉમેદવાર એક જ મથક આવા મકાનથી ૨૦૦ મીટરથી દુરના અંતરે રાખી શકશે.

આ હુકમ સમગ્ર બોટાદ જિલ્લાની ચૂંટણી યોજાનાર છે તે ગ્રામ્ય વિસ્તારોને લાગુ પડશે તથા તેનો ભંગ કરનાર શખ્સ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ રોજ મારી સહી તથા કચેરીના મુદ્રા સાથે હુકમ બહાર પાડવામાં આવ્યો.

બોટાદ, ૨૨ માહે ડિસેમ્બર, સને ૨૦૧૬.

---

**ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની**
**કલમ-૧૪૪ હેઠળ**

## જાહેરનામું

નં. : ડીએમ/મજસ/હથીયાર જમા/વશી/૫૫૦૭ થી ૫૫૨૩/ ૨૦૧૬.-આગામી ગ્રામ પંચાયત સામાન્ય ચૂંટણી-૨૦૧૬ માહે ડિસેમ્બર-૨૦૧૬માં યોજાનાર છે. જે અન્વયે આર્મ્સ એકટ હેઠળ મંજુર કરવામા આવેલ વ્યકિતગત હથીયાર પરવાના હેઠળના ગ્રામ્ય વિસ્તારમાં ચૂંટણી યોજાનાર છે તે ગામોના તમામ હથીયારો તા. ૩૧-૧૨-૨૦૧૬ સુધી જેતે પોલીસ સ્ટેશન મા જમા લેવા યોગ્ય જણાય છે.

જેથી આગામી સ્થાનીક સ્વરાજ ચૂંટણીઓ-૨૦૧૬ દરમ્યાન જાહેર શાંતિ અને સલામતિની જાળવણી તેમજ શાંતિપૂર્ણ માહોલ જળવાઈ રહે તે હેતુથી ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ ની કલમ-૧૪૪ થી મળેલ સતાની રૂએ હું બી. વી. લીંબાસીયા, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, બોટાદ જિલ્લો, આથી સમગ્ર બોટાદ જિલ્લાના જે ગામોમા ચૂંટણી યોજાનાર છે તે ગ્રામ્ય વિસ્તારમા રહેતા દરેક પ્રકારના હથીયારોના પરવાનેદારોને આદેશ કરૂ છુ કે તેઓએ તેમની પાસેના પરવાના વાળા દરેક પ્રકારના હથીયારો આ જાહેરનામુ બહાર પાડવાની તારીખથી દિવસ-૨ મા બોટાદ જિલ્લાના સબંધકર્તા પોલીસ સ્ટેશન એ તથા પોલીસ હેડ કવાર્ટરએ સંબધિત પોલીસ સ્ટેશનના વિસ્તારમાં રહેતા હથીયાર પરવાનો ધરાવતા તમામ વ્યકિતએ હથિયાર કે હથીયારો જમા કરાવવામા આવે તે માટે પગલા લેવા તેમજ તમામ હથીયારો જમા થઈ ગયા અંગેની જાણ અત્રેની કચેરીને કરવા આદેશ કરૂ છું.

આ આદેશ બોટાદ જિલ્લામાં જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી તથા સબડીવિઝનલ મેજીસ્ટ્રેટશ્રીઓ તરફથી આપવામાં આવેલ હોય તેવા તેમજ દેશના કોઈ પણ રાજ્યના કોઈ પણ સતાધિકારીશ્રી પાસેથી પરવાનો મેળવેલ હોય તેને પણ લાગુ પડશે આ જાહેરનામા મુજબ પોલીસ સ્ટેશન મા જમા લેવાયેલ તમામ હથીયારો તા. ૩૧-૧૨-૨૦૧૬ સુધી જેતે પોલીસ સ્ટેશનમા જમા રાખવાના રહેશે હથીયાર પરવાના ધારકો એ સબંધિત પોલીસ સ્ટેશનમા ફકત પરવાનાવાળા હથીયારો જમા કરાવવાના રહેશે તેના કાર્ટ્રીજ/ દારૂગોળો જમા કરાવવાનો રહેશે નહી.

આ જાહેરનામાનો ભંગ કરનાર શસ્ત્ર અધિનિયમ-૧૯૫૯ની કલમ-૨૫ તથા ઈન્ડીયન પીનલ કોડની કલમ-૧૮૮ મુજબ સજાને પાત્ર થશે.

**આ આદેશમાંથી નીચેના હથીયાર પરવાનેદારોને મુકિત આપવામાં આવે છે.**

(૧) આ જિલ્લામા આવેલ સરકારી અર્ધસરકારી સંસ્થાઓ (બેંક કોપોરેશન સહીત) સ્થાનીક સ્વારાજ્યની સંસ્થાઓના નામે હોય તથા જે રાજ્ય કે રાષ્ટ્રીય કે આંતરરાષ્ટ્રીય લેવલ ની શુટીંગ સ્પર્ધાઓમા ભાગ લેનાર સ્પોર્ટ પર્સન તરીકેનો પરવાનો ધરાવતા હોય તેઓને હથીયાર જમા કરાવવામાથી મુકિત આપવામા આવે છે.

(૨) માન્યતા ધરાવતી સિક્યુરીટી એજંસીઓના ગનમેન કે જેઓ રાષ્ટ્રીયકૃત સહકારી કોમર્શીયલ બેંકો એ.ટી.એમ. તથા કરન્સી લેવડ દેવડ કરતા હોય તેવા સિક્યોરીટી ગાર્ડ તેમજ બેંકોમા કામ કરતા/ફરજ બજાવતા સિકોયરીટી ગાર્ડ બેંક મેનેજરશ્રીનુ પ્રમાણપત્ર રજુ કર્યેથી મુકિત ને પાત્ર રહેશે.

(૩) કેંદ્ર/રાજ્ય સરકારશ્રી ના અધિકારી/કર્મચારીશ્રીઓ કે જેમને કાયદા મુજબ હથીયર ધારણ કરવાની મંજુરી આપવામા આવેલી છે.

(૪) જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી અથવા સરકારશ્રી દ્વારા જેઓને ખાસ પરવાનગી આપવામા આવશે તેવા વ્યકિતઓ મુકિતને પાત્ર રહેશે.

આજ રોજ તા. ૨૨-૧૨-૨૦૧૬ ના રોજ આ આદેશ મારી સહી તથા કચેરીના સિકકા સાથે પ્રસિધ્ધ કરવામા આવેલ છે.

બોટાદ, ૨૨ માહે ડિસેમ્બર, સને ૨૦૧૬.

**બી. વી. લીંબાસીયા,**
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
બોટાદ જિલ્લો.

---

### ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૧)હેઠળનું

## જાહેરનામું

ક્રમાંક : મજશ-૩/ઉત્તરાયણ જા.નામું/૨૦૧૬/વશી/૧૦૦૮૪ થી ૧૦૧૮૪.-આગામી દિવસોમાં આવનાર મકરસંક્રાંતિ તહેવાર દરમ્યાન ''સ્કાય લેન્ટર્ન'' (ચાઈનીઝ તુક્કલ) પ્લાસ્ટીક/સીન્થેટીક બનાવટની ચાઈનીઝ દોરીથી પક્ષીઓ તથા માણસોને કોઈપણ પ્રકારની ઈજા ન થાય તે માટે તકેદારી રાખવા પર્યાવરણ (સુરક્ષા) અધિનિયમ-૧૯૮૬ની કલમ-૫ માં જણાવેલ માર્ગદર્શક સુચનો/દિશા નિર્દેશ ધ્યાને લઈ જરૂરી પ્રતિબંધાત્મક આદેશો ફરમાવવા ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના તા. ૧૭-૧૨-૧૬ ના પત્ર ક્રમાંક વિ-૨/ડી.એસ.એમ. ૧૩૨૦૧૬/હા.કો.૦૨ થી સુચના થઈ આવેલ છે.

આગામી તા. ૨૫-૧૨-૨૦૧૬ તથા તા. ૨૫-૦૧-૨૦૧૭ ના રોજ મકરસંક્રાતિના તહેવાર દરમ્યાન લોકો દ્વાર પતંગ ચગાવવા માટે ''સ્કાય લેન્ટર્ન'' (ચાઈનીઝ તુક્કલ) પ્લાસ્ટીક/સીન્થેટીક બનાવટની ચાઈનીઝ દોરીનો ઉપયોગ કરવામાં આવે છે. તહેવાર દરમ્યાન ઉપયોગમાં લેવાતી આ પ્રકારની ''સ્કાય લેન્ટર્ન'' (ચાઈનીઝ તુક્કલ) પ્લાસ્ટીક/સીન્થેટીક બનાવટની ચાઈનીઝ દોરીથી પક્ષીઓ તથા માણસોને જીવલેણ ઈજાઓ થવાની સંભાવના રહેલી છે. જેથી આવતા મકરસંક્રાતિના તહેવાર અનુસંધાને લોકો દ્વારા પતંગ ચગાવવા માટે ''સ્કાય લેન્ટર્ન'' (ચાઈનીઝ તુક્કલ) પ્લાસ્ટીક/સીન્થેટીક બનાવટની ચાઈનીઝ દોરીનો ઉપયોગ તથા વેચાણ કરવામાં આવે તે હકીકત ધ્યાને રાખી અત્રેના કાર્યક્ષેત્ર હેઠળના વિસ્તારમાં આ પ્રકારના બનાવટ ''સ્કાય લેન્ટર્ન'' (ચાઈનીઝ તુક્કલ) ચાઈનીઝ દોરીથી પક્ષીઓ તથા માણસોને કોઈપણ પ્રકારની ઈજા ન થાય તથા તેઓની સલામતી જળવાઈ રહે તેમજ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ સારી રીતે જળવાઈ રહે તે માટે જાહેરવ્યવસ્થા ના હેતુ માટે ''સ્કાય લેન્ટર્ન'' (ચાઈનીઝ તુક્કલ) પ્લાસ્ટીક/સીન્થેટીક બનાવટની ચાઈનીઝ દોરીના અનઅધિકૃત વેચાણ/ઉપયોગ કરવા પર પ્રતિબંધ ફરમાવવો મને જરૂરી જણાય છે.

વાસ્તે હું, ચંદ્રકાંત જી. પંડયા, (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, સુરેન્દ્રનગર જિલ્લો, સુરેન્દ્રનગર, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ના ૨૨ માની કલમ-૩૭(૧) હેઠળ અમોને પ્રાપ્ત થયેલ અધિકારની રૂએ સુરેન્દ્રનગર જિલ્લાના સમગ્ર વિસ્તારમાં તા. ૨૫-૧૨-૨૦૧૬ થી તા. ૨૫-૦૧-૨૦૧૭ સુધી (બંન્ને તારીખો સહિત)ના સમયગાળા દરમ્યાન પ્લાસ્ટીક/સીન્થેટીક બનાવટની ચાઈનીઝ દોરીના અનઅધિકૃત વેચાણ તથા ઉપયોગ કરવા પર મનાઈ ફરમાવું છું.

આ જાહેરનામું સમગ્ર સુરેન્દ્રનગર જિલ્લાના તમામ વિસ્તારોમાં સહેલાઈથી દેખી શકાય, વાંચી શકાય, તેવી જગ્યાએ તેની નકલો ચોંટાડી અને તે વિસ્તારમાં પોલીસ લાઉડસ્પીકર વાહનો દ્વારા, સ્થાનિક વર્તમાનપત્રો મારફતે તેમજ ગુજરાત રાજ્યના અસાધારણ ગેઝેટમાં જાહેર કરીને પ્રસિધ્ધ કરવાનું ફરમાવું છું.

જો કોઈ ઈસમ ઉપરોક્ત હુકમનો ભંગ કરશે અગર ભંગ કરવામાં મદદગારી કરશે તો આવા ઈસમો આઈ.પી.સી.ધારાની કલમ-૧૮૮ હેઠળ દંડ અને શિક્ષાને પાત્ર થશે.

આજ રોજ મારી સહી તથા કચેરીની મુદ્રા સાથે જાહેરનામું બહાર પાડવામાં આવેલ છે.

સુરેન્દ્રનગર, ૧૭ માહે ડિસેમ્બર, સને ૨૦૧૬.

**ચંદ્રકાંત જી. પંડયા,**
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
સુરેન્દ્રનગર જિલ્લો.

---

### પોલીસ કમિશ્નર દ્વારા

### ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ હુકમ

## જાહેરનામું

ક્રમાંક : એસ.બી/જાહેરનામું/૪૪૫૮/૨૦૧૬.-

(૧) ગુજરાત રાજયના રાજકોટ, જામનગર અને કચ્છ જિલ્લાના શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં પીવાના પાણીની જરૂરીયાતને અનુલક્ષીને નર્મદા કેનાલ મારફતે સૌરાષ્ટ્ર કેનાલમાંથી પાણી છોડવાનું આયોજન થયેલ છે. આ નર્મદાનું પાણી માળીયા કેનાલમાં નાખી પાઇપ લાઇન દ્વારા હડાળા ગામ

પાટીયા પાસે સમ્પમાં નાખી ત્યાંથી સમ્પમાંથી પમ્પીંગ કરી આજી ડેમ ફીલ્ટર પ્લાન્ટ સુધી લાવી રાજકોટ શહેરને પુરૂ પાડવામાં આવે છે.

ઉપરોકત પાઈપલાઈન દ્વારા આવતું પાણીનું યોગ્ય રીતે વિતરણ થઈ શકે તે માટે તેમજ પાણી પુરવઠામાં વિક્ષેપ ઉભો ન થાય તે માટે પાઇપલાઇન તથા આનુસાંગીક ઘટકો સમ્પ, પમ્પ હાઉસ, એર વાલ્વ, સ્કાવર વાલ્વને અસામાજિક તત્વો ધ્વારા તોડ-ફોડ કરવામાં ન આવે તેમજ પાણીની ચોરી તથા દુર્વ્યય અટકાવી શકાય.

(૨) કેટલાક પ્રાઈવેટ સિકયુરીટીવાળાઓ જે ખાખી રંગનો પોલીસ જેવો યુનિફોર્મ ધારણ કરે છે. તેનાથી જાહેર જનતામાં પોલીસનો આભાસ થાય છે. પ્રાઈવેટ સિકયુરીટી વાળાઓ કેટલીક વખત ખાખી યુનિફોર્મમાં નજીવો ફેરફાર કરે છે. આવા નજીવા ફેરફારથી આમ જનતાની દ્રષ્ટિએ કોઇ ફેરફાર પડતો નથી. આવા નજીવા ફેરફાર સાથેના ખાખી યુનિફોર્મધારી પ્રાઈવેટ સિકયુરીટીવાળાઓ પોલીસ જેવા લાગે છે. ખાસ કરીને પ્રજાનો અભણ વર્ગ તેમને પોલીસ તરીકે ગણે છે. આવા ખાખી યુનિફોર્મધારી માણસો પોલીસ જેવા ખાખી યુનિફોર્મનો દુર ઉપયોગ કરે તેવી શકયતા રહે છે. જે જાહેર જનતાની સલામતી માટે જોખમકારક હોવાનુ મારૂ માનવું છે.

પ્રાઈવેટ સિકયુરીટીવાળાઓ ખાખી યુનિફોર્મમાં હોવાથી ઘણી વખત તેઓની ખાખી યુનિફોર્મ અવ્યવસ્થિત હોય છે, વાળા લાંબા રાખે છે, ચપ્પલ ધારણ કરે છે અને પોતે યુનિફોર્મમાં પાન ચાવતા હોય છે અને સીગારેટ, બીડી ફુંકતા હોય છે. જે પોલીસ ખાતામાં શિસ્ત વિરૂધ્ધનું વર્તન હોય જેનાથી પોલીસની ઈમેજ ખરાબ થાય છે અને આવા ખાખી યુનિફોર્મધારી પ્રાઈવેટ સિકયુરીટી- વાળાઓ આમ જનતાની નજરમાં પોલીસ જેવા લાગતા હોય જાહેર જનતામાં પોલીસની ખરાબ છાપ ઉત્પન્ન થાય છે અને તેથી પોલીસની અસરકારકતા ઘટે છે.

વાસ્તે હું, અનુપમસિંહ ગહલૌત, (આઈ.પી.એસ.), પોલીસ કમિશ્નર, રાજકોટ શહેર, ગુજરાત સરકારના ગૃહ વિભાગના તા.૮-૧૧-૮૨ના નોટીફીકેશન નંબર જીજી/૪૨૨/ સી.આર.સી./૧૦૮૨/૧૦૮૦/એમ. અન્વયે જે ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૨૦ નીચેની પેટા કલમ-(૧) નીચે બહાર પાડવામાં આવેલ છે અને જેનું પુનરાવર્તન ગુજરાત સરકારના ગૃહ વિભાગના તા. ૦૭-૦૧-૧૯૮૯થી બહાર પાડવામાં આવેલ સંકલીત જાહેરનામાં નંબર જીજી/૬/ફકઅ/૧૦૮૮/૬૭૫૦/મ. માં થયેલ છે. જેમાં રાજકોટ શહેરના પોલીસ કમિશ્નરશ્રી, અધિક કમિશ્નરશ્રી, નાયબ પોલીસ કમિશ્નરશ્રી, અને સુપ્રિ. ઓફ પોલીસ (મદદનીશ પોલીસ કમિશ્નરશ્રીઓ) ને એકઝી. મેજી તરીકે જાહેર કરવામાં આવેલ છે. તેમજ તેઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૧૪૪ના અધિકારનો ઉપયોગ કરવા ખાસ અધિકૃત કરવામાં આવેલ છે. તે અધિકારની રૂએ નીચે જણાવેલ વિસ્તારમાં તા. ૦૧-૧૧-૨૦૧૭ કલાક ૦૦.૦૦ થી તા. ૨૮-૦૨-૨૦૧૭ કલાક ૨૪/૦૦ સુધી ઉપર દર્શાવેલ કારણોના લીધે અનુષાંગિક પગલા લેવા અનુક્રમે નીચેના કૃત્યો કરવા પર પ્રતિબંધ ફરમાવું છું.

**: પ્રતિબંધિત કૃત્યો :**

(૨) (ક) રાજકોટ કમિશ્નરેટ વિસ્તારમાં પસાર થતી પાણી પુરવઠાની નર્મદા પાઈપ લાઈનમાં છેદ પાડી કોઈ વ્યકિત પમ્પ દ્વારા, ટેન્કર દ્વારા કે બીજી કોઈ રીતે પાણી લઈ કે ભરી શકશે નહીં.

(ખ) આ પાણીની પાઈપલાઈનો સાથે કોઈ વ્યકિત ચેડા કરી શકશે નહીં કે પાઈપલાઈન ને તોડ-ફોડ કરશે નહીં કે પાઈપલાઈનો પરની જમીનમાં ખાડા કરી શકશે નહીં. આ પાઈપલાઈનમાંથી કોઈપણ વ્યકિત પાણી લઈ શકશે નહીં કે તેમજ પાણી વિતરણ વ્યવસ્થા ખોરવાઈ જાય તેવું કોઈ કૃત્ય કરશે નહીં.

(ગ) આ પાઈપલાઈન માંથી કોઈ વ્યકિત સીધી રીતે કે પમ્પીંગ કરી પાણી મેળવી શકશે નહીં, તેમજ મોટર કે મશીનથી પમ્પ મુકી ખેંચી શકશે નહીં.

(૩) કોઈપણ ખાનગી સિકયુરીટીના અધિકારી કે માણસોએ ખાખી કલરનો યુનિફોર્મ ધારણ કરવો નહીં.

**: વિસ્તાર :**

રાજકોટ પોલીસ કમિશ્નરેટ વિસ્તાર.

**: અપવાદ :**

(૧) નર્મદા પાણીની પાઇપ લાઇનના જાહેરનામામાંથી ઉપરોકત યોજનામાંથી જે શહેર/ગામોને પીવાના પાણીની તકલીફને કારણે ટેન્કરો અગર અન્ય સાધનો દ્વારા પાણી પહોંચાડવા માટે સક્ષમ અધિકારી તરફથી મંજુરી આપવામાં આવેલ હોય તેવા વાહનો તેમજ સરકારી કામમા રોકાયેલ હોય તેવી વ્યકિતઓ કે વાહનોને આ હુકમ લાગુ પડશે નહિ.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલંઘન કરનાર ભારતના ફોજદારી અધિનિયમ-૧૮૬૦ની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

હું આથી આદેશ આપું છું કે, આ હુકમની જાહેરાત ઉપર જણાવેલ વિસ્તારમાં સહેલાઈથી દેખી શકાય તેવી જગ્યાઓએ તેની નકલો ચોંટાડીને, લાઉડસ્પીકર વાહન દ્વારા, સ્થાનિક વર્તમાનપત્રો તેમજ આકાશવાણી અને દૂરદર્શન કેન્દ્ર ઉપરથી કરાવવી.

આજ તારીખ : ૨૩-૧૨-૨૦૧૬ના રોજ મારી સહી અને સિકકો કરી આપેલ છે.

રાજકોટ, ૨૩ માહે ડિસેમ્બર, સને ૨૦૧૬.

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ના ૨૨માં અધિનિયમની કલમ-૩૭(૩) અન્વયે કાઢેલ હુકમ

## જાહેરનામું

ક્રમાંક : એસ.બી./જાહેરનામું/૪૪૫૯/૨૦૧૬.-રાજકોટ શહેરમાં હાલની વર્તમાન પરિસ્થિતિમાં આગામી દિવસોમાં જુદી જુદી ધાર્મીક શોભાયાત્રાઓ, રેલીઓ ધરણાના કાર્યક્રમો યોજવામાં આવતાં હોય તેમજ મકરસંક્રાતી, પ્રજાસતાક દિન, મહાશિવરાત્રી જેવા તહેવારો આવનાર છે. હાલની આતંકવાદી ગતિવિધી/ પ્રવૃતિને લક્ષમાં લેતા કોઈપણ પ્રકારની સુલેહ શાંતીનો ભંગ ન થાય, જાહેર સલામતી તથા કાયદો અને વ્યવસ્થા જળવાય રહે તે માટે ચાર કરતા વધારે માણસોના ભેગા થવા ઉપર, કોઈ સભા બોલાવવા, સરઘસ કાઢવા ઉપર પ્રતિબંધ મુકવાની જરૂર જણાય છે.

વાસ્તે, હું અનુપમ સિંહ ગહલૌત, આઈ.પી.એસ., પોલીસ કમિશ્નર, રાજકોટ શહેર, ગુજરાત પોલીસ અધિનિયમ અને ૧૯૫૧ના ૨૨માં અધિનિયમની કલમ-૩૭(૩) મુજબની મને મળેલ અધિકારની રૂએ નીચે જણાવેલ વિસ્તારમાં નીચેના કૃત્યો કરવા પર પ્રતિબંધ ફરમાઉ છું.

**: પ્રતિબંધિત કૃત્યો :**

ચાર કરતા વધારે માણસોના ભેગા થવા ઉપર, કોઈ સભા બોલાવવા કે સરઘસ કાઢવા ઉપર.

**: અમલવારીના પીરીયડ અને વિસ્તાર :**

આ હુકમનો અમલ તારીખ ૦૧-૦૧-૨૦૧૭ના કલાક ૦૦-૦૦ થી તારીખ ૨૮-૦૨-૨૦૧૭ના કલાક ૨૪-૦૦ સુધી.

**: પ્રતિબંધિત વિસ્તાર :**

પોલીસ કમિશ્નરશ્રી, રાજકોટ શહેરની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

**: અપવાદ :**

આ જાહેરનામું સરકારી ફરજ અથવા કામગીરીમાં હોય તેવી વ્યક્તિઓ તથા હોમગાર્ડ કે અન્ય સરકારી અથવા અર્ધસરકારી એજન્સી જેઓ કાયદેસરની ફરજ પર હોય તેઓને તથા સ્મશાન યાત્રા અને લગ્નનાં વરઘોડાને લાગુ પડશે નહીં.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનારને સને-૧૯૫૧ના ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૫(૩) મુજબ શિક્ષાને પાત્ર છે.

હું આથી આદેશ આપુ છું કે, આ હુકમની જાહેરાત ઉપર જણાવેલ વિસ્તારમાં સહેલાઈથી દેખી શકાય તેવી જગ્યાઓએ તેની નકલો ચોંટાડીને, લાઉડસ્પીકર વાહન ધ્વારા તેમજ સ્થાનિક વર્તમાનપત્રો તેમજ આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર પરથી કરાવવી.

આજ તારીખ : ૨૩-૧૨-૨૦૧૬ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

રાજકોટ, ૨૩ માહે ડિસેમ્બર, સને ૨૦૧૬.

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ના ૨૨માં અધિનિયમની કલમ-૩૭(૧) અન્વયે કાઢેલ હુકમ

## જાહેરનામું

ક્રમાંક : એસબી/જાહેરનામું/૪૪૬૦/૨૦૧૬.-રાજકોટ શહેરમાં હાલની વર્તમાન પરિસ્થિતિમાં આગામી દિવસોમાં જુદી-જુદી ધાર્મીક શોભાયાત્રાઓ તથા મકરસંક્રાતી, પ્રજાસતાક દિન, મહાશિવરાત્રી જેવા તહેવારો આવતાં હોય તથા રેલીઓ/ ધરણાના કાર્યક્રમો યોજવામાં આવતાં હોય તેમજ હાલની આતં કવાદી પ્રવૃતિ લક્ષમાં લેતા કોઈપણ પ્રકારનો સુલેહ શાંતીનો ભંગ ન થાય, જાહેર સલામતી તથા કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે અને પ્રદુષણ રહીત વાતાવરણ રાખવા તથા પ્રાઈવેટ સિક્યુરીટી એજન્સીના માણસો લાયસન્સવાળા હથિયારો જાહેર જગ્યામાં લઈને ફરે છે અને લોનના હપ્તા ઉઘરાવવા જમીનના વિવાદોમાં જઈ લાયસન્સવાળા હથિયારોનો ઉપયોગ પણ કરે છે. અને આવા ઘણા ખરા હથિયારો બીજા રાજ્યોમાંથી ઓલ ઈન્ડીયા લાયસન્સ મેળવી રાજકોટ શહેરમાં મુખ્યત્વે ઉપયોગ કરે છે. લાયસન્સવાળા હથિયારોથી કરેલ ગુનાઓમાં કેટલીક ફરીયાદો પણ દાખલ થયેલ છે. જેથી પ્રાઈવેટ સિક્યુરીટી એજન્સીના માણસો જાહેર જગ્યામાં લાયસન્સવાળા હથિયારો લઈને ફરે નહીં તે પ્રવૃત્તિને અંકુશમાં લેવી પણ જરૂરી જણાય છે.

વાસ્તે, હું, અનુપમ સિંહ ગહલૌત, આઈ.પી.એસ., પોલીસ કમિશ્નર, રાજકોટ શહેર, ગુજરાત પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ના ૨૨માં અધિનિયમની કલમ-૩૭(૧) મુજબની મને મળેલ અધિકારની રૂએ નીચે જણાવેલ વિસ્તારમાં નીચેના કૃત્યો કરવા પર પ્રતિબંધ ફરમાવું છું.

**: પ્રતિબંધિત કૃત્યો :**

(૧) શસ્ત્રો, ડંડા, લાકડી, લાઠી, તલવાર, ભાલા, સોટા, ખંજર, તથા ચપ્પા તથા શારીરીક હિંસા પહોંચાડવામાં, ઉપયોગ થઈ શકે તેવી બીજી ચીજો લઈ જવાની કે અન્ય રીતે સ્વબચાવ સિવાય સાથે રાખીને ફરવા ઉપર,

(૨) પરવાનાવાળા હથિયારો લઈ જાહેર જગ્યાઓએ જવા, હવામાં ફાયર કરવા, મેળા, ધાર્મિક સરઘસ કે વ્યક્તિઓના સમુદાયમાં લઈ જવા ઉપર.

(૩) સ્ફોટક પદાર્થ લઈ જવા ઉપર.

(૪) પથ્થરો અથવા બીજા શસ્ત્રો અથવા ફેંકવાના અથવા નાખવાના યંત્રો અથવા સાધનો લઈ જવાની, એકઠા કરવા તથા તૈયારી કરવા ઉપર.

(૫) સરઘસ સાથે સળગતી મસાલ રાખવા ઉપર,

(૬) વ્યક્તિના પુતળા બાળવા-લટકાવવાની-પુતળાને ફાંસી આપવા ઉપર,

(૭) પ્રાઈવેટ સિકયોરીટી એજન્સીના સંચાલક અને કર્મચારી લાયસન્સવાળા હથિયારો સાથે લઈ પોતાની ફરજ સિવાયના સમયે જાહેર જગ્યામાં જવા ઉપર.

(૮) જાહેરમાં અન્ય લોકોને ત્રાસ થાય તે રીતે બુમ પાડવા, ગીતો ગાવા તથા વાદ્ય વગાડવા ઉપર.

રાજકોટ શહેરમાં તાજેતરમાં બનેલ ખુન, ખુનની કોશીષ, લુંટ, ધાડના બનાવોમાં ઉપયોગમાં લેવાયેલ જીગઝેક પ્રકારના ચાઈનીઝ ચપ્પાઓના ઉપયોગને લઈને રાજકોટ શહેર વિસ્તારમાં આવા જીગઝેક પ્રકારના ચાઈનીઝ બનાવટના ચપ્પુઓ સાથે રાખવા અને વેંચાણ કરવા પર પ્રતિબંધ મૂકવા અતિ આવશ્યક છે.

**: અમલવારીના સમય :**

આ હુકમનો અમલ તા. ૦૧-૦૧-૨૦૧૭ના કલાક ૦૦-૦૦ થી તા. ૨૮-૦૨-૨૦૧૭ના કલાક ૨૪-૦૦ સુધી.

**: વિસ્તાર :**

રાજકોટ શહેર પોલીસ કમિશ્નરની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

**: અપવાદ :**

(૧) આ જાહેરનામું જે વ્યકિતઓ સરકારી અથવા અર્ધસરકારી નોકરી અથવા કામગીરીમાં હોય અને તેમને જેના ઉપરી અધિકારીઓએ આવું કોઈ હથિયાર લઈ જવા ફરમાવ્યું હોય અથવા કોઈ હથિયાર લઈ જવાની તેની ફરજ હોય તેને લાગુ પડશે નહીં.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનારને સને-૧૯૫૧ના ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૫(૧) મુજબ શિક્ષાને પાત્ર છે.

તમામને વ્યકિતગત રીતે આ નોટિશની બજવણી કરવી શકય ન હોય એકતરફી હુકમ કરૂં છું કે, જાહેર જનતાની જાણ સારૂ સ્થાનિક વર્તમાનપત્ર, આકાશવાણી, અને દુરદર્શન કેન્દ્ર મારફતે પ્રસિધ્ધી દ્વારા તથા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેકટર, મદદનીશ પોલીસ કમિશ્નર, નાયબ પોલીસ કમિશ્નર તથા પોલીસ કમિશ્નર કચેરીના નોટિશ બોર્ડ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધી કરવામાં આવશે. તેમજ સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધી કરવામાં આવશે. ગુજરાત પોલીસ એકટ કલમ-૧૨૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજ તારીખ ૨૩-૧૨-૨૦૧૬ના રોજ મારી સહી અને સિકકો કરી આપેલ છે.

રાજકોટ, ૨૩ માહે ડિસેમ્બર, સને ૨૦૧૬.

---

**ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ના નં.૨) ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ હુકમ**

## જાહેરનામું

ક્રમાંક : એસ.બી/જાહેરનામું/૪૪૬૩/૨૦૧૬.-ભુતકાળમાં વલસાડ જિલ્લામાં મજુરોની વસાહતના કુદરતી હાજતે ગયેલ મહીલા પર ગેંગરેપનો બનાવ બનેલ હોય આવો બનાવ રાજકોટ શહેર પોલીસ કમિશ્નરેટ વિસ્તારમાં બનવા પામે નહીં અને શહેર વિસ્તારમાં નવા બંધાતા મકાનોમાં, કોમ્પ્લેક્ષમાં, ઔદ્યોગીક એકમોમાં, જુદી જુદી ટેલીકોમ કંપનીઓમાં તથા ખેતી વિષયક કામ કરતાં મજુરો વિગેરે કામકાજમાં રોકાયેલ મજુરોને રહેવા સબંધી તમામ સગવડો (સુવિધા)ઓ ઉપલબ્ધ થાય તે માટેની કાર્યવાહી અંગે તથા મજુરોની સલામતિ અને શહેરમાં કાયદો અને વ્યવસ્થા જળવણી હેતુસર થોડા નિયંત્રણો મુકવા આવશ્યક જણાય છે.

જેથી હું, અનુપમ સિંહ ગહલૌત, આઈ.પી.એસ., પોલીસ કમિશ્નર, રાજકોટ શહેર, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ (સી.આર.પી.સી.) ૧૯૭૩ (૧૯૭૪ના નં.૨)ની કલમ-૧૪૪ અન્વયે અને ગૃહ વિભાગ, ગુજરાત સરકાર, સચિવાલય, ગાંધીનગરના ફેકસ મેસેજ નંબરઃ એસ.વી.-૧/કે.વી./૧૦૨૦૧૪/૧૨૨૬૦, તા. ૧૮-૦૬-૨૦૧૪ તથા પોલીસ મહાનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુ.રા. ગાંધીનગરના પત્ર ક્રમાંક : જ-૧/કા.×વ્ય./ટે-૧/૫૨ચ/૧૯/૧૭૭૮/૨૦૧૪, તા. ૨૦-૦૬-૨૦૧૪થી કરેલ આદેશ અન્વયે મને મળેલ સત્તાની રૂએ હુકમ કરૂં છું કે,

રાજકોટ શહેર પોલીસ કમિશ્નરેટ વિસ્તારમાં નવા બંધાતા કોમ્પ્લેક્ષ/મકાનો/રોડ રસ્તાઓ/ગટ્ટર યોજનાઓ વિગેરે, ઔદ્યોગીક એકમો તથા જુદી જુદી ટેલીકોમ કંપની દ્વારા કંપનીઓના કામો તથા ખેડુતોના ખેતી વિષયક કામોમાં સરકારી કચેરીઓ/અર્ધસરકારી કચેરીઓ/ખાનગી કંપનીઓ/સંસ્થાઓ/કોન્ટ્રાકટરો કે ખેડુતો દ્વારા કોઈપણ મજુરોને મજુરી કામ માટે રાખવામાં આવે છે ત્યારે આ સરકારી કચેરીઓ/અર્ધસરકારી કચેરીઓ/ખાનગી કંપનીઓ/સંસ્થાઓ/ કોન્ટ્રાકટરો કે ખેડુતો દ્વારા જે મજુરોને કામકાજ માટે રાખેલ હોય તે મજુરોના કામકાજના સ્થળો ખાતે રહેવા સબંધી/ટોયલેટ/બાથરૂમ/પાણી/સાફ સફાઈ વિગેરે આવશ્યક સુવિધા પુરી પાડવાની રહેશે અને આ સરકારી કચેરીઓ/અર્ધસરકારી કચેરીઓ/ખાનગી કંપનીઓ/સંસ્થાઓ/કોન્ટ્રાકટરો કે ખેડુતો દ્વારા આ મજુરો માટે શું શું આવશ્યક સુવિધા ઉપલબ્ધ કરેલ છે? તેની માહિતી કામકાજના વિસ્તારના સબંધીત પોલીસ સ્ટેશનમાં દિન-૧૦માં લેખીતમાં પુરી પાડવાની રહેશે. આ હુકમ તા. ૦૧-૦૧-૨૦૧૭ થી તા. ૨૮-૦૨-૨૦૧૭ સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

તમામને વ્યકિતગત રીતે નોટિસની બજવણી કરવી શકય ન હોય આથી એકતરફી હુકમ કરૂં છું. સ્થાનિક વર્તમાનપત્ર, આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર મારફતે પ્રસિધ્ધિ દ્વારા તથા

પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેકટર, મદદનીશ પોલીસ કમિશ્નર, નાયબ પોલીસ કમિશ્નરશ્રીઓ તથા પોલીસ કમિશ્નર કચેરીના નોટિસબોર્ડ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધિ કરવામાં આવશે. તેમજ સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધિ કરવામાં આવશે. ગુજરાત પોલીસ એકટ કલમ ૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજ તા. ૨૩-૧૨-૨૦૧૬ના રોજ મારી સહી અને સિકકો કરી આપેલ છે.

રાજકોટ, ૨૩ માહે ડિસેમ્બર, સને ૨૦૧૬.

---

## ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ હુકમ

## જાહેરનામુ

ક્રમાંક : એસ.બી./જાહેરનામું/૪૪૬૪/૨૦૧૬.-કેન્યા ખાતે મોલ ઉપર થયેલ આંતકવાદી હુમલામાં મોટા પાયે જાનમાલની ખુવારી થયેલ. જેમાં ગુજરાત સહીત દેશના ઘણા નાગરીકોના અકાળે મૃત્યુ થયેલા તેમજ ભુતકાળના બનાવો જેવા કે સને ૨૦૦૮માં સુરત શહેરમાં બોમ્બ બ્લાસ્ટ કરવાના થયેલા પ્રયત્નો, અમદાવાદ શહેરમાં બનેલ બોમ્બ બ્લાસ્ટના બનાવો તથા મુંબઈ અને દિલ્હી ખાતે બનેલા બોમ્બ બ્લાસ્ટના બનાવો અને તાજેતરમાં હૈદ્રાબાદ તથા બેંગ્લોર બનેલ બોમ્બ બ્લાસ્ટના બનાવો તથા ગુજરાતમાં આંતકવાદી હુમલાની સંભાવના અંગે ગુપ્તચર સંસ્થાઓ તરફથી મળતી માહિતી ધ્યાને લેતા અને હાલના પ્રવર્તમાન સંજોગોને અનુલક્ષીને રાજકોટ શહેરની સલામતિ માટે કેટલાક પગલા લેવા જરૂરી છે.

રાજકોટ શહેરમાં બહારના રાજ્યોમાંથી તથા દેશ બહારથી આંતકવાદી અને સમાજ વિરોધી તત્વો ખાસ કરીને ભીડભાડવાળા તથા લોકોની પુષ્કળ અવર-જવરવાળા વિસ્તારોમાં સ્થાનિક વિસ્તારોથી માહિતગાર થઈને તેઓની ગેરકાયદેસર પ્રવૃત્તિઓને અંજામ આપતા હોય છે. જેથી માનવ જિંદગીની ખુવારી ન થાય અને લોકોની માલ-મિલ્કતને નુકશાન ન થાય તે માટે તકેદારીના પગલારૂપે તમામ બેંકીંગ સંસ્થાઓ, સોના-ચાંદી તથા ડાયમંડની કિંમતી ઝવેરાત વેચનાર તથા શોપીંગ મોલ, મલ્ટીપ્લેક્ષ, થીયેટર, શોપીંગ સેન્ટરો, કોમર્શીયલ સેન્ટરો, હોટલ, ગેસ્ટ હાઉસ, લોજીંગ-બોર્ડીંગ, ધર્મશાળા, અતિથિગૃહ, વિશ્રામગૃહ, બહુમાળી બિલ્ડીંગો, મોટા ઔદ્યોગીક એકમો, મોટા ધાર્મીક સ્થળો વિગેરે જગ્યાઓ ઉપર કેટલાક નિયંત્રણો મુકવાનું જરૂરી જણાય છે.

વાસ્તે હું, અનુપમ સિંહ ગહલૌત, આઈ.પી.એસ., પોલીસ કમિશ્નર, રાજકોટ શહેર, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલા સત્તાની રૂએ હુકમ કરૂં છું કે,

(૧) રાજકોટ શહેરના સમગ્ર પોલીસ કમિશ્નર વિસ્તારમાં આવેલ તમામ બેંકો, તમામ એ.ટી.એમ. સેન્ટરો, સોના-ચાંદી તથા ડાયમન્ડના કિંમતી ઝવેરાત વેંચનાર દુકાનો તથા શો-રૂમ તથા શોપીંગ મોલ, મલ્ટીપ્લેક્ષ, થિયેટર, શોપીંગ સેન્ટરો, કોમર્શીયલ સેન્ટરો, હોટલ, ગેસ્ટ હાઉસ, લોજીંગ-બોર્ડીંગ, ધર્મશાળા, અતિથિગૃહ, વિશ્રામગૃહ તથા જયાં બહારના માણસોને રહેવાની સુવિધા પુરી પાડતી હોય તેવા સ્થળો તથા બહુમાળી બિલ્ડીંગો, મોટા ઔદ્યોગીક એકમો, મોટા ધાર્મિક સ્થળોના માલીકો/ઉપભોકતાઓ/વહીવટકર્તાઓએ તેમના ધંધાના સ્થળોએ પ્રવેશદ્વાર ઉપર પુરતા પ્રમાણમાં તાલીમ પામેલા માણસોને સીકયુરીટી માટે મેટલ ડીટેકટર સાથે ફરજ ઉપર નિયુકત કરવાના રહેશે.

(૨) પ્રવેશદ્વાર ઉપર તથા બહાર નીકળવાના દ્વાર, રીસેપ્શન કાઉન્ટર, લોબી, બેઝમેન્ટ, પાર્કીંગની જગ્યાઓ તથા પાછળના વિસ્તારમાં તથા જાહેર પ્રજા માટે જયાં પ્રવેશ હોય ત્યાં તમામ જગ્યાઓ આવરી લે તે રીતે દરેક ગેઈટ ઉપર ગેઈટ વાઈઝ તેટલી સંખ્યામાં સી.સી.ટી.વી. કેમેરા લગાડવાના રહેશે.

(૩) સી.સી.ટી.વી. કેમેરા સારી ગુણવત્તાવાળા વધુ રેન્જના (માણસોના ચહેરા સ્પષ્ટ ઓળખી શકાય તથા વાહનના નંબર વાંચી શકાય તેવા) ગોઠવવાના રહેશે તથા આ સી.સી.ટી.વી.ના રેકોર્ડીંગના ડેટા ઓછામાં ઓછા ૩૦ દિવસ સુધી સંગ્રહ રાખવાના રહેશે. આ સી.સી.ટી.વી. કેમેરા સતત ૨૪ કલાક ચાલુ રહે તે જોવાની જવાબદારી માલીકો/ઉપભોકતાઓ/વહીવટકર્તાઓની રહેશે.

(૪) મોલના પાર્કીંગની અંદર દાખલ થતાં દરેક વાહનો જેવા કે મોટર કાર/ટુ-વ્હીલર વિગેરેનું ચેકીંગ કરવાનું રહેશે તેમજ તે દરેક વાહનની અંદર બેઠેલ વ્યક્તિઓનું સંપુર્ણપણે ચેકીંગ કરવાનું રહેશે.

(૫) દરેક મોલની માલીકી બદલાતી રહે છે આથી જયારે જયારે મોલના માલીકો બદલાય ત્યારે નવા ઓનર્સ દ્વારા તમામ ચેકીંગ યોગ્ય રીતે થાય તેની કાળજી રાખવા અંગે નિયમો બનાવવા અને માલીકીની ફેરબદલી અંગેની જાણ સબંધીત પોલીસ સ્ટેશન તથા પોલીસ કમિશ્નર કચેરીમાં લેખીત દ્વારા કરવાની રહેશે.

(૬) મોલમાં આવતા માલસામાનનું પણ ચેકીંગ થવું જરૂરી છે. જેથી મોલમાં કોઈ કાયદાથી પ્રતિબંધિત માલ-સામાન, સ્ફોટક પદાર્થો આવી જતાં નથી તેનું નીરીક્ષણ પણ થવું જરૂરી છે જે અંગે પણ દરેક મોલ સંચાલકોએ કાળજી લેવી અને જરૂરી વ્યવસ્થા ઉભી કરવાની રહેશે.

(૭) મોલમાં મોલના માલીકના ખર્ચે ખાનગી સીકયુરીટી રાખવી અનિવાર્ય રહેશે અને તેઓ સીકયુરીટી ચેકના નિયમોથી માહિતગાર હોવા જોઈએ અને તે અંગે તેઓ તાલીમબધ્ધ

થયેલ હોવા જોઈએ તેમજ મોલની સુરક્ષા ૨૪×૭ કલાક જાળવવામાં આવે તે જોવાનું રહેશે.

(૮) મોલની મુલાકાત લેતી તમામ વ્યક્તિઓના લગેજ ચેકીંગની જવાબદારી સંપુર્ણપણે મોલના માલીકોની રહેશે. મોલમાં એકસપ્લોઝીવ જેવા કાયદાથી પ્રતિબંધિત પદાર્થો ન આવે તે અંગેની વ્યવસ્થા ઉભી કરવાની રહેશે. તેમજ મોલના માલીક દ્વારા ચેકીંગ/સલામતિ વ્યવસ્થા સારૂ સ્નેફર ડોગ મારફત ઉભી કરવાની રહેશે.

(૯) હાલ હયાત તમામ ઉપરોક્ત એકમોએ આ જાહેરનામા પ્રસિધ્ધીની તારીખથી દિન-૭માં ઉપર મુજબની વ્યવસ્થા ઉભી કરી દેવાની રહેશે અને નવા શરૂ થતાં એકમોએ ઉપરોકત વ્યવસ્થા કર્યા બાદ જ ધંધો શરૂ કરવાનો રહેશે.

**સી.સી.ટી.વી. કેમેરા કેવી રીતે ગોઠવવા**

(૧) કોઈપણ જગ્યાની અંદરના ભાગ, સંપૂર્ણ કવરેજ સતત થાય તે રીતે ગોઠવવા.

(૨) પ્રવેશતા અને બહાર નીકળતા તમામ માણસોની અવર-જવર જોઈ શકાય અને તમામના ચહેરા સ્પષ્ટ જોઈ શકાય તે રીતે કેમેરા ગોઠવવા.

(૩) બિલ્ડીંગના બહારના ભાગે પી.ટી.ઝેડ. કેમેરા ગોઠવવા.

(૪) તમામ પાર્કીંગની જગ્યામાં સંપૂર્ણ જગ્યાનું કવરેજ થાય તે રીતે ગોઠવવા.

(૫) રીશેપ્શન કાઉન્ટર, બેઝમેન્ટ તથા જાહેર પ્રજા માટે જયાં પ્રવેશ હોય ત્યાં તમામ જગ્યાઓનું સંપૂર્ણ કવરેજ થાય તે રીતે ગોઠવવા.

**: અમલવારીનો સમય :**

આ હુકમનો અમલ તા. ૦૧-૦૧-૨૦૧૭ ના કલાક ૦૦-૦૦ થી તા. ૨૮-૦૨-૨૦૧૭ ના કલાક ૨૪-૦૦ સુધી.

**: અમલવારીનો વિસ્તાર :**

રાજકોટ પોલીસ કમિશ્નરેટની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

**: સજા :**

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ફોજદારી અધિનિયમ-૧૮૬૦ની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

તમામને વ્યકિતગત રીતે નોટિસની બજવણી કરવી શકય ન હોય આથી એકતરફી હુકમ કરૂં છું. જાહેર જનતાની જાણ સારૂં સ્થાનિક વર્તમાનપત્ર, આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર મારફતે પ્રસિધ્ધ દ્વારા તથા પોલીસ સ્ટેશનનાં પોલીસ ઈન્સ્પેકટર, મદદનીશ પોલીસ કમિશ્નર, નાયબ પોલીસ કમિશ્નર તથા પોલીસ કમિશ્નર કચેરીના નોટિસ બોર્ડ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધ કરવામાં આવશે. તેમજ સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધ કરવામાં આવશે. ગુજરાત પોલીસ એકટ ૧૯૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજ તારીખ : ૨૩-૧૨-૨૦૧૬ના રોજ મારી સહી અને સિકકો કરી આપેલ છે.

રાજકોટ, ૨૩ માહે ડિસેમ્બર, સને ૨૦૧૬.

---

**ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ના નં.૨) ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ હુકમ**

## જાહેરનામું

ક્રમાંક : એસ.બી/પરમીટ/એ. સેકશન/૪૪૬૧/૨૦૧૬.-ગુપ્તચર સંસ્થાઓના વખતો વખત અહેવાલો અને અમુક બનાવોથી જણાય છે કે, ત્રાસવાદી/અસામાજીક તત્વો શહેરોના રહેણાંક તથા ઔદ્યોગીક વિસ્તારોમાં ગુપ્ત આશરો મેળવી, જાહેર સલામતી અને શાંતિનો ભંગ કરે છે તેમજ માનવ જીંદગીની ખુવારી થાય અને લોકોની સંપત્તિને નુકશાન પહોંચાડવાની કોશિષ કરી રહ્યા છે.

બહારના રાજ્યોમાંથી અગર દેશ બહારથી આવતા આવા તત્વો કોઈના મકાન ભાડે રાખીને રહેતા હોય છે અને જગ્યા વિગેરેને સર્વે કરી સ્થાનિક પરીસ્થિતીથી માહીતગાર થઈને તેઓની ત્રાસવાદી પ્રવૃત્તિઓને અંજામ આપતા હોય છે. જેથી રહેણાંક તથા ઔદ્યોગીક વિસ્તારોમાં મકાનો, એકમો ભાડે આપતા માલિકો ઉપર થોડાક નિયંત્રણો મુકવાનું દેશ તથા રાજ્યની સુરક્ષાના પરિપ્રેક્ષ્યમાં જરૂરી જણાય છે.

જેથી હું, અનુપમ સિંહ ગહલૌત, આઈ.પી.એસ., પોલીસ કમિશ્નર, રાજકોટ શહેર, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ (સી.આર.પી.સી.) ૧૯૭૩ (૧૯૭૪ના નં.૨)ની કલમ-૧૪૪ અન્વયે મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે, રાજકોટ શહેરના પોલીસ કમિશ્નર વિસ્તારમાં કોઈ મકાન/ઔદ્યોગીક એકમો/ઓફીસો/દુકાનો/ગોડાઉનો/કોલ્ડ સ્ટોરેજોના માલીકો અગર તો આ માટે આવા મકાન માલીકે ખાસ સત્તા આપેલ વ્યક્તિ/સંચાલકો જ્યારે મકાનો/ઔદ્યોગીક એકમો/ઓફીસો/દુકાનો/ગોડાઉનો/કોલ્ડ સ્ટોરેજો ભાડે આપે ત્યારે સબંધીત પોલીસ સ્ટેશનને જાણ કર્યા સિવાય કોઈ વ્યક્તિને મકાન/ઔદ્યોગીક એકમ/ઓફીસ/દુકાન/ગોડાઉન/કોલ્ડ સ્ટોરેજ ભાડે આપી શકશે નહીં અને ભાડે આપેલ મકાનો/ઔદ્યોગીક એકમો/ઓફીસો/દુકાનો/ગોડાઉનો/કોલ્ડ સ્ટોરેજોની વિગત ભાડુઆત અને મકાન/ઔદ્યોગીક એકમ/ઓફીસ/દુકાન/ગોડાઉન/કોલ્ડ સ્ટોરેજના માલીક કે સંબંધીત સંચાલક કે જેઓએ ભાડુઆતની ઓળખાણ

આપેલ હોય તે તમામે જરૂરી માહિતી નીચેના કોલમો મુજબ જે તે વિસ્તારના પોલીસ સ્ટેશન ખાતે આપવાની રહેશે તેમજ આવા મકાન/ઔદ્યોગીક એકમ/ઓફીસ/દુકાન/ગોડાઉન/કોલ્ડ સ્ટોરેજના માલીકો/આવા મકાન માલીકે ખાસ સત્તા આપેલ વ્યક્તિ/સંચાલકો અને ભાડે રાખનાર વ્યકિતએ નોટરી પાસે જરૂરી દસ્તાવેજ કરાવવા અને બન્નેના ફોટા સાથેના ભાડા કરારની નકલ પણ જે તે વિસ્તારના પોલીસ સ્ટેશનમાં આપવાની રહેશે.

| અ.નં. | મકાન માલીકનું નામ તથા ભાડે આપેલ મકાન/ ઔદ્યોગીક એકમ/ ઓફીસ/ દુકાન/ગોડાઉન/કોલ્ડ સ્ટોરેજની વિગત, ક્યા વિસ્તારમાં કેટલા ચોરસ મીટર બાંધકામ છે તેની વિગત | મકાન/ઔદ્યોગીક એકમ/ઓફીસ/દુકાન/ ગોડાઉન/કોલ્ડ સ્ટોરેજ ભાડે આપવા સત્તા ધરાવતાં વ્યક્તિનું નામ | મકાન/ઔદ્યોગીક એકમ/દુકાન/ઓફીસ/ ગોડાઉન/કોલ્ડ સ્ટોરેજ ક્યારે ભાડે આપેલ છે, તેનું માસીક ભાડુ કેટલું છે? | કઈ વ્યક્તિને ભાડે આપેલ છે? તેના પાકા નામ સરનામા, પાસપોર્ટ, ડ્રાઈવીંગ લાયસન્સ, પાનકાર્ડ, ફોટા પુરાવા સાથે આપવા | મકાન/ઔદ્યોગીક એકમ/ઓફીસ/દુકાન/ ગોડાઉન/કોલ્ડ સ્ટોરેજના માલીકને ભાડુઆતનો સંપર્ક કરાવનાર વ્યક્તિનું નામ, સરનામું તથા પાસપોર્ટ, ડ્રાઈવીંગ લાયસન્સ, પાનકાર્ડ વિગેરે પુરાવા સાથે આપવા |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |

આ હુકમ તા. ૦૧-૦૧-૨૦૧૭ થી તા. ૨૮-૦૨-૨૦૧૭ સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય દંડ સહિતાની કલમ ૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

તમામને વ્યકિતગત રીતે નોટિસની બજવણી કરવી શકય ન હોય આથી એકતરફી હુકમ કરૂં છું. જાહેર જનતાની જાણ સારૂં સ્થાનિક વર્તમાનપત્ર, આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર મારફતે પ્રસિધ્ધિ દ્વારા તથા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેકટર, મદદનીશ પોલીસ કમિશ્નર, નાયબ પોલીસ કમિશ્નર તથા પોલીસ કમિશ્નર કચેરીના નોટિસ બોર્ડ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધિ કરવામાં આવશે. તેમજ સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર હુકમમી નકલ ચોંટાડી પ્રસિધ્ધિ કરવામાં આવશે. ગુજરાત પોલીસ એકટ કલમ ૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજ તારીખ ૨૩-૧૨-૨૦૧૬ ના રોજ મારી સહિ અને સિક્કો કરી આપેલ છે.

રાજકોટ, ૨૩ માહે ડિસેમ્બર, સને ૨૦૧૬.

---

**ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ના નં.૨) ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ હુકમ**

## જાહેરનામું

ક્રમાંક : એસ.બી/મજુર/જાહેરનામું/૪૪૬૨/૨૦૧૬.-તાજેતરમાં રાજકોટ શહેરમાં ઘરફોડ ચોરીના બનાવો વધવા પામેલ છે. ભુતકાળનાં રાજકોટ શહેરમાં બનેલ ઘરફોડ ચોરીના બનાવોની તપાસ કરતા તપાસમાં આવા ગુન્હો કરનાર (ઘરફોડીયા) પકડાયેલ છે. ત્યારે તપાસમાં આવા ગુન્હાવાળા આરોપીઓ ગુન્હાના બનાવના દિવસો અગાઉ રાજકોટ શહેરમાં નવા બંધાતા મકાનોમાં, જુદી જુદી ઔદ્યોગીક કંપનીઓમાં, કોર્પોરેશનમાં મજુરીકામ અને ટેલીફોન કંપનીઓ દ્વારા તથા ગેસ પાઈપલાઈન માટે ખોદાતા ખાડાઓની મજુરીકામ મેળવી અથવા તેના બહાના હેઠળ આવી રોકાણ કરી આજુબાજુની સ્થાનિક પરિસ્થિતિનું સર્વે કરી માહીતગાર થઈ મિલ્કત વિરૂધ્ધના ગુન્હાઓ આચારતા હોય છે. મજુરી કામના બહાના હેઠળ આતંકવાદીઓ પણ આશરો મેળવી લેતા હોય છે, જેથી જાહેર જનતાની જાન-માલની (મિલ્કત)ની સલામતી તથા સુરક્ષા સારૂ થોડા નિયંત્રણો મુકવા જરૂરી જણાય છે.

જેથી હું, અનુપમસિંહ ગહલૌત, (I.P.S.), પોલીસ કમિશ્નર, રાજકોટ શહેર, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ (સી.આર.પી.સી.) ૧૯૭૩ (૧૯૭૪ના નં.૨)ની કલમ-૧૪૪ અન્વયે અમોને મળેલ સત્તાની રૂએ આથી હું હુકમ કરૂં છું કે, રાજકોટ શહેરના પોલીસ કમિશ્નર વિસ્તારમાં લેબર કોન્ટ્રાક્ટર/મુકાદમનાઓએ પોતાની પાસે જે મજુર કામે રાખેલ હોય અને મજુરો કામકાજ માટે સપ્લાય કરતા હોય તેઓએ નીચે જણાવેલ ફોર્મ મુજબ દરેક મજુરોના અલગ-અલગ ફોર્મ ભરી ફરજીયાતપણે સ્થાનીક પોલીસ સ્ટેશનને જાણ કરવાની રહેશે તથા મજુરો જ્યારે મજુરી કામ તથા રાજકોટ શહેર છોડી જતા રહે ત્યારે લેબર કોન્ટ્રાક્ટર/ મુકાદમે તે અંગેની જાણ નામ/સરનામા સહિતની વિગત સાથે સ્થાનીક પોલીસ સ્ટેશનમાં કરવાની રહેશે.

| | | | |
|---|---|---|---|
| ૧ | લેબર કોન્ટ્રાકટર/મુકાદમ(સપ્લાયર)નું પુરૂં નામ સરનામું, મો. નં. નંબર સહિત. | : | |
| ૨ | મજુરનું નામ તથા ઉ. વ. | : | |
| ૩ | મજુરનું હાલનું સરનામું, ટેલીફોન નંબર | : | |
| ૪ | મજુરનું મૂળ વતનનું સરનામું, ગામ, તાલુકો, જિલ્લો | : | |

| | | | |
|---|---|---|---|
| ૫ | હાલની મજુરીનું સ્થળ/કંપનીનું નામ. | : | |
| ૬ | મજુરનું વતનનું સ્થાનિક પો.સ્ટે.નું નામ તથા ટેલીફોન નંબર | : | |
| ૭ | મજુરના વતનના આગેવાનનું નામ, સરનામું, ટેલીફોન નંબર | : | |
| ૮ | મજુર અગાઉ કોઈ પોલીસ ગુન્હામાં પકડાયેલ હોય તો તેની વિગત | : | |
| ૯ | કયારથી મુકાદમે/કોન્ટ્રાકટરે મજુરી કામ માટે રાખેલ છે. | : | |
| ૧૦ | મજુરનું ઓળખ માટેનું આઈ.ડી. પ્રુફ (ફોટા સાથેનું). | : | |
| ૧૧ | રાજકોટ શહેરમાં કઈ તારીખથી મજુરી કામ કરે છે ? અને કઈ તારીખે જવાનો છે ? | : | |
| ૧૨ | રાજકોટ શહેરમાં નજીકના સંબંધી કોઈ હોય તો તેનું નામ, સરનામું | : | |

| | |
|---|---|
| મજુરનો તાજેતરનો ફોટો | મજુરના અંગુઠાનું નિશાન .......................................................... |
| | મુકાદમ/સપ્લાયર/કોન્ટ્રાકટરની સહિ ............................................ |
| | નામ ........................................................................................ |

આ હુકમ તા. ૦૧-૦૧-૨૦૧૭ થી તા. ૨૮-૦૨-૨૦૧૭ સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય દંડ સહિતાની કલમ ૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

તમામને વ્યકિતગત રીતે નોટિસની બજવણી કરવી શકય ન હોય આથી એકતરફી હુકમ કરૂં છું. જાહેર જનતાની જાણ સારૂં સ્થાનિક વર્તમાનપત્ર, આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર મારફતે પ્રસિધ્ધિ દ્વારા તથા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેકટર, મદદનીશ પોલીસ કમિશ્નર, નાયબ પોલીસ કમિશ્નર તથા પોલીસ કમિશ્નર કચેરીના નોટિસબોર્ડ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધિ કરવામાં આવશે. તેમજ સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર હુકમમી નકલ ચોંટાડી પ્રસિધ્ધિ કરવામાં આવશે. ગુજરાત પોલીસ એકટ કલમ ૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજ તા. ૨૩-૧૨-૨૦૧૬ના રોજ મારી સહિ અને સિક્કો કરી આપેલ છે.

રાજકોટ, ૨૩ માહે ડિસેમ્બર, સને ૨૦૧૬.

**અનુપમસિંહ ગહલૌત,**
પોલીસ કમિશ્નર,
રાજકોટ શહેર, રાજકોટ.

---

## સંયુક્ત વાણિજ્યિકવેરા કમિશ્નર દ્વારા

વંચાણમાં લીધું :

(૧) નાયબ વાણિજિયકવેરા કમિશ્નરશ્રી, વર્તુળ-૧૦, વડોદરાના પત્ર ક્રમાંક : નાકશ્રી/વ. ૧૦/ડુપ્લીકેટ સી ફોર્મ/વડોદરા/૨૦૧૬-૧૭/જા. નં. ૩૦૬૮.

(૨) મે. સયાજી મેટલ કેન્સ, મુ. રતનપુર, પો. તતારપુર, બિરલા ફાર્મ પહેલા, ડભોઈ રોડ, વડોદરા-૩૯૦૦૦૪, કેન્દ્રીય નો. નં. ૨૪૬૯૨૦૦૦૪૩૦, ટીન નો. નં. ૨૪૧૯૨૦૦૦૪૩૦, તા. ૩૦-૧૦-૨૦૧૫ ની અરજી.

## જાહેરનામું

ક્રમાંક : સંવાવેક/વવટ-૧/વિ-૫/વડદ/ધા.ફોર્મ ૨૬/૨૦૧૬-૧૭/જા. ૪૧૬૨/૮૭/૧૬.-વા.વે.અધિકારી-(૩), ઘટક-૨, વડોદરાના ક્ષેત્રાધિકાર હેઠળના નીચે દર્શાવેલ વેપારી મે. સયાજી મેટલ કેન્સ, મુ. રતનપુર, પો. તતારપુર, બિરલા ફાર્મ પહેલા, ડભોઈ રોડ, વડોદરા-૩૯૦૦૦૪, કેન્દ્રીય નો. નં. ૨૪૬૯૨૦૦૦૪૩૦, વેટ ટીન નો. નં. ૨૪૧૯૨૦૦૦૪૩૦ ધરાવે છે. તેઓને આપવામાં આવેલ સી ફોર્મ પૈકી, ફોર્મ નંબર ૨૪-૯૪૬૯૫૬૪ તથા ફોર્મ નંબર ૨૪-૯૪૬૯૫૭૩ કુલ પાન-૦૨ અંગે તેઓશ્રીએ તેઓના વંચાણે લીધા ક્રમાંક-(૨) અન્વયે સી ફોર્મ ખોવાયા અંગે લેખિત જાણ કરેલ છે. તે સંદર્ભે નાયબ વાણિજ્યિકવેરા કમિશ્નરશ્રી, વર્તુળ-૧૦, વડોદરાએ વંચાણે લીધા ક્રમાંક-(૧) દરખાસ્ત કરવામાં આવેલ હતી. નાયબ વાણિજ્યિકવેરા કમિશ્નરશ્રીએ, વર્તુળ-૧૦, વડોદરાના

વંચાણે લીધા ક્રમાંક-(૧) અન્વયે નીચે જણાવેલ વેપારીશ્રીના તેમના નામ સામે દર્શાવ્યા મુજબના સી ફોર્મ નંબર તથા પાન જે ખોવાયેલ છે તે રદ કરવાનુ ઠરાવું છું.

| અ.નં. | વેપારીશ્રીનું નામ | નોં. નં. | રદ કરવાના સી ફોર્મ નંબર | રદ કરવાના કારણો | રદ કરવાપાત્ર પાના |
|---|---|---|---|---|---|
| ૧ | મે. સયાજી મેટલ કેન્સ | વેટ ટીન નો. નં. ૨૪૧૯૨૦૦૦૪૩૦ કેન્દ્રીય નો. નં. ૨૪૬૯૨૦૦૦૪૩૦ | ૨૪-૯૪૬૯૫૬૪ તથા ૨૪-૯૪૬૯૫૭૩ | ખોવાઈ જવાથી | કુલ પાન-૦૨ (બે) |

આથી હું, બી. સી. શુકલ, સંયુકત વાણિજિયકવેરા કમિશ્નર, વિભાગ-૫, વડોદરા, કેન્દ્રીય વેચાણવેરા અધિનિયમ-૧૯૫૬ અન્વયે મને મળેલ સત્તાની રૂએ, ઉપરોકત ખોવાયેલ સી ફોર્મ રદબાતલ ઠરાવવાનું જાહેર કરૂં છું.

વડોદરા, ૦૯ માહે ડિસેમ્બર, સને ૨૦૧૬.

**બી. સી. શુકલ,**
સંયુકત વાણિજિયકવેરા કમિશ્નર,
વિભાગ-૫, વડોદરા.

---

## જિલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ દ્વારા

### નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : નધણ/ક-૩/૩૬૧/૬૬૯૪/૨૦૧૬.-આથી જાહેર કરવામાં આવે છે કે, શ્રી ચાંદ્રલીયા મહિલા દુધ ઉત્પાદક સહકારી મંડળી લી., મુ. ચાંદ્રલીયા, તા. થાનગઢ, જિલ્લો સુરેન્દ્રનગરને સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવે છે. જેનો નોંધણી નંબર ક્રમાંકઃ નધણ/એસએનઆર/સે.દુ. ૪૨૨૯૪, તા. ૨૯-૧૧-૨૦૧૬ છે.

સુરેન્દ્રનગર, ૨૯ માહે નવેમ્બર, સને ૨૦૧૬.

---

### નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : નધણ/ક-૩/૩૮૬/૭૦૨૯/૨૦૧૬.-આથી જાહેર કરવામાં આવે છે કે, શ્રી કુંભારા દુધ ઉત્પાદક સહકારી મંડળી લી., મુ. કુંભારા, તા. ચોટીલા, જિલ્લો સુરેન્દ્રનગરને સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવે છે. જેનો નોંધણી નંબર ક્રમાંક : નધણ/એસએનઆર/સે. દુ. ૪૨૨૯૫, તા. ૨૦-૧૨-૨૦૧૬ છે.

સુરેન્દ્રનગર, ૨૦ માહે ડિસેમ્બર, સને ૨૦૧૬.

---

### નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : નધણ/ક-૩/૩૭૩/૬૯૫૬/૨૦૧૬.-આથી જાહેર કરવામાં આવે છે કે, શ્રી જ્યોતિ કલસ્ટર સ્વસહાય મહીલા ઉધમી વિવિધલક્ષી સહકારી મંડળી લી., મુ. સુદામડા, તા. સાયલા, જિલ્લો સુરેન્દ્રનગરને સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવે છે. જેનો નોંધણી નંબર ક્રમાંક : નધણ/એસએનઆર/સે-"સ્વ" (SH) ૭૩૯૧/૨૦૧૬, તા. ૧૩-૧૨-૨૦૧૬ છે.

સુરેન્દ્રનગર, ૧૩ માહે ડિસેમ્બર, સને ૨૦૧૬.

**ડી. વી. ગઢવી,**
જિલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
સુરેન્દ્રનગર.

---

## મદદનીશ જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, જિલ્લા પંચાયત દ્વારા

### નોંધણીનું પ્રમાણપત્ર

નોંધણી ક્રમાંક : નધણ/જીઆરએસ/સે-૪૪૫૫૭/૨૦૧૫.- આ ઉપરથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, શ્રી ગજાનંદકૃપા કૃષિ ઔદ્યોગીક સેવા સહકારી મંડળી લી., સ્થળ : સવની, તા. વેરાવળ, જિ. ગીર સોનાથને સને ૧૯૬૨ ના ગુજરાત કાયદા-૧૦ ના ગુજરાત સહકારી મંડળીઓનો કાયદા સને-૧૯૬૧ની કલમ-૯(૧)(અ) મુજબ નોંધવામાં આવી છે.

ઉકત મંડળીના પેટા નિયમ-૧ માં નામમાં સુધારો મંજુર કરતાં આ મંડળીના નામમાં શ્રી ગજાનંદકૃપા કૃષિ સેવા સહકારી મંડળી લી., મુ. સવની, તા. વેરાવળનો સુધારો કરવામાં આવે છે.

ગીર સોમનાથ, ૫ માહે ડિસેમ્બર, સને ૨૦૧૬.

---

## નોંધણીનું પ્રમાણપત્ર

નોંધણી ક્રમાંક : નધણ/જેએનડી/પી/૧૧૪૭૫/સને-૯૯.- આ ઉપરથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, શ્રી ખેરાળી કૃષિ ઔદ્યોગીક સેવા સહકારી મંડળી લી., સ્થળ : ખેરાળી, તા. વેરાવળ, જિ. ગીર સોનાથને સને ૧૯૬૨ ના ગુજરાત કાયદા-૧૦ ના ગુજરાત સહકારી મંડળીઓનો કાયદા સને-૧૯૬૧ની કલમ-૯(૧)(અ) મુજબ નોંધવામાં આવી છે.

ઉક્ત મંડળીના પેટા નિયમ-૧ માં નામમાં સુધારો મંજુર કરતાં આ મંડળીના નામમાં શ્રી ગણેશ વિવિધ કાર્યકારી સેવા સહકારી મંડળી લી., મુ. ખેરાળી, તા. વેરાવળનો સુધારો કરવામાં આવે છે.

ગીર સોમનાથ, ૫ માહે ડિસેમ્બર, સને ૨૦૧૬.

---

## નોંધણીનું પ્રમાણપત્ર

નોંધણી ક્રમાંક : નધણ/જેએનડી/પી/૧૧૪૭૩/સને-૯૯.- આ ઉપરથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, શ્રી હસનાવદર કૃષિ ઔદ્યોગીક સેવા સહકારી મંડળી લી., સ્થળ : હસનાવદર, તા. વેરાવળ, જિ. ગીર સોનાથને સને ૧૯૬૨ ના ગુજરાત કાયદા-૧૦ ના ગુજરાત સહકારી મંડળીઓનો કાયદા સને-૧૯૬૧ની કલમ-૯(૧)(અ) મુજબ નોંધવામાં આવી છે.

ઉક્ત મંડળીના પેટા નિયમ-૧ માં નામમાં સુધારો મંજુર કરતાં આ મંડળીના નામમાં શ્રી હરભોલે વિવિધ કાર્યકારી સેવા સહકારી મંડળી લી., મુ. હસનાવદર, તા. વેરાવળનો સુધારો કરવામાં આવે છે.

ગીર સોમનાથ, ૫ માહે ડિસેમ્બર, સને ૨૦૧૬.

---

## નોંધણીનું પ્રમાણપત્ર

નોંધણી ક્રમાંક : નધણ/જેએનડી/પી/૧૧૪૯૪/સને-૯૯.- આ ઉપરથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, શ્રી ભેટાળી ખેતી ઔદ્યોગીક સેવા સહકારી મંડળી લી., સ્થળ : ભેટાળી, તા. વેરાવળ, જિ. ગીર સોનાથને સને ૧૯૬૨ ના ગુજરાત કાયદા-૧૦ ના ગુજરાત સહકારી મંડળીઓનો કાયદા સને-૧૯૬૧ની કલમ-૯(૧)(અ) મુજબ નોંધવામાં આવી છે.

ઉક્ત મંડળીના પેટા નિયમ-૧ માં નામમાં સુધારો મંજુર કરતાં આ મંડળીના નામમાં શ્રી મહાબળેશ્વર વિવિધ કાર્યકારી સેવા સહકારી મંડળી લી., મુ. ભેટાળી, તા. વેરાવળનો સુધારો કરવામાં આવે છે.

ગીર સોમનાથ, ૫ માહે ડિસેમ્બર, સને ૨૦૧૬.

---

## નોંધણીનું પ્રમાણપત્ર

નોંધણી ક્રમાંક : નધણ/જેએનડી/પી/૧૧૪૬૬/સને-૯૮.- આ ઉપરથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, શ્રી ભેરાળા ખેતી ઔદ્યોગીક સેવા સહકારી મંડળી લી., સ્થળ : ભેરાળા, તા. વેરાવળ, જિ. ગીર સોનાથને સને ૧૯૬૨ ના ગુજરાત કાયદા-૧૦ ના ગુજરાત સહકારી મંડળીઓનો કાયદા સને-૧૯૬૧ની કલમ-૯(૧)(અ) મુજબ નોંધવામાં આવી છે.

ઉક્ત મંડળીના પેટા નિયમ-૧ માં નામમાં સુધારો મંજુર કરતાં આ મંડળીના નામમાં શ્રી ભુલેશ્વર વિવિધ કાર્યકારી સેવા સહકારી મંડળી લી., મુ. ભેરાળા, તા. વેરાવળનો સુધારો કરવામાં આવે છે.

ગીર સોમનાથ, ૫ માહે ડિસેમ્બર, સને ૨૦૧૬.

---

## નોંધણીનું પ્રમાણપત્ર

નોંધણી ક્રમાંક : નધણ/જેએનડી/પી/૧૧૪૬૦/સને-૯૮.- આ ઉપરથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, શ્રી નાવદ્રા ખેતી ઔદ્યોગીક સેવા સહકારી મંડળી લી., સ્થળ : નાવદ્રા, તા. વેરાવળ, જિ. ગીર સોનાથને સને ૧૯૬૨ ના ગુજરાત કાયદા-૧૦ ના ગુજરાત સહકારી મંડળીઓનો કાયદા સને-૧૯૬૧ની કલમ-૯(૧)(અ) મુજબ નોંધવામાં આવી છે.

ઉક્ત મંડળીના પેટા નિયમ-૧ માં નામમાં સુધારો મંજુર કરતાં આ મંડળીના નામમાં શ્રી રામદેવ વિવિધ કાર્યકારી સેવા સહકારી મંડળી લી., મુ. નાવદ્રા, તા. વેરાવળનો સુધારો કરવામાં આવે છે.

ગીર સોમનાથ, ૫ માહે ડિસેમ્બર, સને ૨૦૧૬.

---

## નોંધણીનું પ્રમાણપત્ર

નોંધણી ક્રમાંક : નધણ/જેએનડી/પી/૧૧૪૫૮/સને-૯૮.- આ ઉપરથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, શ્રી ઈશ્વરીયા ખેતી ઔદ્યોગીક સેવા સહકારી મંડળી લી., સ્થળ : ઈશ્વરીયા, તા. વેરાવળ, જિ. ગીર સોનાથને સને ૧૯૬૨ ના ગુજરાત કાયદા-૧૦ ના ગુજરાત સહકારી મંડળીઓનો કાયદા સને-૧૯૬૧ની કલમ-૯(૧)(અ) મુજબ નોંધવામાં આવી છે.

ઉક્ત મંડળીના પેટા નિયમ-૧ માં નામમાં સુધારો મંજુર કરતાં આ મંડળીના નામમાં શ્રી ખોડીયાર વિવિધ કાર્યકારી સેવા સહકારી મંડળી લી., મુ. ઈશ્વરીયા, તા. વેરાવળનો સુધારો કરવામાં આવે છે.

ગીર સોમનાથ, ૫ માહે ડિસેમ્બર, સને ૨૦૧૬.

---

## નોંધણીનું પ્રમાણપત્ર

નોંધણી ક્રમાંક : નધણ/જેએનડી/પી/૧૧૪૫૯/સને-૯૮.- આ ઉપરથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, શ્રી સોનારીયા ખેતી ઔદ્યોગીક સેવા સહકારી મંડળી લી., સ્થળ : સોનારીયા, તા. વેરાવળ, જિ. ગીર સોનાથને સને ૧૯૬૨ ના ગુજરાત કાયદા-૧૦ ના ગુજરાત સહકારી મંડળીઓનો કાયદા સને-૧૯૬૧ની કલમ-૯(૧)(અ) મુજબ નોંધવામાં આવી છે.

ઉકત મંડળીના પેટા નિયમ-૧ માં નામમાં સુધારો મંજુર કરતાં આ મંડળીના નામમાં શ્રી સિધેશ્વર વિવિધ કાર્યકારી સેવા સહકારી મંડળી લી., મુ. સોનારીયા, તા. વેરાવળનો સુધારો કરવામાં આવે છે.

ગીર સોમનાથ, ૫ માહે ડિસેમ્બર, સને ૨૦૧૬.

---

## નોંધણીનું પ્રમાણપત્ર

નોંધણી ક્રમાંક : નધણ/જેએનડી/પી/૧૧૪૬૭/સને-૯૮.- આ ઉપરથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, શ્રી માથાસુરિયા કૃષિ ઔદ્યોગીક સેવા સહકારી મંડળી લી., સ્થળ : માથાસુરિયા, તા. વેરાવળ, જિ. ગીર સોનાથને સને ૧૯૬૨ ના ગુજરાત કાયદા-૧૦ ના ગુજરાત સહકારી મંડળીઓનો કાયદા સને-૧૯૬૧ની કલમ-૯(૧)(અ) મુજબ નોંધવામાં આવી છે.

ઉકત મંડળીના પેટા નિયમ-૧ માં નામમાં સુધારો મંજુર કરતાં આ મંડળીના નામમાં શ્રી ધામેશ્વર વિવિધ કાર્યકારી સેવા સહકારી મંડળી લી., મુ. માથાસુરિયા, તા. વેરાવળનો સુધારો કરવામાં આવે છે.

ગીર સોમનાથ, ૫ માહે ડિસેમ્બર, સને ૨૦૧૬.

---

## નોંધણીનું પ્રમાણપત્ર

નોંધણી ક્રમાંક : નધણ/જેએનડી/પી/૧૧૪૬૧/સને-૯૮.- આ ઉપરથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, શ્રી કાજલી ખેતી ઔદ્યોગીક સેવા સહકારી મંડળી લી., સ્થળ : કાજલી, તા. વેરાવળ, જિ. ગીર સોનાથને સને ૧૯૬૨ ના ગુજરાત કાયદા-૧૦ ના ગુજરાત સહકારી મંડળીઓનો કાયદા સને-૧૯૬૧ની કલમ-૯(૧)(અ) મુજબ નોંધવામાં આવી છે.

ઉકત મંડળીના પેટા નિયમ-૧ માં નામમાં સુધારો મંજુર કરતાં આ મંડળીના નામમાં શ્રી કનકેશ્વરી વિવિધ કાર્યકારી સેવા સહકારી મંડળી લી., મુ. કાજલી, તા. વેરાવળનો સુધારો કરવામાં આવે છે.

ગીર સોમનાથ, ૫ માહે ડિસેમ્બર, સને ૨૦૧૬.

---

## નોંધણીનું પ્રમાણપત્ર

નોંધણી ક્રમાંક : નધણ/જેએનડી/પી/૧૧૪૬૫/સને-૯૮.- આ ઉપરથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, શ્રી મંડોર ખેતી ઔદ્યોગીક સેવા સહકારી મંડળી લી., સ્થળ : મંડોર, તા. વેરાવળ, જિ. ગીર સોનાથને સને ૧૯૬૨ ના ગુજરાત કાયદા-૧૦ ના ગુજરાત સહકારી મંડળીઓનો કાયદા સને-૧૯૬૧ની કલમ-૯(૧)(અ) મુજબ નોંધવામાં આવી છે.

ઉકત મંડળીના પેટા નિયમ-૧ માં નામમાં સુધારો મંજુર કરતાં આ મંડળીના નામમાં શ્રી મહાદેવ વિવિધ કાર્યકારી સેવા સહકારી મંડળી લી., મુ. મંડોર, તા. વેરાવળનો સુધારો કરવામાં આવે છે.

ગીર સોમનાથ, ૫ માહે ડિસેમ્બર, સને ૨૦૧૬.

**આર. ડી. પરમાર,**
મદદનીશ જિલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, જિલ્લા પંચાયત
ગીર સોમનાથ.

---

## નોંધણીનું પ્રમાણપત્ર

નોંધણી ક્રમાંક : નધણ/જીઆરએસ/સે. ૪૪૫૬૯/૧૬.- આથી જાહેર કરે છે કે શ્રી જે. એમ. ડી. જુથ સેવા સહકારી મંડળી લી., નવાગામ, મર્યાદિત સ્થળ : નવાગામ, તાલુકો સૂત્રાપાડા, જિલ્લો ગીર સોનાથ.

સને ૧૯૬૨ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને-૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

ગીર સોમનાથ, ૫ માહે ડિસેમ્બર, સને ૨૦૧૬.

---

## નોંધણીનું પ્રમાણપત્ર

નોંધણી ક્રમાંક : નધણ/જીઆરએસ/સે. ૪૪૫૬૬/૧૬.- આથી જાહેર કરે છે કે શ્રી રાખેજ મહિલા વિભાગીય સેવા સહકારી મંડળી લી., રાખેજ, મર્યાદિત સ્થળ : રાખેજ, તાલુકો સૂત્રાપાડા, જિલ્લો ગીર સોનાથ.

સને ૧૯૬૨ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને-૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

ગીર સોમનાથ, ૫ માહે ડિસેમ્બર, સને ૨૦૧૬.

---

## નોંધણીનું પ્રમાણપત્ર

નોંધણી ક્રમાંક : નધણ/જીઆરએસ/સે. ૪૪૫૬૭/૧૬.- આથી જાહેર કરે છે કે શ્રી કદવાર સેવા સહકારી મંડળી લી., કદવાર, મર્યાદિત સ્થળ : કદવાર, તાલુકો સૂત્રાપાડા, જિલ્લો ગીર સોમનાથ

સને ૧૯૬૨ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને-૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

ગીર સોમનાથ, ૫ માહે ડિસેમ્બર, સને ૨૦૧૬.

---

## નોંધણીનું પ્રમાણપત્ર

નોંધણી ક્રમાંક : નધણ/જીઆરએસ/સે. ૪૪૫૭૦/૧૬.- આથી જાહેર કરે છે કે શ્રી ધનેશ્વર સેવા સહકારી મંડળી લી., થોરડી, મર્યાદિત સ્થળ : થોરડી, તાલુકો સૂત્રાપાડા, જિલ્લો ગીર સોમનાથ

સને ૧૯૬૨ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને-૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

ગીર સોમનાથ, ૫ માહે ડિસેમ્બર, સને ૨૦૧૬.

---

## નોંધણીનું પ્રમાણપત્ર

નોંધણી ક્રમાંક : નધણ/જીઆરએસ/સે. ૪૪૫૬૮/૧૬.- આથી જાહેર કરે છે કે શ્રી કડસલા સેવા સહકારી મંડળી લી., કડસલા, મર્યાદિત સ્થળ : કડસલા, તાલુકો સૂત્રાપાડા, જિલ્લો ગીર સોમનાથ

સને ૧૯૬૨ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને-૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

ગીર સોમનાથ, ૫ માહે ડિસેમ્બર, સને ૨૦૧૬.

---

## નોંધણીનું પ્રમાણપત્ર

નોંધણી ક્રમાંક : નધણ/જીઆરએસ/સે. ૪૪૫૭૧/૧૬.- આથી જાહેર કરે છે કે શ્રી ગોરક્ષનાથ કૃષિ ઔદ્યોગીક સેવા સહકારી મંડળી લી., ગોરખમઢી, મર્યાદિત સ્થળ : (૧) ગોરખમઢી, (૨) નવાગામ (૩) લાખાપરા, તાલુકો સૂત્રાપાડા, જિલ્લો ગીર સોમનાથ

સને ૧૯૬૨ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને-૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

ગીર સોમનાથ, ૫ માહે ડિસેમ્બર, સને ૨૦૧૬.

---

## નોંધણીનું પ્રમાણપત્ર

નોંધણી ક્રમાંક : નધણ/જીઆરએસ/સે. ૪૪૫૭૨/૧૬.- આથી જાહેર કરે છે કે શ્રી સેમળીયા સેવા સહકારી મંડળી લી., સેમળીયા, મર્યાદિત સ્થળ : સેમળીયા, તાલુકો તાલાળા, જિલ્લો ગીર સોમનાથ.

સને ૧૯૬૨ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને-૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

ગીર સોમનાથ, ૫ માહે ડિસેમ્બર, સને ૨૦૧૬.

---

## નોંધણીનું પ્રમાણપત્ર

નોંધણી ક્રમાંક : નધણ/જીઆરએસ/સે. ૪૪૫૭૩/૧૬.- આથી જાહેર કરે છે કે શ્રી બોરવાવ મહિલા સેવા સહકારી મંડળી લી., બોરવાવ, મર્યાદિત સ્થળ : બોરવાવ, તાલુકો તાલાળા, જિલ્લો ગીર સોમનાથ.

સબબ હું, મિતા એમ. જોષી, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, જુનાગઢ જીલ્લો, જુનાગઢ, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ મુજબ મને મળેલ અધિકારની રૂએ તા. ૧૦-૧૨-૨૦૧૬ થી તા. ૧૩-૧૨-૨૦૧૬ (બન્ને દિવસ સહિત) સુધી ઉપલા દાતાર ખાતે જવા માટે સીડીના પ્રથમ પગથીયાથી ઉપલા દાતાર સુધીના કોઈ પણ ભાગમાં વિડીયોગ્રાફી/ફોટોગ્રાફી કરવાની મનાઈ ફરમાવું છું.

આ હુકમનો ભંગ કર્યેથી ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ હેઠળ કસુરવાર સામે પગલા લેવાની કાર્યવાહી કરવામાં આવશે અને ગૂન્હો સાબિત થયે એક માસની સાદી કેદ અથવા રૂા. ૨૦૦/- દંડ અથવા બન્નેની સજા થઈ શકે છે.

આજરોજ તારીખ : ૦૭-ડીસેમ્બર-૨૦૧૬ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે હુકમ બહાર પાડ્યો.

જુનાગઢ, ૦૭ માહે ડીસેમ્બર, સને ૨૦૧૬.

---

**ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ કાઢેલ હુકમ**

## જાહેરનામું

નં. એમએજી/સી/દાતાર/૬૩૫૪/૬૪૬૦/૧/૨૦૧૬.-પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢના તા. ૨૯-૧૧-૨૦૧૬ ના પત્ર ક્રમાંક : સી/એલઆઈબી/જાહેરનામુ/૨૯૭૪/૧૬ થી તા. ૫-૧૨-૨૦૧૬ ના પત્ર ક્રમાંક : સી/એલઆઈબી/જાહેરનામુ/૩૦૨૨/૧૬ થી તા. ૧૦-૧૨-૨૦૧૬ થી તા. ૧૩-૧૨-૨૦૧૬ સુધી જુનાગઢ શહેર ખાતે આવેલ ઉપલા-નીચલા દાતારની જગ્યામાં ઉર્ષનો તહેવાર ઉજવવામાં આવનાર છે, જેમા બહોળા પ્રમાણમાં હિન્દુ તથા મુસ્લીમ લોકો ભાગ લે છે. છેલ્લા ઘણા સમયથી ઉપલા દાતારની જગ્યામાં મુંજાવરની નિમણુંકના પ્રશ્ને હિન્દુ તથા મુસ્લીમ કોમ વચ્ચે વિવાદ ચાલતો હોય જેથી પ્રવર્તમાન સંજોગોને ધ્યાને લઈ ઉર્ષ દરમ્યાન કોઈ જાતનો અનિચ્છનીય બનાવ બનવા ન પામે તે હેતુસર તથા કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાય રહે તે માટે વિલીંગ્ડન ડેમથી ઉપલા દાતારની જગ્યા સુધીનું સીઆરપીસી ૧૪૪ મુજબનું જાહેરનામું તા. ૧૦-૧૨-૨૦૧૬ થી તા. ૧૩-૧૨-૨૦૧૬ સુધીનું પ્રસિધ્ધ કરવા દરખાસ્ત રજુ થયેલ છે.

પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢ તરફથી થયેલ ઉપરોક્ત દરખાસ્ત અમોને વ્યાજબી જણાયેલ છે.

સબબ હું, મિતા એમ. જોષી, જી.એ.એસ., અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, જુનાગઢ જિલ્લો, જુનાગઢ, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ મુજબ મને મળેલ અધિકારની રૂએ તા. ૧૦-૧૨-૨૦૧૬ ના રોજ ૦૦-૦૦ (શુન્ય) કલાકથી તા. ૧૩-૧૨-૨૦૧૬ ના રોજ ૨૪-૦૦ (ચોવીસ) કલાક સુધી ઉપલા દાતાર તરફ જતા તમામ માર્ગો, પગદંડીઓ અને પગથીયા સહિત, ઉપલા દાતાર પર જવા સારૂ ઉપલા દાતારના સમગ્ર ડુંગર વિસ્તારમાં વીલીંગ્ડન ડેમ સાઈટ અને જાહેર ઉધાન સિવાય, નીચે દર્શાવેલા અપવાદ સિવાય કોઈપણ વ્યક્તિને પ્રવેશબંધી ફરમાવું છું, એટલે કે ઉપરોક્ત વિસ્તારની અંદર કોઈ વ્યક્તિએ નીચે મુજબના અપવાદ અન્વયે અધિકૃત રીતે મેળવેલ લેખિત પરવાનગી સિવાય દાખલ થવુ નહીં, હરવું-ફરવું નહી અને પરવાનગી વગર એ વિસ્તારનો બીજી કોઈ રીતે ઉપયોગ કરવો નહીં કે આ વિસ્તારમાં કોઈ ફેરફાર કરવો નહીં.

(૧) તા. ૧૦-૧૨-૨૦૧૬ ના રોજ ૦૦-૦૦ (શુન્ય) કલાકથી તા. ૧૩-૧૨-૨૦૧૬ ના રોજ ૨૪-૦૦ (ચોવીસ) કલાક સુધી ઉપરોક્ત પ્રતિબંધિત વિસ્તારમાં જવા સારૂ ફરજ પરના એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટશ્રી, જુનાગઢની પરમીટ મેળવીને જનાર અને પરમીટની શરતો મુજબ વર્તનાર વ્યક્તિઓને લાગુ પડશે નહીં.

(૨) આ અંગેની આપવામાં આવેલ પરમીટમાં જણાવેલ તારીખો અને કલાકો દરમ્યાનમાં ઉપલા દાતાર જનાર દર્શનાર્થી દર્શન કરી ઉપલા દાતાર થી નીચે ઉતરી આવવાનું રહેશે.

(૩) અધિકૃત રીતે ફરજ પર રહેલા સરકારી કર્મચારી/અધિકારીશ્રીઓ તથા બંદોબસ્તના ફરજ પરના કર્મચારી/અધિકારીશ્રીઓને લાગુ પડશે નહીં.

આ હુકમનો ભંગ કર્યેથી ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ હેઠળ કસુરવાર સામે પગલા લેવાની કાર્યવાહી કરવામાં આવશે અને ગૂન્હો સાબિત થયે એક માસની સાદી કેદ અથવા રૂા. ૨૦૦/-દંડ અથવા બન્નેની સજા થઈ શકે છે.

આજરોજ તારીખ : ૦૭-ડીસેમ્બર-૨૦૧૬ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે હુકમ બહાર પાડ્યો.

જુનાગઢ, ૦૭ માહે ડીસેમ્બર, સને ૨૦૧૬.

**મિતા એમ. જોષી,**
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
જુનાગઢ જિલ્લો, જુનાગઢ.

સને-૧૯૫૧ના ગુજરાત પોલીસ અધિનિયમ (આંક-૨૨)ની કલમ-૩૭(૩) અન્વયેનું

## જાહેરનામું

નં. એમએજી/સી/૩૭(૩)/૬૭૨૫/૨૦૧૬.-પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢના પત્ર નં. સી/એલઆઈબી/જાહેરનામું/સભા-સરઘસ/૩૧૧૪/૧૬, તા. ૧૯-૧૨-૨૦૧૬ થી (૧) ગીરનાર પર્વત ઉપર ગુરુ દત્તાત્રેયની જગ્યા ખાતે તથા હિન્દુ અને જૈન ધર્મના લોકો વચ્ચે વિવાદ ચાલુ હોય અને તેના અનુસંધાને ગુન્હાઓ પણ દાખલ થયેલ હોય (૨) વીજપુરવઠો અનિયમીત તથા પુરતા પ્રમાણમાં મળતો ન હોય, કિસાનો દ્વારા પી.જી.વી.સી.એલ. સબ સ્ટેશન ઘેરાવ/વિરોધ જેવા આંદોલનાત્મક કાર્યક્રમો કરવામાં આવે તેમજ હાલમાં મોંઘવારીના પ્રશ્ને પણ આંદોલનો થવાની શક્યતા નકારી શકાય નહીં. (૩) હાલ પણ પાટીદાર અનામત આંદોલન તથા દલિત આંદોલન તથા દલિત અત્યાચારના બનાવો તથા તેને સંલગ્ન આંદોલનો ગતિમા હોય, જેને ધ્યાને લઈ સવિશેષ તકેદારી રાખવાની આવશ્યક છે. જેથી જુનાગઢ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તથા જાહેર સુલેહશાંતી જળવાઈ રહે તે હેતુસર સભા-સરઘસ વગર પરવાનગીએ કોઈ કાઢે નહીં તે માટેનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા અત્રે દરખાસ્ત રજુ થયેલ છે.

પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢ તરફથી ઉકત વિગતે રજુ થયેલ દરખાસ્ત વ્યાજબી જણાતા ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ના આંક-૨૨ની કલમ-૩૭ની પેટા કલમ-૩થી મને મળેલ અધિકારની રૂએ હું, પી. વી. અંતાણી, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, જુનાગઢ જિલ્લો, જુનાગઢ, આથી જુનાગઢ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં તા. ૨૮-૧૨-૨૦૧૬ ના રોજથી તા. ૧૦-૦૧-૨૦૧૭ (બંન્ને દિવસો સહીત) સુધીની મુદત માટે કોઈપણ સભા કે સરઘસ માટે મનાઈ હુકમ ફરમાવું છું. આદેશ કરૂ છું કે, આ હુકમ નીચેનાને લાગુ પડશે નહી.

(૧) ફરજ ઉપર હોય તેવી ગૃહરક્ષક મંડળીઓ.

(૨) સરકારી નોકરીએ અવરજવર કરતી હોય તેવી વ્યકિતને.

(૩) કોઈ લગ્નના વરઘોડાને.

(૪) સ્મશાનયાત્રા કે જેમાં જોડાનાર વ્યકિતઓને.

(૫) સક્ષમ અધિકારીશ્રીની કાયદેસર પરવાનગી લઈને.

આ હુકમનું પાલન ન કરનાર અથવા તેનું પાલન ન કરવામાં કોઈને મદદ કરનારને ગુનો સાબિત થયેથી, દંડની શિક્ષાને પાત્ર ઠરશે તથા ભારતીય દંડ સહિતાની કલમ-૧૮૮ મુજબનો ગુનો સાબિત થયેથી, જે તે વ્યકિતને એક માસની સાદી કેદ અથવા રૂા. ૨૦૦/- સુધીનો દંડ અગર બંન્ને શિક્ષા થઈ શકશે અને આ હુકમની અવગણના માનવ જીવનને કોઈ નુકશાન અથવા સ્વાસ્થ્યને અથવા સલામતીને કોઈ ભય ઉત્પન્ન થાય અથવા કોઈ હુલ્લડ-બખેડો થાય તો તેવી વ્યકિતને-૬ (છ) માસ પરિશ્રમ અથવા સાદી કેદ અથવા રૂા. ૧૦૦૦/- સુધીનો દંડ સહિત બંન્ને શિક્ષાને પાત્ર ઠરશે.

આજ તારીખ : ૨૧, માહે ડિસેમ્બર, સને ૨૦૧૬ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા કરી જાહેર જનતાની જાણ તથા અમલ થવા માટે પ્રસિધ્ધ કર્યુ.

જુનાગઢ, ૨૧ માહે ડિસેમ્બર, સને ૨૦૧૬.

---

ગુજરાત પોલીસ અધિનિયમ આંક-૨૨ની કલમ-૩૩ની(૧)બી હેઠળ

## જાહેરનામું

નં. એમએજી/સી/૬૬૮૭/ફાયરીંગ પ્રેકટીસ/ ૨૦૧૬.-ઉપાચાર્યશ્રી, રાજય અનામત પોલીસ કેન્દ્ર, ચોકી(સોરઠ)એ તેઓના પત્ર નં. એસબી/ફાયરીંગ પ્રેકટીસ/૩૭૯૮/૨૦૧૬, તા. ૧૭-૧૨-૨૦૧૬ થી તેઓની સંસ્થાના પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓ માટે ફાયરીંગ પ્રેકટીસ લેવા માટે પોલીસ તાલીમ મહાવિદ્યાલય, જુનાગઢનાં બફેલ રેન્જ ખાતે આગામી તા. ૨૧-૧૨-૨૦૧૬ થી તા. ૩૧-૧૨-૨૦૧૬ દરમ્યાન સવારે ૦૬-૩૦ થી સાંજના ૧૮-૦૦ કલાક સુધીનું જાહેરનામુ પ્રસિધ્ધ કરવા અત્રે દરખાસ્ત રજુ કરેલ છે. પોલીસ તાલીમ મહાવિદ્યાલય, જુનાગઢ તરફથી ફાયરીંગ પ્રેકટીશ માટેની અપાયેલ મંજુરી/સંમતીને ધ્યાને લેતાં, તા. ૨૧-૧૨-૨૦૧૬ થી તા. ૨૫-૧૨-૨૧૦૬ સુધીના સમય માટે જાહેરનામુ બહાર પાડવાનું ઉચિત જણાય છે.

સબબ ઉપરોકત સમગ્ર વિગતે ઉકત ફાયરીંગ દરમ્યાન તે વિસ્તારમાં લોકો તથા વાહનોની અવર-જવર ભયજનક જણાતાં હું, પી. વી. અંતાણી, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, જુનાગઢ જિલ્લો, જુનાગઢ, સને-૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની આંક-૨૨ની કલમ-૩૩(૧)(બી) હેઠળ મને મળેલ સત્તાની રૂએ **તા. ૨૧-૧૨-૨૦૧૬ થી તા. ૨૫-૧૨-૨૦૧૬ દરમ્યાન સવારે ૦૬-૩૦ થી સાંજના ૧૮-૦૦ કલાક સુધી પોલીસ તાલીમ મહાવિદ્યાલય, જુનાગઢનાં બફેલ રેન્જનાં આજુ-બાજુના ૧-કી.મી. વિસ્તારમાં રાહદારીઓને તેમજ વાહનોને ઉપરોકત સમય દરમ્યાન પ્રવેશબંધી ફરમાવું છું.**

આજ તા. ૨૦, માહે ડિસેમ્બર, સને ૨૦૧૬ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા કરી જાહેર જનતાની જાણ તથા અમલ થવા માટે પ્રસિધ્ધ કર્યું.

જુનાગઢ, ૨૦ માહે ડિસેમ્બર, સને ૨૦૧૬.

---

## ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ કાઢેલ હુકમ

### હુકમ

નં. એમએજી/સી/જીપં/તાપં/નપા/મત ગણતરી/૭/૨૦૧૬.-રાજ્યના ચૂંટણી પંચ તરફથી તા. ૨૮-૧૧-૨૦૧૬ થી પ્રસિધ્ધ કરાયેલ સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓના ચૂંટણી કાર્યક્રમ અંતર્ગત જુનાગઢ જિલ્લામાં ગ્રામ પંચાયતોની સામાન્ય ચૂંટણી માટે થયેલ મતદાના મતોની ગણતરી તા. ૨૯-૧૨-૨૦૧૬ ના રોજ જિલ્લાના વિવિધ મતગણતરી કેન્દ્રો ખાતે હાથ ધરવામાં આવનાર છે.

મતગણતરીના દિવસે મત ગણતરીના સ્થળે ચૂંટણીના પરિણામો જાણવા માટે મોટી સંામાં માણસો એકત્ર થવાની શકયતાઓ રહેલી છે. ચૂંટણીના પરિણામોથી પણ વિપરિત પ્રત્યાઘાતો પડી શકે તેવી સંભાવના રહે. આ કારણે મત ગણતરીના સ્થળે તંગદીલી ભર્યુ વાતાવરણ ન સર્જાય તથા કાયદો અને વ્યવસ્થા જળવાય રહે તે માટે ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ ની કલમ-૧૪૪ હેઠળ અમૂક કૃત્યો પર પ્રતિબંધ મૂકવાની જરૂર જણાય છે.

સબબ હું, પી. વી. અંતાણી, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, જુનાગઢ જિલ્લો, જુનાગઢ, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ ની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ સત્તાની રૂએ ફરમાવુ છું કે, જુનાગઢ જિલ્લામાં ગ્રામ પંચાયતોની બેઠકોના મતગણતરી કેન્દ્રો પર મતગણતરી થનાર છે તે સ્થળોએ નીચે મુજબના કૃત્યો કરવા પર પ્રતિબંધ ફરમાવું છું.

મત ગણતરીના સ્થળની ૧૦૦ મીટરની ત્રિજયામાં તા. ૨૮-૧૨-૨૦૧૬ ના રોજ રાત્રીના ૧૨-૦૦ કલાકથી તા. ૨૯-૧૨-૨૦૧૬ ના રોજ મતગણતરીની કામગીરી પૂર્ણ ન થાય ત્યાં સુધીના સમય માટે :-

(૧) ચાર કે તેથી વધુ માણસોએ એકી સાથે ભેગા/એકઠા થવું નહી.

(૨) જાહેર સુલેહશાંતી જોખમાય તેવા સૂત્રો પોકારવા નહીં

(૩) જાહેર સુલેહશાંતી જોખમાય તેવી અફવાઓ ફેલાવવી નહી.

(૪) મત ગણતરી કેન્દ્ર ખાતે પ્રવેશવા માટે અધિકૃત અધિકારીશ્રીએ જેમને અધિકૃત કરી ઓળખપત્ર આપેલ છે તે સિવાયની કોઈપણ વ્યકિતએ પ્રવેશવું નહી.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ભારતના ફોજદારી અધિનિયમની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ તા. ૧૭ માહે ડીસેમ્બર-૨૦૧૬ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા કરી બહાર પાડેલ છે.

જુનાગઢ, ૧૭ માહે ડીસેમ્બર, સને ૨૦૧૬.

---

## ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ કાઢેલ હુકમ

### હુકમ

નં. એમએજી/સી/ગ્રા.પં.સા.ચૂં./મતદાન/૬/૨૦૧૬.-રાજ્યના ચૂંટણી પંચ તરફથી તા. ૨૮-૧૧-૨૦૧૬ થી પ્રસિધ્ધ કરાયેલ સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓના ચૂંટણી કાર્યક્રમ અંતર્ગત જુનાગઢ જિલ્લામાં ગ્રામ પંચાયતોની સામાન્ય ચૂંટણી માટેનું મતદાન તા. ૨૭-૧૨-૨૦૧૬ ના રોજ થનાર છે. તે દરમ્યાન મતદાનની પ્રક્રિયા કોઈપણ જાતની ખલેલ વિના શાંત વાતાવરણમાં યોજાય તેમજ બહારના તોફાની તત્વો આ મતદાનની કાર્યવાહી દરમ્યાન મતદારોને ખલેલ પહોંચાડે નહીં તથા અન્ય ગેરકાયદેસરની પ્રવૃતિ મતદાન દરમ્યાન આચરે ને માટે તેમજ મતદાન દરમ્યાન આક્ષેપ-પ્રતિ આક્ષેપ દ્વારા જાહેર સુલેહ શાંતિનો ભંગ થાય તેવા સંજોગો ઉપસ્થિત ન થાય તથા કાયદો અને વ્યવસ્થા જળવાય રહે તે માટે નીચે મુજબના પ્રતિબંધ મુકવાની જરૂર જણાય છે.

સબબ હું, પી. વી. અંતાણી, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, જુનાગઢ જિલ્લો, જુનાગઢ, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ ની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ સત્તાની જુનાગઢ જિલ્લામાં ચૂંટણી યોજનાર છે, તે ગ્રામ પંચાયતોના મતદાર વિસ્તારોમા નીચેના કૃત્યો કરવા પર પ્રતિબંધ ફરમાવું છું.

**(અ) ચૂંટણી પ્રચાર પુરો થયા બાદ :-**

(૧) કોઈપણ વ્યકિત કોઈપણ મતદાન વિસ્તારમાં સદરહુ ચૂંટણી માટે મતદાન બંધ કરવા માટે નક્કી કરેલ સમયે પુરા અડતાલીસ કલાકની મુદત દરમિયાન તે મતદાન વિસ્તારમાં કોઈ જાહેર સભા બોલાવી શકાશે નહિ, ભરી શકશે નહિ અથવા તેમાં હાજર રહી શકશે નહિ.

(૨) મતદારના વ્યકિતગત સંપર્ક દરમિયાન કોઈને ઉતારી પાડતા, ચારિત્ર્ય ખંડન કરતા કોઈ વાણી પ્રયોગ કરી શકાશે નહીં.

(૩) ચૂંટણી પ્રચારનો સમયગાળો પુરો થયા પછી જે તે મતદારક્ષેત્રના મતદાર, ઉમેદવાર, ચૂંટણી એજન્ટ સિવાયના રાજકીય કાર્યકર્તાઓએ તે મતદારક્ષેત્રમાં રહેવુ નહિ.

(૪) મતદાર વિભાગની હદમાં, મતદાર વિભાગની બહાથી આવતા વાહનોની સંબંધિત પોલીસ મથકે નોંધ કરાવવાની રહેશે.

(૫) કોઈપણ મહાનુભાવોને મતદાન પુરૂ થવાના ૪૮ કલાક પહેલા, સદરહું મતદાર ક્ષેત્રમાં સરકારી વિશ્રામ ગૃહ/અતિથિ ગૃહ વિગેરેમાં રહેવા માટે રૂમ ફાળવી શકાશે નહીં કે આ સમયગાળા દરમ્યાન કોઈ મહાનુભાવ તેમાં રહી શકશે નહિ.

(બ) મતદાનના દિવસે :-

(૧) મતદાન મથકથી ૧૦૦ મીટરના વિસ્તારમાં ચાર કે તેથી વધુ વ્યકિતઓએ એકી સાથે ભેગું/એકઠું થવું નહિ કે તેવી વ્યકિતઓની મંડળી કોઈએ ભરવી નહિ કે બોલાવવી નહિ.

અપવાદ :- ચૂંટણી ફરજમાં રોકાયેલા કર્મચારીઓ/ અધિકારીઓ કે લગ્નના વરઘોડા કે સ્મશાન યાત્રાને કે મતદાન માટે લાઈનમાં ઉભેલા મતદારોને આ પ્રતિબંધ લાગુ પડશે નહિ.

(૨) મતદારો, ઉમેદવારો અન તેના ચૂંટણી/મતદાન એજન્ટ સિવાય, રાજય ચૂંટણી પંચનો અથવા જિલ્લા ચૂંટણી અધિકારીનો ખાસ માન્ય અધિકૃત પત્ર ધરાવતી વ્યકિતઓ જ મતદાન મથકમાં પ્રવેશ કરી શકશે. તે સિવાયના કોઈપણ વ્યકિત મતદાન મથકમાં પ્રવેશી શકશે નહિં.

(૩) સદરહું ચૂંટણીમાં હરીફ ઉમેદવારો, રાજકીય પક્ષો, તેઓના કાર્યકરો દ્વારા મતદાન મથકની ૨૦૦ મીટરના અંતર સુધીમાં કોઈપણ મંડપ કે કેમ્પ ઉભા કરી શકશે નહિં.

– આવા મંડપ મતદાન મથકની ૨૦૦ મીટરના અંતરથી બહારના વિસ્તારમાં એક જ મંડપ બાંધી શકશે અને તેમાં એક ટેબલ અને બે ખુરશી જ રાખી શકાશે. તડકાથી/વરસાદથી રક્ષણ માટે છત્રી અથવા તાડપત્રીનો ટુકડો માથાના ભાગે રાખી શકાશે. પરંતુ મંડપની ફરતે કંતાન કે પછી પછેડી જેવી આડશ લગાવી શકાશે નહિ.

– આવા મંડપ બાંધવા માંગતા ઉમેદવારે જગ્યા અંગે સ્થાનિક સતામંડળની લેખિત પરવાનગી મેળવવાની રહેશે અને સંબંધિત ચૂંટણી અધિકારીશ્રીને જાણ કરવી જોઈશે.

– મતદારોને કોઈ સ્લીપ આપવામાં આવે તેમાં ઉમેદવારનું નામ/ચિન્હ, પ્રતિક અથવા રાજકીય પક્ષનું નામ લખેલુ હોવુ જોઈશે નહિ.

– મતદાન કરીને આવેલ મતદારને મંડપમાં ભેગા/એકત્ર કરી શકાશે નહિ કે થવા દેશે નહિ.

– મંડપમાં મતદાન મથકમાં મતદાનની પ્રક્રિયામાં અડચણ (હરકત) ઉભી ન થાય તેની તકેદારી રાખવાની રહેશે. મતદાર કોઈપણ ઉમેદવારના મંડપમાં સ્લીપ લેવા જઈ શકશે તેમ કરતા કોઈ પણ પ્રકારે કોઈ પણ દ્વારા તેને અટકાવી શકાશે નહિ. મંડપમાંના કાર્યકરો સુમેળભર્યા વાતાવરણમાં જ કાર્યવાહી કરી શકશે.

– કાયદો-વ્યવસ્થા જાળવવામાં હરકત થશે તો મંડપ દુર કરવાની કાર્યવાહી સક્ષમ સતાધારી કરી શકશે.

(૪) મતદાન મથકની ૨૦૦ મીટરના અંતર સુધીના વિસ્તારમાં ચૂંટણી પ્રચારનું કોઈપણ સાહિત્ય, બેનર, પોસ્ટર, કટ આઉટ વિગેરે રાખી શકાશે નહીં.

(૫) મતદાન મથથી ૧૦૦ મીટરના અંતરના વિસ્તારમાં કોઈ પણ પ્રકારનો ચૂંટણી ચાર કરી શકાશે નહિં.

(૬) કોઈ પણ વ્યકિતએ મતદાન માટે નિયત કરેલ સમય દરમ્યાન મતદાન મથકે ગેરવર્તણુંક કરવી નહિં. તેમજ મતદાન મથકના પ્રમુખ અધિકારીએ આપેલ કાયદેસર સુચનાઓનું પાલન કરવાનું રહેશે.

(૭) મતદાનના દિવસે સલામતી અંગે ધમકી મળી હોય અને ત્યાંથી સતાવાર સુરક્ષા પુરી પાડવામાં આવી હોય તેવી વ્યકિતએ તેના સુરક્ષા કર્મચારી સહિત મતદાન મથકની હદની આસપાસના વિસ્તારમાં (૧૦૦ મીટરની અંદર) પ્રવેશવું નહિ. વધુમાં મતદાનના દિવસે આવી કોઈ વ્યકિતએ તેના સલામતી કર્મચારી વર્ગ સાથે મતદાન મથકની આસપાસ ફરવું નહિ. જેને સતાવાર સલામતી પુરી પાડવામાં આવી હોય તે વ્યકિત મતદાર હોય તો પણ તે અથવા તેણીએ સુરા કર્મચારી સાથેની તેની અવર-જવર મતદાન કરવા પુરતી જ મર્યાદિત રાખવી. સુરક્ષા અંગે ધમકી મળી હોવાના કારણે જેને સતાવાર સુરક્ષા મળી હોય અથવા પોતાના માટે જેણે ખાનગી સલામતી સુરક્ષા રાખ્યા હોય તેવી વ્યકિતની ચૂંટણી એજન્ટ અથવા મતદાન એજન્ટ અથવા મતગણતરી એજન્ટ તરીકે નિયુકિત કરવી નહિ.

(૮) ઉમેદવારો કે તેના ચૂંટણી એજન્ટે અથવા ઉમેદવાર કે તેના ચૂંટણી એજન્ટની સમંતિથી બીજી કોઈ વ્યકિતએ મતદાન મથક સુધી અથવા મતદાન મથકથી અથવા મતદાન માટે નિયત કરેલ સ્થળ સુધી કે સ્થળથી કોઈ પણ મતદારને મફત પરત લાવવા લઈ જવા માટે કોઈ વાહન કે બીજા કોઈ સાધનોનો ઉપયોગ કરવો નહીં કે એવુ કોઈ વાહન કે બીજુ કોઈ સાધન પૈસા આપીને અથવા બીજી રીતે ભાડે રાખવુ કે મેળવવુ નહીં.

(૯) કોઈ પણ મતદાન મથકે મતદાનના દિવસે કોઈપણ વ્યકિતએ મતદાન માટે મતદાન મથકે આવતી કોઈ વ્યકિતને ત્રાસ થાય કે મતદાન મથક પર ફરજ બજાવતાં અધિકારીઓ અને બીજી વ્યકિતઓના કામમાં દખલ થાય એવું નીચેનુ કાંઈ કરવુ નહીં.

(ક) મતદાન મથકમાં અથવા તેના દરવાજે અથવા તેની નજીકના ખાનગી કે જાહેર સ્થળે માનવ ધ્વનિને વધારતુ કે તેનો પડઘો પાડતુ મેગાફોન

કે લાઉડ સ્પીકર વાપરવુ નહીં કે તેવું સંચાલન કરવું નહીં, અથવા

(ખ) મતદાન મથકમાં અતવા તેના દરવાજે અથવા તેની નજીકનાં જાહેર કે ખાનગી સ્થળે બુમો પાડીને કે બીજી રીતે ધાંધલ કરવી નહીં.

(૧૦) મતદાન સમય દરમ્યાન મતદાન એજન્ટો મતદારયાદી મતદાન મથકની બહાર લઈ જઈ શકશે નહીં.

(૧૧) મતદાનના દિવસે નીચે મુજબના કૃત્યો કરવા ફરમાવું છું.

(૧) મતદાન મથકમાં પ્રવેશવા માટે મતદારોએ એક લાઈનમાં ઉભા રહેવાનું રહેશે. પરંતુ સ્ત્રી મતદારો માટે અલગ અલગ લાઈનની વ્યવસ્થા હોય તો તેઓએ અલગ લાઈનમાં ઉભા રહેવાનું રહેશે.

(૨) મતદારોએ મતદાન મથકમાં એક પછી એક વારા ફરતી ક્રમમાં પ્રવેશવાનું રહેશે.

(૩) મતદારોએ મત આપ્યા બાદ તુર્તજ મતદાન મથક છોડી દેવાનું રહેશે.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ભારતના ફોજદારી અધિનિયમની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમનો અમલ જુનાગઢ જિલ્લામાં ચૂંટણી યોજાનાર ગ્રામ પંચાયતોના મતદાર વિસ્તારોમાં કરવાનો રહેશે.

આજ તા. ૧૭ માહે ડિસેમ્બર-૨૦૧૬ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કો કરી બહાર પાડેલ છે.

જુનાગઢ, ૧૭ માહે ડિસેમ્બર, સને ૨૦૧૬.

---

**ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ કાઢેલ**

## હુકમ

નં. એમએજી/સી/૬૬૭૪ સ્કાય લેન્ટર્ન-ચા.મા./પ્લા.દોરી/૨૦૧૬.- તાજેતરમાં છેલ્લા કેટલાક સયમથી ઉતરાયણ/અન્ય તહેવારો વખતે ચાઈનીઝ તુક્કલ, ચાઈનીઝ લેન્ટર્ન ખુબજ વધારે પ્રમાણમાં આકાશમાં ઉડાડવામાં આવે છે. તેમજ ચાઈનીઝ માંઝા/પ્લાસ્ટીક દોરીનો પણ ખુબજ મોટા પ્રમાણમાં ઉપયોગ કરવામાં આવે છે. તુક્કલમાં હલ્કી કવોલીટીના સળગી જાય તેવા વેક્સ પદાર્થોને કારણે પર્યાવરણને પણ નુકશાન થાય છે. તેમજ સળગતી તુક્કલ ગમે ત્યા પડવાના કારણે જાનમાલ અને સંપતિને ઘણું જ નુકશાન થાય છે. તેમજ ચાઈનીઝ માઝા/પ્લાસ્ટીક દોરીના ઉપયોગથી પશુ પંખી તેમજ પર્યાવરણને નુકશાન થાય છે. આથી આવી બાબત નિવારવા માટે તા. ૨૫-૧૨-૨૦૧૬ થી તા. ૨૫-૧-૨૦૧૭ સુધી " સ્કાય લેન્ટર્ન" (ચાઈનીઝ તુક્કલ) ના તેમજ ચાઈનીઝ માંઝા/પ્લાસ્ટીક દોરીના ઉપયોગ કરવા ઉપર સી.આર.પી.સી. ની કલમ-૧૪૪ હેઠળ હંગામી પ્રતિબંધ મુકતું જાહેરનામુ બહાર પાડવા રાજ્ય સરકારશ્રીના ગૃહ વિભાગના તા. ૧૭-૧૨-૨૦૧૬ ના પત્રથી સુચના થઈ આવેલ છે.

સબબ હું, પી. વી. અંતાણી, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, જુનાગઢ જિલ્લો, જુનાગઢ, ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ ની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ સત્તાની રૂએ સમગ્ર જૂનાગઢ જિલ્લા વિસ્તારમાં નીચેના કૃત્યો કરવા પર પ્રતિબંધ ફરમાવું છું.

**"સ્કાય લેન્ટર્ન" (ચાઈનીઝ તુક્કલ) તેમજ ચાઈનીઝ માંઝા/પ્લાસ્ટીકની દોરીના ઉપયોગ ઉપર સંપૂર્ણપણે પ્રતિબંધ ફરમાવવામાં આવે છે.**

આ હુકમ જૂનાગઢ જિલ્લા સમગ્ર વિસ્તારમાં તા. ૨૫-૧૨-૨૦૧૬ થી તા. ૨૫-૦૧-૨૦૧૭ સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર વ્યક્તિ ભારતીય દંડ સહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમની જાહેર જનતાને જાણ સંબંધીત કચેરીઓએ તેમના નોટીસ બોર્ડ પર, સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યા ઉપર નકલ ચોટાડીને તથા માહિતી ખાતાને વર્તમાનપત્રોમાં પ્રસિધ્ધી કરી કરવાની રહેશે.

આજ તારીખ : ૧૯ માહે ડિસેમ્બર-૨૦૧૬ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી બહાર પાડેલ છે.

જુનાગઢ ૧૯ માહે ડિસેમ્બર, સને ૨૦૧૬.

**પી. વી. અંતાણી,**
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
જુનાગઢ જિલ્લો, જુનાગઢ.

---

**ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળનું**

## જાહેરનામું

ક્રમાંક : ડીએમ/ડીસીએચ/૧૭૧૨/૧૬.-તા. ૧૪-૦૧-૨૦૧૭ ના રોજ મકરસંક્રાંતિનો તહેવાર ઉજવવામાં આવનાર છે. આ તહેવાર દરમ્યાન જિલ્લામાં લોકો દ્વારા બહોળા પ્રમાણમાં પતંગો ઉડાવવામાં આવતા હોય છે. આવા પતંગો ઉડાવવા માટે પ્લાસ્ટિક, સિંથેટીક મટીરીયલ, ટોક્ષીક મટીરીયલ, લોખંડ પાવડર, કાચ વિગેરેથી તૈયાર કરેલા પાકા દોરા જેમાં ખાસ કરીને ચાઈનીઝ બનાવટના દોરાનો ઉપયોગ થાય છે, આવા દોરાના કારણે માણસો, પક્ષીઓ, પશુઓ ગંભીર રીતે ઘાયલ થતાં હોવાના અને

મૃત્યુ પણ થતું હોવાના બનાવો બનવા પામતા હોય છે. આથી આવા દોરાઓથી માણસ અને પશુ-પક્ષીઓને થતી વિપરીત અસર નિવારી શકાય તે માટે યોગ્ય નિયંત્રણ મુકવું જરૂરી જણાય છે.

આ સમય દરમ્યાન ચાઈનીઝ તુક્કલ, સ્કાય લેન્ટર્ન ખુબ જ વધારે પ્રમાણમાં આકાશમાં ઉડાડવામાં આવે છે. તુક્કલમાં હલ્કી ક્વોલીટીના સળગીજાય તેવા વેક્સ પદાર્થોને કારણે પર્યાવરણને પણ નુકશાન થાય છે. તેમજ સળગતી તુક્કલ ગમે ત્યાં પડવાના કારણે જાનમાલ અને સંપત્તિને ઘણું જ નુકશાન થાય છે. આથી આવી બાબત નિવારવા તેમજ નામદાર હાઈકોર્ટના તા. ૨૨-૧૨-૨૦૧૫ ના ઓરલ ઓર્ડર મુજબ આદેશનું પાલન કરવાનું રહે છે.

આવા દોરા "નોન બાયોડીગ્રેડીબલ" હોય છે. કાચા અંદાજ મુજબ ગુજરાત રાજ્યમાં મકર સંક્રાંતિના તહેવાર દરમ્યાન ૫૦ લાખ કીલો મીટરની લંબાઈ જેટલો દોરો વપરાય છે. તુટેલા અને વણવપરાયેલા દોરાઓ જમીન ઉપર પડી રહેતા હોય છે. જેના કારણે પાણીના નિકાલની ગટર પાઈપલાઈનો અને કુદરતી પાણીના વહેણ અવરોધાય છે. ગાયો અને અન્ય પ્રાણીઓના ચારામાં આવા પ્લાસ્ટિક દોરાઓ ભળી જતા હોય પશુ મૃત્યુના બનાવો બનતા હોય છે. ક્યારેક પતંગના દોરાને કારણે વીજ લાઈનમાં વિક્ષેપ ઉભા થાય છે. જેના કારણે શોટ-સર્કિટ થતાં ગંભીર ઈજાઓ અને માનવ મૃત્યુના બનાવો બનવા પામે છે. સામાન્ય રીતે પક્ષીઓ આકાશમાં સવારે ૬ થી ૮ અને સાંજે ૫ થી ૭ દરમ્યાન ઉડતા હોય છે. તેથી ખાસ કરીને આ સમયગાળા દરમ્યાન પતંગ ઉડાવવા ઉપર નિયંત્રણ મુકવું આવશ્યક જણાય છે. આ બાબતે સરકારશ્રીના વન અને પર્યાવરણ વિભાગના તા. ૦૨-૦૭-૨૦૧૫ ના પત્રથી પર્યાવરણ (સંરક્ષણ) અધિનિયમ, ૧૯૮૬ની કલમ-૫ હેઠળ અત્રેને યોગ્ય પગલા લેવા સુચના મળેલ છે.

સબબ, ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ અધિકારની રૂએ હું, રાજેન્દ્રકુમાર વી. સરવૈયા, જી.એ.એસ., અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, દેવભૂમિ દ્વારકા, આથી ફરમાવું છું કે સમગ્ર જિલ્લામાં કોઈએ તા. ૨૫-૧૨-૨૦૧૬ થી તા. ૨૫-૦૧-૨૦૧૭ સુધી પતંગો ઉડાવવા માટે પ્લાસ્ટિક, સિંથેટીક મટીરીયલ, ટોક્ષીક મટારીયલ, લોખંડ પાવડર, કાચ વિગેરેથી તૈયાર કરેલા પાકા દોરા જેમાં ખાસ કરીને ચાઈનીઝ બનાવટના ચાઈનીઝ તુક્કલ, સ્કાય લેન્ટર્ન અને ચાઈનીઝ દોરાનો ઉપયોગ કરવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું. તેમજ ઉક્ત દિવસો દરમ્યાન કોઈએ સવારના ૬-૦૦ થી ૮-૦૦ અને સાંજના ૫-૦૦ થી ૭-૦૦ દરમ્યાન પતંગો ઉડાવવા ઉપર મનાઈ ફરમાવુ છું.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૧૭ અને ભારતના ફોજદારી અધિનિયમની કલમ-૧૮૮ હેઠળ સજાને પાત્ર થશે.

આજ તા. ૨૨મી માહે ડિસેમ્બર-૨૦૧૬ ના રોજ મારી સહી તથા કચેરીની મહોર લગાવી બહાર પાડયું.

દેવભૂમિ દ્વારકા, ૨૨ માહે ડિસેમ્બર, સને ૨૦૧૬.

**રાજેન્દ્રકુમાર વી. સરવૈયા,**
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
દેવભૂમિ દ્વારકા.

---

## પોલીસ કમિશ્નર દ્વારા

### ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ હુકમ

## જાહેરનામું

ક્રમાંક : એસબી/પો.સ.ઈ.પરીક્ષા/જાહેરનામુ/૪૫૩૮/૨૦૧૬.-અધ્યક્ષશ્રી, પો.સ.ઈ. ભરતી બોર્ડ-૨૦૧૬ અને મહાનિયામકશ્રી, રક્ષા શકિત, યુનીવર્સીટીની કચેરી, અમદાવાદ દ્વારા ગુજરાત પોલીસ દળમાં બીન હથીયારી પો.સ.ઈ. હથીયારી પો.સ.ઈ. (એસ.આર. પી.એફ. માટે) ઈન્ટેલીજન્સ ઓફીસર, બીન હથીયારી મદદનીશ પોલીસ સબ ઈન્સ્પેકટર અને આસીસ્ટન્ટ ઈન્ટેલીજન્સ ઓફીસર વર્ગ-૩ સંવર્ગની જગ્યાઓ ભરવા માટે આગામી તા. ૧-૧-૨૦૧૭ ના રોજ ૧૨-૦૦ થી ૧૩-૦૦ સુધી પ્રિલીમીનરી પરીક્ષા રાજકોટ શહેરના ૪૯ પરીક્ષા કેન્દ્રો ખાતે લેવામાં આવનાર છે.

| અ. નં. | પરીક્ષા કેન્દ્રનું નામ તથા સરનામું | સબંધીત પો. સ્ટે. |
|---|---|---|
| ૧. | મુરલીધર હાઈસ્કુલ ૮/૧૧ વર્ધમાનનગર પેલેસ રોડ, | એ. ડીવી. પો. સ્ટે. |
| ૨. | સેન્ટ તુલશી હાઈસ્કુલ, ૪-મનહર પ્લોટ, રાજકોટ. | એ. ડીવી. પો. સ્ટે. |
| ૩. | કરણસિંહજી હાઈસ્કુલ સીટી ગેસ્ટ હાઉસ સામે, રાજકોટ. | એ. ડીવી. પો. સ્ટે. |
| ૪. | બાઈસાહેબબા ગર્લ્સ હાઈસ્કુલ, ભુપેન્દ્ર રોડ, રાજેશ્રી સિનેમા સામે, રાજકોટ. | એ. ડીવી. પો. સ્ટે. |
| ૫. | પંચશીલ વિદ્યાલય, શકિત સોસાયટી, પેડક રોડ, માર્કેટીંગ યાર્ડ પાસે, રાજકોટ. | બી. ડીવી. પો. સ્ટે. |
| ૬. | માસુમ વિદ્યાલય, આર.ટી.ઓ. સામે, પેડક રોડ, રાજકોટ. | બી. ડીવી. પો. સ્ટે. |

| અ. નં. | પરીક્ષા કેન્દ્રનું નામ તથા સરનામું | સબંધીત પો. સ્ટે. |
|---|---|---|
| ૭. | સંત જ્ઞાનેશ્વર વિદ્યા મંદિર, પેડક રોડ, પશુ દવાખાના પાસે, સેટેલાઈટ ચોક, રાજકોટ. | બી. ડીવી. પો. સ્ટે. |
| ૮. | ભુષણ માધ્યમિક શાળા, રણછોડનગર સોસાયટી, રણછોડદાસજી આશ્રમ પાસે, કુવાડવા રોડ, રાજકોટ. | બી. ડીવી. પો. સ્ટે. |
| ૯. | મુરલીધર વિદ્યાલય, કનકનગર સોસાયટી મેઈન રોડ, નવા મ્યુનીસીપલ ગાર્ડન સામે, રાજકોટ. | થોરાળા પો. સ્ટે. |
| ૧૦. | ભરાડ વિશ્વ વિદ્યાલય (યુનીટ-૧) કસ્તુરબા ધામ (ત્રંબા) ભાવનગર રાજકોટ હાઈવે, રાજકોટ. | આજી ડેમ પો. સ્ટે. |
| ૧૧. | ભરાડ વિશ્વ વિદ્યાલય (યુનીટ-૨) કસ્તુરબા ધામ (ત્રંબા) ભાવનગર રાજકોટ હાઈવે, રાજકોટ. | આજી ડેમ પો. સ્ટે. |
| ૧૨. | ક્રિષ્ના ઈન્ટરનેશનલ સ્કુલ, યુનીટ-૨, ભાવનગર રાજકોટ હાઈવે, કાળીપાટ, રાજકોટ. | આજી ડેમ પો. સ્ટે. |
| ૧૩. | શુભમ વિદ્યાલય, આનંદનગર, સાધના મેઈન રોડ, કોઠારીયા રોડ, રાજકોટ. | ભકિતનગર પો. સ્ટે. |
| ૧૪. | કડવીબાઈ વીરાણી કન્યા વિદ્યાલય, ઢેબરભાઈ રોડ, ભકિતનગર સોસાયટી, રાજકોટ. | ભકિતનગર પો. સ્ટે. |
| ૧૫. | શ્રી મારૂતી વિદ્યાલય, કાલાવડ રોડ, વોકાર્ડ હોસ્પીટલ સામે, જયમલ પરમાર માર્ગ, રાજકોટ. | મા.નગર પો. સ્ટે. |
| ૧૬. | શ્રી આર. આર. પટેલ મહીલા આર્ટસ અને કોમર્સ કોલેજ, ટોપલેન્ડ વિદ્યાભવન, અમીન માર્ગ, ત્રીશા બંગલો પાસે, એસ્ટ્રોન સોસાયટી, રાજકોટ. | મા.નગર પો. સ્ટે. |
| ૧૭. | એ. વી. જસાણી હાઈસ્કુલ, પી. ડી. એમ. કોલેજ સામે, ગોંડલ રોડ, રાજકોટ. | મા.નગર પો. સ્ટે. |
| ૧૮. | સર્વોદય સ્કુલ યુનીટ-૧, પી. ડી. એમ. કેમ્પસમાં, ગોંડલ રોડ, રાજકોટ. | મા.નગર પો. સ્ટે. |
| ૧૯. | સર્વોદય સ્કુલ યુનીટ-૨, પી. ડી. એમ. કેમ્પસમાં, ગોંડલ રોડ, રાજકોટ. | મા.નગર પો. સ્ટે. |
| ૨૦. | પંચશીલ સ્કુલ, પી. ડી. એમ. કોલેજ પાછળ, શીવનગર મેઈન રોડ, ગોંડલ રોડ, રાજકોટ. | મા.નગર પો. સ્ટે. |
| ૨૧. | સર્વોદય સાયન્સ સ્કુલ વિદ્યાલય, પી. ડી. એમ. કોલેજ કેમ્પસ, ગોંડલ રોડ, રાજકોટ. | મા.નગર પો. સ્ટે. |
| ૨૨. | અંકુર વિદ્યાલય, અંકુર મેઈન રોડ, ગોકુલ ધામ પાસે, રાજકોટ. | મા.નગર પો. સ્ટે. |
| ૨૩. | શ્રી રણછોડ વિદ્યાલય, ફોર્ચ્યુન હોટલ સામે, કાવ્ય એપાર્ટમેન્ટ, ૧૫૦ ફુટ રીંગ રોડ, રાજકોટ. | મા.નગર પો. સ્ટે. |
| ૨૪. | પતંજલી સ્કુલ, મવડી પ્લોટ એરીયા, અલ્કા સોસાયટી, શેરી નં. ૩, રાજકોટ. | મા.નગર પો. સ્ટે. |
| ૨૫. | સાંદીપની હાઈસ્કુલ, ઈન્દ્રપ્રસ્થ હોલ પાછળ, મવડી મેઈન રોડ, રાજકોટ. | મા.નગર પો. સ્ટે. |
| ૨૬. | સી. જે. ભરાડ વિદ્યા મંદિર, ઈન્દ્રપ્રસ્થનગર, ગૌતમનગર મેઈન રોડ, ભકિતનગર રેલ્વે લાઈન પાસે, રાજકોટ. | મા.નગર પો. સ્ટે. |
| ૨૭. | શ્રી ક્રિષ્ના હાઈસ્કુલ, ઈન્દ્રપ્રસ્થનગર, ગૌતમનગર મેઈન રોડ, ભકિતનગર રેલ્વે લાઈન પાસે, રાજકોટ. | મા.નગર પો. સ્ટે. |
| ૨૮. | વંદે માતરમ ઉચ્ચતર માધ્યમિક શાળા, કર્મયોગી એજ્યુકેશન ઝોન, ન્યુ માયાણીનગર, મવડી પ્લોટ, રાજકોટ. | મા.નગર પો. સ્ટે. |
| ૨૯. | એ. એસ. ચૌધરી હાઈસ્કુલ, કસ્તુરબા માર્ગ, રાજકોટ. | પ્ર.નગર પો.સ્ટે. |
| ૩૦. | સ્વ. એમ. જે. કુંડલીયા ઈ. એમ. મહીલા કોમર્સ અને બી. બી. એ. કોલેજ, જૈન દેરાસર સામે, ચૌધરી હાઈસ્કુલ કેમ્પસ, ઉમેશ કોમ્પલેક્ષ પાછળ, રાજકોટ. | પ્ર.નગર પો.સ્ટે. |
| ૩૧. | વી. જે. મોદી હાઈસ્કુલ, ૧૫૦ ફુટ રીંગ રોડ, ટાટા શો રૂમ સામે, ટેલી. એકસચેન્જ સામે, રાજકોટ. | ગાંધીગ્રામ પો. સ્ટે. |
| ૩૨. | સેન્ટ મેરીઝ સ્કુલ, કાલાવડ રોડ, વોકાર્ડ હોસ્પીટલ પાસે, રાજકોટ. | ગાંધીગ્રામ પો. સ્ટે. |
| ૩૩. | શ્રી નિર્મલા કોન્વેન્ટ સ્કુલ, ડો. હેગડેવાર માર્ગ, ફાયર સ્ટેશન પાસે, રાજકોટ. | ગાંધીગ્રામ પો. સ્ટે. |
| ૩૪. | અનીલ જ્ઞાન મંદીર, બ્રહ્મસમાજ ચોક, રૈયા રોડ, રાજકોટ. | ગાંધીગ્રામ પો. સ્ટે. |
| ૩૫. | ન્યુ એરા હાઈસ્કુલ, રૈયા રોડ, સોજીત્રાનગર, રાજકોટ. | ગાંધીગ્રામ પો. સ્ટે. |
| ૩૬. | કલ્યાણ હાઈસ્કુલ (યુનીટ-૧) રૈયા રોડ, હનુમાનમઢી પાસે, રાજકોટ. | ગાંધીગ્રામ પો. સ્ટે. |
| ૩૭. | કલ્યાણ હાઈસ્કુલ (યુનીટ-૨) રૈયા રોડ, હનુમાનમઢી પાસે, રાજકોટ. | ગાંધીગ્રામ પો. સ્ટે. |
| ૩૮. | ડીવાઈન હાઈસ્કુલ યુનીટ-૧, C/o. જી. કે. ધોળકીયા સ્કુલ, પંચાયત નગર ચોક પાસે, રાજકોટ. | યુની. પો. સ્ટે. |
| ૩૯. | ડીવાઈન હાઈસ્કુલ યુનીટ-૨, C/o. જી. કે. ધોળકીયા સ્કુલ, પંચાયત નગર ચોક પાસે, રાજકોટ. | યુની. પો. સ્ટે. |
| ૪૦. | ડીવાઈન હાઈસ્કુલ યુનીટ-૩, C/o. જી. કે. ધોળકીયા સ્કુલ, પંચાયત નગર ચોક પાસે, રાજકોટ. | યુની. પો. સ્ટે. |
| ૪૧. | જીવન જ્યોત હાઈસ્કુલ, યુનીવર્સીટી રોડ, એચ. પી. પેટ્રોલ પંપ સામે, રાજકોટ. | યુની. પો. સ્ટે. |
| ૪૨. | શ્રી ગુલાબચંદ તીલકચંદ શેઠ હાઈસ્કુલ, કાલાવડ રોડ, કે. કે. વી. હોલ સામે, રાજકોટ. | યુની. પો. સ્ટે. |

| અ. નં. | પરીક્ષા કેન્દ્રનું નામ તથા સરનામું | સબંધીત પો. સ્ટે. |
|---|---|---|
| ૪૩. | વિદ્યાનિકેતન સ્કુલ, સાધુ વાસવાણી માર્ગ, પાટીદાર ચોક, યુની. રોડ, નક્ષત્રવાળી શેરી, રાજકોટ. | યુની. પો. સ્ટે. |
| ૪૪. | હ. લ. ગાંધી વિદ્યા વિહાર, કાલાવડ રોડ, આત્મીય કોલેજ કેમ્પસ, રાજકોટ. | રા. તા. પો. સ્ટે. |
| ૪૫. | પરીશ્રમ સ્કુલ, યોગી પાર્ક મેઈન રોડ, ક્રિસ્ટલ મોલ સામે, કાલાવડ રોડ, રાજકોટ. | રા. તા. પો. સ્ટે. |
| ૪૬. | કે. જી. ધોળકીયા હાઈસ્કુલ, યુનીટ-૧, બાલાજી હોલવાળી શેરી, ૧૫૦ રીંગ રોડ, નાનામવા સર્કલ પાસે, રાજકોટ. | રા. તા. પો. સ્ટે. |
| ૪૭. | કે. જી. ધોળકીયા હાઈસ્કુલ, યુનીટ-૨, બાલાજી હોલવાળી શેરી, ૧૫૦ રીંગ રોડ, નાનામવા સર્કલ પાસે, રાજકોટ. | રા. તા. પો. સ્ટે. |
| ૪૮. | શ્રી પાર્થ વિદ્યાલય, જશરાજનગર, રાધે હોટલ પાસે, ૧૫૦ ફુટ રીંગ રોડ, રાજકોટ. | રા. તા. પો. સ્ટે. |
| ૪૯. | એસ. કે. પાઠક વિદ્યા મંદિર, માતૃમંદીર, સરદાર પટેલ પાર્ક, જે. કે. હોલ સામે, નાનામવા સર્કલ, ૧૫૦ ફુટ રીંગ રોડ, રાજકોટ. | રા. તા. પો. સ્ટે. |

આમ ઉપર જણાવેલ પરીક્ષા કેન્દ્રો ખાતે OMR પધ્ધતિથી લેવાનાર લેખીત પરીક્ષાર્થીઓ મુકત અને શાંત વાતાવરણમાં કોઈપણ પ્રકારના ખલેલ વિના આપી શકે, તેમજ બહારના તોફાની તત્વો આ પરીક્ષા દરમ્યાન પરીક્ષાર્થીઓને ખલેલ પહોંચાડે નહી કે પરીક્ષા દરમ્યાન કોઈ ગેરકાયદેસરની પ્રવૃતિ આચરે નહી કે પરીક્ષા કેન્દ્રો (શાળાઓ/કોલેજોના)ના કંપાઉન્ડમાં તેમજ તેની ચારેય બાજુની ત્રિજીયામાં ૧૦૦ મીટરની ત્રીજયાના વિસ્તારમાં પરીક્ષાર્થીઓને કોઈ ખલેલ પહોંચાડે નહી કે કોઈપણ અનઅધિકૃત વ્યકિતઓ એકત્ર થાય નહી કે શાળાઓ (પરીક્ષા કેન્દ્રો)માં પ્રવેશ કરે નહી, કે પરીક્ષા કેન્દ્રો આસપાસ ચારથી વધુ માણસો ભેગા થાય નહી કે વિદ્યાર્થીઓ દ્વારા પરીક્ષા કેન્દ્રમાં મોબાઈલ ફોન લાવે નહી તે માટે પ્રતિબંધ મુકવો જરૂરી જણાય છે.

વાસ્તે, હું, અનુપમ સિંહ ગહલૌત, (I.A.S.), પોલીસ કમિશ્નર, રાજકોટ શહેર, ગુજરાત સરકારના ગૃહ વિભાગના તા. ૦૮-૧૧-૧૯૮૨ના નોટીફિકેશન નંબરઃ સીસી/૪૨૨/આર.આર.સી./ ૧૦૮૨/૧૦૮૦/૧૧ અન્વયે ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૨૦ નીચેની પેટા કલમ (૧) નીચે બહાર પાડવામાં આવેલ છે અને જેનું પુનરાવર્તન ગુજરાત સરકારના ગૃહ વિભાગના તા. ૦૭-૦૧-૧૯૮૯ થી બહાર પાડવામાં આવેલ સંકલીત જાહેરનામાઓ નંબર જીજી/૬/ફકઅ/૧૦૮૮/૬૭૫૦/મ.માં થયેલ છે. જેમાં રાજકોટ શહેરના અધિક પોલીસ કમિશ્નરશ્રી, નાયબ પોલીસ કમિશ્નરશ્રી અને મદદનીશ પોલીસ કમિશ્નરને એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ તરીકે જાહેર કરવામાં આવેલ છે, તેમજ તેઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૧૪૪ના અધિકારનો ઉપયોગ કરવા ખાસ અધિકૃત કરવામાં આવેલ છે. તે અધિકારની રૂએ નીચે જણાવેલ પરીક્ષા કેન્દ્ર આસપાસ તા. ૦૧-૦૧-૨૦૧૭ના રોજ કલાક ૦૯-૦૦ થી કલાક ૧૪-૦૦ સુધી નીચેનાના કૃત્યો કરવા પ્રતિબંધ ફરમાવું છું.

## પ્રતિબંધિત કૃત્યો

(A) રાજકોટ શહેર વિસ્તારમાં જે જે શાળાઓ/કોલેજોને પરીક્ષા કેન્દ્ર તરીકે નક્કી કરવામાં આવેલ છે તે શાળાઓ/કોલેજો (પરીક્ષા કેન્દ્રો)ના કંપાઉન્ડની ચારે બાજુની ત્રિજયાના ૧૦૦ મીટરના વિસ્તારમાં ચાર અને તેથી વધારે વ્યકિતઓ એકત્રીત થવુ નહી.

(B) રાજકોટ શહેરની શાળાઓ/કોલેજોની (પરીક્ષા કેન્દ્ર)ની આજુબાજુની ૧૦૦ મીટરની ત્રીજયામાં કોઈ સ્ટેશનર્સ બુકસેલર્સ કે વેપારીઓ દ્વારા ઝેરોક્ષ મશીન ચાલુ રાખવા નહી કે શાળાઓ/કોલેજોના સંચાલકો દ્વારા ઝેરોક્ષ મશીન ચાલુ રાખવા નહી.

(C) શાળાઓ/કોલેજોની ૧૦૦ મીટરની ત્રીજયામાં કોઈ વ્યકિત દ્વારા વાહનો લાવવા નહી કે શાળાઓ/કોલેજોમાં વાહનો લઈ જવા નહી.

(D) શાળાઓ/કોલેજો (પરીક્ષા કેન્દ્ર)માં પરીક્ષાર્થીઓ દ્વારા મોબાઈલ ફોન લાવવા નહી.

## વિસ્તાર

રાજકોટ શહેર પોલીસ કમિશ્નરની હકુમત હેઠળના વિસ્તારમાં આવેલ તમામ પરીક્ષા કેન્દ્રો.

## અપવાદ

આ હુકમમાંથી નીચે જણાવેલ વ્યકિતઓને મુકિત આપવામાં આવે છે.

(૧) સ્થાનિક સત્તાવાળાઓ પાસેથી જરૂરી પરવાનગી મેળવી હોય તેવી વ્યકિત કે વ્યકિતસમુહ

(૨) કોઈ લગ્નના વરઘોડાને.

(૩) કોઈ સ્મશાનયાત્રાને

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલંઘન કરનાર ભારતના ફોજદારી અધિનિયમ-૧૮૬૦ની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

તમામને વ્યક્તિગત રીતે નોટિસની બજવણી શક્ય ન હોઈ આથી એકતરફી હુકમ કરૂં છું. જાહેર જનતાની જાણ સારૂં સ્થાનિક વર્તમાનપત્ર, આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર મારફતે પ્રસિધ્ધ દ્વારા તથા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર, મદદનીશ પોલીસ કમિશ્નર, નાયબ પોલીસ કમિશ્નર તથા પોલીસ કમિશ્નર કચેરીના નોટિસ બોર્ડ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધ કરવામાં આવશે. તેમજ સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધ કરવામાં આવશે. ગુજરાત પોલીસ એકટ કલમ-૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજ તા. ૨૯ માહે ડિસેમ્બર-૨૦૧૬ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

રાજકોટ, ૨૯ માહે ડિસેમ્બર, સને ૨૦૧૬.

---

### ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ હુકમ

## જાહેરનામું

ક્રમાંક : એસબી/પરીક્ષા/જાહેરનામુ/૩૧/૨૦૧૭.-સરકારશ્રીના પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ હેઠળ ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, અમદાવાદ અને જિલ્લા પંચાયત સેવા પસંદગી સમિતી, રાજકોટ દ્વારા પંચાયત સેવાના વિવિધ સંવર્ગોની ભરતી પ્રક્રિયા અંતર્ગત તા. ૦૭-૦૧-૨૦૧૭ના કલાક ૧૬-૦૦ થી ૧૭-૦૦ સુધી વિસ્તરણ અધિકારી (સહકાર)ની નીચે જણાવેલ ૩૫ બિલ્ડીંગમાં ૪૦ પરીક્ષા કેન્દ્રો ખાતે લેખીત પરીક્ષા લેવાનાર છે.

| ક્રમ | પરીક્ષા કેન્દ્રનું નામ | પરીક્ષા કેન્દ્રનું સરનામું | સબંધીત પો.સ્ટે. |
|---|---|---|---|
| 1. | એચ. એન્ડ એચ. બી. કોટક સાયન્સ કોલેજ | ડૉ. યાજ્ઞીક રોડ, રાજકોટ. | એ. ડીવી. |
| 2. | એમ.જે. કુંડલીયા, આર્ટસ એન્ડ કોમર્સ મહીલા કોલેજ | મનહર પ્લોટ, રાષ્ટ્રીય શાળા કમ્પાઉન્ડ, રાજકોટ. | એ. ડીવી. |
| 3. | શ્રી રમેશભાઈ છાયા કન્યા વિદ્યાલય, | ''જસાણી ભવન'' મનહર પ્લોટ, રાષ્ટ્રીય શાળા કમ્પાઉન્ડ, રાજકોટ. | એ. ડીવી. |
| 4. | રીના હાઈસ્કુલ | ૩/૪, સરદારનગર (વેસ્ટ), હેમુ ગઢવી હોલ પાસે, ટાગોર માર્ગ, રાજકોટ. | એ. ડીવી. |
| 5. | મજહર કન્યા વિદ્યાલય | આર. ટી. ઓ. સામે, પેડક રોડ, રાજકોટ. | બી. ડીવી. |
| 6. | શ્રી મુરલીધર હાઈસ્કુલ | કનકનગર સોસાયટી મેઈન રોડ, મ્યુનીશીપલ ગાર્ડનની સામે, રાજકોટ. | બી. ડીવી. |
| 7. | શ્રી ભરાડ વિશ્વ વિદ્યાપીઠ | ભાવનગર-રાજકોટ હાઈવે, કસ્તુરબાધામ (ત્રંબા) | આજી ડેમ |
| 8 | ક્રિષ્ના ઈન્ટરનેશનલ સ્કુલ યુનીટ-૨ | રાજકોટ-ભાવનગર હાઈવે, કસ્તુરબાધામ (ત્રંબા) | આજી ડેમ |
| 9. | સર્વોદય સાયન્સ સ્કુલ | અંબાજી કડવા પ્લોટ, ગરબી ચોક, ગોંડલ રોડ, રાજકોટ. | મા.નગર |
| 10. | અંકુર વિદ્યાલય | અંકુરનગર મેઈન રોડ, ગોકુલધામ પાસે, રાજકોટ. | મા.નગર |
| 11. | શ્રી અમૃત વિદ્યામંદિર | કે./ઓ. પ્રકાશ હાઈસ્કુલ, કૃષ્ણનગર-૧, ૩-નવલનગર, મવડી પ્લોટ, રાજકોટ. | મા.નગર |
| 12. | પાર્થ વિદ્યાલય | જશરાજનગર, રાધે હોટલની બાજુમાં, ૧૫૦ ફુટ રીંગ રોડ, નાનામવા સર્કલ પાસે, રાજકોટ. | મા.નગર |
| 13. | પાઠક સ્કૂલ, યુનીટ-૧ અને યુનીટ-૨ | માતૃમંદિર જે. કે. હોલ સામે, ૧૫૦ ફુટ રીંગ રોડ, નાનામવા સર્કલ પાસે, રાજકોટ. | મા.નગર |
| 14. | પતંજલી સ્કુલ, | મવડી પ્લોટ એરીયા, અલ્કા સોસાયટી, શેરી નં. ૩, રાજકોટ. | મા.નગર |
| 15. | સાંદીપની હાઈસ્કુલ | મવડી મેઈન રોડ, ઈન્દ્રપ્રસ્થ હોલ પાછળ, જલીયાણા હોલ પાછળ, રાજકોટ. | મા.નગર |
| 16. | શ્રી સર્વોદય સ્કુલ યુનીટ-૧ | પી. ડી. એમ. કેમ્પસ, ગોંડલ રોડ, રાજકોટ. | મા.નગર |
| 17. | શ્રી સર્વોદય સ્કુલ યુનીટ-૨ | પી. ડી. એમ. કેમ્પસ, ગોંડલ રોડ, રાજકોટ. | મા.નગર |
| 18. | શ્રી સર્વોદય સ્કુલ કોમર્સ બિલ્ડીંગ | પી. ડી. એમ. કેમ્પસ, ગોંડલ રોડ, રાજકોટ. | મા.નગર |
| 19. | શ્રીમતિ એસ. કે. પાઠક વિદ્યામંદિર | ૧-ઈન્દ્રપ્રસ્થનગર, ભકિતનગર રેલ્વે લાઈન પાસે, હેમુ ગઢવી હોલ પાછળ, રાજકોટ. | મા.નગર |
| 20. | શ્રી લાલબહાદુર શાસ્ત્રી કન્યા વિદ્યાલય | ડૉ. રાધાકૃષ્ણ રોડ, સદર બજાર, રાજકોટ. | પ્ર.નગર |

| ક્રમ | પરીક્ષા કેન્દ્રનું નામ | પરીક્ષા કેન્દ્રનું સરનામું | સબંધીત પો.સ્ટે. |
|---|---|---|---|
| 21. | નિર્મલા કોન્વેન્ટ સ્કૂલ | ડૉ. હેગડેવાર રોડ, પારસ સોસાયટી સામે, રાજકોટ. | ગાંધીગ્રામ |
| 22. | શ્રી વી. જે. મોદી હાઈસ્કૂલ | ૧૫૦ ફુટ રીંગ રોડ, રૈયા ટેલી. એકસચેન્જ પાસે, રાજકોટ. | ગાંધીગ્રામ |
| 23. | જી. ટી. શેઠ વિદ્યાલય | કાલાવડ રોડ, કે. કે. વી. હોલ ચોક, | ગાંધીગ્રામ-ટુ (યુની) |
| 24. | ડીવાઈન હાઈસ્કુલ યુનીટ-૧, ૨ અને ૩ | C/o. જી. કે. ધોળકીયા સ્કુલ, પંચાયત નગર ચોક પાસે, રાજકોટ. | ગાંધીગ્રામ-ટુ (યુની) |
| 25. | જે. કે. ગર્લ્સ હાઈસ્કુલ, | ૧૫૦ ફુટ રીંગ રોડ, રૈયા ટેલી. એક્સચેન્જ પાસે, રાજકોટ. | ગાંધીગ્રામ-ટુ (યુની) |
| 26. | ડીપાર્ટમેન્ટ ઓફ હીન્દી | સૌરાષ્ટ્ર યુનીવર્સીટી કેમ્પસ, રાજકોટ. | ગાંધીગ્રામ-ટુ (યુની) |
| 27. | કન્વેશનલ સેન્ટર યુનીટ-૧ | યુની. કેમ્પસ, સૌરાષ્ટ્ર યુનીવર્સીટી કેમ્પસ, રાજકોટ. | ગાંધીગ્રામ-ટુ (યુની) |
| 28. | કન્વેશનલ સેન્ટર યુનીટ-૨ | યુની. કેમ્પસ, સૌરાષ્ટ્ર યુનીવર્સીટી કેમ્પસ, રાજકોટ. | ગાંધીગ્રામ-ટુ (યુની) |
| 29. | ડીપાર્ટમેન્ટ ઓફ કોમર્સ | સૌરાષ્ટ્ર યુનીવર્સીટી કેમ્પસ, રાજકોટ. | ગાંધીગ્રામ-ટુ (યુની) |
| 30. | ડીપાર્ટમેન્ટ ઓફ હીસ્ટ્રી | સૌરાષ્ટ્ર યુનીવર્સીટી કેમ્પસ, રાજકોટ. | ગાંધીગ્રામ-ટુ (યુની) |
| 31. | જીવન જ્યોત હાઈસ્કુલ | યુનીવર્સીટી રોડ, ભારત પેટ્રોલ પંપ સામે, રાજકોટ. | ગાંધીગ્રામ-ટુ (યુની) |
| 32. | વિદ્યાનીકેતન સ્કુલ | સાધુ વાસવાણી માર્ગ, પાટીદાર સામે, નક્ષત્ર-૩ની સામે | ગાંધીગ્રામ-ટુ (યુની) |
| 33. | ગીતાંજલી કોલેજ ઓફ આઈ. ટી. અને મેનેજમેન્ટ | અજન્તા પાર્ક, સાધુવાસવાણી રોડ, રાજકોટ. | ગાંધીગ્રામ-ટુ (યુની) |
| 34. | શ્રી હ. લ. ગાંધી વિદ્યા વિહાર | કાલાવડ રોડ, યોગીધામ, પાણીના ટાંકા પાસે, રાજકોટ. | રાજકોટ તાલુકા |
| 35. | પરીશ્રમ સ્કુલ | કાલાવડ રોડ, ક્રિસ્ટલ મોલ સામેની શેરીમાં, રાજકોટ. | રાજકોટ તાલુકા |

આમ ઉપર મુજબની વિગતે પરીક્ષા કેન્દ્રો ખાતે લેવામાં આવનાર વિસ્તરણ અધિકારી (સહકાર)ની લેખીત પરીક્ષા પરીક્ષાર્થીઓ કોઈપણ પ્રકારની ખલેલ વિના શાંત અને મુકત વાતાવરણમાં પરીક્ષા આપી શકે તે માટે તેમજ પરીક્ષા બહારના તોફાની તત્વો આ પરીક્ષા દરમ્યાન પરીક્ષા કેન્દ્રોમાં પરીક્ષા આપતા વિધાર્થીઓને ખલેલ ન પહોંચાડે તથા પરીક્ષા દરમ્યાન કોઈ ગેરકાયદેસરની પ્રવૃતિ આચરે નહી તેમજ રાજકોટ શહેરના ઉપર જણાવેલ કેન્દ્રો (શાળાઓ)ના કંપાઉન્ડમાં તેમજ તેની ચારેય બાજુ શાળાઓ (પરીક્ષા કેન્દ્રો)ની આજુબાજુની ૧૦૦ મીટરની ત્રીજયામાં કોઈ સ્ટેશનર્સ કે વાપારીઓ ઝેરોક્ષ મશીન ચાલુ રાખે નહી અને પરીક્ષા કેન્દ્રની ૧૦૦ મીટરની ત્રીજયામાં કોઈપણ અનઅધિકૃત વ્યકિતઓએ એકત્ર થાય નહી તેમજ શાળાઓમાં પ્રવેશ કરે નહી અને શાળાઓ ખાતે વાહન લઈ જાય નહી તેમજ ચારથી વધુ માણસો ભેગા થાય નહી કે વિદ્યાર્થીઓને પરીક્ષા કેન્દ્રમાં મોબાઈલ લઈ જાય નહી તે તમામ બાબતે પ્રતિબંધ મુકવા જરૂરી જણાય છે.

વાસ્તે, હું, અનુપમ સિંહ ગહલૌત, (I.P.S.), પોલીસ કમિશ્નર, રાજકોટ શહેર, ગુજરાત સરકારના ગૃહ વિભાગના તા. ૦૮-૧૧-૮૨ના નોટીફિકેશન નંબરઃ સીસી/૪૨૨/આર.આર.સી./ ૧૦૮૨/૧૦૮૦/૧૧ અન્વયે ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૨૦ નીચેની પેટા કલમ (૧) નીચે બહાર પાડવામાં આવેલ છે અને જેનું પુનરાવર્તન ગુજરાત સરકારના ગૃહ વિભાગના તા. ૦૭-૦૧-૧૯૮૯ થી બહાર પાડવામાં આવેલ સંકલીત જાહેરનામાઓ નંબર જીજી/૬/ફકઅ/૧૦૮૮/૬૭૫૦/મ.માં થયેલ છે. જેમાં રાજકોટ શહેરના સંયુકત પોલીસ કમિશ્નરશ્રી, નાયબ પોલીસ કમિશ્નરશ્રી અને આસીસ્ટન્ટ કમિશ્નર ઓફ પોલીસ (મદદનીશ પોલીસ કમિશ્નરશ્રીઓ)ને એક્ઝીકયુટીવ મેજીસ્ટ્રેટ તરીકે જાહેર કરવામાં આવેલ છે, તેમજ તેઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૧૪૪ના અધિકારનો ઉપયોગ કરવા ખાસ અધિકૃત કરવામાં આવેલ છે. તે અધિકારની રૂએ નીચે જણાવેલ વિસ્તારોમાં તા. ૦૭-૦૧-૨૦૧૭ના કલાક ૧૨-૦૦ થી કલાક ૧૮-૦૦ સુધી નીચેના કૃત્યો કરવા પ્રતિબંધ ફરમાવું છું.

## પ્રતિબંધિત કૃત્યો

(૧) રાજકોટ શહેર વિસ્તારમાં જે જે શાળાઓને પરીક્ષા કેન્દ્ર તરીકે નક્કી કરવામાં આવેલ છે તે શાળાઓ (પરીક્ષા કેન્દ્રો) કંપાઉન્ડની ચારે બાજુની ત્રિજયાના ૧૦૦ મીટરના વિસ્તારમાં અનધિકૃત વ્યકિતઓ એકત્રીત થશે નહીં.

(૨) શાળાઓ (પરીક્ષા કેન્દ્રો)ની આજુબાજુની ૧૦૦ મીટરની ત્રીજયામાં કોઈ સ્ટેશનર્સ કે વેપારીઓ ઝેરોક્ષ મશીન ચાલુ રાખશે નહી કે શાળાઓમાં સંચાલકો દ્વારા ઝેરોક્ષ મશીન ચાલુ રાખશે નહી.

(૩) શાળાઓની ૧૦૦ મીટરની ત્રીજયામાં કોઈ વ્યકિત દ્વારા વાહનો લાવશે નહી અને શાળાઓમાં વાહનો લઈ જશે નહી.

(૪) શાળાઓ (પરીક્ષા કેન્દ્રો)ની ૧૦૦ મીટરની ત્રીજયામાં ચાર કે તેથી વધારે વ્યકિતઓ ભેગા થશે નહી.

(૫) શાળા (પરીક્ષા કેન્દ્ર)માં પરીક્ષાર્થીઓએ મોબાઈલ ફોન લાવશે નહી.

## વિસ્તાર

રાજકોટ શહેર પોલીસ કમિશ્નરેટની ઉપર જણાવેલ પરીક્ષા કેન્દ્રનો વિસ્તારમાં.

## અપવાદ

આ હુકમમાંથી નીચે જણાવેલ વ્યકિતઓને મુકિત આપવામાં આવે છે.

(૧) સ્થાનિક સત્તાવાળાઓ પાસેથી જરૂરી પરવાનગી મેળવી હોય તેવી વ્યકિત કે વ્યકિતસમુહ, તેમજ પરીક્ષા કાર્યમાં રોકાયેલ તમામ ઓળખપત્ર ધરાવતી વ્યકિતઓ તેમજ ઓળખપત્ર ધરાવતા પરીક્ષાર્થીઓ (પરીક્ષાર્થીઓ મોબાઈલ ફોન સાથે લઈ જઈ શકશે નહી.)

(૨) કોઈ લગ્નના વરઘોડાને.

(૩) કોઈ સ્મશાનયાત્રાને.

(૪) ફરજ પરના પોલીસ/એસઆરપી/હોમગાર્ડના અધિકારી તથા જવાનોને.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલંઘન કરનાર ભારતના ફોજદારી અધિનિયમ-૧૮૬૦ની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

તમામને વ્યક્તિગત રીતે નોટિસની બજવણી શક્ય ન હોઈ આથી એકતરફી હુકમ કરૂં છું. જાહેર જનતાની જાણ સારૂં સ્થાનિક વર્તમાનપત્ર, આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર મારફતે પ્રસિધ્ધ દ્વારા તથા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેકટર, મદદનીશ પોલીસ કમિશ્નર, નાયબ પોલીસ કમિશ્નર તથા પોલીસ કમિશ્નર કચેરીના નોટિસ બોર્ડ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધ કરવામાં આવશે. તેમજ સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધ કરવામાં આવશે. ગુજરાત પોલીસ એકટ કલમ-૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજ તા. ૦૩ માહે જાન્યુઆરી-૨૦૧૭ના રોજ મારી સહી અને સીક્કો કરી આપેલ છે.

રાજકોટ, ૩ માહે જાન્યુઆરી, સને ૨૦૧૭.

**અનુપમ સિંહ ગહલૌત,**
પોલીસ કમિશ્નર,
રાજકોટ શહેર.

---

## સુપ્રિન્ટેન્ડન્ટ લેન્ડ રેકર્ડ અધિકારી દ્વારા

વંચાણે લીધા :

(૧) સરકારશ્રીના મહેસુલ વિભાગના ઠરાવ ક્રમાંક : ૫રચ-૧૩.૨૦૧૪-૧૪૫૯-હ, તા. ૦૯-૦૭-૨૦૧૫.

(૨) સેટલમેન્ટ કમિશ્નર અને જમીન દફતર નિયામકશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગરના પત્ર નં. એસવી-૫/૯૫-૧૩૧ મંજુરી/૧૫-૧૬, તા. ૦૭-૦૮-૨૦૧૫.

(૩) સરકારશ્રીના મહેસૂલ વિભાગના ઠરાવ ક્રમાંક: સિટીએસ/૧૨.૨૦૧૫/૧૯૬૪/હ, તા. ૦૮-૦૯-૨૦૧૫.

(૪) ડી.ઈ.લે.રે.શ્રી, પોરબંદરના પત્ર નં. એચ.કયું.એ/આબાદી/૩૦ ગામ/૨૦૧૬, તા. ૧૮-૧૧-૨૦૧૬.

### હુકમ

નં. : સીટીએસ/લે.રે.કો.-૧૨૬/૩૦-ગામ/ગોસા/૨૦૧૬-.સરકારશ્રી મહેસૂલ વિભાગના વંચાણ-૧ના ઠરાવથી રાજયના ગ્રામ્ય વિસ્તારના ગામઠાણની મિલ્કતની માપણી કરી, હકક ચોકસી કરી પ્રોપટી કાર્ડ તૈયાર કરવા ગામઠાણ (આબાદી એરીયા) મોજણી દાખલ કરવા <u>પોરબંદર</u> જિલ્લાના <u>પોરબંદર</u> તાલુકાના <u>ગોસા</u> ગામ માટે લેન્ડ રેવન્યુ કોડની કલમ ૯૫ તથા ૧૩૧ અન્વયે સરકારશ્રીએ મંજૂરી આપેલ છે.

સરકારશ્રીના મહેસૂલ વિભાગના વંચાણ-૩ના ઠરાવથી ગુજરાત જમીન મહેસૂલ અધિનિયમ-૧૮૭૯ ની કલમ ૧૨૬ હેઠળ હદ ઠરાવવાની સત્તાઓ અત્રેને એનાયત થયેલ છે. વંચાણ-૨ના પત્ર અન્વયે સદરહુ ગામતળની આજુબાજુના ખેતીનાં તથા બિનખેતી થયેલ સરવે નંબરોનો સમાવેશ કરી તે મુજબનાં પત્રક તથા નકશો તૈયાર કરી જાહેરનામા પ્રસિદ્ધ કરવા અત્રેને સુચના આપવામાં આવેલ છે.

ગામ-<u>ગોસા,</u> તાલુકો-<u>પોરબંદર,</u> જિલ્લો-<u>પોરબંદર</u>માં સિટી સરવે વિસ્તાર નક્કી કરવા અંગેની દરખાસ્ત ડી.ઈ.લે.રે. શ્રી, પોરબંદરએ તૈયાર કરી વંચાણ-૪ના પત્રથી અત્રેને સાદર કરેલ છે. આ દરખાસ્ત અન્વયે સદર ગામની માપણી તથા હકકચોકસી કરવાની થાય છે.

સબબ, વંચાણ-૩ના ઠરાવ તથા ગુજરાત જમીન મહેસૂલ અધિનિયમની કલમ-૧૨૬થી મળેલ સત્તાની રૂએ સિટી સરવે મેન્યુઅલના પારા-૭ની વિગતે મોજે <u>ગોસા,</u> તાલુકો-<u>પોરબંદર,</u> જિલ્લો-<u>પોરબંદર</u>ની આ સાથેના પત્રક-અ, બ, ક મુજબની ખેતી, બિનખેતી અને ગામતળ વિસ્તારની જમીનો, તેમાં સમાવિષ્ટ રસ્તા, માર્ગ અને સરકારી પડતર જમીનોને સિટી સરવે વિસ્તાર તરીકે જાહેર કરવામાં આવે છે.

### પત્રક-અ (સરકારી જમીન)

મોજે : ગોસા, તાલુકો: પોરબંદર, જિલ્લો: પોરબંદરના સિટી સરવે વિસ્તારમાં સમાવેશ થતા સરકારી નંબરોની વિગત દર્શાવતું પત્રક

| અનુક્રમ નં. | સરવે નંબર | ક્ષેત્રફળ | રિમાર્કસ |
|---|---|---|---|
| ૧ | ૧/૧ | ૧૨૧૪૧.૦૦ | ગામતળ |
| ૨ | ૧/૨ | ૧૯૧૨૧.૦૦ | ગામતળ |
| ૩ | ૪ | ૧૯૨૨૩.૦૦ | ગામતળ |
| ૪ | ૫ | ૨૦૨.૦૦ | પો.ખ. કુવો |
| ૫ | ૩૪૬/૧ પૈકી ૧ | ૫૫૮૪૭.૦૦ | સરકારી પડતર |
| ૬ | ૩૪૬/૧ પૈકી ૨ | ૧૦૧૧૭.૦૦ | ગામતળ |
| ૭ | ૩૫૩ | ૧૧૮૩૭.૦૦ | ગામતળ |
| ૮ | ૪૭૭ | ૧૩૦૫૧.૦૦ | ગામતળ |
| ૯ | ૯૦૦૧ | ૬૯૯૭૨.૦૦ | ગામતળ |
| કુલ | | ૨૧૧૫૧૧.૦૦ | |

### પત્રક-બ (ખેતીની જમીન)

મોજે : ગોસા, તાલુકો: પોરબંદર, જિલ્લો: પોરબંદરના સિટી સરવે વિસ્તારમાં સમાવેશ થતા ખેતીના નંબરોની વિગત દર્શાવતુ પત્રક

| અનુક્રમ નં. | સરવે નંબર | ક્ષેત્રફળ | રિમાર્કસ |
|---|---|---|---|
| ૧ | ૨ | ૨૮૨૩૧.૦૦ | ખેતીની જમીન |
| ૨ | ૩ | ૭૦૮.૦૦ | ખેતીની જમીન |
| ૩ | ૬/૧/૧ | ૪૨૪૯.૦૦ | ખેતીની જમીન |
| ૪ | ૬/૧/૨ પૈકી ૧ | ૫૧૦૬.૦૦ | ખેતીની જમીન |
| ૫ | ૬/૧/૨ પૈકી ૨ | ૫૦૫૯.૦૦ | ખેતીની જમીન |
| ૬ | ૬/૨ પૈકી ૧ | ૨૨૨૬.૦૦ | ખેતીની જમીન |
| ૭ | ૬/૨ પૈકી ૨ | ૨૨૨૬.૦૦ | ખેતીની જમીન |
| ૮ | ૭/૧ | ૭૨૮૪.૦૦ | ખેતીની જમીન |
| ૯ | ૭/૨ | ૩૬૪૨.૦૦ | ખેતીની જમીન |
| ૧૦ | ૭/૩ | ૫૧૦૬.૦૦ | ખેતીની જમીન |
| ૧૧ | ૮/૧ | ૫૩૬૨.૦૦ | ખેતીની જમીન |
| ૧૨ | ૮/૨ | ૪૪૫૨.૦૦ | ખેતીની જમીન |
| ૧૩ | ૩૪૬/૧/૧ અ | ૩૯૪૬.૦૦ | ખેતીની જમીન |
| ૧૪ | ૩૪૬/૨ | ૨૦૨.૦૦ | ખેતીની જમીન |
| કુલ | | ૭૭૭૯૯.૦૦ | |

### પત્રક-ક (બિનખેતીની જમીન)

મોજે : ગોસા, તાલુકો: પોરબંદર, જિલ્લો: પોરબંદરના સિટી સરવે વિસ્તારમાં સમાવેશ થતા બિનખેતીના નંબરોની વિગત દર્શાવતુ પત્રક

| અનુક્રમ નં. | સરવે નંબર | ક્ષેત્રફળ | રિમાર્કસ |
|---|---|---|---|
| NIL | | | |

| તારીજ | | | |
|---|---|---|---|
| ક્રમ નં. | પત્રક નંબર | ક્ષેત્રફળ | રિમાર્કસ |
| ૧ | પત્રક અ (સરકારી જમીન) | ૨૧૧૫૧૧.૦૦ | |
| ૨ | પત્રક ૬ (ખેતીની જમીન) | ૭૭૭૯૯.૦૦ | |
| ૩ | પત્રક ક (બિનખેતીની જમીન) | ૦.૦૦ | |
| કુલ | | ૨૮૯૩૧૦.૦૦ | |

પોરબંદર, ૨૧ માહે ડીસેમ્બર, સને ૨૦૧૬.

સહી (અવાચ્ય),
સુપ્રિન્ટેન્ડન્ટ લેન્ડ રેકર્ડ
પોરબંદર.

---

### જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ દ્વારા

## નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : નધણ/૦૧/ક-૨/૫૧૬/૯૧૩૧/૨૦૧૬.- જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ભુજ-કચ્છ, આથી જાહેર કરે છે કે, શ્રી માનકુવા દુધ ઉત્પાદક સહકારી મંડળી લી., મુ. માનકુવા, તાલુકો : ભુજ, જિલ્લોઃ ભુજ-કચ્છને સને ૧૯૬૨ના ગુજરાત કાયદા-૧૦ ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને-૧૯૬૧ ની કલમ-૯ મુજબ આજરોજ નોંધવામાં આવી છે.

નોંધણી નંબર-નધણ/કેટીએચ/''સે''(દુ) ૪૫૫૧૭, તા. ૧૯-૧૨-૨૦૧૬.

ભુજ-કચ્છ, ૧૯ માહે ડિસેમ્બર, સને ૨૦૧૬.

**કે. એ. પટેલ,**
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
ભુજ-કચ્છ.

---

વંચાણે લીધા :

(૧) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ તથા ૧૦૮ની જોગવાઈ.

(૨) ગુજરાત સરકારશ્રીના કૃષિ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગરના જાહેરનામાં ક્રમાંક : ધખ/૫૧/૨૦૦૫/ એન.એસ.બી./૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ, તા. ૨૧-૦૭-૨૦૧૧.

(૩) અત્રેની કચેરીના વચગાળાનો આદેશ તા. ૨૦-૦૯-૨૦૧૬ પત્ર ક્રમાંક : ફડચ/ખ-૪/૨૧૨/૨૦૧૬.

## અંતિમ આદેશ

જા. નં. : ફડચ/૧૮૬૩૬/ખ-૪/૩૬૭/૨૦૧૬.-આથી હું, ટી. સી. તીરથાણી, જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, જુનાગઢ, મને સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયે મળેલ સત્તા અધિકારની રૂએ શ્રી ભાનુ મત્સ્ય ઉછેર સેવા સ.મં.લી., મુ. બાંટવા, તા. માણાવદર, જિ. જુનાગઢ કે જેનો નોંધણી નં. ૩૮૯૧૭, તા. ૧૦-૦૮-૨૦૧૦ નોંધાયેલ છે. તેને અધિનિયમની કલમ-૧૦૭(૧)(સી)(૪) અન્વયે ફડચામાં લઈ જવાનો અંતિમ આદેશ કરૂં છું. સદર મંળીના ફડચા અધિકારી તરીકે શ્રી સબ ઓડીટર, સ.મં. (પ્રમાણિત), જુનાગઢની નિમણુંક કરૂં છું.

ફડચા અધિકારીશ્રીએ મંડળીનો તમામ પ્રકારનો ચાર્જ સંભાળી લઈ તેના ચાર્જલીસ્ટની નકલ મંડળીના છેલ્લા સરવૈયા, હિશાબી પત્રકો સાથે અત્રેની કચેરીને મોકલી મંડળીની ફડચા ફીની નિયત ધોરણે આકારણી કરી, સહકારી કાયદાની કલમ-૧૧૪ હેઠળ આ હુકમની તારીખથી ૫ વર્ષની અંદર કામગીરી પૂર્ણ કરવાની રહેશે.

જુનાગઢ, ૧૫ માહે ડીસેમ્બર, સને ૨૦૧૬.

---

વંચાણે લીધા :

(૧) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૧૧૪ તથા કલમ-૨૦ની જોગવાઈઓ.

(૨) ગુજરાત સરકારશ્રીના કૃષિ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગરના જાહેરનામાં ક્રમાંક : ધખ/૫૧/૨૦૦૫/ એન.એસ.બી./૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ, તા. ૨૧-૦૭-૨૦૧૧.

(૩) અત્રેની કચેરીનો તા. ૨૦-૦૯-૨૦૧૬ નો ફડચાનો અંતિમ આદેશ નં.: ફડચ/૧૮૬૩૨/ખ-૪/૨૧૪/૨૦૧૬.

(૩) ફડચા અધિકારીશ્રી, સબ ઓડીટર, સ.મં., માણાવદર, શ્રી વિકાસ ગ્રાહક સહ. ભંડાર લી., મુ. ઘેડ બગસરા, તા. માંગરોળ, જિ. જુનાગઢની નોંધણી રદની તા. ૧૭-૧૨-૨૦૧૬ ના રોજની દરખાસ્ત.

## આદેશ

જા.નં.:ફડચ/ખ-૪/૩૭૩/૧૬.-આથી હું ટી. સી. તીરથાણી, જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, જુનાગઢ, મને મળેલ સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ના કાયદાથી મળેલ અધિકારની રૂએ શ્રી વિકાસ ગ્રાહક સહ. ભંડાર લી., મુ. ઘેડ બગસરા, તા. માંગરોળ, જિ. જુનાગઢ કે જે નોંધણી નં. ૫૪૪૮ અને તા. ૨૯-૦૩-૨૦૧૧ થી નોંધાયેલ છે. તેની ફડચાની કામગીરી પુર્ણ થતાં મંડળીની નોંધણી ગુજરાત સહકારી મંડળીના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૨૦(૧) હેઠળ રદ કરૂં છું.

જુનાગઢ, ૨૩ માહે ડીસેમ્બર, સને ૨૦૧૬.

---

વંચાણે લીધા :

(૧) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૧૪ તથા કલમ-૨૦ની જોગવાઈઓ.

(૨) ગુજરાત સરકારશ્રીના કૃષિ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગરના જાહેરનામાં ક્રમાંક : ધખ/૫૧/૨૦૦૫/ એન.એસ.બી./૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ, તા. ૨૧-૦૭-૨૦૧૧.

(૩) અત્રેની કચેરીનો તા. ૨૮-૦૨-૨૦૧૪ નો ફડચાનો અંતિમ આદેશ નં.: ફડચ/૧૮૧૫૫/ખ-૪/૬૯/૨૦૧૪.

(૩) ફડચા અધિકારીશ્રી, જિલ્લા ઓડીટર, ગ્રેડ-૨, સ.મં. જૂનાગઢ, શ્રી ગિરનાર ગ્રાહક સહ. ભંડાર લી. મુ. જુનાગઢ, તા. જૂનાગઢ, જિ. જુનાગઢ નોંધણી રદની તા. ૧૯-૧૨-૨૦૧૬ ના રોજની દરખાસ્ત.

## આદેશ

જા.નં.:ફડચ/ખ-૪/૩૭૪/૧૬.-આથી હું ટી. સી. તીરથાણી, જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, જુનાગઢ, મને મળેલ સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ના કાયદાથી મળેલ અધિકારની રૂએ શ્રી ગીરનાર ગ્રાહક સહ. ભંડાર લી., મુ. જુનાગઢ, તા. જુનાગઢ,, જિ. જુનાગઢ કે જેનો નોંધણી નં. ૪૫૫૭, તા. ૧૫-૧૧-૧૯૯૬ થી નોંધાયેલ છે. તેની ફડચાની કામગીરી પુર્ણ થતાં મંડળીની નોંધણી ગુજરાત સહકારી મંડળીના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૨૦(૧) હેઠળ રદ કરૂં છું.

જુનાગઢ, ૨૩ માહે ડીસેમ્બર, સને ૨૦૧૬.

---

## નોંધણીનું પ્રમાણપત્ર

નં : નધણ/ખ-૩/દુ.જે.એન.ડી.-૪૪૯૩૩/૮૦૯/૨૦૧૬.- આથી જાહેર કરે છે કે, શ્રી શ્રી ખડીયા મહિલા દુધ ઉત્પાદક સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ : ખડીયા, તાલુકો : જુનાગઢ, જિલ્લો : જૂનાગઢ.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

જુનાગઢ, ૨૮ માહે ડીસેમ્બર, સને ૨૦૧૬.

**ટી. સી. તીરથાણી,**
જિલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
જુનાગઢ.

---

વંચાણે લીધા :

(૧) સબ ઓડીટર, સ.મં., તાલાળાના તા. ૨૯-૧૦-૨૦૧૬ ના પત્ર નં. અષણ/ગ/૧૪૬/૧૬ થી ફડચામાં લઈ જવાનો ખાસ અહેવાલ.

(૨) ગુજરાત સરકારશ્રીના કૃષિ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગરના જાહેરનામાં ક્રમાંક : ધખ/૫૧/૨૦૦૫/ એન.એસ.બી./૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ, તા. ૨૧-૦૭-૨૦૧૧.

(૩) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ–૧૯૬૧ની કલમ-૧૦૭ ની જોગવાઈઓ.

(૪) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ–૧૯૬૧ની ૧૦૮ની જોગવાઈઓ.

## વચગાળાનો હુકમ

જા.નં.: ફડચ/ચ/૭૬૪/૧૫૭૫/૨૦૧૬.-આથી હું ટી. સી. તિરથાણી, જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ગીર સોમનાથ, વેરાવળ, ઉક્ત આમુખની વિગતો તથા વંચાણે લીધેલ ક્રમ નં. ૨ થી પ્રાપ્ત થયેલ સત્તાની રૂઈએ આ જિલ્લાની ગીરગઢડા તાલુકા ફળ અને શાકભાજી ઉત્પાદક અને પ્રોસેસીંગ સહકારી મંડળી લી., મુ. ગીરગઢડા, તા. ગીરગઢડા, જિ. ગીરસોમનાથને ગુજરાત સહકારી મંડળીના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ (૧)(એ),(૧)(સી),(૧)(૨)(૩)(૪)(૫)ની જોગવાઈ ધ્યાને લઈ ઉક્ત કલમની પેટા કલમ-૧૦૭(૨) હેઠળ ફડચામાં લઈ જવાનો હુકમ કરૂં છું અને સદરહુ કલમની જોગવાઈ મુજબ આ હુકમ સામે હુકમની તારીખથી દિવસ-૩૦માં બચાવ માટે જરૂરી આધારો સાથે અત્રેની કચેરીએ રજુઆત કરવા હુકમ કરૂં છું તથા આજ કાયદાની કલમ-૧૦૮ ની જોગવાઈ મુજબ આ મંડળીના ફડચાધિકારી તરીકે કાર્યવાહી કરવા શ્રી ડી. આર. ગાધે, સબ ઓડીટર, સ.મં., ઉનાને ફડચા અધિકારી તરીકે અધિકૃત કરૂ છું.

ગીર સોમનાથ, ૨૦ માહે ડીસેમ્બર, સને ૨૦૧૬.

**ટી. સી. તિરથાણી,**
જિલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
ગીર સોમનાથ વેરાવળ.

---

વંચાણે લીધા :

(૧) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ તથા ૧૦૮ હેઠળની જોગવાઈઓ.

(૨) ગુજરાત સરકારશ્રીના કૃષિ અને સહકાર વિભાગના જાહેરનામાં ક્રમાંક : જીએચકેએચ/૬૨/૨૦૧૧/નસબ/૧૨/ ૨૦૦૨/૩૦૧૧/છ/તા. ૨૬-૦૮-૨૦૧૧.

(૩) અત્રેની કચેરીના આદેશ ક્રમાંક : ફડચ/ગ-૨/૭૮/૨૦૧૬, તા. ૨૩-૦૩-૨૦૧૬ થી મંડળીને ફડચામાં લઈ જવાનો કરેલ વચગાળાનો આદેશ.

(૪) મંડળીએ તા. ૧૧-૦૪-૨૦૧૬ ના પત્રથી કરેલ રજુઆત.

(૫) અત્રેની કચેરી તરફથી તા. ૧૦-૦૫-૨૦૧૬ તથા તા. ૧૬-૦૭-૨૦૧૬ ના પત્રથી આધાર-પુરાવા સાથે રજુઆત કરવા આપેલ મુદત.

(૬) શ્રી રામોદ જુથ સેવા સ.મં.લી., તા. કોટડાસાંગાણી દ્વારા તા. ૦૩-૧૦-૨૦૧૬ના પત્રથી સદર મંડળીને ફડચામાં લઈ જવા કરેલ રજુઆત થતાં તે બાબતે બંને મંડળીના કાર્યવાહકોને રજુઆત માટે કચેરીના તા. ૨૧-૧૦-૨૦૧૬ના પત્રથી આપેલ મુદત.

(૭) તા. ૧૭-૧૧-૨૦૧૬ ના મુદત સમયે થયેલ શ્રી રામોદ જુથ સેવા સ.મં.લી., તા. કોટડાસાંગાણી દ્વારા આપેલ લેખિત રજુઆત.

## અંતિમ આદેશ

ક્રમાંક : ફડચ/ગ-૨/૩૦૫/૨૦૧૬.-આથી હું, એસ. જી. રૈયાણી, જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, રાજકોટ, ઉપર વંચાણે લીધેલ ક્રમાંક-૧ વાળા જાહેરનામાથી મળેલ અધિકાર અને સત્તાની રૂએ તેમજ આમુખમાં જણાવેલ વિગતો ધ્યાને લઈ શ્રી જય સરદાર સેવા સહકારી મંડળી લી., મુ. રામોદ, તા. : કોટડા સાંગાણી, જિ. રાજકોટ (નોંધણી નંબર : સે-૩૭૨૩૩, તા. ૦૩-૧૦-૨૦૧૧) ગુજરાત સહકારી મડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયે ફડચામાં લઈ જવાના વચગાળાના આદેશને, આજ કાયદાની કલમ-૧૦૮(૧) અન્વયે કાયમી રાખતો આદેશ આપુ છું અને ફડચા અધિકારી તરીકે સહકારી અધિકારીશ્રી, (ફડચો)-૨, લગત જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, રાજકોટની નિમણૂંક કરૂં છું. જે અન્વયે સદરહું મંડળીના ફડચા અધિકારીએ ફડચાની તમામ કામગીરી નિયત મુદતમાં પૂર્ણ કરવી.

રાજકોટ, ૯ માહે ડીસેમ્બર, સને ૨૦૧૬.

**એસ. જી. રૈયાણી,**
જિલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
રાજકોટ.

## નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : નધણ/જ-૨/૫૯૬/આરજેટી:સે.દુ-૪૪૯૬૮/૨૦૧૬.-જિલ્લા રજીસ્ટ્રાર, સ.મં., રાજકોટ, આથી જાહેર કરે છે કે, શ્રી ગોંડલ (ભોજરાજપરા) મહિલા દુધ ઉત્પાદક સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ : ગોંડલ, તાલુકો : ગોંડલ, જિલ્લોઃ રાજકોટ, સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

રાજકોટ, ૮ માહે ડીસેમ્બર, સને ૨૦૧૬.

## નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : નધણ/જ-૨/૫૮૯/આરજેટી:સે.-૪૪૯૬૯/૨૦૧૬.-જિલ્લા રજીસ્ટ્રાર, સ.મં., રાજકોટ, આથી જાહેર કરે છે કે, શ્રી ૐ શ્રીજી ક્રેડીટ કો-ઓપરેટીવ સોસાયટી લી., મર્યાદિત સ્થળ : ગોંડલ, તાલુકો : ગોંડલ, જિલ્લોઃ રાજકોટ, સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

રાજકોટ, ૮ માહે ડીસેમ્બર, સને ૨૦૧૬.

## નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : નધણ/જ-૨/૬૨૮/આરજેટી:સે.-૪૪૯૭૦/૨૦૧૬.-જિલ્લા રજીસ્ટ્રાર, સ.મં., રાજકોટ, આથી જાહેર કરે છે કે, શ્રી કેશવધન ક્રેડીટ કો-ઓપરેટીવ સોસાયટી લી., મર્યાદિત સ્થળ : રાજકોટ, તાલુકો : રાજકોટ, જિલ્લોઃ રાજકોટ, સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

રાજકોટ, ૨૭ માહે ડીસેમ્બર, સને ૨૦૧૬.

**સંગીતા રૈયાણી,**
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
રાજકોટ.

PRINTED AT THE GOVERNMENT PRESS, RAJKOT COMPLAINTS ABOUT GAZETTE MUST BE MADE WITHIN A FORTNIGHT FROM THE DATE OF THIS PUBLICATION ACCOMPANIED BY THE WRAPPER.

सत्यमेव जयते


# The Gujarat Government Gazette

**SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION**

***PUBLISHED BY AUTHORITY***

**VOL. LVI]  THURSDAY, 19th JANUARY, 2017/PAUSHA 29, 1938  No. 03**


**Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central section in order that it may be filed as a separate compilation.**

# PART-I


| | Pages | | Pages |
|---|---|---|---|
| **PART - I**<br>Government Notifications Appointments Promotions, Leave of absence, Rules and orders (Other than those published in Part-I-A, IV-A, IV-B, and IV-C) list of publications for sales etc.,<br>Miscellaneous Notifications Appoint-ments etc., | 61-84 | **PART - I - B**<br>(Suppliment) Government Notifications Published under Land Acquisition Act only Supplement. | Nil |
| | | **PART - II**<br>Miscellaneous Notices, Advertisments, List of Books Sanctioned by the Director of Education, List of Jurors. Schedule of Estates by the Official Assignee, Summary of Births and Deaths, etc., | 96-136 |
| **PART - I - A**<br>Order and Notifications (Other than those published in Part-IV-B) under the Gujarat Local Boards, Village Panchayats, Municipals, Boroughs, (Districts) Municipals Primary Education and Local Fund Audits, Acts., | Nil | **PART - III**<br>Miscellaneous Supplements Season and Crop Reports, Prices, Current Rainfalls Returns, District Local Boards Accounts etc., | Nil |

# GOVERNMENT NOTIFICATIONS, ORDERS APPOINTMENTS, ETC.
## SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION
## NOTIFICATION
### MISCELLANEOUS NOTIFICATIONS APPOINTMENTS ETC.

## By the Principal District Judge

**Read :** *(1) Government of Gujarat G.A.D. Notification No. GS/2016-51-JSR-102016/977-GH, Dated: 14-12-2016.*

*(2) Hon'ble High Court of Gujarat Letter No. C. 2103/2011, dtd.: 15-11-2011.*

*(3) Hon'ble High Court of Gujarat Letter No. C. 2103/2013, dtd.: 27-12-2012.*

## NOTIFICATION

No. UHC/B/50/2017.-In accordance with the provision contained in Para 624 to 629, Chapter-31 of the Civil Manual, Volume-I, 1960, the Principal District and Sessions Judge, Junagadh is pleased to notify the following Holidays to be observed in the **YEAR-2017.** The District Court and all the subordinate Courts of the Judicial District of Junagadh shall remain closed on these days.

| Sr. No. | Name of the Holiday | Date | Day |
|---|---|---|---|
| 01 | Makar Sankranti | 14-01-2017 | Saturday |
| 02 | Republic Day | 26-01-2017 | Thursday |
| 03 | Maha Shivratri | 24-02-2017 | Friday |
| 04 | Holi 2nd Day-(Dhuleti) | 13-03-2017 | Monday |
| 05 | Chetichand | 28-03-2017 | Tuesday |
| 06 | Shri Ram Navmi | 04-04-2017 | Monday |
| 07 | Dr. Babas Saheb Ambedkar's Birthday | 14-04-2017 | Friday |
| 08 | Ramjan-Id (Id-Ul-Fitra) (1st Shawwal) (Muslim Shiya & Sunni) | 26-06-2017 | Monday |
| 09 | Rakshabandhan | 07-08-2017 | Monday |
| 10 | 1. Independence Day | 15-08-2017 | Tuesday |
| | 2. Janmashtami | 15-08-2017 | Tuesday |
| 11 | Parsi New Year Day-Pateti (Parsi Shahenshahi) | 17-08-2017 | Thursday |
| 12 | Samvantsari | 25-08-2017 | Friday |
| 13 | Bakri-Id Id-Ul-Aza) | 02-09-2017 | Saturday |
| 14 | Dusshera (Vijya Dashmi) | 30-09-2017 | Saturday |
| 15 | Mahatma Gandhi's Birthday | 02-10-2017 | Monday |
| 16 | Diwali | 19-10-2017 | Thursday |
| 17 | Vikram Samvant New Year Day | 20-10-2017 | Friday |
| 18 | Bhai Bij | 21-10-2017 | Saturday |
| 19 | Sardar Vallabhbhai Patel's Birthday | 31-10-2017 | Tuesday |
| 20 | Guru Nanak's Birthday | 04-11-2017 | Saturday |
| 21 | Id-e-Milad-Un-Nabi (Prophet Mohmmamd's Birthday) | 02-12-2017 | Saturday |
| 22 | Christmas | 25-12-2017 | Monday |

**Note :- 1** The Following days have not been notified as Public Holidays as they falls **on Sunday.**

| Sr. No. | Name of the Holiday | Date | Day |
|---|---|---|---|
| 01 | Mahavir Jayantee (Janma Kalyanak) | 09-04-2017 | Sunday |
| 02 | Mahoram (Asura) | 01-10-2017 | Sunday |

**Note :-** 2 If any of the Muslim Holidays notified above does not fall on the day notified, the Muslim Government Servants may be granted an Optional Holiday on the day on which the Holiday is actually observed.

## Part-II

In Addition to the Holidays notified above, following days are notified as **OPTIONAL HOLIDAYS** for Government Servants in the **YEAR-2017.**

| Sr. No. | Name of the Holiday | Date | Day |
|---|---|---|---|
| 01 | Guru Govindshigh's Birthday | 05-01-2017 | Thursday |
| 02 | Vishvakarma Jayanti (Maha Sud-13 | 09-02-2017 | Thursday |
| 03 | Jamshedi Navoraz (Parshi Shahenshahi & Parsi Kadmi) | 21-03-2017 | Tuesday |
| 04 | Gudi Padvo (Chaitra Sud-1) | 28-03-2017 | Tuesday |
| 05 | Hatkeshwar Jayantee | 10-04-2017 | Monday |
| 06 | Hanuman Jayanti (Chaitra Sud-15) | 11-04-2017 | Tuesday |
| 07 | Pesovr (First Day) (Yahudi) | 11-04-2017 | Tuesday |
| 08 | Maha Prabhuji's Praktyotsava (Vallabhacharya Jayantee) | 22-04-2017 | Saturday |
| 09 | Jarthostan Disho (Parsno Kadmi) | 24-04-2017 | Monday |
| 10 | Buddha Purnima (Vaishakh Sud-15) | 10-05-2017 | Wednesday |
| 11 | Shab-e-Barat (Muslim Shiya / Sunni) | 12-05-2017 | Friday |
| 12 | Jarthost-no-Disho (Parsi Shahenshahi) | 24-05-2017 | Wednesday |
| 13 | Shavouth (Yahudi) | 01-06-2017 | Wednesday |
| 14 | Guru Arjundev's Martyrdom Day | 08-06-2017 | Thursday |
| 15 | Shahadat-e-Hazarat Ali (Muslim Shiya) | 17-06-2017 | Saturday |
| 16 | Ramjan-Id (Id-Ul-Fitra) (2nd Shawwal) (Muslim Shiya & Sunni) | 27-06-2017 | Tuesday |
| 17 | Gatha Gahmber (3rd Gatha) (Parsi Kadmi) | 15-07-2017 | Saturday |
| 18 | The Day before Parsi New Year (5th Gatha) (Parsi Kadmi) | 17-07-2017 | Monday |
| 19 | Parshi New Year Day (Parsi Kadmi) | 18-07-2017 | Tuesday |
| 20 | Tisha-B-Av (Yahudi) | 02-08-2017 | Wednesday |
| 21 | Gatha Gahmber (Third Gatha) (Parsi Shahenshahi) | 14-08-2017 | Monday |
| 22 | The Day before Parsi New Year (5th Gatha) (Parsi Shahenshahi) | 16-08-2017 | Wednesday |
| 23 | Nand Utsav (Next day to Janmashtami) | 16-08-2017 | Wednesday |
| 24 | Shravan Vad-12 (Commencement Day to Paryushan Festival) (Chaturthi Paksha) | 18-08-2017 | Friday |
| 25 | Shravan Vad-13 (Commencement Day to Paryushan Festival) (Panchami Paksha) | 19-08-2017 | Saturday |
| 26 | Mahavir Swami Janma Vanchan (Chaturthi Paksha) | 22-08-2017 | Tuesday |

| Sr. No. | Name of the Optional Holiday | Date | Day |
|---|---|---|---|
| 27 | Khordad Sal (Parsi Shahenshahi) | 22-08-2017 | Tuesday |
| 28 | Ganesh Chaturthi | 25-08-2017 | Friday |
| 29 | Samvantsari (Pachmi Paksha) | 26-08-2017 | Saturday |
| 30 | Onam | 04-09-2017 | Monday |
| 31 | Rosh Hasana (1st Day) (New Year) (Yahudi) | 21-09-2017 | Thursday |
| 32 | The Day before commencement of Kippur (Yahudi) | 29-09-2017 | Friday |
| 33 | 9th Muharram (Muslim Shiya & Sunni) | 30-09-2017 | Saturday |
| 34 | Yom Kippur (Yahudi) | 30-09-2017 | Saturday |
| 35 | Sukkoth (Yahudi) | 05-10-2017 | Thursday |
| 36 | Dhan Terash | 17-10-2017 | Tuesday |
| 37 | Kali Chaudash | 18-10-2017 | Wednesday |
| 38 | Dev-Diwali | 04-11-2017 | Saturday |
| 39 | Shahadat-e-Imam Hasan (Muslim Shiya) | 18-11-2017 | Saturday |
| 40 | Gita Jayanti | 30-11-2017 | Thursday |
| 41 | Id-e-Maulud (Muslim Shiya) | 07-12-2017 | Thursday |
| 42 | Boxing Day (Next day to Christmas) | 26-12-2017 | Tuesday |

**Note :- 1** The Following days have not been notified as **OPTIONAL HOLIDAYS** Holidays as they falls **on SUNDAY.**

| Sr. No. | Name of the Holiday | Date | Day |
|---|---|---|---|
| 01 | Christian New Year | 01-01-2017 | Sunday |
| 02 | Vasi Uttarayan (Next Day to Makar Sankranti | 15-01-2017 | Sunday |
| 03 | Holi | 12-03-2017 | Sunday |
| 04 | Shri Adhya Jagadguru Shankaracharya Jayanti | 30-04-2017 | Sunday |
| 05 | Rath Yatra (Ashadhi Sud-2) | 25-06-2017 | Sunday |
| 06 | Khordad Sal (Parsi Kadmi) | 23-07-2017 | Sunday |

**Note :-** 2 Government Servants may avail of maximum of any two of the Holidays on the festival occasions at their Option and irrespective of their religious denomination, out of the list of Optional Holidays declared for the Year-2017. Permission for availing of those Holidays should however be applied for in advance and will normally be granted by Officer competent to grant Casual Leave with due regard to exigencies of the Government work.The above two Holidays taken by the Government Servants at their option on the festival of their choice will not be debited to their Casual Leave Account.

**Note :-** 3 If any of Muslim festival notified above, does not fall on the day notified, the Muslim Government Servants may be granted an optional holiday on the day on which the festival is actually observed.

Junagadh, 27th December, 2016.

**D. T. Soni,**

Principal District Judge,
Junagadh.

---

INDEX

## કલેક્ટર દ્વારા

વંચાણ :

(૧) ધી કેરોસીન (રીસ્ટ્રીકશન ઓન યુઝ એન્ડ ફીક્સેશન ઓફ સેલીંગ પ્રાઈઝ) ઓર્ડર-૧૯૯૩.

(૨) અત્રેના જાહેરનામાં નાં. સપ-કસન પરીવહન-દર-વધારો-૨૦૧૪, તા. ૨૦-૦૯-૨૦૧૪.

(૩) અત્રેના જાહેરનામા નાં. સપ/કસન/ભાવ મુકરર/૧૨/૨૦૧૬, તા. ૨૦-૧૨-૨૦૧૬.

(૪) સરકારશ્રીના પત્ર નાં : કસન/૧૦૨૦૧૭/૩૭૩/બ, તા. ૦૩-૦૧-૨૦૧૭.

## જાહેરનામું

નં. સપ-કસન-ભાવ-મુકરર-૧-૨૦૧૭.-અત્રેના વંચાણ-(૨) વાળા જાહેરનામાથી પરિવહન સમિતિની બેઠકમાં વિચારણા મુજબ પરીવહન દર માટેના ભાવ નક્કી થયેલ હતા. ત્યાર બાદ ડીલર્સના કમીશનમાં વધારો થતા ક્રમ-(૩) વાળા જાહેરનામાથી ઘરગથ્થુ વપરાશના કેરોસીનના એક કીલોલીટરના જથ્થાબંધ વેંચાણભાવ તથા એક લીટરનો છુટક વેચાણ ભાવ દરેક તાલુકાવાઈઝ નક્કી કરવામાં આવેલ.

સરકારશ્રીના અન્ન નાગરિક પુરવઠા વિભાગ ગાંધીનગરના વંચાણ-(૪) વાળા પત્ર મુજબ કંપનીના ૧ કે.એલ.ના ભાવ જુના રૂા. ૧૫૩૫૪.૦૧/- હતા. તે વધારીને નવો ભાવ ૧ કે.એલ.નો રૂા. ૧૫૬૦૪.૦૧/- કરેલ છે. જેથી જથ્થાબંધ ભાવમાં કંપનીઓએ રૂા. ૨૫૦/- ભાવ વધારો જાહેર કરેલ છે. તે નજરે જથ્થાબંધ ભાવ તથા છુટક ભાવ તા. ૧ મી જાન્યુઆરી/૨૦૧૭ થી નવેસરથી નક્કી કરવાના રહેશે. તે નજરે કેરોસીનના કચ્છ જિલ્લાના દરેક તાલુકાના એક કિલોલીટરના (૧૦૦૦ લીટર) જથ્થાબંધ વેંચાણ ભાવ તથા એક લીટરના છુટક વેંચાણ ભાવ નક્કી કરવાના રહે છે. સબબ ઉપરોકત વિગત ધ્યાને લેતાં વંચાણ-(૧) વાળા ઓર્ડરથી મળેલ અધિકારની રૂએ હું, કલેકટર-કચ્છ, કંડલા ઈન્સ્ટોલેશન ડેપોથી આવતા ઘરગથ્થુ વપરાશના કેરોસીનના એક કીલો લીટરના કંપનીના વધેલ ભાવ નજરે જથ્થાબંધ વેંચાણ ભાવ તથા એક લીટરના છુટક વેંચાણ ભાવ આ સાથેના પત્રકની વિગતે તાલુકાવાઈઝ નીચે મુજબ નક્કી કરવાનું ઠરાવું છું.

| અનુ. નં. | તાલુકાના મુખ્ય મથકનું નામ | એક કિલો લીટર કેરોસીનના તાલુકાના મુખ્ય મથક માટેના જથ્થાબંધ વેંચાણ ભાવ (૧૦૦૦ લીટર) રૂા. પૈસા | એક લીટર કેરોસીનનો તાલુકાના મુખ્ય મથક માટેના છુટક વેચાણ ભાવ રૂા. પૈસા | વિશેષ નોંધ |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧ | ગાંધીધામ | ૧૬૮૯૨.૨૩ | ૧૭.૫૧ | -- |
| ૨ | અંજાર | ૧૬૯૬૮.૧૩ | ૧૭.૫૯ | -- |
| ૩ | ભચાઉ | ૧૬૦૩૭.૬૩ | ૧૭.૬૫ | -- |
| ૪ | ભુજ | ૧૭૧૯૮.૬૩ | ૧૭.૮૨ | -- |
| ૫ | મુન્દ્રા | ૧૭૧૯૮.૬૩ | ૧૭.૮૨ | -- |
| ૬ | રાપર | ૧૭૨૮૮.૦૮ | ૧૭.૯૧ | -- |
| ૭ | માંડવી | ૧૭૪૦૮.૯૩ | ૧૮.૦૩ | -- |
| ૮ | નખત્રાણા | ૧૭૪૦૦.૩૩ | ૧૮.૦૨ | -- |
| ૯ | અબડાસા, મુ. નલીયા | ૧૭૫૫૬.૩૩ | ૧૮.૧૭ | -- |
| ૧૦ | લખપત, મુ. દયાપર | ૧૭૬૭૨.૮૮ | ૧૮.૨૯ | -- |

ઉપર મુજબના મુકરર કરવામાં આવેલ ભાવો જિલ્લાના તાલુકાના મુખ્ય મથકના હોઈ કેરોસીનના ઓઈલ કંપનીનાં જથ્થાબંધ વિક્રેતાઓ કેરોસીનના છુટક વિક્રેતાના સ્થળ સુધી કેરોસીનની ડીલીવરી આપવા જાય ત્યારે ૦ થી ૧૦(દશ) કીલો મીટરના દરેક સ્ટેજે વધુમાં વધુ ૫૦ (પચાસ) કિલો મીટર સુધી ૦૧ (એક) લીટરે ૧૦ (દશ) પૈસા જે વધુમાં વધુ પચાસ કિ.મી.ની મર્યાદામાં સ્ટેજ ચાર્જ લઈ શકશે.

કેરોસીનના છુટક વિક્રેતા સ્ટેજ ખર્ચની રકમ બિલ મુજબ ગણતરી કરતા નજીકના ૦૫ (પાંચ) પૈસાના ગુણાંકમાં છુટક વિક્રેતા કેરોસીનના વેંચાણ બિલ બનાવી કેરોસીનનું વેચાણ કરી શકશે.

આ જાહેરનામાંનો અમલ તા. ૦૧-૦૧-૨૦૧૭ ની તારીખની અસરથી કરવાનો રહેશે.

કચ્છ-ભુજ, ૪ માહે જાન્યુઆરી, સને ૨૦૧૭.

જિલ્લો : કચ્છ    ઘરગથ્થું વપરાશના કેરોસીનના જથ્થાબંધ વેચાણ ભાવ તથા છુટક વેચાણ ભાવ નકકી કરવાની કિંમત દર્શાવતું પત્રક    માસઃ જાન્યુઆરી-૨૦૧૭

| ક્રમ | વિગત | કચ્છ જિલ્લાના તાલુકાના મુખ્ય મથકનું નામ (તાલુકા) | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | ગાંધીધામ | અંજાર | ભચાઉ | ભુજ | મુન્દ્રા | રાપર | નખત્રાણા | માંડવી | અબડાસા, મુ.નલીયા | લખપત, મુ.દયાપર |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ |
| ૧ | એક કિલોલીટરના ઓઈલ કંપનીના વેંચાણ ભાવ રૂપિયા | ૧૫૬૦૪.૦૧ | ૧૫૬૦૪.૦૧ | ૧૫૬૦૪.૦૧ | ૧૫૬૦૪.૦૧ | ૧૫૬૦૪.૦૧ | ૧૫૬૦૪.૦૧ | ૧૫૬૦૪.૦૧ | ૧૫૬૦૪.૦૧ | ૧૫૬૦૪.૦૧ | ૧૫૬૦૪.૦૧ |
| ૨ | જથ્થાબંધ વિક્રેતાનું કમીશન રૂા. (૧ કે. એલ. ના) કેન્દ્રનું રૂા. ૭૮૭.૮૨ +રાજ્યનું રૂા. ૧૮૦.૩૦ = કુલ રૂા. ૯૬૮.૧૨. | ૯૬૮.૧૨ | ૯૬૮.૧૨ | ૯૬૮.૧૨ | ૯૬૮.૧૨ | ૯૬૮.૧૨ | ૯૬૮.૧૨ | ૯૬૮.૧૨ | ૯૬૮.૧૨ | ૯૬૮.૧૨ | ૯૬૮.૧૨ |
| ૩ | એક કિલોલીટરનો પરિવહન દર રૂપિયા | ૩૨૦.૧૦ | ૩૯૬.૦૦ | ૪૬૫.૫૦ | ૬૨૬.૫૦ | ૬૨૬.૫૦ | ૭૧૫.૯૫ | ૮૨૮.૮૦ | ૮૩૬.૨૦ | ૯૮૪.૨૦ | ૧૧૦૦.૭૫ |
| ૪ | એક કિલોલીટર કેરોસીનનું જથ્થાબંધ વેંચાણ ભાવ રૂપિયા. | ૧૬૮૯૨.૨૩ | ૧૬૯૬૮.૧૩ | ૧૭૦૩૭.૬૩ | ૧૭૧૯૮.૬૩ | ૧૭૧૯૮.૬૩ | ૧૭૨૮૮.૦૮ | ૧૭૪૦૦.૯૩ | ૧૭૪૦૮.૩૩ | ૧૭૫૫૬.૩૩ | ૧૭૬૭૨.૮૮ |
| ૫ | એક કિલોલીટર કેરોસીનનું છુટક વિક્રેતાનું કમિશન રૂપિયા. ૫૬૩.૦૦ +રાજ્યનું એકસ્ટ્રા ઓર્ડીનરી કમિશન રૂા. ૫૪.૦૦ = કુલ રૂા. ૬૧૭.૦૦ | ૬૧૭.૦૦ | ૬૧૭.૦૦ | ૬૧૭.૦૦ | ૬૧૭.૦૦ | ૬૧૭.૦૦ | ૬૧૭.૦૦ | ૬૧૭.૦૦ | ૬૧૭.૦૦ | ૬૧૭.૦૦ | ૬૧૭.૦૦ |
| ૬ | એક કિલોલીટર કેરોસીનના કુલ રૂપિયા. | ૧૭૫૦૯.૨૩ | ૧૭૫૮૫.૧૩ | ૧૭૬૫૪.૬૩ | ૧૭૮૧૫.૬૩ | ૧૭૮૧૫.૬૩ | ૧૭૯૦૫.૦૮ | ૧૮૦૧૭.૯૩ | ૧૮૦૨૫.૩૩ | ૧૮૧૭૩.૩૩ | ૧૮૨૮૯.૮૮ |
| ૭ | એક લીટર કેરોસીનનું છુટક વેચાણ ભાવ રૂા. | ૧૭.૫૧ | ૧૭.૫૯ | ૧૭.૬૫ | ૧૭.૮૨ | ૧૭.૮૨ | ૧૭.૯૧ | ૧૮.૦૨ | ૧૮.૦૩ | ૧૮.૧૭ | ૧૮.૨૯ |

કચ્છ-ભુજ, ૪ માહે જાન્યુઆરી, સને ૨૦૧૭.

એમ. એ. ગાંધી,
કલેક્ટર,
કચ્છ-ભુજ.

INDEX

વંચાણે લીધાં :

(૧) આ કચેરીના તા. ૧૭-૧૨-૨૦૧૬ ના હુકમ નં. : પરવ/કસન/વશી/૧૭૧૨/૧૬.

(૨) સેકશન અધિકારી અન્ન અને નાગરિક પુરવઠા અને ગ્રા.બા. વિભાગ, ગાંધીનગરના તા. ૦૩-૦૧-૨૦૧૭ ના પત્ર ક્રમાંક : કસન-૧૦૨૦૧૬-૩૭૩-બ.

(૩) સરકારશ્રીના ઉપસચિવશ્રી તા. ૦૬-૦૯-૨૦૧૬ ના પત્ર ક્રમાંક : કસન-૧૦૨૦૧૬-૩૭૩-બ.

## હુકમ

નં. પરવ/કસન/વશી/૩૧/૧૭.-વંચાણે લીધેલ સંદર્ભ-૧ના આ કચેરીના હુકમથી વાડીનાર એસ્સાર ઓઈલ કાં. ટર્મીનલ ઉપરથી આવતા જાહેર વિતરણ યોજના હેઠળના કેરોસીનના જથ્થાબંધ તેમજ છુટક વિતરણના ભાવો નક્કી કરવામાં આવેલ છે.

ઉક્ત વંચાણ–૨ના સરકારશ્રીના સેકશન અધિકારીશ્રી, અન્ન અને નાગરિક પુરવઠા અને ગ્રા.બા. વિભાગ, ગાંધીનગરના તા. ૦૩-૦૧-૨૦૧૭ના પત્ર ક્રમાંક : કસન-૧૦૨૦૧૬-૩૭૩-બ થી તથા Bharat Petroleum Corporation Limited નો તા. ૦૨-૦૧-૨૦૧૭ ના મેઈલ તથા ઈન્ડીયન ઓઈલ કોર્પોરેશન લી., અમદાવાદએ Ex-Mi Rates તેઓના તા. ૦૨-૦૧-૨૦૧૭ ના પત્ર ક્રમાંક : Ref: SLC/PDS-SKO/Gujarat થી પીડીએસ કેરોસીન બાબતે વિવિધ સપ્લાય પોઈન્ટના Ex-Mi Ratesમાં થયેલ ફેરફારથી પીડીએસ કેરોસીનના નવા ભાવ જાહેર કરેલ હોય તે મુજબ જિલ્લામાં કેરોસીનના ભાવ નિયત કરવા જણાવવામાં આવેલ છે. દેવભૂમિ દ્વારકા જિલ્લામાં Ex-Mi Rates રૂા. ૧૫૩૨૨/- હતાં જેમાં રૂા. ૨૫૦/- નો વધારો થઈ નવા ભાવ રૂા. ૧૫૫૭૨/- નિયત કરવામાં આવેલ છે.

સબબ, કેરોસીન (રીસ્ટ્રીકશન ઓન યુઝ એન્ડ ફિકસેશન ઓફ સેલીંગ પ્રાઈઝ) ઓર્ડર ૧૯૯૩ ની કંડીકા-૨ના સબ કલોઝ-ડી(૧) થી મળેલ સત્તાની રૂએ દેવભૂમિ દ્વારકા જિલ્લાના દરેક તાલુકા માટે જાહેર વિતરણ યોજના હેઠળ વેચાણ થતા એસ્સાર ઓઈલ કાં. લી., વાડીનાર ઉપરથી આવતા કેરોસીનના જથ્થાબંધ તથા છુટક વેચાણ ભાવ આ સાથેના પરિશિષ્ટ-૧ ની વિગતે આથી હુકમ કરવામાં આવે છે.

સદરહું નિયત ભાવથી વધુ ભાવે વેચાણ કરનાર એજન્ટ, જથ્થાબંધ કે છુટક વિક્રેતા, વાજબી ભાવના દુકાનદાર સામે ધી કેરોસીન (વપરાશ પર નિયંત્રણ અને અધિકતમ કિંમત નક્કી કરવા) બાબત હુકમ-૧૯૯૩ ની કલમ-૪(૧) સી તેમજ ગુજરાત આવશ્યક ચીજવસ્તુ (પરવાના નિયંત્રણ અને જથ્થા જાહેરાત) આદેશ-૧૯૮૧ ની કલમ-૨૨ ના ભંગ બદલ આવશ્યક ચીજવસ્તુ અધિનિયમ-૧૯૫૫ ની કલમ-૩ ના ભંગ ગણી શિક્ષાત્મક કાનુની કાર્યવાહી કરવામાં આવશે.

આ હુકમથી નિયત કરવામાં આવેલ ભાવ તા. ૦૧-૦૧-૨૦૧૭ થી અમલમાં આવશે.

## પરિશિષ્ટ-૧

**એસ્સાર ઈન્ડસ્ટ્રીઝ ઈન્સ્ટોલેશન ઉપરથી આવતા એક કિલોલીટર કેરોસીન જથ્થાબંધ તથા છુટક વેચાણ ભાવ**

**સરકારશ્રીના અન્ન અને નાગરિક પુરવઠા અને ગ્રા.બા. વિભાગ, ગાંધીનગરના**
**તા. ૦૩-૦૧-૨૦૧૭ ના પત્ર ક્રમાંક : કસન-૧૦૨૦૧૬-૩૭૩-બ અન્વયે**
**આ કચેરીના તા. ૦૩-૦૧-૨૦૧૭ ના હુકમ ક્રમાંક : નાં. પરવ/કસન/વશી/૩૧/૧૭ સાથેનું પત્રક**

| ક્રમ | તાલુકાનું નામ | એજન્ટ/જથ્થાબંધ વિક્રેતાએ વેચાણ કરવાનો એક કિલોલીટરનો ભાવ રૂા. પૈસા | છુટક વિક્રેતા/વાજબી ભાવના દુકાનદાર/ફેરિયાએ વેચાણ કરવાનો છુટક એક લીટરનો ભાવ રૂા. પૈસા |
|---|---|---|---|
| ૧ | ખંભાળીયા | ૧૭૭૫૩.૧૪ | ૧૮.૩૫ |
| ૨ | ભાણવડ | ૧૭૮૪૦.૨૬ | ૧૮.૪૫ |

| ક્રમ | તાલુકાનું નામ | એજન્ટ/જથ્થાબંધ વિક્રેતાએ વેચાણ કરવાનો એક કિલોલીટરનો ભાવ રૂા. પૈસા | છુટક વિક્રેતા/વાજબી ભાવના દુકાનદાર/ફેરિયાએ વેચાણ કરવાનો છુટક એક લીટરનો ભાવ રૂા. પૈસા |
|---|---|---|---|
| ૩ | કલ્યાણપુર | ૧૮૦૦૬.૨૦ | ૧૮.૬૦ |
| ૪ | દ્વારકા | ૧૮૨૨૧.૯૩ | ૧૮.૮૫ |

**નોંધ** :- આ હુકમથી નક્કિ કરેલ ભાવથી વધુ ભાવ લેવામાં આવવાનો કિસ્સો ધ્યાને આવશે તો સંબંધકર્તા સામે શિક્ષાત્મક કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

દેવભૂમિ દ્વારકા, ૩ માહે જાન્યુઆરી, સને ૨૦૧૭.

---

**એસ્સાર ઈન્ડસ્ટ્રીઝ લી., વાડીનાર ઈન્સ્ટોલેશન ઉપરથી આવતા એક કિલોલીટરના કેરોસીનના જથ્થાબંધ તથા છુટક વેચાણ ભાવ**

**જિલ્લો : દેવભૂમિ દ્વારકા**

| ક્રમ | વિગત | ખંભાળીયા ૪૩ કી.મી. | ભાણવડ ૧૨૧ કી.મી. | કલ્યાણપુર ૧૬૧ કી.મી. | દ્વારકા ૨૧૩ કી.મી. |
|---|---|---|---|---|---|
| 1 | રાઉન્ડ ટ્રીપ અંતર કિ.મી. (આવક-જાવક) | 43 | 121 | 161 | 213 |
| 2 | એકસ કંપની ડેપો ભાવ | 15572.00 | 15572.00 | 15572.00 | 15572.00 |
| 3 | ટ્રાન્સ ચાર્જીસ ૧૦૦ કી.મી. સુધીના એક કે.એલ. ના રૂા. ૮૧૦.૭૮ પૈસા | 810.78 | 810.78 | 810.78 | 810.78 |
| 4 | ટ્રાન્સપોર્ટ ચાર્જીસ (રૂા. ૩.૫૫ પૈસા) + ૦.૪૨ પૈસા પ્રતિ કિલી મુજબ= ૩.૯૭ પૈસા પ્રતિ કે.એલ./પ્રતિ કી.મી. ૧૦૦ કી.મી. ઉપર | 0.00 | 83.37 | 242.17 | 448.61 |
| 5 | ડોરસ્ટેપ ડીલીવરી પરીવહન દર એક કે.એલ.ના | 350.00 | 350.00 | 350.00 | 350.00 |
| 6 | ભાડાની રકમના (ક્રમ નં. ૩+૪+૫ ની રકમ) ૩૦% રકમ ઉપર ૧૫.૦૦% લેખે લેવામાં આવતો સર્વીસ ટેક્ષ | 52.24 | 55.99 | 63.13 | 72.42 |
| 7 | એજન્ટ કમીશન. કેન્દ્ર-૭૮૭.૮૨ + રાજ્ય- ૧૮૦.૩૦ (ભારત સરકારશ્રીના તા. ૨૮-૧૦-૨૦૧૬ નો પત્ર તથા સરકારશ્રીના તા. ૨૯-૧૦-૨૦૧૬ ના પત્ર ક્રમાંકઃ કસન/૧૦૨૦૧૬/જીઓઆઈ-૬-બ અન્વયે ૭૧૪.૧૮ સામે ૭૮૭.૮૨ @ ૭૩.૬૪ નો વધારો | 968.12 | 968.12 | 968.12 | 968.12 |
| 8 | જથ્થાબંધ ૧ કીલો લીટરનાં ભાવ | 17753.14 | 17840.26 | 18006.20 | 18221.93 |
| 9 | છુટક વિક્રેતા કમીશન+એક્સ્ટ્રા ચાર્જ ૫૬૩-૦૦ + ૫૪-૦૦ (સરકારશ્રીના તા. ૨૮-૭-૧૪ ના ઠરાવ ક્રમાંકઃ કસન/૧૦૨૦૧૨/એમપી/૧૧/બ મુજબ) | 617.00 | 617.00 | 617.00 | 617.00 |
| 10 | કુલ | 18370.14 | 18457.26 | 18623.20 | 18838.93 |
| 11 | ૧ લીટરનો ભાવ | 18.37 | 18.46 | 18.62 | 18.84 |
| 12 | સરકારશ્રીના તા. ૧૫-૩-૮૩ ના ઠરાવની જોગવાઈ મુજબ નજીકના પાંચ પૈસાના રાઉન્ડ ફીગર લક્ષમાં લેતા નક્કી થતા ૧ લીટરના ભાવ. | 18.35 | 18.45 | 18.60 | 18.85 |

દેવભૂમિ દ્વારકા, ૩ માહે જાન્યુઆરી, સને ૨૦૧૭.

(સહી) **અવાચ્ય,**
કલેકટર, દેવભૂમિ દ્વારકા.

---

## અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

### ગુજરાત પોલિસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૧) મુજબનું

### જાહેરનામું

નાં. મેજી/પોલ/જાહેરનામું/૩૭(૧)૦૭/૧૭.-જાન્યુઆરી-૨૦૧૭ માં કચ્છ જિલ્લામાં યોજાનાર ધાર્મિક તહેવારો તથા મેળાઓની ઉજવણી નજરે જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તેમજ કોઈ અનિચ્છનીય બનાવ બનવા ન પામે તેમજ સુલેહ શાંતી જળવાઈ રહે તે હેતુથી સાવચેતીના પગલા લેવાનું ઈષ્ટ જણાય છે.

આથી હું, ડી. આર. પટેલ, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, કચ્છ-ભુજ, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭ (૧) અન્વયે મને મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે તા. ૦૩-૦૧-૨૦૧૭ થી તા. ૩૧-૦૧-૨૦૧૭ સુધી બન્ને દિવસો સહિત નીચેની અનુસૂચિમાં જણાવેલ વિસ્તારમાં :-

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, ધોકા, છરી, બંદુક, લાકડી, લાઠી, હજામનો અસ્ત્રો, ત્રિશુલ, શારીરિક ઈજા પહોંચાડી શકાય તેવું કોઈ સાધન સાથે લઈ જવું નહીં.

(ખ) કોઈ ક્ષયકારી અથવા સ્ફોટક પદાર્થ લઈ જવું નહીં.

(ગ) પથ્થરો અથવા બીજા શસ્ત્રો અથવા તે શસ્ત્રો ફેંકવાના અથવા નાખવાના યંત્રો અથવા સાધનો લઈ જવા કે એકઠા કરવા કે તૈયાર કરાવવા નહીં.

(ઘ) કોઈ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલ લઈ જવી નહીં.

(ચ) વ્યક્તિઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પુતળાં દેખાડવાના નહીં.

(છ) લોકોએ બૂમ પાડવાની, ગીતો ગાવા તથા વાદ્ય વગાડવા નહીં.

(જ) જો છટાદાર ભાષણ આપવાથી, ચાળા પાડવાથી અથવા નકલ કરવાથી તથા ચિત્રો, નિશાનીઓ, જાહેર ખબરો અથવા બીજા કોઈ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવાથી, દેખાડવાથી અથવા તેનો ફેલાવો કરવાથી સુરૂચિ અથવા નિતીનો ભંગ થતો હોય અથવા જેનાથી રાજ્યની સલામતી જોખમાતી હોય અથવા જેને પરિણામે રાજ્ય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ આપવાની, તે ચાળા વિગેરે કરવા અથવા તે ચિત્રો, નિશાનીઓ વિગેરે તૈયાર કરવા, દેખાડવા અથવા તેનો ફેલાવો કરવો નહીં.

**આ હુકમ નીચેના વ્યક્તિઓને લાગુ પડશે નહીં.**

(ક) સરકારી નોકરી પર કામ કરતી વ્યક્તિ એટલે કે તેના ઉપરી અધિકારીએ ફરમાવ્યું હોય અથવા કોઈ હથિયાર લઈ જવાની ફરજ હોય.



(ખ) એ અથવા અધિકૃત કરેલ કોઈપણ પોલીસ અધિકારીએ જેની અશક્તિના કારણે લાકડી અથવા લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તેવી વ્યક્તિઓ.

(ગ) જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, પોલીસ અધિકારીશ્રીએ અથવા અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી અથવા સબ-ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રીએ અધિકૃત કરેલ તેવી બીજા કોઈ વ્યક્તિઓને.

**અનુસૂચિ : ''સમગ્ર કચ્છ જિલ્લાનો વિસ્તાર''**

આ જાહેરનામાનો કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને ઓછામાં ઓછી ચાર (૪) માસની અને વધુમાં વધુ એક (૧) વર્ષની કેદની સજા થશે. આ ઉપરાંત ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૧૩૫ (૧) મુજબ દંડની સજા થશે.

આ જાહેરનામા હેઠળ તપાસ કરવાનાં, જાહેરનામાનાં પાલન કરાવવનાં અને તપાસનાં અંતે ચાર્જશીટ રજુ કરવાના અધિકાર જિલ્લાનાં પોલીસ અઈધકારીશ્રીઓ તેમજ હેડ કોન્સ્ટેબલ કે તે ઉપરનાં કર્મચારીઓને રહેશે. આ જાહેરનામાની જાહેરાત પોલીસ ખાતાએ દાંડી પીટાવીને તેમજ જાહેરનામાની નકલો મુખ્ય મથકોએ ચોંટાડીને કરવી.

આજરોજ તા. ૩-૦૧-૨૦૧૭ ના રોજ મારી સહી કરી કચેરીનો સિક્કો મારી બહાર પાડ્યો.

કચ્છ-ભુજ, ૩ માહે જાન્યુઆરી, સને ૨૦૧૭.

**ડી. આર. પટેલ,**
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
કચ્છ-ભુજ.

---

## ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ કાઢેલ

### હુકમ

નં. એમએજી/સી/૬૭૪૮/૧૬.-પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢના પત્ર ક્રમાંક : એસઓજી/શોપીંગ મોલ/જાહેરનામું/ ૭૦૪/ ૧૬, તા. ૨૩-૧૨-૨૦૧૭ થી સરકારશ્રીના ગૃહ વિભાગના પરિપત્ર ક્રમાંક : વિ-૧/કવસ/૧૦૨૦૧૩/૧૯૧૫૪, તા. ૮-૧૦-૨૦૧૩થી મળેલ સુચના અન્વયે જિલ્લામાં આવેલ તમામ શોપીંગ મોલ પર સુરક્ષા જાળવવાના હેતુસર શોપીંગ મોલના એન્ટ્રી ગેટ પર, એક્ઝીટ ગેઈટ પર સી.સી.ટી.વી. કેમેરા લગાવવા, વાહનો તથા તેમાં આવતી વ્યકિતઓનું ચેકીંગ કરવા ખાનગી સીક્યુરીટી ગોઠવવા વિ. મુદ્દે વ્યવસ્થા કરવા સી.આર.પી.સી.-૧૯૭૩ની કલમ-૧૪૪ તળે જાહેરનામું પ્રસિધ્ધ કરવા અત્રેને દરખાસ્ત રજુ થયેલ છે.

લોકોની સુરક્ષા જાળવવા માટે રજુ થયેલ ઉપરોક્ત દરખાસ્ત વ્યાજબી જણાય છે. સબબ, હું, પી. વી. અંતાણી,

INDEX

જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, જુનાગઢ જિલ્લો, જુનાગઢ, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨)ની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું, જુનાગઢ જિલ્લામાં આવેલ તમામ શોપીંગ મોલના માલીકે,

(૧) શોપીંગ મોલની એન્ટ્રી ગેઈટ તથા એકઝીટ ગેઈટ અને મોલના પાછળના વિસ્તારમાં આવેલ દરેક ગેઈટ પર સી.સી.ટી.વી. કેમેરા (નાઈટ વિઝન તથા હાઈ ડેફીનેશન) વીથ રેકોર્ડીંગ સીસ્ટમ સાથેના ગોઠવી આ રેકોર્ડીંગનો ડેટા ૧૫ દિવસ સુધી રાખવો.

(૨) મોલની અંદર દાખલ થતાં તમામ પ્રકારના વાહનો તથા વાહનોમાં બેઠેલ પ્રત્યેક વ્યક્તિનું સંપુર્ણપણે ચેકીંગ કરવાની વ્યવસ્થા ઉભી કરવી.

(૩) મોલમાં આવતાં તમામ પ્રકારના માલ-સામાન (ગુડસ) નું ચેકીંગ કરવાની વ્યવસ્થા ઉભી કરી, પ્રતિબંધિત માલ સામગ્રી, સ્ફોટક પદાર્થો આવી જતાં નથી, તેની તકેદારી રાખવી.

(૪) મોલના માલીકે પોતાના ખર્ચે જુનાગઢ જિલ્લાના સીકયુરીટી એજન્સી ચલાવવા માટે લાયસન્સ ધરાવતી હોય, તેવી અધિકૃત સીકયુરીટીના તાલીમબધ્ધ સીકયુરીટી ૨૪ કલાક (રાઉન્ડ ધ કલોક) રાખવા વ્યવસ્થા કરવાની રહેશે. મોલના ચેકીંગ/સલામતી વ્યવસ્થા સ્નેફર ડોગ મારફતે ઉભી કરવાની પણ મોલના માલીકે કાયમી વ્યવસ્થા ઉભી કરવાની રહેશે.

(૫) મોલની માલીકી બદલાય તે વખતે થયેલ ફેરફારની આધાર પુરાવા સહ પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢની કચેરી, એસ.ઓ.જી. કચેરી તથા સબંધિત પોલીસ સ્ટેશનને લેખીત જાણ કરવાનું ધોરણ રાખવું.

આ હુકમની તારીખથી દિવસ-૬૦ સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર ભારતીય દંડ સંહીતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમની જાહેર જનતાને જાણ સંબંધીત કચેરીઓએ તેમના નોટિસ બોર્ડ પર, સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યા ઉપર નકલ ચોંટાડીને તથા માહિતી ખાતાએ વર્તમાનપત્રોમાં પ્રસિધ્ધી કરી કરવાની રહેશે.

આજ તારીખ : ૨૬ મી, માહે ડિસેમ્બર, સને ૨૦૧૬ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે જાહેર જનતાની જાણ તથા અમલવારી માટે આ હુકમ પ્રસિધ્ધ કરવામાં આવ્યો.

જુનાગઢ, ૨૬ માહે ડિસેમ્બર, સને ૨૦૧૬.

---

## ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ કાઢેલ

## હુકમ

ક્રમાંક : એમએજી/સી/૬૮૯૩/૨૦૧૬.-પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢના પત્ર ક્રમાંક : એસઓજી/શૈક્ષણીક સંસ્થા/સીસીટીવી/જાહેરનામું/૭૧૩/૧૬, તા. ૩૦-૧૨-૨૦૧૬ થી તાજેતરમાં જુનાગઢ જિલ્લાના વંથલી, માણાવદર તથા વિસાવદર પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલ શૈક્ષણીક સંસ્થાની ઓફીસમાંથી ફી, પગાર વિ.ની રાખેલ મોટી રોકડ રકમ તથા મુદ્દામાલની ચોરીના બનાવો બનેલ હોય, આવા ગુનાઓ બનતા અટકાવવા અને આવા ગુનાના આરોપીઓને શોધી કાઢવા માટે તેમજ ગુનેગારોની ઓળખ તાત્કાલીક મળે તે માટે અને ગુનેગારો વધુ ગુનાઓ કરતા અટકે તે માટે જિલ્લામાં આવેલ તમામ શૈક્ષણીક સંસ્થાઓ, સ્કુલો, કોલેજોના સંચાલકો, શૈક્ષણીક સ્કુલની ઓફીસ તથા તેની આજુબાજુની જગ્યાએ આવરી લેવામા આવે તે રીતે તથા એન્ટ્રી એકઝીટના રસ્તા તથા સંસ્થાના મકાનની આવક જાવકવાળી લોબીમાં સી.સી.ટી.વી. કેમેરા ૧૫ દિવસ સુધી ડેટા બેઝ જાળવી રાખે, તેવા સી.સી.ટી.વી. કેમેરાઓ મુકવા દરખાસ્ત રજુ થયેલ છે.

જુનાગઢ જિલ્લાના વિસ્તારમાં આવેલ તમામ શૈક્ષણીક સંકુલમાં આવી પ્રવૃતિ અટકાવી શકાય, શૈક્ષણીક સંકુલોમાં જાનમાલની સલામતી જળવાઈ રહે, આ પ્રકારના ગુના કરતા ગુનેગારની ઓળખ મળી રહે, તેમજ ગુન્હાના મુળ સુધી પહોંચી સાચા આરોપીને પકડી શકાય તેમજ આવા બનતા ગુન્હાઓ નિવારી શકાય તે માટે પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢ તરફથી કરાયેલ દરખાસ્ત વ્યાજબી જણાય છે.

સબબ, હું, પી. વી. અંતાણી, જી.એસ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, જુનાગઢ જિલ્લો, જુનાગઢ, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયેની જોગવાઈ મુજબ જુનાગઢ જિલ્લામાં આવેલ તમામ શૈક્ષણીક સંસ્થાઓ, સ્કુલો, કોલેજાની ઓફીસ તથા તેવી ઓફીસમાં કે જયાં વિદ્યાર્થીઓની ફી તથા સંસ્થાની રોકડ રકમ કે કીંમતી સામાન રાખવામાં આવતો હોય, તેવી ઓફીસ તથા તેની આજુબાજુની જગ્યાને આવરી લેવામાં આવે તે રીતે તથા એન્ટ્રી એકઝીટના રસ્તા તથા સંસ્થાના મકાનની આવક જાવકવાળી લોબીમાં સી.સી.ટી.વી. કેમેરા (નાઈટ વીઝન તથા હાઈડેફીનેશન વીથ રેકોર્ડીંગ સીસ્ટમ) સાથેના ૧૫ દિવસ સુધી રેકોર્ડીંગ જાળવી રાખે તેવા સી.સી.ટી.વી. કેમેરા લગાવવા તથા કેમેરા ડી.વી.આર. સીસ્ટમ અલગથી અન્ય સલામત જગ્યાએ

લોકરમાં રાખવાની ફરજીયાત વ્યવસ્થા કરવા આથી હુકમ કરવામાં આવે છે. આ હુકમની અમલવારી ચુસ્તપણે કરવાની રહેશે.

હું એવો આદેશ કરૂ છું કે, પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢ દ્વારા આ હુકમ જુનાગઢ જિલ્લામાં નિર્દિષ્ટ વિસ્તારમાં સહેલાઈથી દેખાઈ આવે તેવા સ્થળોએ તેની નકલ ચોટાડીને અને સદરહું વિસ્તારમાં ઢંઢેરો પીટાવીને, લાઉડ સ્પીકર મારફતે તેની જાહેરાત આપીને તેમજ સ્થાનીક કેબલ ઓપરેટરો મારફત તેનું પ્રસારણ કરીને પ્રસિધ્ધ કરવાનું રહેશે.

આ હુકમ તારીખથી દિવસ-૬૦ સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય દંડ સંહીતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખઃ ૦૨ માહે જાન્યુઆરી, સને-૨૦૧૭ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે જાહેર જનતાની જાણ તથા અમલવારી માટે આ હુકમ પ્રસિધ્ધ કરવામાં આવ્યો.

જુનાગઢ, ૨ માહે જાન્યુઆરી, સને ૨૦૧૭.

---

**સને-૧૯૫૧ના ગુજરાત પોલીસ અધિનિયમ આંક-૨૨ની કલમ-૩૩(૧)બી હેઠળનું**

## જાહેરનામું

નં. એમએજી/સી/ગિરનાર/સ્પર્ધા/૪/૧૭.-ગુજરાત સરકારશ્રીના યુવક સેવા સાંસ્કૃતિક પ્રવૃત્તિ અને રમત-ગમત વિભાગના ઉપક્રમે જુનાગઢ જીલ્લા વહીવટીતંત્ર દ્વારા તા.૦૮-૦૧-૨૦૧૭ના રોજ અખિલ ગુજરાત ગિરનાર આરોહણ-અવરોહણ સ્પર્ધા–૨૦૧૬-૧૭ યોજાનાર છે. આ સ્પર્ધાના કારણે ગિરનાર પર્વત ઉપર જતા યાત્રાળુઓને કારણે આ સ્પર્ધામાં ભાગ લેતા યુવક/યુવતીઓની ટુકડીઓને સ્પર્ધામાં અંતરાય કે ખલેલ ઉભી થવાની પુરેપુરી શક્યતા રહેલી હોય, એવા સંજોગોમાં ગીરનાર પર્વત ઉપર જતા યાત્રાળુઓના સંભવિત વિક્ષેપને દુર કરવા તેમજ સ્પર્ધામાં ભાગ લેતા યુવક/યુવતીઓની ટુકડીઓને સંભવિત ખલેલ નિવારવાના હેતુ માટે આ સ્પર્ધા દરમ્યાન ગિરનાર તળેટીથી અંબાજી તરફ જતા ગીરનાર પર્વતની સીડીના પગથીયા ઉપર આવવા-જવા માટેનું પ્રતિબંધ ફરમાવવા જાહેરનામું પ્રસિધ્ધ કરવા સભ્ય સચિવશ્રી, ગિરનાર આરોહણ અવરોહણ સ્પર્ધા અને જિલ્લા રમત ગમત અધિકારીશ્રી, જુનાગઢના પત્ર નં. જરગઅ/રાજ્યગીરનાર/૫૮૫૨-૫૮૫૩/૨૦૧૬, તા. ૩૦-૧૨-૨૦૧૬ ના પત્રથી દરખાસ્ત થયેલ છે.

ઉપરોકત દરખાસ્ત વ્યાજબી જણાતી હોય હું, પી. વી. અંતાણી, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, જુનાગઢ જિલ્લો, જુનાગઢ સને–૧૯૫૧ના ગુજરાત પોલીસ અધિનિયમ-આંક-૨૨ની કલમ-૩૩(૧)(બી) અન્વયે મને મળેલ સત્તાની રૂએ તા. ૦૮-૦૧-૨૦૧૭ ના રોજ ૦૦-૦૦ કલાકથી (શુન્ય કલાકથી) બપોરના ૧૨-૦૦ કલાક સુધી ગીરનાર તળેટીથી અંબાજી મંદિર તરફ જતી ગીરનાર પર્વતની સીડીના પગથીયા ઉપર સ્પર્ધકો સિવાયના અન્ય વ્યકિત/યાત્રાળુઓ ગીરનાર પર્વતની સીડીના પગથીયા દ્વારા ઉપર જવા કે નીચે ઉતરવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

આ જાહેરનામું સ્પર્ધાના અધિકૃત અધિકારીશ્રીઓ/સ્વયં સેવકોને સ્પર્ધા વ્યવસ્થામાં કાયદેસરની ફરજ બજાવનારને લાગુ પડશે નહી.

આ જાહેરનામાનો ભંગ કે ઉલ્લંઘન કરનાર સને-૧૯૫૧ના ગુજરાત પોલીસ અધિનિયમ-આંક-૨૨ની કલમ-૧૩૧માં દર્શાવેલ શિક્ષાને પાત્ર ઠરશે.

આજ જાહેરનામું આજરોજ તા. ૦૨ માહે જાન્યુઆરી, ૨૦૧૭ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી જાહેર જનતાની જાણ તથા અમલ થવા માટે પ્રસિધ્ધ કર્યુ.

જુનાગઢ, ૨ માહે જાન્યુઆરી, સને ૨૦૧૭.

---

**ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ કાઢેલ હુકમ**

## સુધારા હુકમ

નં. : એમએજી/સી/૬૬૭૪/સ્કાય લેન્ટર્ન-ચા.મા./પ્લા.દોરી/૨૦૧૭.-આ કચેરીના સરખા ક્રમાંકવાળા તા. ૧૯-૧૨-૨૦૧૭ થી પ્રસિધ્ધ કરવામાં આવેલ હુકમનાં પેરા-૩ માં ''સ્કાય લેન્ટર્ન'' (ચાઈનીઝ તુક્કલ) તેમજ ચાઈનીઝ માંઝા/પ્લાસ્ટીકની દોરીના ઉપયોગ ઉપર સંપુર્ણપણે પ્રતિબંધ ફરમાવવામાં આવે છે. તેને બદલે તે હુકમમાં, ''સ્કાય લેન્ટર્ન'' (ચાઈનીઝ તુક્કલ) તેમજ ચાઈનીઝ માંઝા, ચાઈનીઝ/પ્લાસ્ટીક/નાઈલોનની દોરીના ખરીદ, સંગ્રહ, વેંચાણ અને ઉપયોગ ઉપર સંપુર્ણપણે પ્રતિબંધ ફરમાવવામાં આવે છે તેટલો વાંચવા પુરતો આથી સુધારા હુકમ કરવામાં આવે છે.

આ કચેરીના મુળ તા. ૧૯-૧૨-૨૦૧૭ ના સરખા ક્રમાંકના હુકમની અન્ય વિગતો યથાવત રહેશે.

આજ તારીખઃ ૩૧ માહે ડિસેમ્બર-૨૦૧૬ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી બહાર પાડેલ છે.

જુનાગઢ, ૩૧ માહે ડિસેમ્બર, સને ૨૦૧૬.

---

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ કાઢેલ હુકમ

## જાહેરનામું

ક્રમાંક:એમએજી/સી/૬૮૯૪/૨૦૧૭.-પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢના પત્ર ક્રમાંક: SOG/મોબાઈલ/લે-વેચ/જાહેરનામું/૭૧૪/૧૬, તા. ૩૦-૧૨-૨૦૧૭ થી રાજ્યમાં બનતા ગુન્હાઓમાં મોબાઈલ ફોનનો ઉપયોગ થતો હોય, તેમજ મોબાઈલ ચોરીના ગુન્હાઓનું પ્રમાણ વધવા પામ્યુ હોય, આવા ગુન્હાઓ શોધી કાઢવા માટે ગુન્હામાં વપરાયેલ અથવા વપરાય ગયેલ મોબાઈલ ફોનના IMEI નંબરનું ટ્રેકીંગ કરીને ગુન્હાના મુળ સુધી પહોંચવા પ્રયત્નો કરવામાં આવે છે. ઘણી વખત મોબાઈલ ફોનના વપરાશકર્તા સુધી પહોંચવામાં આવે ત્યારે જાણવા મળે છે કે, તેમણે કોઈ અજાણ્યા માણસ પાસેથી મોબાઈલ ફોન ખરીદેલ છે. જે મોબાઈલ વેંચનાર/ખરીદનારને ચોરાયેલ અથવા ગુન્હામાં વપરાયેલ હોવાની માહિતી હોતી નથી. મોબાઈલ ટ્રેકીંગ કરી અને ગુન્હાના મુળ સુધી પહોંચવામાં આવે ત્યારે એવું જાણવા મળે કે મોબાઈલ કોઈ મને અજાણી વ્યક્તિએ આપેલ છે અને તેને હું ઓળખતો નથી. જેથી આવા ગુન્હાઓની તપાસમાં કોઈ ફળદાયક હકીકત મળે નહી. જેથી આવા ગુન્હાના મુળ સુધી પહોંચી સાચા આરોપીને શોધી કાઢવા માટે તેમજ મોબાઈલ ચોરીના ગુન્હાઓ અટકાવી શકાય અને ગુન્હાઓના મુળ સુધી પહોંચી શકાય તે માટે જુના મોબાઈલના વપરાશકારે મોબાઈલ કોની પાસેથી ખરીદયો અથવા કોને વેચ્યો તે જાણવું જરૂરી છે. જુના મોબાઈલ લે-વેચ કરનાર વેપારીએ મોબાઈલ લેતા પહેલા મોબાઈલ વેચનારનું તથા જુના મોબાઈલ લેતી વખતે મોબાઈલ ખરીદનારનું ઓળખ અંગેનું પુરૂ નામ, સરનામું નોંધવું ફરજીયાત બનાવવા તથા જુના મોબાઈલ વેચતા, ખરીદતા વેપારી દ્વારા નિયત રજીસ્ટર નિભાવવામાં આવે તો ગુન્હાના મુળ સુધી પહોંચી શકાય જેથી આવા જુના મોબાઈલ લેનાર/વેચનાર વેપારીની જવાબદારી નક્કી કરતું જાહેરનામું બહાર પાડવા પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢ તરફથી દરખાસ્ત રજુ કરાયેલ છે.

જુનાગઢ જિલ્લામાં બનતા ગુન્હાઓમાં વપરાતા મોબાઈલ ફોન તેમજ મોબાઈલ ચોરીના ગુન્હાઓમાં જુના મોબાઈલ ખરીદ/વેચાણ કરતા વેપારીઓ તરફથી આવા મોબાઈલ ખરીદતા/વેચતા વ્યક્તિની માહીતી મળી રહે તેમજ ગુન્હાના મુળ સુધી પહોંચી સાચા આરોપીને પકડી શકાય તેમજ આવા બનતા ગુન્હાઓ નિવારી શકાય તે માટે પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢ તરફથી કરાયેલ દરખાસ્ત વ્યાજબી જણાય છે.

આથી હું, પી.વી. અંતાણી, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, જુનાગઢ જિલ્લો, જુનાગઢ, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ ના નં. ૨)ની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે, જુનાગઢ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં જુના મોબાઈલ લેનાર/વેચનાર વેપારીએ કોઈપણ વ્યક્તિઓની પુરતી ખરાઈ ઓળખકાર્ડ અથવા ઓળખપત્ર વગર જુના મોબાઈલ લઈ શકશે નહીં કે વેચી શકશે નહીં તથા જુના મોબાઈલ ખરીદતી વખતે/વેચતી વખતે વેપારીઓએ નીચે મુજબના રજીસ્ટર નિભાવવાના રહેશે અને તેમાં વિગતો નોંધવાની રહેશે.

જુના મોબાઈલ ખરીદતી વખતે વેપારીએ નિભાવવાનું રજીસ્ટર :

| અ.નં. | મોબાઈલની ફોનની વિગત/કંપની | IMEI No. | મોબાઈલ વેંચનાર/ખરીદનારનું નામ, સરનામાની વિગત | ID પ્રુફની વિગત |
|---|---|---|---|---|
| | | | | |

જુના મોબાઈલ વેચતી વખતે વેપારીએ નિભાવવાનું રજીસ્ટર :

| અ.નં. | મોબાઈલ ફોનની વિગત/કંપની | IMEI No. | મોબાઈલ વેંચનાર/ખરીદનારનું નામ, સરનામાની વિગત | ID પ્રુફની વિગત |
|---|---|---|---|---|
| | | | | |

આ હુકમ તા. ૦૩-૦૧-૨૦૧૭ થી દિવસ-૬૦ સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમની જાહેર જનતાને જાણ સંબંધીત કચેરીઓએ તેમના નોટિસ બોર્ડ પર, સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યા ઉપર નકલ ચોંટાડીને તથા માહિતી ખાતાએ વર્તમાનપત્રોમાં પ્રસિધ્ધી કરી કરવાની રહેશે. ગુજરાત પોલીસ એકટની કલમ-૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજ તારીખઃ ૦૨ મી માહે જાન્યુઆરી, સને-૨૦૧૭ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે જાહેર જનતાની જાણ તથા અમલવારી માટે આ હુકમ પ્રસિધ્ધ કરવામાં આવ્યો.

જુનાગઢ, ૨ માહે જાન્યુઆરી, સને ૨૦૧૭.

---

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ કાઢેલ

## હુકમ

નં. એમએજી/સી/૬૮૯૫/૨૦૧૭.-પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢના પત્ર ક્રમાંક: ક્રાઈમ/એસ.ટી.ડી. પી.સી.ઓ./જાહેરનામું/૭૧૫/૧૬, તા. ૩૦-૧૨-૨૦૧૭ ના પત્રથી ગુજરાત રાજ્યમાં બજારમાં મોબાઈલના સીમકાર્ડ માન્ય પુરાવા તેમજ ખરીદનાર વ્યક્તિની બરાબર ચકાસણી કર્યા વગર તેમજ બોગસ દસ્તાવેજો આધારે સીમકાર્ડ મળતા હોવાનું અને સ્થાનિક એસ.ટી.ડી.પી.સી.ઓ ઉપરથી બનાવટી કોલ (ફેઈક કોલ) દ્વાર ધમકી આપવાના, ખંડણી માંગવાના, અપશબ્દો બોલવાના, મહીલાઓની જાતીય સતામણી કરવાના, ખોટી માહીતી આપવાના વગેરે કિસ્સાઓ વધી રહેલ છે. આવી ગેરકાયદેસરની પ્રવૃત્તિના કારણે નાગરીકોમાં અસુરક્ષાની ભાવના ઉભી થાય છે. જેથી આવી પ્રવૃતિ ડામવા અને જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની જાળવણીના હેતુસર સીમકાર્ડ વેંચતા વેપારીઓએ સીમકાર્ડની વિગતનું તથા એસ.ટી.ડી./પી.સી.ઓ. ધારકોએ કોલરની આઈડેન્ટીટી ચકાસવા તેમજ કોલ ડીટેઈલની નામ, સરનામાની માહીતીનું રજીસ્ટર નિભાવવા ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ લોકોને સુરક્ષા પુરી પાડવાના હેતુથી જુનાગઢ જિલ્લામાં આવેલ તમામ એસ.ટી.ડી./પી.સી.ઓ. ધારકોએ કોલરની આઈડેન્ટીટી ચકાસવા તેમજ કોલ ડીટેઈલની નામ, સરનામાની માહીતી રજીસ્ટર રાખવા અંગેનું દિન-૬૦ નું જાહેરનામું પ્રસિધ્ધ કરવા પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢ તરફથી દરખાસ્ત રજુ કરાયેલ છે.

જુનાગઢ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાય, લોકોની સલામતી જળવાઈ રહે, તેમજ બનાવટી કોલ કરનાર ગુન્હેગારો ઓળખ મળી રહે, અને આવા ગુન્હાનું પ્રમાણ ઘટે તે હેતુસર પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢ તરફથી કરાયેલ દરખાસ્ત વ્યાજબી જણાય છે.

આથી હું, પી. વી. અંતાણી, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, જુનાગઢ જિલ્લો, જુનાગઢ, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨)ની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે, જુનાગઢ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં આવેલ સીમકાર્ડ વેચતા વેપારીઓ તથા એસ.ટી.ડી./પી.સી.ઓ. ધારકોએ નીચે જણાવેલ નમુનામાં રજીસ્ટર નિભાવવાનું રહેશે. તેમજ સલામતી વિષયક બાબતો સંભાળતી પોલીસ સહીતની કોઈ એજન્સી આવા રજીસ્ટરની માંગણી કરે ત્યારે બનતી ત્વરાએ ઉપલબ્ધ કરવાનું રહેશે.

### સીમકાર્ડ વેંચતી વખતે વેપારીએ નિભાવવાનું રજીસ્ટર

| અ.નં. | સીમકાર્ડની વિગત/કંપની | સીમકાર્ડના સીરીયલ નંબર તથા મોબાઈલ નંબર | સીમકાર્ડ ખરીદનારનું નામ, સરનામાની વિગત | આઈ.ડી. પ્રુફની વિગત |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |

### એસ.ટીડી./પી.સી.ઓ ધારકોએ નિભાવવાનું રજીસ્ટર

| અ.નં. | ગ્રાહકનું નામ, સરનામું | કોલ કયાં કરેલ છે તે નંબર તથા વિગત | ગ્રાહકના આઈ.ડી. પ્રુફની વિગત/ નંબર | રિમાર્કસ |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |

આ હુકમની તારીખથી દિવસ-૬૦ સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહીતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમની જાહેર જનતાને જાણ સંબંધીત કચેરીઓએ તેમના નોટિસ બોર્ડ પર, સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યા ઉપર નકલ ચોંટાડીને તથા માહિતી ખાતાએ વર્તમાનપત્રોમાં પ્રસિધ્ધી કરી કરવાની રહેશે.

આજ તારીખ: ૦૨ મી, માહે જાન્યુઆરી, સને-૨૦૧૭ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે જાહેર જનતાની જાણ તથા અમલવારી માટે આ હુકમ પ્રસિધ્ધ કરવામાં આવ્યો.

જુનાગઢ, ૨ માહે જાન્યુઆરી, સને ૨૦૧૭.

**પી. વી. અંતાણી,**
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
જુનાગઢ જિલ્લો, જુનાગઢ.

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની
કલમ-૧૪૪ હેઠળનું

## જાહેરનામું

ક્રમાંક : જે/એમએજી/ટયુશન કલાલીસ/પ્રતિબંધ/જા.નામું/ફા.નં.૩૧/૨૦૧૫.-રાજકોટ જિલ્લા ગ્રામ્ય વિસ્તારમાં ઘણાં સ્થળોએ વહેલી સવારના ટયુશન કલાસીસ શરૂ થાય છે. આ ટયુશન કલાસીસમાં વિદ્યાર્થીઓ/વિદ્યાર્થીનીઓ અભ્યાસ કરવા જાય છે. આગાઉ સુરત શહેરમાં વહેલી સવારના શૈક્ષણિક ટયુશન કલાસમાં જતા વિદ્યાર્થીનીની એકલતાનો લાભ લઈ ગંભીર પ્રકારનો ગુન્હો બનેલ છે. રાજકોટ જિલ્લા ગ્રામ્ય વિસ્તારમાં પણ આવા પ્રકારના ગંભીર ગુન્હાઓ બનવા પામે નહીં અને શાંતિ તેમજ સલામતી જોખમાય નહીં તે હેતુસર જાહેરમાં વિદ્યાર્થીનીઓની સલામતી માટે રાજકોટ શહેર પોલીસ કમિશ્નરેટ સિવાયના રાજકોટ જિલ્લા ગ્રામ્ય વિસ્તારમાં વહેલી સવારે કલાકે ૭:૦૦ વાગ્યા પહેલા તથા સાંજના કલાક ૮:૦૦ બાદ વિદ્યાર્થીનીઓના શૈક્ષણિક ટયુશન કલાસીસ શરૂ કરવા પર પ્રતિબંધ મુકવો જરૂરી જણાય છે.

વાસ્તે, હું, હર્ષદ વોરા, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, રાજકોટ જિલ્લા, રાજકોટ, ક્રિમિનલ પ્રોસીજર કોડ-૧૯૭૩ની કલમ-૧૪૪થી મને મળેલ સત્તાની રૂએ રાજકોટ જિલ્લાના રાજકોટ પોલીસ કમિશ્નરેટ વિસ્તાર સિવાયના રાજકોટ જિલ્લા ગ્રામ્ય વિસ્તારમાં સવારના ૦૭-૦૦ કલાક પહેલા તથા સાંજના કલાક ૦૮-૦૦ કલાક બાદ વિદ્યાર્થીનીઓ (Girl Student) ના શૈક્ષણિક ટયુશન કલાસીસ ચાલુ રાખવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

**અપવાદ :**

આ પ્રતિબંધ વિદ્યાર્થીઓ (Boys Student) ને લાગુ પડતો નથી.

**સમયમર્યાદા**

આ હુકમ તા. ૦૫-૦૧-૨૦૧૭ થી તા. ૦૩-૦૩-૨૦૧૭ સુધી અમલમાં રહેશે.

**સજા**

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય દંડસંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

તમામને વ્યકિતગત રીતે આ નોટિસની બજવણી કરવી શકય ન હોય એકતરફી હુકમ કરૂં છું. આ હુકમ રાજકોટ રૂરલ જિલ્લામાં સમગ્ર વિસ્તારમાં સહેલાઈથી દેખાઈ આવે તેવા સ્થળોએ તેની નકલ ચોંટાડીને અને સદરહું વિસ્તારમાં ઢંઢેરો પીટાવીને અથવા લાઉડસ્પીકર મારફતે તેની જાહેરાત આપીને અથવા રેડીયો ઉપર તેનું પ્રસારણ કરીને પ્રસિધ્ધ કરવાનું રહેશે.

આજ તા. ૦૫, માહે જાન્યુઆરી-૨૦૧૭ ના રોજ મારી સહી તથા સીક્કા હેઠળ હુકમ કર્યો.

રાજકોટ, ૫ માહે જાન્યુઆરી, સને ૨૦૧૭.

**હર્ષદ વોરા,**
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
રાજકોટ જિલ્લા,
રાજકોટ.

## પોલીસ કમિશ્નર દ્વારા

સી.આર.પી.સી.-૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ હુકમ

## જાહેરનામુ

ક્રમાંક : એસબી./જાહેરનામુ/૪૩/૨૦૧૭.-ગુપ્તચર સંસ્થાઓના વખતો વખતના અહેવાલો તથા ભુતકાળમાં આતંકવાદીઓ દ્વારા અમદાવાદ, મોડાસા, બેંગ્લોર અને દિલ્હી શહેરોમાં શ્રેણીબધ્ધ બોમ્બ ધડાકાઓ કરી મોટી સંખ્યામાં જાનહાની તેમજ માલ-મિલ્કતોને નુકશાન કરવામાં આવેલ હતું. તેમજ અગાઉ તા. ૨૬-૧૧-૦૮ના રોજ પણ મુંબઈ શહેર ખાતે અલગ અલગ સ્થળોએ આંતકવાદી હુમલાના બનાવો બનેલ છે. તેમજ સુરત શહેર ખાતેથી બોમ્બ તથા બોમ્બ બનાવવાની સાધન-સામગ્રી મળી આવેલ છે. જે જોતાં આતંકવાદી/ત્રાસવાદી તત્વોએ પોતાના મલીન ઈરાદાને અંજામ આપવા માટે સાયકલો તથા ટુ વ્હીલર વાહનો ઉપર સ્ફોટક પદાર્થો રાખી ભીડભાડવાળી જગ્યાઓમાં આવા સાયકલો તથા ટુ વ્હીલર વાહનોમાં બોમ્બ રાખી બ્લાસ્ટ કરી આંતકવાદી/ત્રાસવાદી કૃત્યોને અંજામ આપેલ છે. જેના કારણે સાયકલો, સ્કુટરો તથા મોટર સાયકલો જેવા ટુ વ્હીલર વાહનો વેંચનારા વેપારીઓ અને ખરીદનાર વ્યકિતની ઓળખ થઈ શકે અને ત્રાસવાદી કૃત્ય આચરનાર ગુનેગારો સુધી પહોંચી શકાય તે માટે સાયકલો, સ્કુટરો તથા મોટર સાયકલો જેવા ટુ વ્હીલર વાહનો વેચનારાઓ ઉપર જાહેર વ્યવસ્થા, શાંતી, સલામતી અને દેશની સુરક્ષાના પરીપ્રેક્ષ્યમાં થોડા સુચનો અમલમાં મુકવાનું જરૂરી જણાય છે.

જેથી હું, અનુપમસિંહ ગહલૌત, (I.P.S.), પોલીસ કમિશ્નર, રાજકોટ શહેર, ગુજરાત સરકારના ગૃહ વિભાગના તા. ૮-૧૧-૮૨ના નોટીફીકેશન નંબર : જીજી/૪૨૨/સીઆરસી/૧૦૮૨/એમ તથા ગૃહ વિભાગના તા. ૭-૧-૧૯૮૯ના સંકલીત જાહેરનામા નંબર : જીજી/ફકઅ/૧૦૮૮/૬૭૫૦/મ અન્વયે ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨)ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે,

રાજકોટ શહેર પોલીસ કમિશ્નરેટ વિસ્તારમાં સાયકલ, સ્કુટર તથા મોટર સાયકલ જેવા ટુ વ્હીલર વેચનારા વેપારી અથવા તે અંગેની દુકાનો ધરાવનારા માલીકો, મેનેજરો, સંચાલકો, એજન્ટોએ જયારે જયારે આવા સાયકલ, સ્કુટર તથા મોટર સાયકલ જેવા બીજા ટુ વ્હીલર વાહનો વેચવામાં આવે ત્યારે તેઓએ નીચે મુજબની સુચનાઓનું/હુકમનું અવશ્ય પાલન કરવું.

(૧) સાયકલ, સ્કુટર અને મોટર સાયકલ જેવા બીજા ટુ વ્હીલર વાહનો ખરીદનારાને અવશ્ય બીલ આપવું અને તેની સ્થળપ્રત કબ્જામાં રાખવી.

(૨) સાયકલ, સ્કુટર તથા મોટર સાયકલ જેવા ટુ વ્હીલર વેચનારા વેપારી અથવા તે અંગેની દુકાનો ધરાવનારા

માલીકો, મેનેજરો, સંચાલકો, એજન્ટોએ જ્યારે જ્યારે સાયકલ, સ્કુટર કે મોટર સાયકલનું વેચાણ કરે ત્યારે તેણે સાયકલ સ્કુટર, કે મોટર સાયકલનું ખરીદનાર ગ્રાહકનું ડ્રાઈવિંગ લાયસન્સ, પાનકાર્ડ, ઈલેકશન કાર્ડ, રેશન કાર્ડ કે જે જગ્યાએ નોકરી કરતા હોય તો તે જગ્યાનું ઓળખપત્ર, શૈક્ષણિક સંસ્થાનું પ્રમાણપત્ર કે સ્થાનીક અગ્રણીઓ જેવા કે, મ્યુનિસિપલ કોર્પોરેટર, ધારાસભ્યશ્રી, સંસદસભ્યશ્રી, કોઈપણ ખાતાના તરફથી મેળવેલ ઓળખ પત્રક/પ્રમાણપત્ર પૈકી કોઈપણ એક પુરાવો ઓળખ માટે ગ્રાહક પાસેથી મેળવવાનો રહેશે.

(૩) વેંચાણ બીલમાં સાયકલ, સ્કુટર કે મોટર સાયકલ ખરીદનારનું પુરુ નામ, સરનામું સંપર્ક માટે ટેલીફોન/મોબાઈલ નંબર લખવો.

(૪) વેચાણ બીલમાં સાયકલ, સ્કુટર કે મોટર સાયકલ જેવા બીજા ટુ વ્હીલર વાહનનો ફ્રેમ નંબર, ચેસીસ નંબર, એન્જીન નંબર અવશ્ય લખવો.

(૫) સાયકલ, સ્કુટર અને મોટર સાયકલ જેવા બીજા ટુ વ્હીલર વાહનો વેચાણ અંગેના રેકર્ડ ચકાસણી માટે વેચાણકર્તા પાસે કોઈપણ પોલીસ અધિકારી/પોલીસ કર્મચારી તરફથી માગણી કરવામાં આવે ત્યારે ઉપર મુજબની માહીતી/રેકર્ડ ચકાસણી માટે રજુ કરવાનું રહેશે.

**અમલવારીનો સમય**

આ હુકમ તા. ૧૦-૦૧-૨૦૧૭ થી કલાક ૦૦-૦૦ થી તા. ૦૯-૦૩-૨૦૧૭ કલાક ૨૪-૦૦ સુધી અમલમાં રહેશે.

**સજા**

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહીતાની કલમ-૧૮૮ મુજબ સજાને પાત્ર થશે.

તમામને વ્યક્તિગત રીતે આ નોટિસની બજવણી કરવી શક્ય ન હોય આથી એકતરફી હુકમ કરૂં છું. જાહેર જનતાની જાણ સારૂ સ્થાનીક વર્તમાનપત્ર, આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર મારફતે પ્રસિધ્ધી દ્વારા તથા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેકટર, મદદનીશ પોલીસ કમિશ્નર, નાયબ પોલીસ કમિશ્નર તથા પોલીસ કમિશ્નર કચેરીના નોટિસ બોર્ડ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધી કરવામાં આવશે. તેમજ સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધી કરવામાં આવશે. ગુજરાત પોલીસ એક્ટ કલમ-૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજ તારીખ : ૦૪ માહે ૦૧-૨૦૧૭ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

રાજકોટ, ૪ માહે જાન્યુઆરી, સને ૨૦૧૭.

---

**સી.આર.પી.સી. ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ હુકમ**

**જાહેરનામુ**

ક્રમાંક : એસબી/જાહેરનામુ/૪૬/૨૦૧૭.-ભુતકાળમાં રાજકોટ શહેરમાં હોસ્ટેલમાં રહી અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ તથા વિદ્યાર્થીનીઓના આપઘાતના બનાવો બનવા પામેલ હતા. રાજકોટ શહેર વાલી મંડળોના પ્રતિનિધિઓ તથા સ્વૈચ્છિક સંસ્થાઓ તરફથી આ પ્રકારની ઘટનાઓ બનવા સંદર્ભેના કારણો અને તે રોકવા માટેના તકેદારીના પગલાઓ લેવા રજૂઆતો કરવામાં આવેલ છે. હોસ્ટેલમાં રહેતા વિદ્યાથીઓ/વિદ્યાર્થીનીઓને બહારના તત્ત્વો દ્વારા પરેશાની થતી અટકે અને હોસ્ટેલમાં રહી સાનુકૂળ વાતાવરણમાં અભ્યાસ કરે તે માટે તકેદારીના ભાગરૂપે અને જાહેર હિતમાં સંરક્ષણાત્મક પગલા લેવા અમોને યોગ્ય જણાતું હોય સમગ્ર રાજકોટ શહેર વિસ્તારમાં આવેલ સરકારી, અર્ધ સરકારી, ટ્રસ્ટ તથા ખાનગી ધોરણે સંચાલન કરવામાં આવતી ગર્લ્સ તથા બોયઝ હોસ્ટેલના માલિકો/સંચાલકોએ પર જાહેર વ્યવસ્થા, શાંતી, સલામતિ અને સુરક્ષાના પરિપ્રેક્ષ્યમાં થોડા સુચનો અમલમાં મુકવાનું જરૂરી જણાય છે.

વાસ્તે હું, અનુપમ સિંહ ગહલૌત, (I.P.S.), પોલીસ કમિશ્નર, રાજકોટ શહેર, ગુજરાત સરકારના ગૃહ વિભાગના તા. ૮-૧૧-૧૯૮૨ના નોટીફિકેશન નંબર : જીજી/૪૨૨/સીઆરસી ૧૦૮૨/એમ, તથા ગૃહ વિભાગના તા. ૭-૧-૧૯૮૯ના સંકલીત જાહેરનામાં નં. જીજી/ફકઅ/૧૦૮૮/૬૭૫૦/મ અન્વયે ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ના નં.-૨)ની કલમ-૧૧૪ અન્વયે મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે,

(૧) વિદ્યાર્થીઓ તેમજ વિદ્યાર્થીનીઓને રહેવા કે રહેવા અને જમવાની સુવિધા પુરી પાડતી રેસીડન્ટ હોસ્ટેલ જેમાં સરકારી, અર્ધ સરકારી, ટ્રસ્ટ સંચાલિત તથા ખાનગી ધોરણે સંચાલિત નિવાસી શાળાઓ/રેસીડન્ટ હોસ્ટેલના સંચાલકોએ હોસ્ટેલના પ્રવેશ તથા બહાર નીકળવાના મુખ્ય દરવાજા, રસ્તા, ડાઈનીંગ હોલ, લોબી, કાર્યાલય, રમતગમતનું મેદાન વગેરે સમગ્ર વિસ્તાર આવરી લેવાય તે રીતે નાઈટ વીઝન સી.સી. ટી.વી. કેમેરા ગોઠવવાના રહેશે અને આ સી.સી.ટી.વી. કેમેરાનું ફુટેજ (બેક-અપ) ૩૦ દિવસ સુધી જાળવવાનું રહેશે.

(૨) આ પ્રકારના નાઈટ વિઝનવાળા સી.સી.ટી.વી. કેમેરા આ જાહેરનામાંની પ્રસિધ્ધિની તારીખથી ૧૦ (દસ) દિવસમાં લગાવવાના રહેશે.

(૩) રેસીડન્ટ હોસ્ટેલમાં પ્રવેશ કરનાર તથા બહાર નીકળનાર (હોસ્ટેલમાં રહેનાર તથા નોકરી કરનાર તથા હોસ્ટેલના મેનેજરશ્રી સહિત) તમામ વ્યકિતઓની હોસ્ટેલમાં પ્રવેશ તથા બહાર નીકળવાની વિગતો જાળવતું રજીસ્ટર નિભાવવું તથા આ રજીસ્ટર એક વર્ષ સુધી જાળવવું.

(૪) ઉપરોકત ક્રમાંક-૧ મુજબ સી.સી.ટી.વી. કેમેરાનું બેકઅપ તથા ક્રમાંક-૩ મુજબ જાળવવામાં આવેલ રજીસ્ટર પોલીસ

અધિકારી, મહેસુલી અધિકારી, એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટશ્રી તેમજ શિક્ષણ વિભાગના અધિકારી માગે ત્યારે તાત્કાલીક અસલ રેકોર્ડ કે તેની નકલો રજુ કરવાની રહેશે.

**અમલવારીનો સમય**

આ હુકમ તા. ૧૫-૦૧-૨૦૧૭ ના કલાક ૦૦-૦૦ થી તા. ૧૪-૦૩-૨૦૧૭ ના કલાક ૨૪-૦૦ સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

તમામને વ્યક્તિગત રીતે આ નોટિસની બજવણી કરવી શક્ય ન હોય આથી એકતરફી હુકમ કરૂં છું. જાહેર જનતાની જાણ સારૂ સ્થાનીક વર્તમાનપત્ર, આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર મારફતે પ્રસિધ્ધી દ્વારા સારુ પોલીસ સ્ટેશનના નોટિસ બોર્ડ ઉપર તથા પોલીસ ઈન્સ્પેકટર, મદદનીશ પોલીસ કમિશ્નર, નાયબ પોલીસ કમિશ્નર તથા પોલીસ કમિશ્નર કચેરીના નોટિસ બોર્ડ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધી કરવામાં આવશે. તેમજ સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધી કરવામાં આવશે. ગુજરાત પોલીસ એક્ટ કલમ-૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજ તારીખ : ૦૪ માહે ૦૧-૨૦૧૭ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

રાજકોટ, ૪ માહે જાન્યુઆરી, સને ૨૦૧૭.

---

**સી.આર.પી.સી. ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ હુકમ**

## જાહેરનામુ

ક્રમાંક : એસ.બી./જાહેરનામુ/૪૨/૨૦૧૭.-ભુતકાળમાં ગુજરાત રાજ્યમાં અમદાવાદ, મોડાસા શહેર તેમજ બેંગ્લોર અને દિલ્હી શહેરમાં આંતકવાદી સંગઠનો દ્વારા શ્રેણીબધ્ધ બોમ્બ વિસ્ફોટો કરવામાં આવેલ છે. જે તમામ બનાવોને જોતા જાહેર જગ્યાઓ ઉપર બોમ્બ વિસ્ફોટ કરવા માટે ખાસ કરીને સાયકલ તથા ટુ વ્હીલર ઉપર ટીફીન બોક્ષ તથા અન્ય સામાનમાં વિસ્ફોટક સામગ્રી રાખી બોમ્બ ધડાકા કરવામાં આવેલ છે. આવા બોમ્બ વિસ્ફોટો જ્યાં લોકોની વધુ સંખ્યામાં અવરજવર હોય અને ભેગા થતા હોય તેવી ભીડભાડવાળી જગ્યાએ કરવામાં આવેલ છે. જે બનાવોને ધ્યાને લેતા રાજકોટ શહેરની જનતાએ પણ સુરક્ષાની રીતે આવી જાહેર જગ્યાઓ ઉપર ટીફીન બોક્ષ અગર અન્ય કોઈ સામાન સાથે સાયકલ તથા ટુ વ્હીલર કોઈપણ વ્યકિતની દેખરેખ સીવાય જાહેર જગ્યાએ મુકવુ હિતાવહ નથી. જેથી આવા આંતકવાદીઓના હિંસાત્મક કૃત્યોને રોકવા માટે નીચેના કૃત્યો ઉપર પ્રતિબંધ મુકવો મને જરૂરી જણાય છે.

જેથી હું, અનુપમ સિંહ ગહલૌત, (I.P.S.), પોલીસ કમિશ્નર, રાજકોટ શહેર, ગુજરાત સરકારના ગૃહ વિભાગના તા. ૮-૧૧-૮૨ના નોટીફીકેશન નંબરઃ જીજી/૪૨૨/સીઆરસી/૧૦૮૨/એમ તથા ગૃહ વિભાગના તા. ૭-૧-૧૯૮૯ ના સંકલીત જાહેરનામા નંબરઃ જીજી/ફકઅ/૧૦૮૮/૬૭૫૦/મ, અન્વયે ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે,

**પ્રતિબંધિત કૃત્યો :**

(૧) ટીફીન બોક્સ કે અન્ય કોઈ સામાન સાથેના સાયકલ તથા ટુ વ્હીલર વાહનો જાહેર રસ્તા/રોડ તથા ફુટપાથ ઉપર કોઈ વ્યક્તિની દેખરેખ સીવાય (નધણીયાતી રીતે) બીનવારસી મુકવા ઉપર.

**પ્રતિબંધિત વિસ્તાર :**

રાજકોટ શહેર પોલીસ કમિશ્નરની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

**પ્રતિબંધિત સમય :**

આ હુકમ તા. ૧૦-૦૧-૨૦૧૭ થી કલાક ૦૦-૦૦ થી તા. ૦૯-૦૩-૨૦૧૭ કલાક ૨૪-૦૦ સુધી અમલમાં રહેશે.

**સજા :**

ઉપરોક્ત પ્રતિબંધિત કૃત્ય મુજબ ટીફીન બોક્સ કે અન્ય કોઈ સામાન સાથેના સાયકલ તથા ટુ વ્હીલર વાહનો જાહેર જગ્યા/રસ્તા તથા ફુટપાથ ઉપર કોઈ વ્યક્તિની દેખરેખ સીવાય (નધણીયાતી રીતે) બીનવારસી હાલતમાં મળી આવશે તો તે સાયકલ, ટુ વ્હીલર તથા ટીફીન બોક્સ કે અન્ય કોઈ સામાન પોલીસ તપાસ અર્થે કબ્જે લઈ શકશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહીતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

તમામને વ્યક્તિગત રીતે આ નોટિસની બજવણી કરવી શક્ય ન હોય આથી એકતરફી હુકમ કરૂં છું. જાહેર જનતાની જાણ સારૂ સ્થાનીક વર્તમાનપત્ર, આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર મારફતે પ્રસિધ્ધી દ્વારા તથા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેકટર, મદદનીશ પોલીસ કમિશ્નર, નાયબ પોલીસ કમિશ્નર તથા પોલીસ કમિશ્નર કચેરીના નોટિસ બોર્ડ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધી કરવામાં આવશે. તેમજ સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધી કરવામાં આવશે. ગુજરાત પોલીસ એક્ટ કલમ-૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજ તારીખઃ ૦૪ માહે ૦૧-૨૦૧૭ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

રાજકોટ, ૪ માહે જાન્યુઆરી, સને ૨૦૧૭.

---

## જાહેરનામુ

ક્રમાંક : એસબી/જાહેરનામુ/૧૪/૪૪/૨૦૧૭.-તાજેતરની ત્રાસવાદી તેમજ રાષ્ટ્ર વિરોધી અને ગુન્હાહીત પ્રવૃતિઓ નિયંત્રણમાં મુકી શકાય અને કોઈ ગુન્હો બને તો ગુન્હેગારોના મુળ સુધી પહોંચી યોગ્ય નશ્યત કરી શકાય તે માટે શકમંદોની હીલચાલ ઉપર નજર રાખી શકાય તે હેતુસર રાજકોટ શહેર પોલીસ કમિશ્નરના અધિકાર ક્ષેત્ર હેઠળ આવેલ તમામ નિવાસી હોટલો/ગેસ્ટ હાઉસ/બોર્ડીંગ હાઉસમાં ગ્રાહકો કે પ્રવાસીઓ રાત્રી રોકાણ કરે ત્યારે નિવાસી હોટલો/ગેસ્ટ હાઉસ/બોર્ડીંગ હાઉસના માલીકો/સંચાલકોને હું, અનુપમ સિંહ ગહલૌત, (I.P.S.), પોલીસ કમિશ્નર, રાજકોટ શહેર, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩ (૧) ડબલ્યુ હેઠળ મળેલ સત્તાની રૂએ નીચે મુજબના કૃત્યોની અમલવારી કરવા ફરમાવું છું.

કૃત્યો :-

(૧) નિવાસી હોટલો/ગેસ્ટ હાઉસ/બોર્ડીંગ હાઉસમાં રોકાણ કરનાર પ્રવાસી/યાત્રીક તેમજ તેઓની સાથેના તમામ વ્યક્તિઓના પુરા નામ, રહેઠાણનું કાયમી સરનામું, ઉંમર, ફોન નંબર, મોબાઈલ નંબર, રજીસ્ટરમાં લખવાના રહેશે તથા યાત્રીક/પ્રવાશી શિક્ષીત હોય તો રજીસ્ટરમાં નોંધ યાત્રીકો/પ્રવાસીઓના હસ્તાક્ષરમાં કરાવવાની રહેશે. આ રજીસ્ટરમાં ઉત્તારાની નકલ બીજા દિવસે સવારે કલાક ૧૧-૦૦ સુધીમાં સબંધીત પોલીસ સબંધીત પોલીસ સ્ટેશનને મોકલી આપવાની રહેશે.

(૨) નિવાસી હોટલો/ગેસ્ટ હાઉસ/બોર્ડીંગ હાઉસમાં એકથી વધારે પ્રવાસીઓ/યાત્રકો એકજ કુટુંબના સભ્યો હોય તો તે કુટુંબમાં સમાવિષ્ટ પૈકી કોઈપણ એક પુખ્તવયના યાત્રીક/પ્રવાસીનું ફોટોગ્રાફ સાથેનું ચુંટણી કાર્ડ/ડ્રાઈવીંગ લાયસન્સ/પાન કાર્ડ/આધાર કાર્ડ કે કોઈપણ સરકારી એજન્સીએ આપેલ હોય તેવા ફોટો ઓળખાર્ડની નકલ મેળવવાની રહેશે અને જો એકથી વધારે પ્રવાસીઓ/યાત્રીકોના જુથમાં આવેલ હોય અને દરેક વ્યકિત કોઈ આંતરીક સબંધ ધરાવતાં ન હોય ફકત જુથમાં જ આવેલ હોય તો દરેક વ્યકિતનું ફોટોગ્રાફ સાથેનું ચુંટણી કાર્ડ/ડ્રાઈવીંગ લાયસન્સ/પાન કાર્ડ/આધારકાર્ડ કે કોઈપણ સરકારી એજન્સીએ આપેલ હોય તેવા ફોટો ઓળખકાર્ડની નકલ મેળવવાની રહેશે અને તેની વિગતો હોટલ/ગેસ્ટ હાઉસમાં રજીસ્ટરમાં લખવાની રહેશે.

(૩) નિવાસી હોટલો/ગેસ્ટ હાઉસ/બોર્ડીંગ હાઉસમાં કલાકથી બે કલાક જેટલા ટુંકા ગાળા માટે તેમજ વિનામુલ્યે રોકાણની સુવિધા પુરી પાડવામાં આવે તો પણ રોકાણ કરનાર ગ્રાહકોની વિગતો સંપુર્ણ મેળવ્યા બાદ જ ઉત્તારો આપવાનો રહેશે. તેમજ હોટલ/ગેસ્ટ હાઉસ/બોર્ડીંગ હાઉસમાં બિનઅધિકૃત રીતે ઉતારો આપશે તો જાહેરનામા ભંગ બદલ કાર્યવાહી કરવામાં આવશે.

(૪) યાત્રીક/પ્રવાસીએ રજુ કરેલ તેમના ફોટા ઓળખકાર્ડની ઝેરોક્ષ નકલ નિવાસી હોટલો/ગેસ્ટ હાઉસ/બોર્ડીંગ હાઉસના માલીક/સંચાલકે મેળવી ઓછામાં ઓછા ૬ માસ સુધી રેકોર્ડમાં જાળવાની રહેશે. જો કોઈ કેસમાં તપાસનીશ એજન્સી તરફથી આવું રેકર્ડ વધારે સમય માટે જાળવવામાં આવે તો સબંધીત એજન્સી જણાવે ત્યાં સુધી જાળવવાનું રહેશે.

(૫) નિવાસી હોટલો/ગેસ્ટ હાઉસ/બોર્ડીંગ હાઉસના માલકિ/સંચાલકશ્રીએ નિવાસી હોટલો/ગેસ્ટ હાઉસ/બોર્ડીંગ હાઉસમાં ઉતરનાર વિદેશી નાગરીકોની વિગતો ઓળખકાર્ડના પુરાવા સાથે દર માસની ૧૫મી તારીખ અંતિત માહીતી દર માસની ૧૭મી તારીખ સુધીમાં અને બાકીના ૧૫ દિવસ એટલે કે તા. ૩૦ની અંતિત માહિતી બીજા માસની બીજી તારીખ સુધીમાં સબંધિત પોલીસ સ્ટેશનને મોકલી આપવાની રહેશે. સંબંધીત પોલીસ સ્ટેશનને આવી માહિતી એકત્ર કરી દર માસની ૦૫ મી તારીખ સુધામાં અત્રેની પાસપોર્ટ શાખામાં મોકલી આપવાની રહેશે.

(૬) નિવાસી હોટલો/ગેસ્ટ હાઉસ/બોર્ડીંગ હાઉસમાં પ્રવેશનાર તથા રોકાણ કરનારની પ્રવેશ કરતાં અને જતી વખતે ફિલ્મ ઉતારી શકે તે રીતેના નિવાસી હોટલ/ગેસ્ટ હાઉસ/બાર્ડીંગ હાઉસમાં સી.સી.ટી.વી. કેમેરા શકય તેટલા ફીટ કરવાના રહેશે તથા તેનું રેકોર્ડીંગ એક માસ સુધી જાળવવાનું રહેશે અને તપાસનીશ એજન્સી માંગે ત્યારે રેકોર્ડીંગની કોપી વિના વિલંબે પુરી પાડવાની રહેશે.

(૭) નિવાસી હોટલો/ગેસ્ટ હાઉસ/બોર્ડીંગ હાઉસમાં આવતા ગ્રાહકો જે વાહનમાં આવે તે વાહનનો રજીસ્ટ્રેશન નંબર અને મેઈક પણ લખવા તેમજ પબ્લીક ટ્રાન્સપોર્ટમાં આવેલ હોય તો તે મુજબ રજીસ્ટરમાં નોંધ કરવી.

આ જાહેરનામું તા. ૧૫-૦૧-૨૦૧૭થી તા. ૧૪-૦૩-૨૦૧૭ સુધી અમલમાં રહેશે.

તમામને વ્યક્તિગત રીતે નોટિસની બજવણી શક્ય ન હોઈ આથી એકતરફી હુકમ કરૂં છું. જાહેર જનતાની જાણ સારૂ સ્થાનિક વર્તમાનપત્ર, આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર મારફતે પ્રસિધ્ધ દ્વારા તથા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેકટર, મદદનીશ પોલીસ કમિશ્નર, નાયબ પોલીસ કમિશ્નર તથા પોલીસ કમિશ્નર કચેરીના નોટિસ બોર્ડ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધ કરવામાં આવશે. તેમજ સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધ કરવામાં આવશે. ગુજરાત પોલીસ એકટ કલમ-૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આ જાહેરનામાનો ભંગ કરનાર ગુજરાત પોલીસ અધિનિયમ કલમ ૧૩૧ અને આઈ.પી.સી. કલમ-૧૮૮ નીચે બીન જામીન લાયક ગુના હેઠળ શિક્ષાને પાત્ર રહેશે.

આજ તારીખઃ ૦૪-૦૧-૨૦૧૭ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

રાજકોટ, ૪ માહે જાન્યુઆરી, સને ૨૦૧૭.

---

**ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયેનું**

## જાહેરનામું

ક્રમાંક : એસબી/જાહેરનામું/૪૭/૨૦૧૭.-આતંકવાદીઓ તરફથી આતંકવાદી ઘટનાઓને અંજામ આપવા તથા ખુન/ધાડ/લુંટ જેવા જઘન્ય અપરાધ આચરવા માટે, ગુન્હો કરતા પહેલા કે આંતકવાદી કૃત્યને અંજામ આપતા પહેલા એકત્ર થવા અને આંતકવાદી કૃત્યને અંજામ આપ્યા બાદ ફરાર થઈ જવા માટે અને ગુન્હેગારો સાથે સંપર્ક જાળવી રાખવામાં સંદેશા વ્યવહાર માટે પોતાની પાસે વ્યકિતગત ફોન હવા છતાં ટેલીફોન કોઈન બોક્ષ તેમજ પબ્લીક S.T.D. P.C.O. બુથ પરથી કોલ કરવા માટે ઉપયોગ કરે છે. લેન્ડ લાઈન તથા મોબાઈલ વ્યકિતગત ધોરણે સુવીધા ધરાવતાં હોવા છતાં ગુન્હો આચરવા માટે જ કોઈન કનેકશન બોક્ષ ટેલીફોન કે S.T.D. P.C.O. નો ઉપયોગ કરી ખુન, અપહરણ, લુંટ જેવા ગંભીર અપરાધો અને આતંકવાદી કૃત્યો આચરી કાયદાની પહોંચથી દુર રહી ગુન્હો આચર્યે રાખે છે અને જાહેર સલામતિ અને શાંતી જોખમાય છે અને જાહેર જનતાના જાનમાલની ખુવારી થાય છે.

વિશેષમાં આજ પ્રકારના કોઈન બોક્ષ અને S.T.D./I.S.D. P.C.O. સુવીધા ધરાવતાં પબ્લીક બુથ પરથી અફવાઓ ફેલાવવા ખોટા કોલ (Hoax Colls) કરી ભીડ-ભાડવાળી જગ્યાઓએ જેવી કે રેલ્વે સ્ટેશન, બસ સ્ટેન્ડ, ધાર્મીક સ્થળો, મોલ, મલ્ટીપ્લેક્ષ, જાહેર સરકારી ઓફીસો, એકમો, બેંકો વિગેરે જ્યાં જાહેર જનતા મોટા પ્રમાણમાં અવરજવર થતી હોય તેવી જગ્યાએ બોમ્બ મુકયાની ખોટી માહિતી આપી જાહેર જનતામાં ભય અને અસલામતિની લાગણી ઊભી કરી ઘણીવાર આવા હોકસ કોલ્સને લીધે સ્ટેમ્પેડ (ભાગદોડ) થવાની અને મોટી જાનહાની થવાની શકયતા નકારી શકાતી નથી. આ ઉપરાંત આવા S.T.D./I.S.D. P.C.O. અને કોઈન બોક્ષ પરથી કોલર (ફોન કરનાર વ્યકિત)ની ઓળખ છુપાવી શકાતી હોય સભ્ય સમાજના સ્ત્રી-પુરૂષ તથા યુવતીઓને પણ અરૂચીકર કોલ કરી ત્રાસ આપી કાયદાની પહોંચથી દુર રહેવામાં સફળ થાય છે. આવા કિસ્સાઓ મુખ્યત્વે કોઈન બોક્ષ અને S.T.D./I.S.D. P.C.O. પર (કોલ કરનાર) કોલરની ઓળખ માટે કોઈ વ્યવસ્થા ન હોવાને કારણે બનતા હોવાનું જણાઈ આવેલ છે. આવા હોકસ કોલની તપાસ કોઈન બોક્ષ કે S.T.D./I.S.D. P.C.O. સુધી જઈને અટકી જતી હોય છે અને ગુન્હેગારો આવા કૃત્યો નિરંતર ચાલુ રાખી લોકોમાં ભય અને અસલામતિની ભાવના ઉત્પન કરે છે.

જેથી આવી ગેરકાયદેસર પ્રવૃતિને અંજામ આપનારા ઈસમો અને અસામાજીક તત્વો તરફથી માનવ જીંદગીની ખુવારી તથા જાહેર માલ-મિલ્કતને મોટું નુકશાન થતું અટકાવવા તકેદારીના પગલારૂપે S.T.D./I.S.D. P.C.O. તથા કોઈન બોક્ષ ધારકો તથા સર્વીસ પ્રોવાઈડરો ઉપર કેટલાંક નિયંત્રણો મુકવાનું ઈસ્ટ જણાય છે.

### હુકમ

વાસ્તે હું અનુપમ સિંહ ગહલૌત, (I.P.S.) પોલીસ કમિશ્નર, રાજકોટ શહેર, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ ૧૯૭૩ની કલમ ૧૪૪ અન્વયે મળેલ સત્તાની રૂએ કોઈન કલેકશન બોક્ષ STD,/ I.S.D. P.C.O. ધારકો તથા સર્વીસ પ્રોવાઈડર્સ (૧) ભારત સંચાર નિગમ લી. (૨) રીલાયન્સ કોમ્યુનીકેશન લી. (૩) ભારતી એરટેલ લી., (૪) ટાટા ટેલી સર્વીસ લી., (૫) આઈડીયા સેલ્યુલર લીમીટેડ (૬) વોડાફોન (૭) એરસેલ (૮) વીડીયોકોન (૯) યુનીનોર જેવી સેલ્યુલર કંપનીઓ તથા અન્ય કોઈપણ સેલ્યુલર કંપની ફેંન્ચાઈઝીથી S.T.D./I.S.D. P.C.O. અને COIN BOXની સુવીધા પુરી પાડતી હોય તે કંપનીઓ તરફથી કોઈન બોક્ષ S.T.D./ I.S.D. P.C.O. ઉપર ફોન કરવા આવનાર વ્યકિતની (કોલરની) ઓળખ પ્રસ્થાપિત થાય તે માટે નીચે મુજબની વ્યવસ્થા કરવાની રહેશે.

(૧) S.T.D./I.S.D. P.C.O. ધારકે તથા ફેન્ચાઈસી હોલ્ડરે કોલર વ્યકિતનું રજીસ્ટર નીભાવવાનું રહેશે. જેમાં કોલરનું નામ, સરનામું અને મોબાઈલ નંબર લખવાનો રહેશે અને તેણે કરેલ કોલના નંબર લખવાના રહેશે.

(૨) કોલર વ્યકિતના ફોટો, આઈ.ડી. પ્રુફ જેવા કે ડ્રાઈવીંગ લાયસન્સ, પાન કાર્ડ, ચૂંટણી કાર્ડ, પાસપોર્ટ લઈને વેરીફાઈ કરીને કોલરનું નામ, રજીસ્ટરે નોંધ કર્યા બાદ જ કોલ કરવા દેવાનો રહેશે અને આ રજીસ્ટર એક વર્ષ સુધી સાચવી રાખવાનું રહેશે અને તપાસનાં કામે પોલીસ તરફથી માંગવામાં આવેથી ઉપલબ્ધ કરવાનું રહેશે.

(૩) સર્વીસ, પ્રોવાઈડર્સએ S.T.D./I.S.D. P.C.O. બુથ અને કોઈન બોક્ષ પર કોલ કરનાર વ્યકિતનો ચહેરો CCTV વેબકેમેરાથી સ્પષ્ટપણે સંપૂર્ણ કવરેજ થાય તે માટે નાઈટ વિઝન તથા હાઈ રીઝોલ્યુશનવાળા CCTV વેબ કેમેરાની સગવડ ઉપલબ્ધ કરવાની રહેશે અને CCTV વેબ ફુટેજ એક માસ સુધી જાળવી રાખવાનું રહેશે.

### અમલવારીનો સમય

આ હુકમ તા. ૨૧-૦૧-૨૦૧૭ ના કલાક ૦૦-૦૦ થી તા. ૨૦-૦૩-૨૦૧૭ ના કલાક ૨૪-૦૦ સુધી અમલમાં રહેશે.

### અમલવારીનો વિસ્તાર

રાજકોટ શહેર પોલીસ કમિશ્નરની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

### સજા

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ફોજદારી અધિનિયમ-૧૮૬૦ની કલમ ૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર છે.

તમામને વ્યક્તિગત રીતે નોટિસની બજવણી શક્ય ન હોઈ આથી એકતરફી હુકમ કરૂં છું. જાહેર જનતાની જાણ સારૂં સ્થાનિક વર્તમાનપત્ર, આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર મારફતે પ્રસિધ્ધ દ્વારા તથા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેકટર, મદદનીશ પોલીસ કમિશ્નર, નાયબ પોલીસ કમિશ્નર તથા પોલીસ કમિશ્નર કચેરીના નોટિસ બોર્ડ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધ કરવામાં આવશે. તેમજ સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધ કરવામાં આવશે. ગુજરાત પોલીસ એકટ કલમ-૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજ તારીખ ૦૪-૦૧-૨૦૧૭ ના રોજ મારી સહી અને સીકકો કરી આપેલ છે.

રાજકોટ, ૪ માહે જાન્યુઆરી, સને ૨૦૧૭.

---

## જાહેરનામું

ક્રમાંક:રાજ/સીપી/એલબી-૨/ટ્રાફીક/જા.ના./૧૭/ ૨૦૧૭.-રાજકોટ શહેરમાં આવેલ રેસકોર્ષ ફરતેનો રીંગ રોડ એ શહેરની વચ્ચો વચ્ચ મધ્યભાગે આવેલ ફોર ટ્રેક રોડ છે. આ રોડ વહેલી સવારના હજારોની સંખ્યામાં રાજકોટ શહેરના તમામ વર્ગના નાગરીકો ચાલવા (મોર્નીંગ વોક) માટે સવારના લગભગ કલાક ૫-૩૦ થી કલાક ૭-૩૦ વાગ્યાના સમયે નીકળે છે. સામાન્ય રીતે જોવામાં આવે તો આવી રીતે સવારના મોર્નીંગ વોક માટે ચાલનારાઓની સંખ્યામાં ઉત્તરોત્તર વધારો થતો જાય છે. જે સંજોગે આ પ્રકારે પગે ચાલનારા નાગરીકો સાથે વાહનચાલકો દ્વારા અકસ્માત થવાની પુરેપુરી શક્યતાઓ રહેલી છે. વધુમાં નાગરીકો સવારના મોર્નીંગ વોક માટે નીકળે છે તે વર્ગ શારિરીક કસરત અને માનસીક શાંતિ મેળવવા માટે સવારના ભાગે ચાલવા નીકળતા હોય છે. જે સંજોગોમાં તે જ રોડ પર વાહન વ્યવહાર ટ્રાફિક ચાલુ હોય તો સ્વાભાવિક રીતે તેઓ નિશ્ચિતપણે સલામત રીતે ચાલી શકતા નથી. તેમજ આ રીંગ રોડ ઉપર વાહનોના ધુમાડા દ્વારા ફેલાતા પ્રદુષણનો ભોગ બનતા હોય છે જેના કારણે આ નાગરીકો તરફથી આ બાબતે અકસ્માતની સંભાવનાઓ ઘટે તેમજ પ્રદુષણમાં પણ ઘટાડો થાય તે માટે યોગ્ય પગલા ભરવા અવાર-નવાર રજુઆત કરવામાં આવે છે.

૨/- રાજકોટ શહેરમાં રેસકોર્ષ ફરતે સવારના ભાગે પગે ચાલી મોર્નીંગ વોક માટે નીકળતા નાગરીકો સલામતી અનુભવે અને પ્રદુષણનો ભોગ ન બને તે માટે રેસકોર્ષ ફરતેનો રીંગ રોડ તમામ પ્રકારના વાહનો માટે એકમાર્ગીય (વન-વે) જાહેર કરવાની આવશ્યકતા જણાય છે.

### હુકમ

૩/-આથી હું, અનુપમ સિંહ ગહલૌત, પોલીસ કમિશ્નર, રાજકોટ શહેર, રાજકોટ, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧) બી અને સી થી મને મળેલ સત્તાની રૂએ નીચે જણાવેલ રસ્તોઓને તેમાં જણાવેલ વિગતે તમામ પ્રકારના વાહનો માટે તા. ૦૧-૦૧-૨૦૧૭ થી ૨૮-૦૨-૨૦૧૭ સુધી એક માર્ગીય (વન-વે) જાહેર કરવા હુકમ કરૂં છું. આ હુકમ સવારના કલાક ૦૫-૩૦ થી ૦૭-૩૦ સુધી તમામ પ્રકારના વાહનો માટે લાગુ પડશે.

**રેસકોર્ષ રીંગ રોડ :**

રેસકોર્ષ રીંગ રોડને એકમાર્ગીય (વન-વે) કરવામાં આવે છે. જે મુજબ રેસકોર્ષ રીંગ રોડ રોડનો ફકત બહારના ભાગે આવેલ રોડ એકતરફી ''કલોક વાઈઝ'' જાહેર કરવામાં આવે છે. એટલે કે જિલ્લા પંચાયત ચોકથી એ. જી. ઓફીસ, કીસાનપરા સર્કલ, મેયરશ્રીનો બંગલો, બીગબાઈટ આઈસ્ક્રીમ, જુની એન. સી. સી. ઓફીસ, પોલીસ હેડ કર્વાટર સર્કલ, બહુમાળી ભવન, ગેલેકસી સીનેમાથી પોલીસ કમિશ્નર કચેરી થઈ જિલ્લા પંચાયત ચોકમાં થઈ તે રીતે તમામ પ્રકારના વાહનો માટે એકતરફી રસ્તો ચાલુ રહેશે.

આ ફોરટ્રેક રીંગ રોડનો અંદરનો જે રસ્તો છે તે રોડ ઉપર સવારના કલાક ૦૫-૩૦ થી કલાક ૦૭-૩૦ વાગ્યા સુધી તમામ પ્રકારના વાહનોની અવરજવર ઉપર પ્રતિબંધ રહે છે અને ફકત પગે ચાલી મોર્નીંગ વોક કરવા માટે નીકળેલ નાગરીકો માટે જ આ રસ્તો ચાલુ રહેશે.

૪/-અત્રેના જાહેરનામા ક્રમાંક : રાજ/સીપી/એલબી-૨/ ટ્રાફીક/જા.ના./૧૫૪૪/૨૦૧૬, તા. ૨૭-૧૦-૨૦૧૬ અન્વયે બે માસ માટે પ્રાયોગિક ધોરણે જાહેરનામું પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. જે અન્વયે જાહેરનામાને રાજકોટ શહેરના નાગરીકો તરફથી સારો પ્રતિસાદ મળેલ હોય જેથી ફરી આ જાહેરનામું તા. ૦૧-૦૧-૨૦૧૭ થી તા. ૨૮-૦૨-૨૦૧૬ સુધી એટલે કે બે માસ માટે બહાર પાડવામાં આવે છે.

૫/-આ જાહેરનામું ફરજ પરના પોલીસ વાહનો, એમ્બ્યુલન્સ તથા ફાયરબ્રીગેડના વાહનોને આકસ્મિક સંજોગોમાં લાગુ પડશે નહીં.

૬/-આ હુકમના ભંગ બદલ ગુજરાત પોલીસ અધિનિયમો ૧૯૫૧ની કલમ-૧૩૧ અને આઈ.પી.સી. કલમ-૧૮૮ મુજબ પગલા લેવામાં આવશે.

આજરોજ તારીખ ૦૬-૦૧-૨૦૧૭ ના રોજ મારી સહી, સીક્કા સાથે જાહેર જનતાની જાણ માટે પ્રસિધ્ધ કરવામાં આવે છે.

રાજકોટ, ૬ માહે જાન્યુઆરી, સને ૨૦૧૭.

---

## પોલીસ કમિશ્નર દ્વારા

### ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ કાઢેલ હુકમ

## જાહેરનામું

ક્રમાંક : એસ.બી./જાહેરનામું/૪૫/૨૦૧૭.-રાજ્યમાં બનતા ગુન્હાઓમાં મોબાઈલ ફોનના ઉપયોગ થાય છે. તેમજ મોબાઈલ ચોરીના ગુન્હાઓનું પ્રમાણ વધવા પામેલ છે. આવા ગુન્હાઓ શોધી કાઢવા માટે ગુન્હામાં વપરાયેલ અથવા ગયેલ મોબાઈલ ફોનના IMEI નંબરનું ટ્રેકીંગ કરીને ગુન્હાના મુળ સુધી પહોંચવા પ્રયત્નો કરવામાં આવે છે.

ઘણી વખતે મોઈલ ફોનના વપરાશકર્તા સુધી પહોંચવામાં આવે ત્યારે જાણવા મળે છે કે, તેમને કોઈ અજાણ્યા માણસ પાસેથી મોબાઈલ ફોન ખરીદેલ છે. જે મોબાઈલ વેંચનાર/ખરીદ કરનારને ચોરાયેલ અથવા ગુન્હામાં વપરાયેલ હોવાની માહિતી હોતી નથી અને મોબાઈલ ટ્રેકીંગ કરી અને ગુન્હાના મુળ સુધી પહોંચે ત્યારે એવું જાણવા મળે છે કે મોબાઈલ કોઈ અજાણી વ્યક્તિએ આપેલ છે અને તેને હું ઓળખતો નથી તેમ જાણવા મળે છે. જેથી તપાસમાં કોઈ ફળદાયક હકીકત મળતી નથી. આ બાબતે કોઈ વ્યકિતઓ મોબાઈલ/સિમકાર્ડ, હેન્ડ સેટ વિગેરે વગર ઓળખકાર્ડ અથવા કોઈપણ ઓળખપત્ર વગર લેનાર/વેંચનારની જવાબદારી નક્કી કરવી અને પ્રસ્તુત બાબતે આવા ગુન્હાઓના મુળ સુધી પહોંચી સાચા આરોપીને શોધી કાઢવા માટે જુના મોબાઈલના વપરાશકારે તે મોબાઈલ કોની પાસેથી ખરીદ્યો અથવા કોને વેંચ્યો તે જાણવું જરૂરી જણાય છે.

આથી હું, અનુપમસિંહ ગહલૌત, (I.P.S.), પોલીસ કમિશ્નર, રાજકોટ શહેર, ફોજદારી કાર્યરીતિ અધિનીયમ (સી.આર.પી.સી.)-૧૯૭૩ (૧૯૭૪ના નં-૨)ની કલમ-૧૪૪ અન્વયે અમોને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂ છું કે, રાજકોટ શહેર પોલીસ કમિશ્નરેટ વિસ્તારમાં જુના મોબાઈલ લે-વેંચ કરનાર વેપારીઓએ મોબાઈલ લેતા પહેલા મોબાઈલ વેંચનારનું પુરેપુરૂ નામ, સરનામું અને મોબાઈલ નંબર સાથેની વિગત રજીસ્ટરમાં કાયમી ધોરણે રાખવાની રહેશે અને મોબાઈલ વેંચનારના રહેણાંકના તથા ફોટો આઈ. ડી.ના પુરાવા મેળવવાના રહેશે. જ્યારે જુના મોબાઈલ વેંચતી વખતે મોબાઈલ ખરીદનારનું પુરેપુરૂ નામ, સરનામું મોબાઈલ નંબરની વિગત રજીસ્ટરમાં નોંધવાની રહેશે અને મોબાઈલ લેનારએ પોતાના રહેણાંકના સરનામાનું પ્રુફ તથા ફોટો આઈ.ડી. પ્રુફ આપવાનું રહેશે અને તે માટે નીચે દર્શાવ્યા મુજબના કોલમ વાઈઝ રજીસ્ટરો નિભાવવામાં આવે તે જરૂરી છે.

**જુના મોબાઇલ ગ્રાહક પાસેથી ખરીદતી તથા જુના મોબાઇલ ગ્રાહકને વેંચતી વખતે વેપારીએ નિભાવવાનું રજીસ્ટર :**

| અ.નં. | મોબાઇલની વિગત/કંપની | IMEI No. | મોબાઇલ વેંચનાર/ખરીદનારનું પુરૂ નામ, સરનામું તથા મોબાઇલ નંબરની વિગત | ID પ્રુફની વિગત |
|---|---|---|---|---|
| | | | | |

આ હુકમ તા. ૧૫-૦૧-૨૦૧૭ થી તા. ૧૪-૦૩-૨૦૧૭ સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

તમામને વ્યક્તિગત રીતે નોટિસની બજવણી શક્ય ન હોઈ આથી એકતરફી હુકમ કરૂં છું. જાહેર જનતાની જાણ સારૂં સ્થાનિક વર્તમાનપત્ર, આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર મારફતે પ્રસિધ્ધ દ્વારા તથા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેકટર, મદદનીશ પોલીસ કમિશ્નર, નાયબ પોલીસ કમિશ્નર તથા પોલીસ કમિશ્નર કચેરીના નોટિસ બોર્ડ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધ કરવામાં આવશે. તેમજ સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધ કરવામાં આવશે. ગુજરાત પોલીસ એકટ કલમ-૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજ તારીખ, ૦૪-૦૧-૨૦૧૭ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

રાજકોટ, ૪ માહે જાન્યુઆરી, સને ૨૦૧૭.

---

### ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ હુકમ

## જાહેરનામું

ક્રમાંક : એસબી/પરીક્ષા/જાહેરનામું/૦૫૦/૨૦૧૭.-સરકારશ્રીના પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ હેઠળ ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, અમદાવાદ અને જિલ્લા પંચાયત સેવા પસંદગી સમિતિ, રાજકોટ દ્વારા પંચાયત સેવાના વિવિધ સંવર્ગોની ભરતી પ્રક્રિયા અંતર્ગત તા. ૦૮-૦૧-૨૦૧૭ના કલાક ૧૨-૦૦ થી ૧૨-૦૦ સુધી મુખ્ય સેવીકાની ૨૧ બિલ્ડીંગમાં ૨૬ પરીક્ષા કેન્દ્રો ખાતે લેખીત પરીક્ષા લેવાનાર છે.

## મુખ્ય સેવીકા

| ક્રમ | પરીક્ષા કેન્દ્રનું નામ | પરીક્ષા કેન્દ્રનું સરનામું | સબંધીત પો.સ્ટે. |
|---|---|---|---|
| 1. | મજહર કન્યા વિદ્યાલય | આર. ટી. ઓ. સામે, પેડક રોડ, રાજકોટ. | બી. ડીવી. |
| 2. | સંત જ્ઞાનેશ્વર વિદ્યાલય | પેડક રોડ, પશુ દવાખાના પાસે, સેટેલાઈટ સર્કલ, રાજકોટ | બી. ડીવી. |
| 3. | પંચશીલ વિદ્યાલય | આર.ટી.ઓ. ઓફીસ સામે, પેડક રોડ, રાજકોટ | બી. ડીવી. |
| 4. | શ્રી ભરાડ વિશ્વ વિદ્યાપીઠ, યુનીટ-૧ અને યુનીટ-૨ | ભાવનગર રાજકોટ હાઈવે, કસ્તુરબાધામ (ત્રંબા) | આજી ડેમ |
| 5. | સર્વોદય સાયન્સ સ્કુલ | અંબાજી કડવા પ્લોટ, ગરબી ચોક, ગોંડલ રોડ, રાજકોટ. | મા.નગર |
| 6. | અંકુર વિદ્યાલય | અંકુરનગર મેઈન રોડ, ગોકુલધામ પાસે, રાજકોટ. | મા.નગર |
| 7. | પાર્થ વિદ્યાલય | જશરાજનગર, રાધે હોટલની બાજુમાં, ૧૫૦ ફુટ રીંગ રોડ, રાજકોટ. | મા.નગર |
| 8 | પાઠક સ્કૂલ, યુનીટ-૧ અને યુનીટ-૨ | માતૃમંદિર જે. કે. હોલ સામે, ૧૫૦ ફુટ રીંગ રોડ, નાનામવા સર્કલ પાસે, રાજકોટ. | મા.નગર |
| 9. | સાંદીપની હાઈસ્કુલ | મવડી મેઈન રોડ, ઈન્દ્રપ્રસ્થ હોલ પાછળ, જલીયાણા હોલ પાછળ, રાજકોટ. | મા.નગર |
| 10. | એ વી જસાણી સુક્લ | ગોંડલ રોડ, પી.ડી.એમ. સામે, રાજકોટ | મા.નગર |
| 11. | શ્રીમતિ એસ. કે. પાઠક વિદ્યામંદિર | ૧-ઈન્દ્રપ્રસ્થનગર, ભકિતનગર રેલ્વે લાઈન પાસે, હેમુ ગઢવી હોલ પાછળ, રાજકોટ. | મા.નગર |
| 12. | નિર્મલા કોન્વેન્ટ સ્કૂલ | ડૉ. હેગડેવાર રોડ, પારસ સોસાયટી સામે, રાજકોટ. | ગાંધીગ્રામ |
| 13. | શ્રી વી. જે. મોદી હાઈસ્કૂલ | ૧૫૦ ફુટ રીંગ રોડ, રૈયા ટેલી. એક્સચેન્જ પાસે, રાજકોટ. | ગાંધીગ્રામ |
| 14. | જી. ટી. શેઠ વિદ્યાલય | કાલાવડ રોડ, કે. કે. વી. હોલ ચોક | ગાંધીગ્રામ-ટુ (યુની) |
| 15. | જે. કે. ગર્લ્સ હાઈસ્કુલ, | ૧૫૦ ફુટ રીંગ રોડ, રૈયા ટેલી. એક્સચેન્જ પાસે, રાજકોટ. | ગાંધીગ્રામ-ટુ (યુની) |
| 16. | જીવન જ્યોત હાઈસ્કુલ | યુનીવર્સીટી રોડ, ભારત પેટ્રોલ પંપ સામે, રાજકોટ. | ગાંધીગ્રામ-ટુ (યુની) |
| 17. | વિદ્યાનીકેતન સ્કુલ | સાધુ વાસવાણી માર્ગ, પાટીદાર સામે, નક્ષત્ર-૩ની સામે | ગાંધીગ્રામ-ટુ (યુની) |
| 18. | ગીતાંજલી કોલેજ ઓફ આઈ. ટી. અને મેનેજમેન્ટ | અજન્તા પાર્ક, સાધુવાસવાણી રોડ, રાજકોટ. | ગાંધીગ્રામ-ટુ (યુની) |
| 19. | શ્રી હ. લ. ગાંધી વિદ્યા વિહાર | કાલાવડ રોડ, યોગીધામ, પાણીના ટાંકા પાસે, રાજકોટ. | રા.તા.પો.સ્ટે. |
| 20. | કે. જી. ધોળકીયા સ્લ, યુનિટ-૧-૨-૩-૪ | બાલાજી હોલ પાછળ, ૧૫૦ ફૂટ રિંગ રોડ, રાજકોટ | રા.તા.પો.સ્ટે. |
| 21. | પરીશ્રમ સ્કુલ | કાલાવડ રોડ, ક્રિસ્ટલ મોલ સામેની શેરીમાં, રોજકાટ | રા.તા. પો.સ્ટે. |

(૨) સરકારશ્રીના પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ હેઠળ ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, અમદાવાદ અને જિલ્લા પંચાયત સેવાના સમિતી, રાજકોટ દ્વારા પંચાયત સેવાના વિવિધ સંવર્ગોની ભરતી પ્રક્રિયા અંતર્ગત તા. ૦૮-૦૧-૨૦૧૭ના કલાક ૧૫-૦૦ થી ૧૬-૩૦ સુધી અધિક મદદનીશ ઈજનેરની નીચે જણાવેલ ૧૦ બિલ્ડીંગમાં ૧૩ પરીક્ષા કેન્દ્રો ખાતે લેખીત પરીક્ષા લેવાનાર છે.

## અધિક મદદનીશ ઈજનેર

| ક્રમ | પરીક્ષા કેન્દ્રનું નામ | પરીક્ષા કેન્દ્રનું સરનામું | સબંધીત પો.સ્ટે. |
|---|---|---|---|
| 1. | સેન્ટ તુલશી સ્કુલ | ૪-મનહર પ્લોટ, મંગળા રોડ, રાજકોટ | એ. ડીવી. |
| 2. | આઈ.પી. મીશન ગર્લ્સ હાઈસ્કુલ | ફેમીલી કોર્ટ સામે, મોચી બજાર, રાજકોટ | એ. ડીવી. |
| 3. | મુરલીધર વિદ્યાલય, | કનકનગર સોસાયટી મેઈન રોડ, નવા મ્યુનીસીપલ ગાર્ડન સામે, રાજકોટ. | બી. ડીવી. |
| 4. | સર્વોદય સ્કુલ, યુનીટ-૧ અને ૨ | પી.ડી.એમ. કેમ્પસ, ગોંડલ રોડ, રાજકોટ | મા.નગર |
| 5. | સર્વોદય સ્કુલ, કોમર્સ બિલ્ડીંગ | પી.ડી.એમ. કેમ્પસ, ગોંડલ રોડ, રાજકોટ | મા.નગર |
| 6. | શ્રી ક્ષ્ના હાયર સેકન્ડરી સ્કુલ | ૧-ઈન્દ્રપ્રસ્થ નગર, ભકિત નગર, રેલ્વે લાઈન પાસે, હેમુ ગઢવી હોલ પાછળ, રાજકોટ | મા.નગર |
| 7. | શ્રી મારૂતી વિદ્યાલય | કાલાવડ રોડ, કે.કે.વી. હોલ પાસે, વોકાર્ડ હસ્પીટલ સામે, રાજકોટ | મા.નગર |
| 8 | શ્રીમતિ સી.જી. ભરાડ વિદ્યામંદિર | ૧-ઈન્દ્રપ્રસ્થ નગર, ભકિત નગર, રેલ્વે લાઈન પાસે, હેમુ ગઢવી હોલ પાછળ, રાજકોટ | મા.નગર |
| 9. | શ્રી સેન્ટ મેરી સ્કુલ | કાલાવડ રોડ, કે.કે.વી. હોલ પાસે, રાજકોટ | ગાંધીગ્રામ |
| 10. | ડીવાઈન હાઈસ્કુલ, યુનીટ-૧, ૨ અને ૩ | C/o. જી. કે. ધોળકીયા સ્કુલ, પંચાયતનગર ચોક પાસે, રાજકોટ | ગાંધીગ્રામ-ટુ (યુની) |

આમ ઉપર મુજબની વિગતે પરીક્ષા કેન્દ્રો ખાતે લેવામાં આવનાર મુખ્ય સેવીકા અને અધિક મદદનીશ ઈજનેરની લેખીત પરીક્ષા પરીક્ષાર્થીઓ કોઈપણ પ્રકારની ખલેલ વિના શાંત અને મુકત વાતાવરણમાં પરીક્ષા આપી શકે તે માટે તેમજ પરીક્ષા બહારના તોફાની તત્વો આ પરીક્ષા દરમ્યાન પરીક્ષા કેન્દ્રોમાં પરીક્ષા આપતા વિદ્યાર્થીઓને ખલેલ ન પહોંચાડે તથા પરીક્ષા દરમ્યાન કોઈ ગેરકાયદેસરની પ્રવૃતિ આચરે નહી તેમજ રાજકોટ શહેરના ઉપર જણાવેલ કેન્દ્રો (શાળાઓ)ના કંપાઉન્ડમાં તેમજ તેની ચારેય બાજુ શાળાઓ (પરીક્ષા કેન્દ્રો)ની આજુબાજુની ૧૦૦ મીટરની ત્રીજયામાં કોઈ સ્ટેશનર્સ કે વાપારીઓ ઝેરોક્ષ મશીન ચાલુ રાખે નહી અને પરીક્ષા કેન્દ્રની ૧૦૦ મીટરની ત્રીજયામાં કોઈપણ અનઅધિકૃત વ્યકિતઓએ એકત્ર થાય નહી તેમજ શાળાઓમાં પ્રવેશ કરે નહી અને શાળાઓ ખાતે વાહન લઈ

જાય નહી તેમજ ચારથી વધુ માણસો ભેગા થાય નહી કે વિદ્યાર્થીઓને પરીક્ષા કેન્દ્રમાં મોબાઈલ લઈ જાય નહી તે તમામ બાબતે પ્રતિબંધ મુકવા જરૂરી જણાય છે.

વાસ્તે, હું, અનુપમ સિંહ ગહલૌત, (I.P.S.), પોલીસ કમિશ્નર, રાજકોટ શહેર, ગુજરાત સરકારના ગૃહ વિભાગના તા. ૦૮-૧૧-૮૨ના નોટીફિકેશન નંબરઃ સીસી/૪૨૨/આર.આર.સી./ ૧૦૮૨/૧૦૮૦/૧૧ અન્વયે ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૨૦ નીચેની પેટા કલમ (૧) નીચે બહાર પાડવામાં આવેલ છે અને જેનું પુનરાવર્તન ગુજરાત સરકારના ગૃહ વિભાગના તા. ૦૭-૦૧-૧૯૮૯ થી બહાર પાડવામાં આવેલ સંકલીત જાહેરનામાઓ નંબર જીજી/૬/ફકઅ/૧૦૮૮/૬૭૫૦/મ.માં થયેલ છે. જેમાં રાજકોટ શહેરના પોલીસ કમિશ્નરશ્રી, અધિક પોલીસ કમિશ્નરશ્રી, નાયબ પોલીસ કમિશ્નરશ્રી અને આસીસ્ટન્ટ કમિશ્નર ઓફ પોલીસ (મદદનીશ પોલીસ કમિશ્નરશ્રીઓ)ને એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ તરીકે જાહેર કરવામાં આવેલ છે, તેમજ તેઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૧૪૪ના અધિકારનો ઉપયોગ કરવા ખાસ અધિકૃત કરવામાં આવેલ છે. તે અધિકારની રૂએ નીચે જણાવેલ વિસ્તારોમાં તા. ૦૮-૦૧-૨૦૧૭ના રોજ કલાક ૦૮-૦૦ થી કલાક ૧૮-૦૦ સુધી નીચેનાના કૃત્યો કરવા પ્રતિબંધ ફરમાવું છું.

### પ્રતિબંધિત કૃત્યો

(૧) રાજકોટ શહેર વિસ્તારમાં જે જે શાળાઓને પરીક્ષા કેન્દ્ર તરીકે નક્કી કરવામાં આવેલ છે તે શાળાઓ (પરીક્ષા કેન્દ્રો) કંપાઉન્ડની ચારે બાજુની ત્રિજયાના ૧૦૦ મીટરના વિસ્તારમાં અનધિકૃત વ્યકિતઓ એકત્ર થશે નહીં.

(૨) શાળાઓ (પરીક્ષા કેન્દ્રો)ની આજુબાજુની ૧૦૦ મીટરની ત્રીજયામાં કોઈ સ્ટેશનર્સ કે વેપારીઓ ઝેરોક્ષ મશીન ચાલુ રાખશે નહી કે શાળાઓમાં સંચાલકો દ્વારા ઝેરોક્ષ મશીન ચાલુ રાખશે નહી.

(૩) શાળાઓની ૧૦૦ મીટરની ત્રીજયામાં કોઈ વ્યકિત વાહનો લાવશે નહી કે શાળાઓમાં વાહનો લઈ જશે નહી.

(૪) શાળાઓ (પરીક્ષા કેન્દ્રો)ની ૧૦૦ મીટરની ત્રીજયામાં ચાર કે તેથી વધારે વ્યકિતઓ ભેગા થશે નહી.

(૫) શાળા (પરીક્ષા કેન્દ્ર)માં પરીક્ષાર્થીઓએ મોબાઈલ ફોન લાવશે નહી.

### વિસ્તાર

રાજકોટ શહેર પોલીસ કમિશ્નરેટની પરીક્ષા કેન્દ્ર ઉપર જણાવેલ વિસ્તારમાં.

### અપવાદ

આ હુકમમાંથી નીચે જણાવેલ વ્યકિતઓને મુકિત આપવામાં આવે છે.

(૧) સ્થાનિક સત્તાવાળાઓ પાસેથી જરૂરી પરવાનગી મેળવી હોય તેવી વ્યકિત કે વ્યકિતસમુહ, તેમજ પરીક્ષા કાર્યમાં રોકાયેલ તમામ ઓળખપત્ર ધરાવતી વ્યકિતઓ તેમજ ઓળખપત્ર ધરાવતા પરીક્ષાર્થીઓ (પરીક્ષાર્થીઓ મોબાઈલ ફોન સાથે લઈ જઈ શકશે નહી.)

(૨) કોઈ લગ્નના વરઘોડાને.

(૩) કોઈ સ્મશાનયાત્રાને.

(૪) ફરજ પરના પોલીસ/એસઆરપી/હોમગાર્ડના અધિકારી તથા જવાનોને.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલંઘન કરનાર ભારતના ફોજદારી અધિનિયમ-૧૮૬૦ની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

તમામને વ્યક્તિગત રીતે નોટિસની બજવણી શક્ય ન હોઈ આથી એકતરફી હુકમ કરૂં છું. જાહેર જનતાની જાણ સારૂં સ્થાનિક વર્તમાનપત્ર, આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર મારફતે પ્રસિધ્ધ દ્વારા તથા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેકટર, મદદનીશ પોલીસ કમિશ્નર, નાયબ પોલીસ કમિશ્નર તથા પોલીસ કમિશ્નર કચેરીના નોટિસ બોર્ડ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધ કરવામાં આવશે. તેમજ સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધ કરવામાં આવશે. ગુજરાત પોલીસ એકટ કલમ-૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજ તા. ૦૫ માહે જાન્યુઆરી-૨૦૧૭ના રોજ મારી સહી અને સીક્કો કરી આપેલ છે.

રાજકોટ, ૫ માહે જાન્યુઆરી, સને ૨૦૧૭.

**અનુપમસિંહ ગહલૌત,**
પોલીસ કમિશ્નર,
રાજકોટ શહેર.

જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ દ્વારા

## નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : નધણ/૦૧/ક-૨/૫૨૩/૬૦/૨૦૧૬.-જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ભુજ-કચ્છ, આથી જાહેર કરે છે કે, શ્રી ઓરીરા દુધ ઉત્પાદક સહકારી મંડળી લી., મુ. ઓરીરા, તાલુકો : નખત્રાણા, જિલ્લોઃ ભુજ-કચ્છને સને ૧૯૬૨ના ગુજરાત કાયદા-૧૦ ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને-૧૯૬૧ ની કલમ-૯ મુજબ આજરોજ નોંધવામાં આવી છે.

નોંધણી નંબર-કેટીએચ ''સે''(દુ) ૪૫૫૧૮, તા. ૩૦-૧૨-૨૦૧૬.

ભુજ-કચ્છ, ૩૦ માહે ડીસેમ્બર, સને ૨૦૧૬.

---

## નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : નધણ/૦૧/ક-૨/૫૧૩/૨૦૧૬.-જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ભુજ-કચ્છ, આથી જાહેર કરે છે કે, શ્રી વાગડ વિવિધલક્ષી ખેડુત સેવા સહકારી મંડળી લી., મુ. રાપર, તાલુકો : રાપર, જિલ્લોઃ ભુજ-કચ્છને સને ૧૯૬૨ના ગુજરાત કાયદા-૧૦ ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને-૧૯૬૧ ની કલમ-૯ મુજબ આજરોજ નોંધવામાં આવી છે.

નોંધણી નંબર-કેટીએચ ''સા''(સે) ૬૭૩૨, તા. ૦૮-૧૨-૨૦૧૬.

ભુજ-કચ્છ, ૮ માહે ડીસેમ્બર, સને ૨૦૧૬.

કે. એ. પટેલ,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
ભુજ-કચ્છ.

---

## નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : નધણ/૦-૧/ક-૨/૨૨૧/૨૦૧૬.-જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, બોટાદ, આથી જાહેર કરે છે કે, શ્રી દેસાઈ બચત ધિરાણ શરાફી સહકારી મંડળી લી., સ્થળ : રાણપુર, તાલુકો : રાણપુર, જિલ્લોઃ બોટાદ, સને ૧૯૬૧ નાં ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

નોંધણી નં.: સે.શ.-૪૪૫૫૧/૨૦૧૬, તા. ૨૮-૧૧-૨૦૧૬.

બોટાદ, ૨૮ માહે નવેમ્બર, સને ૨૦૧૬.

---

## નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : નધણ/૦-૧/ક-૨/૧૫૮/૨૦૧૬.-જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, બોટાદ, આથી જાહેર કરે છે કે, શ્રી રાધિકા મહિલા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., સ્થળ : રાજપીપળા, તાલુકો : ગઢડા, જિલ્લોઃ બોટાદ, સને ૧૯૬૧ નાં ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

નોંધણી નં.: સે.શ.-૪૩૧૫૧/૨૦૧૬, તા. ૧૩-૦૭-૨૦૧૬.

બોટાદ, ૧૩ માહે જુલાઈ, સને ૨૦૧૬.

---

## નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : નધણ/૦-૧/ક-૨/૧૬૦/૨૦૧૭.-જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, બોટાદ, આથી જાહેર કરે છે કે, શ્રી જુનવદર મહિલા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., સ્થળ : જુનવદર, તાલુકો : ગઢડા, જિલ્લોઃ બોટાદ, સને ૧૯૬૧ નાં ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

નોંધણી નં.: સે.દૂ.-૪૩૧૪૯/૨૦૧૬, તા. ૧૩-૦૭-૨૦૧૬.

બોટાદ, ૧૩ માહે જુલાઈ, સને ૨૦૧૬.

---

## નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : નધણ/૦-૧/ક-૨/૨૦૫/૨૦૧૭.-જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, બોટાદ, આથી જાહેર કરે છે કે, શ્રી કાનીયાડ મહિલા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., સ્થળ : કાનીયાડ, તાલુકો : બોટાદ, જિલ્લોઃ બોટાદ, સને ૧૯૬૧ નાં ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

નોંધણી નં.: સે.દૂ.-૪૩૧૫૨/૨૦૧૬, તા. ૧૩-૦૭-૨૦૧૬.

બોટાદ, ૧૩ માહે જુલાઈ, સને ૨૦૧૬.

---

## નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : નધણ/૦-૧/ક-૨/૧૬૨/૨૦૧૭.-જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, બોટાદ, આથી જાહેર કરે છે કે, શ્રી વડવાળા મહિલા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., સ્થળ : જનડા, તાલુકો : ગઢડા, જિલ્લોઃ બોટાદ, સને ૧૯૬૧ નાં ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમરૂની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

નોંધણી નં.: સે.દૂ.-૪૩૧૫૦/૨૦૧૬, તા. ૧૩-૦૭-૨૦૧૬.

બોટાદ, ૧૩ માહે જુલાઈ, સને ૨૦૧૬.

**પી. બી. સખીયા,**
જિલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
બોટાદ.

---

વંચાણે લીધા :

(૧) ગુજરાત સહકારી મંડળીઓનાં અધિનિયમ–૧૯૬૧ ની કલમ–૮૧.

(૨) સરકારશ્રીનાં કૃષિ અને સહકાર વિભાગ, ગાંધીનગરનાં તા. ૨૧-૦૭-૨૦૧૧ નાં જાહેરનામાં ક્રમાંક : જીએચકેએચ/૫૧/૨૦૦૫/એનએસબી/૧૨/૨૦૦૨/૩૦૧૧/સીએચ.

(૩) શ્રી સુરેન્દ્રનગર બેંક એમ્પલોઈઝ ક્રેડીટ એન્ડ કન્ઝયુમર્સ કો.ઓપ. સોસાયટી લી., સુરેન્દ્રનગરનાં તા. ૨-૧૦-૨૦૧૬ના પત્ર ક્રમાંક : ૧૦૪ અને તા. ૧૮-૧૦-૨૦૧૬ નાં પત્ર ક્રમાંક : ૧૦૫.

(૪) અત્રેની કચેરીની કારણદર્શક નોટિસ ક્રમાંક : વહટ/ગ-૧/૨૯૦ થી ૨૯૬/૨૦૧૬, તા. ૨૯-૧૧-૨૦૧૬.

(૫) શ્રી સુરેન્દ્રનગર બેંક એમ્પલોઈઝ ક્રેડીટ એન્ડ કન્ઝયુમર્સ કો.ઓપ.સોસાયટીલી.,સુરેન્દ્રનગરનાંતા.૦૯-૧૨-૨૦૧૬નો પત્ર.

## હુકમ

જા.નં.: વહટ/ગ-૧/૩૧૧ થી ૩૨૫/૭૧૭૪/૨૦૧૬.- આથી હું, ડી. વી. ગઢવી, જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, સુરેન્દ્રનગર, ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૮૧ અન્વયે મને મળેલ સત્તાની રૂએ શ્રી શ્રી સુરેન્દ્રનગર બેંક એમ્પલોઈઝ ક્રેડીટ એન્ડ કન્ઝયુમર્સ કો.ઓપ. સોસાયટી લી., સુરેન્દ્રનગર, તા. વઢવાણ, જિ. સુરેન્દ્રનગરની વ્યવસ્થાપક સમિતિને દુર કરી મંડળીનાં વહીવટદાર તરીકે શ્રી સહકારી અધિકારી (બજાર) ની હુકમ કર્યા તારીખથી બે માસ માટે વિનાં વેતને નિમણુક કરૂ છું.

સુરેન્દ્રનગર, ૨૮ માહે ડીસેમ્બર, સને ૨૦૧૬.

**ડી. વી. ગઢવી,**
જિલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
સુરેન્દ્રનગર.

---

**મદદનીશ જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળી (હાઉસીંગ) દ્વારા**

વંચાણે લીધા :

(૧) સરકારીશ્રીનાં કૃષિ અને સહકાર વિભાગના જાહેરનામા ક્રમાંક : જી.એચ.કે.એચ./૨૦૧૧/એન.એસ.બી./૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ, તા. ૨૧-૦૭-૨૦૧૧.

(૨) ગુજરાત સહકારી મંડળીઓનાં અધિનિયમ ૧૯૬૧ ની કલમ ૧૯ ની જોગવાઈઓ

(૩) જિલ્લા રજીસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ, સુરેન્દ્રનગરનાં તા.૦૪-૧૨-૨૦૧૬નાઆદેશક્રમાંક:ફડચ/ગ-૨/૧૧૭૮/૨૦૦૯.

(૪) ફડચા અધિકારી શ્રી ભીડભંજન કો.ઓપ.હા.સો.લી., થાનગઢની તા.૨૫-૧૦-૨૦૧૬ ની દરખાસ્ત.

(૫) અત્રેની કચેરીના પ્રાથમિક જાહેરનામા ક્રમાંક: ફડચ/હાઉસીંગ/૫૪૭ થી ૫૫૪, તા. ૦૭-૧૧-૨૦૧૬.

(૬) ફડચા અધિકારીશ્રી નં ૧ ની તા. ૧૬-૧૨-૨૦૧૬ ની દરખાસ્ત.

## આદેશ

ક્રમાંક: ફડચ/હાઉસીંગ/૬/૬૪/૨૦૧૬.-આથી હું, જે.ડી. નાયી, મદદ. જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ (હાઉસીંગ), ભૂજ-કચ્છ, ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ ની કલમ ૧૯ અન્વયે મને મળેલ સત્તાની રૂએ શ્રી ભીડભંજન કો.ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લી., મુ. થાનગઢ, તા. થાનગઢ, જિ. સુરેન્દ્રનગર જેનો નોંધણી ક્રમાંક: ઘ-૨૪૪૨, તા. ૨૪-૦૮-૧૯૬૯ છે. જેને પુનઃજીવીત કરવામાં આવે છે. અને આ મંડળીના નોંધાયેલ પેટાનિયમ તથા નોંધણી નંબર યથાવત ચાલુ રહેશે.

સુરેન્દ્રનગર, ૫ માહે જાન્યુઆરી, સને ૨૦૧૭.

**જે. ડી. નાયી,**
મદદનીશ જિલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ (હાઉસીંગ),
ભુજ-કચ્છ,
કેમ્પ :- સુરેન્દ્રનગર.

---

©

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

*PUBLISHED BY AUTHORITY*

VOL. LVI] THURSDAY, 26th JANUARY, 2017/MAGHA 06, 1938 No. 04

**Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central section in order that it may be filed as a separate compilation.**

# PART-I

| PART - I | Pages | PART - I - B | Pages |
|---|---|---|---|
| Government Notifications Appointments Promotions, Leave of absence, Rules and orders (Other than those published in Part-I-A, IV-A, IV-B, and IV-C) list of publications for sales etc., Miscellaneous Notifications Appoint-ments etc., | 85-136 | (Suppliment) Government Notifications Published under Land Acquisition Act only Supplement. | Nil |
| **PART - I - A** Order and Notifications (Other than those published in Part-IV-B) under the Gujarat Local Boards, Village Panchayats, Municipals, Boroughs, (Districts) Municipals Primary Education and Local Fund Audits, Acts., | Nil | **PART - II** Miscellaneous Notices, Advertisments, List of Books Sanctioned by the Director of Education, List of Jurors. Schedule of Estates by the Official Assignee, Summary of Births and Deaths, etc., | 137-168 |
| | | **PART - III** Miscellaneous Supplements Season and Crop Reports, Prices, Current Rainfalls Returns, District Local Boards Accounts etc., | Nil |

# GOVERNMENT NOTIFICATIONS, ORDERS APPOINTMENTS, ETC.

## SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

## NOTIFICATION

### MISCELLANEOUS NOTIFICATIONS APPOINTMENTS ETC.

---

### કલેક્ટર દ્વારા

વંચાણે લીધા :

(૧) આ કચેરીના હુકમ નં. પરવ/કસન/વશી/૧૫૮૦-૧૬૨૨/૧૬, તા. ૧૯-૧૨-૨૦૧૬.

(૨) સેકશન અધિકારીશ્રી, અ.ના.પુ. અને ગ્રા.બા. વિભાગ ગાંધીનગરના પત્ર ક્રમાંક : કસન-૧૦૨૦૧૬-૩૭૩-બ, તા. ૦૩-૦૧-૨૦૧૭.

(૩) સેકશન અધિકારીશ્રી, અ.ના.પુ. અને ગ્રા.બા. વિભાગ ગાંધીનગરના પત્ર ક્રમાંક : કસન-૧૦૨૦૧૬-૩૭૩-બ, તા. ૧૮-૧૨-૨૦૧૬.

(૪) ધી કેરોસીન/રીસ્ટ્રીકશન ઓન યુઝ એન્ડ ફીક્સેશન ઓફ સેલીંગ પ્રાઈઝ ઓર્ડર-૧૯૯૩.

### હુકમ

નં. પરવ/કસન/વશી/૧૫-૫૫/૨૦૧૭.-સરકારશ્રીના વંચાણે લીધેલ અનુ. નં. ૩ ના પત્રથી આઈ.ઓ.સી.એલ., એચ.પી.સી.એલ. તથા બી.પી.સી.એલ.ના એક્ષ ડેપો રેટમાં થયેલ ફેરફાર ધ્યાને લઈ નવા ભાવો બાંધવા અંગે જણાવતા અત્રેના વંચાણે લીધેલ અનું. નં. ૧ ના હુકમથી સરકારશ્રીની સૂચનાં અનુસાર પીડીએસ કેરોસીનના વિવિધ સપ્લાય પોઈન્ટના એક્ષ ડેપો રેટમાં થયેલ ફેરફાર ધ્યાને લઈ જિલ્લાનાં જુદા જુદા કેન્દ્રો માટે કેરોસીન એજન્ટો, જથ્થાબંધ વિક્રેતાઓ તેમજ છુટક વિક્રેતાઓનાં દુમાડ (વડોદરા), કંડલા, જામનગર (ખાવડી), બારેજા, કાલીગ્રામ, વાડીનાર (એસ.આર.) તથા પાલનપુર ડેપોથી રોડ રસ્તે આવતા કેરોસીનના વિતરણના ભાવો મુકરર કરવામાં આવેલ છે.

સેકશન અધિકારીશ્રી, અ.ના.પુ. અને ગ્રા.બા. વિભાગ ગાંધીનગરના વંચાણમાં લીધેલ અનું. નં. ૨ ના પત્રથી આઈ.ઓ.સી.એલ., એચ.પી.સી.એલ. તથા બી.પી.સી.એલ., કંપનીના તા. ૦૨-૦૧-૨૦૧૭ ના ઈ-મેઈલ પત્રોની નકલ અત્રે મોકલી આપી, એચ.પી.સી.એલ. અને બી.પી.સી.એલ. કંપની દ્વારા પીડીએસ કેરોસીનના વિવિધ સપ્લાય પોઈન્ટના એક્ષ ડેપો રેટમાં કરવામાં આવેલ ફેરફાર ધ્યાને લઈ જરૂરી કાર્યવાહી કરવા જણાવેલ છે. ત્રણે કંપનીના સદરહુ પત્રોમાં અત્રેના જિલ્લા માટેના સપ્લાય પોઈન્ટ પૈકી કંડલા ડેપોના નવા એક્ષ ડેપો રેટ રૂા. ૧૫૬૦૪.૦૧/- જામનગર (ખાવડી, વાડીનાર) : રૂા. ૧૫૫૭૨.૦૦/-, સાબરમતી (કાલીગ્રામ, બારેજા) : રૂા. ૧૫૫૮૨.૮૭/-, તથા કોયલી (દુમાડ): રૂા. ૧૫૫૭૨.૦૦/-, તેમજ સિધ્ધપુર (પાલનપુર) : રૂા. ૧૫૬૪૧.૯૩/- દર્શાવેલ છે. તથા નવા એક્ષ ડેપો રેટ મુજબનો ફેરફાર તા. ૦૧-૦૧-૨૦૧૭ ની અસરથી કરવા જણાવેલ છે.

ઉક્ત વિગતે અત્રેના વંચાણમાં લીધેલ અનુ. નં. ૧ ના હુકમથી બાંધવામાં આવેલ ભાવોમાં સરકારશ્રીના વંચાણમાં લીધેલ અનુ. નં. ૨ ના પત્રની સુચનાનુસાર તથા આ હુકમના પેરા-૨ મુજબ થયેલ ફેરફારની વિગતો ધ્યાને લઈ કેરોસીનના નવા ભાવો મુકરર કરવાના થાય છે.

સબબ હું, દિલીપ રાણા, (આઈ.એ.એસ.), કલેક્ટર અમરેલી, જિલ્લો અમરેલી, વંચાણે લીધેલ અનુ. નં. ૫ નાં ધી કેરોસીન રીસ્ટ્રીકશન ઓન યુઝ એન્ડ ફીક્સેશન ઓફ સેલીંગ પ્રાઈઝ ઓર્ડર–૧૯૯૩ થી મને મળેલ અધિકારની રૂઈએ ઉક્ત વિગતો ધ્યાને લઈ દુમાડ, કંડલા, જામનગર (ખાવડી), વાડીનાર, બારેજા, કાલીગ્રામ તથા પાલનપુર ડેપો થી જિલ્લાનાં તાલુકાઓ અને અન્ય મથકોના અંતર ધ્યાને લઈ રોડ રસ્તે આવતા ઘરગથ્થુ કેરોસીનના ભાવો આ સાથે સામેલ પરિશિષ્ટ-૧માં જણાવેલ વિગતે મુકરર કરવા આથી હુકમ કરૂ છું.

અત્રેનાં તા. ૧૮-૦૯-૨૦૧૬, તા. ૦૫-૧૦-૧૬, તા. ૦૯-૧૧-૧૬, તા. ૧૯-૧૧-૧૬ તથા તા. ૦૬-૧૨-૧૬ તેમજ તા. ૧૯-૧૨-૨૦૧૬ નાં હુકમમાં રાખવામાં આવેલ બાકીની શરતો/સૂચનાઓ યથાવત રહેશે.

આ હુકમનો અમલ તા. ૦૧-૦૧-૨૦૧૭ થી કરવાનો રહેશે. તમામ મામલતદારશ્રીઓએ તેમના તાલુકા હસ્તકના એજન્ટ તથા છુટક વિક્રેતાઓને આ હુકમની જાણ તુરત જ કરવાની રહેશે.

આ હુકમથી મુકરર કરેલ ભાવો કરતા વધુ ભાવો (એજન્ટ, છુટક વિક્રેતા) લેવામાં આવતાં હોવાનું જણાશે તો તેમની સામે આ હુકમના ભંગ બદલ આવશ્યક ચીજ વસ્તુઓ અધિનિયમ-૧૯૫૫ ની કલમ-૩ નો ભંગ ગણી શિક્ષાત્મક પગલા લેવામાં આવશે.

અમરેલી, ૦૫ માહે જાન્યુઆરી, સને ૨૦૧૭.

**પરીશિષ્ટ-૧ જિલ્લો-અમરેલી**

દુમાડ (વડોદરા) ડેપો ઉપરથી આવતાં કેરોસીન એજન્ટે છુટક વિક્રેતાને વેચાણ કરવાનો ૧૦૦૦ લીટરનો વેચાણ ભાવ તથા છુટક વિક્રેતાઓ/ફેરીયાઓએ એક લીટરનો ગ્રાહકોને વેચાણ આપવાનો ભાવ

| અનું | સંગ્રહ કેન્દ્ર | એજન્ટે છુટક વિક્રેતાને વેચાણ કરવાનો ૧૦૦૦ લીટરનો વેચાણ ભાવ | | છુટક વિક્રેતાએ ગ્રાહકોને વેચાણ કરવાનો ૧ લી.નો ભાવ |
|---|---|---|---|---|
| | | ડેપો ડિલીવરી | ડોરસ્ટેપ ડિલીવરી (રૂા. ૨૦૦/- હેરાફેરી ખર્ચ) | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧ | અમરેલી | ૧૮૯૪૮.૬૩ | ૧૯૧૪૮.૬૩ | ૧૯.૭૭ |
| ૨ | ધારી | ૧૯૨૯૩.૨૬ | ૧૯૪૯૩.૨૬ | ૨૦.૧૧ |
| ૩ | સાવરકુંડલા | ૧૯૦૩૪.૭૯ | ૧૯૨૩૪.૭૯ | ૧૯.૮૫ |
| ૪ | લાઠી | ૧૮૭૭૬.૩૨ | ૧૮૯૭૬.૩૨ | ૧૯.૫૯ |
| ૫ | વડીયા | ૧૯૩૫૫.૯૩ | ૧૯૫૫૫.૯૩ | ૨૦.૧૭ |
| ૬ | રાજુલા | ૧૯૨૬૯.૭૭ | ૧૯૪૬૯.૭૭ | ૨૦.૦૯ |
| ૭ | બાબરા | ૧૮૭૭૬.૩૨ | ૧૮૯૭૬.૩૨ | ૧૯.૫૯ |
| ૮ | લીલીયા | ૧૮૭૯૯.૮૧ | ૧૮૯૯૯.૮૧ | ૧૯.૬૨ |
| ૯ | ખાંભા | ૧૯૨૫૪.૧૦ | ૧૯૪૫૪.૧૦ | ૨૦.૦૭ |
| ૧૦ | જાફરાબાદ | ૧૯૬૩૭.૯૦ | ૧૯૮૩૭.૯૦ | ૨૦.૪૫ |
| ૧૧ | વીજપડી | ૧૯૨૩૦.૬૦ | ૧૯૪૩૦.૬૦ | ૨૦.૦૫ |
| ૧૨ | દામનગર | ૧૮૬૧૧.૮૩ | ૧૮૮૧૧.૮૩ | ૧૯.૪૩ |
| ૧૩ | બગસરા | ૧૯૨૦૭.૧૧ | ૧૯૪૦૭.૧૧ | ૨૦.૦૨ |
| ૧૪ | ડુંગર | ૧૯૩૮૭.૨૬ | ૧૯૫૮૭.૨૬ | ૨૦.૨૦ |
| ૧૫ | ખંભાળા | ૧૮૮૯૩.૮૦ | ૧૯૦૯૩.૮૦ | ૨૦.૭૧ |
| ૧૬ | કલોરાણા | ૧૮૯૭૨.૧૩ | ૧૯૧૮૨.૧૩ | ૧૯.૭૯ |
| ૧૭ | દેવળીયા | ૧૮૯૭૨.૧૩ | ૧૯૧૮૨.૧૩ | ૧૯.૭૯ |
| ૧૮ | ટીંબી | ૧૯૭૭૧.૦૫ | ૧૯૯૭૧.૦૫ | ૨૦.૫૯ |

અમરેલી, ૦૫ માહે જાન્યુઆરી, સને ૨૦૧૭.

**પરીશિષ્ટ-૧** **જિલ્લો-અમરેલી**

કંડલા ડેપો ઉપરથી આવતાં કેરોસીન એજન્ટે છુટક વિક્રેતાને વેચાણ કરવાનો ૧૦૦૦ લીટરનો વેચાણ ભાવ તથા છુટક વિક્રેતાઓ/ફેરીયાઓએ એક લીટરનો ગ્રાહકોને વેચાણ આપવાનો ભાવ

| અનું | સંગ્રહ કેન્દ્ર | એજન્ટે છુટક વિક્રેતાને વેચાણ કરવાનો ૧૦૦૦ લીટરનો વેચાણ ભાવ | | છુટક વિક્રેતાએ ગ્રાહકોને વેચાણ કરવાનો ૧ લી.નો ભાવ |
|---|---|---|---|---|
| | | ડેપો ડિલીવરી | ડોરસ્ટેપ ડિલીવરી (રૂા. ૨૦૦/- હેરાફેરી ખર્ચ) | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧ | અમરેલી | ૧૮૯૬૪.૯૮ | ૧૯૧૬૪.૯૮ | ૧૯.૭૮ |
| ૨ | ધારી | ૧૯૨૯૭.૮૬ | ૧૯૪૯૭.૮૬ | ૨૦.૧૧ |
| ૩ | સાવરકુંડલા | ૧૯૨૯૩.૯૪ | ૧૯૪૯૩.૯૪ | ૨૦.૧૧ |
| ૪ | લાઠી | ૧૮૮૨૩.૯૯ | ૧૯૦૨૩.૯૯ | ૧૯.૬૪ |
| ૫ | વડીયા | ૧૮૯૬૪.૯૮ | ૧૯૧૬૪.૯૮ | ૧૯.૭૮ |
| ૬ | રાજુલા | ૧૯૫૯૯.૪૧ | ૧૯૭૯૯.૪૧ | ૨૦.૪૨ |
| ૭ | બાબરા | ૧૮૬૮૩.૦૦ | ૧૮૮૮૩.૦૦ | ૧૯.૫૦ |
| ૮ | લીલીયા | ૧૮૯૮૦.૬૪ | ૧૯૧૮૦.૬૪ | ૧૯.૮૦ |
| ૯ | ખાંભા | ૧૯૪૩૧.૦૧ | ૧૯૬૩૧.૦૧ | ૨૦.૨૫ |
| ૧૦ | જાફરાબાદ | ૧૯૭૬૩.૯૦ | ૧૯૯૬૩.૯૦ | ૨૦.૫૮ |
| ૧૧ | વીજપડી | ૧૯૪૭૪.૦૯ | ૧૯૬૭૪.૦૯ | ૨૦.૨૯ |
| ૧૨ | દામનગર | ૧૮૯૪૯.૩૧ | ૧૯૧૪૯.૩૧ | ૧૯.૭૭ |
| ૧૩ | બગસરા | ૧૯૨૧૫.૬૨ | ૧૯૪૧૫.૬૨ | ૨૦.૦૩ |
| ૧૪ | ડુંગર | ૧૯૬૯૩.૪૧ | ૧૯૮૯૩.૪૧ | ૨૦.૫૧ |
| ૧૫ | ખંભાળા | ૧૮૮૦૮.૩૩ | ૧૯૦૦૮.૩૩ | ૧૯.૬૩ |
| ૧૬ | કલોરાણા | ૧૮૮૦૦.૪૯ | ૧૯૦૦૦.૪૯ | ૧૯.૬૨ |
| ૧૭ | દેવળીયા | ૧૮૮૬૩.૧૫ | ૧૯૦૬૩.૧૫ | ૧૯.૬૮ |
| ૧૮ | ટીંબી | ૧૯૮૦૩.૦૬ | ૨૦૦૦૩.૦૬ | ૨૦.૬૨ |

અમરેલી, ૦૫ માહે જાન્યુઆરી, સને ૨૦૧૭.

**પરીશિષ્ટ-૧** **જિલ્લો અમરેલી**

જામનગર (ખાવડી) ડેપો ઉપરથી આવતાં કેરોસીન એજન્ટે છુટક વિક્રેતાને વેચાણ કરવાનો ૧૦૦૦ લીટરનો વેચાણ ભાવ તથા છુટક વિક્રેતાઓ/ફેરીયાઓએ એક લીટરનો ગ્રાહકોને વેચાણ આપવાનો ભાવ

| અનું | સંગ્રહ કેન્દ્ર | એજન્ટે છુટક વિક્રેતાને વેચાણ કરવાનો ૧૦૦૦ લીટરનો વેચાણ ભાવ | | છુટક વિક્રેતાએ ગ્રાહકોને વેચાણ કરવાનો ૧ લી.નો ભાવ |
|---|---|---|---|---|
| | | ડેપો ડિલીવરી | ડોરસ્ટેપ ડિલીવરી (રૂા. ૨૦૦/- હેરાફેરી ખર્ચ) | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧ | અમરેલી | ૧૮૪૧૯.૯૩ | ૧૮૬૧૯.૯૩ | ૧૯.૨૪ |
| ૨ | ધારી | ૧૮૭૬૪.૫૭ | ૧૮૯૬૪.૫૭ | ૧૯.૫૮ |
| ૩ | સાવરકુંડલા | ૧૮૬૮૬.૨૪ | ૧૮૮૮૬.૨૪ | ૧૯.૫૦ |
| ૪ | લાઠી | ૧૮૩૧૮.૧૧ | ૧૮૫૧૮.૧૧ | ૧૯.૧૪ |
| ૫ | વડીયા | ૧૮૨૬૩.૨૮ | ૧૮૪૬૩.૨૮ | ૧૯.૦૮ |
| ૬ | રાજુલા | ૧૮૯૨૧.૨૨ | ૧૯૧૨૧.૨૨ | ૧૯.૭૪ |
| ૭ | બાબરા | ૧૮૧૬૧.૪૬ | ૧૮૩૬૧.૪૬ | ૧૮.૯૮ |
| ૮ | લીલીયા | ૧૮૫૬૦.૯૨ | ૧૮૭૬૦.૯૨ | ૧૯.૩૮ |
| ૯ | ખાંભા | ૧૮૯૦૫.૫૫ | ૧૯૧૦૫.૫૫ | ૧૯.૭૨ |

| | | | | |
|---|---|---|---|---|
| ૧૦ | જાફરાબાદ | ૧૯૨૮૯.૩૫ | ૧૯૪૮૯.૩૫ | ૨૦.૧૧ |
| ૧૧ | વીજપડી | ૧૮૮૮૨.૦૬ | ૧૯૦૮૨.૦૬ | ૧૯.૭૦ |
| ૧૨ | દામનગર | ૧૮૪૩૫.૬૦ | ૧૮૬૩૫.૬૦ | ૧૯.૨૫ |
| ૧૩ | બગસરા | ૧૮૫૨૧.૭૬ | ૧૮૭૨૧.૭૬ | ૧૯.૩૪ |
| ૧૪ | ડુંગર | ૧૯૦૩૮.૭૧ | ૧૯૨૩૮.૭૧ | ૧૯.૮૬ |
| ૧૫ | ખંભાળા | ૧૮૨૭૮.૯૫ | ૧૮૪૭૮.૯૫ | ૧૯.૧૦ |
| ૧૬ | કલોરાણા | ૧૮૩૫૭.૨૭ | ૧૮૫૫૭.૨૭ | ૧૯.૧૭ |
| ૧૭ | દેવળીયા | ૧૮૩૫૭.૨૭ | ૧૮૫૫૭.૨૭ | ૧૯.૧૭ |
| ૧૮ | ટીંબી | ૧૯૪૨૨.૫૦ | ૧૯૬૨૨.૫૦ | ૨૦.૨૪ |

અમરેલી, ૦૫ માહે જાન્યુઆરી, સને ૨૦૧૭.

**પરીશિષ્ટ-૧** **જિલ્લો-અમરેલી**

બારેજા ડેપો ઉપરથી આવતાં કેરોસીન એજન્ટે છુટક વિક્રેતાને વેચાણ કરવાનો ૧૦૦૦ લીટરનો વેચાણ ભાવ તથા છુટક વિક્રેતાઓ/ફેરીયાઓએ એક લીટરનો ગ્રાહકોને વેચાણ આપવાનો ભાવ

| અનું | સંગ્રહ કેન્દ્ર | એજન્ટે છુટક વિક્રેતાને વેચાણ કરવાનો ૧૦૦૦ લીટરનો વેચાણ ભાવ | | છુટક વિક્રેતાએ ગ્રાહકોને વેચાણ કરવાનો ૧ લી.નો ભાવ |
|---|---|---|---|---|
| | | ડેપો ડિલીવરી | ડોરસ્ટેપ ડિલીવરી (રૂા. ૨૦૦/- હેરાફેરી ખર્ચ) | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧ | અમરેલી | ૧૮૭૯૧.૧૦ | ૧૮૯૯૧.૧૦ | ૧૯.૬૧ |
| ૨ | ધારી | ૧૯૧૩૫.૭૩ | ૧૯૩૩૫.૭૩ | ૧૯.૯૫ |
| ૩ | સાવરકુંડલા | ૧૮૮૭૭.૨૬ | ૧૯૦૭૭.૨૬ | ૧૯.૬૯ |
| ૪ | લાઠી | ૧૮૬૧૮.૭૯ | ૧૮૮૧૮.૭૯ | ૧૯.૪૪ |
| ૫ | વડીયા | ૧૯૧૯૮.૪૦ | ૧૯૩૯૮.૪૦ | ૨૦.૦૨ |
| ૬ | રાજુલા | ૧૯૧૧૨.૨૪ | ૧૯૩૧૨.૨૪ | ૧૯.૯૩ |
| ૭ | બાબરા | ૧૮૬૧૮.૭૯ | ૧૮૮૧૮.૭૯ | ૧૯.૪૪ |
| ૮ | લીલીયા | ૧૮૬૪૨.૨૮ | ૧૮૮૪૨.૨૮ | ૧૯.૪૬ |
| ૯ | ખાંભા | ૧૯૦૯૬.૫૭ | ૧૯૨૯૬.૫૭ | ૧૯.૯૧ |
| ૧૦ | જાફરાબાદ | ૧૯૬૬૦.૫૨ | ૧૯૮૬૦.૫૨ | ૨૦.૪૮ |
| ૧૧ | વીજપડી | ૧૯૦૭૩.૦૭ | ૧૯૨૭૩.૦૭ | ૧૯.૮૯ |
| ૧૨ | દામનગર | ૧૮૪૫૪.૩૦ | ૧૮૬૫૪.૩૦ | ૧૯.૨૭ |
| ૧૩ | બગસરા | ૧૯૦૪૯.૫૮ | ૧૯૨૪૯.૫૮ | ૧૯.૮૭ |
| ૧૪ | ડુંગર | ૧૯૨૨૯.૭૩ | ૧૯૪૨૯.૭૩ | ૨૦.૦૫ |
| ૧૫ | ખંભાળા | ૧૮૭૩૬.૨૭ | ૧૮૯૩૬.૨૭ | ૧૯.૫૫ |
| ૧૬ | કલોરાણા | ૧૮૮૧૪.૬૦ | ૧૯૦૧૪.૬૦ | ૧૯.૬૩ |
| ૧૭ | દેવળીયા | ૧૮૮૧૪.૬૦ | ૧૯૦૧૪.૬૦ | ૧૯.૬૩ |
| ૧૮ | ટીંબી | ૧૯૭૧૫.૩૪ | ૧૯૯૧૫.૩૪ | ૨૦.૫૩ |

અમરેલી, ૦૫ માહે જાન્યુઆરી, સને ૨૦૧૭.

**પરીશિષ્ટ-૧** **જિલ્લો-અમરેલી**

કાલીગ્રામ ડેપો ઉપરથી આવતાં કેરોસીન એજન્ટે છુટક વિક્રેતાને વેચાણ કરવાનો ૧૦૦૦ લીટરનો વેચાણ ભાવ તથા છુટક વિક્રેતાઓ/ફેરીયાઓએ એક લીટરનો ગ્રાહકોને વેચાણ આપવાનો ભાવ

| અનું | સંગ્રહ કેન્દ્ર | એજન્ટે છુટક વિક્રેતાને વેચાણ કરવાનો ૧૦૦૦ લીટરનો વેચાણ ભાવ | | છુટક વિક્રેતાએ ગ્રાહકોને વેચાણ કરવાનો ૧ લી.નો ભાવ |
|---|---|---|---|---|
| | | ડેપો ડિલીવરી | ડોરસ્ટેપ ડિલીવરી (રૂા. ૨૦૦/- હેરાફેરી ખર્ચ) | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧ | અમરેલી | ૧૮૭૮૩.૨૭ | ૧૮૯૮૩.૨૭ | ૧૯.૬૦ |
| ૨ | ધારી | ૧૯૧૨૭.૯૦ | ૧૯૩૨૭.૯૦ | ૧૯.૯૪ |
| ૩ | સાવરકુંડલા | ૧૮૮૬૯.૪૩ | ૧૯૦૬૯.૪૩ | ૧૯.૬૯ |
| ૪ | લાઠી | ૧૮૬૧૦.૯૫ | ૧૮૮૧૦.૯૫ | ૧૯.૪૩ |
| ૫ | વડીયા | ૧૯૧૯૦.૫૬ | ૧૯૩૯૦.૫૬ | ૨૦.૦૧ |
| ૬ | રાજુલા | ૧૯૧૦૪.૪૦ | ૧૯૩૦૪.૪૦ | ૧૯.૯૨ |
| ૭ | બાબરા | ૧૮૬૧૦.૯૫ | ૧૮૮૧૦.૯૫ | ૧૯.૪૩ |
| ૮ | લીલીયા | ૧૮૬૩૪.૪૫ | ૧૮૮૩૪.૪૫ | ૧૯.૪૫ |
| ૯ | ખાંભા | ૧૯૦૮૮.૭૪ | ૧૯૨૮૮.૭૪ | ૧૯.૯૧ |
| ૧૦ | જાફરાબાદ | ૧૯૪૭૨.૫૩ | ૧૯૬૭૨.૫૩ | ૨૦.૨૯ |
| ૧૧ | વીજપડી | ૧૯૦૬૫.૨૪ | ૧૯૨૬૫.૨૪ | ૧૯.૮૮ |
| ૧૨ | દામનગર | ૧૮૪૪૬.૪૭ | ૧૮૬૪૬.૪૭ | ૧૯.૨૬ |
| ૧૩ | બગસરા | ૧૯૦૪૧.૭૪ | ૧૯૨૪૧.૭૪ | ૧૯.૮૬ |
| ૧૪ | ડુંગર | ૧૯૨૨૧.૮૯ | ૧૯૪૨૧.૮૯ | ૨૦.૦૪ |
| ૧૫ | ખંભાળા | ૧૮૭૨૮.૪૪ | ૧૮૯૨૮.૪૪ | ૧૯.૫૫ |
| ૧૬ | કલોરાણા | ૧૮૮૦૬.૭૭ | ૧૯૦૦૬.૭૭ | ૧૯.૬૨ |
| ૧૭ | દેવળીયા | ૧૮૮૦૬.૭૭ | ૧૯૦૦૬.૭૭ | ૧૯.૬૨ |
| ૧૮ | ટીંબી | ૧૯૬૦૫.૬૯ | ૧૯૮૦૫.૬૯ | ૨૦.૪૨ |

અમરેલી, ૦૫ માહે જાન્યુઆરી, સને ૨૦૧૭.

**પરીશિષ્ટ-૧** **જિલ્લો-અમરેલી**

વાડીનાર (એસ્સાર ઓઈલ) ડેપો ઉપરથી આવતાં કેરોસીન એજન્ટે છુટક વિક્રેતાને વેચાણ કરવાનો ૧૦૦૦ લીટરનો વેચાણ ભાવ તથા છુટક વિક્રેતાઓ/ફેરીયાઓએ એક લીટરનો ગ્રાહકોને વેચાણ આપવાનો ભાવ

| અનું | સંગ્રહ કેન્દ્ર | એજન્ટે છુટક વિક્રેતાને વેચાણ કરવાનો ૧૦૦૦ લીટરનો વેચાણ ભાવ | | છુટક વિક્રેતાએ ગ્રાહકોને વેચાણ કરવાના ૧ લી.નો ભાવ |
|---|---|---|---|---|
| | | ડેપો ડિલીવરી | ડોરસ્ટેપ ડિલીવરી (રૂા. ૨૦૦/- હેરાફેરી ખર્ચ) | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧ | અમરેલી | ૧૮૫૨૧.૭૬ | ૧૮૭૨૧.૭૬ | ૧૯.૩૪ |
| ૨ | ધારી | ૧૮૮૬૬.૩૯ | ૧૯૦૬૬.૩૯ | ૧૯.૬૮ |
| ૩ | સાવરકુંડલા | ૧૮૭૮૮.૦૬ | ૧૮૯૮૮.૦૬ | ૧૯.૬૧ |
| ૪ | લાઠી | ૧૮૪૧૯.૯૩ | ૧૮૬૧૯.૯૩ | ૧૯.૨૪ |
| ૫ | વડીયા | ૧૮૩૬૫.૧૧ | ૧૮૫૬૫.૧૧ | ૧૯.૧૮ |
| ૬ | રાજુલા | ૧૯૦૨૩.૦૪ | ૧૯૨૨૩.૦૪ | ૧૯.૮૪ |
| ૭ | બાબરા | ૧૮૨૬૩.૨૮ | ૧૮૪૬૩.૨૮ | ૧૯.૦૮ |
| ૮ | લીલીયા | ૧૮૬૬૨.૭૪ | ૧૮૮૬૨.૭૪ | ૧૯.૪૮ |

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
|---|---|---|---|---|
| ૯ | ખાંભા | ૧૯૦૦૭.૩૮ | ૧૯૨૦૭.૩૮ | ૧૯.૮૨ |
| ૧૦ | જાફરાબાદ | ૧૯૩૯૧.૧૮ | ૧૯૫૯૧.૧૮ | ૨૦.૨૧ |
| ૧૧ | વીજપડી | ૧૯૯૮૩.૮૮ | ૧૯૧૮૩.૮૮ | ૧૯.૮૦ |
| ૧૨ | દામનગર | ૧૮૫૩૭.૪૨ | ૧૮૭૩૭.૪૨ | ૧૯.૩૫ |
| ૧૩ | બગસરા | ૧૮૬૨૩.૫૮ | ૧૮૮૨૩.૫૮ | ૧૯.૪૪ |
| ૧૪ | ડુંગર | ૧૯૧૪૦.૫૩ | ૧૯૩૪૦.૫૩ | ૧૯.૯૬ |
| ૧૫ | ખંભાળા | ૧૯૩૮૦.૭૭ | ૧૯૫૮૦.૭૭ | ૧૯.૨૦ |
| ૧૬ | કલોરાણા | ૧૮૪૫૯.૧૦ | ૧૮૬૫૯.૧૦ | ૧૯.૨૮ |
| ૧૭ | દેવળીયા | ૧૮૪૫૯.૧૦ | ૧૮૬૫૯.૧૦ | ૧૯.૨૮ |
| ૧૮ | ટીંબી | ૧૯૫૨૪.૩૩ | ૧૯૭૨૪.૩૩ | ૨૦.૩૪ |

અમરેલી, ૦૫ માહે જાન્યુઆરી, સને ૨૦૧૭.

**પરીશિષ્ટ-૧** **જિલ્લો-અમરેલી**

પાલનપુર ડેપો ઉપરથી આવતાં કેરોસીન એજન્ટે છુટક વિક્રેતાને વેચાણ કરવાનો ૧૦૦૦ લીટરનો

| અનું | સંગ્રહ કેન્દ્ર | એજન્ટે છુટક વિક્રેતાને વેચાણ કરવાનો ૧૦૦૦ લીટરનો વેચાણ ભાવ | | છુટક વિક્રેતાએ ગ્રાહકોને વેચાણ કરવાના ૧ લી.નો ભાવ |
|---|---|---|---|---|
| | | ડેપો ડિલીવરી | ડોરસ્ટેપ ડિલીવરી (રૂા. ૨૦૦/- હેરાફેરી ખર્ચ) | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧ | અમરેલી | ૧૯૭૨૭.૪૧ | ૧૯૯૨૭.૪૧ | ૨૦.૫૪ |
| ૨ | ધારી | ૨૦૦૬૪.૨૧ | ૨૦૨૬૪.૨૧ | ૨૦.૮૮ |
| ૩ | સાવરકુંડલા | ૧૯૯૯૩.૭૨ | ૨૦૧૯૩.૭૨ | ૨૦.૮૧ |
| ૪ | લાઠી | ૧૯૬૨૯.૫૦ | ૧૯૮૨૯.૫૦ | ૨૦.૪૫ |
| ૫ | વડીયા | ૨૦૧૫૦.૩૭ | ૨૦૩૫૦.૩૭ | ૨૦.૯૭ |
| ૬ | રાજુલા | ૨૦૨૯૯.૧૯ | ૨૦૪૯૯.૧૯ | ૨૧.૧૨ |
| ૭ | બાબરા | ૧૯૫૯૪.૨૬ | ૧૯૭૯૪.૨૬ | ૨૦.૪૧ |
| ૮ | લીલીયા | ૧૯૮૭૨.૩૧ | ૨૦૦૭૨.૩૧ | ૨૦.૬૯ |
| ૯ | ખાંભા | ૨૦૧૮૯.૫૩ | ૨૦૩૮૯.૫૩ | ૨૧.૦૧ |
| ૧૦ | જાફરાબાદ | ૨૦૪૭૯.૩૩ | ૨૦૬૭૯.૩૩ | ૨૧.૩૦ |
| ૧૧ | વીજપડી | ૨૦૧૮૯.૫૩ | ૨૦૩૮૯.૫૩ | ૨૧.૦૧ |
| ૧૨ | દામનગર | ૧૯૫૭૪.૬૭ | ૧૯૭૭૪.૬૭ | ૨૦.૩૯ |
| ૧૩ | બગસરા | ૧૯૯૮૯.૮૦ | ૨૦૧૮૯.૮૦ | ૨૦.૮૧ |
| ૧૪ | ડુંગર | ૨૦૩૦૭.૦૨ | ૨૦૫૦૭.૦૨ | ૨૧.૧૨ |
| ૧૫ | ખંભાળા | ૨૦૧૨૬.૮૭ | ૨૦૩૨૬.૮૭ | ૨૦.૯૪ |
| ૧૬ | કલોરાણા | ૨૦૧૫૮.૨૦ | ૨૦૩૫૮.૨૦ | ૨૦.૯૮ |
| ૧૮ | દેવળીયા | ૧૯૮૨૫.૩૨ | ૨૦૦૨૫.૩૨ | ૨૦.૬૪ |
| ૧૮ | ટીંબી | ૨૦૪૬૩.૬૭ | ૨૦૬૬૩.૬૭ | ૨૧.૨૮ |

અમરેલી, ૦૫ માહે જાન્યુઆરી, સને ૨૦૧૭.

દિલીપ રાણા,
કલેક્ટર,
અમરેલી.

INDEX

## જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

ગુજરાત પોલીસ આધિનિયમની કલમ-૩૩ની પેટા કલમ-(૧)(ત) અન્વયેનું

## આખરી જાહેરનામુ

નં. એમએજી/સી/૫૬૮૦/૨૦૧૬.-પોલીસ અધિક્ષકશ્રી, ગીર સોમનાથ જિલ્લો, વેરાવળના પત્ર નં. સી/એલ.આઈ.બી./જ.જી.ધો.પ્ર.જા./૨૨૬૧/૨૦૧૬, તા. ૦૩-૦૯-૨૦૧૬થી રજુ થયેલ દરખાસ્તની વિગતે ગીર સોમનાથ જિલ્લાના કોડીનાર તાલુકાના ઘાંટવડ ગામની સીમમા આવેલ શિંગોડા નદી ઉપર જમજીર ધોધ આવેલ છે. આ ધોધની ઉપર વાસમાં જામવાળા મુકામે ડેમ આવેલ છે. જેથી બારેમાસ પાણીનો પ્રવાહ સતત ચાલુ રહેતો હોવાથી, પાણીનો ધોધ વહેતો રહે છે. આ જગ્યાએ આસપાસના તથા બહારના વિસ્તારમાથી માણસો ફરવા તથા ન્હાવા માટે આવે છે અને તહેવારો દરમ્યાન મોટા પ્રમાણમા લોકો એકત્રિત થાય છે. આ ધોધમા પાણી ઘણુ વધારે હોય છે અને નીચે પથ્થરો તથા ભેખડો હોવાના કારણે ન્હાવા માટે તથા સેલ્ફી લેવા જનાર વ્યક્તિઓના ઘણી વખત મૃત્યુ થયેલ હોવાના બનાવો બનેલ છે તથા અનેક લોકોએ જીવ ગુમાવેલ છે. જેથી મહામુલી માનવ જીંદગી બચાવવાના હેતુસર તેમજ ભવિષ્યમાં જમજીર ધોધના સ્થળે પાણીમા ડુબી જવાથી મૃત્યુ પામવાના બનાવો કાયમી ધોરણે અટકાવવાના હેતુસર જમજીર ધોધ ખાતે ન્હાવા તથા સેલ્ફી લેવા ઉપર કાયમી ધોરણે પ્રતિબંધ મુકવા અંગેનુ કાયમી જાહેરનામુ અગાઉ જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, જુનાગઢ દ્વારા બહાર પાડવામા આવેલ છે અને તે અસ્તિત્વમાં છે. પરંતુ જુનાગઢ જિલ્લામાંથી વિભાજિત થઈ ગીર સોમનાથ નવા જિલ્લા તરીકે અસ્તિત્વમા આવેલ હોય, કોઈ કાયદાકીય પ્રશ્ન ઉપસ્થિત ન થાય તે સારૂ ઉપરોક્ત વિગતેનુ જાહેરનામુ નવેસરથી બહાર પાડવા દરખાસ્ત રજુ થતા આ કચેરીના હુકમ નં. એમએજી/સી/૪૦૪૫/૨૦૧૬, તા. ૦૭-૧૧-૨૦૧૬થી ઉપરોક્ત વિગતેનુ જાહેરનામુ બહાર પાડવા અંગે અત્રેથી પ્રાથમિક જાહેરનામુ પ્રસિધ્ધ કરવામા આવેલ છે. જે જાહેરનામુ પ્રસિધ્ધ થયાની તારીખથી દિવસ-૩૦(ત્રીસ)ની સમયમર્યાદામાં વાંધા/સુચનો મંગાવવામા આવેલ છે.

ઉપરોક્ત વિગતે બહાર પાડવામા આવેલ પ્રાથમિક જાહેરનામુ તા. ૧૦-૧૧-૨૦૧૬ના દૈનિક વર્તમાનપત્રમા પ્રસિધ્ધ થયેલ છે. તેમજ પ્રસ્તુત બાબતે કોઈ વ્યક્તિ દ્વારા સદરહુ જાહેરનામા અન્વયે કોઈ વાંધા/સુચનો રજુ થયેલ નથી. જેથી ઉપરોક્ત બાબતેનુ જાહેરનામુ આખરી કરવુ વ્યાજબી જણાય છે.

સબબ, હું, અજયકુમાર, આઈ.એ.એસ., જિલ્લા મેજીસ્ટ્રેટ, ગીર સોમનાથ, જિલ્લો-વેરાવળ, ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૩૩ની પેટા કલમ-(૧)(ત) હેઠળ મને મળેલ અધિકારની રૂઈએ ગીર સોમનાથ જિલ્લાના કોડીનાર તાલુકાના ઘાંટવડ ગામની સામમા આવેલ શિંગોડા નદી ઉપર આવેલ જમજીર ધોધ ખાતે કોઈ પણ વ્યક્તિઓને ધોધમા ન્હાવા માટે કે ધોધના ના પાણીમા પ્રવેશ કરવા ઉપર તેમજ ધોધના કિનારાની કોતરો ઉપર સેલ્ફી લેવા ઉપર કાયમી ધોરણે પ્રતિબંધ ફરમાવુ છું.

આ જાહેરનામુ બહાર પડયાની તારીખથી અમલમાં આવશે. તેમા ફેરફાર કરવામા ન આવે કે રદ કરવામા ન આવે કે જાહેરનામાનો અમલ મોકુફ રાખવામા ન આવે ત્યા સુધી તે અમલમા રહેશે.

આ જાહેરનામાના કોઈપણ ખંડનો ભંગ કે ઉલ્લંઘન કરનાર વ્યકિત ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૧મા જણાવેલ શિક્ષાને પાત્ર રહેશે.

આ આખરી જાહેરનામું આજ તા. ૦૬ માહે ડીસેમ્બર-૨૦૧૬ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી જાહેર જનતાની જાણ માટે પ્રસિધ્ધ કર્યું.

ગીર સોમનાથ, ૬ માહે ડીસેમ્બર, સને ૨૦૧૬.

**અજયકુમાર,**
જિલ્લા મેજીસ્ટ્રેટ,
ગીર સોમનાથ જિલ્લો,
વેરાવળ.

---

## અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૧) અન્વયે

## જાહેરનામું

નં. એમએજી/સી/૮૯/૨૦૧૭.-પોલીસ અધિક્ષકશ્રી, ગીર સોમનાથના પત્ર નં. સી/એલઆઈબી/હથિ.બંધી/જા.ના./૧૩/૨૦૧૭, તા. ૦૭-૦૧-૨૦૧૭ થી (૧) વેરાવળ, પ્ર.પાટણ, કોડીનાર તથા ઉના કોમી દ્રષ્ટિએ અત્યંત સંવેદનશીલ હોય નાના સરખા બનાવથી અફવાઓના કારણે હિન્દુ-મુસ્લીમ વચ્ચે ઘર્ષણ થવા સંભાવના રહે છે. અફવાના કારણે લોકો એકઠા થવાના બનાવ બનતા હોય, જેથી ચારથી વધુ લોકો એકઠા ન થાય તે હેતુથી વિશેષ તકેદારી રાખવી આવશ્યક છે. (૨) પ્રભાસ પાટણ ખાતે સુપ્રસિધ્ધ ભગવાન સોમનાથ મહાદેવનું મંદિર આવેલ છે. જેથી સવિશેષ તકેદારી રાખવી આવશ્યક છે. (૩) આ માસમાં હિન્દુ તથા મુસ્લીમ લોકોના તહેવારોની ઉજવણી થનાર હોય તેમજ ૨૬મી જાન્યુઆરીના દિવસે ગણતંત્ર દિવસની ઉજવણી થનાર હોય, જે ઉજવણી સબબ ધાર્મિક સ્થળો, જાહેર સ્થળો વિગેરે જગ્યાઓએ મોટી સંખ્યામાં લોકો એકઠા થતા હોય, તેમજ સોમનાથ મંદિર ખાતે આ તહેવારો દરમ્યાન બહોળી સંખ્યામાં જનમેદની એકઠી થતી હોય, કોઈ બનાવ ન બને તે માટે તેમજ વિવિધ કાર્યક્રમો દરમ્યાન કાયદો અને વ્યવસ્થાની દ્રષ્ટિએ તકેદારી રાખવી ખુબજ આવશ્યક છે. (૪) અત્રેના જિલ્લામાં આવેલ ગીર/જંગલ વિસ્તારમાં સિંહ તથા અન્ય વન્ય પ્રાણીઓના શિકારના બનાવો બનતા હોય, જેથી કાયદો અને

વ્યવસ્થાની દ્રષ્ટિએ તકેદારી રાખવી ખુબજ આવશ્યક છે. સબબ, ગીર-સોમનાથ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તથા જાહેર સુલેહશાંતી જળવાઈ રહે તે હેતુસર હથિયારબંધીનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા અત્રેને દરખાસ્ત થઈ આવેલ છે.

ઉકત રજુ થયેલ દરખાસ્ત વ્યાજબી જણાતા સુલેહશાંતી જાળવવા સારી અને કાયદો વ્યવસ્થાની સ્થિતિ યથાવત જળવાઈ રહે તેમજ કોઈ જાતનો અનિચ્છનીય બનાવ બને નહીં તે માટે હું, પી. બી. પંડયા, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ગીર-સોમનાથ જિલ્લો, વેરાવળ, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ના આંક-૨૨ની કલમ-૩૭(૧) અન્વયે મને મળેલ અધિકારની રૂએ સમગ્ર ગીર-સોમનાથ જિલ્લા વિસ્તારમાં તા. ૧૪-૦૧-૨૦૧૭ થી તા. ૧૨-૦૨-૨૦૧૭ સુધી (બંન્ને દિવસો સહિત) નીચે પ્રમાણે મનાઈ ફરમાવું છું કે, કોઈપણ વ્યકિતએ...

(ક) શસ્ત્ર, દંડા, તલવાર, ભાલા, ચપ્પુ, લાકડી અથવા શારિરીક હિંસા પહોંચાડવામાં ઉપયોગી થઈ શકે તેવી બીજી કોઈ ચીજો લઈ જવી નહીં.

(ખ) પથ્થરો અથવા બીજા શસ્ત્રો ફેંકવા અથવા નાખવામાં ઉપયોગી હોય તેવા યંત્રો અથવા સાધનો લઈ જવા, એકઠા કરવા તથા તૈયાર કરવા નહી.

(ગ) વ્યક્તિઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવા નહી.

(ઘ) અપમાન કરવા અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેર બિભત્સ સુત્રો પોકારવા નહી, અશ્લીલ ગીતો ગાવા નહી.

(ચ) જેનાથી સુરુચીનો અને શાંતિનો ભંગ થાય તેવું ભાષણ કરવું નહી, તેવા હાવભાવ કરવા નહી, તેવી ચેષ્ટા કરવી નહી તથા ચિત્રો, પ્લેકાર્ડ અથવા બીજા કોઈ પદાર્થ અથવા વસ્તુઓ કરવી નહી.

**આ હુકમ નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહીં.**

૧. સરકારશ્રીની નોકરીમાં કામ કરતી કોઈ વ્યક્તિ કે જેના ઉપરી અધિકારીઓને ફરમાવ્યા હોય અથવા આવા કોઈ હથિયાર લઈ જવાની તેમની ફરજ હોય.

૨. જિલ્લા પોલીસ અધિકારીશ્રીએ જે તે શારિરીક અશક્તિને કારણે લાઠી લઈ જવાની અથવા શુભ હેતુથી ધંધો કરવાની પરવાનગી આપી હોય તે વ્યક્તિ.

૩. ખેડુતો પોતાની ખેતીકામ માટે ખેતીના ઓજારો લઈ જવામાં હાડમારી ન થાય, તે અને રોજીંદા કામ કરી શકે તે આશયથી ખેડુતો પોતાના ઓજારો ખેતીકામ માટે લઈ જતા હોય.

આ જાહેરનામાંના કોઈ ખંડનો ભંગ કરનાર અથવા પાલન ન કરવામાં મદદ કરનાર વ્યક્તિને ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૫(૧) મુજબ એક વર્ષની મુદત સુધીની કેદની શિક્ષા અને દંડને પાત્ર થશે. આ ઉપરાંત ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ તે વ્યક્તિનો ગુનો સાબિત થયેથી એક માસની સાદી કેદ અગર રૂા. ૨૦૦/- નો દંડ અગર બન્ને શિક્ષા થઈ શકશે અને આ હુકમની અવગણના માનવજીવનને અથવા સ્વાસ્થ્યને અથવા સલામતીને નુકશાન કરે, ભય ઉત્પન્ન થાય અથવા કોઈ હુલ્લડ-બખેડો થાય તો તેવી વ્યક્તિને-૬ (છ) માસ સુધીની પરિશ્રમ અથવા સાદી કેદ અથવા રૂા. ૧૦૦૦/- સુધીનો દંડ સહિત બંન્ને શિક્ષાને પાત્ર ઠરશે.

આજ તા. ૦૯ માહે જાન્યુઆરી, સને ૨૦૧૭ ના રોજ મારી સહી તથા કચેરીના સીક્કા કરી જાહેર જનતાની જાણ તથા અમલ થવા માટે પ્રસિધ્ધ કર્યું.

ગીર-સોમનાથ, ૯ માહે જાન્યુઆરી, સને ૨૦૧૭.

---

**ફોજદારી કાર્યરીતિ આધિનિયમ-૧૯૭૩ની**
**કલમ-૧૪૪(૧) હેઠળ કાઢેલ હુકમ**

## જાહેરનામુ

નં. એમએજી/સી/૮૮/૨૦૧૭.-પોલીસ અધિક્ષકશ્રી, ગીર સોમનાથ જિલ્લો, વેરાવળના પત્ર નં. સી/એલ.આઈ.બી./જા.નામુ./પ્રસિધ્ધિ/૪૮૧૭/૨૦૧૬, તા. ૩૧-૧૨-૨૦૧૬ અને નં. સી./એલ.આઈ.બી./જા.નામુ./પર્તતા/પ્રસિધ્ધિ/૧૪/૨૦૧૬, તા. ૦૮-૦૧-૨૦૧૭ ના પત્રથી રજુ થયેલ વિગતો મુજબ ગીર સોમનાથ જિલ્લાના ઉના તાલુકાના મોટા સમઢીયાળા ગામે તા. ૧૧-૦૭-૨૦૧૬ના રોજ દલીતોને માર મારવાનો બનાવ બનેલ હતો. જે ઘટના સંદર્ભે ઉના પોલીસ સ્ટેશન ખાતે ગુ.ર.નં.ફ. ૧૨૭/૧૬, તા. ૧૧-૦૭-૨૦૧૬ના રોજ રજીસ્ટર થયેલ છે. તેમજ આ ઘટના બન્યા બાદ ઉના પોલીસ સ્ટેશન વિસ્તારમા ઘર્ષણના વધુ બનાવો બનતા અન્ય ગુન્હાઓ પણ નોંધાયેલ છે તથા તા. ૧૫-૦૮-૨૦૧૬ના રોજ દલીતોની અસ્મિતા રેલી પરત જતી વખતે સામતેર ગામના તથા આજુ બાજુના ગામના લોકોએ દલીતોની રેલી પસાર નહી થવા દેવા માટે તોફાનો કરેલ હોય, પોલીસ દ્વારા બળ પ્રયોગ કરવો પડેલ હતો.

આ બનાવના પ્રત્યાઘાત સમગ્ર ભારતમા પડતા જેના સમર્થનમા દલીત સમાજના લોકોએ અલગ-અલગ શહેરોમા

રેલીઓ કાઢેલ તેમજ ફરીયાદીના નિવાસ સ્થાને પણ આશ્વાસન આપવા સારૂ અલગ-અલગ સંસ્થાઓ દ્વારા ખબર અંતર પુછેલ. આ ગુન્હો દાખલ થયા બાદ ગુજરાત સરકારશ્રી દ્વારા ખાસ અદાલત નિમવામાં આવેલ છે તથા ખાસ સરકારી વકીલની નિમણુંક પણ કરવામા આવેલ છે. તેમજ આ ગુન્હાની તપાસ સી.આઈ.ડી. ક્રાઈમને સોંપવા હુકમ થતા કુલ-૪૩ આરોપીઓને અટક કરવામા આવેલ છે. આ આરોપીઓ વિરૂધ્ધ ચાર્જશીટ દાખલ કરવામા આવેલ છે. તેમજ સ્પેશીયલ કોર્ટમા કમિટ કરવામા આવતા હાલ આ કેસ ચાલુ છે. આ કેસની જયારે-જયારે મુદત હોય ત્યારે આરોપીઓ તથા સાહેદોના સગાવાલા સહિત મોટી સંખ્યામા તેઓના સમર્થનમા કુટુંબીજનો તથા અન્ય લોકો નામ. ઉના કોર્ટ પરીસર ખાતે એકત્રિત થાય છે. જેથી જેથી અનિચ્છનિય બનાવો બનવાની પુરેપુરી શકયતા હોય, સુલેહ શાંતિનો ભંગ, બખેડો, હુલ્લડ અટકાવવા તથા કોઈ ચોક્કસ કોમની વ્યકિતઓની લાગણીઓ ન દુભાય તેમજ કોઈ વ્યકિતની માનહાની ન થાય, કોઈ ધરણા કે દર્શન ન યોજાય અને સુલેહ-શાંતિનો ભંગ ન થાય તે માટે ઉના ખાતે નામ.કોર્ટના પરીસર તથા કોર્ટની આજુ-બાજુ ના વિસ્તારમા સી.આર.પી.સી. કલમ-૧૪૪(૧) માટેનુ જાહેરનામુ બહાર પાડવા પોલીસ અધિક્ષકશ્રી, ગીર સોમનાથ તરફથી દરખાસ્ત રજુ થયેલ છે. જે વ્યાજબી જણાય છે.

આથી હું, પી. બી. પંડયા, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ગીર-સોમનાથ જિલ્લો, વેરાવળ, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ ના નં. ૨) ની કલમ-૧૪૪(૧) હેઠળ મને મળેલ સત્તાની રૂઈએ હુકમ કરૂ છુ કે, ઉના ખાતે નામ. કોર્ટના પરીસર તથા કોર્ટની આજુ-બાજુના ૨૦૦ મીટર વિસ્તારમાં સુલેહ શાંતિનો ભંગ થાય, બખેડો થાય, હુલ્લડ થાય તથા કોઈ ચોક્કસ કોમની વ્યકિતઓ લાગણીઓ દુભાય તેમજ કોઈ વ્યકિતની માનહાની થાય તેમજ સુલેહ-શાંતિનો ભંગ થાય તથા અદાલતની કાર્યવાહીમા કોઈ વિક્ષેપ પડે તેવું કૃત્ય કોઈપણ વ્યકિતએ કરવું નહી. તેમજ કોઈપણ પ્રકારના ધરણા કે પ્રદર્શન કરવા નહી.

આ જાહેરનામુ બહાર પડયા તારીખથી દિન–૬૦ માટે અમલમાં રહેશે.

આ જાહેરનામુ સરકારી ફરજ ઉપર રોકાયેલ કર્મચારીઓ, સરકારી કાર્યક્રમો, લગ્નના વરઘોડા, અંતિમયાત્રા તેમજ સક્ષમ અધિકારીશ્રીની પરવાનગી મેળવનારને લાગુ પડશે નહી.

આ જાહેરનામાન ભંગ કરનાર વ્યકિત ઈ.પી.કો.ની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ જાહેરનામાની જાહેર જનતાને જાણ સંબંધીત કચેરીઓએ તેમના નોટિસ બોર્ડ પર, સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યા ઉપર નકલ ચોટાડીને તથા માહિતી ખાતાએ વર્તમાન પત્રોમાં પ્રસિધ્ધી કરી કરવાની રહેશે. ગુજરાત પોલીસ એકટની કલમ–૧૬૩ મુજબ પોલીસ અધિખારીઓ પણ આ જાહેરનામાની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજ તા. ૦૯ માહે જાન્યુઆરી, સને ૨૦૧૭ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે જાહેર જનતાની જાણ તથા અમલવારી માટે આ જાહેરનામુ પ્રસિધ્ધ કરવામાં આવ્યું.

ગીર-સોમનાથ, ૯ માહે જાન્યુઆરી, સને ૨૦૧૭.

**પી. બી. પંડયા,**
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
ગીર સોમનાથ જિલ્લો,
વેરાવળ.

---

## જાહેરનામું

નં. ડી.એમ.-૧/હ.જા./ઈ. નં. ૧૦૫૧/૨૦૧૭.-આગામી જાન્યુઆરી-૨૦૧૭/ફેબ્રુઆરી-૨૦૧૭ નાં માસ દરમિયાન તા. ૧૨-૦૧-૨૦૧૭ નાં રોજ ઉત્તરાયણ, તા. ૧૯-૦૧-૨૦૧૭ નાં રોજ સ્વામી વિવેકાનંદ જયંતિ, તા. ૨૩-૦૧-૨૦૧૭ નાં રોજ સુભાષચંન્દ્ર બોઝ જયંતિ, તા. ૨૬-૦૧-૨૦૧૭ નાં રોજ પ્રજાસત્તાક દિન, તા. ૩૦-૦૧-૨૦૧૭ નાં રોજ ગાંધી નિર્વાણ દિન, તા. ૦૧-૦૨-૨૦૧૭ નાં રોજ વસંતપંચમી, તા. ૦૪ -૦૨-૨૦૧૭ નાં રોજ દુર્ગાષ્ટમી તથા તા. ૦૯ -૦૨-૨૦૧૭ નાં રોજ વિશ્વકર્મા જયંતિ વિગેરે તહેવારો/ઉત્સવો ઉજવનારા હોય, આ દિવસોમાં કાયદો અને વ્યવસ્થા જાળવવા તથા આ તહેવારો દરમ્યાન સુલેહ-શાંતી જળવાઈ રહે તેમજ રાજ્યની વર્તમાન પરિસ્થિતિને અનુલક્ષીને અગમચેતીના પગલા લેવા અનિવાર્ય જણાતાં સમગ્ર ભાવનગર જિલ્લામાં લોકો જાહેરમાં તિક્ષ્ણ હથિયારો જેવા કે છરી, કુંહાડી, ધારીયા, તલવાર, ગુપ્તી, કુંડેલીવાળી લાકડીઓ, લોખંડના પાઈપ, ભાલા વિગેરે જેવા પ્રાણઘાતક હથિયારો લઈને હરે ફરે નહી, તે માટે પ્રતિબંધ ફરમાવતું જાહેરનામું જાહેર શાંતી અને સલામતી જાળવવા સારૂ બહાર પાડવું જરૂરી જણાય છે.

સબબ, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૧) અન્વયે મને મળેલ અધિકારની રૂઈએ હું, આર. પી. ચૌધરી, (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ભાવનગર જિલ્લો, ભાવનગર, આથી જાહેર શાંતિ અને સલામતી જાળવવા સારૂં ફરમાવું છું કે, કોઈએ નીચેની અનુસુચિમાં દર્શાવેલ વિસ્તારમાં તા. ૧૨-૦૧-૨૦૧૭ થી તા. ૧૦-૦૨-૨૦૧૭ સુધી (બંન્ને દિવસો સુધ્ધા).

(ક) કોઈ વ્યકિત કે વ્યક્તિના સમુહ દ્વારા જાહેરમાં તિક્ષ્ણ હથિયારો જેવાં કે છરી, કુંહાડી, ધારીયા, તલવાર, ગુપ્તી, કુંડેલીવાળી લાકડીઓ, લોખંડના પાઈપ, ભાલા તથા દંડા, બંદુક, લાઠી અથવા શારીરિક ઈજા પહોંચાડી શકાય તેવી બીજી કોઈ ચીજવસ્તુઓ કે હથિયારો જાહેરમાં લઈ જવા નહિં.

(ખ) કોઈ પણ જાહેર જગ્યામાં શારીરીક નુકશાન કરે તેવા પદાર્થો તથા લાયસન્સ/પરમીટ વગર સ્ફોટક પદાર્થ લઈ જવા, લાવવા નહીં.

(ગ) પથ્થરો અથવા બીજા શસ્ત્રો અથવા ફેંકી શકાય તેવા કોઈ સાધન સામગ્રી કે યંત્રો જાહેરમાં એકઠા કરવા/તૈયાર કરવા તેમજ સભા/સરઘસની મંજુરી આપનાર સક્ષમ અધિકારીશ્રીની મંજુરી લીધા વગર સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલ લઈ જવી નહિ.

(ઘ) વ્યકિત કે વ્યકિતના જુથો દ્વારા કોઈ અન્ય વ્યકિત કે વ્યકિતના સમુહના શબ અથવા આકૃતિઓ કે પુતળા જાહેરમાં દેખાડવા નહીં.

**આ હુકમનો ખંડ (ક) નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહીં.**

(૧) સરકારી નોકરી કે કામ કરતી કોઈ વ્યક્તિને જો ત્યાંના ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથીયાર લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા આવું કોઈપણ હથીયાર લઈ જવાની તેની ફરજ હોય.

(૨) પોલીસ અધિક્ષકશ્રી અથવા તેણે અધિકૃત કરેલ પોલીસ અધિકારી કે જેને શારીરિક અશક્તિને કારણે લાકડી અથવા લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તે વ્યક્તિને.

(૩) જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી અથવા અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રીએ આ અર્થે ખાસ અધિકૃત કરે તેવી બીજી કોઈ વ્યક્તિને.

**અનુસૂચિ :-**

**ભાવનગર જિલ્લાનો સમગ્ર વિસ્તાર.**

આ જાહેરનામાંનો કોઈ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને ઓછામાં ઓછી ચાર મહીનાની અને વધુમાં વધુ એક વર્ષની કેદની સજા અને ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૫ (૧) મુજબની દંડની પણ સજા થશે.

''જાહેરનામાનો અમલ અને તેના ભંગ બદલના પગલા લેવા માટે ફરજ પરના કોઈપણ હેડ કોન્સ્ટેબલ તથા તેનાથી ઉપરના અધિકારીને અધિકાર રહેશે.''

આ જાહેરનામું ઉપર નિર્દિષ્ટ કરેલા વિસ્તારમાં સહેલાઈથી દેખી શકાય તેવી રીતે તેની નકલ ચોંટાડીને તેમજ સ્થાનિક વર્તમાનપત્રોમાં બહોળી પ્રસિધ્ધિ આપીને પ્રસિધ્ધ કરવાનું આથી હું ફરમાવું છું.

આજ તા. ૦૯-૦૧-૨૦૧૭ ના રોજ મારી સહી તથા સીક્કો માર્યો.

ભાવનગર, ૯ માહે જાન્યુઆરી, સને ૨૦૧૭.

**આર. પી. ચૌધરી,**
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
ભાવનગર.

**મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૭(૧) અન્વયે કાઢેલ હુકમ**

## જાહેરનામું

નં.ડી.એમ./વશી/૮૭ થી ૧૦૧/૨૦૧૭.-બોટાદ જિલ્લામાં ચાલુ માસ જાન્યુઆરી-૨૦૧૭ તથા ફેબ્રુઆરી-૨૦૧૭ ના આગામી માસ દરમ્યાન કાયદો અને વ્યવસ્થા જાળવવા તથા સુલેહ શાંતી જળવાઈ રહે તેમજ ચાલુ માસમાં આવતા ધામિક્ષક-સમાજીક તહેવારો/ઉત્સવો તેમજ રાજ્યની વર્તમાન પરીસ્થિતીને અનુલક્ષીને અગમચેતીના પગલા લેવા અનિવાર્ય જણાતા, સમગ્ર બોટાદ જિલ્લામાં હાલમાં ચાલી રહેલ પાટીદાર અનામત આંદોલન તથા દલીત અત્યાચાર વિરોધ આંદોલન સંદર્ભે ને ધ્યાને લેતા આ માસ દરમ્યાન નીચેની વિગતે પ્રતિબંધ ફરમાવતુ જાહેરનામુ પ્રસિધ્ધ કરવાની જરૂરીયાત જણાય છે. કોઈ વ્યકિત કે વ્યકિતનાં સમુહ દ્વારા જાહેરમાં તીક્ષ્ણ હથીયારો જેવા કે, છરી, કુહાડી, ધારીયા, તલવાર, ગુપ્તી, કુંડલીવાળી લાકડીઓ, લોખંડના પાઈપ, ભાલા તથા દંડા, બંદુક, લાઠી અથવા શારીરિક હિંસામાં ઉપયોગી થઈ શકે તેવા પ્રાણઘાતક હથીયારો લઈને હરે ફરે નહી, તે માટે પ્રતિબંધ ફરમાવતું જાહેરનામું જાહેર શાંતી અને સલામતી જાળવવા સારૂ બહાર પાડવું જરૂરી જણાય છે.

સબબ મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ ના મુંબઈ ના ૨૨માં અધિનિયમની કલમ-૩૭(૧) અન્વયે મને મળેલ સત્તાની રૂએ હું, બી. વી. લીંબાસીયા, (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, બોટાદ જિલ્લો, બોટાદ, આથી જાહેર શાંતી અને સલામતી જાળવવા સારૂં ફરમાવું છું કે કોઈએ નીચેની અનુસુચિમાં દર્શાવેલ વિસ્તારમાં તા. ૦૯-૦૧-૨૦૧૭ થી તા. ૦૮-૦૨-૨૦૧૭ સુધી (બન્ને દિવસો સુધ્ધા) ૩૦-દિવસ

(ક) છરી, કુહાડી, ધારીયા, તલવાર, ગુપ્તી, કુંડલીવાળી લાકડીઓ, લોખંડના પાઈપ, ભાલા અથવા શારીરિક ઈજા પહોંચાડી શકાય તેવું બીજુ કોઈપણ સાધન સાથે લઈ જવા નહીં.

(ખ) કોઈપણ જાહેર જગ્યામાં સ્ફોટક પદાર્થો કે લોકોને શારીરીક નુકશાન કરે તેવા પદાર્થો સાથે લઈ જવા નહીં.

(ગ) પથ્થરો અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓ સાથે લઈ જવી નહી, એકઠા કરવા નહી, તૈયાર કરવા નહી.

(ઘ) સરઘસમાં સળગતાં કાકડા અથવા સળગતી મશાલો સાથે લઈ જવી નહીં.

(ચ) વ્યકિત કે વ્યકિતના જુથ દ્વારા કોઈ અન્ય વ્યકિત કે વ્યકિતના શબ અથવા આકૃતિઓ કે પુતળા જાહેરમાં દેખાડવા નહીં.

**આ હુકમનો ખંડ (ક)-(ખ)-(ગ)-(ઘ) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં.**

(૧) સરકારી નોકરી કે કામ કરતી કોઈ વ્યકિતને જો ત્યાંના ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથીયાર લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા આવું કોઈપણ હથીયાર લઈ જવાની તેની ફરજ હોય.

(૨) પોલીસ અધિક્ષક અથવા તેણે અધિકૃત કરેલ પોલીસ અધિકારી કે જેને શારીરિક અશકિતને કારણે લાકડી અથવા લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તે વ્યકિતને.

(૩) જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, અથવા અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રીએ આ અર્થે ખાસ અધિકૃત કરે તેવી બીજી કોઈ વ્યકિતને.

(૪) કાયદેસરના હથીયાર પરવાના ધરાવનાર વ્યકિતને.

**અનુસુચિ :**

બોટાદ જિલ્લાનો સમગ્ર વિસ્તાર.

આ જાહેરનામાનો કોઈ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને ઓછામાં ઓછી ચાર મહિનાની અને વધુમાં વધુ એક વર્ષની કેદની સજા અને મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૧૩૫(૧) મુજબ દંડની સજા થશે.

''જાહેરનામાના અમલ અને તેના ભંગ બદલના પગલા લેવા મોટ ફરજ પરના કોઈપણ હેડકોન્સ્ટેબલને તથા તેનાથી ઉપરી અધિકારીને અધિકાર રહેશે.''

**મોજે : ભીમરાણા, તા. દ્વારકા, જિલ્લો: દેવભૂમિ દ્વારકાની ગામઠણ લિમિટમાં આવતા ખેતીનાં સરવે નંબરોની વિગત દર્શાવતું પત્રક**

| ક્રમ | સરવે નંબર | ક્ષેત્રફળ |
|---|---|---|
| | | હે.આ.ચો.મી. |
| ૧ | ૧૩ | ૦-૮૨-૬૨ |
| ૨ | ૧૦૪ | ૦-૫૯-૪૬ |
| ૩ | ૧૦૬ | ૨-૫૦-૧૭ |
| ૪ | ૧૦૭ | ૩-૪૬-૮૭ |
| ૫ | ૧૧૭ | ૧-૭૬-૯૧ |
| ૬ | ૧૧૮ | ૧-૫૯-૮૩ |
| ૭ | ૧૧૯ | ૧-૨૨-૧૨ |
| ૮ | ૧૨૦ | ૧-૧૭-૭૩ |
| ૯ | ૧૨૧ | ૧-૧૭-૭૨ |
| ૧૦ | ૧૩૫ | ૧-૨૨-૪૮ |
| ૧૧ | ૧૪૭ | ૦-૩૧-૪૯ |
| ૧૨ | ૧૫૧ | ૧-૨૦-૨૬ |
| ૧૩ | ૩૮૨ | ૦-૪૮-૫૨ |
| ૧૪ | ૩૮૩ | ૦-૫૧-૫૯ |

| ક્રમ | સરવે નંબર | ક્ષેત્રફળ |
|---|---|---|
| | | હે.આ.ચો.મી. |
| ૧૫ | ૩૮૪ | ૦-૨૦-૪૪ |
| ૧૬ | ૩૭૧ | ૦-૮૫-૨૧ |
| ૧૭ | ૩૭૨ | ૦-૮૫-૨૧ |
| ૧૮ | ૧૧૩ | ૧-૧૯-૯૧ |
| ૧૯ | ૧૧૪ | ૦-૪૮-૪૯ |
| ૨૦ | ૧૧૫ | ૦-૩૫-૭૦ |
| ૨૧ | ૧૧૬ | ૦-૩૫-૭૦ |
| ૨૨ | ૧૨૨ | ૧-૬૧-૮૩ |
| ૨૩ | ૧૨૩ | ૧-૬૧-૮૨ |
| ૨૪ | ૧૨૪ | ૦-૯૬-૦૭ |
| ૨૫ | ૧૨૯ | ૧-૫૬-૨૫ |
| ૨૬ | ૧૩૦ | ૧-૦૭-૧૭ |
| ૨૭ | ૩૯૨ | ૦-૪૧-૯૬ |
| ૨૮ | ૩૯૫ | ૦-૬૪-૬૬ |
| ૨૯ | ૩૯૭ | ૦-૧૨-૯૯ |
| ૩૦ | ૩૯૮ | ૦-૪૧-૯૦ |
| ૩૧ | ૪૦૨ | ૦-૯૮-૪૪ |
| ૩૨ | ૪૦૪ | ૦-૬૧-૮૪ |
| ૩૩ | ૪૦૫ | ૦-૮૧-૨૦ |
| ૩૪ | ૪૦૬ | ૦-૮૧-૨૧ |
| ૩૫ | ૪૦૭ | ૧-૪૬-૮૭ |
| ૩૬ | ૪૧૧ | ૦-૮૫-૨૭ |
| ૩૭ | ૪૧૩ | ૦-૮૫-૨૭ |
| ૩૮ | ૪૧૪ | ૦-૮૫-૨૬ |
| ૩૯ | ૪૧૫ | ૧-૬૩-૬૦ |
| ૪૦ | ૪૧૭ | ૦-૭૮-૯૨ |
| ૪૧ | ૪૧૯ | ૦-૪૨-૦૩ |
| ૪૨ | ૧૦૦ | ૧-૩૫-૭૩ |
| ૪૩ | ૭૪ | ૦-૨૦-૦૪ |
| ૪૪ | ૬૩ | ૦-૭૮-૫૫ |
| ૪૫ | ૫૯ | ૨-૯૪-૫૯ |
| કુલ | | ૪૬-૨૧-૯૦ |

## પત્રક-'બ'

**મોજે : ભીમરાણા, તા. દ્વારકા, જિલ્લો: દેવભૂમિ દ્વારકાની ગામતળ લિમિટમાં આવતા બીનખેતીના સરવે નંબરોની વિગત દર્શાવતું પત્રક**

| ક્રમ | સરવે નંબર | ક્ષેત્રફળ |
|---|---|---|
| | | હે.આ.ચો.મી. |
| ૧ | ૧૩૧ | ૦-૯૯-૮૯ |
| ૨ | ૧૪૨ | ૦-૯૯-૩૯ |
| ૩ | ૧૪૪ | ૦-૯૨-૧૨ |
| ૪ | ૩૭૯ | ૦-૨૯-૯૪ |
| ૫ | ૩૮૧ | ૦-૮૧-૭૭ |
| ૬ | ૪૧૬ | ૦-૯૧-૯૫ |
| ૭ | ૪૨૦ | ૦-૫૭-૨૭ |
| ૮ | ૪૨૧ | ૧-૬૯-૩૩ |
| ૯ | ૪૨૨ | ૩-૦૨-૬૭ |
| ૧૦ | ૩૮૯ | ૦-૦૯-૯૮ |
| ૧૧ | ૧૪૬ | ૦-૦૨-૩૭ |
| ૧૨ | ૯૯ | ૧-૬૦-૨૭ |
| ૧૩ | ૮૧ | ૧-૨૨-૨૧ |
| ૧૪ | ૫૫ | ૧-૫૩-૬૨ |
| ૧૫ | ૩૭૫ | ૦-૩૮-૯૪ |
| ૧૬ | ૩૭૬ | ૦-૮૨-૭૫ |
| ૧૭ | ૩૭૭ | ૨-૦૩-૪૭ |
| ૧૮ | ૨૫૪ | ૧-૩૫-૨૬ |
| ૧૯ | ૨૫૫ | ૧-૭૧-૬૬ |
| ૨૦ | ૧૧૦ | ૧-૫૪-૬૮ |
| ૨૧ | ૧૧૨ | ૧-૯૬-૨૮ |
| ૨૨ | ૧૨૭ | ૧-૧૯-૩૪ |
| ૨૩ | ૧૨૮ | ૦-૭૯-૩૮ |
| ૨૪ | ૩૯૬ | ૦-૯૭-૭૦ |
| ૨૫ | ૩૯૯ | ૩-૧૪-૮૨ |
| ૨૬ | ૪૦૦ | ૧-૧૨-૯૦ |
| ૨૭ | ૪૦૧ | ૧-૫૦-૩૨ |
| ૨૮ | ૪૦૩ | ૧-૮૪-૬૦ |
| ૨૯ | ૪૦૮ | ૧-૮૮-૨૩ |
| ૩૦ | ૪૦૯ | ૧-૩૨-૧૭ |
| કુલ | | ૩૮-૩૫-૨૮ |

## પત્રક-'ક'

**મોજે : ભીમરાણા, તા. દ્વારકા,, જિલ્લો: દેવભૂમિ દ્વારકાની ગામતળ લિમિટમાં આવતા સરકારી ખરાબા તથા ગામતળનાં સરવે નંબરોની વિગત દર્શાવતું પત્રક**

| ક્રમ | સરવે નંબર | ક્ષેત્રફળ |
|---|---|---|
| | | હે.આ.ચો.મી. |
| ૧ | ૧૦૨/પૈકી | ૦-૦૩-૦૯ |
| ૨ | ૧૦૩/પૈકી | ૩-૮૭-૯૩ |
| ૩ | ૯૮/પૈકી | ૨-૯૧-૫૩ |
| ૪ | ૧૩૨ | ૩-૪૯-૬૧ |
| ૫ | ૧૩૩ | ૧-૧૦-૫૯ |
| ૬ | ૧૩૪ | ૧-૦૫-૮૪ |
| ૭ | ૧૩૯/પૈકી | ૨-૬૪-૮૫ |
| ૮ | ૧૪૦/પૈકી | ૩-૦૮-૫૭ |
| ૯ | ૧૪૧ | ૨-૫૪-૨૧ |
| ૧૦ | ૧૪૩ | ૧-૦૭-૫૧ |
| ૧૧ | ૧૪૮ | ૫-૫૬-૩૯ |
| ૧૨ | ૩૭૮ | ૦-૦૮-૩૫ |
| ૧૩ | ૩૮૦ | ૧-૦૭-૬૦ |
| ૧૪ | ૨૫૩ | ૧-૦૯-૯૨ |
| ૧૫ | ૩૯૪ | ૦-૧૮-૪૫ |
| ૧૬ | ૮૬/પૈકી | ૨-૬૨-૨૧ |
| ૧૭ | ૨૯૫/પૈકી | ૦-૦૧-૯૩ |

| ક્રમ | સરવે નંબર | ક્ષેત્રફળ હે.આ.ચો.મી. |
|---|---|---|
| ૧૮ | ૧૨૫ | ૦-૭૦-૧૮ |
| ૧૯ | ૧૦૮ | ૨-૩૨-૧૬ |
| ૨૦ | ૧૦૯ | ૦-૧૯-૧૮ |
| ૨૧ | ૧૧૧ | ૦-૩૯-૬૫ |
| ૨૨ | ૬૮ | ૦-૪૪-૬૭ |
| ૨૩ | ૩૯૦ | ૧-૨૦-૧૯ |
| ૨૪ | ૩૯૩ | ૦-૦૯-૯૮ |
| ૨૫ | ૪૧૨ | ૦-૯૬-૯૧ |
| ૨૬ | ૩૮૫ | ૦-૪૭-૭૯ |
| ૨૭ | ૨૪૬ | ૦-૨૪-૫૩ |
| ૨૮ | ૪૧૮ | ૨-૨૪-૮૨ |
| ૨૯ | ૩૫૯ | ૦-૦૧-૧૯ |
| ૩૦ | ૧૮૫ | ૦-૭૦-૨૯ |
| ૩૧ | ૬૯ | ૧-૩૧-૦૯ |
| ૩૨ | ૧ | ૫-૦૬-૭૯ |
| ૩૩ | ૧૦૫ | ૧-૯૪-૬૧ |
| કુલ | | ૫૦-૮૨-૬૧ |

## તારીજ

**મોજે : ભીમરાણા, તા. દ્વારકા, જિલ્લોઃ દેવભૂમિ દ્વારકાની ગામઠણ લિમિટમાં આવતા ગામતળ, ખેતી, બિનખેતી તથા સરકારી ખરાબાનાં સરવે નંબરોની વિગત દર્શાવતું પત્રક**

| ક્રમ | સરવે નંબર | ક્ષેત્રફળ હે.આ.ચો.મી. |
|---|---|---|
| ૧ | પત્રક : અ | ૪૬-૨૧-૯૦ |
| ૨ | પત્રક : બ | ૩૮-૩૫-૨૮ |
| ૩ | પત્રક : ક | ૫૦-૮૨-૬૧ |
| કુલ | | ૧૩૫-૩૯-૭૯ |

દેવભૂમિ દ્વારકા, ૨૧/૩૦ માહે ડીસેમ્બર, સને ૨૦૧૬.

**એ. જે. ગામિત,**
સુપરિટેન્ડન્ટ લેન્ડ રેકર્ડઝ,
દેવભૂમિ દ્વારકા.

---

વંચાણે લીધા :

(૧) સરકારશ્રીના મહેસુલ વિભાગના ઠરાવ ક્રમાંક : પરચ-૧૩.૨૦૧૪-૧૪૫૯-હ, તા. ૦૯-૦૭-૨૦૧૫.

(૨) સેટલમેન્ટ કમિશ્નર અને જમીન દફતર નિયામકશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગરના પત્ર ક્રમાંક : એસ.વી.-૫/૯૫-૧૩૧ મંજૂરી/૧૫-૧૬, તા. ૦૭-૦૮-૨૦૧૫.

(૩) સરકારશ્રીના મહેસૂલ વિભાગના ઠરાવ ક્રમાંક : સિટીએસ/૧૨.૨૦૧૫-૧૯૬૪/હ, તા. ૦૮-૦૯-૨૦૧૫.

(૪) ડી.ઈ.લે.રે.શ્રી, દેવભૂમિ દ્વારકાના પત્ર નંબર : સીટીએસ/ગામઠાણ મોજણી/લે.રે.કો-૧૨૬/કેનેડી/૨૦૧૬, તા. ૧૯-૧૧-૨૦૧૬.

## હુકમ

નં. : સિટીએસ/લે.રે.કો. ૧૨૬/જાહેરનામુ/કેનેડી/૨૦૧૬.-સરકારશ્રીનાં મહેસૂલ વિભાગનાં વંચાણ-૧ નાં ઠરાવથી રાજ્યના ગ્રામ્ય વિસ્તારનાં ગામઠાણની મિલકતની માપણી કરી, હક્ક ચોક્સી કરી પ્રોપર્ટી કાર્ડ તૈયાર કરવા ગામઠાણ (આબાદી એરીયા) મોજણી દાખલ કરવા **દેવભૂમિ દ્વારકા** જિલ્લાના **કલ્યાણપુર** તાલુકાના કેનેડી ગામ માટે લેન્ડ રેવન્યુ કોડની કલમ ૯૫ તથા ૧૩૧ અન્વયે સરકારશ્રીએ મંજુરી આપેલ છે.

સરકારશ્રીનાં મહેસૂલ વિભાગનાં વંચાણ-૩ નાં ઠરાવથી ગુજરાત જમીન મહેસૂલ અધિનિયમ-૧૮૭૯ ની કલમ ૧૨૬ હેઠળ હદ ઠરાવવાની સત્તાઓ અત્રેને એનાયત થયેલ છે. વંચાણ-૨ નાં પત્ર અન્વયે સદરહુ ગામતળની આજુબાજુના ખેતીના તથા બિનખેતી થયેલ સરવે નંબરોનો સમાવેશ કરી તે મુજબના પત્રક તથા નકશો તૈયાર કરી જાહેરનામાં પ્રસિધ્ધ કરવા અત્રેને સૂચના આપવામાં આવેલ છે.

ગામ-કેનેડી, તાલુકો–કલ્યાણપુર, જિલ્લો–**દેવભૂમિ દ્વારકા**માં સિટી સરવે વિસ્તાર નક્કી કરવા અંગેની દરખાસ્ત ડીસ્ટ્રીકટ ઈન્સપેકટર, લેન્ડ રેકર્ડઝશ્રી, દેવભૂમિ દ્વારકાએ તૈયાર કરી વંચાણ-૪ થી અત્રેને સાદર કરેલ છે. આ દરખાસ્ત અન્વયે સદર ગામની માપણી તથા હક્ક ચોકસી કરવાની થાય છે.

સબબ વંચાણ-૩ ના ઠરાવ તથા ગુજરાત જમીન મહેસૂલ અધિનિયમની કલમ ૧૨૬ થી મળેલ સત્તાની રૂએ અને સિટી સરવે મેન્યુઅલના પારા-૭ ની વિગતે ગામ :-**કેનેડી**, તાલુકો–**કલ્યાણપુર**, જિલ્લો-**દેવભૂમિ દ્વારકા**ની આ સાથેના પત્રક–અ, બ, ક મુજબની ખેતી, બિનખેતી અને ગામતળ વિસ્તારની જમીનો તથા તેમાં સમાવિષ્ટ રસ્તા, માર્ગ અને સરકારી પડતર જમીનોને સિટી સરવે વિસ્તાર તરીકે આથી જાહેર કરવામાં આવે છે.

**મોજે : કેનેડી, તા. કલ્યાણપુર, જિ. દેવભૂમિ દ્વારકા ગામઠાણ લીમીટ માટે એલ.આર.સી.-૧૨૬ ના જાહેરનામાં આવતા સરવે નંબરોનું પત્રક**

## પત્રક-અ

**મોજે : કેનેડી, તા. કલ્યાણપુર, જિલ્લોઃ દેવભૂમિ દ્વારકાની ગામઠણ લિમિટમાં આવતા ખેતીનાં સરવે નંબરોની વિગત દર્શાવતું પત્રક**

| ક્રમ | સરવે નંબર | ક્ષેત્રફળ હે.આ.ચો.મી. |
|---|---|---|
| ૧ | ૭૭૨ | ૨-૭૯-૮૨ |
| ૨ | ૭૭૩ | ૦-૮૦-૯૪ |
| ૩ | ૭૭૪ | ૦-૭૯-૭૧ |
| ૪ | ૭૭૫ | ૦-૭૯-૭૧ |

| ક્રમ | સરવે નંબર | ક્ષેત્રફળ |
|---|---|---|
| | | હે.આ.ચો.મી. |
| ૫ | ૭૭૬ | ૦-૭૯-૭૧ |
| ૬ | ૭૭૭ | ૦-૭૯-૭૧ |
| ૭ | ૭૭૮ | ૦-૭૯-૭૧ |
| ૮ | ૭૭૯ | ૧-૩૦-૨૦ |
| ૯ | ૭૮૩ | ૧-૨૪-૪૭ |
| ૧૦ | ૮૮૩ | ૦-૩૪-૫૮ |
| ૧૧ | ૮૮૪ | ૦-૩૪-૫૯ |
| ૧૨ | ૮૮૫ | ૦-૬૯-૧૯ |
| ૧૩ | ૮૮૬ | ૧-૫૪-૬૫ |
| ૧૪ | ૮૯૦ | ૧-૦૯-૪૧ |
| ૧૫ | ૭૯૧ | ૨-૧૪-૫૦ |
| ૧૬ | ૭૯૨ | ૧-૬૨-૦૭ |
| ૧૭ | ૭૯૩ | ૨-૨૪-૬૫ |
| ૧૮ | ૧૪૭૨ | ૦-૫૨-૬૧ |
| ૧૯ | ૧૪૭૧ | ૦-૫૮-૬૯ |
| ૨૦ | ૧૪૭૩ | ૦-૩૧-૩૬ |
| ૨૧ | ૧૪૬૮ | ૪-૦૬-૪૬ |
| કુલ | | ૨૫-૬૬-૭૪ |

**પત્રક-'બ'**

**મોજે : કેનેડી, તા. કલ્યાણપુર, જિલ્લો: દેવભૂમિ દ્વારકાની ગામઠણ લિમિટમાં આવતા બીનખેતીના સરવે નંબરોની વિગત દર્શાવતું પત્રક**

| ક્રમ | સરવે નંબર | ક્ષેત્રફળ |
|---|---|---|
| | | હે.આ.ચો.મી. |
| ૧ | ૭૮૦ | ૧-૧૧-૯૦ |
| ૨ | ૭૮૧ | ૧-૧૨-૯૧ |
| ૩ | ૭૮૨ | ૧-૩૦-૨૦ |
| કુલ | | ૩-૫૫-૦૧ |

**પત્રક-'ક'**

**મોજે : કેનેડી, તા. કલ્યાણપુર, જિલ્લો: દેવભૂમિ દ્વારકાની ગામઠણ લિમિટમાં આવતા સરકારી ખરાબા તથા ગામતળનાં સરવે નંબરોની વિગત દર્શાવતું પત્રક**

| ક્રમ | સરવે નંબર | ક્ષેત્રફળ |
|---|---|---|
| | | હે.આ.ચો.મી. |
| ૧ | ૪/ પૈકી | ૧૧-૩૭-૫૧ |
| ૨ | ૭૮૪ | ૧-૯૨-૨૫ |
| ૩ | ૭૮૫ | ૨-૫૧-૦૩ |
| ૪ | ૮૬૧/ પૈકી | ૧૭-૮૨-૦૧ |
| ૫ | | ૨-૭૭-૮૪ |
| ૬ | ૭૮૬/ પૈકી | ૪-૫૨-૬૧ |
| ૭ | ૧૪૭૪ | ૦-૦૨-૦૨ |
| ૮ | ૧૫૨૯ | ૦-૫૬-૮૧ |
| ૯ | ૧૫૩૦/ પૈકી | ૦-૦૮-૭૨ |
| ૧૦ | ૮૩૪/ પૈકી | ૦-૨૭-૮૪ |
| ૧૧ | ૧ | ૧૮-૮૬-૮૨ |
| ૧૨ | ૨ | ૦-૫૪-૬૮ |
| ૧૩ | ૩ | ૧-૮૯-૫૫ |
| ૧૪ | ૧૪૮૪ | ૦-૮૦-૮૩ |
| ૧૫ | ૧૪૮૫ | ૩-૭૮-૩૭ |
| ૧૬ | ૧૪૮૬ | ૧-૨૨-૬૩ |
| ૧૭ | ૧૪૮૭ | ૧-૬૪-૯૨ |
| કુલ | | ૭૦-૬૬-૪૪ |

**તારીજ**

**મોજે : કેનેડી, તા. કલ્યાણપુર, જિલ્લો: દેવભૂમિ દ્વારકાની ગામઠણ લિમિટમાં આવતા ગામતળ, ખેતી, બિનખેતી તથા સરકારી ખરાબાનાં સરવે નંબરોની વિગત દર્શાવતું પત્રક**

| ક્રમ | સરવે નંબર | ક્ષેત્રફળ |
|---|---|---|
| | | હે.આ.ચો.મી. |
| ૧ | પત્રક : અ | ૨૫-૬૬-૭૪ |
| ૨ | પત્રક : બ | ૩-૫૫-૦૧ |
| ૩ | પત્રક : ક | ૭૦-૬૬-૪૪ |
| કુલ | | ૯૯-૮૮-૧૯ |

દેવભૂમિ દ્વારકા, ૨૧/૩૦ માહે ડીસેમ્બર, સને ૨૦૧૬.

**એ. જે. ગામિત,**
સુપરિટેન્ડન્ટ લેન્ડ રેકર્ડઝ,
દેવભૂમિ દ્વારકા.

---

## જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ દ્વારા

વંચાણે લીધા :

(૧) અત્રેની કચેરીનાં ફડચાના અંતીમ હુકમ નંબર: ફડચ/ગ-૩/ ૧૪૫૩ થી ૧૪૬૦/૧૭, તા. ૦૫-૧૨-૨૦૧૫.

(૨) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૧૪(૧) ની તથા કલમ ૨૦(૧)ની જોગવાઈઓ.

(૩) સરકારશ્રીનાં કૃષિ, સહકાર અને ગ્રામ્ય વિકાસ વિભાગનાં નોટીફીકેશન નં.જી.એચ.કે.એચ./૬૨/૨૦૧૧/એન.એસ.બી./ ૧૨/૨૦૦૨/૩૦૧૧/સી.એચ., તા. ૨૧-૦૭-૨૦૧૧ તથા તા. ૨૬-૮-૨૦૧૧.

(૪) ફડચા અધિકારી શ્રી કાગદડી દુધ ઉત્પાદક સહકારી મંડળી લી.(ફડચા), મુ. કાગદડી, તા. બગસરા, જિ. અમરેલીની તા. ૨૩-૧૨-૨૦૧૬ ની દરખાસ્ત.

## હુકમ

જાવક નં. : ફડચ/ગ-૩/૩૭ થી ૪૩/૯૧/૨૦૧૭.-શ્રી કાગદડી દુધ ઉત્પાદક સહકારી મંડળી લી.(ફડચા), મુ. કાગદડી, તા. બગસરા, જિ. અમરેલીના વંચાણે લીધેલ ક્રમાંક નં. ૧ ના હુકમથી ફડચામાં લઈ જવામાં આવેલ છે.

૨. સદરહું મંડળીનો નોંધણી નંબરઃ-૮૮૯૭, સને-૧૯૭૫ થી નોંધાયેલ છે.

૩. ગુજરાત સહકારી મંડળી અધિનિયમ સને-૧૯૬૧ની કલમ-૧૧૪ (૧) તથા ૨૦(૧) તથા વંચાણે લીધેલ ક્રમ નં. ૩ હેઠળ મને મળેલ સત્તાની રૂએ શ્રી કાગદડી દુધ ઉત્પાદક સહકારી મંડળી લી.(ફડચા), મુ. કાગદડી, તા. બગસરા, જિ. અમરેલીની ફડચાની કામગીરી સમાપ્ત થયેલી જાહેર કરૂં છું તેમજ આજ કાયદાની કલમ ૨૦(૧) હેઠળ મંડળીની નોંધણી રદ કરૂ છું.

અમરેલી, ૧૧ માહે જાન્યુઆરી, સને ૨૦૧૭.

---

વંચાણે લીધા :

(૧) અત્રેની કચેરીનાં ફડચાના અંતીમ હુકમ નંબરઃ ફડચ/ગ-૩/ ૧૦૮૦ થી ૧૦૮૬/૧૭, તા. ૨૧-૧૦-૨૦૧૬.

(૨) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૧૪(૧) ની તથા કલમ ૨૦(૧)ની જોગવાઈઓ.

(૩) સરકારશ્રીનાં કૃષિ, સહકાર અને ગ્રામ્ય વિકાસ વિભાગનાં નોટીફીકેશન નં. જી.એચ.કે.એચ./૬૨/૨૦૧૧/એન.એસ.બી./ ૧૨/૨૦૦૨/૩૦૧૧/સી.એચ., તા. ૨૧-૦૭-૨૦૧૧ તથા તા. ૨૬-૮-૨૦૧૧.

(૪) ફડચા અધિકારી શ્રી બળેલ પીપરીયા જુથ ઘેટા ઉછેર અને ઉન ઉત્પાદક સહકારી મંડળી લી.(ફડચા), મુ. બળેલ પીપરીયા, તા. બાબરા, જિ. અમરેલીની તા. ૨૩-૧૨-૨૦૧૬ની દરખાસ્ત.

## હુકમ

જાવક નં. : ફડચ/ગ-૩/૪૪ થી ૪૯/૯૭/૨૦૧૭.-શ્રી બળેલ પીપરીયા જુથ ઘેટા ઉછેર અને ઉન ઉત્પાદક સહકારી મંડળી લી.(ફડચા), મુ. બળેલ પીપરીયા, જિ. અમરેલીના વંચાણે લીધેલ ક્રમાંક નં. ૧ ના હુકમથી ફડચામાં લઈ જવામાં આવેલ છે.

૨. સદરહું મંડળીનો નોંધણી નંબરઃ-૨૦૫૮, સને-૧૯૮૬ થી નોંધાયેલ છે.

૩. ગુજરાત સહકારી મંડળી અધિનિયમ સને-૧૯૬૧ની કલમ-૧૧૪ (૧) તથા ૨૦(૧) તથા વંચાણે લીધેલ ક્રમ નં. ૩ હેઠળ મને મળેલ સત્તાની રૂએ શ્રી બળેલ પીપરીયા જુથ ઘેટા ઉછેર અને ઉન ઉત્પાદક સહકારી મંડળી લી.(ફડચા), મુ. બળેલ પીપરીયા, જિ. અમરેલીની ફડચાની કામગીરી સમાપ્ત થયેલી જાહેર કરૂં છું તેમજ આજ કાયદાની કલમ ૧૦(૧) હેઠળ મંડળી નોંધણી રદ કરૂ છું.

અમરેલી, ૧૧ માહે જાન્યુઆરી, સને ૨૦૧૭.

(સહી) **અવાચ્ય,**
જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી
મંડળીઓ, અમરેલી.

---

વંચાણે લીધા :

(૧) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમઃ ૧૯ ની જોગવાઈ.

(૨) ગુજરાત સહકારી મંડળીઓનાં કાનુન-૧૦ની જોગવાઈ.

(૩) ગુજરાત સરકારશ્રીના કૃષિ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગરના જાહેરનામાં ક્રમાંક : ધખ/૫૧/૨૦૦૫/ એન.એસ.બી./૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ, તા. ૨૧-૦૭-૨૦૧૧.

(૪) અત્રેની કચેરીના તા. ૩૦-૦૬-૨૦૧૬ નો અંતીમ હુકમ નં. ફડચ/૧૮૬૩૧/ખ-૪/૧૬૮/૧૬.

(૫) શ્રી ફડચા અધિકારી શ્રી થલ્લી મજુર સ.મં.લી., મુ. થલ્લી, તા. માંગરોળ, જિ. જુનાગઢની તા. ૩૦-૧૧-૨૦૧૬ થી ખાસ સાધારણ સભા મળેલ કાર્યવાહીનું પ્રોસેડીંગ અને તા. ૦૯-૦૧-૨૦૧૭ની મંડળી પુનઃજીવીત કરવા અંગેની દરખાસ્ત.

## હુકમ

જા.નં.:ફડચ/ખ-૪/૧૧૪/૧૭.-આથી હું, ટી. સી. તીરથાણી, જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, જુનાગઢ, ઉક્ત આમુખની વિગતો ધ્યાને લઈ મને મળેલ અધિકારની રૂએ શ્રી થલ્લી સ.મં. લી., મુ. થલ્લી, તા. માંગરોળ, જિ. જુનાગઢ ને ગુજરાત સહકારી મંડળીના-૧૯૬૫ ના અધિનિયમની કલમ : ૧૯ નીચે આથી પુનઃજીવીત કરવાનો હુકમ કરૂં છું.

શરતો :

(૧) મંડળીએ તેના પેટા નિયમમાં જણાવેલ ઉદ્દેશો મુજબ તમામ કામગીરી હાથ ધરવાની રહેશે.

(૨) મંડળીના હિસાબો નિયમીત લખવાના રહેશે, સહકારી કાયદા તથા મંડળીના પેટા નિયમ મુજબ તમામ હિસાબી પત્રકો રેકર્ડ લખવાનું રહેશે. તેમજ વર્ષ પુર્ણ થયે હિસાબી પત્રકો તૈયાર કરી ઓડીટ કરાવવાના રહેશે.

(૩) ઓડીટ કરાવ્યે ઓડીટમાં જણાવેલ ખામીઓની દુરસ્તી કરવાની રહેશે બાકી પડતી ઓડીટ ફી નિયમીત ભરપાઈ કરવાની રહેશે.

(૪) સરકારશ્રીની લહેણી નીકળતી રકમ સમયમર્યાદામાં ભરપાઈ કરવાની રહેશે.

(૫) મંડળી જે ઉદ્દેશથી નોંધાયેલ છે તે ઉદ્દેશો પાર પાડવાના રહેશે અને મંડળીના કાર્યવાહકોએ અંગત રસ દાખવી સક્રીય રહી મંડળીનો વહીવટ ચલાવવાનો રહેશે તેમજ તે અંગેનો પ્રગતી રીપોર્ટ સમ્યાંતરે મોકલવાનો રહેશે.

જુનાગઢ, ૧૧ માહે જાન્યુઆરી, સને ૨૦૧૬.

**ટી. સી. તીરથાણી,**
જિલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, જુનાગઢ.

---

**વંચાણે લીધા :**

(૧) સરકારશ્રીના કૃષિ અને સહકાર વિભાગના જાહેરનામા ક્રમાંક : જી.એચ.કે.એચ./૨૦૧૧/એનએસબી/૧૨/૨૦૦૨/ ૩૦૧૧/ચ/ તા. ૨૧-૦૭-૨૦૧૧.

(૨) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ–૧૯૬૧ની કલમ–૧૯.

(૩) અત્રેની કચેરીના આદેશ ક્રમાંકઃ ફડચ/ગ-૨/૧૪૦૪ થી ૧૪૧૨/૨૦૧૪, તા. ૧૭-૦૭-૨૦૧૪.

(૪) લીકવીડેટરશ્રી, શ્રી શાંતિનગર દુધ ઉત્પાદક સ.મં.લી., મુ. શાંતિનગર, તા. સાયલાની તા.: ૦૪-૦૮-૨૦૧૬ના પત્ર ક્રમાંકઃ ફડચ/છ/૧૧૯/૧૬ ની દરખાસ્ત.

(૫) અત્રેની કચેરીના પ્રાથમિક જાહેરનામા ક્રમાંકઃ ફડચ/ગ-૨/૨૩૩૩/૨૦૧૬, તા. ૧૭-૧૧-૧૬.

(૬) લીકવીડેટરશ્રી, શ્રી શાંતિનગર દુધ ઉત્પાદક સ.મં.લી., મુ. શાંતિનગર, તા. સાયલાની તા.: ૨૯-૧૨-૧૬ના પત્ર ક્રમાંકઃ ફડચ/છ/૩૮૪/૧૬.

## આદેશ

ક્રમાંક : ફડચ/ગ-૨/૧૩/૨૨૮/૨૦૧૭.-આથી હું, ડી.વી. ગઢવી, જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, સુરેન્દ્રનગર, ગુજરાત સહકારી મંડળીઓનો અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૯ અન્વયે મને મળેલ સત્તાની રૂએ શ્રી શાંતિનગર દુધ ઉત્પાદક સ.મં.લી., મુ. શાંતિનગર, તા. સાયલા, જિ. સુરેન્દ્રનગર જેનો નોંધણી ક્રમાંક :- સે.દુ. ૩૮૮૨૪, તા. ૦૫-૦૬-૨૦૦૯ છે. જેને પુનઃજીવીત કરવામાં આવે છે અને મંડળીના નોંધાયેલા પેટા નિયમો તથા નોંધણી નંબર યથાવત ચાલુ રહેશે.

સુરેન્દ્રનગર, ૧૧ માહે જાન્યુઆરી, સને ૨૦૧૭.

---

**વંચાણે લીધા :**

(૧) સરકારશ્રીના કૃષિ અને સહકાર વિભાગના જાહેરનામા ક્રમાંક : જી.એચ.કે.એચ./૨૦૧૧/એનએસબી/૧૨/૨૦૦૨/ ૩૦૧૧/ચ/તા. ૨૧-૦૭-૨૦૧૧.

(૨) અત્રેની કચેરીના આદેશ ક્રમાંકઃ ફડચ/ગ-૨/૮૮૬/૨૦૧૧, તા. ૦૫-૦૫-૨૦૧૬.

(૩) ફડચા અધિકારીશ્રીની તા. ૩૦-૦૧-૨૦૧૬ ની દરખાસ્ત.

(૪) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ–૧૯૬૧ની કલમ–૨૦.

## આદેશ

ક્રમાંક : ફડચ/ગ-૨/૧૧/૨૧૮/૨૦૧૭.-શ્રી શકિત વાહન વાહક તેમજ ટાવેલ્સ સહકારી મંડળી લી., મુ. લખતર, તા. લખતર, જિલ્લોઃ સુરેન્દ્રનગર કે જેનો નોંધણી નં. ૨૩૭૯, તા. ૨૧-૧૨-૨૦૦૬થી સહકારી કાયદા હેઠળ નોંધાયેલી સહકારી મંડળી છે. જેને વંચાણે લીધા ક્રમ-૨ના આદેશથી કલમ-૧૦૭ અન્વયે ફડચામાં લઈ જવામાં આવેલ છે. જેની ફડચા કામગીરી મંડળીના ફડચા અધિકારીએ પૂર્ણ કરી વંચાણે લીધા ક્રમ-૩ થી નોંધણી રદ કરવા અને ફડચા કામગીરી સમાપ્ત કરવા દરખાસ્ત કરેલ છે.

સબબ, ઉપર્યુક્ત વિગતો ધ્યાને લઈ ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧ ની કલમ-૧૧૪ અન્વયે મંડળીની ફડચા કામગીરી સમાપ્ત કરવામાં આવે છે. અને આજ કાયદાની કલમ-૨૦ અન્વયે મંડળીની નોંધણી રદ કરવામાં આવે છે.

સુરેન્દ્રનગર, ૧૧ માહે જાન્યુઆરી, સને ૨૦૧૭.

**ડી. વી. ગઢવી,**
જિલ્લા રજીસ્ટ્રાર.
સહકારી મંડળીઓ, સુરેન્દ્રનગર.

---

**જિલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ (ઓદ્યોગીક) અને સંયુક્ત નિયામક (ટેક્ષટાઇલ) કુટીર અને ગ્રામોદ્યોગ કચેરી દ્વારા**

**વંચાણે લીધા :**

(૧) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ ની કલમ-૧૯(અ) તથા નિયમ-૧૦ ની જોગવાઈઓ.

(૨) સરકારશ્રીના કૃષિ, સહકાર અને ગ્રામ્ય વિકાસ વિભાગના નોટીફીકેશન નં. : જીએચકેએચ/૬૨/૨૦૧૧/એનએસબી/ ૧૨/૨૦૦૨/૩૦૧૧/ સીએચ, તા. ૨૧-૦૭-૧૧ તથા તા. ૨૬-૮-૧૧.

(૩) માજી પ્રમુખ/મંત્રી શ્રી જય ભીમ ચર્મોદ્યોગ સ.મં.લી., મુ. મોટા માંડવડા, તા. અમરેલીની અરજી.

## હુકમ

જા.નં. : જિઉક/અમ/ચ/૨/૬૩/૧૭.-આથી હું શ્રી એચ. બી. પટેલ, રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ (ઔદ્યોગીક) અને સંયુકત નિયામક (ટેક્ષટાઈલ) કુટિર અને ગ્રામોદ્યોગ, ગાંધીનગર, મને આમુખ-૨ ના વંચાણે લીધેલ અને મળેલ સતા મુજબ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ ની કલમ-૧૯(અ) ની સતાની રૂએ શ્રી જય ભીમ ચર્મોદ્યોગ સ.મં.લી., મુ. મોટા માંડવડા, તા. અમરેલી, જેની નોંધણી નં. ઉ/૬૬૩૦, તા. ૩૦-૧૧-૧૯૮૯થી નોંધાયેલ છે તેને પુનઃજીવીત કરવા આથી નીચેની શરતોને આધીન રહીને હુકમ કરૂ છું.

(૧) મંડળીએ તેના ઉદેશો મુજબની કામગીરી હાથ ધરવાની રહેશે.
(૨) દર ત્રણ માસે પ્રગતિ અહેવાલ મોકલી આપવાનો રહેશે.

અમરેલી, ૫ માહે જાન્યુઆરી, સને ૨૦૧૬.

**એચ. બી. પટેલ,**
રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ (ઔદ્યોગીક), અને સંયુક્ત નિયામક (ટેક્ષટાઈલ)
કુટીર અને ગ્રામોદ્યોગ કચેરી, ગાંધીનગર.

---

PRINTED AT THE GOVERNMENT PRESS, RAJKOT COMPLAINTS ABOUT GAZETTE MUST BE MADE WITHIN A FORTNIGHT FROM THE DATE OF THIS PUBLICATION ACCOMPANIED BY THE WRAPPER.

©

सत्यमेव जयते


# The Gujarat Government Gazette

**SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION**

***PUBLISHED BY AUTHORITY***

**VOL. LVI] THURSDAY, 02nd FEBRUARY, 2017/MAGHA 13, 1938 No. 05**

**Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central section in order that it may be filed as a separate compilation.**


# PART-I


| | Pages | | Pages |
|---|---|---|---|
| **PART - I**<br>Government Notifications Appointments Promotions, Leave of absence, Rules and orders (Other than those published in Part-I-A, IV-A, IV-B, and IV-C) list of publications for sales etc.,<br>Miscellaneous Notifications Appoint-ments etc., | 137-160 | **PART - I - B**<br>(Suppliment) Government Notifications Published under Land Acquisition Act only Supplement. | Nil |
| **PART - I - A**<br>Order and Notifications (Other than those published in Part-IV-B) under the Gujarat Local Boards, Village Panchayats, Municipals, Boroughs, (Districts) Municipals Primary Education and Local Fund Audits, Acts., | Nil | **PART - II**<br>Miscellaneous Notices, Advertisments, List of Books Sanctioned by the Director of Education, List of Jurors. Schedule of Estates by the Official Assignee, Summary of Births and Deaths, etc., | 169-216 |
| | | **PART - III**<br>Miscellaneous Supplements Season and Crop Reports, Prices, Current Rainfalls Returns, District Local Boards Accounts etc., | Nil |




INDEX

# GOVERNMENT NOTIFICATIONS, ORDERS APPOINTMENTS, ETC.
## SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION
# NOTIFICATION
### MISCELLANEOUS NOTIFICATIONS APPOINTMENTS ETC.

## By the Principal District Judge

**Read :** (*1) General Administration Department, Sachivalaya, Gandhinaghar, Notification No. GS-2017-51-PHD-102017/977/GH, Dtd. 14-12-2016.*

*(2) Hon'ble High Court of Gujarat letter No. C. 2101/2017, Dtd.: 22-12-2017.*

## NOTIFICATION

No. UHC/01/B/82/36/2017.-In accordance with the provisions contained in Para 625, Chapter-XXXI of Civil Manual, Volume-I, 1960, the Principal District and Sessionbs Judge, Amreli is pleased to notify the following Holidays to be observed in the **YEAR-2017.** The District Court, Amreli and all the Subordinate Courts in the Judicial District of Amreli shall remain closed on these days.

| Sr. No. | Name of the Holiday | Date according to Gregorian Calendar | Day |
|---|---|---|---|
| 01. | Makar Sankranti | 14th January, 2017 | Saturday |
| 02. | Republic Day | 26th January, 2017 | Thursday |
| 03. | Maha Shivratri | 24th February, 2017 | Friday |
| 04. | Holi 2nd Day-Dhuleti | 13th March, 2017 | Monday |
| 05. | Chetichand | 28th March, 2017 | Tuesday |
| 06. | Shri Ram Navmi | 04th April, 2017 | Tuesday |
| 07. | Dr. Babasaheb Ambedkar's Birthday | 14th April, 2017 | Friday |
| 08. | Ramjan-Id (Id-Ul-Fitra) (1st Shawaal) (Muslim Shiya & Sunni) | 26th June, 2017 | Monday |
| 09. | Raksha Bandhan | 07th August, 2017 | Monday |
| 10. | (1) Independence Day<br>(2) Janmashtami (Shravan Vad-8) | 15th August, 2017 | Tuesday |
| 11. | Parsi New Year Day- Pateti (Parsi Shahenshai) | 17th August, 2017 | Thursday |
| 12. | Samvantsari (Chaturthi Paksha) | 25th August, 2017 | Friday |
| 13. | Bakri-Id (Idd-Ul-Aza) | 02nd September, 2017 | Saturday |
| 14. | Dusshera (Vijaya Dashmi) | 30th September, 2017 | Saturday |
| 15. | Mahatma Gandhi's Birthday | 02nd October, 2017 | Monday |
| 16. | Diwali | 19th October, 2017 | Thursday |
| 17. | New Year Day. Vikram Samvat-2074 (Kartak Sud-1). | 20th October, 2017 | Friday |
| 18. | Bhai Bij | 21st October, 2017 | Saturday |
| 19. | Sardar Vallabhbhai Patel's Birthday | 31st October, 2017 | Tuesday |
| 20. | Guru Nanak's Birthday | 04th November, 2017 | Saturday |
| 21. | Id-e-Milad-Un-Nabi (Prophet Mohammad's Birthday) | 02nd December, 2017 | Saturday |
| 22. | Christmas | 25th December, 2017 | Monday |

**Note :- (I)** The Following days have not been notified as Public Holiday, as they falls on Sunday.

| Sr. No. | Name of the Holiday | Date according to Gregorian Calendar | Day |
|---|---|---|---|
| 01. | Mahavir Jayanti (Janma Kalyanak) | 9th April, 2017 | Sunday |
| 02. | Muharam (Asura) | 01st October, 2017 | Sunday |

**Note :- (II)** If any of the Muslim Holidays notified above does not fall on the day notified, the Muslim Government Servants may be granted an Optional Holiday on the day on which the holiday is actually observed.

**Note :- (III)** In addition to the Holidays, notified above, Government servants may avail of maximum of any two Optional Holidays on the festival occasions for the **Year—2017** at their option and irrespective of their religious denomination, out of the lst of Optional Holidays declared for the **Year—2017** by the Governmen, vide Notification cited in the preamble, permission for availment of those Optional Holidays should however, be applied for in writing in advance and will normally be granted by the officer competent to grant Casual Leave with due regard to exigencies of Government work, which should not be affected in any way whatsoever. This leave of two days taken by Government Servants at their option on the festival of their choice will not be debited on their Casual Leave Account.

Amreli, 9th January, 2017.

**J. R. Shah,**
Principal District Judge,
Amreli.

---

## By the Principal Judge, Family Court

**Read :** 1. *Notification No. GS/2016-51-PHD-102016/977/GH, dated: 14th December, 2016 of General Administration Department, Gandhinagar,*

2. *Hon'ble High Court Letter No. C. 2103/2011, dated: 15-11-2011.*

3. *Hon'ble High Court Letter No. C. 2103/2013, dated: 27-12-2012.*

4. *Hon'ble High Court Notification No. C. 2101/2017, dated: 22-12-2016.*

## NOTIFICATION

No. Adm/H.6/19/2017.-In accordance with the provisions contained in Para 625 of Civil Manual, Vol.-I, the undersigned is leased to notify the following **HOLIDAYS** to be observed in the **YEAR-2017.** The Family Court, Surendranagar, shall remain closed on these days.

| Sr. No. | Name of the Holiday | Date according to Gregorian Calendar | Day |
|---|---|---|---|
| 01 | Makar Sankranti | 14th January, 2017 | Saturday |
| 02 | Republic Day | 26th January, 2017 | Thursday |
| 03 | Maha Shivratri | 24th February, 2017 | Friday |
| 04 | Holi 2nd Day-Dhuleti | 13th March, 2017 | Monday |
| 05 | Chetichand | 28th March, 2017 | Tuesday |

| | | | |
|---|---|---|---|
| 06 | Shri Ram Navmi | 04th April, 2017 | Tuesday |
| 07 | Dr. Babasaheb Ambedkar's Birthday | 14th April, 2017 | Friday |
| 08 | Ramjan-Id (Id-Ul-Fitra) (1st Shawaal) (Muslim Shiya & Sunni) | 26th June, 2017 | Monday |
| 09 | Raksha Bandhan | 07th August, 2017 | Monday |
| 10 | Independence Day/Janmashtami | 15th August, 2017 | Tuesday |
| 11 | Parsi New Year Day- Pateti (Parsi Shahenshai) | 17th August, 2017 | Thursday |
| 12 | Samvantsari (Chaturthi Paksha) | 25th August, 2017 | Friday |
| 13 | Bakri-Id (Idd-Ul-Aza) | 02nd September, 2017 | Saturday |
| 14 | Dusshera (Vijaya Dashmi) | 30th September, 2017 | Saturday |
| 15 | Mahatma Gandhi's Birthday | 02nd October, 2017 | Monday |
| 16 | Diwali | 19th October, 2017 | Thursday |
| 17 | Vikram Samvant, New Year Day | 20th October, 2017 | Friday |
| 18 | Bhai Bij | 21st October, 2017 | Saturday |
| 19 | Sardar Vallabhbhai Patel's Birthday | 31st October, 2017 | Tuesday |
| 20 | Guru Nanak's Birthday | 04th November, 2017 | Saturday |
| 21 | Id-e-Milad-Un-Nabi (Prophet Mohammad's Birthday) | 02nd December, 2017 | Saturday |
| 22 | Christmas | 25th December, 2017 | Monday |

**Note :- (1)** The Following days have not been notified as General Holiday, as they fall on **Sunday**.

| | | | |
|---|---|---|---|
| 01. | Mahavir Jayanti (Janma Kalyanak) | 9th April, 2017 | Sunday |
| 02. | Muharram | 01st October, 2017 | Sunday |

(2) In addition to the Holidays, notified above, Government servants may avail of maximum of any two Holidays on the festival occasions at their option and irrespective of their religious denomination out of the list of Optional Holidays declared by the Government. Permission for availment of those Optional Holidays should, however be applied for in writing in advance and will normally be granted by the officer competent to grant Casual Leave with due regard to exigencies of the Court work which should not be affected in any way whatsoever. This leave of two days taken by Government Servants at their choice will not be debited to their Casual Leave Account.

(3) If any of the Muslim Holidays notified above, do not fall on the day notified, the Muslim Government Servants may be granted Optional Holiday on the day on which the Holiday is actually observed.

Surendranagar, 13th January, 2017.

**B. T. DAVE,**
Principal Judge,
Family Court,
Surendranagar.

---

## જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની
કલમ-૩૩(૧) બી અન્વયેનું

## જાહેરનામા-સુધારો

નં. એમએજી/સી/૨૭૧૦/૧/૨૦૧૬.-આ કચેરીના સરખા ક્રમાંકવાળા તા. ૨૭ મી, માહે : ઓકટોબર, સને -૨૦૧૬ થી પ્રસિધ્ધ કરવામાં આવેલ જાહેરનામાના મથાળે શરતચૂકથી લખાયેલ તા. ૨૭-૧૦-૨૦૦૬ 'ને બદલે' તા. ૨૭-૧૦-૨૦૧૬ વાંચવું.

સદરહુ જાહેરનામાની અન્ય બાબતો યથાવત રહેશે.

જુનાગઢ, ૬ માહે જાન્યુઆરી, સને ૨૦૧૬.

**ડૉ. રાહુલ ગુપ્તા,**
જિલ્લા મેજીસ્ટ્રેટ,
જુનાગઢ જિલ્લો, જુનાગઢ.

---

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧) બી હેઠળ

## જાહેરનામું

નાં. એમએજી/જાહેરનામું/૧૧૦/૨૦૧૭.-Dy. Commandant, Gunnery Officer for Commanding Officer, ICGAE Porbandar, near Civil Aerodrome, Porbandar ના પત્ર ક્રમાંક : GUN/311, dt. 21-12-2016 ના પત્રથી પોરબંદર તાલુકાના ઓડદર ગામે આવેલ પોલીસ ફાયરીંગ રેન્જના સ્થળે આગામી તા. ૦૯-૦૧-૨૦૧૭ થી તા. ૧૩-૦૧-૨૦૧૭ ના ૭.૦૦ થી ૧૫-૦૦ કલાક સુધી જાહેરનામું બહાર પાડવા દરખાસ્ત અત્રે કરેલ છે. ઉક્ત દરખાસ્ત ધ્યાને લેતા ફાયરીંગ સબબ સવાલવાળા સ્થળની આજુબાજુ અવર-જવર કરનારાઓને કોઈ નુકશાન ન થાય તે હેતુથી જાહેરનામું બહાર પાડવું ઈષ્ટ જણાય છે.

સબબ હું, **દિનેશ પટેલ, આઈ.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, પોરબંદર જિલ્લો, પોરબંદર** સને ૧૯૫૧ના ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩ (૧)બી હેઠળ મને મળેલ સત્તાની રૂઈએ તા. ૦૯-૦૧-૨૦૧૭ થી તા. ૧૩-૦૧-૨૦૧૭ ના ૭.૦૦ થી બપોરના ૧૫-૦૦ કલાક સુધી પોરબંદર તાલુકાના ઓડદર ગામ તરફ રસ્તા નજીક દરીયા કિનારાના ફાયરીંગ બટ વિસ્તારમાં પૂર્વ ભાગે-૧ ફલાંગ, પશ્ચિમ ભાગે-૧ ફલાંગ, ઉત્તર ભાગે-૩ ફલાગં, દક્ષિણ ભાગે-૧ ફલાંગ અને ત્યાંથી દરીયામાં ૫ (પાંચ) કી. મી. સુધી રાહદારીઓને તેમજ વાહનો માટે તથા વ્યક્તિગત તેમજ વહાણ/બોટ લઈને જનાર માછીમારોને અવર જવર કરવા ઉપરોક્ત સમય દરમ્યાન પ્રવેશબંધી ફરમાવું છું.

આ જાહેરનામાના કોઈપણ ખંડનો ભંગ કે ઉલ્લંઘન કરનાર વ્યક્તિ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧માં જણાવેલ શિક્ષાને પાત્ર ઠરે છે.

આ જાહેરનામું આજરોજ તા. ૦૯-૦૧-૨૦૧૭ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે જાહેર જનતાની જાણ તથા અમલ માટે પ્રસિધ્ધ કર્યુ.

પોરબંદર, ૯ માહે જાન્યુઆરી, સને ૨૦૧૭.

---

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની
કલમ-૩૩(૧) અન્વયે

## જાહેરનામું

નં. એમએજી/સી/૨૭૮૪૫/૨૦૧૭.-ચીફ ઓફીસરશ્રી, નગરપાલિકા પોરબંદરના પત્ર ક્રમાંક : જા નં. ૨૨૦૨, તા. ૧૩-૧૨-૨૦૧૬ થી પોરબંદર નગરપાલિકા દ્વારા સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અન્વયે જયુબેલી બ્રીજથી હેડ પોસ્ટ ઓફીસ સુધી ટ્રીમીક્ષ સી.સી. રોડ બનાવવાનું કામ અંતર્ગત ટ્રાફીક નિયમન માટે ત્રણ માસ સુધી જાહેરનામું બહાર પાડવા દરખાસ્ત અત્રે થઈ આવેલ છે. ઉક્ત દરખાસ્ત અન્વયે સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અન્વયે જયુબેલી બ્રીજથી હેડ પોસ્ટ ઓફીસ સુધી ટ્રીમીક્ષ સી.સી. રોડ બનાવવાના કામ સબબ ટ્રાફીક નિયમન માટે નીચે મુજબની વિગતે જાહેરનામું બહાર પાડવું ઈષ્ટ જણાય છે.

સબબ હું, દિનેશ પટેલ, આઈ.એ.એસ., જિલ્લા મેજીસ્ટ્રેટ, પોરબંદર જિલ્લો, પોરબંદર આથી હું ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩ (૧) (ખ) અન્વયે મળેલ સત્તાની રૂએ નીચે મુજબની વિગતે આવક-જાવક માટે ટ્રાફીક નિયમન કરવા ફરમાવું છું.

| કામ ચાલુ કરવાનું હોય તે રસ્તાનું લોકેશન | અમલવારી કઈ તારીખ થી કઈ તારીખ | ડાયવર્ટ કરેલ રસ્તાની વિગત |
|---|---|---|
| દક્ષ હોસ્પીટલથી હનુમાનગુફા પોલીસ સ્ટેશન સુધીનો રસ્તો | તા. ૧૪-૦૧-૨૦૧૭ થી તા. ૧૩-૦૪-૨૦૧૭ | વિનોદ સ્વીટ માર્ટથી મહેર બોર્ડીંગ તરફથી રામ ટેકરી થઈ સરદાર વલ્લભભાઈ પટેલ રોડ તરફ ડાયવર્ટ કરવા |

ઉપર મુજબની વિગતે આવવા-જવા માટે ટ્રાફીક નિયમન કરવા આથી ફરમાવવામાં આવે છે. આ જાહેરનામું ઉપર જણાવેલ તારીખ દરમ્યાન અમલમાં રહેશે.

આ જાહેરનામાનો ભંગ કરનાર વ્યકિત ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૧૩૧ હેઠળ સજાને પાત્ર ઠરશે.

આજરોજ તા. ૧૩-૦૧-૨૦૧૭ ના રોજ આ જાહેરનામું બહાર પાડવામાં આવ્યું.

પોરબંદર, ૧૩ માહે જાન્યુઆરી, સને ૨૦૧૭.

**દિનેશ પટેલ,**
જિલ્લા મેજીસ્ટ્રેટ,
પોરબંદર.

## અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

### ફોજદારી કાર્યરીતિ આધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ કાઢેલ હુકમ

### હુકમ

નં. : એમએજી/સી/૨૬૫/૨૦૧૭.-પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢના પત્ર નં. : સી/એલઆઈબી/બોટગુમ/જા.નામુ/૧૦૭/૨૦૧૭, તા. ૧૫-૦૧-૨૦૧૭ ના દરખાસ્ત પત્રથી જુનાગઢ જિલ્લાના ચોરવાડ, માંગરોળ મરીન, શીલ ખાતેથી વહાણ/બોટો દરીયામાં માચ્છીમારી માટે જાય છે અને મોટાભાગની વસ્તી માચ્છીમારીના ધંધા સાથે સંકળાયેલ છે. ગત તા. ૨૯-૧૧-૨૦૧૩ના રોજ મુંદ્રા બંદરથી નૌશાદ ઈશા થૈમ તથા જુસબ સુલેમાન જાફરાબાદી, રહે. બન્ને મોટા સલાયા, તા. માંડવી વાળાની માલીકીનું વહાણ MCV SHANE HIND (MNV 2176) સલાલા (ઓમાન) જવા ખાંડનો જથ્થો ભરીને ૧૨ ક્રુમેમ્બરો સહિત રવાના થયેલ હતું. મુંદ્રા બંદરેથી નીકળ્યા બાદ તા. ૦૨-૦૧-૨૦૧૪ ના રોજ વહાણનુ સોમાલીયમ ચાંચીયાઓએ અપહરણ કરેલ પરંતુ આ વહાણ ગુમ થવા સંબંધે તેના માલીકે કોઈ એજન્સી કે સરકારી તંત્રને જાણ કરી નોંધ કરાવેલ ન હતી. આ એક રાષ્ટ્રીય સલામતીને સ્પર્શતી ગંભીર ઘટના છે. વહાણ ગુમ રહયુ હોય તે સમયગાળા દરમ્યાન વહાણ કે વહાણના ક્રુમેમ્બરોનો રાષ્ટ્ર વિરોધી પ્રવૃતિમાં ઉપયોગ થયો હોય તે બાબત નકારી શકાય નહી. આવી ઘટનાઓ અટકી શકે તે માટે સમગ્ર જુનાગઢ જિલ્લામાં આવેલ વહાણ/બોટ માલીકે જયારે પોતાનું વહાણ/બોટ વાતાવરણીય કારણસર/ચાચીયાઓ દ્વારા અપહરણ થવાના કારણસર કે અન્ય કોઈપણ કારણોસર વહાણ/બોટ ગુમ થાય કે વહાણ/બોટ સાથેનો તેના માલીકનો સંપર્ક નિશ્ચિત સમયગાળા બાદ ન થતો હોય તો તે બાબતેની જાણ સંબંધીત તમામ સરકારી એજન્સીને ફરજીયાત કરવી તેવુ જાહેરનામુ પ્રસિધ્ધ કરવા દરખસ્ત કરાયેલ છે.

જુનાગઢ જિલ્લો વિશાળ દરીયા કિનારો ધરાવે છે અને મોટા પ્રમાણમાં માચ્છીમારી માટે બોટો દરીયામાં જાય છે. જેથી બોટો સાથે જતા લોકોની સલામતી તથા સુરક્ષા માટે તકેદારીના પગલા લેવા આવશ્યક જણાતા હોય પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢ તરફથી કરાયેલ દરખાસ્ત વ્યાજબી જણાય છે.

આથી હું, જે. કે. ઠેસીયા, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, જુનાગઢ જિલ્લો, જુનાગઢ, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ ના નં. ૨)ની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે, જુનાગઢ જિલ્લાના વહાણ/બોટ માલીકોએ જયારે પોતાનું વહાણ/બોટ વાતાવરણીય કારણસર/ચાચીયાઓ દ્વારા અપહરણ થવાના કારણસર કે અન્ય કોઈપણ કારણોસર વહાણ/બોટ ગુમ થાય કે વહાણ/બોટ સાથેનો તેના માલીકનો સંપર્ક નિશ્ચિત સમયગાળા બાદ ન થતો હોય તો તે બાબતેની જાણ નીચે મુજબના પત્રકની વિગતો સહની સંબંધીત તમામ સરકારી એજન્સીને જાણ કરવી ફરજીયાત છે.

| ક્રમ | વહાણ/બોટનું નામ તથા નંબર | વહાણ/બોટ માલીકનું નામ તથા સરનામું તથા સંપર્ક નંબર | વહાણ/બોટમાં રવાના થયેલ ટંડેલ/ખલાસીઓના નામ તથા સરનામાની વિગત | વહાણ/બોટ રવાના થયાની તારીખ, સમય તથા સ્થળ | વહાણ/બોટ પરત આવવાની સંભવીત તારીખ | અન્ય જરૂરી વિગતો | રીમાર્કસ |
|---|---|---|---|---|---|---|---|
| (૧) | (૨) | (૩) | (૪) | (૫) | (૬) | (૭) | (૮) |

આ હુકમ તા. ૨૨-૦૧-૨૦૧૭ થી દિવસ–૬૦ સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય દંડસંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમની જાહેર જનતાને જાણ સંબંધીત કચેરીઓએ તેમના નોટિસ બોર્ડ પર, સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યા ઉપર નકલ ચોટાડીને તથા માહિતી ખાતાએ વર્તમાન પત્રોમાં પ્રસિધ્ધી કરી કરવાની રહેશે.

આજ તારીખ : ૧૬ મી, માહે જાન્યુઆરી, સને-૨૦૧૭ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે જાહેર જનતાની જાણ તથા અમલવારી માટે આ હુકમ પ્રસિધ્ધ કરવામાં આવ્યો.

જુનાગઢ, ૧૬ માહે જાન્યુઆરી, સને ૨૦૧૭.

---

ફોજદારી કાર્યરીતિ આધિનિયમ-૧૯૭૩ની
કલમ-૧૪૪ હેઠળ કાઢેલ હુકમ

## હુકમ

નં. : એમએજી/સી/૨૬૪/૨૦૧૭.-પ્રવર્તમાન સંજોગોને ધ્યાને લઈ જુનાગઢ જિલ્લામાં કોસ્ટલ વિસ્તાર સહિત આંતરીક સુરક્ષા જાળવવામાં આવે છે. પરંતુ હાલની પ્રવર્તમાન આતંકવાદી પ્રવૃતિને ધ્યાને લઈ, સવિશેષ તકેદારી રાખવી આવશ્યક હોય, તેમજ વાઈટલ ઈન્સ્ટોલેશન તથા અન્ય સરકારી કચેરીઓની સલામતી હીતાવહ હોય, રીમોટ કંટ્રોલ સંચાલીત ડ્રોન, એરીયલ મીસાઈલ જેવા સંસાધનોથી દેશ વિરોધી સંગઠનો, આતંકવાદીઓ અને ભાંગ ફોડીયા તત્વો ગેરલાભ લઈ જુનાગઢ જિલ્લાની સુરક્ષાને હાની પહોંચાડે નહી તે માટે સમગ્ર જિલ્લા વિસ્તારમાં રીમોટથી ચલાવાતા ડ્રોન કે રીમોટથી કંટ્રોલ કરાતા એરીયલ મિસાઈલ કે પારાગ્લાઈડર રીમોટ કંટ્રોલ, માઈક્રો લાઈટ એર ક્રાફ્ટ ચલાવવા બાબતે ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ ની કલમ-૧૪૪ હેઠળ પ્રતિબંધ મુકતુ જાહેરનામુ બહાર પાડવા પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢના પત્ર નં. સી/એલઆઈબી/જા.ના./૧૦૬/૨૦૧૭, તા. ૧૫-૦૧-૨૦૧૭ થી દરખાસ્ત થઈ આવેલ છે. જે વ્યાજબી જણાય છે.

આથી હું, જે. કે. ઠેસીયા, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, જુનાગઢ જિલ્લો, જુનાગઢ, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ ના નં. ૨)ની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂ છું કે, જુનાગઢ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં રીમોટથી ચલાવાતા ડ્રોન કે રીમોટથી કંટ્રોલ કરાતા એરીયલ મિસાઈલ કે પારાગ્લાઈડર રીમોટ કંટ્રોલ, માઈક્રો લાઈટ એર ક્રાફ્ટ ચલાવવાની મનાઈ ફરમાવુ છું.

આ હુકમ તા. ૨૨-૦૧-૨૦૧૭ થી દિવસ–૬૦ સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય દંડસંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમની જાહેર જનતાને જાણ સંબંધીત કચેરીઓએ તેમના નોટિસ બોર્ડ પર, સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યા ઉપર નકલ ચોટાડીને તથા માહિતી ખાતાએ વર્તમાન પત્રોમાં પ્રસિધ્ધી કરી કરવાની રહેશે.

આજ તારીખઃ ૧૬ મી, માહે જાન્યુઆરી, સને-૨૦૧૭ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે જાહેર જનતાની જાણ તથા અમલવારી માટે આ હુકમ પ્રસિધ્ધ કરવામાં આવ્યો.

જુનાગઢ, ૧૬ માહે જાન્યુઆરી, સને ૨૦૧૭.

**જે. કે. ઠેસીયા,**
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
જુનાગઢ જિલ્લો, જુનાગઢ.

---

## પોલીસ કમિશ્નર દ્વારા

જી.પી.એક્ટ કલમ-૩૩(૧) (ખ) (w)(ii) અન્વયે
કાઢેલ હુકમ

## જાહેરનામું

(૧) ક્રમાંક : એસબી/જાહેરનામું/૨૧૦/૨૦૧૭.-ભુતકાળમાં પઠાણકોટ, પંજાબ ખાતે આવેલ એરફોર્સ સ્ટેશન પર આતંકવાદીઓ સૈન્યના ગણવેશ ધારણ કરી હુમલો કરેલ હતો, આ સિવાય અગાઉ પણ સૈન્યના ગણવેશમાં આવીને આતંકવાદીઓ દ્વારા હુમલા કરવામાં આવેલ છે.

(૨) રાજ્યમાં વિવિધ શહેર/જિલ્લાઓ ખાતે સૈન્ય તથા અન્ય સશસ્ત્ર દળોના ગણવેશ તથા તેની સાથે સામ્યતા ધરાવતા વસ્ત્રોનું વેચાણ તથા તેનો ઉપયોગ થતો હોય છે. આવા વસ્ત્રો ધારણ કરી અસામાજીક તત્વો દ્વારા દેશદ્રોહી/ગેરકાયદેસર પ્રવૃતી માટે ઉપયોગ થવાનો સંભવ છે. જેના કારણે રાષ્ટ્રીય સુરક્ષાને ગંભીર ખતરો ઉદભવી શકે છે. આ બાબત સુરક્ષાના પરિપ્રેક્ષ્યમાં ઘણી ગંભીર પ્રકારની હોઈ બજારમાં બિનઅધિકૃત રીતે વેચાતા તથા ઉપયોગમાં લેવાતા સશસ્ત્ર દળોના ગણવેશ (પોશાક) તથા અન્ય ચીજ-વસ્તુઓ ઉપર પ્રતિબંધ લાવવો ખુબ જ જરૂરી છે.

(૩) જેથી સૈન્ય તથા સશસ્ત્રદળોના ગણવેશનો બિનઅધિકૃત રીતે વેચાણ તથા તેના ઉપયોગ બદલ ભારતીય દંડ સંહિતા-૧૮૬૦ ની કલમો ૧૪૦, ૧૭૦ અને ૧૭૧ માં જોગવાઈઓ કરવામાં આવેલ છ. જેથી સૈન્ય તેમજ અન્ય સશસ્ત્રદળોના ગણવેશ તથા તેના સાથે સામ્યતા ધરાવતા વસ્ત્રોના વેચાણ/ઉપયોગ પર પ્રતિબંધ મુકવો જરૂરી અને અનિવાર્ય હોય જેથા આ સંબંધેનુ જાહેરનામું

ગુજરાત પોલીસ અધિનિયમ કલમ ૩૩(૧) (ખ) (w) (ii) થી મળેલ સતાની રૂએ હું, અનુપમ સિંહ ગહલૌત, (I.P.S.), પોલીસ કમિશ્નર, રાજકોટ શહેર, સૈન્ય તથા અન્ય સશસ્ત્ર દળોના ગણવેશ તથા તેની સાથે સામ્યતા ધરાવતા વસ્ત્રોનું વેચાણ તથા તેનો ઉપયોગ પર પ્રતિબંધ મુકવો જરૂરિ છે.

### અમલવારીનો સમય :

આ હુકમ તા. ૨૬-૦૧-૨૦૧૭ ના કલાક ૦૦-૦૦ થી તા. ૨૫-૦૩-૨૦૧૭ ના કલાક ૨૪-૦૦ સુધીનો રહેશે.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લઘંન કરનાર ગુજરાત પોલીસ અધિનીયમ ૧૯૫૧ની કલમ ૧૧૩, ૧૧૭, ૧૩૧ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

તમામને વ્યકિતગત રીતે આ નોટિસની બજવણી કરવી શક્ય ન હોય આથી એક તરફી હુકમ કરૂ છું કે, જાહેર જનતાની જાણ સારૂ સ્થાનીક વર્તમાનપત્ર, આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર મારફતે પ્રસિધ્ધિ દ્વારા સારૂ પોલીસ સ્ટેશનના નોટિશ બોર્ડ ઉપર

તથા પોલીસ ઈન્સપેક્ટર, મદદનીશ પોલીસ કમિશ્નર, નાયબ પોલીસ કમિશ્નર તથા પોલીસ કમિશ્નરની કચેરીના નોટિસ બોર્ડ ઉપર હુકમની નકલ ચોંટાડીને પ્રસિધ્ધી કરવામાં આવશે. તેમજ સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધી કરવામાં આવશે. ગુજરાત પોલીસ એકટ કલમ-૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજરોજ તા. ૧૭ માહે જાન્યુઆરી-૨૦૧૭ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

રાજકોટ, ૧૭ માહે જાન્યુઆરી, સને ૨૦૧૭.

---

### ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ના નં ૨) ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ હુકમ

## જાહેરનામું

ક્રમાંક : એસ.બી./જાહેરનામું/૨૧૧/૨૦૧૭.-ભુતકાળમાં બનેલ દેશ વિરોધી તથા સમાજ વિરોધી બનાવોની તપાસ દરમ્યાન આવા બનાવોમાં સંડોવાયેલ આરોપીઓમાં જેલમાં રહેલ કેદીઓ પણ સામેલ હોવાની હકિકત જાણવા મળેલ છે. તેમજ તાજેતરમાં જેલ કસ્ટડીમાં રહેલ આરોપીઓ જાપ્તામાંથી ભાગી જવાના બનાવોની તપાસ દરમ્યાન પણ જે હકિકત બહાર આવેલ છે. તે મુજબ આ કેદીઓ તેઓની જેલ કસ્ટડી દરમ્યાન પોતાની પાસેના મોબાઈલ ફોનનો ઉપયોગ કરતા હોવાની હકિકત તપાસ દરમ્યાન જણાયેલ છે. તેમજ જેલમાં રહેલ દેશ વિરોધી કૃત્યો કરવા વાળા ઈસમો આ રીતે જેલમાં રહી મોબાઈલનો ઉપયોગ કરી ત્રાસવાદી પ્રવૃતિઓને અંજામ આપતા હોય છે. જેથી દેશની આંતરીક સલામતી તથા માનવ જીંદગીની ખુવારી ન થાય અને લોકોની મિલ્કતને નુકશાન ન થાય તેવા કૃત્યો અટકાવવા તથા સુક્ષાને ધ્યાને લઈ તકેદારીના પગલાં રૂપે રાજકોટ સેન્ટ્રલ જેલ પ્રિમાઈસીસમાં (વિસ્તારમાં) અમુક નિયંત્રણો મુકવાનું જરૂરી જણાય છે.

જેથી હું, અનુપમ સિંહ ગહલૌત, (આઈ.પી.એસ.), પોલીસ કમિશ્નર, રાજકોટ શહેર, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ (સી.આર.પી.સી.) ૧૯૭૩ (૧૯૭૪ ના નં. ૨) ની કલમ ૧૪૪ અન્વયે મળેલ સતાની રૂએ આથી હુકમ કરૂ છુ કે, રાજકોટ શહેરના પોલીસ કમિશ્નર વિસ્તારમાં આવેલ રાજકોટ સેન્ટ્રલ જેલ પ્રિમાઈસીસમાં (સંકુલનમાં) કોઈપણ વ્યકિત મોબાઈલ ફોન, આઈપેડનો ઉપયોગ કરી શકશે નહી અને મોબાઈલ ફોન કે સીમકાર્ડ રાખશે નહી, અને જેલના પ્રતિબંધીત વિસ્તારમાં કોઈપણ મોબાઈલ ફોન કે સીમકાર્ડ જેવી વસ્તુ સાથે પ્રવેશી શકશે નહી.

**અપવાદ :**

કોઈપણ જાહેર રાજય સેવક કે જે પોતાની ફરજના ભાગરૂપે બંધાયેલ છે. તેવી વ્યકિતને તેની ફરજ દરમ્યાન આ હુકમ લાગુ પડશે નહી.

**અમલવારીનો પિરિયડ અને વિસ્તાર :**

આ હુકમનો અમલ તા. ૨૬-૦૧-૨૦૧૭ ના કલાક ૦૦-૦૦ થી તા. ૨૫-૦૩-૨૦૧૭ ના કલાક ૨૪-૦૦ સુધી રાજકોટ શહેર પોલીસ કમિશ્નરશ્રીની હકુમત હેઠળના સમગ્ર વિસ્તારમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર અથવા તે માટે મદદ કરનાર ભારતના ફોજદારી અધિનિયમ-૧૮૬૦ની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે. તમામને વ્યકિતગત રીતે આ નોટિસની બજવણી કરવી શક્ય ન હોય આથી એક તરફી હુકમ કરૂ છું કે, જાહેર જનતાની જાણ સારૂ સ્થાનીક વર્તમાનપત્ર, આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર મારફતે પ્રસિધ્ધિ દ્વારા તથા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સપેકટર, મદદનીશ પોલીસ કમિશ્નર, નાયબ પોલીસ કમિશ્નર તથા પોલીસ કમિશ્નર કચેરીના નોટિસ બોર્ડ ઉપર હુકમની નકલ ચોંટાડીને પ્રસિધ્ધિ કરવામાં આવેશે. તેમજ સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધી કરવામાં આવશે. ગુજરાત પોલીસ એકટ કલમ-૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજ તા. ૧૭ માહે-જાન્યુઆરી-૨૦૧૭ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

રાજકોટ, ૧૭ માહે જાન્યુઆરી, સને ૨૦૧૭.

---

### ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ ના ૨૨માં અધિનીયમની કલમ ૩૩(૧)(છ) તથા ૩૩(બી) અન્વયે કાઢેલ હુકમ

## જાહેરનામુ

ક્રમાંક : એસબી/જાહેરનામું/૨૧૨/૨૦૧૭.-કમિશ્નરશ્રી, રાજકોટ શહેર મહાનગરપાલિકા ના પત્ર નં. આર.એમ.સી.સી.-૯૫, તા. ૧૫-૦૯-૨૦૧૬ મા જણાવ્યા અનુસાર,

રાજકોટ શહેરના જાહેર માર્ગો ઉપર રાહદારીઓ તથા ટ્રાફીકને અડચણ રૂપ બનતા, રઝળતા, ભટકતા ઢોરને કારણે ઉભા થતા અવરોધો થી વારંવાર સર્જાતા ગંભીર અકસ્માતોને કારણે જાહેર જનતાને પહોંચી રહેલ હાની તથા શહેરમા આ પ્રકારે રઝળતા, ભટકતા ઢોરને કારણે જાહેરમા થતી ગંદકીની ફરિયાદના અનુસંધાને રાજકોટ મહાનગરપાલિકા દ્વારા જાહેર માર્ગો પરથી આ રઝળતા, ભટકતા તથા રજીસ્ટ્રેશન થયેલ ન હોય તેવા માલિકીના ઢોરને પકડવાની કામગીરી છેલ્લા ૮ થી ૧૦ વર્ષથી કરવામા આવી રહેલ છે. જે પૈકી છેલ્લા અઢી વર્ષમા રાજકોટ મહાનગરપાલિકા દ્વારા શહેરમાથી અંદાજે આજદીન સુધીમા ૨૫ થી ૩૦,૦૦૦ હજાર જેટલા ઢોર પકડવામા આવેલ છે.

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા કરવામા આવતી ઢોર પકડવાની કામગીરીમા રાજકોટ શહેર પોલીસનો પણ હર હંમેશ પુરતો સહકાર મળી રહેલ છે. જેના કારણે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા ઝુંબેશના સ્વરૂપમા કરવામા આવતી ઢોર પકડવાની કામગીરી ખુબ જ સારી રીતે થઈ રહેલ છે.

છેલ્લા ઘણા સમયથી તે બાબત ધ્યાને આવેલ છે કે રાજકોટ શહેરની આજુબાજુના ગાંમડાઓ-વિસ્તારોમાંથી રાજકોટ શહેરમા ઢોર ને છોડી દેવામા આવે છે જેવા કારણે મહાનગરપાલિકા દ્વારા જુંબેશના સ્વરૂપે નિયમીત ધોરણે હાથ ધરવા આવી રહેલ ઢોર પકડવાની કામગીરી પછી પણ જાહેર રસ્તાઓ ઉપર આવા બહારના વિસ્તારોમાથી રાજકોટ શહેરમા છોડી દેવામા આવેલ ઢોર તથા શહેરના જ પરંતુ રજીસ્ટ્રેશન ન થયેલ હોય તેવા ઢોરને કારણા છાછવારે ગંભીર પ્રકારના અકસ્માતના બનાવો બનવા પામેલ છે.

ઉપરોકત તમામ બાબતો ધ્યાને લેતા રાજકોટ મહાનગરપાલિકા જાહેર હીતને ધ્યાને લઈ આપના દ્વારા રાજકોટ શહેરની બહારના કોઈપણ વિસ્તારમાંથી રાજકોટ મહાનગરપાલિકા દ્વારા રજીસ્ટ્રેશન થયેલ ન હોય તેવા કોઈપણ ઢોરને શહેરમા ન લાવવા તથા શહેરમા જે ઢોર માલિકો પાસે રજીસ્ટ્રેશન કરાવ્યા સિવાય ના ઢોર હોય તેને સત્વરે મહાનગરપાલિકા દ્વારા બનાવવામા આવેલ એનીમલ હોસ્ટેલ ખાતે અથવા શહેરની બહાર મોકલી આપવા બાબતે એક જાહેરનામુ પ્રસિધ્ધ થવા જાહેર હિત માટે બહાર પાડવા જણાવેલ છે.

આવેલ પત્રની વિગત તેમજ વર્તમાન પરિસ્થીતી અને બનતા બનાવો ઉપરથી આદેશ કરૂ છુ કે,

હું, અનુપમ સિહ ગહલૌત, (I.P.S.), પોલીસ કમિશ્નર, રાજકોટ શહેર, ગુજરાત પોલીસ અધિનિયમ કલમ ૩૩(૧)(ખ)(w) (ii) થી મળેલ સતાની રૂએ રાજકોટ શહેરમા નાગરીકોના જાહેર હીતને ધ્યાને લઈ રાજકોટ શહેરની બહારના કોઈપણ વિસ્તારમાંથી રોજકોટ મહાનગરપાલિકા દ્વારા રજીસ્ટ્રેશન થયેલ ન હોય તેવા કોઈપણ ઢોરને શહેરમા ન લાવવા તથા શહેરમા જે ઢોર માલિકો પાસે રજીસ્ટ્રેશન કરાવ્યા સિવાયના ઢોર હોય તેને સત્વરે મહાનગરપાલિકા દ્વારા બનાવવામા આવેલ એનીમલ હોસ્ટેલ ખાતે અથવા શહેરની બહાર મોકલી આપવા બાબતે જાહેર હિતમા પ્રતિબંધ મુકવાનુ ફરમાવું છું.

**અમલવારીનો સમય :**

આ હુકમ તા. ૨૬-૦૧-૨૦૧૭ ના કલાક ૦૦-૦૦ થી તા. ૨૫-૦૩-૨૦૧૭ ના કલાક ૨૪-૦૦ સુધી અમલમાં રહેશે.

**અમલવારીનો વિસ્તાર**

રાજકોટ શહેર પોલીસ કમિશ્નરેટ વિસ્તાર.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ગુજરાત પોલીસ અધિનિયમ સને ૧૮૬૦ ની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

તમામને વ્યકિતગત રીતે આ નોટિસની બજવણી કરવી શક્ય ન હોય આથી એક તરફી હુકમ કરૂ છું કે, જાહેર જનતાની જાણ સારૂ સ્થાનીક વર્તમાનપત્ર, આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર મારફતે પ્રસિધ્ધિ દ્વારા તથા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સપેકટર, મદદનીશ પોલીસ કમિશ્નર, નાયબ પોલીસ કમિશ્નર તથા પોલીસ કમિશ્નર કચેરીના નોટિસ બોર્ડ ઉપર હુકમની નકલ ચોંટાડીને પ્રસિધ્ધિ કરવામાં આવેશે. તેમજ સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધી કરવામાં આવશે. ગુજરાત પોલીસ એકટ કલમ-૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજ તા. ૧૭ માહે-જાન્યુઆરી-૨૦૧૭ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

રાજકોટ, ૧૭ માહે જાન્યુઆરી, સને ૨૦૧૭.

---

**ગુજરાત પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ ની કલમ-૨૨ માં અધિનિયમની કલમ ૩૭(૧) મુજબ અન્વયે કાઢેલ હુકમ**

## જાહેરનામું

ક્રમાંક : એસ.બી./અન.અધિવ્યકિત પ્રવેશ/૨૮૧/૨૦૧૭.- પોલીસ કમિશ્નરશ્રી, રાજકોટ શહેરના કાર્યક્ષેત્ર હેઠળના વિસ્તારમાં આવેલ પોલીસ કમિશ્નર કચેરી, જિલ્લા કલેકટર કચેરી, જિલ્લા ન્યાયાલયની કચેરી, જિલ્લા પંચાયત કચેરી, બહુમાળી બિલ્ડીંગમાં, આવેલ સરકારી કચેરીઓ, નાયબ પોલીસ મહાનિરીક્ષકશ્રીની કચેરી, પોલીસ અધિક્ષકશ્રી, રાજકોટ ગ્રામ્યની કચેરી, પંડીત દિન દયાળ સીવીલ હોસ્પીટલ, શહેર રાજકોટ મહાનગર પાલીકાની કચેરી, ઝોન-ઓફીસો અને કચેરીઓ, શહેર તથા તાલુકા મામલતદારશ્રીની કચેરી, બહુમાળી ભવનમાં સમાવિષ્ટ જુદી જુદી કચેરીઓમાં જાહેર જનતાને લગતી કામગીરી કરવામાં આવે છે. તેમજ જ્યાં રોજે રોજ મોટા પ્રમાણમાં જાહેર જનતા પોતાના કામ માટે આવતાં હોય છે. તાજેતરમાં કેટલા બનાવો પરથી ઉકત તમામ કચેરી આસપાસ તથા નજીકના સ્થળે કેટલાક ઈસમો એકલા અથવા ટોળામાં જાહેર જનતા પાસેથી છેતરપીંડી આચરી પૈસા પડાવે છે અથવા તો ગેરકાયદેસરની પ્રવૃત્તિઓ કરી ઉલ્ટી

સીધી વાતો કરી જાહેર જનતાને ગેરમાર્ગે દોરી કામ કરાવવા જેવી પ્રવૃત્તિઓ કરી રહેલ હોવાનું જણાય આવેલ છે.

આથી હું, અનુપમસિંહ ગહલૌત, (I.P.S.), પોલીસ કમિશ્નર, રાજકોટ શહેર, રાજકોટ મુંબઈ પોલીસ અધિનિયમ અને ૧૯૫૧ના ૨૨ માં અધિનિયમની કલમ ૩૭(૩) મુજબની મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે,

પોલીસ કમિશ્નરશ્રી, રાજકોટ શહેરના કાર્યક્ષેત્ર હેઠળના વિસ્તારમાં આવેલ પોલીસ કમિશ્નર કચેરી, જિલ્લા કલેકટર કચેરી, જિલ્લા ન્યાયાલયની કચેરી, જિલ્લા પંચાયત કચેરી, બહુમાળી બિલ્ડીંગમાં આવેલ સરકારી કચેરીઓ, નાયબ પોલીસ મહાનિરીક્ષકશ્રીની કચેરી, પોલીસ અધિક્ષકશ્રી, રાજકોટ ગ્રામ્યની કચેરી, પંડીત દિન દયાળ સીવીલ હોસ્પીટલ, રાજકોટ મહાનગર પાલીકાની કચેરી તથા રાજકોટ મહાનગરપાલિકાની કચેરી, ઝોન-ઓફીસો, પ્રાદેશીક વાહન વ્યવહાર અધિકારીની કચેરીઓ, પ્રાંત અધિકારીશ્રીની કચેરીઓ, શહેર તથા તાલુકા મામલતદારશ્રીની કચેરી, વિગેરે કચેરીઓ કે જયાં રોજે રોજ મોટા પ્રમાણમાં જાહેર જનતા પોતાના કામ માટે આવતી હોય તેવી રાજકોટ શહેરની સરકારી કચેરીઓમાં સરકારી કામ માટે આવેલ હોય, કામ કરતાં હોય તેવા અગર વ્યાજબી કામે આવેલ હોય તે સીવાયના અનઅધિકૃત ઈસમો કે ઈસમોની ટોળી સદરહું કચેરીમાં આવતી જાહેર જનતા અરજદારોને ગેરમાર્ગે દોરી કામ કરાવવા જેવી પ્રવૃતિ કરી રહેલ ઈસમોને પ્રવેશ ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

**અમલવારીનો સમય :**

આ જાહેરનામાનો અમલ તા. ૦૧-૦૨-૨૦૧૭ ના કલાક ૦૦-૦૦ થી તા. ૩૧-૦૩-૨૦૧૭ ના કલાક ૨૪-૦૦ સુધીનો રહેશે.

**અમલવારીનો વિસ્તાર :**

રાજકોટ શહેર પોલીસ કમિશ્નરશ્રીની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

**શિક્ષા :**

આ જાહેરનામાનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર અથવા તે માટે મદદ કરનારને ગુજરાત પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ની કલમ ૧૩૫ની પેટા કલમ (૩) હેઠળ અને ભારતીય ફોજદારી અધિનિયમ સને ૧૯૬૦ની કલમ ૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

**જાહેર વિજ્ઞપ્તિ :**

તમામને વ્યકિતગત રીતે આ નોટિસની બજવણી કરવી શક્ય ન હોય આથી એક તરફી હુકમ કરૂ છું કે, જાહેર જનતાની જાણ સારૂ સ્થાનીક વર્તમાનપત્ર, આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર મારફતે પ્રસિધ્ધિ દ્વારા તથા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સપેકટર, મદદનીશ પોલીસ કમિશ્નર, નાયબ પોલીસ કમિશ્નર તથા પોલીસ કમિશ્નર કચેરીના નોટિસ બોર્ડ ઉપર હુકમની નકલ ચોંટાડીને પ્રસિધ્ધિ કરવામાં આવેશે. તેમજ સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધી કરવામાં આવશે. ગુજરાત પોલીસ એકટ કલમ-૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજ તા. ૨૩-૦૧-૨૦૧૭ ના રોજ મેં મારી સહી તથા સિક્કો કરી આપેલ છે.

રાજકોટ, ૨૩ માહે જાન્યુઆરી, સને ૨૦૧૭.

---

## જાહેરનામુ

### ગુજરાત પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ ની કલમ-૨૨ માં અધિનિયમની કલમ ૩૭(૪) અન્વયે કાઢેલ

### હુકમ

ક્રમાંક : એસ.બી./જાહેરનામું/૨૮૭/૨૦૧૭.-પોલીસ કમિશ્નરશ્રી, રાજકોટ શહેરના કાર્યક્ષેત્ર હેઠળના વિસ્તારમાં આવેલ પ્રાદેશીક વાહન વ્યવહાર અધિકારીની કચેરી, માર્કેટીંગ યાર્ડની બાજુમાં, બાયપાસ, રાજકોટ કચેરીમાં જાહેર જનતાને લગતી કામગીરી કરવામાં આવે છે. તેમજ જ્યાં રોજે રોજ મોટા પ્રમાણમાં જાહેર જનતા પોતાના કામ માટે આવતાં હોય છે. કેટલાક બનાવો પરથી ઉકત કચેરી આસપાસ તથા નજીકના સ્થળે કેટલાક ઈસમો એકલા અથવા ટોળામાં જાહેર જનતા પાસેથી છેતરપીંડી આચરી પૈસા પડાવે છે અથવા તો ગેરકાયદેસરની ઈરાદાઓ સેવી જાહેર જનતાને ગેરમાર્ગે દોરી, પોતાની પાસે આ કચેરીઓને લગતું કામ કરાવવા જેવી પ્રવૃત્તિઓ કરી રહેલ છે.

આથી હું, અનુપમસિંહ ગહલૌત, (આઈ.પી.એસ.), પોલીસ કમિશ્નર, રાજકોટ શહેર, મુંબઈ પોલીસ અધિનિયમ અને ૧૯૫૧ના ૨૨ માં અધિનિયમની કલમ ૩૭(૪) મુજબની મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે, રાજકોટ પોલીસ કમિશ્નરની હકુમત વિસ્તારમાં આવેલ ઉકત કચેરી ખાતે કોઈપણ અનઅધિકૃત ઈસમો કે ઈસમોની ટોળી દ્વારા સદરહુ કચેરીમાં આવતી જાહેર જનતા/અરજદારોને ગેરમાર્ગે દોરી નાણા પડાવવા જેવા ગેરકાયદેસર ઈરાદાઓ ધરાવતી વ્યકિતઓના પ્રવેશ પર પ્રતિબંધ ફરમાવું છું.

આ જાહેરનામાનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર અથવા તે માટે મદદ કરનારને ગુજરાત પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ની કલમ ૧૩૫ની પેટા કલમ (૩) હેઠળ અને ભારતીય ફોજદારી અધિનિયમ સને ૧૯૬૦ની કલમ ૧૮૮ અને ગુજરાત પોલીસ અધિનિયમ કલમ ૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ તા. ૦૧-૦૨-૨૦૧૭ ના કલાક ૦૦-૦૦ વાગ્યાથી તા. ૩૧-૦૩-૨૦૧૭ ના કલાક ૨૪-૦૦વાગ્યા સુધી અમલ રહેશે.

તમામને વ્યકિતગત રીતે આ નોટિસની બજવણી કરવી શક્ય ન હોય આથી એક તરફી હુકમ કરૂ છું કે, જાહેર જનતાની જાણ સારૂ સ્થાનીક વર્તમાનપત્ર, આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર મારફતે પ્રસિધ્ધિ દ્વારા તથા પોલીસ સ્ટેશનના સીનીયર પોલીસ ઈન્સપેકટર, મદદનીશ પોલીસ કમિશ્નર, નાયબ પોલીસ કમિશ્નર તથા પોલીસ કમિશ્નર કચેરીના નોટિસ બોર્ડ ઉપર હુકમની નકલ ચોંટાડીને પ્રસિધ્ધી કરવામાં આવેશે. તેમજ સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધી કરવામાં આવશે. ગુજરાત પોલીસ એકટ કલમ-૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજ તા. ૨૩-૦૧-૨૦૧૭ ના રોજ મેં મારી સહી તથા સિક્કો કરી આપેલ છે.

રાજકોટ, ૨૩ માહે જાન્યુઆરી, સને ૨૦૧૭.

---

**ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨) ની કલમ ૧૪૪ અન્વયે**

## જાહેરનામુ

ક્રમાંક : એસ.બી./રાજકીય/જાહેરનામું/૨૮૪/૨૦૧૭.- રાજકોટ શહેર પોલીસ કમિશ્નરેટ વિસ્તારમાં એવું ધ્યાન ઉપર આવેલ છે કે, લોકો લગ્ન પ્રસંગે કે વિજય સરઘસ તથા અન્ય કોઈપણ પ્રકારના ધાર્મીક, સામાજીક કે રાજકીય મેળાવડા દરમ્યાન જાહેર રસ્તાઓ ઉપર તેમજ રોડની ફુટપાથ ઉપર તથા હોસ્પીટલો, શાળાઓ, કોલેજોની નજીક લોકો મોટા અવાજવાળા ફટાકડા ફોડી આતશબાજી કરી પ્રસંગ ઉજવતા હોય છે જેના લીધે ટ્રાફીક વ્યવહાર ખોરવાઈ થાય છે અને ટ્રાફીક ચક્કા જામ થઈ જાય છે તેમજ ઘણા બનાવોમાં ફટાકડા ફોડવાના લીધે તથા છુટા ફેંકવાના લીધે લોકોને ઈજા થયેલાના બનાવ બનેલ છે. તેમજ હોસ્પીટલમાં દાખલ કરેલ દર્દીઓ, શાળા/કોલેજોમાં ભણતા વિદ્યાર્થીઓને ખલેલ પડતી હોય છે જેથી જાહેર રસ્તા ઉપર ટ્રાફીક વ્યવહાર સારી રીતે ચાલે તેમજ લોકોના જાનમાલનું નુકશાન ન થાય તેમજ હોસ્પીટલમાં દાખલ દર્દીઓને તથા શાળા/કોલેજોના વિદ્યાર્થીઓને ખલેલ ન પહોંચે તે માટે રાત્રીના સમયે સુતેલા લોકોને વિક્ષેપ ન પડે તે સારૂ નીચેના કૃત્યો પર પ્રતિબંધ મુકવો મને જરૂરી જણાય છે.

જેથી હું, અનુપમસિંહ ગહલૌત,, આઈ.પી.એસ., પોલીસ કમિશ્નર, રાજકોટ શહેર, ગુજરાત સરકારના ગૃહ વિભાગના તા. ૮-૧૧-૮૨ના નોટીફીકેશન નંબર : જીજી/૪૨૨/સીઆરસી/ ૧૦૮૨/એમ તથા ગુજરાત સરકારના ગૃહ વિભાગના તા. ૦૭-૦૧-૧૯૮૯ના સંકલીત જાહેરનામા નંબર જીજી/૬/ ફકઅ/૧૦૮૮/૬૭૫૦/મ. માં અન્વયે ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ની કલમ ૧૪૪ અન્વયે મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે,

**પ્રતિબંધિત કૃત્યો :**

(૧) રાજકોટ શહેરના જાહેર રસ્તા/રોડ તથા ફુટપાથ ઉપર દારૂખાનુ/ફટાકડા ફોડવા/સળગાવવા ઉપર આતશબાજી કરવા ઉપર.

(૨) રાજકોટ શહેરના જાહેર રસ્તાઓ/રોડ તથા ફુટપાથ ઉપર બોમ્બ, રોકેટ, હવાઈ તથા અન્ય ફટાકડા જેનો સમાવેશ દારૂખાનામાં થતો હોય તેવા ફટાકડા સળગાવી રસ્તા ઉપર કે ફુટપાથ ઉપર કે વ્યકતી ઉપર ફેંકવા ઉપર.

(૩) રાજકોટ શહેર પોલીસ કમિશ્નરેટના સમગ્ર વિસ્તારમાં રાત્રીના કલાક ૨૨-૦૦ થી સવારના કલાક ૬-૦૦ વાગ્યા સુધી ફટાકડા/દારૂખાનુ ફોડવા ઉપર.

(૪) રાજકોટ શહેર પોલીસ કમિશ્નરેટના સમગ્ર વિસ્તારમાં આવેલ તમામ કોર્ટ કચેરી, હોસ્પીટલ, શાળાઓ, કોલેજો, શૈક્ષણિક સંસ્થાઓના ૧૦૦ મીટર વિસ્તારમાં ફટાકડા/ દારૂખાનું ફોડવા ઉપર.

**અમલવારીનો સમય ગાળો :**

આ હુકમ તા. ૦૧-૦૨-૨૦૧૭ ના કલાક ૦૦-૦૦ થી તા. ૩૧-૦૩-૨૦૧૭ ના કલાક ૨૪-૦૦ સુધીનો રહેશે.

**પ્રતિબંધિત વિસ્તાર :**

રાજકોટ શહેર પોલીસ કમિશ્નરશ્રીની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

**સજા :**

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ફોજદારી અધિનિયમ સને ૧૮૬૦ની કલમ ૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

**જાહેર વિજ્ઞપ્તિ :**

તમામને વ્યકિતગત રીતે આ નોટિસની બજવણી કરવી શક્ય ન હોય આથી એક તરફી હુકમ કરૂ છું કે, જાહેર જનતાની જાણ સારૂ સ્થાનીક વર્તમાનપત્ર, આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર મારફતે પ્રસિધ્ધિ દ્વારા તથા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સપેકટર, મદદનીશ પોલીસ કમિશ્નર, નાયબ પોલીસ કમિશ્નર તથા પોલીસ

કમિશ્નર કચેરીના નોટિસ બોર્ડ ઉપર હુકમની નકલ ચોંટાડીને પ્રસિધ્ધિ કરવામાં આવેશે. તેમજ સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધી કરવામાં આવશે. ગુજરાત પોલીસ એકટ કલમ-૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજ તા. ૨૩-૦૧-૨૦૧૭ ના રોજ મારી સહી અને સીક્કો કરી આપેલ છે.

રાજકોટ, ૨૩ માહે જાન્યુઆરી, સને ૨૦૧૭.

---

### ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ ૧૪૪ અન્વયેનું

## જાહેરનામું

ક્રમાંક : એસ.બી./જાહેરનામું/૨૮૬/૨૦૧૭.-રાજકોટ શહેરમાં આંતકવાદી તત્વો, રાષ્ટ્ર વિરોધી તત્વો, તથા અસામાજીક તત્વો પોતાની ગેરકાયદેસર પ્રવૃત્તિ કરવા વાહનોનો ઉપયોગ કરતાં હોવાનું સામાન્ય બની જાય અને ઘણીવાર આવા ગેરકાનુની તત્વો રાજકોટ શહેર બહારથી પણ આવતા સમયે અથવા જતા સમયે પોતાના વાહનોમાં ઈંધણ પુરાવવા માટે પેટ્રોલ પંપો ઉપર જાય છે આથી નાગરીકોને રંજાડનાર તથા હાની પહોંચાડનાર તત્વોને ઝેર કરવા તથા ઓળખવા માટે તકેદારીના ભાગ રૂપે રાજકોટ શહેર કમિશ્નરેટ વિસ્તારમાં આવતા તમામ પેટ્રોલ/ડીઝલ પંપો તથા ગેસ ફીલીંગ સ્ટેશનો ઉપર કેટલાક નિયંત્રણો મુકવાનું જરૂરી જણાય છે.

## હુકમ

જેથી હું, અનુપમસિંહ ગહલૌત,, આઈ.પી.એસ., પોલીસ કમિશ્નર, રાજકોટ શહેર, રાજકોટ ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ની કલમ ૧૪૪ અન્વયે મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂ છું કે,

(૧) રાજકોટ શહેર પોલીસ કમિશ્નરેટ વિસ્તારમાં આવેલ તમામ પેટ્રોલ, ડીઝલ પંપો તથા ગેસ ફીલીંગ સ્ટેશનોના પ્રવેશ દ્વારો ઉપર સી.સી.ટી.વી. કેમેરા સારી ગુણવત્તા વાળા રેન્જના ગોઠવવાના રહેશે. અને (નાઈટ વિઝન તથા હાઈ ડેફીનેશન) વીથ રેકોર્ડીંગ સીસ્ટમની વ્યવસ્થા કરવાની રહેશે.

(૨) સી.સી.ટી.વી. કેમેરામાં પેટ્રોલ પંપનો સમગ્ર એરીયા આવરી લે તે રીતે તથા ગાડીની નંબર પ્લેટ, ડ્રાઈવર તથા બાજુની સીટ પર બેઠેલ વ્યકિતનો ચહેરો પણ સ્પષ્ટ રીતે જોઈ શકાય તે રીતે ગોઠવવા.

(૩) આજુબાજુમાં આવેલ દુકાનો ઉપર પણ જો કોઈ વાહન પાર્ક કરવામાં આવેલ હોય તો તેનો પણ નંબર સાધારણ રીતે સી.સી.ટી.વી. કુટેજમાં સ્પષ્ટ જોઈ શકાય તે રીતે કેમેરા લગાડવાના રહેશે તેમજ આ સી.સી.ટી.વી. કેમેરા રેકોર્ડીંગ ડેટા ઓછામાં ઓછા ૧૫ દિવસ સુધી સંગ્રહ કરવાના રહેશે.

(૪) આ સી.સી.ટી.વી. કેમેરા સતત ૨૪ કલાક ચાલુ રહે તે જોવાની જવાબદારી માલીકો/ઉપ-ભકતાઓ/વહીવટ કર્તાઓની રહેશે.

(૫) પેટ્રોલ પંપ/ડીઝલ પંપો ગેસ ફીલીંગ સ્ટેશન પાર્કીંગની જગ્યામાં સવિસ્તાર પુર્વક સી.સી.ટી.વી. કેમેરા રાખવા જેથી પાર્કીંગ વિસ્તારમાં થતી તમામ હિલચાલ સી.સી.ટી.વી. કેમેરામાં કવરેજ લઈ શકાય.

(૬) નવા શરૂ થતાં પેટ્રોલ પંપ/ડીઝલ પંપ/ગેસ ફીલીંગ સ્ટેશનો સી.સી.ટી.વી. કેમેરાની વ્યવસ્થા કર્યા બાદ જ શરૂ કરી શકાશે.

(૧) ધી કેરોસીન (રીસ્ટ્રીકશન ઓન યુઝ એન્ડ ફીક્સેશન ઓફ સેલીંગ પ્રાઈઝ) ઓર્ડર-૧૯૯૩.

(૨) અત્રેના જાહેરનામાં નાં. સપ-કસન પરીવહન-દર-વધારો-૨૦૧૪, તા. ૨૦-૦૯-૨૦૧૪.

(૩) અત્રેના જાહેરનામા નાં. સપ/કસન/ભાવ/મુકરર/૧૨/૨૦૧૬, તા. ૨૦-૧૨-૨૦૧૬.

(૪) સરકારશ્રીના પત્ર નાં : કસન/૧૦૨૦૧૬/૩૭૩/બ, તા. ૧૭-૦૧-૨૦૧૭.

## જાહેરનામું

નં. સપ-કસન-ભાવ-મુકરર-૧-૨૦૧૭.-અત્રેના વંચાણ-(૨) વાળા જાહેરનામાથી પરિવહન સમિતિની બેઠકમાં વિચારણા મુજબ પરીવહન દર માટેના ભાવ નક્કી થયેલ હતા. ત્યાર બાદ ડીલર્સના કમીશનમાં વધારો થતા ક્રમ-(૩) વાળા જાહેરનામાથી ઘરગથ્થુ વપરાશના કેરોસીનના એક કીલોલીટરના જથ્થાબંધ વેંચાણભાવ તથા એક લીટરનો છુટક વેચાણ ભાવ દરેક તાલુકાવાઈઝ નક્કી કરવામાં આવેલ.

સરકારશ્રીના અન્ન નાગરિક પુરવઠા વિભાગ ગાંધીનગરના વંચાણ-(૪) વાળા પત્રની મુજબ કંપનીના ૧ કે.એલ.ના ભાવ જુના રૂા. ૧૫૬૦૪.૦૧/- હતા. તે વધારીને નવો ભાવ ૧ કે.એલ.નો રૂા. ૧૫૮૫૪.૦૧/- કરેલ છે. જેથી જથ્થાબંધ ભાવમાં કંપનીઓએ રૂા. ૨૫૦/- ભાવ વધારો જાહેર કરેલ છે. તે નજરે જથ્થાબંધ ભાવ તથા છુટક ભાવ તા. ૧૫મી જાન્યુઆરી/૨૦૧૭થી નવેસરથી નક્કી કરવાના રહેશે. તે નજરે કેરોસીનના કચ્છ જિલ્લાના દરેક તાલુકાના એક કિલોલીટરના (૧૦૦૦ લીટર) જથ્થાબંધ વેંચાણ ભાવ તથા એક લીટરના છુટક વેંચાણ ભાવ નકકી કરવાના રહે છે. સબબ ઉપરોક્ત વિગત ધ્યાને લેતાં વંચાણ-(૧) વાળા ઓર્ડરથી મને મળેલ અધિકારની રૂએ હું, કલેકટર-કચ્છ, કંડલા ઈન્સ્ટોલેશન ડેપોથી આવતા ઘરગથ્થુ વપરાશના કેરોસીનના એક કીલો લીટરના કંપનીના વધેલ ભાવ નજરે જથ્થાબંધ વેંચાણ ભાવ તથા એક લીટરના છુટક વેંચાણ ભાવ આ સાથેના પત્રકની વિગતે તાલુકાવાઈઝ નીચે મુજબ નક્કી કરવાનું ઠરાવું છું.

| અનુ. | તાલુકાના મુખ્ય મથકનું નામ | એક કિલો લીટર કેરોસીનના તાલુકાના મુખ્ય મથક માટેના જથ્થાબંધ વેંચાણ ભાવ (૧૦૦૦ લીટર) રૂા. પૈસા | એક લીટર કેરોસીનનો તાલુકાના મુખ્ય મથક માટેના છુટક વેચાણ ભાવ રૂા. પૈસા | વિશેષ નોંધ |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧ | ગાંધીધામ | ૧૭૧૪૨.૨૩ | ૧૭.૭૬ | -- |
| ૨ | અંજાર | ૧૭૨૧૮.૧૩ | ૧૭.૮૪ | -- |
| ૩ | ભચાઉ | ૧૭૨૮૭.૬૩ | ૧૭.૯૦ | -- |
| ૪ | ભુજ | ૧૭૪૪૮.૬૩ | ૧૮.૦૭ | -- |
| ૫ | મુન્દ્રા | ૧૭૪૪૮.૬૩ | ૧૮.૦૭ | -- |
| ૬ | રાપર | ૧૭૫૩૮.૬૩ | ૧૮.૧૬ | -- |
| ૭ | માંડવી | ૧૭૬૫૮.૩૩ | ૧૮.૨૮ | -- |
| ૮ | નખત્રાણા | ૧૭૬૫૦.૯૩ | ૧૮.૨૭ | -- |
| ૯ | અબડાસા, મુ. નલીયા | ૧૭૮૦૬.૩૩ | ૧૮.૪૨ | -- |
| ૧૦ | લખપત, મુ. દયાપર | ૧૭૯૨૨.૮૮ | ૧૮.૫૪ | -- |

ઉપર મુજબના મુકરર કરવામાં આવેલ ભાવો જિલ્લાના તાલુકાના મુખ્ય મથકના હોઈ કેરોસીનના ઓઈલ કંપનીનાં જથ્થાબંધ વિક્રેતાઓ કેરોસીનના છુટક વિક્રેતાના સ્થળ સુધી કેરોસીનની ડીલીવરી આપવા જાય ત્યારે ૦ થી ૧૦(દશ) કીલો મીટરના દરેક સ્ટેજે વધુમાં વધુ ૫૦ કિલો મીટર સુધી ૦૧ (એક) લીટરે ૧૦ (દશ) પૈસા જે વધુમાં વધુ પચાસ કિ.મી.ની મર્યાદામાં સ્ટેજ ચાર્જ લઈ શકશે.

કેરોસીનના છુટક વિક્રેતા સ્ટેજ ખર્ચની રકમ બિલ મુજબ ગણતરી કરતા નજીકના ૦૫ (પાંચ) પૈસાના ગુણાંકમાં છુટક વિક્રેતા કેરોસીનના વેંચાણ બિલ બનાવી કેરોસીનનું વેચાણ કરી શકશે.

આ જાહેરનામાંનો અમલ તા. ૧૬-૦૧-૨૦૧૭ ની તારીખની અસરથી કરવાનો રહેશે.

કચ્છ-ભુજ, માહે જાન્યુઆરી, સને ૨૦૧૭.

INDEX

જિલ્લો : કચ્છ    ઘરગથ્થું વપરાશના કેરોસીનના જથ્થાબંધ વેચાણ ભાવ તથા છુટક વેચાણ ભાવ નકકી કરવાની કિંમત દર્શાવતું પત્રક    માસ : જાન્યુઆરી-૨૦૧૪

| ક્રમ | વિગત | કચ્છ જિલ્લાના તાલુકાના મુખ્ય મથકનું નામ (તાલુકા) | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | ગાંધીધામ | અંજાર | ભચાઉ | ભુજ | મુન્દ્રા | રાપર | નખત્રાણા | માંડવી | અબડાસા, મુ.નલીયા | લખપત, મુ.દયાપર |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ |
| ૧ | એક કિલોલીટરના ઓઈલ કંપનીના વેંચાણ ભાવ રૂપિયા | ૧૫૮૫૪.૦૧ | ૧૫૮૫૪.૦૧ | ૧૫૮૫૪.૦૧ | ૧૫૮૫૪.૦૧ | ૧૫૮૫૪.૦૧ | ૧૫૮૫૪.૦૧ | ૧૫૮૫૪.૦૧ | ૧૫૮૫૪.૦૧ | ૧૫૮૫૪.૦૧ | ૧૫૮૫૪.૦૧ |
| ૨ | જથ્થાબંધ વિક્રેતાનું કમીશન રૂા. (૧ કે. એલ. ના) કેન્દ્રનું રૂા. ૭૮૭.૮૨ +રાજ્યનું રૂા. ૧૮૦.૩૦ = કુલ રૂા. ૯૬૮.૧૨. | ૯૬૮.૧૨ | ૯૬૮.૧૨ | ૯૬૮.૧૨ | ૯૬૮.૧૨ | ૯૬૮.૧૨ | ૯૬૮.૧૨ | ૯૬૮.૧૨ | ૯૬૮.૧૨ | ૯૬૮.૧૨ | ૯૬૮.૧૨ |
| ૩ | એક કિલોલીટરનો પરિવહન દર રૂપિયા | ૩૨૦.૧૦ | ૩૯૬.૦૦ | ૪૬૫.૫૦ | ૬૨૬.૫૦ | ૬૨૬.૫૦ | ૭૧૫.૯૫ | ૮૨૮.૮૦ | ૮૩૬.૨૦ | ૯૮૪.૨૦ | ૧૧૦૦.૭૫ |
| ૪ | એક કિલોલીટર કેરોસીનનું જથ્થાબંધ વેંચાણ ભાવ રૂપિયા. | ૧૭૧૪૨.૨૩ | ૧૭૨૧૮.૧૩ | ૧૭૨૮૭.૬૩ | ૧૭૪૪૮.૬૩ | ૧૭૪૪૮.૬૩ | ૧૭૫૩૮.૦૮ | ૧૭૬૫૦.૯૩ | ૧૭૬૫૮.૩૩ | ૧૭૮૦૬.૩૩ | ૧૭૯૨૨.૮૮ |
| ૫ | એક કિલોલીટર કેરોસીનનું છુટક વિક્રેતાનું કમિશન રૂપિયા કેન્દ્રનું ૫૬૩.૦૦ +રાજ્યનું એકસ્ટ્રા ઓર્ડીનરી કમિશન રૂા. ૫૪.૦૦ = કુલ રૂા. ૬૧૭.૦૦ | ૬૧૭.૦૦ | ૬૧૭.૦૦ | ૬૧૭.૦૦ | ૬૧૭.૦૦ | ૬૧૭.૦૦ | ૬૧૭.૦૦ | ૬૧૭.૦૦ | ૬૧૭.૦૦ | ૬૧૭.૦૦ | ૬૧૭.૦૦ |
| ૬ | એક કિલોલીટર કેરોસીનના કુલ રૂપિયા. | ૧૭૭૫૯.૨૩ | ૧૭૮૩૫.૧૩ | ૧૭૯૦૪.૬૩ | ૧૮૦૬૫.૬૩ | ૧૮૦૬૫.૬૩ | ૧૮૧૫૫.૦૮ | ૧૮૨૬૭.૯૩ | ૧૮૨૭૫.૩૩ | ૧૮૪૨૩.૩૩ | ૧૮૫૩૯.૮૮ |
| ૭ | એક લીટર કેરોસીનનું છુટક વેચાણ ભાવ રૂા. | ૧૭.૭૬ | ૧૭.૮૪ | ૧૭.૯૦ | ૧૮.૦૭ | ૧૮.૦૭ | ૧૮.૧૬ | ૧૮.૨૭ | ૧૮.૨૮ | ૧૮.૪૨ | ૧૮.૫૪ |

કચ્છ-ભુજ, માહે જાન્યુઆરી, સને ૨૦૧૭.

**એમ. એ. ગાંધી,**
કલેકટર, કચ્છ-ભુજ.

વંચાણે લીધા :

(૧) આ કચેરીના તા. ૧૭-૧૨-૨૦૧૬ ના હુકમ ક્રમાંક : પરવ/કસન/૧૭૧૨/૧૬.

(૨) સેકશન અધિકારી અન્ન અને નાગરિક પુરવઠા અને ગ્રા.બા. વિભાગ, ગાંધીનગરના તા. ૦૩-૦૧-૨૦૧૭ ના પત્ર ક્રમાંક : કસન-૧૦૨૦૧૬-૩૭૩-બ.

(૩) સરકારશ્રીના ઉપસચિવશ્રી તા. ૦૬-૦૯-૨૦૧૬ ના પત્ર ક્રમાંકઃ કસન/૧૦૨૦૧૬-૩૭૩-બ.

## હુકમ

નાં. પરવ/કસન/વશી/૧૭૧/૨૦૧૭.-વંચાણે લીધેલ સંદર્ભ-૧ ના આ કચેરીના હુકમથી વાડીનાર એસ્સાર ઓઈલ કંું. ટર્મીનલ ઉપર થી આવતા જાહેર વિતરણ યોજના હેઠળના કેરોસીનના જથ્થાબંધ તેમજ છુટક વિતરણના ભાવો નક્કી કરવામાં આવેલ છે.

ઉક્ત વંચાણ–૨ના સરકારશ્રીના સેકશન અધિકારીશ્રી, અન્ન અને નાગરિક પુરવઠા અને ગ્રા.બા. વિભાગ, ગાંધીનગરના તા. ૧૭-૦૧-૨૦૧૭ના પત્ર ક્રમાંક : કસન-૧૦૨૦૧૬-૩૭૩-બ થી તથા Bharat Petroleum Corporation Limited નો તા. ૦૨-૦૧-૨૦૧૭ ના મેઈલ તથા ઈન્ડીયન ઓઈલ કોર્પોરેશન લી., અમદાવાદએ Ex-Mi Rates તેઓના તા. ૧૬-૦૧-૨૦૧૭ ના પત્ર ક્રમાંક : Ref : SLC/PDS-SKO/Gujarat થી પીડીએસ કેરોસીન બાબતે વિવિધ સપ્લાય પોઈન્ટના Ex-Mi Ratesમાં થયેલ ફેરફારથી પીડીએસ કેરોસીનના નવા ભાવ જાહેર કરેલ હોય તે મુજબ જિલ્લામાં કેરોસીનના ભાવ નિયત કરવા જણાવવામાં આવેલ છે. દેવભૂમિ દ્વારકા જિલ્લામાં Ex-Mi Rates રૂા. ૧૫૫૭૨/- હતાં જેમાં રૂા. ૨૫૦/- નો વધારો થઈ નવા ભાવ રૂા. ૧૫૮૨૨/- નિયત કરવામાં આવેલ છે.

સબબ, કેરોસીન (રીસ્ટ્રીકશન ઓન યુઝ એન્ડ ફિકસેશન ઓફ સેલીંગ પ્રાઈઝ) ઓર્ડર ૧૯૯૩ ની કંડીકા-૨ ના સબ કલોઝ-ડી(૧) થી મળેલ સત્તાની રૂએ દેવભુમિ દ્વારકા જિલ્લાના દરેક તાલુકા માટે જાહેર વિતરણ યોજના હેઠળ વેચાણ થતા એસ્સાર ઓઈલ કંું. લી., વાડીનાર ઉપરથી આવતા કેરોસીનના જથ્થાબંધ તથા છુટક વેચાણ ભાવ આ સાથેના પરિશિષ્ટ-૧ ની વિગતે આથી હુકમ કરવામાં આવે છે.

સદરહું નિયત ભાવથી વધુ ભાવે વેચાણ કરનાર એજન્ટ, જથ્થાબંધ કે છુટક વિક્રેતા, વ્યાજબી ભાવના દુકાનદાર સામે ધી કેરોસીન (વપરાશ પર નિયંત્રણ અને અધિકતમ કિંમત નક્કી કરવા) બાબત હુકમ-૧૯૯૩ ની કલમ-૪(૧) સી તેમજ ગુજરાત આવશ્યક ચીજવસ્તુ (પરવાના નિયંત્રણ અને જથ્થા જાહેરાત) આદેશ-૧૯૮૧ ની કલમ-૨૨ ના ભંગ બદલ આવશ્યક ચીજવસ્તુ અધિનિયમ-૧૯૫૫ ની કલમ-૩ ના ભંગ ગણી શિક્ષાત્મક કાનુની કાર્યવાહી કરવામાં આવશે.

આ હુકમથી નિયત કરવામાં આવેલ ભાવ તા. ૧૬-૦૧-૨૦૧૭ થી અમલમાં લેવામાં આવશે.

## પરિશિષ્ટ-૧

એસ્સાર ઈન્ડસ્ટ્રીઝ ઈન્સ્ટોલેશન ઉપરથી આવતા
એક કિલો લીટર કેરોસીન જથ્થાબંધ તથા છુટક વેચાણ ભાવ
સરકારશ્રીના અન્ન અને નાગરિક પુરવઠા અને ગ્રા.બા.વિભાગ, ગાંધીનગરના તા. ૧૭-૦૧-૨૦૧૭ ના પત્ર ક્રમાંકઃ કસન-૧૦૨૦૧૬-૩૭૩-બ અન્વયે
આ કચેરીના તા.૦૨-૦૧-૨૦૧૭ ના હુકમ ક્રમાંક :-નાં. પરવ/કસન/વશી/૧૭૧/૧૭ સાથેનું પત્રક

| ક્રમ | તાલુકાનું નામ | એજન્ટ/જથ્થાબંધ વિક્રેતાએ વેચાણ કરવાનો એક કિલો લીટરનો ભાવ રૂા. પૈસા | છુટક વિક્રેતા/વાજબી ભાવના દુકાનદાર/ ફેરિયાએ વેચાણ કરવાનો છુટક એક લીટરનો ભાવ રૂા. પૈસા |
|---|---|---|---|
| ૧ | ખંભાળીયા | ૧૮૦૦૩.૧૪ | ૧૮.૬૦ |
| ૨ | ભાણવડ | ૧૮૦૯૦.૨૬ | ૧૮.૭૦ |
| ૩ | કલ્યાણપુર | ૧૮૨૫૬.૨૦ | ૧૮.૮૫ |
| ૪ | દ્વારકા | ૧૮૪૭૧.૯૩ | ૧૯.૧૦ |

**નોંધ** :- આ હુકમથી નક્કિ કરેલ ભાવથી વધુ ભાવ લેવામાં આવવાનો કિસ્સો ધ્યાને આવશે તો સંબંધકર્તા સામે શિક્ષાત્મક કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

દેવભૂમિ દ્વારકા, ૧૭ માહે જાન્યુઆરી, સને ૨૦૧૭.

---

**એસ્સાર ઈન્ડસ્ટ્રીઝ લી., વાડીનાર ઈન્સ્ટોલેશન ઉપરથી આવતા એક કિલો લીટરના કેરોસીનના જથ્થાબંધ તથા છુટક વેચાણ ભાવ**

**જિલ્લો : દેવભૂમિ દ્વારકા**

| ક્રમ | વિગત | ખંભાળીયા ૪૩ કી.મી. | ભાણવડ ૧૨૧ કી.મી. | કલ્યાણપુર ૧૬૧ કી.મી. | દ્વારકા ૨૧૩ કી.મી. |
|---|---|---|---|---|---|
| 1 | રાઉન્ડ ટ્રીપ અંતર કિ.મી. (આવક-જાવક) | 43 | 121 | 161 | 213 |
| 2 | એક્સ કંપની ડેપો ભાવ | 15822.00 | 15822.00 | 15822.00 | 15822.00 |
| 3 | ટ્રાન્સ ચાર્જીસ ૧૦૦ કી.મી. સુધીના એક કે.એલ. ના રૂા. ૮૧૦.૭૮ પૈસા | 810.78 | 810.78 | 810.78 | 810.78 |
| 4 | ટ્રાન્સપોર્ટ ચાર્જીસ (રૂા. ૩.૫૫ પૈસા) + ૦.૪૨ પૈસા પ્રતિ કિલી મુજબ= ૩.૯૭ પૈસા પ્રતિ કે.એલ./પ્રતિ કી.મી. ૧૦૦ કી.મી. ઉપર | 0.00 | 83.37 | 242.17 | 448.61 |
| 5 | ડોરસ્ટેપ ડીલીવરી પરીવહન દર એક કે.એલ.ના | 350.00 | 350.00 | 350.00 | 350.00 |
| 6 | ભાડાની રકમના (ક્રમ નં. ૩+૪+૫ ની રકમ) ૩૦% રકમ ઉપર ૧૫.૦૦% લેખે લેવામાં આવતો સર્વીસ ટેક્ષ | 52.24 | 55.99 | 63.13 | 72.42 |
| 7 | એજન્ટ કમીશન. કેન્દ્ર-૭૮૭.૮૨ + રાજ્ય- ૧૮૦.૩૦ (ભારત સરકારશ્રીના તા. ૨૮-૧૦-૨૦૧૬ નો પત્ર તથા સરકારશ્રીના તા. ૨૯-૧૦-૨૦૧૬ ના હુકમ ક્રમાંકઃ કસન/૧૦૨૦૧૬/જીઓઆઈ-૧-બ અન્વયે ૭૧૪.૧૮ સામે ૭૮૭.૮૨ @ ૭૩.૬૪ નો વધારો | 968.12 | 968.12 | 968.12 | 968.12 |
| 8 | જથ્થાબંધ ૧ કીલો લીટરનાં ભાવ | 18003.14 | 18090.26 | 18256.20 | 18471.93 |
| 9 | છુટક વિક્રેતા કમીશન+એક્સ્ટ્રા ચાર્જ ૫૬૩-૦૦ + ૫૪-૦૦ (સરકારશ્રીના તા. ૨૮-૭-૧૪ ના ઠરાવ ક્રમાંકઃ કસન/૧૦૨૦૧૨/એમપી/૧૧/બ મુજબ) | 617.00 | 617.00 | 617.00 | 617.00 |
| 10 | કુલ | 18620.14 | 18707.26 | 18873.20 | 19088.93 |
| 11 | ૧ લીટરનો ભાવ | 18.62 | 18.71 | 18.87 | 19.09 |
| 12 | સરકારશ્રીના તા. ૧૫-૩-૮૩ ના ઠરાવની જોગવાઈ મુજબ નજીકના પાંચ પૈસાના રાઉન્ડ ફીગર લક્ષમાં લેતા નક્કી થતા ૧ લીટરના ભાવ. | 18.60 | 18.70 | 18.85 | 19.10 |

દેવભૂમિ દ્વારકા, ૧૭ માહે જાન્યુઆરી, સને ૨૦૧૭.

**એચ. કે. પટેલ,**
કલેક્ટર,
દેવભૂમિ દ્વારકા.

---

## જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

### ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭ની પેટા કલમ-૩ હેઠળનું

## જાહેરનામું

નં. એમએજી/સી/૩૭૩/૧૩૨૪/૨૦૧૭.-તાજેતરના ભૂતકાળમાં ગુજરાતમાં વિવિધ સમાજ જુથો દ્વારા અનામતની માંગણી, સમર્થન, તરફેણ અને વિરૂધ્ધમાં આંદોલનો અને રજુઆતો થતાં રહયા હતા. તે તથા તેના જેવા અન્ય મુદ્દાઓ પરત્વે વિવિધ સામાજીક અને અન્ય પ્રકારના જુથો દ્વારા વિવિધ પ્રકારની માંગણી કે બચાવના આધાત/પ્રત્યાઘાત રૂપે આવેદનપત્રો આપવા, ધરણાઓ કરવા, વિરોધ પ્રદર્શન-રેલીઓ કાઢવાની પરવાનગી સાથે કે પરવાનગી વગરની ચેષ્ટાઓ થઈ રહી છે. જેના કારણે સમયાંતરે વિવિધ સમાજ જુથો દ્વારા ધરણા, દેખાવો સહીતના આકસ્મિક કાર્યક્રમો થવાની શકયતાને નકારી શકાય નહીં. ઉપરાંત પોરબંદર નગરપાલિકા વિસ્તારમાં ભૂગર્ભ ગટર યોજનાની કામગીરી તથા તેને કારણે ખોદાયેલ રસ્તાઓનો પ્રશ્ન રહેલો છે, જે બાબતે પણ જુદા જુદા લોક જુથો દ્વારા રજૂઆત, એક યા બીજા કારણોસર વિરોધ પ્રદર્શન થતું રહે છે. તેના કારણે કોઈપણ સમયે જાહેર સુલેહ શાંતિભંગ થવાની શકયતા નકારી શકાય નહી. સબબ, પોરબંદર જિલ્લામાં અગમચેતીના પગલા રૂપે સભા, સરઘસ, રેલી, ધરણા, ઉપવાસ જેવા કાર્યક્રમો વખતે કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતી જળવાઈ રહે અને પોલીસની કામગીરીમાં મદદરૂપ થઈ શકે તે માટે ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૩) મુજબનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા પોલીસ અધિક્ષકશ્રી, પોરબંદર તરફથી તા. ૧૭-૦૧-૨૦૧૭ થી દરખાસ્ત થઈ આવેલ છે. જે દરખાસ્તની વિગતે તથા પ્રવર્તમાન સંજોગો નજરે પોલીસ અધિક્ષકશ્રી, પોરબંદરની દરખાસ્ત મુજબ આ જિલ્લામાં ઉકત જાહેરનામું બહાર પાડવું ઈષ્ટ જણાય છે. તેથી ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭ની પેટા કલમ-૩થી મળેલ અધિકારની રૂઈએ હું, **દિનેશ પટેલ, આઈ.એ.એસ., જિલ્લા મેજીસ્ટ્રેટ, પોરબંદર જિલ્લો, પોરબંદર, આથી સમગ્ર પોરબંદર જિલ્લા વિસ્તારમાં તા. ૨૧-૦૧-૨૦૧૭ થી તા. ૦૩-૦૨-૨૦૧૭ સુધી બન્ને દિવસો સહિતની** મુદત માટે કોઈપણ સભા, મંડળી કે સરઘસ માટે મનાઈ ફરમાવું છું. આ હુકમ નીચેનાને લાગુ પડશે નહિ.

૧. ફરજ ઉપર હોય તેવી ગૃહરક્ષક મંડળી.

૨. સરકારની નોકરીએ અવરજવર કરતી હોય તે વ્યકિત.

૩. લગ્નનો વરઘોડો.

૪. સરકારશ્રી તરફથી યોજવામાં આવતા કાર્યક્રમો.

૫. સક્ષમ અધિકારીની કાયદેસર પરવાનગી લઈને કાઢેલા સરઘસ સહિતના કાર્યક્રમો.

આ હુકમનું પાલન ન કરનાર અથવા તેનું પાલન ન કરવામાં કોઈને મદદ કરનાર ગુન્હો સાબિત થયે સદરહું અધિનિયમની કલમ-૧૩૫ની પેટા કલમ-૩ મુજબ રૂા. ૨૦૦/- સુધીના દંડની શિક્ષાને પાત્ર ઠરશે, તેમજ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ ગુન્હો સાબિત થયે તે વ્યકિતને એક માસની સાદી કેદ અથવા રૂા. ૨૦૦/- સુધીના દંડ અથવા બંને શિક્ષા થઈ શકે અને હુકમની અવગણનાથી માનવજીવન અથવા સ્વાસ્થ્ય અથવા સલામતી માટે કોઈપણ ભય ઉત્પન્ન કરે અથવા કોઈ હુલ્લડ કરે કે બખેડો કરે તો તેવી વ્યકિતને છ માસ સપરિશ્રમ અથવા સાદી કેદ અથવા રૂા. ૧૦૦૦/- એક હજાર સુધીના દંડ સહિતની બન્ને શિક્ષાને પાત્ર ઠરશે.

આજ તા. ૨૧-૦૧-૨૦૧૭ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો લગાવી જાહેર જનતાની જાણ તથા અમલ માટે પ્રસિધ્ધ કર્યું.

પોરબંદર, ૨૧ માહે જાન્યુઆરી, સને ૨૦૧૭.

**દિનેશ પટેલ**
જિલ્લા મેજીસ્ટ્રેટ,
પોરબંદર.

---

## અધિક જિલ્લા કલેકટર દ્વારા

### ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ તળેનું

## જાહેરનામું

ક્રમાંક : એમએજી/સી/૨૧૦/૨૦૧૭.-પોલીસ અધિક્ષકશ્રી, ગીર સોમનાથના પત્ર ક્રમાંક : એલઆઈબી/મોબાઈલ/લે-વેચ/જાહેરનામું/૪૩/૨૦૧૭, તા. ૧૬-૦૧-૨૦૧૭ ના પત્રથી રજુ થયેલ દરખાસ્તની વિગતે રાજ્યમાં અને જિલ્લામા બનતા ગુન્હાઓમાં મોબાઈલ ફોનનો ઉપયોગ થાય છે, તેમજ મોબાઈલ ચોરીના ગુન્હાઓનું પ્રમાણ વધવા પામ્યુ છે. આવા ગુન્હાઓ શોધી કાઢવા માટે ગુન્હામાં વપરાયેલ અથવા વપરાય ગયેલ મોબાઈલ ફોનના IMEI નંબરનું ટ્રેકીંગ કરીને ગુન્હાના મુળ સુધી પહોંચવા પ્રયત્નો કરવામાં આવે છે. ઘણી વખત મોબાઈલ ફોનના વપરાશકર્તા સુધી પહોંચવામાં આવે ત્યારે જાણવા મળે છે કે, તેમણે કોઈ અજાણ્યા માણસ પાસેથી મોબાઈલ ખરીદેલ

છે. જે મોબાઈલ વેંચનાર/ખરીદનારને ચોરાયેલ અથવા ગુન્હામાં વપરાયેલ હોવાની માહિતી હોતી નથી. આવા ગુન્હાઓના મુળ સુધી પહોંચી સાચા આરોપીને સાચા આરોપીને શોધી કાઢવા માટે જુના મોબાઈલ લે-વેચ કરનાર વેપારીએ મોબાઈલ લેતા પહેલા મોબાઈલ વેચનારનું તથા જુના મોબાઈલ લેતી વખતે મોબાઈલ ખરીદનારનુ ઓળખ અંગેનું પુરૂ નામ, સરનામુ નોંધવું ફરજીયાત બનાવવા તથા જુના મોબાઈલ વેચતા, ખરીદતા વેપારી દ્વારા નિયત રજીસ્ટર નિભાવવામાં આવે તો ગુન્હાના મુળ સુધી પહોંચી શકાય જેથી આવા જુના મોબાઈલ લેનાર/વેચાનાર વેપારીની જવાબદારી નક્કી કરતુ જાહેરનામુ બહાર પાડવા પોલીસ અધિક્ષકશ્રી, ગીર સોમનાથ જિલ્લા, વેરાવળ તરફથી દરખાસ્ત રજુ કરાયેલ છે.

ગીર સોમનાથ જિલ્લામાં બનતા ગુન્હાઓમાં વપરાતા મોબાઈલ ફોન તેમજ મોબાઈલ ચોરીના ગુન્હાઓમાં જુના મોબાઈલ ખરીદ/વેચાણ કરતા વેપારીઓ તરફથી આવા મોબાઈલ તથા વાહનો ખરીદતા/વેચતા વ્યક્તિની માહીતી મળી રહે તેમજ ગુન્હાના મુળ સુધી પહોંચી સાચા આરોપીને પકડી શકાય તેમજ આવા બનતા ગુન્હાઓ નિવારી શકાય તે માટે પોલીસ અધિક્ષકશ્રી, ગીર સોમનાથ જિલ્લો, વેરાવળ તરફથી કરાયેલ દરખાસ્ત વ્યાજબી જણાય છે.

આથી હું, પી. બી. પંડયા, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ગીર સોમનાથ જિલ્લો, વેરાવળ, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ સત્તાની રૂઈએ આથી હુકમ કરૂં છું કે, ગીર સોમનાથ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં જુના કે નવા મોબાઈલ લેનાર/વેચનાર વેપારીએ કોઈપણ વ્યક્તિઓની પુરતી ખરાઈ ઓળખકાર્ડ અથવા ઓળખપત્ર વગર જુના મોબાઈલ લઈ શકશે નહીં કે વેચી શકશે નહીં તથા જુના મોબાઈલ ખરીદતી વખતે અને વેચતી વખતે નિયત નમુનાનુ રજીસ્ટર નિભાવવાનું રહેશે અને તેમાં વિગતો નોંધવાની રહેશે.

આ હુકમ તા. ૨૭-૦૧-૨૦૧૭ થી તા. ૨૬-૦૩-૨૦૧૭ (બન્ને દિવસો સહિત) અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહીતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમની જાહેર જનતાને જાણ સંબંધીત કચેરીઓએ તેમના નોટિસ બોર્ડ પર, સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યા ઉપર નકલ ચોટાડીને તથા માહિતી ખાતાએ વર્તમાન પત્રોમાં પ્રસિધ્ધી કરી કરવાની રહેશે. ગુજરાત પોલીસ એકટની કલમ-૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજ તારીખઃ ૧૯મી માહે જાન્યુઆરી, સને ૨૦૧૭ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે જાહેર જનતાની જાણ તથા અમલવારી માટે આ હુકમ પ્રસિધ્ધ કરવામાં આવ્યો.

ગીર સોમનાથ, ૧૯ માહે જાન્યુઆરી, સને ૨૦૧૭.

**પી. બી. પંડયા,**
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
ગીર સોમનાથ જિલ્લો,
વેરાવળ.

---

## જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ દ્વારા

### નોંધણીનું પ્રમાણપત્ર

જાવક નંબર/નધણ/ચ/૩૯/૨૨૯/૨૦૧૭.-જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, અમરેલી, શ્રી અમરવેલી નાગરીક શરાફી સહકારી મંડળી લી., મુ. અમરેલી, તાલુકો : અમરેલી, જિ. અમરેલીને નોંધણી નંબર : નધણ/એ.એમ.આર/''સે''(શ)/૩૯૫૭૩/૨૦૧૭, તા. ૧૯-૦૧-૨૦૧૭ થી સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

અમરેલી, ૧૯ માહે જાન્યુઆરી, સને ૨૦૧૭.

**એચ. પી. પટેલ,**
જીલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
અમરેલી.

---

### નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : નધણ/૦૧/ક-૨/૨૩/૨૭૩/૨૦૧૭.-જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ભુજ-કચ્છ, આથી જાહેર કરે છે કે, શ્રી વાંકલમાતા મહિલા દુધ ઉત્પાદક સહકારી મંડળી લી., મુ. વાંકી, તાલુકોઃ-મુંદરા, જિલ્લો-ભુજ-કચ્છને સને ૧૯૬૨ના ગુજરાત કાયદા (૧૦) ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને-૧૯૬૧ની કલમ-૯ મુજબ આજરોજ નોંધવામાં આવે છે.

નોંધણી નંબર-કેટીએચ ''સે''(દુ) ૪૫૫૧૯, તા. ૨૫-૦૧-૨૦૧૭.

ભુજ-કચ્છ, ૨૫ માહે જાન્યુઆરી, સને ૨૦૧૭.

**જે. ડી. નાચી,**
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
ભુજ-કચ્છ.

## નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : નધણ/ક-૩/૨૭/સા-૮૧૬૨/૨૦૧૭.-જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, જામનગર, આથી જાહેર કરે છે કે, શ્રી સદગુરૂ ક્રેડીટ કો ઓપરેટીવ સોસાયટી લી., મર્યાદિત મુ. : જામનગર, તાલુકો : જામનગર, જિ. જામનગર.સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો-૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

જામનગર, ૩૧ માહે જાન્યુઆરી, સને ૨૦૧૭.

**એમ. એસ. લોખંડે,**
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
જામનગર.

---

## નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક નં :નધણ/ખ-૩/દુ જે એન ડી.-૪૪૯૩૪/૬૯/૨૦૧૬.-આથી જાહેર કરે છે કે, શ્રી શ્રી આખા-૨ દુધ ઉત્પાદક સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ : આખા, તાલુકો : વંથલી, જિલ્લો : જૂનાગઢ.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજ રોજ નોંધવામાં આવી છે.

જુનાગઢ, ૩૦ માહે જાન્યુઆરી, સને ૨૦૧૭.

---

## નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક નં :નધણ/ખ-૩/દુ જે એન ડી.-૪૪૯૩૬/૮૮/૨૦૧૭.-આથી જાહેર કરે છે કે, શ્રી શ્રી નાની મોણપરી દુધ ઉત્પાદક સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ : નાની મોણપરી, તાલુકો : વિસાવદર, જિલ્લો : જૂનાગઢ.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજ રોજ નોંધવામાં આવી છે.

જુનાગઢ, ૩૧ માહે જાન્યુઆરી, સને ૨૦૧૭.

---

## નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક નં :નધણ/ખ-૩/દુ જે એન ડી.-૪૪૯૩૫/૮૦/૨૦૧૭.-આથી જાહેર કરે છે કે, શ્રી શ્રી ડેરવાણ દુધ ઉત્પાદક સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ : ડેરવાણ, તાલુકો : કેશોદ, જિલ્લો : જૂનાગઢ.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજ રોજ નોંધવામાં આવી છે.

જુનાગઢ, ૩૧ માહે જાન્યુઆરી, સને ૨૦૧૭.

**ટી. સી. તીરથાણી**
જિલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
જુનાગઢ.

---

**વંચાણે લીધા :**

(૧) ધી કોડીનાર તાલુકા કો. ઓપરેટીવ બેંકીગ યુનિયન લી., મું. કોડીનાર, તા. કોડીનાર, જિ. ગીર સોમનાથના તા. ૦૩-૦૬-૨૦૧૬ના પત્ર નં. ૬૨૭/૨૦૧૬ થી ભલામણ સહ મંડળીને ફડચામાં લઈ જવાનો ખાસ અહેવાલ.

(૨) અત્રેની કચેરીના કારણદર્શક નોટિસ પત્ર ક્રમાંકઃ ફડચ/ચ/૩૭૮/૧૬, તા. ૦૭-૦૬-૨૦૧૬.

(૩) ગુજરાત સરકારશ્રીના કૃષિ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગરના જાહેરનામાં ક્રમાંક : ધખ/૫૧/૨૦૦૫/એન.એસ.બી./૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ, તા. ૨૧-૦૭-૨૦૧૧.

(૪) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ–૧૯૬૧ની કલમ-૧૦૭ ની જોગવાઈઓ.

(૫) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ–૧૯૬૧ની ૧૦૮ની જોગવાઈઓ.

## વચગાળાનો હુકમ

જા.નં.: ફડચ/ચ/૪૨/૨૬૦/૨૦૧૭.-આથી હું, પી. આર. વઘેરા, જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ગીર સોમનાથ, વેરાવળ ઉક્ત આમુખની વિગતો તથા વંચાણે લીધેલ ક્રમ નં. ૩ થી પ્રાપ્ત થયેલ સત્તાની રૂએ આ જિલ્લાની કોડીનાર તાલુકાની શ્રી કોડીનાર તાલુકા ફળ અને શાકભાજી ઉત્પાદક સહકારી મંડળી લી., મુ. કોડીનારને ગુજરાત સહકારી મંડળીના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ (૧)(એ)(૧) (સી)(૧)(૨)(૩)(૪)(૫)ની જોગવાઈ ધ્યાને લઈ ઉક્ત કલમની પેટા કલમ-૧૦૭(૨) હેઠળ ફડચામાં લઈ જવા વચગાળાનો હુકમ કરૂં છું અને સદરહુ કલમની જોગવાઈ મુજબ આ હુકમ સામે હુકમની તારીખથી દિવસ-૩૦ માં બચાવ માટે જરૂરી આધારો સાથે અત્રેની કચેરીએ રજુઆત કરવા હુકમ કરૂં છું તથા આજ કાયદાની કલમ-૧૦૮ની જોગવાઈ મુજબ આ મંડળીના ફડચા અધિકારી તરીકે કાર્યવાહી કરવા શ્રી કોડીનાર તાલુકા કો-ઓપરેટીવ બેંકીંગ યુનિયન લી., કોડીનારને ફડચા અધિકારી તરીકે અધિકૃત કરૂ છું.

ગીર સોમનાથ, ૨૦ માહે જાન્યુઆરી, સને ૨૦૧૭.

---

વંચાણે લીધા :

(૧) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ તથા ૧૦૮ની જોગવાઈ.

(૨) ગુજરાત સરકારશ્રીના કૃષિ સહકાર ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના જાહેરનામાં ક્રમાંક : ધખ/૫૧/૨૦૦૫/એન. એસ. બી./૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ, તા. ૨૧-૦૭-૨૦૧૧.

(૩) અત્રેની કચેરીનાં તા. ૨૦-૧૨-૨૦૧૬ નો વચગાળાનો ફડચાનો આદેશ નં. ફડચ/ચ/૭૬૪/૨૦૧૬.

## અંતિમ આદેશ

જા. નં. : ફડચ/ચ/૧૮૮૨૦/૪૩/૨૬/૨૦૧૭.-આથી હું, પી. આર. વઘેરા, જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ગીર સોમનાથ, મને સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયે મળેલ સત્તા અધિકારની રૂએ શ્રી શ્રી ગીરગઢડા તાલુકા ફળ અને શાકભાજી ઉત્પાદક અને પ્રોસેસીંગ સહકારી મંડળી લી., મુ. ગીરગઢડા, તા. ગીરગઢડા, જિ. ગીર સોમનાથ કે જેનો નોંધણી નંબર : ૧૫૯૧૨, તા. ૧૦-૦૪-૨૦૧૪ થી નોંધાયેલ છે. તેને અધિનિયમની કલમ-૧૦૭ (૩) અન્વયે ફડચામાં લઈ જવાનો અંતિમ હુકમ કરૂં છું. સદર મંડળીના આજ કાયદાની કલમ-૧૦૮ ની જોગવાઈ મુજબ ફડચા મંડળીના ફડચા અધિકારી તરીકે કાર્યવાહી કરવા શ્રી ડી. આર. ગાધે, સબ ઓડીટર, સ.મં., ઉનાને ફડચા અધિકારી તરીકે અધિકૃત કરૂં છું.

ફડચા અધિકારીશ્રીએ મંડળીનો તમામ પ્રકારનો ચાર્જ સંભાળી લઈ તેના ચાર્જલીસ્ટની નકલ મંડળીના છેલ્લા સરવૈયા હિસાબી પત્રકો સાથે અત્રેની કચેરીને મોકલી મંડળીની ફડચા ફી ની નિયત ધોરણે આકારણી કરી, સહકારી કાયદાની કલમ-૧૧૪ હેઠળ આ હુકમની તારીખથી ૫ વર્ષની અંદર કામગીરી પુર્ણ કરવાની રહેશે.

ગીર સોમનાથ, ૨૧ માહે જાન્યુઆરી, સને ૨૦૧૭.

**પી. આર. વઘેરા**
જિલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
ગીર સોમનાથ વેરાવળ.

---

## નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંકઃ નધણ/૦૧/ખ-૩/૨૩/૨૭૧/૨૦૧૫.-જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ભાવનગર, આથી જાહેર કરે છે કે, શ્રી ભંડારીયા મહિલા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., સ્થળ : ભંડારીયા, તાલુકો : ગારીયાધાર, જિ. ભાવનગર, સને ૧૯૬૧ નાં ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.



નોંધણી નં. : બીએનઆર. સે.દૂ. ૪૫૨૯૩/૨૦૧૭, તા. ૧૨-૦૧-૨૦૧૭.

ભાવનગર, ૧૨/૧૮ માહે જાન્યુઆરી, સને ૨૦૧૭.

---

## નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : નધણ/૦૧/ખ-૩/૨૬/૨૯૦/૨૦૧૭.-જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ભાવનગર, આથી જાહેર કરે છે કે, શ્રી પીપરાળી સૌરઉર્જા ઉત્પાદક સહકારી મંડળી લી., સ્થળ : પીપરાળી, તાલુકો : ઉમરાળા, જિ. ભાવનગર, સને ૧૯૬૧ નાં ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

નોંધણી નં. : ઉ-૧૫૨૮૯/૨૦૧૭, તા. ૧૦-૦૧-૨૦૧૭.

ભાવનગર, ૧૦ માહે જાન્યુઆરી, સને ૨૦૧૭.

**ડૉ. એચ. પી. પટેલ,**
જિલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
ભાવનગર.

---

વંચાણે લીધા :

(૧) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૧૪(૧) તથા ૨૦(૧) હેઠળની જોગવાઈઓ.

(૨) ગુજરાત સરકારશ્રીના કૃષિ અને સહકાર વિભાગના જાહેરનામાં ક્રમાંક : જીએચકેએચ/૫૧/૨૦૧૧/નબસ/૧૨/૨૦૦૨/૩૦૧૧/છ, તા. ૨૧-૦૭-૨૦૧૧.

(૩) કચેરીનાં ફડચાના અંતિમ આદેશ ક્રમાંક : ફડચ/ગ-૨/૧૯૧/૨૦૧૬, તા. ૦૮-૦૭-૨૦૧૬.

(૪) ફડચા અધિકારીશ્રીની તા. ૨૬-૧૨-૨૦૧૬ ના પત્રથી રજુ થયેલ નોંધણી રદની દરખાસ્ત.

## હુકમ

ક્રમાંક નં. : ફડચ/ગ-૨/૧૯/૨૦૧૭.-આથી હું, સંગીતા રૈયાણી, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, રાજકોટ અમોને વંચાણે લીધા આંક (૨) વાળા જાહેરનામાથી મળેલ અધિકારની રૂએ શ્રી રાજકોટ તાલુકા મત્સ્યોદ્યોગ સહકારી મંડળી લી., મુ.તા.જિ.:રાજકોટ (નોંધણી નંબર : ૮૯૨૧, તા. ૩૧-૧૨-૧૯૮૬) ની ફડચાની કાર્યવાહી સહકારી કાયદાની કલમ-૧૧૪ હેઠળ સમાપ્ત જાહેર કરૂં છું. તેમજ તેજ કાયદાની કલમ-૨૦(૧) હેઠળ સદરહુ મંડળીની નોંધણી રદ કરતો હુકમ કરૂં છું.

રાજકોટ, ૨૮ માહે જાન્યુઆરી, સને ૨૦૧૭.

વંચાણે લીધા :

(૧) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૧૪(૧) તથા ૨૦(૧) હેઠળની જોગવાઈઓ.

(૨) ગુજરાત સરકારશ્રીના કૃષિ અને સહકાર વિભાગના જાહેરનામાં ક્રમાંક : જીએચકેએચ/૫૧/૨૦૧૧/નબસ/૧૨/ ૨૦૦૨/૩૦૧૧/છ, તા. ૨૧-૦૭-૨૦૧૧.

(૩) કચેરીનાં ફડચાના અંતિમ આદેશ ક્રમાંક : ફડચ/ગ-૨/૧૬૧/ ૨૦૧૭, તા. ૨૨-૦૫-૨૦૧૫.

(૪) ફડચા અધિકારીશ્રીની તા. ૨૬-૧૨-૨૦૧૬ ના પત્રથી રજુ થયેલ નોંધણી રદની દરખાસ્ત.

## હુકમ

ક્રમાંક નં. : ફડચ/ગ-૨/૨૦/૨૦૧૭.-આથી હું, સંગીતા રૈયાણી, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, રાજકોટ અમોને વંચાણે લીધા આંક (૨) વાળા જાહેરનામાથી મળેલ અધિકારની રૂએ શ્રી ૐ શ્રી ગેલ માતાજી મજુર બાંધકામ સહકારી મંડળી લી., મુ. તા. જિ. : રાજકોટ નોંધણી નંબર : ઉ-૫૨૪૪, તા. ૩૧-૦૫-૧૯૯૫ ની ફડચાની કાર્યવાહી સહકારી કાયદાની કલમ-૧૧૪ હેઠળ સમાપ્ત જાહેર કરૂં છું. તેમજ તેજ કાયદાની કલમ-૨૦(૧) હેઠળ સદરહુ મંડળીની નોંધણી રદ કરતો હુકમ કરૂં છું.

રાજકોટ, ૨૮ માહે જાન્યુઆરી, સને ૨૦૧૬.

---

વંચાણે લીધા :

(૧) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૧૪(૧) તથા ૨૦(૧) હેઠળની જોગવાઈઓ.

(૨) ગુજરાત સરકારશ્રીના કૃષિ અને સહકાર વિભાગના જાહેરનામાં ક્રમાંક : જીએચકેએચ/૫૧/૨૦૧૧/નબસ/૧૨/ ૨૦૦૨/૩૦૧૧/છ, તા. ૨૧-૦૭-૨૦૧૧.

(૩) કચેરીનાં ફડચાના અંતિમ આદેશ ક્રમાંક : ફડચ/ગ-૨/૧૦૪/ ૨૦૧૭, તા. ૨૨-૦૫-૨૦૧૫.

(૪) ફડચા અધિકારીશ્રીની તા. ૨૦-૧૨-૨૦૧૬ ના પત્રથી રજુ થયેલ નોંધણી રદની દરખાસ્ત.

## હુકમ

ક્રમાંક નં. : ફડચ/ગ-૨/૨૧/૨૦૧૭.-આથી હું, સંગીતા રૈયાણી, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, રાજકોટ અમોને વંચાણે લીધા આંક (૨) વાળા જાહેરનામાથી મળેલ અધિકારની રૂએ શ્રી ઢાંક કોટન જીનીંગ પ્રોસેસીંગ અને ખરીદ વેચાણ સહકારી મંડળી લી., મુ. ઢાંક, તા. ઉપલેટા, જિ. : રાજકોટ (નોંધણી નંબર : સે-૪૦૨૦૭, તા. ૦૮-૦૭-૨૦૧૧) ની ફડચાની કાર્યવાહી સહકારી કાયદાની કલમ-૧૧૪ હેઠળ સમાપ્ત જાહેર કરૂં છું. તેમજ તેજ કાયદાની કલમ-૨૦(૧) હેઠળ સદરહુ મંડળીની નોંધણી રદ કરતો હુકમ કરૂં છું.

રાજકોટ, ૨૮ માહે જાન્યુઆરી, સને ૨૦૧૭.

---

## નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : નધણ/જ-૨/૭૧/આરજેટી:સે.-૪૪૯૭૫/૨૦૧૭.- જિલ્લા રજીસ્ટ્રાર, સ.મં., રાજકોટ, આથી જાહેર કરે છે કે, શ્રી સિંધોઈ ક્રેડીટ કો-ઓપરેટીવ સોસાયટી લી., મર્યાદિત સ્થળ : રાજકોટ, તાલુકો : રાજકોટ, જિલ્લો: રાજકોટ, સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

રાજકોટ, ૩ માહે ફેબ્રુઆરી, સને ૨૦૧૭.

---

## નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : નધણ/જ-૨/૭૨/આરજેટી:સે.-૪૪૯૭૬/૨૦૧૭.- જિલ્લા રજીસ્ટ્રાર, સ.મં., રાજકોટ, આથી જાહેર કરે છે કે, શ્રી બાણગંગા શરાફી સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ : રાજકોટ, તાલુકો : રાજકોટ, જિલ્લો: રાજકોટ, સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

રાજકોટ, ૩ માહે ફેબ્રુઆરી, સને ૨૦૧૭.

---

## નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : નધણ/જ-૨/૬૮/સા-૪૪૨૨/૨૦૧૭.-જિલ્લા રજીસ્ટ્રાર, સ.મં., રાજકોટ, આથી જાહેર કરે છે કે, શ્રી આટકોટ સ્વ સહાય મહિલા ઉદ્યમી વિવિધ કાર્યકારી સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ : આટકોટ, તાલુકો : જસદણ, જિલ્લો: રાજકોટ, સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

રાજકોટ, ૩૧ માહે જાન્યુઆરી, સને ૨૦૧૭.

**સંગીતા રૈયાણી,**
જિલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
રાજકોટ.

વંચાણે લીધા :

(૧) સરકારશ્રીના કૃષિ અને સહકાર વિભાગના જાહેરનામા ક્રમાંક : જી.એચ.કે.એચ./૨૦૧૧/એનએસબી/૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ/તા. ૨૧-૦૭-૨૦૧૧.

(૨) અત્રેની કચેરીના આદેશ ક્રમાંકઃ ફડચ/ગ-૨/૧૫૯૫/૨૦૧૨, તા. ૨૪-૦૮-૧૨.

(૩) ઓડીટર સહકારી મંડળીઓ (લી.રી.), સુરેન્દ્રનગરનો તા. ૨૦-૦૪-૧૨ નો ખાસ અહેવાલ.

(૪) ફડચા અધિકારીશ્રીની તા. ૦૪-૦૪-૨૦૧૬, તા. ૧૬-૦૬-૧૬ તથા તા. ૧૩-૦૭-૧૬ ની દરખાસ્ત તથા ૧૪-૦૮-૧૬ અને ૦૭-૧૨-૧૬ નો પત્ર.

(૫) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ–૧૯૬૧ની કલમ–૨૦.

## આદેશ

ક્રમાંક : ફડચ/ગ-૨/૨૦/૩૭૨/૨૦૧૭.-શ્રી જેગડવા મજુર સહકારી મંડળી લી., મુ. જેગડવા, તા. ધ્રાંગધ્રાં, જિલ્લોઃ સુરેન્દ્રનગર કે જેનો નોંધણી નં. ઉ. ૧૯૮૫, તા. ૨૨-૧૧-૧૯૮૭ થી સહકારી કાયદા હેઠળ નોંધાયેલી સહકારી મંડળી છે. જેને વંચાણે લીધા ક્રમ-૨ના આદેશથી કલમ-૧૦૭ અન્વયે ફડચામાં લઈ જવામાં આવેલ છે. જેની ફડચા કામગીરી મંડળીના ફડચા અધિકારીએ પુર્ણ કરી વંચાણે લીધા ક્રમ-૪ થી નોંધણી રદ કરવા અને ફડચા કામગીરી સમાપ્ત કરવા દરખાસ્ત કરેલ છે.

સબબ, ઉપર્યુકત વિગતો ધ્યાને લઈ ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧ ની કલમ-૧૧૪ અન્વયે મંડળીની ફડચા કામગીરી સમાપ્ત કરવામાં આવે છે અને આજ કાયદાની કલમ-૨૦ અન્વયે મંડળીની નોંધણી રદ કરવામાં આવે છે.

સુરેન્દ્રનગર, ૨૩ માહે જાન્યુઆરી, સને ૨૦૧૭.

**ડી. વી. ગઢવી,**
જિલ્લા રજીસ્ટ્રાર.
સહકારી મંડળીઓ,
સુરેન્દ્રનગર.

## મદદનીશ જિલ્લા રજીસ્ટ્રાર, (હાઉસીંગ), સહકારી મંડળીઓ દ્વારા

વંચાણે લીધા :

(૧) સરકારીશ્રીનાં કૃષિ અને સહકાર વિભાગનાં જાહેરનામા ક્રમાંકઃ જી.એચ.કે.એચ./૨૦૧૧/એન.એસ.બી./૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ, તા. ૨૧-૦૭-૨૦૧૧

(૨) અત્રેની કચેરીના આદેશ ક્રમાંકઃ ફડચ/હાઉસીંગ/૪૧૯ થી ૪૨૬/૨૦૧૬, તા. ૨૮-૦૭-૨૦૧૬.

(૩) ફડચા અધિકારીશ્રી નં.-૨ લગત જિલ્લા રજીસ્ટ્રાર સ.મં. સુરેન્દ્રનગરની તા. ૨૫-૦૧-૨૦૧૭ ની દરખાસ્ત.

(૪) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ–૧૯૬૧ની કલમ-૨૦ ની જોગવાઈઓ.

## હુકમ

ક્રમાંક : ફડચ/હાઉસીંગ/૫૫/૪૬૧/૨૦૧૭.-શ્રી સાધના કો.ઓ.હા.સો.લી., મુ. સુરેન્દ્રનગર, તા. વઢવાણ, જિ. સુરેન્દ્રનગર જે નોંધણી નં. ધ-૪૫૧, તા. ૪-૩-૧૯૬૧ થી સહકારી કાયદા હેઠળ નોંધાયેલી સહકારી મંડળી છે. જેને ઉપરોકત વંચાણે લીધેલ ક્રમાંકઃ-૨ વાળા આદેશથી સહકારી કાયદાની કલમ ૧૦૭ અન્વયે ફડચામાં લઈ જવામાં આવેલ છે. જેની ફડચા કામગીરી મંડળીનાં ફડચા અધિકારીએ પુર્ણ કરી વંચાણે લીધેલ ક્રમ ૩ થી નોંધણી રદ કરવા અને ફડચા કામગીરી સમાપ્ત કરવા દરખાસ્ત કરેલ છે.

સબબ ઉપરોકત વિગતો ધ્યાને લઈ ગુજરાત સહકારી મંડળીઓના અધિનીયમ-૧૯૬૧ની કલમ-૧૧૪ અન્વયે મંડળીની ફડચા કામગીરી સમાપ્ત કરવામાં આવે છે અને આ જ કાયદાની કલમ ૨૦ અન્વયે મંડળીની નોંધણી રદ કરવામાં આવે છે.

ભુજ-કચ્છ, ૨ માહે ફેબ્રુઆરી, સને ૨૦૧૭.

**જે. ડી. નાયી,**
મદદનીશ જિલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ (હાઉસીંગ),
ભુજ-કચ્છ.

**ગુજરાત સરકારના રાજ્યપત્રોના વર્ષ ૨૦૧૭ માટેના લવાજમના દરો નિયત કરવા બાબત.**

ગુજરાત સરકાર

**ઉદ્યોગ અને ખાણ વિભાગ,**

*ઠરાવ ક્રમાંક : મલસ/૧૦૨૦૦૩/૨૯૨૭/ક.૨*

સચિવાલય, ગાંધીનગર.

તારીખ : ૨૫-૦૧-૨૦૧૭.

**ઠરાવ :**

ગુજરાત સરકારના સાધારણ/અસાધારણ રાજ્યપત્ર (સરકારી ગેઝેટ)ના વાર્ષિક લવાજમ તથા છુટક એક નકલની કિંમતના દરો પ્રિન્ટીંગ મેન્યુઅલ, પાર્ટ-૧, ભાગ-૧ના નિયમ-૧૫૧ મુજબ દર વર્ષે નિયત કરવામાં આવે છે. તદઅનુસાર, ગુજરાત સરકારના રાજ્યપત્રના વર્ષ ૨૦૧૭ માટેના વાર્ષિક લવાજમના દર તથા પ્રતિ નકલના દર નીચે મુજબ નિયત કરવાનું આથી ઠરાવવામાં આવે છે.

| ગેઝેટના ભાગો | સાધારણ રાજ્યપત્રનું વાર્ષિક લવાજમ | સાધારણ રાજ્યપત્રની એક નકલનો દર રૂપિયા | અસાધારણ રાજ્યપત્રનું વાર્ષિક લવાજમ રૂપિયા | અસાધારણ રાજ્યપત્રની એક નકલનો દર રૂપિયા |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| **સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.** | | | | |
| ૧ | ૩૫૦૦/- | ૭૦/- | ૩૫૦૦/- | ૭૦/- |
| ૧. એ | ૩૫૦૦/- | ૭૦/- | ૩૫૦૦/- | ૭૦/- |
| ૧. બી | ૩૫૦૦/- | ૭૦/- | ૩૫૦૦/- | ૭૦/- |
| ૪ | ૩૫૦૦/- | ૭૦/- | ૩૫૦૦/- | ૭૦/- |
| ૪. એ | ૩૫૦૦/- | ૭૦/- | ૩૫૦૦/- | ૭૦/- |
| ૪. બી | ૩૫૦૦/- | ૭૦/- | ૩૫૦૦/- | ૭૦/- |
| ૪. સી | ૩૫૦૦/- | ૭૦/- | ૩૫૦૦/- | ૭૦/- |
| ૫. | ૩૫૦૦/- | ૭૦/- | ૩૫૦૦/- | ૭૦/- |
| ૬. | ૩૫૦૦/- | ૭૦/- | ૩૫૦૦/- | ૭૦/- |
| ૯. | ૩૫૦૦/- | ૭૦/- | ૩૫૦૦/- | ૭૦/- |
| **સરકારી પ્રેસ, રાજકોટ.** | | | | |
| ૧ | ૩૫૦૦/- | ૭૦/- | ૩૫૦૦/- | ૭૦/- |
| ૧. બી | ૩૫૦૦/- | ૭૦/- | ૩૫૦૦/- | ૭૦/- |
| ૨ | ૩૫૦૦/- | ૭૦/- | ૩૫૦૦/- | ૭૦/- |
| **સરકારી પ્રેસ, વડોદરા.** | | | | |
| ૧ | ૩૫૦૦/- | ૭૦/- | ૩૫૦૦/- | ૭૦/- |
| ૧. એ | ૩૫૦૦/- | ૭૦/- | ૩૫૦૦/- | ૭૦/- |
| ૧. બી | ૩૫૦૦/- | ૭૦/- | ૩૫૦૦/- | ૭૦/- |
| ૧. એલ | ૩૫૦૦/- | ૭૦/- | ૩૫૦૦/- | ૭૦/- |

આ હુકમો આ વિભાગની સમાનાંકી ફાઈલ પર નાણાં સલાહકારશ્રીની તા. ૧૬-૦૧-૨૦૧૭ની નોંધ તથા સરકારશ્રીની મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**એમ. એમ. ડાભી,**
ઉપ સચિવ,
ઉદ્યોગ અને ખાણ વિભાગ.

©

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

**SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION**

***PUBLISHED BY AUTHORITY***

**VOL. LVIII] THURSDAY, 16th FEBRUARY, 2017/MAGHA 27, 1938 No. 07**

**Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central section in order that it may be filed as a separate compilation.**

# PART-I



| PART - I | Pages | PART - I - B | Pages |
|---|---|---|---|
| Government Notifications Appointments Promotions, Leave of absence, Rules and orders (Other than those published in Part-I-A, IV-A, IV-B, and IV-C) list of publications for sales etc.,<br>Miscellaneous Notifications Appoint-ments etc., | 177-220 | (Suppliment) Government Notifications Published under Land Acquisition Act only Supplement. | Nil |
| **PART - I - A**<br>Order and Notifications (Other than those published in Part-IV-B) under the Gujarat Local Boards, Village Panchayats, Municipals, Boroughs, (Districts) Municipals Primary Education and Local Fund Audits, Acts., | Nil | **PART - II**<br>Miscellaneous Notices, Advertisments, List of Books Sanctioned by the Director of Education, List of Jurors. Schedule of Estates by the Official Assignee, Summary of Births and Deaths, etc., | 265-304 |
| | | **PART - III**<br>Miscellaneous Supplements Season and Crop Reports, Prices, Current Rainfalls Returns, District Local Boards Accounts etc., | Nil |

# GOVERNMENT NOTIFICATIONS, ORDERS APPOINTMENTS, ETC.
## SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION
# NOTIFICATION
### MISCELLANEOUS NOTIFICATIONS APPOINTMENTS ETC.

### જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

**ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયેનો**

### હુકમ

નં. ડીએમ/ડીસીએચ/૨૮૧/૧૭.-જિલ્લા પંચાયત સેવા પસંદગી સમિતિ, જામનગર દ્વારા આગામી તા. ૧૨-૦૨-૨૦૧૭ ના રોજ તલાટી-કમ -મંત્રી તથા મલ્ટી પર્પઝ હેલ્થ વર્કર (પુરૂષ), તા. ૧૮-૦૨-૨૦૧૭ ના રોજ ગ્રામસેવક તથા તા. ૧૯-૦૨-૨૦૧૭ ના રોજ જુનીયર કલાર્ક તથા ફિમેલ હેલ્થ વર્કરની જગ્યાઓ પર ભરતી માટે લેખીત પરીક્ષા યોજાનાર છે. જે પરીક્ષા દરમ્યાન ચોરીઓના દુષણના કારણે તેજસ્વી વિદ્યાર્થીઓને નિયમોનુસાર પરીક્ષા આપવામાં અડચણ થવાની સંભાવના રહે છે. આ ચોરીના દુષણમાં પ્રશ્નપત્રો કે તેના તૈયાર ઉત્તરો કોપીયર મશીન દ્વારા સત્વરે તૈયાર થઈ પરિક્ષા ખંડમાં પહોંચવાથી તેમજ મોબાઈલ ફોનથી પરીક્ષાર્થીને મદદ કરવાના બનાવોના કારણે તેજસ્વી વિદ્યાર્થીઓ કે જેઓ નિયમ અનુસાર પરીક્ષા આપતા હોય તેવા વિદ્યાર્થીઓને માનસીક પરિતાપ થવાની સંભાવના છે, આથી ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ મુજબ પગલા લેવા પ્રતિબંધિત હુકમો કરવા માટે જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જામનગર તરફથી દરખાસ્ત કરવામાં આવેલ છે. જે દરખાસ્ત વ્યાજબી જણાય છે.

તેથી હું, આર. જે. માંકડિયા, જિલ્લા મેજિસ્ટ્રેટ, જામનગર જિલ્લો, જામનગર, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ મુજબ મને મળેલી સત્તાની રૂઈએ ફરમાવું છું કે, તા. ૧૧-૦૨-૨૦૧૭ થી તા. ૨૦-૦૨-૨૦૧૭ સુધી જામનગર શહેરમાં પરીક્ષા માટે નક્કી કરાયેલા **પરિશિષ્ટ** મુજબના પરીક્ષા કેન્દ્રોની આજુબાજુના ૧૫૦ મીટરના વિસ્તારની હદમાં કોપીયર મશીન દ્વારા કોપીનો વ્યવસાય કરતા ધંધાર્થીઓ તથા ઉપયોગ માટે વપરાશ કરતા (સરકારી/અર્ધસરકારી કે જાહેર સાહસો સિવાયના) કોપીયર મશીન ધારકોએ તેઓના કોપીયર મશીનો દ્વારા પરીક્ષા વિષયક પત્રો, દસ્તાવેજી કાગળોની નકલો કાઢવી નહી, તેમજ પરિશિષ્ટમાં જણાવેલ પરીક્ષા કેન્દ્રોમાં કોઈએ મોબાઈલ ફોન સાથે પ્રવેશ કરવો નહી.

### પરિશિષ્ટ

**જામનગર શહેર**

| ક્રમ | પરીક્ષા કેન્દ્ર શાળા/કોલેજનું નામ |
|---|---|
| ૧ | શ્રી બ્રિલિયન્ટસ્કુલ, જામનગર (હાઈસ્કુલ), લિમડાલેન શેરી નં.-૨, જામનગર |
| ૨ | શાસ્ત્રી ત્ર્યંબકરામ હાઈસ્કુલ, લિમડાલેન, રાજપૂતપરા શેરી નં.-૨, જામનગર |
| ૩ | શારદા મંદીર હાઈસ્કુલ, લિમડાલેન મેઈન રોડ, જામનગર |
| ૪ | સોઢા રસિલાબા કન્યા વિદ્યાલય, જામનગર લિમડાલેન, જામનગર |
| ૫ | સજુબા ગર્લ્સ હાસ્કુલ, યુનીટ-૧, રણજીત રોડ, દીપક શોપિંગ સેંટર સામે, જામનગર |
| ૬ | સજુબા ગર્લ્સ હાસ્કુલ, યુનીટ-૨, રણજીત રોડ, દીપક શોપિંગ સેંટર સામે, જામનગર |
| ૭ | ડી.એસ.ગોજીયા હાઈસ્કુલ, પંડીત મહેરૂ માર્ગ, અંબર સિનેમા સામે, જામનગર |
| ૮ | શ્રી સેંટ ઝેવિયર્સ હાઈસ્કુલ, પંડીત નહેરૂ માર્ગ, જામનગર |
| ૯ | શ્રી સેંટ ફ્રાંસીસ હાઈસ્કુલ, શ્રી સેંટ ઝેવિયર્સ સ્કુલની પાછળ, પંડીત નહેરૂ માર્ગ, જામનગર |
| ૧૦ | ગુ.શા. મેહતા કન્યા વિદ્યાલય, કસ્તુરબા ગાંધી રોડ, વિકાસગૃહ સામે, જામનગર |
| ૧૧ | શ્રી એ. કે. દોશી (મહિલા કોલેજ), જામનગર |
| ૧૨ | શ્રી એ. કે. દોશી વિદ્યાલય, શ્રી એ.કે.દોશી મહિલા કોલેજ કેમ્પસ, જામનગર |
| ૧૩ | શ્રી ડી.કે.વી. આર્ટસ એન્ડ સાયન્સ કોલેજ, પંડીત નહેરૂ માર્ગ, જામનગર |
| ૧૪ | શ્રી સેન્ટ આન્સ હાઈસ્કુલ, પંડીત નહરૂમાર્ગ, જામનગર |
| ૧૫ | શ્રી વિ.એમ.મેહતા કોલેજ (પંચવટી કોલેજ), બેડીબંદર રોડ, પંચવટી સોસાયટી, જામનગર |
| ૧૬ | શ્રી પી.વી. મોદી હાઈસ્કુલ, એસ.વી.ઈ.ટી. કોલેજ સામે, સરૂ સેકશન રોડ, જામનગર |
| ૧૭ | એસ.વી.ઈ.ટી. કોમર્સ એન્ડ બી.બી.એ. કોલેજ, સરૂ સેકશન રોડ, મોદી સ્કુલ પાસે |
| ૧૮ | પ્રાઈમ ઉચ્ચત્તર માધ્યમિક શાળા, પ્લોટ નં. ૪૮, ગીતા એન્જીનિયરિંગ વાલી શેરી, રેલ્વે ફાટક પહેલા, બેડેશ્વર, જામનગર |
| ૧૯ | ગવર્મેન્ટ પોલિટેક્નિક કોલેજ, વાલસુરા રોડ, જામનગર |
| ૨૦ | સત્યસાંઈ હાઈસ્કુલ, યુનીટ-૧, અમરવિલાસ કોમ્પલેક્ષ, પેલેસ રોડ, જામનગર |
| ૨૧ | સત્યસાંઈ હાઈસ્કુલ, યુનીટ-૨, અમરવિલાસ કોમ્પલેક્ષ, પેલેસ રોડ, જામનગર |
| ૨૨ | સત્યસાંઈ હાઈસ્કુલ, યુનીટ-૩, અમરવિલાસ કોમ્પલેક્ષ, પેલેસ રોડ, જામનગર |

| | |
|---|---|
| ૨૩ | સત્યસાંઈ હાઈસ્કુલ, યુનીટ-૪, અમરવિલાસ કોમ્પલેક્ષ, પેલેસ રોડ, જામનગર |
| ૨૪ | સત્યસાંઈ હાઈસ્કુલ, યુનીટ-૫, અમરવિલાસ કોમ્પલેક્ષ, પેલેસ રોડ, જામનગર |
| ૨૫ | સત્યસાંઈ હાઈસ્કુલ, યુનીટ-૬, અમરવિલાસ કોમ્પલેક્ષ, પેલેસ રોડ, જામનગર |
| ૨૬ | શાંતિ નિકેતન વિદ્યાલય, સરૂ સેકશન રોડ, સરદાર પટેલ સોસાયટી ૧, જામનગર |
| ૨૭ | સોઢા ઉમેદસિંહ હાઈસ્કુલ, જય કો-ઓપ. સોસાયટી, ખોડીયાર કોલોની, જામનગર |
| ૨૮ | શ્રી ક્રિષ્ના સાયન્સ સ્કુલ, ખોડીયાર કોલોની, ૮૦ ફૂટ રોડ, રોયલપુષ્પા પાર્ક, જામનગર |
| ૨૯ | એસ.બી.શર્મા વર્લ્ડ સ્કુલ, જૈન દેરાસર સામે, મેહુલનગર ૮૦ ફૂટ રોડ, જામનગર |
| ૩૦ | એલ.જી.હરીયા હાઈસ્કુલ, યુનીટ-૧ રોઝી ટાવર સામે, ઈન્દિરા માર્ગ, જામનગર |
| ૩૧ | એલ.જી.હરીયા હાઈસ્કુલ, યુનીટ-૨ રોઝી ટાવર સામે, ઈન્દિરા માર્ગ, જામનગર |
| ૩૨ | જી.એસ.ગોસરાણી કોમર્સ કોલેજ, (હરીયા કોલેજ) ઓશવાળ સર્કલથી આગળ, ગોકુલ નગર પાસે, જામનગર |
| ૩૩ | એસ.ડી.ગોરીયા હાઈસ્કુલ, શિતલ એજ્યુકેશન કેમ્પસ, હરીયા કોલેજ પાછળ, કૈલાશ નગર, ઈન્દિરા માર્ગ, જામનગર |
| ૩૪ | પ્રણામી હાઈસ્કુલ, હિરજી મિસ્ત્રી રોડ, રણજીતનગર, જામનગર |
| ૩૫ | એ.બી. વીરણી કન્યા વિદ્યાલય, રણજીતનગર, પટેલ સમાજ પાસે, જામનગર |
| ૩૬ | નંદન માધ્યમિક શાળા, નંદનવન સોસાયટી શેરી નં.-૨, રણજીતસાગર રોડ, જામનગર |
| ૩૭ | વૃજભૂષણ લાલજી મહારાજ વિદ્યાલય, રણજીત સાગર રોડ, મારૂ કંસારા હોલની બાજુમાં, જામનગર |
| ૩૮ | શ્રી જ્ઞાનગંગા સ્કૂલ, ખોડીયાર પાર્ક, રાજપૂત છાત્રાલયની પાછળ, મારૂ કંસારા સમાજ હોલની સામે, રણજીતસાગર રોડ, જામનગર |

આ જાહેરનામાની લોકોને સહેલાઈથી જાણ થાય તેવી રીતે જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જામનગરએ બહોળી પ્રસિધ્ધિ કરવી.

આજ તા. ૩૧ માહે જાન્યુઆરી–૨૦૧૭ ના રોજ મારી સહી કરી તથા કચેરીની મહોર લગાડી બહાર પાડ્યો.

જામનગર,૩૧ માહે જાન્યુઆરી, સને ૨૦૧૭.

**આર. જે. માકડીયા,**
જિલ્લા મેજીસ્ટ્રેટ,
જામનગર.

---

## અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

### ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ નો બીજો અધિનિયમ) ના કાયદાની કલમ-૧૪૪ હેઠળ હુકમ

## જાહેરનામુ

નં. હોમ/પલસ/વશી/૮૪૧ થી ૯૨૦/૨૦૧૭.-પોલીસ અધિક્ષકશ્રી, અમરેલીના તા. ૧૮-૦૧-૨૦૧૭, ના પત્ર નં. એસઓજી/જાહેરનામું/રીન્યુ/સી.સી.ટી.વી./૪૩/૧૭, થી ભુતકાળમાં અમરેલી જિલ્લામાં જુદા-જુદા સ્થળોએ ચોરી તથા લુંટફાટના બનાવ હોય, જે અંગે વર્તમાનપત્રો અને ટીવી ન્યુઝમાં આવા સમાચારો રોજ-બરોજ જોવામાં આવતા હોય, જેથી બેંકો, એટીએમ સેન્ટરો, સોના-ચાંદીના શોરૂમો, જ્વેલર્સની દુકાનો, આંગડીયા પેઢી, કપાસની જીનીંગ મીલો, સહકારી બેંકો, સારી હોટલો, સાઈબર કાફે, કપડાના મોટા વેપારીઓની પેઢી, ઈમારતી લાકડાની મોટી પેઢીઓ, ખેતીવાડી ઉત્પન્ન બજાર સમીતી, માર્કેટીંગ યાર્ડ, પેટ્રોલપંપો, ઈલેકટ્રીક બીલોના કલેકશન સેન્ટરો જેવા સ્થળોએ કે જયાં મોટી રકમની અથવા કિમતી ચીજવસ્તુ લે-વેચ અને લેવડ-દેવડ થતી હોય, આવા સ્થળોએ ગુનેગારો નાણાની લેવડદેવડ અને હેરાફરી વખતે થોડા આગળ પાછળ કે બાજુમાં રહી ગતીવિધીની દેખરેખ અને વોચ કરી મોકો મળતા આવા આર્થિક ગુન્હાઓનો અંજામ આપતા હોય છે અને ઘણા કિસ્સાઓમાં આવી મોટી રકમ અને કિંમતી ચીજવસ્તુ મેળવી લેવા માટે ગુનેગાર ગમે તે હદ સુધી ભોગ બનનારને માર મારતા અને જાનથી મારી નાખતા પણ અચકાતા નથી. આવા ગુન્હાઓ બનતા અટકે અને બનેલા ગુન્હાઓ સહેલાઈથી શોધી શકાય અને આમ નાગરીકના જાનમાલનું રક્ષણ થાય અને સમાજમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે હેતુસર આધુનિક વિજ્ઞાન અને ટેકનોલોજીનો બહોળો ઉપયોગ કરવાની વર્તમાન યુગની જરૂરિયાત હોય, આવા તમામ સ્થળોએ વ્યુહાત્મક જગ્યાઓએ નાઈટ વિઝન સી.સી.ટી.વી. કેમેરા કે જેમાં છેલ્લા એક મહીનાનું બેકઅપ મળી રહે તેવા કેમેરા મુકવાથી ઘણી જ સરળતા રહે તેમ હોય, આવા સ્થળના માલીકોને નાઈટ વિઝન સી.સી.ટી.વી. કેમેરા મુકવા પોલીસ વિભાગ તરફથી વારંવાર સુચન કરવામાં આવેલ છે. છતાં પણ જોઈએ તેવો પ્રતિસાદ મળેલ ન હોય અને જરૂરત છે તેવા તમામ સ્થળોએ સી.સી.ટી.વી. કેમેરા લગાડવામાં આવેલ ન હોય, જેથી સમગ્ર અમરેલી જિલ્લામાં આવેલ બેંકો, સહકારી બેંકો/સંસ્થાઓ, એટીએમ સેન્ટરો, આંગડીયા પેઢીઓ, સોના-ચાંદીના શોરૂમો, જ્વેલર્સ, કપાસની જીનીંગ મીલો, ઈમારતી લાકડાના મોટા વેપારીઓ, કપડાના મોટા વેપારીઓ, ખેતીવાડી

ઉત્પન્ન બજાર સમીતી, સાઈબર કાફે, ઈલેક્ટ્રીક બીલના કલેકશન સેન્ટરો વિગેરે સ્થળોએ કે જયાં રોજરોજ મોટી રકમની નાણાકીય લેવડ-દેવડ અથવા કિંમતી ચીજવસ્તુઓની લે-વેચ થાય છે. તેવા તમામ સ્થળોએ તેમના માલીકોને વ્યુહાત્મક સ્થળોએ નાઈટ વિઝન સી.સી.ટી.વી. કેમેરા લગાવવા ફરજ પાડવાની જરૂરિયાત હોય, આ અંગે જરૂરી જાહેરનામુ પ્રસિધ્ધ કરવા દરખાસ્ત કરાયેલ છે. રજુ થયેલ દરખાસ્તની વિગતો ધ્યાને લેતા, જાહેર જનતાની સલામતી તથા સુરક્ષા માટે તકેદારીના પગલા લેવા આવશ્યક જણાતા હોય, જેથી પોલીસ અધિક્ષકશ્રી, અમરેલી તરફથી કરાયેલ દરખાસ્ત વ્યાજબી જણાય છે.

આથી હું, **ડી. ડી. પંડયા, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, અમરેલી,** ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ ના નં.૨) ની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ સતાની રૂએ આથી હુકમ કરૂ છું કે, અમરેલી જિલ્લાના સમગ્ર વિસ્તારમાં આવેલ બેંકો, સહકારી બેંકો/સંસ્થાઓ, એટીએમ સેન્ટરો, આંગડીયા પેઢીઓ, સોના-ચાંદીના શોરૂમો, જવેલર્સ, કપાસની જીનીંગ મીલો, ઈમારતી લાકડાના મોટા વેપારીઓ, કપડાના મોટા વેપારીઓ, ખેતીવાડી ઉત્પન્ન બજાર સમીતી, સાઈબર કાફે, ઈલેક્ટ્રીક બીલના કલેકશન સેન્ટરો વિગેરે સ્થળોએ કે જયાં રોજરોજ મોટી રકમની નાણાકીય લેવડ-દેવડ અથવા કિંમતી ચીજવસ્તુઓની લે-વેચ થાય છે. તેવા તમામ સ્થળોના પ્રવેશદ્વાર, બેઝમેન્ટ પાર્કિંગ/ઓપન પાર્કીંગ તેમજ રોડ પરની અવર-જવર પર દેખરેખ રાખી શકાય તે રીતે તેમના માલીકોને વ્યુહાત્મક સ્થળોએ નાઈટ વિઝન સી.સી.ટી.વી. કેમેરા લગાવવા અંગેની વ્યવસ્થા કરવાની રહેશે, તેમજ સી.સી.ટી.વી. કેમેરામાં ઓછામાં ઓછા છ માસના રેકોડીંગ સંગ્રહ કરવાનો રહેશે.

આ હુકમ તા. ૨૬-૦૧-૨૦૧૭ થી તા. ૨૬-૦૩-૨૦૧૭ સુધી (બંન્ને દિવસો સહિત) દિવસ-૬૦ માટે અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ફોજદારી કાયદાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમની જાહેર જનતાને જાણ સબંધીત કચેરીઓએ તેમના નોટીસ બોર્ડ પર, સહેલાઈથી જોઈ શકાય તેની જાહેર જગ્યા ઉપર નકલ ચોંટાડીને તથા માહીતી ખાતાએ વર્તમાન પત્રોમાં પ્રસિધ્ધી કરી કરવાની રહેશે. ગુજરાત પોલીસ એકટની કલમ-૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજ તા. ૨૫ જાન્યુઆરી, ૨૦૧૭ નાં રોજ મારી સહી તથા કચેરીના સિકકા સાથે જાહેર જનતાની જાણ તથા અમલવારી માટે આ હુકમ પ્રસિધ્ધ કરવામાં આવ્યો.

અમરેલી, ૨૫ માહે જાન્યુઆરી, સને ૨૦૧૭.

**ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭ની પેટા કલમ-૧ તથા કલમ-૩ અન્વયેનો હુકમ**

## જાહેરનામું

નં. હોમ/પલસ/૩/વશી/૧૩૭૭ થી ૧૪૫૦/૨૦૧૭.- (૧) હાલની પ્રવર્તમાન પરિસ્થિતિ અનુલક્ષીને સમગ્ર અમરેલી જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાય રહે તે માટે તેમજ જાહેર સુલેહ શાંતિ અને સલામતી જાળવવા માટે ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭ની પેટા કલમ-૧ તથા કલમ-૩ અન્વયે પગલા લેવા પુરતા કારણો છે. તેની મને ખાત્રી થઈ છે.

(૨) જેથી હું, **ડી. ડી. પંડયા, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, અમરેલી,** ગુજરાત પોલીસ અધિનિયમ–૧૯૫૧ની કલમ–૩૭ની પેટા કલમ–૧ તથા કલમ–૩ અન્વયે મળેલ સત્તાની રૂઈએ આથી ફરમાવું છું કે,

(૩) તા. ૦૧-૦૨-૨૦૧૭ થી તા. ૧૫-૦૨-૨૦૧૭ (બંને દિવસો સહિત) અમરેલી જિલ્લાના સમગ્ર વિસ્તારમાં,

(૪) કોઈપણ ઈસમે શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટા, બંદુક, ચપ્પુ, લાકડી અથવા લાઠી અથવા શારિરીક ઈજા અને હિંસા પહોંચાડવા ઉપયોગી થઈ શકે તેવી બીજી કોઈપણ ચીજવસ્તુ, સ્ફોટક પદાર્થ અથવા પથ્થરો સાથે ઘર બહાર નીકળવું નહીં. કોઈ આકૃતિઓ અથવા પુતળા દેખાડવા નહીં અને બુમો પાડવી નહીં તથા સુત્રોચાર કરવા નહીં.

(૫) આ હુકમ નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહીં.

(અ) ફરજ પર રોકાયેલ પોલીસ તથા હોમગાર્ડ સહિતના તમામ સરકારી તેમજ અર્ધ સરકારી કર્મચારી તથા અધિકારીઓને,

(બ) શારિરીક અશક્તિને કારણે લાકડી તથા લાઠી લઈને ફરવુ જરૂરી છે તેવી વ્યક્તિઓને,

(૬) વધુમાં ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭ની પેટા કલમ-૩ હેઠળ મળેલ સત્તાની રૂઈએ,

**તારીખ : ૦૧-૦૨-૨૦૧૭ થી તા. ૧૫-૦૨-૨૦૧૭ (બંને દિવસો સહિત)** અમરેલી જિલ્લાનાં સમગ્ર વિસ્તારની અંદર સંબંધિત સબ ડીવઝનલ મેજીસ્ટ્રેટશ્રી/તાલુકા એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટશ્રીની પુર્વ મંજુરી/પરવાનગી સિવાય કોઇ સભા મંડળી ભરવાની અથવા સરઘસ કાઢવાની હું મનાઈ ફરમાવુ છું.

(૭) ઉપરોક્ત પેરા-૬(છ) માં કરવામાં આવેલ આદેશ ફરજ પરના કોઈપણ સરકારી/બિનસરકારી કર્મચારીઓ અને અધિકારીઓને તેમજ કોઈપણ લગ્નનાં વરઘોડાને અથવા સ્મશાનયાત્રાને લાગુ પડશે નહીં.

(૮) આ જાહેરનામાનું ઉલ્લંઘન કરનાર અથવા ઉલ્લંઘન માટે મદદ કરનાર શખ્સ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૫ની જોગવાઈ મુજબ સજા તથા દંડને પાત્ર થશે.

હું એવો પણ આદેશ કરૂં છું કે, પોલીસ અધિક્ષકશ્રી, અમરેલીએ સદરહું હુકમ નિર્દિષ્ટ કરેલ વિસ્તારમાં સહેલાઈથી દેખી શકાય તેવી જગ્યાએ તેની નકલ ચોટાડીને તથા લાઉડ સ્પીકર તેમજ સ્થાનિકેથી પ્રસિધ્ધ થતા સ્થાનીક વર્તમાનપત્રો દ્વારા તેની બહોળી જાહેરાત કરી/કરાવીને પ્રસિધ્ધ કરવો.

(૯) આજ તા. : ૩૧–જાન્યુઆરી–૨૦૧૭ ના રોજ મારી સહી તથા સિક્કો કરી હુકમ બહાર પાડયો.

અમરેલી, ૩૧ માહે જાન્યુઆરી, સને ૨૦૧૭.

---

**ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ નો બીજો અધિનિયમ) ના કાયદાની કલમ-૧૪૪ અન્વયેનો હુકમ**

**જાહેરનામુ**

નં. નાચિ/પલસ/વશી/૧૨૩૦ થી ૧૩૦૦/૨૦૧૭.-પોલીસ અધિક્ષકશ્રી, અમરેલીના પત્ર નં. જાહેરનામુ/ટ્યુશન કલાસીસ/૨૨/ ૨૦૧૭, તા. ૦૬-૦૧-૨૦૧૭ થી શૈક્ષણીક અભ્યાસના ક્ષેત્રમાં હાલના હરીફાઈના યુગમાં દરેક વાલી પોતાનું સંતાન હંમેશા આગળ રહે તેમજ સારૂ શિક્ષણ મેળવે તે માટે શક્ય તમામ પ્રયાસો કરતાં હોય છે. આ પ્રકારના ટ્યુશન કલાસીસ વેહલી સવારથી શરૂ થઈ મોડી રાત સુધી ચાલતા હોય છે. જે કલાસીસમાં જતાં વિદ્યાર્થીઓ/વિદ્યાર્થીનીઓ વહેલી સવારથી મોડી સાંજ સુધી કલાસીસમાં જતાં હોય છે. જેની એકલતાનો લાભ લઈ ગંભીર પ્રકારના ગુન્હાઓ બનવાની શકયતા નકારી શકાય તેમ ન હોય જેથી આ ગંભીર પ્રકારના બનાવો ન બને તે માટે તેમજ વિદ્યાર્થીઓ/ વિદ્યાર્થીનીઓની સલામતી જળવાય રહે અને કાયદો અને વ્યવસ્થા જળવાય રહે તે માટે સમગ્ર અમરેલી જિલ્લામાં ટ્યુશન કલાસીસ વ્યકિતગત ટ્યુશન કલાસીસ પર પ્રતિબંધ મુકવો જરૂરી જણાતો હોય, જેથી સમગ્ર અમરેલી જિલ્લામાં વહેલી સવારે ૭:૦૦ વાગ્યા પહેલા તથા સાંજના ૭:૦૦ કલાક બાદ વિદ્યાર્થીનીઓના શૈક્ષણીક ટ્યુશન કલાસીસ શરૂ કરવા પર પ્રતિબંધ મુકવા જાહેરનામુ બહાર પાડવા અત્રે દરખાસ્ત કરેલ છે.

પોલીસ અધિક્ષકશ્રી, અમરેલી તરફથી રજુ થયેલ ઉકત દરખાસ્તમાં જણાવેલ કારણો વાજબી જણાંતા હોય, આથી હું, **ડી. ડી. પંડયા, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, અમરેલી,** ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ ના નં.૨) ની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ સતાની રૂએ આથી હુકમ કરૂ છું કે, અમરેલી જિલ્લામાં ટ્યુશન કલાસીસમાં વિદ્યાર્થી/વિદ્યાથીનીઓ અભ્યાસ કરવા માટે વહેલી સવારના/સાંજના ટ્યુશન કલાસમાં જતાં આવતાં હોય છે, જેની એકલતાનો લાભ લઈ ગંભીર પ્રકારના ગુન્હા બનવાની શક્યતાઓ નકારી શકાય તેમ ન હોય, જેથી, આ ગંભીર પ્રકારના બનાવો ન બને તે માટે સમગ્ર અમરેલી જિલ્લામાં સવારના ૭:૦૦ પહેલા તથા સાંજના ૭:૦૦ કલાક બાદ શૈક્ષણીક ટ્યુશન-વ્યકિતગત ટ્યુશન કલાસીસ ચલાવવા પર પ્રતિબંધ ફરમાવું છું.

આ હુકમ તા. ૩૧-૦૧-૨૦૧૭ થી તા. ૩૧-૦૩-૨૦૧૭ સુધી (બંન્ને દિવસો સહિત) દિવસ-૬૦ માટે અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમની જાહેર જનતાને જાણ સબંધીત કર્મચારીઓએ તેમના નોટિસ બોર્ડ પર સહેલાઈથી જોઈ શકાય તેની જાહેર જગ્યા પર નકલ ચોંટાડીને તથા માહિતી ખાતાએ વર્તમાન પત્રોમાં પ્રસિધ્ધી કરી કરવાની રહેશે. ગુજરાત પોલીસ એકટની કલમ-૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજ તા. ૩૦ જાન્યુઆરી, સને. ૨૦૧૭ નાં રોજ મારી સહી તથા કચેરીના સિકકા સાથે જાહેર જનતાની જાણ તથા અમલવારી કરવા માટે આ હુકમ પ્રસિધ્ધ કરવામાં આવ્યો.

અમરેલી, ૩૦ માહે જાન્યુઆરી, સને ૨૦૧૭.

## અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

### ફોજદારી કાર્યરીતિ આધિનિયમ-૧૯૭૩(૧૯૭૪નો બીજો અધિનિયમ)ના કાયદાની કલમ-૧૪૪ હેઠળ હુકમ

## જાહેરનામું

નં. : હોમ/પલસ/વશી/૧૦૮૧ થી ૧૧૬૦/૨૦૧૭.-પોલીસ અધિક્ષકશ્રી, અમરેલીના તા. ૨૫-૦૨-૨૦૧૬ ના પત્ર જા.નં. એસઓજી/જાહેરનામું/રીન્યુ/હોટેલ માલિક/૪૨/૧૭ નાં પત્રથી ત્રાસવાદ/અસામાજીક તત્વો શહેરોમાં તેમજ ગીચ વસ્તીવાળા વિસ્તારોમાં ગુપ્ત આશરો મેળવી જાહેર સલામતી અને શાંતીનો ભંગ કરે છે તેમજ આતંકવાદી પ્રવૃતિ કરે છે. જેથી માનવ જીન્દગીની ખુવારી થાય છે અને જાહેર તેમજ લોકોની સંપતીને નુકશાન પહોંચાડે છે. બહારના રાજ્યોમાંથી કે દેશ બહારથી આવતા આવા તત્વો હોટલ/ગેસ્ટહાઉસ ભાડે રાખીને રહેતા હોય છે અને વિસ્તારનો સર્વે કરી સ્થાનિક પરિસ્થિતિથી માહિતગાર થઇને તેઓની ત્રાસવાદી પ્રવૃતિને અંજામ આપતા હોય છે. આથી સમગ્ર જિલ્લામાં કોઇ હોટલ/ગેસ્ટહાઉસ માલીક સંબંધિત પોલીસ સ્ટેશનને જાણ કર્યા સિવાય કોઇ વ્યકિતને હોટલ/ગેસ્ટહાઉસમાં રૂમ ભાડે આપી શકશે નહીં તેવું જાહેરનામું પ્રસિધ્ધ કરવા દરખાસ્ત કરાયેલ છે.

અમરેલી જિલ્લો વિશાળ દરીયા કિનારો ધરાવે છે. જિલ્લામાં પ્રવાસ-પર્યટનના તથા ધાર્મિક ઘણા સ્થળો આવેલા છે જ્યાં વિશાળ પ્રમાણમાં દેશ-વિદેશના પ્રવાસીઓ, યાત્રાળુઓ આવે છે. આજ રીતે જિલ્લામાં આવેલ ઔદ્યોગિક એકમોમાં પરપ્રાન્તના માણસો કામ-ધંધા અર્થે આવે છે. આવા સંજોગોમાં ત્રાસવાદી પ્રવૃતિ સાથે સંકળાયેલ કોઇ વ્યકિત હોટલમાં આશરો લઇ સ્થાનિક માણસો સાથે ભળી જઇ બદઇરાદો પાર ન પાડે તે માટે જાહેર જનતાની સલામતી તથા સુરક્ષા માટે તકેદારીના પગલા લેવા આવશ્યક જણાતા હોય પોલીસ અધિક્ષકશ્રી, અમરેલી તરફથી કરાયેલ દરખાસ્ત વ્યાજબી જણાય છે.

આથી હું, ડી. ડી. પંડયા, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, અમરેલી, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨) ની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે, અમરેલી જિલ્લાના સમગ્ર વિસ્તારમાં કોઈ હોટલ/ગેસ્ટહાઉસના માલીક અગર તો આ માટે આવા હોટલ/ગેસ્ટહાઉસ ભાડાથી, રાહતદરે ચાલતી કે સખાવતથી ચાલતી તમામ સરકારી, ધાર્મિક કે ટ્રસ્ટના અને ખાનગી વ્યવસ્થાઓ/સંસ્થાઓના માલીક, અગર તો માલીકે ખાસ સત્તા આપેલ વ્યકિત જ્યારે હોટલમાં રાજ્ય બહારથી આવતા પ્રવાસી/મુસાફરને રૂમ ભાડે આપે ત્યારે સંબંધિત પોલીસ સ્ટેશનને જાણ કરવાની રહેશે. આ અંગેની જરૂરી માહિતી નીચેના કોલમો મુજબ જે તે વિસ્તારના પોલીસ સ્ટેશન ખાતે આપવાની રહેશે તથા દર માસના અંતે પત્રકરૂપે આ માહિતી પોલીસ અધિક્ષકશ્રી, અમરેલીને મોકલવાની રહેશે.

| અ.નં. | હોટલ માલીકનું નામ, સરનામું અને ટેલીફોન/ મોબાઈલ નંબર તથા હોટલનું નામ, સરનામું અને ટેલીફોન/ મોબાઈલ | લાયસન્સ નંબર | આહાર ગૃહનું લાયસન્સ ધરાવે છે કે કેમ ? લાયસન્સ નંબર | લાયસન્સ કઇ તારીખથી કઇ તારીખ સુધી રીન્યુ થયેલ છે. | આવેલ પેસન્જરનું પુરૂં નામ, ઉ.વ., ધંધો અને મોબાઇલ નંબર, પુરૂં સરનામું | પ્રવાસી/ મુસાફર જે વાહનમાં આવે તે વાહનનો રજીસ્ટ્રેશન નંબર | રજુ કરેલ ઓળખ કાર્ડની સંપૂર્ણ વિગત | કઇ તારીખથી આવેલ છે. તારીખ/ સમય | કઇ તારીખે જવાના છે. તારીખ/ સમય | કયાં હેતુ માટે આવેલ છે. | આવેલ પેસેન્જરની સહી |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ |

આ હુકમ તા. ૨૬-૦૧-૨૦૧૭ થી તા. ૨૬-૦૩-૨૦૧૭ સુધી (બંન્ને દિવસો સહિત) દિવસ-૬૦ માટે અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમની જાહેર જનતાને જાણ સંબંધિત કચેરીઓએ તેમના નોટિસ બોર્ડ પર, સહેલાઈથી જોઈ શકાય તેની જાહેર જગ્યા ઉપર નકલ ચોંટાડીને તથા માહીતી ખાતાએ વર્તમાનપત્રોમાં પ્રસિધ્ધી કરી કરવાની રહેશે. બોમ્બે પોલીસ એકટની કલમ-૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજ, તા. ૨૫ જાન્યુઆરી, સને. ૨૦૧૭ નાં રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે જાહેર જનતાની જાણ તથા અમલવારી માટે આ હુકમ પ્રસિધ્ધ કરવામાં આવ્યો.

અમરેલી, ૨૫ માહે જાન્યુઆરી, સને ૨૦૧૭.

---

ફોજદારી કાર્યરીતિ આધિનિયમ-૧૯૭૩(૧૯૭૪નો બીજો અધિનિયમ)ના કાયદાની કલમ-૧૪૪ હેઠળ હુકમ

## જાહેરનામું

નં. : હોમ/પલસ/વશી/૬૮૧ થી ૭૬૦/૨૦૧૭.-પોલીસ અધિક્ષકશ્રી, અમરેલીના તા. ૧૮-૦૧-૨૦૧૭નાં પત્ર જા.નં. એસઓજી/જાહેરનામું/રીન્યુ/મજુર-કારીગર/૪૭/૧૭ થી ત્રાસવાદ/અસામાજીક તત્વો શહેરોમાં તેમજ ગીચ વસ્તીવાળા વિસ્તારોમાં ગુપ્ત આશરો મેળવી જાહેર સલામતી અને શાંતીનો ભંગ કરે છે તેમજ આતંકવાદી પ્રવૃતિ કરે છે. જેથી માનવ જીંદગીની ખુવારી થાય છે અને જાહેર તેમજ લોકોની સંપતીને નુકશાન પહોંચાડે છે. બહારના રાજ્યોમાંથી કે દેશ બહારથી જેવા કે નેપાળથી આવતા આવા તત્વો જિલ્લા વિસ્તારમાં આવેલ નાના-મોટા કારખાના/જીનીંગ મીલો/ઈન્ડસ્ટ્રીઝ/પોર્ટ વિસ્તાર/શીપયાર્ડ વિસ્તાર/હોટેલો/ખેત મજુરો તરીકે ખેતર વિસ્તારમાં કામ કરતા મજુરો પુષ્કળ પ્રમાણમાં હોય અને આ લોકો જે વિસ્તારમાં જે જગ્યાએ રહે છે, કામ ધંધો વ્યવસાય કરે છે. તેના માલીકોની પાસે આવા કારીગરો/મજુરો અંગેની કોઈ પ્રકારની હકિકત કે પુરેપુરી વિગત રાખવામાં આવતી નથી અને આવા ઈસમો કોઈ ગુન્હો કરી જિલ્લાની હદ વિસ્તાર બહાર જતા રહે બાદ તેઓને શોધવા અત્યંત મુશ્કેલ બની જાય છે. આથી સમગ્ર જિલ્લા વિસ્તારમાં આવેલ નાના-મોટા કારખાના/જીનીંગ મીલો/ઈન્ડસ્ટ્રીઝ/પોર્ટ વિસ્તાર/શીપયાર્ડ વિસ્તાર/હોટલો/ખેત મજુરો તરીકે ખેતર વિસ્તારમાં કામ કરતા મજુરો અંગેની સંપુર્ણ વિગતો સાથેનું નિયત નમુનામાં રજીસ્ટર નિભાવવુ ફરજીયાત બનાવામાં આવે તેવું જાહેરનામું પ્રસિધ્ધ કરવા દરખાસ્ત કરાયેલ છે.

આથી હું, ડી. ડી. પંડયા, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, અમરેલી, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨) ની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે, અમરેલી જિલ્લાના સમગ્ર વિસ્તારમાં નાના-મોટા કારખાના/જીનીંગ મીલો/ઈન્ડસ્ટ્રીઝ/પોર્ટ વિસ્તાર/શીપયાર્ડ વિસ્તાર/હોટલો/ખેત મજુરો તરીકે ખેતર વિસ્તારમાં કામ કરવા માટે મજુરો રાખનાર માલિકો/જમીન માલીકોએ નીચે જણાવ્યા મુજબના કોલમ મુજબની સંપુર્ણ વિગતો સાથેનું રજીસ્ટર ફરજિયાત નિભાવવા તેમજ રાજ્ય બહારથી આવતા આવા મજુરો/કારીગરોને જ્યારે જ્યારે ઓદ્યોગિક મીલ/જીનીંગ મીલો/સંસ્થાઓ/પોર્ટ/ખેત માલીક/હોટેલના માલીકો કામકાજ અર્થે રાખે ત્યારે કોલમ મુજબની માહિતી સબંધિત પોલીસ સ્ટેશનમાં ૨૪ કલાક અંદર બિનચુક મોકલી આપવાની રહેશે તથા દરમાસના અંતે પત્રક રૂપે આ માહીતી પોલીસ અધિક્ષકશ્રી, અમરેલીને મોકલવાની રહેશે.

| ક્રમ | મજુર/કારીગરનું પુરૂ નામ તેમજ પુરેપુરૂ શારીરિક વર્ણન તેમજ મોબાઈલ નંબર | મજુર/કારીગરનું વતનનું પુરૂં સરનામું, નજીકના પો.સ્ટે.ની વિગત | તે ક્યારથી પોતાને ત્યાં કામ કરે છે. અગાઉ કોને કોને ત્યાં કામ કરેલ છે. ગુજરાતમાં કેટલા સમયથી છે. | કોની ઓળખાણથી પોતાને ત્યા કામે રાખેલ છે. તેનું પુરૂં નામ સરનામું તથા મોબાઈલ નંબર | મજુર/કારીગરના આઈ.ડી. પ્રુફની વિગત (એક નકલ ફાઈલ બનાવી રાખવું) | મજુર/ કારીગરનો ફોટોગ્રાફ સહિ સાથેનો |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |

આ હુકમ તા. ૨૬-૦૧-૨૦૧૭ થી તા. ૨૬-૦૩-૨૦૧૭ સુધી (બંન્ને દિવસો સહિત) દિવસ-૬૦ માટે અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમની જાહેર જનતાને જાણ સંબંધિત કચેરીઓએ તેમના નોટિસ બોર્ડ પર, સહેલાઈથી જોઈ શકાય તેની જાહેર જગ્યા ઉપર નકલ ચોંટાડીને તથા માહીતી ખાતાએ વર્તમાનપત્રોમાં પ્રસિધ્ધી કરી કરવાની રહેશે. ગુજરાત પોલીસ એકટની કલમ-૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજ, તા. ૨૫ જાન્યુઆરી, સને ૨૦૧૭ નાં રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે જાહેર જનતાની જાણ તથા અમલવારી માટે આ હુકમ પ્રસિધ્ધ કરવામાં આવ્યો.

અમરેલી, ૨૫ માહે જાન્યુઆરી, સને ૨૦૧૭.

---

ફોજદારી કાર્યરીતિ આધિનિયમ-૧૯૭૩(૧૯૭૪નો બીજો અધિનિયમ)ના કાયદાની કલમ-૧૪૪ હેઠળ હુકમ

## જાહેરનામું

નં. : હોમ/પલસ/વશી/૭૬૧ થી ૮૪૦/૨૦૧૭.-પોલીસ અધિક્ષકશ્રી, અમરેલીના તા. ૧૮-૦૧-૨૦૧૭ ના પત્ર નં. એસઓજી/જાહેરનામુ/રીન્યુ/વાહન લે-વેચ/૪૪/૧૭ ની વિગતે ગુજરાત સહિત સમગ્ર દેશોમાં છેલ્લા કેટલાક સમયથી આતંકવાદી ભાંગફોડીયા તત્વો દેશના અલગ અલગ રાજ્યમાં આતંક ફેલાવાના હેતુથી રજીસ્ટ્રર ન થયા/થતા હોય તેવા સાયકલ/મોપેડ/અન્ય વાહનોના ઉપયોગ કરતા હોવાનું જણાય છે. આતંકી કૃત્યમાં આવા વાહનોનો ઉપયોગ થયા બાદ આવા વાહનોની કોઈ સ્પષ્ટ નોંધણી ન હોવાના કારણે તેના મુળ માલીક સુધી પહોંચવાનું તપાસ એજન્સી/પોલીસ માટે ખુબ જ મુશ્કેલ બનતું હોય છે. મહદઅંશે આવા વાહનોના વેચાણ વખતે આવા જુના વાહનોની લે-વેચ કરતી વખતે તેમજ આવા વાહનો ભાડે આપતી વખતે વેપારીઓએ ખરીદનાર/ગ્રાહક પાસેથી ઓળખના પુરતા પુરાવા મેળવ્યા વગર વાહનોનું વેચાણ કરતા હોય છે લે-વેચ કરતા હોય છે કે ભાડે આપતા હોય છે. મોટા શહેરોમાં બનેલ અમુક બનાવોથી જણાય છે કે ત્રાસવાદી/અસામાજીક તત્વો આવા રજીસ્ટ્રર્ડ ન થતા હોય તેવા સાઈકલ/મોપેડ/અન્ય વાહનો ખરીદી કે ભાડેથી મેળવી જાહેર સલામતી અને શાંતિનો ભંગ કરે તેમજ માનવ જીંદગીની ખુવારી થાય અને લોકોની સંપતિને નુકશાન પહોંચે તે કોશીશ કરી રહયા છે.

બહારના રાજ્યોમાંથી અગર દેશ બહારથી આવતા આવા તત્વો રજીસ્ટર્ડ ન થતા હોય તેવા સાઈકલ/મોપેડ/અન્ય વાહનો ખરીદી/ભાડેથી મેળવી સ્થાનિક પરિસ્થિતિથી માહિતગાર થઈને તેઓની ત્રાસવાદી પ્રવૃત્તિઓને અંજામ આપતા હોય છે. જેથી રજીસ્ટ્રર્ડ ન થતા હોય તેવા સાઈકલ/મોપેડ/અન્ય વાહનોનું વેચાણ કરનાર તથા આવા જુના વાહનોની લે-વેચ કરનાર તથા આવા વાહનો ભાડે આપનાર વેપારીઓ ઉપર નિયંત્રણો મુકવા જરૂરી જણાય છે.

આથી હું, ડી. ડી. પંડયા, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, અમરેલી, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨) ની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે, અમરેલી જિલ્લાના સમગ્ર વિસ્તારમાં વાહનો લે-વેચ કરનાર વેપારીઓએ અમરેલી જિલ્લા વિસ્તારમાં રજીસ્ટર્ડ ન થતા હોય તેવા સાયકલ/મોપેડ/અન્ય વાહનોનું વેચાણ કરનાર, તથા આવા જુના વાહનોની લે-વેચ કરે કરનાર તથા આવા વાહનો ભાડે આપનાર વેપારીઓ, જ્યારે જ્યારે આવા નવા/જુના વાહનોનું વેચાણ કરે, નવા/જુના વાહનોની લે-વેચ કરે કે આવા વાહનો ભાડે આપે ત્યારે જે તે વ્યક્તિને આવુ વાહન વેચાણ કરેલ હોય અથવા આવું વાહન ખરીદેલ હોય અથવા તો જે વ્યકિતને ભાડે આપેલ હોય, તેવી વ્યકિત પાસેથી જરૂરી માહિતી/આધાર-પુરાવા મેળવી નીચે દર્શાવ્યા મુજબના કોલમ વાઈઝ રજીસ્ટર નિભાવવા માટે જણાવવામાં આવે છે.

| અનું નંબર | વાહન કોને વેચેલ છે? કોની પાસેથી ખરીદેલ છે?/ કોને ભાડે આપેલ છે? તેનું પુરૂ નામ-જાત-ઉંમર-સરનામું- કોન્ટેક નંબર | વાહનનો પ્રકાર, એન્જીન નંબર તથા તથા ચેસિસ નંબર | રજુ કરેલ આધાર-પુરાવા જેવા કે રેશનકાર્ડ/ ચૂંટણીકાર્ડ/ડ્રાઈવીંગ લાયસન્સ/બેન્કની પાસબુક/પાનકાર્ડ/પાસપોર્ટ/ઈલેક્ટ્રીક બીલ/ ટેલીફોન બીલ (ખરીદનાર પાસેથી તેમની સહીથી પ્રમાણીત થયેલ ઝેરોક્ષ નકલ મેળવીને ફાઈલ બનાવી રાખવી.) | વાહન કોને વેચેલ છે?/ કોની પાસેથી ખરીદેલ છે?/ કોને ભાડે આપેલ છે? તેનો તાજેતરનો પાસપોર્ટ સાઈઝનો ફોટોગ્રાફ |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |

ઉપર મુજબનું રજીસ્ટ્રર નિભાવીને દર માસના અંતે એસ.ઓ.જી. શાખાની કચેરી, બહુમાળી ભવન, બ્લોક નં. એ-૧૦૪, રાજમહેલ કમ્પાઉન્ડ, અમરેલીની કચેરીમાં મોકલી આપવા સબંધિત વેપારીઓને જણાવવામાં આવે છે.

આ હુકમ તા. ૨૬-૦૧-૨૦૧૭ થી તા. ૨૬-૦૩-૨૦૧૭ સુધી (બંન્ને દિવસો સહિત) દિવસ-૬૦ માટે અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમની જાહેર જનતાને જાણ સંબંધિત કચેરીઓએ તેમના નોટિસ બોર્ડ પર, સહેલાઈથી જોઈ શકાય તેની જાહેર જગ્યા ઉપર નકલ ચોંટાડીને તથા માહીતી ખાતાએ વર્તમાનપત્રોમાં પ્રસિધ્ધી કરી કરવાની રહેશે. બોમ્બે પોલીસ એકટની કલમ-૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજ તા. ૨૫ જાન્યુઆરી, સને ૨૦૧૭ નાં રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે જાહેર જનતાની જાણ તથા અમલવારી માટે આ હુકમ પ્રસિધ્ધ કરવામાં આવ્યો.

અમરેલી, ૨૫ માહે જાન્યુઆરી, સને ૨૦૧૭.

---

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩(૧૯૭૪નો બીજો અધિનિયમ)ના કાયદાની કલમ-૧૪૪ હેઠળ હુકમ

## જાહેરનામું

નં. : નાચિ/પલસ/૩/વશી/૧૦૦૧ થી ૧૦૮૦/૨૦૧૭.-પોલીસ અધિક્ષકશ્રી, અમરેલીના તા. ૧૮-૦૧-૨૦૧૭નાં પત્ર જા.નં. એસઓજી/જાહેરનામું/મકાન ભાડુઆત/૪૮/૨૦૧૭ થી ત્રાસવાદ/અસામાજીક તત્વો શહેરોમાં તેમજ ગીચ વસ્તીવાળા વિસ્તારોમાં ગુપ્ત આશરો મેળવી જાહેર સલામતી અને શાંતીનો ભંગ કરે છે તેમજ આતંકવાદી પ્રવૃતિ કરે છે. જેથી માનવ જીંદગીની ખુવારી થાય છે અને જાહેર તેમજ લોકોની સંપતીને નુકશાન પહોંચાડે છે. બહારના રાજ્યોમાંથી કે દેશ બહારથી આવતા આવા તત્વો કોઇના મકાન ભાડે રાખીને રહેતા હોય છે અને વિસ્તારનો સર્વે કરી સ્થાનિક પરિસ્થિતિથી માહિતગાર થઇને તેઓની ત્રાસવાદી પ્રવૃતિને અંજામ આપતા હોય છે. આથી સમગ્ર જિલ્લામાં કોઇ મકાન માલીક સંબંધિત પોલીસ સ્ટેશનને જાણ કર્યા સિવાય કોઇ વ્યકિતને મકાન ભાડે આપી શકશે નહીં તેવું જાહેરનામું પ્રસિધ્ધ કરવા દરખાસ્ત કરાયેલ છે.

અમરેલી જિલ્લો વિશાળ દરીયા કિનારો ધરાવે છે. જિલ્લામાં પ્રવાસ-પર્યટનના તથા ધાર્મિક ઘણા સ્થળો આવેલા છે જ્યાં વિશાળ પ્રમાણમાં દેશ-વિદેશના પ્રવાસીઓ, યાત્રાળુઓ આવે છે. આજ રીતે જિલ્લામાં આવેલ ઔદ્યોગિક એકમોમાં પરપ્રાન્તના માણસો કામ-ધંધા અર્થે આવે છે. આવા સંજોગોમાં ત્રાસવાદી પ્રવૃતિ સાથે સંકળાયેલ કોઇ વ્યકિત સ્થાનિક કે ભાડેથી મકાન લઇ સ્થાનિક માણસો સાથે ભળી જઇ બદઈરાદો પાર ન પાડે તે માટે જાહેર જનતાની સલામતી તથા સુરક્ષા માટે તકેદારીના પગલા લેવા આવશ્યક જણાતા હોય પોલીસ અધિક્ષકશ્રી, અમરેલી તરફથી કરાયેલ દરખાસ્ત વ્યાજબી જણાય છે.

આથી હું, ડી. ડી. પંડયા, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, અમરેલી, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨) ની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે, અમરેલી જિલ્લાના સમગ્ર વિસ્તારમાં કોઈ મકાન માલીક અગર તો આ માટે આવા મકાન માલીકે ખાસ સત્તા આપેલ વ્યકિત જ્યારે મકાન ભાડે આપે ત્યારે સંબંધિત પોલીસ સ્ટેશનને જાણ કર્યા સિવાય કોઈ વ્યકિતને મકાન ભાડેથી આપી શકશે નહી. ભાડે આપેલ મકાનની વિગત ભાડુઆત અને સંબંધીત દલાલ કે જેઓએ ભાડુઆતની ઓળખાણ આપેલ હોય તે અંગેની જરૂરી માહિતી નીચેના કોલમો મુજબ જે તે વિસ્તારના પોલીસ સ્ટેશન ખાતે આપવાની રહેશે તથા દર માસના અંતે પત્રક રૂપે આ માહિતી પોલીસ અધિક્ષકશ્રી, અમરેલીને મોકલવાની રહેશે.

| અનુ. | મકાન માલિકનું નામ, સરનામુ અને ટેલીફોન/ મોબાઈલ નંબર તથા ભાડે આપેલ મકાનની વિગત, જેમાં ક્યા વિસ્તારમાં મકાન આવેલ છે અને મકાનનું બાંધકામ કેટલા ચો.મી. માં છે તેની વિગત | મકાન ભાડે આપતા સત્તા ધરાવતા વ્યક્તિનું નામ, સરનામું, ટેલીફોન/ મોબાઈલ નંબર | મકાન કઈ તારીખથી ભાડે આપેલ છે તથા માસીક ભાડું કેટલું છે ? | જે વ્યક્તિને મકાન ભાડે આપેલ છે. તેનુ પુરૂ નામ, હાલનું સરનામું, ટેલીફોન/ મોબાઈલ નંબર | જે વ્યક્તિને મકાન ભાડે આપેલ છે તેમના મુળ વતનનું પાકુ સરનામું તથા વતનમાં ઓળખતા ત્રણ સગા-સંબંધીના નામ અને સરનામાં | મકાન માલીકને ભાડુઆતનો સંપર્ક કરાવનાર વ્યક્તિનું નામ, સરનામું, ટેલીફોન/મોબાઈલ નંબર | રીમાર્કસ |
|---|---|---|---|---|---|---|---|
| (૧) | (૨) | (૩) | (૪) | (૫) | (૬) | (૭) | (૮) |

આ હુકમ તા. ૨૬-૦૧-૨૦૧૭ થી તા. ૨૬-૦૩-૨૦૧૭ સુધી (બંન્ને દિવસો સહિત) દિવસ-૬૦ માટે અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમની જાહેર જનતાને જાણ સંબંધિત કચેરીઓએ તેમના નોટિસ બોર્ડ પર, સહેલાઈથી જોઈ શકાય તેની જાહેર જગ્યા ઉપર નકલ ચોંટાડીને તથા માહીતી ખાતાએ વર્તમાનપત્રોમાં પ્રસિધ્ધી કરી કરવાની રહેશે. ગુજરાત પોલીસ એકટની કલમ-૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજ તા. ૨૫ જાન્યુઆરી, સને-૨૦૧૭ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે જાહેર જનતાની જાણ તથા અમલવારી માટે આ હુકમ પ્રસિધ્ધ કરવામાં આવ્યો.

અમરેલી, ૨૫ માહે જાન્યુઆરી, સને ૨૦૧૭.

---

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩(૧૯૭૪નો બીજો અધિનિયમ)ના કાયદાની કલમ-૧૪૪ હેઠળ હુકમ

## જાહેરનામું

નં. : હોમ/પલસ/વશી/૯૨૧ થી ૧૦૦૦/૨૦૧૬.-પોલીસ અધિક્ષકશ્રી, અમરેલીના તા. ૧૮-૦૧-૨૦૧૭ ના પત્ર નં. એસઓજી/જાહેરનામું/રીન્યુ/મોબાઈલ-સીમકાર્ડ/૪૫/૧૭ ની વિગતે ગુજરાત સહિત સમગ્ર દેશોમાં આતંકવાદ અને ત્રાસવાદના કૃત્યોના બનાવો તાજેતરમાં બનવા પામેલ છે. અમરેલી જિલ્લા કક્ષાએ આવા કોઈ અનિચ્છનીય બનાવ ન બને અને કાયદો-વ્યવસ્થા જળવાઈ રહે તે માટે અમરેલી જિલ્લા કક્ષાએ જિલ્લા પોલીસ તંત્ર દ્વારા સાવચેતીના પગલારૂપે ઘનિષ્ઠ ચેકીંગ તથા અનેક વિવિધ પ્રકારના પગલાઓ લેવાઈ રહેલ છે. રાજયમાં બનતા આવા ગુન્હાઓમાં મોબાઈલ ફોનના ઉપયોગ થાય છે. તેમજ મોબાઈલ ચોરીઓના બનાવોનું પ્રમાણ વધવા પામેલ છે. આવા ગુન્હાઓ શોધી કાઢવા માટે ગુન્હામાં વપરાયેલ અથવા ગયેલ મોબાઈલ ફોનના આઈ.એમ.ઈ.આઈ. નંબરનું ટ્રેકીંગ કરીને ગુન્હાના મુળ સુધી પહોંચવા પ્રયત્નો કરવામાં આવે છે. ઘણી વખતે મોબાઈલ ફોનના વપરાશ કરતા સુધી પહોંચવામાં આવે ત્યારે જાણવા મળે છે કે તેમને કોઈ અજાણ્યા માણસ પાસેથી મોબાઈલ ફોન ખરીદેલ છે. જે મોબાઈલ વેચનાર/ખરીદ કરનારને ચોરાયેલ અથવા ગુન્હામાં વપરાયેલ હોવાની માહિતી હોતી નથી. જેથી તપાસમાં ફળદાયક હકિકત મળતી નથી. આ બાબતે કોઈ વ્યકિતઓ મોબાઈલ/સીમકાર્ડ હેન્ડ સેટ વિગેરે વગર ઓળખકાર્ડ અથવા કોઈપણ ઓળખકાર્ડ વગર લેનાર/વેંચનારની જવાબદારી નક્કી કરવી અને પ્રસ્તુત બાબતે આવા ગુન્હાઓના મુળ સુધી પહોંચી સાચા આરોપીને શોધી કાઢવા માટે જુના/નવા મોબાઈલ/સીમકાર્ડ કોની પાસેથી ખરીદેલ અથવા કોને વેચાણે આપેલ તે હાલના સંજોગોને ધ્યાને લઈ જાણવું ખુબજ જરૂરી જણાય છે.

આથી હું, ડી. ડી. પંડયા, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, અમરેલી, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨) ની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે, અમરેલી જિલ્લાના સમગ્ર વિસ્તારમાં જુના મોબાઈલ લે-વેચ કરનાર તથા સીમકાર્ડ લે-વેચ કરનાર વેપારીએ મોબાઈલ લેતા પહેલા મોબાઈલ વેચનારનું તથા જુના મોબાઈલ વેચતી વખતે મોબાઈલ ખરીદનારનું ઓળખ અંગેનું પુરેપુરૂ નામ, સરનામું નોંધવું ફરજીયાત બનાવવામાં આવે તે માટે નીચે દર્શાવ્યા મુજબના કોલમ વાઈઝ રજીસ્ટર નિભાવવામાં આવે તે જરૂરી છે.

જુના મોબાઈલ ખરીદતી વખતે વેપારીએ નિભાવવાનું રજીસ્ટર

| અનુ. નંબર | મોબાઈલની વિગત/કંપનીનું નામ | ચોભચ નંબર | મોબાઈલ વેંચનાર/ખરીદનારના નામ, સરનામાની વિગત | આઈ.ડી. પ્રુફની વિગત |
|---|---|---|---|---|
| | | | | |

જુના મોબાઈલ વેચતી વખતે વેપારીએ નિભાવવાનું રજીસ્ટર

| અનુ. નંબર | મોબાઈલની વિગત/કંપનીનું નામ | ચોભચ નંબર | મોબાઈલ વેંચનાર/ખરીદનારના નામ, સરનામાની વિગત | આઈ.ડી. પ્રુફની વિગત |
|---|---|---|---|---|
| | | | | |

નવા સીમકાર્ડ વેચાણ કરતી વખતે વેપારીએ નિભાવવાનું રજીસ્ટર

| અનુ. નંબર | સીમકાર્ડની વિગત/કંપનીનું નામ | સીમ કાર્ડ નંબર | સીમકાર્ડ ખરીદનારના નામ, સરનામાની વિગત | સીમકાર્ડ ખરીદનારના આઈ.ડી. પ્રુફની વિગત | સીમકાર્ડ ખરીદનારની સહી |
|---|---|---|---|---|---|
| | | | | | |

આ હુકમ તા. ૨૬-૦૧-૨૦૧૭ થી તા. ૨૬-૦૩-૨૦૧૭ સુધી (બંન્ને દિવસો સહિત) દિવસ-૬૦ માટે અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમની જાહેર જનતાને જાણ સંબંધિત કચેરીઓએ તેમના નોટિસ બોર્ડ પર, સહેલાઈથી જોઈ શકાય તેની જાહેર જગ્યા ઉપર નકલ ચોંટાડીને તથા માહીતી ખાતાએ વર્તમાનપત્રોમાં પ્રસિધ્ધી કરી કરવાની રહેશે. બોમ્બે પોલીસ એકટની કલમ-૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજ તા. ૨૫ માહે જાન્યુઆરી, સને-૨૦૧૭ નાં રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે જાહેર જનતાની જાણ તથા અમલવારી માટે આ હુકમ પ્રસિધ્ધ કરવામાં આવ્યો.

અમરેલી, ૨૫ માહે જાન્યુઆરી, સને ૨૦૧૭.

---

ફોજદારી કાર્યરીતિ આધિનિયમ-૧૯૭૩(૧૯૭૪નો બીજો અધિનિયમ)ના કાયદાની કલમ-૧૪૪ હેઠળ હુકમ

## જાહેરનામું

નં. : હોમ/પલસ/વશી/૬૦૦ થી ૬૮૦/૨૦૧૭.-પોલીસ અધિક્ષકશ્રી, અમરેલીના તા. ૧૮-૦૧-૨૦૧૭ ના પત્ર જા. નં. એસઓજી/જાહેરનામું/રીન્યુ/STD-PCO/૪૬/૧૭ થી હાલના પ્રવર્તમાન આંતકવાદના સંજોગો અને ભૂતકાળમાં ગુજરાત રાજ્યના બોમ્બે બ્લાસ્ટ જેવા આતંકવાદના કૃત્યોના બનાવો બનવા પામેલ છે અને આંતકવાદી સંસ્થા/સંગઠનો સાથે સંકળાયેલ આંતકીઓ તેમજ ઘરફોડ ચોરી, લુટ, ધાડ, ચીલઝડપ જેવા ગુનાઓ કરવાની ટેવવાળા રીઢા ગુનેગારો ઘણી વખત પોતાની પાસેના મોબાઈલ ફોનના ઉપયોગ કરવાના બદલે એસ.ટી.ડી.પી.સી.ઓ.માં જઈને ફોન દ્વારા ધમકી આપવા, ખંડણી ઉઘરાવવા, અપશબ્દો બોલવા તેમજ મહીલાઓની જાતિ સતામણી કરવાના બનાવો બનવા પામતા હોય છે. આવા એસ.ટી.ડી.પી.સી.ઓ.માંથી કરવામાં આવતા ફોન માટે એસ.ટી.ડી.પી.સી.ઓ.ના ધારકો કોલ ડીટેઈલની કોઈપણ જાતની માહીતી નિભાવતા નથી જેના કારણે ગુનેગારો સુધી પહોંચવુ અશકય બને છે. આમ, આવા ગુનાઓ બનતા અટકાવી શકાય અને આરોપીને શોધી કાઢવા માટે એસ.ટી.ડી.પી.સી.ઓ.માં ફોન કરવા માટે આવતા ગ્રાહકોના નામ, સરનામાની વિગત નિભાવવા માટેનું રજીસ્ટર નિભાવવું જરૂરી જણાય છે. જેથી ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ જાહેરનામું પ્રસિધ્ધ કરવા દરખાસ્ત થઈ આવેલ છે. ઉકત દરખાસ્તની ચકાસણી કરતા આવા ગુનાઓ થતાં અટકાવવા અને આરોપીઓને શોધી કાઢવા માટે દરખાસ્ત મુજબનો હુકમ કરવો અમોને ઈષ્ટ જણાય છે.

આથી હું, ડી. ડી. પંડ્યા, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, અમરેલી, જિલ્લો અમરેલી, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ (સી.આર.પી.સી.) ૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨) ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ સત્તાની રૂએ અમરેલી જિલ્લામાં આવેલ એસ.ટી.ડી.પી.સી.ઓના ધારકોએ એસ.ટી.ડી.પી.સી.ઓ.માંથી ગ્રાહક દ્વારા કરવામાં આવતા ફોનનું ગ્રાહકોની વિગત દર્શાવતું રજીસ્ટર નીચે મુજબની વિગતે નિભાવવા અને અમલવારી કરવા હુકમ ફરમાવું છું.

| અનુ. નંબર | STD/PCO નું પુરૂ નામ તથા સરનામું તથા ફોન નંબર | STD/PCO ના માલીક/ દુકાનદારનું પુરૂં નામ તથા સરનામું તથા મોબાઈલ નંબર | ફોન કરવા આવેલ ગ્રાહકનું પુરૂં નામ તથા સરનામું તથા મોબાઈલ નંબર તથા તેના આઇ.ડી. પ્રુફની વિગત નંબર સાથે. | જે નંબર ઉપર કોન્ટેક કરવામાં આવે તે નંબર અને જે તારીખે/સમયે કોલ કરે તેની વિગત |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |

આ હુકમ તા. ૨૬-૦૧-૨૦૧૭ થી તા. ૨૬-૦૩-૨૦૧૭ સુધી (બંન્ને દિવસો સહિત) દિવસ-૬૦ માટે અમલમાં રહેશે.

(૧) ઉપરોકત કોલમવાઈઝ રજીસ્ટરો સંબંધિતોશ્રીઓએ/દુકાનદારોએ બે વર્ષ સુધી જાળવવાનું રહેશે.

(૨) ઉપર મુજબની વિગતોના રજીસ્ટરો પોલીસ અધિકારી/કર્મચારી તરફથી વેરીફીકેશન અર્થે માંગવામાં આવે ત્યારે બતાવવાનું રહેશે.

**શિક્ષા :-**

આ હુકમનું ઉલ્લંઘન કરનારને ભારતના ફોજદારી અધિનિયમ-૧૮૬૦ની કલમ-૧૮૮ અન્વયે સજા થઈ શકશે.

હું એવો આદેશ કરૂ છું કે, પોલીસ અધિક્ષકશ્રી, અમરેલી દ્વારા આ હુકમ અમરેલી જિલ્લામાં નિર્દિષ્ટ વિસ્તારમાં સહેલાઈથી દેખાઈ આવે તેવા સ્થળોએ તેની નકલ ચોંટાડીને અને સદરહું વિસ્તારમાં ઢંઢેરો પીટાવીને લાઉડસ્પીકર મારફતે તેની જાહેરાત આપીને અથવા સ્થાનિક કેબલ ઓપરેટરો મારફત તેનું પ્રસારણ કરીને પ્રસિધ્ધ કરવાનું રહેશે.

આજ તા. ૨૫ જાન્યુઆરી, સને ૨૦૧૭ નાં રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે જાહેર જનતાની જાણ તથા અમલવારી માટે આ હુકમ પ્રસિધ્ધ કરવામાં આવ્યો.

અમરેલી, ૨૫ માહે જાન્યુઆરી, સને ૨૦૧૭.

**ડી. ડી. પંડયા,**
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
અમરેલી.

---

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ કાઢેલ

## હુકમ

નં. એમએજી/સી/૩૧૯/૨૦૧૭.-પોલીસ અધિક્ષકશ્રી, ગીર સોમનાથ જિલ્લો, વેરાવળના પત્ર ક્રમાંક : એલઆઈબી/મકાનભાડા/જા.નામું/૬૮/૧૭, તા. ૨૨-૦૧-૨૦૧૭ ના પત્રથી રજુ થયેલ વિગતો મુજબ ગીરસોમનાથ જિલ્લો કોસ્ટલ એરીયા ધરાવતો જિલ્લો છે અને બાર જ્યોર્તિલીંગ માનું એક સુપ્રસિધ્ધ સોમનાથ મહાદેવનું મંદીર આવેલ છે. તેમજ પ્રસિધ્ધ ધાર્મિક સ્થળો જેવા કે, ત્રિવેણી સંગમ, દહોત્સર્ગ, ગીતા મંદિર, તુલસીશ્યામ જેવા મોટા ધાર્મિક સ્થળો આવેલા છે અને આ ધાર્મિક સ્થળોએ બહોળા પ્રમાણમા યાત્રાળુઓ દર્શનાર્થે આવતા હોય છે.

વર્તમાનમા ત્રાસવાદી તેમજ અસામાજીક તત્વો શહેરમાં તેમજ ગીચ વિસ્તારોમા ગુપ્ત આશરો મેળવી જાહેર સલામતી અને શાંતિનો ભંગ કરેલ હોવાના બનાવો બનવા પામેલ છે. તેમજ આંતકવાદી પ્રવૃતિ કરે છે. જેથી માનવ જીંદગીની ખુવારી થાય છે અને જાહેર તેમજ લોકોની સંપતીને નુકશાન પહોંચાડે છે. નજીકના ભુતકાળમાં પંજાબના ગુરૂદાસુર ખાતે આંતવાદી હુમલો થયેલ. જેમા જાનહાની તથા મિલકતહાની થયેલ હતી. આગામી સમયમાં હોળી-ધુળેટી જેવા પવિત્ર તહેવારો આવતા હોય અને સોમનાથ મંદિર ખાતે બહોળા પ્રમાણમાં જનમેદની એકત્રીત થતી હોય, તેમજ ગુપ્તચર એજન્સીઓ તરફથી અવાર-નવાર આંતકવાદી પ્રવૃતીઓ બાબતે ઈનપુટ મળતા હોય છે. જેથી સમગ્ર ગીર સોમનાથ જિલ્લામા કોઈ મકાન/ઔદ્યોગિક એકમોની જગ્યાના માલિક સંબંધીત પોલીસ સ્ટેશનને જાણ કર્યા સિવાય કોઈ વ્યકિતને મકાન ભાડે આપી શકશે નહી તેવુ જાહેરનામુ પ્રસિધ્ધ કરવા પોલીસ અધિક્ષકશ્રી દ્વારા દરખાસ્ત કારાયેલ છે.

ગીર સોમનાથ જિલ્લો વિશાળ દરીયા કિનારો ધરાવે છે. જિલ્લામાં પવિત્ર યાત્રાધામ સોમનાથ મંદિર આવેલ છે. આ સિવાય જિલ્લામાં પ્રવાસ-પર્યટનના તથા ધાર્મિક ઘણા સ્થળો આવેલા છે. જ્યાં વિશાળ પ્રમાણમાં દેશ-વિદેશના પ્રવાસીઓ આવે છે. આજ રીતે જિલ્લામાં આવેલ ઔદ્યોગિક એકમોમાં પરપ્રાંતના માણસો કામ-ધંધા અર્થે આવે છે. આવા સંજોગોમાં ત્રાસવાદી પ્રવૃત્તિ સાથે સંકળાયેલા કોઈ વ્યક્તિ સ્થાનિકે ભાડેથી મકાન/દુકાન/ઔદ્યોગીક એકમોની જગ્યા લઈ સ્થાનિક માણસો સાથે ભળી જઈ બદ ઈરાદો પાર ન પાડે તે માટે જાહેર જનતાની સલામતી તથા સુરક્ષા માટે તકેદારીના પગલા લેવા આવશ્યક જણાતાં હોય પોલીસ અધિક્ષકશ્રી, ગીર સોમનાથ જિલ્લો, વેરાવળ તરફથી રજુ થયેલ દરખાસ્ત વ્યાજબી જણાય છે.

આથી હું, પી. બી. પંડયા, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ગીર સોમનાથ જિલ્લો, વેરાવળ, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ ના નં. ૨)ની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂ છું કે, ગીર સોમનાથ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં કોઈ મકાન/દુકાન/ઔદ્યોગીક એકમોના માલિક કે સંચાલક અગર તો આ માટે આવા મકાન માલિકે ખાસ સત્તા આપેલ વ્યક્તિ જયારે મકાન/દુકાન/ઔદ્યોગીક એકમ ભાડે આપે ત્યારે સંબંધીત પોલીસ સ્ટેશને નીયત નમુનાની વિગતો સહની જાણ કર્યા સિવાય કોઈ વ્યક્તિને મકાન/દુકાન/ઔદ્યોગીક એકમોની જગ્યા ભાડેથી આપી શકશે નહી. ભાડે આપેલ મકાન/દુકાન/ઔદ્યોગીક એકમોની જગ્યાની વિગત ભાડુઆત અને સંબંધીત દલાલ કે જેઓએ ભાડુઆતની ઓળખાણ આપેલ હોય તે અંગેની જરૂરી માહિતી નિયત નમુના મુજબ જે તે વિસ્તારના પોલીસ સ્ટેશન ખાતે આપવાની રહેશે.

આ હુકમ બહાર પડયા તારીખથી દિવસ-૬૦ માટે અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડસંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમની જાહેર જનતાને જાણ સંબંધીત કચેરીઓએ તેમના નોટિસ બોર્ડ પર, સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યા ઉપર નકલ ચોટાડીને તથા માહિતી ખાતાએ વર્તમાન પત્રોમાં પ્રસિધ્ધી કરી કરવાની રહેશે. બોમ્બે પોલીસ એકટની કલમ-૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજ તારીખ : ૨૭મી, માહે જાન્યુઆરી, ૨૦૧૭ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે જાહેર જનતાની જાણ તથા અમલવારી માટે આ હુકમ પ્રસિધ્ધ કરવામાં આવ્યો.

ગીર સોમનાથ, ૨૭ માહે જાન્યુઆરી, સને ૨૦૧૭.

---

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની
કલમ-૧૪૪ હેઠળ કાઢેલ હુકમ

## હુકમ

નં. એમએજી/સી/૩૨૦/૨૦૧૭.-પોલીસ અધિક્ષકશ્રી ગીર સોમનાથ વેરાવળના પત્ર ક્રમાંક : એલઆઈબી/એસટીડી-પીસીઓ/જાહેરનામું/૬૯/૧૭, તા. ૨૨-૦૧-૨૦૧૭ ના પત્રથી રજુ થયેલ વિગતો મુજબ ગીર સોમનાથ જિલ્લો કોસ્ટલ એરીયા ધરાવતો જિલ્લો છે અને બાર જ્યોતીલીંગ માહેનું એક સુપ્રસિધ્ધ સોમનાથ મંદીર ગીર સોમનાથ જિલ્લામા આવેલ છે. તેમજ

સુપ્રસિધ્ધ ધાર્મિક સ્થળ ત્રિવેણી સંગમ, દેહોત્સર્ગ, ગીતા મંદિર ગીર સોમનાથ જિલ્લામાં આવેલ છે. આ ધાર્મિક સ્થળોએ બહોળા પ્રમાણમાં માણસો દર્શનાર્થે આવતા હોય છે. તેમજ આ જિલ્લામાં સુત્રાપાડા ખાતે જી.એચ.સી.એલ તથા કોડીનાર ખાતે અંબુજા સીમેન્ટ ફેકટરી આવેલ છે અને વેરાવળ ખાતે ઈન્ડીયન રેયોન ફેકટરી પણ આવેલ છે. ગીર સોમનાથ જિલ્લાને અડીને જુનાગઢ, પોરબંદર, અમરેલી જીલ્લાઓ તેમજ કેન્દ્રશાષીત પ્રદેશ દિવ આવેલ છે. અને કોસ્ટલ/નેશનલ હાઈવે તથા સ્ટેટ હાઈવે સાથે ગીર સોમનાથ જિલ્લો જોડાયેલ છે.

અગાઉ ગુજરાત રાજ્યમાં સ્થાનિક એસ.ટી.ડી./પી.સી.ઓ. ઉપરથી બનાવટી કોલ (ફેઈક કોલ) દ્વારા ધમકી આપવાના, ખંડણી માંગવાના, અપશબ્દો બોલવાના, મહીલાઓની જાતીય સતામણી કરવાના, ખોટી માહીતી આપવાના વગેરે કિસ્સાઓ બનેલ છે. જેથી પોલીસની કામગીરી વધી રહેલ છે. ગેરકાયદેસર બનાવોની પ્રવૃતિના કારણે નાગરીકોમાં અસુરક્ષાની ભાવના ઉભી થાય છે અને તંત્ર પ્રત્યે નાગરિકો અસુરક્ષાની ભાવના ઉભી થાય છે અને તંત્ર પ્રત્યે નાગરીકો ધીરેધીરે વિશ્વાસ ગુમાવે છે. આ પ્રકારના ગુન્હાઓ આચરતા ગુન્હેગારોને પકડવાનું ઘણુ જ મુશ્કેલ બને પરંતુ આ પ્રકારના ગુન્હાઓ આચરતા ગુન્હેગારોની તપાસ દરમ્યાન જે જગ્યાએ એસ.ટી.ડી./પી.સી.ઓ. ધારકો કોલની આઈડેન્ટીટી ચકાસતા ન હોય તેમજ કોલ ડીટેઈલની નામ, સરનામાની માહીતીનું રજીસ્ટર રાખના ન હોય ત્યા બનવા પામેલ છે. લોકોના જાનમાલની રક્ષા કરવી તે તંત્રની ફરજ છે. જેથી ગીર સોમનાથ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની જાળવણીના હેતુસર તમામ એસ.ટી.ડી./પી.સી.ઓ ધારકોએ કોલરની આઈડેન્ટીટી ચકાસવા તેમજ કોલ ડીટેઈલની નામ અને સરનામાની માહિતીનું રજીસ્ટર નિભાવવા નોટીફીકેશ હોવું અત્યંત જરૂરી છે. જેના પરીણામે સ્થાનિક એસ.ટી.ડી./પી.સી.ઓ. ઉપરથી બનાવટી કોલ (ફેઈક કોલ) દ્વારા ધમકી આપવાના, ખંડણી માંગવાના, અપશબ્દો બોલવાના, મહીલાઓની જાતિય સતામણી કરવાના, ખોટી માહીતી આપવાના કિસ્સાઓ બનતા અટકશે અને આવા કિસ્સો બનતા ગુન્હેગારને પકડવામાં સરળતા રહેશે. જેથી ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ લોકોને સુરક્ષા પુરી પાડવાના હેતુથી ગીરસોમનાથ જિલ્લામાં આવેલ તમામ એસ. ટી.ડી./પી.સી.ઓ. ધારકોએ કોલરની આઈડેન્ટીટી ચકાસવા તેમજ કોલ ડીટેઈલની નામ, સરનામાની માહીતી રજીસ્ટર રાખવા અંગેનું દિન-૬૦ નું જાહેરનામુ પ્રસિધ્ધ કરવા પોલીસ અધિક્ષકશ્રી, ગીર સોમનાથ જિલ્લો વેરાવળ તરફથી દરખાસ્ત રજુ કરાયેલ છે.

ગીર સોમનાથ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે, લોકોમાં સલામતીની ભાવના જળવાઈ રહે, તેમજ બનાવટી કોલ કરનાર ગુન્હેગારોની ઓળખ મળી રહે, આવા ગુન્હાનુ પ્રમાણ ઘટે, લોકોને સુરક્ષા પુરી પાડવાના હેતુસર પોલીસ અધિક્ષકશ્રી, ગીર સોમનાથ તરફથી કરાયેલ દરખાસ્ત વ્યાજબી જણાય છે.

આથી હું, પી. બી. પંડયા, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ગીર સોમનાથ જિલ્લો, વેરાવળ ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ સત્તાની રૂઈએ આથી હુકમ કરૂં છું કે, ગીરસોમનાથ જિલ્લા ના સમગ્ર વિસ્તારમાં આવેલ એસ.ટી.ડી./પી.સી.ઓ. ધારકોએ કોલરની આઈડેન્ટીટી ચકાસવી અને કોલ ડીટેઈલના નામ, સરનામાનું રજીસ્ટર નિભાવવાનું રહેશે. તેમજ સલામતી વિષયક બાબતો સંભાળતી પોલીસ સહીતની કોઈ એજન્સી આવા રજીસ્ટરની માંગણી કરે ત્યારે બનતી ત્વરાએ ઉપલબ્ધ કરવાનું રહેશે.

આ હુકમ બહાર પાડયાની તારીખથી દિન-૬૦ સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહીતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમની જાહેર જનતાને જાણ સંબંધીત કચેરીઓએ તેમના નોટીસ બોર્ડ પર, સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યા ઉપર નકલ ચોટાડીને તથા માહિતી ખાતાએ વર્તમાન પત્રોમાં પ્રસિધ્ધી કરી કરવાની રહેશે.

આજ તારીખ : ૨૭મી માહે જાન્યુઆરી, સને-૨૦૧૭ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે જાહેર જનતાની જાણ તથા અમલવારી માટે આ હુકમ પ્રસિધ્ધ કરવામાં આવ્યો.

ગીર સોમનાથ, ૨૭ માહે જાન્યુઆરી, સને ૨૦૧૭.

---

**ફોજદારી કાર્યરીતિ આધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ કાઢેલ હુકમ**

## હુકમ

નં. : એમએજી/સી/૩૧૮/વાહન લે-વેચ/૨૦૧૭.-પોલીસ અધિક્ષકશ્રી, ગીર સોમનાથના પત્ર ક્રમાંક : એલઆઈબી/ વાહન લે-વેચ/જા.ના./૬૭/૧૭, તા. ૨૨-૦૧-૨૦૧૭ થી રજુ થયેલ દરખાસ્તની વિગતે ગુજરાત રાજ્ય સહિત સમગ્ર દેશોમાં છેલ્લા કેટલાક સમયથી આતંકવાદી/ભાંગફોડીયા તત્વો દેશના અલગ અલગ રાજ્યોમાં આતંક ફેલાવવાના હેતુથી રજીસ્ટર્ડ ન થતા હોય તેવા સાયકલ/મોપેડ/અન્ય વાહનો ઉપયોગ કરતા હોવાનું જણાય છે. આતંકવાદી કૃત્યમાં આવા વાહનનો ઉપયોગ થયા બાદ આવા વાહનોની કોઈ સ્પષ્ટ નોંધણી ન હોવાના કારણે તેના મુળ માલીક સુધી પહોંચવાનું તપાસ એજન્સી/

પોલીસ માટે ખુબ જ મુશ્કેલ બનતું હોય છે. મહદઅંશે આવા વાહનોના વેચાણ વખતે આવા જુના વાહનોની લે-વેચ કરતી વખતે તેમજ આવા વાહનો ભાડે આપતી વખતે વેપારીઓ ખરીદનાર/ ગ્રાહક પાસેથી ઓળખના પુરતા પુરાવા મેળવ્યા વગર વાહનોનું વેચાણ કરતા હોય છે, લે-વેચ કરતા હોય છે કે ભાડે આપતા હોય છે. તાજેતરમાં છેલ્લા થોડાક વર્ષોથી દેશના મોટા શહેરોમાં બનેલ અમુક બનાવોથી જણાય છે કે ત્રાસવાદી/અસામાજીક તત્વો આવા રજીસ્ટ્ર્ડ ન થતા હોય તેવા સાયકલ/મોપેડ/અન્ય વાહનો ખરીદી કે ભાડેથી મેળવી જાહેર સલામતી અને શાંતિનો ભંગ કરે તેમજ માનવ જીંદગીની ખુવારી થાય અને લોકોની સંપતિને નુકશાન પહોંચે તે કોશીષ કરી રહયા છે.

બહારના રાજયોમાંથી અગર દેશ બહારથી આવતા આવા તત્વો રજીસ્ટર્ડ ન થતા હોય તેવા સાયકલ/મોપેડ/અન્ય ચાલતા વાહનો ખરીદી/લે-વેચ અથવા ભાડેથી મેળવી સ્થાનિક પરિસ્થિતિથી માહિતગાર થઈને તેઓની ત્રાસવાદી પ્રવૃત્તિઓને અંજામ આપતા હોય છે. જેથી રજીસ્ર્ટર્ડ ન થતા હોય તેવા સાયકલ/મોપેડ/અન્ય વાહનોનું વેચાણ કરનાર, આવા જુના વાહનોની લે-વેચ કરનાર તથા આવા વાહનો ભાડે આપનાર વેપારીઓ ઉપર નિયંત્રણો મુકવા જરૂરી જણાય છે. જેથી પોલીસ અધિક્ષકશ્રી, ગીર સોમનાથ, જિલ્લો વેરાવળ તરફથી રજુ થયેલ દરખાસ્ત મુજબનું જાહેરનામુ પ્રસિધ્ધ કરવુ ઉચિત જણાય છે.

આથી હું, પી. બી. પંડયા, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ગિર-સોમનાથ જિલ્લો, વેરાવળ, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ ના કાયદાની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે, સમગ્ર ગીરસોમનાથ જિલ્લાના વિસ્તારમાં રજીસ્ટર્ડ ન થતા હોય, તેવા સાયકલ/મોપેડ/અન્ય વાહનોનું વેચાણ કરનાર, આવા વાહનોની લે-વેચ કરનાર તથા આવા વાહનો ભાડે આપનાર વેપારીઓ જ્યારે જ્યારે આવા વાહનોની લે-વેચ કરે કે આવા વાહનો ભાડે આપે ત્યારે જે તે વ્યક્તિને આવું વાહન વેચાણ કરેલ હોય, આવું વાહન ખરીદેલ હોય અથવા તો જે વ્યકિતને ભાડે આપેલ હોય તેવી વ્યકિત પાસેથી માહિતી/આધાર-પુરાવા તેમજ ઓળખ મેળવીને નીયત નમુના પ્રમાણેના રજીસ્ટર્ડની નિભાવણી કરવાનો આથી હુકમ કરવામા આવે છે. તેમજ જરૂરી જણાયે સક્ષમ અધિકારી માંગે ત્યારે તેઓને વિગતો પુરી પાડવાની રહેશે.

આ જાહેરનામુ બહાર પડયા તારીખથી દિન–૬૦ માટે અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ જાહેરનામું જાહેર વિસ્તારોમાં સહેલાઈથી દેખી શકાય તેવી રીતે તેની નકલ ચોંટાડીને તેમજ સ્થાનિક વર્તમાનપત્રોમાં બહોળી પ્રસિધ્ધી આપીને પ્રસિધ્ધ કરવાનું આથી હું ફરમાવું છું.

આજ, તારીખ : ૨૭ માહે જાન્યુઆરી, સને-૨૦૧૭ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા કરી જાહેરનામું બહાર પાડેલ છે.

ગીર સોમનાથ, ૨૭ માહે જાન્યુઆરી, સને ૨૦૧૭.

---

**ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ કાઢેલ હુકમ**

## હુકમ

નં. એમએજી/સી/૩૨૨/૨૦૧૭.-પોલીસ અધિક્ષકશ્રી, ગીર-સોમનાથ જિલ્લો, વેરાવળના પત્ર ક્રમાંક : એલઆઈબી/લેબર કોન્ટ્રા./જા.નામું/૬૬/૧૭, તા. ૨૨-૦૧-૨૦૧૭ ના પત્રથી રજુ થયેલ વિગતો મુજબ ગીર સોમનાથ જિલ્લામાં વેરાવળ મુકામે રેયોન ફેકટરી, સુત્રાપાડા મુકામે જી.એચ.સી. ફેકટરી, કોડીનાર મુકામે અંબુજા ફેકટરી તથા સ્યુગર ફેકટરી જેવા ઔદ્યોગીક એકમો આવેલા છે. તેમજ ગીર સોમનાથ જિલ્લામાંથી નેશનલ હાઈવે નં.-૮(ઈ) પસાર થાય છે. જે રોડ ઉપર હાઈવે ઓથોરીટી દ્વારા તથા માર્ગ અને મકાન વિભાગ દ્વારા રોડના તથા અન્ય બાંધકામના કામોમા અન્ય રાજ્યોમાંથી મજુરો લાવી તેમનુ મજુરી કામમા ઉપયોગ કરવામાં આવે છે. જે મજુરો, મજુર ઠેકેદારો તથા સપ્લાયર્સ/ કોન્ટ્રાકટરો દ્વારા લાવવામાં આવે છે. તેમજ આ જિલ્લામાં મિલ્કત વિરૂધ્ધના ગુન્હાઓ બનતા હોય અને આવા ગુન્હાઓની તપાસના અનસંધાને મોટાભાગના કિસ્સાઓમા જાણવા મળેલ છે કે, ગુજરાત બહારના રાજયોમાથી આવેલા પરપ્રાંતિય મજુરો પ્રાથમિક ધોરણે રોડ ઉપર ખાડા ખોદવાના તેમજ ઔદ્યોગીક એકમોમા મજુરી કામ મેળવી સ્થાનીક પરિસ્થિતિથી માહિતગાર થઈ મોટી ઘરફોડ ચોરી, લુંટ તથા અન્ય મિલ્કત વિરૂધ્ધના ગુન્હાઓ આચરી પરત પોતાના વતનમા જતા રહેતા હોય, આવા ગુન્હા વણ શોધાયેલા રહે છે. જેથી માન. મુખ્યમંત્રીશ્રી, ગુજરાત રાજય તા. ૦૮-૦૭-૨૦૧૪ના રોજ બ્રિફીંગ મિટીંગમાં આપવામાં આવેલ સુચના મુજબ સમગ્ર ગીર સોમનાથ જિલ્લામાં આવેલ ઔદ્યોગીક એકમો તથા અન્ય જગ્યાઓએ પરપ્રાંતના (ગુજરાત રાજય બહારના) મજુરોને કામે રાખનાર મજુર ઠેકેદારો તથા સપ્લાયર્સ/કોન્ટ્રાકટર્સ જયારે આવા મજુરોને કામે રાખે ત્યારે નિયત કરેલ ફોર્મમા માહિતી જે તે પોલીસ સ્ટેશનમા પુરી પાડે તે અંગેનું જાહેરનામુ પ્રસિધ્ધ કરવા દરખાસ્ત કરાયેલ છે.

ગીર સોમનાથ જિલ્લો વિશાળ દરીયા કિનારો ધરાવે છે જિલ્લામાં પવિત્ર યાત્રાધામ સોમનાથ આવેલા છે, આ સિવાય જિલ્લામાં પ્રવાસ-પર્યટનના તથા ધાર્મિક ઘણા સ્થળો આવેલા છે. જયાં વિશાળ પ્રમાણમાં દેશ-વિદેશના પ્રવાસીઓ યાત્રાળુઓ આવે છે આજ રીતે જિલ્લામાં આવેલ ઔદ્યોગીક એકમોમાં પરપ્રાંતના માણસો કામ ધંધા અર્થે આવે છે આવા સંજોગોમાં જાહેર જનતાની સલામતી તથા સુરક્ષા માટે તકેદારીના પગલા લેવા આવશ્યક જણાતાં હોય પોલીસ અધિક્ષકશ્રી, ગીર સોમનાથ જિલ્લો, વેરાવળ તરફથી કરાયેલ દરખાસ્ત વ્યાજબી જણાય છે.

આથી હું, પી. બી. પંડયા, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ગીર સોમનાથ જિલ્લો, વેરાવળ ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨)ની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ સત્તાની રૂઈએ આથી હુકમ કરૂં છું કે, ગીર સોમનાથ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં કોઈ પરપ્રાંતના (ગુજરાત રાજય બહારના) મજુરોને કામે રાખનાર મજુર ઠેકેદારો, કોન્ટ્રાકટરો, સપ્લાયર્સ તથા અન્ય કોઈ મજુરો કામે રાખનારાઓએ આવા મજુરોને કામે રાખે ત્યારે નિયત નમુનાના ફોર્મમા માહિતી ભરપાઈ કરી સબંધીત પોલીસ સ્ટેશન ખાતે પુરી પાડવાની રહેશે.

આ હુકમ બહાર પડયા તારીખથી દિન–૬૦ માટે અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમની જાહેર જનતાને જાણ સંબંધીત કચેરીઓએ તેમના નોટિસ બોર્ડ પર, સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યા ઉપર નકલ ચોંટાડીને તથા માહિતી ખાતાએ વર્તમાનપત્રોમાં પ્રસિધ્ધી કરી કરવાની રહેશે. બોમ્બે પોલીસ એકટની કલમ-૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજ, તારીખ : ૨૭ માહે જાન્યુઆરી, સને-૨૦૧૭ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા કરી જાહેરનામું બહાર પાડેલ છે.

ગીર સોમનાથ, ૨૭ માહે જાન્યુઆરી, સને ૨૦૧૭.

**પી. બી. પંડયા,**
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
ગીર સોમનાથ જિલ્લો,
વેરાવળ.

---

## જાહેરનામું

નં. ડી.એમ.-૧/ફા.બટ/ઈ. નં. ૪૧૩૩/૧૭.-ભાવનગર જિલ્લાના શિહોર ગામની સર્વે નં. ૨૮૨ની શિહોર-ટાણા રોડની દક્ષિણ બાજુએ આવેલ જમીન કે જેનો ઉપયોગ હાલ પોલીસ તંત્ર દ્વારા ફાયરીંગ બટ માટે થાય છે. આ ફાયરીંગ બટ ખાતે આગામી તા. ૦૧-૦૨-૨૦૧૭ થી તા. ૨૦-૦૨-૨૦૧૭ સુધી પોલીસ/ કર્મચારી માટેનો વાર્ષિક ફાયરીંગ પ્રેકટીસ પ્રોગ્રામનું આયોજન કરવામાં આવેલ છે. જે સંદર્ભે શિહોરના સર્વે નં. ૨૮૨ માં ફાયરીંગ બટના સ્થળની પરિકેરથી આજુબાજુના ૧૦૦ મીટર સુધીના વિસ્તારમાં તકેદારીના પગલા રૂપે જરૂરી જાહેરનામું બહાર પાડવા પોલીસ અધિક્ષકશ્રી, ભાવનગરની કચેરીના પત્ર નં. ૬૫/ સીબી-૫/૧૬૬/૨૦૧૭, તા. ૨૩-૦૧-૨૦૧૭ થી દરખાસ્ત રજુ થયેલ છે. જે દરખાસ્ત મુજબનું જાહેરનામું બહાર પાડવું જરૂરી જણાય છે.

સબબ જાનમાલની સલામતી ખાતર મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(ફ)થી મળેલ અધિકારીની રૂઈએ હું, આર. પી. ચૌધરી, (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ભાવનગર જિલ્લો, ભાવનગર આથી ફરમાવું છું કે, શિહોર ગામના સર્વે નં. ૨૮૨ શિહોર-ટાણા રોડની દક્ષિણ દિશાએ ફાયરીંગ બટનું ક્ષેત્રફળ હેકટર ૨–૧૯–૫૩ આરે માં આવેલ છે તે સ્થળ તથા તેની પરીફેરીથી આજુબાજુના ૧૦૦ મીટર સુધીના વિસ્તારમાં આગામી તા. ૦૧-૦૨-૨૦૧૭ થી તા. ૨૦-૦૨-૨૦૧૭ સુધી કોઈપણ શખ્સે જવું નહી તેમજ ઢોરોને સદરહુ વિસ્તારમાં ચરાવવા નહી.

જાહેરનામાનો અમલ તથા તેના ભંગ બદલ પગલા લેવા માટે ફરજ પરના કોઈપણ હેડ કોન્સ્ટેબલ તથા તેનાથી ઉપરના અધિકારીને અધિકાર રહેશે.

આ જાહેરનામાનો ભંગ કર્યેથી આ અધિનિયમની કલમ-૧૩૧ મુજબ સજા થશે.

આજ તારીખ : ૩૦-૦૧-૨૦૧૭ના રોજ મારી સહી તથા કચેરીના સીક્કા કરી જાહેર જનતાની જાણ માટે જાહેરનામું બહાર પાડવામાં આવ્યુ.

ભાવનગર, ૩૦ માહે જાન્યુઆરી, સને ૨૦૧૭.

---

## જાહેરનામું

નં. ડી.એમ.-૧/જા.ના./ઈ. નં. ૪૨૩૩/૨૦૧૭.-ભાવનગર શહેર તથા જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તેમજ જાહેર સુરક્ષા અને સલામતી માટે ગુન્હાઓ બનતા અટકાવવા અને જો બનાવ બને તો તે બનાવને અંજામ આપનાર ઈસમ સુધી પહોંચવા માટે અને તેની ઓળખ મેળવવા માટે ભાવનગર શહેર તથા જિલ્લાના સમગ્ર વિસ્તાર માટે ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪નો બીજો અધિનિયમ) ના કાયદાની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ અધિકારની રૂઈએ હું આર. પી. ચૌધરી, (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ભાવનગર નીચે મુજબનો હુકમ કરૂં છું.

**(૧) મોબાઈલ-સીમકાર્ડ (નવા/જુના)નું વેચાણ કરવા બાબત :**

ગુજરાત રાજ્ય સહિત સમગ્ર દેશમાં બનતા ગુનાઓમાં મોબાઈલ ફોનના ઉપયોગ તથા મોબાઈલ ચોરીના ગુનાઓનું પ્રમાણ વધવા પામેલ છે. આવા ગુનાઓ શોધી કાઢવા માટે ગુનામાં વપરાયેલ અથવા ખોવાઈ ગયેલ મોબાઈલ ફોનના IMEI નંબરનું ટ્રેકીંગ કરીને ગુનાના મુળ સુધી પહોંચવા પ્રયત્નો કરવામાં આવે છે. ઘણી વખતે મોબાઈલ ફોનના વપરાશકર્તા સુધી પહોંચવામાં આવે ત્યારે જાણવા મળે છે કે, તેમને કોઈ અજાણ્યા માણસ પાસેથી મોબાઈલ ખરીદેલ છે. જે મોબાઈલ વેંચનાર/ખરીદનારને ચોરાયેલ અથવા ગુન્હામાં વપરાયેલ હોવાની માહિતી હોતી નથી, તેથી તપાસમાં કોઈ ફળદાયક હકિકત મળતી નથી. જેથી મોબાઈલ હેન્ડસેટ ખરીદનાર/વેચનાર વ્યક્તિની જવાબદારી નક્કી કરવા અને પ્રસ્તુત બાબતે આવા ગુનાઓના મુળ સુધી પહોંચી, સાચા આરોપીને શોધી કાઢવા માટે જુના/નવા મોબાઈલ/સીમકાર્ડ કોની પાસેથી ખરીદેલ છે કે કોને વેચાણ આપેલ છે તે હાલના સંજોગોને ધ્યાને લઈ જાણવું ખુબ જ જરૂરી જણાય છે. આથી જુના/નવા મોબાઈલ/સીમકાર્ડની લે-વેચ કરતા વેપારીઓએ નીચે મુજબનાં નમુનામાં રજીસ્ટર નિભાવવાનું થાય છે.

| ક્રમ | મોબાઈલ/સીમકાર્ડની વિગત/કંપનીનું નામ. | I.M.E.I. Number | મોબાઈલ/ સીમકાર્ડ ખરીદનાર/વેંચનારનું નામ તથા સરનામા, ટેલીફોન નંબરની વિગતો. | મોબાઈલ/ સીમકાર્ડ, ખરીદનાર/ વેંચનારના આઈડેન્ટીટી તથા રેસીડેન્ટ પ્રુફ. |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |

(૧) મોબાઈલ-સીમકાર્ડ લે-વેચ અંગેના રજિસ્ટર/રેકર્ડ સાચવવાની મુદત ૧ વર્ષની રહેશે.

(૨) કોમ્પ્યુટરાઈઝ રજિસ્ટર નિભાવી શકાશે પરતું તેનું નિયમિત બેકઅપ લેવાનું રહેશે.

(૩) મોબાઈલ-સીમકાર્ડની લે-વેચ થયેલ હોય તે અંગેના દસ્તાવેજી પુરાવા તથા આઈ.ડી. પ્રુફ લે-વેચ સમયે જ મેળવવાના રહેશે અને તેની અલાયદી ફાઈલ રાખવી જે ચેકીંગ સમયે બતાવવાની રહેશે અને મોબાઈલ-સીમકાર્ડ લે-વેચ કર્યાની તારીખી દિન-૧૫માં રજિસ્ટરમાં સંપૂર્ણ નોંધ કરી અદ્યતન રાખવાનું રહેશે.

(૪) શોપીંગ મોલમાં મોબાઈલ લે-વેચ કરતા વેપારીઓએ જાહેરનામાંનો અમલ કરવાનો રહેશે.

**(૨) સાયકલ/મોપેડ/વિદ્યુતથી ચાલતા વાહનો તથા જુના વાહનો (તમામ પ્રકારના ફોર વ્હીલર, થ્રી વ્હીલર, ટુ વ્હીલર)ના વેચાણ કરવા બાબત :**

ગુજરાત રાજ્ય સહિત સમગ્ર દેશમાં છેલ્લા કેટલાક સમયથી આતંકવાદી ભાંગફોડીયા તત્વો દેશના અલગ અલગ રાજ્યોમાં આતંક ફેલાવાના હેતુથી રજીસ્ટર્ડ ન થતા હોય તેવા સાયકલ/મોપેડ/વિદ્યુતથી ચાલતા વાહનો તથા જુના વાહનો (તમામ પ્રકારના ફોર વ્હીલર, થ્રી વ્હીલર, ટુવ્હીલર)ના ઉપયોગ કરતા હોવાનું જણાય છે. આતંકિત કૃત્યમાં આવા વાહનોનો ઉપયોગ થયા બાદ આવા વાહનોની કોઈ સ્પષ્ટ નોંધણી ન હોવાના કારણે તેના મુળ માલીક સુધી પહોંચવાનું તપાસ એજન્સી/પોલીસ માટે ખુબ જ મુશ્કેલ બનતું હોય છે. મહદઅંશે આવા વાહનોના વેચાણ વખતે આવા જુના વાહનોની લે-વેચ કરતી વખતે તેમજ આવા વાહનો ભાડે આપતી વખતે વેપારીઓ ખરીદનાર/ ગ્રાહક પાસેથી ઓળખના પુરતા પુરાવા મેળવ્યા વગર વાહનોનું વેચાણ કરતા હોય છે, લે-વેચ કરતા હોય છે કે ભાડે આપતા હોય છે. બહારના રાજ્યોમાંથી અગર દેશ બહારથી આવતા આવા તત્વો રજિસ્ટર્ડ ન થતા હોય તેવા સાઈકલ/મોપેડ/વિદ્યુતથી ચાલતા વાહનો તથા જુના વાહનો (તમામ પ્રકારના ફોર વ્હીલર, થ્રી વ્હીલર, ટુવ્હીલર) ખરીદી/ભાડેથી મેળવી સ્થાનિક પરિસ્થિતિથી માહિતગાર થઈને તેઓની ત્રાસવાદી પ્રવૃત્તિઓને અંજામ આપતા હોય છે. જેથી રજીસ્ટર્ડ ન થતા હોય તેવા સાઈકલ/મોપેડ/વિદ્યુતથી ચાલતા વાહનો તથા જુના વાહનો (તમામ પ્રકારના ફોર વ્હીલર, થ્રી વ્હીલર, ટુ વ્હીલર)નું વેચાણ કરનાર, આવા વાહનોની લે-વેચ કરનાર તથા આવા વાહનો ભાડે આપનાર વેપારીઓ નિયંત્રણો મુકવા જરૂરી જણાય છે. આથી સાઈકલ/મોપેડ/વિદ્યુતથી ચાલતા વાહનો તથા જુના વાહનો (તમામ પ્રકારના ફોર વ્હીલર, થ્રી વ્હીલર, ટુ વ્હીલર) લે-વેચ કરતા વેપારીઓએ નીચે મુજબના નમૂનામાં રજીસ્ટર નિભાવવાનું થાય છે.

| ક્રમ | વાહન કોને વેચેલ છે? કોની પાસેથી ખરીદેલ છે?/ કોને ભાડે આપેલ છે? તેનું પુરૂ નામ અને સરનામું, ટેલીફોન નંબર, ઉંમર. | વાહનનો પ્રકાર | વાહનનો એન્જીન નંબર/ચેસિસ નંબર | રજુ કરેલ આધાર-પુરાવાઓ જેવા કે રેશનકાર્ડ/ચૂંટણીકાર્ડ/ડ્રાઈવીંગ લાયસન્સ/બેન્કની પાસબુક/ પાનકાર્ડ/આકારણી પત્રક/પાસપોર્ટની નકલ/ઈલેક્ટ્રીક બીલ/ ટેલીફોન બીલ/ મોબાઈલ બીલ વિગેરેની પ્રમાણિત નકલો. | વાહનના વેચાણ બીલ નંબર અને તારીખની વિગત. |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |

**(૩) મકાન તથા ઔદ્યોગિક એકમો ભાડે આપવા બાબત :**

રાજ્યમાં ત્રાસવાદી/અસામાજીક તત્વો શહેરોમાં તેમજ ગીચ વસ્તીવાળા વિસ્તારોમાં ગુપ્ત આશરો મેળવી જાહેર સલામતી અને શાંતીનો ભંગ કરી તેમજ આતંકવાદી પ્રવૃતિ કરતા હોવાથી માનવ જીંદગીની ખુવારી થાય છે અને જાહેર તેમજ લોકોની સંપતિને નુકશાન પહોંચે છે. જેમાં બહારના રાજ્યોમાંથી કે દેશ બહારથી આવતા આવા તત્વો કોઈના મકાન ભાડે રાખીને રહેતા હોય છે અને સ્થાનિક વિસ્તારનો સર્વે કરી સ્થાનિક પરિસ્થિતિથી માહિતગાર થઈને તેઓની ત્રાસવાદી પ્રવૃતિઓને અંજામ આપતા હોય છે. જેથી રાજ્ય અને દેશની સલામતી સાચવવા સહકાર મેળવવા માટે મકાન/ઔદ્યોગિક એકમોના માલિકો દ્વારા રાજ્ય/દેશ બહારની વ્યક્તિઓને ભાડે આપતા મકાનો/એકમો બાબતે નજીકના પોલીસ સ્ટેશને મકાન/એકમ ભાડે લેનારના નામો અંગે જાણ કરવામાં આવે તો આવી પ્રવૃતિ કરનારની યોગ્ય ચકાસણી થઈ શકે. જે વિગતે મકાન/ઔદ્યોગિક એકમના માલીકો ઉપર થોડાંગ નિયંત્રણો મુકવા સારુ ભાવનગર જિલ્લામાં મકાન, ઔદ્યગિક એકમો ભાડે આપતા પહેલા પોલીસ તંત્રને નીચે મુજબનાં નમુનામાં જાણ કરવાની રહેશે.

| નં. | મકાન માલીકનું નામ તથા ભાડે આપવાનું મકાન/એકમ કયા શહેર અને તેના વિસ્તાર/ગામમાં આવેલ છે ? તેનું બાંધકામ કેટલા ચો. મી. છે ? | મકાન/એકમ ભાડે આપવા ખાસ સતા ધરાવતા વ્યક્તિનું નામ. | મકાન/એકમ ક્યારથી ભાડે આપવાનું છે તથા માસિક કેટલા ભાડાથી આપવા ધારેલ છે. | જે વ્યકિતને મકાન/એકમ ભાડે આપવાનું હોય તેનાં પાકા નામ તથા સરનામા તથા તેના સંપર્ક નંબરો સહિતની વિગતો. | મકાન માલિકને ભાડુઆતનો સંપર્ક કરાવનાર વ્યક્તિનું નામ/સરનામું. |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |

**(૪) હોટલ/ગેસ્ટ હાઉસ/મુસાફરખાના ભાડે આપવા તથા તેમા સી.સી.ટી.વી. કેમેરા ગોઠવવા બાબત :**

ગુજરાત રાજ્ય સહિત સમગ્ર દેશમાં આતંકવાદ/ત્રાસવાદી તત્વો બહારના રાજ્યો કે દેશ બહારથી આવતા હોય છે, અને હોટલ/ગેસ્ટ હાઉસ/મુસાફરખાના ભાડે રાખી રહેતા હોય છે. તેમજ વિસ્તારનો સર્વે કરી સ્થાનિક પરિસ્થિતિથી માહિતગાર થઈને ત્રાસવાદી પ્રવૃત્તિઓને અંજામ આપતા હોય છે. ભાવનગર જિલ્લો વિશાળ દરિયાકિનારો ધરાવે છે. આ જિલ્લામાં પ્રવાસ-પર્યટનના તથા ધાર્મિક સ્થળો આવેલા છે, જ્યાં વિશાળ પ્રમાણમાં દેશ-વિદેશના પ્રવાસીઓ, યાત્રાળુઓ આવતા હોય છે. તેમજ આ જિલ્લામાં આવેલ ઔદ્યોગિક એકમોમાં પરપ્રાંતીય માણસો કામ-ધંધા અર્થે આવે છે. આવા સંજોગોમાં ત્રાસવાદી પ્રવૃત્તિ સાથે સંકળાયેલ કોઈ વ્યક્તિ હોટલ/ગેસ્ટહાઉસ/મુસાફરખાનામાં આશરો લઈ સ્થાનિક માણસો સાથે ભળી જઈ બદઈરાદો પાર ન પાડે તે માટે જાહેર જનતાની સલામતી તથા સુરક્ષા માટે તકેદારીના પગલા લેવા આવશ્યક છે. આથી હોટલ/ગેસ્ટહાઉસ/મુસાફરખાના, રાહતદરે ચાલતી કે સખાવતથી ચાલતી, તમામ સહકારી, ધાર્મિક કે ટ્રસ્ટના અને ખાનગી વ્યવસાયો/સંસ્થાઓના માલીકોએ, નીચે મુજબના નમુનામાં રજિસ્ટર નિભાવવા, દર માસે સંબંધિત પોલીસ સ્ટેશનને જાણ કરવા તથા તેમાં સી.સી.ટી.વી. કેમેરા, ઈન્ટરનેટ કનેક્ટીવીટી તથા આઈ.પી. કેમેરા નાઈટ વિઝન સાથેના નીચેની વિગતે ગોઠવવાના રહેશે.

| નં. | ગેસ્ટનું નામ, સરનામું | સંપર્ક નંબર | આવ્યા તારીખ, સમય | ક્યાંથી આવ્યા છે? | ક્યાં જવાના છે? | આવવાનું કારણ | આઈ.ડી.પ્રુફની વિગત (રહેનાર સભ્યો એક જ કુટુંબના હોય ત્યારે કુટુંબની મુખ્ય વ્યક્તિનું આઈ.ડી. પ્રુફ મેળવવાનું રહેશે, જ્યારે કુટુંબ સિવાયના અન્ય તમામ મુસાફરોનું આઈ.ડી. પ્રુફ મેળવવાનું રહેશે.) | ગયા તારીખ, સમય | ગેસ્ટનું નામ તથા સહી | રીમાર્કસ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ |

(૧) સી.સી.ટી.વી. કેમેરા, ઈન્ટરનેટ કનેકટીવીટી તથા આઈ.પી. કેમેરા નાઈટ વિઝન સુવિધા સાથેના હોવા જોઈએ.

(૨) હોટલ, ગેસ્ટહાઉસ, મુસાફરખાનામાં પ્રવેશદ્વાર ઉપર ગ્રાહકનું મોઢું જોઈ શકાય તે રીતે મુખ્ય પ્રવેશદ્વાર ઉપર આઈ.પી. કેમેરા નાઈટ વિઝન સાથેના લગાડેલ હોવા જોઈએ.

(૩) વાહનનો નંબર જોઈ શકાય તે રીતે વાહન પાર્કિંગમાં આઈ.પી. કેમેરા નાઈટ વિઝન સાથેના લગાડેલ હોવા જોઈએ.

(૪) રીસેપ્શન ઉપર ગ્રાહકનું મોઢું જોઈ શકાય તે રીતે આઈ.પી. કેમેરા નાઈટ વિઝન સાથેના લગાડેલ હોવા જોઈએ.

(૫) ઓછામાં ઓછું દિન-૧૫નું રેકોર્ડીંગ સ્ટોર રહેવું જોઈએ.

**(૫) પાકા બાંધકામવાળા રેસ્ટોરન્ટો-ભોજનાલયો, ટ્રાવેલ્સ એજન્સીની બસો, શાળા કોલેજ તેમજ અન્ય શૈક્ષણિક સંકુલોની બસો, જુદી-જુદી તમામ બેંકો, બેંકના એ.ટી.એમ. મશીન સેન્ટરો, સોના-ચાંદીની દુકાનો, પેટ્રોલ પંપ તથા પાંચ કે તેથી વધુ દુકાન હોય તેવા કોમર્શીયલ કોમ્પલેક્ષોમાં ઇન્ટરનેટ કનેકટીવીટી તથા આઇપી નાઇટવીઝન સાથેના સી.સી.ટી.વી. કેમેરા લગાવવા બાબત :-**

ભાવનગર શહેર તથા જિલ્લામાં ખૂબ મોટા પ્રમાણમાં રેસ્ટોરન્ટો, ટ્રાવેલ્સ એજન્સીઓ, શાળા કોલેજ તેમજ અન્ય શૈક્ષણિક સંકુલો, જુદી-જુદી બેંકો, એ.ટી.એમ. મશીન, સોના-ચાંદીની દુકાનો, પેટ્રોલ પંપ તથા કોમર્શીયલ કોમ્પલેક્ષ આવેલા છે. આ તમામ સ્થળોએ મોટી સંખ્યામાં માણસો/વાહનોની અવર-જવર રહેતી હોય છે જેને લીધે અપહરણ, છેડતીના બનાવો, લૂંટ, નશીલા પદાર્થોની હેરાફેરી વિગેરે જુદા-જુદા પ્રકારના ગુન્હાઓ બનવાની શકયતાને નકારી શકાય તેમ નથી તથા હાલના ઝડપી વાહનવ્યવહારના સમયમાં દુરના ઈસમો એ.ટી.એમ. મશીનો, સોના-ચાંદીની દુકાન તથા પેટ્રોલ પંપની રેકી કરી પ્લાન બનાવી લુંટના ગુન્હાઓ આચરે છે અને આવા ગુન્હાઓ ભવિષ્યમાં બનતા રહે અને તેના પ્રમાણમાં વધારો થતો રહે તે હકિકત નકારી શકાય નહી તથા ભાવનગર જિલ્લામાં ચોરી તથા ચેઈન સ્નેચીંગના બનાવો બનવા પામે છે અને આ બનાવોમાં સોના-ચાંદીના ઘરેણા ચોર ઈસમો મોટાભાગે સોના-ચાંદીની દુકાને વેચવા જતા હોય છે અને સોના-ચાંદીના વેપારીઓ ઓછી કિંમતે ચોરીના ઘરેણા પૈસાની લાલચે ખરીદી કરે છે અને લીધેલ ઘરેણાને ઓગાળીને લગડી બનાવી નાખે છે. જેથી ચોરીમાં ગયેલ ઘરેણાની ઓળખ શકય બનતી નથી અને ઘણા કિસ્સાઓમાં ચોર ઈસમ જે સોના-ચાંદીની દુકાને ઘરેણા વેચેલ હોય તે દુકાન બતાવતા હોય છે પરંતુ સોની(વેપારી) ઘણા કિસ્સામાં તે હકિકત સ્વિકારતા નથી અને તે સમયે કોઈ ચોક્કસ પુરાવા નહી હોવાના કારણે તપાસમાં મુશ્કેલીઓ ઉભી થવા પામે છે. તેથી ભાવનગર શહેર અને જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે, તેમજ ઉકત ગુન્હાઓ બનતા અટકાવવા અને જો બનાવ બને તો તે બનાવને અંજામ આપનાર ઈસમ સુધી પહોંચવા માટે અને તેની ઓળખ મેળવવા માટે ભાવનગર શહેર તથા જિલ્લામાં આવેલ પાકા બાંધકામવાળા રેસ્ટોરન્ટો-ભોજનાલયો, ટ્રાવેલ્સ એજન્સીની બસો, શાળા કોલેજ તેમજ અન્ય શૈક્ષણિક સંકુલોની બસો, જુદી-જુદી તમામ બેંકો, બેંકના એ.ટી.એમ. મશીન સેન્ટરો, સોના-ચાંદીની દુકાનો, પેટ્રોલ પંપ તથા પાંચ કે તેથી વધુ દુકાન હોય તેવા કોમર્શીયલ કોમ્પલેક્ષોમાં ઈન્ટરનેટ કનેકટીવીટી તથા આઈપી નાઈટવીઝન સાથેના સી.સી.ટી.વી. કેમેરા હોવા જરૂરી જણાતા હોય, સમગ્ર ભાવનગર જિલ્લામાં આવેલ તમામ પાકા બાંધકામવાળા રેસ્ટોરન્ટો-ભોજનાલયો, ટ્રાવેલ્સ એજન્સીની બસો, શાળા કોલેજ તેમજ અન્ય શૈક્ષણિક સંકુલોની બસો, જુદી-જુદી તમામ બેંકો, બેંકના એ.ટી.એમ. મશીન સેન્ટરો, સોના-ચાંદીની દુકાનો, પેટ્રોલ પંપો તથા પાંચ કે તેથી વધુ દુકાન હોય તેવા કોમર્શીયલ કોમ્પલેક્ષોમાં ઈન્ટરનેટ કનેકટીવીટી તથા આઈપી નાઈટવીઝન સાથેના સી.સી. ટી.વી. કેમેરાઓ લગાવવાના રહેશે.

સદરહું જાહેરનામું તા. ૦૧-૦૨-૨૦૧૭ થી ૦૧-૦૪-૨૦૧૭ સુધી (બંને દિવસો સુધ્ધા) દિન-૬૦ માટે અમલમાં રહેશે.

આ જાહેરનામાનો ભંગ કરનાર વ્યકિત ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

‘‘જાહેરનામાના અમલ તથા તેના ભંગ બદલ પગલા લેવા હેડકોન્સ્ટેબલથી નીચેના ન હોય તેવા પોલીસ અધિકારીશ્રીને અધિકૃત કરવામાં આવે છે.’’

આ અગેનું રેકર્ડ/માહિતી પોલીસ અધીક્ષકશ્રી, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી, એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટશ્રી કે તેમના તાબાના અધિકારીશ્રી દ્વારા સુચના મળ્યે રજુ કરવાની રહેશે.

આ જાહેરનામું જાહેર વિસ્તારોમાં સહેલાઈથી દેખી શકાય તેવી રીતે તેની નકલ ચોંટાડીને તેમજ સ્થાનિક વર્તમાનપત્રોમાં બહોળી પ્રસિધ્ધી આપીને પ્રસિધ્ધ કરવાનું આથી ફરમાવું છું.

આજ, તા. ૩૦-૦૧-૨૦૧૭ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી જાહેરનામું બહાર પાડેલ છે.

ભાવનગર, ૩૦ માહે જાન્યુઆરી, સને ૨૦૧૭.

---

## જાહેરનામુ

નં. ડીએમ-૧/ઈ.નં. ૩૬૯૫/૨૦૧૭.-ભાવનગર શહેર તથા જિલ્લામાં, જિલ્લા પંચાયત સેવા પસંદગી સમિતિ દ્વારા આગામી તા. ૨૨-૦૨-૨૦૧૪ તથા તા. ૨૩-૦૨-૨૦૧૪ના રોજ જુનીયર કલાર્ક (વહીવટ/હિસાબ), તલાટી-કમ -મંત્રી (ગ્રામ પંચાયત મંત્રી), મલ્ટી પર્પઝ હેલ્થ વર્કર (પુરૂષ), તથા ફીમેલ હેલ્થ વર્કરની સીધી ભરતીની સ્પર્ધાત્મક લેખીત પરીક્ષા યોજાનાર છે. આ પરીક્ષા દરમિયાન પરીક્ષા કેન્દ્રો ખાતે પરીક્ષાર્થીઓ નિર્ભયતાથી, શાંતિપૂર્વક તેમજ એખલાસભર્યા વાતાવરણમાં પરીક્ષા આપી શકે, પરીક્ષા કેન્દ્રોની આજુ બાજુના વિસ્તારોમાં અસામાજીક ગુંડાતત્વો એકઠા થઈ પરીક્ષાર્થીઓને ખલેલ પહોંચાડે નહી તેમજ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે માટે જાહેર હિતમાં હું આર. પી. ચૌધરી, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભાવનગર જિલ્લો, ભાવનગર, ભારતના ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪નો બીજો)ની કલમ-૧૪૪ થી મને મળેલ અધિકારની રૂઈએ ફરમાવું છું કે, આગામી તા. ૧૨-૦૨-૨૦૧૭ ના રોજ ૧૧-૦૦ કલાક થી ૧૨-૦૦ કલાક સુધી તલાટી કમ મંત્રી, તથા ૧૫-૦૦ કલાક થી ૧૬-૦૦ કલાક સુધી મલ્ટી પર્પઝ હેલ્થ વર્કર (પુરૂષ)ની પરીક્ષા દરમ્યાન તા. ૧૮-૦૨-૨૦૧૭ના રોજ ૧૬-૦૦ કલાક થી ૧૭-૦૦ કલાક સુધી ગ્રામ સેવકની પરીક્ષા દરમિયાન તા. ૧૯-૦૨-૨૦૧૭ના રોજ ૧૧-૦૦ કલાક થી ૧૨-૦૦ કલાક સુધી જુનીયર કલાર્ક (વહીવટ/હિસાબ), તથા ૧૫-૦૦ કલાક થી ૧૬-૦૦ કલાક સુધી ફીમેલ હેલ્થ વર્કરની પરીક્ષા દરમિયાન આ સાથે સામેલ અનુસુચિમાં દર્શાવેલ પરીક્ષા કેન્દ્રો ઉપર નીચે મુજબનાં પ્રતિબંધો ફરમાવવામાં આવે છે.

(૧) પરીક્ષા કેન્દ્રોની આસપાસ આવેલા ઝેરોક્ષ/પ્રીન્ટ/ફેકસનાં વ્યવસાય સાથે સંકળાયેલા વેપારીઓએ ઝેરોક્ષ/પ્રીન્ટ/ફેકસ મશીનોના ઉપયોગ પર.

(૨) પરીક્ષા કેન્દ્રોની આસપાસ મોટા અવાજે લાઉડ સ્પીકર કે બેન્ડવાજા વિગેરે ધ્વનિવર્ધક સાધનોના ઉપયોગ પર.

(૩) પરીક્ષા કેન્દ્રમાં મોબાઈલ/સેલ્યુલર ફોન, સ્માર્ટ વોચ તથા કેલ્કયુલેટર કે કોઈપણ વિજાણુયંત્ર લઈ જવા પર.

(૪) પરીક્ષા કેન્દ્રની આસપાસના વિસ્તારમાં ચાર કે તેથી વધુ માણસો એકઠા થવા પર.

(૫) પરીક્ષા કેન્દ્રોમાં પરીક્ષાર્થીઓ તથા ફરજ પરના સ્ટાફ કે અધિકૃત વ્યકિત સિવાય કોઈ અનઅધિકૃત વ્યકિતએ પરીક્ષા કેન્દ્રમાં પ્રવેશવા પર.

સદરહું જાહેરનામું ઉકત જણાવ્યા મુજબના પરીક્ષા કેન્દ્રો ઉપરાંત જો નવા પરીક્ષા કેન્દ્રો જાહેર થશે તો તેને પણ લાગુ પડશે.

સદરહું જાહેરનામા/હુકમનો ઉલ્લંઘન કરનારને ભારતના ફોજદારી અધિનિયમ (સને ૧૮૬૦ના ૪૫માં અધિનિયમ)ની કલમ-૧૮૮ મુજબ સજા થશે.

‘‘જાહેરનામાના અમલ તથા તેના ભંગ બદલ પગલા લેવા હેડકોન્સ્ટેબલથી નીચેના ન હોય તેવા અધિકારીશ્રીને અધિકૃત કરવામાં આવે છે.

ઉપર નિર્દિષ્ટ કરેલા વિસ્તારોમાં સહેલાઈથી દેખી શકાય તેવી જગ્યાઓએ આ હુકમની નકલો ચોંટાડીને અને સ્થાનિક વર્તમાનપત્રો દ્વારા તેની બહોળી પ્રસિધ્ધી કરાવીને સદરહું હુકમ પ્રસિધ્ધ કરવો.

આજ તારીખ : ૩૦-૦૧-૨૦૧૭ ના રોજ મારી સહી કરી હુકમ પ્રસિધ્ધ કર્યો.

ભાવનગર, ૩૦ માહે જાન્યુઆરી, સને ૨૦૧૭.

Online Job Application System **(પરીક્ષા તારીખ : ૧૨-૦૨-૨૦૧૭ સમય : ૧૧-૦૦ થી ૧૨-૦૦)**

**પેટા કેન્દ્રો (શાળા/કોલેજ)ની યાદી અને ફાળવેલ કુલ બ્લોક અને કુલ ઉમેદવારની વિગત દર્શાવતું પત્રક**

**જાહેરાત નંબર :** DPSSC14/2016-17/2............. Job Title : **તલાટી કમ મંત્રી (ગ્રામ પંચાયત મંત્રી)** for BHAVNAGAR District

**District Name : BHAVNAGAR**

| ક્રમ | પેટા કેન્દ્ર (શાળા/કોલેજનું નામ) | પેટા કેન્દ્રનું સરનામું | ઉપયોગમાં લેવાનાર રૂમમાં ઉમેદવારની સંખ્યા | ઉપયોગમાં લેવાનાર રૂમની સંખ્યા | ફાળવેલ ઉમેદવારના બેઠક નંબર | ઈન્ચાર્જ વ્યકિતનું નામ અને ફોન નંબર |
|---|---|---|---|---|---|---|
| ૧ | ધનેશ મહેતા હાઈસ્કુલ | ક્રેસંટ સર્કલ, ભાવનગર | ૧૮૦ | ૬ | ૨૦૦૦૦૦૧-૨૦૦૦૧૮૦ | એચ. પી. કાલરા ૯૯૭૯૭૦૭૮૩૩ |
| ૨ | અલ મહેંદી સ્કૂલ | શિશુવિહાર સર્કલ, ભાવનગર | ૪૫૦ | ૧૫ | ૨૦૦૦૧૮૧-૨૦૦૦૬૩૦ | મલ્લિકાબેન વ્યાસ ૭૨૦૩૦૩૩૯૧૧ |

| ક્રમ | પેટા કેન્દ્ર (શાળા/કોલેજનું નામ) | પેટા કેન્દ્રનું સરનામું | ઉપયોગમાં લેવાનાર રૂમમાં ઉમેદવારની સંખ્યા | ઉપયોગમાં લેવાનાર રૂમની સંખ્યા | ફાળવેલ ઉમેદવારના બેઠક નંબર | ઈન્ચાર્જ વ્યકિતનું નામ અને ફોન નંબર |
|---|---|---|---|---|---|---|
| ૩ | પ્રણવબક્ષી હાઈસ્કુલ | શિશુવિહાર સર્કલ, ભાવનગર | ૨૪૦ | ૮ | ૨૦૦૦૬૩૧-૨૦૦૦૮૭૦ | જરજીસભાઈ એ. કાજી ૮૨૬૪૨૯૨૯૨૯ |
| ૪ | મહાલક્ષ્મી ગર્લ્સ હાઈસ્કુલ | ડોન ચોક, ભાવનગર | ૩૦૦ | ૧૦ | ૨૦૦૦૮૭૧-૨૦૦૧૧૭૦ | વિમળાબેન પી. પટેલ ૯૯૨૪૮૧૮૨૧૦ |
| ૫ | ન. ચ. ગાંધી મહિલા કોલજે | ૮૮૩, મહિલા કોલેજ ડાયમંડ ચોક, ભાવનગર | ૩૬૦ | ૧૨ | ૨૦૦૧૧૭૧-૨૦૦૧૫૩૦ | વી. ડી. ચૌધરી ૯૮૭૯૮૦૩૦૪૫ |
| ૬ | માજીરાજ ગર્લ્સ હાઈસ્કુલ | હલુરીયા ચોક, ભાવનગર | ૩૦૦ | ૧૦ | ૨૦૦૧૫૩૧-૨૦૦૧૮૩૦ | આશાબેન એન. જાની ૯૪૨૮૨૨૧૯૦૩ |
| ૭ | મુકતાલક્ષ્મી મહિલા વિદ્યાલય | હલુરીયા ચોક, કિર્તી કલિનીક સામે, ભાવનગર | ૩૬૦ | ૧૨ | ૨૦૦૧૮૩૧-૨૦૦૨૧૯૦ | વસંતબેન જે. જાંબુચા ૯૮૨૪૨૨૪૦૭૬ |
| ૮ | શાંતીલાલ શાહ હાઈસ્કુલ | હાઈકોર્ટની બાજુમાં, હલુરીયા ચોક, ભાવનગર | ૩૬૦ | ૧૨ | ૨૦૦૨૧૯૧-૨૦૦૨૫૫૦ | ડી. કે. વ્યાસ ૯૪૨૮૬૩૭૨૭૪ |
| ૯ | ટી. બી. જૈન ગર્લ્સ હાઈસ્કુલ | ઘોઘા ગેઈટ, પોલીસ ચોકી સામે, ભાવનગર | ૩૬૦ | ૧૨ | ૨૦૦૨૫૫૧-૨૦૦૨૯૧૦ | નયનાબેન ડી. ત્રિવેદી ૯૪૨૬૩૧૫૮૪૦ |
| ૧૦ | શ્રી વી. પી. કાપડીયા કોલેજ | નાની અંબાજીનો ખાંચો, હાઈકોર્ટ રોડ, ભાવનગર | ૨૭૦ | ૯ | ૨૦૦૨૯૧૧-૨૦૦૩૧૮૦ | ચંદ્રિકાબેન સોલંકી ૯૪૨૭૭૮૦૯૪૮ |
| ૧૧ | સનાતન ધર્મ હાઈસ્કુલ | વડવા વોશીંગ ઘાટ, ભાવનગર | ૩૬૦ | ૧૨ | ૨૦૦૩૧૮૧-૨૦૦૩૫૪૦ | ડો. એમ. એમ. દાફડા ૯૪૨૬૯૬૬૬૫૩ |
| ૧૨ | એમ. કે. જમોડ હાઈસ્કુલ | માજીરાજ ગેસ્ટ હાઉસ સામે, પાનવાડી, ભાવનગર | ૪૫૦ | ૧૫ | ૨૦૦૩૫૪૧-૨૦૦૩૯૯૦ | જયેશભાઈ એમ. જમોડ ૯૪૨૮૭૮૫૦૦૨ |
| ૧૩ | સરકારી મેડિકલ કોલેજ | એસ. ટી. બસ સ્ટેશન પાછળ, જેલ રોડ, ભાવનગર | ૩૦૦ | ૧૦ | ૨૦૦૩૯૯૧-૨૦૦૪૨૯૦ | નિલેષકુમાર પી. વ્યાસ ૯૪૨૭૨૬૮૯૬૪ |
| ૧૪ | સેન્ટ ઝેવિયર્સ હાઈસ્કુલ | જેલ રોડ, ભાવનગર | ૩૦૦ | ૧૦ | ૨૦૦૪૨૯૧-૨૦૦૪૫૯૦ | ફાધર મેથ્યુ ૯૯૦૯૬૫૮૦૨૫ |
| ૧૫ | સરકારી નર્સિંગ કોલેજ | સરકારી નર્સીંગ કોલેજ, સર ટી. જનરલ હોસ્પીટલ કેમ્પસ, ભાવનગર | ૨૭૦ | ૯ | ૨૦૦૪૫૯૧-૨૦૦૪૮૬૦ | અનિલ એચ. માંડવીયા ૯૮૯૮૫૩૫૪૯૮ |
| ૧૬ | સિસ્ટર નિવેદીતા સ્કુલ | નીલમબાગ સર્કલ, મ્યુ. સ્નાનગૃહ પાસે, ભાવનગર | ૩૦૦ | ૧૦ | ૨૦૦૪૮૬૧-૨૦૦૫૧૬૦ | સુરેશભાઈ બી. યાદવ ૭૮૭૪૬૧૧૮૧૦ |
| ૧૭ | નંદકુવરબા ક્ષત્રિય કન્યા વિદ્યાલય | નિલમબાગ, ભાવનગર | ૩૬૦ | ૧૨ | ૨૦૦૫૧૬૧-૨૦૦૫૫૨૦ | રાજેશ્વરીબા કે. ગોહિલ ૯૭૯૦૮૯૯૫૧ |
| ૧૮ | દોલત અંનત વળીયા હાઈસ્કુલ | શાસ્ત્રીનગર, ભાવનગર | ૩૦૦ | ૧૦ | ૨૦૦૫૫૨૧-૨૦૦૫૮૨૦ | જયદિપસિંહ ગોહિલ ૯૬૦૧૬૧૮૧૪૫ |
| ૧૯ | વિદ્યાવિહાર માધ્યમિક શાળા | ઝવેરભાઈની વાડી, દેસાઈનગર પેટ્રોલ પંપ સામે, ભાવનગર | ૩૦૦ | ૧૦ | ૨૦૦૮૫૨૧-૨૦૦૬૧૨૦ | છગનભાઈ એસ. જાબુંચા ૯૮૯૮૨૦૧૧૯૪ |
| ૨૦ | શ્રી સ્વામીનારાયણ વિદ્યાસાગર માધ્યમિક શાળા | પ્લોટ નં. ૧૪૨/૧૪૨, સરકારી પ્રેસ કવાર્ટર પાછળ, શાંતિનગર, ચિત્રા, ભાવનગર | ૨૪૦ | ૮ | ૨૦૦૬૧૨૧-૨૦૦૬૩૬૦ | જી. જે. મીયાણી ૯૪૨૯૦૦૫૦૬૨ |
| ૨૧ | સ્વામિનારાયણ વિદ્યાલય | જી. આઈ. ડી. સી. ચિત્રા, ભાવનગર | ૩૦૦ | ૧૦ | ૨૦૦૬૩૬૧-૨૦૦૬૬૬૦ | બટુકભાઈ પટેલ ૯૪૨૮૧૧૮૮૯૩ |
| ૨૨ | સ્વામિનારાયણ માધ્યમિક શાળા | નિર્ભય સોસાયટી, ચિત્રા, ભાવનગર | ૩૦૦ | ૧૦ | ૨૦૦૬૬૬૧-૨૦૦૬૯૬૦ | કોરડીયા લાલજીભાઈ ચતુરભાઈ ૯૯૨૪૧૮૧૨૪૪ |
| ૨૩ | ક્રાઈસ્ટ હાઈસ્કુલ | સીદસર-ચિત્રા રોડ, ચિત્રા, ભાવનગર | ૩૦૦ | ૧૦ | ૨૦૦૬૯૬૧-૨૦૦૭૨૬૦ | ફાધર રેજીમો ૯૪૨૬૨૫૫૮૦૦ |

| ક્રમ | પેટા કેન્દ્ર (શાળા/કોલેજનું નામ) | પેટા કેન્દ્રનું સરનામું | ઉપયોગમાં લેવાનાર રૂમમાં ઉમેદવારની સંખ્યા | ઉપયોગમાં લેવાનાર રૂમની સંખ્યા | ફાળવેલ ઉમેદવારના બેઠક નંબર | ઈન્ચાર્જ વ્યકિતનું નામ અને ફોન નંબર |
|---|---|---|---|---|---|---|
| ૨૪ | સંસ્કાર વિદ્યાલય શાળા | આખલોલ જકાતનાકા, મહાદેવનગર, ભાવનગર | ૨૪૦ | ૮ | ૨૦૦૭૨૬૧- ૨૦૦૭૫૦૦ | ભાવેશભાઈ બી. વાજા ૯૮૯૮૫૮૫૦૪૦ |
| ૨૫ | એસ. કે. વિદ્યા મંદિર | મસ્તરામબાપાના મંદિર સામે, પાણીની વાવ પાસે, જી.આઈ.ડી.સી., ચિત્રા, ભાવનગર | ૨૪૦ | ૮ | ૨૦૦૭૫૦૧- ૨૦૦૭૭૪૦ | બ્રિજરાજભાઈ એચ. ડોડીયા ૯૯૦૯૦૧૩૭૩૪ |
| ૨૬ | દક્ષિણા મૂર્તિ વિનય મંદિર | ગીજુભાઈ માર્ગ, પરીમલ ચોક, વઘાવાડી રોડ, ભાવનગર | ૪૫૦ | ૧૫ | ૨૦૦૭૭૪૧- ૨૦૦૮૧૯૦ | પટેલ ભરતભાઈ વી. ૯૯૯૮૯૯૪૧૩૦ |
| ૨૭ | શ્રી ગીજુભાઈ વિનય મંદિર | સત્યનારાયણ રોડ, કલાક્ષેત્રની બાજુમાં, પરીમલ ચોક, ભાવનગર | ૩૦૦ | ૧૦ | ૨૦૦૮૧૯૧- ૨૦૦૮૪૯૦ | ભાવનાબેન આઈ. ભટ્ટ ૯૪૨૬૧૭૧૪૧૩ |
| ૨૮ | શ્રી આર. કે. ઘરશાળા માધ્યમિક શાળા | પરિમલ ચોક, વાઘાવાડી રોડ, ભાવનગર | ૪૫૦ | ૧૫ | ૨૦૦૮૪૯૧- ૨૦૦૮૯૪૦ | પ્રદીપભાઈ ત્રિવેદી ૮૪૬૦૦૭૦૦૧૪ |
| ૨૯ | હોમ સ્કુલ અંગ્રેજી મીડીયમ (ઘરશાળા સંસ્થા) | હરભાઈ ત્રિવેદી માર્ગ, શિખર ફલેટની સામે, વાઘાવાડી રોડ, ભાવનગર | ૩૦૦ | ૧૦ | ૨૦૦૮૯૪૧- ૨૦૦૯૨૪૦ | વેલેરીયન ફર્નાન્ડીસ ૯૩૨૮૭૨૭૯૧૩ |
| ૩૦ | સર પી. પી. ઈન્સ્ટીટ્યુટ ઓફ સાયન્સ કોલેજ | વાઘાવાડી રોડ, ભાવનગર | ૪૫૦ | ૧૫ | ૨૦૦૯૨૪૧- ૨૦૦૯૬૯૦ | પ્રો. નીતીનભાઈ મહેતા ૯૪૨૭૭૫૪૭૦૧ |
| ૩૧ | શામળદાસ આર્ટસ કોલેજ | વાઘાવાડી રોડ, ભાવનગર | ૪૫૦ | ૧૫ | ૨૦૦૯૬૯૧- ૨૦૧૦૧૪૦ | ડો. કે. ડી. બગડા ૯૬૮૭૭૬૧૨૧૨ |
| ૩૨ | બી. એમ. કોમર્સ કોલેજ | ઘોઘા સર્કલ, ભાવનગર | ૪૫૦ | ૧૫ | ૨૦૧૦૧૪૧- ૨૦૧૦૫૯૦ | પરેશભાઈ ત્રિવેદી ૯૪૨૭૬૧૪૯૬૮ |
| ૩૩ | કે. આર. દોશી હાઈસ્કુલ | સરદારનગર, ભાવનગર | ૨૪૦ | ૮ | ૨૦૧૦૫૯૧- ૨૦૧૦૮૩૦ | આશીષભાઈ આચાર્ય ૯૮૨૫૨૭૭૨૫૦ |
| ૩૪ | સ્વામિનારાયણ ગુરૂકુળ | શ્રી સહજાનંદ સ્વામિ માર્ગ, ગુરૂકુળ કેમ્પસ, સરદારનગર, ભાવનગર | ૩૬૦ | ૧૨ | ૨૦૧૦૮૩૧- ૨૦૧૧૧૯૦ | આર. આઈ. હરણીયા ૯૮૨૪૨૬૦૯૫૦ |
| ૩૫ | શેઠ એચ. જે. લો કોલેજ | સરદારનગર સર્કલ, સ્વામીનારાયણ ગુરૂકુળ સામે, ભાવનગર | ૩૦૦ | ૧૦ | ૨૦૧૧૧૯૧- ૨૦૧૧૪૯૦ | ડો. જે. એ. પંડયા ૯૪૦૮૭૦૬૦૨૫ |
| ૩૬ | સંતકવરામ સિંધી હાઈસ્કુલ | ૧૯૪૫, સરદારનગર, ભાવનગર | ૧૮૦ | ૬ | ૨૦૧૧૪૯૧- ૨૦૧૧૬૭૦ | નિર્મલભાઈ કે. ગોપલાણી ૯૩૨૭૬૧૬૭૭૨ |
| ૩૭ | એકતા હાઈસ્કુલ | રામમંત્ર મંદિર પાસે, કાળીયાબીડ, ભાવનગર | ૩૦૦ | ૧૦ | ૨૦૧૧૬૭૧- ૨૦૧૧૯૭૦ | પ્રકાશભાઈ જે. જાની ૯૯૯૮૮૭૩૩૦૯ |
| ૩૮ | બેબીલેન્ડ માધ્યમિક શાળા | જ્ઞાનગુરૂ વિદ્યાલય કેમ્પસ, રામમંત્ર મંદિર સામે, કાળીયાબીડ,, ભાવનગર | ૩૦૦ | ૧૦ | ૨૦૧૧૯૭૧- ૨૦૧૨૨૭૦ | પરેશભાઈ એચ. જાની ૯૪૨૮૯૯૧૦૨૫ |
| ૩૯ | આર્યકુળ કન્યા વિદ્યાલય | જૈન દેરાસર સામે, ભરતનગર, ભાવનગર | ૪૫૦ | ૧૫ | ૨૦૧૨૨૭૧- ૨૦૧૨૭૨૦ | ગૌરાંગભાઈ ભટ્ટ ૮૪૮૭૯૬૯૩૫૯ |
| ૪૦ | નંદકુંવરબા મહિલા કોલેજ | દેવરાજ નગર-૨, શહેર ફરતી સડક, ઘોઘા રોડ, ભાવનગર | ૫૧૦ | ૧૭ | ૨૦૧૨૭૨૧- ૨૦૧૩૨૩૦ | ડો. નેહલભાઈ ત્રિવેદી ૯૯૯૮૬૨૨૪૭૭ |
| ૪૧ | જ્ઞાનગુરૂ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા (પારીજાત) | સાગવાડી, કાળીયાબીડ, ભાવનગર | ૨૪૦ | ૮ | ૨૦૧૩૨૩૧ ૨૦૧૩૪૭૦ | શિવરાજસિંહ વી. રાઠોડ ૮૦૦૦૩૬૧૧૪૨ |
| ૪૨ | બી. એન. વિરાણી માધ્યમિક શાળા | ૩૫-એ, કાળીયાબીડ, ભાવનગર | ૩૦૦ | ૧૦ | ૨૦૧૩૪૭૧- ૨૦૧૩૭૭૦ | અરવિંદભાઈ જે. ભુત ૯૯૭૮૭૮૪૩૬૫ |
| ૪૩ | બી. એન. વિરાણી ઉચ્ચતર માધ્યમિક શાળા | ૩૫-એ, કાળીયાબીડ, ભાવનગર | ૪૫૦ | ૧૫ | ૨૦૧૩૭૭૧- ૨૦૧૪૨૨૦ | કાશમીરાબેન વી. સુતરીયા ૯૩૨૭૩૬૯૦૯૦ |

| ક્રમ | પેટા કેન્દ્ર (શાળા/કોલેજનું નામ) | પેટા કેન્દ્રનું સરનામું | ઉપયોગમાં લેવાનાર રૂમમાં ઉમેદવારની સંખ્યા | ઉપયોગમાં લેવાનાર રૂમની સંખ્યા | ફાળવેલ ઉમેદવારના બેઠક નંબર | ઈન્ચાર્જ વ્યક્તિનું નામ અને ફોન નંબર |
|---|---|---|---|---|---|---|
| ૪૪ | કે. પી.ઈ. એસ. હાઈસ્કુલ | વિરાણી સ્કુલની પાછળ, કાળીયાબીડ, ભાવનગર | ૩૦૦ | ૧૦ | ૨૦૧૪૨૨૧-૨૦૧૪૫૨૦ | જીતેન્દ્રકુમાર એમ. પાટીલ ૯૯૦૯૫૧૯૭૧૮ |
| ૪૫ | કે. પી.ઈ. એસ. પ્રાથમિક સ્કુલ | વિરાણી સ્કુલની પાછળ, કાળીયાબીડ, ભાવનગર | ૩૦૦ | ૧૦ | ૨૦૧૪૫૨૧-૨૦૧૪૮૨૦ | શ્રીમતી મલ્લીકા રાજેન્દ્રભાઈ ૯૯૦૯૫૧૯૭૧૮ |
| ૪૬ | અમરજયોતિ સરસ્વતી વિદ્યાલય (સિલ્વર બેલ્સ) | ભગવતી સર્કલ પાસે, શાંતિનગર, કાળીયાબીડ, ભાવનગર | ૩૬૦ | ૧૨ | ૨૦૧૪૮૨૧-૨૦૧૫૧૮૦ | રીમાબેન ગાંગુલી ૯૯૦૯૦૧૬૭૩૭ |
| ૪૭ | સીલ્વર બેલ્સ ઈન્સ્ટીટયુટ ઓફ કોમર્સ કોલેજ | ભગવતી સર્કલ પાસે, શાંતિનગર, કાળીયાબીડ, ભાવનગર | ૩૦૦ | ૧૦ | ૨૦૧૫૧૮૧-૨૦૧૫૪૮૦ | રૂષીભાઈ કે. કનાડા ૯૦૩૩૩૩૩૬૩૯ |
| ૪૮ | સારથી વિદ્યા સંકુલ | ભગવતી સર્કલ પાસે, સિલ્વરબેલ્સ સ્કુલની પાછળ, કાળીયાબીડ, ભાવનગર | ૨૧૦ | ૭ | ૨૦૧૫૪૮૧-૨૦૧૫૬૯૦ | કેતનકુમાર એમ. ત્રિવેદી ૯૪૨૭૨૪૯૬૦૩ |
| ૪૯ | તક્ષશિલા વિદ્યાપીઠ | પ્લોટ નં. સી/૪૧૧૪, ભગવતી સર્કલ નજીક, કે. પી. ઈ. એસ. કોલેજની બાજુમાં, કાળીયાબીડ, ભાવનગર | ૪૮૦ | ૬ | ૨૦૧૫૬૯૧-૨૦૧૫૮૭૦ | આશીષભાઈ એમ. રાઠોડ ૯૨૨૭૫૪૭૩૪૩ |
| ૫૦ | કે. પી. ઈ. એસ. કોલેજ | અયોધ્યાનગરની સામે, ચિન્મય આશ્રમની આગળ, કાળીયાબીડ, ભાવનગર | ૩૦૦ | ૧૦ | ૨૦૧૫૮૭૧ ૨૦૧૬૧૭૦ | ડો. ભાવેશભાઈ બી. જાની ૯૪૨૮૨૨૧૬૧૮ |
| ૫૧ | જી. એમ. ડોંડા પ્રાયમરી સ્કુલ સરદાર પટેલ એજ્યુકેશન ઈન્સ્ટી. | સરદાર પટેલ એજ્યુકેશન ઈન્સ્ટીટયુટ કેમ્પસ, કાળીયાબીડ, ભાવનગર | ૪૫૦ | ૧૫ | ૨૦૧૬૧૭૧-૨૦૧૬૬૨૦ | મનીષાબેન આર. તાયડે ૯૩૭૫૦૩૦૯૭૩ |
| ૫૨ | શ્રીમતિ એમ. એસ. લખાણી કન્યા વિદ્યાલય | સરદાર પટેલ એજ્યુકેશન ઈન્સ્ટીટયુટ કેમ્પસ, કાળીયાબીડ, ભાવનગર | ૪૫૦ | ૧૫ | ૨૦૧૬૬૨૧-૨૦૧૭૦૭૦ | ઉર્મીબેન જે. પરમાર ૯૧૭૩૩૧૧૮૯૨ |
| ૫૩ | શ્રી ઝેડ. કે. મેંદપરા માધ્યમિક શાળા | સરદાર પટેલ એજ્યુકેશન ઈન્સ્ટીટયુટ કેમ્પસ, કાળીયાબીડ, ભાવનગર | ૪૫૦ | ૧૫ | ૨૦૧૭૦૭૧-૨૦૧૭૫૨૦ | સંજયભાઈ કનાડા ૯૮૯૮૭૮૧૮૯૦ |
| ૫૪ | માતુશ્રી રામુબા તેજાણી અને માતુશ્રી શાન્તાબેન વીડીયા સાયન્સ કોલેજ | સરદાર પટેલ એજ્યુકેશન ઈન્સ્ટીટયુટ કેમ્પસ, કાળીયાબીડ, ભાવનગર | ૩૦૦ | ૧૦ | ૨૦૧૭૫૨૧-૨૦૧૭૮૨૦ | ડો. રાહુલ કે. રાજપરા ૯૯૦૯૦૮૩૮૩૦ |
| ૫૫ | જી. એલ. કાકડીયા કોલેજ ઓફ કોમર્સ એન્ડ મેનેજમેન્ટ | સરદાર પટેલ એજ્યુકેશન ઈન્સ્ટીટયુટ કેમ્પસ, કાળીયાબીડ, ભાવનગર | ૩૦૦ | ૧૦ | ૨૦૧૭૮૨૧-૨૦૧૮૧૨૦ | પુજાબા રાણા ૯૪૦૮૭૦૬૦૪૬ |
| ૫૬ | એલ. જી. કાકડીયા ઉચ્ચતર માધ્યમિક શાળા | હરીઓમ નગર સામે, કાળીયાબીડ, ભાવનગર | ૩૦૦ | ૧૦ | ૨૦૧૮૧૨૧-૨૦૧૮૪૨૦ | સરીતાબેન જે. મલીક ૯૩૭૪૨૪૦૫૮૩ |
| ૫૭ | જ્ઞાનમંજરી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા | સરદાર પટેલ સ્કુલની પાસે, કાળીયાબીડ, ભાવનગર | ૩૦૦ | ૧૦ | ૨૦૧૮૪૨૧-૨૦૧૮૭૨૦ | રાજેશભાઈ આસોદરીયા ૮૯૮૦૦૨૮૦૫૧ |
| ૫૮ | શ્રી જ્ઞાનમંજરી ઉચ્ચતર માધ્યમિક શાળા | સપ્તપદી હોલની સામે, કાળીયાબીડ, ભાવનગર | ૪૫૦ | ૧૫ | ૨૦૧૮૭૨૧-૨૦૧૯૧૭૦ | હિરેનભાઈ જોષી ૮૯૮૦૦૨૮૦૬૪ |
| ૫૯ | વિદ્યાધીશ વિદ્યાસંકુલ | સરદાર પટેલ એજ્યુકેશન ઈન્સ્ટીટયુટ કેમ્પસ, કાળીયાબીડ, ભાવનગર | ૬૦૦ | ૨૦ | ૨૦૧૯૧૭૧-૨૦૧૯૭૭૦ | આકાશભાઈ કંટારીયા ૮૪૬૦૭૯૫૮૧૨ |
| ૬૦ | સહજાનંદ વિદ્યાલય | શિવનગર, તળાજા રોડ, ભાવનગર | ૩૦૦ | ૧૦ | ૨૦૧૯૭૭૧-૨૦૨૦૦૭૦ | અવનીબેન મહેતા ૯૭૨૭૭૦૭૧૭૪ |


**ગુજરાત સરકારના રાજ્યપત્રોના વર્ષ ૨૦૧૭ માટેના લવાજમના દરો નિયત કરવા બાબત.**

ગુજરાત સરકાર

**ઉદ્યોગ અને ખાણ વિભાગ,**

*યાદી ક્રમાંક : મલસ/૧૦૨૦૦૩/૨૯૨૭/ડ.૨*

સચિવાલય, ગાંધીનગર.

તારીખ : ૨૫-૦૧-૨૦૧૭.

**ઠરાવ :**

ગુજરાત સરકારના સાધારણ/અસાધારણ રાજ્યપત્ર (સરકારી ગેઝેટ)ના વાર્ષિક લવાજમ તથા છુટક એક નકલની કિંમતના દરો પ્રિન્ટીંગ મેન્યુઅલ, પાર્ટ-૧, ભાગ-૧ના નિયમ-૧૫૧ મુજબ દર વર્ષે નિયત કરવામાં આવે છે. તદઅનુસાર, ગુજરાત સરકારના રાજ્યપત્રના વર્ષ ૨૦૧૭ માટેના વાર્ષિક લવાજમના દર તથા પ્રતિ નકલના દર નીચે મુજબ નિયત કરવાનું આથી ઠરાવવામાં આવે છે.

| ગેઝેટના ભાગો | સાધારણ રાજ્યપત્રનું વાર્ષિક લવાજમ | સાધારણ રાજ્યપત્રની એક નકલનો દર રૂપિયા | અસાધારણ રાજ્યપત્રનું વાર્ષિક લવાજમ રૂપિયા | અસાધારણ રાજ્યપત્રની એક નકલનો દર રૂપિયા |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| **સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.** | | | | |
| ૧ | ૩૫૦૦/- | ૭૦/- | ૩૫૦૦/- | ૭૦/- |
| ૧. એ | ૩૫૦૦/- | ૭૦/- | ૩૫૦૦/- | ૭૦/- |
| ૧. બી | ૩૫૦૦/- | ૭૦/- | ૩૫૦૦/- | ૭૦/- |
| ૪ | ૩૫૦૦/- | ૭૦/- | ૩૫૦૦/- | ૭૦/- |
| ૪. એ | ૩૫૦૦/- | ૭૦/- | ૩૫૦૦/- | ૭૦/- |
| ૪. બી | ૩૫૦૦/- | ૭૦/- | ૩૫૦૦/- | ૭૦/- |
| ૪. સી | ૩૫૦૦/- | ૭૦/- | ૩૫૦૦/- | ૭૦/- |
| ૫. | ૩૫૦૦/- | ૭૦/- | ૩૫૦૦/- | ૭૦/- |
| ૬. | ૩૫૦૦/- | ૭૦/- | ૩૫૦૦/- | ૭૦/- |
| ૯. | ૩૫૦૦/- | ૭૦/- | ૩૫૦૦/- | ૭૦/- |
| **સરકારી પ્રેસ, રાજકોટ.** | | | | |
| ૧ | ૩૫૦૦/- | ૭૦/- | ૩૫૦૦/- | ૭૦/- |
| ૧. બી | ૩૫૦૦/- | ૭૦/- | ૩૫૦૦/- | ૭૦/- |
| ૨ | ૩૫૦૦/- | ૭૦/- | ૩૫૦૦/- | ૭૦/- |
| **સરકારી પ્રેસ, વડોદરા.** | | | | |
| ૧ | ૩૫૦૦/- | ૭૦/- | ૩૫૦૦/- | ૭૦/- |
| ૧. એ | ૩૫૦૦/- | ૭૦/- | ૩૫૦૦/- | ૭૦/- |
| ૧. બી | ૩૫૦૦/- | ૭૦/- | ૩૫૦૦/- | ૭૦/- |
| ૧. એલ | ૩૫૦૦/- | ૭૦/- | ૩૫૦૦/- | ૭૦/- |

આ હુકમો આ વિભાગની સમાનાંકી ફાઈલ પર નાણાં સલાહકારશ્રીની તા. ૧૬-૦૧-૨૦૧૭ની નોંધ તથા સરકારશ્રીની મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**(એમ. એમ. ડાભી),**
ઉપ સચિવ,
ઉદ્યોગ અને ખાણ વિભાગ.

PRINTED AT THE GOVERNMENT PRESS, RAJKOT COMPLAINTS ABOUT GAZETTE MUST BE MADE WITHIN A FORTNIGHT FROM THE DATE OF THIS PUBLICATION ACCOMPANIED BY THE WRAPPER.

©

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

**SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION**

***PUBLISHED BY AUTHORITY***

**VOL. LVIII] THURSDAY, 02nd MARCH, 2017/PHALGUNA 11, 1938 No. 09**

**Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central section in order that it may be filed as a separate compilation.**

# PART-I


| PART - I | Pages | PART - I - B | Pages |
|---|---|---|---|
| Government Notifications Appointments Promotions, Leave of absence, Rules and orders (Other than those published in Part-I-A, IV-A, IV-B, and IV-C) list of publications for sales etc., Miscellaneous Notifications Appoint-ments etc., | 245-284 | (Suppliment) Government Notifications Published under Land Acquisition Act only Supplement. | Nil |
| | | **PART - II** Miscellaneous Notices, Advertisments, List of Books Sanctioned by the Director of Education, List of Jurors. Schedule of Estates by the Official Assignee, Summary of Births and Deaths, etc., | 353-404 |
| **PART - I - A** Order and Notifications (Other than those published in Part-IV-B) under the Gujarat Local Boards, Village Panchayats, Municipals, Boroughs, (Districts) Municipals Primary Education and Local Fund Audits, Acts., | Nil | **PART - III** Miscellaneous Supplements Season and Crop Reports, Prices, Current Rainfalls Returns, District Local Boards Accounts etc., | Nil |

# GOVERNMENT NOTIFICATIONS, ORDERS APPOINTMENTS, ETC.
## SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION
## NOTIFICATION
### MISCELLANEOUS NOTIFICATIONS APPOINTMENTS ETC.

## By the Principal District Judge

**Read :** (1) Hon'ble High Court letter No. C. 2103/ 1991, Dated. : 07-01-1991.

(2) Hon'ble High Court letter No. C. 2103/ 2006, Dated. : 30-12-2006.

## NOTIFICATION

No. B.U.H.C./01/of 2017.-In exercise of the power vested under Paragraph-628 Chapter XXXI of the Civil Manual, Volume-I, 1960, and in view of instructions and direction contained in Hon'ble the High Court's Letters cited in the preamble, under the provision of sub section (2) of section 22 of the Gujarat Civil Courts Act, 2005, the Principal District Judge, Rajkot, is pleased to notify, **Annual Summer Vacation for 30 (Thirty) Days commencing from Saturday, 13th May, 2017 to Sunday, 11th June, 2017** (Both days inclusive) However, urgent Civil Matters as well as matters under Chapter-IX of Criminal Procedure Code, 1973 will be proceeded further during the vacation.

The Offices of the Nazir and Record Keeper of the District Court, Rajkot, as well as offices of the Nazir of the subordinate Civil Courts in the Rajkot Judicial District, will remain open during the Annual Summer Vacation, on all working days.

Rajkot, 10th Febury, 2017.

**R. K. Desai,**
Principal District Judge,
Rajkot.

---

## મુખ્ય જિલ્લા ન્યાયાધિશ દ્વારા

વંચાણે લીધા :-

૧. ગુજરાતની નામદાર વડી અદાલતનાં પત્ર ક્રમાંક : સી. ૨૧૦૩/૧૯૯૧, તા. ૦૭-૦૧-૧૯૯૧.

૧. ગુજરાતની નામદાર વડી અદાલતનાં પત્ર ક્રમાંક : સી. ૨૧૦૩/૨૦૦૬, તા. ૩૦-૧૨-૨૦૦૬.

## જાહેરનામું

નં. ઉહક/૦૧/૨૦૧૭.-સિવીલ મેન્યુઅલ-૧૯૬૦-વોલ્યુમ-૧નાં પેરેગ્રાફ ક્રમાંક : ૬૨૮માં જણાવેલ સુચના અનુસાર તેમજ નામદાર ગુજરાત વડી અદાલતના ઉપરોક્ત પત્રોની સૂચનાઓ અનુસાર, ગુજરાત સિવીલ કોર્ટ એક્ટ-૨૦૦૫ની કલમ-૨૨ની પેટા કલમ-૨ની જોગવાઈ અનુસાર, મુખ્ય જિલ્લા ન્યાયાધિશ, રાજકોટ, આથી જાહેર કરે છે કે, આગામી વાર્ષિક ઉનાળુ વેકેશન **શનિવાર, તા. ૧૩મી મે-૨૦૧૭ થી રવિવાર તારીખ : ૧૧મી જુન-૨૦૧૭ (બન્ને દિવસો સહિત) રહેશે.**

જિલ્લા ન્યાયાલય, રાજકોટની નાઝીર અને રેકર્ડ-કીપર કચેરી, તેમજ રાજકોટ જિલ્લાની તાબાની તમામ દિવાની અદાલતોની નાઝીરની કચેરીઓ ઉપરોક્ત વેકેશન દરમિયાન કામના દિવસોમાં ખુલ્લી રહેશે.

રાજકોટ, ૧૦ માહે ફેબ્રુઆરી, સને ૨૦૧૭.

**આર. કે. દેસાઈ,**
મુખ્ય જિલ્લા ન્યાયાધિશ,
રાજકોટ.

---

## કલેક્ટર દ્વારા

વંચાણે લીધા :

(૧) આ કચેરીના હુકમ નં. પરવ/કસન/વશી/૭૬-૧૨૧/૧૭, તા. ૧૮-૦૧-૨૦૧૭.

(૨) સેકશન અધિકારીશ્રી, અ.ના.પુ. અને ગ્રા.બા. વિભાગ ગાંધીનગરનાં પત્ર ક્રમાંક : કસન-૧૦૨૦૧૬-૩૭૩-બ, તા. ૦૨-૦૨-૨૦૧૭.

(૩) સેકશન અધિકારીશ્રી,, અ.ના.પુ. અને ગ્રા.બા. વિભાગ, ગાંધીનગરના પત્ર ક્રમાંક : કસન-૧૦૨૦૧૬-૩૭૩-બ, તા. ૧૭-૦૧-૨૦૧૭.

(૪) ધી કેરોસીન/રીસ્ટ્રીકશન ઓન યુઝ એન્ડ ફિક્સેશન ઓફ સેલીંગ પ્રાઈઝ ઓર્ડર-૧૯૯૩.

## હુકમ

નં. પરવ/કસન/વશી/૨૦૪-૨૪૦/૨૦૧૭.-સરકારશ્રીના વંચાણે લીધેલ અનુ.નં. ૩ ના પત્રથી આઈ.ઓ.સી.એલ., એચ. પી.સી.એલ. તથા બી.પી.સી.એલ.ના એક્ષ ડેપો રેટમાં થયેલ

ફેરફાર ધ્યાને લઈ નવા ભાવો બાંધવા અંગે જણાવતા અત્રેના વંચાણે લીધેલ અનું.નં. ૧ ના હુકમથી સરકારશ્રીની સૂચનાં અનુસાર પીડીએસ કેરોસીનના વિવિધ સપ્લાય પોઈન્ટના એક્ષ ડેપો રેટમાં થયેલ ફેરફાર ધ્યાને લઈ જિલ્લાનાં જુદા જુદા કેન્દ્રો માટે કેરોસીન એજન્ટો, જથ્થાબંધ વિક્રેતાઓ તેમજ છુટક વિક્રેતાઓનાં દુમાડ (વડોદરા), કંડલા, જામનગર (ખાવડી), બારેજા, કાલીગ્રામ, વાડીનાર (એસ.આર.) તથા પાલનપુર ડેપોથી રોડ રસ્તે આવતા કેરોસીનના ભાવો મુકરર કરવામાં આવેલ છે.

સેકશન અધિકારીશ્રી, અ.ના.પુ. અને ગ્રા.બા. વિભાગ ગાંધીનગરના વંચાણમાં લીધેલ અનુ.નં. ૨ ના પત્રથી આઈ.ઓ. સી.એલ., એચ.પી.સી.એલ. તથા બી.પી.સી.એલ. કંપનીના તા. ૦૧-૦૨-૨૦૧૭ ના ઈ-મેઈલ પત્રોની નકલ અત્રે મોકલી આપી, આઈ.ઓ.સી.એલ., એચ.પી.સી.એલ. તથા બી.પી.સી.એલ. કંપની દ્વારા પીડીએસ કેરોસીનના વિવિધ સપ્લાય પોઈન્ટના એક્ષ ડેપો રેટમાં કરવામાં આવેલ ફેરફાર ધ્યાને લઈ જરૂરી કાર્યવાહી કરવા જણાવેલ છે. ત્રણે કંપનીના સદરહું પત્રોમાં અત્રેના જિલ્લા માટેના સપ્લાય પોઈન્ટ પૈકી કંડલા ડેપોના નવા એક્ષ ડેપો રેટ રૂા. ૧૬૦૮૪.૦૧/–, જામનગર (ખાવડી વાડીનાર) : રૂા. ૧૬૦૫૨.૦૦/–, સાબરમતી (કાલીગ્રામ, બારેજા) :- રૂા. ૧૬૦૬૨.૮૭/–, તથા કોયલી (દુમાડ) :- રૂા. ૧૬૦૫૨.૦૦/–, તેમજ સિધ્ધપુર (પાલનપુર) :- રૂા. ૧૬૧૨૧.૯૩/–, દર્શાવેલ છે. તથા નવા એક્ષ ડેપો રેટ મુજબનો ફેરફાર તા. ૦૧-૦૨-૨૦૧૭ ની અસરથી કરવા જણાવેલ છે.

ઉકત વિગતે વંચાણમાં લીધેલ અનુ. નં. ૧ ના હુકમથી બાંધવામાં આવેલ ભાવોમાં સરકારશ્રીના વંચાણમાં લીધેલ અનુ.નં. ૨ના પત્રની સુચનાનુસાર તથા આ હુકમના પેરા–૨ મુજબ થયેલ ફેરફારની વિગતો ધ્યો લઈ કેરોસીનના ભાવો મુકરર કરવાના થાય છે.

સબબ હું, દિલીપ રાણા, (આઈ.એ.એસ.), કલેક્ટર અમરેલી, જિલ્લો અમરેલી, વંચાણે લીધેલ અનુ. નં. ૪ નાં ધી કેરોસીન રીસ્ટ્રીકશન ઓફ યુઝ એન્ડ ફીક્સેશન ઓફ સેલીંગ પ્રાઈઝ ઓર્ડર–૧૯૯૩ થી મને મળેલ અધિકારની રૂઈએ ઉકત વિગતો ધ્યાને લઈ દુમાડ, કંડલા, જામનગર (ખાવડી), વાડીનાર, બારેજા, કાલીગ્રામ તથા પાલનપુર ડેપોથી જિલ્લાનાં તાલુકાઓ અને અન્ય મથકોનાં અંતર ધ્યાને લઈ રોડ રસ્તે આવતા ઘરગથ્થુ કેરોસીનનાં ભાવો આ સાથે સામેલ પરિશિષ્ટ-૧માં જણાવેલ વિગતે મુકરર કરવા આથી હુકમ કરૂ છું.

અત્રેના તા. ૦૯-૧૧-૨૦૧૬, તા. ૧૯-૧૧-૨૦૧૬, તા. ૦૬-૧૨-૨૦૧૬, તા. ૧૯-૧૨-૨૦૧૬ તથા તા. ૦૫-૦૧-૨૦૧૭ તેમજ તા. ૧૮-૦૧-૨૦૧૭ નાં હુકમમાં રાખવામાં આવેલ બાકીની શરતો/સુચનાંઓ યથાવત રહેશે.

આ હુકમનો અમલ તા. ૦૧-૦૨-૨૦૧૭ થી કરવાનો રહેશે. તમામ મામલતદારશ્રીઓએ તેમના તાલુકા હસ્તકના એજન્ટ તથા છુટક વિક્રેતાઓને આ હુકમની જાણ તુરત જ કરવાની રહેશે.

આ હુકમથી મુકરર કરેલ ભાવો કરતાં વધુ ભાવો (એજન્ટ, છુટક વિક્રેતા) લેવામાં આવતાં હોવાનું જણાશે તો તેમની સામે આ હુકમના ભંગ બદલ આવશ્યક ચીજ વસ્તુઓ અધિનિયમ-૧૯૫૫ ની કલમ-૩ નો ભંગ ગણી શિક્ષાત્મક પગલા લેવામાં આવશે.

અમરેલી, ૬ માહે ફેબ્રુઆરી, સને ૨૦૧૭.

---

**પરીશિષ્ટ-૧ જિલ્લો - અમરેલી**

દુમાડ (વડોદરા) ડેપો ઉપરથી આવતાં કેરોસીન એજન્ટે છુટક વિક્રેતાને વેચાણ કરવાનો ૧૦૦૦ લીટરનો વેચાણ ભાવ તથા છુટક વિક્રેતાઓ/ફેરીયાઓએ એક લીટરનો ગ્રાહકોને વેચાણ આપવાનો ભાવ

| અનું | સંગ્રહ કેન્દ્ર | એજન્ટે છુટક વિક્રેતાને વેચાણ કરવાનો ૧૦૦૦ લીટરનો વેચાણ ભાવ | | છુટક વિક્રેતાએ ગ્રાહકોને વેચાણ કરવાનો ૧ લી. નો ભાવ |
|---|---|---|---|---|
| | | ડેપો ડિલીવરી | ડોરસ્ટેપ ડિલીવરી (રૂા. ૨૦૦/- હેરાફેરી ખર્ચ) | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧ | અમરેલી | ૧૯૪૨૮.૬૩ | ૧૯૬૨૮.૬૩ | ૨૦.૨૫ |
| ૨ | ધારી | ૧૯૭૭૩.૨૬ | ૧૯૯૭૩.૨૬ | ૨૦.૫૯ |
| ૩ | સાવરકુંડલા | ૧૯૫૧૪.૭૯ | ૧૯૭૧૪.૭૯ | ૨૦.૩૩ |
| ૪ | લાઠી | ૧૯૨૫૬.૩૨ | ૧૯૪૫૬.૩૨ | ૨૦.૦૭ |
| ૫ | વડીયા | ૧૯૮૩૫.૯૩ | ૨૦૦૩૫.૯૩ | ૨૦.૬૫ |
| ૬ | રાજુલા | ૧૯૭૪૯.૭૭ | ૧૯૯૪૯.૭૭ | ૨૦.૫૭ |
| ૭ | બાબરા | ૧૯૨૫૬.૩૨ | ૧૯૪૫૬.૩૨ | ૨૦.૦૭ |
| ૮ | લીલીયા | ૧૯૨૭૯.૮૧ | ૧૯૪૭૯.૮૧ | ૨૦.૧૦ |
| ૯ | ખાંભા | ૧૯૭૩૪.૧૦ | ૧૯૯૩૪.૧૦ | ૨૦.૫૫ |
| ૧૦ | જાફરાબાદ | ૨૦૧૧૭.૯૦ | ૨૦૩૧૭.૯૦ | ૨૦.૯૩ |
| ૧૧ | વીજપડી | ૧૯૭૧૦.૬૦ | ૧૯૯૧૦.૬૦ | ૨૦.૫૩ |
| ૧૨ | દામનગર | ૧૯૦૯૧.૮૩ | ૧૯૨૯૧.૮૩ | ૧૯.૯૧ |
| ૧૩ | બગસરા | ૧૯૬૮૭.૧૧ | ૧૯૮૮૭.૧૧ | ૨૦.૫૦ |
| ૧૪ | ડુંગર | ૧૯૮૬૭.૨૬ | ૨૦૦૬૭.૨૬ | ૨૦.૬૮ |
| ૧૫ | ખંભાળા | ૧૯૩૭૩.૮૦ | ૧૯૫૭૩.૮૦ | ૨૦.૧૯ |
| ૧૬ | કલોરાણા | ૧૯૪૫૨.૧૩ | ૧૯૬૫૨.૧૩ | ૨૦.૨૭ |
| ૧૭ | દેવળીયા | ૧૯૪૫૨.૧૩ | ૧૯૬૫૨.૧૩ | ૨૦.૨૭ |
| ૧૮ | ટીંબી | ૨૦૨૫૧.૦૫ | ૨૦૪૫૧.૦૫ | ૨૧.૦૭ |

અમરેલી, ૬ માહે ફેબ્રુઆરી, સને ૨૦૧૭.

---

## પરીશિષ્ટ-૧ જિલ્લો - અમરેલી

કંડલા ડેપો ઉપરથી આવતાં કેરોસીન એજન્ટે છુટક વિક્રેતાને વેચાણ કરવાનો ૧૦૦૦ લીટરનો વેચાણ ભાવ તથા છુટક વિક્રેતાઓ/ફેરીયાઓએ એક લીટરનો ગ્રાહકોને વેચાણ આપવાનો ભાવ

| અનું | સંગ્રહ કેન્દ્ર | એજન્ટે છુટક વિક્રેતાને વેચાણ કરવાનો ૧૦૦૦ લીટરનો વેચાણ ભાવ | | છુટક વિક્રેતાએ ગ્રાહકોને વેચાણ કરવાનો ૧ લી. નો ભાવ |
|---|---|---|---|---|
| | | ડેપો ડિલીવરી | ડોરસ્ટેપ ડિલીવરી (રૂા. ૨૦૦/- હેરાફેરી ખર્ચ) | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧ | અમરેલી | ૧૯૪૪૪.૯૮ | ૧૯૬૪૪.૯૮ | ૨૦.૨૬ |
| ૨ | ધારી | ૧૯૭૭૭.૮૬ | ૧૯૯૭૭.૮૬ | ૨૦.૫૯ |
| ૩ | સાવરકુંડલા | ૧૯૭૭૩.૯૪ | ૧૯૯૭૩.૯૪ | ૨૦.૫૯ |
| ૪ | લાઠી | ૧૯૩૦૩.૯૯ | ૧૯૫૦૩.૯૯ | ૨૦.૧૨ |
| ૫ | વડીયા | ૧૯૪૪૪.૯૮ | ૧૯૬૪૪.૯૮ | ૨૦.૨૬ |
| ૬ | રાજુલા | ૨૦૦૭૯.૪૧ | ૨૦૨૭૯.૪૧ | ૨૦.૯૦ |
| ૭ | બાબરા | ૧૯૧૬૩.૦૦ | ૧૯૩૬૩.૦૦ | ૧૯.૯૮ |
| ૮ | લીલીયા | ૧૯૪૬૦.૬૫ | ૧૯૬૬૦.૬૪ | ૨૦.૨૮ |
| ૯ | ખાંભા | ૧૯૯૧૧.૦૧ | ૨૦૧૧૧.૦૧ | ૨૦.૭૩ |
| ૧૦ | જાફરાબાદ | ૨૦૨૪૩.૯૦ | ૨૦૪૪૩.૯૦ | ૨૧.૦૬ |
| ૧૧ | વીજપડી | ૧૯૯૫૪.૦૯ | ૨૦૧૫૪.૦૯ | ૨૦.૭૭ |
| ૧૨ | દામનગર | ૧૯૪૨૯.૩૧ | ૧૯૬૨૯.૩૧ | ૨૦.૨૫ |
| ૧૩ | બગસરા | ૧૯૬૯૫.૬૨ | ૧૯૮૯૫.૬૨ | ૨૦.૫૧ |
| ૧૪ | ડુંગર | ૨૦૧૭૩.૪૧ | ૨૦૩૭૩.૪૧ | ૨૦.૯૯ |
| ૧૫ | ખંભાળા | ૧૯૨૮૮.૩૩ | ૧૯૪૮૮.૩૩ | ૨૦.૧૧ |
| ૧૬ | કલોરાણા | ૧૯૨૮૦.૪૯ | ૧૯૪૮૦.૪૯ | ૨૦.૧૦ |
| ૧૭ | દેવળીયા | ૧૯૩૪૩.૧૫ | ૧૯૫૪૩.૧૫ | ૨૦.૧૬ |
| ૧૮ | ટીંબી | ૨૦૨૮૩.૦૬ | ૨૦૪૮૩.૦૬ | ૨૦.૧૦ |

અમરેલી, ૦૬ માહે ફેબ્રુઆરી, સને ૨૦૧૭.

---

## પરીશિષ્ટ-૧ જિલ્લો - અમરેલી

જામનગર (ખાવડી) ડેપો ઉપરથી આવતાં કેરોસીન એજન્ટે છુટક વિક્રેતાને વેચાણ કરવાનો ૧૦૦૦ લીટરનો વેચાણ ભાવ તથા છુટક વિક્રેતાઓ/ફેરીયાઓએ એક લીટરનો ગ્રાહકોને વેચાણ આપવાનો ભાવ

| અનું | સંગ્રહ કેન્દ્ર | એજન્ટે છુટક વિક્રેતાને વેચાણ કરવાનો ૧૦૦૦ લીટરનો વેચાણ ભાવ | | છુટક વિક્રેતાએ ગ્રાહકોને વેચાણ કરવાનો ૧ લી. નો ભાવ |
|---|---|---|---|---|
| | | ડેપો ડિલીવરી | ડોરસ્ટેપ ડિલીવરી (રૂા. ૨૦૦/- હેરાફેરી ખર્ચ) | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧ | અમરેલી | ૧૮૮૯૯.૯૩ | ૧૯૦૯૯.૯૩ | ૧૯.૭૨ |
| ૨ | ધારી | ૧૯૨૪૪.૫૭ | ૧૯૪૪૪.૫૭ | ૨૦.૦૬ |
| ૩ | સાવરકુંડલા | ૧૯૧૬૬.૨૪ | ૧૯૩૬૬.૨૪ | ૧૯.૯૮ |
| ૪ | લાઠી | ૧૮૭૯૮.૧૧ | ૧૮૯૯૮.૧૧ | ૧૯.૬૨ |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૫ | વડીયા | ૧૮૭૪૩.૨૮ | ૧૮૯૪૩.૨૮ | ૧૯.૫૬ |
| ૬ | રાજુલા | ૧૯૪૦૧.૨૨ | ૧૯૬૦૧.૨૨ | ૨૦.૨૨ |
| ૭ | બાબરા | ૧૮૬૪૧.૪૬ | ૧૮૮૪૧.૪૬ | ૧૯.૪૬ |
| ૮ | લીલીયા | ૧૯૦૪૦.૯૨ | ૧૯૨૪૦.૯૨ | ૧૯.૮૬ |
| ૯ | ખાંભા | ૧૯૩૮૫.૫૫ | ૧૯૫૮૫.૫૫ | ૨૦.૨૦ |
| ૧૦ | જાફરાબાદ | ૧૯૭૬૯.૩૫ | ૧૯૯૬૯.૩૫ | ૨૦.૫૯ |
| ૧૧ | વીજપડી | ૧૯૩૬૨.૦૬ | ૧૯૫૬૨.૦૬ | ૨૦.૧૮ |
| ૧૨ | દામનગર | ૧૮૯૧૫.૬૦ | ૧૯૧૧૫.૬૦ | ૧૯.૭૩ |
| ૧૩ | બગસરા | ૧૯૦૦૧.૭૬ | ૧૯૨૦૧.૭૬ | ૧૯.૮૨ |
| ૧૪ | ડુંગર | ૧૯૫૧૮.૭૧ | ૧૯૭૧૮.૭૧ | ૨૦.૩૪ |
| ૧૫ | ખંભાળા | ૧૮૭૫૮.૯૫ | ૧૮૯૫૮.૯૫ | ૧૯.૫૮ |
| ૧૬ | કલોરાણા | ૧૮૮૩૭.૨૭ | ૧૯૦૩૭.૨૭ | ૧૯.૬૫ |
| ૧૭ | દેવળીયા | ૧૮૮૩૭.૨૭ | ૧૯૦૩૭.૨૭ | ૧૯.૬૫ |
| ૧૮ | ટીંબી | ૧૯૯૦૨.૫૦ | ૨૦૧૦૨.૫૦ | ૨૦.૭૨ |

અમરેલી, ૬ માહે ફેબ્રુઆરી, સને ૨૦૧૭.

---

## પરીશિષ્ટ-૧ જિલ્લો - અમરેલી

બારેજા ડેપો ઉપરથી આવતાં કેરોસીન એજન્ટે છુટક વિક્રેતાને વેચાણ કરવાનો ૧૦૦૦ લીટરનો વેચાણ ભાવ તથા છુટક વિક્રેતાઓ/ફેરીયાઓએ એક લીટરનો ગ્રાહકોને વેચાણ આપવાનો ભાવ

| અનું | સંગ્રહ કેન્દ્ર | એજન્ટે છુટક વિક્રેતાને વેચાણ કરવાનો ૧૦૦૦ લીટરનો વેચાણ ભાવ | | છુટક વિક્રેતાએ ગ્રાહકોને વેચાણ કરવાનો ૧ લી. નો ભાવ |
|---|---|---|---|---|
| | | ડેપો ડિલીવરી | ડોરસ્ટેપ ડિલીવરી (રૂા. ૨૦૦/- હેરાફેરી ખર્ચ) | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧ | અમરેલી | ૧૯૨૭૧.૧૦ | ૧૯૪૭૪૧.૧૦ | ૨૦.૦૯ |
| ૨ | ધારી | ૧૯૬૧૫.૭૩ | ૧૯૮૧૫.૭૩ | ૨૦.૪૩ |
| ૩ | સાવરકુંડલા | ૧૯૩૫૭.૨૬ | ૧૯૫૫૭.૨૬ | ૨૦.૧૭ |
| ૪ | લાઠી | ૧૯૦૯૮.૭૯ | ૧૯૨૯૮.૭૯ | ૧૯.૯૨ |
| ૫ | વડીયા | ૧૯૬૭૮.૪૦ | ૧૯૮૭૮.૪૦ | ૨૦.૫૦ |
| ૬ | રાજુલા | ૧૯૫૯૨.૨૪ | ૧૯૭૯૨.૨૪ | ૨૦.૪૧ |
| ૭ | બાબરા | ૧૯૦૯૮.૭૯ | ૧૯૨૯૮.૭૯ | ૧૯.૯૨ |
| ૮ | લીલીયા | ૧૯૧૨૨.૨૮ | ૧૯૩૨૨.૨૮ | ૧૯.૯૪ |

INDEX

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
|---|---|---|---|---|
| ૯ | ખાંભા | ૧૯૫૭૬.૫૭ | ૧૯૭૭૬.૫૭ | ૨૦.૩૯ |
| ૧૦ | જાફરાબાદ | ૨૦૧૪૦.૫૨ | ૨૦૩૪૦.૫૨ | ૨૦.૯૬ |
| ૧૧ | વીજપડી | ૧૯૫૫૩.૦૭ | ૧૯૭૫૩.૦૭ | ૨૦.૩૭ |
| ૧૨ | દામનગર | ૧૮૯૩૪.૩૦ | ૧૯૧૩૪.૩૦ | ૧૯.૭૫ |
| ૧૩ | બગસરા | ૧૯૫૨૯.૫૮ | ૧૯૭૨૯.૫૮ | ૨૦.૩૫ |
| ૧૪ | ડુંગર | ૧૯૭૦૯.૭૩ | ૧૯૯૦૯.૭૩ | ૨૦.૫૩ |
| ૧૫ | ખંભાળા | ૧૯૨૧૬.૨૭ | ૧૯૪૧૬.૨૭ | ૨૦.૦૩ |
| ૧૬ | ક્લોરાણા | ૧૯૨૯૪.૬૦ | ૧૯૪૯૪.૬૦ | ૨૦.૧૧ |
| ૧૭ | દેવળીયા | ૧૯૨૯૪.૬૦ | ૧૯૪૯૪.૬૦ | ૨૦.૧૧ |
| ૧૮ | ટીંબી | ૨૦૧૯૫.૩૪ | ૨૦૩૯૫.૩૪ | ૨૧.૦૧ |

અમરેલી, ૬ માહે ફેબ્રુઆરી, સને ૨૦૧૭.

---

**પરીશિષ્ટ-૧ જિલ્લો - અમરેલી**

કાલીગ્રામ ડેપો ઉપરથી આવતાં કેરોસીન એજન્ટે છુટક વિક્રેતાને વેચાણ કરવાનો ૧૦૦૦ લીટરનો વેચાણ ભાવ તથા છુટક વિક્રેતાઓ/ફેરીયાઓએ એક લીટરનો ગ્રાહકોને વેચાણ આપવાનો ભાવ

| અનું | સંગ્રહ કેન્દ્ર | એજન્ટે છુટક વિક્રેતાને વેચાણ કરવાનો ૧૦૦૦ લીટરનો વેચાણ ભાવ | | છુટક વિક્રેતાએ ગ્રાહકોને વેચાણ કરવાનો ૧ લી. નો ભાવ |
|---|---|---|---|---|
| | | ડેપો ડિલીવરી | ડોરસ્ટેપ ડિલીવરી (રૂા. ૨૦૦/- હેરાફેરી ખર્ચ) | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧ | અમરેલી | ૧૯૨૬૩.૨૭ | ૧૯૪૬૩.૨૭ | ૨૦.૦૮ |
| ૨ | ધારી | ૧૯૬૦૭.૯૦ | ૧૯૮૦૭.૯૦ | ૨૦.૪૨ |
| ૩ | સાવરકુંડલા | ૧૯૩૪૯.૪૩ | ૧૯૫૪૯.૪૩ | ૨૦.૧૭ |
| ૪ | લાઠી | ૧૯૦૯૦.૯૫ | ૧૯૨૯૦.૯૫ | ૧૯.૯૧ |
| ૫ | વડીયા | ૧૯૬૭૦.૫૬ | ૧૯૮૭૦.૫૬ | ૨૦.૪૯ |
| ૬ | રાજુલા | ૧૯૫૮૪.૪૦ | ૧૯૭૮૪.૪૦ | ૨૦.૪૦ |
| ૭ | બાબરા | ૧૯૦૯૦.૯૫ | ૧૯૨૯૦.૯૫ | ૧૯.૯૧ |
| ૮ | લીલીયા | ૧૯૧૧૪.૪૫ | ૧૯૩૧૪.૪૫ | ૧૯.૯૩ |
| ૯ | ખાંભા | ૧૯૫૬૮.૭૪ | ૧૯૭૬૮.૭૪ | ૨૦.૩૯ |
| ૧૦ | જાફરાબાદ | ૧૯૯૫૨.૫૩ | ૨૦૧૫૨.૫૩ | ૨૦.૭૭ |
| ૧૧ | વીજપડી | ૧૯૫૪૫.૨૪ | ૧૯૭૪૫.૨૪ | ૨૦.૩૬ |
| ૧૨ | દામનગર | ૧૮૯૨૬.૪૭ | ૧૯૧૨૬.૪૭ | ૧૯.૭૪ |
| ૧૩ | બગસરા | ૧૯૫૨૧.૭૪ | ૧૯૭૨૧.૭૪ | ૨૦.૩૪ |
| ૧૪ | ડુંગર | ૧૯૭૦૧.૮૯ | ૧૯૯૦૧.૮૯ | ૨૦.૫૨ |
| ૧૫ | ખંભાળા | ૧૯૨૦૮.૪૪ | ૧૯૪૦૮.૪૪ | ૨૦.૦૩ |
| ૧૬ | ક્લોરાણા | ૧૯૨૮૬.૭૭ | ૧૯૪૮૬.૭૭ | ૨૦.૧૦ |
| ૧૭ | દેવળીયા | ૧૯૨૮૬.૭૭ | ૧૯૪૮૬.૭૭ | ૨૦.૧૦ |
| ૧૮ | ટીંબી | ૨૦૦૮૫.૬૯ | ૨૦૨૮૫.૬૯ | ૨૦.૯૦ |

અમરેલી, ૬ માહે ફેબ્રુઆરી, સને ૨૦૧૭.

**પરીશિષ્ટ-૧ જિલ્લો - અમરેલી**

વાડીનાર (એસ્સાર ઓઈલ) ડેપો ઉપરથી આવતાં કેરોસીન એજન્ટે છુટક વિક્રેતાને વેચાણ કરવાનો ૧૦૦૦ લીટરનો વેચાણ ભાવ તથા છુટક વિક્રેતાઓ/ફેરીયાઓએ એક લીટરનો ગ્રાહકોને વેચાણ આપવાનો ભાવ

| અનું | સંગ્રહ કેન્દ્ર | એજન્ટે છુટક વિક્રેતાને વેચાણ કરવાનો ૧૦૦૦ લીટરનો વેચાણ ભાવ | | છુટક વિક્રેતાએ ગ્રાહકોને વેચાણ કરવાનો ૧ લી. નો ભાવ |
|---|---|---|---|---|
| | | ડેપો ડિલીવરી | ડોરસ્ટેપ ડિલીવરી (રૂા. ૨૦૦/- હેરાફેરી ખર્ચ) | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧ | અમરેલી | ૧૯૦૦૧.૭૬ | ૧૯૨૦૧.૭૬ | ૧૯.૮૨ |
| ૨ | ધારી | ૧૯૩૪૬.૩૯ | ૧૯૫૪૬.૩૯ | ૨૦.૧૬ |
| ૩ | સાવરકુંડલા | ૧૯૨૬૮.૦૬ | ૧૯૪૬૮.૦૬ | ૨૦.૦૯ |
| ૪ | લાઠી | ૧૮૮૯૯.૯૩ | ૧૯૦૯૯.૯૩ | ૧૯.૭૨ |
| ૫ | વડીયા | ૧૮૮૪૫.૧૧ | ૧૯૦૪૫.૧૧ | ૧૯.૬૬ |
| ૬ | રાજુલા | ૧૯૫૦૩.૦૪ | ૧૯૭૦૩.૦૪ | ૨૦.૩૨ |
| ૭ | બાબરા | ૧૮૭૪૩.૨૮ | ૧૮૯૪૩.૨૮ | ૧૯.૫૬ |
| ૮ | લીલીયા | ૧૯૧૪૨.૭૪ | ૧૯૩૪૨.૭૪ | ૧૯.૯૬ |
| ૯ | ખાંભા | ૧૯૪૮૭.૩૮ | ૧૯૬૮૭.૩૮ | ૨૦.૩૦ |
| ૧૦ | જાફરાબાદ | ૧૯૮૭૧.૧૭ | ૨૦૦૭૧.૧૭ | ૨૦.૬૯ |
| ૧૧ | વીજપડી | ૧૯૪૬૩.૮૮ | ૧૯૬૬૩.૮૮ | ૨૦.૨૮ |
| ૧૨ | દામનગર | ૧૯૦૧૭.૪૨ | ૧૯૨૧૭.૪૨ | ૧૯.૮૩ |
| ૧૩ | બગસરા | ૧૯૧૦૩.૫૮ | ૧૯૩૦૩.૫૮ | ૧૯.૯૨ |
| ૧૪ | ડુંગર | ૧૯૬૨૦.૫૩ | ૧૯૮૨૦.૫૩ | ૨૦.૪૪ |
| ૧૫ | ખંભાળા | ૧૮૮૬૦.૭૭ | ૧૯૦૬૦.૭૭ | ૧૯.૬૮ |
| ૧૬ | ક્લોરાણા | ૧૮૯૩૯.૧૦ | ૧૯૧૩૯.૧૦ | ૧૯.૭૬ |
| ૧૭ | દેવળીયા | ૧૮૯૩૯.૧૦ | ૧૯૧૩૯.૧૦ | ૧૯.૭૬ |
| ૧૮ | ટીંબી | ૨૦૦૦૪.૩૩ | ૨૦૨૦૪.૩૩ | ૨૦.૮૨ |

અમરેલી, ૬ માહે ફેબ્રુઆરી, સને ૨૦૧૭.

---

**પરીશિષ્ટ-૧ જિલ્લો - અમરેલી**

પાલનપુર ડેપો ઉપરથી આવતાં કેરોસીન એજન્ટે છુટક વિક્રેતાને વેચાણ કરવાનો ૧૦૦૦ લીટરનો

| અનું | સંગ્રહ કેન્દ્ર | એજન્ટે છુટક વિક્રેતાને વેચાણ કરવાનો ૧૦૦૦ લીટરનો વેચાણ ભાવ | | છુટક વિક્રેતાએ ગ્રાહકોને વેચાણ કરવાનો ૧ લી. નો ભાવ |
|---|---|---|---|---|
| | | ડેપો ડિલીવરી | ડોરસ્ટેપ ડિલીવરી (રૂા. ૨૦૦/- હેરાફેરી ખર્ચ) | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧ | અમરેલી | ૨૦૨૦૭.૪૧ | ૨૦૪૦૭.૪૧ | ૨૧.૦૨ |
| ૨ | ધારી | ૨૦૫૪૪.૨૧ | ૨૦૭૪૪.૨૧ | ૨૧.૩૬ |
| ૩ | સાવરકુંડલા | ૨૦૪૭૩.૭૨ | ૨૦૬૭૩.૭૨ | ૨૧.૨૯ |

| १ | २ | ३ | ४ | ५ |
|---|---|---|---|---|
| ४ | લાઠી | २०१०९.५० | २०३०९.५० | २०.९३ |
| ५ | વડીયા | २०६३०.४७ | २०८३०.३७ | २१.४५ |
| ६ | રાજુલા | २०७७९.१९ | २०९७९.१९ | २१.६० |
| ७ | બાબરા | २००७४.२६ | २०२७४.२६ | २०.८९ |
| ८ | લીલીયા | २०३५२.३१ | २०५५२.३१ | २१.१७ |
| ९ | ખાંભા | २०६६९.५३ | २०८६९.५३ | २१.४९ |
| १० | જાફરાબાદ | २०९५९.३३ | २११५९.३३ | २१.७८ |
| ११ | વીજપડી | २०६६९.५३ | २०८६९.५३ | २१.४९ |
| १२ | દામનગર | २००५४.६७ | २०२५४.६७ | २०.८७ |
| १३ | બગસરા | २०४६९.८० | २०६६९.८० | २१.२९ |
| १४ | ડુંગર | २०७८७.०२ | २०९८७.०२ | २१.६० |
| १५ | ખંભાળા | २०६०६.८७ | २०८०६.८७ | २१.४२ |
| १६ | ક્લોરાણા | २०६३८.२० | २०८३८.२० | २१.४६ |
| १७ | દેવળીયા | २०३०५.३२ | २०५०५.३२ | २१.१२ |
| १८ | ટીંબી | २०९४३.६७ | २११४३.६७ | २१.७६ |

અમરેલી, ૬ માહે ફેબ્રુઆરી, સને ૨૦૧૭.

**દિલીપ રાણા,**
કલેકટર, અમરેલી.

---

વંચાણે લીધાં :

(૧) આ કચેરીના તા. ૧૭-૧૨-૨૦૧૬ ના હુકમ નં. : પરવ/કસન/વશી/૧૭૧/૧૬.

(૨) સેકશન અધિકારી અન્ન અને નાગરિક પુરવઠા અને ગ્રા. બા. વિભાગ, ગાંધીનગરના તા. ૦૨-૦૨-૨૦૧૭ ના પત્ર ક્રમાંક : કસન-૧૦૨૦૧૬-૩૭૩-બ.

(૩) સરકારશ્રીના ઉપસચિવશ્રી તા. ૦૬-૦૯-૨૦૧૬ ના પત્ર ક્રમાંક : કસન-૧૦૨૦૧૬-૩૭૩-બ.

**હુકમ**

નાં. પરવ/કસન/વશી/૨૨/૧૭.-વંચાણે લીધેલ સંદર્ભ-૧ના આ કચેરીના હુકમથી વાડીનાર એસ્સાર ઓઈલ કું. ટર્મીનલ ઉપરથી આવતા જાહેર વિતરણ યોજના હેઠળના કેરોસીનના જથ્થાબંધ તેમજ છુટક વિતરણના ભાવો નક્કી કરવામાં આવેલ છે.

ઉક્ત વંચાણ–૨ના સરકારશ્રીના સેકશન અધિકારીશ્રી, અન્ન અને નાગરિક પુરવઠા અને ગ્રા.બા. વિભાગ, ગાંધીનગરના તા. ૦૨-૦૨-૨૦૧૭ના પત્ર ક્રમાંક : કસન-૧૦૨૦૧૬-૩૭૩-બ થી તથા Bharat Petroleum Corporation Limited નો તા. ૩૧-૦૧-૨૦૧૭ ના મેઈલ તથા ઈન્ડીયન ઓઈલ કોર્પોરેશન લી., અમદાવાદએ Ex-Mi Rates તેઓના તા. ૦૧-૦૨-૨૦૧૭ના પત્ર ક્રમાંક : Ref : SLCPDS-SKO/Gujarat થી પીડીએસ કેરોસીન બાબતે વિવિધ સપ્લાય પોઈન્ટના Ex-Mi Ratesમાં થયેલ ફેરફારથી પીડીએસ કેરોસીનના નવા ભાવ જાહેર કરેલ હોય તે મુજબ જિલ્લામાં કેરોસીનના ભાવ નિયત કરવા જણાવવામાં આવેલ છે. દેવભૂમિ દ્વારકા જિલ્લામાં Ex-Mi Rates રૂા. ૧૫૮૨૨/- હતાં જેમાં રૂા. ૨૩૦/- નો વધારો થઈ નવા ભાવ રૂા. ૧૬૦૫૨/- નિયત કરવામાં આવેલ છે.

સબબ, કેરોસીન (રીસ્ટ્રીકશન ઓન યુઝ એન્ડ ફિકસેશન ઓફ સેલીંગ પ્રાઈઝ) ઓર્ડર ૧૯૯૩ ની કંડીકા-૨ના સબ કલોઝ-ડી(૧) થી મળેલ સત્તાની રૂએ દેવભૂમિ દ્વારકા જિલ્લાના દરેક તાલુકા માટે જાહેર વિતરણ યોજના હેઠળ વેચાણ થતા એસ્સાર ઓઈલ કું. લી., વાડીનાર ઉપરથી આવતા કેરોસીનના જથ્થાબંધ તથા છુટક વેચાણ ભાવ આ સાથેના પરિશિષ્ટ-૧ ની વિગતે આથી હુકમ કરવામાં આવે છે.

સદરહું નિયત ભાવથી વધુ ભાવે વેચાણ કરનાર એજન્ટ, જથ્થાબંધ કે છુટક વિક્રેતા, વ્યાજબી ભાવના દુકાનદાર સામે ધી કેરોસીન (વપરાશ પર નિયંત્રણ અને અધિકતમ કિંમત નક્કી કરવા) બાબત હુકમ-૧૯૯૩ ની કલમ-૪(૧) સી તેમજ ગુજરાત આવશ્યક ચીજવસ્તુ (પરવાના નિયંત્રણ અને જથ્થા જાહેરાત) આદેશ-૧૯૮૧ ની કલમ-૨૨ ના ભંગ બદલ આવશ્યક ચીજવસ્તુ અધિનિયમ-૧૯૫૫ ની કલમ-૩ ના ભંગ ગણી શિક્ષાત્મક કાનુની કાર્યવાહી કરવામાં આવશે.

આ હુકમથી નિયત કરવામાં આવેલ ભાવ તા. ૦૧-૦૨-૨૦૧૭થી અમલમાં આવશે.

**પરીશિષ્ટ-૧**

એસ્સાર ઈન્ડસ્ટ્રીઝ ઈન્સ્ટોલેશન ઉપરથી આવતા એક કિલો લીટર કેરોસીન જથ્થાબંધ તથા છુટક વેચાણ ભાવ સરકારશ્રીના અન્ન અને નાગરિક પુરવઠા અને ગ્રા. બા. વિભાગ, ગાંધીનગરના તા. ૧૭-૦૧-૨૦૧૭ના પત્ર ક્રમાંક : કસન-૧૦૨૦૧૬-૩૭૩-બ અન્વયે આ કચેરીના તા. ૦૨-૦૧-૨૦૧૭ના હુકમ ક્રમાંક : નાં. પરવ/કસન/વશી/૧૭૧/૧૭ સાથેનું

**પત્રક**

| ક્રમ | તાલુકાનું નામ | એજન્ટ/જથ્થાબંધ વિક્રેતાએ વેચાણ કરવાનો એક કિલોલીટરનો ભાવ રૂા. પૈસા | છુટક વિક્રેતા/વાજબી ભાવના દુકાનદાર/ ફેરિયાએ વેચાણ કરવાનો છુટક એક લીટરનો ભાવ રૂા. પૈસા |
|---|---|---|---|
| ૧ | ખંભાળીયા | ૧૮૨૩૩.૧૪ | ૧૮.૮૫ |
| ૨ | ભાણવડ | ૧૮૩૨૦.૨૬ | ૧૮.૯૫ |
| ૩ | કલ્યાણપુર | ૧૮૪૮૬.૨૦ | ૧૯.૧૦ |
| ૪ | દ્વારકા | ૧૮૭૦૧.૯૩ | ૧૯.૩૦ |

**નોંધ** :- આ હુકમથી નક્કિ કરેલ ભાવથી વધુ ભાવ લેવામાં આવવાનો કિસ્સો ધ્યાને આવશે તો સંબંધકર્તા સામે શિક્ષાત્મક કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

દેવભૂમિ દ્વારકા, ૦૨ માહે ફેબ્રુઆરી, સને ૨૦૧૭.

---

એસ્સાર ઈન્ડસ્ટ્રીઝ લી., વાડીનાર ઈન્સ્ટોલેશન ઉપરથી આવતા એક કિલોલીટરના કેરોસીનના જથ્થાબંધ તથા છુટક વેચાણ ભાવ

જિલ્લો : દેવભૂમિ દ્વારકા

| ક્રમ | વિગત | ખંભાળીયા ૪૩ કી.મી. | ભાણવડ ૧૨૧ કી.મી. | કલ્યાણપુર ૧૬૧ કી.મી. | દ્વારકા ૨૧૩ કી.મી. |
|---|---|---|---|---|---|
| 1 | રાઉન્ડ ટ્રીપ અંતર કિ.મી. (આવક-જાવક) | 43 | 121 | 161 | 213 |
| 2 | એકસ કંપની ડેપો ભાવ | 16052.00 | 16052.00 | 16052.00 | 16052.00 |
| 3 | ટ્રાન્સ ચાર્જીસ ૧૦૦ કી.મી. સુધીના એક કે.એલ. ના રૂા. ૮૧૦.૭૮ પૈસા | 810.78 | 810.78 | 810.78 | 810.78 |
| 4 | ટ્રાન્સપોર્ટ ચાર્જીસ (રૂા. ૩.૫૫ પૈસા) + ૦.૪૨ પૈસા પ્રતિ કિલી મુજબ= ૩.૯૭ પૈસા પ્રતિ કે.એલ./પ્રતિ કી.મી. ૧૦૦ કી.મી. ઉપર | 0.00 | 83.37 | 242.17 | 448.61 |
| 5 | ડોરસ્ટેપ ડીલીવરી પરીવહન દર એક કે.એલ.ના | 350.00 | 350.00 | 350.00 | 350.00 |
| 6 | ભાડાની રકમના (ક્રમ નં. ૩+૪+૫ ની રકમ) ૩૦% રકમ ઉપર ૧૫.૦૦% લેખે લેવામાં આવતો સર્વીસ ટેક્ષ | 52.24 | 55.99 | 63.13 | 72.42 |
| 7 | એજન્ટ કમીશન. કેન્દ્ર-૭૮૭.૮૨ + રાજય- ૧૮૦.૩૦ (ભારત સરકારશ્રીના તા. ૨૮-૧૦-૨૦૧૬ નો પત્ર તથા સરકારશ્રીના તા. ૨૯-૧૦-૨૦૧૬ ના પત્ર ક્રમાંકઃ કસન/૧૦૨૦૧૬/જીઓઆઈ-૬-બ અન્વયે ૭૧૪.૧૮ સામે ૭૮૭.૮૨ @ ૭૩.૬૪ નો વધારો | 968.12 | 968.12 | 968.12 | 968.12 |
| 8 | જથ્થાબંધ ૧ કીલોલીટરનાં ભાવ | 18233.14 | 18320.26 | 18486.20 | 18701.93 |
| 9 | છુટક વિક્રેતા કમીશન+એકસ્ટ્રા ચાર્જ ૫૬૩-૦૦ + ૫૪-૦૦ (સરકારશ્રીના તા. ૨૮-૭-૧૪ ના ઠરાવ ક્રમાંકઃ કસન/૧૦૨૦૧૨/એમપી/૧૧/બ મુજબ) | 617.00 | 617.00 | 617.00 | 617.00 |
| 10 | કુલ | 18850.14 | 18937.26 | 19103.20 | 19318.93 |
| 11 | ૧ લીટરનો ભાવ | 18.85 | 18.95 | 19.10 | 19.30 |
| 12 | સરકારશ્રીના તા. ૧૫-૩-૮૩ ના ઠરાવની જોગવાઈ મુજબ નજીકના પાંચ પૈસાના રાઉન્ડ ફીગર લક્ષમાં લેતા નક્કી થતા ૧ લીટરના ભાવ. | 18.85 | 18.95 | 19.10 | 19.30 |

દેવભૂમિ દ્વારકા, ૦૨ માહે ફેબ્રુઆરી, સને ૨૦૧૭.

**એચ. કે. પટેલ,**
કલેકટર, દેવભૂમિ દ્વારકા.

---

## અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

### ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭ની પેટા કલમ-૧ તથા કલમ-૩ અન્વયેનો હુકમ

### જાહેરનામું

નં. હોમ/પલસ/૩/વશી/૧૮૧૧ થી ૧૮૭૦/૨૦૧૭.-(૧) આગામી દિવસો દરમ્યાન મહા શિવરાત્રીનો તહેવાર આવતો હોય અને પ્રવર્તમાન પરિસ્થિતિને અનુલક્ષીને સમગ્ર અમરેલી જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાય રહે તે માટે તેમજ જાહેર સુલેહ શાંતિ અને સલામતી જાળવવા માટે ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭ની પેટા કલમ-૧ તથા કલમ-૩ અન્વયે પગલા લેવા પુરતા કારણો છે. તેની મને ખાત્રી થઈ છે.

(૨) જેથી હું, ડી. ડી. પંડયા, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, અમરેલી, ગુજરાત પોલીસ અધિનિયમ–૧૯૫૧ની કલમ–૩૭ની પેટા કલમ–૧ તથા કલમ–૩ અન્વયે મળેલ સત્તાની રૂઈએ આથી ફરમાવું છું કે,

(૩) તા. ૧૬-૦૨-૨૦૧૭ થી તા. ૦૨-૦૩-૨૦૧૭ (બંને દિવસો સહિત) અમરેલી જિલ્લાના સમગ્ર વિસ્તારમાં,

(૪) કોઈપણ ઈસમે શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટા, બંદુક, ચપ્પુ, લાકડી અથવા લાઠી અથવા શારિરીક ઈજા અને હિંસા પહોંચાડવા ઉપયોગી થઈ શકે તેવી બીજી કોઈપણ ચીજવસ્તુ, સ્ફોટક પદાર્થ અથવા પથ્થરો સાથે ઘર બહાર નીકળવું નહીં. કોઈ આકૃતિઓ અથવા પુતળા દેખાડવા નહીં અને બુમો પાડવી નહીં તથા સુત્રોચાર કરવા નહીં.

(૫) આ હુકમ નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહીં.

(અ) ફરજ પર રોકાયેલ પોલીસ તથા હોમગાર્ડ સહિતના તમામ સરકારી તેમજ અર્ધ સરકારી કર્મચારી તથા અધિકારીઓને,

(બ) શારિરીક અશક્તિને કારણે લાકડી તથા લાઠી લઈને ફરવુ જરૂરી છે તેવી વ્યક્તિઓને,

(૬) વધુમાં ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭ની પેટા કલમ-૩ હેઠળ મળેલ સત્તાની રૂઈએ,

**તારીખ : ૧૬-૦૨-૨૦૧૭ થી તા. ૦૨-૦૩-૨૦૧૭ (બંને દિવસો સહિત)** અમરેલી જિલ્લાનાં સમગ્ર વિસ્તારની અંદર સબંધિત સબ ડીવઝનલ મેજીસ્ટ્રેટશ્રી/તાલુકા એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટશ્રીની પુર્વ મંજુરી/પરવાનગી સિવાય કોઇ સભા મંડળી ભરવાની અથવા સરઘસ કાઢવાની હું મનાઈ ફરમાવુ છું.

(૭) ઉપરોક્ત પેરા-૬(છ) માં કરવામાં આવેલ આદેશ ફરજ પરના કોઈપણ સરકારી/બિનસરકારી કર્મચારીઓ અને અધિકારીઓને તેમજ કોઈપણ લગ્નનાં વરઘોડાને અથવા સ્મશાનયાત્રાને લાગુ પડશે નહીં.

(૮) આ જાહેરનામાનું ઉલ્લંઘન કરનાર અથવા ઉલ્લંઘન માટે મદદ કરનાર શખ્સ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૫ની જોગવાઈ મુજબ સજા તથા દંડને પાત્ર થશે.

હું એવો પણ આદેશ કરૂં છું કે, પોલીસ અધિક્ષકશ્રી, અમરેલીએ સદરહું હુકમ નિર્દિષ્ટ કરેલ વિસ્તારમાં સહેલાઈથી દેખી શકાય તેવી જગ્યાએ તેની નકલ ચોટાડીને તથા લાઉડસ્પીકર તેમજ સ્થાનિકેથી પ્રસિધ્ધ થતા સ્થાનીક વર્તમાનપત્રો દ્વારા તેની બહોળી જાહેરાત કરી/કરાવીને પ્રસિધ્ધ કરવો.

(૯) આજ તારીખ ૧૫-ફેબ્રુઆરી-૨૦૧૭ નાં રોજ મારી સહી તથા સિક્કો કરી હુકમ બહાર પાડયો.

અમરેલી, ૧૫ માહે ફેબ્રુઆરી, સને ૨૦૧૭.

ડી. ડી. પંડયા,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
અમરેલી.

---

**સને-૧૯૫૧ના ગુજરાત પોલીસ અધિનિયમ આંક-૨૨ની કલમ-૩૩(૧)બી હેઠળનું**

## જાહેરનામું

નં. એમએજી/સી/ગિરનાર/૫૩૩/૧૭.-ગુજરાત સરકારશ્રીના યુવક સેવા, સાંસ્કૃતિક પ્રવૃત્તિ અને રમત-ગમત વિભાગના ઉપક્રમે જુનાગઢ જિલ્લા વહીવટીતંત્ર દ્વારા તા. ૧૨-૦૨-૨૦૧૬-૧૭ યોજાનાર છે. આ સ્પર્ધાના કારણે ગિરનાર પર્વત ઉપર જતા યાત્રાળુઓને કારણે આ સ્પર્ધામાં ભાગ લેતા યુવક/યુવતીઓની ટુકડીઓને સ્પર્ધામાં અંતરાય કે ખલેલ ઉભી થવાની પુરેપુરી શક્યતા રહેલી હોય, એવા સંજોગોમાં ગીરનાર પર્વત ઉપર જતા યાત્રાળુઓના સંભવિત વિક્ષેપને દુર કરવા તેમજ સ્પર્ધામાં ભાગ લેતા યુવક/યુવતીઓની ટુકડીઓને સંભવિત ખલેલ નિવારવાના હેતુ માટે, આ સ્પર્ધા દરમ્યાન ગિરનાર તળેટીથી અંબાજી તરફ જતા ગીરનાર પર્વતની સીડીના પગથીયા ઉપર આવવા-જવા માટે પ્રતિબંધ ફરમાવવા જાહેરનામુ પ્રસિધ્ધ કરવા સભ્ય સચિવશ્રી, ગિરનાર આરોહણ અવરોહણ સ્પર્ધા અને જિલ્લા રમત ગમત અધિકારીશ્રી, જુનાગઢના પત્ર ક્રમાંકઃ જરગઅ/રાષ્ટ્ર ગીરનાર/૨૨૦-૨૨૧/૨૦૧૭, તા. ૦૨-૦૨-૨૦૧૭ ના પત્રથી દરખાસ્ત થયેલ છે.

ઉપરોકત દરખાસ્ત વ્યાજબી જણાતી હોય હું, પી. વી. અંતાણી, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, જુનાગઢ જિલ્લો, જુનાગઢ સને-૧૯૫૧ના ગુજરાત પોલીસ અધિનિયમ-આંક-૨૨ની કલમ-૩૩(૧)(બી) અન્વયે મને મળેલ સત્તાની રૂએ તા. ૧૨-૦૨-૨૦૧૭ના રોજ ૦૦-૦૦ કલાકથી (શુન્ય કલાકથી) બપોરના ૧૨-૦૦ કલાક સુધી ગીરનાર તળેટીથી અંબાજી મંદિર તરફ જતી ગીરનાર પર્વતની સીડીના પગથીયા ઉપર સ્પર્ધકો સિવાયના અન્ય વ્યકિત/યાત્રાળુઓ ગીરનાર પર્વતની સીડીના પગથીયા દ્વારા ઉપર જવા કે નીચે ઉતરવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

આ જાહેરનામું સ્પર્ધાના અધિકૃત અધિકારીશ્રીઓ/સ્વયં સેવકોને સ્પર્ધા વ્યવસ્થામાં કાયદેસરની ફરજ બજાવનારને લાગુ પડશે નહી.

આ જાહેરનામાનો ભંગ કે ઉલ્લંઘન કરનાર સને-૧૯૫૧ના ગુજરાત પોલીસ અધિનિયમ-આંક-૨૨ની કલમ-૧૩૧માં દર્શાવેલ શિક્ષાને પાત્ર ઠરશે.

આ જાહેરનામું આજરોજ તા. ૦૨ માહે ફેબ્રુઆરી, ૨૦૧૭ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી જાહેર જનતાની જાણ તથા અમલ થવા માટે પ્રસિધ્ધ કર્યુ.

જુનાગઢ, ૨ માહે ફેબ્રુઆરી, સને ૨૦૧૭.

---

**સને-૧૯૫૧ના ગુજરાત પોલીસ અધિનિયમ (આંક-૨૨)ની કલમ-૩૩ની પેટાકલમ-(૧) (યુ) અન્વયેનું**

## જાહેરનામું

નં. એમએજી/સી/શિવરાત્રી/૫૩૯/૨૦૧૭.-જુનાગઢ શહેરમાં ભવનાથ તળેટી ખાતે ચાલુ વર્ષે પરંપરાગત રીતે મહા-શિવરાત્રીનો મેળો યોજાનાર છે. આ મેળામાં બહોળી સંખ્યામાં જિલ્લા તથા બહારના વિસ્તારમાંથી યાત્રાળુઓની અવર જવર રહેતી હોય, આ મેળામાં અને આજુબાજુના જંગલ વિસ્તારમાં પર્યાવરણ અને લોકોની સલામતી માટે ફટાકડા અને સ્ફોટક પદાર્થથી આગ લાગવાનો સંભવ રહેતો હોય, મેળા દરમ્યાન ફટાકડા ફોડવા તથા સ્ફોટક પદાર્થનાં ઉપયોગ કરવા ઉપર ગુજરાત પોલીસ એક્ટની કલમ-૩૩(૧)(યુ) મુજબ પ્રતિબંધ ફરમાવતું જાહેરનામું પ્રસિધ્ધ કરવા પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢનાં પત્ર નં. સી/એલઆઈબી/શીવરાત્રી/જા.નં. ૨૪૫/૧૭, તા. ૩૧-૦૧-૨૦૧૭ થી અત્રે દરખાસ્ત રજુ થયેલ છે.

પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢ તરફથી રજુ થયેલ ઉપરોક્ત દરખાસ્ત વ્યાજબી જણાતી હોય, પી. વી. અંતાણી, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, જુનાગઢ જિલ્લો, જુનાગઢ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ (આંક-૨૨)ની કલમ-૩૩(૧)(યુ) અન્વેયે મને મળેલ અધિકારની રૂઈએ ભવનાથ ખાતે યોજાતાં મેળાક્ષેત્રમાં અને આજુબાજુનાં જંગલ વિસ્તારમાં પર્યાવરણ અને લોકોની સલામતી માટે ફટાકડા ફોડવા અને સ્ફોટક પદાર્થોનો ઉપયોગ કરવાની મનાઈ ફરમાવું છું.

આ જાહેરનામું તારીખ : ૨૦-૦૨-૨૦૧૭ થી તારીખ : ૨૫-૦૨-૨૦૧૭ સુધી (બન્ને દિવસો સહીત) અમલમાં રહેશે. આ જાહેરનામાનો ભંગ કરનાર વ્યકિત ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ (આંક-૨૨)ની કલમ-૧૩૧માં જણાવેલ શિક્ષાને પાત્ર ઠરશે.

આજ તારીખઃ ૦૩ મી માહે ફેબ્રુઆરી, સને–૨૦૧૭ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા કરી જાહેર જનતાની જાણ તથા અમલ થવા માટે પ્રસિધ્ધ કર્યું.

જુનાગઢ, ૩ માહે ફેબ્રુઆરી, સને-૨૦૧૭.

---

### સને ૧૯૫૧ના ગુજરાત પોલીસ અધિનિયમ (આંક-૨૨)ની કલમ ૩૩ની પેટા-કલમ-(૧) (યુ) અન્વયેનું

### જાહેરનામું

નં.એમએજી/સી/શિવરાત્રી/૫૪૦/૨૦૧૭.-જુનાગઢ શહેરમાં ભવનાથ તળેટી ખાતે ચાલુ વર્ષે તા. ૨૦-૦૨-૨૦૧૭ થી તા. ૨૫-૦૨-૨૦૧૭ સુધી મહાશિવરાત્રીનો મેળો યોજાનાર છે. આ મેળામાં વિશાળ પ્રમાણમાં યાત્રાળુઓ એકત્રીત થનાર હોય, યાત્રાળુઓની અવર જવરનાં કારણે લોકોની સલામતી માટે, કોઈ અકસ્માતનો બનાવ બનવા ન પામે તે હેતુસર યાત્રાળુઓની અવર જવર પર નિયમન રાખવું જરૂરી હોય, નીચે મુજબનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢના પત્ર નં. સી/એલઆઈબી/શિવરાત્રી/જા.નં. ૨૪૪/૨૦૧૭, તા. ૩૧-૦૧-૨૦૧૭થી અત્રે દરખાસ્ત રજુ થયેલ છે.

| ક્રમ | રસ્તાની વિગત |
|---|---|
| ૧ | ૨ |
| ૧ | મહા-શિવરાત્રીના મેળા દરમ્યાન યાત્રાળુઓને ગીરનાર ઉપર અંબાજી મંદિર સુધી જવા માટે ગીરનારના પગથીયાથી મુખ્ય સીડી ઉપર જઈ શકશે તથા પરત ઉતરવા માટે આ મુખ્ય સીડી બંધ રહેશે. |
| ૨ | ગિરનાર પર્વત પરથી ઉતરવા માટે ગૌમુખી ગંગની જગ્યા પાસેથી ભરતવન-શેષાવનના રસ્તે થઈ સીડી યાત્રાળુઓને ઉતરવા માટે ખુલ્લી રહેશે અને સીડીથી ગીરનાર પર્વત ઉપર જઈ શકાશે નહી. |
| ૩ | મહા-શિવરાત્રીના મેળા દરમ્યાન યાત્રાળુઓ વડલી ચોકથી ડાબી બાજુ ભવનાથ મંદિરથી મંગલનાથ બાપુની જગ્યા તરફ જઈ શકશે, જ્યારે વડલી ચોકથી મંગલનાથ બાપુની જગ્યા તરફ જવાનો રસ્તો બંધ રહેશે. |
| ૪ | ગીરનાર તળેટીથી પરત ફરતાં ભવનાથ મંદિરથી મંગલનાથ બાપુની જગ્યા તરફ આવતા યાત્રાળુઓ સીધા રસ્તે વડલી ચોક આવી શકશે, પરંતુ મંગલનાથ બાપુની જગ્યાથી કે ભવનાથ તળેટીથી સીધા જ ભવનાથ મંદિર તરફ જઈ શકશે નહીં, પરંતુ વડલી ચોક થઈને ભવનાથ મંદિર જઈ શકશે. |

પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢ તરફથી રજુ થયેલ દરખાસ્ત વ્યાજબી જણાતી હોય, લોકોની અવર-જવરનું નિયમન કરવા તથા સાવચેતીના પગલા લેવાનું અનીવાર્ય જણાતા, હું, પી. વી. અંતાણી, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, જુનાગઢ જિલ્લો, જુનાગઢ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ (આંક-૨૨)ની કલમ-૩૩(૧)(બી) અન્વયે મને મળેલ અધિકારની રૂઈએ તા. ૨૦-૦૨-૨૦૧૭ થી તા. ૨૫-૦૨-૨૦૧૭ સુધી (બંને દિવસો સહિત) ઉપર જણાવેલા રસ્તાઓ ઉપર લોકોની અવર-જવર કરવા માટે તેમાં જણાવ્યા પ્રમાણેનું નિયમન કરવા ફરમાવું છું.

આ જાહેરનામાનો ભંગ કરનાર ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ (આંક-૨૨)ની કલમ-૧૩૧માં જણાવેલ શિક્ષાને પાત્ર ઠરશે.

આજ તારીખ ૦૩ મી, માહે ફેબ્રુઆરી, સને ૨૦૧૭ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા કરી જાહેર જનતાની જાણ તથા અમલ થવા માટે પ્રસિધ્ધ કર્યું.

જુનાગઢ, ૩ માહે ફેબ્રુઆરી, સને-૨૦૧૭.

---

### સને ૧૯૫૧ના ગુજરાત પોલીસ અધિનિયમ (આંક-૨૨)ની કલમ-૪૩ની પેટાકલમ-(૧) અન્વયેનું

### જાહેરનામું

નં.એમએજી/સી/શિવરાત્રી/૫૪૧/૨૦૧૭.-જુનાગઢ શહેરમાં ભવનાથ તળેટી ખાતે ચાલુ વર્ષે પરંપરાગત રીતે મહા-શિવરાત્રીનો મેળો યોજાનાર છે. આ મેળામાં બહોળી સંખ્યામાં જિલ્લામાંથી તથા બહારના વિસ્તારમાંથી યાત્રાળુઓની અવર જવર રહેતી હોય, આ સમય દરમ્યાન લોકોનાં જાહેર આરોગ્યને નુકશાન ન થાય તેવા હેતુસર પીવાના પાણીનાં સ્થળે પીવા માટે અલગ રાખેલ પાણીમાં ગંદકી ન થાય તે માટે ગુજરાત પોલીસ એક્ટની કલમ-૪૩(૧) મુજબ આ બાબતેનું પ્રતિબંધ ફરમાવતું જાહેરનામું પ્રસિધ્ધ કરવા પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢનાં પત્ર નં. સી/એલઆઈબી/જા.નં./૨૪૩/૨૦૧૭, તા. ૩૧-૦૧-૨૦૧૭ થી અત્રે દરખાસ્ત રજુ થયેલ છે.

પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢ તરફથી રજુ થયેલ ઉપરોક્ત દરખાસ્ત વ્યાજબી જણાતી હોય, લોકોનું જાહેર આરોગ્ય જળવાઈ રહે અને ચેપી રોગોનો ઉપદ્રવ થવા ન પામે તે માટે સાવચેતીના પગલા લેવાનું ઈષ્ટ જણાતા હું, પી. વી. અંતાણી, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, જુનાગઢ જિલ્લો, જુનાગઢ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ (આંક-૨૨)ની કલમ-૪૩(૧) અન્વયે મને મળેલ અધિકારની રૂઈએ ફરમાવું છું કે, તા. ૨૦-૦૨-૨૦૧૭ થી તા. ૨૫-૦૨-૨૦૧૭ સુધી (બંને દિવસો સહિત) ભવનાથ વિસ્તારમાં લોકોને પીવા માટેનું પાણી દુષિત થાય તેવા કોઈ કૃત્યો કરવા નહીં.

મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી, જુનાગઢ તથા તેઓશ્રીએ નિયુક્ત કરેલા કર્મચારીઓને ઉપરોક્ત કામગીરીની દેખરેખ રાખવા અને યોગ્ય પગલા લેવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આ જાહેરનામાનો ભંગ કરનાર વ્યકિત ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ (આંક-૨૨)ની કલમ-૧૩૯માં જણાવેલ શિક્ષાને પાત્ર ઠરશે.

આજ તારીખઃ ૦૩ મી, માહે ફેબ્રુઆરી, સને-૨૦૧૭ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા કરી જાહેર જનતાની જાણ તથા અમલ થવા માટે પ્રસિધ્ધ કર્યું.

જુનાગઢ, ૩ માહે ફેબ્રુઆરી, સને ૨૦૧૭.

---

**સને ૧૯૫૧ના ગુજરાત પોલીસ અધિનિયમ (આંક-૨૨)ની કલમ-૩૩ની પેટાકલમ-(૧)બી અન્વયેનું**

## જાહેરનામું

નં.એમએજી/સી/શિવરાત્રી/૫૪૨/૨૦૧૭.-જુનાગઢ શહેરમાં ભવનાથ તળેટી ખાતે ચાલુ વર્ષે પરંપરાગત રીતે મહા-શિવરાત્રીનો મેળો યોજાનાર છે. આ મેળામાં બહોળી સંખ્યામાં યાત્રાળુઓ એકત્રીત થનાર હોય, ટ્રાફીક નિયમનના હેતુસર બરડાવા-ગિરનાર દરવાજાથી ભવનાથ તરફ જવા માટે **ઉંટગાડી, ઘોડાગાડી, બળદગાડી** જેવા વાહનો નાટે પ્રવેશબંધી ફરમાવતુ જાહેરનામું ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૩૩(૧) (બી) હેઠળ તા. ૨૦-૦૨-૨૦૧૭ થી તા. ૨૫-૦૨-૨૦૧૭ સુધીની મુદતનુ પ્રસિધ્ધ કરવા પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢનાં પત્ર નં. સી/એલઆઈબી/ જા.નં./૨૪૨/૨૦૧૭, તા. ૩૧-૦૧-૨૦૧૭ થી અત્રે દરખાસ્ત રજુ થયેલ છે.

પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢ તરફથી રજુ થયેલ ઉપરોક્ત દરખાસ્ત વ્યાજબી જણાતી હોય, લોકોની અવર જવનરને અડચણ ન થાય તેમ માટે ટ્રાફીકનું નિયંત્રણ કરવા માટે સાવચેતીના પગલા લેવાનું અનિવાર્ય જણાતાં, હું, પી. વી. અંતાણી, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, જુનાગઢ જિલ્લો, જુનાગઢ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ (આંક-૨૨)ની કલમ-૩૩(૧) (બી) અન્વયે મને મળેલ અધિકારની રૂઈએ ફરમાવું છું કે, તા. ૨૦-૦૨-૨૦૧૭ થી તા. ૨૫-૦૨-૨૦૧૭ સુધી (બંને દિવસો સહિત) ઉંટગાડી, ઘોડાગાડી, બળદગાડી જેવા વાહનો માટે ભરડાવાવ-ગિરનાર દરવાજાથી ભવનાથ જવા માટે પ્રવેશ બંધી ફરમાવું છું.

આ જાહેરનામાનો ભંગ કરનાર ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ (આંક-૨૨)ની કલમ-૧૩૧ માં જણાવેલ શિક્ષાને પાત્ર ઠરશે.

આજ તારીખઃ ૦૩ મી, માહે ફેબ્રુઆરી, સને-૨૦૧૭ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા કરી જાહેર જનતાની જાણ તથા અમલ થવા માટે પ્રસિધ્ધ કર્યું.

જુનાગઢ, ૩ માહે ફેબ્રુઆરી, સને ૨૦૧૭.

**પી. વી. અંતાણી,**
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
જુનાગઢ જિલ્લો,
જુનાગઢ.

---

## જાહેરનામું

નં. ડી.એમ.-૧/ભાવનગર મેરેથોન/જા.ના./૨૦૧૭.-આગામી તા. ૨૬-૦૨-૨૦૧૭ ના રોજ ભાવનગર શહેરમાં આવેલ જવાહર મેદાન ખાતેથી ''ભાવનગર મેરેથોન'' દોડનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં ૩,૫,૧૦ અને ૨૧ કી.મી.ની મેરેથોન દોડ યોજાનાર છે. આ મેરેથોન દોડમાં ભાગ લેનાર લોકોને કોઈ ટ્રાફીક અડચણ નડે નહી તેમજ ટ્રાફીક નિયમન જળવાઈ રહે, વાહન વ્યવહાર સુચારૂ રીતે રહે તે માટે મેરેથોન દોડના નીચેના રસ્તાઓ ઉપર તા. ૨૬-૦૨-૨૦૧૭ના વહેલી સવારના ક. ૫-૦૦ થી ક. ૧૧-૦૦ સુધી સાયકલ સહીત તમામ પ્રકારના વાહનોના પ્રવેશ પર પ્રતિબંધ ફરમાવતું જાહેરનામું પ્રસિધ્ધ કરવાની જરૂર જણાતી હોઈ, મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧)(બી) નીચે મને મળેલ અધિકારની રૂઈએ હું, આર. પી. ચૌધરી જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ભાવનગર જિલ્લો, ભાવનગર, નીચેની વિગતે પ્રવેશબંધી જાહેર કરૂં છું.

(૧) કી.મી.–૨૧ :- જવાહર મેદાન ગેટ નં. ૧ થી આતાભાઈ ચોક, સંસ્કારમંડળ, રામમંત્ર મંદીર, દુઃખીશ્યામબાપા સર્કલ, ટોપથ્રી સર્કલ થી ડાબી બાજુ રીંગ રોડ, સીતારામ ચોક, સેન મહારાજ ચોક, લાલાબાપા ચોક, શિવાજી સર્કલ, સરદારનગર સર્કલ, રૂપાણી સર્કલ, ઘોઘાસર્કલ, મહિલા કોલેજ સર્કલ, ક્રેસંટ સર્કલ, નવાપરા ચોક, ભીડભંજન મહાદેવ મંદીર, કાળાનાળા, સર.ટી. હોસ્પીટલ, નિલમબાગ સર્કલ, વિશ્વકર્મા સર્કલ, જૈન દેરાસર સામેના ખાંચામાં, વિજયરાજનગર સર્કલ, ડાયાભાઈ સર્કલ, જવેલ્સ સર્કલ, કાળીયાબીડ પાણીની ટાંકીથી રામમંત્ર મંદિર તરફ જતા પ્રથમ ડાબી બાજુનો ગેટ, વાઘાવાડી રોડ, માધવદર્શન, રબ્બર ફેકટરી સર્કલ થઈ જવાહર મેદાન ગેટ નં. ૨ સુધી.

(૨) કી.મી.–૧૦ :- જવાહર મેદાન ગેટ નં. ૧ થી આતાભાઈ ચોક, સંસ્કારમંડળ, રામમંત્ર મંદીર, કાળીયાબીડ પાણીની ટાંકી, જવેલ્સ સર્કલ, યુનિવર્સીટી ગેટ (ગારડી ગેટ), માઉન્ટેડ યુનિટ મેઈન ગેટ, યુનિવર્સીટી મેઈન ગેટ કાળીયાબીડ, પાણીની ટાંકી, વાઘાવાડી રોડ, પ્લોટ ગેઈટ ચોકીથી જવાહર મેદાન ગેટ નં. ૧ સુધી.

(૩) કી.મી.–૦૫ :- જવાહર મેદાન ગેટ નં. ૧ થી આતાભાઈ ચોક, સંસ્કારમંડળ, રામમંત્ર મંદીર, કાળીયાબીડ પાણીની ટાંકી, વાઘાવાડી રોડ, પ્લોટ ગેઈટ ચોકીથી ગેટ નં. ૧ સુધી.

(૪) કી.મી.–૦૩ :- જવાહર મેદાન ગેટ નં. ૧ થી આતાભાઈ ચોક, સંસ્કારમંડળ, નિર્મળ પ્લાઝાની સામેના ખાંચામાં ફુલવાડી ચોક, વિસામો, વાઘાવાડી રોડ, પ્લોટ ગેઈટ ચોકીથી જવાહર મેદાન ગેટ નં. ૧ સુધી.

આ હુકમ/જાહેરનામાનો ભંગ/ઉલ્લંઘન કરનારને મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧ મુજબ શિક્ષા થશે.

''જાહેરનામાનો અમલ અને તેના ભંગ બદલના પગલા લેવા માટે ફરજ પરના કોઈપણ હેડ કોન્સ્ટેબલને અધિકાર રહેશે.''

ઉપર જણાવેલ સ્થળે આ જાહેરનામાની નકલો ચોંટાડીને તથા વર્તમાનપત્રો મારફત આ જાહેરનામાની બહોળી પ્રસિધ્ધી કરાવવી.

આજ તા. ૧૬-૦૨-૨૦૧૭ ના રોજ મારી સહી તથા કચેરીના સીક્કા કરી જાહેર જનતાની જાણ માટે જાહેરનામું બહાર પાડવામાં આવે છે.

ભાવનગર, ૧૬ માહે ફેબ્રુઆરી, સને ૨૦૧૭.

**આર. પી. ચૌધરી,**
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
ભાવનગર.

---

**મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-33 (૧) અન્વયે કાઢેલો હુકમ**

## જાહેરનામું

ડી.એમ./વશી/૭૨૬ થી ૭૩૫/૨૦૧૭.-બોટાદ શહેરમાં સાળીંગપુર થી પાળીયાદ તરફ જવાના માર્ગે જે સાળીંગપુર ચાર રસ્તાથી ગોંડલ પાન પેલેસથી મસ્તરામ મંદિર સતવારા બોર્ડીંગ થઈ કાબા રૂપાની વાડીથી વકીલ પેટ્રોલ પંપ સામેથી પાળીયાદ રોડ ઉપર અગાઉ ફકત પ્રવેશ જાહેરનામુ બહાર પાડવામાં આવેલ. તેને ઘણો લાંબો સમય થયેલ હોઈ, અને અમલવારી પણ થયેલ ન હોઈ, આ રોડ પરથી આવતાં ટ્રાફીકને ફકત સાળંગપુર રોડ થી પ્રવેશ માટે જાહેર કરવા તથા તેવીજ રીતે પાળીયાદ તરફથી સાળંગપુર તરફ જતાં વાહનો હવેલી ચોકથી મોબાઈલ બજાર, મહિલા મંડળ રોડથી સાળંગપુર ચાર રસ્તા થઈ સાળંગપુર રોડ પર ફકત પ્રવેશ જાહેર કરવો ખૂબજ જરૂરી જણાય છે.

ઉપરોકત પીક-અવર્સ દરમ્યાન એટલેકે સવારના ૧૦:૦૦ કલાકથી ૧૪:૦૦ કલાક તથા સાંજે ૧૭:૦૦ કલાક થી ૨૦:૦૦ ભારે વાહનો માટે પ્રવેશ નિશેધ જાહેર કરવો જરૂરી જણાય છે.

તેમજ હવેલી ચોકથી દિનદયાળ ચોક અને હીરા બજારમા થતી ટ્રાફીક સમસ્યા નિવારવા ફકત એક બાજુ એકી-બેકી તારીખે એટલે કે એકી તારીખે જમણી બાજુ બેકી તારીખે ડાબી બાજુ દ્વી ચક્રીય વાહનો પાર્ક કરવા જાહેરનામુ બહાર પાડવાથી ટ્રાફીક વ્યવસ્થા નિવારી શકાય તેમ છે.

આ અંગે પોલીસ ઈન્સ્પેકટરશ્રી, બોટાદના તા. ૨૭-૦૧-૨૦૧૭ના પત્ર ક્રમાંક નં. ટ્રાફીક/જાહેરનામુ/૧૭/૨૦૧૭ થી દરખાસ્ત થઈ આવેલ છે.

સબબ મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩ (૧)(બી) નીચે મને મળેલ અધિકારની રૂએ હું, બી. વી. લીંબાસીયા, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, બોટાદ જિલ્લો, બોટાદ નીચે મુજબના રસ્તા ઉપર વાહનોને પસાર થવાનું ફરમાવું છું.

(૧) સાળીંગપુર રોડથી પાળીયાદ તરફ જતા વાહનોને ફકત સાળંગપુર ચાર રસ્તાથી ગોંડલ પાન પેલેસ થી મસ્તરામ મંદિર-સતવારા બોર્ડીંગ થઈ કાબા રૂપાની વાડીથી વકીલ પેટ્રોલપંપ સામેથી પાળીયાદ રોડ ઉપર પ્રવેશ કરવાનો રહેશે.

(૨) પાળીયાદ તરફથી સાળંગપુર તરફ જતાં વાહનો હવેલી ચોકથી મોબાઈલ બજાર, મહિલા મંડળ રોડ-કરમશી ભવાન કિરાણા સ્ટોરથી સાળંગપુર ચાર રસ્તા થઈ સાળંગપુર રોડ પર પ્રવેશ કરવાનો રહેશે.

(૩) તેમજ હવેલી ચોકથી દિન-દયાળચોક અને હિરા બજારમાં ટ્રાફીક સમસ્યા નિવારવા ફકત એકબાજુ દ્વિ-ચક્રી વાહનો પાર્ક કરવા એટલે કે, એકી તારીખે જમણી બાજુ તથા બેકી તારીખે ડાબી બાજુ વહનો પાર્ક કરવાના રહેશે.

(૪) પીક-અવર્સ દરમ્યાન એટલેકે સવારના ૧૦:૦૦ કલાકથી ૧૪:૦૦ કલાક તથા સાંજે ૧૭:૦૦ કલાક થી ૨૦:૦૦ ભારે વાહનો માટે પ્રવેશ નિશેધ રહેશે.

(૫) હવેલી ચોકથી દિનદયાળ ચોક અને હીરા બજારમા થતી ટ્રાફીક સમસ્યા નિવારવા ફકત એક બાજુ એકી-બેકી તારીખે એટલે કે એકી તારીખે જમણી બાજુ બેકી તારીખે ડાબી બાજુ દ્વી ચક્રીય વાહનો પાર્ક કરવાના રહેશે.

આ જાહેરનામું તા. ૦૭-૦૨-૨૦૧૭ થી તા. ૩૧-૦૩-૨૦૧૭ સુધી અમલમાં રહેશે.

આ હુકમ/જાહેરનામાનો ભંગ/ઉલ્લંઘન કરનારને મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૧૩૧ મુજબ શિક્ષા થશે.

જાહેરનામાનો અમલ અને તેના ભંગ બદલના પગલા લેવા માટે ફરજ પરના કોઈપણ હેડ કોન્સ્ટેબલ તથા તેનાથી ઉપરના અધિકારીને અધિકાર રહેશે.

ઉપર જણાવેલ સ્થળે આ જાહેરનામાની નકલો ચોંટાડીને તથા વર્તમાનપત્રો મારફત આ જાહેરનામાની બહોળી પ્રસિધ્ધી કરાવવી.

આજ તા. ૦૭-૦૨-૨૦૧૭ ના રોજ મારી સહી તથા કચેરીના સીક્કા કરી જાહેર જનતાની જાણ માટે જાહેરનામું બહાર પાડવામાં આવે છે.

બોટાદ, ૭ માહે ફેબ્રુઆરી, સને ૨૦૧૭.

## જાહેરનામું

(૧) મોબાઈલ-સીમકાર્ડ (નવા/જુના)નું વેચાણ કરવા બાબત :

નં. ડી.એમ./વશી/૧૮ થી ૩૬૮/૨૦૧૬.-ગુજરાત રાજ્ય સહિત સમગ્ર દેશમાં બનતા ગુનાઓમાં મોબાઈલ ફોનના ઉપયોગ તથા મોબાઈલ ચોરીના ગુનાઓનું પ્રમાણ વધવા પામેલ છે. આવા ગુનાઓ શોધી કાઢવા માટે ગુનામાં વપરાયેલ અથવા ગયેલ મોબાઈલ ફોનના IMEI નંબરનું ટ્રેકીંગ કરીને ગુનાના મુળ સુધી પહોંચવા પ્રયત્નો કરવામાં આવે છે. ઘણી વખતે મોઈલ ફોનના વપરાશકર્તા સુધી પહોંચવામાં આવે ત્યારે જાણવા મળે છે કે તેમણે કોઈ અજાણ્યા માણસ પાસેથી મોબાઈલ ફોન ખરીદેલ છે, જે મોબાઈલ વેંચનાર/ખરીદનારને ચોરાયેલ અથવા ગુનામાં વપરાયેલ હોવાની માહિતી હોતી નથી, તેથી તપાસમાં કોઈ ફળદાયક હકિકત મળતી નથી. જેથી આ બાબતે કોઈપણ વ્યકિતઓ મોબાઈલ હેન્ડસેટ વગેરે વગર ઓળખકાર્ડ અથવા કોઈપણ ઓળખપત્ર વગર લેનાર/વેંચનારની જવાબદારી નક્કી કરવા અને પ્રસ્તુત બાબતે આવા ગુનાઓના મુળ સુધી પહોંચી, સાચા આરોપીને શોધી કાઢવા માટે જુના/નવા મોબાઈલ/સીમકાર્ડ કોની પાસેથી ખરીદેલ અથવા કોને વેચાણ આપેલ તે હાલના સંજોગોને ધ્યાને લઈ જાણવું ખુબ જ જરૂરી જણાય છે. આથી જુના/નવા મોબાઈલ/સીમકાર્ડની લે-વેચ કરતા વેપારીઓએ નીચે મુજબનાં નમુનામાં રજીસ્ટર નિભાવવાનું થાય છે.

| ક્રમ | મોબાઇલ/સીમકાર્ડની વિગત/કંપનીનું નામ. | I.M.E.I. Number | મોબાઇલ/ સીમકાર્ડ ખરીદનાર/ વેંચનારનું નામ તથા સરનામા, ટેલીફોન નંબરની વિગતો. | મોબાઇલ/ સીમકાર્ડ, ખરીદનાર/ વેંચનારના આઇડેન્ટીટી તથા રેસીડેન્ટ પ્રુફ. |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |

(૨) સાયકલ/મોપેડ/વિદ્યુતથી ચાલતા વાહનો તથા જુના વાહનો (તમામ પ્રકારના ફોર વ્હીલર, થ્રી વ્હીલર, ટુ વ્હીલર)ના વેચાણ કરવા બાબત :

ગુજરાત રાજ્ય સહિત સમગ્ર દેશમાં છેલ્લાં કેટલાક સમયથી આતંકવાદી ભાંગફોડીયા તત્વો દેશના અલગ-અલગ રાજ્યોમાં આતંક ફેલાવવાના હેતુથી રજીસ્ટર્ડ ન થતા હોય તેવા સાયકલ/મોપેડ/વિદ્યુતથી ચાલતા વાહનો તથા જુના વાહનો (તમામ પ્રકારના ફોર વ્હીલર, થ્રી વ્હીલર, ટુવ્હીલર)ના ઉપયોગ કરતા હોવાનું જણાય છે. આતંકિત કૃત્યમાં આવા વાહનોનો ઉપયોગ થયા બાદ આવા વાહનોની કોઈ સ્પષ્ટ નોંધણી ન હોવાના કારણે તેના મુળ માલીક સુધી પહોંચવાનું તપાસ એજન્સી/પોલીસ માટે ખુબ જ મુશ્કેલ બનતું હોય છે. મહદઅંશે આવા વાહનોના વેચાણ વખતે આવા જૂના વાહનોની લે-વેચ કરતી વખતે તેમજ આવા વાહનો ભાડે આપતી વખતે વેપારીઓ ખરીદનાર/ગ્રાહક પાસેથી ઓળખના પુરતા પુરાવા મેળવ્યા વગર વાહનોનું વેચાણ કરતા હોય છે, લે-વેચ કરતા હોય છે કે ભાડે આપતા હોય છે.

.....બહારના રાજ્યોમાંથી અગર દેશ બહારથી આવતા આવા તત્વો રજિસ્ટર્ડ ન થતા હોય તેવા સાયકલ/મોપેડ/વિદ્યુતથી ચાલતા વાહનો તથા જુના વાહનો (તમામ પ્રકારના ફોર વ્હીલર, થ્રી વ્હીલર, ટુવ્હીલર) ખરીદી/ભાડેથી મેળવી સ્થાનિક પરિસ્થિતિથી માહિતગાર થઈને તેઓની ત્રાસવાદી પ્રવૃત્તિઓને અંજામ આપતા હોય છે. જેથી રજીસ્ટર્ડ ન થતા હોય તેવા સાઈકલ/મોપેડ/વિદ્યુતથી ચાલતા વાહનો તથા જુના વાહનો (તમામ પ્રકારના ફોર વ્હીલર, થ્રી વ્હીલર, ટુવ્હીલર)નું વેચાણ કરનાર, આવા વાહનોની લે-વેચ કરનાર તથા આવા વાહનો ભાડે આપનાર વેપારીઓ નિયંત્રણો મુકવા જરૂરી જણાય છે. આથી સાયકલ/મોપેડ/વિદ્યુતથી ચાલતા વાહનો તથા જુના વાહનો (તમામ પ્રકારના ફોર વ્હીલર, થ્રી વ્હીલર, ટુ વ્હીલર) લે-વેચ કરતા વેપારીઓએ નીચે મુજબના નમૂનામાં રજીસ્ટર નિભાવવાનું થાય છે.

| ક્રમ | વાહન કોને વેચેલ છે? કોની પાસેથી ખરીદેલ છે?/ કોને ભાડે આપેલ છે? તેનું પુરૂ નામ અને સરનામું, ટેલીફોન નંબર, ઉંમર. | વાહનનો પ્રકાર. | વાહનનો એન્જીન નંબર/ચેસિસ નંબર | રજુ કરેલ આધાર-પુરાવા જેવા કે રેશનકાર્ડ/ચૂંટણીકાર્ડ/ડ્રાઈવીંગ લાયસન્સ/બેન્કની પાસબુક/ પાનકાર્ડ/આકારણી પત્રક/પાસપોર્ટની નકલ/ઈલેકટ્રીક બીલ/ ટેલીફોન બીલ/ મોબાઇલ બીલ વિગેરેની પ્રમાણિત નકલો. | વાહનના વેચાણ બીલ નંબર અને તારીખની વિગત. |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |

(૩) મકાન તથા ઔદ્યોગિક એકમો ભાડે આપવા બાબત :

રાજ્યમાં ત્રાસવાદી/અસામાજીક તત્વો શહેરોમાં તેમજ ગીચ વસ્તીવાળા વિસ્તારોમાં ગુપ્ત આશરો મેળવી જાહેર સલામતી અને શાંતીનો ભંગ કરી તેમજ આતંકવાદી પ્રવૃતિઓ કરતા હોવાથી માનવ જીંદગીની ખુવારી થાય અને જાહેર તેમજ લોકોની સંપતિને નુકશાન

પહોંચે છે, જેમાં બહારના રાજ્યોમાંથી કે દેશ બહારથી આવતા આવા તત્વો કોઇના મકાન ભાડે રાખીને રહેતા હોય છે. અને સ્થાનિક વિસ્તારનો સર્વે કરી સ્થાનિક પરિસ્થિતિથી માહિતગાર થઇને તેઓની ત્રાસવાદી પ્રવૃતિઓને અંજામ આપતા હોય છે. જેથી ભાડેથી મકાન આપતા મકાન માલિકોનો રાજ્ય અને દેશની સલામતી સાચવવા સહકાર મેળવવા માટે મકાન/ઔદ્યોગિક એકમોના માલિકો દ્વારા ભાડે આપતા મકાનો/એકમો બાબતે નજીકના પોલીસ સ્ટેશને મકાન/એકમ ભાડે લેનારના નામો અંગે જાણ કરવામાં આવે તો આવી પ્રવૃતિ કરનારની યોગ્ય ચકાસણી થઈ શકે તે માટે મકાન માલિકો ઉપર થોડાંક નિયંત્રણો મુકવા સારૂ રાજ્યના તમામ જિલ્લાઓમાં મકાન, ઔદ્યોગિક એકમો ભાડે આપતા પહેલા પોલીસતંત્રને નીચે મુજબનાં નમુનામાં જાણ કરવાની જરૂર જણાય છે.

| નં. | મકાન માલીકનું નામ તથા ભાડે આપવાનું મકાન/એકમ કયા શહેર અને તેના વિસ્તાર/ગામમાં આવેલ છે? તેનું બાંધકામ કેટલા ચો. મી. છે? | મકાન/એકમ ભાડે આપવા ખાસ સત્તા ધરાવતા વ્યકિતનું નામ. | મકાન/એકમ કયારથી ભાડે આપવાનું છે તથા માસિક કેટલા ભાડાથી આપવા ધારેલ છે? | જે વ્યકિતને મકાન/એકમ ભાડે આપવાનું હોય તેનાં પાકા નામ/સરનામા તથા તેના સંપર્ક નંબરો સહિતની વિગતો | મકાન માલિકને ભાડુઆતનો સંપર્ક કરાવનાર વ્યક્તિનું નામ/સરનામું |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |

(૪) હોટલ/ગેસ્ટ હાઉસ/મુસાફરખાના ભાડે આપવા તથા તેમા સી.સી.ટી.વી. કેમેરા ગોઠવવા બાબત :

ગુજરાત રાજ્ય સહિત સમગ્ર દેશમાં આતંકવાદ/ત્રાસવાદી તત્વો બહારના રાજ્યો કે દેશ બહારથી આવતા હોય છે, અને હોટલ/ગેસ્ટ હાઉસ/મુસાફરખાના ભાડે રાખી રહેતા હોય છે. તેમજ વિસ્તારનો સર્વે કરી સ્થાનિક પરિસ્થિતિથી માહિતગાર થઈને ત્રાસવાદી પ્રવૃત્તિઓને અંજામ આપતા હોય છે. આ જિલ્લામાં પ્રવાસ-પર્યટનના તથા ધાર્મિક સ્થળો આવેલા છે, જ્યાં વિશાળ પ્રમાણમાં દેશ-વિદેશના પ્રવાસીઓ, યાત્રાળુઓ આવતા હોય છે. તેમજ આ જિલ્લામાં આવેલ ઔદ્યોગિક એકમોમાં પર પ્રાંતીય માણસો કામ-ધંધા અર્થે આવે છે. આવા સંજોગોમાં ત્રાસવાદી પ્રવૃત્તિ સાથે સંકળાયેલ કોઈ વ્યક્તિ હોટલ/ગેસ્ટહાઉસ/મુસાફરખાનામાં આશરો લઈ સ્થાનિક માણસો સાથે ભળી જઈ બદઈરાદો પાર ન પાડે તે માટે તે માટે જાહેર જનતાની સલામતી તથા સુરક્ષા માટે તકેદારીના પગલા લેવા આવશ્યક છે. આથી હોટલ/ગેસ્ટહાઉસ/મુસાફરખાના, રાહતદરે ચાલતી કે સખાવતથી ચાલતી, તમામ સરકારી, ધાર્મિક કે ટ્રસ્ટના અને ખાનગી વ્યવસાયો/સંસ્થાઓના માલીકોએ નીચે મુજબના નમુનામાં રજિસ્ટર નિભાવવા, દર માસે સંબંધિત પોલીસ સ્ટેશનને જાણ કરવા તથા તેમાં સી.સી.ટી.વી. કેમેરા, આઈ.પી. કેમેરા નાઈટ વિઝન સાથેના નીચેની વિગતે ગોઠવવાના થાય છે.

| નં. | ગેસ્ટનું નામ, સરનામું | સંપર્ક નંબર | આવ્યા તારીખ, સમય | ક્યાંથી આવ્યા છે? | ક્યાં જવાના છે? | આવવાનું કારણ | આઇ.ડી.પ્રુફની વિગત (જો રહેનાર સભ્યો એક જ કુટુંબના હોય ત્યારે કુટુંબની મુખ્ય વ્યક્તિનું આઇ.ડી. પ્રુફ મેળવવાનું રહેશે, જ્યારે કુટુંબ સિવાયના તમામ મુસાફરોનું આઇ.ડી. પ્રુફ મેળવવાનું રહેશે.) | ગયા તારીખ, સમય | ગેસ્ટનું નામ તથા સહી | રીમાર્કસ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ |

(૧) સી.સી.ટી.વી. કેમેરા, આઈ.પી. કેમેરા નાઈટ વિઝન સુવિધા સાથેના હોવા જોઈએ.

(૨) હોટલ, ગેસ્ટહાઉસ, મુસાફરખાનામાં પ્રવેશદ્વાર ઉપર ગ્રાહકનું મોઢું જોઈ શકાય તે રીતે મુખ્ય પ્રવેશદ્વાર ઉપર આઈ.પી. કેમેરા નાઈટ વિઝન સાથેના લગાડેલ હોવા જોઈએ.

(૩) વાહનનો નંબર જોઈ શકાય તે રીતે વાહન પાર્કિંગમાં આઈ.પી. કેમેરા નાઈટ વિઝન સાથેના લગાડેલ હોવા જોઈએ.

(૪) રીસેપ્શન ઉપર ગ્રાહકનું મોઢું જોઈ શકાય તે રીતે આઈ.પી. કેમેરા નાઈટ વિઝન સાથેના લગાડેલ હોવા જોઈએ.

(૫) ઓછામાં ઓછું દિન-૧૫નું રેકોર્ડીંગ સ્ટોર રહેવું જોઈએ.

**(૫) બેન્ક તથા એ.ટી.એમ. માં સીસી ટીવી કેમેરા લગાવવા બાબત**

બોટાદ શહેર તથા જિલ્લામાં જુદી જુદી બેન્કો તથા બેન્કોના એટીએમ મશીનો આવેલા છે. આ બેન્કોમાં રોજની મોટા પ્રમાણમાં નાણાકિય લેવડ-દેવડ થાય છે અને મોટી સંખ્યામાં માણસોની અવર-જવર થાય છે. જેના કારણે છેતરપીંડી, પૈસાની ઉઠાંતરી વગેરે ગુનાઓ બનવાની શકયતા નકારી શકાય તેમ નથી. તેમજ ઘણા કિસ્સાઓમાં બનાવટી નોટો બેન્કના ભરણામાં આવે છે. આવા તથા છેતરપીંડી અને પૈસાની ઉઠાંતરી જેવા ગુનાઓ પર વોચ રાખવા અને તેને બનતાં અટકાવવા ખૂબજ જરૂરી છે. જો આવા બનાવ બને તો આવા બનાવને અંજામ આપનાર ઈસમો સુધી પહોંચવા માટે અને તેની ઓળખ માટે બેન્કો તથા બેન્કોના એટીએમ મશીનોમાં સી.સી.ટીવી કેમેરા હોવા જરૂરી જણાય છે.

**(૬) પેટ્રોલપંપ ઉપર સીસી ટીવી કેમેરા લગાવવા બાબતઃ**

બોટાદ જિલ્લા તથા શહેરમાં આવેલ જુદાં-જુદાં પેટ્રોલપંપ પર રોજના મોટા પ્રમાણમાં માણસોની અવર-જવર રહેતી હોય છે. કેટલીક વાર લુંટ જેવા ગુનાઓ બનતાં હોય છે. તેમજ અમુક અસામાજિક તત્વો ગુનો કરતાં પહેલાં વાહનોમાં ફયુઆલ પુરાવવા આવતાં હોય છે. તેથી આવા તમામ પ્રકારના માણસો ઉપર વોચ રાખવા અને તેને તથા તેની સાથે લઈ આવેલ વાહનો ઓળખવા ઈન્ટરનેટ કનેકટીવીટી તથા આઈ.પી. નાઈટ વિઝન સાથેના સીસી ટીવી કેમેરા હોવા જરૂરી જણાય છે અને બોટાદ જિલ્લામાં લુંટ, ધાડ તેમજ પેટ્રોલપંપ ઉપર ફાયરીંગના બનાવો બનેલ છે. જેથી શહેર તથા જિલ્લામાં કાયદો અને વયવસ્થાની પરિસ્થિતી જળવાઈ રહે તથા આંતરીક સુરક્ષાને ધ્યાને લઈને પેટ્રોલપંપ ઉપર સીસી ટીવી કેમેરા લગાવવા જરૂરી જણાય છે.

ઉકત જણાવેલ તમામ વિગતો મુજબ ભાવનાગર શહેર તથા જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તેમજ જાહેર સુરક્ષા અને સલામતી માટે ઉકત ગુન્હાઓ બનતા અટકાવવા અને જો બનાવ બને તો તે બનાવને અંજામ આપનાર ઈસમ સુધી પહોંચવા માટે અને તેની ઓળખ મેળવવી આવશ્યક છે. આથી હું બી. વી. લીંબાસીયા (G.A.S.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, બોટાદ જિલ્લો, બોટાદ, ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪નો બીજો અધિનિયમ)ના કાયદાની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરુ છુ કે, બોટાદ શહેર તથા જિલ્લાના મોબાઈલ-સીમકાર્ડ(નવા/જુના)નું વેચાણ કરનાર વિક્રેતાઓ, સાયકલ/મોપેડ/વિદ્યુતથી ચાલતા વાહનો તથા જુના વાહનો.....

(તમામ પ્રકારના ફોર વ્હીલર, થ્રી વ્હીલર, ટુવ્હીલર)ના વેપારીઓ, સમગ્ર બોટાદ જિલ્લા વિસ્તારમાં આવેલ તમામ શહેરી વિસ્તારો, ઔદ્યોગિક વિસ્તારોમાં તેમજ ગ્રામ્ય વિસ્તારોમાં કોઈ પણ મકાન માલીક અગર તો આ માટે આવા મકાન માલીકે ખાસ સત્તા આપેલ વ્યકિતઓએ, બોટાદ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં હોટેલ/ગેસ્ટ હાઉસ/મુસાફરખાના, રાહત દરે ચાલતી કે સખાવતથી ચાલતી, તમામ સહકારી ધાર્મિક કે ટ્રસ્ટના અને ખાનગી વ્યવસાયો/સંસ્થાઓના માલીકોએ ઉપર દર્શાવ્યા મુજબના કોલમવાઈઝ રજીસ્ટર નિભાવવાનું રહેશે, અને હોટલ/ગેસ્ટહાઉસ/મુસાફરખાના, રાહત દરે ચાલતી કે સખાવતથી ચાલતી, તમામ સહકારી, ધાર્મીક કે ટ્રસ્ટના અને ખાનગી વ્યવસાયો/સંસ્થાઓમાં સી.સી.ટી.વી. કેમેરા, આઈ. પી. કેમેરા નાઈટ વિઝન સાથે લગાડવાના રહેશે, તેની ફરજીયાત જાળવણી કરવાની રહેશે તેમજ માંગણી થયેથી પોલીસ અધીક્ષક, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ, એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ, કે તેમના તાબાના અધિકારીને ઉપલબ્ધ કરાવવાની રહેશે.

સદરહું હુકમ તા. ૦૭-૦૨-૨૦૧૭ થી ૦૭-૦૪-૨૦૧૭ સુધી (બંને દિવસો સુધ્ધા) દિન-૬૦ માટે અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

''જાહેરનામાના અમલ તથા તેના ભંગ બદલ પગલા લેવા હેડકોન્સ્ટેબલથી નીચેના ન હોય તેવા પોલીસ અધિકારીશ્રીને અધિકૃત કરવામાં આવે છે.''

આ જાહેરનામું જાહેર વિસ્તારોમાં સહેલાઈથી દેખી શકાય તેવી રીતે તેની નકલ ચોંટાડીને તેમજ સ્થાનિક વર્તમાનપત્રોમાં બહોળી પ્રસિધ્ધી આપીને પ્રસિધ્ધ કરવાનું આથી ફરમાવું છું.

આજ, તા. ૦૭-૦૨-૨૦૧૭ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી જાહેરનામું બહાર પાડેલ છે.

બોટાદ, ૭ માહે ફેબ્રુઆરી, સને ૨૦૧૭.

**બી. વી. લીંબાસીયા,**
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
બોટાદ જિલ્લો, બોટાદ.

---

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૧) હેઠળનું

## જાહેરનામું

ક્રમાંક : મજશ-૩/હથિયારબંધી જા.નામું/૨૦૧૭/વશી-૧૩૦૫ થી ૧૫૦૫/૨૦૧૭.-સુરેન્દ્રનગર જિલ્લામા ખાસ કરીને ચોટીલા, થાન, ધ્રાંગધ્રા, સાયલા, મુળી વિસ્તારમાં વર્ગ વિગ્રહનાં બનાવો બને છે. તથા તેમજ અત્રેના જિલ્લાની હાલની કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ ધ્યાને રાખી સુરેન્દ્રનગર જિલ્લાનાં તમામ પોલીસ સ્ટેશન વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ સારી રીતે જળવાઈ રહે તે હેતુસર પોલીસ અધિક્ષકશ્રી, સુરેન્દ્રનગરના તા. ૧૩-૦૨-૨૦૧૭ ના પત્ર ક્રમાંક : એલઆઈબી/જા.પ્ર./૨૫૭/૧૭ થી ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૭(૧) હેઠળનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા દરખાસ્ત થઈ આવેલ છે. તાજેતરની પરિસ્થિતિમાં જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ સારી રીતે જળવાઈ રહે તે માટે જાહેર વ્યવસ્થાના હેતુ માટે હથિયારબંધી ફરમાવવી મને જરૂરી જણાય છે.

વાસ્તે હું, ચંદ્રકાંત જી. પંડયા, (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, સુરેન્દ્રનગર જિલ્લો, સુરેન્દ્રનગર, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ના ૨૨ માની કલમ-૩૭(૧) હેઠળ અમોને પ્રાપ્ત થયેલ અધિકારની રૂએ સુરેન્દ્રનગર જિલ્લાના સમગ્ર વિસ્તારમાં તા. : ૧૭-૦૨-૨૦૧૭ થી તા. : ૨૮-૦૨-૨૦૧૭ સુધી (બંન્ને તારીખો સહીત)ના સમયગાળા દરમ્યાન નગરપાલિકા વિસ્તારમાં સબંધિત સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી તથા ગ્રામ્ય વિસ્તારમાં મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટશ્રીની અગાઉથી મંજુરી મેળવ્યા સિવાય નીચેની વિગતેના કૃત્ય કરવાની મનાઈ ફરમાવું છું.

(૧) શસ્ત્રો, દંડા, તલવાર, સોટા, ખંજર, ચપ્પા, લાકડી/લાઠી, ધોકા, બંદુક, કંડળીવાળી લાકડી તથા શારિરિક ઈજા પહોંચાડી શકે તેવા કોઈપણ પ્રકારના સાધનો ધારણ કરવાની કે સાથે લઈ જવાની.

(૨) પરવાના વાળા હથીયારો લઈ જાહેર જગ્યાઓએ જવા હવામાં ફાયર કરવા, મેળા ધાર્મિક સરઘસ કે વ્યકિતઓના સમુદાયમાં લઈ જવા.

(૩) પથ્થરો અથવા બીજા શસ્ત્રો અથવા તે શસ્ત્રો ફેંકવાના તથા અથવા નાખવાના યંત્રો અથવા સાધનો લઈ જવાની, તથા એકઠા કરવાની તથા તૈયાર કરવાની.

(૪) કોઈ પણ ક્ષયકારી પદાર્થ અથવા વિસ્ફોટક પદાર્થો ધારણ કરવાની કે સાથે લઈ જવાની.

(૫) વ્યકિતઓ અથવા તેમના શબ અથવા આકૃતિઓ અથવા પુતળા તૈયાર કરવાની, દેખાડવાની કે સળગાવવાની કે સાથે લઈ જવાની.

(૬) જેનાથી સુરૂચિનો ભંગ થાય અથવા તો નિતિનો ભંગ થાય તેવું ભાષણ કરવાની, તેવી ચેષ્ટા કરવાની, તેવા ચિત્રો-પત્રિકા-પ્લે કાર્ડ- અથવા બીજા કોઈ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવાની, અથવા ફેલાવો કરવાની કે સાથે લઈ જવાની.

(૭) બુમો પાડવાની, અપમાન કરવાના અથવા જાહેર કરવાનાં ઈરાદાથી જાહેરમાં વિવિધ શબ્દો પોકારવા તેમજ અશ્લીલ ગીતો ગાવા અથવા ટોળામાં ફરવાની.

(૮) કોઈ સરઘસમાં જલતી અને પેટાવેલી મશાલ લઈ જવાની.

(૯) પ્રાઈવેટ સીકયુરીટી એજન્સીના સંચાલક અને કર્મચારી લાયસન્સ વાળા હથીયારો સાથે લઈ પોતાની ફરજ સિવાયના સમયે જાહેર જગ્યામાં જવા ઉપર.

(૧૦) કોઈ ક્ષયધર્મી અથવા સ્ફોટક પદાર્થ લઈ જવાની.

(૧૧) ખુન, ખુનની કોશીષ, ઘાડ, લુંટ તથા ઈજાના બનાવોમા ઉપયોગમા લેવાતા તથા લેવાઈ શકે તેવા જીગઝેક પ્રકારના ચાઈનીઝ ચપ્પાઓ સાથે રાખવા કે વેચાણ કરવા ઉપર.

**આ હુકમ નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહી**

(૧) સરકારી નોકર કે કામ કરતી વ્યકિત કે જેને તેમના ઉપરી અધિકારીશ્રીઓએ આવું કોઈપણ હથિયાર લઈ જવા ફરમાવ્યું હોય અથવા કોઈપણ હથિયાર લઈ જવાની તેમની ફરજ હોય તેવી વ્યકિત.

(૨) જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી, સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી, મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટશ્રીએ અથવા તેઓએ કે જેને શારીરિક અશકિતના કારણે લાકડી/લાઠી લઈ જવાની પરવાનગી આપવામાં આવી હોય.

આ જાહેરનામું સમગ્ર સુરેન્દ્રનગર જિલ્લાના તમામ વિસ્તારોમાં સહેલાઈથી દેખી શકાય, વાંચી શકાય, તેવી જગ્યાએ તેની નકલો ચોંટાડી અને તે વિસ્તારમાં પોલીસ લાઉડ સ્પીકર વાહનો દ્વારા, સ્થાનિક વર્તમાનપત્રો મારફતે તેમજ ગુજરાત રાજ્યના અસાધારણ ગેઝેટમાં જાહેર કરીને પ્રસિધ્ધ કરવાનું ફરમાવું છું.

જો કોઈ ઈસમ ઉપરોક્ત હુકમનો ભંગ કરશે અગર ભંગ કરવામાં મદદગારી કરશે તો આવા ઈસમો ગુજરાત પોલીસ અધિનિમય-૧૯૫૧ની કલમ-૧૩૫ હેઠળ દંડ અને શિક્ષાને પાત્ર થશે.

આજ રોજ મારી સહી તથા કચેરીની મુદ્રા સાથે જાહેરનામું બહાર પાડવામાં આવેલ છે.

સુરેન્દ્રનગર, ૧૭ માહે ફેબ્રુઆરી, સને ૨૦૧૭.

---

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૩) હેઠળનું

## જાહેરનામું

ક્રમાંક : મજશ-૩/સભા સરઘસબંધી જા.નામું/૨૦૧૭/ વશી-૧૫૦૬ થી ૧૭૦૫/૨૦૧૭.- સુરેન્દ્રનગર જિલ્લામા હાલની કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ ધ્યાને રાખી સુરેન્દ્રનગર જિલ્લાના તમામ પોલીસ સ્ટેશન વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ સારી રીતે જળવાઈ રહે તે હેતુસર પોલીસ અધિક્ષકશ્રી, સુરેન્દ્રનગરના તા. ૧૩-૦૨-૨૦૧૭ ના પત્ર ક્રમાંક : એલઆઈબી/જા.પ્ર./૨૫૮/૨૦૧૭ થી ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૩) હેઠળનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા દરખાસ્ત થઈ આવેલ છે. તાજેતરની પરિસ્થિતિમાં જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ સારી રીતે જળવાઈ રહે તે માટે જાહેર વ્યવસ્થાના હેતુ માટે પાંચ કે વધુ લોકોએ ભેગા થવા ઉપર તથા સભાસરઘસ યોજવા મનાઈ ફરમાવવી મને જરૂરી જણાય છે.

વાસ્તે, હું, ચંદ્રકાંત જી. પંડયા, (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, સુરેન્દ્રનગર, જિલ્લો-સુરેન્દ્રનગર, મને મળેલ અધિકારની રૂએ ગુજરાત પોલીસ અધિનિયમ–૧૯૫૧નાં ૨૨ માંની કલમ-૩૭(૩) અન્વયે અમોને મળેલ અધિકારની રૂએ સુરેન્દ્રનગર જિલ્લાના સમગ્ર વિસ્તારમાં તારીખ : ૧૭-૦૨-૨૦૧૭ થી તારીખ : ૨૮-૦૨-૨૦૧૭ સુધી (બંન્ને તારીખો સહીત)ના સમયગાળા દરમ્યાન નગરપાલિકા વિસ્તારમાં સંબંધિત સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી તથા ગ્રામ્ય વિસ્તારમાં સબંધિત મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટની અગાઉથી મંજુરી મેળવ્યા સિવાય પાંચ કે તેથી વધુ લોકોએ ભેગા થવા ઉપર તથા સભા સરઘસ યોજવાની મનાઈ ફરમાવું છું.

આ પ્રતિબંધ લગ્નનાં વરઘોડા, સ્મશાનયાત્રા તથા શોભાયાત્રાની પુર્વ મંજુરી મેળવેલ હશે તેને લાગુ પડશે નહીં.

આ જાહેરનામું સુરેન્દ્રનગર જિલ્લાના તમામ વિસ્તારોમાં સહેલાઈથી દેખી શકાય, વાંચી શકાય તેવી જગ્યાએ તેની નકલો ચોંટાડીને અને તે વિસ્તારમાં પોલીસ લાઉડસ્પીકર વાહનો દ્વારા, સ્થાનિક વર્તમાનપત્રો મારફતે તેમજ ગુજરાત રાજ્યના અસાધારણ ગેઝેટમાં જાહેર કરીને પ્રસિધ્ધ કરવાનું ફરમાવું છું.

જો કોઈ ઈસમ ઉપરોક્ત હુકમનો ભંગ કરશે અગર ભંગ કરવામાં મદદગારી કરશે તો આવા ઈસમો ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૫ હેઠળ દંડ અને શિક્ષાને પાત્ર થશે.

આજ રોજ મારી સહી તથા કચેરીની મુદ્રા સાથે જાહેરનામું બહાર પાડવામાં આવેલ છે.

સુરેન્દ્રનગર, ૧૭ માહે ફેબ્રુઆરી, સને ૨૦૧૭.

**ચંદ્રકાંત જી. પંડ્યા,**
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
સુરેન્દ્રનગર જિલ્લો.

---

## પોલીસ કમિશ્નર દ્વારા

### ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ

## હુકમ

ક્રમાંક : એસ.બી/જાહેરનામું/૫૭૧/૨૦૧૭.-

(૧) ગુજરાત રાજયના રાજકોટ, જામનગર અને કચ્છ જિલ્લાના શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં પીવાના પાણીની જરૂરીયાતને અનુલક્ષીને નર્મદા કેનાલ મારફતે સૌરાષ્ટ્ર કેનાલમાંથી પાણી છોડવાનું આયોજન થયેલ છે. આ નર્મદાનું પાણી માળીયા કેનાલમાં નાખી પાઈપ લાઈન દ્વારા હડાળા ગામ પાટીયા પાસે સમ્પમાં નાખી ત્યાંથી સમ્પમાંથી પમ્પીંગ કરી આજી ડેમ ફીલ્ટર પ્લાન્ટ સુધી લાવી રાજકોટ શહેરને પુરૂ પાડવામાં આવે છે.

ઉપરોકત પાઈપલાઈન દ્વારા આવતું પાણીનું યોગ્ય રીતે વિતરણ થઈ શકે તે માટે તેમજ પાણી પુરવઠામાં વિક્ષેપ ઉભો ન થાય તે માટે પાઈપલાઈન તથા આનુસાંગીક ઘટકો સમ્પ, પમ્પ હાઉસ, એર વાલ્વ, સ્કાવર વાલ્વને અસામાજિક તત્વો ધ્વારા તોડ-ફોડ કરવામાં ન આવે તેમજ પાણીની ચોરી તથા દુર્વ્યય અટકાવી શકાય.

(૨) કેટલાક પ્રાઈવેટ સિકયુરીટીવાળાઓ જે ખાખી રંગનો પોલીસ જેવો યુનિફોર્મ ધારણ કરે છે. તેનાથી જાહેર જનતામાં પોલીસનો આભાસ થાય છે. પ્રાઈવેટ સિકયુરીટી- વાળાઓ કેટલીક વખત ખાખી યુનિફોર્મમાં નજીવો ફેરફાર કરે છે. આવા નજીવા ફેરફારથી આમ જનતાની દ્રષ્ટિએ કોઈ ફેરફાર પડતો નથી. આવા નજીવા ફેરફાર સાથેના ખાખી યુનિફોર્મધારી પ્રાઈવેટ સિકયુરીટીવાળાઓ પોલીસ જેવા લાગે છે. ખાસ કરીને પ્રજાનો અભણ વર્ગ તેમને પોલીસ તરીકે ગણે છે. આવા ખાખી યુનિફોર્મધારી માણસો પોલીસ જેવા ખાખી યુનિફોર્મનો દુર ઉપયોગ કરે તેવી શકયતા રહે છે. જે જાહેર જનતાની સલામતી માટે જોખમકારક હોવાનુ મારૂ માનવું છે.

પ્રાઈવેટ સિકયુરીટીવાળાઓ ખાખી યુનિફોર્મમાં હોવાથી ઘણી વખત તેઓનો ખાખી યુનિફોર્મ અવ્યવસ્થિત હોય છે, વાળા લાંબા રાખે છે, ચપ્પલ ધારણ કરે છે અને

પોતે યુનિફોર્મમાં પાન ચાવતા હોય છે અને સીગારેટ, બીડી ફુંકતા હોય છે. જે પોલીસ ખાતામાં શિસ્ત વિરૂધ્ધનું વર્તન હોય જેનાથી પોલીસની ઈમેજ ખરાબ થાય છે અને આવા ખાખી યુનિફોર્મધારી પ્રાઈવેટ સિકયુરીટી- વાળાઓ આમ જનતાની નજરમાં પોલીસ જેવા લાગતા હોય જાહેર જનતામાં પોલીસની ખરાબ છાપ ઉત્પન્ન થાય છે અને તેથી પોલીસની અસરકારકતા ઘટે છે.

વાસ્તે હું, અનુપમસિંહ ગહલૌત, (આઈ.પી.એસ.), પોલીસ કમિશ્નર, રાજકોટ શહેર, ગુજરાત સરકારના ગૃહ વિભાગના તા.૮-૧૧-૮૨ના નોટીફીકેશન નંબર જીજી/૪૨૨/ સી.આર.સી./૧૦૮૨/૧૦૮૦/એમ. અન્વયે જે ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૨૦ નીચેની પેટા કલમ-(૧) નીચે બહાર પાડવામાં આવેલ છે અને જેનું પુનરાવર્તન ગુજરાત સરકારના ગૃહ વિભાગના તા. ૦૭-૦૧-૧૯૮૯થી બહાર પાડવામાં આવેલ સંકલીત જાહેરનામાં નંબર જીજી/૬/ફકઅ/૧૦૮૮/૬૭૫૦/મ. માં થયેલ છે. જેમાં રાજકોટ શહેરના પોલીસ કમિશ્નરશ્રી, અધિક પોલીસ કમિશ્નરશ્રી, નાયબ પોલીસ કમિશ્નરશ્રી, અને સુપ્રિ. ઓફ પોલીસ (મદદનીશ પોલીસ કમિશ્નરશ્રીઓ) ને એકઝી. મેજી તરીકે જાહેર કરવામાં આવેલ છે. તેમજ તેઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૧૪૪ના અધિકારનો ઉપયોગ કરવા ખાસ અધિકૃત કરવામાં આવેલ છે. તે અધિકારની રૂએ નીચે જણાવેલ વિસ્તારમાં તા. ૦૧-૦૩-૨૦૧૭ કલાક ૦૦.૦૦ થી તા. ૩૦-૦૪-૨૦૧૭ કલાક ૨૪/૦૦ સુધી ઉપર દર્શાવેલ કારણોના લીધે અનુષાંગિક પગલા લેવા અનુક્રમે નીચેના કૃત્યો કરવા પર પ્રતિબંધ ફરમાવું છું.

**પ્રતિબંધિત કૃત્યો**

(૨) (ક) રાજકોટ કમિશ્નરેટ વિસ્તારમાં પસાર થતી પાણી પુરવઠાની નર્મદા પાઈપ લાઈનમાં છેદ પાડી કોઈ વ્યકિત પમ્પ દ્વારા, ટેન્કર દ્વારા કે બીજી કોઈ રીતે પાણી લઈ કે ભરી શકશે નહીં.

(ખ) આ પાણીની પાઈપલાઈનો સાથે કોઈ વ્યકિત ચેડા કરી શકશે નહીં કે પાઈપલાઈનને તોડ-ફોડ કરશે નહીં કે પાઈપલાઈનો પરની જમીનમાં ખાડા કરી શકશે નહીં. આ પાઈપલાઈનમાંથી કોઈપણ વ્યકિત પાણી લઈ શકશે નહીં કે તેમજ પાણી વિતરણ વ્યવસ્થા ખોરવાઈ જાય તેવું કોઈ કૃત્ય કરશે નહીં.

(ગ) આ પાઈપલાઈનમાંથી કોઈ વ્યકિત સીધી રીતે કે પમ્પીંગ કરી પાણી મેળવી શકશે નહીં, તેમજ મોટર કે મશીનથી પમ્પ મુકી પાણી ખેંચી શકશે નહીં.

(૩) કોઈપણ ખાનગી સિકયુરીટીના અધિકારી કે માણસોએ ખાખી કલરનો યુનિફોર્મ ધારણ કરવો નહીં.

**: વિસ્તાર :**

રાજકોટ પોલીસ કમિશ્નરેટ વિસ્તાર.

**: અપવાદ :**

(૧) નર્મદા પાણીની પાઈપલાઈનના જાહેરનામામાંથી ઉપરોકત યોજનામાંથી જે શહેર/ગામોને પીવાના પાણીની તકલીફને કારણે ટેન્કરો અગર અન્ય સાધનો દ્વારા પાણી પહોંચાડવા માટે સક્ષમ અધિકારી તરફથી મંજુરી આપવામાં આવેલ હોય તેવા વાહનો તેમજ સરકારી કામમાં રોકાયેલ હોય તેવી વ્યકિતઓ કે વાહનોને આ હુકમ લાગુ પડશે નહિ.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર ભારતના ફોજદારી અધિનિયમ-૧૮૬૦ની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

હું આથી આદેશ આપું છું કે, આ હુકમની જાહેરાત ઉપર જણાવેલ વિસ્તારમાં સહેલાઈથી દેખી શકાય તેવી જગ્યાઓએ તેની નકલો ચોંટાડીને, લાઉડસ્પીકર વાહન દ્વારા, સ્થાનિક વર્તમાનપત્રો તેમજ આકાશવાણી અને દૂરદર્શન કેન્દ્ર ઉપરથી કરાવવી.

આજ તારીખ : ૧૮-૦૨-૨૦૧૭ ના રોજ મારી સહી અને સિકકો કરી આપેલ છે.

રાજકોટ, ૧૮ માહે ફેબ્રુઆરી, સને ૨૦૧૭.

---

**ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ**

## હુકમ

ક્રમાંક : એસ.બી./જાહેરનામું/૫૭૭/૨૦૧૭.-કેન્યા ખાતે મોલ ઉપર થયેલ આંતકવાદી હુમલામાં મોટા પાયે જાનમાલની ખુવારી થયેલ જેમાં ગુજરાત સહીત દેશના ઘણા નાગરીકોના અકાળે મૃત્યુ થયેલા તેમજ ભુતકાળના બનાવો જેવા કે સને ૨૦૦૮માં સુરત શહેરમાં બોમ્બ બ્લાસ્ટ કરવાના થયેલા પ્રયત્નો, અમદાવાદ શહેરમાં બનેલ બોમ્બ બ્લાસ્ટના બનાવો તથા મુંબઈ અને દિલ્હી ખાતે બનેલા બોમ્બ બ્લાસ્ટના બનાવો અને તાજેતરમાં હૈદ્રાબાદ તથા બેંગ્લોર બનેલ બોમ્બ બ્લાસ્ટના બનાવો, તથા ગુજરાતમાં આંતકવાદી હુમલાની સંભાવના અંગે ગુપ્તચર સંસ્થાઓ તરફથી મળતી માહિતી ધ્યાને લેતા અને હાલના પ્રવર્તમાન સંજોગોને અનુલક્ષીને રાજકોટ શહેરની સલામતિ માટે કેટલાક પગલા લેવા જરૂરી છે.

રાજકોટ શહેરમાં બહારના રાજ્યોમાંથી તથા દેશ બહારથી આંતકવાદી અને સમાજ વિરોધી તત્વો ખાસ કરીને ભીડભાડવાળા તથા લોકોની પુષ્કળ અવર-જવરવાળા વિસ્તારોમાં સ્થાનિક વિસ્તારોથી માહિતગાર થઈને તેઓની ગેરકાયદેસર પ્રવૃત્તિઓને અંજામ આપતા હોય છે. જેથી માનવ જિંદગીની ખુવારી ન થાય અને લોકોની માલ-મિલ્કતને નુકશાન ન થાય તે માટે તકેદારીના પગલા રૂપે તમામ બેંકીંગ સંસ્થાઓ, સોના-ચાંદી તથા ડાયમંડની કિંમતી ઝવેરાત વેચનાર તથા શોપીંગ મોલ, મલ્ટીપ્લેક્ષ, થીયેટર,

શોપીંગ સેન્ટરો, કોમર્શીયલ સેન્ટરો, હોટલ, ગેસ્ટ હાઉસ, લોજીંગ-બોર્ડીંગ, ધર્મશાળા, અતિથિગૃહ, વિશ્રામગૃહ, બહુમાળી બિલ્ડીંગો, મોટા ઔદ્યોગીક એકમો, મોટા ધાર્મીક સ્થળો વિગેરે જગ્યાઓ ઉપર કેટલાક નિયંત્રણો મુકવાનું જરૂરી જણાય છે.

વાસ્તે હું, અનુપમસિંહ ગહલૌત, આઈ.પી.એસ., પોલીસ કમિશ્નર, રાજકોટ શહેર, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલા સત્તાની રૂએ હુકમ કરૂં છું કે,

(૧) રાજકોટ શહેરના સમગ્ર પોલીસ કમિશ્નર વિસ્તારમાં આવેલ તમામ બેંકો, તમામ એ.ટી.એમ. સેન્ટરો, સોના-ચાંદી તથા ડાયમન્ડના કિંમતી ઝવેરાત વેંચનાર દુકાનો તથા શો-રૂમ તથા શોપીંગ મોલ, મલ્ટીપ્લેક્ષ, થિયેટર, શોપીંગ સેન્ટરો, કોમર્શીયલ સેન્ટરો, હોટલ, ગેસ્ટ હાઉસ, લોજીંગ-બોર્ડીંગ, ધર્મશાળા, અતિથિગૃહ, વિશ્રામ ગૃહ તથા જયાં બહારના માણસોને રહેવાની સુવિધા પુરી પાડતી હોય તેવા સ્થળો તથા બહુમાળી બિલ્ડીંગો, મોટા ઔદ્યોગીક એકમો, મોટા ધાર્મિક સ્થળોના માલીકો/ઉપભોકતાઓ/વહીવટકર્તાઓએ તેમના ધંધાના સ્થળોએ પ્રવેશદ્વાર ઉપર પુરતા પ્રમાણમાં તાલીમ પામેલા માણસોને સીકયુરીટી માટે મેટલ ડીટેકટર સાથે ફરજ ઉપર નિયુકત કરવાના રહેશે.

(૨) પ્રવેશદ્વાર ઉપર તથા બહાર નીકળવાના દ્વાર, રીસેપ્શન કાઉન્ટર, લોબી, બેઝમેન્ટ, પાર્કીંગની જગ્યાઓ તથા પાછળના વિસ્તારમાં તથા જાહેર પ્રજા માટે જયાં પ્રવેશ હોય ત્યાં તમામ જગ્યાઓ આવરી લે તે રીતે દરેક ગેઈટ ઉપર ગેઈટ વાઈઝ તેટલી સંખ્યામાં સી.સી.ટી.વી. કેમેરા લગાડવાના રહેશે.

(૩) સી.સી.ટી.વી. કેમેરા સારી ગુણવત્તાવાળા વધુ રેન્જના (માણસોના ચહેરા સ્પષ્ટ ઓળખી શકાય તથા વાહનના નંબર વાંચી શકાય તેવા) ગોઠવવાના રહેશે તથા આ સી.સી.ટી.વી.ના રેકોર્ડીંગના ડેટા ઓછામાં ઓછા ૩૦ દિવસ સુધી સંગ્રહ રાખવાના રહેશે. આ સી.સી.ટી.વી. કેમેરા સતત ૨૪ કલાક ચાલુ રહે તે જોવાની જવાબદારી માલીકો/ઉપભોકતાઓ/વહીવટકર્તાઓની રહેશે.

(૪) મોલના પાર્કીંગની અંદર દાખલ થતાં દરેક વાહનો જેવા કે મોટર કાર/ટુ-વ્હીલર વિગેરેનું ચેકીંગ કરવાનું રહેશે તેમજ તે દરેક વાહનની અંદર બેઠેલ વ્યક્તિઓનું સંપુર્ણપણે ચેકીંગ કરવાનું રહેશે.

(૫) દરેક મોલની માલીકી બદલાતી રહે છે આથી જયારે જયારે મોલના માલીકો બદલાય ત્યારે નવા ઓનર્સ દ્વારા તમામ ચેકીંગ યોગ્ય રીતે થાય તેની કાળજી રાખવા અંગે નિયમો બનાવવા અને માલીકીની ફેરબદલી અંગેની જાણ સબંધીત પોલીસ સ્ટેશન તથા પોલીસ કમિશ્નર કચેરીમાં લેખીત દ્વારા કરવાની રહેશે.

(૬) મોલમાં આવતા માલસામાનનું પણ ચેકીંગ થવું જરૂરી છે. જેથી મોલમાં કોઈ કાયદાથી પ્રતિબંધિત માલ-સામાન, સ્ફોટક પદાર્થો આવી જતાં નથી તેનું નીરીક્ષણ પણ થવું જરૂરી છે જે અંગે પણ દરેક મોલ સંચાલકોએ કાળજી લેવી અને જરૂરી વ્યવસ્થા ઉભી કરવાની રહેશે.

(૭) મોલમાં મોલના માલીકના ખર્ચે ખાનગી સીકયુરીટી રાખવી અનિવાર્ય રહેશે અને તેઓ સીકયુરીટી ચેકના નિયમોથી માહિતગાર હોવા જોઈએ અને તે અંગે તેઓ તાલીમબધ્ધ થયેલ હોવા જોઈએ તેમજ મોલની સુરક્ષા ૨૪×૭ કલાક જાળવવામાં આવે તે જોવાનું રહેશે.

(૮) મોલની મુલાકાત લેતી તમામ વ્યક્તિઓના લગેજ ચેકીંગની જવાબદારી સંપુર્ણપણે મોલના માલીકોની રહેશે. મોલમાં એકસપ્લોઝીવ જેવા કાયદાથી પ્રતિબંધિત પદાર્થો ન આવે તે અંગેની વ્યવસ્થા ઉભી કરવાની રહેશે. તેમજ મોલના માલીક દ્વારા ચેકીંગ/સલામતિ વ્યવસ્થા સારૂ સ્નેફર ડોગ મારફત ઉભી કરવાની રહેશે.

(૯) હાલ હયાત તમામ ઉપરોક્ત એકમોએ આ જાહેરનામા પ્રસિધ્ધીની તારીખથી દિન-૭માં ઉપર મુજબની વ્યવસ્થા ઉભી કરી દેવાની રહેશે અને નવા શરૂ થતાં એકમોએ ઉપરોકત વ્યવસ્થા કર્યા બાદ જ ધંધો શરૂ કરવાનો રહેશે.

**સી.સી.ટી.વી. કેમેરા કેવી રીતે ગોઠવવા**

(૧) કોઈપણ જગ્યાની અંદરના ભાગ, સંપૂર્ણ કવરેજ સતત થાય તે રીતે ગોઠવવા.

(૨) પ્રવેશતા અને બહાર નીકળતા તમામ માણસોની અવર-જવર જોઈ શકાય અને તમામના ચહેરા સ્પષ્ટ જોઈ શકાય તે રીતે કેમેરા ગોઠવવા.

(૩) બિલ્ડીંગના બહારના ભાગે પી.ટી.ઝેડ. કેમેરા ગોઠવવા.

(૪) તમામ પાર્કીંગની જગ્યામાં સંપૂર્ણ જગ્યાનું કવરેજ થાય તે રીતે ગોઠવવા.

(૫) રીશેપ્શન કાઉન્ટર, બેઝમેન્ટ તથા જાહેર પ્રજા માટે જયાં પ્રવેશ હોય ત્યાં તમામ જગ્યાઓનું સંપૂર્ણ કવરેજ થાય તે રીતે ગોઠવવા.

**અમલવારીનો સમય**

આ હુકમનો અમલ તા. ૦૧-૦૩-૨૦૧૭ ના કલાક ૦૦-૦૦ થી તા. ૩૦-૦૪-૨૦૧૭ ના કલાક ૨૪-૦૦ સુધી.

**અમલવારીનો વિસ્તાર**

રાજકોટ પોલીસ કમિશ્નરેટની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

**સજા**

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ફોજદારી અધિનિયમ-૧૮૬૦ની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

તમામને વ્યકિતગત રીતે નોટિસની બજવણી કરવી શકય ન હોય આથી એકતરફી હુકમ કરૂં છું. જાહેર જનતાની જાણ સારૂં સ્થાનિક વર્તમાનપત્ર, આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર મારફતે પ્રસિધ્ધ દ્વારા તથા પોલીસ સ્ટેશનનાં પોલીસ ઈન્સ્પેકટર, મદદનીશ પોલીસ કમિશ્નર, નાયબ પોલીસ કમિશ્નર તથા પોલીસ કમિશ્નર કચેરીના નોટિસ બોર્ડ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધ કરવામાં આવશે. તેમજ સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધ કરવામાં આવશે. ગુજરાત પોલીસ એકટ ૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજ તારીખ : ૧૮-૦૨-૨૦૧૭ના રોજ મારી સહી અને સિકકો કરી આપેલ છે.

રાજકોટ, ૧૮ માહે ફેબ્રુઆરી, સને ૨૦૧૭.

---

## ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ના ૨૨માં અધિનિયમની કલમ-૩૭(૧) અન્વયે કાઢેલ હુકમ

## જાહેરનામું

ક્રમાંક : એસબી/જાહેરનામું/૫૭૩/૨૦૧૭.-રાજકોટ શહેરમાં હાલની વર્તમાન પરિસ્થિતીમાં જુદી-જુદી ધાર્મીક શોભાયાત્રાઓ તથા હોળી, ધુળેટી, ચેટી ચાંદ, રામ નવમી, મહાવીર જ્યંતી, આંબેડકર જ્યંતી, ગુડ ફ્રાઈડે તથા પરશુરામ જ્યંતી જેવા તહેવારો આવતાં હોય તથા રેલીઓ/ધરણાના કાર્યક્રમો યોજવામાં આવતાં હોય તેમજ હાલની આતંકવાદી પ્રવૃતિ લક્ષમાં લેતા કોઈપણ પ્રકારનો સુલેહ શાંતીનો ભંગ ન થાય, જાહેર સલામતી તથા કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે અને પ્રદુષણ રહીત વાતાવરણ રાખવા તથા પ્રાઈવેટ સિકયુરીટી એજન્સીના માણસો લાયસન્સવાળા હથિયારો જાહેર જગ્યામાં લઈને ફરે છે અને લોનના હપ્તા ઉઘરાવવા જમીનના વિવાદોમાં જઈ લાયસન્સવાળા હથિયારોનો ઉપયોગ પણ કરે છે. આવા ઘણા ખરા હથિયારો બીજા રાજ્યોમાંથી ઓલ ઈન્ડીયા લાયસન્સ મેળવી રાજકોટમાં મુખ્યત્વે ઉપયોગ કરે છે. લાયસન્સવાળા હથિયારોથી કરેલ ગુનાઓમાં કેટલીક ફરીયાદો પણ દાખલ થયેલ છે. જેથી પ્રાઈવેટ સિકયુરીટી એજન્સીના માણસો જાહેર જગ્યામાં લાયસન્સવાળા હથિયારો લઈને ફરે નહીં તે પ્રવૃત્તિને અંકુશમાં લેવી પણ જરૂરી જણાય છે.

વાસ્તે, હું, અનુપમ સિંહ ગહલૌત, આઈ.પી.એસ., પોલીસ કમિશ્નર, રાજકોટ શહેર, ગુજરાત પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ના ૨૨માં અધિનિયમની કલમ-૩૭(૧) મુજબની મને મળેલ અધિકારની રૂએ નીચે જણાવેલ વિસ્તારમાં નીચેના કૃત્યો કરવા પર પ્રતિબંધ ફરમાવું છું.

### પ્રતિબંધિત કૃત્યો

(૧) શસ્ત્રો, ડંડા, લાકડી, લાઠી, તલવાર, ભાલા, સોટા, ખંજર, તથા ચપ્પા તથા શારીરિક હિંસા પહોંચાડવામાં, ઉપયોગ થઈ શકે તેવી બીજી ચીજો લઈ જવાની કે અન્ય રીતે સ્વબચાવ સિવાય સાથે રાખીને ફરવા ઉપર,

(૨) પરવાનાવાળા હથિયારો લઈ જાહેર જગ્યાઓએ જવાની, હવામાં ફાયર કરવા, મેળા, ધાર્મિક સરઘસ કે વ્યક્તિઓના સમુદાયમાં લઈ જવાની.

(૩) સ્ફોટક પદાર્થ લઈ જવા ઉપર.

(૪) પથ્થરો અથવા બીજા શસ્ત્રો અથવા ફેંકવાના અથવા નાખવાના યંત્રો અથવા સાધનો લઈ જવાની, એકઠા કરવાની તથા તૈયારી કરવા ઉપર.

(૫) સરઘસ સાથે સળગતી મશાલ રાખવા ઉપર,

(૬) વ્યક્તિના પુતળા બાળવા-લટકાવવાની-પુતળાને ફાંસી આપવા ઉપર,

(૭) પ્રાઈવેટ સિકયોરીટી એજન્સીના સંચાલક અને કર્મચારી લાયસન્સવાળા હથિયારો સાથે લઈ પોતાની ફરજ સિવાયના સમયે જાહેર જગ્યામાં જવા ઉપર.

(૮) જાહેરમાં અન્ય લોકોને ત્રાસ થાય તે રીતે બુમ પાડવા, ગીતો ગાવા તથા વાદ્ય વગાડવા ઉપર.

રાજકોટ શહેરમાં તાજેતરમાં બનેલ ખુન, ખુનની કોશીષ, લુંટ, ધાડના બનાવોમાં ઉપયોગમાં લેવાયેલ જીગઝેક પ્રકારના ચાઈનીઝ ચપ્પાઓના ઉપયોગને લઈને રાજકોટ શહેર વિસ્તારમાં આવા જીગઝેક પ્રકારના ચાઈનીઝ બનાવટના ચપ્પુઓ સાથે રાખવા અને વેંચાણ કરવા પર પ્રતિબંધ મૂકવા અતિ આવશ્યક છે.

### અમલવારીના સમય

આ હુકમનો અમલ ૦૧-૦૩-૨૦૧૭ના કલાક ૦૦/૦૦ થી તારીખ : ૩૦-૦૪-૨૦૧૭ના કલાક ૨૪/૦૦ સુધી.

### વિસ્તાર

રાજકોટ શહેર પોલીસ કમિશ્નરની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

### અપવાદ

(૧) આ જાહેરનામું જે વ્યકિતઓ સરકારી અથવા અર્ધસરકારી નોકરી અથવા કામગીરીમાં હોય અને તેમને જેના ઉપરી અધિકારીઓએ આવું કોઈ હથિયાર લઈ જવા ફરમાવ્યું હોય અથવા કોઈ હથિયાર લઈ જવાની તેની ફરજ હોય તેને લાગુ પડશે નહીં.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનારને સને-૧૯૫૧ના ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૫(૧) મુજબ શિક્ષાને પાત્ર છે.

તમામને વ્યકિતગત રીતે નોટિશની બજવણી કરવી શકય ન હોય આથી એકતરફી હુકમ કરૂં છું કે, જાહેર જનતાની જાણ સારૂ સ્થાનિક વર્તમાનપત્ર, આકાશવાણી, અને દુરદર્શન કેન્દ્ર મારફતે પ્રસિધ્ધી દ્વારા તથા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેકટર, મદદનીશ પોલીસ કમિશ્નર, નાયબ પોલીસ કમિશ્નર તથા પોલીસ કમિશ્નર કચેરીના નોટિશ બોર્ડ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધી કરાવામાં આવશે. તેમજ સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધી કરવામાં આવશે. ગુજરાત પોલીસ એકટ કલમ-૧૨૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજ તારીખ : ૧૮-૦૨-૨૦૧૭ ના રોજ મારી સહી અને સિકકો કરી આપેલ છે.

રાજકોટ, ૧૮ માહે ફેબ્રુઆરી, સને ૨૦૧૭.

---

## ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ના ૨૨માં અધિનિયમની કલમ-૩૭(૩) અન્વયે કાઢેલ હુકમ

## જાહેરનામું

ક્રમાંક : એસ.બી./જાહેરનામું/૫૭૨/૨૦૧૭.-રાજકોટ શહેરમાં હાલની વર્તમાન પરિસ્થિતીમાં આગામી દિવસોમાં જુદી જુદી ધાર્મીક શોભાયાત્રાઓ, રેલીઓ ધરણાના કાર્યક્રમો યોજવામાં આવતાં હોય તેમજ હોળી, ધુળેટી, ચેટી ચાંદ, રામ નવમી, મહાવીર જ્યંતી, આંબેડકર જ્યંતી, ગુડ ફ્રાઈડે તથા પરશુરામ જ્યંતી જેવા તહેવારો આવનાર છે. હાલની આતંકવાદી ગતિવિધી/પ્રવૃતિને લક્ષમાં લેતા કોઈપણ પ્રકારની સુલેહ શાંતીનો ભંગ ન થાય, જાહેર સલામતી તથા કાયદો અને વ્યવસ્થા જળવાય રહે તે માટે ચાર કરતા વધારે માણસોના ભેગા થવા ઉપર, કોઈ સભા બોલાવવા, સરઘસ કાઢવા ઉપર પ્રતિબંધ મુકવાની જરૂર જણાય છે.

વાસ્તે, હું, અનુપમ સિંહ ગહલૌત, આઈ.પી.એસ., પોલીસ કમિશ્નર, રાજકોટ શહેર, ગુજરાત પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ના ૨૨માં અધિનિયમની કલમ-૩૭(૩) મુજબની મને મળેલ અધિકારની રૂએ નીચે જણાવેલ વિસ્તારમાં નીચેના કૃત્યો કરવા પર પ્રતિબંધ ફરમાઉ છું.

### પ્રતિબંધિત કૃત્યો

ચાર કરતા વધારે માણસોના ભેગા થવા ઉપર, કોઈ સભા બોલાવવા કે સરઘસ કાઢવા ઉપર.

### અમલવારીના પીરીયડ અને વિસ્તાર

આ હુકમનો અમલ તારીખ : ૦૧-૦૩-૨૦૧૭ના કલાક ૦૦/૦૦ થી તારીખ : ૩૦-૦૪-૨૦૧૭ના કલાક ૨૪-૦૦ સુધી.

### પ્રતિબંધિત વિસ્તાર

પોલીસ કમિશ્નરશ્રી, રાજકોટ શહેરની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

### અપવાદ

આ જાહેરનામું સરકારી ફરજ કામગીરીમાં હોય તેવી વ્યક્તિઓ તથા હોમગાર્ડ કે અન્ય સરકારી અથવા અર્ધસરકારી એજન્સી જેઓ કાયદેસરની ફરજ પર હોય તેઓને તથા સ્મશાન યાત્રા અને લગ્નનાં વરઘોડાને લાગુ પડશે નહીં.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનારને સને-૧૯૫૧ના ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૫(૩) મુજબ શિક્ષાને પાત્ર છે.

હું આથી આદેશ આપુ છું કે, આ હુકમની જાહેરાત ઉપર જણાવેલ વિસ્તારમાં સહેલાઇથી દેખી શકાય તેવી જગ્યાઓએ તેની નકલો ચોંટાડીને, લાઉડસ્પીકર વાહન ધ્વારા તેમજ સ્થાનિક વર્તમાનપત્રો અને આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર પરથી કરાવવી.

આજ તારીખ : ૧૮-૦૨-૨૦૧૭ના રોજ મારી સહી અને સિકકો કરી આપેલ છે.

રાજકોટ, ૧૮ માહે ફેબ્રુઆરી, સને ૨૦૧૭.

---

## ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ના નં.૨) ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ

## હુકમ

ક્રમાંક : એસ.બી/જાહેરનામું/૫૭૬/૨૦૧૭.-ભુતકાળમાં વલસાડ જિલ્લામાં મજુરોની વસાહતના કુદરતી હાજતે ગયેલ મહીલા પર ગેંગરેપનો બનાવ બનેલ હોય આવો બનાવ રાજકોટ શહેર પોલીસ કમિશ્નરેટ વિસ્તારમાં બનવા પામે નહીં અને શહેર વિસ્તારમાં નવા બંધાતા મકાનોમાં, કોમ્પ્લેક્ષમાં, ઔદ્યોગીક એકમોમાં, જુદી જુદી ટેલીકોમ કંપનીઓમાં તથા ખેતી વિષયક કામ કરતાં મજુરો વિગેરે કામકાજમાં રોકાયેલા મજુરોને રહેવા સબંધી તમામ સગવડો (સુવિધા)ઓ ઉપલબ્ધ થાય તે માટેની કાર્યવાહી અંગે તથા મજુરોની સલામતિ અને શહેરમાં કાયદો અને વ્યવસ્થા જળવણી હેતુસર થોડા નિયંત્રણો મુકવા આવશ્યક જણાય છે.

જેથી હું, અનુપમસિંહ ગહલૌત, આઈ.પી.એસ., પોલીસ કમિશ્નર, રાજકોટ શહેર, રાજકોટ ફોજદારી કાર્યરીતિ અધિનિયમ (સી.આર.પી.સી.) ૧૯૭૩ (૧૯૭૪ના નં.૨)ની કલમ-૧૪૪ અન્વયે અને ગૃહ વિભાગ, ગુજરાત સરકાર, સચિવાલય, ગાંધીનગરના ફેકસ મેસેજ નંબરઃ એસ.વી.-૧/કે.વી./૧૦૨૦૧૪/૧૨૨૬૦,તા.૧૮-૦૬-૨૦૧૪તથા પોલીસ મહાનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુ.રા. ગાંધીનગરના પત્ર ક્રમાંકઃ જ-૧/કા.×વ્ય/ટે-૧/પરચ/૧૯/૧૭૭૮/૨૦૧૪, તા. ૨૦-૦૬-૨૦૧૪થી કરેલ આદેશ અન્વયે મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે,

રાજકોટ શહેર પોલીસ કમિશ્નરેટ વિસ્તારમાં નવા બંધાતા કોમ્પ્લેક્ષ/મકાનો/રોડ રસ્તાઓ/ગટ્ટર યોજનાઓ વિગેરે, ઔદ્યોગીક એકમો તથા જુદી જુદી ટેલીકોમ કંપની દ્વારા કંપનીઓના કામો તથા ખેડુતોના ખેતી વિષયક કામોમાં સરકારી કચેરીઓ/અર્ધસરકારી કચેરીઓ/ખાનગી કંપનીઓ/સંસ્થાઓ/કોન્ટ્રાકટરો કે ખેડુતો દ્વારા કોઈપણ મજુરોને મજુરી કામ માટે રાખવામાં આવે ત્યારે આ સરકારી કચેરીઓ/અર્ધસરકારી કચેરીઓ/ખાનગી કંપનીઓ/સંસ્થાઓ/કોન્ટ્રાકટરો કે ખેડુતો દ્વારા જે મજુરોને કામકાજ માટે રાખેલ હોય તે મજુરોના કામકાજના સ્થળો ખાતે રહેવા સબંધી/ટોયલેટ/બાથરૂમ/પાણી/સાફ સફાઈ વિગેરે આવશ્યક સુવિધા પુરી પાડવાની રહેશે અને આ સરકારી કચેરીઓ/અર્ધસરકારી કચેરીઓ/ખાનગી કંપનીઓ/સંસ્થાઓ/કોન્ટ્રાકટરો કે ખેડુતો દ્વારા આ મજુરો માટે શું શું આવશ્યક સુવિધા ઉપલબ્ધ કરેલ છે? તેની માહિતી કામકાજના વિસ્તારના સબંધીત પોલીસ સ્ટેશનમાં દિન-૧૦માં લેખીતમાં પુરી પાડવાની રહેશે. આ હુકમ તા. ૦૧-૦૩-૨૦૧૭ થી તા. ૩૦-૦૪-૨૦૧૭ સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

તમામને વ્યકિતગત રીતે નોટિસની બજવણી કરવી શકય ન હોય આથી એકતરફી હુકમ કરૂં છું. સ્થાનિક વર્તમાનપત્ર, આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર મારફતે પ્રસિધ્ધિ દ્વારા તથા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેકટર, મદદનીશ પોલીસ કમિશ્નર, નાયબ પોલીસ કમિશ્નર તથા પોલીસ કમિશ્નર કચેરીના નોટિસ બોર્ડ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધિ કરવામાં આવશે. તેમજ સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર હુકમમી નકલ ચોંટાડી પ્રસિધ્ધિ કરવામાં આવશે. ગુજરાત પોલીસ એકટ કલમ ૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજરોજ તા. ૧૮-૦૨-૨૦૧૭ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

રાજકોટ, ૧૮ માહે ફેબ્રુઆરી, સને ૨૦૧૭.

**ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ ૧૪૪ અન્વયે કાઢેલ**

## હુકમ

ક્રમાંક : એસબી/જાહેરનામું/૫૭૮/૨૦૧૭.-આગામી તા. ૧૨-૦૩-૨૦૧૭ના રોજ હોળી તથા તા. ૧૩-૦૩-૨૦૧૭ના રોજ ધુળેટી પર્વની ઉજવણી થનાર છે. આ પર્વની ઉજવણી દરમ્યાન પુરૂષો, સ્ત્રીઓ તથા બાળકો જાહેર રસ્તાઓ, જાહેર જગ્યાઓએ જતાં આવતાં રાહદારીઓ ઉપર તથા એક બીજા ઉપર કોરા રંગ (પાવડર), કાદવ, રંગ મિશ્રીત પાણી, અથવા તૈલી પદાર્થો, કે તૈલી વસ્તુઓ ફેંકતા હોય છે જેને લીધે જાહેર રસ્તાઓ/શેરીઓ/ગલીઓમાં ચાલતા જાહેર જનતાને અડચણ, ત્રાસ અથવા ઈજા થવાની તેમજ જાહેર સલામતી જોખમાય અને કોમી લાગણી ઉશ્કેરાય તેવી શકયતા નકારી શકાય નહી.

રાજકોટ શહેરની વર્તમાન પરીસ્થિતિને લક્ષમાં લઈ આ પર્વની ઉજવણી શાંતી અને કોમી એખલાશ ભર્યા વાતાવરણમાં થાય અને જાહેર સલામતી તેમજ ટ્રાફિક નિયમન જળવાઈ રહે તે સારૂ કોઈ પણ પુરૂષો, સ્ત્રીઓ તથા બાળકોના જાહેર રસ્તાઓ ઉપર કે જાહેર જગ્યાઓ ઉપર જતાં આવતાં રાહદારીઓ ઉપર કે એક બીજા ઉપર કોરા રંગ (પાવડર), કાદવ, રંગ મિશ્રીત પાણી અથવા તૈલી પદાર્થો, કે તૈલી વસ્તુઓ ફેંકવા અને તે માટેના સાધનો પોતાની સાથે લઈ ઉપર કે જાહેર રસ્તાઓ પર આમ તેમ દોડવા ઉપર કે અન્ય કોમની લાગણી દુભાય તેવી રીતનુ વર્તન કરવા ઉપર, કે જાહેર માર્ગો ઉપર ટ્રાફિકને અડચણ થાય, કે અકસ્માત થાય કે કોઈને કે પોતાને ઈજા કે હાની થાય તેવી કોઈપણ પ્રવૃતિથી ટ્રાફિકને અડચણ કરી વાહન વ્યવહારના નિયમનમાં અડચણ કરવા ઉપર પ્રતિબંધ મુકવાની આવશ્યકતા જણાય છે.

વાસ્તે હું, અનુપમસિંહ ગહલૌત, (I.P.S.), પોલીસ કમિશ્નર, રાજકોટ શહેર, ગુજરાત સરકારના ગૃહ વિભાગના તા. ૦૮-૧૧-૧૯૮૨ના નોટીફીકેશન નંબર જીજી/૪૨૨/સી.આર.સી./૧૦૮૨/૧૦૮૦/એમ. અન્વયે જે ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૨૦ નીચેની પેટા કલમ-(૧) નીચે બહાર પાડવામાં આવેલ છે અને જેનું પુનરાવર્તન ગુજરાત સરકારના ગૃહ વિભાગના તા. ૦૭-૦૧-૧૯૮૯થી બહાર પાડવામાં આવેલ સંકલીત જાહેરનામાં નંબર જીજી/૬/ફકઅ/૧૦૮૮/૬૭૫૦/મ. માં થયેલ છે. જેમાં રાજકોટ શહેરના અધિક પોલીસ કમિશ્નરશ્રી, નાયબ કમિશ્નરશ્રી, અને આસી. સુપ્રિ. ઓફ પોલીસ (મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી) ન એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ તરીકે જાહેર કરવામાં આવેલ છે. તેમજ તેઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની

કલમ-૧૪૪ના અધિકારનો ઉપયોગ કરવા ખાસ અધિકૃત કરવામાં આવેલ છે. તે અધિકારની રૂએ નીચે જણાવેલ વિસ્તારમાં તા. ૧૨-૦૩-૨૦૧૭ના કલાક ૦૦.૦૦ થી તા. ૧૩-૦૩-૨૦૧૭ ના કલાક ૨૪/૦૦ સુધી નીચેના કૃત્યો કરવા પર પ્રતિબંધ ફરમાવું છું.

કૃત્યો

(૧) કોઈ પણ પુરૂષો, સ્ત્રીઓ તથા બાળકોના જાહેર રસ્તાઓ ઉપર કે જાહેર જગ્યાઓ ઉપર જતાં આવતાં રાહદારીઓ ઉપર કે એક બીજા ઉપર કોરા રંગ (પાવડર), કાદવ, રંગ મિશ્રીત પાણી અથવા તૈલી પદાર્થો, કે તૈલી વસ્તુઓ ફેંકવા નહી અને તે માટેના સાધનો પોતાની સાથે લઈ લઈ જવા નહી તેમજ જાહેર રસ્તાઓ ઉપર આમ તેમ દોડવું નહી કે અન્ય કોમની લાગણી દુભાય તેવી રીતનુ વર્તન કરવું નહી કે જાહેર માર્ગો ઉપર ટ્રાફિકને અડચણ થાય, કે અકસ્માત થાય કે કોઈને કે પોતાને ઈજા કે હાની થાય તેવી કોઈપણ પ્રવૃતિથી ટ્રાફિકને અડચણ કરી વાહન વ્યવહારના નિયમનમાં અડચણ કરવું નહી.

વિસ્તાર :

રાજકોટ શહેર પોલીસ કમિશ્નરની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીના ફોજદારી અધિનિયમ સને ૧૮૬૦ની કલમ ૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

તમામને વ્યકિતગત રીતે આ નોટિસની બજવણી કરવી શક્ય ન હોય આથી એક તરફી હુકમ કરૂ છું. જાહેર જનતાની જાણ સારૂ સ્થાનીક વર્તમાનપત્ર, આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર મારફતે પ્રસિધ્ધિ દ્વારા તથા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સપેકટર, મદદનીશ પોલીસ કમિશ્નર, નાયબ પોલીસ કમિશ્નર તથા પોલીસ કમિશ્નર કચેરીના નોટિસ બોર્ડ ઉપર હુકમની નકલ ચોંટાડીને પ્રસિધ્ધિ કરવામાં આવશે. તેમજ સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધી કરવામાં આવશે. ગુજરાત પોલીસ એકટ કલમ-૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજ તા. ૧૮ માહે ફેબ્રુઆરી-૨૦૧૭ના રોજ મારી સહી અને સીક્કો કરી આપેલ છે.

રાજકોટ, ૧૮ માહે ફેબ્રુઆરી, સને ૨૦૧૭.

---

## પોલીસ કમિશ્નર દ્વારા

### ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ના નં.૨) ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ હુકમ

## જાહેરનામું

ક્રમાંક : એસ.બી/પરમીટ/એ. સેકશન/૫૭૪/૨૦૧૭.-ગુપ્તચર સંસ્થાઓના વખતો વખત અહેવાલો અને અમુક બનાવોથી જણાય છે કે, ત્રાસવાદી/અસામાજીક તત્વો શહેરોના રહેણાંક તથા ઔદ્યોગીક વિસ્તારોમાં ગુપ્ત આશરો મેળવી, જાહેર સલામતી અને શાંતિનો ભંગ કરે છે તેમજ માનવ જીંદગીની ખુવારી થાય અને લોકોની સંપત્તિને નુકશાન પહોંચાડવાની કોશિષ કરી રહ્યા છે.

બહારના રાજ્યોમાંથી અગર દેશબહારથી આવતા આવા તત્વો કોઈના મકાન ભાડે રાખીને રહેતા હોય છે અને જગ્યા વિગેરેને સર્વે કરી સ્થાનિક પરીસ્થિતીથી માહીતગાર થઈને તેઓની ત્રાસવાદી પ્રવૃત્તિઓને અંજામ આપતા હોય છે જેથી રહેણાંક તથા ઔદ્યોગીક વિસ્તારોમાં મકાનો, એકમો ભાડે આપતા માલિકો ઉપર થોડાક નિયંત્રણો મુકવાનું દેશ તથા રાજ્યની સુરક્ષાના પરિપ્રેક્ષ્યમાં જરૂરી જણાય છે.

જેથી હું, અનુપમસિંહ ગહલૌત, આઈ.પી.એસ., પોલીસ કમિશ્નર, રાજકોટ શહેર, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ (સી.આર. પી.સી.) ૧૯૭૩ (૧૯૭૪ના નં.૨)ની કલમ-૧૪૪ અન્વયે મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે, રાજકોટ શહેરના પોલીસ કમિશ્નર વિસ્તારમાં કોઈ મકાન/ઔદ્યોગીક એકમો/ઓફીસો/દુકાનો/ગોડાઉનો/કોલ્ડ સ્ટોરેજોનાના માલીકો અગર તો આ માટે આવા મકાન માલીકે ખાસ સત્તા આપેલ વ્યક્તિ/સંચાલકો જ્યારે મકાન/ઔદ્યોગીક એકમો/ઓફીસો/દુકાનો/ગોડાઉનો/કોલ્ડ સ્ટોરેજો ભાડે આપે ત્યારે સબંધીત પોલીસ સ્ટેશનને જાણ કર્યા સિવાય કોઈ વ્યક્તિને મકાન/ઔદ્યોગીક એકમો/ઓફીસો/દુકાનો/ગોડાઉનો/કોલ્ડ સ્ટોરેજ ભાડે આપી શકશે નહીં અને ભાડે આપેલ મકાન/ઔદ્યોગીક એકમો/ઓફીસો/દુકાન/ગોડાઉન/કોલ્ડ સ્ટોરેજોની વિગત ભાડુઆત અને મકાન/ઔદ્યોગીક એકમો/ઓફીસો/દુકાનો/ગોડાઉનો/કોલ્ડ સ્ટોરેજના માલીક કે સંબંધીત સંચાલક કે જેઓએ ભાડુઆતની ઓળખાણ આપેલ હોય તે તમામે જરૂરી માહિતી નીચેના કોલમો મુજબ જે તે વિસ્તારના પોલીસ સ્ટેશન ખાતે આપવાની રહેશે તેમજ આવા મકાન/ઔદ્યોગીક એકમો/ઓફીસો/દુકાનો/ગોડાઉનો/કોલ્ડ સ્ટોરેજના માલીકો/આવા મકાન માલીકે ખાસ સત્તા આપેલ વ્યક્તિ/સંચાલકો અને ભાડે રાખનાર વ્યકિતએ નોટરી પાસે જરૂરી દસ્તાવેજ કરાર કરાવવા અને બન્નેના ફોટા સાથેના ભાડા કરારની નકલ પણ જે તે વિસ્તારના પોલીસ સ્ટેશનમાં આપવાની રહેશે.

| અ.નં. | મકાન માલીકનું નામ તથા ભાડે આપેલ મકાન/ ઔધોગીક એકમ/ ઓફીસ/દુકાન/ગોડાઉન/ કોલ્ડ સ્ટોરેજની વિગત ક્યા વિસ્તારમાં કેટલા ચોરસ મીટર બાંધકામ છે તેની વિગત | મકાન/ઔધોગીક એકમ/ઓફીસ/ દુકાન/ગોડાઉન/કોલ્ડ સ્ટોરેજ ભાડે આપવા સત્તા ધરાવતાં વ્યક્તિનું નામ | મકાન/ઔધોગીક એકમ/ દુકાન/ઓફીસ/ ગોડાઉન/કોલ્ડ સ્ટોરેજ ક્યારે ભાડે આપેલ છે તેનું માસીક ભાડુ કેટલું છે? | કઈ વ્યક્તિને ભાડે આપેલ છે? તેના પાકા નામ સરનામા, પાસપોર્ટ, ડ્રાઈવીંગ લાયસન્સ, પાનકાર્ડ, ફોટા પુરાવા સાથે આપવા | મકાન/ઔધોગીક એકમ/ઓફીસ/દુકાન/ ગોડાઉન/કોલ્ડ સ્ટોરેજના માલીકને ભાડુઆતનો સંપર્ક કરાવનાર વ્યક્તિનું નામ, સરનામું તથા પાસપોર્ટ, ડ્રાઈવીંગ લાયસન્સ, પાનકાર્ડ વિગેરે પુરાવા સાથે આપવા |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |

આ હુકમ તા. ૦૧-૦૩-૨૦૧૭ થી તા. ૩૦-૦૪-૨૦૧૭ સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય દંડ સહિતાની કલમ ૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

તમામને વ્યકિતગત રીતે નોટિસની બજવણી કરવી શકય ન હોય આથી એકતરફી હુકમ કરૂં છું. જાહેર જનતાની જાણ સારૂં સ્થાનિક વર્તમાનપત્ર, આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર મારફતે પ્રસિધ્ધિ દ્વારા તથા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેકટર, મદદનીશ પોલીસ કમિશ્નર, નાયબ પોલીસ કમિશ્નર તથા પોલીસ કમિશ્નર કચેરીના નોટિસ બોર્ડ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધિ કરવામાં આવશે. તેમજ સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધિ કરવામાં આવશે. ગુજરાત પોલીસ એકટ કલમ ૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજ તા. ૧૮-૦૨-૨૦૧૭ ના રોજ મારી સહિ અને સિક્કો કરી આપેલ છે.

રાજકોટ, ૧૮ માહે ફેબ્રુઆરી, સને ૨૦૧૭.

---

**ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ના નં.૨) ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ હુકમ**

## જાહેરનામું

ક્રમાંક : એસ.બી/મજુર/જાહેરનામું/૫૭૫/૨૦૧૭.-તાજેતરમાં રાજકોટ શહેરમાં ઘરફોડ ચોરીના બનાવો વધવા પામેલ છે. ભુતકાળનાં રાજકોટ શહેરમાં બનેલ ઘરફોડ ચોરીના બનાવોની તપાસ કરતા તપાસમાં આવા ગુન્હો કરનાર (ઘરફોડીયા) પકડાયેલ છે. ત્યારે તપાસમાં આવા ગુન્હાવાળા આરોપીઓ ગુન્હાના બનાવના દિવસો અગાઉ રાજકોટ શહેરમાં નવા બંધાતા મકાનોમાં, જુદી જુદી ઔદ્યોગીક કંપનીઓમાં, કોર્પોરેશનમાં મજુરીકામ અને ટેલીફોન કંપનીઓ દ્વારા તથા ગેસ પાઈપલાઈન માટે ખોદાતા ખાડાઓની મજુરી કામ મેળવી અથવા તેના બહાના હેઠળ આવી રોકાણ કરી આજુબાજુની સ્થાનિક પરિસ્થિતીનું સર્વે કરી માહીતગાર થઈ મિલ્કત વિરૂધ્ધના ગુન્હાઓ આચારતા હોય છે. મજુરી કામના બહાના હેઠળ આતંકવાદીઓ પણ આશરો મેળવી લેતા હોય છે, જેથી જાહેર જનતાની જાન-માલની (મિલ્કત)ની સલામતી તથા સુરક્ષા સારૂ થોડા નિયંત્રણો મુકવા જરૂરી જણાય છે.

જેથી હું, અનુપમસિંહ ગહલૌત, (I.P.S.), પોલીસ કમિશ્નર, રાજકોટ શહેર, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ (સી.આર.પી.સી.) ૧૯૭૩ (૧૯૭૪ના નં.૨)ની કલમ-૧૪૪ અન્વયે અમોને મળેલ સત્તાની રૂએ આથી હું હુકમ કરૂં છું કે, રાજકોટ શહેરના પોલીસ કમિશ્નર વિસ્તારમાં લેબર કોન્ટ્રાક્ટર/મુકાદમનાઓએ પોતાની પાસે જે મજુર કામે રાખેલ હોય અને મજુરો કામકાજ માટે સપ્લાય કરતા હોય તેઓએ નીચે જણાવેલ ફોર્મ મુજબ દરેક મજુરોના અલગ-અલગ ફોર્મ ભરી ફરજીયાતપણે સ્થાનીક પોલીસ સ્ટેશનને જાણ કરવાની રહેશે તથા મજુરો જ્યારે મજુરી કામ તથા રાજકોટ શહેર છોડી જતા રહે ત્યારે લેબર કોન્ટ્રાક્ટર/ મુકાદમે તે અંગેની જાણ નામ/સરનામા સહિતની વિગત સાથે સ્થાનીક પોલીસ સ્ટેશનમાં કરવાની રહેશે.

| | | | |
|---|---|---|---|
| ૧ | લેબર કોન્ટ્રાકટર/મુકાદમ(સપ્લાયર)નું પુરૂં નામ સરનામું, મો. નં., નંબર સહિત. | : | |
| ૨ | મજુરનું નામ તથા ઉ. વ. | : | |
| ૩ | મજુરનું હાલનું સરનામું, ટેલીફોન નંબર | : | |
| ૪ | મજુરનું મૂળ વતનનું સરનામું, ગામ, તાલુકો, જિલ્લો | : | |
| ૫ | હાલની મજુરીનું સ્થળ/કંપનીનું નામ. | : | |
| ૬ | મજુરનું વતનનું સ્થાનિક પો.સ્ટે.નું નામ તથા ટેલીફોન નંબર | : | |
| ૭ | મજુરના વતનના આગેવાનનું નામ, સરનામું, ટેલીફોન નંબર | : | |
| ૮ | મજુર અગાઉ કોઈ પોલીસ ગુન્હામાં પકડાયેલ હોય તો તેની વિગત | : | |
| ૯ | કયારથી મુકાદમે/કોન્ટ્રાકટરે મજુરી કામ માટે રાખેલ છે. | : | |
| ૧૦ | મજુરનું ઓળખ માટેનું આઈ.ડી. પ્રુફ (ફોટા સાથેનું). | : | |
| ૧૧ | રાજકોટ શહેરમાં કઈ તારીખથી મજુરી કામ કરે છે ? અને કઈ તારીખે જવાનો છે ? | : | |
| ૧૨ | રાજકોટ શહેરમાં નજીકના સંબંધી કોઈ હોય તો તેનું નામ, સરનામું | : | |

| | |
|---|---|
| મજુરનો તાજેતરનો ફોટો | મજુરના અંગુઠાનું નિશાન ........................................................ |
| | મુકાદમ/સપ્લાયર/કોન્ટ્રાકટરની સહિ ............................................ |
| | નામ ...................................................................................... |

આ હુકમ તા. ૦૧-૦૩-૨૦૧૭ થી તા. ૩૦-૦૪-૨૦૧૭ સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય દંડ સહિતાની કલમ ૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

તમામને વ્યકિતગત રીતે નોટિસની બજવણી કરવી શકય ન હોય આથી એકતરફી હુકમ કરૂં છું. જાહેર જનતાની જાણ સારૂં સ્થાનિક વર્તમાનપત્ર, આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર મારફતે પ્રસિધ્ધિ દ્વારા તથા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેકટર, મદદનીશ પોલીસ કમિશ્નર, નાયબ પોલીસ કમિશ્નર તથા પોલીસ કમિશ્નર કચેરીના નોટિસબોર્ડ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધિ કરવામાં આવશે. તેમજ સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધિ કરવામાં આવશે. ગુજરાત પોલીસ એકટ કલમ ૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજ તા. ૧૮-૦૨-૨૦૧૭ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

રાજકોટ, ૧૮ માહે ફેબ્રુઆરી, સને ૨૦૧૭.

**અનુપમ સિંહ ગહલૌત,**
પોલીસ કમિશ્નર,
રાજકોટ શહેર, રાજકોટ.

## સુપ્રિન્ટેન્ડન્ટ લેન્ડ રેકર્ડઝ અધિકારી દ્વારા

વંચાણે લીધા :

(૧) સરકારશ્રીના મહેસુલ વિભાગના ઠરાવ ક્રમાંક : મકમ-૧૦૮૦૬૬૪૧-હ, તા. ૭-૫-૧૯૮૪.

(૨) કલેકટરશ્રી, જૂનાગઢનાં જાહેરનામાં નં. લેન્ડ/૨/સી/૧૯૮૮, તા. ૨-૨-૧૯૮૮.

(૩) સરકારશ્રીના મહેસૂલ વિભાગના ઠરાવ ક્રમાંક : સિટીએસ/૧૨.૨૦૧૫-૧૯૬૪/હ, તા. ૦૮-૦૯-૨૦૧૫.

(૪) સેટલમેન્ટ કમિશનર અને જમીન દફતર નિયામકશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગરનાં પત્ર ક્રમાંક : એસવી-૫/નવી બાબત/ગામઠાણ/૧૬૧૭, તા. ૧૮-૪-૨૦૧૬.

(૫) ડી.ઈ.લે.રે.શ્રી, જૂનાગઢના પત્ર નં. ડી.એસ.ઓ./ગામઠાણ/૧૨૬ જાહેરનામું/૧ ગામ/૨૦૧૬, તા. ૧૯-૧-૨૦૧૭.

## પૂરવણી જાહેરનામુ

નં. : સિટીએસ/લે.રે.કો.-૧૨૬ જાહેરનામુ/મોટી મોણપરી/૧૬-.સરકારશ્રીનાં મહેસુલ વિભાગનાં વંચાણ-૧નાં ઠરાવથી રાજયના ગ્રામ્ય વિસ્તારનાં ગામઠાણની મિલ્કતની માપણી કરી, હકક ચોકસી કરી પ્રોપટી કાર્ડ તૈયાર કરવા ગામઠાણ (આબાદી એરીયા) મોજણી દાખલ કરવા **જૂનાગઢ** જિલ્લાનાં **વિસાવદર** તાલુકાનાં **મોટી મોણપરી** ગામ માટે લેન્ડ રેવન્યુ કોડની કલમ ૯૫ તથા ૧૩૧ અન્વયે સરકારશ્રીએ મંજૂરી આપતાં, કલેકટરશ્રી, જૂનાગઢનાં વંચાણ-૨ વાળા જાહેરનામાંથી જિલ્લો-જૂનાગઢ, તાલુકો-વિસાવદર, ગામ-મોટી મોણપરીનાં ગામતળ વિસ્તારનું લેન્ડ રેવન્યુ કોડની કલમ ૧૨૬નું જાહેરનામું બહાર પાડવામાં આવેલ. જેમાં ફકત ગામતળ તથા સીમતળનાં અમુક સરવે નંબરોનાં વિસ્તારનો સમાવેશ કરવામાં આવેલ.

સરકારશ્રીના મહેસૂલ વિભાગના વંચાણ-૩ના ઠરાવથી ગુજરાત જમીન મહેસૂલ અધિનિયમ-૧૮૭૯ ની કલમ ૧૨૬ હેઠળ હદ ઠરાવવાની સત્તાઓ અત્રેને એનાયત થયેલ છે. વંચાણ-૪નાં પત્ર અન્વયે ઉપરોકત બહાર પાડવામાં આવેલા લેન્ડ રેવન્યુ કોડની કલમ ૧૨૬નાં જાહેરનામામાં સમાવેશ કરેલ સિટી સરવે વિસ્તારનાં હદની આજુબાજુનાં ખેતીનાં તથા બિનખેતી થયેલ સરવે નંબરોનો સમાવેશ કરી તે મુજબનાં પત્રક-અ,બ,ક તથા નકશો તૈયાર કરી પૂરવણી જાહેરનામા પ્રસિધ્ધ કરવા અત્રેને સુચના આપવામાં આવેલ છે.

ગામ-**મોટી મોણપરી**, તાલુકો-**વિસાવદર**, જિલ્લો-**જૂનાગઢ**માં સિટી સરવે વિસ્તાર નક્કી કરવા અંગેની પૂરવણી દરખાસ્ત ડી.ઈ.લે.રે. શ્રી, જૂનાગઢએ તૈયાર કરી વંચાણ-૫ થી અત્રેને સાદર કરેલ છે. આ પૂરવણી દરખાસ્ત અન્વયે તૈયાર થયેલ નકશા મુજબ નકકી કરેલ પૂરવણી સિટી સરવે વિસ્તારની માપણી તથા હકક ચોકસી કરવાની થાય છે.

સબબ, વંચાણ-૩નાં ઠરાવ તથા ગુજરાત જમીન મહેસૂલ અધિનિયમની કલમ ૧૨૬ થી મળેલ સત્તાની રૂએ સિટી સરવે મેન્યુઅલના પારા-૭ ની વિગતે મોજે-**મોટી મોણપરી,** તાલુકો-**વિસાવદર,** જિલ્લો-**જૂનાગઢ** માટે અગાઉનાં વંચાણ-૨ વળા જાહેરનામાંથી ઠરાવેલ વિસ્તારની હદ ઉપરાંત આ સાથેના પત્રક-અ,બ,ક મુજબની ખેતી, બિનખેતી તથા તેમાં સમાવિષ્ટ રસ્તા, માર્ગ અને સરકારી પડતર જમીનોને આ પૂરવણી જાહેરનામાંથી સિટી સરવે વિસ્તાર તરીકે આથી જાહેર કરવામાં આવે છે.

### પત્રક-અ

મોજે : મોટી મોણપરી, તાલુકે-વિસાવદર, જિલ્લે-જુનાગઢ ના લે.રે.કોડ કલમ ૧૨૬ના જાહેરનામામાં આવતા ખેતીના સરવે નંબરનું પત્રક

| ક્રમ નંબર | સરવે નંબર | ક્ષેત્રફળ હે-આરે-ચોમી | વિગત | રિમાર્કસ |
|---|---|---|---|---|
| ૧ | 8/p૨ | 2.4282 | 2 - પો.ખ. અ | ખાનગી |
| ૨ | 22/p૧ | 1.3658 | ખેતીલાયક ઉપયોગ | |
| ૩ | 25/3/p૧ | 1.2141 | ખેતીલાયક ઉપયોગ | |
| ૪ | 25/3/p૨ | 1.042 | ખેતીલાયક ઉપયોગ | |
| ૫ | 68/p૧/p૨ | 0.0202 | ખેતીલાયક ઉપયોગ | |
| ૬ | 72/p૧/p૧ | 0.4856 | ખેતીલાયક ઉપયોગ | |
| ૭ | 72/p૧/p૨ | 4.9068 | ખેતીલાયક ઉપયોગ | |
| ૮ | 167/p3 | 1.1331 | ખેતીલાયક ઉપયોગ | |
| ૯ | 167/p૬ | 0.6475 | ખેતીલાયક ઉપયોગ | |
| ૧૦ | 167/p૫ | 0.8094 | ખેતીલાયક ઉપયોગ | |
| ૧૧ | 170/p૧ | 0.8094 | ખેતીલાયક ઉપયોગ | |
| ૧૨ | 170/p૨ | 1.4569 | ખેતીલાયક ઉપયોગ | |
| ૧૩ | 172/૧ | 1.0825 | ખેતીલાયક ઉપયોગ | |
| ૧૪ | 172/૨ | 0.1315 | ખેતીલાયક ઉપયોગ | |
| ૧૫ | 172/3/p૧ | 0.521 | ખેતીલાયક ઉપયોગ | |
| ૧૬ | 172/3/p૨ | 0.5211 | ખેતીલાયક ઉપયોગ | |
| ૧૭ | 173/p૧ | 0.7082 | ખેતીલાયક ઉપયોગ | |
| ૧૮ | 173/p૨ | 0.7082 | ખેતીલાયક ઉપયોગ | |
| ૧૯ | 216/p૧ | 9.5709 | ખેતીલાયક ઉપયોગ | શ્રી ગ્રામ પંચાયત ગૌચર |
| ૨૦ | 226/p૧ | 1.0914 | ખેતીલાયક ઉપયોગ | |
| ૨૧ | 226/p૨ | 1.0914 | ખેતીલાયક ઉપયોગ | |
| ૨૨ | 226/p3 | 1.0913 | ખેતીલાયક ઉપયોગ | |
| ૨૩ | 226/p૪ | 1.0914 | ખેતીલાયક ઉપયોગ | |
| ૨૪ | 226/p૬ | 1.0914 | ખેતીલાયક ઉપયોગ | |
| ૨૫ | 226/p૭ | 1.0914 | ખેતીલાયક ઉપયોગ | |
| ૨૬ | 226/p૮ | 1.0914 | ખેતીલાયક ઉપયોગ | |
| ૨૭ | 226/p૫ | 1.0914 | ખેતીલાયક ઉપયોગ | |
| ૨૮ | 227/p3 | 11.0374 | ખેતીલાયક ઉપયોગ | શ્રી ગ્રામ પંચાયત ગૌચર |
| ૨૯ | 325/૧/p૧ | 2.5091 | ખેતીલાયક ઉપયોગ | |
| ૩૦ | 325/૨/p૧ | 2.8935 | ખેતીલાયક ઉપયોગ | |
| ૩૧ | 328 | 0.2529 | ખેતીલાયક ઉપયોગ | |

| ક્રમ નંબર | સરવે નંબર | ક્ષેત્રફળ હે-આરે-ચોમી | વિગત | રિમાર્કસ |
|---|---|---|---|---|
| ૩૨ | 342/p૧/p૧/p૧ | 0.4047 | ખેતીલાયક ઉપયોગ | |
| ૩૩ | 342/p૧/p૧/p૨ | 0.6171 | ખેતીલાયક ઉપયોગ | |
| ૩૪ | 343/૧ | 1.902 | ખેતીલાયક ઉપયોગ | |
| ૩૫ | 343/૨/p૧ | 0.607 | ખેતીલાયક ઉપયોગ | |
| ૩૬ | 343/૨/p૨ | 0.5969 | ખેતીલાયક ઉપયોગ | |
| | | **59.1141** | | |

## પત્રક-બ

મોજે : મોટી મોણપરી, તાલુકે-વિસાવદર, જિલ્લે-જુનાગઢના
લે.રે.કોડ કલમ ૧૨૬ના જાહેરનામામાં આવતા
બીનખેતી થયેલ સરવે નંબરનું પત્રક

| ક્રમ નંબર | સરવે નંબર | ક્ષેત્રફળ હે-આરે-ચોમી | વિગત | રિમાર્કસ |
|---|---|---|---|---|
| ૧ | 3/૧ | 0.7386 | રહેઠાણ | |
| ૨ | 3/૨ | 0.3035 | રહેઠાણ | |
| ૩ | 4/3 | 0.4755 | રહેઠાણ | |
| ૪ | 5/૧ | 1.902 | રહેઠાણ | |
| ૫ | 5/૨/p૧ | 0.6273 | રહેઠાણ | |
| ૬ | 5/૨/p૨ | 0.6273 | રહેઠાણ | |
| ૭ | 5/૨/p૩ | 0.6374 | રહેઠાણ | |
| ૮ | 22/p૨ | 1.3658 | રહેઠાણ | |
| ૯ | 25/૧/p૧ | 0.7689 | રહેઠાણ | |
| ૧૦ | 25/૧/p૨ | 0.6171 | રહેઠાણ | |
| ૧૧ | 25/૨ | 1.0421 | રહેઠાણ | |
| ૧૨ | 72/p૨ | 0.4856 | ઉદ્યોગ | |
| ૧૩ | 167/p૧ | 0.6576 | રહેઠાણ | |
| ૧૪ | 167/p૨ | 1.467 | રહેઠાણ | |
| ૧૫ | 167/p૪ | 0.1518 | રહેઠાણ | |
| ૧૬ | 170/p૩ | 0.4047 | રહેઠાણ | |
| ૧૭ | 170/p૪ | 0.7284 | રહેઠાણ | |
| ૧૮ | 170/p૫ | 0.8094 | રહેઠાણ | |
| ૧૯ | 227/p૨ | 10.1172 | રહેઠાણ | |
| ૨૦ | 227/p૪ | 1.943 | રહેઠાણ | શ્રી ગુજરાત એનર્જી ટ્રાન્સમીશન કોર્પોરેશન લી. |
| ૨૧ | 325/૧/p૨ | 0.8094 | રહેઠાણ | |
| ૨૨ | 325/૨/p૨ | 0.8094 | રહેઠાણ | |
| ૨૩ | 327/૨ | 2.8328 | રહેઠાણ | |
| ૨૪ | 341/p૧ | 0.5362 | રહેઠાણ | |
| ૨૫ | 341/p૨ | 0.5463 | રહેઠાણ | |
| ૨૬ | 342/p૧/p૨ | 1.0926 | રહેઠાણ | |
| ૨૭ | 342/p૨ | 0.0304 | રહેઠાણ | |
| ૨૮ | 342/p૩ | 0.4047 | રહેઠાણ | |
| | | **32.9320** | | |

## પત્રક-ક

મોજે : મોટી મોણપરી, તાલુકે-વિસાવદર, જિલ્લે-જુનાગઢના
લે.રે.કોડ કલમ ૧૨૬ના જાહેરનામામાં આવતા
સરકારી પડતર તથા ગામતળના સરવે નંબરનું પત્રક

| ક્રમ નંબર | સરવે નંબર | ક્ષેત્રફળ હે-આરે-ચોમી | વિગત | રિમાર્કસ |
|---|---|---|---|---|
| ૧ | જુનું ગામતળ | 11.1188 | ગામતળ | |
| ૨ | 1 | 0.4452 | પો.ખ. અન્ય | શ્રી સરકાર |
| ૩ | 2 | 2.9138 | પો.ખ. અન્ય | શ્રી સરકાર |
| ૪ | 4/૧ | 3.5916 | ગામતળ | |
| ૫ | 4/૨ | 0.2428 | પો.ખ. અન્ય | શ્રી સરકાર |
| ૬ | 8/p૧/p૧ | 4.0165 | ગૌચર | શ્રી ગ્રામ પંચાયત ગૌચર |
| ૭ | 8/p૧/p૨ | 2.4282 | ગામતળ | શ્રી સરકાર ગામતળ |
| ૮ | 8/p૩ | 0.4046 | નિશાળ | શ્રી ગ્રામ પંચાયત (હાઈસ્કુલ), મોટી-મોણપરી |
| ૯ | 68/p૧/p૧ | 16.0459 | ગૌચર | શ્રી ગ્રામ પંચાયત ગૌચર |
| ૧૦ | 68/p૨ | 1.6997 | ગામતળ | |
| ૧૧ | 68/p૩ | 1.3355 | ગામતળ | |
| ૧૨ | 216/p૨ | 4.0469 | ગામતળ | શ્રી ગ્રામ પંચાયત-મોટી મોણપરી (નવુ ગામતળ) |
| ૧૩ | 227/p૧ | 0.263 | પો.ખ. અન્ય | શ્રી સરકાર |
| ૧૪ | 327/૧ | 2.2865 | ગૌચર | શ્રી સરકાર ગૌચર |
| ૧૫ | 327/3/p૧ | 1.1331 | ગૌચર | શ્રી સરકાર ગૌચર |
| ૧૬ | 327/3/p૨ | 0.0506 | સરકારી પડતર | શ્રી ટેલીકોમ ડીસ્ટીક મેનેજર, જુનાગઢ |
| | | **52.0227** | | |

જુનાગઢ, ૯ માહે ફેબ્રુઆરી, સને ૨૦૧૭.

---

વંચાણે લીધા :

(૧) સરકારશ્રીના મહેસુલ વિભાગના ઠરાવ ક્રમાંક : મકમ-૧૦૮૦૬૬૪૧-હ, તા. ૭-૫-૧૯૮૪.

(૨) કલેકટરશ્રી, જુનાગઢનાં જાહેરનામાં નં. લેન્ડ/૨/સી/૩૭૦૪/૯૦, તા. ૧૪-૧૨-૧૯૯૦.

(૩) સરકારશ્રીના મહેસૂલ વિભાગના ઠરાવ ક્રમાંક : સિટીએસ/૧૨.૨૦૧૫-૧૯૬૪/હ, તા. ૮-૯-૨૦૧૫.

(૪) સેટલમેન્ટ કમિશનર અને જમીન દફતર નિયામકશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગરનાં પત્ર ક્રમાંક : એસવી-૫/નવી બાબત/ગામઠાણ/૧૬૧૭, તા. ૧૮-૪-૨૦૧૬.

(૫) ડી.ઈ.લે.રે.શ્રી, જૂનાગઢના પત્ર નં. ડી.એસ.ઓ./ગામઠાણ/૧૨૬ જાહેરનામું/૧ ગામ/૨૦૧૬, તા. ૧૯-૧-૨૦૧૭.

## પૂરવણી જાહેરનામુ

નં. : સિટીએસ/લે.રે.કો.-૧૨૬ જાહેરનામુ/જૂથળ/૧૬-. સરકારશ્રીનાં મહેસુલ વિભાગનાં વંચાણ-૧નાં ઠરાવથી રાજયના ગ્રામ્ય વિસ્તારનાં ગામઠાણની મિલ્કતની માપણી કરી, હકક ચોકસી કરી પ્રોપટી કાર્ડ તૈયાર કરવા ગામઠાણ (આબાદી એરીયા) મોજણી દાખલ કરવા **જૂનાગઢ** જિલ્લાનાં **માળીયા (હાટીના)** તાલુકાનાં **જૂથળ** ગામ માટે લેન્ડ રેવન્યુ કોડની કલમ ૯૫ તથા ૧૩૧ અન્વયે સરકારશ્રીએ મંજૂરી આપતાં, કલેકટરશ્રી, જૂનાગઢનાં વંચાણ-૨ વાળા જાહેરનામાંથી જિલ્લો-જૂનાગઢ, તાલુકો-માળીયા (હાટીના), ગામ-જૂથળનાં ગામતળ વિસ્તારનું લેન્ડ રેવન્યુ કોડની કલમ ૧૨૬નું જાહેરનામું બહાર પાડવામાં આવેલ. જેમાં ફકત ગામતળ તથા સીમતળનાં અમુક સરવે નંબરોનાં વિસ્તારનો સમાવેશ કરવામાં આવેલ.

સરકારશ્રીના મહેસૂલ વિભાગના વંચાણ-૩ના ઠરાવથી ગુજરાત જમીન મહેસૂલ અધિનિયમ-૧૮૭૯ ની કલમ ૧૨૬ હેઠળ હદ ઠરાવવાની સત્તાઓ અત્રેને એનાયત થયેલ છે. વંચાણ-૪નાં પત્ર અન્વયે ઉપરોકત બહાર પાડવામાં આવેલા લેન્ડ રેવન્યુ કોડની કલમ ૧૨૬નાં જાહેરનામામાં સમાવેશ કરેલ સિટી સરવે વિસ્તારનાં હદની આજુબાજુનાં ખેતીનાં તથા બિનખેતી થયેલ સરવે નંબરોનો સમાવેશ કરી તે મુજબનાં પત્રક-અ,બ,ક તથા નકશો તૈયાર કરી પૂરવણી જાહેરનામા પ્રસિધ્ધ કરવા અત્રેને સુચના આપવામાં આવેલ છે.

ગામ-**જૂથળ**, તાલુકો-**માળીયા (હાટીના)**, જિલ્લો-**જૂનાગઢ**માં સિટી સરવે વિસ્તાર નક્કી કરવા અંગેની પૂરવણી દરખાસ્ત ડી.ઈ.લે.રે.શ્રી, જૂનાગઢએ તૈયાર કરી વંચાણ-૫ થી અત્રેને સાદર કરેલ છે. આ પૂરવણી દરખાસ્ત અન્વયે તૈયાર થયેલ નકશા મુજબ નક્કી કરેલ પૂરવણી સિટી સરવે વિસ્તારની માપણી તથા હકક ચોકસી કરવાની થાય છે.

સબબ, વંચાણ-૩નાં ઠરાવ તથા ગુજરાત જમીન મહેસૂલ અધિનિયમની કલમ ૧૨૬ થી મળેલ સત્તાની રૂએ સિટી સરવે મેન્યુઅલના પારા-૭ ની વિગતે મોજે-**જૂથળ**, તાલુકો-**માળીયા (હાટીના)**, જિલ્લો-**જૂનાગઢ** માટે અગાઉનાં વંચાણ-૨ વળા જાહેરનામાંથી ઠરાવેલ વિસ્તારની હદ ઉપરાંત આ સાથેના પત્રક-અ,બ,ક મુજબની ખેતી, બિનખેતી તથા તેમાં સમાવિષ્ટ રસ્તા, માર્ગ અને સરકારી પડતર જમીનોને આ પૂરવણી જાહેરનામાંથી સિટી સરવે વિસ્તાર તરીકે આથી જાહેર કરવામાં આવે છે.

### પત્રક-અ

મોજે : જુથળ, તાલુકે-માળીયા (હાટીના), જિલ્લે-જુનાગઢ ના લે.રે.કોડ કલમ ૧૨૬ના જાહેરનામામાં આવતા ખેતીના સરવે નંબરનું પત્રક

| ક્રમ નંબર | સરવે નંબર | ક્ષેત્રફળ હે-આરે-ચોમી | વિગત | રિમાર્કસ |
|---|---|---|---|---|
| ૧ | 4/૨ | 1.0218 | ખેતીલાયક ઉપયોગ | |
| ૨ | 4/૧ | 0.4957 | ખેતીલાયક ઉપયોગ | |
| ૩ | 4/૩ | 0.5261 | ખેતીલાયક ઉપયોગ | |
| ૪ | 368/૨ | 0.4755 | ખેતીલાયક ઉપયોગ | |
| ૫ | 368/૧ | 0.4957 | ખેતીલાયક ઉપયોગ | |
| ૬ | 369/૨ | 0.2226 | ખેતીલાયક ઉપયોગ | |
| ૭ | 369/૧ | 0.7284 | ખેતીલાયક ઉપયોગ | |
| ૮ | 371 | 0.4047 | ખેતીલાયક ઉપયોગ | |
| ૯ | 372 | 0.5564 | ખેતીલાયક ઉપયોગ | |
| ૧૦ | 377 | 0.4957 | ખેતીલાયક ઉપયોગ | |
| ૧૧ | 530/૨ | 0.7993 | ખેતીલાયક ઉપયોગ | |
| ૧૨ | 530/૩ | 0.1012 | ખેતીલાયક ઉપયોગ | |
| ૧૩ | 530/૧ | 0.8701 | ખેતીલાયક ઉપયોગ | |
| ૧૪ | 532/૧/p૬ | 0.2823 | ખેતીલાયક ઉપયોગ | શ્રી કેળવણી મંડળ જુથળ |
| ૧૫ | 532/૧/p૭ | 1.6181 | ખેતીલાયક ઉપયોગ | "શાળા બાગની જમિન" |
| | | **9.0936** | | |

### પત્રક-બ

મોજે : જુથળ, તાલુકે-માળીયા (હાટીના), જિલ્લે-જુનાગઢના લે.રે.કોડ કલમ ૧૨૬ના જાહેરનામામાં આવતા બીનખેતીના થયેલ સરવે નંબરનું પત્રક

| ક્રમ નંબર | સરવે નંબર | ક્ષેત્રફળ હે-આરે-ચોમી | વિગત | રિમાર્કસ |
|---|---|---|---|---|
| ૧ | 532/૨ | 0.5261 | 48-ઉદ્યોગ | સેનેટરી વેલ્સની જમીન |
| ૨ | 532/૧/p3 | 0.0952 | 48-ઉદ્યોગ | તેલીબીયા ઉત્પાદક સહકારી મંડળી જુથળ |
| ૩ | 532/૧/p૮ | 0.2022 | 48-ઉદ્યોગ | શ્રી ભારત સંચાર નિગમ લીમીટેડ, ડીસ્ટ્રીકટ મેનેજરશ્રી ટેલીકોમ ખાતુ-જુનાગઢ |
| | | **0.8235** | | |

### પત્રક-ક

મોજે : જુથળ, તાલુકે-માળીયા (હાટીના), જિલ્લે-જુનાગઢના લે.રે.કોડ કલમ ૧૨૬ના જાહેરનામામાં આવતા સરકારી પડતર તથા ગામતળના સરવે નંબરનું પત્રક

| ક્રમ નંબર | સરવે નંબર | ક્ષેત્રફળ હે-આરે-ચોમી | વિગત | રિમાર્કસ |
|---|---|---|---|---|
| ૧ | 3/૪ | 0.3743 | શ્રી સરકાર ખરાબો | |
| ૨ | 138/p૨ | 0.8094 | સ્મશાન | |
| ૩ | 138/p૧ | 8.6401 | ગૌચર | શ્રી જુથળ ગ્રામ પંચાયત ગૌચર |
| ૪ | 532/૧/p૫ | 16.9564 | ગામતળ | શ્રી જુથળ ગ્રામ પંચાયત ગામતળ |
| | | **26.7802** | | |

જૂનાગઢ, ૯ માહે ફેબ્રુઆરી, સને ૨૦૧૭.

---

INDEX

વંચાણે લીધા :

(૧) સરકારશ્રીના મહેસુલ વિભાગના ઠરાવ ક્રમાંક : મકમ-૧૦૮૦૬૬૪૧-હ, તા. ૭-૫-૧૯૮૪.

(૨) કલેકટરશ્રી, જૂનાગઢનાં જાહેરનામાં નં. લેન્ડ/૨/સી/૫૯૧/૮૯, તા. ૧૬-૦૬-૧૯૮૯.

(૩) સરકારશ્રીના મહેસૂલ વિભાગના ઠરાવ ક્રમાંક : સિટીએસ/૧૨.૨૦૧૫-૧૯૬૪/હ, તા. ૮-૯-૨૦૧૫.

(૪) સેટલમેન્ટ કમિશ્નર અને જમીન દફતર નિયામકશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગરનાં પત્ર ક્રમાંક : એસવી-૫/નવી બાબત/ગામઠાણ/૧૬૧૭, તા. ૧૮-૪-૨૦૧૬.

(૫) ડી.ઈ.લે.રે.શ્રી, જૂનાગઢના પત્ર નં. ડી.એસ.ઓ./ગામઠાણ-માપણી/૧૨૬ જાહેરનામું/૧ ગામ/૨૦૧૬, તા. ૧૯-૧-૨૦૧૭.

## પૂરવણી જાહેરનામુ

નં. : સિટીએસ/લે.રે.કો.-૧૨૬ જાહેરનામુ/શેરગઢ/૧૬-. સરકારશ્રીનાં મહેસુલ વિભાગનાં વંચાણ-૧નાં ઠરાવથી રાજયના ગ્રામ્ય વિસ્તારનાં ગામઠાણની મિલ્કતની માપણી કરી, હકક ચોકસી કરી પ્રોપટી કાર્ડ તૈયાર કરવા ગામઠાણ (આબાદી એરીયા) મોજણી દાખલ કરવા **જૂનાગઢ** જિલ્લાનાં **કેશોદ** તાલુકાનાં **શેરગઢ** ગામ માટે લેન્ડ રેવન્યુ કોડની કલમ ૯૫ તથા ૧૩૧ અન્વયે સરકારશ્રીએ મંજૂરી આપતાં, કલેકટરશ્રી, જૂનાગઢનાં વંચાણ-૨ વાળા જાહેરનામાંથી જિલ્લો-જૂનાગઢ, તાલુકો-કેશોદ, ગામ-શેરગઢનાં ગામતળ વિસ્તારનું લેન્ડ રેવન્યુ કોડની કલમ ૧૨૬નું જાહેરનામું બહાર પાડવામાં આવેલ. જેમાં ફકત ગામતળ તથા સીમતળનાં અમુક સરવે નંબરોનાં વિસ્તારનો સમાવેશ કરવામાં આવેલ.

સરકારશ્રીના મહેસૂલ વિભાગના વંચાણ-૩ના ઠરાવથી ગુજરાત જમીન મહેસૂલ અધિનિયમ-૧૮૭૯ ની કલમ ૧૨૬ હેઠળ હદ ઠરાવવાની સત્તાઓ અત્રેને એનાયત થયેલ છે. વંચાણ-૪નાં પત્ર અન્વયે ઉપરોકત બહાર પાડવામાં આવેલા લેન્ડ રેવન્યુ કોડની કલમ ૧૨૬નાં જાહેરનામામાં સમાવેશ કરેલ સિટી સરવે વિસ્તારનાં હદની આજુબાજુનાં ખેતીનાં તથા બિનખેતી થયેલ સરવે નંબરોનો સમાવેશ કરી તે મુજબનાં પત્રક-અ,બ,ક તથા નકશો તૈયાર કરી પૂરવણી જાહેરનામા પ્રસિધ્ધ કરવા અત્રેને સુચના આપવામાં આવેલ છે.

ગામ-**શેરગઢ**, તાલુકો-**કેશોદ**, જિલ્લો-**જૂનાગઢ**માં સિટી સરવે વિસ્તાર નક્કી કરવા અંગેની પૂરવણી દરખાસ્ત ડી.ઈ.લે.રે. શ્રી, જૂનાગઢએ તૈયાર કરી વંચાણ-૫ થી અત્રેને સાદર કરેલ છે. આ પૂરવણી દરખાસ્ત અન્વયે તૈયાર થયેલ નકશા મુજબ નકકી કરેલ પૂરવણી સિટી સરવે વિસ્તારની માપણી તથા હકક ચોકસી કરવાની થાય છે.

સબબ, વંચાણ-૩નાં ઠરાવ તથા ગુજરાત જમીન મહેસૂલ અધિનિયમની કલમ ૧૨૬ થી મળેલ સત્તાની રૂએ સિટી સરવે મેન્યુઅલના પારા-૭ ની વિગતે મોજે-**શેરગઢ**, તાલુકો-**કેશોદ**, જિલ્લો-**જૂનાગઢ** માટે અગાઉનાં વંચાણ-૨ વાળા જાહેરનામાંથી ઠરાવેલ વિસ્તારની હદ ઉપરાંત આ સાથેના પત્રક-અ,બ,ક મુજબની ખેતી, બિનખેતી તથા તેમાં સમાવિષ્ટ રસ્તા, માર્ગ અને સરકારી પડતર જમીનોને આ પૂરવણી જાહેરનામાંથી સિટી સરવે વિસ્તાર તરીકે આથી જાહેર કરવામાં આવે છે.

### પત્રક-અ

મોજે : શેરગઢ, તાલુકે-કેશોદ, જિલ્લે-જુનાગઢ ના લે.રે.કોડ કલમ ૧૨૬ના જાહેરનામામાં આવતા ખેતીના સરવે નંબરનું પત્રક

| ક્રમ નંબર | સરવે નંબર | ક્ષેત્રફળ હે-આરે-ચોમી | વિગત | રિમાર્કસ |
|---|---|---|---|---|
| ૧ | 4 | 2.7215 | ખેતીલાયક ઉપયોગ | |
| ૨ | 5/p૧ | 1.0017 | ખેતીલાયક ઉપયોગ | |
| ૩ | 5/p૨ | 1.214 | ખેતીલાયક ઉપયોગ | |
| ૪ | 117/૧અ | 0.9813 | ખેતીલાયક ઉપયોગ | |
| ૫ | 118/p૧ | 0.8903 | ખેતીલાયક ઉપયોગ | |
| ૬ | 118/p૨ | 0.7284 | ખેતીલાયક ઉપયોગ | |
| ૭ | 118/p૩ | 0.6272 | ખેતીલાયક ઉપયોગ | |
| ૮ | 118/p૪ | 0.4856 | ખેતીલાયક ઉપયોગ | |
| ૯ | 304/૧/p૧/p૧ | 0.4957 | ખેતીલાયક ઉપયોગ | |
| ૧૦ | 304/૧/p૧/p૨ | 0.5059 | ખેતીલાયક ઉપયોગ | |
| ૧૧ | 304/૧/p૨ | 1.9931 | ખેતીલાયક ઉપયોગ | |
| ૧૨ | 304/૧/p૩ | 1.7604 | ખેતીલાયક ઉપયોગ | |
| ૧૩ | 304/૨/p૧ | 1.639 | ખેતીલાયક ઉપયોગ | |
| ૧૪ | 305/૧/p૧ | 3.278 | ખેતીલાયક ઉપયોગ | |
| ૧૫ | 317/p૨ | 0.7284 | ખેતીલાયક ઉપયોગ | |
| ૧૬ | 319 | 1.5884 | ખેતીલાયક ઉપયોગ | |
| ૧૭ | 320 | 1.0016 | ખેતીલાયક ઉપયોગ | |
| ૧૮ | 329/p૧ | 0.4047 | ખેતીલાયક ઉપયોગ | |
| ૧૯ | 329/p૨ | 0.3946 | ખેતીલાયક ઉપયોગ | |
| ૨૦ | 331/p૧ | 0.7891 | ખેતીલાયક ઉપયોગ | |
| ૨૧ | 331/p૨ | 0.4047 | ખેતીલાયક ઉપયોગ | |
| ૨૨ | 607/p૧ | 1.1736 | ખેતીલાયક ઉપયોગ | |
| ૨૩ | 607/p૨ | 1.1028 | ખેતીલાયક ઉપયોગ | |
| | | **25.9100** | | |

### પત્રક-બ

મોજે : શેરગઢ, તાલુકે-કેશોદ, જિલ્લે-જુનાગઢના લે.રે.કોડ કલમ ૧૨૬ના જાહેરનામામાં આવતા બીનખેતી થયેલ સરવે નંબરનું પત્રક

| ક્રમ નંબર | સરવે નંબર | ક્ષેત્રફળ હે-આરે-ચોમી | વિગત | રિમાર્કસ |
|---|---|---|---|---|
| ૧ | 2/p૧ | 1.0117 | બીન ખેતી | |
| ૨ | 2/p૨ | 1.0117 | બીન ખેતી | |
| ૩ | 117/૨બ | 0.7487 | બીન ખેતી | |

| ક્રમ નંબર | સરવે નંબર | ક્ષેત્રફળ હે-આરે-ચોમી | વિગત | રિમાર્કસ |
|---|---|---|---|---|
| ૪ | 304/૨/p૨ | 0.8094 | બીન ખેતી | |
| ૫ | 305/૨ | 0.8093 | રહેઠાણ | |
| ૬ | 317/p3 | 0.5666 | બીન ખેતી | |
| | | **4.9574** | | |

## પત્રક-ક

**મોજે : શેરગઢ, તાલુકે-કેશોદ, જિલ્લે-જુનાગઢના લે.રે.કોડ કલમ ૧૨૬ના જાહેરનામામાં આવતા સરકારી પડતર તથા ગામતળના સરવે નંબરનું પત્રક**

| ક્રમ નંબર | સરવે નંબર | ક્ષેત્રફળ હે-આરે-ચોમી | વિગત | રિમાર્કસ |
|---|---|---|---|---|
| ૧ | 3 | 0.9409 | ગામતળ | |
| ૨ | 251/p૨ | 0.4047 | સ્મશાન | |
| ૩ | 251/p૧ | 6.5053 | સરકારી પડતર | |
| ૪ | 268/અ | 26.5981 | સરકારી પડતર | |
| ૫ | 268/બ | 4.0469 | ગામતળ | |
| ૬ | 305/૧/p૨ | 0.0607 | રોડ મારગ | |
| ૭ | 607/p3 | 0.3237 | રોડ મારગ | |
| | | **38.8803** | | |

જૂનાગઢ, ૯ માહે ફેબ્રુઆરી, સને ૨૦૧૭.

---

વંચાણે લીધા :

(૧) સરકારશ્રીના મહેસુલ વિભાગના ઠરાવ ક્રમાંક : મકમ-૧૦૮૦૬૬૪૧-હ, તા. ૭-૫-૧૯૮૪.

(૨) કલેક્ટરશ્રી, જૂનાગઢનાં જાહેરનામાં નં. લેન્ડ/૨/સી/૧૧૭૨, તા. ૦૬-૦૫-૧૯૮૭.

(૩) સરકારશ્રીના મહેસૂલ વિભાગના ઠરાવ ક્રમાંક : સિટીએસ/૧૨.૨૦૧૫-૧૯૬૪/હ, તા. ૮-૯-૨૦૧૫.

(૪) સેટલમેન્ટ કમિશ્નર અને જમીન દફતર નિયામકશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગરનાં પત્ર ક્રમાંક : એસવી-૫/નવી બાબત/ગામઠાણ/૧૬૧૭, તા. ૧૮-૪-૨૦૧૬.

(૫) ડી.ઈ.લે.રે.શ્રી, જૂનાગઢના પત્ર નં. ડી.એસ.ઓ./ગામઠાણ-માપણી/૧૨૬ જાહેરનામું/૧ ગામ/૨૦૧૬, તા. ૧૯-૧-૨૦૧૭.

## પૂરવણી જાહેરનામુ

નં. : સિટીએસ/લે.રે.કો.-૧૨૬ જાહેરનામુ/ખોરાસા ગીર/૨૦૧૬-.સરકારશ્રીનાં મહેસુલ વિભાગનાં વંચાણ-૧નાં ઠરાવથી રાજયના ગ્રામ્ય વિસ્તારનાં ગામઠાણની મિલ્કતની માપણી કરી, હકક ચોકસી કરી પ્રોપટી કાર્ડ તૈયાર કરવા ગામઠાણ (આબાદી એરીયા) મોજણી દાખલ કરવા **જૂનાગઢ** જિલ્લાનાં **માળીયા (હાટીના)** તાલુકાનાં **ખોરાસા ગીર** ગામ માટે લેન્ડ રેવન્યુ કોડની કલમ ૯૫ તથા ૧૩૧ અન્વયે સરકારશ્રીએ મંજૂરી આપતાં, કલેકટરશ્રી, જૂનાગઢનાં વંચાણ-૨ વાળા જાહેરનામાંથી જિલ્લો-જૂનાગઢ, તાલુકો-માળીયા (હાટીના), ગામ-ખોરાશા ગીરનાં ગામતળ વિસ્તારનું લેન્ડ રેવન્યુ કોડની કલમ ૧૨૬નું જાહેરનામું બહાર પાડવામાં આવેલ. જેમાં ફકત ગામતળ તથા સીમતળનાં અમુક સરવે નંબરોનાં વિસ્તારનો સમાવેશ કરવામાં આવેલ.

સરકારશ્રીના મહેસૂલ વિભાગના વંચાણ-૩ના ઠરાવથી ગુજરાત જમીન મહેસૂલ અધિનિયમ-૧૮૭૯ ની કલમ ૧૨૬ હેઠળ હદ ઠરાવવાની સત્તાઓ અત્રેને એનાયત થયેલ છે. વંચાણ-૪નાં પત્ર અન્વયે ઉપરોકત બહાર પાડવામાં આવેલા લેન્ડ રેવન્યુ કોડની કલમ ૧૨૬નાં જાહેરનામામાં સમાવેશ કરેલ સિટી સરવે વિસ્તારનાં હદની આજુબાજુનાં ખેતીનાં તથા બિનખેતી થયેલ સરવે નંબરોનો સમાવેશ કરી તે મુજબનાં પત્રક-અ,બ,ક તથા નકશો તૈયાર કરી પૂરવણી જાહેરનામા પ્રસિધ્ધ કરવા અત્રેને સુચના આપવામાં આવેલ છે.

ગામ-**ખોરાસા ગીર**, તાલુકો-**માળીયા (હાટીના)**, જિલ્લો-**જૂનાગઢ**માં સિટી સરવે વિસ્તાર નક્કી કરવા અંગેની પૂરવણી દરખાસ્ત ડી.ઈ.લે.રે. શ્રી, જૂનાગઢએ તૈયાર કરી વંચાણ-૫ થી અત્રેને સાદર કરેલ છે. આ પૂરવણી દરખાસ્ત અન્વયે તૈયાર થયેલ નકશા મુજબ નકકી કરેલ પૂરવણી સિટી સરવે વિસ્તારની માપણી તથા હકક ચોકસી કરવાની થાય છે.

સબબ, વંચાણ-૩નાં ઠરાવ તથા ગુજરાત જમીન મહેસૂલ અધિનિયમની કલમ ૧૨૬ થી મળેલ સત્તાની રૂએ સિટી સરવે મેન્યુઅલના પારા-૭ ની વિગતે મોજે-**ખોરાસા ગીર**, તાલુકો-**માળીયા (હાટીના)**, જિલ્લો-**જૂનાગઢ** માટે અગાઉનાં વંચાણ-૨ વાળા જાહેરનામાંથી ઠરાવેલ વિસ્તારની હદ ઉપરાંત આ સાથેના પત્રક-અ,બ,ક મુજબની ખેતી, બિનખેતી તથા તેમાં સમાવિષ્ટ રસ્તા, માર્ગ અને સરકારી પડતર જમીનોને આ પૂરવણી જાહેરનામાંથી સિટી સરવે વિસ્તાર તરીકે આથી જાહેર કરવામાં આવે છે.

## પત્રક-અ

**મોજે : ખોરાસા ગીર, તાલુકે-માળીયા (હાટીના), જિલ્લે-જુનાગઢ ના લે.રે. કોડ કલમ ૧૨૬ના જાહેરનામામાં આવતા ખેતીના સરવે નંબરનું પત્રક**

| ક્રમ નંબર | સરવે નંબર | ક્ષેત્રફળ હે-આરે-ચોમી | વિગત | રિમાર્કસ |
|---|---|---|---|---|
| ૧ | 85/૧/p૧/p૧ | 0.8094 | ખેતીલાયક ઉપયોગ | |
| ૨ | 85/૧/p૧/p૨ | 1.295 | ખેતીલાયક ઉપયોગ | |
| ૩ | 85/૧/p૧/p3/p૧ | 1.8615 | ખેતીલાયક ઉપયોગ | |
| ૪ | 85/૧/p૨/p૧ | 3.4296 | ખેતીલાયક ઉપયોગ | |
| ૫ | 85/૧/p3 | 1.973 | ખેતીલાયક ઉપયોગ | |
| ૬ | 85/૨/p૧ | 0.4856 | ખેતીલાયક ઉપયોગ | |
| ૭ | 85/૨/p૨/p૧ | 1.1433 | ખેતીલાયક ઉપયોગ | |
| ૮ | 85/3 | 0.5767 | ખેતીલાયક ઉપયોગ | |
| ૯ | 85/૪ | 0.5463 | ખેતીલાયક ઉપયોગ | |
| ૧૦ | 394/p૧/p૧ | 2.6608 | ખેતીલાયક ઉપયોગ | |
| ૧૧ | 394/p૧/p૨ | 2.1651 | ખેતીલાયક ઉપયોગ | |
| ૧૨ | 394/p૧/p3/p૧ | 3.0858 | ખેતીલાયક ઉપયોગ | |

| ક્રમ નંબર | સરવે નંબર | ક્ષેત્રફળ હે-આરે-ચોમી | વિગત | રિમાર્કસ |
|---|---|---|---|---|
| ૧૩ | 394/p૨ | 8.114 | ખેતીલાયક ઉપયોગ | |
| ૧૪ | 412/p૧ | 22.954 | ખેતીલાયક ઉપયોગ | |
| ૧૫ | 412/p૩ | 1 | ખેતીલાયક ઉપયોગ | |
| ૧૬ | 412/p૪ | 1 | ખેતીલાયક ઉપયોગ | |
| ૧૭ | 412/p૬ | 1 | ખેતીલાયક ઉપયોગ | |
નં. એમએજી/સી/૬૬૭/૨૦૧૭.-પોલીસ અધિક્ષકશ્રી, ગીર-સોમનાથના પત્ર નં. સી/એલઆઈબી/જા.ના./સ.સ.બંધી/૧૫૩/૧૭, તા. ૨૧-૦૨-૨૦૧૭ થી રજુ થયેલ વિગતો મુજબ (૧) વેરાવળ/પ્ર.પાટણ, કોડીનાર તથા ઉના કોમી દ્રષ્ટિએ અત્યંત સંવેદનશીલ હોય નાના સરખા બનાવથી અફવાઓના કારણે હિન્દુ મુસ્લીમ વચ્ચે ઘર્ષણ થવા સંભાવના રહે છે. અફવાના કારણે લોકો એકઠા થવાના બનાવો ધ્યાને લેતા વિશેષ તકેદારી રાખવી આવશ્યક છે. (૨) પ્ર.પાટણ ખાતે સુપ્રસિધ્ધ ભગવાન સોમનાથ મંદિર આવેલ છે. જેથી સવિશેષ તકેદારી રાખવી આવશ્યક છે. (૩) આ માસમાં હિન્દુ લોકોના ધાર્મિક તહેવારોની ઉજવણી થનાર હોય, જેથી ધાર્મિક તથા જાહેર સ્થળોએ મોટી સંખ્યામાં લોકો એકઠા થતા હોય, તેમજ શ્રી સોમનાથ મંદીર ખાતે આ તહેવાર દરમ્યાન બહોળી સંખ્યામાં જનમેદની એકઠી થતી હોય જેથી કોઈ અનિચ્છનિય બનાવ ન બને તે માટે, તેમજ વિવિધ કાર્યક્રમો દરમ્યાન કાયદો અને વ્યવસ્થાની દ્રષ્ટિએ તકેદારી રાખવી ખુબજ આવશ્યક છે. (૪) ખેડુતોના પાકની સીઝન ચાલુ હોય, જેથી વિજ વપરાશ વધવાના કારણે વિજળીની આવક-જાવક થતી હોય વીજ પુરવઠાના પ્રશ્નોએ લોકો દ્વારા આંદોલનો થવાની શકયતા હોય, તેમજ પાટીદાર સમાજ દ્વારા અનામત આંદોલનની ચળવળ ચાલુ હોય, આંદોલનાત્મક કાર્યક્રમો થવાની શકયતા હોય, જેથી લોકો ટોળાના રૂપમા એકઠા ન થાય તે માટે કાયદો અને વ્યવસ્થાની દ્રષ્ટિએ તકેદારી રાખવા ખુબ જ આવશ્યક છે. (૫) અત્રેના જિલ્લામાં આવેલ ગીર/જંગલ વિસ્તારમાં સિંહ તથા અન્ય વન્ય પ્રાણીઓના શિકારના બનાવો બનતા હોય, તેમજ ગેરકાયદોસર ટોળાના રૂપમા લાઈન શો યોજાતા હોય, કાયદો અને વ્યવસ્થાની દ્રષ્ટિએ તકેદારી રાખવી ખુબજ આવશ્યક છે. જેથી ગીર-સોમનાથ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં કાયદો વ્યવસ્થા તથા જાહેર સુલેહશાંતી જળવાઈ રહે તે હેતુસર સભા-સરઘસ વગર પરવાનગીએ કોઈ કાઢે નહી તે માટેનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા અત્રે દરખાસ્ત રજુ થયેલ છે.

પોલીસ અધિક્ષકશ્રી, ગીર-સોમનાથ તરફથી ઉકત વિગતે રજુ થયેલ દરખાસ્ત વ્યાજબી જણાતા ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭ની પેટા કલમ-૩ થી મને મળેલ અધિકારની રૂએ હું, પી. બી. પંડયા, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ગીર-સોમનાથ જિલ્લો, વેરાવળ, આથી ગીર-સોમનાથ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં તા. ૨૩-૦૨-૨૦૧૭ ના રોજ થી તા. ૨૩-૦૩-૨૦૧૭ (બંને દિવસો સહિત) સુધીની મુદત માટે કોઈપણ સભા કે સરઘસ માટે મનાઈ હુકમ ફરમાવું છું. વધુમા આદેશ કરૂં છું. કે, આ હુકમ નીચેનાને લાગુ પડશે નહી.

(૧) ફરજ ઉપર હોય તેવી ગૃહરક્ષક મંડળીઓને.

(૨) સરકારી નોકરીએ અવર જવર કરતી હોય તેવી વ્યકિતને.

(૩) કોઈ લગ્નના વરઘોડાને.

(૪) સ્મશાનયાત્રામાં જોડાનાર વ્યકિતઓને.

(૫) સક્ષમ અધિકારીશ્રીની કાયદેસર પરવાનગી મેળવનારને.

આ હુકમનું પાલન ન કરનાર અથવા તેનું પાલન ન કરવામાં કોઈને મદદ કરનારને ગુનો સાબિત થયેથી, દંડની શિક્ષાને પાત્ર ઠરશે. તથા ભારતીય દંડ-સહિતાની કલમ-૧૮૮ મુજબનો ગુનો સાબિત થયેથી, જે તે વ્યકિતને એક માસની સાદી કેદ અથવા રૂા. ૨૦૦/- સુધીનો દંડ અગર બંન્ને શિક્ષા થઈ શકશે અને આ હુકમની અવગણના માનવ જીવનને કોઈ નુકશાન અથવા સ્વાસ્થ્યને અથવા સલામતીને કોઈ ભય ઉત્પન્ન થાય અથવા કોઈ હુલ્લડ-બખેડો થાય તો તેવી વ્યકિતને-૬ (છ) માસ પરિશ્રમ અથવા સાદી કેદ અથવા રૂા. ૧૦૦૦/- સુધીનો દંડ સહિત બંન્ને શિક્ષાને પાત્ર ઠરશે.

આજ તારીખ ૨૩ માહે-ફેબ્રુઆરી, સને ૨૦૧૭ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા કરી જાહેર જનતાની જાણ તથા અમલ થવા માટે પ્રસિધ્ધ કર્યુ.

ગીર-સોમનાથ, ૨૩ માહે ફેબ્રુઆરી, સને ૨૦૧૭.

**પી. બી. પંડયા,**
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
ગીર સોમનાથ જિલ્લો,
વેરાવળ.

---

## સુપ્રિન્ટેન્ડન્ટ લેન્ડ રેકર્ડ અધિકારી દ્વારા

વંચાણે લીધા :

(૧) સરકારશ્રીના મહેસુલ વિભાગના ઠરાવ ક્રમાંક : મકમ-૧૦૮૦-૬૬૪૧, તા. ૨૦-૦૮-૧૯૯૭.

(૨) સેટલમેન્ટ કમિશ્નર અને જમીન દફતર નિયામકશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગરના પરીપત્ર નં. : એસ.વી.-૫/લે.રે.કો.-૧૨૬/ સરવે અધિકારી/૧૪, તા. ૨૮-૦૫-૨૦૧૪.

(૩) ડી.ઈ.લે.રે.શ્રી, બોટાદના પત્ર નં. ડી.એસ.ઓ./ગામઠાણ આબાદી એરીયા/બે ગામો/૨૦૧૫-૧૬, તા. ૧૮-૦૨-૨૦૧૭.

### હુકમ

નં. : સી.ટી.એસ./લે.રે.કો.-૧૨૬/૦૨/લાઠીદડ/૨૦૧૭-.સરકારશ્રીનાં મહેસુલ વિભાગનાં વંચાણ-૧નાં ઠરાવથી રાજયના ગ્રામ્ય વિસ્તારનાં ગામઠાણની મિલ્કતની માપણી કરી, હકક ચોકસી કરી પ્રોપટી કાર્ડ તૈયાર કરવા ગામઠાણ (આબાદી એરીયા) મોજણી દાખલ કરવા **બોટાદ** જિલ્લાના **બોટાદ** તાલુકાના **લાઠીદડ** ગામ માટે લેન્ડ રેવન્યુ કોડની કલમ ૯૫ તથા ૧૩૧ અન્વયે સરકારશ્રીએ મંજૂરી આપેલ છે.

ગામ-**લાઠીદડ**, તાલુકો-**બોટાદ**, જિલ્લો-**બોટાદ**માં ગામતળ તથા આજુ બાજુના વિકસીત વિસ્તારનો સમાવેશ કરી સિટી સરવે વિસ્તાર નક્કી કરવા અંગેની દરખાસ્ત ડી.ઈ.લે.રે. બોટાદએ તૈયાર કરી વંચાણ-૩ના પત્રથી અત્રેને મોકલેલ છે. આ દરખાસ્ત અન્વયે સદરહું ગામની માપણી તથા હક્કચોકસી કરવાની થાય છે.

સબબ, મુંબઈ જમીન મહેસુલ અધિનિયમની કલમ-૧૨૬ થી મળેલ સત્તાની રૂએ સીટી સરવે મેન્યુઅલના પારા-૭ ની વિગતે આ સાથેના પરીશિષ્ટ-અ,બ,ક માં દર્શાવેલ મોજે-**લાઠીદડ**, તાલુકો-**બોટાદ**, જિલ્લો-**બોટાદની** ગામતળ, ગાતમળની આજુબાજુ ના ખેતીના/બિનખેતીના/સરકારી સરવે નંબરના વિસ્તારની જમીનો તથા તેમાં સમાવેશ રસ્તા/મારગની જમીનોને સીટી સરવે વિસ્તાર તરીકે જાહેર કરવા આથી હુકમ કરવામાં આવે છે.

**મોજે : લાઠીદડ, તા.-બોટાદ, જિલ્લો-બોટાદ ના સીટી સરવે વિસ્તારમાં સમાવેશ થતા ગામતળ તથા રે.સ.નં. ના વધારાના વિસ્તારના ૧૨૬ના જાહેરનામાનો નકશો**

| અનુ. | વિગત | ક્ષેત્રફળ |
|---|---|---|
| ૧ | ગામતળ | ૨૩-૫૭-૩૧ |
| ૨ | ઉડાફા ગામતળ | ૧૦-૧૧-૭૨ |
| ૩ | રે.સ.ન. (ખેતી/બીનખેતી) | પત્રક (અ,બ,ક) સામેલ છે. |
| ૪ | સરકારી પડતર | – |

**મોજે-લાઠીદડ, તા. બોટાદ, જિ. બોટાદ**

**પત્રખ-અ ખેતીલાયક જમીન**

| અનુ. નં. | સર્વે નંબર | ક્ષેત્રફળ | | | વિગત | રીમાર્કસ |
|---|---|---|---|---|---|---|
| | | લાયક | ખરાબો | કુલ | | |
| ૧ | ૧/૫ | ૧૦૧ | ૦ | ૧૦૧ | | |
| ૨ | ૨ પૈકી ૩/૨ | ૪૦૪૭ | ૦ | ૪૦૪૭ | | |
| ૩ | ૩ પૈકી | ૮૭૫૧૪ | ૦ | ૮૭૫૧૪ | | |
| ૪ | ૪ | ૬૫૮૩૩ | ૦ | ૬૫૮૩૩ | | |
| ૫ | ૫ | ૪૪૪૧૫ | ૦ | ૪૪૪૧૫ | | |
| ૬ | ૬ પૈકી | ૫૬૭૧ | ૦ | ૫૬૭૧ | | |
| ૭ | ૮ પૈકી | ૭૦૨૧૪ | ૦ | ૭૦૨૧૪ | | |
| ૮ | ૯ | ૭૪૫૬૪ | ૦ | ૭૪૫૬૪ | | |
| ૯ | ૧૦ | ૬૧૭૧૫ | ૦ | ૬૧૭૧૫ | | |

| અનુ. નં. | સર્વે નંબર | ક્ષેત્રફળ | | | વિગત | રીમાર્કસ |
|---|---|---|---|---|---|---|
| | | લાયક | ખરાબો | કુલ | | |
| ૧૦ | ૭/૧ | ૯૨૦૭ | ૦ | ૯૨૦૭ | | |
| ૧૧ | ૭/૨ પૈકી | ૧૭૯૦૮ | ૦ | ૧૭૯૦૮ | | |
| ૧૨ | ૭/૩ | ૩૦૪ | ૦ | ૩૦૪ | | |
| ૧૩ | ૭/૪ પૈકી | ૧૭૫૮૧ | ૦ | ૧૭૫૮૧ | | |
| ૧૪ | ૮૮/૧ | ૨૪૩૮૨ | ૦ | ૨૪૩૮૨ | | |
| ૧૫ | ૮૯ પૈકી | ૭૨૮૩૫ | ૦ | ૭૨૮૩૫ | | |
| ૧૬ | ૯૦ | ૩૨૯૮૨ | ૦ | ૩૨૯૮૨ | | |
| ૧૭ | ૯૨ | ૫૫૫૪૩ | ૦ | ૫૫૫૪૩ | | |
| ૧૮ | ૯૩/૧ | ૮૦૯૪ | ૦ | ૮૦૯૪ | | |
| ૧૯ | ૯૩/૨ | ૫૦૬ | ૦ | ૫૦૬ | | |
| ૨૦ | ૯૩/૩ | ૮૬૦૦ | ૦ | ૮૬૦૦ | | |
| ૨૧ | ૯૩/૪ | ૧૨૪૪૪ | ૦ | ૧૨૪૪૪ | | |
| ૨૨ | ૯૩/૫ | ૬૫૭૬ | ૦ | ૬૫૭૬ | | |
| ૨૩ | ૯૩/૬ | ૫૩૬૨ | ૦ | ૫૩૬૨ | | |
| ૨૪ | ૯૪/૧ પૈકી | ૨૪૪૮૪ | ૦ | ૨૪૪૮૪ | | |
| ૨૫ | ૯૪/૨ | ૪૧૮૮૫ | ૦ | ૪૧૮૮૫ | | |
| ૨૬ | ૯૪/૩ | ૨૦૨ | ૦ | ૨૦૨ | | |
| ૨૭ | ૯૫ | ૧૭૭૦૫ | ૦ | ૧૭૭૦૫ | | |
| ૨૮ | ૯૬ | ૨૭૩૧૬ | ૦ | ૨૭૩૧૬ | | |
| ૨૯ | ૯૭/૧ | ૧૭૦૯૮ | ૦ | ૧૭૦૯૮ | | |
| ૩૦ | ૯૭/૨ પૈકી | ૫૩૬૩ | ૦ | ૫૩૬૩ | | |
| ૩૧ | ૯૭/૩ | ૭૦૮ | ૦ | ૭૦૮ | | |
| ૩૨ | ૯૮ પૈકી | ૭૦૨૧૩ | ૦ | ૭૦૨૧૩ | | |
| ૩૩ | ૯૯/૨ | ૩૭૫૩૫ | ૦ | ૩૭૫૩૫ | | |
| | | કુલ ક્ષેત્રફળ | | ૯૨૮૯૦૭ | | |
| મોજે-લાઠીદડ, તા. બોટાદ, જિ. બોટાદ | | | | | | |
| પત્રખ-અ ખેતીલાયક જમીન | | | | | | |
| ૩૪ | ૧૪૪ | ૬૪૭૫૦ | ૦ | ૬૪૭૫૦ | | |
| ૩૫ | ૧૪૯ | ૩૯૪૫૭ | ૦ | ૩૯૪૫૭ | | |
| ૩૬ | ૧૫૦ પૈકી | ૨૩૪૭૩ | ૦ | ૨૩૪૭૩ | | |
| ૩૭ | ૧૫૧ પૈકી | ૨૫૫૯૭ | ૦ | ૨૫૫૯૭ | | |
| ૩૮ | ૧૫૪/૨ | ૬૦૭ | ૦ | ૬૦૭ | | |
| ૩૯ | ૧૫૫/૨ પૈકી ૨ | ૨૧૨૫ | ૦ | ૨૧૨૫ | | |
| ૪૦ | ૧૬૧ પૈકી | ૩૧૦૬૩ | ૦ | ૩૧૦૬૩ | | |
| ૪૧ | ૧૯૪ | ૮૬૦૦ | ૦ | ૮૬૦૦ | | |
| ૪૨ | ૧૯૫/૧ | ૨૪૨૮ | ૦ | ૨૪૨૮ | | |
| ૪૩ | ૧૯૫/૨ | ૧૩૦૫૧ | ૦ | ૧૩૦૫૧ | | |

| અનુ. નં. | સર્વે નંબર | ક્ષેત્રફળ | | | વિગત | રીમાર્કસ |
|---|---|---|---|---|---|---|
| | | લાયક | ખરાબો | કુલ | | |
| ૪૪ | ૧૯૬/૧ | ૪૯૫૭ | ૦ | ૪૯૫૭ | | |
| ૪૫ | ૧૯૬/૨ | ૪૦૪૭ | ૦ | ૪૦૪૭ | | |
| ૪૬ | ૩૪૫ પૈકી | ૨૨૯૬૫ | ૦ | ૨૨૯૬૫ | | |
| ૪૭ | ૩૪૬ પૈકી | ૮૦૯૪ | ૦ | ૮૦૯૪ | | |
| ૪૮ | ૩૪૭ | ૧૬૧૮૮ | ૦ | ૧૬૧૮૮ | | |
| ૪૯ | ૩૪૮ | ૨૫૩૯૪ | ૦ | ૨૫૩૯૪ | | |
| ૫૦ | ૩૪૯ | ૫૨૬૧ | ૦ | ૫૨૬૧ | | |
| ૫૧ | ૩૫૦ | ૨૮૨૪૭ | ૦ | ૨૮૨૪૭ | | |
| ૫૨ | ૩૫૩/૧ | ૪૮૫૬ | ૦ | ૪૮૫૬ | | |
| ૫૩ | ૩૫૩/૨ | ૪૮૫૬ | ૦ | ૪૮૫૬ | | |
| ૫૪ | ૩૫૪ | ૮૩૫૬૮ | ૦ | ૮૩૫૬૮ | | |
| ૫૫ | ૩૫૫ | ૧૪૧૬૪ | ૦ | ૧૪૧૬૪ | | |
| ૫૬ | ૩૫૬ પૈકી | ૩૬૮૧૫ | ૦ | ૩૬૮૧૫ | | |
| ૫૭ | ૩૫૭ | ૩૭૪૩૪ | ૦ | ૩૭૪૩૪ | | |
| | | કુલ ક્ષેત્રફળ | | ૫૦૭૯૯૭ | | |

| મોજે-લાઠીદડ, તા. બોટાદ, જિ. બોટાદ | | | | | | |
|---|---|---|---|---|---|---|
| પત્રક-અ ખેતીલાયક જમીન | | | | | | |
| અનુ. નં. | સર્વે નંબર | ક્ષેત્રફળ | | | વિગત | રીમાર્કસ |
| | | લાયક | ખરાબો | કુલ | | |
| ૫૮ | ૩૮૧/૩ | ૪૦૫ | ૦ | ૪૦૫ | | |
| ૫૯ | ૩૮૧/૪ પૈકી | ૮૯૨૩૪ | ૦ | ૮૯૨૩૪ | | |
| ૬૦ | ૩૮૧/૫ | ૧૦૨૧૮ | ૦ | ૧૦૨૧૮ | | |
| ૬૧ | ૩૮૧/૬ | ૨૭૫૧૯ | ૦ | ૨૭૫૧૯ | | |
| ૬૨ | ૩૮૧/૭ | ૧૪૪૬૮ | ૦ | ૧૪૪૬૮ | | |
| ૬૩ | ૩૮૨ | ૫૩૭૨૨ | ૦ | ૫૩૭૨૨ | | |
| ૬૪ | ૪૬૧/૬ પૈકી | ૮૧૨૨૮ | ૦ | ૮૧૨૨૮ | | |
| ૬૫ | ૪૬૫/૧ પૈકી | ૪૪૦૮ | ૦ | ૪૪૦૮ | | |
| ૬૬ | ૪૬૫/૨ પૈકી | ૫૬૬૬ | ૦ | ૫૬૬૬ | | |
| ૬૭ | ૪૬૫/૩ | ૪૦૫ | ૦ | ૪૦૫ | | |
| | | કુલ ક્ષેત્રફળ | | ૨૮૭૨૭૩ | | |
| | પાના નં.-૧ નું કુલ ક્ષેત્રફળ | | | ૯૨૮૯૦૭ | | |
| | પાના નં.-૨ નું કુલ ક્ષેત્રફળ | | | ૫૦૭૯૯૭ | | |
| | પાના નં.-૩ નું કુલ ક્ષેત્રફળ | | | ૨૮૭૨૭૩ | | |
| | અ પત્રક નું કુલ ક્ષેત્રફળ | | | ૧૭૨૪૧૭૭ | | |

INDEX

| મોજે-લાઠીદડ, તા. બોટાદ, જિ. બોટાદ | | | | | | |
|---|---|---|---|---|---|---|
| પત્રખ-બ બીનખેતી જમીન | | | | | | |
| અનુ. નં. | સર્વે નંબર | ક્ષેત્રફળ | | | વિગત | રીમાર્કસ |
| | | લાયક | ખરાબો | કુલ | | |
| ૧ | ૧/૧ | ૦ | ૧૨૫૪૫ | ૧૨૫૪૫ | | |
| ૨ | ૧/૨ | ૦ | ૩૮૪૫ | ૩૮૪૫ | | |
| ૩ | ૧/૩ | ૦ | ૪૪૫૨ | ૪૪૫૨ | | |
| ૪ | ૧/૪ | ૦ | ૪૩૫૦ | ૪૩૫૦ | | |
| ૫ | ૧/૬ | ૦ | ૫૬૬૬ | ૫૬૬૬ | | |
| ૬ | ૧/૭ | ૦ | ૪૪૫૨ | ૪૪૫૨ | | |
| ૭ | ૨ પૈકી | ૦ | ૪૨૯૯૬ | ૪૨૯૯૬ | | |
| ૮ | ૩/૨ પૈકી ૨ | ૦ | ૪૮૫૬ | ૪૮૫૬ | | |
| ૯ | ૬ પૈકી | ૦ | ૮૦૮૮ | ૮૦૮૮ | | |
| ૧૦ | ૭/૨ પૈકી ૩ | ૦ | ૬૬૭૭ | ૬૬૭૭ | | |
| ૧૧ | ૭/૪ પૈકી | ૦ | ૧૦૩૫ | ૧૦૩૫ | | |
| ૧૨ | ૮/પૈકી ૫/પૈકી૧ | ૦ | ૪૮૫૬ | ૪૮૫૬ | | |
| ૧૩ | ૮૮/૨ પૈકી ૧ | ૦ | ૬૩૫૮ | ૬૩૫૮ | | |
| ૧૪ | ૮૮/૨ પૈકી ૨ | ૦ | ૬૩૩૪ | ૬૩૩૪ | | |
| ૧૫ | ૮૯ પૈકી ૨ | ૦ | ૧૭૨૯ | ૧૭૨૯ | | |
| ૧૬ | ૮૮/૨પૈકી૩, ૮૯/૨ પૈકી૧ | ૦ | ૭૨૭૭ | ૭૨૭૭ | | |
| ૧૭ | ૮૯ પૈકી ૪ પૈકી ૧ | ૦ | ૩૨૩૭ | ૩૨૩૭ | | |
| ૧૮ | ૯૪/૧ પૈકી ૨/૧ | ૦ | ૫૨૬૧ | ૫૨૬૧ | | |
| ૧૯ | ૯૪/૧ પૈકી ૪ | ૦ | ૮૦૯૪ | ૮૦૯૪ | | |
| ૨૦ | ૯૪/૧ પૈકી ૩/૧ | ૦ | ૪૦૪૭ | ૪૦૪૭ | | |
| ૨૧ | ૯૭/૨ પૈકી | ૦ | ૧૦૦૧૫ | ૧૦૦૧૫ | | |
| ૨૨ | ૯૮ પૈકી | ૦ | ૯૭૧૩ | ૯૭૧૩ | | |
| ૨૩ | ૧૫૦ પૈકી ૪ | ૦ | ૬૯૮૦ | ૬૯૮૦ | | |
| ૨૪ | ૧૫૧/૨ પૈકી | ૦ | ૨૪૨૮ | ૨૪૨૮ | | |
| ૨૫ | ૧૫૧ પૈકી | ૦ | ૨૪૨૮ | ૨૪૨૮ | | |
| ૨૬ | ૧૫૨/૧ | ૦ | ૫૧૬૦ | ૫૧૬૦ | | |
| ૨૭ | ૧૫૨/૨ | ૦ | ૫૫૫૪ | ૫૫૫૪ | | |
| ૨૮ | ૧૫૩/૧ | ૦ | ૨૬૩૦ | ૨૬૩૦ | | |
| ૨૯ | ૧૫૩/૨ | ૦ | ૨૪૨૮ | ૨૪૨૮ | | |
| ૩૦ | ૧૫૪/૧ | ૦ | ૧૧૦૨૮ | ૧૧૦૨૮ | | |
| ૩૧ | ૧૫૫/૧ | ૦ | ૪૬૫૪ | ૪૬૫૪ | | |
| ૩૨ | ૧૫૫/૨ પૈકી | ૦ | ૪૦૪૭ | ૪૦૪૭ | | |
| ૩૩ | ૧૫૬ | ૦ | ૧૧૫૩૪ | ૧૧૫૩૪ | | |
| ૩૪ | ૧૫૭ | ૦ | ૭૪૮૭ | ૭૪૮૭ | | |
| ૩૫ | ૧૫૮ | ૦ | ૬૫૭૬ | ૬૫૭૬ | | |

| અનુ. નં. | સર્વે નંબર | ક્ષેત્રફળ | | | વિગત | રીમાર્કસ |
|---|---|---|---|---|---|---|
| | | લાયક | ખરાબો | કુલ | | |
| ૩૬ | ૧૫૯/૧ | ૦ | ૩૯૪૬ | ૩૯૪૬ | | |
| ૩૭ | ૧૫૯/૨ | ૦ | ૪૮૫૬ | ૪૮૫૬ | | |
| ૩૮ | ૧૬૦ | ૦ | ૧૨૨૪૨ | ૧૨૨૪૨ | | |
| | | **કુલ ક્ષેત્રફળ** | | **૨૫૯૮૬૧** | | |

| મોજે-લાઠીદડ, તા. બોટાદ, જિ. બોટાદ | | | | | | |
|---|---|---|---|---|---|---|
| પત્રખ-બ બીનખેતી જમીન | | | | | | |
| અનુ. નં. | સર્વે નંબર | ક્ષેત્રફળ | | | વિગત | રીમાર્કસ |
| | | લાયક | ખરાબો | કુલ | | |
| ૩૯ | ૩૪૫ પૈકી ૨ પૈકી ૧ | ૦ | ૩૬૪૩ | ૩૬૪૩ | | |
| ૪૦ | ૩૪૬ પૈકી ૨ | ૦ | ૯૦૦૪ | ૯૦૦૪ | | |
| ૪૧ | ૩૫૧/૧, ૩૫૨/૨ | ૦ | ૬૦૭૦ | ૬૦૭૦ | | |
| ૪૨ | ૩૫૧/૨, ૩૫૨/૧ | ૦ | ૬૦૭૦ | ૬૦૭૦ | | |
| ૪૩ | ૩૮૧/૧ | ૦ | ૯૬૧૧ | ૯૬૧૧ | | |
| ૪૪ | ૩૮૧/૧ પૈકી | ૦ | ૧૩૪૫૬ | ૧૩૪૫૬ | | |
| ૪૫ | ૩૮૧/૨ | ૦ | ૪૮૬૪ | ૪૮૬૪ | | |
| ૪૬ | ૩૮૧/૨ પૈકી | ૦ | ૪૭૦૯ | ૪૭૦૯ | | |
| ૪૭ | ૩૮૧/૨ પૈકી | ૦ | ૪૩૫૦ | ૪૩૫૦ | | |
| ૪૮ | ૩૮૧/૪ પૈકી | ૦ | ૩૭૬૩ | ૩૭૬૩ | | |
| ૪૯ | ૪૬૧/૬ પૈકી | ૦ | ૧૦૮૯૫૬ | ૧૦૮૯૫૬ | | |
| ૫૦ | ૪૬૫/૧ પૈકી | ૦ | ૫૪૬૩ | ૫૪૬૩ | | |
| ૫૧ | ૪૬૫ પૈકી ૪ | ૦ | ૪૪૭૫ | ૪૪૭૫ | | |
| ૫૨ | ૪૬૫/૧ પૈકી | ૦ | ૯૭૧૩ | ૯૭૧૩ | | |
| ૫૩ | ૪૬૫/૧ પૈકી | ૦ | ૪૮૭૨ | ૪૮૭૨ | | |
| ૫૪ | ૪૬૫/૧ પૈકી ૧ | ૦ | ૯૭૧૭ | ૯૭૧૭ | | |
| ૫૫ | ૪૬૫ પૈકી | ૦ | ૪૬૫૪ | ૪૬૫૪ | | |
| ૫૬ | ૪૬૫ પૈકી | ૦ | ૫૬૬૫ | ૫૬૬૫ | | |
| | | **કુલ ક્ષેત્રફળ** | | **૨૧૯૦૫૫** | | |
| | પાના નં.-૧ નું કુલ ક્ષેત્રફળ | | | ૨૫૯૮૬૧ | | |
| | પાના નં.-૨ નું કુલ ક્ષેત્રફળ | | | ૨૧૯૦૫૫ | | |
| | બ પત્રકનું કુલ ક્ષેત્રફળ | | | ૪૭૮૯૧૬ | | |

| મોજે-લાઠીદડ, તા. બોટાદ, જિ. બોટાદ | | | | | | |
|---|---|---|---|---|---|---|
| પત્રખ-ક ગામતળ/સરકારી પડતર જમીન | | | | | | |
| અનુ. નં. | સર્વે નંબર | ક્ષેત્રફળ | | | વિગત | રીમાર્કસ |
| | | લાયક | ખરાબો | કુલ | | |
| ૧ | જુનું ગામતળ | ૦ | ૧૪૧૪૩૮ | ૧૪૧૪૩૮ | | |
| ૨ | ૪૬૧/૧ પૈકી ૧ (શ્રી સરકાર) | ૦ | ૯૧૧ | ૯૧૧ | | |

| અનુ. નં. | સર્વે નંબર | ક્ષેત્રફળ | | | વિગત | રીમાર્કસ |
|---|---|---|---|---|---|---|
| | | લાયક | ખરાબો | કુલ | | |
| ૩ | ૪૬૧/૬ (નવું ગામતળ) | ૦ | ૫૦૫૯ | ૫૦૫૯ | | |
| ૪ | ૪૬૧/૬ (નવું ગામતળ) | ૦ | ૧૦૧૨ | ૧૦૧૨ | | |
| ૫ | ૪૬૧/૬ (નવું ગામતળ) | ૦ | ૭૭૯૦ | ૭૭૯૦ | | |
| ૬ | ૪૬૧/૬ (નવું ગામતળ) | ૦ | ૮૦૪૩૨ | ૮૦૪૩૨ | | |
| ૭ | ૪૬૧/૬ (ઉડાફા ગામતળ) | ૦ | ૧૦૧૧૭૨ | ૧૦૧૧૭૨ | | |
| ૮ | ૪૬૧/૬ (સરકારી ખરાબો) | ૦ | ૧૦૧૧૭૨ | ૧૦૧૧૭૨ | | |
| | | **કુલ ક્ષેત્રફળ** | | **૪૩૮૯૮૬** | | |

**જનરલ તારીજ**

| | | |
|---|---|---|
| પત્રક–અ | | ૧૭૨૪૧૭૭ |
| પત્રક–બ | | ૪૭૮૯૧૬ |
| પત્રક–ક | | ૪૩૮૯૮૬ |
| **કુલ** | | **૨૬૪૨૦૭૯** |

બોટાદ, ૨૧ માહે ફેબ્રુઆરી, સને ૨૦૧૭.

---

વંચાણે લીધા :

(૧) સરકારશ્રીના મહેસુલ વિભાગના ઠરાવ ક્રમાંક : મકમ-૧૦૮૦-૬૬૪૧, તા. ૨૦-૦૮-૧૯૯૭.

(૨) સેટલમેન્ટ કમિશ્નર અને જમીન દફતર નિયામકશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગરના પરીપત્ર નં. : એસ.વી.-૫/લે.રે.કો.-૧૨૬/સરવે અધિકારી/૧૪, તા. ૨૮-૦૫-૨૦૧૪.

(૩) ડી.ઈ.લે.રે.શ્રી, બોટાદના પત્ર નં. ડી.એસ.ઓ./ગામઠાણ આબાદી એરીયા/બે ગામો/૨૦૧૫-૧૬, તા. ૧૮-૦૨-૨૦૧૭.

**હુકમ**

નં. : સી.ટી.એસ./લે.રે.કો.-૧૨૬/૦૨/મોટા પાળીયાદ/૨૦૧૭-.સરકારશ્રીનાં મહેસુલ વિભાગનાં વંચાણ-૧નાં ઠરાવથી રાજયના ગ્રામ્ય વિસ્તારનાં ગામઠાણની મિલ્કતની માપણી કરી, હકક ચોકસી કરી પ્રોપટી કાર્ડ તૈયાર કરવા ગામઠાણ (આબાદી એરીયા) મોજણી દાખલ કરવા **બોટાદ** જિલ્લાના **બોટાદ** તાલુકાના **મોટા પાળીયાદ** ગામ માટે લેન્ડ રેવન્યુ કોડની કલમ ૯૫ તથા ૧૩૧ અન્વયે સરકારશ્રીએ મંજૂરી આપેલ છે.

ગામ-**મોટા પાળીયાદ**, તાલુકો-**બોટાદ**, જિલ્લો-**બોટાદ**માં ગામતળ તથા આજુબાજુના વિકસીત વિસ્તારનો સમાવેશ કરી સિટી સરવે વિસ્તાર નક્કી કરવા અંગેની પૂરવણી દરખાસ્ત ડી.ઈ.લે.રે., બોટાદએ તૈયાર કરી વંચાણ-૩ના પત્રછી અત્રેને મોકલેલ છે. આ દરખાસ્ત અન્વયે સદરહું ગામની માપણી તથા હક્કચોકસી કરવાની થાય છે.

સબબ, મુંબઈ જમીન મહેસુલ અધિનિયમની કલમ-૧૨૬ થી મળેલ સત્તાની રૂએ સીટી સરવે મેન્યુઅલના પારા-૭ ની વિગતે આ સાથેના પરીશિષ્ટ-અ,બ,ક માં દર્શાવેલ મોજે-**મોટા પાળીયાદ**, તાલુકો-**બોટાદ**, જિલ્લો-**બોટાદની** ગામતળ, ગાતમળની આજુબાજુના ખેતીના/બિનખેતીના/સરકારી સરવે નંબરના વિસ્તારની જમીનો તથા તેમાં સમાવેશ રસ્તા/મારગની જમીનોને સીટી સરવે વિસ્તાર તરીકે જાહેર કરવા આથી હુકમ કરવામાં આવે છે.

મોજે : મોટા પાળીયાદ, તા.-બોટાદ, જિલ્લો-બોટાદના સીટી સરવે વિસ્તારમાં સમાવેશ થતા ગામતળ તથા રે.સ.નં. ના વધારાના વિસ્તારના ૧૨૬ના જાહેરનામાનો નકશો

| અનુ. | વિગત | ક્ષેત્રફળ |
|---|---|---|
| ૧ | ગામતળ | ૪૫-૫૫-૫૦ |
| ૨ | ઉડાઉ ગામતળ | –– |
| ૩ | રે.સ.ન. (ખેતી/બીનખેતી) | પત્રક (અ,બ,ક) સામેલ છે. |
| ૪ | સરકારી પડતર | –– |

| મોજે-મોટા પાળીયાદ, તા. બોટાદ, જિ. બોટાદ | | | | | | |
|---|---|---|---|---|---|---|
| પત્રખ-અ ખેતીલાયક જમીન | | | | | | |
| અનુ. નં. | સર્વે નંબર | ક્ષેત્રફળ | | | વિગત | રીમાર્કસ |
| | | લાયક | ખરાબો | કુલ | | |
| ૧ | ૨ | ૧૬૬૯૩ | ૦ | ૧૬૬૯૩ | | |
| ૨ | ૨૫૮ | ૨૭૭૨૧ | ૦ | ૨૭૭૨૧ | | |
| ૩ | ૨૫૯ | ૧૬૩૯૦ | ૦ | ૧૬૩૯૦ | | |
| ૪ | ૨૬૦ | ૧૬૯૯૭ | ૦ | ૧૬૯૯૭ | | |
| ૫ | ૨૬૧/૧ | ૧૫૯૮૫ | ૦ | ૧૫૯૮૫ | | |
| ૬ | ૨૬૧/૨ | ૨૨૨૬ | ૦ | ૨૨૨૬ | | |
| ૭ | ૨૬૨ | ૧૮૧૧૦ | ૦ | ૧૮૧૧૦ | | |
| ૮ | ૨૬૩/૨ | ૭૦૩ | ૦ | ૭૦૩ | | |
| ૯ | ૨૬૫ | ૧૧૦૨૮ | ૦ | ૧૧૦૨૮ | | |
| ૧૦ | ૨૬૬ | ૧૭૮૦૬ | ૦ | ૧૭૮૦૬ | | |
| ૧૧ | ૨૬૭ | ૩૨૧૭૩ | ૦ | ૩૨૧૭૩ | | |
| ૧૨ | ૩૦૫ | ૨૬૪૦૫ | ૦ | ૨૬૪૦૫ | | |
| ૧૩ | ૩૦૬ પૈકી | ૧૪૭૧૧૯ | ૦ | ૧૪૭૧૧૯ | | |
| ૧૪ | ૪૩૩/૨ | ૫૮૬૮ | ૦ | ૫૮૬૮ | | |
| ૧૫ | ૫૧૧/૧ | ૧૮૮૧૮ | ૦ | ૧૮૮૧૮ | | |
| ૧૬ | ૫૧૧/૨ | ૫૦૬ | ૦ | ૫૦૬ | | |
| ૧૭ | ૫૧૨ | ૧૯૬૨૭ | ૦ | ૧૯૬૨૭ | | |
| ૧૮ | ૫૧૩ | ૨૬૨૦૪ | ૦ | ૨૬૨૦૪ | | |
| ૧૯ | ૫૧૬ પૈકી | ૩૭૩૩૧ | ૦ | ૩૭૩૩૧ | | |
| ૨૦ | ૫૧૭ | ૬૦૪૦૦ | ૦ | ૬૦૪૦૦ | | |
| ૨૧ | ૫૧૮ | ૬૦૬૦૨ | ૦ | ૬૦૬૦૨ | | |
| | | **કુલ ક્ષેત્રફળ** | | **૫૭૮૭૧૨** | | |
| મોજે-મોટાપાળીયાદ, તા. બોટાદ, જિ. બોટાદ | | | | | | |
| પત્રખ-અ ખેતીલાયક જમીન | | | | | | |
| ૨૨ | ૫૨૩ | ૧૯૮૩૦ | ૦ | ૧૯૮૩૦ | | |
| ૨૩ | ૫૨૪ પૈકી | ૧૩૫૫૮ | ૦ | ૧૩૫૫૮ | | |
| ૨૪ | ૫૨૫/૨ | ૧૭૦૮ | ૦ | ૧૭૦૮ | | |
| ૨૫ | ૫૨૬ | ૨૨૨૫૮ | ૦ | ૨૨૨૫૮ | | |

| અનુ. નં. | સર્વે નંબર | ક્ષેત્રફળ | | | વિગત | રીમાર્કસ |
|---|---|---|---|---|---|---|
| | | લાયક | ખરાબો | કુલ | | |
| ૨૬ | ૫૨૭ | ૨૩૫૭૩ | ૦ | ૨૩૫૭૩ | | |
| ૨૭ | ૫૨૮ | ૬૨૭૨ | ૩૦૪ | ૬૫૭૬ | | |
| ૨૮ | ૫૨૯ | ૩૧૧૬૧ | ૩૦૪ | ૩૧૪૬૫ | | |
| | | **કુલ ક્ષેત્રફળ** | | **૧૧૮૯૬૮** | | |
| | પાના નં.-૧ નું કુલ ક્ષેત્રફળ | | | ૫૭૮૭૧૨ | | |
| | પાના નં.-૨ નું કુલ ક્ષેત્રફળ | | | ૧૧૮૯૬૮ | | |
| | અ પત્રકનું કુલ ક્ષેત્રફળ | | | ૬૯૭૬૮૦ | | |

**મોજે-મોટાપાળીયાદ, તા. બોટાદ, જિ. બોટાદ**

**પત્રખ-બ બીનખેતી જમીન**

| અનુ. નં. | સર્વે નંબર | ક્ષેત્રફળ | | | વિગત | રીમાર્કસ |
|---|---|---|---|---|---|---|
| | | લાયક | ખરાબો | કુલ | | |
| ૧ | ૧ | ૦ | ૧૪૩૬૬ | ૧૪૩૬૬ | | |
| ૨ | ૩૦૬ પૈકી | ૦ | ૧૯૭૨૭ | ૧૯૭૨૭ | | |
| ૩ | ૫૧૪ | ૦ | ૧૬૭૯૫ | ૧૬૭૯૫ | | |
| ૪ | ૫૧૬ પૈકી ૩ | ૦ | ૪૦૪૮ | ૪૦૪૮ | | |
| ૫ | ૫૧૯ | ૦ | ૧૨૨૪૨ | ૧૨૨૪૨ | | |
| ૬ | ૫૨૦ | ૦ | ૧૧૮૩૧ | ૧૧૮૩૧ | | |
| ૭ | ૫૨૧ | ૦ | ૧૫૩૭૮ | ૧૫૩૭૮ | | |
| ૮ | ૫૨૨ | ૦ | ૨૪૮૮૮ | ૨૪૮૮૮ | | |
| ૯ | ૫૨૪ પૈકી | ૦ | ૮૦૯૪ | ૮૦૯૪ | | |
| ૧૦ | ૫૨૪ પૈકી | ૦ | ૨૫૬૯૬ | ૨૫૬૯૬ | | |
| ૧૧ | ૫૨૫/૧ | ૦ | ૧૪૭૬૭ | ૧૪૭૬૭ | | |
| ૧૨ | ૫૩૦ પૈકી૩ પૈકી ૨ | ૦ | ૮૦૯૪ | ૮૦૯૪ | | |
| ૧૩ | ૫૩૦ પૈકી૩ પૈકી ૧ | ૦ | ૧૨૧૪૦ | ૧૨૧૪૦ | | |
| ૧૪ | ૫૩૦/૧ક/૨ (ક્વાર્ટર) | ૦ | ૧૦૦૦૦ | ૧૦૦૦૦ | | |
| ૧૫ | ૫૩૦/૧અ/પૈકી ૭ | ૦ | ૧૦૧૧૭ | ૧૦૧૧૭ | | |
| ૧૬ | ૫૩૦/૧અ/પૈકી ૮ | ૦ | ૧૦૧૧૭ | ૧૦૧૧૭ | | |
| ૧૭ | ૫૩૦/૧અ/પૈકી ૬ | ૦ | ૧૦૧૧૭ | ૧૦૧૧૭ | | |
| ૧૮ | ૫૩૦/૧અ/પૈકી ૪ | ૦ | ૧૦૧૧૭ | ૧૦૧૧૭ | | |
| ૧૯ | ૫૩૦/૩ પૈકી ૨ | ૦ | ૮૦૯૪ | ૮૦૯૪ | | |
| ૨૦ | ૫૩૦/૧અ/પૈકી ૫ | ૦ | ૧૦૧૧૭ | ૧૦૧૧૭ | | |
| | | | **કુલ ક્ષેત્રફળ** | **૨૫૬૭૪૫** | | |

| મોજે-મોટાપાળીયાદ, તા. બોટાદ, જિ. બોટાદ | | | | | | |
|---|---|---|---|---|---|---|
| પત્રખ-ક ગામતળ/સરકારી પડતર જમીન | | | | | | |
| અનુ. નં. | સર્વે નંબર | ક્ષેત્રફળ | | | વિગત | રીમાર્કસ |
| | | લાયક | ખરાબો | કુલ | | |
| ૧ | જુનું ગામતળ | ૦ | ૪૫૫૫૫૦ | ૪૫૫૫૫૦ | | |
| ૨ | ૫૩૦/૧/૧/૨ (ગામતળ શ્રી સરકાર) | ૦ | ૨૮૩૨૯ | ૨૮૩૨૯ | | |
| ૩ | ૫૧૫ પૈકી (ગામતળ શ્રી સરકાર) | ૦ | ૧૦૧૧૭ | ૧૦૧૧૭ | | |
| ૪ | ૫૧૫ પૈકી ૨ (ખલાવાડ શ્રી સરકાર) | ૦ | ૭૦૮૨ | ૭૦૮૨ | | |
| ૫ | ૫૩૦/૧ ક (ગૌચર) | ૦ | ૨૪૪૦૨૭ | ૨૪૪૦૨૭ | | |
| ૬ | ૪૩૪ (સરકારી તળાવ) | ૦ | ૧૭૩૦૦ | ૧૭૩૦૦ | | |
| ૭ | ૫૩૦/૧ અ (સરકારી પડતર) | ૦ | ૩૬૦૩૫૭ | ૩૬૦૩૫૭ | | |
| | | | કુલ ક્ષેત્રફળ | ૧૧૨૨૭૬૨ | | |

**જનરલ તારીજ**

| | | |
|---|---|---|
| પત્રક–અ | | ૬૯૭૬૮૦ |
| પત્રક–બ | | ૨૫૬૭૪૫ |
| પત્રક–ક | | ૧૧૨૨૭૬૨ |
| કુલ | | ૨૦૭૭૧૮૭ |

બોટાદ, ૨૧ માહે ફેબ્રુઆરી, સને ૨૦૧૭.

(સહી) **અવાચ્ય,**
સુપ્રિન્ટેન્ડેન્ટ લેન્ડ રેકર્ડ,
બોટાદ.

---

## સંયુકત વાણિજ્યિકવેરા કમિશ્નર દ્વારા

વંચાણમાં લીધું :

(૧) નાયબ વાણિજ્યિકવેરા કમિશ્નરશ્રી વર્તુળ-૧૪, ભરૂચના પત્ર ક્રમાંક : ના.વા.વે.ક./ભરૂચ/પત્રક/ગુમ થયેલ સી-ફોર્મ દરખાસ્ત/૨૦૧૬-૧૭/જા.નં.-૫૮૯૨/૯૩, તારીખ ૦૩-૦૧-૧૭.

(૨) વા. વે. અ.-(૩), ઘટક-૫૫, ભરૂચના પત્ર ક્રમાંક : વા. વે. અ. (૩) ઘટક-૫૫/ભરૂચ/ડુપ્લીકેટ સી-ફોર્મ/૨૦૧૬-૧૭/જા. ૨૭૧૨૬/૨૭, તા. ૨૭-૧૨-૧૬.

## જાહેરનામું

ક્રમાંક : સંવાવેક/વિ-૬/વડદ/ફોર્મસેલ/ધા.ફોર્મ ૨૬/૨૦૧૬-૧૭/જા. ૬૧૧૬/૩૮.-સહાયક વાણિજ્યિકવેરા કમિશ્નરશ્રી, ઘટક-૫૫, ભરૂચના ક્ષેત્રાધિકાર હેઠળના વેપારીશ્રી મે. સેમસંગ એંજીનીયરીંગ કંપની લિમિટેડ, પો. દહેજ, તા. વાગરા, જિ. ભરૂચ કે જેઓ સ્થાનિક કાયદા હેઠળ ટીન નં. ૨૪૨૧૦૭૦૦૨૫૦, કેન્દ્રીય નો. નં. ૨૪૭૧૦૭૦૦૨૫૦ ધરાવે છે. તેઓને ઈસ્યુ કરવામાં આવેલ ''સી'' ફોર્મ નંબર ૯૯૦૧૧૭૯, ૯૯૦૧૧૮૦, ૯૯૦૧૧૮૧, ૯૯૦૧૧૮૨, ૯૯૦૧૧૮૩, ૯૯૦૧૧૮૪, ૯૯૦૧૧૮૫, ૯૯૦૧૧૮૬, ૯૯૦૧૧૮૭, ૯૯૦૧૧૮૮, ૯૯૦૧૧૮૯, ૯૯૦૧૧૯૦, ૯૯૦૧૧૯૧, ૯૯૦૧૧૯૨, ૯૯૦૧૧૯૩, ૯૯૦૧૧૯૪, ૯૯૦૧૧૯૫, ૯૯૦૧૧૯૬, ૯૯૦૧૧૯૭, ૯૯૦૧૧૯૮, ૯૯૦૧૧૯૯, ૯૯૦૧૨૦૦, ૯૯૦૧૨૦૧, ૯૯૦૧૨૦૨, ૯૯૦૧૨૦૩, ૯૯૦૧૨૦૪, ૯૯૦૧૨૦૫, ૯૯૦૧૨૦૬, ૯૯૦૧૨૦૭, ૯૯૦૧૨૦૮, ૯૯૦૧૨૦૯, ૯૯૦૧૨૧૦, ૯૯૦૧૨૧૧, ૯૯૦૧૨૧૨, ૯૯૦૧૨૧૩, ૯૯૦૧૨૧૪, ૯૯૦૧૨૧૫, ૯૯૦૧૨૧૬, ૯૯૦૧૨૧૭, ૯૯૦૧૨૧૮, ૯૯૦૧૨૧૯, ૯૯૦૧૨૨૦ કુલ નંગ-૪૨

ખોવાઈ ગયેલ હોવાથી વંચાણમાં લીધેલ દરખાસ્ત ક્રમાંક (૧) અને (૨) મુજબ વેપારીશ્રીના નીચે દશાવ્યા મુજબના "સી" ફોર્મ નંબર ૯૯૦૧૧૭૯ થી ૯૯૦૧૨૨૦ કુલ પાન-૪૨ (બેતાળીસ) ખોવાઈ ગયેલ છે. તે રદ કરવા ઠરાવું છું.

| અ.નં. | વેપારીશ્રીનું નામ/ફોર્મ ઈસ્યુ કરનાર કચેરી | નોંધણી નંબર | રદ કરવાપાત્ર 'સી' ફોર્મ નંબર | રદ કરવાના કારણો | રદ કરવાપાત્ર પાના |
|---|---|---|---|---|---|
| ૧ | મે. સેમસંગ એંજીનીયરીંગ કંપની લિમિટેડ, પો. દહેજ, તા. વાગરા, જિ. ભરૂચ | ટીન નંબર ૨૪૨૧૦૭૦૦૨૫૦ કેન્દ્રીય નોં.નં. ૨૪૭૧૦૭૦૦૨૫૦ | સી-ફોર્મ નંબર ૯૯૦૧૧૭૯ થી ૯૯૦૧૨૨૦ | ખોવાઈ જવાથી | કુલ પાન-૪૨ (બેતાળીસ) |

આથી હું, સી. બી. પટેલ, સંયુકત વાણિજિયકવેરા કમિશ્નર, વિભાગ-૬, વડોદરા, કેન્દ્રીય વેચાણવેરા અધિનિયમ-૧૯૭૦ ના નિયમ-૪ (એ) ના પેટા નિયમ-૭ અન્વયે મને મળેલ સત્તાની રૂએ, ઉપરોકત દર્શાવેલ "સી" ફોર્મ રદ કરવા ઠરાવું છું.

વડોદરા, ૨૭ માહે જાન્યુઆરી, સને ૨૦૧૭.

---

વંચાણમાં લીધું :

(૧) નાયબ વાણિજિયકવેરા કમિશ્નરશ્રી વર્તુળ-૧૩, નડીયાદના પત્ર ક્રમાંક : ના.વા.વે.ક./વ-૧૩/નડી/ડુપ્લીકેટ સી-ફોર્મ ઈસ્યુ/૨૦૧૬-૧૭/જા.નં.-૧૪૩૩/૩૪, તા. ૨૮-૦૭-૨૦૧૬.

(૨) વા. વે. ક. ઘટક-૫૩, પેટલાદના પત્ર ક્રમાંક : વા. વે. ક./પેટલાદ/ડુપ્લીકેટ સી-ફોર્મ/૨૦૧૬-૧૭/જા. ૧૦૧૦/૧૧, તા. ૨૯-૦૬-૨૦૧૬.

(૩) નાયબ વાણિજ્યિકવેરા કમિશ્નરશ્રી, વર્તુળ-૧૩, નડીયાદના પત્ર ક્રમાંક : ના.વા.વે.ક./વ-૧૩/નડી/ડુપ્લીકેટ સી-ફોર્મ/ ૨૦૧૬-૧૭/જા. નં. ૪૨૨૨/૨૩, તા. ૦૧-૦૨-૨૦૧૭.

(૪) વા.વે.ક. ઘટક-૫૩, પેટલાદના પત્ર ક્રમાંક : વા. વે. ક./પેટલાદ/ડુપ્લીકેટ સી-ફોર્મ/૧૬-૧૭/જા. ૨૯૫૧/૫૨, તા. ૨૦-૧૨-૨૦૧૬.

(૫) વેપારીશ્રી મે. ફાર્માન્ઝા હર્બલ પ્રા. લિમિટેડ નો. નંબર ૨૪૧૫૦૬૦૦૪૯૬, કેન્દ્રીય નો. નંબર ૨૪૬૫૦૬૦૦૪૯૬, તા. ૨૯-૦૧-૨૦૧૬ તથા ૨૮-૦૬-૨૦૧૬ ની અરજી.

## જાહેરનામું

ક્રમાંક : સંવાવેક/વિ-૬/વડદ/ફોર્મસેલ/ધા.ફોર્મ ૨૬/૨૦૧૬-૧૭/જા. ૬૨૬૬/૮૯.-વાણિજ્યિકવેરા કચેરી, ઘટક-૫૩, પેટલાદના ક્ષેત્રાધિકાર હેઠળના નીચે દર્શાવેલ વેપારીશ્રી મે. ફાર્માન્ઝા હર્બલ પ્રા. લિમિટેડ, પો. કણીયા, તા. પેટલાદ, જિ. આણંદ કે જેઓ સ્થાનિક કાયદા હેઠળ ટીન નં. ૨૪૧૫૦૬૦૦૪૯૬, કેન્દ્રીય નો. નં. ૨૪૬૫૦૬૦૦૪૯૬ ધરાવે છે. તેઓને ઈસ્યુ કરવામાં આવેલ "સી" ફોર્મ નંબર ૨૪ A ૦૦૨૩૧૬૭ કુલ પાન-૧ (એક) ખોવાઈ ગયેલ હોવાથી વંચાણમાં લીધેલ દરખાસ્ત ક્રમાંક (૧), (૨), (૩), (૪) અને (૫) મુજબ વેપારીશ્રીના નીચે દર્શાવ્યા મુજબના "સી" ફોર્મ નંબર ૨૪ A ૦૦૨૩૧૬૭ કુલ પાન-૧ (એક) ખોવાઈ ગયેલ છે તે રદ કરવા ઠરાવું છું.

| અ.નં. | વેપારીશ્રીનું નામ/ફોર્મ ઈસ્યુ કરનાર કચેરી | નોંધણી નંબર | રદ કરવાપાત્ર 'સી' ફોર્મ નંબર | રદ કરવાના કારણો | રદ કરવાપાત્ર પાના |
|---|---|---|---|---|---|
| ૧ | મે. ફાર્માન્ઝા હર્બલ પ્રા. લિમિટેડ, પો. કણીયા, તા. પેટલાદ, જિ. આણંદ | ટીન નંબર ૨૪૧૫૦૬૦૦૪૯૬ કેન્દ્રીય નોં.નં. ૨૪૬૫૦૬૦૦૪૯૬ | સી-ફોર્મ નંબર ૨૪ A ૦૦૨૩૧૬૭ | ખોવાઈ જવાથી | કુલ પાન-૧ (એક) |

આથી હું, સી. બી. પટેલ, સંયુકત વાણિજિયકવેરા કમિશ્નર, વિભાગ-૬, વડોદરા, કેન્દ્રીય વેચાણવેરા અધિનિયમ-૧૯૭૦ ના નિયમ-૪ (એ) ના પેટા નિયમ-૭ અન્વયે મને મળેલ સત્તાની રૂએ, ઉપરોકત દર્શાવેલ "સી" ફોર્મ રદ કરવા ઠરાવું છું.

વડોદરા, ૧૦ માહે ફેબ્રુઆરી, સને ૨૦૧૭.

**સી. બી. પટેલ,**
સંયુકત વાણિજિયકવેરા કમિશ્નર,
વિભાગ-૬, વડોદરા.

વંચાણમાં લીધું :

(૧) નાયબ વાણિજિયકવેરા કમિશ્નરશ્રી વર્તુળ-૧૦, વડોદરાના પત્ર ક્રમાંક : નાકશ્રી/વ.૧૦/ડુપ્લીકેટ સી ફોર્મ/વડોદરા/૨૦૧૬-૧૭/જા.નં.-૩૫૬૯, તા. ૦૭-૦૧-૨૦૧૭.

(૨) મે. H.N.G. ફ્લોટ ગ્લાસ લી., ૪૦૩-એ, ગુંજન ટાવર, ગેંડા સર્કલ પાસે, એલેમ્બિક રોડ, વડોદરા, કેન્દ્રીય નો.નં.-૨૪૬૯૦૩૦૪૬૮૪ તથા વેટ ટીન નં.-૨૪૧૯૦૩૦૪૬૮૪, તા. ૧૮-૦૭-૨૦૧૬ ની અરજી.

## જાહેરનામું

ક્રમાંક : સંવાવેક/વવટ-૧/વિ-૫/વડદ/ધા.ફોર્મ રદ/૨૦૧૬-૧૭/જા. ૫૭૫૨/૭૫.-વ.વે. અધિકારી (૪), ઘટક-૨, વડોદરાના ક્ષેત્રાધિકાર હેઠળના નીચે દર્શાવેલ વેપારી મે. H.N.G. ફ્લોટ ગ્લાસ લી., ૪૦૩-એ, ગુંજન ટાવર, ગેંડા સર્કલ પાસે, એલેમ્બિક રોડ, વડોદરા, કેન્દ્રીય નો.નં.-૨૪૬૯૦૩૦૪૬૮૪ તથા વેટ ટીન નં.-૨૪૧૯૦૩૦૪૬૮૪ ધરાવે છે. તેઓને આપવામાં આવેલ ‘સી’ ફોર્મ પૈકી, ફોર્મ નંબરઃ ૨૪-૮૦૩૦૨૦૪ તથા ફોર્મ નંબરઃ ૨૪-૮૦૩૦૨૧૧ કુલ પાન-૦૨ અંગે તેઓશ્રીએ તેઓના વંચાણે લીધા ક્રમાંક-(૨) અન્વયે સી ફોર્મ ખોવાયા અંગે લેખિત જાણ કરેલ છે. તે સંદર્ભે નાયબ વાણિજ્યિકવેરા કમિશ્નરશ્રી, વર્તુળ-૧૦, વડોદરાએ વંચાણે લીધા ક્રમાંક-(૧) અન્વયે નીચે જણાવેલ વેપારીશ્રીના તેમના નામ સામે દર્શાવ્યા મુજબના સી ફોર્મ નંબર તથા પાન જે ખોવાયેલ છે તે રદ કરવાનું ઠરાવું છું.

| અ.નં. | વેપારીશ્રીનું નામ | નોંધણી નંબર | રદ કરવાના સી ફોર્મ નંબર | રદ કરવાના કારણો | રદ કરવાપાત્ર પાના |
|---|---|---|---|---|---|
| ૧ | મે. H.N.G. ફ્લોટ ગ્લાસ લી. | વેટ ટીન નો. નં.-૨૪૧૯૦૩૦૪૬૮૪ કેન્દ્રીય નો.નં.-૨૪૬૯૦૩૦૪૬૮૪ | ૨૪-૮૦૩૦૨૦૪ તથા ૨૪-૮૦૩૦૨૧૧ | ખોવાઈ જવાથી | કુલ પાન-૦૨ (બે) |

આથી હું, બી. સી. શુકલ, સંયુકત વાણિજિયકવેરા કમિશ્નર, વિભાગ-૫, વડોદરા, કેન્દ્રીય વેચાણવેરા અધિનિયમ-૧૯૫૬ અન્વયે મને મળેલ સત્તાની રૂએ, ઉપરોકત ખોવાયેલ સી ફોર્મ રદબાતલ ઠરાવવાનું જાહેર કરૂં છું.

વડોદરા, ૧૦/૨૦ માહે ફેબ્રુઆરી, સને ૨૦૧૭.

**બી. સી. શુકલ,**
સંયુકત વાણિજિયકવેરા કમિશ્નર,
વિભાગ-૧૦, વડોદરા.

---

### જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ દ્વારા

## નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : નધણ/૦૧/ક-૨/૪૭/૫૧૧/૨૦૧૭.-જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ભુજ-કચ્છ, આથી જાહેર કરે છે કે, શ્રી મુંદરા બીજ ઉત્પાદન અને વેચાણ કરનારી સહકારી મંડળી લી., મુ. મુંદરા, તાલુકો : મુંદરા, જિલ્લોઃ ભુજ-કચ્છને સને ૧૯૬૨ના ગુજરાતના કાયદા-૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને-૧૯૬૧) ની કલમ-૯ મુજબ આજરોજ નોંધવામાં આવી છે.

નોંધણી નંબર-કેટીએચ “ઉ”(સે) ૧૫૩૦૭, તા. ૨૦-૦૨-૨૦૧૭.

ભુજ-કચ્છ, ૨૦ માહે ફેબ્રુઆરી, સને ૨૦૧૭.

**કે. એ. પટેલ,**
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, ભુજ-કચ્છ.

---

## નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : નધણ/ક-૩/૪૭/સા-૮૧૬૪/૬૩૩/૨૦૧૭.-જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળી, જામનગર, આથી જાહેર કરે છે કે, સંસ્કૃતિ ક્રેડીટ કો ઓપરેટીવ સોસાયટી લી., મર્યાદિત મુ. : જામનગર, તાલુકો : જામનગર, જિ. જામનગર. સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો-૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

જામનગર, ૨૧ માહે ફેબ્રુઆરી, સને ૨૦૧૭.

**એમ. એસ. લોખંડે,**
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
જામનગર.

---

## નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : નધણ/ખ-૩/દુ.જે.એન.ડી.-૪૪૯૪૩/૧૮૧/૨૦૧૭.-આથી જાહેર કરે છે કે, શ્રી રાજપરા મહિલા દુધ ઉત્પાદક સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ : રાજપરા, તાલુકો : વિસાવદર, જિલ્લો : જૂનાગઢ.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

જુનાગઢ, ૨૩ માહે ફેબ્રુઆરી, સને ૨૦૧૭.

---

## નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક નં : નધણ/ખ-૩/દુ.જે.એન.ડી.-૪૪૯૪૨/૧૮૫/૨૦૧૭.-આથી જાહેર કરે છે કે, શ્રી કાલસારી મહિલા દુધ ઉત્પાદક સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ : કાલસારી, તાલુકો : વિસાવદર, જિલ્લો : જૂનાગઢ.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

જુનાગઢ, ૨૩ માહે ફેબ્રુઆરી, સને ૨૦૧૭.

**ટી. સી. તીરથાણી,**
જિલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
જુનાગઢ.

---

## નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : નધણ/૦૧/ખ-૩/૬૦/૮૦૭/૨૦૧૭.-જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ભાવનગર, આથી જાહેર કરે છે કે, શ્રી સોનપરી મહિલા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., સ્થળ : સોનપરી, તાલુકો : પાલીતાણા, જિ. ભાવનગર, સને ૧૯૬૧ નાં ગુજરાત સહકારી મંડળી અધિનિયમની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવેલ છે.

નોંધણી નં. : બીએનઆર સે.દૂ.-૪૫૨૯૪/૨૦૧૭, તા. ૧૬-૦૨-૨૦૧૭.

ભાવનગર, ૧૬ માહે ફેબ્રુઆરી, સને ૨૦૧૭.

---

## નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : નધણ/૦૧/ખ-૩/૬૩/૮૧૦/૨૦૧૭.-જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ભાવનગર, આથી જાહેર કરે છે કે, શ્રી મહિલા શકિત બચત અને ધીરાણ સહકારી મંડળી લી., મુ : ભાવનગર, તાલુકો : જિ. ભાવનગર, સને ૧૯૬૧ નાં ગુજરાત સહકારી મંડળી અધિનિયમની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

નોંધણી નં.: બીએનઆર સે.દૂ.-૪૫૨૯૫/૨૦૧૭, તા. ૧૬-૦૨-૨૦૧૭.

ભાવનગર, ૧૬ માહે ફેબ્રુઆરી, સને ૨૦૧૭.

**ડો. એચ. પી. પટેલ,**
જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી
મંડળીઓ, ભાવનગર.

---

Printed at the Government Press, Rajkot Complaints about Gazette must be made within a fortnight from the date of this Publication accompanied by the Wrapper.

©

सत्यमेव जयते


# The Gujarat Government Gazette

## SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

*PUBLISHED BY AUTHORITY*

**VOL. LVIII]    THURSDAY, 16th MARCH, 2017/PHALGUNA 25, 1938    No. 11**

**Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central section in order that it may be filed as a separate compilation.**


# PART-I


| PART - I | Pages | PART - I - B | Pages |
|---|---|---|---|
| Government Notifications Appointments Promotions, Leave of absence, Rules and orders (Other than those published in Part-I-A, IV-A, IV-B, and IV-C) list of publications for sales etc., Miscellaneous Notifications Appoint-ments etc., | 303-322 | (Suppliment) Government Notifications Published under Land Acquisition Act only Supplement. | Nil |
| **PART - I - A** | | **PART - II** | |
| Order and Notifications (Other than those published in Part-IV-B) under the Gujarat Local Boards, Village Panchayats, Municipals, Boroughs, (Districts) Municipals Primary Education and Local Fund Audits, Acts., | Nil | Miscellaneous Notices, Advertisments, List of Books Sanctioned by the Director of Education, List of Jurors. Schedule of Estates by the Official Assignee, Summary of Births and Deaths, etc., | 445-482 |
| | | **PART - III** | |
| | | Miscellaneous Supplements Season and Crop Reports, Prices, Current Rainfalls Returns, District Local Boards Accounts etc., | Nil |

# GOVERNMENT NOTIFICATIONS, ORDERS APPOINTMENTS, ETC.

## SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

## NOTIFICATION

### MISCELLANEOUS NOTIFICATIONS APPOINTMENTS ETC.

---

## By the Prinicipal District Judge

***Read :***

*(1) Hon'ble High Court letter no. A.2408/1989, dated 20-08-2016.*

*(2) Legal Department, Sachivalaya, Gandhinagar, Notification No. GK/55/2016/SCT/102016/ 2599/D, Dated: 15-09-2016.*

*(3) Hon'ble High Court Notification No. A.1201/2017(10), dated 14-02-2017.*

*(4) This office Notification No. B-4/14049/2016, dated 30-09-2016.*

## NOTIFICATION

No. B-4/2593/2017.-In View of the Government of Gujarat, Legal Department Notification referred in preamble at Sr. No. (2), the undersigned is pleased to designae the Court of 5th Additional District Judge and Additional Sessions Judge, at Bhavnagar, as Exclusively Special Court for Bhavnagar District for speedy trial of cases under the Scheduled Caste and Scheduled Tribes (Prevention of Atrocities) Act, 1989, instead of 6th Additional District Judge & Additional Sessions Judge, Bhavnagar, with ex-post facto effect from 16-02-2017 B.O.H.

Bhavnagar, 23/27th February, 2017.

---

***Read :***

*(1) Hon'ble High Court Letter No. A.1258/2013, Dated: 28-01-2014, along with its Accompaniments i.e. Notification No. GK/03/2014/ SPJ/102012/GOI-35/D, Dated: 28-01-2014 of Legal Department, Sachivalaya, Gandhinagar.*

*(2) Notification No. GK/01/2015/SPJ/102012/GOI-35/D, Dated: 05-02-2015 of Legal Department, Sachivalaya, Gandhinagar.*

*(3) This Office Notification No. B/10451/2016, dated : 15-07-2016.*

*(4) Notification No. GK/42/2016/SPJ/102012/GOI-35/D, Dated: 11-07-2016 of Legal Department, Sachivalaya, Gandhinagar.*

*(5) Hon'ble High Court Notification No. A-2403/ 1985(9), dated: 14-02-2017*

*(6) Hon'ble High Court Notification No. A-1201/ 2017 (10) dated: 14-02-2017.*

*(7) Hon'ble High Court Notification No. A-1201/ 2017 (12) dated: 17-02-2017.*

## NOTIFICATION

No. B/2951/2017.-In view of the Resolution cited in preamble at Sr. No. 4 of Legal Department, Government of Gujarat, Sachivalaya, Gandhinagar, the undersigned is pleased to hereby designates, the 7th Additional Sessions Judge, Bhavnagar to be a "Special Court" to try the cases of the offences under The Protection of Children from Sexual Offences Act, 2012 (32 of 2012), arising from Vallabhipur, Umrala, Botad, Gadhada and Palitana Talukas Police Stations, with effect from **27-02-2017 B.O.H.**, instead of old 4th Additional Sessions Judge, Bhavnagar (Mr. N.M. Karovadiya).

Bhavnagar, 23/27th February, 2017.

---

***Read :***

*(1) Hon'ble High Court Letter No. A.1258/2013, Dated: 28-01-2014, along with its Accompaniments i.e. Notification No. GK/03/2014/ SPJ/102012/GOI-35/D, Dated: 28-01-2014 of Legal Department, Sachivalaya, Gandhinagar.*

*(2) Notification No. GK/01/2015/SPJ/102012/GOI-35/D, Dated: 05-02-2015 of Legal Department, Sachivalaya, Gandhinagar.*

*(3) This Office Notification No. B/10452/2016, dated : 15-07-2016.*

*(4) Notification No. GK/42/2016/SPJ/102012/GOI-35/D, Dated: 11-07-2016 of Legal Department, Sachivalaya, Gandhinagar.*

*(5) Hon'ble High Court Notification No. A-2403/ 1985(9), dated: 14-02-2017*

*(6) Hon'ble High Court Notification No. A-1201/ 2017 (10) dated: 14-02-2017.*

## NOTIFICATION

No. B/2952/2017.-In view of the Resolution cited in preamble at Sr. No. 4 of Legal Department, Government of Gujarat, Sachivalaya, Gandhinagar, the undersigned is pleased to hereby designates, the th Additional Sessions Judge, Bhavnagar to be a "Special Court" to try the cases of the offences under The Protection of Children from Sexual Offences Act, 2012 (32 of 2012), arising from Ghoga, Sihor and Gariadhar Talukas Police Stations, 5th Additional Sessions Judge, Bhavnagar with ex-post facto from **16-02-2017 B.O.H.**

Bhavnagar, 23/27th February, 2017.

**J. J. Pandya,**
Principal District Judge,
Bhavnagar.

---

## અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

### ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭ની પેટા કલમ-૧ તથા કલમ-૩ અન્વયેનો હુકમ

### જાહેરનામું

નં. હોમ/૫લસ/૩/વશી/૨૨૫૨ થી ૨૩૧૧/૨૦૧૭.- (૧) આગામી દિવસો દરમ્યાન હોળી-ધુળેટીનો તહેવાર આવતો હોય અને પ્રવર્તમાન પરિસ્થિતિ અનુલક્ષીને સમગ્ર અમરેલી જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાય રહે તે માટે તેમજ જાહેર સુલેહ શાંતિ અને સલામતી જાળવવા માટે ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭ની પેટા કલમ-૧ તથા કલમ-૩ અન્વયે પગલા લેવા પુરતા કારણો છે. તેની મને ખાત્રી થઈ છે.

(૨) જેથી હું, **ડી. ડી. પંડયા, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, અમરેલી,** ગુજરાત પોલીસ અધિનિયમ–૧૯૫૧ની કલમ–૩૭ની પેટા કલમ–૧ તથા કલમ–૩ અન્વયે મળેલ સત્તાની રૂઈએ આથી ફરમાવું છું કે,

(૩) તા. ૦૩-૦૩-૨૦૧૭ થી તા. ૧૭-૦૩-૨૦૧૭ (બંને દિવસો સહિત) અમરેલી જિલ્લાના સમગ્ર વિસ્તારમાં,

(૪) કોઈપણ ઈસમે શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટા, બંદુક, ચપ્પુ, લાકડી અથવા લાઠી અથવા શારિરીક ઈજા અને હિંસા પહોંચાડવા ઉપયોગી થઈ શકે તેવી બીજી કોઈપણ ચીજવસ્તુ, સ્ફોટક પદાર્થ અથવા પથ્થરો સાથે ઘર બહાર નીકળવું નહીં. કોઈ આકૃતિઓ અથવા પુતળા દેખાડવા નહીં અને બુમો પાડવી નહીં તથા સુત્રોચ્ચાર કરવા નહીં.

(૫) આ હુકમ નીચેની વ્યક્તિઓને લાગુ ૫ડશે નહીં.

(અ) ફરજ પર રોકાયેલ પોલીસ તથા હોમગાર્ડ સહિતના તમામ સરકારી તેમજ અર્ધ સરકારી કર્મચારી તથા અધિકારીઓને,

(બ) શારિરીક અશક્તિને કારણે લાકડી તથા લાઠી લઈને ફરવુ જરૂરી છે તેવી વ્યક્તિઓને,

(૬) વધુમાં ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭ની પેટા કલમ-૩ હેઠળ મળેલ સત્તાની રૂઈએ,

**તારીખ : ૦૩-૦૩-૨૦૧૭ થી તા. ૧૭-૦૩-૨૦૧૭ (બંને દિવસો સહિત)** અમરેલી જિલ્લાનાં સમગ્ર વિસ્તારની અંદર સંબંધિત સબ ડીવઝનલ મેજીસ્ટ્રેટશ્રી/તાલુકા એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટશ્રીની પુર્વ મંજુરી/પરવાનગી સિવાય કોઇ સભા મંડળી ભરવાની અથવા સરઘસ કાઢવાની હું મનાઈ ફરમાવુ છું.

(૭) ઉપરોક્ત પેરા-૬(છ) માં કરવામાં આવેલ આદેશ ફરજ પરના કોઈપણ સરકારી/બિનસરકારી કર્મચારીઓ અને અધિકારીઓને તેમજ કોઈપણ લગ્નનાં વરઘોડાને અથવા સ્મશાનયાત્રાને લાગુ ૫ડશે નહીં.

(૮) આ જાહેરનામાનું ઉલ્લંઘન કરનાર અથવા ઉલ્લંઘન માટે મદદ કરનાર શખ્સ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૫ની જોગવાઈ મુજબ સજા તથા દંડને પાત્ર થશે.

હું એવો પણ આદેશ કરૂં છું કે, પોલીસ અધિક્ષકશ્રી, અમરેલીએ સદરહું હુકમ નિર્દિષ્ટ કરેલ વિસ્તારમાં સહેલાઈથી દેખી શકાય તેવી જગ્યાએ તેની નકલ ચોટાડીને તથા લાઉડ સ્પીકર તેમજ સ્થાનિકેથી પ્રસિધ્ધ થતા સ્થાનીક વર્તમાનપત્રો દ્વારા તેની બહોળી જાહેરાત કરી/કરાવીને પ્રસિધ્ધ કરવો.

(૯) આજ તા. : ૦૧–માર્ચ–૨૦૧૭ નાં રોજ મારી સહી તથા સિક્કો કરી હુકમ બહાર પાડયો.

અમરેલી, ૧ માહે માર્ચ, સને ૨૦૧૭.

**ડી. ડી. પંડ્યા,**
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
અમરેલી.

---

### ફોજદારી કાર્યરીતિ આધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ કાઢેલ હુકમ

### હુકમ

નં. : એમએજી/સી/૭૭૫/૨૦૧૭.-પોલીસ અધિક્ષકશ્રી, ગીર સોમનાથ, જિલ્લો વેરાવળના પત્ર ક્રમાંક : એલઆઈબી/બોટ-વહાણ-ગુમ/જા.નામું/૧૭૬/૧૭, તા. ૦૧-૦૩-૨૦૧૭ ના પત્રથી જણાવ્યા મુજબ ગીર સોમનાથ જિલ્લાની દક્ષિણે વિશાળ અરબી

સમુદ્ર આવેલ છે અને આ જિલ્લાનો મોટાભાગનો વિસ્તાર દરીયા કિનારે આવેલ છે. તેમજ વેરાવળ બંદર તથા નવા બંદર ખાતેથી વહાણ/બોટો દરીયામાં માચ્છીમારી માટે જાય છે તેમજ મોટાભાગની વસતી માચ્છીમારીના ધંધા સાથે સંકળાયેલ છે. ગત તા. ૨૯-૧૧-૨૦૧૩ના રોજ મુંદ્રા બંદરથી નૌશાદ ઈશા થૈમ તથા જુઆબ સુલેમાન જાફરાબાદી, રહે. બન્ને મોટા સલાયા, તા. માંડવી વાળાની માલીકીનું વહાણ MCV SHANE HIND (MNV 2176) સલાલા (ઓમાન) જવા ખાંડનો જથ્થો ભરીને ૧૨ ક્રુમેમ્બરો સહિત રવાના થયેલ હતું. મુંદ્રા બંદરેથી નીકળ્યા બાદ તા. ૦૨-૦૧-૨૦૧૪ ના રોજ વહાણનુ સોમાલીયન ચાંચીયાઓએ અપહરણ કરેલ પરંતુ આ વહાણ ગુમ થવા સંબંધે તેના માલીકે કોઈ એજન્સી કે સરકારી તંત્રને જાણ કરી નોંધ કરાવેલ ન હતી. આમ, આ એક રાષ્ટ્રીય સલામતીને સ્પર્શતી ગંભીર ઘટના છે. તેમજ ભુતકાળમાં આંતકવાદી હુમલા થયેલ તેમાં આતંકવાદીઓ દ્વારા દરીયામાંથી પોરબંદરની ''કુબેર'' નામની બોટનું અપહરણ કરી આતંકી હુમલાને અંજામ આપેલ હોવાનું જણાયેલ છે. જેથી વાતાવરણીય કારણોસર/ચાચીયાઓ દ્વારા અપહરણ થવાના કારણોસર કે અન્ય કોઈ કારણોસર વહાણ/બોટ ગુમ થયા અંગેની તથા વહાણ/બોટ સાથેનો સંપર્ક ન થતો હોવા અંગેની જાણ કરવા અંગેની પ્રથા/નિયમો હોવા રાષ્ટ્રીય સુરક્ષાની બાબતે જરૂરી છે. તેમજ આવી ઘટનાઓ અટકી શકે તે માટે સમગ્ર ગીર સોમનાથ જિલ્લામાં આવેલ વહાણ/બોટ માલીકે જયારે પોતાનું વહાણ/બોટ માચ્છીમારી માટે દરીયામા જાય કોઈપણ કારણોસર વહાણ/બોટ પરત આવવાની સંભવિત તારીખથી સતત સાત દિવસ સુધી સંપર્ક સ્થાપવા પ્રયાસ કરવા છતાં સંપર્ક થતો ન હોય, ત્યારે સંબંધિત તમામ સરકારી એજન્સીઓને જાણ કર્યા સીવાય બોટ દરીયાની અંદર ન જાય તેવુ જાહેરનામું પ્રસિધ્ધ કરવા દરખાસ્ત કરાયેલ છે.

ગીર સોમનાથ જિલ્લો વિશાળ દરીયા કિનારો ધરાવે છે અને મોટા પ્રમાણમાં માચ્છીમારી માટે બોટો દરીયામાં જાય છે. જેથી બોટો સાથે જતા લોકોની સલામતી તથા સુરક્ષા માટે તકેદારીના પગલા લેવા આવશ્યક જણાતા હોય પોલીસ અધિક્ષકશ્રી, ગીર સોમનાથ જિલ્લો, વેરાવળ તરફથી કરાયેલ દરખાસ્ત વ્યાજબી જણાય છે.

આથી હું, પી. બી. પંડયા, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ગીર સોમનાથ જિલ્લો, વેરાવળ, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ ની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ સત્તાની રૂઈએ આથી હુકમ કરૂં છું કે, ગીર સોમનાથ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં કોઈ બોટ માલીક અગર તો બોટ ભાડે રાખનાર કે અન્ય કોઈ બોટ દરીયામાં લઈ જનાર વ્યકિત બોટ દરીયામાં લઈ જાય અને કોઈપણ કારણસર વહાણ/બોટ પરત આવવાની સંભવિત તારીખથી સતત ચાર દિવસ સુધી સંપર્ક સ્થાપવા પ્રયાસ કરવા છતા સંપર્ક થતો ન હોય તેવા સંજગોમા નિયત નમુનાના પત્રકની વિગતો સહની માહિતી સાથે નજીકના પોલીસ સ્ટેશન અને સંબંધીત તમામ સરકારી એજન્સીઓને જાણ કરવી ફરજીયાત છે.

આ હુકમ બહાર પડયા તારીખથી દિન-૬૦ સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય દંડસંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમની જાહેર જનતાને જાણ સંબંધીત કચેરીઓએ તેમના નોટિસ બોર્ડ પર, સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યા ઉપર નકલ ચોટાડીને તથા માહિતી ખાતાએ વર્તમાન પત્રોમાં પ્રસિધ્ધી કરી કરવાની રહેશે. ગુજરાત પોલીસ એકટની કલમ-૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજ તારીખઃ ૦૪ માહે માર્ચ-૨૦૧૭ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે જાહેર જનતાની જાણ તથા અમલવારી માટે આ હુકમ પ્રસિધ્ધ કરવામાં આવ્યો.

ગીર સોમનાથ, ૪ માહે માર્ચ, સને ૨૦૧૭.

---

## ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ કાઢેલ

## હુકમ

નં. એમએજી/સી/૭૭૬/૨૦૧૬.-પોલીસ અધિક્ષકશ્રી, ગીર સોમનાથ જિલ્લાના પત્ર ક્રમાંકઃ એલઆઈબી/એટીએમ/ચોકીયાત/જા.ના./૧૭૫/૨૦૧૭, તા. ૦૧-૦૩-૨૦૧૭ ના પત્રથી જણાવેલ વિગતે ભુતકાળમાં ગુજરાત રાજ્યમાં વડોદરા, અમદાવાદ, કચ્છ જિલ્લાઓમાં રાષ્ટ્ર વિરોધી તત્વો, લુટારાઓ, ઘાડપાડુઓની ગેંગો દ્વારા એટીએમ મશીનોની ચોરી કરી જવાના બનાવો બનવા પામેલ છે. જે ગેરકાયદેસરની પ્રવૃતિના કારણે નાગરીકોના જીવ જોખમાય છે, મિલ્કતોને હાની પહોંચે છે. નાગરીકોમાં અસુરક્ષાની ભાવના ઉભી થાય છે અને તંત્ર પ્રત્યે ધીમે ધીમે નાગરીકો વિશ્વાસ ગુમાવે છે. આ પ્રકારના ગુનાઓ આચરતા ગુન્હેગારને પકડવાનું ઘણુજ મુશ્કેલ બને પરંતુ આ પ્રકારના ગુન્હા આચરતાં ગુન્હેગારોની તપાસ દરમ્યાન જે જગ્યાએ એ.ટી.એમ. ઉપર ચોકીયાતો ન હોય તેમજ સી.સી.ટી.વી. કેમેરા લગાડેલા ન હોય તેવા એ.ટી.એમ. મશીનો ચોરી કરી લઈ ગયેલાના બનાવો બનવા પામેલ છે. જેથી એ.ટી.એમ.માં મશીનમાં રહેલ નાણાની સલામતી માટે તથા નાગરીકોમાં સુરક્ષાની ભાવના ઉભી થાય તે માટે એ.ટી.એમ. મશીન ઉપર ચોકીયાત રાખવા અત્યંત જરૂરી છે.

લોકોને સુરક્ષા પુરી પાડવાના હેતુથી ગીર સોમનાથ જિલ્લામાં આવેલ તમામ એ.ટી.એમ. મશીનો ઉપર ૨૪-કલાક રાઉન્ડ ધ કલોક ૩-શીફટમાં ચોકીયાતો મુકવા તથા એ.ટી.એમ.માં સી.સી.ટી.વી. (નાઈટ વીઝન વીથ હાઈડેફીનોનશ) વીથ રેકોર્ડીંગ સીસ્ટમ કેમેરા રાખવા સંબંધેનું જાહેરનામું સી.આર.પી.સી. ૧૯૭૩ની કલમ-૧૪૪ તળે દિન-૬૦ માટે પ્રસિધ્ધ કરવા પોલીસ

અધિક્ષકશ્રી, ગીર સોમનાથ જિલ્લો, વેરાવળ તરફથી દરખાસ્ત થઈ આવેલ છે.

ગીર સોમનાથ જિલ્લો, વેરાવળના એ.ટી.એમ. મશીન/બેંકોમા રહેલ નાણાની સલામતી જળવાઈ રહે, એ.ટી.એમ. મશીનમાં ચોરી કરતા ગુન્હેગારોની ઓળખ મળી રહે, લોકોમાં સલામતીની ભાવના જળવાઈ રહે, આવા ગુન્હાનું પ્રમાણ ઘટે, જેથી પોલીસ અધિક્ષકશ્રી, ગીર સોમનાથ જિલ્લો, વેરાવળ તરફથી કરાયેલ દરખાસ્ત વ્યાજબી જણાય છે.

આથી હું, પી. બી. પંડયા, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ગીર સોમનાથ જિલ્લો, વેરાવળ ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨)ની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે,

(૧) ગીર સોમનાથ જિલ્લામાં આવેલ તમામ બેંકોએ તેમના એ.ટી.એમ. ચેમ્બરની અંદરના ભાગે તથા એ.ટી.એમ.ના બહારના ભાગે પુરતી સંખ્યામાં સી.સી.ટી.વી. કેમેરા (નાઈટ વીઝન વીથ રેકોર્ડીંગ સીસ્ટમ) સાથેના ગોઠવી આ રેકોર્ડીંગનો ડેટા ૩૦-દિવસ સુધી રાખવો.

(૨) ગીર સોમનાથ જિલ્લામાં આવેલ તમામ બેંકોના એ.ટી.એમ.ની બહારના ભાગે ગાડીના નંબર દેખાય તે રીતે તેમજ ગાડીમાં ડ્રાયવર તેમજ તેની બાજુમાં બેઠેલ વ્યક્તિનું રેકોર્ડીંગ થઈ શકે તે રીતે વાહન અને વ્યક્તિની ઓળખ થઈ શકે તે મુજબ પુરતી સંખ્યામાં કેમેરા ગોઠવવા.

(૩) ગીર સોમનાથ જિલ્લામાં આવેલ તમામ બેંકોના એ.ટી.એમ. મશીનો ઉપર ૨૪-કલાક ૩ શીફટમાં ચોકીદારો રાખવા.

(૪) સી.સી.ટી.વી. કેમેરા (નાઈટ વિઝન તથા હાઈ-ડેફીનેશનના) વીથ રેકોર્ડીંગ સીસ્ટમ પુરતી સંખ્યામા રાખવા અને વ્યકિત કે વાહન આઈડેન્ટીફાઈ થઈ શકે અને રાત્રી દરમ્યાન રેકોર્ડીંગ કરી શકે તેવા સારી કવોલીટીના અને ૩૦ દિવસ સુધી રેકોર્ડીંગ રહે તે રીતે ગોઠવવાના રહેશે.

આ હુકમ બહાર પડયા તારીખથી દિન-૬૦ સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ જાહેરનામું જાહેર વિસ્તારોમાં સહેલાઈથી દેખી શકાય તેવી રીતે તેની નકલ ચોંટાડીને તેમજ સ્થાનિક વર્તમાનપત્રોમાં બહોળી પ્રસિધ્ધી આપીને પ્રસિધ્ધ કરવાનું આથી હું ફરમાવું છું.

આજ તારીખ: ૦૪ માહે માર્ચ-૨૦૧૭ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે જાહેર જનતાની જાણ તથા અમલવારી માટે આ હુકમ પ્રસિધ્ધ કરવામાં આવ્યો.

ગીર સોમનાથ, ૪ માહે માર્ચ, સને ૨૦૧૭.

**ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ કાઢેલ હુકમ**

## જાહેરનામું

નં. એમએજી/સી/૭૭૭/૧૭.-પોલીસ અધિક્ષકશ્રી ગીર સોમનાથ વેરાવળના પત્ર ક્રમાંક : એસઓજી/પે.પંપ/સીસીટીવી/જા.ના./૧૭૭/૧૭, તા. ૦૧-૦૩-૨૦૧૭ ના પત્રથી ગીરસોમનાથ જિલ્લો કોસ્ટલ એરીયા ધરાવતો જિલ્લો છે અને બાર જ્યોર્તિલીંગ પૈકીનું એક સુપ્રસિધ્ધ સોમનાથ મંદીર આવેલ છે. તેમજ સુપ્રસિધ્ધ ધાર્મિક સ્થળ ત્રિવેણી સંગમ/દેહોત્સર્ગ/ગીતા મંદિર/તુલશીશ્યામ જેવા મોટા ધાર્મિક સ્થળો આવેલા છે. તેમજ આ જિલ્લામાં સુત્રાપાડા ખાતે જી.એચ.સી.એલ., કોડીનાર ખાતે અંબુજા સિમેન્ટ ફેકટરી અને વેરાવળ ખાતે ઈન્ડીયન રેયોન ફેકટરી જેવા ઓદ્યોગિક એકમો આવેલ છે. જે ઔદ્યોગિક એકમોમાં પર પ્રાંતના મજુરો/કર્મચારીઓ કામ કરે છે. આ ઉપરાંત ગીર સોમનાથ જિલ્લાની સરહદે જુનાગઢ, પોરબંદર, અમરેલી જિલ્લાઓ તેમજ કેન્દ્રશાષીત પ્રદેશ દિવ આવેલ છે અને કોસ્ટલ/નેશનલ હાઈવે તથા સ્ટેટ હાઈવે સાથે ગીર સોમનાથ જિલ્લો જોડાયેલ છે.

ગુપ્તચર સંસ્થાઓના વખતો વખતના અહેવાલો તથા અમદાવાદમાં ભુતકાળમાં બનેલ આંતકવાદી તત્વો દ્વારા અલગ-અલગ જગ્યાઓએ શ્રેણીબધ્ધ બોમ્બ ધડાકા કરી મોટી જાનહાની તેમજ મિલકત હાની કરવામાં આવેલ છે. તેમજ રાજ્યમાં લુંટ, ઘાડ તથા વાહન ચોરી જેવા મિલ્કત વિરૂધ્ધના ગુન્હાઓ બનતા હોય છે. આવી રાષ્ટ્ર વિરોધી પ્રવૃતિ કરતી ગેંગ રાજ્યના હાઈ-વે/શહેરમાં લુંટ, ધાડ, વિગેરે જેવા ગંભીર ગુન્હાઓ આચરતા હોય છે.

આવા પ્રકારના ગુન્હાઓ કરતા ગુન્હેગારોને પકડવા શરળતા રહે અને ગુન્હાઓ કરતા ગુન્હેગારોને પકડવા સરળતા રહે અને તપાસ દરમ્યાન ગુન્હેગારને શોધી કાઢવા માટે તથા આવા બનાવોમાં આરોપીઓની ઓળખ થઈ શકે તે માટે તેમજ લોકોને સુરક્ષા પુરી પાડવાના હેતુથી ગીર સોમનાથ જિલ્લામા આવેલ હાઈવે/શહેરના તમામ પેટ્રોલપંપ ઉપર સી.સી.ટી.વી. કેમેરા (નાઈટ વિઝન તથા હાઈ ડેફીનેશન) વીથ રેકોર્ડીંગ સિસ્ટમ રાખવા અંગે ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ જાહેરનામું પ્રસિધ્ધ કરવા દરખાસ્ત થઈ આવેલ છે.

ગીર સોમનાથ જિલ્લાના નાગરીકોની સલામતી જળવાઈ રહે, આ પ્રકારના ગુના કરતા લોકોની ઓળખ મળી રહે, તેમજ ગુન્હાના મુળ સુધી પહોંચી સાચા આરોપીને પકડી શકાય તેમજ આવા ગુન્હાઓ બનતા નિવારી શકાય તે માટે પોલીસ અધિક્ષકશ્રી, ગીર સોમનાથ તરફથી કરાયેલ દરખાસ્ત વ્યાજબી જણાય છે.

આથી હું, પી. બી. પંડયા, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ગીર સોમનાથ જિલ્લો, વેરાવળ ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨) ની કલમ-૧૪૪ હેઠળ

મને મળેલ સત્તાની રૂઈએ આથી હુકમ કરૂં છું કે, ગીર સોમનાથ જિલ્લામાં આવેલ હાઈવે/શહેરના તમામ પેટ્રોલપંપ ખાતે આવનાર તમામ માણસોને સરળતાથી ઓળખી શકાય તે રીતે ઉકત સ્થળોએ સી.સી.ટી.વી. કેમેરો ગોઠવી ઉકત વિગતોનું રેકોર્ડીંગ કરવું. તેમજ આ ડેટા બેકઅપ ૩૦-દિવસ સુધી જાળવી રાખવો, તેમજ સલામતી વિષયક બાબતો સંભાળતી પોલીસ સહીતની કોઈ એજન્સી આવા ડેટાની માંગણી કરે ત્યારે બનતી ત્વરાએ ઉપલબ્ધ કરવો.

આ હુકમ બહાર પડયા તારીખથી દિન-૬૦ સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમની જાહેર જનતાને જાણ સબંધિત કચેરીઓએ તેમના નોટીસ બોર્ડ પર, સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યા ઉપર નકલ ચોંટાડીને તથા માહિતી ખાતાએ વર્તમાન પત્રોમાં પ્રસિધ્ધી કરી કરવાની રહેશે.

આજ તારીખ: ૦૪ માહે માર્ચ-૨૦૧૭ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે જાહેર જનતાની જાણ તથા અમલવારી માટે આ હુકમ પ્રસિધ્ધ કરવામાં આવ્યો.

ગીર સોમનાથ, ૪ માહે માર્ચ, સને ૨૦૧૭.

---

**ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ કાઢેલ**

**હુકમ**

નં. એમએજી/સી/૭૭૯/૨૦૧૭.-પોલીસ અધિક્ષકશ્રી, ગીર-સોમનાથના પત્ર ક્રમાંક : સી/એલઆઈબી/ટે-૩/સ.પ્ર.બં.જા./૧૭૯/૨૦૧૭, તા. ૨૮-૦૨-૨૦૧૭ થી રજુ થયેલ દરખાસ્તની વિગતે ગીર સોમનાથ જિલ્લામાં આવેલ પવિત્ર યાત્રાધામ શ્રી સોમનાથ મંદીરની દક્ષિણ દિશા તરફ અરબી સમુદ્રમાં આ મંદીરના દર્શનાર્થે આવતા યાત્રાળુઓ સમુદ્રની ભૌગોલીક પરિસ્થિતિથી અજાણ હોય, સમુદ્રમાં નાહવા જતા ડુબી જવાના બનાવો બનવા પામેલ છે.

શ્રી સોમનાથ મંદિર પાસેનો સમુદ્ર કિનારો પ્રથમ દ્રષ્ટિએ છીછરો દેખાય છે પરંતુ થોડા અંદર જતા સમુદ્રમાં બહુજ મોટા વજનદાર ખડકાળ પત્થરો છે. જેથી સમુદ્રમાં નાહવા પડેલ વ્યકિત સહેલાઈથી બહાર આવી શકતી નથી તથા આ અરબી સમુદ્ર વિસ્તારમાં આવતા મોજાઓ વાંકાચુકા તથા ઘાતક આવે છે.

હાલમાં આ સ્થળે નવી ચોપાટી બનાવવાનું કામ શરૂ થયેલ છે તથા મોટા પત્થરો સમુદ્રમાં ઉતારી રસ્તો બનાવેલ છે, જેની સાથે પાણીનો પ્રવાહ સતત અથડાતો હોય, સેવાળવાળા પત્થરના કારણે કોઈપણ વ્યક્તિ તેના ઉપરથી લપસી જવાના કારણે સમુદ્રમાં પડી જાય તેવી શક્યતાઓ રહે છે.

અમુક કિસ્સામાં અમુક વ્યક્તિઓ પોતે આ પવિત્ર યાત્રાધામના દર્શન કરી પોતાના આત્માને મોક્ષ મળશે તેવો વિચાર ધરાવી સમુદ્રમાં પડી આત્મહત્યા કરે છે. છેલ્લા ૧૦ વર્ષમાં પ્રભાસ પાટણ પોલીસ સ્ટેશન તથા સોમનાથ મરીન પોલીસ સ્ટેશન ખાતે આવા ઘણા બનાવો નોંધાયેલ છે, તેમ જણાવી શ્રી સોમનાથ મંદીરની દક્ષિણ દિશા તરફ અરબી સમુદ્રમાં, સોમનાથ મંદીરની પુર્વે-પશ્ચિમ બન્ને સાઈડમાં આશરે ચાર કી.મી.ના વિસ્તારમાં સમુદ્ર કાંઠે કોઈપણ વ્યક્તિઓને સમુદ્રમાં નાહવા માટે કે સમુદ્રમાં ઉંડા પાણીમાં પ્રવેશ કરવા ઉપર પ્રતિબંધ ફરમાવતું સી.આર.પી.સી. એકટની કલમ-૧૪૪ તળે જાહેરનામું બહાર પાડવા પોલીસ અધિક્ષકશ્રી, ગીર સોમનાથ તરફથી દરખાસ્ત રજુ થયેલ છે.

પોલીસ અધિક્ષકશ્રી, ગીર-સોમનાથ તરફથી રજુ થયેલ દરખાસ્ત વિગતે શ્રી સોમનાથ મંદિર ખાતે આવેલ દરીયા કિનારે મોજામાં તણાઈ જવાથી, સ્નાન કરવા જતા ડુબી જવાથી કે અન્ય રીતે માનવ મૃત્યુના બનાવો બનવા પામેલ છે. આવા બનાવો બનતા અટકાવવાના ભાગરૂપે રજુ થયેલ દરખાસ્ત મને વ્યાજબી જણાય છે.

આથી હું, પી. બી. પંડયા, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ગીર-સોમનાથ જિલ્લો, વેરાવળ, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨)ની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે, ગીર-સોમનાથ જિલ્લાના પ્રભાસપાટણ મુકામે આવેલ શ્રી સોમનાથ મંદીરની દક્ષિણ દિશા તરફ અરબી સમુદ્રમાં, સોમનાથ મંદીરની પુર્વે-પશ્ચિમ બન્ને સાઈડના આશરે ૪ (ચાર) કી.મી.ના વિસ્તારમાં સમુદ્ર કાંઠે કોઈપણ વ્યક્તિએ સમુદ્રમાં નાહવા જવું નહીં કે સમુદ્રના ઉંડા પાણીમાં પ્રવેશ કરવો નહી.

ફરજની રૂઈએ આ વિસ્તારમાં કોઈ સરકારી ખાતાના કર્મચારી/અધિકારીઓએ કોઈ કાર્યવાહી કરવાની થતી હોય તો તેઓને આ હુકમની જોગવાઈ લાગુ પડશે નહીં.

આ હુકમ બહાર પડયા તારીખથી દિન-૬૦ સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહીતાની કલમ–૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમની જાહેર જનતાને જાણ સંબંધીત કચેરીઓએ તેમના નોટિસ બોર્ડ પર, સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યા ઉપર નકલ ચોંટાડીને તથા માહિતી ખાતાએ વર્તમાન પત્રોમાં પ્રસિધ્ધી કરી કરવાની રહેશે.

આજ તારીખ: ૦૪ માહે માર્ચ-૨૦૧૭ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે જાહેર જનતાની જાણ તથા અમલવારી માટે આ હુકમ પ્રસિધ્ધ કરવામાં આવ્યો.

ગીર સોમનાથ, ૪ માહે માર્ચ, સને ૨૦૧૭.

---

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની
કલમ-૧૪૪ હેઠળ કાઢેલ

વંચાણે લીધા :

(૧) ઉપસચિવશ્રી, ગૃહ વિભાગ, ગુજરાત સરકાર, ગાંધીનગરના પત્ર ક્રમાંક : વિ.૧/કવઅ/૧૦૨૦૧૪/૧૨૩૭૮, તા. ૨૧-૦૬-૨૦૧૪.

(૨) પોલીસ અધિક્ષકશ્રી, ગીર સોમનાથના પત્ર નં. સી/એલઆઈબી/બોર.જા/૧૭૮/૨૦૧૭, તા. ૦૧-૦૩-૨૦૧૭.

## હુકમ

નં. એમએજી/સી/૭૭૮/૨૦૧૬.-રાજ્યમાં ભુગર્ભ જળ મેળવવા માટે ખેડુતો વિ. દ્વારા પાણીના બોર બનાવવામાં આવે છે અને આવા બોર નકામા બનતા તે બોર પ્રત્યે બોરના માલીક દ્વારા નિષ્કાળજી સેવવામાં આવે છે અને બોર ખુલ્લા મુકી દેવાના કારણે નાના બાળકો તેમા પડી જતા મૃત્યુ પામવાના કે ગંભીર પ્રકારની ઈજાઓ થવાના બનાવો અવાર-નવાર રાજ્યમા બની રહેલ છે. આવા ગંભીર પ્રકારના બનાવો નિવારવા તેમજ તકેદારીના પગલા લઈ શકાય તે માટે ઉપ સચિવશ્રી, ગૃહ વિભાગના વંચાણે લીધા ક્રમ નં.-૧ ના પત્રથી જાહેરનામુ પ્રસિધ્ધ કરવા સુચના થઈ આવેલ છે. તેમજ પોલીસ અધિક્ષકશ્રી, ગીર સોમનાથ વંચાણે લીધા ક્રમ નં.-૨ના પત્રથી ઉપરોકત બાબતેનુ જાહેરનામુ પ્રસિધ્ધ કરવા દરખાસ્ત થઈ આવેલ છે.

આવા ગંભીર અને માનવ જીંદગી જોખમમા મુકતા બનાવો બનતા અટકાવવા જાહેર હિતમાં ઈચ્છનીય છે. જેથી વર્તમાન પરિસ્થિતિને લક્ષમા લઈ જાહેર સુલેહ અને શાંતિ જાળવવા તથા માનવ જીંદગી જોખમાતી બચાવવા પગલા લેવા આવશ્યક છે.

આથી હું, પી. બી. પંડયા, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ગીર સોમનાથ જિલ્લો, વેરાવળ ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ ની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ સત્તાની રૂઈએ આથી હુકમ કરૂ છું કે, ગીર સોમનાથ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં નીચે જણાવેલ મુદ્દાઓ પરત્વે તકેદારીના પગલા લેવા ફરમાન કરૂ છું.

(૧) જે તે વિસ્તારમા બોરવેલ બનાવતા પહેલા સબંધિત વિભાગની મંજુરી મેળવવી અને તે અંગેની ખાતરી જમીન માલીક, બોરવેલ માલીક તથા બોર બનાવનાર એજન્સીએ સબંધિત પોલીસ અધિકારીને કરાવવાની રહેશે.

(૨) બોરવેલ બનાવ્યા બાદ કોઈ જાન હાનિ થાય નહી અથવા બોરવેલમા કોઈ બાળક, અન્ય વ્યકિત કે જાનવર પડી ન જાય તેમજ કોઈપણ પ્રકારનો અકસ્માત ન સર્જાય તે અંગેના તમામ તકેદારીના પગલા જેવા કે, બોરને ફરતી મજબુત ફેન્સીંગ વાડ, મજબુત ભરતી દિવાલ કરવાની/કરાવવાની રહેશે.

(૩) આમ છતા અનઅધિકૃત રીતે કે ચોકકસ સુચનાઓનુ પાલન કરવામા ન આવે તો બોર બનાવનાર, બોર માલીક, જમીન માલીક સામે સુરક્ષા વ્યવસ્થાનુ યોગ્ય પાલન ન કરવા તેમજ બેદરકારી દાખવવા બાબતે કાયદાકીય સબંધીત જોગવાઈઓ મુજબ કાયદેસરના પગલા સબંધીત પોલીસ સ્ટેશનના અધિકારીઓએ લેવાના રહેશે.

(૪) જુના તથા બંધ પડેલ અથવા અવાવરી પરિસ્થિતિમા હોય તેવા બોરવેલના માલીકો/જમીન માલીકોએ પણ ઉપરોકત બાબતે કાળજી રાખવાની રહેશે.

આ હુકમની જાહેર જનતાને જાણ સંબંધીત કચેરીઓએ તેમના નોટીસ બોર્ડ પર, સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યા ઉપર નકલ ચોટાડીને તથા માહિતી ખાતાએ વર્તમાન પત્રોમાં પ્રસિધ્ધી કરી કરવાની રહેશે. ગુજરાત પોલીસ એકટની કલમ-૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આ હુકમ બહાર પાડયા તારીખથી દિન-૬૦ સુધી અમલમાં રહેશે.

આજ તારીખ: ૦૪ માહે માર્ચ-૨૦૧૭ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે જાહેર જનતાની જાણ તથા અમલવારી માટે આ હુકમ પ્રસિધ્ધ કરવામાં આવ્યો.

ગીર સોમનાથ, ૪ માહે માર્ચ, સને ૨૦૧૭.

**પી. બી. પંડયા,**
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
ગીર સોમનાથ જિલ્લો,
વેરાવળ.

---

## જાહેરનામું

નં.ડીએમ-૧/ઢેબરા તેરસ/ઈ.નં.૯૩૦૬/૨૦૧૭.-પાલીતાણા શહેરમાં આગામી તા : ૦૯, ૧૦-૦૩-૨૦૧૭ ના રોજ ફાગણ-સુદ-૧૩ (ઢેબરા તેરસ) નો જૈન સમાજનો 'ઢેબરીયો મેળો' યોજાનાર છે. આ મેળો માણવા જૈન લોકો મોટા પ્રમાણમાં પોતાની માલિકીના ખાનગી વાહનો લઈને આવતા હોય છે. અને જાહેર રોડ પર આવા વાહનો મૂકીને જતા રહે છે. જેથી ટ્રાફીક

નિયમન કરવામાં ખૂબ જ અગવડતા ઉભી થાય છે. જેથી આ અગવડતા દૂર કરવા, વાહન સ્થગિત ન થાય તેમજ અકસ્માત નિવારી શકાય તે માટે ટ્રાફીક નિયમન કરવાનું જરૂરી જણાતા મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧)(બી) અન્વયે મળેલ સત્તાની રૂઈએ હું, આર. પી. ચૌધરી (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ભાવનગર જિલ્લો, ભાવનગર, આથી પાલીતાણા શહેરમાં **'પાલીતાણા છેલ્લા ચકલાથી તળેટી સુધીનાં જાહેર રોડની બન્ને સાઈડમાં'** વાહનો પાર્કીંગ ન કરવા **"નો પાર્કીંગ ઝોન"** તા : ૦૯-૦૩-૨૦૧૭ ના તા : ૧૦-૦૩-૨૦૧૭ (દિન-૨ દરમ્યાન) સુધી જાહેર કરૂં છું.

''જાહેરનામાનો અમલ તથા તેના ભંગ બદલ પગલા લેવા માટે ફરજ ઉપરના કોઈપણ હેડકોન્સ્ટેબલ તથા તેનેથી ઉપરના અધિકારીને અધિકાર રહેશે''

સદરહું જાહેરનામું ઉલ્લંઘન કરનારને મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૧૩૧ હેઠળ શિક્ષા થશે.

આ હુકમ ઉપર નિર્દિષ્ટ કરેલ વિસ્તારમાં સહેલાઈથી દેખી શકાય તેવી જગ્યાઓએ તેની નકલો ચોંટાડીને તેમજ સદરહું વિસ્તારમાં ધ્વનીવર્ધક યંત્ર દ્વારા ઢંઢેરો પીટાવીને પ્રસિધ્ધ કરવાનું હું ફરમાવું છું.

મેં આજરોજ તા : ૦૧-૦૩-૨૦૧૭ના રોજ મારી સહી કરી સીક્કો કર્યો છે.

ભાવનગર, ૧ માહે માર્ચ, સને ૨૦૧૭.

---

## જાહેરનામું

નં.ડીએમ-૧/ઢેબરા તેરસ/ઈ.નં.૯૩૧૨/૨૦૧૭.-પાલીતાણા શહેરમાં આગામી તા : ૦૯/૧૦-૦૩-૨૦૧૭ ના રોજ ફાગણ-સુદ-૧૩ (ઢેબરા તેરસ)નો જૈન 'ઢેબરીયા મેળો' યોજાનાર છે. આ મેળો માણવા જૈન લોકો મોટા પ્રમાણમાં દેશભરમાંથી આવે છે. જેમાં પોતાની માલિકીના ખાનગી વાહનો લઈને આવતા હોય છે. જેથી વાહન વ્યવહાર ખોરવાઈ ન જાય તેમજ ટ્રાફીક અવ્યવસ્થા ન સર્જાય તેમજ અકસ્માત નિવારી શકાય તે માટે ટ્રાફીક નિયમન કરવાનું જરૂરી જણાતા મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧)(બી) અન્વયે મળેલ સત્તાની રૂઈએ હું, આર. પી. ચૌધરી (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ભાવનગર જિલ્લો, ભાવનગર, આથી પાલીતાણા શહેરમાં નીચેના રસ્તાઓને તા : ૦૯-૦૩-૨૦૧૭ ના સક. ૮-૦૦ થી તા : ૧૦-૦૩-૨૦૧૭ ૨૪-૦૦ ક. સુધી **'એકમાર્ગીય'** રસ્તો જાહેર કરૂં છું.

**રસ્તાનું નામ :**

(૧) ભાવનગરથી પાલીતાણા, ગારીયાધાર, ઘેટી, આદિપુર તરફ જતા વાહનોને ભાવનગર રોડ રેલ્વે ક્રોસીંગથી જમણી બાજુ જતા બાયપાસ રોડ થઈ સરદારનગર ચોકડી થઈ ગારીયાધાર રોડ, ત્રણ રસ્તા થઈ સિંધી કેમ્પ, મહાવીર પેટ્રોલ પંપ થઈને છેલ્લા ચકલા, પાલીતાણા હાઈસ્કુલથી પાર્કીંગ મેદાન સુધી.

(૨) પાલીતાણા શહેરમાં પ્રવેશતા વાહનો માટે પાલીતાણા ભૈરવનાથ ચોકથી મહાવીર પેટ્રોલ પંપ, માનસિંહજી હોસ્પીટલ, છેલ્લા ચકલાથી હાઈસ્કુલ પાર્કીંગ મેદાન સુધી.

(૩) પાલીતાણાથી આદપુર જવા માટે વાયા સર્વોદય સોસાયટી થઈ આદપુર પાલનાં સ્થળે.

(૪) પાલીતાણા હાઈસ્કુલથી આરીસાભુવન સામે થઈ સાદડી ભુવન ધર્મશાળા સામે થઈ ભીલવાડા થઈ વણકરવાસ, લાવારીશ બસ સ્ટેન્ડ ઓવર બ્રીજ ઉપરથી થઈ સીધા જ બજરંગદાસબાપા ચોકી થઈને બહારના ભાગે ભાવનગર રોડ ઉપર જવાનું રહેશે.

(૫) આદપુર પાલથી પરત વાયા કંઝરડા ગામની ચોકડી થી ઘેટી રોડ, થઈ ગારીયાધાર રોડ ઉપર પરત આવશે.

(૬) પાલીતાણા હાઈસ્કુલથી છેલ્લા ચકલા સુધી કોઈ વાહન પાછું આવી શકશે નહીં કે પાર્ક કરશે નહિ.

આ જાહેરનામાની જોગવાઈમાંથી પોલીસ વિભાગના, મહેસુલ વિભાગના તેમજ જાહેર સુખાકારી માટે નગરપાલિકાએ મુકેલા વાહનોને મુક્તિ આપવામાં આવે છે.

આ જાહેરનામાની અવધિ દરમ્યાન વૃધ્ધ, અશક્ત, યાત્રીકોને લાવવા/લઈ જવા માટે વાહનોના ઉપયોગની પરવાનગી સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ, પાલીતાણા આપી શકશે. આ હુકમનો ભંગ અગર ઉલ્લંઘન કરનાર સદરહું અધિનિયમની કલમ-૧૩૧ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

''જાહેરનામાનો અમલ તથા તેના ભંગ બદલ પગલા લેવા માટે ફરજ ઉપરના કોઈપણ હેડ કોન્સ્ટેબલ તથા તેનેથી ઉપરના અધિકારીને અધિકાર રહેશે''

આ જાહેરનામું ઉપર નિર્દિષ્ટ કરેલ વિસ્તારમાં સહેલાઈથી દેખી શકાય તેવી જગ્યાઓએ તેની નકલો ચોંટાડીને તેમજ સદરહું વિસ્તારમાં ધ્વનીવર્ધક યંત્ર દ્વારા ઢંઢેરો પીટાવીને પ્રસિધ્ધ કરવાનું હું ફરમાવું છું.

મેં આજરોજ તા : ૦૧-૦૩-૨૦૧૭ ના રોજ મારી સહી કરી સિક્કો કર્યો છે.

ભાવનગર, ૧ માહે માર્ચ, સને ૨૦૧૭.

---

## જાહેરનામું

નં. ડીએમ-૧/ઢેબરા તેરસ/ઈ.નં. ૯૩૧૧/૨૦૧૭.-આગામી તા. ૦૯/૧૦-૦૩-૨૦૧૭ના રોજ પાલીતાણા ખાતે ફાગણ સુદ-૧૩નો જૈન સમાજનો 'ઢેબરીયો મેળો' યોજાનાર હોઈ, અને તેમાં પાલીતાણા તળેટી, ગીરીરાજ ડુંગર થઈ આદપુર, ઘેટી વિગેરે વિસ્તારમાં મોટી સંખ્યામાં જૈન શ્રધ્ધાળુઓ દર્શનાર્થે આવતાં હોવાથી, કેટલાંક લોકો દ્વારા ગેરકાયદેસર રીતે ખાદ્ય ચીજોનું વેચાણ થાય છે. જેમાં પ્લાસ્ટીકની કોથળીઓ, પાણીના પાઉચ/બોટલો, તમાકુ, પાન મસાલા, ગુટકા જેવી ઘણી ચીજવસ્તુઓનું વેચાણ તથા ઉપયોગ થાય છે. જેનાથી જાહેર આરોગ્ય ઉપર વિપરીત અસર થતી હોય, તેનું નિયમન કરવું જરૂરી જણાતાં મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧)(બી) અન્વયે મને મળેલ સત્તાની રૂઈએ હું આર. પી. ચૌધરી, (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભાવનગર જિલ્લો, ભાવનગર, આથી આ છ' ગાઉ યાત્રાના માર્ગોની આજુબાજુ પાલીતાણા તળેટી, પાલીતાણા શેત્રુંજય ગીરીરાજ તેમજ છ' ગાઉ યાત્રાનાં રસ્તે તેમજ આદપુર ગામમાં તા. ૦૯-૦૩-૨૦૧૭ થી તા. ૧૦-૦૩-૨૦૧૭ દિન-૨ દરમ્યાન, કોઈએ **કચરો નાંખવો નહીં, પાણીનાં પાઉચ, દુધનાં પાઉચ, બોટલો, ખાદ્યચીજ વસ્તુઓ, પ્લાસ્ટીકની ખાલી કોથળીઓ નાંખવી નહીં તેમજ બીડી, સીગારેટ, પાન, મસાલા, ગુટકા, તમાકુનો** ઉપયોગ કરવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

''જાહેરનામાનો અમલ તથા તેનાં ભંગ બદલ પગલા લેવા હેડ કોન્સ્ટેબલથી નીચેના ન હોય તેવા અધિકારીશ્રીને અધિકૃત કરવામાં આવે છે.''

સદરહું જાહેરનામું ઉલ્લંઘન કરનારને મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૧૩૧ હેઠળ શિક્ષા થશે.

આ હુકમ ઉપર નિર્દિષ્ટ કરેલ વિસ્તારમાં સહેલાઈથી દેખી શકાય તેવી જગ્યાઓએ તેની નકલો ચોંટાડીને તેમજ સદરહું વિસ્તારમાં ધ્વનીવર્ધક યંત્ર દ્વારા ઢંઢેરો પીટાવીને પ્રસિધ્ધ કરવાનું હું ફરમાવું છું.

મેં આજરોજ તા : ૦૧-૦૩-૨૦૧૭ના રોજ મારી સહી કરી સીક્કો કર્યો છે.

ભાવનગર, ૧ માહે માર્ચ, સને ૨૦૧૭.

**આર. પી. ચૌધરી,**
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
ભાવનગર.

---

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની
કલમ-૧૪૪ હેઠળનું

## જાહેરનામું

નં. : જે/એમએજી/ટ્યુશન કલાલીસ/પ્રતિબંધ/જા.નામું/ફા.નં.૩૧/૨૦૧૫.-રાજકોટ જિલ્લા ગ્રામ્ય વિસ્તારમાં ઘણાં સ્થળોએ વહેલી સવારના ટ્યુશન કલાસીસ શરૂ થાય છે. આ ટ્યુશન કલાસીસમાં વિદ્યાર્થીઓ/વિદ્યાર્થીનીઓ અભ્યાસ કરવા જાય છે. આગાઉ સુરત શહેરમાં વહેલી સવારના શૈક્ષણિક ટ્યુશન કલાસમાં જતા વિદ્યાર્થીનીની એકલતાનો લાભ લઈ ગંભીર પ્રકારનો ગુન્હો બનેલ છે. ભવિષ્યમાં રાજકોટ જિલ્લા ગ્રામ્ય વિસ્તારમાં પણ આવા પ્રકારના ગંભીર ગુન્હાઓ બનવા પામે નહીં અને શાંતિ તેમજ સલામતી જોખમાય નહીં તે હેતુસર જાહેરહીતમાં વિદ્યાર્થીનીઓની સલામતી માટે રાજકોટ શહેર પોલીસ કમિશ્નરેટ સિવાયના રાજકોટ જિલ્લા ગ્રામ્ય વિસ્તારમાં વહેલી સવારે કલાકે ૭:૦૦ વાગ્યા પહેલા તથા સાંજના કલાક ૮:૦૦ બાદ વિદ્યાર્થીનીઓના શૈક્ષણિક ટ્યુશન કલાસીસ શરૂ કરવા પર પ્રતિબંધ મુકવો જરૂરી જણાય છે.

વાસ્તે, હું, હર્ષદ વોરા, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, રાજકોટ જિલ્લા, રાજકોટ, ક્રિમિનલ પ્રોસીજર કોડ-૧૯૭૩ની કલમ-૧૪૪થી મને મળેલ સત્તાની રૂએ રાજકોટ જિલ્લાના રાજકોટ પોલીસ કમિશ્નરેટ વિસ્તાર સિવાયના રાજકોટ જિલ્લા ગ્રામ્ય વિસ્તારમાં સવારના ૦૭-૦૦ કલાક પહેલા તથા સાંજના કલાક ૦૮-૦૦ કલાક બાદ વિદ્યાર્થીનીઓ (Girl Student) ના શૈક્ષણિક ટ્યુશન કલાસીસ ચાલુ રાખવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

**અપવાદ :**

આ પ્રતિબંધ વિદ્યાર્થીઓ (Boys Student) ને લાગુ પડતો નથી.

**સમયમર્યાદા**

આ હુકમ તા. ૦૪-૦૩-૨૦૧૭ થી તા. ૦૩-૦૫-૨૦૧૭ સુધી અમલમાં રહેશે.

**સજા**

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

તમામને વ્યકિતગત રીતે આ નોટિસની બજવણી કરવી શકય ન હોય એકતરફી હુકમ કરૂ છું. આ હુકમ રાજકોટ રૂરલ જિલ્લામાં સમગ્ર વિસ્તારમાં સહેલાઈથી દેખાઈ આવે તેવા સ્થળોએ તેની નકલ ચોંટાડીને અને સદરહું વિસ્તારમાં ઢંઢેરો પીટાવીને અથવા લાઉડ સ્પીકર મારફતે તેની જાહેરાત આપીને અથવા રેડીયો ઉપર તેનું પ્રસારણ કરીને પ્રસિધ્ધ કરવાનું રહેશે.

આજ તા. ૨૭, માહે ફેબ્રુઆરી-૨૦૧૭ ના રોજ મારી સહી તથા સીક્કા હેઠળ હુકમ કર્યો.

રાજકોટ, ૨૭ માહે ફેબ્રુઆરી, સને ૨૦૧૭.

**હર્ષદ વોરા,**
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
રાજકોટ જિલ્લા,
રાજકોટ.

---

**ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪નાં નં. ૨)ની કલમ-૧૪૪ અન્વયેનું**

## જાહેરનામું

ક્રમાંકઃ મજસ-૩/સીસીટીવી કેમેરા જાહેરનામું/૨૦૧૭/વશી-૧૯૬૧ થી ૨૦૬૧.-હાલે રાજ્ય બહારની ગેંગ તથા અસામાજીક તત્વો દ્વારા રાજ્યમાં આવેલા સોનાના શો-રૂમ તથા જ્વેલર્સ (સોની) દુકાનોમાં ધાડ/લુંટ કરવાનાં ગુનાઓ દિન પ્રતિદિન વધી રહેલ છે. તેમજ સોનાના શો-રૂમ તથા જવેલર્સ (સોની) દુકાનોમાં ગ્રાહકો સોનાની ખરીદી કરીને જતાં હોય ત્યારે તેના પર હુમલો કરી સોનાની લુંટ કરવાના બનાવો બનતા હોય છે. જેથી સમગ્ર સુરેન્દ્રનગર જીલ્લા વિસ્તારમાં આવેલ તમામ સોનાના શો-રૂમ તથા જ્વેલર્સ(સોની) દુકાનોની અંદરના ભાગે તેમજ બહારના ભાગે રોડ પર આવતા જતા વ્યક્તિઓ સ્પષ્ટ રીતે દેખાઈ તેવા હાઈ ડેફીનેશન તથા નાઈટ વિઝન વાળા સી.સી.ટી.વી. કેમેરા વીથ રેકોર્ડીંગ સીસ્ટમ સાથે લગાવવા અંગેનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા પોલીસ અધિક્ષકશ્રીના તા. ૨૭-૦૨-૨૦૧૭ ના પત્ર ક્રમાંકઃ એલઆઈબી/જાહેરનામું/૨૭૭/૨૦૧૭ થી દરખાસ્ત થઈ આવેલ છે.

તેમજ અસામાજીક તત્વો દ્વારા દેશમાં અને રાજ્યમાં આવેલી જુદી જુદી બેંકોમાં ધાડ/લુંટ કરવાના અને એ.ટી.એમ. મશીનો તોડી અથવા આખા એ.ટી.એમ. ઉઠાવી જવાની પ્રવુતીના ગુનાઓ દિન પ્રતિદિન વધી રહેલ છે. તથા બેંકો માંથી ગ્રાહક પૈસા ઉપાડી નીકળતા હોય છે. ત્યારે બેંકોમાં અને બેંકોની બહાર ખીસ્સા કાપવાના બનાવો બનતા હોય છે. જેથી પોલીસ અધિકક્ષકશ્રીના તા.૨૭-૦૨-૨૦૧૭ ના પત્ર ક્રમાંકઃ એલઆઈબી/જાહેરનામું/૨૮૦/૨૦૧૭ થી બેંકો અને એ.ટી.એમ. મશીનના ધાડ/લુંટ/ચોરી અંગેના ગુના બનતા અટકાવવા અને બનેલ ગુનાઓ શોધવા માટે સહાયક પુરાવા તરીકે સી.સી.ટીવી. કેમેરા લગાવવા તથા સીક્યુરીટી ગાર્ડ રાખવા અતિ આવશ્યક જણાતુ હોવાથી સમગ્ર સુરેન્દ્રનગર જીલ્લા વિસ્તારમાં આવેલ તમામ બેંકો અને એ.ટી.એમ. મશીનના કેબીનોની બહાર તેમજ અંદરના ભાગે હાઈ ડેફીનેશન તથા નાઈટ વિઝન વાળા સી.સી.ટી.વી કેમેરા વીથ રેકોર્ડીંગ સીસ્ટમ સાથે ગોઠવવામાં તેમજ તમામ એ.ટી.એમ. મશીનોના કેબીનોમાં ફરજીયાત સીક્યુરીટી ગાર્ડ મુકવા અંગેનું જાહેરનામું બહાર પાડવા દરખાસ્ત થઈ આવેલ છે.

હાલની પરિસ્થિતિ ધ્યાને લેતા અત્રેના જીલ્લા/શહેરમાં ચોરી, લુંટફાટ, અને આંતકવાદી બનવો બનતા અટકાવવા, જાહેર જનતાની તથા સરકારી જાનમાલ (મિલ્કત)ની સલામતી અને સુરક્ષા માટે તથા કાયદો અને વ્યવસ્થાની પરીસ્થિતી જાળવવા જાહેર વ્યવસ્થાના હેતુ માટે પોલીસ અધિક્ષકશ્રી, સુરેન્દ્રનગર તરફથી કરવામાં આવેલી ઉપરોક્ત દરખાસ્ત અન્વયે અત્રેના જીલ્લામાં અમુક નિયંત્રણો / સુચનો અમલમાં મુકવાનું મને જરૂર જણાય છે.

વાસ્તે હું, ચંદ્રકાંત જી. પંડયા, (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, સુરેન્દ્રનગર જિલ્લો મને મળેલ અધિકારની રૂએ ફોજદારી કાર્યરીતિ અધિનિયમ (સી. આર.પી.સી.) સને (૧૯૭૪ ના નં. ૨) ની કલમ -૧૪૪ અન્વયે સમગ્ર સુરેન્દ્રનગર જીલ્લા/શહેરમાં આવેલ તમામ સોનાના શો-રૂમ તથા જ્વેલર્સની (સોની) દુકાનો તથા તમામ બેંકો અને એ.ટી.એમ. મશીનના કેબીનોની અંદરના ભાગે તેમજ બહારના ભાગે રોડ પર આવતા જતા વ્યક્તિઓ સ્પષ્ટ રીતે દેખાઈ તેવા હાઈ ડેફીનેશન તથા નાઈટ વિઝન વાળા ઉચ્ચ ગુણવતાવાળા સી.સી.ટી.વી. કેમેરા અને તેમાં ૧૫ દિવસ સુધી રોકોર્ડીંગ રહે તે મુજબની વ્યવસ્થા વાળા આથી આદેશ ફરમાવું છું.

આ જાહેરનામું સમગ્ર સુરેન્દ્રનગર જીલ્લામાં તા. ૦૨-૦૩-૨૦૧૭ થી તા. ૩૦-૦૪-૨૦૧૭ સુધી (બન્ને તારીખો સહિત)ના સમયગાળા દરમ્યાન અમલમાં રહેશે અને સુરેન્દ્રનગર જીલ્લાના તમામ વિસ્તારોમાં સહેલાઈથી દેખી શકાય, વાંચી શકાય તેવી જગ્યાએ તેની નકલો ચોટાડી અને તે વિસ્તારમાં પોલીસ લાઉડ સ્પીકર વાહનો દ્વારા સ્થાનિક વર્તમાન પત્રો મારફતે તેમજ ગુજરાત રાજ્યના અસાધારણ ગેઝેટમાં જાહેર કરીને પ્રસિધ્ધ કરવાનું ફરમાવું છું

જો કોઈ ઈસમ ઉપરોક્ત જાહેરનામાંનો ભંગ કરશે, તેમ કરવામાં મદદગારી કરશેતો ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ હેઠળ દંડ અને શિક્ષાને પાત્ર થશે.

આજ રોજ મારી સહી તથા કચેરીની મુદ્રા સાથે જાહેરનામું બહાર પાડવામાં આવ્યું.

સુરેન્દ્રનગર, ૩ માહે માર્ચ, સને ૨૦૧૭.

---

**ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ના નં.૨)ની કલમ-૧૪૪ અન્વયેનું**

## જાહેરનામું

ક્રમાંક : મજસ-૩/સીસીટીવી કેમેરા જાહેરનામું/૨૦૧૭-વશી-૨૧૬૩ થી ૨૨૬૨.-ગુપ્તચર સંસ્થાઓના વખતો-વખતના અહેવાલો તથા ભુતકાળમાં ત્રાસવાદીઓ/આતંકવાદીઓ/કટ્ટરવાદી સંગઠનો દ્વારા જયાં લોકોની વધુ સંખ્યામાં અવર- જવર રહેતી હોય અને ભેગા થતા હોય તેવી ભીડ ભાડવાળી જગ્યાએ શ્રેણીબધ્ધ બોમ્બ વિસ્ફોટો કરી મોટી સંખ્યામાં જાનહાની તેમજ માલ મિલકતોને નુકસાન કરવામાં આવે છે. સામાન્ય રીતે આવા ગંભીર ગુન્હા આચરતા તત્વો/પરપ્રાંતીય ગેંગના સભ્યો પડોશી રાજયના બોર્ડર ધરાવતા જિલ્લાઓમાંથી આવતા હોય છે અને હાઈવે કે જિલ્લાના મુખ્ય માર્ગો પર આવેલ હોટલોમાં રોકાતા હોય છે તથા ગુનો કરતી વેળાએ વાહનોનો ઉપયોગ કરતા હોય છે તેમજ ગુનો કર્યા બાદ હાઈવે પરના કે જિલ્લાના મુખ્ય રોડ પર આવેલ પેટ્રોલપંપ ઉપર પોતાના વાહનોમાં પેટ્રોલ/ડીઝલ ભરાવે છે તથા ગુનો કરવા આવે ત્યારે કે પરત જતી વેળાએ હાઈવે ઉપર ચા-નાસ્તો કરવા કે જમવા માટે હોટલ પર રોકાતા હોય છે અને પોતાની ત્રાસવાદી/અસામાજિક પ્રવૃતિને અંજામ આપી હાઈવે કે જિલ્લાના મુખ્ય માર્ગોએથી વાહનો લઈ ભાગી જતા હોય આ પ્રકારના ગંભીર અનડીટેકટેડ ગુનાઓ આચરતા ગુનેગારને પકડવાનું કામ મુશ્કેલ બને છે.

જેથી અત્રેના જિલ્લા/શહેરમાં થતી ધાડ, લુંટ અને ચોરીના ગુના અટકાવવા માટે તથા વણશોધાયેલ ગુનાઓ શોધવા, લોકોના જાનમાલની રક્ષા તેમજ તેમને સુરક્ષા પુરી પાડવા તથા ગુનેગારો અને ગુનામાં વપરાયેલ વાહનો આઈડેન્ટીફાઈ થઈ શકે, ગુનો ડીટેકટ કરવામાં સરળતા રહે અને ગુનેગારોની વિરૂધ્ધમાં સબળ પુરાવો કોર્ટ સમક્ષ રજુ કરી શકાય તે હેતુથી અત્રેના જિલ્લા/શહેરમાં આવેલ હાઈવે ઉપરના તમામ પેટ્રોલપંપ, તમામ ટોલ પ્લાઝા અને રહેવા-જમવાની સગવડ હોય તેવી તમામ મોટી હોટલો તથા ગેસ્ટહાઉસમાં સી.સી.ટી.વી. કેમેરા (નાઈટ વીઝન તથા હાઈ ડેફીનેશન) વીથ રેકોર્ડીંગ સીસ્ટમ નીચે જણાવેલ પ્રમાણે રાખવા પોલીસ અધિક્ષકશ્રી, સુરેન્દ્રનગરના તા. ૨૭-૦૨-૨૦૧૭ ના પત્ર ક્રમાંકઃ એલઆઈબી/જાહેરનામું/૨૭૮/૧૭ થી દરખાસ્ત થઈ આવેલ છે.

(૧) જ્યારે કોઈ વ્યક્તિ હોટલ પર ચા-નાસ્તો કરવા કે જમવા આવે ત્યારે ભોજનકક્ષ તથા હોટલની બાજુમાં આવેલ દુકાનો ઉપર ગાડીના નંબર દેખાય તે રીતે કેમેરા ગોઠવવા તથા ભોજનકક્ષમાં બેઠેલ વ્યક્તિઓનું રેકોર્ડીંગ થઈ શકે તથા હોટલમાં આવતી જતી વ્યક્તિઓ તથા વાહનોની ઓળખ થઈ શકે તે રીતે પુરતી સંખ્યામાં કેમેરા ગોઠવવા.

(૨) હાઈવે પર આવેલ પેટ્રોલપંપના ફીલીંગ સ્ટેશન ઉપર તથા પેટ્રોલપંપની બાજુમાં આવેલ દુકાનો ઉપર ગાડીના નંબર દેખાય તે રીતે અને ડ્રાઈવર તથા તેની બાજુમાં બેઠેલ વ્યક્તિનું રેકોર્ડીંગ થઈ શકે તે રીતે પુરતી સંખ્યામાં કેમેરા ગોઠવવા.

(૩) હાઈવે પર આવેલ તમામ ટોલ પ્લાઝા ઉપર આવતા જતા દરેક વાહનોના નંબર દેખાય તથા વાહનમાં બેઠેલ વ્યક્તિઓની ઓળખ થઈ શકે તે રીતે પુરતી સંખ્યામાં કેમેરા ગોઠવવા.

(૪) આ સી.સી.ટી.વી. કેમેરા રાત્રી દરમ્યાન પણ રેકોર્ડીંગ કરી શકે તે પ્રકારના ઉચ્ચ ગુણવત્તાવાળા અને તેમાં ૧૫ દિવસ સુધી રેકોર્ડીંગ રહે તે મુજબની વ્યવસ્થાવાળા હોવા જોઈએ.

હાલની પરિસ્થિતિ ધ્યાને લેતા અત્રેના જિલ્લા/શહેરમાં ચોરી, લુટફાટ અને આંતકવાદી બનાવો બનતા અટકાવવા, જાહેર જનતાની જાનમાલ (મિલકત)ની સલામતી અને સુરક્ષા માટે તથા કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જાળવવા અને જાહેર વ્યવસ્થાના હેતુ માટે પોલીસ અધિક્ષકશ્રી, સુરેન્દ્રનગર તરફથી કરવામાં આવેલ ઉપરોક્ત વિગતેની દરખાસ્ત અન્વયે અત્રેના જિલ્લામાં અમુક નિયંત્રણો/સુચનો અમલમાં મુકવાનું મને જરૂરી જણાય છે.

વાસ્તે હું, ચંદ્રકાંત જી. પંડયા, (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, સુરેન્દ્રનગર જિલ્લો, મને મળેલ અધિકારની રૂએ ફોજદારી કાર્યરીતિ અધિનિયમ (સી.આર.પી.સી.) સને-૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨)ની કલમ-૧૪૪ અન્વયે સમગ્ર સુરેન્દ્રનગર જિલ્લા/શહેરમાં આવેલ તમામ હોટલ/રેસ્ટોરંટો કે જ્યા ચા પાણી, નાસ્તા, ભોજન અને રહેણાંકની સુવિધા હોય, તમામ પેટ્રોલપંપ, તમામ ટોલ પ્લાઝા શોપીંગ મોલ/કોમ્પલેક્ષ, સરકારી હોસ્પિટલ તેમજ ખાનગી હોસ્પિટલ, સરકારી રેસ્ટ હાઉસ, જ્યાં મુસાફરોને રોકાવવાની સગવડ પુરી પાડવામાં આવતી હોય તે તમામ

ધર્મશાળા/કલબો/મુસાફિરખાના/બસ સ્ટેશન, રેલ્વે સ્ટેશનોમાં પુરતી સંખ્યામાં સી.સી.ટી.વી. કેમેરા (નાઈટ વીઝન તથા હાઈ ડેફીનેશન) વીથ રેકોર્ડીંગ સીસ્ટમ એ પ્રકારે રાખવા કે જેથી વ્યક્તિ કે વાહન આઈડેન્ટીફાઈ થઈ શકે. તેમજ આ કેમેરા રાત્રી દરમ્યાન પણ રેકોર્ડીંગ કરી શકે તેવી ઉચ્ચ ગુણવત્તાવાળા અને તેમાં ૧૫ દિવસ સુધી રેકોર્ડીંગ રહે તે રીતે મુજબની વ્યવસ્થાવાળા રાખવા આથી આદેશ ફરમાવું છું.

આ જાહેરનામું સમગ્ર સુરેન્દ્રનગર જિલ્લામાં તા. ૦૨-૦૩-૨૦૧૭ થી તા. ૩૦-૦૪-૨૦૧૭ સુધી (બંને તારીખો સહિત)ના સમયગાળા દરમ્યાન અમલમાં રહેશે અને સુરેન્દ્રનગર જિલ્લાના તમામ વિસ્તારોમાં સહેલાઈથી દેખી શકાય, વાંચી શકાય તેવી જગ્યાએ તેની નકલો ચોંટાડી અને તે વિસ્તારમાં પોલીસ લાઉડસ્પીકર વાહનો દ્વારા, સ્થાનિક વર્તમાનપત્રો મારફતે તેમજ ગુજરાત રાજ્યના અસાધારણ ગેઝેટમાં જાહેર કરીને પ્રસિધ્ધ કરવાનું ફરમાવું છું.

જો કોઈ ઈસમ ઉપરોક્ત જાહેરનામાનો ભંગ કરશે, તેમ કરવામાં મદદગારી કરશે તો ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ હેઠળ દંડ અને શિક્ષાને પાત્ર થશે.

આજ રોજ મારી સહી તથા કચેરીની મુદ્રા સાથે જાહેરનામું બહાર પાડવામાં આવ્યું.

સુરેન્દ્રનગર, ૩ માહે માર્ચ, સને ૨૦૧૭.

---

### ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૩) હેઠળનું

### જાહેરનામું

ક્રમાંક : મજશ-૩/સભા સરઘસબંધી જા.નામું/૨૦૧૭/વશી-૨૩૬૪ થી ૨૪૬૪.-સુરેન્દ્રનગર જિલ્લામા હાલની કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ ધ્યાને રાખી સુરેન્દ્રનગર જિલ્લાના તમામ પોલીસ સ્ટેશન વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ સારી રીતે જળવાઈ રહે તે હેતુસર પોલીસ અધિક્ષકશ્રી, સુરેન્દ્રનગરના તા. ૧૩-૦૨-૨૦૧૭ ના પત્ર ક્રમાંક : એલઆઈબી/જા.પ્ર./૨૮૨/૨૦૧૭ થી ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૩) હેઠળનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા દરખાસ્ત થઈ આવેલ છે. તાજેતરની પરિસ્થિતિમાં જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ સારી રીતે જળવાઈ રહે તે માટે જાહેર વ્યવસ્થાના હેતુ માટે પાંચ કે તેથી વધુ લોકોએ ભેગા થવા ઉપર તથા સભાસરઘસ યોજવા મનાઈ ફરમાવવી મને જરૂરી જણાય છે.

વાસ્તે, હું, ચંદ્રકાંત જી. પંડયા, (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, સુરેન્દ્રનગર જિલ્લો, સુરેન્દ્રનગર, મને મળેલ અધિકારની રૂએ ગુજરાત પોલીસ અધિનિયમ–૧૯૫૧નાં ૨૨ માંની કલમ-૩૭(૩) અન્વયે અમોને મળેલ અધિકારની રૂએ સુરેન્દ્રનગર જિલ્લાના સમગ્ર વિસ્તારમાં તારીખ : ૦૨-૦૩-૨૦૧૭ થી તારીખ : ૦૧-૦૩-૨૦૧૭ સુધી (બંન્ને તારીખો સહીત)ના સમયગાળા દરમ્યાન નગરપાલિકા વિસ્તારમાં સંબંધિત સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી તથા ગ્રામ્ય વિસ્તારમાં મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટશ્રીની અગાઉથી મંજુરી મેળવ્યા સિવાય પાંચ કે તેથી વધુ લોકોએ ભેગા થવા ઉપર તથા સભા સરઘસ યોજવાની મનાઈ ફરમાવું છું.

આ પ્રતિબંધ લગ્નનાં વરઘોડા, સ્મશાનયાત્રા તથા શોભાયાત્રાની પુર્વ મંજુરી મેળવેલ હશે તેને લાગુ પડશે નહીં.

આ જાહેરનામું સુરેન્દ્રનગર જિલ્લાના તમામ વિસ્તારોમાં સહેલાઈથી દેખી શકાય, વાંચી શકાય તેવી જગ્યાએ તેની નકલો ચોંટાડીને અને તે વિસ્તારમાં પોલીસ લાઉડસ્પીકર વાહનો દ્વારા, સ્થાનિક વર્તમાનપત્રો મારફતે તેમજ ગુજરાત રાજ્યના અસાધારણ ગેઝેટમાં જાહેર કરીને પ્રસિધ્ધ કરવાનું ફરમાવું છું.

જો કોઇ ઇસમ ઉપરોક્ત હુકમનો ભંગ કરશે અગર ભંગ કરવામાં મદદગારી કરશે તો આવા ઈસમો ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૫ હેઠળ દંડ અને શિક્ષાને પાત્ર થશે.

આજ રોજ મારી સહી તથા કચેરીની મુદ્રા સાથે જાહેરનામું બહાર પાડવામાં આવેલ છે.

સુરેન્દ્રનગર, ૩ માહે માર્ચ, સને ૨૦૧૭.

---

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ ના નં. ૨)ની કલમ-૧૪૪ અન્વયેનું

## જાહેરનામું

ક્રમાંક : મજસ-૩/મકાન ભાડા જાહેરનામું/૨૦૧૭/વશી-૨૦૬૨ થી ૨૧૬૨.-ત્રાસવાદી/અસામાજિક તત્વો શહેરોમાં તેમજ ગીચ વસ્તીવાળા વિસ્તારોમાં ગુપ્ત આશરો મેળવી જાહેર સલામતી અને શાંતિનો ભંગ કરે છે તેમજ આંતકવાદી પ્રવૃતિ કરે છે. જેથી મોટી માનવ જિંદગીની ખુવારી થાય છે અને જાહેર તેમજ લોકોની સંપતિને નુકસાન પહોંચાડે છે અને આ વિસ્તારનો સર્વે કરી સ્થાનિક પરિસ્થિતિથી માહિતગાર થઈને તેઓની ત્રાસવાદી/અસામાજિક પ્રવૃતિને અંજામ આપતા હોય છે. જેથી તકેદારીના ભાગ રૂપે ભાડેથી મકાન આપતા મકાન માલીકો તેમજ આવા મકાન માલિકે ખાસ સત્તા આપેલ વ્યક્તિ ઉપર થોડા ઘણા અંશે નિયંત્રણ મુકવાનું હાલના સંજોગોમાં જરૂરી બની ગયેલ હોય પોલીસ અધિક્ષકશ્રી, સુરેન્દ્રનગરના પત્ર ક્રમાંક : એલઆઈબી/જાહેરનામુ/૨૭૯/૨૦૧૭, તા. ૨૭-૦૨-૨૦૧૭ થી દરખાસ્ત થઈ આવેલ છે. હાલના સંજોગોમાં પોતાના મકાન ભાડે આપતા મકાન માલીકો તેમજ આવા મકાન માલિકે ખાસ સત્તા આપેલ વ્યક્તિ ઉપર નિયંત્રણ મુકવું મને જરૂરી જણાય છે.

વાસ્તે હું, **ચંદ્રકાંત જી. પંડયા (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, સુરેન્દ્રનગર જિલ્લો,** મને મળેલ અધિકારની રૂઈએ ફોજદારી કાર્યરીતિ અધિનિયમ (સી.આર.પી.સી.) સને ૧૯૭૩-૧૯૭૪ના નં. ૨)ની કલમ-૧૪૪ અન્વયે સુરેન્દ્રનગર જિલ્લા વિસ્તારમાં કોઈ મકાન માલીક અગર તો આ માટે આવા મકાન માલીક કે ખાસ સત્તા આપેલ વ્યક્તિ, જ્યારે મકાન ભાડે આપે ત્યારે તે વિસ્તારના સબંધિત પોલીસ સ્ટેશને જાણ કર્યા સિવાય કોઈ વ્યક્તિને મકાન ભાડે આપી શકશે નહીં. મકાન માલીકે ભાડે આપેલ મકાનની વિગત, ભાડુઆત અને સબંધિત દલાલ કે જેઓએ ભાડુઆતની ઓળખાણ આપેલ હોય તે અંગેની જરૂરી માહિતી નીચેના કોલમો મુજબની જે તે વિસ્તારના પોલીસ સ્ટેશન ખાતે આપવાની રહેશે.

| અ.નં. | મકાન માલીકનું નામ તથા ભાડે આપેલ મકાનની વિગત કયા વિસ્તારમાં આવેલ છે તેની પુરેપુરી વિગત તથા કેટલા ચોરસ મીટર બાંધકામ | મકાન ભાડે આપવા સત્તા ધરાવતા વ્યકિતનું નામ | મકાન ભાડે આપ્યાની તારીખ તથા માસિક ભાડાની રકમ રૂ. | કોઈ વ્યકિતઓને ભાડે આપેલ છે. તેમના પાકા નામ સરનામા ફોટા સાથે આપવા | મકાન માલિકને ભાડુઆતનો સંપર્ક કરાવનાર દલાલ/ઓળખાણ આપનાર વ્યક્તિનું નામ સરનામું |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |

આ જાહેરનામું સમગ્ર સુરેન્દ્રનગર જિલ્લામાં તા. ૦૨-૦૩-૨૦૧૭ થી તા. ૩૦-૦૪-૨૦૧૭ સુધી (બંને તારીખો સહિત) ના સમયગાળા દરમ્યાન અમલમાં રહેશે અને સુરેન્દ્રનગર જિલ્લાના તમામ વિસ્તારોમાં સહેલાઈથી દેખી શકાય, વાંચી શકાય તેવી જગ્યાએ તેની નકલો ચોટાડી અને તે વિસ્તારમાં લાઉડ સ્પીકર, વાહનો દ્વારા સ્થાનિક વર્તમાનપત્રો મારફતે તેમજ ગુજરાત રાજ્યના અસાધારણ ગેઝેટમાં જાહેર કરીને પ્રસિધ્ધ કરવાનું ફરમાવું છું.

જો કોઈ ઈસમ ઉપરોક્ત જાહેરનામાનો ભંગ કરશે, તેમ કરવામાં મદદગારી કરશે તો ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ હેઠળ દંડ અને શિક્ષાને પાત્ર થશે.

આજ રોજ મારી સહી તથા કચેરીની મુદ્રા સાથે જાહેરનામું બહાર પાડવામાં આવ્યું.

સુરેન્દ્રનગર, ૩ માહે માર્ચ, સને ૨૦૧૭.

**ચંદ્રકાંત જી. પંડયા,**
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
સુરેન્દ્રનગર જિલ્લો.

---

## પોલીસ કમિશ્નર દ્વારા

### ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ હુકમ

## જાહેરનામું

ક્રમાંક : એસ.બી./જાહેરનામું/૭૩૩/૨૦૧૭.-રાજ્યમાં બનતા ગુન્હાઓમાં મોબાઈલ ફોનના ઉપયોગ થાય છે. તેમજ મોબઈલ ચોરીના ગુન્હાઓનું પ્રમાણ વધવા પામેલ છે. આવા ગુન્હાઓ શોધી કાઢવા માટે ગુન્હામાં વપરાયેલ અથવા ગયેલ મોબાઈલ ફોનના IMEI નંબરનું ટ્રેકીંગ કરીને ગુન્હાના મુળ સુધી પહોંચવા પ્રયત્નો કરવામાં આવે છે.

ઘણી વખતે મોબાઈલ ફોનના વપરાશકર્તા સુધી પહોંચવામાં આવે ત્યારે જાણવા મળે છે કે, તેમણે કોઈ અજાણ્યા માણસ પાસેથી મોબાઈલ ખરીદેલ છે જે મોબાઈલ વહેંચનાર/ખરીદ કરનારને ચોરાયેલ અથવા ગુન્હામાં વપરાયેલ હોવાની માહિતી હોતી નથી. અને મોબાઈલ ટ્રેકીંગ કરી અને ગુન્હાના મુળ સુધી પહોંચે ત્યારે એવું જાણવા મળે છે કે મોબાઈલ કોઈ અજાણી વ્યક્તિએ આપેલ છે. અને તેને હું ઓળખતો નથી તેમ જાણવા મળે છે જેથી તપાસમાં કોઈ ફળદાયક હકિકત મળતી નથી. આ બાબતે કોઈ વ્યક્તિઓ મોબાઈલ/સીમકાર્ડ હેન્ડ સેટ વગેરે વગર ઓળખકાર્ડ અથવા કોઈ પણ ઓળખપત્ર વગર લેનાર/વેંચનારની જવાબદારી નક્કી કરવી અને પ્રસ્તુત બાબતે આવા ગુન્હાઓના મુળ સુધી પહોંચી સાચા આરોપીઓને શોધી કાઢવા માટે જુના મોબાઈલના વપરાશકારે તે મોબાઈલ કોની પાસેથી ખરીદ્યો અથવા કોને વેંચ્યો તે જાણવું જરૂરી જણાય છે.

વસ્તે હું, અનુપમ સિંહ ગહલૌત, (I.P.S.) પોલીસ કમિશ્નર, રાજકોટ શહેર, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ (સી.આર.પી.સી.)–૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨)ની કલમ–૧૪૪ અન્વયે અમોને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂ છુ કે, રાજકોટ શહેર પોલીસ કમિશ્નરેટ વિસ્તારમાં જુના મોબાઈલ લે-વેંચ કરનાર વેપારીઓએ મોબાઈલ લેતા પહેલા મોબાઈલ વેંચનારનું પુરેપુરૂ નામ, સરનામું અને મોબાઈલ નંબર સાથેની વિગત રજીસ્ટરમાં કાયમી ધોરણે રાખવાની રહેશે અને મોબાઈલ વેંચનારના રહેણાંકના તથા ફોટો આઈ.ડી.ના પુરાવા મેળવવાના રહેશે જ્યારે જુના મોબાઈલ વેંચતી વખતે મોબાઈલ ખરીદનારનું પુરેપુરૂ નામ, સરનામું, મોબાઈલ નંબરની વિગત રજીસ્ટરમાં નોંધવાની રહેશે. અને મોબાઈલ લેનારને પોતાનું રહેણાંકના સરનામાનું પ્રુફ તથા ફોટો આઈ.ડી. પ્રુફ આપવાનું રહેશે. અને તે માટે નીચે દર્શાવ્યા મુજબના કોલમ વાઈઝ રજીસ્ટરો નિભાવવામાં આવે તે જરૂરી છે.

**જુના મોબાઈલ ગ્રાહક પાસેથી ખરીદતી વખતે તથા જુના મોબાઈલ ગ્રાહકને વેંચતી વખતે વેપારીએ નિભાવવાનું રજીસ્ટર**

| અ.નં. | મોબાઈલની વિગત/કંપની | IMEI NO. | મોબાઈલ વેંચનાર/ખરીદનારનું પુરૂનામ, સરનામુ તથા મોબાઈલ નંબરની વિગત | ID પ્રુફની વિગત |
|---|---|---|---|---|
| | | | | |

આ હુકમ તા. ૧૫-૦૩-૨૦૧૭ થી તા. ૧૪-૦૫-૨૦૧૭ સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય દંડ સંહિતાની કલમ–૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

તમામને વ્યકિતગત રીતે નોટીસની બજવણી કરવી શકય ન હોઈ આથી એકતરફી હુકમ કરૂ છું. જાહેર જનતાની જાણ સારૂ સ્થાનિક વર્તમાન પત્ર આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર મારફતે પ્રસિધ્ધ દ્વારા તથા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સપેકટર, મદદનીશ પોલીસ કમિશ્નર, નાયબ પોલીસ કમિશ્નર તથા પોલીસ કમિશ્નર કચેરીના નોટીસ બોર્ડ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધ કરવામાં આવશે. તેમજ સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધ કરવામાં આવશે. ગુજરાત પોલીસ એકટ કલમ ૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજ તારીખ ૦૪ માહે માર્ચ-૨૦૧૭ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

રાજકોટ ૦૪ માહે માર્ચ, સને ૨૦૧૭.

---

**સી.આર.પી.સી. ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ હુકમ**

## જાહેરનામું

ક્રમાંક : એસ.બી./જાહેરનામું/૭૨૮/૨૦૧૭.-ભુતકાળમાં ગુજરાત રાજ્યમાં અમદાવાદ, મોડાસા શહેર તેમજ બેંગ્લોર અને દિલ્હી શહેરમાં આંતકવાદી સંગઠનો દ્વારા શ્રેણીબધ્ધ બોમ્બ વિસ્ફોટો કરવામાં આવેલ છે. જે તમામ બનાવોને જોતા જાહેર જગ્યાઓ ઉપર બોમ્બ વિસ્ફોટ કરવા માટે ખાસ કરીને સાયકલ તથા ટુ વ્હીલર ઉપર ટીફીન બોક્ષ તથા અન્ય સામાનમાં વિસ્ફોટક સામગ્રી રાખી બોમ્બ ધડાકા કરવામાં આવેલ છે. આવા બોમ્બ વિસ્ફોટો જ્યાં લોકોની વધુ સંખ્યામાં અવરજવર હોય અને ભેગા થતા હોય તેવી ભીડભાડવાળી જગ્યાએ કરવામાં આવેલ છે. જે બનાવોને ધ્યાને લેતા રાજકોટ શહેરની જનતાએ પણ સુરક્ષાની રીતે આવી જાહેર જગ્યાઓ ઉપર ટીફીન બોક્ષ અગર અન્ય કોઈ સામાન સાથે સાયકલ તથા ટુ વ્હીલર કોઈપણ વ્યકિતની દેખરેખ સીવાય જાહેર જગ્યાએ મુકવુ હિતાવહ નથી. જેથી આવા આંતકવાદીઓના હિંસાત્મક કૃત્યોને રોકવા માટે નીચેના કૃત્યો ઉપર પ્રતિબંધ મુકવો મને જરૂરી જણાય છે.

જેથી હું, અનુપમ સિંહ ગહલૌત, (I.P.S.), પોલીસ કમિશ્નર, રાજકોટ શહેર, ગુજરાત સરકારના ગૃહ વિભાગના તા. ૮-૧૧-૮૨ના નોટીફીકેશન નંબરઃ જીજી/૪૨૨/સીઆરસી/૧૦૮૨/એમ તથા ગૃહ વિભાગના તા. ૭-૧-૧૯૮૯ ના સંકલીત જાહેરનામા નંબરઃ જીજી/ફકઅ/૧૦૮૮/૬૭૫૦/મ અન્વયે ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે,

**પ્રતિબંધિત કૃત્યો :**

(૧) ટીફીન બોકસ કે અન્ય કોઈ સામાન સાથેના સાયકલ તથા ટુ વ્હીલર વાહનો જાહેર રસ્તા/રોડ તથા ફુટપાથ ઉપર કોઈ વ્યક્તિની દેખરેખ સીવાય (નધણીયાતી રીતે) બીનવારસી મુકવા ઉપર.

**પ્રતિબંધિત વિસ્તાર :**

રાજકોટ શહેર પોલીસ કમિશ્નરની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

**પ્રતિબંધિત સમય :**

આ હુકમ તા. ૧૦-૦૩-૨૦૧૭ થી કલાક ૦૦-૦૦ થી તા. ૦૯-૦૫-૨૦૧૭ કલાક ૨૪-૦૦ સુધી અમલમાં રહેશે.

**સજા :**

ઉપરોક્ત પ્રતિબંધિત કૃત્ય મુજબ ટીફીન બોકસ કે અન્ય કોઈ સામાન સાથેના સાયકલ તથા ટુ વ્હીલર વાહનો જાહેર જગ્યા/રસ્તા તથા ફુટપાથ ઉપર કોઈ વ્યક્તિની દેખરેખ સીવાય (નધણીયાતી રીતે) બીનવારસી હાલતમાં મળી આવશે તો તે સાયકલ, ટુ વ્હીલર તથા ટીફીન બોકસ કે અન્ય કોઈ સામાન પોલીસ તપાસ અર્થે કબ્જે લઈ શકશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહીતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

તમામને વ્યક્તિગત રીતે આ નોટિસની બજવણી કરવી શક્ય ન હોય આથી એકતરફી હુકમ કરૂં છું. જાહેર જનતાની જાણ સારૂ સ્થાનીક વર્તમાનપત્ર, આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર મારફતે પ્રસિધ્ધી દ્વારા તથા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેકટર, મદદનીશ પોલીસ કમિશ્નર, નાયબ પોલીસ કમિશ્નર તથા પોલીસ કમિશ્નર કચેરીના નોટિસ બોર્ડ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધી કરવામાં આવશે. તેમજ સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધી કરવામાં આવશે. ગુજરાત પોલીસ એક્ટ કલમ-૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજ તારીખઃ ૦૪ માહે માર્ચ-૨૦૧૭ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

રાજકોટ, ૪ માહે માર્ચ, સને ૨૦૧૭.

---

**સી.આર.પી.સી.-૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ હુકમ**

## જાહેરનામું

ક્રમાંક : એસબી./જાહેરનામું/૭૨૯/૨૦૧૭.-ગુપ્તચર સંસ્થાઓના વખતો વખતના અહેવાલો તથા ભુતકાળમાં આતંકવાદીઓ દ્વારા અમદાવાદ, મોડાસા, બેંગ્લોર અને દિલ્હી શહેરોમાં શ્રેણીબધ્ધ બોમ્બ ધડાકાઓ કરી મોટી સંખ્યામાં જાનહાની તેમજ માલ મિલ્કતોને નુકશાન કરવામાં આવેલ હતું. તેમજ અગાઉ તા. ૨૬-૧૧-૦૮ના રોજ પણ મુંબઈ શહેર ખાતે અલગ અલગ સ્થળોએ આંતકવાદી હુમલાના બનાવો બનેલ છે. તેમજ સુરત શહેર ખાતેથી બોમ્બ તથા બોમ્બ બનાવવાની સાધન સામગ્રી મળી આવેલ છે. જે જોતાં આતંકવાદી/ત્રાસવાદી તત્વોએ પોતાના મલીન ઈરાદાને અંજામ આપવા માટે સાયકલો તથા ટુ વ્હીલર વાહનો ઉપર સ્ફોટક પદાર્થો રાખી ભીડભાડવાળી જગ્યાઓમાં આવા સાયકલો તથા ટુ વ્હીલર વાહનોમાં બોમ્બ રાખી બ્લાસ્ટ કરી આંતકવાદી/ત્રાસવાદી કૃત્યોને અંજામ આપેલ છે. જેના કારણે સાયકલો, સ્કુટરો તથા મોટર સાયકલો જેવા ટુ વ્હીલર વાહનો વેંચનારા વેપારીઓ અને ખરીદનાર વ્યકિતની ઓળખ થઈ શકે અને ત્રાસવાદી કૃત્ય આચરનાર ગુનેગારો સુધી પહોંચી શકાય. આમ સાયકલો, સ્કુટરો તથા મોટર સાયકલો જેવા ટુ વ્હીલર વાહનો વેચનારાઓ ઉપર જાહેર વ્યવસ્થા, શાંતી, સલામતી અને દેશની સુરક્ષાના પરીપ્રેક્ષ્યમાં થોડા સુચનો અમલમાં મુકવાનું જરૂરી જણાય છે.

જેથી હું, અનુપમસિંહ ગહલૌત, (I.P.S.), પોલીસ કમિશ્નર, રાજકોટ શહેર, ગુજરાત સરકારના ગૃહ વિભાગના તા. ૮-૧૧-૮૨ના નોટીફીકેશન નંબર : જીજી/૪૨૨/સીઆરસી/૧૦૮૨/એમ તથા ગૃહ વિભાગના તા. ૭-૧-૧૯૮૯ના સંકલીત જાહેરનામા

નંબર : જીજી/ફકઅ/૧૦૮૮/૬૭૫૦/મ અન્વયે ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨)ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે,

રાજકોટ શહેર પોલીસ કમિશ્નરેટ વિસ્તારમાં સાયકલ, સ્કુટર તથા મોટર સાયકલ જેવા ટુ વ્હીલર વેચનારા વેપારી અથવા તે અંગેની દુકાનો ધરાવનારા માલીકો, મેનેજરો, સંચાલકો, એજન્ટોએ જ્યારે જ્યારે આવા સાયકલ, સ્કુટર તથા મોટર સાયકલ જેવા બીજા ટુ વ્હીલર વાહનો વેચવામાં આવે ત્યારે તેઓએ નીચે મુજબની સુચનાઓનું/હુકમનું અવશ્ય પાલન કરવું.

(૧) સાયકલ, સ્કુટર અને મોટર સાયકલ જેવા બીજા ટુ વ્હીલર વાહનો ખરીદનારાને અવશ્ય બીલ આપવું અને તેની સ્થળપ્રત કબ્જામાં રાખવી.

(૨) સાયકલ, સ્કુટર તથા મોટર સાયકલ જેવા ટુ વ્હીલર વેચનારા વેપારી અથવા તે અંગેની દુકાનો ધરાવનારા માલીકો, મેનેજરો, સંચાલકો, એજન્ટોએ જ્યારે જ્યારે સાયકલ, સ્કુટર કે મોટર સાયકલનું વેચાણ કરે ત્યારે તેણે સાયકલ, સ્કુટર, કે મોટર સાયકલનું ખરીદનાર ગ્રાહકનું ડ્રાઈવિંગ લાયસન્સ, પાનકાર્ડ, ઈલેકશન કાર્ડ, રેશન કાર્ડ કે જે જગ્યાએ નોકરી કરતા હોય તો તે જગ્યાનું ઓળખપત્ર, શૈક્ષણિક સંસ્થાનું પ્રમાણપત્ર કે સ્થાનીક અગ્રણીઓ જેવા કે, મ્યુનિસિપલ કોર્પોરેટર, ધારાસભ્યશ્રી, સંસદસભ્યશ્રી, કોઈપણ ખાતાના તરફથી મેળવેલ ઓળખ પત્રક/પ્રમાણપત્ર પૈકી કોઈપણ એક પુરાવો ઓળખ માટે ગ્રાહક પાસેથી મેળવવાનો રહેશે.

(૩) વેંચાણ બીલમાં સાયકલ, સ્કુટર કે મોટર સાયકલ ખરીદનારનું પુરુ નામ, સરનામું સંપર્ક માટે ટેલીફોન/મોબાઈલ નંબર લખવો.

(૪) વેચાણ બીલમાં સાયકલ, સ્કુટર કે મોટર સાયકલ જેવા બીજા ટુ વ્હીલર વાહનનો ફ્રેમ નંબર, ચેસીસ નંબર, એન્જીન નંબર અવશ્ય લખવો.

(૫) સાયકલ, સ્કુટર કે મોટર સાયકલ જેવા બીજા ટુ વ્હીલર વાહનો વેચાણ અંગેના રેકર્ડ ચકાસણી માટે વેચાણકર્તા પાસે કોઈપણ પોલીસ અધિકારી/પોલીસ કર્મચારી તરફથી માગણી કરવામાં આવે ત્યારે ઉપર મુજબની માહીતી/રેકર્ડ ચકાસણી માટે રજુ કરવાનું રહેશે.

**અમલવારીનો સમય**

આ હુકમ તા. ૧૦-૦૩-૨૦૧૭ થી કલાક ૦૦-૦૦ થી તા. ૦૯-૦૫-૨૦૧૭ કલાક ૨૪-૦૦ સુધી અમલમાં રહેશે.

**સજા**

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહીતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

તમામને વ્યક્તિગત રીતે આ નોટિસની બજવણી કરવી શક્ય ન હોય આથી એકતરફી હુકમ કરૂં છું. જાહેર જનતાની જાણ સારૂ સ્થાનીક વર્તમાનપત્ર, આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર મારફતે પ્રસિધ્ધી દ્વારા તથા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેકટર, મદદનીશ પોલીસ કમિશ્નર, નાયબ પોલીસ કમિશ્નર તથા પોલીસ કમિશ્નર કચેરીના નોટિસ બોર્ડ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધી કરવામાં આવશે. તેમજ સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધી કરવામાં આવશે. ગુજરાત પોલીસ એક્ટ કલમ-૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજ તારીખ : ૦૪ માહે માર્ચ-૨૦૧૭ ના રોજ મારી સહી સિક્કો કરી આપેલ છે.

રાજકોટ, ૪ માહે માર્ચ, સને ૨૦૧૭.

---

## ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયેનું

## જાહેરનામું

ક્રમાંક : એસબી/જાહેરનામું/૭૩૦/૨૦૧૭.-આતંકવાદીઓ તરફથી આતંકવાદી ઘટનાઓને અંજામ આપવા તથા ખુન/ધાડ/લુંટ જેવા જધન્ય અપરાધ આચરવા માટે, ગુન્હો કરતા પહેલા કે આંતકવાદી કૃત્યને અંજામ આપતા પહેલા એકત્ર થવા અને આંતકવાદી કૃત્યને અંજામ આપ્યા બાદ ફરાર થઈ જવા માટે અને ગુન્હેગારો સાથે સંપર્ક જાળવી રાખવામાં સંદેશા વ્યવહાર માટે પોતાની પાસે વ્યકિતગત ફોન હવા છતાં ટેલીફોન કોઈન બોક્ષ તેમજ પબ્લીક S.T.D. P.C.O. બુથ પરથી કોલ કરવા માટે ઉપયોગ કરે છે. લેન્ડ લાઈન તથા મોબાઈલ વ્યકિતગત ધોરણે સુવીધા ધરાવતાં હોવા છતાં ગુન્હો આચરવા માટે જ કોઈન કનેકશન બોક્ષ ટેલીફોન કે S.T.D. P.C.O. નો ઉપયોગ કરી ખુન, અપહરણ, લુંટ જેવા ગંભીર અપરાધો અને આતંકવાદી કૃત્યો આચરી કાયદાની પહોંચથી દુર રહી ગુન્હો આચર્યે રાખે છે અને જાહેર સલામતિ અને શાંતી જોખમાય છે અને જાહેર જનતાના જાનમાલની ખુવારી થાય છે.

વિશેષમાં આજ પ્રકારના કોઈન બોક્ષ અને S.T.D./I.S.D. P.C.O. સુવીધા ધરાવતાં પબ્લીક બુથ પરથી અફવાઓ ફેલાવવા ખોટા કોલ (Hoax Colls) કરી ભીડ-ભાડવાળી જગ્યાઓએ જેવી કે રેલ્વે સ્ટેશન, બસ સ્ટેન્ડ, ધાર્મીક સ્થળો, મોલ, મલ્ટીપ્લેક્ષ, જાહેર સરકારી ઓફીસો, એકમો, બેંકો વિગેરે જ્યાં જાહેર જનતા મોટા પ્રમાણમાં અવરજવર થતી હોય તેવી જગ્યાએ બોમ્બ મુકયાની ખોટી માહિતી આપી જાહેર જનતામાં ભય અને અસલામતિની લાગણી ઊભી કરી ઘણીવાર આવા હોકસ કોલ્સને લીધે સ્ટેમ્પેડ (ભાગદોડ) થવાની અને મોટી જાનહાની થવાની શકયતા નકારી શકાતી નથી. આ ઉપરાંત આવા S.T.D./I.S.D. P.C.O. અને કોઈન બોક્ષ પરથી કોલર (ફોન કરનાર વ્યકિત)ની ઓળખ છુપાવી

શકાતી હોય સભ્ય સમાજના સ્ત્રી-પુરૂષ તથા યુવતીઓને પણ અરૂચીકર કોલ કરી ત્રાસ આપી કાયદાની પહોંચથી દુર રહેવામાં સફળ થાય છે. આવા કિસ્સાઓ મુખ્યત્વે કોઈન બોક્ષ અને S.T.D./I.S.D. P.C.O. પર (કોલ કરનાર) કોલરની ઓળખ માટે કોઈ વ્યવસ્થા ન હોવાને કારણે બનતા હોવાનું જણાઈ આવેલ છે. આવા હોકસ કોલની તપાસ કોઈન બોક્ષ કે S.T.D./I.S.D. P.C.O. સુધી જઈને અટકી જતી હોય છે અને ગુન્હેગારો આવા કૃત્યો નિરંતર ચાલુ રાખી લોકોમાં ભય અને અસલામતિની ભાવના ઉત્પન કરે છે.

જેથી આવી ગેરકાયદેસર પ્રવૃતિને અંજામ આપનારા ઈસમો અને અસામાજીક તત્વો તરફથી માનવ જીંદગીની ખુવારી તથા જાહેર માલ-મિલ્કતને મોટું નુકશાન થતું અટકાવવા તકેદારીના પગલારૂપે S.T.D./I.S.D. P.C.O. તથા કોઈન બોક્ષ ધારકો તથા સર્વીસ પ્રોવાઈડરો ઉપર કેટલાંક નિયંત્રણો મુકવાનું ઈસ્ટ જણાય છે.

### હુકમ

વાસ્તે હું અનુપમ સિંહ ગહલૌત, (I.P.S.) પોલીસ કમિશ્નર, રાજકોટ શહેર, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ ૧૯૭૩ની કલમ ૧૪૪ અન્વયે મળેલ સત્તાની રૂએ કોઈન કલેકશન બોક્ષ STD./ I.S.D. P.C.O. ધારકો તથા સર્વીસ પ્રોવાઈડર્સ (૧) ભારત સંચાર નિગમ લી. (૨) રીલાયન્સ કોમ્યુનીકેશન લી. (૩) ભારતી એરટેલ લી., (૪) ટાટા ટેલી સર્વીસ લી., (૫) આઈડીયા સેલ્યુલર લીમીટેડ (૬) વોડાફોન (૭) એરસેલ (૮) વીડીયોકોન (૯) યુનીનોર જેવી સેલ્યુલર કંપનીઓ તથા અન્ય કોઈપણ સેલ્યુલર કંપની ફેંન્ચાઈઝીથી S.T.D./I.S.D. P.C.O. અને COIN BOXની સુવીધા પુરી પાડતી હોય તે કંપનીઓ તરફથી કોઈન બોક્ષ S.T.D./ I.S.D. P.C.O. ઉપર ફોન કરવા આવનાર વ્યકિતની (કોલરની) ઓળખ પ્રસ્થાપિત થાય તે માટે નીચે મુજબની વ્યવસ્થા કરવાની રહેશે.

(૧) S.T.D./I.S.D. P.C.O. ધારકે તથા ફેન્ચાઈસી હોલ્ડરે કોલર વ્યકિતનું રજીસ્ટર નીભાવવાનું રહેશે. જેમાં કોલરનું નામ, સરનામું અને મોબાઈલ નંબર લખવાનો રહેશે અને તેણે કરેલ કોલના નંબર લખવાના રહેશે.

(૨) કોલર વ્યકિતના ફોટો, આઈ.ડી. પ્રુફ જેવા કે ડ્રાઈવીંગ લાયસન્સ, પાન કાર્ડ, ચૂંટણી કાર્ડ, પાસપોર્ટ લઈને વેરીફાઈ કરીને કોલરનું નામ, રજીસ્ટરે નોંધ કર્યા બાદ જ કોલ કરવા દેવાનો રહેશે અને આ રજીસ્ટર એક વર્ષ સુધી સાચવી રાખવાનું રહેશે અને તપાસનાં કામે પોલીસ તરફથી માંગવામાં આવેથી ઉપલબ્ધ કરવાનું રહેશે.

(૩) સર્વીસ, પ્રોવાઈડર્સએ S.T.D./I.S.D. P.C.O. બુથ અને કોઈન બોક્ષ પર કોલ કરનાર વ્યકિતનો ચહેરો CCTV વેબકેમેરાથી સ્પષ્ટપણે સંપૂર્ણ કવરેજ થાય તે માટે નાઈટ વિઝન તથા હાઈ રીઝોલ્યુશન વાળા CCTV વેબ કેમેરાની સગવડ ઉપલબ્ધ કરવાની રહેશે અને CCTV વેબ ફુટેજ એક માસ સુધી જાળવી રાખવાનું રહેશે.

### અમલવારીનો સમય

આ હુકમ તા. ૨૧-૦૩-૨૦૧૭ ના કલાક ૦૦-૦૦ થી તા. ૨૦-૦૫-૨૦૧૭ ના કલાક ૨૪-૦૦ સુધી અમલમાં રહેશે.

### અમલવારીનો વિસ્તાર

રાજકોટ શહેર પોલીસ કમિશ્નરની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

### સજા

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ફોજદારી અધિનિયમ-૧૮૬૦ની કલમ ૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર છે.

તમામને વ્યક્તિગત રીતે નોટિસની બજવણી શક્ય ન હોઈ આથી એકતરફી હુકમ કરૂં છું. જાહેર જનતાની જાણ સારૂં સ્થાનિક વર્તમાનપત્ર, આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર મારફતે પ્રસિધ્ધ દ્વારા તથા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેકટર, મદદનીશ પોલીસ કમિશ્નર, નાયબ પોલીસ કમિશ્નર તથા પોલીસ કમિશ્નર કચેરીના નોટિસ બોર્ડ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધ કરવામાં આવશે. તેમજ સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધ કરવામાં આવશે. ગુજરાત પોલીસ એકટ કલમ-૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજ તારીખ ૦૪ માર્ચ-૨૦૧૭ ના રોજ મારી સહી અને સીકકો કરી આપેલ છે.

રાજકોટ, ૪ માહે માર્ચ, સને ૨૦૧૭.

---

### સી.આર.પી.સી. ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ હુકમ

## જાહેરનામું

ક્રમાંક : એસબી/જાહેરનામું/૭૩૧/૨૦૧૭.-ભુતકાળમાં રાજકોટ શહેરમાં હોસ્ટેલમાં રહી અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ તથા વિદ્યાર્થીનીઓના આપઘાતના બનાવો બનવા પામેલ હતા. રાજકોટ શહેર વાલી મંડળોના પ્રતિનિધિઓ તથા સ્વૈચ્છિક સંસ્થાઓ તરફથી આ પ્રકારની ઘટનાઓ બનવા સંદર્ભેના કારણો અને તે રોકવા માટેના તકેદારીના પગલાઓ લેવા રજૂઆતો કરવામાં આવેલ છે. હોસ્ટેલમાં રહેતા વિદ્યાથીઓ/વિદ્યાર્થીનીઓને બહારના તત્ત્વો દ્વારા પરેશાની થતી અટકે અને હોસ્ટેલમાં રહી સાનુકૂળ વાતાવરણમાં અભ્યાસ કરે તે માટે તકેદારીના ભાગરૂપે અને જાહેર હિતમાં સંરક્ષણાત્મક પગલા લેવા અમોને યોગ્ય જણાતું હોય સમગ્ર રાજકોટ શહેર વિસ્તારમાં આવેલ સરકારી, અર્ધ સરકારી, ટ્રસ્ટ તથા ખાનગી ધોરણે સંચાલન કરવામાં આવતી ગર્લ્સ તથા બોયઝ હોસ્ટેલના માલિકો/સંચાલકોએ પર જાહેર વ્યવસ્થા, શાંતી, સલામતિ અને સુરક્ષાના પરિપ્રેક્ષ્યમાં થોડા સુચનો અમલમાં મુકવાનું જરૂરી જણાય છે.

વાસ્તે હું, અનુપમ સિંહ ગહલૌત, (I.P.S.), પોલીસ કમિશ્નર, રાજકોટ શહેર, ગુજરાત સરકારના ગૃહ વિભાગના તા. ૮-૧૧-૧૯૮૨ના નોટીફિકેશન નંબર : જીજી/૪૨૨/સીઆરસી ૧૦૮૨/એમ તથા ગૃહ વિભાગના તા. ૭-૧-૧૯૮૯ના સંકલીત જાહેરનામાં નં. જીજી/ફકઅ/૧૦૮૮/૬૭૫૦/મ અન્વયે ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ના નં.-૨)ની કલમ-૧૧૪ અન્વયે મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે,

(૧) વિદ્યાર્થીઓ તેમજ વિદ્યાર્થીનીઓને રહેવા કે રહેવા અને જમવાની સુવિધા પુરી પાડતી રેસીડન્ટ હોસ્ટેલ જેમાં સરકારી, અર્ધ સરકારી, ટ્રસ્ટ સંચાલિત તથા ખાનગી ધોરણે સંચાલિત નિવાસી શાળાઓ/રેસીડન્ટ હોસ્ટેલના સંચાલકોએ હોસ્ટેલના પ્રવેશ તથા બહાર નીકળવાના મુખ્ય દરવાજા, રસ્તા, ડાઈનીંગ હોલ, લોબી, કાર્યાલય, રમતગમતનું મેદાન વગેરે સમગ્ર વિસ્તાર આવરી લેવાય તે રીતે નાઈટ વીઝન સી.સી. ટી.વી. કેમેરા ગોઠવવાના રહેશે અને આ સી.સી.ટી.વી. કેમેરાનું ફુટેજ (બેક-અપ) ૩૦ દિવસ સુધી જાળવવાનું રહેશે.

(૨) આ પ્રકારના નાઈટ વિઝનવાળા સી.સી.ટી.વી. કેમેરા આ જાહેરનામાંની પ્રસિધ્ધિની તારીખથી ૧૦ (દસ) દિવસમાં લગાવવાના રહેશે.

(૩) રેસીડન્ટ હોસ્ટેલમાં પ્રવેશ કરનાર તથા બહાર નીકળનાર (હોસ્ટેલમાં રહેનાર તથા નોકરી કરનાર તથા હોસ્ટેલના મેનેજરશ્રી સહિત) તમામ વ્યકિતઓની હોસ્ટેલમાં પ્રવેશ તથા બહાર નીકળવાની વિગતો જાળવતું રજીસ્ટર નિભાવવું તથા આ રજીસ્ટર એક વર્ષ સુધી જાળવવું.

(૪) ઉપરોકત ક્રમાંક-૧ મુજબ સી.સી.ટી.વી. કેમેરાનું બેકઅપ તથા ક્રમાંક-૩ મુજબ જાળવવામાં આવેલ રજીસ્ટર પોલીસ અધિકારી, મહેસુલી અધિકારી, એકજીક્યુટીવ મેજીસ્ટ્રેટશ્રી તેમજ શિક્ષણ વિભાગના અધિકારી માગે ત્યારે તાત્કાલીક અસલ રેકોર્ડ કે તેની નકલો રજુ કરવાની રહેશે.

**અમલવારીનો સમય**

આ હુકમ તા. ૧૫-૦૩-૨૦૧૭ ના કલાક ૦૦-૦૦ થી તા. ૧૪-૦૫-૨૦૧૭ ના કલાક ૨૪-૦૦ સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

તમામને વ્યક્તિગત રીતે આ નોટિસની બજવણી કરવી શક્ય ન હોય આથી એકતરફી હુકમ કરૂં છું. જાહેર જનતાની જાણ સારૂ સ્થાનીક વર્તમાનપત્ર, આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર મારફતે પ્રસિધ્ધી દ્વારા સારુ પોલીસ સ્ટેશનના નોટિસ બોર્ડ ઉપર તથા પોલીસ ઈન્સ્પેકટર, મદદનીશ પોલીસ કમિશ્નર, નાયબ પોલીસ કમિશ્નર તથા પોલીસ કમિશ્નર કચેરીના નોટિસ બોર્ડ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધી કરવામાં આવશે. તેમજ સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધી કરવામાં આવશે. ગુજરાત પોલીસ એક્ટ કલમ-૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજ તારીખ : ૦૪ માહે માર્ચ-૨૦૧૭ના રોજ મારી સહી સિક્કો કરી આપેલ છે.

રાજકોટ, ૪ માહે માર્ચ, સને ૨૦૧૭.

---

## જાહેરનામું

ક્રમાંક : એસબી/જાહેરનામું/૧૪/૭૩૨/૨૦૧૭.-ત્રાસવાદી તેમજ રાષ્ટ્ર વિરોધી અને ગુન્હાહીત પ્રવૃતિઓ નિયંત્રણમાં મુકી શકાય અને કોઈ ગુન્હો બને તો ગુન્હેગારોના મુળ સુધી પહોંચી યોગ્ય નશ્યત કરી શકાય તે માટે શકમંદોની હીલચાલ ઉપર નજર રાખી શકાય તે હેતુસર રાજકોટ શહેર પોલીસ કમિશ્નરના અધિકાર ક્ષેત્ર હેઠળ આવેલ તમામ નિવાસી હોટલો/ગેસ્ટ હાઉસ/બોર્ડીંગ હાઉસમાં ગ્રાહકો કે પ્રવાસીઓ રાત્રી રોકાણ કરે ત્યારે નિવાસી હોટલો/ગેસ્ટ હાઉસ/બોર્ડીંગ હાઉસના માલીકો/સંચાલકોને હું, અનુપમ સિંહ ગહલૌત, (I.P.S.), પોલીસ કમિશ્નર, રાજકોટ શહેર, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩ (૧) ડબલ્યુ હેઠળ મળેલ સત્તાની રૂએ નીચે મુજબના કૃત્યોની અમલવારી કરવા ફરમાવું છું.

કૃત્યો :-

(૧) નિવાસી હોટલો/ગેસ્ટ હાઉસ/બોર્ડીંગ હાઉસમાં રોકાણ કરનાર પ્રવાસી/યાત્રીક તેમજ તેઓની સાથેના તમામ વ્યક્તિઓના પુરા નામ, રહેઠાણનું કાયમી સરનામું, ઉંમર, ફોન નંબર, મોબાઈલ નંબર, રજીસ્ટરમાં લખવાના રહેશે તથા યાત્રીક/પ્રવાસી/શિક્ષીત હોય તો રજીસ્ટરમાં નોંધ યાત્રીકો/પ્રવાસીઓના હસ્તાક્ષરમાં કરાવવાની રહેશે. આ રજીસ્ટરમાં ઉત્તારાની નકલ બીજા દિવસે સવારે કલાક ૧૧-૦૦ સુધીમાં સબંધીત પોલીસ સબંધીત, પોલીસ સ્ટેશનને મોકલી આપવાની રહેશે.

(૨) નિવાસી હોટલો/ગેસ્ટ હાઉસ/બોર્ડીંગ હાઉસમાં એકથી વધારે પ્રવાસીઓ/યાત્રકો એકજ કુટુંબના સભ્યો હોય તો તે કુટુંબમાં સમાવિષ્ટ પૈકી કોઈપણ એક પુખ્તવયના યાત્રીક/પ્રવાસીનું ફોટોગ્રાફ સાથેનું ચુંટણી કાર્ડ/ડ્રાઈવીંગ લાયસન્સ/પાન કાર્ડ/આધાર કાર્ડ કે કોઈપણ સરકારી એજન્સીએ આપેલ હોય તેવા ફોટો ઓળખકાર્ડની નકલ મેળવવાની રહેશે અને જો એકથી વધારે પ્રવાસીઓ/યાત્રીકોના જુથમાં આવેલ હોય અને દરેક વ્યકિત કોઈ આંતરીક સબંધ ધરાવતાં ન હોય ફકત જુથમાં જ આવેલ હોય તો દરેક વ્યકિતનું ફોટોગ્રાફ સાથેનું ચુંટણી કાર્ડ/ડ્રાઈવીંગ લાયસન્સ/પાન કાર્ડ/આધારકાર્ડ કે કોઈપણ સરકારી એજન્સીએ આપેલ હોય તેવા ફોટો ઓળખકાર્ડની નકલ મેળવવાની

રહેશે અને તેની વિગતો હોટલ/ગેસ્ટ હાઉસમાં રજીસ્ટરમાં લખવાની રહેશે.

(૩) નિવાસી હોટલો/ગેસ્ટ હાઉસ/બોર્ડીંગ હાઉસમાં કલાકથી બે કલાક જેટલા ટુંકા ગાળા માટે તેમજ વિનામુલ્યે રોકાણની સુવિધા પુરી પાડવામાં આવે તો પણ રોકાણ કરનાર ગ્રાહકોની વિગતો સંપુર્ણ મેળવ્યા બાદ જ ઉત્તારો આપવાનો રહેશે. તેમજ હોટલ/ગેસ્ટ હાઉસ/બોર્ડીંગ હાઉસમાં બિન અધિકૃત રીતે ઉતારો આપશે તો જાહેરનામા ભંગ બદલ કાર્યવાહી કરવામાં આવશે.

(૪) યાત્રીક/પ્રવાસીએ રજુ કરેલ તેમના ફોટા ઓળખકાર્ડની ઝેરોક્ષ નકલ નિવાસી હોટલો/ગેસ્ટ હાઉસ/બોર્ડીંગ હાઉસના માલીક/સંચાલકે મેળવી ઓછામાં ઓછા ૬ માસ સુધી રેકોર્ડમાં જાળવાની રહેશે. જો કોઈ કેસમાં તપાસનીશ એજન્સી તરફથી આવું રેકર્ડ વધારે સમય માટે જાળવવામાં આવે તો સબંધીત એજન્સી જણાવે ત્યાં સુધી જાળવવાનું રહેશે.

(૫) નિવાસી હોટલો/ગેસ્ટ હાઉસ/બોર્ડીંગ હાઉસના માલિક/સંચાલકશ્રીએ નિવાસી હોટલ/ગેસ્ટ હાઉસ/બોર્ડીંગ હાઉસમાં ઉતરનાર વિદેશી નાગરીકોની વિગતો ઓળખકાર્ડના પુરાવા સાથે દર માસની ૧૫મી તારીખ અંતિત માહીતી દર માસની ૧૭મી તારીખ સુધીમાં અને બાકીના ૧૫ દિવસ એટલે કે, તા. ૩૦ની અંતિત માહિતી બીજા માસની બીજી તારીખ સુધીમાં સબંધિત પોલીસ સ્ટેશનને મોકલી આપવાની રહેશે. સંબંધીત પોલીસ સ્ટેશનને આવી માહિતી એકત્ર કરી દર માસની ૦૫ મી તારીખ સુધીમાં અત્રેની પાસપોર્ટ શાખામાં મોકલી આપવાની રહેશે.

(૬) નિવાસી હોટલો/ગેસ્ટ હાઉસ/બોર્ડીંગ હાઉસમાં પ્રવેશનાર તથા રોકાણ કરનારની પ્રવેશ કરતાં અને જતી વખતે ફિલ્મ ઉતારી શકે તે રીતેના નિવાસી હોટલ/ગેસ્ટ હાઉસ/બાર્ડીંગ હાઉસમાં સી.સી.ટી.વી. કેમેરા શકય તેટલી ફીટ કરવાના રહેશે તથા તેનું રેકોર્ડીંગ એક માસ સુધી જાળવવાનું રહેશે અને તપાસનીશ એજન્સી માંગે ત્યારે રેકોર્ડીંગની કોપી વિના વિલંબે પુરી પાડવાની રહેશે.

(૭) નિવાસી હોટલો/ગેસ્ટ હાઉસ/બોર્ડીંગ હાઉસમાં આવતા ગ્રાહકો જે વાહનમાં આવે તે વાહનનો રજીસ્ટ્રેશન નંબર અને મેઈક પણ લખવા તેમજ પબ્લીક ટ્રાન્સપોર્ટમાં આવેલ હોય તો તે મુજબ રજીસ્ટરમાં નોંધ કરવી.

આ જાહેરનામું તા. ૧૫-૦૩-૨૦૧૭ થી તા. ૧૪-૦૫-૨૦૧૭ સુધી અમલમાં રહેશે.

તમામને વ્યક્તિગત રીતે નોટિસની બજવણી શક્ય ન હોઈ આથી એકતરફી હુકમ કરૂં છું. જાહેર જનતાની જાણ સારૂં સ્થાનિક વર્તમાનપત્ર, આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર મારફતે પ્રસિધ્ધ દ્વારા તથા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેકટર, મદદનીશ પોલીસ કમિશ્નર, નાયબ પોલીસ કમિશ્નર તથા પોલીસ કમિશ્નર કચેરીના નોટિસ બોર્ડ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધ કરવામાં આવશે. તેમજ સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધ કરવામાં આવશે. ગુજરાત પોલીસ એકટ કલમ-૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આ જાહેરનામાનો ભંગ કરનાર ગુજરાત પોલીસ અધિનિયમ કલમ ૧૩૧ અને આઈ.પી.સી. કલમ-૧૮૮ નીચે બીન જામીન લાયક ગુના હેઠળ શિક્ષાને પાત્ર રહેશે.

આજ તારીખ: ૦૪ માર્ચ-૨૦૧૭ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

રાજકોટ, ૪ માહે માર્ચ, સને ૨૦૧૭.

**અનુપમસિંહ ગહલૌત,**
પોલીસ કમિશ્નર,
રાજકોટ શહેર.

---

જિલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ દ્વારા

## નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : નધણ/ક-૩/૬૫/જેઓમઆરઃસે.-૪૫૦૩૮/૨૦૧૭.-જિલ્લા રજીસ્ટ્રાર, સ.મં., જામનગર, આથી જાહેર કરે છે કે, શ્રી મોટી લાખાણી મહિલા દુધ ઉત્પાદક સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ : મોટી લાખાણી, તાલુકો : જામનગર, જિલ્લોઃ જામનગર, સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

જામનગર, ૨૮ માહે ફેબ્રુઆરી, સને ૨૦૧૭.

---

## નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : નધણ/ક-૩/૭૨/સા-૮૧૬૫/૨૦૧૭.-જિલ્લા રજીસ્ટ્રાર, સ.મં., જામનગર, આથી જાહેર કરે છે કે, શ્રી જય મોડપીર ખેત ઉત્પાદન ખરીદ વેચાણ સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ : પસાયા (બેરાજા), તાલુકો : જામનગર, જિલ્લોઃ જામનગર, સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

જામનગર, ૨ માહે માર્ચ, સને ૨૦૧૭.

**એમ. એસ. લોખંડે,**
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
જામનગર.

---

## નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક નં : નધણ/ખ-૩/સા.-૯૨૬૬/૨૧૬/૨૦૧૭.-આથી જાહેર કરે છે કે, શ્રી શ્રી રામાનંદ ક્રેડીટ કો-ઓપરેટીવ સોસાયટી લી., મર્યાદિત સ્થળ : જુનાગઢ, તાલુકો : જુનાગઢ, જિલ્લો : જુનાગઢ.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

જુનાગઢ, ૪ માહે માર્ચ, સને ૨૦૧૭.

**ટી. સી. તીરથાણી,**
જિલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
જુનાગઢ.

---

## નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : નધણ/૦૧/ખ-૩/૭૪/૧૦૩૪/૨૦૧૭.-જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ભાવનગર, આથી જાહેર કરે છે કે, શ્રી હડમતીયા મહિલા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., સ્થળ : હડમતીયા, તાલુકો : ઉમરાળા, જિ. ભાવનગર, સને ૧૯૬૧ નાં ગુજરાત સહકારી મંડળી અધિનિયમની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવેલ છે.

નોંધણી નં.: બીએનઆર. સે.દૂ. ૪૫૨૯૭/૨૦૧૭, તા. ૨૩-૦૨-૨૦૧૭.

ભાવનગર, ૨૩ માહે ફેબ્રુઆરી, સને ૨૦૧૭.

---

## નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : નધણ/૦૧/ખ-૩/૭૧/૧૦૩૩/૨૦૧૭.-જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ભાવનગર, આથી જાહેર કરે છે કે, શ્રી લાખાવડ મહિલા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., સ્થળ : લાખાવડ, તાલુકો : ઉમરાળા, જિ. ભાવનગર, સને ૧૯૬૧ નાં ગુજરાત સહકારી મંડળી અધિનિયમની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

નોંધણી નં.: બીએનઆર. સે.દૂ. ૪૫૨૯૬/૨૦૧૭, તા. ૨૩-૦૨-૨૦૧૭.

ભાવનગર, ૨૩ માહે ફેબ્રુઆરી, સને ૨૦૧૭.

---

## નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : નધણ/૦૧/ખ-૩/૭૭/૧૦૩૨/૨૦૧૭.-જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ભાવનગર, આથી જાહેર કરે છે કે, શ્રી રતનપર મહિલા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., સ્થળ : રતનપર, તાલુકો : ઉમરાળા, જિ. ભાવનગર, સને ૧૯૬૧નાં ગુજરાત સહકારી મંડળી અધિનિયમની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

નોંધણી નં.: બીએનઆર. સે.દૂ. ૪૫૨૯૮/૨૦૧૭, તા. ૨૨-૦૨-૨૦૧૭.

ભાવનગર, ૨૨/૨૭ માહે ફેબ્રુઆરી, સને ૨૦૧૭.

**ડૉ. એચ. પી. પટેલ,**
જિલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
ભાવનગર.

---

## નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : નધણ/જ-૨/૧૧૭/આરજેટી:ઉ-૧૩૫૯૫/૨૦૧૭.-જિલ્લા રજીસ્ટ્રાર, સ.મં., રાજકોટ, આથી જાહેર કરે છે કે, શ્રી ગૌતમ બુધ્ધ મજુર બાંધકામ સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ : રબારિકા, તાલુકો : ઉપલેટા, જિલ્લો: રાજકોટ, સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

રાજકોટ, ૨૩ માહે ફેબ્રુઆરી, સને ૨૦૧૭.

---

## નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : નધણ/જ-૨/૧૧૮/આરજેટી:સે-૪૪૯૭૮/ ૨૦૧૭.-જિલ્લા રજીસ્ટ્રાર, સ.મં., રાજકોટ, આથી જાહેર કરે છે કે, શ્રી સપના ક્રેડીટ કો-ઓપરેટીવ સોસાયટી લી., મર્યાદિત સ્થળ : રાજકોટ, તાલુકો : રાજકોટ, જિલ્લો: રાજકોટ, સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

રાજકોટ, ૨૩ માહે ફેબ્રુઆરી, સને ૨૦૧૭.

---

## નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : નધણ/જ-૨/૧૨૦/આરજેટી:સે-૪૪૯૭૭/ ૨૦૧૭.-જિલ્લા રજીસ્ટ્રાર, સ.મં., રાજકોટ, આથી જાહેર કરે છે કે, શ્રી જય અંબે ક્રેડીટ કો-ઓપરેટીવ સોસાયટી લી., મર્યાદિત સ્થળ : રાજકોટ, તાલુકો : રાજકોટ, જિલ્લો: રાજકોટ, સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

રાજકોટ, ૨૭ માહે ફેબ્રુઆરી, સને ૨૦૧૭.

**સંગીતા રૈયાણી,**
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
રાજકોટ.

PRINTED AT THE GOVERNMENT PRESS, RAJKOT COMPLAINTS ABOUT GAZETTE MUST BE MADE WITHIN A FORTNIGHT FROM THE DATE OF THIS PUBLICATION ACCOMPANIED BY THE WRAPPER.

©

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

*PUBLISHED BY AUTHORITY*

VOL. LVIII] THURSDAY, 23rd MARCH, 2017/CAITRA 02, 1939 No. 12

**Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central section in order that it may be filed as a separate compilation.**

# PART-I



| PART - I | Pages | PART - I - B | Pages |
|---|---|---|---|
| Government Notifications Appointments Promotions, Leave of absence, Rules and orders (Other than those published in Part-I-A, IV-A, IV-B, and IV-C) list of publications for sales etc.,<br>Miscellaneous Notifications Appoint-ments etc., | 323-354 | (Suppliment) Government Notifications Published under Land Acquisition Act only Supplement. | Nil |
| **PART - I - A**<br>Order and Notifications (Other than those published in Part-IV-B) under the Gujarat Local Boards, Village Panchayats, Municipals, Boroughs, (Districts) Municipals Primary Education and Local Fund Audits, Acts., | Nil | **PART - II**<br>Miscellaneous Notices, Advertisments, List of Books Sanctioned by the Director of Education, List of Jurors. Schedule of Estates by the Official Assignee, Summary of Births and Deaths, etc., | 483-530 |
| | | **PART - III**<br>Miscellaneous Supplements Season and Crop Reports, Prices, Current Rainfalls Returns, District Local Boards Accounts etc., | Nil |

# GOVERNMENT NOTIFICATIONS, ORDERS APPOINTMENTS, ETC.

## SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

## NOTIFICATION

### MISCELLANEOUS NOTIFICATIONS APPOINTMENTS ETC.

---

## By the Principal District Judge

**Read :**

*(1) Hon'ble High Court of Gujarat Notification No. A. 2617/2000, dated: 31-01-2004,*

*(2) Hon'ble High Court of Gujarat Notification No. A. 2617/2000, dated: 25-11-2009*

*(3) Hon'ble High Court of Gujarat Notification No. A. 1201/2010(78), dated: 17-08-2010.*

*(4) Hon'ble High Court Notification No. A. 1201/2015(6), dated: 03-02-2015.*

*(5) Hon'ble High Court Notification No. A. 1201/2015(39), dated: 08-05-2015.*

*(6) Hon'ble High Court Notification No. A. 1201/2015(60), dated: 01-07-2015.*

*(7) Hon'ble High Court Notification No. A. 1201/2016(29) & (31), dated: 04-05-2016.*

*(8) Hon'ble High Court Notification No. A. 2403/1985(17), dated: 28-02-2017.*

*(9) Distric Court, Surendranagar Notification No. Judi/3514/2016, dtd. 16-05-2016.*

## NOTIFICATION

No. Judi/1688/2017.-Previously, the Additional District & Additional Sessions Judge, Surendranagar, to be nominated to exclusively deal with the cases involving Senion Citizens, but the Additional District & Sessions Judge, Surendranagar, has been transferred, under the notification referred to above at Sr. No. 08, therefore the undersigned is please to modify the notification cited in the preamble at Sr. No. 9 and to nominate the 5th (Ad-hoc) Additional District & Sessions Judge, Surendranagar, to exclusively deal with the cases involving Senior Citizens.

The 5th (Ad-hoc) Additional District & Sessions Judge, Surendranagar, will conduct the cases both the Civil and Criminal by adjusting the daily board that the such type of cases may be taken up for hearing day to day basis and also informed and instructed to concentrate and offering priority for making disposal of above cases which are assigned, as per the Hon'ble High Court of Gujarat Circular No. C. 2611/2001 dated 11-10-2001 and the direction issued by the Hon'ble Apex Court reported in AIR-2001. Supreme Court, Page No. 1403 in the State of U.P. V/s. Shambhunath Sing & Ors. by strictly follow the provisions of Section 309 of Criminal Procedure Code, 1973, on day to day basis and conduct and conduct and to decide the cases according to low.

This notification shall take effect from 08-03-2017.

Surendranagar, 8th March, 2017.

---

**Read :**

*(1) Hon'ble High Court of Gujarat Notification No. A. 2617/2000, dated: 31-01-2004,*

*(2) Hon'ble High Court of Gujarat Notification No. A. 2617/2000, dated: 25-11-2009*

*(3) Hon'ble High Court of Gujarat Notification No. A. 1201/2010(78), dated: 17-08-2010.*

*(4) Hon'ble High Court Notification No. A. 1201/2015(6), dated: 03-02-2015.*

*(5) Hon'ble High Court Notification No. A. 1201/2015(60), dated: 01-07-2015.*

*(6) Hon'ble High Court Notification No. A. 2403/1985(17), dated: 28-02-2017.*

*(7) District Court, Surendranagar Notification No. Judi/3958/2015, dtd. 01-07-2015.*

## NOTIFICATION

No. Judi/1689/2017.-Previously, the Additional District & Additional Sessions Judge, Surendranagar, to be nominated to exclusively deal with the cases involving sexual harassment of Women on priority basis, but the Additional District & Sessions Judge, Surendranagar, has been transferred, under the notification referred to above at Sr. No. 06, therefore the undersigned is please to modify the notification cited in the preamble at Sr. No. 7 and to nominate the First Additional District & Sessions Judge, Surendranagar, at District Head Quarter, to exclusively deal with the cses involving sexual harassment of Women.

The Firts Additional District & Sessions Judge, Surendranagar, At District Head Quarter, will conduct the cases involving sexual harassment of women by adjusting the daily board that the such type of cases may be taken up for hearing day to day basis and also informed and instructed to concentrate and offering priority for making disposal of above cases which are assigned, as per the Hon'ble High Court of Gujarat Circular No. C. 2611/2001 dated 11-10-2001 and the direction issued by the Hon'ble Apex Court reported in AIR-2001. Supreme Court, Page No. 1403 in the State of U.P. V/s. Shambhunath Sing & Ors. by strictly follow the provisions of Section 309 of Criminal Procedure Code, 1973, on day to day basis and conduct and conduct and to decide the cases according to low.

This notification shall take effect from 08-03-2017.

Surendranagar, 8th March, 2017.

---

*(1) Govt. of Gujarat of Legal Department, Sachivalaya, Gandhinagar, Notification No. GK/ 2002/16/ SPC/1094/ VIP-226/D, dtd. : 24-05-2002.*

*(2) A letter No. HRC-2007-Press-222/Legal, dated : 05-06-2007 of Mr. R. L. Meena, (I.A.S.), Secretary, the Gujarat State Human Rights Commission, Home Department, Government of Gujarat Near Town Hall, Sector-17, Gandhinagar-382017.*

*(3) Hon'ble High Court Notification No. A. 1201/ 2014(18), dtd.: 24-04-2014.*

*(4) Hon'ble High Court Notification No. A. 1201/2015(60), dtd.: 01-07-2015.*

*(5) Hon'ble High Court Notification No. A. 2403/ 1985(17), dated: 28-02-2017.*

*(6) District Court, Surendranagar Notification No. Judi/3959/2015, dtd. 06-07-2015.*

## NOTIFICATION

(બ) શારિરીક અશક્તિને કારણે લાકડી તથા લાઠી લઈને ફરવુ જરૂરી છે તેવી વ્યક્તિઓને,

(૬) વધુમાં ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭ની પેટા કલમ-૩ હેઠળ મળેલ સત્તાની રૂઈએ,

**તારીખ : ૧૮-૦૩-૨૦૧૭ થી તા. ૦૧-૦૪-૨૦૧૭ (બંને દિવસો સહિત)** અમરેલી જિલ્લાનાં સમગ્ર વિસ્તારની અંદર સંબંધિત સબ ડીવઝનલ મેજીસ્ટ્રેટશ્રી/તાલુકા એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટશ્રીની પુર્વ મંજુરી/પરવાનગી સિવાય કોઇ સભા મંડળી ભરવાની અથવા સરઘસ કાઢવાની હું મનાઈ ફરમાવુ છું.

(૭) ઉપરોક્ત પેરા-૬(છ) માં કરવામાં આવેલ આદેશ ફરજ પરના કોઇપણ સરકારી/બિનસરકારી કર્મચારીઓ અને અધિકારીઓને તેમજ કોઇપણ લગ્નનાં વરઘોડાને અથવા સ્મશાનયાત્રાને લાગુ પડશે નહીં.

(૮) આ જાહેરનામાનું ઉલ્લંઘન કરનાર અથવા ઉલ્લંઘન માટે મદદ કરનાર શખ્સ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૫ની જોગવાઈ મુજબ સજા તથા દંડને પાત્ર થશે.

હું એવો પણ આદેશ કરૂં છું કે, પોલીસ અધિક્ષકશ્રી, અમરેલીએ સદરહું હુકમ નિર્દિષ્ટ કરેલ વિસ્તારમાં સહેલાઈથી દેખી શકાય તેવી જગ્યાએ તેની નકલ ચોટાડીને તથા લાઉડ સ્પીકર તેમજ સ્થાનિકેથી પ્રસિધ્ધ થતા સ્થાનીક વર્તમાનપત્રો દ્વારા તેની બહોળી જાહેરાત કરી/કરાવીને પ્રસિધ્ધ કરવો.

(૯) આજ તારીખ ૧૬-માર્ચ-૨૦૧૭ નાં રોજ મારી સહી તથા સિક્કો કરી હુકમ બહાર પાડયો.

અમરેલી, ૧૬ માહે માર્ચ, સને ૨૦૧૭.

**ડી. ડી. પંડ્યા,**
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
અમરેલી.

---

**ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ કાઢેલ હુકમ**

**જાહેરનામું**

નં. : એમએજી/સી/૧૦૭૭/૨૦૧૭.-પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢના પત્ર ક્રમાંક : SOG/મોબાઈલ/લે-વેચ/જાહેરનામુ/૯૦/૨૦૧૭, તા. ૨૭-૦૨-૨૦૧૭ થી રાજ્યમાં બનતા ગુન્હાઓમાં મોબાઈલ ફોનનો ઉપયોગ થતાં હોય, તેમજ મોબાઈલ ચોરીના ગુન્હાઓનું પ્રમાણ વધવા પામ્યુ હોય, આવા ગુન્હાઓ શોધી કાઢવા માટે ગુન્હામાં વપરાયેલ અથવા વપરાય ગયેલ મોબાઈલ ફોનના IMEI નંબરનું ટ્રેકીંગ કરીને ગુન્હાના મુળ સુધી પહોંચવા પ્રયત્નો કરવામાં આવે છે. ઘણી વખત મોબાઈલ ફોનના વપરાશકર્તા સુધી

પહોંચવામાં આવે ત્યારે જાણવા મળે છે કે, તેમણે કોઈ અજાણ્યા માણસ પાસેથી મોબાઈલ ફોન ખરીદેલ છે. જે મોબાઈલ વેંચનાર/ખરીદનારને ચોરાયેલ અથવા ગુન્હામાં વપરાયેલ હોવાની માહિતી હોતી નથી. મોબાઈલ ટ્રેકીંગ કરી અને ગુન્હાઓના મુળ સુધી પહોંચવામાં ત્યારે એવું જાણવા મળે છે કે મોબાઈલ કોઈ મને અજાણી વ્યક્તિએ આપેલ છે અને તેને હું ઓળખતો નથી. જેથી આવા ગુન્હાઓની તપાસમાં કોઈ ફળદાયક હકીકત મળે નહી. જેથી આવા ગુન્હાના મુળ સુધી પહોંચી સાચા આરોપીને શોધી કાઢવા માટે તેમજ મોબાઈલ ચોરીના ગુન્હાઓ અટકાવી શકાય અને ગુન્હાઓના મુળ સુધી પહોંચી શકાય તે માટે જુના મોબાઈલના વપરાશકારે મોબાઈલ કોની પાસેથી ખરીદયો અથવા કોને વેચ્યો તે જાણવું જરૂરી છે. જુના મોબાઈલ લે-વેચ કરનાર વેપારીએ મોબાઈલ ખરીદતા પહેલા મોબાઈલ વેચનારનું તથા જુના મોબાઈલ વેચતી વખતે મોબાઈલ ખરીદનારનું ઓળખ અંગેનું પુરૂ નામ, સરનામું નોંધવું ફરજીયાત બનાવવા તથા જુના મોબાઈલ વેચતા, ખરીદતા વેપારી દ્વારા નિયત રજીસ્ટર નિભાવવામાં આવે તો ગુન્હાના મુળ સુધી પહોંચી શકાય જેથી આવા જુના મોબાઈલ લેનાર/વેચનાર વેપારીની જવાબદારી નક્કી કરતું જાહેરનામું બહાર પાડવા પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢ તરફથી દરખાસ્ત રજુ કરાયેલ છે.

જુનાગઢ જિલ્લામાં બનતા ગુન્હાઓમાં વપરાતા મોબાઈલ ફોન તેમજ મોબાઈલ ચોરીના ગુન્હાઓમાં જુના મોબાઈલ ખરીદ/વેચાણ કરતા વેપારીઓ તરફથી આવા મોબાઈલ ખરીદતા/વેચતા વ્યક્તિની માહીતી મળી રહે તેમજ ગુન્હાના મુળ સુધી પહોંચી સાચા આરોપીને પકડી શકાય તેમજ આવા બનતા ગુન્હાઓ નિવારી શકાય તે માટે પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢ તરફથી કરાયેલ દરખાસ્ત વ્યાજબી જણાય છે.

આથી હું, પી. વી. અંતાણી, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, જુનાગઢ જિલ્લો, જુનાગઢ, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ ના નં. ૨)ની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે, જુનાગઢ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં જુના મોબાઈલ લેનાર/વેચનાર વેપારીએ કોઈપણ વ્યક્તિઓની પુરતી ખરાઈ ઓળખકાર્ડ અથવા ઓળખપત્ર વગર જુના મોબાઈલ લઈ શકશે નહીં કે વેચી શકશે નહીં તથા જુના મોબાઈલ ખરીદતી વખતે/વેચતી વખતે વેપારીઓએ નીચે મુજબના રજીસ્ટર નિભાવવાના રહેશે અને તેમાં વિગતો નોંધવાની રહેશે.

**જુના મોબાઇલ ખરીદતી વખતે વેપારીએ નિભાવવાનું રજીસ્ટર :**

| અ.નં. | મોબાઇલની ફોનની વિગત/કંપની | IMEI No. | મોબાઇલ વેંચનાર/ખરીદનારનું નામ, સરનામાની વિગત | ID પ્રુફની વિગત |
|---|---|---|---|---|
| | | | | |

**જુના મોબાઇલ વેચતી વખતે વેપારીએ નિભાવવાનું રજીસ્ટર :**

| અ.નં. | મોબાઇલ ફોનની વિગત/કંપની | IMEI No. | મોબાઇલ વેંચનાર/ખરીદનારનું નામ, સરનામાની વિગત | ID પ્રુફની વિગત |
|---|---|---|---|---|
| | | | | |

આ જાહેરનામું તા. ૦૫-૦૩-૨૦૧૭ થી દિવસ-૬૦ સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમની જાહેર જનતાને જાણ સંબંધીત કચેરીઓએ તેમના નોટિસ બોર્ડ પર, સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યા ઉપર નકલ ચોટાડીને તથા માહિતી ખાતાએ વર્તમાન પત્રોમાં પ્રસિધ્ધી કરી કરવાની રહેશે. ગુજરાત પોલીસ એકટની કલમ-૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજ તારીખઃ ૦૧ મી માહે માર્ચ, સને-૨૦૧૭ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે જાહેર જનતાની જાણ તથા અમલવારી માટે આ હુકમ પ્રસિધ્ધ કરવામાં આવ્યો.

જુનાગઢ, ૧ માહે માર્ચ, સને ૨૦૧૭.

---

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની
કલમ-૧૪૪ હેઠળ કાઢેલ જાહેરનામું

## હુકમ

ક્રમાંક : એમએજી/સી/૯૮૪/૨૦૧૭.-પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢના પત્ર ક્રમાંક : સી/એલઆઈબી/જા.નામુ/૩૮૯/૧૭, તા. ૨૦-૦૨-૨૦૧૭ ના પત્રથી થઈ આવેલ દરખાસ્તની વિગતે, રાજયમાં પાટીદાર અનામત આંદોલન સંબંધેના બનેલા બનાવો, ગીર સોમનાથ જિલ્લાના ઉના તાલુકામાં થયેલ દલીત આંદોલન તેમજ સ્થાનીક કક્ષાએ બનતી બાબતોએ અવાર નવાર જિલ્લા તેમજ તાલુકા કક્ષાએ આવેલ વિવિધ સરકારી કચેરીઓ સમક્ષ, લોકો રજુઆતના બહાને માંગણીના કારણો દર્શાવી ઉપવાસ/ધરણા/દેખાવો/સુત્રોચ્ચાર જેવા કૃત્યો કરી પોતાનો વિરોધ દર્શાવતા હોય છે. સરકારી કચેરીના પરિસર તેમજ તેની આસપાસમાં બેસી જવાથી સફાઈના પશ્નો ઉપસ્થિત થાય છે, ઘોંઘાટ થાય છે, સરકારી કચેરીઓની રોજીંદી કાર્યવાહીમાં રૂકાવટ ઉભી થતી હોય છે, તેઓ દ્વારા અતિક્રમણ કરી સરકારી કચેરીઓને બાનમાં લઈ અને સરકારી મિલ્કતને નુકશાન પહોંચાડતા હોય છે. આવા પ્રસંગે તેઓને ખસેડવા માટે બળનો ઉપયોગ કરવો પડે છે. જેને હિસાબે કાયદો અને વ્યવસ્થાના પ્રશ્નો ઉદભવે છે. જેથી તે બાબતોનુ નિયમન કરવા આવી પ્રવૃતિઓ નિવારી શકાય તે માટે ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ ની કલમ-૧૪૪ અન્વયે સમગ્ર જિલ્લામાં આવેલ તમામ સરકારી કચેરીઓની ૨૦૦ મીટરની ત્રિજયામાં આવતા વિસ્તારમાં નીચે મુજબના કૃત્યો કરવા માટે પ્રતિબંધ ફરમાવતુ જાહેરનામું પ્રસિધ્ધ કરવા દરખાસ્ત કરેલ છે. જે દરખાસ્ત વિચારણામાં લેતા વ્યાજબી અને ઉચિત જણાય છે.

સબબ,હું, પી. વી. અંતાણી, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, જુનાગઢ જિલ્લો, જુનાગઢ, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ ના નં. ૨)ની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ સત્તાની રૂએ, જુનાગઢ જિલ્લામાં આવેલ તમામ સરકારી કચેરીઓની ૨૦૦ મીટરની ત્રિજયામાં નીચે મુજબના કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ મુકવા હુકમ કરૂ છું.

(૧) કોઈએ ઉપવાસ ધરણા ઉપર બેસવું નહી.

(૨) જાહેર સુલેહશાંતિ જોખમાય તેવા સુત્રોચ્ચાર કરવા નહી.

(૩) કોઈ પણ વ્યકિતએ લાઠી અગર ઈજા થાય તેવા હથિયાર સાથે પ્રવેશ કરવો નહી.

(૪) કોઈ સ્ફોટક પદાર્થ અથવા આગ લાગે તેવા પદાર્થો સાથે રાખવા નહી.

(૫) ચાર કે તેથી વધુ માણસોએ ભેગા થવુ નહી કે અતિક્રમણ કરવુ નહી.

(૬) સરકારી કચેરી આસપાસ કે સરકારી કચેરીના પરિસરમાં ગંદકી/કચરો કરવો નહી.

આ હુકમ, હુકમની તારીખથી દિવસ–૬૦ માટે અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમની જાહેર જનતાને જાણ સંબંધીત કચેરીઓએ તેમના નોટિસ બોર્ડ પર, સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યા ઉપર નકલ ચોટાડીને તથા માહિતી ખાતાએ વર્તમાન પત્રોમાં પ્રસિધ્ધી કરી કરવાની રહેશે.

આજ તારીખ: ૨૭ મી માહે ફેબ્રુઆરી, સને-૨૦૧૭ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે જાહેર જનતાની જાણ તથા અમલવારી માટે આ હુકમ પ્રસિધ્ધ કરવામાં આવ્યો.

જુનાગઢ, ૨૭ માહે ફેબ્રુઆરી, સને ૨૦૧૭.

**પી. વી. અંતાણી,**
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ
જુનાગઢ જિલ્લો,
જુનાગઢ.

---

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની
કલમ-૧૪૪(૧) હેઠળ કાઢેલ

## હુકમ

નં. એમએજી/સી/૯૬૩/૨૦૧૭.-પોલીસ અધિક્ષકશ્રી, ગીર સોમનાથ જિલ્લો, વેરાવળના પત્ર ક્રમાંકઃ સી/એલ.આઈ.બી./જા.નામુ/પ્રસિધ્ધ/૨૩૭/૨૦૧૭, તા. ૧૪-૦૩-૨૦૧૭ થી રજુ થયેલ વિગતો મુજબ ગીર સોમનાથ જિલ્લાના ઉના તાલુકાના મોટા સમઢીયાળા ગામે તા. ૧૧-૦૭-૨૦૧૬ના રોજ દલીતોને માર મારવાનો બનાવ બનેલ હતો. જે ઘટના સંદર્ભે ઉના પોલીસ સ્ટેશન ખાતે ગુ.ર.નં.ફ. ૧૨૭/૧૬, તા. ૧૧-૦૭-૨૦૧૬ના રોજ રજીસ્ટર થયેલ છે. તેમજ આ ઘટના બન્યા બાદ ઉના પોલીસ સ્ટેશન વિસ્તારમા ઘર્ષણના વધુ બનાવ બનતા અન્ય ગુન્હાઓ પણ નોંધાયેલ છે તથા તા. ૧૫-૦૮-૨૦૧૬ના રોજ દલીતોની અસ્મિતા રેલી પરત જતી વખતે સામતેર ગામના તથા આજુબાજુ ના ગામના લોકોએ દલીતોની રેલી પસાર નહી થવા દેવા માટે તોફાનો કરેલ હોય, પોલીસ દ્વારા બળ પ્રયોગ કરવો પડેલ હતો.

આ બનાવના પ્રત્યાઘાત સમગ્ર ભારતમા પડતા જેના સમર્થનમા દલીત સમાજના લોકોએ અલગ-અલગ શહેરોમા

રેલીઓ કાઢેલ તેમજ ફરીયાદીના નિવાસ સ્થાને પણ આશ્વાસન આપવા સારૂ અલગ-અલગ સંસ્થાઓ દ્વારા ખબર અંતર પુછેલ. આ ગુન્હો દાખલ થયા બાદ ગુજરાત સરકારશ્રી દ્વારા ખાસ અદાલત નિમવામા આવેલ છે તથા ખાસ સરકારી વકીલની નિમણુંક પણ કરવામા આવેલ છે. તેમજ આ ગુન્હાની તપાસ સી.આઈ.ડી. ક્રાઈમને સોંપવા હુકમ થતા કુલ-૪૩ આરોપીઓને અટક કરવામા આવેલ છે. આ આરોપીઓ વિરૂધ્ધ ચાર્જશીટ દાખલ કરવામા આવલ છે. તેમજ સ્પેશીયલ કોર્ટમા કમિટ કરવામા આવતા હાલ આ કેસ ચાલુ છે. આ કેસની જ્યારે-જ્યારે મુદત હોય ત્યારે આરોપીઓ તથા સાહેદોના સગાવાલા સહિત મોટી સંખ્યામા તેઓના સમર્થનમાં કુટુંબીજનો તથા અન્ય લોકો નામ. ઉના કોર્ટ પરીસર ખાતે એકત્રિત થાય છે. જેથી અનિચ્છનિય બનાવો બનવાની પુરેપુરી શકયતા હોય, સુલેહ શાંતિનો ભંગ, બખેડો, હુલ્લડ અટકાવવા તથા કોઈ ચોક્કસ કોમની વ્યકિતઓની લાગણીઓ ન દુભાય તેમજ કોઈ વ્યકિતની માનહાની ન થાય, કોઈ ધરણા કે પ્રદર્શન ન યોજાય અને સુલેહ-શાંતિનો ભંગ ન થાય તે માટે તથા અદાલતની કાર્યવાહીમા કોઈ વિક્ષેપ ન પડે તે સારૂ અને કાયદો વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે માટે ઉના ખાતે નામ.કોર્ટના પરીસર તથા કોર્ટની આજુ-બાજુના વિસ્તારમાં સી.આર.પી.સી. કલમ-૧૪૪(૧) માટેનુ જાહેરનામુ પુનઃ બહાર પાડવા પોલીસ અધિક્ષકશ્રી, ગુર સોમનાથ તરફથી દરખાસ્ત રજુ થયેલ છે. જે વ્યાજબી જણાય છે.

સબબ, હું, પી. બી. પંડયા, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ગીર સોમનાથ જિલ્લો, વેરાવળ, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ ના નં. ૨)ની કલમ-૧૪૪(૧) હેઠળ મને મળેલ સત્તાની રૂઈએ હુકમ કરૂં છુ કે, ઉના ખાતે નામ. કોર્ટના પરીસર તથા કોર્ટની આજુ-બાજુના ૨૦૦ મીટર વિસ્તારમાં સુલેહ શાંતિનો ભંગ થાય, બખેડો થાય, હુલ્લડ થાય તથા કોઈ ચોક્કસ કોમની વ્યકિતઓની લાગણીઓ દુભાય તેમજ કોઈ વ્યકિતની માનહાની થાય તેમજ સુલેહ-શાંતિન ભંગ થાય તથા અદાલતની કાર્યવાહીમા કોઈ વિક્ષેપ પડે તેવું કૃત્ય કોઈપણ વ્યકિતએ કરવું નહી. તેમજ કોઈપણ પ્રકારના ધરણા કે પ્રદર્શન કરવા નહી.

આ જાહેરનામુ બહાર પડયા તારીખથી દિન-૬૦ માટે અમલમાં રહેશે.

આ જાહેરનામુ સરકારી ફરજ ઉપર રોકાયેલ કર્મચારીઓ, સરકારી કાર્યક્રમો, લગ્નના વરઘોડા, અંતિમયાત્રા તેમજ સક્ષમ અધિકારીશ્રીની પરવાનગી મેળવનારને લાગુ પડશે નહી.

આ જાહેરનામાનો ભંગ કરનાર વ્યક્તિ ઈ.પી.કો.ની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ જાહેરનામાની જાહેર જનતાને જાણ સંબંધીત કચેરીઓએ તેમના નોટિસ બોર્ડ પર, સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યા ઉપર નકલ ચોટાડીને તથા માહિતી ખાતાએ વર્તમાન પત્રોમાં પ્રસિધ્ધી કરી કરવાની રહેશે. ગુજરાત પોલીસ એકટની કલમ–૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ જાહેરનામાની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજ તારીખઃ ૧૫ માહે માર્ચ, સને ૨૦૧૭ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે જાહેર જનતાની જાણ તથા અમલવારી માટે આ જાહેરનામુ પ્રસિધ્ધ કરવામાં આવ્યું.

વેરાવળ, ૧૫ માહે માર્ચ, સને ૨૦૧૭.

---

**ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ કાઢેલ હુકમ**

## જાહેરનામું

નં. એમએજી/સી/૧૦૧૮/૨૦૧૭.-પોલીસ અધિક્ષકશ્રી, ગીર સોમનાથના પત્ર ક્રમાંક : એલઆઈબી/હોટલ/સીસીટીવી/ જાહેરનામુ/૩૪૨/૨૦૧૭, તા. ૧૫-૦૩-૨૦૧૭ ના પત્રથી રજુ થયેલ વિગતો મુજબ ગીર સોમનાથ જિલ્લો કોસ્ટલ એરીયા ધરાવતો જિલ્લો છે અને બાર જ્યોર્તિલીંગ પૈકીનું એક સુપ્રસિધ્ધ સોમનાથ મંદીર આવેલ છે. તેમજ સુપ્રસિધ્ધ ધાર્મિક સ્થળ ત્રિવેણી સંગમ/દહોત્સર્ગ/ગીતા મંદિર/તુલશીશ્યામ જેવા મોટા ધાર્મિક સ્થળો આવેલા છે અને જુનાગઢ જિલ્લામાં શિવરાત્રી તથા ગીરનાર લીલી પરિક્રમા જેવા મોટા મેળાઓ પુરા થયા બાદ આ જગ્યાઓએ બહોળા પ્રમાણમાં ધાર્મિક માણસો દર્શનાર્થે આવતા હોય છે. જેમા લાખાની જનમેદની એકત્ર થાય છે. તેમજ આ જિલ્લામાં સુત્રાપાડા ખાતે જી.એચ.સી.એલ., કોડીનાર ખાતે અંબુજા સીમેન્ટ ફેકટરી અને વેરાવળ ખાતે ઈન્ડીયન રેયોન ફેકટરી જેવા ઓદ્યોગિક એકમો આવેલ છે. જે ઔદ્યોગિક એકમોમાં પર પ્રાંતના મજુરો/કર્મચારીઓ કામ કરે છે. આ ઉપરાંત

ગીર સોમનાથ જિલ્લાને અડીને જુનાગઢ, પોરબંદર, અમરેલી જિલ્લાઓ તેમજ કેન્દ્રશાષીત પ્રદેશ દિવ આવેલ છે અને કોસ્ટલ/નેશનલ હાઈવે તથા સ્ટેટ હાઈવે સાથે ગીર સોમનાથ જિલ્લો જોડાયેલ છે. જેથી પર્યટકોની સુરક્ષા જાળવવી એ તંત્રની ફરજ બને છે.

ગુપ્તચર સંસ્થાઓના વખતો વખતના અહેવાલો તથા અમદાવાદમાં ભુતકાળમાં બનેલ આંતકવાદી તત્વો દ્વારા અલગ-અલગ જગ્યાઓએ શ્રેણીબધ્ધ બોમ્બ ધડાકાઓ કરી મોટી જાનહાની તેમજ મિલકત હાની કરવામાં આવેલ છે. તેમજ લુંટ, ધાડ જેવા મિલ્કત વિરૂધ્ધના ગુન્હાઓ બનતા હોય છે. આવી રાષ્ટ્ર વિરોધી પ્રવૃતિ કરતી ગેંગ રાજ્ય/શહેરની અને હાઈ-વે પરની હોટલો, ગેસ્ટ હાઉસો, લોજીંગ બોર્ડીંગ, ડાયનીંગ હોલ, રેસ્ટોરન્ટ, ધર્મશાળા, અતિથીગૃહ, વિશ્રામગૃહ, મુસાફર ખાના, રિસોર્ટ વિગેરેનો રોકાણ માટે ઉપયોગ કરતા હોય છે અને આવા સ્થળોએ રોકાઈને પોતાના ગુન્હાને અંજામ આપતા હોય છે.

આવા ગુન્હેગારોની ઓળખ સહેલાઈથી થઈ શકે તેમજ લોકોને સુરક્ષા પુરી પાડવાના હેતુથી ગીર સોમનાથ જિલ્લામા આવેલ તમામ હોટલો, ગેસ્ટ હાઉસો, લોજીંગ બોર્ડીંગ, ડાયનીંગ હોલ, ભોજનાલય, રેસ્ટોરન્ટ, ધર્મશાળા, અતિથીગૃહ, વિશ્રામગૃહ, મુસાફર ખાના, રિસોર્ટ, બેન્કો, સિનેમાઘરો, શોપીંગ મોલ, આંગડીયા પેઢી, સાયબરકાફે, સોની વેપારીની દુકાનો વિગેરે સ્થળો પર સી.સી.ટી.વી. કેમેરા (નાઈટ વિઝન તથા હાઈ ડેફીનેશન) વીથ રેકોર્ડીંગ સિસ્ટમ રાખવા અંગે ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ જાહેરનામું પ્રસિધ્ધ કરવા દરખાસ્ત થઈ આવેલ છે.

ગીર સોમનાથ જિલ્લાના નાગરીકોની જાનમાલની સલામતી જળવાઈ રહે, આ પ્રકારના ગુન્હા કરતા લોકોની ઓળખ મળી રહે, તેમજ ગુન્હાના મુળ સુધી પહોંચી સાચા આરોપીને પકડી શકાય તેમજ આવા ગુન્હાઓ બનતા નિવારી શકાય તે માટે પોલીસ અધિક્ષકશ્રી, ગીર સોમનાથ તરફથી કરાયેલ દરખાસ્ત વ્યાજબી જણાય છે.

આથી હું, પી. બી. પંડયા, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ગીર સોમનાથ જિલ્લો, વેરાવળ ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ સત્તાની રૂઈએ આથી હુકમ કરૂં છું કે, ગીર સોમનાથ જિલ્લામાં આવેલ હાઈવે/શહેરમાં આવેલ તમામ હોટલો, ગેસ્ટ હાઉસો, લોજીંગ બોર્ડીંગ, ડાયનીંગ હોલ, રેસ્ટોરન્ટ,, ધર્મશાળા, અતિથીગૃહ, વિશ્રામગૃહ, મુસાફર ખાના, રિસોર્ટ, બેન્કો, સિનેમાઘરો, શોપીંગ મોલ, આંગડીયા પેઢી, સાયબરકાફે, સોની વેપારીની દુકાનો વિગેરે સ્થળો પર આવનાર તમામ માણસોને સરળતાથી ઓળખી શકાય તે રીતે સી.સી.ટી.વી. કેમેરો ગોઠવી ઉકત વિગતોનું રેકોર્ડીંગ કરવું. તેમજ આ ડેટા બેકઅપ ૧૫-દિવસ સુધી જાળવી રાખવો, તેમજ સલામતી વિષયક બાબતો સંભાળતી પોલીસ સહીતની કોઈ એજન્સી આવા ડેટાની માંગણી કરે ત્યારે બનતી ત્વરાએ ઉપલબ્ધ કરવો.

આ હુકમ બહાર પડયા તારીખથી દિન-૬૦ સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમની જાહેર જનતાને જાણ સંબંધિત કચેરીઓએ તેમના નોટીસ બોર્ડ પર સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યા ઉપર નકલ ચોંટાડીને તથા માહિતી ખાતાએ વર્તમાનપત્રોમાં પ્રસિધ્ધી કરી કરવાની રહેશે.

આજ, તારીખ : ૧૮ માહે માર્ચ, સને–૨૦૧૭ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે જાહેર જનતાની જાણ તથા અમલવારી માટે આ હુકમ પ્રસિધ્ધ કરવામાં આવ્યો.

ગીર સોમનાથ, ૧૮ માહે માર્ચ, સને ૨૦૧૭.

**પી. બી. પંડયા,**
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
ગીર સોમનાથ જિલ્લો,
વેરાવળ.

---

**ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૩) હેઠળનું**

## જાહેરનામું

ક્રમાંક : મજશ-૩/સભા સરઘસબંધી જા.નામું/૨૦૧૭/વશી-૨૯૨૭ થી ૩૦૨૭.-સુરેન્દ્રનગર જિલ્લામા હાલની કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ ધ્યાને રાખી સુરેન્દ્રનગર જિલ્લાના તમામ પોલીસ સ્ટેશન વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ સારી રીતે જળવાઈ રહે તે હેતુસર પોલીસ અધિક્ષકશ્રી, સુરેન્દ્રનગરના તા. ૧૫-૦૩-૨૦૧૭ ના પત્ર ક્રમાંક : એલઆઈબી/જા.પ્ર./૩૨૨/૨૦૧૭ થી ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૩) હેઠળનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા દરખાસ્ત થઈ આવેલ છે. તાજેતરની પરિસ્થિતિમાં જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ સારી રીતે જળવાઈ રહે તે માટે જાહેર વ્યવસ્થાના હેતુ માટે પાંચ કે વધુ લોકોએ ભેગા થવા ઉપર તથા સભા સરઘસ યોજવા મનાઈ ફરમાવવી મને જરૂરી જણાય છે.

વાસ્તે, હું, ચંદ્રકાંત જી. પંડયા, (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, સુરેન્દ્રનગર જિલ્લો, સુરેન્દ્રનગર, મને મળેલ અધિકારની

રૂએ ગુજરાત પોલીસ અધિનિયમ–૧૯૫૧નાં ૨૨ માંની કલમ-૩૭(૩) અન્વયે અમોને મળેલ અધિકારની રૂએ સુરેન્દ્રનગર જિલ્લાના સમગ્ર વિસ્તારમાં તારીખ : ૧૭-૦૩-૨૦૧૭ થી તારીખ : ૩૧-૦૩-૨૦૧૭ સુધી (બંન્ને તારીખો સહીત)ના સમયગાળા દરમ્યાન નગરપાલિકા વિસ્તારમાં સંબંધિત સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી તથા ગ્રામ્ય વિસ્તારમાં સબંધિત મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટની અગાઉથી મંજુરી મેળવ્યા સિવાય પાંચ કે તેથી વધુ લોકોએ ભેગા થવા ઉપર તથા સભા સરઘસ યોજવાની મનાઈ ફરમાવું છું.

આ પ્રતિબંધ લગ્નનાં વરઘોડા, સ્મશાનયાત્રા તથા શોભાયાત્રાની પુર્વ મંજુરી મેળવેલ હશે તેને લાગુ પડશે નહીં.

આ જાહેરનામું સુરેન્દ્રનગર જિલ્લાના તમામ વિસ્તારોમાં સહેલાઈથી દેખી શકાય, વાંચી શકાય તેવી જગ્યાએ તેની નકલો ચોંટાડીને અને તે વિસ્તારમાં પોલીસ લાઉડ સ્પીકર વાહનો દ્વારા, સ્થાનિક વર્તમાનપત્રો મારફતે તેમજ ગુજરાત રાજ્યના અસાધારણ ગેઝેટમાં જાહેર કરીને પ્રસિધ્ધ કરવાનું ફરમાવું છું.

જો કોઇ ઈસમ ઉપરોક્ત હુકમનો ભંગ કરશે ભંગ કરવામાં મદદગારી કરશે તો આવા ઈસમો ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૫ હેઠળ દંડ અને શિક્ષાને પાત્ર થશે.

આજ રોજ મારી સહી તથા કચેરીની મુદ્રા સાથે જાહેરનામું બહાર પાડવામાં આવે છે.

સુરેન્દ્રનગર, ૧૬ માહે માર્ચ, સને ૨૦૧૭.

---

## ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૧) હેઠળનું

## જાહેરનામું

ક્રમાંક : મજશ-૩/હથિયારબંધી જા.નામું/૨૦૧૭/વશી-૨૮૨૭ થી ૨૯૨૬.-સુરેન્દ્રનગર જિલ્લામા ખાસ કરીને ચોટીલા, થાન, ધ્રાંગધ્રા, સાયલા, મુળી વિસ્તારમાં વર્ગ વિગ્રહનાં બનાવો બને છે. તથા તેમજ અત્રેના જિલ્લાની હાલની કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ ધ્યાને રાખી સુરેન્દ્રનગર જિલ્લાનાં તમામ પોલીસ સ્ટેશન વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ સારી રીતે જળવાઈ રહે તે હેતુસર પોલીસ અધિક્ષકશ્રી, સુરેન્દ્રનગરના તા. ૧૫-૦૩-૨૦૧૭ ના પત્ર ક્રમાંક : એલઆઈબી/જા.પ્ર./૩૨૧/૧૭ થી ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૭(૧) હેઠળનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા દરખાસ્ત થઈ આવેલ છે. તાજેતરની પરિસ્થિતિમાં જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ સારી રીતે જળવાઈ રહે તે માટે જાહેર વ્યવસ્થાના હેતુ માટે હથિયારબંધી ફરમાવવી મને જરૂરી જણાય છે.

વાસ્તે હું, ચંદ્રકાંત જી. પંડયા, (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, સુરેન્દ્રનગર જિલ્લો, સુરેન્દ્રનગર, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ના ૨૨ માની કલમ-૩૭(૧) અન્વયે અમોને પ્રાપ્ત થયેલ અધિકારની રૂએ સુરેન્દ્રનગર જિલ્લાના સમગ્ર વિસ્તારમાં તા. : ૧૭-૦૩-૨૦૧૭ થી તા. : ૩૧-૦૩-૨૦૧૭ સુધી (બંન્ને તારીખો સહીત)ના સમયગાળા દરમ્યાન નગરપાલિકા વિસ્તારમાં સંબંધિત સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી તથા ગ્રામ્ય વિસ્તારમાં મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટશ્રીની અગાઉથી મંજુરી મેળવ્યા સિવાય નીચેની વિગતેના કૃત્યો કરવાની મનાઈ ફરમાવું છું.

(૧) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટા, ખંજર, ચપ્પા, લાકડી/લાઠી, ધોકા, બંદુક, કુલ્લીવાળી લાકડી તથા શારિરિક ઈજા પહોંચાડી શકે તેવા કોઈપણ પ્રકારના સાધનો ધારણ કરવાની કે સાથે લઈ જવાની.

(૨) પરવાના વાળા હથીયારો લઈ જાહેર જગ્યાઓએ જવા હવામાં ફાયર કરવા મેળા ધાર્મિક સરઘસ કે વ્યકિતઓના સમુદાયમાં લઈ જવા.

(૩) પથ્થરો અથવા બીજા શસ્ત્રો અથવા તે શસ્ત્રો ફેકવાના અથવા નાખવાના યંત્રો અથવા સાધનો લઈ જવાની, એકઠા કરવાની તથા તૈયાર કરવાની.

(૪) કોઈ પણ ક્ષયકારી પદાર્થ અથવા વિસ્ફોટક પદાર્થો ધારણ કરવાની કે સાથે લઈ જવાની.

(૫) વ્યકિતઓ અથવા તેમના શબ અથવા આકૃતિઓ અથવા પુતળા તૈયાર કરવાની, દેખાડવાની કે સળગાવવાની કે સાથે લઈ જવાની.

(૬) જેનાથી સુરચિનો ભંગ થાય અથવા તો નિતિનો ભંગ થાય તેવું ભાષણ કરવાની, તેવી ચેષ્ઠા કરવાની, તેવા ચિત્રો-પત્રિકા-પ્લે કાર્ડ- અથવા બીજા કોઈ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવાની, અથવા ફેલાવો કરવાની કે સાથે લઈ જવાની.

(૭) બુમો પાડવાની, અપમાન કરવાના અથવા જાહેર કરવાનાં ઈરાદાથી જાહેરમાં બિભત્સ શબ્દો પોકારવા તેમજ અશ્લીલ ગીતો ગાવા અથવા ટોળામાં ફરવાની.

(૮) કોઈ સરઘસમાં જલતી અને પેટાવેલી મશાલ લઈ જવાની.

(૯) પ્રાઈવેટ સીક્યુરીટી એજન્સીના સંચાલક અને કર્મચારી લાયસન્સ વાળા હથીયારો સાથે લઈ પોતાની ફરજ સિવાયના સમયે જાહેર જગ્યામાં જવા ઉપર.

(૧૦) કોઈ ક્ષયધર્મી અથવા સ્ફોટક પદાર્થ લઈ જવાની.

(૧૧) ખુન, ખુનની કોશીષ, ધાડ, લુંટ તથા ઈજાના બનાવોમા ઉપયોગમા લેવાતા તથા લેવાઈ શકે તેવા જીગઝેક પ્રકારના ચાઈનીઝ ચપ્પાઓ સાથે રાખવા કે વેચાણ કરવા ઉપર.

**આ હુકમ નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહી**

(૧) સરકારી નોકર કે કામ કરતી વ્યકિત કે જેને તેમના ઉપરી અધિકારીશ્રીઓએ આવું કોઈપણ હથિયાર લઈ જવા ફરમાવ્યું હોય અથવા કોઈપણ હથિયાર લઈ જવાની તેમની ફરજ હોય તેવી વ્યકિત.

(૨) જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી, સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી, મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટશ્રીએ અથવા તેઓએ કે જેને શારીરીક અશકિતના કારણે લાકડી/લાઠી લઈ જવાની પરવાનગી આપવામાં આવી હોય.

આ જાહેરનામું સમગ્ર સુરેન્દ્રનગર જિલ્લાના તમામ વિસ્તારોમાં સહેલાઈથી દેખી શકાય, વાંચી શકાય, તેવી જગ્યાએ તેની નકલો ચોંટાડી અને તે વિસ્તારમાં પોલીસ લાઉડ સ્પીકર વાહનો દ્વારા, સ્થાનિક વર્તમાનપત્રો મારફતે તેમજ ગુજરાત રાજ્યના અસાધારણ ગેઝેટમાં જાહેર કરીને પ્રસિધ્ધ કરવાનું ફરમાવું છું.

જો કોઈ ઈસમ ઉપરોક્ત હુકમનો ભંગ કરશે અગર ભંગ કરવામાં મદદગારી કરશે તો આવા ઈસમો ગુજરાત પોલીસ અધિનિમય-૧૯૫૧ની કલમ-૧૩૫ હેઠળ દંડ અને શિક્ષાને પાત્ર થશે.

આજ રોજ મારી સહી તથા કચેરીની મુદ્રા સાથે જાહેરનામું બહાર પાડવામાં આવે છે.

સુરેન્દ્રનગર, ૧૬ માહે માર્ચ, સને ૨૦૧૭.

**ચંદ્રકાંત જી. પંડ્યા,**
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
સુરેન્દ્રનગર જિલ્લો.

---

## સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ દ્વારા

### ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલો

### હુકમ

નાં. : એમએજી/૦૩(૧)/૨૦૧૭.-ગુજરાત રાજ્યમાં ગ્રામ પંચાયતોની સામાન્ય/પેટા ચૂંટણી-૨૦૧૭ યોજવા માટે રાજ્ય ચૂંટણી આયોગ, ગુજરાત રાજ્ય દ્વારા ચૂંટણી પ્રક્રિયાની પવિત્રતા જળવાઈ રહે અને લોકોની સાચી પસંદગી બહાર લાવી શકાય તે માટે ચૂંટણી પ્રચાર તથા ચૂંટણી સબંધી પ્રવાસ માટે વાહનોના દુર ઉપયોગ થતો અટકાવવા અને આદર્શ આચાર સંહિતાનો અમલ કરવા સુચના થઈ આવેલ છે. સબબ માહે : એપ્રિલ-૨૦૧૭ ના માસ દરમ્યાન યોજાનાર ગ્રામ પંચાયતોની સામાન્ય/પેટા ચૂંટણી-૨૦૧૭ દરમ્યાન પોરબંદર સબ-ડીવીઝનના મત વિસ્તારના મતદારો મુકત અને નિર્ભય રીતે મતદાન કરી શકે અને લોકોની સાચી પસંદગી બહાર લાવી શકાય તે માટે સરકારી, અર્ધ-સરકારી, કેન્દ્ર અને રાજય સરકાર તથા સંયુકત ક્ષેત્રના એકમો, નિગમો, સ્થાનીક સંસ્થાઓ, ખરીદ-વેંચાણ-સંઘ, સરકારી સંસ્થાઓ, નગરપાલીકાઓ તેમજ જિલ્લા અને તાલુકા પરિષદો, રાજકીય પક્ષો ઉમેદવારોએ તેઓની સાથે સંકળાયેલ અન્ય કોઈપણ વ્યકિત દ્વારા વાહનો, હેલીકોપ્ટર, વિમાન, બોટ, હોવરક્રાફટ વિગેરેના થતા દુરૂપયોગ અટકાવવા તથા હાલનાં સંજોગોને લક્ષમાં લેતા ઉપસ્થિત થયેલ સંજોગોમાં વાહનોના ચૂંટણી પ્રચાર માટે દુરૂપયોગ થવાની શકયતા જણાતા અને તેવા પ્રસંગે જાહેર સુલેહ શાંતિને વિપરીત અસર કરતી પરિસ્થિતિ સર્જાવાની સંભાવના રહેલ હોય અને તેવા કારણોસર ઘર્ષણ થવાના પ્રસંગોને નિવારવા સાવચેતીના પગલા લેવા જરૂરી અને અનિવાર્ય જણાય છે. સબબ હું, ચેતન ગણાત્રા, જી.એ.એસ., સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ, પોરબંદર, જિલ્લો પોરબંદર, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ અમોને મળેલ અધિકારની રૂઈએ હુકમથી ફરમાવું છું કે,

(૧) કેન્દ્ર અને રાજય સરકારના સંયુક્ત ક્ષેત્રના જાહેર ઉપક્રમો, સ્થાનીક સંસ્થાઓ, ખરીદ-વેંચાણ બોર્ડ/સંઘ, સરકારી મંડળીઓ, સ્વાયત જિલ્લા/તાલુકા પરિષદો અન્ય કોઈપણ સંસ્થા કે જેના સમગ્ર ભંડોળમાં જાહેરનિધિના નાના સરખા હિસ્સાનું પણ રોકાણ કરવામાં આવ્યું હોય એવી અન્ય કોઈપણ સંસ્થાની માલીકીના હેલીકોપ્ટર, વિમાન, કાર, જીપ અન્ય સ્વસંચાલીત વાહનો, બોટ, હોવરક્રાફટ વિગેરે જેવા કોઈપણ વાહનોના ચૂંટણી સબંધે પ્રત્યક્ષ અથવા પરોક્ષ રીતે ઉપયોગ કરવા પર સંપુર્ણ પ્રતિબંધ રહેશે.

(૨) કેન્દ્ર અથવા રાજ્યના મંત્રીશ્રીનો રક્ષા કાફલો કોઈપણ સંજોગોમાં કાર/વાહનો ત્રણથી વધુ વાહનના બનેલા કાફલા (કોનવે) લઈ જવો નહીં, મોટા રક્ષા કાફલાને વિભાજીત કરવાનો રહેશે. આમ છતાં આ બાબત આવી કોઈ વ્યકિત સંબંધમાં આપવામાં આવેલી સુરક્ષા સુચનાઓને આધીન રહીને અમલ કરવાનો રહેશે.

(૩) કોઈપણ રાજકીય પક્ષો, ઉમેદવારો અને તેમના ચૂંટણી એજન્ટ, કાર્યકરોએ ચૂંટણી પ્રચાર માટે જતાં કાફલામાં એકી સાથે ત્રણથી વધુ વાહનો જેવા કે કાર, જીપ, બોટ, હોવર ક્રાફટ કે પરિવહનના હેતુ માટે ઉપયોગમાં લઈ શકાય તેવું યાંત્રીક શકિતથી ચાલતું કે અન્ય રીતે ચાલતું કોઈપણ વાહન લઈ જઈ શકાશે નહિં.

(૪) આ હુકમનો ભંગ કર્યાથી ભારતીય દંડ સંહિતા-૧૮૬૦ની કલમ-૧૮૮ નીચે કસુરવાર સામે કાર્યવાહી કરવામાં આવશે અને ગુન્હો સાબીત થયેથી એક માસની સાદી કેદ અથવા રૂપીયા ૨૦૦/- બસો પુરા દંડ અથવા બન્ને સજા થઈ શકે છે.

આ હુકમ પોરબંદર સબ ડિવીઝનના ગ્રામ પંચાયત ચૂંટણી હેઠળના સમગ્ર ગ્રામ્ય વિસ્તારમાં હુકમની તારીખથી તા. ૧૧-૦૪-૨૦૧૭ના ૨૪-૦૦ કલાક સુધી અમલમાં રહેશે.

આજ તા. ૧૮-૦૩-૨૦૧૭ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી હુકમ પ્રસિધ્ધ કર્યો.

પોરબંદર, ૧૮ માહે માર્ચ, સને ૨૦૧૭.

---

**ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ**

**હુકમ**

નાં. : એમએજી/૦૩(૨)/૨૦૧૭.-૨૦૧૭ના એપ્રિલ મહિનામાં પોરબંદર સબ ડીવીઝનમાં ગ્રામ પંચાયત સામાન્ય/પેટા ચૂંટણી-૨૦૧૭ માટે મતદાન થનાર છે. આ ચૂંટણીઓ દરમ્યાન સબ ડીવીઝનમાં તમામ સ્તરે કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તથા મતદારો પોતાનો મત મુકત અને નિર્ભય રીતે આપી શકે તેમજ સમગ્ર ચૂંટણી પક્રિયા માટે જરૂરી શાંતિમય વાતાવરણમાં વિક્ષેપો ઉભા થાય નહી અને જાહેર સુલેહ શાંતિનો ભંગ થતો અટકાવવો અત્યંત જરૂરી જણાતો હોવાથી ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ મુજબ પગલા લેવા માટે પુરતાં કારણો છે.

તેથી હું, ચેતન ગણાત્રા, જી.એ.એસ., સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ, પોરબંદર ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ મુજબ મને મળેલ સત્તાની રૂઈએ આથી ફરમાવું છું કે, આ હુકમના જાહેરનામાની દિવસથી તા. ૧૧-૦૪-૨૦૧૭ના ૨૪-૦૦ કલાક સુધી કોઈપણ ઈસમે પોતાના પરવાનાવાળા હથિયાર સાથે લઈને બહાર નીકળવું નહી, ઉપરાંત દંડા, તલવાર, ભાલા, ચપ્પુ, લાકડી, લાઠી અથવા શારિરીક હિંસા પહોંચાડવામાં ઉપયોગ થઈ શકે તેવી બીજી કોઈ ચીજો સાથે લઈ બહાર નીકળવું કે ફરવું નહીં.

**આ હુકમ નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહિં.**

૧. ફરજ ઉપર રોકાયેલા પોલીસ કર્મચારી/અધિકારીઓ કે જેઓને ફરજના ભાગરૂપે શસ્ત્રો રાખવાની પરવાનગી આપવામાં આવેલ છે.

૨. શારીરિક અશકિતના કારણે લાકડી અથવા લાઠી લઈ ફરવું જરૂરી હોય તે વ્યકિતને.

૩. જિલ્લાની રાષ્ટ્રીયકૃત બેન્કો કે જેઓને તે બેન્કની કરન્સી લઈ આવવા તથા લઈ જવા માટે તેની ફરજના ભાગરૂપે બેન્કના પરવાનાવાળા શસ્ત્રો રાખવાની પરવાનગી આપવામાં આવેલ છે.

આ હુકમ પોરબંદર સબ ડીવીઝનના ગ્રામ પંચાયત ચૂંટણી હેઠળના સમગ્ર ગ્રામ્ય વિસ્તારમાં હુકમની તારીખથી તા. ૧૧-૦૪-૨૦૧૭ના ૨૪-૦૦ કલાક સુધી અમલમાં રહેશે.

મે આજરોજ તારીખ ૧૮-૦૩-૨૦૧૭ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી હુકમ બહાર પાડેલ છે.

પોરબંદર, ૧૮ માહે માર્ચ, સને ૨૦૧૭.

**ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ**

**હુકમ**

નાં. : એમએજી/જાહેરનામુ/૦૩(૩)/૨૦૧૭.-આગામી ગ્રામ પંચાયત સામાન્ય/પેટા ચૂંટણીઓ-૨૦૧૭ અંતર્ગત તા. ૦૮-૦૪-૨૦૧૭ના રોજ મતદાન થનાર હોય અને મતદાનના દિવસોએ વાહનોના ઉપયોગ ઉપર દેખરેખ રાખવા તથા મતદારો માટે વાહનોનો દુરઉપયોગ કરી મતદારોને અયોગ્ય રીતે રીઝવી ન શકાય તે હેતુથી અને આમ કરવામાં ન આવે તો આગામી ગ્રામ પંચાયત સામાન્ય/પેટા ચૂંટણી ન્યાયી અને નિષ્પક્ષ રીતે યોજાય તેવું અનુમાન થઈ શકે નહીં જેની અસર સામાન્ય જનમાનસ ઉપર તેમજ પ્રતિસ્પર્ધી ઉમેદવારો ઉપર પણ થાય જેના કારણે સાચી-ખોટી ફરિયાદો ઉપસ્થિત થવાનો પુરતો અવકાશ રહે પરિણામે એક બીજા જુથો વચ્ચે મનદુ:ખો થાય અને ઘર્ષણ ઉભુ થવાની પુરતી સંભાવના રહે તે અટકાવવા તેમજ આગામી ચૂંટણીઓ દરમ્યાન ઉપયોગયમાં લેવામાં આવતાં વાહનોનો દુરઉપયોગ થતો અટકાવવાના હેતુથી સાવચેતીના પગલાં લેવા અનિવાર્ય જણાય છે. સબબ હું, ચેતન ગણાત્રા, જી.એ.એસ., સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ, પોરબંદર, જિલ્લો પોરબંદર ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ અમોને મળેલ અધિકારની રૂઈએ નીચે પ્રમાણે હુકમ ફરમાવું છું.

(૧) કોઈપણ રાજકીય પક્ષો કે બિનરાજકીય પક્ષો કે ઉમેદવારો કે તેઓના ચૂંટણી એજન્ટો દ્વારા અથવા તેમની સહમતીથી બીજો કોઈપણ વ્યકિત દ્વારા મતદાનના દિવસે.

(ક) મતદારોને મતદાન મથક સુધી લાવવા અને મતદાન મથક ખાતેથી લઈ જવાની મફત સગવડ માટે વાહનો ભાડે રાખવા કે મેળવવા અથવા તે રીતે વાહનોનો ઉપયોગ કરવા ઉપર પ્રતિબંધ ફરમાવવામાં આવે છે.

(ખ) આગામી ગ્રામ પંચાયતની સામાન્ય/પેટા ચૂંટણી દરમ્યાન ઉમેદવાર મતદાનનાં દિવસે નીચે પ્રમાણેના વાહનોનો ઉપયોગ કરવા હક્કદાર રહેશે.

(૧) ઉમેદવાર પોતાના ઉપયોગ માટે સમગ્ર ગ્રામ પંચાયત વિભાગ પુરતું એક જ વાહનની સંબંધિત ચૂંટણી અધિકારીશ્રી અગર તેમના દ્વારા અધિકૃત કરેલ સક્ષમ અધિકારીશ્રી પાસે નોંધણી કરાવીને ઉપયોગ કરી શકશે અને સદરહુ વાહનની નોંધણી કરાવ્યાનો આધાર વાહન સાથે રાખવાનો રહેશે.

આવા વાહનોની ઓળખ સહેલાઈથી પ્રસ્થાપિત થઈ શકે અને હરીફ ઉમેદવારને બીનજરૂરી અસુવિધા ઉભી ન થાય તે માટે મતદાનના દિવસે ઉપર ૧(ખ) (૧)માં દર્શાવેલ વિગતેના વાહનો ગ્રામ પંચાયત સામાન્ય/પેટા ચૂંટણીના ઉમેદવારોએ ચૂંટણી અધિકારીશ્રી અથવા આ કામે તેઓશ્રી દ્વારા અધિકૃત કરવામાં

આવેલ હોય તેવા સક્ષમ સત્તાધિકારીશ્રી પાસે આવા વાહનો રજીસ્ટર કરાવવાના રહેશે અને રજીસ્ટર કરાવેલ વાહનો પરત્વેની પરમીટ તેઓશ્રી પાસેથી મેળવીને વાહનોની ઉપર સહેલાઈથી દેખાઈ આવે તે રીતે વિન્ડ સ્ક્રીન ઉપર ચોટાડવા સિવાય સદરહું વાહનનો ઉપયોગ કરી શકશે નહિ.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય દંડ સંહીતાની કલમ-૧૮૮ હેઠળ કસુરવાર સામે પગલા લેવાની કાર્યવાહી કરવામાં આવશે અને ગુન્હો સાબીત થયે એક માસની સાદી કેદ અથવા રૂા. ૨૦૦/- નો દંડ અથવા બન્નેની સજા થઈ શકે છે.

આ હુકમનો અમલ પોરબંદર સબ ડિવીઝનના ગ્રામ પંચાયત ચૂંટણી હેઠળના સમગ્ર ગ્રામ્ય વિસ્તારમાં તારીખ ૦૮-૦૪-૨૦૧૭ના દિવસે કરવાનો રહેશે.

આજ તા. ૧૮-૦૩-૨૦૧૭ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી હુકમ પ્રસિધ્ધ કર્યો.

પોરબંદર, ૧૮ માહે માર્ચ, સને ૨૦૧૭.

---

## ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ કાઢેલ

## હુકમ

નાં. : એમએજી/જાહેરનામુ/૦૩(૪)/૨૦૧૭.-ગુજરાત રાજ્યમાં ગ્રામ પંચાયત સામાન્ય/પેટા ચૂંટણી-૨૦૧૭ અંતર્ગત રાજ્ય ચૂંટણી આયોગ, ગાંધીનગર દ્વારા જાહેરનામુ બહાર પાડવામાં આવેલ છે. જેને અનુલક્ષીને ઉમેદવારો અને અન્ય કાર્યકરો દ્વારા ચૂંટણી પ્રચાર અભિયાન કરવામાં આવે છે, જે અન્વયે ઉમેદવારો અથવા તેના કાર્યકરો દ્વારા સાર્વજનિક અને ખાનગી મકાન માલિકની પરવાનગી લીધા વિના મકાનોની દિવાલો ઉપર ચૂંટણીલક્ષી પ્રચારપત્રો ચોડીને, સુત્રો લખીને પ્રસિધ્ધીની નિશાની કરીને વિગેરે દ્વારા સાર્વજનીક અને ખાનગી મકાનોની દિવાલ બગાડવામાં આવે છે. આ માટે રાજ્ય ચૂંટણી પંચ, ગાંધીનગર દ્વારા રાજકીય પક્ષોને અને ઉમેદવારોના માર્ગદર્શન માટે આદર્શ આચાર સંહિતા અને તે અંગેના અમલ માટે સૂચના થઈ આવેલ છે. તે મુજબ રાજકીય પક્ષો, ઉમેદવારો કે તેમના કાર્યકરોને ધ્વજ દંડ ઉભા કરવા, બેનરો લગાવવા, નોટિસો ચોંટાડવી, સુત્રો લખવા વિગેરે માટે પૂર્વ પરવાનગી મેળવ્યા સિવાય કોઈપણ વ્યકિતનો કે સાર્વજનીક જાહેર માલિકીની જમીન, મકાન, કમ્પાઉન્ડ, દિવાલ વિગેરેનો ઉપયોગ કરવાનો નથી તેવી જોગવાઈ કરવામાં આવેલ છે. સબબ, આચાર સંહિતાનો ચુસ્તપણે અમલ કરવા અને લોકોની તથા જાહેર અને સાર્વજનીક માલ મિલ્કતને થતી હાની, નુકસાન, બગાડ થતો અટકાવવા તથા તેવા સંજોગોમાં ઉપસ્થિત થનાર જૂથો વચ્ચે ઘર્ષણ ઉપસ્થિત થવાના કારણે કાયદો વ્યવસ્થાની પરિસ્થિતિ તથા જાહેર સુલેહ શાંતિને વિપરીત સંજોગો નિવારવા સાવચેતીના પગલા લેવા જરૂરી અને અનિવાર્ય જણાય છે. સબબ હું, ચેતન ગણાત્રા, જી.એ.એસ., સબ ડીવીઝન મેજીસ્ટ્રેટ, પોરબંદર જિલ્લો, પોરબંદર, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ અમોને મળેલ અધિકારની રૂઈએ નીચે પ્રમાણે હુકમ ફરમાવું છું.

કોઈપણ રાજકીય પક્ષો, ઉમેદવારો અને તેમનાં કાર્યકરોને સંબંધિત ખાનગી, સાર્વજનીક જમીન, કમ્પાઉન્ડ, મકાન, મકાનની દિવાલોના માલિકની અગાઉથી લેખીત પરવાનગી મેળવ્યા સિવાય આવી જમીન, કમ્પાઉન્ડ, મકાન, મકાનની દિવાલ, ઉપર ચૂંટણીલક્ષી પ્રચારપત્રો ચોડીને, લખીને નિશાનીઓ ચીતરીને દિવાલો બગાડવી નહિ. તેમજ ધ્વજ દંડ ઉભા કરવા નહિ. તે માટે મનાઈ ફરમાવું છું, તેમજ આ હુકમનો ભંગ કર્યેથી ભારતીય દંડ સંહિતા-૧૮૬૦ની કલમ-૧૮૮ હેઠળ કસુરવાર સામે કાર્યવાહી કરવામાં આવશે અને ગુન્હો સાબીત થયેથી એક માસની સાદી કેદ અથવા રૂા. ૨૦૦/- બસ્સો પુરા દંડ અથવા બંને સજા થઈ શકે છે.

આ હુકમ પોરબંદર સબ ડિવીઝનના ગ્રામ પંચાયત ચૂંટણી હેઠળના સમગ્ર વિસ્તારમાં હુકમની તારીખથી તા. ૧૧-૦૪-૨૦૧૭ના ૨૪-૦૦ કલાક સુધી અમલમાં રહેશે.

આજ તા. ૧૮-૦૩-૨૦૧૭ રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી હુકમ પ્રસિધ્ધ કર્યો.

પોરબંદર, ૧૮ માહે માર્ચ, સને ૨૦૧૭.

---

## ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળનો હુકમ

## હુકમ

નાં. : એમએજી/૦૩(૫)/૨૦૧૭.-ગુજરાતમાં ગ્રામ પંચાયત સામાન્ય/પેટા ચૂંટણીઓ-૨૦૧૭ અંતર્ગત રાજ્ય ચૂંટણી આયોગ, ગાંધીનગર દ્વારા જાહેરનામુ બહાર પાડવામાં આવેલ છે. જેને અનુલક્ષીને ગ્રામપંચાયતની ચૂંટણીઓ તા. ૦૮-૦૪-૨૦૧૭ના રોજ નિયત કરવામાં આવેલ મતદાન મથકો ઉપર યોજાનાર છે.

જેથી નિયત કરેલા મતદાન મથકોએ મતદાન સરળ અને શાંતિપુર્ણ રીતે થાય અને કોઈ અવરોધ પેદા થાય નહિ તે માટે તેમજ આ નિયત કરેલા મતદાન કેન્દ્રોએ જુદા જુદા પક્ષના લોકો/ટેકેદારો/કાર્યકરો એકઠા થાય ત્યારે એકબીજા વચ્ચે સંઘર્ષ ન થાય અને જાહેર સુલેહ શાંતિ તેમજ કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે સારૂ નિયત કરેલ મતદાન મથકોની આજુબાજુના ૨૦૦ મીટરના વિસ્તારમાં ચાર કરતા વધુ માણસોએ ભેગા નહી થવા તેમજ ચૂંટણીના કામે ઉપયોગમાં લેવાનાર ઉપરોકત નિયત સ્થળોએ આવેલ મતદાન મથકોના મકાનોમાં બિનઅધિકૃત વ્યકિતીઓ દાખલ થાય નહીં તે માટે ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ મુજબ પગલા લેવા સારૂ પુરતુ કારણ જણાય છે.

વાસ્તે હું, ચેતન ગણાત્રા, જી.એ.એસ., સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ, પોરબંદર, જિલ્લો પોરબંદર, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ ની કલમ-૧૪૪ હેઠળ અમોને મળેલ સત્તાની રૂઈએ આથી ફરમાવું છું કે, તા. ૦૭-૦૪-૨૦૧૭ની શુન્ય કલાકથી તા. ૦૮-૦૪-૨૦૧૭ના ૨૪-૦૦ કલાક (બંને દિવસો સહીત) સુધી ચૂંટણી અંગેની કામગીરી માટેના નિયત કરેલા મતદાન મથકોએ મતદાનની કામગીરી પુરી થાય તે સુધીના સમય તેમજ મતદાનને લગતી અન્ય કામગીરી પુર્ણ થાય તે સમય સુધી આ સબ ડીવીઝનમાં નિયત કરવામાં આવેલ મતદાન મથકોના ૨૦૦ મીટરના વિસ્તારમાં ચાર કરતા વધારે માણસોએ ભેગા થવું નહીં. તેમજ ઉપરોકત સ્થળોએ ચૂંટણી કામ માટે ઉપયોગમાં લેવાનાર મકાનો તથા તેના કમ્પાઉન્ડની ૨૦૦ મીટરના વિસ્તારની અંદર બિનઅધિકૃત વ્યકિત/વ્યકિતઓએ દાખલ થવું નહિ.

વધુમાં હું આદેશ કરૂં છે કે, આ હુકમ નીચેનીનાઓને લાગુ પડશે નહિં.

(૧) ચૂંટણી અંગેની કામગીરીમાં રોકવામાં આવેલ ચૂંટણી ફરજ માટેના સરકારી અધિકારી અને કર્મચારીઓને.

(૨) કાયદો અને વ્યવસ્થાની જાળવણી માટે ફરજ ઉપર મુકાયેલ પોલીસ અધિકારી, કર્મચારી તથા હોમગાર્ડઝને.

(૩) સંબંધિત ચૂંટણીના ઉમેદવારો/ચૂંટણી એજન્ટ/મતદાન એજન્ટને તથા ચૂંટણી અધિકારીશ્રીઓ તથા ચૂંટણીપંચ દ્વારા અધિકૃત કરવામાં આવે તે વ્યકિતઓને.

(૪) જિલ્લા મેજીસ્ટ્રેટ/અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા અધિકૃત કરવામાં આવે તે વ્યકિતઓને.

(૫) સ્થળે હાજર ફરજ પરના પોલીસ અધિકારીશ્રી દ્વારા અધિકૃત કરવામાં આવે તેને.

(૬) અધિકૃત મતદારોને મત આપવા જવા તેમજ મતદાન પછી પાછા આવવા સુધીના સમય સુધી.

સદરહું હુકમના કોઈપણ ખંડનો ભંગ અગર ઉલ્લંઘન કરનાર શખ્સ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તા. ૧૮-૦૩-૨૦૧૭ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી હુકમ પ્રસિધ્ધ કર્યો.

પોરબંદર, ૧૮ માહે માર્ચ, સને ૨૦૧૭.

---

**ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ કાઢેલ**

## હુકમ

નાં. : એમએજી/૦૩(૬)/૨૦૧૭.-ગ્રામ પંચાયતની સામાન્ય/પેટા ચૂંટણીઓ-૨૦૧૭ અંતર્ગત મતદાન તા. ૦૮-૦૪-૨૦૧૭ના રોજ હોય તેના અનુસંધાને ચૂંટણી પ્રચાર અભિયાનરૂપે ચૂંટણી ઉમેદવારો અને વિવિધ કાર્યકરો તરફથી ચૂંટણી પ્રચાર ઝુંબેશ પોતપોતાના મત વિસ્તારમાં શરૂ કરવામાં આવેલ હોય, આ પ્રકારના હેતુ માટે તેઓ દ્વારા મોટા પ્રમાણમાં વાહનોનો ઉપયોગ પણ કરવામાં આવનાર હોય ઉમેદવાર કે તેની સહમતીથી બીજા કોઈ વ્યકિત દ્વારા પ્રચાર માટે વાહનોના ઉપયોગ કરવામાં આવશે તે સંજોગોમાં આવા વાહનોના ઉપયોગ ઉપર દેખરેખ રાખવા અને ઉમેદવારના પ્રચાર માટે વપરાતા વાહનોના સંબંધમાં લગતો ખર્ચ યોગ્ય રીતે જાહેર થાય તે હેતુથી અને જો આમ કરવામાં ન આવે તો આગામી ચૂંટણીઓ કેટલી ન્યાયી, નિષ્પક્ષ રીતે યોજાય તેનું અનુમાન ન થાય, જેની અસર સામાન્ય જનમાનસ ઉપર તેમજ સાચી-ખોટી ફરીયાદો ઉપસ્થિત થવાનો અવકાશ રહેતા, ઉમેદવારોના એકબીજા જુથો વચ્ચે મનદુ:ખ થાય અને ઘર્ષણ ઉભુ થવાની સંભાવના રહે તેથી સુલેહ શાંતિ ભંગ થવા સંભવ હોઈ આથી હું, ચેતન ગણાત્રા, જી.એ.એસ., સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ, પોરબંદર, જિલ્લો પોરબંદર, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ અધિકારની રૂઈએ હુકમ કરૂં છું કે,

કોઈપણ રાજકીય પક્ષો કે બિનરાજકીય પક્ષો કે ઉમેદવારો કે તેઓની સહમતીથી કોઈપણ વ્યકિત દ્વારા કે કોઈપણ ઉમેદવારના ચૂંટણી પ્રચારમાં વાહનોનો પોરબંદર સબ ડિવીઝન વિસ્તારમાં ઉપયોગ કરવામાં આવે તેવા તમામ વાહનો ગ્રામ પંચાયતના ચૂંટણી અધિકારીશ્રી પાસે અથવા તે અર્થે અધિકૃત સક્ષમ સત્તા પાસે આવા પ્રચારમાં વપરાતા વાહનો રજીસ્ટર કરાવવાના રહેશે અને રજીસ્ટર કરાવેલ વાહન પરત્વેની પરમીટ તેઓશ્રી પાસેથી મેળવી તે વાહનોની ઉપર સહેલાઈથી દેખાઈ આવે તે રીતે વીન્ડ સ્ક્રીન પર ચોંટાડવાની રહેશે. આ પરમીટમાં વાહન કયા વિસ્તારમાં ઉપયોગમાં લેવા માટે નોંધણી કરાવવામાં આવી છે તેની સ્પષ્ટ વિગતો દર્શાવવાની રહેશે, પરમીટ મેળવ્યા સિવાય અને વાહન રજિસ્ટર કરાવ્યા સિવાય કોઈપણ વાહનોનો ઉપયોગ વિસ્તારમાં ચૂંટણી પ્રચાર માટે કરી શકાશે નહી.

આ નિયંત્રણો યાંત્રિક શકિતથી કે અન્ય કોઈ રીતે ચાલતા વાહનોને લાગુ પડશે. આ વાહનોમાં મીનીબસ, સ્ટેશન વેગન, ટેકસી, ખાનગી કાર, ટ્રક કે ટ્રેલર કે તે વિનાનું ટ્રેકટર, ઓટો રીક્ષા, સ્કુટર વિગેરેનો સમાવેશ થાય છે. પરંતુ નિયંત્રણ માત્ર આ જ વાહનો પુરતો સિમિત રહેશે નહી.

ઉપરોકત હુકમનો ભંગ કર્યેથી ભારતીય દંડસંહિતાની કલમ-૧૮૮ હેઠળ કસુરવાર સામે પગલા લેવાની કાર્યવાહી કરવામાં આવશે અને ગુન્હો સાબીત થયે એક માસની સાદી કેદ અથવા રૂા. ૨૦૦/- નો દંડ અથવા બંનેની સજા થઈ શકે છે.

આ હુકમનો અમલ પોરબંદર સબ ડિવીઝનના ગ્રામ પંચાયત ચૂંટણી હેઠળના સમગ્ર ગ્રામ્ય વિસ્તારમાં હુકમની તારીખથી તા. ૦૮-૦૪-૨૦૧૭ના દિવસે સાંજના પાંચ કલાક સુધી કરવાનો રહેશે.

આજ તા. ૧૮-૦૩-૨૦૧૭ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી હુકમ પ્રસિધ્ધ કર્યો.

પોરબંદર, ૧૮ માહે માર્ચ, સને ૨૦૧૭.

**ચેતન ગણાત્રા,**
સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ,
પોરબંદર.

---

## સુપ્રિન્ટેન્ડેન્ટ જમીન દફતર દ્વારા

વંચાણ લીધા :

(૧) સરકારશ્રીના મહેસૂલ વિભાગના ઠરાવ ક્રમાંક : પરચ/૧૩.૨૦૧૪-૧૪૫૯/બ, તા. ૧૭-૧૦-૨૦૧૪.

(૨) સરકારશ્રીના મહેસૂલ વિભાગના ઠરાવ ક્રમાંક : પરચ/૧૨.૨૦૧૫-૧૯૬૪/હ, તા. ૦૮-૦૯-૨૦૧૫.

(૩) જિલ્લા નિરીક્ષકશ્રી, જમીન દફતર, કચ્છ-ભુજના પત્ર નં. ડીએસઓ-૧૦૪/એલઆરસી ૧૨૬/તેરા/૨૦૧૬- ૧૭, તા. ૨૧-૦૨-૨૦૧૭.

### જાહેરનામું

નંબર : સિટીએસ-૫/લે.રે.કો.ક.-૧૨૬/વિથોણ/નખત્રાણા/૨૦૧૬-૧૭.-સરકારશ્રીના વંચાણ-૧ ના ઠરાવથી રાજ્યના ગ્રામ્ય વિસ્તારના ગામઠાણની મિલકતોની માપણી કરી, હક્કચોકસી કરી, પ્રોપર્ટી કાર્ડ તૈયાર કરવા ગામઠાણ (આબાદી એરીયા) મોજણી દાખલ કરવા લે.રે.કો.ક. ૯૫ તથા ૧૩૧ ની મંજૂરી આપેલ છે જે અન્વયે વર્ષ ૨૦૧૬-૧૭ માટે ૧૭૮ ગામોમાં ગામઠાણ મોજણી દાખલ કરવા વહીવટી મંજૂરી આપેલ છે.

ગામ : વિથોણ, તાલુકે : નખત્રાણા, જિલ્લે : કચ્છમાં સિટી સરવે વિસ્તાર નક્કી કરવા અંગેની દરખસ્ત વંચાણ-૩ થી અત્રે રજુ કરેલ છે અને ગુજરાત જમીન મહેસૂલ અધિનિયમ-૧૮૭૯ ની કલમ-૧૨૬ મુજબનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા ભલામણ કરેલ છે.

સરકારશ્રીના વંચાણ-૨ ના ઠરાવથી ગુજરાત જમીન મહેસૂલ અધિનિયમ-૧૮૭૯ ની કાયદાની કલમ-૧૨૬ મુજબ સિટી સરવે વિસ્તારની હદ ઠરાવવા સતાઓ આપવામાં આવેલ છે.

ગુજરાત જમીન મહેસુલ અધિનિયમ-૧૮૭૯ ની કલમ-૧૨૬ ની જોગવાઈ અનુસાર મોજે : વિથોણ, તાલુકે : નખત્રાણા, જિલ્લે : કચ્છની સિટી સરવે લીમીટની હદ દર્શાવતા નકશા તથા સામેલ પત્રક અ-બ-ક માં દર્શાવેલ સરવે નંબરો, ગામતળ, રસ્તા, ટ્રાવર્સ પૈકીનું કુલ્લ ક્ષેત્રફળ હે. ૮૯ આરે. ૬૭ ચો.મી. ૭૩ સિટી સરવે વિસ્તાર તરીકે જાહેર કરવામાં આવે છે.

કચ્છ-ભુજ, ૨૨ માહે ફેબ્રુઆરી, સને ૨૦૧૭.



વંચાણ લીધા :

(૧) સરકારશ્રીના મહેસૂલ વિભાગના ઠરાવ ક્રમાંક : પરચ/૧૩.૨૦૧૪-૧૪૫૯/બ, તા. ૧૭-૧૦-૨૦૧૪.

(૨) સરકારશ્રીના મહેસૂલ વિભાગના ઠરાવ ક્રમાંક : પરચ/૧૨.૨૦૧૫-૧૯૬૪/હ, તા. ૦૮-૦૯-૨૦૧૫.

(૩) જિલ્લા નિરીક્ષકશ્રી, જમીન દફતર, કચ્છ-ભુજના પત્ર નં. ડીએસઓ-૧૦૪/એલઆરસી ૧૨૬/તેરા/૨૦૧૬-૧૭, તા. ૨૧-૦૨-૨૦૧૭.

### જાહેરનામું

નંબર : સિટીએસ-૫/લે.રે.કો.ક.-૧૨૬/ઘડુલી/લખપત/૨૦૧૬-૧૭.-સરકારશ્રીના વંચાણ-૧ ના ઠરાવથી રાજ્યના ગ્રામ્ય વિસ્તારના ગામઠાણની મિલકતોની માપણી કરી, હક્કચોકસી કરી, પ્રોપર્ટી કાર્ડ તૈયાર કરવા ગામઠાણ (આબાદી એરીયા) મોજણી દાખલ કરવા લે.રે.કો.ક. ૯૫ તથા ૧૩૧ ની મંજૂરી આપેલ છે જે અન્વયે વર્ષ ૨૦૧૬-૧૭ માટે ૧૭૮ ગામોમાં ગામઠાણ મોજણી દાખલ કરવા વહીવટી મંજૂરી આપેલ છે.

ગામ : ઘડુલી, તાલુકે : લખપત, જિલ્લે : કચ્છમાં સિટી સરવે વિસ્તાર નક્કી કરવા અંગેની દરખસ્ત વંચાણ-૩ થી અત્રે રજુ કરેલ છે અને ગુજરાત જમીન મહેસૂલ અધિનિયમ-૧૮૭૯ ની કલમ-૧૨૬ મુજબનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા ભલામણ કરેલ છે.

સરકારશ્રીના વંચાણ-૨ ના ઠરાવથી ગુજરાત જમીન મહેસૂલ અધિનિયમ-૧૮૭૯ ની કાયદાની કલમ-૧૨૬ મુજબ સિટી સરવે વિસ્તારની હદ ઠરાવવા સતાઓ આપવામાં આવેલ છે.

ગુજરાત જમીન મહેસુલ અધિનિયમ-૧૮૭૯ ની કલમ-૧૨૬ ની જોગવાઈ અનુસાર મોજે : ઘડુલી, તાલુકે : લખપત, જિલ્લે : કચ્છની સિટી સરવે લીમીટની હદ દર્શાવતા નકશા તથા સામેલ પત્રક અ-બ-ક માં દર્શાવેલ સરવે નંબરો, ગામતળ, રસ્તા, ટ્રાવર્સ પૈકીનું કુલ્લ ક્ષેત્રફળ હે. ૧૮૬ આરે. ૫૫ ચો.મી. ૮૦ સિટી સરવે વિસ્તાર તરીકે જાહેર કરવામાં આવે છે.

કચ્છ-ભુજ, ૨૨ માહે ફેબ્રુઆરી, સને ૨૦૧૭.

**શ્રીમતિ એસ. ડી. પટેલ,**
સુપ્રિન્ટેડન્ટ જમીન દફતર,
કચ્છ-ભુજ.

---

જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ દ્વારા

**નોંધણીનું પ્રમાણપત્ર**

ક્રમાંક : નધણ/૦૧/ક-૨/૫૪/૩૩૩/૨૦૧૭.-જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ભુજ-કચ્છ, આથી જાહેર કરે છે કે, શ્રી અમરાપુર દુધ ઉત્પાદક સહકારી મંડળી લી., મુ. અમરાપુર, તાલુકો : રાપર, જિલ્લો : ભુજ-કચ્છને સને ૧૯૬૨ના ગુજરાતના કાયદા-૧૦ ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને-૧૯૬૧ ની કલમ-૯ મુજબ આજરોજ નોંધવામાં આવી છે.

નોંધણી નંબર-કેટીએચ "સે"(દુ) ૪૫૫૨૨, તા. ૨૭-૦૨-૨૦૧૭.

ભુજ-કચ્છ, ૨૭ માહે ફેબ્રુઆરી, સને ૨૦૧૭.

---

**નોંધણીનું પ્રમાણપત્ર**

ક્રમાંક : નધણ/૦૧/ક-૨/૫૨/૩૨૭/૨૦૧૭.-જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ભુજ-કચ્છ, આથી જાહેર કરે છે કે, શ્રી પાનધ્રો દુધ ઉત્પાદક સહકારી મંડળી લી., મુ. પાનધ્રો, તાલુકો : લખપત, જિલ્લોઃ ભુજ-કચ્છને સને ૧૯૬૨ના ગુજરાતના કાયદા-૧૦ ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને-૧૯૬૧ ની કલમ-૯ મુજબ આજરોજ નોંધવામાં આવી છે.

નોંધણી નંબર-કેટીએચ "સે"(દુ) ૪૫૫૨૧, તા. ૨૭-૦૨-૨૦૧૭.

ભુજ-કચ્છ, ૨૭ માહે ફેબ્રુઆરી, સને ૨૦૧૭.

---

**નોંધણીનું પ્રમાણપત્ર**

ક્રમાંક : નધણ/૦૧/ક-૨/૫૦/૩૨૧/૨૦૧૭.-જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ભુજ-કચ્છ, આથી જાહેર કરે છે કે, શ્રી મંગરા દુધ ઉત્પાદક સહકારી મંડળી લી., મુ. મંગરા, તાલુકો : મુંદરા, જિલ્લોઃ ભુજ-કચ્છને સને ૧૯૬૨ના ગુજરાતના કાયદા-૧૦ ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને-૧૯૬૧ ની કલમ-૯ મુજબ આજરોજ નોંધવામાં આવી છે.

નોંધણી નંબર-કેટીએચ "સે"(દુ) ૪૫૫૨૦, તા. ૨૭-૦૨-૨૦૧૭.

ભુજ-કચ્છ, ૨૭ માહે ફેબ્રુઆરી, સને ૨૦૧૭.

**કે. એ. પટેલ,**
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
ભુજ-કચ્છ.

---

**નોંધણીનું પ્રમાણપત્ર**

ક્રમાંક નં. : નધણ/ખ-૩/દુ.જે.એન.ડી.-૪૫૮૭૯/૨૩૭/૨૦૧૭.-આથી જાહેર કરે છે કે, શ્રી સરસઈ મહિલા દુધ ઉત્પાદક સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ : સરસઈ, તાલુકો : વિસાવદર, જિલ્લો : જૂનાગઢ.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

જુનાગઢ, ૧૦ માહે માર્ચ, સને ૨૦૧૭.

---

**નોંધણીનું પ્રમાણપત્ર**

ક્રમાંક નં : નધણ/ખ-૩/દુ.જે.એન.ડી.-૪૫૮૮૦/૨૪૧/૨૦૧૭.-આથી જાહેર કરે છે કે, શ્રી પ્રેમપરા મહિલા દુધ ઉત્પાદક સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ : પ્રમપરા, તાલુકો : વિસાવદર, જિલ્લો : જૂનાગઢ.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

જુનાગઢ, ૧૦ માહે માર્ચ, સને ૨૦૧૭.

---

**નોંધણીનું પ્રમાણપત્ર**

ક્રમાંક નં : નધણ/ખ-૩/દુ.જે.એન.ડી.-૪૫૮૮૧/૨૪૫/૨૦૧૭.-આથી જાહેર કરે છે કે, શ્રી ખારચીયા મહિલા દુધ ઉત્પાદક સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ : ખારચીયા, તાલુકો : ભેસાણ, જિલ્લો : જૂનાગઢ.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

જુનાગઢ, ૧૦ માહે માર્ચ, સને ૨૦૧૭.

---

**નોંધણીનું પ્રમાણપત્ર**

ક્રમાંક નં : નધણ/ખ-૩/દુ.જે.એન.ડી.-૪૫૮૮૨/૨૪૯/૨૦૧૭.-આથી જાહેર કરે છે કે, શ્રી વડાલ દુધ ઉત્પાદક સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ : વડાલ, તાલુકો : જુનાગઢ, જિલ્લો : જૂનાગઢ.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

જુનાગઢ, ૧૦ માહે માર્ચ, સને ૨૦૧૭.

---

**નોંધણીનું પ્રમાણપત્ર**

ક્રમાંક : નધણ/ખ-૩/જે.એન.ડી./૧૬૬૫૧/૨૮૫/૨૦૧૭.-આથી જાહેર કરે છે કે, શ્રી નાથજી અનાજ અને કઠોળ ઉત્પા. અને પ્રોસે. સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ : મેદરડા, તાલુકો : મેદરડા, જિલ્લો : જૂનાગઢ.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો-૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

જુનાગઢ, ૨૩ માહે માર્ચ, સને ૨૦૧૭.

**ટી. સી. તીરથાણી,**
જિલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
જુનાગઢ.

---

**નોંધણીનું પ્રમાણપત્ર**

ક્રમાંક : નધણ/ઝ/૧૯/૨૯૮/ઝા/ઉ-૧૫૬૧૩/સને-૨૦૧૭.-આથી જાહેર કરે છે કે, શ્રી દેળોદર દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., મુ. દેળોદર, મર્યાદિત સ્થળ : દેળોદર, તા. જિ.: પોરબંદર.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો-૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

પોરબંદર, ૨૨ માહે માર્ચ, સને ૨૦૧૭.

---

**નોંધણીનું પ્રમાણપત્ર**

ક્રમાંક : નધણ/ઝ/૨૧/૩૦૦/ઝા/ઉ-૧૫૬૧૪/સને-૨૦૧૭.-આથી જાહેર કરે છે કે, શ્રી મધુવન મહિલા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., મુકામ : માધવપુર, મર્યાદિત સ્થળ : માધવપુર, તા. જિ. : પોરબંદર.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો-૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

પોરબંદર, ૨૨ માહે માર્ચ, સને ૨૦૧૭.

---

**નોંધણીનું પ્રમાણપત્ર**

ક્રમાંક : નધણ/ઝ/૨૩/૩૦૨/ઝા/ઉ-૧૫૬૧૫/સને-૨૦૧૭.-આથી જાહેર કરે છે કે, શ્રી રાણાવડવાળા મહિલા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., મુકામ : રાણાવડવાળા, મર્યાદિત સ્થળ : રાણાવડવાળા, તા. રાણાવાવ, જિ. : પોરબંદર.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો-૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

પોરબંદર, ૨૨ માહે માર્ચ, સને ૨૦૧૭.

---

**નોંધણીનું પ્રમાણપત્ર**

ક્રમાંક : નધણ/ઝ/૨૫/૩૦૪/ઝા/ઉ-૧૫૬૧૬/સને-૨૦૧૭.-આથી જાહેર કરે છે કે, શ્રી મોચા મહિલા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., મુકામઃ મોચા, મર્યાદિત સ્થળ : મોચ, તા. : પોરબંદર, જિ. : પોરબંદર.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો-૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

પોરબંદર, ૨૨ માહે માર્ચ, સને ૨૦૧૭.

---

**નોંધણીનું પ્રમાણપત્ર**

ક્રમાંક : નધણ/ઝ/૨૬/૩૦૬/ઝા/ઉ-૧૫૬૧૭/સને-૨૦૧૭.-આથી જાહેર કરે છે કે, શ્રી રતનપર દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., મુકામઃ રતનપર, મર્યાદિત સ્થળ : રતનપર, તા. પોરબંદર, જિ.: પોરબંદર.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો-૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

પોરબંદર, ૨૨ માહે માર્ચ, સને ૨૦૧૭.

---

**નોંધણીનું પ્રમાણપત્ર**

ક્રમાંક : નધણ/ઝ/૨૯/૩૦૮/ઝા/ઉ-૧૫૬૧૮/સને-૨૦૧૭.-આથી જાહેર કરે છે કે, શ્રી ઓમ દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., મુકામઃ બાવળાવદર, મર્યાદિત સ્થળ : બાવળાવદર, તા. કુતિયાણા, જિ.: પોરબંદર.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો-૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

પોરબંદર, ૨૨ માહે માર્ચ, સને ૨૦૧૭.

**એમ. એસ. લોખંડે,**
જિલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
પોરબંદર.

## નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક: નધણ/૦૧/ખ-૩/૧૦૪/૧૧૫૮/૨૦૧૭.-જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ભાવનગર, આથી જાહેર કરે છે કે, શ્રી લીમડા મહિલા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., સ્થળ : લીમડા, તાલુકો : વલ્લભીપુર, જિ. ભાવનગર, સને ૧૯૬૧ નાં ગુજરાત સહકારી મંડળી અધિનિયમની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

નોંધણી નં.: બીએનઆર. સે.દૂ. ૪૫૩૦૪/૨૦૧૭, તા. ૦૩-૦૩-૨૦૧૭.

ભાવનગર, ૩ માહે માર્ચ, સને ૨૦૧૭.

---

## નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક: નધણ/૦૧/ખ-૩/૧૦૭/૧૧૫૯/૨૦૧૭.-જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ભાવનગર, આથી જાહેર કરે છે કે, શ્રી નવા રામપુર મહિલા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., સ્થળ : નવા રામપુર, તાલુકો : વલ્લભીપુર, જિ. ભાવનગર, સને ૧૯૬૧ નાં ગુજરાત સહકારી મંડળી અધિનિયમની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

નોંધણી નં.: બીએનઆર. સે.દૂ. ૪૫૩૦૫/૨૦૧૭, તા. ૦૩-૦૩-૨૦૧૭.

ભાવનગર, ૩ માહે માર્ચ, સને ૨૦૧૭.

---

## નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક: નધણ/૦૧/ખ-૩/૧૦૧/૧૧૬૦/૨૦૧૭.-જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ભાવનગર, આથી જાહેર કરે છે કે, શ્રી ચોરવડલા મહિલા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., સ્થળ : ચોરવડલા, તાલુકો : સિહોર, જિ. ભાવનગર, સને ૧૯૬૧ નાં ગુજરાત સહકારી મંડળી અધિનિયમની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

નોંધણી નં.: બીએનઆર. સે.દૂ. ૪૫૩૦૩/૨૦૧૭, તા. ૦૩-૦૩-૨૦૧૭.

ભાવનગર, ૩ માહે માર્ચ, સને ૨૦૧૭.

---

## નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક: નધણ/૦૧/ખ-૩/૯૮/૧૧૬૧/૨૦૧૭.-જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ભાવનગર, આથી જાહેર કરે છે કે, શ્રી જુનાપાદરા મહિલા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., સ્થળ : જુનાપાદરા, તાલુકો : ઘોઘા, જિ. ભાવનગર, સને ૧૯૬૧ નાં ગુજરાત સહકારી મંડળી અધિનિયમની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

નોંધણી નં.: બીએનઆર. સે.દૂ. ૪૫૩૦૨/૨૦૧૭, તા. ૦૩-૦૩-૨૦૧૭.

ભાવનગર, ૩ માહે માર્ચ, સને ૨૦૧૭.

---

## નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક: નધણ/૦૧/ખ-૩/૧૧૬/૧૧૬૨/૨૦૧૭.-જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ભાવનગર, આથી જાહેર કરે છે કે, શ્રી પાંચવડા મહિલા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., સ્થળ : પાંચવડા, તાલુકો : સિહોર, જિ. ભાવનગર, સને ૧૯૬૧ નાં ગુજરાત સહકારી મંડળી અધિનિયમની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

નોંધણી નં.: બીએનઆર. સે.દૂ. ૪૫૩૦૦/૨૦૧૭, તા. ૦૩-૦૩-૨૦૧૭.

ભાવનગર, ૩ માહે માર્ચ, સને ૨૦૧૭.

---

## નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક: નધણ/૦૧/ખ-૩/૧૧૦/૧૧૬૩/૨૦૧૭.-જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ભાવનગર, આથી જાહેર કરે છે કે, શ્રી વાવડી મહિલા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., સ્થળ : વાવડી, તાલુકો : મહુવા, જિ. ભાવનગર, સને ૧૯૬૧ નાં ગુજરાત સહકારી મંડળી અધિનિયમની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

નોંધણી નં.: બીએનઆર. સે.દૂ. ૪૫૩૦૧/૨૦૧૭, તા. ૦૩-૦૩-૨૦૧૭.

ભાવનગર, ૩ માહે માર્ચ, સને ૨૦૧૭.

---

## નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક: નધણ/૦૧/ખ-૩/૧૧૩/૧૧૬૪/૨૦૧૭.-જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ભાવનગર, આથી જાહેર કરે છે કે, શ્રી માલપરા મહિલા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., સ્થળ : માલપરા, તાલુકો : પાલીતાણા, જિ. ભાવનગર, સને ૧૯૬૧ નાં ગુજરાત સહકારી મંડળી અધિનિયમની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

નોંધણી નં.: બીએનઆર. સે.દૂ. ૪૫૨૯૯/૨૦૧૭, તા. ૦૩-૦૩-૨૦૧૭.

ભાવનગર, ૩ માહે માર્ચ, સને ૨૦૧૭.

---

વંચાણે લીધા :

(૧) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ તથા કલમ-૧૦૮ની જોગવાઈ.

(૨) સરકારશ્રીનાં કૃષિ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગરનાં તા. ૨૧-૦૭-૨૦૧૫નાં જાહેરનામાં ક્રમાંકઃ જી.એચ.કે.એચ./૫૧/૨૦૧૧/એન.એસ.બી./૧૨/૨૦૦૨/ ૩૦૧૧/ચ તથા તા. ૨૬-૮-૨૦૧૧નાં જી.એચ.કે.એચ./ ૬૨/૨૦૧૧/એન.એસ.બી./૧૨/૨૦૦૨/ ૩૦૧૧/ચ.

(૩) શ્રી બળવંતરાય મહેતા તેલી. ઉત્પા. અને ઓઈલ પ્રોસે. સહકારી મંડળી લી., ભાવનગર, તા. ૨૭-૦૪-૨૦૧૬ નો રજુ થયેલ અહેવાલ.

(૪) અત્રેની કચેરીના જા.નં. ફડચ//૦૧/ખ-૪/૪૫૭/૨૦૧૬, તા. ૨૨-૦૬-૨૦૧૬ થી અપાયેલ કારણદર્શક નોટિસ.

## આદેશ

ક્રમાંક : ફડચ/૦૧/ખ-૪/૬૧/૧૩૪૭/૨૦૧૭.-શ્રી બળવંતરાય મહેતા તેલી. ઉત્પા. અને ઓઈલ પ્રોસે. સહકારી મંડળી લી., ભાવનગરની ઉપર મુજબની ભલામણ સાથે અમો સંમત થતા આથી હું. ડૉ. એચ.પી. પટેલ, જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ભાવનગર, વંચાણે લીધા ક્રમ (૧) ની જોગવાઈઓ હેઠળ અને ક્રમ (૨) થી મને મળેલ સત્તાની રૂઈએ શ્રી બળવંતરાય મહેતા તેલી. ઉત્પા. અને ઓઈલ પ્રોસે. સહકારી મંડળી લી., ભાવનગરને ફડચામાં લઈ જવાનો આથી વચગાળાનો આદેશ કરૂ છું અને ફડચા અધિકારી તરીકે સહકારી અધિકારી (ફડચા) લગત કચેરી, ભાવનગરની આથી નીમણુંક કરવામાં આવે છે.

આ આદેશ થયેથી એક માસમાં જવાબદાર કાર્યવાહકો, પ્રમુખ/મંત્રીશ્રી તરફથી કોઈ લેખીત કે મૌખીક રજુઆત કરવામાં આવશે નહી અથવા કરેલ રજુઆત સંતોષકારક જણાશે નહી તો વચગાળાનાં આદેશને બહાલી આપી કાયમી કરવામાં આવશે.

ભાવનગર, ૧૪ માહે માર્ચ, સને ૨૦૧૭.

---

વંચાણે લીધા :

(૧) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ ૧૯૬૧ની કલમ-૧૦૭થી ૧૦૮ ની જોગવાઈ.

(૨) સરકારશ્રીનાં કૃષિ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગરના તા. ૨૧-૦૭-૨૦૧૧ નાં જાહેરનામા ક્રમાંકઃ જી.એચ.કે.એચ./૫૧/૨૦૧૧/એન.એસ.બી./૧૨/૨૦૦૨/ ૩૦૧૧/ચ તથા તા. ૨૬-૦૮-૨૦૧૧નાં ક્રમાંકઃ જી.એચ.કે.એચ./ ૬૨/૨૦૧૧/એન.એસ.બી./૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ.

(૩) અત્રેની કચેરીનાં હુકમ ક્રમાંકઃ ફડચ/૦૧/ખ-૪/૨૨/૨૦૧૭, તા. ૩૧-૦૧-૨૦૧૭ થી કરવામાં આવેલ મંડળીને ફડચામાં લઈ જવાનો વચગાળાનો આદેશ.

## હુકમ

ક્રમાંક : ફડચ/ઉખસ/ફ/૧૮૨૯૮/ખ-૪/૬૦/૧૨૩૬/ ૨૦૧૭.- હું, ડૉ. એચ. પી. પટેલ, જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ભાવનગર, ઉકત વંચાણ લીધા ક્રમ-(૧) ની જોગવાઈ તથા ક્રમ-(૨) નાં જાહેરનામાંથી મળેલ સત્તાની રૂઈએ શ્રી સર્વોદય ગ્રામ શ્રમયોગી વિકાસ સહકારી મંડળી લી., મુ. આંબલા, તા. સિહોર, જિ. ભાવનગરનો નોંધણી નં.-સા-૪૦૧૯, તા. ૨૮-૦૯-૨૦૦૬ છે. તેનો વંચાણે લીધા ક્રમ-(૩) નાં હુકમથી કરવામાં આવેલ વચગાળાનાં આદેશને બહાલી આપુ છું અને તેને કાયમી કરૂ છું અને ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી, ફડચા નં.-૩ લગત કચેરી, ભાવનગરની નિમણુંક કરૂ છું.

ભાવનગર, ૧૪ માહે માર્ચ, સને ૨૦૧૭.

---

વંચાણે લીધા :

(૧) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ ૧૯૬૧ની કલમ-૧૦૭ થી ૧૦૮ ની જોગવાઈ.

(૨) સરકારશ્રીનાં કૃષિ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગરના તા. ૨૧-૦૭-૨૦૧૧ નાં જાહેરનામા ક્રમાંકઃ જી.એચ.કે.એચ./૫૧/૨૦૧૧/એન.એસ.બી./૧૨/૨૦૦૨/ ૩૦૧૧/ચ તથા તા. ૨૬-૦૮-૨૦૧૧નાં ક્રમાંકઃ જી.એચ.કે.એચ./ ૬૨/૨૦૧૧/એન.એસ.બી./૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ.

(૩) અત્રેની કચેરીનાં હુકમ ક્રમાંકઃ ફડચ/૦૧/ખ-૪/૨૦/૨૦૧૭, તા. ૩૧-૦૧-૨૦૧૭ થી કરવામાં આવેલ મંડળીને ફડચામાં લઈ જવાનો વચગાળાનો આદેશ.

## હુકમ

ક્રમાંક : ફડચ/ઉખસ/ફ/૧૮૨૯૬/ખ-૪/૫૯/૧૨૩૭/ ૨૦૧૭.- હું, ડૉ. એચ. પી. પટેલ, જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ભાવનગર, ઉકત વંચાણ લીધા ક્રમ-(૧) ની જોગવાઈ તથા ક્રમ-(૨) નાં જાહેરનામાંથી મળેલ સત્તાની રૂઈએ શ્રી ઉચડી મજુર બાંધકામ સહકારી ભંડાર લી., મુ. મંડળી, તા. તળાજા, જિ. ભાવનગરનો નોંધણી નં.-ઉ-૫૫૦૧, તા. ૧૮-૧૨-૧૯૮૪ છે. તેનો વંચાણે લીધા ક્રમ-(૩) નાં હુકમથી કરવામાં આવેલ વચગાળાનાં આદેશને બહાલી આપુ છું અને તેને કાયમી કરૂ છું અને ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી, ફડચા નં.-૩ લગત કચેરી, ભાવનગરની નિમણુંક કરૂ છું.

ભાવનગર, ૧૪ માહે માર્ચ, સને ૨૦૧૭.

---

વંચાણે લીધા :

(૧) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ ૧૯૬૧ની કલમ-૧૦૭ થી ૧૦૮ ની જોગવાઈ.

(૨) સરકારશ્રીનાં કૃષિ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગરના તા. ૨૧-૦૭-૨૦૧૧ નાં જાહેરનામા ક્રમાંકઃ જી.એચ.કે.એચ./૫૧/૨૦૧૧/એન.એસ.બી./૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ તથા તા. ૨૬-૦૮-૨૦૧૧નાં ક્રમાંકઃ જી.એચ.કે.એચ./૬૨/૨૦૧૧/એન.એસ.બી./૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ.

(૩) અત્રેની કચેરીનાં હુકમ ક્રમાંકઃ ફડચ/૦૧/ખ-૪/૨૧/૨૦૧૭, તા. ૩૧-૦૧-૨૦૧૭ થી કરવામાં આવેલ મંડળીને ફડચામાં લઈ જવાનો વચગાળાનો આદેશ.

## હુકમ

ક્રમાંક : ફડચ/ઉખસ/ફ/૧૮૨૯૫/ખ-૪/૫૮/૧૨૩૦/ ૨૦૧૭.- હું, ડૉ. એચ. પી. પટેલ, જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ભાવનગર ઉકત વંચાણ લીધા ક્રમ-(૧) ની જોગવાઈ તથા ક્રમ-(૨) નાં જાહેરનામાંથી મળેલ સત્તાની રૂઈએ શ્રી સાંઈબાબા પ્રાથ, ગ્રાહક સહકારી ભંડાર લી., મુ.તા. સિહોર, જિ. ભાવનગરનો નોંધણી નં.-ભં-૪૭૫૫, તા. ૨૭-૦૭-૧૯૯૮ છે. તેનો વંચાણે લીધા ક્રમ-(૩) નાં હુકમથી કરવામાં આવેલ વચગાળાનાં આદેશને બહાલી આપુ છું અને તેને કાયમી કરૂ છું અને ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી, ફડચા નં.-૩ લગત કચેરી, ભાવનગરની નિમણુંક કરૂ છું.

ભાવનગર, ૧૪ માહે માર્ચ, સને ૨૦૧૭.

---

વંચાણે લીધા :

(૧) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ ૧૯૬૧ની કલમ-૧૦૭થી ૧૦૮ ની જોગવાઈ.

(૨) સરકારશ્રીનાં કૃષિ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગરના તા. ૨૧-૦૭-૨૦૧૧ નાં જાહેરનામા ક્રમાંકઃ જી.એચ.કે.એચ./૫૧/૨૦૧૧/એન.એસ.બી./૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ તથા તા. ૨૬-૦૮-૨૦૧૧નાં ક્રમાંકઃ જી.એચ.કે.એચ./૬૨/૨૦૧૧/એન.એસ.બી./૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ.

(૩) અત્રેની કચેરીનાં હુકમ ક્રમાંકઃ ફડચ/૦૧/ખ-૪/૨૩/૨૦૧૭, તા. ૩૧-૦૧-૨૦૧૭ થી કરવામાં આવેલ મંડળીને ફડચામાં લઈ જવાનો વચગાળાનો આદેશ.

## હુકમ

ક્રમાંક : ફડચ/ઉખસ/ફ/૧૮૨૯૪/ખ-૪/૫૭/૧૨૩૯/ ૨૦૧૭.- હું, ડૉ. એચ. પી. પટેલ, જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ભાવનગર ઉકત વંચાણ લીધા ક્રમ-(૧) ની જોગવાઈ તથા ક્રમ-(૨) નાં જાહેરનામાંથી મળેલ સત્તાની રૂઈએ શ્રી વાલ્મિકી આદિવાસી પ્રાથ, ગ્રાહક સહકારી ભંડાર લી., મુ. તા. જિ. ભાવનગરનો નોંધણી નં.-ભં-૪૭૫૭, તા. ૧૨-૦૨-૧૯૯૯ છે તેનો વંચાણે લીધા ક્રમ-(૩) નાં હુકમથી કરવામાં આવેલ વચગાળાનાં આદેશને બહાલી આપુ છું અને તેને કાયમી કરૂ છુ અને ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી, ફડચા નં.-૩ લગત કચેરી, ભાવનગરની નિમણુંક કરૂ છું.

ભાવનગર, ૧૪ માહે માર્ચ, સને ૨૦૧૭.

---

વંચાણે લીધા :

(૧) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ ૧૯૬૧ની કલમ-૧૦૭ થી ૧૦૮ ની જોગવાઈ.

(૨) સરકારશ્રીનાં કૃષિ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગરના તા. ૨૧-૦૭-૨૦૧૧ નાં જાહેરનામા ક્રમાંકઃ જી.એચ.કે.એચ./૫૧/૨૦૧૧/એન.એસ.બી./૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ તથા તા. ૨૬-૦૮-૨૦૧૧નાં ક્રમાંકઃ જી.એચ.કે.એચ./૬૨/૨૦૧૧/એન.એસ.બી./૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ.

(૩) અત્રેની કચેરીનાં હુકમ ક્રમાંકઃ ફડચ/૦૧/ખ-૪/૧૯/૨૦૧૭, તા. ૩૧-૦૧-૨૦૧૭ થી કરવામાં આવેલ મંડળીને ફડચામાં લઈ જવાનો વચગાળાનો આદેશ.

## હુકમ

(ચ) મતદાનના દિવસે જો ઉમેદવાર મતદાર વિભાગ વિસ્તારમાં હાજર નહિ રહે તો, ઉમેદવારના પોતાના ઉપયોગ માટે મંજૂરી માટે અપાયેલ વાહન અન્ય કોઈ વ્યક્તિઓ દ્વારા વાપરી શકાશે નહિ.

(૪) આ હુકમનું ઉલ્લંઘન કરનાર અથવા ઉલ્લંઘન માટે મદદ કરનાર શખ્સ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ હેઠળ સજાને પાત્ર થશે. આ હુકમનો અમલ અમરેલી જિલ્લામાં જ્યાં સામાન્ય/મધ્યસત્ર/પેટા ચૂંટણી યોજાનાર છે તેવા ગ્રામ્ય વિસ્તારમાં તા. ૨૯-૧૨-૧૧ ના દિવસે કરવાનો રહેશે.

(૫) આજ તારીખ ૨૭મી માહે માર્ચ-૨૦૧૭ ના રોજ મારી સહી તથા સિક્કો કરી હુકમ બહાર પાડ્યો.

અમરેલી, ૨૭ માહે માર્ચ, સને ૨૦૧૭.

---

**ભારતના ચૂંટણી પંચ તરફથી બહાર પાડવામાં આવેલ આદર્શ, આચાર સંહીતાના ભાગરૂપે અમલવારી કરવા અંગેનું**

## જાહેરનામું

નં. નાચિ/પલસ/૩/વશી/૩૬૫૧-૩૭૦૦/૨૦૧૭.-(૧) ગ્રામ પંચાયત સામાન્ય/મધ્યસત્ર/પેટા ચૂંટણી-૨૦૧૭ માટે રાજ્ય ચૂંટણીપંચ તરફથી કાર્યક્રમ બહાર પાડવામાં આવેલ છે. જે અન્વયે અમરેલી જિલ્લામાં ગ્રામ પંચાયતની સામાન્ય/મધ્યસત્ર/પેટા ચૂંટણી સબંધે તારીખ : ૦૮-૦૪-૨૦૧૭ નાં રોજ મતદાન થનાર છે. રાજય ચૂંટણી પંચ તરફથી આદર્શ આચાર સંહિતા બહાર પાડી તેનું કડકપણે પાલન કરવાની સુચનાઓ આપવામાં આવેલ છે. જેનો તમામ રાજકીય પક્ષો અને ચૂંટણી લડતા ઉમેવારોએ તથા તેમના કાર્યકરોએ ચુસ્તપણે અમલ કરવાનો રહે છે. સદરહું આચાર સંહિતામાં સરકારી આરામગૃહો, ડાક બંગલાઓ, તથા વિશ્રામગૃહોનો ચૂંટણીના કામે ઉપયોગ કરવા ઉપર પ્રતિબંધ છે.

(૨) આથી અમરેલી જિલ્લામાં ગ્રામ્ય વિસ્તારમાં જ્યાં ગ્રામ પંચાયત સામાન્ય/મધ્યસત્ર/પેટા ચૂંટણી યોજાનાર છે તે સમાવિષ્ટ સરકારી, અર્ધસરકારી, સહકારી, તમામ આરામગૃહો, ડાક બંગલાઓ, વિશ્રામગૃહો, તથા જાહેર સ્થળો હોય તેવા તમામ ગૃહો કે સ્થળોનો રાજકીય પક્ષોનો હોદેદારો, કાર્યકરો, ચૂંટણી લડતા ઉમેદવારો કે તેમના એજન્ટોએ રાજકીય હેતુસર અથવા ચૂંટણી વિષયક પ્રચારના હેતુસર ઉપયોગ કરવા પ્રતિબંધ કરવામાં આવે છે. રાજકીય પ્રવૃતિમાં રાજકીય ચર્ચા, ટેલીફોન ઉપર વાર્તાલાપ તથા મુલાકાતી સહીતની બાબતોનો સમાવેશ થશે.

(૩) આ જાહેરનામાનો અમલ ચૂંટણી પ્રક્રીયા પૂર્ણ થતા સુધી કરવાનો રહેશે અને જાહેરનામાનો ભંગ કરનાર વ્યકિત સામે સને-૧૯૫૧ના લોક પ્રતિનિધિત્વ ધારા હેઠળ કડક પગલા લેવામાં આવશે ઉપરાંત ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ અન્વયે શિક્ષા કરવામાં આવશે.

(૪) આજ તારીખ : ૨૭મી માર્ચ-૨૦૧૭ ના રોજ મારી સહી તથા સિકકો કરી હુકમ બહાર પાડ્યો.

અમરેલી, ૨૭ માહે માર્ચ, સને ૨૦૧૭.

**ડી. ડી. પંડયા,**
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
અમરેલી.

---

**ગુજરાત પોલીસ અધિનિયમ આંક-૨૨ની કલમ-૩૩ની (૧) બી હેઠળ**

## જાહેરનામુ

નં. એમએજી/સી/ફાયરીંગ બટ/૧૫૯૨/૨૦૧૭.-સુબેદાર એડજ્યુટન્ટશ્રી, રાજ્ય અનામત પોલીસ દળ જુથ-૮, ગોંડલના પત્ર નં. એડજ્યુ/વા.ફા.પ્રે./જાહેરનામું/૩૪૫/૧૭, તા. ૨૬-૦૩-૨૦૧૭ થી અધિકારી/જવાનોની સને-૨૦૧૭ ના વર્ષનું પ્રથમ વાર્ષિક ફાયરીંગ પ્રેકટીસ લેવા માટે પોલીસ તાલીમ મહાવિદ્યાલય, જુનાગઢનાં 'બફેલ રેન્જ ફાયરીંગ બટ' ખાતે તા. ૦૧-૦૪-૨૦૧૭ થી તા. ૧૫-૦૪-૨૦૧૭ સુધીની મુદત માટે (બન્ને દિવસો સહિત) જાહેરનામુ પ્રસિધ્ધ કરવા અત્રે દરખાસ્ત રજુ કરેલ છે. પોલીસ તાલીમ મહાવિદ્યાલય, જુનાગઢ તરફથી ફાયરીંગ પ્રેકટીશ માટેની અપાયેલ મંજુરી/સંમતી આપેલ છે.

સબબ રજુ થયેલ દરખાસ્તની વિચારણા કરતા, ઉક્ત ફાયરીંગ દરમ્યાન તે વિસ્તારમાં લોકો તથા વાહનોની અવર-જવર ભયજનક જણાતાં હું, પી. વી. અંતાણી, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, જુનાગઢ જિલ્લો, જુનાગઢ, સને-૧૯૫૧ના ગુજરાત પોલીસ અધિનિયમની આંક-૨૨ની કલમ-૩૩(૧)(બી) હેઠળ મને મળેલ સત્તાની રૂએ **તા. ૦૧-૦૪-૨૦૧૭થી તા. ૧૫-૦૪-૨૦૧૭ સુધીની મુદત માટે (બન્ને દિવસો સહીત) સવારે ૦૬-૦૦ થી સાંજના ૧૮-૦૦ કલાક સુધી પોલીસ તાલીમ મહાવિદ્યાલય, જુનાગઢનાં બફેલ રેન્જનાં આજુ-બાજુના ૧-કી.મી. વિસ્તારમાં રાહદારીઓને તેમજ વાહનોને ઉપરોકત સમય દરમ્યાન પ્રવેશ બંધી ફરમાવું છું.**

આજ તા. ૨૮, માહે માર્ચ, સને ૨૦૧૭ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા કરી જાહેર જનતાની જાણ તથા અમલ થવા માટે પ્રસિધ્ધ કર્યું.

જુનાગઢ, ૨૮ માહે માર્ચ, સને ૨૦૧૭.

---

## જાહેરનામું

નં. એમએજી/સી/૧૧૧૬/૨૦૧૭.-પોલીસ અધિક્ષકશ્રી, ગીર સોમનાથની કચેરીના પત્ર નં. સી/એલઆઈબી/હથિ.બંધી/જા.ના./૩૯૧/૨૦૧૭, તા. ૨૧-૦૩-૨૦૧૭ થી રજુ થયેલ વિગતો મુજબ (૧) વેરાવળ, પ્ર.પાટણ, કોડીનાર તથા ઉના કોમી દ્રષ્ટિએ અત્યંત સંવેદનશીલ હોય નાના સરખા બનાવથી અફવાના કારણે હિન્દુ-મુસ્લીમ વચ્ચે ઘર્ષણ થવા સંભાવના રહે છે. જેથી ચારથી વધુ લોકો એકઠા ન થાય તે હેતુથી વિશેષ તકેદારી રાખવી આવશ્યક છે. (૨) પ્રભાસ પાટણ ખાતે સુપ્રસિધ્ધ ભગવાન સોમનાથ મહાદેવનું મંદિર આવેલ છે. જેથી સવિશેષ તકેદારી રાખવી આવશ્યક છે. (૩) આ માસમા રામનવમી જેવા તહેવારોની ઉજવણી થનાર હોય અને ધાર્મિક સ્થળો, જાહેર સ્થળો વિગેરે જગ્યાઓએ મોટી સંખ્યામાં લોકો એકઠા થતા હોય, તેમજ સોમનાથ મંદિર ખાતે આ તહેવારો દરમ્યાન બહોળી સંખ્યામાં જનમેદની એકઠી થતી હોય જેથી કોઈ બનાવ ન બને તે માટે તેમજ વિવિધ કાર્યક્રમો દરમ્યાન કાયદો અને વ્યવસ્થાની દ્રષ્ટિએ તકેદારી રાખવી ખુબજ આવશ્યક છે. (૪) અત્રેના જિલ્લામાં આવેલ ગીર/જંગલ વિસ્તારમાં સિંહ તથા અન્ય વન્ય પ્રાણીઓના શિકારના બનાવો બનતા હોય, જેથી કાયદો અને વ્યવસ્થાની દ્રષ્ટિએ તકેદારી રાખવી ખુબજ

આવશ્યક છે. સબબ, ગીર-સોમનાથ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં કાયદો વ્યવસ્થા તથા જાહેર સુલેહશાંતી જળવાઈ રહે તે હેતુસર હથિયારબંધીનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા અત્રેને દરખાસ્ત થઈ આવેલ છે.

ઉકત રજુ થયેલ દરખાસ્ત વ્યાજબી જણાતા સુલેહશાંતી જાળવવા સારૂ અને કાયદો વ્યવસ્થાની સ્થિતિ યથાવત જળવાઈ રહે તેમજ કોઈ જાતનો અનિચ્છનીય બનાવ બને નહીં તે માટે હું, પી. બી. પંડયા, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ગીર-સોમનાથ જિલ્લો, વેરાવળ, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૭(૧) અન્વયે મને મળેલ અધિકારની રૂઈએ સમગ્ર ગીર-સોમનાથ જિલ્લા વિસ્તારમાં તા. ૨૭-૦૩-૨૦૧૭ થી તા. ૨૫-૦૪-૨૦૧૭ સુધી બંન્ને દિવસો સહિત નીચે પ્રમાણે મનાઈ ફરમાવું છું કે, કોઈપણ વ્યકિત...

(ક) શસ્ત્ર, દંડા, તલવાર, ભાલા, ચપ્પુ, લાકડી અથવા શારિરીક હિંસા પહોંચાડવામાં ઉપયોગી થઈ શકે તેવી બીજી કોઈ ચીજો લઈ જવી નહીં.

(ખ) પથ્થરો અથવા બીજા શસ્ત્રો ફેંકવા અથવા નાખવામાં ઉપયોગી હોય તેવા યંત્રો અથવા સાધનો લઈ જવા, એકઠા કરવા તથા તૈયાર કરવા નહી.

(ગ) વ્યક્તિઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવા નહી.

(ઘ) અપમાન કરવા અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેર બિભત્સ સુત્રો પોકારવા નહી, અશ્લીલ ગીતો ગાવા નહી.

(ચ) જેનાથી સુરૂચીનો અને શાંતિનો ભંગ થાય તેવું ભાષણ કરવું નહી, તેવા હાવભાવ કરવા નહી, તેવી ચેષ્ટા કરવી નહી તથા ચિત્રો, પ્લેકાર્ડ અથવા બીજા કોઈ પદાર્થ અથવા વસ્તુઓ કરવી નહી.

**આ હુકમ નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહીં.**

૧. સરકારશ્રીની નોકરીમાં કામ કરતી કોઈ વ્યક્તિ કે જેના ઉપરી અધિકારીઓને ફરમાવ્યા હોય અથવા આવા કોઈ હથિયાર લઈ જવાની તેમની ફરજ હોય.

૨. જિલ્લા પોલીસ અધિકારીશ્રીએ જે તે શારિરીક અશક્તિને કારણે લાઠી લઈ જવાની અથવા શુભ હેતુથી ધંધો કરવાની પરવાનગી આપી હોય તે વ્યક્તિ.

૩. ખેડુતો પોતાની ખેતીકામ માટે ખેતીના ઓજારો લઈ જવામાં હાડમારી ન થાય, તે અને રોજીંદા કામ કરી શકે તે આશયથી ખેડુતો પોતાના ઓજારો ખેતીકામ માટે લઈ જતા હોય.

આ જાહેરનામાંના કોઈ ખંડનો ભંગ કરનાર અથવા પાલન ન કરવામાં મદદ કરનાર વ્યક્તિને ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૫(૧) મુજબ એક વર્ષની મુદત સુધીની કેદની શિક્ષા અને દંડને પાત્ર થશે. આ ઉપરાંત ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ તે વ્યક્તિનો ગુનો સાબિત થયેથી એક માસની સાદી કેદ અગર રૂા. ૨૦૦/- નો દંડ અગર બન્ને શિક્ષા થઈ શકશે અને આ હુકમની અવગણના માનવજીવનને અથવા સ્વાસ્થ્યને અથવા સલામતીને નુકશાન કરે, ભય ઉત્પન્ન થાય અથવા કોઈ હુલ્લડ, બખેડો થાય તો તેવી વ્યક્તિને-૬ (છ) માસ સુધીની પરિશ્રમ અથવા સાદી કેદ અથવા રૂા. ૧૦૦૦/- સુધીનો દંડ સહિત બંને શિક્ષાને પાત્ર ઠરશે.

આજ તા. ૨૪ માહે માર્ચ, સને ૨૦૧૭ ના રોજ મારી સહી તથા કચેરીના સીક્કા કરી જાહેર જનતાની જાણ તથા અમલ થવા માટે પ્રસિધ્ધ કર્યું.

ગીર-સોમનાથ, ૨૪ માહે માર્ચ, સને ૨૦૧૭.

---

**સને-૧૯૫૧ના ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૩૭(૩) અન્વયેનું**

## જાહેરનામું

નં. એમએજી/સી/૧૧૧૫/૨૦૧૭.-પોલીસ અધિક્ષકશ્રી, ગીર-સોમનાથના પત્ર નં. સી/એલઆઈબી/જા.ના./સ.સ.બંધી/૩૯૨/૧૭, તા. ૨૧-૦૩-૨૦૧૭ થી રજુ થયેલ વિગતો મુજબ (૧) વેરાવળ/પ્ર.પાટણ, કોડીનાર તથા ઉના કોમી દ્રષ્ટિએ અત્યંત સંવેદનશીલ હોય નાના સરખા બનાવથી અફવાઓના કારણે હિન્દુ-મુસ્લીમ વચ્ચે ઘર્ષણ થવા સંભાવના રહે છે. અફવાના કારણે લોકો એકઠા થવાના બનાવો ધ્યાને લેતા વિશેષ તકેદારી રાખવી આવશ્યક છે. (૨) પ્ર.પાટણ ખાતે સુપ્રસિધ્ધ ભગવાન સોમનાથ મંદિર આવેલ છે. જેથી સવિશેષ તકેદારી રાખવી આવશ્યક છે. (૩) આ માસમાં હિન્દુ લોકોના ધાર્મિક તહેવારોની ઉજવણી થનાર હોય, જેથી ધાર્મિક તથા જાહેર સ્થળોએ મોટી સંખ્યામાં લોકો એકઠા થતા હોય, તેમજ શ્રી સોમનાથ મંદીર ખાતે આ તહેવારો દરમ્યાન બહોળી સંખ્યામાં જનમેદની એકઠી થતી હોય જેથી કોઈ અનિચ્છનિય બનાવ ન બને તે માટે, તેમજ વિવિધ કાર્યક્રમો દરમ્યાન કાયદો અને વ્યવસ્થાની દ્રષ્ટિએ તકેદારી રાખવી ખુબ જ આવશ્યક છે. (૪) ખેડુતોના પાકની સીઝન ચાલુ હોય, જેથી વીજ વપરાશ વધવાના કારણે વિજળીની આવક-જાવક થતી હોય વિજ પુરવઠાના પ્રશ્નોએ લોકો દ્વારા, આંદોલનો થવાની શક્યતા હોય તેમજ પાટીદાર સમાજ દ્વારા અનામત આંદોલનની ચળવળ ચાલુ હોય, આંદોલનાત્મક કાર્યક્રમો થવાની શકયતા હોય, જેથી લોકો ટોળાના રૂપમા એકઠા ન થાય તે માટે કાયદો અને વ્યવસ્થાની દ્રષ્ટિએ તકેદારી રાખવી ખુબ જ આવશ્યક છે. (૫) અત્રેના જિલ્લામાં આવેલ ગીર/જંગલ વિસ્તારમાં સિંહ તથા

અન્ય વન્ય પ્રાણીઓના શિકારના બનાવો બનતા હોય, તેમજ ગેરકાયદેસર ટોળાના રૂપમા લાઈન શો યોજાતા હોય, કાયદો અને વ્યવસ્થાની દ્રષ્ટિએ તકેદારી રાખવી ખુબજ આવશ્યકતા છે. જેથી, ગીર-સોમનાથ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં કાયદો વ્યવસ્થા તથા જાહેર સુલેહશાંતિ જળવાઈ રહે તે હેતુસર સભા-સરઘસ વગર પરવાનગીએ કોઈ કાઢે નહી તે માટેનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા અત્રે દરખાસ્ત થયેલ છે.

પોલીસ અધિક્ષકશ્રી, ગીર-સોમનાથ તરફથી ઉકત વિગતે રજુ થયેલ દરખાસ્ત વ્યાજબી જણાતા ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ના કલમ-૩૭ની પેટા કલમ-૩ થી મને મળેલ અધિકારની રૂએ હું, પી. બી. પંડયા, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ગીર-સોમનાથ જિલ્લો, વેરાવળ, આથી ગીર-સોમનાથ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં તા. ૨૭-૦૩-૨૦૧૭ ના રોજ થી તા. ૨૫-૦૪-૨૦૧૭ (બંને દિવસો સહિત) સુધીની મુદત માટે કોઈપણ સભા કે સરઘસ માટે મનાઈ હુકમ ફરમાવું છું. વધુમા આદેશ કરૂં છું કે આ હુકમ નીચેનાને લાગુ પડશે નહી.

(૧) ફરજ ઉપર હોય તેવી ગૃહરક્ષક મંડળીઓને.

(૨) સરકારી નોકરીએ અવર જવર કરતી હોય તેવી વ્યકિતને.

(૩) કોઈ લગ્નના વરઘોડાને.

(૪) સ્મશાનયાત્રામાં જોડાનાર વ્યકિતઓને.

(૫) સક્ષમ અધિકારીશ્રીની કાયદેસર પરવાનગી મેળવનારને.

આ હુકમનું પાલન ન કરનાર અથવા તેનું પાલન ન કરવામાં કોઈને મદદ કરનારને ગુનો સાબિત થયેથી, દંડની શિક્ષાને પાત્ર ઠરશે તથા ભારતીય દંડ સહિતાની કલમ-૧૮૮ મુજબનો ગુનો સાબિત થયેથી, જે તે વ્યકિતને એક માસની સાદી કેદ અથવા રૂા. ૨૦૦/- સુધીનો દંડ અગર બંને શિક્ષા થઈ શકશે અને આ હુકમની અવગણના માનવ જીવનને કોઈ નુકશાન અથવા સ્વાસ્થ્યને અથવા સલામતીને કોઈ ભય ઉત્પન્ન થાય અથવા કોઈ હુલ્લડ-બખેડો થાય તો તેવી વ્યકિતને-૬ (છ) માસ પરિશ્રમ અથવા સાદી કેદ અથવા રૂા. ૧૦૦૦/- સુધીનો દંડ સહિત બંને શિક્ષાને પાત્ર ઠરશે.

આજ તારીખ ૨૪ માહે-માર્ચ, સને ૨૦૧૭ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા કરી જાહેર જનતાની જાણ તથા અમલ થવા માટે પ્રસિધ્ધ કર્યુ.

ગીર-સોમનાથ, ૨૪ માહે માર્ચ, સને ૨૦૧૭.

**પી. બી. પંડયા,**
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
ગીર સોમનાથ જિલ્લો,
વેરાવળ.

---

## જાહેરનામું

નં.ડી.એમ.-૧/ફા.બટ/ઈ.નં.૧૩૭૧૪/૧૭.-ભાવનગર જિલ્લાના શિહોર ગામની સર્વે નં. ૨૮૨ની શિહોર-ટાણા રોડની દક્ષિણ બાજુએ આવેલ જમીન કે જેનો ઉપયોગ હાલ પોલીસ તંત્ર દ્વારા ફાયરીંગ બટ માટે થાય છે. આ ફાયરીંગ બટ ખાતે આગામી તા. ૦૨-૦૪-૨૦૧૭ના રોજ આસીસ્ટન્ટ કમાન્ડન્ટ, સીઆઈએસએફ યુનિટ, ભાવનગરનો કવાર્ટર ફાયરીંગ પ્રેક્ટીસ પ્રોગ્રામનું આયોજન કરવામાં આવેલ છે. જે સંદર્ભે શિહોરના સર્વે નં. ૨૮૨ માં ફાયરીંગ બટના સ્થળની પેરીફેરીથી આજુબાજુના ૧૦૦ મીટર સુધીના વિસ્તારમાં તકેદારીના પગલા રૂપે જાહેરનામું બહાર પાડવા પોલીસ અધિક્ષકશ્રી, ભાવનગરની કચેરીના પત્ર નં. ૬૫/સીબી-૫/૫૧૦/૨૦૧૭, તા. ૨૭-૦૩-૨૦૧૭થી દરખાસ્ત રજૂ થયેલ છે. જે દરખાસ્ત મુજબનું જાહેરનામું બહાર પાડવું જરૂરી જણાય છે.

સબબ જાનમાલની સલામતી ખાતર ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(ફ)થી મળેલ અધિકારની રૂઈએ હું, આર. પી. ચોધરી, (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ભાવનગર જિલ્લો, ભાવનગર આથી ફરમાવું છું કે, શિહોર ગામના સર્વે નં. ૨૮૨ શિહોર-ટાણા રોડની દક્ષિણ દિશાએ ફાયરીંગ બટનું ક્ષેત્રફળ ૨–૧૯–૫૩ આરે માં આવેલ છે તે સ્થળ તથા તેની પેરી ફેરીથી આજુબાજુ ૧૦૦ મીટર સુધીના વિસ્તારમાં આગામી તા. ૦૨-૦૪-૨૦૧૭ના રોજ કોઈપણ શખ્સે જવું નહીં તેમજ ઢોરોને સદરહું વિસ્તારમાં ચરાવવા નહીં.

જાહેરનામાનો અમલ તથા તેના ભંગ બદલના પગલા લેવા માટે ફરજ પરના કોઈપણ હેડ કોન્સ્ટેબલ તથા તેનાથી ઉપરના અધિકારીને અધિકાર રહેશે.

આ જાહેરનામાનો ભંગ કર્યેથી આ અધિનિયમની કલમ-૧૩૧ મુજબ સજા થશે.

આજ તારીખ : ૩૦-૦૩-૨૦૧૭ના રોજ મારી સહી તથા કચેરીના સીક્કા કરી જાહેર જનતાની જાણ માટે જાહેરનામું બહાર પાડવામાં આવ્યુ.

ભાવનગર, ૩૦ માહે માર્ચ, સને ૨૦૧૭.

**આર. પી. ચૌધરી,**
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
ભાવનગર.

---

## જાહેરનામું

નં. ડી.એમ.-૧/જા.ના./ઈ. નં. ૧૪૨૩૧/૨૦૧૭.-ભાવનગર શહેર તથા જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તેમજ જાહેર સુરક્ષા અને સલામતી માટે ગુન્હાઓ બનતા અટકાવવા અને જો બનાવ બને તો તે બનાવને અંજામ આપનાર ઈસમ સુધી પહોંચવા માટે અને તેની ઓળખ મેળવવા માટે ભાવનગર શહેર તથા જિલ્લાના સમગ્ર વિસ્તાર માટે ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪નો બીજો અધિનિયમ) ના કાયદાની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ અધિકારની રૂઈએ **હું, આર. પી. ચૌધરી, (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ભાવનગર** નીચે મુજબનો હુકમ કરૂં છું.

**(૧) મોબાઈલ-સીમકાર્ડ (નવા/જુના)નું વેચાણ કરવા બાબત :**

ગુજરાત રાજ્ય સહિત સમગ્ર દેશમાં બનતા ગુનાઓમાં મોબાઈલ ફોનના ઉપયોગ તથા મોબાઈલ ચોરીના ગુનાઓનું પ્રમાણ વધવા પામેલ છે. આવા ગુનાઓ શોધી કાઢવા માટે ગુનામાં વપરાયેલ અથવા ખોવાઈ ગયેલ મોબાઈલ ફોનના IMEI નંબરનું ટ્રેકીંગ કરીને ગુનાના મુળ સુધી પહોંચવા પ્રયત્નો કરવામાં આવે છે. ઘણી વખતે મોબાઈલ ફોનના વપરાશકર્તા સુધી પહોંચવામાં આવે ત્યારે જાણવા મળે છે કે, તેમણે કોઈ અજાણ્યા માણસ પાસેથી મોબાઈલ ખરીદેલ છે, જે મોબાઈલ વેંચનાર/ખરીદનારને ચોરાયેલ અથવા ગુનામાં વપરાયેલ હોવાની માહિતી હોતી નથી, તેથી તપાસમાં કોઈ ફળદાયક હકિકત મળતી નથી. જેથી મોબાઈલ હેન્ડસેટ ખરીદનાર/વેચનાર વ્યકિતની જવાબદારી નક્કી કરવા અને પ્રસ્તુત બાબતે આવા ગુનાઓના મુળ સુધી પહોંચી, સાચા આરોપીને શોધી કાઢવા માટે જુના/નવા મોબાઈલ/સીમકાર્ડ કોની પાસેથી ખરીદેલ અથવા કોને વેચાણ આપેલ છે તે હાલના સંજોગોને ધ્યાને લઈ જાણવું ખુબ જ જરૂરી જણાય છે. આથી જુના/નવા મોબાઈલ/સીમકાર્ડની લે-વેચ કરતા વેપારીઓએ નીચે મુજબનાં નમુનામાં રજીસ્ટર નિભાવવાનું રહેશે.

| ક્રમ | મોબાઈલ/સીમકાર્ડની વિગત/કંપનીનું નામ. | I.M.E.I. Number | મોબાઈલ/ સીમકાર્ડ ખરીદનાર/વેંચનારનું નામ તથા સરનામા, ટેલીફોન નંબરની વિગતો. | મોબાઈલ/ સીમકાર્ડ, ખરીદનાર/વેંચનારના આઈડેન્ટીટી તથા રેસીડેન્ટ પ્રુફ. |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |

(૧) મોબાઈલ-સીમકાર્ડ લે-વેચ અંગેના રજિસ્ટર/રેકર્ડ સાચવવાની મુદત ૧ વર્ષની રહેશે.

(૨) કોમ્પ્યુટરાઈઝ રજિસ્ટર નિભાવી શકાશે પરતું તેનું નિયમિત બેકઅપ લેવાનું રહેશે.

(૩) મોબાઈલ-સીમકાર્ડની લે-વેચ થયેલ હોય તે અંગેના દસ્તાવેજી પુરાવા તથા આઈ.ડી. પ્રુફ લે-વેચ સમયે જ મેળવવાના રહેશે અને તેની અલાયદી ફાઈલ રાખવી જે ચેકીંગ સમયે બતાવવાની રહેશે અને મોબાઈલ-સીમકાર્ડ લે-વેચ કર્યાની તારીખથી દિન-૧૫માં રજિસ્ટરમાં સંપૂર્ણ નોંધ કરી અદ્યતન રાખવાનું રહેશે.

(૪) શોપીંગ મોલમાં મોબાઈલ લે-વેચ કરતા વેપારીઓએ જાહેરનામાંનો અમલ કરવાનો રહેશે.

**(૨) સાયકલ/મોપેડ/વિદ્યુતથી ચાલતા વાહનો તથા જુના વાહનો (તમામ પ્રકારના ફોર વ્હીલર, થ્રી વ્હીલર, ટુ વ્હીલર)ના વેચાણ કરવા બાબત :**

ગુજરાત રાજ્ય સહિત સમગ્ર દેશમાં છેલ્લા કેટલાક સમયથી આતંકવાદી ભાંગફોડીયા તત્વો દેશના અલગ અલગ રાજ્યોમાં આતંક ફેલાવાના હેતુથી રજીસ્ટર્ડ ન થતા હોય તેવા સાયકલ/મોપેડ/વિદ્યુતથી ચાલતા વાહનો તથા જુના વાહનો (તમામ પ્રકારના ફોર વ્હીલર, થ્રી વ્હીલર, ટુ વ્હીલર)ના ઉપયોગ કરતા હોવાનું જણાય છે. આતંકી કૃત્યમાં આવા વાહનોનો ઉપયોગ થયા બાદ આવા વાહનોની કોઈ સ્પષ્ટ નોંધણી ન હોવાના કારણે તેના મુળ માલીક સુધી પહોંચવાનું તપાસ એજન્સી/પોલીસ માટે ખૂબજ મુશ્કેલ બનતું હોય છે. મહદઅંશે આવા વાહનોના વેચાણ વખતે આવા જુના વાહનોની લે-વેચ કરતી વખતે તેમજ આવા વાહનો ભાડે આપતી વખતે વેપારીઓ ખરીદનાર/ગ્રાહક પાસેથી ઓળખના પુરતા પુરાવા મેળવ્યા વગર વાહનોનું વેચાણ કરતા હોય છે, લે-વેચ કરતા હોય છે કે ભાડે આપતા હોય છે. બહારના રાજ્યોમાંથી અગર દેશ બહારથી આવતા આવા તત્વો રજિસ્ટર્ડ ન થતા હોય તેવા સાઈકલ/મોપેડ/વિદ્યુતથી ચાલતા વાહનો તથા જુના વાહનો (તમામ પ્રકારના ફોર વ્હીલર, થ્રી વ્હીલર, ટુવ્હીલર) ખરીદી/ભાડેથી મેળવી સ્થાનિક પરિસ્થિતિથી માહિતગાર થઈને તેઓની ત્રાસવાદી પ્રવૃત્તિઓને અંજામ આપતા હોય છે. જેથી રજીસ્ટર્ડ ન થતા હોય તેવા સાઈકલ/મોપેડ/વિદ્યુતથી ચાલતા વાહનો તથા જુના વાહનો (તમામ પ્રકારના ફોર વ્હીલર, થ્રી વ્હીલર, ટુવ્હીલર)નું વેચાણ કરનાર, આવા વાહનોની લે-વેચ કરનાર તથા આવા વાહનો ભાડે આપનાર વેપારીઓ નિયંત્રણો મુકવા જરૂરી જણાય છે. આથી સાઈકલ/મોપેડ/વિદ્યુતથી ચાલતા વાહનો તથા જુના વાહનો (તમામ પ્રકારના ફોર વ્હીલર, થ્રી વ્હીલર, ટુ વ્હીલર) લે-વેચ કરતા વેપારીઓએ નીચે મુજબના નમૂનામાં રજીસ્ટર નિભાવવાનું રહેશે.

| ક્રમ | વાહન કોને વેચેલ છે? કોની પાસેથી ખરીદેલ છે?/ કોને ભાડે આપેલ છે? તેનું પુરૂ નામ અને સરનામું, ટેલીફોન નંબર, ઉંમર. | વાહનનો પ્રકાર | વાહનનો એન્જીન નંબર/ચેસિસ નંબર | રજુ કરેલ આધાર-પુરાવાઓ જેવા કે રેશનકાર્ડ/ ચૂંટણીકાર્ડ/ડ્રાઈવીંગ લાયસન્સ/બેન્કની પાસબુક/પાનકાર્ડ/આકારણી પત્રક/પાસપોર્ટની નકલ/ઈલેક્ટ્રીક બીલ/ ટેલીફોન બીલ/મોબાઈલ બીલ વિગેરેની પ્રમાણિત નકલો. | વાહનના વેચાણ બીલ નંબર અને તારીખની વિગત. |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |

(૩) મકાન તથા ઔદ્યોગિક એકમો ભાડે આપવા બાબત :

રાજ્યમાં ત્રાસવાદી/અસામાજીક તત્વો શહેરોમાં તેમજ ગીચ વસ્તીવાળા વિસ્તારોમાં ગુપ્ત આશરો મેળવી જાહેર સલામતી અને શાંતીનો ભંગ કરી તેમજ આતંકવાદી પ્રવૃતિ કરતા હોવાથી માનવ જીંદગીની ખુવારી થાય છે અને જાહેર તેમજ લોકોની સંપતિને નુકશાન પહોંચે છે. જેમાં બહારના રાજ્યોમાંથી કે દેશ બહારથી આવતા આવા તત્વો કોઈના મકાન ભાડે રાખીને રહેતા હોય છે અને સ્થાનિક વિસ્તારનો સર્વે કરી સ્થાનિક પરિસ્થિતિથી માહિતગાર થઈને તેઓની ત્રાસવાદી પ્રવૃતિઓને અંજામ આપતા હોય છે. જેથી રાજય અને દેશની સલામતી સાચવવા સહકાર મેળવવા માટે મકાન/ઔદ્યોગિક એકમોના માલિકો દ્વારા રાજ્ય/દેશ બહારની વ્યકિતઓને ભાડે આપતા મકાનો/એકમો બાબતે નજીકના પોલીસ સ્ટેશનને મકાન/એકમ ભાડે લેનારના નામો અંગે જાણ કરવામાં આવે તો આવી પ્રવૃતિ કરનારની યોગ્ય ચકાસણી થઈ શકે. જે વિગતે મકાન/ઔદ્યોગિક એકમના માલિકો ઉપર થોડાંક નિયંત્રણો મુકવા સારૂ ભાવનગર જિલ્લામાં મકાન, ઔદ્યોગિક એકમો ભાડે આપતા પહેલા પોલીસતંત્રને નીચે મુજબનાં નમુનામાં જાણ કરવાની રહેશે.

| નં. | મકાન માલીકનું નામ તથા ભાડે આપવાનું મકાન/એકમ કયા શહેર અને તેના વિસ્તાર/ગામમાં આવેલ છે ? તેનું બાંધકામ કેટલા ચો. મી. છે ? | મકાન/એકમ ભાડે આપવા ખાસ સતા ધરાવતા વ્યકિતનું નામ. | મકાન/એકમ કયારથી ભાડે આપવાનું છે તથા માસિક કેટલા ભાડાથી આપવા ધારેલ છે ? | જે વ્યકિતને મકાન/એકમ ભાડે આપવાનું હોય તેનાં પાકા નામ તથા સરનામા તથા તેના સંપર્ક નંબરો સહિતની વિગતો. | મકાન માલિકને ભાડુઆતનો સંપર્ક કરાવનાર વ્યક્તિનું નામ/સરનામું. |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |

(૪) હોટલ/ગેસ્ટ હાઉસ/મુસાફરખાના ભાડે આપવા તથા તેમા સી.સી.ટી.વી. કેમેરા ગોઠવવા બાબત :

ગુજરાત રાજ્ય સહિત સમગ્ર દેશમાં આતંકવાદ/ત્રાસવાદી તત્વો બહારના રાજ્યો કે દેશ બહારથી આવતા હોય છે, અને હોટલ/ગેસ્ટ હાઉસ/મુસાફરખાના ભાડે રાખી રહેતા હોય છે. તેમજ વિસ્તારનો સર્વે કરી સ્થાનિક પરિસ્થિતિથી માહિતગાર થઈને ત્રાસવાદી પ્રવૃત્તિઓને અંજામ આપતા હોય છે. ભાવનગર જિલ્લો વિશાળ દરિયાકિનારો ધરાવે છે. આ જિલ્લામાં પ્રવાસ-પર્યટનના તથા ધાર્મિક સ્થળો આવેલા છે, જ્યાં વિશાળ પ્રમાણમાં દેશ-વિદેશના પ્રવાસીઓ, યાત્રાળુઓ આવતા હોય છે. તેમજ આ જિલ્લામાં આવેલ ઔદ્યોગિક એકમોમાં પર પ્રાંતીય માણસો કામ-ધંધા અર્થે આવે છે. આવા સંજોગોમાં ત્રાસવાદી પ્રવૃત્તિ સાથે સંકળાયેલ કોઈ વ્યક્તિ હોટલ/ગેસ્ટહાઉસ/મુસાફરખાનામાં આશરો લઈ સ્થાનિક માણસો સાથે ભળી જઈ બદઈરાદો પાર ન પાડે તે માટે તે માટે જાહેર જનતાની સલામતી તથા સુરક્ષા માટે તકેદારીના પગલા લેવા આવશ્યક છે. આથી હોટલ/ગેસ્ટહાઉસ/મુસાફરખાના, રાહતદરે ચાલતી કે સખાવતથી ચાલતી, તમામ સહકારી, ધાર્મિક કે ટ્રસ્ટના અને ખાનગી વ્યવસાયો/સંસ્થાઓના માલીકોએ, નીચે મુજબના નમુનામાં રજિસ્ટર નિભાવવા, દર માસે સંબંધિત પોલીસ સ્ટેશનને જાણ કરવા તથા તેમાં સી.સી.ટી.વી. કેમેરા, આઈ.પી. કેમેરા નાઈટ વિઝન સાથેના નીચેની વિગતે ગોઠવવાના થાય છે.

| નં. | ગેસ્ટનું નામ, સરનામું | સંપર્ક નંબર | આવ્યા તારીખ, સમય | કયાંથી આવ્યા છે? | કયાં જવાના છે? | આવવાનું કારણ | આઈ.ડી.પ્રુફની વિગત (રહેનાર સભ્યો એક જ કુટુંબના હોય ત્યારે કુટુંબની મુખ્ય વ્યક્તિનું આઈ.ડી. પ્રુફ મેળવવાનું રહેશે, જયારે કુટુંબ સિવાયના અન્ય તમામ મુસાફરોનું આઈ.ડી. પ્રુફ મેળવવાનું રહેશે.) | ગયા તારીખ, સમય | ગેસ્ટનું નામ તથા સહી | રીમાર્કસ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ |

(૧) સી.સી.ટી.વી. કેમેરા, ઈન્ટરનેટ કનેક્ટિવીટી તથા આઈ.પી. કેમેરા નાઈટ વિઝન સુવિધા સાથેના હોવા જોઈએ.

(૨) હોટલ, ગેસ્ટહાઉસ, મુસાફરખાનામાં પ્રવેશદ્વાર ઉપર ગ્રાહકનું મોઢું જોઈ શકાય તે રીતે મુખ્ય પ્રવેશદ્વાર ઉપર આઈ.પી. કેમેરા નાઈટ વિઝન સાથેના લગાડેલ હોવા જોઈએ.

(૩) વાહનનો નંબર જોઈ શકાય તે રીતે વાહન પાર્કિંગમાં આઈ.પી. કેમેરા નાઈટ વિઝન સાથેના લગાડેલ હોવા જોઈએ.

(૪) રીસેપ્શન ઉપર ગ્રાહકનું મોઢું જોઈ શકાય તે રીતે આઈ.પી. કેમેરા નાઈટ વિઝન સાથેના લગાડેલ હોવા જોઈએ.

(૫) ઓછામાં ઓછું દિન-૧૫નું રેકોર્ડીંગ સ્ટોર રહેવું જોઈએ.

**(૫) પાકા બાંધકામવાળા રેસ્ટોરન્ટો-ભોજનાલયો, ટ્રાવેલ્સ એજન્સીની બસો, શાળા કોલેજ તેમજ અન્ય શૈક્ષણિક સંકુલોની બસો, જુદી-જુદી તમામ બેંકો, બેંકના એ.ટી.એમ. મશીન સેન્ટરો, સોના-ચાંદીની દુકાનો, પેટ્રોલ પંપ તથા પાંચ કે તેથી વધુ દુકાન હોય તેવા કોમર્શીયલ કોમ્પલેક્ષોમાં ઈન્ટરનેટ કનેકટીવીટી તથા આઈપી નાઈટવીઝન સાથેના સી.સી.ટી.વી. કેમેરા લગાવવા બાબતઃ-**

ભાવનગર શહેર તથા જિલ્લામાં ખૂબ મોટા પ્રમાણમાં રેસ્ટોરન્ટો, ટ્રાવેલ્સ એજન્સીઓ, શાળા, કોલેજ તેમજ અન્ય શૈક્ષણિક સંકુલો, જુદી-જુદી બેંકો, એ.ટી.એમ. મશીન, સોના-ચાંદીની દુકાનો, પેટ્રોલ પંપ તથા કોમર્શીયલ કોમ્પલેક્ષ આવેલા છે. આ તમામ સ્થળોએ મોટી સંખ્યામાં માણસો/વાહનોની અવર-જવર રહેતી હોય છે જેને લીધે અપહરણ, છેડતીના બનાવો, લૂંટ, નશીલા પદાર્થોની હેરાફેરી વિગેરે જુદા-જુદા પ્રકારના ગુન્હાઓ બનવાની શકયતાને નકારી શકાય તેમ નથી તથા હાલના ઝડપી વાહનવ્યવહારના સમયમાં દુરના ઈસમો એ.ટી.એમ. મશીનો, સોના-ચાંદીની દુકાન તથા પેટ્રોલ પંપની રેકી કરી પ્લાન બનાવી લુંટના ગુન્હાઓ આચરે છે અને આવા ગુન્હાઓ ભવિષ્યમાં બનતા રહે અને તેના પ્રમાણમાં વધારો થતો રહે તે હકિકત નકારી શકાય નહી તથા ભાવનગર જિલ્લામાં ચોરી તથા ચેઈન સ્નેચીંગના બનાવો બનવા પામે છે અને આ બનાવોમાં ગયેલ સોના-ચાંદીના ઘરેણા ચોર ઈસમો મોટાભાગે સોના-ચાંદીની દુકાને વેચવા જતા હોય છે અને સોના-ચાંદીના વેપારીઓ ઓછી કિંમતે ચોરીના ઘરેણા પૈસાની લાલચે ખરીદી કરે છે અને લીધેલ ઘરેણાને ઓગાળીને લગડી બનાવી નાખે છે. જેથી ચોરીમાં ગયેલ ઘરેણાની ઓળખ શકય બનતી નથી અને ઘણા કિસ્સાઓમાં ચોર ઈસમ જે સોના-ચાંદીની દુકાને ઘરેણા વેચેલ હોય તે દુકાન બતાવતા હોય છે પરંતુ સોની(વેપારી) ઘણા કિસ્સામાં તે હકિકત સ્વિકારતા નથી અને તે સમયે કોઈ ચોક્કસ પુરાવા નહી હોવાના કારણે તપાસમાં મુશ્કેલીઓ ઉભી થવા પામે છે. તેથી ભાવનગર શહેર અને જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે, તેમજ ઉક્ત ગુન્હાઓ બનતા અટકાવવા અને જો બનાવ બને તો તે બનાવને અંજામ આપનાર ઈસમ સુધી પહોંચવા માટે અને તેની ઓળખ મેળવવા માટે ભાવનગર શહેર તથા જિલ્લામાં આવેલ પાકા બાંધકામવાળા રેસ્ટોરન્ટો-ભોજનાલયો, ટ્રાવેલ્સ એજન્સીની બસો, શાળા, કોલેજ તેમજ અન્ય શૈક્ષણિક સંકુલોની બસો, જુદી-જુદી તમામ બેંકો, બેંકના એ.ટી.એમ. મશીન સેન્ટરો, સોના-ચાંદીની દુકાનો, પેટ્રોલ પંપ તથા પાંચ કે તેથી વધુ દુકાન હોય તેવા કોમર્શીયલ કોમ્પલેક્ષોમાં ઈન્ટનેટ કનેકટીવીટી તથા આઈપી નાઈટવીઝન સાથેના સી.સી.ટી.વી કેમેરા હોવા જરૂરી હોય, સમગ્ર ભાવનગર જિલ્લામાં આવેલ તમામ પાકા બાંધકામવાળા રેસ્ટોરન્ટો-ભોજનાલયો, ટ્રાવેલ્સ એજન્સીની બસો, શાળા કોલેજ તેમજ અન્ય શૈક્ષણિક સંકુલોની બસો, જુદી-જુદી તમામ બેંકો, બેંકના એ.ટી.એમ. મશીન સેન્ટરો, સોના-ચાંદીની દુકાનો, પેટ્રોલ પંપો તથા પાંચ કે તેથી વધુ દુકાન હોય તેવા કોમર્શીયલ કોમ્પલેક્ષોમાં ઈન્ટરનેટ કનેકટીવીટી તથા આઈપી નાઈટવીઝન સાથેના સી.સી.ટી.વી. કેમેરાઓ લગાવવાના રહેશે.

- સદરહું જાહેરનામું તા. ૦૩-૦૪-૨૦૧૭ થી ૦૧-૦૬-૨૦૧૭ સુધી (બંને દિવસો સુધ્ધા) દિન-૬૦ માટે અમલમાં રહેશે.
- આ જાહેરનામાનો ભંગ કરનાર વ્યકિત ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.
- ‘‘જાહેરનામાના અમલ તથા તેના ભંગ બદલ પગલા લેવા હેડકોન્સ્ટેબલથી નીચેના ન હોય તેવા પોલીસ અધિકારીશ્રીને અધિકૃત કરવામાં આવે છે.’’
- આ અંગેનું રેકર્ડ/માહિતી પોલીસ અધીક્ષકશ્રી, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી, એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટશ્રી કે તેમના તાબાના અધિકારીશ્રી દ્વારા સુચના મળયે રજુ કરવાની રહેશે.

આ જાહેરનામું જાહેર વિસ્તારોમાં સહેલાઈથી દેખી શકાય તેવી રીતે તેની નકલ ચોંટાડીને તેમજ સ્થાનિક વર્તમાનપત્રોમાં બહોળી પ્રસિધ્ધી આપીને પ્રસિધ્ધ કરવાનું આથી ફરમાવું છું.

આજ, તા. ૩૧-૦૩-૨૦૧૭ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી જાહેરનામું બહાર પાડેલ છે.

ભાવનગર, ૩૧ માહે માર્ચ, સને ૨૦૧૭.

**આર. પી. ચૌધરી,**
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
ભાવનગર.

---

INDEX

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૧) હેઠળનું

## જાહેરનામું

ક્રમાંક : મજશ-૩/હથિયારબંધી જા.નામું/૨૦૧૭/વશી-૩૨૩૬ થી ૩૩૩૭.-સુરેન્દ્રનગર જિલ્લામા ખાસ કરીને ચોટીલા, થાન, ધ્રાંગધ્રા, સાયલા, મુળી વિસ્તારમાં વર્ગ વિગ્રહનાં બનાવો બને છે તથા તેમજ અત્રેના જિલ્લાની હાલની કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ ધ્યાને રાખી સુરેન્દ્રનગર જિલ્લાનાં તમામ પોલીસ સ્ટેશન વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ સારી રીતે જળવાઈ રહે તે હેતુસર પોલીસ અધિક્ષકશ્રી, સુરેન્દ્રનગરના તા. ૩૦-૦૩-૨૦૧૭ ના પત્ર ક્રમાંક : એલઆઈબી/જા.પ્ર./૩૬૨/૧૭ થી ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૭(૧) હેઠળનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા દરખાસ્ત થઈ આવેલ છે. તાજેતરની પરિસ્થિતિમાં જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ સારી રીતે જળવાઈ રહે તે માટે જાહેર વ્યવસ્થાના હેતુ માટે હથિયારબંધી ફરમાવવી મને જરૂરી જણાય છે.

વાસ્તે હું, ચંદ્રકાંત જી. પંડયા, (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, સુરેન્દ્રનગર જિલ્લો, સુરેન્દ્રનગર, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ના ૨૨ માની કલમ-૩૭(૧) અન્વયે અમોને પ્રાપ્ત થયેલ અધિકારની રૂએ સુરેન્દ્રનગર જિલ્લાના સમગ્ર વિસ્તારમાં તા. : ૦૨-૦૪-૨૦૧૭ થી તા. : ૧૫-૦૪-૨૦૧૭ સુધી (બંન્ને તારીખો સહીત)ના સમયગાળા દરમ્યાન નગરપાલિકા વિસ્તારમાં સંબંધિત સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી તથા ગ્રામ્ય વિસ્તારમાં મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટશ્રીની અગાઉથી મંજુરી મેળવ્યા સિવાય નીચેની વિગતેના કૃત્યો કરવાની મનાઈ ફરમાવું છું.

(૧) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટા, ખંજર, ચપ્પા, લાકડી/લાઠી, ધોકા, બંદુક, ચપ્પુ, કુડલીવળી લાકડી, તથા શારિરિક ઈજા પહોંચાડી શકે તેવા કોઈપણ પ્રકારના સાધનો ધારણ કરવાની કે સાથે લઈ જવાની.

(૨) પરવાનાવાળા હથીયારો લઈ જાહેર જગ્યાઓએ જવા, હવામાં ફાયર કરવા, મેળા, ધાર્મિક સરઘસ કે વ્યકિતઓના સમુદાયમાં લઈ જવા.

(૩) પથ્થરો અથવા બીજા શસ્ત્રો અથવા તે શસ્ત્રો ફેકવાના અથવા નાખવાના યંત્રો અથવા સાધનો લઈ જવાની તથા એકઠા કરવાની તથા તૈયાર કરવાની.

(૪) કોઈપણ ક્ષયકારી પદાર્થ અથવા વિસ્ફોટક પદાર્થો ધારણ કરવાની કે સાથે લઈ જવાની.

(૫) વ્યકિતઓ અથવા તેમના શબ અથવા આકૃતિઓ અથવા પુતળા તૈયાર કરવાની, દેખાડવાની કે સળગાવવાની કે સાથે લઈ જવાની.

(૬) જેનાથી સુરુચિનો ભંગ થાય અથવા તો નિતિનો ભંગ થાય તેવું ભાષણ કરવાની, તેવી ચેષ્ટા કરવાની, તેવા ચિત્રો-પત્રિકા-પ્લે કાર્ડ- અથવા બીજા કોઈ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવાની, અથવા ફેલાવો કરવાની કે સાથે લઈ જવાની.

(૭) બુમો પાડવાની, અપમાન કરવાના અથવા જાહેર કરવાનાં ઈરાદાથી જાહેરમાં બિભત્સ શબ્દો પોકારવા તેમજ અશ્લીલ ગીતો ગાવા અથવા ટોળામાં ફરવાની.

(૮) કોઈ સરઘસમાં જલતી અને પેટાવેલી મસાલ લઈ જવાની.

(૯) પ્રાઈવેટ સીકયુરીટી એજન્સીના સંચાલક અને કર્મચારી લાયસન્સવાળા હથીયારો સાથે લઈ પોતાની ફરજ સિવાયના સમયે જાહેર જગ્યામાં જવા ઉપર.

(૧૦) કોઈ ક્ષયધર્મી અથવા સ્ફોટક પદાર્થ લઈ જવાની.

(૧૧) ખુન, ખુનની કોશીષ, ઘાડ, લુંટ તથા ઈજાના બનાવોમાં ઉપયોગમાં લેવાતા તથા લેવાઈ શકે તેવા જીગઝેક પ્રકારના ચાઈનીઝ ચપ્પાઓ સાથે રાખવા કે વેચાણ કરવા ઉપર.

**આ હુકમ નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહી**

(૧) સરકારી નોકર કે કામ કરતી વ્યકિત કે જેને તેમના ઉપરી અધિકારીશ્રીઓએ આવું કોઈપણ હથિયાર લઈ જવા ફરમાવ્યું હોય અથવા કોઈપણ હથિયાર લઈ જવાની તેમની ફરજ હોય તેવી વ્યકિત.

(૨) જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી, સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી, મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટશ્રીએ અથવા તેઓએ કે જેને શારીરીક અશકિતના કારણે લાકડી/લાઠી લઈ જવાની પરવાનગી આપવામાં આવી હોય.

આ જાહેરનામું સમગ્ર સુરેન્દ્રનગર જિલ્લાના તમામ વિસ્તારોમાં સહેલાઈથી દેખી શકાય, વાંચી શકાય, તેવી જગ્યાએ તેની નકલો ચોંટાડી અને તે વિસ્તારમાં પોલીસ લાઉડસ્પીકર વાહનો દ્વારા, સ્થાનિક વર્તમાનપત્રો મારફતે તેમજ ગુજરાત રાજ્યના અસાધારણ ગેઝેટમાં જાહેર કરીને પ્રસિધ્ધ કરવાનું ફરમાવું છું.

જો કોઈ ઈસમ ઉપરોક્ત હુકમનો ભંગ કરશે અગર ભંગ કરવામાં મદદગારી કરશે તો આવા ઈસમો ગુજરાત પોલીસ અધિનિમય-૧૯૫૧ની કલમ-૧૩૫ હેઠળ દંડ અને શિક્ષાને પાત્ર થશે.

આજરોજ મારી સહી તથા કચેરીની મુદ્રા સાથે જાહેરનામું બહાર પાડવામાં આવે છે.

સુરેન્દ્રનગર, ૩૧ માહે માર્ચ, સને ૨૦૧૭.

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૩) હેઠળનું

## જાહેરનામું

ક્રમાંક : મજસ-૩/સભા સરઘસબંધી જા.નામું/૨૦૧૭/વશી-૩૩૩૭ થી ૩૪૩૭.-સુરેન્દ્રનગર જિલ્લામાં હાલની કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ ધ્યાને રાખી સુરેન્દ્રનગર જિલ્લાના તમામ પોલીસ સ્ટેશન વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ સારી રીતે જળવાઈ રહે તે હેતુસર પોલીસ અધિક્ષકશ્રી, સુરેન્દ્રનગરના તા. ૩૦-૦૩-૨૦૧૭ ના પત્ર ક્રમાંક : એલઆઈબી/જા.પ્ર./૩૬૩/૨૦૧૭ થી ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૩) હેઠળનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા દરખાસ્ત થઈ આવેલ છે. તાજેતરની પરિસ્થિતિમાં જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ સારી રીતે જળવાઈ રહે તે માટે જાહેર વ્યવસ્થાના હેતુ માટે પાંચ કે વધુ લોકોએ ભેગા થવા ઉપર તથા સભા-સરઘસ યોજવા મનાઈ ફરમાવવી મને જરૂરી જણાય છે.

વાસ્તે, હું, ચંદ્રકાંત જી. પંડયા, (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, સુરેન્દ્રનગર, જિલ્લો-સુરેન્દ્રનગર, મને મળેલ અધિકારની રૂએ ગુજરાત પોલીસ અધિનિયમ–૧૯૫૧નાં ૨૨ માંની કલમ-૩૭(૩) અન્વયે અમોને મળેલ અધિકારની રૂએ સુરેન્દ્રનગર જિલ્લાના સમગ્ર વિસ્તારમાં તારીખ : ૦૨-૦૪-૨૦૧૭ થી તારીખ : ૧૫-૦૪-૨૦૧૭ સુધી (બંન્ને તારીખો સહીત)ના સમયગાળા દરમ્યાન નગરપાલિકા વિસ્તારમાં સંબંધિત સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી તથા ગ્રામ્ય વિસ્તારમાં સબંધિત મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટશ્રીની અગાઉથી મંજુરી મેળવ્યા સિવાય પાંચ કે તેથી વધુ લોકોએ ભેગા થવા ઉપર તથા સભા, સરઘસ યોજવાની મનાઈ ફરમાવું છું.

આ પ્રતિબંધ લગ્નનાં વરઘોડા, સ્મશાનયાત્રા તથા શોભાયાત્રાની પુર્વ મંજુરી મેળવેલ હશે તેને લાગુ પડશે નહીં.

આ જાહેરનામું સુરેન્દ્રનગર જિલ્લાના તમામ વિસ્તારોમાં સહેલાઈથી દેખી શકાય, વાંચી શકાય તેવી જગ્યાએ તેની નકલો ચોંટાડીને અને તે વિસ્તારમાં પોલીસ લાઉડસ્પીકર વાહનો દ્વારા, સ્થાનિક વર્તમાનપત્રો મારફતે તેમજ ગુજરાત રાજ્યના અસાધારણ ગેઝેટમાં જાહેર કરીને પ્રસિધ્ધ કરવાનું ફરમાવું છું.

જો કોઇ ઇસમ ઉપરોક્ત હુકમનો ભંગ કરશે અગર ભંગ કરવામાં મદદગારી કરશે તો આવા ઈસમો ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૫ હેઠળ દંડ અને શિક્ષાને પાત્ર થશે.

આજ રોજ મારી સહી તથા કચેરીની મુદ્રા સાથે જાહેરનામું બહાર પાડવામાં આવેલ છે.

સુરેન્દ્રનગર, ૧૭ માહે માર્ચ, સને ૨૦૧૭.

**ચંદ્રકાંત જી. પંડ્યા,**
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
સુરેન્દ્રનગર જિલ્લો.

## પોલીસ કમિશ્નર દ્વારા

ગુજરાત પોલીસ એકટ કલમ ૩૭(ઈ) અન્વયે કાઢેલ હુકમ

## જાહેરનામુ

ક્રમાંક : એસબી/જાહેરનામું/૧૦૨૧/૨૦૧૭.-રાજકોટ શહેરમાં કોઈપણ પ્રકારની જાહેર સુલેહ શાંતીનો ભંગ ન થાય અને જાહેર શાંતી અને કાયદો પ્રત્યે માન જળવાઈ રહે તેમજ કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે નીચે જણવ્યા મુજબના નિયમોને આધિન રહીને જાહેરહીતમાં નીચેના કૃત્યોની મનાઈ કરવી જરૂરી છે.

દરેક માઈક સીસ્ટમવાળાએ અવાજના પ્રદુષણને અટકાવવા અંગે નામદાર સુપ્રિમ કોર્ટના વખતોવખતના ચુકાદાના નિર્દેશો તથા ગુજરાત પોલ્યશન કંટ્રોલ બોર્ડ પર્યાવરણ ભવનના નં. ગુપ્રનિબોર્ડ/નોઈસ/યુનીટ-૪/જન-પીએન-૫/૫૧૨૫૨/તા. ૧૪-૫-૨૦૧૦ થી ઘોંઘાટ ઉત્પન્ન કરતાં અને નિપજાવતાં શ્રોતોના નિયંત્રણ અને નિયમન માટે ભારત સરકારના પર્યાવરણ અને વન મંત્રાલય દ્વારા પર્યાવરણ (સુરક્ષા) અધિનિયમ-૧૯૮૬ની કલમ-૬ તથા ૨૫ હેઠળ ધ્વની પ્રદુષણ (નિયમન અને નિયંત્રણ) નિયમો-૨૦૦૦નું તા. ૧૪-ફેબ્રુઆરી-૨૦૦૦નું જાહેરનામું પ્રસિધ્ધ કરાયેલ છે. જેમાં તા. ૧૧-૧-૨૦૧૦ના રોજ આ નિયમોમાં સુધારો કરવામાં આવેલ છે. જે પ્રમાણે ધ્વની પ્રદુષણ નિયમો-૨૦૦૦ અન્વયે ધ્વનીની માત્રાના ધોરણો નીચે મુજબ નક્કી કરવામાં આવેલ છે તેનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

### નોઈઝ સ્ટાન્ડર્ડ

| એરીયા કોડ વિસ્તાર | | ડેસીબલ (DB(A)Leq | |
|---|---|---|---|
| | | સવારના કલાક ૬-૦૦ થી રાત્રીના કલાક ૨૨-૦૦ સુધી | રાત્રીના કલાક ૨૨-૦૦ થી સવારના કલાક ૬-૦૦ સુધી |
| એ. | ઔદ્યોગીક | ૭૫ | ૭૦ |
| બી. | વાણીજ્ય | ૬૫ | ૫૫ |
| સી. | રહેણાંક | ૫૫ | ૪૫ |
| ડી. | શાંત વિસ્તાર | ૫૦ | ૪૦ |

સામાન્ય રીતે દિવાળીના ફટાકડા ફુટવાના કારણે નવરાત્રીના તહેવારો દરમ્યાન તેમજ લગ્ન પ્રસંગો અને મેળાવડા દરમ્યાન લાઉડસ્પીકર, ડ્રમ, પબ્લીક એડ્રેસ સીસ્ટમના ઉપયોગથી ધ્વની પ્રદુષણ ફેલાતું જોવા મળે છે તેમજ રહેણાંક વિસ્તારમાં થઈ રહેલ ઔદ્યોગીક પ્રવૃતિ, વાહનોની અવર-જવર, તેમજ હોર્ન વગાડવાના કારણે તેમજ બાંધકામ દરમ્યાન ઉપયોગમાં લેવાતા સાધનોના કારણે ધ્વનિ પ્રદુષણ ફેલાતું જોવા મળે છે.

**તા. ૧૧-૧-૨૦૧૦ ના સુધારામાં આવરી લેવાયેલ મુખ્ય ધ્યાન આકર્ષક બાબતો નીચે મુજબ છે.**

(અ) રાત્રીના સમયગાળા રાત્રીના ૨૨-૦૦ થી સવારના કલાક ૬-૦૦ સુધીનો નિયત કરાયેલ છે અને આ સમયગાળા દરમ્યાન હોર્ન, ધ્વનિ, પ્રદુષણ પેદા કરતાં બાંધકામ અંગેના તમામ સાધનો, તેમજ ફટાકડા ફોડવા તથા લાઉડસ્પીકર અને વાજીંત્રો વગાડવા ઉપર પ્રતિબંધ છે.

(બ) જાહેર સ્થળોની વ્યાખ્યા નક્કી કરાયેલ છે અને જાહેર સ્થળોનો કબ્જો ધરાવનાર દ્વારા લાઉડસ્પીકર સીસ્ટમનો તથા અન્ય સાધનોથી ઉત્પન્ન થતાં અવાજની માત્ર જે તે વિસ્તારની નિયત માત્રા કરતાં ૧૦ ડીબી(એ) થી વધવી ન જોઈએ તેવો પ્રતિબંધ મુકાયો છે.

(ક) ઉપર મુજબની ખાનગી સ્થળ થતી કાર્યવાહીના કારણે જ તે વિસ્તારની નિયત માત્રા કરતાં ૫-ડીબી(એ) થી વધવી ન જોઈએ તેવો પ્રતિબંધ મુકાયો છે.

વાસ્તે હું, અનુપમ સિંહ ગહલૌત, આઈ.પી.એસ., પોલીસ કમિશ્નર, રાજકોટ શહેર, ગુજરાત સરકારના ગુજરાત સરકારના ગૃહ વિભાગના તા. ૮-૧૧-૮૨ના નોટીફીકેશન નંબર : જીજી/૪૨૨/સીઆરસી/૧૦૮૨/એમ અન્વયે જે ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ ની કલમ-૨૦ નીચેની પેટા કલમ(૧) નીચે બહાર પાડવામાં આવેલ છે અને તેનું પુનરાવર્તન ગુજરાત સરકારના ગૃહ વિભાગના તા. ૦૭-૦૧-૧૯૮૯થી બાહર પાડવામાં આવેલ સંકલીત જાહેરનામા નંબર : જીજી/૬/ફકઅ/૧૦૮૮/૬૭૫૦/મ. માં થયેલ છે. જેમાં રાજકોટ શહેરના પોલીસ કમિશ્નરશ્રી, સંયુકત પોલીસ કમિશ્નરશ્રી, નાયબ પોલીસ કમિશ્નરશ્રી, અને સુપ્રિ. ઓફ પોલીસ (મદદનીશ પોલીસ કમિશ્નરશ્રીઓ)ને એક્ઝી. મેજી. તરીકે જાહેર કરવામાં આવેલ છે તેમજ તેઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૧૪૪ના અધિકારનો ઉપયોગ કરવા ખાસ અધિકૃત કરવામાં આવેલ છે. તે અધિકારની રૂએ નીચે જણાવેલ વિસ્તાર તથા સમય માટે નીચેના કૃત્યો કરવા પ્રતિબંધ ફરમાવું છું.

**અમલવારીનો સમય :**

આ હુકમ તા. ૦૧-૦૪-૨૦૧૭ ના કલાક ૦૦-૦૦ થી તા. ૩૧-૦૫-૨૦૧૭ ના કલાક ૨૪-૦૦ સુધી અમલમાં રહેશે.

**હદ વિસ્તાર :**

રાજકોટ શહેર પોલીસ કમિશ્નર હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

**પ્રતિબંધિત કૃત્યો :**

માઈક સીસ્ટમ ભાડે આપનાર માલીક/ભાગીદાર, સંચાલક, મેનેજર, ઈવેન્ટ મેનેજર, સમગ્ર રાજકોટ શહેરના પોલીસ કમિશ્નરની હકુમતના વિસ્તારમાં વરઘોડા, રાજકીય, સામાજીક અથવા ધાર્મિક શોભાયાત્રા, રેલી, સરઘસમાં જાહેર રસ્તા કે જાહેર જગ્યામાં ઉપયોગ માટે તેમજ પાર્ટી પ્લોટ, ખુલ્લી જગ્યા, રહેણાંકની પાસે નજીકમાં આવેલ ખાનગી માલિકીની ખુલ્લી જગ્યામાં ઉપયોગ માટે માઈક સીસ્ટમ ભાડે આપી શકશે નહીં.

૧. હોસ્પીટલો, શૈક્ષણિક સંસ્થાઓ, અદાલતો અને ધાર્મિક સ્થળોની આજુબાજુના ૧૦૦ મીટરના ઘેરાવાના વિસ્તારને શાંત તરીકે ગણવામાં આવે છે જેથી શાંત વિસ્તારની આજુ બાજુમાં માઈક સીસ્ટમનો ઉપયોગ થઈ શકે નહી.

૨. એકબીજા પ્રત્યે ઉશ્કેરણી થાય અને કોમ્યુનલ લાગણી ઉશ્કેરાય તેવા ઉચ્ચારણો/ગાયનેકનો માઈક સીસ્ટમમાં ઉપયોગ કરવો નહીં.

૩. રસ્તાની ડાબી બાજુ ચાલવા, ટ્રાફીકને અડચણ ન થાય તથા ટ્રાફીકના તમામ નિયમો/કાયદાઓનો અમલ કરવા તેમજ નાચગાન/ગરબી જાહેરમાર્ગમાં રોકાઈને કરવા નહીં.

૪. ડી. જે. સીસ્ટમ એમ્બીઅન્ટ એર કોલેટી સ્ટાન્ડર્ડ ઈન રીસ્પેકટ ઓફ નોઈઝ અંગે નામદાર સુપ્રિમ કોર્ટના વખતો વખતના ચુકાદાના નિર્દેશ તથા ધી નોઈઝ પોલ્યુશન (રેગ્યુલેશન એન્ડ કંટ્રોલ) રૂલ્સ ૨૦૦૦ના ઈન્વાયરમેન્ટ પ્રોટેકશનની જોગવાઈ મુજબ એમ્બીઅન્ટ એર કોલેટી સ્ટાન્ડર્ડ હોવું જોઈએ તે જોતા ડી. જે. સીસ્ટમ વગાડવા માટે ઉપર જણાવેલ તમામ પ્રાવધાનોનો અને જોગવાઈઓનો ઉલંઘન કરતાં હોય તેવું જાહેર જગ્યાએ ખુલ્લા સ્થળોએ વગાડવા પર પ્રતિબંધ છે.

પરંતુ નીચેની શરતોને આધિન અગાઉથી અધિકૃત પરવાનગી આધારે ઉપરોકત પ્રતિબંધમાંથી છુટછાટ રહેશે.

**માઈક સીસ્ટમ વગાડવા માટેનો પ્રતિબંધમાંથી છુટછાટ માટેની શરતો :**

૧. માઈક સીસ્ટમ વગાડવા માટે તેના માલીક/ભાગીદારને પરવાનગી અરજી એકથી વધારે પોલીસ સ્ટેશનનો વિસ્તાર આવતો હોય તો તેવા સંજોગોમાં જે તે ડી. સી. પી. શ્રીને અરજી કરવી, પરંતુ એક જ પો. સ્ટે. વિસ્તાર આવતો હોય તો તેવા સંજોગોમાં જે તે પો. સ્ટે.ના પો. ઈન્સ. ને અરજી દિન-૭ પહેલા કરી પુર્વ મંજુરી મેળવી લેવાની રહેશે. અને આપેલ શરતોનો ચુસ્તપણે બીનચુક અમલ કરવાનો રહેશે અને શરતોનો ભંગ થયે પરવાનગી રદબાતલ થયેલ ગણાશે.

૨. વરઘોડા/રેલી સમય દરમ્યાનમાં ઉપરોકત શરતોનો ભંગ કરે અથવા કોઈ અનિચ્છનીય બનાવ બને તો તેની જવાબદારી પરવાનેદારની રહેશે.

૩. રાજકોટ શહેર પોલીસ કમિશ્નરના અધિકાર ક્ષેત્રની અંદર જાહેર જગ્યામાં અથવાનો જાહેરમાં સાંભળી શકાય તેવી જગ્યામાં માઈક સીસ્ટમ/વાજીંત્રનો ઉપયોગ અધિકૃત કરેલ અધિકારીની લેખીત પરવાનગી સિવાય કરી શકાશે નહી. તેમજ અવાજનું પ્રદુષણ ફેલાવી શકાશે નહી.

૪. આવી પરવાનગી માટેની અરજી લેખીત હોવી જોઈએ અને તેનો ઉપયોગ કરનાર વ્યકિતની તેના ઉપર સહી હોવી જોઈએ.

૫. આવી પરવાનગીની અરજી તેનો ઉપયોગ કરવાના હોય તે દિવસના સાત દિવસથી ઓછા નહી તેટલા સમય પહેલા પરવાનગી કાઢી આપવા માટે અધિકૃત અધિકારીને અરજી કરવાની રહેશે.

પરંતુ વ્યાજબી કારણ દર્શાવતા સાત દિવસ કરતા ઓછા સમયની અંદર માંગવામાં આવેલ પરવાનગી તેમ કરવા માટે અધિકૃત અધિકારી પોતાની વિવેકબુધ્ધિ અનુસાર આપી શકશે.

૬. અરજદાર અથવા તેના પ્રતિનિધીએ મળેલ પરવાનગી સાથે માઈક સીસ્ટમ/વાજીંત્રનો ઉપયોગ થાય તે સમયે ઉપરોકત જાહેર જગ્યા ઉપર હાજર રહેવું પડશે. ફરજ ઉપરના પોલીસ અધિકારી આ અંગેનો પરવાનો જોવા માગે ત્યારે પરવાના ધારકોએ તે રજુ કરવાનો રહેશે.

૭. માઈક સીસ્ટમ/વાજીંત્રનો ઉપયોગ ઉપરોકત અવાજની માત્રા દર્શાવતા શીડયુલ પ્રમાણે સવારના કલાક ૬-૦૦ થી રાત્રિ કલાક ૨૨-૦૦ સુધી જ રહેશે.

૮. અવાજ પ્રદુષણ (નિયમ અને પ્રતિબંધ) નિયમ ૨૦૦૦ની જોગવાઈઓ પ્રમાણે સામાન્ય રીતે માઈક સીસ્ટમ/વાજીંત્રનો ઉપયોગ રાતના કલાક ૧૦-૦૦ થી વહેલી સવારના કલાક ૬-૦૦ સુધીના સમય દરમ્યાન વગાડી ન શકાય તેવી જોગવાઈઓ હોઈ આ સમય માટે માઈક સીસ્ટમ/વાજીંત્ર માટે કોઈ પરવાનગી આપવામાં આવશે નહી.

**નોંધ :-** ઉપરોકત નિયમોની જોગવાઈઓ પ્રમાણે દર વર્ષે સરકારશ્રી તરફથી નક્કી કરેલ દિવસો દરમ્યાન આવી પરવાનગી રાતના કલાક ૧૦-૦૦ના જગ્યાએ કલાક ૧૨-૦૦ વાગ્યા સુધી મળી શકશે.

૯. કોઈપણ વિસ્તારમાં ઘોંઘાટ/અવાજનો હવામાનમાં પ્રમાણ ઉપરોકત જણાવેલ શીડ્યુલમાં જણવ્યા મુજબના ડેસીબલ પ્રમાણે દિવસ અને રાત્રી દરમ્યાન નામદાર સુપ્રિમ કોર્ટે ઠરાવેલ છે તે પ્રમાણે રાખવાનું રહેશે. પરવાનેદારે આ માત્રનો ભંગ ન થાય તે જોવાનું રહેશે.

**નોંધ :-** કોઈ ઓડીટોરીયમ, કોન્ફરન્સ હોલ, કોમ્યુનીટી હોલ કે ખાનગી મકાન જેવા બંધ સ્થળો વિગેરેમાં માઈક સીસ્ટમ અંદરના ભાગે વગાડવા ઉપર કોઈ પ્રતિબંધ નથી, પરંતુ તેનો અવાજ જે તે સ્થળથી બહાર જવો જોઈએ નહીં.

૧૦. મંદિરો, ચર્ચ અને મસ્જીદોમાં માઈક સીસ્ટમ/વાજીંત્રનો અવાજ એ રીતે મર્યાદિત કરેલ હોવો જોઈએ કે સંકુલની હદ બહાર જાય નહી.

૧૧. ગતિમાન વાહનમાંથી કોઈપણ સીસ્ટમ/વાજીંત્રનો ઉપયોગ પોલીસ કમિશ્નરશ્રી તરફથી અધિકૃત કરેલા અધિકારીની પરવાનગી સીવાય કોઈપણ હેતુ માટે વાપરવો નહી અથવા ચલાવવો નહી.

૧૨. માઈક સીસ્ટમ વાજીંત્રનો પરવાનો ધરાવનાર વ્યકિત આસપાસના રહેવાસીઓ અથવા રાહદારીઓને અડચણ, હરકત, અગવડ, જોખમ, ભય અથવા નુકશાન અટકાવવા માટે પોલીસ કમિશ્નર અથવા તેઓના તરફથી અધિકૃત કરેલ કોઈપણ અધિકારી તેને યોગ્ય લાગે તેટલી મુદ્દત માટે કોઈપણ જગ્યાએ પરવાનો ધરાવનારને માઈક સીસ્ટમ/વાજીંત્ર વાપરવા મના કરવાનો હુકમ કરી શકશે.

૧૩. ફરજ પરના પોલીસ અધિકારી દ્વારા ઉપર જણાવેલ નિયમો તથા પરવાનગી પત્રમાં દર્શાવેલ વિસ્તાર અને સમય અંગે કોઈ ભંગ કરે તો વાહન તથા માઈક સીસ્ટમ/વાજીંત્ર અને તેના ઉપરકણો જપ્ત કરી કાયદેસર કરી શકશે.

આ જાહેરનામા હુકમના ભંગ બદલ ઈ.પી. કો. કલમ-૧૩૫ મુજબનો ગુન્હો નોંધી ઉપરોકત માલીક, ભાગીદારે, મેનેજર, સંચાલકની બીન જામીનલાયક ગુના માટે ધરપકડ કરી તમામ માઈક સીસ્ટમ ગુનાના કામે મુદ્દામાલ તરીકે કબ્જે કરવામાં આવશે.

**શીક્ષા :**

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ગુજરાત પોલીસ એકટ કલમ ૧૩૫ મુજબ શિક્ષાને પાત્ર થશે.

તમામને વ્યકિતગત રીતે આ નોટિસની બજવણી કરવી શક્ય ન હોય આથી એકતરફી હુકમ કરૂ છું કે, જાહેર જનતાની જાણ સારૂ સ્થાનીક વર્તમાનપત્ર, આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર મારફતે પ્રસિધ્ધિ દ્વારા તથા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સપેકટર, મદદનીશ પોલીસ કમિશ્નર, નાયબ પોલીસ કમિશ્નર તથા પોલીસ કમિશ્નર કચેરીના નોટિસ બોર્ડ ઉપર હુકમની નકલ ચોંટાડીને પ્રસિધ્ધિ કરવામાં આવેશે. તેમજ સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધી કરવામાં આવશે. ગુજરાત પોલીસ એકટ કલમ-૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજ તા. ૩૦-૦૩-૨૦૧૭ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

રાજકોટ, ૩૦ માહે માર્ચ, સને ૨૦૧૭.

**અનુપમ સિંહ ગહલૌત,**
પોલીસ કમિશ્નર,
રાજકોટ શહેર, રાજકોટ.

INDEX

## સંયુક્ત વાણિજ્યિક વેરા કમિશ્નર દ્વારા

વંચાણે લીધું :

૧. નાયબ વાણિજ્યકવેરા કમિશ્નરશ્રી, વર્તુળ-૨૫, ગાંધીધામના પત્ર ક્રમાંકઃ નાકવ-૨૫/નોંધણી/Abinitio/અંકિત એલોયટેક/૨૦૧૬-૧૭/જા. ૧૭૯૫/૧૮૫૬, તા. ૨૧-૦૧-૨૦૧૭.

## જાહેરનામુ

ક્રમાંક : સંકરા/વિ-૧૧/વવટ/ધા.ફોર્મ ૨૬/૨૦૧૬-૧૭/જા. ૪૨૦૪/૨૧.-વાણિજિયકવેરા અધિકારીશ્રી-૫, ઘટક-૧૦૩, ગાંધીધામના ક્ષેત્રાધિકાર હેઠળના વેપારીશ્રી મે. અંકિત એલોયટેક પ્રા. લી., નો.નં. ૨૪૦૧૧૦૦૫૯૨૩, કેન્દ્રીય નો.નં. ૨૪૫૧૧૦૦૫૯૨૩ ધરાવતા હતા. તેઓને નોંધણી નંબર વંચાણે લીધેલ-૧ મુજબ તા. ૧૮-૦૮-૨૦૧૧ થી અમલી બનતો નોંધણી દાખલો ધડમૂળથી (Abinitio) રદ કરેલ છે. જેથી વેપારીશ્રીએ વર્ષ ૨૦૧૧-૧૨ થી વર્ષ ૨૦૧૬-૧૭ દરમિયાન ઓનલાઈન જનરેટ કરેલ તમામ ''સી'' ફોર્મ નીચે દર્શાવ્યા મુજબ દર કરવા ઠરાવું છું.

| ક્રમ | વેપારીનું નામ, ટીન નંબર | રદ કરવાપાત્ર સી ફોર્મ નંબર | રદ કરવાપાત્ર કુલ પાના | રદનું કારણ |
|---|---|---|---|---|
| ૧ | અંકિત એલોયટેક પ્રા. લી., નો.નં. ૨૪૦૧૧૦૦૫૯૨૩, કેન્દ્રીય નો.નં. ૨૪૫૧૧૦૦૫૯૨૩ | વર્ષ ૨૦૧૧-૧૨ થી વર્ષ ૨૦૧૬-૧૭ દરમિયાન જનરેટ કરેલ તમામ | ૨૭ સી ફોર્મ | નોંધણી નંબર ધડમૂળથી (Abinitio) રદ થયેલ હોવાથી |

આથી હું, સી. આર. લાડુમોર, સંયુક્ત વાણિજિયકવેરા કમિશ્નરશ્રી, વિભાગ-૧૧, રાજકોટ કેન્દ્રીય વેચાણવેરા નિયમ-૧૯૭૦ના નિયમ-૪(એ)ના પેટા નિયમ-૭ અન્વયે મને મળેલ સત્તાની રૂએ ઉપરોક્ત દર્શાવેલ ''સી'' ફોર્મ રદ કરવા ઠરાવું છું.

રાજકોટ, ૨૦ માહે માર્ચ, સને ૨૦૧૭.

---

વંચાણે લીધું :

૧. નાયબ વાણિજ્યકવેરા કમિશ્નરશ્રી, વર્તુળ-૨૫, ગાંધીધામના પત્ર ક્રમાંકઃ નાકવ-૨૫/નોંધણી/Abinitio/અંકિત સ્ટીલ/૨૦૧૬-૧૭/જા. ૧૮૫૭/૧૯૧૮, તા. ૨૭-૦૧-૨૦૧૭.

## જાહેરનામુ

ક્રમાંક : સંકરા/વિ-૧૧/વવટ/ધા.ફોર્મ ૨૬/૨૦૧૬-૧૭/જા. ૪૨૨૨/૪૨૩૯.-વાણિજિયકવેરા અધિકારીશ્રી-૫, ઘટક-૧૦૩, ગાંધીધામના ક્ષેત્રાધિકાર હેઠળના વેપારીશ્રી મે. અંકિત સ્ટીલ ટ્રેડિંગ કું., નો.નં. ૨૪૦૧૧૦૦૫૪૦૯, કેન્દ્રીય નો.નં. ૨૪૫૧૧૦૦૫૪૦૯ ધરાવતા હતા. તેઓને નોંધણી નંબર વંચાણે લીધેલ-૧ મુજબ તા. ૦૪-૦૬-૨૦૧૦ થી અમલી બનતો નોંધણી દાખલો ધડમૂળથી (Abinitio) રદ કરેલ છે. જેથી વેપારીશ્રીએ વર્ષ ૨૦૧૦-૧૧ થી વર્ષ ૨૦૧૬-૧૭ દરમિયાન ઓનલાઈન જનરેટ કરેલ તમામ ''સી'' ફોર્મ નીચે દર્શાવ્યા મુજબ દર કરવા ઠરાવું છું.

| ક્રમ | વેપારીનું નામ, ટીન નંબર | રદ કરવાપાત્ર સી ફોર્મ નંબર | રદ કરવાપાત્ર કુલ પાના | રદનું કારણ |
|---|---|---|---|---|
| ૧ | અંકિત સ્ટીલ ટ્રેડિંગ કું., નો.નં. ૨૪૦૧૧૦૦૫૪૦૯, કેન્દ્રીય નો.નં. ૨૪૫૧૧૦૦૫૪૦૯ | વર્ષ ૨૦૧૦-૧૧ થી વર્ષ ૨૦૧૬-૧૭ દરમિયાન જનરેટ કરેલ તમામ | ૨૯ સી ફોર્મ | નોંધણી નંબર ધડમૂળથી (Abinitio) રદ થયેલ હોવાથી |

આથી હું, સી. આર. લાડુમોર, સંયુક્ત વાણિજિયકવેરા કમિશ્નરશ્રી, વિભાગ-૧૧, રાજકોટ કેન્દ્રીય વેચાણવેરા નિયમ-૧૯૭૦ના નિયમ-૪(એ)ના પેટા નિયમ-૭ અન્વયે મને મળેલ સત્તાની રૂએ ઉપરોક્ત દર્શાવેલ ''સી'' ફોર્મ રદ કરવા ઠરાવું છું.

રાજકોટ, ૨૦ માહે માર્ચ, સને ૨૦૧૭.

**સી. આર. લાડુમોર,**

સંયુક્ત વાણિજિયકવેરા કમિશ્નર,
વિભાગ-૧૧, રાજકોટ,

---

વંચાણે લીધું :

(૧) મે. પ્લેટેનિયમ વીનીયર્સ ટીન નં. ૨૪૦૯૦૪૦૧૩૮૩ના સી. ફોર્મ ગુમ થવા અંગેની તા. ની અરજી તા. ૧૭-૧૧-૨૦૧૬.

(૨) સહાયક વાણિજિયકવેરા કમિશ્નરશ્રી, યુનીટ-૮૮, રાજકોટના પત્ર ક્રમાંક : જા. ૩૩૬૬/૨૫/૦૧/૨૦૧૭.

(૩) નાયબ વાણિજિયકવેરા કમિશ્નરશ્રી, વર્તુળ-૨૨, રાજકોટના પત્ર ક્રમાંકઃ જા. ૧૦૨૨૦, તા. ૦૨-૦૩-૨૦૧૭.

## આદેશ

ક્રમાંક : સંકરા/વિ-૧૦/રાજ/સી ફોર્મ/ફોર્મ રદ/૨૦૧૬-૧૭/જા. ૮૩/૧૦૨ તા. ૨૭-૦૩-૧૭.-સહાયક વાણિજિયકવેરા કમિશ્નરશ્રી, ઘટક-૧, રાજકોટના ક્ષેત્રાધિકાર હેઠળના વેપારીશ્રી મે. પ્લેટેનિયમ વિનીયર્સ લી.,(ગ્રીનપ્લાય ઈન્ડસ્ટ્રીઝ પ્રાલિ., રાજકોટ, ટીન નં. ૨૪૦૯૦૪૦૧૩૮૩ તથા કેન્દ્રીય નંબર : ૨૪૫૯૦૪૦૧૩૮૩ ધરાવે છે. તેઓને ફોર્મ સી અત્રેથી ઈસ્યુ કરેલ હતાં. જે સી-ફોર્મ ગુમ થયેલ હોવાથી વંચાણમાં લીધેલ ક્રમાંકઃ ૧ તથા ૨ ની દરખાસ્ત અન્વયે વેપારીશ્રીને નીચે દર્શાવ્યા મુજબના સી ફોર્મ રદ કરવા ઠરાવું છું.

| ક્રમ | વેપારીનું નામ અને નોંધણી નંબર | રદ કરવાપાત્ર ફોર્મ નંબર | રદ કરવાપાત્ર કુલ પાના | રદ કરવાનું કારણ |
|---|---|---|---|---|
| ૧ | મે. પ્લેટેનિયમ વિનીયર્સ લી., | સી ફોર્મ (૧) ૯૦૨૨૨૪૦<br>(૨) ૯૦૨૨૨૦૯ | ૨ (બે) | ખોવાઈ જવાથી |

આથી હું, એસ. એમ. સકસેના, સંયુક્ત વાણિજિયકવેરા કમિશ્નરશ્રી, વિભાગ-૧૦, રાજકોટ કેન્દ્રીય વેચાણવેરા નિયમ-૧૯૭૦ના નિયમ-૪(એ) ના પેટા નિયમ-૦૭ અન્વયે મને મળેલ સત્તાની રૂએ ઉપર મુજબ જણાવેલ સી ફોર્મ પાના નંબર ૨૪-૯૦૨૨૨૪૦ તથા ૯૦૨૨૨૦૯ પાના-૨ (બે) રદ કરવા ઠરાવું છું.

રાજકોટ, ૨૭ માહે માર્ચ, સને ૨૦૧૭.

**એસ. એમ. સકસેના,**

સંયુક્ત વાણિજિયકવેરા કમિશ્નરશ્રી,
વિભાગ-૧૦, રાજકોટ.

---

જિલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ દ્વારા

## નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : નધણ/૦૧/ક-૨/૭૮/૫૫૮/૨૦૧૭.-જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ભુજ-કચ્છ, આથી જાહેર કરે છે કે, શ્રી રાજવાણીવાંઢ (પરા વિસ્તાર) દુધ ઉત્પાદક સહકારી મંડળી લી., મુ. રાજવાણીવાંઢ, પોષ્ટઃ હોડકો, તાલુકો : ભુજ, જિલ્લોઃ ભુજ-કચ્છને સને ૧૯૬૨ ના ગુજરાત કાયદા (૧૦) ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને-૧૯૬૧ ની કલમ-૯ મુજબ આજરોજ નોંધવામાં આવે છે.

નોંધણી નંબર-કેટીએચ "સે"(દુ) ૪૫૫૨૪, તા. ૨૪-૦૩-૨૦૧૭.

ભુજ-કચ્છ, ૨૪ માહે માર્ચ, સને ૨૦૧૭.

---

## નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : નધણ/૦૧/ક-૨/૭૬/૫૬૪/૨૦૧૭.-જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ભુજ-કચ્છ, આથી જાહેર કરે છે કે, શ્રી નથ્થરકુઈ દુધ ઉત્પાદક સહકારી મંડળી લી., મુ. નથ્થરકુઈ, તાલુકો : ભુજ, જિલ્લોઃ ભુજ-કચ્છને સને ૧૯૬૨ ના ગુજરાત કાયદા (૧૦) ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને-૧૯૬૧ ની કલમ-૯ મુજબ આજરોજ નોંધવામાં આવી છે.

નોંધણી નંબર : નધણ કેટીએચ "સે"(દુ) ૪૫૫૨૩, તા. ૨૪-૦૩-૨૦૧૭.

ભુજ-કચ્છ, ૨૪ માહે માર્ચ, સને ૨૦૧૭.

**કે. એ. પટેલ,**
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
ભુજ-કચ્છ.

---

## નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : નધણ/ક-૩/૧૧૧/૮૩૨/સા-૮૧૬૬/૨૦૧૭.-જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, જામનગર, આથી જાહેર કરે છે કે, શ્રી કેશરીનંદન ક્રેડીટ કો ઓપરેટીવ સોસાયટી લી., મર્યાદિત મુ. : જામનગર, તાલુકો : જામનગર, જિ. જામનગર.સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો-૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

જામનગર, ૧૪ માહે માર્ચ, સને ૨૦૧૭.

**એમ. એસ. લોખંડે,**
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
જામનગર.

---

## નોંધણીનું પ્રમાણપત્ર

જાવક/નંબર/ગ/૦૪/૧૧૩/૨૦૧૭.-જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, દેવભુમિ, દ્વારકા, આથી જાહેર કરે છે કે, શ્રી નંદાણા ખેત ઉત્પાદન ખરીદ વેચાણ સહકારી મંડળી લી., સ્થળ : નંદાણા, તાલુકોઃ કલ્યાણપુર, જિલ્લોઃ દેવભુમિ દ્વારકા, સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો-૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે. જેનો નોંધણી નંબર-ક્રમાંકઃ નધણ/ડીબીડી/સા. ૯૦૧૪, સને ૨૦૧૭ છે. તારીખ : ૦૧-૦૨-૨૦૧૭.

દેવભુમિદ્વારકા, ૧ માહે ફેબ્રુઆરી, સને ૨૦૧૭.

**કે. પી. બાબર,**
જિલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
દેવભુમિ-દ્વારકા.

---

## નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : નધણ/ઝ/૩૧/૩૧૦/ઝ/ઉ-૧૫૬૧૯/સને-૨૦૧૭.-આથી જાહેર કરે છે કે, શ્રી મુળ માધવપુર મહીલા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., મુ. : મુળ માધવપુર, મર્યાદિત સ્થળ : મુળ માધવપુર, તા. પોરબંદર, જિ.: પોરબંદર.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો-૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

પોરબંદર, ૨૭ માહે માર્ચ, સને ૨૦૧૭.

**એમ. એસ. લોખંડે,**
જિલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
પોરબંદર.

---

વંચાણે લીધા :

(૧) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૧૪(૧) તથા ૨૦(૧) હેઠળની જોગવાઈઓ.

(૨) ગુજરાત સરકારશ્રીના કૃષિ અને સહકાર વિભાગના જાહેરનામાં ક્રમાંક : જીએચકેએચ/૫૧/૨૦૧૧/નસબ/૧૨/૨૦૦૨/૩૦૧૧/છ, તા. ૨૧-૦૭-૨૦૧૧.

(૩) કચેરીનાં ફડચાના અંતિમ આદેશ ક્રમાંક : ફડચ/ગ-૨/૧૫૮/૨૦૧૬, તા. ૨૦-૦૫-૨૦૧૬.

(૪) ફડચા અધિકારીશ્રીની તા. ૧૦-૦૩-૨૦૧૭ ના પત્રથી રજુ થયેલ નોંધણી રદની દરખાસ્ત.

## હુકમ

ક્રમાંક નં. : ફડચ/ગ-૨/૫૬/૨૦૧૫.-આથી હું, સંગીતા રૈયાણી, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, રાજકોટ, અમોને વંચાણે લીધા આંક (૨) વાળા જાહેરનામાથી મળેલ અધિકારની રૂએ શ્રી ખાખીજાળીયા સેવા સહકારી મંડળી લી., મુ. ખાખીજાળીયા, તા. ઉપલેટા, જિ. : રાજકોટ, (નોંધણી નંબર : સે-૩૭૨૨૩, તા. ૦૪-૦૭-૨૦૧૧) ની ફડચાની કાર્યવાહી સહકારી કાયદાની કલમ-૧૧૪ હેઠળ સમાપ્ત જાહેર કરૂં છું. તેમજ તેજ કાયદાની કલમ-૨૦(૧) હેઠળ સદરહુ મંડળીની નોંધણી રદ કરતો હુકમ કરૂં છું.

રાજકોટ, ૩૧ માહે માર્ચ, સને ૨૦૧૭.

---

વંચાણે લીધા :

(૧) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૧૪(૧) તથા ૨૦(૧) હેઠળની જોગવાઈઓ.

(૨) ગુજરાત સરકારશ્રીના કૃષિ અને સહકાર વિભાગના જાહેરનામાં ક્રમાંક : જીએચકેએચ/૫૧/૨૦૧૧/નસબ/૧૨/૨૦૦૨/૩૦૧૧/છ, તા. ૨૧-૦૭-૨૦૧૧.

(૩) કચેરીનાં ફડચાના અંતિમ આદેશ ક્રમાંક : ફડચ/ગ-૨/૬૭/૨૦૧૬, તા. ૧૦-૦૩-૨૦૧૬.

(૪) ફડચા અધિકારીશ્રીની તા. ૧૦-૦૩-૨૦૧૭ ના પત્રથી રજુ થયેલ નોંધણી રદની દરખાસ્ત.

## હુકમ

ક્રમાંક નં. : ફડચ/ગ-૨/૫૫/૨૦૧૫.-આથી હું, સંગીતા રૈયાણી, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, રાજકોટ, અમોને વંચાણે લીધા આંક (૨) વાળા જાહેરનામાથી મળેલ અધિકારની રૂએ શ્રી ગોમટા જુથ હાઈસ્કુલ કર્મચારીઓની ધીરાણ અને ગ્રાહક સહકારી મંડળી લી., મુ. ગોમટા, તા. ગોંડલ, જિ. : રાજકોટ, (નોંધણી નંબર : સે-૨૫૫૫૩, તા. ૨૦-૧૨-૧૯૯૩)ની ફડચાની કાર્યવાહી સહકારી કાયદાની કલમ-૧૧૪ હેઠળ સમાપ્ત જાહેર કરૂં છું. તેમજ તેજ કાયદાની કલમ-૨૦(૧) હેઠળ સદરહુ મંડળીની નોંધણી રદ કરતો હુકમ કરૂં છું.

રાજકોટ, ૩૧ માહે માર્ચ, સને ૨૦૧૭.

**સંગીતા રૈયાણી,**
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
રાજકોટ.

---

©

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

*PUBLISHED BY AUTHORITY*

VOL. LVIII] THURSDAY, 20th APRIL, 2017/CAITRA 30, 1939 No. 16

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central section in order that it may be filed as a separate compilation.

# PART-I


| PART - I | Pages | PART - I - B | Pages |
|---|---|---|---|
| Government Notifications Appointments Promotions, Leave of absence, Rules and orders (Other than those published in Part-I-A, IV-A, IV-B, and IV-C) list of publications for sales etc., Miscellaneous Notifications Appoint-ments etc., | 485-512 | (Suppliment) Government Notifications Published under Land Acquisition Act only Supplement. | Nil |
| **PART - I - A** | | **PART - II** | |
| Order and Notifications (Other than those published in Part-IV-B) under the Gujarat Local Boards, Village Panchayats, Municipals, Boroughs, (Districts) Municipals Primary Education and Local Fund Audits, Acts., | Nil | Miscellaneous Notices, Advertisments, List of Books Sanctioned by the Director of Education, List of Jurors. Schedule of Estates by the Official Assignee, Summary of Births and Deaths, etc., | 663-710 |
| | | **PART - III** | |
| | | Miscellaneous Supplements Season and Crop Reports, Prices, Current Rainfalls Returns, District Local Boards Accounts etc., | Nil |




INDEX

# GOVERNMENT NOTIFICATIONS, ORDERS APPOINTMENTS, ETC.
## SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION
## NOTIFICATION
### MISCELLANEOUS NOTIFICATIONS APPOINTMENTS ETC.

## By the Principal District Judge

*Read :*

(1) This Office Notification No. UHC/B/50 of 2016, Dtd. 27-12-2016

(2) Hon'ble High Court of Gujarat Letter No.C.2103/2017, Dtd. 03-04-2017

## NOTIFICATION

No. UHC/B/14/2017.-The undersigned has declared public holidays for the year 2017 for District Court, Junagadh and Courts subordinate to it, vide this office Notification reffered to above at Sr. No.(1)

Now, in pursuance of the Notification of the General Administration Department in Government of Gujarat cited in the preamble at Sr. No.(2), the public hoiday notified at Sr. No.(6) i.e. Shree Ram Navmi 04th April, 2017 Tuesday is modified and declared as public holiday as Shree Ram Navmi 05th April, 2017 Wednesday.

In lieu thereof, 4th April, 2017 Tuseday shall be working day for the District Court, Junagadh and Courts subordiante to it.

District Court, Junagadh

Dt. 03-04-2017

**D. T. Soni,**

Principal District Judge,
Junagadh.

---

## By the Principal District Judge, Family Court,

*Read :*

(1) Hon'ble High Court of Gujarat letter No.C.2013/2017, Dtd. 03-04-2017.

(2) This Office Notification No. UHC/10/2016 dated : 31-12-2016.

## NOTIFICATION

No. UHC/3/2017.-(For insertion in the Gujarat Government Gazette Part-I, Supplement to the Central Gazette, Rajkot Division)

In View of the Hon'ble High Court letter, cited in the preamble at Sr. NO.1, the undersigned is pleased **declare** the follwing day as Holiday, on account of **Shree Ram Navmi.**

**1. 5th April, 2017, Wednesday.**

And in lieu thereof, following **day shall be working** for the Family Court, Rajkot and the Court subordinate to it in Rajkot.

**1. 4th April, 2017, Tuseday.**

Family Court, Rajkot.

Dt. 03-04-2017.

**M. J. Parikh,**

Principal Judge,
Family Court, Rajkot.

---

## જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

### ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩(૧૯૭૪નો બીજો અધિનિયમ)નાં કાયદાની કલમ-૧૪૪ હેઠળ

### હુકમ

નં. નાચિ/પલસ/વશી/૪૫૨૩-૪૫૯૩/૨૦૧૭.-ગ્રામ પંચાયત સામાન્ય/મધ્યસત્ર/પેટા ચૂંટણી-૨૦૧૭ માટે રાજ્ય ચૂટણીપંચ તરફથી કાર્યક્રમ બહાર પાડવામાં આવેલ છે. જે અન્વયે અમરેલી જિલ્લામાં ગ્રામ પંચાયતની સામાન્ય ચૂંટણી સબંધે તારીખ : ૦૮-૦૪-૨૦૧૭નાં રોજ મતદાન થનાર છે. અને મતગણતરી તા. : ૧૧-૦૪-૨૦૧૭ના રોજ થનાર હોય, જેથી ચૂંટણીની તમામ પ્રક્રિયા પુર્ણ થતાં સુધી ભારતીય ચૂંટણીપંચ દ્વારા હથીયાર અંગે જરૂરી સુચના તેમના તા. ૧૨-૧૧-૧૯૯૯ના હુકમ ક્રમાંક : ૪૬૪/એલએન્ડઓ/૯૯/પીએલએન-૧/ તથા ભારતના ચૂંટણીપંચના પત્ર ક્રમાંક : ૪૬૪/એલએન્ડઓ/૨૦૦૭/પીએલએન/આઈ, તા : ૦૮-૦૧-૨૦૦૭ થી હથિયાર અંગે જરૂરી સુચના બહાર પાડેલ છે.

ચૂંટણી દરમ્યાન જિલ્લાની કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતી જળવાઈ રહે તે માટે જરૂરી પ્રબંધ કરવો આવશ્યક જણાય છે. મુક્ત, ન્યાયી અને શાંતિપૂર્ણ ચૂંટણી યોજાય તેમજ ચૂંટણી પ્રક્રિયા દરમ્યાન લોકોની સલામતિ રહે, સુલેહશાંતિનો ભંગ થતો અટકાવી

શકાય તે હેતુસર ગુજરાતના ચૂંટણી પંચના તા. ૧૫-૧૦-૨૦૦૭ અન્વયે બહાર પાડેલ સુચનાઓ ધ્યાનમાં લેતાં અમરેલી જિલ્લાના હથિયાર પરવાનેદારોએ ધારણ કરેલ હથિયારના સંદર્ભમાં કેટલાક પ્રતિબંધ મુકવાનું આવશ્યક જણાય છે.

જેથી, હું, દિલીપકુમાર રાણા, I.A.S. જિલ્લા મેજીસ્ટ્રેટ, અમરેલી, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની (૧૯૭૪ નો બીજો અધિનિયમની) કલમ-૧૪૪ અન્વયે મળેલ સત્તાની રૂઈએ આથી ફરમાવું છું કે,

(૧) અમરેલી જિલ્લાના લાગુ વિસ્તારમાં કોઈ વ્યકિતએ શસ્ત્ર અધિનિયમ-૧૯૫૯ની કલમ-૨ની વ્યાખ્યામાં આવતું કોઈપણ હથિયાર ધારણ કરી ફરવું નહી, તેમજ હથિયાર પોતાના રહેઠાણના સ્થળે પોતાની સેફ કસ્ટડીમાં રાખવા.

(૨) જિલ્લા બહારથી મેળવેલ હથિયાર પરવાના ધારણ કરનાર વ્યકિતઓ કે જેઓ હાલ અત્રેના જિલ્લાનાંગ્રામ્ય વિસ્તારમા વસવાટ કરતા હોય તેમને પણ પોતાનું હથિયાર પોતાના રહેણાંકના સ્થળે પોતાની સેફ કસ્ટડીમાં રાખવું અને હથિયાર ધારણ કરી હરવું-ફરવું નહી.

(૩) અમરેલી જિલ્લાના સંસ્થાકીય સિવાયના જિલ્લાના ગ્રામ્ય વિસ્તારના વ્યકિતગત પ્રકારના હથીયાર પરવાના ધારકો તથા જિલ્લા બહારથી મેળવેલ હથીયાર પરવાના ધારણ કરનાર વ્યકિતઓ કે જેઓ હાલ અત્રેના જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમા વસવાટ કરતા હોય તેવા તમામ હથીયાર પરવાનેદારોના તેમના હથીયાર પોતાના રહેઠાણના સ્થળે પોતાની સેફ કસ્ટડીમાં રાખવા.

(૪) નીચે દર્શાવ્યા મુજબના વ્યકિતઓએ ધારણ કરેલ હથિયાર પરવાના હેઠળના પરવાનેદારોના સંદર્ભમાં વ્યકિતગત અને વિગતવાર સમીક્ષા કરીને તેમના હથિયાર પોલીસ સ્ટેશનમાં જમા લેવા માટે જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી, અમરેલીને અધિકૃત કરવામાં આવે છે.

(અ) જામીન ઉપર છોડેલી વ્યકિતઓ,

(બ) ફોજદારી ગુન્હાઓ કર્યાની ભૂમિકાવાળી વ્યકિતઓ,

(ક) હુલ્લડના ગુન્હામાં ખાસ કરીને ચૂંટણી સમય દરમ્યાન સંડોવાયેલા વ્યકિતઓ,

(ડ) ગંભીર ગુનામાં સંડોવાયેલા વ્યકિતઓ,

(ઈ) ચૂંટણીની પ્રક્રિયા દરમ્યાન કાયદો અને વ્યવસ્થા જાળવવામાં બાધકરૂપ થાય તેમ હોય તેવા ઈસમો,

(૫) ચૂંટણીની પ્રક્રિયા શરૂ થયેલ હોઈ યોગ્ય સમયમાં નોટિસ બજાવી શકાય તેમ ન હોઈ અને સુનાવણી આપવાનું શક્ય ન હોઈ ઉપર પેરામાં જણાવેલ હુકમ હું ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ જાહેર કરૂં છું.

(૬) સદરહુ આદેશ, કાયદો અને વ્યવસ્થાનો ચાર્જ સંભાળતા અધિકારીશ્રીઓ, સુરક્ષા કર્મચારીઓ, ચૂંટણીપંચે નીમેલા નિરીક્ષકોને લાગુ પડશે નહી.

(૭) આ આદેશનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન માટે મદદ કરનાર શખ્સ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ હેઠળ સજાને પાત્ર થશે.

આ હુકમ તા. ૧૧-૦૪-૨૦૧૭ સુધી અમલમાં રહેશે.

આજ તારીખ : ૧ લી એપ્રિલ-૨૦૧૭ના રોજ મારી સહી તથા સિક્કો કરી હુકમ બહાર પાડ્યો.

અમરેલી, ૧ માહે એપ્રિલ, સને ૨૦૧૭.

**દિલીપકુમાર રાણા,**
જિલ્લા મેજીસ્ટ્રેટ,
અમરેલી.

---

### ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩(૧)(ખ) હેઠળનું

### જાહેરનામુ

નં. ડીએમ/ડીસીએચ/૪૦૪/૨૦૧૭.-પોલીસ અધિક્ષકશ્રી જામનગર તરફથી મળેલ દરખાસ્ત મુજબ જામનગર શહેરમાં ફિઝિકલ એજ્યુકેશન ફાઉન્ડેશન ઓફ ઈન્ડીયા, જામનગર જિલ્લા દ્વારા હાફ મેરેથોન દોડની સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ છે. જે આગામી તા. ૦૨-૦૪-૨૦૧૭ રોજ કલાક ૫-૦૦ થી ૯-૦૦ દરમ્યાન યોજાનાર છે. આંતરરાષ્ટ્રીય નિયમોને આધીન યોજવામાં આવેલ આ સ્પર્ધામાં આંતરરાષ્ટ્રીય, રાષ્ટ્રીય તેમજ રાજ્ય કક્ષાના સ્પર્ધકો ભાગ લેનાર છે. જેથી સમગ્ર રૂટ ઉપર સ્પર્ધકોને અડચણરૂપ ન થાય તેમજ કોઈ અકસ્માત ન સર્જાય તે માટે તમામ પ્રકારના વાહનવ્યવહારને રૂટ પર આવતા વધુ ટ્રાફિકવાળા રસ્તા વૈકલ્પીક રસ્તાઓ ઉપર વાળવા તથા રૂટ પરના રસ્તાઓ બંધ કરવા જાહેરનામુ પ્રસિધ્ધ કરવા દરખાસ્ત રજુ થયેલ છે. જે વ્યાજબી અને ઉચિત જણાય છે.

જેથી, હું, આર. જે. માકડિયા, IAS, જિલ્લા મેજીસ્ટ્રેટ, જામનગર, જિ. જામનગર, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧)(ખ) હેઠળ મને મળેલ સત્તાની રૂઈએ આથી ફરમાવું છું કે, તા. ૦૨-૦૪-૨૦૧૭ ના કલાક ૫-૦૦ થી કલાક ૮-૩૦ દરમ્યાન પરિશિષ્ટમાં જણાવેલ માર્ગો પર તત્કાલીન વાહનવ્યવહાર બંધ રહેશે.

### પરિશિષ્ટ

(૧) મીગ કોલોની/પત્રકાર કોલોનીથી “ગૌરવ પથ” રોડ (ક્રિકેટ બંગલા) તરફ આવતા મુખ્ય ધોરીમાર્ગ પર આગળ ડીવાઈડર ફંટ થી સાત સર્કલ સુધીના આવક જાવક ના બન્ને રસ્તા

(૨) સાત રસ્તાથી જોલી બંગલા થઈ જુની પ્લોટ પોલીસ ચોકી (ઓશવાળ હોસ્પીટલ) થઈને પવનચક્કી સુધીના સુમેર કલબ રોડના આવક જાવકના બન્ને રસ્તા

(૩) પવન ચક્કી થી લાલપુર બાયપાસ ચોકડી સુધી રણજીતસાગર રોડ (સમાણા રોડ)ના આવક જાવકના બન્ને રસ્તા

તદઉપરાંત મેરથોન દોડના અલગ અલગ રૂટોમાં આવતા

(એ) સાત રસ્તાથી સંતોષી માતાજીના મંદિર, સરૂ સેકશન રોડ, બેડી બંદર, સેન્ટ આન્સ સ્કુલ, ડી.કે.વી. સર્કલ, હિંમતનગર ટી પોઈન્ટ

(બી) જોલી બંગલા રોડ, જય માતાજી હોટલ, લાખોટા તળાવ, ભુજીયા કોઠા, હવાઈ ચોક, પચેશ્વર ટાવર, બેડી ગેઈટ, ટાઉન હોલ, ભીડ ભંજન મંદિર તેમજ લાલ બંગલા વિસ્તાર

ઉપરોક્ત વિસ્તારમાંથી મેરેથોન દોડના જે તે રૂટ મુજબના સ્પર્ધકો પસાર થશે ત્યારે જે તે સમયે ફરજ પરના પોલીસ કર્મચારીઓ દ્વારા વિવેક બુધ્ધિ મુજબ રસ્તા ખોલ બંધ કરવામાં આવશે.

આ જાહેરનામુ તાત્કાલીક અસરથી અમલમાં લાવવું જરૂરી હોય, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૬)ના પરંતુકની જોગવાઈ મુજબ તાત્કાલીક અસરથી અમલમાં લાવવામાં આવે છે.

આ હુકમનો ભંગ કે ઉલ્લંઘન કરનાર સદરહુ અધિનિયમની કલમ-૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ જાહેરનામાની જાહેર જનતાને જાણ થાય તે રીતે પોલીસ અધિક્ષકશ્રી, જામનગર દ્વારા તેની બહોળી પ્રસિધ્ધિ કરાવવાની રહેશે.

આજ તા. ૧ માહે એપ્રિલ, સને-૨૦૧૭ ના રોજ મારી સહી તથા કચેરીની મહોર લગાવી બહાર પાડયું.

જામનગર, ૧ માહે એપ્રિલ, સને ૨૦૧૭.

**આર. જે. માંકડિયા,**
જિલ્લા મેજિસ્ટ્રેટ,
જામનગર.

---

## કલેકટર અને જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

## જાહેરનામુ

નં.ડી.એમ.-૧/પાલીતાણા/પ્લાસ્ટીક ફ્રી ઝોન/૧૭-ગુજરાત સરકાર દ્વારા પાલીતાણાને પવિત્ર યાત્રાધામ તરીકે વિકસાવવાનું નક્કી થયેલ છે. પાલીતાણા શહેર જૈન સમુદાયના લોકો માટે આસ્થા અને શ્રધ્ધાનું કેન્દ્ર હોઈ દર વર્ષે હજારો યાત્રાળુઓ ત્યાં આવે છે અને શેત્રુંજય પર્વતની યાત્રા કરે છે. આ યાત્રાળુઓ દ્વારા પ્લાસ્ટીક બેગ, પાણીના પાઉચ, પ્લાસ્ટીક બોટલ વિગેરેનો ઉપયોગ થતો હોય તેનાથી ઉત્પન્ન થતો કચરો પવિત્ર શેત્રુંજય પર્વત ઉપર કચરો જ્યાં-ત્યાં ફેંકવાના કારણે આ વિસ્તારોમાં ગંદકી થાય છે તેમજ પર્યાવરણને હાની પણ પહોંચે છે અને પવિત્રતા જળવાતી નથી. આથી પાલીતાણા શહેરમાં લોકોના સ્વાસ્થય, સુખાકારી તેમજ સ્વચ્છતા જાળવવા, પર્યાવરણના પ્રદુષણને અટકાવવા અને શેત્રુંજય ડુંગરની પવિત્રતા જળવાઈ રહે તે માટે પાલીતાણા શહેરમાં તળેટીથી શરૂ કરી સમગ્ર શેત્રુંજય ડુંગરના વિસ્તારને પ્લાસ્ટીક મુક્ત ઝોન જાહેર કરવા પ્રતિબંધ ફરમાવવો જરૂર જણાય છે.

સબબ, ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪નો બીજો અધિનિયમ)ના કાયદાની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ સત્તાની રુઈએ હું, હર્ષદ પટેલ (આઈ.એ.એસ.), કલેકટર અને જિલ્લા મેજિસ્ટ્રેટ, ભાવનગર જિલ્લો, ભાવનગર, પાલીતાણા શહેરમાં તળેટીથી શરૂ કરી સમગ્ર શેત્રુંજય ડુંગરના વિસ્તારમાં પ્લાસ્ટીક પોલીથીનથી બનાવેલ ઉક્ત આઈટમ સહિતની વસ્તુઓનો ઉપયોગ કરવા પર પ્રતિબંધ ફરમાવુ છું.

આ હુકમ તા. ૦૭-૦૪-૨૦૧૭ થી તા. ૦૫-૦૬-૨૦૧૭ સુધી (બંને દિવસો સુધ્ધા) દિન-૬૦ માટે અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

''જાહેરનામાના અમલ તથા તેના ભંગ બદલ પગલા લેવા હેડકોન્સ્ટેબલથી નીચેના ન હોય તેવા પોલીસ અધિકારીશ્રી તથા ચીફ ઓફિસરશ્રી, નગરપાલિકા, પાલીતાણાને અધિકૃત કરવામાં આવે છે.''

આ હુકમ ઉપર નિર્દિષ્ટ કરેલ વિસ્તારમાં સહેલાઈથી દેખી શકાય તેવી રીતે ''પ્લાસ્ટીક ફ્રી ઝોન''નાં બોર્ડ લગાવીને, જાહેરનામાની નકલ ચોંટાડીને તેમજ સ્થાનિક વર્તમાનપત્રોમાં બહોળી પ્રસિધ્ધી આપીને પ્રસિધ્ધ કરવાનું આથી હું ફરમાવું છું.

આજ તા. ૦૬-૦૪-૨૦૧૭ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી જાહેરનામું બહાર પાડેલ છે.

**હર્ષદ પટેલ,**
કલેકટર અને જિલ્લા મેજિસ્ટ્રેટ,
ભાવનગર.

---

## અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

### ફોજદારી કાર્યરીતિ આધિનિયમ-૧૯૭૩(૧૯૭૪નો બીજો અધિનિયમ)ના કાયદાની કલમ-૧૪૪ હેઠળ હુકમ

## જાહેરનામું

નં. : હોમ/નાચિ/પલસ/વશી/૪૩૧૧-૪૪૦૦/૨૦૧૭.-પોલીસ અધિક્ષકશ્રી, અમરેલીના તા. ૨૬-૦૩-૨૦૧૭ ના પત્ર જા.નં. એસઓજી/જાહેરનામું/રીન્યુ/હોટેલ માલિક/૧૦૯/૧૭ ના પત્રથી ત્રાસવાદ/અસામાજીક તત્વો શહેરોમાં તેમજ ગીચ વસ્તીવાળા વિસ્તારોમાં ગુપ્ત આશરો મેળવી જાહેર સલામતી અને શાંતીનો ભંગ કરે છે તેમજ આતંકવાદી પ્રવૃતિ કરે છે. જેથી માનવ જીન્દગીની ખુવારી થાય છે અને જાહેર તેમજ લોકોની સંપતીને નુકશાન પહોંચાડે છે. બહારના રાજ્યોમાંથી કે દેશ બહારથી આવતા આવા તત્વો હોટલ/ગેસ્ટહાઉસ ભાડે રાખીને રહેતા હોય છે અને વિસ્તારનો સર્વે કરી સ્થાનિક પરિસ્થિતીથી માહિતગાર થઇને તેઓની ત્રાસવાદી પ્રવૃતિને અંજામ આપતા હોય છે. આથી સમગ્ર જિલ્લામાં કોઇ હોટલ/ગેસ્ટહાઉસ માલીક સંબંધિત પોલીસ સ્ટેશનને જાણ કર્યા સિવાય કોઇ વ્યકિતને હોટલ/ગેસ્ટહાઉસમાં રૂમ ભાડે આપી શકશે નહીં તેવું જાહેરનામું પ્રસિધ્ધ કરવા દરખાસ્ત કરાયેલ છે.

અમરેલી જિલ્લો વિશાળ દરીયા કિનારો ધરાવે છે. જિલ્લામાં પ્રવાસ-પર્યટનના તથા ધાર્મિક ઘણા સ્થળો આવેલા છે જ્યાં વિશાળ પ્રમાણમાં દેશ-વિદેશના પ્રવાસીઓ, યાત્રાળુઓ આવે છે. આજ રીતે જિલ્લામાં આવેલ ઔદ્યોગિક એકમોમાં પરપ્રાન્તના માણસો કામ-ધંધા અર્થે આવે છે. આવા સંજોગોમાં ત્રાસવાદી પ્રવૃતિ સાથે સંકળાયેલ કોઇ વ્યકિત હોટલમાં આશરો લઇ સ્થાનિક માણસો સાથે ભળી જઇ બદઇરાદો પાર ન પાડે તે માટે જાહેર જનતાની સલામતી તથા સુરક્ષા માટે તકેદારીના પગલા લેવા આવશ્યક જણાતા હોય પોલીસ અધિક્ષકશ્રી, અમરેલી તરફથી કરાયેલ દરખાસ્ત વ્યાજબી જણાય છે.

આથી હું, ડી. ડી. પંડયા, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, અમરેલી, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨) ની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે, અમરેલી જિલ્લાના સમગ્ર વિસ્તારમાં કોઈ હોટલ/ગેસ્ટહાઉસના માલીક અગર તો આ માટે આવા હોટલ/ગેસ્ટહાઉસ ભાડાથી, રાહતદરે ચાલતી કે સખાવતથી ચાલતી તમામ સરકારી, ધાર્મિક કે ટ્રસ્ટના અને ખાનગી વ્યવસ્થાઓ/સંસ્થાઓના માલીક, અગર તો માલીકે ખાસ સત્તા આપેલ વ્યકિત જ્યારે હોટલમાં રાજ્ય બહારથી આવતા પ્રવાસી/મુસાફરને રૂમ ભાડે આપે ત્યારે સંબંધિત પોલીસ સ્ટેશનને જાણ કરવાની રહેશે. આ અંગેની જરૂરી માહિતી નીચેના કોલમો મુજબ જે તે વિસ્તારના પોલીસ સ્ટેશન ખાતે આપવાની રહેશે તથા દર માસના અંતે પત્રકરૂપે આ માહિતી પોલીસ અધિક્ષકશ્રી, અમરેલીને મોકલવાની રહેશે.

| અ.નં. | હોટલ માલીકનું નામ, સરનામું અને ટેલીફોન/ મોબાઇલ નંબર તથા હોટલનું નામ, સરનામું અને ટેલીફોન/ મોબાઇલ | લાયસન્સ નંબર | આહાર ગૃહનું લાયસન્સ ધરાવે છે કે કેમ ? લાયસન્સ નંબર | લાયસન્સ કઇ તારીખથી કઇ તારીખ સુધી રીન્યુ થયેલ છે. | આવેલ પેસન્જરનું પુરૂં નામ, ઉ.વ., ધંધો અને મોબાઇલ નંબર, પુરૂં સરનામું | પ્રવાસી/ મુસાફર જે વાહનમાં આવે તે વાહનનો રજીસ્ટ્રેશન નંબર | રજુ કરેલ ઓળખ કાર્ડની સંપૂર્ણ વિગત | કઇ તારીખથી આવેલ છે. તારીખ/ સમય | કઇ તારીખે જવાના છે. તારીખ/ સમય | કયાં હેતુ માટે આવેલ છે. | આવેલ પેસેન્જરની સહી |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ |

આ હુકમ તા. ૦૧-૦૪-૨૦૧૭ થી તા. ૩૦-૦૫-૨૦૧૭ સુધી (બંન્ને દિવસો સહિત) દિવસ-૬૦ માટે અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમની જાહેર જનતાને જાણ સંબંધિત કચેરીઓએ તેમના નોટિસ બોર્ડ પર, સહેલાઈથી જોઈ શકાય તેની જાહેર જગ્યા ઉપર નકલ ચોંટાડીને તથા માહીતી ખાતાએ વર્તમાનપત્રોમાં પ્રસિધ્ધી કરી કરવાની રહેશે. બોમ્બે પોલીસ એકટની કલમ-૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજ, તા. ૩૧ માર્ચ, સને. ૨૦૧૭ નાં રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે જાહેર જનતાની જાણ તથા અમલવારી માટે આ હુકમ પ્રસિધ્ધ કરવામાં આવ્યો.

અમરેલી, ૩૧ માહે માર્ચ, સને ૨૦૧૭.

---

ફોજદારી કાર્યરીતિ આધિનિયમ-૧૯૭૩(૧૯૭૪નો બીજો અધિનિયમ)ના કાયદાની કલમ-૧૪૪ હેઠળ હુકમ

## જાહેરનામું

નં. : હોમ/નાચિ/પલસ/વશી/૪૨૪૧ થી ૪૩૧૦/૨૦૧૭.-પોલીસ અધિક્ષકશ્રી, અમરેલીના તા. ૨૬-૦૩-૨૦૧૭નાં પત્ર જા.નં. એસઓજી/જાહેરનામું/રીન્યુ/મજુર-કારીગર/૧૧૪/૧૭ થી ત્રાસવાદ/અસામાજીક તત્વો શહેરોમાં તેમજ ગીચ વસ્તીવાળા વિસ્તારોમાં ગુપ્ત આશરો મેળવી જાહેર સલામતી અને શાંતીનો ભંગ કરે છે તેમજ આતંકવાદી પ્રવૃતિ કરે છે. જેથી માનવ જીંદગીની ખુવારી થાય છે અને જાહેર તેમજ લોકોની સંપતીને નુકશાન પહોંચાડે છે. બહારના રાજ્યોમાંથી કે દેશ બહારથી જેવા કે નેપાળથી આવતા આવા તત્વો જિલ્લા વિસ્તારમાં આવેલ નાના-મોટા કારખાના/જીનીંગ મીલો/ઈન્ડસ્ટ્રીઝ/પોર્ટ વિસ્તાર/શીપયાર્ડ વિસ્તાર/હોટેલો/ખેત મજુરો તરીકે ખેતર વિસ્તારમાં કામ કરતા મજુરો પુષ્કળ પ્રમાણમાં હોય અને આ લોકો જે વિસ્તારમાં જે જગ્યાએ રહે છે, કામ ધંધો વ્યવસાય કરે છે. તેના માલીકોની પાસે આવા કારીગરો/મજુરો અંગેની કોઈ પ્રકારની હકિકત કે પુરેપુરી વિગત રાખવામાં આવતી નથી અને આવા ઈસમો કોઈ ગુન્હો કરી જિલ્લાની હદ વિસ્તાર બહાર જતા રહે બાદ તેઓને શોધવા અત્યંત મુશ્કેલ બની જાય છે. આથી સમગ્ર જિલ્લા વિસ્તારમાં આવેલ નાના-મોટા કારખાના/જીનીંગ મીલો/ઈન્ડસ્ટ્રીઝ/પોર્ટ વિસ્તાર/શીપયાર્ડ વિસ્તાર/હોટલો/ખેત મજુરો તરીકે ખેતર વિસ્તારમાં કામ કરતા મજુરો અંગેની સંપુર્ણ વિગતો સાથેનું નિયત નમુનામાં રજીસ્ટર નિભાવવુ ફરજીયાત બનાવવામાં આવે તેવું જાહેરનામું પ્રસિધ્ધ કરવા દરખાસ્ત કરાયેલ છે.

આથી હું, ડી. ડી. પંડયા, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, અમરેલી, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨) ની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે, અમરેલી જિલ્લાના સમગ્ર વિસ્તારમાં નાના-મોટા કારખાના/જીનીંગ મીલો/ઈન્ડસ્ટ્રીઝ/પોર્ટ વિસ્તાર/શીપયાર્ડ વિસ્તાર/હોટલો/ખેત મજુરો તરીકે ખેતર વિસ્તારમાં કામ કરવા માટે મજુરો રાખનાર માલિકો/જમીન માલીકોએ નીચે જણાવ્યા મુજબના કોલમ મુજબની સંપુર્ણ વિગતો સાથેનું રજસ્ટિર ફરજિયાત નિભાવવા તેમજ રાજ્ય બહારથી આવતા આવા મજુરો/કારીગરોને જ્યારે જ્યારે ઓદ્યોગિક મીલ/જીનીંગ મીલો/સંસ્થાઓ/પોર્ટ/ખેત માલીક/હોટેલના માલીકો કામકાજ અર્થે રાખે ત્યારે કોલમ મુજબની માહિતી સબંધિત પોલીસ સ્ટેશનમાં ૨૪ કલાક અંદર બિનચુક મોકલી આપવાની રહેશે તથા દરમાસના અંતે પત્રક રૂપે આ માહીતી પોલીસ અધિક્ષકશ્રી, અમરેલીને મોકલવાની રહેશે.

| ક્રમ | મજુર/કારીગરનું પુરૂ નામ તેમજ પુરેપુરૂ શારીરિક વર્ણન તેમજ મોબાઈલ નંબર | મજુર/કારીગરનું વતનનું પુરૂં સરનામું, નજીકના પો.સ્ટે.ની વિગત | તે ક્યારથી પોતાને ત્યાં કામ કરે છે. અગાઉ કોને કોને ત્યાં કામ કરેલ છે. ગુજરાતમાં કેટલા સમયથી છે. | કોની ઓળખાણથી પોતાને ત્યા કામે રાખેલ છે. તેનું પુરૂં નામ સરનામું તથા મોબાઈલ નંબર | મજુર/કારીગરના આઈ.ડી. પ્રુફની વિગત (એક નકલ ફાઈલ બનાવી રાખવું) | મજુર/ કારીગરનો ફોટોગ્રાફ સહિ સાથેનો |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |

આ હુકમ તા. ૦૧-૦૪-૨૦૧૭ થી તા. ૩૦-૦૫-૨૦૧૭ સુધી (બંન્ને દિવસો સહિત) દિવસ-૬૦ માટે અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમની જાહેર જનતાને જાણ સંબંધિત કચેરીઓએ તેમના નોટિસ બોર્ડ પર, સહેલાઈથી જોઈ શકાય તેની જાહેર જગ્યા ઉપર નકલ ચોંટાડીને તથા માહીતી ખાતાએ વર્તમાનપત્રોમાં પ્રસિધ્ધી કરી કરવાની રહેશે. બોમ્બે પોલીસ એકટની કલમ-૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજ, તા. ૩૧ માર્ચ, સને ૨૦૧૭ નાં રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે જાહેર જનતાની જાણ તથા અમલવારી માટે આ હુકમ પ્રસિધ્ધ કરવામાં આવ્યો.

અમરેલી, ૩૧ માહે માર્ચ, સને ૨૦૧૭.

ફોજદારી કાર્યરીતિ આધિનિયમ-૧૯૭૩(૧૯૭૪નો બીજો અધિનિયમ)ના કાયદાની કલમ-૧૪૪ હેઠળ હુકમ

## જાહેરનામું

નં. : હોમ/નાચિ/પલસ/વશી/૪૧૦૧ થી ૪૧૭૦/૨૦૧૭.-પોલીસ અધિક્ષકશ્રી, અમરેલીના તા. ૨૬-૦૩-૨૦૧૭ ના પત્ર નં. એસઓજી/જાહેરનામુ/રીન્યુ/વાહન લે-વેચ/૧૧૧/૧૭ ની વિગતે ગુજરાત સહિત સમગ્ર દેશોમાં છેલ્લા કેટલાક સમયથી આતંકવાદી ભાંગફોડીયા તત્વો દેશના અલગ અલગ રાજ્યમાં આતંક ફેલાવાના હેતુથી રજીસ્ટ્રર ન થયા/થતા હોય તેવા સાયકલ/મોપેડ/અન્ય વાહનોના ઉપયોગ કરતા હોવાનું જણાય છે. આતંકી કૃત્યમાં આવા વાહનોનો ઉપયોગ થયા બાદ આવા વાહનોની કોઈ સ્પષ્ટ નોંધણી ન હોવાના કારણે તેના મુળ માલીક સુધી પહોંચવાનું તપાસ એજન્સી/પોલીસ માટે ખુબ જ મુશ્કેલ બનતું હોય છે. મહદઅંશે આવા વાહનોના વેચાણ વખતે આવા જુના વાહનોની લે-વેચ કરતી વખતે તેમજ આવા વાહનો ભાડે આપતી વખતે વેપારીઓએ ખરીદનાર/ગ્રાહક પાસેથી ઓળખના પુરતા પુરાવા મેળવ્યા વગર વાહનોનું વેચાણ કરતા હોય છે લે-વેચ કરતા હોય છે કે ભાડે આપતા હોય છે. મોટા શહેરોમાં બનેલ અમુક બનાવોથી જણાય છે કે ત્રાસવાદી/અસામાજીક તત્વો આવા રજીસ્ટ્રર્ડ ન થતા હોય તેવા સાઈકલ/મોપેડ/અન્ય વાહનો ખરીદી કે ભાડેથી મેળવી જાહેર સલામતી અને શાંતિનો ભંગ કરે તેમજ માનવ જીંદગીની ખુવારી થાય અને લોકોની સંપતિને નુકશાન પહોંચે તે કોશીશ કરી રહયા છે.

બહારના રાજ્યોમાંથી અગર દેશ બહારથી આવતા આવા તત્વો રજીસ્ટર્ડ ન થતા હોય તેવા સાઈકલ/મોપેડ/અન્ય વાહનો ખરીદી/ભાડેથી મેળવી સ્થાનિક પરિસ્થિતિથી માહિતગાર થઈને તેઓની ત્રાસવાદી પ્રવૃત્તિઓને અંજામ આપતા હોય છે. જેથી રજીસ્ટ્રર્ડ ન થતા હોય તેવા સાઈકલ/મોપેડ/અન્ય વાહનોનું વેચાણ કરનાર તથા આવા જુના વાહનોની લે-વેચ કરનાર તથા આવા વાહનો ભાડે આપનાર વેપારીઓ ઉપર નિયંત્રણો મુકવા જરૂરી જણાય છે.

આથી હું, ડી. ડી. પંડયા, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, અમરેલી, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨) ની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે, અમરેલી જિલ્લાના સમગ્ર વિસ્તારમાં વાહનો લે-વેચ કરનાર વેપારીઓએ અમરેલી જિલ્લા વિસ્તારમાં રજીસ્ટર્ડ ન થતા હોય તેવા સાયકલ/મોપેડ/અન્ય વાહનોનું વેચાણ કરનાર, તથા આવા જુના વાહનોની લે-વેચ કરે કરનાર તથા આવા વાહનો ભાડે આપનાર વેપારીઓ, જ્યારે જ્યારે આવા નવા/જુના વાહનોનું વેચાણ કરે, નવા/જુના વાહનોની લે-વેચ કરે કે આવા વાહનો ભાડે આપે ત્યારે જે તે વ્યક્તિને આવુ વાહન વેચાણ કરેલ હોય અથવા આવું વાહન ખરીદેલ હોય અથવા તો જે વ્યકિતને ભાડે આપેલ હોય, તેવી વ્યકિત પાસેથી જરૂરી માહિતી/આધાર-પુરાવા મેળવી નીચે દર્શાવ્યા મુજબના કોલમ વાઈઝ રજીસ્ટર નિભાવવા માટે જણાવવામાં આવે છે.

| અનું નંબર | વાહન કોને વેચેલ છે? કોની પાસેથી ખરીદેલ છે?/ કોને ભાડે આપેલ છે? તેનું પુરૂ નામ-જાત-ઉંમર-સરનામું- કોન્ટેક નંબર | વાહનનો પ્રકાર, એન્જીન નંબર તથા તથા ચેસિસ નંબર | રજુ કરેલ આધાર-પુરાવા જેવા કે રેશનકાર્ડ/ ચૂંટણીકાર્ડ/ડ્રાઈવીંગ લાયસન્સ/બેન્કની પાસબુક/પાનકાર્ડ/પાસપોર્ટ/ઈલેકટ્રીક બીલ/ ટેલીફોન બીલ (ખરીદનાર પાસેથી તેમની સહીથી પ્રમાણીત થયેલ ઝેરોક્ષ નકલ મેળવીને ફાઈલ બનાવી રાખવી.) | વાહન કોને વેચેલ છે?/ કોની પાસેથી ખરીદેલ છે?/ કોને ભાડે આપેલ છે? તેનો તાજેતરનો પાસપોર્ટ સાઈઝનો ફોટોગ્રાફ |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |

ઉપર મુજબનું રજીસ્ટ્રર નિભાવીને દર માસના અંતે એસ.ઓ.જી. શાખાની કચેરી, બહુમાળી ભવન, બ્લોક નં. એ-૧૦૪, રાજમહેલ કમ્પાઉન્ડ, અમરેલીની કચેરીમાં મોકલી આપવા સબંધિત વેપારીઓને જણાવવામાં આવે છે.

આ હુકમ તા. ૦૧-૦૪-૨૦૧૭ થી તા. ૩૦-૦૫-૨૦૧૭ સુધી (બંન્ને દિવસો સહિત) દિવસ-૬૦ માટે અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમની જાહેર જનતાને જાણ સંબંધિત કચેરીઓએ તેમના નોટિસ બોર્ડ પર, સહેલાઈથી જોઈ શકાય તેની જાહેર જગ્યા ઉપર નકલ ચોંટાડીને તથા માહીતી ખાતાએ વર્તમાનપત્રોમાં પ્રસિધ્ધી કરી કરવાની રહેશે. બોમ્બે પોલીસ એકટની કલમ-૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજ તા. ૩૧ માર્ચ, સને ૨૦૧૭ નાં રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે જાહેર જનતાની જાણ તથા અમલવારી માટે આ હુકમ પ્રસિધ્ધ કરવામાં આવ્યો.

અમરેલી, ૩૧ માહે માર્ચ, સને ૨૦૧૭.

---

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩(૧૯૭૪નો બીજો અધિનિયમ)ના કાયદાની કલમ-૧૪૪ હેઠળ હુકમ

## જાહેરનામું

નં. : નાચિ/પલસ/૩/વશી/૩૮૮૮ થી ૩૯૬૦/૨૦૧૭.-પોલીસ અધિક્ષકશ્રી, અમરેલીના તા. ૨૬-૦૩-૨૦૧૭નાં પત્ર જા.નં. એસઓજી/જાહેરનામું/મકાન ભાડુઆત/૧૧૫/૨૦૧૭ થી ત્રાસવાદ/અસામાજીક તત્વો શહેરોમાં તેમજ ગીચ વસ્તીવાળા વિસ્તારોમાં ગુપ્ત આશરો મેળવી જાહેર સલામતી અને શાંતીનો ભંગ કરે છે તેમજ આતંકવાદી પ્રવૃતિ કરે છે. જેથી માનવ જીંદગીની ખુવારી થાય છે અને જાહેર તેમજ લોકોની સંપતીને નુકશાન પહોંચાડે છે. બહારના રાજ્યોમાંથી કે દેશ બહારથી આવતા આવા તત્વો કોઇના મકાન ભાડે રાખીને રહેતા હોય છે અને વિસ્તારનો સર્વે કરી સ્થાનિક પરિસ્થિતિથી માહિતગાર થઇને તેઓની ત્રાસવાદી પ્રવૃતિને અંજામ આપતા હોય છે. આથી સમગ્ર જિલ્લામાં કોઇ મકાન માલીક સંબંધિત પોલીસ સ્ટેશનને જાણ કર્યા સિવાય કોઇ વ્યકિતને મકાન ભાડે આપી શકશે નહીં તેવું જાહેરનામું પ્રસિધ્ધ કરવા દરખાસ્ત કરાયેલ છે.

અમરેલી જિલ્લો વિશાળ દરીયા કિનારો ધરાવે છે. જિલ્લામાં પ્રવાસ-પર્યટનના તથા ધાર્મિક ઘણા સ્થળો આવેલા છે જ્યાં વિશાળ પ્રમાણમાં દેશ-વિદેશના પ્રવાસીઓ, યાત્રાળુઓ આવે છે. આજ રીતે જિલ્લામાં આવેલ ઔદ્યોગિક એકમોમાં પરપ્રાન્તના માણસો કામ-ધંધા અર્થે આવે છે. આવા સંજોગોમાં ત્રાસવાદી પ્રવૃતિ સાથે સંકળાયેલ કોઇ વ્યકિત સ્થાનિક કે ભાડેથી મકાન લઇ સ્થાનિક માણસો સાથે ભળી જઇ બદઇરાદો પાર ન પાડે તે માટે જાહેર જનતાની સલામતી તથા સુરક્ષા માટે તકેદારીના પગલા લેવા આવશ્યક જણાતા હોય પોલીસ અધિક્ષકશ્રી, અમરેલી તરફથી કરાયેલ દરખાસ્ત વ્યાજબી જણાય છે.

આથી હું, ડી. ડી. પંડયા, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, અમરેલી, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨) ની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે, અમરેલી જિલ્લાના સમગ્ર વિસ્તારમાં કોઈ મકાન માલીક અગર તો આ માટે આવા મકાન માલીકે ખાસ સત્તા આપેલ વ્યકિત જ્યારે મકાન ભાડે આપે ત્યારે સંબંધિત પોલીસ સ્ટેશનને જાણ કર્યા સિવાય કોઈ વ્યકિતને મકાન ભાડેથી આપી શકશે નહી. ભાડે આપેલ મકાનની વિગત ભાડુઆત અને સંબંધીત દલાલ કે જેઓએ ભાડુઆતની ઓળખાણ આપેલ હોય તે અંગેની જરૂરી માહિતી નીચેના કોલમો મુજબ જે તે વિસ્તારના પોલીસ સ્ટેશન ખાતે આપવાની રહેશે તથા દર માસના અંતે પત્રકરૂપે આ માહિતી પોલીસ અધિક્ષકશ્રી, અમરેલીને મોકલવાની રહેશે.

| અનુ. | મકાન માલિકનું નામ, સરનામુ અને ટેલીફોન/ મોબાઇલ નંબર તથા ભાડે આપેલ મકાનની વિગત, જેમાં ક્યા વિસ્તારમાં મકાન આવેલ છે અને મકાનનું બાંધકામ કેટલા ચો.મી. માં છે તેની વિગત | મકાન ભાડે આપતા સત્તા ધરાવતા વ્યક્તિનું નામ, સરનામું, ટેલીફોન/ મોબાઇલ નંબર | મકાન કઇ તારીખથી ભાડે આપેલ છે તથા માસીક ભાડું કેટલું છે ? | જે વ્યક્તિને મકાન ભાડે આપેલ છે. તેનુ પુરૂ નામ, હાલનું સરનામું, ટેલીફોન/ મોબાઇલ નંબર | જે વ્યક્તિને મકાન ભાડે આપેલ છે તેમના મુળ વતનનું પાકુ સરનામું તથા વતનમાં ઓળખતા ત્રણ સગા-સંબંધીના નામ અને સરનામાં | મકાન માલીકને ભાડુઆતનો સંપર્ક કરાવનાર વ્યક્તિનું નામ, સરનામું, ટેલીફોન/મોબાઇલ નંબર | રીમાર્કસ |
|---|---|---|---|---|---|---|---|
| (૧) | (૨) | (૩) | (૪) | (૫) | (૬) | (૭) | (૮) |

આ હુકમ તા. ૦૧-૦૪-૨૦૧૭ થી તા. ૩૦-૦૫-૨૦૧૭ સુધી (બંન્ને દિવસો સહિત) દિવસ-૬૦ માટે અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમની જાહેર જનતાને જાણ સંબંધિત કચેરીઓએ તેમના નોટિસ બોર્ડ પર, સહેલાઈથી જોઈ શકાય તેની જાહેર જગ્યા ઉપર નકલ ચોંટાડીને તથા માહીતી ખાતાએ વર્તમાનપત્રોમાં પ્રસિધ્ધી કરી કરવાની રહેશે. બોમ્બે પોલીસ એક્ટની કલમ-૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજ તા. ૩૧ માર્ચ, સને-૨૦૧૭ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે જાહેર જનતાની જાણ તથા અમલવારી માટે આ હુકમ પ્રસિધ્ધ કરવામાં આવ્યો.

અમરેલી, ૩૧ માહે માર્ચ, સને ૨૦૧૭.

---

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩(૧૯૭૪નો બીજો અધિનિયમ)ના કાયદાની કલમ-૧૪૪ હેઠળ હુકમ

## જાહેરનામું

નં. : હોમ/નાચિ/પલસ/વશી/૪૧૭૧ થી ૪૨૪૦/૨૦૧૭.-પોલીસ અધિક્ષકશ્રી, અમરેલીના તા. ૨૬-૦૩-૨૦૧૭ ના પત્ર નં. એસઓજી/જાહેરનામું/રીન્યુ/મોબાઈલ-સીમકાર્ડ/૧૧૨/૧૭ ની વિગતે ગુજરાત સહિત સમગ્ર દેશોમાં આતંકવાદ અને ત્રાસવાદના કૃત્યોના બનાવો તાજેતરમાં બનવા પામેલ છે. અમરેલી જિલ્લા કક્ષાએ આવા કોઈ અનિચ્છનીય બનાવ ન બને અને કાયદો-વ્યવસ્થા જળવાઈ રહે તે માટે અમરેલી જિલ્લા કક્ષાએ જિલ્લા પોલીસ તંત્ર દ્વારા સાવચેતીના પગલારૂપે ઘનિષ્ઠ ચેકીંગ તથા અનેક વિવિધ પ્રકારના પગલાઓ લેવાઈ રહેલ છે. રાજયમાં બનતા આવા ગુન્હાઓમાં મોબાઈલ ફોનના ઉપયોગ થાય છે. તેમજ મોબાઈલ ચોરીઓના બનાવોનું પ્રમાણ વધવા પામેલ છે. આવા ગુન્હાઓ શોધી કાઢવા માટે ગુન્હામાં વપરાયેલ અથવા ગયેલ મોબાઈલ ફોનના આઈ.એમ.ઈ.આઈ. નંબરનું ટ્રેકીંગ કરીને ગુન્હાના મુળ સુધી પહોંચવા પ્રયત્નો કરવામાં આવે છે. ઘણી વખતે મોબાઈલ ફોનના વપરાશ કરતા સુધી પહોંચવામાં આવે ત્યારે જાણવા મળે છે કે તેમને કોઈ અજાણ્યા માણસ પાસેથી મોબાઈલ ફોન ખરીદેલ છે. જે મોબાઈલ વેચનાર/ખરીદ કરનારને ચોરાયેલ અથવા ગુન્હામાં વપરાયેલ હોવાની માહિતી હોતી નથી. જેથી તપાસમાં ફળદાયક હકિકત મળતી નથી. આ બાબતે કોઈ વ્યકિતઓ મોબાઈલ/સીમકાર્ડ હેન્ડ સેટ વિગેરે વગર ઓળખકાર્ડ અથવા કોઈપણ ઓળખકાર્ડ વગર લેનાર/વેંચનારની જવાબદારી નક્કી કરવી અને પ્રસ્તુત બાબતે આવા ગુન્હાઓના મુળ સુધી પહોંચી સાચા આરોપીને શોધી કાઢવા માટે જુના/નવા મોબાઈલ/સીમકાર્ડ કોની પાસેથી ખરીદેલ અથવા કોને વેચાણે આપેલ તે હાલના સંજોગોને ધ્યાને લઈ જાણવું ખુબજ જરૂરી જણાય છે.

આથી હું, ડી. ડી. પંડ્યા, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, અમરેલી, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨) ની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે, અમરેલી જિલ્લાના સમગ્ર વિસ્તારમાં જુના મોબાઈલ લે-વેચ કરનાર તથા સીમકાર્ડ લે-વેચ કરનાર વેપારીએ મોબાઈલ લેતા પહેલા મોબાઈલ વેચનારનું તથા જુના મોબાઈલ વેચતી વખતે મોબાઈલ ખરીદનારનું ઓળખ અંગેનું પુરેપુરૂ નામ, સરનામું નોંધવું ફરજીયાત બનાવવામાં આવે તે માટે નીચે દર્શાવ્યા મુજબના કોલમ વાઈઝ રજીસ્ટર નિભાવવામાં આવે તે જરૂરી છે.

જુના મોબાઇલ ખરીદતી વખતે વેપારીએ નિભાવવાનું રજીસ્ટર

| અનુ. નંબર | મોબાઇલની વિગત/કંપનીનું નામ | ચોભચ નંબર | મોબાઇલ વેંચનાર/ખરીદનારના નામ, સરનામાની વિગત | આઇ.ડી. પ્રુફની વિગત |
|---|---|---|---|---|
| | | | | |

જુના મોબાઇલ વેચતી વખતે વેપારીએ નિભાવવાનું રજીસ્ટર

| અનુ. નંબર | મોબાઇલની વિગત/કંપનીનું નામ | ચોભચ નંબર | મોબાઇલ વેંચનાર/ખરીદનારના નામ, સરનામાની વિગત | આઇ.ડી. પ્રુફની વિગત |
|---|---|---|---|---|
| | | | | |

નવા સીમકાર્ડ વેચાણ કરતી વખતે વેપારીએ નિભાવવાનું રજીસ્ટર

| અનુ. નંબર | સીમકાર્ડની વિગત/કંપનીનું નામ | સીમ કાર્ડ નંબર | સીમકાર્ડ ખરીદનારના નામ, સરનામાની વિગત | સીમકાર્ડ ખરીદનારના આઇ.ડી. પ્રુફની વિગત | સીમકાર્ડ ખરીદનારની સહી |
|---|---|---|---|---|---|
| | | | | | |

આ હુકમ તા. ૦૧-૦૪-૨૦૧૭ થી તા. ૩૦-૦૫-૨૦૧૭ સુધી (બંન્ને દિવસો સહિત) દિવસ-૬૦ માટે અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમની જાહેર જનતાને જાણ સંબંધિત કચેરીઓએ તેમના નોટિસ બોર્ડ પર, સહેલાઈથી જોઈ શકાય તેની જાહેર જગ્યા ઉપર નકલ ચોંટાડીને તથા માહીતી ખાતાએ વર્તમાનપત્રોમાં પ્રસિધ્ધી કરી કરવાની રહેશે. બોમ્બે પોલીસ એકટની કલમ-૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજ તા. ૩૧ માહે માર્ચ, સને-૨૦૧૭ નાં રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે જાહેર જનતાની જાણ તથા અમલવારી માટે આ હુકમ પ્રસિધ્ધ કરવામાં આવ્યો.

અમરેલી, ૩૧ માહે માર્ચ, સને ૨૦૧૭.

ફોજદારી કાર્યરીતિ આધિનિયમ-૧૯૭૩(૧૯૭૪નો બીજો અધિનિયમ)ના કાયદાની કલમ-૧૪૪ હેઠળ હુકમ

## જાહેરનામું

નં. : હોમ/નાચિ/પલસ/વશી/૩૯૬૧ થી ૪૦૩૦/૨૦૧૭.-પોલીસ અધિક્ષકશ્રી, અમરેલીના તા. ૨૬-૦૩-૨૦૧૭ ના પત્ર જા. નં. એસઓજી/જાહેરનામું/રીન્યુ/STD-PCO/૧૧૩/૧૭ થી હાલના પ્રવર્તમાન આંતકવાદના સંજોગો અને ભૂતકાળમાં ગુજરાત રાજ્યના બોમ્બે બ્લાસ્ટ જેવા આતંકવાદના કૃત્યોના બનાવો બનવા પામેલ છે અને આંતકવાદી સંસ્થા/સંગઠનો સાથે સંકળાયેલ આંતકીઓ તેમજ ધરફોડ ચોરી, લુટ, ધાડ, ચીલઝડપ જેવા ગુનાઓ કરવાની ટેવવાળા રીઢા ગુનેગારો ઘણી વખત પોતાની પાસેના મોબાઈલ ફોનના ઉપયોગ કરવાના બદલે એસ.ટી.ડી.પી.સી.ઓ.માં જઈને ફોન દ્વારા ધમકી આપવા, ખંડણી ઉઘરાવવા, અપશબ્દો બોલવા તેમજ મહીલાઓની જાતિ સતામણી કરવાના બનાવો બનવા પામતા હોય છે. આવા એસ.ટી.ડી.પી.સી.ઓ.માંથી કરવામાં આવતા ફોન માટે એસ.ટી.ડી.પી.સી.ઓ.ના ધારકો કોલ ડીટેઈલની કોઈપણ જાતની માહીતી નિભાવતા નથી જેના કારણે ગુનેગારો સુધી પહોંચવુ અશકય બને છે. આમ, આવા ગુનાઓ બનતા અટકાવી શકાય અને આરોપીને શોધી કાઢવા માટે એસ.ટી.ડી.પી.સી.ઓ.માં ફોન કરવા માટે આવતા ગ્રાહકોના નામ, સરનામાની વિગત નિભાવવા માટેનું રજીસ્ટર નિભાવવું જરૂરી જણાય છે. જેથી ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ જાહેરનામું પ્રસિધ્ધ કરવા દરખાસ્ત થઈ આવેલ છે. ઉકત દરખાસ્તની ચકાસણી કરતા આવા ગુનાઓ થતાં અટકાવવા અને આરોપીઓને શોધી કાઢવા માટે દરખાસ્ત મુજબનો હુકમ કરવો અમોને ઈષ્ટ જણાય છે.

આથી હું, ડી. ડી. પંડ્યા, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, અમરેલી, જિલ્લો અમરેલી, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ (સી.આર.પી.સી.) ૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨) ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ સત્તાની રૂએ અમરેલી જિલ્લામાં આવેલ એસ.ટી.ડી.પી.સી.ઓના ધારકોએ એસ.ટી.ડી.પી.સી.ઓ.માંથી ગ્રાહક દ્વારા કરવામાં આવતા ફોનનું ગ્રાહકોની વિગત દર્શાવતું રજીસ્ટર નીચે મુજબની વિગતે નિભાવવા અને અમલવારી કરવા હુકમ ફરમાવું છું.

| અનુ. નંબર | STD/PCO નું પુરૂ નામ તથા સરનામું તથા ફોન નંબર | STD/PCO ના માલીક/ દુકાનદારનું પુરૂં નામ તથા સરનામું તથા મોબાઈલ નંબર | ફોન કરવા આવેલ ગ્રાહકનું પુરૂં નામ તથા સરનામું તથા મોબાઈલ નંબર તથા તેના આઈ.ડી. પ્રુફની વિગત નંબર સાથે. | જે નંબર ઉપર કોન્ટેક કરવામાં આવે તે નંબર અને જે તારીખે/સમયે કોલ કરે તેની વિગત |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |

આ હુકમ તા. ૦૧-૦૪-૨૦૧૭ થી તા. ૩૦-૦૫-૨૦૧૭ સુધી (બંન્ને દિવસો સહિત) દિવસ-૬૦ માટે અમલમાં રહેશે.

(૧) ઉપરોકત કોલમવાઈઝ રજીસ્ટરો સંબંધિતોશ્રીઓએ/દુકાનદારોએ બે વર્ષ સુધી જાળવવાનું રહેશે.

(૨) ઉપર મુજબની વિગતોના રજીસ્ટરો પોલીસ અધિકારી/કર્મચારી તરફથી વેરીફીકેશન અર્થે માંગવામાં આવે ત્યારે બતાવવાનું રહેશે.

**શિક્ષા :-**

આ હુકમનું ઉલ્લંઘન કરનારને ભારતના ફોજદારી અધિનિયમ-૧૮૬૦ની કલમ-૧૮૮ અન્વયે સજા થઈ શકશે.

હું એવો આદેશ કરૂ છું કે, પોલીસ અધિક્ષકશ્રી, અમરેલી દ્વારા આ હુકમ અમરેલી જિલ્લામાં નિર્દિષ્ટ વિસ્તારમાં સહેલાઈથી દેખાઈ આવે તેવા સ્થળોએ તેની નકલ ચોંટાડીને અને સદરહું વિસ્તારમાં ઢંઢેરો પીટાવીને લાઉડસ્પીકર મારફતે તેની જાહેરાત આપીને અથવા સ્થાનિક કેબલ ઓપરેટરો મારફત તેનું પ્રસારણ કરીને પ્રસિધ્ધ કરવાનું રહેશે.

આજ તા. ૩૧ માર્ચ, સને ૨૦૧૭ નાં રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે જાહેર જનતાની જાણ તથા અમલવારી માટે આ હુકમ પ્રસિધ્ધ કરવામાં આવ્યો.

અમરેલી, ૩૧ માહે માર્ચ, સને ૨૦૧૭.

---

**ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ નો બીજો અધિનિયમ) ના કાયદાની કલમ-૧૪૪ હેઠળ હુકમ**

## જાહેરનામુ

નં. હોમ/પલસ/વશી/૪૦૩૧ થી ૪૧૦૦/૨૦૧૭.-પોલીસ અધિક્ષકશ્રી, અમરેલીના તા. ૨૬-૦૩-૨૦૧૭, ના પત્ર નં. એસઓજી/જાહેરનામુ/રીન્યુ/સી.સી.ટી.વી./૧૧૦/૧૭, થી ભુતકાળમાં અમરેલી જિલ્લામાં જુદા-જુદા સ્થળોએ ચોરી તથા લુંટફાટના બનાવ હોય, જે અંગે વર્તમાનપત્રો અને ટીવી ન્યુઝમાં આવા સમાચારો રોજ-બરોજ જોવામાં આવતા હોય, જેથી બેંકો, એટીએમ સેન્ટરો, સોના-ચાંદીના શોરૂમો, જ્વેલર્સની દુકાનો, આંગડીયા પેઢી, કપાસની જીનીંગ મીલો, સહકારી બેંકો, સારી હોટલો, સાઈબર કાફે, કપડાના મોટા વેપારીઓની પેઢી, ઈમારતી લાકડાની મોટી પેઢીઓ, ખેતીવાડી ઉત્પન્ન બજાર સમીતી, માર્કેટીગ યાર્ડ, પેટ્રોલપંપો, ઈલેક્ટ્રીક બીલોના કલેકશન સેન્ટરો જેવા સ્થળોએ કે જયાં મોટી રકમની અથવા કિંમતી ચીજવસ્તુ લે-વેચ અને લેવડ-દેવડ થતી હોય, આવા સ્થળોએ ગુનેગારો નાણાની લેવડદેવડ અને હેરાફરી વખતે થોડા આગળ પાછળ કે બાજુમાં રહી ગતીવિધીની દેખરેખ અને વોચ કરી મોકો મળતા આવા આર્થિક ગુન્હાઓનો અંજામ આપતા હોય છે અને ઘણા કિસ્સાઓમાં આવી મોટી રકમ અને કિંમતી ચીજવસ્તુ મેળવી લેવા માટે ગુનેગાર ગમે તે હદ સુધી ભોગ બનનારને માર મારતા અને જાનથી મારી નાખતા પણ અચકાતા નથી. આવા ગુન્હાઓ બનતા અટકે અને બનેલા ગુન્હાઓ સહેલાઈથી શોધી શકાય અને આમ નાગરીકના જાનમાલનું રક્ષણ થાય અને સમાજમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે હેતુસર આધુનિક વિજ્ઞાન અને ટેકનોલોજીનો બહોળો ઉપયોગ કરવાની વર્તમાન યુગની જરૂરિયાત હોય, આવા તમામ સ્થળોએ વ્યુહાત્મક જગ્યાઓએ નાઈટ વિઝન સી.સી.ટી.વી. કેમેરા કે જેમાં છેલ્લા એક મહીનાનું બેકઅપ મળી રહે તેવા કેમેરા મુકવાથી ઘણી જ સરળતા રહે તેમ હોય, આવા સ્થળના માલીકોને નાઈટ વિઝન સી.સી.ટી.વી. કેમેરા મુકવા પોલીસ વિભાગ તરફથી વારંવાર સુચન કરવામાં આવેલ છે. છતા પણ જોઈએ તેવો પ્રતિસાદ મળેલ ન હોય અને જરૂરત છે તેવા તમામ સ્થળોએ સી.સી.ટી.વી. કેમેરા લગાડવામાં આવેલ ન હોય, જેથી સમગ્ર અમરેલી જિલ્લામાં આવેલ બેંકો, સહકારી બેંકો/સંસ્થાઓ, એટીએમ સેન્ટરો, આંગડીયા પેઢીઓ, સોના-ચાંદીના શોરૂમો, જ્વેલર્સ, કપાસની જીનીંગ મીલો, ઈમારતી લાકડાના મોટા વેપારીઓ, કપડાના મોટા વેપારીઓ, ખેતીવાડી ઉત્પન્ન બજાર સમીતી, સાઈબર કાફે, ઈલેક્ટ્રીક બીલના કલેકશન સેન્ટરો વિગેરે સ્થળોએ કે જયાં રોજરોજ મોટી રકમની નાણાકીય લેવડ-દેવડ અથવા કિંમતી ચીજવસ્તુઓની લે-વેચ થાય છે. તેવા તમામ સ્થળોએ તેમના માલીકોને વ્યુહાત્મક સ્થળોએ નાઈટ વિઝન સી.સી.ટી.વી. કેમેરા લગાવવા ફરજ પાડવાની જરૂરિયાત હોય, આ અંગે જરૂરી જાહેરનામુ પ્રસિધ્ધ કરવા દરખાસ્ત કરાયેલ છે. રજુ થયેલ દરખાસ્તની વિગતો ધ્યાને લેતા, જાહેર જનતાની સલામતી તથા સુરક્ષા માટે તકેદારીના પગલા લેવા આવશ્યક જણાતા હોય, જેથી પોલીસ અધિક્ષકશ્રી, અમરેલી તરફથી કરાયેલ દરખાસ્ત વ્યાજબી જણાય છે.

આથી હું, ડી. ડી. પંડયા, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, અમરેલી, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ ના નં.૨) ની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ સતાની રૂએ આથી હુકમ કરૂ છું કે, અમરેલી જિલ્લાના સમગ્ર વિસ્તારમાં આવેલ બેંકો, સહકારી બેંકો/સંસ્થાઓ, એટીએમ સેન્ટરો, આંગડીયા પેઢીઓ, સોના-ચાંદીના શોરૂમો, જવેલર્સ, કપાસની જીનીંગ મીલો, ઈમારતી લાકડાના મોટા વેપારીઓ, કપડાના મોટા વેપારીઓ, ખેતીવાડી ઉત્પન્ન બજાર સમીતી, સાઈબર કાફે, ઈલેક્ટ્રીક બીલના કલેકશન સેન્ટરો વિગેરે સ્થળોએ કે જયાં રોજેરોજ મોટી રકમની નાણાકીય લેવડ-દેવડ અથવા કિંમતી ચીજવસ્તુઓની લે-વેચ થાય છે. તેવા તમામ સ્થળોના પ્રવેશદ્વાર, બેઝમેન્ટ પાર્કિંગ/ઓપન પાર્કીંગ તેમજ રોડ પરની અવર-જવર પર દેખરેખ રાખી શકાય તે રીતે તેમના માલીકોને વ્યુહાત્મક સ્થળોએ નાઈટ વિઝન સી.સી.ટી.વી. કેમેરા લગાવવા અંગેની વ્યવસ્થા કરવાની રહેશે, તેમજ સી.સી.ટી.વી. કેમેરામાં ઓછામાં ઓછા છ માસના રેકોડીંગ સંગ્રહ કરવાનો રહેશે.

આ હુકમ તા. ૦૧-૦૪-૨૦૧૭ થી તા. ૩૦-૦૫-૨૦૧૭ સુધી (બંન્ને દિવસો સહિત) દિવસ-૬૦ માટે અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ફોજદારી કાયદાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમની જાહેર જનતાને જાણ સબંધીત કચેરીઓએ તેમના નોટીસ બોર્ડ પર, સહેલાઈથી જોઈ શકાય તેની જાહેર જગ્યા ઉપર નકલ ચોંટાડીને તથા માહીતી ખાતાએ વર્તમાન પત્રોમાં પ્રસિધ્ધી કરી કરવાની રહેશે. ગુજરાત પોલીસ એકટની કલમ-૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજ તા. ૩૧ માર્ચ, ૨૦૧૭ નાં રોજ મારી સહી તથા કચેરીના સિકકા સાથે જાહેર જનતાની જાણ તથા અમલવારી માટે આ હુકમ પ્રસિધ્ધ કરવામાં આવ્યો.

અમરેલી, ૩૧ માહે માર્ચ, સને ૨૦૧૭.

---

**ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭ની પેટા કલમ-૧ તથા કલમ-૩ અન્વયેનો હુકમ**

## જાહેરનામું

નં. હોમ/પલસ/૩/વશી/૪૪૦૧ થી ૪૪૮૦/૨૦૧૭.- (૧) આગામી દિવસો દરમ્યાન રામનવમી/મહાવીર જયંતી/ડો. આંબેડકર જયંતીનો તહેવાર આવતો હોય અને હાલની પ્રવર્તમાન પરિસ્થિતિને અનુલક્ષીને સમગ્ર અમરેલી જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાય રહે તે માટે તેમજ

જાહેર સુલેહ શાંતિ અને સલામતી જાળવવા માટે ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭ની પેટા કલમ-૧ તથા કલમ-૩ અન્વયે પગલા લેવા પુરતા કારણો છે. તેની મને ખાત્રી થઈ છે.

(૨) જેથી હું, ડી. ડી. પંડયા, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, અમરેલી, ગુજરાત પોલીસ અધિનિયમ–૧૯૫૧ની કલમ–૩૭ની પેટા કલમ–૧ તથા કલમ–૩ અન્વયે મળેલ સત્તાની રૂઈએ આથી ફરમાવું છું કે,

(૩) **તા. ૦૨-૦૪-૨૦૧૭ થી તા. ૧૬-૦૪-૨૦૧૭ (બંને દિવસો સહિત)** અમરેલી જિલ્લાના સમગ્ર વિસ્તારમાં,

(૪) કોઈપણ ઈસમે શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટા, બંદુક, ચપ્પુ, લાકડી અથવા લાઠી અથવા શારિરીક ઈજા અને હિંસા પહોંચાડવા ઉપયોગી થઈ શકે તેવી બીજી કોઈપણ ચીજવસ્તુ, સ્ફોટક પદાર્થ અથવા પથ્થરો સાથે ઘર બહાર નીકળવું નહીં. કોઈ આકૃતિઓ અથવા પુતળા દેખાડવા નહીં અને બુમો પાડવી નહીં તથા સુત્રોચાર કરવા નહીં.

(૫) આ હુકમ નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહીં.

(અ) ફરજ પર રોકાયેલ પોલીસ તથા હોમગાર્ડ સહિતના તમામ સરકારી તેમજ અર્ધ સરકારી કર્મચારી તથા અધિકારીઓને,

(બ) શારિરીક અશક્તિને કારણે લાકડી તથા લાઠી લઈને ફરવુ જરૂરી છે તેવી વ્યક્તિઓને,

(૬) વધુમાં ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭ની પેટા કલમ-૩ હેઠળ મળેલ સત્તાની રૂઈએ, **તારીખ : ૦૨-૦૪-૨૦૧૭ થી તા. ૧૬-૦૪-૨૦૧૭ (બંને દિવસો સહિત)** અમરેલી જિલ્લાનાં સમગ્ર વિસ્તારની અંદર સંબંધિત સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી/તાલુકા એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટશ્રીની પુર્વ મંજુરી/પરવાનગી સિવાય કોઇ સભા મંડળી ભરવાની અથવા સરઘસ કાઢવાની હું મનાઈ ફરમાવુ છું.

(૭) ઉપરોક્ત પેરા-૬(છ) માં કરવામાં આવેલ આદેશ ફરજ પરના કોઈપણ સરકારી/બિનસરકારી કર્મચારીઓ અને અધિકારીઓને તેમજ કોઈપણ લગ્નનાં વરઘોડાને અથવા સ્મશાનયાત્રાને લાગુ પડશે નહીં.

(૮) આ જાહેરનામાનું ઉલ્લંઘન કરનાર અથવા ઉલ્લંઘન માટે મદદ કરનાર શખ્સ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૫ની જોગવાઈ મુજબ સજા તથા દંડને પાત્ર થશે.

હું એવો પણ આદેશ કરૂં છું કે, પોલીસ અધિક્ષકશ્રી, અમરેલીએ સદરહું હુકમ નિર્દિષ્ટ કરેલ વિસ્તારમાં સહેલાઈથી દેખી શકાય તેવી જગ્યાએ તેની નકલ ચોટાડીને તથા લાઉડ સ્પીકર તેમજ સ્થાનિકેથી પ્રસિધ્ધ થતા સ્થાનીક વર્તમાનપત્રો દ્વારા તેની બહોળી જાહેરાત કરી/કરાવીને પ્રસિધ્ધ કરવો.

(૯) આજ તા. : ૩૧–માર્ચ–૨૦૧૭ નાં રોજ મારી સહી તથા સિક્કો કરી હુકમ બહાર પાડયો.

અમરેલી, ૩૧ માહે માર્ચ, સને ૨૦૧૭.

**ડી. ડી. પંડયા,**
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
અમરેલી.

---

### ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ તળેનુ

## જાહેરનામુ

નં. એમએજી/સી/૧૧૯૬/૨૦૧૭.-પોલીસ અધિક્ષકશ્રી, ગીર સોમનાથના પત્ર ક્રમાંક : એલઆઈબી/મોબાઈલ/લે-વેચ/જાહેરનામું/૪૦૪/૨૦૧૭, તા. ૨૫-૦૩-૨૦૧૭ ના પત્રથી રજુ થયેલ દરખાસ્તની વિગતે રાજ્યમાં અને જિલ્લામા બનતા ગુન્હાઓમાં મોબાઈલ ફોનનો ઉપયોગ થાય છે, તેમજ મોબાઈલ ચોરીના ગુન્હાઓનું પ્રમાણ વધવા પામ્યુ છે. આવા ગુન્હાઓ શોધી કાઢવા માટે ગુન્હામાં વપરાયેલ અથવા ગયેલ મોબાઈલ ફોનના IMEI નંબરનું ટ્રેકીંગ કરીને ગુન્હાના મુળ સુધી પહોંચવા પ્રયત્નો કરવામાં આવે છે. ઘણી વખત મોબાઈલ ફોન વપરાશકર્તા સુધી પહોંચવામાં આવે ત્યારે જાણવા મળે કે તેમણે કોઈ અજાણ્યા માણસ પાસેથી મોબાઈલ ખરીદેલ છે. જે મોબાઈલ વેચનાર/ખરીદનારને ચોરાયેલ અથવા ગુન્હામાં વપરાયેલ હોવાની માહિતી હોતી નથી. આવા ગુન્હાઓના મુળ સુધી પહોંચી સાચા આરોપીને શોધી કાઢવા માટે જુના મોબાઈલ લે-વેચ કરનાર વેપારીએ મોબાઈલ લેતા પહેલા મોબાઈલ વેચનારનું તથા જુના મોબાઈલ લેતી વખતે મોબાઈલ ખરીદનારનુ ઓળખ અંગેનું પુરૂ નામ, સરનામુ નોંધવું ફરજીયાત બનાવવા તથા જુના મોબાઈલ વેચતા, ખરીદતા વેપારી દ્વારા નિયત રજીસ્ટર નિભાવવામાં આવે તો ગુન્હાના મુળ સુધી પહોંચી શકાય જેથી આવા જુના મોબાઈલ લેનાર/વેચનાર વેપારીની જવાબદારી નક્કી કરતુ જાહેરનામુ બહાર પાડવા પોલીસ અધિક્ષકશ્રી, ગીર સોમનાથ જિલ્લા, વેરાવળ તરફથી દરખાસ્ત રજુ કરાયેલ છે.

ગીર સોમનાથ જિલ્લામાં બનતા ગુન્હાઓમાં વપરાતા મોબાઈલ તેમજ મોબાઈલ ચોરીના ગુન્હાઓમાં જુના મોબાઈલ/ખરીદ/વેચાણ કરતા વેપારીઓ તરફથી આવા મોબાઈલ તથા વાહનો ખરીદતા/વેચતા વ્યક્તિની માહીતી મળી રહે તેમજ ગુન્હાના મુળ સુધી પહોંચી સાચા આરોપીને પકડી શકાય તેમજ આવા બનતા ગુન્હાઓ નિવારી શકાય તે માટે પોલીસ અધિક્ષકશ્રી, ગીર સોમનાથ, વેરાવળ તરફથી કરાયેલ દરખાસ્ત વ્યાજબી જણાય છે.

આથી હું, પી. બી. પંડયા, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ગીર સોમનાથ જિલ્લો, વેરાવળ, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ સત્તાની રૂઈએ આથી હુકમ કરૂં છું કે, ગીર સોમનાથ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં જુના કે નવા મોબાઈલ લેનાર/વેચનાર વેપારીએ કોઈપણ વ્યક્તિઓની પુરતી ખરાઈ ઓળખકાર્ડ અથવા ઓળખપત્ર વગર જુના

મોબાઈલ લઈ શકશે નહી કે વેચી શકશે નહી તથા જુના કે નવા મોબાઈલ ખરીદતી અને વેચતી વખતે નિયત નમુનાનુ રજીસ્ટર નિભાવવાનું રહેશે અને તેમાં વિગતો નોંધવાની રહેશે.

આ જાહેરનામુ બહાર પડયા તારીખથી દિન-૬૦ સુધી અમલમાં રહેશે.

આ જાહેરનામાનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહીતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમની જાહેર જનતાને જાણ સંબંધીત કચેરીઓએ તેમના નોટિસ બોર્ડ પર, સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યા ઉપર નકલ ચોટાડીને તથા માહિતી ખાતાએ વર્તમાન પત્રોમાં પ્રસિધ્ધી કરી કરવાની રહેશે. ગુજરાત પોલીસ એકટની કલમ-૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજ તારીખઃ ૩૧મી માહે માર્ચ, સને ૨૦૧૭ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે જાહેર જનતાની જાણ તથા અમલવારી માટે આ હુકમ પ્રસિધ્ધ કરવામાં આવ્યો.

ગીર સોમનાથ, ૩૧ માહે માર્ચ, સને ૨૦૧૭.

---

## ફોજદારી કાર્યરીતિ આધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ કાઢેલ હુકમ

### હુકમ

નં. : એમએજી/સી/૧૧૯૫/વાહન લે-વેચ/૨૦૧૭.-પોલીસ અધિક્ષકશ્રી, ગીર સોમનાથના પત્ર ક્રમાંક : એલઆઈબી/વાહન લે-વેચ/જા.ના./૪૦૨/૧૭, તા. ૨૫-૦૩-૨૦૧૭ થી રજુ થયેલ દરખાસ્તની વિગતે ગુજરાત રાજ્ય સહિત સમગ્ર દેશમાં છેલ્લા કેટલાક સમયથી આતંકવાદી/ભાંગફોડીયા તત્વો દેશના અલગ અલગ રાજ્યોમાં આતંક ફેલાવવાના હેતુથી રજીસ્ટર્ડ ન થતા હોય તેવા સાયકલ/મોપેડ/અન્ય વાહનોનો ઉપયોગ કરતા હોવાનું જણાય છે. આતંકવાદી કૃત્યમાં આવા વાહનનો ઉપયોગ થયા બાદ આવા વાહનોની કોઈ નોંધણી ન હોવાના કારણે તેના મુળ માલીક સુધી પહોંચવાનું તપાસ એજન્સી/પોલીસ માટે ખુબ જ મુશ્કેલ બનતું હોય છે. મહદઅંશે આવા વાહનોના વેચાણ વખતે આવા જુના વાહનોની લે-વેચ કરતી વખતે તેમજ આવા વાહનો ભાડે આપતી વખતે વેપારીઓ ખરીદનાર/ગ્રાહક પાસેથી ઓળખના પુરતા પુરાવા મેળવ્યા વગર વાહનોનું વેચાણ કરતા હોય છે, લે-વેચ કરતા હોય છે કે ભાડે આપતા હોય છે. તાજેતરમાં છેલ્લા થોડાક વર્ષોથી દેશના મોટા શહેરોમાં બનેલ અમુક બનાવોથી જણાય છે કે ત્રાસવાદી/અસામાજીક તત્વો આવા રજીસ્ટર્ડ ન થતા હોય તેવા સાયકલ/મોપેડ/અન્ય વાહનો ખરીદી કે ભાડેથી મેળવી જાહેર સલામતી અને શાંતિનો ભંગ કરે તેમજ માનવ જીંદગીની ખુવારી થાય અને લોકોની સંપતિને નુકશાન પહોંચે તેવી કોશીષ કરી રહયા છે.

બહારના રાજ્યોમાંથી અગર દેશ બહારથી આવતા આવા તત્વો રજીસ્ટર્ડ ન થતા હોય તેવા સાયકલ/મોપેડ/અન્ય વાહનો ખરીદી/લે-વેચ અથવા ભાડેથી મેળવી સ્થાનિક પરિસ્થિતિથી માહિતગાર થઈને તેઓની ત્રાસવાદી પ્રવૃત્તિઓને અંજામ આપતા હોય છે. જેથી રજીસ્ટર્ડ ન થતા હોય તેવા સાયકલ/મોપેડ/અન્ય વાહનોનું વેચાણ કરનાર તથા આવા જુના વાહનોની લે-વેચ કરનાર તથા આવા વાહનો ભાડે આપનાર વેપારીઓ ઉપર નિયંત્રણો મુકવા જરૂરી જણાય છે. જેથી પોલીસ અધિક્ષકશ્રી, ગીર સોમનાથ જિલ્લો, વેરાવળ તરફથી રજુ થયેલ દરખાસ્ત મુજબનું જાહેરનામુ પ્રસિધ્ધ કરવુ ઉચિત જણાય છે.

આથી હું, પી. બી. પંડયા, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ગીર સોમનાથ જિલ્લો, વેરાવળ, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ ના કાયદાની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ સત્તાની રૂઈએ આથી હુકમ કરૂં છું કે, સમગ્ર ગીરસોમનાથ જિલ્લાના વિસ્તારમાં રજીસ્ટર્ડ ન થતા હોય, તેવા સાયકલ/મોપેડ/અન્ય વાહનોનું વેચાણ કરનાર, આવા વાહનોની લે-વેચ કરનાર તથા આવા વાહનો ભાડે આપનાર વેપારીઓ જ્યારે જ્યારે આવા વાહનોની લે-વેચ કરે કે આવા વાહનો ભાડે આપે ત્યારે જે તે વ્યક્તિને આવું વાહન વેચાણ કરેલ હોય, આવું વાહન ખરીદેલ હોય અથવા તો જે વ્યકિતને ભાડે આપેલ હોય તેવી વ્યકિત પાસેથી માહિતી/આધાર પુરાવા તેમજ ઓળખ મેળવીને નિયત નમુના પ્રમાણેના રજીસ્ટર્ડની નિભાવણી કરવાનો આથી હુકમ કરવામાં આવે છે. તેમજ જરૂરી જણાયે સક્ષમ અધિકારી માંગે ત્યારે તેઓને વિગતો પુરી પાડવાની રહેશે.

આ જાહેરનામુ બહાર પડયા તારીખથી દિન–૬૦ માટે અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ જાહેરનામું જાહેર વિસ્તારોમાં સહેલાઈથી દેખી શકાય તેવી રીતે તેની નકલ ચોંટાડીને તેમજ સ્થાનિક વર્તમાનપત્રોમાં બહોળી પ્રસિધ્ધી આપીને પ્રસિધ્ધ કરવાનું આથી હું ફરમાવું છું.

આજ, તારીખઃ ૩૧ માહે માર્ચ–સને ૨૦૧૭ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા કરી જાહેરનામું બહાર પાડેલ છે.

ગીર સોમનાથ, ૩૧ માહે માર્ચ, સને ૨૦૧૭.

---

## ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ કાઢેલ હુકમ

### હુકમ

નં. એમએજી/સી/૧૧૯૭/૨૦૧૭.-પોલીસ અધિક્ષકશ્રી ગીર સોમનાથ વેરાવળના પત્ર ક્રમાંક : એલઆઈબી/એસટીડી-પીસીઓ/જાહેરનામું/૪૦૧/૧૭, તા. ૨૫-૦૩-૨૦૧૭ ના પત્રથી રજુ થયેલ વિગતો મુજબ ગીર સોમનાથ જિલ્લો કોસ્ટલ એરીયા ધરાવતો જિલ્લો છે અને બાર જ્યોર્તિલીંગમાનું એક સુપ્રસિધ્ધ સોમનાથ મંદીર ગીર સોમનાથ જિલ્લામાં આવેલ છે. તેમજ સુપ્રસિધ્ધ ધાર્મિક સ્થળ ત્રિવેણી સંગમ, દેહોત્સર્ગ,

ગીતા મંદિર ગીર સોમનાથ જિલ્લામાં આવેલ છે. આ ધાર્મિક સ્થળોએ બહોળા પ્રમાણમાં માણસો દર્શનાર્થે આવતા હોય છે. તેમજ આ જિલ્લામાં સુત્રાપાડા ખાતે જી.એચ.સી.એલ તથા કોડીનાર ખાતે અંબુજા સીમેન્ટ ફેકટરી અવેલ છે અને વેરાવળ ખાતે ઈન્ડીયન રેયોન ફેકટરી પણ આવેલ છે. ગીર સોમનાથ જિલ્લાની સરહદે જુનાગઢ, પોરબંદર, અમરેલી જિલ્લાઓ તેમજ કેન્દ્રશાષીત પ્રદેશ દિવ આવેલ છે અને કોસ્ટલ/નેશનલ હાઈવે તથા સ્ટેટ હાઈવે સાથે ગીર સોમનાથ જિલ્લો જોડાયેલ છે.

અગાઉ ગુજરાત રાજ્યમાં સ્થાનિક એસ.ટી.ડી./પી.સી.ઓ. ઉપરથી બનાવટી કોલ (ફેઈલ કોલ) દ્વારા ધમકી આપવાના ખંડણી માંગવાના, અપશબ્દો બોલવાના, મહીલાઓની જાતીય સતામણી કરવાના, ખોટી માહીતી આપવાના વગેરે કિસ્સાઓ બનેલ છે. જેથી પોલીસની કામગીરી વધી રહેલ છે. ગેરકાયદેસર બનાવોની પ્રવૃતિના કારણે નાગરીકોમાં અસુરક્ષાની ભાવના ઉભી થાય છે અને તંત્ર પ્રત્યે નાગરિકો ધીરેધીરે વિશ્વાસ ગુમાવે છે. આ પ્રકારના ગુન્હાઓ આચરતા ગુન્હેગારોને પકડવાનું ઘણુ જ મુશ્કેલ બને પરં તુ આ પ્રકારના ગુન્હાઓ આચરતા ગુન્હેગારોની તપાસ દરમ્યાન જે જગ્યાએ એસ.ટી.ડી./પી.સી.ઓ. ધારકો કોલની આઈડેન્ટીટી ચકાસતા ન હોય તેમજ કોલ ડીટેઈલની નામ, સરનામાની માહિતીનું રજીસ્ટર રાખતા ન હોય ત્યા બનવા પામેલ છે. લોકોના જાનમાલની રક્ષા કરવી તે તંત્રની ફરજ છે. જેથી ગીર સોમનાથ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની જાળવણીના હેતુસર તમામ એસ.ટી.ડી./પી.સી.ઓ ધારકોએ કોલરની આઈડેન્ટીટી ચકાસવા તેમજ કોલ ડીટેઈલની નામ અને સરનામાની માહિતીનું રજીસ્ટર નિભાવવા નોટીફીકેશન હોવું અત્યંત જરૂરી છે. જેના પરીણામે સ્થાનિક એસ.ટીડી./પી.સી.ઓ. ઉપરથી બનાવટી કોલ (ફેઈક કોલ) દ્વારા ધમકી આપવાના, ખંડણી માંગવાના, અપશબ્દો બોલવાના, મહીલાઓની જાતિય સતામણી કરવાના, ખોટી માહિતી આપવાના કિસ્સાઓ બનતા અટકશે અને આવા કિસ્સો બનતા ગુન્હેગારને પકડવામાં સરળતા રહેશે. જેથી ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ લોકોને સુરક્ષા પુરી પાડવાના હેતુથી ગીરસોમનાથ જિલ્લામાં આવેલ તમામ એસ.ટી.ડી./પી.સી.ઓ. ધારકોએ કોલરની આઈડેન્ટીટી ચકાસવા તેમજ કોલ ડીટેઈલની નામ, સરનામાની માહિતી રજીસ્ટર રાખવા અંગેનું દિન-૬૦નુ જાહેરનામુ પ્રસિધ્ધ કરવા પોલીસ અધિક્ષકશ્રી, ગીર સોમનાથ જિલ્લો વેરાવળ તરફથી દરખાસ્ત રજુ કરાયેલ છે.

ગીર સોમનાથ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે, લોકોમાં સલામતીની ભાવના જળવાઈ રહે, તેમજ બનાવટી કોલ કરનાર ગુન્હેગારોની ઓળખ મળી રહે, આવા ગુન્હાનુ પ્રમાણ ઘટે, લોકોને સુરક્ષા પુરી પાડવાના હેતુસર પોલીસ અધિક્ષકશ્રી, ગીર સોમનાથ તરફથી કરાયેલ દરખાસ્ત વ્યાજબી જણાય છે.

આથી હું, પી. બી. પંડયા, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ગીર સોમનાથ જિલ્લો, વેરાવળ ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ સત્તાની રૂઈએ આથી હુકમ કરૂં છું કે, ગીરસોમનાથ જિલ્લા ના સમગ્ર વિસ્તારમાં આવેલ એસ.ટી.ડી./પી.સી.ઓ. ધારકોએ કોલરની આઈડેન્ટીટી ચકાસવા અને કોલ ડીટેઈલના નામ, સરનામાનું રજીસ્ટર નિભાવવાનું રહેશે. તેમજ સલામતી વિષયક બાબતો સં ભાળતી પોલીસ સહીતની કોઈ એજન્સી આવા રજીસ્ટરની માંગણી કરે ત્યારે બનતી ત્વરાએ ઉપલબ્ધ કરવાનું રહેશે.

આ હુકમ બહાર પાડયાની તારીખથી દિન-૬૦ સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહીતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમની જાહેર જનતાને જાણ સંબંધીત કચેરીઓએ તેમના નોટીસ બોર્ડ પર, સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યા ઉપર નકલ ચોટાડીને તથા માહિતી ખાતાએ વર્તમાન પત્રોમાં પ્રસિધ્ધી કરી કરવાની રહેશે.

આજ તારીખઃ ૩૧મી માહે માર્ચ, સને ૨૦૧૭ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે જાહેર જનતાની જાણ તથા અમલવારી માટે આ હુકમ પ્રસિધ્ધ કરવામાં આવ્યો.

ગીર સોમનાથ, ૩૧ માહે માર્ચ, સને ૨૦૧૭.

---

## ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ કાઢેલ હુકમ

## હુકમ

નં. એમએજી/સી/૧૧૯૮/૨૦૧૭.-પોલીસ અધિક્ષકશ્રી, ગીર સોમનાથ જિલ્લો, વેરાવળના પત્ર ક્રમાંક : એલઆઈબી/લેબર કોન્ટ્રા./જા.નામું/૪૦૩/૧૭, તા. ૨૫-૦૩-૨૦૧૭ ના પત્રથી રજુ થયેલ વિગતો મુજબ ગીર સોમનાથ જિલ્લામાં વેરાવળ મુકામે રેયોન ફેકટરી, સુત્રાપાડા મુકામે જી.એચ.સી.એલ. ફેકટરી, કોડીનાર મુકામે અંબુજા ફેકટરી તથા સ્યુગર ફેકટરી જેવા ઔદ્યોગીક એકમો આવેલા છે. તેમજ ગીર સોમનાથ જિલ્લામાંથી નેશનલ હાઈવે નં.-૮(ઈ) પસાર થાય છે. જે રોડ ઉપર હાઈવે ઓથોરીટી દ્વારા તથા માર્ગ અને મકાન વિભાગ દ્વારા રોડના તથા અન્ય બાં ધકામના કામોમા અન્ય રાજ્યોમાંથી મજુરો લાવી તેમનુ મજુ રી કામમા ઉપયોગ કરવામાં આવે છે. જે મજુરો, મજુર ઠેકેદારો તથા સપ્લાયર્સ/કોન્ટ્રાકટરો દ્વારા લાવવામાં આવે છે. તેમજ આ જિલ્લામાં મિલ્કત વિરૂધ્ધના ગુન્હાઓ બનતા હોય અને આવા ગુન્હાઓની તપાસના અનુસંધાને મોટાભાગના કિસ્સાઓમા જાણવા મળેલ છે કે, ગુજરાત બહારના રાજયોમાથી આવેલા પરપ્રાંતિય મજુરો પ્રાથમિક ધોરણે રોડ ઉપર ખાડા ખોદવાના તેમજ ઔદ્યોગીક એકમોમા મજુરી કામ મેળવી સ્થાનીક પરિસ્થિતિથી માહિતગાર થઈ મોટી ઘરફોડ ચોરી, લુંટ તથા અન્ય મિલ્કત વિરૂધ્ધના ગુન્હાઓ આચરી પરત પોતાના વતનમા જતા રહેતા

હોય, આવા ગુન્હા વણ શોધાયેલા રહે છે. જેથી માન.મુખ્યમંત્રીશ્રી, ગુજરાત રાજ્ય તા. ૦૮-૦૭-૨૦૧૪ના રોજ બ્રિફીંગ મીટીંગમાં આપવામાં આવેલ સુચના મુજબ સમગ્ર ગીર સોમનાથ જિલ્લામાં આવેલ ઔદ્યોગીક એકમો તથા અન્ય જગ્યાઓએ પરપ્રાંતના (ગુજરાત રાજય બહારના) મજુરોને કામે રાખનાર મજુર ઠેકેદારો તથા સપ્લાયર્સ/કોન્ટ્રાકટર્સ જયારે આવા મજુરોને કામે રાખે ત્યારે નિયત કરેલ ફોર્મમા માહિતી જે તે પોલીસ સ્ટેશનમા પુરી પાડે તે અંગેનું જાહેરનામુ પ્રસિધ્ધ કરવા દરખાસ્ત કરાયેલ છે.

ગીર સોમનાથ જિલ્લો વિશાળ દરીયા કિનારો ધરાવે છે જિલ્લામાં પવિત્ર યાત્રાધામ સોમનાથ આવેલા છે, આ સિવાય જિલ્લામાં પ્રવાસ-પર્યટનના તથા ધાર્મિક ઘણા સ્થળો આવેલા છે. જયાં વિશાળ પ્રમાણમાં દેશ-વિદેશના પ્રવાસીઓ યાત્રાળુઓ આવે છે આજ રીતે જિલ્લામાં આવેલ ઔદ્યોગીક એકમોમાં પરપ્રાંતના માણસો કામ ધંધા અર્થે આવે છે આવા સંજોગોમાં જાહેર જનતાની સલામતી તથા સુરક્ષા માટે તકેદારીના પગલા લેવા આવશ્યક જણાતાં હોય પોલીસ અધિક્ષકશ્રી, ગીર સોમનાથ જિલ્લો, વેરાવળ તરફથી કરાયેલ દરખાસ્ત વ્યાજબી જણાય છે.

આથી હું, પી. બી. પંડયા, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ગીર સોમનાથ જિલ્લો, વેરાવળ ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨)ની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ સત્તાની રૂઈએ આથી હુકમ કરૂં છું કે, ગીર સોમનાથ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં કોઈ પરપ્રાંતના (ગુજરાત રાજય બહારના) મજુરોને કામે રાખનાર મજુર ઠેકેદારો, કોન્ટ્રાકટર, સપ્લાયર્સ તથા અન્ય કોઈ મજુરો કામે રાખનારાઓએ આવા મજુરોને કામે રાખે ત્યારે નીચે મુજબના નિયત ફોર્મમા માહિતી ભરપાઈ કરી સબંધીત પોલીસ સ્ટેશન ખાતે પુરી પાડવાની રહેશે.

આ હુકમ બહાર પડયા તારીખથી દિવસ-૬૦ માટે અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય દંડ સંહીતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમની જાહેર જનતાને જાણ સંબંધીત કચેરીઓએ તેમના નોટિસ બોર્ડ પર, સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યા ઉપર નકલ ચોંટાડીને તથા માહિતી ખાતાએ વર્તમાન પત્રોમાં પ્રસિધ્ધી કરી કરવાની રહેશે. બોમ્બે પોલીસ એકટની કલમ-૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજ તારીખઃ ૩૧ મી, માહે માર્ચ, ૨૦૧૭ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે જાહેર જનતાની જાણ તથા અમલવારી માટે આ હુકમ પ્રસિધ્ધ કરવામાં આવ્યો.

ગીર સોમનાથ, ૩૧ માહે માર્ચ, સને ૨૦૧૭.

### ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ કાઢેલ

## હુકમ

નં. એમએજી/સી/૧૧૯૯/૨૦૧૭.-પોલીસ અધિક્ષકશ્રી, ગીર સોમનાથ જિલ્લો, વેરાવળના પત્ર ક્રમાંક : એલઆઈબી/મકાનભાડા/જા.નામું/૪૦૦/૧૭, તા. ૨૫-૦૩-૨૦૧૭ ના પત્રથી રજુ થયેલ વિગતો મુજબ ગીર સોમનાથ જિલ્લો કોસ્ટલ એરીયા ધરાવતો જિલ્લો છે અને બાર જયોર્તિલીંગ માનું એક સુપ્રસિધ્ધ સોમનાથ મહાદેવનું મંદીર આવેલ છે. તેમજ સુપ્રસિધ્ધ ધાર્મિક સ્થળો જેવાકે, ત્રિવેણી સંગમ, દેહોત્સર્ગ, ગીતા મંદિર, તુલસીશ્યામ જેવા મોટા ધાર્મિક સ્થળો આવેલા છે અને આ ધાર્મિક સ્થળોએ બહોળા પ્રમાણમાં યાત્રાળુઓ દર્શનાર્થે આવતા હોય છે.

વર્તમાનમાં ત્રાસવાદી તેમજ અસામાજીક તત્વો શહેરમા તેમજ ગીચ વિસ્તારોમાં ગુપ્ત આશરો મેળવી જાહેર સલામતી અને શાંતીનો ભંગ કરેલ હોવાના બનાવો બનવા પામેલ છે. તેમજ આતંકવાદી પ્રવૃતિ કરે છે. જેથી માનવ જીંદગીની ખુવારી થાય છે અને જાહેર તેમજ લોકોની સંપતીને નુકશાન પહોંચાડે છે.આગામી સમયમાં રામનવમી જેવા પવિત્ર તહેવારો આવતા હોય અને સોમનાથ મંદિર ખાતે બહોળા પ્રમાણમા જનમેદની એકત્રીત થતી હોય, તેમજ ગુપ્તચર એજન્સીઓ તરફથી અવાર-નવાર આંતકવાદી પ્રવૃતિ બાબતે ઈનપુટ મળતા હોય છે. જેથી સમગ્ર ગીર સોમનાથ જિલ્લામા કોઈ મકાન/દુકાન/ઔદ્યોગીક એકમોની જગ્યાના માલિક સંબંધીત પોલીસ સ્ટેશનને જાણ કર્યા સિવાય કોઈ વ્યક્તિને મકાન ભાડે આપી શકશે નહી તેવું જાહેરનામું પ્રસિધ્ધ કરવા પોલીસ અધિક્ષકશ્રી દ્વારા દરખાસ્ત કરાયેલ છે.

ગીર સોમનાથ જિલ્લો વિશાળ દરીયા કિનારો ધરાવે છે. જિલ્લામાં પવિત્ર યાત્રાધામ શ્રી સોમનાથ મંદિર આવેલ છે. આ સિવાય જિલ્લામાં પ્રવાસ-પર્યટનના તથા ધાર્મિક ઘણા સ્થળો આવેલા છે. જ્યાં વિશાળ પ્રમાણમાં દેશ-વિદેશના પ્રવાસીઓ આવે છે. આજ રીતે જિલ્લામાં આવેલ ઔદ્યોગિક એકમોમાં પરપ્રાંતના માણસો કામ-ધંધા અર્થે આવે છે. આવા સંજોગોમાં ત્રાસવાદી પ્રવૃત્તિ સાથે સંકળાયેલ કોઈ વ્યક્તિ સ્થાનિકે ભાડેથી મકાન/દુકાન/ઔદ્યોગીક એકમોની જગ્યા લઈ સ્થાનિક માણસો સાથે ભળી જઈ બદ ઈરાદો પાર ન પાડે તે માટે જાહેર જનતાની સલામતી તથા સુરક્ષા માટે તકેદારીના પગલા લેવા આવશ્યક જણાતાં હોય પોલીસ અધિક્ષકશ્રી, ગીર સોમનાથ જિલ્લો, વેરાવળ તરફથી રજુ થયેલ દરખાસ્ત વ્યાજબી જણાય છે.

આથી હું, પી. બી. પંડયા, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ગીર સોમનાથ જિલ્લો, વેરાવળ, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ ના નં. ૨)ની કલમ-૧૪૪ હેઠળ

મને મળેલ સત્તાની રૂઈએ આથી હુકમ કરૂ છું કે, ગીર સોમનાથ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં કોઈ મકાન/દુકાન/ઔદ્યોગીક એકમોના માલિક કે સંચાલક અગર તો આ માટે આવા મકાન માલિકે ખાસ સત્તા આપેલ વ્યક્તિ જ્યારે મકાન/દુકાન/ઔદ્યોગીક એકમ ભાડે આપે ત્યારે સંબંધીત પોલીસ સ્ટેશને નિયત નમુનાની વિગતો સહની જાણ કર્યા સિવાય કોઈ વ્યક્તિને મકાન/દુકાન/ઔદ્યોગીક એકમોની જગ્યા ભાડેથી આપી શકશે નહી. ભાડે આપેલ મકાન/ દુકાન/ઔદ્યોગીક એકમોની જગ્યાની વિગત ભાડુઆત અને સંબંધીત દલાલ કે જેઓએ ભાડુઆતની ઓળખાણ આપેલ હોય તે અંગેની જરૂરી માહિતી નિયત નમુના મુજબ જે તે વિસ્તારના પોલીસ સ્ટેશન ખાતે આપવાની રહેશે.

આ હુકમ બહાર પડયા તારીખથી દિન-૬૦ માટે અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમની જાહેર જનતાને જાણ સંબંધીત કચેરીઓએ તેમના નોટિસ બોર્ડ પર સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યા ઉપર નકલ ચોટાડીને તથા માહિતી ખાતાએ વર્તમાન પત્રોમાં પ્રસિધ્ધી કરી કરવાની રહેશે. બોમ્બે પોલીસ એકટની કલમ-૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજ તારીખ : ૩૧ મી, માહે માર્ચ, ૨૦૧૭ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે જાહેર જનતાની જાણ તથા અમલવારી માટે આ હુકમ પ્રસિધ્ધ કરવામાં આવ્યો.

ગીર સોમનાથ, ૩૧ માહે માર્ચ, સને ૨૦૧૭.

**પી.બી.પંડયા,**

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,

ગીર સોમનાથ જિલ્લો,

વેરાવળ

---

## જાહેરનામું

નં.ડી.એમ.-૧/D.El.E./DPSE પરીક્ષા/૧૫૨૮૫/૧૭.- ગુજરાત રાજ્ય પરીક્ષા બોર્ડ, ગાંધીનગર દ્વારા ભાવનગર શહેરમાં આગામી તા. ૧૦-૦૪-૨૦૧૭ થી તા. ૨૧-૦૪-૨૦૧૭ દરમ્યાન D.El.E./DPSE પરીક્ષા/૨૦૧૭ લેવાનાર છે. આ પરીક્ષા દરમ્યાન પરીક્ષા કેન્દ્ર ખાતે પરીક્ષાર્થીઓ નિર્ભયતાથી, શાંતિપૂર્વક તેમજ એખલાસભર્યા વાતાવરણમાં પરીક્ષા આપી શકે, પરીક્ષા કેન્દ્રોની આજુબાજુના વિસ્તારોમાં અસામાજિક ગુંડાતત્વો એકઠા થઈ પરીક્ષાર્થીઓને ખલેલ પહોંચાડે નહિ તેમજ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે માટે જાહેર હિતમાં હું, આર. પી. ચૌધરી, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભાવનગર જિલ્લો, ભાવનગર, ભારતના ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪નો ૨ જો)ની કલમ-૧૪૪થી મને મળેલ અધિકારની રૂઈએ આગામી તા. ૧૦-૦૪-૨૦૧૭ થી તા. ૨૧-૦૪-૨૦૧૭ દરમ્યાન રોજ સવારના ૧૦-૩૦ કલાકથી ૧૪.૩૦ કલાક સુધી પરીક્ષા કેન્દ્ર માજીરાજ ગર્લ્સ હાઈસ્કુલ, હલુરીયા ચોક, ભાવનગર ખાતે નીચે મુજબનાં પ્રતિબંધો ફરમાવું છું.

(૧) પરીક્ષા કેન્દ્રની ૧૦૦ મીટરની ત્રિજ્યામાં આવેલા ઝેરોક્ષ/ ફેકસનાં વ્યવસાય સાથે સંકળાયેલા વેપારીઓએ ઝેરોક્ષ તેમજ ફેકસ મશીનના ઉપયોગ પર.

(૨) પરીક્ષા કેન્દ્રની ૧૦૦ મીટરની ત્રિજ્યામાં મોટા અવાજે લાઉડસ્પીકર કે બેન્ડવાજા વિગેરે ધ્વનિવર્ધક સાધનોના ઉપયોગ પર.

(૩) પરીક્ષા કેન્દ્રમાં મોબાઈલ લઈ જવા પર.

(૪) પરીક્ષા કેન્દ્રની ૨૦૦ મીટરની ત્રિજ્યાના વિસ્તારમાં ચાર કે તેથી વધુ માણસો એકઠા થવા પર.

(૫) પરીક્ષા કેન્દ્રોમાં પરીક્ષાર્થીઓ તથા ફરજ પરના સ્ટાફ કે અધિકૃત વ્યક્તિ સિવાય કોઈ અનઅધિકૃત વ્યક્તિએ પરીક્ષા કેન્દ્રમાં પ્રવેશવા પર.

સદરહું જાહેરનામું ભાવનગર શહેરમાં ઉકત પરીક્ષાના પરીક્ષા કેન્દ્ર માજીરાજ ગર્લ્સ હાઈસ્કુલ, હલુરીયા ચોક, ભાવનગર ઉપર લાગુ પડશે.

સદરહું જાહેરનામા/હુકમનો ઉલ્લંઘન કરનારને ભારતના ફોજદારી અધિનિયમ (સને ૧૮૬૦ના ૪૫માં અધિનિયમ)ની કલમ-૧૮૮ મુજબ સજા થશે.

''જાહેરનામાના અમલ તથા તેના ભંગ બદલ પગલા લેવા હેડકોન્સ્ટેબલથી નીચેના ન હોય તેવા અધિકારીશ્રીને અધિકૃત કરવામાં આવે છે.''

ઉપર નિર્દિષ્ટ કરેલા વિસ્તારોમાં સહેલાઈથી દેખી શકાય તેવી જગ્યાઓએ આ હુકમની નકલો ચોંટાડીને અને સ્થાનિક વર્તમાનપત્રો દ્વારા તેની બહોળી પ્રસિધ્ધી કરાવીને સદરહું હુકમ પ્રસિધ્ધ કરવો.

આજ તારીખ : ૦૭-૦૪-૨૦૧૭ના રોજ મારી સહી કરી હુકમ પ્રસિધ્ધ કર્યો.

ભાવનગર, ૭ માહે એપ્રિલ, સને ૨૦૧૭.

**આર. પી. ચૌધરી,**

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,

ભાવનગર.

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ

## હુકમ

ક્રમાંક : ડીએમ/ગ્રામ પંચાયત-સા.ચું/૨૦૧૭ No.DM/WS/૧૬૯૪ થી ૧૭૧૦/૨૦૧૭.-ગ્રામ પંચાયત સામાન્ય ચૂંટણી-૨૦૧૭ આગામી એપ્રિલ માસમાં યોજનાર છે. ચૂંટણીના મુકત, ન્યાયી અને સરળ સંચાલન માટે તથા કાયદો અને વ્યવસ્થાની જાળવણી સુનિશ્ચિત કરવા જાહેર શાંતિ અને સલામતી જળવાઈ રહે તે માટે મતદાન મથકમાં તથા તેની નજીક પ્રચાર કરવા ઉપર પ્રતિબંધ ફરમાવવો જરૂરી જણાય છે.

વાસ્તે હું બી. વી. લીંબાસીયા, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, બોટાદ જિલ્લો, બોટાદ, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ થી મને મળેલ સત્તાની રૂએ નીચે પ્રમાણે પ્રતિબંધ ફરમાવું છું.

ગ્રામ પંચાયત સામાન્ય ચૂંટણી-૨૦૧૭ અનુસંધાને આગામી એપ્રિલ માસમાં મતદાનના દિવસે મતદાન મથકની અંદર તથા મતદાન મથકથી ૧૦૦ મીટરના અંતરમાં આવેલ વિસ્તારમાં કોઈપણ વ્યકિતએ નીચેના કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

(૧) મત માટે પ્રચાર કરવો.
(૨) મતદારોને ધાક-ધમકી આપીને કે રંજાડીને મતદાન કરવા જતા અટકાવવા.
(૩) કોઈ મતદારને મત આપવા આગ્રહ પૂર્વક વિનંતી કરવી.
(૪) અમુક મતદારોને મત ન આપવા માટે કોઈ મતદારને સમજાવવા.
(૫) કોઈ મતદારોને ચૂંટણીમાં મત ન આપવા સમજાવવા.
(૬) ચૂંટણીને લગતી (સરકારી નોટિસ સિવાયની) કોઈ નોટિસ કે નિશાની પ્રદર્શિત કરવી.
(૭) સેલ્યુલર/મોબાઈલ ફોન, કોડલેસ ફોન, પેજર, વાયરલેસ સેટ અને અન્ય વિજાણુ સંદેશા વ્યવહારના સાધનો લઈ જવાની.
(૮) વાહનો સાથે આવવું.
(૯) મતદાન મથકમાં મતદાન માટે આવેલ મતદાર, ઉમેદવાર, ચૂંટણી એજન્ટ તથા ચૂંટણી પંચે અધિકૃત કરેલ વ્યકિત સિવાયની વ્યકિતએ પ્રવેશ કરવો.

**આ હુકમનો નીચે મુજબ અપવાદ છે.**

કાયદો અને વ્યવસ્થાના ઈન્ચાર્જ અધિકારીઓ અને મતદાન મથક નજીક ફરજ ઉપર મુકેલ સલામતી કર્મચારીઓ તેમની વિધિસર ફરજો બજાવવા દરમ્યાન સેલ્યુલર/મોબાઈલ ફોન, કોડલેસ ફોન, પેજર, વાયરલેસ સેટ અને અન્ય વિજાણું સંદેશા વ્યવહારના સાધનોનો ઉપયોગ કરી શકશે. આ જ પ્રમાણે ભારતના ચુંટણી પંચે નીમેલ નિરીક્ષકો અને ચૂંટણી ફરજો પરના પોલીસ અધિકારીશ્રીઓ સહિતના મતદાનની ફરજોનો હવાલો ધરાવતા અધિકારીઓ/કર્મચારીઓ તેમની વિધિસરની ફરજો દરમ્યાન આવા સાધનોનો ઉપયોગ કરી શકશે.

આ ફરમાનનો અમલ તાલુકા ગ્રામ પંચાયત સામાન્ય ચૂંટણી-૨૦૧૭ દરમ્યાન મતદાનની સમગ્ર પક્રિયા પુરી થાય ત્યાં સુધી અમલમાં રહેશે અને સમગ્ર બોટાદ જિલ્લાની ચુંટણી યોજનાર તે ગ્રામ્ય વિસ્તારને લાગુ પડશે તથા તેનો ભંગ કરનાર શખ્સ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ હેઠળ તથા લોક પ્રતિનિધિત્વ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૦ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ રોજ મારી સહી તથા કચેરીના મુદ્રા સાથે હુકમ બહાર પાડવામાં આવ્યો.

બોટાદ, ૩૦ માહે માર્ચ ૨૦૧૭.

---

મુંબઈ પોલીસ અધિનિયમ (સને-૧૯૫૧ ના ૨૨ માં)ની કલમ-૩૬ (ગ)(ઘ) મુજબનું

## જાહેરનામુ

ક્રમાંક : ડીએમ/ગ્રામ પંચાયત-સા. ચુ./૨૦૧૭ No.DM/WS/૧૭૧૧ થી ૧૭૨૭/૨૦૧૭.-બોટાદ જિલ્લાની હકુમત હેઠળના જે વિસ્તારમાં ગ્રામ પંચાયત સામાન્ય ચૂંટણી-૨૦૧૭ના સબંધમાં નક્કી કરેલ મતદાન મથકોએ આગામી એપ્રિલ માસમાં મતદાન થનાર છે. જેથી મતદાન મથકો ઉપર મોટી સંખ્યામાં મતદારો પોતાનો મત આપવા એકઠા થવાનો સંભવ છે. જે સ્થળોએ મતદાન થનાર છે તે મતદાન મથકો ઉપર તથા તેની નજીકના વિસ્તારોમાં અડચણ થતી અટકાવવા તથા વ્યવસ્થા જાળવવા પગલા લેવા જરૂરી છે.

વાસ્તે, હું, બી. વી. લીંબાસીયા, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, બોટાદ જિલ્લો, બોટાદ મુંબઈ પોલીસ અધિનિયમ (સને-૧૯૫૧ના ૨૨ મા) ની કલમ-૩૬(ગ)(ઘ) થી મને મળેલ અધિકારની રૂઈએ ફરમાવું છું કે, સદરહું ચૂંટણીમાં મતાધિકાર વાપરનાર તમામ મતદારોએ,

(૧) જે મતદાન મથકો ઉપર મત આપવા જવાનું છે તે મતદાન મથકોના અધિકૃત પ્રવેશ સ્થાન પાસે એક લાઈનમાં ઉભા રહેવું અને જો સ્ત્રીઓ માટે જુદી લાઈન હોય તો તેમાં તેણીએ ઉભા રહેવું.
(૨) મતદારે મતદાન મથકમાં લાઈન મુજબ પોતાના વારા પ્રમાણે એક પછી એક દાખલ થવું.
(૩) મતદારે પોતાનો મત આપ્યા પછી મતદાન મથક તથા તેનો વિસ્તાર છોડી તુરત જ ચાલ્યા જવું.

આ જાહેરનામું મતદાનનાં દિવસ માટે અમલમાં રહેશે તથા સમગ્ર બોટાદ જિલ્લાની ચૂંટણી યોજનાર છે ગ્રામ્ય વિસ્તારમાં સહેલાઈથી દેખી, વાંચી શકાય તેવી જગ્યાએ તેની નકલો ચોંટાડીને અને તે વિસ્તારમાં પોલીસ લાઉડસ્પીકર વાહનો દ્વારા, સ્થાનિક વર્તમાનપત્રો મારફતે તેમજ ગુજરાત રાજયના અસાધારણ ગેઝેટમાં જાહેર કરીને પ્રસિધ્ધ કરવાનું ફરમાવું છું.

જો કોઈ ઈસમ ઉપરોક્ત હુકમનો ભંગ કરશે અગર ભંગ કરવામાં મદદગારી કરશે તો આવા ઈસમો ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ તથા મુંબઈ પોલીસ અધિનિયમ (સને-૧૯૫૧ના ૨૨મા) ની કલમ-૧૩૪ હેઠળ દંડ અને શિક્ષાને પાત્ર થશે.

આજ રોજ મારી સહી તથા કચેરીના મુદ્રા સાથે હુકમ બહાર પાડવામાં આવ્યો.

બોટાદ, ૩૦ માહે માર્ચ, સને ૨૦૧૭.

---

### ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ

### હુકમ

ક્રમાંક : ડીએમ/ગ્રામ પંચાયત-સા. ચુ./૨૦૧૭ No.DM/WS/૧૭૨૮ થી ૧૭૪૪/૨૦૧૭.- ગ્રામ પંચાયત સામાન્ય ચૂંટણી-૨૦૧૭ આગામી એપ્રિલ માસમાં યોજાનાર છે. ચૂંટણીના મુકત, ન્યાયી અને સરળ સંચાલન માટે તથા કાયદો અને વ્યવસ્થાની જાળવણી સુનિશ્ચિત કરવા જાહેર શાંતિ અને સલામતી જળવાઈ રહે તે માટે મતદાન મથકમાં તથા તેની નજીક પ્રચાર કરવા ઉપર તથા મતદાર મતદારયાદીનાં ગેરઉપયોગ સામે પ્રતિબંધ ફરમાવવો જરૂરી જણાય છે.

વાસ્તે, હું, બી. વી. લીંબાસીયા, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, બોટાદ જિલ્લો, બોટાદ ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ ની કલમ-૧૪૪ થી મને મળેલ અધિકારીની રૂએ નીચે પ્રમાણે પ્રતિબંધ ફરમાવું છું.

ગ્રામ પંચાયત સામાન્ય ચૂંટણી-૨૦૧૭ અનુસંધાને આગામી એપ્રિલ માસમાં મતદાનના દિવસે મતદાન સમય દરમિયાન મતદાન એજન્ટ દ્વારા મતદારયાદી કે તેની નકલ મતદાન મથકની બહાર લઈ જવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

આ હુકમનો ભંગ કરનાર શખ્સ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ હેઠળ તથા લોક પ્રતિનિધિત્વ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૧૩૦ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ સમગ્ર બોટાદ જિલ્લાના ચૂંટણી યોજાનાર છે તે ગ્રામ્ય વિસ્તારને લાગુ પડશે.

આ ફરમાનનો અમલ ગ્રામ પંચાયત સામાન્ય ચૂંટણી-૨૦૧૭ દરમ્યાન મતદાનની સમગ્ર પ્રક્રિયા પુરી થાય ત્યાં સુધી અમલમાં રહેશે.

આજ રોજ મારી સહી તથા કચેરીના મુદ્રા સાથે હુકમ બહાર પાડવામાં આવ્યો.

બોટાદ, ૩૦ માહે માર્ચ, સને ૨૦૧૭.

---

### ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ

### હુકમ

ક્રમાંક : ડીએમ/ગ્રામ પંચાયત સા. ચૂં./૨૦૧૭ No.DM/WS/૧૭૪૫ થી ૧૭૬૧/૨૦૧૭.-આગામી ગ્રામ પંચાયત સામાન્ય ચૂંટણી-૨૦૧૭ આગામી એપ્રિલ-૨૦૧૭માં યોજાનાર છે. ચૂંટણીના મુકત, ન્યાયી અને સરળ સંચાલન માટે તથા કાયદો અને વ્યવસ્થાની જાળવણી સુનિશ્ચિત કરવા જાહેર શાંતિ અને સલામતી જળવાઈ રહે તે માટે ઉમેદવારશ્રીઓ દ્વારા ઉમેદવારી પત્રો રજુ કરતી વખતે ચૂંટણી અધિકારીશ્રી/મદદનીશ ચૂંટણી અધિકારીશ્રીની કચેરી આસપાસના ૧૦૦ મીટરના વિસ્તારમા વધુમાં વધુ ૩(ત્રણ) વાહનો તથા ઉમેદવારશ્રી સહીત વધુમા વધુ કુલ-૫(પાંચ)થી વધુ વ્યકિતઓના દાખલ થવા ઉપર પ્રતિબંધ ફરમાવવો જરૂરી જણાય છે.

વાસ્તે, હું, બી. વી. લીંબાસીયા, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, બોટાદ જિલ્લો, બોટાદ, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ ની કલમ-૧૪૪ થી મને મળેલ અધિકારની રૂએ નીચે પ્રમાણે પ્રતિબંધ ફરમાવું છું.

ઉમેદવારશ્રીઓ દ્વારા ઉમેદવારી પત્રો રજુ કરતી વખતે ચૂંટણી અધિકારીશ્રી/મદદનીશ ચૂંટણી અધિકારીશ્રીની કચેરી આસપાસના ૧૦૦ મીટરના વિસ્તારમા વધુમાં વધુ ૩(ત્રણ) વાહનો તથા ઉમેદવારશ્રી સહીત વધુમા વધુ કુલ-૫(પાંચ)થી વધુ વ્યકિતઓને દાખલ થવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું. અપક્ષ ઉમેદવાર અને બીનમાન્યતા પ્રાપ્ત પક્ષના ઉમેદવારોના કિસ્સામા પણ ચૂંટણી અધિકારીશ્રી/મદદનીશ ચૂંટણી અધિકારીશ્રીની કચેરીમાં ઉમેદવાર ઉપરાંત બીજી ચાર વ્યકિતઓ એમ કુલ-૫(પાંચ) વ્યકિતઓને જ દાખલ થઈ શકશે પરંતુ કોઈ કારણોસર દરખાસ્ત મુકનાર બીજા મતદારોને પણ ચૂંટણી અધિકારીશ્રી/મદદનીશ ચૂંટણી અધિકારીશ્રીની કચેરીમાં દાખલ થવુ જરૂરી થાય તો પહેલા ચાર મતદારો બહાર નિકળે પછી બીજા મતદારો અંદર પ્રવેશી શકશે.

આ હુકમનો ભંગ કરનાર શખ્સ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ હેઠળ તથા લોક પ્રતિનિધિત્વ અધિનિયમ-૧૯૫૧ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ ફરમાનનો અમલ ચૂંટણી દરમ્યાન મતદાનની પ્રક્રિયા પુરી થાય ત્યાં સુધી અમલમાં રહેશે.

આજ તા. ૩૦ માહે માર્ચ-૨૦૧૭ ના રોજ મારી સહી તથા કચેરીના મુદ્રા સાથે હુકમ બહાર પાડવામાં આવ્યો.

બોટાદ, ૩૦ માહે માર્ચ, સને ૨૦૧૭.

---

### ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ

### હુકમ

ક્રમાંક : ડીએમ/ગ્રામ પંચાયત સા. ચૂં./વશી/૧૬૭૭ થી ૧૬૯૩/૨૦૧૭.-ગ્રામ પંચાયત સામાન્ય ચૂંટણી-૨૦૧૭ આગામી એપ્રીલ માસમાં યોજાનાર છે. ઉમેદવારોના ચૂંટણી પ્રચાર મથકોને કારણે મતદારો માટે અવરોધ ઉભા થાય છે. વિવિધ પક્ષોના કાર્યકરો વચ્ચે અથડામણ થાય છે. જેને કારણે કાયદો અને વ્યવસ્થાના પ્રશ્નો ઉભા થાય છે અને એ રીતે મુકત, ન્યાયી અને સરળ સંચાલનમાં ઘણી મુશ્કેલીઓ ઉભી થાય છે. જેથી ચૂંટણી પ્રચાર મથકો ઉભા કરવા ઉપર પ્રતિબંધ ફરમાવવો જરૂરી જણાય છે.

વાસ્તે, હું, બી. વી. લીંબાસીયા, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, બોટાદ જિલ્લા, બોટાદ, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ ની કલમ-૧૪૪ થી મને મળેલ અધિકારની રૂએ નીચે પ્રમાણે પ્રતિબંધ ફરમાવું છું.

ગ્રામ પંચાયત સામાન્ય ચૂંટણી-૨૦૧૭ અનુસંધાને આગામી એપ્રિલ માસમાં મતદાનના દિવસે ચૂંટણી પ્રચાર માટેના મથકો ઉભા કરવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

**આ હુકમનો નીચે મુજબ અપવાદ છે.**

લોકપ્રતિનિધિત્વ અધિનિયમ-૧૯૫૧ની જોગવાઈઓ તથા ભારતના ચૂંટણી પંચની પ્રવર્તમાન સુચનાઓના સંદર્ભે, મતદારોને અવિધિસર ઓળખ કાપલીઓ આપવા માટે ઉમેદવારો તેમજ એજન્ટો અને કાર્યકરોના ઉપયોગ સારુ મતદાન મથકથી ૨૦૦ મીટરથી દુરના અંતરે એક ટેબલ અને બે ખુરશીઓની તેમજ તેમને તડકા/વરસાદથી રક્ષણ આપવા માટે ઉપરના વિભાગમાં તાડપત્રી કે છત્રીની વ્યવસ્થા કરી શકશે. કંતાન વગેરેથી ઢાંકી શકશે નહી. આવા ટેબલની આસપાસ ટોળુ ભેગું થવું જોઈએ નહી. આવા મથક ઉભા કરવાની ઈચ્છા રાખનાર દરેક ઉમેદવારે પોતે જ્યાં આવા મથકો ઉભા કરવા માંગે છે તે ચૂંટણી મથકોના નામ અને ક્રમ વિશેની માહિતી સબંધકર્તા મદદનીશ ચૂંટણી અધિકરીશ્રીને અગાઉથી લેખિતમાં આપવાની રહેશે. આવા મથકો ઉભા કરતા પહેલા સ્થાનિક કાયદા અનુસાર સંબંધિત સક્ષમ સત્તાધિકારીની પરવાનગીની જરૂર હોય તેવા પ્રસંગે આવી પરવાનગી મેળવેલ હોવી જોઈએ અને બુથ સંભાળતી વ્યકિતઓ પાસે ઉપલબ્ધ હોવી જોઈએ. મતદારોને આપવાના હેતુસર અવિધિસર ઓળખ કાપલીઓ ભારતના ચૂંટણી પંચની સુચનાઓ અનુસાર જ છપાયેલ હોવી જોઈએ અને તેના પર ઉમેદવારનું નામ અથવા ચિન્હ અથવા રાજકીય પક્ષનું નામ ન હોવું જોઈએ તેમજ આવા દરેક બુથ ખાતે ઉમેદવાર તેમના પક્ષનું નામ અને તેમને ફાળવેલ ચૂંટણી પ્રતિક પ્રદર્શિત કરવા ત્રણ ફુટની લંબાઈ તથા દોઢ ફુટની પહોળાઈવાળું ફકત એક જ બેનર ઉપયોગમાં લઈ શકશે. તેમજ એક જ મકાનમાં એક કરતા વધારે મતદાન મથકો ઉભા કરવામાં આવ્યા હશે તો પણ ઉમેદવાર એક જ મથક આવા મકાનથી ૨૦૦ મીટરથી દુરના અંતરે રાખી શકશે.

આ હુકમ સમગ્ર બોટાદ જિલ્લાની ચૂંટણી યોજાનાર છે તે ગ્રામ્ય વિસ્તારોને લાગુ પડશે તથા તેનો ભંગ કરનાર શખ્સ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ રોજ મારી સહી તથા કચેરીના મુદ્રા સાથે હુકમ બહાર પાડવામાં આવ્યો.

બોટાદ, ૩૦ માહે માર્ચ, સને ૨૦૧૭.

---

**ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે**

## જાહેરનામું

નં. મજસ/હથીયાર જમા/DM/WS/૧૭૬૧-૧૭૭૭/ ૨૦૧૭.- આગામી ગ્રામ પંચાયત સામાન્ય ચૂંટણી-૨૦૧૭ માહે-એપ્રિલ-૨૦૧૭મા યોજાનાર છે. જે અન્વયે આર્મ્સ એકટ હેઠળ મંજુર કરવામા આવેલ વ્યકિતગત હથીયાર પરવાના હેઠળના ગ્રામ્ય વિસ્તારમાં ચૂંટણી યોજનાર છે તે ગામોના તમામ હથીયારો તા. ૧૨-૦૪-૨૦૧૭ સુધી જે તે પોલીસ સ્ટેશનમા જમા લેવા યોગ્ય જણાય છે.

જેથી આગામી સ્થાનીક સ્વરાજ ચૂંટણીઓ-૨૦૧૭ દરમ્યાન જાહેર શાંતિ અને સલામતીની જાળવણી તેમજ શાંતીપુર્ણ માહોલ જળવાઈ રહે તે હેતુ થી ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪થી મળેલ સતાની રૂએ હું, બી. વી. લીંબાસીયા, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, બોટાદ જિલ્લો, આથી સમગ્ર બોટાદ જિલ્લાના જે ગામોમા ચૂટણી યોજનાર છે તે ગ્રામ્ય વિસ્તારમા રહેતા દરેક પ્રકારના હથીયારોના પરવાનેદારોને આદેશ કરૂ છુ કે તેઓએ તેમની પાસેના પરવાનાવાળા દરેક પ્રકારના હથીયારો આ જાહેરનામુ બહાર પાડવાની તારીખથી દિવસ-૨મા બોટાદ જિલ્લાના સબંધકર્તા પોલીસ સ્ટેશનએ તથા પોલીસ હેડ કવાર્ટરએ સંબધિત પોલીસ સ્ટેશનના વિસ્તારમા રહેતા હથીયાર પરવાનો ધરાવતા તમામ વ્યકિતએ હથિયાર કે હથીયારો જમા કરાવવામા આવે તે માટે પગલા લેવા તેમજ તમામ હથીયારો જમા થઈ ગયા અંગેની જાણ અત્રેની કચેરીને કરવા આદેશ કરૂ છું.

આ આદેશ બોટાદ જિલ્લામા જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી તથા સબડીવીઝનલ મેજિસ્ટ્રેટશ્રીઓ તરફથી આપવામાં આવેલ હોય તેવા તેમજ દેશના કોઈ પણ રાજ્યના કોઈ પણ સતાધિકારીશ્રી પાસેથી પરવાનો મેળવેલ હોય તેને લાગુ પડશે. આ જાહેરનામા મુજબ પોલીસ સ્ટેશનમા જમા લેવાયેલ તમામ હથીયારો તા. ૧૨-૦૪-૨૦૧૭ સુધી જેતે પોલીસ સ્ટેશનમા જમા રાખવાના રહેશે હથીયાર પરવાના ધારકોએ સબંધિત પોલીસ સ્ટેશનમા ફકત પરવાનાવાળા હથીયારો જમા કરાવવાના રહેશે તેના કાટ્રીંજ/ દારૂગોળો જમા કરાવવાનો રહેશે નહી.

આ જાહેરનામાનો ભંગ કરનાર શસ્ત્ર અધિનિયમ-૧૯૫૯ની કલમ-૨૫ તથા ઈન્ડીયન પીનલ કોડની કલમ-૧૮૮ મુજબ સજાને પાત્ર થશે.

આ આદેશમાંથી નીચેના હથીયાર પરવાનેદારોને મુકિત આપવામાં આવે છે.

(૧) આ વિસ્તારમાં આવેલ સરકારી, અર્ધસરકારી સંસ્થાઓ (બેન્ક કોર્પોરેશન સહિત) સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓના નામે હોય તથા જે રાજ્ય કે રાષ્ટ્રીય કે આંતર રાષ્ટ્રીય લેવલની શુટીંગ સ્પર્ધામાં ભાગ લેનાર સ્પોર્ટ પર્સન તરીકેનો પરવાનો ધરાવતા હોય તેઓને હથીયાર જમા કરાવવામાંથી મુકિત આપવામાં આવે છે.

(૨) માન્યતા ધરાવતી સીકયુરીટી એજન્સીઓના ગનમેન કે જેઓ રાષ્ટ્રીયકૃત, સહકારી કોમર્શીયલ બેન્કો, એ.ટી.એમ. તથા કરન્સી લેવડ-દેવડ કરતાં હોય તેવા સીકયુરીટી ગાર્ડ તેમજ બેંકોમાં કામ કરતા/ફરજ બજાવતાં સીકયુરીટી ગાર્ડ બેંક મેનેજરશ્રીનું પ્રમાણપત્ર રજુ કર્યેથી મુકિતને પાત્ર રહેશે.

(૩) કેન્દ્ર/રાજ્ય સરકારશ્રીના અધિકારી/કર્મચારીશ્રીઓ કે જેમને કાયદા મુજબ હથીયાર ધારણ કરવાની મંજુરી આપવામાં આવેલી છે.

(૪) જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી અથવા સરકારશ્રી દ્વારા જેઓને ખાસ પરવાનગી આપવામા આવશે તેવા વ્યકિતઓ મુકિતને પાત્ર રહેશે.

આજ રોજ તા. ૩૦-૦૩-૨૦૧૭ ના રોજ આ આદેશ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે પ્રસિધ્ધ કરવામાં આવેલ છે.

બોટાદ, ૩૦ માહે માર્ચ, સને ૨૦૧૭.

---

**મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩ (૧) અન્વયે કાઢેલો હુકમ**

## જાહેરનામું

ડી.એમ./વશી/૧૯૮૫ થી ૧૯૯૪/૨૦૧૭.-બોટાદ શહેરમાં ટ્રાફીક સમસ્યા અને લોકોની અવરજવર માટે ટુ-વ્હીલ તથા ફોર વ્હીલ વાહનોનો ઉતરોઉતર વધારો થવાના કારણે બોટાદ શહેરની ભૌગોલિક પરિસ્થિતિ ધ્યાને લેતા સાળીંગપુરથી પાળીયાદ તરફ જવાના માર્ગે કે જે સાળીંગપુર ચાર રસ્તાથી ગોંડલ પાન પેલેસથી મસ્તરામ મંદિર સતવારા બોર્ડીંગ થઈ કાબા રૂપાની વાડીથી વકીલ પેટ્રોલ પંપ સામેથી પાળીયાદ રોડ ઉપર પ્રવેશ જાહેરનામુ બહાર પાડવામાં આવેલ. આ રોડ પરથી આવતાં ટ્રાફીકને ફકત સાળંગપુર રોડ પરથી પ્રવેશ માટે જાહેર કરવા તથા તેવીજ રીતે પાળીયાદ તરફથી સાળંગપુર તરફ જતાં વાહનો હવેલી ચોકથી મોબાઈલ બજાર, કરમશી ભવાન કિરાણા સ્ટોરથી સાળંગપુર ચાર રસ્તા થઈ સાળંગપુર રોડ પર પ્રવેશ જાહેર કરવો ખૂબજ જરૂરી જણાય છે.

ઉપરોકત પીક-અવર્સ દરમ્યાન એટલે કે સવારના ૧૦:૦૦ કલાકથી ૧૪:૦૦ કલાક તથા સાંજે ૧૭:૦૦ કલાક થી ૨૦:૦૦ ભારે વાહનો માટે પ્રવેશ નિષેધ જાહેર કરવો જરૂરી જણાય છે.

તેમજ હવેલી ચોકથી દિનદયાળ ચોક અને હીરા બજારમાં થતી ટ્રાફીક સમસ્યા નિવારવા ફકત એક બાજુ એકી-બેકી તારીખે એટલે કે એકી તારીખે જમણી બાજુ બેકી તારીખે ડાબી બાજુ દ્વી ચક્રીય વાહનો પાર્ક કરવા જાહેરનામુ બહાર પાડવાથી ટ્રાફીક વ્યવસ્થા નિવારી શકાય તેમ છે.

આ અંગે પોલીસ ઈન્સ્પેકટરશ્રી, બોટાદના તા. ૨૮-૦૩-૨૦૧૭ના પત્ર ક્રમાંક નં. ટ્રાફીક/જાહેરનામુ/૫૯/૨૦૧૭ થી દરખાસ્ત થઈ આવેલ છે.

સબબ મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩ (૧)(બી) નીચે મને મળેલ અધિકારની રૂએ હું, બી. વી. લીંબાસીયા, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, બોટાદ જિલ્લો, બોટાદ નીચે મુજબના રસ્તા ઉપર વાહનોને પસાર થવાનું ફરમાવું છું.

(૧) સાળંગપુર રોડથી પાળીયાદ તરફ જતા વાહનોને ફકત સાળંગપુર ચાર રસ્તાથી ગોંડલ પાન પેલેસથી મસ્તરામ મંદિર-સતવારા બોર્ડીંગ થઈ કાબા રૂપાની વાડીથી વકીલ પેટ્રોલપંપ સામેથી પાળીયાદ રોડ ઉપર પ્રવેશ કરવાનો રહેશે.

(૨) પાળીયાદ તરફથી સાળંગપુર તરફ જતાં વાહનો હવેલી ચોકથી મોબાઈલ બજાર, મહિલા મંડળ રોડ-કરમશી ભવાન કિરાણા સ્ટોરથી સાળંગપુર ચાર રસ્તા થઈ સાળંગપુર રોડ પર પ્રવેશ કરવાનો રહેશે.

(૩) તેમજ હવેલી ચોકથી દિન-દયાળ ચોક અને હિરા બજારમાં ટ્રાફીક સમસ્યા નિવારવા ફકત એકબાજુ દ્વિ-ચક્રી વાહનો પાર્ક કરવા એટલે કે, એકી તારીખે જમણી બાજુ તથા બેકી તારીખે ડાબી બાજુ વાહનો પાર્ક કરવાના રહેશે.

(૪) પીક-અવર્સ દરમ્યાન એટલે કે સવારના ૧૦:૦૦ કલાકથી ૧૪:૦૦ કલાક તથા સાંજે ૧૭:૦૦ કલાકથી ૨૦:૦૦ ભારે વાહનો માટે પ્રવેશ નિષેધ રહેશે.

(૫) હવેલી ચોકથી દિનદયાળ ચોક અને હીરા બજારમા થતી ટ્રાફીક સમસ્યા નિવારવા ફકત એક બાજુ એકી-બેકી તારીખે એટલે કે એકી તારીખે જમણી બાજુ બેકી તારીખે ડાબી બાજુ દ્વી ચક્રીય વાહનો પાર્ક કરવાના રહેશે.

આ જાહેરનામું તા. ૦૪-૦૪-૨૦૧૭ થી તા.૩૧-૦૫-૨૦૧૭ સુધી અમલમાં રહેશે.

આ હુકમ/જાહેરનામાનો ભંગ/ઉલ્લંઘન કરનારને મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૧૩૧ મુજબ શિક્ષા થશે.

જાહેરનામાનો અમલ અને તેના ભંગ બદલના પગલા લેવા માટે ફરજ પરના કોઈપણ હેડ કોન્સ્ટેબલ તથા તેનાથી ઉપરના અધિકારીને અધિકાર રહેશે.

ઉપર જણાવેલ સ્થળે આ જાહેરનામાની નકલો ચોંટાડીને તથા વર્તમાનપત્રો મારફત આ જાહેરનામાની બહોળી પ્રસિધ્ધી કરાવવી.

આજ તા. ૦૪-૦૪-૨૦૧૭ ના રોજ મારી સહી તથા કચેરીના સીક્કા કરી જાહેર જનતાની જાણ માટે જાહેરનામું બહાર પાડવામાં આવે છે.

બોટાદ, ૪ માહે એપ્રિલ, સને ૨૦૧૭.

---

# જાહેરનામું

(૧) મોબાઈલ-સીમકાર્ડ (નવા/જુના)નું વેચાણ કરવા બાબત :

નં. ડી.એમ./વશી/૨૧૭૨ થી ૨૧૮૯/૨૦૧૭.-ગુજરાત રાજ્ય સહિત સમગ્ર દેશમાં બનતા ગુનાઓમાં મોબાઈલ ફોનના ઉપયોગ તથા મોબાઈલ ચોરીના ગુનાઓનું પ્રમાણ વધવા પામેલ છે. આવા ગુનાઓ શોધી કાઢવા માટે ગુનામાં વપરાયેલ અથવા ગયેલ મોબાઈલ ફોનના IMEI નંબરનું ટ્રેકીંગ કરીને ગુનાના મુળ સુધી પહોંચવા પ્રયત્નો કરવામાં આવે છે. ઘણી વખતે મોઈલ ફોનના વપરાશકર્તા સુધી પહોંચવામાં આવે ત્યારે જાણવા મળે છે કે તેમણે કોઈ અજાણ્યા માણસ પાસેથી મોબાઈલ ખરીદેલ છે, જે મોબાઈલ વેંચનાર/ખરીદનારને ચોરાયેલ અથવા ગુનામાં વપરાયેલ હોવાની માહિતી હોતી નથી, તેથી તપાસમાં કોઈ ફળદાયક હકિકત મળતી નથી. જેથી આ બાબતે કોઈપણ વ્યકિતઓ મોબાઈલ હેન્ડસેટ વગેરે વગર ઓળખકાર્ડ અથવા કોઈપણ ઓળખપત્ર વગર લેનાર/વેંચનારની જવાબદારી નક્કી કરવા અને પ્રસ્તુત બાબતે આવા ગુનાઓના મુળ સુધી પહોંચી, સાચા આરોપીને શોધી કાઢવા માટે જુના/નવા મોબાઈલ/સીમકાર્ડ કોની પાસેથી ખરીદેલ અથવા કોને વેચાણ આપેલ તે હાલના સંજોગોને ધ્યાને લઈ જાણવું ખુબ જ જરૂરી જણાય છે. આથી જુના/નવા મોબાઈલ/સીમકાર્ડની લે-વેચ કરતા વેપારીઓએ નીચે મુજબનાં નમુનામાં રજીસ્ટર નિભાવવાનું થાય છે.

| ક્રમ | મોબાઈલ/સીમકાર્ડની વિગત/કંપનીનું નામ. | I.M.E.I. Number | મોબાઈલ/ સીમકાર્ડ ખરીદનાર/ વેંચનારનું નામ તથા સરનામા, ટેલીફોન નંબરની વિગતો. | મોબાઈલ/ સીમકાર્ડ, ખરીદનાર/ વેંચનારના આઈડેન્ટીટી તથા રેસીડેન્ટ પ્રુફ. |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |

(૨) સાયકલ/મોપેડ/વિદ્યુતથી ચાલતા વાહનો તથા જુના વાહનો (તમામ પ્રકારના ફોર વ્હીલર, થ્રી વ્હીલર, ટુ વ્હીલર)ના વેચાણ કરવા બાબત :

ગુજરાત રાજ્ય સહિત સમગ્ર દેશમાં છેલ્લાં કેટલાક સમયથી આતંકવાદી ભાંગફોડીયા તત્વો દેશના અલગ-અલગ રાજ્યોમાં આતંક ફેલાવવાના હેતુથી રજીસ્ટર્ડ ન થતા હોય તેવા સાયકલ/મોપેડ/વિદ્યુતથી ચાલતા વાહનો તથા જુના વાહનો (તમામ પ્રકારના ફોર વ્હીલર, થ્રી વ્હીલર, ટુ વ્હીલર)ના ઉપયોગ કરતા હોવાનું જણાય છે. આતંકિત કૃત્યમાં આવા વાહનોનો ઉપયોગ થયા બાદ આવા વાહનોની કોઈ સ્પષ્ટ નોંધણી ન હોવાના કારણે તેના મુળ માલીક સુધી પહોંચવાનું તપાસ એજન્સી/પોલીસ માટે ખુબ જ મુશ્કેલ બનતું હોય છે. મહદઅંશે આવા વાહનોના વેચાણ વખતે આવા જૂના વાહનોની લે-વેચ કરતી વખતે તેમજ આવા વાહનો ભાડે આપતી વખતે વેપારીઓ ખરીદનાર/ગ્રાહક પાસેથી ઓળખના પુરતા પુરાવા મેળવ્યા વગર વાહનોનું વેચાણ કરતા હોય છે, લે-વેચ કરતા હોય છે કે ભાડે આપતા હોય છે.

.....બહારના રાજ્યોમાંથી અગર દેશ બહારથી આવતા આવા તત્વો રજિસ્ટર્ડ ન થતા હોય તેવા સાયકલ/મોપેડ/વિદ્યુતથી ચાલતા વાહનો તથા જુના વાહનો (તમામ પ્રકારના ફોર વ્હીલર, થ્રી વ્હીલર, ટુવ્હીલર) ખરીદી/ભાડેથી મેળવી સ્થાનિક પરિસ્થિતિથી માહિતગાર થઈને તેઓની ત્રાસવાદી પ્રવૃત્તિઓને અંજામ આપતા હોય છે. જેથી રજીસ્ટર્ડ ન થતા હોય તેવા સાઈકલ/મોપેડ/વિદ્યુતથી ચાલતા વાહનો તથા જુના વાહનો (તમામ પ્રકારના ફોર વ્હીલર, થ્રી વ્હીલર, ટુવ્હીલર)નું વેચાણ કરનાર, આવા વાહનોની લે-વેચ કરનાર તથા આવા વાહનો ભાડે આપનાર વેપારીઓ ઉપર નિયંત્રણો મુકવા જરૂરી જણાય છે. આથી સાયકલ/મોપેડ/વિદ્યુતથી ચાલતા વાહનો તથા જુના વાહનો (તમામ પ્રકારના ફોર વ્હીલર, થ્રી વ્હીલર, ટુ વ્હીલર) લે-વેચ કરતા વેપારીઓએ નીચે મુજબના નમૂનામાં રજીસ્ટર નિભાવવાનું થાય છે.

| ક્રમ | વાહન કોને વેચેલ છે? કોની પાસેથી ખરીદેલ છે?/ કોને ભાડે આપેલ છે? તેનું પુરૂ નામ અને સરનામું, ટેલીફોન નંબર, ઉંમર. | વાહનનો પ્રકાર. | વાહનનો એન્જીન નંબર/ચેસિસ નંબર | રજુ કરેલ આધાર-પુરાવા જેવા કે રેશનકાર્ડ/ચૂંટણીકાર્ડ/ડ્રાઈવીંગ લાયસન્સ/બેન્કની પાસબુક/ પાનકાર્ડ/આકારણી પત્રક/પાસપોર્ટની નકલ/ઈલેક્ટ્રીક બીલ/ ટેલીફોન બીલ/ મોબાઈલ બીલ વિગેરેની પ્રમાણિત નકલો. | વાહનના વેચાણ બીલ નંબર અને તારીખની વિગત. |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |

(૩) મકાન તથા ઔદ્યોગિક એકમો ભાડે આપવા બાબત :

રાજ્યમાં ત્રાસવાદી/અસામાજીક તત્વો શહેરોમાં તેમજ ગીચ વસ્તીવાળા વિસ્તારોમાં ગુપ્ત આશરો મેળવી જાહેર સલામતી અને શાંતીનો ભંગ કરી તેમજ આતંકવાદી પ્રવૃતિઓ કરતા હોવાથી માનવ જીંદગીની ખુવારી થાય અને જાહેર તેમજ લોકોની સંપતિને નુકશાન પહોંચે છે, જેમાં બહારના રાજ્યોમાંથી કે દેશ બહારથી આવતા આવા તત્વો કોઇના મકાન ભાડે રાખીને રહેતા હોય છે અને સ્થાનિક

વિસ્તારનો સર્વે કરી સ્થાનિક પરિસ્થિતિથી માહિતગાર થઇને તેઓની ત્રાસવાદી પ્રવૃતિઓને અંજામ આપતા હોય છે. જેથી ભાડેથી મકાન આપતા મકાન માલિકોનો રાજ્ય અને દેશની સલામતી સાચવવા સહકાર મેળવવા માટે મકાન/ઔદ્યોગિક એકમોના માલિકો દ્વારા ભાડે અપતા મકાનો/એકમો બાબતે નજીકના પોલીસ સ્ટેશને મકાન/એકમ ભાડે લેનારના નામો અંગે જાણ કરવામાં આવે તો આવી પ્રવૃતિ કરનારની યોગ્ય ચકાસણી થઈ શકે તે માટે મકાન માલિકો ઉપર થોડાંક નિયંત્રણો મુકવા સારૂ રાજ્યના તમામ જિલ્લાઓમાં મકાન, ઔદ્યોગિક એકમો ભાડે આપતા પહેલા પોલીસતંત્રને નીચે મુજબનાં નમુનામાં જાણ કરવાની જરૂર જણાય છે.

| નં. | મકાન માલીકનું નામ તથા ભાડે આપવાનું મકાન/એકમ કયા શહેર અને તેના વિસ્તાર/ગામમાં આવેલ છે? તેનું બાંધકામ કેટલા ચો. મી. છે? | મકાન/એકમ ભાડે આપવા ખાસ સત્તા ધરાવતા વ્યકિતનું નામ. | મકાન/એકમ ક્યારથી ભાડે આપવાનું છે તથા માસિક કેટલા ભાડાથી આપવા ધારેલ છે? | જે વ્યકિતને મકાન/એકમ ભાડે આપવાનું હોય તેનાં પાકા નામ/સરનામા તથા તેના સંપર્ક નંબરો સહિતની વિગતો | મકાન માલિકને ભાડુઆતનો સંપર્ક કરાવનાર વ્યક્તિનું નામ/સરનામું |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |

(૪) હોટલ/ગેસ્ટ હાઉસ/મુસાફરખાના ભાડે આપવા તથા તેમા સી.સી.ટી.વી. કેમેરા ગોઠવવા બાબત :

ગુજરાત રાજ્ય સહિત સમગ્ર દેશમાં આતંકવાદ/ત્રાસવાદી તત્વો બહારના રાજ્યો કે દેશ બહારથી આવતા હોય છે અને હોટલ/ગેસ્ટ હાઉસ/મુસાફરખાના ભાડે રાખી રહેતા હોય છે. તેમજ વિસ્તારનો સર્વે કરી સ્થાનિક પરિસ્થિતિથી માહિતગાર થઈને ત્રાસવાદી પ્રવૃત્તિઓને અંજામ આપતા હોય છે. આ જિલ્લામાં પ્રવાસ-પર્યટનના તથા ધાર્મિક સ્થળો આવેલા છે, જ્યાં વિશાળ પ્રમાણમાં દેશ-વિદેશના પ્રવાસીઓ, યાત્રાળુઓ આવતા હોય છે. તેમજ આ જિલ્લામાં આવેલ ઔદ્યોગિક એકમોમાં પરપ્રાંતીય માણસો કામ-ધંધા અર્થે આવે છે. આવા સંજોગોમાં ત્રાસવાદી પ્રવૃત્તિ સાથે સંકળાયેલ કોઈ વ્યક્તિ હોટલ/ગેસ્ટહાઉસ/મુસાફરખાનામાં આશરો લઈ સ્થાનિક માણસો સાથે ભળી જઈ બદઈરાદો પાર ન પાડે તે માટે તે માટે જાહેર જનતાની સલામતી તથા સુરક્ષા માટે તકેદારીના પગલા લેવા આવશ્યક છે. આથી હોટલ/ગેસ્ટહાઉસ/મુસાફરખાના, રાહતદરે ચાલતી કે સખાવતથી ચાલતી, તમામ સરકારી, ધાર્મિક કે ટ્રસ્ટના અને ખાનગી વ્યવસાયો/સંસ્થાઓના માલીકોએ નીચે મુજબના નમુનામાં રજિસ્ટર નિભાવવા, દર માસે સંબંધિત પોલીસ સ્ટેશનને જાણ કરવા તથા તેમાં સી.સી.ટી.વી. કેમેરા, આઈ.પી. કેમેરા નાઈટ વિઝન સાથેના નીચેની વિગતે ગોઠવવાના થાય છે.

| નં. | ગેસ્ટનું નામ, સરનામું | સંપર્ક નંબર | આવ્યા તારીખ, સમય | ક્યાંથી આવ્યા છે? | ક્યાં જવાના છે? | આવવાનું કારણ | આઈ.ડી.પ્રુફની વિગત (જો રહેનાર સભ્યો એક જ કુટુંબના હોય ત્યારે કુટુંબની મુખ્ય વ્યક્તિનું આઈ.ડી. પ્રુફ મેળવવાનું રહેશે, જયારે કુટુંબ સિવાયના તમામ મુસાફરોનું આઈ.ડી. પ્રુફ મેળવવાનું રહેશે.) | ગયા તારીખ, સમય | ગેસ્ટનું નામ તથા સહી | રીમાર્કસ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ |

(૧) સી.સી.ટી.વી. કેમેરા, આઈ.પી. કેમેરા નાઈટ વિઝન સુવિધા સાથેના હોવા જોઈએ.

(૨) હોટલ, ગેસ્ટહાઉસ, મુસાફરખાનામાં પ્રવેશદ્વાર ઉપર ગ્રાહકનું મોઢું જોઈ શકાય તે રીતે મુખ્ય પ્રવેશદ્વાર ઉપર આઈ.પી. કેમેરા નાઈટ વિઝન સાથેના લગાડેલ હોવા જોઈએ.

(૩) વાહનનો નંબર જોઈ શકાય તે રીતે વાહન પાર્કિંગમાં આઈ.પી. કેમેરા નાઈટ વિઝન સાથેના લગાડેલ હોવા જોઈએ.

(૪) રીસેપ્શન ઉપર ગ્રાહકનું મોઢું જોઈ શકાય તે રીતે આઈ.પી. કેમેરા નાઈટ વિઝન સાથેના લગાડેલ હોવા જોઈએ.

(૫) ઓછામાં ઓછું દિન-૧૫નું રેકોર્ડીંગ સ્ટોર રહેવું જોઈએ.

(૫) બેન્ક તથા એ.ટી.એમ. માં સી.સી. ટી.વી. કેમેરા લગાવવા બાબતઃ

બોટાદ શહેર તથા જિલ્લામાં જુદી જુદી બેન્કો તથા બેન્કોના એટીએમ મશીનો આવેલા છે. આ બેન્કોમાં રોજની મોટા પ્રમાણમાં નાણાકિય લેવડ-દેવડ થાય છે અને મોટી સંખ્યામાં માણસોની અવર-જવર થાય છે. જેના કારણે છેતરપીંડી, પૈસાની ઉઠાંતરી વગેરે ગુન્હાઓ બનવાની શકયતા નકારી શકાય તેમ નથી. તેમજ ઘણા કિસ્સાઓમાં બનાવટી નોટો બેન્કના ભરણામાં આવે છે. આવા તથા છેતરપીંડી અને પૈસાની ઉઠાંતરી જેવા ગુનાઓ પર વોચ રાખવા અને તેને બનતાં અટકાવવા ખૂબજ જરૂરી છે. જો આવા બનાવ બને

તો આવા બનાવને અંજામ આપનાર ઈસમો સુધી પહોંચવા માટે અને તેની ઓળખ માટે બેન્કો તથા બેન્કોના એટીએમ મશીનોમાં સી.સી.ટી.વી. કેમેરા હોવા જરૂરી જણાય છે.

**(૬) પેટ્રોલપંપ ઉપર સી.સી. ટી.વી. કેમેરા લગાવવા બાબતઃ**

બોટાદ જિલ્લા તથા શહેરમાં આવેલ જુદાં-જુદાં પેટ્રોલપંપ પર રોજના મોટા પ્રમાણમાં માણસોની અવર-જવર રહેતી હોય છે. કેટલીક વાર લુંટ જેવા ગુનાઓ બનતાં હોય છે. તેમજ અમુક અસામાજિક તત્વો ગુનો કરતાં પહેલાં વાહનોમાં ફયુઆલ પુરાવવા આવતાં હોય છે. તેથી આવા તમામ પ્રકારના માણસો ઉપર વોચ રાખવા અને તેને તથા તેની સાથે લઈ આવેલ વાહનો ઓળખવા ઈન્ટરનેટ કનેકટીવીટી તથા આઈ.પી. નાઈટ વિઝન સાથેના સી.સી. ટી.વી. કેમેરા હોવા જરૂરી જણાય છે અને બોટાદ જિલ્લામાં લુંટ, ધાડ તેમજ પેટ્રોલપંપ ઉપર ફાયરીંગના બનાવો બનેલ છે. જેથી શહેર તથા જિલ્લામાં કાયદો અને વયવસ્થાની પરિસ્થિતી જળવાઈ રહે તથા આંતરીક સુરક્ષાને ધ્યાને લઈને પેટ્રોલપંપ ઉપર સી.સી. ટી.વી. કેમેરા લગાવવા જરૂરી જણાય છે.

ઉકત જણાવેલ તમામ વિગતો મુજબ બોટાદ શહેર તથા જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તેમજ જાહેર સુરક્ષા અને સલામતી માટે ઉકત ગુન્હાઓ બનતા અટકાવવા અને જો બનાવ બને તો તે બનાવને અંજામ આપનાર ઈસમ સુધી પહોંચવા માટે અને તેની ઓળખ મેળવવી આવશ્યક છે. આથી હું બી. વી. લીંબાસીયા (G.A.S.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, બોટાદ જિલ્લો, બોટાદ, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪નો બીજો અધિનિયમ)ના કાયદાની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરુ છું કે, બોટાદ શહેર તથા જિલ્લાના મોબાઈલ-સીમકાર્ડ(નવા/જુના)નું વેચાણ કરનાર વિક્રેતાઓ, સાયકલ/મોપેડ/વિદ્યુતથી ચાલતા વાહનો તથા જુના વાહનો.....

(તમામ પ્રકારના ફોર વ્હીલર, થ્રી વ્હીલર, ટુવ્હીલર)ના વેપારીઓ, સમગ્ર બોટાદ જિલ્લા વિસ્તારમાં આવેલ તમામ શહેરી વિસ્તારો, ઔદ્યોગિક વિસ્તારોમાં તેમજ ગ્રામ્ય વિસ્તારોમાં કોઈપણ મકાન માલીક અગર તો આ માટે આવા મકાન માલીકે ખાસ સત્તા આપેલ વ્યકિતઓએ, બોટાદ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં હોટેલ/ગેસ્ટ હાઉસ/મુસાફરખાના, રાહત દરે ચાલતી કે સખાવતથી ચાલતી, તમામ સહકારી ધાર્મિક કે ટ્રસ્ટના અને ખાનગી વ્યવસાયો/સંસ્થાઓના માલીકોએ ઉપર દર્શાવ્યા મુજબના કોલમવાઈઝ રજીસ્ટર નિભાવવાનું રહેશે અને હોટલ/ગેસ્ટહાઉસ/મુસાફરખાના, રાહત દરે ચાલતી કે સખાવતથી ચાલતી, તમામ સહકારી, ધાર્મીક કે ટ્રસ્ટના અને ખાનગી વ્યવસાયો/સંસ્થાઓમાં સી.સી.ટી.વી. કેમેરા, આઈ. પી. કેમેરા નાઈટ વિઝન સાથે લગાડવાના રહેશે, તેની ફરજીયાત જાળવણી કરવાની રહેશે તેમજ માંગણી થયેથી પોલીસ અધીક્ષક, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ, એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ, કે તેમના તાબાના અધિકારીને ઉપલબ્ધ કરાવવાની રહેશે.

સદરહું હુકમ તા. ૧૦-૦૪-૨૦૧૭ થી ૦૮-૦૬-૨૦૧૭ સુધી (બંને દિવસો સુધ્ધા) દિન-૬૦ માટે અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

''જાહેરનામાના અમલ તથા તેના ભંગ બદલ પગલા લેવા હેડકોન્સ્ટેબલથી નીચેના ન હોય તેવા પોલીસ અધિકારીશ્રીને અધિકૃત કરવામાં આવે છે.''

આ જાહેરનામું જાહેર વિસ્તારોમાં સહેલાઈથી દેખી શકાય તેવી રીતે તેની નકલ ચોંટાડીને તેમજ સ્થાનિક વર્તમાનપત્રોમાં બહોળી પ્રસિધ્ધી આપીને પ્રસિધ્ધ કરવાનું આથી ફરમાવું છું.

આજ, તા. ૧૦-૦૪-૨૦૧૭ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી જાહેરનામું બહાર પાડેલ છે.

બોટાદ, ૧૦ માહે એપ્રિલ, સને ૨૦૧૭.

**બી. વી. લીંબાસીયા,**
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
બોટાદ જિલ્લો, બોટાદ.

---

## પોલીસ કમિશ્નર દ્વારા

વંચાણે લીધા :

(૧) પો.અધિ.શ્રી રાજકોટ ગ્રામ્યના પત્ર ક્રમાંક : એલઆઈબી/આઈ.પી.એલ./જાહેરનામું/૧૩૭/૧૭, તા. ૦૩-૦૪-૧૭

(૨) મ. પો. કમિ.શ્રી, ટ્રાફિક શાખાના જા.નં. ૯૫૦/૧૭, તા. ૦૩-૦૪-૧૭.

## જાહેરનામુ

ક્રમાંક : રાજ/સીપી/એલબી-૨/જાહેરનામું/૬૧૪/૨૦૧૭.-પોલીસ અધિક્ષકશ્રી, રાજકોટ ગ્રામ્ય, રાજકોટના તા. ૧૨-૦૪-૧૭ ના પત્ર અન્વયે તા. ૦૭-૦૪-૧૭ થી તા. ૨૯-૦૪-૧૭ સુધી આઈ.પી.એલ. ૨૦૧૭ ક્રિકેટ ટુર્નામેન્ટ અન્વયે અલગ અલગ પાંચ દિવસ કુલ પાંચ ડે એન્ડ નાઈટ **"ટી-૨૦ ક્રિકેટ મેચ"** રાજકોટ જિલ્લાના પડધરી તાલુકાના ખંઢેરી ખાતેના ક્રિકેટ સ્ટેડીયમ ખાતે યોજાનાર હોય અને આ મેચમાં આશરે ૩૦ હજાર જેટલા પ્રેક્ષકો રાજ્યભરમાંથી વાહન સાથે આવનાર હોય અને આ સ્ટેડિયમ રાજકોટ-જામનગર હાઈવે રોડ ઉપર આવેલ હોય અને મેચ દરમ્યાન રોડ ઉપર હેવી વાહનો પસાર ન થાય અને કોઈ અકસ્માત ન સર્જાય તેમજ ટ્રાફિક સમસ્યા ઉભી ન થાય કે ટ્રાફિક જામ ન થાય તે માટે નીચે જણાવેલ તારીખ અને સમયે ભારે વાહનો (ટ્રક, ટેન્કર, ટ્રેઈલર) વિગેરે મોટા હેવી વાહનો માટેનું નીચેની વિગતોનું જાહેરનામું પ્રસિધ્ધ કરવું ટ્રાફિકની દ્રષ્ટીએ હિતાવહ જણાય છે.

<table>
<tr><th>ક્રમ</th><th>મેચની તારીખ</th><th>ટ્રાફિક ડાયવર્ટ તારીખ</th><th>ટ્રાફિક ડાયવર્ટનો રૂટ</th></tr>
<tr><td>૧.</td><td>તા. ૦૭-૦૪-૨૦૧૭</td><td>તા. ૦૭-૦૪-૨૦૧૭ ના કલાક ૧૭-૦૦ થી ૨૦-૦૦ તથા ૨૩-૦૦ થી તા. ૦૮-૦૪-૧૭ ના કલાક ૧-૦૦ સુધી</td><td rowspan="5">(૧) અમદાવાદ તથા ભાવનગર તરફથી આવતા હેવી વાહનો મોરબી રોડ મીતાણા-ટંકારા થઈ જામનગર, ધ્રોલ તરફ જઈ શકશે અને મોરબી રોડ બેડી ચોકડીથી માધાપર ચોકડી તરફ આવી શકશે નહી.<br>(૨) પોરબંદર, જુનાગઢ તરફથી આવતા અને જામનગર તરફ જતા હેવી વાહનો ગોંડલ ચોકડી થઈ બાયપાસ થઈ મોરબી રોડ મીતાણા-ટંકારા થઈ જામનગર, ધ્રોલ તરફ જઈ શકશે અને માધાપર ચોકડી તરફ આવી શકશે નહી.<br>(૩) કાલાવડ તરફથી આવતા હેવી વાહનો કે.કે.વી. ચોક થઈ ગોંડલ રોડ ચોકડી થઈ બાયપાસ થઈ ગ્રીનલેન્ડ ચોકડી થઈ મોરબી રોડ, મીતાણા-ટંકારા થઈ જામનગર, ધ્રોલ તરફ જઈ શકશે અને ૧૫૦ ફૂટ રીંગ રોડ ઉપર કે.કે.વી. ચોકથી માધાપર ચોકડી તરફ આવી શકશે નહી.</td></tr>
<tr><td>૨.</td><td>તા. ૧૪-૦૪-૨૦૧૭</td><td>તા. ૧૪-૦૪-૨૦૧૭ ના કલાક ૧૭-૦૦ થી ૨૦-૦૦ તથા ૨૩-૦૦ થી તા. ૧૫-૦૪-૧૭ ના કલાક ૧-૦૦ સુધી</td></tr>
<tr><td>૩.</td><td>તા. ૧૮-૦૪-૨૦૧૭</td><td>તા. ૧૮-૦૪-૨૦૧૭ ના કલાક ૧૭-૦૦ થી ૨૦-૦૦ તથા ૨૩-૦૦ થી તા. ૧૯-૦૪-૧૭ ના કલાક ૧-૦૦ સુધી</td></tr>
<tr><td>૪.</td><td>તા. ૨૩-૦૪-૨૦૧૭</td><td>તા. ૨૩-૦૪-૨૦૧૭ ના કલાક ૧૩-૩૦ થી ૧૬-૦૦ તથા ૧૯-૦૦ થી કલાક ૨૨-૦૦ સુધી</td></tr>
<tr><td>૫.</td><td>તા. ૨૯-૦૪-૨૦૧૭</td><td>તા. ૨૯-૦૪-૨૦૧૭ ના કલાક ૧૭-૦૦ થી ૨૦-૦૦ તથા ૨૩-૦૦ થી તા. ૩૦-૦૪-૧૭ ના કલાક ૧-૦૦ સુધી</td></tr>
</table>

## હુકમ

સબબ હું અનુપમસિંહ ગેહલૌત, પોલીસ કમિશ્નર રાજકોટ શહેર, રાજકોટ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ ૩૩(૧) બી અને સી થી મને મળેલ સતાની રૂએ તા. ૦૭-૦૪-૧૭ થી તા. ૨૯-૦૪-૧૭ સુધી અલગ અલગ પાંચ દિવસ માટે ઉપરોક્ત જણાવેલ સમય દરમ્યાન તેમાં જણાવેલ રસ્તાઓ પર તેમાં જણાવેલ વિગતેના હેવી વાહનો માટે ટ્રાફિક ડાયવર્ટ કરવા હુકમ કરૂ છું. આ હુકમ ભારે વાહનો (ટ્રક, ટેન્કર, ટેલર વિગેરે) માટે લાગુ પડશે.

## અપવાદ

સૌરાષ્ટ્ર ક્રિકેટ એસોસીએશન દ્વારા ક્રિકેટ મેચના કામે ફરજ પર રોકેલા વાહનો, એસ.ટી.બસ, સરકારી વાહનો, શબવાહીની, એમ્બ્યુલન્સ તથા ફાયર ફાયટર જેવા વાહનો તેમજ જે લોકો ક્રિકેટ બોર્ડની ટીકીટ ખરીદીને કે પાસના આધારે ક્રિકેટ મેચ નિહાળવા ખંઢેરી સ્ટેડીયમ જતા હોય તેવા વાહન ચાલકોને તેમજ ખંઢેરી સ્ટેડીયમની આસપાસના ગામોમાં રહેતા હોય અને તેનો આધારભુત પુરાવો રજુ કરે તેવા વાહનચાલકોને આ હુકમ લાગુ પડશે નહી.

આજરોજ તા. ૦૬-૦૪-૨૦૧૭ ના રોજ મારી સહી-સીક્કા સાથે જાહેર જનતાની જાણ માટે પ્રસિધ્ધ કરવામાં આવે છે.

રાજકોટ, ૬ માહે એપ્રિલ, સને ૨૦૧૭.

---

વંચાણે લીધા :

(૧) એડી. સીટી એન્જિનિયરશ્રી, વેસ્ટઝોન બાંધકામ શાખા, રાજકોટ મહાનગરપાલિકા, રાજકોટના તા. ૨૦-૦૧-૧૭ નાં પત્ર ક્રમાંક : રા.મ.ન.પા./એન્જી/વેસ્ટઝોન/જા.નં./૧૯૧૦.

(૨) મ.પો.કમિ.શ્રી, ટ્રાફીક શાખાનાં તા. ૨૦-૦૩-૧૭ નાં જા.નં. ૮૩૮/૧૭.

## જાહેરનામું

ક્રમાંક : રાજ/સીપી/એલબી-૨/જાહેરનામું/૬૦૪/૨૦૧૭.- રાજકોટ મહાનગરપાલિકાના વોર્ડ નં. ૧૦ માં કાલાવાડ રોડ જકાતનાકાથી યુનિવર્સીટીના ગેઈટ સુધીના રોડ પર ડ્રેનેજ પંપીગ સ્ટેશન તેમજ સદગુરૂ સોસાયટી પાસે આર.સી.સી. સ્લેબ કલ્વર્ટ બનાવવાના કામ શરૂ કરવામાં આવનાર હોય, વંચાણયુકત-૧માં દર્શાવેલ પત્રથી કાલાવડ રોડ જડુસ રેસ્ટોરન્ટની સામેની બાજુથી યુનિવર્સીટી ગેઈટ તરફનો રસ્તો બંધ કરવો જરૂરી હોય તેવુ જણાવેલ છે. જેથી જાહેર વાહનવ્યવહારની સરળતા માટે તથા ટ્રાફીકનો પ્રશ્ન હલ કરવા માટે નીચે જણાવેલ રૂટ ઉપર ટ્રાફીક ડાયવર્ટ કરવો હિતાવહ જણાય છે.

(૧) કાલાવડ રોડ જકાતનાકા જડુસ હોટલ સામેથી યુનિવર્સીટી ગેઈટ સુધીનો રસ્તો પ્રવેશ બંધ રહેશે. તેની અવેજીમાં કાલાવાડ રોડ, એજી ચોકથી પ્રેમમંદિર થઈ વિમલનગર મેઈન રોડ થઈ યુનિવર્સીટી રોડ તરફથી જઈ શકાશે.

(૨) યુનિવર્સીટી ગેઈટ તરફથી આવતા વાહનો સદગુરૂ સોસાયટી મેઈન રોડ રવિપાર્કના રસ્તે વિમલનગ મેઈન રોડ થઈ પ્રેમમંદિર તરફ આવી શકાશે.

તેમજ હાલ અત્રેના યુનિટમાં ભારે વાહન પ્રવેશબંધીનું જાહેરનામું અમલમાં છે. તે જાહેરનામામાં જણાવેલ શરતો મુજબ ભારે વાહનની પ્રવેશબંધી અને અમલવારી ચાલુ રહેશે.

આ જાહેરનામું તમામ પ્રકારનાં વાહનો માટે હંગામી/ પ્રાયોગીક ધોરણે તા. ૪-૪-૧૭ થી તા. ૩૦-૯-૨૦૧૭ સુધીનાં સમયગાળા માટે અમલમાં રહેશે.

હુકમ

સબબ હું, અનુપમસિંહ ગહલૌત, પોલીસ કમિશ્નર, રાજકોટ શહેર, રાજકોટ, મને મળેલ સતાની રૂઈએ ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ ૩૩(૧)(ખ) મુજબ ઉપરોકત વિગતે જણાવેલ રસ્ઓ ઉપર જણાવ્યા મુજબનો પ્રતિબંધીત જાહેર કરૂ છું.

આજરોજ તા. ૦૩-૦૪-૨૦૧૭ ના રોજ મારી સહી સીક્કા સાથે જાહેર જનતાની જાણ માટે પ્રસિધ્ધ કરવામાં આવે છે.

રાજકોટ, ૩ માહે એપ્રિલ, સને ૨૦૧૭.

**અનુપમસિંહ ગહલૌત,**
પોલીસ કમિશ્નર,
રાજકોટ શહેર.

---

## જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ દ્વારા

## નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક નં : નધણ/ખ-૩/દુ.જે.એન.ડી.-૪૫૮૮૪/૩૧૬/ ૨૦૧૭.-આથી જાહેર કરે છે કે, શ્રી જુની ચાવંડ મહિલા દુધ ઉત્પાદક સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ : જુનીચાવંડ, તાલુકો : વિસાવદર, જિલ્લો : જૂનાગઢ.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

જુનાગઢ, ૬ માહે એપ્રિલ, સને ૨૦૧૭.

---

## નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક નં : નધણ/ખ-૩/સા.-૯૨૬૭/૩૧૨/ ૨૦૧૭.- આથી જાહેર કરે છે કે, શ્રી શ્રી સૌરાષ્ટ્ર ક્રેડીટ કો-ઓપરેટીવ સોસાયટી લી., મર્યાદિત સ્થળ : ખોરાસા(ગીર), તાલુકો : માળીયા(હાટીના), જિલ્લો : જૂનાગઢ.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

જુનાગઢ, ૬ માહે એપ્રિલ, સને ૨૦૧૭.

**ટી. સી. તીરથાણી**
જિલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
જુનાગઢ.

---

## નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : નધણ/૦૧/ખ-૩/૧૬૯/૧૬૫૮/૨૦૧૭.-જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ભાવનગર, આથી જાહેર કરે છે કે, શ્રી કંથારીયા મહિલા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., સ્થળ : કંથારીયા, તાલુકો : વલ્લભીપુર, જિ. ભાવનગર, સને ૧૯૬૧ નાં ગુજરાત સહકારી મંડળી અધિનિયમની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવેલ છે.

નોંધણી નં.: બીએનઆર સે.દૂ.-૪૫૩૧૩/૨૦૧૭, તા. ૨૩-૦૩-૨૦૧૭.

ભાવનગર, ૨૩ માહે માર્ચ, સને ૨૦૧૭.

---

## નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : નધણ/૦૧/ખ-૩/૧૬૬/૧૬૫૯/૨૦૧૭.-જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ભાવનગર, આથી જાહેર કરે છે કે, શ્રી દડવા મહિલા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., સ્થળ : દડવા, તાલુકો : ઉમરાળા, જિ. ભાવનગર, સને ૧૯૬૧ નાં ગુજરાત સહકારી મંડળી અધિનિયમની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવેલ છે.

નોંધણી નં. : બીએનઆર સે.દૂ.-૪૫૩૧૨/૨૦૧૭, તા. ૨૩-૦૩-૨૦૧૭.

ભાવનગર, ૨૩ માહે માર્ચ, સને ૨૦૧૭.

---

## નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : નધણ/૦૧/ખ-૩/૧૬૩/૧૬૬૦/૨૦૧૭.-જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ભાવનગર, આથી જાહેર કરે છે કે, શ્રી સર મહિલા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., સ્થળ : સર, તાલુકો : સિહોર, જિ. ભાવનગર, સને ૧૯૬૧ નાં ગુજરાત સહકારી મંડળી અધિનિયમની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવેલ છે.

નોંધણી નં. : બીએનઆર સે.દૂ.-૪૫૩૧૧/૨૦૧૭, તા. ૨૩-૦૩-૨૦૧૭.

ભાવનગર, ૨૩ માહે માર્ચ, સને ૨૦૧૭.

---

## નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : નધણ/૦૧/ખ-૩/૧૬૦/૧૬૬૧/૨૦૧૭.-જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ભાવનગર, આથી જાહેર કરે છે કે, શ્રી ઈંગોરાળા મહિલા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., સ્થળ : ઈંગોરાળા, તાલુકો : ઉમરાળા, જિ. ભાવનગર, સને ૧૯૬૧ નાં ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

નોંધણી નં. : બીએનઆર સે.દૂ.-૪૫૩૧૦/૨૦૧૭, તા. ૨૩-૦૩-૨૦૧૭.

ભાવનગર, ૨૩ માહે માર્ચ, સને ૨૦૧૭.

---

## નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : નધણ/૦૧/ખ-૩/૧૫૭/૧૬૬૨/૨૦૧૭.-જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ભાવનગર, આથી જાહેર કરે છે કે, શ્રી ચોકવા મહિલા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., સ્થળ : ચોકવા, તાલુકો : મહુવા, જિ. ભાવનગર, સને ૧૯૬૧ નાં ગુજરાત સહકારી મંડળી અધિનિયમની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવેલ છે.

નોંધણી નં. : બીએનઆર સે.દૂ.-૪૫૩૦૯/૨૦૧૭, તા. ૨૩-૦૩-૨૦૧૭.

ભાવનગર, ૨૩ માહે માર્ચ, સને ૨૦૧૭.

---

## નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : નધણ/૦૧/ખ-૩/૧૫૪/૧૬૬૩/૨૦૧૭.-જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ભાવનગર, આથી જાહેર કરે છે કે, શ્રી ધામણકા મહિલા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., સ્થળ : ધામણકા, તાલુકો : ઉમરાળા, જિ. ભાવનગર, સને ૧૯૬૧ નાં ગુજરાત સહકારી મંડળી અધિનિયમની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવેલ છે.

નોંધણી નં. : બીએનઆર સે.દૂ.-૪૫૩૦૮/૨૦૧૭, તા. ૨૩-૦૩-૨૦૧૭.

ભાવનગર, ૨૩ માહે માર્ચ, સને ૨૦૧૭.

---

## નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : નધણ/૦૧/ખ-૩/૧૫૧/૧૬૬૪/૨૦૧૭.-જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ભાવનગર, આથી જાહેર કરે છે કે, શ્રી ઘોઘા મહિલા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., સ્થળ : ઘોઘા, તાલુકો : ઘોઘા, જિ. ભાવનગર, સને ૧૯૬૧ નાં ગુજરાત સહકારી મંડળી અધિનિયમની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવેલ છે.

નોંધણી નં. : બીએનઆર સે.દૂ.-૪૫૩૦૭/૨૦૧૭, તા. ૨૩-૦૩-૨૦૧૭.

ભાવનગર, ૨૩ માહે માર્ચ, સને ૨૦૧૭.

---

## નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : નધણ/૦૧/ખ-૩/૧૭૫/૧૬૬૫/૨૦૧૭.-જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ભાવનગર, આથી જાહેર કરે છે કે, શ્રી પીથલપુર(ઓ) મહિલા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., સ્થળ : પીથલપુર(ઓ), તાલુકો : ઘોઘા, જિ. ભાવનગર, સને ૧૯૬૧ નાં ગુજરાત સહકારી મંડળી અધિનિયમની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવેલ છે.

નોંધણી નં. : બીએનઆર સે.દૂ.-૪૫૩૧૫/૨૦૧૭, તા. ૨૩-૦૩-૨૦૧૭.

ભાવનગર, ૨૩ માહે માર્ચ, સને ૨૦૧૭.

---

## નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : નધણ/૦૧/ખ-૩/૧૭૨/૧૬૬૬/૨૦૧૭.-જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ભાવનગર, આથી જાહેર કરે છે કે, શ્રી પાનસડા મહિલા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., સ્થળ : પાનસડા, તાલુકો : ગારીયાધાર, જિ. ભાવનગર, સને ૧૯૬૧ નાં ગુજરાત સહકારી મંડળી અધિનિયમની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવેલ છે.

નોંધણી નં. : બીએનઆર સે.દૂ.-૪૫૩૧૪/૨૦૧૭, તા. ૨૩-૦૩-૨૦૧૭.

ભાવનગર, ૨૩ માહે માર્ચ, સને ૨૦૧૭.

---

## નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : નધણ/૦૧/ખ-૩/૧૮૧/૧૭૩૦/૨૦૧૭.-જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ભાવનગર, આથી જાહેર કરે છે કે, શ્રી મેઘવદર મહિલા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., સ્થળ : મેઘવદર, તાલુકો : વલ્લભીપુર, જિ. ભાવનગર, સને ૧૯૬૧ નાં ગુજરાત સહકારી મંડળી અધિનિયમની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવેલ છે.

નોંધણી નં. : બીએનઆર સે.દૂ.-૪૫૩૧૭/૨૦૧૭, તા. ૨૩-૦૩-૨૦૧૭.

ભાવનગર, ૨૩ માહે માર્ચ, સને ૨૦૧૭.

---

## નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : નધણ/૦૧/ખ-૩/૧૭૮/૧૭૩૧/૨૦૧૭.-જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ભાવનગર, આથી જાહેર કરે છે કે, શ્રી ખેતાટીંબી મહિલા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., સ્થળ : ખેતાટીંબી, તાલુકો : વલ્લભીપુર, જિ. ભાવનગર, સને ૧૯૬૧ નાં ગુજરાત સહકારી મંડળી અધિનિયમની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવેલ છે.

નોંધણી નં. : બીએનઆર સે.દૂ.-૪૫૩૧૬/૨૦૧૭, તા. ૨૩-૦૩-૨૦૧૭.

ભાવનગર, ૨૩ માહે માર્ચ, સને ૨૦૧૭.

---

## નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : નધણ/૦૧/ખ-૩/૧૯૩/૧૭૩૨/૨૦૧૭.-જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ભાવનગર, આથી જાહેર કરે છે કે, શ્રી અધેલાઈ મહિલા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., સ્થળ : અધેલાઈ, તાલુકો : ભાવનગર, જિ. ભાવનગર, સને ૧૯૬૧ નાં ગુજરાત સહકારી મંડળી અધિનિયમની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવેલ છે.

નોંધણી નં. : બીએનઆર સે.દૂ.-૪૫૩૨૧/૨૦૧૭, તા. ૨૩-૦૩-૨૦૧૭.

ભાવનગર, ૨૩ માહે માર્ચ, સને ૨૦૧૭.

---

## નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : નધણ/૦૧/ખ-૩/૧૯૬/૧૭૩૩/૨૦૧૭.-જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ભાવનગર, આથી જાહેર કરે છે કે, શ્રી ભોજાવદર મહિલા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., સ્થળ : ભોજાવદર, તાલુકો : ઉમરાળા, જિ. ભાવનગર, સને ૧૯૬૧ નાં ગુજરાત સહકારી મંડળી અધિનિયમની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવેલ છે.

નોંધણી નં. : બીએનઆર સે.દૂ.-૪૫૩૨૨/૨૦૧૭, તા. ૨૩-૦૩-૨૦૧૭.

ભાવનગર, ૨૩ માહે માર્ચ, સને ૨૦૧૭.

---

## નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : નધણ/૦૧/ખ-૩/૧૮૭/૧૭૩૪/૨૦૧૭.-જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ભાવનગર, આથી જાહેર કરે છે કે, શ્રી પાટી મહિલા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., સ્થળ : પાટી, તાલુકો : વલ્લભીપુર, જિ. ભાવનગર, સને ૧૯૬૧ નાં ગુજરાત સહકારી મંડળી અધિનિયમની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવેલ છે.

નોંધણી નં. : બીએનઆર સે.દૂ.-૪૫૩૧૯/૨૦૧૭, તા. ૨૩-૦૩-૨૦૧૭.

ભાવનગર, ૨૩ માહે માર્ચ, સને ૨૦૧૭.

---

## નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : નધણ/૦૧/ખ-૩/૧૯૯/૧૭૩૫/૨૦૧૭.-જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ભાવનગર, આથી જાહેર કરે છે કે, શ્રી વાવડી મહિલા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., સ્થળ : વાવડી, તાલુકો : વલ્લભીપુર, જિ. ભાવનગર, સને ૧૯૬૧ નાં ગુજરાત સહકારી મંડળી અધિનિયમની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવેલ છે.

નોંધણી નં. : બીએનઆર સે.દૂ.-૪૫૩૨૩/૨૦૧૭, તા. ૨૩-૦૩-૨૦૧૭.

ભાવનગર, ૨૩ માહે માર્ચ, સને ૨૦૧૭.

---

## નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : નધણ/૦૧/ખ-૩/૧૯૦/૧૭૩૬/૨૦૧૭.-જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ભાવનગર, આથી જાહેર કરે છે કે, શ્રી ડંભાળીયા મહિલા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., સ્થળ : ડંભાળીયા, તાલુકો : ઉમરાળા, જિ. ભાવનગર, સને ૧૯૬૧ નાં ગુજરાત સહકારી મંડળી અધિનિયમની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવેલ છે.

નોંધણી નં. : બીએનઆર સે.દૂ.-૪૫૩૨૦/૨૦૧૭, તા. ૨૩-૦૩-૨૦૧૭.

ભાવનગર, ૨૩ માહે માર્ચ, સને ૨૦૧૭.

---

## નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : નધણ/૦૧/ખ-૩/૧૮૪/૧૭૩૭/૨૦૧૭.-જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ભાવનગર, આથી જાહેર કરે છે કે, શ્રી માલપરા મહિલા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., સ્થળ : માલપરા, તાલુકો : ઉમરાળા, જિ. ભાવનગર, સને ૧૯૬૧ નાં ગુજરાત સહકારી મંડળી અધિનિયમની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવેલ છે.

નોંધણી નં. : બીએનઆર સે.દૂ.-૪૫૩૧૮/૨૦૧૭, તા. ૨૩-૦૩-૨૦૧૭.

ભાવનગર, ૨૩ માહે માર્ચ, સને ૨૦૧૭.

**ડૉ. એચ. પી. પટેલ,**
જિલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
ભાવનગર.

---

## નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : નધણ/જ-૨/૧૮૧/આરજેટી:સે.-૪૪૯૮૬/ ૨૦૧૭.-જિલ્લા રજીસ્ટ્રાર, સ.મં., રાજકોટ, આથી જાહેર કરે છે કે, શ્રી નિલકંઠ શરાફી સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ : રાજકોટ, તાલુકો : રાજકોટ, જિલ્લો: રાજકોટ, સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

રાજકોટ, ૪ માહે એપ્રિલ, સને ૨૦૧૭.

---

## નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : નધણ/જ-૨/૧૮૩/આરજેટી:સે.-૪૪૯૮૭/૨૦૧૭.-જિલ્લા રજીસ્ટ્રાર, સ.મં., રાજકોટ, આથી જાહેર કરે છે કે, શ્રીજી જીનીંગ પ્રોસેસીંગ એન્ડ ખરીદ-વેચાણ સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ : સરધાર, તાલુકો : રાજકોટ, જિલ્લો: રાજકોટ, સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

રાજકોટ, ૧૧ માહે એપ્રિલ, સને ૨૦૧૭.

**સંગીતા રૈયાણી,**
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
રાજકોટ.

---

PRINTED AT THE GOVERNMENT PRESS, RAJKOT COMPLAINTS ABOUT GAZETTE MUST BE MADE WITHIN A FORTNIGHT FROM THE DATE OF THIS PUBLICATION ACCOMPANIED BY THE WRAPPER.

©

सत्यमेव जयते


# The Gujarat Government Gazette

## SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

*PUBLISHED BY AUTHORITY*

VOL. LVIII] THURSDAY, 27th APRIL, 2017/VAISHAKHA 07, 1939 No. 17


**Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central section in order that it may be filed as a separate compilation.**

# PART-I


| PART - I | Pages | PART - I - B | Pages |
|---|---|---|---|
| Government Notifications Appointments Promotions, Leave of absence, Rules and orders (Other than those published in Part-I-A, IV-A, IV-B, and IV-C) list of publications for sales etc., Miscellaneous Notifications Appoint-ments etc., | 513-530 | (Suppliment) Government Notifications Published under Land Acquisition Act only Supplement. | Nil |
| **PART - I - A** | | **PART - II** | |
| Order and Notifications (Other than those published in Part-IV-B) under the Gujarat Local Boards, Village Panchayats, Municipals, Boroughs, (Districts) Municipals Primary Education and Local Fund Audits, Acts., | Nil | Miscellaneous Notices, Advertisments, List of Books Sanctioned by the Director of Education, List of Jurors. Schedule of Estates by the Official Assignee, Summary of Births and Deaths, etc., | 711-766 |
| | | **PART - III** | |
| | | Miscellaneous Supplements Season and Crop Reports, Prices, Current Rainfalls Returns, District Local Boards Accounts etc., | Nil |

# GOVERNMENT NOTIFICATIONS, ORDERS APPOINTMENTS, ETC.
## SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION
## NOTIFICATION
### MISCELLANEOUS NOTIFICATIONS APPOINTMENTS ETC.

### કલેક્ટર દ્વારા

વંચાણ :

(૧) ધી કેરોસીન (રીસ્ટ્રીકશન ઓન યુઝ એન્ડ ફીક્સેશન ઓફ સેલીંગ પ્રાઈઝ) ઓર્ડર-૧૯૯૩.

(૨) અત્રેના જાહેરનામાં નાં. સપ-કસન પરીવહન-દર-વધારો-૨૦૧૪, તા. ૨૦-૦૯-૨૦૧૪.

(૩) અત્રેના જાહેરનામા નાં. સપ/કસન/ભાવ/મુકરર/૨/૨૦૧૭, તા. ૦૨-૦૨-૨૦૧૭.

(૪) સરકારશ્રીના પત્ર નાં : કસન/૧૦૨૦૧૬/૩૭૩/બ, તા. ૦૩-૦૪-૨૦૧૭.

### જાહેરનામું

નં. સપ-કસન-ભાવ-મુકરર-૪-૨૦૧૭.-અત્રેના વંચાણ-(૨) વાળા જાહેરનામાથી પરિવહન સમિતિની બેઠકમાં વિચારણા મુજબ પરીવહન દર માટેના ભાવ નક્કી થયેલ હતા. ત્યાર બાદ ડીલર્સના કમીશનમાં વધારો થતા ક્રમ-(૩) વાળા જાહેરનામાથી ઘરગથ્થુ વપરાશના કેરોસીનના એક કીલોલીટરના જથ્થાબંધ વેંચાણભાવ તથા એક લીટરનો છુટક વેચાણ ભાવ દરેક તાલુકાવાઈઝ નક્કી કરવામાં આવેલ.

સરકારશ્રીના અન્ન નાગરિક પુરવઠા વિભાગ ગાંધીનગરના વંચાણ-(૪) વાળા પત્ર મુજબ કંપનીના ૧ કે.એલ.ના ભાવ જુના રૂા. ૧૬૦૮૪.૦૧/- હતા. તે વધારીને નવો ભાવ ૧ કે.એલ.નો રૂા. ૧૬૩૩૪.૦૧/- કરેલ છે. જેથી જથ્થાબંધ ભાવમાં કંપનીઓએ રૂા. ૨૫૦/- ભાવ વધારો જાહેર કરેલ છે. તે નજરે જથ્થાબંધ ભાવ તથા છુટક ભાવ તા. ૧ એપ્રિલ/૨૦૧૭ થી નવેસરથી નક્કી કરવાના રહેશે.તેવું જણાવેલ છે. તે નજરે કેરોસીનના કચ્છ જિલ્લાના દરેક તાલુકાના એક કિલોલીટરના (૧૦૦૦ લીટર) જથ્થાબંધ વેંચાણ ભાવ તથા એક લીટરના છુટક વેંચાણ ભાવ નકકી કરવાના રહે છે. સબબ ઉપરોકત વિગત ધ્યાને લેતાં વંચાણ-(૧) વાળા ઓર્ડરથી મને મળેલ અધિકારની રૂએ હું, કલેકટર-કચ્છ કંડલા ઈન્સ્ટોલેશન ડેપોથી આવતા ઘરગથ્થુ વપરાશના કેરોસીનના એક કીલો લીટરના કંપનીના વધેલ ભાવ નજરે જથ્થાબંધ વેંચાણ ભાવ તથા એક લીટરના છુટક વેંચાણ ભાવ આ સાથેના પત્રકની વિગતે તાલુકાવાઈઝ નીચે મુજબ નક્કી કરવાનું ઠરાવું છું.

| અનુ. નં. | તાલુકાના મુખ્ય મથકનું નામ | એક કિલો લીટર કેરોસીનના તાલુકાના મુખ્ય મથક માટેના જથ્થાબંધ વેંચાણ ભાવ (૧૦૦૦ લીટર) રૂા. પૈસા | એક લીટર કેરોસીનનો તાલુકાના મુખ્ય મથક માટેના છુટક વેચાણ ભાવ રૂા. પૈસા | વિશેષ નોંધ |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧ | ગાંધીધામ | ૧૭૬૨૨.૨૩ | ૧૮.૨૪ | -- |
| ૨ | અંજાર | ૧૭૬૯૮.૧૩ | ૧૮.૩૨ | -- |
| ૩ | ભચાઉ | ૧૭૭૬૭.૬૩ | ૧૮.૩૮ | -- |
| ૪ | ભુજ | ૧૭૯૨૭.૬૩ | ૧૮.૫૫ | -- |
| ૫ | મુન્દ્રા | ૧૭૯૨૮.૬૩ | ૧૮.૫૫ | -- |
| ૬ | રાપર | ૧૮૦૧૮.૦૮ | ૧૮.૬૪ | -- |
| ૭ | માંડવી | ૧૮૧૩૮.૩૩ | ૧૮.૭૬ | -- |
| ૮ | નખત્રાણા | ૧૮૧૩૦.૯૩ | ૧૮.૭૫ | -- |
| ૯ | અબડાસા, મુ. નલીયા | ૧૮૨૮૬.૩૩ | ૧૮.૯૦ | -- |
| ૧૦ | લખપત, મુ. દયાપર | ૧૮૪૦૨.૮૮ | ૧૯.૦૨ | -- |

ઉપર મુજબના મુકરર કરવામાં આવેલ ભાવો જિલ્લાના તાલુકાના મુખ્ય મથકના હોઈ કેરોસીનના ઓઈલ કંપનીનાં જથ્થાબંધ વિક્રેતાઓ કેરોસીનના છુટક વિક્રેતાના સ્થળ સુધી કેરોસીનની ડીલીવરી આપવા જાય ત્યારે ૦ થી ૧૦(દશ) કિ.લો. મીટરના દરેક સ્ટેજે વધુમાં વધુ ૫૦કિ.મી સુધી ૧ (એક) લીટરે ૧૦ (દસ) પૈસા જે વધુમાં વધુ પચાસ કિ.મી.ની મર્યાદામાં સ્ટેજ ચાર્જ લઈ શકશે.

કેરોસીનના છુટક વિક્રેતા સ્ટેજ ખર્ચની રકમ બિલ મુજબ ગણતરી કરતા નજીકના ૦૫ (પાંચ) પૈસાના ગુણાંકમાં છુટક વિક્રેતા કેરોસીનના વેંચાણ બિલ બનાવી કેરોસીનનું વેચાણ કરી શકશે.

આ જાહેરનામાંનો અમલ તા. ૦૧-૦૪-૨૦૧૭ ની તારીખની અસરથી કરવાનો રહેશે.

કચ્છ-ભુજ, ૦૭ માહે એપ્રિલ, સને ૨૦૧૭.

જિલ્લો : કચ્છ ઘરગથ્થું વપરાશના કેરોસીનના જથ્થાબંધ વેચાણ ભાવ તથા છુટક વેચાણ ભાવ નકકી કરવાની કિંમત દર્શાવતું પત્રક એપ્રિલ-૨૦૧૭

| ક્રમ | વિગત | કચ્છ જિલ્લાના તાલુકાના મુખ્ય મથકનું નામ (તાલુકા) | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | ગાંધીધામ | અંજાર | ભચાઉ | ભુજ | મુન્દ્રા | રાપર | નખત્રાણા | માંડવી | અબડાસા, મુ.નલીયા | લખપત, મુ.દયાપર |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ |
| ૧ | એક કિલોલીટરના ઓઈલ કંપનીના વેંચાણ ભાવ રૂપિયા | ૧૬૩૩૪.૦૧ | ૧૬૩૩૪.૦૧ | ૧૬૩૩૪.૦૧ | ૧૬૩૩૪.૦૧ | ૧૬૩૩૪.૦૧ | ૧૬૩૩૪.૦૧ | ૧૬૩૩૪.૦૧ | ૧૬૩૩૪.૦૧ | ૧૬૩૩૪.૦૧ | ૧૬૩૩૪.૦૧ |
| ૨ | જથ્થાબંધ વિક્રેતાનું કમીશન રૂા. (૧ કે. એલ. ના) કેન્દ્રનું રૂા. ૭૮૭.૮૨+રાજ્યનું રૂા. ૧૮૦.૩૦=કુલ રૂા. ૯૬૮.૧૨. | ૯૬૮.૧૨ | ૯૬૮.૧૨ | ૯૬૮.૧૨ | ૯૬૮.૧૨ | ૯૬૮.૧૨ | ૯૬૮.૧૨ | ૯૬૮.૧૨ | ૯૬૮.૧૨ | ૯૬૮.૧૨ | ૯૬૮.૧૨ |
| ૩ | એક કિલોલીટરનો પરિવહન દર રૂપિયા | ૩૨૦.૧૦ | ૩૯૬.૦૦ | ૪૬૫.૫૦ | ૬૨૬.૫૦ | ૬૨૬.૫૦ | ૭૧૫.૯૫ | ૮૨૮.૮૦ | ૮૩૬.૨૦ | ૯૮૪.૨૦ | ૧૧૦૦.૭૫ |
| ૪ | એક કિલોલીટર કેરોસીનનું જથ્થાબંધ વેંચાણ ભાવ રૂપિયા. | ૧૭૬૨૨.૨૩ | ૧૭૬૯૮.૧૩ | ૧૭૭૬૭.૬૩ | ૧૭૯૨૮.૬૩ | ૧૭૯૨૮.૬૩ | ૧૮૦૧૮.૦૮ | ૧૮૧૩૦.૯૩ | ૧૮૧૩૮.૩૩ | ૧૮૨૮૬.૩૩ | ૧૮૪૦૨.૮૮ |
| ૫ | એક કિલોલીટર કેરોસીનનું છુટક વિક્રેતાનું કમિશન રૂપિયા ૫૬૩.૦૦ +રાજ્યનું એકસ્ટ્રા ઓર્ડીનરી કમિશન રૂા. ૫૪.૦૦= કુલ રૂા. ૬૧૭.૦૦ | ૬૧૭.૦૦ | ૬૧૭.૦૦ | ૬૧૭.૦૦ | ૬૧૭.૦૦ | ૬૧૭.૦૦ | ૬૧૭.૦૦ | ૬૧૭.૦૦ | ૬૧૭.૦૦ | ૬૧૭.૦૦ | ૬૧૭.૦૦ |
| ૬ | એક કિલોલીટર કેરોસીનના કુલ રૂપિયા. | ૧૮૨૩૯.૨૩ | ૧૮૩૧૫.૧૩ | ૧૮૩૮૪.૬૩ | ૧૮૫૪૫.૬૩ | ૧૮૫૪૫.૬૩ | ૧૮૬૩૫.૦૮ | ૧૮૭૪૭.૯૩ | ૧૮૭૫૫.૩૩ | ૧૮૯૦૩.૩૩ | ૧૯૦૧૯.૮૮ |
| ૭ | એક લીટર કેરોસીનનું છુટક વેચાણ ભાવ રૂા. | ૧૮.૨૪ | ૧૮.૩૨ | ૧૮.૩૮ | ૧૮.૫૫ | ૧૮.૫૫ | ૧૮.૬૪ | ૧૮.૭૫ | ૧૮.૭૬ | ૧૮.૯૦ | ૧૯.૦૨ |

કચ્છ-ભુજ, ૦૭ માહે એપ્રિલ, સને ૨૦૧૭.

એમ. એ. ગાંધી
કલેકટર, કચ્છ.

INDEX

વંચાણે લીધાં :

(૧) આ કચેરીના તા. ૨-૦૨-૨૦૧૭ ના હુકમ નં. : પરવ/કસન/વશી/૨૨/૧૭.

(૨) ઉપસચિવશ્રી, અન્ન અને નાગરિક પુરવઠા અને ગ્રા.બા. વિભાગ, ગાંધીનગરના તા. ૦૩-૦૪-૨૦૧૭ ના પત્ર ક્રમાંક : કસન-૧૦૨૦૧૭-૨૨૭-બ.

(૩) સરકારશ્રીના ઉપસચિવશ્રી તા. ૦૬-૦૯-૨૦૧૬ ના પત્ર ક્રમાંક : કસન-૧૦૨૦૧૬-૩૭૩-બ.

## હુકમ

નં. પરવ/કસન/વશી/૬૪/૧૭.-વંચાણે લીધેલ સંદર્ભ-૧ના આ કચેરીના હુકમથી વાડીનાર એસ્સાર ઓઈલ કં. ટર્મીનલ ઉપરથી આવતા જાહેર વિતરણ યોજના હેઠળના કેરોસીનના જથ્થાબંધ તેમજ છુટક વિતરણના ભાવો નક્કી કરવામાં આવેલ છે.

ઉક્ત વંચાણ–૨ના સરકારશ્રીના સેકશન અધિકારીશ્રી, અન્ન અને નાગરિક પુરવઠા અને ગ્રા.બા. વિભાગ, ગાંધીનગરના તા. ૦૩-૦૪-૨૦૧૭ના પત્ર ક્રમાંક : કસન-૧૦૨૦૧૭-૨૨૭-બ થી તથા Bharat Petroleum Corporation Limited નો તા. ૦૩-૦૪-૨૦૧૭ ના મેઈલ તથા ઈન્ડીયન ઓઈલ કોર્પોરેશન લી., અમદાવાદએ Ex-Mi Rates તેઓના તા. ૦૩-૦૪-૨૦૧૭ ના પત્ર ક્રમાંક : Ref : SLC/PDS-SKO/Gujarat થી પીડીએસ કેરોસીન બાબતે વિવિધ સપ્લાય પોઈન્ટના Ex-Mi Ratesમાં થયેલ ફેરફારથી પીડીએસ કેરોસીનના નવા ભાવ જાહેર કરેલ હોય તે મુજબ જિલ્લામાં કેરોસીનના ભાવ નિયત કરવા જણાવવામાં આવેલ છે. દેવભૂમિ દ્વારકા જિલ્લામાં Ex-Mi Rates રૂા. ૧૬૦૫૨/- હતાં જેમાં રૂા. ૨૫૦/- નો વધારો થઈ નવા ભાવ રૂા. ૧૬૩૦૨/- નિયત કરવામાં આવેલ છે.

સબબ, કેરોસીન (રીસ્ટ્રીકશન ઓન યુઝ એન્ડ ફિકસેશન ઓફ સેલીંગ પ્રાઈઝ) ઓર્ડર ૧૯૯૩ ની કંડીકા-૨ના સબ કલોઝ-ડી(૧) થી મળેલ સત્તાની રૂએ દેવભૂમિ દ્વારકા જિલ્લાના દરેક તાલુકા માટે જાહેર વિતરણ યોજના હેઠળ વેચાણ થતા એસ્સાર ઓઈલ કં. લી., વાડીનાર ઉપરથી આવતા કેરોસીનના જથ્થાબંધ તથા છુટક વેચાણ ભાવ આ સાથેના પરિશિષ્ટ-૧ ની વિગતે આથી હુકમ કરવામાં આવે છે.

સદરહું નિયત ભાવથી વધુ ભાવે વેચાણ કરનાર એજન્ટ, જથ્થાબંધ કે છુટક વિક્રેતા, વાજબી ભાવના દુકાનદાર સામે ધી કેરોસીન (વપરાશ પર નિયંત્રણ અને અધિકતમ કિંમત નક્કી કરવા) બાબત હુકમ-૧૯૯૩ ની કલમ-૪(૧) સી તેમજ ગુજરાત આવશ્યક ચીજવસ્તુ (પરવાના નિયંત્રણ અને જથ્થા જાહેરાત) આદેશ-૧૯૮૧ ની કલમ-૨૨ ના ભંગ બદલ આવશ્યક ચીજવસ્તુ અધિનિયમ-૧૯૫૫ ની કલમ-૩ ના ભંગ ગણી શિક્ષાત્મક કાનુની કાર્યવાહી કરવામાં આવશે.

આ હુકમથી નિયત કરવામાં આવેલ ભાવ તા. ૦૧-૦૪-૨૦૧૭ થી અમલમાં આવશે.

## પરિશિષ્ટ-૧

**એસ્સાર ઈન્ડસ્ટ્રીઝ ઈન્સ્ટોલેશન ઉપરથી આવતા એક કિલોલીટર કેરોસીન જથ્થાબંધ તથા છુટક વેચાણ ભાવ**

**સરકારશ્રીના અન્ન અને નાગરિક પુરવઠા અને ગ્રા.બા. વિભાગ, ગાંધીનગરના**

**તા. ૦૩-૦૪-૨૦૧૭ ના પત્ર ક્રમાંક : કસન-૧૦૨૦૧૬-૩૭૩-બ અન્વયે**

**આ કચેરીના તા. ૦૬-૦૪-૨૦૧૭ ના હુકમ ક્રમાંક : નાં. પરવ/કસન/વશી/૬૪/૧૭ સાથેનું પત્રક**

| ક્રમ | તાલુકાનું નામ | એજન્ટ/જથ્થાબંધ વિક્રેતાએ વેચાણ કરવાનો એક કિલોલીટરનો ભાવ રૂા. પૈસા | છુટક વિક્રેતા/વાજબી ભાવના દુકાનદાર/ ફેરિયાએ વેચાણ કરવાનો છુટક એક લીટરનો ભાવ રૂા. પૈસા |
|---|---|---|---|
| ૧ | ખંભાળીયા | ૧૮૪૮૩.૧૪ | ૧૯.૧૦ |
| ૨ | ભાણવડ | ૧૮૫૭૦.૨૬ | ૧૯.૨૦ |
| ૩ | કલ્યાણપુર | ૧૮૭૩૬.૨૦ | ૧૯.૩૫ |
| ૪ | દ્વારકા | ૧૮૯૫૧.૯૩ | ૧૯.૫૫ |

INDEX

**નોંધ** :- આ હુકમથી નક્કિ કરેલ ભાવથી વધુ ભાવ લેવામાં આવવાનો કિસ્સો ધ્યાને આવશે તો સંબંધકર્તા સામે શિક્ષાત્મક કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

દેવભૂમિ દ્વારકા, ૦૬ માહે એપ્રિલ, સને ૨૦૧૭.

---

એસ્સાર ઈન્ડસ્ટ્રીઝ લી., વાડીનાર ઈન્સ્ટોલેશન ઉપરથી આવતા એક કિલોલીટરના કેરોસીનના જથ્થાબંધ તથા છુટક વેચાણ ભાવ
જિલ્લો : દેવભૂમિ દ્વારકા

| ક્રમ | વિગત | ખંભાળીયા ૪૩ કી.મી. | ભાણવડ ૧૨૧ કી.મી. | કલ્યાણપુર ૧૬૧ કી.મી. | દ્વારકા ૨૧૩ કી.મી. |
|---|---|---|---|---|---|
| 1 | રાઉન્ડ ટ્રીપ અંતર કિ.મી. (આવક-જાવક) | 43 | 121 | 161 | 213 |
| 2 | એકસ કંપની ડેપો ભાવ | 16302.00 | 16302.00 | 16302.00 | 16302.00 |
| 3 | ટ્રાન્સ ચાર્જીસ ૧૦૦ કી.મી. સુધીના એક કે.એલ. ના રૂા. ૮૧૦.૭૮ પૈસા | 810.78 | 810.78 | 810.78 | 810.78 |
| 4 | ટ્રાન્સપોર્ટ ચાર્જીસ (રૂા. ૩.૫૫ પૈસા) + ૦.૪૨ પૈસા પ્રતિ કિલી મુજબ= ૩.૯૭ પૈસા પ્રતિ કે.એલ./પ્રતિ કી.મી. ૧૦૦ કી.મી. ઉપર | 0.00 | 83.37 | 242.17 | 448.61 |
| 5 | ડોરસ્ટેપ ડીલીવરી પરીવહન દર એક કે.એલ.ના | 350.00 | 350.00 | 350.00 | 350.00 |
| 6 | ભાડાની રકમના (ક્રમ નં. ૩+૪+૫ ની રકમ) ૩૦% રકમ ઉપર ૧૫.૦૦% લેખે લેવામાં આવતો સર્વીસ ટેક્ષ | 52.24 | 55.99 | 63.13 | 72.42 |
| 7 | એજન્ટ કમીશન. કેન્દ્ર-૭૮૭.૮૨ + રાજય- ૧૮૦.૩૦ (ભારત સરકારશ્રીના તા. ૨૮-૧૦-૨૦૧૬ નો પત્ર તથા સરકારશ્રીના તા. ૨૯-૧૦-૨૦૧૬ ના પત્ર ક્રમાંકઃ કસન/૧૦૨૦૧૬/જીઓઆઈ-૬-બ અન્વયે ૭૧૪.૧૮ સામે ૭૮૭.૮૨ @ ૭૩.૬૪ નો વધારો | 968.12 | 968.12 | 968.12 | 968.12 |
| 8 | જથ્થાબંધ ૧ કીલોલીટરનાં ભાવ | 18483.14 | 18570.26 | 18736.20 | 18951.93 |
| 9 | છુટક વિક્રેતા કમીશન+એકસ્ટ્રા ચાર્જ ૫૬૩-૦૦ + ૫૪-૦૦ (સરકારશ્રીના તા. ૨૮-૭-૧૪ ના ઠરાવ ક્રમાંકઃ કસન/૧૦૨૦૧૨/એમપી/૧૧/બ મુજબ) | 617.00 | 617.00 | 617.00 | 617.00 |
| 10 | કુલ | 19100.14 | 19187.26 | 19353.20 | 19568.93 |
| 11 | ૧ લીટરનો ભાવ | 19.10 | 19.19 | 19.35 | 19.57 |
| 12 | સરકારશ્રીના તા. ૧૫-૩-૮૩ ના ઠરાવની જોગવાઈ મુજબ નજીકના પાંચ પૈસાના રાઉન્ડ ફીગર લક્ષમાં લેતા નક્કી થતા ૧ લીટરના ભાવ. | 19.10 | 19.20 | 19.35 | 19.55 |

દેવભૂમિ દ્વારકા, ૦૬ માહે માર્ચ, સને ૨૦૧૭.

**એચ. કે. પટેલ,**
કલેકટર, દેવભૂમિ દ્વારકા.

---

## જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

### ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭ની પેટા કલમ-૩ હેઠળનું

### જાહેરનામું

નં. એમએજી/સી/૩૭૩/૭૬૧૨/૨૦૧૭.-તાજેતરના ભૂતકાળમાં ગુજરાતમાં વિવિધ સમાજ જુથો દ્વારા અનામતની માંગણી, સમર્થન, તરફેણ અને વિરૂધ્ધમાં આંદોલનો અને રજુઆતો થતાં રહયા હતા. તે તથા તેના જેવા અન્ય મુદ્દાઓ પરત્વે વિવિધ સામાજીક અને અન્ય પ્રકારના જુથો દ્વારા વિવિધ પ્રકારની માંગણી કે બચાવના આઘાત/પ્રત્યાઘાત રૂપે આવેદનપત્રો આપવા, ધરણાઓ કરવા, વિરોધ પ્રદર્શન-રેલીઓ કાઢવાની પરવાનગી સાથે કે પરવાનગી વગરની ચેષ્ટાઓ થઈ રહી છે. જેના કારણે સમયાંતરે વિવિધ સમાજ જુથો દ્વારા ધરણા, દેખાવો સહીતના આકસ્મિક કાર્યક્રમો થવાની શકયતાને નકારી શકાય નહી. ઉપરાંત પોરબંદર નગરપાલિકા વિસ્તારમાં ભૂગર્ભ ગટર યોજનાની કામગીરી તથા તેને કારણે ખોદાયેલ રસ્તાઓનો પ્રશ્ન રહેલો છે, જે બાબતે પણ જુદા જુદા લોક જુથો દ્વારા રજૂઆત, એક યા બીજા કારણોસર વિરોધ પ્રદર્શન થતું રહે છે. તેના કારણે કોઈપણ સમયે સુલેહ શાંતિભંગ થવાની શકયતા નકારી શકાય નહી. સબબ, પોરબંદર જિલ્લામાં અગમચેતીના પગલા રૂપે સભા, સરઘસ, રેલી, ધરણા, ઉપવાસ જેવા કાર્યક્રમો વખતે કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતી જળવાઈ રહે અને પોલીસની કામગીરીમાં મદદરૂપ થઈ શકે તે માટે ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૩) મુજબનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા પોલીસ અધિક્ષકશ્રી, પોરબંદર તરફથી તા. ૦૭-૦૪-૨૦૧૭ થી દરખાસ્ત થઈ આવેલ છે. જે દરખાસ્તની વિગતે તથા પ્રવર્તમાન સંજોગો નજરે પોલીસ અધિક્ષકશ્રી, પોરબંદરની દરખાસ્ત મુજબ આ જિલ્લામાં ઉકત જાહેરનામું બહાર પાડવુ ઈષ્ટ જણાય છે. તેથી ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭ની પેટા કલમ-૩થી મળેલ અધિકારની રૂઈએ હું, **દિનેશ પટેલ, આઈ.એ.એસ., જિલ્લા મેજીસ્ટ્રેટ, પોરબંદર જિલ્લો, પોરબંદર, આથી સમગ્ર પોરબંદર જિલ્લા વિસ્તારમાં તા. ૧૫-૦૪-૨૦૧૭ થી તા. ૨૮-૦૪-૨૦૧૭ સુધી બન્ને દિવસો સહિતની** મુદત માટે કોઈપણ સભા, મંડળી કે સરઘસ માટે મનાઈ ફરમાવું છું. આ હુકમ નીચેનાને લાગુ પડશે નહિ.

૧. ફરજ ઉપર હોય તેવી ગૃહરક્ષક મંડળી.

૨. સરકારની નોકરીએ અવરજવર કરતી હોય તે વ્યકિત.

૩. લગ્નનો વરઘોડો.

૪. સરકારશ્રી તરફથી યોજવામાં આવતા કાર્યક્રમો.

૫. સક્ષમ અધિકારીની કાયદેસર પરવાનગી લઈને કાઢેલા સરઘસ સહીતના કાર્યક્રમો.

આ હુકમનું પાલન ન કરનાર અથવા તેનું પાલન ન કરવામાં કોઈને મદદ કરનાર ગુન્હો સાબિત થયે સદરહુ અધિનિયમની કલમ-૧૩૫ની પેટા કલમ-૩ મુજબ રૂા. ૨૦૦/- સુધીના દંડની શિક્ષાને પાત્ર ઠરશે તેમજ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ ગુન્હો સાબિત થયે તે વ્યકિતને એક માસની સાદી કેદ, અથવા રૂા. ૨૦૦/- સુધીના દંડ અથવા બન્ને શિક્ષા થઈ શકે અને હુકમની અવગણનાથી માનવજીવન અથવા સ્વાસ્થ્ય અથવા સલામતી માટે કોઈપણ ભય ઉત્પન્ન કરે અથવા કોઈ હુલ્લડ કરે કે બખેડો કરે તો તેવી વ્યકિતને છ માસ સપરિશ્રમ અથવા સાદી કેદ અથવા રૂા. ૧૦૦૦/- એક હજાર સુધીના દંડ સહિતની બન્ને શિક્ષાને પાત્ર ઠરશે.

આજ તા. ૧૫-૦૪-૨૦૧૭ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો લગાવી જાહેર જનતાની જાણ તથા અમલ માટે પ્રસિધ્ધ કર્યુ.

પોરબંદર, ૧૫ માહે એપ્રિલ, સને ૨૦૧૭.

**દિનેશ પટેલ,**
જિલ્લા મેજીસ્ટ્રેટ,
પોરબંદર.

---

## અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

### ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭ની પેટા કલમ-૧ તથા ૩ અન્વયેનો હુકમ

### જાહેરનામું

નં. હોમ/પલસ/૩/વશી/૪૯૬૭ થી ૫૦૩૦/૨૦૧૭.-(૧) હાલની પ્રવર્તમાન પરિસ્થિતિને અનુલક્ષીને સમગ્ર અમરેલી જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાય રહે તે માટે તેમજ જાહેર સુલેહ શાંતિ અને સલામતી જાળવવા માટે ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭ની પેટા કલમ-૧ તથા કલમ-૩ અન્વયે પગલા લેવા પુરતા કારણો છે. તેની મને ખાત્રી થઈ છે.

## હુકમ

નં. પરવ/કસન/વશી/૮૮૭/૧૭.-વંચાણે લીધેલ સંદર્ભ-૧ના આ કચેરીના હુકમથી વાડીનાર એસ્સાર ઓઈલ કાં. ટર્મીનલ ઉપરથી આવતા જાહેર વિતરણ યોજના હેઠળના કેરોસીનના જથ્થાબંધ તેમજ છુટક વિતરણના ભાવો નક્કી કરવામાં આવેલ છે.

ઉક્ત વંચાણ–૨ના સરકારશ્રીના ઉપસચિવશ્રી, અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રા.બા. વિભાગ, ગાંધીનગરના તા. ૦૨-૦૫-૨૦૧૭ના પત્ર ક્રમાંક : કસન-૧૦૨૦૧૭-૨૨૭-બ થી તથા Bharat Petroleum Corporation Limited નો તા. ૦૧-૦૫-૨૦૧૭ ના મેઈલ તથા ઈન્ડીયન ઓઈલ કોર્પોરેશન લી., અમદાવાદએ Ex-Mi Rates તેઓના તા. ૦૧-૦૫-૨૦૧૭ ના પત્ર ક્રમાંક : Ref : SLC/PDS-SKO/Gujarat થી પીડીએસ કેરોસીન બાબતે વિવિધ સપ્લાય પોઈન્ટના Ex-Mi Ratesમાં થયેલ ફેરફારથી પીડીએસ કેરોસીનના નવા ભાવ જાહેર કરેલ હોય તે મુજબ જિલ્લામાં કેરોસીનના ભાવ નિયત કરવા જણાવવામાં આવેલ છે. દેવભૂમિ દ્વારકા જિલ્લામાં Ex-Mi Rates રૂા. ૧૬૫૫૨/- હતાં જેમાં રૂા. ૨૫૦/- નો વધારો થઈ નવા ભાવ રૂા. ૧૬૮૦૨/- નિયત કરવામાં આવેલ છે.

ઉકત નંચાણે લીધા-૩ થી સરકારશ્રીના ઉપસચિવશ્રી, અ.ના.પુ. અને ગ્રા.બા. વિભાગ, ગાંધીનગરના તા. ૧૫-૦૪-૨૦૧૭ ના ઠરાવથી જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળના કેરોસીનના છુટક વિક્રેતાના કમીશનમાં અગાઉ નક્કી કરેલ કમિશન રૂા. ૫૬૩.૦૦ હતુ. તથા એકસ્ટ્રા ઓર્ડીનરી ચાર્જીસ રૂા. ૫૪ હતાં. જે કમિશનમાં વધારો કરી ૯૪૬.૦૦ (નવસો છેતાલીસ રૂપિયા પુરા)- કરી આપવા ઠરાવ થઈ આવેલ છે. દેવભૂમિ દ્વારકા જિલ્લામાં કેરોસીનના છુટક વિક્રેતાના કમીશન અગાઉ હતું ૫૬૩.૦૦ જેમાં રૂા. ૩૮૩ નો વધારો કરી ૯૪૬.૦૦ નિયત કરવામાં આવેલ છે.

ઉપર્યુકત ઠરાવની વિગતે કેરોસીનના છુટક વિક્રેતાઓને એક કિલો લીટર દીઠ રૂા. ૫૪.૦૦ અધર એકસ્ટ્રા ઓર્ડીનરી ચાર્જીસ તરીકે આપવામાં આવે છે. આ રકમ ઉપર જણાવેલ કમીશન ઉપરાંત આપવાની રહેશે. અર્થાત કેરોસીનના છુટક વિક્રેતાના કમીશન કિ.લો.લીટર દીઠ + અધર એકસ્ટ્રા ઓર્ડીનરી ચાર્જીસ કિ.લો. લીટર દીઠ (૯૪૬.૦૦+૫૪.૦૦=૧૦૦૦) નિયત કરવામાં આવે છે.

સબબ, કેરોસીન (રીસ્ટ્રીકશન ઓન યુઝ એન્ડ ફિકસેશન ઓફ સેલીંગ પ્રાઈઝ) ઓર્ડર ૧૯૯૩ ની કંડીકા-૨ ના સબ કલોઝ-ડી(૧) થી મળેલ સત્તાની રૂએ દેવભૂમિ દ્વારકા જિલ્લાના દરેક તાલુકા માટે જાહેર વિતરણ યોજના હેઠળ વેચાણ થતા એસ્સાર ઓઈલ કાં. લી., વાડીનાર ઉપરથી આવતા કેરોસીનના જથ્થાબંધ તથા છુટક વેચાણ ભાવ આ સાથેના પરિશિષ્ટ-૧ ની વિગતે આથી હુકમ કરવામાં આવે છે.

સદરહું નિયત ભાવથી વધુ ભાવે વેચાણ કરનાર એજન્ટ, જથ્થાબંધ કે છુટક વિક્રેતા, વાજબી ભાવના દુકાનદાર સામે ધી કેરોસીન (વપરાશ પર નિયંત્રણ અને અધિકતમ કિંમત નક્કી કરવા) બાબત હુકમ-૧૯૯૩ ની કલમ-૪(૧) સી તેમજ ગુજરાત આવશ્યક ચીજવસ્તુ (પરવાના નિયંત્રણ અને જથ્થા જાહેરાત) આદેશ-૧૯૮૧ ની કલમ-૨૨ ના ભંગ બદલ આવશ્યક ચીજવસ્તુ અધિનિયમ-૧૯૫૫ ની કલમ-૩ ના ભંગ ગણી શિક્ષાત્મક કાનુની કાર્યવાહી કરવામાં આવશે.

આ હુકમથી નિયત કરવામાં આવેલ ભાવ તા. ૦૧-૦૫-૨૦૧૭ થી અમલમાં આવશે.

## પરિશિષ્ટ-૧

એસ્સાર ઈન્ડસ્ટ્રીઝ ઈન્સ્ટોલેશન ઉપરથી આવતા એક કિલોલીટર કેરોસીન જથ્થાબંધ તથા છુટક વેચાણ ભાવ

સરકારશ્રીના અન્ન અને નાગરિક પુરવઠા અને ગ્રા.બા. વિભાગ, ગાંધીનગરના

તા. ૦૨-૦૫-૨૦૧૭ ના પત્ર ક્રમાંક : કસન-૧૦૨૦૧૭-૨૨૭-બ અન્વયે

આ કચેરીના તા. ૦૨-૦૫-૨૦૧૭ ના હુકમ ક્રમાંક : નાં. પરવ/કસન/વશી/૮૮૭/૧૭ સાથેનું પત્રક

| ક્રમ | તાલુકાનું નામ | એજન્ટ/જથ્થાબંધ વિક્રેતાએ વેચાણ કરવાનો એક કિલોલીટરનો ભાવ રૂા. પૈસા | છુટક વિક્રેતા/વાજબી ભાવના દુકાનદાર/ ફેરિયાએ વેચાણ કરવાનો છુટક એક લીટરનો ભાવ રૂા. પૈસા |
|---|---|---|---|
| ૧ | ખંભાળીયા | ૧૮૯૮૩.૧૪ | ૨૦.૦૦ |
| ૨ | ભાણવડ | ૧૯૦૭૦.૨૬ | ૨૦.૦૫ |
| ૩ | કલ્યાણપુર | ૧૯૨૩૬.૨૦ | ૨૦.૨૫ |
| ૪ | દ્વારકા | ૧૯૪૫૧.૯૩ | ૨૦.૪૫ |

**નોંધ** :- આ હુકમથી નક્કિ કરેલ ભાવથી વધુ ભાવ લેવામાં આવવાનો કિસ્સો ધ્યાને આવશે તો સંબંધકર્તા સામે શિક્ષાત્મક કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

દેવભૂમિ દ્વારકા, ૦૨ માહે મે, સને ૨૦૧૭.

---

એસ્સાર ઈન્ડસ્ટ્રીઝ લી., વાડીનાર ઈન્સ્ટોલેશન ઉપરથી આવતા એક કિલોલીટરના કેરોસીનના જથ્થાબંધ તથા છુટક વેચાણ ભાવ

જિલ્લો : દેવભૂમિ દ્વારકા

| ક્રમ | વિગત | ખંભાળીયા ૪૩ કી.મી. | ભાણવડ ૧૨૧ કી.મી. | કલ્યાણપુર ૧૬૧ કી.મી. | દ્વારકા ૨૧૩ કી.મી. |
|---|---|---|---|---|---|
| 1 | રાઉન્ડ ટ્રીપ અંતર કિ.મી. (આવક-જાવક) | 43 | 121 | 161 | 213 |
| 2 | એકસ કંપની ડેપો ભાવ | 16802.00 | 16802.00 | 16802.00 | 16802.00 |
| 3 | ટ્રાન્સ ચાર્જીસ ૧૦૦ કી.મી. સુધીના એક કે.એલ. ના રૂા. ૮૧૦.૭૮ પૈસા | 810.78 | 810.78 | 810.78 | 810.78 |
| 4 | ટ્રાન્સપોર્ટ ચાર્જીસ (રૂા. ૩.૫૫ પૈસા) + ૦.૪૨ પૈસા પ્રતિ કિલી મુજબ= ૩.૯૭ પૈસા પ્રતિ કે.એલ./પ્રતિ કી.મી. ૧૦૦ કી.મી. ઉપર | 0.00 | 83.37 | 242.17 | 448.61 |
| 5 | ડોરસ્ટેપ ડીલીવરી પરીવહન દર એક કે.એલ.ના | 350.00 | 350.00 | 350.00 | 350.00 |
| 6 | ભાડાની રકમના (ક્રમ નં. ૩+૪+૫ ની રકમ) ૩૦% રકમ ઉપર ૧૫.૦૦% લેખે લેવામાં આવતો સર્વીસ ટેક્ષ | 52.24 | 55.99 | 63.13 | 72.42 |
| 7 | એજન્ટ કમીશન. કેન્દ્ર-૭૮૭.૮૨ + રાજય- ૧૮૦.૩૦ (ભારત સરકારશ્રીના તા. ૨૮-૧૦-૨૦૧૬ નો પત્ર તથા સરકારશ્રીના તા. ૨૯-૧૦-૨૦૧૬ ના પત્ર ક્રમાંકઃ કસન/૧૦૨૦૧૬/જીઓઆઈ-૬-બ અન્વયે ૭૧૪.૧૮ સામે ૭૮૭.૮૨ @ ૭૩.૬૪ નો વધારો | 968.12 | 968.12 | 968.12 | 968.12 |
| 8 | જથ્થાબંધ ૧ કીલોલીટરનાં ભાવ | 18983.14 | 19070.26 | 19236.20 | 19451.93 |
| 9 | છુટક વિક્રેતા કમીશન+એક્સ્ટ્રા ચાર્જ ૯૪૬-૦૦ + ૫૪-૦૦ (સરકારશ્રીના તા. ૨૮-૭-૧૪ ના ઠરાવ ક્રમાંકઃ કસન/૧૦૨૦૧૨/એમપી/૧૧/બ મુજબ) | 1000.00 | 1000.00 | 1000.00 | 1000.00 |

| ક્રમ | વિગત | ખંભાળીયા ૭૩ કી.મી. | ભાણવડ ૧૨૧ કી.મી. | કલ્યાણપુર ૧૬૧ કી.મી. | દ્વારકા ૨૧૩ કી.મી. |
|---|---|---|---|---|---|
| 10 | કુલ | 19983.14 | 20070.26 | 20236.20 | 20451.93 |
| 11 | ૧ લીટરનો ભાવ | 19.98 | 20.07 | 20.24 | 20.45 |
| 12 | સરકારશ્રીના તા. ૧૫-૩-૮૩ ના ઠરાવની જોગવાઈ મુજબ નજીકના પાંચ પૈસાના રાઉન્ડ ફીગર લક્ષમાં લેતા નક્કી થતા ૧ લીટરના ભાવ. | 20.00 | 20.05 | 20.25 | 20.45 |

દેવભૂમિ દ્વારકા, ૦૨ માહે જુલાઈ, સને ૨૦૧૭.

એચ. કે. પટેલ,
કલેકટર,
દેવભૂમિ દ્વારકા.

---

## જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

### ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨) ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ

### હુકમ

નં. : મેજી/પોલ/જુના મોબાઈલ/જાહેરનામું/૦૨/૦૪/૨૦૧૭.-રાજ્યમાં બનતા ગુનાઓમાં મોબાઈલ ફોનના ઉપયોગ થાય છે. તેમજ મોબાઈલ ચોરીના ગુનાઓનું પ્રમાણ વધવા પામેલ છે. આવા ગુનાઓ શોધી શકવા માટે ગુનામાં વપરાયેલ અથવા ગયેલ મોબાઈલ ફોનના IMEI નંબરનું ટ્રેકીંગ કરી ગુનાના મુળ સુધી પહોંચવા પ્રયત્નો કરવામાં આવે છે. ઘણી વખતે મોબાઈલ ફોનના વપરાશ કર્તા સુધી પહોંચવામાં આવે ત્યારે જાણવા મળે છે કે, તેમને કોઈ અજાણ્યા માણસ પાસેથી મોબાઈલ ફોન ખરીદેલ છે જે મોબાઈલ વેંચનાર/ખરીદ કરનારને ચોરાયેલ અથવા ગુનામાં વપરાયેલ હોવાની માહિતી હોતી નથી.

પ્રસ્તુત બાબતે આવા ગુનાઓના મુળ સુધી પહોંચવા સાચા આરોપીને શોધી કાઢવા માટે જુના મોબાઈલના વપરાશકારે તે મોબાઈલ કોની પાસેથી ખરીદ કરેલ છે. અથવા કોને વેચ્યો તે જાણવું જરૂરી જણાય છે. જેથી જુના મોબાઈલ લે-વેચ કરનાર વેપારીએ મોબાઈલ લેતા પહેલા મોબાઈલ વેચનારનું તથા જુના મોબાઈલ વેચતી વખતે ખરીદનારનું ઓળખ અંગેનું પુરૂં નામ, સરનામું, નોંધવું જરૂરી જણાય છે.

જેથી હું, એમ. એ. ગાંધી, આઈ.એ.એસ., જિલ્લા મેજીસ્ટ્રેટ, કચ્છ-ભુજ, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ (સી.આર.પી.સી.) ૧૯૭૩ (૧૯૭૪ના નં ૨)ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે, કચ્છ જિલ્લાની મહેસુલી હદમાં આવેલ તમામ જુના મોબાઈલ લે-વેચ કરતા વેપારીઓને નીચે જણાવેલ મુજબની વિગતોનું રજીસ્ટર નિભાવવાનું રહેશે. અને માંગણી કર્યેથી રજુ કરવાનું રહેશે.

**જુના મોબાઇલ ખરીદતી અને વેચતી વખતે વેપારીએ નિભાવવાનું રજીસ્ટર :**

| અનુ. નં. | મોબાઇલ ફોનની વિગત | IMEI નંબર | મોબાઇલ વેચનાર/ખરીદનારનું નામ તથા સરનામાની વિગત | આઇડી પ્રુફની વિગત અસલ પરથી ખરાઇ કરીને મેળવવી |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |

તમામને વ્યક્તિગત રીતે નોટિસની બજવણી કરવી શક્ય ન હોઈ આથી એક તરફી હુકમ કરૂં છું. જાહેર જનતાની જાણ સારૂં સ્થાનિક વર્તમાનપત્રો, આકાશવાણી મારફતે પ્રસિધ્ધિ કરાવવી તથા તમામ પોલીસ સ્ટેશન તથા મોબાઈલ લે-વેચ કરતા વેપારીઓની દુકાનમાં સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધિ કરવી.

ફોજદારી કાર્યરીતી અધિનિયમની કલમ-૧૯૫ ની આદેશાત્મક જોગવાઈઓ ધ્યાને લઈ આ જાહેરનામાનાં ભંગ બદલ ભારતીય ફોજદારી ધારાની કલમ-૧૮૮ અન્વયે ગુના કામે આ જાહેરનામા હેઠળ તપાસ કરવાનાં, જાહેરનામાનાં પાલન કરાવવાનાં અને તપાસનાં અંતે ચાર્જશીટ રજુ કરવાના અધિકાર જિલ્લાનાં પોલીસ અધિકારીશ્રીઓ તેમજ હેડ કોન્સ્ટેબલ કે તે ઉપરનાં કર્મચારીઓને રહેશે.

આ હુકમ સમગ્ર કચ્છ જિલ્લાના સમગ્ર વિસ્તાર માટે લાગુ પડશે. આ જાહેરનામું તા. ૦૧-૦૫-૨૦૧૭ થી તા. ૨૮-૦૬-૨૦૧૭ સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કે ઉલ્લંઘન કરનાર ઈસમ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ની મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજરોજ તા. ૨૭-૦૪-૨૦૧૭ ના રોજ મારી સહી કરી કચેરીનો સિક્કો મારી બહાર પાડયો.

કચ્છ-ભુજ, ૨૯ માહે એપ્રિલ, સને ૨૦૧૭.

---

**ફોજદારી કાર્યરીતિ અધિનિયમ સને ૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨)ની કલમ ૧૪૪ અન્વયે કાઢેલ હુકમ**

## જાહેરનામું

નાં. મેજી/પોલ/મકાન ભાડા/જાહેરનામું/૦૧/૩/૨૦૧૭.-ગુપ્તચર સંસ્થાના અહેવાલો અને અમુક બનાવોથી જણાય છે કે ત્રાસવાદી/અસામાજીક તત્વો કચ્છ જિલ્લાના વિસ્તારમાં ગુપ્ત આશરો મેળવી જાહેર સલામતી અને શાંતિનો ભંગ કરે તેમજ માનવ જીંદગીની ખુંવારી થાય અને લોકોની સંપતિને નુકશાન પહોંચાડવાની કોશીષ કરે તેમ છે.

બહારના રાજયોમાંથી અગર દેશ બહારથી આવતા આવા તત્વો કોઈ મકાન ભાડે રાખીને રહેતા હોય છે. અને જગ્યા વગેરેનો સર્વે કરી સ્થાનિક પરિસ્થિતિથી માહિતીગાર થઈને તેઓની ત્રાસવાદી પ્રવૃતિઓને અંજામ આપતા હોય છે. ભુકંપ બાદ કચ્છ જિલ્લામાં રાજ્ય સરકારશ્રીની નીતિ અનુસાર મોટા પ્રમાણમાં ઔદ્યોગિક એકમો શરૂ થયેલા છે. જેના પરિણામે બહારથી મોટા પ્રમાણમાં લોકો વસવાટ કરવા આવતા હોય છે. લોકોના જાન, સ્વાસ્થ્ય અને સલામતીને થતું જોખમ તથા જાહેર સુલેહશાંતિ જાળવવા માટે ભાડેથી અપાતા મકાનો માટે નીચે મુજબની વ્યવસ્થા કરવી જરૂરી જણાય છે. અને મકાન માલીકો ઉપર નિયંત્રણો મુકવા જરૂર જણાય છે.

જેથી હું, એમ. એ. ગાંધી, આઈ.એ.એસ., જિલ્લા મેજીસ્ટ્રેટ, કચ્છ-ભુજ, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ (સી.આર.પી.સી.) ૧૯૭૩ (૧૯૭૪ના નં.૨)ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે, કચ્છ જિલ્લાની હદમાં આવેલ તમામ ગ્રામ્ય તથા શહેરી વિસ્તારમાં સંબંધિત પોલીસ સ્ટેશને જાણ કર્યા સિવાય કોઈ વ્યકિતને મકાન ભાડે આપી શકાશે નહીં, ભાડે આપેલ મકાનની વિગત ભાડુઆત અને સંબંધિત દલાલ કે જેઓએ ભાડુઆતની ઓળખાણ આપેલ હોય તે અંગેની નીચે જણાવેલ જરૂરી માહિતી નીચેના કોલમો મુજબ જે તે વિસ્તારના પોલીસ સ્ટેશન ખાતે આપવાની રહેશે.

| અ.નં. | મકાન માલીકનું નામ, ભાડે આપેલ મકાનની વિગત, વિસ્તારનું નામ મકાનનું બાંધકામ ક્ષેત્રફળ | મકાન ભાડે આપવા અધિકૃતતા ધરાવતા વ્યકિતનું નામ, સરનામું, સંપર્ક નંબર સહિત | મકાન ભાડે આપેલ છે તથા માસીક ભાડુ કેટલું | કઈ વ્યકિતઓને ભાડે આપેલ છે તેમના પાકા નામ, સરનામા, સંપર્ક નંબર સહિત | મકાન માલીક અને ભાડુઆતનો સંપર્ક કરાવનાર વ્યક્તિનું નામ, સંપર્ક નંબર સહિત |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |

આ હુકમ તા. ૦૧-૦૫-૨૦૧૭ થી તા. ૨૮-૦૬-૨૦૧૭ સુધી (બન્ને દિવસો સહિત) અમલમાં આવશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

ફોજદારી કાર્યરીતી અધિનિયમની કલમ-૧૯૫ ની આદેશાત્મક જોગવાઈઓ ધ્યાને લઈ આ જાહેરનામાનાં ભંગ બદલ ભારતીય ફોજદારી ધારાની કલમ-૧૮૮ અન્વયે ગુના કામે આ જાહેરનામા હેઠળ તપાસ કરવાનાં, જાહેરનામાનાં પાલન કરાવવાનાં અને તપાસનાં અંતે ચાર્જશીટ રજુ કરવાના અધિકાર જિલ્લાનાં પોલીસ અધિકારીશ્રીઓ તેમજ હેડ કોન્સ્ટેબલ કે તે ઉપરનાં કર્મચારીઓને રહેશે.

તમામને વ્યકિતગત રીતે નોટિસની બજવણી કરવી શક્ય ન હોય આથી એકતરફી હુકમ કરૂ છું. જાહેર જનતાની જાણ સારૂ સ્થાનિક વર્તમાન પત્રો, આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર મારફતે પ્રસિધ્ધિ કરવા તથા પોલીસ સ્ટેશનના નોટિસ બોર્ડ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિદ્ધિ કરવી.

આજરોજ તા. ૨૭-૦૪-૨૦૧૭ ના રોજ મારી સહી કરી કચેરીનો સિક્કો મારી બહાર પાડવામાં આવે છે.

કચ્છ-ભુજ, ૨૯ માહે એપ્રિલ, સને ૨૦૧૭.

---

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ સને-૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨)ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ

## હુકમ

નાં. મેજી/પોલ/હોટલ ગેસ્ટહાઉસ/જાહેરનામું/૦૭/૦૪/૨૦૧૭.-ગુપ્તચર સંસ્થાના અહેવાલો અને અમુક બનાવોથી જણાય છે કે ત્રાસવાદી/અસામાજીક તત્વો કચ્છ જિલ્લાના વિસ્તારમા ગુપ્ત આશરો મેળવી જાહેર સલામતી અને શાંતિનો ભંગ કરે તેમજ માનવ જીંદગીની ખુંવારી થાય અને લોકોની સંપત્તિને નુકશાન પહોંચાડવાની કોશીષ કરે તેમ છે. ત્રાસવાદી/અસામાજીક તત્વો મહત્વના શહેરોમાં આવેલ ગેસ્ટ હાઉસ/હોટલ/લોજ/ધર્મશાળામાં રોકાણ કરતા હોય છે અને શહેરના સર્વે કરી સ્થાનિક પરિસ્થિતિથી માહિતગાર થઈને તેઓની ત્રાસવાદી તેમજ અસામાજીક પ્રવૃત્તિને અંજામ આપતા હોય છે. આ સ્થિતિને નિવારી શકાય અથવા તો અંકુશ મૂકી શકાય તે સારૂ તેમજ રાષ્ટ્રીય સુરક્ષા અને જાહેર વ્યવસ્થા અને સલામતી માટે ભયજનક વ્યક્તિઓ તથા આતંકવાદીઓને પકડવા તેમજ તેમને લગતી માહિતી મેળવવા અને તેમની હેરફેર અંગે સચોટ માહિતી રાષ્ટ્રીય હિતમાં મેળવવા માટે નીચેના પગલાં લેવા માટે પુરતા કારણો છે.

જેથી હું, એમ. એ. ગાંધી, આઈ.એ.એસ., જિલ્લા મેજીસ્ટ્રેટ, કચ્છ-ભુજ, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-(સી.આર.પી.સી.) ૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨)ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે, કચ્છ જિલ્લાની મહેસુલી હદમાં આવેલ તમામ હોટલ/ગેસ્ટ હાઉસ/લોજ માલિકોએ અને ધર્મશાળા સંચાલકોએ નીચે જણાવેલ કાર્યપદ્ધતિ મુજબ અમલ કરવાનું રહેશે.

(૧) હોટલ/ગેસ્ટ હાઉસ/લોજ/ધર્મશાળામાં રહેવા આવનાર દરેક મુસાફર દ્વારા તેમના પોતાના સ્વહસ્તાક્ષરમાં જ નીચે જણાવેલ નમુનામાં રજીસ્ટર નિભાવવાનું રહેશે.

| અ.નં. | નામ | ઉંમર | નાગરીકત્વ | મો.નં. | સરનામું | ફોટો આઈડી પ્રુફની વિગત |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |

| મુલાકાતનું કારણ | આવ્યા તારીખ/સમય | રૂમ નં. | હોટલ છોડયા તારીખ/સમય | બીલ નં. તારીખ | સહી |
|---|---|---|---|---|---|
| ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ |

(૨) આ રજીસ્ટરમાં મુસાફરની સહી સાથે પુરૂષ મુસાફરના ડાબા હાથના અંગુઠાનું અને સ્ત્રી મુસાફરના જમણા હાથના અંગુઠાનું નિશાન લેવાનું રહેશે.

(૩) દરેક હોટલ/લોજ/ધર્મશાળા/ગેસ્ટ હાઉસના રિસેપ્શન કાઉન્ટર ઉપર દરેક પ્રવાસી જોઈ શકે તે રીતે રજીસ્ટરમાં દરેક મુસાફરે જાતેથી પોતાના સ્વહસ્તાક્ષરમાં વિગતો લખી સહી કરવી પડશે, ફોટો ઓળખપત્ર રજુ કરવું પડશે તો જ હોટલમાં પ્રવેશ આપવામાં આવશે તે મુજબની જાહેરાતનું બોર્ડ મોટા અક્ષરે પ્રદર્શીત કરવાનું રહેશે.

(૪) દરેક હોટલ/લોજ/ધર્મશાળા/ગેસ્ટ હાઉસના રિસેપ્શન કાઉન્ટર ઉપર સી.સી. કેમેરા રાખવા જેથી પ્રવાસીઓ તથા તેમના સામાન વગેરેનું વિડીયો રેકોર્ડીંગ થઈ શકે. તે એક માસ સુધી સાચવવાનું રહેશે.

(૫) દરેક હોટલ/લોજ/ધર્મશાળા/ગેસ્ટ હાઉસના આવતા પ્રવાસી-ગેસ્ટના વાહનોની સંપૂર્ણ વિગત દર્શાવતું રજીસ્ટર નિભાવવાનું રહેશે. તેમજ પાર્કિંગની જગ્યાએ સી.સી. કેમેરા રાખવા જેથી પ્રવાસીઓ તથા તેમના સામાન અને વાહન વિગેરેનું વિડીયો રેકોર્ડીંગ થઈ શકે તે એક માસ સુધી સાચવી રાખવું પડશે.

(૬) મુસાફરના ફોટા ઓળખકાર્ડ (ચુંટણી ઓળખકાર્ડ, ડ્રાઈવીંગ લાયસન્સ, કચેરીનું ઓળખકાર્ડ, પાસપોર્ટ વિગેરે)ની સેલ્ફ એટેસ્ટેડ ફોટો કોપી હોટલના દફતરમાં રાખવી અથવા કોમ્પ્યુટરમાં સેવ રાખવાના રહેશે.

(૭) કચ્છ જિલ્લાની હદમાં આવેલ હોટલ/લોજ/ધર્મશાળા/ગેસ્ટ હાઉસના લાયસન્સ નોંધવામાં આવેલ માલિક સિવાય કોઈએ હોટલનું સંચાલન કરવું નહીં તેમજ આવી હોટલ કોઈપણ પ્રકારના દિવાની હક જેવા કે ભાડે ચલાવવા આપવી, ગીરોખતથી ચલાવવા આપવી નહીં.

(૮) કચ્છ જિલ્લાની હદમાં આવેલ હોટલ/લોજ/ધર્મશાળા/ગેસ્ટ હાઉસ ધાબાના માલીક, મેનેજર તથા તમામ કર્મચારીઓના નામ, સરનામાં, ફોન નંબર, ફોટો સહિતની તમામ વિગત દર્શાવતી લેખીત માહિતી સંબંધીત પોલિસ સ્ટેશન, સંબંધકર્તા સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ, એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટને ફરજીયાત આપવી.

(૯) વિદેશી નાગરીકો/મુલાકાતી/ગેસ્ટ હોય તો તેમના પાસપોર્ટની સંપૂર્ણ વિગત રજીસ્ટરમાં નોંધવી તેમજ સી ફોર્મ ભરાવી એલ.આઈ.બી. એસ.પી. કચેરીએ જાણ કરવી.

(૧૦) હોટલ/ગેસ્ટ હાઉસમાં ઈન્ટરનેટ-વાઈફાઈ સિસ્ટમ કાર્યરત હોય તો તેની વિગતો રજીસ્ટર બનાવી સાચવી રાખવાની રહેશે.

તમામને વ્યકિતગત રીતે નોટિસની બજવણી કરવી શક્ય ન હોઈ આથી એક તરફ હુકમ કરું છું. જાહેર જનતાની જાણ સારૂ સ્થાનિક વર્તમાન પત્રો, આકાશવાણી, મારફતે બહોળી પ્રસિધ્ધિ કરાવવી તથા તમામ પોલીસ સ્ટેશન તથા હોટલ/ગેસ્ટ હાઉસ/લોજમાં સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિદ્ધિ કરવી.

ફોજદારી કાર્યરીતી અધિનિયમની કલમ-૧૯૫ ની આદેશાત્મક જોગવાઈઓ ધ્યાને લઈ આ જાહેરનામાનાં ભંગ બદલ ભારતીય ફોજદારી ધારાની કલમ-૧૮૮ અન્વયે ગુના કામે આ જાહેરનામા હેઠળ તપાસ કરવાનાં, જાહેરનામાનાં પાલન કરાવવાનાં અને તપાસનાં અંતે ચાર્જશીટ રજુ કરવાના અધિકાર જિલ્લાનાં પોલીસ અધિકારીશ્રીઓ તેમજ હેડ કોન્સ્ટેબલ કે તે ઉપરનાં કર્મચારીઓને રહેશે.

આ હુકમ સમગ્ર કચ્છ જિલ્લાના સમગ્ર વિસ્તાર માટે લાગુ પડશે. આ જાહેરનામું તા. ૦૧-૦૫-૨૦૧૭ થી તા. ૨૮-૦૬-૨૦૧૭ સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કે ઉલ્લંઘન કરનાર ઈસમ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ની મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજરોજ તા. ૨૭-૦૪-૨૦૧૭ ના રોજ મારી સહી કરી કચેરીનો સિકકો મારી બહાર પાડયો.

કચ્છ-ભુજ, ૨૯ માહે એપ્રિલ, સને ૨૦૧૭.

---

**ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ કાઢેલ**

## હુકમ

ના. મેજી/પોલ/જીપીએસસી/૧૪૪/જાહેરનામુ/૧૫/૦૪/ ૨૦૧૭.- કચ્છ જિલ્લામાં કેબલ ટી.વી. ઓપરેટરો દ્વારા કોઈપણ પ્રકારની મંજુરી લીધા વગર પી.જી.વી.સી.એલની વીજ કનેકશન લાઈન નેટવર્ક તથા બી.એસ.એન.એલના થાભલાનો ઉપયોગ કરી પોતાના કેબલો ગેરકાયદેસર લંબાવીને ગ્રાહકોને ટી.વી. કેબલ/ઈન્ટરનેટ કનેકશન આપવામાં આવે છે. આ બાબત જાહેર જનતાના જાન-માલની સલામતી માટે અત્યંત જોખમી છે. ભૂતકાળમાં પણ આ કારણે ઘણા અકસ્માતના બનાવો બનેલ છે. જેમાં માનવ મૃત્યુના બનાવો પણ નોંધાયેલ છે. આમ જાહેર જનતાના જાન-માલની સલામતી માટે પી.જી.વી.સી.એલ. નેટવર્ક તથા બી.એસ.એન.ના થાંભલા પરથી ટીવી/ઈન્ટરનેટના કેબલ દૂર કરવા અત્યંત જરૂરી છે.

જેથી, એમ. એ. ગાંધી, આઈ.એ.એસ., જિલ્લા મેજીસ્ટ્રેટ, કચ્છ-ભુજ, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-(સી.આર.પી.સી.) ૧૯૭૩ (૧૯૭૪નો બીજો અધિનિયમ)ના કાયદાની કલમ-૧૪૪ મુજબ મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, જિલ્લામાં કોઈ પણ ટી.વી. કેબલ ઓપરેટરે પી.જી.વી.સી.એલના ઈલેકટ્રીક નેટવર્ક તથા બી.એસ.એન.એલના થાભલા પર ટીવી કેબલ પ્રસ્થાપિત કરેલ હોય તો તે દુર કરવા અને કોઈએ નવા સ્થાપિત કરવા નહીં. તેમજ પી.જી.વી.સી.એલ દ્વારા દુર કરાયેલ ટી.વી. કેબલ પી.જી.વી.સી.એલના નેટવર્ક પર પુનઃસ્થાપિત કરવા નહીં.

આ હુકમ તા. ૦૧-૦૫-૨૦૧૭ થી તા. ૨૮-૦૬-૨૦૧૭ સુધી અમલમાં રહેશે. આ હુકમના કોઈપણ ખંડ કે ભાગનો ભંગ કરનાર વ્યકિત સામે ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

તમામને વ્યકિતગત રીતે નોટિસની બજવણી કરવી શક્ય ન હોઈ આથી એકતરફી હુકમ કરૂ છું. જાહેર જનતાની જાણ સારૂ સ્થાનિક વર્તમાનપત્રો, આકાશવાણી, મારફતે પ્રસિદ્ધિ કરાવવી. સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિદ્ધિ કરવી.

આજરોજ તા. ૨૭-૦૪-૨૦૧૭ ના રોજ મારી સહી કરી કચેરીનો સિક્કો કરી બહાર પાડ્યું.

કચ્છ-ભુજ, ૨૯ માહે એપ્રિલ, સને ૨૦૧૭.

---

**ફોજદારી કાર્યરીતિ અધિનિયમ સને ૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨) ની કલમ ૧૪૪ અન્વયે કાઢેલ હુકમ**

## હુકમ

નાં. મેજી/પોલ/જાહેરનામું/૧૪/૦૪/૨૦૧૭.-સરકારશ્રીના જુદા જુદા જાહેરનામાઓથી કચ્છ જિલ્લામાં નેશનલ હાઈવે ઉપર નિયત કરેલ સ્થળોએ જુદા જુદા ટોલ પ્લાઝા ખાતેથી વાહનો પાસેથી નિયત કરેલ ચાર્જ વસુલ કરવામાં આવે છે અને આ અંગે નિયત એજન્સી સાથે કરાર કરી ચાર્જ વસુલ કરવાનો અધિકાર આપવામાં આવેલ છે. જે માટે જુદા જુદા ટોલ પ્લાઝા લોકેશન નિયત કરવામાં આવેલ છે. જે પૈકી કચ્છ જિલ્લામાં નીચે જણાવેલ અનુસુચિમાં જણાવેલ સ્થળે ટોલ પ્લાઝા રાખવામાં આવેલ છે. સરકારશ્રીના જાહેરનામામાં ઉલ્લેખ થયેલ જુદા જુદા વાહનોને ટોલ ટેક્ષ ભરવામાંથી મુકિત આપવામાં આવેલ છે અથવા કન્સેશન પાસ આપવાની જોગવાઈ કરવામાં આવેલ છે.

સદરહું ટોલ પ્લાઝાની નજીકમાં જુદા જુદા ગામો આવેલ છે. આ ગામોના લોકો કોમર્શિયલ વાહનો ધરાવે છે. આવા વાહન ધારકો સરકારશ્રીના ઉપરોકત જાહેરનામાનો અમલ કરી નિયત ટોલ ચાર્જ ચુકવણી કરતા નહીં હોવાના સંદર્ભમાં આ ટોલ પ્લાઝાઓ ખાતે આવાર નવાર સુલેહ શાંતિનો ભંગ થવાના અને નિયત કંપનીના એજન્ટો, નોકરો તેમજ સીક્યુરીટી સ્ટાફ વચ્ચે જાહેરમાં મારા-મારી અને તોડફોડના બનાવો બને છે. જેને લઈને આંદોલનાત્મક કાર્યક્રમો યોજવામાં આવે છે. જેમાં ચક્કા જામના કારણે વાહન વ્યવહાર થંભી જવાના પ્રસંગો બને છે. પરીણામે સામાન્ય મુસાફર જનતા અગવડતા, અસલામતી અને ભય અનુભવે છે. કેટીલીક વખત એમ્બુલન્સ, ફાયર ફાઈટર જેવા વાહનો સમયસર જે તે સ્થળે પહોંચી શકતા નથી. જેથી લોકોના જાન માલને જોખમ ઉભુ થવાની પુરે પુરી શકયતાઓ રહેલી છે. આવા બનાવો નિવારી શકાય તે માટે આ ટોલ પ્લાઝાથી પસાર થતા વાહનો સરકારશ્રીના ઉપરોકત જાહેરનામાન અમલ કરે અને નિયત કરવામાં આવેલ ટોલ દરની ચુકવણી કરે તેમજ સરકારશ્રીના અધિકૃત કરેલ વ્યકિતઓની કામગીરીમાં અડચણ ન કરે તે માટે યોગ્ય પગલાં લેવા યોગ્ય પગલાં લેવા યોગ્ય જણાય છે.

વધુમાં રાષ્ટ્ર અને રાજ્યની સલામતી માટે તેમજ ગુનાખોરી નિયંત્રણમાં રાખવા માટે જિલ્લામાં સીસીટીવી કેમેરા લગાવવા અંગેનું જાહેરનામું અમલમાં છે. ગુનેગારો ગુનાના સ્થળેથી અન્ય જિલ્લામાં તેમજ રાજ્ય બહાર પણ નાસી જતા હોય છે. તેમણે ઉપયોગમાં લીધેલા વાહનની વિગતો પછીથી મળતી હોય છે. જિલ્લાના ટોલ નાકાઓ ઉપર સીસીટીવી કેમેરા લગાવવામાં આવેલા છે. પરંતુ કેટલાક લોકો ટોલનાકા નજીકમાં આવેલ તેમની જમીનમાં થઈને વાહનોને ટોલ ગેઈટમાંથી પસાર થવું ન પડે તે રીતે બાયપાસ થવાની સવલત પુરી પાડે છે. આવા વાહનો ટોલગેઈટમાંથી પસાર થતા ન હોવાના કારણે વાહનોના પ્રકાર અને ચાલકની ઓળખ મળી શકતી નથી. આવા વાહનોનું સીસીટીવી કેમેરામાં રેકોર્ડીંગ થઈ શકતું નથી. પરીણામે ગુનાખોરીમાં સંડોવાયેલ વાહનોને પકડવાનો પ્રશ્ન ઉપસ્થિત થાય ત્યારે પકડી શકાતા નથી અને આવી પ્રવૃત્તિમાં સંડોવાયેલા વાહનોની ભાળ મળી શકતી ન હોય તમામ વાહનો જિલ્લાના ટોલનાકા પર પસાર થતા સમયે ઉભા રહે તથા સરકારશ્રીએ જાહેરનામાથી નક્કી કરેલ ટોલ ટેક્ષ ચુકવી ને જ પસાર થાય તે માટે જાહેર હિત અને જાહેર સલામતીના કારણોસર આદેશ કરવો જરૂરી જણાય છે.

જેથી હું, એમ. એ. ગાંધી, આઈ.એ.એસ., જિલ્લા મેજીસ્ટ્રેટ, કચ્છ-ભુજ, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ના નં.૨)ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે, કચ્છ જિલ્લાની મહેસુલી હદમાં આવેલ નીચે અનુસુચિમાં જણાવેલ ટોલ નાકાઓ પરથી પસાર થતા નાના મોટા તમામ વાહનોના ચાલકોએ તેમનુ વાહન ટોલ નાકા પર ઠરાવેલ નિશ્ચિત જગ્યાએ થોભાવવું તથા સરકારશ્રીએ નકકી કરેલ ટોલ ટેક્ષ ચુકવી તેની પહોંચ મેળવી અથવા નિયમોનુસાર મુકિત મળવા પાત્ર હોય તો તેનું કાર્ડ કે પાસ ટોલ પ્લાઝાના કર્મચારી, એજન્ટ કે નોકરને બતાવીને તે બાદ જ ટોલનાકુ પસાર કરવું. વિશેષમાં ઉપરોકત ટોલનાકા નજીક આવેલ જમીનમાંથી બાયપાસ થઈ પસાર થવાના બદલે પોતાની ખાનગી માલીકીની જમીનમાંથી બાયપાસ થઈ પસાર થઈ શકે તેવો કોઈ બાયપાસ રસ્તો વાહન ચાલકોને પૂરો પાડવા પર પ્રતિબંધ ફરમાવું છું.

**અનુસૂચિ :**

૧. મોખા ટોલ પ્લાઝા, તા. મુંદરા (કચ્છ)

૨. સામખીયાળી ટોલ પ્લાઝા, સામખીયાળી તા. ભચાઉ (કચ્છ)

૩. સુરજબારી ટોલ પ્લાઝા, તા. ભચાઉ (કચ્છ)

૪. માખેલ ટોલ પ્લાઝા, તા. રાપર (કચ્છ)

૫. ધાણેટી ટોલ પ્લાઝા, તા. ભુજ

તમામને વ્યક્તિગત રીતે નોટિસની બજવણી કરવી શક્ય ન હોઈ આથી એક તરફી હુકમ કરૂં છું. જાહેર જનતાની જાણ સારૂ સ્થાનિક વર્તમાનપત્રો, આકાશવાણી મારફતે પ્રસિદ્ધિ કરાવવી તથા તમામ પોલીસ સ્ટેશન તથા હોટલ/ગેસ્ટ હાઉસ/લોજમાં સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિદ્ધિ કરવી.

ફોજદારી કાર્યરીતિ અધિનીયમનની કલમ-૧૯૫ ની આદેશાત્મક જોગવાઈઓ ધ્યાને લઈ આ જાહેરનામાનાં ભંગ બદલ ભારતીય ફોજદારી ધારાની કલમ-૧૮૮ અન્વયે ગુના કામે આ જાહેરનામા હેઠળ તપાસ કરવાં, જાહેરનામાનાં પાલન કરાવવાનાં અને તપાસનાં અંતે ચાર્જશીટ રજુ કરવાના અધિકાર જિલ્લાનાં પોલીસ અધિકારીશ્રીઓ તેમજ હેડ કોન્સ્ટેબલ કે તે ઉપરનાં કર્મચારીઓને રહેશે.

આ હુકમ સમગ્ર કચ્છ જિલ્લાના સમગ્ર વિસ્તાર માટે લાગુ પડશે. આ જાહેરનામું તા. ૦૧-૦૫-૨૦૧૭ થી તા. ૨૮-૦૬-૨૦૧૭ સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કે ઉલ્લંઘન કરનાર ઈસમ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ ની મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજરોજ તા. ૨૭-૦૪-૨૦૧૭ ના રોજ મારી સહી કરી કચેરીનો સિક્કો મારી બહાર પાડયો.

કચ્છ-ભુજ, ૨૯ માહે એપ્રિલ, સને ૨૦૧૭.

---

**ફોજદારી કાર્યરીતિ અધિનિયમ સને ૧૯૭૩ (૧૯૭૪ ના નં. ૨)ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ**

**હુકમ**

નાં. મેજી/પોલ/સાયકલ/મોપેડ/જાહેરનામુ/૧૩/૦૪/૨૦૧૭.- વર્તમાન સમયમાં શિક્ષણ વિભાગનું સ્થાન અતિ મહત્વનુ બન્યુ છે અને શિક્ષણનુ મહત્વ વધતાં શિક્ષણ સાથે સંકળાયેલ વિવિધ સંસ્થાઓનો પણ અવિરતપણે વિકાસ થયેલ છે.

કચ્છ જિલ્લામાં તાલુકા મથકો પર વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ આવેલી છે અને આવી શૈક્ષણિક સંસ્થાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને પુરક અને વધુ તાલીમ માટે દરેક તાલુકા મથકો પર વિવિધ ખાનગી ટ્યુશન કલાસીસ અસ્તિત્વમાં આવેલ છે. આ ટ્યુશન કલાસીસ રાત દિવસ ધમધમતા રહે છે. ઘણા ટ્યુશન કલાસમાં વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓ રાત્રીનાં સમયમાં કે વહેલી સવારે ટ્યુશન કલાસ ભરવા જતા હોવાનુ ધ્યાને આવેલ છે અને તે દરમિયાન ઘણી વિદ્યાર્થીનીઓ સાથે છેડતી કે બીજા કાયદો વ્યવસ્થાને લગતા પ્રશ્નો ઉપસ્થિત થતા હોવાનુ ધ્યાને આવેલ છે આ ઉપરાતં જિલ્લામાં વિવિધ ટ્યુશન કલાસ મહદઅંશે ભાડાના મકાનોમાં ચાલે છે. જેથી ટ્યુશન કલાસના મકાનની આસપાસ આવેલ રહિશોને પણ વિદ્યાર્થીઓની સતત અવર-જવરથી પરેશાન થાય છે. ટ્યુશન કલાસના સંચાલકો તરફથી વિદ્યાર્થીનીઓની શારીરિક છેડતી કરતા હોવાની બાબતે પણ રજુઆત થયેલ છે. આમ તમામ બાબતો ધ્યાને લેતા જિલ્લામાં ચાલતા ટ્યુશન કલાસો માટે ચોક્કસ સમય રાખવો જરૂરી જણાય છે.

જેથી હું, એમ. એ. ગાંધી, આઈ.એ.એસ., જિલ્લા મેજીસ્ટ્રેટ, કચ્છ-ભુજ, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-(સી.આર.પી.સી.) ૧૯૭૩ (૧૯૭૪ ના નં. ૨)ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે, જિલ્લાની મહેસુલી હદમાં આવેલ ખાનગી ટ્યુશન કલાસીસ સવારે ૦૮-૦૦ કલાક સાંજે ૧૯-૦૦ કલાક સુધી ચાલુ રાખી શકાશે. તે સિવાયના સમયમાં ટ્યુશન કલાસીસ ચલાવવા મનાઈ ફરમાવું છું.

ફોજદારી કાર્યરીતિ અધિનીયમનની કલમ-૧૯૫ ની આદેશાત્મક જોગવાઈઓ ધ્યાને લઈ આ જાહેરનામાનાં ભંગ બદલ ભારતીય ફોજદારી ધારાની કલમ-૧૮૮ અન્વયે ગુના કામે આ જાહેરનામા હેઠળ તપાસ કરવાનાં, જાહેરનામાનાં પાલન કરાવવાનાં અને તપાસનાં અંતે ચાર્જશીટ રજુ કરવાના અધિકાર જિલ્લાનાં પોલીસ અધિકારીશ્રીઓ તેમજ હેડ કોન્સ્ટેબલ કે તે ઉપરનાં કર્મચારીઓને રહેશે.

તમામને વ્યકિતગત રીતે નોટિસની બજવણી કરવી શક્ય ન હોઈ આથી એક તરફી હુકમ કરૂ છું. જાહેર જનતાની જાણ સારૂ સ્થાનિક વર્તમાનપત્રો, આકાશવાણી મારફતે પ્રસિદ્ધિ કરાવવી.

આ હુકમ સમગ્ર કચ્છ જિલ્લાના સમગ્ર વિસ્તાર માટે લાગુ પડશે. આ જાહેરનામું તા. ૦૧-૦૫-૨૦૧૭ થી તા. ૨૮-૦૬-૨૦૧૭ સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કે ઉલ્લંઘન કરનાર ઈસમ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ની મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજરોજ તા. ૨૭-૦૪-૨૦૧૭ ના રોજ મારી સહી કરી કચેરીનો સિક્કો મારી બહાર પાડયો.

કચ્છ-ભુજ, ૨૭ માહે એપ્રિલ, સને ૨૦૧૭.

### ફોજદારી કાર્યરીતિ અધિનિયમ સને ૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨)ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ

### હુકમ

ના. મેજી/પોલ/લશ્કરી ગણવેશ/જાહેરનામું-૧૨/૦૪/૨૦૧૭.- તાજેતરમાં પઠાણકોટ, પંજાબ ખાતે આવેલ એરફોર્સ સ્ટેશન પર આતંકવાદીઓ સૈન્યના ગણવેશ ધારણ કરી હુમલો કરેલ હતો. આ સિવાય અગાઉ પણ સૈન્યના ગણવેશમાં આવીને આતંકવાદીઓ દ્વારા હુમલાઓ કરવામાં આવેલ છે.

જિલ્લામાં વિવિધ શહેરોમાં/ગામોમાં સૈન્ય તથા અન્ય સશસ્ત્ર દળોના ગણવેશ તથા તેની સામ્યતા ધરાવતા વસ્ત્રોનું વેચાણ તથા ઉપયોગ થતો હોય છે. આવા વસ્ત્રો ધારણ કરી અસામાજીક તત્વો દ્વારા દેશદ્રોહી/ગેરકાયદેસર પ્રવૃતિઓ માટે ઉપયોગ થવાનો સંભવ રહે છે. જેના કારણે રાષ્ટ્રીય સુરક્ષાને ગંભીર ખતરો ઉદભવી શકે છે. ભારતીય દંડ સંહિતા, ૧૮૬૦ ની કલમ ૧૪૦, ૧૭૦ અને ૧૭૧માં આ બાબતે જોગવાઈ કરવામાં આવેલ છે. આ બાબત સુરક્ષાના પરીપ્રેક્ષ્યમાં ઘણી ગંભીર પ્રકારની હોઈ, બજારમાં બીનઅધિકૃત રીતે વેચાતા તથા ઉપયોગમાં લેવાતા સશસ્ત્ર દળોના ગણવેશ (પોશાક) તથા અન્ય ચીજ-વસ્તુઓ ઉપર પ્રતિબંધ લાવવો જરૂરી છે.

જેથી હું, એમ. એ. ગાંધી, આઈ.એ.એસ., જિલ્લા મેજીસ્ટ્રેટ, કચ્છ-ભુજ, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-(સી.આર.પી.સી.) ૧૯૭૩ (૧૯૭૪ ના નં. ૨)ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે, કચ્છ જિલ્લાની મહેસુલી હદમાં આવેલ વિસ્તારમાં કોઈપણ દુકાનોમાં કે કોઈપણ વ્યકિતએ સશસ્ત્ર દળોનો ગણવેશ કે તેની સામ્યતા ધરાવતા વસ્ત્રો કે અન્ય ચીજવસ્તુઓનું બીનઅધિકૃત રીતે વેચાણ કરવુ નહિ કે ઉપયોગ કરવો નહિ.

તમામને વ્યકિતગત રીતે નોટિસની બજવણી કરવી શક્ય ન હોઈ આથી એક તરફી હુકમ કરૂ છું. જાહેર જનતાની જાણ સારૂ સ્થાનિક વર્તમાનપત્રો, આકાશવાણી, ઈલેકટ્રોનિક મીડીયા, પોસ્ટર વિ. માધ્યમથી બહોળી પ્રસિદ્ધિ કરાવવી તથા તમામ પોલીસ સ્ટેશન તથા જાહેરમાં સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિદ્ધિ કરવી.

ફોજદારી કાર્યરીતિ અધિનીયમની કલમ-૧૯૫ ની આદેશાત્મક જોગવાઈઓ ધ્યાને લઈ આ જાહેરનામાનાં ભંગ બદલ ભારતીય ફોજદારી ધારાની કલમ-૧૮૮ અન્વયે ગુના કામે આ જાહેરનામા હેઠળ તપાસ કરવાં, જાહેરનામાનાં પાલન કરાવવાનાં અને તપાસનાં અંતે ચાર્જશીટ રજુ કરવાના અધિકાર જિલ્લાનાં પોલીસ અધિકારીશ્રીઓ તેમજ હેડ કોન્સ્ટેબલ કે તે ઉપરનાં કર્મચારીઓને રહેશે.

આ હુકમ સમગ્ર કચ્છ જિલ્લાના સમગ્ર વિસ્તાર માટે લાગુ પડશે. આ જાહેરનામું તા. ૦૧-૦૫-૨૦૧૭ થી તા. ૨૮-૦૬-૨૦૧૭ સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કે ઉલ્લંઘન કરનાર ઈસમ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ની મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજરોજ તા. ૨૭-૦૪-૨૦૧૭ ના રોજ મારી સહી કરી કચેરીનો સિક્કો મારી બહાર પાડયો.

કચ્છ-ભુજ, ૨૭ માહે એપ્રિલ, સને ૨૦૧૭.

---

**ફોજદારી કાર્યરીતિ અધિનિયમ સને ૧૯૭૩ (૧૯૭૪ ના નં. ૨)ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ**

**હુકમ**

ના. મેજી/પોલ/બોર-કુવા/જાહેરનામું/૧૧/૦૪/૨૦૧૭.- ખુલ્લા બોર-કુવામાં બાળકોના પડી જવાના ઘણા કિસ્સાઓ બનેલ છે. કેટલાક કિસ્સાઓમાં બાળકોના મૃત્યુ થવા પામેલ છે. આવા ખુલ્લા બોર-કુવા સંબંધે સાવચેતીના પગલાં લેવા માટે નામ. સુપ્રિમ કોર્ટ ઓફ ઈન્ડિયાએ ગાઈડલાઈન આપેલી છે. ખુલ્લા બોર-કુવામાં બાળકોના પડી જવાના બનાવો ન બને તે માટે તકેદારીના પગલાં લેવા જરૂરી છે.

જેથી, હું, એમ. એ. ગાંધી, આઈ.એ.એસ., જિલ્લા મેજીસ્ટ્રેટ, કચ્છ-ભુજ, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-(સી.આર.પી.સી.) ૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨)ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે, કચ્છ જિલ્લાની મહેસુલી હદમાં બોર-કુવા બનાવવા પહેલાં તથા બનાવ્યા બાદ બોર વેલ/ટયુબ વેલના માલિક/ઉપયોગકર્તા/ડ્રીલીંગ એજન્સીએ નીચે મુજબના હુકમોનું પાલન કરવાનું રહેશે.

1. બોર વેલ/ટયુબ વેલનું બાંધકામ શરૂ કરતા પહેલાં જગ્યાના માલિકે સ્થાનિક સત્તામંડળ તથા સ્થાનિક પોલિસને ૧૫ દિવસ પહેલાં જાણ કરવાની રહેશે.
2. તમામ સરકારી, અર્ધ સરકારી, પ્રાઈવેટ ડ્રીલીંગ એજન્સીએ સ્થાનિક સત્તામંડળ પાસે રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે.
3. બોલ વેલ/ટયુબ વેલનું બાંધકામ અથવા સમારકામ ચાલુ હોય ત્યારે નીચે જણાવેલ વિગતો સાથેનું સલામતી સૂચક સાઈનબોર્ડ લગાવવાનું રહેશે.
   - 3.1. બોર વેલ/ટયુબ વેલના બાંધકામ અથવા સમારકામ ચાલુ હોય ત્યારે ડ્રીલીંગ એજન્સીનું નામ તથા પૂરૂ સરનામું.
   - 3.2. બોર વેલ/ટયુબ વેલનો ઉપયોગ કરનાર એજન્સી અથવા માલિકનું નામ તથા પૂરૂ સરનામું
4. બોર વેલ/ટયુબ વેલનું બાંધકામ અથવા સમારકામ ચાલુ હોય ત્યારે તેની આજુબાજુ કાંટાળા તાર અથવા યોગ્ય વાડ/અંતરાયો રાખવાના રહેશે.
5. વેલ કેસીંગની આજુબાજુ ૦.૫૦×૦.૫૦×૦.૬૦ (૦.૩૦ મીટર ગ્રાઉન્ડ લેવલ ઉપર તથા ૦.૩૦ મીટર ગ્રાઉન્ડ લેવલ નીચે) સિમેન્ટ કોંક્રીટવાળું પ્લેટફોર્મ બનાવવાનું રહેશે.
6. સ્ટીલ પ્લેટ વેલ્ડીંગ કરી અથવા નટ બોલ્ટ સાથે મજબુત પ્લેટ ફીટ કરી બોર વેલ/ટયુબવેલનું કેપીંગ કરવાનું રહેશે.
7. પંપ સમારકામ અથવા અન્ય કોઈ સમારકામ દરમ્યાન બોર વેલ/ટયુબ વેલ ખુલ્લા છોડી શકાશે નહીં.
8. બાંધકામ/સમારકામ પૂર્ણ થયા બાદ ખાડા/ચેનલમાં માટી ભરવાની રહેશે.
9. બીન ઉપયોગી અથવા ત્યજી દેવાયેલ બોર વેલ/ટયુબ વેલ અંગે સ્થાનિક સત્તામંડળ પાસેથી એક પ્રમાણપત્ર મેળવવાનું રહેશે અને માટી/રેતી/કાંકરા વિગેરે દ્વારા નીચેથી ગ્રાઉન્ડ લેવલ સુધી ભરી દેવાના રહેશે.
10. ડ્રીલીંગ પૂર્ણ થયા બાદ ગ્રાઉન્ડ લેવલ ડ્રીલીંગ શરૂ કર્યા પહેલાં જે સ્થિતિમાં હોય તે સ્થિતિમાં લાવવાનું રહેશે.
11. જે બોર વેલ/ટયુબ વેલ હાલ બીન ઉપયોગી હોય પરંતુ ભવિષ્યમાં તેનો ઉપયોગ કરવાનો હોય તેને નટ-બોલ્ટ સાથે બોરકેપ લગાવી ઢાંકી દેવાના રહેશે.

તમામને વ્યક્તિગત રીતે નોટિસની બજવણી કરવી શક્ય ન હોઈ આથી એકતરફી હુકમ કરૂં છું. જાહેર જનતાની જાણ સારૂ સ્થાનિક વર્તમાનપત્રો, આકાશવાણી મારફતે પ્રસિદ્ધિ કરાવવી તથા તમામ પોલીસ સ્ટેશન તથા ઔદ્યોગીક એકમોમાં સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિદ્ધિ કરવી.

ફોજદારી કાર્યરીતિ અધિનીયમનની કલમ-૧૯૫ ની આદેશાત્મક જોગવાઈઓ ધ્યાને લઈ આ જાહેરનામાનાં ભંગ બદલ ભારતીય ફોજદારી ધારાની કલમ-૧૮૮ અન્વયે ગુના કામે આ જાહેરનામા હેઠળ તપાસ કરવાનાં, જાહેરનામાનાં પાલન કરાવવાનાં અને તપાસનાં અંતે ચાર્જશીટ રજુ કરવાના અધિકાર જિલ્લાનાં પોલીસ અધિકારીશ્રીઓ તેમજ હેડ કોન્સ્ટેબલ કે તે ઉપરનાં કર્મચારીઓને રહેશે.

આ હુકમ સમગ્ર કચ્છ જિલ્લાના સમગ્ર વિસ્તાર માટે લાગુ પડશે. આ જાહેરનામું તા. ૦૧-૦૫-૨૦૧૭ થી તા. ૨૮-૦૬-૨૦૧૭ સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કે ઉલ્લંઘન કરનાર ઈસમ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ની મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજરોજ તા. ૨૭-૦૪-૨૦૧૭ ના રોજ મારી સહી કરી કચેરીનો સિક્કો મારી બહાર પાડયો.

કચ્છ-ભુજ, ૨૭ માહે એપ્રિલ, સને ૨૦૧૭.

---

**ફોજદારી કાર્યરીતિ અધિનિયમ સને ૧૯૭૩ (૧૯૭૪ ના નં. ૨)ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ**

## હુકમ

ના. મેજી/પોલ/મજુર પ્રાથમિક સુવિધા/જાહેરનામું/૧૦/૦૪/૨૦૧૭.-તાજેતરમાં ગુજરાત રાજ્યમાં બાંધકામ હેઠળના ઈમારતમાં મહિલા મજૂરો ઉપર બળાત્કારના બનાવ બનેલા છે. જે ગુન્હાની તપાસ દરમ્યાન જાણવા મળેલ છે કે બળાત્કારના ભોગ બનનાર મહિલાઓ અને મજૂરોને સંબંધિત મજૂર ઠેકેદાર દ્વારા બાંધકામના સ્થળે પીવાના પાણી, વિજળી, શૌચાલય વિગેરે પ્રાથમિક સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવેલ ન હતી. આ પ્રકારના પ્રાથમિક સુવિધાથી વંચિત મહિલા મજૂરો અને તેમના નાબાલિક બાળકો બળાત્કારના ભોગ બને તેવી સંભાવના રહે છે.

કચ્છ જિલ્લામાં ભુકંપ પછી મોટી સંખ્યામાં ઔદ્યોગીક એકમોના આગમનથી પરપ્રાંતિય શ્રમિકો મોટી સંખ્યામાં વસવાટ કરે છે. જેઓને પાણી, વિજળી, રહેણાંક અને શૌચાલયની પ્રાથમિક સુવિધાઓ કોન્ટ્રાકટરો દ્વારા મળે તે જોવું ઈચ્છનીય છે.

જેથી હું, એમ. એ. ગાંધી, આઈ.એ.એસ., જિલ્લા મેજીસ્ટ્રેટ, કચ્છ-ભુજ, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-(સી.આર.પી.સી.) ૧૯૭૩ (૧૯૭૪ ના નં. ૨)ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે, કચ્છ જિલ્લાની મહેસુલી હદમાં આવેલ તમામ ઔદ્યોગિક એકમો, બાંધકામની જગ્યાઓ, ઈંટના ભઠ્ઠાઓ, ખાણો ખાતે મજૂરી કરતા મજૂરોને લેબર કોન્ટ્રાકટર દ્વારા પાણી, વિજળી, રહેણાંક અને શૌચાલયની પ્રાથમિક સુવિધાઓ પૂરી પાડવાની રહેશે.

તમામને વ્યક્તિગત રીતે નોટિસની બજવણી કરવી શક્ય ન હોઈ આથી એક તરફી હુકમ કરૂ છું. જાહેર જનતાની જાણ સારૂ સ્થાનિક વર્તમાનપત્રો, આકાશવાણી મારફતે પ્રસિદ્ધિ કરાવવી તથા તમામ પોલીસ સ્ટેશન તથા ઔદ્યોગિક એકમોમાં સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિદ્ધિ કરવી.

ફોજદારી કાર્યરીતિ અધિનીયમનની કલમ-૧૯૫ ની આદેશાત્મક જોગવાઈઓ ધ્યાને લઈ આ જાહેરનામાનાં ભંગ બદલ ભારતીય ફોજદારી ધારાની કલમ-૧૮૮ અન્વયે ગુના કામે આ જાહેરનામા હેઠળ તપાસ કરવાં, જાહેરનામાનાં પાલન કરાવવાનાં અને તપાસનાં અંતે ચાર્જશીટ રજુ કરવાના અધિકાર જિલ્લાનાં પોલીસ અધિકારીશ્રીઓ તેમજ હેડ કોન્સ્ટેબલ કે તે ઉપરનાં કર્મચારીઓને રહેશે.

આ હુકમ સમગ્ર કચ્છ જિલ્લાના સમગ્ર વિસ્તાર માટે લાગુ પડશે. આ જાહેરનામું તા. ૦૧-૦૫-૨૦૧૭ થી તા. ૨૮-૦૬-૨૦૧૭ સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કે ઉલ્લંઘન કરનાર ઈસમ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ની મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજરોજ તા. ૨૭-૦૪-૨૦૧૭ ના રોજ મારી સહી કરી કચેરીનો સિક્કો મારી બહાર પાડયો.

કચ્છ-ભુજ, ૨૭ માહે એપ્રિલ, સને ૨૦૧૭.

---

**ફોજદારી કાર્યરીતિ અધિનિયમ સને ૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨)ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ**

## હુકમ

નં. મેજી/પોલ/ઘાસચારા વેચાણ/જાહેરનામું/૦૯/૦૪/૨૦૧૭.-કચ્છ જિલ્લામાં રસ્તા પર કે સરકારી જમીનો અને ખાનગી પ્લોટ પર અનઅધિકૃત વ્યકિતઓ દ્વારા અનધિકૃત રીતે ઘાસચારો વેંચવામાં આવતો હોવાનું ધ્યાને આવેલ છે. આ વ્યકિતઓ દ્વારા એક જગ્યાએ ઢોરો એકત્ર કરી ગ્રાહકોને ઘાસચારો વેંચી એકત્ર કરેલ ઢોરોને આપવામાં આવતો હોવાનું ધ્યાને આવે છે. આ એકત્ર થયેલ ઢોરો ઘણીવાર નિરંકુશ થઈ નાગરીકોને ઈજા પહોંચાડે છે તેમજ જાહેર જનતાને નુકશાન કરે છે. જેથી જાહેર જનતાની સુરક્ષાના હિતમાં જાહેરમાં સરકારી તથા ખાનગી જમીનો પર અનધિકૃત રીતે ઘાસચારો વેંચવા પર પ્રતિબંધ જરૂરી છે.

જેથી હું, એમ. એ. ગાંધી, આઈ.એ.એસ., જિલ્લા મેજીસ્ટ્રેટ, કચ્છ-ભુજ, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-(સી.આર.પી.સી.) ૧૯૭૩ (૧૯૭૪ ના નં. ૨)ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે, કચ્છ જિલ્લાની મહેસુલી હદમાં આવેલ તમામ નગરપાલિકાઓની હદમાં અધિકૃત કરેલ સ્થળો સિવાયના કોઈપણ સ્થળ પર ઘાસચારાનો વેપાર કરી શકાશે નહીં.

તમામને વ્યક્તિગત રીતે નોટિસની બજવણી કરવી શક્ય ન હોઈ આથી એક તરફી હુકમ કરૂ છું. જાહેર જનતાની જાણ સારૂ સ્થાનિક વર્તમાનપત્રો, આકાશવાણી મારફતે પ્રસિદ્ધિ કરાવવી તથા તમામ પોલીસ સ્ટેશન તથા ઔદ્યોગિક એકમોમાં સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિદ્ધિ કરવી.

ફોજદારી કાર્યરીતિ અધિનીયમનની કલમ-૧૯૫ ની આદેશાત્મક જોગવાઈઓ ધ્યાને લઈ આ જાહેરનામાનાં ભંગ બદલ ભારતીય ફોજદારી ધારાની કલમ-૧૮૮ અન્વયે ગુના કામે આ જાહેરનામા હેઠળ તપાસ કરવાનાં, જાહેરનામાનાં પાલન કરાવવાનાં અને તપાસનાં અંતે ચાર્જશીટ રજુ કરવાના અધિકાર જિલ્લાનાં પોલીસ અધિકારીશ્રીઓ તેમજ હેડ કોન્સ્ટેબલ કે તે ઉપરનાં કર્મચારીઓને રહેશે.

આ હુકમ સમગ્ર કચ્છ જિલ્લાના સમગ્ર વિસ્તાર માટે લાગુ પડશે. આ જાહેરનામું તા. ૦૧-૦૫-૨૦૧૭ થી તા. ૨૮-૦૬-૨૦૧૭ સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કે ઉલ્લંઘન કરનાર ઈસમ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ની મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજરોજ તા. ૨૭-૦૪-૨૦૧૭ ના રોજ મારી સહી કરી કચેરીનો સિક્કો મારી બહાર પાડયો.

કચ્છ-ભુજ, ૨૭ માહે એપ્રિલ, સને ૨૦૧૭.

---

**ફોજદારી કાર્યરીતિ અધિનિયમ સને ૧૯૭૩ (૧૯૭૪ ના નં. ૨)ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ**

## હુકમ

ના. મેજી/પોલ/મજુર નોંધણી/જાહેરનામું/૦૮/૦૪/૨૦૧૭.- કચ્છ જિલ્લામાં ભુકંપ બાદ રાજ્ય સરકારશ્રીની નીતિ અનુસાર મોટા પ્રમાણમાં ઔદ્યોગિક એકમો શરૂ થયેલા છે અને તે ઔદ્યાગિક એકમોમાં રાજ્ય બહારથી/જિલ્લા બહારથી મોટા ભાગે મજુરો કોન્ટ્રાકટરો દ્વારા પુરા પાડવામાં આવતા હોય છે અને તે મજુરોને કારણે અને ઔદ્યોગિક એકમોને કારણે જિલ્લામાં રાજ્ય બહારના લોકોની આવન-જાવનનું પ્રમાણ વધેલ છે અને તપાસમાં જિલ્લા બહારના લોકોની સંડોવણી માલુમ પડેલ છે.

જિલ્લામાં લુંટ, ધાડ અને ચોરીના બનાવો ઉપર અંકુશ આવે અને રાજ્ય અને જિલ્લા બહારથી આવતા અસામાજિક તત્વો ઉપર પુરતી વોચ રહે તેમજ પોલીસ તપાસ માટે વિગતો ઉપલબ્ધ બને તે માટે કચ્છ જિલ્લામાં આવેલ તમામ ઔદ્યોગિક એકમો તરફથી જે લેબર કોન્ટ્રાકટરો પાસેથી મજુરો મેળવવામાં આવે છે. તેઓને કામે રાખતા પહેલા તેઓ બાબતે નામ, સરનામા સહિતની જરૂરી વિગતો રખાય, તે સુનિશ્ચિત કરવું ખુબ જ જરૂરી જણાય છે.

જેથી હું, એમ. એ. ગાંધી, આઈ.એ.એસ., જિલ્લા મેજીસ્ટ્રેટ, કચ્છ-ભુજ, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-(સી.આર.પી.સી.) ૧૯૭૩ (૧૯૭૪ ના નં. ૨) ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે, કચ્છ જિલ્લાની મહેસુલી હદમાં આવેલ તમામ ઔદ્યોગિક એકમોએ લેબર કોન્ટ્રાકટર પાસેથી મેળવેલ મજુરો બાબતે નીચે મુજબની કાર્ય પધ્ધતિ મુજબ અમલ કરવાનું રહેશે.

(૧) દરેક ઔદ્યોગિક એકમો લેબર કોન્ટ્રાકટરોએ પ્રથમ મદદનીશ મજુર કમિશ્નરશ્રી, ગાંધીધામ અથવા ભુજ (જેનો વિસ્તાર લાગુ પડે તે પ્રમાણે) પાસેથી નોંધણી કરાવી લેવાની રહેશે. ત્યારબાદ વણ નોંધાયેલ લેબર કોન્ટ્રાકટરો, મજુરો પુરા પાડવાની કામગીરી કરી શકશે નહી. આ તારીખ પછી લેબર કોન્ટ્રાકટરોએ મજુર પુરા પાડતા પહેલાં સબંધિત મદદનીશ મજુર કમિશ્નરશ્રી, પાસેથી નોંધણી કરાવી લેવાની રહેશે.

(૨) નોંધણી મેળવેલ લેબર કોન્ટ્રાકટરોએ જુદા જુદા ઔદ્યોગિક એકમોને પુરા પાડેલ મજુરોની યાદી મદદનીશ કમિશ્નરશ્રી, ગાંધીધામ તથા પોલીસ અધિક્ષકશ્રી, પશ્ચિમ કચ્છ, ગાંધીધામને દર માસે પુરી પાડવાની રહેશે. તેમાં મજુરોના નામ, પાકા સરનામા તથા ફોટો સાથે ઉંમર સહિતની વિગતો આપવાની રહેશે. પુરા પાડેલ મજુરોની ઓળખ સાબિત કરવા માટે ફોટા સાથેના ઓળખપત્રની નકલ લેબર કોન્ટ્રાકટરે પોતાની કચેરીમાં રાખવાની રહેશે અને માંગણી થયે રજુ કરવાની રહેશે.

(૩) કામે રાખેલ મજુરો પૈકી મજુરો છુટા થાય તો તેની વિગત તથા નવા ઉમેરાયેલા નામોની યાદી દર ત્રણ માસે મદદનીશ મજુર કમિશ્નરશ્રી, ગાંધીધામ તથા જે તે વિસ્તારના નજીકના પોલિસ સ્ટેશનને દર માસે પુરી પાડવાની રહેશે.

(૪) ઔદ્યોગિક એકમોએ રોકેલ લેબર કોન્ટ્રાકટરોની માહિતી દર માસે જે તે પોલીસ સ્ટેશનને તથા મદદનીશ મજુર કમિશ્નરશ્રી, ગાંધીધામને આપવાની રહેશે.

(૫) લેબર કોન્ટ્રાકટરોએ કામે રાખેલ મજુરોની સંપુર્ણ વિગત તથા ફોટા સાથેનું રજીસ્ટર નિભાવવાનું રહેશે. તે મદદનીશ મજુર કમિશ્નરશ્રી, ભુજ/ગાંધીધામ પાસેથી સહી, સિક્કા કરાવેલ હોવું જોઈશે. જિલ્લા/રાજ્ય બહારથી પુરા પાડેલ મજુરોનું જે તે જિલ્લા/રાજ્યનું પુરૂં સરનામું ફોટો સહિત રજીસ્ટરમાં પુરાવાના આધારે નોંધવું જોઈશે.

(૬) કોઈપણ લેબર કોન્ટ્રાકટરો નોંધણી કરાવ્યા સિવાય ઔદ્યોગિક એકમોને મજુરો પુરા પાડી શકશે નહી, તેવી જ રીતે ઔદ્યોગિક એકમ પણ નોંધણી સિવાયની લેબર કોન્ટ્રાકટરોથી મજુરો મેળવી શકશે નહી.

તમામને વ્યકિતગત રીતે નોટિસની બજવણી કરવી શક્ય ન હોઈ આથી એક તરફી હુકમ કરૂ છું. જાહેર જનતાની જાણ સારૂ સ્થાનિક વર્તમાનપત્રો, આકાશવાણી મારફતે પ્રસિદ્ધિ કરાવવી તથા તમામ પોલીસ સ્ટેશન તથા ઔદ્યોગિક એકમોમાં સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિદ્ધિ કરવી.

ફોજદારી કાર્યરીતિ અધિનીયમનની કલમ-૧૯૫ ની આદેશાત્મક જોગવાઈઓ ધ્યાને લઈ આ જાહેરનામાનાં ભંગ બદલ ભારતીય ફોજદારી ધારાની કલમ-૧૮૮ અન્વયે ગુના કામે આ જાહેરનામા હેઠળ તપાસ કરવાનાં, જાહેરનામાનાં પાલન કરાવવાનાં અને તપાસનાં અંતે ચાર્જશીટ રજુ કરવાના અધિકાર જિલ્લાનાં પોલીસ અધિકારીશ્રીઓ તેમજ હેડ કોન્સ્ટેબલ કે તે ઉપરનાં કર્મચારીઓને રહેશે.

આ હુકમ સમગ્ર કચ્છ જિલ્લાના સમગ્ર વિસ્તાર માટે લાગુ પડશે. આ જાહેરનામું તા. ૦૧-૦૫-૨૦૧૭ થી તા. ૨૮-૦૬-૨૦૧૭ સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કે ઉલ્લંઘન કરનાર ઈસમ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ની મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજરોજ તા. ૨૭-૦૪-૨૦૧૭ ના રોજ મારી સહી કરી કચેરીનો સિક્કો મારી બહાર પાડયો.

કચ્છ-ભુજ, ૨૭ માહે એપ્રિલ, સને ૨૦૧૭.

---

**ફોજદારી કાર્યરીતિ અધિનિયમ સને ૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨) ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ હુકમ**

## જાહેરનામું

ના. મેજી/પોલ/સાયકલ/મોપેડ/જાહેરનામું/૦૩/૦૪/૨૦૧૭.- દેશમાં બનતા ગુનાઓમાં સીરીયલ બોમ્બ બ્લાસ્ટ જેવા હુમલાઓમાં સાયકલનો ઉપયોગ કરવામાં આવેલ હોવાનું તપાસમાં ધ્યાને આવેલ છે. આ પ્રકારના હુમલાઓમાં સાયકલ, સ્કુટર, ટીફીન કે પાઈપનો ઉપયોગ થતો હોય છે. જેથી નવા જુના સાયકલ/સ્કુટર/મોપેડ/બાઈક ખરીદી સમયે ખરીદનાર વ્યક્તિની ઓળખ માટે વેપારીઓએ કોઈ માન્યતા પ્રાપ્ત દસ્તાવેજી પુરાવા જેવા કે રેશનકાર્ડ, ચૂંટણીકાર્ડ વિગેરે મેળવી તેની ખરાઈ કરી સાયકલ/સ્કુટર/મોપેડ/બાઈક વેચાણ સમયે બીલમાં સાયકલ/સ્કુટર/મોપેડ/બાઈકનો પ્રકાર, ચેસીસ નંબર, ગ્રાહકનું પૂરૂં નામ, સરનામું, ટેલીફોન નં. વિગેરે સાથેની વિગત દર્શાવે તે જાહેર જનતાના હિતમાં છે.

જેથી વર્તમાન સંજોગોમાં રાષ્ટ્રીય સુરક્ષાને ધ્યાને લઈ કચ્છ જિલ્લામાં કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે હેતુથી સાયકલ/સ્કુટર/મોપેડ/બાઈકના વેચાણ ઉપર કાયદાકીય નિયંત્રણ હોવું અતિ જરૂરી છે.

જેથી હું, એમ. એ. ગાંધી, આઈ.એ.એસ., જિલ્લા મેજીસ્ટ્રેટ, કચ્છ-ભુજ, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-(સી.આર.પી.સી.) ૧૯૭૩ (૧૯૭૪ ના નં. ૨) ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે, કચ્છ જિલ્લાની મહેસુલી હદમાં આવેલ તમામ જુના/નવા સાયકલ/સ્કુટર/મોપેડ/બાઈક લે-વેચ કરતા વેપારીઓ જુના-નવા સાયકલ/સ્કુટર/મોપેડ/બાઈકના ખરીદ અને વેચાણ અંગે નીચે જણાવ્યા મુજબનું પાલન કરવાનું રહેશે.

જુના/નવા સાયકલ/સ્કુટર/મોપેડ/બાઈક લે-વેચ કરતા વેપારીઓએ નવા-જુના સાયકલ/સ્કુટર/મોપેડ/બાઈક ખરીદી સમયે ખરીદનાર વ્યક્તિની ઓળખ માટે વેપારીઓએ કોઈ માન્યતા પ્રાપ્ત દસ્તાવેજી પુરાવા જેવા કે રેશનકાર્ડ, ચૂંટણીકાર્ડ વિગેરે મેળવી તેની ખરાઈ કરી સાયકલ/સ્કુટર/મોપેડ/બાઈક વેચાણ સમયે બીલમાં સાયકલ/સ્કુટર/મોપેડ/બાઈકનો પ્રકાર, ચેસીસ નંબર, ગ્રાહકનું પૂરૂં નામ, સરનામું, ટેલીફોન નં. વિગેરે લખવાનું રહેશે.

તમામને વ્યકિતગત રીતે નોટિસની બજવણી કરવી શક્ય ન હોઈ આથી એક તરફી હુકમ કરૂં છું. જાહેર જનતાની જાણ સારૂ સ્થાનિક વર્તમાનપત્રો, આકાશવાણી, મારફતે પ્રસિદ્ધિ કરાવવી તથા તમામ પોલીસ સ્ટેશન તથા જુના/નવા સાયકલ/સ્કુટર/મોપેડ/બાઈક લે-વેચ કરતા વેપારીશ્રીઓ, ડીસ્ટ્રીબ્યુટરો, જથ્થાબંધ વેપારીઓના ધંધાના સ્થળે સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધિ કરવી.

ફોજદારી કાર્યરીતિ અધિનીયમની કલમ-૧૯૫ ની આદેશાત્મક જોગવાઈઓ ધ્યાને લઈ આ જાહેરનામાનાં ભંગ બદલ ભારતીય ફોજદારી ધારાની કલમ-૧૮૮ અન્વયે ગુના કામે આ જાહેરનામા હેઠળ તપાસ કરવાનાં, જાહેરનામાનાં પાલન કરાવવાનાં અને તપાસનાં અંતે ચાર્જશીટ રજુ કરવાના અધિકાર જિલ્લાનાં પોલીસ અધિકારીશ્રીઓ તેમજ હેડ કોન્સ્ટેબલ કે તે ઉપરનાં કર્મચારીઓને રહેશે.

આ હુકમ સમગ્ર કચ્છ જિલ્લાના સમગ્ર વિસ્તાર માટે લાગુ પડશે. આ જાહેરનામું તા. ૦૧-૦૫-૨૦૧૭ થી તા. ૨૮-૦૬-૨૦૧૭ સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કે ઉલ્લંઘન કરનાર ઈસમ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ની મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજરોજ તા. ૨૭-૦૪-૨૦૧૭ ના રોજ મારી સહી કરી કચેરીનો સિક્કો મારી બહાર પાડયો.

કચ્છ-ભુજ, ૨૭ માહે એપ્રિલ, સને ૨૦૧૭.

---

**ફોજદારી કાર્યરીતિ અધિનિયમ સને ૧૯૭૩ (૧૯૭૪ ના નં. ૨)ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ**

## હુકમ

નં. મેજી/પોલ/સીમકાર્ડ/જાહેરનામું/૦૪/૦૪/૨૦૧૭.-રાજ્યમાં બનતા ગુનાઓમાં મોબાઈલ ફોન તેમજ ખોટા નામે લીધેલ સીમકાર્ડના ઉપયોગ થાય છે. મોબાઈલ ફોન નેટવર્ક ધરાવતી દરેક કંપનીઓ તરફથી સીમકાર્ડ વેચવા કે ખરીદવા પર કોઈ ચોકકસ પ્રકારની નીતિનું પાલન કરવામાં આવતું નથી. આ અંગે મોબાઈલ કંપનીને સોંપવાના થતા દસ્તાવેજોની પણ યોગ્ય ખરાઈ કરવામાં આવતી નથી. સ્થાનિક પોલિસ તરફથી અવારનવાર મોબાઈલ સીમકાર્ડ વેચતા ડીલરો, ફેરીયાઓને ચેક કરવામાં આવતા તેઓ પાસે સીમકાર્ડ વેચાણ અંગેના કોઈ દસ્તાવેજી આધારો પોતા પાસે રાખતા નથી કે કયા દસ્તાવેજ ધારકને કયુ સીમકાર્ડ આપવામાં આવેલ છે તે અંગેની માહિતી તેઓ પાસે રહેતી નથી.

જેથી વર્તમાન સંજોગોમાં રાષ્ટ્રીય સુરક્ષાને ધ્યાને લઈ કચ્છ જિલ્લામાં કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે હેતુથી સીમકાર્ડના ખરીદ તથા વેચાણ કરનાર ઉપર કાયદાકીય નિયંત્રણ હોવું અતિ જરૂરી છે.

જેથી હું, એમ. એ. ગાંધી, આઈ.એ.એસ., જિલ્લા મેજીસ્ટ્રેટ, કચ્છ-ભુજ, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-(સી.આર.પી.સી.) ૧૯૭૩ (૧૯૭૪ ના નં. ૨) ની કલમ-૧૪૪ અન્વયે મને

મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે, કચ્છ જિલ્લાની મહેસુલી હદમાં આવેલ તમામ મોબાઈલ ફોન સર્વિસ પ્રોવાઈડર કંપનીઓ, તેના ડીસ્ટ્રીબ્યુટરો, જથ્થાબંધ વેપારી અને રીટેઈલ વેપારીઓએ સીમકાર્ડના ખરીદ અને વેચાણ અંગે નીચે જણાવ્યા મુજબનું પાલન કરવાનું રહેશે.

(૧) મોબાઈલ કંપનીઓ તરફથી વેચાણ માટે ડીસ્ટ્રીબ્યુટરો કે જથ્થાબંધ વેપારીઓને આપવામાં આવતાં સીમકાર્ડના નંબરોનું રજિસ્ટર એરિયાવાઈઝ ડીસ્ટ્રીબ્યુટરોએ અને જથ્થાબંધ વેપારીઓએ નિભાવવું.

(૨) ડીસ્ટ્રીબ્યુટરો કે જથ્થાબંધ વેપારીઓ તરફથી રીટેલરોને વેચાણ માટે આપવામાં આવતા સીમકાર્ડના નંબરોનું રજિસ્ટર રીટેલરોએ પણ નિભાવવું. જેમાં જે તે નંબર કઈ વ્યકિતને વેચવામાં આવેલ છે અને સાથોસાથ તે માટે જે દસ્તાવેજો લેવામાં આવેલ હોય તેની પણ નોંધ કરવી.

(૩) મોબાઈલ કંપનીઓએ તેમના સીમકાર્ડનું વેચાણ કરતા ડીસ્ટ્રીબ્યુટરો અને તેના રીટેલરોની યાદી તેઓના કંપની કોડ સાથેની નજીકના પોલિસ સ્ટેશન તેમજ પોલિસ અધિક્ષકશ્રીની કચેરીએ મોકલી આપવી તેમજ આ યાદીમાં ફેરફાર થાય તો તેની પણ જાણ કરવી.

(૪) સીમકાર્ડ ખરીદવા આવનાર વ્યકિત જે દસ્તાવેજો આપે છે તે દસ્તાવેજોની પ્રાથમિક ચકાસણી કરવી અને રીટેલરની જવાબદારી હોઈ તે દસ્તાવેજો જેવા કે ફોટો આઈડી ધરાવતા દસ્તાવેજો સાથે અલગથી આપવામાં આવતા પાસપોર્ટ સાઈઝના ફોટાની સરખામણી કરવી.

(૫) મોટાભાગે દસ્તાવેજોની ખરાઈ માટે ખાનગી પેઢીઓને કોન્ટ્રાકટ સોંપવામાં આવે છે. આવા સંજોગોમાં તેવા લોકોની પુરેપુરી માહિતી સ્થાનિક પોલિસ અને મોબાઈલ કંપનીઓએ સોંપવી.

(૬) મોબાઈલ સીમના ડીસ્ટ્રીબ્યુટરો સીમકાર્ડના વેચાણ અર્થે સીમકાર્ડ, કોઈપણ ફેરીયા કે પાનના ગલ્લાવાળાઓને આપતા હોવાનું જણાઈ આવેલ છે. જે ખુબ જ ગંભીર બાબત છે. જેથી આવા સીમકાર્ડનું વેચાણ ફકત નગરપાલિકા કે ગ્રામ પંચાયતમાં શોપ એન્ડ એસ્ટાબ્લીશમેન્ટ એકટ હેઠળ નોંધાયેલ લાયસન્સ ધારકને જ વેચવા આપે તેવી વ્યવસ્થા કરવી.

(૭) મોબાઈલ કંપનીઓએ કોઈપણ મોબાઈલ સીમકાર્ડનું એકટીવેશન કરતા પહેલા સીમકાર્ડ ખરીદનારે આપેલ દસ્તાવેજોની યોગ્ય ચકાસણી કર્યા બાદ જ સીમકાર્ડ એકટીવ કરવું.

તમામને વ્યકિતગત રીતે નોટિસથી બજવણી કરવી શકય ન હોઈ આથી એકતરફી હુકમ કરૂ છું. જાહેર જનતાની જાણ સારૂ સ્થાનિક વર્તમાનપત્રો, આકાશવાણી મારફતે પ્રસિદ્ધિ કરાવવી તથા તમામ પોલીસ સ્ટેશન તથા મોબાઈલ સીમકાર્ડ લે-વેચ કરતા વેપારીઓ, ડીસ્ટ્રીબ્યુટરો, જથ્થાબંધ વેપારીઓ તેમજ મોબાઈલ કંપનીઓની ઓફિસમાં સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર હુકમની નકલ ચોંટાડી પોલીસે તેની પ્રસિદ્ધિ કરવી.

ફોજદારી કાર્યરીતિ અધિનીયમનની કલમ-૧૯૫ ની આદેશાત્મક જોગવાઈઓ ધ્યાને લઈ આ જાહેરનામાનાં ભંગ બદલ ભારતીય ફોજદારી ધારાની કલમ-૧૮૮ અન્વયે ગુના કામે આ જાહેરનામા હેઠળ તપાસ કરવાં, જાહેરનામાનાં પાલન કરાવવાનાં અને તપાસનાં અંતે ચાર્જશીટ રજુ કરવાના અધિકાર જિલ્લાનાં પોલીસ અધિકારીશ્રીઓ તેમજ હેડ કોન્સ્ટેબલ કે તે ઉપરનાં કર્મચારીઓને રહેશે.

આ હુકમ સમગ્ર કચ્છ જિલ્લાના સમગ્ર વિસ્તાર માટે લાગુ પડશે. આ જાહેરનામું તા. ૦૧-૦૫-૨૦૧૭ થી તા. ૨૮-૦૬-૨૦૧૭ સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કે ઉલ્લંઘન કરનાર ઈસમ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ની મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજરોજ તા. ૨૭-૦૪-૨૦૧૭ ના રોજ મારી સહી કરી કચેરીનો સિક્કો મારી બહાર પાડયો.

કચ્છ-ભુજ, ૨૭ માહે એપ્રિલ, સને ૨૦૧૭.

---

**ફોજદારી કાર્યરીતિ અધિનિયમ સને ૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨) ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ**

## હુકમ

નાં. મેજી/પોલ/સીસીટીવી કેમેરા/જાહેરનામું/૦૫/૦૪/ ૨૦૧૭.-કચ્છ જિલ્લો ઔદ્યોગિક રીતે અતિઝડપથી વિકાસ પામતો જિલ્લો છે અને કચ્છમાં ઉદ્યોગોમાં બહારના રાજ્યોમાંથી કામદારો પુષ્કળ સંખ્યામાં આવતા હોય છે. કચ્છ જિલ્લામાં એન.આર.આઈ. લોકો પણ મોટી સંખ્યામાં રહે છે અને તેઓની થાપણો પણ બેંકોમાં રહે છે. જિલ્લામાં આવેલ બેંકો, પેટ્રોલપંપો, વાઈટલ ઈન્સ્ટોલેશનો, ટોલનાકા, સિનેમાઘરો, હોટલો, શોપીંગ સેન્ટરો, તેમજ જ્વેલર્સની દુકાનો વિગેરેમાં રોજબરોજ નાણાની લેવડદેવડ થતી હોય છે પરંતુ મોટા ભાગના કિસ્સાઓમાં કોઈ સિકયોરીટી ગાર્ડસ રાખતા હોય તેવું જણાઈ આવેલ નથી. જેથી આવા સંજોગોમાં લેભાગુ તત્વો લુંટ જેવા બનાવને અંજામ આપી શકે તેવી પુરીપુરી શકયતાઓ રહેલી છે. જેથી ભવિષ્યમાં આવા બેંક લુંટ કે અન્ય કોઈ બનાવો ન બને અને બને તો તે અંગે આવેલ તમામ ઈસમોની હરકત જાણી શકાય તે હેતુસર નીચે મુજબના પગલાં લેવા જરૂરી જણાય છે.

જેથી હું, એમ. એ. ગાંધી, આઈ.એ.એસ., જિલ્લા મેજીસ્ટ્રેટ, કચ્છ-ભુજ, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ- (સી.આર.પી.સી.) ૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨)ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે, કચ્છ જિલ્લાની

મહેસુલી હદમાં આવેલ તમામ રાષ્ટ્રીય, ખાનગી તેમજ સહકારી બેંકો, પેટ્રોલપંપો, વાઈટલ ઈન્સ્ટોલેશનો, જ્વેલર્સની દુકાનો, શોપીંગ સેન્ટરો, હોટલો, ટોલનાકાઓ તેમજ સિનેમાઘરોએ સીસીટીવી કેમેરા કેશીયરની કેબીન ઉપર, મેઈન દરવાજા ઉપર તથા ટ્રેઝરી ઉપર લગાવવા. તેમજ તેનું તેનો ડેટા એક માસ સુધી સાચવી રાખવો. તેમજ સદરહું ડેટા પોલિસ અધિકારી તરફથી માંગણી કર્યે આપવાનો રહેશે.

તમામને વ્યક્તિગત રીતે નોટિસની બજવણી કરવી શક્ય ન હોઈ આથી એક તરફી હુકમ કરૂં છું. જાહેર જનતાની જાણ સારૂ સ્થાનિક વર્તમાનપત્રો, આકાશવાણી મારફતે પ્રસિદ્ધિ કરાવવી તથા તમામ પોલીસ સ્ટેશન તથા હોટલ/ગેસ્ટ હાઉસ/લોજમાં સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિદ્ધિ કરવી.

ફોજદારી કાર્યરીતિ અધિનીયમની કલમ-૧૯૫ ની આદેશાત્મક જોગવાઈઓ ધ્યાને લઈ આ જાહેરનામાનાં ભંગ બદલ ભારતીય ફોજદારી ધારાની કલમ-૧૮૮ અન્વયે ગુના કામે આ જાહેરનામા હેઠળ તપાસ કરવાનાં, જાહેરનામાનાં પાલન કરાવવાનાં અને તપાસનાં અંતે ચાર્જશીટ રજુ કરવાના અધિકાર જિલ્લાનાં પોલીસ અધિકારીશ્રીઓ તેમજ હેડ કોન્સ્ટેબલ કે તે ઉપરનાં કર્મચારીઓને રહેશે.

આ હુકમ સમગ્ર કચ્છ જિલ્લાના સમગ્ર વિસ્તાર માટે લાગુ પડશે. આ જાહેરનામું તા. ૦૧-૦૫-૨૦૧૭ થી તા. ૨૮-૦૬-૨૦૧૭ સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કે ઉલ્લંઘન કરનાર ઈસમ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ની મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજરોજ તા. ૨૭-૦૪-૨૦૧૭ ના રોજ મારી સહી કરી કચેરીનો સિક્કો મારી બહાર પાડયો.

કચ્છ-ભુજ, ૨૭ માહે એપ્રિલ, સને ૨૦૧૭.

---

**ફોજદારી કાર્યરીતિ અધિનિયમ સને ૧૯૭૩ (૧૯૭૪ ના નં. ૨)ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ**

## હુકમ

ના. મેજી/પોલ/ટ્રાન્સપોર્ટ ડ્રાયવર/જાહેરનામું/૦૬/૦૪/૨૦૧૭.-કચ્છ જિલ્લામાં ભુકંપ બાદ રાજ્ય સરકારશ્રીની નીતિ અનુસાર મોટા પ્રમાણમાં ઔદ્યોગિક એકમો શરૂ થયેલા છે અને તે ઔદ્યોગિક એકમોને કારણે ટ્રાન્સપોર્ટ ઉદ્યોગનો વિકાસ થયેલ છે. જેના અનુસંધાને ટ્રાન્સપોર્ટ ઓપરેટરો રાજ્ય બહારથી/જિલ્લા બહારથી મોટા ભાગે ડ્રાયવરો અને કલીનરોને કામે રાખતા હોય છે. જેને કારણે જિલ્લામાં રાજ્ય બહારના લોકોની આવન-જાવનનું પ્રમાણ વધેલ છે. જિલ્લામાં કાર્યરત કેન્દ્ર સરકાર તથા રાજ્ય સરકારની ગુપ્તચર એજન્સીઓ તરફથી આવતા ઈનપુટ મુજબ રાષ્ટ્ર વિરોધી પ્રવૃત્તિઓમાં જિલ્લા બહારના લોકોની સંડોવણી માલુમ પડેલ છે.

જિલ્લામાં લૂંટ, ધાડ અને ચોરીના બનાવો ઉપર અંકુશ આવે અને રાજ્ય અને જિલ્લા બહારથી આવતા અસામાજિક તત્વો ઉપર પુરતી વોચ રહે તેમજ પોલિસ તપાસ માટે વિગતો ઉપલબ્ધ બને તે માટે કચ્છ જિલ્લામાં કાર્યરત તમામ ટ્રાન્સપોર્ટ ઓપરેટરોએ પોતાના વાહનો પર ડ્રાયવરો/કલીનરોને કામે રાખતા પહેલા તેઓના નામ, સરનામા સહિતની જરૂરી વિગતો સંબંધીત પોલિસ સ્ટેશનમાં આપે તે સુનિશ્ચિત કરવું ખુબજ જરૂરી જણાય છે.

જેથી, હું, એમ. એ. ગાંધી, આઈ.એ.એસ., જિલ્લા મેજીસ્ટ્રેટ, કચ્છ-ભુજ, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ (સી.આર.પી.સી.) ૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨)ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે, કચ્છ જિલ્લાની મહેસુલી હદમાં આવેલ તમામ ટ્રાન્સપોર્ટ ઓપરેટરોએ પોતાના વાહનો પર કામે રાખેલ રાજ્ય બહારના ડ્રાયવરો/કલીનરો બાબતે નીચે મુજબની કાર્યપધ્ધતિ મુજબ અમલ કરવાનું રહેશે.

(૧) દરેક ટ્રન્સપોર્ટ ઓપરેટરોએ કામે રાખેલ રાજ્ય બહારના ડ્રાયવરો/કલીનરોની સબંધીત પોલિસ સ્ટેશનમાં ડીટેઈલ બાયોડેટા સહિત નોંધણી કરાવી લેવાની રહેશે. ત્યારબાદ વણ નોંધાયેલ ડ્રાયવરો/કલીનરો કામગીરી કરી શકશે નહીં.

(૨) કામે રાખેલ રાજ્ય બહારના ડ્રાયવરો/કલીનરો પૈકી કોઈ છુટા થાય તો તેની વિગત તથા નવા ઉમેરાયેલા નામોની યાદી દર માસે જે તે વિસ્તારના નજીકના પોલિસ સ્ટેશનને પુરી પાડવાની રહેશે.

(૪) કોઈપણ ટ્રાન્સપોર્ટ ઓપરેટરો રાજ્ય બહારના ડ્રાયવરો/કલીનરોની નોંધણી કરાવ્યા સિવાય કામે રાખી શકશે નહીં.

તમામને વ્યક્તિગત રીતે નોટિસની બજવણી કરવી શક્ય ન હોઈ આથી એકતરફી હુકમ કરૂં છું. જાહેર જનતાની જાણ સારૂ સ્થાનિક વર્તમાનપત્રો, આકાશવાણી મારફતે પ્રસિદ્ધિ કરાવવી તથા તમામ પોલીસ સ્ટેશન તથા ઔદ્યોગિક એકમોમાં સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિદ્ધિ કરવી.

ફોજદારી કાર્યરીતિ અધિનીયમની કલમ-૧૯૫ ની આદેશાત્મક જોગવાઈઓ ધ્યાને લઈ આ જાહેરનામાનાં ભંગ બદલ ભારતીય ફોજદારી ધારાની કલમ-૧૮૮ અન્વયે ગુના કામે આ જાહેરનામા હેઠળ તપાસ કરવાનાં, જાહેરનામાનાં પાલન કરાવવાનાં અને તપાસનાં અંતે ચાર્જશીટ રજુ કરવાના અધિકાર જિલ્લાનાં પોલીસ અધિકારીશ્રીઓ તેમજ હેડ કોન્સ્ટેબલ કે તે ઉપરનાં કર્મચારીઓને રહેશે.

આ હુકમ સમગ્ર કચ્છ જિલ્લાના વિસ્તાર માટે લાગુ પડશે. આ જાહેરનામું તા. ૦૧-૦૫-૨૦૧૭ થી તા. ૨૮-૦૬-૨૦૧૭ સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કે ઉલ્લંઘન કરનાર ઈસમ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ની મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજરોજ તા. ૨૭-૦૪-૨૦૧૭ ના રોજ મારી સહી કરી કચેરીનો સિક્કો મારી બહાર પાડયો.

કચ્છ-ભુજ, ૨૭ માહે એપ્રિલ, સને ૨૦૧૭.

**એમ. એ. ગાંધી,**
જિલ્લા મેજીસ્ટ્રેટ,
કચ્છ ભુજ.

---

**ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ કાઢેલ**

## હુકમ

નાં. મેજી/પોલ/ગુજકેટ/પરીક્ષા/૧૪૪/જાહેરનામુ/૫/૧૭.- ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા તા. ૧૦-૦૫-૨૦૧૭ના રોજ "GUJCET-2017" યોજાનાર છે. આ પરીક્ષા મુકત અને નિષ્પક્ષ અને શાંતિપૂર્ણ વાતાવરણમાં યોજાય તેમજ પરીક્ષા કેન્દ્ર/પરીક્ષા બિલ્ડીંગનો વિસ્તાર પ્રતિબંધિત જાહેર કરવા સુચના થયેલ છે. તેના અનુસંધાને કચ્છ જિલ્લાં "GUJCET-2017" ની પરીક્ષા જે પરીક્ષા કેન્દ્રો ઉપર લેવામાં આવનાર છે તે પરીક્ષા કેન્દ્રના સ્થળની આજુબાજુ નો વિસ્તાર તથા ઝેરોક્ષ કેન્દ્રો પરીક્ષા સમય દરમ્યાન બંધ રહે તેવું જાહેરનામું બહાર પાડવાનુ જરૂરી જણાય છે.

જિલ્લામાં "GUJCET-2017" ની પરીક્ષાઓ વિદ્યાર્થીઓ અસામાજીક તત્વોના ત્રાસ અને ભય વિના આપી શકે તથા પરીક્ષા સ્થળના સંચાલકશ્રીઓ અસામાજીક તત્વોના ત્રાસ અને ભય વિના જાહેર પરીક્ષાનું સંચાલન કરી શકે તેમજ પરીક્ષા સમય દરમ્યાન જાહેર વ્યવસ્થા જળવાઈ રહે અને કોઈ અનિચ્છનીય બનાવ બનવા ન પામે તે હેતુથી તથા પરીક્ષા દરમ્યાન ચોરીઓના દુષણના કારણે તેજસ્વી પરીક્ષાર્થીઓના ભાવિ પર અસર ન પડે તે માટે કોપી રાઈટ/ડુપ્લીકેટ પ્રશ્નપત્રો કે તેના ઉત્તરો કોપીઈંગ મશીન દ્વારા ન થાય તથા પરીક્ષા ખંડમાં ન પહોંચે તે માટે પ્રતિબંધિત પગલાં લેવાનું ઈષ્ટ છે.

જેથી, હું, સી. જે. પટેલ, આઈ.એ.એસ., જિલ્લા મેજીસ્ટ્રેટ, કચ્છ ભુજ, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ મુજબ મને મળેલ સત્તાની રૂએ નીચે અનુસુચિમાં દર્શાવ્યા મુજબના જિલ્લાના "GUJCET-2017" પરીક્ષા કેન્દ્રો તથા બિલ્ડીંગોના ૨૦૦ મીટર ત્રિજ્યાના વિસ્તારમાં તા. ૧૦-૦૫-૨૦૧૭ ના સવારે ૦૯-૦૦ કલાકથી ૧૮-૦૦ કલાક સુધી નીચે મુજબનો પ્રતિબંધ ફરમાવું છું.

(૧) પરીક્ષા કેન્દ્રોની આસપાસ ૨૦૦ મીટરની ત્રિજ્યાના વિસ્તારમાં કોઈ પણ માર્ગ ઉપર ચોકમાં કે ગલીમાં પાંચ કરતાં વધારે લોકોએ એકઠા થવું નહીં, સરઘસો કાઢવા નહીં તેમજ સુત્રો પોકારવા નહીં.

(૨) પરીક્ષા કેન્દ્રોની આસપાસ ૨૦૦ મીટરની ત્રિજ્યાના વિસ્તારમાં કોપીઈંગ મશીન દ્વારા કોપીઓ કરવાનો વ્યવસાય કરતા ધંધાર્થીઓ/કોપીઈંગ મશીન ધારકોએ તેઓના કોપઈંગ મશીનો ચલાવવા નહીં કે કોઈપણ પત્રો, દસ્તાવેજો કે કાગળોની નકલો કરવી નહીં અને મશીનો બંધ રાખવા.

(૩) પરીક્ષા કેન્દ્રો/બિલ્ડીંગોના મુખ્ય પ્રવેશ દ્વાર પાસે જ પોલિસ કર્મચારીએ ઉભા રહી જે પરીક્ષાર્થી પાસે પ્રવેશિકા (રસીદ) હોય તે ચકાસીને જ માત્ર પરીક્ષાર્થીને જ પ્રવેશ આપવાનો રહેશે.

(૪) પરીક્ષામાં રોકાયેલ કેન્દ્રના સંચાલકશ્રીઓ, બિલ્ડીંગ કંડક્ટરશ્રી, ખંડ નિરીક્ષકો, વહીવટી સેવામાં જેઓને ફરજ સોંપવામાં આવે છે તે વોટરમેન, બેલમેન કે જેઓ આયોગ દ્વારા ઓળખપત્ર આપવામાં આવેલ છે તે તપાસીને જ પ્રવેશ આપવાનો રહેશે.

(૫) પોલિસ કર્મચારીએ પરીક્ષા કેન્દ્ર/બિલ્ડીંગના મુખ્ય પ્રવેશદ્વાર પાસે જ ફરજ બજાવવાની રહેશે. વર્ગખંડમાં પ્રવેશ કરવાનો રહેશે નહીં.

(૬) પરીક્ષા કેન્દ્રોની આસપાસ ૧૦૦ મીટરની ત્રિજ્યાના વિસ્તારમાં કોઈપણ માર્ગ ઉપર, ચોકમાં કે ગલીમાં કોઈપણ વ્યકિતઓ વાયરલેસ ડીવાઈસીસ જેવા કે બ્લુ ટુથ, પેન કેમેરા, મોબાઈલ કે ઈન્ટરનેટ સાથે કનેકટેડ ઉપકરણો કે અન્ય કોઈપણ ઈલેક્ટ્રોનીક સાધનો લઈ જવા નહીં.

**આ હુકમ નીચેનાઓને લાગુ પડશે નહીં**

(૧) પોતાના અંગત ઉપયોગ માટે કોપીંગ મશીનનો વપરાશ કરતી વ્યકિતઓને.

(૨) પોતાની ફરજની રૂએ કામ કરતી વ્યકિતને એકત્રિત થવાની જોગવાઈ લાગુ પડશે નહીં.

**અનુસુચિ :**

| | |
|---|---|
| ૧ | શ્રી ઈન્દ્રાબાઈ ગર્લ્સ હાઈસ્કૂલ, ભુજ, યુનિટ ૧ અને ૨, એસ.ટી. બસ સ્ટેન્ડની સામે, ભુજ કચ્છ |
| ૨ | ઓલ્ફ્રેડ હાઈસ્કુલ, યુનિટ-૧ અને ૨, હમીરસર તળાવની સામે, ભુજ કચ્છ |
| ૩ | શેઠ વી. ડી. હાઈસ્કૂલ, ઈન્દ્રાબાઈ પાર્ક સામે, ભુજ |
| ૪ | શ્રી કચ્છી લેવા પટેલ કન્યા વિદ્યાલય, જુની એસ.ટી. કોલોની પાસે, ભુજ |
| ૫ | માતૃછાયા કન્યા વિદ્યાલય, માતૃછાયા માર્ગ, ભુજ |

આ હુકમના કોઈપણ ખંડ કે ભાગ ભંગ કરનાર વ્યકિત સામે ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

તમામને વ્યક્તિગત રીતે નોટિસની બજવણી કરવી શક્ય ન હોઈ આથી એકતરફી હુકમ કરૂં છું. જાહેર જનતાની જાણ સારૂ સ્થાનિક વર્તમાનપત્રો, આકાશવાણી, મારફતે પ્રસિદ્ધિ કરાવવી. તથા તમામ પરીક્ષા કોન્દ્રોની આસપાસ સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિદ્ધિ કરવી.

આજ રોજ તા. ૦૪-૦૫-૨૦૧૭ ના રોજ મારી સહી અને કચેરીનો સિક્કો કરી બહાર પાડ્યું.

કચ્છ-ભુજ, ૪ માહે મે, સને ૨૦૧૭.

**સી. જે. પટેલ,**
જિલ્લા મેજીસ્ટ્રેટ,
કચ્છ-ભુજ.

---

**ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૧) અન્વયે**

## જાહેરનામું

નં. એમએજી/સી/૩૭૧/૮૬૦૮/૨૦૧૭.-પોરબંદર જિલ્લામાં લોકોની સલામતી જળવાઈ રહે અને અસામાજિક તત્વો દ્વારા ગુનાહિત કૃત્યોમાં હથિયારો, ચપ્પુ, લાઠી, દંડા, પાઈપ, સળિયા જેવા સાધનોનો ઉપયોગ ન થાય અને પોલીસની કામગીરીમાં મદદરૂપ થાય તે હેતુથી અને પોરબંદર જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૧) અન્વયે હથિયારબંધીનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા પોલીસ અધિક્ષકશ્રી, પોરબંદરએ તા. ૨૧-૦૪-૨૦૧૭ ના રોજ દરખાસ્ત કરેલ છે.

સબબ, પોરબંદર જિલ્લા વિસ્તારમાં ઉપર્યુકત કારણોસર સુલેહ-શાંતિ જળવાઈ રહે તેમજ કોઈ જાતનો અનિચ્છનીય બનાવ બને નહિ તે માટે હું, દિનેશ પટેલ, આઈ.એ.એસ., જિલ્લા મેજિસ્ટ્રેટ, પોરબંદર, જિલ્લો પોરબંદર, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૧) અન્વયે મળેલ સત્તાની રૂએ સમગ્ર પોરબંદર જિલ્લા પોલીસ વિસ્તારમાં તા. ૨૭-૦૪-૨૦૧૭ થી તા. ૨૫-૦૫-૨૦૧૭ સુધી બંને દિવસો સહિત નીચે પ્રમાણે મનાઈ ફરમાવું છું.

૧. શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, ચપ્પુ, બંદૂક, લાકડી, લાઠી અથવા શારિરીક ઈજા પહોંચાડવામાં ઉપયોગી થઈ શકે તેવી ચીજ લઈ જવી નહિ.

૨. કોઈપણ ક્ષયધર્મી અથવા સ્ફોટક પદાર્થો લઈ જવા નહિ.

૩. પત્થરો અથવા બીજા શસ્ત્રો અથવા તે ફેરવવામાં અથવા નાખવામાં ઉપયોગમાં આવતાં સાધનો લઈ જવા નહી, એકઠા કરવા નહી તથા તૈયાર કરવા નહિ.

૪. કોઈ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલ લઈ જવી નહિ.

૫. વ્યકિતઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પૂતળાં દેખાડવા કે સળગાવવા નહિ.

૬. લોકોએ બૂમો પાડવી નહી, વધુ અવાજથી ગીતો ગાવા નહી તથા વાદ્ય વગાડવા નહિ.

૭. જે છટાદાર ભાષણ આપવાથી, ચાળા પાડવાથી અથવા નકલ કરવાથી તથા ચિત્રો, નિશાનીઓ, જાહેર ખબરો અથવા બીજા કોઈ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવાથી, દેખાડવાથી અથવા તેનો ફેલાવો કર્યેથી આવા અધિકારીના અભિપ્રાય પ્રમાણે સુરૂચિ અથવા નીતિનો ભંગ થતો હોય અથવા જેનાથી રાજ્યની સલામતી જોખમાતી હોય અથવા જેને પરિણામે રાજ્ય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ કરવાનો તે ચાળા વિગેરે કરવાની અથવા તે ચિત્રો, નિશાનીઓ વિગેરે તૈયાર કરવાનો, દેખાડવાની અથવા તેવો ફેલાવો કરવો નહિ.

**આ હુકમ નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહિ.**

૧. સરકારી નોકરીમાં કામ કરતી કોઈ વ્યકિત કે જેના ઉપરી અધિકારીશ્રીએ ફરમાવ્યું હોય અથવા કોઈ હથિયાર લઈ જવાનું તેની ફરજમાં હોય તેવી વ્યકિતઓને હથિયાર લઈ જવાની બાબત માટે.

૨. પોલીસ અધિક્ષકશ્રીએ શારિરીક અશકિતના કારણે લાકડી લઈ જવાની અથવા શુભ હેતુથી ધંધો કરવાની પરવાનગી આપી હોય તે વ્યકિતને લાકડી લઈ જવાની કે શુભહેતુથી ધંધો કરવાની બાબત માટે.

૩. પોતાની ખેતીમાં ઓજારો લઈ જવામાં હાડમારી ન થાય અને રોજિંદા કામમાં ઉપયોગ કરી શકે તેવા આશયથી પોતાની ખેતીકામ માટે ખેતીના ઓજારો લઈ જતા હોય તેવા ખેડૂતોને ખેતીના ઓજારો લઈ જવાની બાબત માટે.

આ જાહેરનામાં કોઈ ખંડનો ભંગ કરનાર અથવા પાલન ન કરવામાં મદદ કરનાર વ્યકિત ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૫(૧) મુજબ એક વર્ષની મુદત સુધીની શિક્ષા અને દંડને પાત્ર થશે. આ ઉપરાંત ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ જે વ્યકિતઓના ગુનો સાબિત થયેથી એક માસની સાદી કેદ અથવા રૂા. ૨૦૦/-નો દંડ અગર તો બંને થઈ શકે છે. આ હુકમની અવગણનાથી માનવજીવનને અથવા સ્વાસ્થયને અથવા સલામતીને કોઈપણ ભય ઉત્પન્ન કરે અથવા

કોઈ હુલ્લડ અથવા કોઈ બખેડો કરે તેવી વ્યકિતને ૬(છ) માસની સપરિશ્રમ અથવા સખ્ત અથવા રૂા. ૧૦૦૦/- એક હજાર રૂપિયા સુધીનો દંડ અથવા બંને શિક્ષાને પાત્ર ઠરશે.

આજ તા. ૨૭-૦૪-૨૦૧૭ મારી સહી તથા કચેરીનો સિક્કો લગાવી જાહેર જનતાની જાણ તથા અમલવારી માટે પ્રસિધ્ધ કર્યુ.

પોરબંદર, ૨૭ માહે એપ્રિલ, સને ૨૦૧૭.

**દિનેશ પટેલ,**
જિલ્લા મેજીસ્ટ્રેટ,
પોરબંદર.

---

## અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

### ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭ની પેટા કલમ-૧ તથા કલમ-૩ અન્વયેનો હુકમ

### જાહેરનામું

નં. હોમ/પલસ/૩/વશી/૫૩૦૪ થી ૫૩૭૦/૨૦૧૭. (૧) હાલની પ્રવર્તમાન પરિસ્થિતિ અનુલક્ષીને સમગ્ર અમરેલી જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાય રહે તે માટે તેમજ જાહેર સુલેહ શાંતિ અને સલામતી જાળવવા માટે ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭ની પેટા કલમ-૧ તથા કલમ-૩ અન્વયે પગલા લેવા પુરતા કારણો છે. તેની મને ખાત્રી થઇ છે.

(૨) જેથી હું, ડી. ડી. પંડયા, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, અમરેલી, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭ની પેટા કલમ-૧ તથા કલમ-૩ અન્વયે મળેલ સત્તાની રૂઈએ આથી ફરમાવું છું કે,

(૩) તા. ૦૨-૦૫-૨૦૧૭ થી તા. ૧૬-૦૫-૨૦૧૭ (બંને દિવસો સહિત) અમરેલી જિલ્લાના સમગ્ર વિસ્તારમાં,

(૪) કોઈપણ ઈસમે શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટા, બંદુક, ચપ્પુ, લાકડી અથવા લાઠી અથવા શારિરીક ઈજા અને હિંસા પહોંચાડવા ઉપયોગી થઇ શકે તેવી બીજી કોઈપણ ચીજવસ્તુ, સ્ફોટક પદાર્થ અથવા પથ્થરો સાથે ઘર બહાર નીકળવું નહીં. કોઈ આકૃતિઓ અથવા પુતળા દેખાડવા નહીં અને બુમો પાડવી નહીં તથા સુત્રોચ્ચાર કરવા નહીં.

(૫) આ હુકમ નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહીં.

(અ) ફરજ પર રોકાયેલ પોલીસ તથા હોમગાર્ડ સહિતના તમામ સરકારી તેમજ અર્ધ સરકારી કર્મચારી તથા અધિકારીઓને,

(બ) શારિરીક અશક્તિને કારણે લાકડી તથા લાઠી લઈને ફરવુ જરૂરી છે તેવી વ્યક્તિઓને,

(૬) વધુમાં ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭ની પેટા કલમ-૩ હેઠળ મળેલ સત્તાની રૂઈએ, તારીખ : ૦૨-૦૫-૨૦૧૭ થી તા. ૧૬-૦૫-૨૦૧૭ (બંને દિવસો સહિત) અમરેલી જિલ્લાનાં સમગ્ર વિસ્તારની અંદર સંબંધિત સબ ડીવઝનલ મેજીસ્ટ્રેટશ્રી/તાલુકા એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટશ્રીની પુર્વ મંજુરી/પરવાનગી સિવાય કોઇ સભા મંડળી ભરવાની અથવા સરઘસ કાઢવાની હું મનાઈ ફરમાવુ છું.

(૭) ઉપરોક્ત પેરા-૬(છ) માં કરવામાં આવેલ આદેશ ફરજ પરના કોઈપણ સરકારી/બિનસરકારી કર્મચારીઓ અને અધિકારીઓને તેમજ કોઈપણ લગ્નનાં વરઘોડાને અથવા સ્મશાનયાત્રાને લાગુ પડશે નહીં.

(૮) આ જાહેરનામાનું ઉલ્લંઘન કરનાર અથવા ઉલ્લંઘન માટે મદદ કરનાર શખ્સ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૫ની જોગવાઈ મુજબ સજા તથા દંડને પાત્ર થશે.

હું એવો પણ આદેશ કરૂં છું કે, પોલીસ અધિક્ષકશ્રી, અમરેલીએ સદરહું હુકમ નિર્દિષ્ટ કરેલ વિસ્તારમાં સહેલાઈથી દેખી શકાય તેવી જગ્યાએ તેની નકલ ચોટાડીને તથા લાઉડસ્પીકર તેમજ સ્થાનિકેથી પ્રસિધ્ધ થતા સ્થાનીક વર્તમાનપત્રો દ્વારા તેની બહોળી જાહેરાત કરી/કરાવીને પ્રસિધ્ધ કરવો.

(૯) આજ તારીખ ૦૧-મે-૨૦૧૭ નાં રોજ મારી સહી તથા સિક્કો કરી હુકમ બહાર પાડયો.

અમરેલી, ૧ માહે મે, સને ૨૦૧૭.

---

### ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩(૧૯૭૪ નો બીજો અધિનિયમ)નાં કાયદાની કલમ-૧૪૪ હેઠળ હુકમ

### જાહેરનામું

નં. નાચિ/પલસ/૩/વશી/૫૪૮૫ થી ૫૫૫૦/૨૦૧૭.-(૧) જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, અમરેલીના તા. ૦૧-૦૫-૨૦૧૭ ના પત્રથી ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા આગામી તારીખ : ૧૦-૦૫-૨૦૧૭ના રોજ ઉચ્ચતર માધ્યમિક પ્રમાણપત્ર પરિક્ષા બાદ ડીગ્રી એન્જીનિયરીંગ, ડીગ્રી/ડિપ્લોમા ફાર્મસી અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવવા માટેની કોમન એન્ટ્રન્સ ટેસ્ટ ''ગુજકેટ'' પરીક્ષા સવારના ૧૦-૦૦ કલાકથી બપોરના ૧૬-૦૦ કલાક દરમ્યાન ત્રણ સેશન્સમાં અમરેલી જિલ્લા મથકે યોજાનાર હોય જેથી કાયદો અને વ્યવસ્થા જળવાય રહે તેમજ પરીક્ષા કેન્દ્રોમાં વીજાણું યંત્રો જેવા કે, મોબાઈલ, ફેક્સ તથા આસપાસનના વિસ્તારોમાં ઝેરોક્ષ મશીનો પર પરીક્ષા સમય દરમ્યાન પ્રતિબંધ ફરમાવવા અંગેનું જાહેરનામુ બહાર પાડવા દરખાસ્ત કરેલ છે. જે પરીક્ષા અમરેલી ખાતે (૧) કમાણી ફોરવર્ડ હાઈસ્કુલ, યુનીટ-૧, સરદાર સર્કલ, વરસડા રોડ, અમરેલી (૨) કામાણી ફોરવર્ડ હાઈસ્કુલ, યુનીટ-૨, વરસડા રોડ, અમરેલી ખાતે

(૩) જીજીબેન ફોરવર્ડ ગર્લ્સ હાઈસ્કુલ, સરદાર સર્કલ, વરસડા રોડ, અમરેલી (૪) દીપક હાઈસ્કુલ, ગાયત્રી મંદિર પાસે, ચીતલ રોડ, અમરેલી (૫) કે.કે. પારેખ અને મહેતા આર.પી. વિદ્યાલય, (લીલાવંતી બિલ્ડીંગ), સિવિલ હોસ્પીટલ સામે, અમરેલી (૬) પાઠક સ્કુલ, યુનીટ-૧, મોહન નગર, અમરેલી (૭) પાઠક પાઠક સ્કુલ, યુનીટ-૨, મોહન નગર, અમરેલી (૮) શ્રી બી. એન. વીરાણી હાઈસ્કુલ, યુનીટ-૧, પટેલ સંકુલ, ચક્કરગઢ રોડ, અમરેલી (૯) શ્રી બી. એન. વીરાણી હાઈસ્કુલ, યુનીટ-૨, પટેલ સંકુલ, ચક્કરગઢ રોડ, અમરેલી (૧૦) ઓકસફોર્ડ હાઈસ્કુલ, ધરમ નગર, લાઠી રોડ, અમરેલી (૧૧) ચંપાબેન વસંતભાઈ ગજેરા હાઈસ્કુલ, યુનીટ-૧, લાઠી રોડ, (વિદ્યાસભા), અમરેલી (૧૨) ચંપાબેન વસંતભાઈ ગજેરા હાઈસ્કુલ, યુનીટ-૨, લાઠી રોડ, (વિદ્યાસભા), અમરેલી ખાતે લેવાનાર છે. ઉકત પરીક્ષા દરમ્યાન કાયદો અને વ્યવસ્થા જળવાય રહે તે માટે તેમજ જાહેર સુલેહશાંતિ અને સલામતી જાળવવા ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ ની કલમ-૧૪૪ અન્વયે પગલા લેવા પુરતા કારણો છે તેની મને ખાત્રી થઈ છે.

(૨) જેથી હું, **ડી. ડી. પંડયા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમરેલી,** ફોજદારી કાર્યરીતિ અધિનિયમની કલમ-૧૪૪ થી મળેલ સત્તાની રૂઈએ નીચે જણાવ્યા મપજબનાં પ્રતિબંધિત વિસ્તારમાં નીચે મુજબનાં કૃત્યો કરવાની મનાઈ ફરમાવું છું કે,

(૩) તા. ૧૦-૦૫-૧૭ ના રોજ સવારે ૧૦-૦૦ કલાકથી ૧૬-૦૦ કલાક સુધી ઉકત હાઈસ્કુલોના પરીક્ષા કેન્દ્રની ૧૦૦ મીટરની ત્રિજયામાં ચારથી વધુ વ્યકિતઓએ ભેગા થવું નહિ તથા પરીક્ષાખંડમાં પરીક્ષાર્થીઓ અને સુપરવાઈઝરશ્રીઓ પોતાની પાસે મોબાઈલ ફોન કે ગેરરીતી કરવામાં ઉપયોગી થાય તેવા ઉપકરણો લઈ જઈ શકશે નહિ. તેમજ તા. ૧૦-૦૫-૧૭ના રોજ સવારના ૧૦-૦૦ કલાકથી ૧૬-૦૦ કલાક સુધી અમરેલી શહેરના ઉકત સાત પરીક્ષા કન્દ્રોની ૧૦૦ મીટરની ત્રિજયા વિસ્તારમાં ખાનગી ઝેરોક્ષ સેન્ટરો તથા ઝેરોક્ષ મશીનો બંધ રાખવા તેમજ પ્રાઈવેટ ફેકસ મશીનો પણ બંધ રાખવા ફરમાવું છું.

(૪) આ હુકમનું ઉલ્લંઘન કરનાર અથવા ઉલ્લંઘન માટે મદદ કરનાર શખ્સ ભારતીય દંડ સહિતાની કલમ-૧૮૮ હેઠળ સજાને પાત્ર થશે.

(૫) આજ તારીખઃ ૦૪ મી મે, ૨૦૧૭ ના મારી સહી તથા સિક્કો કરી હુકમ બહાર પાડયો.

અમરેલી, ૪ માહે મે, સને ૨૦૧૭.

ડી. ડી. પંડ્યા,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
અમરેલી.

---

**ગુજરાત પોલિસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૧) મુજબનું**

## જાહેરનામું

નાં. મેજી/પોલ/જાહેરનામું/૩૭(૧)૦૫/૧૭.-મે-૨૦૧૭માં કચ્છ જિલ્લામાં યોજાનાર ધાર્મિક તહેવારો તથા મેળાઓની ઉજવણી નજરે જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તેમજ કોઈ અનિચ્છનીય બનાવ બનવા ન પામે તેમજ સુલેહ શાંતી જળવાઈ રહે તે હેતુથી સાવચેતીના પગલા લેવાનું ઈષ્ટ જણાય છે.

આથી હું, ડી. આર. પટેલ, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, કચ્છ-ભુજ, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭ (૧) અન્વયે મને મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે તા. ૦૧-૦૫-૨૦૧૭ થી તા. ૩૧-૦૫-૨૦૧૭ સુધી બન્ને દિવસે સહિત નીચેની અનુસૂચિમાં જણાવેલ વિસ્તારમાં :

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, ધોકા, છરી, બંદુક, લાકડી, લાઠી, હજામનો અસ્ત્રો, ત્રિશુલ, શારીરિક ઈજા પહોંચાડી શકાય તેવું કોઈ સાધન સાથે લઈ જવું નહીં.

(ખ) કોઈ ક્ષયકારી અથવા સ્ફોટક પદાર્થ લઈ જવું નહીં.

(ગ) પથ્થરો અથવા બીજા શસ્ત્રો અથવા તે શસ્ત્રો ફેંકવા અથવા નાખવાના યંત્રો અથવા સાધનો લઈ જવા કે એકઠા કરવા તથા તૈયાર કરવા નહીં.

(ઘ) કોઈ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલ લઈ જવી નહીં.

(ચ) વ્યક્તિઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પુતળાં દેખાડવા નહીં.

(છ) લોકોએ બૂમ પાડવાની, ગીતો ગાવા તથા વાદ્ય વગાડવા નહીં.

(જ) જો છટાદાર ભાષણ આપવાથી, ચાળા પાડવાથી અથવા નકલ કરવાથી તથા ચિત્રો, નિશાનીઓ, જાહેરખબરો અથવા બીજા કોઈ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવાથી, દેખાડવાથી અથવા તેનો ફેલાવો કરવાથી અરૂચિ અથવા નિતીનો ભંગ થતો હોય અથવા જેનાથી રાજ્યની સલામતી જોખમાતી હોય અથવા જેને પરિણામે રાજ્ય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ આપવાની, તે ચાળા વિગેરે કરવા અથવા તે ચિત્રો, નિશાનીઓ વિગેરે તૈયાર કરવા, દેખાડવા અથવા તેનો ફેલાવો કરવા નહીં.

**આ હુકમ નીચેના વ્યક્તિઓને લાગુ પડશે નહીં.**

(ક) સરકારી નોકરી પર કામ કરતી વ્યક્તિ એટલે કે તેના ઉપરી અધિકારીએ ફરમાવ્યું હોય અથવા કોઈ હથિયાર લઈ જવાની ફરજ હોય.

(ખ) એ અથવા અધિકૃત કરેલ કોઈપણ પોલીસ અધિકારીએ જેની અશક્તિના કારણે લાકડી અથવા લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તેવી વ્યક્તિઓ.

(ગ) જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, પોલીસ અધિકારીશ્રીએ અથવા અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી અથવા સબ-ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રીએ અધિકૃત કરેલ તેવી બીજી કોઈ વ્યક્તિઓને.

**અનુસૂચિ : ''સમગ્ર કચ્છ જિલ્લાનો વિસ્તાર''**

આ જાહેરનામાનો કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને ઓછામાં ઓછી ચાર (૪) માસની અને વધુમાં વધુ એક (૧) વર્ષની કેદની સજા થશે. આ ઉપરાંત ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૧૩૫ (૧) મુજબ દંડની સજા થશે.

આ જાહેરનામા હેઠળ તપાસ કરવાનાં, જાહેરનામાનાં પાલન કરાવવનાં અને તપાસનાં અંતે ચાર્જશીટ રજુ કરવાના અધિકાર જિલ્લાનાં પોલીસ અધિકારીશ્રીઓ તેમજ હેડ કોન્સ્ટેબલ કે તે ઉપરનાં કર્મચારીઓને રહેશે. આ જાહેરનામાની જાહેરાત પોલીસ ખાતાએ દાંડી પીટાવીને તેમજ જાહેરનામાની નકલો મુખ્ય મથકોએ ચોંટાડીને કરવી.

આજરોજ તા. ૨૯-૦૪-૨૦૧૭ ના રોજ મારી સહી કરી કચેરીનો સિક્કો મારી બહાર પાડ્યો.

કચ્છ-ભુજ, ૨૯ માહે એપ્રિલ, સને ૨૦૧૭.

**ડી. આર. પટેલ,**
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
કચ્છ-ભુજ.

---

**ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ કાઢેલ**

**હુકમ**

નં. એમએજી/સી/૨૦૭૧/૧૭.-પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢના પત્ર ક્રમાંક : એસઓજી/શોપીંગમોલ/જાહેરનામું/૧૯૦/૧૭, તા. ૧૯-૦૪-૨૦૧૭ થી સરકારશ્રીનાં ગૃહ વિભાગના પરિપત્ર ક્રમાંક : વિ-૧/કઅવ/૧૦૨૦૧૩/૧૯૧૫૪, તા. ૮-૧૦-૨૦૧૩ થી મળેલ સુચના અન્વયે જિલ્લામાં આવેલ તમામ શોપીંગ મોલ પર સુરક્ષા જાળવવાના હેતુસર શોપીંગ મોલના એન્ટ્રી ગેટ પર, એક્ઝીટ ગેઈટ પર સી.સી.ટી.વી. કેમેરા લગાવવા, વાહનો તથા તેમાં આવતી વ્યકિતઓનું ચેકીંગ કરવા ખાનગી સીકયુરીટી ગોઠવવા વિ. મુદ્દે વ્યવસ્થા કરવા સી.આર.પી.સી.-૧૯૭૩ની કલમ-૧૪૪ મળે જાહેરનામું પ્રસિધ્ધ કરવા અત્રેને દરખાસ્ત રજુ થયેલ છે.

લોકોની સુરક્ષા જાળવવા માટે રજુ થયેલ ઉપરોકત દરખાસ્ત વ્યાજબી જણાય છે. સબબ, હું, **પી. વી. અંતાણી, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, જુનાગઢ જિલ્લો, જુનાગઢ,** ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨)ની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂ છું, જુનાગઢ જિલ્લામાં આવેલ તમામ શોપીંગ મોલના માલીકે,

(૧) શોપીંગ મોલની એન્ટ્રી ગેઈટ તથા એકઝીટ ગેઈટ અને મોલના પાછળના વિસ્તારમાં આવેલ દરેક ગેઈટ પર સી.સી.ટી.વી. કેમેરા (નાઈટ વિઝન તથા હાઈ ડેફીનેશન) વીથ રેકોર્ડીંગ સીસ્ટમ સાથેના ગોઠવી આ રેકોર્ડીંગનો ડેટા ૧૫ દિવસ સુધી રાખવો.

(૨) મોલની અંદર દાખલ થતાં તમામ પ્રકારના વાહનો તથા વાહનોમાં બેઠેલ પ્રત્યેક વ્યક્તિનું સંપુર્ણપણે ચેકીંગ કરવાની વ્યવસ્થા ઉભી કરવી.

(૩) મોલમાં આવતાં તમામ પ્રકારના માલ-સામાન (ગુડસ)નું ચેકીંગ કરવાની વ્યવસ્થા ઉભી કરી, પ્રતિબંધિત માલ સામગ્રી, સ્ફોટક પદાર્થો આવી જતાં નથી, તેની તકેદારી રાખવી.

(૪) મોલના માલીકે પોતાના ખર્ચે જુનાગ જિલ્લાના સીકયુરીટી એજન્સી ચલાવવા માટે લાયસન્સ ધરાવતી હોય, તેવી અધિકૃત સીકયુરીટીના તાલીમબધ્ધ સીકયુરીટી ૨૪ કલાક (રાઉન્ડ ધ કલોક) રાખવા વ્યવસ્થા કરવાની રહેશે. મોલના ચેકીંગ/સલામતી વ્યવસ્થા સ્નેફર ડોગ મારફતે ઉભી કરવાની પણ મોલના માલીકે કાયમી વ્યવસ્થા ઉભી કરવાની રહેશે.

(૫) મોલની માલીકી બદલાય તે વખતે થયેલ ફેરફારની આધાર-પુરાવા સહ પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢની કચેરી, એસ.ઓ.જી. કચેરી તથા સબંધિત પોલીસ સ્ટેશનને લેખીત જાણ કરવાનું ધોરણ રાખવું.

આ હુકમની તા. ૨૭-૪-૨૦૧૭ થી દિવસ-૬૦ સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર ભારતીય દંડ સંહીતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમની જાહેર જનતાને જાણ સંબંધીત કચેરીઓએ તેમના નોટિસ બોર્ડ પર, સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યા ઉપર નકલ ચોંટાડીને તથા માહિતી ખાતાએ વર્તમાનપત્રોમાં પ્રસિધ્ધી કરી કરવાની રહેશે.

આજ તારીખ : ૨૫ મી, માહે એપ્રિલ, સને ૨૦૧૭ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે જાહેર જનતાની જાણ તથા અમલવારી માટે આ હુકમ પ્રસિધ્ધ કરવામાં આવ્યો.

જુનાગઢ, ૨૫ માહે એપ્રિલ, સને ૨૦૧૭.

### સને-૧૯૫૧ના ગુજરાત પોલીસ અધિનિયમ (આંક-૨૨)ની કલમ-૩૭(૩) અન્વયેનું

## જાહેરનામું

નં. એમએજી/સી/૩૭(૩)/૨૦૭૯/૨૦૧૭.-પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢના પત્ર નં. સી/એલઆઈબી/જાહેરનામું/સભા-સરઘસ/૧૧૮૨/૧૭, તા. ૧૮-૦૪-૨૦૧૭ થી (૧) ગીરનાર પર્વત ઉપર ગુરુ દત્તાત્રેયની જગ્યા ખાતે તથા હિન્દુ અને જૈન ધર્મના લોકો વચ્ચે વિવાદ ચાલુ હોય અને તેના અનુસંધાને ગુન્હાઓ પણ દાખલ થયેલ હોય (૨) વીજપુરવઠો અનિયમીત તથા પુરતા પ્રમાણમાં મળતો ન હોય, કિસાનો દ્વારા પી.જી.વી.સી.એલ. સબ સ્ટેશન ઘેરાવ/વિરોધ જેવા આંદોલનાત્મક કાર્યક્રમો કરવામાં આવે તેમજ હાલમાં મોંઘવારીના પ્રશ્ને પણ આંદોલનો થવાની શક્યતા નકારી શકાય નહીં. (૩) ઉપલા દાતાર ખાતે ભંડારીની નિમણુંકના પ્રશ્ને હિન્દુ અને મુસ્લીમ સમાજ વચ્ચે વિવાદ ચાલે છે, (૪) પાટીદાર અનામત આંદોલન બાદ થયેલ આંદોલનો તથા તેને સંલગ્ન આંદોલનો ગતિમાં હોય, આ ઉપરાંત ઉના દલિત અત્યાચારના બનાવોને ધ્યાને લઈ સવિશેષ તકેદારી રાખવી આવશ્યક છે. જેથી જુનાગઢ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તથા જાહેર સુલેહશાંતી જળવાઈ રહે તે હેતુસર સભા-સરઘસ વગર પરવાનગીએ કોઈ કાઢે નહીં તે માટેનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા અત્રે દરખાસ્ત રજુ થયેલ છે.

પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢ તરફથી ઉક્ત વિગતે રજુ થયેલ દરખાસ્ત વ્યાજબી જણાતા ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ના આંક-૨૨ની કલમ-૩૭ની પેટા કલમ-૩થી મને મળેલ અધિકારની રૂએ હું, પી. વી. અંતાણી, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, જુનાગઢ જિલ્લો, જુનાગઢ, આથી જુનાગઢ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં તા. ૨૭-૦૪-૨૦૧૭ ના રોજથી તા. ૧૦-૦૫-૨૦૧૭ (બંન્ને દિવસો સહીત) સુધીની મુદત માટે કોઈપણ સભા કે સરઘસ માટે મનાઈ હુકમ ફરમાવું છું. આદેશ કરૂ છું કે, આ હુકમ નીચેનાને લાગુ પડશે નહી.

(૧) ફરજ ઉપર હોય તેવી ગૃહરક્ષક મંડળીઓ.

(૨) સરકારી નોકરીએ અવરજવર કરતી હોય તેવી વ્યકિતને.

(૩) કોઈ લગ્નના વરઘોડાને.

(૪) સ્મશાનયાત્રા કે જેમાં જોડાનાર વ્યકિતઓને.

(૫) સક્ષમ અધિકારીશ્રીની કાયદેસર પરવાનગી લઈને.

આ હુકમનું પાલન ન કરનાર અથવા તેનું પાલન ન કરવામાં કોઈને મદદ કરનારને ગુનો સાબિત થયેથી, દંડની શિક્ષાને પાત્ર ઠરશે તથા ભારતીય દંડસહિતાની કલમ-૧૮૮ મુજબનો ગુનો સાબિત થયેથી, જે તે વ્યકિતને એક માસની સાદી કેદ અથવા રૂા. ૨૦૦/- સુધીનો દંડ અગર બંન્ને શિક્ષા થઈ શકશે અને આ હુકમની અવગણના માનવ જીવનને કોઈ નુકશાન અથવા સ્વાસ્થ્યને અથવા સલામતીને કોઈ ભય ઉત્પન્ન થાય અથવા કોઈ હુલ્લડ-બખેડો થાય તો તેવી વ્યકિતને-૬ (છ) માસ પરિશ્રમ અથવા સાદી કેદ અથવા રૂા. ૧૦૦૦/- સુધીનો દંડ સહિત બંન્ને શિક્ષાને પાત્ર ઠરશે.

આજ તારીખ : ૨૫, માહે એપ્રિલ, સને ૨૦૧૭ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા કરી જાહેર જનતાની જાણ તથા અમલ થવા માટે પ્રસિધ્ધ કર્યુ.

જુનાગઢ, ૨૫ માહે એપ્રિલ, સને ૨૦૧૭.

**પી. વી. અંતાણી,**
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
જુનાગઢ જિલ્લો,
જુનાગઢ.

---

### ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૧) અન્વયે

## જાહેરનામું

નં. એમએજી/સી/૧૬૧૭/૨૦૧૭.-પોલીસ અધિક્ષકશ્રી, ગીર સોમનાથના પત્ર નં. સી/એલઆઈબી/હથિ.બંધી/જા.ના./૪૭૬/૨૦૧૭, તા. ૨૩-૦૪-૨૦૧૭ થી રજુ થયેલ વિગતો મુજબ (૧) વેરાવળ, પ્ર.પાટણ, કોડીનાર તથા ઉના કોમી દ્રષ્ટિએ અત્યંત સંવેદનશીલ હોય નાના સરખા બનાવથી અફવાઓના કારણે હિન્દુ-મુસ્લીમ વચ્ચે ઘર્ષણ થવા સંભાવના રહે છે. જેથી વિશેષ તકેદારી રાખવી આવશ્યક છે. (૨) પ્રભાસ પાટણ ખાતે સુપ્રસિધ્ધ ભગવાન સોમનાથ મહાદેવનું મંદિર આવેલ છે. જેથી સવિશેષ તકેદારી રાખવી આવશ્યક છે. (૩) આ માસમાં વિવિધ તહેવારોની ઉજવણી થનાર હોય અને ધાર્મિક સ્થળો, જાહેર સ્થળો વિગેરે જગ્યાઓએ મોટી સંખ્યામાં લોકો એકઠા થતા હોય, તેમજ સોમનાથ મંદિર ખાતે આ તહેવારો દરમ્યાન બહોળી સંખ્યામાં જનમેદની એકઠી થતી હોય જેથી કોઈ બનાવ ન બને તે માટે તેમજ વિવિધ કાર્યક્રમો દરમ્યાન કાયદો અને વ્યવસ્થાની દ્રષ્ટિએ તકેદારી રાખવી ખુબજ આવશ્યક છે. (૪) અત્રેના જિલ્લામાં આવેલ ગીર/જંગલ વિસ્તારમાં સિંહ તથા અન્ય વન્ય પ્રાણીઓના શિકારના બનાવો બનતા હોય, જેથી કાયદો અને વ્યવસ્થાની દ્રષ્ટિએ તકેદારી રાખવી ખુબજ આવશ્યક છે. સબબ, ગીર-સોમનાથ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થા તથા જાહેર સુલેહશાંતી જળવાઈ રહે તે હેતુસર હથિયારબંધીનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા અત્રેને દરખાસ્ત થઈ આવેલ છે.

ઉક્ત રજુ થયેલ દરખાસ્ત વ્યાજબી જણાતા સુલેહશાંતી જાળવવા સારૂ અને કાયદો વ્યવસ્થાની સ્થિતિ યથાવત જળવાઈ રહે તેમજ કોઈ જાતનો અનિચ્છનીય બનાવ બને નહીં તે માટે હું, પી. બી. પંડયા, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ગીર-સોમનાથ જિલ્લો, વેરાવળ, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની

કલમ-૩૭(૧) અન્વયે મને મળેલ અધિકારની રૂએ સમગ્ર ગીર-સોમનાથ જિલ્લા વિસ્તારમાં તા. ૨૭-૦૪-૨૦૧૭ થી તા. ૨૬-૦૫-૨૦૧૭ સુધી બંન્ને દિવસો સહિત નીચે પ્રમાણે મનાઈ ફરમાવું છું કે, કોઈપણ વ્યકિતએ...

(ક) શસ્ત્ર, દંડા, તલવાર, ભાલા, ચપ્પુ, લાકડી અથવા શારિરીક હિંસા પહોંચાડવામાં ઉપયોગી થઈ શકે તેવી બીજી કોઈ ચીજો લઈ જવી નહીં.

(ખ) પથ્થરો અથવા બીજા શસ્ત્રો ફેંકવા અથવા નાખવામાં ઉપયોગી હોય તેવા યંત્રો અથવા સાધનો લઈ જવા, એકઠા કરવા તથા તૈયાર કરવા નહી.

(ગ) વ્યક્તિઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવા નહી.

(ઘ) અપમાન કરવા અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેર બિભત્સ સુત્રો પોકારવા નહી, અશ્લીલ ગીતો ગાવા નહી.

(ચ) જેનાથી સુરુચીનો અને શાંતિનો ભંગ થાય તેવું ભાષણ કરવું નહી, તેવા હાવભાવ કરવા નહી, તેવી ચેષ્ટા કરવી નહી તથા ચિત્રો, પ્લેકાર્ડ અથવા બીજા કોઈ પદાર્થ અથવા વસ્તુઓ કરવી નહી.

**આ હુકમ નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહીં.**

૧. સરકારશ્રીની નોકરીમાં કામ કરતી કોઈ વ્યક્તિ કે જેના ઉપરી અધિકારીઓને ફરમાવ્યા હોય અથવા આવા કોઈ હથિયાર લઈ જવાની તેમની ફરજ હોય.

૨. જિલ્લા પોલીસ અધિકારીશ્રીએ જે તે શારિરીક અશક્તિને કારણે લાઠી લઈ જવાની અથવા શુભ હેતુથી ધંધો કરવાની પરવાનગી આપી હોય તે વ્યક્તિ.

૩. ખેડુતો પોતાની ખેતીકામ માટે ખેતીના ઓજારો લઈ જવામાં હાડમારી ન થાય, તેમને રોજીંદા કામ કરી શકે તે આશયથી ખેડુતો પોતાના ઓજારો ખેતીકામ માટે લઈ જતા હોય.

આ જાહેરનામાંના કોઈ ખંડનો ભંગ કરનાર અથવા પાલન ન કરવામાં મદદ કરનાર વ્યક્તિને ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૫(૧) મુજબ એક વર્ષની મુદત સુધીની કેદની શિક્ષા તેમજ દંડને પાત્ર થશે. આ ઉપરાંત ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ તે વ્યક્તિનો ગુનો સાબિત થયેથી એક માસની સાદી કેદ અગર રૂા. ૨૦૦/- નો દંડ અગર બન્ને શિક્ષા થઈ શકશે અને આ હુકમની અવગણના માનવજીવનને અથવા સ્વાસ્થ્યને અથવા સલામતીને નુકશાન કરે, ભય ઉત્પન્ન થાય અથવા કોઈ હુલ્લડ-બખેડો થાય તો તેવી વ્યક્તિને-૬ (છ) માસ સુધીની પરિશ્રમ અથવા સાદી કેદ અથવા રૂા. ૧૦૦૦/- સુધીનો દંડ સહિત બંન્ને શિક્ષાને પાત્ર ઠરશે.

આજ તા. ૨૬ માહે એપ્રિલ, સને ૨૦૧૭ ના રોજ મારી સહી તથા કચેરીના સીક્કા કરી જાહેર જનતાની જાણ તથા અમલ થવા માટે પ્રસિધ્ધ કર્યું.

ગીર-સોમનાથ, ૨૬ માહે એપ્રિલ, સને ૨૦૧૭.

---

**સને-૧૯૫૧ના ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૩૭(૩) અન્વયેનું**

## જાહેરનામું

નં. એમએજી/સી/૧૬૧૮/૨૦૧૭.-પોલીસ અધિક્ષકશ્રી, ગીર-સોમનાથના પત્ર નં. સી/એલઆઈબી/જા.ના./સ.સ.બંધી/૪૨૭/૧૭, તા. ૨૩-૦૪-૨૦૧૭ થી રજુ થયેલ વિગતો મુજબ (૧) વેરાવળ/પ્ર.પાટણ, કોડીનાર તથા ઉના કોમી દ્રષ્ટિએ અત્યંત સંવેદનશીલ હોય નાના સરખા બનાવથી અફવાઓના કારણે હિન્દુ-મુસ્લીમ વચ્ચે ઘર્ષણ થવા સંભાવના રહે છે. અફવાના કારણે લોકો એકઠા થવાના બનાવ બનાવો ધ્યાને લેતા વિશેષ તકેદારી રાખવી ઈચ્છનીય છે. (૨) પ્ર.પાટણ ખાતે સુપ્રસિધ્ધ ભગવાન સોમનાથ મહાદેવનું મંદિર આવેલ છે. જેથી સવિશેષ તકેદારી રાખવી આવશ્યક છે. (૩) આ માસમાં વિવિધ તહેવારોની ઉજવણી થનાર હોય જેથી ધાર્મિક જાહેર સ્થળોએ મોટી સંખ્યામાં લોકો એકઠા થતા હોય, તેમજ શ્રી સોમનાથ મંદીર ખાતે આ તહેવાર દરમ્યાન બહોળી સંખ્યામાં જનમેદની એકઠી થતી હોય જેથી કોઈ અનિચ્છનિય બનાવ ન બને તે માટે, તેમજ વિવિધ કાર્યક્રમો દરમ્યાન કાયદો અને વ્યવસ્થાની દ્રષ્ટિએ તકેદારી રાખવી ખુબજ આવશ્યક છે. (૪) ખેડુતોના પાકની સીઝન ચાલુ હોય, જેથી વિજ વપરાશ વધવાના કારણે વિજળીની આવક-જાવક થતી હોય વિજ પુરવઠાના પ્રશ્નોએ લોકો દ્વારા આંદોલનો થવાની શકયતા હોય તેમજ પાટીદાર સમાજ દ્વારા અનામત આંદોલનની ચળવળ ચાલુ હોય, આંદોલનાત્મક કાર્યક્રમો થવાની શકયતા હોય, જેથી લોકો ટોળાના રૂપમાં એકઠા ન થાય તે માટે કાયદો વ્યવસ્થાની દ્રષ્ટિએ તકેદારી રાખવી ખુબ જ આવશ્યક છે. (૫) અત્રેના જિલ્લામાં આવેલ ગીર/જંગલ વિસ્તારમાં સિંહ તથા અન્ય વન્ય પ્રાણીઓના શિકારના બનાવો બનતા હોય, તેમજ ગેરકાયદોસર ટોળાના રૂપમાં લાઈન શો યોજાતા હોય, કાયદો વ્યવસ્થાની દ્રષ્ટિએ તકેદારી રાખવી ખુબજ આવશ્યક છે. સબબ, ગીર-સોમનાથ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં કાયદો વ્યવસ્થા તથા જાહેર સુલેહશાંતી જળવાઈ રહે તે હેતુસર સભા-સરઘસ વગર પરવાનગીએ કોઈ કાઢે નહી તે માટેનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા અત્રે દરખાસ્ત રજુ થયેલ છે.

પોલીસ અધિક્ષકશ્રી, ગીર-સોમનાથ તરફથી ઉકત વિગતે રજુ થયેલ દરખાસ્ત વ્યાજબી જણાતા ગુજરાત પોલીસ અધિનિયમ-

૧૯૫૧ની કલમ-૩૭ની પેટા કલમ-૩ થી મને મળેલ અધિકારની રૂએ હું, પી. બી. પંડયા, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ગીર-સોમનાથ જિલ્લો, વેરાવળ, આથી ગીર-સોમનાથ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં તા. ૨૭-૦૪-૨૦૧૭ના રોજથી તા. ૨૬-૦૫-૨૦૧૭ (બંને દિવસો સહિત) સુધીની મુદત માટે કોઈપણ સભા કે સરઘસ માટે મનાઈ હુકમ ફરમાવું છું. વધુમાં આદેશ કરૂં છું કે આ હુકમ નીચેનાને લાગુ પડશે નહી.

(૧) ફરજ ઉપર હોય તેવી ગૃહરક્ષક મંડળીઓને.

(૨) સરકારી નોકરીએ અવરજવર કરતી હોય તેવી વ્યકિતને.

(૩) કોઈ લગ્નના વરઘોડાને.

(૪) સ્મશાનયાત્રા કે જેમાં જોડાનાર વ્યકિતઓને.

(૫) સક્ષમ અધિકારીશ્રીની કાયદેસર પરવાનગી લઈને.

આ હુકમનું પાલન ન કરનાર અથવા તેનું પાલન ન કરવામાં કોઈને મદદ કરનારને ગુનો સાબિત થયેથી, દંડની શિક્ષાને પાત્ર ઠરશે તથા ભારતીય દંડસહિતાની કલમ-૧૮૮ મુજબનો ગુનો સાબિત થયેથી, જે તે વ્યકિતને એક માસની સાદી કેદ અથવા રૂા. ૨૦૦/- સુધીનો દંડ અગર બંન્ને શિક્ષા થઈ શકશે અને આ હુકમની અવગણના માનવ જીવનને કોઈ નુકશાન અથવા સ્વાસ્થ્યને અથવા સલામતીને કોઈ ભય ઉત્પન્ન થાય અથવા કોઈ હુલ્લડ-બખેડો થાય તો તેવી વ્યકિતને-૬ (છ) માસ પરિશ્રમ અથવા સાદી કેદ અથવા રૂા. ૧૦૦૦/- સુધીનો દંડ સહિત બંન્ને શિક્ષાને પાત્ર ઠરશે.

આજ તારીખ ૨૬ માહે-એપ્રિલ, સને ૨૦૧૭ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા કરી જાહેર જનતાની જાણ તથા અમલ થવા માટે પ્રસિધ્ધ કર્યુ.

ગીર-સોમનાથ, ૨૬ માહે એપ્રિલ, સને ૨૦૧૭.

**પી. બી. પંડયા,**
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
ગીર સોમનાથ જિલ્લો,
વેરાવળ.

---

## ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળનું

## જાહેરનામું

ક્રમાંક : જે/એમએજી/ટયુશન કલાલીસ/પ્રતિબંધ/જા.નામું/ફા.નં.૩૧/૨૦૧૫.-રાજકોટ જિલ્લા ગ્રામ્ય વિસ્તારમાં ઘણાં સ્થળોએ વહેલી સવારના ટયુશન કલાસીસ શરૂ થાય છે. આ ટયુશન કલાસીસમાં વિદ્યાર્થીઓ/વિદ્યાર્થીનીઓ અભ્યાસ કરવા જાય છે. આગાઉ સુરત શહેરમાં વહેલી સવારના શૈક્ષણિક ટયુશન કલાસમાં જતા વિદ્યાર્થીનીની એકલતાનો લાભ લઈ ગંભીર પ્રકારનો ગુન્હો બનેલ છે. રાજકોટ જિલ્લા ગ્રામ્ય વિસ્તારમાં પણ આવા પ્રકારના ગંભીર ગુન્હાઓ બનવા પામે નહીં અને શાંતિ તેમજ સલામતી જોખમાય નહીં તે હેતુસર જાહેરમાં હીતમાં વિદ્યાર્થીનીઓની સલામતી માટે રાજકોટ શહેર પોલીસ કમિશ્નરેટ સિવાયના રાજકોટ જિલ્લા ગ્રામ્ય વિસ્તારમાં વહેલી સવારે કલાકે ૭:૦૦ વાગ્યા પહેલા તથા સાંજના કલાક ૮:૦૦ બાદ વિદ્યાર્થીનીઓના શૈક્ષણિક ટયુશન કલાસીસ શરૂ કરવા પર પ્રતિબંધ મુકવો જરૂરી જણાય છે.

વાસ્તે, હું, હર્ષદ વોરા, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, રાજકોટ જિલ્લા, રાજકોટ, ક્રિમિનલ પ્રોસીજર કોડ-૧૯૭૩ની કલમ-૧૪૪થી મને મળેલ સત્તાની રૂએ રાજકોટ જિલ્લાના રાજકોટ પોલીસ કમિશ્નરેટ વિસ્તાર સિવાયના રાજકોટ જિલ્લા ગ્રામ્ય વિસ્તારમાં સવારના ૦૭-૦૦ કલાક પહેલા તથા સાંજના કલાક ૦૮-૦૦ કલાક બાદ વિદ્યાર્થીનીઓ (Girl Student) ના શૈક્ષણિક ટયુશન કલાસીસ ચાલુ રાખવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

**અપવાદ :**

આ પ્રતિબંધ વિદ્યાર્થીઓ (Boys Student) ને લાગુ પડતો નથી.

**સમયમર્યાદા**

આ હુકમ તા. ૦૪-૦૫-૨૦૧૭ થી તા. ૦૩-૦૭-૨૦૧૭ સુધી અમલમાં રહેશે.

**સજા**

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય દંડસંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

તમામને વ્યકિતગત રીતે આ નોટિસની બજવણી કરવી શકય ન હોય એકતરફી હુકમ કરૂં છું. આ હુકમ રાજકોટ રૂરલ જિલ્લામાં સમગ્ર વિસ્તારમાં સહેલાઈથી દેખાઈ આવે તેવા સ્થળોએ તેની નકલ ચોંટાડીને અને સદરહું વિસ્તારમાં ઢંઢેરો પીટાવીને અથવા લાઉડસ્પીકર મારફતે તેની જાહેરાત આપીને અથવા રેડીયો ઉપર તેનું પ્રસારણ કરીને પ્રસિધ્ધ કરવાનું રહેશે.

આજ તા. ૦૨, માહે-એપ્રિલ-૨૦૧૭ ના રોજ મારી સહી તથા સીક્કા હેઠળ હટુકમ કર્યો.

રાજકોટ, ૨ માહે એપ્રિલ, સને ૨૦૧૭.

**હર્ષદ વોરા,**
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
રાજકોટ જિલ્લા,
રાજકોટ.

**પોલીસ કમિશ્નર દ્વારા**

## જાહેરનામું

ક્રમાંક:રાજ/સીપી/એલબી-૨/ટ્રાફીક/જા.ના./૬૭૩/૨૦૧૭.-રાજકોટ શહેરમાં આવેલ રેસકોર્ષ ફરતેનો રીંગ રોડ એ શહેરની વચ્ચોવચ્ચ મધ્યભાગે આવેલ ફોર ટ્રેક રોડ છે. આ રોડ વહેલી સવારના હજારોની સંખ્યામાં રાજકોટ શહેરના તમામ વર્ગના નાગરીકો ચાલવા (મોર્નીંગ વોક) માટે સવારના લગભગ કલાક ૫-૩૦ થી કલાક ૭-૩૦ વાગ્યાના સમયે નીકળે છે. સામાન્ય રીતે જોવામાં આવે તો આવી રીતે સવારના મોર્નીંગ વોક માટે ચાલનારાઓની સંખ્યામાં ઉત્તરોત્તર વધારો થતો જાય છે. જે સંજોગે આ પ્રકારે પગે ચાલનાર નાગરીકો સાથે વાહનચાલકો દ્વારા અકસ્માત થવાની પુરેપુરી શક્યતાઓ રહેલી છે. વધુમાં નાગરીકો સવારના મોર્નીંગ વોક માટે નીકળે છે. તે વર્ગ શારિરીક કસરત અને માનસીક શાંતિ મેળવવા માટે સવારના ભાગે ચાલવા નીકળતા હોય છે જે સંજોગોમાં તે જ રોડ પર વાહનવ્યવહાર ટ્રાફિક ચાલુ હોય તો સ્વાભાવિક રીતે તેઓ નિશ્ચિતપણે સલામત રીતે ચાલી શકતા નથી. તેમજ આ રીંગ રોડ ઉપર વાહનોના ધુમાડા દ્વારા ફેલાતા પ્રદુષણનો ભોગ બનતા હોય છે જેના કારણે આ નાગરીકો તરફથી આ બાબતે અકસ્માતની સંભાવનાઓ ઘટે તેમજ પ્રદુષણમાં પણ ઘટાડો થાય તે માટે યોગ્ય પગલા ભરવા અવાર-નવાર રજુઆત કરવામાં આવે છે.

૨/- રાજકોટ શહેરમાં રેસકોર્ષ ફરતે સવારના ભાગે પગે ચાલી મોર્નીંગ વોક માટે નીકળતા નાગરીકો સલામતી અનુભવે અને પ્રદુષણનો ભોગ ન બને તે માટે રેસકોર્ષ ફરતેનો રીંગ રોડ તમામ પ્રકારના વાહનો માટે એક માર્ગીય (વન-વે) જાહેર કરવાની આવશ્યકતા જણાય છે.

**હુકમ**

૩/-આથી હું, અનુપમ સિંહ ગહલૌત, પોલીસ કમિશ્નર, રાજકોટ શહેર, રાજકોટ, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧) બી અને સી થી મને મળેલ સત્તાની રૂઈએ નીચે જણાવેલ રસ્તોઓને તેમાં જણાવેલ વિગતે તમામ પ્રકારના વાહનો માટે તા. ૦૧-૦૫-૨૦૧૭ થી ૩૦-૦૬-૨૦૧૭ સુધી એક માર્ગીય (વન-વે) જાહેર કરવા હુકમ કરૂં છું. આ હુકમ સવારના કલાક ૦૫-૩૦ થી ૦૭-૩૦ સુધી તમામ પ્રકારના વાહનો માટે લાગુ પડશે.

રેસકોર્ષ રીંગ રોડ :

રેસકોર્ષ રીંગ રોડને એક માર્ગીય (વન-વે) કરવામાં આવે છે. જે મુજબ રેસકોર્ષ રીંગ રોડનો ફક્ત બહારના ભાગે આવેલ રોડ એકતરફી ''કલોક વાઈઝ'' જાહેર કરવામાં આવે છે. એટલે કે જિલ્લા પંચાયત ચોકથી એ. જી. ઓફીસ, કીસાનપરા સર્કલ, મેયરશ્રીનો બંગલો, બીગબાઈટ આઈસ્ક્રીમ, જુની એન. સી. સી. ઓફીસ, પોલીસ હેડ કર્વાટર સર્કલ, બહુમાળી ભવન, ગેલેકસી સીનેમાથી પોલીસ કમિશ્નર કચેરી થઈ જિલ્લા પંચાયત ચોકમાં થઈ તે રીતે તમામ પ્રકારના વાહનો માટે એકતરફી રસ્તો ચાલુ રહેશે.

આ ફોરટ્રેક રીંગ રોડનો અંદરનો જે રસ્તો છે તે રોડ ઉપર સવારના કલાક ૦૫-૩૦ થી કલાક ૦૭-૩૦ વાગ્યા સુધી તમામ પ્રકારના વાહનોની અવરજવર ઉપર પ્રતિબંધ રહે છે અને ફક્ત પગે ચાલી મોર્નીંગ વોક કરવા માટે નીકળેલ નાગરીકો માટે જ આ રસ્તો ચાલુ રહેશે.

૪/-અત્રેના જાહેરનામા ક્રમાંક : રાજ/સીપી/એલબી-૨/ટ્રાફીક/જા.ના./૪૬૪/૨૦૧૭, તા. ૦૮-૦૩-૨૦૧૭ અન્વયે બે માસ માટે પ્રાયોગિક ધોરણે જાહેરનામું પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. જે અન્વયે જાહેરનામાને રાજકોટ શહેરના નાગરીકો તરફથી સારો પ્રતિસાદ મળેલ હોય જેથી ફરી આ જાહેરનામું તા. ૦૧-૦૫-૨૦૧૭ થી તા. ૩૦-૦૬-૨૦૧૭ સુધી એટલે કે બે માસ માટે બહાર પાડવામાં આવે છે.

૫/-આ જાહેરનામું ફરજ પરના પોલીસ વાહનો, એમ્બ્યુલન્સ તથા ફાયરબ્રીગેડના વાહનોને આકસ્મિક સંજોગોમાં લાગુ પડશે નહીં.

૬/-આ હુકમના ભંગ બદલ ગુજરાત પોલીસ અધિનિયમો ૧૯૫૧ની કલમ-૧૩૧ અને આઈ.પી.સી. કલમ-૧૮૮ મુજબ પગલા લેવામાં આવશે.

આજરોજ તારીખ ૨૬-૦૪-૨૦૧૭ ના રોજ મારી સહી, સીક્કા સાથે જાહેર જનતાની જાણ માટે પ્રસિધ્ધ કરવામાં આવે છે.

રાજકોટ, ૨૬ માહે એપ્રિલ, સને ૨૦૧૭.

**અનુપમસિંહ ગહલૌત,**
પોલીસ કમિશ્નર,
રાજકોટ શહેર.

## સંયુક્ત વાણિજ્યિકવેરા કમિશ્નર દ્વારા

વંચાણમાં લીધું :

(૧) નાયબ વાણિજ્યિકવેરા કમિશ્નરશ્રી, વર્તુળ-૧૪, ભરૂચના પત્ર ક્રમાંક : ના.ક.શ્રી./વ-૧૪/ભરૂચ/પત્રક/ગુમ થયેલ સી ફોર્મ દરખાસ્ત/૨૦૧૬-૧૭/જા.નં.-૩૪૩૪/૩૫, તા. ૨૧-૦૯-૨૦૧૬.

(૨) વા.વે. અધિકારી (૨), ઘટક-૫૬, અંકલેશ્વરના પત્ર ક્રમાંક: વા.વે.અધિ(૨)અંકલેશ્વર/અકર/સી ફોર્મ/૨૦૧૬/જા. ૧૫૧૫૪, તા. ૧૯-૦૮-૨૦૧૬.

## જાહેરનામું

ક્રમાંક:સંવાવેક/ફોર્મસેલ/વિ-૬/વડોદરા/ધા.ફોર્મ૨૬/૨૦૧૭-૧૮/જા. ૨૬૬/૨૮૫.-વાણિજ્યિકવેરા અધિકારી-(૨), ઘટક-૫૭, અંકલેશ્વરના ક્ષેત્રાધિકાર હેઠળના નીચે દર્શાવેલ વેપારીશ્રી મે. કાયરોન વેકસીન બેહરીંગ પ્રા.લિ., અંકલેશ્વર કે જેઓ સ્થાનિક કાયદા હેઠળ ટીન નં. ૨૪૨૧૧૦૦૧૦૯૧ અને કેન્દ્રીય નોં.નં. ૨૪૭૧૧૦૦૧૦૯૧ ધરાવે છે. તેઓને ઈસ્યુ કરવામાં આવેલ ''સી'' ફોર્મ નંબર ૨૪-૯૭૯૦૩૭૨ અને ૨૪-૯૭૯૦૩૭૯, કુલ પાન-૨ ગુમ થયેલ છે. જેથી વંચાણે લીધા ક્રમાંક-(૧) અને (૨) અન્વયે નીચે જણાવેલ વેપારીશ્રીના તેમના નામ સામે દર્શાવ્યા મુજબના ''સી'' ફોર્મ નંબર તથા પાન જે ખોવાયેલ છે તે રદ કરવાનું ઠરાવું છું.

| અ. નં. | વેપારીશ્રીનું નામ | નોંધણી નંબર | રદ કરવાપાત્ર સી ફોર્મ નંબર | રદ કરવાના કારણો | રદ કરવાપાત્ર પાના |
|---|---|---|---|---|---|
| ૧ | મે. કાયરોન વેકસીન બેહરીંગ પ્રા. લિ., અંકલેશ્વર | ટીન નં. ૨૪૨૧૧૦૦૧૦૯૧ કેન્દ્રીય નંબર ૨૪૭૧૧૦૦૧૦૯૧ | (૧) ૨૪-૯૭૯૦૩૭૨ (૨) ૨૪-૯૭૯૦૩૭૯ | ખોવાઈ જવાથી | કુલ પાન-૦૨ (બે) |

આથી હું, સી. બી. પટેલ, સંયુક્ત વાણિજ્યિકવેરા કમિશ્નર, વિભાગ-૬, વડોદરા, કેન્દ્રીય વેચાણવેરા અધિનિયમ-૧૯૫૬ અન્વયે મને મળેલ સત્તાની રૂએ, ઉપરોક્ત દર્શાવેલ ''સી'' ફોર્મ રદ કરવા ઠરાવું છું.

વડોદરા, ૧૮ માહે એપ્રિલ, સને ૨૦૧૭.

**સી. બી. પટેલ,**
સંયુક્ત વાણિજ્યિકવેરા કમિશ્નર,
વિભાગ-૬, વડોદરા.

## જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ દ્વારા

વંચાણે લીધા :

(૧) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ તથા ૧૦૮ હેઠળની જોગવાઈ.

(૨) ગુજરાત સરકારશ્રીના કૃષિ અને સહકાર વિભાગના જાહેરનામાં ક્રમાંક : જીએચકેએચ/૬૨/૨૦૧૧/નબસ/૧૨/૨૦૦૨/૩૦૧૧/છ, તા. ૨૧-૦૭-૨૦૧૧.

(૩) અત્રેની કચેરીના આદેશ ક્રમાંકઃ ફડચ/ગ-૨/૩૧૬/૨૦૧૬, તા. ૨૯-૧૨-૧૬ થી મંડળીને ફડચામાં લઈ જવાનો વચગાળા આદેશ.

(૪) મંડળીએ વચગાળા આદેશ અંગે તા. ૩૦-૦૧-૧૭ના રોજ કરેલ રજુઆત.

(૫) મંડળીના તા. ૧૧-૦૪-૧૭ ના પત્રથી રજુ થયેલ દરખાસ્ત.

### અંતિમ આદેશ

ક્રમાંક : ફડચ/ગ-૨/૭૯/૨૦૧૭.-આથી હું, સંગીતા રૈયાણી, જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, રાજકોટ, ઉપર વંચાણે લીધેલ ક્રમ-૨ વાળા જાહેરનામાથી મળેલ અધિકાર અને સત્તાની રૂએ તેમજ આમુખમાં જણાવેલ વિગતો ધ્યાને લઈને શ્રી પંડયા પ્રાયમરી સ્કુલના કર્મચારીઓની ધીરાણ સહકારી મંડળી લી., મુ.તા. જેતપુર, જિ. રાજકોટ (નોંધણી નંબર :- સે-૨૭૧૬૯, તા. ૦૨-૦૯-૧૯૯૪) ના ગુજરાત સહકારી મંડળીઓનાં અધિનિયમ-૧૯૬૧ ની કલમ-૧૦૭ અન્વયે ફડચામાં લઈ જવાના વચગાળાના આદેશને, આજ કાયદાની કલમ-૧૦૮(૧) અન્વયે કાયમી રાખતો આદેશ આપું છું અને ફડચા અધિકારી તરીકે સહકારી અધિકારીશ્રી (ફડચો)-૨ લગત જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, રાજકોટની નિમણૂંક કરૂ છું. જે અન્વયે સદરહુ મંડળીના ફડચા અધિકારીએ મંડળીની ફડચાની તમામ કામગીરી નિયત મુદતમાં પૂર્ણ કરવી.

રાજકોટ, ૩ માહે એપ્રિલ/મે, સને ૨૦૧૭.

સંગીતા રૈયાણી,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
રાજકોટ.

---

## મદદનીશ જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ (પંચાયત), જિલ્લા પંચાયત દ્વારા

### નોંધણીનું પ્રમાણપત્ર

જાવક નંબર : સહ-૧/નધણ/વર્ક/૬૫૫/૨૦૧૭.-જિલ્લા પંચાયત, જામનગર આથી જાહેર કરે છે કે શ્રી રાજ પિયત સિંચાઈ સહકારી મંડળી લી., ધુડશીયા, સ્થળ : ધુડશીયા, તાલુકો : જામનગર, જિલ્લો : જામનગરને સને ૧૯૬૨ ના ગુજરાત કાયદા-૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો-૧૯૬૧) ની કલમ-૯ (૧) (૪) અન્વયે આજરોજ નોંધવામાં આવે છે.

નોંધણી ક્રમાંક : ખે–૩૩૯૧, સને ૨૦૧૭.

જામનગર, ૧ માહે મે, સને ૨૦૧૭.

---

### નોંધણીનું પ્રમાણપત્ર

જાવક નંબર : સહ-૧/નધણ/વર્ક/૬૫૬/૨૦૧૭.-જિલ્લા પંચાયત, જામનગર આથી જાહેર કરે છે કે શ્રી કર્મયોગી સરકારી કર્મચારી કો-ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લી., લાખાબાવળ સ્થળ : લાખાબાવળ, તાલુકો : જામનગર, જિલ્લો : જામનગરને સને ૧૯૬૨ ના ગુજરાત કાયદા-૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો-૧૯૬૧) ની કલમ-૯ (૧) (૪) અન્વયે આજરોજ નોંધવામાં આવે છે.

નોંધણી ક્રમાંક : ઘ-૧૫૦૫૮, સને ૨૦૧૭.

જામનગર, ૧ માહે મે, સને ૨૦૧૭.

---

### નોંધણીનું પ્રમાણપત્ર

જાવક નંબર : સહ-૧/નધણ/વર્ક/૬૫૭/૨૦૧૭.-જિલ્લા પંચાયત, જામનગર આથી જાહેર કરે છે કે શ્રી શિવમ સિંચાઈ સહકારી મંડળી લી., ખાખરા-૧, સ્થળ : ખાખરા-૧, તાલુકો : ધ્રોલ, જિલ્લો : જામનગર ને સને ૧૯૬૨ ના ગુજરાત કાયદા-૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો-૧૯૬૧) ની કલમ-૯ (૧) (૪) અન્વયે આજરોજ નોંધવામાં આવે છે.

નોંધણી ક્રમાંક : ખે–૩૩૯૨, સને ૨૦૧૭.

જામનગર, ૧ માહે મે, સને ૨૦૧૭.

---

### નોંધણીનું પ્રમાણપત્ર

જાવક નંબર : સહ-૧/નધણ/વર્ક/૬૫૮/૨૦૧૭.-જિલ્લા પંચાયત, જામનગર આથી જાહેર કરે છે કે શ્રી ઈન્ડીયન મત્સ્ય ઉછેર સહકારી મંડળી લી., વનાણા, સ્થળ : વનાણા, તાલુકો : જામજોધપુર, જિલ્લો : જામનગરને સને ૧૯૬૨ ના ગુજરાત કાયદા-૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો-૧૯૬૧) ની કલમ-૯ (૧) (૪) અન્વયે આજરોજ નોંધવામાં આવે છે.

નોંધણી ક્રમાંક : ઉ-૧૧૧૩૨, સને ૨૦૧૭.

જામનગર, ૧ માહે મે, સને ૨૦૧૭.

## નોંધણીનું પ્રમાણપત્ર

જાવક નંબર : સહ-૧/નધણ/વર્ક/૬૫૯/૨૦૧૭.-જિલ્લા પંચાયત, જામનગર આથી જાહેર કરે છે કે શ્રી મુરલીધર ગોપાલક વિવિધ કાર્યકારી સહકારી મંડળી લી., જામ આંબરડી, સ્થળ : જામ આંબરડી, તાલુકો : જામજોધપુર, જિલ્લો : જામનગરને સને ૧૯૬૨ ના ગુજરાત કાયદા-૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો-૧૯૬૧) ની કલમ-૯ (૧) (૪) અન્વયે આજરોજ નોંધવામાં આવે છે.

નોંધણી ક્રમાંક : સે-૪૧૪૭૦, સને ૨૦૧૭.

જામનગર, ૧ માહે મે, સને ૨૦૧૭.

**ડી. જે. મજીઠીયા,**
મદદનીશ જિલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ (પંચાયત),
જિલ્લા પંચાયત, જામનગર.

---

## નોંધણીનું પ્રમાણપત્ર

નં. : જીપં./સહકાર/નધણ/જેએનડી/સેવા-૪૪૨૩૬/૧૭.- આથી જાહેર કરે છે કે શ્રી આજક સેવા સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ: આજક, તાલુકો: માંગરોળ, જિલ્લો: જુનાગઢ.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો-૧૯૬૧) ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

જુનાગઢ, ૨૪ માહે માર્ચ, સને ૨૦૧૭.

---

## નોંધણીનું પ્રમાણપત્ર

નં. : જીપં./સહકાર/નધણ/જેએનડી/ઉ-૧૫૦૮૩/૧૬. આથી જાહેર કરે છે કે શ્રી મારૂતી અ.જા. મહીલા હસ્તકલા ઉત્પાદક સહકારી મંડળી લી., મુ. ચુડા, મર્યાદિત સ્થળ : ચુડા, તાલુકો : માણાવદર, જિલ્લો: જુનાગઢ.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો-૧૯૬૧) ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

જુનાગઢ, ૨૭ માહે માર્ચ, સને ૨૦૧૭.

---

## નોંધણીનું પ્રમાણપત્ર

નં. : જીપં./સહકાર/નધણ/જેએનડી/ખે-૮૪૮૫/૧૭.-આથી જાહેર કરા છે કે શ્રી ખારચીયા પિયત સહકારી મંડળી લી., મુ. ખારચીયા (વાંકુના), તા. ભેસાણ લી જિલ્લો: જુનાગઢ.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો-૧૯૬૧) ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

જુનાગઢ, ૨૭ માહે માર્ચ, સને ૨૦૧૭.

(સહી) **અવાચ્ય,**
મદદનીશ જિલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
જિલ્લા પંચાયત, જુનાગઢ.

---

## નોંધણીનું પ્રમાણપત્ર

નં. : સહ/નધણ/વશી/૬૧/૨૦૧૭.-મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ (પંચાયત), મોરબી, આથી જાહેર કરે છે કે શ્રી સરદાર પટેલ સિંચાઈ સેવા સહકારી મંડળી લી., મુ. ભૂતકોટડા, તાલુકો ટંકારા, જિલ્લો મોરબીને ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ (સને ૧૯૬૨ નો ગુજરાતનો કાયદો-૧૦)ની કલમ-૯(૧)(અ) અન્વયે આજરોજ નોંધણી કરવામાં આવી. જેનો નોંધણી નંબર એમઆરબી ખે-૧૦૫૯૫ છે.

મોરબી, ૨૫ માહે એપ્રિલ, સને ૨૦૧૭.

---

## નોંધણીનું પ્રમાણપત્ર

નં. : સહ/નધણ/વશી/૬૬/૨૦૧૭.-મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ (પંચાયત), મોરબી, આથી જાહેર કરે છે કે શ્રી બાલાઝીજું હનુમાન સિંચાઈ સેવા સહકારી મંડળી લી., મુ. ભૂતકોટડા, તાલુકો ટંકારા, જિલ્લો મોરબીને ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ (સને ૧૯૬૨ નો ગુજરાતનો કાયદો-૧૦)ની કલમ-૯(૧)(અ) અન્વયે આજરોજ નોંધણી કરવામાં આવી. જેનો નોંધણી નંબર એમઆરબી ખે-૧૦૫૯૬ છે.

મોરબી, ૨૫ માહે એપ્રિલ, સને ૨૦૧૭.

---

## નોંધણીનું પ્રમાણપત્ર

નં. : સહ/નધણ/વશી/૭૧/૨૦૧૭.-મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ (પંચાયત), મોરબી, આથી જાહેર કરે છે કે શ્રી નેસડા(ખા) નર્મદા સિંચાઈ સેવા સહકારી મંડળી લી., મુ. નેસડા(ખા), તાલુકો ટંકારા, જિલ્લો મોરબીને ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ (સને ૧૯૬૨ નો ગુજરાતનો કાયદો-૧૦)ની કલમ-૯(૧)(અ) અન્વયે આજરોજ નોંધણી કરવામાં આવી. જેનો નોંધણી નંબર એમઆરબી ખે-૧૦૫૯૭ છે.

મોરબી, ૨૫ માહે એપ્રિલ, સને ૨૦૧૭.

**ડો. ડી. એ. ભોરણીય,**
મદદનીશ જિલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ (પંચાયત),
મોરબી.

---

## મદદનીશ જિલ્લા રજીસ્ટ્રાર (હાઉસીંગ), સહકારી મંડળીઓ

વંચાણે લીધા :

(૧) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ–૧૯૬૧ની કલમ-૧૦૭ તથા કલમ-૧૪ની જોગવાઈ.

(૨) ગુજરાત સરકારશ્રીના કૃષિ અને સહકાર અને વિભાગ, સચિવાલય, ગાંધીનગરના જાહેરનામા ક્રમાંક : ધખ/૫૧/૨૦૦૫/એન.એસ.બી./૧૨/૨૦૦૩/૩૦૧૧/ચ, તા. ૨૧-૦૭-૨૦૧૧.

(૩) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ-૧૦૭ (૩) અન્વયે શ્રી શ્રેયસ કો. ઓપ. હાઉ. સોસા. લી., મુ.તા. જુનાગઢ, જિ. જુનાગઢનો તા. ૨૫-૦૭-૨૦૦૨ નો અંતિમ હુકમ ક્રમાંક : ફડચ/૧૨૫૩૩/ખ-૪/૧૬૧૨/૨૦૦૨.

આ કચેરીના તા. ૧૫-૦૯-૨૦૦૬ના સુધારા હુકમ નં. ફડચ/ખ-૪/૧૬૧૨/૨૦૧૬.

### હુકમ

જા.નં. : ફડચ/ખ-૪/૧૭૫/૨૦૧૭.-શ્રી શ્રેયસ કો. ઓપ. હાઉ. સોસા. લી., મુ. તા. જુનાગઢ, જિ. જુનાગઢ, ગુજરાત સહકારી મંડળીઓના કાયદા-૧૯૬૫ અન્વયે નોંધાયેલ સહકારી મંડળી છે. જેનો નોંધણી નંબર-૬૩૦૫ છે અને સને ૧૯૬૫-૬૬ના રોજ નોંધાયેલ છે. જેને સહકારી કાયદાની કલમ-૧૦૭ (૩) અન્વયે તારીખ : ૨૫-૦૭-૨૦૦૨ ના અંતિમ હુકમ ક્રમાંક : ફડચ/૧૨૫૩૩/ખ-૪/૧૬૧૨/૨૦૦૨ થી ફડચામાં લઈ જઈ શ્રી સહકારી અધિકારી (ફડચો) લગત કચેરીની ફડચા અધિકારી તરીકે તથા ત્યારબાદ વહિવટી અનુકુળતાએ ફેરફાર કરી સહકારી અધિકારી (બજાર) લગત આ કચેરીની ફડચા અધિકારી તરીકે નિમણુંક કરવામાં આવેલ. જેના સહકારી કાયદાની કલમ-૧૧૪ની જોગવાઈ મુજબ આટોપી લેવના હુકમની તારીખથી ૧૦ વર્ષ પુર્ણ થયેલ હોય ફડચાની કાર્યવાહી સમાપ્ત થઈ છે એમ ગણી ભવિષ્યમાં ઉકત સંસ્થાની કાયદાકીય-વહીવટ હિસાબી તમામ પ્રકારની ઉપસ્થિત થતી જવાબદારી સંબંધિત ફડચા અધિકારીની નક્કી કરી ફડચાની કાર્યવાહી સમાપ્ત કરવામાં આવે છે અને બાકી તમામ કામગીરી માટે સદર મંડળીના ટ્રસ્ટી પ્રતિનિધી તરીકે સહકારી અધિકારી (ફડચો) લગત કચેરીની નિમણુંક કરવામાં આવે છે.

જુનાગઢ, ૨૧ માહે એપ્રિલ, સને ૨૦૧૭.

**ડી. એચ. વોરા,**
મદદનીશ જિલ્લા રજીસ્ટ્રાર, (હાઉસીંગ),
સહકારી મંડળીઓ, જુનાગઢ.

---

PRINTED AT THE GOVERNMENT PRESS, RAJKOT COMPLAINTS ABOUT GAZETTE MUST BE MADE WITHIN A FORTNIGHT FROM THE DATE OF THIS PUBLICATION ACCOMPANIED BY THE WRAPPER.

©

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

**SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION**

***PUBLISHED BY AUTHORITY***

**VOL. LVIII] THURSDAY, 25th MAY, 2017/JYAISTHA 04, 1939 No. 21**

**Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central section in order that it may be filed as a separate compilation.**

# PART-I


| PART | Pages |
|---|---|
| **PART - I**<br>Government Notifications Appointments Promotions, Leave of absence, Rules and orders (Other than those published in Part-I-A, IV-A, IV-B, and IV-C) list of publications for sales etc.,<br>Miscellaneous Notifications Appoint-ments etc., | 643-660 |
| **PART - I - A**<br>Order and Notifications (Other than those published in Part-IV-B) under the Gujarat Local Boards, Village Panchayats, Municipals, Boroughs, (Districts) Municipals Primary Education and Local Fund Audits, Acts., | Nil |
| **PART - I - B**<br>(Suppliment) Government Notifications Published under Land Acquisition Act only Supplement. | Nil |
| **PART - II**<br>Miscellaneous Notices, Advertisments, List of Books Sanctioned by the Director of Education, List of Jurors. Schedule of Estates by the Official Assignee, Summary of Births and Deaths, etc., | 927-990 |
| **PART - III**<br>Miscellaneous Supplements Season and Crop Reports, Prices, Current Rainfalls Returns, District Local Boards Accounts etc., | Nil |

# Government Notifications, Orders Appointments, etc.
## SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION
# NOTIFICATION
### Miscellaneous Notifications appointments etc.

---

### By the Principal District Judge

***Read :***

*(1) This Office Notification No. UHC/01/B/82/36/2017, Dated 09-01-2017.*

*(2) Hon'ble High Court letter No. C. 2103/2017, dated 28-04-2017.*

## NOTIFICATION

No. UHC/03/B/82/409/2017.-In view of the Hon'ble High Court letter, cited in the preamble at Sr. No. 2, The Principal District Judge, Amreli, is pleased to following days **declared as Holidays.**

(1) 17th October 2017 (Tuesday)

(2) 18th October 2017 (Wednesday)

(3) 23rd October 2017 (Monday)

And in lieu thereof, the following days shall be working for the District Court, Amreli, inclusive of all Offices and its subordinate Courts.

(1) 22nd July, 2017 (4th Saturday)

(2) 23rd September, 2017 (4th Saturday)

(3) 25th November, 2017 (4th Saturday)

Amreli, 01st May, 2017.

**J. R. Shah,**

Principal District Judge,
Amreli.

---

**Read :** This Office Notification No. B/6817/2017, Dt. 23-03-2017.

## NOTIFICATION

No. B/104/2017.-In view of the fact that the Summer Vacation of this District commencing from Saturday 13th, May, 2017 to Sunday 11th June, 2017 (Both days inclusive) vide this Office Notification cited in the premble. All the Judicial Officers and Staff Members except Appellate Judges of this Judicial District are hereby prevented from enjoying the Annual Summer Vacation for 30 (Thirty) days commencing from Saturday 13th May, 2017 to Sunday 11th June, 2017 (Both days inclusive) to decrease pendency of cases which are more than five years old and to complete pending work related to Civil and Criminal matters respectively.

All the Presiding Officers and Head of Branches are directed to follow the above instruction scrupulously.

Devbhumi Dwarka at Khambhalia, 08th May, 2017.

**K. T. Makhija,**

Principal District Judge,
Devbhumi Dwarka at
Khambhalia.

---

**Read :**

*(1) Hon'ble H. C. Notification No. A. 1201/2017(32), dated 04-05-2017.*

*(2) Hon'ble H. C. Notification No. A. 1201/2017(34), dated 04-05-2017.*

*(3) This Office Notification No. 614/2016, dated : 07-06-2016.*

*(4) This Office Notification No. B-4/9972/2016, dated : 02-07-2016.*

*(5) This Office Notification No. B-4/17641/2016, dated : 27-12-2016.*

## NOTIFICATION

No. B-4/9100/2017.-Consequent upon the notification of Hon'ble High Court cited in the preamble, and in the public interest as well as on administrative ground, the undersigned is pleased to direct, Mr. S. H. Patel, 4th. Additional District & Sessions Judge, Bhavnagar to hold his sitting at Mahuva, District : Bhvnagar (Full time Court of Additional District Judge & Additional Session Judge) with effect from 11-05-2017 B.O.H., for disposal of Civil and Criminal cases arising from Talukas Mahuva, Talaja and Jesar.

Bhavnagar, 9/10th May, 2017.

***Read :***

(1) *Government Resolution Social Justice & Empowerment Department, Sachivalaya, Gandhinagar No. G/L/16/JJA/1597/2425/ 876(01)/ CHH-I dated 09-08-2001.*

(2) *The Juvenile Justice (Care & Protection of Children) Act, 2015.*

(3) *Hon'ble High Court Notification No. A. 0705(II)/ 2017(36) dated 04-05-2017.*

(4) *This Office Notification No. B/17665/2016, dated: 27-12-2016.*

(5) *Government Notification No. JJA/10/2017/ 136009/CHH, dated 27-03-2017.*

## NOTIFICATION

No. B/9101/2017.-In view of the Government Notification read in the preamble at Sr. No. 1 & 5, it is hereby notified for the general information of all concerned, the undersigned is pleased to appoint Additional Civil Judge & Judicial Magistrate First Class, Bhavnagar (Senior Most Judicial Magistrate), as "Chairperson" of the Juvenile Justice Board for the area Comprising the District of Bhavnagar, with effect from **11-05-2017 B.O.H.**

Bhavnagar, 9/10th May, 2017.

---

***Read :***

(1) *Hon'ble High Court Notification No. A. 1201/ 2017(34) dated 04-05-2017.*

(2) *This office Notification No. 564/2016, dated : 21-05-2016.*

## NOTIFICATION

No. B-4/8959/2017.-As per the Notification of Hon'ble High Court Gujarat cited in the Preamble at Sr. No. 1, the undersigned is pleased to direct, The 2nd. Additional District & Sessions Judge, Bhavnagar, instead of The 3rd. Additional District & Sessions Judge, Bhavnagar, to hold his Courts sitting at Botad, for 29 days commencing from 1st day, in each month, with effect from **11-05-2017 B.O.H.**

Bhavnagar, 8th May, 2017.

***Read :***

(1) *Hon'ble High Court Resolution No. A-0707(5)/ 2007, dated : 05-12-2007.*

(2) *This office Notification No. 1465/2016, dated : 27-12-2016.*

(3) *Hon'ble High Court Notification No. A. 0705(II)/ 2017(35) dated 04-05-2017.*

(4) *Hon'ble High Court Resolution No. A-0705(II)/ 2007(36), dated : 04-05-2017.*

## NOTIFICATION

No. B-4/8956/2017.-In pursuance to the direction issued by the Hon'ble High Court vide letters, notification and Resolution cited in the preamble, the undersigned is pleased to direct the 5th Additional Senior Civil Judge & Additional Chief Judicial Magistrate, Bhavnagar to hold his sitting camp at Mahuva for disposal of Civil cases arising from Mahuva and Talaja Talukas excluding Alang Ship Breaking Yard, for 29 days in a month, instead of 2nd Additional Senior Civil Judge & Additional Chief Judicial Magistrate, Bhavnagar camp at Mahuva, with effect from **11-05-2017 B.O.H.**

Such sitting shall be effect from 11-05-2017, such sitting shall be for 29 days in each month, commencing from 1st of each month.

So far as the month of February of each year is concerned, if the month of February is of 28 days, the deputation period shall commence from 1st to 27th and if the month of February is of 29 days, the deputation period shall commence from 1st to 28th.

Bhavnagar, 8th May, 2017.

**J. J. Pandya,**
Principal District Judge,
Bhavnagar.

---

**Read :**

(1) *Hon'ble High Court Notificiation No. A. 1201/ 2016 [74], dtd. 07-09-2016,*

(2) *Hon'ble High Court Notificiation No. A. 1201/ 2016, dtd. 29-09-2016,*

(3) *Hon'ble High Court Notificiation No. A. 1201/ 2016 [121], dtd. 17-12-2016,*

(4) *Hon'ble High Court Notificiation No. A. 1201/ 2017 [18], dtd. 28-02-2017,*

(5) *Hon'ble High Court Notificiation No. A. 1201/ 2017 [34], dtd. 04-05-2017,*

(6) *District Court, Surendranagar Notification No. Judi./1691/2017, dtd. 08-03-2017.*

## NOTIFICATION

No. Judi./3456/2017.-Presently, the 5th Additional District Judge & Additional Sessions Judge, Surendranagar, at District Head Quarter to preside over such "Special Court", to deal with the cases related to The Electricity Act.-2003, but the 5th Additional District & Sessions Judge, Surendranagar is to be officiating as the 7th Additional District & Sessions Judge Surendranagar, under the notification referred to above at Sr. No. 5, therefore the undersigned is pleased to modify the notification cited in the preamble at Sr. No. 6 and to nominate the 7th Additional District & Sessions Judge, Surendranagar, at District Head Quarter to preside over such "Special Court", to exclusively deal with the cases related to The Electricity Act-2003, with effect from 11-05-2017.

Surendranagar, 9th May, 2017.

---

**Read :**

(1) *Hon'ble High Court letter No. C. 2626/1993, dtd. 26-02-2016,*

(2) *The Juvenile Justice (Care & Protection of Children) Act, 2015,*

(3) *District Court, Surendranagar Notification No. Judi./4566/2009 dtd. 29-07-2009,*

(4) *District Court, Surendranagar Notification No. Judi./1172/2016 dtd. 10-03-2016,*

(5) *Hon'ble High Court Notificiation No. A. 705/ (II)/2016[33] dtd. 04-05-2016,*

(6) *Hon'ble High Court Notificiation No. A. 705/ (II)/2017[35] dtd. 04-05-2017,*

(7) *Hon'ble High Court Notificiation No. A. 705/ (II)/2017[36] dtd. 04-05-2017,*

(8) *District Court, Surendranagar Notification No. Judi./3579/2016, dtd. 18-05-2016.*

## NOTIFICATION

No. Judi./3453/2017.-Presently, Mr. B. G. Patel, 2nd Additional Sr. Civil Judge & Addl. Chief Judi. Magi., Surendranagar is Chairman of Juvenile Justice Board for the area comprising whole of Surendranagar District as per the U/s. 4(2) of the Juvenile Justice (Care & Protection of Children) Act, 2015, but Mr. B. G. Patel 2nd Additional Sr. Civil Judge & Addl. Chief Judi. Magi., Surendranagar is to be officiating as 3rd Additional Sr. Civil Judge & Addl. Chief Judi. Magi., Surendranagar, under the notification referred to above Sr. No. 7.

Therefore, the undersigned is pleased to appoints 3rd Additional Sr. Civil Judge & Addl. Chief Judi. Magi., Surendranagar District, w.e.f. 11-05-2017 B.O.H.

Surendranagar, 9th May, 2017.

---

**Read :**

(1) *Hon'ble High Court Notification No. A. 2617/ 2000 dated 31-01-2004,*

(2) *Hon'ble High Court Notification No. A. 2617/ 2000 dated 25-11-2009,*

(3) *Hon'ble High Court Notification No. A. 1201/ 2010(78) dated 17-08-2010,*

(4) *Hon'ble High Court Notification No. A. 1201/ 2015(6) dated 03-02-2015,*

(5) *Hon'ble High Court Notification No. A. 1201/ 2015(39) dated 08-05-2015,*

(6) *Hon'ble High Court Notification No. A. 1201/ 2015(60) dated 01-07-2015,*

(7) *Hon'ble High Court Notification No. A. 1201/ 2016(29) & (31) dated 04-05-2016,*

(8) *Hon'ble High Court Notification No. A. 2403/ 1985(17) dated 28-02-2017,*

*(9) Hon'ble High Court Notification No. A. 1201/ 2017(34) dated 04-05-2017,*

*(10) District Court, Surendranagar Notification No. Judi./1688/2017, dtd. 08-03-2017.*

## NOTIFICATION

No. Judi./3455/2017.-Presently, the 5th Additional District & Additional Sessions Judge, Surendranagar, to be nominated to exclusively deal with the cases involving Senior Citizens, but the 5th Additional District & Sessions Judge, Surendranagar is to be officiating as the 7th Additional District & Sessions Judge, Surendranagar, under the notification referred to above at Sr. No. 09, therefore the undersigned is please to modify the notification cited in the preamble at Sr. No. 10 and to nominate the 7th Additional District & Sessions Judge, Surendranagar, to exclusively deal with the cases involving Senior Citizens.

The 7th Additional District & Sessions Judge, Surendranagar will conduct the cases both the Civil and Criminal by adjusting the daily board that the such type of cases may be taken up for hearing day to day basis and also informned and instructed to concentrate and offering priority for making disposal of above cases which are assigned, as per Hon'ble High Court of Gujarat Circular No. C. 2611/2001 dated 11-10-2001 and the direction issued by the Hon'ble Apex Court reported in AIR-2001, Supreme Court, Page No. 1403 in the State of U. P. V/s. Shambhunath Sing & Ors. by strictly follow the provisions of Section 309 of Criminal Procedure Code, 1973, on day to day basis and conduct and to decide the cases according to law.

This notification shall take effect from 11-05-2017.

Surendranagar, 9th May, 2017.

---

**Read :**

*(1) Legal Department, Government of Gujarat Notification No. GK/55/2016/SCT/102016/ 2599/D, dated 15-09-2016,*

*(2) Hon'ble High Court Letter No. A. 2408/1989, dtd. 01-10-2016,*

*(3) Hon'ble High Court Notification No. A. 1201/ 2016 [118] dtd. 28-11-2016,*

*(4) Hon'ble High Court Notification No. A. 1201/ 2016 [121] dtd. 17-12-2016,*

*(5) Hon'ble High Court Notification No. A. 1201/ 2017 [18] dtd. 28-02-2017,*

*(6) Hon'ble High Court Notification No. A. 1201/ 2017 [34] dtd. 04-05-2017,*

*(7) District Court, Surendranagar Notification No. Judi./1692/2017, dtd. 08-03-2017.*

## NOTIFICATION

No. Judi./3454/2017.-Presently, the 5th Additional District Judge & Additional Sessions Judge, Surendranagar, at District Head Quarter to preside over such "Exclusive Special Court" for the purpose of speedy trial of cases under the Scheduled Castes and Scheduled Tribes (Prevention of Atrocities) Act, 1989, but 5th Additional District & Sessions Judge, Surendranagar is to be officiating as the 7th Additional District & Sessions Judge, Surendranagar, under the notification referred to above at Sr. No. 06, in this circumstances the undersigned is please to modify the notification cited in the preamble at Sr. No. 7 and to nominate the 7th Additional District & Sessions Judge, Surendranagar, at District Head Quarter to preside over such "Exclusive Special Court" for the purpose of speedy trial of cases under the Scheduled Castes and Scheduled Tribes (Prevention of Atrocities) Act, 1989, with effect from 11-05-2017.

Surendranagar, 9th May, 2017.

**Bhanushanker G. Dave,**
Principal District Judge,
Surendranagar.

---

## કલેક્ટર દ્વારા

વંચાણ :

(૧) ધી કેરોસીન (રીસ્ટ્રીકશન ઓન યુઝ એન્ડ ફીક્સેશન ઓફ સેલીંગ પ્રાઈઝ) ઓર્ડર-૧૯૯૩.

(૨) અત્રેના જાહેરનામાં નાં. સપ-કસન પરીવહન-દર-વધારો-૨૦૧૪, તા. ૨૦-૦૯-૨૦૧૪.

(૩) અત્રેના જાહેરનામા નાં. સપ/કસન/જથ્થાબંધ અને છુટક/ભાવ/મુકરર/૪-૫/૨૦૧૭, તા. ૨૦-૦૪-૧૭.

(૪) સરકારશ્રીના પત્ર નાં : કસન/૧૦૨૦૧૭/૩૭૩/બ, તા. ૦૨-૦૫-૨૦૧૭.

## જાહેરનામું

નં. સપ-કસન-ભાવ-મુકરર-૧૧-૨૦૧૭.-અત્રેના વંચાણ-(૨) વાળા જાહેરનામાથી પરિવહન સમિતિની બેઠકમાં વિચારણા મુજબ પરીવહન દર માટેના ભાવ નક્કી થયેલ હતા. ત્યાર બાદ ડીલર્સના કમીશન અને છુટક વિક્રેતા કમીશનમાં વધારો થતા ક્રમ-(૩) વાળા જાહેરનામાથી ઘરગથ્થુ વપરાશના કેરોસીનના એક કીલોલીટરના જથ્થાબંધ વેંચાણભાવ તથા એક લીટરનો છુટક વેચાણ ભાવ દરેક તાલુકાવાઈઝ નક્કી કરવામાં આવેલ.

સરકારશ્રીના અન્ન નાગરિક પુરવઠા વિભાગ ગાંધીનગરના વંચાણ-(૪) વાળા પત્ર મુજબ કંપનીના ૧ કે.એલ.ના ભાવ જુના રૂા. ૧૬૫૮૪.૦૧/- હતા. તે વધારીને નવો ભાવ ૧ કે.એલ.નો રૂા. ૧૬૮૩૪.૦૧/- કરેલ છે. જેથી જથ્થાબંધ ભાવમાં કંપનીઓએ રૂા. ૨૫૦/- ભાવ વધારો જાહેર કરેલ છે. તે નજરે જથ્થાબંધ ભાવ તથા છુટક ભાવ તા. ૦૧-૦૫-૨૦૧૭ થી નવેસરથી નક્કી કરવાના રહેશે તેવું જણાવેલ છે. તે નજરે કેરોસીનના કચ્છ જિલ્લાના દરેક તાલુકાના એક કિલોલીટરના (૧૦૦૦ લીટર) જથ્થાબંધ વેંચાણ ભાવ તથા એક લીટરના છુટક વેંચાણ ભાવ નકકી કરવાના રહે છે. સબબ ઉપરોક્ત વિગત ધ્યાને લેતાં વંચાણ-(૧) વાળા ઓર્ડરથી મળેલ અધિકારની રૂએ હું, કલેક્ટર-કચ્છ, કંડલા ઈન્સ્ટોલેશન ડેપોથી આવતા ઘરગથ્થુ વપરાશના કેરોસીનના એક કીલો લીટરના કંપનીના વધેલ ભાવ નજરે જથ્થાબંધ વેંચાણ ભાવ તથા એક લીટરના છુટક વેંચાણ ભાવ આ સાથેના પત્રકની વિગતે તાલુકાવાઈઝ નીચે મુજબ નક્કી કરવાનું ઠરાવું છું.

| અનુ. | તાલુકાના મુખ્ય મથકનું નામ | એક કિલો લીટર કેરોસીનના તાલુકાના મુખ્ય મથક માટેના જથ્થાબંધ વેંચાણ ભાવ (૧૦૦૦ લીટર) રૂા. પૈસા | એક લીટર કેરોસીનનો તાલુકાના મુખ્ય મથક માટેના છુટક વેચાણ ભાવ રૂા. પૈસા | વિશેષ નોંધ |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧ | ગાંધીધામ | ૧૯૧૨૨.૨૩ | ૧૯.૧૨ | -- |
| ૨ | અંજાર | ૧૯૧૯૮.૧૩ | ૧૯.૨૦ | -- |
| ૩ | ભચાઉ | ૧૯૨૬૭.૬૩ | ૧૯.૨૭ | -- |
| ૪ | ભુજ | ૧૯૪૨૮.૬૩ | ૧૯.૪૩ | -- |
| ૫ | મુન્દ્રા | ૧૯૪૨૮.૬૩ | ૧૯.૪૩ | -- |
| ૬ | રાપર | ૧૯૫૧૮.૦૮ | ૧૯.૫૨ | -- |
| ૭ | માંડવી | ૧૯૬૩૮.૩૩ | ૧૯.૬૪ | -- |
| ૮ | નખત્રાણા | ૧૯૬૩૦.૯૩ | ૧૯.૬૩ | -- |
| ૯ | અબડાસા, મુ. નલીયા | ૧૯૭૮૬.૩૩ | ૧૯.૭૯ | -- |
| ૧૦ | લખપત, મુ. દયાપર | ૧૯૯૦૨.૮૮ | ૧૯.૯૦ | -- |

ઉપર મુજબના મુકરર કરવામાં આવેલ ભાવો જિલ્લાના તાલુકાના મુખ્ય મથકના હોઈ કેરોસીનના ઓઈલ કંપનીનાં જથ્થાબંધ વિક્રેતાઓ કેરોસીનના છુટક વિક્રેતાના સ્થળ સુધી કેરોસીનની ડીલીવરી આપવા જાય ત્યારે ૦ થી ૧૦(દસ) કીલો મીટરના દરેક સ્ટેજે વધુમાં વધુ ૫૦ કિ. મી. સુધી ૦૧ (એક) લીટરે ૧૦ (દસ) પૈસા જે વધુમાં વધુ પચાસ કિ.મી.ની મર્યાદામાં સ્ટેજ ચાર્જ લઈ શકશે.

કેરોસીનના છુટક વિક્રેતા સ્ટેજ ખર્ચની રકમ બિલ મુજબ ગણતરી કરતા નજીકના ૦૫ (પાંચ) પૈસાના ગુણાંકમાં છુટક વિક્રેતા કેરોસીનના વેંચાણ બિલ બનાવી કેરોસીનનું વેચાણ કરી શકશે.

આ જાહેરનામાંનો અમલ તા. ૧-૫-૨૦૧૭ ની તારીખની અસરથી કરવાનો રહેશે.

કચ્છ-ભુજ, ૦૪ માહે મે, સને ૨૦૧૭.

જિલ્લો : કચ્છ

ઘરગથ્થું વપરાશના કેરોસીનના જથ્થાબંધ વેચાણ ભાવ તથા છુટક વેચાણ ભાવ નકકી કરવાની વિગત દર્શાવતું પત્રક

માસ : મે-૨૦૧૭

| ક્રમ | વિગત | કચ્છ જિલ્લાના તાલુકાના મુખ્ય મથકનું નામ (તાલુકા) | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | ગાંધીધામ | અંજાર | ભચાઉ | ભુજ | મુન્દ્રા | રાપર | નખત્રાણા | માંડવી | અબડાસા, મુ. નલીયા | લખપત, મુ. દયાપર |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ |
| ૧ | એક કિલોલીટરના ઓઈલ કંપનીના વેંચાણ ભાવ રૂપિયા | ૧૬૮૩૪.૦૧ | ૧૬૮૩૪.૦૧ | ૧૬૮૩૪.૦૧ | ૧૬૮૩૪.૦૧ | ૧૬૮૩૪.૦૧ | ૧૬૮૩૪.૦૧ | ૧૬૮૩૪.૦૧ | ૧૬૮૩૪.૦૧ | ૧૬૮૩૪.૦૧ | ૧૬૮૩૪.૦૧ |
| ૨ | જથ્થાબંધ વિક્રેતાનું કમીશન રૂા. (૧ કે. એલ. ના) કેન્દ્રનું રૂા. ૭૮૭.૮૨ +રાજ્યનું રૂા. ૧૮૦.૩૦ = કુલ રૂા. ૯૬૮.૧૨ | ૯૬૮.૧૨ | ૯૬૮.૧૨ | ૯૬૮.૧૨ | ૯૬૮.૧૨ | ૯૬૮.૧૨ | ૯૬૮.૧૨ | ૯૬૮.૧૨ | ૯૬૮.૧૨ | ૯૬૮.૧૨ | ૯૬૮.૧૨ |
| ૩ | એક કિલોલીટરનો પરિવહન દર રૂપિયા | ૩૨૦.૧૦ | ૩૯૬.૦૦ | ૪૬૫.૫૦ | ૬૨૬.૫૦ | ૬૨૬.૫૦ | ૭૧૫.૯૫ | ૮૨૮.૮૦ | ૮૩૬.૨૦ | ૯૮૪.૨૦ | ૧૧૦૦.૭૫ |
| ૪ | એક કિલોલીટર કેરોસીનનું જથ્થાબંધ વેંચાણ ભાવ રૂપિયા. | ૧૮૧૨૨.૨૩ | ૧૮૧૯૮.૧૩ | ૧૮૨૬૭.૬૩ | ૧૮૪૨૮.૬૩ | ૧૮૪૨૮.૬૩ | ૧૮૫૧૮.૦૮ | ૧૮૬૩૦.૯૩ | ૧૮૬૩૮.૩૩ | ૧૮૭૮૬.૩૩ | ૧૮૯૦૨.૮૮ |
| ૫ | એક કિલોલીટર કેરોસીનનું છુટક વિક્રેતાનું કમિશન રૂા. ૯૪૬.૦૦+ રાજ્યનું એકસ્ટ્રા ઓર્ડીનરી કમિશન રૂા. ૫૪.૦૦ = કુલ રૂા. ૧૦૦૦.૦૦ | ૧૦૦૦.૦૦ | ૧૦૦૦.૦૦ | ૧૦૦૦.૦૦ | ૧૦૦૦.૦૦ | ૧૦૦૦.૦૦ | ૧૦૦૦.૦૦ | ૧૦૦૦.૦૦ | ૧૦૦૦.૦૦ | ૧૦૦૦.૦૦ | ૧૦૦૦.૦૦ |
| ૬ | એક કિલોલીટર કેરોસીનના કુલ રૂપિયા. | ૧૯૧૨૨.૨૩ | ૧૯૧૯૮.૧૩ | ૧૯૨૬૭.૬૩ | ૧૯૪૨૮.૬૩ | ૧૯૪૨૮.૬૩ | ૧૯૫૧૮.૦૮ | ૧૯૬૩૦.૯૩ | ૧૯૬૩૮.૩૩ | ૧૯૭૮૬.૩૩ | ૧૯૯૦૨.૮૮ |
| ૭ | એક લીટર કેરોસીનનું છુટક વેચાણ ભાવ રૂા. | ૧૯.૧૨ | ૧૯.૨૦ | ૧૯.૨૭ | ૧૯.૪૩ | ૧૯.૪૩ | ૧૯.૫૨ | ૧૯.૬૩ | ૧૯.૬૪ | ૧૯.૭૯ | ૧૯.૯૦ |

કચ્છ-ભુજ, ૦૪ માહે મે, સને ૨૦૧૭.

સહી/- અવાચ્ય,
કલેકટર,
કચ્છ-ભુજ.

INDEX

## જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

### ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૩) હેઠળનું

### જાહેરનામું

નં. ડીએમ/ડીસીએચ/૧૩૪૩/૩૭(૩)/૧૭.-ગુજકેટની પરીક્ષા તા. ૧૦-૦૫-૨૦૧૭ ના રોજ યોજાનાર છે. આ પરીક્ષાઓ શાંતિથી લેવાય તથા કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાય રહે તે હેતુથી પરિક્ષાના તમામ કેન્દ્રોની આજુબાજુના ૨૦૦ મીટરના વિસ્તારમાં ૪ ચાર કે તેથી વધુ વ્યક્તિને એકઠા થવા પર પ્રતિબંધ ફરમાવતુ જાહેરનામું બહાર પાડવા અંગે જિલ્લા શિક્ષણાધિકારી, જામનગર તરફથી દરખાસ્ત મળેલ છે. જે દરખાસ્ત વ્યાજબી જણાય છે.

તેથી હું, આર. જે. માકડીયા, જિલ્લા મેજિસ્ટ્રેટ, જામનગર જિલ્લો, જામનગર, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭ની પેટા કલમ-(૩) થી મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે તા. ૧૦-૦૫-૨૦૧૭ ના સવારના ૧૦-૦૦ કલાક થી બપોરના ૨-૦૦ કલાક સુધી ગુજકેટ પરિક્ષા કેન્દ્રોની આજુબાજુના ૨૦૦ મીટરના વિસ્તારમાં ચાર કે તેથી વધુ વ્યક્તિઓની કોઈ મંડળી કોઈએ ભરવી નહીં કે બોલાવવી નહીં કે સરઘસ કાઢવું નહીં અને એકઠા થવું નહીં.

વધુમાં હું આદેશ કરૂં છું કે, આ હુકમ નીચેનાને લાગુ પડશે નહીં.

૧. સરકારી નોકરીમાં અથવા રોજગારમાં હોય તે વ્યક્તિને.

૨. ફરજ ઉપર હોય તેવા ગૃહ રક્ષકદળની વ્યક્તિને.

૩. લગ્નના વરઘોડાને.

૪. સ્મશાનયાત્રાને.

૫. પ્રમાણીત પરિક્ષાર્થીને.

૬. જિલ્લા પોલીસ અધિકારીશ્રી, જિલ્લા શિક્ષણાધિકારીશ્રી અથવા તેમણે અધિકૃત કરેલ અધિકારીઓએ પરવાનગી આપેલ હોય તે વ્યક્તિઓને.

આ જાહેરનામાની લોકોને સહેલાઈથી જાણ થાય તેવી રીતે જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, જામનગરે બહોળી પ્રસિધ્ધી કરાવવી. આ જાહેરનામાનો ભંગ કરનાર સદરહું અધિનિયમની કલમ-૧૩૫ની પેટા કલમ-૩ તથા ભારતના ફોજદારી અધિનિયમ-૧૮૬૦ની કલમ-૧૮૮ તળે શિક્ષાપાત્ર થશે.

આજ તા. ૦૪ માહે મે-૨૦૧૭ ના રોજ મારી સહી કરી તથા કચેરીની મહોર લગાડી બહાર પાડ્યો.

જામનગર, ૦૪ માહે મે, સને ૨૦૧૭.

### ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયેનો

### હુકમ

નં. ડીએમ/ડીસીએચ/૧૩૪૩/૧૪૪/૧૭.-ગુજકેટની પરીક્ષા તા. ૧૦-૦૫-૨૦૧૭ ના રોજ યોજાનાર છે. જે પરીક્ષા દરમ્યાન ચોરીઓના દુષણના કારણે તેજસ્વી વિદ્યાર્થીઓને નિયમોનુસાર પરિક્ષા આપવામાં અડચણ થવાની સંભાવના રહે છે. આ ચોરીના દુષણમાં પ્રશ્નપત્રો કે તેના તૈયાર ઉત્તરો કોપીયર મશીન દ્વારા સત્વરે તૈયાર થઈ પરીક્ષા ખંડમાં પહોંચવાથી તેજસ્વી વિદ્યાર્થીઓ કે જેઓ નિયમ અનુસાર પરીક્ષા આપતા હોય તેવા વિદ્યાર્થીઓને માનસીક પરિતાપ થવાની સંભાવના છે, અને ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ મુજબ પગલા લેવા પ્રતિબંધિત હુકમો કરવા માટે જિલ્લા શિક્ષણાધિકારી, જામનગર તરફથી કરવામાં આવેલ દરખાસ્ત વ્યાજબી જણાય છે.

તેથી હું, આર. જે. માકડિયા, જિલ્લા મેજિસ્ટ્રેટ, જામનગર જિલ્લો, જામનગર, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ મુજબ મને મળેલી સત્તાની રૂઈએ ફરમાવું છું કે, ગુજકેટની પરીક્ષા માટે નક્કી કરાયેલા પરીક્ષા કેન્દ્રોની આજુ બાજુના ૧૫૦ મીટરના વિસ્તારની હદમાં કોપીયર મશીન દ્વારા કોપીનો વ્યવસાય કરતા ધંધાર્થીઓ તથા અંગત ઉપયોગ માટે વપરાશ કરતા (સરકારી/અર્ધસરકારી કે જાહેર સાહસો સિવાયના) કોપીયર મશીન ધારકોને તા. ૧૦-૦૫-૨૦૧૭ના સવારના ૯-૩૦ કલાકથી સાંજના ૬-૦૦ કલાક સુધી તેઓના કોપીયર મશીનો દ્વારા પરીક્ષા વિષયક પત્રો, દસ્તાવેજી કાગળોની નકલો કાઢવી નહી, તેમજ પરીક્ષા કેન્દ્રોમાં કોઈએ મોબાઈલ ફોન, સ્માર્ટ વોચ કે અન્ય ઈલેકટ્રોનીકસ ઉપકરણો સાથે પ્રવેશ કરવો નહી.

આ હુકમની લોકોને સહેલાઈથી જાણ થાય તેવી રીતે જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, જામનગરએ બહોળી પ્રસિધ્ધી કરાવવી.

આજ તા. ૦૪ માહે મે-૨૦૧૭ ના રોજ મારી સહી કરી તથા કચેરીની મહોર લગાડી બહાર પાડ્યો.

જામનગર, ૦૪ માહે મે, સને ૨૦૧૭.

**આર. જે. માકડીયા,**
જિલ્લા મેજીસ્ટ્રેટ,
જામનગર.

---

### ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭ની પેટા કલમ-૩ હેઠળનું

### જાહેરનામું

નં. એમએજી/સી/૩૭૩/૯૧૨૫/૨૦૧૭.-તાજેતરના ભૂતકાળમાં ગુજરાતમાં વિવિધ સમાજ જુથો દ્વારા અનામતની માંગણી, સમર્થન, તરફેણ અને વિરૂધ્ધમાં આંદોલનો અને રજુઆતો થતાં રહયા હતા. તે તથા તેના જેવા અન્ય મુદ્દાઓ પરત્વે વિવિધ

સામાજીક અને અન્ય પ્રકારના જુથો દ્વારા વિવિધ પ્રકારની માંગણીઓ કે બચાવના આઘાત/પ્રત્યાઘાત રૂપે આવેદનપત્રો આપવા, ધરણાઓ કરવા, વિરોધ પ્રદર્શન-રેલીઓ કાઢવાની પરવાનગી સાથે કે પરવાનગી વગરની ચેષ્ટાઓ થઈ રહી છે. જેના કારણે સમયાંતરે વિવિધ સમાજ જુથો દ્વારા ધરણા, દેખાવો સહીતના આકસ્મિક કાર્યક્રમો થવાની શકયતાને નકારી શકાય નહીં. ઉપરાંત પોરબંદર નગરપાલિકા વિસ્તારમાં ભૂગર્ભ ગટર યોજનાની કામગીરી તથા તેને કારણે ખોદાયેલ રસ્તાઓનો પ્રશ્ન રહેલો છે, જે બાબતે પણ જુદા જુદા લોક જુથો દ્વારા રજૂઆત, એક યા બીજા કારણોસર વિરોધ પ્રદર્શન થતું રહે છે. તેના કારણે કોઈપણ સમયે સુલેહ શાંતિભંગ થવાની શકયતા નકારી શકાય નહી. સબબ, પોરબંદર જિલ્લામાં અગમચેતીના પગલા રૂપે સભા, સરઘસ, રેલી, ધરણા, ઉપવાસ જેવા કાર્યક્રમો વખતે કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતી જળવાઈ રહે અને પોલીસની કામગીરીમાં મદદરૂપ થઈ શકે તે માટે ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૩) મુજબનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા પોલીસ અધિક્ષકશ્રી, પોરબંદર તરફથી તા. ૨૭-૦૪-૨૦૧૭ થી દરખાસ્ત થઈ આવેલ છે. જે દરખાસ્તની વિગતે તથા પ્રવર્તમાન સંજોગો નજરે પોલીસ અધિક્ષકશ્રી, પોરબંદરની દરખાસ્ત મુજબ આ જિલ્લામાં ઉકત જાહેરનામું બહાર પાડવું ઈષ્ટ જણાય છે. તેથી ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭ની પેટા કલમ-૩થી મળેલ અધિકારની રૂઈએ હું, **અશોક કાલરીયા, આઈ.એ.એસ., જિલ્લા મેજીસ્ટ્રેટ, પોરબંદર જિલ્લો, પોરબંદર, આથી સમગ્ર પોરબંદર જિલ્લા વિસ્તારમાં તા. ૦૫-૦૫-૨૦૧૭ થી તા. ૧૮-૦૫-૨૦૧૭ સુધી બન્ને દિવસો સહિતની** મુદત માટે કોઈપણ સભા, મંડળી કે સરઘસ માટે મનાઈ ફરમાવું છું. આ હુકમ નીચેનાને લાગુ પડશે નહિ.

૧. ફરજ ઉપર હોય તેવી ગૃહરક્ષક મંડળી.

૨. સરકારની નોકરીએ અવરજવર કરતી હોય તે વ્યકિત.

૩. લગ્નનો વરઘોડો.

૪. સરકારશ્રી તરફથી યોજવામાં આવતા કાર્યક્રમો.

૫. સક્ષમ અધિકારીની કાયદેસર પરવાનગી લઈને કાઢેલા સરઘસ સહીતના કાર્યક્રમો.

આ હુકમનું પાલન ન કરનાર અથવા તેનું પાલન ન કરવામાં કોઈને મદદ કરનાર ગુન્હો સાબિત થયે સદરહું અધિનિયમની કલમ-૧૩૫ની પેટા કલમ-૩ મુજબ રૂા. ૨૦૦/- સુધીના દંડની શિક્ષાને પાત્ર ઠરશે, તેમજ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ ગુન્હો સાબિત થયે તે વ્યકિતને એક માસની સાદી કેદ અથવા રૂા. ૨૦૦/- સુધીના દંડ અથવા બંને શિક્ષા થઈ શકે અને હુકમની અવગણનાથી માનવજીવન અથવા સ્વાસ્થ્ય અથવા સલામતી માટે કોઈપણ ભય ઉત્પન્ન કરે અથવા કોઈ હુલ્લડ કરે કે બખેડો કરે તો તેવી વ્યકિતને છ માસ સપરિશ્રમ અથવા સાદી કેદ અથવા રૂા. ૧૦૦૦/- એક હજાર સુધીના દંડ સહિતની બન્ને શિક્ષાને પાત્ર ઠરશે.

આજ તા. ૦૫-૦૫-૨૦૧૭ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો લગાવી જાહેર જનતાની જાણ તથા અમલ માટે પ્રસિધ્ધ કર્યું.

પોરબંદર, ૦૫ માહે મે, સને ૨૦૧૭.

**અશોક કાલરીયા,**
જિલ્લા મેજીસ્ટ્રેટ,
પોરબંદર.

---

## અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

### ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયેનો

### હુકમ

નં. ડીએમડી/ડીસીએચ/પરીક્ષા/૯૫/૧૭.-ગુજરાત રાજ્ય સેકન્ડરી એન્ડ હાયર સેકન્ડરી બોર્ડ દ્વારા આયોજિત આયોજિત ગુજકેટની પરીક્ષા તા. ૧૦-૦૫-૨૦૧૭ના રોજ યોજાનાર છે. જે પરીક્ષા દરમ્યાન ચોરીઓના દુષણના કારણે તેજસ્વી વિદ્યાર્થીઓને નિયમોનુસાર પરીક્ષા આપવામાં અડચણ થવાની સંભાવના રહે છે. આ ચોરીના દુષણમાં પ્રશ્નપત્રો કે તેના તૈયાર ઉત્તરો કોપીયર મશીન દ્વારા સત્વરે તૈયાર થઈ પરીક્ષા ખંડમાં પહોંચવાથી તેજસ્વી વિદ્યાર્થીઓ કે જેઓ ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડના નિયમ અનુસાર પરીક્ષા આપતા હોય તેવા વિદ્યાર્થીઓને માનસીક પરિતાપ થવાની સંભાવના છે. જિલ્લા શિક્ષણાધિકારી, દેવભૂમિ દ્વારકા તરફથી ઉકત પરીક્ષા શાંતિપુર્ણ વાતાવરણમાં યોજાય તેમજ તમામ પરીક્ષા કેન્દ્રો પર કાયદો અને વ્યવસ્થા જળવાય રહે તે માટે આ સંબધમાં જાહેરનામું બહાર પાડવા દરખાસ્ત મળેલલ છે. જે વ્યાજબી જણાતા ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ ની કલમ-૧૪૪ મુજબ પગલા લેવા પ્રતિબંધિત હુકમો કરવા માટે પુરતુ કારણ હોવાનું જણાતા તેમ કરવું ઈચ્છનિય છે, એવો મારો અભિપ્રાય છે.

તેથી હું, આર. વી. સરવૈયા, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, દેવભૂમિ દ્વારકા, મુ. ખંભાલીયા, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ મુજબ મને મળેલી સત્તાની રૂઈએ ફરમાવું છું કે આ જિલ્લાના પરિક્ષા કેન્દ્રો

(૧) આદર્શ અંગ્રેજી માધ્યમ શાળા, પોરનાકા, ખંભાળીયા તથા

(૨) સાંદીપની હાઈસ્કુલ, શકિતનગર, ખંભાળીયા

ની આજુબાજુના ૧૫૦ મીટરના વિસ્તારની હદમાં કોપીયર મશીન દ્વારા ઝેરોક્ષ અને કોપીનો વ્યવસાય કરતા ધંધાર્થીઓ તથા અંગત ઉપયોગ માટે વપરાશ કરતા (સરકારી/અર્ધસરકારી કે જાહેર સાહસો સિવાયના) કોપીયર

મશીન ધારકોને તા. ૧૦-૦૫-૨૦૧૭ના રોજ સવારના ૧૦-૦૦ થી ૧૬-૦૦ વાગ્યા સુધી તેઓના કોપીયર મશીનો બંધ રાખવા તેમજ ઉપર જણાવેલ પરીક્ષા કેન્દ્ર પર કોઈએ મોબાઈલ ફોન કે અન્ય કોઈ કોમ્યુનિકેશનના ઈલેક્ટ્રોનિક્સ સાધનો સાથે પ્રવેશ કરવા પર પ્રતિબંધ ફરમાવું છું.

આ હુકમની લોકોને સહેલાઈથી જાણ થાય તેવી રીતે જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, દેવભૂમિદ્વારકાએ બહોળી પ્રસિધ્ધિ કરાવવી.

આજ તા. ૯મી માહે એપ્રિલ-૨૦૧૭ ના રોજ મારી સહી કરી તથા કચેરીની મહોર લગાડી બહાર પાડ્યો.

દેવભૂમિદ્વારકા, ૯ માહે એપ્રિલ, સને ૨૦૧૭.

**આર. વી. સરવૈયા,**
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
દેવભૂમિ દ્વારકા.

---

### સને-૧૯૫૧ના ગુજરાત પોલીસ અધિનિયમ (આંક-૨૨)ની કલમ-૩૭(૩) અન્વયેનું

## જાહેરનામું

નં. એમએજી/સી/૩૭(૩)/૨૩૪૮/૨૦૧૭.-પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢના પત્ર નં. સી/એલઆઈબી/જાહેરનામું/સભા-સરઘસ/૧૩૦૨/૧૭, તા. ૫-૫-૨૦૧૭ થી (૧) ગીરનાર પર્વત ઉપર ગુરુ દત્તાત્રેયની જગ્યા ખાતે તથા હિન્દુ અને જૈન ધર્મના લોકો વચ્ચે વિવાદ ચાલુ હોય અને તેના અનુસંધાને ગુન્હાઓ પણ દાખલ થયેલ હોય (૨) વીજપુરવઠો અનિયમીત તથા પુરતા પ્રમાણમાં મળતો ન હોય, કિસાનો દ્વારા પી.જી.વી.સી.એલ. સબ સ્ટેશન ઘેરાવ/વિરોધ જેવા આંદોલનાત્મક કાર્યક્રમો કરવામાં આવે તેમજ હાલમાં મોંઘવારીના પ્રશ્ને પણ આંદોલનો થવાની શક્યતા નકારી શકાય નહીં. (૩) ઉપલા દાતાર ખાતે ભંડારીની નિમણુંકના પ્રશ્ને હિન્દુ અને મુસ્લીમ સમાજ વચ્ચે વિવાદ ચાલે છે, (૪) પાટીદાર અનામત આંદોલન બાદ થયેલ આંદોલનો તથા તેને સંલગ્ન આંદોલનો ગતિમા હોય, આ ઉપરાંત ઉના દલિત અત્યાચારના બનાવોને ધ્યાને લઈ વિશેષ તકેદારી રાખવી આવશ્યક છે. જેથી જુનાગઢ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તથા જાહેર સુલેહશાંતી જળવાઈ રહે તે હેતુસર સભા-સરઘસ વગર પરવાનગીએ કોઈ કાઢે નહીં તે માટેનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા અત્રે દરખાસ્ત રજુ થયેલ છે.

પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢ તરફથી ઉક્ત વિગતે રજુ થયેલ દરખાસ્ત વ્યાજબી જણાતા ગુજરાત પોલીસ અધિનિયમ- ૧૯૫૧ના આંક-૨૨ની કલમ-૩૭ની પેટા કલમ-૩થી મને મળેલ અધિકારની રૂએ હું, પી. વી. અંતાણી, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, જુનાગઢ જિલ્લો, જુનાગઢ, આથી જુનાગઢ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં તા. ૧૨-૦૫-૨૦૧૭ ના રોજથી તા. ૨૫-૦૫-૨૦૧૭ (બંન્ને દિવસો સહીત) સુધીની મુદત માટે કોઈ પણ સભા કે સરઘસ માટે મનાઈ હુકમ ફરમાવું છું. આદેશ કરૂ છું કે, આ હુકમ નીચેનાને લાગુ પડશે નહી.

(૧) ફરજ ઉપર હોય તેવી ગૃહરક્ષક મંડળીઓ.

(૨) સરકારી નોકરીએ અવરજવર કરતી હોય તેવી વ્યકિતને.

(૩) કોઈ લગ્નના વરઘોડાને.

(૪) સ્મશાનયાત્રા કે જેમાં જોડાનાર વ્યકિતઓને.

(૫) સક્ષમ અધિકારીશ્રીની કાયદેસર પરવાનગી લઈને.

આ હુકમનું પાલન ન કરનાર અથવા તેનું પાલન ન કરવામાં કોઈને મદદ કરનારને ગુનો સાબિત થયેથી, દંડની શિક્ષાને પાત્ર ઠરશે તથા ભારતીય દંડસહિતાની કલમ-૧૮૮ મુજબનો ગુનો સાબિત થયેથી, જે તે વ્યકિતને એક માસની સાદી કેદ અથવા રૂા. ૨૦૦/- સુધીનો દંડ અગર બંન્ને શિક્ષા થઈ શકશે અને આ હુકમની અવગણના માનવ જીવનને કોઈ નુકશાન અથવા સ્વાસ્થ્યને અથવા સલામતીને કોઈ ભય ઉત્પન્ન થાય અથવા કોઈ હુલ્લડ-બખેડો થાય તો તેવી વ્યકિતને-૬ (છ) માસ પરિશ્રમ અથવા સાદી કેદ અથવા રૂા. ૧૦૦૦/- સુધીનો દંડ સહિત બંન્ને શિક્ષાને પાત્ર ઠરશે.

આજ તારીખ : ૦૮, માહે મે, સને ૨૦૧૭ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા કરી જાહેર જનતાની જાણ તથા અમલ થવા માટે પ્રસિધ્ધ કર્યુ.

જુનાગઢ, ૦૮ માહે મે, સને ૨૦૧૭.

---

### ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ના આંક-૨૨ની કલમ-૩૭(૧) અન્વયે

## જાહેરનામું

નં. એમએજી/સી/૩૭(૧)/૨૩૪૭/૨૦૧૭.-પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢની કચેરી પત્ર નં. સી/એલઆઈબી/જાહેરનામુ/હથિ.બંધી/૧૩૦૧/૧૭, તા. ૦૫-૦૫-૨૦૧૭ થી (૧) ગીરનાર પર્વત ઉપર ગુરૂદત્તાત્રેય રક્ષિત સ્મારકની જગ્યા ખાતે તથા ત્રીજી ટુંક ખાતે હિન્દુ અને જૈન ધર્મના લોકો વચ્ચે વિવાદ

ચાલુ હોય, આ સ્થળે વિવાદના કારણે અગાઉ ગુન્હાઓ બનવા પામેલ છે. જેથી આ વિસ્તારનો પણ જાહેરનામાંમાં સમાવેશ કરવો જરૂરી હોય, (૨) તાજેતરમાં થઈ રહેલ જીવનજરૂરી ચીજ-વસ્તુઓના ભાવવધારાના વિરોધમાં આંદોલાત્મક કાર્યક્રમો રાખવામાં આવનાર હોવાથી કાયદો અને વ્યવસ્થાની દષ્ટ્રિએ તકેદારી રાખવી આવશ્યક છે. (૩) ઉપલા દાતાર ખાતે ભંડારીની નિમણુંકના પ્રશ્ને તેમજ પટેલ બાપુની મૂર્તિ રાખવા સબંધે હિન્દુ અને મુસ્લીમ વચ્ચે વિવાદ ચાલે છે. (૪) વીજ પુરવઠો અનિયમીત તથા પુરતા પ્રમાણમાં મળતો ન હોય, કિસાનો દ્વારા જી.ઈ.બી. સબસ્ટેશન ઘેરાવ/વિરોધ જેવા આંદોલનાત્મક કાર્યક્રમો કરવામાં આવે તેમજ હાલની મોંઘવારીના પ્રશ્ને પણ આંદોલનો થવાની શક્યતા નકારી શકાય નહીં. (૫) આ સમય દરમ્યાન પાટીદાર અનામત આંદોલન ઉના દલિત આંદોલન પણ ગતિમા હોય, જેથી સવિશેષ તકેદારી રાખવી આવશ્યક છે. જેથી જુનાગઢ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તથા જાહેર સુલેહશાંતી જળવાઈ રહે તે હેતુસર હથિયારબંધીનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા અત્રેને દરખાસ્ત થઈ આવેલ છે.

ઉક્ત રજુ થયેલ દરખાસ્ત વ્યાજબી જણાતા સુલેહશાંતિ જાળવવા સારૂ અને કાયદો વ્યવસ્થાની સ્થિતિ યથાવત જળવાય રહે તેમજ કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે હું, પી. વી. અંતાણી, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, જુનાગઢ જિલ્લો, જુનાગઢ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ના આંક-૨૨ની કલમ-૩૭(૧) અન્વયે મને મળેલ અધિકારની રૂએ સમગ્ર જુનાગઢ જિલ્લા વિસ્તારમાં તા. ૧૨-૦૫-૨૦૧૭ થી તા. ૦૯-૦૬-૨૦૧૭ સુધી બન્ને દિવસો સહિત નીચે પ્રમાણે મનાઈ ફરમાવું છું કે, કોઈ પણ વ્યકિત,

(ક) શસ્ત્ર, દંડા, તલવાર, ભાલા, ચપ્પુ, લાકડી અથવા શારિરીક હિંસા પહોંચાડવામાં ઉપયોગી થઈ શકે તેવી બીજી કોઈ ચીજો લઈ જવી નહીં.

(ખ) પથ્થરો અથવા બીજા શસ્ત્રો ફેંકવા અથવા નાખવામાં ઉપયોગી હોય તેવા યંત્રો અથવા સાધનો લઈ જવા, એકઠા કરવા તથા તૈયાર કરવા નહી.

(ગ) વ્યક્તિઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવા નહી.

(ઘ) અપમાન કરવા અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેર બિભત્સ સુત્રો પોકારવા નહી, અસ્લીલ ગીતો ગાવા નહી.

(ચ) જેનાથી સુરૂચીનો અને શાંતિનો ભંગ થાય તેવું ભાષણ કરવું નહી, તેવા હાવ ભાવ કરવા નહી, તેવી ચેષ્ટા કરવી નહી તથા ચિત્રો, પ્લેકાર્ડ અથવા બીજા કોઈ પદાર્થ અથવા વસ્તુઓ કરવી નહી.

**(૩) આ હુકમ નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહીં.**

૧. સરકારશ્રીની નોકરીમાં કામ કરતી કોઈ વ્યક્તિ કે જેના ઉપરી અધિકારીઓને ફરમાવ્યા હોય અથવા આવા કોઈ હથિયાર લઈ જવાની તેમની ફરજ હોય.

૨. જિલ્લા પોલીસ અધિકારીશ્રીએ જે તે શારિરીક અશક્તિને કારણે લાઠી લઈ જવાની અથવા શુભ હેતુથી ધંધો કરવાની પરવાનગી આપી હોય તે વ્યક્તિ.

૩. ખેડુતો પોતાની ખેતીકામ માટે ખેતીના ઓજારો લઈ જવામાં હાડમારી ન થાય, તે અને રોજીંદા કામ કરી શકે તે આશયથી ખેડુતો પોતાના ઓજારો ખેતીકામ માટે લઈ જતા હોય.

આ જાહેરનામાંના કોઈ ખંડનો ભંગ કરનાર અથવા પાલન ન કરવામાં મદદ કરનાર વ્યક્તિને ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૫(૧) મુજબ એક વર્ષની મુદત સુધીની કેદની શિક્ષા અને દંડને પાત્ર થશે. આ ઉપરાંત ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ તે વ્યક્તિનો ગુનો સાબિત થયેથી એક માસની સાદી કેદ અગર રૂા. ૨૦૦/- નો દંડ અગર બન્ને શિક્ષા થઈ શકશે અને આ હુકમની અવગણના માનવજીવનને અથવા સ્વાસ્થ્યને અથવા સલામતીને નુકશાન કરે, ભય ઉત્પન્ન થાય અથવા કોઈ હુલ્લડ-બખેડો થાય તો તેવી વ્યક્તિને-૬ (છ) માસ સુધીની પરિશ્રમ અથવા સાદી કેદ અથવા રૂા. ૧૦૦૦/- સુધીનો દંડ સહિત બંન્ને શિક્ષાને પાત્ર ઠરશે.

આજ તારીખ : ૦૮ મી, માહે મે, સને-૨૦૧૭ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા કરી જાહેર જનતાની જાણ તથા અમલ થવા માટે પ્રસિધ્ધ કર્યું.

જુનાગઢ, ૮ માહે મે, સને ૨૦૧૭.

---

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ કાઢેલ

## હુકમ

નં. : એમએજી/સી/૨૧૮૬/૨૦૧૭.-પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢના પત્ર ક્રમાંક : SOG/મોબાઈલ/લે-વેચ/જાહેરનામું/૨૧૦/૧૭, તા. ૧-૫-૨૦૧૭ થી રાજ્યમાં બનતા ગુન્હાઓમાં મોબાઈલ ફોનનો ઉપયોગ થતો હોય, તેમજ મોબાઈલ ચોરીના ગુન્હાઓનું પ્રમાણ વધવા પામ્યુ હોય, આવા ગુન્હાઓ શોધી કાઢવા માટે ગુન્હામાં વપરાયેલ અથવા વપરાય ગયેલ મોબાઈલ ફોનના IMEI નંબરનું ટ્રેકીંગ કરીને ગુન્હાના મુળ સુધી પહોંચવા પ્રયત્નો કરવામાં આવે છે. ઘણી વખત મોબાઈલ ફોનના વપરાશકર્તા સુધી પહોંચવામાં આવે ત્યારે જાણવા મળે કે, તેમણે કોઈ અજાણ્યા માણસ પાસેથી મોબાઈલ ફોન ખરીદેલ છે. જે મોબાઈલ વેંચનાર/ખરીદનારને ચોરાયેલ અથવા ગુન્હામાં વપરાયેલ હોવાની માહિતી હોતી નથી. મોબાઈલ ટ્રેકીંગ કરી અને ગુન્હાઓના મુળ સુધી પહોંચવામાં આવે ત્યારે એવું જાણવા મળે કે મોબાઈલ કોઈ મને અજાણી વ્યક્તિએ આપેલ છે અને તેને હું ઓળખતો નથી. જેથી આવા ગુન્હાઓની તપાસમાં કોઈ ફળદાયક હકીકત મળતી નથી. જેથી આવા ગુન્હાના મુળ સુધી પહોંચી સાચા આરોપીને શોધી કાઢવા માટે તેમજ મોબાઈલ ચોરીના ગુન્હાઓ અટકાવી શકાય અને ગુન્હાઓના મુળ સુધી પહોંચી શકાય તે માટે જુના મોબાઈલના વપરાશકારે મોબાઈલ કોની પાસેથી ખરીદયો અથવા કોને વેચ્યો તે જાણવું જરૂરી છે. જુના મોબાઈલ લે-વેચ કરનાર વેપારીએ મોબાઈલ ખરીદતાં પહેલા મોબાઈલ વેચનારનું તથા જુના મોબાઈલ વેંચતી વખતે મોબાઈલ ખરીદનારનું ઓળખ અંગેનું પુરૂ નામ, સરનામું નોંધવું ફરજીયાત બનાવવા તથા જુના મોબાઈલ વેચતા, ખરીદતા વેપારી દ્વારા નિયત રજીસ્ટર નિભાવવામાં આવે તો ગુન્હાના મુળ સુધી પહોંચી શકાય જેથી આવા જુના મોબાઈલ લેનાર/વેચનાર વેપારીની જવાબદારી નક્કી કરતું જાહેરનામું બહાર પાડવા પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢ તરફથી દરખાસ્ત રજુ કરાયેલ છે.

જુનાગઢ જિલ્લામાં બનતા ગુન્હાઓમાં વપરાતા મોબાઈલ ફોન તેમજ મોબાઈલ ચોરીના ગુન્હાઓમાં જુના મોબાઈલ ખરીદ/વેચાણ કરતા વેપારીઓ તરફથી આવા મોબાઈલ ખરીદતા/વેચતા વ્યક્તિની માહિતી મળી રહે તેમજ ગુન્હાના મુળ સુધી પહોંચી સાચા આરોપીને પકડી શકાય તેમજ આવા બનતા ગુન્હાઓ નિવારી શકાય તે માટે પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢ તરફથી કરાયેલ દરખાસ્ત વ્યાજબી જણાય છે.

આથી હું, પી. વી. અંતાણી, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, જુનાગઢ જિલ્લો, જુનાગઢ, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ ના નં. ૨)ની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે, જુનાગઢ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં જુના મોબાઈલ લેનાર/વેચનાર વેપારીએ કોઈપણ વ્યક્તિઓની પુરતી ખરાઈ ઓળખકાર્ડ અથવા ઓળખપત્ર વગર જુના મોબાઈલ લઈ શકશે નહીં કે વેચી શકશે નહીં તથા જુના મોબાઈલ ખરીદતી વખતે/વેચતી વખતે વેપારીઓએ નીચે મુજબના રજીસ્ટર નિભાવવાના રહેશે અને તેમાં વિગતો નોંધવાની રહેશે.

**જુના મોબાઈલ ખરીદતી વખતે વેપારીએ નિભાવવાનું રજીસ્ટર :**

| અ.નં. | મોબાઈલની ફોનની વિગત/કંપની | IMEI No. | મોબાઈલ વેંચનાર/ખરીદનારનું નામ, સરનામાની વિગત | ID પ્રુફની વિગત |
|---|---|---|---|---|
| | | | | |

**જુના મોબાઈલ વેચતી વખતે વેપારીએ નિભાવવાનું રજીસ્ટર :**

| અ.નં. | મોબાઈલ ફોનની વિગત/કંપની | IMEI No. | મોબાઈલ વેંચનાર/ખરીદનારનું નામ, સરનામાની વિગત | ID પ્રુફની વિગત |
|---|---|---|---|---|
| | | | | |

આ હુકમ તા. ૦૫-૦૫-૨૦૧૭ થી દિવસ-૬૦ સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમની જાહેર જનતાને જાણ સંબંધીત કચેરીઓએ તેમના નોટિસ બોર્ડ પર, સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યા ઉપર નકલ ચોટાડીને તથા માહિતી ખાતાએ વર્તમાન પત્રોમાં પ્રસિધ્ધી કરી કરવાની રહેશે. ગુજરાત પોલીસ એકટની કલમ-૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજ તારીખ : ૦૧મી માહે મે, સને-૨૦૧૭ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે જાહેર જનતાની જાણ તથા અમલવારી માટે આ હુકમ પ્રસિધ્ધ કરવામાં આવ્યો.

જુનાગઢ, ૧ માહે મે, સને ૨૦૧૭.

**પી. વી. અંતાણી,**
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
જુનાગઢ જિલ્લો, જુનાગઢ.

---

## જાહેરનામુ

નં. ડીએમ-૧/ગુજકેટ પરીક્ષા/ઈ.નં. ૧૯૭૦૫/૧૭.-ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા ભાવનગર શહેરમાં આગામી તા. ૧૦-૦૫-૨૦૧૭ના રોજ ગુજકેટની પરીક્ષા લેવાનાર છે. સદરહુ પરીક્ષાનો સમય નીચેની વિગતે છે.

| ક્રમ | વિષય | તારીખ | સમય |
|---|---|---|---|
| ૧ | ભૌતિક વિજ્ઞાન/ રસાયણ વિજ્ઞાન | તા. ૧૦-૦૫-૨૦૧૭ | ૧૦-૦૦ થી ૧૨-૦૦ |
| ૨ | જીવ વિજ્ઞાન | તા. ૧૦-૦૫-૨૦૧૭ | ૧૩-૦૦ થી ૧૪-૦૦ |
| ૩ | ગણિત | તા. ૧૦-૦૫-૨૦૧૭ | ૧૫-૦૦ થી ૧૬-૦૦ |

આ પરીક્ષા દરમ્યાન પરીક્ષા કેન્દ્રો ખાતે પરીક્ષાર્થીઓ નિર્ભયતાથી, શાંતિપૂર્વક તેમજ એખલાસભર્યા વાતાવરણમાં પરીક્ષા આપી શકે, પરીક્ષા કેન્દ્રોની આજુબાજુના વિસ્તારોમાં અસામાજીક ગુંડાતત્વો એકઠા થઈ પરીક્ષાર્થીઓને ખલેલ પહોંચાડે નહિ તેમજ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે માટે જાહેર હિતમાં હું બી. એચ. તલાટી, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભાવનગર જિલ્લો, ભાવનગર, ભારતના ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪નો બીજો)ની કલમ-૧૪૪ થી મને મળેલ અધિકારની રૂઈએ જે તે પરીક્ષાના દિવસે ભાવનગર શહેર ખાતેના આ સાથે સામેલ પત્રક મુજબના પરીક્ષા કેન્દ્રો ઉપર તેની સામે દર્શાવેલ સમય દરમ્યાન નીચે મુજબનાં પ્રતિબંધો ફરમાવું છુ.

(૧) પરીક્ષા કેન્દ્રોની ૧૦૦ મીટરની ત્રિજ્યામાં આવેલા ઝેરોક્ષ/ફેક્સ/સ્કેનરનાં વ્યવસાય સાથે સંકળાયેલા વેપારીઓએ ઝેરોક્ષ/ફેક્સ/સ્કેનર મશીનના ઉપયોગ પર.

(૨) પરીક્ષા કેન્દ્રોની ૧૦૦ મીટરની ત્રિજ્યામાં મોટા અવાજે લાઉડ સ્પીકર કે બેન્ડવાજા વિગેરે ધ્વનિવર્ધક સાધનોના ઉપયોગ પર.

(૩) પરીક્ષા કેન્દ્રમાં મોબાઈલ ફોન કે અન્ય ઈલેક્ટ્રોનીક્સ ગેઝેટ લઈ જવા તથા તેના ઉપયોગ પર.

(૪) પરીક્ષા કેન્દ્રની ૧૦૦ મીટરની ત્રિજ્યાના વિસ્તારમાં ચાર કે તેથી વધુ માણસો એકઠા થવા પર.

(૫) પરીક્ષા કેન્દ્રોમાં પરીક્ષાર્થીઓ તથા ફરજ પરના સ્ટાફ કે અધિકૃત વ્યક્તિ સિવાય કોઈ અનઅધિકૃત વ્યક્તિએ પરીક્ષા કેન્દ્રમાં પ્રવેશવા પર.

સદરહું જાહેરનામાનો ઉલ્લંઘન કરનારને ભારતના ફોજદારી અધિનિયમ (સને ૧૮૬૦ના ૪૫માં અધિનિયમ)ની કલમ-૧૮૮ મુજબ સજા થશે.

''જાહેરનામાના અમલ તથા તેના ભંગ બદલ પગલા લેવા હેડકોન્સ્ટેબલથી નીચેના ન હોય તેવા અધિકારીશ્રીને અધિકૃત કરવામાં આવે છે.''

ઉપર નિર્દિષ્ટ કરેલા વિસ્તારોમાં સહેલાઈથી દેખી શકાય તેવી જગ્યાઓએ આ જાહેરનામાની નકલો ચોંટાડીને અને સ્થાનીક વર્તમાનપત્રો દ્વારા તેની બહોળી પ્રસિધ્ધી કરાવીને સદરહું જાહેરનામું પ્રસિધ્ધ કરવું.

આજ તારીખ : ૦૬-૦૫-૨૦૧૭ના રોજ મારી સહી કરી જાહેરનામું પ્રસિધ્ધ કર્યો.

ભાવનગર, ૦૬ માહે મે, સને ૨૦૧૭.

**બી. એચ. તલાટી,**
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
ભાવનગર.

---

### ગુજરાત કોમન એન્ટરેન્સ ગુજકેટ ટેસ્ટ મે-૨૦૧૭ ના પરીક્ષાના કેન્દ્રોની યાદી તા. ૧૦-૦૫-૨૦૧૭

| ક્રમ | સ્કુલનું નામ |
|---|---|
| ૧ | શ્રી નંદકુંવરબા ક્ષત્રિય કન્યા વિદ્યાલય, નિલમબાગ ચોક, ભાવનગર. |
| ૨ | વિશુદ્ધાનંદ વિદ્યામંદિર, વિદ્યાનગર, ભાવનગર. |
| ૩ | દક્ષિણામૂર્તિ વિનય મંદિર, પરીમલ ચોક, ભાવનગર. |
| ૪ | બી. એમ. કોમર્સ હાઈસ્કુલ, ઘોઘા સર્કલ, ભાવનગર. |
| ૫ | સ્વામિનારાયણ હાઈસ્કુલ, સરદારનગર, ભાવનગર. |
| ૬ | ફાતીમા કોન્વેન્ટ હાઈસ્કુલ, ઘોઘા રોડ, ભાવનગર. |
| ૭ | સેન્ટઝેવીયર્સ હાઈસ્કુલ, જેલ રોડ, ભાવનગર. |
| ૮ | દોલત અનંતવળિયા સ્કુલ, શાસ્ત્રીનગર, ભાવનગર. |
| ૯ | માજીરાજ ગર્લ્સ સ્કુલ, હલુરીયા ચોક, ભાવનગર. |
| ૧૦ | એકતા સ્કુલ, રામમંત્ર મંદિર, કાળીયાબીડ, ભાવનગર. |
| ૧૧ | કે. પી. ઈ. એસ. ઈંગ્લીસ સ્કુલ, બી. એન. વિરાણી સર્કલ, ભવન નં.-૨, અયોધ્યાનગર પાસે, પ્લોટ નં. ૪૬, કાળીયાબીડ, ભાવનગર. |
| ૧૨ | આર. કે. ઘરશાળા, પરીમલ ચોક, તખ્તેશ્વર પ્લોટ, ભાવનગર. |
| ૧૩ | એમ. કે. જમોડ હાઈ. ભાવનગર, પાનવાડી, માજીરાજ વાડીની સામે, ભાવનગર. |
| ૧૪ | વિદ્યાવિહાર માધ્યમીક શાળા, ઝવેરભાઈની વાડી, દેસાઈનગર, ભાવનગર. |
| ૧૫ | સ્વામીનારાયણ ગુરૂકુળ ચિત્રા, જી. આઈ. ડી. સી. ચીત્રા, ભાવનગર. |
| ૧૬ | બી. એન. વિરાણી માધ્યમિક શાળા, કાળીયાબીડ, વિરાણી સર્કલ, ભાવનગર. |
| ૧૭ | શ્રી કુમાર શાળા, નિલમબાગ સર્કલ પાસે, ભાવનગર. |
| ૧૮ | આર્યકુળ કન્યા વિદ્યાલય, શ્રીનાથજીનગર રોડ, ભરતનગર, ભાવનગર. |

| ક્રમ | સ્કુલનું નામ |
|---|---|
| ૧૯ | અમર જ્યોતિ સરસ્વતી વિદ્યાલય (સીલ્વર બેલ્સ) કાળીયાબીડ, ભગવતી સર્કલ, ભાવનગર. |
| ૨૦ | સેંટમેરી સ્કુલ અંગ્રેજી, મેરૂબાગ, શિવાજી સર્કલ, ભાવનગર. |
| ૨૧ | નવોદય પબ્લિક સ્કુલ, લીલા સર્કલ, સિદસર રોડ, ભાવનગર. |
| ૨૨ | સેંટમેરી સ્કુલ ગુજરાતી, મેરૂબાગ, શિવાજી સર્કલ, ભાવનગર. |
| ૨૩ | વિદ્યાધીશ હાયર સેકેન્ડરી સ્કુલ, સરદાર પટેલ સ્કુલ, ભાવનગર. |

**સહી/- અવાચ્ય,**
જિલ્લા શિક્ષણાધિકારી,
ભાવનગર.

---

## જાહેરનામું

નં.ડી.એમ./વશી/૨૯૩૮/૨૦૧૭.-બોટાદ શહેર તથા જિલ્લામાં આગામી તા. ૧૦-૦૫-૨૦૧૭ ના રોજ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા બોટાદ શહેરમાં લેવાનાર ગુજકેટ મે-૨૦૧૭ની પરીક્ષા દરમિયાન પરીક્ષા કેન્દ્રો ખાતે પરીક્ષાર્થીઓ નિર્ભયતાથી, શાંતિપૂર્વક તેમજ એખલાસભર્યા વાતાવરણમાં પરીક્ષા આપી શકે, પરીક્ષા કેન્દ્રોની આજુબાજુના વિસ્તારોમાં અસામાજીક ગુંડાતત્વો એકઠા થઈ પરીક્ષાર્થીઓને ખલેલ પહોંચાડે નહિ તેમજ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે માટે જાહેર હિતમાં હું, બી. વી. લીંબાસીયા, (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, બોટાદ જિલ્લો, બોટાદ, ભારતના ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪નો ૨ જો)ની કલમ-૧૪૪થી મને મળેલ અધિકારની રૂઈએ ફરમાવું છું કે, આગામી તા. ૧૦-૦૫-૨૦૧૭ ના રોજ ગુજરાત માધ્યમિક અને ઉ. માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવાનાર ગુજકેટ મે-૨૦૧૭ ની પરીક્ષાનો સમય સવારના ૧૦-૦૦ કલાકથી ૧૮-૦૦ કલાક દરમિયાન, નીચેની અનુસુચિમાં દર્શાવેલ પરીક્ષા કેન્દ્રો ઉપર નીચે મુજબનાં પ્રતિબંધો ફરમાવવામાં આવે છે.

(૧) પરીક્ષા કેન્દ્રોની ૧૦૦ મીટર ત્રિજ્યામાં આવેલા ઝેરોક્ષ/ફેકસનાં વ્યવસાય સાથે સંકળાયેલા વેપારીઓએ ઝેરોક્ષ તેમજ ફેકસ મશીનના ઉપયોગ પર.

(૨) પરીક્ષા કેન્દ્રોની ૧૦૦ મીટરની ત્રિજ્યામાં મોટા અવાજે લાઉડ સ્પીકર કે બેન્ડવાજા વિગેરે ધ્વનિ વર્ધક સાધનોના ઉપયોગ પર.

(૩) પરીક્ષા કેન્દ્રમાં મોબાઈલ ફોન લઈ જવા પર.

(૪) પરીક્ષા કેન્દ્રની ૨૦૦ મીટરની ત્રિજ્યાના વિસ્તારમાં ચાર કે તેથી વધુ માણસો એકઠા થવા પર.

(૫) પરીક્ષા કેન્દ્રોમાં પરીક્ષાર્થીઓ તથા ફરજ પરના સ્ટાફ કે અધિકૃત વ્યક્તિ સિવાય કોઈ અનઅધિકૃત વ્યક્તિએ પરીક્ષા કેન્દ્રમાં પ્રવેશવા પર.

### અનુસૂચિ

**બોટાદ શહેર તથા જિલ્લાના ગુજકેટ-૨૦૧૭ ના પરીક્ષા કેન્દ્રોની યાદી**

| ક્રમ | સ્કુલનું નામ | ગામ |
|---|---|---|
| ૧ | શ્રી આર. સી. એ. બોયઝ હાઈસ્કુલ, હવેલીચોક પાસે, પાળીયાદ રોડ, બોટાદ | બોટાદ |
| ૨ | શ્રી એમ. ડી. શાહ વિદ્યાલય, પાળીયાદ રોડ, બોટાદ | બોટાદ |
| ૩ | શ્રીમતી પી. વી. દોશી વિદ્યાલય, પાળીયાદ રોડ, બોટાદ | બોટાદ |
| ૪ | શ્રી એલ. જે. શાહ ગર્લ્સ હાઈસ્કુલ, પાળીયાદ રોડ, બોટાદ | બોટાદ |

સદરહું જાહેરનામાનો ઉલ્લંઘન કરનારને ભારતના ફોજદારી અધિનિયમ (સને ૧૮૬૦ના ૪૫માં અધિનિયમ)ની કલમ-૧૮૮ મુજબ સજા થશે.

"જાહેરનામાના અમલ તથા તેના ભંગ બદલ પગલા લેવા હેડકોન્સ્ટેબલથી નીચેના ન હોય તેવા અધિકારીશ્રીને અધિકૃત કરવામાં આવે છે."

ઉપર નિર્દિષ્ટ કરેલા વિસ્તારોમાં સહેલાઈથી દેખી શકાય તેવી જગ્યાઓએ આ જાહેરનામાની નકલો ચોંટાડીને અને સ્થાનિક વર્તમાનપત્રો દ્વારા તેની બહોળી પ્રસિધ્ધી કરાવીને સદરહું જાહેરનામું પ્રસિધ્ધ કરવું.

આજ તારીખ : ૦૫-૦૫-૨૦૧૭ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી જાહેરનામું પ્રસિધ્ધ કર્યુ.

બોટાદ, ૦૫ માહે મે, સને ૨૦૧૭.

---

## જાહેરનામું

નં. ડીએમ/વશી/૨૯૬૮/૨૦૧૭.-અધિક ઈજનેરશ્રી, પી.જી.વી.સી.એલ., બોટાદના તા. ૨૪-૦૪-૨૦૧૭ના પત્ર નં. બીટીસીઓ/ટેક-૨/અકસ્માત/૧૫૮૦ થી બોટાદ જિલ્લામાં પી.જી.વી.સી.એલ.ના ઈલેકટ્રીક પોલ નેટવર્ક ઉપર કેબલ ટીવી ઓપરેટરોના કેબલ તેમજ અન્ય સંચાર માધ્યમના વાયરો કોઈપણ પ્રકારની મંજુરી વગર પ્રસ્થાપિત કરવામાં આવેલા હોય, જેના કારણે વિજ અકસ્માતના બનાવો બનવા પામતાં હોય છે. આથી આ અંગે જાહેરનામું પ્રસિધ્ધ કરવા દરખાસ્ત કરવામાં આવેલ છે.

સબબ, બોટાદ શહેર તથા જિલ્લામાં પી.જી.વી.સી.એલ.ના ઈલેકટ્રીક પોલ તેમજ નેટવર્ક પર કેબલ ટી.વી. ઓપરેટરો દ્વારા કોઈપણ પ્રકારની મંજુરી વગર પ્રસ્થાપિત કરવામાં આવતાં કેબલ દુર કરવા અત્યંત જરૂરી જણાય છે.

આથી ભારતના ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪નો બીજો અધિનિયમ)ની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ

સત્તાની રૂએ હું, બી. વી. લીંબાસીયા (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ બોટાદ જિલ્લો, બોટાદ, હુકમ કરૂં છું કે, બોટાદ શહેર તથા જિલ્લામાં પી.જી.વી.સી.એલ.ના ઈલેક્ટ્રીક પોલ તેમજ નેટવર્ક પર કેબલ ટી.વી. ઓપરેટરો દ્વારા કોઈપણ પ્રકારના કેબલ પ્રસ્થાપિત કરવા નહીં. તેમજ પી.જી.વી.સી.એલ. દ્વારા દૂર કરવામાં આવેલ ટીવી કેબલ પી.જી.વી.સી.એલ.ના નેટવર્ક પર પુનઃપ્રસ્થાપિત કરવા નહીં.

આ જાહેરનામું તા.૦૮-૦૫-૨૦૧૭ થી તા.૦૬-૦૭-૨૦૧૭ સુધી (બન્ને દિવસો સુધ્ધા) દિન-૬૦ માટે અમલમાં રહેશે.

આ જાહેરનામાનો ભંગ કરનાર વ્યકિત ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

''જાહેરનામાના અમલ તથા તેના ભંગ બદલ પગલા લેવા પી.જી.વી.સી.એલ.ના સક્ષમ અધિકારીશ્રી, હેડકોન્સ્ટેબલથી નીચેના ન હોય તેવા પોલીસ અધિકારીશ્રી તથા જે તે તાલુકાના મામલતદારશ્રીને અધિકૃત કરવામાં આવે છે.''

આ જાહેરનામું જાહેર વિસ્તારોમાં સહેલાઈથી દેખી શકાય તેવી રીતે તેની નકલ ચોંટાડીને તેમજ સ્થાનિક વર્તમાનપત્રોમાં બહોળી પ્રસિધ્ધિ આપીને પ્રસિધ્ધ કરવાનું આથી હું ફરમાવું છું.

આજ તારીખ : ૦૮-૦૫-૨૦૧૭ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી જાહેરનામું પ્રસિધ્ધ કરેલ છે.

બોટાદ, ૦૮ માહે મે, સને ૨૦૧૭.

---

**મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૭(૧) અન્વયે કાઢેલ હુકમ**

## જાહેરનામું

નં.ડી.એમ./વશી/૩૦૧૫ થી ૩૦૩૨/૨૦૧૭.-બોટાદ જિલ્લામાં ચાલુ માસ મે-૨૦૧૭ તથા જુન-૨૦૧૭ ના આગામી માસ દરમ્યાન તા. ૧૦-૦૫-૨૦૧૭ ના રોજ બુધ્ધ જયંતી તેમજ કાયદો અને વ્યવસ્થા જાળવવા તથા સુલેહ શાંતી જળવાઈ રહે તેમજ ચાલુ માસમાં આવતા ધાર્મિક-સામાજીક તહેવારો/ઉત્સવો તેમજ રાજ્યની વર્તમાન પરીસ્થિતીને અનુલક્ષીને અગમચેતીના પગલા લેવા અનિવાર્ય જણાતા, આ માસ દરમ્યાન નીચેની વિગતે પ્રતિબંધ ફરમાવતુ જાહેરનામુ પ્રસિધ્ધ કરવાની જરૂરીયાત જણાય છે. કોઈ વ્યકિત કે વ્યકિતનાં સમુહ દ્વારા જાહેરમાં તીક્ષ્ણ હથીયારો જેવા કે, છરી, કુહાડી, ધારીયા, તલવાર, ગુપ્તી, કુંડલીવાળી લાકડીઓ, લોખંડના પાઈપ, ભાલા તથા દંડા, બંદુક, લાઠી અથવા શારીરિક હિંસામાં ઉપયોગી થઈ શકે તેવા પ્રાણઘાતક હથીયારો લઈને હરે ફરે નહી, તે માટે પ્રતિબંધ ફરમાવતું જાહેરનામું જાહેર શાંતી અને સલામતી જાળવવા સારૂ બહાર પાડવું જરૂરી જણાય છે.

સબબ મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ ના મુંબઈના ૨૨માં અધિનિયમની કલમ-૩૭(૧) અન્વયે મને મળેલ સત્તાની રૂએ હું, બી. વી. લીંબાસીયા, (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, બોટાદ જિલ્લો, બોટાદ, આથી જાહેર શાંતી અને સલામતી જાળવવા સારૂં ફરમાવું છું કે કોઈએ નીચેની અનુસુચિમાં દર્શાવેલ વિસ્તારમાં તા. ૦૯-૦૫-૨૦૧૭ થી તા. ૦૮-૦૬-૨૦૧૭ સુધી (બન્ને દિવસો સુધ્ધા) ૩૦-દિવસ

(ક) છરી, કુહાડી, ધારીયા, તલવાર, ગુપ્તી, કુંડેલીવાળી લાકડીઓ, લોખંડના પાઈપ, ભાલા અથવા શારીરિક ઈજા પહોંચાડી શકાય તેવું બીજુ કોઈપણ સાધન સાથે લઈ જવા નહીં.

(ખ) કોઈપણ જાહેર જગ્યામાં સ્ફોટક પદાર્થો કે લોકોને શારીરીક નુકશાન કરે તેવા પદાર્થો સાથે લઈ જવા નહીં.

(ગ) પથ્થરો અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓ સાથે લઈ જવી નહી, એકઠા કરવા નહી, તૈયાર કરવા નહી.

(ઘ) સરઘસમાં સળગતાં કાકડા અથવા સળગતી મશાલો સાથે લઈ જવી નહીં.

(ચ) વ્યકિત કે વ્યકિતના જુથ દ્વારા કોઈ અન્ય વ્યકિત કે વ્યકિતના શબ અથવા આકૃતિઓ કે પુતળા જાહેરમાં દેખાડવા નહીં.

**આ હુકમનો ખંડ (ક)-(ખ)-(ગ)-(ઘ) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં.**

(૧) સરકારી નોકરી કે કામ કરતી કોઈ વ્યકિતને જો ત્યાંના ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથીયાર લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા આવું કોઈપણ હથીયાર લઈ જવાની તેની ફરજ હોય.

(૨) પોલીસ અધિક્ષક અથવા તેણે અધિકૃત કરેલ પોલીસ અધિકારી કે જેને શારીરિક અશકિતને કારણે લાકડી અથવા લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તે વ્યકિતને.

(૩) જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, અથવા અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રીએ આ અર્થે ખાસ અધિકૃત કરે તેવી બીજી કોઈ વ્યકિતને.

(૪) કાયદેસરના હથીયાર પરવાના ધરાવનાર વ્યકિતને.

**અનુસુચિ :**

**બોટાદ જિલ્લાનો સમગ્ર વિસ્તાર.**

આ જાહેરનામાનો કોઈ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને ઓછામાં ઓછી ચાર મહિનાની અને વધુમાં વધુ એક વર્ષની કેદની સજા અને મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૧૩૫(૧) મુજબ દંડની સજા થશે.

''જાહેરનામાનો અમલ અને તેના ભંગ બદલના પગલા લેવા મોટ ફરજ પરના કોઈપણ હેડકોન્સ્ટેબલને તથા તેનાથી ઉપરી અધિકારીને અધિકાર રહેશે.''

આ હુકમ ઉપર નિર્દિષ્ટ કરેલા વિસ્તારમાં સહેલાઈથી દેખી શકાય તેવી રીતે તેની નકલ ચોંટાડીને તેમજ સ્થાનિક વર્તમાનપત્રોમાં બહોળી પ્રસિધ્ધી આપીને પ્રસિધ્ધ કરવાનું આથી હું ફરમાવું છું.

આજ તારીખ : ૦૮-૦૫-૨૦૧૭ ના રોજ મારી સહી તથા કચેરીનો સિકકો કરીને હુકમ પ્રસિધ્ધ કર્યો.

બોટાદ, ૦૮ માહે મે, સને ૨૦૧૭.

**બી. વી. લીંબાસીયા,**
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
બોટાદ.

---

## જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ દ્વારા

વંચાણે લીધા :

(૧) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ તથા ૧૦૮ હેઠળની જોગવાઈઓ.

(૨) ગુજરાત સરકારશ્રીના કૃષિ અને સહકાર વિભાગના જાહેરનામાં ક્રમાંક : જીએચકેએચ/૬૨/૨૦૧૧/નબસ/૧૨/૨૦૦૨/૩૦૧૧/છ, તા. ૨૧-૦૭-૨૦૧૧.

(૩) અત્રેની કચેરીના આદેશ ક્રમાંકઃ ફડચ/ગ-૨/૪૫/૨૦૧૭, તા. ૧૫-૦૩-૨૦૧૭ થી મંડળીને ફડચામાં લઈ જવાનો વચગાળા આદેશ.

### અંતિમ આદેશ

ક્રમાંક : ફડચ/ગ-૨/૮૮/૨૦૧૭.-આથી હું, ટી. સી. તિરથાણી, જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, રાજકોટ, ઉપર વંચાણે લીધેલ ક્રમ-૨ વાળા જાહેરનામાથી મળેલ અધિકાર અને સત્તાની રૂઈએ તેમજ આમુખમાં જણાવેલ વિગતો ધ્યાને લઈને શ્રી સર્વોદય હરિજન મજુર બાંધકામ સહકારી મંડળી લી., મુ. તા. જેતપુર જિ. રાજકોટ (નોંધણી નંબર :- ૭૧૪૨, તા. ૬-૨-૧૯૮૧) ને ગુજરાત સહકારી મંડળીઓનાં અધિનિયમ-૧૯૬૧ ની કલમ-૧૦૭ અન્વયે ફડચામાં લઈ જવાના વચગાળાના આદેશને, આજ કાયદાની કલમ-૧૦૮(૧) અન્વયે કાયમી રાખતો આદેશ આપું છું. અને ફડચા અધિકારી તરીકે સહકારી અધિકારીશ્રી (ફડચો)-૨ લગત જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, રાજકોટની નિમણૂંક કરૂ છું. જે અન્વયે સદરહુ મંડળીના ફડચા અધિકારીએ મંડળીની ફડચાની તમામ કામગીરી નિયત મુદતમાં પૂર્ણ કરવી.

રાજકોટ, ૧૫ માહે મે, સને ૨૦૧૭.

**ટી. સી. તિરથાણી,**
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
રાજકોટ.

---

## મદદનીશ જિલ્લા રજીસ્ટ્રાર (હાઉસીંગ) દ્વારા

### નોંધણીનું પ્રમાણપત્ર

જા. નં. : ધરમ/૦૨/૨૩૮/નં. RJT ધ-૨૪૮૨૨/૨૦૧૭.-આથી મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ (હાઉસીંગ), રાજકોટ, આથી જાહેર કરે છે કે, શ્રી વિહોત શબરી કો. ઓપ. હાઉસીંગ સોસાયટી લી., રાજકોટ, તાલુકો : રાજકોટ, જિલ્લો : રાજકોટની સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ (સને : ૧૯૬૨નો ગુજરાતો કાયદો-૧૦)ની નકલ-૯(૧)(અ) અન્વયે આજરોજ નોંધણી કરવામાં આવી.

જેનો નોંધણી નંબર RJT/ધ-૨૪૮૨૨ તા. ૮-૫-૨૦૧૭.

રાજકોટ, ૮ માહે મે, સને ૨૦૧૭.

**એસ. જે. હાલારી,**
મદદનીશ જિલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ (હાઉસીંગ),
રાજકોટ.

---

વંચાણે લીધા :

(૧) સરકારીશ્રીનાં કૃષિ અને સહકાર વિભાગના જાહેરનામા ક્રમાંક : જી.એચ.કે.એચ./૨૦૦૫/એન.એસ.બી./૧૨/૨૦૦૨/૩૦૧૧/સી-એચ, તા. ૨૧-૦૭-૨૦૧૧.

(૨) પ્રમુખ/મંત્રીશ્રી ટાગોર કો. ઓપ. હા. સો. લી., સુરેન્દ્રનગરની તા. ૧૬-૧-૨૦૦૯ ની સોસાયટીના સભ્યશ્રી શ્વેતલતાબેન પી. શાહ ને સભ્યપદે દૂર કરવા બાબતની દરખાસ્ત.

(૩) જિલ્લા રજીસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ સુરેન્દ્રનગરના તા. ૯-૩-૨૦૦૯ નાં આદેશ ક્રમાંક : અજન/ખ-૧/૬૭/૨૦૦૯.

(૪) પ્રમુખ/મંત્રીશ્રી ટાગોર કો. ઓપ. હા. સો. લી. સુરેન્દ્રનગરની તા. ૧૧-૯-૨૦૦૯ ની સોસાયટીના સભ્યશ્રી શ્વેતલતાબેન પી. શાહને સભ્યપદે દૂર કરવા બાબતની દરખાસ્ત.

(૫) જિલ્લા રજીસ્ટ્રારશ્રી સહકારી મંડળીઓ સુરેન્દ્રનગરનાં તા. ૨૪-૧-૨૦૧૧ નાં આદેશ ક્રમાંક : અજન/ખ-૧/૩૨/૨૦૧૧.

(૬) અધિક રજિસ્ટ્રારશ્રી (અપીલ), સહકારી મંડળીઓ, ગુ. રા. ગાંધીનગરના તા. ૨૪-૧૧-૨૦૦૯ નો હુકમ.

(૭) નાયબ સચિવશ્રી, કૃષિ અને સહકાર વિભાગ, ગાંધીનગરના તા. ૫-૫-૨૦૧૦ નો હુકમ.

(૮) મદદ. જિલ્લા રજિસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ (હાઉસીંગ), ભૂજ-કચ્છ નો તા. ૨૩-૧૦-૨૦૧૫, તા. ૩૦-૧૧-૨૦૧૫, તા. ૧૨-૨-૨૦૧૬, તા. ૦૪-૦૪-૨૦૧૬, તા. ૧૭-૫-૨૦૧૬ તથા તા. ૨૨-૯-૨૦૧૬ નો પત્ર.

(૯) જિલ્લા રજિ., સ. મં., સુરેન્દ્રનગરના છેલ્લા તા. ૮-૨-૨૦૧૭ ના પત્ર ક્રમાંક : વહટ/હાઉસીંગ/૫૭-૫૮/૨૦૧૭.

(૧૦) પ્રમુખશ્રી ધી ટાગોર કો-ઓપ. હાઉસીંગ સો. લી. સુરેન્દ્રનગરનો તા. ૧૬-૦૨-૨૦૧૭ નો પત્ર.

(૧૧) અત્રેની કચેરીના તા. ૭-૩-૨૦૧૭ના પત્ર ક્રમાંક : ફ૬ચ/હાઉસીંગ/૬૧ થી ૬૮/૨૦૧૭ થી આપવામાં આવેલ સહકારી કાયદાની કલમ-૮૧ અંગેની આપવામાં આવેલી કારણ દર્શક નોટીસ.

(૧૨) પ્રમુખશ્રી ધી ટાગોર કો-ઓપ. હાઉસીંગ સો. લી. સુરેન્દ્રનગરનો તા. ૨૦-૦૩-૨૦૧૭ નો પત્ર.

(૧૩) અત્રેની કચેરીના તા. ૩૧-૩-૨૦૧૭ ના પત્ર પ્રમાણે ફ૬ચ/હાઉસીંગ/૭૯/૨૦૧૭.

(૧૪) પ્રમુખશ્રી ધી ટાગોર કો-ઓપ. હાઉસીંગ સો. લી. સુરેન્દ્રનગરનો તા. ૨૭-૦૪-૨૦૧૭ નો પત્ર.

(૧૫) જિલ્લા રજિસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ, સુરેન્દ્રનગરના તા. ૨૬-૪-૨૦૧૭ નો પત્ર.

(૧૬) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ–૧૯૬૧ ની કલમ-૮૧ ની જોગવાઈઓ.

## હુકમ

ક્રમાંક : વહટ/હાઉસીંગ/૧૦૬/૨૧૯૧/૨૦૧૭.-આથી હું, જે. ડી. નાયી, મદદ. જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ (હાઉસીંગ), ભૂજ-કચ્છ, ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ ની કલમ-૮૧ અન્વયે મને મળેલ સત્તાની રૂએ, શ્રી ટાગોર કો. ઓપ. હા. સો. લી., સુરેન્દ્રનગરની વ્યવસ્થાપક કમિટીને દૂર કરી સદરહું મંડળીના વહીવટદાર તરીકે શ્રી આઈ. પી. મુળીયા ઓડીટર ગ્રેડ-૧ નં.-૨ લગત જિલ્લા રજિસ્ટ્રાર સ. મં. સુરેન્દ્રનગર., ની વિના વેતને નિમણૂંક કરૂ છું.

સુરેન્દ્રનગર, ૦૪ માહે મે, સને ૨૦૧૭.

**જે. ડી. નાયી,**
મદદનીશ જિલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ (હાઉસીંગ),
ભુજ-કચ્છ.

---

**મદદનીશ જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, જિલ્લા પંચાયત દ્વારા**

## નોંધણીનું પ્રમાણપત્ર

નોંધણી ક્રમાંક : નધણ/જી.આર.એસ./''સે''-૪૪૫૭૧/૧૬.-આ ઉપરથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, શ્રી ગોરક્ષનાથ કૃષિ ઔદ્યોગીક સહકારી મંડળી લી., સ્થળ : ગોરમખમઢી, તા. સૂત્રાપાડા, જિ. ગીર સોનાથને સને-૧૯૬૨ ના ગુજરાત કાયદા-૧૦ ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદા સને-૧૯૬૧ની કલમ-૯(૧)(અ) મુજબ નોંધવામાં આવી છે.

ઉક્ત મંડળીના પેટા નિવયમ-૧ માં નામમાં સુધારો મંજુર કરતાં આ મંડળીના નામમાં શ્રી ગોરક્ષનાથ જૂથ સેવા સહકારી મંડળી લી., મુ. ગોરખમઢી, તા. સૂત્રાપાડાનો સુધારો કરવામાં આવેલ છે.

ગીર સોમનાથ, ૨૭ માહે એપ્રિલ, સને ૨૦૧૭.

---

## નોંધણીનું પ્રમાણપત્ર

નોંધણી ક્રમાંક : નધણ/જી.આર.એસ./''સે''-૪૪૫૫૯/૧૫.-આ ઉપરથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, શ્રી ખાપટ ગોપાલક વિવિધ કાર્યકારી સહકારી મંડળી લી., સ્થળ : ખાપટ, તા. ઉના, જિ. ગીર સોનાથને સને-૧૯૬૨ ના ગુજરાત કાયદા-૧૦ ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદા સને-૧૯૬૧ની કલમ-૯(૧)(અ) મુજબ નોંધવામાં આવી છે.

ઉક્ત મંડળીના પેટા નિયમ-૧ માં નામમાં સુધારો મંજુર કરતાં આ મંડળીના નામમાં શ્રી દ્રોણેશ્વર વિવિધ કાર્યકારી સેવા સહકારી મંડળી લી., મુ. ખાપટ, તા. ઉનાનો સુધારો કરવામાં આવે છે.

ગીર સોમનાથ, ૨૭ માહે એપ્રિલ, સને ૨૦૧૭.

---

## નોંધણીનું પ્રમાણપત્ર

નોંધણી ક્રમાંક : નધણ/જી.આર.એસ./''સે''-૪૪૫૫૮/૧૫.-આ ઉપરથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, શ્રી આમોદ્રા ગોપાલક વિવિધ કાર્યકારી સહકારી મંડળી લી., સ્થળ : આમોદ્રા, તા. ઉના, જિ. ગીર સોમનાથને સને-૧૯૬૨ ના ગુજરાત કાયદા-૧૦ ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદા સને-૧૯૬૧ની કલમ-૯(૧)(અ) મુજબ નોંધવામાં આવેલ છે.

ઉક્ત મંડળીના પેટા નિવયમ-૧ માં નામમાં સુધારો મંજુર કરતાં આ મંડળીના નામમાં શ્રી સોમનાથ વિવિધ કાર્યકારી સેવા સહકારી મંડળી લી., મુ. આમોદ્રા, તા. ઉનાનો સુધારો કરવામાં આવે છે.

ગીર સોમનાથ, ૨૭ માહે એપ્રિલ, સને ૨૦૧૭.

---

## નોંધણીનું પ્રમાણપત્ર

નં. : નધણ/જી.આર.એસ.''ખે''(ગો)-૧૦૬૬૬/૧૭.-આથી જાહેર કરે છે, શ્રી અભય પશુપાલક અને

ગોપાલક સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ : કિંદરવા, તાલુકો : વેરાવળ, જિલ્લો ગીર સોમનાથને સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો-૧૯૬૧ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

નં. જિ.પં./સહકાર/નધણ/જી.આર.એસ./''ખે''(ગો)-૧૦૬૬૬/૧૭

ગીર સોમનાથ, ૨૭ માહે એપ્રિલ, સને ૨૦૧૭.

---

## નોંધણીનું પ્રમાણપત્ર

નં. : નધણ/જી.આર.એસ.''સે''-૪૪૫૭૬/૧૭.-આથી જાહેર કરે છે, શ્રી સેમરવાવ સેવા સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ : સેમરવાવ, તાલુકો વેરાવળ, જિલ્લો ગીર સોમનાથ સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો-૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

નં. જિ.પં./સહકાર/નધણ/જી.આર.એસ./''સે''-૪૪૫૭૬/૧૭

ગીર સોમનાથ, ૨૭ માહે એપ્રિલ, સને ૨૦૧૭.

---

## નોંધણીનું પ્રમાણપત્ર

નં. : નધણ/જી.આર.એસ.''સે''-૪૪૫૭૭/૧૭.-આથી જાહેર કરે છે, શ્રી નળેશ્વર ફાર્મસ સર્વિસ સેવા સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ : રાખેજ, થોરડી, સીંગસર, બળવેલા, કણજોતર, તાલુકો સૂત્રાપાડા, જિલ્લો ગીર સોમનાથને સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો-૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

નં. જિ.પં./સહકાર/નધણ/જી.આર.એસ./''સે''-૪૪૫૭૭/૧૭

ગીર સોમનાથ, ૨૭ માહે એપ્રિલ, સને ૨૦૧૭.

---

## નોંધણીનું પ્રમાણપત્ર

નં. : નધણ/જી.આર.એસ.''સે''-૪૪૫૭૯/૧૭.-આથી જાહેર કરે છે, શ્રી ઉના મહિલા જૂથ સેવા સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ : ઉના, આમોદ્રા, ખાપટ, તાલુકો ઉના, જિલ્લો ગીર સોમનાથને સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો-૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

નં. જિ.પં./સહકાર/નધણ/જી.આર.એસ./''સે''-૪૪૫૭૯/૧૭

ગીર સોમનાથ, ૨૭ માહે એપ્રિલ, સને ૨૦૧૭.

## નોંધણીનું પ્રમાણપત્ર

નં. : નધણ/જી.આર.એસ.''સે''-૪૪૫૮૦/૧૭.-આથી જાહેર કરે છે, શ્રી પસવાળા જૂથ સેવા સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ : પસવાળા, આમોદ્રા, તાલુકો ઉના, જિલ્લો ગીર સોમનાથને સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો-૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

નં. જિ.પં./સહકાર/નધણ/જી.આર.એસ./''સે''-૪૪૫૮૦/૧૭

ગીર સોમનાથ, ૨૭ માહે એપ્રિલ, સને ૨૦૧૭.

---

## નોંધણીનું પ્રમાણપત્ર

નં. : નધણ/જી.આર.એસ.''સે''-૪૪૫૭૫/૧૭.-આથી જાહેર કરે છે, શ્રી મીઠાપુર સેવા સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ : મીઠાપુર, તાલુકો વેરાવળ, જિલ્લો ગીર સોમનાથને સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો-૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

નં. જિ.પં./સહકાર/નધણ/જી.આર.એસ./''સે''-૪૪૫૭૫/૧૭

ગીર સોમનાથ, ૨૭ માહે એપ્રિલ, સને ૨૦૧૭.

---

## નોંધણીનું પ્રમાણપત્ર

નં. : નધણ/જી.આર.એસ.''સે''-૪૪૫૭૮/૧૭.-આથી જાહેર કરે છે, શ્રી કણેરી જૂથ સેવા સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ : કણેરી, વેલાકોટ, તાલુકો ગીરગઢડા, જિલ્લો ગીર સોમનાથને સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો-૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

નં. જિ.પં./સહકાર/નધણ/જી.આર.એસ./''સે''-૪૪૫૭૮/૧૭

ગીર સોમનાથ, ૨૭ માહે એપ્રિલ, સને ૨૦૧૭.

**આર. ડી. પરમાર,**

મદદનીશ જિલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, જિલ્લા પંચાયત,
ગીર સોમનાથ.

PRINTED AT THE GOVERNMENT PRESS, RAJKOT COMPLAINTS ABOUT GAZETTE MUST BE MADE WITHIN A FORTNIGHT FROM THE DATE OF THIS PUBLICATION ACCOMPANIED BY THE WRAPPER.

©

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

**SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION**

***PUBLISHED BY AUTHORITY***

**VOL. LVIII] THURSDAY, 01st JUN, 2017/JYAISTHA 11, 1939 No. 22**

**Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central section in order that it may be filed as a separate compilation.**

# PART-I


| | Pages |
|---|---|
| **PART - I**<br>Government Notifications Appointments Promotions, Leave of absence, Rules and orders (Other than those published in Part-I-A, IV-A, IV-B, and IV-C) list of publications for sales etc.,<br>Miscellaneous Notifications Appoint-ments etc., | 661-684 |
| **PART - I - A**<br>Order and Notifications (Other than those published in Part-IV-B) under the Gujarat Local Boards, Village Panchayats, Municipals, Boroughs, (Districts) Municipals Primary Education and Local Fund Audits, Acts., | Nil |
| **PART - I - B**<br>(Suppliment) Government Notifications Published under Land Acquisition Act only Supplement. | Nil |
| **PART - II**<br>Miscellaneous Notices, Advertisments, List of Books Sanctioned by the Director of Education, List of Jurors. Schedule of Estates by the Official Assignee, Summary of Births and Deaths, etc., | 991-1046 |
| **PART - III**<br>Miscellaneous Supplements Season and Crop Reports, Prices, Current Rainfalls Returns, District Local Boards Accounts etc., | Nil |

# GOVERNMENT NOTIFICATIONS, ORDERS APPOINTMENTS, ETC.

## SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

## NOTIFICATION

### MISCELLANEOUS NOTIFICATIONS APPOINTMENTS ETC.

---

### By Sessions Judge

***Read :***

*(1) This Office Order No. 2638/2015, date. 18-05-2015.*

*(2) The Govt. of Gujarat Legal Department Notification No. GK/43/2016/SPJ/102012/GOI-35/D, dated : 11-07-2016.*

*(3) The Hon'ble High Court of Gujarat Latter No. A-1201/2017 (34) Dt. 04-05-2017.*

## NOTIFICATION

No. 2940/2017.-Read the note, shown in preamble at Sr. No. 2 since the Court of Senior Most Additional Sessions Judge for each of sub-Division is required to be nominated as the Special Court Therefor The undersigned is pleased to nominate the Additional District and Additional Sessions Judge, Bhuj-Kachchh to preside over constitute as the Special Court of Kachchh District under sub-section (1) of Section 28 of the Protection of Children from Sexual Offences Act, 2012. (32 of 2012) (hereinafter reffered to as "the said act") This order shall comes into force with immediate effect.

Kachchh-Bhuj, 11th May, 2017.

---

***Read :***

*(1) This Office Order No. 2638/2015, date. 18-05-2017*

*(2) The Govt. of Gujarat Legal Department Notification No. GK/43/2016/SPJ/102012/GOI-35/D, dated : 11-07-2016.*

*(3) Hon'ble High Court of Gujarat Latter No. A-1201/2017 (34) Dt. 04-05-2017.*

## NOTIFICATION

No. 2938/2017.-Vide Notification at Serial No. 2 herein above, the State Government has been pleased to designate the Court of Senior most Additional Sessions Judge of the Sub Division at Gandhidham as "Special Court" in this district. Hence, the undersigned is pleased to nominate the 2nd Additional District and Additional Sessions Judge, Gandhinagar-Kachchh to preside over as the "Special Court" as provided in Sub Division (1) of Section 28 of the Protection of Childrn from Sexual Offences Act, 2012, for Gandhinagar Sub Division.

This order shall come into force with immediate effect.

Kachchh-Bhuj, 11th May, 2017.

**M. M. Gandhi,**
Session Judge,
Kachchh at Bhuj.

---

### By the Principal District Judge

***Read :***

*(1) Government of Gujarat Legal Department Resolution No. HCT/102014/2096/D, Dt. 30-11-2015.*

*(2) Hon'ble High Court No. A-1234/1991, Dt. 16-02-2016.*

*(3) Hon'ble High Court No. A-1201/2016 (31), Dt. 04-05-2016.*

*(4) Hon'ble High Court No. A-1201/2017 (40), Dt. 10-05-2017.*

## OFFICE ORDER

No. 3049/2017.-In view of the Government of Gujarat, Legal Department Resolution referred in preamble at Sr. No. 1, the undersigned is pleased to designate the Court of 9th (Ad-hoc) Additional District Judge, Kachchh at Bhuj as Motor Accident Claim Tribunal to try exclusively Motor Accident Claim Petition, with effect from 11-05-2017.

Kachchh-Bhuj, 15th May, 2017.

**M. M. Gandhi,**
Principal District Judge,
Kachchh at Bhuj.

---

***Read :***

*(1) Hon'ble High Court Letter No. A.1258/2013, Dated: 28-01-2014, along with its Accompaniments i.e. Notification No. GK/03/2014/ SPJ/102012/GOI-35/D, Dated: 28-01-2014 of Legal Department, Sachivalaya, Gandhinagar.*

*(2) Notification No. GK/01/2015/SPJ/102012/GOI-35/D, Dated: 05-02-2015 of Legal Department, Sachivalaya, Gandhinagar.*

*(3) Notification No. GK/42/2016/SPJ/102012/GOI-35/D, Dated: 11-07-2016 of Legal Department, Sachivalaya, Gandhinagar.*

*(4) This Office Notification No. B/10450/2016, dated : 15-07-2016.*

*(5) Hon'ble High Court Notification No. A-1201/ 2017 (34) dated: 04-05-2017.*

## NOTIFICATION

No. B/9253/2017.-In view of the Resolution cited in preamble at Sr. No. 3 of Legal Department, Government of Gujarat, Sachivalaya, Gandhinagar, the undersigned is pleased to hereby designates The Additional Sessions Judge, Bhavnagar to be a "Special Court" to try the cases of the offences under The Protection of Children from Sexual Offences Act, 2012 (32 of 2012), arising from Bhavnagar city Police Stations and Bhavnagar Taluka Police Stations, with effect from **11-05-2017 B.O.H.**, instead of 2nd Additional Sessions Judge, Bhavnagar.

Bhavnagar, 10th May, 2017.

---

***Read :***

*(1) Hon'ble High Court Letter No. A.1258/2013, Dated: 28-01-2014, along with its Accompaniments i.e. Notification No. GK/03/2014/ SPJ/102012/GOI-35/D, Dated: 28-01-2014 of Legal Department, Sachivalaya, Gandhinagar.*

*(2) Notification No. GK/01/2015/SPJ/102012/GOI-35/D, Dated: 05-02-2015 of Legal Department, Sachivalaya, Gandhinagar.*

*(3) This Office Notification No. B/10449/2016, dated : 15-07-2016.*

*(4) Notification No. GK/43/2016/SPJ/102012/GOI-35/D, Dated: 11-07-2016 of Legal Department, Sachivalaya, Gandhinagar.*

*(5) Hon'ble High Court Notification No. A-1201/ 2017 (33) dated: 04-05-2017.*

*(6) Hon'ble High Court Notification No. A-1201/ 2017 (34) dated: 04-05-2017.*

## NOTIFICATION

No. B/9254/2017.-In view of the Resolution cited in preamble at Sr. No. 4 of Government of Gujarat, Legal Department, Sachivalaya, Gandhinagar, the undersigned is pleased to hereby designates. The 4th Additional Sessions Judge, Bhavnagar at Mahuva, to be a "Special Court" to try the cases of the offences under The Protection of Children from Sexual Offences Act, 2012 (32 of 2012), arising from Mahuva, Talaja and Jessar Talukas Sub-Division Mahuva, with effect from **11-05-2017 B.O.H.**, instead of Additional Sessions Judge, BhavnagarAt Mahuva.

Bhavnagar, 10th May, 2017.

---

***Read :***

*(1) Hon'ble High Court Letter No. A.1258/2013, Dated: 28-01-2014, along with its Accompaniments i.e. Notification No. GK/03/2014/ SPJ/102012/GOI-35/D, Dated: 28-01-2014 of Legal Department, Sachivalaya, Gandhinagar.*

*(2) Notification No. GK/01/2015/SPJ/102012/GOI-35/D, Dated: 05-02-2015 of Legal Department, Sachivalaya, Gandhinagar.*

*(3) This Office Notification No. B/2951/2017, dated : 23/27-02-2017.*

*(4) Notification No. GK/42/2016/SPJ/102012/GOI-35/D, Dated: 11-07-2016 of Legal Department, Sachivalaya, Gandhinagar.*

*(5) Hon'ble High Court Notification No. A-1201/ 2017 (34) dated: 04-05-2017.*

## NOTIFICATION

No. B/9255/2017.-In view of the Resolution cited in preamble at Sr. No. 4 of Legal Department, Government of Gujarat, Sachivalaya, Gandhinagar,

the undersigned is pleased to hereby designates The 5th Additional Sessions Judge, Bhavnagar to be a "Special Court" to try the cases of the offences under The Protection of Children from Sexual Offences Act, 2012 (32 of 2012), arising from Vallabhipur, Umrala, Botad, Gadhada and Palitana Talukas Police Stations, with effect from **11-05-2017 B.O.H.**, instead of 7th Additional Sessions Judge, Bhavnagar.

Bhavnagar, 10th May, 2017.

---

***Read :***

*(1) Hon'ble High Court Letter No. A.1258/2013, Dated: 28-01-2014, along with its Accompaniments i.e. Notification No. GK/03/2014/ SPJ/102012/GOI-35/D, Dated: 28-01-2014 of Legal Department, Sachivalaya, Gandhinagar.*

*(2) Notification No. GK/01/2015/SPJ/102012/GOI-35/D, Dated: 05-02-2015 of Legal Department, Sachivalaya, Gandhinagar.*

*(3) This Office Notification No. B/2952/2017, dated : 23/27-02-2017.*

*(4) Notification No. GK/42/2016/SPJ/102012/GOI-35/D, Dated: 11-07-2016 of Legal Department, Sachivalaya, Gandhinagar.*

*(5) Hon'ble High Court Notification No. A-1201/ 2017 (34) dated: 04-05-2017.*

## NOTIFICATION

No. B/9256/2017.-In view of the Resolution cited in preamble at Sr. No. 4 of Legal Department, Government of Gujarat, Sachivalaya, Gandhinagar, the undersigned is pleased to hereby designates The Additional Sessions Judge, Bhavnagar to be a "Special Court" to try the cases of the offences under The Protection of Children from Sexual Offences Act, 2012 (32 of 2012), arising from Ghogha, Sihor and Gariadhar Talukas Police Stations instead of 4th Additional Sessions Judge, Bhavnagar. with effect from **11-05-2017 B.O.H.,**

Bhavnagar, 10th May, 2017.

---

***Read :***

*(1) Legal Department, Notification No. GK/56/2016/ 102009/UOR-279/D, dated: 15-09-2016.*

*(2) Hon'ble H. C. Notification No. A-1201/2017 (32) dated: 04-05-2017.*

*(3) Hon'ble H. C. Notification No. A-1201/2017 (34) dated: 04-05-2017.*

*(4) This Office Notification No. B-4/13704/2016, dated: 22-09-2016.*

## NOTIFICATION

No. B-4/9257/2017.-The undersigned is pleased to nominate The Additional District Judge and Additional Sessions Judge, Bhavnagar (Senior most First Additional Sessions Judge at District headquarter) Preside over the Special Court, for Sub Sec.(1) of Section 36AB of the Drugs & Cosmetic Act, 1940 (23 of 1940) (Hereinafter referred to as the "said Act") for the purpose of providing speedy trial of offences relating to adulterated drugs or spurious drugs under the said Act within the Jurisdiction of this District.

This notification will come in force with effect from 11-05-2017 B.O.H.

Bhavnagar, 09th May, 2017.

---

***Read :***

*(1) Hon'ble High Court e-mail, dated 27-12-2016.*

*(2) Legal Department, Sachivalaya, Gandhinagar Notification No. GK/114/2016/SCT/102016/ 2599/D, Dated : 23-12-2016.*

*(3) Hon'ble H. C. Notification No. A-1201/2017 (32) dated: 04-05-2017.*

*(4) Hon'ble H. C. Notification No. A-1201/2017 (34) dated: 04-05-2017.*

*(5) This Office Notification No. B-4/17289/2016, dated: 27/30-12-2016.*

## NOTIFICATION

No.B-4/9258/2017.-In view of the Government of Gujarat, Legal Department Notification referred in

preamble at Sr. No. (2), and Notification of Hon'ble High Court cited in preamble at Sr. No. 3 & 4, and this office Notification cited in preamble at Sr. No. 5, the undersigned is pleased to designate the Court of 4th Additional District Judge, and Additional Sessions Judge at Mahuva as Special Court for Mahuva Sub-Division, District: Bhavnagar, for speedy trial of cases under the Scheduled Castes and Scheduled Tribes (Prevention of Atrocities) Act, 1989, to be commenced with effect from 11-05-2017 B.O.H.

Bhavnagar, 09th May, 2017.

---

***Read :***

*(1) This Office Notification No. B.9979/2016, dated: 02-07-2016.*

*(2) Hon'ble High Court Notification No. A-1201/2017 (32) dated: 04-05-2017.*

*(3) Hon'ble High Court Notification No. A-1201/2017 (34) dated: 04-05-2017.*

## NOTIFICATION

No. B./9259/2017.-The Undersigned is pleased to notify the Additional District Judge, Bhavnagar to try the cases under section 153 of the Electricity Act, 2003, for the purpose of providing speedy trial of offences referred to in Section 135 to 139 of the Electricity Act, 2003, arising from the jurisdiction of Bhavnagar Judicial District instead of the 2nd Additional District Judge, Bhavnagar, with effect from **11-05-2017 B.O.H.**

Bhavnagar, 10/11th May, 2017.

---

***Read :***

*(1) This Office Notification No. /2016, dated: 02-07-2016.*

*(2) Hon'ble High Court Notification No. A-1201/2017 (32) dated: 04-05-2017.*

*(3) Hon'ble High Court Notification No. A-1201/2017 (34) dated: 04-05-2017.*

## NOTIFICATION

No. B./9260/2017.The Undersigned is pleased to notify the Additional District Judge, Bhavnagar to try the cases under Protection of Human Rights Act-1993, for the purpose of providing speedy trial of offences arising out violence of human rights, instead of 2nd Additional District Judge, Bhavnagar, with effect from **11-05-2017 B.O.H.**

Bhavnagar, 10/11th May, 2017.

---

***Read :***

*(1) The Govt. of Gujarat, Legal Department, Notification No. GK/16/2014/SPJ/102012/ UQR-5/D, Dated : 03-06-2014.*

*(2) Hon'ble High Court letter No. A 1255/2013, dated: 13-06-2014.*

*(3) Hon'ble High Court Notification No. A-1201/ 2017 (32) Dated: 04-05-2017.*

*(4) Hon'ble High Court Notification No. A-1201/ 2017 (34) Dated: 04-05-2017.*

*(5) This Office Notification No. B/10023/2016, dated: 02-07-2016.*

## NOTIFICATION

No. B./9261/2017.-In view of the Hon'ble High Court Letter along with the Notification of Legal Department, Sachivalaya, Gandhinagar cited in the preamble at Sr. No. 1, the undersigned is pleased to hereby designate the Court of the Additional District Judge, Bhavnagar to be a "Children Court" for the purpose of speedy trial of the offences against children or violation of Child Right under the Commission for Protection of Child Right Act, 2005 (4 of 2006), with effect from 11-05-2017 B.O.H., instead of 2nd Additional District Judge, Bhavnagar

Therefore, all the cases filed under the Commission for Protection of Child Right Act, 2005 (4 of 2006) shall now be assigned to the "Children Court" as mentioned above accordingly.

The Additional District Judge, Bhavnagar is requested to preside over the said "Children Court" in this District with effect from 11-05-2017 B.O.H.

Bhavnagar, 10th May, 2017.

**J. J. Pandya,**

Principal District Judge,

Bhavnagar.

---

## કલેક્ટર દ્વારા

વંચાણ :

(૧) ધી કેરોસીન (રીસ્ટ્રીકશન ઓન યુઝ એન્ડ ફીક્સેશન ઓફ સેલીંગ પ્રાઈઝ) ઓર્ડર-૧૯૯૩.

(૨) અત્રેના જાહેરનામા નાં. સપ/કસન/પરીવહન-દર-વધારો-૨૦૧૪, તા. ૨૦-૦૯-૨૦૧૪.

(૩) અત્રેના જાહેરનામા નાં. સપ/કસન/જથ્થાબંધ અને છુટક/ભાવ/મુકરર/૪-૫/-૨૦૧૭, તા. ૨૦-૦૪-૧૭.

(૪) સરકારશ્રીના પત્ર નાં. : કસન/૧૦૨૦૧૭/૨૨૩/બ, તા. ૧૭-૦૫-૨૦૧૭.

## જાહેરનામુ

નં. સપ-કસન-ભાવ-મુકરર-૫(૨)-૨૦૧૭.-અત્રેના વંચાણ-(૨) વાળા જાહેરનામાથી પરિવહન સમિતિની બેઠકમાં થયેલ વિચારણા મુજબ પરીવહન દર માટેના ભાવ નક્કી થયેલ હતા. ત્યાર બાદ ડીલર્સના કમીશન અને છુટક વિક્રેતા કમીશનમાં વધારો થતા ક્રમ-(૩) વાળા જાહેરનામાથી ઘરગથ્થુ વપરાશના કેરોસીનના એક કીલોલીટરના જથ્થાબંધ વેંચાણભાવ તથા એક લીટરનો છુટક વેચાણ ભાવ દરેક તાલુકાવાઈઝ નક્કી કરવામાં આવેલ.

સરકારશ્રીના અન્ન નાગરિક પુરવઠા વિભાગ ગાંધીનગરના વંચાણ-(૪) ના પત્ર મુજબ કંપનીના ૧ કે.એલ.ના ભાવ જુના રૂા. ૧૬૮૩૪.૦૧/- હતા. તે વધારીને નવો ભાવ ૧ કે.એલ.નો રૂા. ૧૭૦૮૪.૦૧/- કરેલ છે. જેથી જથ્થાબંદ ભાવમાં કંપનીઓએ રૂા. ૨૫૦/- ભાવ વધારો જાહેર કરેલ છે. તે જથ્થાબંધ ભાવ તથા છુટક ભાવ તા. ૧૬-૦૫-૨૦૧૭ થી નવેસરથી નક્કી કરવાના રહેશે તેવું જણાવેલ છે. તે નજરે કેરોસીનના કચ્છ જિલ્લાના દરેક તાલુકાના એક કિલોલીટરના (૧૦૦૦ લીટર) જથ્થાબંધ વેંચાણ ભાવ તથા એક લીટરના છુટક વેંચાણ ભાવ નકકી કરવાના રહે છે. સબબ ઉપરોકત વિગત ધ્યાને લેતા વંચાણ-(૧) વાળા ઓર્ડરથી મળેલ અધિકારીની રૂએ હું, કલેકટર-કચ્છ, કંડલા ઈન્સ્ટોલેશન ડેપોથી આવતા ઘરગથ્થુ વપરાશના કેરોસીનના એક કીલોલીટરના કંપનીના વધેલ ભાવ નજરે જથ્થાબંધ વેંચાણ ભાવ તથા એક લીટરના છુટક વેચાણ ભાવ આ સાથેના પત્રકની વિગતે તાલુકાવાઈઝ નીચે મુજબ નક્કી કરવાનું ઠરાવુ છુ.

| અનુ. નં. | તાલુકાના મુખ્ય મથકનું નામ | એક કિલો લીટર કેરોસીનના તાલુકાના મુખ્ય મથક માટેના જથ્થાબંધ વેંચાણ ભાવ (૧૦૦૦ લીટર) રૂા. પૈસા | એક લીટર કેરોસીનનો તાલુકાના મુખ્ય મથક માટેના છુટક વેચાણ ભાવ રૂા. પૈસા | વિશેષ નોંધ |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧ | ગાંધીધામ | ૧૯૩૭૨.૨૩ | ૧૯.૩૭ | -- |
| ૨ | અંજાર | ૧૯૪૪૮.૧૩ | ૧૯.૪૫ | -- |
| ૩ | ભચાઉ | ૧૯૫૧૭.૬૩ | ૧૯.૫૨ | -- |
| ૪ | ભુજ | ૧૯૬૭૮.૬૩ | ૧૯.૬૮ | -- |
| ૫ | મુન્દ્રા | ૧૯૬૭૮.૬૩ | ૧૯.૬૮ | -- |
| ૬ | રાપર | ૧૯૭૬૮.૦૮ | ૧૯.૭૭ | -- |
| ૭ | નખત્રાણા | ૧૯૮૮૮.૩૩ | ૧૯.૮૯ | -- |
| ૮ | માંડવી | ૧૯૮૮૦.૯૩ | ૧૯.૮૮ | -- |
| ૯ | અબડાસા, મુ. નલીયા | ૨૦૦૩૬.૩૩ | ૨૦.૦૪ | -- |
| ૧૦ | લખપત, મુ. દયાપર | ૨૦૧૫૨.૮૮ | ૨૦.૧૫ | -- |

ઉપર મુજબના મુકરર કરવામાં આવેલ ભાવો જિલ્લાના તાલુકાના મુખ્ય મથકના હોઈ કેરોસીનના ઓઈલ કંપનીના જથ્થાબંધ વિક્રેતાઓ કેરોસીનના છુટક વિક્રેતાના સ્થળ સુધી કેરોસીનની ડીલીવરી આપવા જાય ત્યારે ૦ થી ૧૦(દસ) કી.લો. મીટરના દરેક સ્ટેજે વધુમાં વધુ ૫૦ કિલો મીટર સુધી ૦૧ (એક) લીટરે ૧૦ (દસ) પૈસા જે વધુમાં વધુ પચાસ કિ.મી.ની મર્યાદામાં સ્ટેજ ચાર્જ લઈ શકશે.

કેરોસીનના છુટક વિક્રેતા સ્ટેજ ખર્ચની રકમ બિલ મુજબ ગણતરી કરતા નજીકના ૦૫ (પાંચ) પૈસાના ગુણાંકમાં છુટક વિક્રેતા કેરોસીનના વેંચાણ બિલ બનાવી કેરોસીનનું વેચાણ કરી શકશે.

આ જાહેરનામાંનો અમલ તા. ૧૬-૦૫-૨૦૧૭ ની અસરથી કરવાનો રહેશે.

કચ્છ-ભુજ, ૧૯ માહે મે, સને ૨૦૧૭.

જિલ્લો : કચ્છ

**ઘરગથ્થું વપરાશના કેરોસીનના જથ્થાબંધ વેચાણ ભાવ તથા છુટક વેચાણ ભાવ નકકી કરવાની કિંમત દર્શાવતું પત્રક**

જાન્યુઆરી-૨૦૧૪

| ક્રમ | વિગત | કચ્છ જિલ્લાના તાલુકાના મુખ્ય મથકનું નામ (તાલુકા) | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | ગાંધીધામ | અંજાર | ભચાઉ | ભુજ | મુન્દ્રા | રાપર | નખત્રાણા | માંડવી | અબડાસા, મુ.નલીયા | લખપત, મુ.દયાપર |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ |
| ૧ | એક કિલોલીટરના ઓઈલ કંપનીના વેંચાણ ભાવ રૂપિયા | ૧૭૦૮૪.૦૧ | ૧૭૦૮૪.૦૧ | ૧૭૦૮૪.૦૧ | ૧૭૦૮૪.૦૧ | ૧૭૦૮૪.૦૧ | ૧૭૦૮૪.૦૧ | ૧૭૦૮૪.૦૧ | ૧૭૦૮૪.૦૧ | ૧૭૦૮૪.૦૧ | ૧૭૦૮૪.૦૧ |
| ૨ | જથ્થાબંધ વિક્રેતાનું કમીશન રૂા. (૧ કે. એલ. ના) કેન્દ્રનું રૂા. ૭૮૭.૮૨ +રાજ્યનું રૂા. ૧૮૦.૩૦ = કુલ રૂા. ૯૬૮.૧૨. | ૯૬૮.૧૨ | ૯૬૮.૧૨ | ૯૬૮.૧૨ | ૯૬૮.૧૨ | ૯૬૮.૧૨ | ૯૬૮.૧૨ | ૯૬૮.૧૨ | ૯૬૮.૧૨ | ૯૬૮.૧૨ | ૯૬૮.૧૨ |
| ૩ | એક કિલોલીટરનો પરિવહન દર રૂપિયા | ૩૨૦.૧૦ | ૩૯૬.૦૦ | ૪૬૫.૫૦ | ૬૨૬.૫૦ | ૬૨૬.૫૦ | ૭૧૫.૯૫ | ૮૨૮.૮૦ | ૮૩૬.૨૦ | ૯૮૪.૨૦ | ૧૧૦૦.૭૫ |
| ૪ | એક કિલોલીટર કેરોસીનનું જથ્થાબંધ વેંચાણ ભાવ રૂપિયા. | ૧૮૩૭૨.૨૩ | ૧૮૪૪૮.૧૩ | ૧૮૫૧૭.૬૩ | ૧૮૬૭૮.૬૩ | ૧૮૬૭૮.૬૩ | ૧૮૭૬૮.૦૮ | ૧૮૮૮૦.૯૩ | ૧૮૮૮૮.૩૩ | ૧૯૦૩૬.૩૩ | ૧૯૧૫૨.૮૮ |
| ૫ | એક કિલોલીટર કેરોસીનનું છુટક વિક્રેતાનું કમિશન રૂપિયા કેન્દ્રનું ૯૪૬.૦૦ +રાજ્યનું એકસ્ટ્રા ઓર્ડીનરી કમિશન રૂા. ૫૪.૦૦ = કુલ રૂા. ૧૦૦૦.૦૦ | ૧૦૦૦.૦૦ | ૧૦૦૦.૦૦ | ૧૦૦૦.૦૦ | ૧૦૦૦.૦૦ | ૧૦૦૦.૦૦ | ૧૦૦૦.૦૦ | ૧૦૦૦.૦૦ | ૧૦૦૦.૦૦ | ૧૦૦૦.૦૦ | ૧૦૦૦.૦૦ |
| ૬ | એક કિલોલીટર કેરોસીનના કુલ રૂપિયા. | ૧૯૩૭૨.૨૩ | ૧૯૪૪૮.૧૩ | ૧૯૫૧૭.૬૩ | ૧૯૬૭૮.૬૩ | ૧૯૬૭૮.૬૩ | ૧૯૭૬૮.૦૮ | ૧૯૮૮૦.૯૩ | ૧૯૮૮૮.૩૩ | ૨૦૦૩૬.૩૩ | ૨૦૧૫૨.૮૮ |
| ૭ | એક લીટર કેરોસીનનું છુટક વેચાણ ભાવ રૂા. | ૧૯.૩૭ | ૧૯.૪૫ | ૧૯.૫૨ | ૧૯.૬૮ | ૧૯.૬૮ | ૧૯.૭૭ | ૧૯.૮૮ | ૧૯.૮૯ | ૨૦.૦૪ | ૨૦.૧૫ |

કચ્છ-ભુજ, ૧૯ માહે મે, સને ૨૦૧૭.

(સહી) અવાચ્ય,
કલેકટર, કચ્છ.

INDEX

વંચાણે લીધાં :

(૧) આ કચેરીના તા. ૦૨-૦૫-૨૦૧૭ ના હુકમ નં. : પરવ/કસન/વશી/૮૮૭/૧૭.

(૨) ઉપસચિવશ્રી અન્ન અને નાગરિક પુરવઠા અને ગ્રા. બા. વિભાગ, ગાંધીનગરના તા. ૧૭-૦૫-૨૦૧૭ ના પત્ર ક્રમાંક : કસન-૧૦૨૦૧૭-૨૨૩-બ.

(૩) સરકારશ્રીના ઉપસચિવશ્રી તા. ૦૬-૦૯-૨૦૧૬ ના પત્ર ક્રમાંક : કસન-૧૦૨૦૧૬-૩૭૩-બ.

## હુકમ

નાં. પરવ/કસન/વશી/૧૮૫/૧૭.-વંચાણે લીધેલ સંદર્ભ-૧ના આ કચેરીના હુકમથી વાડીનાર એસ્સાર ઓઈલ કાું. ટર્મીનલ ઉપરથી આવતા જાહેર વિતરણ યોજના હેઠળના કેરોસીનના જથ્થાબંધ તેમજ છુટક વિતરણના ભાવો નક્કી કરવામાં આવેલ છે.

ઉક્ત વંચાણ–૨ના સરકારશ્રીના સેકશન અધિકારીશ્રી, અન્ન અને નાગરિક પુરવઠા અને ગ્રા.બા. વિભાગ, ગાંધીનગરના તા. ૧૭-૦૫-૨૦૧૭ના પત્ર ક્રમાંક : કસન-૧૦૨૦૧૭-૨૨૭-બ થી તથા Bharat Petroleum Corporation Limited નો તા. ૧૬-૦૫-૨૦૧૭ ના મેઈલ તથા ઈન્ડીયન ઓઈલ કોર્પોરેશન લી., અમદાવાદએ Ex-Mi Rates તેઓના તા. ૧૬-૦૫-૨૦૧૭ ના પત્ર ક્રમાંક : Ref : SLC/PDS-SKO/Gujarat થી પીડીએસ કેરોસીન બાબતે વિવિધ સપ્લાય પોઈન્ટના Ex-Mi Ratesમાં થયેલ ફેરફારથી પીડીએસ કેરોસીનના નવા ભાવ જાહેર કરેલ હોય તે મુજબ જિલ્લામાં કેરોસીનના ભાવ નિયત કરવા જણાવવામાં આવેલ છે. દેવભૂમિ દ્વારકા જિલ્લામાં Ex-Mi Rates રૂા. ૧૬૮૦૨/- હતાં જેમાં રૂા. ૨૫૦/- નો વધારો થઈ નવા ભાવ રૂા. ૧૭૦૫૨/- નિયત કરવામાં આવેલ છે.

સબબ, કેરોસીન (રીસ્ટ્રીકશન ઓન યુઝ એન્ડ ફિકસેશન ઓફ સેલીંગ પ્રાઈઝ) ઓર્ડર ૧૯૯૩ ની કંડીકા-૨ના સબ કલોઝ-ડી(૧) થી મળેલ સત્તાની રૂએ દેવભૂમિ દ્વારકા જિલ્લાના દરેક તાલુકા માટે જાહેર વિતરણ યોજના હેઠળ વેચાણ થતા એસ્સાર ઓઈલ કું. લી., વાડીનાર ઉપરથી આવતા કેરોસીનના જથ્થાબંધ તથા છુટક વેચાણ ભાવ આ સાથેના પરિશિષ્ટ-૧ ની વિગતે આથી હુકમ કરવામાં આવે છે.

સદરહું નિયત ભાવથી વધુ ભાવે વેચાણ કરનાર એજન્ટ, જથ્થાબંધ કે છુટક વિક્રેતા, વાજબી ભાવના દુકાનદાર સામે ધી કેરોસીન (વપરાશ પર નિયંત્રણ અને અધિકતમ કિંમત નક્કી કરવા) બાબત હુકમ-૧૯૯૩ ની કલમ-૪(૧) સી તેમજ ગુજરાત આવશ્યક ચીજવસ્તુ (પરવાના નિયંત્રણ અને જથ્થા જાહેરાત) આદેશ-૧૯૮૧ ની કલમ-૨૨ ના ભંગ બદલ આવશ્યક ચીજવસ્તુ અધિનિયમ-૧૯૫૫ ની કલમ-૩ ના ભંગ ગણી શિક્ષાત્મક કાનુની કાર્યવાહી કરવામાં આવશે.

આ હુકમથી નિયત કરવામાં આવેલ ભાવ તા. ૧૬-૦૫-૨૦૧૭ થી અમલમાં આવશે.

## પરિશિષ્ટ-૧

**એસ્સાર ઈન્ડસ્ટ્રીઝ ઈન્સ્ટોલેશન ઉપરથી આવતા એક કિલોલીટર કેરોસીન જથ્થાબંધ તથા છુટક વેચાણ ભાવ**

**સરકારશ્રીના અન્ન અને નાગરિક પુરવઠા અને ગ્રા.બા. વિભાગ, ગાંધીનગરના**
**તા. ૧૭-૦૫-૨૦૧૭ ના પત્ર ક્રમાંક : કસન-૧૦૨૦૧૭-૨૨૭-બ અન્વયે**
**આ કચેરીના તા. ૨૦-૦૫-૨૦૧૭ ના હુકમ ક્રમાંક : નાં. પરવ/કસન/વશી/૧૮૫/૧૭ સાથેનું પત્રક**

| ક્રમ | તાલુકાનું નામ | એજન્ટ/જથ્થાબંધ વિક્રેતાએ વેચાણ કરવાનો એક કિલોલીટરનો ભાવ રૂા. પૈસા | છુટક વિક્રેતા/વાજબી ભાવના દુકાનદાર/ ફેરિયાએ વેચાણ કરવાનો છુટક એક લીટરનો ભાવ રૂા. પૈસા |
|---|---|---|---|
| ૧ | ખંભાળીયા | ૧૯૨૩૩.૧૪ | ૨૦.૨૫ |
| ૨ | ભાણવડ | ૧૯૩૨૦.૨૬ | ૨૦.૩૦ |
| ૩ | કલ્યાણપુર | ૧૯૪૮૬.૨૦ | ૨૦.૫૦ |
| ૪ | દ્વારકા | ૧૯૭૦૧.૯૩ | ૨૦.૭૦ |

**નોંધ** :- આ હુકમથી નક્કિ કરેલ ભાવથી વધુ ભાવ લેવામાં આવવાનો કિસ્સો ધ્યાને આવશે તો સંબંધકર્તા સામે શિક્ષાત્મક કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

દેવભૂમિ દ્વારકા, ૨૦ માહે મે, સને ૨૦૧૭.

---

**એસ્સાર ઈન્ડસ્ટ્રીઝ લી., વાડીનાર ઈન્સ્ટોલેશન ઉપરથી આવતા એક કિલોલીટરના કેરોસીનના જથ્થાબંધ તથા છુટક વેચાણ ભાવ**
**જિલ્લો : દેવભૂમિ દ્વારકા**

| ક્રમ | વિગત | ખંભાળીયા ૪૩ કી.મી. | ભાણવડ ૧૨૧ કી.મી. | કલ્યાણપુર ૧૬૧ કી.મી. | દ્વારકા ૨૧૩ કી.મી. |
|---|---|---|---|---|---|
| 1 | રાઉન્ડ ટ્રીપ અંતર કિ.મી. (આવક-જાવક) | 43 | 121 | 161 | 213 |
| 2 | એકસ કંપની ડેપો ભાવ | 17052.00 | 17052.00 | 17052.00 | 17052.00 |
| 3 | ટ્રાન્સ ચાર્જીસ ૧૦૦ કી.મી. સુધીના એક કે.એલ. ના રૂા. ૮૧૦.૭૮ પૈસા | 810.78 | 810.78 | 810.78 | 810.78 |
| 4 | ટ્રાન્સપોર્ટ ચાર્જીસ (રૂા. ૩.૫૫ પૈસા) + ૦.૪૨ પૈસા પ્રતિ કિલી મુજબ= ૩.૯૭ પૈસા પ્રતિ કે.એલ./પ્રતિ કી.મી. ૧૦૦ કી.મી. ઉપર | 0.00 | 83.37 | 242.17 | 448.61 |
| 5 | ડોરસ્ટેપ ડીલીવરી પરીવહન દર એક કે.એલ.ના | 350.00 | 350.00 | 350.00 | 350.00 |
| 6 | ભાડાની રકમના (ક્રમ નં. ૩+૪+૫ ની રકમ) ૩૦% રકમ ઉપર ૧૫.૦૦% લેખે લેવામાં આવતો સર્વીસ ટેક્ષ | 52.24 | 55.99 | 63.13 | 72.42 |
| 7 | એજન્ટ કમીશન. કેન્દ્ર-૭૮૭.૮૨ + રાજ્ય- ૧૮૦.૩૦ (ભારત સરકારશ્રીના તા. ૨૮-૧૦-૨૦૧૬ નો પત્ર તથા સરકારશ્રીના તા. ૨૯-૧૦-૨૦૧૬ ના પત્ર ક્રમાંક : કસન/૧૦૨૦૧૬/જીઓઆઈ-૬-બ અન્વયે ૭૧૪.૧૮ સામે ૭૮૭.૮૨ @ ૭૩.૬૪ નો વધારો | 968.12 | 968.12 | 968.12 | 968.12 |
| 8 | જથ્થાબંધ ૧ કીલોલીટરનાં ભાવ | 19233.14 | 19320.26 | 19486.20 | 19701.93 |
| 9 | છુટક વિક્રેતા કમીશન+એકસ્ટ્રા ચાર્જ ૯૪૬-૦૦ + ૫૪-૦૦ (સરકારશ્રીના તા. ૧૫-૪-૨૦૧૭ ના ઠરાવ ક્રમાંકઃ કસન/૧૦૨૦૧૨/એમપી/૧૧/બ મુજબ) | 1000.00 | 1000.00 | 1000.00 | 1000.00 |
| 10 | કુલ | 20233.14 | 20320.26 | 20486.20 | 20701.93 |
| 11 | ૧ લીટરનો ભાવ | 20.23 | 20.32 | 20.49 | 20.70 |
| 12 | સરકારશ્રીના તા. ૧૫-૩-૮૩ ના ઠરાવની જોગવાઈ મુજબ નજીકના પાંચ પૈસાના રાઉન્ડ ફીગર લક્ષમાં લેતા નક્કી થતા ૧ લીટરના ભાવ. | 20.25 | 20.30 | 20.50 | 20.70 |

દેવભૂમિ દ્વારકા, ૦૨ માહે મે, સને ૨૦૧૭.

(સહી) **અવાચ્ય,**
કલેકટર,
દેવભૂમિ દ્વારકા.

---

INDEX

ગુજરાત પોલીસ અધિનિયમ -૧૯૫૧ની
કલમ-૩૩ની પેટા કલમ-૧ ખંડ (બી) મુજબનું

## જાહેરનામું

નં મેજી/પોલ/જાહેરનામું-૩૩(૧)/ગાંધીધામ/૦૫/૧૭.- તા. ૨૨-૦૫-૨૦૧૭ ના રોજ માન. વડાપ્રધાનશ્રી, નરેન્દ્રભાઈ મોદી, કચ્છ જિલ્લાના ગાંધીધામ ખાતે કંડલા પોર્ટ ટ્રસ્ટ દ્વારા યોજાનાર સ્માર્ટ સીટી કાર્યક્રમમાં પધારનાર છે. માન. વડાપ્રધાનશ્રી ‘‘ઝેડ પ્લસ તથા એસ.પી.જી.’’ સુરક્ષા કવચ ધરાવે છે. જે કાર્યક્રમ ગાંધીધામ રોટરી સર્કલ પાસે કે.પી.ટી. મેદાનમાં થનાર હોઈ, આ રસ્તેથી મુન્દ્રા આવતા-જતા ભારે વાહનોની અવર-જવર વધુ રહેતી હોઈ, જે કાર્યક્રમ દરમ્યાન ટ્રાફીક નિયમન જળવાઈ રહે તે માટે મુન્દ્રા તરફથી આદીપુર, રોટરી સર્કલ, એરપોર્ટ ચાર રસ્તા થઈ ગળપાદર તરફ જતા તથા આજ રોડથી મુન્દ્રા તરફ જતા તમામ ભારે વાહનો માટે તા. ૨૨-૦૫-૨૦૧૭ ના ક. ૦૮-૦૦ થી ક. ૨૦-૦૦ દરમ્યાન પ્રતિબંધિત જાહેર કરવો ખુબ જ જરૂરી છે.

જેથી હું, રેમ્યા મોહન, આઈ.એ.એસ., જિલ્લા મેજીસ્ટ્રેટ, કચ્છ-ભુજ, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩ (૧) અન્વયે મને મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે, તા. ૨૨-૦૫-૨૦૧૭ ના રોજ ક. ૮-૦૦ થી કલાક ૨૦-૦૦ સુધી સદરહું રોડ પર પસાર થનાર ભારે વાહનો માટે નીચે અનૂસુચિમાં જણાવ્યા મુજબ રોડ ડાયવર્જન માટેનો હુકમ કરૂં છું.

આ હુકમની અંદર વાહન શબ્દનો અર્થ મોટર વ્હીકલ એક્ટમાં જે વ્યાખ્યા આપી છે તેનો સમાવેશ થાય છે.

**અનુસૂચિ :**

૧. મુન્દ્રાથી આદિપુર ગાંધીધામ તરફ આવતા વાહનો માટે મોખા ચોકડી ચાર રસ્તાથી સીધા અંજાર તરફ જઈ શકશે.
૨. ગળપાદરથી મુન્દ્રા તરફ જતા વાહનો સીધા એરપોર્ટ ઓવરબ્રિજથી વાયા અંજાર થઈ મોખા ચોકડી તરફ જઈ શકશે.

આ જાહેરનામું નીચે મુજબના વાહનોને લાગુ પડશે નહી.

૧. સરકારી ફરજ પરના વાહનો.
૨. પોલીસ અધિક્ષકશ્રી, પુર્વ કચ્છ ગાંધીધામ તથા સબ ડીવિઝનલ મેજીસ્ટ્રેટશ્રી, અંજાર તથા મુન્દ્રા દ્વારા પરવાનગી આપવામાં આવેલ હોય તેવા વાહનો.
૩. એમ્બ્યુલન્સ તથા ફાયર ફાઈટર
૪. સ્કુલ બસ

આજ રોજ તા. ૧૮-૦૫-૨૦૧૭ ના મારી સહી તથા સિક્કો કરી આ જાહેરનામું બહાર પાડવામાં આવે છે.

કચ્છ-ભુજ, ૧૮ માહે મે, સને ૨૦૧૬.

---

ગુજરાત પોલીસ અધિનિયમ -૧૯૫૧ની
કલમ-૩૩ની પેટા કલમ-૧ ખંડ (બી) મુજબનું

## જાહેરનામું

નં મેજી/પોલ/જાહેરનામું-૩૩(૧)/ભચાઉ/૦૫/૧૭.- તા. ૨૨-૦૫-૨૦૧૭ ના રોજ માન. વડાપ્રધાનશ્રી, નરેન્દ્રભાઈ મોદી, કચ્છ જિલ્લાના ભચાઉ ખાતે નર્મદા કેનાલના સંમ્પનના ઉદઘાટન અને જાહેરસભાના કાર્યક્રમમાં પધારનાર છે. માન. વડાપ્રધાનશ્રી ‘‘ઝેડ પ્લસ તથા એસ.પી.જી.’’ સુરક્ષા કવચ ધરાવે છે. જે જાહેરસભાના કાર્યક્રમમાં આશરે એક લાખ જેટલી મેદની એકત્રીત થવાની શકયતા રહેલી છે. જે કાર્યક્રમ દરમ્યાન ટ્રાફીક નિયમન જળવાઈ રહે તે માટે (૧) ભચાઉથી ભુજ તરફ જતા હાઈવે રોડ પર આવેલ આમરડી ગામ સુધીના હાઈવે રોડ (૨) લોધેશ્વર ત્રણ રસ્તા (ભચાઉ) થી મેઘપર સુધીના હાઈવે રોડથી સભામાં આવતા વાહનો, સરકારી ફરજમાં રોકાયેલ વાહનો સિવાયના અન્ય વાહનો માટે તા. ૨૨-૦૫-૨૦૧૭ ના ક. ૧૦-૦૦ થી ક. ૧૯-૦૦ દરમ્યાન પ્રતિબંધિત જાહેર કરવો ખુબ જ જરૂરી છે.

જેથી હું, રેમ્યા મોહન, આઈ.એ.એસ., જિલ્લા મેજીસ્ટ્રેટ, કચ્છ-ભુજ, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩ (૧) અન્વયે મને મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે, તા. ૨૨-૦૫-૨૦૧૭ ના રોજ ક. ૧૦-૦૦ થી કલાક ૧૯-૦૦ સુધી સદરહું રોડ પર પસાર થનાર અન્ય વાહનો માટે નીચે અનૂસુચિમાં જણાવ્યા મુજબ રોડ ડાયવર્જન માટેનો હુકમ કરૂં છું.

આ હુકમની અંદર વાહન શબ્દનો અર્થ મોટર વ્હીકલ એક્ટમાં જે વ્યાખ્યા આપી છે તેનો સમાવેશ થાય છે.

**અનુસૂચિ :**

૧. ભુજથી ભચાઉ તરફ આવતા વાહનો માટે આમરડીથી લુણવા થઈ ચોપડવા હાઈવે તરફ જઈ શકશે.
૨. ભચાઉથી ભુજ તરફ જતા વાહનો વરસાણા ચોકડીથી વાયા અંજાર થઈ ભુજ જઈ શકશે.
૩. ભચાઉથી ભુજ તરફ જતા વાહનો માટે કરમરીયાથી લાખાવટ થી ચોબારી તરફ જઈ શકશે.
૪. ખારોઈથી ભચાઉ તરફ આવતા વાહનો માટે મેઘપરથી લાખાવટ થઈ ભુજ તરફ જઈ શકશે.

આ જાહેરનામું નીચે મુજબના વાહનોને લાગુ પડશે નહી.

૧. સરકારી ફરજ પરના વાહનો.
૨. પોલીસ અધિક્ષકશ્રી પુર્વ કચ્છ ગાંધીધામ તથા સબ ડીવિઝનલ મેજીસ્ટ્રેટશ્રી, ભચાઉ દ્વારા પરવાનગી આપવામાં આવેલ હોય તેવા વાહનો.
૩. એમ્બ્યુલન્સ તથા ફાયર ફાઈટર
૪. સ્કુલ બસ

આજ રોજ તા. ૧૮-૦૫-૨૦૧૭ ના મારી સહી તથા સિક્કો કરી આ જાહેરનામું બહાર પાડવામાં આવે છે.

કચ્છ-ભુજ, ૧૮ માહે મે, સને ૨૦૧૬.

**રેમ્યા મોહન,**
જિલ્લા મેજીસ્ટ્રેટ,
કચ્છ-ભુજ.

---

## અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

### ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ કાઢેલ

### હુકમ

નં. એમએજી/સી/૨૪૩૯/૨૦૧૭.-પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢના પત્ર નં. એસ.ઓ.જી./મજુર/જાહેરનામું/૨૩૨/૧૭, તા. ૧૫-૦૫-૨૦૧૭ ના પત્રથી રજુ થયેલ દરખાસ્તની વિગતે જુનાગઢ જિલ્લામાં ભુતકાળમાં બનેલ લુંટ, અપહરણ, ચોરી, ઠગાઈ, વિશ્વાસઘાત તથા છેતરપીંડી જેવા બનાવોના આરોપીઓની વિગતો જોતા ઘણા કિસ્સાઓમાં કારખાના, મકાન બાંધકામ ઔદ્યોગિક વસાહતની ફેકટરીઓ, ખેતી, હીરા ઉદ્યોગમાં તેમજ વેપાર-ધંધામાં મજુર તરીકે કામ કરતાં કારીગરો ઉપરોક્ત પ્રકારના ગંભીર ગુન્હા આચર્યા બાદ અન્ય રાજ્ય/જિલ્લામાં નાશી જતાં હોય છે. તેના કારણે ગુન્હા વણશોધાયેલા રહેવા પામે છે. તેમજ ઘણા કિસ્સાઓમાં તેમના વતનમાં કે અન્ય શહેરમાં ગંભીર ગુન્હાઓ આચરી જુનાગઢ જિલ્લામાં આશરો લેતા હોય છે. તેથી જુનાગઢ જિલ્લા વિસ્તારની સલામતી અને શાંતી જાળવવા સારૂ આવા મજુર/કારીગરોનું રજીસ્ટર/બાયોડેટા રાખવા માટે સી.આર.પી.સી. કલમ-૧૪૪ મુજબનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા વિનંતી કરેલ છે.

જિલ્લામાં જાહેર સલામતી અને સુરક્ષા જાળવવા તથા ઉપરોક્ત દરખાસ્તમાં જણાવેલ ગુનાઓનું પગેરૂ મેળવવામાં પોલીસ ખાતાને મદદ મળી રહે, તે હેતુને લક્ષમાં લેતાં, પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢ તરફથી કરાયેલ દરખાસ્ત વ્યાજબી જણાય છે. સબબ હું, પી. વી. અંતાણી જી.એ.એસ., અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, જુનાગઢ જિલ્લો, જુનાગઢ, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩(૧૯૭૪ના નં.-૨)ની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે, જુનાગઢ જિલ્લાના સમગ્ર વિસ્તારનાં તમામ કારખાનેદારો, મકાન બાંધકામ બીલ્ડર્સો, ફાઉન્ડ્રી ઉદ્યોગ, હીરા ઉદ્યોગ, ખેતી ફેકટરી ઉદ્યોગ, ધંધા સાથે સંકળાયેલા તમામ પ્રાઈવેટ સેકટરના માલીકો અને મેનેજમેન્ટ કે જેઓના યુનીટમાં કર્મચારી, કારીગરો, મજુરો કે ભાગીયા હાલમાં કામ ઉપર છે તેવા કાયમી, હંગામી કે કોન્ટ્રાકટના કર્મચારીઓ/કારીગરો/મજુરોની હકિકત નીચેના નમુનાનાં રજીસ્ટરમાં નોંધી સ્થળ પર રાખવું. **તેમજ પત્રક સ્વરૂપે ઉક્ત માહિતી તૈયાર કરી, સબંધિત પોલીસ સ્ટેશનને દિન-૧૫માં મોકલી આપવું.**

| ક્રમ | પેઢીના માલીક/ ખેડુતનું નામ તથા સરનામું તથા ધંધાની વિગત, માલીકના મોબાઈલ/ ફોન નંબર તથા ધંધાના ટેલીફોન નંબર | કામે રાખેલ કર્મચારી/ કારીગર/મજુર કે ભાગીયાનું પુરૂ નામ, ઓળખ ચીન્હ, હાલનું સરનામું તથા મોબાઈલ, ફોન નંબર | કર્મચારી/ કારીગર/ મજુર કે ભાગીયાના મુળ વતનનું પુરૂ સરનામું તથા વતનના ટેલીફોન નંબર | કર્મચારી/ કારીગર/ મજુર કે ભાગીયાને નોકરીમાં રાખ્યાની તારીખ | કર્મચારી/ કારીગર/ મજુર કે ભાગીયા અગાઉ જે સ્થળે કામ કરતા હોય તે માલીકનું નામ, સરનામું તથા મોબાઈલ, ટેલીફોન નંબર | કર્મચારી/ કારીગર/ મજુર કે ભાગીયાને કોના રેફરન્સ/ પરિચયથી નોકરીએ રાખેલ તે સ્થાનીક રહીશનું પુરૂં નામ, સરનામું, મોબાઈલ, ટેલીફોન નંબર | કર્મચારી/ કારીગર/ મજુર કે ભાગીયાના બે થી ત્રણ સગા-સબંધીના પુરા નામ તથા સરનામા (તેમના વતન સહીતના) તથા ટેલીફોન, મોબાઈલ નંબર | કર્મચારી/ કારીગર/ મજુર કે ભાગીયાનો ફોટોગ્રાફ | હથિયાર ધરાવતા હોય તો તેની વિગત |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |

આ હુકમની તા. ૨૨-૦૫-૨૦૧૭ થી દિવસ-૬૦ માટે અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય દંડ સંહીતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમની જાહેર જનતાને જાણ સંબંધીત કચેરીઓએ તેમના નોટિસ બોર્ડ પર, સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યા ઉપર નકલ ચોંટાડીને તથા માહિતી ખાતાએ વર્તમાન પત્રોમાં પ્રસિધ્ધી કરી કરાવાની રહેશે.

આજ તારીખઃ ૧૬ માહે મે, સને ૨૦૧૭ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે જાહેર જનતાની જાણ તથા અમલવારી માટે આ હુકમ પ્રસિધ્ધ કરવામાં આવ્યો.

જુનાગઢ, ૧૬ માહે મે, સને ૨૦૧૭.

---

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ કાઢેલ

## હુકમ

નં. એમએજી/સી/૨૪૪૦/૨૦૧૭.-પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢના પત્ર નં. એસ.ઓ.જી./ઘર નોકર/જાહેરનામું/૨૩૩/૧૭, તા. ૧૫-૦૫-૨૦૧૭ ના પત્રથી રજુ થયેલ દરખાસ્તની વિગતે જુનાગઢ જિલ્લામાં કેટલાક ઘરકુટુંબો દ્વારા ઘરકામ માટે બહારના વ્યકિતને ઘરઘાટી (Domestic Help) તરીકે રાખવામાં આવે છે. જેમાં કેટલાક ઘરઘાટીઓ ઘરમાં કિંમતી વસ્તુઓની ચોરી સ્ત્રી/બાળકો ઉપર અત્યાચાર અને મિલ્કત પડાવવા વૃધ્ધ ઘરમાલીકોની હત્યા, લુંટ, ચોરી વિ. મિલ્કત વિરૂધ્ધના ગુન્હાઓ, શરીર સબંધી ગુન્હાઓ આચરતા હોવાનું ધ્યાન ઉપર આવેલ છે. જેનાથી માનવ જીંદગીની ખુવારી થાય અને લોકોની સંપતીને નુકશાન થાય છે અને આવા ગુન્હા આચર્યા બાદ ઘરઘાટી અન્ય રાજ્ય/જિલ્લામાં નાશી જતા હોય છે. જેથી ગુન્હાઓ વણશોધાયેલ રહે છે. જેથી આવા બનાવો બનતા અટકાવવા તથા જુનાગઢ જિલ્લા વિસ્તારની સલામતી અને શાંતી જાળવવા સારૂ આવા ઘરઘાટી (Domestic Help) ઓના પુરા નામ, સરનામા, ફોટોગ્રાફ વિગેરે માહિતી તૈયાર રાખવા માટે સી.આર.પી.સી. કલમ-૧૪૪ મુજબનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા વિનંતી કરેલ છે.

જિલ્લામાં જાહેર સલામતી અને સુરક્ષા જાળવવા તથા ઉપરોકત દરખાસ્તમાં જણાવેલ ગુનાઓનું પગેરૂ મેળવવામાં પોલીસ ખાતાને મદદ મળી રહે, તે હેતુને લક્ષમાં લેતાં, પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢ તરફથી કરાયેલ દરખાસ્ત વ્યાજબી જણાય છે. સબબ, હું, પી. વી. અંતાણી, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, જુનાગઢ જિલ્લો, જુનાગઢ, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ ની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે, જુનાગઢ જિલ્લાના સમગ્ર વિસ્તારનાં જે ઘરકુટુંબો તરફથી આવી બહારની વ્યકિતને ઘરઘાટી (Domestic Help) તરીકે ઘરકામ ઉપર રાખવામાં આવેલ છે તેની હકિકત નીચેના નમુનાનાં રજીસ્ટરમાં નોંધી સ્થળ પર રાખવું. **તેમજ પત્રક સ્વરૂપે ઉકત માહિતી તૈયાર કરી, સબંધિત પોલીસ સ્ટેશનને તુર્તજ મોકલી આપવી.**

| ક્રમ | ઘર માલીકનું નામ/સરનામું, મોબાઈલ/ ટેલીફોન નંબર | ઘરકામે રાખેલ ઘરઘાટી (Domestic Help) નું પુરૂ નામ, સરનામું તથા સંપર્ક નંબર | ઘરકામે રાખેલ ઘરઘાટી (Domestic Help) ના મુળ વતનનું સરનામું તથા સંપર્ક નંબર | ઘરકામે રાખેલ ઘરઘાટી (Domestic Help) ને રાખ્યા તારીખ | ઘરકામે રાખેલ ઘરઘાટી (Domestic Help) અગાઉ જે સ્થળે કામ કરતા હોય તે માલીકનું પૂરૂ નામ, સરનામું તથા સંપર્ક નંબર | ઘરકામે રાખેલ ઘરઘાટી (Domes-tic Help) કોના રેફરન્સ, પરિચયથી કામે રાખેલ છે? તે સ્થાનિક રહીશનું પુરૂ નામ, સરનામું તથા સંપર્ક નંબર | ઘરકામે રાખેલ ઘરઘાટી (Domestic Help) ના બે થી ત્રણ સબંધિઓનું પુરૂ નામ, સરનામું (તેમના વતન સહિતના) તથા સંપર્ક નંબર | ઘરકામે રાખેલ ઘરઘાટી (Domestic Help) નો ફોટો ગ્રાફસ | રીમાર્કસ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |

આ હુકમ તા. ૨૨-૦૫-૨૦૧૭ થી દિવસ-૬૦ માટે અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય દંડ સંહીતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમની જાહેર જનતાને જાણ સંબંધીત કચેરીઓએ તેમના નોટિસ બોર્ડ પર, સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યા ઉપર નકલ ચોંટાડીને તથા માહિતી ખાતાએ વર્તમાનપત્રોમાં પ્રસિધ્ધી કરી કરાવાની રહેશે.

આજ તારીખઃ ૧૬ માહે મે, સને ૨૦૧૭ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે જાહેર જનતાની જાણ તથા અમલવારી માટે આ હુકમ પ્રસિધ્ધ કરવામાં આવ્યો.

જુનાગઢ, ૧૬ માહે મે, સને ૨૦૧૭.

---

ફોજદારી કાર્યરીતિ આધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ કાઢેલ હુકમ

## હુકમ

નં. : એમએજી/સી/૨૪૩૭/૨૦૧૭.-પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢના પત્ર નં. : સી/એલઆઈઈબી/બોટગુમ/જા. નામુ/૧૩૩/ ૨૦૧૭, તા. ૧૫-૦૫-૨૦૧૭ ના દરખાસ્ત પત્રથી જુનાગઢ જિલ્લાના ચોરવાડ, માંગરોળ મરીન, શીલ ખાતેથી વહાણ/બોટ દરીયામાં માચ્છીમારી માટે જાય છે અને મોટાભાગની વસ્તી માચ્છીમારીના ધંધા સાથે સંકળાયેલ છે. ગત તા. ૨૯-૧૧-૨૦૧૩ના રોજ મુંદ્રા બંદરથી નૌશાદ ઈશા થૈમ તથા જુઆબ સુલેમાન જાફરાબાદી, રહે. બન્ને મોટા સલાયા, તા. માંડવી વાળાની માલીકીનું વહાણ MCV SHANE HIND (MNV 2176) સલાલા (ઓમાન) જવા ખાંડનો જથ્થો ભરીને ૧૨ ક્રુમેમ્બરો સહિત રવાના થયેલ હતું. મુંદ્રા બંદરેથી નીકળ્યા બાદ તા. ૦૨-૦૧-૨૦૧૪ ના રોજ વહાણનુ સોમાલીયન ચાંચીયાઓએ અપહરણ કરેલ પરંતુ આ વહાણ ગુમ થવા સંબંધે તેના માલીકે કોઈ એજન્સી કે સરકારી તંત્રને જાણ કરી નોંધ કરાવેલ ન હતી. આ એક રાષ્ટ્રીય સલામતીને સ્પર્શતી ગંભીર ઘટના છે. વહાણ ગુમ રહયુ હોય તે સમયગાળા દરમ્યાન વહાણ કે વહાણના ક્રુમેમ્બરોનો રાષ્ટ્ર વિરોધી પ્રવૃતિમાં ઉપયોગ થયો હોય તે બાબત નકારી શકાય નહી. આવી ઘટનાઓ અટકી શકે તે માટે સમગ્ર જુનાગઢ જિલ્લામાં આવેલ વહાણ/બોટ માલીકે જયારે પોતાનું વહાણ/બોટ વાતાવરણીય કારણસર/ચાચીયાઓ દ્વારા અપહરણ થવાના કારણસર કે અન્ય કોઈપણ કારણોસર વહાણ/બોટ ગુમ થાય કે વહાણ/બોટ સાથેનો તેના માલીકનો સંપર્ક નિશ્ચિત સમયગાળા બાદ ન થતો હોય તો તે બાબતેની જાણ સંબંધિત તમામ સરકારી એજન્સીને ફરજીયાત કરવી તેવુ જાહેરનામુ પ્રસિધ્ધ કરવા દરખાસ્ત કરાયેલ છે.

જુનાગઢ જિલ્લો વિશાળ દરીયા કિનારો ધરાવે છે અને મોટા પ્રમાણમાં માચ્છીમારી માટે બોટો દરીયામાં જાય છે. જેથી બોટો સાથે જતા લોકોની સલામતી તથા સુરક્ષા માટે તકેદારીના પગલા લેવા આવશ્યક જણાતા હોય પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢ તરફથી કરાયેલ દરખાસ્ત વ્યાજબી જણાય છે.

આથી હું, પી. વી. અંતાણી, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, જુનાગઢ જિલ્લો, જુનાગઢ, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ ના નં. ૨)ની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે, જુનાગઢ જિલ્લાના વહાણ/બોટ માલીકોએ જયારે પોતાનું વહાણ/બોટ વાતાવરણીય કારણસર/ચાચીયાઓ દ્વારા અપહરણ થવાના કારણસર કે અન્ય કોઈપણ કારણોસર વહાણ/બોટ ગુમ થાય કે વહાણ/બોટ સાથેનો તેના માલીકનો સંપર્ક નિશ્ચિત સમયગાળા બાદ ન થતો હોય તો તે બાબતેની જાણ નીચે મુજબના પત્રકની વિગતો સહની સંબંધીત તમામ સરકારી એજન્સીને જાણ કરવી ફરજીયાત છે.

| ક્રમ | વહાણ/બોટનું નામ તથા નંબર | વહાણ/બોટ માલીકનું નામ તથા સરનામું તથા સંપર્ક નંબર | વહાણ/બોટમાં રવાના થયેલ ટંડેલ/ ખલાસીઓના નામ તથા સરનામાની વિગત | વહાણ/બોટ રવાના થયાની તારીખ, સમય તથા સ્થળ | વહાણ/બોટ પરત આવવાની સંભવીત તારીખ | અન્ય જરૂરી વિગતો | રીમાર્કસ |
|---|---|---|---|---|---|---|---|
| (૧) | (૨) | (૩) | (૪) | (૫) | (૬) | (૭) | (૮) |

આ હુકમ તા. ૨૪-૦૫-૨૦૧૭ થી દિવસ—૬૦ સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમની જાહેર જનતાને જાણ સંબંધીત કચેરીઓએ તેમના નોટિસ બોર્ડ પર, સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યા ઉપર નકલ ચોટાડીને તથા માહિતી ખાતાએ વર્તમાન પત્રોમાં પ્રસિધ્ધી કરી કરવાની રહેશે.

આજ તારીખઃ ૧૬ મી, માહે મે, સને-૨૦૧૭ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે જાહેર જનતાની જાણ તથા અમલવારી માટે આ હુકમ પ્રસિધ્ધ કરવામાં આવ્યો.

જુનાગઢ, ૧૬ માહે મે, સને ૨૦૧૭.

---

ફોજદારી કાર્યરીતિ આધિનિયમ-૧૯૭૩ની
કલમ-૧૪૪ હેઠળ કાઢેલ

## હુકમ

નં. : એમએજી/સી/૨૪૩૬/૨૦૧૭.-પ્રવર્તમાન સંજોગોને ધ્યાને લઈ જુનાગઢ જિલ્લામાં કોસ્ટલ વિસ્તાર સહિત આંતરીક સુરક્ષા જાળવવામાં આવે છે. પરંતુ હાલની પ્રવર્તમાન આતંકવાદી પ્રવૃતિને ધ્યાને લઈ, સવિશેષ તકેદારી રાખવી આવશ્યક હોય, તેમજ વાઈટલ ઈન્સ્ટોલેશન તથા અન્ય સરકારી કચેરીઓની સલામતી હીતાવહ હોય, રીમોટ કંટ્રોલ સંચાલીત ડ્રોન, એરીયલ મીસાઈલ જેવા સંસાધનોથી દેશ વિરોધી સંગઠનો, આતંકવાદીઓ અને ભાંગ ફોડીયા તત્વો ગેરલાભ લઈ જુનાગઢ જિલ્લાની સુરક્ષાને હાની પહોંચાડે નહી તે માટે સમગ્ર જિલ્લા વિસ્તારમાં રીમોટથી ચલાવાતા ડ્રોન કે રીમોટથી કંટ્રોલ કરાતા એરીયલ મિસાઈલ કે પારાગ્લાઈડર રીમોટ કંટ્રોલ, માઈક્રો લાઈટ એર ક્રાફટ ચલાવવા બાબતે ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ ની કલમ-૧૪૪ હેઠળ પ્રતિબંધ મુકતુ જાહેરનામુ બહાર પાડવા પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢના પત્ર નં. સી/એલઆઈબી/જા.ના./૧૩૩૨/૨૦૧૭, તા. ૧૫-૦૫-૨૦૧૭ થી દરખાસ્ત થઈ આવેલ છે. જે વ્યાજબી જણાય છે.

આથી હું, પી. વી. અંતાણી, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, જુનાગઢ જિલ્લો, જુનાગઢ, ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ ના નં. ૨)ની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂ છું કે, જુનાગઢ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં રિમોટથી ચલાવાતા ડ્રોન કે રીમોટથી કંટ્રોલ કરાતા એરીયલ મીસાઈલ કે પારાગ્લાઈડર રીમોટ કંટ્રોલ, માઈક્રો લાઈટ એર ક્રાફટ ચલાવવાની મનાઈ ફરમાવુ છું.

આ હુકમ તા. ૨૪-૦૫-૨૦૧૭ થી દિવસ–૬૦ સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય દંડ સંહીતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમની જાહેર જનતાને જાણ સારૂ સંબંધીત કચેરીઓએ તેમના નોટીસ બોર્ડ પર, સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યા ઉપર નકલ ચોટાડીને તથા માહિતી ખાતાએ વર્તમાન પત્રોમાં પ્રસિધ્ધી કરી કરવાની રહેશે.

આજ તારીખ: ૧૬ મી, માહે મે, સને-૨૦૧૭ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે જાહેર જનતાની જાણ તથા અમલવારી માટે આ હુકમ પ્રસિધ્ધ કરવામાં આવ્યો.

જુનાગઢ, ૧૬ માહે મે, સને ૨૦૧૭.

**પી. વી. અંતાણી,**
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
જુનાગઢ જિલ્લો, જુનાગઢ.

---

ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ની
કલમ-૧૪૪ હેઠળ કાઢેલ

## હુકમ

નં. એમએજી/સી/૧૮૭૪/૨૦૧૭.-પોલીસ અધિક્ષકશ્રી, ગીર સોમનાથ જિલ્લાના પત્ર ક્રમાંક: એસઓજી/એટીએમ/ચોકીયાત/જાહેરનામુ/૫૦૭/૨૦૧૭, તા. ૦૮-૦૫-૨૦૧૭ ના પત્રથી જણાવેલ વિગતે ભુતકાળમાં ગુજરાત રાજ્યમા વડોદરા, અમદાવાદ, કચ્છ જિલ્લાઓમાં રાષ્ટ્ર વિરોધી તત્વો, લુટારાઓ, ધાડપાડુઓની ગેંગો ધ્વારા એટીએમ મશીનોની ચોરી કરી જવાના બનાવો બનેલ છે. તેમજ વેરાવળ શહેરમા પણ ભુતકાળમા એસ.બી.આઈ. બેન્કના એ.ટી.એમ. માંથી ગ્રાહકની નજર ચુકવી, એ.ટી.એમ. કાર્ડ લઈ જઈ અન્ય જગ્યાએથી રોકડ ઉપાડી લેઘેલ હોવાનો ગુન્હો બનેલ છે. તેમજ વેરાવળ શહેરમા આઈ. ડી. બી. આઈ. બેન્કમાંથી નજર ચુકવી ગ્રાહકના નાણા લઈ ગયેલાનો બનાવ બનેલ છે. આવી ગેરકાયદેસરની પ્રવૃતિના કારણે નાગરીકોના જીવ જોખમાય છે, મિલ્કતોને હાની પંહોચે છે. નાગરીકોમાં અસુરક્ષાની ભાવના ઉભી થાય છે અને તંત્ર પ્રત્યે ધીમે ધીમે નાગરીકો વિશ્વાસ ગુમાવે છે. આ પ્રકારના ગુન્હાઓ આચરતા ગુન્હેગારને પકડવાનુ ઘણુજ મુશ્કેલ બને પરંતુ આ પ્રકારના ગુન્હા આચરતા ગુન્હેગારોની તપાસ દરમ્યાન જે જગ્યાએ બેન્ક/એ.ટી.એમ. ઉપર ચોકીયાતો ન હોય તેમજ સી.સી.ટી.વી. કેમેરા લગાડેલા ન હોય તેવા એ.ટી.એમ. મશીનો ચોરી કરી લઈ ગયેલાના બનાવો બનવા પામેલ છે. જેથી એ.ટી.એમ.મા મશીનમા રહેલ નાણાની સલામતી માટે તથા નાગરીકોમા સુરક્ષાની ભાવના ઉભી થાય તે માટે એ.ટી.એમ. મશીન ઉપર ચોકીયાત રાખવા અત્યંત જરૂરી છે.

લોકોને સુરક્ષા પુરી પાડવાના હેતુથી ગીર સોમનાથ જિલ્લામા આવેલ તમામ એ.ટી.એમ. મશીનો ઉપર ૨૪-કલાક રાઉન્ડ ધ કલોક ૩-શીફટમાં ચોકીયાતો મુકવા તથા એ.ટી.એમ. મશીનો/બેંકોમાં સી.સી.ટી.વી. (નાઈટ વીઝન વીથ હાઈડેફીનેશન) વીથ રેકોર્ડીગ સીસ્ટમ કેમેરા રાખવા સંબંધેનું જાહેરનામું સી.આર.પી.સી. ૧૯૭૩ની કલમ-૧૪૪ તળે દિન-૬૦ માટે પ્રસિધ્ધ કરવા પોલીસ અધિક્ષકશ્રી, ગીર સોમનાથ જિલ્લો, વેરાવળ તરફથી દરખાસ્ત થઈ આવેલ છે.

ગીર સોમનાથ જિલ્લાના એ.ટી.એમ. મશીન/બેંકોમા રહેલ નાણાની સલામતી જણાવાઈ રહે, એ.ટી.એમ. મશીનમાં ચોરી કરતા ગુન્હેગારોની ઓળખ મળી રહે, લોકોમા સલામતી જળવાઈ રહે, આવા ગુન્હાનુ પ્રમાણ ઘટે, જેથી પોલીસ અધિક્ષકશ્રી, ગીર સોમનાથ જિલ્લો, વેરાવળ તરફથી કરાયેલ દરખાસ્ત વ્યાજબી જણાય છે.

આથી હું, પી. બી. પંડયા, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ગીર સોમનાથ જિલ્લો, વેરાવળ ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ના નં.૨)ની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ સત્તાની રૂઈએ આથી હુકમ કરૂ છું કે,

(૧) ગીર સોમનાથ જિલ્લામાં આવેલ તમામ બેંકોએ તેમના એ.ટી.એમ. ચેમ્બરની અંદરના ભાગે તથા એ.ટી.એમ.ના બહારના ભાગે અને બેંકમા પુરતી સંખ્યામાં સી.સી.ટી.વી.

કેમેરા (નાઈટ વીઝન વીથ રેકોર્ડીંગ સીસ્ટમ) સાથેના ગોઠવી આ રેકોર્ડીંગનો ડેટા ૩૦-દિવસ સુધી રાખવો.

(૨) ગીર સોમનાથ જિલ્લામા આવેલ તમામ બેંકોના એ.ટી.એમ.ની બહારના ભાગે અને બેંકોમા ગાડીના નંબર દેખાય તે રીતે તેમજ ગાડીમા ડ્રાયવર તેમજ તેની બાજુમાં બેઠેલ વ્યક્તિનુ રેકોર્ડીંગ થઈ શકે તે રીતે વાહન અને વ્યક્તિની ઓળખ થઈ શકે તે મુજબ પુરતી સંખ્યામા કેમેરા ગોઠવવા.

(૩) ગીર સોમનાથ જિલ્લામા આવેલ તમામ બેંકોના એ.ટી.એમ. મશીનો ઉપર ૨૪-કલાક ૩ શીફટમાં ચોકીદારો રાખવા.

(૪) સી.સી.ટી.વી. કેમેરા (નાઈટ વિઝન તથા હાઈ-ડેફીનેશનના) વીથ રેકોર્ડીંગ સીસ્ટમ પુરતી સંખ્યામા રાખવા અને વ્યકિત કે વાહન આઈડેન્ટીફાઈ થઈ શકે અને રાત્રી દરમ્યાન રેકોર્ડીંગ કરી શકે તેવા સારી કવોલીટીના અને ૩૦ દિવસ સુધી રેકોર્ડીંગ રહે તે રીતે ગોઠવવાના રહેશે.

આ હુકમ બહાર પડયા તારીખથી દિન-૬૦ સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર ભારતીય દંડ સંહીતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમની જાહેર જનતાને જાણ સંબંધીત કચેરીઓએ તેમના નોટીસ બોર્ડ પર, સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યા ઉપર નકલ ચોટાડીને તથા માહિતી ખાતાએ વર્તમાન પત્રોમાં પ્રસિધ્ધી કરી કરવાની રહેશે.

આજ તારીખઃ ૧૨ માહે. મે, સને-૨૦૧૭ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે જાહેર જનતાની જાણ તથા અમલવારી માટે આ હુકમ પ્રસિધ્ધ કરવામાં આવ્યો.

ગીર સોમનાથ, ૧૨ માહે મે, સને ૨૦૧૭.

---

**ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ કાઢેલ**

વંચાણે લીધા :

(૧) ઉપ સચિવશ્રી, ગૃહ વિભાગ, ગુજરાત સરકાર, ગાંધીનગરના પત્ર ક્રમાંક : વિ.૧/કવઅ/૧૦૨૦૧૪/૧૨૩૭૮, તા. ૨૧-૦૬-૨૦૧૪.

(૨) પોલીસ અધિક્ષકશ્રી, ગીર સોમનાથના પત્ર નં. સી/એલઆઈબી/બોર.જા/૫૦૯/૨૦૧૭, તા. ૦૮-૦૫-૨૦૧૭.

**હુકમ**

નં. એમએજી/સી/૧૮૯૧/૨૦૧૭.-રાજ્યમાં ભુગર્ભ જળ મેળવવા માટે ખેડુતો દ્વારા પાણીના બોર બનાવવામાં આવે છે અને આવા બોર નકામા બનતા તે બોર પ્રત્યે બોરના માલીક દ્વારા નિષ્કાળજી સેવવામા આવે છે અને બોર ખુલ્લા મુકી દેવાના કારણે નાના બાળકો તેમા પડી જતા મૃત્યુ પામવાના કે ગંભીર પ્રકારની ઈજાઓ થવાના બનાવો અવાર-નવાર રાજ્યમા બની રહેલ છે. આવા ગંભીર પ્રકારના બનાવો નિવારવા તેમજ તકેદારીના પગલા લઈ શકાય તે માટે ઉપ સચિવશ્રી, ગૃહ વિભાગના વંચાણે લીધા ક્રમ નં.-૧ ના પત્રથી જાહેરનામુ પ્રસિધ્ધ કરવા સુચના થઈ આવેલ છે. તેમજ પોલીસ અધિક્ષકશ્રી, ગીર સોમનાથ વંચાણે લીધા ક્રમ નં.-૨ના પત્રથી ઉપરોકત બાબતેના જાહેરનામાનો સમયગાળો વધારવા દરખાસ્ત થઈ આવેલ છે.

આવા ગંભીર અને માનવ જીંદગી જોખમમા મુકતા બનાવો બનતા અટકાવવા જાહેર હિતમા ઈચ્છનીય છે. જેથી વર્તમાન પરિસ્થિતિને લક્ષમા લઈ જાહેર સુલેહ અને શાંતિ જાળવવા તથા માનવ જીંદગી જોખમાતી બચાવવા પગલા લેવા આવશ્યક છે.

આથી હું પી. બી. પંડયા, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ગીર સોમનાથ જિલ્લો, વેરાવળ ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ ની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ સત્તાની રૂઈએ આથી હુકમ કરૂ છું કે, ગીર સોમનાથ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં નીચે જણાવેલ મુદ્દાઓ પરત્વે તકેદારીના પગલા લેવા ફરમાન કરૂ છુ.

(૧) જે તે વિસ્તારમા બોરવેલ બનાવતા પહેલા સબંધિત વિભાગની મંજુરી મેળવવી અને તે અંગેની ખાતરી જમીન માલીક, બોરવેલ માલીક તથા બોર બનાવનાર એજન્સીએ સબંધિત પોલીસ અધિકારીને કરાવવાની રહેશે.

(૨) બોરવેલ બનાવ્યા બાદ કોઈ જાનહાનિ થાય નહી અથવા બોરવેલમા કોઈ બાળક, અન્ય વ્યકિત કે જાનવર પડી ન જાય તેમજ કોઈપણ પ્રકારનો અકસ્માત ન સર્જાય તે અંગેના તમામ તકેદારીના પગલા જેવા કે, બોરને ફરતી મજબુત ફેન્સીંગ વાડ, મજબુત ભરતી દિવાલ કરવાની/કરાવવાની રહેશે.

(૩) આમછતા અનઅધિકૃત રીતે કે ચોકકસ સુચનાઓનુ પાલન કરવામા ન આવે તો બોર બનાવનાર, બોર માલીક, જમીન માલીક સામે સુરક્ષા વ્યવસ્થાનુ યોગ્ય પાલન ન કરવા તેમજ બેદરકારી દાખવવા બાબતે કાયદાકીય સબંધીત જોગવાઈઓ મુજબ કાયદેસરના પગલા સબંધીત પોલીસ સ્ટેશનના અધિકારીઓએ લેવાના રહેશે.

(૪) જુના તથા બંધ પડેલ અથવા અવાવરી પરિસ્થિતિમા હોય તેવા બોરવેલના માલીકો/જમીન માલીકોએ પણ ઉપરોકત બાબતે કાળજી રાખવાની રહેશે.

આ હુકમની જાહેર જનતાને જાણ સંબંધીત કચેરીઓએ તેમના નોટીસ બોર્ડ પર, સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યા ઉપર નકલ ચોટાડીને તથા માહિતી ખાતાએ વર્તમાન પત્રોમાં પ્રસિધ્ધી કરી કરવાની રહેશે. ગુજરાત પોલીસ એકટની કલમ-૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આ હુકમ બહાર પડયા તારીખથી દિન-૬૦ સુધી અમલમા રહેશે.

આજ તારીખઃ ૧૨ માહે મે-૨૦૧૭ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે જાહેર જનતાની જાણ તથા અમલવારી માટે આ હુકમ પ્રસિધ્ધ કરવામાં આવ્યો.

ગીર સોમનાથ, ૧૨ માહે મે, સને ૨૦૧૭.

---

**ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની**
**કલમ-૧૪૪ હેઠળ કાઢેલ હુકમ**

## જાહેરનામુ

નં. એમએજી/સી/૧૮૯૨/૨૦૧૭.-પોલીસ અધિક્ષકશ્રી, ગીર-સોમનાથના પત્ર ક્રમાંક :સી/એલઆઈબી/ટે-૩/સ.પ્ર.બં.જા.ના/ ૫૦૬/૨૦૧૭, તા. ૦૮-૦૫-૨૦૧૭ થી રજુ થયેલ દરખાસ્તની વિગતે ગીર સોમનાથ જિલ્લામાં આવેલ પવિત્ર યાત્રાધામ શ્રી સોમનાથ મંદીરની દક્ષિણ દિશા તરફ અરબી સમુદ્રમા આ મંદીરના દર્શનાર્થે આવતા યાત્રાળુઓ સમુદ્રની ભૌગોલીક પરિસ્થિતિથી અજાણ હોય, સમુદ્રમાં સ્નાન કરવા જતા ડુબી જવાના બનાવો બનવા પામેલ છે.

શ્રી સોમનાથ મંદિર પાસેનો સમુદ્ર કિનારો પ્રથમ દ્રષ્ટિએ છીછરો દેખાઈ છે પરંતુ થોડા અંદર જતા સમુદ્રમા બહુજ મોટા વજનદાર ખડકાળ પથ્થરો છે. જેથી સમુદ્રમા સ્નાન કરવા ગયેલ વ્યકિત સહેલાઈથી બહાર આવી શકતી નથી તથા આ અરબી સમુદ્ર વિસ્તારમા આવતા મોજાઓ વાંકાચુંકા તથા ઘાતક આવે છે.

હાલમા આ સ્થળે નવી ચોપાટી બનાવવાનુ કામ ચાલુ થયેલ છે તથા મોટા પથ્થરો સમુદ્રમા ઉતારી રસ્તો બનાવેલ છે. જેની સાથે પાણીનો પ્રવાહ સતત અથડાતો હોય, સેવાળવાળા પથ્થરના કારણે કોઈપણ વ્યક્તિ તેના ઉપરથી લપસી જવાના કારણે સમુદ્રમા ડૂબી જાય તેવી શક્યતાઓ રહે છે.

અમુક કિસ્સામાં અમુક વ્યક્તિઓ પોતે આ પવિત્ર યાત્રાધામના દર્શન કરી પોતાના આત્માને મોક્ષ મળશે તેવો વિચાર ધરાવી સમુદ્રમા પડી આત્મહત્યા કરે છે. છેલ્લા ૧૦ વર્ષમા પ્રભાસ પાટણ પોલીસ સ્ટેશન તથા સોમનાથ મરીન પોલીસ સ્ટેશન ખાતે આવા ઘણા બનાવો નોંધાયેલ છે, તેમ જણાવી શ્રી સોમનાથ મંદીરની દક્ષિણ દિશા તરફ અરબી સમુદ્રમાં, સોમનાથ મંદિરની પુર્વ-પશ્ચિમ બન્ને સાઈડમા આશરે ચાર કિ.મી.ના વિસ્તારમા સમુદ્ર કાંઠે કોઈપણ વ્યક્તિઓને સમુદ્રમા સ્નાન કરવા જવા માટે કે સમુદ્રના ઉંડા પાણીમા પ્રવેશ કરવા ઉપર પ્રતિબંધ ફરમાવતુ સી.આર. પી.સી. એકટની કલમ-૧૪૪ તળે જાહેરનામુ બહાર પાડવા પોલીસ અધિક્ષકશ્રી, ગીર સોમનાથ તરફથી દરખાસ્ત રજુ થયેલ છે.

પોલીસ અધિક્ષકશ્રી, ગીર-સોમનાથ તરફથી રજુ થયેલ દરખાસ્તની વિગતે શ્રી સોમનાથ મંદિર ખાતે આવેલ દરીયા કિનારે મોજામા તણાઈ જવાથી, સ્નાન કરવા જતા ડુબી જવાથી કે અન્ય રીતે માનવ મૃત્યુના બનાવો બનવા પામેલ છે. આવા બનાવો બનતા અટકાવવાના ભાગરૂપે રજુ થયેલ દરખાસ્ત વ્યાજબી જણાય છે.

આથી હું, પી. બી. પંડયા, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ગીર-સોમનાથ જિલ્લો, વેરાવળ, ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ ની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ સત્તાની રૂઈએ આથી હુકમ કરૂ છું કે, ગીર-સોમનાથ વેરાવળ જિલ્લાના પ્રભાસપાટણ મુકામે આવેલ શ્રી સોમનાથ મંદીરની દક્ષિણ દિશા તરફ અરબી સમુદ્રમા, સોમનાથ મંદીરની પુર્વ-પશ્ચિમ બન્ને સાઈડના આશરે ૪ (ચાર) કિ.મી.ના વિસ્તારમા સમુદ્ર કાંઠે કોઈ પણ વ્યક્તિએ સમુદ્રમાં સ્નાન કરવા જવુ નહી કે સમુદ્રના ઉંડા પાણીમા પ્રવેશ કરવો નહી.

ફરજની રૂઈએ આ વિસ્તારમાં કોઈ સરકારી ખાતાના કર્મચારી/અધિકારીઓએ કોઈ કાર્યવાહી કરવાની થતી હોય તો તેઓને આ હુકમની જોગવાઈ લાગુ પડશે નહી.

આ હુકમ બહાર પડયા તારીખથી દિ-૬૦ સુધી અમલમા રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહીતાની કલમ–૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમની જાહેર જનતાને જાણ સંબંધીત કચેરીઓએ તેમના નોટિસ બોર્ડ પર, સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યા ઉપર નકલ ચોટાડીને તથા માહિતી ખાતાએ વર્તમાન પત્રોમાં પ્રસિધ્ધી કરી કરવાની રહેશે.

આજ તારીખઃ ૧૬ માહે મે, સને ૨૦૧૭ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે જાહેર જનતાની જાણ તથા અમલવારી માટે આ હુકમ પ્રસિધ્ધ કરવામા આવ્યો.

ગીર સોમનાથ, ૧૬ માહે મે, સને ૨૦૧૭.

---

**ફોજદારી કાર્યરીતિ આધિનિયમ-૧૯૭૩ની**
**કલમ-૧૪૪ હેઠળ કાઢેલ**

## હુકમ

નં. એમએજી/સી/૧૮૭૫/૨૦૧૭.-પોલીસ અધિક્ષકશ્રી, ગીર સોમનાથ જિલ્લો વેરાવળના પત્ર ક્રમાંક : એલઆઈબી/ બોટ-વહાણ ગુમ/જા.ના./૫૧૦/૧૭, તા. ૦૮-૦૫-૨૦૧૭ ના પત્રથી રજુ થયેલ વિગતો મુજબ ગીર સોમનાથ જિલ્લાની દક્ષિણે વિશાળ અરબી સમુદ્ર આવેલ છે અને આ જિલ્લાનો મોટાભાગનો વિસ્તાર દરીયા કિનારે આવેલ છે. વેરાવળ બંદર તથા નવા બંદર ખાતેથી વહાણ/બોટો દરીયામા માચ્છીમારી માટે જાય છે તેમજ મોટાભાગની વસતી માચ્છીમારીના ધંધા સાથે સંકળાયેલ છે. તા. ૨૯-૧૧-૨૦૧૩ ના રોજ મુંદ્રા બંદરથી નૌશાદ ઈશા થૈમ તથા જુઆબ સુલેમાન જાફરાબાદી, રહે. બન્ને મોટા સાયલા, તા. માંડવી, જિ. કચ્છવાળાની માલીકીનુ વહાણ MCV SHANE HIND (MNV 2176) સલાલા (ઓમાન) જવા ખાંડનો જથ્થો

ભરીને ૧૨ ક્રુ મેમ્બરો સહિત રવાના થયેલ હતું. મુંદ્રા બંદરેથી નીકળ્યા બાદ તા. ૦૨-૦૧-૨૦૧૪ ના રોજ વહાણનું સોમાલીયન ચાંચીયાઓએ અપહરણ કરેલ પરંતુ આ વહાણ ગુમ થવા સંબંધે તેના માલીકે કોઈ એજન્સી કે સરકારી તંત્રને જાણ કરી નોંધ કરાવેલ ન હતી. આમ, આ એક રાષ્ટ્રીય સલામતીને સ્પર્શતી ગંભીર ઘટના છે. તેમજ ભુતકાળમા આંતકવાદી હુમલા થયેલ તેમા આંતકવાદીઓ દ્વારા દરીયામાંથી પોરબંદરની ''કુબેર'' નામની બોટનુ અપહરણ કરી આતંકી હુમલાને અંજામ આપેલ હોવાનું જણાયેલ છે. જેથી વાતાવરણીય કારણોસર/ચાંચીયાઓ દ્વારા અપહરણ થવાના કારણસર કે અન્ય કોઈ કારણોસર વહાણ/બોટ ગુમ થયા અંગેની તથા વહાણ/બોટ સાથેનો સંપર્ક ન થતો હોવા અંગેની જાણ કરવા અંગેની પ્રથા/નિયમો હોવા રાષ્ટ્રીય સુરક્ષાની બાબતે જરૂરી છે. તેમજ આવી ઘટનાઓ અટકી શકે તે માટે સમગ્ર ગીર સોમનાથ જિલ્લામાં આવેલ વહાણ/બોટ માલીકે જયારે પોતાનું વહાણ/બોટ માચ્છીમારી માટે દરીયામા જાય અને કોઈપણ કારણસર વહાણ/બોટ પરત આવવાની સંભવિત તારીખથી સતત સાત દિવસ સુધી સંપર્ક સ્થાપવા પ્રયાસ કરવા છતા સંપર્ક થતો ન હોય ત્યારે સંબંધીત તમામ સરકારી એજન્સીઓને જાણ કર્યા સીવાય બોટ દરીયાની અંદર ન જાય તેવુ જાહેરનામુ પ્રસિધ્ધ કરવા દરખાસ્ત રજુ થયેલ છે.

ગીર સોમનાથ જિલ્લો વિશાળ દરીયા કિનારો ધરાવે છે અને મોટા પ્રમાણમાં માચ્છીમારી માટે બોટો દરીયામાં જાય છે. જેથી બોટો સાથે જતા લોકોની સલામતી તથા સુરક્ષા માટે તકેદારીના પગલા લેવા આવશ્યક જણાતા હોય પોલીસ અધિક્ષકશ્રી, ગીર સોમનાથ જિલ્લો, વેરાવળ તરફથી કરાયેલ દરખાસ્ત વ્યાજબી જણાય છે.

આથી હું પી. બી. પંડયા, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ગીર સોમનાથ જિલ્લો, વેરાવળ ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ સત્તાની રૂઈએ આથી હુકમ કરૂ છું કે, ગીર સોમનાથ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં કોઈ બોટ માલીક અગર તો બોટ ભાડે રાખનાર કે અન્ય કોઈ બોટ દરીયામાં લઈ જનાર વ્યકિત બોટ દરીયામાં લઈ જાય અને કોઈપણ કારણસર વહાણ/બોટ પરત આવવાની સંભવિત તારીખથી સતત સાત દિવસ સુધી સંપર્ક સ્થાપવા પ્રયાસ કરવા છતા સંપર્ક થતો ન હોય તેવા સંજોગોમાં નિયત નમુનાના પત્રકની વિગતો સહની માહિતી સાથે નજીકના પોલીસ સ્ટેશન અને સબંધીત તમામ સરકારી એજન્સીઓને જાણ કરવી ફરજીયાત છે.

આ હુકમ બહાર પડયા તારીખથી દિન-૬૦ સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય દંડ સહીતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમની જાહેર જનતાને જાણ સંબંધીત કચેરીઓએ તેમના નોટિસ બોર્ડ પર, સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યા ઉપર નકલ ચોંટાડીને તથા માહિતી ખાતાએ વર્તમાન પત્રોમાં પ્રસિધ્ધી કરી કરવાની રહેશે. ગુજરાત પોલીસ એકટની કલમ-૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજ તારીખ : ૧૬ માહે મે-૨૦૧૭ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે જાહેર જનતાની જાણ તથા અમલવારી માટે આ હુકમ પ્રસિધ્ધ કરવામાં આવ્યો.

ગીર સોમનાથ, ૧૬ માહે મે, સને ૨૦૧૭.

**પી. બી. પંડયા,**
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
ગીર સોમનાથ જિલ્લો,
વેરાવળ.

---

**ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧) બી હેઠળ**

## જાહેરનામું

નાં. એમએજી/જાહેરનામું/૧૦૦૪૩/૨૦૧૭.-CASO/Assistant Commandant, Civil Airport, CISF Unit, ASG Porbandar ના પત્ર ક્રમાંક : PR/17019/CISF/ASG-PBR/QM/ARC-June/2017, dt. 09-05-2017 ના પત્રથી પોરબંદર તાલુકાના ઓડદર ગામે આવેલ પોલીસ ફાયરીંગ રેન્જના સ્થળે આગામી તા. ૦૬-૦૬-૨૦૧૭ અને તા. ૦૭-૦૬-૨૦૧૭ ના ૭.૦૦ થી ૧૩.૦૦ કલાક સુધી જાહેરનામું બહાર પાડવા દરખાસ્ત અત્રે કરેલ છે. ઉક્ત દરખાસ્ત ધ્યાને લેતા ફાયરીંગ સબબ સવાલવાળા સ્થળની આજુબાજુ અવર-જવર કરનારાઓને કોઈ નુકશાન ન થાય તે હેતુથી જાહેરનામું બહાર પાડવુ ઈષ્ટ જણાય છે.

સબબ હું, **એમ. એચ. જોષી**, જી.એ.એસ., **અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, પોરબંદર જિલ્લો, પોરબંદર**, સને. ૧૯૫૧ ના ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩(૧)બી હેઠળ મને મળેલ સત્તાની રૂઈએ તા. ૦૬-૦૬-૨૦૧૭ અને તા. ૦૭-૦૬-૨૦૧૭ ના ૭.૦૦ થી ૧૩.૦૦ સુધી પોરબંદર તાલુકાના ઓડદર ગામ તરફ રસ્તા નજીક દરિયા કિનારાના ફાયરીંગ બટ વિસ્તારમાં પૂર્વ ભાગે-૧ ફલાંગ, પશ્ચિમ ભાગે-૧ ફલાંગ, ઉત્તર ભાગે-૩ ફલાંગ, દક્ષિણ ભાગે-૧ ફલાંગ અને ત્યાંથી દરીયામાં ૫ (પાંચ) કિ.મી. સુધી રાહદારીઓને તેમજ વાહનો માટે તથા વ્યક્તિગત તેમજ વહાણ/બોટ લઈને જનાર માછીમારોએ અવરજવર કરવા ઉપરોક્ત સમય દરમ્યાન પ્રવેશબંધી ફરમાવું છું.

આ જાહેરનામાંના કોઈપણ ખંડનો ભંગ કે ઉલ્લંઘન કરનાર વ્યક્તિ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧માં જણાવેલ શિક્ષાને પાત્ર ઠરે છે.

આ જાહેરનામું આજરોજ તા. ૧૭-૦૫-૨૦૧૭ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે જાહેર જનતાની જાણ તથા અમલ માટે પ્રસિધ્ધ કર્યુ.

પોરબંદર, ૧૭ માહે મે, સને ૨૦૧૭.

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧) બી હેઠળ

## જાહેરનામું

નાં. એમએજી/જાહેરનામું/૧૧૫/૨૦૧૭/૧.-Lietenant Commander, Gunnery Officer, for Commanding Officer, INS Sardar Patel, Naval Base, Post Box No. 66 Porbandar ના પત્ર ક્રમાંક :/311/3, dt. 12-05-2017 ના પત્રથી પોરબંદર તાલુકાના રતનપુર-ઓડદર ગામે આવેલ પોલીસ ફાયરીંગ રેન્જના સ્થળે આગામી તા. ૧૫-૦૫-૨૦૧૭ ના ૭.૦૦ થી ૧૪.૦૦ કલાક સુધી જાહેરનામું બહાર પાડવા દરખાસ્ત અત્રે કરેલ છે. ઉક્ત દરખાસ્ત ધ્યાને લેતા ફાયરીંગ સબબ સવાલવાળા સ્થળની આજુબાજુ અવર-જવર કરનારાઓને કોઈ નુકશાન ન થાય તે હેતુથી જાહેરનામું બહાર પાડવુ ઈષ્ટ જણાય છે.

સબબ હું, **એમ. એચ. જોષી, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, પોરબંદર જિલ્લો, પોરબંદર**, સને. ૧૯૫૧ ના ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩(૧)બી હેઠળ મને મળેલ સત્તાની રૂઈએ તા. ૧૫-૦૫-૨૦૧૭ ના ૭.૦૦ થી ૧૪.૦૦ સુધી પોરબંદર તાલુકાના ઓડદર ગામ તરફ રસ્તા નજીક દરિયા કિનારાના ફાયરીંગ બટ વિસ્તારમાં પૂર્વ ભાગે-૧ ફલાંગ, પશ્ચિમ ભાગે-૧ ફલાંગ, ઉતર ભાગે-૩ ફલાંગ, દક્ષિણ ભાગે-૧ ફલાંગ અને ત્યાંથી દરીયામાં ૫ (પાંચ) કિ.મી. સુધી રાહદારીઓને તેમજ વાહનો માટે તથા વ્યક્તિગત તેમજ વહાણ/બોટ લઈને જનાર માછીમારોને અવરજવર કરવા ઉપરોક્ત સમય દરમ્યાન પ્રવેશબંધી ફરમાવું છું.

આ જાહેરનામાના કોઈપણ ખંડનો ભંગ કે ઉલ્લંઘન કરનાર વ્યક્તિ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૧૩૧માં જણાવેલ શિક્ષાને પાત્ર ઠરે છે.

આ જાહેરનામું આજરોજ તા. ૧૨-૦૫-૨૦૧૭ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે જાહેર જનતાની જાણ તથા અમલ માટે પ્રસિધ્ધ કર્યુ.

પોરબંદર, ૧૨ માહે મે, સને ૨૦૧૭.

**એમ. એચ. જોષી,**
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
પોરબંદર.

---

## જાહેરનામુ

નં.ડી.એમ.-૧/હ.જા./ઈ.નં.૨૧૬૭૪/૨૦૧૭.- આગામી મે/૨૦૧૭-જુન/૨૦૧૭ નાં માસ દરમિયાન તા. ૧૪-૦૫-૨૦૧૭ નાં રોજ સંકટ ચોથ. તા. ૨૮-૦૫-૨૦૧૭ નાં રોજ મહારાણા પ્રતાપ જયંતિ, તા. ૦૫-૦૬-૨૦૧૭નાં રોજ ગાયત્રી જયંતિ, તા. ૦૬-૦૬-૨૦૧૭નાં રોજ વટ સાવિત્રી વ્રત વિગેરે તહેવારો/ઉત્સવો ઉજવનારા હોય, આ દિવસોમાં કાયદો અને વ્યવસ્થા જાળવવા તથા આ તહેવારો દરમિયાન સુલેહ-શાંતિ જળવાય રહે તેમજ રાજ્યની વર્તમાન પરિસ્થિતિને અનુલક્ષીને અગમચેતીના પગલા લેવા અનિવાર્ય જણાતાં સમગ્ર ભાવનગર જિલ્લામાં લોકો જાહેરમાં તિક્ષ્ણ હથિયારો જેવા કે છરી, કુંહાડી, ધારીયા, તલવાર, ગુપ્તી, કુંડેલીવાળી લાકડીઓ, લોખંડના પાઈપ, ભાલા વિગેરે જેવા પ્રાણઘાતક હથિયારો લઈને હરે ફરે નહિ, તે માટે પ્રતિબંધ ફરમાવતું જાહેરનામું જાહેર શાંતિ અને સલામતી જાળવવા સારુ બહાર પાડવું જરૂરી જણાય છે.

સબબ, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૧) અન્વયે મને મળેલ અધિકારની રૂઈએ હું, આર. પી. ચૌધરી(જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ભાવનગર જિલ્લો, ભાવનગર, આથી જાહેર શાંતિ અને સલામતી જાળવવા સારૂ ફરમાવું છું કે કોઈએ નીચેની અનુસૂચિમાં દર્શાવેલ વિસ્તારમાં તા. ૧૮-૦૫-૨૦૧૭ થી તા. ૧૬-૦૬-૨૦૧૭ સુધી (બંન્ને દિવસો સુધ્ધા).

(ક) કોઈ વ્યકિત કે વ્યક્તિના સમુહ દ્વારા જાહેરમાં તિક્ષ્ણ હથિયારો જેવાં કે છરી, કુંહાડી, ધારીયા, તલવાર, ગુપ્તી, કુંડેલીવાળી લાકડીઓ, લોખંડના પાઈપ, ભાલા તથા દંડા, બંદુક, લાઠી અથવા શારીરિક ઈજા પહોંચાડી શકાય તેવી બીજી કોઈ ચીજવસ્તુઓ કે હથિયારો જાહેરમાં લઈ જવા નહિ.

(ખ) કોઈપણ જાહેર જગ્યામાં લોકોને શારીરીક નુકશાન કરે તેવા પદાર્થો તથા લાયસન્સ/પરમીટ વગર સ્ફોટક પદાર્થ લઈ જવા, લાવવા નહિ.

(ગ) પથ્થરો અથવા બીજા શસ્ત્રો અથવા ફેંકી શકાય તેવા કોઈ સાધન સામગ્રી કે યંત્રો જાહેરમાં એકઠા કરવા/તૈયાર કરવા તેમજ સભા/સરઘસની મંજુરી આપનાર સક્ષમ અધિકારીશ્રીની મંજુરી લીધા વગર સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલ લઈ જવી નહિ.

(ઘ) વ્યકિત કે વ્યકિતના જુથ દ્વારા કોઈ અન્ય વ્યકિત કે વ્યકિતના સમુહના શબ અથવા આકૃતિઓ કે પુતળા જાહેરમાં દેખાડવા નહિ.

**આ હુકમનો ખંડ (ક) નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહીં.**

(૧) સરકારી નોકરી કે કામ કરતી કોઈ વ્યક્તિને જો ત્યાંના ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથિયાર લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા આવું કોઈપણ હથીયાર લઈ જવાની તેની ફરજ હોય.

(૨) પોલીસ અધિક્ષકશ્રી અથવા તેણે અધિકૃત કરેલ પોલીસ અધિકારી કે જેને શારીરિક અશક્તિને કારણે લાકડી અથવા લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તે વ્યક્તિને.

(૩) જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી અથવા અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રીએ આ અર્થે ખાસ અધિકૃત કરે તેવી બીજી કોઈ વ્યક્તિને.

અનુસૂચિ :

ભાવનગર જિલ્લાનો સમગ્ર વિસ્તાર.

આ જાહેરનામાનો કોઈ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને ઓછામાં ઓછી ચાર મહિનાની અને વધુમાં વધુ એક વર્ષની કેદની સજા અને ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૫ (૧) મુજબ દંડની પણ સજા થશે.

''જાહેરનામાનો અમલ અને તેના ભંગ બદલના પગલા લેવા માટે ફરજ પરના કોઈપણ હેડ કોન્સ્ટેબલ તથા તેનાથી ઉપરના અધિકારીને અધિકાર રહેશે.''

આ જાહેરનામું ઉપર નિર્દિષ્ટ કરેલા વિસ્તારમાં સહેલાઈથી દેખી શકાય તેવી રીતે તેની નકલ ચોંટાડીને તેમજ સ્થાનિક વર્તમાનપત્રોમાં બહોળી પ્રસિધ્ધિ આપીને પ્રસિધ્ધ કરવાનું આથી હું ફરમાવું છું.

આજ તા. ૧૭-૦૫-૨૦૧૭ ના રોજ મારી સહી તથા સીક્કો માર્યો.

ભાવનગર, ૧૭ માહે મે, સને ૨૦૧૭.

**આર. પી. ચૌધરી,**
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
ભાવનગર.

---

**સંદર્ભ :** (૧) ૨૬ ગુજરાત બટાલીયન એન.સી.સી એમ.પી. શાહ આર્ટસ અને સાયન્સ કોલેજ, સુરેન્દ્રનગરના તા.૦૩-૦૫-૨૦૧૭ ના પત્ર ક્રમાંકઃ કયુ/૦૯/ ૨૬બીએન/૨૦૧૭.

## જાહેરનામું

ક્રમાંક : મજસ-૩/ફાયરીંગ બટ/જા.ના./૨૦૧૭/વ-૪૬૪૩ થી ૪૬૯૦/૧૭.-કમાન્ડીંગ ઓફિસરશ્રી, ૨૬ ગુજરાત બટાલીયન એન.સી.સી ના સંદર્ભવાળા પત્રથી સુરેન્દ્રનગર દ્વારા તા. ૧૭ મે, ૨૦૧૭ થી ૨૦ મે, ૨૦૧૭ સુધી એન.સી.સી કેડેટો ફયરીંગ પ્રેકટીસ રેન્જ કરાવવાનું હોવાથી તા. ૧૭-૦૫-૨૦૧૭ થી તા. ૨૦-૦૫-૨૦૧૭ દિન-૦૪ માટે ફાયરીંગ પ્રેકટીસ કરાવવાની હોવાથી ફાયરીંગ પ્રેકટીસ માટે જાહેરનામું પ્રસિધ્ધ કરવા દરખાસ્ત થઈ આવેલ છે.

આ ફાયરીંગ બટની આજુબાજુ વિસ્તારમાં ગોળીબારના સમયે અકસ્માત ન સર્જાય તે હેતુથી હરવા-ફરવા, વાહન લાવવા લઈ જવા, ઢોર-ઢાંખર ચારવા નીકળવા ઉપર ગામઃ સાંગાણી, તા. ચોટીલા ખાતે સરકારશ્રી તરફથી અત્રેના જિલ્લાને ફાયરીંગ માટે ફાળવેલ સાંગાણી સર્વે નં. ૬૧ પૈકીની હે. ૭-૧૩-૩૦ આરે વાળી પોલીસ ખાતાના નામ/કબજાવાળી જમીન (ફાયરીંગ બટ) વાળા વિસ્તારમાં પ્રતિબંધ લાદવો જરુરી જણાય છે.

વાસ્તે હું, ચંદ્રકાંત જી. પંડયા, (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, સુરેન્દ્રનગર જિલ્લો, સુરેન્દ્રનગર, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ એક્ષટેન્શન એમેન્ડમેન્ટ એકટ-૧૯૫૬ ની કલમ-૨ સાથે વાંચતા અમોને મળેલ અધિકારની રુએ તા. ૧૭-૦૫-૨૦૧૭ થી તા. ૨૦-૦૫-૨૦૧૭ દિન-૦૪ સુધી ગામઃ સાંગાણી, તા. ચોટીલા ખાતે સરકારશ્રી તરફથી અત્રેના જિલ્લાને ફાયરીંગ બટ માટે ફાળવેલ સાંગાણી સર્વે નં. ૬૧ પૈકીની હે. ૭-૧૩-૩૦ આરે વાળી પોલીસ ખાતાના નામ/કબજાવાળી જમીન (ફાયરીંગ બટ) વાળા વિસ્તારની આજુબાજુના ફરતા એક માઈલના વિસ્તારમાં ગોળીબારના સમયે અકસ્માત ન સર્જાય તે હેતુથી કોઈએ હરવા-ફરવા, વાહન લાવવા લઈ જવા, ઢોર-ઢાંખર ચારવા નીકળવા ઉપર પ્રતિબંધ ફરમાવુ છું.

આ હુકમનો ભંગ કરનાર મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ-૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજરોજ મારી સહી તથા કચેરીના મુદ્રા સાથે આ હુકમ જાહેર જનતાની જાણ માટે પ્રસિધ્ધ કરવામાં આવ્યું.

સુરેન્દ્રનગર, ૧૫ માહે મે, સને ૨૦૧૭.

**ચંદ્રકાંત જી. પંડયા,**
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
સુરેન્દ્રનગર જિલ્લો.

---

## પોલીસ કમિશ્નર દ્વારા

### ગુજરાત પોલીસ એકટ કલમ-૩૭ (ઈ) અન્વયે કાઢેલ હુકમ

## જાહેરનામુ

ક્રમાંક : એસબી/જાહેરનામું/૧૬૧૨/૨૦૧૭.-રાજકોટ શહેરમાં કોઈપણ પ્રકારની જાહેર સુલેહ શાંતીનો ભંગ ન થાય અને જાહેર શાંતી અને કાયદો પ્રત્યે માન જળવાઈ રહે તેમજ કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે નીચે જણવ્યા મુજબના નિયમોને આધિન રહીને જાહેરહીતમાં નીચેના કૃત્યોની મનાઈ કરવી જરૂરી છે.

દરેક માઈક સીસ્ટમવાળાએ અવાજના પ્રદુષણને અટકાવવા અંગે નામદાર સુપ્રિમ કોર્ટના વખતોવખતના ચુકાદાના નિર્દેશો તથા ગુજરાત પોલ્યશન કંટ્રોલ બોર્ડ, પર્યાવરણ ભવનના નં. ગુપ્રનિબોર્ડ/ નોઈસ/યુનીટ-૪/જન-પીએન-૫/૫૧૨૫૨/તા. ૧૪-૫-૨૦૧૦ થી ઘોંઘાટ ઉત્પન્ન કરતાં અને નિપજાવતાં શ્રોતોના નિયંત્રણ અને નિયમન માટે ભારત સરકારના પર્યાવરણ અને વન મંત્રાલય દ્વારા પર્યાવરણ (સુરક્ષા) અધિનિયમ ૧૯૮૬ની કલમ-૬ તથા ૨૫ હેઠળ ધ્વનિ પ્રદુષણ (નિયમન અને નિયંત્રણ) નિયમો-૨૦૦૦નું તા. ૧૪-ફેબ્રુઆરી-૨૦૦૦નું જાહેરનામું પ્રસિધ્ધ કરાયેલ છે. જેમાં તા. ૧૧-૧-૨૦૧૦ના રોજ આ નિયમોમાં સુધારો કરવામાં

આવેલ છે. જે પ્રમાણે ધ્વનિ પ્રદુષણ નિયમો-૨૦૦૦ અન્વયે ધ્વનિની માત્રાના ધોરણો નીચે મુજબ નક્કી કરવામાં આવેલ છે તેનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

**નોઈઝ સ્ટાન્ડર્ડ**

| એરીયા કોડ | વિસ્તાર | ડેસીબલ (DB(A)Leq | |
|---|---|---|---|
**ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે**

## હુકમ

નં. : એમએજી/સી/૨૬૨૩/૨૦૧૭.-પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢના પત્ર ક્રમાંક : સી/એલઆઈબી/જા.નામુ/૧૩૯૧/૧૭, તા. ૨૪-૦૫-૨૦૧૭ ના પત્રથી થઈ આવેલ દરખાસ્તની વિગતે, રાજયમાં પાટીદાર અનામત આંદોલન સંબંધેના બનેલા બનાવો, ગીર સોમનાથ જિલ્લાના ઉના તાલુકામાં થયેલ દલીત આંદોલન તેમજ સ્થાનીક કક્ષાએ બનતી બાબતોએ અવાર નવાર જિલ્લા તેમજ તાલુકા કક્ષાએ આવેલ વિવિધ સરકારી કચેરીઓ સમક્ષ, લોકો રજુઆતના બહાને માંગણીના કારણો દર્શાવી ઉપવાસ/ધરણા/દેખાવો/સુત્રોચ્ચાર જેવા કૃત્યો કરી પોતાનો વિરોધ દર્શાવતા હોય છે. સરકારી કચેરીના પરિસર તેમજ તેની આસપાસમાં બેસી જવાથી સફાઈના પ્રશ્નો ઉપસ્થિત થાય છે, ઘોંઘાટ થાય છે, સરકારી કચેરીઓની રોજીંદી કાર્યવાહીમાં રૂકાવટ ઉભી થતી હોય છે, તેઓ દ્વારા અતિક્રમણ કરી સરકારી કચેરીઓને બાનમાં લઈ અને સરકારી મિલ્કતને નુકશાન પહોંચાડતા હોય છે. આવા પ્રસંગે તેઓને ખસેડવા માટે બળનો ઉપયોગ કરવો પડે છે. જેને હિસાબે કાયદો અને વ્યવસ્થાના પ્રશ્નો ઉદભવે છે. જેથી તે બાબતોનુ નિયમન કરવા આવી પ્રવૃતિઓ નિવારી શકાય તે માટે ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ ની કલમ-૧૪૪ અન્વયે સમગ્ર જિલ્લામાં આવેલ તમામ સરકારી કચેરીઓની ૨૦૦ મીટરની ત્રિજયામાં આવતા વિસ્તારમાં નીચે મુજબના કૃત્યો કરવા માટે પ્રતિબંધ ફરમાવતુ જાહેરનામું પ્રસિધ્ધ કરવા દરખાસ્ત કરેલ છે. જે દરખાસ્ત વિચારણામાં લેતા વ્યાજબી અને ઉચિત જણાય છે.

સબબ,હું, જે. કે. ઠેસીયા, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, જુનાગઢ જિલ્લો, જુનાગઢ, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ ના નં. ૨)ની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ સત્તાની રૂએ, જુનાગઢ જિલ્લામાં આવેલ તમામ સરકારી કચેરીઓની ૨૦૦ મીટરની ત્રિજયામાં નીચે મુજબના કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ મુકવા હુકમ કરૂ છું.

(૧) કોઈએ ઉપવાસ ધરણા ઉપર બેસવું નહી.

(૨) જાહેર સુલેહશાંતિ જોખમાય તેવા સુત્રોચ્ચાર કરવા નહી.

(૩) કોઈ પણ વ્યકિતએ લાઠી અગર ઈજા થાય તેવા હથિયાર સાથે પ્રવેશ કરવો નહી.

(૪) કોઈ સ્ફોટક પદાર્થ અથવા આગ લાગે તેવા પદાર્થો સાથે રાખવા નહી.

(૫) ચાર કે તેથી વધુ માણસોએ ભેગા થવુ નહી કે અતિક્રમણ કરવુ નહી.

(૬) સરકારી કચેરી આસપાસ કે સરકારી કચેરીના પરિસરમાં ગંદકી/કચરો કરવો નહી.

આ હુકમ તા. ૨૯-૦૫-૨૦૧૭ થી દિવસ–૬૦ માટે અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમની જાહેર જનતાને જાણ સંબંધીત કચેરીઓએ તેમના નોટિસ બોર્ડ પર, સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યા ઉપર નકલ ચોટાડીને તથા માહિતી ખાતાએ વર્તમાન પત્રોમાં પ્રસિધ્ધી કરી કરવાની રહેશે.

આજ તારીખ ૨૫ માહે મે, સને-૨૦૧૭ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે જાહેર જનતાની જાણ તથા અમલવારી માટે આ હુકમ પ્રસિધ્ધ કરવામાં આવ્યો.

જુનાગઢ, ૨૫ માહે મે, સને ૨૦૧૭.

---

**ગુજરાત પોલીસ અધિનિયમ આંક-૨૨ની કલમ-૩૩ની(૧)બી હેઠળ**

## જાહેરનામું

નં. એમએજી/સી/ફાયરીંગ બટ/૨૬૨૪/૨૦૧૭.-આસીસ્ટન્ટ કમાંન્ડન્ટશ્રી, સી.આઈ.એસ.એફ. યુનીટ, દિવ એરપોર્ટએ તેઓના ફેકસ પત્ર નં. PR-11028/CISF/ASG (DIU)/ARC/QM/2017-

589, તા. ૧૫-૦૫-૨૦૧૭ થી સી.આઈ.એસ.એફ. સ્ટાફ, દિવના વાર્ષિક ફાયરીંગ લેવા માટે પોલીસ તાલીમ મહાવિદ્યાલય, જુનાગઢના 'બફેલ રેન્જ ફાયરીંગ બટ' ખાતે ફાયરીંગ પ્રેકટીસ માટે આગામી તા. ૨૬-૦૫-૨૦૧૭ ના દિવસ-૧ માટે જાહેરનામું પ્રસિધ્ધ કરવા અત્રે દરખાસ્ત રજુ કરેલ છે. આ સંદર્ભે નાયબ પોલીસ અધિક્ષક અને ઉપાચાર્યશ્રી, પોલીસ તાલીમ મહાવિદ્યાલય, જુનાગઢના પત્ર નં. સીબી-૩/એ/ફાયરીંગ બટ/૨૩૮૮/૨૦૧૭, તા. ૦૩-૦૫-૨૦૧૭ થી ઉક્ત ફાયરીંગ બટની તેઓને ફાળવણી કરેલ છે. તે પત્રની નકલ પણ રજુ કરેલ છે.

સબબ ઉપરોકત સમગ્ર વિગતે ઉકત ફાયરીંગ દરમ્યાન તે વિસ્તારમાં લોકો તથા વાહનોની અવર-જવર ભયજનક જણાતાં હું, જે. કે. ઠેસીયા, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, જુનાગઢ જિલ્લો, જુનાગઢ, સને-૧૯૫૧નાં ગુજરાત પોલીસ અધિનિયમની આંક-૨૨ની કલમ-૩૩(૧)(બી) હેઠળ મને મળેલ સત્તાની રૂએ તા. ૨૬-૦૫-૨૦૧૭ ના રોજ સવારે ૦૬-૩૦ થી સાંજના ૧૮-૩૦ કલાક સુધી પોલીસ તાલીમ મહાવિદ્યાલય, જુનાગઢનાં બફેલ રેન્જનાં આજુ-બાજુના ૧-કી.મી. વિસ્તારમાં રાહદારીઓને તેમજ વાહનોને ઉપરોકત સમય દરમ્યાન પ્રવેશબંધી ફરમાવું છું.

આજ તા. ૨૫, માહે મે-૨૦૧૭ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા કરી જાહેર જનતાની જાણ તથા અમલ થવા માટે પ્રસિધ્ધ કર્યું.

જુનાગઢ, ૨૫ માહે મે, સને ૨૦૧૭.

**જે. કે. ઠેસીયા,**
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
જુનાગઢ જિલ્લો, જુનાગઢ.

---

**ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ કાઢેલ હુકમ**

## જાહેરનામું

નં. એમએજી/સી/૧૮૭૩/૧૭.-પોલીસ અધિક્ષકશ્રી ગીર સોમનાથના પત્ર ક્રમાંક : એલઆઈબી/પે.પંપ./સીસીટીવી/જા.ના./૫૦૮/૧૭, તા. ૦૮-૦૫-૨૦૧૭ ના પત્રથી જણાવ્યા મુજબ ગીરસોમનાથ જિલ્લો કોસ્ટલ એરીયા ધરાવતો જિલ્લો છે અને બાર જ્યોર્તિલીંગ પૈકીનું એક સુપ્રસિધ્ધ સોમનાથ મંદિર આવેલ છે. તેમજ સુપ્રસિધ્ધ ધાર્મિક સ્થળ ત્રિવેણી સંગમ/દેહોત્સર્ગ/ગીતા મંદિર/તુલશીશ્યામ જેવા મોટા ધાર્મિક સ્થળો આવેલા છે. તેમજ આ જિલ્લામાં સુત્રાપાડા ખાતે જી.એચ.સી.એલ., કોડીનાર ખાતે અંબુજા સીમેન્ટ ફેકટરી અને વેરાવળ ખાતે ઈન્ડીયન રેયોન ફેકટરી જેવા ઔદ્યોગીક એકમો આવેલ છે. જે ઔદ્યોગીક એકમોમાં પરપ્રાંતના મજુરો/કર્મચારીઓ કામ કરે છે. આ ઉપરાંત ગીર સોમનાથ જિલ્લાની સરહદે જુનાગઢ, પોરબંદર, અમરેલી જિલ્લાઓ તેમજ કેન્દ્રશાષીત પ્રદેશ દિવ આવેલ છે અને કોસ્ટલ હાઈવે/નેશનલ હાઈવે તથા સ્ટેટ હાઈવે સાથે ગીર સોમનાથ જિલ્લો જોડાયેલ છે.

ગુપ્તચર સંસ્થાઓના વખતો વખતના અહેવાલો તથા અમદાવાદમાં ભુતકાળમાં બનેલ આંતકવાદી તત્વો દ્વારા અલગ-અલગ જગ્યાઓએ શ્રેણીબધ્ધ બોમ્બ ધડાકા કરી મોટી જાનહાની તેમજ મિલ્કતની હાની કરવામાં આવેલ છે. તેમજ રાજ્યમાં લુંટ, ધાડ તથા વાહન ચોરી જેવા મિલ્કત વિરૂધ્ધના ગુન્હાઓ બનતા હોય છે. આવી રાષ્ટ્ર વિરોધી પ્રવૃતી કરતી ગેંગ રાજયના હાઈ-વે/શહેરમાં લુંટ, ધાડ, વિગેરે જેવા ગંભીર ગુન્હાઓ આચરતા હોય છે.

આવા પ્રકારના ગુન્હાઓ કરતા ગુન્હેગારોને પકડવા સરળતા રહે અને તપાસ દરમ્યાન ગુન્હેગારને શોધી કાઢવા માટે તથા આવા બનાવોમાં આરોપીઓની ઓળખ થઈ શકે તે માટે તેમજ લોકોને સુરક્ષા પુરી પાડવાના હેતુથી ગીર સોમનાથ જિલ્લામાં આવેલ હાઈવે/શહેરના તમામ પેટ્રોલપંપ ઉપર સી.સી.ટી.વી. કેમેરા (નાઈટ વિઝન તથા હાઈ ડેફીનેશન) વીથ રેકોર્ડીંગ સિસ્ટમ રાખવા અંગે ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ જાહેરનામું પ્રસિધ્ધ કરવા દરખાસ્ત થઈ આવેલ છે.

ગીર સોમનાથ જિલ્લાના નાગરીકોની સલામતી જળવાઈ રહે, આવા પ્રકારના ગુના કરતા લોકોની ઓળખ મળી રહે, તેમજ ગુન્હાના મુળ સુધી પહોંચી સાચા આરોપીને પકડી શકાય તેમજ આવા ગુન્હાઓ બનતા નિવારી શકાય તે માટે પોલીસ અધિક્ષકશ્રી, ગીર સોમનાથ તરફથી કરાયેલ દરખાસ્ત વ્યાજબી જણાય છે.

આથી હું, પી. બી. પંડયા, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ગીર સોમનાથ જિલ્લો, વેરાવળ ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ ની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ સત્તાની રૂઈએ આથી હુકમ કરૂં છું કે, ગીર સોમનાથ જિલ્લામાં આવેલ હાઈવે ઉપર/શહેરોમાં આવેલ તમામ પેટ્રોલપંપ ખાતે આવનાર તમામ માણસોને સરળતાથી ઓળખી શકાય તે રીતે ઉક્ત સ્થળોએ સી.સી.ટી.વી. કેમેરા ગોઠવી ઉકત વિગતોનું રેકોર્ડીંગ કરવું. તેમજ આ ડેટા બેકઅપ ૩૦-દિવસ સુધી જાળવી રાખવો, તેમજ સલામતી વિષયક બાબતો સંભાળતી પોલીસ સહીતની કોઈ એજન્સી આવા ડેટાની માંગણી કરે ત્યારે બનતી ત્વરાએ ઉપલબ્ધ કરવો.

આ હુકમ બહાર પાડયા તારીખથી દિન-૬૦ સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમની જાહેર જનતાને જાણ સંબંધિત કચેરીઓએ તેમના નોટિસ બોર્ડ પર, સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યા ઉપર નકલ ચોંટાડીને તથા માહિતી ખાતાએ વર્તમાનપત્રોમાં પ્રસિધ્ધી કરી કરવાની રહેશે.

આજ, તારીખઃ ૧૭ માહે મે, સને–૨૦૧૭ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે જાહેર જનતાની જાણ તથા અમલવારી માટે આ હુકમ પ્રસિધ્ધ કરવામાં આવ્યો.

ગીર સોમનાથ, ૧૭ માહે મે, સને ૨૦૧૭.

**ફોજદારી કાર્યરીતિ આધિનિયમ-૧૯૭૩ની**
**કલમ-૧૪૪(૧) હેઠળ કાઢેલ હુકમ**

## જાહેરનામુ

નં. એમએજી/સી/૧૯૦૦/૨૦૧૭.-પોલીસ અધિક્ષકશ્રી, ગીર સોમનાથ જિલ્લો, વેરાવળના પત્ર ક્રમાંક સી/એલ.આઈ.બી./જા.નામુ./પ્રસિધ્ધ/૫૧૭/૨૦૧૭, તા. ૧૦-૦૫-૨૦૧૭ થી રજુ થયેલ વિગતો મુજબ ગીર સોમનાથ જિલ્લાના ઉના તાલુકાના મોટા સમઢીયાળા ગામે તા. ૧૧-૦૭-૨૦૧૬ના રોજ દલીતોને માર મારવાનો બનાવ બનેલ હતો. જે ઘટના સંદર્ભે ઉના પોલીસ સ્ટેશન ખાતે ગુ.ર.નં.ફ. ૧૨૭/૧૬, તા. ૧૧-૦૭-૨૦૧૬ના રોજ રજીસ્ટર થયેલ છે. તેમજ આ ઘટના બન્યા બાદ ઉના પોલીસ સ્ટેશન વિસ્તારમાં ઘર્ષણના વધુ બનાવો બનતા અન્ય ગુન્હાઓ પણ નોંધાયેલ છે તથા તા. ૧૫-૦૮-૨૦૧૬ના રોજ દલીતોની અસ્મિતા રેલી પરત જતી વખતે સામતેર ગામના તથા આજુબાજુના ગામના લોકોએ દલીતોની રેલી પસાર નહી થવા દેવા માટે તોફાનો કરેલ હોય, પોલીસ દ્વારા બળ પ્રયોગ કરવો પડેલ હતો.

આ બનાવના પ્રત્યાઘાત સમગ્ર ભારતમાં પડતા, જેના સમર્થનમાં દલીત સમાજના લોકોએ અલગ-અલગ શહેરોમાં રેલીઓ કાઢેલ તેમજ ફરીયાદીના નિવાસ સ્થાને પણ આશ્વાસન આપવા સારૂ અલગ-અલગ સંસ્થાઓ દ્વારા ખબર-અંતર પુછેલ. આ ગુન્હો દાખલ થયા બાદ ગુજરાત સરકારશ્રી દ્વારા ખાસ અદાલત નિમવામાં આવેલ છે તથા ખાસ સરકારી વકીલની નિમણુંક પણ કરવામાં આવેલ છે. તેમજ આ ગુન્હાની તપાસ સી.આઈ.ડી. ક્રાઈમને સોંપવા હુકમ થતા કુલ-૪૩ આરોપીઓને અટક કરવામાં આવેલ છે. આ આરોપીઓ વિરૂધ્ધ ચાર્જશીટ દાખલ કરવામાં આવેલ છે. તેમજ સ્પેશીયલ કોર્ટમાં કમિટ કરવામાં આવતા હાલ આ કેસ ચાલુ છે. આ કેસની જયારે-જયારે મુદત હોય ત્યારે આરોપીઓ તથા સાહેદોના સગાવાલા સહિત મોટી સંખ્યામાં તેઓના સમર્થનમાં કુટુંબીજનો તથા અન્ય લોકો નામ. ઉના કોર્ટ પરીસર ખાતે એકત્રિત થાય છે. જેથી જેથી અનિચ્છનિય બનાવો બનવાની પુરેપુરી શકયતા હોય, સુલેહ શાંતિનો ભંગ, બખેડો, હુલ્લડ અટકાવવા તથા કોઈ ચોક્કસ કોમની વ્યક્તિઓની લાગણીઓ ન દુભાય તેમજ કોઈ વ્યકિતની માનહાની ન થાય, કોઈ ધરણા કે દર્શન ન યોજાય અને સુલેહ-શાંતિનો ભંગ ન થાય તે માટે ઉના ખાતે નામ.કોર્ટના પરીસર તથા કોર્ટની આજુ-બાજુના વિસ્તારમાં તથા આદાલતની કાર્યવાહીમાં કોઈ વિક્ષેપ ન પડે તે સારૂ અને કાયદો વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે માટે સી.આર.પી.સી. કલમ-૧૪૪(૧) માટેનુ જાહેરનામુ બહાર પાડવા પોલીસ અધિક્ષકશ્રી, ગીર સોમનાથ તરફથી દરખાસ્ત રજુ થયેલ છે. જે વ્યાજબી જણાય છે.

આથી હું, પી. બી. પંડયા, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ગીર-સોમનાથ જિલ્લો, વેરાવળ, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ ના નં. ૨) ની કલમ-૧૪૪(૧) હેઠળ મને મળેલ સત્તાની રૂઈએ હુકમ કરૂ છું કે, ઉના ખાતે નામ. કોર્ટના પરીસર તથા કોર્ટની આજુ-બાજુના ૨૦૦ મીટર વિસ્તારમાં સુલેહ શાંતિનો ભંગ થાય, બખેડો થાય, હુલ્લડ થાય તથા કોઈ ચોક્કસ કોમની વ્યકિતઓની લાગણીઓ દુભાય તેમજ કોઈ વ્યકિતની માનહાની થાય તેમજ સુલેહ-શાંતિનો ભંગ થાય તથા અદાલતની કાર્યવાહીમાં કોઈ વિક્ષેપ પડે તેવું કૃત્ય કોઈપણ વ્યકિતએ કરવું નહી. તેમજ કોઈપણ પ્રકારના ધરણા કે પ્રદર્શન કરવા નહી.

આ જાહેરનામુ તા. ૧૮-૦૫-૨૦૧૭ થી ત. ૧૭-૦૭-૨૦૧૭ સુધી અમલમાં રહેશે.

આ જાહેરનામુ સરકારી ફરજ ઉપર રોકાયેલ કર્મચારીઓ, સરકારી કાર્યક્રમો, લગ્નના વરઘોડા, અંતિમયાત્રા તેમજ સક્ષમ અધિકારીશ્રીની પરવાનગી મેળવનારને લાગુ પડશે નહી.

આ જાહેરનામાનો ભંગ કરનાર વ્યકિત ઈ.પી.કો.ની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ જાહેરનામાની જાહેર જનતાને જાણ સંબંધીત કચેરીઓએ તેમના નોટિસ બોર્ડ પર, સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યા ઉપર નકલ ચોટાડીને તથા માહિતી ખાતાએ વર્તમાનપત્રોમાં પ્રસિધ્ધી કરી કરવાની રહેશે. ગુજરાત પોલીસ એકટની કલમ–૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ જાહેરનામાની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજ તા. ૧૮ માહે મે, સને ૨૦૧૭ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે જાહેર જનતાની જાણ તથા અમલવારી માટે આ જાહેરનામુ પ્રસિધ્ધ કરવામાં આવ્યું.

ગીર-સોમનાથ, ૧૮ માહે મે, સને ૨૦૧૭.

**પી. બી. પંડયા,**
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
ગીર-સોમનાથ જિલ્લો,
વેરાવળ.

---

## જાહેરનામુ

નં. ડી.એમ.-૧/રમઝાન માસ/જા.ના/૨૩૦૯૮/૨૦૧૭.- આગામી તા. ૨૭-૦૫-૨૦૧૭ થી તા. ૨૬-૦૬-૨૦૧૭ સુધી મુસ્લીમ સમાજનો પવિત્ર 'રમઝાન માસ'ની ઉજવણી થનાર છે. ભાવનગર શહેરમાં દીવાનપરા રોડ પર આવેલ રૂવાપરી પો.ચોકી સામે રેડ ક્રોસથી જોગીવાડની ટાંકી સુધીમાં ત્રણ મસ્જિદો આવેલ છે. તેમજ આ રોડ ઉપર બંને સાઈડમાં ખાણી-પીણીની તેમજ અન્ય ખરીદી માટેની દુકાનો આવેલ છે. આ રોડ ઉપર રમઝાન માસ દરમ્યાન સાંજની નમાઝ પુરી થાય ત્યારે તેમજ સાંજના સમયે ખરીદી માટે લોકોનો ખુબ જ ઘસારો રહેતો હોય, જેથી આ વિસ્તારમાં ટ્રાફિક નિયમન જળવાઈ રહે અને અકસ્માત નિવારી શકાય તે સારૂ તા. ૨૭-૦૫-૨૦૧૭ થી તા. ૨૬-૦૬-૨૦૧૭ સુધી દરરોજ દિવસના ક. ૧૭-૩૦ થી રાત્રીના ક. ૨૦-૦૦ દરમ્યાન રેડક્રોસથી જોગીવાડની ટાંકી તથા જોગીવાડની ટાંકીથી

રેડક્રોસ સુધી બંને સાઈડ તરફથી આવતા ફોર વ્હીલ તથા ભારે વાહનોનાં પ્રવેશ પર પ્રતિબંધ ફરમાવતું જાહેરનામું પ્રસિધ્ધ કરવાની જરૂર જણાતી હોઈ, મુંબઈ પોલીસ અઈધનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧)(બી) નીચે મને મળેલ અઈધકારની રૂઈએ હું, આર. પી. ચૌધરી, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ભાવનગર જિલ્લો, ભાવનગર તા. ૨૭-૦૫-૨૦૧૭ થી તા. ૨૬-૦૬-૨૦૧૭ સુધી દરરોજ દિવસના ક. ૧૭-૩૦ થી રાત્રીના ક. ૨૦-૦૦ દરમ્યાન રેડક્રોસથી જોગીવાડની ટાંકીથી રેડક્રોસ સુધી બંને સાઈડ તરફથી આવતા ફોર વ્હીલ તથા ભારે વાહનોનાં પ્રવેશ પર પ્રતિબંધ જાહેર કરૂં છું.

આ હુકમ/જાહેરનામાનો ભંગ/ઉલ્લંઘન કરનારને મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧ મુજબ શિક્ષા થશે.

''જાહેરનામાના અમલ તથા તેના ભંગ બદલ પગલા લેવા ફરજ પરના કોઈપણ હેડકોન્સ્ટેબલને અધિકાર રહેશે.''

ઉપર જણાવેલ સ્થળે આ જાહેરનામાની નકલો ચોંટાડીને તથા વર્તમાનપત્રો મારફત આ જાહેરનામાની બહોળી પ્રસિધ્ધી કરાવવી.

આજ તા. ૨૫-૦૫-૨૦૧૭ના રોજ મારી સહી તથા કચેરીના સીક્કા કરી જાહેર જનતાની જાણ માટે જાહેરનામું બહાર પાડવામાં આવે છે.

ભાવનગર, ૨૫ માહે મે, સને ૨૦૧૭.

**આર. પી. ચૌધરી,**
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
ભાવનગર.

---

## સંયુક્ત વાણિજ્યિકવેરા કમિશ્નર દ્વારા

વંચાણમાં લીધું :

(૧) નાયબ વાણિજ્યિકવેરા કમિશ્નરશ્રી, વર્તુળ-૧૪, ભરૂચના પત્ર ક્રમાંક : ના.ક./વ-૧૪/ભરૂચ વ્યવસ્થા/ગુમ થયેલ સી ફોર્મ/૨૦૧૫-૧૬/જા.નં.-૧૧૪૪/૪૫, તા. ૦૮-૦૬-૨૦૧૬.

(૨) વાણિજ્યિકવેરા અધિકારી (૪), અંકલેશ્વર, ઘટક-૫૬ ના પત્ર ક્રમાંક નંબર : વા.વે.અ.-(૪)/અંકલેશ્વર/ઘ. ૫૬//સી-ફોર્મ/૨૦૧૬-૧૭, જા. નં. ૪૬૯૯, તા. ૦૭-૦૬-૨૦૧૬.

(૩) વેપારીશ્રી મે. લુના કેમીકલ્સ ઈન્ડસ્ટ્રીઝ પ્રા. લી., નો. નંબર ૨૪૨૧૧૩૦૦૨૦૯, કેન્દ્રીય નો. નંબર ૨૪૭૧૧૩૦૦૨૦૯, તા. ૧૨-૦૨-૨૦૧૬ની અરજી.

## જાહેરનામું

ક્રમાંક : સંવાવેક/વિ-૬/વડદ/ફોર્મસેલ/ધા. ફોર્મ ૨૬/૨૦૧૭-૧૮/જા. ૮૦૭/૨૩.-વાણિજ્યિકવેરા અધિકારી-(૪), ઘટક-૫૬, અંકલેશ્વરના ક્ષેત્રાધિકાર હેઠળના નીચે દર્શાવેલ વેપારીશ્રી મે. લુના કેમીકલ્સ ઈન્ડસ્ટ્રીઝ પ્રા. લી., અંકલેશ્વર કે જેઓ સ્થાનિક કાયદા હેઠળ ટીન નં. ૨૪૨૧૧૩૦૦૨૦૯ અને કેન્દ્રીય કાયદા હેઠળ નો. નં. ૨૪૭૧૧૩૦૦૨૦૯ ધરાવે છે. તેઓને ઈસ્યુ કરવામાં આવેલ ''સી'' ફોર્મ નંબર ૨૪-૭૭૨૪૦૧, કુલ પાન-૧ ગુમ થયેલ છે. જેથી વંચાણે લીધા ક્રમાંક-(૧), (૨) અને (૩) અન્વયે નીચે જણાવેલ વેપારીશ્રીના તેમના નામ સામે દર્શાવ્યા મુજબના ''સી'' ફોર્મ નંબર તથા પાન જે ખોવાયેલ છે તે રદ કરવાનુ ઠરાવું છું.

| અ.નં. | વેપારીનું નામ | નોંધણી નંબર | રદ કરવાપાત્ર સી ફોર્મ નંબર | રદ કરવાના કારણો | રદ કરવાપાત્ર પાન |
|---|---|---|---|---|---|
| ૧ | મે. લુના કેમીકલ ઈન્ડસ્ટ્રીઝ પ્રા. લી., અંકલેશ્વર | ટીન નંબર ૨૪૨૧૧૩૦૦૨૦૯ કેન્દ્રીય નંબર ૨૪૭૧૧૩૦૦૨૦૯ | ૨૪-૭૭૯૨૪૦૧ | ખોવાઈ જવાથી | કુલ પાન-૦૧ (એક) |

આથી હું, સી. બી.. પટેલ, સંયુક્ત વાણિજ્યિકવેરા કમિશ્નર, વિભાગ-૬, વડોદરા, કેન્દ્રીય વેચાણવેરા અધિનિયમ-૧૯૭૦ ના નિયમ-૪ (એ) ના પેટા નિવયમ-૭ અન્વયે મને મળેલ સત્તાની રૂએ ઉપરોક્ત દર્શાવેલ ''સી'' ફોર્મ રદ કરવા ઠરાવું છું.

વડોદરા, ૧૭ માહે મે, સને ૨૦૧૭.

**સી. બી. પટેલ,**
સંયુક્ત વાણિજ્યિકવેરા કમિશ્નર,
વિભાગ-૬, વડોદરા.

## જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ દ્વારા

### નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : નધણ/૦૧/ક-૨/ક-૨/૧૩૦/૪૨૪/૨૦૧૭.- જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ભુજ-કચ્છ, આથી જાહેર કરે છે કે, શ્રી કચ્છ જિલ્લા મજુર સહકારી સંઘ લી., મુ. : ભુજ, તાલુકો : ભુજ, જિલ્લો : ભુજ-કચ્છને સને ૧૯૬૨ના ગુજરાત કાયદા-૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને-૧૯૬૧) ની કલમ-૯ મુજબ આજરોજ નોંધવામાં આવી છે.

નોંધણી નંબર : નધણ/કેટીએચ/''ઉ''(જી) ૧૫૩૦૮, તા. ૧૬-૦૫-૨૦૧૭.

ભુજ-કચ્છ, ૧૬ માહે મે, સને ૨૦૧૭.

---

### નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : નધણ/૦૧/ક-૨/ક-૨/૮૨/૪૨૬/૨૦૧૭.-જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ભુજ-કચ્છ, આથી જાહેર કરે છે કે, શ્રી કોટડા રોહા મહિલા દુધ ઉત્પાદક સહકારી મંડળી લી., મુ. : કોટડા રોહા, તાલુકો : નખત્રાણા, જિલ્લો : ભુજ-કચ્છને સને ૧૯૬૨ના ગુજરાત કાયદા-૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને-૧૯૬૧) ની કલમ-૯ મુજબ આજરોજ નોંધવામાં આવી છે.

નોંધણી નંબર : નધણ/કેટીએચ/''સે''(દુ) ૪૫૫૨૫, તા. ૩૧-૦૩-૨૦૧૭.

ભુજ-કચ્છ, ૩૧ માહે માર્ચ, સને ૨૦૧૭.

**કે. એ. પટેલ,**
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
ભુજ-કચ્છ.

---

વંચાણે લીધા :

(૧) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ તથા ૧૦૮ હેઠળની જોગવાઈ.

(૨) ગુજરાત સરકારશ્રીના કૃષિ અને સહકાર વિભાગના જાહેરનામાં ક્રમાંક : જીએચકેએચ/૬૨/૨૦૧૧/નસબ/૧૨/૨૦૦૨/૩૦૧૧/છ, તા. ૨૧-૦૭-૨૦૧૧.

(૩) અત્રેની કચેરીના આદેશ ક્રમાંક : ફડચ/ગ-૨/૩૦૯/૨૦૧૬, તા. ૧૯-૧૨-૨૦૧૬ થી મંડળીને ફડચામાં લઈ જવાનો વચગાળા આદેશ.

### અંતિમ આદેશ

ક્રમાંક : ફડચ/ગ-૨/૧૦૧/૨૦૧૭.-આથી હું ટી. સી. તીરથાણી, જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, રાજકોટ, ઉપર વંચાણે લીધેલ ક્રમ-૨ વાળા જાહેરનામાથી મળેલ અધિકાર અને સત્તાની રૂઈએ તેમજ આમુખમાં જણાવેલ વિગતો ધ્યાને લઈને,

શ્રી રીલીફ ક્રેડીટ કો-ઓપરેટીવ સોસાયટી લી., મુ.તા.જિ. રાજકોટ (નોંધણી નંબર :- સે-૨૯૭૧૭, તા. ૩૦-૦૪-૧૯૯૯) ના ગુજરાત સહકારી મંડળીઓનાં અધિનિયમ-૧૯૬૧ ની કલમ-૧૦૭ અન્વયે ફડચામાં લઈ જવાના વચગાળાના આદેશને, આજ કાયદાની કલમ-૧૦૮(૧) અન્વયે કાયમી રાખતો આદેશ આપું છું અને ફડચા અધિકારી તરીકે સહકારી અધિકારીશ્રી (ફડચો)-૨, લગત જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, રાજકોટની નિમણૂંક કરૂ છું. જે અન્વયે સદરહુ મંડળીના ફડચા અધિકારીએ મંડળીની ફડચાની તમામ કામગીરી નિયત મુદતમાં પૂર્ણ કરવી.

રાજકોટ, ૨૬ માહે મે, સને ૨૦૧૭.

---

### નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : નધણ/જ-૨/૨૫૫/૨૦૧૭.-જાહેર કરે છે કે, શ્રી પરીવાર ક્રેડીટ કો-ઓપરેટીવ સોસાયટી લી., મર્યાદિત સ્થળ : રાજકોટ, તાલુકો : રાજકોટ, જિલ્લો : રાજકોટ, સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો-૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

રાજકોટ, ૨૫ માહે મે, સને ૨૦૧૭.

**ટી. સી. તીરથાણી,**
જિલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
રાજકોટ.

---

વંચાણે લીધા :

(૧) સરકારીશ્રીનાં કૃષિ અને સહકાર વિભાગનાં જાહેરનામા ક્રમાંક : જી.એચ.કે.એચ./૨૦૧૧/એન.એસ.બી./૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ, તા. ૨૧-૦૭-૨૦૧૧

(૨) સબ ઓડીટર (વ.વિ.), સ. મં., સુરેન્દ્રનગર, ઓડીટ અહેવાલ નં. અષણ/૧૪૮/૨૦૧૨, તા. ૩૧-૦૭-૨૦૧૨

(૩) અત્રેની કચેરીના તા. ૮-૯-૨૦૧૪ ના પત્ર ક્રમાંક ફડચ/ ગ-૨/૧૭૩૨ થી ૧૭૪૦/૨૦૧૪.

(૪) ફડચા અધિકારીશ્રીની તા. ૨૮-૨-૨૦૧૭ ની દરખાસ્ત.

(૫) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ–૧૯૬૧ ની કલમ-૨૦ ની જોગવાઈઓ.

## આદેશ

ક્રમાંક : ફડચ/ગ-૨/૬૧૯/૨૭૨૭/૨૦૧૭.-શ્રી નાના મઢાદ જુથ સેવા સહકારી મંડળી લી., મુ. નાના મઢાદ, તા. વઢવાણ, જિ.સુરેન્દ્રનગર કે જેનો નોંધણી નં. ખે ૩૨૨૧૭, તા. ૭-૩-૨૦૦૨થી સહકારી કાયદા હેઠળ નોંધાયેલી સહકારી મંડળી છે. જેને વંચાણે લીધેલ ક્રમ-૩નાં આદેશથી કલમ ૧૦૭ અન્વયે ફડચામાં લઈ જવામાં આવેલ છે. જેની ફડચા કામગીરી મંડળીનાં ફડચા અધિકારીએ પુર્ણ કરી વંચાણે લીધેલ ક્રમ ૪ થી નોંધણી રદ કરવા અને ફડચા કામગીરી સમાપ્ત કરવા દરખાસ્ત કરેલ છે.

સબબ ઉપરોક્ત વિગતો ધ્યાને લઈ ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧ ની કલમ-૧૧૪ અન્વયે મંડળીની ફડચા કામગીરી સમાપ્ત કરવામાં આવે છે અને આ જ કાયદાની કલમ-૨૦ અન્વયે મંડળીની નોંધણી રદ કરવામાં આવે છે.

સુરેન્દ્રનગર, ૨૬ માહે મે, સને ૨૦૧૭.

**આર. એ. મકવાણા,**
જિલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
સુરેન્દ્રનગર.

---

## મદદનીશ જિલ્લા રજીસ્ટ્રાર (હાઉસીંગ), સહકારી મંડળીઓ દ્વારા

વંચાણે લીધા :

(૧) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ ની કલમ-૧૦૭ ની જોગવાઈઓ.

(૨) સરકારશ્રીના કૃષિ અને સહકાર વિભાગના જાહેરનામા ક્રમાંક : જી.એચ.કે.એચ./૫૧/૨૦૦૫/એન.એસ.બી./૧૨/૨૦૦૨/ ૩૦૧૧/સી.એચ., તા. ૨૧-૦૭-૨૦૧૧.

(૩) આ કચેરીના પત્ર ક્રમાંક : ધરમ/૦૧/ગ-૧/૧૫૦/૨૦૧૭, તારીખ : ૧૭-૦૪-૨૦૧૭ વાળો મંડળીને ફડચામાં લઈ જવાનો વચગાળાનો આદેશ.

## અંતિમ આદેશ

ક્રમાંક : ધરમ/૦૧/ગ-૧/૨૦૩/૨૦૧૭.-આથી હું જે. ડી. નાયી, મદદનીશ જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ (હાઉસીંગ), ભુજ-કચ્છ, ઉપરોક્ત વંચાણ ક્રમ-૧ ની જોગવાઈઓને ધ્યાને રાખી વંચાણ ક્રમ-૨ વાળા જાહેરનામાથી મળેલ સત્તા અન્વયે શ્રી સ્વામીનારાયણ કો. ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લી., મુ. : ગાંધીધામ, તાલુકો : ગાંધીધામ-કચ્છ કે જે સને-૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ હેઠળ નોંધણી ક્રમાંક : ઘ-૨૦૬૨૯ તારીખ : ૧૮-૦૧-૨૦૦૩ થી નોંધાયેલી છે. તેને તેજ કાયદાની કલમ-૧૦૭(૧)(એ) હેઠળ ફડચામાં લઈ જવા માટે ઉક્ત વંચાણ ક્રમ-૩ વાળા હુકમથી ફડચાનો વચગાળાનો આદેશ કરવામાં આવેલ. આ હુકમમાં દર્શાવેલ સમયગાળા દરમ્યાન કોઈ રજુઆત ન મળતાં સદર મંડળીને તેજ કાયદાની કલમ-૧૦૭(૩) હેઠળ ફડચાનો હુકમ કરવામાં આવે છે અને સદર મંડળીના ફડચા અધિકારી તરીકે સહકારી અધિકારી (ફડચો), લગત જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ભુજ-કચ્છની આથી નિમણુંક કરવામાં આવે છે અને ફડચા અધિકારીશ્રીએ ફડચાની કામગીરી નિયત મુદતમાં પુર્ણ કરવા આથી જણાવવામાં આવે છે.

ભુજ-કચ્છ, ૨૩ માહે મે, સને ૨૦૧૭.

---

વંચાણે લીધા :

(૧) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ ની કલમ-૧૦૭ ની જોગવાઈઓ.

(૨) સરકારશ્રીના કૃષિ અને સહકાર વિભાગના જાહેરનામા ક્રમાંક : જી.એચ.કે.એચ./૫૧/૨૦૦૫/એન.એસ.બી./૧૨/૨૦૦૨/ ૩૦૧૧/સી.એચ., તા. ૨૧-૦૭-૨૦૧૧.

(૩) આ કચેરીના પત્ર ક્રમાંક : ધરમ/૦૧/ગ-૧/૧૫૧/૨૦૧૭, તારીખ : ૧૭-૦૪-૨૦૧૭ વાળો મંડળીને ફડચામાં લઈ જવાનો વચગાળાનો આદેશ.

## અંતિમ આદેશ

ક્રમાંક : ધરમ/૦૧/ગ-૧/૨૦૪/૨૦૧૭.-આથી હું જે. ડી. નાયી, મદદનીશ જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ (હાઉસીંગ),

ભુજ-કચ્છ, ઉપરોકત વંચાણ ક્રમ-૧ ની જોગવાઈઓને ધ્યાને રાખી વંચાણ ક્રમ-ર વાળા જાહેરનામાથી મળેલ સત્તા અન્વયે શ્રી જબલેશ્વર ગૃહ નિર્માણ સહકારી મંડળી લી., મુ. : ભુજ, તાલુકો : ભુજ-કચ્છ કે જે સને-૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ હેઠળ નોંધણી ક્રમાંક : ઘ-૬૯૦૬ તારીખ : ૨૧-૦૭-૧૯૭૮ થી નોંધાયેલી છે. તેને તેજ કાયદાની કલમ-૧૦૭(૧)(એ) હેઠળ ફડચામાં લઈ જવા માટે ઉકત વંચાણ ક્રમ-૩ વાળા હુકમથી ફડચાનો વચગાળાનો આદેશ કરવામાં આવેલ. આ હુકમમાં દર્શાવેલ સમયગાળા દરમ્યાન કોઈ રજુઆત ન મળતાં સદર મંડળીને તેજ કાયદાની કલમ-૧૦૭(૩) હેઠળ ફડચાનો હુકમ કરવામાં આવે છે અને સદર મંડળીના ફડચા અધિકારી તરીકે સહકારી અધિકારી (ફડચો), લગત જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ભુજ-કચ્છની આથી નિમણુંક કરવામાં આવે છે અને ફડચા અધિકારીશ્રીએ ફડચાની કામગીરી નિયત મુદતમાં પુર્ણ કરવા આથી જણાવવામાં આવે છે.

ભુજ-કચ્છ, ૨૩ માહે મે, સને ૨૦૧૭.

---

વંચાણે લીધા :

(૧) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ ની કલમ-૧૦૭ ની જોગવાઈઓ.

(૨) સરકારશ્રીના કૃષિ અને સહકાર વિભાગના જાહેરનામા ક્રમાંક : જી.એચ.કે.એચ./૫૧/૨૦૦૫/એન.એસ.બી./૧૨/૨૦૦૨/ ૩૦૧૧/સી.એચ., તા. ૨૧-૦૭-૨૦૧૧.

(૩) આ કચેરીના પત્ર ક્રમાંક : ધરમ/૦૧/ગ-૧/૧૪૯/૨૦૧૭, તારીખ : ૧૭-૦૪-૨૦૧૭ વાળો મંડળીને ફડચામાં લઈ જવાનો વચગાળાનો આદેશ.

## અંતિમ આદેશ

ક્રમાંક : ધરમ/૦૧/ગ-૧/૨૦૫/૨૦૧૭.-આથી હું જે. ડી. નાયી, મદદનીશ જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ (હાઉસીંગ), ભુજ-કચ્છ, ઉપરોકત વંચાણ ક્રમ-૧ ની જોગવાઈઓને ધ્યાને રાખી વંચાણ ક્રમ-૨ વાળા જાહેરનામાથી મળેલ સત્તા અન્વયે શ્રી મહાવીર કો. ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લી., મુ. : ભુજ, તાલુકો : ભુજ-કચ્છ કે જે સને-૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ હેઠળ નોંધણી ક્રમાંક : ઘ-૮૮૮૫, તારીખ : ૧૬-૧૧-૧૯૮૧ થી નોંધાયેલી છે. તેને તેજ કાયદાની કલમ-૧૦૭(૧)(એ) હેઠળ ફડચામાં લઈ જવા માટે ઉકત વંચાણ ક્રમ-૩ વાળા હુકમથી ફડચાનો વચગાળાનો આદેશ કરવામાં આવેલ. આ હુકમમાં દર્શાવેલ સમયગાળા દરમ્યાન કોઈ રજુઆત ન મળતાં સદર મંડળીને તેજ કાયદાની કલમ-૧૦૭(૩) હેઠળ ફડચાનો હુકમ કરવામાં આવે છે અને સદર મંડળીના ફડચા અધિકારી તરીકે સહકારી અધિકારી (ફડચો), લગત જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ભુજ-કચ્છની આથી નિમણુંક કરવામાં આવે છે અને ફડચા અધિકારીશ્રીએ ફડચાની કામગીરી નિયત મુદતમાં પુર્ણ કરવા આથી જણાવવામાં આવે છે.

ભુજ-કચ્છ, ૨૩ માહે મે, સને ૨૦૧૭.

---

## નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : નધણ/૦૧/ગ-૧/૧૯૯/૪૨૫/૨૦૧૭.-મદદનીશ જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ (હાઉસીંગ), ભુજ-કચ્છ, આથી જાહેર કરે છે કે, શ્રી આસ્થા હોમ્સ કો-ઓપરેટીવ હાઉસીંગ (લીઝ હોલ્ડ) સોસાયટી લી., મુ. ગાંધીધામ, તાલુકો : ગાંધીધામ, જિલ્લો : ભુજ-કચ્છને સને ૧૯૬૨ના ગુજરાત કાયદા-૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને-૧૯૬૧) ની કલમ-૯ મુજબ આજરોજ નોંધવામાં આવી છે.

નોંધણી નંબર-કેટીએચ "ઘ" ૨૫૦૧૩, તા. ૨૨-૦૫-૨૦૧૭.

ભુજ-કચ્છ, ૨૨ માહે મે, સને ૨૦૧૭.

**જે. ડી. નાયી,**
મદદનીશ જિલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ (હાઉસીંગ),
ભુજ-કચ્છ

---

વંચાણે લીધા :

(૧) સરકારીશ્રીનાં કૃષિ અને સહકાર વિભાગનાં જાહેરનામા ક્રમાંક : જી.એચ.કે.એચ./૨૦૧૧/એન.એસ.બી./૧૨/૨૦૦૨/ ૩૦૧૧/ચ, તા. ૨૧-૦૭-૨૦૧૧.

(૨) જિલ્લા રજીસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ, સુરેન્દ્રનગરની કચેરીનાં આદેશ ક્રમાંક : ફડચ/ગ-૨/૯૩૩/૨૦૦૯, તા. ૦૪-૦૯-૨૦૦૯.

(૩) ફડચા અધિકારીશ્રીડ નં ૧, લગત જિલ્લા રજીસ્ટ્રાર, સ.મં., સુરેન્દ્રનગરની તા. ૧૭-૦૧-૨૦૧૫ ની દરખાસ્ત તથા તા. ૨૩-૦૩-૨૦૧૫ તથા તા. ૦૫-૦૫-૨૦૧૭નો પત્ર

(૪) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ–૧૯૬૧ ની કલમ-૨૦ ની જોગવાઈઓ

## હુકમ

ક્રમાંક : ફડચ/હાઉસીંગ/૧૨૫/૨૭૪૧/૨૦૧૭.-શ્રી કૈલાશનગર કો-ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લી., મુ. સુરેન્દ્રનગર, તા. વઢવાણ, જિ. સુરેન્દ્રનગર, જેનો નોંધણી નં. ઘ ૧૨૭૧ તા. ૨૯-૦૪-૧૯૬૫ થી સહકારી કાયદા હેઠળ નોંધાયેલી સહકારી મંડળી છે. જેને વંચાણે લીધેલ ક્રમ-૨નાં આદેશથી કલમ ૧૦૭ અન્વયે ફડચામાં લઈ જવામાં આવેલ છે. જેની ફડચા કામગીરી મંડળીનાં ફડચા અધિકારીએ પુર્ણ કરી વંચાણે લીધેલ ક્રમ ૩ થી નોંધણી રદ કરવા અને ફડચા કામગીરી સમાપ્ત કરવા દરખાસ્ત કરેલ છે.

સબબ ઉપરોકત વિગતો ધ્યાને લઈ ગુજરાત સહકારી મંડળી અધિનિયમ ૧૯૬૧ ની કલમ ૧૧૪ અન્વયે મંડળીની ફડચા કામગીરી સમાપ્ત કરવામાં આવે છે અને આ જ કાયદાની કલમ ૨૦ અન્વયે મંડળીની નોંધણી રદ કરવામાં આવે છે.

સુરેન્દ્રનગર, ૨૫ માહે મે, સને ૨૦૧૭.

**જે. ડી. નાચી,**
મદદનીશ જિલ્લા રજીસ્ટ્રાર,
સ.મં. (હાઉસીંગ), ભુજ-કચ્છ.

---

PRINTED AT THE GOVERNMENT PRESS, RAJKOT COMPLAINTS ABOUT GAZETTE MUST BE MADE WITHIN A FORTNIGHT FROM THE DATE OF THIS PUBLICATION ACCOMPANIED BY THE WRAPPER.

©

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

**SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION**

***PUBLISHED BY AUTHORITY***

**VOL. LVIII] THURSDAY, 15th JUN, 2017/JYAISTHA 25, 1939 No. 24**

**Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central section in order that it may be filed as a separate compilation.**

# PART-I


| **PART - I** | Pages | **PART - I - B** | Pages |
|---|---|---|---|
| Government Notifications Appointments Promotions, Leave of absence, Rules and orders (Other than those published in Part-I-A, IV-A, IV-B, and IV-C) list of publications for sales etc., Miscellaneous Notifications Appoint-ments etc., | 703-726 | (Suppliment) Government Notifications Published under Land Acquisition Act only Supplement. | Nil |
| **PART - I - A** Order and Notifications (Other than those published in Part-IV-B) under the Gujarat Local Boards, Village Panchayats, Municipals, Boroughs, (Districts) Municipals Primary Education and Local Fund Audits, Acts., | Nil | **PART - II** Miscellaneous Notices, Advertisments, List of Books Sanctioned by the Director of Education, List of Jurors. Schedule of Estates by the Official Assignee, Summary of Births and Deaths, etc., | 1087-1132 |
| | | **PART - III** Miscellaneous Supplements Season and Crop Reports, Prices, Current Rainfalls Returns, District Local Boards Accounts etc., | Nil |

# GOVERNMENT NOTIFICATIONS, ORDERS APPOINTMENTS, ETC.

## SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

# NOTIFICATION

### MISCELLANEOUS NOTIFICATIONS APPOINTMENTS ETC.

---

## By Principal District Judge

***Read :-***

1. *Notification No. GK/03/2014/SPJ/102012/ GOI-35/D. Dated 28-01-2014 of Legal Department,Sachivalaya, Gandhinagar.*
2. *The Hon'ble High Court Letter No. A. 1255/ 2013, dated 28-10-2014.*
3. *Hon'ble High Court Notification No. A. 1201/ 2014 (46), dated 09-06-2014.*
4. *Notification No. GK/06/2011/CCA/102005/ 3787/D. Dated 11-02-2011 of Legal Department, Sacahivalaya, Gandhinagar.*
5. *Notification No. GK/43/2016/SPJ/102012/ GOI-35/D. Dated 11-07-2016 of Legal Department, Sachivalaya, Gandhinagar.*
6. *Hon'ble High Court Notification No. A. 1201/ 2017(34), dated 04-05-2017.*
7. *Hon'ble High Court Notification No. A. 1201/2017(32), dated 04-05-2017.*
8. *The District Court, Amreli, Notification No. 1823 of 2016 dt. 01-10-2016.*

## NOTIFICATION

No. (Judi)/869/2017.-As per the notification of the Hon'ble High Court Letter cited in Premble No. 6 to 7 and consequently due to the change in the designation of the Courts of the Judicial Officer, this office's Notification cited in preamble No. 8 be treated as concelled.

As per the notification of the Government of Gujarat, Legal Department dated 28-01-2014 and the Hon'ble High Court Letter cited in Preamble No. 1 to 7, in exercise of the powers conferred by sub-section 28 of the Protection of Children from Sexual Offences Act, 2012 (32 of 2012) and the Government of Gujarat, Additional District and Sessions Judges are empowered to try cases under the Protection of Children from Sexual Offences Act, 2012, by appointing as Special Judges under the Act, for the purpose of providing speedy trial of offences of Protection of Children from Sexual Offences Act, 2012, and as per the Hon'ble High Court's direction vide its letter dated 11-07-2016, referring as above mentioned, it is to nominated the Additional District & Session Judge working in each District in the State of Gujarat to be a "Special Court" to try the offences under the said Act. For the local limits of the court of 2nd Addl. District Judge and Addl. Sessions Judge shall consist the area of villages of revenue talukas viz. Rajula, Jafarabad, Dhari and Khambha. Therefore, the undersigned is pleased to pass the following order :-

The 2nd Additional District & Sessions Judge, Rajula is hereby nominated to preside over such Special Court for the trial of the cases arising under The Protection of Children from Sexual Offences Act, 2012 within the jurisdiction as mentioned above. The undersigned is also pleased to assign all the bail, and cases filed under the said Act, till further order with immeddiate effect.

Amreli, 29th May, 2017.

---

***Read :-***

1. *The Government of Gujarat Legal Department, Sachivalaya, Gandhinagar Resolution No. GK/ 06/2011/CCA/102005/3787/D, dated: 11-02-2011.*
2. *Hon'ble High Court Letter No. A-1218/71(II) dated 20-02-1997.*
3. *Hon'ble High Court Notification No. A-1201/2014(46) dated 09-06-2014.*
4. *The Hon'ble High Court Corrigendum Notification No. A/1201/2014 (57) Dated : 01-07-2014.*
5. *The Hon'ble High Court Notification No. A/1201/2016 (74), Dated 07-09-2016.*
6. *Hon'ble High Court Notification No. A. 1201/ 2017 (34), dated 04-05-2017.*
7. *Hon'ble High Court Notification No. A. 1201/ 2017(32), dated 04-05-2017.*
8. *The District Court, Amreli, Notification No. 1826 of 2016 dt. 01-10-2016.*

## NOTIFICATION

No. (Judi)/868/2017.-As per the notification of the Hon'ble High Court Letter cited in Premble No. 6 to 7 and consequently due to the change in the designation of the Courts of the Judicial Officer, this office's Notification cited in preamble No. 8 be treated as concelled.

As per the notification of the Government of Gujarat, Legal Department dated 23-08-1996, and dateed 11-02-2011. Hon'ble High Court Letter cited in Preamble at Sr. No. 2, all the Additional District and Sessions Judges are empowered to try cases under the Prevention of Corruption Act 1988, by appointing as Special Judges under the Act, for the purpose of providing speedy trial of offences of Prevention of Corruption Act-1088, and as the Hon'ble High Court has direct vide its letter dated 20-02-1997, referred to above to nominate Additional District & Sessions Judge working in the District to preside over such Court, and therefore the undersigned is pleased to pass the following order :-

The 2nd Additional District & Sessions Judge, Rajula is hereby nominated to preside over such Prevention of Corruption Act-1988 till further order with immeddiate effect.

Amreli, 29th May, 2017.

Sd/-
**J. R. Shah,**
Principal District Judge,
Amreli.

---

***Read :***

*(1) Hon'ble High Court's letter No. A. 1318/2008, dated 10-10-2008.*

*(2) Notification No. B/111/2010, dated 8-4-2010, No. B/241/2011, dated 6-6-2011, No. B/257/2012, dated 20-7-2012, No. B/426/2013, dated 1-8-2013, No. B/322/2014, dated 10-7-2014, No. B/91/2015, dated 13-2-2015, No. B/262/2015, dated 19-5-2015, No. B/428/2015 dated 4-8-2016 and No. B/680/2016 dated 29-12-2016 of District Court, Jamnagar.*

## NOTIFICATION

No. B/339/2017.-As per this Office Notification cited in preamble at Sr. No. 2 a “Complaint Committee” for providing safe work environment for women working on the establishment of judicial Department of Jamnagar District was constituted.

On account of change in designation of some committee members the Principal District Juge, Jamnagar is pleased to re-constitute a "Complaints Committee" on the establishment of Judicial Department of Jamnagar District by nominating the following members in the committee :-

| | | |
|---|---|---|
| 1. | Ms. G. M. Ahir,<br>5th Additional Senior Civil Judge,<br>Jamnagar | Chairperson |
| 2. | Mr. J. K. Prajapati,<br>Chief Judicial Magistrate,<br>Jamnagar. | Member |
| 3. | Ms. J. D. Amin,<br>12th Additional Senior Civil Judge,<br>Jamnagar | Member |
| 4. | Miss Harshidaben Joshi,<br>Advocate, Bar Association,<br>Jamnagar. | Member |
| 5. | Suchitaben Bhadlawala,<br>Manad Mantri,<br>Jamnagar. | Member |

The Complaint Committee has to follow the guidelines issued by the Hon'ble Supreme Court of India in the case of Vishakha & Others Vs. State of Rajasthan & Others.

The Complaints Committee is also requested to make an annual report of the complaints and action taken by them and submit the report to this office in the first week of January of each year.

Jamnagar, 29/31th May, 2017.

**R. M. Sareen,**
Principal District Judge,
Jamnagar.

---

## જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

### ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ કાઢેલ

### હુકમ

નાં. મેજી/પોલ/જીપીએસસી/૧૪૪/જાહેરનામુ/૦૫/૧૭.- ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા ગુજરાત વહીવટી સેવા વર્ગ-૧ તથા ગુજરાત મુલકી સેવા વર્ગ-૧ અને ૨ની સીધી ભરતી અન્વયે પ્રાથમિક કસોટી આગામી તા. ૦૪-૦૬-૨૦૧૭ ના રોજ યોજાનાર છે. આ પરીક્ષાઓ દરમ્યાન પરીક્ષા કેન્દ્રના સ્થળ તથા તેની આજુ બાજુના વિસ્તારમાં સલામતીની વ્યવસ્થા ગોઠવવી જરૂરી છે.

જિલ્લામાં ગુજરાત જાહેર સેવા આયોગની પ્રાથમિક કસોટી ઉમેદવારો અસામાજીક તત્વોના ત્રાસ અને ભય વિના આપી શકે તથા પરીક્ષા સ્થળના સંચાલકશ્રીઓ અસામાજીક તત્વોના ત્રાસ અને ભય વિના જાહેર પરીક્ષાનું સંચાલન કરી શકે તેમજ કસોટી સમય દરમ્યાન જાહેર વ્યવસ્થા જળવાઈ રહે અને કોઈ અનિચ્છનીય બનાવ બનવા ન પામે તે હેતુથી તથા પરીક્ષા દરમ્યાન ચોરીઓના દુષણના કારણે તેજસ્વી પરીક્ષાર્થીઓના ભાવિ પર અસર ન પડે તે માટે કોપી રાઈટ/ડુપ્લીકેટ પ્રશ્નપત્રો કે તેના ઉત્તરો કોપીઈંગ મશીન દ્વારા ન થાય તથા પરીક્ષા ખંડમાં ન પહોંચે તે માટે પ્રતિબંધિત પગલાં લેવા માટે પુરતા કારણો છે.

જેથી, હું, રેમ્યા મોહન, આઈ.એ.એસ., જિલ્લા મેજીસ્ટ્રેટ, કચ્છ ભુજ, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ મુજબ મને મળેલ સત્તાની રૂએ નીચે અનુસુચિમાં દર્શાવ્યા મુજબના જિલ્લાના સ્પર્ધાત્મક પરીક્ષા કેન્દ્રો તથા બિલ્ડીંગોના ૨૦૦ મીટર ત્રિજ્યાના વિસ્તારમાં તા. ૦૪-૦૬-૨૦૧૭ ના સવારે ૦૮-૦૦ કલાકથી ૧૯-૦૦ કલાક સુધી નીચે મુજબનો પ્રતિબંધ ફરમાવું છું.

(૧) પરીક્ષા કેન્દ્રોની આસપાસ ૨૦૦ મીટરની ત્રિજ્યાના વિસ્તારમાં કોઈપણ માર્ગ ઉપર ચોકમાં કે ગલીમાં પાંચ કરતાં વધારે લોકોએ એકઠા થવું નહીં, સરઘસો કાઢવા નહીં તેમજ સુત્રો પોકારવા નહીં.

(૨) પરીક્ષા કેન્દ્રોની આસપાસ ૨૦૦ મીટરની ત્રિજ્યાના વિસ્તારમાં કોપીઈંગ મશીન દ્વારા કોપીઓ કરવાનો વ્યવસાય કરતા ધંધાર્થીઓ/કોપીઈંગ મશીન ધારકોએ તેઓના કોપઈંગ મશીનો ચલાવવા નહીં કે કોઈપણ પત્રો, દસ્તાવેજો કે કાગળોની નકલો કરવી નહીં અને મશીનો બંધ રાખવા.

(૩) પરીક્ષા કેન્દ્રો/બિલ્ડીંગોના મુખ્ય પ્રવેશ દ્વાર પાસે જ પોલિસ કર્મચારીએ ઉભા રહી જે પરીક્ષાર્થી પાસે પ્રવેશિકા (રસીદ) હોય તે ચકાસીને જ માત્ર પરીક્ષાર્થીને જ પ્રવેશ આપવાનો રહેશે.

(૪) પરીક્ષામાં રોકાયેલ કેન્દ્રના સંપાદકશ્રીઓ, બિલ્ડીંગ કંડક્ટરશ્રી, ખંડ નિરીક્ષકો, વહીવટી સેવામાં જેઓને ફરજ સોંપવામાં આવે છે તે વોટરમેન, બેલમેન કે જેઓ આયોગ દ્વારા ઓળખપત્ર આપવામાં આવેલ છે તે તપાસીને જ પ્રવેશ આપવાનો રહેશે.

(૫) પોલિસ કર્મચારીએ પરીક્ષા કેન્દ્ર/બિલ્ડીંગના મુખ્ય પ્રવેશદ્વાર પાસે જ ફરજ બજાવવાની રહેશે. વર્ગખંડમાં પ્રવેશ કરવાનો રહેશે નહીં.

(૬) પરીક્ષા કેન્દ્રોની આસપાસ ૨૦૦ મીટરની ત્રિજ્યાના વિસ્તારમાં કોઈપણ માર્ગ ઉપર, ચોકમાં કે ગલીમાં કોઈપણ વ્યકિતઓ વાયરલેસ ડીવાઈસીસ જેવા કે બ્લુ ટુથ, પેન કેમેરા, મોબાઈલ કે ઈન્ટરનેટ સાથે કનેકટેડ ઉપકરણો કે અન્ય કોઈપણ ઈલેકટ્રોનીક સાધનો લઈ જવા નહીં.

**આ હુકમ નીચેનાઓને લાગુ પડશે નહીં**

(૧) પોતાના અંગત ઉપયોગ માટે કોપીંગ મશીનનો ઉપયોગ કરતી વ્યકિતઓને.

(૨) પોતાની ફરજની રૂએ કામ કરતી વ્યકિતને એકત્રિત થવાની જોગવાઈ લાગુ પડશે નહીં.

**અનુસુચિ :**

| | |
|---|---|
| ૧ | શેઠ વી. ડી. હાઈસ્કૂલ, ભુજ |
| ૨ | શ્રી કચ્છી લેવા પટેલ કન્યા વિદ્યામંદિર, ભુજ |
| ૩ | શ્રી સ્વામિનારાયણ વિદ્યાલય, ભુજ |
| ૪ | માતૃછાયા કન્યા વિદ્યાલય સેન્ટર-એ ભુજ |
| ૫ | માતૃછાયા કન્યા વિદ્યાલય સેન્ટર-બી, ભુજ |
| ૬ | જૈનાચાર્યશ્રી અજરામરજી હાઈસ્કુલ, ભુજ |
| ૭ | શ્રી ઈન્દ્રાબાઈ ગર્લ્સ હાઈસ્કૂલ, સેન્ટર-એ, ભુજ |
| ૮ | શ્રી ઈન્દ્રાબાઈ ગર્લ્સ હાઈસ્કૂલ, સેન્ટર-બી, ભુજ |
| ૯ | ધી મુસ્લિમ એજ્યુકેશન હાઈસ્કુલ સેન્ટર-એ, ભુજ |
| ૧૦ | ધી મુસ્લિમ એજ્યુકેશન હાઈસ્કુલ સેન્ટર-બી, ભુજ |
| ૧૧ | ઓલ્ફેડ હાઈસ્કુલ, સેન્ટર-એ, ભુજ |
| ૧૨ | ઓલ્ફેડ હાઈસ્કુલ, સેન્ટર-બી, ભુજ |
| ૧૩ | શ્રી સંસ્કાર સ્કૂલ, ભુજ |
| ૧૪ | સ્વામીનારાયણ કન્યા વિદ્યાલય, મિરઝાપર હાઈવે, મિરઝાપર |
| ૧૫ | જે. બી. ઠક્કર કોમર્સ કોલેજ સેન્ટર-૧, ભુજ |
| ૧૬ | જે. બી. ઠક્કર કોમર્સ કોલેજ સેન્ટર-૨, ભુજ |
| ૧૭ | માતૃશ્રી આર. ડી. વરસાણી કુમાર વિદ્યાલય, ભુજ |
| ૧૮ | સેન્ટ એન્ડ્રુસ હાઈસ્કલુ, ભુજ |

આ હુકમના કોઈપણ ખંડ કે ભાગ ભંગ કરનાર વ્યકિત સામે ભારતીય દંડસંહિતાની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આ જાહેરનામા હેઠળ તપાસ કરવાના, જાહેરનામાનાં પાલન કરાવવાનાં અને તપાસનાં અંતે ચાર્જશીટ રજુ કરવાના અધિકાર જિલ્લાનાં પોલીસ અધિકારીશ્રીઓ તેમજ હેડ કોન્સ્ટેબલ કે તે ઉપરનાં કર્મચારીઓને રહેશે. આ જાહેરનામાની જાહેરાત પોલિસ ખાતાએ દાંડી પીટાવીને તેમજ જાહેરનામાની નકલો મુખ્ય મથકોએ ચોટાડીને કરવી.

આજ રોજ તા. ૦૧-૦૬-૨૦૧૭ ના રોજ મારી સહી અને કચેરીનો સિક્કો કરી બહાર પાડ્યું.

કચ્છ-ભુજ, ૦૧ માહે જુન, સને ૨૦૧૭.

ગુજરાત પોલિસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩ની પેટા કલમ-૧ મુજબનું

## આખરી જાહેરનામું

**વંચાણ :** નાં. મેજી/પોલ/વાહન સ્પીડ લીમીટ/જાહેરનામું/૩૩-૧/૦૩/૨૦૧૭ તા. ૧૭-૦૩-૨૦૧૭

નાં. મેજી/પોલ/વાહન સ્પીડ લીમીટ/જાહેરનામું/૩૩-૧/૦૩/૨૦૧૭.-કચ્છ જિલ્લા પૂર્વ વિભાગના અંજાર, ગાંધીધામ, ભચાઉ, તથા રાપર નગરપાલીકા વિસ્તારમાં શહેરમાં વાહનોની સંખ્યામાં દિન પ્રતિદિન વધારો થતો જાય છે. જેના કારણે ટ્રાફિક અને પાર્કિંગની સમસ્યાઓ ઉભી થાય છે. નગરપાલીકા વિસ્તારમાં ખાસ કરીને ઔદ્યોગિક એકમો, ફ્રી ટ્રેડ ઝોન, ટીમ્બર ઉદ્યોગ, બારમાસી કંડલા બંદર તથા તુણા બંદરના કારણે બહોળી સંખ્યામાં ટ્રાન્સપોર્ટ આવેલ છે. તેમજ પર પ્રાંતિય માણસો રોજીરોટી માટે બહોળી સંખ્યામાં રહેતા હોય, માણસો તથા વાહનોની સતત અવર-જવર તથા વધુ સ્પીડના કારણો રોડ અકસ્માતોના બનાવો બનતા રહે છે. રોડ અકસ્માતના બનતા બનાવો ઉપર નિયંત્રણ લાવવા માટે દ્વિ ચક્રી વાહન થી ભારે વાહનોની ગતી મર્યાદા સુનિશ્ચિત કરવા વંચાણ વાળું પ્રાથમિક જાહેરનામું બહાર પાડવામાં આવેલ અને બહોળી પ્રસિધ્ધિ વર્તમાન પત્રો વગેરે દ્વારા કરવામાં આવેલ તેમજ દિવસ-૩૦માં કોઈ વાંધા/સૂચનો હોય તો મોકલી આપવા જણાવવામાં આવેલ.

અત્રેના વંચાણવાળા જાહેરનામા અનુસંધાને કોઈ વાંધા/સૂચનો મળેલ નથી. જેથી હું, રેમ્યા મોહન, આઈ.એ.એસ., જિલ્લા મેજીસ્ટ્રેટ, કચ્છ-ભુજ, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩ (૧)બી થી મને મળેલ અધિકારની રૂએ નીચે જણાવેલ અનુસુચિ મુજબના નગરપાલીકા વિસ્તારમાં વાહનોની સ્પીડ લિમીટ કરવા ઠરાવું છું.

**અનુસુચિ :**

| ક્રમ નં. | નગરપાલીકાનું નામ | નગરપાલીકા વિસ્તારના રસ્તાનું નામ | કયા પ્રકારના યાંત્રિક વાહનો માટે | સુચિત સ્પીડ લીમીટ |
|---|---|---|---|---|
| ૧ | ગાંધીધામ | ટાગોર રોડ મુન્દ્રા સર્કલથી કંડલા પોર્ટની વહીવટી ઓફીસ | દ્વિ ચક્રી વાહન/ભારે યાંત્રિક વાહન | ૪૦ કી.મી./કલાક |
| ૨ | અંજાર | કળશ સર્કલથી ચિત્રકુટ સર્કલ (બાયપાસ) સુધી | દ્વિ ચક્રી વાહન/ભારે યાંત્રિક વાહન | ૪૦ કી.મી./કલાક |
| ૩ | ભચાઉ | કસ્ટમ ત્રણ રસ્તાથી રેલ્વે સ્ટેશન સુધી | દ્વિ ચક્રી વાહન/ભારે યાંત્રિક વાહન | ૪૦ કી.મી./કલાક |
| ૪ | રાપર | પ્રાગપર ચાર રસ્તાથી સલારી નાકા સુધી | દ્વિ ચક્રી વાહન/ભારે યાંત્રિક વાહન | ૪૦ કી.મી./કલાક |

આ જાહેરનામાની બહોળી પ્રસિધ્ધિ પોલિસ ખાતાએ સદરહું નગરપાલીકા વિસ્તારના લોકોને વ્યવસ્થિત દેખાય અને વંચાય એ રીતે ડીસ્પ્લે બોર્ડ રાખી કરવાની રહેશે. તેમજ જાહેરનામાનો અમલ સ્થળોએ હાજર રહી ચુસ્ત રીતે કરાવવાનો રહેશે.

આ જાહેરનામા હેઠળ તપાસ કરવાનાં, જાહેરનામાનાં પાલન કરાવવાનાં અને તપાસનાં અંતે ચાર્જશીટ રજુ કરવાના અધિકાર જિલ્લાનાં પોલીસ અધિકારીશ્રીઓ તેમજ હેડ કોન્સ્ટેબલ કે તે ઉપરનાં કર્મચારીઓને રહશે. આ જાહેરનામાની જાહેરાત પોલિસ ખાતાએ દાંડી પીટાવીને તેમજ જાહેરનામાની નકલો મુખ્ય મથકોએ ચોટાડીને કરવી.

આજરોજ તા. ૨૫-૦૫-૨૦૧૭ ના રોજ મારી સહી કરી તથા કચેરીનો સિક્કો મારી બહાર પાડવામાં આવ્યો.

કચ્છ-ભુજ, ૨૫ માહે મે, સને ૨૦૧૭.

**રેમ્યા મોહન,**
જિલ્લા મેજીસ્ટ્રેટ,
કચ્છ-ભુજ.

---

## ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭ની પેટા કલમ-૩ હેઠળનું

## જાહેરનામું

નં. એમએજી/સી/૩૭૩/૧૧૦૨૦/૨૦૧૭.-તાજેતરના ભૂતકાળમાં ગુજરાતમાં વિવિધ સમાજ જુથો દ્વારા અનામતની માંગણી, સમર્થન, તરફેણ અને વિરૂધ્ધમાં આંદોલનો અને રજુઆતો થતાં રહયા હતા. તે તથા તેના જેવા અન્ય મુદ્દાઓ પરત્વે વિવિધ સામાજીક અને અન્ય પ્રકારના જુથો દ્વારા વિવિધ પ્રકારની માંગણીઓ કે બચાવના આધાત/પ્રત્યાઘાત રૂપે આવેદનપત્રો આપવા, ધરણાઓ કરવા, વિરોધ પ્રદર્શન-રેલીઓ કાઢવાની પરવાનગી સાથે કે પરવાનગી વગરની ચેષ્ટાઓ થઈ રહી છે. જેના કારણે સમયાંતરે વિવિધ સમાજ જુથો દ્વારા ધરણા, દેખાવો સહીતના આકસ્મિક કાર્યક્રમો થવાની શકયતાને નકારી શકાય નહીં. ઉપરાંત પોરબંદર નગરપાલિકા વિસ્તારમાં ભૂગર્ભ ગટર યોજનાની કામગીરી તથા તેને કારણે ખોદાયેલ રસ્તાઓનો પ્રશ્ન રહેલો છે, જે બાબતે પણ જુદા જુદા લોક જુથો દ્વારા રજૂઆત, એક યા બીજા કારણોસર વિરોધ પ્રદર્શન થતું રહે છે. તેના કારણે કોઈપણ સમયે સુલેહ શાંતિભંગ થવાની શકયતા નકારી શકાય નહી. સબબ, પોરબંદર જિલ્લામાં અગમચેતીના પગલા રૂપે સભા, સરઘસ, રેલી, ધરણા, ઉપવાસ જેવા કાર્યક્રમો વખતે કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતી જળવાઈ રહે અને પોલીસની કામગીરીમાં મદદરૂપ થઈ શકે તે માટે ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૩) મુજબનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા પોલીસ અધિક્ષકશ્રી, પોરબંદર તરફથી તા. ૨૨-૦૫-૨૦૧૭ થી દરખાસ્ત થઈ આવેલ છે. જે દરખાસ્તની વિગતે તથા પ્રવર્તમાન સંજોગો નજરે પોલીસ અધિક્ષકશ્રી, પોરબંદરની દરખાસ્ત મુજબ આ જિલ્લામાં ઉકત જાહેરનામું બહાર પાડવું ઈષ્ટ જણાય છે. તેથી ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭ની પેટા કલમ-૩થી મળેલ અધિકારની રૂઈએ હું, **અશોક કાલરીયા, આઈ.એ.એસ., જિલ્લા મેજીસ્ટ્રેટ, પોરબંદર જિલ્લો, પોરબંદર, આથી સમગ્ર પોરબંદર જિલ્લા વિસ્તારમાં તા. ૩૦-૦૫-૨૦૧૭ થી તા. ૧૨-૦૬-૨૦૧૭ સુધી બન્ને દિવસો સહિતની** મુદત માટે કોઈપણ સભા, મંડળી કે સરઘસ માટે મનાઈ ફરમાવું છું. આ હુકમ નીચેનાને લાગુ પડશે નહિ.

૧. ફરજ ઉપર હોય તેવી ગૃહરક્ષક મંડળી.

૨. સરકારની નોકરીએ અવરજવર કરતી હોય તે વ્યકિત.

૩. લગ્નનો વરઘોડો.

૪. સરકારશ્રી તરફથી યોજવામાં આવતા કાર્યક્રમો.

૫. સક્ષમ અધિકારીની કાયદેસર પરવાનગી લઈને કાઢેલા સરઘસ સહીતના કાર્યક્રમો.

આ હુકમનું પાલન ન કરનાર અથવા તેનું પાલન ન કરવામાં કોઈને મદદ કરનાર ગુન્હો સાબિત થયે સદરહું અધિનિયમની કલમ-૧૩૫ની પેટા કલમ-૩ મુજબ રૂા. ૨૦૦/- સુધીના દંડની શિક્ષાને પાત્ર ઠરશે, તેમજ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ ગુન્હો સાબિત થયે તે વ્યકિતને એક માસની સાદી કેદ અથવા રૂા. ૨૦૦/- સુધીના દંડ અથવા બંને શિક્ષા થઈ શકે અને હુકમની અવગણનાથી માનવજીવન અથવા સ્વાસ્થ્ય અથવા સલામતી માટે કોઈપણ ભય ઉત્પન્ન કરે અથવા કોઈ હુલ્લડ કરે કે બખેડો કરે તો તેવી વ્યકિતને છ માસ સપરિશ્રમ અથવા સાદી કેદ અથવા રૂા. ૧૦૦૦/- એક હજાર સુધીના દંડ સહિતની બન્ને શિક્ષાને પાત્ર ઠરશે.

આજ તા. ૩૦-૦૫-૨૦૧૭ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો લગાવી જાહેર જનતાની જાણ તથા અમલ માટે પ્રસિધ્ધ કર્યું.

પોરબંદર, ૩૦ માહે મે, સને ૨૦૧૭.

---

## ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૧) અન્વયે

## જાહેરનામું

નં. એમએજી/સી/૩૭૧/૧૧૦૨૧/૨૦૧૭.-પોરબંદર જિલ્લામાં લોકોની સલામતી જળવાઈ રહે અને અસામાજિક તત્વો દ્વારા ગુનાહિત કૃત્યોમાં હથિયારો, ચપ્પુ, લાઠી, દંડા, પાઈપ, સળિયા જેવા સાધનોનો ઉપયોગ ન થાય અને પોલીસની કામગીરીમાં મદદરૂપ થાય તે હેતુથી અને પોરબંદર જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૧) અન્વયે હથિયારબંધીનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા પોલીસ અધિક્ષકશ્રી, પોરબંદરએ તા. ૨૨-૦૫-૨૦૧૭ ના રોજ દરખાસ્ત કરેલ છે.

સબબ, પોરબંદર જિલ્લા વિસ્તારમાં ઉપર્યુકત કારણોસર સુલેહ-શાંતિ જળવાઈ રહે તેમજ કોઈ જાતનો અનિચ્છનીય બનાવ બને નહિ તે માટે હું, **અશોક કાલરીયા, આઈ.એ.એસ., જિલ્લા મેજિસ્ટ્રેટ, પોરબંદર, જિલ્લો પોરબંદર,** ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૧) અન્વયે મળેલ સત્તાની રૂએ સમગ્ર પોરબંદર જિલ્લા પોલીસ વિસ્તારમાં તા. ૩૧-૦૫-૨૦૧૭ થી તા. ૨૮-૦૬-૨૦૧૭ સુધી બંને દિવસો સહિત નીચે પ્રમાણે મનાઈ ફરમાવું છું.

૧. શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, ચપ્પુ, બંદૂક, લાકડી, લાઠી અથવા શારિરીક ઈજા પહોંચાડવામાં ઉપયોગી થઈ શકે તેવી ચીજ લઈ જવી નહિ.

૨. કોઈપણ ક્ષયધર્મી અથવા સ્ફોટક પદાર્થો લઈ જવા નહિ.

૩. પત્થરો અથવા બીજા શસ્ત્રો અથવા તે ફેંકવામાં અથવા નાખવામાં ઉપયોગમાં આવતાં સાધનો લઈ જવા નહી, એકઠા કરવા નહી, તથા તૈયાર કરવા નહિ.

૪. કોઈ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલ લઈ જવી નહિ.

૫. વ્યકિતઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પૂતળાં દેખાડવા કે સળગાવવા નહિ.

૬. લોકોએ બૂમો પાડવી નહી, વધુ અવાજથી ગીતો ગાવા નહી તથા વાદ્ય વગાડવા નહિ.

૭. જે છટાદાર ભાષણ આપવાથી, ચાળા પાડવાથી અથવા નકલ કરવાથી તથા ચિત્રો, નિશાનીઓ, જાહેર ખબરો અથવા બીજા કોઈ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવાથી, દેખાડવાથી અથવા તેનો ફેલાવો કર્યેથી આવા અધિકારીના અભિપ્રાય પ્રમાણે સુરૂચિ અથવા નીતિનો ભંગ થતો હોય અથવા જેનાથી રાજ્યની સલામતી જોખમાતી હોય અથવા જેને પરિણામે રાજ્ય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ કરવાનો તે ચાળા વિગેરે કરવાની અથવા તે ચિત્રો, નિશાનીઓ વિગેરે તૈયાર કરવાનો, દેખાડવાની અથવા તેવો ફેલાવો કરવો નહિ.

**આ હુકમ નીચેની વ્યકિતઓને તેમાં દર્શાવ્યા પુરતી બાબતો માટે લાગુ પડશે નહિ.**

૧. સરકારી નોકરીમાં કામ કરતી કોઈ વ્યકિત કે જેના ઉપરી અધિકારીશ્રીએ ફરમાવ્યું હોય અથવા કોઈ હથિયાર લઈ જવાનું તેની ફરજમાં હોય તેવી વ્યકિતઓને હથિયાર લઈ જવાની બાબત માટે.

૨. પોલીસ અધિક્ષકશ્રીએ શારિરીક અશકિતના કારણે લાકડી લઈ જવાની અથવા શુભ હેતુથી ધંધો કરવાની પરવાનગી આપી હોય તે વ્યકિતને લાકડી લઈ જવાની કે શુભહેતુથી ધંધો કરવાની બાબત માટે.

૩. પોતાની ખેતીમાં ઓજારો લઈ જવામાં હાડમારી ન થાય અને રોજિંદા કામમાં ઉપયોગ કરી શકે તેવા આશયથી પોતાની ખેતીકામ માટે ખેતીના ઓજારો લઈ જતા હોય તેવા ખેડૂતોને ખેતીના ઓજારો લઈ જવાની બાબત માટે.

આ જાહેરનામાં કોઈ ખંડનો ભંગ કરનાર અથવા પાલન ન કરવામાં મદદ કરનાર વ્યકિતને ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૫(૧) મુજબ એક વર્ષની મુદત સુધીની શિક્ષા અને દંડને પાત્ર થશે. આ ઉપરાંત ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ જે તે વ્યકિતઓના ગુનો સાબિત થયેથી એક માસની સાદી કેદ અથવા રૂા. ૨૦૦/-નો દંડ અગર તો બંને થઈ શકે છે. આ હુકમની અવગણનાથી માનવજીવનને અથવા સ્વાસ્થયને અથવા સલામતીને કોઈપણ ભય ઉત્પન્ન કરે અથવા કોઈ હુલ્લડ અથવા કોઈ બખેડો કરે તેવી વ્યકિતને ૬(છ) માસની સપરિશ્રમ અથવા સખ્ત અથવા રૂા. ૧૦૦૦/- એક હજાર રૂપિયા સુધીનો દંડ અથવા બંને શિક્ષાને પાત્ર ઠરશે.

આજ તા. ૩૧-૦૫-૨૦૧૭ મારી સહી તથા કચેરીનો સિક્કો લગાવી જાહેર જનતાની જાણ તથા અમલવારી માટે પ્રસિધ્ધ કર્યું.

પોરબંદર, ૩૧ માહે મે, સને ૨૦૧૭.

**અશોક કાલરીયા,**
જિલ્લા મેજીસ્ટ્રેટ,
પોરબંદર.

## અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

## ગુજરાત પોલિસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૧) મુજબનું

## જાહેરનામું

નાં. મેજી/પોલ/જાહેરનામું/૩૭(૧)૦૬/૧૭.-જુન-૨૦૧૭માં કચ્છ જિલ્લામાં યોજાનાર વિવિધ ધાર્મિક તહેવારો તથા મેળાઓની ઉજવણી નજરે જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તેમજ કોઈ અનિચ્છનીય બનાવ બનવા ન પામે તેમજ સુલેહ શાંતી જળવાઈ રહે તે હેતુથી સાવચેતીના પગલા લેવાનું ઈષ્ટ જણાય છે.

આથી હું, ડી. આર. પટેલ, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, કચ્છ-ભુજ, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭ (૧) અન્વયે મને મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે તા. ૦૧-૦૬-૨૦૧૭ થી તા. ૩૦-૦૬-૨૦૧૭ સુધી બન્ને દિવસો સહિત નીચેની અનુસૂચિમાં જણાવેલ વિસ્તારમાં :-

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, ધોકા, છરી, બંદુક, લાકડી, લાઠી, હજામનો અસ્ત્રો, ત્રિશુલ, શારીરિક ઈજા પહોંચાડી શકાય તેવું કોઈ સાધન સાથે લઈ જવું નહીં.

(ખ) કોઈ ક્ષયકારી અથવા સ્ફોટક પદાર્થ લઈ જવું નહીં.

(ગ) પથ્થરો અથવા બીજા શસ્ત્રો અથવા તે શસ્ત્રો ફેંકવા અથવા નાખવાના યંત્રો અથવા સાધનો લઈ જવા, એકઠા કરવા તથા તૈયાર કરાવા નહીં.

(ઘ) કોઈ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલ લઈ જવી નહીં.

(ચ) વ્યક્તિઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પુતળાં દેખાડવાના નહીં.

(છ) લોકોએ બૂમ પાડવાની, ગીતો ગાવા તથા વાદ્ય વગાડવા નહીં.

(જ) જો છટાદાર ભાષણ આપવાથી, ચાળા પાડવાથી અથવા નકલ કરવાથી તથા ચિત્રો, નિશાનીઓ, જાહેર ખબરો અથવા બીજા કોઈ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવાથી, દેખાડવાથી અથવા તેનો ફેલાવો કરવાથી અરૂચિ અથવા નિતીનો ભંગ થતો હોય અથવા જેનાથી રાજ્યની સલામતી જોખમાતી હોય અથવા જેને પરિણામે રાજ્ય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ આપવાની, તે ચાળા વિગેરે કરવા અથવા તે ચિત્રો, નિશાનીઓ વિગેરે તૈયાર કરવા, દેખાડવા અથવા તેનો ફેલાવો કરવો નહીં.

**આ હુકમ નીચેના વ્યક્તિઓને લાગુ પડશે નહીં.**

(ક) સરકારી નોકરી પર કામ કરતી વ્યક્તિ એટલે કે તેના ઉપરી અધિકારીએ ફરમાવ્યું હોય અથવા કોઈ હથિયાર લઈ જવાની ફરજ હોય.

(ખ) એ અથવા અધિકૃત કરેલ કોઈપણ પોલીસ અધિકારીએ જેની અશક્તિના કારણે લાકડી અથવા લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તેવી વ્યક્તિઓ.

(ગ) જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, પોલીસ અધિકારીશ્રીએ અથવા અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી અથવા સબ-ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રીએ અધિકૃત કરેલ તેવી બીજી કોઈ વ્યક્તિઓને.

**અનુસૂચિ : ''સમગ્ર કચ્છ જિલ્લાનો વિસ્તાર''**

આ જાહેરનામાનો કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને ઓછામાં ઓછી ચાર (૪) માસની અને વધુમાં વધુ એક (૧) વર્ષની કેદની સજા થશે. આ ઉપરાંત ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૧૩૫ (૧) મુજબ દંડની સજા થશે.

આ જાહેરનામા હેઠળ તપાસ કરવાનાં, જાહેરનામાનાં પાલન કરાવવનાં અને તપાસનાં અંતે ચાર્જશીટ રજુ કરવાના અધિકાર જિલ્લાનાં પોલીસ અધિકારીશ્રીઓ તેમજ હેડ કોન્સ્ટેબલ કે તે ઉપરનાં કર્મચારીઓને રહેશે. આ જાહેરનામાની જાહેરાત પોલીસ ખાતાએ દાંડી પીટાવીને તેમજ જાહેરનામાની નકલો મુખ્ય મથકોએ ચોંટાડીને કરવી.

આજરોજ તા. ૩૧-૦૫-૨૦૧૭ ના રોજ મારી સહી કરી કચેરીનો સિક્કો મારી બહાર પાડ્યો.

કચ્છ-ભુજ, ૩૧ માહે મે, સને ૨૦૧૭.

**ડી. આર. પટેલ,**
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
કચ્છ-ભુજ.

---

**ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ કાઢેલ હુકમ**

## જાહેરનામું

નં. એમએજી/સી/૨૦૯૪/૨૦૧૭.-પોલીસ અધિક્ષકશ્રી, ગીર સોમનાથના પત્ર ક્રમાંક : સી/એલઆઈબી/હોટલ/સીસીટીવી/જાહેરનામુ/૨૦૧૭ તા. ૨૨-૦૫-૨૦૧૭ના પત્રથી રજુ થયેલ વિગતો મુજબ ગીરમોમનાથ જિલ્લો કોસ્ટલ એરીયા ધરાવતો જિલ્લો છે અને બાર જ્યોર્તિલીંગ પૈકીનું એક સુપ્રસિધ્ધ સોમનાથ મંદીર આવેલ છે. તેમજ સુપ્રસિધ્ધ ધાર્મિક સ્થળ ત્રિવેણી સંગમ/દેહોત્સર્ગ ગીતા મંદિર જેવા મોટા ધાર્મિક સ્થળો આવેલા છે. જ્યાં મોટી જનમેદની એકત્ર થાય છે. તેમજ આ જીલ્લામાં સુત્રાપાડા ખાતે જી.એસ.સી.એલ., કોડીનાર ખાતે અંબુજા સીમેન્ટ ફેકટરી અને વેરાવળ ખાતે ઈન્ડીયન રેયોન ફેકટરી જેવા ઔદ્યોગીક એકમો આવેલ છે. જે ઔદ્યોગીક એકમોમાં પરપ્રાંતના મજુરો/કર્મચારીઓ કામ કરે છે. આ ઉપરાંત ગીર સોમનાથ જિલ્લાને અડીને જુનાગઢ, પોરબંદર, અમરેલી જીલ્લાઓ તેમજ કેન્દ્રશાષીત પ્રદેશ દિવ આવેલ છે અને કોસ્ટલ હાઈવે/નેશનલ હાઈવે તથા સ્ટેટ હાઈવે સાથે ગીર સોમનાથ જિલ્લો જોડાયેલ છે. જેથી લોકોના જાન-માલની સુરક્ષા જાળવવી એ તંત્રની ફરજ બને છે.

ગુપ્તચર સંસ્થાઓના વખતો વખતના અહેવાલો તથા અમદાવાદમાં ભુતકાળમાં બનેલ આંતકવાદી તત્વો દ્વારા અલગ-અલગ જગ્યાઓએ શ્રેણીબધ્ધ બોમ્બ ધડાકા કરી મોટી જાનહાની તેમજ મિલ્કતની હાની કરવામાં આવેલ છે. તેમજ લુંટ, ધાડ જેવા મિલ્કત વિરૂધ્ધના ગુન્હાઓ બનેલ છે. આવી રાષ્ટ્ર વિરોધી પ્રવૃતી કરતી ગેંગ રાજય/શહેરની અને હાઈવે ઉપરની હોટલો, ગેસ્ટ હાઉસો, લોજીંગ બોર્ડીંગ, ડાયનીંગ હોલ, રસ્ટોરન્ટ, ધર્મશાળા, અતિથીગૃહ, વિશ્રામગૃહ, મુસાફર ખાના, રિસોર્ટ વિગેરેનો રોકાણ માટે ઉપયોગ કરતા હોય છે.

આવા ગુન્હેગારોની ઓળખ સહેલાઈથી થઈ શકે તેમજ લોકોને સુરક્ષા પુરી પાડવાના હેતુથી ગીર સોમનાથ જિલ્લામા આવેલ તમામ હોટલો, ગેસ્ટ હાઉસો, લોજીંગ બોર્ડીંગ, ડાયનીંગ હોલ, ભોજનાલય, રેસ્ટોરન્ટ, ધર્મશાળા, અતિથીગૃહ, વિશ્રામગૃહ, મુસાફર ખાના, રિસોર્ટ, બેન્કો, સિનેમાઘરો, શોપીંગ મોલ, આંગડીયા પેઢી, સાયબરકાફે, સોની વેપારીની દુકાનો વિગેરે સ્થળો પર સી.સી.ટી.વી. કેમેરા (નાઈટ વિઝન તથા હાઈ ડેફીનેશન) વીથ રેકોર્ડીંગ સિસ્ટમ રાખવા અંગે ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ જાહેરનામું પ્રસિધ્ધ કરવા દરખાસ્ત થઈ આવેલ છે.

ગીર સોમનાથ જિલ્લાના નાગરીકોની જાનમાલની સલામતી જળવાઈ રહે, આવા પ્રકારના ગુન્હા કરતા લોકોની ઓળખ મળી રહે, તેમજ ગુન્હાના મુળ સુધી પહોંચી સાચા આરોપીને પકડી શકાય તેમજ આવા ગુન્હાઓ બનતા નિવારી શકાય તે માટે પોલીસ અધિક્ષકશ્રી, ગીર સોમનાથ તરફથી કરાયેલ દરખાસ્ત વ્યાજબી જણાય છે.

આથી હું, પી. બી. પંડયા, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ગીર સોમનાથ જિલ્લો, વેરાવળ ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨) ની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ સત્તાની રૂઈએ આથી હુકમ કરૂં છું કે, ગીર સોમનાથ જિલ્લામાં આવેલ હાઈવે/શહેરના તમામ હોટલો, ગેસ્ટ હાઉસો, લોજીંગ બોર્ડીંગ, ડાયનીંગ હોલ, રેસ્ટોરન્ટ, ધર્મશાળા, અતિથીગૃહ, વિશ્રામગૃહ, મુસાફર ખાના, રિસોર્ટ, બેન્કો, સિનેમાઘરો, શોપીંગ મોલ, આંગડીયા પેઢી, સાયબરકાફે, સોની વેપારીની દુકાનો વિગેરે સ્થળો પર આવનાર તમામ માણસોને સરળતાથી ઓળખી શકાય તે રીતે સી.સી.ટી.વી. કેમેરા ગોઠવી ઉકત વિગતોનું રેકોર્ડીંગ કરવું. તેમજ આ ડેટા બેકઅપ ઓછામાં ઓછો ૧૫-દિવસ સુધી જાળવી રાખવો, તેમજ સલામતી વિષયક બાબતો સંભાળતી પોલીસ સહીતની કોઈ એજન્સી આવા ડેટાની માંગણી કરે ત્યારે બનતી ત્વરાએ ઉપલબ્ધ કરવો.

આ હુકમ બહાર પડયા તારીખથી દિન-૬૦ સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમની જાહેર જનતાને જાણ સંબંધિત કચેરીઓએ તેમના નોટીસ બોર્ડ પર, સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યા ઉપર નકલ ચોંટાડીને તથા માહિતી ખાતાએ વર્તમાન પત્રોમાં પ્રસિધ્ધી કરી કરવાની રહેશે.

આજ તારીખ : ૨૬ માહે મે, સને-૨૦૧૭ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે જાહેર જનતાની જાણ તથા અમલવારી માટે આ હુકમ પ્રસિધ્ધ કરવામાં આવ્યો.

ગીર સોમનાથ, ૨૬ માહે મે, સને ૨૦૧૭.

---

## સને-૧૯૫૧ના ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૩૭(૩) અન્વયેનું

## જાહેરનામું

નં. એમએજી/સી/૨૦૯૫/૨૦૧૭.-પોલીસ અધિક્ષકશ્રી, ગીર-સોમનાથના પત્ર નં. સી/એલઆઈબી/જા.ના./સ.સ.બંધી/ ૫૪૭/૧૭, તા. ૨૨-૦૫-૨૦૧૭ થી રજુ થયેલ વિગતો મુજબ (૧) વેરાવળ/પ્ર.પાટણ, કોડીનાર તથા ઉના કોમી દ્રષ્ટિએ અત્યંત સંવેદનશીલ હોય નાના સરખા બનાવથી અફવાઓના કારણે હિન્દુ-મુસ્લીમ વચ્ચે ઘર્ષણ થવા સંભાવના રહે છે. અફવાના કારણે લોકો એકઠા થવાના બનાવ બનાવો ધ્યાને લેતા વિશેષ તકેદારી રાખવી આવશ્યક છે. (૨) પ્રભાસ પાટણ ખાતે ભગવાન સોમનાથનું મંદિર આવેલ છે. જેથી સવિશેષ તકેદારી રાખવી આવશ્યક છે. (૩) આ માસમાં વિવિધ તહેવારોની ઉજવણી થનાર હોય, જેથી ધાર્મિક તથા જાહેર સ્થળોએ મોટી સંખ્યામાં લોકો એકઠા થતા હોય, તેમજ શ્રી સોમનાથ મંદીર ખાતે આ તહેવારો દરમ્યાન બહોળી સંખ્યામાં જનમેદની એકઠી થતી હોય જેથી કોઈ અનિચ્છનિય બનાવ ન બને તે માટે, તેમજ વિવિધ કાર્યક્રમો દરમિયાન કાયદો અને વ્યવસ્થાની દ્રષ્ટિએ તકેદારી રાખવી ખુબ જ આવશ્યક છે. (૪) ખેડુતોના પાકની સીઝન ચાલુ હોવાથી વિજ વપરાશ વધવાના કારણે વિજળીની આવક-જાવક થતી હોય, વિજ પુરવઠાના પ્રશ્નોએ લોકો દ્વારા આંદોલનો થવાની શકયતા હોય, જેથી લોકો ટોળાના રૂપમા એકઠા ન થાય તે માટે કાયદો વ્યવસ્થાની દ્રષ્ટિએ તકેદારી રાખવી ખુબ જ આવશ્યક છે. (૫) અત્રેના જિલ્લામાં આવેલ ગીર/જંગલ વિસ્તારમાં સિંહ તથા અન્ય વન્ય પ્રાણીઓના શિકારના બનાવો બનતા હોય, તેમજ ગેરકાયદેસર ટોળાના રૂપમા લાયન શો યોજાતા હોય, કાયદો અને વ્યવસ્થાની દ્રષ્ટિએ તકેદારી રાખવી ખુબ જ આવશ્યકતા છે. જેથી ગીર-સોમનાથ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં કાયદો વ્યવસ્થા તથા જાહેર સુલેહશાંતી જળવાઈ રહે તે હેતુસર સભા/સરઘસ વગર પરવાનગીએ કોઈ કાઢે નહી તે માટેનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા પોલીસ અધિક્ષકશ્રી તરફથી દરખાસ્ત રજુ થયેલ છે.

પોલીસ અધિક્ષકશ્રી, ગીર-સોમનાથ તરફથી ઉકત વિગતે રજુ થયેલ દરખાસ્ત વ્યાજબી જણાતા ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭ની પેટા કલમ-૩ થી મને મળેલ અધિકારની રૂએ હું, પી. બી. પંડયા, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ગીર-સોમનાથ જિલ્લો, વેરાવળ, આથી ગીર-સોમનાથ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં તા. ૨૮-૦૫-૨૦૧૭ ના રોજ થી તા. ૨૬-૦૬-૨૦૧૭ (બંને દિવસો સહિત) સુધીની મુદત માટે કોઈપણ સભા કે સરઘસ માટે મનાઈ હુકમ ફરમાવું છું. વધુમા આદેશ કરૂં છું કે, આ હુકમ નીચેનાને લાગુ પડશે નહી.

(૧) ફરજ ઉપર હોય તેવી ગૃહરક્ષક મંડળીઓને.

(૨) સરકારી નોકરીએ અવર જવર કરતી હોય તેવી વ્યકિતને.

(૩) કોઈ લગ્નના વરઘોડાને.

(૪) સ્મશાન યાત્રા કે જેમાં જોડાનાર વ્યકિતઓને.

(૫) સક્ષમ અધિકારીશ્રીની કાયદેસર પરવાનગી મેળવનારને.

આ હુકમનું પાલન ન કરનાર અથવા તેનું પાલન ન કરવામાં કોઈને મદદ કરનારને ગુનો સાબિત થયેથી, દંડની શિક્ષાને પાત્ર ઠરશે. તથા ભારતીય દંડસહિતાની કલમ-૧૮૮ મુજબનો ગુનો સાબિત થયેથી, જે તે વ્યકિતને એક માસની સાદી કેદ અથવા રૂા. ૨૦૦/- સુધીનો દંડ અગર બંન્ને શિક્ષા થઈ શકશે અને આ હુકમની અવગણના માનવ જીવનને કોઈ નુકશાન અથવા સ્વાસ્થ્યને અથવા સલામતીને કોઈ ભય ઉત્પન્ન થાય અથવા કોઈ હુલ્લડ-બખેડો થાય તો તેવી વ્યકિતને-૬ (છ) માસ પરિશ્રમ અથવા સાદી કેદ અથવા રૂા. ૧૦૦૦/- સુધીનો દંડ સહિત બંને શિક્ષાને પાત્ર ઠરશે.

આજ તારીખ ૨૬ માહે-મે, સને-૨૦૧૭ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા કરી જાહેર જનતાની જાણ તથા અમલ થવા માટે પ્રસિધ્ધ કર્યુ.

ગીર-સોમનાથ, ૨૬ માહે મે, સને ૨૦૧૭.

---

## ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૧) અન્વયે

## જાહેરનામું

નં. એમએજી/સી/૨૦૯૬/૨૦૧૭.-પોલીસ અધિક્ષકશ્રી, ગીર સોમનાથની કચેરીના પત્ર નં. સી/એલઆઈબી/હથિ.બંધી/જા.ના./ ૫૪૮/૨૦૧૭, તા. ૨૨-૦૫-૨૦૧૭ થી રજુ થયેલ વિગતો મુજબ (૧) વેરાવળ, પ્ર.પાટણ, કોડીનાર તથા ઉના કોમી દ્રષ્ટિએ અત્યંત સંવેદનશીલ હોય, નાના સરખા બનાવથી અફવાઓના કારણે હિન્દુ-મુસ્લીમ વચ્ચે ઘર્ષણ થવા સંભાવના રહે છે. જેથી સવિશેષ તકેદારી રાખવી આવશ્યક છે. (૨)પ્રભાસ પાટણ ખાતે સુપ્રસિધ્ધ ભગવાન સોમનાથ મહાદેવનું મંદિર આવેલ છે. જેથી સવિશેષ તકેદારી રાખવી આવશ્યક છે. (૩) આ માસમા વિવિધ તહેવારોની ઉજવણી થનાર હોય અને ધાર્મિક સ્થળો, જાહેર સ્થળો વિગેરે જગ્યાઓએ મોટી સંખ્યામાં લોકો એકઠા થતા હોય, તેમજ સોમનાથ મંદિર ખાતે આ તહેવારો દરમ્યાન બહોળી સંખ્યામાં જનમેદની એકઠી થતી હોય, જેથી કોઈ બનાવ ન બને તે માટે તેમજ વિવિધ કાર્યક્રમો દરમ્યાન કાયદો વ્યવસ્થાની દ્રષ્ટિએ તકેદારી રાખવી ખુબજ આવશ્યક છે. (૪) અત્રેના જિલ્લામાં આવેલ ગીર/જંગલ વિસ્તારમાં સિંહ તથા અન્ય વન્ય પ્રાણીઓના શિકારના બનાવો બનતા હોય, જેથી કાયદો અને વ્યવસ્થાની દ્રષ્ટિએ તકેદારી રાખવી ખુબજ આવશ્યક છે. સબબ, ગીર-સોમનાથ જિલ્લાના

સમગ્ર વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થા તથા જાહેર સુલેહશાંતી જળવાઈ રહે તે હેતુસર હથિયારબંધીનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા પોલીસ અધિક્ષકશ્રી દ્વારા દરખાસ્ત થઈ આવેલ છે.

ઉક્ત રજુ થયેલ દરખાસ્ત વ્યાજબી જણાતા સુલેહશાંતી જાળવવા સારૂ અને કાયદો વ્યવસ્થાની સ્થિતિ યથાવત જળવાઈ રહે તેમજ કોઈ જાતનો અનિચ્છનીય બનાવ બને નહીં તે માટે હું, પી. બી. પંડયા, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ગીર-સોમનાથ જિલ્લો, વેરાવળ, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૧) અન્વયે મને મળેલ અધિકારની રૂએ સમગ્ર ગીર-સોમનાથ જિલ્લા વિસ્તારમાં તા. ૨૮-૦૫-૨૦૧૭ થી તા. ૨૬-૦૬-૨૦૧૭ સુધી બન્ને દિવસો સહિત નીચે પ્રમાણે મનાઈ ફરમાવું છું કે, કોઈપણ વ્યકિતએ...

(ક) શસ્ત્ર, દંડા, તલવાર, ભાલા, ચપ્પુ, લાકડી અથવા શારિરીક હિંસા પહોંચાડવામાં ઉપયોગી થઈ શકે તેવી બીજી કોઈ ચીજો લઈ જવી નહીં.

(ખ) પથ્થરો અથવા બીજા શસ્ત્રો ફેંકવા અથવા નાખવામાં ઉપયોગી હોય તેવા યંત્રો અથવા સાધનો લઈ જવા, એકઠા કરવા તથા તૈયાર કરવા નહી.

(ગ) વ્યક્તિઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવા નહી.

(ઘ) અપમાન કરવા અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેર બિભત્સ સુત્રો પોકારવા નહી, અશ્લીલ ગીતો ગાવા નહી.

(ચ) જેનાથી સુરુચીનો અને શાંતિનો ભંગ થાય તેવું ભાષણ કરવું નહી, તેવા હાવભાવ કરવા નહી, તેવી ચેષ્ટા કરવી નહી તથા ચિત્રો, પ્લે કાર્ડ અથવા બીજા કોઈ પદાર્થ અથવા વસ્તુઓ કરવી નહી.

**આ હુકમ નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહીં.**

૧. સરકારશ્રીની નોકરીમાં કામ કરતી કોઈ વ્યક્તિ કે જેના ઉપરી અધિકારીઓને ફરમાવ્યા હોય અથવા આવા કોઈ હથિયાર લઈ જવાની તેમની ફરજ હોય.

૨. જિલ્લા પોલીસ અધિકારીશ્રીએ જે તે શારિરીક અશક્તિને કારણે લાઠી લઈ જવાની અથવા શુભ હેતુથી ધંધો કરવાની પરવાનગી આપી હોય તે વ્યક્તિ.

૩. ખેડુતો પોતાની ખેતીકામ માટે ખેતીના ઓજારો લઈ જવામાં હાડમારી ન થાય તેમને રોજીંદા કામ કરી શકે તે આશયથી ખેડુતો પોતાના ઓજારો ખેતીકામ માટે લઈ જતા હોય.

આ જાહેરનામાંના કોઈ ખંડનો ભંગ કરનાર અથવા પાલન ન કરવામાં મદદ કરનાર વ્યક્તિને ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૫(૧) મુજબ એક વર્ષની મુદત સુધીની કેદની શિક્ષા તેમજ દંડને પાત્ર થશે. આ ઉપરાંત ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ તે વ્યક્તિનો ગુનો સાબિત થયેથી એક માસની સાદી કેદ અગર રૂા. ૨૦૦/- નો દંડ અગર બંને શિક્ષા થઈ શકશે અને આ હુકમની અવગણના માનવ જીવનને અથવા સ્વાસ્થ્યને અથવા સલામતીને નુકશાન કરે, ભય ઉત્પન્ન થાય અથવા કોઈ હુલ્લડ, બખેડો થાય તેવા વ્યક્તિ-૬ (છ) માસ સુધીની પરિશ્રમ અથવા સાદી કેદ અથવા રૂા. ૧૦૦૦/- સુધીનો દંડ સહિત બંને શિક્ષાને પાત્ર ઠરશે.

આજ તા. ૨૬ માહે મે, સને-૨૦૧૭ ના રોજ મારી સહી તથા કચેરીના સીક્કા કરીને જાહેર જનતાની જાણ તથા અમલ થવા માટે પ્રસિધ્ધ કર્યું.

ગીર-સોમનાથ, ૨૬ માહે મે, સને ૨૦૧૭.

**પી. બી. પંડયા,**
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
ગીર સોમનાથ જિલ્લો, વેરાવળ.

---

**ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧) બી હેઠળ**

**જાહેરનામું**

નાં. એમએજી/જાહેરનામું/૧૦૬૮૬/૨૦૧૭.-CASO/ Assistant Commandant, Civil Airport, CISF Unit, ASG Porbandar ના પત્ર ક્રમાંક : PR/17019/CISF/ASG-PBR/ QM/ARC-June/2017/1126, dt. 23-05-2017 ના પત્રથી પોરબંદર તાલુકાના ઓડદર ગામે આવેલ પોલીસ ફાયરીંગ રેન્જના સ્થળે આગામી તા. ૨૭-૦૬-૨૦૧૭ થી તા. ૨૯-૦૬-૨૦૧૭ ના ૭-૦૦ થી સાંજના ૧૩-૦૦ કલાક સુધી જાહેરનામું બહાર પાડવા દરખાસ્ત અત્રે કરેલ છે. ઉકત દરખાસ્ત ધ્યાને લેતા ફાયરીંગ સબબ સવાલવાળા સ્થળની આજુબાજુ અવર-જવર કરનારાઓને કોઈ નુકશાન ન થાય તે હેતુથી જાહેરનામું બહાર પાડવું ઈષ્ટ જણાય છે.

સબબ હું, એમ. એચ. જોષી, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, પોરબંદર જિલ્લો, પોરબંદર સને ૧૯૫૧ના ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧)બી હેઠળ મને મળેલ સત્તાની રૂઈએ તા. ૨૭-૦૬-૨૦૧૭ થી તા. ૨૯-૦૬-૨૦૧૭ ના ૭-૦૦ થી ૧૩-૦૦ સુધી પોરબંદર તાલુકાના ઓડદર ગામ તરફ રસ્તા નજીક દરીયા કિનારાના ફાયરીંગ બટ વિસ્તારમાં પૂર્વ ભાગે-૧ ફલાંગ, પશ્ચિમ ભાગે-૧ ફર્લાગ, ઉતર ભાગે-૩ ફલાંગ, દક્ષિણ ભાગે-૧ ફલાંગ અને ત્યાંથી દરીયામાં ૫ (પાંચ) કી. મી. સુધી રાહદારીઓને તેમજ વાહનો માટે તથા વ્યક્તિગત તેમજ વહાણ/બોટ લઈને જનાર માછીમારોને અવર-જવર કરવા ઉપરોકત સમય દરમ્યાન પ્રવેશબંધી ફરમાવું છું.

આ જાહેરનામાના કોઈપણ ખંડનો ભંગ કે ઉલ્લંઘન કરનાર વ્યક્તિ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧માં જણાવેલ શિક્ષાને પાત્ર ઠરે છે.

આ જાહેરનામું આજ રોજ તા. ૩૦-૦૫-૨૦૧૭ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે જાહેર જનતાની જાણ તથા અમલ માટે પ્રસિધ્ધ કર્યુ.

પોરબંદર, ૩૦ માહે મે, સને ૨૦૧૭.

**એમ. એચ. જોષી,**
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
પોરબંદર.

---

**વિષય :** લોકોની જાનની સલામતી માટે પીજીવીસીએલના ઈલેકટ્રીક પોલ/નેટવર્ક પરથી કેબલ ટી.વી. નેટવર્કના કેબલ દૂર કરવા બાબત.

## જાહેરનામું

નં. ડીએમ-૧/PGVCL/જા.ના/ઈ.નં. ૨૩૩૫૮/૨૦૧૭.- ભાવનગર શહેર તથા જિલ્લામાં પી.જી.વી.સી.એલ.ના ઈલેકટ્રીક પોલ તેમજ નેટવર્ક પર કેબલ ટી.વી. ઓપરેટરો દ્વારા કોઈપણ પ્રકારની મંજુરી વગર કેબલ પ્રસ્થાપિત કરી ઉપયોગ કરવામાં આવે છે. જેના કારણે વીજ અકસ્માતના બનાવો બનવા પામતા હોય છે.

સબબ, ભાવનગર શહેર તથા જિલ્લામાં પી.જી.વી.સી.એલ. ના ઈલેકટ્રીક પોલ તેમજ નેટવર્ક પર કેબલ ટી.વી. ઓપરેટરો દ્વારા કોઈપણ પ્રકારની મંજુરી વગર પ્રસ્થાપિત કરવામાં આવતા કેબલ દુર કરવા અત્યંત જરૂરી જણાય છે.

આથી ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪નો બીજો અધિનિયમ) ના કાયદાની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ સત્તાની રૂઈએ હું, આર. પી. ચૌધરી (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ભાવનગર જિલ્લો, ભાવનગર હુકમ કરૂં છું કે, ભાવનગર શહેર તથા જિલ્લામાં પી.જી.વી.સી.એલ.ના ઈલેકટ્રીક પોલ તેમજ નેટવર્ક પર કેબલ ટી.વી. ઓપરેટરો દ્વારા કોઈપણ પ્રકારના કેબલ પ્રસ્થાપિત કરવા નહીં.

આ જાહેરનામું તા. ૦૧-૦૬-૨૦૧૭થી તા. ૩૦-૦૭-૨૦૧૭ સુધી (બંને દિવસો સુધ્ધા) દિન-૬૦ માટે અમલમાં રહેશે.

આ જાહેરનામાનો ભંગ કરનાર વ્યકિત ભારતીય દંડસંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

''જાહેરનામાના અમલ તથા તેના ભંગ બદલ પગલા લેવા પી.જી.વી.સી.એલ.નાં સક્ષમ અધિકારીશ્રી, હેડકોન્સ્ટેબલથી નીચેના ન હોય તેવા પોલીસ અધિકારીશ્રી તથા મામલતદારશ્રી, મનોરંજન કર, ભાવનગરને અધિકૃત કરવામાં આવે છે.''

આ જાહેરનામું જાહેર વિસ્તારમાં સહેલાઈથી દેખી શકાય તેવી રીતે તેની નકલ ચોંટાડીને તેમજ સ્થાનિક વર્તમાનપત્રોમાં બહોળી પ્રસિધ્ધી આપીને પ્રસિધ્ધ કરવાનું આથી હું ફરમાવું છું.

આજ તા. ૩૧-૦૫-૨૦૧૭ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી જાહેરનામું બહાર પાડેલ છે.

ભાવનગર, ૩૧ માહે મે, સને ૨૦૧૭.

## જાહેરનામું

નં. ડી.એમ.-૧/જીપીએસસીઈ નં. ૨૩૫૭૬/૧૭.-ભાવનગર શહેર તથા જિલ્લામાં સરકારશ્રીના ગુજરાત વહીવટી સેવા વર્ગ-૧ અને ગુજરાત મુલ્કી સેવા વર્ગ-૧ અને વર્ગ-૨ની જગ્યાઓ ભરવા માટે આગામી તા. ૦૪-૦૬-૨૦૧૭ના રોજ પ્રિલિમિનરી પરીક્ષા યોજાનાર છે. આ પરીક્ષા દરમિયાન પરીક્ષા કેન્દ્રો ખાતે પરીક્ષાર્થીઓ નિર્ભયતાથી, શાંતિપૂર્વક તેમજ એખલાસભર્યા વાતાવરણમાં પરીક્ષા આપી શકે, પરીક્ષા કેન્દ્રોની આજુબાજુના વિસ્તારોમાં અસામાજીક ગુંડાતત્વો એકઠા થઈ પરીક્ષાર્થીઓને ખલેલ પહોંચાડે નહિ તેમજ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે માટે જાહેર હિતમાં હું, આર. પી. ચૌધરી, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ભાવનગર જિલ્લો, ભાવનગર, ભારતના ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪નો ૨ જો)ની કલમ-૧૪૪ થી મને મળેલ અધિકારની રૂઈએ ફરમાવું છું કે, આગામી તા. ૦૪-૦૬-૨૦૧૭ના રોજ સવારના ૧૦-૩૦ કલાક થી સાંજના ૧૭-૦૦ કલાક દરમિયાન નીચેની અનુસુચિમાં દર્શાવેલ પરીક્ષા કેન્દ્રો ઉપર નીચે મુજબનાં પ્રતિબંધો ફરમાવવામાં આવે છે.

(૧) પરીક્ષા કેન્દ્રોની ૧૦૦ મીટરની ત્રિજ્યામાં આવેલા ઝેરોક્ષ/ ફેકસનાં વ્યવસાય સાથે સંકળાયેલા વેપારીઓએ ઝેરોક્ષ તેમજ ફેકસ મશીનના ઉપયોગ પર.

(૨) પરીક્ષા કેન્દ્રોની ૧૦૦ મીટરની ત્રિજ્યામાં મોટા અવાજે લાઉડ સ્પીકર કે બેન્ડવાજા વિગેરે ધ્વનિ વર્ધક સાધનોના ઉપયોગ પર.

(૩) પરીક્ષા કેન્દ્રમાં મોબાઈલ/સેલ્યુલર ફોન/કેલકયુલેટર લઈ જવા પર.

(૪) પરીક્ષા કેન્દ્રની ૨૦૦ મીટરની ત્રિજ્યાના વિસ્તારમાં ચાર કે તેથી વધુ માણસો એકઠા થવા પર.

(૫) પરીક્ષા કેન્દ્રોમાં પરીક્ષાર્થીઓ તથા ફરજ પરના સ્ટાફ કે અધિકૃત વ્યક્તિ સિવાય કોઈ અનઅધિકૃત વ્યક્તિએ પરીક્ષા કેન્દ્રમાં પ્રવેશવા પર.

### અનુસૂચિ

| ક્રમ | પરીક્ષા કેન્દ્ર/શાળાનું નામ |
|---|---|
| ૧ | ફાતિમા કોન્વેન્ટ સ્કુલ, ઘોઘા રોડ, ભાવનગર. |
| ૨ | માજીરાજ ગર્લ્સ હાઈસ્કુલ, હલુરીયા ચોક, ભાવનગર. |
| ૩ | શ્રી સ્વામિનારાયણ હાઈસ્કુલ, સરદારનગર, ભાવનગર. |
| ૪ | બી. એન. વિરાણી હાઈસ્કુલ, સેન્ટર-એ, કાળીયાબીડ, ભાવનગર. |
| ૫ | બી. એન. વિરાણી હાઈસ્કુલ, સેન્ટર-બી, કાળીયાબીડ, ભાવનગર. |
| ૬ | સેન્ટ મેરી હાઈસ્કુલ, શિવાજી સર્કલ, ભાવનગર. |
| ૭ | સેન્ટ મેરી હાઈસ્કુલ, અંગ્રેજી મીડીયમ, શિવાજી સર્કલ, ભાવનગર. |
| ૮ | અલ મહેંદી સ્કૂલ, શિશુવિહાર સર્કલ, ભાવનગર. |
| ૯ | વિશુધ્ધાનંદ વિદ્યાલય, વિદ્યાનગર, ભાવનગર. |
| ૧૦ | હોમ સ્કુલ ઈંગ્લિશ મીડીયમ, સહકારી હાટ પાસે, વાઘાવાડી રોડ, ભાવનગર. |
| ૧૧ | સર પી. પી. ઈન્સ્ટીટયુટ ઓફ સાયન્સ કોલેજ, ભાવનગર. |
| ૧૨ | બી. એમ. કોમર્સ હાઈસ્કુલ, ઘોઘા સર્કલ, ભાવનગર. |

| ક્રમ | પરીક્ષા કેન્દ્ર/શાળાનું નામ |
|---|---|
| ૧૩ | શાંતિલાલ શાહ હાઈસ્કુલ, હલુરીયા ચોક, ભાવનગર. |
| ૧૪ | શ્રી કુમારશાળા, ડેરી રોડ, નિલમબાગ, ભાવનગર. |
| ૧૫ | મહાલક્ષ્મી ગર્લ્સ હાઈસ્કુલ, ડોન ચોક, ભાવનગર. |
| ૧૬ | ગર્વમેન્ટ એન્જીનીયરીંગ કોલેજ, વિદ્યાનગર, બી.પી.ટી.આઈ. પાસે, ભાવનગર. |
| ૧૭ | વિદ્યાધીશ વિદ્યાસંકુલ, કાળીયાબીડ, ભાવનગર. |
| ૧૮ | સનાતન ધર્મ હાઈસ્કુલ, વડવા, વોશીન્ગઘાટ, ભાવનગર. |
| ૧૯ | મુક્તાલક્ષ્મી મહિલા વિદ્યાલય, હલુરીયા ચોક, ભાવનગર. |
| ૨૦ | શ્રીમતિ એમ. એસ. લાખાણી કન્યા વિદ્યાલય, સરદાર પટેલ ઈન્સ્ટીટ્યુટ, કાળવીબીડ, ભાવનગર. |
| ૨૧ | શ્રી સરસ્વતી વિદ્યામંદિર, કાળીયાબીડ, ભાવનગર. |
| ૨૨ | શ્રી ઝેડ. કે. મેંદપરા માધ્યમિક સ્કુલ, સરદાર પટેલ સ્કુલ રોડ, કાળીયાબીડ, ભાવનગર. |
| ૨૩ | આર્યકુળ વિદ્યાલય, ભરતનગર, ભાવનગર. |
| ૨૪ | ન. ચ. ગાંધી અને બી. વી. જી. મહિલા કોલેજ, ડાયમંડ ચોક, ભાવનગર. |
| ૨૫ | સેન્ટ ઝેવિયર્સ હાઈસ્કુલ, જેલ રોડ, ભાવનગર. |
| ૨૬ | સહજાનંદ વિદ્યાલય, તરસમીયા રોડ, ખારશી, ભાવનગર. |
| ૨૭ | શ્રી આર. કે. ઘરશાળા વિનય મંદિર, વાઘાવાડી રોડ, પરિમલ ચોક, ભાવનગર. |
| ૨૮ | વિદ્યાવિહાર માધ્યમિક શાળા, દેસાઈનગર, ભાવનગર. |
| ૨૯ | ક્રાઈસ્ટ હાઈસ્કુલ, ચિત્રા, સીદસર રોડ, ભાવનગર. |
| ૩૦ | એકતા હાઈસ્કુલ, રામમંત્ર મંદિર પાસે, ભાવનગર. |
| ૩૧ | દોલત અનંત વાળીયા હાઈસ્કુલ, શાસ્ત્રીનગર, ભાવનગર. |
| ૩૨ | દક્ષિણામૂર્તિ વિ. મંદિર, વાઘવાડી રોડ, ભાવનગર. |
| ૩૩ | શ્રી ગીજુભાઈ વિનય મંદિર, સત્યનારાયણ રોડ, ભાવનગર. |
| ૩૪ | શ્રી શાંતિલાલ શાહ, ઈજનેરી કોલેજ, સિદસર, ભાવનગર. |
| ૩૫ | કે. પી. ઈ. એસ. કોલેજ, કાળીયાબીડ, ભાવનગર. |
| ૩૬ | કે. પી. ઈ. એસ. ઈગ્લીંશ સ્કુલ, કાળીયાબીડ, ભાવનગર. |
| ૩૭ | નંદકુંવરબા મહિલા કોલેજ, દેવરાજનગર, ભાવનગર. |
| ૩૮ | નવોદય પબ્લીક સ્કુલ (સ્વસ્તિક) ભાવનગર. |
| ૩૯ | મારૂતી વિદ્યામંદિર, સિદસર રોડ, ભાવનગર. |
| ૪૦ | શ્રી સ્વામીનારાયણ નૈમિષારણ્ય કોલેજ ઓફ સાયન્સ, સીદસર રોડ, ભાવનગર. |
| ૪૧ | જ્ઞાનમંજરી ઈન્સ્ટીટ્યુટ ઓફ ટેકનોલોજી, સિદસર રોડ, ભાવનગર. |
| ૪૨ | શ્રી સાંદિપની વિદ્યાલય, સરિતા સોસાયટી, શેરી-૮, ભાવનગર. |
| ૪૩ | સહજાનંદ વિદ્યાલય, શિવનગર, તળાજા રોડ, ભાવનગર. |
| ૪૪ | બાહ્ય અભ્યાસક્રમ વિભાગ યુનિટ-૧, ભાવનગર યુનિવર્સીટી, ભાવનગર. |
| ૪૫ | બાહ્ય અભ્યાસક્રમ વિભાગ યુનિટ-૨, ભાવનગર યુનિવર્સીટી, ભાવનગર. |
| ૪૬ | શ્રી જ્ઞાનમંજરી સેકન્ડરી એન્ડ હાયર સેકન્ડરી સ્કુલ, કાળીયાબીડ, ભાવનગર. |
| ૪૭ | વળીયા આટર્સ એન્ડ કોમર્સ કોલેજ, વિદ્યાનગર, ભાવનગર. |

સદરહું જાહેરનામું ઉકત જણાવ્યા મુજબના પરીક્ષા કેન્દ્રો ઉપરાંત જો નવા પરીક્ષા કેન્દ્રો જાહેર થશે તો તેને લાગુ પડશે.

સદરહું જાહેરનામા/હુકમનો ઉલ્લંઘન કરનારને ભારતના ફોજદારી અધિનિયમ (સને ૧૮૬૦ના ૪૫માં અધિનિયમ)ની કલમ-૧૮૮ મુજબ સજા થશે.

''જાહેરનામાના અમલ તથા તેના ભંગ બદલ પગલા લેવા હેડકોન્સ્ટેબલથી નીચેના ન હોય તેવા અધિકારીશ્રીને અધિકૃત કરવામાં આવે છે.''

ઉપર નિર્દિષ્ટ કરેલા વિસ્તારોમાં સહેલાઈથી દેખી શકાય તેવી જગ્યાઓએ આ હુકમની નકલો ચોંટાડીને અને સ્થાનીક વર્તમાનપત્રો દ્વારા તેની બહોળી પ્રસિધ્ધી કરાવીને સદરહું હુકમ પ્રસિધ્ધ કરવો.

મોબાઈલ/સેલ્યુલર ફોન/કેલકયુલેટર અંગે કોઈ સરકારશ્રી તરફથી સૂચના આપેલ હોય તે બાબતે છુટછાટ રહેશે.

આજ તારીખ : ૩૦-૦૫-૨૦૧૭ના રોજ મારી સહી કરી હુકમ પ્રસિધ્ધ કર્યો.

ભાવનગર, ૩૦ માહે મે, સને ૨૦૧૭.

**આર. પી. ચૌધરી,**
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
ભાવનગર.

---

**મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩ (૧) અન્વયે કાઢેલો હુકમ**

## જાહેરનામું

ડી.એમ./વશી/૩૪૭૧ થી ૩૫૧૭/૨૦૧૭.-બોટાદ શહેરમાં ટ્રાફીક સમસ્યા અને લોકોની અવર જવર માટે ટુ-વ્હીલ તથા ફોર વ્હીલ વાહનો નો ઉતરોતર વધારો થવાના કારણે બોટાદ શહેરની ભૌગોલિક પરિસ્થિતિ ધ્યાને લેતા સાળીંગપુર થી પાળીયાદ તરફ જવાના માર્ગે કે જે સાળંગપુર ચાર રસ્તાથી ગોંડલ પાન પેલેસથી મસ્તરામ મંદિર સતવારા બોર્ડીંગ થઈ કાબા રૂપાની વાડીથી વકીલ પેટ્રોલ પંપ સામેથી પાળીયાદ રોડ ઉપર પ્રવેશ જાહેરનામુ બહાર પાડવામાં આવેલ. આ રોડ પરથી આવતાં ટ્રાફીકને ફકત સાળંગપુર રોડ પરથી પ્રવેશ માટે જાહેર કરવા તથા તેવીજ રીતે પાળીયાદ તરફથી સાળંગપુર તરફ જતાં વાહનો હવેલી ચોકથી મોબાઈલ બજાર, કરમશી ભવાન કિરાણા સ્ટોરથી સાળંગપુર ચાર રસ્તા થઈ સાળંગપુર રોડ પર પ્રવેશ જાહેર કરવો ખૂબજ જરૂરી જણાય છે.

ઉપરોકત પીક-અવર્સ દરમ્યાન એટલેકે સવારના ૧૦-૦૦ કલાક થી ૧૪-૦૦ કલાક તથા સાંજે ૧૭-૦૦ કલાક થી ૨૦-૦૦ ભારે વાહનો માટે પ્રવેશ નિષેધ જાહેર કરવો જરૂરી જણાય છે.

તેમજ હવેલી ચોકથી દિનદયાળ ચોક અને હીરા બજારમા થતી ટ્રાફીક સમસ્યા નિવારવા ફકત એક બાજુ એકી-બેકી તારીખે એટલે કે એકી તારીખે જમણી બાજુ બેકી તારીખે ડાબી બાજુ દ્વી ચક્રીય વાહનો પાર્ક કરવા જાહેરનામુ બહાર પાડવાથી ટ્રાફીક વ્યવસ્થા નિવારી શકાય તેમ છે.

આ અંગે પોલીસ અધિક્ષકશ્રી, બોટાદના તા. ૨૩-૦૫-૨૦૧૭ના પત્ર ક્રમાંક નં. ટ્રાફીક/જાહેરનામુ/૧૦૪/૨૦૧૭ થી દરખાસ્ત થઈ આવેલ છે.

સબબ મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩ (૧)(બી) નીચે મને મળેલ અધિકારની રૂએ હું, બી. વી. લીંબાસીયા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, બોટાદ જિલ્લો, બોટાદ નીચે મુજબના રસ્તા ઉપર વાહનોને પસાર થવાનું ફરમાવું છું.

(૧) સાળંગપુર રોડથી પાળીયાદ તરફ જતા વાહનોને ફકત સાળં ગપુર ચાર રસ્તાથી ગોંડલ પાન પેલેસ થી મસ્તરામ મંદિર-સતવારા બોર્ડીંગ થઈ કાબા રૂપાની વાડીથી વકીલ પેટ્રોલપંપ સામેથી પાળીયાદ રોડ ઉપર પ્રવેશ કરવાનો રહેશે.

(૨) પાળીયાદ તરફથી સાળંગપુર તરફ જતાં વાહનોને હવેલી ચોકથી મોબાઈલ બજાર, મહિલા મંડળ રોડ-કરમશી ભવાન કિરાણા સ્ટોરથી સાળંગપુર ચાર રસ્તા થઈ સાળંગપુર રોડ પર પ્રવેશ કરવાનો રહેશે.

(૩) તેમજ હવેલી ચોકથી દિન-દયાળચોક અને હિરા બજારમાં ટ્રાફીક સમસ્યા નિવારવા ફકત એકબાજુ દ્વિ-ચક્રી વાહનો પાર્ક કરવા એટલે કે, એકી તારીખે જમણી બાજુ તથા બેકી તારીખે ડાબી બાજુ વાહનો પાર્ક કરવાના રહેશે.

(૪) પીક-અવર્સ દરમ્યાન એટલેકે સવારના ૧૦-૦૦ કલાકથી ૧૪-૦૦ કલાક તથા સાંજે ૧૭-૦૦ કલાક થી ૨૦-૦૦ ભારે વાહનો માટે પ્રવેશ નિષેધ રહેશે.

(૫) હવેલી ચોકથી દિનદયાળ ચોક અને હીરા બજારમા થતી ટ્રાફીક સમસ્યા નિવારવા ફકત એક બાજુ એકી-બેકી તારીખે એટલે કે એકી તારીખે જમણી બાજુ બેકી તારીખે ડાબી બાજુ દ્વી ચક્રીય વાહનો પાર્ક કરવાના રહેશે.

આ જાહેરનામું તા.૦૧-૦૬-૨૦૧૭થી તા. ૩૧-૦૭-૨૦૧૭ સુધી અમલમાં રહેશે.

આ હુકમ/જાહેરનામાનો ભંગ/ઉલ્લંઘન કરનારને મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૧૩૧ મુજબ શિક્ષા થશે.

જાહેરનામાનો અમલ અને તેના ભંગ બદલના પગલા લેવા માટે ફરજ પરના કોઈપણ હેડ કોન્સ્ટેબલ તથા તેનાથી ઉપરના અધિકારીને અધિકાર રહેશે.

ઉપર જણાવેલ સ્થળે આ જાહેરનામાની નકલો ચોંટાડીને તથા વર્તમાનપત્રો મારફત આ જાહેરનામાની બહોળી પ્રસિધ્ધી કરાવવી.

આજ તા. ૩૧-૦૫-૨૦૧૭ ના મારી સહી તથા કચેરીના સીક્કા કરી જાહેર જનતાની જાણ માટે જાહેરનામું બહાર પાડવામાં આવે છે.

બોટાદ, ૩૧ માહે મે, સને ૨૦૧૭.

---

## જાહેરનામું

નં. ડી.એમ./વશી/૩૪૭૯ થી ૩૪૯૭/૨૦૧૭.-આગામી તા. ૦૪-૦૬-૨૦૧૭ ના રોજ ગુજરાત જાહેર સેવા આયોગ-ગાંધીનગર દ્વારા ગુજરાત વહીવટી સેવા વર્ગ-૧ અને ગુજરાત મુલ્કી સેવા વર્ગ-૧ અને ૨ની પ્રિલિમિનરી લેખિત પરીક્ષા બોટાદ જિલ્લામાં કુલ-૧૨ પરીક્ષા કેન્દ્રો ઉપર લેવાનાર છે. આ પરીક્ષા દરમ્યાન પરીક્ષા કેન્દ્રો ખાતે પરીક્ષાર્થીઓ નિર્ભયતાથી, શાંતિપૂર્વક તેમજ એખલાસભર્યા વાતાવરણમાં પરીક્ષા આપી શકે, પરીક્ષા કેન્દ્રોની આજુબાજુના વિસ્તારોમાં અસામાજીક ગુંડાતત્વો એકઠા થઈ પરીક્ષાર્થીઓને ખલેલ પહોંચાડે નહિ તેમજ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે માટે જાહેર હિતમાં હું, બી. વી. લીંબાસીયા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, બોટાદ જિલ્લો, બોટાદ, ભારતના ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪નો ૨ જો)ની કલમ-૧૪૪થી મને મળેલ અધિકારની રૂઈએ ફરમાવું છું કે, આગામી તા. ૦૪-૦૬-૨૦૧૭ નાં રોજ ગુજરાત ગુજરાત જાહેર સેવા આયોગ-ગાંધીનગર દ્વારા ગુજરાત વહીવટી સેવા વર્ગ-૧ અને ગુજરાત મુલ્કી સેવા વર્ગ-૧ અને ૨ ની પ્રિલિમિનરી લેખિત પરીક્ષાના સમય સવારના ૧૧-૦૦ કલાકથી બપોરના ૧૩-૦૦ કલાક દરમિયાન તેમજ બપોરનાં ૧૫-૦૦ કલાક થી સાંજના ૧૭-૦૦ કલાક દરમિયાન નીચેની અનુસુચિમાં દર્શાવેલ પરીક્ષા કેન્દ્રો ઉપર નીચે મુજબનાં પ્રતિબંધો ફરમાવવામાં આવે છે.

(૧) પરીક્ષા કેન્દ્રોની ૧૦૦ મીટરની ત્રિજ્યામાં આવેલા ઝેરોક્ષ/ફેકસનાં વ્યવસાય સાથે સંકળાયેલા વેપારીઓએ ઝેરોક્ષ તેમજ ફેકસ મશીનના ઉપયોગ પર.

(૨) પરીક્ષા કેન્દ્રોની ૧૦૦ મીટરની ત્રિજ્યામાં મોટા અવાજે લાઉડ સ્પીકર કે બેન્ડવાજા વિગેરે ધ્વનિ વર્ધક સાધનોના ઉપયોગ પર.

(૩) પરીક્ષા કેન્દ્રમાં મોબાઈલ ફોન લઈ જવા પર.

(૪) પરીક્ષા કેન્દ્રની ૨૦૦ મીટરની ત્રિજ્યાના વિસ્તારમાં ચાર કે તેથી વધુ માણસો એકઠા થવા પર.

(૫) પરીક્ષા કેન્દ્રોમાં પરીક્ષાર્થીઓ તથા ફરજ પરના સ્ટાફ કે અધિકૃત વ્યક્તિ સિવાય કોઈ અનઅધિકૃત વ્યક્તિએ પરીક્ષા કેન્દ્રમાં પ્રવેશવા પર.

### અનુસૂચિ

**ગુજરાત જાહેર સેવા આયોગ-ગાંધીનગર ની ગુજરાત વહીવટી સેવા વર્ગ-૧ અને ગુજરાત મુલ્કી સેવા વર્ગ-૧ અને ૨ ની પ્રિલિમિનરી લેખિત પરીક્ષા માટેનાં પરીક્ષા કેન્દ્રોની યાદી**

| ક્રમ | કેન્દ્રનું નામ | ગામ/શહેર |
|---|---|---|
| ૧ | શ્રી એલ. જે. શાહ ગર્લ્સ હાઈસ્કુલ, પાળીયાદ રોડ, બોટાદ | બોટાદ |
| ૨ | શ્રી સમાંતર સ્વાયત માધ્યમિક વિદ્યાલય, પાળીયાદ રોડ | બોટાદ |
| ૩ | શ્રી આર. સી. એ. હાઈસ્કુલ, પાળીયાદ રોડ, બોટાદ | બોટાદ |
| ૪ | શ્રી એમ. ડી. શાહ હાઈસ્કુલ, પાળીયાદ રોડ, બોટાદ | બોટાદ |
| ૫ | શ્રી પી. વી. દોશી વિદ્યાલય, બોટાદકર કોલેજ કેમ્પસ, બોટાદ | બોટાદ |
| ૬ | શ્રી અક્ષર પુરૂષોત્તમ હાઈસ્કુલ, જીવનધારા હોસ્પીટલ પાછળ, પાળીયાદ રોડ | બોટાદ |
| ૭ | શ્રી આર. પી. કોરડીયા માધ્યમિક શાળા, સ્ટેશન રોડ | બોટાદ |
| ૮ | યોગીરાજ વિદ્યામંદિર માધ્યમિક શાળા, કાદર શેઠની વાડી, ગાયત્રીનગર | બોટાદ |
| ૯ | સેન્ટ ઝેવિયર્સ હાઈસ્કુલ, ખસ રોડ | બોટાદ |
| ૧૦ | શ્રી સહજાનંદ હાઈસ્કુલ, ગઢડા રોડ | બોટાદ |
| ૧૧ | આદર્શ માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક શાળા, પાળીયાદ રોડ | બોટાદ |
| ૧૨ | દક્ષિણામુર્તિ વિદ્યાલય | તરઘરા |

સદરહું જાહેરનામાનો ઉલ્લંઘન કરનારને ભારતના ફોજદારી અધિનિયમ (સને ૧૮૬૦ના ૪૫માં અધિનિયમ)ની કલમ-૧૮૮ મુજબ સજા થશે.

''જાહેરનામાના અમલ તથા તેના ભંગ બદલ પગલા લેવા હેડકોન્સ્ટેબલથી નીચેના ન હોય તેવા અધિકારીશ્રીને અધિકૃત કરવામાં આવે છે.

ઉપર નિર્દિષ્ટ કરેલા વિસ્તારોમાં સહેલાઈથી દેખી શકાય તેવી જગ્યાઓએ આ જાહેરનામાની નકલો ચોંટાડીને અને સ્થાનિક વર્તમાનપત્રો દ્વારા તેની બહોળી પ્રસિધ્ધી કરાવીને સદરહું જાહેરનામું પ્રસિધ્ધ કરવું.

આજ તારીખ : ००-०५-२०१७ના રોજ મારી સહી કરી જાહેરનામું પ્રસિધ્ધ કર્યું.

બોટાદ, ૩૧ માહે મે, સને ૨૦૧૭.

---

**ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ**

**હુકમ**

ક્રમાંક : ડીએમ/તા.પ.પે.ચુ./ગ્રા.પં.-સા.ચું./ન.પા.પે.ચુ./૩૩૬૨ થી ૩૩૭૯/૨૦૧૭.-તાલુકા/ગ્રામ પંચાયત સામાન્ય ચૂંટણી-પેટા ચૂંટણી/ન.પા.પે.ચુ.-૨૦૧૭ આગામી જુન માસમાં યોજાનાર છે. ચૂંટણીના મુકત ન્યાયી અને સરળ સંચાલન માટે તથા કાયદો અને વ્યવસ્થાની જાળવણી સુનિશ્ચિત કરવા જાહેર શાંતિ અને સલામતી જળવાઈ રહે તે માટે મતદાન મથકમાં તથા તેની નજીક પ્રચાર કરવા ઉપર તથા મતદાર મતદારયાદીનાં ગેર ઉપયોગ સામે પ્રતિબંધ ફરમાવવો જરૂરી જણાય છે.

વાસ્તે હું બી. વી. લીંબાસીયા, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, બોટદા જિલ્લો, બોટાદ, ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ થી મને મળેલ અધિકારની રૂએ નીચે પ્રમાણે પ્રતિબંધ ફરમાવું છું.

તાલુકા/ગ્રામ પંચાયત સામાન્ય ચૂંટણી-પેટા ચૂંટણી/ન.પા.પે.ચુ.-૨૦૧૭ અનુસંધાને આગામી જુન માસમાં મતદાનના દિવસે મતદાન સમય દરમિયાન મતદાન એજન્ટ દ્વારા મતદારયાદી કે તેની નકલ મતદાન મથકની બહાર લઈ જવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

આ હુકમનો ભંગ કરનાર શખ્સ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ હેઠળ તથા લોક પ્રતિનિધિત્વ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૧૩૦ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ સમગ્ર બોટાદ જિલ્લાના ચૂંટણી યોજાનાર છે તે ગ્રામ્ય વિસ્તારને લાગુ પડશે.

આ ફરમાનનો અમલ તાલુકા/ગ્રામ પંચાયત સામાન્ય ચૂંટણી-પેટા ચૂંટણી/ન.પા.પે.ચુ.-૨૦૧૭ દરમ્યાન મતદાનની સમગ્ર પ્રક્રિયા પુરી થાય ત્યાં સુધી અમલમાં રહેશે.

આજ રોજ મારી સહી તથા કચેરીના મુદ્રા સાથે હુકમ બહાર પાડવામાં આવ્યો.

બોટાદ, ૨૪ માહે મે, સને ૨૦૧૭ .

---

**ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ**

**હુકમ**

ક્રમાંક : ડીએમ/તા.પ.પે.ચુ./ગ્રા.પં.-સા.ચું./ન.પા.પે.ચુ./૩૩૪૫ થી ૩૩૬૧/૨૦૧૭.-આગામી તાલુકા/ગ્રામ પંચાયત સામાન્ય ચૂંટણી-પેટા ચૂંટણી/ન.પા.પે.ચુ.-૨૦૧૭ જુન-૨૦૧૭માં યોજાનાર છે. ચૂંટણીના મુકત, ન્યાયી અને સરળ સંચાલન માટે તથા કાયદો અને વ્યવસ્થાની જાળવણી સુનિશ્ચિત કરવા જાહેર શાંતિ અને સલામતી જળવાઈ રહે તે માટે ઉમેદવારશ્રીઓ દ્વારા ઉમેદવારી પત્રો રજુ કરતી વખતે ચૂંટણી અધિકારીશ્રી/મદદનીશ ચૂંટણી અધિકારીશ્રીની કચેરી આસપાસના ૧૦૦ મીટરના વિસ્તારમા વધુમાં વધુ ૩(ત્રણ) વાહનો તથા ઉમેદવારશ્રી સહીત વધુમા વધુ કુલ-૫(પાંચ)થી વધુ વ્યકિતઓના દાખલ થવા ઉપર પ્રતિબંધ ફરમાવવો જરૂરી જણાય છે.

વાસ્તે, હું, બી. વી. લીંબાસીયા, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, બોટાદ જિલ્લા, બોટાદ, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ ની કલમ-૧૪૪ થી મને મળેલ અધિકારીની રૂએ નીચે પ્રમાણે પ્રતિબંધ ફરમાવું છું.

ઉમેદવારશ્રીઓ દ્વારા ઉમેદવારી પત્રો રજુ કરતી વખતે ચૂંટણી અધિકારીશ્રી/મદદનીશ ચૂંટણી અધિકારીશ્રીની કચેરી આસપાસના ૧૦૦ મીટરના વિસ્તારમા વધુમાં વધુ ૩(ત્રણ) વાહનો તથા ઉમેદવારશ્રી સહીત વધુમા વધુ કુલ-૫(પાંચ)થી વધુ વ્યકિતઓના દાખલ થવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું. અપક્ષ ઉમેદવાર અને બીનમાન્યતા પ્રાપ્ત પક્ષના ઉમેદવારોના કિસ્સામા પણ ચૂંટણી અધિકારીશ્રી/મદદનીશ ચૂંટણી અધિકારીની કચેરીમાં ઉમેદવાર ઉપરાંત બીજી ચાર વ્યકિતઓ એમ કુલ-૫(પાંચ) વ્યકિતઓને જ દાખલ થઈ શકશે પરંતુ કોઈ કારણોસર દરખાસ્ત મુકનાર બીજા મતદારોને પણ ચૂંટણી અધિકારી/મદદનીશ ચૂંટણી અધિકારીની કચેરીમાં દાખલ થવુ જરૂરી થાય તો પહેલા ચાર મતદારો બહાર નિકળે પછી બીજા મતદારો અંદર પ્રવેશી શકશે.

આ હુકમનો ભંગ કરનાર શખ્સ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ હેઠળ તથા લોક પ્રતિનિધિત્વ અધિનિયમ-૧૯૫૧ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ ફરમાનનો અમલ ચૂંટણી દરમ્યાન મતદાનની પ્રક્રિયા પુરી થાય ત્યાં સુધી અમલમાં રહેશે.

આજ તા. ૨૪ માહે મે-૨૦૧૭ ના રોજ મારી સહી તથા કચેરીની મુદ્રા સાથે હુકમ બહાર પાડવામાં આવ્યો.

બોટાદ, ૨૪ માહે મે, સને ૨૦૧૭.

મુંબઇ પોલીસ અધિનિયમ (સને-૧૯૫૧ ના ૨૨ માં)ની કલમ-૩૬ (ગ)(ઘ) મુજબનું

## જાહેરનામુ

ક્રમાંક : ડીએમ/તા.પ.પે.ચુ./ગ્રા.પં.-સા.ચું./ન.પા.પે.ચુ./૩૩૨૮ થી ૩૩૪૮/૨૦૧૭.-બોટાદ જિલ્લાની હકુમત હેઠળના જે વિસ્તારમાં તાલુકા/ગ્રામ પંચાયત સામાન્ય ચૂંટણી-પેટા ચૂંટણી/ ન.પા.પે.ચુ.–૨૦૧૭ ના સબંધમાં નક્કી કરેલ મતદાન મથકોએ આગામી જુન માસમાં મતદાન થનાર છે. જેથી મતદાન મથકો ઉપર મોટી સંખ્યામાં મતદારો પોતાનો મત આપવા એકઠા થવાનો સંભવ છે. જે સ્થળોએ મતદાન થનાર છે તે મતદાન મથકો ઉપર તથા તેની નજીકના વિસ્તારોમાં અડચણ થતી અટકાવવા તથા વ્યવસ્થા જાળવવા પગલા લેવા જરૂરી છે.

વાસ્તે, હું, બી. વી. લીંબાસીયા, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, બોટાદ જિલ્લા, બોટાદ, મુંબઈ પોલીસ અધિનિયમ (સને-૧૯૫૧ના ૨૨ મા) ની કલમ-૩૬(ગ)(ઘ) થી મને મળેલ અધિકારની રૂઈએ ફરમાવું છું કે, સદરહું ચૂંટણીમાં મતાધિકાર વાપરનાર તમામ મતદારોએ,

(૧) જે મતદાન મથકો ઉપર મત આપવા જવાનું છે તે મતદાન મથકોના અધિકૃત પ્રવેશ સ્થાન પાસે એક લાઈનમાં ઉભા રહેવું અને જો સ્ત્રીઓ માટે જુદી લાઈન હોય તો તેમાં તેણીએ ઉભા રહેવું.

(૨) મતદારે મતદાન મથકમાં લાઈન મુજબ પોતાના વારા પ્રમાણે એક પછી એક દાખલ થવું.

(૩) મતદારે પોતાનો મત આપ્યા પછી મતદાન મથક તથા તેનો વિસ્તાર છોડી તુરત જ ચાલ્યા જવું.

આ જાહેરનામું મતદાનનાં દિવસ માટે અમલમાં રહેશે તથા સમગ્ર બોટાદ જિલ્લાની ચૂંટણી યોજાનાર છે ગ્રામ્ય તથા શહેરી વિસ્તારમાં સહેલાઈથી દેખી, વાંચી શકાય તેવી જગ્યાએ તેની નકલો ચોંટાડીને અને તે વિસ્તારમાં પોલીસ લાઉડ સ્પીકર વાહનો દ્વારા, સ્થાનિક વર્તમાનપત્રો મારફતે તેમજ ગુજરાત રાજયના અસાધારણ ગેઝેટમાં જાહેર કરીને પ્રસિધ્ધ કરવાનું ફરમાવું છું.

જો કોઈ ઈસમ ઉપરોકત હુકમનો ભંગ કરશે અગર ભંગ કરવામાં મદદગારી કરશે તો આવા ઈસમો ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ તથા મુંબઈ પોલીસ અધિનિયમ (સને-૧૯૫૧ના ૨૨મા) ની કલમ-૧૩૪ હેઠળ દંડ અને શિક્ષાને પાત્ર થશે.

આજ રોજ મારી સહી તથા કચેરીના મુદ્રા સાથે હુકમ બહાર પાડવામાં આવ્યો.

બોટાદ, ૨૪ માહે મે, સને ૨૦૧૭.

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ

## જાહેરનામુ

ક્રમાંક : મજસ/હથીયાર જમા/૨૦૧૭/૩૨૬૬ થી ૩૨૮૨/ ૨૦૧૭.-આગામી તાલુકા/ગ્રામ પંચાયત સામાન્ય ચૂંટણી-પેટા ચૂંટણી/ન.પા.પે.ચુ.-૨૦૧૭ માહે-જુન-૨૦૧૭ માં યોજાનાર છે. જે અન્વયે આમ્સ એકટ હેઠળ મંજુર કરવામાં આવેલ વ્યકિતગત હથીયાર પરવાના હેઠળના ગ્રામ્ય તથા શહેરી વિસ્તારમાં ચૂંટણી યોજાનાર છે તે ગામોના તમામ હથીયારો તા. ૨૩-૦૬-૨૦૧૭ સુધી જેતે પોલીસ સ્ટેશનમાં જમા લેવા યોગ્ય જણાય છે.

જેથી આગામી સ્થાનીક સ્વરાજ ચૂંટણીઓ-૨૦૧૭ દરમ્યાન જાહેર શાંતિ અને સલામતિની જાળવણી તેમજ શાંતિપુર્ણ માહોલ જળવાઈ રહે તે હેતુથી ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ થી મળેલ સત્તાની રૂએ હું, બી. વી. લીંબાસીયા, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, બોટાદ જિલ્લો, આથી સમગ્ર બોટાદ જિલ્લાના જે ગામોમાં ચૂંટણી યોજાનાર છે તે ગ્રામ્ય વિસ્તારમા રહેતા દરેક પ્રકારના હથીયારો ના પરવાનેદારોને આદેશ કરૂ છું કે તેઓએ તેમની પાસેના પરવાના વાળા દરેક પ્રકારના હથીયાર આ જાહેરનામુ બહાર પાડવાની તારીખથી દિવસ-૨ મા બોટાદ જિલ્લાના સબંધકર્તા પોલીસ સ્ટેશન એ તથા પોલીસ હેડ કવાર્ટરએ સંબધિત પોલીસ સ્ટેશનના વિસ્તારમા રહેતા હથીયાર પરવાનો ધરાવતા તમામ વ્યકિતઓએ હથિયાર કે હથીયારો જમા કરાવવામા આવે તે માટે પગલા લેવા તેમજ તમામ હથીયારો જમા થઈ ગયા અંગેની જાણ અત્રેની કચેરીને કરવા આદેશ કરૂ છું.

આ આદેશ બોટાદ જિલ્લામા જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી તથા સબડીવિઝનલ મેજીસ્ટ્રેટશ્રીઓ તરફથી આપવામાં આવેલ હોય તેવા તેમજ દેશના કોઈ પણ રાજયના કોઈ પણ સતાધિકારીશ્રી પાસેથી પરવાનો મેળવેલ હોય તેને પણ લાગુ પડશે આ જાહેરનામા મુજબ પોલીસ સ્ટેશનમા જમા લેવાયેલ તમામ હથીયારો તા. ૨૩-૦૬-૨૦૧૭ સુધી જે તે પોલીસ સ્ટેશનમા જમા રાખવાના રહેશે હથીયાર પરવાના ધારકોએ સબંધિત પોલીસ સ્ટેશનમા ફકત પરવાનાવાળા હથીયારો જમા કરાવવાના રહેશે તેના કાર્ટ્રીજ/ દારૂગોળો જમા કરાવવાનો રહેશે નહી.

આ જાહેરનામાનો ભંગ કરનાર શસ્ત્ર અધિનિયમ-૧૯૫૯ ની કલમ-૨૫ તથા ઈન્ડીયન પીનલ કોડની કલમ-૧૮૮ મુજબ સજાને પાત્ર થશે.

આ આદેશમાથી નીચેના હથીયાર પરવાનેદારોને મુકિત આપવામાં આવે છે.

(૧) આ જિલ્લામા આવેલ સરકારી અર્ધસરકારી સંસ્થાઓ (બેંક કોપોરેશન સહીત) સ્થાનીક સ્વરાજ્યની સંસ્થાઓના નામે હોય તથા જે રાજય કે રાષ્ટ્રીય કે આંતરરાષ્ટ્રીય લેવલની શુટીંગ સ્પર્ધાઓમા ભાગ લેનાર સ્પોર્ટ પર્સન તરીકેનો પરવાનો ધરાવતા હોય તેઓને હથીયાર જમા કરાવવામાંથી મુકિત આપવામાં આવે છે.

(૨) માન્યતા ધરાવતી સિકયુરીટી ગાર્ડ એજંસીઓના ગનમેન કે જેઓ રાષ્ટ્રીયકૃત સહકારી કોમર્શીયલ બેંકો, એ.ટી.એમ. તથા

કરન્સી લેવડ દેવડ કરતા હોય તેવા સિક્યોરીટી ગાર્ડ તેમજ બેંકોમા કામ કરતા/ફરજ બજાવતા સિકયોરીટી ગાર્ડ બેંક મેનેજરશ્રીનુ પ્રમાણપત્ર રજુ કર્યેથી મુકિતને પાત્ર રહેશે.

(૩) કેન્દ્ર/રાજય સરકારશ્રીના અધિકારી/કર્મચારીઓ કે જેમને કાયદા મુજબ હથીયાર ધારણ કરવાની મંજુરી આપવામાં આવેલી છે.

(૪) જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી અથવા સરકારશ્રી દ્વારા જેઓને ખાસ પરવાનગી આપવામા આવશે તેવા વ્યકિતઓ મુકિતને પાત્ર રહેશે.

આજ રોજ તા. ૨૪-૦૫-૨૦૧૭ ના રોજ આ આદેશ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે પ્રસિધ્ધ કરવામાં આવેલ છે.

બોટાદ, ૨૪ માહે મે, સને ૨૦૧૭.

**બી. વી. લીંબાસીયા,**
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
બોટાદ.

---

## I/C અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

### ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪નો બીજો અધિનિયમ) ના કાયદાની કલમ-૧૪૪ હેઠળ

### જાહેરનામુ

નં. નાચિ./૫લસ/૩/વશી/૬૬૨૧-૬૬૬૦/૨૦૧૭.-(૧) ગ્રામ પંચાયત પેટા ચૂંટણી-૨૦૧૬ માટે રાજય ચૂંટણીપંચ તરફથી કાર્યક્રમ બહાર પાડવામાં આવેલ છે. જે અન્વયે અમરેલી જિલ્લામાં ગ્રામ પંચાયતની પેટા ચૂંટણી સબંધે તારીખઃ ૧૮-૦૬-૨૦૧૭ નાં રોજ મતદાન થનાર છે. જેનાં અનુસંધાને ચૂંટણી પ્રચાર અભિયાનરૂપે રાજકીય/બિન રાજકીયપક્ષનાં કાર્યકરો અને ચૂંટણી ઉમેદવારો તરફથી ચૂંટણી પ્રચાર ઝુંબેશ પોતપોતાના મત વિસ્તારમાં શરૂ કરવામાં આવેલ હોય આ પ્રચારનાં હેતુ માટે તેઓ દ્વારા કે તેની સહમતિથી બીજા કોઈ વ્યક્તિ દ્વારા પ્રચાર માટે વાહનોનો ઉપયોગ કરવામાં આવશે. તે સંજોગોમાં આવા વાહનો ઉપર દેખરેખ રાખવા અને ઉમેદવારનાં પ્રચાર માટે વપરાતા વાહનોના સંબંધમાં થતો ખર્ચ યોગ્ય રીતે જાહેર થાય તે હેતુથી અને જો આમ કરવામાં ન આવે તો તેમનાં પ્રતિસ્પર્ધી ઉમેદવારો તથા જનસામાન્ય તરફથી સાચી-ખોટી ફરીયાદો ઉપસ્થિત થવા અને એકબીજા જુથો વચ્ચે મનદુઃખ અને ઘર્ષણ ઉભું થવાની સંભાવના તેમજ સુલેહશાંતિનો ભંગ થવા સંભવ રહે છે.

(૨) આથી હું, એચ. આર. પરીખ, ઈ.ચા. અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, અમરેલી, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની (૧૯૭૪નો બીજો અધિનિયમ) કલમ-૧૪૪ અન્વયે મળેલ સતાની રૂઈએ આથી ફરમાવું છું કે,

(૩) કોઈપણ રાજકીય પક્ષો કે બિન રાજકીય પક્ષો તેમનાં ઉમેદવારો કે તેની સહમતિથી બીજા કોઈ વ્યક્તિ દ્વારા ચૂંટણી પ્રચાર માટે વાહનોનો ઉપયોગ કરવામાં આવે તેવા તમામ વાહનો ગ્રામ પંચાયતના સામાન્ય ચૂંટણી ઉમેદવારે તેમનાં ચૂંટણી અધિકારીશ્રી પાસે આવા વાહનો રજીસ્ટર કરાવવાના રહેશે અને રજીસ્ટર કરાયેલ વાહન માટે તેઓશ્રી પાસેથી પરમીટ મેળવી, અસલ પરમીટ જ વાહનોની ઉપર સહેલાઈથી દેખાય આવે તે રીતે વિન્ડસ્કીન પર ચોડવાની રહેશે. કોઈપણ સંજોગોમાં પરમીટની ફોટોકોપી ચાલશે નહી, ઉપરાંત પરમીટ મેળવ્યા સિવાય અને વાહન રજીસ્ટર કરાવ્યા સિવાય કોઈપણ વાહનનો ચૂંટણી પ્રચાર માટે ઉપયોગ કરી શકાશે નહી. આ નિયંત્રણો યાંત્રિક શક્તિ થી કે અન્ય રીતે ચાલતા તમામ વાહનોને લાગુ પડશે.

(૪) આ હુકમનું ઉલ્લંઘન કરનાર અથવા ઉલ્લંઘન માટે મદદ કરનાર શખ્સ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ હેઠળ સજાને પાત્ર થશે.

(૫) આ હુકમનો અમલ સમગ્ર અમરેલી જિલ્લામાં જ્યાં સામાન્ય/મધ્યસત્ર/પેટા ચૂંટણી યોજાનાર છે તેવા ગ્રામ્ય વિસ્તારમાં હુકમની તારીખથી ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ થતા સુધી કરવાનો રહેશે.

(૬) આજ તારીખ : ૩૦ મી માહે મે-૨૦૧૭ ના રોજ મારી સહી તથા સિકકો કરી હુકમ બહાર પાડ્યો.

અમરેલી, ૩૦ માહે મે, સને ૨૦૧૭.

---

### ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩(૧૯૭૪નો બીજો અધિનિયમ)ના કાયદાની કલમ-૧૪૪ હેઠળ હુકમ

### હુકમ

નં. નાચિ./૫લસ/૩/વશી/૬૩૯૧-૬૪૩૦/૨૦૧૭.- આગામી ગ્રામ પંચાયત પેટા ચૂંટણી-૨૦૧૭ સંદર્ભે ચૂંટણી સમય દરમ્યાન રાજકીય પક્ષ/ઉમેદવારો તરફથી વિશાળ કટઆઉટ, જાહેરાત પાટીયા, બેનર્સ વિગેરે દ્વારા પૈસાની તાકાતનું આડંબર યુકત પ્રદર્શન ન થાય તે હેતુથી ભારતના ચુંટણી પંચે નક્કી કરેલ આચારસંહિતા મુજબ તથા અપાયેલ વિવિધ સુચનાઓ અનુસાર નિયમન કરવું જરૂરી હોય, આથી હું, એચ. આર. પરીખ, જી.એ.એસ., ઈ.ચા. અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમરેલી, જિલ્લા મેજીસ્ટ્રેટ અમરેલી, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪થી મને મળેલ સત્તાની રૂઈએ સમગ્ર અમરેલી જિલ્લામાં જ્યાં ગ્રામ પંચાયત સામાન્ય/મધ્યસત્ર/પેટા ચૂંટણી યોજાનાર છે તેવા ગ્રામ્ય વિસ્તારમાં તારીખ : ૨૯-૦૫-૨૦૧૭ થી તારીખ : ૨૩-૦૬-૨૦૧૭ સુધી (બંને દિવસો સહિત) ચૂંટણી લક્ષી ધ્વજ અને બેનર્સ મુકવા બાબતે નીચે મુજબના નિયમો તાત્કાલીક અમલમાં લાવવા જરૂરી હોવાથી નીચે મુજબના નિયમોનું પાલન કરવા ફરમાવું છું.

(૧) કોઈપણ રાજકીય પક્ષો, ઉમેદવારો, અન્ય સંગઠનો, વ્યકિતઓ દ્વારા ધ્વજ, બેનર્સ, હોર્ડીંગ, કટઆઉટ કે અન્ય પ્રચારના સાધનો, બોર્ડ વિગેરે કોઈપણ જાહેર જગ્યાએ તેમજ રસ્તા ઉપર મુકી શકાશે નહીં. આવા કટઆઉટ, બેનર્સ લગાડવા માટે જાહેર સ્થળો, ખાનગી માલીકીની મિલકતો માટે સક્ષમ સત્તાધિકારીની મંજુરી મેળવવાની રહેશે. અને (૧) આવા હોર્ડીંગની સાઈઝ ૧૫ ફુટ X ૮ ફુટથી વધારે હોવી જોઈએ નહીં. (૨) કટઆઉટની ઉંચાઈ ૮ ફુટથી વધવી જોઈએ નહીં. (૩) કટઆઉટ, જાહેરાત પાટીયા, બેનર્સ વિગેરે કોઈપણ સ્થળે મુકતા પહેલા તે અંગેની જાણ, શહેરી, જિલ્લા, જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટરશ્રીને તેમજ જિલ્લા પોલીસ અધિક્ષકશ્રીને કરવાની રહેશે. આ અંગેનો ખર્ચ જે વિસ્તારમાં હોર્ડીંગ, કટઆઉટ, વિગેરે મુકેલ હોય તે વિસ્તારના ઉમેદવારના ચૂંટણી ખર્ચના હિસાબોમાં યોગ્ય જગ્યાએ દર્શાવવાનો રહેશે. એટલેકે ખાનગી મીલીકીની મિલકતો, સરકારી, મ્યુનિસિપાલીટી કે સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ વિગેરે હસ્તકની જાહેર જગ્યાએ (આવી જગ્યા કે મિલ્કત ભાડેથી કે કોન્ટ્રાકટથી આપી હશે તો પણ) સક્ષમ અધિકારીની મંજુરી મેળવ્યા વિના મુકી શકાશે નહી.

(૨) કોઈપણ રાજકીય પક્ષ ઉમેદવારો, અન્ય સંગઠનો, વ્યકિતઓ દ્વારા કોઈપણ ખાનગી મિલ્કત ઉપર હંગામી, ઝડપથી અને ત્વરીત દુર થઈ શકે તેવી ઝંડીઓ અને બેનર્સ સિવાયનું કોઈપણ પ્રચારસાહિત્ય, સાધનો કે સામગ્રી મિલ્કતના માલિકની પરવાનગી મેળવી હશે તો પણ મુકી/લગાડી/પ્રદર્શિત કરી શકાશે નહી.

(૩) કોઈપણ રાજકીય પક્ષો, ઉમેદવારો, અન્ય સંગઠનો, વ્યકિતઓ ચૂંટણી પ્રચાર માટે મેદાનોની અછત હોવાથી નીચેની શરતોએ શાળા/કોલેજોના મકાનો રાજકીય માટીંગ માટે ઉપયોગ કરી શકાશે.

(I) શાળા અને કોલેજોના શૈક્ષણિક સમયપત્રકને કોઈપણ સંજોગોમાં અસર થવી જોઈએ નહીં.

(II) શાળા/કોલેજોના વ્યવસ્થાપકોને તેની સામે કોઈ વાંધો હોવો જોઈએ નહી અને શાળા/કોલેજોના વ્યવસ્થાપક મંડળની અને સબ ડીવીઝનલ ઓફીસરની અગાઉથી મંજુરી લીધી હોવી જોઈએ.

(III) આવી મંજુરી વહેલા તે પહેલાના ધોરણે આપેલી હોવી જોઈએ. કોઈપણ રાજકીય પક્ષને આ મેદાનોનો એકહથ્થું ઉપયોગ કરવાની પરવાનગી આપવી નહીં.

(IV) શાળા/કોલેજોના મેદાનોનો રાજકીય મીટીંગ માટે ઉપયોગ માટેની ફાળવણીમાં કોઈ ભંગને ચૂંટણી પંચ ગંભીરતાથી જોશે અને આ બાબતની જવાબદારી સબડીવીઝનલ ઓફીસરની રહેશે.

(V) રાજકીય પક્ષો અને ઉમેદવારોએ કાળજી રાખવાની રહેશે કે ઉપર્યુકત ધોરણોના ભંગ ન થાય. તે માટે કાળજી અને તકેદારી રાખવાની રહેશે.

(VI) જો આ મેદાનોનો પ્રચાર માટે ઉપયોગ કરવાનો હોય તો તેને કોઈપણ નુકશાન વગર સબંધિત સંસ્થાને પરત સોંપવું અને જો કોઈ નુકશાન થયું હોય તેના વળતર સાથે પરત સોંપવું. સંબંધિત રાજકીય પક્ષ/પક્ષો મેદાન પરત સોંપતી વખતે નુકશાનનું વળતર ચૂકવવા માટે જવાબદાર રહેશે.

ઉપર્યુક્ત સિવાયના સ્થળોએ માટીંગ કે રેલી રાખી હોય, તે સ્થળની અંદર, જે સમય દરમ્યાન સભા કે રેલી યોજવામાં આવી હોય તેટલા સમય દરમ્યાન જ બેનર્સ હોલ્ડીંગ, કટઆઉટ, પોસ્ટર્સ વિગેરે પ્રદર્શિત કરી શકશે અને પુરી થયા પછી તુર્તજ સભા કે મીટીંગ કે રેલીના સ્થળે પ્રદર્શિત કરવામાં આવેલ બેનર્સ, હોર્ડીંગ, કટ આઉટ, પોસ્ટર્સ વિગેરે દૂર કરવાના રહેશે. તેમજ સ્થાનિક વહીવટી તંત્રે લાદેલા નિયંત્રણો તેમજ સ્થાનિક કાયદાઓ હેઠળના નિયંત્રણો અને જો કોર્ટનો કોઈ હુકમ હોય તો તેને આધિન ચૂંટણી પ્રચાર માટેના સરઘસમાં પોસ્ટર્સ અને બેનર્સ પ્રદર્શિત કરવાની પરવાનગી આપી શકાશે. તે સિવાય કોઈ ઉમેદવારોએ રાજકીય પક્ષોએ કે તેમના ટેકેદારો, અન્ય સંગઠનો, વ્યકિતઓ, દ્વારા કોઈ કટઆઉટ, દરવાજા (Gates) કે કમાનો (Arches) ઉભા કરવા નહી.

(૪) કોઈપણ રાજકીય પક્ષો, ઉમેદવારો, અન્ય સંગઠનો, વ્યકિતઓ દ્વારા ઉકત નિયમોનો ભંગ કરી ચૂંટણીલક્ષી ધ્વજ, બેનર્સ, હોર્ડીંગ બોર્ડ, પોસ્ટર, કટઆઉટ કે અન્ય કોઈપણ પ્રકારનું પ્રચાર સાહિત્ય વિગેરે પ્રદર્શિત કરશે તો ભારતીય ફોજદારી ધારાની કલમ-૧૮૮ તથા ૧૭૧(ઝ) હેઠળ સજાને પાત્ર થશે. શિક્ષાપાત્ર કાર્યવાહીને પાત્ર ઠરશે. ''આ હુકમનો અમલ તથા તેના ભંગ બદલ પગલાં લેવા માટે હેડકોન્સ્ટેબલથી નીચેના ન હોય તેવા પોલીસ અધિકારીશ્રીને અધિકૃત કરવામાં આવે છે.

(૫) આજ તારીખ ૩૦ મી મે-૨૦૧૭ ના રોજ મારી સહી તથા સિકકો કરી હુકમ બહાર પાડ્યો.

અમરેલી, ૩૦ માહે મે, સને ૨૦૧૭.

---

**ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ નો બીજો અધિનિયમ) નાં કાયદાની કલમ-૧૪૪ હેઠળ હુકમ**

**હુકમ**

(૧) નં. નાચિ./પલસ/૩/વશી/૬૩૫૧-૯૦/૨૦૧૭.-(૧) ગ્રામ પંચાયત પેટા ચૂંટણી-૨૦૧૭ માટે રાજય ચૂંટણીપંચ તરફથી કાર્યક્રમ બહાર પાડવામાં આવેલ છે. જે અન્વયે અમરેલી જિલ્લામાં ગ્રામ પંચાયતની સામાન્ય/મધ્યસત્ર/

પેટા ચૂંટણી સબંધે તારીખઃ ૧૮-૦૬-૨૦૧૭ નાં રોજ મતદાન થનાર છે અને ચૂંટણી પ્રક્રિયા પણ શરૂ થયેલ હોય, જેને અનુલક્ષી ચૂંટણી પ્રચાર અભિયાન રાજકીય પક્ષોના કાર્યકરો અને ઉમેદવારો તરફથી શરૂ કરવામાં આવેલ છે. જે અન્વયે ઉમેદવારોના અત્યંત ખર્ચાળ પ્રચાર પર નિયંત્રણ મુકવા અંગેના તથા કાયદો અને વ્યવસ્થાની જાળવણી માટે ચૂંટણી પંચ તરફથી આપાયેલ સુચના મુજબ આ આચાર સંહિતાનો અમલ કરવા અને લોકોની માલ મિલ્કતને થતી હાની/બગાડ અટકાવવા પર નિયંત્રણ કરવાના હેતુ સારૂ સાવચેતિના પગલા લેવા જરૂરી જણાતા, હોઈ

(૨) હું, એચ. આર. પરીખ, ઈ.ચા. અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, અમરેલી, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ–૧૯૭૩ ની (૧૯૭૪ નો બીજો અધિનિયમની) કલમ-૧૪૪ અન્વયે મળેલ સત્તાની રૂઈએ આથી ફરમાવું છું કે,

(૧) કોઈ ઉમેદવારોએ રાજકિય પક્ષોએ કે તેમના ટેકેદારોએ કોઈ કટઆઉટ, દરવાજા (GATES) કે કમાનો (ARCHES) ઉભા કરવા નહી.

(૨) જાહેર કે ખાનગી કે મકાનોની દિવાલો પર સુત્રો લખવા, પોસ્ટર ચોંટાડવા, પ્રચાર સામગ્રી ચોંટાડવા અંગે પ્રવર્તમાન સ્થાનિક કાયદાઓનો ચુસ્તપણે અમલ કરવો.

(૩) ઉમેદવાર, ઉમેદવારીપત્રો ભરવા કે ઉમેદવારીપત્રોની ચકાસણીમાં હાજરી આપવા કે ચૂંટણી પ્રતિકની ફાળવણીની પ્રક્રિયામાં હાજરી આપવા માટે ચૂંટણી અધિકારીશ્રીની કચેરીમાં જાય ત્યારે મોટા સરઘસ આકારે જવું નહીં.

(૪) ખાનગી સ્થળોએ માલિકની પરવાનગી હોય તો પણ હોર્ડિંગ્સ પ્રદર્શિત કરવા નહીં.

(૫) જ્યાં એક પક્ષે સભાઓ યોજી હોય, એવા સ્થળોએ બીજા પક્ષે સરઘસ લઈ જવું નહીં. તેમજ પોતાના પક્ષના ચોપાનીયા વહેંચીને ખલેલ પહોંચાડવી નહીં. એક પક્ષે બહાર પાડેલા ભિંતપત્રો બીજા પક્ષના કાર્યકરોએ દુર કરવા નહીં.

(૩) આ હુકમનું ઉલ્લંઘન કરનાર અથવા ઉલ્લંઘન માટે મદદ કરનાર શખ્સ ભારતીય દંડસંહિતાની કલમ-૧૮૮ હેઠળ સજાને પાત્ર થશે. આ હુકમનો અમલ અમરેલી જિલ્લામાં જ્યાં ગ્રામ પંચાયત સામાન્ય/મધ્યસત્ર/પેટા ચૂંટણી યોજનાર છે તેવા ગ્રામ્ય વિસ્તારમાં હુકમની તારીખથી ચૂંટણી પ્રક્રીયા પૂર્ણ થતા સુધી કરવાનો રહેશે.

(૪) આજ તારીખ ૩૦ મી મે-૨૦૧૭ ના રોજ મારી સહી તથા સિકકો કરી હુકમ બહાર પાડ્યો.

અમરેલી, ૩૦ માહે મે, સને ૨૦૧૭.

**ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩(૧૯૭૪નો બીજો અધિનિયમ)નાં કાયદાની કલમ-૧૪૪ હેઠળ હુકમ**

## જાહેરનામું

(૧) નં. નાચિ./પલસ/૩/વશી/૬૪૯૧-૬૫૩૦/૨૦૧૭.-(૧) ગ્રામ પંચાયત પેટા ચૂંટણી-૨૦૧૭ માટે રાજય ચૂંટણીપંચ તરફથી કાર્યક્રમ બહાર પાડવામાં આવેલ છે. જે અન્વયે અમરેલી જિલ્લામાં ગ્રામ પંચાયતની સામાન્ય/મધ્યસત્ર/પેટા ચૂંટણી સબંધે તારીખઃ ૧૮-૦૬-૨૦૧૭ નાં રોજ મતદાન થનાર છે. જેના અનુસંધાને અમરેલી જિલ્લામાં ગ્રામ્ય વિસ્તારમાં કોઈ પ્રકારની સુલેહશાંતિનો ભંગ ન થાય અને જાહેર સલામતો અને કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે અને હાલમાં ગ્રામ પંચાયત સામાન્ય/મધ્યસત્ર/પેટા ચૂંટણી-૨૦૧૭ ને અનુલક્ષીને કેન્દ્રીય ચૂંટણી આયોગે બંધારણની કલમ-૩૨૪ મુજબ બહાર પાડેલ ચૂંટણી આચારસંહિતાની જોગવાઈઓના અમલ માટે નીચે જણાવ્યા મુજબ પ્રતિબંધ મૂકવાની જરૂર જણાય છે.

(૨) આથી હું, **એચ. આર. પરીખ, ઈ.ચા. અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, અમરેલી,** ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની (૧૯૭૪નો બીજો અધિનિયમની) કલમ-૧૪૪ અન્વયે મળેલ સત્તાની રૂઈએ ફરમાવું છું કે, સમગ્ર અમરેલી જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં તા. ૨૯-૦૫-૨૦૧૭ થી તા. ૨૩-૦૬-૨૦૧૭ સુધી (બન્ને દિવસો સહિત) નીચેના કૃત્યો કરવા પર પ્રતિબંધ ફરમાવું છું.

### કૃત્યો

(૧) જે છટાદાર ભાષણો આપવાથી, ચાળા પાડવાથી અથવા નકલો કરવાની, ચિત્રો, નિશાનીઓ, જાહેરખબરો અથવા પદાર્થ અથવા વસ્તુઓ તૈયાર કરવાની, દેખાડવાની અથવા તેનો ફેલાવો કરવાની અથવા આવા અધિકારીઓના અભિપ્રાય પ્રમાણે સુરૂચિ અથવા નિતિનો ભંગ થતો હોય અથવા તેનાથી રાજ્યની સલામતી જોખમાતી હોય અથવા જેના પરીણામે રાજ્ય ઉથલી પડવાનો સંભવ હોય, તેવા છટાદાર ભાષણો આપવાની અથવા ચાળા વગેરે કરવાની અને તેના ચિન્હો, નિશાનીઓ વગેરે તૈયાર કરવાની, દેખાડવાની અથવા તેનો ફેલાવો કરવાના કૃત્યો.

(૩) આ હુકમનું ઉલ્લંઘન કરનાર અથવા ઉલ્લંઘન માટે મદદ કરનાર શખ્સ ભારતીય દંડસંહિતાની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

(૪) આથી હું, આદેશ આપુ છું કે, આ હુકમની જાહેરાત અમરેલી જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં જ્યાં સામાન્ય/મધ્યસત્ર/પેટા ચૂંટણી યોજનાર છે તેવા ગ્રામ્ય વિસ્તારોમાં સહેલાઈથી દેખી શકાય તેવી જગ્યાઓએ તેની નકલો ચોંટાડીને, તેમજ વર્તમાનપત્રો અને દુરદર્શન પરથી બહોળી પ્રસિધ્ધી કરાવવી.

(૫) આજ તારીખઃ ૩૦ મી મે-૨૦૧૭ ના રોજ મારી સહી તથા સિક્કો કરી હુકમ બહાર પાડ્યો.

અમરેલી, ૩૦ માહે મે, સને ૨૦૧૭.

---

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩ની પેટા-કલમ-૧ (આર) અન્વયેનો

**હુકમ**

નં. નાચિ./પલસ/વશી/૬૨૩૮-૬૨૬૮/૨૦૧૭.-(૧) ગ્રામ પંચાયત પેટા ચૂંટણી-૨૦૧૭ માટે રાજય ચૂંટણીપંચ તરફથી કાર્યક્રમ બહાર પાડવામાં આવેલ છે. જે અન્વયે અમરેલી જિલ્લામાં ગ્રામ પંચાયતની પેટા ચૂંટણી સબંધે તારીખઃ ૧૮-૦૬-૨૦૧૭ નાં રોજ મતદાન થનાર છે. તે અંતર્ગત ઉમેદવારો, રાજકીય પક્ષો, કાર્યકરો વિગેરે દ્વારા ચૂંટણીના પ્રચારના કોઈ હેતુ માટે સભા કે સરઘસો યોજી તેમાં માઈકનો ઉપયોગ કરી અવાજનું પ્રદુષણ રોકવા અત્યંત આવશ્યક અને અનિવાર્ય જણાતા તેમજ લાઉડસ્પીકર વગાડવાથી ધ્વની પ્રદુષણથી લોકોની તંદુરસ્તીને વિપરીત અસર પહોંચે છે. તેમજ લાઉડસ્પીકરથી લોકોને ખલેલ ન પહોંચે અને લોકો/જાહેર પ્રજાને ધ્વની પ્રદુષણથી મુક્ત રાખવા માટે લાઉડસ્પીકરનો ઉપયોગ કરવા પર પ્રતિબંધ મુકવો જરૂરી જણાય છે.

મુંબઈ પોલીસ અધિનિમય-૧૯૫૧ની કલમ-૩૩ની પેટા-કલમ૧ (આર) અન્વયે મળેલ સત્તાની રૂઈએ હું, **એચ. આર. પરીખ, ઈ.ચા. અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, અમરેલી,** જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં જ્યાં સામાન્ય/મધ્યસત્ર/પેટા ચૂંટણી યોજનાર છે તેવા ગ્રામ્ય વિસ્તારોમાં નીચેની વિગતે લાઉડસ્પીકરનો ઉપયોગ કરવા પર પ્રતિબંધ આથી ફરમાવું છું.

(૧) પરવાનગી સિવાય ચૂંટણી પ્રચાર કે વાહન પર રાખી માઈક ન વાગડવા.

(૨) સવારના ૦૬-૦૦ કલાકથી રાત્રિના ૧૦-૦૦ કલાક સુધી જ માઈકનો ઉપયોગ સક્ષમ અધિકારીશ્રીની પરવાનગી મેળવીને જ કરવાનો રહેશે.

(૩) ઉપર નિયત થયેલા સમય સિવાય ઉપયોગમાં લેવાયેલ કોઈપણ લાઉડસ્પીકર કે અન્ય જોડાયેલ ઉપકરણો સહિત જપ્ત કરવામાં આવશે.

(૪) વાહનોમાં લાઉડસ્પીકરનો ઉપયોગ કરતા તમામ રાજકીય પક્ષો, ઉમેદવારો કે કાર્યકરોએ લાઉડસ્પીકર વાપરવા માટેની પરવાનગી આપતા સત્તા અધિકારીશ્રીને આ વાહનોની નોંધણી/ઓળખ નંબરો જણાવવા અને પરવાનગીપત્ર પર નોંધ કરવાની રહેશે.

(૫) લેખિત પરવાનગી વગર જે વાહનમાં લાઉડસ્પીકરનો ઉપયોગ કરવામાં આવ્યો હોય તે વાહન, ઉપયોગમાં લેવાયેલ લાઉડસ્પીકર અને તમામ ઉપકરણો સહિત જપ્ત કરવામાં આવશે.

(૬) ઉમેદવારે કે કાર્યકરે ઉપરોક્ત જણાવ્યા મુજબની પરવાનગી મેળવી તેની જાણ ચૂંટણી અધિકારીશ્રીને અને સ્થાનિક પોલીસ અધિકારીને કરવાની રહેશે.

(૭) કોઈપણ મતવિસ્તારમાં મતદાન સમાપ્ત કરવા માટે નિયત કરવામાં આવેલા સમયના પહેલાના ૪૮ કલાક દરમ્યાન વાહન પર ગોઠવેલ કે અન્ય પ્રકારના લાઉડસ્પીકરનો ઉપયોગ કરવો નહીં.

(૮) આ જાહેરનામુ ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ થાય ત્યાં સુધી અમલમાં રહેશે. આ જાહેરનામાનો ઉલ્લંઘન કરનાર અથવા ઉલ્લંઘન માટે મદદ કરનાર શખ્સ સને-૧૯૫૧ ના ગુજરાત પોલીસ અધિનિયમ આંક-૨૨ ની કલમ-૧૩૧ માં દર્શાવેલ શિક્ષાને પાત્ર થશે.

(૧૧) આજ તારીખઃ ૩૦ મી મે-૨૦૧૭ ના રોજ મારી સહી તથા સિકકો કરી હુકમ બહાર પાડ્યો.

અમરેલી, ૩૦ માહે મે, સને ૨૦૧૭.

---

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ નો બીજો અધિનિયમ)નાં કાયદાની કલમ-૧૪૪ હેઠળ

**હુકમ**

(૧) નં. નાચિ./પલસ/વશી/૬૩૧૧-૫૦/૨૦૧૭.-(૧) ગ્રામ પંચાયત પેટા ચૂંટણી-૨૦૧૭ માટે રાજય ચૂંટણીપંચ તરફથી કાર્યક્રમ બહાર પાડવામાં આવેલ છે. જે અન્વયે અમરેલી જિલ્લામાં ગ્રામ પંચાયતની પેટા ચૂંટણી સબંધે તારીખઃ ૧૮-૦૬-૨૦૧૭ નાં રોજ મતદાન થનાર છે. જેને અનુલક્ષી ચૂંટણી પ્રચાર અભિયાન રાજકીય પક્ષોના કાર્યકરો અને ઉમેદવારો તરફથી શરૂ કરવામાં આવેલ છે. જે અન્વયે ઉમેદવારો અથવા કાર્યકરો મકાન માલીકોની પરવાનગી લીધા વિના ચૂંટણી લક્ષી પ્રચારપત્રો ચોંટીને, સુત્રો લખીને, નિશાની ચીત્રીને વિગેરે દ્વારા સાર્વજનીક અને ખાનગી મકાનોની દિવાલ બગાડે છે. આ માટે મુખ્ય ચૂંટણી અધિકારીશ્રી, ગુજરાત રાજ્ય તરફથી રાજકીય પક્ષો અને ઉમેદવારો માર્ગદર્શન માટે આચાર સંહિતા અને તે સુચનાઓ થઈ આવેળ છે. જે મુજબ રાજકીય પક્ષો અથવા ઉમેદવોરો પોતાના કાર્યકરોને ધ્વજદંડ ઉભા કરવા, બેનરો લટકાવવા, નોટિસો ચોંટાડવા, સુત્રો લખવા વિગેરે માટે પરવાનગી વિના કોઈપણ વ્યકિતની જમીન મકાન, કંમ્પાઉન્ડ, દિવાલ વિગેરેનો ઉપયોગ કરવા દેશે નહી તેવી જોગવાઈ કરવામાં આવેલ છે. આથી આ આચાર સંહિતાનનો અમલ કરવા અને લોકોની માલ-મિલ્કતને થતી હાની/બગાડ અટકાવવા માટે ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ આ રાજકીય પક્ષો, ઉમેદવારો અને તેઓના કાર્યકરોને જણાવવામાં આવે છે કે સંબંધિત મકાન માલિકોની પરવાનગી લીધા વિના

જાહેર તથા ખાનગી મિલ્કત ઉપર ચૂંટણીલક્ષી પ્રચારપત્રો ચોંડીને, સુત્રો લખીને દિવાલ બગાડવી નહી તેમજ કોઈ ધ્વજદંડ કે બેનરો લટકાવવા નહી તેમજ કોઈપણ વ્યકિતની જમીન, મકાન, કંમ્પાઉન્ડ દિવાલ વિગેરેની પરવાનગી વગર ઉપયોગ કરવો નહી.

જાહેર મકાન એ શબ્દ પ્રયોગ બાબતમાં આથી જણાવવામાં આવે છે કે આ શબ્દ પ્રયોગમાં મિલ્કત, ધોરીમાર્ગ પર અથવા માર્ગના મહત્વના ચાર રસ્તા પર માર્ગ દિશા બતાવવા સાઈન બોર્ડ, માઈલ પથ્થરો, રેલ્વે ફાટક ઉપર ચેતવણી નોટિસ, રેલ્વે પ્લેટફોર્મ, બસ ટર્મીનલ્સના બોર્ડ તેમજ જાહેર જનતાની સગવડતા માટે પ્રદર્શીત કરેલ હોય તેવા અન્ય નોટિસ બોર્ડનો સમાવેશ થશે.

(૨) ભારતીય ચૂંટણી કમીશ્નર તરફથી થયેલ હુકમ મુજબ કોઈપણ સંજોગોમાં ત્રણ કરતા વધારે સુરક્ષા વાહનો ધરાવતો કાફલો કેન્દ્રના અથવા રાજ્ય સરકારા કોઈ મંત્રીએ લઈ જવા નહી તેમજ રાજકીય પક્ષ કે ઉમેદવાર કે ચૂંટણી એજન્ટે ચૂંટણીના પ્રચાર માટે કાફલોમાં ત્રણ કે વધુ વાહનો એકી સાથે લઈ જઈ શકશે નહી તેવું ઠરાવેલ છે. આથી ચૂંટણી પંચના આદેશની અમલવારી કરવા આ જિલ્લામાં આવેલ તમામ રાજકીય પક્ષો, ઉમેદવારો અને તેમના ચૂંટણી એજન્ટોને ફરમાવવામાં આવે છે કે ચૂંટણીના પ્રચાર માટે જતા કાફલામાં એકી સાથે ત્રણ થી વધુ વાહનો લઈ જઈ શકાશે નહી.

(૩) આ હુકમનું ઉલ્લંઘન કરનાર અથવા ઉલ્લંઘન માટે મદદ કરનાર શખ્સ ભારતીય દંડસંહિતાની કલમ-૧૮૮ હેઠળ સજાને પાત્ર થશે.

(૪) આ હુકમનો અમલ અમરેલી જિલ્લામાં જ્યાં ગ્રામ પંચાયત સામાન્ય/મધ્યસત્ર/પેટાચૂંટણી યોજાનાર છે તેવા ગ્રામ્ય વિસ્તારમાં હુકમની તારીખથી ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ થતા સુધી કરવાનો રહેશે.

(૫) આજ તારીખઃ ૩૦ મી મે-૨૦૧૭ ના રોજ મારી સહી તથા સિકકો કરી હુકમ બહાર પાડ્યો.

અમરેલી, ૩૦ માહે મે, સને ૨૦૧૭.

---

**ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪નો બીજો અધિનિયમ) નાં કાયદાની કલમ-૧૪૪ હેઠળ હુકમ**

## જાહેરનામું

(૧) નં. નાચિ./પલસ/વશી/૬૫૮૧-૬૬૨૦/૨૦૧૭.-(૧) ગ્રામ પંચાયત-૨૦૧૭ માટે રાજય ચૂંટણીપંચ તરફથી કાર્યક્રમ બહાર પાડવામાં આવેલ છે. જે અન્વયે અમરેલી જિલ્લામાં ગ્રામ પંચાયતની પેટા ચૂંટણી સબંધે તારીખઃ ૧૮-૦૬-૨૦૧૭ નાં રોજ મતદાન થનાર છે. જેનાં અનુસંધાને મતદાનના દિવસે વાહનોના ઉપયોગ ઉપર દેખરેખ રાખવા અને મતદારો માટે વાહનોનો દુરઉપયોગ કરી મતદારોને અયોગ્ય રીત રીઝવી ન શકાય તે હેતુથી અને જો આમ કરવામાં ન આવે તો તેમનાં પ્રતિસ્પર્ધી ઉમેદવાર તથા જનસામાન્ય તરફથી સાચી ખોટી ફરીયાદો ઉપસ્થિત થવા અને એકબીજા જુથો વચ્ચે મનદુઃખ અને ઘર્ષણ ઉભું થવાની સંભાવના તેમજ સુલેહશાંતીનો ભંગ થવા સંભવ રહે છે. જે અટકાવવા તેમજ ઉકત ચૂંટણી દરમ્યાન વાહનોના દુર ઉપયોગ પર નિયંત્રણ કરવાના હેતુ સારૂ સાવચેતીના પગલા લેવા અનિવાર્ય જણાતા હોઈ,

(૨) જેથી હું, **એચ. આર. પરીખ, ઈ.ચા. અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, અમરેલી,** ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની (૧૯૭૪નો બીજો અધિનિયમની) કલમ-૧૪૪ અન્વયે મળેલ સત્તાની રૂઈએ આથી ફરમાવું છું કે,

(૩) કોઈપણ રાજકીય પક્ષો કે બિનરાજકીય પક્ષો કે તેમના ઉમેદવારો અગર અપક્ષ ઉમેદવારો કે તેઓના ચૂંટણી એજન્ટ દ્વારા અથવા તેઓની સહમતિથી બીજા કોઈ વ્યકિત દ્વારા મતદાનના દિવસે.

(ક) મતદારોને મતદાન મથક સુધી લાવવા અને મતદાન મથકથી લઈ જવાની મફત સગવડ માટે વાહનો ભાડે રાખવા કે મેળવવા અથવા એ રીતે વાહનોનો ઉપયોગ કરવા ઉપર પ્રતિબંધ ફરમાવવામાં આવે છે.

(ખ) ગ્રામ્ય પંચાયતની ચૂંટણી બાબતમાં ચૂંટણી લડતા દરેક ઉમેદવાર મતદાનના દિવસે નીચે પ્રમાણે વાહનનો ઉપયોગ કરી શકશે.

૧. પોતાના ઉપયોગ માટે સમગ્ર મતદાર વિભાગ પૂરતું એક વાહન.

૨. આ ઉપરાંત યથાપ્રસંગ ચૂંટણી એજન્ટ અથવા કાર્યકરો અથવા તેના પક્ષના કાર્યકરોના ઉપયોગ માટે એક વાહન વાપરવા હકદાર રહેશે.

(ગ) ઉકત ઉપયોગમાં લેવાનાર વાહન ઉમેદવારે તેના ચૂંટણી અધિકારીશ્રી પાસે નોંધણી કરાવાની રહેશે અને નોંધણી કરાવેલ વાહનની પરમીટ તેઓશ્રી પાસેથી મેળવી તે અસલ પરમીટ વાહનની ઉપર સહેલાઈથી દેખાઈ આવે તે રીતે વીન્ડસ્કીન પર ચોંટાડવાની રહેશે.

(ઘ) આ ઉપરાંત સ્પષ્ટતા કરવાની કે હવેથી ઉમેદવાર કે તેના એજન્ટ અથવા પક્ષના કાર્યકરો કે કાર્યકરો માત્ર ચાર/ત્રણ/કે બે પૈડાંવાળાં વાહનો, દા.ત. મોટરકાર (દરેક પ્રકારની), ટેક્ષી, ઓટોરીક્ષા કે રીક્ષા અને

દ્વિચક્રી વાહનોનો જ ઉપયોગ કરી શકશે. આ વાહનોમાં ડ્રાયવર સહિત કુલ-પાંચથી વધારે વ્યક્તિઓ બેસી શકશે નહિ.

(ચ) મતદાનના દિવસે જો ઉમેદવાર મતદાર વિભાગ વિસ્તારમાં હાજર નહિ રહે તો, ઉમેદવારના પોતાના ઉપયોગ માટે મંજૂરી માટે અપાયેલ વાહન અન્ય કોઈ વ્યક્તિઓ દ્વારા વાપરી શકાશે નહિ.

૪. આ હુકમનું ઉલ્લંઘન કરનાર અથવા ઉલ્લંઘન માટે મદદ કરનાર શખ્સ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ હેઠળ સજાને પાત્ર થશે. આ હુકમનો અમલ અમરેલી જિલ્લામાં સામાન્ય/મધ્યસત્ર/પેટા ચૂંટણી યોજાનાર છે તેવા ગ્રામ્ય વિસ્તારમાં મતદાનના દિવસે કરવાનો રહેશે.

(૫) આજ તારીખ ૩૦ મી માહે મે-૨૦૧૭ ના રોજ મારી સહી તથા સિક્કો કરી હુકમ બહાર પાડ્યો.

અમરેલી, ૩૦ માહે મે, સને ૨૦૧૭.

---

**ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪નો બીજો અધિનિયમ) ના કાયદાની કલમ-૧૪૪ હેઠળ હુકમ**

## જાહેરનામું

(૧) નં. નાચિ./૫લસ/વશી/૬૬૬૧-૬૭૧૦/૨૦૧૭.- (૧) ગ્રામ પંચાયત પેટા ચૂંટણી-૨૦૧૭ માટે રાજય ચૂંટણીપંચ તરફથી કાર્યક્રમ બહાર પાડવામાં આવેલ છે. જે અન્વયે અમરેલી જિલ્લામાં ગ્રામ પંચાયતની પેટા ચૂંટણી સબંધે તારીખઃ ૧૮-૦૬-૨૦૧૭ નાં રોજ મતદાન થનાર છે. જેને અનુલક્ષી મતગણતરી તારીખ : ૨૦-૦૬-૨૦૧૭નાં રોજ રાખવામાં આવેલ છે. ચુંટણીપંચની સુચના અનુસાર મતદાનના દિવસે મતદાન મથકના ૧૦૦ મીટરની ત્રિજ્યાના વિસ્તારમાં કોઈપણ વ્યક્તિએ મોબાઈલ સેલ્યુલર ફોન, કોર્ડલેસ ફોન, વાયરલેસ સેટ, વોકીટોકી જેવા સાધનો સાથે લઈ જઈ શકશે નહી કે સાથે રાખી શકશે નહી. તેવી જ રીતે મતગણતરીના દિવસે મત ગણતરી સ્થળે પણ સલામતી દળ દ્વારા કોર્ડન કરાયેલ પ્રતિબંધિત વિસ્તારમાં પણ કોઈપણ વ્યક્તિએ ઉપર મુજબના સાધનો/ઈન્સ્ટ્રુમેન્ટ સાથે લઈ જઈ શકશે નહીં કે સાથે રાખી શકશે નહી તે પ્રકારે પ્રતિબંધ ફરમાવવામાં આવે છે. તેમ છતાં કોઈ વ્યક્તિ દ્વારા ઉક્ત સુચનાનું ઉલ્લંઘન કરી આવા સાધનો/ઈન્સ્ટ્રુમેન્ટ સાથે લઈ જશે કે તેમના કબજામાંથી મળી આવશે તો તે જપ્ત કરવામાં આવશે.

**આ હુકમ નીચેના લાગુ પડશે નહી.**

(૧) કાયદો અને વ્યવસ્થા સાથે સંકળાયેલ અધિકારીઓ, સલામતી અધિકારીઓ કે જેઓની ફરજ મતદાન મથક, મતગણતરી સ્થળની નજીકની ફળવેલ હોય તેમની ઓફીસયલ ફરજો સબબ આવા સાધનોનો ઉપયોગ કરી શકશે.

(૨) ચુંટણી પંચ દ્વારા નિયુક્ત થયેલ ચુંટણી અધિકારીશ્રીઓ તેમજ મતદાન અને મતગણતરીની કામગીરી સાથે સંકળાયેલ અધિકારીશ્રીઓને તેમની ફરજના ભાગરૂપે ઉક્ત ઈન્સ્ટ્રુમેન્ટનો ઉપયોગ કરવાનો થાય તેવા કિસ્સાઓમાં.

(૨) આ હુકમનું ઉલ્લંઘન કરનાર અથવા ઉલ્લંઘન માટે મદદ કરનાર શખ્સ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ હેઠળ સજાને પાત્ર થશે. આ હુકમનો અમલ અમરેલી જિલ્લામાં સામાન્ય/મધ્યસત્ર/પેટા ચૂંટણી યોજાનાર છે તેવા ગ્રામ્ય વિસ્તારમાં મતદાનના દિવસે કરવાનો રહેશે.

આજ તારીખ ૩૦ મી માહે મે-૨૦૧૭ ના રોજ મારી સહી તથા સિક્કો કરી હુકમ બહાર પાડ્યો.

અમરેલી, ૩૦ માહે મે, સને ૨૦૧૭.

---

## અખબારી યાદી

નં. નાચિ/૫લસ/વશી/૬૫૩૧ થી ૬૫૮૦/૨૦૧૭.-રાજ્ય ચૂંટણી પંચ, ગાંધીનગર તરફથી આગામી ગ્રામ પંચાયતની સામાન્ય/મધ્યસત્ર/પેટા ચૂંટણી-૨૦૧૭ નો કાર્યક્રમ બહાર પાડવામાં આવેલ છે. સબબ અમરેલી જિલ્લામાં જ્યાં સામાન્ય/ મધ્યસત્ર/પેટા ચૂંટણી યોજાનાર છે તેવા ગ્રામ્ય વિસ્તારના ખાનગી મુદ્રણાલયોના માલીકો/સંચાલકોને તથા ઝેરોક્ષ કે અન્ય રીતે નકલો છાપનારાઓને આથી જણાવવામાં આવે છે કે, ચૂંટણીપંચની જોગવાઈ અનુસાર ચૂંટણી અંગેના સાહીત્ય, ભીંતપત્ર, ચોપાનીયા કે આવી અન્ય સામગ્રી પર મુદ્રક પંક્તિમાં મુદ્રક અને પ્રકાશનના નામ અને પુરા સરનામાં સ્પષ્ટપણે આવશ્ય છાપવાના રહેશે. તેમજ સદરહું ચૂંટણીપંચના હુકમની જોગવાઈ મુજબનું એકરારનામું પ્રકાશક પાસેથી મુદ્રકે બે નકલમાં મેળવી તેની એક નકલ ઉપર જણાવ્યાની વિગતે તેમણે કે તેમના પ્રતિનિધિએ મુદ્રક કરેલ (છાપેલ દસ્તાવેજની) ચાર નકલો સાથે નીચે સહી કરીને દિન-૨માં મળી જાય તે રીતે રજુ કરવાની રહેશે.

ચૂંટણીપંચના હુકમની જોગવાઈઓ અને ચૂંટણીપંચની આ અંગેની સૂચનાઓના કોઈપણ ઉલ્લંઘનને ખૂબજ ગંભીરતાથી લેવામાં આવશે અને આવા કેસોમાં પ્રવર્તમાન કાયદાની જોગવાઈઓ મુજબ મુદ્રણાલયનું લાયસન્સ/રજિસ્ટ્રેશન રદ કરવા જેવા કડક પગલા લેવામાં આવશે જેની તમામ સબંધકર્તાઓએ નોંધ લેવી.

અમરેલી, ૩૦ માહે મે, સને ૨૦૧૭.

**વિષયઃ** પેમ્પલેટસ અને પોસ્ટર્સના છાપકામ અને પ્રસિધ્ધ બાબત.

નં.નાચિ/પલસ/વશી/૬૪૪૧ થી ૬૪૯૦/૨૦૧૭.-જય ભારત સાથ ઉપરોકત વિષય સંબંધે જણાવવાનું કે, ગ્રામ પંચાયતની સામાન્ય/મધ્યસત્ર/પેટા ચૂંટણી-૨૦૧૭ દરમ્યાન વ્યકિતગત અથવા રાજકીય પક્ષો દ્વારા જુદી જુદી પત્રિકાઓ, પેમ્પલેટસ પોસ્ટરો, કે જો કોઈ ચુંટણી અંગેનું સાહિત્ય પ્રેસમાં છાપવામાં આવે તેની ચાર નકલો અને પ્રેસના માલિકે (પ્રકાશકે) નમુના-‘‘ક’’માં કરેલ એકરારપત્ર (ડેકલેરેશન) તેમજ પ્રસિધ્ધ કરનાર વ્યકિતએ નમુના ‘‘ખ’’ માં કરેલ એકરારપત્ર (ડેકલેરેશન) સાથે સાહિત્ય છાપકામોની ચાર પત્રો અત્રેની કચેરીએ મોકલવા દરેક પ્રેસ માલિકો/સંચાલકોને લખવામાં આવેલ પત્રની નકલ આ સાથે સામેલ રાખી મોકલેલ છે. તો આપના તાલુકામાં આવેલ પ્રેસ માલિકોને તેની નકલો પહોંચતી કરી સ્થળપ્રત સહિ લઈને સહિવાળી નકલ અત્રેની કચેરીને દિન-૪ (ચાર)માં મોકલી આપશો.

અમરેલી, ૩૦ માહે મે, સને ૨૦૧૭.

---

**ભારતના ચૂંટણી પંચ તરફથી બહાર પાડવામાં આવેલ આર્દશ આચાર સંહિતાના ભાગરૂપે અમલવારી કરવા અંગેનું**

## જાહેરનામું

નં. નાચિ/પલસ/૩/વશી/૬૨૬૯-૬૩૧૦/૨૦૧૭.-(૧) ગ્રામ પંચાયત પેટા ચૂંટણી-૨૦૧૭ માટે રાજય ચૂંટણીપંચ તરફથી કાર્યક્રમ બહાર પાડવામાં આવેલ છે. જે અન્વયે અમરેલી જિલ્લામાં ગ્રામ પંચાયતની સામાન્ય/મધ્યસત્ર/પેટા ચૂંટણી સબંધે તા. ૧૮-૦૬-૨૦૧૭ નાં રોજ મતદાન થનાર છે. રાજય ચૂંટણી પંચ તરફથી આદર્શ આચારસંહિતા બહાર પાડી તેનું કડકપણે પાલન કરવાની સુચનાઓ આપવામાં આવેલ છે. જેનો તમામ રાજકીય પક્ષો અને ચૂંટણી લડતા ઉમેવારોએ તથા તેમના કાર્યકરોએ ચુસ્તપણે અમલ કરવાનો રહે છે. સદરહું આચાર સંહિતામાં સરકારી આરામગૃહો, ડાક બંગલાઓ, તથા વિશ્રામગૃહોનો ચૂંટણીના કામે ઉપયોગ કરવા ઉપર પ્રતિબંધ છે.

(૨) આથી અમરેલી જિલ્લામાં ગ્રામ્ય વિસ્તારમાં જયાં ગ્રામ્ય વિસ્તારમાં ગ્રામ પંચાયત સામાન્ય/મધ્યસત્ર/પેટા ચૂંટણી યોજાનાર છે તે સમાવિષ્ટ સરકારી, અર્ધસરકારી, સહકારી, તમામ આરામગૃહો ડાક બંગલાઓ, વિશ્રામગૃહો, તથા જાહેર સ્થળો હોય તેવા તમામ ગૃહો કે સ્થળોનો રાજકીય પક્ષોના હોદ્દેદારો, કાર્યકરો ચૂંટણી લડતા ઉમેદવારો કે તેમના એજન્ટોએ રાજકીય હેતુસર અથવા ચૂંટણી વિષયક પ્રચારના હેતુસર ઉપયોગ કરવા પ્રતિબંધ કરવામાં આવે છે. રાજકીય પ્રવૃતિમાં રાજકીય ચર્ચા, ટેલીફોન ઉપર વાર્તાલાપ તથા મુલાકાતી સહીતની બાબતોનો સમાવેશ થશે.

(૩) આ જાહેરનામાનો અમલ ચૂંટણી પ્રક્રીયા પૂર્ણ થતા સુધી કરવાનો રહેશે અને જાહેરનામાનો ભંગ કરનાર વ્યકિત સામે સને-૧૯૫૧ના લોક પ્રતિનિધિત્વ ધારા હેઠળ કડક પગલા લેવામાં આવશે ઉપરાંત ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ અન્વયે શિક્ષા કરવામાં આવશે.

(૪) આજ તારીખઃ ૩૦ મી મે-૨૦૧૭ ના રોજ મારી સહી તથા સિકકો કરી હુકમ બહાર પાડ્યો.

અમરેલી, ૩૦ માહે મે, સને ૨૦૧૭.

**એચ. આર. પરીખ,**
I/C અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
અમરેલી.

---

**પોલીસ કમિશ્નર દ્વારા**

**ગુજરાત પોલીસ એકટ કલમ-૩૭ (ઇ) અન્વયે કાઢેલ**

## હુકમ

ક્રમાંક– એસબી/જાહેરનામુ પ્રસિધ્ધી/૧૪/૧૭૧૯/૨૦૧૭.- રાજકોટ શહેરમાં કોઈપણ પ્રકારની જાહેર સુલેહ શાંતીનો ભંગ ન થાય અને જાહેર શાંતી અને કાયદો પ્રત્યે માન જળવાઈ રહે તેમજ કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે નીચે જણાવ્યા મુજબના નિયમોને આધિન રહીને જાહેરહીતમાં નીચેના કૃત્યોની મનાઈ કરવી જરૂરી છે.

દરેક માઈક સીસ્ટમવાળાએ અવાજના પ્રદુષણને અટકાવવા અંગે નામદાર સુપ્રિમ કોર્ટના વખતોવખતના ચુકાદાના નિર્દેશો તથા ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડ પર્યાવરણ ભવનના નં. ગુપ્રનિબોર્ડ/નોઈસ/યુનીટ-૪/જન-પીએન-૫/૫૧૨૫૨, તા. ૧૪-૦૫-૨૦૧૦ થી ઘોંઘાટ ઉત્પન્ન કરતાં અને નિપજાવતાં શ્રોતોના નિયંત્રણ અને નિયમન માટે ભારત સરકારના પર્યાવરણ અને વન મંત્રાલય દ્વારા પર્યાવરણ (સુરક્ષા) અધિનિયમ-૧૯૮૬ની કલમ-૬ તથા ૨૫ હેઠળ ધ્વનિ પ્રદુષણ (નિયમન અને નિયંત્રણ) નિયમો-૨૦૦૦નું તા. ૧૪-ફેબ્રુઆરી-૨૦૦૦નું જાહેરનામું પ્રસિધ્ધ કરાયેલ છે. જેમાં તા. ૧૧-૧-૨૦૧૦ના રોજ આ નિયમોમાં સુધારો કરવામાં આવેલ છે. જે પ્રમાણે ધ્વનિ પ્રદુષણ નિયમો-૨૦૦૦ અન્વયે ધ્વનિની માત્રાના ધોરણો નીચે મુજબ નક્કી કરવામાં આવેલ છે તેનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

રાજકોટ શહેમાં વર્તમાન સમયમાં વાહનોની સંખ્યામાં દીન પ્રતિદીન મોટાપાયે વધારો થતો જોવા મળી રહેલ છે અને શહેરમાં ટુવ્હિલર વાહનથી હેવી વાહનોમાં કર્કશ પ્રકારનાં તેમજ મ્યુઝીકલ તથા એર હોર્ન ફીટ કરવામાં આવતા હોય છે જેને કારણે અવાજનું પ્રદુષણ ખુબજ પ્રમાણમાં વધતુ હોય અને વૃધ્ધો તેમજ નાના બાળકો તેમજ હોસ્પીટલના દર્દીઓ અને શાળા કોલેજમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને ખલેલ (હાની) પહોંચતી હોય જેથી ઉપરોકત મુદ્દાઓ ધ્યાને લઈ હાઈટોન હોર્નના સેલીંગ કરવુ, ફીટીંગ કરવુ તે બિલકુલ હીતાવહ નથી. જેના કારણે જાહેર જનતાની સલામતિ અને સુખાકારી જળવાઈ રહે તે માટે નીચે જણાવ્યા મુજબ પ્રતિબંધ મુકવા ઉચીત જણાય છે.

વાસ્તે હું, અનુપમસિંહ ગહલૌત, આઈ.પી.એસ., પોલીસ કમિશ્નર, રાજકોટ શહેર, ગુજરાત સરકારના ગૃહ વિભાગના તા.૮-૧૧-૮૨ના નોટીફીકેશન નંબર જીજી/૪૨૨/

સીઆરસી/૧૦૮૨/એમ અન્વયે જે ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૨૦ નીચેની પેટા કલમ-(૧) નીચે બહાર પાડવામાં આવેલ છે અને તેનું પુનરાવર્તન ગુજરાત સરકારના ગૃહ વિભાગના તા. ૦૭-૦૧-૧૯૮૯થી બહાર પાડવામાં આવેલ સંકલીત જાહેરનામાં નંબર જીજી/૬/ફકઅ/૧૦૮૮/૬૭૫૦/મ. માં થયેલ છે. જેમાં રાજકોટ શહેરના પોલીસ કમિશ્નરશ્રી, સંયુક્ત પોલીસ કમિશ્નરશ્રી, નાયબ પોલીસ કમિશ્નરશ્રી, અને સુપ્રિ. ઓફ પોલીસ (મદદનીશ પોલીસ કમિશ્નરશ્રીઓ) ને એકઝી. મેજી તરીકે જાહેર કરવામાં આવેલ છે. તેમજ તેઓને ગુજરાત પોલીસ એકટ કલમ-૩૭(ઈ), ૧૩૫ ના અધિકારનો ઉપયોગ કરવા ખાસ અધિકૃત કરવામાં આવેલ છે. તે અધિકારની રૂએ નીચે જણાવેલ વિસ્તાર તથા સમય માટે નીચેના કૃત્યો કરવા પર પ્રતિબંધ ફરમાવું છું.

### અમલવારીનો સમય

આ હુકમ તા. ૦૫-૦૬-૨૦૧૭ ના કલાક ૦૦-૦૦ થી તા. ૩૦-૦૬-૨૦૧૭ ના કલાક ૨૪-૦૦ સુધી અમલમાં રહેશે.

### હદ વિસ્તાર

રાજકોટ શહેર પોલીસ કમિશ્નર હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર

### પ્રતિબંધિત કૃત્યો

તમામ પ્રકારના યાંત્રિક વાહનોમાં કર્કશ પ્રકારના તેમજ મ્યુઝીકલ તથા એરહોર્ન સેલીંગ અને ફીટીંગ કરવા પર પ્રતિબંધ ફરમાવું છું અને આવા પ્રકારના હોર્નનો ઉપયોગ કરી શકાશે નહી.

### શિક્ષા

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ગુજરાત પોલીસ એકટ કલમ-૧૩૫ મુજબ શિક્ષાને પાત્ર થશે.

તમામને વ્યકિતગત રીતે નોટિસની બજવણી કરવી શકય ન હોય આથી એકતરફી હુકમ કરૂં છું કે, જાહેર જનતાની જાણ સારૂં સ્થાનીક વર્તમાનપત્ર, આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર મારફતે પ્રસિધ્ધ દ્વારા તથા પોલીસ સ્ટેશનનાં પોલીસ ઈન્સ્પેકટર, મદદનીશ પોલીસ કમિશ્નર, નાયબ પોલીસ કમિશ્નર તથા પોલીસ કમિશ્નર કચેરીના નોટિસ બોર્ડ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધ કરવામાં આવશે. તેમજ સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધ કરવામાં આવશે. ગુજરાત પોલીસ એકટ-૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

તેમજ આ જાહેરનામા અંગે કોઈ વાંધા-સુચનો હોય તો દીન-૩૦ સુધીમાં રજુ કરવા.

આજ તારીખ : ૦૩-૦૬-૨૦૧૭ ના રોજ મારી સહી અને સિકકો કરી આપેલ છે.

રાજકોટ, ૩ માહે જુન, સને ૨૦૧૭.

**અનુપમસિંહ ગહલૌત,**
પોલીસ કમિશ્નર,
રાજકોટ શહેર, રાજકોટ.

## જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ દ્વારા નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક નં : નધણ/ખ-૩/દુ જે એન ડી.-૪૫૮૯૦/૪૫૭/૨૦૧૭.-આથી જાહેર કરે છે કે, શ્રી મોટીમોણપરી મહિલા દુધ ઉત્પાદક સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ : મોટીમોણપરી, તા. : વિસાવદર, જિલ્લો : જૂનાગઢ.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

જુનાગઢ, ૨૫ માહે મે, સને ૨૦૧૭.

**આર. પી. ખરાડી,**
જિલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
જુનાગઢ.

---

વંચાણે લીધા :

(૧) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૧૪(૧) તથા ૨૦(૧) હેઠળની જોગવાઈઓ.

(૨) ગુજરાત સરકારશ્રીના કૃષિ અને સહકાર વિભાગના જાહેરનામાં ક્રમાંક : જીએચએચ/૫૧/૨૦૧૧/નબસ/૧૨/૨૦૦૨/૩૦૧૧/છ, તા. ૨૧-૦૭-૨૦૧૧.

(૩) કચેરીના ફડચાનાં અંતિમ આદેશ ક્રમાંક : ફડચ/ગ-૨/૧૧૦થી ૧૧૮/૧૪, તા. ૨૫-૦૨-૨૦૧૪.

(૪) ફડચા અધિકારીશ્રીની તા. ૦૨-૦૫-૨૦૧૭ ના પત્રથી રજુ થયેલ નોંધણી રદની દરખાસ્ત.

### હુકમ

ક્રમાંક : ફડચ/ગ-૨/૧૦૫/૨૦૧૭.-આથી હું, ટી. સી. તીરથાણી, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, રાજકોટ, અમોને વંચાણે લીધા આંક(૨) વાળા જાહેરનામાથી મળેલ અધિકારની રૂએ શ્રી ધરમપુર દુધ ઉત્પાદક સહકારી મંડળી લી., મુ. ધરમપુર, તા. પડધરી, જિ. રાજકોટ, નોંધણી નંબર સે. દુ.-૨૧૬૧૪, તા. ૨૪-૦૯-૧૯૮૫ ની ફડચાની કાર્યવાહી સહકારી કાયદાની કલમ-૧૪૪ હેઠળ સમાપ્ત જાહેર કરૂ છું. તેમજ તેજ કાયદાની કલમ-૨૦(૧) હેઠળ સદરહુ મંડળીની નોંધણી રદ કરતો હુકમ કરૂ છું.

રાજકોટ, ૨ માહે જુન, સને ૨૦૧૭.

---

વંચાણે લીધા :

(૧) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૧૪(૧) તથા ૨૦(૧) હેઠળની જોગવાઈઓ.

(૨) ગુજરાત સરકારશ્રીના કૃષિ અને સહકાર વિભાગના

જાહેરનામાં ક્રમાંક : જીએચએચ/૫૧/૨૦૧૧/નબસ/૧૨/૨૦૦૨/૩૦૧૧/છ, તા. ૨૧-૦૭-૨૦૧૧.

(૩) કચેરીના ફડચાનાં અંતિમ આદેશ ક્રમાંક : ફડચ/ગ-૨/૧૫૨/૨૦૧૬, તા. ૧૮-૦૫-૨૦૧૬.

(૪) ફડચા અધિકારીશ્રીની તા. ૨૬-૦૪-૨૦૧૭ ના પત્રથી રજુ થયેલ નોંધણી રદની દરખાસ્ત.

**હુકમ**

ક્રમાંક : ફડચ/ગ-૨/૧૦૪/૨૦૧૭.-આથી હું, ટી. સી. તીરથાણી, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, રાજકોટ, અમોને વંચાણે લીધા આંક(૨) વાળા જાહેરનામાથી મળેલ અધિકારની રૂએ શ્રી કોલકી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક કર્મચારી શરાફી સ. મં. લી., મુ. કોલકી, તા. ઉપલેટા, જિ. રાજકોટ, નોંધણી નંબર સે. ૨૫૫૬૭ તા. ૧૩-૧૦-૧૯૯૫ ની ફડચાની કાર્યવાહી સહકારી કાયદાની કલમ-૧૪૪ હેઠળ સમાપ્ત જાહેર કરૂ છું. તેમજ તેજ કાયદાની કલમ-૨૦(૧) હેઠળ સદરહુ મંડળીની નોંધણી રદ કરતો હુકમ કરૂ છું.

રાજકોટ, ૨ માહે મે/જુન, સને ૨૦૧૭.

---

વંચાણે લીધા :

(૧) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૧૪(૧) તથા ૨૦(૧) હેઠળની જોગવાઈઓ.

(૨) ગુજરાત સરકારશ્રીના કૃષિ અને સહકાર વિભાગના જાહેરનામાં ક્રમાંક : જીએચએચ/૫૧/૨૦૧૧/નબસ/૧૨/૨૦૦૨/૩૦૧૧/છ, તા. ૨૧-૦૭-૨૦૧૧.

(૩) કચેરીના ફડચાનાં અંતિમ આદેશ ક્રમાંક : ફડચ/ગ-૨/૨૮૧/૨૦૧૬, તા. ૩-૧૧-૨૦૧૬.

(૪) ફડચા અધિકારીશ્રીની તા. ૨-૫-૨૦૧૭ ના પત્રથી રજુ થયેલ નોંધણી રદની દરખાસ્ત.

**હુકમ**

ક્રમાંક : ફડચ/ગ-૨/૧૦૩/૨૦૧૭.-આથી હું, ટી. સી. તીરથાણી, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, રાજકોટ, અમોને વંચાણે લીધા આંક(૨) વાળા જાહેરનામાથી મળેલ અધિકારની રૂએ શ્રી જય કૈલાશ હરીજન મજુર બાંધકામ સહકારી મંડળી લી., મુ. તા. ધોરાજી, જિ. રાજકોટ, નોંધણી નંબર ઉ-૮૯૧૧, તા. ૩૦-૧૧-૧૯૮૨ ની ફડચાની કાર્યવાહી સહકારી કાયદાની કલમ-૧૪૪ હેઠળ સમાપ્ત જાહેર કરૂ છું. તેમજ તેજ કાયદાની કલમ-૨૦(૧) હેઠળ સદરહુ મંડળીની નોંધણી રદ કરતો હુકમ કરૂ છું.

રાજકોટ, ૨ માહે જુન, સને ૨૦૧૭.

**ટી. સી. તીરથાણી,**
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
રાજકોટ.

**મદદનીશ જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, (પંચાયત) જિલ્લા પંચાયત દ્વારા**

**નોંધણીનું પ્રમાણપત્ર**

જાવક નંબર : સહ-૧/નધણ/વર્ક/૭૬૯/૨૦૧૭.-જિલ્લા પંચાયત, જામનગર, આથી જાહેર કરે છે કે શ્રી જામ આંબરડી જુથ સેવા સહકારી મંડળી લી., જામ આંબરડી, સ્થળ : જામ આંબરડી, તાલુકો : જામજોધપુર, જિલ્લો : જામનગરને સને ૧૯૬૨ ના ગુજરાત કાયદા-૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો-૧૯૬૧) ની કલમ-૯(૧)(૪) અન્વયે આજરોજ નોંધવામાં આવે છે.

નોંધણી નંબર : સે-૪૧૪૭૧, સને ૨૦૧૭.

જામનગર, ૨૯ માહે મે, સને ૨૦૧૭.

---

**નોંધણીનું પ્રમાણપત્ર**

જાવક નંબર : સહ-૧/નધણ/વર્ક/૭૭૦/૨૦૧૭.-જિલ્લા પંચાયત, જામનગર, આથી જાહેર કરે છે કે શ્રી પરડવા સેવા સહકારી મંડળી લી., પરડવા, સ્થળ : પરડવા, તાલુકો : જામજોધપુર, જિલ્લો : જામનગરને સને ૧૯૬૨ ના ગુજરાત કાયદા-૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો-૧૯૬૧) ની કલમ-૯(૧)(૪) અન્વયે આજરોજ નોંધવામાં આવે છે.

નોંધણી ક્રમાંક : સે-૪૧૪૭૨, સને ૨૦૧૭.

જામનગર, ૨૯ માહે મે, સને ૨૦૧૭.

---

**નોંધણીનું પ્રમાણપત્ર**

જાવક નંબર : સહ-૧/નધણ/વર્ક/૭૭૧/૨૦૧૭.-જિલ્લા પંચાયત, જામનગર, આથી જાહેર કરે છે કે શ્રી અંબાલા સેવા સહકારી મંડળી લી., અંબાલા, સ્થળ : અંબાલા, તાલુકો : જોડીયા, જિલ્લો : જામનગરને સને ૧૯૬૨ ના ગુજરાત કાયદા-૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો-૧૯૬૧) ની કલમ-૯(૧)(૪) અન્વયે આજરોજ નોંધવામાં આવે છે.

નોંધણી ક્રમાંક : સે-૪૧૪૭૩, સને ૨૦૧૭.

જામનગર, ૨૯ માહે મે, સને ૨૦૧૭.

**ડી. જે. મજીઠીયા,**
મદદનીશ જિલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ (પંચાયત),
જિલ્લા પંચાયત, જામનગર.

PRINTED AT THE GOVERNMENT PRESS, RAJKOT COMPLAINTS ABOUT GAZETTE MUST BE MADE WITHIN A FORTNIGHT FROM THE DATE OF THIS PUBLICATION ACCOMPANIED BY THE WRAPPER.

©

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

*PUBLISHED BY AUTHORITY*

VOL. LVIII] THURSDAY, 22nd JUNE, 2017/JYAISTHA 01, 1939 No. 25

**Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central section in order that it may be filed as a separate compilation.**

# PART-I


| PART - I | Pages | PART - I - B | Pages |
|---|---|---|---|
| Government Notifications Appointments Promotions, Leave of absence, Rules and orders (Other than those published in Part-I-A, IV-A, IV-B, and IV-C) list of publications for sales etc.,<br>Miscellaneous Notifications Appoint-ments etc., | 727-752 | (Suppliment) Government Notifications Published under Land Acquisition Act only Supplement. | Nil |
| **PART - I - A** | | **PART - II** | |
| Order and Notifications (Other than those published in Part-IV-B) under the Gujarat Local Boards, Village Panchayats, Municipals, Boroughs, (Districts) Municipals Primary Education and Local Fund Audits, Acts., | Nil | Miscellaneous Notices, Advertisments, List of Books Sanctioned by the Director of Education, List of Jurors. Schedule of Estates by the Official Assignee, Summary of Births and Deaths, etc., | 1133-1184 |
| | | **PART - III** | |
| | | Miscellaneous Supplements Season and Crop Reports, Prices, Current Rainfalls Returns, District Local Boards Accounts etc., | Nil |

# GOVERNMENT NOTIFICATIONS, ORDERS APPOINTMENTS, ETC.
## SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION
## NOTIFICATION
### MISCELLANEOUS NOTIFICATIONS APPOINTMENTS ETC.

---

## By the Principal District Judge

***Read :***

*(1) Government of Gujarat Legal Department Resolution No. HCT/102014/2096/D, Dt. 30-11-2015.*

*(2) Hon'ble High Court No. A. 1234/1991, Dt. 16-02-2016.*

*(3) Hon'ble High Court No. A. 1201/2016(31), Dt. 04-05-2016.*

*(4) Hon'ble High Court No. A. 1201/2017(42), Dt. 16-05-2017.*

## OFFICE ORDER

No. 3389/2017.-In view of the Government of Gujarat, Legal Department Resolution referred in preamble at Sr. No. 1, the undersigned is pleased to designate the Court of 10th (Ad-hoc) Additional District Judge, Kachchh at Bhuj as Motor Accident Claim Tribunal to my exclusively Motor Accident Claim Petition, with effect from 17-05-2017.

Kachchh-Bhuj, 01st June, 2017.

**A. I. Raval,**

I/c. Principal District Judge,

Kachchh at Bhuj.

---

**Read :**

1. Hon'ble High Court of Gujarat Notification No. A. 1201/2017(49), Dtd. 19-05-2017.

## NOTIFICATION

No. UHC/6/2017.-As per Notification of the Hon'ble High Court of Gujarat, Ahmedabad and in the preamble, the undersigned has been posted as Principal Judge, Family Court, Rajkot, in the Family Court, Rajkot, and accordingly the undersigned has taken over the charge as the Principal Judge, Family Court, Rajkot, with effect from 25-05-2017, B.O.H.

All the Top Secret, Confidential and Demi-official correspondence meant for the Principal Judge, Family Court, Rajkot, may please be addressed to the undersigned by name as under :

**Mr. S. M. Mehta,**

Principal Judge,

"Nyay Mandir" Fast Track Court Building,
High Court Road,

Opp. I. P. Mission Girls' School,

| Telephone number | |
|---|---|
| S.T.D. Code | (0281) |
| DIRECT | 2475474 |
| OFFICE | 2475495 |
| FAX | 2475495 |
| RESIDENCE | 2452201 |

Rajkot, 8th June, 2017.

**S. M. Mehta,**

Principal Judge,

Family Court, Rajkot.

---

INDEX

## કલેક્ટર દ્વારા

વંચાણ :

(૧) ધી કેરોસીન (રીસ્ટ્રીકશન ઓન યુઝ એન્ડ ફીક્સેશન ઓફ સેલીંગ પ્રાઈઝ) ઓર્ડર-૧૯૯૩.

(૨) અત્રેના જાહેરનામા નાં. સપ-કસન પરીવહન-દર-વધારો-૨૦૧૪, તા. ૨૦-૦૯-૨૦૧૪.

(૩) અત્રેના જાહેરનામા નાં. સપ/કસન/જથ્થાબંધ અને છુટક/ભાવ/મુકરર/૪-૫/૨૦૧૭, તા. ૨૦-૦૪-૧૭.

(૪) સરકારશ્રીના પત્ર નાં. કસન/૧૦૨૦૧૭/૨૨૩/બ, તા. ૦૨-૦૬-૨૦૧૭.

## જાહેરનામું

નાં. સપ-કસન-ભાવ-મુકરર-જુન-૨૦૧૭.-અત્રેના વંચાણ-(૨) વાળા જાહેરનામાથી પરિવહન સમિતિની બેઠકમાં થયેલ વિચારણા મુજબ પરીવહન દર માટેના ભાવ નક્કી થયેલ હતા. ત્યાર બાદ ડીલર્સના કમીશન અને છુટક વિક્રેતા કમીશનમાં વધારો થતા ક્રમ-(૩) વાળા જાહેરનામાથી ઘરગથ્થુ વપરાશના કેરોસીનના એક કીલોલીટરના જથ્થાબંધ વેંચાણભાવ તથા એક લીટરનો છુટક વેચાણ ભાવ દરેક તાલુકાવાઈઝ નક્કી કરવામાં આવેલ.

સરકારશ્રીના અન્ન નાગરીક પુરવઠા વિભાગ ગાંધીનગરના વંચાણ-(૪) વાળા પત્ર મુજબ કંપનીના ૧ કે.એલ.ના ભાવ જુના રૂા. ૧૭૦૮૪.૦૧/- હતા. તે વધારીને નવો ભાવ ૧ કે.એલ.નો રૂા. ૧૭૩૩૪.૦૧/- કરેલ છે. જેથી જથ્થાબંધ ભાવમાં કંપનીઓએ રૂા. ૨૫૦/- ભાવ વધારો જાહેર કરેલ છે. તે નજરે જથ્થાબંધ ભાવ તથા છુટક ભાવ તા. ૦૧-૦૬-૨૦૧૭ થી નવેસરથી નક્કી કરવાના રહેશે તેવું જણાવેલ છે. તે નજરે કેરોસીનના કચ્છ જિલ્લાના દરેક તાલુકાના એક કિલોલીટરના (૧૦૦૦ લીટર) જથ્થાબંધ વેંચાણ ભાવ તથા એક લીટરના છુટક વેંચાણ ભાવ નકકી કરવાના રહે છે. સબબ ઉપરોક્ત વિગત ધ્યાને લેતાં વંચાણ-(૧) વાળા ઓર્ડરથી મળેલ અધિકારીની રૂએ હું કલેકટર-કચ્છ, કંડલા ઈન્સ્ટોલેશન ડેપોથી આવતા ઘરગથ્થુ વપરાશના કેરોસીનના એક કીલોલીટરના કંપનીના વધેલ ભાવ નજરે જથ્થાબંધ વેંચાણ ભાવ તથા એક લીટરના છુટક વેંચાણ ભાવ આ સાથેના પત્રકની વિગતે તાલુકાવાઈઝ નીચે મુજબ નક્કી કરવાનું ઠરાવું છું.

| અનું. | તાલુકાના મુખ્ય મથકનું નામ | એક કીલોલીટર કેરોસીનના તાલુકાના મુખ્ય મથક માટેના જથ્થાબંધ વેંચાણ ભાવ (૧૦૦૦ લીટર) રૂા. પૈસા | એક લીટર કેરોસીનનો તાલુકાના મુખ્ય મથક માટેના છુટક વેંચાણ ભાવ રૂા. પૈસા | વિશેષ નોંધ |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧ | ગાંધીધામ | ૧૮૬૨૨.૨૩ | ૧૯.૬૨ | -- |
| ૨ | અંજાર | ૧૮૬૯૮.૧૩ | ૧૯.૭૦ | -- |
| ૩ | ભચાઉ | ૧૮૭૬૭.૬૩ | ૧૯.૭૭ | -- |
| ૪ | ભુજ | ૧૮૯૨૮.૬૩ | ૧૯.૯૩ | -- |
| ૫ | મુન્દ્રા | ૧૮૯૨૮.૬૩ | ૧૯.૯૩ | -- |
| ૬ | રાપર | ૧૯૦૧૮.૦૮ | ૨૦.૦૨ | -- |
| ૭ | માંડવી | ૧૯૧૩૮.૩૩ | ૨૦.૧૪ | -- |
| ૮ | નખત્રાણા | ૧૯૧૩૦.૯૩ | ૨૦.૧૩ | -- |
| ૯ | અબડાસા, મુ. નલીયા | ૧૯૨૮૬.૩૩ | ૨૦.૨૯ | -- |
| ૧૦ | લખપત, મુ. દયાપર | ૧૯૪૦૨.૮૮ | ૨૦.૪૦ | -- |

ઉપર મુજબના મુકરર કરવામાં આવેલ ભાવો જિલ્લાના તાલુકાના મુખ્ય મથકના હોઈ કેરોસીનના ઓઈલ કંપનીનાં જથ્થાબંધ વિક્રેતાઓ કેરોસીનના છુટક વિક્રેતાના સ્થળ સુધી કેરોસીનની ડીલીવરી આપવા જાય ત્યારે ૦ થી ૧૦(દસ) કિ.લો. મીટરના દરેક સ્ટેજે વધુમાં વધુ ૫૦ કિ. મી સુધી ૦૧ (એક) લીટરે ૧૦ (દસ)પૈસા જે વધુમાં વધુ પચાસ કિ.મી.ની મર્યાદામાં સ્ટેજ ચાર્જ લઈ શકશે.

કેરોસીનના છુટક વિક્રેતા સ્ટેજ ખર્ચની રકમ બિલ મુજબ ગણતરી કરતા નજીકના ૦૫ (પાંચ) પૈસાના ગુણાંકમાં છુટક વિક્રેતા કેરોસીનના વેંચાણ બિલ બનાવી કેરોસીનનું વેચાણ કરી શકશે.

આ જાહેરનામાનો અમલ તા. ૧-૬-૨૦૧૭ ની અસરથી કરવાનો રહેશે.

કચ્છ-ભુજ, ૦૫ માહે જુન, સને ૨૦૧૭.

---

જિલ્લો : કચ્છ ઘરગથ્થું વપરાશના કેરોસીનના જથ્થાબંધ વેંચાણ ભાવ તથા છુટક વેંચાણ ભાવ નકકી કરવાની વિગત દર્શાવતું પત્રક માસ : જુન-૨૦૧૭

| ક્રમ | વિગત | કચ્છ જિલ્લાના તાલુકાના મુખ્ય મથકનું નામ. (તાલુકા) | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | ગાંધીધામ | અંજાર | ભચાઉ | ભુજ | મુન્દ્રા | રાપર | નખત્રાણા | માંડવી | અબડાસા મુ. નલીયા | લખપત મુ. દયાપર |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ |
| ૧ | એક કિલોલીટરના ઓઈલ કંપનીના વેંચાણ ભાવ રૂપિયા | ૧૭૩૩૪.૦૧ | ૧૭૩૩૪.૦૧ | ૧૭૩૩૪.૦૧ | ૧૭૩૩૪.૦૧ | ૧૭૩૩૪.૦૧ | ૧૭૩૩૪.૦૧ | ૧૭૩૩૪.૦૧ | ૧૭૩૩૪.૦૧ | ૧૭૩૩૪.૦૧ | ૧૭૩૩૪.૦૧ |
| ૨ | જથ્થાબંધ વિક્રેતાનું કમીશન રૂા. (૧ કે. એલ. ના) કેન્દ્રનું રૂા. ૭૮૭.૮૨ +રાજ્યનું રૂા. ૧૮૦.૩૦ = કુલ રૂા. ૯૬૮.૧૨ | ૯૬૮.૧૨ | ૯૬૮.૧૨ | ૯૬૮.૧૨ | ૯૬૮.૧૨ | ૯૬૮.૧૨ | ૯૬૮.૧૨ | ૯૬૮.૧૨ | ૯૬૮.૧૨ | ૯૬૮.૧૨ | ૯૬૮.૧૨ |
| ૩ | એક કિલોલીટરનો પરિવહન દર રૂપિયા | ૩૨૦.૧૦ | ૩૯૬.૦૦ | ૪૬૫.૫૦ | ૬૨૬.૫૦ | ૬૨૬.૫૦ | ૭૧૫.૯૫ | ૮૨૮.૮૦ | ૮૩૬.૨૦ | ૯૮૪.૨૦ | ૧૧૦૦.૭૫ |
| ૪ | એક કિલોલીટર કેરોસીનનું જથ્થાબંધ વેંચાણ ભાવ રૂપિયા. | ૧૮૬૨૨.૨૩ | ૧૮૬૯૮.૧૩ | ૧૮૭૬૭.૬૩ | ૧૮૯૨૮.૬૩ | ૧૮૯૨૮.૬૩ | ૧૯૦૧૮.૦૮ | ૧૯૧૩૦.૯૩ | ૧૯૧૩૮.૩૩ | ૧૯૨૮૬.૩૩ | ૧૯૪૦૨.૮૮ |
| ૫ | એક કિલોલીટર કેરોસીનનું છુટક વિક્રેતાનું કમિશન રૂા. ૯૪૬.૦૦+ રાજ્યનું એકસ્ટ્રા ઓર્ડીનરી કમિશન રૂા. ૫૪.૦૦ = કુલ રૂા.૧૦૦૦.૦૦ | ૧૦૦૦.૦૦ | ૧૦૦૦.૦૦ | ૧૦૦૦.૦૦ | ૧૦૦૦.૦૦ | ૧૦૦૦.૦૦ | ૧૦૦૦.૦૦ | ૧૦૦૦.૦૦ | ૧૦૦૦.૦૦ | ૧૦૦૦.૦૦ | ૧૦૦૦.૦૦ |
| ૬ | એક કિલોલીટર કેરોસીનના કુલ રૂપિયા. | ૧૯૬૨૨.૨૩ | ૧૯૬૯૮.૧૩ | ૧૯૭૬૭.૬૩ | ૧૯૯૨૮.૬૩ | ૧૯૯૨૮.૬૩ | ૨૦૦૧૮.૦૮ | ૨૦૧૩૦.૯૩ | ૨૦૧૩૮.૩૩ | ૨૦૨૮૬.૩૩ | ૨૦૪૦૨.૮૮ |
| ૭ | એક લીટર કેરોસીનનું છુટક વેંચાણ ભાવ રૂા. | ૧૯.૬૨ | ૧૯.૭૦ | ૧૯.૭૭ | ૧૯.૯૩ | ૧૯.૯૩ | ૨૦.૦૨ | ૨૦.૧૩ | ૨૦.૧૪ | ૨૦.૨૯ | ૨૦.૪૦ |

કચ્છ-ભુજ, ૦૫ માહે જુન, સને ૨૦૧૭.

સહી/- અવાચ્ય,
કલેક્ટર,
કચ્છ-ભુજ.

INDEX

## જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા
## ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૨૨માં અધિનિયમની કલમ ૩૭(૩) હેઠળ
## હુકમ

નં.મેજી/પોલ/જાહેરનામું/વચેટીયા/૦૬/૨૦૧૭-જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, કચ્છ ભુજના કાર્યક્ષેત્ર હેઠળના વિસ્તાર જેવા કે, જિલ્લા કલેકટર કચેરી, જિલ્લા ન્યાયાલયની કચેરી, જિલ્લા પંચાયત કચેરી, બહુમાળી ભવનમાં આવેલ સરકારી કચેરીઓ, નગરપાલિકાઓ, પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીની કચેરીઓ વિગેરેમાં જાહેર જનતાને લગતી કામગીરી કરવામાં આવે છે. આ સિવાયની અન્ય સરકારી કચેરીઓમાં પણ રોજે-રોજ મોટા પ્રમાણમાં જાહેર જનતા પોતાના કામ માટે આવતી હોય છે. તાજેતરમાં કેટલાક બનાવો પરથી ઉકત તમામ કચેરીની આસપાસ તથા નજીકના સ્થળે કેટલાક ઈસમો એકલા અથવા ટોળી બનાવીને જાહેર જનતાની છેતરપીંડી કરી પૈસા પડાવે છે અથવા તો ગેરકાયદેસર પ્રવૃતિ કરી ઉલટી સીધી વાતો કરી જાહેર જનતાને ભોળવીને કે ગેરમાર્ગે દોરી કામ કરાવવા કે તેવી રીતે લલચાવીને કે ગેરમાર્ગે દોરીને વચેટીયા તરીકે કામ કરાવી આપવાનું જણાવતા અનઅધિકૃત વચેટીયા તરીકે કામ કરવા ઈરાદો રાખતા આવા વ્યક્તિ/ઈસમો પ્રવૃતિ કરી રહેલ હોવાનું જણાય આવેલ છે.

આથી હું રેમ્યા મોહન, આઈ.એ.એસ, જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, કચ્છ.ભુજ ગુજરાત પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ની કલમ-૨૨માં અધિનિયમની કલમ-૩૭(૩) અન્વયે મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂ છુ કે,

જિલ્લા મેજીસ્ટ્રેટ, કચ્છના કાર્યક્ષેત્રમાં આવેલ ઉકત પેરામાં જણાવ્યા પ્રમાણે જિલ્લા કલેકટર કચેરી, જિલ્લા ન્યાયાલયની કચેરી, જિલ્લા પંચાયત કચેરી બહુમાળી ભવનમાં આવેલ સરકારી કચેરીઓ, નગરપાલિકાઓ, પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીની કચેરીઓ તેમજ જ્યાં રોજે રોજ મોટા પ્રમાણમાં જાહેર જનતા પોતાના કામ માટે આવેલા હોય અથવા કામ કરતા હોય તેવા અથવા વ્યાજબી કામ સબબ આવેલા હોય તે સિવાયના અનઅધિકૃત ઈસમો કે ઈસમોની ટોળકી, સદરહુ કચેરીમાં આવતી જાહેર જનતા અરજદારને ગેરમાર્ગે દોરી કામ કરાવવા કે તેવી રીતે લલચાવીને કે ગેરમાર્ગે દોરીને વચેટીયા તરીકે કામ કરાવી આપવાનું જણાવતા અન અધિકૃત વચેટીયા તરીકે કામ કરવા ઈરાદો રાખતા આવા વ્યક્તિઓ/ઈસમોના પ્રવેશ ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

### : અમલવારીનો સમય :

આ જાહેરનામાનો અમલ તા. ૦૭-૦૬-૨૦૧૭ ના કલાક. ૦૦-૦૦ થી તા. ૩૦-૦૬-૨૦૧૭ ના કલાક ૨૪-૦૦ સુધીનો રહેશે.

### : અમલવારીનો વિસ્તાર :

જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી કચ્છ ની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર,

આ જાહેરનામાનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર અથવા તે માટે મદદ કરનારને ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ ૧૩૫ની પેટા કલમ(૩) હેઠળ અને ભારતના ફોજદારી અધિનિયમ સને ૧૮૬૦ ની કલમ ૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમનો જાહેર જનતાની જાણ માટે વર્તમાનપત્ર, આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર મારફતે પ્રસિધ્ધી દ્વારા તથા વિભાગીય પોલીસ અધિકારીશ્રીઓની કચેરી, પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સપેકટર, પોલસ સબ ઈન્સપેકટરશ્રીઓ, જિલ્લાની ગ્રામ પંચાયતો ખાતે જાહેરનામાની નકલ ચોંટાડીને પ્રસિધ્ધી કરવાની રહેશે.

આજ રોજ તા. ૦૬-૦૬-૨૦૧૭ ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપેલ છે.

કચ્છ-ભુજ, ૦૬ માહે જુન, સને ૨૦૧૭.

---

## ગુજરાત પોલિસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૩) અન્વયે કાઢેલ
## હુકમ

નં.મેજી/પોલ/જાહેરનામું/આવેદનપત્ર/૨૦૧૭-જિલ્લાના જાહેર સ્થળોએ વગર પરવાનગીએ રેલી, સરઘસ, દેખાવો જેવા કાર્યક્રમોમાં ચાર કે તેથી વધુ માણસો એકઠા ન થાય, સુલેહ શાંતિનો ભંગ ન થાય, જિલ્લા/તાલુકા સેવા સદને પોતાના કામ અર્થે આવતા નાગરિકોન કોઈ અગવડતા ન પડે તથા કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે હેતુસર નીચે જણાવેલ અનુસુચિમાં દર્શાવેલ વિસ્તારમાં (જેનો આમા સદરહું વિસ્તાર તરીકે ઉલ્લેખ કરેલ છે.) કોઈ મંડળી બનાવી રેલી, સરઘસ કે રેલી સ્વરૂપે આવેદનપત્ર આપવા ઉપર મનાઈ ફરમાવવાનું જરૂરી જણાય છે. જેથી હવે, ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ-૩૭(૩) થી મને મળેલ સત્તાની રૂએ, હું રેમ્યા મોહન, જિલ્લા મેજીસ્ટ્રેટ, કચ્છ.ભુજ, આથી સદરહું વિસ્તારમાં આ જાહેરનામા અન્વયે તા. ૦૭-૦૬-૨૦૧૭ ના કલાક. ૦૦-૦૦ થી તા. ૩૦-૦૬-૨૦૧૭ ના કલાક. ૨૪-૦૦ (બન્ને દિવસો સહિત) સુધીની મુદત માટે સક્ષમ અધિકારીશ્રીની પરવાનગી મેળવ્યા સિવાય, અનધિકૃત/ગેરકાયદેસર રીતે ચાર કરતા વધુ વ્યક્તિઓને એકી સાથે કોઈપણ જગ્યાએ ભેગા થવા, કોઈ મંડળી બનાવી રેલી, સરઘસ, દેખાવો કરવા/કાઢવા કે રેલી સ્વરૂપે એકઠા થઈને આવેદનપત્ર આપવા માટે આવવા પર મનાઈ ફરમાવું છું.

### અનુસુચિ

"જિલ્લા સેવા સદન, ભુજ તથા મધ્યસ્થ સેવા સદન, ભુજ, અંજાર, ભચાઉ, મુન્દ્રા, નખત્રાણા, અબડાસા, જિલ્લાના નલિયા, દયાપર, મુંદરા, માંડવી, ભુજ, નખત્રાણા, અંજાર, ગાંધીધામ, ભચાઉ તથા રાપર તાલુકા સેવા સદનની બહાર કે સદર જિલ્લા/

મધ્યસ્થ/તાલુકા સેવા સદનના પરિસરથી ૧૦૦ મીટરની ત્રિજયાનો વિસ્તાર.''

**આ જાહેરનામુ નીચેની વ્યક્તિઓ/બાબતોને લાગુ પડશે નહી.**

(૧) ફરજ પર સરકારી નોકરી અથવા રોજગારમાં હોય તે વ્યકતિઓને.

(૨) ફરજ પર હોય તેવી ગૃહરક્ષક દળની વ્યકતિઓને.

(૩) લગ્નના વરઘોડા તથા સ્મશાનયાત્રાને.

(૪) અત્રેથી/સક્ષમઅધિકારી તરફથી આપવામાં આવેલ ખાસ કિસ્સા તરીકે પરવાનગીને.

(૫) સરકારશ્રી દ્વારા આયોજિત કાર્યક્રમો કે અભિયાન.

આ જાહેરનામાનો ભંગ કે ઉલ્લંઘન કરનાર કોઈપણ વ્યકતિ સદરહું અધિનિયમની કલમ-૧૩૫ની પેટા કલમ-૩ તથા ભારતીય દંડ સહિતા, ૧૮૬૦ના પ્રકરણ-૧૦ ની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર ઠરશે.

આજ તા. ૦૬-૦૬-૨૦૧૭ ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપેલ છે.

કચ્છ-ભુજ, ૬ માહે જુન, સને ૨૦૧૭.

**રેમ્યા મોહન,**
જિલ્લા મેજીસ્ટ્રેટ,
કચ્છ-ભુજ.

---

## અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

### ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ નો બીજો અધિનિયમ) ના કાયદાની કલમ-૧૪૪ હેઠળ હુકમ

### જાહેરનામુ

નં. હોમ/પલસ/વશી/૭૧૯૧ થી ૭૨૬૦/૨૦૧૭.- પોલીસ અધિક્ષકશ્રી, અમરેલીના તા. ૨-૬-૨૦૧૭ ના પત્ર નં. એસઓજી/જાહેરનામુ/રીન્યુ/સી.સી.ટી.વી./૧૭૩/૧૭, થી ભુતકાળમાં અમરેલી જિલ્લામાં જુદા-જુદા સ્થળોએ ચોરી તથા લુંટફાટના બનાવ હોય, જે અંગે વર્તમાનપત્રો અને ટીવી ન્યુઝમાં આવા સમાચારો રોજ-બરોજ જોવામાં આવતા હોય, જેથી બેંકો, એટીએમ સેન્ટરો, સોના-ચાંદીના શો રૂમો, જ્વેલર્સની દુકાનો, આંગડીયા પેઢી, કપાસની જીનીંગ મીલો, સહકારી બેંકો, સારી હોટેલો, સાઈબર કાફે, કપડાના મોટા વેપારીઓની પેઢી, ભંગારના વેપારીઓ, ભંગારના ડેલા ધરાવતાં વેપારીઓ, ઈમારતી લાકડાની મોટી પેઢીઓ, ખેતીવાડી ઉત્પન્ન બજાર સમીતી, માર્કેટીંગ યાર્ડ, પેટ્રોલપંપો, ઈલેકટ્રીક બીલોના કલેકશન સેન્ટરો જેવા સ્થળોએ કે જયા મોટી રકમની અથવા કિંમતી ચીજવસ્તુની લે-વેચ અને લેવડ-દેવડ થતી હોય, આવા સ્થળોએ ગુનેગારો નાણાની લેવડદેવડ અને હેરાફેરી વખતે થોડા આગળ પાછળ કે બાજુમાં રહી ગતીવિધીની દેખરેખ અને વોચ કરી મોકો મળતા આવા આર્થિક ગુન્હાઓનો અંજામ આપતા હોય છે અને ઘણા કિસ્સાઓમાં આવી મોટી રકમ અને કિંમતી ચીજવસ્તુ મેળવી લેવા માટે ગુનેગાર ગમે તે હદ સુધી ભોગ બનનારને માર મારતા અને જાનથી મારી નાખતા પણ અચકાતા નથી. આવા ગુન્હાઓ બનતા અટકે અને બનેલા ગુન્હાઓ સહેલાઈથી શોધી શકાય અને આમ નાગરીકના જાનમાલનું રક્ષણ થાય અને સમાજમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે હેતુસર આધુનિક વિજ્ઞાન અને ટેકનોલોજીનો બહોળો ઉપયોગ કરવાની વર્તમાન યુગની જરૂરિયાત હોય, આવા તમામ સ્થળોએ વ્યુહાત્મક જગ્યાઓએ નાઈટ વિઝન સી.સી.ટી.વી. કેમેરા કે જેમાં છેલ્લા એક મહીનાનું બેકઅપ મળી રહે તેવા કેમેરા મુકવાથી ઘણી જ સરળતા રહે તેમ હોય, આવા સ્થળના માલીકોને નાઈટ વિઝન સી.સી.ટી.વી. કેમેરા મુકવા પોલીસ વિભાગ તરફથી વારંવાર સુચન કરવામાં આવેલ છે. છતાં પણ જોઈએ તેવો પ્રતિસાદ મળેલ ન હોય, અને જરૂરત છે તેવા તમામ સ્થળોએ સી.સી.ટી.વી. કેમેરા લગાડવામાં આવેલ ન હોય, જેથી સમગ્ર અમરેલી જિલ્લામાં આવેલ બેંકો, સહકારી બેંકો/સંસ્થાઓ, એટીએમ સેન્ટરો, આગડીયા પેઢીઓ, સોના-ચાંદીના શોરૂમો, જવેલર્સ, કપાસની જીનીંગ મીલો, ઈમારતી લાકડાના મોટા વેપારીઓ, કપડાના મોટા વેપારીઓ, ભંગારના વેપારીઓ, ભંગારના ડેલા ધરાવતાં વેપારીઓ, ખેતીવાડી ઉત્પન્ન બજાર સમીતી, સાઈબર કાફે, ઈલેકટ્રીક બીલના કલેકશન સેન્ટરો વિગેરે સ્થળોએ કે જયાં રોજેરોજ મોટી રકમની નાણાકીય લેવડ-દેવડ અથવા કિંમતી ચીજવસ્તુઓની લે-વેચ થાય છે. તેવા તમામ સ્થળોએ તેમના માલીકોને વ્યુહાત્મક સ્થળોએ નાઈટ વિઝન સી.સી.ટી.વી. કેમેરા લગાવવા ફરજ પાડવાની જરૂરિયાત હોય, આ અંગે જરૂરી જાહેરનામુ પ્રસિધ્ધ કરવા દરખાસ્ત કરાયેલ છે. રજુ થયેલ દરખાસ્તની વિગતો ધ્યાને લેતા, જાહેર જનતાની સલામતી તથા સુરક્ષા માટે તકેદારીના પગલા લેવા આવશ્યક જણાતા હોય, જેથી પોલીસ અધિક્ષકશ્રી, અમરેલી તરફથી કરાયેલ દરખાસ્ત વ્યાજબી જણાય છે.

આથી હું, ડી. ડી. પંડયા, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, અમરેલી, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ ના નં. ૨) ની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ સતાની રૂએ આથી હુકમ કરૂ છું કે, અમરેલી જિલ્લાના સમગ્ર વિસ્તારમાં આવેલ બેંકો, સહકારી બેંકો/સંસ્થાઓ, એટીએમ સેન્ટરો, આગડીયા પેઢીઓ, સોના-ચાંદીના શોરૂમો, જવેલર્સ, શોપીંગ મોલ, કપાસની જીનીંગ મીલો, ઈમારતી લાકડાના મોટા વેપારીઓ,

કપડાના મોટા વેપારીઓ, ખેતીવાડી ઉત્પન્ન બજાર સમીતી, સાઈબર કાફે, ઈલેકટ્રીક બીલના કલેકશન સેન્ટરો વિગેરે સ્થળોએ કે જયાં રોજેરોજ મોટી રકમની નાણાકીય લેવડ-દેવડ અથવા કિંમતી ચીજવસ્તુઓની લે-વેચ થાય છે. તેવા તમામ સ્થળોના પ્રવેશધ્વાર, બેઝમેન્ટ પાર્કિંગ/ઓપન પાર્કિંગ તેમજ રોડ પરની અવર-જવર પર દેખરેખ રાખી શકાય તે રીતે તેમના માલીકોને વ્યુહાત્મક સ્થળોએ નાઈટ વિઝન સી.સી. ટી.વી. કેમેરા લગાવવા અંગેની વ્યવસ્થા કરવાની રહેશે તેમજ સી.સી.ટી.વી. કેમેરામાં ઓછામાં ઓછા છ માસના રેકોર્ડીંગ સંગ્રહ કરવાનો રહેશે.

આ હુકમ તા. ૭-૬-૨૦૧૭ થી તા. ૫-૮-૨૦૧૭ સુધી (બંન્ને દિવસો સહિત) દિવસ-૬૦ માટે અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ફોજદારી કાયદાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમની જાહેર જનતાને જાણ સબંધીત કચેરીઓએ તેમના નોટિસ બોર્ડ પર, સહેલાઈથી જોઈ શકાય તેની જાહેર જગ્યા ઉપર નકલ ચોંટાડીને તથા માહીતી ખાતાએ વર્તમાન પત્રોમાં પ્રસિધ્ધી કરી કરવાની રહેશે. ગુજરાત પોલીસ એકટની કલમ-૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજ તા. ૬ જુન, સને-૨૦૧૭ નાં રોજ મારી સહી તથા કચેરીના સિકકા સાથે જાહેર જનતાની જાણ તથા અમલવારી માટે આ હુકમ પ્રસિધ્ધ કરવામાં આવ્યો.

અમરેલી, ૬ માહે જુન, સને ૨૦૧૭.

---

**ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩(૧૯૭૪નો બીજો અધિનિયમ)ના કાયદાની કલમ-૧૪૪ હેઠળ હુકમ**

## જાહેરનામું

નં. : નાચિ/પલસ/વશી/૬૮૫૬ થી ૬૯૨૦/૨૦૧૭.-પોલીસ અધિક્ષકશ્રી, અમરેલીના તા. ૨-૬-૨૦૧૭નાં પત્ર જા.નં. એસઓજી/જાહેરનામું/મકાન ભાડુઆત/૧૭૮/૨૦૧૭ થી ત્રાસવાદ / અસામાજીક તત્વો શહેરોમાં તેમજ ગીચ વસ્તીવાળા વિસ્તારોમાં ગુપ્ત આશરો મેળવી જાહેર સલામતી અને શાંતીનો ભંગ કરે છે. તેમજ આતંકવાદી પ્રવૃતિ કરે છે. જેથી માનવ જીંદગીની ખુવારી થાય છે અને જાહેર તેમજ લોકોની સંપતીને નુકશાન પહોંચાડે છે. બહારના રાજ્યો માંથી કે દેશ બહારથી આવતા આવા તત્વો કોઈના મકાન ભાડે રાખીને રહેતા હોય છે અને વિસ્તારનો સર્વે કરી સ્થાનિક પરિસ્થિતિથી માહિતગાર થઇને તેઓની ત્રાસવાદી પ્રવૃતિને અંજામ આપતા હોય છે. આથી સમગ્ર જિલ્લામાં કોઇ મકાન માલીક સંબંધિત પોલીસ સ્ટેશનને જાણ કર્યા સિવાય કોઈ વ્યકિતને મકાન ભાડે આપી શકશે નહીં તેવું જાહેરનામું પ્રસિધ્ધ કરવા દરખાસ્ત કરાયેલ છે.

અમરેલી જિલ્લો વિશાળ દરીયા કિનારો ધરાવે છે. જિલ્લામાં પ્રવાસ-પર્યટનના તથા ધાર્મિક ઘણા સ્થળો આવેલા છે જ્યાં વિશાળ પ્રમાણમાં દેશ-વિદેશના પ્રવાસીઓ, યાત્રાળુઓ આવે છે. આજ રીતે જિલ્લામાં આવેલ ઔદ્યોગિક એકમોમાં પરપ્રાન્તના માણસો કામ-ધંધા અર્થે આવે છે. આવા સંજોગોમાં ત્રાસવાદી પ્રવૃતિ સાથે સંકળાયેલ કોઇ વ્યકિત સ્થાનિક કે ભાડેથી મકાન લઇ સ્થાનિક માણસો સાથે ભળી જઇ બદઈરાદો પાર ન પાડે તે માટે જાહેર જનતાની સલામતી તથા સુરક્ષા માટે તકેદારીના પગલા લેવા આવશ્યક જણાતા હોય પોલીસ અધિક્ષકશ્રી, અમરેલી તરફથી કરાયેલ દરખાસ્ત વ્યાજબી જણાય છે.

આથી હું, ડી. ડી. પંડયા, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, અમરેલી, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ ના નં. ૨) ની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે, અમરેલી જિલ્લાના સમગ્ર વિસ્તારમાં કોઈ મકાન માલીક અગર તો આ માટે આવા મકાન માલીકે ખાસ સત્તા આપેલ વ્યકિત જ્યારે મકાન ભાડે આપે ત્યારે સંબંધિત પોલીસ સ્ટેશનને જાણ કર્યા સિવાય કોઈ વ્યકિતને મકાન ભાડેથી આપી શકશે નહી. ભાડે આપેલ મકાનની વિગત ભાડુઆત અને સંબંધીત દલાલ કે જેઓએ ભાડુઆતની ઓળખાણ આપેલ હોય તે અંગેની જરૂરી માહિતી નીચેના કોલમો મુજબ જે તે વિસ્તારના પોલીસ સ્ટેશન ખાતે આપવાની રહેશે. તથા દર માસના અંતે પત્રકરૂપે આ માહિતી પોલીસ અધિક્ષકશ્રી, અમરેલીને મોકલવાની રહેશે.

| અનુ. | મકાન માલિકનું નામ, સરનામુ અને ટેલીફોન/ મોબાઈલ નંબર તથા ભાડે આપેલ મકાનની વિગત, જેમાં ક્યા વિસ્તારમાં મકાન આવેલ છે અને મકાનનું બાંધકામ કેટલા ચો.મી. માં છે તેની વિગત | મકાન ભાડે આપતા સત્તા ધરાવતા વ્યક્તિનું નામ, સરનામું, ટેલીફોન/ મોબાઈલ નંબર | મકાન કઈ તારીખથી ભાડે આપેલ છે તથા માસીક ભાડું કેટલું છે ? | જે વ્યક્તિને મકાન ભાડે આપેલ છે. તેનુ પુરૂ નામ, હાલનું સરનામું, ટેલીફોન/ મોબાઈલ નંબર | જે વ્યક્તિને મકાન ભાડે આપેલ છે તેમના મુળ વતનનું પાકુ સરનામું તથા વતનમાં ઓળખતા ત્રણ સગા-સંબંધીના નામ અને સરનામાં | મકાન માલીકને ભાડુઆતનો સંપર્ક કરાવનાર વ્યક્તિનું નામ, સરનામું, ટેલીફોન/મોબાઈલ નંબર | રીમાર્કસ |
|---|---|---|---|---|---|---|---|
| (૧) | (૨) | (૩) | (૪) | (૫) | (૬) | (૭) | (૮) |

આ હુકમ તા. ૭-૬-૨૦૧૭ થી તા. ૫-૮-૨૦૧૭ સુધી (બંન્ને દિવસો સહિત) દિવસ-૬૦ માટે અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમની જાહેર જનતાને જાણ સંબંધિત કચેરીઓએ તેમના નોટિસ બોર્ડ પર, સહેલાઈથી જોઈ શકાય તેની જાહેર જગ્યા ઉપર નકલ ચોંટાડીને તથા માહીતી ખાતાએ વર્તમાનપત્રોમાં પ્રસિધ્ધી કરી કરવાની રહેશે. બોમ્બે પોલીસ એકટની કલમ-૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજ તા. ૬ જુન, સને-૨૦૧૭ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે જાહેર જનતાની જાણ તથા અમલવારી માટે આ હુકમ પ્રસિધ્ધ કરવામાં આવ્યો.

અમરેલી, ૬ માહે જુન, સને ૨૦૧૭.

---

## ફોજદારી કાર્યરીતિ આધિનિયમ-૧૯૭૩(૧૯૭૪નો બીજો અધિનિયમ)ના કાયદાની કલમ-૧૪૪ હેઠળ હુકમ

## જાહેરનામું

નં. : હોમ/પલસ/વશી/૬૯૨૧ થી ૬૯૭૫/૨૦૧૭.-પોલીસ અધિક્ષકશ્રી, અમરેલીના તા. ૨-૬-૨૦૧૭નાં પત્ર જા.નં. એસઓજી/જાહેરનામું/રીન્યુ/મજુર કારીગર/૧૭૭/૧૭ થી ત્રાસવાદ/અસામાજીક તત્વો શહેરોમાં તેમજ ગીચ વસ્તીવાળા વિસ્તારોમાં ગુપ્ત આશરો મેળવી જાહેર સલામતી અને શાંતીનો ભંગ કરે છે તેમજ આતંકવાદી પ્રવૃતિ કરે છે. જેથી માનવ જીંદગીની ખુવારી થાય છે અને જાહેર તેમજ લોકોની સંપતીને નુકશાન પહોંચાડે છે. બહારના રાજ્યો માંથી કે દેશ બહારથી જેવા કે નેપાળથી આવતા આવા તત્વો જિલ્લા વિસ્તારમાં આવેલ નાના મોટા કારખાના/જીનીંગ મીલો/ઈન્ડસ્ટ્રીઝ/પોર્ટ વિસ્તાર/શીપયાર્ડ વિસ્તાર/હોટેલો/ખેત મજુરો તરીકે ખેતર વિસ્તારમાં કામ કરતા મજુરો પુષ્કળ પ્રમાણમાં હોય અને આ લોકો જે વિસ્તારમાં જે જગ્યાએ રહે છે, કામ ધંધો વ્યવસાય કરે છે. તેના માલીકોની પાસે આવા કારીગરો/મજુરો અંગેની કોઈ પ્રકારની હકિકત કે પુરેપુરી વિગત રાખવામાં આવતી નથી અને આવા ઈસમો કોઈ ગુન્હો કરી જિલ્લાની હદ વિસ્તાર બહાર જતા રહે બાદ તેઓને શોધવા અત્યંત મુશ્કેલ બની જાય છે. આથી સમગ્ર જિલ્લા વિસ્તારમાં આવેલ નાના-મોટા કારખાના/જીનીંગ મીલો/ઈન્ડસ્ટ્રીઝ/પોર્ટ વિસ્તાર/શીપયાર્ડ વિસ્તાર/હોટલો/ખેત મજુરો તરીકે ખેતર વિસ્તારમાં કામ કરતા મજુરો અંગેની સંપુર્ણ વિગતો સાથેનું નિયત નમુનામાં રજીસ્ટર નિભાવવુ ફરજીયાત બનાવવામાં આવે તેવું જાહેરનામું પ્રસિધ્ધ કરવા દરખાસ્ત કરાયેલ છે.

આથી હું, ડી. ડી. પંડયા, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, અમરેલી, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨) ની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે, અમરેલી જિલ્લાના સમગ્ર વિસ્તારમાં નાના મોટા કારખાના/જીનીંગ મીલો/ઈન્ડસ્ટ્રીઝ/પોર્ટ વિસ્તાર/શીપયાર્ડ વિસ્તાર/હોટલો/ખેત મજુરો તરીકે ખેતર વિસ્તારમાં કામ કરવા માટે મજુરો રાખનાર માલિકો/જમીન માલીકોએ નીચે જણાવ્યા મુજબના કોલમ મુજબની સંપુર્ણ વિગતો સાથેનું રજસ્ટિર ફરજિયાત નિભાવવા તેમજ રાજ્ય બહારથી આવતા આવા મજુરો/કારીગરોને જ્યારે જ્યારે ઓદ્યોગીક મીલ/જીનીંગ મીલો/સંસ્થાઓ/પોર્ટ/ખેત માલીક/હોટેલના માલીકો કામકાજ અર્થે રાખે ત્યારે કોલમ મુજબની માહિતી સબંધિત પોલીસ સ્ટેશનમાં ૨૪ કલાક અંદર બિનચુક મોકલી આપવાની રહેશે તથા દરમાસના અંતે પત્રક રૂપે આ માહીતી પોલીસ અધિક્ષકશ્રી, અમરેલીને મોકલવાની રહેશે.

| ક્રમ | મજુર/કારીગરનું પુરૂ નામ તેમજ પુરેપુરૂ શારીરિક વર્ણન તેમજ મોબાઈલ નંબર | મજુર/કારીગરનું વતનનું પુરૂં સરનામું, નજીકના પો.સ્ટે.ની વિગત | તે ક્યારથી પોતાને ત્યાં કામ કરે છે. અગાઉ કોને કોને ત્યાં કામ કરેલ છે. ગુજરાતમાં કેટલા સમયથી છે. | કોની ઓળખાણથી પોતાને ત્યા કામે રાખેલ છે. તેનું પુરૂં નામ સરનામું તથા મોબાઈલ નંબર | મજુર/કારીગરના આઈ.ડી. પ્રુફની વિગત (એક નકલ ફાઈલ બનાવી રાખવું) | મજુર/કારીગરનો ફોટોગ્રાફ સહિ સાથેનો |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |

આ હુકમ તા. ૭-૬-૨૦૧૭ થી તા. ૫-૮-૨૦૧૭ સુધી (બંન્ને દિવસો સહિત) દિવસ-૬૦ માટે અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમની જાહેર જનતાને જાણ સંબંધિત કચેરીઓએ તેમના નોટિસ બોર્ડ પર, સહેલાઈથી જોઈ શકાય તેની જાહેર જગ્યા ઉપર નકલ ચોંટાડીને તથા માહીતી ખાતાએ વર્તમાનપત્રોમાં પ્રસિધ્ધી કરી કરવાની રહેશે. બોમ્બે પોલીસ એકટની કલમ-૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજ, તા. ૬ જુન, સને ૨૦૧૭ નાં રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે જાહેર જનતાની જાણ તથા અમલવારી માટે આ હુકમ પ્રસિધ્ધ કરવામાં આવ્યો.

અમરેલી, ૬ માહે જુન, સને ૨૦૧૭.

---

## ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩(૧૯૭૪નો બીજો અધિનિયમ)ના કાયદાની કલમ-૧૪૪ હેઠળ હુકમ

## જાહેરનામું

નં. : હોમ/પલસ/વશી/૬૯૭૬ થી ૭૦૫૦/૨૦૧૭.-પોલીસ અધિક્ષકશ્રી, અમરેલીના તા. ૨-૬-૨૦૧૭ ના પત્ર જા.નં. એસઓજી/જાહેરનામું/રીન્યુ/STD-PCO/૧૭૬/૧૭ થી હાલના પ્રવર્તમાન આંતકવાદના સંજોગો અને ભૂતકાળમાં ગુજરાત રાજ્યના બોમ્બે બ્લાસ્ટ જેવા આતંકવાદના કૃત્યોના બનાવો બનવા પામેલ છે અને આંતકવાદી સંસ્થા/સંગઠનો સાથે સંકળાયેલ આંતકીઓ તેમજ ધરફોડ ચોરી, લુટ, ધાડ, ચીલઝડપ જેવા ગુનાઓ કરવાની ટેવવાળા રીઢા ગુનેગારો ઘણી વખત પોતાની પાસેના મોબાઈલ ફોનના ઉપયોગ કરવાના બદલે એસ.ટી.ડી., પી.સી.ઓ.માં જઈને ફોન દ્વારા ધમકી આપવા, ખંડણી ઉઘરાવવા, અપશબ્દો બોલવા તેમજ મહીલાઓની જાતિ સતામણી કરવાના બનાવો બનવા પામતા હોય છે. આવા એસ.ટી.ડી., પી.સી.ઓ.માંથી કરવામાં આવતા ફોન માટે એસ.ટી.ડી., પી.સી.ઓ.ના ધારકો કોલ ડીટેઈલની કોઈપણ જાતની માહીતી નિભાવતા નથી જેના કારણે ગુનેગારો સુધી પહોંચવુ અશકય બને છે. આમ, આવા ગુનાઓ બનતા અટકાવી શકાય અને આરોપીને શોધી કાઢવા માટે એસ.ટી.ડી., પી.સી.ઓ.માં ફોન કરવા માટે આવતા ગ્રાહકોના નામ, સરનામાની વિગત નિભાવવા માટેનું રજીસ્ટર નિભાવવું જરૂરી જણાય છે. જેથી ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ જાહેરનામું પ્રસિધ્ધ કરવા દરખાસ્ત થઈ આવેલ છે. ઉકત દરખાસ્તની ચકાસણી કરતા આવા ગુનાઓ થતાં અટકાવવા અને આરોપીઓને શોધી કાઢવા માટે દરખાસ્ત મુજબનો હુકમ કરવો અમોને ઈષ્ટ જણાય છે.

આથી હું, ડી. ડી. પંડ્યા, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, અમરેલી, જિલ્લો અમરેલી ફોજદારી કાર્યરીતિ અધિનિયમ (સી.આર. પી.સી.) ૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨) ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ સત્તાની રૂએ અમરેલી જિલ્લામાં આવેલ એસ.ટી.ડી., પી.સી.ઓના ધારકોએ એસ.ટી.ડી., પી.સી.ઓ.માંથી ગ્રાહક દ્વારા કરવામાં આવતા ફોનનું ગ્રાહકોની વિગત દર્શાવતું રજીસ્ટર નીચે મુજબની વિગતે નિભાવવા અને અમલવારી કરવા હુકમ ફરમાવું છું.

| અનુ. નંબર | STD/PCO નું પુરૂ નામ તથા સરનામું તથા ફોન નંબર | STD/PCO ના માલીક/ દુકાનદારનું પુરૂં નામ તથા સરનામું તથા મોબાઈલ નંબર | ફોન કરવા આવેલ ગ્રાહકનું પુરૂં નામ તથા સરનામું તથા મોબાઈલ નંબર તથા તેના આઇ.ડી. પ્રુફની વિગત નંબર સાથે. | જે નંબર ઉપર કોન્ટેક કરવામાં આવે તે નંબર અને જે તારીખે/સમયે કોલ કરે તેની વિગત |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |

આ હુકમ તા. ૭-૬-૨૦૧૭ થી તા. ૫-૮-૨૦૧૭ સુધી (બંન્ને દિવસો સહિત) દિવસ-૬૦ માટે અમલમાં રહેશે.

(૧) ઉપરોકત કોલમવાઈઝ રજીસ્ટરો સંબંધિતોશ્રીઓએ/દુકાનદારોએ બે વર્ષ સુધી જાળવવાનું રહેશે.

(૨) ઉપર મુજબની વિગતોના રજીસ્ટરો પોલીસ અધિકારી/કર્મચારી તરફથી વેરીફીકેશન અર્થે માંગવામાં આવે ત્યારે બતાવવાનું રહેશે.

**શિક્ષા :-**

આ હુકમનું ઉલ્લંઘન કરનારને ભારતના ફોજદારી અધિનિયમ-૧૮૬૦ની કલમ-૧૮૮ અન્વયે સજા થઈ શકશે.

હું એવો આદેશ કરૂ છું કે, પોલીસ અધિક્ષકશ્રી, અમરેલી દ્વારા આ હુકમ અમરેલી જિલ્લામાં નિર્દિષ્ટ વિસ્તારમાં સહેલાઈથી દેખાઈ આવે તેવા સ્થળોએ તેની નકલ ચોંટાડીને અને સદરહું વિસ્તારમાં ઢંઢેરો પીટાવીને લાઉડસ્પીકર મારફતે તેની જાહેરાત આપીને અથવા સ્થાનિક કેબલ ઓપરેટરો મારફત તેનું પ્રસારણ કરીને પ્રસિધ્ધ કરવાનું રહેશે.

આજ તા. ૬ જુન, સને ૨૦૧૭ નાં રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે જાહેર જનતાની જાણ તથા અમલવારી માટે આ હુકમ પ્રસિધ્ધ કરવામાં આવ્યો.

અમરેલી, ૬ માહે જુન, સને ૨૦૧૭.

## ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩(૧૯૭૪નો બીજો અધિનિયમ)ના કાયદાની કલમ-૧૪૪ હેઠળ હુકમ

## જાહેરનામું

નં. : હોમ/પલસ/વશી/૭૦૫૧ થી ૭૦૨૫/૨૦૧૭.-પોલીસ અધિક્ષકશ્રી, અમરેલીના તા. ૨-૬-૨૦૧૭ ના પત્ર નં. એસઓજી/જાહેરનામુ/રીન્યુ/મોબાઈલ-સીમકાર્ડ/૧૭૫/૧૭ ની વિગતે ગુજરાત સહિત સમગ્ર દેશોમાં આતંકવાદ અને ત્રાસવાદના કૃત્યોના બનાવો તાજેતરમાં બનવા પામેલ છે. અમરેલી જિલ્લા કક્ષાએ આવા કોઈ અનિચ્છનીય બનાવ ન બને અને કાયદો-વ્યવસ્થા જળવાઈ રહે તે માટે અમરેલી જિલ્લા કક્ષાએ જિલ્લા પોલીસ તંત્ર દ્વારા સાવચેતીના પગલારૂપે ઘનિષ્ઠ ચેકીંગ તથા અનેક વિવિધ પ્રકારના પગલાઓ લેવાઈ રહેલ છે. રાજયમાં બનતા આવા ગુન્હાઓમાં મોબાઈલ ફોનના ઉપયોગ થાય છે. તેમજ મોબાઈલ ચોરીઓના બનાવોનું પ્રમાણ વધવા પામેલ છે. આવા ગુન્હાઓ શોધી કાઢવા માટે ગુન્હામાં વપરાયેલ અથવા ગયેલ મોબાઈલ ફોનના આઈ.એમ.ઈ.આઈ. નંબરનું ટ્રેકીંગ કરીને ગુન્હાના મુળ સુધી પહોંચવા પ્રયત્નો કરવામાં આવે છે. ઘણી વખતે મોબાઈલ ફોનના વપરાશ કરતા સુધી પહોંચવામાં આવે ત્યારે જાણવા મળે છે કે તેમને કોઈ અજાણ્યા માણસ પાસેથી મોબાઈલ ફોન ખરીદેલ છે. જે મોબાઈલ વેચનાર/ખરીદ કરનારને ચોરાયેલ અથવા ગુન્હામાં વપરાયેલ હોવાની માહિતી હોતી નથી. જેથી તપાસમાં ફળદાયક હકિકત મળતી નથી. આ બાબતે કોઈ વ્યકિતઓ મોબાઈલ/સીમકાર્ડ હેન્ડ સેટ વિગેરે વગર ઓળખકાર્ડ અથવા કોઈપણ ઓળખકાર્ડ વગર લેનાર/વેંચનારની જવાબદારી નક્કી કરવી અને પ્રસ્તુત બાબતે આવા ગુન્હાઓના મુળ સુધી પહોંચી સાચા આરોપીને શોધી કાઢવા માટે જુના/નવા મોબાઈલ/સીમકાર્ડ કોની પાસેથી ખરીદેલ અથવા કોને વેચાણે આપેલ તે હાલના સંજોગોને ધ્યાને લઈ જાણવું ખુબજ જરૂરી જણાય છે.

આથી હું, ડી. ડી. પંડ્યા, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, અમરેલી, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨) ની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ સતાની રૂએ આથી હુકમ કરૂં છું કે, અમરેલી જિલ્લાના સમગ્ર વિસ્તારમાં જુના મોબાઈલ લે-વેચ કરનાર તથા સીમકાર્ડ લે-વેચ કરનાર વેપારીએ મોબાઈલ લેતા પહેલા મોબાઈલ વેચનારનું તથા જુના મોબાઈલ વેચતી વખતે મોબાઈલ ખરીદનારનું ઓળખ અંગેનું પુરેપુરૂ નામ, સરનામું નોંધવું ફરજીયાત બનાવવામાં આવે તે માટે નીચે દર્શાવ્યા મુજબના કોલમ વાઈઝ રજીસ્ટર નિભાવવામાં આવે તે જરૂરી છે.

### જુના મોબાઈલ ખરીદતી વખતે વેપારીએ નિભાવવાનું રજીસ્ટર

| અનુ. નંબર | મોબાઈલની વિગત/કંપનીનું નામ | ચોભય નંબર | મોબાઈલ વેંચનાર/ખરીદનારના નામ, સરનામાની વિગત | આઈ.ડી. પ્રુફની વિગત |
|---|---|---|---|---|
| | | | | |

### જુના મોબાઈલ વેચતી વખતે વેપારીએ નિભાવવાનું રજીસ્ટર

| અનુ. નંબર | મોબાઈલની વિગત/કંપનીનું નામ | ચોભય નંબર | મોબાઈલ વેંચનાર/ખરીદનારના નામ, સરનામાની વિગત | આઈ.ડી. પ્રુફની વિગત |
|---|---|---|---|---|
| | | | | |

### નવા સીમકાર્ડ વેચાણ કરતી વખતે વેપારીએ નિભાવવાનું રજીસ્ટર

| અનુ. નંબર | સીમકાર્ડની વિગત/કંપનીનું નામ | સીમ કાર્ડ નંબર | સીમકાર્ડ ખરીદનારના નામ, સરનામાની વિગત | સીમકાર્ડ ખરીદનારના આઈ.ડી. પ્રુફની વિગત | સીમકાર્ડ ખરીદનારની સહી |
|---|---|---|---|---|---|
| | | | | | |

આ હુકમ તા. ૭-૬-૨૦૧૭ થી તા. ૫-૮-૨૦૧૭ સુધી (બંન્ને દિવસો સહિત) દિવસ-૬૦ માટે અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમની જાહેર જનતાને જાણ સંબંધિત કચેરીઓએ તેમના નોટિસ બોર્ડ પર, સહેલાઈથી જોઈ શકાય તેની જાહેર જગ્યા ઉપર નકલ ચોંટાડીને તથા માહીતી ખાતાએ વર્તમાનપત્રોમાં પ્રસિધ્ધી કરી કરવાની રહેશે. બોમ્બે પોલીસ એકટની કલમ-૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજ તા. ૬ માહે જુન, સને-૨૦૧૭ નાં રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે જાહેર જનતાની જાણ તથા અમલવારી માટે આ હુકમ પ્રસિધ્ધ કરવામાં આવ્યો.

અમરેલી, ૬ માહે જુન, સને ૨૦૧૭.

---

ફોજદારી કાર્યરીતિ આધિનિયમ-૧૯૭૩(૧૯૭૪નો બીજો અધિનિયમ)ના કાયદાની કલમ-૧૪૪ હેઠળ હુકમ

## જાહેરનામું

નં. : હોમ/પલસ/વશી/૭૧૩૩ થી ૭૧૯૦/૨૦૧૭.-પોલીસ અધિક્ષકશ્રી, અમરેલીના તા. ૬-૨-૨૦૧૭ ના પત્ર જા.નં. એસઓજી/જાહેરનામું/રીન્યુ/હોટેલ માલિક/૧૭૨/૧૭ નાં પત્રથી ત્રાસવાદ/અસામાજીક તત્વો શહેરોમાં તેમજ ગીચ વસ્તીવાળા વિસ્તારોમાં ગુપ્ત આશરો મેળવી જાહેર સલામતી અને શાંતીનો ભંગ કરે છે તેમજ આતંકવાદી પ્રવૃતિ કરે છે. જેથી માનવ જીન્દગીની ખુવારી થાય છે અને જાહેર તેમજ લોકોની સંપતીને નુકશાન પહોંચાડે છે. બહારના રાજ્યોમાંથી કે દેશ બહારથી આવતા આવા તત્વો હોટલ/ગેસ્ટહાઉસ ભાડે રાખીને રહેતા હોય છે અને વિસ્તારનો સર્વે કરી સ્થાનિક પરિસ્થિતિથી માહિતગાર થઇને તેઓની ત્રાસવાદી પ્રવૃતિને અંજામ આપતા હોય છે. આથી સમગ્ર જિલ્લામાં કોઇ હોટલ/ગેસ્ટહાઉસ માલીક સંબંધિત પોલીસ સ્ટેશનને જાણ કર્યા સિવાય કોઇ વ્યકિતને હોટલ/ગેસ્ટહાઉસમાં રૂમ ભાડે આપી શકશે નહીં તેવું જાહેરનામું પ્રસિધ્ધ કરવા દરખાસ્ત કરાયેલ છે.

અમરેલી જિલ્લો વિશાળ દરીયા કિનારો ધરાવે છે. જિલ્લામાં પ્રવાસ-પર્યટનના તથા ધાર્મિક ઘણા સ્થળો આવેલા છે જ્યાં વિશાળ પ્રમાણમાં દેશ-વિદેશના પ્રવાસીઓ, યાત્રાળુઓ આવે છે. આજ રીતે જિલ્લામાં આવેલ ઔદ્યોગિક એકમોમાં પરપ્રાન્તના માણસો કામ-ધંધા અર્થે આવે છે. આવા સંજોગોમાં ત્રાસવાદી પ્રવૃતિ સાથે સંકળાયેલ કોઇ વ્યકિત હોટલમાં આશરો લઇ સ્થાનિક માણસો સાથે ભળી જઇ બદઇરાદો પાર ન પાડે તે માટે જાહેર જનતાની સલામતી તથા સુરક્ષા માટે તકેદારીના પગલા લેવા આવશ્યક જણાતા હોય પોલીસ અધિક્ષકશ્રી, અમરેલી તરફથી કરાયેલ દરખાસ્ત વ્યાજબી જણાય છે.

આથી હું, ડી. ડી. પંડયા, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, અમરેલી, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨) ની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે, અમરેલી જિલ્લાના સમગ્ર વિસ્તારમાં કોઈ હોટલ/ગેસ્ટહાઉસના માલીક અગર તો આ માટે આવા હોટલ/ગેસ્ટહાઉસ ભાડાથી, રાહતદરે ચાલતી કે સખાવતથી ચાલતી, તમામ સરકારી, ધાર્મિક કે ટ્રસ્ટના અને ખાનગી વ્યવસ્થાઓ/સંસ્થાઓના માલીક, અગર તો માલીકે ખાસ સતા આપેલ વ્યકિત જ્યારે હોટલમાં રાજ્ય બહારથી આવતા પ્રવાસી/મુસાફરને રૂમ ભાડે આપે ત્યારે સંબંધીત પોલીસ સ્ટેશનને જાણ કરવાની રહેશે. આ અંગેની જરૂરી માહિતી નીચેના કોલમો મુજબ જે તે વિસ્તારના પોલીસ સ્ટેશન ખાતે આપવાની રહેશે તથા દર માસના અંતે પત્રક રૂપે આ માહીતી પોલીસ અધિક્ષકશ્રી, અમરેલીને મોકલવાની રહેશે.

| અ.નં. | હોટલ માલીકનું નામ, સરનામું અને ટેલીફોન/ મોબાઈલ નંબર તથા હોટલનું નામ, સરનામું અને ટેલીફોન/ મોબાઈલ | લાયસન્સ નંબર | આહાર ગૃહનું લાયસન્સ ધરાવે છે કે કેમ ? લાયસન્સ નંબર | લાયસન્સ કઈ તારીખથી કઈ તારીખ સુધી રીન્યુ થયેલ છે. | આવેલ પેસન્જરનું પુરૂં નામ, ઉ.વ., ધંધો અને મોબાઈલ નંબર, પુરૂં સરનામું | પ્રવાસી/ મુસાફર જે વાહનમાં આવે તે વાહનનો રજીસ્ટ્રેશન નંબર અને | રજુ કરેલ ઓળખ કાર્ડની સંપૂર્ણ વિગત | કઈ તારીખથી આવેલ છે. તારીખ/ સમય | કઈ તારીખે જવાના છે. તારીખ/ સમય | કયાં હેતુ માટે આવેલ છે. | આવેલ પેસેન્જરની સહી |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ |

આ હુકમ તા. ૦૭-૦૬-૨૦૧૭ થી તા. ૦૫-૦૮-૨૦૧૭ સુધી (બંન્ને દિવસો સહિત) દિવસ-૬૦ માટે અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમની જાહેર જનતાને જાણ સંબંધિત કચેરીઓએ તેમના નોટિસ બોર્ડ પર, સહેલાઈથી જોઈ શકાય તેની જાહેર જગ્યા ઉપર નકલ ચોંટાડીને તથા માહીતી ખાતાએ વર્તમાનપત્રોમાં પ્રસિધ્ધી કરી કરવાની રહેશે. બોમ્બે પોલીસ એકટની કલમ-૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજ, તા. ૬ જુન, સને. ૨૦૧૭ નાં રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે જાહેર જનતાની જાણ તથા અમલવારી માટે આ હુકમ પ્રસિધ્ધ કરવામાં આવ્યો.

અમરેલી, ૬ માહે જુન, સને ૨૦૧૭.

ફોજદારી કાર્યરીતિ આધિનિયમ-૧૯૭૩(૧૯૭૪નો બીજો અધિનિયમ)ના કાયદાની કલમ-૧૪૪ હેઠળ હુકમ

## જાહેરનામું

નં. : હોમ/પલસ/વશી/૭૨૬૧ થી ૭૩૩૦/૨૦૧૭.-પોલીસ અધિક્ષકશ્રી, અમરેલીના તા. ૨-૬-૨૦૧૭ ના પત્ર નં. એસઓજી/જાહેરનામુ/વાહન લે-વેચ/૧૭૪/૧૭ ની વિગતે ગુજરાત સહિત સમગ્ર દેશોમાં છેલ્લા કેટલાક સમયથી આતંકવાદી ભાંગફોડીયા તત્વો દેશના અલગ અલગ રાજ્યમાં આતંક ફેલાવાના હેતુથી રજીસ્ટ્રર ન થયા/થતા હોય તેવા સાયકલ/મોપેડ/અન્ય વાહનોના ઉપયોગ કરતા હોવાનું જણાય છે. આતંકી કૃત્યમાં આવા વાહનોનો ઉપયોગ થયા બાદ આવા વાહનોની કોઈ સ્પષ્ટ નોંધણી ન હોવાના કારણે તેના મુળ માલીક સુધી પહોંચવાનું તપાસ એજન્સી/પોલીસ માટે ખુબ જ મુશ્કેલ બનતું હોય છે. મહદઅંશે આવા વાહનોના વેચાણ વખતે આવા જુના વાહનોની લે-વેચ કરતી વખતે તેમજ આવા વાહનો ભાડે આપતી વખતે વેપારીઓએ ખરીદનાર/ગ્રાહક પાસેથી ઓળખના પુરતા પુરાવા મેળવ્યા વગર વાહનોનું વેચાણ કરતા હોય છે. લે-વેચ કરતા હોય છે કે ભાડે આપતા હોય છે. મોટા શહેરોમાં બનેલ અમુક બનાવોથી જણાય છે. કે ત્રાસવાદી/અસામાજીક તત્વો આવા રજીસ્ટ્રર્ડ ન થતા હોય તેવા સાઈકલ/મોપેડ/અન્ય વાહનો ખરીદી કે ભાડેથી મેળવી જાહેર સલામતી અને શાંતિનો ભંગ કરે તેમજ માનવ જીંદગીની ખુવારી થાય અને લોકોની સંપતિને નુકશાન પહોંચે તે કોશીશ કરી રહયા છે.

બહારના રાજ્યોમાંથી અગર દેશ બહારથી આવતા આવા તત્વો રજીસ્ટર્ડ ન થતા હોય તેવા સાઈકલ/મોપેડ/અન્ય વાહનો ખરીદી/ભાડેથી મેળવી સ્થાનિક પરિસ્થિતિથી માહિતગાર થઈને તેઓની ત્રાસવાદી પ્રવૃત્તિઓને અંજામ આપતા હોય છે. જેથી રજીસ્ટ્રર્ડ ન થતા હોય તેવા સાઈકલ/મોપેડ/અન્ય વાહનોનું વેચાણ કરનાર તથા આવા જુના વાહનોની લે-વેચ કરનાર તથા આવા વાહનો ભાડે આપનાર વેપારીઓ ઉપર નિયંત્રણો મુકવા જરૂરી જણાય છે.

આથી હું, ડી. ડી. પંડયા, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, અમરેલી, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨) ની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે, અમરેલી જિલ્લાના સમગ્ર વિસ્તારમાં વાહનો લે-વેચ કરનાર વેપારીઓએ અમરેલી જિલ્લા વિસ્તારમાં રજીસ્ટર્ડ ન થતા હોય તેવા સાયકલ/મોપેડ/અન્ય વાહનોનું વેચાણ કરનાર, તથા આવા જુના વાહનોની લે-વેચ કરનાર તથા આવા વાહનો ભાડે આપનાર વેપારીઓ, જ્યારે જ્યારે આવા નવા/જુના વાહનોનું વેચાણ કરે, આવા નવા/જુના વાહનોની લે-વેચ કરે કે આવા વાહનો ભાડે આપે ત્યારે જે તે વ્યક્તિને આવુ વાહન વેચાણ કરેલ હોય, અથવા આવું વાહન ખરીદેલ હોય અથવા તો જે વ્યકિતને ભાડે આપેલ હોય, તેવી વ્યકિત પાસેથી જરૂરી માહિતી/આધાર પુરાવા મેળવી નીચે દર્શાવ્યા મુજબના કોલમ વાઈઝ રજીસ્ટર નિભાવવા માટે જણાવવામાં આવે છે.

| અનું નંબર | વાહન કોને વેચેલ છે? કોની પાસેથી ખરીદેલ છે?/ કોને ભાડે આપેલ છે? તેનું પુરૂ નામ-જાત-ઉંમર-સરનામું- કોન્ટેક નંબર | વાહનનો પ્રકાર, એન્જીન નંબર તથા તથા ચેસિસ નંબર | રજુ કરેલ આધાર-પુરાવા જેવા કે રેશનકાર્ડ/ ચૂંટણીકાર્ડ/ડ્રાઈવીંગ લાયસન્સ/બેન્કની પાસબુક/પાનકાર્ડ/પાસપોર્ટ/ઈલેકટ્રીક બીલ/ ટેલીફોન બીલ (ખરીદનાર પાસેથી તેમની સહીથી પ્રમાણીત થયેલ ઝેરોક્ષ નકલ મેળવીને ફાઈલ બનાવી રાખવી.) | વાહન કોને વેચેલ છે?/ કોની પાસેથી ખરીદેલ છે?/ કોને ભાડે આપેલ છે? તેનો તાજેતરનો પાસપોર્ટ સાઈઝનો ફોટોગ્રાફ |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |

ઉપર મુજબનું રજીસ્ટ્રર નિભાવીને દર માસના અંતે એસ.ઓ.જી. શાખાની કચેરી, બહુમાળી ભવન, બ્લોક નં. એ-૧૦૪, રાજમહેલ કમ્પાઉન્ડ, અમરેલીની કચેરીમાં મોકલી આપવા સબંધિત વેપારીઓને જણાવવામાં આવે છે.

આ હુકમ તા. ૭-૬-૨૦૧૭ થી તા. ૫-૮-૨૦૧૭ સુધી (બંન્ને દિવસો સહિત) દિવસ-૬૦ માટે અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમની જાહેર જનતાને જાણ સંબંધિત કચેરીઓએ તેમના નોટિસ બોર્ડ પર, સહેલાઈથી જોઈ શકાય તેની જાહેર જગ્યા ઉપર નકલ ચોંટાડીને તથા માહીતી ખાતાએ વર્તમાનપત્રોમાં પ્રસિધ્ધી કરી કરવાની રહેશે. બોમ્બે પોલીસ એકટની કલમ-૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજ તા. ૬ જુન, સને ૨૦૧૭ નાં રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે જાહેર જનતાની જાણ તથા અમલવારી માટે આ હુકમ પ્રસિધ્ધ કરવામાં આવ્યો.

અમરેલી, ૬ માહે જુન, સને ૨૦૧૭.

ડી. ડી. પંડયા,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
અમરેલી.

સને-૧૯૫૧ના ગુજરાત પોલીસ અધિનિયમ (આંક-૨૨)ની કલમ-૩૭(૩) અન્વયેનું

## જાહેરનામું

નં. એમએજી/સી/૩૭(૩)/૨૮૪૮/૨૦૧૭.-પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢના પત્ર નં. સી/એલઆઈબી/જાહેરનામું/સભા-સરઘસ/૧૪૮૨/૧૭, તા. ૫-૬-૨૦૧૭ થી (૧) ગીરનાર પર્વત ઉપર ગુરુ દત્તાત્રેયની જગ્યા ખાતે તથા હિન્દુ અને જૈન ધર્મના લોકો વચ્ચે વિવાદ ચાલુ હોય અને તેના અનુસંધાને ગુન્હાઓ પણ દાખલ થયેલ હોય (૨) વીજપુરવઠો અનિયમીત તથા પુરતા પ્રમાણમાં મળતો ન હોય, કિસાનો દ્વારા પી.જી.વી.સી.એલ. સબ સ્ટેશન ઘેરાવ/વિરોધ જેવા આંદોલનાત્મક કાર્યક્રમો કરવામાં આવે છે. તેમજ હાલમાં મોંઘવારીના પ્રશ્ને પણ આંદોલનો થવાની શક્યતા નકારી શકાય નહીં. (૩) ઉપલા દાતાર ખાતે ભંડારીની નિમણુંકના પ્રશ્ને હિન્દુ અને મુસ્લીમ સમાજ વચ્ચે વિવાદ ચાલે છે, (૪) પાટીદાર અનામત આંદોલન બાદ થયેલ આંદોલનો તથા તેને સંલગ્ન આંદોલનો ગતિમા હોય, તેમજ ઉના દલિત અત્યાચારના બનાવોને ધ્યાને લઈ સવિશેષ તકેદારી રાખવાની આવશ્યકતા છે. જેથી જુનાગઢ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તથા જાહેર સુલેહશાંતી જળવાઈ રહે તે હેતુસર સભા-સરઘસ વગર પરવાનગીએ કોઈ કાઢે નહીં તે માટેનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા અત્રે દરખાસ્ત રજુ થયેલ છે.

પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢ તરફથી ઉક્ત વિગતે રજુ થયેલ દરખાસ્ત વ્યાજબી જણાતા ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ના આંક-૨૨ની કલમ-૩૭ની પેટા કલમ-૩થી મને મળેલ અધિકારની રૂએ હું, પી. વી. અંતાણી, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, જુનાગઢ જિલ્લો, જુનાગઢ, આથી જુનાગઢ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં તા. ૧૧-૦૬-૨૦૧૭ ના રોજથી તા. ૨૪-૦૬-૨૦૧૭ (બંન્ને દિવસો સહીત) સુધીની મુદત માટે કોઈપણ સભા કે સરઘસ માટે મનાઈ હુકમ ફરમાવું છું. આદેશ કરૂ છું કે, આ હુકમ નીચેનાને લાગુ પડશે નહી.

(૧) ફરજ ઉપર હોય તેવી ગૃહરક્ષક મંડળીઓ.

(૨) સરકારી નોકરીએ અવરજવર કરતી હોય તેવી વ્યકિતને.

(૩) કોઈ લગ્નના વરઘોડાને.

(૪) સ્મશાનયાત્રા કે જેમાં જોડાનાર વ્યકિતઓને.

(૫) સક્ષમ અધિકારીશ્રીની કાયદેસર પરવાનગી લઈને.

આ હુકમનું પાલન ન કરનાર અથવા તેનું પાલન ન કરવામાં કોઈને મદદ કરનારને ગુનો સાબિત થયેથી, દંડની શિક્ષાને પાત્ર ઠરશે તથા ભારતીય દંડસહિતાની કલમ-૧૮૮ મુજબનો ગુનો સાબિત થયેથી, જે તે વ્યકિતને એક માસની સાદી કેદ અથવા રૂા. ૨૦૦/- સુધીનો દંડ અગર બંન્ને શિક્ષા થઈ શકશે અને આ હુકમની અવગણના માનવ જીવનને કોઈ નુકશાન અથવા સ્વાસ્થ્યને અથવા સલામતીને કોઈ ભય ઉત્પન્ન થાય અથવા કોઈ હુલ્લડ-બખેડો થાય તો તેવી વ્યકિતને-૬ (છ) માસ પરિશ્રમ અથવા સાદી કેદ અથવા રૂા. ૧૦૦૦/- સુધીનો દંડ સહિત બંન્ને શિક્ષાને પાત્ર ઠરશે.

આજ તારીખ : ૦૮, માહે જુન, સને ૨૦૧૭ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા કરી જાહેર જનતાની જાણ તથા અમલ થવા માટે પ્રસિધ્ધ કર્યુ.

જુનાગઢ, ૦૮ માહે જુન, સને ૨૦૧૭.

---

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ના (આંક-૨૨)ની કલમ-૩૭(૧) અન્વયે

## જાહેરનામું

નં. એમએજી/સી/૩૭(૧)/૨૮૪૬/૨૦૧૭.-પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢની કચેરી પત્ર નં. સી/એલઆઈબી/જાહેરનામુ/હથિ.બંધી/૧૪૮૩/૧૭, તા. ૫-૬-૨૦૧૭ થી (૧) ગીરનાર પર્વત ઉપર ગુરૂદત્તાત્રેય રક્ષિત સ્મારકની જગ્યા ખાતે તથા ત્રીજી ટુંક ખાતે હિન્દુ અને જૈન ધર્મના લોકો વચ્ચે વિવાદ ચાલુ હોય, આ સ્થળે વિવાદના કારણે અગાઉ ગુન્હાઓ બનવા પામેલ છે. જેથી આ વિસ્તારનો પણ જાહેરનામાંમાં સમાવેશ કરવો જરૂરી હોય, (૨) તાજેતરમાં થઈ રહેલ જીવનજરૂરી ચીજ-વસ્તુઓના ભાવવધારાના વિરોધમાં આંદોલાત્મક કાર્યક્રમો રાખવામાં આવનાર હોવાથી કાયદો અને વ્યવસ્થાની દષ્ટ્રિએ તકેદારી રાખવી આવશ્યક છે. (૩) ઉપલા દાતાર ખાતે ભંડારીની નિમણુંકના પ્રશ્ને તેમજ પટેલ બાપુની મૂર્તિ રાખવા સબંધે હિન્દુ અને મુસ્લીમ વચ્ચે વિવાદ ચાલે છે. (૪) વીજ પુરવઠો અનિયમીત તથા પુરતા પ્રમાણમાં મળતો ન હોય, કિસાનો દ્વારા પી.જી.વી.સી.એલ. સબસ્ટેશન ઘેરાવ/વિરોધ જેવા આંદોલનાત્મક કાર્યક્રમો કરવામાં આવે તેમજ હાલની મોંઘવારીના પ્રશ્ને પણ આંદોલનો થવાની શક્યતા નકારી શકાય નહીં. (૫) આ સમય દરમ્યાન પાટીદાર અનામત આંદોલન તથા ઉના દલિત આંદોલન પણ ગતિમા હોય, જેથી સવિશેષ તકેદારી રાખવી આવશ્યક છે. જેથી જુનાગઢ જિલ્લાના સમગ્ર વિસ્તારમા કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તથા જાહેર સુલેહશાંતી જળવાઈ રહે તે હેતુસર હથિયારબંધીનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા અત્રેને દરખાસ્ત થઈ આવેલ છે.

ઉક્ત રજુ થયેલ દરખાસ્ત વ્યાજબી જણાતા સુલેહશાંતિ જાળવવા સારૂ અને કાયદો વ્યવસ્થાની સ્થિતિ યથાવત જળવાય રહે તેમજ કોઈ જાતનો અનિચ્છનીય બનાવ ન બને તે માટે હું, પી. વી. અંતાણી, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, જુનાગઢ જિલ્લો, જુનાગઢ, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ના આંક-૨૨ની કલમ-૩૭(૧) અન્વયે મને મળેલ અધિકારની રૂએ સમગ્ર જુનાગઢ જિલ્લા વિસ્તારમાં તા. ૧૧-૦૬-૨૦૧૭ થી તા. ૦૯-૦૭-૨૦૧૭ સુધી બન્ને દિવસો સહિત નીચે પ્રમાણે મનાઈ ફરમાવું છું કે, કોઈપણ વ્યકિત,

(ક) શસ્ત્ર, દંડા, તલવાર, ભાલા, ચપ્પુ, લાકડી અથવા શારિરીક હિંસા પહોંચાડવામાં ઉપયોગી થઈ શકે તેવી બીજી કોઈ ચીજો લઈ જવી નહીં.

(ખ) પથ્થરો અથવા બીજા શસ્ત્રો ફેંકવા અથવા નાખવામાં ઉપયોગી હોય તેવા યંત્રો અથવા સાધનો લઈ જવા, એકઠા કરવા તથા તૈયાર કરવા નહી.

(ગ) વ્યક્તિઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવા નહી.

(ઘ) અપમાન કરવા અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેર બિભત્સ સુત્રો પોકારવા નહી, અસ્લીલ ગીતો ગાવા નહી.

(ચ) જેનાથી સુરુચીનો અને શાંતિનો ભંગ થાય તેવું ભાષણ કરવું નહી, તેવા હાવભાવ કરવા નહી, તેવી ચેષ્ટા કરવી નહી તથા ચિત્રો, પ્લેકાર્ડ અથવા બીજા કોઈ પદાર્થ અથવા વસ્તુઓ કરવી નહી.

**(૩) આ હુકમ નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહીં.**

૧. સરકારશ્રીની નોકરીમાં કામ કરતી કોઈ વ્યક્તિ કે જેના ઉપરી અધિકારીઓને ફરમાવ્યા હોય અથવા આવા કોઈ હથિયાર લઈ જવાની તેમની ફરજ હોય.

૨. જિલ્લા પોલીસ અધિકારીશ્રીએ જે તે શારિરીક અશક્તિને કારણે લાઠી લઈ જવાની અથવા શુભ હેતુથી ધંધો કરવાની પરવાનગી આપી હોય તે વ્યક્તિ.

૩. ખેડુતો પોતાની ખેતીકામ માટે ખેતીના ઓજારો લઈ જવામાં હાડમારી ન થાય, તે અને રોજીંદા કામ કરી શકે તે આશયથી ખેડુતો પોતાના ઓજારો ખેતીકામ માટે લઈ જતા હોય.

આ જાહેરનામાંના કોઈ ખંડનો ભંગ કરનાર અથવા પાલન ન કરવામાં મદદ કરનાર વ્યક્તિને ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૫(૧) મુજબ એક વર્ષની મુદત સુધીની કેદની શિક્ષા અને દંડને પાત્ર થશે. આ ઉપરાંત ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ તે વ્યક્તિનો ગુનો સાબિત થયેથી એક માસની સાદી કેદ અગર રૂા. ૨૦૦/- નો દંડ અગર બન્ને શિક્ષા થઈ શકશે અને આ હુકમની અવગણના માનવજીવનને અથવા સ્વાસ્થ્યને અથવા સલામતીને નુકશાન કરે, ભય ઉત્પન્ન થાય અથવા કોઈ હુલ્લડ-બખેડો થાય તો તેવી વ્યક્તિને-૬ (છ) માસ સુધીની પરિશ્રમ અથવા સાદી કેદ અથવા રૂા. ૧૦૦૦/- સુધીનો દંડ સહિત બંન્ને શિક્ષાને પાત્ર ઠરશે.

આજ તારીખ : ૦૮ મી, માહે જુન, સને-૨૦૧૭ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા કરી જાહેર જનતાની જાણ તથા અમલ થવા માટે પ્રસિધ્ધ કર્યુ.

જુનાગઢ, ૮ માહે જુન, સને ૨૦૧૭.

**પી. વી. અંતાણી,**
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
જુનાગઢ.

### ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ કાઢેલ

### હુકમ

નં. એમએજી/સી/૨૧૬૩/૨૦૧૭.-પોલીસ અધિક્ષકશ્રી ગીર સોમનાથ, વેરાવળના પત્ર ક્રમાંક : એલઆઈબી/એસટીડી-પીસીઓ/જાહેરનામું/૫૭૦/૧૭, તા. ૩૦-૦૫-૨૦૧૭ ના પત્રથી રજુ થયેલ વિગતો મુજબ ગીર સોમનાથ જિલ્લો કોસ્ટલ એરીયા ધરાવતો જિલ્લો છે અને બાર જ્યોર્તિલીંગમાનુ એક સુપ્રસિધ્ધ સોમનાથ મંદીર ગીર સોમનાથ જિલ્લામાં આવેલ છે. તેમજ સુપ્રસિધ્ધ ધાર્મિક સ્થળ ત્રિવેણી સંગમ, દેહોત્સર્ગ, ગીતા મંદિર ગીર સોમનાથ જિલ્લામાં આવેલ છે. આ ધાર્મિક સ્થળોએ બહોળા પ્રમાણમાં માણસો દર્શનાર્થે આવતા હોય છે. તેમજ આ જિલ્લામાં સુત્રાપાડા ખાતે જી.એચ.સી.એલ. તથા કોડીનાર ખાતે અંબુજા સીમેન્ટ ફેકટરી આવેલ છે અને વેરાવળ ખાતે ઈન્ડીયન રેયોન ફેકટરી પણ આવેલ છે. ગીર સોમનાથ જિલ્લાની શરહદે જુનાગઢ, પોરબંદર, અમરેલી જીલ્લાઓ તેમજ કેન્દ્રશાષીત પ્રદેશ દિવ આવેલ છે અને કોસ્ટલ/નેશનલ હાઈવે તથા સ્ટેટ હાઈવે સાથે ગીર સોમનાથ જિલ્લો જોડાયેલ છે.

અગાઉ ગુજરાત રાજ્યમાં સ્થાનિક એસ.ટી.ડી./પી.સી.ઓ. ઉપરથી બનાવટી કોલ (ફેઈલ કોલ) દ્વારા ધમકી આપવાના ખંડણી માંગવાના, અપશબ્દો બોલવાના, મહીલાઓની જાતીય સતામણી કરવાના, ખોટી માહીતી આપવાના વગેરે કિસ્સાઓ બનેલ છે. જેથી પોલીસની કામગીરી વધી રહેલ છે. ગેરકાયદેસર બનાવોની પ્રવૃતિના કારણે નાગરીકોમાં અસુરક્ષાની ભાવના ઉભી થાય છે અને તંત્ર પ્રત્યે નાગરિકો ધીરેધીરે વિશ્વાસ ગુમાવે છે. આ પ્રકારના ગુન્હાઓ આચરતા ગુન્હેગારોને પકડવાનું ઘણુ જ મુશ્કેલ બને પરંતુ આ પ્રકારના ગુન્હાઓ આચરતા ગુન્હેગારોની તપાસ દરમ્યાન જે જગ્યાએ એસ.ટી.ડી./પી.સી.ઓ. ધારકો કોલની આઈડેન્ટીટી ચકાસતા ન હોય તેમજ કોલ ડીટેઈલની નામ, સરનામાની માહીતીનું રજીસ્ટર રાખતા ન હોય ત્યા બનવા પામેલ છે. લોકોના જાનમાલની રક્ષા કરવી તે તંત્રની ફરજ છે. જેથી ગીર સોમનાથ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની જાળવણીના હેતુસર તમામ એસ.ટી.ડી./પી.સી.ઓ. ધારકોએ કોલરની આઈડેન્ટીટી ચકાસવા તેમજ કોલ ડીટેઈલની નામ અને સરનામાની માહિતીનું રજીસ્ટર નિભાવવા નોટીફીકેશ હોવું અત્યંત જરૂરી છે. જેના પરીણામે સ્થાનિક એસ.ટીડી./પી.સી.ઓ. ઉપરથી બનાવટી કોલ (ફેઈક કોલ) દ્વારા ધમકી આપવાના, ખંડણી માંગવાના, અપશબ્દો બોલવાના, મહીલાઓની જાતિય સતામણી કરવાના, ખોટી માહીતી આપવાના કિસ્સાઓ બનતા અટકશે અને આવા કિસ્સો બનતા ગુન્હેગારને પકડવામાં સરળતા રહેશે. જેથી ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ લોકોને સુરક્ષા પુરી પાડવાના હેતુથી ગીર સોમનાથ જિલ્લામાં આવેલ તમામ એસ.ટી.ડી./પી.સી.ઓ. ધારકોએ કોલરની આઈડેન્ટીટી ચકાસવા તેમજ કોલ ડીટેઈલની નામ, સરનામાની માહીતી રજીસ્ટર રાખવા અંગેનું દિન-૬૦ નું

જાહેરનામુ પ્રસિધ્ધ કરવા પોલીસ અધિક્ષકશ્રી, ગીર સોમનાથ જિલ્લો વેરાવળ તરફથી દરખાસ્ત રજુ કરાયેલ છે.

ગીર સોમનાથ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે, લોકોમાં સલામતીની ભાવના જળવાઈ રહે, તેમજ બનાવટી કોલ કરનાર ગુન્હેગારોની ઓળખ મળી રહે, આવા ગુન્હાનુ પ્રમાણ ઘટે, લોકોને સુરક્ષા પુરી પાડવાના હેતુસર પોલીસ અધિક્ષકશ્રી ગીર સોમનાથ તરફથી કરાયેલ દરખાસ્ત વ્યાજબી જણાય છે.

આથી હું, બી. એમ. પટેલ, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ગીર સોમનાથ જિલ્લો, વેરાવળ, ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ સત્તાની રૂઈએ આથી હુકમ કરૂં છું કે, ગીરસોમનાથ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં આવેલ એસ.ટી.ડી./પી.સી.ઓ. ધારકોએ કોલરની આઈડેન્ટીટી ચકાસવી અને કોલ ડીટેઈલના નામ, સરનામાનું રજીસ્ટર નિભાવવાનું રહેશે. તેમજ સલામતી વિષયક બાબતો સંભાળતી પોલીસ સહીતની કોઈ એજન્સી આવા રજીસ્ટરની માંગણી કરે ત્યારે બનતી ત્વરાએ ઉપલબ્ધ કરવાનું રહેશે.

આ હુકમ બહાર પાડયાની તારીખથી દિન-૬૦ સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહીતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમની જાહેર જનતાને જાણ સંબંધીત કચેરીઓએ તેમના નોટીસ બોર્ડ પર, સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યા ઉપર નકલ ચોટાડીને તથા માહિતી ખાતાએ વર્તમાન પત્રોમાં પ્રસિધ્ધી કરી કરવાની રહેશે.

આજ તારીખ : ૧, માહે જુન, સને-૨૦૧૭ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે જાહેર જનતાની જાણ તથા અમલવારી માટે આ હુકમ પ્રસિધ્ધ કરવામાં આવ્યો.

ગીર સોમનાથ, વેરાવળ, ૧ માહે મે, સને ૨૦૧૭.

---

### ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ કાઢેલ

## હુકમ

નં. એમએજી/સી/૨૧૬૫/૨૦૧૭.-પોલીસ અધિક્ષકશ્રી, ગીર સોમનાથ જિલ્લો, વેરાવળના પત્ર ક્રમાંક : એલઆઈબી/મકાનભાડા/જા.નામું/૫૬૯/૧૭, તા. ૩૦-૦૫-૨૦૧૭ ના પત્રથી રજુ થયેલ વિગતો મુજબ ગીર સોમનાથ જિલ્લો કોસ્ટલ એરીયા ધરાવતો જિલ્લો છે અને બાર જ્યોર્તિલીંગ માનું એક સુપ્રસિધ્ધ સોમનાથ મહાદેવનું મંદિર આવેલ છે. તેમજ સુપ્રસિધ્ધ ધાર્મિક સ્થળો જેવા કે, ત્રિવેણી સંગમ, દેહોત્સર્ગ, ગીતા મંદિર, તુલસીશ્યામ જેવા મોટા ધાર્મિક સ્થળો આવેલા છે અને આ ધાર્મિક સ્થળોએ બહોળા પ્રમાણમાં યાત્રાળુઓ દર્શનાર્થે આવતા હોય છે.

વર્તમાનમા ત્રાસવાદી તેમજ અસામાજીક તત્વો શહેરમા તેમજ ગીચ વિસ્તારોમાં ગુપ્ત આશરો મેળવી જાહેર સલામતી અને શાંતીનો ભંગ કરેલ હોવાના બનાવો બનવા પામેલ છે. તેમજ આતંકવાદી પ્રવૃતિ કરે છે. જેથી માનવ જીંદગીની ખુવારી થાય છે અને જાહેર તેમજ લોકોની સંપતીને નુકશાન પહોંચાડે છે. આગામી સમયમાં વિવિધ તહેવારો આવતા હોય અને સોમનાથ મંદિર ખાતે બહોળા પ્રમાણમાં જનમેદની એકત્રીત થતી હોય, તેમજ ગુપ્તચર એજન્સીઓ તરફથી અવાર-નવાર આંતકવાદી પ્રવૃતિ બાબતે ઈનપુટ મળતા હોય છે. બહારના રાજ્યોમાંથી કે દેશ બહારથી આવતા આવારા તત્વો કોઈના મકાન/દુકાન/ઔદ્યોગિક એકમો વિગેરે જગ્યા ભાડે રાખીને રહેતા હોય છે અને સ્થાનિક વિસ્તારમા સર્વે કરી સ્થાનિક પરિસ્થિતીથી માહિતગાર થઈ તેઓની ત્રાસવાદી પ્રવૃત્તિઓને અંજામ આપતા હોય છે. આવુ બનવા ન પામે તે માટે સમગ્ર ગીર સોમનાથ જિલ્લામાં કોઈ મકાન/દુકાન/ઔદ્યોગીક એકમોની જગ્યાના માલિક/સંચાલક સંબંધીત પોલીસ સ્ટેશનને જાણ કર્યા સિવાય કોઈ વ્યક્તિને મકાન ભાડે આપી શકશે નહી તેવું જાહેરનામું પ્રસિધ્ધ કરવા પોલીસ અધિક્ષકશ્રી દ્વારા દરખાસ્ત કરાયેલ છે.

ગીર સોમનાથ જિલ્લો વિશાળ દરીયા કિનારો ધરાવે છે. જિલ્લામાં પવિત્ર યાત્રાધામ શ્રીસોમનાથ મંદિર આવેલ છે. આ સિવાય જિલ્લામાં પ્રવાસ-પર્યટનના તથા ધાર્મિક ઘણા સ્થળો આવેલા છે. જ્યાં વિશાળ પ્રમાણમાં દેશ-વિદેશના પ્રવાસીઓ આવે છે. આજ રીતે જિલ્લામાં આવેલ ઔદ્યોગિક એકમોમાં પરપ્રાંતના માણસો કામ ધંધા અર્થે આવે છે. આવા સંજોગોમાં ત્રાસવાદી પ્રવૃત્તિ સાથે સંકળાયેલા કોઈ વ્યક્તિ સ્થાનિકે ભાડેથી મકાન/દુકાન/ઔદ્યોગીક એકમોની જગ્યા લઈ સ્થાનિક માણસો સાથે ભળી જઈ બદ ઈરાદો પાર ન પાડે તે માટે જાહેર જનતાની સલામતી તથા સુરક્ષા માટે તકેદારીના પગલા લેવા આવશ્યક જણાતાં હોય પોલીસ અધિક્ષકશ્રી, ગીર સોમનાથ જિલ્લો, વેરાવળ તરફથી રજુ થયેલ દરખાસ્ત વ્યાજબી જણાય છે.

આથી હું, બી. એમ. પટેલ, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ગીર સોમનાથ જિલ્લો, વેરાવળ, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ ના નં. ૨)ની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ સત્તાની રૂઈએ આથી હુકમ કરૂ છું કે, ગીર સોમનાથ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં કોઈ મકાન/દુકાન/ઔદ્યોગીક એકમોના માલિક કે સંચાલક અગર તો આ માટે આવા મકાન માલિકે ખાસ સત્તા આપેલ વ્યક્તિ જ્યારે મકાન/દુકાન/ઔદ્યોગીક એકમ ભાડે આપે ત્યારે સંબંધીત પોલીસ સ્ટેશનને નિયત નમુનાની વિગતો સહની જાણ કર્યા સિવાય કોઈ વ્યક્તિને મકાન/દુકાન/ઔદ્યોગીક એકમોની જગ્યા ભાડેથી આપી શકશે નહી. ભાડે આપેલ મકાન/દુકાન/ઔદ્યોગીક એકમોની જગ્યાની વિગત ભાડુઆત અને સંબંધીત દલાલ કે જેઓએ ભાડુઆતની ઓળખાણ આપેલ હોય તે અંગેની જરૂરી માહિતી નિયત નમુના મુજબ જે તે વિસ્તારના પોલીસ સ્ટેશન ખાતે આપવાની રહેશે.

આ હુકમ બહાર પડયા તારીખથી દિન-૬૦ માટે અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમની જાહેર જનતાને જાણ સંબંધીત કચેરીઓએ તેમના નોટિસ બોર્ડ પર સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યા ઉપર નકલ ચોટાડીને તથા માહિતી ખાતાએ વર્તમાન પત્રોમાં પ્રસિધ્ધી કરી કરવાની રહેશે. બોમ્બે પોલીસ એકટની કલમ-૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજ તારીખ : ૧મી, માહે જુન, ૨૦૧૭ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે જાહેર જનતાની જાણ તથા અમલવારી માટે આ હુકમ પ્રસિધ્ધ કરવામાં આવ્યો.

ગીર સોમનાથ, વેરાવળ, ૧ માહે જુન સને ૨૦૧૭.

---

## ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ કાઢેલ હુકમ

## હુકમ

નં. એમએજી/સી/૨૧૬૯/૨૦૧૭.-પોલીસ અધિક્ષકશ્રી, ગીર સોમનાથ જિલ્લો, વેરાવળના પત્ર ક્રમાંક : એલઆઈબી/લેબર કોન્ટ્રા./જા.નામું/૫૭૩/૧૭, તા. ૩૦-૦૫-૨૦૧૭ ના પત્રથી રજુ થયેલ વિગતો મુજબ ગીર સોમનાથ જિલ્લામાં વેરાવળ મુકામે રેયોન ફેકટરી, સુત્રાપાડા મુકામે જી.એચ.સી.એલ. ફેકટરી, તથા સિધ્ધિ સિમેન્ટ, કોડીનાર મુકામે અંબુજા ફેકટરી તથા સ્યુગર ફેકટરી જેવા ઔદ્યોગીક એકમો આવેલા છે. તેમજ ગીર સોમનાથ જિલ્લામાથી નેશનલ હાઈવે નં.-૮(ઈ) પસાર થાય છે. જે રોડ ઉપર હાઈવે ઓથોરીટી દ્વારા તથા માર્ગ અને મકાન વિભાગ દ્વારા રોડના તથા અન્ય બાંધકામના કામોમા અન્ય રાજ્યોમાથી મજુરો લાવી તેમનુ મજુરી કામમા ઉપયોગ કરવામાં આવે છે. જે મજુરો, મજુર ઠેકેદારો તથા સપ્લાયર્સ/કોન્ટ્રાકટરો દ્વારા લાવવામાં આવે છે. તેમજ આ જિલ્લામાં મિલ્કત વિરૂધ્ધના ગુન્હાઓ બનતા હોય અને આવા ગુન્હાઓની તપાસના અનુસંધાને મોટાભાગના કિસ્સાઓમા જાણવા મળેલ છે કે, ગુજરાત બહારના રાજયોમાથી આવેલા પરપ્રાંતિય મજુરો પ્રાથમિક ધોરણે રોડ ઉપર ખાડા ખોદવાના તેમજ ઔદ્યોગીક એકમોમા મજુરી કામ મેળવી સ્થાનીક પરિસ્થિતિથી માહિતગાર થઈ મોટી ઘરફોડ ચોરી, લુંટ તથા અન્ય મિલ્કત વિરૂધ્ધના ગુન્હાઓ આચરી પરત પોતાના વતનમા જતા રહેતા હોય, આવા ગુન્હા વણ શોધાયેલા રહે છે. જેથી માન. મુખ્યમંત્રીશ્રી, ગુજરાત રાજ્ય તા. ૦૮-૦૭-૨૦૧૪ના રોજ બ્રિફીંગ મિટીંગમાં આપવામાં આવેલ સુચના મુજબ સમગ્ર ગીર સોમનાથ જિલ્લામાં આવેલ ઔદ્યોગીક એકમો તથા અન્ય જગ્યાઓએ પરપ્રાંતના (ગુજરાત રાજય બહારના) મજુરોને કામે રાખનાર મજુર ઠેકેદારો તથા સપ્લાયર્સ/કોન્ટ્રાકટર્સ જયારે આવા મજુરોને કામે રાખે ત્યારે નિયત કરેલ ફોર્મમા માહિતી જે તે પોલીસ સ્ટેશનમા પુરી પાડે તે અંગેનું જાહેરનામુ પ્રસિધ્ધ કરવા દરખાસ્ત કરાયેલ છે.

ગીર સોમનાથ જિલ્લો વિશાળ દરીયા કિનારો ધરાવે છે જિલ્લામાં પવિત્ર યાત્રાધામ સોમનાથ આવેલા છે, આ સિવાય જિલ્લામાં પ્રવાસ-પર્યટનના તથા ધાર્મિક ઘણા સ્થળો આવેલા છે. જયાં વિશાળ પ્રમાણમાં દેશ-વિદેશના પ્રવાસીઓ યાત્રાળુઓ આવે છે આજ રીતે જિલ્લામાં આવેલ ઔદ્યોગીક એકમોમાં પરપ્રાંતના માણસો કામ ધંધા અર્થે આવે છે આવા સંજોગોમાં જાહેર જનતાની સલામતી તથા સુરક્ષા માટે તકેદારીના પગલા લેવા આવશ્યક જણાતાં હોય પોલીસ અધિક્ષકશ્રી, ગીર સોમનાથ જિલ્લો, વેરાવળ તરફથી કરાયેલ દરખાસ્ત વ્યાજબી જણાય છે.

આથી હું, બી. એમ. પટેલ, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ગીર સોમનાથ જિલ્લો, વેરાવળ ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨)ની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ સત્તાની રૂઈએ આથી હુકમ કરૂં છું કે, ગીર સોમનાથ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં કોઈ પરપ્રાંતના (ગુજરાત રાજય બહારના) મજુરોને કામે રાખનાર મજુર ઠેકેદારો, કોન્ટ્રાકટરો, સપ્લાયર્સ તથા અન્ય કોઈ મજુરો કામે રાખનારાઓએ આવા મજુરોને કામે રાખે ત્યારે નિયત નમુનાના ફોર્મમા માહિતી ભરપાઈ કરી સબંધીત પોલીસ સ્ટેશન ખાતે પુરી પાડવાની રહેશે.

આ હુકમ બહાર પાડયા તારીખથી દિન-૬૦ માટે અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય દંડ સંહીતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમની જાહેર જનતાને જાણ સંબંધીત કચેરીઓએ તેમના નોટિસ બોર્ડ પર, સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યા ઉપર નકલ ચોંટાડીને તથા માહિતી ખાતાએ વર્તમાન પત્રોમાં પ્રસિધ્ધી કરી કરવાની રહેશે. બોમ્બે પોલીસ એકટની કલમ-૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજ તારીખ : ૧મી, માહે જુન, ૨૦૧૭ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે જાહેર જનતાની જાણ તથા અમલવારી માટે આ હુકમ પ્રસિધ્ધ કરવામાં આવ્યો.

ગીર સોમનાથ, વેરાવળ, ૧ માહે જુન, સને ૨૦૧૭.

## ફોજદારી કાર્યરીતિ આધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ કાઢેલ હુકમ

## હુકમ

નં. : એમએજી/સી/૨૧૬૨/વાહન લે-વેચ/૨૦૧૭.-પોલીસ અધિક્ષકશ્રી, ગીર સોમનાથના પત્ર ક્રમાંક : એલઆઈબી/વાહન લે-વેચ/જા.ના./૫૭૨/૧૭, તા. ૩૦-૦૫-૨૦૧૭ થી રજુ થયેલ વિગતો મુજબ ગુજરાત રાજ્ય સહિત સમગ્ર દેશોમાં છેલ્લા કેટલાક સમયથી આતંકવાદી/ભાંગફોડીયા તત્વો દેશના અલગ અલગ રાજ્યમાં આતંક ફેલાવવાના હેતુથી રજીસ્ટર્ડ ન થતા હોય તેવા સાયકલ/મોપેડ તથા અન્ય વાહનોનો ઉપયોગ કરતા હોવાનું જણાયલ છે. આતંકવાદી કૃત્યમાં આવા વાહનનો ઉપયોગ થયા બાદ આવા વાહનોની કોઈ નોંધણી ન હોવાના કારણે તેના મુળ માલીક સુધી પહોંચવાનું તપાસ એજન્સી/પોલીસ માટે ખુબ જ મુશ્કેલી બનતું હોય છે. મહદઅંશે આવા વાહનોના વેચાણ વખતે અથવા જુના વાહનોની લે-વેચ કરતી વખતે તેમજ આવા વાહનો ભાડે આપતી વખતે વેપારીઓએ ખરીદનાર/ગ્રાહક પાસેથી ઓળખના પુરતા પુરાવા મેળવ્યા વગર વાહનોનું વેચાણ કરતા હોય છે, લે-વેચ કરતા હોય છે કે ભાડે આપતા હોય છે. તાજેતરમાં છેલ્લા થોડાક વર્ષોથી દેશના મોટા શહેરોમાં બનેલ અમુક બનાવોથી જણાય છે કે ત્રાસવાદી/અસામાજીક તત્વો આવા રજીસ્ટ્ર્ડ ન થતા હોય તેવા સાયકલ/મોપેડ/અન્ય વાહનો ખરીદી કે ભાડે મેળવી જાહેર સલામતી અને શાંતિનો ભંગ કરે તેમજ માનવ જીંદગીની ખુમારી થાય અને લોકોની સંપતિને નુકશાન પહોંચે તેવી કોશીષ કરી રહયા છે.

બહારના રાજયોમાંથી અગર દેશ બહારથી આવતા આવા તત્વો રજીસ્ટર્ડ ન થતા હોય તેવા સાયકલ/મોપેડ/અન્ય વાહનો ખરીદી/લે-વેચ અથવા ભાડેથી મેળવી સ્થાનિક પરિસ્થિતિથી માહિતગાર થઈને તેઓની ત્રાસવાદી પ્રવૃત્તિઓને અંજામ આપતા હોય છે. જેથી રજીસ્ટર્ડ ન થતા હોય તેવા સાયકલ/મોપેડ/અન્ય વાહનોનું વેચાણ કરનાર તથા આવા જુના વાહનોની લે-વેચ કરનાર તથા આવા વાહનો ભાડે આપનાર વેપારીઓ ઉપર નિયંત્રણો મુકવા જરૂરી જણાય છે. જેથી પોલીસ અધિશ્રકશ્રી, ગીર સોમનાથ જિલ્લો, વેરાવળ તરફથી રજુ થયેલ દરખાસ્ત મુજબનુ જાહેરનામુ પ્રસિધ્ધ કરવુ ઉચિત જણાય છે.

આથી હું, બી. એમ. પટેલ, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ગીર સોમનાથ જિલ્લો, વેરાવળ, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ ના કાયદાની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ સત્તાની રૂઈએ આથી હુકમ કરૂ છું કે, સમગ્ર ગીર સોમનાથ જિલ્લાના વિસ્તારમાં રજીસ્ટર્ડ ન થતા હોય, તેવા સાયકલ મોપેડ/અન્ય વાહનોનું વેચાણ કરનાર, આવા વાહનોની લે-વેચ કરનાર તથા આવા વાહનો ભાડે આપનાર વેપારીઓ જ્યારે જ્યારે આવા વાહનોની લે-વેચ કરે કે આવા વાહનો ભાડે આપે ત્યારે જે તે વ્યક્તિને આવું વાહન વેચાણ કરેલ હોય, આવુ વાહન ખરીદેલ હોય અથવા તો જે વ્યકિતને ભાડે આપેલ હોય તેવી વ્યકિત પાસેથી માહિતી/આધાર-પુરાવા તેમજ ઓળખ મેળવીને નિયત નમુના પ્રમાણેના રજીસ્ટર્ડની નિભાવણી કરવાનો આથી હુકમ કરવામાં આવે છે. તેમજ જરૂરી જણાયે સક્ષમ અધિકારી માંગે ત્યારે તેઓને વિગતો પુરી પાડવાની રહેશે.

આ જાહેરનામુ બહાર પડયા તારીખથી દિન-૬૦ માટે અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ જાહેરનામું જાહેર વિસ્તારોમાં સહેલાઈથી દેખી શકાય તેવી રીતે તેની નકલ ચોંટાડીને તેમજ સ્થાનિક વર્તમાનપત્રોમાં બહોળી પ્રસિધ્ધી આપીને પ્રસિધ્ધ કરવાનું આથી હું ફરમાવું છું.

આજ તારીખ : ૧ માહે જુન, સને-૨૦૧૭ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા કરી જાહેરનામું બહાર પાડેલ છે.

ગીર સોમનાથ, વેરાવળ, ૧ માહે જુન, સને ૨૦૧૭.

---

## ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ તળેનું

## જાહેરનામુ

નં.:એમએજી/સી/૨૧૬૪/૨૦૧૭.-પોલીસ અધિક્ષકશ્રી, ગીર સોમનાથના પત્ર ક્રમાંક : એલઆઈબી/મોબાઈલ/લે-વેચ/જાહેરનામું/૫૭૧/૨૦૧૭, તા. ૩૦-૦૫-૨૦૧૭ ના પત્રથી રજુ થયેલ વિગતો મુજબ રાજ્યમા અને જિલ્લામા બનતા વિવિધ ગુન્હાઓમાં મોબાઈલ ફોનનો ઉપયોગ થાય છે, તેમજ મોબાઈલ ચોરીના ગુન્હાઓનું પ્રમાણ વધવા પામ્યુ છે. આવા ગુન્હાઓ શોધી કાઢવા માટે ગુન્હામાં વપરાયેલ અથવા ગયેલ મોબાઈલ ફોનના IMEI નંબરનું ટ્રેકીંગ કરીને ગુન્હાના મુળ સુધી પહોંચવા પ્રયત્નો કરવામાં આવે છે. ઘણી વખત મોબાઈલ ફોન વપરાશકર્તા સુધી પહોંચવામાં આવે ત્યારે જાણવા મળે કે તેમણે કોઈ અજાણ્યા માણસ પાસેથી મોબાઈલ ખરીદેલ છે. જે મોબાઈલ વેંચનાર/ખરીદનારને ચોરાયેલ અથવા ગુન્હામાં વપરાયેલ હોવાની માહિતી હોતી નથી. આવા ગુન્હાઓના મુળ સુધી પહોંચી સાચા આરોપીને સાચા આરોપીને શોધી કાઢવા માટે જુના કે નવા મોબાઈલ વપરાશકારકએ તે મોબાઈલ કોની પાસેથી ખરીદેલ અથવા કોને વેંચેલ છે ? તે જાણવુ જરૂરી હોવાથી, જુના કે નવા મોબાઈલ લે-વેચ કરનાર વેપારીએ મોબાઈલ લેતા પહેલા મોબાઈલ વેચનારનું તથા જુના મોબાઈલ લેતી વખતે મોબાઈલ ખરીદનારનુ ઓળખ અંગેનું પુરૂ નામ, સરનામુ નોંધવું ફરજીયાત બનાવવા તથા જુના મોબાઈલ વેચતા, ખરીદતા વેપારી

દ્વારા નિયત રજીસ્ટર નિભાવવામાં આવે તો ગુન્હાના મુળ સુધી પહોંચી શકાય જેથી આવા જુના મોબાઈલ લેનાર/વેચનાર વેપારીની જવાબદારી નક્કી કરતુ જાહેરનામુ બહાર પાડવા પોલીસ અધિક્ષકશ્રી, ગીર સોમનાથ જિલ્લા, વેરાવળ તરફથી દરખાસ્ત રજુ કરાયેલ છે.

ગીર સોમનાથ જિલ્લામાં બનતા ગુન્હાઓમાં વપરાતા મોબાઈલ ફોન તેમજ મોબાઈલ ચોરીના ગુન્હાઓમાં જુના મોબાઈલ ખરીદ/વેચાણ કરતા વેપારીઓ તરફથી આવા મોબાઈલ તથા વાહનો ખરીદતા/વેચતા વ્યક્તિની માહિતી મળી રહે તેમજ ગુન્હાના મુળ સુધી પહોંચી સાચા આરોપીને પકડી શકાય તેમજ આવા બનતા ગુન્હાઓ નિવારી શકાય તે માટે પોલીસ અધિક્ષકશ્રી, ગીર સોમનાથ વેરાવળ તરફથી કરાયેલ દરખાસ્ત વ્યાજબી જણાય છે.

આથી હું, બી. એમ. પટેલ, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ગીર સોમનાથ જિલ્લો, વેરાવળ, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ સત્તાની રૂઈએ આથી હુકમ કરૂં છું કે, ગીર સોમનાથ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં જુના કે નવા મોબાઈલ લેનાર/વેચનાર વેપારીએ કોઈપણ વ્યક્તિઓની પુરતી ખરાઈ ઓળખકાર્ડ અથવા ઓળખપત્ર વગર જુના મોબાઈલ લઈ શકશે નહીં કે વેચી શકશે નહીં તથા જુના કે નવા મોબાઈલ ખરીદતી અને વેચતી વખતે નિયત નમુનાનુ રજીસ્ટર નિભાવવાનુ રહેશે અને તેમાં વિગતો નોંધવાની રહેશે.

આ જાહેરનામુ બહાર પડયા તારીખથી દિન-૬૦ સુધી અમલમાં રહેશે. તેમજ આ જાહેરનામાનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહીતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમની જાહેર જનતાને જાણ સંબંધીત કચેરીઓએ તેમના નોટિસ બોર્ડ પર, સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યા ઉપર નકલ ચોટાડીને તથા માહિતી ખાતાએ વર્તમાન પત્રોમાં પ્રસિધ્ધી કરી કરવાની રહેશે. ગુજરાત પોલીસ એકટની કલમ-૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજ તા. : ૧મી માહે જુન, સને-૨૦૧૭ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે જાહેર જનતાની જાણ તથા અમલવારી માટે આ હુકમ પ્રસિધ્ધ કરવામાં આવ્યો.

ગીર સોમનાથ, વેરાવળ, ૧ માહે જુન, સને ૨૦૧૭.

**બી. એમ. પટેલ,**
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
ગીર સોમનાથ જિલ્લો,
વેરાવળ.

## જાહેરનામું

નં. ડી.એમ.-૧/રથયાત્રા/ઈ.નં. ૨૪૫૧૨/૨૦૧૭.- ભાવનગર શહેરમાં આગામી તા. ૨૫-૦૬-૨૦૧૭ને અષાઢી બીજના રોજ પરંપરાગત રીતે શ્રી જગન્નાથજીની રથયાત્રાનું આયોજન થનાર છે, જેમાં શ્રી જગન્નાથજીની રથયાત્રા તા. ૨૫-૦૬-૨૦૧૭ના રોજ સવારના ૮-૦૦ કલાકથી સુભાષનગર, ભગવાનેશ્વર મહાદેવજી મંદીરેથી નીકળી ભાવનગર શહેરનાં લોકોની વધુ અવર-જવરવાળા ગીચ વિસ્તારોમાંથી પસાર થનાર હોવાથી રથયાત્રાના રૂટ ઉપર ટ્રાફીકનું નિયમન કરવું અનિવાર્ય જણાય છે.

સબબ, મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧(સને ૧૯૫૧ના ૨૨માં અધિનિયમ)ની કલમ-૩૩(૧)(બી)થી મને મળેલ અધિકારની રૂઈએ હું, આર. પી. ચૌધરી, (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભાવનગર જિલ્લો, ભાવનગર, આથી ફરમાવું છું કે, ભાવનગર શહેરના નીચે દર્શાવેલ રસ્તાઓની બંન્ને બાજુએ તા. ૨૫-૦૬-૨૦૧૭ના રોજ સવારે ૭-૦૦ કલાકથી ૨૪-૦૦ કલાક સુધી કોઈપણ પ્રકારના વાહન (દ્વિચક્રી વાહનો સહિત) સાથે અવર જવર કરવી નહિ.

**રસ્તાઓ :**

(૧) ગંગાજળીયા તળાવથી ઘોઘાગેઈટ

(૨) ઘોઘાગેઈટથી હેરીસ રોડ

(૩) હેરીસ રોડ થી ખારગેઈટ

(૪) ખારગેઈટ થી ખારાકુવા

(૫) ખારાકુવાથી મામાકોઠા

(૬) મામાકોઠા થી ડૉ. શ્રી ગજ્જરનો ચોક થઈને હલુરીયા ચોક.

આ જાહેરનામામાંથી પોલીસ, મહેસુલખાતુ, પી.જી.વી.સી.એલ., ફાયરબ્રીગેડ, એમ્બ્યુલન્સ તથા આવશ્યક સેવાના અંગેના વાહનો તથા રથયાત્રામાં નિયમાનુસાર નોંધાયેલ સામેલ વાહનોને મુક્તિ આપવામાં આવે છે.

સદરહું જાહેરનામાનો ભંગ/ઉલ્લઘંન કરનારને મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧ હેઠળ શિક્ષા થઈ શકે છે.

"જાહેરનામાના અમલ તથા તેના ભંગ બદલ પગલા લેવા હેડકોન્સ્ટેબલથી નીચેના દરજ્જાના ન હોય તેવા અધિકારીશ્રીને અધિકૃત કરવામાં આવે છે."

આ જાહેરનામું ઉપર નિર્દિષ્ટ કરેલા વિસ્તારમાં સહેલાઈથી દેખી શકાય તેવી જગ્યાએ તેની નકલો ચોંટાડીને તેમજ સ્થાનિક વર્તમાનપત્રોમાં પ્રસિધ્ધ કરવાનું ફરમાવું છું.

આજ તા. ૦૬-૦૬-૨૦૧૭ના રોજ મારી સહી તથા કચેરીની મહોર લગાવીને સદરહું જાહેરનામું પ્રસિધ્ધ કરવામાં આવ્યું.

ભાવનગર, ૦૬ માહે જુન, સને ૨૦૧૭.

## જાહેરનામું

નં. ડી.એમ.-૧/જા.ના./ઈ. નં. ૨૫૬૨૬/૨૦૧૭.-ભાવનગર શહેર તથા જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તેમજ જાહેર સુરક્ષા અને સલામતી માટે ગુન્હાઓ બનતા અટકાવવા અને જો બનાવ બને તો તે બનાવને અંજામ આપનાર ઈસમ સુધી પહોંચવા માટે અને તેની ઓળખ મેળવવા માટે ભાવનગર શહેર તથા જિલ્લાના સમગ્ર વિસ્તાર માટે ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪નો બીજો અધિનિયમ) ના કાયદાની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ અધિકારની રૂઈએ હું આર. પી. ચૌધરી, (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભાવનગર નીચે મુજબનો હુકમ કરૂં છું.

**(૧) મોબાઈલ-સીમકાર્ડ (નવા/જુના)નું વેચાણ કરવા બાબત :**

ગુજરાત રાજ્ય સહિત સમગ્ર દેશમાં બનતા ગુન્હાઓમાં મોબાઈલ ફોનના ઉપયોગ તથા મોબાઈલ ચોરીના ગુનાઓનું પ્રમાણ વધવા પામેલ છે. આવા ગુનાઓ શોધી કાઢવા માટે ગુન્હામાં વપરાયેલ અથવા ખોવાઈ ગયેલ મોબાઈલ ફોનના IMEI નંબરનું ટ્રેકીંગ કરીને ગુનાના મુળ સુધી પહોંચવાના પ્રયત્નો કરવામાં આવે છે. ઘણી વખતે મોબાઈલ ફોનના વપરાશકર્તા સુધી પહોંચવામાં આવે ત્યારે જાણવા મળે છે કે, તેમણે કોઈ અજાણ્યા માણસ પાસેથી મોબાઈલ ખરીદેલ છે, જે મોબાઈલ વેંચનાર/ખરીદનારને ચોરાયેલ અથવા ગુનામાં વપરાયેલ હોવાની માહિતી હોતી નથી, તેથી તપાસમાં કોઈ ફળદાયક હકિકત મળતી નથી. જેથી મોબાઈલ હેન્ડસેટ ખરીદનાર/વેચનાર વ્યક્તિની જવાબદારી નક્કી કરવા અને પ્રસ્તુત બાબતે આવા ગુનાઓના મુળ સુધી પહોંચી, સાચા આરોપીને શોધી કાઢવા માટે જુના/નવા મોબાઈલ/સીમકાર્ડ કોની પાસેથી ખરીદેલ છે કે કોને વેચાણ આપેલ છે તે હાલના સંજોગોને ધ્યાને લઈ જાણવું ખુબ જ જરૂરી જણાય છે. આથી જુના/નવા મોબાઈલ/સીમકાર્ડની લે-વેચ કરતા વેપારીઓએ નીચે મુજબનાં નમુનામાં રજીસ્ટર નિભાવવાનું રહેશે.

| ક્રમ | મોબાઈલ/સીમકાર્ડની વિગત/કંપનીનું નામ. | I.M.E.I. Number | મોબાઈલ/ સીમકાર્ડ ખરીદનાર/વેચનારનું નામ તથા સરનામા, ટેલીફોન નંબરની વિગતો. | મોબાઈલ/ સીમકાર્ડ, ખરીદનાર/વેચનારના આઈડેન્ટીટી તથા રેસીડેન્ટ પ્રુફ. |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |

(૧) મોબાઈલ-સીમકાર્ડ લે-વેચ અંગેના રજિસ્ટર/રેકર્ડ સાચવવાની મુદત ૧ વર્ષની રહેશે.

(૨) કોમ્પ્યુટરાઈઝ રજિસ્ટર નિભાવી શકાશે પરતું તેનું નિયમિત બેકઅપ લેવાનું રહેશે.

(૩) મોબાઈલ-સીમકાર્ડની લે-વેચ થયેલ હોય તે અંગેના દસ્તાવેજી પુરાવા તથા આઈ.ડી. પ્રુફ લે-વેચ સમયે જ મેળવવાના રહેશે અને તેની અલાયદી ફાઈલ રાખવી જે ચેકીંગ સમયે બતાવવાની રહેશે અને મોબાઈલ-સીમકાર્ડ લે-વેચ કર્યાની તારીખી દિન-૧૫માં રજિસ્ટરમાં સંપૂર્ણ નોંધ કરી અદ્યતન રાખવાનું રહેશે.

(૪) શોપીંગ મોલમાં મોબાઈલ લે-વેચ કરતા વેપારીઓએ જાહેરનામાંનો અમલ કરવાનો રહેશે.

**(૨) સાયકલ/મોપેડ/વિદ્યુતથી ચાલતા વાહનો તથા જુના વાહનો (તમામ પ્રકારના ફોર વ્હીલર, થ્રી વ્હીલર, ટુ વ્હીલર)ના વેચાણ કરવા બાબત :**

ગુજરાત રાજ્ય સહિત સમગ્ર દેશમાં છેલ્લા કેટલાક સમયથી આતંકવાદી ભાંગફોડીયા તત્વો દેશના અલગ અલગ રાજ્યોમાં આતંક ફેલાવાના હેતુથી રજિસ્ટર્ડ ન થતા હોય તેવા સાયકલ/મોપેડ/વિદ્યુતથી ચાલતા વાહનો તથા જુના વાહનો (તમામ પ્રકારના ફોર વ્હીલર, થ્રી વ્હીલર, ટુ વ્હીલર)ના ઉપયોગ કરતા હોવાનું જણાય છે. આતંકી કૃત્યમાં આવા વાહનોનો ઉપયોગ થયા બાદ આવા વાહનોની કોઈ સ્પષ્ટ નોંધણી ન હોવાના કારણે તેના મુળ માલીક સુધી પહોંચવાનું તપાસ એજન્સી/પોલીસ માટે ખુબ જ મુશ્કેલ બનતું હોય છે. મહદઅંશે આવા વાહનોના વેચાણ વખતે આવા જુના વાહનોની લે-વેચ કરતી વખતે તેમજ આવા વાહનો ભાડે આપતી વખતે વેપારીઓ ખરીદનાર/ગ્રાહક પાસેથી ઓળખના પુરતા પુરાવા મેળવ્યા વગર વાહનોનું વેચાણ કરતા હોય છે, લે-વેચ કરતા હોય છે કે ભાડે આપતા હોય છે. બહારના રાજ્યોમાંથી અગર દેશ બહારથી આવતા આવા તત્વો રજિસ્ટર્ડ ન થતા હોય તેવા સાઈકલ/મોપેડ/વિદ્યુતથી ચાલતા વાહનો તથા જુના વાહનો (તમામ પ્રકારના ફોર વ્હીલર, થ્રી વ્હીલર, ટુ વ્હીલર) ખરીદી/ભાડેથી મેળવી સ્થાનિક પરિસ્થિતિથી માહિતગાર થઈને તેઓની ત્રાસવાદી પ્રવૃત્તિઓને અંજામ આપતા હોય છે. જેથી રજિસ્ટર્ડ ન થતા હોય તેવા સાઈકલ/મોપેડ/વિદ્યુતથી ચાલતા વાહનો તથા જુના વાહનો (તમામ પ્રકારના ફોર વ્હીલર, થ્રી વ્હીલર, ટુવ્હીલર)નું વેચાણ કરનાર, આવા વાહનોની લે-વેચ કરનાર તથા આવા વાહનો ભાડે આપનાર વેપારીઓ નિયંત્રણો મુકવા જરૂરી જણાય છે. આથી સાઈકલ/મોપેડ/વિદ્યુતથી ચાલતા વાહનો તથા જુના વાહનો (તમામ પ્રકારના ફોર વ્હીલર, થ્રી વ્હીલર, ટુ વ્હીલર) લે-વેચ કરતા વેપારીઓએ નીચે મુજબના નમુનામાં રજીસ્ટર નિભાવવાનું રહેશે.

| ક્રમ | વાહન કોને વેચેલ છે? કોની પાસેથી ખરીદેલ છે?/ કોને ભાડે આપેલ છે? તેનું પુરૂ નામ અને સરનામું, ટેલીફોન નંબર, ઉંમર | વાહનનો પ્રકાર | વાહનનો એન્જીન નંબર/ચેસિસ નંબર | રજુ કરેલ આધાર-પુરાવાઓ જેવા કે રેશનકાર્ડ/ચૂંટણીકાર્ડ/ડ્રાઈવિંગ લાયસન્સ/બેન્કની પાસબુક/ પાનકાર્ડ/આકારણી પત્રક/પાસપોર્ટની નકલ/ઈલેક્ટ્રીક બીલ/ ટેલીફોન બીલ/ મોબાઈલ બીલ વિગેરેની પ્રમાણિત નકલો | વાહનના વેચાણ બીલ નંબર અને તારીખની |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |

(૩) મકાન તથા ઔધોગિક એકમો ભાડે આપવા બાબત :

રાજ્યમાં ત્રાસવાદી/અસામાજીક તત્વો શહેરોમાં તેમજ ગીચ વસ્તીવાળા વિસ્તારોમાં ગુપ્ત આશરો મેળવી જાહેર સલામતી અને શાંતીનો ભંગ કરી તેમજ આતંકવાદી પ્રવૃતિઓ કરતા હોવાથી માનવ જીંદગીની ખુવારી થાય અને જાહેર તેમજ ખાનગી સંપતિને નુકશાન પહોંચે છે. જેમાં બહારના રાજ્યોમાંથી કે દેશ બહારથી આવતા આવા તત્વો કોઈના મકાન ભાડે રાખીને રહેતા હોય છે અને સ્થાનિક વિસ્તારનો સર્વે કરી સ્થાનિક પરિસ્થિતિથી માહિતગાર થઇને તેઓની ત્રાસવાદી પ્રવૃતિઓને અંજામ આપતા હોય છે. જેથી રાજ્ય અને દેશની સલામતી સાચવવા સહકાર મેળવવા માટે મકાન/ઔધોગિક એકમોના માલિકો દ્વારા રાજ્ય/દેશ બહારની વ્યક્તિઓને ભાડે અપાતા મકાનો/એકમો બાબતે નજીકના પોલીસ સ્ટેશને મકાન/એકમ ભાડે લેનારના નામો અંગે જાણ કરવામાં આવે તો આવી પ્રવૃતિ કરનારની યોગ્ય ચકાસણી થઈ શકે. જે વિગતે મકાન/ઓધોગિક એકમના માલીકો ઉપર થોડાંક નિયંત્રણો મુકવા સારૂ ભાવનગર જિલ્લામાં મકાન, ઔધોગિક એકમો ભાડે આપતા પહેલા પોલીસ તંત્રને નીચે મુજબનાં નમુનામાં જાણ કરવાની રહેશે.

| નં. | મકાન માલીકનું નામ તથા ભાડે આપવાનું મકાન/એકમ કયા શહેર અને તેના વિસ્તાર/ગામમાં આવેલ છે ? તેનું બાંધકામ કેટલા ચો. મી. છે ? | મકાન/એકમ ભાડે આપવા ખાસ સત્તા ધરાવતા વ્યકિતનું નામ. | મકાન/એકમ કયારથી ભાડે આપવાનું છે તથા માસિક કેટલા ભાડાથી આપવા ધારેલ છે. | જે વ્યકિતને મકાન/એકમ ભાડે આપવાનું હોય તેનાં પાકા નામ/સરનામા તથા તેના સંપર્ક નંબરો સહિતની વિગતો. | મકાન માલિકને ભાડુઆતનો સંપર્ક કરાવનાર વ્યક્તિનું નામ/સરનામું. |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |

(૪) હોટલ/ગેસ્ટ હાઉસ/મુસાફરખાના ભાડે આપવા તથા તેમા સી.સી.ટી.વી. કેમેરા ગોઠવવા બાબત :

ગુજરાત રાજ્ય સહિત સમગ્ર દેશમાં આતંકવાદ/ત્રાસવાદી તત્વો બહારના રાજ્યો કે દેશ બહારથી આવતા હોય છે, અને હોટલ/ગેસ્ટ હાઉસ/મુસાફરખાના ભાડે રાખી રહેતા હોય છે. તેમજ વિસ્તારનો સર્વે કરી સ્થાનિક પરિસ્થિતિથી માહિતગાર થઈને ત્રાસવાદી પ્રવૃત્તિઓને અંજામ આપતા હોય છે. ભાવનગર જિલ્લો વિશાળ દરિયાકિનારો ધરાવે છે. આ જિલ્લામાં પ્રવાસ-પર્યટનના તથા ધાર્મિક સ્થળો આવેલા છે, જ્યાં વિશાળ પ્રમાણમાં દેશ-વિદેશના પ્રવાસીઓ, યાત્રાળુઓ આવતા હોય છે. તેમજ આ જિલ્લામાં આવેલ ઔદ્યોગિક એકમોમાં પરપ્રાંતીય માણસો કામ-ધંધા અર્થે આવે છે. આવા સંજોગોમાં ત્રાસવાદી પ્રવૃત્તિ સાથે સંકળાયેલ કોઈ વ્યક્તિ હોટલ/ગેસ્ટહાઉસ/મુસાફરખાનામાં આશરો લઈ સ્થાનિક માણસો સાથે ભળી જઈ બદઈરાદો પાર ન પાડે તે માટે તે માટે જાહેર જનતાની સલામતી તથા સુરક્ષા માટે તકેદારીના પગલા લેવા આવશ્યક છે. આથી હોટલ/ગેસ્ટહાઉસ/મુસાફરખાના, રાહતદરે ચાલતી કે સખાવતથી ચાલતી, તમામ સહકારી, ધાર્મિક કે ટ્રસ્ટના અને ખાનગી વ્યવસાયો/સંસ્થાઓના માલીકોએ, નીચે મુજબના નમુનામાં રજિસ્ટર નિભાવવા, દર માસે સંબંધિત પોલીસ સ્ટેશનને જાણ કરવા તથા તેમાં સી.સી.ટી.વી. કેમેરા, ઈન્ટરનેટ કનેકટીવીટી તથા આઈ.પી. કેમેરા નાઈટ વિઝન સાથેના નીચેની વિગતે ગોઠવવાના રહેશે.

| નં. | ગેસ્ટનું નામ, સરનામું | સંપર્ક નંબર | આવ્યા તારીખ, સમય | કયાંથી આવ્યા છે? | કયાં જવાના છે? | આવવાનું કારણ | આઈ.ડી.પ્રુફની વિગત (રહેનાર સભ્યો એક જ કુટુંબના હોય ત્યારે કુટુંબની મુખ્ય વ્યક્તિનું આઈ.ડી. પ્રુફ મેળવવાનું રહેશે, જ્યારે કુટુંબ સિવાયના અન્ય તમામ મુસાફરોનું આઈ.ડી. પ્રુફ મેળવવાનું રહેશે.) | ગયા તારીખ, સમય | ગેસ્ટનું નામ તથા સહી | રીમાર્કસ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ |

(૧) સી.સી.ટી.વી. કેમેરા, ઈન્ટરનેટ કનેકટીવીટી તથા આઈ.પી. કેમેરા નાઈટ વિઝન સુવિધા સાથેના હોવા જોઈએ.

(૨) હોટલ, ગેસ્ટહાઉસ, મુસાફરખાનામાં પ્રવેશદ્વાર ઉપર ગ્રાહકનું મોઢું જોઈ શકાય તે રીતે મુખ્ય પ્રવેશદ્વાર ઉપર આઈ.પી. કેમેરા નાઈટ વિઝન સાથેના લગાડેલ હોવા જોઈએ.

(૩) વાહનનો નંબર જોઈ શકાય તે રીતે વાહન પાર્કિંગમાં આઈ.પી. કેમેરા નાઈટ વિઝન સાથેના લગાડેલ હોવા જોઈએ.

(૪) રીસેપ્શન ઉપર ગ્રાહકનું મોઢું જોઈ શકાય તે રીતે આઈ.પી. કેમેરા નાઈટ વિઝન સાથેના લગાડેલ હોવા જોઈએ.

(૫) ઓછામાં ઓછું દિન-૧૫નું રેકોર્ડીંગ સ્ટોર રહેવું જોઈએ.

**(૫) પાકા બાંધકામવાળા રેસ્ટોરન્ટો-ભોજનાલયો, ટ્રાવેલ્સ એજન્સીની બસો, શાળા કોલેજ તેમજ અન્ય શૈક્ષણિક સંકુલોની બસો, જુદી-જુદી તમામ બેંકો, બેંકના એ.ટી.એમ. મશીન સેન્ટરો, સોના-ચાંદીની દુકાનો, પેટ્રોલ પંપ તથા પાંચ કે તેથી વધુ દુકાન હોય તેવા કોમર્શીયલ કોમ્પ્લેક્ષોમાં ઈન્ટરનેટ કનેકટીવીટી તથા આઈપી નાઈટવીઝન સાથેના સી.સી.ટી.વી. કેમેરા લગાવવા બાબત :-**

ભાવનગર શહેર તથા જિલ્લામાં ખૂબ મોટા પ્રમાણમાં રેસ્ટોરન્ટો, ટ્રાવેલ્સ એજન્સીઓ, શાળા કોલેજ તેમજ અન્ય શૈક્ષણિક સંકુલો, જુદી-જુદી બેંકો, એ.ટી.એમ. મશીન, સોના-ચાંદીની દુકાનો, પેટ્રોલ પંપ તથા કોમર્શીયલ કોમ્પલેક્ષ આવેલા છે. આ તમામ સ્થળોએ મોટી સંખ્યામાં માણસો/વાહનોની અવર-જવર રહેતી હોય છે જેને લીધે અપહરણ, છેડતીના બનાવો, લૂંટ, નશીલા પદાર્થોની હેરાફેરી વિગેરે જુદા-જુદા પ્રકારના ગુન્હાઓ બનવાની શકયતાને નકારી શકાય તેમ નથી તથા હાલના ઝડપી વાહનવ્યવહારના સમયમાં દુરના ઈસમો એ.ટી.એમ. મશીનો, સોના-ચાંદીની દુકાન તથા પેટ્રોલ પંપની રેકી કરી પ્લાન બનાવી લુંટના ગુન્હાઓ આચરે છે અન આવા ગુન્હાઓ ભવિષ્યમાં બનતા રહે અને તેના પ્રમાણમાં વધારો થતો રહે તે હકિકત નકારી શકાય નહી તથા ભાવનગર જિલ્લામાં ચોરી તથા ચેઈન સ્નેચીંગના બનાવો બનવા પામે છે અને આ બનાવોમાં સોના-ચાંદીના ઘરેણા ચોર ઈસમો માટાભાગે સોના-ચાંદીની દુકાને વેચવા જતા હોય છે અને સોના-ચાંદીના વેપારીઓ ઓછી કિંમતે ચોરીના ઘરેણા પૈસાની લાલચે ખરીદી કરે છે અને લીધેલ ઘરેણાને ઓગાળીને લગડી બનાવી નાખે છે. જેથી ચોરીમાં ગયેલ ઘરેણાની ઓળખ શકય બનતી નથી અને ઘણા કિસ્સાઓમાં ચોર ઈસમ જે સોના-ચાંદીની દુકાને ઘરેણા વેચેલ હોય તે દુકાન બતાવતા હોય છે પરંતુ સોની(વેપારી) ઘણા કિસ્સામાં તે હકિકત સ્વિકારતા નથી અને તે સમયે કોઈ ચોક્કસ પુરાવા નહી હોવાના કારણે તપાસમાં મુશ્કેલીઓ ઉભી થવા પામે છે. તેથી ભાવનગર શહેર અને જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે, તેમજ ઉકત ગુન્હાઓ બનતા અટકાવવા અને જો બનાવ બને તો તે બનાવને અંજામ આપનાર ઈસમ સુધી પહોંચવા માટે અને તેની ઓળખ મેળવવા માટે ભાવનગર શહેર તથા જિલ્લામાં આવેલ પાકા બાંધકામવાળા રેસ્ટોરન્ટો-ભોજનાલયો, ટ્રાવેલ્સ એજન્સીની બસો, શાળા કોલેજ તેમજ અન્ય શૈક્ષણિક સંકુલોની બસો, જુદી-જુદી તમામ બેંકો, બેંકના એ.ટી.એમ. મશીન સેન્ટરો, સોના-ચાંદીની દુકાનો, પેટ્રોલ પંપ તથા પાંચ કે તેથી વધુ દુકાન હોય તેવા કોમર્શીયલ કોમ્પલેક્ષોમાં ઈન્ટરનેટ કનેકટીવીટી તથા આઈપી નાઈટવીઝન સાથેના સી.સી.ટી.વી. કેમેરા હોવા જરૂરી જણાતા હોય, સમગ્ર ભાવનગર જિલ્લામાં આવેલ તમામ પાકા બાંધકામવાળા રેસ્ટોરન્ટો-ભોજનાલયો, ટ્રાવેલ્સ એજન્સીની બસો, શાળા કોલેજ તેમજ અન્ય શૈક્ષણિક સંકુલોની બસો, જુદી-જુદી તમામ બેંકો, બેંકના એ.ટી.એમ. મશીન સેન્ટરો, સોના-ચાંદીની દુકાનો, પેટ્રોલ પંપો તથા પાંચ કે તેથી વધુ દુકાન હોય તેવા કોમશીયલ કોમ્પલેક્ષોમાં ઈન્ટરનેટ કનેકટીવીટી તથા આઈપી નાઈટવીઝન સાથેના સી.સી. ટી.વી. કેમેરાઓ લગાવવાના રહેશે.

સદરહું જાહેરનામું તા. ૧૩-૦૬-૨૦૧૭ થી ૧૧-૦૮-૨૦૧૭ સુધી (બંને દિવસો સુધ્ધા) દિન-૬૦ માટે અમલમાં રહેશે.

આ જાહેરનામાનો ભંગ કરનાર વ્યકિત ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

''જાહેરનામાના અમલ તથા તેના ભંગ બદલ પગલા લેવા હેડકોન્સ્ટેબલથી નીચેના ન હોય તેવા પોલીસ અધિકારીશ્રીને અધિકૃત કરવામાં આવે છે.''

આ અગેનું રેકર્ડ/માહિતી પોલીસ અધીક્ષકશ્રી, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, સબ ડીવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી, એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટશ્રી કે તેમના તાબાના અધિકારીશ્રી દ્વારા સુચના મળયે રજુ કરવાની રહેશે.

આ જાહેરનામું જાહેર વિસ્તારોમાં સહેલાઈથી દેખી શકાય તેવી રીતે તેની નકલ ચોંટાડીને તેમજ સ્થાનિક વર્તમાનપત્રોમાં બહોળી પ્રસિધ્ધી આપીને પ્રસિધ્ધ કરવાનું આથી ફરમાવું છું.

આજ, તા. ૧૨-૦૬-૨૦૧૭ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી જાહેરનામું બહાર પાડેલ છે.

ભાવનગર, ૧૨ માહે જુન, સને ૨૦૧૭.

**આર. પી. ચૌધરી**
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
ભાવનગર.

**મુંબઇ પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૭(૧) અન્વયે કાઢેલ હુકમ**

## જાહેરનામું

નં.ડી.એમ./વશી/૩૬૯૦ થી ૩૭૦૭/૨૦૧૭.-બોટાદ જિલ્લામાં ચાલુ માસ જુન-૨૦૧૭ તથા જુલાઈ-૨૦૧૭ ના આગામી માસ દરમ્યાન તા. ૨૫-૦૬-૨૦૧૭ ના રોજ આષાઢી બીજ નિમિતે રથયાત્રાના તહેવાર, તેમજ કાયદો અને વ્યવસ્થા જાળવવા તથા સુલેહ શાંતી જળવાઈ રહે તેમજ ચાલુ માસમાં આવતા ધાર્મિક-સમાજીક તહેવારો/ઉત્સવો તેમજ રાજ્યની વર્તમાન પરીસ્થિતીને અનુલક્ષીને અગમચેતીના પગલા લેવા અનિવાર્ય જણાતા, આ માસ દરમ્યાન નીચેની વિગતે પ્રતિબંધ ફરમાવતુ જાહેરનામુ પ્રસિધ્ધ કરવાની જરૂરીયાત જણાય છે. કોઈ વ્યકિત કે વ્યકિતનાં સમુહ દ્વારા જાહેરમાં તીક્ષ્ણ હથીયારો જેવા કે, છરી, કુહાડી, ધારીયા, તલવાર, ગુપ્તી, કુંડલીવાળી લાકડીઓ, લોખંડના પાઈપ, ભાલા તથા દંડા, બંદુક, લાઠી અથવા શારીરિક હિંસામાં ઉપયોગી થઈ શકે તેવા પ્રાણઘાતક હથીયારો લઈને હરે ફરે નહી, તે માટે પ્રતિબંધ ફરમાવતું જાહેરનામું જાહેર શાંતી અને સલામતી જાળવવા સારૂ બહાર પાડવું જરૂરી જણાય છે.

સબબ મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ ના મુંબઈ ના ૨૨માં અધિનિયમની કલમ-૩૭(૧) અન્વયે મને મળેલ સત્તાની રૂએ હું, બી. વી. લીંબાસીયા, (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, બોટાદ જિલ્લો, બોટાદ, આથી જાહેર શાંતી અને સલામતી જાળવવા સારૂં ફરમાવું છું કે કોઈએ નીચેની અનુસુચિમાં દર્શાવેલ વિસ્તારમાં તા. ૦૯-૦૬-૨૦૧૭ થી તા. ૦૮-૦૭-૨૦૧૭ સુધી (બન્ને દિવસો સુધ્ધા) ૩૦-દિવસ

(ક) છરી, કુહાડી, ધારીયા, તલવાર, ગુપ્તી, કુંડેલીવાળી લાકડીઓ, લોખંડના પાઈપ, ભાલા અથવા શારીરિક ઈજા પહોંચાડી શકાય તેવું બીજુ કોઈપણ સાધન સાથે લઈ જવા નહીં.

(ખ) કોઈપણ જાહેર જગ્યામાં સ્ફોટક પદાર્થો કે લોકોને શારીરીક નુકશાન કરે તેવા પદાર્થો સાથે લઈ જવા નહીં.

(ગ) પથ્થરો અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓ સાથે લઈ જવી નહી, એકઠા કરવા નહી, તૈયાર કરવા નહી.

(ઘ) સરઘસમાં સળગતાં કાકડા અથવા સળગતી મશાલો સાથે લઈ જવી નહીં.

(ચ) વ્યકિત કે વ્યકિતના જુથ દ્વારા કોઈ અન્ય વ્યકિત કે વ્યકિતના શબ અથવા આકૃતિઓ કે પુતળા જાહેરમાં દેખાડવા નહીં.

**આ હુકમનો ખંડ (ક)-(ખ)-(ગ)-(ઘ) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં.**

(૧) સરકારી નોકરી કે કામ કરતી કોઈ વ્યકિતને જો ત્યાંના ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથીયાર લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા આવું કોઈપણ હથીયાર લઈ જવાની તેની ફરજ હોય.

(૨) પોલીસ અધિક્ષક અથવા તેણે અધિકૃત કરેલ પોલીસ અધિકારી કે જેને શારીરિક અશકિતને કારણે લાકડી અથવા લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તે વ્યકિતને.

(૩) જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, અથવા અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રીએ આ અર્થે ખાસ અધિકૃત કરે તેવી બીજી કોઈ વ્યકિતને.

(૪) કાયદેસરના હથીયાર પરવાના ધરાવનાર વ્યકિતને.

**અનુસુચિ :**

**બોટાદ જિલ્લાનો સમગ્ર વિસ્તાર.**

આ જાહેરનામાનો કોઈ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને ઓછામાં ઓછી ચાર મહિનાની અને વધુમાં વધુ એક વર્ષની કેદની સજા અને મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૧૩૫(૧) મુજબ દંડની સજા થશે.

"જાહેરનામાના અમલ અને તેના ભંગ બદલના પગલા લેવા મોટ ફરજ પરના કોઈપણ હેડકોન્સ્ટેબલને તથા તેનાથી ઉપરના અધિકારીને અધિકાર રહેશે."

આ હુકમ ઉપર નિર્દિષ્ટ કરેલા વિસ્તારમાં સહેલાઈથી દેખી શકાય તેવી રીતે તેની નકલ ચોંટાડીને તેમજ સ્થાનિક વર્તમાનપત્રોમાં બહોળી પ્રસિધ્ધી આપીને પ્રસિધ્ધ કરવાનું આથી હું ફરમાવું છું.

આજ તારીખ : ૦૯-૦૬-૨૦૧૭ ના રોજ મારી સહી તથા કચેરીનો સિકકો કરીને હુકમ પ્રસિધ્ધ કર્યો.

બોટાદ, ૦૯ માહે જુન, સને ૨૦૧૭.

**બી. વી. લીંબાસીયા,**
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
બોટાદ.

---

## સંયુકત વાણિજ્યિકવેરા કમિશ્નર દ્વારા

વંચાણમાં લીધું :

(૧) મે. તીરુપતી પ્રોટીન્સ પ્રા. લી., નોં.નં. ૨૪૦૭૩૩૦૨૦૨૮ ની 'એફ' ફોર્મ ખોવાયા અંગેનો વાણિજ્યિકવેરા અધિકારી-(૪), ઘટક-૬, અમદાવાદના પત્રાંક જા. ૬૪૩, તારીખ ૧૮-૦૪-૨૦૧૭.

(૨) નાયબ વાણિજ્યિકવેરા કમિશ્નરશ્રી, વર્તુળ-૨ ના પત્રાંક : જા. ૧૫૩૨, તા. ૨૪-૦૫-૨૦૧૭.

### જાહેરનામુ

ક્રમાંક : સંવાવેકમિ/વિ.-૧/ધારાકીય ફોર્મ/૨૦૧૭-૧૮/જા. ૧૨૫૧/૭૦.-વાણિજ્યિકવેરા અધિકારી (૪), ઘટક-૬, અમદાવાદના ક્ષેત્રાધિકાર હેઠળના નીચે દર્શાવેલ વેપારી મે. તીરુપતી પ્રોટીન્સ પ્રા. લી. કે જેઓ સ્થાનિક કાયદા અન્વયે નોંધણી નંબર ૨૪૦૭૩૩૦૨૦૨૮ તથા કેન્દ્રીય કાયદા અન્વયે નોં. નં. ૨૪૫૭૩૩૦૨૦૨૮ ધરાવે છે. તેઓને ઈશ્યુ કરવામાં આવેલ "F" Form No. : ૦૫૧૦૯૨૦ નંગ-૧ (એક) ખોવાઈ ગયેલ હોવાથી વંચાણમાં લીધેલ દરખાસ્ત ક્રમાંક-૧ અને ૨ મુજબ વેપારીશ્રીનાં નીચે દર્શાવ્યા મુજબના "F" Form પાના નંગ-૦૧ ખોવાઈ ગયેલ છે તે રદ કરવા ઠરાવું છું.

| ક્રમ | વેપારીનું નામ અને નોંધણી નંબર | ફોર્મ્સ ઈસ્યુ કરનાર કચેરી | રદ કરવાપાત્ર એફ ફોર્મ નંબર | રદ કરવા પાત્ર કુલ પાના | રદ કરવાનું કારણ |
|---|---|---|---|---|---|
| ૧ | મે. તીરુપતી પ્રોટીન્સ પ્રા. લી.<br>૨૪૦૭૩૩૦૨૦૨૮<br>૨૪૫૭૩૩૦૨૦૨૮ | વા. વે. અધિકારી (૪), ઘટક-૬, અમદાવાદ. | "F" Form No : ૦૫૧૦૯૨૦ | ૧ (એક)<br>" F " Form | ખોવાયેલ હોવાથી |

આથી હું, વી. વી. દવે, સંયુક્ત વાણિજ્યિકવેરા કમિશ્નરશ્રી, વિભાગ-૧, અમદાવાદ, કેન્દ્રીય વેચાણવેરા નિયમ-૧૯૭૦ ના નિયમ-૪(એ) ના પેટા નિયમ-૭ અન્વયે મને મળેલ સત્તાની રૂઈએ ઉપરોક્ત દર્શાવેલ "એફ" ફોર્મ રદ કરવા ઠરાવું છું.

અમદાવાદ, ૩૧ માહે મે, સને ૨૦૧૭.

---

વંચાણમાં લીધું :

(૧) મે. એપોલો ટાયર્સ લી., નોં.નં. ૨૪૦૭૩૭૦૧૨૩૦ ની 'સી' ફોર્મ ખોવાયા અંગેનો વાણિજ્યિકવેરા અધિકારી-(૨), ઘટક-૯, અમદાવાદના પત્રાંક જા. ૭૦૩/૦૪, તારીખ ૧૫-૦૫-૨૦૧૭.

(૨) નાયબ વાણિજ્યિકવેરા કમિશ્નરશ્રી, વર્તુળ-૩ ના પત્રાંક : જા. ૧૩૫૨, તા. ૨૪-૦૫-૨૦૧૭.

### જાહેરનામુ

ક્રમાંક : સંવાવેકમિ/વિ.-૧/ધારાકીય ફોર્મ/૨૦૧૭-૧૮/જા. ૧૧૪૧/૬૦.-વાણિજ્યિકવેરા અધિકારી (૨), ઘટક-૯, અમદાવાદના ક્ષેત્રાધિકાર હેઠળના નીચે દર્શાવેલ વેપારી મે. એપોલો ટાયર્સ લી., કે જેઓ સ્થાનિક કાયદા અન્વયે નોંધણી નંબર ૨૪૦૭૩૭૦૧૨૩૦ તથા કેન્દ્રીય કાયદા અન્વયે નોં. નં. ૨૪૫૭૩૭૦૧૨૩૦ ધરાવે છે. તેઓને ઈશ્યુ કરવામાં આવેલ "C" Form No. : ૭૫૫૨૭૪૧ તથા ૭૫૫૨૯૮૦ (બે) કુલ-૨ ખોવાઈ ગયેલ હોવાથી વંચાણમાં લીધેલ દરખાસ્ત ક્રમાંક-૧ અને ૨ મુજબ વેપારીશ્રીનાં નીચે દર્શાવ્યા મુજબના C Form પાના નંગ-૦૨ ખોવાઈ ગયેલ છે તે રદ કરવા ઠરાવું છું.

| ક્રમ | વેપારીનું નામ અને નોંધણી નંબર | ફોર્મ્સ ઈસ્યુ કરનાર કચેરી | રદ કરવાપાત્ર 'સી' ફોર્મ નંબર | રદ કરવાપાત્ર કુલ પાના | રદ કરવાનું કારણ |
|---|---|---|---|---|---|
| ૧ | મે. એપોલો ટાયર્સ લી.<br>૨૪૦૭૩૭૦૧૨૩૦<br>૨૪૫૭૩૭૦૧૨૩૦ | વા. વે. અધિકારી (૨), ઘટક-૯, અમદાવાદ. | "C" Form No : ૭૫૫૨૭૪૧ તથા ૭૫૫૨૯૮૦ | ૦૨ (બે)<br>" C " Form | ખોવાયેલ હોવાથી |

આથી હું, વી. વી. દવે, સંયુક્ત વાણિજ્યિકવેરા કમિશ્નરશ્રી, વિભાગ-૧, અમદાવાદ, કેન્દ્રીય વેચાણવેરા નિયમ-૧૯૭૦ ના નિયમ-૪(એ) ના પેટા નિયમ-૭ અન્વયે મને મળેલ સત્તાની રૂઈએ ઉપરોક્ત દર્શાવેલ "સી" ફોર્મ રદ કરવા ઠરાવું છું.

અમદાવાદ, ૨૫ માહે મે, સને ૨૦૧૭.

વંચાણમાં લીધું :

(૧) મે. એસ.કે.એફ.(ઈન્ડીયા) લી., નોં.નં. ૨૪૦૭૪૫૦૧૫૪૦ ની 'આઈ' ફોર્મ ખોવાયા અંગેનો વાણિજિયકવેરા અધિકારી-(૨), ઘટક-૧૧, અમદાવાદના પત્રાંક જા. ૨૭૬૬૭/૬૮, તારીખ ૨૪-૦૩-૨૦૧૭.

(૨) નાયબ વાણિજિયકવેરા કમિશ્નરશ્રી, વર્તુળ-૨ ના પત્રાંક : જા. ૭૮૬, તા. ૨૬-૦૪-૨૦૧૭.

## જાહેરનામુ

ક્રમાંક : સંવાવેકમિ/વિ.-૧/ધારાકીય ફોર્મ/૨૦૧૭-૧૮/જા. ૯૮૫/૧૦૦૪.-વાણિજ્યિકવેરા અધિકારી (૨), ઘટક-૧૧, અમદાવાદના ક્ષેત્રાધિકાર હેઠળના નીચે દર્શાવેલ વેપારી મે. એસ.કે.એફ.(ઈન્ડીયા) લી., કે જેઓ સ્થાનિક કાયદા અન્વયે નોંધણી નંબર ૨૪૦૭૪૫૦૧૫૪૦ તથા કેન્દ્રીય કાયદા અન્વયે નોં. નં. ૨૪૫૭૪૫૦૧૫૪૦ ધરાવે છે. તેઓને ઈશ્યુ કરવામાં આવેલ "I" Form No. : ૦૦૨૧૧૦૪ કુલ-૧ (એક) ખોવાઈ ગયેલ હોવાથી વંચાણમાં લીધેલ દરખાસ્ત ક્રમાંક-૧ અને ૨ મુજબ વેપારીશ્રીનાં નીચે દર્શાવ્યા મુજબના I Form પાના નંગ-૦૧ ખોવાઈ ગયેલ છે તે રદ કરવા ઠરાવું છું.

| ક્રમ | વેપારીનું નામ અને નોંધણી નંબર | ફોર્મ્સ ઈસ્યુ કરનાર કચેરી | રદ કરવાપાત્ર એચ ફોર્મ નંબર | રદ કરવા પાત્ર કૂલ પાના | રદ કરવાનું કારણ |
|---|---|---|---|---|---|
| ૧ | એસ.કે.એફ. (ઈન્ડીયા) લી. ૨૪૦૭૪૫૦૧૫૪૦ ૨૪૫૭૪૫૦૧૫૪૦ | વા. વે. અધિકારી (૨), ઘટક-૧૧, અમદાવાદ. | "I" Form No : ૦૦૨૧૧૦૪ | ૦૧ (એક) " I " Form | ખોવાયેલ હોવાથી |

આથી હું, વી. વી. દવે, સંયુક્ત વાણિજ્યિકવેરા કમિશ્નરશ્રી, વિભાગ-૧, અમદાવાદ, કેન્દ્રીય વેચાણવેરા નિયમ-૧૯૭૦ ના નિયમ-૪(એ) ના પેટા નિયમ-૭ અન્વયે મને મળેલ સત્તાની રૂઈએ ઉપરોક્ત દર્શાવેલ "આઈ" ફોર્મ રદ કરવા ઠરાવું છું.

અમદાવાદ, ૧૭ માહે મે, સને ૨૦૧૭.

વી. વી. દવે,
સંયુક્ત વાણિજ્યિકવેરા કમિશ્નર,
વિભાગ-૧, અમદાવાદ.

---

જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ દ્વારા

## નોંધણીનું પ્રમાણપત્ર

જાવક નંબર/નધણ/ચ/૬૮/૧૩૬૭/૨૦૧૭.-જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, અમરેલી, શ્રી શ્રી શિપયાર્ડ ક્રેડીટ એન્ડ કન્ઝયુમર્સ કો-ઓપરેટીવ સોસાયટી લી., સ્થળ : પીપાવાવ પોર્ટ, મુ. રામપરા-૨, તા. : રાજુલા, જિ. અમરેલીને નોંધણી નંબર : નધણ/એ.એમ.આર/"સે"(૫)/૩૯૫૭૪/૨૦૧૭, તા. ૦૦-૦૬-૨૦૧૭ થી સને ૧૯૬૧ નો ગુજરાત સહકારી મંડળીઓનો અધિનિયમ (૧૯૬૨નો ૧૦મો)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

અમરેલી, ૦૨ માહે જુન, સને ૨૦૧૭.

સુનિલકુમાર ચૌધરી,
જીલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
અમરેલી.

## નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : નધણ/ક-૩/૧૯૦/જેએમઆર/સે-૪૫૦૪૩/૨૦૧૭.-જિલ્લા રજિસ્ટ્રાર, સ. મં., જામનગર, આથી જાહેર કરે છે કે, શ્રી આશાપુરા મહિલા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., મર્યાદિત મુ. : ઝાંખર, તાલુકો : લાલપુર, જિલ્લો : જામનગર, સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

જામનગર, ૦૫ માહે જુન, સને ૨૦૧૭.

---

## નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : નધણ/ક-૩/૧૮૯/જેએમઆર/સે-૧૩૬૯૧/૨૦૧૭.-જિલ્લા રજિસ્ટ્રાર, સ. મં., જામનગર, આથી જાહેર કરે છે કે, શ્રી નાગેશ્વર કૃપા મજૂર બાંધકામ સહકારી મંડળી લી., મર્યાદિત મુ. : બાવડીદળ, તા. : જામજોધપુર, જિલ્લો : જામનગર, સને

૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

જામનગર, ૦૧ માહે મે/જુન, સને ૨૦૧૭.

**વી. એમ. મહેતા,**
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
જામનગર.

---

વંચાણે લીધા :

(૧) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ તથા ૧૦૮ની જોગવાઈઓ.

(૨) ગુજરાત સરકારશ્રીના કૃષિ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગરના જાહેરનામાં ક્રમાંક : ધખ/૫૧/૨૦૦૫/ એન.એસ.બી./૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ, તા. ૨૧-૦૭-૨૦૧૧.

(૩) અત્રેની કચેરીના તા. ૩૦-૦૬-૨૦૧૬ નો વચગાળાનો ફડચાનો આદેશ નં. ફડચ/ખ-૪/૧૬૨/૨૦૧૬.

## અંતિમ આદેશ

જા. નં. : ફડચ/૧૮૬૩૯/ખ-૪/૨૨૨/૨૦૧૭.-આથી હું, આર. પી. ખરાડી, જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, જુનાગઢ, મને સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયે મળેલ સત્તા અધિકારની રૂએ શ્રી પ્રેરણા ગ્રાહક સહકારી ભંડાર લી., મુ. કેશોદ, તા. કેશોદ, જિલ્લો-જૂનાગઢ કે જેનો નોંધણી નં. ૪૫૭૩, તા. ૧૦-૦૯-૨૦૦૧ થી નોંધાયેલ છે. તેને અધિનિયમની કલમ-૧૦૭(૩) અન્વયે ફડચામાં લઈ જવાનો અંતિમ આદેશ કરૂં છું. સદર મંળીના ફડચા અધિકારી તરીકે શ્રી ઓડીટર ગ્રેડ-૨, સ. મં. (પ્રમાણીત), જુનાગઢની નિમણુંક કરૂં છું.

ફડચા અધિકારીશ્રીએ મંડળીનો તમામ પ્રકારનો ચાર્જ સંભાળી લઈ તેના ચાર્જલીસ્ટની નકલ મંડળીનાં છેલ્લા સરવૈયા હિસાબી પત્રકો સાથે અત્રેની કચેરીને મોકલી મંડળીની ફડચા ફી ની નિયત ધોરણે આકારણી કરી, સહકારી કાયદાની કલમ-૧૧૪ હેઠળ આ હુકમની તારીખથી ૫ વર્ષની અંદર કામગીરી પૂર્ણ કરવાની રહેશે.

જુનાગઢ, ૩૧ માહે મે, સને ૨૦૧૭.

---

વંચાણે લીધા :

(૧) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ તથા ૧૦૮ની જોગવાઈઓ.

(૨) ગુજરાત સરકારશ્રીના કૃષિ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગરના જાહેરનામાં ક્રમાંક : ધખ/૫૧/૨૦૦૫/ એન.એસ.બી./૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ, તા. ૨૧-૦૭-૨૦૧૧.

(૩) અત્રેની કચેરીના તા. ૧૭-૦૧-૨૦૧૭ નો વચગાળાનો ફડચાનો આદેશ નં. ફડચ/ખ-૪/૪૧/૧૭.

## અંતિમ આદેશ

જા. નં. : ફડચ/૧૮૬૩૮/ખ-૪/૨૨૧/૨૦૧૭.-આથી હું, આર. પી. ખરાડી, જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, જુનાગઢ, મને સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયે મળેલ સત્તા અધિકારની રૂએ શ્રી ડેરવાણ દુધ ઉત્પાદક સહકારી મંડળી લી., મુ. ડેરવાણ, તા. કેશોદ, જિલ્લો-જૂનાગઢ કે જેના પુનઃજીવીત તા. ૨૩-૦૪-૨૦૦૭ થી નોંધાયેલ છે. તેને અધિનિયમની કલમ-૧૦૭(૧)(સી)(૪) અન્વયે ફડચામાં લઈ જવાનો અંતિમ હુકમ કરૂં છું. સદર મડંળીના ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી (ફડચો) લગત આ કચેરીની નિમણુંક કરૂં છું.

ફડચા અધિકારીશ્રીએ મંડળીનો તમામ પ્રકારનો ચાર્જ સંભાળી લઈ તેના ચાર્જલીસ્ટની નકલ મંડળીનાં છેલ્લા સરવૈયા હિસાબી પત્રકો સાથે અત્રેની કચેરીને મોકલી મંડળીની ફડચા ફી ની નિયત ધોરણે આકારણી કરી, સહકારી કાયદાની કલમ-૧૧૪ હેઠળ આ હુકમની તારીખથી ૫ વર્ષની અંદર કામગીરી પૂર્ણ કરવાની રહેશે.

જુનાગઢ, ૩૧ માહે મે, સને ૨૦૧૭.

---

વંચાણે લીધા :

(૧) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ તથા ૧૦૮ની જોગવાઈઓ.

(૨) ગુજરાત સરકારશ્રીના કૃષિ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગરના જાહેરનામાં ક્રમાંક : ધખ/૫૧/૨૦૦૫/ એન.એસ.બી./૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ, તા. ૨૧-૦૭-૨૦૧૧.

(૩) અત્રેની કચેરીના તા. ૬-૦૨-૨૦૧૭ નો વચગાળાનો ફડચાનો આદેશ નં. ફડચ/ખ-૪/૬૬/૧૭.

## અંતિમ આદેશ

જા. નં. : ફડચ/૧૮૬૩૭/ખ-૪/૨૨૦/૨૦૧૭.-આથી હું, આર. પી. ખરાડી, જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, જુનાગઢ, મને સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયે મળેલ સત્તા અધિકારની રૂએ શ્રી બાબરા (ગીર) દુધ ઉત્પાદક સહકારી મંડળી લી., મુ. બાબરા (ગીર), તા. માળીયા, જિ. જુનાગઢ, જેના નોંધણી નંબર ૨૩૧૪૧ તા. ૧૨-૦૧-૧૯૮૮ થી નોંધાયેલ છે. તેને અધિનિયમની કલમ-૧૦૭(૧)(સી)(૪) અન્વયે ફડચામાં લઈ જવાનો અંતિમ હુકમ કરૂં છું. સદર મંડળીના ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી (ફડચો) લગત આ કચેરીની નિમણુંક કરૂં છું.

ફડચા અધિકારીશ્રીએ મંડળીનો તમામ પ્રકારનો ચાર્જ સંભાળી લઈ તેના ચાર્જલીસ્ટની નકલ મંડળીનાં છેલ્લા સરવૈયા હિસાબી પત્રકો સાથે અત્રેની કચેરીને મોકલી મંડળીની ફડચા ફી ની નિયત ધોરણે આકારણી કરી, સહકારી કાયદાની કલમ-૧૧૪ હેઠળ આ હુકમની તારીખથી ૫ વર્ષની અંદર કામગીરી પૂર્ણ કરવાની રહેશે.

જુનાગઢ, ૩૧ માહે મે, સને ૨૦૧૭.

**આર. પી. ખરાડી,**
જિલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
જુનાગઢ.

---

## નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : નધણ/જ-૨/૨૮૮/આરજેટી : સે.-૪૪૮૮૩/૨૦૧૭.-જિલ્લા રજીસ્ટ્રાર, સ. મં., રાજકોટ, આથી જાહેર કરે છે કે, શ્રી ૐ ગણેશ ક્રેડીટ કો-ઓપરેટીવ સોસાયટી લી., મર્યાદિત સ્થળ : રાજકોટ, તાલુકો : રાજકોટ, જિલ્લોઃ રાજકોટ, સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

રાજકોટ, ૧૪ માહે જુન, સને ૨૦૧૭.

**ટી. સી. તીરથાણી,**
જિલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
રાજકોટ.

---

### મદદનીશ જિલ્લા રજીસ્ટ્રાર (હાઉસીંગ) દ્વારા

## નોંધણીનું પ્રમાણપત્ર

જા. નં. : નધણ/ધરમ/૦૨/૨૬૨/૨૦૧૭.-મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ (હાઉસીંગ), રાજકોટ, આથી જાહેર કરે છે કે, ડેકોરા ઉત્સવ રેસીડેન્સી કો-ઓપરેટીવ હાઉસીંગ સર્વિસ સોસાયટી લી. રાજકોટ, તાલુકો : રાજકોટ, જિલ્લોઃ રાજકોટની ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ (સને-૧૯૬૨ નો ગુજરાતનો કાયદો-૧૦)ની કલમ-૯(૧)(અ) અન્વયે આજરોજ નોંધણી કરવામાં આવી. જેનો નોંધણી નં. RJT/સા-૪૪૧૮, તા. ૨૯-૦૫-૨૦૧૭ છે.

રાજકોટ, ૨૯ માહે મે, સને ૨૦૧૭.

**એસ. જે. હાલારી,**
મદદનીશ જિલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ (હાઉસીંગ),
રાજકોટ.

---

### મદદનીશ જિલ્લા રજીસ્ટ્રાર,
### સહકારી મંડળીઓ (પંચાયત) દ્વારા

## નોંધણીનું પ્રમાણપત્ર

નં. : સહ/નધણ/વશી/૯૩/૨૦૧૭.-શ્રી મદદનીશ જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ (પંચાયત), મોરબી, આથી જાહેર કરે છે કે, શ્રી સુંદરીભવાની ગામની સેવા સહકારી મંડળી લી., મુ. : સુંદરીભવાની, તાલુકો : હળવદ, જિલ્લોઃ મોરબી કે ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ (સને ૧૯૬૨નો ગુજરાતનો કાયદો-૧૦) ની કલમ-૯(૧)(અ) અન્વયે આજરોજ નોંધણી કરવામાં આવી. જેનો નોંધણી નંબર નધણ : એમઆરબી-સે-૪૪૨૯૬, તા. ૨૫-૦૪-૨૦૧૭ છે.

મોરબી, ૨૫ માહે એપ્રિલ, સને ૨૦૧૭.

**ડૉ. ડી. એ. ભોરણીયા,**
મદદનીશ જિલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ (પંચાયત),
મોરબી.

---

PRINTED AT THE GOVERNMENT PRESS, RAJKOT COMPLAINTS ABOUT GAZETTE MUST BE MADE WITHIN A FORTNIGHT FROM THE DATE OF THIS PUBLICATION ACCOMPANIED BY THE WRAPPER.

©

सत्यमेव जयते

# The Gujarat Government Gazette


**SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION**

***PUBLISHED BY AUTHORITY***

**VOL. LVIII] THURSDAY, 29th JUNE, 2017/ASHADHA 08, 1939 No. 26**


**Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central section in order that it may be filed as a separate compilation.**

# PART-I


| | Pages | | Pages |
|---|---|---|---|
| **PART - I**<br>Government Notifications Appointments Promotions, Leave of absence, Rules and orders (Other than those published in Part-I-A, IV-A, IV-B, and IV-C) list of publications for sales etc.,<br>Miscellaneous Notifications Appoint-ments etc., | 753-768 | **PART - I - B**<br>(Suppliment) Government Notifications Published under Land Acquisition Act only Supplement. | Nil |
| **PART - I - A**<br>Order and Notifications (Other than those published in Part-IV-B) under the Gujarat Local Boards, Village Panchayats, Municipals, Boroughs, (Districts) Municipals Primary Education and Local Fund Audits, Acts., | Nil | **PART - II**<br>Miscellaneous Notices, Advertisments, List of Books Sanctioned by the Director of Education, List of Jurors. Schedule of Estates by the Official Assignee, Summary of Births and Deaths, etc., | 1185-1220 |
| | | **PART - III**<br>Miscellaneous Supplements Season and Crop Reports, Prices, Current Rainfalls Returns, District Local Boards Accounts etc., | Nil |

# GOVERNMENT NOTIFICATIONS, ORDERS APPOINTMENTS, ETC.
## SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION
# NOTIFICATION
### MISCELLANEOUS NOTIFICATIONS APPOINTMENTS ETC.

## By the Principal District Judge

### NOTIFICATION

No. U.HC./55/B.8(2)/3685/2017.-The following Judicial Officers of Kachchh Judicial Department who have been granted and prevented from availing the Vacation for the year-2017, w.e.f. 13-05-2017 to 11-06-2017 (both days inclusive), for the period shown against their names :-

| Sr. No. | Name & Designation of the Judicial Officers | Period of vacation Enjoyed | Days | Period from which prevented | Days | Total Days | Remarks |
|---|---|---|---|---|---|---|---|
| 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 | 8 |
| 1 | Mr. J. R. Pandit, Principal Senior Civil Judge, Bhuj. | 22-05-2017 to 23-05-2017<br>29-05-2017 to 11-06-2017 | 02<br>14 | 13-05-2017 to 21-05-2017<br>24-05-2017 to 28-05-2017 | 09<br>05 | 14 | |
| 2 | Mr. N. G. Parmar, Chief Judicial Magistrate, Bhuj. | --- | --- | 13-05-2017 to 11-06-2017 | 30 | 30 | |
| 3 | Mr. R. H. Prajapati, 2nd Additional Senior Civil Judge, Bhuj. | 29-05-2017 to 07-06-2017 | 10 | 13-05-2017 to 28-05-2017<br>08-06-2017 to 11-06-2017 | 16<br>04 | 20 | |
| 4 | Mr. S. N. Ghasura, 3rd Additional Senior Civil Judge, Bhuj. | 19-05-2017 to 25-05-2017 | 07 | 13-05-2017 to 18-05-2017<br>26-05-2017 to 11-06-2017 | 06<br>17 | 23 | |
| 5 | Mr. V. D. Modh, 4th Additional Senior Civil Judge, Bhuj. | --- | --- | 13-05-2017 to 11-06-2017 | 30 | 30 | |
| 6 | Mr. U. S. Parmar, Additional Civil Judge, Bhuj. | --- | --- | 13-05-2017 to 11-06-2017 | 30 | 30 | |
| 7 | Mr. V. M. Vankar, 2nd Additional Civil Judge, Bhuj. | 15-05-2017 to 21-05-2017 | 07 | 13-05-2017 to 14-05-2017<br>22-05-2017 to 11-06-2017 | 02<br>21 | 23 | |
| 8 | Ms. P. G. Goswami, 3rd Additional Civil Judge, Bhuj. | --- | --- | 13-05-2017 to 11-06-2017 | 30 | 30 | |
| 9 | Mr. R. G. Barot, Principal Senior Civil Judge, Anjar. | --- | --- | 13-05-2017 to 11-06-2017 | 30 | 30 | |
| 10 | Ms. S. V. Pathan, Additional Senior Civil Judge, Anjar. | --- | --- | 13-05-2017 to 11-06-2017 | 30 | 30 | |
| 11 | Mr. A. A. Shaikh, Additional Civil Judge, Anjar. | --- | --- | 13-05-2017 to 11-06-2017 | 30 | 30 | |
| 12 | Mr. Arjun Singh, 2nd Additional Civil Judge, Anjar. | ---- | ---- | 13-05-2017 to 11-06-2017 | 30 | 30 | |

| 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 | 8 |
|---|---|---|---|---|---|---|---|
| 13 | Mr. B. M. Prajapati, Principal Senior Civil Judge, Gandhidham. | ---- | ---- | 13-05-2017 to 11-06-2017 | 30 | 30 | |
| 14 | Mr. C. N. Marfatia, Additional Senior Civil Judge, Gandhidham. | 15-05-2017 to 23-05-2017<br>26-05-2017 to 01-06-2017 | 09<br>07 | 13-05-2017 to 14-05-2017<br>24-05-2017 to 25-05-2017<br>02-06-2017 to 11-06-2017 | 02<br>02<br>10 | 14 | |
| 15 | Mr. T. C. Zaveri, 2nd Additional Senior Civil Judge, Gandhidham. | 18-05-2017 to 26-05-2017 | 09 | 13-05-2017 to 17-05-2017<br>27-05-2017 to 11-06-2017 | 05<br>16 | 21 | |
| 16 | Ms. R. G. Yadav, 3rd Additional Senior Civil Judge, Gandhidham. | 06-06-2017 to 11-06-2017 | 06 | 13-05-2017 to 05-06-2017 | 24 | 24 | |
| 17 | Mr. Z. Y. Rangrez, 4th Additional Senior Civil Judge, Gandhidham. | 15-05-2017 to 25-05-2017 | 11 | 13-05-2017 to 14-05-2017<br>26-05-2017 to 11-06-2017 | 02<br>17 | 19 | |
| 18 | Mr. N. A. Kulkarni, Additional Civil Judge, Gandhidham. | ---- | ---- | 13-05-2017 to 11-06-2017 | 30 | 30 | |
| 19 | Ms. Swati R. Gard, 2nd Additional Civil Judge, Gandhidham. | ---- | ---- | 13-05-2017 to 11-06-2017 | 30 | 30 | |
| 20 | Mr. K. D. Vidaja, 3rd Additional Civil Judge, Gandhidham. | ---- | ---- | 13-05-2017 to 11-06-2017 | 30 | 30 | |
| 21 | Mr. V. S. Patel, Principal Civil Judge, Bhachau. | 13-05-2017 to 21-05-2017 | 09 | 22-05-2017 to 11-06-2017 | 21 | 21 | |
| 22 | Mr. K. M. Chavda, Additional Civil Judge, Bhachau. | ---- | ---- | 13-05-2017 to 11-06-2017 | 30 | 30 | |
| 23 | Mr. P. K. Gadhavi, Principal Civil Judge, Rahpar. | ---- | ---- | 13-05-2017 to 11-06-2017 | 30 | 30 | |
| 24 | Mr. R. T. Rabari, Additional Civil Judge, Rahpar. | ---- | ---- | 13-05-2017 to 11-06-2017 | 30 | 30 | |
| 25 | Mr. B. G. Solanki, Principal Civil Judge, Mandvi. | 29-05-2017 to 01-06-2017 | 04 | 13-05-2017 to 28-05-2017<br>02-06-2017 to 11-06-2017 | 16<br>10 | 26 | |
| 26 | Mr. Priyanka Lal, (Ad-hoc) Additional Civil Judge, Mandvi. | ---- | ---- | 13-05-2017 to 11-06-2017 | 30 | 30 | |
| 27 | Mr. R. D. Arya, Principal Civil Judge, Mundra. | ---- | ---- | 13-05-2017 to 11-06-2017 | 30 | 30 | |
| 28 | Mr. S. S. Parikh, Additional Civil Judge, Mundra. | ---- | ---- | 13-05-2017 to 11-06-2017 | 30 | 30 | |
| 29 | Mr. Sanjeev Kumar, Principal Civil Judge, Nakhatrana. | ---- | ---- | 13-05-2017 to 11-06-2017 | 30 | 30 | |

| 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 | 8 |
|---|---|---|---|---|---|---|---|
| 30 | Mr. C. R. Modi, Principal Civil Judge, Dayapar. | ---- | ---- | 13-05-2017 to 11-06-2017 | 30 | 30 | |
| 31 | Mr. M. L. Chothani, (Ad-hoc) Principal Civil Judge, Naliya. | ---- | ---- | 13-05-2017 to 11-06-2017 | 30 | 30 | |

Kachchh at Bhuj, 17th June, 2017.

**Mehul M. Gandhi,**
Principal District Judge,
Kachchh at Bhuj.

---

***Read :***

(1) Hon'ble High Court's Notification No. A. 1201/2017[50], Dated 26-05-2016.

## NOTIFICATION

No. B/119/2017.-As per the Hon'ble High Court of Gujarat Notification cited in the preamble. I have taken over the charge as PRINCIPAL DISTRICT & SESSIONS JUDGE, KHAMBHALIA DIST. DEVBHUMI DWARKA. on 01-06-2017 B.O.II.

Therefore all the Top Secret Confidential and Demi Official correspondence meant for the Principal District Judge, Devbhumi Dwarka at Khambhalia may please be addressed to me by name as under :-

**Mr. D. M. Vyas**

Principal District Judge
Court Complex, Nr. Jodhpur Gate,
B/H. Govt. Circuit House, Khambhalia,
Dist. Devbhumi Dwarka-361305.

Telephone numbers are informed hereunder

| | | |
|---|---|---|
| S. T. D. Cod. | : | 02833 |
| Office | : | 234617 (Direct) |
| Office | : | 234618 |
| Fax | : | 234618 (Tel/Fax) |
| Mobile No. | : | 9904293280 |
| E-Mail | : | dmvyas@aij.gov.in |

Devbhumi Dwarka at Khambhalia, 3rd June, 2017.

**D. M. Vyas,**
Principal District Judge,
Devbhumi Dwarka at
Khambhalia.

---

***Read :***

*(1) Hon'ble High Court Letter no. 2408/1989, dated: 20-08-2016.*

*(2) Legal Department, Sachivalaya, Gandhinagar Notification No. GK/55/2016/SCT/102016/2599/D, Dated : 15-09-2016.*

*(3) Hon'ble H. C. Notification No. A-1201/2017 (52), dated 09-06-2017.*

*(4) This office Notification No. B-4/2953/2017, dated 23/27-02-2017.*

## NOTIFICATION

No. B-4/10935/2017.-In view of the Government of Gujarat, Legal Department Notification referred in preamble at Sr. No. (2), and Hon'ble High Court Notification cited in preamble at Sr. No. (3) and this office Notification cited in preamble at Sr. No. (4), the undersigned is pleased to designate the Court of 3rd Additional District Judge and Additional Sessions Judge, Bhavnagar, as Exclusively Special Court for Bhavnagar District for speedy trial of cases under the Scheduled Casted and Scheduled Tribes (Prevention of Atrocities) Act, 1989, to be commenced with retrospective effect from 12-06-2017 B.O.H., instead of 5th Additional District Judge & Additional Sessions Judge, Bhavnagar.

Bhavnagar, 13th June, 2017.

---

***Read :***

*(1) Hon'ble High Court Letter No. A.1258/2013, Dated: 28-01-2014, along with its Accompaniments i.e. Notification No. GK/03/2014/SPJ/102012/GOI-35/D, Dated : 28-01-2014 of Legal Department, Sachivalaya, Gandhinagar.*

(2) *Notification No. GK/01/2015/SPJ/102012/GOI-35/D, Dated: 05-02-2015 of Legal Department, Sachivalaya, Gandhinagar.*

(3) *This office Notifications No. B/9255 & 9256/2017, dated 10-05-2017.*

(4) *Notification No. GK/42/2016/SPJ/102012/GOI-35/D, Dated: 11-07-2016 of Legal Department, Sachivalaya, Gandhinagar.*

(5) *Hon'ble High Court Notification No. A-1201/2017 (52) dated: 09-06-2017.*

## NOTIFICATION

No. B/10936/2017.-In view of the Resolution cited in preamble at Sr. No. 4 of Legal Department, Government of Gujarat, Sachivalaya, Gandhinagar, the undersigned is pleased to hereby designates the 3rd. Additional Sessions Judge, Bhavnagar to be a "Special Court" to try the cases of the offences under The Protection of Children from Sexual Offences Act, 2012 (32 of 2012), arising from Ghogha, Sihor, Gariadhar, Vallabhipur, Umrala, Botad, Gadhada and Palitana Talukas Police Stations, with effect from **12-06-2017 B.O.H.**

Bhavnagar, 13th June, 2017.

**J. J. Pandya,**
Principal District Judge,
Bhavnagar.

---

## કલેક્ટર અને જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

## જાહેરનામું

નં. ડી.એમ.-૧/પાલીતાણા/પ્લાસ્ટીક ફ્રી ઝોન/૨૦૧૭.-ગુજરાત સરકારા દ્વારા પાલીતાણાને પવિત્ર યાત્રાધામ તરીકે વિકસાવવાનું નક્કી થયેલ છે. પાલીતાણા શહેર જૈન સમુદાયના લોકો માટે આસ્થા અને શ્રધ્ધાનું કેન્દ્ર હોઈ દર વર્ષે હજારો યાત્રાળુઓ ત્યાં આવે છે અને શેત્રુંજય પર્વતની યાત્રા કરે છે. આ યાત્રાળુઓ દ્વારા પ્લાસ્ટીક બેગ, પાણીના પાઉચ, પ્લાસ્ટીક બોટલ વિગેરેનો ઉપયોગ થતો હોય તેનાથી ઉત્પન્ન થતો કચરો પવિત્ર શેત્રુંજય પર્વત ઉપર કચરો જયાં-ત્યાં ફેંકવાના કારણે આ વિસ્તારોમાં ગંદકી થાય છે તેમજ પર્યાવરણને હાની પણ પહોંચે છે અને પવિત્રતા જળવાતી નથી. આથી પાલીતાણા શહેરમાં લોકોના સ્વાસ્થય, સુખાકારી તેમજ સ્વચ્છતા જાળવવા, પર્યાવરણના પ્રદુષણને અટકાવવા અને શેત્રુંજય ડુંગરની પવિત્રતા જળવાઈ રહે તે માટે પાલીતાણા શહેરમાં તળેટીથી શરૂ કરી સમગ્ર શેત્રુંજય ડુંગરના વિસ્તારને પ્લાસ્ટીક મુકત ઝોન જાહેર કરવા પ્રતિબંધ ફરમાવવો જરૂરી જણાય છે.

સબબ, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪નો બીજો અધિનિયમ)ના કાયદાની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ સત્તાની રૂએઈ હું, હર્ષદ પટેલ (આઈ.એ.એસ.), કલેકટર અને જિલ્લા મેજિસ્ટ્રેટ, ભાવનગર જિલ્લો, ભાવનગર, પાલીતાણા શહેરમાં તળેટીથી શરૂ કરી સમગ્ર શેત્રુંજય ડુંગરના વિસ્તારમાં પ્લાસ્ટીક પોલીથીનથી બનાવેલ ઉકત આઈટમ સહિતની વસ્તુઓનો ઉપયોગ કરવા પર પ્રતિબંધ ફરમાવું છું.

આ હુકમ તા. ૧૬-૦૬-૨૦૧૭ થી તા. ૧૪-૦૮-૨૦૧૭ સુધી (બંને દિવસો સુધ્ધા) દિન-૬૦ માટે અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય દંડસંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

''જાહેરનામાના અમલ તથા તેના ભંગ બદલ પગલા લેવા હેડકોન્સ્ટેબલથી નીચેના ન હોય તેવા પોલીસ અધિકારીશ્રી તથા ચીફ ઓફિસરશ્રી, નગરપાલિકા, પાલીતાણાને અધિકૃત કરવામાં આવે છે.''

આ હુકમ ઉપર નિર્દિષ્ટ કરેલ વિસ્તારમાં સહેલાઈથી દેખી શકાય તેવી રીતે ''પ્લાસ્ટીક ફ્રી ઝોન'' નાં બોર્ડ લગાવીને, જાહેરનામાની નકલ ચોંટાડીને તેમજ સ્થાનિક વર્તમાનપત્રોમાં બહોળી પ્રસિધ્ધી આપીને પ્રસિધ્ધ કરવાનું આથી હું ફરમાવું છું.

આજ તા. ૧૩-૦૬-૨૦૧૭ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી જાહેરનામું બહાર પાડેલ છે.

ભાવનગર, ૧૩ માહે જુન, સને ૨૦૧૭.

**હર્ષદ પટેલ,**
કલેકટર અને જિલ્લા મેજીસ્ટ્રેટ,
ભાવનગર.

---

## જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

## જાહેરનામું

નાં. મેજી/પોલ/સીઆરપીસી/૧૪૪/જાહેરનામું/૬/૨૦૧૭.-કચ્છ જિલ્લાના જુદા જુદા બંદરેથી માછીમારી માટે માછીમારો સમુદ્રમાં જાય છે. સમુદ્રમાં ગયા પછી વાવાઝોડા, વરસાદ વિગેરેની આગાહીઓ સંબંધે આવા સમુદ્રમાં રહેલ માછીમારોને ચેતવણી પહોંચાડવી શકય હોતી નથી. તેમજ માહે મે માસથી દરિયો તોફાની થઈ જાય છે. મે ૧૯૯૯માં ત્રાટકેલા વાવાઝોડાથી અન્ય જિલ્લાઓના માછીમારોની મોટી ખુવારી થયેલ હતી. તેમની લાશો કચ્છ જિલ્લાના દરિયાકાંઠે મળી આવેલ હતી. માછીમારોને માછીમારી માટે મે મહીનાથી દરિયામાં જવુ વિશેષ જોખમયુકત હોય છે. મત્સ્યોદ્યોગ ખાતું તથા પોર્ટ ઓફીસરશ્રી દ્વારા આવા માછીમારોને મે માસથી સમુદ્રમાં જવા માટે પરવાનગી આપવામાં આવતી નથી. તેમ છતાં અન અધિકૃત રીતે કોઈ માછીમાર, માછીમારી માટે સમુદ્રમાં ચાલ્યા જાય અને વાવઝોડા, વરસાદ જેવા પરિબળોથી

સમુદ્ર તોફાની બને તેવા સંજોગોમાં માછીમારોના જાનનું જોખમ ઉભુ થાય તેવો પુરતો સંભવ છે. જેથી આવા માછીમારોને સમુદ્રમાં ગેરકાયદેસર રીતે જતા અટકાવવા અનિવાર્ય છે.

સબબ ભારતીય ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ સત્તાની રૂએ હું, રેમ્યા મોહન, (આઈ.એ.એસ.), જિલ્લા મેજિસ્ટ્રેટ, કચ્છ-ભુજ, આથી ફરમાવું છું કે, કચ્છ જિલ્લાના સમગ્ર વિસ્તારના દરિયાકાંઠેથી કે ક્રીક એરિયામાં કોઈપણ માછીમારોએ કે અન્ય કોઈ વ્યકિતએ તા. ૧૦-૦૬-૨૦૧૭ થી તા. ૩૧-૦૭-૨૦૧૭ નાં સમય દરમ્યાન માછીમારી માટે કે અન્ય કોઈ હેતુસર સમુદ્રમાં કે ક્રીક એરિયામાં જવું નહીં અને કોઈપણ બોટની અવર-જવર કરવી નહીં

**આ હુકમ નીચેના વ્યકિતઓને લાગુ પડશે નહીં.**

૧. પોર્ટ ઉપર આવતા વ્યાપારીક જહાજોને.

૨. લશ્કરી દળો, અર્ધ લશ્કરી દળો, પોલીસ દળોની બોટો.

૩. પગડીયા માછીમારો.

૪. નોન મોટર ક્રાફટ (લાકડાની બિન યાંત્રિક એક લકડી હોડી અને શઢવાળી હોડી).

આ જાહેરનામા હુકમનું ઉલ્લંઘન કરનારને ભારતીય ફોજદારી અધિનિયમ (સને ૧૮૬૦નાં ક્રમાંક ૪૫) ની કલમ -૧૮૮ મુજબ સજા થઈ શકે છે.

આ જાહેરનામાંની વર્તમાન પત્રો મારફતે બહોળી પ્રસિધ્ધી કરવી.

આ જાહેરનામું તા. ૧૦-૦૬-૨૦૧૭ થી તા. ૩૧–૦૭-૨૦૧૭ સુધી અમલમાં રહેશે.

આજ તા. ૦૯-૦૬-૨૦૧૭ ના રોજ મારી સહી અને કચેરીનો સિક્કો કરી જાહેરનામું બહાર પાડવામાં આવ્યું.

કચ્છ-ભુજ, ૦૯ માહે જુન સને ૨૦૧૭.

**રેમ્યા મોહન,**
જિલ્લા મેજીસ્ટ્રેટ,
કચ્છ-ભુજ.

---

**ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭ની પેટા કલમ-૩ હેઠળનું**

## જાહેરનામું

નં. એમએજી/સી/૩૭૩/૧૫૬/૨૦૧૭.-તાજેતરના ભૂતકાળમાં ગુજરાતમાં વિવિધ સમાજ જુથો દ્વારા અનામતની માંગણી, સમર્થન, તરફેણ અને વિરૂધ્ધમાં આંદોલનો અને રજુઆતો થતાં રહયા હતા. તે તથા તેના જેવા અન્ય મુદ્દાઓ પરત્વે વિવિધ સામાજીક અને અન્ય પ્રકારના જુથો દ્વારા વિવિધ પ્રકારની માંગણીઓ કે બચાવના આઘાત/પ્રત્યાઘાત રૂપે આવેદનપત્રો આપવા, ધરણાઓ કરવા, વિરોધ પ્રદર્શન-રેલીઓ કાઢવાની પરવાનગી સાથે કે પરવાનગી વગરની ચેષ્ટાઓ થઈ રહી છે. જેના કારણે સમયાંતરે વિવિધ સમાજ જુથો દ્વારા ધરણા, દેખાવો સહીતના આકસ્મિક કાર્યક્રમો થવાની શકયતાને નકારી શકાય નહીં. ઉપરાંત પોરબંદર નગરપાલિકા વિસ્તારમાં ભૂગર્ભ ગટર યોજનાની કામગીરી તથા તેને કારણે ખોદાયેલ રસ્તાઓનો પ્રશ્ન રહેલો છે, જે બાબતે પણ જુદા જુદા લોક જુથો દ્વારા રજૂઆત, એક યા બીજા કારણોસર વિરોધ પ્રદર્શન થતું રહે છે. તેના કારણે કોઈપણ સમયે સુલેહ શાંતિભંગ થવાની શકયતા નકારી શકાય નહી. સબબ, પોરબંદર જિલ્લામાં અગમચેતીના પગલા રૂપે સભા, સરઘસ, રેલી, ધરણા, ઉપવાસ જેવા કાર્યક્રમો વખતે કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતી જળવાઈ રહે અને પોલીસની કામગીરીમાં મદદરૂપ થઈ શકે તે માટે ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૩) મુજબનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા પોલીસ અધિક્ષકશ્રી, પોરબંદર તરફથી તા. ૧૫-૦૬-૨૦૧૭ થી દરખાસ્ત થઈ આવેલ છે. જે દરખાસ્તની વિગતે તથા પ્રવર્તમાન સંજોગો નજરે પોલીસ અધિક્ષકશ્રી, પોરબંદરની દરખાસ્ત મુજબ આ જિલ્લામાં ઉકત જાહેરનામું બહાર પાડવું ઈષ્ટ જણાય છે. તેથી ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭ની પેટા કલમ-૩થી મળેલ અધિકારની રૂઈએ હું, **અશોક કાલરીયા, આઈ.એ.એસ., જિલ્લા મેજીસ્ટ્રેટ, પોરબંદર જિલ્લો, પોરબંદર, આથી સમગ્ર પોરબંદર જિલ્લા વિસ્તારમાં તા. ૧૫-૦૬-૨૦૧૭ થી તા. ૨૮-૦૬-૨૦૧૭ સુધી બન્ને દિવસો સહિતની** મુદત માટે કોઈપણ સભા, મંડળી કે સરઘસ માટે મનાઈ ફરમાવું છું. આ હુકમ નીચેનાને લાગુ પડશે નહિ.

૧. ફરજ ઉપર હોય તેવી ગૃહરક્ષક મંડળી.

૨. સરકારની નોકરીએ અવરજવર કરતી હોય તેવી વ્યકિત.

૩. લગ્નનો વરઘોડો.

૪. સરકારશ્રી તરફથી યોજવામાં આવતા કાર્યક્રમો.

૫. સક્ષમ અધિકારીની કાયદેસર પરવાનગી લઈને કાઢેલા સરઘસ સહીતના કાર્યક્રમો.

આ હુકમનું પાલન ન કરનાર અથવા તેનું પાલન ન કરવામાં કોઈને મદદ કરનાર ગુન્હો સાબિત થયે સદરહું અધિનિયમની કલમ-૧૩૫ની પેટા કલમ-૩ મુજબ રૂા. ૨૦૦/- સુધીના દંડની શિક્ષાને પાત્ર ઠરશે, તેમજ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ ગુન્હો સાબિત થયે તે વ્યકિતને એક માસની સાદી કેદ અથવા રૂા. ૨૦૦/- સુધીના દંડ અથવા બંને શિક્ષા થઈ શકે અને હુકમની અવગણનાથી માનવજીવન અથવા સ્વાસ્થ્ય અથવા સલામતી માટે કોઈપણ ભય ઉત્પન્ન કરે અથવા કોઈ હુલ્લડ કરે કે બખેડો કરે તો તેવી વ્યકિતને છ માસ સપરિશ્રમ અથવા સાદી કેદ અથવા રૂા. ૧૦૦૦/- એક હજાર સુધીના દંડ સહિતની બન્ને શિક્ષાને પાત્ર ઠરશે.

આજ તા. ૧૫-૦૬-૨૦૧૭ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો લગાવી જાહેર જનતાની જાણ તથા અમલ માટે પ્રસિધ્ધ કર્યું.

પોરબંદર, ૧૫ માહે જુન, સને ૨૦૧૭.

**અશોક કાલરીયા,**
જિલ્લા મેજિસ્ટ્રેટ,
પોરબંદર.

---

## અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

### સને-૧૯૫૧ની ગુજરાત પોલીસ અધિનિયમ આંક-૨૨ની કલમ-૩૩(૧)(બી) હેઠળનું

### જાહેરનામું

નં. એમએજી/સી/૨૮૩૬/૩૦૩૨/૨૦૧૭.-જુનાગઢ મહાનગરપાલીકા દ્વારા જુનાગઢ મહાનગરપાલીકા વિસ્તારમાં ભવનાથ ક્ષેત્રમાં ''ફન સ્ટ્રીટ'' નું આયોજન કરવામાં આવેલ હોય, જે અન્વયે દામોદરકુંડ (ખાખચોક) થી ઈન્દ્રભારતી બાપુના દરવાજા (લાલધોરી તરફ) સુધી જતા રોડની જમણી સાઈડમાં દર રવિવારના સાંજે ૪-૦૦ કલાક થી રાત્રીના ૯-૦૦ કલાક સુધી ''ફન સ્ટ્રીટ'' કરવા અર્થે તમામ વાહનોની અવર-જવરને પ્રતિબંધિત કરવા મહાનગરપાલીકા, જુનાગઢના પત્ર નં. મ.ન.પા. જૂ. એડીએમ/જા. નં. ૩૫૪, તા. ૨૯-૦૫-૨૦૧૭ થી દરખાસ્ત થઈ આવેલ છે. ઉકત દરખાસ્ત અન્વયે પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢના પત્ર ક્રમાંક : સી/એલ.આઈ.બી./ફન સ્ટ્રીટ/૧૪૮૪/૧૭, તા. ૦૫-૦૬-૨૦૧૭ થી જાહેરનામું બહાર પાડવા હકારાત્મક અભિપ્રાય આપેલ છે.

સદરહું દરખાસ્ત વ્યાજબી જણાતી હોય, હું, પી. વી. અંતાણી, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, જુનાગઢ જિલ્લો, જુનાગઢ, સને-૧૯૫૧નાં ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩(૧)(બી) હેઠળ મને મળેલ અધિકારની રૂઈએ, ભવનાથ ક્ષેત્રમાં દામોદરકુંડ (ખાખચોક) થી ઈન્દ્રભારતી બાપુના દરવાજા (લાલધોરી તરફ) સુધી જતા રોડની જમણી સાઈડમાં તા. ૧૮-૦૬-૨૦૧૭ તથા તા. ૨૫-૦૬-૨૦૧૭ ને રવિવારના સાંજે ૦૪-૦૦ કલાક થી રાત્રીના ૯-૦૦ કલાક સુધી સુધી ''ફન સ્ટ્રીટ'' કરવા અર્થે તમામ વાહનોની અવર-જવર પર પ્રતિબંધ ફરમાવું છું.

આ જાહેરનામાનો કોઈ પણ ખંડનો ભંગ કે ઉલ્લંઘન કરનાર વ્યકિત ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧ માં જણાવેલ શિક્ષાને પાત્ર ઠરશે.

આજ તારીખ ૧૫મી, માહે જુન, સને-૨૦૧૭ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા કરી જાહેર જનતાની જાણ માટે પ્રસિધ્ધ કર્યું.

જુનાગઢ, ૧૫ માહે જુન, સને ૨૦૧૭.

### સને-૧૯૫૧નાં ગુજરાત પોલીસ અધિનિયમ આંક-૨૨ની કલમ-૪૩(૧) અન્વયે

### જાહેરનામું

ક્રમાંક : એમએજી/સી/પરબમેળો/૨૯૫૫/૨૦૧૭.-પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢના પત્ર નં. સી/એલઆઈબી/પરબમેળો/જા.નામુ/૧૫૧૦/૨૦૧૭, તા. ૦૯-૦૬-૨૦૧૭ ના પત્રથી થઈ આવેલ દરખાસ્તની વિગતે, જુનાગઢ જિલ્લામાં ભેસાણ તાલુકામાં આવેલ પરબ ખાતે તા. ૨૨-૦૬-૨૦૧૭ થી તા. ૨૬-૦૬-૨૦૧૭ સુધી અષાઢી બીજનો મેળો યોજાનાર હોય, જેમાં માણસો આવવા સંભવ હોય, ઉકત સમય દરમ્યાન લોકોનાં જાહેર આરોગ્યને નુકશાન ન થાય અને ચેપીરોગોનો ઉપદ્રવ થવા ન પામે તે માટે સાવચેતીના પગલાં લેવા ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ આંક-૨૨ની કલમ ૪૩(૧) હેઠળનું જાહેરનામુ પ્રસિધ્ધ કરવા દરખાસ્ત થઈ આવેલ છે. પોલીસ અધિક્ષકશ્રીની દરખાસ્ત વિચારણામાં લેવાનુ યોગ્ય જણાય છે.

સબબ હું, પી. વી. અંતાણી, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, જુનાગઢ જિલ્લો, જુનાગઢ, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ આંક-૨૨ની કલમ-૪૩(૧) અન્વયે મને મળેલ સત્તાની રૂઈએ તા. ૨૨-૦૬-૨૦૧૭ થી તા. ૨૫-૦૬-૨૦૧૭ સુધી ઉપરોકત વિસ્તારમાં નીચે પ્રમાણે મનાઈ ફરમાવુ છું.

(૧) લોકોને પીવાનું પાણી ઉપયોગમાં ન આવે તેવા પાણી સંબંધી કોઈ કૃત્યો કરવા નહી.

(૨) જાહેર આરોગ્યને નુકશાન થાય તેવા ખાદ્યપદાર્થો ખુલ્લા રાખી વેચાણ કરવુ નહી.

(૩) જાહેર આરોગ્ય ખાતાનાં કર્મચારીઓ તરફથી મળતી સુચના વિરૂધ્ધ ગંદકી કરવી નહી.

(૪) ચેપી રોગચાળા ધરાવતા શખ્સને દાખલ થવા દેવા નહી.

ઉપરોક્ત બાબતે દેખરેખ રાખવા અને જાહેર આરોગ્ય અંગે પગલા લેવા મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી, જુનાગઢ તથા તેઓશ્રીએ નિયુકત કરેલા કર્મચારીઓને અધિકાર આપવામાં આવે છે.

આ જાહેરનામાનો ભંગ કરનાર શખ્સ મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૯માં જણાવેલ શિક્ષાને તથા ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર ઠરશે.

આ જાહેરનામું આજરોજ તારીખ : ૧૭, માહે જુન-૨૦૧૭ ના રોજ મારી સહી તથા કચેરીનાં સિક્કા સાથે જાહેર જનતાની જાણ તથા અમલવારી માટે પ્રસિધ્ધ કર્યું.

જુનાગઢ, ૧૭ માહે જુન, સને ૨૦૧૭.

ગુજરાત પોલીસ અધિનિયમ આંક-૨૨ની
કલમ-૩૩ની(૧)બી હેઠળ

## જાહેરનામું

નં. એમએજી/સી/ફાયરીંગ બટ/૨૯૯૮/૩૦૩૨/૨૦૧૭.-આસીસ્ટન્ટ કમાંન્ડન્ટશ્રી, સી.આઈ.એસ.એફ. યુનીટ, દિવ એરપોર્ટના પત્ર નં. PR-11028/CISF/ASG(DIU)ARC/QM/2017-696, તા. ૧૦-૦૬-૨૦૧૭ થી સી.આઈ.એસ.એફ. સ્ટાફ, દિવના ફાયરીંગ પ્રેકટીશ લેવા માટે પોલીસ મહાવિદ્યાલય, જુનાગઢના 'બફેલ રેન્જ ફાયરીંગ બટ' ખાતે તા. ૨૮-૦૬-૨૦૧૭ના રોજ જાહેરનામું પ્રસિધ્ધ કરવા અત્રે દરખાસ્ત રજુ કરેલ છે. આ સંદર્ભે નાયબ પોલીસ અધિક્ષક અને ઉપાચાર્યશ્રી, પોલીસ તાલીમ મહાવિદ્યાલય, જુનાગઢના પત્ર નં. સીબી-૩/એ/ફા.બ./૩૧૮૪/૧૭, તા. ૦૯-૦૬-૨૦૧૭ થી ઉકત ફાયરીંગ બટની તેઓને ફાળવણી કરેલ છે. તે પત્રની નકલ પણ રજુ કરેલ છે.

સબબ ઉપરોકત સમગ્ર વિગતે ઉકત ફાયરીંગ દરમ્યાન તે વિસ્તારમાં લોકો તથા વાહનોની અવર-જવર ભયજનક જણાતાં હું, પી. વી. અંતાણી, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, જુનાગઢ જિલ્લો, જુનાગઢ, સને-૧૯૫૧ના ગુજરાત પોલીસ અધિનિયમની આંક-૨૨ની કલમ-૩૩(૧)(બી) હેઠળ મને મળેલ સત્તાની રૂએ તા. ૨૮-૦૬-૨૦૧૭ ના રોજ સવારે ૦૭-૦૦ થી સાંજના ૧૮-૦૦ કલાક સુધી પોલીસ તાલીમ મહાવિદ્યાલય, જુનાગઢનાં બફેલ રેન્જનાં આજુ-બાજુના ૧-કી.મી. વિસ્તારમાં રાહદારીઓને તેમજ વાહનોને ઉપરોકત સમય દરમ્યાન પ્રવેશબંધી ફરમાવું છું.

આજ તા. ૧૩, માહે જુન, સને ૨૦૧૭ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા કરી જાહેર જનતાની જાણ તથા અમલ થવા માટે પ્રસિધ્ધ કર્યું.

જુનાગઢ, ૧૩ માહે જુન, સને ૨૦૧૭.

---

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ કાઢેલ

## હુકમ

નં. એમએજી/સી/૨૯૫૨/૨૦૧૭.-પોલીસ અધિક્ષકશ્રી જુનાગઢના પત્ર ક્રમાંક : એસઓજી/જા.નામુ/મકાન/૨૭૫/૧૭, તા. ૦૮-૦૬-૨૦૧૭ ના પત્રથી ત્રાસવાદી તેમજ અસામાજીક તત્વો શહેરોમાં તેમજ ગીચ વસ્તીવાળા વિસ્તારોમાં ગુપ્ત આશરો મેળવી જાહેર સલામતી અને શાંતીનો ભંગ કરે છે તેમજ આતંકવાદી પ્રવૃતિ કરે છે. જેથી માનવ જીંદગીની ખુવારી થાય છે અને જાહેર તેમજ લોકોની સંપતીને નુકશાન પહોંચાડે છે. બહારના રાજયોમાંથી કે દેશ બહારથી આવતા આવા તત્વો કોઈના મકાન ભાડે રાખીને રહેતા હોય છે અને વિસ્તારનો સર્વે કરી સ્થાનિક પરિસ્થીતીથી માહિતગાર થઈને તેઓની ત્રાસવાદી પ્રવૃત્તિને અંજામ આપતા હોય છે, આથી સમગ્ર જિલ્લામાં કોઈ મકાન માલિક સંબંધીત પોલીસ સ્ટેશનને જાણ કર્યા સિવાય કોઈ વ્યક્તિને મકાન ભાડે આપી શકાશે નહી તેવુ જાહેરનામું પ્રસિધ્ધ કરવા દરખાસ્ત કરાયેલ છે.

જુનાગઢ જિલ્લો દરીયા કિનારો ધરાવે છે. જિલ્લામાં પવિત્ર યાત્રાધામ ગિરનાર આવેલ છે. આ સિવાય જિલ્લામાં પ્રવાસ-પર્યટનના તથા ઘણા ધાર્મિક સ્થળો આવેલા છે. જ્યાં વિશાળ પ્રમાણમાં દેશ-વિદેશના પ્રવાસીઓ યાત્રાળુઓ આવે છે. આજ રીતે જિલ્લામાં આવેલ ઔદ્યોગિક એકમોમાં પરપ્રાંતના માણસો કામ ધંધા અર્થે આવે છે. આવા સંજોગોમાં ત્રાસવાદી પ્રવૃત્તિ સાથે સંકળાયેલા કોઈ વ્યક્તિ સ્થાનિકે ભાડેથી મકાન લઈ સ્થાનિક માણસો સાથે ભળી જઈ બદ ઈરાદો પાર ન પાડે તે માટે જાહેર જનતાની સલામતી તથા સુરક્ષા માટે તકેદારીના પગલા લેવા આવશ્યક જણાતાં હોય પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢ તરફથી કરાયેલ દરખાસ્ત વ્યાજબી જણાય છે.

આથી હું, પી. વી. અંતાણી, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, જુનાગઢ જિલ્લો, જુનાગઢ, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ ના નં. ૨)ની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂ છું કે, જુનાગઢ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં કોઈ મકાન માલિક અગર તો આ માટે આવા મકાન માલિકે ખાસ સત્તા આપેલ વ્યક્તિ જ્યારે મકાન ભાડે આપે ત્યારે સંબંધીત પોલીસ સ્ટેશને જાણ કર્યા સિવાય કોઈ વ્યક્તિને મકાન ભાડેથી આપી શકશે નહી. ભાડે આપેલ મકાનની વિગત ભાડુઆત એ સંબંધીત દલાલ કે જેઓએ ભાડુઆતની ઓળખાણ આપેલ હોય તે અંગેની જરૂરી માહિતી નીચેના કોલમો મુજબ જે તે વિસ્તારના પોલીસ સ્ટેશન ખાતે આપવાની રહેશે.

| અનુ. | મકાન માલિકનું નામ, સરનામુ અને ટેલીફોન/મોબાઈલ નંબર તથા ભાડે આપેલ મકાનની વિગત, જેમાં કયા વિસ્તારમાં મકાન આવેલ છે અને મકાનનુ બાંધકામ કેટલા ચો.મી. માં છે તેની વિગત | મકાન ભાડે આપવા સત્તા ધરાવતા વ્યક્તિનું નામ, સરનામું, ટેલીફોન/ મોબાઈલ નંબર | મકાન કઈ તારીખથી ભાડે આપેલ છે તથા માસીક ભાડુ કેટલુ છે? | જે વ્યક્તિને મકાન ભાડે આપેલ છે તેનું પુરૂ નામ હાલનું સરનામું, ટેલીફોન/ મોબાઈલ નંબર ફોટા સાથે | જે વ્યક્તિને મકાન ભાડે આપેલ છે તેમના મુળ વતનનું પાકુ સરનામુ તથા વતનમાં ઓળખતા ત્રણ સગા સંબંધીના નામ અને સરનામા | મકાન માલીકને ભાડુઆતનો સંપર્ક કરાવનાર વ્યક્તિનું નામ, સરનામું, ટેલીફોન/ મોબાઈલ નંબર | રીમાર્કસ |
|---|---|---|---|---|---|---|---|
| (૧) | (૨) | (૩) | (૪) | (૫) | (૬) | (૭) | (૮) |
| | | | | | | | |

આ હુકમ તા. ૧૫-૦-૨૦૧૭ થી દિવસ-૬૦ સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમની જાહેર જનતાને જાણ સંબંધીત કચેરીઓએ તેમના નોટિસ બોર્ડ પર સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યા ઉપર નકલ ચોટાડીને તથા માહિતી ખાતાએ વર્તમાન પત્રોમાં પ્રસિધ્ધી કરી કરવાની રહેશે.

આજ તારીખ ૦૦ માહે જુન, સને–૨૦૧૭ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે જાહેર જનતાની જાણ તથા અમલવારી માટે આ હુકમ પ્રસિધ્ધ કરવામાં આવ્યો.

જુનાગઢ, ૧૨ માહે જુન, સને ૨૦૧૭.

---

### ફોજદારી કાર્યરીતિ આધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ કાઢેલ

## હુકમ

નં. : એમએજી/સી/વાહન લે-વેચ/૨૯૫૧/૨૦૧૭.-ગુજરાત રાજ્ય સહિત સમગ્ર દેશમાં છેલ્લા કેટલાક સમયથી આતંકવાદી ભાંગફોડીયા તત્વો દેશના અલગ અલગ રાજ્યોમાં આતંક ફેલાવાના હેતુથી રજીસ્ટર્ડ ન થતા હોય તેવા સાયકલ/મોપેડ/અન્ય વાહનોના ઉપયોગ કરતા હોવાનું જણાયેલ છે. આતંકવાદી કૃત્યમાં આવા વાહનનો ઉપયોગ થયા બાદ આવા વાહનોની કોઈ સ્પષ્ટ નોંધણી ન હોવાના કારણે તેના મુળ માલીક સુધી પહોંચવાનું તપાસ એજન્સી/પોલીસ માટે ખુબ જ મુશ્કેલી બનતું હોય છે. મહદઅંશે આવા વાહનોના વેચાણ વખતે આવા જુના વાહનોની લે-વેચ કરતી વખતે તેમજ આવા વાહનો ભાડે આપતી વખતે વેપારીઓએ ખરીદનાર/ગ્રાહક પાસેથી ઓળખના પુરતા પુરાવા મેળવ્યા વગર વાહનોનું વેચાણ, લે-વેચ કરતા હોય છે કે ભાડે આપતા હોય છે. મોટા શહેરોમાં બનેલ અમુક બનાવોથી જણાય છે કે ત્રાસવાદી/અસામાજીક તત્વો આવા રજીસ્ટર્ડ ન થતા હોય તેવા સાયકલ/મોપેડ/અન્ય વાહનોની ખરીદી કે ભાડેથી મેળવી જાહેર સલામતી અને શાંતિનો ભંગ કરે તેમજ માનવ જીંદગીની ખુવારી થાય અને લોકોની સંપતિને નુકશાન પહોંચે તેવી કોશીશ કરી રહયા છે.

બહારના રાજ્યોમાંથી અગર દેશ બહારથી આવતા આવા તત્વો રજીસ્ટર્ડ ન થતા હોય તેવા સાયકલ/મોપેડ/અન્ય વાહનોની ખરીદી/લે-વેચ ભાડેથી મેળવી સ્થાનીક પરિસ્થિતિથી માહિતગાર થઈને તેઓની ત્રાસવાદી પ્રવૃતિઓને અંજામ આપતા હોય છે. જેથી રજીસ્ટર્ડ ન થતા હોય તેવા સાયકલ/મોપેડ/અન્ય વાહનોનું વેચાણ કરનાર, આવા વાહનોની લે વેચ કરનાર તથા આવા વાહનો ભાડે આપનાર વેપારીઓ ઉપર નિયંત્રણો મુકવા પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢના પત્ર નં. એસ.ઓ.જી./જાહેરનામું/વાહન/લે-વેચ/૨૭૪/૧૭, તા. ૦૮-૦૬-૨૦૧૭ થી દરખાસ્ત રજુ થયેલ છે. ઉકત દરખાસ્ત વ્યાજબી જણાતી હોય, આથી હું, પી. વી. અંતાણી, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, જુનાગઢ જિલ્લો, જુનાગઢ, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪નો બીજો અધિનિયમ)ના કાયદાની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે, સમગ્ર જુનાગઢ જિલ્લાના વિસ્તારમાં રજીસ્ટર્ડ ન થતા હોય, તેવા સાયકલ/મોપેડ/તેમજ અન્ય વાહનોનું વેચાણ કરનાર, આવા જુના વાહનોની લે-વેચ કરનાર તથા આવા વાહનો ભાડે આપનાર વેપારીઓ જ્યારે જ્યારે આવા નવા/જુના વાહનોની લે-વેચ કરે કે આવા વાહનો ભાડે આપે ત્યારે જે તે વ્યક્તિને આવું વાહન વેચાણ કરેલ હોય, આવું વાહન ખરીદેલ હોય અથવા તો જે વ્યકિતને ભાડે આપેલ હોય તેવી વ્યકિત પાસેથી જરૂરી માહિતી/આધાર પુરાવા મેળવીને નીચે દર્શાવ્યા પ્રમાણે રજીસ્ટર્ડની નિભાવણી કરીને તેમજ જરૂરી જણાયે જિલ્લા મેજીસ્ટ્રેટ, પોલીસ અધિક્ષક, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, સબ ડિવીઝનલ મેજીસ્ટ્રેટ, એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ કે તેમના તાબાના અધિકારી માંગે ત્યારે તેઓને અવશ્ય આપવાનો આથી હુકમ કરવામાં આવે છે.

તદનુસાર નવા/જુના વાહનોનું વેચાણ કરનાર, લે-વેચ કરનાર તથા ભાડે આપનાર વેપારીઓએ નીચે દર્શાવેલ નમુનાના રજીસ્ટરની સ્થાનીક પોલીસ સ્ટેશનના સીક્કા કરાવી, અવશ્યકપણે નિભાવણી કરવાનો આથી હુકમ કરવામાં આવે છે.

| ક્રમ | વાહન કોને વેચેલ છે/ કોની પાસેથી ખરીદેલ છે/ કોને ભાડે આપેલ છે, તેનું પુરૂ નામ, જ્ઞાતી(જાત), ઉંમર, સરનામું, કોન્ટેક નંબર | વાહનનો નંબર/પ્રકાર, એન્જીન નંબર તથા ચેસીસ નંબર | રજુ કરેલ આધાર પુરાવા જેવા કે રેશનકાર્ડ/ ચૂંટણીકાર્ડ/ડ્રાઈવીંગ લાયસન્સ/બેન્કની પાસબુક/પાનકાર્ડ/પાસપોર્ટ/ઈલેક્ટ્રીક બીલ/ ટેલીફોન બીલ (ખરીદનાર પાસેથી તેમની સહીથી પ્રમાણીત થયેલ ઝેરોક્ષ નકલ મેળવીને ફાઇલ બનાવી રાખવી.) | વાહન કોને વેચેલ છે./ કોની પાસેથી ખરીદેલ છે./ કોને ભાડે આપેલ છે. તેનો તાજેતરનો પાસપોર્ટ સાઈઝનો ફોટોગ્રાફ |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |

આવા વેપારીએ દર મહીનાને અંતે આવા ખરીદ-વેચાણ કરેલ વાહનોની વિગતો એસ.ઓ.જી. શાખા, નવી પોલીસ અધિક્ષકશ્રીની કચેરી, શશીકુંજ સામે, દ્વારકાપુરી સોસાયટી રોડ, જુનાગઢ ખાતે અચુક રજુ કરવાની રહેશે.

આ હુકમ તા. ૧૫-૦૬-૨૦૧૭ થી દિવસ-૬૦ માટે અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ જાહેરનામું જાહેર વિસ્તારોમાં સહેલાઈથી દેખી શકાય તેવી રીતે તેની નકલ ચોંટાડીને તેમજ સ્થાનિક વર્તમાનપત્રોમાં બહોળી પ્રસિધ્ધી આપીને પ્રસિધ્ધ કરવાનું આથી હું ફરમાવું છું.

આજ, તારીખ ૧૨, માહે જુન, સને ૨૦૧૭ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા કરી જાહેરનામું બહાર પાડેલ છે.

જુનાગઢ, ૧૨ માહે જુલાઈ, સને ૨૦૧૬.

**પી. વી. અંતાણી,**
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
જુનાગઢ જિલ્લો, જુનાગઢ.

---

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની
કલમ-૩૩(૧)(ખ) હેઠળનુ

વંચાણે લીધા :

(૧) પોલીસ અધિક્ષકશ્રી, ગીર સોમનાથના પત્ર નં. સી/એલઆઈબી/ જા.નામુ/પ્રસિધ્ધ/૫૮૧/૨૦૧૭, તા. ૩૧-૦૫-૨૦૧૭.

(૨) નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન પેટા વિભાગ (પંચાયત), વેરાવળના પત્ર ક્રમાંક : ના.કા.ઈ./પી.બી./ અહેવાલ/૧૬૭/૨૦૧૭-૧૮, તા. ૧૨-૦૬-૨૦૧૭.

**જાહેરનામુ**

નં. એમએજી/સી/૨૩૭૦/૨૦૧૭.-પોલીસ અધિક્ષકશ્રી, ગીર સોમનાથના વંચાણે લીધેલ ક્રમ નં.-૧ના પત્રથી રજુ થયેલ વિગતો મુજબ રાજ્યની વિકાસલક્ષી યોજના અંતર્ગત ગીર સોમનાથ જિલ્લા પંચાયત દ્વારા આ જિલ્લાના તાલાલા તાલુકાના ઘુસીયા ગામથી પીપળવા ગામને જોડતો સિમેન્ટ કોંક્રીટ રોડ સરકારશ્રી તરફથી મંજુર કરવામાં આવેલ છે. જે રોડ બનાવવાની કામગીરી ચાલુ છે. આ રોડની બાજુમા આવેલ વાડી વિસ્તારના લોકો પોતાના ખેતરમા ધુળ/કાંપ ટ્રેકટરો/ભારે વાહનો દ્વારા નાખતા હોય અને હાલ આ રોડનુ કામ ચાલુ હોવાથી ભારે વાહનો ચાલવાથી રોડના મજબુતીકરણને નુકશાન થવાની તથા રોડ ખરાબ થવાની પુરી સંભાવના હોય તેમજ આ કામગીરી એક માસ સુધી ચાલુ રહે તેવી શકયતા હોય, ભારવાહક વાહનો આ રસ્તા ઉપરથી પસાર ન થાય તે માટેનુ જાહેરનામુ પ્રસિધ્ધ થવા પોલીસ અધિક્ષકશ્રી તરફથી દરખાસ્ત રજુ થયેલ છે. તેમજ નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન પેટા વિભાગ (પંચાયત), વેરાવળના વંચાણે લીધેલ ક્રમ નં.-૨ના પત્રથી પણ સદરહુ રસ્તા ઉપરથી વાહનવ્યવહારનો ટ્રાફીક બંધ કરવા અહેવાલ થઈ આવેલ છે.

ઉપરોકત વિગતે સદરહુ રસ્તાનુ કામ યોગ્ય રીતે થઈ શકે અને હાલમા બની રહેલ સદરહુ રસ્તા ઉપર ભારે વાહનો ચાલવાથી રોડના મજબુતીકરણને નુકશાન ન થાય તે સારૂ પોલીસ અધિક્ષકશ્રી, ગીર સોમનાથ અને નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન પેટા વિભાગ (પંચાયત), વેરાવળના જણાવ્યા મુજબ સદરહુ રસ્તા ઉપર ભારે વાહનોના પસાર થવા ઉપર પ્રતિબંધ મુકતુ જાહેરનામુ પ્રસિધ્ધ કરવુ યોગ્ય જણાય છે.

સબબ, હું બી. એમ. પટેલ, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ગીર સોમનાથ જિલ્લો, વેરાવળ ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૩૩(૧)(ખ) હેઠળ મને મળેલ સત્તાની રૂઈએ આ જિલ્લાના તલાલા તાલુકાના ઘુસીયા ગામથી પીપળવા ગામને જોડતા સિમેન્ટ કોંકીટના હાલમા બની રહેલ રસ્તા ઉપરથી ભારે વાહનોને પસાર થવા ઉપર પ્રતિબંધ ફરમાવવા આથી હુકમ કરુ છું. આ રસ્તા ઉપરથી પસાર થતા ભારે વાહનોએ વૈકલ્પિક રસ્તાનો ઉપયોગ કરવાનો રહેશે.

આ જાહેરનામુ બહાર પડયા તારીખથી દિન-૩૦ સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૧ મા જણાવેલ શિક્ષાને પાત્ર ઠરશે.

આજ તારીખ : ૧૪મી માહે જુન-૨૦૧૭ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે જાહેર જનતાની જાણ તથા અમલવારી માટે આ જાહેરનામુ પ્રસિધ્ધ કરવામાં આવ્યુ.

ગીર સોમનાથ, ૧૪ માહે જુન, સને ૨૦૧૭.

---

**ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૧) અન્વયે**

## જાહેરનામું

નં. એમએજી/સી/૨૪૨૯/૨૦૧૭.-પોલીસ અધિક્ષકશ્રી, ગીર સોમનાથની કચેરીના પત્ર નં. સી/એલઆઈબી/હથિ.બંધી/જા.ના./ ૬૧૫/૨૦૧૭, તા. ૧૩-૦૬-૨૦૧૭ થી રજુ થયેલ વિગતો મુજબ (૧) વેરાવળ, પ્ર.પાટણ, કોડીનાર તથા ઉના કોમી દ્રષ્ટિએ અત્યંત સંવેદનશીલ હોય નાના સરખા બનાવથી અફવાના કારણે હિન્દુ-મુસ્લીમ વચ્ચે ઘર્ષણ થવાની સંભાવના રહે છે. જેથી વિશેષ તકેદારી રાખવી આવશ્યક છે. (૨) પ્રભાસ પાટણ ખાતે સુપ્રસિધ્ધ ભગવાન સોમનાથ મહાદેવનું મંદિર આવેલ છે. જેથી સવિશેષ તકેદારી રાખવી આવશ્યક છે. (૩) આ માસમા વિવિધ તહેવારોની ઉજવણી થનાર હોય અને ધાર્મિક સ્થળો, જાહેર સ્થળો વિગેરે જગ્યાઓએ મોટી સંખ્યામાં લોકો એકઠા થતા હોય, તેમજ સોમનાથ મંદિર ખાતે આ તહેવારો દરમ્યાન બહોળી સંખ્યામાં જનમેદની એકઠી થતી હોય, જેથી કોઈ બનાવ ન બને તે માટે તેમજ વિવિધ કાર્યક્રમો દરમ્યાન કાયદો અને વ્યવસ્થાની દ્રષ્ટિએ તકેદારી રાખવી ખુબજ આવશ્યક છે. (૪) અત્રેના જિલ્લામાં આવેલ ગીર/જંગલ વિસ્તારમાં સિંહ તથા અન્ય વન્ય પ્રાણીઓના શિકારના બનાવો બનતા હોય, જેથી કાયદો અને વ્યવસ્થાની દ્રષ્ટિએ તકેદારી રાખવી ખુબજ આવશ્યક છે. સબબ, ગીર-સોમનાથ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં કાયદો વ્યવસ્થા તથા જાહેર સુલેહશાંતી જળવાઈ રહે તે હેતુસર હથિયારબંધીનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા પોલીસ અધિક્ષકશ્રી દરખાસ્ત થઈ આવેલ છે.

ઉકત રજુ થયેલ દરખાસ્ત વ્યાજબી જણાતા સુલેહશાંતી જાળવવા સારૂ અને કાયદો વ્યવસ્થાની સ્થિતિ યથાવત જળવાઈ રહે તેમજ કોઈ જાતનો અનિચ્છનીય બનાવ બને નહીં તે માટે હું, બી. એમ. પટેલ, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ગીર-સોમનાથ જિલ્લો, વેરાવળ, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૧) અન્વયે મને મળેલ અધિકારની રૂએ સમગ્ર ગીર-સોમનાથ જિલ્લા વિસ્તારમાં તા. ૨૮-૦૬-૨૦૧૭ થી તા. ૨૬-૦૭-૨૦૧૭ સુધી બંન્ને દિવસો સહિત નીચે પ્રમાણે મનાઈ ફરમાવું છું કે, કોઈપણ વ્યકિત...

(ક) શસ્ત્ર, દંડા, તલવાર, ભાલા, ચપ્પુ, લાકડી અથવા શારિરીક હિંસા પહોંચાડવામાં ઉપયોગી થઈ શકે તેવી બીજી કોઈ ચીજો લઈ જવી નહીં.

(ખ) પથ્થરો અથવા બીજા શસ્ત્રો ફેંકવા અથવા નાખવામાં ઉપયોગી હોય તેવા યંત્રો અથવા સાધનો લઈ જવા, એકઠા કરવા તથા તૈયાર કરવા નહી.

(ગ) વ્યક્તિઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવા નહી.

(ઘ) અપમાન કરવા અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેર બિભત્સ સુત્રો પોકારવા નહી, અશ્લીલ ગીતો ગાવા નહી.

(ચ) જેનાથી સુરુચીનો અને શાંતિનો ભંગ થાય તેવું ભાષણ કરવું નહી, તેવા હાવભાવ કરવા નહી, તેવી ચેષ્ટા કરવી નહી તથા ચિત્રો, પ્લેકાર્ડ અથવા બીજા કોઈ પદાર્થ અથવા વસ્તુઓ કરવી નહી.

**આ હુકમ નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહીં.**

૧. સરકારશ્રીની નોકરીમાં કામ કરતી કોઈ વ્યક્તિ કે જેના ઉપરી અધિકારીઓને ફરમાવ્યા હોય અથવા આવા કોઈ હથિયાર લઈ જવાની તેમની ફરજ હોય.

૨. જિલ્લા પોલીસ અધિકારીશ્રીએ જે તે શારિરીક અશક્તિને કારણે લાઠી લઈ જવાની અથવા શુભ હેતુથી ધંધો કરવાની પરવાનગી આપી હોય તે વ્યક્તિ.

૩. ખેડુતો પોતાની ખેતીકામ માટે ખેતીના ઓજારો લઈ જવામાં હાડમારી ન થાય, તેમને રોજીંદા કામ કરી શકે તે આશયથી ખેડુતો પોતાના ઓજારો ખેતીકામ માટે લઈ જતા હોય.

આ જાહેરનામાંના કોઈ ખંડનો ભંગ કરનાર અથવા પાલન ન કરવામાં મદદ કરનાર વ્યક્તિને ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૫(૧) મુજબ એક વર્ષની મુદત સુધીની કેદની શિક્ષા અને દંડને પાત્ર થશે. આ ઉપરાંત ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ તે વ્યક્તિનો ગુનો સાબિત થયેથી એક માસની સાદી કેદ અગર રૂા. ૨૦૦/- નો દંડ અગર બન્ને શિક્ષા થઈ શકશે અને આ હુકમની અવગણના માનવ જીવનને અથવા સ્વાસ્થ્યને અથવા સલામતીને નુકશાન કરે, ભય ઉત્પન્ન થાય અથવા કોઈ હુલ્લડ-બખેડો થાય તો તેવી વ્યક્તિને-૬ (છ) માસ સુધીની પરિશ્રમ અથવા સાદી કેદ અથવા રૂા. ૧૦૦૦/- સુધીનો દંડ સહિત બંને શિક્ષાને પાત્ર ઠરશે.

આજ તા. ૧૫ માહે જુન, સને-૨૦૧૭ ના રોજ મારી સહી તથા કચેરીના સીક્કા કરી જાહેર જનતાની જાણ તથા અમલ થવા માટે પ્રસિધ્ધ કર્યું.

ગીર-સોમનાથ, ૧૫ માહે જુન, સને ૨૦૧૭.

---

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની
કલમ-૧૪૪ હેઠળ કાઢેલ હુકમ

## જાહેરનામુ

નં. એમએજી/સી/૨૪૩૫/૨૦૧૭.-પોલીસ અધિક્ષકશ્રી, ગીર સોમનાથ જિલ્લો, વેરાવળના પત્ર નં. સી/એલ.આઈ.બી./જા.નામુ/પ્રસિધ્ધ/૬૧૬/૨૦૧૭, તા. ૧૩-૦૬-૨૦૧૭ અને નં. સી/એલ.આઈ.બી./જાહેરનામુ/પ્રસિધ્ધ/૬૧૬/૨૦૧૭, તા. ૧૫-૦૬-૨૦૧૭ થી રજુ થયેલ વિગતો મુજબ ગુજરાત પ્રદેશ કોંગ્રેસ ઉપક્રમે તા. ૧૬-૦૬-૨૦૧૭ ના રોજ ખેડુતોના વિવિધ પ્રશ્નો સબબ રસ્તા રોકો આંદોલન થનાર છે. તેમાજ આગામી તા. ૨૫-૦૬-૨૦૧૭ના રોજ ભગવાન જગન્નાથજીની રથયાત્રા નીકળનાર હોય તથા તા. ૨૬/૨૭-૦૬-૨૦૧૭ના રોજ ગીર સોમનાથ જિલ્લામાં રમજાન ઈદના તહેવારની ઉજવણી થનાર હોય તથા રમજાન માસ દરમ્યાન જિલ્લામાં કાયદો વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે અને કોઈ અનિચ્છનિય બનાવ ન બને તે માટે સમગ્ર ગીર સોમનાથ જિલ્લામાં ચાર કરતા વધારે વ્યકિતઓ વગર પરવાનગીએ એકઠા ન થાય તે માટે ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ તળે જાહેરનામુ બહાર પાડવા દરખાસ્ત રજુ થયેલ છે.

ગીર સોમનાથ જિલ્લામાં કાયદો વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તેમજ કોઈ અનિચ્છનિય બનાવ ન બને તે હેતુથી પોલીસ અધિક્ષકશ્રી, ગીર સોમનાથ તરફથી રજુ થયેલ દરખાસ્ત મુજબ ઉપરોકત બાબતોનું જાહેરનામુ બહાર પાડવુ યોગ્ય જણાય છે.

આથી હું બી. એમ. પટેલ, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ગીર સોમનાથ જિલ્લો, વેરાવળ, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ ની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ સત્તાની રૂઈએ હુકમ કરૂં છું કે, ગીર સોમનાથ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં સક્ષમ અધિકારીશ્રીની પરવાનગી વગર ચાર કરતા વધારે વ્યકિતઓએ એકઠા થવુ નહી.

આ જાહેરનામુ તા. ૧૬-૦૬-૨૦૧૭ થી તા. ૨૮-૦૬-૨૦૧૭ સુધી અમલમાં રહેશે.

આ જાહેરનામુ સરકારી ફરજ ઉપર રોકાયેલ કર્મચારીઓ, સરકારી કાર્યક્રમો, લગ્નના વરઘોડા, અંતિમયાત્રા તેમજ સક્ષમ અધિકારીશ્રીની પરવાનગી મેળવનારને લાગુ પડશે નહી.

આ જાહેરનામાનો ભંગ કરનાર વ્યક્તિ ઈ.પી.કો.ની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ જાહેરનામાની જાહેર જનતાને જાણ સંબંધીત કચેરીઓએ તેમના નોટિસ બોર્ડ પર, સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યા ઉપર નકલ ચોંટાડીને તથા માહિતી ખાતાએ વર્તમાનપત્રોમાં પ્રસિધ્ધી કરી કરવાની રહેશે. ગુજરાત પોલીસ એકટની કલમ–૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ જાહેરનામાની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજ તારીખ : ૧૫ માહે જુન, ૨૦૧૭ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે જાહેર જનતાની જાણ તથા અમલવારી માટે આ જાહેરનામુ પ્રસિધ્ધ કરવામાં આવ્યું.

વેરાવળ, ૧૫ માહે જુન, સને ૨૦૧૭.

**બી. એમ. પટેલ,**
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
ગીર સોમનાથ જિલ્લો, વેરાવળ.

---

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧) બી હેઠળ

## જાહેરનામું

નાં.એમએજી/જાહેરનામું/૧૧૯૪૦/૨૦૧૭.-પોલીસઅધિક્ષકશ્રી, પોરબંદરના પત્ર ક્રમાંક : સીબી/૩/૬૮૪૩/૧૭૬૫૯૩/૨૦૧૭, તા. ૦૬-૦૬-૨૦૧૭ના પત્રથી પોલીસ દળના પોલીસ અધિકારીઓ/કર્મચારીઓના સને-૨૦૧૭ની સાલ માટે પ્રથમ રાઉન્ડના વાર્ષિક ફાયરીંગ પોરબંદર તાલુકાના ઓડદર ગામે આવેલ પોલીસ ફાયરીંગ રેન્જના સ્થળે રાખવાની હોવાથી આગામી તા. ૧૨-૦૬-૨૦૧૭ થી તા. ૨૫-૦૬-૨૦૧૭ ના ૦૬-૦૦ થી ૧૯-૦૦ કલાક સુધી જાહેરનામું બહાર પાડવા દરખાસ્ત અત્રે કરેલ છે. ઉક્ત દરખાસ્ત ધ્યાને લેતા ફાયરીંગ સબબ સવાલવાળા સ્થળની આજુબાજુ અવર-જવર કરનારાઓને કોઈ નુકશાન ન થાય તે હેતુથી જાહેરનામું બહાર પાડવું ઈષ્ટ જણાય છે.

સબબ હું, એમ. એચ. જોષી, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, પોરબંદર જિલ્લો, પોરબંદર, સને ૧૯૫૧ના ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩ (૧)બી હેઠળ મને મળેલ સત્તાની રૂઈએ તા. ૧૨-૦૬-૨૦૧૭ થી તા. ૨૫-૦૬-૨૦૧૭ના ૦૬-૦૦ થી ૧૯-૦૦ કલાક સુધી પોરબંદર તાલુકાના ઓડદર ગામ તરફ રસ્તા નજીક દરીયા કિનારાના ફાયરીંગ બટ વિસ્તારમાં પૂર્વ ભાગે-૧ ફલાંગ, પશ્ચિમ ભાગે-૧ ફલાંગ, ઉત્તર ભાગે-૩ ફલાંગ, દક્ષિણ ભાગે-૧ ફલાંગ અને ત્યાંથી દરીયામાં ૫ (પાંચ) કી. મી. સુધી રાહદારીઓને તેમજ વાહનો માટે તથા વ્યક્તિગત તેમજ વહાણ/બોટ લઈને જનાર માછીમારોને અવરજવર કરવા ઉપરોક્ત સમય દરમ્યાન પ્રવેશબંધી ફરમાવું છું.

આ જાહેરનામાના કોઈપણ ખંડનો ભંગ કે ઉલ્લંઘન કરનાર વ્યક્તિ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧માં જણાવેલ શિક્ષાને પાત્ર ઠરે છે.

આ જાહેરનામું આજરોજ તા. ૦૯-૦૬-૨૦૧૭ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે જાહેર જનતાની જાણ તથા અમલ માટે પ્રસિધ્ધ કર્યુ.

પોરબંદર, ૦૯ માહે જુન, સને ૨૦૧૭.

**એમ. એચ. જોષી,**
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
પોરબંદર.

---

## જાહેરનામું

નં. ડી.એમ.-૧/રથયાત્રા/ઈ.નં. ૨૬૩૮૦/૨૦૧૭.- ભાવનગર શહેરમાં આગામી તા. ૨૫-૦૬-૨૦૧૭ને અષાઢી બીજના રોજ પરંપરાગત રીતે શ્રી જગન્નાથજીની રથયાત્રાનું આયોજન થનાર છે, જેમાં શ્રી જગન્નાથજીની રથયાત્રા તા. ૨૫-૦૬-૨૦૧૭ના રોજ સવારના ૮-૦૦ કલાકથી સુભાષનગર, ભગવાનેશ્વર મહાદેવજી મંદીરેથી નીકળી ભાવનગર શહેરનાં લોકોની વધુ અવર-જવરવાળા ગીચ વિસ્તારોમાંથી પસાર થનાર હોવાથી રથયાત્રાના રૂટ ઉપર ટ્રાફીકનું નિયમન કરવું અનિવાર્ય જણાય છે.

સબબ, મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧(સને ૧૯૫૧ના ૨૨માં અધિનિયમ)ની કલમ-૩૩(૧)(બી)થી મને મળેલ અધિકારની રૂઈએ હું, આર. પી. ચૌધરી, (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભાવનગર જિલ્લો, ભાવનગર, તા. ૨૫-૦૬-૨૦૧૭ના રોજ સવારના ૫-૦૦ કલાકથી ૯-૦૦ કલાક સુધી નીચે દર્શાવેલ રસ્તાઓ ઉપર ટ્રાફિકનું ડાયવર્ઝન કરવા આથી ફરમાવું છું.

**રસ્તાનું નામ :**

(૧) ભાવનગર એરપોર્ટથી પટેલ પાર્ક તરફ જતા વાહનોને શિવાજી સર્કલ તરફ ડાઈવર્ટ કરવા.

(૨) પટેલ પાર્ક એરપોર્ટ તરફ જતા વાહનોને લાલબહાદુર શાસ્ત્રી સર્કલથી જમણી સાઈડ ઘોઘા રોડ પો. સ્ટે. તરફ આવતા રોડ તથા ડાબી સાઈડ આનંદનગર તરફ જતા રોડ બાજુ વાહનો ડાઈવર્ટ કરવા.

આ જાહેરનામામાંથી પોલીસ, મહેસુલખાતુ, પી.જી.વી.સી.એલ., ફાયર બ્રીગેડ, એમ્બ્યુલન્સ તથા આવશ્યક સેવા અંગેના વાહનો તથા રથયાત્રામાં નિયમાનુસાર નોંધાયેલ સામેલ વાહનોને મુક્તિ આપવામાં આવે છે.

સદરહું જાહેરનામાનો ભંગ/ઉલ્લઘંન કરનારને મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧ હેઠળ શિક્ષા થઈ શકે છે.

''જાહેરનામાના અમલ તથા તેના ભંગ બદલ પગલા લેવા હેડકોન્સ્ટેબલથી નીચેના દરજ્જાના ન હોય તેવા અધિકારીશ્રીને અધિકૃત કરવામાં આવે છે.''

આ જાહેરનામું ઉપર નિર્દિષ્ટ કરેલા વિસ્તારમાં સહેલાઈથી દેખી શકાય તેવી જગ્યાએ તેની નકલો ચોંટાડીને તેમજ સ્થાનિક વર્તમાનપત્રોમાં પ્રસિધ્ધ કરવાનું ફરમાવું છું.

આજ તા. ૧૭-૦૬-૨૦૧૭ના રોજ મારી સહી તથા કચેરીની મહોર લગાવીને સદરહું જાહેરનામું પ્રસિધ્ધ કરવામાં આવ્યું.

ભાવનગર, ૧૭ માહે જુન, સને ૨૦૧૭.

---

## જાહેરનામું

નં.ડી.એમ.-૧/હ.જા./ઈ.નં.૨૬૪૧૧/૨૦૧૭.-આગામી જુન/૨૦૧૭-જુલાઈ/૨૦૧૭નાંમાસદરમ્યાનતા.૨૫-૬-૨૦૧૭નારોજ અષાઢીબીજ રથયાત્રા, સંકટચોથ, તા. ૨૬-૬-૨૦૧૭નારોજ રમજાન ઈદ તા. ૦૬-૦૭-૨૦૧૭નાં રોજ જયાપાર્વતી વ્રત, તા. ૦૯-૦૭-૨૦૧૭નાં રોજ ગુરૂ પૂર્ણીમા, તા. ૧૨-૦૭-૨૦૧૭નાં રોજ સંકટ ચોથ વિગેરે તહેવારો/ઉત્સવો ઉજવનારા હોય, આ દિવસોમાં કાયદો અને વ્યવસ્થા જાળવવા તથા આ તહેવારો દરમિયાન સુલેહ-શાંતિ જળવાય રહે તેમજ રાજ્યની વર્તમાન પરિસ્થિતિને અનુલક્ષીને અગમચેતીના પગલા લેવા અનિવાર્ય જણાતાં સમગ્ર ભાવનગર જિલ્લામાં લોકો જાહેરમાં તિક્ષ્ણ હથિયારો જેવા કે છરી, કુંહાડી, ધારીયા, તલવાર, ગુપ્તી, કુંડેલીવાળી લાકડીઓ, લોખંડનાં પાઈપ, ભાલા વિગેરે જેવા પ્રાણઘાતક હથિયારો લઈને હરે ફરે નહિ, તે માટે પ્રતિબંધ ફરમાવતું જાહેરનામું જાહેર શાંતિ અને સલામતી જાળવવા સારુ બહાર પાડવું જરૂરી જણાય છે.

સબબ, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૧) અન્વયે મને મળેલ અધિકારની રૂઈએ હું, આર. પી. ચૌધરી(જી.એ.એસ.), અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભાવનગર જિલ્લો, ભાવનગર, આથી જાહેર શાંતિ અને સલામતી જાળવવા સારું ફરમાવું છું કે, કોઈએ નીચેની અનુસૂચિમાં દર્શાવેલ વિસ્તારમાં તા. ૧૮-૦૬-૨૦૧૭ થી તા. ૧૭-૦૭-૨૦૧૭ સુધી (બન્ને દિવસો સુધ્ધા).

(ક) કોઈ વ્યક્તિ કે વ્યક્તિના સમુહ ધ્વારા જાહેરમાં તિક્ષ્ણ હથિયારો જેવાં કે છરી, કુંહાડી, ધારીયા, તલવાર, ગુપ્તી, કુંડેલીવાળી લાકડીઓ, લોખંડના પાઈપ, ભાલા તથા દંડા, બંદુક, લાઠી અથવા શારીરીક ઈજા પહોંચાડી શકાય તેવી બીજી કોઈ ચીજવસ્તુઓ કે હથિયારો જાહેરમાં લઈ જવા નહિ.

(ખ) કોઈપણ જાહેર જગ્યામાં લોકોને શારીરિક નુકશાન કરે તેવા પદાર્થો તથા લાયસન્સ/પરમીટ વગર સ્ફોટક પદાર્થ લઈ જવા, લાવવા નહિ.

(ગ) પથ્થરો અથવા બીજા શસ્ત્રો અથવા ફેંકી શકાય તેવા કોઈ સાધન સામગ્રી કે યંત્રો જાહેરમાં એકઠા કરવા/તૈયાર કરવા તેમજ સભા/સરઘસની મંજુરી આપનાર સક્ષમ અધિકારીશ્રીની મંજુરી લીધા વગર સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલ લઈ જવી નહિ.

(ઘ) વ્યક્તિ કે વ્યક્તિના જુથ ધ્વારા કોઈ અન્ય વ્યક્તિ કે વ્યક્તિના સમુહના શબ અથવા આકૃતિઓ કે પુતળા જાહેરમાં દેખાડવા નહિ.

**આ હુકમનો ખંડ (ક) નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહીં.**

(૧) સરકારી નોકરી કે કામ કરતી કોઈ વ્યક્તિને જો ત્યાંના ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથીયાર લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા આવું કોઈપણ હથીયાર લઈ જવાની તેની ફરજ હોય.

(૨) પોલીસ અધિક્ષકશ્રી અથવા તેણે અધિકૃત કરેલ પોલીસ અધિકારી કે જેને શારીરીક અશક્તિને કારણે લાકડી અથવા લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તે વ્યક્તિને.

(૩) જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી અથવા અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રીએ આ અર્થે ખાસ અધિકૃત કરે તેવી બીજી કોઈ વ્યક્તિને.

અનુસૂચિ :

ભાવનગર જિલ્લાનો સમગ્ર વિસ્તાર.

આ જાહેરનામાનો કોઈ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને ઓછામાં ઓછી ચાર મહિનાની અને વધુમાં વધુ એક વર્ષની કેદની સજા અને ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૫ (૧) મુજબની દંડની પણ સજા થશે.

''જાહેરનામાનો અમલ અને તેના ભંગ બદલના પગલા લેવા માટે ફરજ પરના કોઈપણ હેડ કોન્સ્ટેબલને તથા તેનાથી ઉપરના અધિકારીને અધિકાર રહેશે.''

આ જાહેરનામું ઉપર નિર્દિષ્ટ કરેલ વિસ્તારમાં સહેલાઈથી દેખી શકાય તેવી રીતે તેની નકલ ચોંટાડીને તેમજ સ્થાનિક વર્તમાનપત્રોમાં બહોળી પ્રસિધ્ધી આપીને પ્રસિધ્ધ કરવાનું આથી હું ફરમાવું છું.

આજ તા. ૧૬-૦૬-૨૦૧૭ ના રોજ મારી સહી તથા સીક્કો માર્યો.

ભાવનગર, ૧૬ માહે જુન, સને ૨૦૧૭.

**આર. પી. ચૌધરી,**
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
ભાવનગર.

---

**પોલીસ કમિશ્નર દ્વારા**
**ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની**
**કલમ-૩૩(૧)(ખ) અન્વયે કાઢેલ**

**જાહેરનામુ**

ક્રમાંક : સીબી-૪/ફાયરીંગ પ્રેકટીસ/વશી. ૭૩૧/૨૦૧૭.- રાજકોટ જિલ્લાના રાજકોટ તાલુકાના ઘંટેશ્વર એસ.આર.પી. જુથ-૧૩ ખાતે આવેલ બફેલ રેન્જમાં તા. ૧૯-૦૬-૨૦૧૭ થી તા. ૨૧-૦૬-૨૦૧૭ સુધી સી.આઈ.એસ.એફ. યુનીટના અધિકારીશ્રી/કર્મચારીઓનું વાર્ષિક ફાયરીંગ પ્રેકટીસ માટે આ ફાયરીંગ બટનો વિસ્તાર તથા આજુબાજુનો વિસ્તાર તેમજ બટની પાછળના ભાગનો ખુલ્લાં વિસ્તારમાં ફાયરીંગ પ્રેકટીસ દરમ્યાન જાહેર જનતાની સલામતી માટે પ્રતિબંધિત વિસ્તાર જાહેર કરવો જરૂરી જણાય છે. જેથી તે અંગે નીચે મુજબ હુકમ કરૂ છુ.

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧)(ખ) થી મળેલ અધિકારની રૂએ હું, અનુપમસિંહ ગહલૌત, પોલીસ કમિશ્નર, રાજકોટ શહેર, આથી આદેશ કરૂં છું કે, રાજકોટ તાલુકાના ગામ ઘંટેશ્વર એસ.આર.પી. ગ્રુપ-૧૩ ખાતે આવેલ ફાયરીંગ બટની આજુબાજુનો વિસ્તાર તેમજ બટની પાછળના ખુલ્લા વિસ્તારમાં તા. ૧૯-૦૬-૨૦૧૭ થી તા. ૨૧-૦૬-૨૦૧૭ ના રોજ જાહેર જનતાએ પ્રવેશ કરવો નહીં, ત્યાંથી પસાર થવુ નહી કે કોઈ વાહન કે ઢોર સાથે ત્યાંથી પસાર થવું નહીં.

આ હુકમ અન્વયે ઉપરોક્ત દર્શાવેલ સમગ્ર વિસ્તારમાં સહેલાઈથી દેખાઈ આવે તેવા સ્થળોએ ફ્લેગ માર્ક લગાવી સદરહુ વિસ્તારમાં ઢંઢેરો કે લાઉડસ્પીકર મારફતે તેની જાહેરાત કરવાની રહેશે.

આ હુકમના ભંગ અથવા ઉલ્લઘન કરનાર ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૧ તથા ભારતીય ફોજદારી અધિનિયમ કલમ-૧૮૮ હેઠળ શિક્ષાપાત્ર થશે.

આજ તા. ૧૪-૦૬-૨૦૧૭ ના રોજ મારી સહી તથા સિક્કા હેઠળ હુકમ કર્યા.

રાજકોટ, ૧૪ માહે જુન, સને ૨૦૧૭.

---

**ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની**
**કલમ-૩૩(૧)(ખ) અન્વયે કાઢેલ હુકમ**

**જાહેરનામુ**

ક્રમાંકઃ સીબી-૪/ફાયરીંગ પ્રેકટીસ/વશી. ૭૫૦/૨૦૧૭.- રાજકોટ જિલ્લાના રાજકોટ તાલુકાના ઘંટેશ્વર એસ.આર.પી. જુથ ૧૩ ખાતે આવેલ બફેલ રેન્જમાં તા. ૨૪-૦૬-૨૦૧૭ થી તા. ૨૫-૦૬-૨૦૧૭ સુધી સી.આઈ.એસ.એફ યુનિટના અધિકારીશ્રી/કર્મચારીઓનું વાર્ષિક ફાયરીંગ પ્રેકટીસ માટે આ ફાયરીંગ બટનો વિસ્તાર તથા આજુબાજુનો વિસ્તાર તેમજ બટની પાછળના ભાગનો ખુલ્લાં વિસ્તારમાં ફાયરીંગ પ્રેકટીસ દરમ્યાન જાહેર જનતાની સલામતી માટે પ્રતિબંધિત વિસ્તાર જાહેર કરવો જરૂરી જણાય છે. જેથી તે અંગે નીચે મુજબ હુકમ કરૂં છું.

ગુજરાત પોલીસ અધિનીયમ-૧૯૫૧ની કલમ ૩૩ (૧) (ખ) થી મળેલ અધિકારની રૂએ હું, અનુપમસિંહ ગહલૌત, પોલીસ કમિશ્નર, રાજકોટ શહેર આથી આદેશ કરૂં છું કે, રાજકોટ તાલુકાના ગામ ઘંટેશ્વર એસ.આર.પી. ગ્રુપ-૧૩ ખાતે આવેલ ફાયરીંગ બટની આજુબાજુનો વિસ્તાર તેમજ બટની પાછળના ખુલ્લા વિસ્તારમાં તા. ૨૪-૦૬-૨૦૧૭ થી તા. ૨૫-૦૬-૨૦૧૭ના રોજ જાહેર જનતાએ પ્રવેશ કરવો નહી, ત્યાંથી પસાર થવું નહી કે કોઈ વાહન કે ઢોર સાથે ત્યાંથી પસાર થવું નહી.

આ હુકમ અન્વયે ઉપરોક્ત દર્શાવેલ સમગ્ર વિસ્તારમાં સહેલાયથી દેખાય આવે તેવા સ્થળોએ ફલેગ માર્ક લગાવી સદરહુ વિસ્તારમાં ઢંઢેરો કે લાઉડસ્પીકર મારફતે તેની જાહેરાત કરવાની રહેશે.

આ હુકમના ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ગુજરાત પોલીસ અધિનીયમની કલમ-૧૩૧ તથા ભારતીય ફોજદારી અધિનીયમ કલમ-૧૮૮ હેઠળ શિક્ષાપાત્ર થશે.

આજ તા. ૧૬-૦૬-૨૦૧૭ ના રોજ મારી સહી તથા સિક્કા હેઠળ હુકમ કર્યા.

રાજકોટ, ૧૬ માહે જુન, સને ૨૦૧૭.

**અનુપમસિંહ ગહલૌત,**
પોલીસ કમિશ્નર,
રાજકોટ શહેર, રાજકોટ.

---

## સંયુકત વાણિજિયક વેરા કમિશ્નર દ્વારા

વંચાણમાં લીધું :

(૧) નાયબ વાણિજિયકવેરા કમિશ્નરશ્રી, વર્તુળ-૧૦, વડોદરાના પત્ર ક્રમાંક : ના.ક.શ્રી/વ-૧૦/ડુપ્લીકેટ સી ફોર્મ/વડોદરા/૨૦૧૬-૧૭/ જા. નં.-૩૮૧૮, તા. ૨૫-૦૧-૨૦૧૭.

(૨) વા.વે.અ-(૧), ઘ.-૨, વડોદરાના પત્ર ક્રમાંક : જા. ૧૬૧૯૫, તા. ૨૧-૦૧-૨૦૧૭.

## જાહેરનામું

ક્રમાંક : સંવાવેક/વવટ/વિ-૫/વડદ/‘‘સી’’ ફોર્મ રદ/૨૦૧૭-૧૮/જા. ૧૮૦૭/૩૧.-વાણિજિયકવેરા અધિકારીશ્રી, ઘટક-૨, વડોદરાના ક્ષેત્રાધિકાર હેઠળના વેપારીશ્રી મે. રીલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લી., પો. પેટ્રોકેમીકલ્સ ટાઉનશીપ, વડોદરા કે જેઓ સ્થાનિક કાયદા હેઠળ ટીન નં.-૨૪૧૯૧૮૦૦૧૦૩ અને કેન્દ્રીય કાયદા હેઠળ નોં.નં.-૨૪૬૯૧૮૦૦૧૦૩ ધરાવે છે. તેઓને ઈસ્યુ કરવામાં આવેલ "C" Form No. ૭૧૨૭૪૨૮ તેમજ ૭૧૩૫૫૩૭ નંગ-૨ કે જે મે. હિન્દુસ્તાન પેટ્રોલીયમ કોર્પોરેશન લી. ને ઈસ્યુ કરવામાં આવેલ હતા જે તેઓથી ખોવાઈ ગયેલ હોઈ વંચાણમાં લીધેલ દરખાસ્ત ક્રમાંક (૧) અને (૨) મુજબ વેપારીશ્રીના નીચે દર્શાવ્યા મુજબ "C" Form No. ૭૧૨૭૪૨૮ તથા ૭૧૩૫૫૩૭ નંગ-૨ ખોવાઈ ગયેલ છે તે રદ કરવા ઠરાવું છું.

| અ.નં. | વેપારીશ્રીનું નામ | નોંધણી નંબર | રદ કરવાપાત્ર ધારાકીય ફોર્મ નંબર | | રદ કરવાના કારણો | રદ કરવાપાત્ર પાના |
|---|---|---|---|---|---|---|
| | | | અ.નં. | ફોર્મ ‘‘C’’ નંબર | | |
| ૧ | મે. રીલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લી. પો. પેટ્રોકેમીકલ્સ ટાઉનશીપ, વડોદરા. | ટીન નં. ૨૪૧૯૧૮૦૦૧૦૩ કેન્દ્રીય નો. નં. ૨૪૬૯૧૮૦૦૧૦૩ | (૧)<br>(૨) | ૭૧૨૭૪૨૮<br>૭૧૩૫૫૩૭ | ખોવાઈ ગયેલ હોવાથી | કુલ પાન-૨ (બે) |

આથી હું, બી. સી. શુકલ, સંયુકત વાણિજિયકવેરા કમિશ્નર, વિભાગ-૫, વડોદરા, કેન્દ્રીય વેચાણવેરા નિયમ-૧૯૭૦ ના નિયમ-૪ (એ) ના પેટા નિયમ-૭ અન્વયે મને મળેલ સત્તાની રૂએ ઉપરોકત ખોવાયેલ "C" ફોર્મ રદ કરવા ઠરાવું છું.

વડોદરા, ૦૭ માહે જુન, સને ૨૦૧૭.

**બી. સી. શુકલ,**
સંયુકત વાણિજિયકવેરા કમિશ્નર,
વિભાગ-૫, વડોદરા.

---

## સંયુકત વાણિજિયકવેરા કમિશ્નર દ્વારા

વંચાણે લીધું :

(૧) મે. અતુલ ઓટો લિ., રાજકોટ ટીન નં.૨૪૦૯૨૫૦૦૮૯૩.ના સી. ફોર્મ ગુમ થવા અંગેની તા. ની અરજી, તા. ૧૧-૦૪-૨૦૧૭

(૨) સહાયક વાણિજિયકવેરા કમિશ્નર, યુનીટ-૯૨, રાજકોટના પત્ર ક્રમાંક/જા.૧૧૦૫/૦૭ તા. ૨૭-૦૪-૨૦૧૭

(૩) નાયબ વાણિજિયકવેરા કમિશ્નરશ્રી, વર્તુળ-૨૩, રાજકોટના પત્ર ક્રમાંક જા ૭૩૩/તા. ૩૦-૦૫-૨૦૧૭

## આદેશ

ક્રમાંક : સંકરા/વિ-૧૦/રાજ/વવટ-૧/ફોર્મ રદ/૨૦૧૬-૧૭/જા.૧/૧૯/૨૦-૦૬-૨૦૧૭.-સહાયક વાણિજિયકવેરા કમિશ્નરશ્રી, ઘટક-૯૨, રાજકોટના ક્ષેત્રાધિકાર હેઠળના વેપારી મે. અતુલ ઓટો લિ. રાજકોટ ટીન નંબર : ૨૪૦૯૨૫૦૦૮૯૩ તથા કેન્દ્રીય નંબર : ૨૪૫૯૨૫૦૦૮૯૩ ધરાવે છે. તેઓને ફોર્મ સી. અત્રેથી મેન્યુઅલ ઈસ્યુ કરેલ હતાં. જે સી-ફોર્મ ગુમ થયેલ હોવાથી વંચાણમાં લીધેલ ક્રમાંક ૧, ૨, ૩ની દરખાસ્ત અન્વયે વેપારીશ્રીને નીચે દર્શાવ્યા મુજબના સી ફોર્મ રદ કરવા ઠરાવું છુ.

| ક્રમ | વેપારીનું નામ અને ટીન નંબર | રદ કરવાપાત્ર ફોર્મ નંબર | રદ કરવાપાત્ર કુલ પાના | રદનું કારણ |
|---|---|---|---|---|
| ૧ | મે. અતુલ ઓટો લિ. ૨૪૦૯૨૫૦૦૮૯૩ | સી. ફોર્મ નં.(૧)૭૫૬૬૪૯૧ (૨)૭૭૨૬૧૯૮ (૩)૮૪૧૬૫૪૪ (૪)૮૧૬૯૪૬૮ | ૪(ચાર) | ખોવાઈ જવાથી |

આથી હું, એસ. એમ. સકસેના, સંયુકત વાણિજિયકવેરા કમિશનર, વિભાગ-૧૦, રાજકોટ, કેન્દ્રીય વેચાણવેરા નિયમ ૧૯૭૦ના નિયમ-૪(એ)ના પેટા નિયમ-૭ અન્વયે મને મળેલ સતાની રૂએ ઉપર મુજબ દર્શાવેલ સી. ફોર્મ નંબર-(૧) ૭૫૬૬૪૯૧ (૨) ૭૭૨૬૧૯૮ (૩) ૮૪૧૬૫૪૪ (૪) ૮૧૬૯૪૬૮ કુલ-૪ (ચાર) ફોર્મ રદ કરવા ઠરાવું છું.

**એસ. એમ. સકસેના,**
સંયુકત વાણિજિયકવેરા કમિશ્નરશ્રી,
વિભાગ-૧૦, રાજકોટ.

---

જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ દ્વારા

## નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : નધણ/૦૧/ક-૨/૧૫૪/૫૨૫/૨૦૧૭.-જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ભુજ-કચ્છ, આથી જાહેર કરે છે કે, શ્રી માધવ બચત અને ધિરાણ સહકારી મંડળી લી., મુ. ગઢશીશા, તાલુકો : માંડવી, જિલ્લો : ભુજ-કચ્છને સને ૧૯૬૨ના ગુજરાત કાયદા-૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને-૧૯૬૧) ની કલમ-૯ મુજબ આજરોજ નોંધવામાં આવી છે.

નોંધણી નંબર-કેટીએચ ''સે''(બ) ૪૫૫૨૬, તા. ૧૬-૦૬-૨૦૧૭.

ભુજ-કચ્છ, ૧૬ માહે જુન, સને ૨૦૧૭.

---

## નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : નધણ/૦૧/ક-૨/૧૫૮/૨૦૧૭.-જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ભુજ-કચ્છ, આથી જાહેર કરે છે કે, શ્રી જય ભવાની સફાઈ કામદાર સહકારી મંડળી લી., મુ. ભુજ, તાલુકો : ભુજ, જિલ્લો : ભુજ-કચ્છને સને ૧૯૬૨ના ગુજરાતના કાયદાઃ ૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને-૧૯૬૧) ની કલમ-૯ મુજબ આજરોજ નોંધવામાં આવે છે.

નોંધણી નંબર-કેટીએચ/''સા'' (સ)૬૭૩૩, તા. ૨૦-૦૬-૨૦૧૭.

ભુજ-કચ્છ, ૨૦ માહે જુન, સને ૨૦૧૭.

---

## નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : નધણ/૦૧/ક-૨/૧૫૫/૨૦૧૭.-જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ભુજ-કચ્છ, આથી જાહેર કરે છે કે શ્રી ધબડા મહિલા દુધ ઉત્પાદક સહકારી મંડળી લી., મુ. ધબડા, તાલુકો : રાપર, જિલ્લો : ભુજ-કચ્છને સને ૧૯૬૨ના ગુજરાત કાયદા : ૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને-૧૯૬૧) ની કલમ-૯ મુજબ આજરોજ નોંધવામાં આવે છે.

નોંધણી નંબર-નધણ/કેટીએચ ''સે''(દુ) ૪૫૫૨૭, તા. ૨૦-૦૬-૨૦૧૭.

ભુજ-કચ્છ, ૨૦ માહે જુન, સને ૨૦૧૭.

**કે. એ. પટેલ,**
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
ભુજ-કચ્છ.

---

PRINTED AT THE GOVERNMENT PRESS, RAJKOT COMPLAINTS ABOUT GAZETTE MUST BE MADE WITHIN A FORTNIGHT FROM THE DATE OF THIS PUBLICATION ACCOMPANIED BY THE WRAPPER.

©

सत्यमेव जयते

# The Gujarat Government Gazette


**SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION**

***PUBLISHED BY AUTHORITY***

**VOL. LVIII] THURSDAY, 06th JULY, 2017/ASHADHA 15, 1939 No. 27**


**Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central section in order that it may be filed as a separate compilation.**

# PART-I


| PART - I | Pages | PART - I - B | Pages |
|---|---|---|---|
| Government Notifications Appointments Promotions, Leave of absence, Rules and orders (Other than those published in Part-I-A, IV-A, IV-B, and IV-C) list of publications for sales etc., Miscellaneous Notifications Appoint-ments etc., | 769-790 | (Suppliment) Government Notifications Published under Land Acquisition Act only Supplement. | Nil |
| **PART - I - A** Order and Notifications (Other than those published in Part-IV-B) under the Gujarat Local Boards, Village Panchayats, Municipals, Boroughs, (Districts) Municipals Primary Education and Local Fund Audits, Acts., | Nil | **PART - II** Miscellaneous Notices, Advertisments, List of Books Sanctioned by the Director of Education, List of Jurors. Schedule of Estates by the Official Assignee, Summary of Births and Deaths, etc., | 1221-1264 |
| | | **PART - III** Miscellaneous Supplements Season and Crop Reports, Prices, Current Rainfalls Returns, District Local Boards Accounts etc., | Nil |

# GOVERNMENT NOTIFICATIONS, ORDERS APPOINTMENTS, ETC.
## SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION
# NOTIFICATION
### MISCELLANEOUS NOTIFICATIONS APPOINTMENTS ETC.

---

### કલેક્ટર દ્વારા

વંચાણમાં લીધા :

(૧) આ કચેરીના હુકમ નં. પરવ/કસન/વશી/૪૭૫-૫૧૬/૧૭, તા. ૦૬-૦૫-૨૦૧૭.

(૨) ઉપસચિવશ્રી, અ. ના. પુ. અને ગ્રા. બા. વિભાગ ગાંધીનગરનાં પત્ર ક્રમાંક : કસન-૧૦૨૦૧૭-૨૨૩-બ, તા. ૧૭-૦૫-૨૦૧૭.

(૩) ઉપસચિવશ્રી,, અ. ના. પુ. અને ગ્રા. બા. વિભાગ, ગાંધીનગરનાં પત્ર ક્રમાંક : કસન-૧૦૨૦૧૭-૨૨૭-બ, તા. ૦૨-૦૫-૨૦૧૭.

(૪) ધી કેરોસીન/રીસ્ટ્રીકશન ઓન યુઝ એન્ડ ફિક્સેશન ઓફ સેલીંગ પ્રાઈઝ ઓર્ડર-૧૯૯૩.

### હુકમ

નં. પરવ/કસન/વશી/૬૧૪-૬૩૫/૨૦૧૭.-સરકારશ્રીના વંચાણે લીધેલ અનુ.નં. ૩ ના પત્રથી આઈ.ઓ.સી.એલ., એચ. પી.સી.એલ. તથા બી.પી.સી.એલ.ના એક્ષ ડેપો રેટમાં થયેલ ફેરફાર ધ્યાને લઈ નવા ભાવો બાંધવા અંગે જણાવતા અત્રેના વંચાણે લીધેલ અનું.નં. ૧ ના હુકમથી સરકારશ્રીની સૂચનાં અનુસાર પીડીએસ કેરોસીનના વિવિધ સપ્લાય પોઈન્ટના એક્ષ ડેપો રેટમાં થયેલ ફેરફાર ધ્યાને લઈ જિલ્લાનાં જુદા જુદા કેન્દ્રો માટે કેરોસીન એજન્ટો, જથ્થાબંધ વિક્રેતાઓ તેમજ છુટક વિક્રેતાઓનાં દુમાડ (વડોદરા), કંડલા, જામનગર (ખાવડી), બારેજા, કાલીગ્રામ, વાડીનાર (એસ.આર.) તથા પાલનપુર ડેપોથી રોડ રસ્તે આવતા કેરોસીનના વિતરણના ભાવો મુકરર કરવામાં આવેલ છે.

સેકશન અધિકારીશ્રી, અ.ના.પુ. અને ગ્રા.બા. વિભાગ ગાંધીનગરના વંચાણમાં લીધેલ અનુ.નં. ૨ ના પત્રથી આઈ.ઓ. સી.એલ., એચ.પી.સી.એલ. તથા બી.પી.સી.એલ. કંપનીના તા. ૧૬-૦૫-૨૦૧૭ ના પત્રોની નકલ અત્રે મોકલી આપી, આઈ.ઓ.સી.એલ., એચ.પી.સી.એલ. તથા બી.પી.સી.એલ. કંપની દ્વારા પીડીએસ કેરોસીનના વિવિધ સપ્લાય પોઈન્ટના એક્ષ ડેપો રેટમાં કરવામાં આવેલ ફેરફાર ધ્યાને લઈ જરૂરી કાર્યવાહી કરવા જણાવેલ છે. ત્રણે કંપનીના સદરહું પત્રોમાં અત્રેના જિલ્લા માટેના સપ્લાય પોઈન્ટ પૈકી કંડલા ડેપોના નવા એક્ષ ડેપો રેટ રૂા. ૧૭૦૮૪.૦૧/–, જામનગર (ખાવડી વાડીનાર) : રૂા. ૧૭૦૫૨.૦૦/–, સાબરમતી (કાલીગ્રામ, બારેજા) :- રૂા. ૧૭૦૬૨.૮૭/–, તથા કોયલી (દુમાંડ) :- રૂા. ૧૭૦૫૨.૦૦/–, તેમજ સિધ્ધપુર (પાલનપુર) :- રૂા. ૧૭૧૨૧.૯૩/–, દર્શાવેલ છે. તથા નવા એક્ષ ડેપો રેટ મુજબનો ફેરફાર તા. ૧૬-૦૫-૨૦૧૭ ની અસરથી કરવા જણાવેલ છે.

ઉક્ત વિગતે અત્રેના વંચાણમાં લીધેલ અનુ. નં. ૧ ના હુકમથી બાંધવામાં આવેલ ભાવોમાં સરકારશ્રીના વંચાણમાં લીધેલ અનુ.નં. ૨ ના પત્રની સુચનાનુસાર તથા આ હુકમના પેરા–૨ મુજબ થયેલ ફેરફારની વિગતો ધ્યાને લઈ કેરોસીનના નવા ભાવો મુકરર કરવાના થાય છે.

સબબ હું, એસ. એલ. અમરાણી, (આઈ.એ.એસ.), કલેક્ટર અમરેલી, જિલ્લો અમરેલી, વંચાણે લીધેલ અનુ. નં. ૪ નાં ધી કેરોસીન રીસ્ટ્રીકશન ઓન યુઝ એન્ડ ફિક્સેશન ઓફ સેલીંગ પ્રાઈઝ ઓર્ડર–૧૯૯૩ થી મને મળેલ અધિકારની રુઈએ ઉક્ત વિગતો ધ્યાને લઈ દુમાડ, કંડલા, જામનગર (ખાવડી), વાડીનાર, બારેજા, કાલીગ્રામ તથા પાલનપુર ડેપોથી જિલ્લાનાં તાલુકાઓ અને અન્ય મથકોનાં અંતર ધ્યાને લઈ રોડ રસ્તે આવતા ઘરગથ્થુ કેરોસીનનાં ભાવો આ સાથે સામેલ પરિશિષ્ટ-૧માં જણાવેલ વિગતે મુકરર કરવા આથી હુકમ કરુ છું.

અત્રેના તા. ૧૯-૧૨-૨૦૧૬, તા. ૦૫-૦૧-૨૦૧૭, તા. ૧૮-૦૧-૨૦૧૭, તા. ૦૬-૦૨-૨૦૧૭, તા. ૦૬-૦૪-૨૦૧૭ તથા તા. ૧૯-૦૪-૨૦૧૭ તેમજ તા. ૦૬-૦૫-૨૦૧૭ નાં હુકમમાં રાખવામાં આવેલ બાકીની શરતો/સુચનાંઓ યથાવત રહેશે.

આ હુકમનો અમલ તા. ૧૬-૦૫-૨૦૧૭ થી કરવાનો રહેશે. તમામ મામલતદારશ્રીઓએ તેમના તાલુકા હસ્તકના એજન્ટ તથા છુટક વિક્રેતાઓને આ હુકમની જાણ તુરત જ કરવાની રહેશે.

આ હુકમથી મુકરર કરેલ ભાવો કરતાં વધુ ભાવો (એજન્ટ, છુટક વિક્રેતા) લેવામાં આવતા હોવાનું જણાશે તો તેમની સામે આ હુકમના ભંગ બદલ આવશ્યક ચીજવસ્તુઓ અધિનિયમ-૧૯૫૫ ની કલમ-૩ નો ભંગ ગણી શિક્ષાત્મક પગલા લેવામાં આવશે.

અમરેલી, ૩૦ માહે મે, સને ૨૦૧૭.

---

**પરીશિષ્ટ-૧ જિલ્લો - અમરેલી**

દુમાડ (વડોદરા) ડેપો ઉપરથી આવતાં કેરોસીન એજન્ટે છુટક વિક્રેતાને વેચાણ કરવાનો ૧૦૦૦ લીટરનો વેચાણ ભાવ તથા છુટક વિક્રેતાઓ/ફેરીયાઓએ એક લીટરનો ગ્રાહકોને વેચાણ આપવાનો ભાવ

| અનું | સંગ્રહ કેન્દ્ર | એજન્ટે છુટક વિક્રેતાને વેચાણ કરવાનો ૧૦૦૦ લીટરનો વેચાણ ભાવ | | છુટક વિક્રેતાએ ગ્રાહકોને વેચાણ કરવાનો ૧ લી. નો ભાવ |
|---|---|---|---|---|
| | | ડેપો ડિલીવરી | ડોરસ્ટેપ ડિલીવરી (રૂા. ૨૦૦/- હેરાફેરી ખર્ચ) | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧ | અમરેલી | ૨૦૪૨૮.૬૩ | ૨૦૬૨૮.૬૩ | ૨૧.૨૫ |
| ૨ | ધારી | ૨૦૭૭૩.૨૬ | ૨૦૯૭૩.૨૬ | ૨૧.૫૯ |
| ૩ | સાવરકુંડલા | ૨૦૫૧૪.૭૯ | ૨૦૭૧૪.૭૯ | ૨૧.૩૩ |
| ૪ | લાઠી | ૨૦૨૫૬.૩૨ | ૨૦૪૫૬.૩૨ | ૨૧.૦૭ |
| ૫ | વડીયા | ૨૦૮૩૫.૯૩ | ૨૧૦૩૫.૯૩ | ૨૧.૬૫ |
| ૬ | રાજુલા | ૨૦૭૪૯.૭૭ | ૨૦૯૪૯.૭૭ | ૨૧.૫૭ |
| ૭ | બાબરા | ૨૦૨૫૬.૩૨ | ૨૦૪૫૬.૩૨ | ૨૧.૦૭ |
| ૮ | લીલીયા | ૨૦૨૭૯.૮૧ | ૨૦૪૭૯.૮૧ | ૨૧.૧૦ |
| ૯ | ખાંભા | ૨૦૭૩૪.૧૦ | ૨૦૯૩૪.૧૦ | ૨૧.૫૫ |
| ૧૦ | જાફરાબાદ | ૨૧૧૧૭.૯૦ | ૨૧૩૧૭.૯૦ | ૨૧.૯૩ |
| ૧૧ | વીજપડી | ૨૦૭૧૦.૬૦ | ૨૦૯૧૦.૬૦ | ૨૧.૫૩ |
| ૧૨ | દામનગર | ૨૦૦૯૧.૮૩ | ૨૦૨૯૧.૮૩ | ૨૦.૯૧ |
| ૧૩ | બગસરા | ૨૦૬૮૭.૧૧ | ૨૦૮૮૭.૧૧ | ૨૧.૫૦ |
| ૧૪ | ડુંગર | ૨૦૮૬૭.૨૬ | ૨૧૦૬૭.૨૬ | ૨૧.૬૮ |
| ૧૫ | ખંભાળા | ૨૦૩૭૩.૮૦ | ૨૦૫૭૩.૮૦ | ૨૧.૧૯ |
| ૧૬ | ક્લોરાણા | ૨૦૪૫૨.૧૩ | ૨૦૬૫૨.૧૩ | ૨૧.૨૭ |
| ૧૭ | દેવળીયા | ૨૦૪૫૨.૧૩ | ૨૦૬૫૨.૧૩ | ૨૧.૨૭ |
| ૧૮ | ટીંબી | ૨૧૨૫૧.૦૫ | ૨૧૪૫૧.૦૫ | ૨૨.૦૭ |

અમરેલી, ૩૦ માહે મે, સને ૨૦૧૭.

---

**પરીશિષ્ટ-૧ જિલ્લો - અમરેલી**

કંડલા ડેપો ઉપરથી આવતાં કેરોસીન એજન્ટે છુટક વિક્રેતાને વેચાણ કરવાનો ૧૦૦૦ લીટરનો વેચાણ ભાવ તથા છુટક વિક્રેતાઓ/ફેરીયાઓએ એક લીટરનો ગ્રાહકોને વેચાણ આપવાનો ભાવ

| અનું | સંગ્રહ કેન્દ્ર | એજન્ટે છુટક વિક્રેતાને વેચાણ કરવાનો ૧૦૦૦ લીટરનો વેચાણ ભાવ | | છુટક વિક્રેતાએ ગ્રાહકોને વેચાણ કરવાનો ૧ લી. નો ભાવ |
|---|---|---|---|---|
| | | ડેપો ડિલીવરી | ડોરસ્ટેપ ડિલીવરી (રૂા. ૨૦૦/- હેરાફેરી ખર્ચ) | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧ | અમરેલી | ૨૦૪૪૪.૯૮ | ૨૦૬૪૪.૯૮ | ૨૧.૨૬ |
| ૨ | ધારી | ૨૦૭૭૭.૮૬ | ૨૦૯૭૭.૮૬ | ૨૧.૫૯ |
| ૩ | સાવરકુંડલા | ૨૦૭૭૩.૯૪ | ૨૦૯૭૩.૯૪ | ૨૧.૫૯ |
| ૪ | લાઠી | ૨૦૩૦૩.૯૯ | ૨૦૫૦૩.૯૯ | ૨૧.૧૨ |
| ૫ | વડીયા | ૨૦૪૪૪.૯૮ | ૨૦૬૪૪.૯૮ | ૨૧.૨૬ |
| ૬ | રાજુલા | ૨૧૦૭૯.૪૧ | ૨૧૨૭૯.૪૧ | ૨૧.૯૦ |
| ૭ | બાબરા | ૨૦૧૬૩.૦૦ | ૨૦૩૬૩.૦૦ | ૨૦.૯૮ |
| ૮ | લીલીયા | ૨૦૪૬૦.૬૪ | ૨૦૬૬૦.૬૪ | ૨૧.૨૮ |
| ૯ | ખાંભા | ૨૦૯૧૧.૦૧ | ૨૧૧૧૧.૦૧ | ૨૧.૭૩ |
| ૧૦ | જાફરાબાદ | ૨૧૨૪૩.૯૦ | ૨૧૪૪૩.૯૦ | ૨૨.૦૬ |
| ૧૧ | વીજપડી | ૨૦૯૫૪.૦૯ | ૨૧૧૫૪.૦૯ | ૨૧.૭૭ |
| ૧૨ | દામનગર | ૨૦૪૨૯.૩૧ | ૨૦૬૨૯.૩૧ | ૨૧.૨૫ |
| ૧૩ | બગસરા | ૨૦૬૯૫.૬૨ | ૨૦૮૯૫.૬૨ | ૨૧.૫૧ |
| ૧૪ | ડુંગર | ૨૧૧૭૩.૪૧ | ૨૧૩૭૩.૪૧ | ૨૧.૯૯ |
| ૧૫ | ખંભાળા | ૨૦૨૮૮.૩૩ | ૨૦૪૮૮.૩૩ | ૨૧.૧૧ |
| ૧૬ | ક્લોરાણા | ૨૦૨૮૦.૪૯ | ૨૦૪૮૦.૪૯ | ૨૧.૧૦ |
| ૧૭ | દેવળીયા | ૨૦૩૪૩.૧૫ | ૨૦૫૪૩.૧૫ | ૨૧.૧૬ |
| ૧૮ | ટીંબી | ૨૧૨૮૩.૦૬ | ૨૧૪૮૩.૦૬ | ૨૨.૧૦ |

અમરેલી, ૩૦ માહે મે, સને ૨૦૧૭.

---

**પરીશિષ્ટ-૧ જિલ્લો - અમરેલી**

જામનગર (ખાવડી) ડેપો ઉપરથી આવતાં કેરોસીન એજન્ટે છુટક વિક્રેતાને વેચાણ કરવાનો ૧૦૦૦ લીટરનો વેચાણ ભાવ તથા છુટક વિક્રેતાઓ/ફેરીયાઓએ એક લીટરનો ગ્રાહકોને વેચાણ આપવાનો ભાવ

| અનું | સંગ્રહ કેન્દ્ર | એજન્ટે છુટક વિક્રેતાને વેચાણ કરવાનો ૧૦૦૦ લીટરનો વેચાણ ભાવ | | છુટક વિક્રેતાએ ગ્રાહકોને વેચાણ કરવાનો ૧ લી. નો ભાવ |
|---|---|---|---|---|
| | | ડેપો ડિલીવરી | ડોરસ્ટેપ ડિલીવરી (રૂા. ૨૦૦/- હેરાફેરી ખર્ચ) | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧ | અમરેલી | ૧૯૮૯૯.૯૩ | ૨૦૦૯૯.૯૩ | ૨૦.૭૨ |
| ૨ | ધારી | ૨૦૨૪૪.૫૭ | ૨૦૪૪૪.૫૭ | ૨૧.૦૬ |
| ૩ | સાવરકુંડલા | ૨૦૧૬૬.૨૪ | ૨૦૩૬૬.૨૪ | ૨૦.૯૮ |

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
|---|---|---|---|---|
| ૪ | લાઠી | ૧૯૭૯૮.૧૧ | ૧૯૯૯૮.૧૧ | ૨૦.૬૨ |
| ૫ | વડીયા | ૧૯૭૪૩.૨૮ | ૧૯૯૪૩.૨૮ | ૨૦.૫૬ |
| ૬ | રાજુલા | ૨૦૪૦૧.૨૨ | ૨૦૬૦૧.૨૨ | ૨૧.૨૨ |
| ૭ | બાબરા | ૧૯૬૪૧.૪૬ | ૧૯૮૪૧.૪૬ | ૨૦.૪૬ |
| ૮ | લીલીયા | ૨૦૦૪૦.૯૨ | ૨૦૨૪૦.૯૨ | ૨૦.૮૬ |
| ૯ | ખાંભા | ૨૦૩૮૫.૫૫ | ૨૦૫૮૫.૫૫ | ૨૧.૨૦ |
| ૧૦ | જાફરાબાદ | ૨૦૭૬૯.૩૫ | ૨૦૯૬૯.૩૫ | ૨૧.૫૯ |
| ૧૧ | વીજપડી | ૨૦૩૬૨.૦૬ | ૨૦૫૬૨.૦૬ | ૨૧.૧૮ |
| ૧૨ | દામનગર | ૧૯૯૧૫.૬૦ | ૨૦૧૧૫.૬૦ | ૨૦.૭૩ |
| ૧૩ | બગસરા | ૨૦૦૦૧.૭૬ | ૨૦૨૦૧.૭૬ | ૨૦.૮૨ |
| ૧૪ | ડુંગર | ૨૦૫૧૮.૭૧ | ૨૦૭૧૮.૭૧ | ૨૧.૩૪ |
| ૧૫ | ખંભાળા | ૧૯૭૫૮.૯૫ | ૧૯૯૫૮.૯૫ | ૨૦.૫૮ |
| ૧૬ | કલોરાણા | ૧૯૮૩૭.૨૭ | ૨૦૦૩૭.૨૭ | ૨૦.૬૫ |
| ૧૭ | દેવળીયા | ૧૯૮૩૭.૨૭ | ૨૦૦૩૭.૨૭ | ૨૦.૬૫ |
| ૧૮ | ટીંબી | ૨૦૯૦૨.૫૦ | ૨૧૧૦૨.૫૦ | ૨૧.૭૨ |

અમરેલી, ૩૦ માહે મે, સને ૨૦૧૭.

---

**પરીશિષ્ટ-૧ જિલ્લો - અમરેલી**

બારેજા ડેપો ઉપરથી આવતાં કેરોસીન એજન્ટે છુટક વિક્રેતાને વેચાણ કરવાનો ૧૦૦૦ લીટરનો વેચાણ ભાવ તથા છુટક વિક્રેતાઓ/ફેરીયાઓએ એક લીટરનો ગ્રાહકોને વેચાણ આપવાનો ભાવ

ઉકત જાહેરનામામાં જણાવેલ ફેરફાર ફકત કોન્વેને પસાર થવા માટે હંગામી ધોરણે તા. ૨૯-૦૬-૧૭ના દિન-૧ સવારના ક. ૧૬-૦૦ થી રાત્રીના ૨૪-૦૦ સુધી અમલમાં રહેશે.

## હુકમ

સબબ હું અનુપમસિંહ ગહલૌત, પોલીસ કમિશ્નર, રાજકોટ શહેર, રાજકોટ, મને મળેલ સતાની રૂએ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧)(ખ) મુજબ વંચાણ-૧ માં જણાવેલ જાહેરનામામાં ઉકત વિગતેનો ફેરફાર તા. ૨૯-૦૬-૧૭ના દિન-૧ માટે જાહેર કરૂ છું.

આજરોજ તા. ૨૬-૦૬-૨૦૧૭ ના રોજ મારી સહી, સીક્કા સાથે જાહેર જનતાની જાણ માટે પ્રસિધ્ધ કરવામાં આવે છે.

રાજકોટ, ૨૬ માહે જુન, સને ૨૦૧૭.

અનુપમસિંહ ગહલૌત,
પોલીસ કમિશ્નર,
રાજકોટ શહેર,
રાજકોટ.

---

## જિલ્લા રજીસ્ટ્રારશ્રી સહકારી મંડળીઓ દ્વારા

## નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : નધણ/ક-૩/૧૮૫/જેએમઆર/સે-૪૫૦૪૧/ ૨૦૧૭.- જિલ્લા રજીસ્ટ્રાર, સ. મં., જામનગર, આથી જાહેર કરે છે કે, શ્રી જશોદા મહિલા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., મર્યાદિત મુ. : બબરઝર, તા. : લાલપુર, જિ. જામનગર, સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો-૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

જામનગર, ૨૯/૧ માહે મે/જુન, સને ૨૦૧૭.

---

## નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : નધણ/ક-૩/૧૮૭/જેએમઆર/સે-૪૫૦૪૨/૨૦૧૭.- જિલ્લા રજીસ્ટ્રાર, સ. મં., જામનગર, આથી જાહેર કરે છે કે, શ્રી માધવ મહિલા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., મર્યાદિત મુ. : અપિયા, તા. : લાલપુર, જિ. જામનગર, સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો-૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

જામનગર, ૨૯/૧ માહે મે/જુન, સને ૨૦૧૭.

---

## નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : નધણ/ક-૩/૨૧૦/જેએમઆર/સે-૪૫૦૪૪/૨૦૧૭.- જિલ્લા રજીસ્ટ્રાર, સ. મં., જામનગર, આથી જાહેર કરે છે કે, શ્રી તરસાઈ મહિલા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., મર્યાદિત મુ. : તરસાઈ, તા. : જામજોધપુર, જિ. જામનગર, સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો-૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

જામનગર, ૧૫ માહે જુન, સને ૨૦૧૭.

વી. એમ. મહેતા,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
જામનગર.

---

## નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : નધણ/ઝ/૯૭/૬૩૯/ઝા/સા-૧૦૪૬૧/સને-૨૦૧૭.-આથી જાહેર કરે છે કે, શ્રી શ્રધ્ધા ક્રેડીટ કો. ઓપરેટીવ સોસાયટી લી., મુ. છાંયા, મર્યાદિત સ્થળ : છાંયા, પોરબંદર, તાલુકો : પોરબંદર, જિલ્લો : પોરબંદર.

સને-૧૯૬૧નો ગુજરાત કાયદો ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો-૧૯૬૧ ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

પોરબંદર, ૨૨ માહે જુન, સને ૨૦૧૭.

એમ. એસ. લોખંડે,
જિલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
પોરબંદર.

---

વંચાણે લીધા :

(૧) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ તથા કલમ-૧૦૮ની જોગવાઈ.

(૨) સરકારશ્રીનાં કૃષિ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગરનાં તા. ૨૧-૦૭-૨૦૧૫નાં જાહેરનામાં ક્રમાંક: જી.એચ.કે.એચ./૫૧/૨૦૧૧/એન.એસ.બી./૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ., તથા તા. ૨૬-૮-૨૦૧૧નાં જી.એચ.કે.એચ./૬૨/૨૦૧૧/એન.એસ.બી./૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ.

(૩) શ્રી સ્પે. ઓડીટર (મિલ્ક) મારફત સબઓડીટર (દુધ) સહ.મં.લી.રી., ભાવનગરના તા. ૩૧-૦૩-૨૦૧૭નો રજુ થયેલ અહેવાલ.

(૪) અત્રેની કચેરીના જા.નં. ફડચ//૦૧/ખ-૪/૬૩/૨૦૧૭, તા. ૧૬-૦૩-૨૦૧૭થી અપાયેલ કારણદર્શક નોટિસ.

## આદેશ

ક્રમાંક : ફડચ/૦૧/ખ-૪/૨૬૧/૨૦૧૭.-શ્રી સ્પે. ઓડીટર, સહકારી મંડળીઓ, મિલ્ક ઓડીટ ઓફીસ, ભાવનગરની ઉપર મુજબની ભલામણ સાથે અમો સંમત થતા આથી હું. ડી. વી. ગઢવી, જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ભાવનગર, વંચાણે લીધા ક્રમ (૧) ની જોગવાઈઓ હેઠળ અને ક્રમ (૨) થી મને મળેલ સત્તાની રૂઈએ શ્રી વાલર દુધ ઉત્પાદક સહકારી મંડળી લી., મુ. વાલર, તા. તળાજા, જિ. ભાવનગરને ફડચામાં લઈ જવાનો આથી વચગાળાનો આદેશ કરૂ છું અને ફડચા અધિકારી તરીકે સહકારી અધિકારી (ફડચા) લગત કચેરી, ભાવનગરની આથી નીમણુંક કરવામાં આવે છે.

આ આદેશ થયેથી એક માસમાં જવાબદાર કાર્યવાહકો, પ્રમુખ/મંત્રીશ્રી તરફથી કોઈ લેખીત કે મૌખીક રજુઆત કરવામાં આવશે નહી અથવા કરેલ રજુઆત સંતોષકારક જણાશે નહી તો વચગાળાનાં આદેશને બહાલી આપી કાયમી કરવામાં આવશે.

ભાવનગર, ૨૦ માહે જુન, સને ૨૦૧૭.

ડી. વી. ગઢવી,
જિલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
ભાવનગર.

---

વંચાણે લીધા :

(૧) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ તથા ૧૦૮ હેઠળની જોગવાઈ.

(૨) ગુજરાત સરકારશ્રીના કૃષિ અને સહકાર વિભાગના જાહેરનામાં ક્રમાંક : જીએચકેએચ/૬૨/૨૦૧૧/નસબ/ ૧૨/૨૦૦૨/૩૦૧૧/છ, તા. ૨૧-૦૭-૨૦૧૧.

(૩) અત્રેની કચેરીના આદેશ ક્રમાંકઃ ફડચ/ગ-૨/૮૦/૨૦૧૭, તા. ૦૩-૦૫-૨૦૧૭ થી મંડળીને ફડચામાં લઈ જવાનો વચગાળા આદેશ.

## અંતિમ આદેશ

ક્રમાંક : ફડચ/ગ-૨/૧૨૮/૨૦૧૭.-આથી હું, ટી. સી. તીરથાણી, જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, રાજકોટ, ઉપર વંચાણે લીધેલ ક્રમ-૨ વાળા જાહેરનામાથી મળેલ અધિકાર અને સત્તાની રૂએ તેમજ આમુખમાં જણાવેલ વિગતો ધ્યાને લઈને શ્રી સેન્ટ્રલ ગર્વમેન્ટ સર્વન્ટ કન્ઝ્યુમર્સ કો-ઓપરેટીવ સ્ટોર્સ લી., મુ.તા.જિ. રાજકોટ (નોંધણી નંબર :- ભં-૧૦૮૮, તા. ૧૨-૦૨-૧૯૬૫) ના ગુજરાત સહકારી મંડળીઓનાં અધિનિયમ-૧૯૬૧ ની કલમ-૧૦૭ અન્વયે ફડચામાં લઈ જવાના વચગાળાના આદેશને, આજ કાયદાની કલમ-૧૦૮(૧) અન્વયે કાયમી રાખતો આદેશ આપું છું અને ફડચા અધિકારી તરીકે સહકારી અધિકારીશ્રી (ફડચો)-૨ લગત જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, રાજકોટની નિમણૂંક કરૂ છું. જે અન્વયે સદરહુ મંડળીના ફડચા અધિકારીએ મંડળીની ફડચાની તમામ કામગીરી નિયત મુદતમાં પૂર્ણ કરવી.

રાજકોટ, ૨૩ માહે જુન, સને ૨૦૧૭.

---

વંચાણે લીધા :

(૧) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ તથા ૧૦૮ હેઠળની જોગવાઈ.

(૨) ગુજરાત સરકારશ્રીના કૃષિ અને સહકાર વિભાગના જાહેરનામાં ક્રમાંક : જીએચકેએચ/૬૨/૨૦૧૧/નસબ/ ૧૨/૨૦૦૨/૩૦૧૧/છ, તા. ૨૧-૦૭-૨૦૧૧.

(૩) અત્રેની કચેરીના આદેશ ક્રમાંકઃ ફડચ/ગ-૨/૭૬/૨૦૧૭, તા. ૦૩-૦૫-૨૦૧૭ થી મંડળીને ફડચામાં લઈ જવાનો વચગાળા આદેશ.

## અંતિમ આદેશ

ક્રમાંક : ફડચ/ગ-૨/૧૨૯/૨૦૧૭.-આથી હું, ટી. સી. તીરથાણી, જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, રાજકોટ, ઉપર વંચાણે લીધેલ ક્રમ-૨ વાળા જાહેરનામાથી મળેલ અધિકાર અને સત્તાની રૂએ તેમજ આમુખમાં જણાવેલ વિગતો ધ્યાને લઈને શ્રી ઓમકાર ક્રેડીટ કો.ઓપરેટીવ સોસાયટી લી., મુ.તા.જિ. રાજકોટ (નોંધણી નંબર :- સે-૪૧૬૬૩, તા. ૨૭-૦૬-૨૦૧૩) ના ગુજરાત સહકારી મંડળીઓનાં અધિનિયમ-૧૯૬૧ ની કલમ-૧૦૭ અન્વયે ફડચામાં લઈ જવાના વચગાળાના આદેશને, આજ કાયદાની કલમ-૧૦૮(૧) અન્વયે કાયમી રાખતો આદેશ આપું છું અને ફડચા અધિકારી તરીકે સહકારી અધિકારીશ્રી (ફડચો)-૨ લગત જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, રાજકોટની નિમણૂંક કરૂ છું. જે અન્વયે સદરહુ મંડળીના ફડચા અધિકારીએ મંડળીની ફડચાની તમામ કામગીરી નિયત મુદતમાં પૂર્ણ કરવી.

રાજકોટ, ૨૩ માહે જુન, સને ૨૦૧૭.

ટી. સી. તીરથાણી,
જિલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
રાજકોટ.

---

## નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : નધણ/ચ/૩૩૩/૯૮૦/સે-૪૨૮૦૮/૨૦૧૭.-જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, મોરબી, આથી જાહેર કરે છે કે, શ્રી કિશાન ક્રેડીટ કો. ઓપ. સોસાયટી લી., મર્યાદિત સ્થળ : મોરબી તથા રવાપર ગામ, તાલુકો : મોરબી, જિલ્લોઃ મોરબી.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો-૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

મોરબી, ૨૭ માહે જુન, સને ૨૦૧૭.

**એસ. જી. રૈયાણી,**
જિલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
મોરબી.

---

**મદદનીશ જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ (હાઉસીંગ) દ્વારા**

## નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : નધણ/૦૧/ગ-૧/૨૩૫/૨૦૧૭.-મદદનીશ જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ (હાઉસીંગ), ભુજ-કચ્છ, આથી જાહેર કરે છે કે, શ્રી કૈલાશ જયોત કો-ઓપરેટીવ હાઉસીંગ સર્વિસ સોસાયટી લી., મુ. મેઘપર બોરીચી, તાલુકો : અંજાર, જિલ્લો : ભુજ- કચ્છને સને ૧૯૬૨ના ગુજરાત કાયદા-૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને-૧૯૬૧) ની કલમ-૯ મુજબ આજરોજ નોંધવામાં આવે છે.

નોંધણી નંબર-કેટીએચ ''સા''(હા) ૯૪૮૩, તા. ૧૬-૦૬-૨૦૧૭.

ભુજ-કચ્છ, ૧૬ માહે જુન, સને ૨૦૧૭.

---

## નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : નધણ/૦૧/ગ-૧/૨૩૨/૨૦૧૭.-મદદનીશ જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ (હાઉસીંગ), ભુજ-કચ્છ, આથી જાહેર કરે છે કે, શ્રી જલારામ હાઈટ્સ કો-ઓપરેટીવ હાઉસીંગ (લીઝ હોલ્ડ) સોસાયટી લી., મુ.: ગાંધીધામ, તાલુકો : ગાંધીધામ, જિલ્લો : ભુજ- કચ્છને સને ૧૯૬૨ના ગુજરાત કાયદા-૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને-૧૯૬૧) ની કલમ-૯ મુજબ આજરોજ નોંધવામાં આવે છે.

નોંધણી નંબર-કેટીએચ ''ઘ'' ૨૫૦૧૫, તા. ૧૬-૦૬-૨૦૧૭.

ભુજ-કચ્છ, ૧૬ માહે જુન, સને ૨૦૧૭.

**જે. ડી. નાયી,**
મદદનીશ જિલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ (હાઉસીંગ),
ભુજ-કચ્છ.

---

## નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : નધણ/૦૧/હાઉ/૬૯/૨૦૧૭.-મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર (હાઉસીંગ), સહકારી મંડળીઓ, ભાવનગર, આથી જાહેર કરે છે કે, શ્રી ડાયમંડ જ્યુબીલી કો-ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લી., સ્થળ : રાજુલા સીટી, તાલુકો : રાજુલા, જિલ્લો અમરેલી, સને–૧૯૬૧ નાં ગુજરાત સહકારી મંડળી અધિનિયમની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવેલ છે.

નોંધણી નં.: ઘ-૨૧૮૭૬/૨૦૧૭, તા. ૧૭-૦૬-૨૦૧૭.

ભાવનગર, ૧૭ માહે જુન, સને ૨૦૧૭.

**આર. જી. ગળથરા,**
મદદનીશ જીલ્લા રજીસ્ટ્રાર (હાઉસીંગ),
સહકારી મંડળીઓ,
ભાવનગર.

---

©

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

*PUBLISHED BY AUTHORITY*

VOL. LVIII] THURSDAY, 13th JULY, 2017/ASHADHA 22, 1939 No. 28

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central section in order that it may be filed as a separate compilation.

# PART-I



| PART - I | Pages | PART - I - B | Pages |
|---|---|---|---|
| Government Notifications Appointments Promotions, Leave of absence, Rules and orders (Other than those published in Part-I-A, IV-A, IV-B, and IV-C) list of publications for sales etc., Miscellaneous Notifications Appoint-ments etc., | 791-800 | (Suppliment) Government Notifications Published under Land Acquisition Act only Supplement. | Nil |
| **PART - I - A** Order and Notifications (Other than those published in Part-IV-B) under the Gujarat Local Boards, Village Panchayats, Municipals, Boroughs, (Districts) Municipals Primary Education and Local Fund Audits, Acts., | Nil | **PART - II** Miscellaneous Notices, Advertisments, List of Books Sanctioned by the Director of Education, List of Jurors. Schedule of Estates by the Official Assignee, Summary of Births and Deaths, etc., | 1265-1312 |
| | | **PART - III** Miscellaneous Supplements Season and Crop Reports, Prices, Current Rainfalls Returns, District Local Boards Accounts etc., | Nil |

# GOVERNMENT NOTIFICATIONS, ORDERS APPOINTMENTS, ETC.
## SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION
## NOTIFICATION
### MISCELLANEOUS NOTIFICATIONS APPOINTMENTS ETC.

---

### કલેક્ટર દ્વારા

વંચાણ :

(૧) સરકારશ્રીના ઉદ્યોગ, ખાણ અને વીજળી વિભાગના પરિપત્ર નં. પીપીએમ-૧૦૭૩/૩૧૮૩/૭૪/પી, તા. ૦૩-૦૭-૮૪, તા. ૦૩-૦૧-૮૫, તા. ૧૩-૦૩-૮૫ તથા તા. ૧૬-૦૭-૨૦૦૩.

(૨) આ કચેરીની ટેન્ડર નોટીસ ક્રમાંક : રેકર્ડ/રદ્દી પસ્તી/વશી/૩૨/૨૦૧૭ તા. ૧૮-૦૪-૨૦૧૭.

(૩) વેપારીશ્રીઓ તરફથી રજુ થયેલ ભાવપત્રકો.

(૪) તા. ૦૮-૦૫-૨૦૧૭ના રોજનું પ્રોસીડીંગ.

### હુકમ

ક્રમાંક : રેકર્ડ/રદ્દી પસ્તી ઈજારો/વશી/૫૨ થી ૧૨૦/૨૦૧૭.-બોટાદ જિલ્લામાં આવેલી રાજ્ય સરકારશ્રીની તમામ કચેરીઓમાંથી ''અ'', ''બ'' તથા ''ક'' વર્ગની રદ્દી પસ્તીની ખરીદી કરીને લઈ જવા માટેનો એક વર્ષ માટેનો ઈજારો આપવા વંચાણ-૨ મુજબ તા. ૨૧-૧૨-૨૦૧૫ થી ટેન્ડર નોટીસ બહાર પાડી તથા તા. ૧૧-૦૪-૨૦૧૭ ની ગુજરાત સમાચાર, ભાવનગરથી પ્રસિધ્ધ થતી દૈનિક આવૃતિમાં પ્રેસ નોટ પ્રસિધ્ધ કરી, રદ્દી પસ્તી ઉપાડતી એજન્સીઓ પાસેથી સીલબંધ કવરમાં ભાવપત્રકો મંગાવવામાં આવેલ. જે અન્વયે કુલ-૬ (છ) રજુ થયેલ ભાવપત્રકો પૈકી કુલ-૩ (ત્રણ) ભાવપત્રકો સમય સમયમર્યાદામાં રજુ થયેલ. જે તા. ૦૪-૦૫-૨૦૧૬ ના રોજ નિવાસી અધિક કલેકટરશ્રીની અધ્યક્ષતા અને નાયબ કલેક્ટર-૧શ્રીની હાજરીમાં ખોલવામાં આવેલ. સમયમર્યાદામાં રજુ થયેલ ટેન્ડરોમાં નીચે મુજબ તુલનાત્મક ભાવપત્રક તૈયાર કરેલ છે. જે નીચે મુજબ છે.

| અ. નં. | રદ્દી પસ્તીના ઈજારેદારનું નામ તથા સરનામુ | વર્ગ-અ | વર્ગ-બ | વર્ગ-ક |
|---|---|---|---|---|
| ૧ | કંકુબેન લક્ષમણભાઈ ગૌશાળા આશ્રમ ટ્રસ્ટ,<br>બ્લોક નં. ૮૮, મ્યુ. પૂઅર સ્ટાફ ક્વાર્ટર સ્ટાફ ક્વાર્ટર્સ, ડી.કોલોની સામે નરોડા અમદાવાદ | ૭૫૬/- | ૬૫૬/- | ૩૫૬/- |
| ૨ | શ્રી ધર્મેશ એન્ટરપ્રાઈઝ,<br>બ્લોક નં. ૮૮, મ્યુ. પૂઅર સ્ટાફ ક્વાર્ટર સ્ટાફ ક્વાર્ટર્સ, ડી.કોલોની સામે નરોડા અમદાવાદ | ૮૪૦/- | ૮૪૫/- | ૪૬૦/- |
| ૩ | શ્રી શૈલેષ એન્ટરપ્રાઈઝ,<br>બ્લોક નં. ૮૮, મ્યુ. પૂઅર સ્ટાફ ક્વાર્ટર સ્ટાફ ક્વાર્ટર્સ, ડી.કોલોની સામે નરોડા અમદાવાદ. | ૯૫૦/- | ૯૪૦/- | ૫૫૦/- |

ઉપરોક્ત રજુ થયેલ ટેન્ડરોની પુરાવાની ચકાસણી કરતા પુરતા પુરાવા રજુ થયેલ ન હતા. જેથી ખુટતા જરૂરી પુરાવાઓ બાબતે હાજર ટેન્ડરરો દ્વારા દિન-૨ (બે)નો સમય માંગતા તા. ૦૮-૦૫-૨૦૧૭ સુધીમાં તમામ હાજર ટેન્ડરરોને રૂબરૂમાં જણાવવામાં આવેલ. જે અન્વયે તા. ૦૮-૦૫-૨૦૧૭ ના રોજ નિવાસી અધિક કલેકટરશ્રીની અધ્યક્ષતા અને નાયબ કલેક્ટર-૧, ચીટનીશ ટુ કલેક્ટરશ્રી તથા ટેન્ડરરોની હાજરીમાં ઉક્ત ત્રણેય ટેન્ડરરો દ્વારા ખૂટતા જરૂરી પુરાવાઓ રજુ કરવામાં આવેલ. જે રજુ થયેલ પુરાવાઓની વિગતવાર ચકાસણી કરવામાં આવેલ. સબબ, ઉપરોક્ત તુલનાત્મક પત્રક ધ્યાને લેતા શ્રી શૈલેષ એન્ટરપ્રાઈઝ, અમદાવાદએ ''અ'', ''બ'', તથા ''ક'' વર્ગની પસ્તીના નીચે મુજબ સૌથી ઉંચા ભાવ ભરેલ છે તેમજ પુરતા પુરાવા રજુ કરેલ છે.

| અ. નં. | રદ્દી પસ્તીના ઇજારેદારનું નામ તથા સરનામું | પસ્તીનો વર્ગ | રદ્દી પસ્તીનું વર્ણન | પ્રતિ કિવન્ટલ દીઠ નક્કી થયેલ ભાવ(કરવેરા સિવાય) |
|---|---|---|---|---|
| ૧ | શ્રી શૈલેષ એન્ટરપ્રાઈઝ, બ્લોક નં.૮૮, મ્યુ. પુઅર સ્ટાફ ક્વાર્ટર, ડી.ક્લોની સામે, નરોડા રોડ, અમદાવાદ મો. ૯૫૭૪૬૮૮૭૫૮, ૯૩૭૬૧૧૧૫૬૩ | ''અ'' | દૈનિક વર્તમાનપત્રો, સામયીકો અને બીનઉપયોગી ફોર્મ | ૯૫૦-૦૦ |
| | | ''બ'' | કચેરીની જુની ફાઈલો તથા અન્ય કાગળો | ૯૪૦-૦૦ |
| | | ''ક'' | નકામા રદ્દી કાગળો તથા પરચુરણ કાગળો | ૫૫૦-૦૦ |

ઉપરોક્ત વિગતે રજુ થયેલ ભાવ સૌથી વધુ તથા વાજબી જણાતા તેનો સૈધ્ધાંતિક સ્વીકાર કરી, ટેન્ડર નોટીસની શરત નં.૯ થતા ૧૦ અનુસાર વર્ગવાર રૂા. ૧૦,૦૦૦/- (અંકે રૂપિયા દશ હજાર પૂરા)ની ડીપોઝીટનું ચલણ ભરવા જણાવતા, મજકૂર ઈજારેદારશ્રીએ ડીપોઝીટની રકમ રૂ. ૩૦,૦૦૦/- (અંકે રૂપિયા ત્રીસ હજાર પુરા)નું ચલણ ''૮૪૪૩-સીવીલ ડીપોઝીટ'' સદરે જમા કરાવેલ છે.

ઉપરોક્ત વિગતે ટેન્ડર નોટીસની શરતો અનુસાર ઈજારેદાર તરફથી વર્ગવાર રૂા. ૧૦,૦૦૦/- લેખે કુલ રૂા. ૩૦,૦૦૦/- (અંકે રૂપિયા ત્રીસ હજાર પુરા)ની ડીપોઝીટ જમા કરાવેલ હોય, બોટાદ જિલ્લામાં આવેલી રાજય સરકારશ્રીની તમામ કચેરીઓમાંથી ઉપરોક્ત વિગતે ''અ'', ''બ'', તથા ''ક''ના વર્ગવાર નક્કી થયેલ ભાવથી નીચેની શરતોને આધિન રહીને શ્રી શૈલેષ એન્ટરપ્રાઈઝ, બ્લોક નં.૮૮, મ્યુ. પુઅર સ્ટાફ ક્વાર્ટર, ડી.ક્લોની સામે, નરોડા રોડ, અમદાવાદને રદ્દી પસ્તી લઈ જવા ઈજારો આપવા આથી હુકમ કરવામાં આવે છે.

: શરતો :

૧. આ ઈજારો હુકમની તારીખથી એક વર્ષ સુધી અથવા આ કચેરી દ્વારા અન્ય કોઈ હુકમ ન થાય ત્યાં સુધી, બંન્ને માંથી જે વહેલુ હોય ત્યાં સુધી અમલમાં રહેશે.

૨. રાજય સરકારશ્રીની કચેરીના વડા તરફથી પસ્તી ઉપાડી જવાની ઈજારેદારને જાણ કર્યેથી દિવસ-૧૫માં પોતાના ખર્ચે રદ્દી પસ્તી ઉપાડી જવાની રહેશે.

૩. કચેરી તરફથી લેખિત જાણ કરવા છતાં ઈજારેદાર આ રદ્દી પસ્તી ઉપાડી નહીં જાય તો રજી.એડી.થી નોટીસ આપી જાણ કરવાની રહેશે. નોટીસ મળ્યાની તારીખથી દિવસ-૭ માં કોન્ટ્રાકટરએ પસ્તી ઉપાડી લેવાની રહેશે. આમ છતાં ઈજારેદાર પસ્તી ન લઈ જાય તો સબંધિત કચેરીના વડાએ કોન્ટ્રાકટરના ખર્ચે અને જોખમે પસ્તીનું જાહેર હરરાજીથી વેચાણ કરવાનું રહેશે. રદ્દી કાગળોનું જાહેર હરરાજીથી વેચાણ કરવાથી નક્કી કરેલ દર કરતાં વધારે રકમ ઉપજે તો તે વધારાની રકમ ઉપર ઈજારેદારનો કોઈ હકક રહેશે નહીં પરંતુ નક્કી થયેલ ભાવ કરતા ઓછી રકમ ઉપજે તો તેટલી રકમ સબંધિત કચેરીએ ઈજારેદાર પાસેથી વસુલ કરવાની રહેશે. તેમ જ આવો કિસ્સો બને તો જે તે કચેરીના વડાએ કોન્ટ્રાકટરને શરતભંગ બદલ ત્રણ વર્ષ માટે ''બ્લેક લીસ્ટ'' માં મુકવા માટે આ કચેરીને દિવસ-૭ માં દરખાસ્ત મોકલી આપવાની રહેશે.

૪. રદ્દી પસ્તીની ઉપજેલ રકમ ''૦૦૫૮-પ્રિન્ટીંગ એન્ડ સ્ટેશનરી મીસેલીનીયસ'' ના સદરે ગણતરી કરી જમા કરાવાની રહેશે.

૫. રદ્દી પસ્તીની ઉપજેલ રકમના સરકારશ્રીના પ્રવર્તમાન દર મુજબ વેચાણવેરો અલગથી ''૦૦૪૦-સેલ્સટેક્ષ કલેકશન ચાર્જીસ''ના સદરે જમાં કરાવવાના રહેશે.

૬. રદ્દી પસ્તીની ઉપજેલ રકમના સરકારશ્રીના પ્રવર્તમાન દર મુજબ વેચાણવેરા ઉપરાંત સામાન્ય વેરો ''૦૦૭૦-અન્ય બીજી વહીવટી સેવાઓ'' ના સદરે જમા કરાવવાનો રહેશે.

ઉપરોક્ત શરત નં. ૪, ૫ તથા ૬ ની રકમની ગણતરી કરી પહોંચથી અથવા ચલણથી રકમ જમાં કરાવ્યા બાદ જ પસ્તી ઉપાડવાની રહેશે.

૭. કોન્ટ્રાકટરએ તમામ સરકારી કચેરીઓમાંથી રદ્દી પસ્તી ભીની હોય કે કોરી તે લક્ષમાં લીધા સિવાય તમામ પસ્તી ઉપાડી લેવાની રહેશે. ભીના કાગળોની બાબતમાં પ્રથમ કચેરીના એક કિલો સુકા કાગળોને પાણીમાં પલાળી ત્યારબાદ વજન કરવું અને બંન્ને વચ્ચેનો તફાવત નક્કી કરી પસ્તીના કુલ વજન સામે ૫% ફેરફારની છુટ રાખી વજનની પ્રમાણસર ગણતરી કરવાની રહેશે.

૮. વજન કરવા માટે ઘોડી, કાંટો, વજનીયા વગેરે કોન્ટ્રાકટરે પોતાના લાવવાના રહેશે. આ વજન કાંટો, વજનીયા બરાબર હોવાની ખાત્રી સબંધિત અધિકારીશ્રી કરશે. પસ્તી જયાં હોય ત્યાંથી કોન્ટ્રાકટએ કોથળા ભરી પોતાના વાહનમાં મુકવા તથા વજન કરવું વિગેરે તમામ ખર્ચ કોન્ટ્રાકટરએ ભોગવવાનો રહેશે.

૯. જીલ્લામાં આવેલ રાજય સરકારશ્રીની કચેરીઓના વડાઓને વિનંતી કે, રદ્દી પસ્તી બાબતમાં નીચેના કારણોસર કોઈ ખોટ સરકારશ્રીને ઈજારેદારના ભોગે ભોગવવી પડે તો તેની જાણ આ કાર્યાલયને કરવાની રહેશે.

(અ) રદ્દી પસ્તી ઉપાડી હોય પરંતુ વેચાણ કિંમત ભરેલ ન હોય,

(બ) રદ્દી પસ્તી સમયસર ઉપાડી ન હોય અને જાહેર હરરાજીથી વેચાણ કરતા ઓછી રકમ ઉપજેલ હોય તો તે ખોટ.

(ક) અન્ય કોઈ કારણોસર થયેલ ખોટ.

૧૦. રદ્દી પસ્તીનો ગમે તેટલો ઓછો અથવા વધારે જથ્થો હશે તે સમયસર ઉપાડી લેવાનો રહેશે.

૧૧. રદ્દી પસ્તી કાગળોનું વજન ઘોડા કાંટાથી કરવાનું રહેશે. સ્પ્રીંગ કાંટાથી વજન કરી શકાશે નહી. સ્પ્રીંગ કાંટો મન્ય ગણાશે નહી.

૧૨. રેઈટ કોન્ટ્રાકટ મંજુર થયેલ ઈજારેદારે જ રદ્દી પસ્તી ઉપાડવાની રહેશે તેના વતી તેના કુલમુખત્યાર કે અન્ય કોઈ રદ્દી પસ્તી ઉપાડી શકશે નહી.

૧૩. કચેરીમાં રદ્દી પસ્તી ઉપાડવા આવેલ ઈજારેદાર આ કચેરીએ માન્ય રાખેલ ઈજારેદાર છે કે કેમ? તેની ખાત્રી માટે કચેરીના વડાએ ઈજારેદાર પાસેથી આ કચેરી દ્વારા અપાયેલ પ્રમાણપત્ર જોવા માંગવાનું રહેશે. અને તે રજુ કરવા ઈજારેદાર બંધાયેલ છે.

૧૪. ઈજારેદારએ નીચે જણાવેલ નમુનામાં એક રજીસ્ટર નિભાવવાનું રહેશે. વર્ષ દરમિયાન ઉપાડવામાં આવેલ રદ્દી પસ્તીની વિગતો ભરવાની રહેશે. દર માસની ૧૦ મી તારીખ સુધીમાં આગળના માસમાં ઉપાડેલ પસ્તીની વિગતો નીચે મુજબના નિયત પત્રકમાં આ કચેરીને મોકલવાની રહેશે.

**પત્રકનો નમુનો**

| અ. નુ. | કચેરીનું નામ | પસ્તી ઉપાડેલ તારીખ | ઉપાડેલ જથ્થો | | ઉપજેલ રકમ | | | ચલણ નંબર/ તારીખ |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | વર્ગ | જથ્થો | વેચાણ કિંમત | વેચાણ વેરો | સામાન્ય વેરો | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ |

૧૫. રદ્દી પસ્તીનો ઈજારો એક વર્ષની મુદતનો રહેશે પરંતુ કલેકટરશ્રીને યોગ્ય લાગે તો મંજુર થયેલ ભાવમાં ૧૦% ભાવ વધારો કરી પરસ્પરની સંમતિથી કોન્ટ્રાકટની મુદતમાં એક વર્ષનો વધારો કરી શકાશે.

૧૬. આ હુકમ મળ્યેથી દિન-૭ માં ઈજારેદારશ્રીએ રૂબરૂ હાજર થઈ રૂ. ૧૦૦/-ના નોન જ્યુડીશ્યલ સ્ટેમ્પ ઉપર અ, ''બ, ''ક ત્રણેય વર્ગ માટે દરખાસ્ત કરી આપવાનું રહેશે.

ઉપર મુજબની તમામ શરતો તથા કરારનામાં દર્શાવેલ તમામ શરતો ઈજારેદારને બંધનકર્તા રહેશે અને જો કોઈપણ શરતનો ભંગ કરવામાં આવશે તો જમા કરાવેલ ડીપોઝીટની રકમ પુરેપુરી કે તેનો કોઈ પણ ભાગ (રાજયસાત) ખાલસા કરવામાં આવશે. તેમ જ જરૂર જણાએ ઈજારેદારને ''બ્લેક લીસ્ટ'' માં પણ મુકવામાં આવશે જેની ઈજારેદારે ખાસ નોંધ લેવી.

(સહી)/- **અવાચ્ય,**

કલેકટર,

બોટાદ જિલ્લો, બોટાદ.

---

## જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

### મુંબઇ પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૭(૧)(બી) અન્વયે કાઢેલો હુકમ

### જાહેરનામું

ડી.એમ./વશી/૪૦૫૭ થી ૪૦૭૭/૨૦૧૭.-પંચાયત માર્ગ અને મકાન વિભાગ બોટાદ હસ્તક મુખ્ય મંત્રી ગ્રામ સડક યોજના હેઠળ મંજુર થયેલ ગઢડા ગઢાળી લીમડા રોડ કિ.મી. ૦/૦ થી ૨૨/૦૦ ના કામમાં ૧૬/૦૦ કિ.મી. થી ૨૨/૦૦ કિ.મી. લીંબાળા ગામથી લીમડા ગામ સુધીનો ૬/૦૦ કિ.મી. નો રસ્તો ખુબજ બિસ્માર હાલતમા હોય, તથા આ રસ્તો ટ્રાફીકેબલ રહેતો હોય, તેમજ અકસ્માત થવાની પણ સંભાવનાઓ રહેલી હોય, જેથી સદરહુ રસ્તો બનાવવા માટે બંધ કરવો જરૂરી જણાય છે.

ઉપરોકત વિગતે મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના અંતર્ગત મંજુર થયેલ ગઢડા, ગઢાળી, લીમડા રોડ ના કામનો વર્કઓર્ડર ઓમ કન્સ્ટ્રકશન ભાવનગર ને આપવામાં આવેલ છે. અને સદરહુ રસ્તાનું કામ સમય મર્યાદામા પુર્ણ કરવા લીંબાળા ગામથી અનિડા-માંડવા થી ભાવનગર-રાજકોટ સ્ટેટ હાઈ-વે જે ડાયવર્ઝન આપવું જરૂરી જણાય છે.

આ અંગે કાર્યપાલક ઈજનેરશ્રી માર્ગ અને મકાન પંચાયત વિભાગ બોટાદ દ્વારા તા. ૨૦-૦૬-૨૦૧૭ના પત્ર નં. ડીપી/બાંધકામ/વહીવટ/વશી/૧૯૯ થી ૨૦૪/૨૦૧૭ થી દરખાસ્ત થઈ આવેલ છે. તેમજ પોલીસ અધિક્ષકશ્રી બોટાદ ના તા. ૨૧-૦૬-૨૦૧૭ના પત્ર નં. ક્રમાંક ટ્રાફીક/જાહેરનામુ/૧૧૫/૧૭ થી હકારાત્મક અભિપ્રાય થઈ આવેલ છે.

સબબ મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩(૧)(બી) નીચે મને મળેલ અધિકારની રૂ એ હું સુજીત કુમાર, જિલ્લા મેજિસ્ટ્રેટ, બોટાદ જિલ્લો, બોટાદ, નીચે મુજબના રસ્તા ઉપર વાહનોને પસાર થવાનું ફરમાવું છું.

મુખ્ય મંત્રી ગ્રામ સડક યોજના હેઠળ મંજુર થયેલ ગઢડા ગઢાળી લીમડા રોડ કિ.મી ૦/૦ થી ૨૨/૦૦ ના કામમાં ૧૬/૦૦ કી.મી થી ૨૨/૦૦ કી.મી લીંબાળા ગામથી લીમડા ગામ સુધીનો ૬/૦૦ કી.મી નો રસ્તો બનાવવા કામે તા. ૨૮-૦૬-૨૦૧૭ થી તા. ૧૫-૦૭-૨૦૧૭ સુધી ઉકત રસ્તાના વાહનોના ટ્રાફીકનો રૂટ લીંબાળા ગામથી લીમડાના બદલે લીંબાળા ગામથી અનિડા-માંડવા થઈ ભાવનગર-રાજકોટ હાઈવે તરફ પસાર થવાનુ રહેશે.

આ જાહેરનામું તા. ૨૮-૦૬-૨૦૧૭ થી તા. ૧૫-૦૭-૨૦૧૭ સુધી અમલમાં રહેશે.

આ હુકમ/જાહેરનામાનો ભંગ/ઉલ્લંઘન કરનારને મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૧૩૧ મુજબ શિક્ષા થશે.

જાહેરનામાનો અમલ અને તેના ભંગ બદલના પગલા લેવા માટે ફરજ પરના કોઈપણ હેડ કોન્સ્ટેબલ તથા તેનાથી ઉપરના અધિકારીને અધિકાર રહેશે.

ઉપર જણાવેલ સ્થળે આ જાહેરનામાની નકલો ચોંટાડીને તથા વર્તમાનપત્રો મારફત આ જાહેરનામાની બહોળી પ્રસિધ્ધી કરાવવી.

આજ તા. ૨૭-૦૬-૨૦૧૭ ના મારી સહી તથા કચેરીના સિકકા કરી જાહેર જનતાની જાણ માટે જાહેરનામું બહાર પાડવામાં આવે છે.

બોટાદ, ૨૭ માહે જુન, સને ૨૦૧૭.

**સુજીત કુમાર,**
જિલ્લા મેજીસ્ટ્રેટ,
બોટાદ.

---

## અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

### ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭ની પેટા કલમ-૧ તથા ૩ અન્વયેનો હુકમ

### જાહેરનામુ

નં. હોમ/પલસ/૩/વશી/૭૯૫૭ થી ૮૦૧૦/૨૦૧૭.-(૧) હાલની પ્રવર્તમાન પરિસ્થિતિને અનુલક્ષીને સમગ્ર અમરેલી જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાય રહે તે માટે તેમજ જાહેર સુલેહ શાંતિ અને સલામતી જાળવવા માટે ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭ની પેટા કલમ-૧ તથા કલમ-૩ અન્વયે પગલા લેવા પુરતા કારણો છે. તેની મને ખાત્રી થઇ છે.

(૨) જેથી હું, ડી. ડી. પંડયા, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, અમરેલી, ગુજરાત પોલીસ અધિનિયમ–૧૯૫૧ની કલમ–૩૭ની પેટા કલમ–૧ તથા કલમ–૩ અન્વયે મળેલ સત્તાની રૂઈએ આથી ફરમાવું છું કે,

(૩) તા. ૨૭-૦૬-૨૦૧૭ થી તા. ૧૧-૦૭-૨૦૧૭ (બંને દિવસો સહિત) અમરેલી જિલ્લાના સમગ્ર વિસ્તારમાં,

(૪) કોઇપણ ઈસમે શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટા, બંદુક, ચપ્પુ, લાકડી અથવા લાઠી અથવા શારિરીક ઈજા અને હિંસા પહોંચાડવા ઉપયોગી થઇ શકે તેવી બીજી કોઇપણ ચીજવસ્તુ, સ્ફોટક પદાર્થ અથવા પથ્થરો સાથે ઘર બહાર નીકળવુ નહીં. કોઈ આકૃતિઓ અથવા પુતળા દેખાડવા નહીં અને બુમો પાડવી નહીં તથા સુત્રોચાર કરવા નહીં.

(૫) આ હુકમ નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહીં.

(અ) ફરજ પર રોકાયેલ પોલીસ તથા હોમ ગાર્ડ સહિતના તમામ સરકારી તેમજ અર્ધ સરકારી કર્મચારી તથા અધિકારીઓને,

(બ) શારિરીક અશક્તિને કારણે લાકડી તથા લાઠી લઈને ફરવુ જરૂરી છે તેવી વ્યક્તિઓને,

(૬) વધુમાં ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭ની પેટા કલમ-૩ હેઠળ મળેલ સત્તાની રૂઈએ,

તારીખ : ૨૭-૦૬-૨૦૧૭ થી તા. ૧૧-૦૭-૨૦૧૭ (બંને દિવસો સહિત) અમરેલી જિલ્લાનાં સમગ્ર વિસ્તારની અંદર સબંધિત સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી/તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટશ્રીની પુર્વ મંજુરી/પરવાનગી સિવાય કોઇ સભા મંડળી ભરવાની અથવા સરઘસ કાઢવાની હું મનાઈ ફરમાવું છુ.

(૭) ઉપરોક્ત પેરા-૬(છ) માં કરવામાં આવેલ આદેશ ફરજ પરના કોઈપણ સરકારી/બિનસરકારી કર્મચારીઓ અને અધિકારીઓને તેમજ કોઈપણ લગ્નનાં વરઘોડાને અથવા સ્મશાનયાત્રાને લાગુ પડશે નહીં.

(૮) આ જાહેરનામાનું ઉલ્લંઘન કરનાર અથવા ઉલ્લંઘન માટે મદદ કરનાર શખ્સ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૫ની જોગવાઈ મુજબ સજા તથા દંડને પાત્ર થશે.

હું એવો પણ આદેશ કરૂં છું કે, પોલીસ અધિક્ષકશ્રી, અમરેલીએ સદરહું હુકમ નિર્દિષ્ટ કરેલ વિસ્તારમાં સહેલાઈથી દેખી શકાય તેવી જગ્યાએ તેની નકલ ચોટાડીને તથા લાઉડ સ્પીકર તેમજ સ્થાનિકેથી પ્રસિધ્ધ થતા સ્થાનીક વર્તમાનપત્રો ધ્વારા તેની બહોળી જાહેરાત કરી/કરાવીને પ્રસિધ્ધ કરવો.

(૯) આજ તારીખ ૨૩–જુન–૨૦૧૭ ના રોજ મારી સહી તથા સિક્કો કરી હુકમ બહાર પાડયો.

અમરેલી, ૨૩ માહે જુન, સને ૨૦૧૭.

ડી. ડી. પંડ્યા,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
અમરેલી.

---

**ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ કાઢેલો હુકમ**

## જાહેરનામુ

નં. ડી.એમ./ડીસીએચ/માછીમારી/૧૧૪૨/૧૭.-દેવભૂમિ દ્વારકા જિલ્લાના જુદા જુદા બંદરોએથી માછીમારી માટે માછીમારો સમુદ્રમાં જાય છે, સમુદ્રમાં ગયા પછી વાવાઝોડા, વરસાદ કે હવામાન અંગેની અન્ય આગાહીઓ સબંધે આવા સમુદ્રમાં રહેલ માછીમારોને ચેતવણી પહોચાડવી શકય હોતી નથી તેમજ માહે મે માસથી દરીયો તોફાની થઈ જાય છે. મે-૧૯૯૯માં ત્રાટકેલા વાવાઝોડાને કારણે મોટી જાનહાનિ થયેલ હતી. માછીમારોને સામાન્ય રીતે મે માસથી સમુદ્રમાં માછીમારી માટે જવું વિશેષ જોખમકારક હોય છે. મત્સ્યોદ્યોગ ખાતુ તથા પોર્ટ ઓફિસરશ્રી દ્વારા આવા માછીમારોને મે માસથી સમુદ્રમાં જવા માટે પરવાનગી આપવામાં આવતી નથી; તેમ છતાં, અનધિકૃત રીતે કોઈ માછીમાર માછીમારી માટે સમુદ્રમાં ચાલ્યા જાય અને વાવાઝોડા, વરસાદ કે ભારે પવનનાં કરાણે સમુદ્ર તોફાની બને તેવા સંજોગોમાં સમુદ્રમાં ચાલ્યા ગયેલ માછીમારોના જીવનું જોખમ ઉભું થાય તેવો પુરતો સંભવ છે. તેથી આવા માછીમારોને સમુદ્રમાં ગેરકાયદેસર રીતે જતા અટકાવવા મત્સ્યોદ્યોગ અધિક્ષકશ્રી, ઓખાએ તા. ૭-૬-૨૦૧૭ના પત્ર નં. મઅઓ/તત્રક-૨/બંધસિઝન/૧૭-૧૮/૪૧૨ થી જાહેરનામું બહાર પાડવા દરખાસ્ત કરેલ છે.

સબબ, ભારતીય ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ સતાની રૂએ હું, રાજેન્દ્ર વી. સરવૈયા, G.A.S., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, દેવભૂમિ દ્વારકા, આથી ફરમાવું છું કે દેવભૂમિ દ્વારકા જિલ્લાના સમગ્ર વિસ્તારના દરીયા કાઠેંથી કે ક્રિક એરીયામાં કોઈપણ માછીમારોએ કે અન્ય કોઈ વ્યક્તિઓએ તા. ૧૦-૦૬-૨૦૧૭ થી ૦૮-૦૮-૨૦૧૭ ના સમય દરમ્યાન માછી મારી માટે કે અન્ય કોઈ હેતુસર સમુદ્રમાં કે ક્રિક એરિયામાં જવું નહી અને કોઈપણ બોટની અવર-જવર કરવી નહી.

**: અપવાદ :**

૧. પોર્ટ ઉપર આવતા વ્યાપારીક જહાજોને

૨. લશ્કરી દળો, અર્ધ લશ્કરી દળો, પોલીસ દળો, ગુજરાત મેરીટાઈમ બોર્ડની બોટો.

૩. અજાડ ટાપુ તથા ઓખાથી બેટ દ્વારકા વચ્ચે અવર-જવર માટે સક્ષમ અધિકારી દ્વારા અધિકૃત કરેલ પેસેન્જર બોટો

૪. નોન મોટરાઈઝડ ક્રાફ્ટ (લાકડાની બિન યાંત્રિક એક લકડી હોડી અને શઢવાળી હોડી) તથા પગડીયા માચ્છીમારો

આ જાહેરનામાં હુકમનું ઉલ્લંઘન કરનારને ભારતનાં દંડસહિતા અધિનિયમ-૧૮૬૦નાં (૪૫ માં અધિનિયમ)ની કલમ-૧૮૮ અન્વયે સજાને પાત્ર થશે.

આજ તા. ૦૯-૦૬-૨૦૧૭ના રોજ મારી સહી તથા કચેરીનો સિકકો લગાવી જાહેરનામું બહાર પાડવામાં આવ્યું.

દેવભૂમિ દ્વારકા, ૦૯ માહે જુન, સને ૨૦૧૭.

**રાજેન્દ્ર વી. સરવૈયા,**
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
દેવભૂમિ દ્વારકા.

સને-૧૯૫૧ના ગુજરાત પોલીસ અધિનિયમ (આંક-૨૨)ની કલમ-૩૭(૩) અન્વયેનું

## જાહેરનામું

નં. એમએજી/સી/૩૭(૩)/૩૨૮૨/૨૦૧૭.-પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢના પત્ર નં. સી/એલઆઈબી/જાહેરનામું/સભા-સરઘસ/૧૫૮૪/૧૭, તા. ૨૩-૦૬-૨૦૧૭ થી (૧) ગીરનાર પર્વત ઉપર ગુરુ દત્તાત્રેયની જગ્યા ખાતે તથા હિન્દુ અને જૈન ધર્મના લોકો વચ્ચે વિવાદ ચાલુ હોય અને તેના અનુસંધાને ગુન્હાઓ પણ દાખલ થયેલ હોય (૨) વીજપુરવઠો અનીયમીત અને પુરતા પ્રમાણમાં મળતો ન હોય, કિસાનો ધ્વારા પી.જી.વી.સી.એલ. સબ સ્ટેશન ઘેરાવ/વિરોધ જેવા આંદોલનાત્મક કાર્યક્રમો કરવામાં આવે છે. તેમજ હાલમાં મોંઘવારીના પ્રશ્ને પણ આંદોલનો થવાની શક્યતા નકારી શકાય નહીં. (૩) ઉપલા દાતાર ખાતે ભંડારીની નિમણુંકના પ્રશ્ને હિન્દુ અને મુસ્લીમ સમાજ વચ્ચે વિવાદ ચાલે છે, (૪) પાટીદાર અનામત આંદોલન બાદ થયેલ આંદોલનો તથા તેને સંલગ્ન આંદોલનો ગતિમા હોય, તેમજ ઉના દલિત અત્યાચારના બનાવોને ધ્યાને લઈ વિશેષ તકેદારી રાખવી આવશ્યક છે. જેથી જુનાગઢ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તથા જાહેર સુલેહ શાંતી જળવાઈ રહે તે હેતુસર સભા-સરઘસ વગર પરવાનગીએ કોઈ કાઢે નહી તે માટેનું જાહેરનામુ પ્રસિધ્ધ કરવા અત્રે દરખાસ્ત રજુ થયેલ છે.

પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢ તરફથી ઉકત વિગતે રજુ થયેલ દરખાસ્ત વ્યાજબી જણાતા ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ના આંક-૨૨ની કલમ-૩૭ની પેટા કલમ-૩ થી મને મળેલ અધિકારની રૂએ હું, પી. વી. અંતાણી, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, જુનાગઢ જિલ્લો, જુનાગઢ, આથી જુનાગઢ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં તા. ૨૬-૦૬-૨૦૧૭ ના રોજથી તા. ૦૯-૦૭-૨૦૧૭ (બંન્ને દિવસો સહીત) સુધીની મુદત માટે કોઈ પણ સભા કે સરઘસ માટે મનાઈ હુકમ ફરમાવુ છું. આદેશ કરૂ છું કે, આ હુકમ નીચેનાને લાગુ પડશે નહી.

(૧) ફરજ ઉપર હોય તેવી ગૃહરક્ષક મંડળીઓ.
(૨) સરકારી નોકરીએ અવર જવર કરતી હોય તેવી વ્યકિતને.
(૩) કોઈ લગ્નના વરઘોડાને.
(૪) સ્મશાન યાત્રા કે જેમાં જોડાનાર વ્યકિતઓને.
(૫) સક્ષમ અધિકારીશ્રીની કાયદેસર પરવાનગી લઈને.

આ હુકમનું પાલન ન કરનાર અથવા તેનું પાલન ન કરવામાં કોઈને મદદ કરનારને ગુનો સાબીત થયેથી, દંડની શિક્ષાને પાત્ર ઠરશે તથા ભારતીય દંડ સહિતાની કલમ-૧૮૮ મુજબનો ગુનો સાબીત થયેથી, જે તે વ્યકિતને એક માસની સાદી કેદ અથવા રૂા. ૨૦૦/- સુધીનો દંડ અગર બન્ને શિક્ષા થઈ શકશે અને આ હુકમની અવગણના માનવ જીવનને કોઈ નુકશાન અથવા સ્વાસ્થ્યને અથવા સલામતીને કોઈ ભય ઉત્પન્ન થાય અથવા કોઈ હુલ્લડ બખેડો થાય તો તેવી વ્યકિતને-૬ (છ) માસ પરિશ્રમ અથવા સાદી કેદ અથવા રૂા. ૧૦૦૦/- સુધીનો દંડ સહીત બંન્ને શિક્ષાને પાત્ર ઠરશે.

આજ તારીખ : ૨૩, માહે જુન, સને-૨૦૧૭ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા કરી, જાહેર જનતાની જાણ તથા અમલ થવા માટે પ્રસિધ્ધ કર્યુ.

જુનાગઢ, ૨૩ માહે જુન, સને ૨૦૧૭.

---

ગુજરાત પોલીસ અધિનિયમ આંક-૨૨ની કલમ-૩૩ની (૧)બી હેઠળ

## જાહેરનામું

નં. એમએજી/સી/ફાયરીંગ બટ/૩૪૮૭/૨૦૧૭.-નાયબ પોલીસ અધિક્ષક અને ઉપાચાર્યશ્રી, પોલીસ તાલીમ મહાવિદ્યાલય, જુનાગઢના પત્ર ક્રમાંક : સીબી-૩-એ/ફાયરીંગ/૩૫૯૮/૧૭, તા. ૩-૭-૨૦૧૭ થી હેડ ઓફ ફોરેસ્ટ ફોર્સ, ગાંધીનગરના કુલ-૭ ફોરેસ્ટ ઓફીસરોને ફાયરીંગ પ્રેકટીસ લેવા માટે પોલીસ તાલીમ મહાવિદ્યાલય, જુનાગઢના 'બફેલ રેન્જ ફાયરીંગ બટ' ખાતે તા. ૦૭-૦૭-૨૦૧૭ ના રોજનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા અત્રે દરખાસ્ત રજુ કરેલ છે.

સબબ રજુ થયેલ દરખાસ્તની વિચારણા કરતા, ઉકત ફાયરીંગ દરમ્યાન તે વિસ્તારમાં લોકો તથા વાહનોની અવર-જવર ભયજનક જણાતાં હું, પી. વી. અંતાણી, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, જુનાગઢ જિલ્લો, જુનાગઢ, સને-૧૯૫૧નાં ગુજરાત પોલીસ અધિનિયમની આંક-૨૨ની કલમ-૩૩(૧)(બી) હેઠળ મને મળેલ સત્તાની રૂએ તા. ૦૭-૦૭-૨૦૧૭ ના રોજ સવારના ૦૬-૦૦ થી સાંજના ૧૯-૦૦ કલાક સુધી પોલીસ તાલીમ મહાવિદ્યાલય, જુનાગઢનાં બફેલ રેન્જનાં આજુ-બાજુના ૧-કી.મી. વિસ્તારમાં રાહદારીઓને તેમજ વાહનોને ઉપરોકત સમય દરમ્યાન પ્રવેશ બંધી ફરમાવું છું.

આજ તા. ૦૩, માહે જુલાઈ, સને ૨૦૧૭ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા કરી જાહેર જનતાની જાણ તથા અમલ થવા માટે પ્રસિધ્ધ કર્યુ.

જુનાગઢ, ૦૩ માહે જુલાઈ, સને ૨૦૧૭.

**પી. વી. અંતાણી,**
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
જુનાગઢ જિલ્લો, જુનાગઢ.

---

## જાહેરનામું

નં. ડી.એમ.-૧/ફા.બટ/ઈ.નં. ૨૮૨૦૩/૨૦૧૭.-ભાવનગર જિલ્લાના શિહોર ગામની સર્વે નં. ૨૮૨ની શિહોર-ટાણા રોડની દક્ષિણ બાજુએ આવેલ જમીન કે જેનો ઉપયોગ હાલ પોલીસ તંત્ર દ્વારા ફાયરીંગ બટ માટે થાય છે. આ ફાયરીંગ બટ ખાતે આગામી તા.૦૧-૦૭-૨૦૧૭ના રોજ ઈન્ડીયન ફલેગ કમાન્ડીંગ ઓફીસરશ્રી, આઈ.એન.એસ. સાવીત્રી, પીપાવાવ પોર્ટ, રાજુલાનો ફાયરીંગ પ્રોગામનું આયોજન કરવામાં આવેલ છે. જે સંદર્ભે શિહોરના સર્વે નં. ૨૮૨માં ફાયરીંગ બટના સ્થળની પેરીફેરીથી આજુબાજના ૧૦૦ મીટર સુધીના વિસ્તારમાં તકેદારીના પગલા રૂપે જાહેરનામુ બહાર પાડવા પોલીસ અધિક્ષકશ્રી, ભાવનગરની કચેરીના પત્ર નં. ૬૫/સીબી-૫/૧૨૪૨/૨૦૧૭, તા. ૨૮-૦૬-૨૦૧૭થી દરખાસ્ત રજૂ થયેલ છે. જે દરખાસ્ત મુજબનું જાહેરનામુ બહાર પાડવું જરૂરી જણાય છે.

સબબ જાનમાલની સલામતી ખાતર ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(ફ)થી મળેલ અધિકારની રૂઈએ હું, આર. પી. ચૌધરી, (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ભાવનગર જિલ્લો, ભાવનગર, આથી ફરમાવું છું કે, શિહોર ગામના સર્વે નં. ૨૮૨ શિહોર-ટાણા રોડની દક્ષિણ દિશાએ ફાયરીંગ બટનું ક્ષેત્રફળ હેકટર ૨-૧૯-૫૩ આરે માં આવેલ છે તે સ્થળ તથા તેની પેરી ફેરીથી આજુબાજુના ૧૦૦ મીટર સુધીના વિસ્તારમાં આગામી તા. ૦૧-૦૭-૨૦૧૭ના રોજ કોઈપણ શખ્શે જવુ નહીં તેમજ ઢોરોને સદરહું વિસ્તારમાં ચરાવવા નહીં.

જાહેરનામાનો અમલ તથા તેનો ભંગ બદલ પગલા લેવા માટે ફરજ પરના કોઈપણ હેડ કોન્સ્ટેબલ તથા તેનાથી ઉપરના અધિકારીને અધિકાર રહેશે.

આ જાહેરનામાનો ભંગ કર્યેથી આ અધિનિયમની કલમ-૧૩૧ મુજબ સજા થશે.

આજ તારીખ : ૩૦-૦૬-૨૦૧૭ના રોજ મારી સહી તથા કચેરીના સીક્કા કરી જાહેર જનતાની જાણ માટે જાહેરનામું બહાર પાડવામાં આવ્યુ.

ભાવનગર, ૩૦ માહે જુન, સને ૨૦૧૭.

**આર. પી. ચૌધરી,**
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
ભાવનગર.

---

## જિલ્લા રજીસ્ટ્રારશ્રી સહકારી મંડળીઓ દ્વારા

### નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : નધણ/ક-૩/૨૨૨/જેએમઆર/સે-૪૫૦૪૬/૨૦૧૭.-જિલ્લા રજિસ્ટ્રાર, સ. મં., જામનગર, આથી જાહેર કરે છે કે, શ્રી અલિયા મહિલા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ : અલિયા, તા. : જામનગર, જિ. : જામનગર.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો-૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

જામનગર, ૨૧ માહે જુન, સને ૨૦૧૭.

---

### નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : નધણ/ક-૩/૨૨૩/જેએમઆર/સે-૪૫૦૪૫/૨૦૧૭.-જિલ્લા રજિસ્ટ્રાર, સ. મં., જામનગર, આથી જાહેર કરે છે કે, શ્રી બાળા મહિલા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ : બાળા, તા. : જામનગર, જિ. : જામનગર.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો-૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

જામનગર, ૨૧ માહે જુન, સને ૨૦૧૭.

**વી. એમ. મહેતા,**
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
જામનગર.

---

### નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : નધણ/જ-૨/૩૫૦/આરજેટી : સે.-૪૪૯૯૪/૨૦૧૭.-જિલ્લા રજિસ્ટ્રાર, સ. મં., રાજકોટ, આથી જાહેર કરે છે કે, શ્રી જીવરાજ શરાફી સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ : રાજકોટ, તાલુકો : રાજકોટ, જિલ્લોઃ રાજકોટ, સને-૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો-૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

રાજકોટ, ૨૯ માહે જુન, સને ૨૦૧૭.

---

## નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : નધણ/જ-૨/૩૫૨/આરજેટી : સે. દુ ૪૪૯૯૫, તા. ૦૩-૦૭-૨૦૧૭.-જિલ્લા રજીસ્ટ્રાર, સ. મં., રાજકોટ, આથી જાહેર કરે છે કે, શ્રી કલાણા મહિલા દુધ ઉત્પાદક સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ : કલાણા, તાલુકો : ધોરાજી, જિલ્લોઃ રાજકોટ, સને-૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો-૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

રાજકોટ, ૦૩ માહે જુલાઈ, સને ૨૦૧૭.

---

## નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : નધણ/જ-૨/૩૮૨/નં. આરજેટી : સે.-૪૪૯૯૭, તા. ૦૬-૦૭-૨૦૧૭.-જિલ્લા રજિસ્ટ્રાર, સ. મં., રાજકોટ, આથી જાહેર કરે છે કે, શ્રી નવાગઢ સેવા સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ : નવાગઢ, તાલુકો : જેતપુર, જિલ્લોઃ રાજકોટ, સને-૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો-૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

રાજકોટ, ૦૬ માહે જુલાઈ, સને ૨૦૧૭.

---

## નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : નધણ/જ-૨/૩૮૫/નં. આરજેટી : સે. દુ ૪૪૯૯૬, તા. ૦૬-૦૭-૨૦૧૭.-જિલ્લા રજિસ્ટ્રાર, સ. મં., રાજકોટ. આથી જાહેર કરે છે કે, શ્રી ગણોદ મહિલા દુધ ઉત્પાદક સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ : ગણોદ, તાલુકો : ઉપલેટા, જિલ્લોઃ રાજકોટ, સને-૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો-૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

રાજકોટ, ૦૬ માહે જુલાઈ, સને ૨૦૧૭.

---

વંચાણે લીધા :

(૧) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ તથા ૧૦૮ હેઠળની જોગવાઈઓ.

(૨) ગુજરાત સરકારશ્રીના કૃષિ અને સહકાર વિભાગના જાહેરનામાં ક્રમાંક/જીએચકેએચ/૬૨/૨૦૧૧/નબસ/૧૨/૨૦૦૨/૩૦૧૧/છ/તા. ૨૧-૦૭-૨૦૧૧.

(૩) અત્રેની કચેરીના આદેશ ક્રમાંક : ફડચ/ગ-૨/૮૧/૨૦૧૭ તા. ૦૩-૦૫-૨૦૧૭ થી મંડળીને ફડચામાં લઈ જવાનો વચગાળા આદેશ.





## અંતિમ આદેશ

ક્રમાંકઃ ફડચ/ગ-૨/૧૩૯/૨૦૧૭.-આથી હું, ટી. સી. તીરથાણી, જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, રાજકોટ ઉપર વંચાણે લીધેલ ક્રમ-૨ વાળા જાહેરનામાથી મળેલ અધિકાર અને સત્તાની રૂઈએ તેમજ આમુખમાં જણાવેલ વિગતો ધ્યાને લઈને શ્રી મિત્રતા ગ્રાહક સહકારી ભંડાર લી. મુ. તા. જિ. રાજકોટ (નોંધણી નંબર : ભં.૩૪૯૨ તા. ૧૪-૧૧-૨૦૦૬) ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયે ફડચામાં લઈ જવાના વચગાળાના આદેશને, આજ કાયદાની કલમ-૧૦૮(૧) અન્વયે કાયમી રાખતો આદેશ આપુ છું. અને ફડચા અધિકારી તરીકે સહકારી અધિકારીશ્રી (ફડચો)-૨ લગત જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, રાજકોટની નિમણૂંક કરુ છું. જે અન્વયે સદરહુ મંડળીનાં ફડચા અધિકારીએ ફડચાની તમામ કામગીરી નિયત મુદતમાં પૂર્ણ કરવી.

રાજકોટ, ૦૫ માહે જુલાઈ, સને ૨૦૧૭.

---

વંચાણે લીધા :

(૧) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ તથા ૧૦૮ હેઠળની જોગવાઈઓ.

(૨) ગુજરાત સરકારશ્રીના કૃષિ અને સહકાર વિભાગના જાહેરનામાં ક્રમાંક/જીએચકેએચ/૬૨/૨૦૧૧/નબસ/૧૨/૨૦૦૨/૩૦૧૧/છ/તા. ૨૬-૦૮-૨૦૧૧.

(૩) અત્રેની કચેરીના આદેશ ક્રમાંક : ફડચ/ગ-૨/૯૩/૨૦૧૭ તા. ૧૬-૦૫-૨૦૧૭ થી મંડળીને ફડચામાં લઈ જવાનો વચગાળા આદેશ.

(૪) માહિતી નિયામકશ્રી રાજકોટને કચેરીના તા.૧૬-૦૫-૨૦૧૭ થી મોકલેલ પ્રેસનોટ.

## અંતિમ આદેશ

ક્રમાંકઃ ફડચ/ગ-૨/૧૪૦/૨૦૧૭.-આથી હું, ટી. સી. તીરથાણી, જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, રાજકોટ ઉપર વંચાણે લીધેલ ક્રમ-૧ વાળા જાહેરનામાથી મળેલ અધિકાર અને સત્તાની રૂએ તેમજ આમુખમાં જણાવેલ વિગતો ધ્યાને લઈને શ્રી એ. વી. જસાણી ટી.બી. હોસ્પિટલના કર્મચારીઓની ધીરાણ અને ગ્રાહક સહકારી મંડળી લી., મુ. કાંગશીયાળી, તા. લોધીકા, જિ. રાજકોટ (નોંધણી નંબર : સે. ૨૫૫૬૬ તા. ૦૮-૦૮-૧૯૯૫) ગુજરાત સહકારી મડળીઓનાં અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયે ફડચામાં લઈ જવાના વચગાળાના આદેશને, આજ કાયદાની કલમ-૧૦૮(૧) અન્વયે કાયમી રાખતો આદેશ આપું છું. અને ફડચા અધિકારી તરીકે સહકારી અધિકારીશ્રી (ફડચો)-૨ લગત જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, રાજકોટની નિમણૂંક કરૂ છું.

જે અન્વયે સદરહુ મંડળીના ફડચા અધિકારીએ મંડળીની ફડચાની તમામ કામગીરી નિયત મુદતમાં પૂર્ણ કરવી.

રાજકોટ, ૦૫ માહે જુલાઈ, સને ૨૦૧૭.

---

વંચાણે લીધા :

(૧) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૧૪(૧) તથા ૨૦(૧) હેઠળની જોગવાઈઓ.

(૨) ગુજરાત સરકારશ્રીના કૃષિ અને સહકાર વિભાગના જાહેરનામાં ક્રમાંક : જીએચકેએચ/૫૧/૨૦૧૧/નબસ/૧૨/ ૨૦૦૨/૩૦૧૧/છ/તા. ૨૧-૦૭-૨૦૧૧.

(૩) કચેરીના ફડચાનાં અંતિમ આદેશ ક્રમાંક : ફડચ/ગ-૨/૩૦૪/૨૦૧૧ તા. ૦૮-૦૩-૨૦૧૧.

(૪) ફડચા અધિકારીશ્રીની તા. ૧૭-૦૬-૨૦૧૭ ના પત્રથી રજુ થયેલ નોંધણી રદની દરખાસ્ત.

## અંતિમ આદેશ

ક્રમાંકઃ ફડચ/ગ-૨/૧૪૩/૨૦૧૭.-આથી હું, ટી. સી. તીરથાણી, જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, રાજકોટ અમોને વંચાણે લીધા આંક (૨) વાળા જાહેરનામાથી મળેલ અધિકારની રૂએ શ્રી ઉમીયાજી દુધ ઉત્પાદક સહકારી મંડળી લી., મુ. મોટીમારડ, તા. ધોરાજી, જિ. રાજકોટ નોંધણી નંબર સે.દુ-૨૨૯૯૭ તા. ૦૨-૦૨-૧૯૮૮ ની ફડચાની કાર્યવાહી સહકારી કાયદાની કલમ-૧૧૪ હેઠળ સમાપ્ત જાહેર કરૂ છું. તેમજ તેજ કાયદાની કલમ-૨૦(૧) હેઠળ સદરહુ મંડળીની નોંધણી રદ કરતો હુકમ કરુ છું.

રાજકોટ, ૦૬ માહે જુલાઈ, સને ૨૦૧૭.

**ટી. સી. તીરથાણી,**
જિલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
રાજકોટ.

---

## મદદનીશ જિલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ જિલ્લા પંચાયત દ્વારા

## નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : જી.પં./સહકાર/નધણ/જેએનડી/ઉ-૧૬૭૭૪/૧૭.- આથી જાહેર કરે છે કે, શ્રી સરસ્વતી હસ્તકલા ઔદ્યોગીક સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ : શીલ, તાલુકો : માંગરોળ, જિલ્લોઃ જુનાગઢ.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો-૧૯૬૧) ની કલમ ૯ અન્વયે આજરોજ નોધવામાં આવી છે.

જુનાગઢ, ૨૨ માહે જુન, સને ૨૦૧૭.

**સહી (અવાચ્ય),**
મદદનિશ જિલ્લા રજિસ્ટ્રાર,
જિલ્લા પંચાયત, જુનાગઢ.

---

## મદદનીશ જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ (હાઉસીંગ) દ્વારા

વંચાણે લીધા :

(૧) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૧૪(૧) તથા ૨૦(૧) હેઠળની જોગવાઈઓ.

(૨) સરકારશ્રીના કૃષિ અને સહકાર વિભાગના તા. ૨૧-૦૭-૨૦૧૧ ના જાહેરનામા ક્રમાંક : જીએચકેએચ/૬૨/૨૦૧૧/ એનએસબી/૧૨/૩૦૧૧/સીએચ. થી થયેલ સતા સોંપણી.

(૩) કચેરીના અંતિમ આદેશ ક્રમાંક : ધરમ/ફડચ/૦૧/૬૭૬ થી ૬૮૫/૨૦૧૫, તા. ૦૯-૦૯-૨૦૧૫.

(૪) ફડચા અધિકારીશ્રીની તા. ૦૧-૦૬-૨૦૧૭ ના પત્રથી રજુ થયેલ નોંધણી રદની દરખાસ્ત.

## હુકમ

ક્રમાંક નં. : ધરમ/ફડચ/૦૧/૩૦૦/૨૦૧૭.-આથી હું, શ્રી એસ. જે. હાલારી, મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, (હાઉસીંગ) રાજકોટ વંચાણે-(૨) વાળા જાહેરનામાથી મને મળેલ અધિકારની રૂએ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ ની કલમ-૧૦૭ અન્વયે ફડચામાં લઈ જવામાં આવેલ શ્રી આનંદનગર કો-ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લી., મુ. ધોરાજી, તા. ધોરાજી, જિ. : રાજકોટ (નોંધણી નં. : ઘ-૩૭૭૯, તા. ૧૪-૧૧-૧૯૭૫) ની ફડચાની કાર્યવાહી, સહકારી કાયદાની કલમ-૧૧૪ હેઠળ સમાપ્ત જાહેર કરું છું. તેમજ તે જ કાયદાની કલમ-૨૦(૧) અન્વયે સદરહુ મંડળીની આ કાયદા હેઠળ નોંધણી રદ કરુ છું.

રાજકોટ, ૨૯ માહે જુન, સને ૨૦૧૭.

**એસ. જે. હાલારી,**
મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, (હાઉસીંગ),
રાજકોટ.

PRINTED AT THE GOVERNMENT PRESS, RAJKOT COMPLAINTS ABOUT GAZETTE MUST BE MADE WITHIN A FORTNIGHT FROM THE DATE OF THIS PUBLICATION ACCOMPANIED BY THE WRAPPER.

© 

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

*PUBLISHED BY AUTHORITY*


VOL. LVIII] THURSDAY, 20th JULY, 2017/ASHADHA 29, 1939 No. 29


**Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central section in order that it may be filed as a separate compilation.**

# PART-I


| PART - I | Pages | PART - I - B | Pages |
|---|---|---|---|
| Government Notifications Appointments Promotions, Leave of absence, Rules and orders (Other than those published in Part-I-A, IV-A, IV-B, and IV-C) list of publications for sales etc., Miscellaneous Notifications Appoint-ments etc., | 801-816 | (Suppliment) Government Notifications Published under Land Acquisition Act only Supplement. | Nil |
| **PART - I - A** Order and Notifications (Other than those published in Part-IV-B) under the Gujarat Local Boards, Village Panchayats, Municipals, Boroughs, (Districts) Municipals Primary Education and Local Fund Audits, Acts., | Nil | **PART - II** Miscellaneous Notices, Advertisments, List of Books Sanctioned by the Director of Education, List of Jurors. Schedule of Estates by the Official Assignee, Summary of Births and Deaths, etc., | 1313-1368 |
| | | **PART - III** Miscellaneous Supplements Season and Crop Reports, Prices, Current Rainfalls Returns, District Local Boards Accounts etc., | Nil |

# GOVERNMENT NOTIFICATIONS, ORDERS APPOINTMENTS, ETC.
## SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION
## NOTIFICATION
### MISCELLANEOUS NOTIFICATIONS APPOINTMENTS ETC.

---

### કલેક્ટર દ્વારા

વંચાણ :

(૧) ધી કેરોસીન (રીસ્ટ્રીકશન ઓન યુઝ એન્ડ ફીક્સેશન ઓફ સેલીંગ પ્રાઈઝ) ઓર્ડર-૧૯૯૩.

(૨) અત્રેના જાહેરનામાં નાં. સપ-કસન પરીવહન-દર-વધારો-૨૦૧૪, તા. ૨૦-૦૯-૨૦૧૪.

(૩) અત્રેના જાહેરનામા નાં. સપ/કસન/જથ્થાબંધ અને છુટક/ભાવ/મુકરર/૪-૫/૨૦૧૭, તા. ૨૦-૦૪-૧૭.

(૪) સરકારશ્રીના પત્ર નાં : કસન/૧૦૨૦૧૭/૨૨૩/બ, તા. ૦૩-૦૭-૨૦૧૭.

(૫) અત્રેના જાહેરનામા નાં. સપ/કસન/ભાવ/મુકરર/૧ જુલાઈ/૨૦૧૭, તા. ૦૪-૦૭-૨૦૧૭.

(૬) સરકારશ્રીના પત્ર ક્રમાંક : કસન/૧૦૨૦૧૭/૨૨૩/બ, તા. ૦૫-૦૭-૨૦૧૭.

### જાહેરનામું

નં. સપ-કસન-ભાવ-મુકરર વીથ GST-૧જુલાઈ-૨૦૧૭.-અત્રેના વંચાણ-(૨) વાળા જાહેરનામાથી પરિવહન સમિતિની બેઠકમાં થયેલ વિચારણા મુજબ પરીવહન દર માટેના ભાવ નક્કી થયેલ હતા. ત્યાર બાદ ડીલર્સના કમીશન અને છુટક વિક્રેતા કમીશનમાં વધારો થતા ક્રમ-(૩) વાળા જાહેરનામાથી ઘરગથ્થુ વપરાશના કેરોસીનના એક કીલોલીટરના જથ્થાબંધ વેંચાણભાવ તથા એક લીટરનો છુટક વેચાણ ભાવ દરેક તાલુકાવાઈઝ નક્કી કરવામાં આવેલ.

સરકારશ્રીના અન્ન નાગરિક પુરવઠા વિભાગ ગાંધીનગરના વંચાણ-(૪) વાળા પત્ર મુજબ કંપનીના ૧ કે.એલ.ના ભાવ જુના રૂા. ૧૭૫૮૪.૦૧/- હતા. તે વધારીને નવો ભાવ ૧ કે.એલ.નો રૂા. ૧૭૮૩૪.૦૧/- કરેલ. જેના અનુસંધાને વંચાણ-(૫) વાળા જાહેરનામા દ્વારા કેરોસીનના નવા ભાવ નકકી થયેલ. સદરહું ભાવ નકકી કરતું વંચાણ-(૫) વાળા જાહેરનામુ રદ કરવામાં આવે છે. હવે સરકારશ્રીના વંચાણ-(૬) વાળા પાત્રથી વંચાણ-(૪) વાળા પત્ર ધ્વારા નકકી થયેલ ઈન્સ્ટોલેશન દરમાં ૫% જી.એસ.ટી. દર ઉમેરીને તે મુજબ નવા કેરોસીનના ભાવ બાંધણી કરવાના રહેશે તેવું જણાવેલ છે. જેથી સરકારશ્રીના વંચાણ-(૪) મુજબના કંપનીઓના નકકી થયેલ ઈન્સ્ટોલેશન દર ૧૭૮૩૪.૦૧ ના ૫% મુજબનો વધારો એટલે કે ૮૯૧.૭/- રૂ. નો વધારો ઉમેરી કેરોસીનના ભાવ નકકી કરવાના રહે છે. તે નજરે જથ્થાબંધ ભાવ તથા છુટક ભાવ તા. ૦૧-૦૭-૨૦૧૭ થી નવેસરથી નક્કી કરવાના રહે છે. આમ, વંચાણ-(૬) વાળા પત્રથી મળેલ સરકારશ્રીની સુચનાઓ નજરે જી.એસ.ટી. દરનો ઉમેરો કરીને વંચાણ-(૧) વાળા ઓર્ડરથી મળેલ અધિકારની રૂએ હું, કલેકટર-કચ્છ, કંડલા ઈન્સ્ટોલેશન ડેપોથી આવતા ઘરગથ્થુ વપરાશના કેરોસીનના એક કીલોલીટરના ઈન્સ્ટોલેશન ડેપોથી આવતા ઘરગથ્થુ વપરાશના કેરોસીનના એક કીલોલીટરના કંપનીના ઈન્સ્ટોલેશન પોઈન્ટના ભાવ તથા ૧ જુલાઈ ૨૦૧૭ થી અમલમાં આવેલ જી.એસ.ટી. ના લાગુ પડેલ કર મુજબ જથ્થાબંધ વેંચાણ ભાવ તથા એક લીટરના છુટક વેંચાણ ભાવ આ સાથેના પત્રકની વિગતે તાલુકાવાઈઝ નીચે મુજબ નક્કી કરવાનું ઠરાવું છું.

| અનુ. નં. | તાલુકાના મુખ્ય મથકનું નામ | એક કિલો લીટર કેરોસીનના તાલુકાના મુખ્ય મથક માટેના જથ્થાબંધ વેંચાણ ભાવ (૧૦૦૦ લીટર) રૂા. પૈસા | એક લીટર કેરોસીનનો તાલુકાના મુખ્ય મથક માટેના છુટક વેચાણ ભાવ રૂા. પૈસા | વિશેષ નોંધ |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧ | ગાંધીધામ | ૨૦૦૧૩.૯૩ | ૨૧.૦૧ | -- |
| ૨ | અંજાર | ૨૦૦૮૯.૮૩ | ૨૧.૦૯ | -- |
| ૩ | ભચાઉ | ૨૦૧૫૯.૩૩ | ૨૧.૧૬ | -- |
| ૪ | ભુજ | ૨૦૩૨૦.૩૩ | ૨૧.૩૨ | -- |
| ૫ | મુન્દ્રા | ૨૦૩૨૦.૩૩ | ૨૧.૩૨ | -- |
| ૬ | રાપર | ૨૦૪૦૯.૭૮ | ૨૧.૪૧ | -- |
| ૭ | માંડવી | ૨૦૫૩૦.૦૩ | ૨૧.૫૩ | -- |
| ૮ | નખત્રાણા | ૨૦૫૨૨.૬૩ | ૨૧.૫૨ | -- |
| ૯ | અબડાસા, મુ. નલીયા | ૨૦૬૭૮.૦૩ | ૨૧.૬૮ | -- |
| ૧૦ | લખપત, મુ. દયાપર | ૨૦૭૯૪.૫૮ | ૨૧.૭૯ | -- |

ઉપર મુજબના મુકરર કરવામાં આવેલ ભાવો જિલ્લાના તાલુકાના મુખ્ય મથકના હોઈ કેરોસીનના ઓઈલ કંપનીનાં જથ્થાબંધ વિક્રેતાઓ કેરોસીનના છુટક વિક્રેતાના સ્થળ સુધી કેરોસીનની ડીલીવરી આપવા જાય ત્યારે ૦ થી ૧૦(દસ) કી.લો. મીટરના દરેક સ્ટેજે વધુમાં વધુ ૫૦ કિ. મી. સુધી ૦૧ (એક) લીટરે ૧૦ (દસ) પૈસા જે વધુમાં વધુ પચાસ કિ.મી.ની મર્યાદામાં સ્ટેજ ચાર્જ લઈ શકશે.

કેરોસીનના છુટક વિક્રેતા સ્ટેજ ખર્ચની રકમ બિલ મુજબ ગણતરી કરતા નજીકના ૦૫ (પાંચ) પૈસાના ગુણાંકમાં છુટક વિક્રેતા કેરોસીનના વેંચાણ બિલ બનાવી કેરોસીનનું વેચાણ કરી શકશે.

આ જાહેરનામાંનો અમલ તા. ૦૧-૦૭-૨૦૧૭ ની તારીખની અસરથી કરવાનો રહેશે.

કચ્છ-ભુજ, ૦૭ માહે જુલાઈ, સને ૨૦૧૭.

જિલ્લો : કચ્છ

ઘરગથ્થું વપરાશના કેરોસીનના જથ્થાબંધ વેચાણ ભાવ તથા છુટક વેચાણ ભાવ નકકી કરવાની વિગત દર્શાવતું પત્રક
GST અમલીકરણ બાદ લાગુ પડેલ કર મુજબ નકકી થયેલ ભાવ

૧-જુલાઈ-૨૦૧૭ ની અસરથી

| ક્રમ | વિગત | કચ્છ જિલ્લાના તાલુકાના મુખ્ય મથકનું નામ (તાલુકા) | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | ગાંધીધામ | અંજાર | ભચાઉ | ભુજ | મુન્દ્રા | રાપર | નખત્રાણા | માંડવી | અબડાસા | લખપત |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ |
| ૧ | એક કિલોલીટરના ઓઈલ કંપનીના વેંચાણ ભાવ રૂપિયા | ૧૭૮૩૪.૦૧ | ૧૭૮૩૪.૦૧ | ૧૭૮૩૪.૦૧ | ૧૭૮૩૪.૦૧ | ૧૭૮૩૪.૦૧ | ૧૭૮૩૪.૦૧ | ૧૭૮૩૪.૦૧ | ૧૭૮૩૪.૦૧ | ૧૭૮૩૪.૦૧ | ૧૭૮૩૪.૦૧ |
| ૨ | ૧ જુલાઈ ૨૦૧૭ થી અમલમાં આવેલ GST પ્રમાણે લાગુ પડેલ કર મુજબ ઓઈલ કંપનીના વેંચાણ ભાવમાં કરવાનો થતો વધારો (કંપની દ્વારા નકકી થયેલ વેચાણ ભાવના ૫% મુજબ) | ૮૯૧.૭ | ૮૯૧.૭ | ૮૯૧.૭ | ૮૯૧.૭ | ૮૯૧.૭ | ૮૯૧.૭ | ૮૯૧.૭ | ૮૯૧.૭ | ૮૯૧.૭ | ૮૯૧.૭ |
| ૩ | જથ્થાબંધ વિક્રેતાનું કમીશન રૂા. (૧ કે.એલ.ના) કેન્દ્રનું રૂા. ૭૮૭.૮૨ + રાજ્યનું રૂા. ૧૮૦.૩૦= કુલ્લ રૂા. ૯૬૮.૧૨ | ૯૬૮.૧૨ | ૯૬૮.૧૨ | ૯૬૮.૧૨ | ૯૬૮.૧૨ | ૯૬૮.૧૨ | ૯૬૮.૧૨ | ૯૬૮.૧૨ | ૯૬૮.૧૨ | ૯૬૮.૧૨ | ૯૬૮.૧૨ |
| ૪ | એક કિલોલીટરનો પરિવહન દર રૂપિયા | ૩૨૦.૧૦ | ૩૯૬.૦૦ | ૪૬૫.૫૦ | ૬૨૬.૫૦ | ૬૨૬.૫૦ | ૭૧૫.૯૫ | ૮૨૮.૮૦ | ૮૩૬.૨૦ | ૯૮૪.૨૦ | ૧૧૦૦.૭૫ |
| ૫ | એક કિલોલીટર કેરોસીનનું જથ્થાબંધ વેંચાણ ભાવ રૂપિયા. | ૨૦૦૧૩.૯૩ | ૨૦૦૮૯.૮૩ | ૨૦૧૫૯.૩૩ | ૨૦૩૨૦.૩૩ | ૨૦૩૨૦.૩૩ | ૨૦૪૦૯.૭૮ | ૨૦૫૨૨.૬૩ | ૨૦૫૩૦.૦૩ | ૨૦૬૭૮.૦૩ | ૨૦૭૯૪.૫૮ |
| ૬ | એક કિલોલીટર કેરોસીનનું છુટક વિક્રેતાનું કમિશન રૂપિયા રૂા. ૯૪૬.૦૦+ રાજ્યનું એકસ્ટ્રા ઓર્ડીનરી કમિશન રૂા. ૫૪.૦૦ = કુલ રૂા. ૧૦૦૦.૦૦ | ૧૦૦૦.૦૦ | ૧૦૦૦.૦૦ | ૧૦૦૦.૦૦ | ૧૦૦૦.૦૦ | ૧૦૦૦.૦૦ | ૧૦૦૦.૦૦ | ૧૦૦૦.૦૦ | ૧૦૦૦.૦૦ | ૧૦૦૦.૦૦ | ૧૦૦૦.૦૦ |
| ૭ | એક કિલોલીટર કેરોસીનના કુલ રૂપિયા. | ૨૧૦૧૩.૯૩ | ૨૧૦૮૯.૮૩ | ૨૧૧૫૯.૩૩ | ૨૧૩૨૦.૩૩ | ૨૧૩૨૦.૩૩ | ૨૧૪૦૯.૭૮ | ૨૧૫૨૨.૬૩ | ૨૧૫૩૦.૦૩ | ૨૧૬૭૮.૦૩ | ૨૧૭૯૪.૫૮ |
| ૮ | એક લીટર કેરોસીનનું છુટક વેચાણ ભાવ રૂા. | ૨૧.૦૧ | ૨૧.૦૯ | ૨૧.૧૬ | ૨૧.૩૨ | ૨૧.૩૨ | ૨૧.૪૧ | ૨૧.૫૨ | ૨૧.૫૩ | ૨૧.૬૮ | ૨૧.૭૯ |

ભુજ-કચ્છ, ૭ જુલાઈ સને ૨૦૧૭.

સહી/- (અવાચ્ય),
કલેકટર,
કચ્છ.

## જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

### ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયેનો

## હુકમ

નં. ડીએમ/ડીસીએચ/૨૦૨૧/૧૪૪/૧૭.-આગામી તા. ૦૮-૦૭-૨૦૧૭ થી તા. ૧૧-૦૭-૨૦૧૭ સુધી એસ.એસ.સી. તથા એચ.એસ.સી.ની પુરક પરીક્ષાઓ (જુલાઈ-૧૭) યોજાનાર છે. જે પરીક્ષાઓ દરમ્યાન ચોરીઓના દુષણના કારણે તેજસ્વી વિદ્યાર્થીઓને નિયમોનુસાર પરીક્ષા આપવામાં અડચણ થવાની સંભાવના રહે છે. આ ચોરીના દુષણમાં પ્રશ્નપત્રો કે તેના તૈયાર ઉતરો કોપીયર મશીન દ્વારા સત્વરે તૈયાર થઈ પરીક્ષા ખંડમાં પહોંચવાથી તેમજ મોબાઈલ ફોનથી પરીક્ષાર્થીને મદદ કરવાના બનાવોના કારણે તેજસ્વી વિદ્યાર્થીઓ કે જેઓ નિયમ અનુસાર પરીક્ષા આપતા હોય તેવા વિદ્યાર્થીઓને માનસીક પરિતાપ થવાની સંભાવના છે, આથી ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ મુજબ પગલા લેવા પ્રતિબંધિત હુકમો કરવા માટે પુરતુ કારણ હોવાનું જણાતા તેમ કરવું ઈચ્છનિય છે, એવો મારો અભિપ્રાય છે.

તેથી હું, આર. જે. માકડિયા, જિલ્લા મેજિસ્ટ્રેટ, જામનગર જિલ્લો, જામનગર, ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ મુજબ મને મળેલી સતાની રૂઈએ ફરમાવું છું કે, જામનગર જિલ્લામાં પરીક્ષા માટે નક્કી કરાયેલા **પરિશિષ્ટ** મુજબના પરીક્ષા કેન્દ્રોની આજુબાજુના ૧૫૦ મીટરના વિસ્તારની હદમાં કોપીયર મશીન દ્વારા કોપીનો વ્યવસાય કરતા ધંધાર્થીઓ તથા અંગત ઉપયોગ માટે વપરાશ કરતા (સરકારી/અર્ધસરકારી કે જાહેર સાહસો સિવાયના) કોપીયર મશીન ધારકોને તા. ૦૮-૦૭-૨૦૧૭ થી તા. ૧૧-૦૭-૨૦૧૭ સુધી સવારના ૯-૩૦ થી સાંજના ૬-૦૦ કલાક સુધી (જાહેર રજા સિવાયના દિવસોમાં) તેઓના કોપીયર મશીનો દ્વારા પરીક્ષા વિષયક પત્રો, દસ્તાવેજી કાગળોની નકલો કાઢવી નહી, તેમજ પરિશિષ્ટમાં જણાવેલ પરીક્ષા કેન્દ્રોમાં કોઈએ મોબાઈલ ફોન, સ્માર્ટ વોચ કે અન્ય ઈલેકટ્રોનીક ઉપકરણો સાથે પ્રવેશ કરવો નહી.

## પરિશિષ્ટ

| | |
|---|---|
| 1 | ભવન્સ એ. કે. દોશી વિદ્યાલય, જામનગર |
| 2 | એ. બી. વીરાણી કન્યા વિદ્યાલય, જામનગર |
| 3 | સોઢા રસિલાબા કન્યા વિદ્યાલય, જામનગર |
| 4 | પ્રણામી હાઈસ્કુલ |
| 5 | શ્રી સજુબા સરકારી ગર્લ્સ હાઈસ્કુલ, જામનગર |
| 6 | ડી. એસ. ગોજીયા વિદ્યાલય, જામનગર |
| 7 | ડી. સી. સી. વિવિધલક્ષી હાઈસ્કુલ, જામનગર |
| 8 | જી. એસ. મહેતા કન્યા વિદ્યાલય, જામનગર |
| 9 | સેન્ટ ઝેવીયર્સ હાઈસ્કુલ, જામનગર |
| 10 | સેન્ટ ફ્રાન્સીસ હાઈસ્કુલ, જામનગર |
| 11 | બ્રિલીયન્ટ હાઈસ્કુલ, લીમડા લાઈન, જામનગર |
| 12 | શાસ્ત્રી ત્રંબકરાય હાઈસ્કુલ, જામનગર |
| 13 | શારદા મંદિર હાઈસ્કુલ, જામનગર |
| 14 | સેન્ટ આન્સ હાઈસ્કુલ, જામનગર |

આ જાહેરનામાની લોકોને સહેલાઈથી જાણ થાય તેવી રીતે જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, જામનગરએ બહોળી પ્રસિધ્ધિ કરવી.

આજ તા. ૦૪ માહે જુલાઈ–૨૦૧૭ ના રોજ મારી સહી કરી તથા કચેરીની મહોર લગાડી બહાર પાડ્યો.

જામનગર, ૦૪ માહે જુલાઈ, સને ૨૦૧૭.

---

### ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૩) હેઠળનું

## જાહેરનામુ

નં. ડીએમ/ડીસીએચ/૨૦૨૧/૩૭(૩)/૨૦૧૭.-આગામી તા. ૦૮-૦૭-૨૦૧૭ થી તા. ૧૧-૦૭-૨૦૧૭ સુધી એસ.એસ.સી. તથા એચ.એસ.સી.ની પુરક પરીક્ષાઓ (જુલાઈ-૨૦૧૭) યોજાનાર છે. આ પરીક્ષાઓ શાંતિથી લેવાય તથા કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાય રહે તે હેતુથી પરીક્ષાના તમામ કેન્દ્રોની આજુ બાજુના ૨૦૦ મીટરના વિસ્તારમાં ૪ ચાર કે તેથી વધુ વ્યક્તિને એકઠા થવા પર પ્રતિબંધ ફરમાવતું જાહેરનામુ બહાર પાડવું યોગ્ય જણાય છે. તેથી હું, આર.જે. માકડિયા, જિલ્લા મેજિસ્ટ્રેટ, જામનગર જિલ્લો, જામનગર, ગુજરાત પોલીસ અધિનિયમ–૧૯૫૧ની કલમ–૩૭ની પેટા કલમ-(૩) થી મળેલ સતાની રૂએ ફરમાવુ છુ કે, તા. ૦૮-૦૭-૨૦૧૭ થી તા. ૧૧-૦૭-૨૦૧૭ સુધી સવારના ૦૯-૩૦ થી સાંજના ૦૬-૦૦ કલાક સુધી (જાહેર રજા સિવાયના દિવસોમાં) પરિશિષ્ટમાં દર્શાવેલ પરીક્ષા કેન્દ્રોની આજુબાજુના ૧૦૦ મીટરના વિસ્તારમાં ચાર કે તેથી વધુ વ્યક્તિઓની કોઈ મંડળી કોઈએ ભરવી નહીં કે બોલાવવી નહીં કે સરઘસ કાઢવુ નહીં અને એકઠા થવું નહીં.

## પરિશિષ્ટ

| | |
|---|---|
| 1 | ભવન્સ એ. કે. દોશી વિદ્યાલય, જામનગર |
| 2 | એ. બી. વીરાણી કન્યા વિદ્યાલય, જામનગર |
| 3 | સોઢા રસિલાબા કન્યા વિદ્યાલય, જામનગર |
| 4 | પ્રણામી હાઈસ્કુલ |
| 5 | શ્રી સજુબા સરકારી ગર્લ્સ હાઈસ્કુલ, જામનગર |
| 6 | ડી. એસ. ગોજીયા વિદ્યાલય, જામનગર |
| 7 | ડી. સી. સી. વિવિધલક્ષી હાઈસ્કુલ, જામનગર |

| | |
|---|---|
| 8 | જી. એસ. મહેતા કન્યા વિદ્યાલય, જામનગર |
| 9 | સેન્ટ ઝેવીયર્સ હાઈસ્કુલ, જામનગર |
| 10 | સેન્ટ ફ્રાન્સીસ હાઈસ્કુલ, જામનગર |
| 11 | બ્રિલીયન્ટ હાઈસ્કુલ, લીમડા લાઈન, જામનગર |
| 12 | શાસ્ત્રી ત્રંબકરાય હાઈસ્કુલ, જામનગર |
| 13 | શારદા મંદિર હાઈસ્કુલ, જામનગર |
| 14 | સેન્ટ આન્સ હાઈસ્કુલ, જામનગર |

**વધુમાં હું આદેશ કરૂ છુ કે, આ હુકમ નીચેનાને લાગુ પડશે નહીં.**

(૧) સરકારની નોકરીમાં અથવા રોજગારમાં હોય તે વ્યક્તિને.

(૨) ફરજ ઉપર હોય તેવા ગૃહરક્ષકદળની વ્યક્તિને.

(૩) લગ્ન વરઘોડાને.

(૪) સ્મશાનયાત્રાને.

(૫) પ્રમાણીત પરીક્ષાર્થીને.

(૬) જિલ્લા પોલીસ અધિકારીશ્રી, જિલ્લા શિક્ષણાધિકારીશ્રી અથવા તેમણે અધિકૃત કરેલ અધિકારીઓએ પરવાનગી આપેલ હોય તે વ્યકિઓને.

આ જાહેરનામાની લોકોને સહેલાઈથી જાણ થાય તેવી રીતે જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, જામનગરએ બહોળી પ્રસિધ્ધિ કરાવવી. આ જાહેરનામાનો ભંગ કરનાર સદરહુ અધિનિયમની કલમ-૧૩૫ની પેટા કલમ-૩ તથા ભારતના ફોજદારી અધિનિયમ-૧૮૯૦ની કલમ-૧૮૮ તળે શિક્ષાપાત્ર થશે.

આજ તા. ૦૪ માહે જુલાઈ–૨૦૧૭ ના રોજ મારી સહી કરી તથા કચેરીની મહોર લગાડી બહાર પાડ્યુ.

જામનગર, ૦૪ માહે જુલાઈ, સને ૨૦૧૭.

**આર. જે. માકડિયા,**
જિલ્લા મેજીસ્ટ્રેટ,
જામનગર.

---

**ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની**
**કલમ-૩૭ની પેટા કલમ-૩ હેઠળનું**

## જાહેરનામું

નં. એમએજી/સી/૩૭૩/૨૭૬/૨૦૧૭/૧.-તાજેતરના ભૂતકાળમાં ગુજરાતમાં વિવિધ સમાજ જુથો ધ્વારા વિવિધ માંગણીઓ સબબ આંદોલનો અને રજુઆતો થતાં રહ્યા હતા. તે તથા તેના જેવા અન્ય મુદાઓ પરત્વે વિવિધ સામાજીક અને અન્ય પ્રકારના જુથો ધ્વારા વિવિધ પ્રકારની માંગણી કે બચાવના આઘાત/પ્રત્યાઘાત રૂપે આવેદનપત્રો આપવા, ધરણાઓ કરવા, વિરોધ પ્રદર્શન-રેલીઓ કાઢવાની પરવાનગી સાથે કે પરવાનગી વગરની ચેષ્ટાઓ થઈ રહી છે. જેના કારણે સમયાંતરે વિવિધ સમાજ જુથો ધ્વારા ધરણા, દેખાવો સહીતના આકસ્મિક કાર્યક્રમો થવાની શકયતાને નકારી શકાય નહી. ઉપરાંત પોરબંદર નગરપાલિકા વિસ્તારમાં ભૂગર્ભ ગટર યોજનાની કામગીરી તથા તેને કારણે ખોદાયેલ રસ્તાઓનો પ્રશ્ન રહેલો છે, જે બાબતે પણ જુદા જુદા લોક જુથો ધ્વારા રજૂઆત, એક યા બીજા કારણોસર વિરોધ પ્રદર્શન થતું રહે છે. તેના કારણે કોઈપણ સમય જાહેર સુલેહ શાંતિભંગ થવાની શકયતા નકારી શકાય નહી. સબબ, પોરબંદર જિલ્લામાં અગમચેતીના પગલા રૂપે સભા, સરઘસ, રેલી, ધરણા, ઉપવાસ જેવા કાર્યક્રમો વખતે કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતી જળવાઈ રહે અને પોલીસની કામગીરીમાં મદદરૂપ થઈ શકે તે માટે ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૩) મુજબનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા પોલીસ અધિક્ષકશ્રી, પોરબંદર તરફથી તા. ૨૬-૦૬-૨૦૧૭ થી દરખાસ્ત થઈ આવેલ છે. જે દરખાસ્તની વિગતે તથા પ્રવર્તમાન સંજોગો નજરે પોલીસ અધિક્ષકશ્રી, પોરબંદરની દરખાસ્ત મુજબ આ જિલ્લામાં ઉકત જાહેરનામું બહાર પાડવું ઈષ્ટ જણાય છે. તેથી ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭ની પેટા કલમ-૩ થી મળેલ અધિકારની રૂઈએ હું, **અશોક કાલરીયા, આઈ.એ.એસ., જિલ્લા મેજીસ્ટ્રેટ, પોરબંદર જિલ્લો, પોરબંદર, આથી સમગ્ર પોરબંદર જિલ્લા વિસ્તારમાં તા. ૩૦-૦૬-૨૦૧૭ થી તા. ૧૩-૦૭-૨૦૧૭ સુધી બન્ને દિવસો સહિતની** મુદત માટે કોઈપણ સભા, મંડળી કે સરઘસ માટે મનાઈ ફરમાવું છું. આ હુકમ નીચેનાને લાગુ પડશે નહિ.

૧. ફરજ ઉપર હોય તેવી ગૃહરક્ષક મંડળી.

૨. સરકારની નોકરીએ અવરજવર કરતી હોય તે વ્યકિત.

૩. લગ્નનો વરઘોડો.

૪. સરકારશ્રી તરફથી યોજવામાં આવતા કાર્યક્રમો.

૫. સક્ષમ અધિકારીની કાયદેસર પરવાનગી લઈને કાઢેલા સરઘસ સહીતના કાર્યક્રમો.

આ હુકમનું પાલન ન કરનાર અથવા તેનું પાલન ન કરવામાં કોઈને મદદ કરનાર ગુન્હો સાબિત થયે સદરહુ અધિનિયમની કલમ-૧૩૫ની પેટા કલમ-૩ મુજબ રૂા. ૨૦૦/- સુધીના દંડની શિક્ષાને પાત્ર ઠરશે તેમજ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ ગુન્હો સાબિત થયે તે વ્યકિતને એક માસની સાદી કેદ, અથવા રૂા. ૨૦૦/- સુધીના દંડ અથવા બન્ને શિક્ષા થઈ શકે અને હુકમની અવગણનાથી માનવજીવન અથવા સ્વાસ્થ્ય અથવા સલામતી માટે કોઈપણ ભય ઉત્પન્ન કરે અથવા કોઈ હુલ્લડ કરે કે બખેડો કરે તો તેવી વ્યકિતને છ માસ સપરિશ્રમ અથવા સાદી કેદ અથવા રૂા. ૧૦૦૦/- એક હજાર સુધીના દંડ સહિતની બન્ને શિક્ષાને પાત્ર ઠરશે.

આજ તા. ૨૭-૦૬-૨૦૧૭ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો લગાવી જાહેર જનતાની જાણ તથા અમલ માટે પ્રસિધ્ધ કર્યુ.

પોરબંદર, ૨૭ માહે જુન, સને ૨૦૧૭.

---

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૧) અન્વયે

## જાહેરનામું

નં. એમએજી/સી/૩૭૧/૨૭૬/૨૦૧૭.-પોરબંદર જિલ્લામાં લોકોની સલામતી જળવાઈ રહે અને અસામાજિક તત્વો ધ્વારા ગુનાહિત કૃત્યોમાં હથિયારો, ચપ્પુ, લાઠી, દંડા, પાઈપ, સળિયા જેવા સાધનોનો ઉપયોગ ન થાય અને પોલીસની કામગીરીમાં મદદરૂપ થાય તે હેતુથી અને પોરબંદર જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૧) અન્વયે હથિયાર બંધીનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા પોલીસ અધિક્ષકશ્રી, પોરબંદરએ તા. ૨૬-૦૬-૨૦૧૭ ના રોજ દરખાસ્ત કરેલ છે.

સબબ, પોરબંદર જિલ્લા વિસ્તારમાં ઉપર્યુકત કારણોસર સુલેહ શાંતિ જળવાઈ રહે તેમજ કોઈ જાતનો અનિચ્છનીય બનાવ બને નહિ તે માટે હું, **આશોક કાલરીયા, આઈ.એ.એસ., જિલ્લા મેજિસ્ટ્રેટ, પોરબંદર, જિલ્લો પોરબંદર**, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૧) અન્વયે મળેલ સત્તાની રૂએ સમગ્ર પોરબંદર જિલ્લા પોલીસ વિસ્તારમાં તા. ૩૦-૦૬-૨૦૧૭ થી તા. ૨૮-૦૭-૨૦૧૭ સુધી બંને દિવસો સહિત નીચે પ્રમાણે મનાઈ ફરમાવું છું.

૧. શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, ચપ્પુ, બંદૂક, લાકડી, લાઠી અથવા શારિરીક ઈજા પહોંચાડવામાં ઉપયોગી થઈ શકે તેવી ચીજ લઈ જવી નહિ.

૨. કોઈપણ ક્ષયધર્મી અથવા સ્ફોટક પદાર્થો લઈ જવા નહિ.

૩. પત્થરો અથવા બીજા શસ્ત્રો અથવા તે ફેરવવામાં અથવા નાખવામાં ઉપયોગમાં આવતાં સાધનો લઈ જવા નહી, એકઠા કરવા નહી તથા તૈયાર કરવા નહિ.

૪. કોઈ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલ લઈ જવી નહિ.

૫. વ્યકિતઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પૂતળાં દેખાડવા કે સળગાવવા નહી.

૬. લોકોએ બૂમો પાડવી નહી, વધુ અવાજથી ગીતો ગાવા નહી તથા વાદ્ય વગાડવા નહિ.

૭. જે છટાદાર ભાષણ આપવાથી, ચાળા પાડવાથી અથવા નકલ કરવાથી તથા ચિત્રો, નિશાનીઓ, જાહેર ખબરો અથવા બીજા કોઈ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવાથી, દેખાડવાથી અથવા તેનો ફેલાવો કર્યેથી આવા અધિકારીના અભિપ્રાય પ્રમાણે સુરૂચિ અથવા નીતિનો ભંગ થતો હોય અથવા જેનાથી રાજ્યની સલામતી જોખમાતી હોય અથવા જેને પરિણામે રાજ્ય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ કરવાનો તે ચાળા વિગેરે કરવાની અથવા તે ચિત્રો, નિશાનીઓ વિગેરે તૈયાર કરવાનો, દેખાડવાની અથવા તેવો ફેલાવો કરવો નહિ.

**આ હુકમ નીચેની વ્યકિતઓને તેમાં દર્શાવ્યા પુરતી બાબતો માટે લાગુ પડશે નહિ.**

૧. સરકારી નોકરીમાં કામ કરતી કોઈ વ્યકિત કે જેના ઉપરી અધિકારીશ્રીએ ફરમાવ્યું હોય અથવા કોઈ હથિયાર લઈ જવાનું તેની ફરજમાં હોય તેવી વ્યકિતઓને હથિયાર લઈ જવાની બાબત માટે.

૨. પોલીસ અધિક્ષકશ્રીએ શારિરિક અશકિતના કારણે લાકડી લઈ જવાની અથવા શુભ હેતુથી ધંધો કરવાની પરવાનગી આપી હોય તે વ્યકિતને લાકડી લઈ જવાની કે શુભહેતુથી ધંધો કરવાની બાબત માટે.

૩. પોતાની ખેતીમાં ઓજારો લઈ જવામાં હાડમારી ન થાય અને રોજિંદા કામમાં ઉપયોગ કરી શકે તેવા આશયથી પોતાની ખેતીકામ માટે ખેતીના ઓજારો લઈ જતા હોય તેવા ખેડૂતોને ખેતીના ઓજારો લઈ જવાની બાબત માટે.

આ જાહેરનામાંના કોઈ ખંડનો ભંગ કરનાર અથવા પાલન ન કરવામાં મદદ કરનાર વ્યકિત ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૫(૧) મુજબ એક વર્ષની મુદત સુધીની શિક્ષા અને દંડને પાત્ર થશે. આ ઉપરાંત ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ જે તે વ્યકિતઓનો ગુનો સાબિત થયેથી એક માસની સાદી કેદ અથવા રૂા. ૨૦૦/-નો દંડ અગર તો બંને થઈ શકે છે. આ હૂકમની અવગણનાથી માનવજીવનને અથવા સ્વાસ્થ્યને અથવા સલામતીને કોઈપણ ભય ઉત્પન્ન કરે અથવા કોઈ હૂલ્લડ અથવા કોઈ બખેડો કરે તેવી વ્યકિતને ૬(છ) માસની સપરિશ્રમ અથવા સખ્ત કેદ અથવા રૂા. ૧૦૦૦/- એક હજાર રૂપિયા સુધીનો દંડ અથવા બંને શિક્ષાને પાત્ર ઠરશે.

આજ તા. ૨૭-૦૬-૨૦૧૭ મારી સહી તથા કચેરીનો સિક્કો લગાવી જાહેર જનતાની જાણ તથા અમલવારી માટે પ્રસિધ્ધ કર્યુ.

પોરબંદર, ૨૭ માહે જુન, સને ૨૦૧૭.

**અશોક કાલરીયા,**
જિલ્લા મેજિસ્ટ્રેટ,
પોરબંદર.

---

## અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

### ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ કાઢેલ

### હુકમ

નં.એમએજી/સી/૩૫૯૨/૧૭,-પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢના પત્ર ક્રમાંકઃ એસઓજી/શોપીંગ મોલ/જાહેરનામું/ ૩૩૦/ ૧૭, તા. ૦૫-૦૭-૨૦૧૭ થી સરકારશ્રીનાં ગૃહ વિભાગના પરિપત્ર ક્રમાંક : વિ-૧/કઅવ/૧૦૨૦૧૩/૧૯૧૫૪,તા. ૮-૧૦-૨૦૧૩ થી મળેલ સુચના અન્વયે જિલ્લામાં આવેલ તમામ શોપીંગ મોલ પર સુરક્ષા જાળવવાના હેતુસર શોપીંગ મોલના એન્ટ્રી ગેટ પર, એક્ઝીટ ગેઈટ પર સી.સી.ટી.વી. કેમેરા લગાવવા, વાહનો તથા તેમાં આવતી વ્યક્તિઓનું ચેકીંગ કરવા ખાનગી સીકયુરીટી ગોઠવવા વિ. મુદ્દે વ્યવસ્થા કરવા સી.આર.પી.સી.-૧૯૭૩ની કલમ-૧૪૪ તળે જાહેરનામું પ્રસિધ્ધ કરવા અત્રેને દરખાસ્ત રજુ થયેલ છે.

લોકોની સુરક્ષા જાળવવા માટે રજુ થયેલ ઉપરોકત દરખાસ્ત વ્યાજબી જણાય છે. સબબ, હું, પી. વી. અંતાણી, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, જુનાગઢ જિલ્લો, જુનાગઢ, ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨)ની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂ છું, જુનાગઢ જિલ્લામાં આવેલ તમામ શોપીંગ મોલના માલીકે,

(૧) શોપીંગ મોલની એન્ટ્રી ગેઈટ તથા એક્ઝીટ ગેઈટ અને મોલના પાછળના વિસ્તારમાં આવેલ દરેક ગેઈટ પર સી.સી.ટી.વી. કેમેરા (નાઈટ વિઝન તથા હાઈ ડેફીનેશન) વીથ રેકોર્ડીંગ સીસ્ટમ સાથેના ગોઠવી આ રેકોર્ડીંગનો ડેટા ૧૫ દિવસ સુધી રાખવો.

(૨) મોલની અંદર દાખલ થતાં તમામ પ્રકારના વાહનો તથા વાહનોમાં બેઠેલ પ્રત્યેક વ્યક્તિનું સંપુર્ણપણે ચેકીંગ કરવાની વ્યવસ્થા ઉભી કરવી.

(૩) મોલમાં આવતાં તમામ પ્રકારના માલ-સામાન (ગુડસ)નું ચેકીંગ કરવાની વ્યવસ્થા ઉભી કરી, પ્રતિબંધિત માલ સામગ્રી, સ્ફોટક પદાર્થો આવી જતાં નથી, તેની તકેદારી રાખવી.

(૪) મોલના માલીકે પોતાના ખર્ચે જુનાગઢ જિલ્લાના સીકયુરીટી એજન્સી ચલાવવા માટે લાયસન્સ ધરાવતી હોય, તેવી અધિકૃત સીકયુરીટીના તાલીમબધ્ધ સીકયુરીટી ૨૪ કલાક (રાઉન્ડ ધ કલોક) રાખવા વ્યવસ્થા કરવાની રહેશે. મોલના ચેકીંગ/સલામતી વ્યવસ્થા સ્નેફર ડોગ મારફતે ઉભી કરવાની પણ મોલના માલીકે કાયમી વ્યવસ્થા ઉભી કરવાની રહેશે.

(૫) મોલની માલીકી બદલાય તે વખતે થયેલ ફેરફારની આધાર પુરાવા સહ પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢની કચેરી, એસ.ઓ.જી. કચેરી તથા સબંધિત પોલીસ સ્ટેશનને લેખીત જાણ કરવાનું ધોરણ રાખવું.

આ હુકમ તા. ૧૦-૦૭-૨૦૧૭ થી દિવસ-૬૦ સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર ભારતીય દંડ સંહીતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમની જાહેર જનતાને જાણ સંબંધીત કચેરીઓએ તેમના નોટીસ બોર્ડ પર, સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યા ઉપર નકલ ચોટાડીને તથા માહિતી ખાતાએ વર્તમાનપત્રોમાં પ્રસિધ્ધી કરી કરવાની રહેશે.

આજ તારીખ : ૦૬ મી, માહે જુલાઈ, સને ૨૦૧૭ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે જાહેર જનતાની જાણ તથા અમલવારી માટે આ હુકમ પ્રસિધ્ધ કરવામાં આવ્યો.

જુનાગઢ, ૦૬ માહે જુલાઈ, સને ૨૦૧૭.

---

### ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ના આંક-૨૨ની કલમ-૩૭(૧) અન્વયે

### જાહેરનામું

નં. એમએજી/સી/૩૭(૧)/૩૬૨૮/૨૦૧૭.-પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢની કચેરીના પત્ર નં. સી/એલઆઈબી/ જાહેરનામુ/હથિ.બંધી/૧૬૯૦/૨૦૧૭, તા. ૦૭-૦૭-૨૦૧૭ થી (૧) ગીરનાર પર્વત ઉપર ગુરૂ દત્તાત્રેય રક્ષિત સ્મારકની જગ્યા ખાતે તથા ત્રીજી ટુંક ખાતે હિન્દુ અને જૈન ધર્મના લોકો વચ્ચે વિવાદ ચાલુ હોય, આ સ્થળે વિવાદના કારણે અગાઉ ગુન્હાઓ બનવા પામેલ છે. જેથી આ વિસ્તારનો જાહેરનામામાં સમાવેશ કરવો જરૂરી હોય, (૨) તાજેતરમાં થઈ રહેલ જીવન જરૂરી ચીજ વસ્તુઓના ભાવવધારાના વિરોધમાં આંદોલનાત્મક કાર્યક્રમો રાખવામાં આવનાર હોવાથી કાયદો અને વ્યવસ્થાની દષ્ટ્રિએ તકેદારી રાખવી આવશ્યક છે. (૩) ઉપલા દાતાર ખાતે ભંડારીની નિમણુંકના પ્રશ્ને તેમજ પટેલ બાપુની મૂર્તિ રાખવા સબંધે હિન્દુ અને મુસ્લીમ સમાજ વચ્ચે વિવાદ ચાલે છે. (૪) વીજ પુરવઠો અનિયમીત તથા પુરતા પ્રમાણમાં મળતો ન હોય, કિસાનો દ્વારા જી.ઈ.બી. સબ સ્ટેશન ઘેરાવ/વિરોધ જેવા આંદોલનાત્મક કાર્યક્રમો કરવામાં આવે તેમજ હાલમાં મોંઘવારીના પ્રશ્ને પણ આંદોલનો થવાની શક્યતા નકારી શકાય નહીં. (૫) આ સમય દરમિયાન પાટીદાર અનામત આંદોલન તથા ઉના દલિત આંદોલન પણ ગતિમા હોય, (૬) હાલમાં જી.એસ.ટી. મુદ્દે ચાલી રહેલ વિરોધ પ્રદર્શન અનુસંધાને સવિશેષ તકેદારી રાખવી આવશ્યક છે. જેથી જુનાગઢ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તથા જાહેર સુલેહશાંતી જળવાઈ રહે તે હેતુસર હથિયારબંધીનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા અત્રેને દરખાસ્ત થઈ આવેલ છે.

ઉક્ત રજુ થયેલ દરખાસ્ત વ્યાજબી જણાતા સુલેહશાંતિ જાળવવા સારૂ અને કાયદો વ્યવસ્થાની સ્થિતિ યથાવત જળવાય રહે તેમજ કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે હું, પી. વી. અંતાણી, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, જુનાગઢ જિલ્લો, જુનાગઢ, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ના આંક-૨૨ની કલમ-૩૭(૧) અન્વયે મને મળેલ અધિકારની રૂએ સમગ્ર જુનાગઢ જિલ્લા વિસ્તારમાં તા. ૧૧-૦૭-૨૦૧૭ થી તા. ૦૮-૦૮-૨૦૧૭ સુધી બન્ને દિવસો સહિત નીચે પ્રમાણે મનાઈ ફરમાવું છું કે, કોઈ પણ વ્યકિત,

(ક) શસ્ત્ર, દંડા, તલવાર, ભાલા, ચપ્પુ, લાકડી અથવા શારિરીક હિંસા પહોંચાડવામાં ઉપયોગી થઈ શકે તેવી બીજી કોઈ ચીજો લઈ જવી નહીં.

(ખ) પથ્થરો અથવા બીજા શસ્ત્રો ફેંકવા અથવા નાખવામાં ઉપયોગી હોય તેવા યંત્રો અથવા સાધનો લઈ જવા, એકઠા કરવા તથા તૈયાર કરવા નહી.

(ગ) વ્યક્તિઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવા નહી.

(ઘ) અપમાન કરવા અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેર બિભત્સ સુત્રો પોકારવા નહી, અસ્લીલ ગીતો ગાવા નહી.

(ચ) જેનાથી સુરૂચીનો અને શાંતિનો ભંગ થાય તેવું ભાષણ કરવું નહી, તેવા હાવભાવ કરવા નહી, તેવી ચેષ્ટા કરવી નહી તથા ચિત્રો, પ્લેકાર્ડ અથવા બીજા કોઈ પદાર્થ અથવા વસ્તુઓ કરવી નહી.

**(૩) આ હુકમ નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહીં.**

૧. સરકારશ્રીની નોકરીમાં કામ કરતી કોઈ વ્યક્તિ કે જેના ઉપરી અધિકારીઓને ફરમાવ્યા હોય અથવા આવા કોઈ હથિયાર લઈ જવાની તેમની ફરજ હોય.

૨. જિલ્લા પોલીસ અધિકારીશ્રીએ જે તે શારિરીક અશક્તિને કારણે લાઠી લઈ જવાની અથવા શુભ હેતુથી ધંધો કરવાની પરવાનગી આપી હોય તે વ્યક્તિ.

૩. ખેડુતો પોતાની ખેતીકામ માટે ખેતીના ઓજારો લઈ જવામાં હાડમારી ન થાય, તે અને રોજીંદા કામ કરી શકે તે આશયથી ખેડુતો પોતાના ઓજારો ખેતીકામ માટે લઈ જતા હોય.

આ જાહેરનામાંના કોઈ ખંડનો ભંગ કરનાર અથવા પાલન ન કરવામાં મદદ કરનાર વ્યક્તિને ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૫(૧) મુજબ એક વર્ષની મુદત સુધીની કેદની શિક્ષા અને દંડને પાત્ર થશે. આ ઉપરાંત ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ તે વ્યક્તિનો ગુનો સાબિત થયેથી એક માસની સાદી કેદ અગર રૂા. ૨૦૦/- નો દંડ અગર બન્ને શિક્ષા થઈ શકશે અને આ હુકમની અવગણના માનવજીવનને અથવા સ્વાસ્થ્યને અથવા સલામતીને નુકશાન કરે, ભય ઉત્પન્ન થાય અથવા કોઈ હુલ્લડ, બખેડો થાય તો તેવી વ્યક્તિને-૬ (છ) માસ સુધીની પરિશ્રમ અથવા સાદી કેદ અથવા રૂા. ૧૦૦૦/- સુધીનો દંડ સહિત બંન્ને શિક્ષાને પાત્ર ઠરશે.

આજ તારીખ : ૧૦ મી, માહે જુલાઈ, સને-૨૦૧૭ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા કરી જાહેર જનતાની જાણ તથા અમલ થવા માટે પ્રસિધ્ધ કર્યુ.

જુનાગઢ, ૧૦ માહે જુલાઈ, સને ૨૦૧૭.

---

**સને-૧૯૫૧ના ગુજરાત પોલીસ અધિનિયમ (આંક-૨૨)ની કલમ-૩૭(૩) અન્વયેનુ**

## જાહેરનામુ

નં. એમએજી/સી/૩૭(૩)/૩૬૨૯૨/૨૦૧૭.-પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢના પત્ર નં. સી/એલઆઈબી/જાહેરનામું/સભા-સરઘસ/૧૬૯૧/૧૭, તા. ૦૭-૦૭-૨૦૧૭ થી (૧) ગીરનાર પર્વત ઉપર ગુરુ દત્તાત્રેયની જગ્યા ખાતે તથા હિન્દુ અને જૈન ધર્મના લોકો વચ્ચે વિવાદ ચાલુ હોય અને તેના અનુસંધાને ગુન્હાઓ પણ દાખલ થયેલ હોય (૨) વીજ પુરવઠો અનિયમીત અને પુરતા પ્રમાણમાં મળતો ન હોય, કિસાનો દ્વારા પી.જી.વી.સી.એલ. સબ સ્ટેશન ઘેરાવ/વિરોધ જેવા આંદોલનાત્મક કાર્યક્રમો કરવામાં આવે છે. તેમજ હાલમાં મોંઘવારીના પ્રશ્ને પણ આંદોલનો થવાની શક્યતા નકારી શકાય નહીં. (૩) ઉપલા દાતાર ખાતે ભંડારીની નિમણુંકના પ્રશ્ને હિન્દુ અને મુસ્લીમ સમાજ વચ્ચે વિવાદ ચાલે છે, (૪) પાટીદાર અનામત આંદોલન બાદ થયેલ આંદોલનો તથા તેને સંલગ્ન આંદોલનો ગતિમા હોય, તેમજ ઉના દલિત અત્યાચારના બનાવો તથા (૫) હાલમાં જી.એસ.ટી. મુદ્દે ચાલી રહેલ વિરોધ પ્રદર્શન અનુસંધાને વિશેષ તકેદારી રાખવી આવશ્યક છે. જેથી જુનાગઢ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે

તથા જાહેર સુલેહ શાંતી જળવાઈ રહે તે હેતુસર સભા-સરઘસ વગર પરવાનગીએ કોઈ કાઢે નહીં તે માટેનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા અત્રે દરખાસ્ત રજુ થયેલ છે.

પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢ તરફથી ઉકત વિગતે રજુ થયેલ દરખાસ્ત વ્યાજબી જણાતા ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ના આંક-૨૨ની કલમ-૩૭ની પેટા કલમ-૩ થી મને મળેલ અધિકારની રૂએ હું, પી. વી. અંતાણી, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, જુનાગઢ જિલ્લો, જુનાગઢ, આથી જુનાગઢ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં તા. ૧૧-૦૭-૨૦૧૭ ના રોજથી તા. ૨૪-૦૭-૨૦૧૭ (બંન્ને દિવસો સહીત) સુધીની મુદત માટે કોઈ પણ સભા કે સરઘસ માટે મનાઈ હુકમ ફરમાવું છું. આદેશ કરૂ છું કે, આ હુકમ નીચેનાને લાગુ પડશે નહી.

(૧) ફરજ ઉપર હોય તેવી ગૃહરક્ષક મંડળીઓ.

(૨) સરકારી નોકરીએ અવર જવર કરતી હોય તેવી વ્યકિતને.

(૩) કોઈ લગ્નના વરઘોડાને.

(૪) સ્મશાન યાત્રા કે જેમાં જોડાનાર વ્યકિતઓને.

(૫) સક્ષમ અધિકારીશ્રીની કાયદેસર પરવાનગી લઈને.

આ હુકમનું પાલન ન કરનાર અથવા તેનું પાલન ન કરવામાં કોઈને મદદ કરનારને ગુનો સાબિત થયેથી, દંડની શિક્ષાને પાત્ર ઠરશે તથા ભારતીય દંડ સહિતાની કલમ-૧૮૮ મુજબનો ગુનો સાબિત થયેથી, જે તે વ્યકિતને એક માસની સાદી કેદ અથવા રૂા. ૨૦૦/- સુધીનો દંડ અગર બન્ને શિક્ષા થઈ શકશે અને આ હુકમની અવગણના માનવ જીવનને કોઈ નુકશાન અથવા સ્વાસ્થ્યને અથવા સલામતીને કોઈ ભય ઉત્પન્ન થાય અથવા કોઈ હુલ્લડ બખેડો થાય તો તેવી વ્યકિતને-૬ (છ) માસ પરિશ્રમ અથવા સાદી કેદ અથવા રૂા. ૧૦૦૦/- સુધીનો દંડ સહિત બંન્ને શિક્ષાને પાત્ર ઠરશે.

આજ તારીખ : ૧૦, માહે જુલાઈ, સને ૨૦૧૭ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા કરી જાહેર જનતાની જાણ તથા અમલ થવા માટે પ્રસિધ્ધ કર્યુ.

જુનાગઢ, ૧૦ માહે જુલાઈ, સને ૨૦૧૭.

---

## ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ કાઢેલ

## હુકમ

નં. એમએજી/સી/૩૫૯૩/૨૦૧૭.-પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢના પત્ર ક્રમાંક : SOG/મોબાઈલ/લે-વેચ/જાહેરનામું/૩૩૧/૧૭, તા. ૦૫-૦૭-૨૦૧૭ થી રાજ્યમાં બનતા ગુન્હાઓમાં મોબાઈલ ફોનનો ઉપયોગ થતાં હોય, તેમજ મોબાઈલ ચોરીના ગુન્હાઓનુ પ્રમાણ વધવા પામ્યુ હોય, આવા ગુન્હાઓ શોધી કાઢવા માટે ગુન્હામાં વપરાયેલ અથવા વપરાય ગયેલ મોબાઈલ ફોનના IMEI નંબરનું ટ્રેકીંગ કરીને ગુન્હાના મુળ સુધી પહોચવા પ્રયત્નો કરવામાં આવે છે. ઘણી વખત મોબાઈલ ફોનના વપરાશકર્તા સુધી પંહોચવામાં આવે ત્યારે જાણવા મળે કે તેમણે કોઈ અજાણ્યા માણસ પાસેથી મોબાઈલ ખરીદેલ છે. જે મોબાઈલ વેચનાર/ખરીદનારને ચોરાયેલ અથવા ગુન્હામાં વપરાયેલ હોવાની માહિતી હોતી નથી. મોબાઈલ ટ્રેકીંગ કરી અને ગુન્હાઓના મુળ સુધી પંહોચવામાં આવે ત્યારે એવુ જાણવા મળે કે મોબાઈલ કોઈ મને અજાણી વ્યક્તિએ આપેલ છે અને તેને હુ ઓળખતો નથી. જેથી આવા ગુન્હાઓની તપાસમાં કોઈ ફળદાયક હકીકત મળતી નથી. જેથી આવા ગુન્હાના મુળ સુધી પહોચી સાચા આરોપીને શોધી કાઢવા માટે તેમજ મોબાઈલ ચોરીના ગુન્હાઓ અટકાવી શકાય અને ગુન્હાઓના મુળ સુધી પહોચી શકાય તે માટે જુના મોબાઈલના વપરાશકારે મોબાઈલ કોની પાસેથી ખરીદયો અથવા કોને વેચ્યો તે જાણવુ જરુરી છે. જુના મોબાઈલ લે-વેચ કરનાર વેપારીએ મોબાઈલ ખરીદતાં પહેલા મોબાઈલ વેચનારનુ તથા જુના મોબાઈલ વેંચતી વખતે મોબાઈલ ખરીદનારનું ઓળખ અંગેનું પુરુ નામ, સરનામુ નોંધવુ ફરજીયાત બનાવવા તથા જુના મોબાઈલ વેચતા, ખરીદતા વેપારી ધ્વારા નિયત રજીસ્ટર નિભાવવામાં આવે તો ગુન્હાના મુળ સુધી પહોચી શકાય જેથી આવા જુના મોબાઈલ લેનાર/વેચનાર વેપારીની જવાબદારી નકકી કરતુ જાહેરનામુ બહાર પાડવા પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢ તરફથી દરખાસ્ત રજુ કરાયેલ છે.

જુનાગઢ જિલ્લામાં બનતા ગુન્હાઓમાં વપરાતા મોબાઈલ ફોન તેમજ મોબાઈલ ચોરીના ગુન્હાઓમાં જુના મોબાઈલ ખરીદ/વેચાણ કરતા વેપારીઓ તરફથી આવા મોબાઈલ ખરીદતા/વેચતા વ્યક્તિની માહિતી મળી રહે તેમજ ગુન્હાના મુળ સુધી પહોચી સાચા આરોપીને પકડી શકાય તેમજ આવા બનતા ગુન્હાઓ નિવારી શકાય તે માટે પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢ તરફથી કરાયેલ દરખાસ્ત વ્યાજબી જણાય છે.

આથી હું, પી. વી. અંતાણી, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, જુનાગઢ જિલ્લો, જુનાગઢ, ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ ના નં. ૨)ની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂ છું કે, જુનાગઢ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં જુના મોબાઈલ લેનાર/વેચનાર વેપારીએ કોઈપણ વ્યક્તિઓ ની પુરતી ખરાઈ ઓળખકાર્ડ અથવા ઓળખપત્ર વગર જુના મોબાઈલ લઈ

શકશે નહી કે વેચી શકશે નહી તથા જુના મોબાઈલ ખરીદતી વખતે/વેંચતી વખતે વેપારીઓએ નીચે મુજબના રજીસ્ટર નિભાવવાના રહેશે અને તેમાં વિગતો નોંધવાની રહેશે.

**જુના મોબાઈલ ખરીદતી વખતે વેપારીએ નિભાવવાનુ રજીસ્ટર :**

| અ.નં. | મોબાઈલની ફોનની વિગત/કંપની | IMEI No. | મોબાઈલ વેચનાર/ખરીદનારનુ નામ, સરનામાની વિગત | ID પ્રુફની વિગત |
|---|---|---|---|---|
| | | | | |

**જુના મોબાઈલ વેચતી વખતે વેપારીએ નિભાવવાનુ રજીસ્ટર :**

| અ.નં. | મોબાઈલ ફોનની વિગત/કંપની | IMEI No. | મોબાઈલ વેંચનાર/ખરીદનારનુ નામ, સરનામાની વિગત | ID પ્રુફની વિગત |
|---|---|---|---|---|
| | | | | |

આ હુકમ તા. ૧૦-૦૭-૨૦૧૭ થી દિવસ-૬૦ સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય દંડ સંહીતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમની જાહેર જનતાને જાણ સંબંધીત કચેરીઓએ તેમના નોટીસ બોર્ડ પર, સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યા ઉપર નકલ ચોટાડીને તથા માહિતી ખાતાએ વર્તમાન પત્રોમાં પ્રસિધ્ધી કરી કરવાની રહેશે. ગુજરાત પોલીસ એકટની કલમ-૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજ તારીખઃ ૦૬ મી માહે જુલાઈ, સને-૨૦૧૭ ના રોજ મારી સહી તથા કચેરીના સિકકા સાથે જાહેર જનતાની જાણ તથા અમલવારી માટે આ હુકમ પ્રસિધ્ધ કરવામાં આવ્યો.

જુનાગઢ, ૬ માહે જુલાઈ, સને ૨૦૧૭.

**પી. વી. અંતાણી,**
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
જુનાગઢ જિલ્લો, જુનાગઢ.

---

## જાહેરનામું

નં. ડીએમ-૧/ઉર્ષ જા.ના./ઈ.નં. ૨૮૭૧૯/૨૦૧૭.-ભાવનગર જિલ્લાના ઘોઘા તાલુકાના ખરકડી ગામે બાલમશા પીરની દરગાહ પર દર વર્ષે રમઝાન ઈદ પછી ઉર્ષનો મેળો ભરાય છે. આ વર્ષે પણ તા. ૦૪-૦૭-૨૦૧૭ થી તા. ૦૬-૦૭-૨૦૧૭ સુધી ખરકડી મુકામે ઉર્ષ ઉજવવામાં આવનાર છે, જેમાં આજુબાજુના ગામડાઓ તેમજ બીજા જિલ્લાઓમાંથી હિન્દુ/મુસ્લીમ સમાજના માણસો મોટા પ્રમાણમાં એકઠા થનાર છે. આ ઉર્ષના દિવસો દરમ્યાન ઢોરોની કતલ થતી હોવાથી લોકોની ધાર્મિક લાગણી દુભાવાથી કોમી રમખાણો સર્જાવાની સ્થિતી ઉભી થવાનાં કારણે કાયદો અને વ્યવસ્થા જાળવવી મુશ્કેલ થતાં લોકોના જાનમાલની સલામતી જોખમાય તેવી શક્યતા રહે છે.

સબબ, હું, આર. પી. ચૌધરી, જી.એ.એસ., અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભાવનગર જિલ્લો, ભાવનગર, ભારતના ફોજદારી કાર્યરીતી અધિનિયમ–૧૯૭૩ (૧૯૭૪નો બીજો)ની કલમ–૧૪૪ થી મને મળેલ સત્તાની રૂઈએ ફરમાવું છું કે, ઘોઘા તાલુકાના ખરકડી ગામ અને તેની આજુબાજુના ૮ કી.મી. વિસ્તારમાં તા. ૦૪-૦૭-૨૦૧૭ થી તા. ૦૬-૦૭-૨૦૧૭, દિવસ–૩ સુધી કોઈએ જાહેર કે ખાનગી માલીકીની જગ્યામાં પશુની કતલ કરવી નહીં. તેમજ રસ્તા પરથી પસાર થતા લોકોને ધૃણા ઉત્પન્ન થાય, કંટાળો આવે તેવી રીતે કોઈપણ જાનવરનું મડદું, ચામડુ સાફ કરવું નહીં.

સદરહું હુકમનો ચુસ્તપણે અમલ કરવો અને કોઈપણ દ્વારા આ હુકમનો ભંગ કે ઉલ્લંઘન કરનાર ભારતના ફોજદારી અધિનિયમ સને ૧૮૬૦ના ૪૫ માં અધિનિયમની કલમ–૧૮૮ મુજબ સજાને પાત્ર થશે.

આ જાહેરનામું ઉપર નિર્દિષ્ટ કરેલા વિસ્તારમાં સહેલાઈથી દેખી શકાય તેવી રીતે તેની નકલ ચોંટાડીને તેમજ સ્થાનિક વર્તમાનપત્રોમાં બહોળી પ્રસિધ્ધી આપીને પ્રસિધ્ધ કરવાનું આથી હું ફરમાવું છું.

''જાહેરનામાના અમલ તથા તેના ભંગ બદલ પગલા લેવા હેડકોન્સ્ટેબલથી નીચેના ન હોય તેવા ફરજ ઉપરના કોઈપણ અધિકારીશ્રી અધિકૃત રહેશે.''

આજ તા. ૦૪-૦૭-૨૦૧૭ના રોજ મારી સહી તથા કચેરીની મહોર લગાવી હુકમ પ્રસિધ્ધ કરવામાં આવ્યો.

ભાવનગર, ૦૪ માહે જુલાઈ, સને ૨૦૧૭.

---

## જાહેરનામુ

નં. ડીએમ-૧/બોર્ડ પરીક્ષા/ઈ.નં. ૨૮૮૭૬/૨૦૧૭.-ભાવનગર શહેર તથા જિલ્લામાં આગામી તા. ૦૮-૦૭-૨૦૧૭ થી તા. ૧૧-૦૭-૨૦૧૭ દરમ્યાન ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહ અને વિજ્ઞાન પ્રવાહની પુરક પરીક્ષા ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા લેવાનાર છે. સદરહુ પરીક્ષાઓની તારીખ અને પરીક્ષાનો સમય નીચેની વિગતે છે.

| પરીક્ષાનું નામ | તારીખ | સમય |
|---|---|---|
| ધોરણ-૧૦ (એસ.એસ.સી.) | તા. ૦૮-૦૭-૨૦૧૭ થી તા. ૧૧-૦૭-૨૦૧૭ | ૧૦-૦૦ થી ૧૮-૨૦ |
| ધોરણ-૧૨ (એચ.એસ.સી.) સામાન્ય પ્રવાહ | તા. ૦૯-૦૭-૨૦૧૭ | ૧૫-૦૦ થી ૧૮-૧૫ |
| ધોરણ-૧૨ (એચ.એસ.સી.) વિજ્ઞાન પ્રવાહ | તા. ૦૮-૦૭-૨૦૧૭, તા. ૧૦-૦૭-૨૦૧૭, તથા તા. ૧૧-૦૭-૨૦૧૭ | ૧૦-૦૦ થી ૧૮-૩૦ |

આ પરીક્ષા દરમિયાન પરીક્ષા કેન્દ્રો ખાતે પરીક્ષાર્થીઓ નિર્ભયતાથી, શાંતિપૂર્વક તેમજ એખલાસભર્યા વાતાવરણમાં પરીક્ષા આપી શકે, પરીક્ષા કેન્દ્રોની આજુબાજુના વિસ્તારોમાં અસામાજીક ગુંડાતત્વો એકઠા થઈ પરીક્ષાર્થીઓને ખલેલ પહોંચાડે નહિ તેમજ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે માટે જાહેર હિતમાં હું આર. પી. ચૌધરી, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભાવનગર જિલ્લો, ભાવનગર, ભારતના ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪નો ૨ જો)ની કલમ-૧૪૪ થી મને મળેલ અધિકારની રૂઈએ જે તે પરીક્ષાના દિવસો દરમ્યાન આ સાથેની અનુસુચીમાં દર્શાવેલ ભાવનગર શહેર તથા જિલ્લામાં આવેલ જે તે પરીક્ષાના કેન્દ્રો ઉપર તેની સામે દર્શાવેલ સમય દરમ્યાન નીચે મુજબનાં પ્રતિબંધો ફરમાવવામાં આવે છે.

(૧) પરીક્ષા કેન્દ્રોની ૧૦૦ મીટર ત્રિજ્યામાં આવેલા ઝેરોક્ષ/ફેકસનાં વ્યવસાય સાથે સંકળાયેલા વેપારીઓએ ઝેરોક્ષ તેમજ ફેકસ મશીનના ઉપયોગ પર.

(૨) પરીક્ષા કેન્દ્રોની ૧૦૦ મીટરની ત્રિજ્યામાં મોટા અવાજે લાઉડસ્પિકર કે બેન્ડવાજા વિગેરે ધ્વનિવર્ધક સાધનોના ઉપયોગ પર.

(૩) પરીક્ષા કેન્દ્રમાં મોબાઈલ ફોન કે અન્ય ઈલેકટ્રોનીકસ ગેઝેટ લઈ જવા તથા તેના ઉપયોગ પર.

(૪) પરીક્ષા કેન્દ્રની ૧૦૦ મીટરની ત્રિજ્યાના વિસ્તારમાં ચાર કે તેથી વધુ માણસો એકઠા થવા પર.

(૫) પરીક્ષા કેન્દ્રોમાં પરીક્ષાર્થીઓ તથા ફરજ પરના સ્ટાફ કે અધિકૃત વ્યકિત સિવાય કોઈ અનઅધિકૃત વ્યકિતએ પરીક્ષા કેન્દ્રમાં પ્રવેશવા પર.

સદરહું જાહેરનામાનો ઉલ્લંઘન કરનારને ભારતના ફોજદારી અધિનિયમ (સને ૧૮૬૦ના ૪૫માં અધિનિયમ)ની કલમ-૧૮૮ મુજબ સજા થશે.

"જાહેરનામાના અમલ તથા તેના ભંગ બદલ પગલા લેવા હેડકોન્સ્ટેબલથી નીચેના ન હોય તેવા અધિકારીશ્રીને અધિકૃત કરવામાં આવે છે.

ઉપર નિર્દિષ્ટ કરેલા વિસ્તારોમાં સહેલાઈથી દેખી શકાય તેવી જગ્યાઓએ આ જાહેરનામાની નકલો ચોંટાડીને અને સ્થાનિક વર્તમાનપત્રો દ્વારા તેની બહોળી પ્રસિધ્ધી કરાવીને સદરહું જાહેરનામું પ્રસિધ્ધ કરવું.

આજ તારીખ : ૦૭-૦૭-૨૦૧૭ ના રોજ મારી સહી કરી જાહેરનામું પ્રસિધ્ધ કર્યો.

ભાવનગર, ૦૭ માહે જુલાઈ, સને ૨૦૧૭.

---

### ધો.-૧૦ પુરક પરીક્ષા જુલાઈ-૨૦૧૭ ભાવનગર જિલ્લાના પરીક્ષા કેન્દ્રોની યાદી

| તા. ૦૮-૦૭-૨૦૧૭ થી તા. ૧૧-૦૭-૨૦૧૭ સુધી | | |
|---|---|---|
| ક્રમ | બિલ્ડીંગનું નામ અને સરનામું | બ્લોકની સંખ્યા |
| ૧ | એમ. કે. જમોડ હાઈસ્કુલ, માજીરાજવાડી માર્ગ, ભાવનગર. | ૧૫ |
| ૨ | શ્રી રામજીભાઈ કામાણી ઘરશાળા વીનય મંદીર, ભાવનગર પરીમર ચોક, ભાવનગર. | ૧૫ |
| ૩ | શ્રી દક્ષિણામૂર્તિ વિનય મંદીર, ગીજુભાઈ માર્ગ, ભાવનગર. | ૧૫ |
| ૪ | શ્રી માજીરાજ ગર્લ્સ હાઈસ્કુલ, હલુરીયા ચોક, ભાવનગર. | ૧૦ |

| ક્રમ | બિલ્ડીંગનું નામ અને સરનામું | બ્લોકની સંખ્યા |
|---|---|---|
| ૫ | શેઠ ટી. બી. જૈન ગર્લ્સ હાઈસ્કુલ, ઘોઘા ગેઈટ, પોલીસ ચોકી સામે, ભાવનગર. | ૧૦ |
| ૬ | શ્રી શાંતિલાલ શાહ હાઈસ્કુલ, હલુરીયા ચોક, ભાવનગર. | ૦૫ |
| | ટોટલ... | ૭૦ |

---

### વિજ્ઞાન પ્રવાહ સેમ-૪ પુરક પરીક્ષા જુલાઈ-૨૦૧૭ ભાવનગર જિલ્લાના પરીક્ષા કેન્દ્રોની યાદી

| તા. ૦૮-૦૭-૨૦૧૭ થી તા. ૧૧-૦૭-૨૦૧૭ સુધી | | |
|---|---|---|
| ક્રમ | બિલ્ડીંગનું નામ અને સરનામું | બ્લોકની સંખ્યા |
| ૧ | શ્રી વિશુધ્ધાનંદ ઉચ્ચતર માધ્યમીક વિદ્યાલય, વિદ્યાનગર, ભાવનગર. | ૧૫ |
| ૨ | એકતા હાઈસ્કુલ, રામમંત્ર મંદીરની બાજુમાં, કાળીયાબીડ, ભાવનગર. | ૧૦ |
| ૩ | શ્રી જ્ઞાનમંજરી માધ્યમીક શાળા, કાળીયાબીડ, સપ્તપદી હોલની બાજુમાં, ભાવનગર. | ૧૫ |
| ૪ | બી. એન. વિરાણી માધ્યમીક શાળા, વિરાણી સર્કલ, કાળીયાબીડ, ભાવનગર. | ૦૫ |
| | ટોટલ... | ૪૫ |

---

### સામાન્ય પ્રવાહ સેમ-૪ પુરક પરીક્ષા જુલાઈ-૨૦૧૭ ભાવનગર જિલ્લાના પરીક્ષા કેન્દ્રોની યાદી

| તા. ૦૯-૦૭-૨૦૧૭ | | |
|---|---|---|
| ક્રમ | બિલ્ડીંગનું નામ અને સરનામું | બ્લોકની સંખ્યા |
| ૧ | સ્વામીનારાયણ હાઈસ્કુલ, સરદારનગર, ભાવનગર. | ૧૨ |
| ૨ | નંદકુંવરબા ક્ષત્રિય કન્યા વિદ્યાલય, નીલમબાગ સર્કલ, ભાવનગર. | ૧૫ |
| ૩ | સેંટ ઝેવિયર્સ હાઈસ્કુલ, જેલ રોડ, ભાવનગર. | ૦૮ |
| ૪ | મારૂતિ વિદ્યાલય, ટોપથ્રી રોડ, લીલા સર્કલ, ભાવનગર. | ૧૦ |
| ૫ | કુમારશાળા, નિલમબાગ, ડેરી રોડ, ભાવનગર. | ૧૦ |
| ૬ | સનાતન ધર્મ હાઈસ્કુલ, વડવા વોશીંગઘાટ, ભાવનગર. | ૧૦ |
| ૭ | દોલત અનંત વળિયા હાઈસ્કુલ, શાસ્ત્રીનગર, ભાવનગર. | ૧૦ |
| ૮ | આર્યકુળ કન્યા વિદ્યાલય, ભરતનગર, ભરતનગર ચોકડી, ભાવનગર. | ૧૫ |
| ૯ | શ્રી બી. એન. વિરાણી ઉ. મા. શાળા, વિરાણી સર્કલ, કાળીયાબીડ, ભાવનગર. | ૦૪ |
| | કુલ... | ૯૪ |

---

## જાહેરનામું

નં. ડીએમ-૧/જાહેરનામું/ઈ.નં. ૨૭૫૩૭/૨૦૧૭.-મહુવા શહેર વિસ્તારમાં રસ્તાઓની બન્ને છેડે કેબીન ધારકો લારી ગલ્લાવાળા છુટક ફેરીયા વગેરે નગરપાલિકાના જાહેર રસ્તાઓ પર દબાણ કરી રહ્યા છે. જેથી ટ્રાફીક સમસ્યાનો હલ આવે તે માટે મહુવા શહેર વિસ્તારમાં ટ્રાફિકનું નિયમન કરવાની જરૂર જણાય છે. સબબ, મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧)(બી) તથા કલમ-૩૩(૧)(સી) હેઠળ મળેલ અધિકારની રૂઈએ હું આર. પી. ચૌધરી, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ભાવનગર જિલ્લો, ભાવનગર, નીચેની વિગતે કોષ્ટકના કોલમ-૩માં દર્શાવેલ રસ્તા માટે કોષ્ટકના કોલમ-૪ તથા ૫ મુજબ સાઈડ પાર્કીંગ ઝોન તથા ભારે વાહન પ્રવેશબંધી જાહેર કરૂ છું.

| ક્રમ | સુચિત નિશાન | રસ્તાનું નામ | રસ્તાની સ્થિતિ | ભારે વાહન પ્રતિબંધ |
|---|---|---|---|---|
| ૧ | NG | કેબીન ચોકથી ખારજાપા સુધી | ઓડ-ઈવન[ઓડ-એકી તારીખે (એટલે કે તા. ૧,૩,૫...) રસ્તાની ડાબી બાજુએ અને ઈવન-બેકી તારીખે (એટલે કે તા. ૨,૪,૬...) રસ્તાની જમણી બાજુ વાહન પાર્ક કરવાના રહેશે.] | |
| ૨ | RQ | કુબેરબાગથી મેઘદુત સિનેમા સુધી | ઓડ-ઈવન | |
| ૩ | ABC | ગાંધીબાગથી ગાંધીજીના પુતળા સુધી | ઓડ-ઈવન | |
| ૪ | BCL | ગાંધીજીના પુતળાથી વાસીતળાવ પો. ચોકી સુધી | ઓડ-ઈવન | |
| ૫ | DENF | વાછડાવીરથી કેબીન ચોકથી નવા જાપા સુધી | ઓડ-ઈવન | ૮-૦૦ ક. થી ૨૦-૦૦ ક. સુધી |
| ૬ | DEHIJ | વાછડાવીરથી કન્યાશાળાથી ભાદ્રોડ જાપા સુધી | ઓડ-ઈવન | ૮-૦૦ ક. થી ૨૦-૦૦ ક. સુધી |
| ૭ | LIK | પોલીસ સ્ટેશનથી ભાદ્રોડ જાપાથી મ્યુની હદ સુધી | ઓડ-ઈવન | ૮-૦૦ ક. થી ૨૦-૦૦ ક. સુધી |
| ૮ | CD | વાસી તળાવથી વાછડાવીર સુધી | નો-પાર્કીંગ ઝોન | ૮-૦૦ ક. થી ૨૦-૦૦ ક. સુધી |

આ હુકમ/જાહેરનામાનો ભંગ/ઉલ્લંઘન કરનારને મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧ મુજબ શિક્ષા થશે.

"જાહેરનામાનો અમલ અને તેના ભંગ બદલના પગલા લેવા માટે ફરજ પરના કોઈપણ હેડકોન્સ્ટેબલને અધિકાર રહેશે."

આ જાહેરનામું ફાયરબ્રીગેડના વાહનો, મહેસુલ, પોસીસ ખાતાના (ફરજ ઉપરના વાહનો), એમ્બ્યુલન્સ કાર, ગુજરાત ઈલેક્ટ્રોસીટી બોર્ડના ફરજ ઉપરના વાહનો, પોસ્ટલ વાહનો, કોર્પોરેશનના ઈમરજન્સી વાહન, સરકારી વાહનો, પ્રિન્ટ તથા ઈલેક્ટ્રો મીડીયાના વાહનો તથા ડેરીના વાહનોને લાગુ પડશે નહિ.

ઉપર જણાવેલ સ્થળે આ જાહેરનામાની નકલો ચોંટાડીને તથા વર્તમાનપત્રો મારફત આ જાહેરનામાની બહોળી પ્રસિધ્ધી કરાવવી.

આજ તા. ૧૧-૦૭-૨૦૧૭ ના મારી સહી તથા કચેરીના સીક્કા કરી જાહેર જનતાની જાણ માટે જાહેરનામું બહાર પાડવામાં આવે છે.

ભાવનગર, ૧૧ માહે જુલાઈ, સને ૨૦૧૭.

**આર. પી. ચૌધરી,**
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
ભાવનગર.

---

## જાહેરનામું

નં. ડી.એમ./વશી/૪૨૧૯/૨૦૧૭.-બોટાદ શહેર તથા જિલ્લામાં આગામી તા. ૦૮-૦૭-૨૦૧૭ થી તા. ૧૧-૦૭-૨૦૧૭ દરમ્યાન ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક અને ઉ. માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા બોટાદ શહેર અને જિલ્લામાં એચ.એસ.સી./એસ.એસ.સી.ની પરીક્ષા લેવાનાર છે. આ પરીક્ષા દરમિયાન પરીક્ષા કેન્દ્રો ખાતે પરીક્ષાર્થીઓ નિર્ભયતાથી, શાંતિપૂર્વક તેમજ એખલાસભર્યા વાતાવરણમાં પરીક્ષા આપી શકે, પરીક્ષા કેન્દ્રોની આજુબાજુના વિસ્તારોમાં અસામાજીક ગુંડાતત્વો એકઠા થઈ પરીક્ષાર્થીઓને ખલેલ પહોંચાડે નહિ તેમજ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે માટે જાહેર હિતમાં હું, બી. વી. લીંબાસીયા, (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, બોટાદ જિલ્લો, બોટાદ, ભારતના ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪નો ૨ જો)ની કલમ-૧૪૪થી મને મળેલ અધિકારની રૂઈએ ફરમાવું છું કે, આગામી તા. ૦૮-૦૭-૨૦૧૭ થી તા. ૧૧-૦૭-૨૦૧૭ સુધી ધોરણ-૧૦ (એસ.એસ.સી.) માટે પરીક્ષાના દિવસો દરમિયાન સવારના ૧૦-૦૦ કલાકથી બપોરના ૧૮-૨૦ કલાક દરમિયાન, તથા ધોરણ-૧૨(એચ.એસ.સી.) પરીક્ષાના દિવસો દરમિયાન બપોરના ૧૦-૩૦ કલાકથી ૧૮-૩૦ કલાક દરમ્યાન નીચેની અનુસુચિમાં દર્શાવેલ પરીક્ષા કેન્દ્રો ઉપર નીચે મુજબનાં પ્રતિબંધો ફરમાવવામાં આવે છે.

(૧) પરીક્ષા કેન્દ્રોની ૧૦૦ મીટર ત્રિજ્યામાં આવેલા ઝેરોક્ષ/ ફેકસનાં વ્યવસાય સાથે સંકળાયેલા વેપારીઓએ ઝેરોક્ષ તેમજ ફેકસ મશીનના ઉપયોગ પર.

(૨) પરીક્ષા કેન્દ્રોની ૧૦૦ મીટરની ત્રિજ્યામાં મોટા અવાજે લાઉડસ્પિકર કે બેન્ડવાજા વિગેરે ધ્વનિવર્ધક સાધનોના ઉપયોગ પર.

(૩) પરીક્ષા કેન્દ્રમાં મોબાઈલ ફોન લઈ જવા પર.

(૪) પરીક્ષા કેન્દ્રની ૨૦૦ મીટરની ત્રિજ્યાના વિસ્તારમાં ચાર કે તેથી વધુ માણસો એકઠા થવા પર.

(૫) પરીક્ષા કેન્દ્રોમાં પરીક્ષાર્થીઓ તથા ફરજ પરના સ્ટાફ કે અધિકૃત વ્યક્તિ સિવાય કોઈ અનઅધિકૃત વ્યક્તિએ પરીક્ષા કેન્દ્રમાં પ્રવેશવા પર.

સદરહું જાહેરનામાનો ઉલ્લંધન કરનારને ભારતના ફોજદારી અધિનિયમ (સને ૧૮૬૦ના ૪૫માં અધિનિયમ)ની કલમ-૧૮૮ મુજબ સજા થશે.

''જાહેરનામાના અમલ તથા તેના ભંગ બદલ પગલા લેવા હેડકોન્સ્ટેબલથી નીચેના ન હોય તેવા અધિકારીશ્રીને અધિકૃત કરવામાં આવે છે.

ઉપર નિર્દિષ્ટ કરેલા વિસ્તારોમાં સહેલાઈથી દેખી શકાય તેવી જગ્યાઓએ આ જાહેરનામાની નકલો ચોંટાડીને અને સ્થાનિક વર્તમાનપત્રો દ્વારા તેની બહોળી પ્રસિધ્ધી કરાવીને સદરહું જાહેરનામું પ્રસિધ્ધ કરવું.

આજ તારીખ : ૦૬-૦૭-૨૦૧૭ના રોજ મારી સહી તથા કચેરીનો સિકકો કરી જાહેરનામું પ્રસિધ્ધ કર્યું.

બોટાદ, ૬ માહે જુલાઈ, સને ૨૦૧૭.

---

**મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૭(૧) અન્વયે કાઢેલો હુકમ**

## જાહેરનામું

નં. ડી.એમ./વશી/૪૨૪૨/૨૦૧૭.-બોટાદ જિલ્લામાં ચાલુ માસ જુલાઈ-૨૦૧૭ તથા ઓગષ્ટ-૨૦૧૭ ના આગામી માસ દરમ્યાન તા.૦૪-૦૭-૨૦૧૭ના રોજ ગૌરીવ્રત પ્રારંભ તથા તા.૦૭-૦૭-૨૦૧૭ ના રોજ જય પાર્વતી વ્રત તથા તા. ૦૯-૦૭-૨૦૧૭ ના રોજ ગુરૂપુર્ણિમાં તથા તા. ૧૧-૦૭-૨૦૧૭ ના રોજ જયા પાર્વતી વ્રત જાગરણ તથા તા. ૨૪-૦૭-૨૦૧૭ ના રોજ શ્રાવણ માસ પ્રારંભ તથા તા. ૦૭-૦૮-૨૦૧૭ ના રોજ રક્ષાબંધન તેમજ કાયદો અને વ્યવસ્થા જાળવવા તથા સુલેહ શાંતી જળવાઈ રહે તેમ ચાલુ માસમાં આવતા ધાર્મિક-સામાજીક તહેવારો/ઉત્સવો તેમજ રાજ્યની વર્તમાન પરિસ્થિતિને અનુલક્ષીને અગમચેતીના પગલા લેવા અનિવાર્ય જણાતા, આ માસ દરમ્યાન નીચેની વિગતે પ્રતિબંધ ફરમાવતું જાહેરનામું પ્રસિધ્ધ કરવાની જરૂરીયાત જણાય છે. કોઈ વ્યકિત કે વ્યકિતનાં સમુહ દ્વારા જાહેરમાં તીક્ષ્ણ હથીયારો જેવા કે, છરી, કુહાડી, ધારીયા, તલવાર, ગુપ્તી, કુંડલીવાળી લાકડીઓ, લોખંડના પાઈપ, ભાલા તથા દંડા, બંદુક, લાઠી અથવા શારીરિક હિંસામાં ઉપયોગી થઈ શકે તેવા પ્રાણઘાતક હથીયારો લઈને હરે-ફરે નહી, તે માટે પ્રતિબંધ ફરમાવતું જાહેરનામું જાહેર શાંતી અને સલામતી જાળવવા સારૂ બહાર પાડવું જરૂરી જણાય છે.

સબબ મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ ના મુંબઈ ના ૨૨માં અધિનિયમની કલમ-૩૭(૧) અન્વયે મને મળેલ સત્તાની રૂએ હું, બી. વી. લીંબાસીયા, (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, બોટાદ જિલ્લો, બોટાદ, આથી જાહેર શાંતી અને સલામતી જાળવવા સારૂં ફરમાવું છું કે કોઈએ નીચેની અનુસુચિમાં દર્શાવેલ વિસ્તારમાં તા. ૦૯-૦૭-૨૦૧૭ થી તા. ૦૮-૦૮-૨૦૧૭ સુધી (બન્ને દિવસો સુધ્ધા) ૩૦-દિવસ

(ક) છરી, કુહાડી, ધારીયા, તલવાર, ગુપ્તી, કુંડલીવાળી લાકડીઓ, લોખંડના પાઈપ, ભાલા અથવા શારીરિક ઈજા પહોંચાડી શકાય તેવું બીજુ કોઈપણ સાધન સાથે લઈ જવા નહીં.

(ખ) કોઈપણ જાહેર જગ્યામાં સ્ફોટક પદાર્થો કે લોકોને શારીરિક નુકશાન કરે તેવા પદાર્થો સાથે લઈ જવા નહીં.

(ગ) પથ્થરો અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓ સાથે લઈ જવી નહી, એકઠા કરવા નહી, તૈયાર કરવા નહી.

(ઘ) સરઘસમાં સળગતાં કાકડા અથવા સળગતી મશાલો સાથે લઈ જવી નહીં.

(ચ) વ્યકિત કે વ્યકિતના જુથ દ્વારા કોઈ અન્ય વ્યકિત કે વ્યકિતના શબ અથવા આકૃતિઓ કે પુતળા જાહેરમાં દેખાડવા નહીં.

**આ હુકમનો ખંડ (ક)-(ખ)-(ગ)-(ઘ) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં.**

(૧) સરકારી નોકરી કે કામ કરતી કોઈ વ્યકિતને જો ત્યાંના ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથીયાર લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા આવું કોઈપણ હથીયાર લઈ જવાની તેની ફરજ હોય.

(૨) પોલીસ અધિક્ષક અથવા તેણે અધિકૃત કરેલ પોલીસ અધિકારી કે જેને શારીરિક અશકિતને કારણે લાકડી અથવા લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તે વ્યકિતને.

(૩) જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, અથવા અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રીએ આ અર્થે ખાસ અધિકૃત કરે તેવી બીજી કોઈ વ્યકિતને.

(૪) કાયદેસરના હથીયાર પરવાના ધરાવનાર વ્યકિતને.

**અનુસુચિ :**

**બોટાદ જિલ્લાનો સમગ્ર વિસ્તાર.**

આ જાહેરનામાનો કોઈ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને ઓછામાં ઓછી ચાર મહિનાની અને વધુમાં વધુ એક વર્ષની કેદની સજા અને મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૧૩૫(૧) મુજબ દંડની સજા થશે.

''જાહેરનામાનો અમલ અને તેના ભંગ બદલના પગલા લેવા માટે ફરજ પરના કોઈપણ હેડકોન્સ્ટેબલને તથા તેનાથી ઉપરી અધિકારીને અધિકાર રહેશે.''

આ હુકમ ઉપર નિર્દિષ્ટ કરેલાં વિસ્તારમાં સહેલાઈથી દેખી શકાય તેવી રીતે તેની નકલ ચોંટાડીને તેમજ સ્થાનિક વર્તમાનપત્રોમાં બહોળી પ્રસિધ્ધી આપીને પ્રસિધ્ધ કરવાનું આથી હું ફરમાવું છું.

આજ તારીખ : ૦૭-૦૭-૨૦૧૭ ના રોજ મારી સહી તથા કચેરીનો સિકકો કરીને હુકમ પ્રસિધ્ધ કર્યો.

બોટાદ, ૦૭ માહે જુલાઈ, સને ૨૦૧૭.

**બી. વી. લીંબાસીયા,**
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
બોટાદ જિલ્લો,
બોટાદ.

---

## જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ દ્વારા

વંચાણે લીધા :

૧. ગુજરાત રાજ્યના સહકારી મંડળીઓ અધિનિયમ–૧૯૬૧ની કલમ-૧૦૭ અને ૧૦૮ ની જોગવાઈઓ.
૨. સરકારશ્રીનાં હુકમથી સહકાર અને ગ્રામ્ય વિકાસ વિભાગના નોટીફીકેશન ક્રમાંક : જી.એમ.કે.એચ./૬૨/૨૦૧૧/એન.એસ.બી./૧૨/૨૦૦૨/૩૦૧૧/સી.એચ., તા. ૨૧-૦૭-૨૦૧૧ તથા તા. ૨૬-૮-૨૦૧૧.
૩. આ કચેરીનો વચગાળાનો ફડચા આદેશ ફડચ/ગ-૩/૧૬૧ થી ૧૬૫, તા. ૧૫-૦૨-૨૦૧૭.

### અંતિમ આદેશ

જાવક નં. : ફડચ/ગ-૩/૪૦૮ થી ૪૧૫/૨૦૧૭.-આથી હું, **એસ. પી. ચૌધરી,** જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, અમરેલી, આમુખ-૨ થી મને મળેલ અધિકારની રૂએ **શ્રી વાવડી ફળ અને શાકભાજી સહકારી મંડળી લી.,** મુ. વાવડી, તા. રાજુલા, જિ. અમરેલી કે જેની નોંધણી નં. ૩૨૯૫૭, તા. ૧૬-૧૦-૨૦૦૨ને ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૧૦૭(૧)ગ-૨ અન્વયેથી ફડચામાં લઈ જવાનો ફડચાનો અંતિમ આદેશ કરવામાં આવે છે. અને આમુખ-૧ અન્વયે ફડચા અધિકારી તરીકે **શ્રી સહકારી અધિકારી (ફડચા)**ની નિમણુંક કરવામા આવે છે, ફડચા અધિકારીએ ફડચાની કામગીરી નિયમોનુસાર પાંચ વર્ષની મર્યાદામા પૂર્ણ કરવાની રહેશે.

અમરેલી, ૦૬ માહે જુલાઈ, સને ૨૦૧૭.

**એસ. પી. ચૌધરી,**
જિલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
અમરેલી.

વંચાણે લીધા :

(૧) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૧૪(૧) તથા ૨૦(૧) હેઠળની જોગવાઈઓ.
(૨) ગુજરાત સરકારશ્રીના કૃષિ અને સહકાર વિભાગના જાહેરનામાં ક્રમાંક : જીએચકેએચ/૫૧/૨૦૧૧/નબસ/૧૨/૨૦૦૨/૩૦૧૧/છ/ તા. ૨૧-૦૭-૨૦૧૧.
(૩) કચેરીના ફડચાનાં અંતિમ આદેશ ક્રમાંક : ફડચ/ગ-૨/૧૯૨/૨૦૧૬, તા. ૦૮-૦૭-૨૦૧૬.
(૪) ફડચા અધિકારીશ્રીની તા. ૦૭-૦૭-૨૦૧૭ ના પત્રથી રજુ થયેલ નોંધણી રદની દરખાસ્ત.

### હુકમ

ક્રમાંક:ફડચ/ગ-૨/૧૫૫/૨૦૧૭.-આથી હું, ટી.સી. તીરથાણી, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, રાજકોટ, અમોને વંચાણે લીધા આંક (૨) વાળા જાહેરનામાથી મળેલ અધિકારની રૂએ શ્રી મોવિયા જીનીંગ પ્રોસેસીંગ અને ખરીદ વેંચાણ સ.મં.લી., મુ. મોવિયા, તા. ગોંડલ, જિ. : રાજકોટ, નોંધણી નંબર : સે-૩૮૨૨૨, તા. ૨૬-૦૨-૨૦૦૮ ની ફડચાની કાર્યવાહી સહકારી કાયદાની કલમ-૧૧૪ હેઠળ સમાપ્ત જાહેર કરૂ છું. તેમજ તેજ કાયદાની કલમ-૨૦(૧) હેઠળ સદરહુ મંડળીની નોંધણી રદ કરતો હુકમ કરૂ છું.

રાજકોટ, ૧૧ માહે જુલાઈ, સને ૨૦૧૭.

**ટી. સી. તીરથાણી,**
જિલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
રાજકોટ.

---

## મદદનીશ જિલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ (હાઉસીંગ) દ્વારા

### નોંધણીનું પ્રમાણપત્ર

જા.નં. : નધણ/હાઉસીંગ/૧૬૧/૩૫૯૨/૨૦૧૭.-આથી જાહેર કરવામાં આવે છે કે, શ્રી ગમારા હીલ્સ કો. ઓપ. હાઉસીંગ સર્વિસ સોસાયટી લી., મુ. સુરેન્દ્રનગર, તા. વઢવાણ, જિ. સુરેન્દ્રનગરને સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવે છે. જેનો નોંધણી ક્રમાંકઃ નધણ/હાઉસીંગ/એસએનઆર/સા-૧૦૦૨૦ સને ૨૦૧૭, તા. ૨૮-૦૬-૨૦૧૭ છે.

સુરેન્દ્રનગર, ૨૮ માહે જુન, સને ૨૦૧૭.

**સહી (અવાચ્ય),**
મદદનીશ જિલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ (હાઉસીંગ),
ભુજ-કચ્છ.

PRINTED AT THE GOVERNMENT PRESS, RAJKOT COMPLAINTS ABOUT GAZETTE MUST BE MADE WITHIN A FORTNIGHT FROM THE DATE OF THIS PUBLICATION ACCOMPANIED BY THE WRAPPER.

©

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

**SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION**

***PUBLISHED BY AUTHORITY***

**VOL. LVIII] THURSDAY, 27th JULY, 2017/SRAVANA 05, 1939 No. 30**

**Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central section in order that it may be filed as a separate compilation.**

# PART-I



| PART - I | Pages | PART - I - B | Pages |
|---|---|---|---|
| Government Notifications Appointments Promotions, Leave of absence, Rules and orders (Other than those published in Part-I-A, IV-A, IV-B, and IV-C) list of publications for sales etc., Miscellaneous Notifications Appoint-ments etc., | 817-830 | (Suppliment) Government Notifications Published under Land Acquisition Act only Supplement. | Nil |
| **PART - I - A** Order and Notifications (Other than those published in Part-IV-B) under the Gujarat Local Boards, Village Panchayats, Municipals, Boroughs, (Districts) Municipals Primary Education and Local Fund Audits, Acts., | Nil | **PART - II** Miscellaneous Notices, Advertisments, List of Books Sanctioned by the Director of Education, List of Jurors. Schedule of Estates by the Official Assignee, Summary of Births and Deaths, etc., | 1369-1432 |
| | | **PART - III** Miscellaneous Supplements Season and Crop Reports, Prices, Current Rainfalls Returns, District Local Boards Accounts etc., | Nil |

# GOVERNMENT NOTIFICATIONS, ORDERS APPOINTMENTS, ETC.

## SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

## NOTIFICATION

### MISCELLANEOUS NOTIFICATIONS APPOINTMENTS ETC.

## By the Principal District Judge

***Read :***

*(1) Hon'ble High Court Letter No. A.1258/2013, Dated:28-01-2014, alongwith its Accompaniments i.e. Notification No. GK/03/2014/SPJ/102012/GOI-35/D, Dated:28-01-2014 of Legal Department, Sachivalaya, Gandhinagar.*

*(2) Notification No. GK/01/2015/SPJ/102012/GOI-35/D, Dated : 05-02-2015 of Legal Department, Sachivalaya, Gandhinagar.*

*(3) This Office Notification No. B/10936/2017, dated : 13-06-2017.*

*(4) Notification No. GK/42/2016/SPJ/102012/GOI-35/D, Dated : 11-07-2016 of Legal Department, Sachivalaya, Gandhinagar.*

*(5) Hon'ble High Court Notification No. A.1201/ 2017 (57) dated : 01-07-2017.*

## NOTIFICATION

No. B/11775/2017.-In view of the Resolution cited in preamble at Sr. No. 4 of Legal Department, Government of Gujarat, Sachivalaya, Gandhinagar, the undersigned is pleased to hereby designates, the 5th Additional Sessions Judge, Bhavnagar to be a "Special Court" to try the cases of the offences under The Protection of Children from Sexual Offences Act, 2012 (32 of 2012), arising from Vallabhipur, Umrala, Botad, Gadhada and Palitana Talukas Police Station, with effect from 03-07-2017 B.O.H.

Bhavnagar, 03rd July, 2017.

---

***Read :***

*(1) Hon'ble High Court letter no. 2408/1989, dated 20-08-2016.*

*(2) Legal Department, Sachivalaya, Gandhinagar Notification No. GK/55/2016/SCT/102016/ 2599/D, Dated : 15-09-2016.*

*(3) Hon'ble H. C. Notification No. A. 1201/2017 (57) dated : 01-07-2017.*

*(4) This Office Notification No. B-4/10935/2017, dated : 13-06-2017.*

## NOTIFICATION

No.B-4/11774/2017.-In view of the Government of Gujarat, Legal Department Notification referred in preamble at Sr. No. (2), and Hon'ble High Court Notification cited in preamble at Sr. No. (3), and this office Notification cited in preamble at Sr. No. (4), the undersigned is pleased to designate the Court of 5th Additional District Judge and Additional Sessions Judge, Bhavnagar as Exclusively Special Court for Bhavnagar District for speedy trial of cases under the Scheduled Castes and Scheduled Tribes (Prevention of Atrocities) Act, 1989, to be commenced with effect from 03-07-2017 B.O.H., instead of 3rd Additional District Judge & Additional Sessions Judge, Bhavnagar.

Bhavnagar, 03rd July, 2017.

---

***Read :***

*(1) Hon'ble High Court Letter No. A.1258/2013, Dated : 28-01-2014, along with its Accopaniments i.e. Notification No.GK/03/2014/SPJ/102012/ GOI-35/D, Daed : 28-01-2014 of Legal Department, Sachivalaya, Gandhinagar.*

*(2) Notification No. GK/01/2015/SPJ/102012/GOI-35/D, Dated : 05-02-2015 of Legal Department, Sachivalaya, Gandhinagar.*

*(3) This Office Notification No. B/10936/2017, dated : 13-06-2017.*

*(4) Notification No. GK/42/2016/SPJ/102012/GOI-35/D, Dated: 11-07-2016 of Legal Department, Sachivalaya, Gandhinagar.*

*(5) Hon'ble High Court Notification No. A.1201/ 2017 (57) dated : 01-07-2017.*

## NOTIFICATION

No. B/11776/2017.-In view of the Resolution cited in preamble at Sr. No. 4 of Legal Department, Government of Gujarat, Sachivalaya, Gandhinagar, the undersigned is pleased to hereby designates, the

3rd. Additional Sessions Judge, Bhavnagar to be a "Special Court" to try the cases of the offences under The Protection of Children from Sexual Offences Act, 2012 (32 of 2012), arising from Ghogha, Sihor and Gariadhar Talukas Police Stations, with effect from **03-07-2017 B.O.H.**

Bhavnagar, 03rd July, 2017.

**J. J. Pandya,**
Principal District Judge,
Bhavnagar.

---

**Read :**

(1) *Hon'ble High Court letter No. C. 2626/1993, dated : 26-02-2016.*

(2) *The Juvenile Justice (Care & Protection of Children) Act, 2015.*

(3) *District Court, Surendranagar Notification No. Judi./4566/2009, dated : 29-07-2009.*

(4) *District Court, Surendranagar Notification No. Judi./1172/2016, dated : 10-03-2016.*

(5) *Hon'ble High Court Notificiation No. A. 705(II)/2016[33], dated : 04-05-2016.*

(6) *Hon'ble High Court Notificiation No. A. 705(II)/2017[35], dated: 04-05-2017.*

(7) *Hon'ble High Court Notificiation No. A. 705(II)/2017[36], dated : 04-05-2017.*

(8) *District Court, Surendranagar Notification No. Judi./3579/2016, dated : 18-05-2016.*

(9) *District Court, Surendranagar Notification No. Judi./3453/2017, dated : 09-05-2017.*

(10) *Social Justice and Empowerment Department, Gandhinagar Notification No. G/L/08/2017/JJA/102017/136009/CHH, dated : 15-06-2017.*

## NOTIFICATION

No. Judi./4883/2017.-Presently, 3rd Additional Sr. Civil Judge & Addl. Chief Judi. Magi., Surendranagar is Chairman of Juvenile Justice Board for the area comprising whole of Surendranagar District as per the U/s. 4(2) of the Juvenile Justice (Care & Protection of Children) Act, 2015, but as per the Notification of Social Justice and Empowerment Department, Gandhinagar reffered to above Sr. No. 10, the Government of Gujarat, constitute of Bench of the Juvenile Justice Board, Surendranagar and appoints Senior Most Judicial Magistrate (First Class), Surendranagar as the Chairperson of the Juvenile Justice Board for the area comprising whole of Surendranagar District.

Therefore, the undersigned is pleased to appoints First Additional Civil Judge & Judicial Magistrate First Class, Surendranagar, as the Chairman of the Juvenile Justice Board for the area comprising whole of Surendranagar Distrcit, w.e.f. 12-07-2017.

Surendranagar, 11th July, 2017.

**I. D. Patel,**
Principal District Judge,
Surendranagar.

---

### અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા
### સને-૧૯૫૧ની ગુજરાત પોલીસ અધિનિયમ આંક-૨૨ની કલમ-૩૩(૧)(બી) હેઠળનું

### જાહેરનામું

નં. એમએજી/સી/૩૬૬૨/૨૦૧૭.-જુનાગઢ મહાનગરપાલીકા ધ્વારા જુનાગઢ મહાનગરપાલીકા વિસ્તારમાં ભવનાથ ક્ષેત્રમાં ‘‘ફન સ્ટ્રીટ’’ નું આયોજન કરવામાં આવેલ હોય, જે અન્વયે દામોદરકુંડ (ખાખચોક) થી ઈન્દ્રભારતી બાપુના દરવાજા (લાલધોરી તરફ) સુધી જતા રોડની જમણી સાઈડમાં દર રવિવારના સાંજે ૪-૦૦ કલાક થી રાત્રીના ૯-૦૦ કલાક સુધી ‘‘ફન સ્ટ્રીટ’’ કરવા અર્થે તમામ વાહનોની અવર-જવરને પ્રતિબંધ ફરમાવતું જાહેરનામું મહાનગરપાલીકાની અગાઉની તા. ૨૯-૦૫-૨૦૧૭ ની દરખાસ્ત તથા પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢના તા. ૦૫-૦૬-૨૦૧૭ નો હકારાત્મક અભિપ્રાય ધ્યાને લઈ, ક્રમાંક : એમએજી/સી/૨૮૩૬/૨૦૧૭, તા. ૧૫-૦૬-૨૦૧૭ થી તા. ૧૮-૦૬-૨૦૧૭ તથા તા. ૨૫-૦૬-૨૦૧૭ ને રવિવાર માટે પ્રસિધ્ધ કરાયેલ. તે મુજબ ‘‘ફન સ્ટ્રીટ’’ કાર્યક્રમને મળેલ સફળતાને ધ્યાને લઈ આગામી દિવસોમાં પણ આ પ્રકારનો કાર્યક્રમ યોજી શકાય તે હેતુથી ઉકત સ્થળ ખાતે દર રવિવારના ફન સ્ટ્રીટ કાર્યક્રમ અર્થે મહાનગરપાલીકા, જુનાગઢના પત્રવ્યવહારના અંતિત પત્ર નં. મ. ન. પા. જૂ. એડીએમ/જા. નં. ૬૧૫/૧૭, તા. ૧૦-૦૭-૨૦૧૭ થી જાહેરનામું પ્રસિધ્ધ કરવા દરખાસ્ત થઈ આવેલ છે.

સદરહુ દરખાસ્ત વ્યાજબી જણાતી હોય, હું, પી. વી. અંતાણી, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, જુનાગઢ જિલ્લો, જુનાગઢ, સને-૧૯૫૧ ના ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩(૧)(બી) હેઠળ મને મળેલ અધિકારની રૂઈએ, ભવનાથ ક્ષેત્રમાં દામોદરકુંડ (ખાખચોક) થી ઈન્દ્રભારતી બાપુના દરવાજા (લાલધોરી તરફ) સુધી જતા રોડની જમણી સાઈડમાં તા. ૧૬-૦૭-૨૦૧૭, તા. ૨૩-૦૭-૨૦૧૭ તથા તા. ૩૦-૦૭-૨૦૧૭ ને રવિવારના સાંજે ૦૪-૦૦ કલાક થી રાત્રીના ૯-૦૦ કલાક સુધી

''ફન સ્ટ્રીટ'' કરવા અર્થે તમામ વાહનોની અવર-જવર પર પ્રતિબંધ ફરમાવું છું.

આ જાહેરનામાનો કોઈ પણ ખંડનો ભંગ કે ઉલ્લંઘન કરનાર વ્યકિત ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧ માં જણાવેલ શિક્ષાને પાત્ર ઠરશે.

આજ તારીખ ૧૪ માહે જુલાઈ, સને-૨૦૧૭ નાં રોજ મારી સહી તથા કચેરીના સીક્કા કરી જાહેર જનતાની જાણ માટે પ્રસિધ્ધ કર્યુ.

જુનાગઢ, ૧૪ માહે જુલાઈ, સને ૨૦૧૭.

**પી. વી. અંતાણી,**

અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
જુનાગઢ જિલ્લો,
જુનાગઢ.

---

**ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ કાઢેલ**

**હુકમ**

નં. એમએજી/સી/૨૭૦૯/૨૦૧૭.-પોલીસ અધિક્ષકશ્રી, ગીર સોમનાથ જિલ્લાના પત્ર ક્રમાંકઃ એસઓજી/એટીએમ/ચોકીયાત/જાહેરનામુ/૬૪૫/૨૦૧૭, તા. ૦૩-૦૭-૨૦૧૭ના પત્રથી જણાવેલ વિગતે ભુતકાળમા ગુજરાત રાજ્યમા વડોદરા, અમદાવાદ, કચ્છ જિલ્લાઓમાં રાષ્ટ્ર વિરોધી તત્વો, લુટારાઓ, ધાડપાડુઓની ગેંગો ધ્વારા એટીએમ મશીનોની ચોરી કરી જવાના બનાવો બનેલ છે. તેમજ વેરાવળ શહેરમા પણ ભુતકાળમા એસ.બી.આઈ. બેન્કના એ.ટી.એમ.માંથી ગ્રાહકની નજર ચુકવી, એ.ટી.એમ. કાર્ડ લઈ જઈ અન્ય જગ્યાએથી રોકડ ઉપાડી લીધેલ હોવાનો ગુન્હો બનેલ છે. તેમજ વેરાવળ શહેરમા આઈ.ડી.બી.આઈ. બેન્કમાંથી નજર ચુકવી ગ્રાહકના નાણા લઈ ગયેલાનો બનાવ બનેલ છે. આવી ગેરકાયદેસરની પ્રવૃતિના કારણે નાગરીકોના જીવ જોખમાય છે, મિલ્કતોને હાની પંહોચે છે. નાગરીકોમાં અસુરક્ષાની ભાવના ઉભી થાય છે અને તંત્ર પ્રત્યે ધીમે ધીમે નાગરીકો વિશ્વાસ ગુમાવે છે. આ પ્રકારના ગુન્હાઓ આચરતા ગુન્હેગારને પકડવાનુ ઘણુજ મુશ્કેલ બને પરંતુ આ પ્રકારના ગુન્હા આચરતા ગુન્હેગારોની તપાસ દરમ્યાન જે જગ્યાએ બેન્ક/એ.ટી.એમ. ઉપર ચોકીયાતો ન હોય તેમજ સી.સી.ટી.વી. કેમેરા લગાડેલા ન હોય તેવા એ.ટી.એમ. મશીનો ચોરી કરી લઈ ગયેલાના બનાવો બનવા પામેલ છે. જેથી એ.ટી.એમ.મા મશીનમા રહેલ નાણાની સલામતી માટે તથા નાગરીકોમા સુરક્ષાની ભાવના ઉભી થાય તે માટે એ.ટી.એમ. મશીન ઉપર ચોકીયાત રાખવા અત્યંત જરૂરી છે.

લોકોને સુરક્ષા પુરી પાડવાના હેતુથી ગીર સોમનાથ જિલ્લામા આવેલ તમામ એ.ટી.એમ. મશીનો ઉપર ૨૪-કલાક રાઉન્ડ ધ ક્લોક ૩-શીફટમાં ચોકીયાતો મુકવા તથા એ.ટી.એમ. મશીનો/બેંકોમાં સી.સી.ટી.વી. (નાઈટ વીઝન વીથ હાઈડેફીનેશન) વીથ રેકોર્ડીંગ સીસ્ટમ કેમેરા રાખવા સંબંધેનું જાહેરનામુ સી.આર.પી.સી. ૧૯૭૩ની કલમ-૧૪૪ તળે દિન-૬૦ માટે પ્રસિધ્ધ કરવા પોલીસ અધિક્ષકશ્રી, ગીર સોમનાથ જિલ્લો, વેરાવળ તરફથી દરખાસ્ત થઈ આવેલ છે.

ગીર સોમનાથ જિલ્લાના એ.ટી.એમ. મશીન/બેંકોમાં રહેલ નાણાની સલામતી જણાવાઈ રહે, એ.ટી.એમ. મશીનમાં ચોરી કરતા ગુન્હેગારોની ઓળખ મળી રહે, લોકોમા સલામતી જળવાઈ રહે, આવા ગુન્હાનુ પ્રમાણ ઘટે, જેથી પોલીસ અધિક્ષકશ્રી, ગીર સોમનાથ જિલ્લો, વેરાવળ તરફથી કરાયેલ દરખાસ્ત વ્યાજબી જણાય છે.

આથી હું, એચ. આર. મોદી, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ગીર સોમનાથ જિલ્લો, વેરાવળ ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨)ની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ સત્તાની રૂઈએ આથી હુકમ કરૂ છું કે,

(૧) ગીર સોમનાથ જિલ્લામા આવેલ તમામ બેંકોએ તેમના એ.ટી.એમ. ચેમ્બરની અંદરના ભાગે તથા એ.ટી.એમ.ના બહારના ભાગે અને બેંકમા પુરતી સંખ્યામાં સી.સી.ટી.વી. કેમેરા (નાઈટ વીઝન વીથ રેકોર્ડીંગ સીસ્ટમ) સાથેના ગોઠવી આ રેકોર્ડીંગનો ડેટા ૩૦-દિવસ સુધી રાખવો.

(૨) ગીર સોમનાથ જિલ્લામા આવેલ તમામ બેંકોના એ.ટી.એમની બહારના ભાગે અને બેંકોમા ગાડીના નંબર દેખાય તે રીતે તેમજ ગાડીમા ડ્રાયવર તેમજ તેની બાજુમાં બેઠેલ વ્યક્તિનુ રેકોડીગ થઈ શકે તે રીતે વાહન અને વ્યક્તિની ઓળખ થઈ શકે તે મુજબ પુરતી સંખ્યામા કેમેરા ગોઠવવા.

(૩) ગીર સોમનાથ જિલ્લામા આવેલ તમામ બેંકોના એ.ટી.એમ. મશીનો ઉપર ૨૪-કલાક ૩ શીફટમાં ચોકીદારો રાખવા.

(૪) સી.સી.ટી.વી. કેમેરા (નાઈટ વિઝન તથા હાઈ-ડેફીનેશનના) વીથ રેકોર્ડીંગ સીસ્ટમ પુરતી સંખ્યામા રાખવા અને વ્યક્તિ કે વાહન આઈડેન્ટીફાઈ થઈ શકે અને રાત્રી દરમ્યાન રેકોર્ડીંગ કરી શકે તેવા સારી કવોલીટીના અને ૩૦ દિવસ સુધી રેકોર્ડીંગ રહે તે રીતે ગોઠવવાના રહેશે.

આ હુકમ તા. ૧૫-૦૭-૨૦૧૭ થી તા. ૧૪-૦૯-૨૦૧૭ સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર ભારતીય દંડ સંહીતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમની જાહેર જનતાને જાણ સંબંધીત કચેરીઓએ તેમના નોટીસ બોર્ડ પર, સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યા ઉપર નકલ ચોટાડીને તથા માહિતી ખાતાએ વર્તમાન પત્રોમાં પ્રસિધ્ધી કરી કરવાની રહેશે.

આજ તારીખ ૫ માહે જુલાઈ, સને ૨૦૧૭ના રોજ મારી સહી તથા કચેરીના સિકકા સાથે જાહેર જનતાની જાણ તથા અમલવારી માટે આ હુકમ પ્રસિધ્ધ કરવામાં આવ્યો.

ગીર સોમનાથ, ૫ માહે જુલાઈ, સને ૨૦૧૭.

---

**ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ કાઢેલ હુકમ**

વંચાણે લીધા :

(૧) ઉપ સચિવશ્રી, ગૃહ વિભાગ, ગુજરાત સરકાર, ગાંધીનગરના પત્ર ક્રમાંક : વિ.૧/કવઅ/૧૦૨૦૧૪/૧૨૩૭૮, તા. ૨૧-૦૬-૨૦૧૪.

(૨) પોલીસ અધિક્ષકશ્રી, ગીર સોમનાથના પત્ર નં. સી/એલઆઈબી/બોર.જા/૬૪૬/૨૦૧૭, તા. ૦૩-૦૭-૨૦૧૭.

**હુકમ**

નં. એમએજી/સી/૨૭૧૦/૨૦૧૭.-રાજ્યમાં ભુગર્ભ જળ મેળવવા માટે ખેડુતો દ્વારા પાણીના બોર બનાવવામા આવે છે અને આવા બોર નકામા બનતા તે બોર પ્રત્યે બોરના માલીક દ્વારા નિષ્કાળજી સેવવામા આવે છે અને બોર ખુલ્લા મુકી દેવાના કારણે નાના બાળકો તેમા પડી જતા મૃત્યુ પામવાના કે ગંભીર પ્રકારની ઈજાઓ થવાના બનાવો અવાર-નવાર રાજ્યમા બની રહેલ છે. આવા ગંભીર પ્રકારના બનાવો નિવારવા તેમજ તકેદારીના પગલા લઈ શકાય તે માટે ઉપ સચિવશ્રી, ગૃહ વિભાગના વંચાણે લીધા ક્રમ નં.-૧ ના પત્રથી જાહેરનામુ પ્રસિધ્ધ કરવા સુચના થઈ આવેલ છે. તેમજ પોલીસ અધિક્ષકશ્રી, ગીર સોમનાથના વંચાણે લીધા ક્રમ નં.-૨ના પત્રથી ઉપરોકત બાબતેના જાહેરનામાનો સમયગાળો વધારવા દરખાસ્ત થઈ આવેલ છે.

આવા ગંભીર અને માનવ જીંદગી જોખમમા મુકતા બનાવો બનતા અટકાવવા જાહેર હિતમા ઈચ્છનીય છે. જેથી વર્તમાન પરિસ્થિતિને લક્ષમા લઈ જાહેર સુલેહ અને શાંતિ જાળવવા તથા માનવ જિંદગી જોખમાતી બચાવવા પગલા લેવા આવશ્યક છે.

આથી હું, એચ. આર. મોદી, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ગીર સોમનાથ જિલ્લો, વેરાવળ ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ ની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ સત્તાની રૂઈએ આથી હુકમ કરૂ છું કે, ગીર સોમનાથ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં નીચે જણાવેલ મુદ્દાઓ પરત્વે તકેદારીના પગલા લેવા ફરમાન કરૂ છુ.

(૧) જે તે વિસ્તારમા બોરવેલ બનાવતા પહેલા સબંધિત વિભાગની મંજુરી મેળવવી અને તે અંગેની ખાતરી જમીન માલીક, બોરવેલ માલીક તથા બોર બનાવનાર એજન્સીએ સબંધિત પોલીસ અધિકારીને કરાવવાની રહેશે.

(૨) બોરવેલ બનાવ્યા બાદ કોઈ જાનહાનિ થાય નહી અથવા બોરવેલમા કોઈ બાળક, અન્ય વ્યકિત કે જાનવર પડી ન જાય તેમજ કોઈપણ પ્રકારનો અકસ્માત ન સર્જાય તે અંગેના તમામ તકેદારીના પગલા જેવા કે, બોરને ફરતી મજબુત ફેન્સીંગ વાડ, મજબુત ભરતી દિવાલ કરવાની/કરાવવાની રહેશે.

(૩) આમ છતા અનઅધિકૃત રીતે કે ચોકકસ સુચનાઓનુ પાલન કરવામા ન આવે તો બોર બનાવનાર, બોર માલીક, જમીન માલીક સામે સુરક્ષા વ્યવસ્થાનુ યોગ્ય પાલન ન કરવા તેમજ બેદરકારી દાખવવા બાબતે કાયદાકીય સબંધીત જોગવાઈઓ મુજબ કાયદેસરના પગલા સબંધીત પોલીસ સ્ટેશનના અધિકારીઓએ લેવાના રહેશે.

(૪) જુના તથા બંધ પડેલ અથવા અવાવરૂ જગ્યા હોય તેવા બોરવેલના માલીકો/જમીન માલીકોએ પણ ઉપરોકત બાબતે કાળજી રાખવાની રહેશે.

આ હુકમની જાહેર જનતાને જાણ સંબંધીત કચેરીઓએ તેમના નોટીસ બોર્ડ પર, સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યા ઉપર નકલ ચોટાડીને તથા માહિતી ખાતાએ વર્તમાન પત્રોમાં પ્રસિધ્ધી કરી કરવાની રહેશે. ગુજરાત પોલીસ એકટની કલમ-૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આ હુકમ તા. ૧૫-૦૭-૨૦૧૭ થી ૧૪-૦૯-૨૦૧૭ સુધી અમલમા રહેશે.

આજ તારીખ: ૦૫ માહે જુલાઈ-૨૦૧૭ ના રોજ મારી સહી તથા કચેરીના સિકકા સાથે જાહેર જનતાની જાણ તથા અમલવારી માટે આ હુકમ પ્રસિધ્ધ કરવામાં આવ્યો.

ગીર સોમનાથ, ૫ માહે જુલાઈ, સને ૨૦૧૭.

---

**ફોજદારી કાર્યરીતિ આધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ કાઢેલ**

**હુકમ**

નં. એમએજી/સી/૨૭૧૧/૨૦૧૭.-પોલીસ અધિક્ષકશ્રી, ગીર સોમનાથ, જિલ્લો વેરાવળના પત્ર ક્રમાંક : એલઆઈબી/બોટ-વહાણ ગુમ/જા.ના./૬૪૯/૧૭, તા. ૦૩-૦૭-૨૦૧૭ ના પત્રથી રજુ થયેલ વિગતો મુજબ મુજબ ગીર સોમનાથ જિલ્લાની દક્ષિણે વિશાળ અરબી સમુદ્ર આવેલ છે અને આ જિલ્લાનો મોટાભાગનો વિસ્તાર દરીયા કિનારે આવેલ છે. વેરાવળ બંદર તથા નવા બંદર ખાતેથી વહાણ/બોટો દરીયામા માચ્છીમારી માટે જાય છે તેમજ મોટાભાગની વસતી માચ્છીમારીના ધંધા સાથે સંકળાયેલ છે. તા. ૨૯-૧૧-૨૦૧૩ ના રોજ મુંદ્રા બંદરથી નૌશાદ ઈશા થૈમ તથા જુઆબ સુલેમાન જાફરાબાદી, રહે. બન્ને મોટા સાયલા, તા. માંડવી, જિ. કચ્છવાળાની માલીકીનુ વહાણ MCV SHANE HIND (MNV 2176)

સલાલા (ઓમાન) જવા ખાંડનો જથ્થો ભરીને ૧૨ ક્રુમેમ્બરો સહિત રવાના થયેલ હતુ. મુંદ્રા બંદરેથી નીકળ્યા બાદ તા. ૦૨-૦૧-૨૦૧૪ ના રોજ વહાણનુ સોમાલીયન ચાંચીયાઓએ અપહરણ કરેલ પરંતુ આ વહાણ ગુમ થવા સંબંધે તેના માલીકે કોઈ એજન્સી કે સરકારી તંત્રને જાણ કરી નોંધ કરાવેલ ન હતી. આમ, આ એક રાષ્ટ્રીય સલામતીને સ્પર્શતી ગંભીર ઘટના છે. તેમજ ભુતકાળમાં આંતકવાદી હુમલા થયેલ તેમા આંતકવાદીઓ દ્વારા દરીયામાથી પોરબંદરની ''કુબેર'' નામની બોટનુ અપહરણ કરી આતંકી હુમલાને અંજામ આપેલ હોવાનુ જણાયેલ છે. જેથી વાતાવરણીય કારણોસર/ચાચીયાઓ દ્વારા અપહરણ થવાના કારણસર કે અન્ય કોઈ કારણોસર વહાણ/બોટ ગુમ થયા અંગેની તથા વહાણ/બોટ સાથેનો સંપર્ક ન થતો હોવા અંગેની જાણ કરવા અંગેની પ્રથા/નિયમો હોવા રાષ્ટ્રીય સુરક્ષાની બાબતે જરૂરી છે. તેમજ આવી ઘટનાઓ અટકી શકે તે માટે સમગ્ર ગીર સોમનાથ જિલ્લામાં આવેલ વહાણ/બોટ માલીકે જયારે પોતાનુ વહાણ/બોટ માચ્છીમારી માટે દરીયામા જાય અને કોઈપણ કારણસર વહાણ/બોટ પરત આવવાની સંભવિત તારીખથી સતત સાત દિવસ સુધી સંપર્ક સ્થાપવા પ્રયાસ કરવા છતા સંપર્ક થતો ન હોય, ત્યારે સંબંધિત તમામ સરકારી એજન્સીઓને જાણ કર્યા સીવાય બોટ દરીયાની અંદર ન જાય તેવુ જાહેરનામુ પ્રસિધ્ધ કરવા દરખાસ્ત રજુ થયેલ છે.

ગીર સોમનાથ જિલ્લો વિશાળ દરીયા કિનારો ધરાવે છે અને મોટા પ્રમાણમા માચ્છીમારી માટે બોટો દરીયામા જાય છે. જેથી બોટો સાથે જતા લોકોની સલામતી તથા સુરક્ષા માટે તકેદારીના પગલા લેવા આવશ્યક જણાતા હોય પોલીસ અધિક્ષકશ્રી, ગીર સોમનાથ જિલ્લો, વેરાવળ તરફથી કરાયેલ દરખાસ્ત વ્યાજબી જણાય છે.

આથી હું, એચ. આર. મોદી, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ગીર સોમનાથ જિલ્લો, વેરાવળ, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ ની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ સત્તાની રૂઈએ આથી હુકમ કરૂ છું કે, ગીર સોમનાથ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં કોઈ બોટ માલીક અગર તો બોટ ભાડે રાખનાર કે અન્ય કોઈ બોટ દરીયામા લઈ જનાર વ્યકિત બોટ દરીયામા લઈ જાય અને કોઈપણ કારણસર વહાણ/બોટ પરત આવવાની સંભવિત તારીખથી સતત સાત દિવસ સુધી સંપર્ક સ્થાપવા પ્રયાસ કરવા છતા સંપર્ક થતો ન હોય તેવા સંજોગોમા નિયત નમુનાના પત્રકની વિગતો સહની માહિતી સાથે નજીકના પોલીસ સ્ટેશન અને સબંધીત તમામ સરકારી એજન્સીઓને જાણ કરવી ફરજીયાત છે.

આ હુકમ તા. ૧૫-૦૭-૨૦૧૭ થી તા. ૧૪-૦૯-૨૦૧૭ સુધી અમલમા રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય દંડ સંહીતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમની જાહેર જનતાને જાણ સંબંધીત કચેરીઓએ તેમના નોટિસ બોર્ડ પર, સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યા ઉપર નકલ ચોટાડીને તથા માહિતી ખાતાએ વર્તમાન પત્રોમાં પ્રસિધ્ધી કરી કરવાની રહેશે. ગુજરાત પોલીસ એકટની કલમ-૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજ તારીખઃ ૦૫ માહે જુલાઈ-૨૦૧૭ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે જાહેર જનતાની જાણ તથા અમલવારી માટે આ હુકમ પ્રસિધ્ધ કરવામા આવ્યો.

ગીર સોમનાથ, ૫ માહે જુલાઈ, સને ૨૦૧૭.

---

**ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની**
**કલમ-૧૪૪ હેઠળ કાઢેલ**

## હુકમ

નં. એમએજી/સી/૨૭૦૮/૨૦૧૭.-પોલીસ અધિક્ષકશ્રી, ગીર-સોમનાથના પત્ર ક્રમાંક :સી/એલઆઈબી/ટે-૩/સ.પ્ર.બં.જા.ના/૬૪૭/૨૦૧૭, તા. ૦૩-૦૭-૨૦૧૭ થી રજુ થયેલ દરખાસ્તની વિગતે ગીર સોમનાથ જિલ્લામા આવેલ પવિત્ર યાત્રાધામ શ્રી સોમનાથ મંદીરની દક્ષિણ દિશા તરફ અરબી સમુદ્રમા આ મંદીરના દર્શનાર્થે આવતા યાત્રાળુઓ સમુદ્રની ભૌગોલીક પરિસ્થિતિથી અજાણ હોય, સમુદ્રમાં સ્નાન કરવા જતા ડુબી જવાના બનાવો બનવા પામેલ છે.

શ્રી સોમનાથ મંદિર પાસેનો સમુદ્ર કિનારો પ્રથમ દ્રષ્ટિએ છીછરો દેખાય છે પરંતુ થોડા અંદર જતા સમુદ્રમા બહુજ મોટા વજનદાર ખડકાળ પથ્થરો છે. જેથી સમુદ્રમા સ્નાન કરવા ગયેલ વ્યકિત સહેલાઈથી બહાર આવી શકતી નથી તથા આ અરબી સમુદ્ર વિસ્તારમા આવતા મોજાઓ વાંકાચુંકા તથા ઘાતક આવે છે.

હાલમા આ સ્થળે નવી ચોપાટી બનાવવાનુ કામ ચાલુ થયેલ છે તથા મોટા પથ્થરો સમુદ્રમા ઉતારી રસ્તો બનાવેલ છે. જેની સાથે પાણીનો પ્રવાહ સતત અથડાતો હોય, સેવાળવાળા પથ્થરના કારણે કોઈપણ વ્યક્તિ તેના ઉપરથી લપસી જવાના કારણે સમદ્રમા ડૂબી જાય તેવી શક્યતાઓ રહે છે.

**ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળના હુકમ ક્રમાંક : એમએજી/સી/પરીક્ષા/૧૪૪/૧૫૨૭૮/૨૦૧૭/૧, ૨, તા. ૨૫-૦૭-૨૦૧૭ સાથેનું પરિશિષ્ટ**

**રાજ્ય પરીક્ષા બોર્ડ, ગાંધીનગર દ્વારા TET-2ની લેખિત સ્પર્ધાત્મક પરીક્ષા આગામી તા. ૩૦-૦૭-૨૦૧૭, સમય ૧૫-૦૦ થી ૧૭-૦૦ સુધી**

**પરિક્ષા સ્થળોની વિગત દર્શાવતું પરિશિષ્ટ**

| ક્રમ | પરીક્ષા સ્થળનું નામ | પરીક્ષા સ્થળનું સરનામું |
|---|---|---|
| ૧ | શ્રી જી. એમ. ચૌહાણ સ્કુલ | સાંદપની રોડ, પોરબંદર |
| ૨ | સાંદીપની ઈંગ્લીશ મીડીયમ સ્કુલ, યુનિટ-૧ | હરી મંદિર પાછળ, સાંદીપની રોડ, પોરબંદર |
| ૩ | સાંદીપની ઈંગ્લીશ મીડીયમ સ્કુલ, યુનિટ-૨ | હરી મંદિર પાછળ, સાંદીપની રોડ, પોરબંદર |
| ૪ | સેન્ટ મેરી સ્કુલ, યુનિટ-૧ | સાંદીપની રોડ, જિલ્લા કોર્ટ પાછળ, છાંયા, પોરબંદર |
| ૫ | સેન્ટ મેરી સ્કુલ, યુનિટ-૨ | ,, |
| ૬ | કે. બી. જોષી કન્યા વિદ્યાલય | છાંયા મેઈન રોડ, છાંયા, પોરબંદર |
| ૭ | સ્વામીનારાયણ હાઈસ્કુલ | છાંયા મેઈન રોડ, છાંયા, પોરબંદર |
| ૮ | ચમ મેમોરિયલ ઈ. મિ. સ્કુલ | નવા ફુવારા પાસે, ડી.એસ.પી. ઓફીસ પાછળ, પોરબંદર |
| ૯ | શ્રી વી. જે. મોઢા કોલેજ ઓફ આઈ.ટી., પોરબંદર | પક્ષી અભ્યારણ પાસે, બિરલા રોડ, પોરબંદર |

પોરબંદર, ૨૫ માહે જુલાઈ, સને ૨૦૧૭.

---

**ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ કાઢેલ**

## હુકમ

નાં. એમએજી/સી/પરીક્ષા/૧૪૪/૧૫૨૭૮/૨૦૧૭/૧.- જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, પોરબંદરના પત્ર ક્રમાંક : મશિનિ/ટિટ-૨/૨૦૧૭/૧૫૩૬, તા. ૧૮-૦૭-૨૦૧૭ થી રાજ્ય પરીક્ષા બોર્ડ, ગાંધીનગર દ્વારા તા. ૩૦-૦૭-૨૦૧૭ ના રોજ ૧૫-૦૦ થી ૧૭-૦૦ કલાક દરમ્યાન TET-2 ની લેખીત પરીક્ષા પોરબંદર ખાતે યોજનાર હોવાનું જણાવેલ છે. આ પરીક્ષા દરમ્યાન ચોરીઓના દુષણ ન થાય તે હેતુથી કોપી રાઈટ/ડુપ્લીકેટ પ્રશ્નપત્રો કે તેના તૈયાર ઉતરો ઝેરોક્ષ મશીન દ્વારા પરીક્ષા ખંડમાં પહોચવાની પુરેપુરી શકયતા રહેતી હોય અને સંભવ હોય અને તેનાથી પરીક્ષાર્થીઓને માનસીક પરીતાપ ન થાય અને પરીક્ષાઓ ચોરીઓના દુષણ વગર શાંત અને એખલાસભર્યા વાતાવરણમાં યોજાય અને જાહેર સુલેહ શાંતિ જળવાઈ રહે તે હેતુથી ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ મુજબ પગલા લેવાનું પુરતુ કારણ છે, અને તેમ થતું અટકાવવાનું ઈષ્ટ જણાય છે.

સબબ, હું એમ. એચ. જોષી, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, પોરબંદર જિલ્લો, પોરબંદર, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ મુજબ મને મળેલા અધિકારની રૂઈએ પોરબંદર જિલ્લા ખાતેના સામેલ પરિશિષ્ટ મુજબના પરીક્ષા કેન્દ્રોની આસપાસના ૨૦૦ મીટરના વિસ્તારની હદમાં

ઝેરોક્ષ મશીન દ્વારા કોપીઓ કરવાનો વ્યવસાય કરતા ધંધાર્થીઓ/મશીનધારકોને તા. ૩૦-૦૭-૨૦૧૭ ના રોજ ૧૪-૦૦ કલાકથી ૧૭-૦૦ કલાક ઉક્ત ધંધાર્થીઓ/મશીનધારકોને તેઓના ઝેરોક્ષ મશીનો ચાલુ રાખવા કે પરીક્ષાને લગતા કોઈપણ પત્રો, દસ્તાવેજો, કાગળોની નકલો કાઢવા માટે મનાઈ ફરમાવું છું.

આ હુકમનું ઉલ્લંઘન કરનારને ભારતના ફોજદારી અધિનિયમ-૧૮૬૦ની કલમ-૧૮૮ અન્વયે સજા થઈ શકશે.

આ હુકમ આજરોજ તા. ૨૫-૦૭-૨૦૧૭ રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી જાહેર જનતાની જાણ તથા અમલવારી માટે પ્રસિધ્ધ કર્યો.

પોરબંદર, ૨૫ માહે જુલાઈ, સને ૨૦૧૭.

---

**ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળના હુકમ ક્રમાંક : એમએજી/સી/પરીક્ષા/૧૪૪/૧૫૨૭૮/૨૦૧૭/૧, ૨, તા. ૨૫-૦૭-૨૦૧૭ સાથેનું પરિશિષ્ટ**

**રાજ્ય પરીક્ષા બોર્ડ, ગાંધીનગર દ્વારા TET-2ની લેખિત સ્પર્ધાત્મક પરીક્ષા આગામી તા. ૩૦-૦૭-૨૦૧૭, સમય ૧૫-૦૦ થી ૧૭-૦૦ સુધી**

**પરિક્ષા સ્થળોની વિગત દર્શાવતું પરિશિષ્ટ**

| ક્રમ | પરીક્ષા સ્થળનું નામ | પરીક્ષા સ્થળનું સરનામું |
|---|---|---|
| ૧ | શ્રી જી. એમ. ચૌહાણ સ્કુલ | સાંદપની રોડ, પોરબંદર |
| ૨ | સાંદીપની ઈંગ્લીશ મીડીયમ સ્કુલ, યુનિટ-૧ | હરી મંદિર પાછળ, સાંદીપની રોડ, પોરબંદર |
| ૩ | સાંદીપની ઈંગ્લીશ મીડીયમ સ્કુલ, યુનિટ-૧ | હરી મંદિર પાછળ, સાંદીપની રોડ, પોરબંદર |
| ૪ | સેન્ટ મેરી સ્કુલ, યુનિટ-૧ | સાંદીપની રોડ, જિલ્લા કોર્ટ પાછળ, છાંયા, પોરબંદર |
| ૫ | સેન્ટ મેરી સ્કુલ, યુનિટ-૨ | ,, |
| ૬ | કે. બી. જોષી કન્યા વિદ્યાલય | છાંયા મેઈન રોડ, છાંયા, પોરબંદર |
| ૭ | સ્વામીનારાયણ હાઈસ્કુલ | છાંયા મેઈન રોડ, છાંયા, પોરબંદર |
| ૮ | ચમ મેમોરિયલ ઈ. મિ. સ્કુલ | નવા ફુવારા પાસે, ડી.એસ.પી. ઓફીસ પાછળ, પોરંબદર |
| ૯ | શ્રી વી. જે. મોઢા કોલેજ ઓફ આઈ.ટી., પોરબંદર | પક્ષી અભ્યારણ પાસે, બિરલા રોડ, પોરબંદર |

પોરબંદર, ૨૫ માહે જુલાઈ, સને ૨૦૧૭.

**એમ. એચ. જોષી,**
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
પોરબંદર.

---

## જાહેરનામું

નં. ડી.એમ.-૧/ફા.બટ/ઈ.નં. ૩૧૨૨૧/૨૦૧૭.-ભાવનગર જિલ્લાના શિહોર ગામની સર્વે નં. ૨૮૨ની શિહોર-ટાણા રોડની દક્ષિણ બાજુએ આવેલ જમીન કે જેનો ઉપયોગ હાલ પોલીસ તંત્ર દ્વારા ફાયરીંગ બટ માટે થાય છે. આ ફાયરીંગ બટ ખાતે તા. ૨૭-૦૭-૨૦૧૭ના રોજ ઈન્ડીયન ફલેગ કમાન્ડીંગ ઓફીસરશ્રી, આઈ.એન.એસ. સાવીત્રી, પીપાવાવ, પોર્ટ, રાજુલાનો ફાયરીંગ પ્રોગ્રામનું આયોજન કરવામાં આવેલ છે. જે સંદર્ભે શિહોરના સર્વે નં. ૨૮૨માં ફાયરીંગ બટના સ્થળની પેરીફેરીથી આજુબાજુના ૧૦૦ મીટર સુધીના વિસ્તારમાં તકેદારીના પગલા રૂપે જાહેરનામું બહાર પાડવા પોલીસ અધિક્ષકશ્રી, ભાવનગરની કચેરીના પત્ર નં. ૬૫/સીબી-૫/૧૪૮૮/૨૦૧૭, તા. ૨૦-૦૭-૨૦૧૭થી દરખાસ્ત રજુ થયેલ છે. જે દરખાસ્ત મુજબનું જાહેરનામું બહાર પાડવું જરૂરી જણાય છે.

સબબ જાનમાલની સલામતી ખાતર ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(ફ)થી મળેલ અધિકારીની રૂઈએ હું, આર. પી. ચૌધરી, (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ભાવનગર જિલ્લો, ભાવનગર આથી ફરમાવું છું કે, શિહોર ગામના સર્વે નં. ૨૮૨, શિહોર-ટાણા રોડની દક્ષિણ દિશાએ ફાયરીંગ બટનું ક્ષેત્રફળ ૨-૧૯-૫૩ આરે માં આવેલ છે તે સ્થળ તથા તેની પરિફેરીથી આજુબાજુ ૧૦૦ મીટર સુધીના વિસ્તારમાં આગામી તા. ૨૭-૦૭-૨૦૧૭ના રોજ કોઈપણ શખ્સે જવું નહી તેમજ ઢોરોને સદરહું વિસ્તારમાં ચરાવવા નહી.

જાહેરનામાનો અમલ તથા તેના ભંગ બદલના પગલા લેવા માટે ફરજ પરના કોઈપણ હેડ કોન્સ્ટેબલ તથા તેનાથી ઉપરના અધિકારીને અધિકાર રહેશે.

આ જાહેરનામાનો ભંગ કર્યેથી આ અધિનિયમની કલમ-૧૩૧ મુજબ સજા થશે.

આજ તારીખ : ૨૫-૦૭-૨૦૧૭ના રોજ મારી સહી તથા કચેરીના સીક્કા કરી જાહેર જનતાની જાણ માટે જાહેરનામું બહાર પાડવામાં આવ્યું.

ભાવનગર, ૨૫ માહે જુલાઈ, સને ૨૦૧૭.

**આર. પી. ચૌધરી,**
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
ભાવનગર.

---

**સંદર્ભ :** ૨૬ ગુજરાત બટાલીયન એન.સી.સી., એમ.પી.શાહ આર્ટસ અને સાયન્સ કોલેજ, સુરેન્દ્રનગરના તા. ૧૮-૦૫-૨૦૧૭ના પત્ર ક્રમાંક : ક્યુ/૦૯/૨૬બીએન/૨૦૧૭.

## જાહેરનામું

ક્રમાંક : મજસ-૩/ફાયરીંગ બટ/જા.ના./૨૦૧૭/વ-.-કમાન્ડીંગ ઓફીસરશ્રી, ૨૬ ગુજરાત બટાલીયન એન.સી.સી. ના સંદર્ભવાળા પત્રથી એન.સી.સી. કેડેટો ફાયરીંગ પ્રેક્ટીસ રેન્જ કરાવવાનું હોવાથી તા. ૦૭-૦૮-૨૦૧૭ થી તા. ૧૬-૦૮-૨૦૧૭ દિન-૧૦ માટે ફાયરીંગ પ્રેક્ટીસ કરાવવાની હોવાથી ફાયરીંગ પ્રેક્ટીસ માટે જાહેરનામું પ્રસિધ્ધ કરવા દરખાસ્ત થઈ આવેલ છે.

આ ફાયરીંગ બટની આજુબાજુ વિસ્તારમાં ગોળીબારના સમયે અકસ્માત ન સર્જાય તે હેતુથી હરવા-ફરવા, વાહન લાવવા લઈ જવા, ઢોર ઢાંખર ચારવા નીકળવા ઉપર ગામઃ સાંગાણી, તા. ચોટીલા ખાતે સરકારશ્રી તરફથી અત્રેના જિલ્લાને ફાયરીંગ બટ માટે ફાળવેલ સાંગાણી સર્વે નં. ૬૧ પૈકીની હે. ૭-૧૩-૩૦ આરે વાળી પોલીસ ખાતાના નામ/કબજાવાળી જમીન (ફાયરીંગ બટ) વાળા વિસ્તારમાં પ્રતિબંધ લાદવો જરૂરી જણાય છે.

વાસ્તે હું ચંદ્રાકાંત જી. પંડયા, (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, સુરેન્દ્રનગર જિલ્લો, સુરેન્દ્રનગર, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ એક્ષટેન્શન એમેન્ડમેન્ટ એકટ-૧૯૫૬ ની કલમ-૨ સાથે વાંચતા અમોને મળેલ અધિકારની રૂએ તા. ૦૭-૦૮-૨૦૧૭ થી તા. ૧૬-૦૮-૨૦૧૭ દિન-૧૦ સુધી ગામ : સાંગાણી, તા. ચોટીલા ખાતે સરકારશ્રી તરફથી અત્રેના જિલ્લાને ફાયરીંગ બટ માટે ફાળવેલ સાંગાણી સર્વે નં. ૬૧ પૈકીની હે. ૭-૧૩-૩૦ આરે વાળી પોલીસ ખાતાના નામ/કબજાવાળી જમીન (ફાયરીંગ બટ) વાળા વિસ્તારની આજુબાજુના ફરતા એક માઈલના વિસ્તારમાં ગોળીબારના સમયે અકસ્માત ન સર્જાય તે હેતુથી કોઈએ હરવા-ફરવા, વાહન લાવવા-લઈ જવા, ઢોર-ઢાંખર ચારવા નીકળવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

આ હુકમનો ભંગ કરનાર મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજરોજ મારી સહી તથા કચેરીની મુદ્રા સાથે આ હુકમ જાહેર જનતાની જાણ માટે પ્રસિધ્ધ કરવામાં આવ્યું.

સુરેન્દ્રનગર, ૨૬ માહે જુલાઈ, સને ૨૦૧૭.

**ચંદ્રકાંત પંડયા,**
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
સુરેન્દ્રનગર જિલ્લો.

---

## સંયુકત વાણિજિયક વેરા કમિશ્નર દ્વારા

વંચાણે લીધું :

૧. નાયબ રાજ્ય કર કમિશ્નરશ્રી, વર્તુળ-૨૫, ગાંધીધામના પત્ર ક્રમાંક : નાકવ-૨૫/નોંધણી/Abinitio/પ્લાસીડ ટ્રેડલિંક પ્રા.લી./૨૦૧૭-૧૮/જા. ૪૩૩/૯૪, તા. ૩૦-૦૫-૨૦૧૭.

### આદેશ

ક્રમાંક : સંકરા/વિ-૧૧/વવટ/ધા.ફોર્મ રદ/૨૦૧૭-૧૮/જા. ૧૬૪૬/૬૩.-રાજ્ય કર અધિકારીશ્રી-૪, ઘટક-૧૦૩, ગાંધીધામના ક્ષેત્રાધિકાર હેઠળના વેપારીશ્રી પ્લાસીડ ટ્રેડલિંક પ્રા. લી., નો. નં. ૨૪૦૧૧૦૦૧૯૯૭, કેન્દ્રીય નો. નં. ૨૪૫૧૧૦૦૧૯૯૭ ધરાવતા હતા. તેઓનો નોંધણી નંબર વંચાણે લીધેલ-૧ મુજબ તા. ૦૧-૦૭-૨૦૦૨ થી અમલી બનતો નોંધણી દાખલો ધડમૂળથી (Abinitio) રદ કરેલ છે. જેથી વેપારીશ્રીએ વર્ષ ૨૦૧૨-૧૩ દરમિયાન ઓનલાઈન જનરેટ કરેલ તમામ ''એચ''/''સી'' ફોર્મ નીચે દર્શાવ્યા મુજબ રદ કરવા ઠરાવું છું.

| ક્રમ | વેપારીનું નામ, ટીન નંબર | રદ કરવાપાત્ર એચ/સી ફોર્મ નંબર | રદ કરવાપાત્ર કુલ પાના | રદનું કારણ |
|---|---|---|---|---|
| ૧ | પ્લાસીડ ટ્રેડલિંક પ્રા. લી.<br>નો.નં. ૨૪૦૧૧૦૦૧૯૯૭<br>કેન્દ્રીય નો.નં. ૨૪૫૧૧૦૦૧૯૯૭ | ૨૪૩૦૭૭૦૮૩૦૪૧૨૨૯ | ૨ | નોંધણી નંબર ધડમૂળ (Abinitio) થી રદ થયેલ હોવાથી |
| | | ૨૪૧૦૫૪૭૯૩૨૮૧૩૨૧ | ૨ | |

આથી હું, સી. આર. લાડુમોર, સંયુકત રાજ્ય કર કમિશ્નરશ્રી, વિભાગ-૧૧, રાજકોટ કેન્દ્રીય વેચાણવેરા નિયમ-૧૯૭૦ના નિયમ-૪(એ)ના પેટા નિયમ-૭ અન્વયે મને મળેલ સત્તાની રૂએ ઉપરોકત દર્શાવેલ ''એચ''/''સી'' ફોર્મ રદ કરવા ઠરાવું છું.

રાજકોટ, ૨૫ માહે જુલાઈ, સને ૨૦૧૭.

---

વંચાણે લીધું :

૧. નાયબ રાજ્ય કર કમિશ્નરશ્રી, વર્તુળ-૨૫, ગાંધીધામના પત્ર ક્રમાંક : નાકવ-૨૫/નોંધણી/Abinitio/એડેપ્ટ ટ્રેડિંગ પ્રા. લી./૨૦૧૭-૧૮/જા. ૪૯૫/૫૫૬, તા. ૩૦-૦૫-૨૦૧૭.

## આદેશ

ક્રમાંક : સં.રા.ક.કમિ/વિ-૧૧/વવટ/ધા.ફોર્મ રદ/૨૦૧૭-૧૮/જા. ૧૬૨૨/૩૯.-રાજ્ય કર અધિકારીશ્રી-૫, ઘટક-૧૦૩, ગાંધીધામના ક્ષેત્રાધિકાર હેઠળના વેપારીશ્રી એડેપ્ટ ટ્રેડિંગ પ્રા. લી., નો. નં. ૨૪૦૧૧૦૦૫૭૦૨, કેન્દ્રીય નો. નં. ૨૪૫૧૧૦૦૫૭૦૨ ધરાવતા હતા. તેઓનો નોંધણી નંબર વંચાણે લીધેલ-૧ મુજબ તા. ૦૫-૦૨-૨૦૧૧ થી અમલી બનતો નોંધણી દાખલો ધડમૂળથી (Abinitio) રદ કરેલ છે. જેથી વેપારીશ્રીએ વર્ષ ૨૦૧૨-૧૩ દરમિયાન ઓનલાઈન જનરેટ કરેલ તમામ ''એચ'' ફોર્મ નીચે દર્શાવ્યા મુજબ રદ કરવા ઠરાવું છું.

| ક્રમ | વેપારીનું નામ, ટીન નંબર | રદ કરવાપાત્ર એચ ફોર્મ નંબર | રદ કરવાપાત્ર કુલ પાના | રદનું કારણ |
|---|---|---|---|---|
| ૧ | એડેપ્ટ ટ્રેડિંગ પ્રા. લી. નો.નં. ૨૪૦૧૧૦૦૫૭૦૨ કેન્દ્રીય નો.નં. ૨૪૫૧૧૦૦૫૭૦૨ | ૨૪૩૦૮૪૦૮૩૦૧૨૨૧ | ૨ | નોંધણી નંબર ધડમૂળ (Abinitio) થી રદ થયેલ હોવાથી |
| | | ૨૪૩૦૮૪૦૮૩૧૧૨૨૯ | ૨ | |

આથી હું, સી. આર. લાડુમોર, સંયુકત રાજ્ય કર કમિશ્નરશ્રી, વિભાગ-૧૧, રાજકોટ કેન્દ્રીય વેચાણવેરા નિયમ-૧૯૭૦ના નિયમ-૪(એ)ના પેટા નિયમ-૭ અન્વયે મને મળેલ સત્તાની રૂએ ઉપરોકત દર્શાવેલ ''એચ'' ફોર્મ રદ કરવા ઠરાવું છું.

રાજકોટ, ૨૫ માહે જુલાઈ, સને ૨૦૧૭.

---

વંચાણે લીધું :

૧. નાયબ રાજ્ય કર કમિશનરશ્રી, વર્તુળ-૨૪, જામનગરના પત્ર ક્રમાંક : નાવાવેક/વ-૨૪/જામ/જાગ્રુત/બાલાજી ટ્રેડિંગ કંપની/એબી. રદ/૨૦૧૭-૧૮/જા. ૧૫૩૯/૧૫૯૯, તા. ૧૯-૦૬-૨૦૧૭.

## આદેશ

ક્રમાંક : સંકરા/વિ-૧૧/વવટ/ધા.ફોર્મ રદ/૨૦૧૭-૧૮/જા. ૧૬૦૪/૨૧.-રાજ્ય કર અધિકારીશ્રી-૧, ઘટક-૧૦૧, જામખંભાળિયાના ક્ષેત્રાધિકાર હેઠળના વેપારીશ્રી બાલાજી ટ્રેડિંગ કંપની, નો. નં. ૨૪૧૦૦૮૦૧૨૬૮, કેન્દ્રીય નો. નં. ૨૪૬૦૦૮૦૧૨૬૮ ધરાવતા હતા. તેઓનો નોંધણી નંબર વંચાણે લીધેલ-૧ મુજબ તા. ૩૦-૦૬-૨૦૦૯ થી અમલી બનતો નોંધણી દાખલો ધડમૂળથી (Abinitio) રદ કરેલ છે. જેથી વેપારીશ્રીએ વર્ષ ૨૦૧૪-૧૫ દરમિયાન ઓનલાઈન જનરેટ કરેલ તમામ ''સી'' ફોર્મ નીચે દર્શાવ્યા મુજબ રદ કરવા ઠરાવું છું.

| ક્રમ | વેપારીનું નામ, ટીન નંબર | રદ કરવાપાત્ર સી ફોર્મ નંબર | રદ કરવાપાત્ર કુલ પાના | રદનું કારણ |
|---|---|---|---|---|
| ૧ | બાલાજી ટ્રેડિંગ કંપની નો.નં. ૨૪૧૦૦૮૦૧૨૬૮ કેન્દ્રીય નો.નં. ૨૪૬૦૦૮૦૧૨૬૮ | ૨૪૧૦૩૬૫૦૮૦૩૧૫૦૮ | ૪ | નોંધણી નંબર ધડમૂળ (Abinitio) થી રદ થયેલ હોવાથી |

આથી હું, સી. આર. લાડુમોર, સંયુકત રાજ્ય કર કમિશ્નરશ્રી, વિભાગ-૧૧, રાજકોટ કેન્દ્રીય વેચાણવેરા નિયમ-૧૯૭૦ના નિયમ-૪(એ)ના પેટા નિયમ-૭ અન્વયે મને મળેલ સત્તાની રૂએ ઉપરોકત દર્શાવેલ ''સી'' ફોર્મ રદ કરવા ઠરાવું છું.

રાજકોટ, ૨૫ માહે જુલાઈ, સને ૨૦૧૭.

**સી. આર. લાડુમોર,**
સંયુકત રાજ્ય કર કમિશ્નર,
વિભાગ-૧૧, રાજકોટ.

---

## જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ દ્વારા

### નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : નધણ/૦૧/ક-૨/૧૮૧/૭૩૬/૨૦૧૭.-જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ભુજ-કચ્છ, આથી જાહેર કરે છે કે, શ્રી ભચાઉ તાલુકા મીદીંયાવાડ ઉત્પાદક, ખરીદ-વેચાણ સહકારી મંડળી લી., મુ. ભચાઉ, તાલુકો : ભચાઉ, જિલ્લો: ભુજ-કચ્છને સને ૧૯૬૨ના ગુજરાતના કાયદા-૧૦ ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને-૧૯૬૧ ની કલમ-૯ મુજબ આજરોજ નોંધવામાં આવી છે.

નોંધણી નંબર : નધણ-કેટીએચ ''ઉ''(સે) ૧૫૩૦૯, તા. ૨૫-૦૭-૨૦૧૬.

ભુજ-કચ્છ, ૨૫ માહે જુલાઈ, સને ૨૦૧૭.

---

### નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : નધણ/૦૧/ક-૨/૧૭૯/૭૩૩/૨૦૧૭.-જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ભુજ-કચ્છ, આથી જાહેર કરે છે કે, શ્રી નોખાણીયા દુધ ઉત્પાદક સહકારી મંડળી લી., મુ. નોખાણીયા, તાલુકો : ભુજ, જિલ્લો : ભુજ-કચ્છને સને ૧૯૬૨ના ગુજરાતના કાયદા-૧૦ ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને-૧૯૬૧ ની કલમ-૯ મુજબ આજરોજ નોંધવામાં આવી છે.

નોંધણી નંબર : નધણ-કેટીએચ ''સે''(દુ) ૪૫૫૨૮, તા. ૨૫-૦૭-૨૦૧૬.

ભુજ-કચ્છ, ૨૫ માહે જુલાઈ, સને ૨૦૧૭.

---

### નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : નધણ/૦૧/ક-૨/૧૭૬/૭૩૦/૨૦૧૭.-જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ભુજ-કચ્છ, આથી જાહેર કરે છે કે, શ્રી વમોટી મોટી દુધ ઉત્પાદક સહકારી મંડળી લી., મુ. વમોટી મોટી, તાલુકો : અબડાસા, જિલ્લો : ભુજ-કચ્છને સને ૧૯૬૨ના ગુજરાતના કાયદા-૧૦ ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને-૧૯૬૧ ની કલમ-૯ મુજબ આજરોજ નોંધવામાં આવી છે.

નોંધણી નંબર : નધણ-કેટીએચ ''સે''(દુ) ૪૫૫૨૯, તા. ૨૫-૦૭-૨૦૧૬.

ભુજ-કચ્છ, ૨૫ માહે જુલાઈ, સને ૨૦૧૭.

**કે. એ. પટેલ,**
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
ભુજ-કચ્છ.

### નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : નધણ/જ-૨/૪૩૫/આરજેટી : સે.-૪૪૯૯૮/૨૦૧૭.-જિલ્લા રજીસ્ટ્રાર, સ.મં., રાજકોટ, આથી જાહેર કરે છે કે, શ્રી સરવત શરાફી સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ : રાજકોટ, તાલુકો : રાજકોટ, જિલ્લો : રાજકોટ, સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

રાજકોટ, ૨૭ માહે જુલાઈ, સને ૨૦૧૭.

---

વંચાણે લીધા :

(૧) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ તથા ૧૦૮ હેઠળની જોગવાઈઓ.

(૨) ગુજરાત સરકારશ્રીના કૃષિ અને સહકાર વિભાગના જાહેરનામાં ક્રમાંક : જીએચકેએચ/૬૨/૨૦૧૧/નસબ/૧૨/૨૦૦૨/૩૦૧૧/છ, તા. ૨૧-૦૭-૨૦૧૧.

(૩) અત્રેની કચેરીનાં આદેશ ક્રમાંક : ફડચ/ગ-૨/૧૧૦/૨૦૧૭, તા. ૦૮-૦૬-૧૭ થી મંડળીને ફડચામાં લઈ જવાનો વચગાળા આદેશ.

### હુકમ

ક્રમાંક : ફડચ/ગ-૨/૧૬૭/૨૦૧૭.-આથી હું, ટી. સી. તીરથાણી, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, રાજકોટ, ઉપર વંચાણે લીધેલ ક્રમ-૨ વાળા જાહેરનામાથી મળેલ અધિકાર અને સત્તાની રૂઈએ તેમજ આમુખમાં જણાવેલ વિગતો ધ્યાને લઈને શ્રી રોયલ ક્રેડીટ કો. ઓપરેટીવ સોસાયટી લી., મુ. રાજકોટ, તા. જિ. : રાજકોટ (નોંધણી નંબર : સે. ૩૩૯૩૯, તા. ૧૭-૦૧-૨૦૦૨)ના ગુજરાત સહકારી મંડળીઓનાં અધિનિયમ-૧૯૬૧ ની કલમ-૧૦૭ અન્વયે ફડચામાં લઈ જવાના વચગાળાના આદેશને, આજ કાયદાની કલમ-૧૦૮(૧) અન્વયે કાયમી રાખતો આદેશ આપું છું અને ફડચા અધિકારી તરીકે સહકારી અધિકારીશ્રી (ફડચો)-૨ લગત જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, રાજકોટની નિમણૂંક કરૂં છું. જે અન્વયે સદરહુ મંડળીનાં ફડચા અધિકારીએ મંડળીની ફડચાની તમામ કામગીરી નિયત મુદતમાં પૂર્ણ કરવી.

રાજકોટ, ૨૭ માહે જુલાઈ, સને ૨૦૧૭.

**ટી. સી. તીરથાણી,**
જિલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
રાજકોટ.

---

PRINTED AT THE GOVERNMENT PRESS, RAJKOT COMPLAINTS ABOUT GAZETTE MUST BE MADE WITHIN A FORTNIGHT FROM THE DATE OF THIS PUBLICATION ACCOMPANIED BY THE WRAPPER.

©

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

**SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION**

***PUBLISHED BY AUTHORITY***

**VOL. LVIII] THURSDAY, 17th AUGUST, 2017/SRAVANA 26, 1939 No. 33**

**Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central section in order that it may be filed as a separate compilation.**

# PART-I


| PART - I | Pages | PART - I - B | Pages |
|---|---|---|---|
| Government Notifications Appointments Promotions, Leave of absence, Rules and orders (Other than those published in Part-I-A, IV-A, IV-B, and IV-C) list of publications for sales etc., Miscellaneous Notifications Appoint-ments etc., | 875-890 | (Suppliment) Government Notifications Published under Land Acquisition Act only Supplement. | Nil |
| | | **PART - II** | |
| | | Miscellaneous Notices, Advertisments, List of Books Sanctioned by the Director of Education, List of Jurors. Schedule of Estates by the Official Assignee, Summary of Births and Deaths, etc., | 1529-1552 |
| **PART - I - A** | | **PART - III** | |
| Order and Notifications (Other than those published in Part-IV-B) under the Gujarat Local Boards, Village Panchayats, Municipals, Boroughs, (Districts) Municipals Primary Education and Local Fund Audits, Acts., | Nil | Miscellaneous Supplements Season and Crop Reports, Prices, Current Rainfalls Returns, District Local Boards Accounts etc., | Nil |

# Government Notifications, Orders Appointments, etc.

## SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

## NOTIFICATION

### Miscellaneous Notifications appointments etc.

---

## By the Principal District Judge

## NOTIFICATION

No. B/493/2017.-The following candidates are declared Successful in the Higher & Lower Standard Departmental Examination held on 3rd and 4th July, 2017 in Jamnagar District :

Their names are arranged in order of merits.

**Higher Standard Departmental Examination**

1. Mr. P. P. Mod
2. Mr. N. L. Tanna
3. Mr. S. M. Patel
4. Mr. A. M. Madhak
5. Mr. N. S. Jadeja
6. Mr. N. J. Gosai
7. Mr. J. S. Dattani
8. Ms. C. C. Gondalia
9. Mr. K. B. Amlani
10. Mr. K. L. Jadeja

**Lower Standard Departmental Examination**

1. Ms. M. N. Parmar
2. Mr. P. R. Parmar
3. Mr. A. K. Nandaniya
4. Ms. A. A. Parmar
5. Mr. H. G. Jadeja
6. Mr. R. K. Sindhav
7. Mr. A. J. Jadeja
8. Mr. P. A. Jani
9. Mr. H. D. Gohil
10. Mr. A. R. Jadeja
11. Mr. N. B. Vadher
12. Mr. S. A. Jani
13. Mr. P. P. Saradava
14. Mr. V. G. Jadeja
15. Mr. S. V. Thaker
16. Mr. A. H. Hala
17. Mr. Y. G. Jadeja
18. Ms. P. J. Savaliya
19. Mr. V. S. Sodha
20. Mr. K. S. Gautam
21. Mr. S. R. Hun
22. Mr. R. M. Jadeja
23. Mr. R. P. Jadeja
24. Mr. M. R. Bhagavat
25. Mr. S. G. Beriya
26. Mr. C. S. Parmar
27. Mr. D. V. Sorani
28. Ms. E. V. Somaiya
29. Mr. K. A. Udani
30. Mr. K. B. Kapadiya
31. Mr. K. B. Makwana
32. Mr. K. M. Kandoliya
33. Mr. K. R. Kundariya
34. Mr. M. H. Chhaiya
35. Mr. M. N. Makwana
36. Mr. P. G. Chudasama
37. Mr. P. N. Jadeja
38. Mr. P. P. Jadav
39. Mr. P. T. Maheshwari
40. Ms. S. N. Chaudhary
41. Mr. A. R. Vora

Jamnagar, 2nd August, July, 2017.

**R. M. Sareen,**
Principal District Judge,
Jamnagar.

---

## OFFICE ORDER

No. B. 192/2017.-The following candidates are declared Successful in the Higher & Lower Standard Departmental Examination held on 3rd and 4th July, 2017 in Devbhumi Dwarka District.

**Higher Standard Departmental Examination**

1. Mr. N. B. Gojiya
2. Mr. K. K. Kanjariya
3. Mr. N. M. Kanet

**Lower Standard Departmental Examination**

1. Mr. S. K. Bagda

2. Mr. K. R. Tank
3. Mr. B. V. Chhuchhar
4. Mr. M. J. Nagesh
5. Mr. M. V. Kariya
6. Mr. P. K. Gohel
7. Mr. A. A. Madam
8. Mr. J. B. Duva
9. Mr. R. D. Parmar
10. Mr. G. V. Dangar
11. Mr. B. G. Karangiya
12. Mr. K. V. Karmur
13. Mr. R. P. Rathod
14. Mr. B. J. Solanki
15. Mr. T. B. Mehta
16. Mr. U. H. Jadeja
17. Mr. P. A. Kanjariya

Devbhumi Dwarka, 4th August, 2017.

---

## OFFICE ORDER

No. B.193/2017.-As the following Junior Clerks working in this District have obtained 50% or more than 50% of the total marks in the Papers in Higher & Lower Standard Departmental Examination held on 3rd and 4th July, 2017, mentioned against their name, they are exempted from appearing in the said papers again as per sub-paragaph 13 of the paragraph 569 of Chapter XXVIII of the Civil Manual, Volume I, 1960 :-

**Higher Standard Departmental Examination**

| Sr. No. | Name of the Candidate | Paper from which he/she is Exempted |
|---|---|---|
| 1. | Mr. H. H. Pindariya | Paper-III |
| 2. | Mr. M. P. Vala | Paper-III |
| 3. | Mr. A. P. Nandaniya | Paper-III |
| 4. | Mr. B. R. Chavda | Paper-I |
| 5. | Mr. R. R. Varu | Paper-III |
| 6. | Mr. V. R. Karangiya | Paper-III |
| 7. | Mr. P. B. Parmar | Paper-III |

**Lower Standard Departmental Examination**

| Sr. No. | Name of the Candidate | Paper from which he/she is Exempted |
|---|---|---|
| 1. | Mr. A. R. Fataniya | Paper-III |
| 2. | Mr. D. V. Nakum | Paper-II & III |

**D. M. Vyas**
Principal District Judge,
Devbhumi Dwarka @
Khambhaliya

---

***Read :***

*(1) Government Resolution Social Justice & Empowerment Department, Sachivalaya, Gandhinagar No. G/L/16/JJA/1597/2425/ 876 (01)/ CHH-I dated 09-08-2001.*

*(2) The Juvenile Justice (Care & Protection of Children)Act, 2015.*

*(3) Hon'ble High Court Notification No. A.0705(II)/ 2017 (36) dated: 04-05-2017.*

*(4) This office Notification No. B/9101/2017, dated 09-05-2017.*

*(5) Hon'ble High letter No.A.2402/2006 dated 06-07-2017.*

## NOTIFICATION

No. B./13436/2017.-In Suppression of earlier Notification of this office cited at preamble Sr. No.4, and In view of the Hon'ble High Court letter read in the preamble at Sr. No.5, the undersigned is pleased to direct Mr. K. R. Rathod, Additional Civil Judge & Judicial Magistrate First Class, Bhavnagar (Senior most Judicial Magistrate) and Chairperson of Juvenile Justice Board for area comprising the District of Bhavnagar, to hold his Sitting every day after recess, until reduce the pendency of below 100 cases, with immediate effect.

Bhavnagar, 29th July, 2017.

**J. J. Pandya,**
Principal District Judge,
Bhavnagar.

---

INDEX

## કલેક્ટર દ્વારા

**વંચાણ :**

(૧) ધી કેરોસીન (રીસ્ટ્રીકશન ઓન યુઝ એન્ડ ફીકસેશન ઓફ સેલીંગ પ્રાઈઝ) ઓર્ડર-૧૯૯૩.

(૨) અત્રેના જાહેરનામા નાં.સપ-કસન-પરીવહન-દર-વધારો-૨૦૧૪, તા. ૨૦-૦૯-૨૦૧૪.

(૩) અત્રેના જાહેરનામા નાં.સપ/કસન/જથ્થાબંધ અને છુટક/ભાવ/મુકરર/૪-૫/૨૦૧૭, તા. ૨૦-૦૪-૧૭.

(૪) સરકારશ્રીના પત્ર ક્રમાંક : કસન/૧૦૨૦૧૭/૨૨૩/બ તા. ૦૫-૦૭-૨૦૧૭.

(૫) અત્રેના જાહેરનામા નાં. સપ/કસન/ભાવ મુકરર વીથ GST/૧૬ જુલાઈ/૨૦૧૭ તા. ૧૮-૦૭-૨૦૧૭.

(૬) સરકારશ્રીના પત્ર ક્રમાંક : કસન/૧૦૨૦૧૭/૪૫૮/બ તા. ૨૫-૦૭-૨૦૧૭.

(૭) સરકારશ્રીના પત્ર ક્રમાંક : કસન/૧૦૨૦૧૭/૨૨૩/બ તા. ૦૧-૦૮-૨૦૧૭.

## જાહેરનામું

નાં. સપ-કસન-ભાવ-મુકરર વીથ GST-૧ ઓગષ્ટ-૨૦૧૭.- અત્રેના વંચાણ-(૨) વાળા જાહેરનામાથી પરિવહન સમિતિની બેઠકમાં થયેલ વિચારણા મુજબ પરીવહન દર માટેના ભાવ નકકી થયેલ હતા. ત્યાર બાદ ડીલર્સના કમીશન અને છુટક વિક્રેતા કમીશનમાં વધારો થતા તે મુજબ ક્રમ-(૩) વાળા જાહેરનામાથી ભાવ નકકી થયેલ હતા. અને છેલ્લે વંચાણ-(૫) વાળા જાહેરનામાથી કંપની ઈન્સ્ટોલેશનના ઉપાડ ભાવમાં વધારો કરતાં તે મુજબ GST ઉમેરીને તા. ૧૬-૦૭-૨૦૧૭ની અસરથી અમલમાં આવે તે મુજબ છુટક તથા જથ્થાબંધ ભાવો નકકી કરવામાં આવેલ.

સરકારશ્રીના અન્ન નાગરીક પુરવઠા વિભાગ ગાંધીનગરના વંચાણ-(૭) ના પત્ર મુજબ કંપનીના ૧ કે.એલ.ના ભાવ જુના રૂા. ૧૮૦૮૪.૦૧/- હતા. તે વધારીને નવો ભાવ ૧ કે.એલ.નો રૂા. ૧૮૩૩૪.૦૧/- કરેલ છે. તેમજ સરકારશ્રીના વંચાણ-(૬) વાળા પત્રથી રાજય કર કમિશનરશ્રી, ગુજરાત રાજય, અમદાવાદ પાસેથી મેળવેલ સ્પષ્ટતાઓ નજરે પી.ડી.એસ. કેરોસીન ઉપર GST લગાડવા બાબતે ઓઈલ કંપનીના ડેપોથી તાલુકા મથક સુધીના પરીવહન ખર્ચ, કેરોસીનના જથ્થાબંધ વિક્રેતાના કમિશન, કેરોસીનના છુટક વિક્રેતાના કમિશન તથા ડોરસ્ટેપ ડીલીવરી પર આમ દરેક સ્ટેપ ઉપર ૫% GST ઉમેરીને નવેસરથી જથ્થાબંધ અને છુટક ભાવો નકકી કરવા માટે જણાવેલ છે.

સબબ, સરકારશ્રીના વંચાણ-(૬)ની સુચનાઓ તથા વંચાણ-(૭) થી કંડલા ઈન્સ્ટોલેશન ઉપાડના ભાવમાં થયેલ વધારા નજરે વંચાણ-(૧) વાળા હુકમથી મળેલ અધિકારીની રૂએ હું, કલેકટર-કચ્છ, કંડલા ઈન્સ્ટોલેશન ડેપોથી આવતા ઘરગથ્થુ વપરાશના કેરોસીનના એક કીલોલીટરના કંપનીના ભાવ તથા ૧ જુલાઈ ૨૦૧૭ થી અમલમાં આવેલ જી.એસ.ટી ના લાગુ પડેલ કર મુજબ જથ્થાબંધ વેંચાણ ભાવ તથા એક લીટરના છુટક વેચાણ ભાવ આ સાથેના પત્રકની વિગતે તાલુકાવાઈઝ નીચે મુજબ નવેસરથી નકકી કરવાનું ઠરાવુ છુ.

| અનું. | તાલુકાના મુખ્ય મથકનું નામ | એક કીલોલીટર કેરોસીનના તાલુકાના મુખ્ય મથક માટેના જથ્થાબંધ વેંચાણ ભાવ (૧૦૦૦ લીટર) રૂા. પૈસા | એક લીટર કેરોસીનનો તાલુકાના મુખ્ય મથક માટેના છુટક વેંચાણ ભાવ રૂા. પૈસા | વિશેષ નોંધ |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧ | ગાંધીધામ | ૨૦૬૦૩.૩૪ | ૨૧.૬૫ | -- |
| ૨ | અંજાર | ૨૦૬૮૩.૦૪ | ૨૧.૭૩ | -- |
| ૩ | ભચાઉ | ૨૦૭૫૬.૦૧ | ૨૧.૮૧ | -- |
| ૪ | ભુજ | ૨૦૯૨૫.૦૬ | ૨૧.૯૮ | -- |
| ૫ | મુન્દ્રા | ૨૦૯૨૫.૦૬ | ૨૧.૯૮ | -- |
| ૬ | રાપર | ૨૧૦૧૮.૯૮ | ૨૨.૦૭ | -- |
| ૭ | માંડવી | ૨૧૧૪૫.૨૫ | ૨૨.૨૦ | -- |
| ૮ | નખત્રાણા | ૨૧૧૩૭.૪૮ | ૨૨.૧૯ | -- |
| ૯ | અબડાસા, મુ. નલીયા | ૨૧૩૦૦.૬૫ | ૨૨.૨૦ | -- |
| ૧૦ | લખપત, મુ. દયાપર | ૨૧૪૨૩.૦૨ | ૨૨.૪૭ | -- |

ઉપર મુજબના મુકરર કરવામાં આવેલ ભાવો જિલ્લાના તાલુકાના મુખ્ય મથકના હોઈ કેરોસીનના ઓઈલ કંપનીનાં જથ્થાબંધ વિક્રેતાઓ કેરોસીનના છુટક વિક્રેતાના સ્થળ સુધી કેરોસીનની ડીલીવરી આપવા જાય ત્યારે ૦ થી ૧૦(દસ) કિ.લો. મીટરના દરેક સ્ટેજે વધુમાં વધુ ૫૦ કિ.મી સુધી ૧ (એક) લીટરે ૧૦ (દસ) પૈસા જે વધુમાં વધુ પચાસ કિ.મી.ની મર્યાદામાં સ્ટેજ ચાર્જ લઈ શકશે. અને લીધેલ સ્ટેજ ચાર્જ ઉપર ૫% GST લગાડીને જથ્થાબંધ વિક્રેતાએ બિલ અંકારવાનુ રહેશે.

કેરોસીનના છુટક વિક્રેતા સ્ટેજ ખર્ચની રકમ બિલ મુજબ ગણતરી કરતા નજીકના ૦૫ (પાંચ) પૈસાના ગુણાંકમાં છુટક વિક્રેતા કેરોસીનના વેંચાણ બિલ બનાવી કેરોસીનનું વેંચાણ કરી શકશે.

આ જાહેરનામાનો અમલ તા. ૦૧-૦૮-૨૦૧૭ની અસરથી કરવાનો રહેશે.

કચ્છ-ભુજ, ૪ માહે ઓગષ્ટ, સને ૨૦૧૭.

INDEX

જિલ્લો : કચ્છ

**ઘરગથ્થું વપરાશના કેરોસીનના જથ્થાબંધ વેંચાણ ભાવ તથા છુટક વેંચાણ ભાવ નક્કી કરવાની વિગત દર્શાવતું પત્રક**

**GST અમલીકરણ બાદ લાગુ પડેલ કર મુજબ નક્કી થયેલ ભાવ**

**૧લી ઓગષ્ટ-૨૦૧૭ની અસરથી**

| ક્રમ | વિગત | કચ્છ જિલ્લાના તાલુકાના મુખ્ય મથકનું નામ (તાલુકા) | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | ગાંધીધામ | અંજાર | ભચાઉ | ભુજ | મુન્દ્રા | રાપર | નખત્રાણા | માંડવી | અબડાસા | લખપત |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ |
| ૧ | એક કિલોલીટરના ઓઈલ કંપનીના વેંચાણ ભાવ રૂપિયા | ૧૮૩૩૪.૦૧ | ૧૮૩૩૪.૦૧ | ૧૮૩૩૪.૦૧ | ૧૮૩૩૪.૦૧ | ૧૮૩૩૪.૦૧ | ૧૮૩૩૪.૦૧ | ૧૮૩૩૪.૦૧ | ૧૮૩૩૪.૦૧ | ૧૮૩૩૪.૦૧ | ૧૮૩૩૪.૦૧ |
| ૨ | ૧ જુલાઈ ૨૦૧૭ થી અમલમાં આવેલ GST પ્રમાણે લાગુ પડેલ કર મુજબ ઓઈલ કંપનીના વેંચાણ ભાવમાં કરવાનો થતો વધારો (કંપની ધ્વારા નક્કી થયેલ વેંચાણ ભાવના ૫% મુજબ, | ૯૧૬.૭ | ૯૧૬.૭ | ૯૧૬.૭ | ૯૧૬.૭ | ૯૧૬.૭ | ૯૧૬.૭ | ૯૧૬.૭ | ૯૧૬.૭ | ૯૧૬.૭ | ૯૧૬.૭ |
| ૩ | જથ્થાબંધ વિક્રેતાનું કમીશન રૂા. (૧ કે.એલ.ના) કેન્દ્રનું રૂા.૭૮૭.૮૨+રાજ્યનું રૂા.૧૮૦.૩૦= કુલ રૂા. ૯૬૮.૧૨ | ૯૬૮.૧૨ | ૯૬૮.૧૨ | ૯૬૮.૧૨ | ૯૬૮.૧૨ | ૯૬૮.૧૨ | ૯૬૮.૧૨ | ૯૬૮.૧૨ | ૯૬૮.૧૨ | ૯૬૮.૧૨ | ૯૬૮.૧૨ |
| ૪ | એક કિલોલીટરનો પરિવહન દર રૂપિયા. | ૩૨૦.૧૦ | ૩૯૬.૦૦ | ૪૬૫.૫૦ | ૬૨૬.૫૦ | ૬૨૬.૫૦ | ૭૧૫.૯૫ | ૮૨૮.૮૦ | ૮૩૬.૨૦ | ૯૮૪.૨૦ | ૧૧૦૦.૭૫ |
| ૫ | કોલમ ૩+૪ પર ૫% GST | ૬૪.૪૧ | ૬૮.૨૧ | ૭૧.૬૮ | ૭૯.૭૩ | ૭૯.૭૩ | ૮૪.૨૦ | ૮૯.૮૫ | ૯૦.૨૨ | ૯૭.૬૨ | ૧૦૩.૪૪ |
| ૬ | એક કિલોલીટર કેરોસીનનું જથ્થાબંધ વેંચાણ ભાવ રૂપિયા. | ૨૦૬૦૩.૩૪ | ૨૦૬૮૩.૦૪ | ૨૦૭૫૬.૦૧ | ૨૦૯૨૫.૦૬ | ૨૦૯૨૫.૦૬ | ૨૧૦૧૮.૯૮ | ૨૧૧૩૭.૪૮ | ૨૧૧૪૫.૨૫ | ૨૧૩૦૦.૬૫ | ૨૧૪૨૩.૦૨ |
| ૭ | એક કિલોલીટર કેરોસીનનું છુટક વિક્રેતાનું કમિશન રૂા. ૯૪૬.૦૦+ રાજયનું એકસ્ટ્રા ઓર્ડીનરી કમિશન રૂા. ૫૪.૦૦= કુલ રૂા. ૧૦૦૦.૦૦ | ૧૦૦૦.૦૦ | ૧૦૦૦.૦૦ | ૧૦૦૦.૦૦ | ૧૦૦૦.૦૦ | ૧૦૦૦.૦૦ | ૧૦૦૦.૦૦ | ૧૦૦૦.૦૦ | ૧૦૦૦.૦૦ | ૧૦૦૦.૦૦ | ૧૦૦૦.૦૦ |
| ૮ | એક કિલોલીટર કેરોસીનનું છુટક વિક્રેતાનું કમિશન રૂા. ૯૪૬.૦૦+ રાજયનું એકસ્ટ્રા ઓર્ડીનરી કમિશન રૂા. ૫૪.૦૦= કુલ રૂા. ૧૦૦૦.૦૦ પર GST ૫% | ૫૦.૦૦ | ૫૦.૦૦ | ૫૦.૦૦ | ૫૦.૦૦ | ૫૦.૦૦ | ૫૦.૦૦ | ૫૦.૦૦ | ૫૦.૦૦ | ૫૦.૦૦ | ૫૦.૦૦ |
| ૯ | એક કિલોલીટર કેરોસીનના કુલ રૂપિયા | ૨૧૬૫૩.૩૪ | ૨૧૭૩૩.૦૪ | ૨૧૮૦૬.૦૧ | ૨૧૯૭૫.૦૬ | ૨૧૯૭૫.૦૬ | ૨૨૦૬૮.૯૮ | ૨૨૧૮૭.૪૮ | ૨૨૧૯૫.૨૫ | ૨૨૩૫૦.૬૫ | ૨૨૪૭૩.૦૨ |
| ૧૦ | એક લીટર કેરોસીનનું છુટક વેંચાણભાવ રૂા. | ૨૧.૬૫ | ૨૧.૭૩ | ૨૧.૮૧ | ૨૧.૯૮ | ૨૧.૯૮ | ૨૨.૦૭ | ૨૨.૧૯ | ૨૨.૨૦ | ૨૨.૩૫ | ૨૨.૪૭ |

કચ્છ-ભુજ, ૦૪ માહે ઓગષ્ટ, સને ૨૦૧૭.

**રેમ્યા મોહન,**

કલેકટર, કચ્છ.

## જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

## ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૧) અન્વયે

## જાહેરનામું

નં. એમએજી/સી/૩૭૧/૧૫૭૩૯/૨૦૧૭.-પોરબંદર જિલ્લામાં લોકોની સલામતી જળવાઈ રહે અને અસામાજિક તત્વો દ્વારા ગુનાહિત કૃત્યોમાં હથિયારો, ચપ્પુ, લાઠી, દંડા, પાઈપ, સળિયા જેવા સાધનોનો ઉપયોગ ન થાય અને પોલીસની કામગીરીમાં મદદરૂપ થાય તે હેતુથી અને પોરબંદર જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૧) અન્વયે હથિયાર બંધીનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા પોલીસ અધિક્ષકશ્રી, પોરબંદરએ તા. ૨૪-૦૭-૨૦૧૭ ના રોજ દરખાસ્ત કરેલ છે.

સબબ, પોરબંદર જિલ્લા વિસ્તારમાં ઉપર્યુક્ત કારણોસર સુલેહ શાંતિ જળવાઈ રહે તેમજ કોઈ જાતનો અનિચ્છનીય બનાવ બને નહિ તે માટે હું, અશોક કાલરીયા, આઈ.એ.એસ., જિલ્લા મેજિસ્ટ્રેટ, પોરબંદર, જિલ્લો પોરબંદર, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૧) અન્વયે મળેલ સત્તાની રૂએ સમગ્ર પોરબંદર જિલ્લા પોલીસ વિસ્તારમાં તા. ૩૧-૦૭-૨૦૧૭ થી તા. ૨૮-૦૮-૨૦૧૭ સુધી બંને દિવસો સહિત નીચે પ્રમાણે મનાઈ ફરમાવું છું.

૧. શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, ચપ્પુ, બંદૂક, લાકડી, લાઠી અથવા શારિરીક ઈજા પહોંચાડવામાં ઉપયોગી થઈ શકે તેવી ચીજ લઈ જવી નહિ.

૨. કોઈપણ ક્ષયધર્મી અથવા સ્ફોટક પદાર્થો લઈ જવા નહિ.

૩. પત્થરો અથવા બીજા શસ્ત્રો અથવા તે ફેરવવામાં અથવા નાખવામાં ઉપયોગમાં આવતાં સાધનો લઈ જવા નહી, એકઠા કરવા નહી, તથા તૈયાર કરવા નહિ.

૪. કોઈ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલ લઈ જવી નહિ.

૫. વ્યક્તિઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પૂતળાં દેખાડવા કે સળગાવવા નહિ.

૬. લોકોએ બૂમો પાડવી નહી, વધુ અવાજથી ગીતો ગાવા નહી તથા વાદ્ય વગાડવા નહિ.

૭. જે છટાદાર ભાષણ આપવાથી, ચાળા પાડવાથી અથવા નકલ કરવાથી તથા ચિત્રો, નિશાનીઓ, જાહેરખબરો અથવા બીજા કોઈ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવાથી, દેખાડવાથી અથવા તેનો ફેલાવો કર્યેથી આવા અધિકારીના અભિપ્રાય પ્રમાણે સુરૂચિ અથવા નીતિનો ભંગ થતો હોય અથવા જેનાથી રાજ્યની સલામતી જોખમાતી હોય અથવા જેને પરિણામે રાજ્ય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ કરવાનો તે ચાળા વિગેરે કરવાની અથવા તે ચિત્રો, નિશાનીઓ વિગેરે તૈયાર કરવાનો, દેખાડવાની અથવા તેવો ફેલાવો કરવો નહિ.

**આ હુકમ નીચેની વ્યકિતઓને તેમાં દર્શાવ્યા પુરતી બાબતો માટે લાગુ પડશે નહિ.**

૧. સરકારી નોકરીમાં કામ કરતી કોઈ વ્યકિત કે જેના ઉપરી અધિકારીશ્રીએ ફરમાવ્યું હોય અથવા કોઈ હથિયાર લઈ જવાનું તેની ફરજમાં હોય તેવી વ્યકિતઓને હથિયાર લઈ જવાની બાબત માટે.

૨. પોલીસ અધિક્ષકશ્રીએ શારિરિક અશકિતના કારણે લાકડી લઈ જવાની અથવા શુભ હેતુથી ધંધો કરવાની પરવાનગી આપી હોય તે વ્યકિતને લાકડી લઈ જવાની કે શુભહેતુથી ધંધો કરવાની બાબત માટે.

૩. પોતાની ખેતીમાં ઓજારો લઈ જવામાં હાડમારી ન થાય અને રોજિંદા કામમાં ઉપયોગ કરી શકે તેવા આશયથી પોતાની ખેતીકામ માટે ખેતીના ઓજારો લઈ જતા હોય તેવા ખેડૂતોને ખેતીના ઓજારો લઈ જવાની બાબત માટે.

આ જાહેરનામાંના કોઈ ખંડનો ભંગ કરનાર અથવા પાલન ન કરવામાં મદદ કરનાર વ્યકિત ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૧૩૫(૧) મુજબ એક વર્ષની મુદત સુધીની શિક્ષા અને દંડને પાત્ર થશે. આ ઉપરાંત ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ જે તે વ્યકિતઓનો ગુનો સાબિત થયેથી એક માસની સાદી કેદ અથવા રૂા. ૨૦૦/-નો દંડ અગર તો બંને થઈ શકે છે. આ હુકમની અવગણનાથી માનવજીવનને અથવા સ્વાસ્થયને અથવા સલામતીને કોઈપણ ભય ઉત્પન્ન કરે અથવા કોઈ હુલ્લડ અથવા કોઈ બખેડો કરે તેવી વ્યકિત ૬(છ) માસની સપરિશ્રમ અથવા સખ્ત કેદ અથવા રૂા. ૧૦૦૦/- એક હજાર રૂપિયા સુધીનો દંડ અથવા બંને શિક્ષાને પાત્ર ઠરશે.

આજ તા. ૩૧-૦૭-૨૦૧૭ મારી સહી તથા કચેરીનો સિક્કો લગાવી જાહેર જનતાની જાણ તથા અમલવારી માટે પ્રસિધ્ધ કર્યું.

પોરબંદર, ૩૧ માહે જુલાઈ, સને ૨૦૧૭.

**અશોક કાલરીયા,**
જિલ્લા મેજીસ્ટ્રેટ,
પોરબંદર.

## અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

### સને-૧૯૫૧ની ગુજરાત પોલીસ અધિનિયમ આંક-૨૨ની કલમ-૩૩(૧)(બી) હેઠળનું

### જાહેરનામું

નં. : એમએજી/સી/૩૯૬૨/૨૦૧૭.-જુનાગઢ મહાનગરપાલીકા દ્વારા જુનાગઢ મહાનગરપાલીકા વિસ્તારમાં ભવનાથ ક્ષેત્રમાં ''ફન સ્ટ્રીટ'' નું આયોજન કરવામાં આવેલ હોય, જે અન્વયે ભવનાથક્ષેત્રમાં આવેલ શનિદેવ મંદિરની સામે ભવનાથ પોલીસ ચોકીની બાજુમાં આવેલ રીંગ રોડથી ફોરેસ્ટ વિભાગની હદની દિવાલ સુધીના રોડની બન્ને બાજુએ દર રવિવારના સાંજે ૪-૦૦ કલાકથી રાત્રીના ૯-૦૦ કલાક સુધી ''ફન સ્ટ્રીટ'' કરવા અર્થે તમામ વાહનોની અવર-જવરને પ્રતિબંધ ફરમાવતુ જાહેરનામું પ્રસિધ્ધ કરવા, મહાનગરપાલીકા, જુનાગઢના પત્ર નં. મ.ન.પા. જૂ. એડીએમ/જા. નં. ૭૩૨, તા. ૨૧-૦૭-૨૦૧૭ થી દરખાસ્ત થઈ આવેલ છે. ઉક્ત દરખાસ્ત અન્વયે પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢના પત્ર ક્રમાંક : સી/એલ.આઈ.બી./ફન સ્ટ્રીટ/૧૮૩૪/૧૭, તા. ૨૯-૦૭-૨૦૧૭ થી જાહેરનામુ બહાર પાડવા હકારાત્મક અભિપ્રાય આપેલ છે.

સદરહુ દરખાસ્ત વ્યાજબી જણાતી હોય, હું, પી. વી. અંતાણી, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, જુનાગઢ જિલ્લો, જુનાગઢ, સને ૧૯૫૧ના ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩(૧)(બી) હેઠળ મને મળેલ અધિકારની રૂઈએ, ભવનાથ ક્ષેત્રમાં આવેલ શનિદેવ મંદિરની સામે ભવનાથ પોલીસ ચોકીની બાજુમાં આવેલ રીંગ રોડથી ફોરેસ્ટ વિભાગની હદની દિવાલ સુધીના રોડની બન્ને બાજુએ માહે ઓગષ્ટ-૨૦૧૭ અને માહે સપ્ટેમ્બર-૨૦૧૭ દરમ્યાન રવિવારના રોજ સાંજે ૪-૦૦ કલાકથી રાત્રીના ૯-૦૦ કલાક સુધી સુધી ''ફન સ્ટ્રીટ'' કરવા અર્થે તમામ પ્રકારના વાહનોની અવર-જવર પર પ્રતિબંધ ફરમાવું છું.

આ જાહેરનામાનો કોઈ પણ ખંડનો ભંગ કે ઉલ્લંઘન કરનાર વ્યકિત ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧ માં જણાવેલ શિક્ષાને પાત્ર ઠરશે.

આજ તારીખ ૦૪, માહે ઓગષ્ટ, સને-૨૦૧૭ નાં રોજ મારી સહી તથા કચેરીના સીકકા કરી જાહેર જનતાની જાણ માટે પ્રસિધ્ધ કર્યુ.

જુનાગઢ, ૦૪ માહે ઓગષ્ટ, સને ૨૦૧૭.

**પી. વી. અંતાણી,**
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
જુનાગઢ જિલ્લો, જુનાગઢ.

---

### જાહેરનામુ

નં. ડીએમ-૧/TET-II/પરીક્ષા/ઈ.નં. ૩૧૮૫૮/૧૭.-ભાવનગર જિલ્લામાં આગામી તા. ૩૦-૦૭-૨૦૧૭નાં રોજ સવારે ૧૦-૦૦ થી ૧૨-૦૦ ક. સુધી ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર દ્વારા સિનીયર કલાર્ક (વર્ગ-૩)ની પરીક્ષા તેમજ બપોર પછી સમય ૩-૦૦ થી ૫-૦૦ ક. સુધી ગુજરાત રાજ્ય પરીક્ષા બોર્ડ, ગાંધીનગર દ્વારા TET-II પરીક્ષા-૨૦૧૭ લેવાનાર છે. આ પરીક્ષા દરમિયાન પરીક્ષા કેન્દ્ર ખાતે પરીક્ષાર્થીઓ નિર્ભયતાથી, શાંતિપૂર્વક તેમજ એખલાસભર્યા વાતાવરણમાં પરીક્ષા આપી શકે, પરીક્ષા કેન્દ્રોની આજુબાજુના વિસ્તારોમાં અસામાજીક ગુંડાતત્વો એકઠા થઈ પરીક્ષાર્થીઓને ખલેલ પહોંચાડે નહિ તેમજ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે માટે જાહેર હિતમાં હું આર. પી. ચૌધરી, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભાવનગર જિલ્લો, ભાવનગર, ભારતના ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪નો ૨જો)ની કલમ-૧૪૪ થી મને મળેલ અધિકારની રૂઈએ આગામી તા. ૩૦-૦૭-૨૦૧૭નાં રોજ સવારના ૧૦-૦૦ કલાકથી સાંજના ૫-૦૦ કલાક સુધી આ સાથે સામેલ યાદી મુજબના પરીક્ષા કેન્દ્રો ખાતે નીચે મુજબનાં પ્રતિબંધો ફરમાવું છું.

(૧) પરીક્ષા કેન્દ્રની ૧૦૦ મીટરની ત્રિજ્યામાં આવેલા ઝેરોક્ષ/ફેકસ/સ્કેનરનાં વ્યવસાય સાથે સંકળાયેલા વેપારીઓએ ઝેરોક્ષ/સ્કેનર તેમજ ફેકસ મશીનના ઉપયોગ પર.

(૨) પરીક્ષા કેન્દ્રની ૧૦૦ મીટરની ત્રિજ્યામાં મોટા અવાજે લાઉડ સ્પિકર કે બેન્ડવાજા વિગેરે ધ્વનિવર્ધક સાધનોના ઉપયોગ પર.

(૩) પરીક્ષા કેન્દ્રમાં મોબાઈલ ફોન કે અન્ય ઈલેકટ્રોનિક ગેઝેટ લઈ જવા કે તેના ઉપયોગ પર.

(૪) પરીક્ષા કેન્દ્રની ૧૦૦ મીટરની ત્રિજ્યાના વિસ્તારમાં ચાર કે તેથી વધુ માણસો એકઠા થવા પર.

(૫) પરીક્ષા કેન્દ્રોમાં પરીક્ષાર્થીઓ તથા ફરજ પરના સ્ટાફ કે અધિકૃત વ્યકિત સિવાય કોઈ અનઅધિકૃત વ્યકિતએ પરીક્ષા કેન્દ્રમાં પ્રવેશવા પર.

સદરહું જાહેરનામું ઉકત જણાવ્યા મુજબના પરીક્ષા કેન્દ્રો ઉપરાંત જો નવા પરીક્ષા કેન્દ્રો જાહેર થશે તો તેને પણ લાગુ પડશે.

સદરહું જાહેરનામા/હુકમનો ઉલ્લંઘન કરનારને ભારતના ફોજદારી અધિનિયમ (સને ૧૮૬૦ના ૪૫માં અધિનિયમ)ની કલમ-૧૮૮ મુજબ સજા થશે.

''જાહેરનામાના અમલ તથા તેના ભંગ બદલ પગલા લેવા હેડકોન્સ્ટેબલથી નીચેના ન હોય તેવા અધિકારીશ્રીને અધિકૃત કરવામાં આવે છે.

ઉપર નિર્દિષ્ટ કરેલા વિસ્તારોમાં સહેલાઈથી દેખી શકાય તેવી જગ્યાઓએ આ હુકમની નકલો ચોંટાડીને અને સ્થાનિક વર્તમાનપત્રો દ્વારા તેની બહોળી પ્રસિધ્ધી કરાવીને સદરહું હુકમ પ્રસિધ્ધ કરવો.

આજ તારીખ : ૨૬-૦૭-૨૦૧૭ ના રોજ મારી સહી કરી હુકમ પ્રસિધ્ધ કર્યો.

ભાવનગર, ૨૬ માહે જુલાઈ, સને ૨૦૧૭.

---

## જિલ્લા શિક્ષણાધિકારી કચેરી, ભાવનગર, ટાટ-૨ પરીક્ષા તા. ૩૦-૦૭-૨૦૧૭ ના કેન્દ્રોની યાદી

| ક્રમ | પરીક્ષા કેન્દ્રનું નામ | પરીક્ષા કેન્દ્રનું સરનામું | સ્થળ સંચાલકનું નામ | સ્થળ સંચાલકનો ફોન નંબર | બ્લોકની સંખ્યા | સીસીટીવી કેમેરા |
|---|---|---|---|---|---|---|
| ૧ | શ્રી એમ. કે. જમોડ હાઈસ્કુલ | માજીરાજ વાડી સામે, ભાવનગર | શ્રી જે. એમ. જમોડ | ૯૪૨૮૭૮૫૦૦૨ | ૧૫ | હા |
| ૨ | નંદકુંવરબા ક્ષત્રિય કન્યા વિદ્યાલય | નિલમ બાગ સર્કલ, ભાવનગર | શ્રી રાજેસ્વરીબા ગોહિલ | ૯૯૭૯૦૮૯૯૫૧ | ૧૩ | હા |
| ૩ | શ્રી ટી. બી. જૈન હાઈસ્કુલ | ઘોઘા ગેટ, ભાવનગર | શ્રી નયનાબેન ત્રિવેદી | ૯૪૨૬૨૧૫૮૪૦ | ૧૦ | હા |
| ૪ | શ્રી સ્વામિનારાયણ ગુરુકુળ | જી.આઈ.ડી.સી. ચિત્રા, ભાવનગર | શ્રી બટુકભાઈ પટેલ | ૯૪૨૮૧૧૮૮૯૩ | ૯ | હા |
| ૫ | શ્રી સ્વામિનારાયણ ગુરુકુળ | નિર્ભય સોસાયટી, ચિત્રા, ભાવનગર | શ્રી લાલજીભાઈ કોરડીયા | ૯૯૨૪૧૮૧૨૪૪ | ૧૦ | હા |
| ૬ | શ્રી તપોવન વિદ્યાલય | મસ્તરામબાપાના મંદિરની પાછળ, ચિત્રા, ભાવનગર | શ્રી જોષી રેખાબેન જી. | ૯૯૦૯૦૯૩૯૯૧ | ૮ | હા |
| ૭ | શ્રી સંસ્કાર વિદ્યાલય | આખલોલ જકાતનાકા સામે, ભાવનગર | શ્રી ભાવેશભાઈ વાજા | ૯૮૯૮૫૮૫૦૪૦ | ૮ | હા |
| ૮ | શ્રી એસ. કે. વિદ્યાલય | મસ્તરામબાપાના મંદિરની સામે, ચિત્રા, ભાવનગર | શ્રી વનરાજસિંહ | ૯૬૬૨૬૪૭૪૮૭ | ૮ | હા |
| ૯ | શ્રી એલ. ડી. ગુંદસરીયા | આહિર કન્યા વિદ્યાલય, લક્ષ્મીનગરની પાછળ, સિદસર રોડ, ભાવનગર | શ્રી નિતાબેન | ૯૧૭૩૦૯૨૭૧૯ | ૮ | હા |
| ૧૦ | શ્રી સારથી વિદ્યાલય | સિલ્વર બેલ્સ સ્કુલની પાછળ, કાળીયાબીડ, ભાવનગર | શ્રી કેતનભાઈ ત્રિવેદી | ૯૪૨૭૨૪૯૬૦૩ | ૮ | હા |
| ૧૧ | શ્રી બેબીલેન્ડ (જ્ઞાનગુરુ) | રામમંત્ર મંદિરની સામે, કાળીયાબીડ, ભાવનગર | શ્રી પરેશભાઈ જાની | ૯૪૨૮૯૯૧૦૨૫ | ૧૦ | હા |
| ૧૨ | શ્રી જ્ઞાનમંજરી | સપ્તપદી હોલ સામે, કાળીયાબીડ, ભાવનગર | શ્રી હરેશભાઈ જાની | ૯૮૮૦૦૫૮૦૬૪<br>૮૯૮૦૦૨૮૦૬૪ | ૧૫ | હા |
| ૧૩ | શ્રી જ્ઞાનગુરુ (પારિજાત) | સાગવાડી, કાળીયાબીડ, ભાવનગર | શ્રી શિવરાજસિંહ રાઠોડ | ૮૦૦૦૩૬૧૧૪૨ | ૮ | હા |
| ૧૪ | શ્રી સિલ્વર બેલ્સ હાઈસ્કુલ | ભગવતી સર્કલ, કાળીયાબીડ, ભાવનગર | શ્રી રિમાબેન ગાંગુલી | ૯૪૨૬૫૫૫૬૬૬ | ૧૨ | હા |
| ૧૫ | શ્રી પ્રણવબક્ષી ગર્લ્સ હાઈસ્કુલ | શિશુ વિહાર, ભાવનગર | શ્રી કાજીસ જજીસ | ૮૨૬૪૨૯૨૯૨૯ | ૮ | હા |
| ૧૬ | શ્રી મહાલક્ષ્મી ગર્લ્સ હાઈસ્કુલ | ડોન ચોક, ભાવનગર | શ્રી વિમળાબેન પટેલ | ૯૯૨૪૮૧૮૨૧૦ | ૮ | હા |
| ૧૭ | શ્રી ધનેશ મહેતા | ક્રેસન્ટ સર્કલ, ભાવનગર | શ્રી એસ. પી. કનારા | ૯૯૭૯૭૦૭૮૩૫ | ૮ | હા |
| ૧૮ | શ્રી કે. આર. દોશી હાઈસ્કુલ | સરદારનગર, ભાવનગર | શ્રી આશિફભાઈ આચાર્ય | ૯૮૨૫૨૭૭૨૫૦ | ૮ | હા |
| ૧૯ | શ્રી સર પી. પી. ઈન્સ્ટિટયુટ ઓફ સાઈન્સ કોલેજ | વાઘાવાડી રોડ, ભાવનગર | શ્રી એન. વી. મહેતા | ૯૪૨૭૭૫૪૮૦૧ | ૧૫ | હા |
| ૨૦ | શ્રી વળીયા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ | વિદ્યાનગર, ભાવનગર | શ્રી પ્રો. એસ. પી. શર્મા | ૮૫૧૧૧૮૬૦૦૯ | ૧૫ | હા |
| ૨૧ | શ્રી સરકારી ઈજનેરી કોલેજ યુનિટ-૧ | વિદ્યાનગર, ભાવનગર | શ્રી પ્રો. એસ. એમ. ત્રિવેદી | ૯૪૨૬૯૨૩૨૮૫ | ૧૦ | હા |
| ૨૨ | શ્રી સરકારી ઈજનેરી કોલેજ યુનિટ-૨ | વિદ્યાનગર, ભાવનગર | શ્રી એ. જી. કુટે | ૯૪૨૬૧૨૮૭૭૯ | ૧૦ | હા |
| ૨૩ | શ્રીમતી ન. ચ. ગાંધી મહિલા કોલેજ | મહિલા કોલેજ સર્કલ, યશવંતરાય નાટયગૃહની બાજુમાં, ભાવનગર | શ્રી દર્શનાબેન રાવળ | ૯૪૨૭૩૪૭૬૩૯ | ૧૨ | હા |
| ૨૪ | શ્રી સરકારી ભાવસિંહજી પોલીટેકનિકલ કોલેજ યુનિટ-૧ | વિદ્યાનગર, ભાવનગર | શ્રી એસ. કે. ભટ્ટ | ૯૯૦૯૯૪૨૨૯૩ | ૧૦ | હા |
| | | | | કુલ... | ૨૫૬ | |

Online Job Application System (GSSSB)

**પેટા કેન્દ્રો (શાળા/કોલેજ)ની યાદી અને ફાળવેલ કુલ બ્લોક અને કુલ ઉમેદવારની વિગત દર્શાવતું પત્રક**

**જાહેરાત નંબર :** GSSSB/2016-17/98 ............ Job Title : Senior Clerk, Class-III-2016-17

**District Name : BHAVNAGAR**

| રૂટ | ક્રમ | પેટા કેન્દ્ર (શાળા/કોલેજનું નામ) | પેટા કેન્દ્રનું સરનામું | ઉપયોગમાં લેવાનાર રૂમમાં ઉમેદવારની સંખ્યા | ઉપયોગમાં લેવાનાર રૂમની સંખ્યા | ફાળવેલ ઉમેદવારોના બેઠક નંબર | ફાળવેલ ઉમેદવારની સંખ્યા | C.C.T.V. Y/N | ઈન્ચાર્જ વ્યકિતનું નામ અને ફોન નંબર |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૧ | C31 મહદી હાઈસ્કુલ યુનિટ-૧ | અલ મહદી સ્કૂલ, શિશુવિહાર સર્કલ, ભાવનગર | ૩૦૦ | ૧૦ | 98062819-98063118 | ૩૦૦ | Y | માલવિકાબેન વ્યાસ 7203033911 |
| | ૨ | C33 પ્રણવબક્ષી વિદ્યામંદિર | શીશુવિહાર સર્કલ, ભાવનગર | ૨૪૦ | ૮ | 98063119-98063358 | ૨૪૦ | N | જસીસ એ. કાજી 8264292929 |
| | ૩ | શ્રી માજીરાજ ગર્લ્સ હાઈસ્કુલ | હલુરીયા ચોક, ભાવનગર | ૩૦૦ | ૧૦ | 98063359-98063658 | ૩૦૦ | Y | અવનીબા મોરી 9924032031 |
| | ૪ | C35 શ્રી મુકતાલક્ષ્મી હાઈસ્કુલ યુનિટ-૧ | હલુરીયા ચોક, કિતી ક્લિનિક સામે, ભાવનગર | ૩૦૦ | ૧૦ | 98063659-98063958 | ૩૦૦ | N | વસંતબેન જાંબુચા 9824224076 |
| ૨ | ૫ | C30 મહાલક્ષ્મી ગર્લ્સ હાઈસ્કુલ | ડોન ચોક, ભાવનગર | ૨૪૦ | ૮ | 98063959-98064198 | ૨૪૦ | N | વિમળાબેન પી. પટેલ 9924818210 |
| | ૬ | C34 શ્રી ધનેશ મહેતા હાઈસ્કુલ | ક્રેસન્ટ સર્કલ, ભાવનગર | ૨૪૦ | ૮ | 98064199-98064438 | ૨૪૦ | N | એસ. પી. કનારા 9979707835 |
| | ૭ | C38 ટી બી જૈન ગર્લ્સ હાઈસ્કુલ | ઘોઘા ગેઈટ, ભાવનગર | ૩૦૦ | ૧૦ | 98064439-98064738 | ૩૦૦ | Y | નયનાબેન ત્રિવેદી 9426215840 |
| | ૮ | C37 શાંતિલાલ શાહ હાઈસ્કુલ | હલુરીયા ચોક, ભાવનગર | ૩૦૦ | ૧૦ | 98064739-98065038 | ૩૦૦ | Y | દિપકભાઈ કે. વ્યાસ 9428637274 |
| ૩ | ૯ | C40 શ્રી સનાતન ધર્મ હાઈસ્કુલ | વડવા વોશીંગ ઘાટ, ભાવનગર | ૩૦૦ | ૧૦ | 98065039-98065338 | ૩૦૦ | Y | ડૉ. એમ. એમ. દાફડા 9426966653 |
| | ૧૦ | C41 શ્રી એમ કે જમોડ હાઈસ્કુલ | માજીરાજ વાડી માર્ગ, પાનવાડી ચોક, ભાવનગર | ૪૫૦ | ૧૫ | 98065339-98065788 | ૪૫૦ | Y | જયેશભાઈ એમ. જમોડ 9428785002 |
| | ૧૧ | C43 સેંટ ઝેવિયર્સ મા શાળા | જેલ રોડ, ભાવનગર | ૩૦૦ | ૧૦ | 98065789-98066088 | ૩૦૦ | Y | ફાધર મેથ્યુ 9725598017 |
| | ૧૨ | C45 શ્રી કુમારશાળા | ડેરી રોડ, નિલમ બાગ, ભાવનગર | ૩૦૦ | ૧૦ | 98066089-98066388 | ૩૦૦ | Y | બલદેવસિંહ ગોહિલ 9879605757 |

| રૂટ | ક્રમ | પેટા કેન્દ્ર (શાળા/કોલેજનું નામ) | પેટા કેન્દ્રનું સરનામું | ઉપયોગમાં લેવાનાર રૂમમાં ઉમેદવારની સંખ્યા | ઉપયોગમાં લેવાનાર રૂમની સંખ્યા | ફાળવેલ ઉમેદવારોના બેઠક નંબર | ફાળવેલ ઉમેદવારની સંખ્યા | C.C.T.V. Y/N | ઈન્ચાર્જ વ્યકિતનું નામ અને ફોન નંબર |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૪ | ૧૩ | C44 શ્રી નંદકુવરબા ક્ષત્રિય કન્યા વિદ્યાલય | નીલમબાગ સર્કલ, ભાવનગર | ૩૯૦ | ૧૩ | 98066389-98066778 | ૩૯૦ | Y | શ્રી રાજેશ્વરીબા ગોહિલ 9979089951 |
| | ૧૪ | C46 શ્રી દોલત અનંત વળીયા હાઈસ્કુલ | શાસ્ત્રીનગર, ભાવનગર | ૩૦૦ | ૧૦ | 98066779-98067078 | ૩૦૦ | Y | જયદિપસિંહ ગોહિલ 9601618145 |
| | ૧૫ | C48 વિધાવિહાર માધ્યમિક ઉ.મા. શાળા | દેસાઈનગર, ભાવનગર | ૩૦૦ | ૧૦ | 98067079-98067378 | ૩૦૦ | Y | સીએમ. જામ્બુચા 9898201194 |
| | ૧૬ | C52 શ્રી સ્વામીનારાયણ હાઈસ્કુલ | જી. આઈ. ડી. સી., ચિત્રા, ભાવનગર | ૨૭૦ | ૯ | 98067379-98067648 | ૨૭૦ | Y | બટુકભાઈ પટેલ 9428118893 |
| | ૧૭ | C51 શ્રી સ્વામીનારાયણ હાઈસ્કુલ | નિર્ભય સોસાયટી, ચિત્રા, ભાવનગર | ૩૦૦ | ૧૦ | 98067649-98067948 | ૩૦૦ | Y | કોરડીયા લાલજીભાઈ ચતુરભાઈ 9924181244 |
| ૫ | ૧૮ | શ્રી સાંદિપની વિદ્યાલય | ૧૨૩/બી, સરીતા સોસાયટી, શેરી નં. ૮, ભાવનગર | ૩૦૦ | ૧૦ | 98067949-98068248 | ૩૦૦ | Y | વિપુલભાઈ ચૌહાણ 9898190634 |
| | ૧૯ | તપોવન પ્રાથમિક શાળા | મસ્તરામબાપના મંદીર પાછળ, ચિત્રા, ભાવનગર | ૨૪૦ | ૮ | 98068249-98068488 | ૨૪૦ | Y | રેખાબેન જોષી 9909093991 |
| | ૨૦ | C55 સંસ્કાર વિદ્યાલય | આખલોલ જકાતનાકા સામે, ભાવનગર | ૨૪૦ | ૮ | 98068489-98068728 | ૨૪૦ | N | ભાવેશભાઈ બી. વાજા 9898585040 |
| | ૨૧ | શ્રી એસ. કે. વિદ્યાલય | મસ્તરામબાપના મંદીર સામે, ચિત્રા, ભાવનગર | ૨૪૦ | ૮ | 98068729-98068968 | ૨૪૦ | Y | વનરાજસિહ 9662647487 |
| | ૨૨ | C50 ક્રાઈસ્ટ ઈગ્લીશ સ્કુલ | સિદસર-ચિત્રા રોડ, ચિત્રા, ભાવનગર | ૩૦૦ | ૧૦ | 98068969-98069268 | ૩૦૦ | Y | ફાધર રેઝીમોન 9426255800 |
| ૬ | ૨૩ | C3 શ્રી દક્ષિણામૂર્તિ હાઈસ્કુલ | વાઘાવાડી રોડ, ભાવનગર | ૩૬૦ | ૧૨ | 98069269-98069628 | ૩૬૦ | Y | પટેલ ભરતભાઈ વી. 9998994130 |
| | ૨૪ | ગીજુભાઈ વિનય મંદીર | સત્યનારાયણ રોડ, કલાક્ષેત્રની બાજુમાં, પરીમલ ચોક, ભાવનગર | ૩૦૦ | ૧૦ | 98069629-98069928 | ૩૦૦ | Y | ભાવનાબેન આઈ. ભટ્ટ 9426171413 |
| | ૨૫ | C1 આર કે ઘરશાળા યુનિટ ૧ | પરીમલ ચોક, ભાવનગર | ૩૦૦ | ૧૦ | 98069929-98070228 | ૩૦૦ | Y | ત્રિવેદી પ્રદીપભાઈ 8460070014 |
| | ૨૬ | હોમ સ્કુલ અંગ્રેજી મિડિયમ (ઘરશાળા સંસ્થા) | હરભાઈ ત્રિવેદી માર્ગ, શિખર ફ્લેટ ની સામે, વાઘાવાડી રોડ, ભાવનગર | ૩૦૦ | ૧૦ | 98070229-98070528 | ૩૦૦ | Y | વેલેરીયન ફર્નાન્ડીસ 9328727913 |
| | ૨૭ | C6 શ્રી એકતા હાઈસ્કુલ | રામમંત્ર મંદીર પાસે, કાળીયા બીડ, ભાવનગર | ૩૦૦ | ૧૦ | 98070529-98070828 | ૩૦૦ | Y | પ્રકાશભાઈ જે. જાની 9898873309 |

INDEX

| રૂટ | ક્રમ | પેટા કેન્દ્ર (શાળા/કોલેજનું નામ) | પેટા કેન્દ્રનું સરનામું | ઉપયોગમાં લેવાનાર રૂમમાં ઉમેદવારની સંખ્યા | ઉપયોગમાં લેવાનાર રૂમની સંખ્યા | ફાળવેલ ઉમેદવારોના બેઠક નંબર | ફાળવેલ ઉમેદવારની સંખ્યા | C.C.T.V. Y/N | ઈન્ચાર્જ વ્યકિતનું નામ અને ફોન નંબર |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૭ | ૨૮ | C7 બેબીલેંડ માધ્યમિક ઉ મા શાળા | રામમંત્ર મંદીર પાસે, કાળીયા બીડ, ભાવનગર | ૩૦૦ | ૧૦ | 98070829-98071128 | ૩૦૦ | Y | પરેશભાઈ એચ. જાની 9428991025 |
| | ૨૯ | બી. એમ. કોમર્સ | બી. એમ. કોમર્સ હાઈસ્કુલ, ઘોઘા સર્કલ, ભાવનગર | ૩૬૦ | ૧૨ | 98071129-98071488 | ૩૬૦ | Y | પરેશ ત્રિવેદી 9427614968 |
| | ૩૦ | C25 શ્રી સ્વામીનારાયણ ગુરુકુળ હાઈસ્કુલ યુનિટ ૧ | શ્રી સહજાનંદ સ્વામી માર્ગ, ગુરુકુળ કેમ્પસ, સરદારનગર, ભાવનગર | ૩૬૦ | ૧૨ | 98071489-98071848 | ૩૬૦ | Y | આર. આઈ. હરણીયા 9824260950 |
| | ૩૧ | C27 કે આર દોશી હાઈસ્કુલ | સરદારનગર, ભાવનગર | ૨૪૦ | ૮ | 98071849-98072088 | ૨૪૦ | N | આશીષભાઈ આચાર્ય 9825277250 |
| ૮ | ૩૨ | C5 શ્રી વિશુધ્ધાનન્દ વિદ્યામંદિર | વિધાનગર, ભાવનગર | ૪૫૦ | ૧૫ | 98072089-98072538 | ૪૫૦ | Y | લાલજીભાઈ ધાંધલા 9428182382 |
| | ૩૩ | બી એન વિરાણી માધ્યમિક શાળા | ૩૫-એ, વિરાણી ચોક, કાળીયાબીડ, ભાવનગર | ૩૦૦ | ૧૦ | 98072539-98072838 | ૩૦૦ | Y | અરવિંદભાઈ જે. ભૂત 9978784365 |
| | ૩૪ | બી એન વિરાણી ઉચ્ચતર માધ્યમિક શાળા | ૩૫-એ, વિરાણી ચોક, કાળીયાબીડ, ભાવનગર | ૩૦૦ | ૧૦ | 98072839-98073138 | ૩૦૦ | Y | કાશ્મીરાબેન વી. સુતરીયા 9327369090 |
| | ૩૫ | C13 સીલ્વર બેલ્સ હાઈસ્કુલ | શાંતિનગર, ભગવતી સર્કલ, કાળીયાબીડ, ભાવનગર | ૩૬૦ | ૧૨ | 98073139-98073498 | ૩૬૦ | Y | રીમાબેન ગાગોલી 9426555666 |
| | ૩૬ | પારીજાત જ્ઞાનગુરૂ હાઈસ્કુલ | સાગવાડી, કાળીયાબીડ, ભાવનગર | ૨૪૦ | ૮ | 98073499-98073738 | ૨૪૦ | Y | શિવરાજસિંહ રાઠોડ 8000361142 |
| ૯ | ૩૭ | કે.પી.એસ. હાઈસ્કુલ | ઈંગ્લીશ, વિરાણી સ્કુલની પાછળ, કાળીયાબીડ, ભાવનગર | ૩૦૦ | ૧૦ | 98073739-98074038 | ૩૦૦ | Y | યોગેશભાઈ દેવલુક 9427749156 |
| | ૩૮ | શ્રી સારથી વિદ્યાલય | સિલ્વર બેલ્સ સ્કુલની પાછળ, કાળીયાબીડ, ભાવનગર | ૨૪૦ | ૮ | 98074039-98074278 | ૨૪૦ | Y | કેતનભાઈ ત્રીવેદી 9427249603 |
| | ૩૯ | C15 એમ એસ લાખાણી કન્યા વિધાલય | સરદાર પટેલ એજ્યુકેશન કેમ્પસ, કાળીયા બીડ, ભાવનગર | ૪૫૦ | ૧૫ | 98074279-98074728 | ૪૫૦ | Y | ઉર્મિબેન જે. પરમાર 9173311892 |
| | ૪૦ | જ્ઞાનમંજરી હાઈસ્કુલ વિદ્યાપીઠ | સપ્તપદી હોલની સામે, કાળીયાબિડ, ભાવનગર | ૪૫૦ | ૧૫ | 98074729-98075178 | ૪૫૦ | Y | હરેશભાઈ જાની 9880058064 |
| | ૪૧ | વિધાદીશ વિધા સંકુલ | સરદાર પટેલ એજ્યુકેશન ઈન્સ્ટીટયુટ ની સામે, કાળીયાબીડ, ભાવનગર | ૪૫૦ | ૧૫ | 98075179-98075628 | ૪૫૦ | Y | ભાર્ગવભાઈ સાકરીયા 73000221516 |

INDEX

| રૂટ | ક્રમ | પેટા કેન્દ્ર (શાળા/કોલેજનું નામ) | પેટા કેન્દ્રનું સરનામું | ઉપયોગમાં લેવાનાર રૂમમાં ઉમેદવારની સંખ્યા | ઉપયોગમાં લેવાનાર રૂમની સંખ્યા | ફાળવેલ ઉમેદવારોના બેઠક નંબર | ફાળવેલ ઉમેદવારની સંખ્યા | C.C.T.V. Y/N | ઈન્ચાર્જ વ્યકિતનું નામ અને ફોન નંબર |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧૦ | ૪૨ | C58 મારુતી વિદ્યાલય | પ્લોટ-૨૬૮, માધવનગર, લીલા સર્કલ પાસે, સિદસર રોડ, ભાવનગર | ૩૦૦ | ૧૦ | 98075629-98075928 | ૩૦૦ | Y | દક્ષાબેન એમ. જોષી 9429639070 |
| | ૪૩ | નવોદયા પબ્લીક સ્કુલ (સ્વસ્તીક વિધા સંકુલ) | ૧૦૮, સ્વસ્તિક વિદ્યા સંકુલ કેમ્પસ, સીતારામ પાર્ક, લીલા સર્કલ પાસે, સીદસર રોડ, ભાવનગર | ૩૦૦ | ૧૦ | 98075929-98076228 | ૩૦૦ | Y | કલ્પેશભાઈ આર. આચાર્ય 7567159502 |
| | ૪૪ | શ્રી એલ.ડી.ગુદસરીયા આહીર કન્યા વિદ્યાલય | લાક્ષીનગરની પાછળ, સીદસર રોડ, ભાવનગર | ૨૪૦ | ૮ | 98076229-98076468 | ૨૪૦ | Y | નીતાબેન 9173092719 |
| | ૪૫ | સહજાનંદ વિદ્યાલય | શિવનગર, તળજા રોડ, ભાવનગર | ૩૦૦ | ૧૦ | 98076469-98076768 | ૩૦૦ | Y | અવનીબેન મહેતા 9727707174 |
| ૧૧ | ૪૬ | C21 સેંટ મેરી ગુજરાતી માધ્યમીક શાળા | શિવાજી સર્કલ પાસે, ઘોઘા રોડ, ભાવનગર | ૩૦૦ | ૧૦ | 98076769-98077068 | ૩૦૦ | Y | ફાધર સીજો 9426967903 |
| | ૪૭ | C22 સેંટ મેરી અંગ્રેજી માધ્યમીક શાળા | શિવાજી સર્કલ પાસે, ઘોઘા રોડ, ભાવનગર | ૩૦૦ | ૧૦ | 98077069-98077368 | ૩૦૦ | Y | ફાધર ટીટુસ 9427250126 |
| | ૪૮ | C20 ફાતિમા કોન્વેટ સ્કુલ | મેરુબાગ, ઘોઘા રોડ, ભાવનગર | ૩૦૦ | ૧૦ | 98077369-98077668 | ૩૦૦ | Y | બીન જોસેફ 9429642910 |
| | ૪૯ | C23 શ્રી આર્યકુળ કન્યા વિધાલય | જૈન દેરાસર સામે, ભરતનગર ચોકડી, ભાવનગર | ૨૪૦ | ૮ | 98077669-98077895 | ૨૨૭ | Y | ગૌરાંગભાઈ ભટ્ટ 8487969359 |
| | | **Sub Total** | | **૧૫૦૯૦** | **૫૦૩** | | **૧૫૦૭૭** | | |

ભાવનગર, ૨૬ માહે જુલાઈ, સને ૨૦૧૭.

**આર. પી. ચૌધરી,**
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
ભાવનગર.

---

## જાહેરનામું

નં. ડી.એમ./વશી/૪૫૪૭/૨૦૧૭.-આગામી તા. ૩૦-૦૭-૨૦૧૭ રોજ બોટાદ શહેર ખાતે રાજય પરીક્ષા બોર્ડ, ગાંધીનગર દ્વારા આયોજિત TET-2 ની પરીક્ષા લેવાનાર છે. આ પરીક્ષા દરમ્યાન પ્રશ્નપત્રો તેમજ તેમાં જણાવેલ પ્રશ્નોના ઉત્તરોની ઝેરોક્ષ કોપીઓ કરાવી ગેરરીતી આચરવામાં ન આવે, તેમજ પરીક્ષા કેન્દ્રો ખાતે પરીક્ષાર્થીઓ નિર્ભયતાથી, શાંતિપૂર્વક તેમજ એખલાસભર્યા વાતાવરણમાં પરીક્ષા આપી શકે, પરીક્ષા કેન્દ્રોની આજુબાજુના વિસ્તારોમાં અસામાજીક ગુંડાતત્વો એકઠા થઈ પરીક્ષાર્થીઓને ખલેલ પહોંચાડે નહિ તેમજ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે માટે જાહેર હિતમાં હું, બી. વી. લીંબાસીયા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, બોટાદ જિલ્લો, બોટાદ, ભારતના ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪નો ૨ જો)ની કલમ-૧૪૪થી મને મળેલ અધિકારની રૂઈએ ફરમાવું છું કે, આગામી તા. ૩૦-૦૭-૨૦૧૭ ના રોજ બપોરના ૦૩-૦૦ કલાકથી બપોરના ૦૫-૦૦ કલાક દરમિયાન નીચેની અનુસુચિમાં દર્શાવેલ પરીક્ષા કેન્દ્રો ઉપર નીચે મુજબનાં પ્રતિબંધો ફરમાવવામાં આવે છે.

(૧) પરીક્ષા કેન્દ્રોની ૧૦૦ મીટરની ત્રિજ્યામાં આવેલા ઝેરોક્ષ/ફેકસનાં વ્યવસાય સાથે સંકળાયેલા વેપારીઓએ ઝેરોક્ષ તેમજ ફેકસ મશીનના ઉપયોગ પર.

(૨) પરીક્ષા કેન્દ્રોની ૧૦૦ મીટરની ત્રિજ્યામાં મોટા અવાજે લાઉડ સ્પિકર કે બેન્ડવાજા વિગેરે ધ્વનિ વર્ધક સાધનોના ઉપયોગ પર.

(૩) પરીક્ષા કેન્દ્રમાં મોબાઈલ ફોન લઈ જવા પર.

(૪) પરીક્ષા કેન્દ્રની ૨૦૦ મીટરની ત્રિજ્યાના વિસ્તારમાં ચાર કે તેથી વધુ માણસો એકઠા થવા પર.

(૫) પરીક્ષા કેન્દ્રોમાં પરીક્ષાર્થીઓ તથા ફરજ પરના સ્ટાફ કે અધિકૃત વ્યક્તિ સિવાય કોઈ અનઅધિકૃત વ્યક્તિએ પરીક્ષા કેન્દ્રમાં પ્રવેશવા પર.

### અનુસૂચિ

TET-2 **પરીક્ષા કેન્દ્રોની યાદી**

| ક્રમ | પરીક્ષા કેન્દ્રનું નામ | ગામ/શહેર |
|---|---|---|
| ૧ | આર.સી.એ. બોયઝ હાઈસ્કુલ, હવેલી પાછળ, પાળીયાદ રોડ, બોટાદ | બોટાદ |
| ૨ | શ્રી એમ.ડી. શાહ વિદ્યાલય, પાળીયાદ રોડ, બોટાદ | બોટાદ |
| ૩ | પી. વી. દોશી વિદ્યાલય, પાળીયાદ રોડ, બોટાદ | બોટાદ |
| ૪ | સમાંતર સ્વાયત માધ્યમિક વિદ્યાલય, બોટાદ | બોટાદ |
| ૫ | શ્રી આર. પી. કોરડીયા માધ્યમિક શાળા, બોટાદ | બોટાદ |
| ૬ | યોગીરાજ વિદ્યા મંદિર માધ્યમિક શાળા, બોટાદ | બોટાદ |
| ૭ | શ્રીમતી એલ. જ. શાહ ગર્લ્સ હાઈસ્કુલ, બોટાદ | બોટાદ |

સદરહું જાહેરનામાનો ઉલ્લંઘન કરનારને ભારતના ફોજદારી અધિનિયમ (સને ૧૮૬૦ના ૪૫માં અધિનિયમ)ની કલમ-૧૮૮ મુજબ સજા થશે.

‘‘જાહેરનામાના અમલ તથા તેના ભંગ બદલ પગલા લેવા હેડકોન્સ્ટેબલથી નીચેના ન હોય તેવા અધિકારીશ્રીને અધિકૃત કરવામાં આવે છે.

ઉપર નિર્દિષ્ટ કરેલા વિસ્તારોમાં સહેલાઈથી દેખી શકાય તેવી જગ્યાઓએ આ જાહેરનામાની નકલો ચોંટાડીને અને સ્થાનિક વર્તમાનપત્રો દ્વારા તેની બહોળી પ્રસિધ્ધી કરાવીને સદરહું જાહેરનામું પ્રસિધ્ધ કરવું.

આજ તારીખ : ૨૪-૦૭-૨૦૧૭ના રોજ મારી સહી તથા કચેરીનો સિકકો કરી જાહેરનામું પ્રસિધ્ધ કર્યું.

બોટાદ, ૨૪ માહે જુલાઈ, સને ૨૦૧૭.

**બી. વી. લીંબાસીયા,**
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
બોટાદ.

---

### પોલીસ કમિશ્નર દ્વારા

## જાહેરનામું

ક્રમાંક : રાજ/સીપી/એલબી-૨/ટ્રાફીક/જા.ના./૭૭૯/ ૨૦૧૭.- રાજકોટ શહેરમાં આવેલ રેસકોર્ષ ફરતેનો રીંગ રોડ એ શહેરની વચ્ચો વચ્ચ મધ્યભાગે આવેલ ફોર ટ્રેક રોડ છે. આ રોડ વહેલી સવારના હજારોની સંખ્યામાં રાજકોટ શહેરના તમામ વર્ગના નાગરીકો ચાલવા (મોર્નીંગ વોક) માટે સવારના લગભગ કલાક ૫-૩૦ થી કલાક ૭-૩૦ વાગ્યાના સમયે નીકળે છે. સામાન્ય રીતે જોવામાં આવે તો આવી રીતે સવારના મોર્નીંગ વોક માટે ચાલનારાઓની સંખ્યામાં ઉત્તરોતર વધારો થતો જાય છે. જે સંજોગે આ પ્રકારે પગે ચાલનાર નાગરીકો સાથે વાહન ચાલકો ધ્વારા અકસ્માત થવાની પુરેપુરી શક્યતાઓ રહેલી છે. વધુમાં જે નાગરીકો સવારના મોર્નીંગ વોક માટે નીકળે છે. તે વર્ગ શારિરીક કસરત અને માનસીક શાંતિ મેળવવા માટે સવારના ભાગે ચાલવા નીકળતા હોય છે જે સંજોગોમાં તે જ રોડ પર વાહન વ્યવહાર ટ્રાફિક ચાલુ હોય તો સ્વાભાવિક રીતે તેઓ નિશ્ચિત પણે સલામત રીતે ચાલી શકતા નથી. તેમજ આ રીંગ રોડ ઉપર વાહનોના ધુમાડા ધ્વારા ફેલાતાં પ્રદુષણનો ભોગ બનતા હોય છે જેના કારણે આ નાગરીકો તરફથી આ બાબતે અકસ્માતની સંભાવનાઓ ઘટે તેમજ પ્રદુષણમાં પણ ઘટાડો થાય તે માટે યોગ્ય પગલા ભરવા અવાર-નવાર રજુઆત કરવામાં આવે છે.

૨/- રાજકોટ શહેરમાં રેસકોર્ષ ફરતે સવારના ભાગે પગે ચાલી મોર્નીંગ વોક માટે નીકળતા નાગરીકો સલામતિ અનુભવે

અને પ્રદુષણનો ભોગ ન બને તે માટે રેસકોર્ષ ફરતેનો રીંગ રોડ તમામ પ્રકારના વાહનો માટે એક માર્ગીય (વન-વે) જાહેર કરવાની આવશ્યકતા જણાય છે.

## હુકમ

૩/-આથી હું, અનુપમસિંહ ગહલૌત, પોલીસ કમિશ્નર, રાજકોટ શહેર, રાજકોટ, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧)બી અને સી થી મને મળેલ સત્તાની રૂઈએ નીચે જણાવેલ રસ્તોઓને તેમાં જણાવેલ વિગતે તમામ પ્રકારના વાહનો માટે તા. ૨૪-૦૭-૨૦૧૭ થી ૩૦-૦૯-૨૦૧૭ સુધી એક માર્ગીય (વન-વે) જાહેર કરવા હુકમ કરૂ છું. આ હુકમ સવારના કલાક ૦૫-૩૦ થી ૦૭-૩૦ સુધી તમામ પ્રકારના વાહનો માટે લાગુ પડશે.

**રેસકોર્ષ રીંગ રોડ :**

રેસકોર્ષ રીંગ રોડને એક માર્ગીય (વન-વે) કરવામાં આવે છે. જે મુજબ રેસકોર્ષ રીંગ રોડનો ફકત બહારના ભાગે આવેલ રોડ એક તરફી ''ક્લોક વાઈઝ'' જાહેર કરવામાં આવે છે. એટલે કે જિલ્લા પંચાયત ચોકથી એ. જી. ઓફીસ, કીસાનપરા સર્કલ, મેયરશ્રીનો બંગલો, બીગ બાઈટ આઈસ્ક્રિમ, જુની એન.સી.સી. ઓફીસ, પોલીસ હેડ કર્વાટર સર્કલ, બહુમાળી ભવન, ગેલેક્સી સિનેમાથી પોલીસ કમિશ્નર કચેરી થઈ જિલ્લા પંચાયત ચોકમાં થઈ તે રીતે તમામ પ્રકારના વાહનો માટે એકતરફી રસ્તો ચાલુ રહેશે.

આ ફોર્ટ્રેક રીંગ રોડનો અંદરનો જે રસ્તો છે તે રોડ ઉપર સવારના કલાક ૦૫-૩૦ થી કલાક ૦૭-૩૦ વાગ્યા સુધી તમામ પ્રકારના વાહનોની અવર જવર ઉપર પ્રતિબંધ રહે છે. અને ફકત પગે ચાલી મોર્નીંગ વોક કરવા માટે નીકળેલ નાગરીકો માટે જ આ રસ્તો ચાલુ રહેશે.

૪/-અત્રેના જાહેરનામા ક્રમાંક : રાજ/સીપી/એલબી-૨/ ટ્રાફીક/જા.ના./૬૭૩/૨૦૧૭, તા. ૨૬-૦૪-૨૦૧૭ અન્વયે બે માસ માટે પ્રાયોગિક ધોરણે જાહેરનામું પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. જે અન્વયે જાહેરનામાને રાજકોટ શહેરના નાગરીકો તરફથી સારો પ્રતિસાદ મળેલ હોય જેથી ફરી આ જાહેરનામું તા. ૨૪-૦૭-૨૦૧૭ થી તા. ૩૦-૦૯-૨૦૧૭ સુધી એટલે કે બે માસ માટે બહાર પાડવામાં આવે છે.

૫/-આ જાહેરનામું ફરજ પરના પોલીસના વાહનો, એમ્બ્યુલન્સ તથા ફાયરબ્રીગેડના વાહનોને આકસ્મિક સંજોગોમાં લાગુ પડશે નહીં.

૬/-આ હુકમના ભંગ બદલ ગુજરાત પોલીસ અધિનિયમો ૧૯૫૧ની કલમ ૧૩૧ અને આઈ.પી.સી. કલમ ૧૮૮ મુજબ પગલા લેવામાં આવશે.

આજ રોજ તારીખ ૨૪-૦૭-૨૦૧૭ ના રોજ મારી સહી સીક્કા સાથે જાહેર જનતાની જાણ માટે પ્રસિધ્ધ કરવામાં આવે છે.

રાજકોટ, ૨૪ માહે જુલાઈ, સને ૨૦૧૭.

---

## ગુજરાત પોલીસ એકટની કલમ-૩૭(૪) અન્વયે કાઢેલ હુકમ

## જાહેરનામુ

ક્રમાંક : એસ.બી./જાહેરનામુ/૨૪૬૧/૨૦૧૭.-ચાલુ વર્ષે ગણેશ મહોત્સવ-૨૦૧૭ નિમીતે રાજકોટ શહેરમાં શહેરમાં જુદા જુદા મહારાષ્ટ્રીયન મંડળો તથા જુદા જુદા ધાર્મીક સંગઠનો તરફથી જુદા જુદા લતાઓમાં તેમજ મહોલ્લાઓમાં અને લોકો પોતાના ઘરમાં, દુકાનોમાં અને સંસ્થાઓમાં પણ ભગવાનશ્રી ગણેશજીની મુર્તીઓની સ્થાપના તા. ૨૫-૦૮-૨૦૧૭ ના રોજ થનાર છે. અને આ સ્થાપના કરેલ ગણપતિજીની મુર્તીઓને અમુક ભાવીકો ત્રીજા દીવસે એટલે કે તા. ૨૭-૦૮-૨૦૧૭ ના રોજ, અમુક ભાવીકો પાંચમા દીવસે એટલે કે તા. ૨૯-૦૮-૨૦૧૭ ના રોજ, અમુક ભાવીકો સાતમા દીવસે એટલે કે તા. ૩૧-૦૮-૨૦૧૭ ના રોજ, અમુક ભાવીકો નવમાં દીવસે એટલે કે તા. ૦૨-૦૯-૨૦૧૭ ના રોજ અને ખાસ કરીને તમામ ભાવીકો અગીયારમાં દીવસે એટલે કે, તા. ૦૫-૦૯-૨૦૧૭ ના રોજ મુર્તીઓનું પુજન, અર્ચન બાદ મુર્તીઓને પાણીમાં વિસર્જીત કરી ગણેશ ઉત્સવનું સમાપન કરવામાં આવનાર છે અને ગણેશજીની મુર્તી વિસર્જન કરવા જતી વખતે રાજકોટ શહેરના જુદા જુદા વિસ્તારોમાંથી ધાર્મીક સરઘસો કાઢવામાં આવનાર છે.

ઉપસચિવશ્રી, ગૃહ વિભાગ (વિશેષ) સચિવાલય, ગાંધીનગરએ ક્રમાંક : વિ-૧/કઅવ/૧૦૨૦૧૫/૧૪૧૭૯, તા. ૨૪-૭-૨૦૧૫થી ગણપતિજીની મુર્તીઓના વિસર્જન બાબતે Enviroment (Protection) Act, 1986 ની કલમ ૫ હેઠળ વન અને પર્યાવરણ વિભાગ, સચિવાલય ગાંધીનગરના તા. ૧૨-૭-૨૦૧૧ના ડાયરેકશન જે હાલમાં અમલમાં છે/પ્રવર્ત છે જેને અનુલક્ષીને વન અને પર્યાવરણ વિભાગ, સચિવાલય ગાંધીનગરએ ક્રમાંક : ઈએનવી/૧૦/૨૦૧૫/૮૮/ઈ, તા. ૨૧-૮-૨૦૧૫ થી આપેલ જરૂરી માર્ગદર્શક સુચનાઓ મુજબ જરૂરી કાર્યવાહી કરવા ગુજરાત પોલીસ એકટની કલમ-૩૭(૪) અમલ થાય તે માટે જાહેરનામું બહાર પાડવા સુચના કરેલ છે.

ચીફ ફાયર ઓફીસરશ્રી, ફાયર એન્ડ ઈમરજન્સી સર્વીસીઝ, રાજકોટ મહાનગરપાલિકા, રાજકોટએ ક્રમાંક : રામ.ન.પા. ફા.ઈ.સ.જા.ન. ૩૮૩, તા. ૧૯-૦૯-૨૦૧૫ થી પત્ર પાઠવી કેન્દ્રીય પ્રદુષણ નિયંત્રણ બોર્ડની ગાઈડ લાઈન મુજબ ગણેશ વિસર્જન માટે (૧) આજી ડેમ ઓવર ફલો નીચે ચેક ડેમ પાસે ખાણ નં. ૧ (૨) આજી ડેમ ઓવર ફલો નીચે ચેક ડેમ પાસે ખાણ નં. ૨ (૩) પાળ ગામ પાસે, જખરાપીરની દરગાહ પાસે, મવડી ગામથી આગળ (૪) જામનગર રોડ, હનુમાનધારા, મંદિરની બાજુમાં

(૫) વાગુદડના પાટીયા પાસે વાગુદડીયો હોંકળો, બાલાજી વેફર્સ વાળો બ્રીજ, ઈંટુના ભઠ્ઠા પાસે, કાલાવડ રોડ, ખાતે ગણપતિજીની મુર્તી વિસર્જન કરવા માટેના સ્થળો નક્કી કરવામાં આવેલ છે. અને આ સ્થળો ખાતે જ ગણપતિજીની મુર્તિ વિસર્જન કરવા અંગે જાહેરનામુ બહાર પાડવા વિનંતી કરેલ છે.

જેને અનુલક્ષીને રાજકોટ શહેર પોલીસ કમિશ્નરેટ વિસ્તારમાં ગણેશ મહોત્સવ નિમીતે મુર્તિ વિસર્જન દરમ્યાન પર્યાવરણની જાળવણી થાય, જળ સ્ત્રોતોમાં પ્રદુષણ અટકે અને જળ સૃષ્ટિ પર કોઈ વિપરીત અસર ન થાય તથા જાહેર સુલેહ શાંતિનો ભંગ ન થાય અને કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે હેતુસર ગુજરાત પોલીસ એકટની કલમ-૩૭(૪) જરૂરી હોવાનુ અમોને ઈષ્ટ જણાય છે.

વાસ્તે હું, અનુપમસિંહ ગહલૌત, આઈ.પી.એસ., પોલીસ કમિશ્નર, રાજકોટ શહેર, ગુજરાત સરકારના ગૃહ વિભાગના તા. ૦૮-૧૧-૧૯૮૨ના નોટીફીકેશન નંબર : જીજી/૪૨૨/ સીઆરસી- ૧૦૮૨/એમ, તથા ગૃહ વિભાગના તા. ૦૭-૦૧-૧૯૮૯ ના સંકલીત જાહેરનામા નંબરઃ જીજી/ફકઅ/૧૦૮૮/૬૭૫૦/મ અન્વયે જે ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ ૨૦ નીચેની પેટા કલમ (૧) તેમજ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ ૧૪૪ અન્વયે મને મળેલ સતાની રૂએ નીચે મુજબનો હુકમ કરૂ છુ.

### ગણપતિજીની મુર્તિ વિસર્જન કરવાની જગ્યાઓ

ગણેશ મુર્તિ વિસર્જન માટે ચીફ ફાયર ઓફીસર, રાજકોટ મહાનગરપાલિકા ધ્વારા નીચે જણાવેલ સ્થળો ગણપતિજીની મુર્તી વિસર્જીત કરવા માટે સુનિશ્ચિત કરવામાં આવેલ છે. જેથી આ સ્થળોએ જ ગણેશજીની મુર્તિ વિસર્જન કરવાની રહેશે.

(૧) આજી ડેમ ઓવર ફ્લો નીચે ચેક ડેમ પાસે ખાણ નં. ૧

(૨) આજી ડેમ ઓવર ફ્લો નીચે ચેક ડેમ પાસે ખાણ નં. ૨

(૩) પાળ ગામ પાસે, જખરાપીરની દરગાહ પાસે, મવડી ગામથી આગળ, (પોલીસ અધિક્ષકશ્રી, રાજકોટ ગ્રામ્ય જિલ્લાના લોધીકા પોલીસ સ્ટેશનનો તળેનો વિસ્તાર)

(૪) જામનગર રોડ, હનુમાનધારા મંદિરની બાજુમાં, (પોલીસ અધિક્ષકશ્રી, રાજકોટ ગ્રામ્ય જિલ્લાના પડધરી પોલીસ સ્ટેશનનો તળેનો વિસ્તાર)

(૫) વાગુદડના પાટીયા પાસે વાગુદડીયો હોંકળો, બાલાજી વેફર્સ વાળો બ્રીજ, ઈંટુના ભઠ્ઠા પાસે, કાલાવડ રોડ (પોલીસ અધિક્ષકશ્રી, રાજકોટ ગ્રામ્ય જિલ્લા લોધીકા પોલીસ સ્ટેશનનો તળેનો વિસ્તાર છે.)

### પ્રતિબંધીત કૃત્યો

(એ) આગામી તા. ૨૫-૦૮-૨૦૧૭ થી તા. ૦૫-૦૯-૨૦૧૭ દરમ્યાન સક્ષમ સતાધિકારીની પુર્વ મંજુરી વગર ગણેશ વિસર્જનના ધાર્મિક સરઘસ કાઢી શકશે નહી.

(બી) કોઈપણ આયોજક/વ્યકિત ઉપર જણાવેલ પાંચ સ્થળો સીવાય અન્ય કોઈ સ્થળોએ ગણેશજીની મુર્તિ વિસર્જન કરી શકશે નહી.

(સી) કોઈપણ આયોજક/વ્યકિત પીવાના પાણી માટે ઉપયોગમાં લેવાતા જળસ્ત્રોત જેવા કે, ડેમ, તળાવ, નદી, કુવામાં ગણપતિની મુર્તિ વિસર્જન થઈ શકશે નહી.

(ડી) મુર્તિ વિસર્જન માટે સરકારશ્રીના વન અને પર્યાવરણ વિભાગ/કેન્દ્રીય પ્રદુષણ નિયંત્રણ બોર્ડ તથા ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડ અને નામદાર હાઈકોર્ટ દ્વારા નક્કી કરવામાં આવેલ પધ્ધતિ સિવાયની કોઈ પણ પધ્ધતિથી મુર્તિ વિસર્જન થઈ શકશે નહી.

### આ હુકમના કૃત્ય નીચેનાઓને લાગુ પડશે નહી

સ્થાનિક વહીવટીતંત્ર પાસેની સરઘસ યોજવા અંગેની જરૂરી પરવાનગી મેળવી હોય તેવી વ્યકિતઓ, સંસ્થાઓને, (૨) સરકારી ફરજ પર હોય અથવા કામગીરીમાં હોય તેવી વ્યકિતઓ, હોમગાર્ડ કે ગ્રામ રક્ષક દળના સભ્યો, (૩) અન્ય સરકારી અથવા અર્ધસરકારી એજન્સીઓ જેઓ કાયદેસરની ફરજ પર હોય તેઓને (૪) સ્મશાન યાત્રા (૫) લગ્નનાં વરઘોડાને લાગુ પડશે નહીં.

### પ્રતિબંધિત વિસ્તાર

રાજકોટ શહેર પોલીસ કમિશ્નરની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

### પ્રતિબંધિત સમય

તા. ૨૬-૦૮-૨૦૧૭ના કલાક ૦૦-૦૦ થી તા. ૦૫-૦૯-૨૦૧૭ના કલાક ૨૪-૦૦ સુધી અમલમાં રહેશે.

### શિક્ષા

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનારને ગુજરાત પોલીસ એકટનલ કલમ-૧૩૫ મુજબ શિક્ષાને પાત્ર થશે.

હું આથી આદેશ આપુ છું કે, આ હુકમની જાહેરાત ઉપર જણાવેલ વિસ્તારમાં સહેલાઈથી દેખી શકાય તેવી જગ્યાઓએ તેની નકલો ચોંટાડીને, લાઉડસ્પીકરવાળા વાહન ધ્વારા તેમજ સ્થાનિક વર્તમાનપત્રો અને આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર ઉપરથી કરાવવાની રહેશે. અને ગુજરાત પોલીસ અધિનિયમ-૧૮૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજ તારીખ : ૦૭ માહે ઓગષ્ટ-૨૦૧૭ ના રોજ મારી સહી અને સિકકો કરી આપેલ છે.

રાજકોટ, ૦૭ માહે ઓગષ્ટ, સને ૨૦૧૭.

**અનુપમ સિંહ ગહલૌત,**
પોલીસ કમિશ્નર,
રાજકોટ શહેર, રાજકોટ.

---

## સંયુકત વાણિજ્યિક વેરા કમિશ્નર દ્વારા

વંચાણમાં લીધું :

(૧) મે. એસ્સાર પ્રોજેકટસ (ઈંડીયા) લી., નોં. નં. ૨૪૦૭૩૪૦૩૭૨૨ ની સી ફોર્મ ખોવાયા અંગેનો વાણિજ્યિક વેરા અધિકારી-(૨) ઘટક-૮, અમદાવાદના પત્રાંક જા. ૧૫૪૯, તા. ૦૬-૦૬-૨૦૧૭.

(૨) નાયબ વાણિજ્યિકવેરા કમિશ્નર શ્રી, વર્તુળ-૨ ના પત્રાંક જા. ૪૦૯૬ તા. ૧૦-૦૭-૨૦૧૭.

### આદેશ

ક્રમાંક : સંવાવેકમિ/વિ-૧/ધારાકીય ફોર્મ/૨૦૧૭-૧૮/જા. ૨૬૪૦/૫૯.-રાજ્યકર અધિકારી-(૨) ઘટક-૮, અમદાવાદના ક્ષેત્રાધિકાર હેઠળના નીચે દર્શાવેલ વેપારી મે. એસ્સાર પ્રોજેકટસ (ઈંડીયા) લી., કે જેઓ સ્થાનિક કાયદા અન્વયે નોંધણી નંબર ૨૪૦૭૩૪૦૩૭૨૨ તથા કેન્દ્રીય કાયદા અન્વયે નોં. નં. ૨૪૫૭૩૪૦૩૭૨૨ ધરાવે છે. તેઓને ઈશ્યુ કરવામાં આવેલ "C" Form No. : ૮૪૯૧૪૩૩ (એક) કુલ-૧ ખોવાઈ ગયેલ હોવાથી વંચાણમાં લીધેલ દરખાસ્ત ક્રમાંક-૧ અને ૨ મુજબ વેપારીશ્રીનાં નીચે દર્શાવ્યા મુજબના C Form પાનાં નંગ-૦૧ ખોવાઈ ગયેલ છે તે રદ કરવા ઠરાવું છું.

| ક્રમ | વેપારીનું નામ અને નોંધણી નંબર | ફોર્મ્સ ઈસ્યુ કરનાર કચેરી | રદ કરવાપાત્ર 'સી' ફોર્મ નંબર | રદ કરવા પાત્ર કુલ પાના | રદ કરવાનું કારણ |
|---|---|---|---|---|---|
| ૧ | મે. એસ્સાર પ્રોજેકટસ (ઈંડીયા) લી. ૨૪૦૭૩૪૦૩૭૨૨ ૨૪૫૭૩૪૦૩૭૨૨ | વા.વે. અધિકારી (૨) ઘટક-૮, અમદાવાદ. | "C" Form No. : ૮૪૯૧૪૩૩ | ૦૧ (એક) "C" Form No. | ખોવાયેલ હોવાથી |

આથી હું, શ્રી વી. વી. દવે, સંયુક્ત રાજ્યકર કમિશ્નરશ્રી, વિભાગ-૧, અમદાવાદ, કેન્દ્રીય વેચાણવેરા નિયમ-૧૯૭૦ના નિયમ-૪(એ) ના પેટા નિયમ-૭ અન્વયે મને મળેલ સત્તાની રૂઈએ ઉપરોક્ત દર્શાવેલ ''સી'' ફોર્મ રદ કરવા ઠરાવું છું.

અમદાવાદ, ૨૮ માહે જુલાઈ, સને ૨૦૧૭.

**વી. વી. દવે,**
સંયુક્ત રાજ્યકર કમિશ્નર,
વિભાગ-૧, અમદાવાદ.

---

## જિલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ દ્વારા

### નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : નધણ/૦૧/ક-૨/૧૯૬/૨૦૧૭.-જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ભુજ-કચ્છ, આથી જાહેર કરે છે કે, શ્રી મેવાસા દુધ ઉત્પાદક સહકારી મંડળી લી., મુ. મેવાસા, તાલુકો : રાપર, જિલ્લો : ભુજ-કચ્છને સને ૧૯૬૨ના ગુજરાતના કાયદા-૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને-૧૯૬૧) ની કલમ-૯ મુજબ આજ રોજ નોંધવામાં આવે છે.

નોંધણી નંબર : નધણ/કેટીએચ/''સે''(દુ) ૪૫૫૩૦, તા. ૩૧-૦૭-૨૦૧૭.

ભુજ-કચ્છ, ૩૧ માહે જુલાઈ, સને ૨૦૧૭.

**કે. એ. પટેલ,**
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, ભુજ-કચ્છ.

### નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : નધણ/૦૧/ખ-૩/૪૩૬૬/૨૦૧૭.-જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ભાવનગર, આથી જાહેર કરે છે કે, શ્રી પાલીતાણા ભીલ સમાજ મત્સ્યોદ્યોગ સહકારી મંડળી લી., સ્થળ : પાલીતાણા, તાલુકો : પાલીતાણા, જિલ્લો : ભાવનગર, સને ૧૯૬૧ નાં ગુજરાત સહકારી મંડળી અધિનિયમની કલમ-૯ અન્વયે આજ રોજ નોંધવામાં આવેલ છે.

નોંધણી નં.: સા.-૪૪૭૧/૨૦૧૭, તા. ૦૪-૦૮-૨૦૧૭.

ભાવનગર, ૪ માહે ઓગષ્ટ, સને ૨૦૧૭.

**ડી. વી. ગઢવી,**
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
ભાવનગર.

---

PRINTED AT THE GOVERNMENT PRESS, RAJKOT COMPLAINTS ABOUT GAZETTE MUST BE MADE WITHIN A FORTNIGHT FROM THE DATE OF THIS PUBLICATION ACCOMPANIED BY THE WRAPPER.

©

सत्यमेव जयते

# The Gujarat Government Gazette


## SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

*PUBLISHED BY AUTHORITY*

**VOL. LVIII] THURSDAY, 24th AUGUST, 2017/BHADRA 02, 1939 No. 34**


**Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central section in order that it may be filed as a separate compilation.**

# PART-I



| PART - I | Pages | PART - I - B | Pages |
|---|---|---|---|
| Government Notifications Appointments Promotions, Leave of absence, Rules and orders (Other than those published in Part-I-A, IV-A, IV-B, and IV-C) list of publications for sales etc.,<br>Miscellaneous Notifications Appoint-ments etc., | 891-918 | (Suppliment) Government Notifications Published under Land Acquisition Act only Supplement. | Nil |
| **PART - I - A**<br>Order and Notifications (Other than those published in Part-IV-B) under the Gujarat Local Boards, Village Panchayats, Municipals, Boroughs, (Districts) Municipals Primary Education and Local Fund Audits, Acts., | Nil | **PART - II**<br>Miscellaneous Notices, Advertisments, List of Books Sanctioned by the Director of Education, List of Jurors. Schedule of Estates by the Official Assignee, Summary of Births and Deaths, etc., | 1553-1600 |
| | | **PART - III**<br>Miscellaneous Supplements Season and Crop Reports, Prices, Current Rainfalls Returns, District Local Boards Accounts etc., | Nil |

# GOVERNMENT NOTIFICATIONS, ORDERS APPOINTMENTS, ETC.
## SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION
# NOTIFICATION
## MISCELLANEOUS NOTIFICATIONS APPOINTMENTS ETC.

### કલેક્ટર દ્વારા

વંચાણે લીધા :

(૧) આ કચેરીના હુકમ નં. પરવ/કસન/વશી/૧૧પર-૧૧૯૮/૧૭, તા. ૧૯-૦૭-૨૦૧૭.

(૨) સેકશન અધિકારીશ્રી, અ.ના.પુ. અને ગ્રા.બા. વિભાગ ગાંધીનગરનાં પત્ર ક્રમાંક : કસન-૧૦૨૦૧૭-૨૨૩-બ, તા. ૦૧-૦૮-૨૦૧૭.

(૩) સેકશન અધિકારીશ્રી, અ.ના.પુ. અને ગ્રા.બા. વિભાગ, ગાંધીનગરના પત્ર ક્રમાંક : કસન-૧૦૨૦૧૭-૨૨૩-બ, તા. ૧૮-૦૭-૨૦૧૭.

(૪) ધી કેરોસીન/રીસ્ટ્રીકશન ઓન યુઝ એન્ડ ફિક્સેશન ઓફ સેલીંગ પ્રાઈઝ ઓર્ડર-૧૯૯૩.

### હુકમ

નં.પરવ/કસન/વશી/૧૨૮૦-૧૩૨૦/૨૦૧૭.-સરકારશ્રીના વંચાણે લીધેલ અનુ. નં. ૩ ના પત્રથી ત્રણે કંપનીના એક્ષડેપો રેટમાં થયેલ ફેરફાર ધ્યાને લઈ કેરોસીનના નવા ભાવો બાંધવા જણાવતા અત્રેના વંચાણે લીધેલ અનું. નં. ૧ ના હુકમથી સરકારશ્રીની સૂચનાં અનુસાર પીડીએસ કેરોસીનના જિલ્લાનાં જુદા જુદા કેન્દ્રો માટે કેરોસીન એજન્ટો, જથ્થાબંધ વિક્રેતાઓ તેમજ છુટક વિક્રેતાઓનાં દુમાડ (વડોદરા), કંડલા, જામનગર (ખાવડી), બારેજા, કાલીગ્રામ, વાડીનાર (એસ.આર.) તથા પાલનપુર ડેપોથી રોડ રસ્તે આવતા કેરોસીનના વિતરણના ભાવો મુકરર કરવામાં આવેલ છે.

સેકશન અધિકારીશ્રી, અ.ના.પુ. અને ગ્રા.બા. વિભાગ ગાંધીનગરના વંચાણમાં લીધેલ અનુ.નં. ૨ ના પત્રથી આઈ.ઓ.સી.એલ., એચ.પી.સી.એલ. તથા બી.પી.સી.એલ. કંપનીના તા. ૦૧-૦૮-૨૦૧૭ ના પત્રોની નકલ અત્રે મોકલી આપી, આઈ.ઓ.સી.એલ., એચ.પી.સી.એલ. તથા બી.પી.સી.એલ. કંપની દ્વારા પીડીએસ કેરોસીનના વિવિધ સપ્લાય પોઈન્ટના એક્ષ ડેપો રેટમાં કરવામાં આવેલ ફેરફાર ધ્યાને લઈ જરૂરી કાર્યવાહી કરવા જણાવેલ છે. ત્રણે કંપનીના સદરહું પત્રોમાં અત્રેના જિલ્લા માટેના સપ્લાય પોઈન્ટ પૈકી કંડલા ડેપોના નવા એક્ષ ડેપો રેટ રૂા. ૧૮૩૩૪.૦૧/-, જામનગર (ખાવડી, વાડીનાર) : રૂા. ૧૮૩૦૨.૦૦/-, સાબરમતી (કાલીગ્રામ, બારેજા) :- રૂા. ૧૮૩૧૨.૮૭/-, તથા કોયલી (દુમાડ) :- રૂા. ૧૮૩૦૨.૦૦/-, તેમજ સિધ્ધપુર (પાલનપુર) :- રૂા. ૧૮૩૭૧.૯૩/-, દર્શાવેલ છે. તથા નવા એક્ષ ડેપો રેટ મુજબનો ફેરફાર તા. ૦૧-૦૮-૨૦૧૭ ની અસરથી કરવા જણાવેલ છે.

ઉક્ત વિગતે અત્રેના વંચાણમાં લીધેલ અનુ. નં. ૧ ના હુકમથી બાંધવામાં આવેલ ભાવોમાં સરકારશ્રીના વંચાણમાં લીધેલ અનુ.નં. ૨ ના પત્રની સુચનાનુસાર તથા આ હુકમના પેરા–૨ મુજબ થયેલ ફેરફારની વિગતો ધ્યાને લઈ કેરોસીનના ભાવો મુકરર કરવાના થાય છે.

સબબ હું, એસ. એલ. અમરાણી, (આઈ.એ.એસ.), કલેક્ટર અમરેલી, જિલ્લો અમરેલી, વંચાણે લીધેલ અનુ. નં. ૪ નાં ધી કેરોસીન રીસ્ટ્રીકશન ઓફ યુઝ એન્ડ ફીક્સેશન ઓફ સેલીંગ પ્રાઈઝ ઓર્ડર–૧૯૯૩ થી મને મળેલ અધિકારની રુઈએ ઉક્ત વિગતો ધ્યાને લઈ દુમાડ, કંડલા, જામનગર (ખાવડી), વાડીનાર, બારેજા, કાલીગ્રામ તથા પાલનપુર ડેપોથી જિલ્લાનાં તાલુકાઓ અને અન્ય મથકોનાં અંતર ધ્યાને લઈ રોડ રસ્તે આવતા ઘરગથ્થુ કેરોસીનનાં ભાવો આ સાથે સામેલ પરિશિષ્ટ-૧માં જણાવેલ વિગતે મુકરર કરવા આથી હુકમ કરૂ છું.

અત્રેના અગાઉના હુકમોમાં રાખવામાં આવેલ બાકીની શરતો/સુચનાંઓ યથાવત રહેશે.

આ હુકમનો અમલ તા. ૦૧-૦૮-૨૦૧૭ થી કરવાનો રહેશે. તમામ મામલતદારશ્રીઓએ તેમના તાલુકા હસ્તકના એજન્ટ તથા છુટક વિક્રેતાઓને આ હુકમની જાણ તુરત જ કરવાની રહેશે.

આ હુકમથી મુકરર કરેલ ભાવો કરતાં વધુ ભાવો (એજન્ટ, છુટક વિક્રેતા) લેવામાં આવતાં હોવાનું જણાશે તો તેમની સામે આ હુકમના ભંગ બદલ આવશ્યક ચીજ વસ્તુઓ અધિનિયમ-૧૯૫૫ ની કલમ-૩ નો ભંગ ગણી શિક્ષાત્મક પગલા લેવામાં આવશે.

અમરેલી, ૦૩ માહે ઓગષ્ટ, સને ૨૦૧૭.

---

**પરીશિષ્ટ-૧ જિલ્લો - અમરેલી**

દુમાડ (વડોદરા) ડેપો ઉપરથી આવતાં કેરોસીન એજન્ટે છુટક વિક્રેતાને વેચાણ કરવાનો ૧૦૦૦ લીટરનો વેચાણ ભાવ તથા છુટક વિક્રેતાઓ/ફેરીયાઓએ એક લીટરનો ગ્રાહકોને વેચાણ આપવાનો ભાવ

| અનું | સંગ્રહ કેન્દ્ર | એજન્ટે છુટક વિક્રેતાને વેચાણ કરવાનો ૧૦૦૦ લીટરનો વેચાણ ભાવ | | છુટક વિક્રેતાએ ગ્રાહકોને વેચાણ કરવાનો ૧ લી. નો ભાવ |
|---|---|---|---|---|
| | | ડેપો ડિલીવરી | ડોરસ્ટેપ ડિલીવરી (પરીવહન ખર્ચ સાથે) | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧ | અમરેલી | ૨૨૬૮૭.૪૮ | ૨૨૮૯૭.૪૮ | ૨૩.૯૫ |
| ૨ | ધારી | ૨૩૦૩૮.૬૦ | ૨૩૨૪૮.૬૦ | ૨૪.૩૦ |
| ૩ | સાવરકુંડલા | ૨૨૭૭૫.૨૬ | ૨૨૯૮૫.૨૬ | ૨૪.૦૪ |

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
|---|---|---|---|---|
| ૪ | લાઠી | ૨૨૫૧૧.૯૨ | ૨૨૭૨૧.૯૨ | ૨૩.૭૭ |
| ૫ | વડીયા | ૨૩૧૦૨.૪૪ | ૨૩૩૧૨.૪૪ | ૨૪.૩૬ |
| ૬ | રાજુલા | ૨૩૦૧૪.૬૬ | ૨૩૨૨૪.૬૬ | ૨૪.૨૭ |
| ૭ | બાબરા | ૨૨૫૧૧.૯૨ | ૨૨૭૨૧.૯૨ | ૨૩.૭૭ |
| ૮ | લીલીયા | ૨૨૫૩૫.૮૬ | ૨૨૭૪૫.૮૬ | ૨૩.૮૦ |
| ૯ | ખાંભા | ૨૨૯૯૮.૭૦ | ૨૩૨૦૮.૭૦ | ૨૪.૨૬ |
| ૧૦ | જાફરાબાદ | ૨૩૩૮૯.૭૨ | ૨૩૫૯૯.૭૨ | ૨૪.૬૫ |
| ૧૧ | વીજપડી | ૨૨૯૭૪.૭૬ | ૨૩૧૮૪.૭૬ | ૨૪.૨૩ |
| ૧૨ | દામનગર | ૨૨૩૪૪.૩૪ | ૨૨૫૫૪.૩૪ | ૨૩.૬૦ |
| ૧૩ | બગસરા | ૨૨૯૫૦.૮૨ | ૨૩૧૬૦.૮૨ | ૨૪.૨૧ |
| ૧૪ | ડુંગર | ૨૩૧૩૪.૩૬ | ૨૩૩૪૪.૩૬ | ૨૪.૩૯ |
| ૧૫ | ખંભાળા | ૨૨૬૩૧.૬૨ | ૨૨૮૪૧.૬૨ | ૨૩.૮૯ |
| ૧૬ | કલોરાણા | ૨૨૭૧૧.૪૨ | ૨૨૯૨૧.૪૨ | ૨૩.૯૭ |
| ૧૭ | દેવળીયા | ૨૨૭૧૧.૪૨ | ૨૨૯૨૧.૪૨ | ૨૩.૯૭ |
| ૧૮ | ટીંબી | ૨૩૫૨૫.૩૮ | ૨૩૭૩૫.૩૮ | ૨૪.૭૯ |

અમરેલી, ૦૩ માહે ઓગષ્ટ, સને ૨૦૧૭.

---

**પરીશિષ્ટ-૧ જિલ્લો - અમરેલી**

કંડલા ડેપો ઉપરથી આવતાં કેરોસીન એજન્ટે છુટક વિક્રેતાને વેચાણ કરવાનો ૧૦૦૦ લીટરનો વેચાણ ભાવ તથા છુટક વિક્રેતાઓ/ફેરીયાઓએ એક લીટરનો ગ્રાહકોને વેચાણ આપવાનો ભાવ

| અનું | સંગ્રહ કેન્દ્ર | એજન્ટે છુટક વિક્રેતાને વેચાણ કરવાનો ૧૦૦૦ લીટરનો વેચાણ ભાવ | | છુટક વિક્રેતાએ ગ્રાહકોને વેચાણ કરવાનો ૧ લી. નો ભાવ |
|---|---|---|---|---|
| | | ડેપો ડિલીવરી | ડોરસ્ટેપ ડિલીવરી (પરીવહન ખર્ચ સાથે) | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧ | અમરેલી | ૨૨૭૦૫.૧૩ | ૨૨૯૧૫.૧૩ | ૨૩.૯૭ |
| ૨ | ધારી | ૨૩૦૪૪.૨૮ | ૨૩૨૫૪.૨૮ | ૨૪.૩૦ |
| ૩ | સાવરકુંડલા | ૨૩૦૪૦.૨૯ | ૨૩૨૫૦.૨૯ | ૨૪.૩૦ |
| ૪ | લાઠી | ૨૨૫૬૧.૪૯ | ૨૨૭૭૧.૪૯ | ૨૩.૮૨ |
| ૫ | વડીયા | ૨૨૭૦૫.૧૩ | ૨૨૯૧૫.૧૩ | ૨૩.૯૭ |
| ૬ | રાજુલા | ૨૩૩૫૧.૫૧ | ૨૩૫૬૧.૫૧ | ૨૪.૬૧ |
| ૭ | બાબરા | ૨૨૪૧૭.૮૫ | ૨૨૬૨૭.૮૫ | ૨૩.૬૮ |
| ૮ | લીલીયા | ૨૨૭૨૧.૦૯ | ૨૨૯૩૧.૦૯ | ૨૩.૯૮ |
| ૯ | ખાંભા | ૨૩૧૭૯.૯૪ | ૨૩૩૮૯.૯૪ | ૨૪.૪૪ |
| ૧૦ | જાફરાબાદ | ૨૩૫૧૯.૦૯ | ૨૩૭૨૯.૦૯ | ૨૪.૭૮ |
| ૧૧ | વીજપડી | ૨૩૨૨૩.૮૩ | ૨૩૪૩૩.૮૩ | ૨૪.૪૮ |
| ૧૨ | દામનગર | ૨૨૬૮૯.૧૭ | ૨૨૮૯૯.૧૭ | ૨૩.૯૫ |
| ૧૩ | બગસરા | ૨૨૯૬૦.૪૯ | ૨૩૧૭૦.૪૯ | ૨૪.૨૨ |
| ૧૪ | ડુંગર | ૨૩૪૪૭.૨૭ | ૨૩૬૫૭.૨૭ | ૨૪.૭૧ |
| ૧૫ | ખંભાળા | ૨૨૫૪૫.૫૩ | ૨૨૭૫૫.૫૩ | ૨૩.૮૧ |
| ૧૬ | કલોરાણા | ૨૨૫૩૭.૫૫ | ૨૨૭૪૭.૫૫ | ૨૩.૮૦ |
| ૧૭ | દેવળીયા | ૨૨૬૦૧.૩૯ | ૨૨૮૧૧.૩૯ | ૨૩.૮૬ |
| ૧૮ | ટીંબી | ૨૩૫૫૮.૯૯ | ૨૩૭૬૮.૯૯ | ૨૪.૮૨ |

અમરેલી, ૦૩ માહે ઓગષ્ટ, સને ૨૦૧૭.

---

**પરીશિષ્ટ-૧ જિલ્લો - અમરેલી**

જામનગર (ખાવડી) ડેપો ઉપરથી આવતાં કેરોસીન એજન્ટે છુટક વિક્રેતાને વેચાણ કરવાનો ૧૦૦૦ લીટરનો વેચાણ ભાવ તથા છુટક વિક્રેતાઓ/ફેરીયાઓએ એક લીટરનો ગ્રાહકોને વેચાણ આપવાનો ભાવ

| અનું | સંગ્રહ કેન્દ્ર | એજન્ટે છુટક વિક્રેતાને વેચાણ કરવાનો ૧૦૦૦ લીટરનો વેચાણ ભાવ | | છુટક વિક્રેતાએ ગ્રાહકોને વેચાણ કરવાનો ૧ લી. નો ભાવ |
|---|---|---|---|---|
| | | ડેપો ડિલીવરી | ડોરસ્ટેપ ડિલીવરી (પરીવહન ખર્ચ સાથે) | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧ | અમરેલી | ૨૨૧૪૮.૮૩ | ૨૨૩૫૮.૮૩ | ૨૩.૪૧ |
| ૨ | ધારી | ૨૨૪૯૯.૯૫ | ૨૨૭૦૯.૯૫ | ૨૩.૭૬ |
| ૩ | સાવરકુંડલા | ૨૨૪૨૦.૧૫ | ૨૨૬૩૦.૧૫ | ૨૩.૬૮ |
| ૪ | લાઠી | ૨૨૦૪૫.૦૯ | ૨૨૨૫૫.૦૯ | ૨૩.૩૧ |
| ૫ | વડીયા | ૨૧૯૮૯.૨૩ | ૨૨૧૯૯.૨૩ | ૨૩.૨૫ |
| ૬ | રાજુલા | ૨૨૬૫૯.૫૫ | ૨૨૮૬૯.૫૫ | ૨૩.૯૨ |
| ૭ | બાબરા | ૨૧૮૮૫.૪૯ | ૨૨૦૯૫.૪૯ | ૨૩.૧૫ |
| ૮ | લીલીયા | ૨૨૨૯૨.૪૭ | ૨૨૫૦૨.૪૭ | ૨૩.૫૫ |
| ૯ | ખાંભા | ૨૨૬૪૩.૫૯ | ૨૨૮૫૩.૫૯ | ૨૩.૯૦ |
| ૧૦ | જાફરાબાદ | ૨૩૦૩૪.૬૧ | ૨૩૨૪૪.૬૧ | ૨૪.૨૯ |
| ૧૧ | વીજપડી | ૨૨૬૧૯.૬૫ | ૨૨૮૨૯.૬૫ | ૨૩.૮૮ |
| ૧૨ | દામનગર | ૨૨૧૬૪.૭૯ | ૨૨૩૭૪.૭૯ | ૨૩.૪૨ |
| ૧૩ | બગસરા | ૨૨૨૫૨.૫૭ | ૨૨૪૬૨.૫૭ | ૨૩.૫૧ |
| ૧૪ | ડુંગર | ૨૨૭૭૯.૨૫ | ૨૨૯૮૯.૨૫ | ૨૪.૦૪ |
| ૧૫ | ખંભાળા | ૨૨૦૦૫.૧૯ | ૨૨૨૧૫.૧૯ | ૨૩.૨૭ |
| ૧૬ | કલોરાણા | ૨૨૦૮૪.૯૯ | ૨૨૨૯૪.૯૯ | ૨૩.૩૪ |
| ૧૭ | દેવળીયા | ૨૨૦૮૪.૯૯ | ૨૨૨૯૪.૯૯ | ૨૩.૩૪ |
| ૧૮ | ટીંબી | ૨૩૧૭૦.૨૭ | ૨૩૩૮૦.૨૭ | ૨૪.૪૩ |

અમરેલી, ૦૩ માહે ઓગષ્ટ, સને ૨૦૧૭.

## પરીશિષ્ટ-૧ જિલ્લો - અમરેલી

બારેજા ડેપો ઉપરથી આવતાં કેરોસીન એજન્ટે છુટક વિક્રેતાને વેચાણ કરવાનો ૧૦૦૦ લીટરનો વેચાણ ભાવ તથા છુટક વિક્રેતાઓ/ફેરીયાઓએ એક લીટરનો ગ્રાહકોને વેચાણ આપવાનો ભાવ

| અનું | સંગ્રહ કેન્દ્ર | એજન્ટે છુટક વિક્રેતાને વેચાણ કરવાનો ૧૦૦૦ લીટરનો વેચાણ ભાવ | | છુટક વિક્રેતાએ ગ્રાહકોને વેચાણ કરવાનો ૧ લી. નો ભાવ |
|---|---|---|---|---|
| | | ડેપો ડિલીવરી | ડોરસ્ટેપ ડિલીવરી (પરીવહન ખર્ચ સાથે) | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧ | અમરેલી | ૨૨૫૨૭.૩૨ | ૨૨૭૩૭.૩૨ | ૨૩.૭૯ |
| ૨ | ધારી | ૨૨૮૭૮.૪૪ | ૨૩૦૮૮.૪૪ | ૨૪.૧૪ |
| ૩ | સાવરકુંડલા | ૨૨૬૧૫.૧૦ | ૨૨૮૨૫.૧૦ | ૨૩.૮૮ |
| ૪ | લાઠી | ૨૨૩૫૧.૭૬ | ૨૨૫૬૧.૭૬ | ૨૩.૬૧ |
| ૫ | વડીયા | ૨૨૯૪૨.૨૮ | ૨૩૧૫૨.૨૮ | ૨૪.૨૦ |
| ૬ | રાજુલા | ૨૨૮૫૪.૫૦ | ૨૩૦૬૪.૫૦ | ૨૪.૧૧ |
| ૭ | બાબરા | ૨૨૩૫૧.૭૬ | ૨૨૫૬૧.૭૬ | ૨૩.૬૧ |
| ૮ | લીલીયા | ૨૨૩૭૫.૭૦ | ૨૨૫૮૫.૭૦ | ૨૩.૬૪ |
| ૯ | ખાંભા | ૨૨૮૩૮.૫૪ | ૨૩૦૪૮.૫૪ | ૨૪.૧૦ |
| ૧૦ | જાફરાબાદ | ૨૩૪૧૩.૧૦ | ૨૩૬૨૩.૧૦ | ૨૪.૬૭ |
| ૧૧ | વીજપડી | ૨૨૮૧૪.૬૦ | ૨૩૦૨૪.૬૦ | ૨૪.૦૭ |
| ૧૨ | દામનગર | ૨૨૧૮૪.૧૮ | ૨૨૩૯૪.૧૮ | ૨૩.૪૪ |
| ૧૩ | બગસરા | ૨૨૭૯૦.૬૬ | ૨૩૬૦૬.૩૬ | ૨૪.૦૫ |
| ૧૪ | ડુંગર | ૨૨૯૭૪.૨૦ | ૨૩૧૮૪.૨૦ | ૨૪.૨૩ |
| ૧૫ | ખંભાળા | ૨૨૪૭૧.૪૬ | ૨૨૬૮૧.૪૬ | ૨૩.૭૩ |
| ૧૬ | ક્લોરાણા | ૨૨૫૫૧.૨૬ | ૨૨૭૬૧.૨૬ | ૨૩.૮૧ |
| ૧૭ | દેવળીયા | ૨૨૫૫૧.૨૬ | ૨૨૭૬૧.૨૬ | ૨૩.૮૧ |
| ૧૮ | ટીંબી | ૨૩૪૬૮.૯૬ | ૨૩૬૭૮.૯૬ | ૨૪.૭૩ |

અમરેલી, ૦૩ માહે ઓગષ્ટ, સને ૨૦૧૭.

---

## પરીશિષ્ટ-૧ જિલ્લો - અમરેલી

કાલીગ્રામ ડેપો ઉપરથી આવતાં કેરોસીન એજન્ટે છુટક વિક્રેતાને વેચાણ કરવાનો ૧૦૦૦ લીટરનો વેચાણ ભાવ તથા છુટક વિક્રેતાઓ/ફેરીયાઓએ એક લીટરનો ગ્રાહકોને વેચાણ આપવાનો ભાવ

| અનું | સંગ્રહ કેન્દ્ર | એજન્ટે છુટક વિક્રેતાને વેચાણ કરવાનો ૧૦૦૦ લીટરનો વેચાણ ભાવ | | છુટક વિક્રેતાએ ગ્રાહકોને વેચાણ કરવાનો ૧ લી. નો ભાવ |
|---|---|---|---|---|
| | | ડેપો ડિલીવરી | ડોરસ્ટેપ ડિલીવરી (પરીવહન ખર્ચ સાથે) | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧ | અમરેલી | ૨૨૫૧૯.૩૪ | ૨૨૭૨૯.૩૪ | ૨૩.૭૮ |
| ૨ | ધારી | ૨૨૮૭૦.૪૬ | ૨૩૦૮૦.૪૬ | ૨૪.૧૩ |
| ૩ | સાવરકુંડલા | ૨૨૬૦૭.૧૨ | ૨૨૮૧૭.૧૨ | ૨૩.૮૭ |
| ૪ | લાઠી | ૨૨૩૪૩.૭૮ | ૨૨૫૫૩.૭૮ | ૨૩.૬૦ |
| ૫ | વડીયા | ૨૨૯૩૪.૩૦ | ૨૩૧૪૪.૩૦ | ૨૪.૧૯ |
| ૬ | રાજુલા | ૨૨૮૪૬.૫૨ | ૨૩૦૫૬.૫૨ | ૨૪.૧૧ |
| ૭ | બાબરા | ૨૨૩૪૩.૭૮ | ૨૨૫૫૩.૭૮ | ૨૩.૬૦ |
| ૮ | લીલીયા | ૨૨૩૬૭.૭૨ | ૨૨૫૭૭.૭૨ | ૨૩.૬૩ |
| ૯ | ખાંભા | ૨૨૮૩૦.૫૬ | ૨૩૦૪૦.૫૬ | ૨૪.૦૯ |
| ૧૦ | જાફરાબાદ | ૨૩૨૨૧.૫૮ | ૨૩૪૩૧.૫૮ | ૨૪.૪૮ |
| ૧૧ | વીજપડી | ૨૨૮૦૬.૬૨ | ૨૩૦૧૬.૬૨ | ૨૪.૦૭ |
| ૧૨ | દામનગર | ૨૨૧૭૬.૨૦ | ૨૨૩૮૬.૨૦ | ૨૩.૪૪ |
| ૧૩ | બગસરા | ૨૨૭૮૨.૬૮ | ૨૨૯૯૨.૬૮ | ૨૪.૦૪ |
| ૧૪ | ડુંગર | ૨૨૯૬૬.૨૨ | ૨૩૧૭૬.૨૨ | ૨૪.૨૩ |
| ૧૫ | ખંભાળા | ૨૨૪૬૩.૪૮ | ૨૨૬૭૩.૪૮ | ૨૩.૭૨ |
| ૧૬ | ક્લોરાણા | ૨૨૫૪૩.૨૮ | ૨૨૭૫૩.૨૮ | ૨૩.૮૦ |
| ૧૭ | દેવળીયા | ૨૨૫૪૩.૨૮ | ૨૨૭૫૩.૨૮ | ૨૩.૮૦ |
| ૧૮ | ટીંબી | ૨૩૩૫૭.૨૪ | ૨૩૫૬૭.૨૪ | ૨૪.૬૨ |

અમરેલી, ૦૩ માહે ઓગષ્ટ, સને ૨૦૧૭.

---

## પરીશિષ્ટ-૧ જિલ્લો - અમરેલી

વાડીનાર (એસ્સાર ઓઈલ) ડેપો ઉપરથી આવતાં કેરોસીન એજન્ટે છુટકર વિક્રેતાને વેચાણ કરવાનો ૧૦૦૦ લીટરનો વેચાણ ભાવ તથા છુટક વિક્રેતાઓ/ફેરીયાઓએ એક લીટરનો ગ્રાહકોને વેચાણ આપવાનો ભાવ

| અનું | સંગ્રહ કેન્દ્ર | એજન્ટે છુટક વિક્રેતાને વેચાણ કરવાનો ૧૦૦૦ લીટરનો વેચાણ ભાવ | | છુટક વિક્રેતાએ ગ્રાહકોને વેચાણ કરવાનો ૧ લી. નો ભાવ |
|---|---|---|---|---|
| | | ડેપો ડિલીવરી | ડોરસ્ટેપ ડિલીવરી (પરીવહન ખર્ચ સાથે) | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧ | અમરેલી | ૨૨૨૫૨.૫૭ | ૨૨૪૬૨.૫૭ | ૨૩.૫૧ |
| ૨ | ધારી | ૨૨૬૦૩.૬૯ | ૨૨૮૧૩.૬૯ | ૨૩.૮૬ |
| ૩ | સાવરકુંડલા | ૨૨૫૨૩.૮૯ | ૨૨૭૩૩.૮૯ | ૨૩.૭૮ |
| ૪ | લાઠી | ૨૨૧૪૮.૮૩ | ૨૨૩૫૮.૮૩ | ૨૩.૪૧ |
| ૫ | વડીયા | ૨૨૦૯૨.૯૭ | ૨૨૩૦૨.૯૭ | ૨૩.૩૫ |
| ૬ | રાજુલા | ૨૨૭૬૩.૨૯ | ૨૨૯૭૩.૨૯ | ૨૪.૦૨ |
| ૭ | બાબરા | ૨૧૯૮૯.૨૩ | ૨૨૧૯૯.૨૩ | ૨૩.૨૫ |
| ૮ | લીલીયા | ૨૨૩૯૬.૨૧ | ૨૨૬૦૬.૨૧ | ૨૩.૬૬ |
| ૯ | ખાંભા | ૨૨૭૪૭.૩૩ | ૨૨૯૫૭.૩૩ | ૨૪.૦૧ |
| ૧૦ | જાફરાબાદ | ૨૩૧૩૮.૩૫ | ૨૩૩૪૮.૩૫ | ૨૪.૪૦ |

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
|---|---|---|---|---|
| ૧૧ | વીજપડી | ૨૨૭૨૩.૩૯ | ૨૨૯૩૩.૩૯ | ૨૩.૯૮ |
| ૧૨ | દામનગર | ૨૨૨૬૮.૫૩ | ૨૨૪૭૮.૫૩ | ૨૩.૫૩ |
| ૧૩ | બગસરા | ૨૨૩૫૬.૩૧ | ૨૨૫૬૬.૩૧ | ૨૩.૬૨ |
| ૧૪ | ડુંગર | ૨૨૮૮૨.૯૯ | ૨૩૦૯૨.૯૯ | ૨૪.૧૪ |
| ૧૫ | ખંભાળા | ૨૨૧૦૮.૯૩ | ૨૨૩૧૮.૯૩ | ૨૩.૩૭ |
| ૧૬ | ક્લોરાણા | ૨૨૧૮૮.૭૩ | ૨૨૩૯૮.૭૩ | ૨૩.૪૫ |
| ૧૭ | દેવળીયા | ૨૨૧૮૮.૭૩ | ૨૨૩૯૮.૭૩ | ૨૩.૪૫ |
| ૧૮ | ટીંબી | ૨૩૨૭૪.૦૧ | ૨૩૪૮૪.૦૧ | ૨૪.૫૩ |

અમરેલી, ૦૩ માહે ઓગષ્ટ, સને ૨૦૧૭.

---

**પરીશિષ્ટ-૧ જિલ્લો - અમરેલી**

પાલનપુર ડેપો ઉપરથી આવતાં કેરોસીન એજન્ટે છુટક વિક્રેતાને વેચાણ કરવાનો ૧૦૦૦ લીટરનો વેચાણ ભાવ તથા છુટક વિક્રેતાઓ/ફેરીયાઓએ એક લીટરનો ગ્રાહકોને વેચાણ આપવાનો ભાવ

| અનું | સંગ્રહ કેન્દ્ર | એજન્ટે છુટક વિક્રેતાને વેચાણ કરવાનો ૧૦૦૦ લીટરનો વેચાણ ભાવ | | છુટક વિક્રેતાએ ગ્રાહકોને વેચાણ કરવાનો ૧ લી. નો ભાવ |
|---|---|---|---|---|
| | | ડેપો ડિલીવરી | ડોરસ્ટેપ ડિલીવરી (પરીવહન ખર્ચ સાથે) | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧ | અમરેલી | ૨૩૪૮૩.૦૯ | ૨૩૬૯૩.૦૯ | ૨૪.૭૪ |
| ૨ | ધારી | ૨૩૮૨૬.૨૩ | ૨૪૦૩૬.૨૩ | ૨૫.૦૯ |
| ૩ | સાવરકુંડલા | ૨૩૭૫૪.૪૧ | ૨૩૯૬૪.૪૧ | ૨૫.૦૧ |
| ૪ | લાઠી | ૨૩૩૮૩.૩૪ | ૨૩૫૯૩.૩૪ | ૨૪.૬૪ |
| ૫ | વડીયા | ૨૩૯૧૪.૦૧ | ૨૪૧૨૪.૦૧ | ૨૫.૧૭ |
| ૬ | રાજુલા | ૨૪૦૬૫.૬૩ | ૨૪૨૭૫.૬૩ | ૨૫.૩૩ |
| ૭ | બાબરા | ૨૩૩૪૭.૪૩ | ૨૩૫૫૭.૪૩ | ૨૪.૬૧ |
| ૮ | લીલીયા | ૨૩૬૩૦.૭૨ | ૨૩૮૪૦.૭૨ | ૨૪.૮૯ |
| ૯ | ખાંભા | ૨૩૯૫૩.૯૧ | ૨૪૧૬૩.૯૧ | ૨૫.૨૧ |
| ૧૦ | જાફરાબાદ | ૨૪૨૪૯.૧૭ | ૨૪૪૫૯.૧૭ | ૨૫.૫૧ |
| ૧૧ | વીજપડી | ૨૩૯૫૩.૯૧ | ૨૪૧૬૩.૯૧ | ૨૫.૨૧ |
| ૧૨ | દામનગર | ૨૩૩૨૭.૪૮ | ૨૩૫૩૭.૪૮ | ૨૪.૫૯ |
| ૧૩ | બગસરા | ૨૩૭૫૦.૪૨ | ૨૩૯૬૦.૪૨ | ૨૫.૦૧ |
| ૧૪ | ડુંગર | ૨૪૦૭૩.૬૧ | ૨૪૨૮૩.૬૧ | ૨૫.૩૩ |
| ૧૫ | ખંભાળા | ૨૩૮૯૦.૦૭ | ૨૪૧૦૦.૦૭ | ૨૫.૧૫ |
| ૧૬ | ક્લોરાણા | ૨૩૯૨૧.૯૯ | ૨૪૧૩૧.૯૯ | ૨૫.૧૮ |
| ૧૭ | દેવળીયા | ૨૩૫૮૨.૮૪ | ૨૩૭૯૨.૮૪ | ૨૪.૮૪ |
| ૧૮ | ટીંબી | ૨૪૨૩૩.૨૧ | ૨૪૪૪૩.૨૧ | ૨૫.૪૯ |

અમરેલી, ૦૩ માહે ઓગષ્ટ, સને ૨૦૧૭.

**એસ. એલ. અમરાણી,**
કલેકટર, અમરેલી.

## જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

**ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયેનો**

## હુકમ

નં. ડીએમ/ડીસીએચ/સિ.કા./૨૩૭૮/૨૦૧૭.-ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ ધ્વારા સિનિયર કલાર્કની પરીક્ષા તા. ૩૦-૦૭-૨૦૧૭ ને રવિવારના રોજ સવારે ૧૦-૦૦ થી ૧૨-૦૦ કલાક દરમ્યાન યોજવામાં આવેલ. જે રાજયમાં અતિવૃષ્ટિની પરિસ્થિતિને ધ્યાનમાં રાખી મોકુફ રાખવામાં આવેલ. હવે આ પરીક્ષાનું આયોજન આગામી તા. ૧૩-૦૮-૨૦૧૭, રવિવાર ના રોજ બપોરે ૧૨-૦૦ થી ૦૨-૦૦ કલાક દરમ્યાન કરવામાં આવેલ છે. જે પરીક્ષા દરમિયાન ચોરીઓના દુષણના કારણે તેજસ્વી વિદ્યાર્થીઓને નિયમોનુસાર પરીક્ષા આપવામાં અડચણ થવાની સંભાવના રહે છે. આ ચોરીના દુષણમાં પ્રશ્નપત્રો કે તેના તૈયાર ઉતરો કોપીયર મશીન દ્વારા સત્વરે તૈયાર થઈ પરીક્ષા ખંડમાં પહોંચવાથી તેમજ મોબાઈલ ફોનથી પરીક્ષાર્થીને મદદ કરવાના બનાવોના કારણે તેજસ્વી વિદ્યાર્થીઓ કે જેઓ નિયમ અનુસાર પરીક્ષા આપતા હોય તેવા વિદ્યાર્થીઓને માનસીક પરિતાપ થવાની સંભાવના છે, આથી ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ મુજબ પગલા લેવા પ્રતિબંધિત હુકમો કરવા માટે પુરતુ કારણ હોવાનું જણાતા તેમ કરવું ઈચ્છનિય છે, એવો મારો અભિપ્રાય છે.

તેથી હું, **આર. જે. માકડીયા, આઈ.એ.એસ., જિલ્લા મેજિસ્ટ્રેટ, જામનગર જિલ્લો, જામનગર,** ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ મુજબ મને મળેલી સતાની રૂઈએ ફરમાવું છું કે જામનગર જિલ્લામાં પરીક્ષા માટે નક્કી કરાયેલા આ સાથે સામેલ **પરિશિષ્ટ-૧** મુજબના **૨૪** પરીક્ષા કેન્દ્રોની આજુબાજુના ૧૦૦ મીટરના વિસ્તારની હદમાં કોપીયર મશીન દ્વારા કોપીનો વ્યવસાય કરતા ધંધાર્થીઓ તથા અંગત ઉપયોગ માટે વપરાશ કરતા (સરકારી/અર્ધસરકારી કે જાહેર સાહસો સિવાયના) કોપીયર મશીન ધારકોને તા. ૧૩-૦૮-૨૦૧૭ સવારના ૧૦-૦૦ કલાક થી બપોરના ૦૩-૦૦ કલાક સુધી તેઓના કોપીયર મશીનો દ્વારા પરીક્ષા વિષયક પત્રો, દસ્તાવેજી કાગળોની નકલો કાઢવી નહી તથા પરીક્ષા સેન્ટરો પર મોબાઈલ, કેલ્કયુલેટર, વોચ, વિગેરે જેવા ઈલેક્ટ્રોનિક ઉપકરણો લઈ જવા નહી.

## પરિશિષ્ટ-૧

### સિનિયર કલાર્કના પરીક્ષા કેન્દ્રો જામનગર(શહેર)

| ક્રમ | પરીક્ષા કેન્દ્ર શાળા કોલેજનું નામ |
|---|---|
| ૧ | શ્રી સત્યસાંઈ વિદ્યાલય યુનિટ-૧ |
| ૨ | શ્રી સત્યસાંઈ વિદ્યાલય યુનિટ-૨ |
| ૩ | શ્રી સત્યસાંઈ વિદ્યાલય યુનિટ-૩ |
| ૪ | શ્રી સત્યસાંઈ વિદ્યાલય યુનિટ-૪ |
| ૫ | સેન્ટ ઝેવિયર્સ હાઈસ્કુલ |
| ૬ | સેન્ટ ફ્રાન્સીસ હાઈસ્કુલ |
| ૭ | પ્રાઈમ ઉ. મા. શાળા |
| ૮ | શ્રી પી. વી. મોદી હાઈસ્કુલ |
| ૯ | શ્રી ડી. એસ. ગોજીયા હાઈસ્કુલ |
| ૧૦ | સેન્ટ આન્સ હાઈસ્કુલ |
| ૧૧ | ભવન્સશ્રી એ. કે. દોશી વિદ્યાલય |
| ૧૨ | શ્રીમતી જી. એસ. મહેતા કન્યા વિદ્યાલય |
| ૧૩ | શ્રી સોઢા રસીલાબા કન્યા વિદ્યાલય |
| ૧૪ | શ્રી શારદા મંદિર હાઈસ્કુલ |
| ૧૫ | શ્રી બ્રિલીયન્ટ હાઈસ્કુલ |
| ૧૬ | શ્રી શાસ્ત્રી ત્ર્યંબકરામ હાઈસ્કુલ |
| ૧૭ | સોઢા ઉમેદસીંહજી હાઈસ્કુલ |
| ૧૮ | ક્રિષ્ના સાયન્સ સ્કુલ |
| ૧૯ | શ્રી એલ. જી. હરિયા હાઈસ્કુલ યુનિટ-૧ |
| ૨૦ | શ્રી એલ. જી. હરિયા હાઈસ્કુલ યુનિટ-૨ |
| ૨૧ | શ્રી સન સાઈન હાઈસ્કુલ |
| ૨૨ | સજુબા ગર્લ્સ હાઈસ્કુલ યુનિટ-૧ |
| ૨૩ | સજુબા ગર્લ્સ હાઈસ્કુલ યુનિટ-૧ |
| ૨૪ | શ્રીમદ દયાનંદ કન્યા વિદ્યાલય |

આ જાહેરનામાની લોકોને સહેલાઈથી જાણ થાય તેવી રીતે જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, જામનગરએ બહોળી પ્રસિધ્ધિ કરવી.

આજ તા. ૦૪ માહે ઓગષ્ટ–૨૦૧૭ ના રોજ મારી સહી કરી તથા કચેરીની મહોર લગાડી બહાર પાડ્યો.

જામનગર, ૦૪ માહે ઓગષ્ટ, સને ૨૦૧૭.

---

### ફોજદારી કાર્યરીતિ અધિનિયમ–૧૯૭૩ની કલમ–૧૪૪ અન્વયેનો

### હુકમ

નં. ડીએમ/ડીસીએચ/ટેટ-૨/૨૩૭૯/૨૦૧૭.-રાજય પરીક્ષા બોર્ડ, ગાંધીનગર ધ્વારા ટેટ-૨ની પરીક્ષા તા. ૩૦-૦૭-૨૦૧૭ને રવિવારના રોજ ૧૫-૦૦ થી ૧૭-૦૦ કલાક દરમ્યાન યોજવામાં આવેલ. જે રાજયમાં અતિવૃષ્ટિની પરિસ્થિતિને ધ્યાનમાં રાખી મોકુફ રાખવામાં આવેલ. હવે આ પરીક્ષા આગામી તા. ૨૦-૦૮-૨૦૧૭, રવિવાર ના રોજ બપોરે ૦૩-૦૦ થી ૦૫-૦૦ કલાક દરમ્યાન યોજવામાં આવનાર છે. જે પરીક્ષા દરમિયાન ચોરીઓના દુષણના કારણે તેજસ્વી વિદ્યાર્થીઓને નિયમોનુસાર પરીક્ષા આપવામાં અડચણ થવાની સંભાવના રહે છે. આ ચોરીના દુષણમાં પ્રશ્નપત્રો કે તેના તૈયાર ઉતરો કોપીયર મશીન દ્વારા સત્વરે તૈયાર થઈ પરીક્ષા ખંડમાં પહોંચવાથી તેમજ મોબાઈલ ફોનથી પરીક્ષાર્થીને મદદ કરવાના બનાવોના કારણે તેજસ્વી વિદ્યાર્થીઓ કે જેઓ નિયમ અનુસાર પરીક્ષા આપતા હોય તેવા વિદ્યાર્થીઓને માનસીક પરિતાપ થવાની સંભાવના છે, આથી ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ મુજબ પગલા લેવા પ્રતિબંધિત હુકમો કરવા માટે પુરતુ કારણ હોવાનું જણાતા તેમ કરવું ઈચ્છનિય છે, એવો મારો અભિપ્રાય છે.

તેથી હું, **આર. જે. માકડીયા, આઈ.એ.એસ., જિલ્લા મેજિસ્ટ્રેટ, જામનગર જિલ્લો, જામનગર,** ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ મુજબ મને મળેલી સતાની રૂઈએ ફરમાવુ છું કે જામનગર જિલ્લામાં પરીક્ષા માટે નક્કી કરાયેલા આ સાથે સામેલ **પરિશિષ્ટ-૧ ના ૧૪** પરીક્ષા કેન્દ્રોની આજુબાજુના ૧૦૦ મીટરના વિસ્તારની હદમાં કોપીયર મશીન દ્વારા કોપીનો વ્યવસાય કરતા ધંધાર્થીઓ તથા અંગત ઉપયોગ માટે વપરાશ કરતા (સરકારી/અર્ધસરકારી કે જાહેર સાહસો સિવાયના) કોપીયર મશીન ધારકોને તા. ૨૦-૦૮-૨૦૧૭ બપોરના ૦૧-૦૦ કલાક થી સાંજના ૦૬-૦૦ કલાક સુધી તેઓના કોપીયર મશીનો દ્વારા પરીક્ષા વિષયક પત્રો, દસ્તાવેજી કાગળોની નકલો કાઢવી નહી તથા પરીક્ષા કેન્દ્રોમાં કોઈ અનઅધિકૃત વ્યકતીએ પ્રવેશ કરવો નહી કે પરીક્ષા દરમ્યાન કોઈએ પરીક્ષા કેન્દ્રોમાં પરીક્ષાને લગતી અનઅધિકૃત લેખન સામગ્રી, ઈલેકટ્રોનીક ગેઝેટ, મોબાઈલ ફોન, કેલ્કયુલેટર, સ્માર્ટ વોચ, વિગેરે જેવા સાથે પ્રવેશ કરવો નહી.

## પરિશિષ્ટ-૧

### ટેટ-૨ના પરીક્ષા કેન્દ્રો જામનગર(શહેર)

| ક્રમ | પરીક્ષા કેન્દ્ર શાળા કોલેજનું નામ |
|---|---|
| ૧ | શ્રી સત્યસાંઈ વિદ્યાલય |
| ૨ | સેન્ટ આન્સ હાઈસ્કુલ |
| ૩ | સેન્ટ ઝેવિયર્સ હાઈસ્કુલ |
| ૪ | સેન્ટ ફ્રાન્સીસ હાઈસ્કુલ |
| ૫ | શ્રી પી. વી. મોદી હાઈસ્કુલ |
| ૬ | શ્રઈ એલ. જી. હરિયા હાઈસ્કુલ સેન્ટર |
| ૭ | સોઢા ઉમેદસીંહજી હાઈસ્કુલ |

| ક્રમ | પરીક્ષા કેન્દ્ર શાળા કોલેજનું નામ |
|---|---|
| ૮ | શ્રી જે. કે. સોની કન્યા વિ. |
| ૯ | શ્રી બ્રિલીયન્ટ હાઈસ્કુલ |
| ૧૦ | શ્રી સોઢા રસીલાબા કન્યા વિદ્યાલય |
| ૧૧ | શ્રી શારદા મંદિર હાઈસ્કુલ |
| ૧૨ | શ્રી શાસ્ત્રી ત્ર્યંબકરામ હાઈસ્કુલ |
| ૧૩ | શ્રી સન સાઈન હાઈસ્કુલ |
| ૧૪ | ભવન્સશ્રી એ. કે. દોશી વિદ્યાલય |

આ જાહેરનામાની લોકોને સહેલાઈથી જાણ થાય તેવી રીતે જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, જામનગરએ બહોળી પ્રસિધ્ધિ કરવી.

આજ તા. ૦૪ માહે ઓગષ્ટ–૨૦૧૭ ના રોજ મારી સહી કરી તથા કચેરીની મહોર લગાડી બહાર પાડ્યો.

જામનગર, ૦૪ માહે ઓગષ્ટ, સને ૨૦૧૭.

**આર. જે માકડીયા,**
જિલ્લા મેજીસ્ટ્રેટ,
જામનગર.

---

**સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૪૩/૧ અન્વયે**

## જાહેરનામું

નં. એમએજી/વશી/જન્માષ્ટમી મેળો/૧૮/૨૦૧૭.-પોરબંદર ખાતે આવેલ ચોપાટી ગ્રાઉન્ડનાં મેદાનમાં જન્માષ્ટમીનાંતહેવાર સબબ દર વર્ષે મેળો ભરાય છે, તે મુજબ ચાલુ વર્ષે પણ આ મેળો તા. ૧૪-૦૮-૨૦૧૭ થી તા. ૧૯-૦૮-૨૦૧૭ સુધી દિવસ-૬ (છ) માટે યોજાનાર હોવાથી મોટી સંખ્યામાં લોકોની અવર જવર રહે છે. તેથી આ સમય દરમ્યાન લોકોના જાહેર આરોગ્યને નુકશાન ન થાય અને ચેપી રોગોનો ઉપદ્રવ થવા ન પામે તે માટે સાવચેતીના પગલાં લેવા અન્વયેનું જાહેરનામું તા. ૧૪-૦૮-૨૦૧૭ થી તા. ૧૯-૦૮-૨૦૧૭ દિવસ-૬ (છ) સુધી બહાર પાડવા મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી પોરબંદરએ તા. ૦૧-૦૮-૨૦૧૭ થી અત્રે દરખાસ્ત કરેલ છે. જે દરખાસ્ત અમોને ઈષ્ટ જણાતાં હું, અશોક કાલરીયા, આઈ.એ.એસ., જિલ્લા મેજીસ્ટ્રેટ, પોરબંદર જિલ્લો, પોરબંદર, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ આંક-૨૨ની કલમ-૪૩/૧ અન્વયે મને મળેલ અધિકારની રૂઈએ તા. ૧૪-૦૮-૨૦૧૭ થી તા. ૧૯-૦૮-૨૦૧૭ સુધી દિન-૬ (છ) બંને દિવસો સહિતની મુદત માટે પોરબંદર નગરપાલિકા વિસ્તારમાં નીચે પ્રમાણેના આરોગ્ય વિષયક ખાસ તકેદારીના પગલાં લેવા અમલવારી કરવા હુકમ ફરમાવું છું.

૧. પીવાનું પાણી તેમજ બરફ બનાવવા માટે ક્લોરીન યુક્ત પાણીનો વપરાશ કરવો.

૨. અન્ય કોઈ બીન આરોગ્યપ્રદ વસ્તુઓ અને બિન ક્લોરીન યુકત પાણીનો ઉપયોગ કરવો નહી.

૩. પીવાનું પાણી, પીવા માટે ઉપયોગ યોગ્ય ન રહે તેવા કોઈ પણ પ્રકારના પીવાના પાણીને દુષિત કરે તેવા કૃત્યો કરવા નહી.

૪. અખાદ્ય બગડેલા અને વાસી પદાર્થો વેચવા નહી.

૫. ખાદ્ય પદાર્થો ખુલ્લા રાખવા નહી કે ખુલ્લા રાખી વેચાણ કરવુ નહી.

૬. મેળામાં દુધ તથા દહીની બનાવટમાં સ્થાનિક બનાવટની કુલ્ફી તથા ઠંડા દુધનું વાસણ વાસી ન હોવું જોઈએ અને સ્થાનિક બનાવટમાં ક્લોરીનેટેડ સ્વચ્છ પાણીનો જ ઉપયોગ કરવો.

૭. ચેપી રોગથી પીડાતી વ્યક્તિઓને ખાદ્ય પદાર્થની બનાવટ કે વેચાણ પ્રક્રિયામાં સામેલ ન કરવા.

૮. જાહેર આરોગ્ય ખાતાના કર્મચારીઓ/અધિકારીશ્રીઓની જનઆરોગ્ય જાળવી રાખવા સબંધી સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવું.

ઉપરોક્ત બાબતે દેખરેખ રાખવા યોગ્ય પગલાં લેવા મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી-પોરબંદર તથા તેઓ ધ્વારા નિયુક્ત કરવામાં આવેલ અધિકારીઓ/કર્મચારીઓને અધિકાર આપવામાં આવે છે.

આ જાહેરનામાના વિનિમયોનો ભંગ કરનાર આ અધિનિયમની કલમ-૧૩૯માં જણાવેલ શિક્ષાને પાત્ર ઠરશે.

આ જાહેરનામું આજરોજ તા. ૦૩-૦૮-૨૦૧૭ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે જાહેર જનતાની જાણ તથા અમલ માટે પ્રસિધ્ધ કરી.

પોરબંદર, ૦૩ માહે ઓગષ્ટ, સને ૨૦૧૭.

**અશોક કાલરીયા,**
જિલ્લા મેજીસ્ટ્રેટ,
પોરબંદર.

---

## અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

ગુજરાત પોલીસ અધિનિયમ સને ૧૯૫૧નાં મુંબઈ અધિનિયમ ૨૨માંની કલમ-૩૩ની પેટા કલમ-૧ ખંડ (બી) મુજબનું

## જાહેરનામું

નાં. મેજી/પોલ/જાહેરનામું-૩૩(૧)૮/૨૦૧૭, તા. ૧૦-૦૮-૨૦૧૭.-ભુજ શહેર મધ્યે આગામી તા. ૧૩-૦૮-૨૦૧૭ થી તા. ૧૬-૦૮-૨૦૧૭નાં શીતળા સાતમ તથા જન્માષ્ટમીનાં તહેવારો પ્રસંગે હમીરસર તળાવ પાસે દર વર્ષની જેમ આ વર્ષે પણ મેળો યોજવામાં આવનાર છે. જેના અનુસંધાને કાયદો-વ્યવસ્થા અને વાહન-વ્યવહાર જાળવવાનાં હેતુસર આ મેળાના પ્રસંગે વાહન-વ્યવહારનું નિયમન કરવાનું જરૂરી જણાય છે. જેથી નીચે જણાવેલ રસ્તાએ વાહન લઈ જવા અને લાવવા માટે બંધ કરવાનું ઈસ્ટ જણાય છે.

જેથી હું, ડી. આર. પટેલ, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, કચ્છ-ભુજ, ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧નાં મુંબઈનાં ૨૨માંની કલમ ૩૩(૧) (બી) અન્વયે મને મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે, તા. ૧૩-૦૮-૨૦૧૭ નાં સવારનાં કલાક ૬-૦૦ વાગ્યા થી તા. ૧૬-૦૮-૨૦૧૭નાં કલાક ૨૩-૦૦ સુધી નીચે અનુસુચિમાં જણાવેલ ભુજ શહેરનાં રસ્તા સદરહું તારીખે અને સમયે વાહન-વ્યવહાર માટે સદંતર બંધ રાખવા ફરમાવું છું.

આ હુકમની અંદર વાહન શબ્દનો અર્થ મોટર વ્હીકલ એકટમાં જે વ્યાખ્યા આપી છે તેનો સમાવેશ થાય છે.

અનુસૂચિ :

૧. ભુજ એ ડીવિઝન પોલીસ સ્ટેશન તરફથી આવતાં તમામ વાહનો મ્યુઝિયમ તરફ નહીં જઈ શકે, પરંતુ કોર્ટ સર્કલ પાસેથી જ્યુબીલી સર્કલ તરફ જઈ શકશે.

૨. ભુજ શહેરમાંથી મહાદેવનાં નાકામાંથી આવતાં વાહનો હમીરસર તળાવ તરફ નહીં આવી શકે, પરંતુ જુની મામલતદાર કચેરી પાસેથી જીલ્લા પંચાયત રોડ તરફ જઈ શકશે.

૩. જીલ્લા પંચાયત કચેરી તથા એસ.ટી. સ્ટેન્ડ તરફથી આવતા વાહનો હમીરસર તળાવ તરફ આવી શકશે નહીં, પરંતુ જુની મામલતદાર કચેરી રોડ તરફથી જઈ શકશે.

૪. પાટવાડી નાકા, શરદબાગ તરફથી આવતાં તમામ વાહનો ખેંગાર બાગ નજીકથી ગાયત્રી મંદિર થઈ સંસ્કારનગર તરફ જતા માર્ગેથી જઈ આવી શકશે. પણ ખેંગારબાગથી આગળ આવી શકશે નહીં.

૫. ઉમેદનગર કોલોની તરફથી આવતાં વાહનો રાજેન્દ્રબાગ તરફ આવી શકશે નહી, પરંતુ ગાયત્રી મંદિર રસ્તે આવી જઈ શકશે.

૬. લેકવ્યુ હોટલ પાસે થઈ ઉમેદનગર તરફ જતો રોડ બંધ કરવાનો રહેશે.

ઉપરોક્ત જાહેરનામાથી નીચે જણાવેલ વાહનોને મુક્તિ આપવામાં આવે છે.

૧. પોલીસ ખાતાનાં તથા અન્ય સરકારી ફરજ પરનાં વાહનો.

૨. પોલીસ અધિક્ષકશ્રીનાં આદેશ અનુસાર કે સ્થળ પરનાં સહાયક અધિક્ષકશ્રી ધ્વારા અધિકૃત કરેલાં વાહનો.

આજરોજ તા. ૧૦-૦૮-૨૦૧૭ નાં મારી સહી તથા સિક્કો મારી આ જાહેરનામું બહાર પાડવામાં આવે છે.

કચ્છ-ભુજ, ૧૦ માહે ઓગષ્ટ, સને ૨૦૧૭.

**ડી. આર. પટેલ,**
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
કચ્છ-ભુજ.

---

## ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ કાઢેલો હુકમ

## જાહેરનામુ

નં. ડીએમ/ડીસીએચ/માછીમારી/૧૧૪૨/૧૭.-દેવભૂમિ દ્વારકા જિલ્લાના જુદા જુદા બંદરોએથી માછીમારી માટે માછીમારો સમુદ્રમાં જાય છે, સમુદ્રમાં ગયા પછી વાવાઝોડા, વરસાદ કે હવામાન અંગેની અન્ય આગાહીઓ સબંધે આવા સમુદ્રમાં રહેલ માછીમારોને ચેતવણી પહોચાડવી શકય હોતી નથી તેમજ માહે મે માસથી દરીયો તોફાની થઈ જાય છે. મે-૧૯૯૯માં ત્રાટકેલા વાવાઝોડાને કારણે મોટી જાનહાનિ થયેલ હતી. માછીમારોને સામાન્ય રીતે મે માસથી સમુદ્રમાં માછીમારી માટે જવું વિશેષ જોખમકારક હોય છે. મત્સ્યોદ્યોગ ખાતુ તથા પોર્ટ ઓફિસરશ્રી દ્વારા આવા માછીમારોને મે માસથી સમુદ્રમાં જવા માટે પરવાનગી આપવામાં આવતી નથી; તેમ છતાં, અનધિકૃત રીતે કોઈ માછીમાર માછીમારી માટે સમુદ્રમાં ચાલ્યા જાય અને વાવાઝોડા, વરસાદ કે ભારે પવનનાં કરાણે સમુદ્ર તોફાની બને તેવા સંજોગોમાં સમુદ્રમાં ચાલ્યા ગયેલ માછીમારોના જીવનું જોખમ ઉભું થાય તેવો પુરતો સં ભવ છે. તેથી આવા માછીમારોને સમુદ્રમાં ગેરકાયદેસર રીતે જતા અટકાવવા મત્સ્યોદ્યોગ અધિક્ષકશ્રી, ઓખાએ તા. ૭-૬-૨૦૧૭ના પત્ર નં. મઅઓ/તત્રક-૨/બંધસિઝન/૧૭-૧૮/૪૧૨ થી જાહેરનામું બહાર પાડવા દરખાસ્ત કરેલ છે.

સબબ, ભારતીય ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ સતાની રૂએ હું, રાજેન્દ્ર વી. સરવૈયા, GAS, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, દેવભૂમિ દ્વારકા, આથી ફરમાવું છું

કે દેવભૂમિ દ્વારકા જિલ્લાના સમગ્ર વિસ્તારના દરીયા કાંઠેથી કે ક્રિક એરીયામાં કોઈપણ માછીમારોએ કે અન્ય કોઈ વ્યક્તિઓએ તા. ૦૯-૦૮-૨૦૧૭ થી ૧૫-૦૮-૨૦૧૭ ના સમય દરમ્યાન માછી મારી માટે કે અન્ય કોઈ હેતુસર સમુદ્રમાં કે ક્રિક એરિયામાં જવું નહી અને કોઈપણ બોટની અવર-જવર કરવી નહી.

અપવાદ :

૧. પોર્ટ ઉપર આવતા વ્યાપારીક જહાજોને

૨. લશ્કરી દળો, અર્ધ લશ્કરી દળો, પોલીસ દળો, ગુજરાત મેરીટાઈમ બોર્ડની બોટો.

૩. અજાડ ટાપુ તથા ઓખાથી બેટ દ્વારકા વચ્ચે અવર-જવર માટે સક્ષમ અધિકારી દ્વારા અધિકૃત કરેલ પેસેન્જર બોટો

૪. નોન મોટરાઈઝડ ક્રાફટ (લાકડાની બિન યાંત્રિક એક લકડી હોડી અને શઢવાળી હોડી) તથા પગડીયા માચ્છીમારો

આ જાહેરનામાં હુકમનું ઉલ્લંઘન કરનારને ભારતનાં દંડસહિતા અધિનિયમ-૧૮૬૦નાં (૪૫ માં અધિનિયમ)ની કલમ-૧૮૮ અન્વયે સજાને પાત્ર થશે.

આજ તા. ૦૮-૦૮-૨૦૧૭ના રોજ મારી સહી તથા કચેરીનો સિકકો લગાવી જાહેરનામું બહાર પાડવામાં આવ્યું.

દેવભૂમિ દ્વારકા, ૦૮ માહે ઓગષ્ટ, સને ૨૦૧૭.

**રાજેન્દ્ર વી. સરવૈયા,**
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
દેવભૂમિ દ્વારકા.

---

**ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ના (આંક-૨૨)ની કલમ-૩૭(૧) અન્વયે**

## જાહેરનામું

નં. એમએજી/સી/૩૭(૧)/૪૦૬૩/૨૦૧૭.-પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢની કચેરીના પત્ર નં. સી/એલઆઈબી/જાહેરનામુ/હથિ.બંધી/૧૮૭૨/૧૭, તા. ૦૪-૦૮-૨૦૧૭ થી (૧) ગીરનાર પર્વત ઉપર ગુરૂદત્તાત્રેય રક્ષિત સ્મારકની જગ્યા ખાતે તથા ત્રીજી ટુંક ખાતે હિન્દુ અને જૈન ધર્મના લોકો વચ્ચે વિવાદ ચાલુ હોય, આ સ્થળે વિવાદના કારણે અગાઉ ગુન્હાઓ બનવા પામેલ છે. જેથી આ વિસ્તારનો પણ જાહેરનામામાં સમાવેશ કરવો જરૂરી હોય, (૨) હાલ શ્રાવણ માસ શરૂ હોય, જેથી ભાવિકો દરેક શિવ મંદિરોમાં દર્શનાર્થે આવતા-જતા હોય, જેથી ખુબ જ ભીડ રહેતી હોય, તે માટે તકેદારી રાખવી આવશ્યક છે, (૩) વીજ પુરવઠો અનીયમીત તથા પુરતા પ્રમાણમાં મળતો ન હોય કિસાનો ધ્વારા ઘેરાવ/વિરોધ જેવા આંદોલનાત્મક કાર્યક્રમો કરવામાં આવે તેમજ હાલમાં મોંઘવારીના પ્રશ્ને પણ આંદોલનો થવાની શક્યતા નકારી શકાય નહી. (૪) આ સમય દરમિયાન સાંઢા ગામે ગૌચરની જમીન મુદ્દે ચાલી રહેલ દલિત આંદોલન પણ ગતિમાં હોય, (૫) હાલમાં જી.એસ.ટી. મુદ્દે ચાલી રહેલ વિરોધ પ્રદર્શન અનુસંધાને તકેદારી રાખવી આવશ્યક છે. જેથી જુનાગઢ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તથા જાહેર સુલેહશાંતી જળવાઈ રહે તે હેતુસર હથિયારબંધીનું જાહેરનામુ પ્રસિધ્ધ કરવા અત્રેને દરખાસ્ત થઈ આવેલ છે.

ઉક્ત રજુ થયેલ દરખાસ્ત વ્યાજબી જણાતાં સુલેહશાંતિ જાળવવા સારૂ અને કાયદો વ્યવસ્થાની સ્થિતિ યથાવત જળવાય રહે તેમજ કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે હું, પી. વી. અંતાણી, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, જુનાગઢ જિલ્લો, જુનાગઢ, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ના આંક-૨૨ની કલમ-૩૭ (૧) અન્વયે મને મળેલ અધિકારની રૂએ સમગ્ર જુનાગઢ જિલ્લા વિસ્તારમાં તા. ૧૦-૦૮-૨૦૧૭ થી તા. ૦૭-૦૯-૨૦૧૭ સુધી બન્ને દિવસો સહિત નીચે પ્રમાણે મનાઈ ફરમાવું છું કે, કોઈ પણ વ્યકિત,

(ક) શસ્ત્ર, દંડા, તલવાર, ભાલા, ચપ્પુ, લાકડી અથવા શારીરીક હિંસા પહોંચાડવામાં ઉપયોગી થઈ શકે તેવી બીજી કોઈ ચીજો લઈ જવી નહીં.

(ખ) પથ્થરો અથવા બીજા શસ્ત્રો ફેંકવા અથવા નાખવામાં ઉપયોગી હોય તેવા યંત્રો અથવા સાધનો લઈ જવા, એકઠા કરવા તથા તૈયાર કરવા નહીં.

(ગ) વ્યક્તિઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવા નહીં.

(ઘ) અપમાન કરવા અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેર બિભત્સ સુત્રો પોકારવા નહી, અસ્લીલ ગીતો ગાવા નહી.

(ચ) જેનાથી સુરુચીનો અને શાંતિનો ભંગ થાય તેવું ભાષણ કરવું નહી, તેવા હાવભાવ કરવા નહી, તેવી ચેષ્ટા કરવી નહી તથા ચિત્રો, પ્લેકાર્ડ અથવા બીજા કોઈ પદાર્થ અથવા વસ્તુઓ કરવી નહી.

**(૩) આ હુકમ નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહી.**

૧. સરકારશ્રીની નોકરીમાં કામ કરતી કોઈ વ્યક્તિ કે જેના ઉપરી અધિકારીઓને ફરમાવ્યા હોય અથવા આવા કોઈ હથિયાર લઈ જવાની તેમની ફરજ હોય.

૨. જિલ્લા પોલીસ અધિકારીશ્રીએ જે તે શારિરીક અશક્તિને કારણે લાઠી લઈ જવાની અથવા શુભ હેતુથી ધંધો કરવાની પરવાનગી આપી હોય તે વ્યક્તિ.

૩. ખેડુતો પોતાની ખેતીકામ માટે ખેતીના ઓજારો લઈ જવામાં હાડમારી ન થાય, તે અને રોજીંદા કામ કરી શકે તે આશયથી ખેડુતો પોતાના ઓજારો ખેતીકામ માટે લઈ જતા હોય.

આ જાહેરનામાના કોઈ ખંડનો ભંગ કરનાર અથવા પાલન ન કરવામાં મદદ કરનાર વ્યક્તિને ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૫(૧) મુજબ એક વર્ષની મુદત સુધીની કેદની શિક્ષા અને દંડને પાત્ર થશે. આ ઉપરાંત ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ તે વ્યક્તિનો ગુનો સાબીત થયેથી એક માસની સાદી કેદ અગર રૂા. ૨૦૦/- નો દંડ અગર બન્ને શિક્ષા થઈ શકશે અને આ હુકમની અવગણના માનવજીવનને અથવા સ્વાસ્થ્યને અથવા સલામતીને નુકશાન કરે, ભય ઉત્પન્ન થાય અથવા કોઈ હુલ્લડ બખેડો થાય તો તેવી વ્યક્તિને-૬ (છ) માસ સુધીની પરિશ્રમ અથવા સાદી કેદ અથવા રૂા. ૧૦૦૦/- સુધીનો દંડ સહીત બંન્ને શિક્ષાને પાત્ર ઠરશે.

આજ તારીખ : ૦૮ મી, માહે ઓગષ્ટ, સને-૨૦૧૭ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા કરી જાહેર જનતાની જાણ તથા અમલ થવા માટે પ્રસિધ્ધ કર્યુ.

જુનાગઢ, ૮ માહે ઓગષ્ટ, સને ૨૦૧૭.

---

**સને-૧૯૫૧ના ગુજરાત પોલીસ અધિનિયમ (આંક-૨૨)ની કલમ-૩૭(૩) અન્વયેનું**

## જાહેરનામું

નં. એમએજી/સી/૩૭(૩)/૪૦૬૪/૨૦૧૭.-પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢના પત્ર નં. સી/એલઆઈબી/જાહેરનામું/સભા-સરઘસ/૧૮૭૧/૧૭, તા. ૦૪-૦૮-૨૦૧૭ થી (૧) ગીરનાર પર્વત ઉપર ગુરુ દત્તાત્રેય રક્ષિત સ્મારકની જગ્યા ખાતે તથા ત્રીજી ટુંક ખાતે હિન્દુ અને જૈન ધર્મના લોકો વચ્ચે વિવાદ ચાલુ હોય, આ સ્થળે વિવાદના કારણે અગાઉ ગુન્હાઓ બનવા પામેલ છે. જેથી આ વિસ્તારનો જાહેરનામામાં સમાવેશ કરવો જરૂરી હોય (૨) હાલ શ્રાવણ માસ શરૂ હોય, જેથી ભાવિકો દરેક શિવ મંદિરોમાં દર્શનાર્થે આવતા-જતા હોય, જેથી ખુબ જ ભીડ રહેતી હોય, તે માટે તકેદારી રાખવી આવશ્યક છે, (૩) વીજ પુરવઠો અનિયમીત તથા પુરતા પ્રમાણમાં મળતો ન હોય કિસાનો ધ્વારા ઘેરાવ/વિરોધ જેવા આંદોલનાત્મક કાર્યક્રમો કરવામાં આવે તેમજ હાલમાં મોંઘવારીના પ્રશ્ને પણ આંદોલનો થવાની શક્યતા નકારી શકાય નહી. (૪) આ સમય દરમિયાન સાંઢા ગામે ગૌચરની જમીન મુદ્દે ચાલી રહેલ દલિત આંદોલન પણ ગતિમાં હોય, (૫) હાલમાં જી.એસ.ટી. મુદ્દે ચાલી રહેલ વિરોધ પ્રદર્શન અનુસંધાને તકેદારી રાખવી આવશ્યક છે. જેથી જુનાગઢ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તથા જાહેર સુલેહ શાંતી જળવાઈ રહે તે હેતુસર સભા-સરઘસ વગર પરવાનગીએ કોઈ કાઢે નહી તે માટેનું જાહેરનામુ પ્રસિધ્ધ કરવા અત્રે દરખાસ્ત રજુ થયેલ છે.

પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢ તરફથી ઉકત વિગતે રજુ થયેલ દરખાસ્ત વ્યાજબી જણાતા ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ના આંક-૨૨ની કલમ-૩૭ની પેટા કલમ-૩થી મને મળેલ અધિકારની રૂએ હું, પી. વી. અંતાણી, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, જુનાગઢ જિલ્લો, જુનાગઢ, આથી જુનાગઢ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં તા. ૧૦-૦૮-૨૦૧૭ ના રોજથી તા. ૨૩-૦૮-૨૦૧૭ (બંન્ને દિવસો સહીત) સુધીની મુદત માટે કોઈ પણ સભા કે સરઘસ માટે મનાઈ હુકમ ફરમાવુ છું. આદેશ કરૂ છું કે, આ હુકમ નીચેનાને લાગુ પડશે નહી.

(૧) ફરજ ઉપર હોય તેવી ગૃહરક્ષક મંડળીઓ.

(૨) સરકારી નોકરીએ અવર જવર કરતી હોય તેવી વ્યકિતને.

(૩) કોઈ લગ્નના વરઘોડાને.

(૪) સ્મશાન યાત્રા કે જેમાં જોડાનાર વ્યકિતઓને.

(૫) સક્ષમ અધિકારીશ્રીની કાયદેસર પરવાનગી લઈને.

આ હુકમનું પાલન ન કરનાર અથવા તેનું પાલન ન કરવામાં કોઈને મદદ કરનારને ગુનો સાબીત થયેથી, દંડની શિક્ષાને પાત્ર ઠરશે તથા ભારતીય દંડ સહિતાની કલમ-૧૮૮ મુજબનો ગુનો સાબીત થયેથી, જે તે વ્યકિતને એક માસની સાદી કેદ અથવા રૂા. ૨૦૦/- સુધીનો દંડ અગર બન્ને શિક્ષા થઈ શકશે અને આ હુકમની અવગણના માનવ જીવનને કોઈ નુકશાન અથવા સ્વાસ્થ્યને અથવા સલામતીને કોઈ ભય ઉત્પન્ન થાય અથવા કોઈ હુલ્લડ બખેડો થાય તો તેવી વ્યકિતને-૬ (છ) માસ પરિશ્રમ અથવા સાદી કેદ અથવા રૂા. ૧૦૦૦/- સુધીનો દંડ સહીત બંન્ને શિક્ષાને પાત્ર ઠરશે.

આજ તારીખ : ૦૮, માહે ઓગષ્ટ, સને ૨૦૧૭ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા કરી, જાહેર જનતાની જાણ તથા અમલ થવા માટે પ્રસિધ્ધ કર્યુ.

જુનાગઢ, ૦૮ માહે ઓગષ્ટ, સને ૨૦૧૭.

**પી. વી. અંતાણી,**
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
જુનાગઢ જિલ્લો,
જુનાગઢ.

---

**ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ તળેનું**

## જાહેરનામુ

નં. એમએજી/સી/૩૦૦૨/૨૦૧૭.-પોલીસ અધિક્ષકશ્રી, ગીરસોમનાથના પત્ર ક્રમાંક : એલઆઈબી/મોબાઈલ/લે-વેચ/જાહેરનામું/૭૪૭/૨૦૧૭, તા. ૨૪-૦૭-૨૦૧૭ ના પત્રથી રજુ થયેલ દરખાસ્તની વિગતે રાજ્યમા અને જિલ્લામા બનતા ગુન્હાઓમા મોબાઈલ ફોનનો ઉપયોગ થાય છે, તેમજ મોબાઈલ ચોરીના ગુન્હાઓનુ પ્રમાણ વધવા પામ્યુ છે. આવા ગુન્હાઓ શોધી કાઢવા માટે ગુન્હામા વપરાયેલ અથવા ગયેલ મોબાઈલ ફોનના IMEI નંબરનુ ટ્રેકીંગ કરીને ગુન્હાના મુળ સુધી પહોચવા પ્રયત્નો

કરવામા આવે છે. ઘણી વખત મોબાઈલ ફોન વપરાશકર્તા સુધી પહોંચવામાં આવે ત્યારે જાણવા મળે કે તેમણે કોઈ અજાણ્યા માણસ પાસેથી મોબાઈલ ખરીદેલ છે. જે મોબાઈલ વેચનાર/ખરીદનારને ચોરાયેલ અથવા ગુન્હામાં વપરાયેલ હોવાની માહિતી હોતી નથી. આવા ગુન્હાઓના મુળ સુધી પહોંચી સાચા આરોપીને શોધી કાઢવા માટે જુના મોબાઈલ લે-વેચ કરનાર વેપારીએ મોબાઈલ લેતા પહેલા મોબાઈલ વેચનારનુ તથા જુના મોબાઈલ લેતી વખતે મોબાઈલ ખરીદનારનુ ઓળખ અંગેનુ પુરુ નામ, સરનામુ નોંધવુ ફરજીયાત બનાવવા તથા જુના મોબાઈલ વેચતા, ખરીદતા વેપારી દ્વારા નિયત રજીસ્ટર નિભાવવામાં આવે તે માટેનુ જાહેરનામુ બહાર પાડવા પોલીસ અધિક્ષકશ્રી, ગીર સોમનાથ જિલ્લા વેરાવળ તરફથી દરખાસ્ત રજુ કરાયેલ છે.

ગીર સોમનાથ જિલ્લામા બનતા ગુન્હાઓમા વપરાતા મોબાઈલ તેમજ મોબાઈલ ચોરીના ગુન્હાઓમાં જુના મોબાઈલ ખરીદ/વેચાણ કરતા વેપારીઓ તરફથી આવા મોબાઈલ તથા વાહનો ખરીદતા/વેચતા વ્યક્તિની માહિતી મળી રહે તેમજ ગુન્હાના મુળ સુધી પહોચી સાચા આરોપીને પકડી શકાય તેમજ આવા બનતા ગુન્હાઓ નિવારી શકાય તે માટે પોલીસ અધિક્ષકશ્રી ગીરસોમનાથ વેરાવળ તરફથી કરાયેલ દરખાસ્ત વ્યાજબી જણાય છે.

આથી હું, એચ. આર. મોદી, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ગીર સોમનાથ જિલ્લો, વેરાવળ, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ ની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ સત્તાની રૂઈએ આથી હુકમ કરૂ છું કે, ગીરસોમનાથ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં જુના કે નવા મોબાઈલ લેનાર/વેચનાર વેપારીએ કોઈપણ વ્યક્તિઓની પુરતી ખરાઈ ઓળખકાર્ડ અથવા ઓળખપત્ર વગર જુના મોબાઈલ લઈ શકશે નહી કે વેચી શકશે નહી તથા જુના કે નવા મોબાઈલ ખરીદતી અને વેચતી વખતે નિયત નમુનાનુ રજીસ્ટર નિભાવવાનુ રહેશે અને તેમા વિગતો નોંધવાની રહેશે.

આ હુકમ તા. ૦૩-૦૮-૨૦૧૭થી દિન-૬૦ સુધી અમલમા રહેશે.

આ જાહેરનામાનો ભંગ કરનાર વ્યકિત ભારતીય દંડ સંહીતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમની જાહેર જનતાને જાણ સંબંધીત કચેરીઓએ તેમના નોટિસ બોર્ડ પર, સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યા ઉપર નકલ ચોટાડીને તથા માહિતી ખાતાએ વર્તમાન પત્રોમાં પ્રસિધ્ધી કરી કરવાની રહેશે. ગુજરાત પોલીસ એકટની કલમ-૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજ તારીખ: ૦૩મી, માહે ઓગષ્ટ, સને-૨૦૧૭ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે જાહેર જનતાની જાણ તથા અમલવારી માટે આ હુકમ પ્રસિધ્ધ કરવામા આવ્યો.

ગીર સોમનાથ, ૦૩ માહે ઓગષ્ટ, સને ૨૦૧૭.

---

**ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ કાઢેલ**

**હુકમ**

નં. એમએજી/સી/૩૦૦૫/૨૦૧૭.-પોલીસ અધિક્ષકશ્રી, ગીર સોમનાથ જિલ્લો, વેરાવળના પત્ર ક્રમાંક : એલઆઈબી/મકાનભાડા/જા.નામુ/૭૪૮/૧૭, તા. ૨૪-૦૭-૨૦૧૭ ના પત્રથી રજુ થયેલ વિગતો મુજબ ગીર સોમનાથ જિલ્લો કોસ્ટલ એરીયા ધરાવતો જિલ્લો છે અને બાર જ્યોર્તિલીંગ માનું એક સુપ્રસિધ્ધ સોમનાથ મહાદેવનુ મંદિર આવેલ છે. તેમજ સુપ્રસિધ્ધ ધાર્મિક સ્થળો જેવા કે, ત્રિવેણી સંગમ, દેહોત્સર્ગ, ગીતા મંદિર, તુલસીશ્યામ જેવા મોટા ધાર્મિક સ્થળો આવેલા છે અને આ ધાર્મિક સ્થળોએ બહોળા પ્રમાણમા યાત્રાળુઓ દર્શનાર્થે આવતા હોય છે.

વર્તમાનમા ત્રાસવાદી તેમજ અસામાજીક તત્વો શહેરમા તેમજ ગીચ વિસ્તારોમા ગુપ્ત આશરો મેળવી જાહેર સલામતી અને શાંતિનો ભંગ કરેલ હોવાના બનાવો બનવા પામેલ છે. તેમજ આતંકવાદી પ્રવૃતિ કરે છે. જેથી માનવ જીંદગીની ખુવારી થાય છે અને જાહેર તેમજ લોકોની સંપતીને નુકશાન પહોંચાડે છે. આગામી સમયમા વિવિધ તહેવારો આવતા હોય અને સોમનાથ મંદિર ખાતે બહોળા પ્રમાણમા જનમેદની એકત્રીત થતી હોય, તેમજ ગુપ્તચર એજન્સીઓ તરફથી અવાર-નવાર આંતકવાદી પ્રવૃતીઓ બાબતે ઈનપુટ મળતા હોય છે. જેથી સમગ્ર ગીર સોમનાથ જિલ્લામા કોઈ મકાન/દુકાન/ઔદ્યોગીક એકમોની જગ્યાના માલિક સંબંધીત પોલીસ સ્ટેશનને જાણ કર્યા સિવાય કોઈ વ્યક્તિને મકાન ભાડે આપી શકશે નહી તેવુ જાહેરનામુ પ્રસિધ્ધ કરવા પોલીસ અધિક્ષકશ્રી દ્વારા દરખાસ્ત કરાયેલ છે.

ગીર સોમનાથ જિલ્લો વિશાળ દરીયા કિનારો ધરાવે છે. જિલ્લામાં પવિત્ર યાત્રાધામ શ્રી સોમનાથ મંદિર આવેલ છે. આ સિવાય જિલ્લામાં પ્રવાસ-પર્યટનના તથા ધાર્મિક ઘણા સ્થળો આવેલા છે. જ્યાં વિશાળ પ્રમાણમાં દેશ-વિદેશના પ્રવાસીઓ આવે છે. આજ રીતે જિલ્લામાં આવેલ ઔદ્યોગીક એકમોમાં પરપ્રાંતના માણસો કામ ધંધા અર્થે આવે છે. આવા સંજોગોમાં ત્રાસવાદી પ્રવૃત્તિ સાથે સંકળાયેલ કોઈ વ્યક્તિ સ્થાનિકે ભાડેથી મકાન/દુકાન/ઔદ્યોગીક એકમોની જગ્યા લઈ સ્થાનિક માણસો સાથે ભળી જઈ બદ ઈરાદો પાર ન પાડે તે માટે જાહેર જનતાની સલામતી તથા સુરક્ષા માટે તકેદારીના પગલા લેવા આવશ્યક જણાતા હોય પોલીસ અધિક્ષકશ્રી, ગીર સોમનાથ જિલ્લો, વેરાવળ તરફથી રજુ થયેલ દરખાસ્ત વ્યાજબી જણાય છે.

આથી હું, એચ. આર. મોદી, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ગીર સોમનાથ જિલ્લો, વેરાવળ, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ ના નં. ૨)ની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ સત્તાની રૂઈએ આથી હુકમ કરૂ છું કે, ગીર સોમનાથ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં કોઈ મકાન/દુકાન/ઔદ્યોગીક એકમોના માલિક કે સંચાલક અગર તો આ માટે આવા મકાન માલિકે ખાસ

સત્તા આપેલ વ્યક્તિ જ્યારે મકાન/દુકાન/ઔદ્યોગીક એકમ ભાડે આપે ત્યારે સંબંધીત પોલીસ સ્ટેશને નિયત નમુનાની વિગતો સહની જાણ કર્યા સિવાય કોઈ વ્યક્તિને મકાન/દુકાન/ઔદ્યોગીક એકમોની જગ્યા ભાડેથી આપી શકશે નહી. ભાડે આપેલ મકાન/દુકાન/ઔદ્યોગીક એકમોની જગ્યાની વિગત ભાડુઆત અને સંબંધીત દલાલ કે જેઓએ ભાડુઆતની ઓળખાણ આપેલ હોય તે અંગેની જરૂરી માહિતી નિયત નમુના મુજબ જે તે વિસ્તારના પોલીસ સ્ટેશન ખાતે આપવાની રહેશે.

આ હુકમ તા. ૦૩-૦૮-૨૦૧૭ થી દિન-૬૦ સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહીતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમની જાહેર જનતાને જાણ સંબંધીત કચેરીઓએ તેમના નોટીસ બોર્ડ પર, સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યા ઉપર નકલ ચોટાડીને તથા માહિતી ખાતાએ વર્તમાન પત્રોમાં પ્રસિધ્ધી કરી કરવાની રહેશે. બોમ્બે પોલીસ એકટની કલમ-૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજ તારીખ : ૦૩ મી, માહે ઓગષ્ટ, ૨૦૧૭ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે જાહેર જનતાની જાણ તથા અમલવારી માટે આ હુકમ પ્રસિધ્ધ કરવામા આવ્યો.

ગીર સોમનાથ, ૦૩ માહે ઓગષ્ટ, સને ૨૦૧૭.

---

## ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ કાઢેલ હુકમ

## હુકમ

નં. એમએજી/સી/૩૦૦૬/૨૦૧૭.-પોલીસ અધિક્ષકશ્રી ગીર સોમનાથ જિલ્લો, વેરાવળના પત્ર ક્રમાંક : એલઆઈબી/લેબર કોન્ટ્રા./જા.નામુ/૭૪૩/૧૭, તા. ૨૪-૦૪-૨૦૧૭ ના પત્રથી રજુ થયેલ વિગતો મુજબ ગીર સોમનાથ જિલ્લામા વેરાવળ મુકામે રેયોન ફેકટરી, સુત્રાપાડા મુકામે જી.એચ.સી.એલ. અને સિધ્ધિ સિમેન્ટ ફેકટરી, કોડીનાર મુકામે અંબુજા ફેકટરી તથા સ્યુગર ફેકટરી જેવા ઔદ્યોગીક એકમો આવેલા છે. તેમજ ગીર સોમનાથ જિલ્લામાથી નેશનલ હાઈવે નં.-૮(ઈ) પસાર થાય છે. જે રોડ ઉપર હાઈવે ઓથોરીટી દ્વારા તથા માર્ગ અને મકાન વિભાગ દ્વારા રોડના તથા અન્ય બાંધકામના કામોમા અન્ય રાજોયમાથી મજુરો લાવી તેમનુ મજુરી કામમા ઉપયોગ કરવામા આવે છે. જે મજુરો, મજુર ઠેકેદારો તથા સપ્લાયર્સ/કોન્ટ્રાકટરો દ્વારા લાવવામાં આવે છે. તેમજ આ જિલ્લામા મિલ્કત વિરૂધ્ધના ગુન્હાઓ બનતા હોય અને આવા ગુન્હાઓની તપાસના અનુસંધાને મોટાભાગના કિસ્સાઓમા જાણવા મળેલ છે કે, ગુજરાત બહારના રાજયોમાથી આવેલા પરપ્રાંતિય મજુરો પ્રાથમિક ધોરણે રોડ ઉપર ખાડા ખોદવાના તેમજ ઔદ્યોગીક એકમોમા મજુરી કામ મેળવી સ્થાનીક પરિસ્થિતિથી માહિતગાર થઈ મોટી ઘરફોડ ચોરી, લુંટ તથા અન્ય મિલ્કત વિરૂધ્ધના ગુન્હાઓ આચરી પરત પોતાના વતનમા જતા રહેતા હોય, આવા ગુન્હા વણ શોધાયેલા રહે છે. જેથી માન. મુખ્યમંત્રીશ્રી, ગુજરાત રાજય તા. ૦૮-૦૭-૨૦૧૭ના રોજ બ્રિફીંગ મિટીંગમા આપવામાં આવેલ સુચના મુજબ સમગ્ર ગીર સોમનાથ જિલ્લામાં આવેલ ઔદ્યોગીક એકમો તથા અન્ય જગ્યાઓએ પરપ્રાંતના (ગુજરાત રાજય બહારના) મજુરોને કામે રાખનાર મજુર ઠેકેદારો તથા સપ્લાયર્સ/કોન્ટ્રાકટર્સ જયારે આવા મજુરોને કામે રાખે ત્યારે નિયત કરેલ ફોર્મમા માહિતી જે તે પોલીસ સ્ટેશનમા પુરી પાડે તે અંગેનું જાહેરનામુ પ્રસિધ્ધ કરવા દરખાસ્ત કરાયેલ છે.

ગીર સોમનાથ જિલ્લો વિશાળ દરીયા કિનારો ધરાવે છે જિલ્લામાં પવિત્ર યાત્રાધામ સોમનાથ આવેલા છે, આ સિવાય જિલ્લામાં પ્રવાસ-પર્યટનના તથા ધાર્મિક ઘણા સ્થળો આવેલા છે. જયાં વિશાળ પ્રમાણમાં દેશ-વિદેશના પ્રવાસીઓ યાત્રાળુઓ આવે છે આજ રીતે જિલ્લામાં આવેલ ઔદ્યોગીક એકમોમાં પરપ્રાંતના માણસો કામ ધંધા અર્થે આવે છે આવા સંજોગોમાં જાહેર જનતાની સલામતી તથા સુરક્ષા માટે તકેદારીના પગલા લેવા આવશ્યક જણાતા હોય પોલીસ અધિક્ષકશ્રી, ગીર સોમનાથ જિલ્લો, વેરાવળ તરફથી કરાયેલ દરખાસ્ત વ્યાજબી જણાય છે.

આથી હું, એચ. આર. મોદી, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ગીર સોમનાથ જિલ્લો, વેરાવળ ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨)ની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ સત્તાની રૂઈએ આથી હુકમ કરૂ છું કે, ગીર સોમનાથ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં કોઈ પરપ્રાંતના (ગુજરાત રાજય બહારના) મજુરોને કામે રાખનાર મજુર ઠેકેદારો, કોન્ટ્રાકટર, સપ્લાયર્સ તથા અન્ય કોઈ મજુરો કામે રાખનારાઓએ આવા મજુરોને કામે રાખે ત્યારે નિયત નમુનાના ફોર્મમા માહિતી ભરપાઈ કરી સબંધીત પોલીસ સ્ટેશન ખાતે પુરી પાડવાની રહેશે.

આ હુકમ તા. ૦૩-૦૮-૨૦૧૭થી દિન-૬૦ સુધી અમલમા રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય દંડ સંહીતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમની જાહેર જનતાને જાણ સંબંધીત કચેરીઓએ તેમના નોટીસ બોર્ડ પર, સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યા ઉપર નકલ ચોટાડીને તથા માહિતી ખાતાએ વર્તમાન પત્રોમાં પ્રસિધ્ધી કરી કરવાની રહેશે. બોમ્બે પોલીસ એકટની કલમ-૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજ તારીખઃ ૦૩ મી, માહે ઓગષ્ટ, ૨૦૧૭ ના રોજ મારી સહી તથા કચેરીના સિકકા સાથે જાહેર જનતાની જાણ તથા અમલવારી માટે આ હુકમ પ્રસિધ્ધ કરવામાં આવ્યો.

ગીર સોમનાથ, ૦૩ માહે ઓગષ્ટ, સને ૨૦૧૭.

---

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની
કલમ-૧૪૪ હેઠળ કાઢેલ હુકમ

## જાહેરનામું

નં. એમએજી/સી/૩૦૦૭/૨૦૧૭.-પોલીસ અધિક્ષકશ્રી ગીર સોમનાથના પત્ર ક્રમાંક : એલઆઈબી/હોટલ/સીસીટીવી/ જા.ના./૭૪૪/૨૦૧૭, તા. ૨૪-૦૭-૨૦૧૭ ના પત્રથી રજુ થયેલ વિગતો મુજબ ગીર સોમનાથ જિલ્લો કોસ્ટલ એરીયા ધરાવતો જિલ્લો છે અને બાર જ્યોતિર્લીંગ પૈકીનું એક સુપ્રસિધ્ધ સોમનાથ મંદિર આવેલ છે. તેમજ સુપ્રસિધ્ધ ધાર્મિક સ્થળ ત્રિવેણી સંગમ/દેહોત્સર્ગ/ગીતા મંદિર/તુલશીશ્યામ જેવા મોટા ધાર્મિક સ્થળો આવેલા છે અને જુનાગઢ જિલ્લામા શિવરાત્રી તથા ગીરનાર લીલી પરિક્રમા જેવા મોટા મેળાઓ પુરા થયા બાદ આ જગ્યાઓએ બહોળા પ્રમાણમા ધાર્મિક માણસો દર્શનાર્થે આવતા હોય છે. જેમા લાખોની જનમેદની એકત્ર થાય છે. તેમજ આ જિલ્લામા સુત્રાપાડા ખાતે જી.એચ.સી.એલ., કોડીનાર ખાતે અંબુજા સિમેન્ટ ફેકટરી અને વેરાવળ ખાતે ઈન્ડીયન રેયોન ફેકટરી જેવા ઔદ્યોગિક એકમો આવેલ છે. જે ઔદ્યોગિક એકમોમાં પરપ્રાંતના મજુરો/કર્મચારીઓ કામ કરે છે. આ ઉપરાંત ગીર સોમનાથ જિલ્લાને અડીને જુનાગઢ, પોરબંદર, અમરેલી જિલ્લાઓ તેમજ કેન્દ્રશાષીત પ્રદેશ દિવ આવેલ છે અને કોસ્ટલ/ નેશનલ હાઈવે તથા સ્ટેટ હાઈવે સાથે ગીર સોમનાથ જિલ્લો જોડાયેલ છે. તેમજ આગામી સમયમા હિન્દુ તથા મુસ્લિમ લોકોના વિવિધ તહેવારો આવતા હોય, લોકોની સુરક્ષા જાળવવી એ તંત્રની ફરજ બને છે.

ગુપ્તચર સંસ્થાઓના વખતો વખતના અહેવાલો તથા અમદાવાદમા ભુતકાળમાં બનેલ આંતકવાદી તત્વો દ્વારા અલગ-અલગ જગ્યાઓએ શ્રેણીબધ્ધ બોમ્બ ધડાકાઓ કરી મોટી જાનહાની તેમજ મિલ્કતની હાની કરવામા આવેલ છે. તેમજ લુંટ, ધાડ જેવા મિલ્કત વિરૂધ્ધના ગુન્હાઓ બનતા હોય છે. આવી રાષ્ટ્ર વિરોધી પ્રવૃતિ કરતી ગેંગ રાજય/શહેરની હાઈવે પરની હોટલો, ગેસ્ટ હાઉસો, લોજીંગ બોર્ડીંગ, ડાયનીંગ હોલ, રેસ્ટોરન્ટ, ધર્મશાળા, અતિથીગૃહ, વિશ્રામગૃહ, મુસાફર ખાના, રિસોર્ટ વિગેરેનો રોકાણ માટે ઉપયોગ કરતા હોય છે.

આવા પ્રકારના ગુન્હાઓ કરતા ગુન્હેગારોની ઓળખ સહેલાઈથી થઈ શકે તેમજ લોકોને સુરક્ષા પુરી પાડવાના હેતુથી ગીર સોમનાથ જિલ્લામા આવેલ તમામ હોટલો, ગેસ્ટ હાઉસો, લોજીંગ બોર્ડીંગ, ડાયનીંગ હોલ, ભોજનાલય, રેસ્ટોરન્ટ, ધર્મશાળા, અતિથીગૃહ, વિશ્રામગૃહ, મુસાફર ખાના, રિસોર્ટ, બેન્કો, સિનેમાઘરો, શોપીંગ મોલ, આંગડીયા પેઢી, સાયબરકાફે, સોની વેપારીની દુકાનો વિગેરે સ્થળો પર સી.સી.ટી.વી. કેમેરા (નાઈટ વિઝન તથા હાઈ ડેફીનેશન) વીથ રેકોર્ડીંગ સિસ્ટમ રાખવા અંગે ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ જાહેરનામુ પ્રસિધ્ધ કરવા દરખાસ્ત થઈ આવેલ છે.

ગીર સોમનાથ જિલ્લાના નાગરીકોની જાનમાલની સલામતી જળવાઈ રહે, આવા પ્રકારના ગુન્હા કરતા લોકોની ઓળખ મળી રહે, તેમજ ગુન્હાના મુળ સુધી પહોંચી સાચા આરોપીને પકડી શકાય તેમજ આવા ગુન્હાઓ બનતા નિવારી શકાય તે માટે પોલીસ અધિક્ષકશ્રી, ગીર સોમનાથ તરફથી કરાયેલ દરખાસ્ત વ્યાજબી જણાય છે.

આથી હું, એચ. આર. મોદી, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ગીર સોમનાથ જિલ્લો, વેરાવળ ફોજદારી અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ સત્તાની રૂઈએ આથી હુકમ કરૂ છું કે, ગીર સોમનાથ જિલ્લામા આવેલ હાઈવે/શહેરમાં આવેલ તમામ હોટલો, ગેસ્ટ હાઉસો, લોજીંગ બોર્ડીંગ, ડાયનીંગ હોલ, રેસ્ટોરન્ટ, ધર્મશાળા, અતિથીગૃહ, વિશ્રામગૃહ, મુસાફર ખાના, રિસોર્ટ, બેન્કો, સિનેમાઘરો, શોપીંગ મોલ, આંગડીયા પેઢી, સાયબરકાફે, સોની વેપારીની દુકાનો વિગેરે સ્થળો પર આવનાર તમામ માણસોને સરળતાથી ઓળખી શકાય તે રીતે સી.સી.ટી.વી. કેમેરા ગોઠવી ઉકત વિગતોનું રેકોર્ડીંગ કરવુ./તેમજ આ ડેટા બેકઅપ ૧૫-દિવસ સુધી જાળવી રાખવો, તેમજ સલામતી વિષયક બાબતો સંભાળતી પોલીસ સહીતની કોઈ એજન્સી આવા ડેટાની માંગણી કરે ત્યારે બનતી ત્વરાએ ઉપલભ્ધ કરવો.

આ હુકમ તા. ૦૨-૦૮-૨૦૧૭થી દિન-૬૦ સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય દંડ સંહીતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમની જાહેર જનતાને જાણ સંબંધિત કચેરીઓએ તેમના નોટીસ બોર્ડ પર, સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યા ઉપર નકલ ચોટાડીને તથા માહિતી ખાતાએ વર્તમાન પત્રોમાં પ્રસિધ્ધી કરી કરવાની રહેશે.

આજ તારીખઃ ૦૩ માહે ઓગસ્ટ–સને ૨૦૧૭ ના રોજ મારી સહી તથા કચેરીના સિકકા સાથે જાહેર જનતાની જાણ તથા અમલવારી માટે આ હુકમ પ્રસિધ્ધ કરવામાં આવ્યો.

ગીર સોમનાથ, ૩ માહે ઓગસ્ટ, સને ૨૦૧૭.

---

ફોજદારી કાર્યરીતિ આધિનિયમ-૧૯૭૩ની
કલમ-૧૪૪ હેઠળ કાઢેલ હુકમ

## હુકમ

નં. એમએજી/સી/૩૦૦૮/વાહન લે-વેચ/૨૦૧૭.-પોલીસ અધિક્ષકશ્રી, ગીર સોમનાથના પત્ર ક્રમાંક : એલઆઈબી/વાહન લે-વેચ/જા.ના./૭૪૫/૧૭, તા. ૨૪-૦૭-૨૦૧૭ થી રજુ થયેલ વિગતો મુજબ ગુજરાત રાજ્ય સહિત સમગ્ર દેશમા છેલ્લા કેટલાક સમયથી આતંકવાદી/ભાંગફોડીયા તત્વો દેશના અલગ અલગ રાજ્યોમાં આતંક ફેલાવવાના હેતુથી રજીસ્ટર્ડ ન થતા હોય તેવા સાયકલ/મોપેડ તથા અન્ય વાહનોનો ઉપયોગ કરતા

હોવાનું જણાયેલ છે. આતંકવાદી કૃત્યમા આવા વાહનનો ઉપયોગ થયા બાદ આવા વાહનોની કોઈ નોંધણી ન હોવાના કારણે તેના મુળ માલીક સુધી પહોંચવાનું તપાસ એજન્સી/પોલીસ માટે ખુબ જ મુશ્કેલી બનતું હોય છે. મહદઅંશે આવા વાહનોના વેચાણ વખતે અથવા જુના વાહનોની લે-વેચ કરતી વખતે તેમજ આવા વાહનો ભાડે આપતી વખતે વેપારીઓ ખરીદનાર/ગ્રાહક પાસેથી ઓળખના પુરતા પુરાવા મેળવ્યા વગર વાહનોનું વેચાણ કરતા હોય છે, લે-વેચ કરતા હોય છે કે ભાડે આપતા હોય છે. તાજેતરમા છેલ્લા થોડાક વર્ષોથી દેશના મોટા શહેરોમાં બનેલ અમુક બનાવોથી જણાય છે કે ત્રાસવાદી/અસામાજીક તત્વો આવા રજીસ્ટર્ડ ન થતા હોય તેવા સાયકલ/મોપેડ/અન્ય વાહનો ખરીદી કે ભાડે મેળવી જાહેર સલામતી અને શાંતિનો ભંગ કરે તેમજ માનવ જીંદગીની ખુમારી થાય અને લોકોની સંપતિને નુકશાન પહોંચે તેવી કોશીષ કરી રહયા છે.

બહારના રાજ્યોમાંથી અગર દેશ બહારથી આવતા આવા તત્વો રજીસ્ટર્ડ ન થતા હોય તેવા સાયકલ/મોપેડ/અન્ય વાહનો ખરીદી/લે-વેચ અથવા ભાડેથી મેળવી સ્થાનીક પરિસ્થિતિથી માહિતગાર થઈને તેઓની ત્રાસવાદી પ્રવૃતિઓને અંજામ આપતા હોય છે. જેથી રજીસ્ટર્ડ ન થતા હોય તેવા સાયકલ/મોપેડ/અન્ય વાહનોનું વેચાણ કરનાર તથા આવા જુના વાહનોની લે-વેચ કરનાર તથા આવા વાહનો ભાડે આપનાર વેપારીઓ ઉપર નિયંત્રણો મુકવા જરૂરી જણાય છે. જેથી પોલીસ અધિક્ષકશ્રી, ગીર સોમનાથ જિલ્લો, વેરાવળ તરફથી રજુ થયેલ દરખાસ્ત મુજબનુ જાહેરનામુ પ્રસિધ્ધ કરવુ ઉચિત જણાય છે.

આથી હું, એચ. આર. મોદી, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ગીર સોમનાથ જિલ્લો, વેરાવળ, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ના કાયદાની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂ છું કે, સમગ્ર ગીરસોમનાથ જિલ્લાના વિસ્તારમાં રજીસ્ટર્ડ ન થતા હોય, તેવા સાયકલ/મોપેડ/અન્ય વાહનોનું વેચાણ કરનાર, આવા વાહનોની લે-વેચ કરનાર તથા આવા વાહનો ભાડે આપનાર વેપારીઓ જ્યારે જ્યારે આવા વાહનોની લે-વેચ કરે કે આવા વાહનો ભાડે આપે ત્યારે જે તે વ્યક્તિને આવું વાહન વેચાણ કરેલ હોય, આવુ વાહન ખરીદેલ હોય અથવા તો જે વ્યકિતને ભાડે આપેલ હોય તેવી વ્યકિત પાસેથી માહિતી/આધાર પુરાવા તેમજ ઓળખ મેળવીને નિયત નમુના પ્રમાણેના રજીસ્ટર્ડની નિભાવણી કરવાનો આથી હુકમ કરવામા આવે છે. તેમજ જરૂરી જણાયે સક્ષમ અધિકારી માંગે ત્યારે તેઓને વિગતો પુરી પાડવાની રહેશે.

આ જાહેરનામુ બહાર પડયા તારીખથી દિન–૬૦ માટે અમલમા રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ જાહેરનામું જાહેર વિસ્તારોમાં સહેલાઈથી દેખી શકાય તેવી રીતે તેની નકલ ચોંટાડીને તેમજ સ્થાનીક વર્તમાનપત્રોમાં બહોળી પ્રસિધ્ધી આપીને પ્રસિધ્ધ કરવાનું આથી હું ફરમાવું છું.

આજ, તારીખઃ ૦૨ માહે ઓગષ્ટ–સને ૨૦૧૭ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા કરી જાહેરનામું બહાર પાડેલ છે.

ગીર સોમનાથ, ૦૨ માહે ઓગષ્ટ, સને ૨૦૧૭.

---

### ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ કાઢેલ હુકમ

### હુકમ

નં. એમએજી/સી/૩૦૦૯/૨૦૧૭.-પોલીસ અધિક્ષકશ્રી ગીર સોમનાથ, વેરાવળના પત્ર ક્રમાંક : એલઆઈબી/એસટીડી-પીસીઓ/જાહેરનામુ/૭૪૭/૧૭, તા. ૨૪-૦૭-૨૦૧૭ ના પત્રથી રજુ થયેલ વિગતો મુજબ ગીર સોમનાથ જિલ્લો કોસ્ટલ એરીયા ધરાવતો જિલ્લો છે અને બાર જ્યોર્તિલીંગમાનુ એક સુપ્રસિધ્ધ સોમનાથ મંદિર ગીર સોમનાથ જિલ્લામા આવેલ છે. તેમજ સુપ્રસિધ્ધ ધાર્મિક સ્થળ ત્રિવેણી સંગમ, દેહોત્સર્ગ, ગીતા મંદિર ગીર સોમનાથ જિલ્લામા આવેલ છે. આ ધાર્મિક સ્થળોએ બહોળા પ્રમાણમા માણસો દર્શનાર્થે આવતા હોય. તેમજ આ જીલ્લામા સુત્રાપાડા ખાતે જી.એચ.સી.એલ તથા કોડીનાર ખાતે અંબુજા સિમેન્ટ ફેકટરી આવેલ છે અને વેરાવળ ખાતે ઈન્ડીયન રેયોન ફેકટરી પણ આવેલ છે. ગીર સોમનાથ જિલ્લાની શરહદે જુનાગઢ, પોરબંદર, અમરેલી જીલ્લાઓ તેમજ કેન્દ્રશાષીત પ્રદેશ દિવ આવેલ છે. અને કોસ્ટલ /નેશનલ હાઈવે તથા સ્ટેટ હાઈવે સાથે ગીર સોમનાથ જિલ્લો જોડાયેલ છે.

અગાઉ ગુજરાત રાજ્યમા સ્થાનિક એસ.ટી.ડી./પી.સી.ઓ. ઉપરથી બનાવટી કોલ (ફેઈલ કોલ) દ્વારા ધમકી આપવાના ખંડણી માંગવાના, અપશબ્દો બોલવાના, મહીલાઓની જાતીય સતામણી કરવાના, ખોટી માહિતી આપવાના વગેરે કિસ્સાઓ બનેલ છે. જેથી પોલીસની કામગીરી વધી રહેલ છે. ગેરકાયદેસર બનાવોની પ્રવુતિના કારણે નાગરિકોમાં અસુરક્ષાની ભાવના ઉભી થાય છે અને તંત્ર પ્રત્યે નાગરીકો ધીરેધીરે વિશ્વાસ ગુમાવે છે. આ પ્રકારના ગુન્હાઓ આચરતા ગુન્હેગારોને પકડવાનું ઘણુ જ મુશ્કેલ બને પરંતુ આ પ્રકારના ગુન્હાઓ આચરતા ગુન્હેગારોની તપાસ દરમ્યાન જે જગ્યાએ એસ.ટી.ડી./પી.સી.ઓ. ધારકો કોલની આઈડેન્ટીટી ચકાસતા ન હોય તેમજ કોલ ડીટેઈલની નામ, સરનામાની માહિતીનું રજીસ્ટર રાખતા ન હોય ત્યા બનવા પામેલ છે. લોકોના જાનમાલની રક્ષા કરવી તે તંત્રની ફરજ છે. જેથી ગીર સોમનાથ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની જાળવણીના હેતુસર તમામ એસ.ટી.ડી./પી.સી.ઓ ધારકોએ કોલરની આઈડેન્ટીટી ચકાસવા તેમજ કોલ ડીટેઈલની નામ, સરનામાની માહીતીનુ રજીસ્ટર નિભાવવા નોટીફીકેશ હોવુ અત્યંત જરૂરી છે. જેના પરીણામે સ્થાનિક એસ.ટીડી./પી.સી.ઓ. ઉપરથી બનાવટી કોલ (ફેઈક કોલ)

દ્વારા ધમકી આપવાના, ખંડણી માંગવાના, અપશબ્દો બોલવાના, મહીલાઓની જાતિય સતામણી કરવાના, ખોટી માહિતી આપવાના કિસ્સાઓ બનતા અટકશે અને આવા કિસ્સો બનતા ગુન્હેગારને પકડવામાં સરળતા રહેશે. જેથી ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ લોકોને સુરક્ષા પુરી પાડવાના હેતુથી ગીર સોમનાથ જિલ્લામાં આવેલ તમામ એસ.ટી.ડી./પી.સી.ઓ. ધારકોએ કોલરની આઈડેન્ટીટી ચકાસવા તેમજ કોલ ડીટેઈલની નામ, સરનામાની માહિતી રજીસ્ટર રાખવા અંગેનું દિન-૬૦ નુ જાહેરનામુ પ્રસિધ્ધ કરવા પોલીસ અધિક્ષકશ્રી, ગીર સોમનાથ જિલ્લો વેરાવળ તરફથી દરખાસ્ત રજુ કરાયેલ છે.

ગીર સોમનાથ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે, લોકોમાં સલામતીની ભાવના જળવાઈ રહે, તેમજ બનાવટી કોલ કરનાર ગુન્હેગારોની ઓળખ મળી રહે, આવા ગુન્હાનુ પ્રમાણ ઘટે, લોકોને સુરક્ષા પુરી પાડવાના હેતુસર પોલીસ અધિક્ષકશ્રી, ગીર સોમનાથ તરફથી કરાયેલ દરખાસ્ત વ્યાજબી જણાય છે.

આથી હું, એચ. આર. મોદી, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ગીરસોમનાથ જિલ્લો, વેરાવળ ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ સત્તાની રૂઈએ આથી હુકમ કરૂ છું કે, ગીરસોમનાથ જિલ્લાના સમગ્ર વિસ્તાર આવેલ એસ.ટી.ડી./પી.સી.ઓ. ધારકોએ કોલરની આઈડેન્ટીટી ચકાસવી અને કોલ ડીટેઈલના નામ, સરનામાનુ રજીસ્ટર નિભાવવાનુ રહેશે. તેમજ સલામતી વિષયક બાબતો સંભાળતી પોલીસ સહીતની કોઈ એજન્સી આવા રજીસ્ટરની માંગણી કરે ત્યારે બનતી ત્વરાએ ઉપલબ્ધ કરવાનુ રહેશે.

આ હુકમ બહાર પાડયાની તારીખથી દિન-૬૦ સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહીતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમની જાહેર જનતાને જાણ સંબંધીત કચેરીઓએ તેમના નોટીસ બોર્ડ પર, સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યા ઉપર નકલ ચોટાડીને તથા માહિતી ખાતાએ વર્તમાન પત્રોમાં પ્રસિધ્ધી કરી કરવાની રહેશે.

આજ તારીખઃ ૦૨મી માહે ઓગષ્ટ, સને ૨૦૧૭ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે જાહેર જનતાની જાણ તથા અમલવારી માટે આ હુકમ પ્રસિધ્ધ કરવામાં આવ્યો.

ગીર સોમનાથ, ૦૨ માહે ઓગષ્ટ, સને ૨૦૧૭.

**એચ. આર. મોદી,**

અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
ગીર સોમનાથ જિલ્લો, વેરાવળ.

---

## જાહેરનામું

નં.ડીએમ-૧/જન્માષ્ટમીશોભાયાત્રા/ઈ. નં. ૩૨૯૬૨/૨૦૧૭- પાલીતાણા ખાતે આગામી તા. ૧૫-૦૮-૨૦૧૭ના રોજ જન્માષ્ટમી તહેવારની ભવ્ય ઉજવણી થનાર છે અને આ ઉજવણી દરમ્યાન ભવ્ય શોભાયાત્રા નીકળનાર હોય જેથી ટ્રાફીકને લગતો કોઈ પ્રશ્ન ઉભો ન થાય તે માટે ટ્રાફીક નિયમન કરવાનું જરૂરી જણાતા, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧)(બી) અન્વયે મળેલ સત્તાની રૂઈએ હું આર. પી. ચૌધરી, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભાવનગર જિલ્લો, ભાવનગર, આથી પાલીતાણા શહેરમાં નીચેના રસ્તાઓને તા. ૧૪-૦૮-૨૦૧૭ થી તા. ૧૫-૦૮-૨૦૧૭ (દિન-૨ દરમ્યાન) સુધી ''એકમાર્ગીય રસ્તો'' જાહેર કરૂં છું.

**રસ્તાનું નામ :**

(૧) ભાવનગર તરફથી પાલીતાણા તરફ આવતા વાહનોને રેલ્વે ક્રોસીંગ (ફાટક) થી જમણી બાજુ જતાં બાયપાસ રોડ થઈ સરદારનગર ચોકડી થઈ, ગારીયાધાર રોડ, ત્રણ રસ્તા થઈ સિંન્ધી કેમ્પ, મહાવીર પેટ્રોલ પંપ થઈને તળેટી તરફ જતા રોડ સુધી.

(૨) તળાજા તરફથી આવતા વાહનોને ગરાજીયા રોડ, ભીલવાસ તરફથી સાદડીભવન વાળા રસ્તે થઈ તળેટી રોડથી માનસિંહજી હોસ્પીટલ, મહાવીર પેટ્રોલપંપ, ગારીયાધાર રોડ ચોકડી થઈને ભાવનગર બાયપાસ તરફ જતા રોડ સુધી.

આ જાહેરનામાની જોગવાઈમાંથી પોલીસ વિભાગના, મહેસુલ વિભાગના તેમજ જાહેર સુખાકારી માટે નગરપાલીકાએ મુકેલા વાહનોને મુકિત આપવામાં આવે છે.

આ જાહેરનામાની અવધિ દરમ્યાન વૃધ્ધ, અશક્ત, યાત્રીકોને લાવવા/લઈ જવા માટે વાહનોના ઉપયોગની પરવાનગી સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી, પાલીતાણા આપી શકશે. આ હુકમનો ભંગ/ઉલ્લંઘન કરનાર મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

''જાહેરનામાનો અમલ તથા તેનાં ભંગ બદલ પગલા લેવા માટે ફરજ ઉપરના કોઈપણ હેડ કોન્સ્ટેબલ તથા તેનાથી ઉપરના અધિકારીને અધિકાર રહેશે.''

આ જાહેરનામું ઉપર નિર્દિષ્ટ કરેલ વિસ્તારમાં સહેલાઈથી દેખી શકાય તેવી જગ્યાઓએ તેની નકલો ચોટાડીને પ્રસિધ્ધ કરવાનું હું ફરમાવું છું.

મેં આજરોજ તા. ૦૨-૦૮-૨૦૧૭ ના રોજ મારી સહી કરી સીકકો કર્યો છે.

ભાવનગર, ૦૨ માહે ઓગષ્ટ, સને ૨૦૧૭.

---

## જાહેરનામું

નં. ડી.એમ.-૧/જા.ના./ઈ.નં.૩૪૩૦૯/૨૦૧૭.-ભાવનગર શહેર તથા જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તેમજ જાહેર સુરક્ષા અને સલામતી માટે ગુન્હાઓ બનતા અટકાવવા અને જો બનાવ બને તો તે બનાવને અંજામ આપનાર ઈસમ સુધી પહોંચવા માટે અને તેની ઓળખ મેળવવા માટે ભાવનગર શહેર તથા જિલ્લાના સમગ્ર વિસ્તાર માટે ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪નો બીજો અધિનિયમ)ના કાયદાની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ અધિકારની રૂઈએ હું, આર. પી. ચૌધરી (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભાવનગર નીચે મુજબનો હુકમ કરુ છું.

**(૧) મોબાઈલ-સીમકાર્ડ (નવા/જુના)નું વેચાણ કરવા બાબત :**

ગુજરાત રાજ્ય સહિત સમગ્ર દેશમાં બનતા ગુનાઓમાં મોબાઈલ ફોનના ઉપયોગ તથા મોબાઈલ ચોરીના ગુનાઓનું પ્રમાણ વધવા પામેલ છે. આવા ગુનાઓ શોધી કાઢવા માટે ગુનામાં વપરાયેલ અથવા ખોવાઈ ગયેલ મોબાઈલ ફોનના IMEI નંબરનું ટ્રેકીંગ કરીને ગુનાના મુળ સુધી પહોંચવાના પ્રયત્નો કરવામાં આવે છે. ઘણી વખતે મોઈલ ફોનના વપરાશકર્તા સુધી પહોંચવામાં આવે ત્યારે જાણવા મળે છે કે તેમણે કોઈ અજાણ્યા માણસ પાસેથી મોબાઈલ ખરીદેલ છે, જે મોબાઈલ વેચનાર/ખરીદનારને ચોરાયેલ અથવા ગુનામાં વપરાયેલ હોવાની માહિતી હોતી નથી, તેથી તપાસમાં કોઈ ફળદાયક હકિકત મળતી નથી. જેથી આ મોબાઈલ હેન્ડસેટ ખરીદનાર/વેચનાર વ્યક્તિની જવાબદારી નકકી કરવા અને પ્રસ્તુત બાબતે આવા ગુનાઓના મુળ સુધી પહોચી, સાચા આરોપીને શોધી કાઢવા માટે જુના/નવા મોબાઈલ/સીમકાર્ડ કોની પાસેથી ખરીદેલ છે કે કોને વેચાણ આપેલ છે તે હાલના સંજોગોને ધ્યાને લઈ જાણવુ ખુબ જ જરૂરી જણાય છે. આથી જુના/નવા મોબાઈલ/સીમકાર્ડની લે-વેચ કરતા વેપારીઓએ નીચે મુજબનાં નમુનામાં રજીસ્ટર નિભાવવાનું રહેશે.

| ક્રમ | મોબાઈલ/સીમકાર્ડની વિગત/કંપનીનું નામ. | I.M.E.I. Number | મોબાઈલ/ સીમકાર્ડ ખરીદનાર/ વેચનારનું નામ તથા સરનામા, ટેલીફોન નંબરની વિગતો. | મોબાઈલ/ સીમકાર્ડ ખરીદનાર/ વેચનારના આઈડેન્ટીટી તથા રેસીડેન્ટ પ્રુફ. |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |

(૧) મોબાઈલ-સીમકાર્ડ લે-વેચ અંગેના રજિસ્ટર/રેકર્ડ સાચવવાની મુદત ૧ વર્ષની રહેશે.

(૨) કોમ્પ્યુટરાઈઝ રજિસ્ટર નિભાવી શકાશે પરંતુ તેનું નિયમિત બેકઅપ લેવાનું રહેશે.

(૩) મોબાઈલ-સીમકાર્ડની લે-વેચ થયેલ હોય તે અંગેના દસ્તાવેજી પુરાવા તથા આઈ.ડી. પ્રુફ લે-વેચ સમયે જ મેળવવાવા રહેશે અને તેની અલાયદી ફાઈલ રાખવી જે ચેકીંગ સમયે બતાવવાની રહેશે અને મોબાઈલ-સીમકાર્ડ લે-વેચ કર્યાની તારીખથી દિન-૧૫માં રજિસ્ટરમાં સંપૂર્ણ નોંધ કરી અદ્યતન રાખવાનું રહેશે.

(૪) શોપીંગ મોલમાં મોબાઈલ લે-વેચ કરતા વેપારીઓએ જાહેરનામાંનો અમલ કરવાનો રહેશે.

**(૨) સાયકલ/મોપેડ/વિદ્યુતથી ચાલતા વાહનો તથા જુના વાહનો (તમામ પ્રકારના ફોર વ્હીલર, થ્રી વ્હીલર, ટુ વ્હીલર)ના વેચાણ કરવા બાબત :**

ગુજરાત રાજ્ય સહિત સમગ્ર દેશમાં છેલ્લાં કેટલાક સમયથી આતંકવાદી ભાંગફોડીયા તત્વો દેશના અલગ-અલગ રાજ્યોમાં આતંક ફેલાવવાના હેતુથી રજિસ્ટર્ડ ન થતા હોય તેવા સાયકલ/મોપેડ/વિદ્યુતથી ચાલતા વાહનો તથા જુના વાહનો (તમામ પ્રકારના ફોર વ્હીલર, થ્રી વ્હીલર, ટુ વ્હીલર)ના ઉપયોગ કરતા હોવાનું જણાય છે. આતંકી કૃત્યમાં આવા વાહનોનો ઉપયોગ થયા બાદ આવા વાહનોની કોઈ સ્પષ્ટ નોંધણી ન હોવાના કારણે તેના મૂળ માલિક સુધી પહોંચવાનું તપાસ એજન્સી/પોલીસ માટે ખૂબ જ મુશ્કેલ બનતું હોય છે. મહદઅંશે આવા વાહનોના વેચાણ વખતે આવા જૂના વાહનોની લે-વેચ કરતી વખતે તેમજ આવા વાહનો ભાડે આપતી વખતે વેપારીઓ ખરીદનાર/ગ્રાહક પાસેથી ઓળખના પુરતા પુરાવા મેળવ્યા વગર વાહનોનું વેચાણ કરતા હોય છે, લે-વેચ કરતા હોય છે કે ભાડે આપતા હોય છે. બહારના રાજ્યોમાંથી અગર દેશ બહારથી આવતા આવા તત્વો રજિસ્ટર્ડ ન થતા હોય તેવા સાયકલ/મોપેડ/વિદ્યુતથી ચાલતા વાહનો તથા જુના વાહનો (તમામ પ્રકારના ફોર વ્હીલર, થ્રી વ્હીલર, ટુવ્હીલર) ખરીદી/ભાડેથી મેળવી સ્થાનિક પરિસ્થિતિથી માહિતગાર થઈને તેઓની ત્રાસવાદી પ્રવૃતિઓને અંજામ આપતા હોય છે. જેથી રજિસ્ટર્ડ ન થતા હોય તેવા સાયકલ/મોપેડ/વિદ્યુતથી ચાલતા વાહનો તથા જુના વાહનો (તમામ પ્રકારના ફોર વ્હીલર, થ્રી વ્હીલર, ટુ વ્હીલર)નું વેચાણ કરનાર, આવા વાહનોની લે-વેચ કરનાર તથા આવા વાહનો ભાડે આપનાર વેપારીઓ ઉપર નિયંત્રણો મુકવા જરૂરી જણાય છે. આથી સાયકલ/મોપેડ/વિદ્યુતથી ચાલતા વાહનો તથા જુના વાહનો (તમામ પ્રકારના ફોર વ્હીલર, થ્રી વ્હીલર, ટુ વ્હીલર) લે-વેચ કરતા વેપારીઓએ નીચે મુજબનાં નમુનામાં રજીસ્ટર નિભાવવાનું રહેશે.

| ક્રમ | વાહન કોને વેચેલ છે?/ કોની પાસેથી ખરીદેલ છે?/ કોને ભાડે આપેલ છે? તેનું પુરૂ નામ અને સરનામું, ટેલીફોન નંબર, ઉંમર | વાહનનો પ્રકાર | વાહનનો એન્જીન નંબર/ચેસિસ નંબર | રજુ કરેલ આધાર-પુરાવાઓ જેવા કે રેશનકાર્ડ/ચૂંટણી કાર્ડ/ડ્રાઈવિંગ લાયસન્સ/બેન્કની પાસબૂક/ પાનકાર્ડ/આકારણી પત્રક/પાસપોર્ટની નકલ/ઈલેક્ટ્રીક બીલ/ ટેલીફોન બીલ/ મોબાઈલ બીલ વિગેરેની પ્રમાણિત નકલો | વાહનના વેચાણ બીલ નંબર અને તારીખની વિગત |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |

**(૩) મકાન તથા ઔદ્યોગિક એકમો ભાડે આપવા બાબત :**

રાજ્યમાં ત્રાસવાદી/અસામાજીક તત્વો શહેરોમાં તેમજ ગીચ વસ્તીવાળા વિસ્તારોમાં ગુપ્ત આશરો મેળવી જાહેર સલામતી અને શાંતીનો ભંગ કરી તેમજ આતંકવાદી પ્રવૃતિઓ કરતા હોવાથી માનવ જીંદગીની ખુવારી થાય અને જાહેર તેમજ ખાનગી સંપતિને નુકશાન પહોંચે છે, જેમાં બહારના રાજ્યોમાંથી કે દેશ બહારથી આવતા આવા તત્વો કોઇના મકાન ભાડે રાખીને રહેતા હોય છે અને સ્થાનિક વિસ્તારનો સર્વે કરી સ્થાનિક પરિસ્થિતીથી માહિતગાર થઇને તેઓની ત્રાસવાદી પ્રવૃતિઓને અંજામ આપતા હોય છે. જેથી રાજ્ય અને દેશની સલામતી સાચવવા સહકાર મેળવવા માટે મકાન/ઔદ્યોગિક એકમોના માલીકો દ્વારા ભાડે અપાતા મકાનો/એકમો બાબતે નજીકના પોલીસ સ્ટેશને મકાન/એકમ ભાડે લેનારના નામો અંગે જાણ કરવામાં આવે તો આવી પ્રવૃતિ કરનારની યોગ્ય ચકાસણી થઈ શકે. જે વિગતે મકાન/ઔદ્યોગિક એકમના માલીકો ઉપર થોડાંક નિયંત્રણો મુકવા સારૂ ભાવનગર જિલ્લામાં મકાન, ઔદ્યોગિક એકમો ભાડે આપતા પહેલા પોલીસતંત્રને નીચે મુજબનાં નમુનામાં જાણ કરવાની રહેશે.

| નં. | મકાન માલીકનું નામ તથા ભાડે આપવાનું મકાન/એકમ કયા શહેર અને તેના વિસ્તાર/ ગામમાં આવેલ છે? તેનું બાંધકામ કેટલા ચો. મી. છે? | મકાન/એકમ ભાડે આપવા ખાસ સત્તા ધરાવતા વ્યકિતનું નામ. | મકાન/એકમ કયારથી ભાડે આપવાનું છે તથા માસીક કેટલા ભાડાથી આપવા ધારેલ છે? | જે વ્યકિતને મકાન/એકમ ભાડે આપવાનું હોય તેનાં પાકા નામ/સરનામા તથા તેના સંપર્ક નંબરો સહિતની વિગતો | મકાન માલીકને ભાડુઆતનો સંપર્ક કરાવનાર વ્યક્તિનું નામ/સરનામું |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |

**(૪) હોટલ/ગેસ્ટ હાઉસ/મુસાફરખાના ભાડે આપવા તથા તેમા સી.સી.ટી.વી. કેમેરા ગોઠવવા બાબત :**

ગુજરાત રાજ્ય સહિત સમગ્ર દેશમાં આતંકવાદ/ત્રાસવાદી તત્વો બહારના રાજ્યો કે દેશ બહારથી આવતા હોય છે, અને હોટલ/ગેસ્ટ હાઉસ/મુસાફરખાના ભાડે રાખી રહેતા હોય છે. તેમજ વિસ્તારનો સર્વે કરી સ્થાનિક પરિસ્થિતિથી માહિતગાર થઈને ત્રાસવાદી પ્રવૃતિઓને અંજામ આપતા હોય છે. ભાવનગર જિલ્લો વિશાળ દરીયાકિનારો ધરાવે છે. આ જિલ્લામાં પ્રવાસ-પર્યટનના તથા ધાર્મિક સ્થળો આવેલા છે, જ્યાં વિશાળ પ્રમાણમાં દેશ-વિદેશના પ્રવાસીઓ, યાત્રાળુઓ આવતા હોય છે. તેમજ આ જિલ્લામાં આવેલ ઔદ્યોગિક એકમોમાં પર પ્રાંતીય માણસો કામ-ધંધા અર્થે આવે છે. આવા સંજોગોમાં ત્રાસવાદી પ્રવૃતિ સાથે સંકળાયેલ કોઈ વ્યક્તિ હોટલ/ગેસ્ટહાઉસ/મુસાફરખાનામાં આશરો લઈ સ્થાનિક માણસો સાથે ભળી જઈ બદઈરાદો પાર ન પાડે તે માટે જાહેર જનતાની સલામતી તથા સુરક્ષા માટે તકેદારીના પગલા લેવા આવશ્યક છે. આથી હોટલ/ગેસ્ટહાઉસ/મુસાફરખાના, રાહતદરે ચાલતી કે સખાવતથી ચાલતી, તમામ સહકારી, ધાર્મીક કે ટ્રસ્ટના અને ખાનગી વ્યવસાયો/સંસ્થાઓના માલીકોએ નીચે મુજબના નમુનામાં રજિસ્ટર નિભાવવા, દર માસે સંબંધિત પોલીસ સ્ટેશનને જાણ કરવા તથા તેમાં સી.સી.ટી.વી. કેમેરા, ઈન્ટરનેટ કનેકટીવીટી તથા આઈ.પી. કેમેરા નાઈટ વિઝન સાથેના નીચેની વિગતે ગોઠવવાના રહેશે.

| નં. | ગેસ્ટનું નામ, સરનામું | સંપર્ક નંબર | આવ્યા તારીખ, સમય | કયાંથી આવ્યા છે? | કયાં જવાના છે? | આવવાનું કારણ | આઈ.ડી.પ્રુફની વિગત (રહેનાર સભ્યો એક જ કુટુંબના હોય ત્યારે કુટુંબની મુખ્ય વ્યક્તિનું આઈ.ડી. પ્રુફ મેળવવાનું રહેશે, જયારે કુટુંબ સિવાયના તમામ મુસાફરોનું આઈ.ડી. પ્રુફ મેળવવાનું રહેશે.) | ગયા તારીખ, સમય | ગેસ્ટનું નામ તથા સહી | રીમાર્કસ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ |

(૧) સી.સી.ટી.વી. કેમેરા, ઈન્ટરનેટ કનેકટીવીટી તથા આઈ. પી. કેમેરા નાઈટ વિઝન સુવિધા સાથેના હોવા જોઈએ.

(૨) હોટલ, ગેસ્ટહાઉસ, મુસાફરખાનામાં પ્રવેશદ્વાર ઉપર ગ્રાહકનું મોઢું જોઈ શકાય તે રીતે મુખ્ય પ્રવેશદ્વાર ઉપર આઈ.પી. કેમેરા નાઈટ વિઝન સાથેના લગાડેલ હોવા જોઈએ.

(૩) વાહનનો નંબર જોઈ શકાય તે રીતે વાહન પાર્કિંગમાં આઈ.પી. કેમેરા નાઈટ વિઝન સાથેના લગાડેલ હોવા જોઈએ.

(૪) રીસેપ્શન ઉપર ગ્રાહકનું મોઢું જોઈ શકાય તે રીતે આઈ.પી. કેમેરા નાઈટ વિઝન સાથેના લગાડેલ હોવા જોઈએ.

(૫) ઓછામાં ઓછુ દિન-૧૫નું રેકોર્ડીંગ સ્ટોર રહેવું જોઈએ.

**(૫) પાકા બાંધકામવાળા રેસ્ટોરન્ટો-ભોજનાલયો, ટ્રાવેલસ એજન્સીની બસો, શાળા કોલેજ તેમજ અન્ય શૈક્ષણિક સંકુલોની બસો, જુદી-જુદી તમામ બેંકો, બેંકના એ.ટી.એમ. મશીન સેન્ટરો, સોના-ચાંદીની દુકાનો, પેટ્રોલ પંપ તથા પાંચ કે તેથી વધુ દુકાન હોય તેવા કોમર્શીયલ કોમ્પલેક્ષોમાં ઈન્ટરનેટ કનેકટીવીટી તથા આઈપી નાઈટવીઝન સાથેના સી.સી.ટી.વી. કેમેરા લગાવવા બાબતઃ**

ભાવનગર શહેર તથા જિલ્લામાં ખૂબ મોટા પ્રમાણમાં રેસ્ટોરન્ટો, ટ્રાવેલ્સ એજન્સીઓ, શાળા કોલેજ તેમજ અન્ય શૈક્ષણિક સંકુલો, જુદી-જુદી બેંકો, એ.ટી.એમ. મશીન, સોના-ચાંદીની દુકાનો, પેટ્રોલ પંપ તથા કોમર્શીયલ કોમ્પલેક્ષ આવેલા છે. આ તમામ સ્થળોએ મોટી સંખ્યામાં માણસો/વાહનોની અવાર-જવર રહેતી હોય છે જેને લીધે અપહરણ, છેડતીના બનાવો, લૂંટ, નશીલા પદાર્થોની હેરાફેરી વિગેરે જુદા-જુદા પ્રકારના ગુન્હાઓ બનવાની શકયતાને નકારી શકાય તેમ નથી તથા હાલના ઝડપી વાહનવ્યવહારના સમયમાં દુરના ઈસમો એ.ટી.એમ. મશીનો, સોના-ચાંદીની દુકાન તથા પેટ્રોલ પંપની રેકી કરી પ્લાન બનાવી લુંટના ગુન્હાઓ આચરે છે અને આવા ગુન્હાઓ ભવિષ્યમાં બનતા રહે અને તેના પ્રમાણમાં વધારો થતો રહે તે હકિકત નકારી શકાય નહી તથા ભાવનગર જિલ્લામાં ચોરી તથા ચેઈન સ્નેચીંગના બનાવો બનવા પામે છે અને આ બનાવોમાં સોના-ચાંદીના ઘરેણા ચોર ઈસમો મોટાભાગે સોના-ચાંદીની દુકાને વેચવા જતા હોય છે અને સોના-ચાંદીના વેપારીઓ ઓછી કિંમતે ચોરીના ઘરેણા પૈસાની લાલચે ખરીદી કરે છે અને લીધેલ ઘરેણાને ઓગાળીને લગડી બનાવી નાખે છે. જેથી ચોરીમાં ગયેલ ઘરેણાની ઓળખ શકય બનતી નથી અને ઘણા કિસ્સાઓમા ચોર ઈસમ જે સોના-ચાંદીની દુકાને ઘરેણા વેચેલ હોય તે દુકાન બતાવતા હોય છે પરંતુ સોની(વેપારી) ઘણા કિસ્સામાં તે હકિકત સ્વિકારતા નથી અને તે સમયે કોઈ ચોકકસ પુરાવા નહી હોવાના કારણે તપાસમાં મુશ્કેલીઓ ઉભી થવા પામે છે. તેથી ભાવનગર શહેર અને જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે, તેમજ ઉકત ગુન્હાઓ બનતા અટકાવવા અને જો બનાવ બને તો તે બનાવને અંજામ આપનાર ઈસમ સુધી પહોંચવા માટે અને તેની ઓળખ મેળવવા માટે ભાવનગર શહેર તથા જિલ્લામાં આવેલ પાકા બાંધકામવાળા રેસ્ટોરન્ટો-ભોજનાલયો, ટ્રાવેલ્સ એજન્સીની બસો, શાળા કોલેજ તેમજ અન્ય શૈક્ષણિક સંકુલોની બસો, જુદી-જુદી તમામ બેંકો, બેંકના એ.ટી.એમ. મશીન સેન્ટરો, સોના-ચાંદીની દુકાનો, પેટ્રોલ પંપ તથા પાંચ કે તેથી વધુ દુકાન હોય તેવા કોમર્શીયલ કોમ્પલેક્ષોમાં ઈન્ટરનેટ કનેકટીવીટી તથા આઈપી નાઈટવીઝન સાથેના સી.સી.ટી.વી. કેમેરા હોવા જરૂરી જણાતા હોય, સમગ્ર ભાવનગર જિલ્લામાં આવેલ તમામ પાકા બાંધકામવાળા રેસ્ટોરન્ટો-ભોજનાલયો, ટ્રાવેલ્સ એજન્સીની બસો, શાળા કોલેજ તેમજ અન્ય શૈક્ષણિક સંકુલોની બસો, જુદી-જુદી તમામ બેંકો, બેંકના એ.ટી.એમ. મશીન સેન્ટરો, સોના-ચાંદીની દુકાનો, પેટ્રોલ પંપો તથા પાંચ કે તેથી વધુ દુકાન હોય તેવા કોમર્શીયલ કોમ્પલેક્ષોમાં ઈન્ટરનેટ કનેકટીવીટી તથા આઈપી નાઈટવીઝન સાથેના સી.સી.ટી.વી. કેમેરાઓ લગાવવાના રહેશે.

- સદરહું જાહેરનામું તા. ૧૩-૦૮-૨૦૧૭ થી તા. ૧૧-૧૦-૨૦૧૭ સુધી (બંને દિવસો સુધ્ધા) દિન-૬૦ માટે અમલમાં રહેશે.
- આ જાહેરનામાનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.
- ''આ જાહેરનામાના અમલ તથા તેના ભંગ બદલ પગલા લેવા હેડકોન્સ્ટેબલથી નીચેના ન હોય તેવા પોલીસ અધિકારીશ્રીને અધિકૃત કરવામાં આવે છે.''
- આ અંગેનું રેકર્ડ/માહિતી પોલીસ અધીક્ષકશ્રી, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, સબ ડીવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી, એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટશ્રી કે તેમના તાબાના અધિકારીશ્રી દ્વારા સુચના મળ્યે રજુ કરવાની રહેશે.

આ જાહેરનામું જાહેર વિસ્તારોમાં સહેલાઈથી દેખી શકાય તેવી રીત તેની નકલ ચોંટાડીને તેમજ સ્થાનિક વર્તમાનપત્રોમાં બહોળી પ્રસિધ્ધી આપીને પ્રસિધ્ધ કરવાનું આથી હું ફરમાવું છું.

આજ તા. ૧૧-૦૮-૨૦૧૭ના રોજ મારી સહી તથા કચેરીનો સિકકો કરી જાહેરનામું બહાર પાડેલ છે.

ભાવનગર, ૧૧ માહે ઓગષ્ટ, સને ૨૦૧૭.

---

## જાહેરનામું

નં.ડી.એમ.-૧/ભાદરવી/ઈ.નં.૩૪૨૦૩/૨૦૧૭.-ભાવનગર તાલુકાના કોળીયાક ગામ પાસે આવેલ નિષ્કલંક મહાદેવજીના મંદીરે આગામી ભાદરવી અમાસ નિમિતે તા. ૨૦-૦૮-૨૦૧૭ તથા તા. ૨૧-૦૮-૨૦૧૭ના બે દિવસ દરમ્યાન પરંપરાગત લોકમેળો ભરાનાર છે. આ મેળામાં મોટી સંખ્યામાં યાત્રાળુઓ વાહન દ્વારા આવતા હોય છે અને આ સ્થળે જવા માટે એક જ રસ્તો હોઈ, જેથી આ મેળા દરમ્યાન ટ્રાફીક નિયમન જળવાઈ રહે અને વાહન વ્યવહાર સ્થગિત ન થાય તેમજ અકસ્માતો નિવારી શકાય તે માટે ટ્રાફિક નિયમન કરવાનું જરૂરી જણાય છે. આથી ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧)(બી) અન્વયે મને મળેલ અધિકારની રૂઈએ હું, આર. પી. ચૌધરી, જી.એ.એસ., અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભાવનગર જિલ્લો, ભાવનગર, આથી આ મેળા દરમિયાન નીચેની અનુસૂચિમાં દર્શાવેલ રસ્તાને આગામી તા. ૨૦-૦૮-૨૦૧૭ તથા તા. ૨૧-૦૮-૨૦૧૭ સુધી બે દિવસ માટે ટ્રાફિક નિયમન સારૂં નીચે મુજબ હુકમ કરૂ છું. આ જાહેરનામું તમામ પ્રકારના વાહનોને પણ લાગુ પડશે.

**: અનુસૂચિ :**

(૧) મેળામાં સરકારી ફરજ પર ન હોય તેવા તમામ વાહનો ગુંદી ગામ પાસે તેમના પેસેન્જરો ઉતારી દઈ ત્યાંથી હોઈદડ ગામ જવાના રસ્તા પર તેમના વાહનો પાર્કિંગ કરવા લઈ જવાના રહેશે.

(૨) મેળામાં સરકારી ફરજ પર હોય તેવા તમામ વાહનોએ સબંધિત કચેરીનાં અધિકારીશ્રીનો પત્ર પોલીસ અધિક્ષકશ્રી, ભાવનગરની કચેરી (એલ.આઈ.બી. શાખા)માં આપી કારપાસ (વાહન પ્રવેશપાસ) તા. ૧૯-૦૮-૨૦૧૭ ના ૧૫-૦૦ કલાક સુધીમાં મેળવી લેવાના રહેશે.

આ જાહેરનામાના ભંગ અગર ઉલ્લંઘન કરનાર સદરહું અધિનિયમની કલમ-૧૩૧ હેઠળ શિક્ષાને પાત્ર થશે. આ જાહેરનામાના અમલ તથા તેના ભંગ બદલ પગલા લેવા હેડકોન્સ્ટેબલથી નીચેના દરજ્જાના ન હોય તેવા અધિકારીશ્રીને અધિકૃત કરવામાં આવે છે.

આ જાહેરનામું, ઉપર નિર્દિષ્ટ કરેલા વિસ્તારમાં સહેલાઈથી દેખી શકાય તેવી જગ્યાઓએ તેની નકલો ચોંટાડીને તેમજ સ્થાનીક વર્તમાનપત્રોમાં બહોળી પ્રસિધ્ધી આપીને પ્રસિધ્ધી કરવાનું ફરમાવું છું.

આ જાહેરનામા અન્વયે મહેસુલી તંત્રના, પોલીસ તંત્રના, જિલ્લા પંચાયતના, માર્ગ અને મકાન વિભાગના, આરોગ્ય તંત્રના, પોર્ટ વિભાગના, એસ.ટી. કોર્પોરેશન, પી.જી.વી.સી.એલ. તથા માહિતી વિભાગના વાહનોને આ જાહેરનામામાંથી મુકિત આપવામાં આવે છે.

મેં આજ તા. ૧૧-૮-૨૦૧૭ના રોજ મારી સહી કરી કચેરીનો સિક્કો માર્યો.

ભાવનગર, ૧૧ માહે ઓગષ્ટ, સને ૨૦૧૭.

---

## જાહેરનામું

નં.ડી.એમ.-૧/ભાદરવી/ઈ.નં. ૩૪૨૦૭/૨૦૧૭.-ભાવનગર તાલુકાના કોળીયાક ગામ પાસે આવેલ નિષ્કલંક મહાદેવજીના મંદીરે આગામી ભાદરવી અમાસનો મોટો મેળો ભરાય છે. આ મેળામાં મોટી સંખ્યામાં લોકો ફુલ (અસ્થિ) પધરાવવા તથા દરિયામાં સ્નાન કરવા માટે આવતા હોય છે. આ દરિયામાં નિષ્કલંક મહાદેવનાં ઓટા પાસે જમણી બાજુમાં પાણીમાં ગંભીર વમળ હોય છે. જેને લીધે સને ૧૯૭૭માં ૧૭ માણસો ડુબી ગયેલ હોવાની દુર્ઘટના બનેલ છે.

સબબ, જાનમાલની સલામતી ખાતર ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(એસ) અન્વયે મને મળેલ અધિકારની રૂઈએ હું, આર. પી. ચૌધરી, જી.એ.એસ., અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભાવનગર જિલ્લો, ભાવનગર, આથી ફરમાવું છું કે, આગામી તા. ૨૦-૦૮-૨૦૧૭ તથા તા. ૨૧-૦૮-૨૦૧૭, આ બન્ને દિવસોએ કોળીયાક, તા.જિ. ભાવનગરના નિષ્કલંક મહાદેવના દરિયામાં દરિયાનું પાણી નિષ્કલંક મહાદેવના ઓટાથી ઉતરીને આગળ જતુ રહે ત્યાર પહેલા દરિયામાં સ્નાન કરવા જવુ નહી.

આ જાહેરનામાનું ઉલ્લંઘન કરનારને સદર અધિનિયમની કલમ-૧૩૧ મુજબ શિક્ષા થશે. આ જાહેરનામાના અમલ તથા તેના ભંગ બદલ પગલા લેવા હેડકોન્સ્ટેબલથી નીચેના દરજ્જાના ન હોય તેવા અધિકારીશ્રીને અધિકૃત કરવામાં આવે છે.

આ જાહેરનામું, ઉપર નિર્દિષ્ટ કરેલા વિસ્તારમાં સહેલાઈથી દેખી શકાય તેવી જગ્યાઓએ તેની નકલો ચોંટાડીને અને સ્થાનીક વર્તમાનપત્રોમાં બહોળી પ્રસિધ્ધી આપીને પ્રસિધ્ધી કરવાનું ફરમાવું છું.

મેં આજ તા. ૧૧-૦૮-૨૦૧૭ના રોજ મારી સહી કરી કચેરીનો સિક્કો માર્યો.

ભાવનગર, ૧૧ માહે ઓગષ્ટ, સને ૨૦૧૭.

---

નં. ડી.એમ.-૧/લશ્કરી ભરતી મેળો/જા.ના./૨૦૧૭.-આગામી તા. ૦૩-૦૮-૨૦૧૭ થી તા. ૧૩-૦૮-૨૦૧૭ દરમ્યાન મહારાજ કૃષ્ણકુમારસિંહજી ભાવનગર યુનિવર્સીટીના ક્રિકેટ ગ્રાઉન્ડ ખાતે લશ્કરી ભરતી મેળાનું આયોજન કરેલ છે. જે અન્વયે કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે હેતુસર તા. ૦૩-૦૮-૨૦૧૭ થી તા. ૧૩-૦૮-૨૦૧૭ દરમ્યાન સાયન્સ કોલેજ હોસ્ટેલ તથા વિશાલા પાર્ક તરફના રસ્તા પર રાત્રીનાં ૧૨-૦૦ કલાકથી સવારે ૬-૦૦ કલાક માટે પ્રવેશબંધી ફરમાવતું જાહેરનામું પ્રસિધ્ધ કરવાની જરૂર જણાતી હોઈ, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧) (બી) નીચે મને મળેલ અધિકારની રૂઈએ હું, આર. પી. ચૌધરી, જી.એ.એસ., અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભાવનગર જિલ્લો, ભાવનગર તા. ૦૩-૦૮-૨૦૧૭ થી તા. ૧૩-૦૮-૨૦૧૭ દરમ્યાન સાયન્સ કોલેજ હોસ્ટેલ તથા વિશાલા પાર્ક તરફના રસ્તા પર રાત્રીનાં ૧૨-૦૦ કલાકથી સવારના ૬-૦૦ કલાક સુધી આર્મી

ભરતીમાં ભાગ લેનાર ઉમેદવાર સિવાયના જાહેર જનતા માટે પ્રવેશબંધી જાહેર કરૂ છું.

આ હુકમ/જાહેરનામાનો ભંગ/ઉલ્લંઘન કરનારને ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧ મુજબ શિક્ષા થશે.

''જાહેરનામાનો અમલ અને તેના ભંગ બદલના પગલા લેવા માટે ફરજ પરના કોઈપણ હેડકોન્સ્ટેબલને અધિકાર રહેશે.''

ઉપર જણાવેલ સ્થળે આ જાહેરનામાની નકલો ચોંટાડીને તથા વર્તમાનપત્રો મારફત આ જાહેરનામાની બહોળી પ્રસિધ્ધી કરાવવી.

આજ તા. ૦૨-૦૮-૨૦૧૭ના મારી સહી તથા કચેરીના સીક્કા કરી જાહેર જનતાની જાણ માટે જાહેરનામું બહાર પાડવામાં આવે છે.

ભાવનગર, ૦૨ માહે ઓગષ્ટ, સને ૨૦૧૭.

---

## જાહેરનામુ

નં. ડીએમ-૧/જન્માષ્ટમી શોભાયાત્રા/ઈ.નં. ૩૨૯૬૨/૨૦૧૭.-પાલીતાણા ખાતે આગામી તા. ૧૫-૦૮-૨૦૧૭ ના રોજ જન્માષ્ટમી તહેવારની ઉવણી થનાર છે અને આ ઉજવણી દરમ્યાન ભવ્ય શોભાયાત્રા નીકળનાર હોય જેથી ટ્રાફીકને લગતો કોઈ પ્રશ્ન ઉભો ન થાય તે માટે ટ્રાફીક નિયમન કરવાનું જરૂરી જણાતા, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧)(બી) અન્વયે મળેલ સત્તાની રૂઈએ હું, આર. પી. ચૌધરી (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભાવનગર જિલ્લો, ભાવનગર આથી પાલીતાણા ખાતે પાલીતાણા બજરંગદાસ બાપા ચોકથી એસ.ટી. રોડ, આંબેડકર ચોક, ભૈરવનાથ ચોક, મેઈન બજાર, છેલ્લા ચકલા, માનસિંહજી હોસ્પીટલ, બહારપુરા પુલથી બહારપરા ઘેટી રીંગરોડ સુધી રોડની બન્ને સાઈડમાં તા. ૧૪-૦૮-૨૦૧૭ થી તા. ૧૫-૦૮-૨૦૧૭ (દિન-૨ દરમ્યાન) સુધી વાહનો પાર્કીંગ ન કરવા ''નો પાર્કીંગ ઝોન'' જાહેર કરૂં છું.

''જાહેરનામાનો અમલ તથા તેના ભંગ બદલ પગલા લેવા માટે ફરજ ઉપરના કોઈપણ હેડકોન્સ્ટેબલ તથા તેનાથી ઉપરના અધિકારીને અધિકાર રહેશે.''

સદરહું જાહેરનામાનું ઉલ્લંઘન કરનારને મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧ હેઠળ શિક્ષા થશે.

આ હુકમ ઉપર નિર્દિષ્ટ કરેલ વિસ્તારમાં સહેલાઈથી દેખી શકાય તેવી જગ્યાઓએ તેની નકલો ચોટાડીને પ્રસિધ્ધ કરવાનું હું ફરમાવું છું.

મેં આજરોજ તા. ૦૨-૦૮-૨૦૧૭ ના રોજ મારી સહી કરી સીક્કો કર્યો છે.

ભાવનગર, ૦૨ માહે ઓગષ્ટ, સને ૨૦૧૭.

**આર. પી. ચૌધરી,**
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
ભાવનગર.

**મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૭(૧) અન્વયે કાઢેલો હુકમ**

## જાહેરનામુ

નં. ડીએમ/વશી/૪૭૩૦/૨૦૧૭.-બોટાદ જિલ્લામાં ચાલુ માસ ઓગષ્ટ-૨૦૧૭ તથા સપ્ટેમ્બર-૨૦૧૭ ના આગામી માસ દરમ્યાન તા. ૧૫-૦૮-૨૦૧૭ ના રોજ જન્માષ્ટમી, સ્વાતંત્ર દિન, તથા તા. ૧૭-૦૮-૨૦૧૭ પતેતી તથા તા. ૨૫-૦૮-૨૦૧૭ ના રોજ ગણેશ ચતુર્થી, સવત્સરી તથા તા. ૨૬-૦૮-૨૦૧૭ ના રોજ ઋષિ પાંચમ સામા પાચમ તથા તા. ૦૨-૦૯-૨૦૧૭ના રોજ બકરી ઈદ, જળજીલણી એકાદશી, નિર્જલ ઉપવાસ, વામન જયંતિ, તથા તા. ૦૫-૦૯-૨૦૧૭ ના રોજ અનંત ચતુર્દશી (ગણેશ વિસર્જન) તેમજ કાયદો અને વ્યવસ્થા જાળવવા તથા સુલેહ શાંતી જળવાઈ રહે તેમજ ચાલુ માસમાં આવતા ધાર્મિક-સામાજીક તહેવારો/ઉત્સવો તેમજ રાજયની વર્તમાન પરીસ્થિતીને અનુલક્ષીને અગમચેતીના પગલા લેવા અનિવાર્ય જણાતા, આ માસ દરમ્યાન નીચેની વિગતે પ્રતિબંધ ફરમાવતું જાહેરનામુ પ્રસિધ્ધ કરવાની જરૂરીયાત જણાય છે. કોઈ વ્યકિત કે વ્યકિતનાં સમુહ દ્વારા જાહેરમાં તીક્ષ્ણ હથીયારો જેવા કે, છરી, કુહાડી, ધારીયા, તલવાર, ગુપ્તી, કુંડલીવાળી લાકડીઓ, લોખંડના પાઈપ, ભાલા તથા દંડા, બંદુક લાઠી અથવા શારીરિક હિંસામાં ઉપયોગી થઈ શકે તેવા પ્રાણઘાતક હથીયારો લઈને હરે-ફરે નહી તે માટે પ્રતિબંધ ફરમાવતું જાહેરનામું જાહેર શાંતી અને સલામતી જાળવવા સારૂ બહાર પાડવું જરૂરી જણાય છે.

સબબ મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ ના મુંબઈ ના ૨૨ માં અધિનિયમની કલમ-૩૭(૧) અન્વયે મને મળેલ સત્તાની રૂએ હું, બી. વી. લીંબાસીયા, (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, બોટાદ જિલ્લો, બોટાદ, આથી જાહેર શાંતી અને સલામતી જાળવવા સારૂં ફરમાવું છું કે કોઈએ નીચેની અનુસુચિમાં દર્શાવેલ વિસ્તારમાં તા. ૦૯-૦૮-૨૦૧૭ થી તા. ૦૮-૦૯-૨૦૧૭ સુધી (બન્ને દિવસો સુધ્ધા) ૩૦ દિવસ

(ક) છરી, કુહાડી, ધારીયા, તલવાર, ગુપ્તી, કુંડેલીવાળી લાકડીઓ, લોખંડના પાઈપ, ભાલા અથવા શારીરિક ઈજા પહોંચાડી શકાય તેવું બીજુ કોઈપણ સાધન સાથે લઈ જવા નહીં.

(ખ) કોઈપણ જાહેર જગ્યામાં સ્ફોટક પદાર્થો કે લોકોને શારીરિક નુકશાન કરે તેવા પદાર્થો સાથે લઈ જવા નહીં.

(ગ) પથ્થરો અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓ સાથે લઈ જવી નહીં, એકઠા કરવા નહી, તૈયાર કરવા નહી.

(ઘ) સરઘસમાં સળગતાં કાકડા અથવા સળગતી મશાલો સાથે લઈ જવી નહીં.

(ચ) વ્યકિત કે વ્યકિતના જુથ દ્વારા કોઈ અન્ય વ્યકિત કે વ્યકિતના શબ અથવા આકુતીઓ કે પુતળા જાહેરમાં દેખાડવા નહીં.

**આ હુકમનો ખંડ (ક)-(ખ)-(ગ)-(ઘ) નીચેની વ્યકિતઓને લાગું પડશે નહીં.**

(૧) સરકારી નોકરી કે કામ કરતી કોઈ વ્યકિતને જો ત્યાંના ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથીયાર લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા આવું કોઈપણ હથીયાર લઈ જવાની તેની ફરજ હોય.

(૨) પોલીસ અધિક્ષક અથવા તેણે અધિકૃત કરેલ પોલીસ અધિકારી કે જેને શારીરિક અશકિતને કારણે લાકડી અથવા લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તે વ્યકિતને.

(૩) જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી અથવા અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રીએ આ અર્થે ખાસ અધિકૃત કરે તેવી બીજી કોઈ વ્યકિતને.

(૪) કાયદેસરના હથીયાર પરવાના ધરાવનાર વ્યકિતને.

**અનુસુચિ :**

બોટાદ જિલ્લાનો સમગ્ર વિસ્તાર.

આ જાહેરનામાનો કોઈ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને ઓછામાં ઓછી ચાર મહિનાની અને વધુમાં વધુ એક વર્ષની કેદની સજા અને મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૧૩૫(૧) મુજબ દંડની પણ સજા થશે.

''જાહેરનામાનો અમલ અને તેના ભંગ બદલના પગલા લેવા મોટ ફરજ પરના કોઈપણ હેડકોન્સ્ટેબલને તથા તેનાથી ઉપરી અધિકારીને અધિકાર રહેશે.''

આ હુકમ ઉપર નિર્દિષ્ટ કરેલા વિસ્તારમાં સહેલાઈથી દેખી શકાય તેવી રીતે તેની નકલ ચોંટાડીને તેમજ સ્થાનિક વર્તમાનપત્રોમાં બહોળી પ્રસિધ્ધી આપીને પ્રસિધ્ધ કરવાનું આથી હું ફરમાવું છું.

આજ તારીખ : ૦૮-૦૮-૨૦૧૭ ના રોજ મારી સહી તથા કચેરીનો સિકકો કરીને હુકમ પ્રસિધ્ધ કર્યો.

બોટાદ, ૦૮ માહે ઓગષ્ટ, સને ૨૦૧૭.

---

## જાહેરનામુ

નં. ડીએમ/વશી/૪૬૬૪/૨૦૧૭.-અધિક્ષક ઈજનેરશ્રી, પી.જી.વી.સી.એલ., બોટાદના તા. ૨૭-૦૭-૨૦૧૭ના પત્ર નં. બીટીસીઓ/ટેક-૨/અકસ્માત/૩૦૧૮ થી બોટાદ જિલ્લામાં પી.જી.વી.સી.એલ.ના ઈલેકટ્રીક પોલ નેટવર્ક ઉપર કેબલ ટીવી ઓપરેટરોના કેબલ તેમજ અન્ય સંચાર માધ્યમના વાયરો કોઈપણ પ્રકારની મંજુરી વગર પ્રસ્થાપિત કરવામાં આવેલા હોય, જેના કારણે વિજ અકસ્માતના બનાવો બનવા પામતાં હોય છે. આથી આ અંગે જાહેરનામુ પ્રસિધ્ધ કરવા દરખાસ્ત કરવામાં આવેલ છે.

સબબ, બોટાદ શહેર તથા જિલ્લામાં પી.જી.વી.સી.એલ.ના ઈલેકટ્રીક પોલ તેમજ નેટવર્ક પર કેબલ ટી.વી. ઓપરેટરો દ્વારા કોઈપણ પ્રકારની મંજુરી વગર પ્રસ્થાપિત કરવામાં આવતાં કેબલ દુર કરવા અત્યંત જરૂરી જણાય છે.

આથી ભારતના ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪નો બીજો અધિનિયમ)ની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ સત્તાની રૂએ હું, બી. વી. લીંબાસીયા (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, બોટાદ જિલ્લો, બોટાદ, હુકમ કરૂં છું કે, બોટાદ શહેર તથા જિલ્લામાં પી.જી.વી.સી.એલ.ના ઈલેકટ્રીક પોલ તેમજ નેટવર્ક પર કેબલ ટી.વી. ઓપરેટરો દ્વારા કોઈપણ પ્રકારના કેબલ પ્રસ્થાપિત કરવા નહીં. તેમજ પી.જી.વી.સી.એલ. દ્વારા દૂર કરવામાં આવેલ ટીવી કેબલ પી.જી.વી.સી.એલ.ના નેટવર્ક પર પુનઃ પ્રસ્થપિત કરવા નહીં.

આ જાહેરનામું તા.૦૮-૦૮-૨૦૧૭થી તા.૦૬-૧૦-૨૦૧૭ સુધી (બન્ને દિવસો સુધ્ધા) દિન-૬૦ માટે અમલમાં રહેશે.

આ જાહેરનામાનો ભંગ કરનાર વ્યકિત ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

''જાહેરનામાના અમલ તથા તેના ભંગ બદલ પગલા લેવા પી.જી.વી.સી.એલ.ના સક્ષમ અધિકારીશ્રી, હેડકોન્સ્ટેબલથી નીચેના ન હોય તેવા પોલીસ અધિકારીશ્રી તથા જે તે તાલુકાના મામલતદારશ્રીને અધિકૃત કરવામાં આવે છે.''

આ જાહેરનામું જાહેર વિસ્તારોમાં સહેલાઈથી દેખી શકાય તેવી રીતે તેની નકલ ચોંટાડીને તેમજ સ્થાનિક વર્તમાનપત્રોમાં બહોળી પ્રસિધ્ધિ આપીને પ્રસિધ્ધ કરવાનું આથી હું ફરમાવું છું.

આજ તારીખઃ ૦૮-૦૮-૨૦૧૭ના રોજ મારી સહી તથા કચેરીનો સિકકો કરી જાહેરનામું પ્રસિધ્ધ કરેલ છે.

બોટાદ, ૦૮ માહે ઓગષ્ટ, સને ૨૦૧૭.

**બી. વી. લીંબાસીયા,**

અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
બોટાદ.

---

## એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ દ્વારા

## જાહેરનામું

નં. એમએજી/વશી/બિનવારસી/૫૬૩/૨૦૧૭.-બિનવારસી મુદ્દામાલ પોલીસ ઈસ્પેકટરશ્રી, મહુવાના જાવક નં. ૨૩૯૧/૨૦૧૬, તા. ૨૮-૦૬-૨૦૧૬ તથા જાવક નં. ૧૩૮૬/૨૦૧૭, તા. ૩૦-૦૬-૨૦૧૭ તેમજ મોટા ખુંટવડા, પોલીસ સબ ઈસ્પેકટરશ્રીના જાવક નં. ૫૨૫/૧૭, તા. ૧૪-૦૬-૧૭ અને જાવક નં. ૫૬૫/૨૦૧૭, તા. ૨૯-૦૬-૨૦૧૭ તેમજ બગદાણા પોલીસ સ્ટેશનના જાવક નં. ૬૪૭/૧૭ તા. ૧૯-૦૪-૨૦૧૭ થી નીચે જણાવેલ બિનવારસી મિલ્કત બોમ્બે પોલીસ એકટની કલમ-૮૨ હેઠળ અત્રેની સત્તાની રૂઈએ નિકાલ થવા સારૂ રજુ કરવામાં આવેલ છે. જેથી આ બિનવારસી મુદ્દામાલની નિકાલની વ્યવસ્થા કરવાની થાય છે. નીચે જણાવેલ મુદ્દામાલ જે કોઈ શખ્સનો હોઈ તેઓએ યોગ્ય આધાર-પુરાવા સાથે અમારા રૂબરૂ આ જાહેરનામાંની તારીખથી એક માસની અંદર રજુ થઈ મિલ્કતની માલીકી હક્ક અંગે સાબીતી આપવી.

સદરહું મુદત દરમ્યાન કોઈ ઈસમો તરફથી આ હકીકત અંગે ઉપર મુજબ રજુઆત નહી થાય તો સદરહુ મિલ્કત બોમ્બે પોલીસ એકટની કલમ-૮૨ હેઠળ ખાલસા ગણી જાહેર હરરાજી કરી કલમ-૮૬-૮૭ની જોગવાઈ મુજબ ઉપજ સરકારશ્રીમાં જમા કરાવવામાં આવશે.

### મુદ્દામાલની વિગતો નીચે મુજબ છે.

| મુ. પા. નં. અને તારીખ | | પો. સ્ટે. ડા. એન્ટ્રી નંબર | વાહનની વિગત | કિંમત રૂપિયા |
|---|---|---|---|---|
| ૧. | તા. ૦૨-૦૬-૨૦૦૫ | મહુવા ૦૯-૨૦૦૫, તા. ૦૨-૦૬-૨૦૦૬ | એન્જીન નંબર 19837 ચેસીસ નં. 819810 | રૂા. ૨૦૦૦/- |
| ૨. | ૦૯-૦૯-૨૦૦૯ | ૧૫/૨૦૦૯, તા. ૦૯-૦૯-૨૦૦૯ | હીરો હોન્ડા સ્પેન્ડર કલરનું સીલ્વર પટાવાળુ જી.જે.-૧૧-જે-૪૨૦૬ | રૂા. ૧૫૦૦૦/- |
| ૩. | તા. ૨૪-૧૦-૨૦૦૯ | ૨૫/૨૦૦૯, તા. ૨૪-૧૦-૨૦૦૯ | બજાજ કાવાસકી બોકસર કાળા કલરનું સેલ્વર લાલ પટાવાળુ જી.જે.૧૧-પી-૮૭૪૦ | રૂા. ૧૩૦૦૦/- |
| ૪. | તા. ૨૪-૧૦-૦૯ | ૧૯/૨૦૦૯, તા. ૨૪-૧૦-૨૦૦૯ | હીરો હોન્ડા સ્પેન્ડર કાળા કલરનું સીલ્વર જાંબલી પટાવાળુ જી.જે.-૭-એજે-૧૯૦૭ | રૂા. ૧૮૦૦૦/- |
| ૫. | તા. ૨૯-૦૮-૧૩ | ૧૮/૨૦૧૩, તા. ૨૯-૦૮-૧૩ | બજાજ પ્લસર કાળા કલરનું જી.જે.-૪એએફ-૩૪૭૧ | રૂા. ૧૫૦૦૦/- |
| ૬. | તા. ૨૦-૦૫-૦૪ | મહુવા ૨૨/૨૦૦૪, તા. ૨૦-૦૫-૦૪ | હીરો હોન્ડા સ્પેલ્ડર કાળા કલરનું સીલ્વર પટાવાળુ જી.જે.-૧૬-એસી-૪૨૩૭ | રૂા. ૩૨૦૦૦/- |
| ૭. | તા. ૨૩-૦૩-૨૦૧૭ | મહુવા ૧૭/૨૦૦૭, તા. ૨૩-૦૩-૨૦૧૭ | હીરો હોન્ડા સ્પેન્ડર કાળા કલરનું બ્લ્યુ-લાલ પટાવાળુ જી.જી.-૬-એસી-૪૨૧૭ | રૂા. ૧૦૦૦૦/- |
| ૮. | તા. ૦૮-૦૯-૦૮ | મહુવા ૨૯/૨૦૦૮, તા. ૦૮-૦૯-૦૮ | બજાજ કેલીબર કાળા કલરનું લીલા-પીળા પટાવાળુ જી-જે-૬ એમ-૨૪૧૬ | રૂા. ૮૦૦૦/- |
| ૯. | તા. ૦૭-૦૯-૨૦૧૦ | મહુવા ૨૧/૨૦૧૦, તા. ૦૭-૦૯-૨૦૧૦ | હીરો હોન્ડા પેશન કાળા કલરનું સીલ્વર પટાવાળુ | રૂા. ૧૦૦૦૦/- |
| ૧૦. | તા. ૦૮-૧૦-૧૨ | મહુવા ૨૫/૨૦૧૨, તા. ૦૮-૧૦-૨૦૧૨ | હીરો હોન્ડા પેશન કાળા કલરનું સીલ્વર-લાલ પટાવાળુ જી-જે-૬ બીડી-૯૬૦૭ | રૂા. ૨૫૦૦૦/- |
| ૧૧. | તા. ૧૩-૦૨-૧૩ | મહુવા ૧૫/૨૦૧૩, તા. ૧૩-૦૨-૧૩ | હીરો હોન્ડા સ્પેન્ડર કાળા કલરનું સીલ્વર-દુધીયા પટાવાળુ જી-જે-૧૮ એન-૭૪૭ | રૂા. ૩૦૦૦૦/- |
| ૧૨. | તા. ૨૭-૧૨-૧૩ | મહુવા ૧૮/૨૦૧૩, તા. ૨૭-૧૨-૧૩ | હીરો હોન્ડા સ્પેન્ડર કાળા કલરનું બ્લ્યુ-લાલ પટાવાળુ જી-જે-૫-એઈ-૫૨૮ | રૂા. ૧૦૦૦૦/- |
| ૧૩. | તા. ૦૯-૯૬-૦૧ | મહુવા ૩૨/૨૦૧૪, તા. ૦૯-૦૦-૨૦૧૪ | હીરો હોન્ડા સ્પેનડર કાળા કલરનું સીલ્વર પટાવાળુ જી-જે-૧૪-એન-૨૭૨૧ | રૂા. ૧૮૦૦૦/- |
| ૧૪. | સે.મુ.પા.નં. ૦૯/૦૯, ૨૨-૦૬-૦૯ | મોટા ખુંટવડા ૦૬/૨૦૦૯, તા. ૨૨-૦૬-૦૯ | મુદ્દામાલ જુના ટ્રંકની ઈંગલો પતરા, પ્લેટો વિગેરે ભંગાર આશરે ૧૦૦ મણ | રૂા. ૫૦૦૦૦/- |
| ૧૫. | સે.મુ.પા.નં. ૨૯/૦૩, તા. ૧૧-૦૭-૦૩ | મોટા ખુંટવડા ૧૬/૨૦૦૩, તા. ૧૧-૦૭-૦૩ | હીરો હોન્ડા સ્પેન્ડર મોટર સાયકલ G.J.4.L/711 | રૂા. ૩૦૦૦/- |
| ૧૬. | સે.મુ.પા.નં. ૧૨/૧૪, ૧૩/૧૪ તા. ૧૬-૦૩-૧૪ | મોટા ખુંટવડા ૧૫/૨૦૧૪, તા. ૧૬-૦૩-૧૪ | હોરો હોન્ડા સ્પ્લેન્ડર મોટર સાયકલ G.J.4.AB/5676 | રૂા. ૧૦૦૦૦/- |
| ૧૭. | ૧૯/૯૧, તા. ૦૨-૦૯-૧૯૯૧ | બગદાણા ૧૭/૯૧, તા. ૦૨-૦૯-૧૯૯૧ | એક રાજદુત મો.સા. કાળા કલરનું ચે. નં. 69492 T6T | રૂા. ૧૦૦૦૦/- |
| ૧૮. | ૫૧/૯૬, તા. ૧૯-૦૮-૧૯૯૬ | બગદાણા ૦૩/૯૬, તા. ૧૯-૦૮-૧૩ | એક વાદળી રંગનું લ્યુના મો. સા. ચે. નં. 95C030 06626 | રૂા. ૪૦૦૦/- |
| ૧૯. | ૪૪/૦૨, તા. ૦૪-૦૮-૦૨ | બગદાણા ૦૮/૦૨, તા. ૦૪-૦૮-૦૨ | એક વાદળી રંગનું મોપેડ ચે. નં. 97C03009879 | રૂા. ૫૦૦૦/- |

| | મુ. પા. નં. અને તારીખ | પો. સ્ટે. ડા. એન્ટ્રી નંબર | વાહનની વિગત | કિંમત રૂપિયા |
|---|---|---|---|---|
| ૨૦. | ૯૧/૦૨,<br>તા. ૦૯-૧૨-૦૨ | બગદાણા ૧૩/૦૨,<br>તા. ૦૯-૧૨-૦૨ | એક હીરો હોન્ડા મો. સા. ચે. નં. 89418905192 | રૂા. ૨૫૦૦૦/- |
| ૨૧. | ૨૩/૦૪,<br>તા. ૧૧-૧૦-૦૪ | બગદાણા ૧૪/૦૪,<br>તા. ૧૧-૧૦-૦૪ | લાલ કલરનું મો. સા. વાહન ન. જી.જે. 9481 | રૂા. ૨૦૦૦૦/- |
| ૨૨. | ૧૮/૦૫,<br>તા. ૧૫-૦૪-૦૫ | બગદાણા ૧૩/૦૪, | હીરો હોન્ડા પેશન એન્જીન ચે. નં. B9818225128 | રૂા. ૧૫૦૦૦/- |
| ૨૩. | ૫૨/૦૫,<br>તા. ૧૭-૦૯-૦૫ | બગદાણા ૦૭/૦૫,<br>તા. ૧૭-૦૯-૦૫ | હીરો હોન્ડા મો. સ. ચે. નં. 99/2019005102 | રૂા. ૨૦૦૦/- |
| ૨૪. | ૬૩/૦૫,<br>તા. ૦૭-૧૨-૦૫ | બગદાણા ૧૬/૦૫,<br>તા. ૦૭-૧૨-૦૫ | એક કાળા રંગનું હીરો હોન્ડા મો. સા. જી.જે.એન. 8047 | રૂા. ૧૫૦૦૦/- |
| ૨૫. | ૪૬/૦૬,<br>તા. ૧૬-૦૮-૦૬ | બગદાણા ૧૩/૦૬,<br>તા. ૧૬-૦૮-૦૬ | હીરો હોન્ડા સીડી કાળા કલરનું જી.જે.4 એમ પાછળ ૭૨૫ જેવૂ વંચાય છે. એ. નં. 951009124<br>ચે. નં. 951006392 | રૂા. ૧૫૦૦૦/- |
| ૨૬. | ૦૯/૦૭,<br>તા. ૨૯-૧૦-૦૭ | બગદાણા ૧૩/૦૭,<br>તા. ૨૯-૦૧-૦૭ | હીરો હોન્ડા સ્પ્લેન્ડર મો. સા. નં. જી. જે. ૪ આર ૧૯૩૦ | રૂા. ૧૫૦૦૦/- |
| ૨૭. | ૩૨/૦૭,<br>તા. ૨૦-૦૬-૦૭ | બગદાણા ૧૧/૦૭,<br>તા. ૨૦-૦૬-૦૭ | બજાજ ડીસ્કવર મો. સા. વાદળી અને સીલ્વર કલરનું નંબર વગરનું ચે. નં. એ. નં. | રૂા. ૩૦૦૦૦/- |
| ૨૮. | ૩૬/૦૭,<br>તા. ૨૪-૦૭-૦૭ | બગદાણા ૧૨/૦૭,<br>તા. ૨૪-૦૭-૦૭ | લ્યુના નંબર વગરનું એ. નં. 988904 2CO1T | રૂા. ૮૦૦/- |
| ૨૯. | ૦૬/૦૮,<br>તા. ૨૫-૦૨-૦૮ | બગદાણા ૧૧/૦૮,<br>તા. ૨૫-૦૮-૦૮ | હીરો હોન્ડા કાળા કલરનું જી.જે.5 એબી 6712 | રૂા. ૧૫૦૦૦/- |
| ૩૦. | ૧૨/૦૮,<br>તા. ૧૩-૦૪-૦૮ | બગદાણા ૧૨/૦૮, એ.નં. 95T10E09124<br>તા. ૧૩-૦૪-૦૮ | (૧) એક રાજદુત હોન્ડા ચે. નં. 112567570 | રૂા. ૨૦૦૦/- |
| | | | (૨) રાજદુત રજી નં. જી.જે.ડી. ચે. નં. 98.CO07568 | રૂા. ૨૦૦૦/- |
| | | | (૩) હીરો હોન્ડા સીડી ચે. નં. 010F196528 | રૂા. ૧૦૦૦/- |
| | | | (૪) હીરો હોન્ડા જીજે.એચ.એમ. ચે. નં. 95C1OF03392 | રૂા. ૧૦૦૦/- |
| | | | (૫) સુજુકી એ. નં. 1901F202123 એ.નં. 19901M250 | રૂા. ૭૦૦૦/- |
| | | | (૬) યામાહા સીજેએચ ચે.નં. 1L159226 એ.નં. 1L5034756 | રૂા. ૫૦૦૦/- |
| | | | (૭) બજાજ જી.યુ.એફ ચે. નં. 15F034711<br>એ. નં. 15D034756 | રૂા. ૫૦૦૦/- |
| | | | (૮) બજાજ જીબીએ એ. નં. 03EC001042985 | રૂા. ૫૦૦૦/- |
| | | | (૯) લ્યુના ટી.એફ.આર. ચે. નં. 97C030029979<br>એ. નં. 9701300230SF | રૂા. ૧૦૦૦/- |
| ૩૧. | ૪૪/૧૦,<br>તા. ૨૪-૧૨-૧૦ | બગદાણા ૧૮/૧૦,<br>તા. ૨૧-૧૨-૧૦ | કાલા કલરનું હીરો હોન્ડા સ્પેલેંડર જી.જે. ૧૦એબી૫૧૬૦ | રૂા. ૨૫૦૦૦/- |
| ૩૨. | ૪૬/૧૧,<br>તા. ૨૭-૧૨-૧૧ | બગદાણા ૧૩/૧૧,<br>તા. ૨૭-૧૨-૧૧ | (૧) હીરો હોન્ડા મો.સા. એ. નં. 04M/5C50684<br>ચે. નં. 04M16F50550 | રૂા. ૪૦૦૦/- |
| | | | (૨) બજાજ પ્લેટીના મો. સા.<br>એ. નં. M02009ZZZNWA02635 | રૂા. ૪૦૦૦/- |
| | | | (૩) જુના જેવી સુજુકી મો. સા. | રૂા. ૧૦૦૦/- |
| ૩૩. | ૨૩/૧૨,<br>તા. ૨૭-૦૪-૧૨ | બગદાણા ૦૯/૧૨,<br>તા. ૨૭-૦૪-૧૨ | હીરો હોન્ડા સાઈન મો. સા. જીજે૩બીએન ૮૩૫૭ | રૂા. ૧૫૦૦૦/- |
| ૩૪. | ૧૧/૦૮,<br>તા. ૧૬-૦૪-૦૮ | બગદાણા ૧૩/૦૮, | લેડીઝ સાયકલ કુલ-૨૧ | રૂા. ૧૦૫૦૦/- |

મહુવા, ૩૧ માહે જુલાઈ, સને ૨૦૧૭.

(સહી)/- અવાચ્ય,
એક્ઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ,
મહુવા.

## જિલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ દ્વારા

વંચાણે લીધા :

(૧) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ તથા ૧૦૮ હેઠળની જોગવાઈઓ.

(૨) ગુજરાત સરકારશ્રીના કૃષિ અને સહકાર વિભાગના જાહેરનામાં ક્રમાંક/જીએચકેએચ/૬૨/૨૦૧૧/નબસ/૧૨/ ૨૦૦૨/૩૦૧૧/છ/ તા. ૨૬-૦૮-૨૦૧૧.

(૩) અત્રેની કચેરીના આદેશ ક્રમાંક : ફડચ/ગ-૨/૧૨૫/૨૦૧૭, તા. ૨૩-૦૬-૨૦૧૭ થી મંડળીને ફડચામાં લઈ જવાનો વચગાળા આદેશ.

### અંતિમ આદેશ

ક્રમાંક : ફડચ/ગ-૨/૧૮૧/૨૦૧૭.-આથી હું, ટી. સી. તીરથાણી, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, રાજકોટ, ઉપર વંચાણે લીધેલ ક્રમ-૨ વાળા જાહેરનામાથી મળેલ અધિકાર અને સત્તાની રૂઈએ તેમજ આમુખમાં જણાવેલ વિગતો ધ્યાને લઈને શ્રી વાસાવડ શાકભાજી અને ફળફળાદિ ખરીદ વેચાણ સહકારી મંડળી લી., મુ. વાસાવડ, તા. : ગોંડલ, જિ. : રાજકોટ (નોંધણી નંબર : સે. ૪૦૫૦૮, તા. ૦૪-૦૧-૨૦૧૨) ના ગુજરાત સહકારી મંડળીઓનાં અધિનિયમ-૧૯૬૧ ની કલમ-૧૦૭ અન્વયે ફડચામાં લઈ જવાના વચગાળાના આદેશને, આજ કાયદાની કલમ-૧૦૮(૧) અન્વયે કાયમી રાખતો આદેશ આપું છું અને ફડચા અધિકારી તરીકે સહકારી અધિકારીશ્રી (ફડચો)-૨ લગત જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, રાજકોટની નિમણૂંક કરૂ છું. જે અન્વયે સદરહુ મંડળીનાં ફડચા અધિકારીએ મંડળીની ફડચાની તમામ કામગીરી નિયત મુદતમાં પૂર્ણ કરવી.

રાજકોટ, ૦૩ માહે ઓગષ્ટ, સને ૨૦૧૭.

---

વંચાણે લીધા :

(૧) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ તથા ૧૦૮ હેઠળની જોગવાઈ.

(૨) ગુજરાત સરકારશ્રીના કૃષિ અને સહકાર વિભાગના જાહેરનામાં ક્રમાંક : જીએચકેએચ/૬૨/૨૦૧૧/નસબ/ ૧૨/૨૦૦૨/૩૦૧૧/છ, તા. ૨૬-૦૮-૨૦૧૧.

(૩) અત્રેની કચેરીના આદેશ ક્રમાંકઃ ફડચ/ગ-૨/૧૨૩/૨૦૧૭, તા. ૨૦-૦૬-૨૦૧૭ થી મંડળીને ફડચામાં લઈ જવાનો વચગાળા આદેશ.

### અંતિમ આદેશ

ક્રમાંક : ફડચ/ગ-૨/૧૮૪/૨૦૧૭.-આથી હું, ટી. સી. તીરથાણી, જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, રાજકોટ, ઉપર વંચાણે લીધેલ ક્રમ-૨ વાળા જાહેરનામાથી મળેલ અધિકાર અને સત્તાની રૂઈએ તેમજ આમુખમાં જણાવેલ વિગતો ધ્યાને લઈને શ્રી કસ્તુરબાધામ ફળ અને શાકભાજી ખરીદ વેચાણ સહકારી મંડળી લી., મુ. કસ્તુરબાધામ(ત્રંબા), તા. જિ. રાજકોટ (નોંધણી નંબર : સે.૪૦૨૧૭, તા. ૧૮-૧૦-૨૦૧૧) ના ગુજરાત સહકારી મંડળીઓનાં અધિનિયમ-૧૯૬૧ ની કલમ-૧૦૭ અન્વયે ફડચામાં લઈ જવાના વચગાળાના આદેશને, આજ કાયદાની કલમ-૧૦૮(૧) અન્વયે કાયમી રાખતો આદેશ આપું છું અને ફડચા અધિકારી તરીકે સહકારી અધિકારીશ્રી (ફડચો)-૨ લગત જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, રાજકોટની નિમણૂંક કરૂ છું. જે અન્વયે સદરહુ મંડળીનાં ફડચા અધિકારીએ મંડળીની ફડચાની તમામ કામગીરી નિયત મુદતમાં પૂર્ણ કરવી.

રાજકોટ, ૦૮ માહે ઓગષ્ટ, સને ૨૦૧૭.

**ટી. સી. તીરથાણી,**
જિલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
રાજકોટ.

---

## મદદનીશ જિલ્લા રજીસ્ટ્રાર (હાઉસીંગ), સહકારી મંડળીઓ દ્વારા

### નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : નધણ/૦૧/ગ-૧/૨૮૩/૨૦૧૭.-મદદનીશ જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ (હાઉસીંગ), ભુજ-કચ્છ, આથી જાહેર કરે છે કે, શ્રી રામેશ્વરમ કો-ઓપરેટીવ હાઉસીંગ (લીઝ હોલ્ડ) સોસાયટી લી., મુ. : ગાંધીધામ, તાલુકો : ગાંધીધામ, જિલ્લો : ભુજ-કચ્છને સને-૧૯૬૨ના ગુજરાતના કાયદા-૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને-૧૯૬૧)ની કલમ-૯ મુજબ આજરોજ નોંધવામાં આવે છે.

નોંધણી નંબર-કે.ટી.એચ. "ઘ" ૨૫૦૧૬, તા. ૨૪-૦૭-૨૦૧૭.

ભુજ-કચ્છ, ૨૪ માહે જુલાઈ, સને ૨૦૧૭.

**બી. એસ. રૂડાણી,**
મદદનીશ જિલ્લા રજીસ્ટ્રાર
સહકારી મંડળીઓ (હાઉસીંગ),
ભુજ-કચ્છ.

---

### નોંધણીનું પ્રમાણપત્ર

જા. નં. : ધરમ/૦૨/૪૫૭/૨૦૧૭.-મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ (હાઉસીંગ), રાજકોટ, આથી જાહેર કરેલ છે કે, શ્રી ક્રિષ્ના કોમર્શીયલ કોમ્પલેક્ષ કો-ઓપરેટીવ હાઉસીંગ સર્વિસ સોસાયટી લી., જસદણ, જિલ્લો : રાજકોટની ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ (સને-૧૯૬૨નો ગુજરાતનો કાયદો-૧૦)ની કલમ-૯(૧)(અ) અન્વયે આજરોજ નોંધણી કરવામાં આવી. જેનો નોંધણી નંબર RJT/ સા-૪૪૧૯, તા. ૨૪-૦૭-૨૦૧૭ છે.

રાજકોટ, ૨૪ માહે જુલાઈ, સને ૨૦૧૭.

વંચાણે લીધા :

(૧) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૧૪(૧) તથા ૨૦(૧) હેઠળની જોગવાઈઓ.

(૨) સરકારશ્રીના કૃષિ અને સહકાર વિભાગના તા. ૨૧-૦૭-૨૦૧૧ના જાહેરનામા ક્રમાંક : જીએચકેએચ/૬૨/૨૦૧૧/એનએસબી/૧૨/૩૦૧૧/સીએચ. થી થયેલ સતા સોંપણી.

(૩) કચેરીના અંતિમ આદેશ ક્રમાંક : ધરમ/ફડચ/૦૧/૪૩૯ થી ૪૪૬/૨૦૧૫, તા. ૧૩-૧૨-૨૦૧૫.

(૪) ફડચા અધિકારીશ્રીની તા. ૭-૭-૨૦૧૭ નાં પત્રથી રજુ થયેલ નોંધણી રદની દરખાસ્ત.

## હુકમ

ક્રમાંક : ધરમ/ફડચ/૦૧/૩૬૧/૨૦૧૭.-આથી હું, શ્રી એસ. જે. હાલારી, મદદનીશ જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ (હાઉસીંગ), રાજકોટ, વંચાણે-(૨) વાળા જાહેરનામાથી મને મળેલ અધિકારની રૂએ ગુજરાત સહકારી મંડળીઓનાં અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયે ફડચામાં લઈ જવામાં આવેલ શ્રી જીવનજ્યોત કો-ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લી., રાજકોટ, જિ. રાજકોટ (નોંધણી નં. ઘ-૧૨૧૯, તા. ૧૨-૧-૧૯૬૪) ની ફડચાની કાર્યવાહી, સહકારી કાયદાની કલમ-૧૧૪ હેઠળ સમાપ્ત જાહેર કરૂં છું. તેમજ તે જ કાયદાની કલમ-૨૦(૧) અન્વયે સદરહું મંડળીની આ કાયદા હેઠળ નોંધણી રદ કરૂ છું.

રાજકોટ, ૨૪ માહે જુલાઈ, સને ૨૦૧૭.

---

વંચાણે લીધા :

(૧) સરકારશ્રીનાં કૃષિ અને સહકાર વિભાગના તા. ૨૧-૦૭-૧૧ નાં જાહેરનામાં ક્રમાંક : જીએચકેએચ/૬૨/૨૦૦૨/૩૦૧૧/ચ થી થયેલ સત્તા સોંપણી.

(૨) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ ની કલમ-૧૦૭ તથા ૧૦૮ હેઠળની જોગવાઈઓ.

(૩) અત્રેની કચેરીનાં તા. ૨૨-૦૬-૨૦૧૭ નાં ક્રમાંક : ધરમ/ફડચ/૦૧/૨૬૬ થી ૨૭૧/૨૦૧૭ થી મંડળીને ફડચામાં લઈ જવાનો વચ્ચગાળા આદેશ.

(૪) અત્રેની કચેરીનાં તા. ૨૪-૦૭-૨૦૧૭ નાં ક્રમાંક : ધરમ/ફડચ/૦૧/૩૨૯ થી ૩૩૬/૨૦૧૭ થી મંડળીને ફડચામાં લઈ જવાનો અંતિમ આદેશ.

## સુધારા અંતિમ આદેશ

ક્રમાંક : ધરમ/ફડચ/૦૧/૩૮૨/૨૦૧૭.-શ્રી સીયાણીનગર કો-ઓપરેટવી હાઉસીંગ સોસાયટી લી., રાજકોટ, જિ. રાજકોટએ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ હેઠળ (નોંધણી નં. ઘ-૩૭૧૯, તા. ૨૭-૦૪-૧૯૭૬) નોંધાયેલ સહકારી સંસ્થા છે. સદરહું મંડળીને અત્રેની કચેરીનાં વંચાણે લીધા આંક-૪ મુજબનાં તા. ૨૪-૦૭-૨૦૧૭ ના અમો નીચે સહી કરનારના આદેશથી ફડચામાં લઈ જવા માટે અંતિમ આદેશ કરવામાં આવેલ છે. જેમાં આથી હું શ્રી પી. એચ. બારડ, મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ (હાઉસીંગ), રાજકોટ તેમ લખાયેલ છે. જેના બદલે તેમાં નીચે મુજબ સુધારો કરીને અંતિમ આદેશ કરવામાં આવે છે.

આથી હું શ્રી એસ. જે. હાલારી, મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ (હાઉસીંગ), રાજકોટ વંચાણે લીધા આંક-૧ વાળા જાહેરનામાથી અત્રેને મળેલ અધિકાર અને સત્તાની રૂઈએ શ્રી સીયાણીનગર કો-ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લી., રાજકોટ, મુ. તા. જિ. રાજકોટને ગુજરાત સહકારી મંડળીઓનાં અધિનિયમ-૧૯૬૧ ની કલમ-૧૦૭ (૧)(એ) અન્વયે ફડચમાં લઈ જવાના વચ્ચગાળાના આદેશને કાયદાની કલમ-૧૦૮(૧) અન્વયે કાયમી રાખતો આદેશ આપું છું અને ફડચા અધિકારી તરીકે સહકારી અધિકારી (ફડચો), લગત જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, રાજકોટની નિમણૂંક કરું છું. જે અન્વયે સદરહું મંડળીના ફડચા અધિકારીએ, મંડળીનો ચાર્જ સંભાળી, અંતિમ ઓડીટ કરાવી, મંડળીની ફડચાની તમામ કામગીરી નિયત મુદતમાં પૂર્ણ કરવાની રહેશે.

રાજકોટ, ૦૮ માહે ઓગષ્ટ, સને ૨૦૧૭.

---

વંચાણે લીધા :

(૧) સરકારશ્રીનાં કૃષિ અને સહકાર વિભાગના તા. ૨૧-૦૭-૧૧ નાં જાહેરનામાં ક્રમાંક : જીએચકેએચ/૬૨/૨૦૦૨/૩૦૧૧/ચ થી થયેલ સત્તા સોંપણી.

(૨) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ ની કલમ-૧૦૭ તથા ૧૦૮ હેઠળની જોગવાઈઓ.

(૩) અત્રેની કચેરીનાં તા. ૨૨-૦૬-૨૦૧૭ નાં ક્રમાંક : ધરમ/ફડચ/૦૧/૨૮૬ થી ૨૯૧/૨૦૧૭ થી મંડળીને ફડચામાં લઈ જવાનો વચ્ચગાળા આદેશ.

(૪) અત્રેની કચેરીનાં તા. ૨૪-૦૭-૨૦૧૭ નાં ક્રમાંક : ધરમ/ફડચ/૦૧/૩૩૭ થી ૩૪૩/૨૦૧૭ થી મંડળીને ફડચામાં લઈ જવાનો અંતિમ આદેશ.

## સુધારા અંતિમ આદેશ

ક્રમાંક : ધરમ/ફડચ/૦૧/૩૯૦/૨૦૧૭.-શ્રી મનોહર કો-ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લી., રાજકોટ, જિ. રાજકોટએ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ હેઠળ (નોંધણી નં. ઘ-૨૫૨૦, તા. ૧૪-૦૮-૧૯૬૭) નોંધાયેલ સહકારી સંસ્થા છે. સદરહું મંડળીને અત્રેની કચેરીનાં વંચાણે લીધા આંક-૪નાં તા. ૨૪-૦૭-૨૦૧૭ ના અમો નીચે સહી કરનારના આદેશથી ફડચામાં લઈ જવા માટે અંતિમ આદેશ કરવામાં આવેલ છે. જેમાં આથી હું શ્રી પી. એચ. બારડ, મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર,

સહકારી મંડળીઓ (હાઉસીંગ), રાજકોટ તેમ લખાયેલ છે. જેના બદલે તેમાં નીચે મુજબ સુધારો કરીને અંતિમ આદેશ કરવામાં આવે છે.

આથી હું શ્રી એસ. જે. હાલારી, મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ (હાઉસીંગ), રાજકોટ વંચાણે લીધા આંક-૧ વાળા જાહેરનામાથી અત્રેને મળેલ અધિકાર અને સત્તાની રૂઈએ શ્રી મનોહર કો-ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લી., રાજકોટ, મુ. તા. જિ. રાજકોટને ગુજરાત સહકારી મંડળીઓનાં અધિનિયમ-૧૯૬૧ ની કલમ-૧૦૭ (૧)(એ) અન્વયે ફડચમાં લઈ જવાના વચ્ચગાળાના આદેશને કાયદાની કલમ-૧૦૮(૧) અન્વયે કાયમી રાખતો આદેશ આપું છું અને ફડચા અધિકારી તરીકે સહકારી અધિકારી (ફડચો), લગત જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, રાજકોટની નિમણૂંક કરું છું. જે અન્વયે સદરહું મંડળીના ફડચા અધિકારીએ, મંડળીનો ચાર્જ સંભાળી, અંતિમ ઓડીટ કરાવી, મંડળીની ફડચાની તમામ કામગીરી નિયત મુદતમાં પૂર્ણ કરવાની રહેશે.

રાજકોટ, ૦૮ માહે ઓગષ્ટ, સને ૨૦૧૭.

---

વંચાણે લીધા :

(૧) સરકારશ્રીનાં કૃષિ અને સહકાર વિભાગના તા. ૨૧-૦૭-૧૧ નાં જાહેરનામાં ક્રમાંક : જીએચકેએચ/૬૨/૨૦૦૨/૩૦૧૧/ચ થી થયેલ સત્તા સોંપણી.

(૨) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ ની કલમ-૧૦૭ તથા ૧૦૮ હેઠળની જોગવાઈઓ.

(૩) અત્રેની કચેરીનાં તા. ૨૨-૦૬-૨૦૧૭ નાં ક્રમાંક : ધરમ/ફડચ/૦૧/૨૭૨ થી ૨૭૨/૨૦૧૭ થી મંડળીને ફડચામાં લઈ જવાનો વચ્ચગાળા આદેશ.

(૪) અત્રેની કચેરીનાં તા. ૨૪-૦૭-૨૦૧૭ નાં ક્રમાંક : ધરમ/ફડચ/૦૧/૩૪૪ થી ૩૫૦/૨૦૧૭ થી મંડળીને ફડચામાં લઈ જવાનો અંતિમ આદેશ.

## સુધારા અંતિમ આદેશ

ક્રમાંક : ધરમ/ફડચ/૦૧/૩૯૮/૨૦૧૭.-શ્રી રામદેવ કો-ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લી., રાજકોટ, જિ. રાજકોટએ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ હેઠળ (નોંધણી નં. ઘ-૧૨૪૭૦, તા. ૧૧-૦૫-૧૯૯૯) નોંધાયેલ સહકારી સંસ્થા છે. સદરહું મંડળીને અત્રેની કચેરીનાં વંચાણે લીધા આંક-જનાં તા. ૨૪-૦૭-૨૦૧૭ ના અમો નીચે સહી કરનારના આદેશથી ફડચામાં લઈ જવા માટે અંતિમ આદેશ કરવામાં આવેલ છે. જેમાં આથી હું શ્રી પી. એચ. બારડ, મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ (હાઉસીંગ), રાજકોટ તેમ લખાયેલ છે. જેના બદલે તેમાં નીચે મુજબ સુધારો કરીને અંતિમ આદેશ કરવામાં આવે છે.

આથી હું શ્રી એસ. જે. હાલારી, મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ (હાઉસીંગ), રાજકોટ વંચાણે લીધા આંક-૧ વાળા જાહેરનામાથી અત્રેને મળેલ અધિકાર અને સત્તાની રૂઈએ શ્રી રામદેવ કો-ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લી., રાજકોટ, મુ. તા. જિ. રાજકોટને ગુજરાત સહકારી મંડળીઓનાં અધિનિયમ-૧૯૬૧ ની કલમ-૧૦૭ (૧)(એ) અન્વયે ફડચમાં લઈ જવાના વચ્ચગાળાના આદેશને કાયદાની કલમ-૧૦૮(૧) અન્વયે કાયમી રાખતો આદેશ આપું છું અને ફડચા અધિકારી તરીકે સહકારી અધિકારી (ફડચો), લગત જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, રાજકોટની નિમણૂંક કરું છું. જે અન્વયે સદરહું મંડળીના ફડચા અધિકારીએ, મંડળીનો ચાર્જ સંભાળી, અંતિમ ઓડીટ કરાવી, મંડળીની ફડચાની તમામ કામગીરી નિયત મુદતમાં પૂર્ણ કરવાની રહેશે.

રાજકોટ, ૦૮ માહે જુલાઈ/ઓગષ્ટ, સને ૨૦૧૭.

---

વંચાણે લીધા :

(૧) સરકારશ્રીનાં કૃષિ અને સહકાર વિભાગના તા. ૨૧-૦૭-૧૧ નાં જાહેરનામાં ક્રમાંક : જીએચકેએચ/૬૨/૨૦૦૨/૩૦૧૧/ચ થી થયેલ સત્તા સોંપણી.

(૨) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ ની કલમ-૧૦૭ તથા ૧૦૮ હેઠળની જોગવાઈઓ.

(૩) અત્રેની કચેરીનાં તા. ૨૨-૦૬-૨૦૧૭ નાં ક્રમાંક : ધરમ/ફડચ/૦૧/૨૭૮ થી ૨૮૩/૨૦૧૭ થી મંડળીને ફડચામાં લઈ જવાનો વચ્ચગાળા આદેશ.

(૪) અત્રેની કચેરીનાં તા. ૨૪-૦૭-૨૦૧૭ નાં ક્રમાંક : ધરમ/ફડચ/૦૧/૩૫૧ થી ૩૫૭/૨૦૧૭ થી મંડળીને ફડચામાં લઈ જવાનો અંતિમ આદેશ.

## સુધારા અંતિમ આદેશ

ક્રમાંક : ધરમ/ફડચ/૦૧/૪૦૬/૨૦૧૭.-શ્રી ધુમકેતુ કો-ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લી., વિરપુર (જલારામ), તા. જેતપુર, જિ. રાજકોટએ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ હેઠળ (નોંધણી નં. ઘ-૧૨૧૨૯, તા. ૧૯-૦૬-૧૯૮૯) નોંધાયેલ સહકારી સંસ્થા છે. સદરહું મંડળીને અત્રેની કચેરીનાં વંચાણે લીધા આંક-૪ મુજબનાં તા. ૨૪-૦૭-૨૦૧૭ ના અમો નીચે સહી કરનારના આદેશથી ફડચામાં લઈ જવા માટે અંતિમ આદેશ કરવામાં આવેલ છે. જેમાં આથી હું શ્રી પી. એચ. બારડ, મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ (હાઉસીંગ), રાજકોટ તેમ લખાયેલ છે. જેના બદલે તેમાં નીચે મુજબ સુધારો કરીને અંતિમ આદેશ કરવામાં આવે છે.

આથી હું શ્રી એસ. જે. હાલારી, મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ (હાઉસીંગ), રાજકોટ વંચાણે લીધા આંક-૧ વાળા જાહેરનામાથી અત્રેને મળેલ અધિકાર અને સત્તાની રૂઈએ શ્રી ધુમકેતુ કો-ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લી., વિરપુર

(જલારામ), તા. જેતપુર, જિ. રાજકોટને ગુજરાત સહકારી મંડળીઓનાં અધિનિયમ-૧૯૬૧ ની કલમ-૧૦૭ (૧)(એ) અન્વયે ફડચમાં લઈ જવાના વચ્ચગાળાના આદેશને કાયદાની કલમ-૧૦૮ (૧) અન્વયે કાયમી રાખતો આદેશ આપું છું અને ફડચા અધિકારી તરીકે સહકારી અધિકારી (ફડચો), લગત જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, રાજકોટની નિમણૂંક કરું છું. જે અન્વયે સદરહું મંડળીના ફડચા અધિકારીએ, મંડળીનો ચાર્જ સંભાળી, અંતિમ ઓડીટ કરાવી, મંડળીની ફડચાની તમામ કામગીરી નિયત મુદતમાં પૂર્ણ કરવાની રહેશે.

રાજકોટ, ૦૮ માહે ઓગષ્ટ, સને ૨૦૧૭.

**એસ. જે. હાલારી,**
મદદનીશ જિલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ (હાઉસીંગ),
રાજકોટ.

---

## મદદનીશ જિલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ (પંચાયત) દ્વારા

## હુકમ

ક્રમાંક : સહક/બ/વશી/પ૭/૮૮ થી ૯૪/ ૨૦૧૭.-જય ભારત સાથ જણાવવાનું કે, શ્રી શિવ શક્તિ પિયત સિંચાઈ સહકારી મંડળી લી., મુ. કોંઢ, તાલુકો : ધ્રાંગધ્રા, જિલ્લો : સુરેન્દ્રનગરની મંડળીને ઉત્પાદન, સહકાર અને સિંચાઈ સમિતિ, જિલ્લા પંચાયત, સુરેન્દ્રનગરની તા. ૦૯-૦૬-૨૦૧૭ની બેઠકનાં પ્રોસીડીંગ નંબર-સિંચાઈ/સીબી-૩/ સિંચાઈસમિતિ-બેઠક/કા.નોંધ/૨૦૧૭-૧૮/૬૮૮, તા. ૧૪-૦૬ ૨૦૧૭થી મંજુર કરવામાં આવેલ છે.

મંજુર કરેલ પેટા નિયમોની એક નકલ તથા મંડળીનું નોંધણી પ્રમાણપત્ર ક્રમાંક-**ખે-૧૦૨૬૧, તારીખ-૧૬-૦૬-૨૦૧૭** આ સાથે સામેલ રાખી મોકલેલ છે. આ બાબતની જાણ મંડળીની નોંધણીની અરજી ઉપર જેઓએ સહી કરી છે તેઓને કરશો.

(૧) તમારી મંડળીની પહેલી સાધારણ સભા ભરવાની તારીખ/ સમય અને સ્થળ નકકી કરી તેની જાણ તમારા તાલુકાની તાલુકા પંચાયતને કરશો. જેથી વિસ્તરણ અધિકારી (સહકાર)ને સભામાં હાજરી આપી શકે. સભા ભરાયા બાદ પ્રથમ સાધારણ સભાની નોંધની કાર્યવાહીની એક નકલ આ કચેરીને મોકલી આપવા પ્રબંધ કરશો.

(૨) સામાન્ય રીતે પહેલી સાધારણ સભા મંડળીની નોંધણી થયા પછી ત્રણ માસની અંદર ભરવી જોઈએ અને મંડળીમાં પેટા નિયમોની મુકરર થયેલી રીતે તે અંગેની નોટિસ દરેક સભાસદને મોકલવી જોઈએ. સદરહુ નોટિસમાં સભા ભરવાની તારીખ/સ્થળ અને સમયનો ઉલ્લેખ કરવો જોઈએ. તેમજ તે સભામાં જે કામ કરવાનું હોય તેની કાર્યસુચી પણ હોવી જોઈએ.

પહેલી સાધારણ સભામાં મુખ્યત્વે નીચે મુજબની કામગીરી કરવાની હોય છે.

(૧) સભામાં પ્રમુખની વરણી.

(૨) મંજુર કરવામાં આવેલ પેટા નિયમો સ્વીકારી માન્ય કરવા.

(૩) નવા સભાસદો દાખલ કરવા.

(૪) સભાની તારીખમાં ૧૪ દિવસ અગાઉ સંચાલકોએ કરેલ તમામ લેવડ-દેવડનો અહેવાલ તથા હિસાબનું પત્રક મંજુર કરવા બાબત.

(૫) પેટા નિયમોની જોગવાઈ અનુસાર વ્યવસ્થાપક સમિતિની ચુંટણી કરવી.

(૬) વ્યવસ્થાપક સમિતિની જે હદ સુધી ભંડોળ ઉભુ કરી શકે. તેની મર્યાદા નકકી કરવી.

(૭) પેટા નિયમોને આધીન સહીને યોગ્ય રીતે રજુ થયેલ બીજુ કામકાજ કરવું.

આ સાથેના પત્રકમાં દર્શાવ્યા પ્રમાણે સુધારા-વધારા સાથે પેટા નિયમો મંજુર કરવામાં આવે છે. જે પ્રથમ સાધારણ સભામાં સ્વીકારી માન્ય કરવા જોઈએ. એજન્ડા તથા કાર્યવાહી નોંધ ત્રણ માસ અંતે ભરી રજુ કરવાનાં રહેશે.

સુરેન્દ્રનગર, ૧૬ માહે જુન, સને ૨૦૧૭.

---

## હુકમ

ક્રમાંક : સહક/બ/વશી/પ૭/૧૦૬ થી ૧૧૨/૨૦૧૭.-જય ભારત સાથ જણાવવાનું કે, શ્રી ઘેલમા જુથ પિયત સિંચાઈ સહકારી મંડળી લી., મુ. કોંઢ, તાલુકો : ધ્રાંગધ્રા, જિલ્લો : સુરેન્દ્રનગરની મંડળીને ઉત્પાદન, સહકાર અને સિંચાઈ સમિતિ, જિલ્લા પંચાયત, સુરેન્દ્રનગરની તા. ૦૯-૦૬-૨૦૧૭ની બેઠકનાં પ્રોસીડીંગ નંબર-સિંચાઈ/સીબી-૩/સિંચાઈસમિતિ-બેઠક/કા.નોંધ/૨૦૧૭-૧૮/૬૮૮, તા. ૧૪-૦૬-૨૦૧૭થી મંજુર કરવામાં આવેલ છે.

મંજુર કરેલ પેટા નિયમોની એક નકલ તથા મંડળીનું નોંધણી પ્રમાણપત્ર ક્રમાંક-**ખે-૧૦૨૬૪, તારીખ-૧૬-૦૬-૨૦૧૭** આ સાથે સામેલ રાખી મોકલેલ છે. આ બાબતની જાણ મંડળીની નોંધણીની અરજી ઉપર જેઓએ સહી કરી છે તેઓને કરશો.

(૧) તમારી મંડળીની પહેલી સાધારણ સભા ભરવાની તારીખ/ સમય અને સ્થળ નકકી કરી તેની જાણ તમારા તાલુકાની તાલુકા પંચાયતને કરશો. જેથી વિસ્તરણ અધિકારી (સહકાર)ને સભામાં હાજરી આપી શકે. સભા ભરાયા બાદ પ્રથમ સાધારણ સભાની નોંધની કાર્યવાહીની એક નકલ આ કચેરીને મોકલી આપવા પ્રબંધ કરશો.

(૨) સામાન્ય રીતે પહેલી સાધારણ સભા મંડળીની નોંધણી થયા પછી ત્રણ માસની અંદર ભરવી જોઈએ અને મંડળીમાં પેટા નિયમોની મુકરર થયેલી રીતે તે અંગેની નોટિસ દરેક સભાસદને મોકલવી જોઈએ. સદરહુ નોટિસમાં સભા ભરવાની તારીખ/સ્થળ અને સમયનો ઉલ્લેખ કરવો જોઈએ. તેમજ તે સભામાં જે કામ કરવાનું હોય તેની કાર્યસુચી પણ હોવી જોઈએ.

પહેલી સાધારણ સભામાં મુખ્યત્વે નીચે મુજબની કામગીરી કરવાની હોય છે.

(૧) સભામાં પ્રમુખની વરણી.
(૨) મંજુર કરવામાં આવેલ પેટા નિયમો સ્વીકારી માન્ય કરવા.
(૩) નવા સભાસદો દાખલ કરવા.
(૪) સભાની તારીખમાં ૧૪ દિવસ અગાઉ સંચાલકોએ કરેલ તમામ લેવડ-દેવડનો અહેવાલ અહેવાલ તથા હિસાબનું પત્રક મંજુર કરવા બાબત.
(૫) પેટા નિયમોની જોગવાઈ અનુસાર વ્યવસ્થાપક સમિતિની ચુંટણી કરવી.
(૬) વ્યવસ્થાપક સમિતિની જે હદ સુધી ભંડોળ ઉભુ કરી શકે. તેની મર્યાદા નક્કી કરવી.
(૭) પેટા નિયમોને આધીન સહીને યોગ્ય રીતે રજુ થયેલ બીજુ કામકાજ કરવું.

આ સાથેના પત્રકમાં દર્શાવ્યા પ્રમાણે સુધારા વધારા સાથે પેટા નિયમો મંજુર કરવામાં આવે છે. જે પ્રથમ સાધારણ સભામાં સ્વીકારી માન્ય કરવા જોઈએ. એજન્ડા તથા કાર્યવાહી નોંધ ત્રણ માસ અંતે ભરી રજુ કરવાનાં રહેશે.

સુરેન્દ્રનગર, ૧૬ માહે જુન, સને ૨૦૧૭.

---

## હુકમ

ક્રમાંક : સહક/બ/વશી/૫૭/૧૦૦ થી ૧૦૬/૨૦૧૭.-જય ભારત સાથ જણાવવાનું કે, શ્રી કિશાન પિયત સિંચાઈ સહકારી મંડળી લી., મુ. કોંઢ, તાલુકો : ધ્રાંગધ્રા, જિલ્લો : સુરેન્દ્રનગરની મંડળીને ઉત્પાદન, સહકાર અને સિંચાઈ સમિતિ, જિલ્લા પંચાયત, સુરેન્દ્રનગરની તા. ૦૯-૦૬-૨૦૧૭ની બેઠકનાં પ્રોસીડીંગ નંબર-સિંચાઈ/સીબી-૩/સિંચાઈસમિતિ-બેઠક/કા.નોંધ/૨૦૧૭-૧૮/૬૮૮, તા. ૧૪-૦૬-૨૦૧૭ થી મંજુર કરવામાં આવેલ છે.

મંજુર કરેલ પેટા નિયમોની એક નકલ તથા મંડળીનું નોંધણી પ્રમાણપત્ર ક્રમાંક-**ખે-૧૦૨૬૨, તારીખ-૧૬-૦૬-૨૦૧૭** આ સાથે સામેલ રાખી મોકલેલ છે. આ બાબતની જાણ મંડળીની નોંધણીની અરજી ઉપર જેઓએ સહી કરી છે તેઓને કરશો.

(૧) તમારી મંડળીની પહેલી સાધારણ સભા ભરવાની તારીખ/સમય અને સ્થળ નક્કી કરી તેની જાણ તમારા તાલુકાની તાલુકા પંચાયતને કરશો. જેથી વિસ્તરણ અધિકારી (સહકાર)ને સભામાં હાજરી આપી શકે. સભા ભરાયા બાદ પ્રથમ સાધારણ સભાની નોંધની કાર્યવાહીની એક નકલ આ કચેરીને મોકલી આપવા પ્રબંધ કરશો.

(૨) સામાન્ય રીતે પહેલી સાધારણ સભા મંડળીની નોંધણી થયા પછી ત્રણ માસની અંદર ભરવી જોઈએ અને મંડળીમાં પેટા નિયમોની મુકરર થયેલી રીતે તે અંગેની નોટિસ દરેક સભાસદને મોકલવી જોઈએ. સદરહુ નોટિસમાં સભાર ભરવાની તારીખ/સ્થળ અને સમયનો ઉલ્લેખ કરવો જોઈએ. તેમજ તે સભામાં જે કામ કરવાનું હોય તેની કાર્યસુચી પણ હોવી જોઈએ.

પહેલી સાધારણ સભામાં મુખ્યત્વે નીચે મુજબની કામગીરી કરવાની હોય છે.

(૧) સભામાં પ્રમુખની વરણી.
(૨) મંજુર કરવામાં આવેલ પેટા નિયમો સ્વીકારી માન્ય કરવા.
(૩) નવા સભાસદો દાખલ કરવા.
(૪) સભાની તારીખમાં ૧૪ દિવસ અગાઉ સંચાલકોએ કરેલ તમામ લેવડ-દેવડનો અહેવાલ અહેવાલ તથા હિસાબનું પત્રક મંજુર કરવા બાબત.
(૫) પેટા નિયમોની જોગવાઈ અનુસાર વ્યવસ્થાપક સમિતિની ચુંટણી કરવી.
(૬) વ્યવસ્થાપક સમિતિની જે હદ સુધી ભંડોળ ઉભુ કરી શકે. તેની મર્યાદા નક્કી કરવી.
(૭) પેટા નિયમોને આધીન સહીને યોગ્ય રીતે રજુ થયેલ બીજુ કામકાજ કરવું.

આ સાથેના પત્રકમાં દર્શાવ્યા પ્રમાણે સુધારા વધારા સાથે પેટા નિયમો મંજુર કરવામાં આવે છે. જે પ્રથમ સાધારણ સભામાં સ્વીકારી માન્ય કરવા જોઈએ. એજન્ડા તથા કાર્યવાહી નોંધ ત્રણ માસ અંતે ભરી રજુ કરવાનાં રહેશે.

સુરેન્દ્રનગર, ૧૬ માહે જુન, સને ૨૦૧૭.

**મહેશ ઝેડ. ઝીડ,**
મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ (પંચાયત),
સુરેન્દ્રનગર.

---

PRINTED AT THE GOVERNMENT PRESS, RAJKOT COMPLAINTS ABOUT GAZETTE MUST BE MADE WITHIN A FORTNIGHT FROM THE DATE OF THIS PUBLICATION ACCOMPANIED BY THE WRAPPER.

©

सत्यमेव जयते

# The Gujarat Government Gazette


**SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION**

***PUBLISHED BY AUTHORITY***

**VOL. LVIII] THURSDAY, 31st AUGUST, 2017/BHADRA 09, 1939 No. 35**

**Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central section in order that it may be filed as a separate compilation.**


# PART-I


| **PART - I** | Pages | **PART - I - B** | Pages |
|---|---|---|---|
| Government Notifications Appointments Promotions, Leave of absence, Rules and orders (Other than those published in Part-I-A, IV-A, IV-B, and IV-C) list of publications for sales etc., Miscellaneous Notifications Appoint-ments etc., | 919-938 | (Suppliment) Government Notifications Published under Land Acquisition Act only Supplement. | Nil |
| **PART - I - A** Order and Notifications (Other than those published in Part-IV-B) under the Gujarat Local Boards, Village Panchayats, Municipals, Boroughs, (Districts) Municipals Primary Education and Local Fund Audits, Acts., | Nil | **PART - II** Miscellaneous Notices, Advertisments, List of Books Sanctioned by the Director of Education, List of Jurors. Schedule of Estates by the Official Assignee, Summary of Births and Deaths, etc., | 1601-1672 |
| | | **PART - III** Miscellaneous Supplements Season and Crop Reports, Prices, Current Rainfalls Returns, District Local Boards Accounts etc., | Nil |

# GOVERNMENT NOTIFICATIONS, ORDERS APPOINTMENTS, ETC.

## SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

## NOTIFICATION

### MISCELLANEOUS NOTIFICATIONS APPOINTMENTS ETC.

---

## By the Principal District Judge

***Read :***

*(1) Notification No. GK/48/2017/SPC/102017/ UOR-10/D Dated : 21-07-2017 of Legal Department, Sachivalaya, Gandhinagar.*

### NOTIFICATION

No. (Judi)/1227/2017.-As per the notification of the Government of Gujarat, Legal Department dated : 21-07-2017, cited in Preamble No. 1 in exercise of the powers conferred by section (84) of the Rights of Persons with Disabilities Act ; 2016, (49 of 2016) the Government of Gujarat in concurrence of the Chief Justice of the High Court, hereby specifies the Court of 2nd Senior most Additional District and Sessions Judge at the Headquarter in each Districts in the State.

Accordingly, so far this Disctrict is concerned, to try the offences registered under the aforesaid Act, the 4th (Ad-hoc) Additional District & Sessions Judge, Amreli is hereby nominated as "Special Court" to try the offences under the said Act. with immediate effect, till furhter order.

Amreli, 3rd August, 2017.

**J. R. Shah,**
Principal District Judge,
Amreli.

---

## જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

**ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ કાઢેલ**

### હુકમ

ના. : મેજી/પોલ/પર્યુષણ/૧૪૪/જાહેરનામુ/૦૮/૧૭.- તા. ૧૮-૦૮-૨૦૧૭ થી તા. ૨૬-૦૮-૨૦૧૭ સુધી પર્યુષણના તહેવારની ઉજવણી થનાર છે. પર્યુષણના તહેવાર દરમ્યાન જૈન સમાજ તરફથી ધાર્મિક લાગીણીઓ ન દુઃભાય તે અંગે પશુહિંસા અટકાવવા કતલખાના બંધ રખાવવા માટે અનેક સંસ્થાઓ તરફથી વારંવાર રજુઆત થયેલ છે. અને નામ. સુપ્રિમકોર્ટ દ્વારા પણ સિવિલ એપ્લીકેશન નં. ૫૪૬૯/૦૫ ના જજમેન્ટ તા. ૧૪-૦૩-૦૮ થી પર્યુષણના તહેવાર દરમ્યાન કતલખાનાઓને બંધ રાખવા યોગ્ય ઠરાવેલ છે. જેથી પર્યુષણના તહેવાર દરમ્યાન લોકોની ધાર્મિક લાગણી ન દુઃભાય તે હેતુથી નીચે મુજબના પગલાં લેવા પુરતા કારણો છે.

જેથી હું, રેમ્યા મોહન, આઈ.એ.એસ., જિલ્લા મેજીસ્ટ્રેટ, કચ્છ-ભુજ, ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ મુજબ મને મળેલ સત્તાની રૂએ તા. ૧૮-૦૮-૨૦૧૭ થી તા. ૨૬-૦૮-૨૦૧૭ સુધી સમગ્ર કચ્છ જિલ્લામાં નીચે મુજબના પ્રતિબંધો ફરમાવું છું.

(૧) ઉપરોકત તારીખો દરમ્યાન કચ્છ જિલ્લામાં આવેલ અધિકૃત કતલખાનાની બહાર કે કોઈ જાહેર સ્થળે જ્યાં બહારથી જોઈ શકાય તે રીતે ગાય, આખલા, બળદ, પાડા, ભેંસ, પાડી, બકરા વિગેરે કોઈપણ પશુ કે પક્ષીની કતલ કરવી નહી. અથવા આ વિસ્તારની હદની અંદર કોઈ શેરીમાં/જાહેર સ્થળોમાં કે ખાનગી રીતે અન્ય પશુની કતલ કરવી નહી.

(૨) પરવાનેદાર, મટનનો ધંધો કરતા બુચર્સ, દુકાનો તથા કતલખાનાઓએ જાહેર કે ખાનગીમાં વેપાર કરવો નહી.

(૩) તમામ કતલખાના ઉપરોકત સમયગાળામાં બંધ રાખવાના રહેશે.

આ હુકમનો કોઈપણ ખંડ કે ભાગ ભંગ કરનાર વ્યકિત સામે ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

તમામને વ્યકિતગત રીતે નોટીસની બજવણી કરવી શકય ન હોઈ આથી એકતરફી હુકમ કરું છું. જાહેર જનતાની જાણ સારૂ સ્થાનિક વર્તમાનપત્રો, આકાશવાણી, મારફતે પ્રસિદ્ધિ કરાવવી. તથા તમામ જાહેરસ્થળોએ સહેલાઈથી જોઈ શકાય તેવી રીતે હુકમની નકલ ચોંટાડી પ્રસિદ્ધિ કરવી.

આજ રોજ તા. ૧૪-૦૮-૨૦૧૭ ના રોજ મારી સહી અને કચેરીનો સિક્કો કરી બહાર પાડ્યું.

કચ્છ-ભુજ, ૧૪ માહે ઓગષ્ટ, સને ૨૦૧૭.

**રેમ્યા મોહન,**
જિલ્લા મેજીસ્ટ્રેટ,
કચ્છ-ભુજ.

## અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭ની
પેટા કલમ-૧ તથા ૩ અન્વયેનો હુકમ

## જાહેરનામુ

નં. હોમ/પલસ/૩/વશી/૯૨૧૧ થી ૯૨૭૦/૨૦૧૭.- (૧) હાલમાં શ્રાવણ માસ શરૂ હોય તેમજ આગામી દિવસો દરમ્યાન જન્માષ્ટમી, પતેતી, ગણેશ ચતુર્થીનો તહેવાર આવતો હોય તથા હાલની પ્રવર્તમાન પરિસ્થિતિ અનુલક્ષીને સમગ્ર અમરેલી જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાય રહે તે માટે તેમજ જાહેર સુલેહ શાંતિ અને સલામતી જાળવવા માટે ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭ની પેટા કલમ-૧ તથા કલમ-૩ અન્વયે પગલા લેવા પુરતા કારણો છે. તેની મને ખાત્રી થઈ છે.

(૨) જેથી હું, ડી. ડી. પંડયા, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, અમરેલી, ગુજરાત પોલીસ અધિનિયમ–૧૯૫૧ની કલમ–૩૭ની પેટા કલમ–૧ તથા કલમ–૩ અન્વયે મળેલ સત્તાની રૂઈએ આથી ફરમાવું છું કે,

(૩) તા. ૧૫-૦૮-૨૦૧૭ થી તા. ૨૯-૦૮-૨૦૧૭ (બંને દિવસો સહિત) અમરેલી જિલ્લાના સમગ્ર વિસ્તારમાં,

(૪) કોઈપણ ઈસમે શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટા, બંદુક, ચપ્પુ, લાકડી અથવા લાઠી અથવા શારિરીક ઈજા અને હિંસા પહોંચાડવા ઉપયોગી થઈ શકે તેવી બીજી કોઈપણ ચીજવસ્તુ, સ્ફોટક પદાર્થ અથવા પથ્થરો સાથે ઘર બહાર નીકળવું નહીં. કોઈ આકૃતિઓ અથવા પુતળા દેખાડવા નહીં અને બુમો પાડવી નહીં તથા સુત્રોચાર કરવા નહીં.

(૫) આ હુકમ નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહીં.

(અ) ફરજ પર રોકાયેલ પોલીસ તથા હોમગાર્ડ સહિતના તમામ સરકારી તેમજ અર્ધ સરકારી કર્મચારી તથા અધિકારીઓને,

(બ) શારિરીક અશક્તિને કારણે લાકડી તથા લાઠી લઈને ફરવુ જરૂરી છે તેવી વ્યક્તિઓને,

(૬) વધુમાં ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭ની પેટા કલમ-૩ હેઠળ મળેલ સત્તાની રૂઈએ,

**તારીખ:૧૫-૦૮-૨૦૧૭થીતા.૨૯-૦૮-૨૦૧૭ (બંને દિવસો સહિત)** અમરેલી જિલ્લાનાં સમગ્ર વિસ્તારની અંદર સંબંધિત સબ ડીવઝનલ મેજીસ્ટ્રેટશ્રી/તાલુકા એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટશ્રીની પુર્વ મંજુરી/પરવાનગી સિવાય કોઇ સભા મંડળી ભરવાની અથવા સરઘસ કાઢવાની હું મનાઈ ફરમાવુ છું.

(૭) ઉપરોક્ત પેરા-૬(છ) માં કરવામાં આવેલ આદેશ ફરજ પરના કોઈપણ સરકારી/બિનસરકારી કર્મચારીઓ અને અધિકારીઓને તેમજ કોઈપણ લગ્નનાં વરઘોડાને અથવા સ્મશાનયાત્રાને લાગુ પડશે નહીં.

(૮) આ જાહેરનામાનું ઉલ્લંઘન કરનાર અથવા ઉલ્લંઘન માટે મદદ કરનાર શખ્સ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૫ની જોગવાઈ મુજબ સજા તથા દંડને પાત્ર થશે.

હું એવો પણ આદેશ કરૂં છું કે, પોલીસ અધિક્ષકશ્રી, અમરેલીએ સદરહું હુકમ નિર્દિષ્ટ કરેલ વિસ્તારમાં સહેલાઈથી દેખી શકાય તેવી જગ્યાએ તેની નકલ ચોટાડીને તથા લાઉડ સ્પીકર તેમજ સ્થાનિકેથી પ્રસિધ્ધ થતા સ્થાનીક વર્તમાનપત્રો દ્વારા તેની બહોળી જાહેરાત કરી/કરાવીને પ્રસિધ્ધ કરવો.

(૯) આજ તારીખ ૧૪-ઓગષ્ટ-૨૦૧૭ નાં રોજ મારી સહી તથા સિક્કો કરી હુકમ બહાર પાડયો.

અમરેલી, ૧૪ માહે ઓગષ્ટ, સને ૨૦૧૭.

ડી. ડી. પંડ્યા,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
અમરેલી.

---

## જાહેરનામું

નં. ડીએમડી/ડીસીએચ/પરીક્ષા/૯/૨૦૧૭.-રાજ્ય પરિક્ષા બોર્ડ, ગાંધીનગર ધ્વારા ઉચ્ચ પ્રાથમિક શિક્ષક યોગ્યતા કસોટી (ટેટ-૨) પરીક્ષા તા. ૨૦-૦૮-૨૦૧૭ ના રોજ બપોરના ૧૫-૦૦ થી ૧૭-૦૦ કલાક સુધીના સમય દરમ્યાન યોજવામાં આવનાર છે. જે પરીક્ષા દરમ્યાન ચોરીઓના દુષણના કારણે તેજસ્વી ઉમેદવારોને નિયમોનુસાર પરીક્ષા આપવામાં અડચણ થવાની સંભાવના રહે છે. આ ચોરીના દુષણમાં પ્રશ્નપત્રો કે તેના તૈયાર ઉતરો કોપીયર મશીન દ્વારા સત્વરે તૈયાર થઈ પરીક્ષા ખંડમાં પહોંચવાથી તેમજ મોબાઈલ ફોનથી પરીક્ષાર્થીને મદદ કરવાના બનાવોના કારણે તેજસ્વી ઉમેદવારો ને માનસીક પરિતાપ થવાની સંભાવના છે. પરીક્ષાના તમામ કેન્દ્રોની આજુબાજુના વિસ્તારમાં ઝેરોક્ષ/ફોટોકોપી થવા પર પ્રતિબંધ ફરમાવતુ જાહેરનામુ બહાર પાડવું મને યોગ્ય જણાય છે.

આથી હું, રાજેન્દ્રકુમાર વી. સરવૈયા, જી.એ.એસ., અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, દેવભૂમિ દ્વારકા, મુ. ખંભાલીયા, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ મુજબ મને મળેલી સતાની રૂઈએ ફરમાવુ છું કે ખંભાલિયા શહેરમાં આવેલ પરિશિષ્ટ માં દર્શાવેલ પરીક્ષા કેન્દ્રોની આજુબાજુના ૧૫૦ મીટરના વિસ્તારની હદમાં કોપીયર મશીન દ્વારા કોપીનો વ્યવસાય કરતા ધંધાર્થીઓ તથા અંગત ઉપયોગ માટે વપરાશ કરતા (સરકારી/અર્ધસરકારી કે જાહેર સાહસો સિવાયના) કોપીયર મશીન ધારકોને તા. ૨૦-૦૮-૨૦૧૭ ના રોજ બપોરના ૧૪-૦૦ થી ૧૮-૦૦ કલાક સુધી તેઓના કોપીયર મશીનો બંધ રાખવા તેમજ પરિશિષ્ટમાં

જણાવેલ પરીક્ષા કેન્દ્રોમાં કોઈએ મોબાઈલ ફોન કે અન્ય કોઈ કોમ્યુનિકેશનના ઈલેક્ટ્રોનીક સાધનો સાથે પ્રવેશ કરવો નહી.

### પરિશિષ્ટ-૧

| ઉચ્ચપ્રાથમિકશિક્ષકઅભિયોગ્યતાકસોટી(ટેટ-૨)પરીક્ષાયોજવા માટે નિયત કરાયેલ પરીક્ષા કેન્દ્રોની યાદી | |
|---|---|
| ક્રમ | પરીક્ષા કેન્દ્ર શાળા કોલેજનું નામ / સરનામું |
| ૧ | આદર્શ વિદ્યાલય, પોર નાકા, ખંભાળીયા |
| ૨ | એમ. જી. દતાણી ગર્લ્સ હાઈ. પોરનાકા બહાર, ખંભાળીયા. |
| ૩ | એસ. એન. ડી. ટી. હાઈસ્કુલ, યુનિટ-૧ તથા ૨ બંગલાવાડી, ખંભાળીયા |
| ૪ | સાંદીપની હાઈસ્કુલ, શકિતનગર, તા. ખંભાળીયા. |
| ૫ | દા. સુ. ગર્લ્સ હાઈસ્કુલ, નગર ગેઈટ, ખંભાળીયા. |

આ જાહેરનામું લોકોને સહેલાઈથી જાણ થાય તેવી રીતે જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, દેવભૂમિદ્વારકાએ બહોળી પ્રસિધ્ધી કરાવવી.

આજ તા. ૧૬ માહે ઓગષ્ટ-૨૦૧૭ ના રોજ મારી સહી કરી તથા કચેરીની મહોર લગાડી બહાર પાડ્યો.

દેવભૂમિ દ્વારકા, ૧૬ માહે ઓગષ્ટ, સને ૨૦૧૭.

રાજેન્દ્રકુમાર વી. સરવૈયા,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
દેવભૂમિ દ્વારકા, મું. ખંભાલીયા.

---

### સને-૧૯૫૧ની ગુજરાત પોલીસ અધિનિયમ આંક-૨૨ની કલમ-૩૩(૧)(બી) હેઠળનું

### જાહેરનામું

નં. એમએજી/સી/૪૧૪૯/૨૦૧૭.-જુનાગઢ મહાનગરપાલીકા ધ્વારા શહેરના વિકાસ તેમજ પ્રવાસન ક્ષેત્રને ધ્યાને લઈ, જુનાગઢ મહાનગરપાલીકા વિસ્તારમાં ભવનાથ ક્ષેત્રમાં ''જન્માષ્ટમી લોક મેળા'' નું આયોજન કરવામાં આવેલ હોય, જે અન્વયે ભવનાથક્ષેત્રમાં આવેલ શનિદેવ મંદિરની સામે ભવનાથ પોલીસ ચોકીની બાજુમાં આવેલ રીંગ રોડ થી ફોરેસ્ટ વિભાગની હદની દિવાલ સુધીના રોડની બન્ને બાજુએ આગામી તા. ૧૨-૦૮-૨૦૧૭ થી તા. ૧૫-૦૮-૨૦૧૭ સુધી ''જન્માષ્ટમી લોક મેળો'' કરવા અર્થે તમામ વાહનોની અવર-જવર પર પ્રતિબંધ ફરમાવતુ જાહેરનામું પ્રસિધ્ધ કરવા, મહાનગરપાલીકા, જુનાગઢના પત્ર નં. મ.ન.પા.જૂ. એડીએમ/જા.નં. ૭૯૭/૨૦૧૭, તા. ૩૧-૦૭-૨૦૧૭ થી દરખાસ્ત થઈ આવેલ છે. ઉકત દરખાસ્ત અન્વયે પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢના પત્ર ક્રમાંક : સી/એલ.આઈ.બી./જન્માષ્ટમી/ લોકમેળો/૧૯૦૬/૧૭, તા. ૦૯-૦૮-૨૦૧૭ થી જાહેરનામુ બહાર પાડવા હકારાત્મક અભિપ્રાય આપેલ છે.

સદરહુ દરખાસ્ત વ્યાજબી જણાતી હોય, હું પી. વી. અંતાણી, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, જુનાગઢ જિલ્લો, જુનાગઢ, સને ૧૯૫૧ના ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩ (૧)(બી) હેઠળ મને મળેલ અધિકારની રૂઈએ, ભવનાથક્ષેત્રમાં આવેલ શનિદેવ મંદિરની સામે ભવનાથ પોલીસ ચોકીની બાજુ માં આવેલ રીંગ રોડ થી ફોરેસ્ટ વિભાગની હદની દિવાલ સુધીના રોડની બન્ને બાજુએ આગામી તા. ૧૨-૦૮-૨૦૧૭ થી તા. ૧૫-૦૮-૨૦૧૭ સુધી (બન્ને દિવસો સહિત) તમામ પ્રકારના વાહનોની અવર-જવર પર પ્રતિબંધ ફરમાવું છું.

આ જાહેરનામાનો કોઈ પણ ખંડનો ભંગ કે ઉલ્લંઘન કરનાર વ્યકિત ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૧૩૧માં જણાવેલ શિક્ષાને પાત્ર ઠરશે.

આજ તારીખ : ૧૧ માહે ઓગષ્ટ, સને-૨૦૧૭ નાં રોજ મારી સહી તથા કચેરીના સીકકા કરી જાહેર જનતાની જાણ માટે પ્રસિધ્ધ કર્યુ.

જુનાગઢ, ૧૧ માહે ઓગષ્ટ, ૨૦૧૭.

---

### ગુજરાત પોલીસ અધિનિયમ આંક-૨૨ની કલમ-૩૩ની(૧)બી હેઠળ

### જાહેરનામું

નં. એમએજી/સી/ફાયરીંગ બટ/૪૨૭૫/૨૦૧૭.-નાયબ પોલીસ અધિક્ષક અને ઉપાચાર્યશ્રી, પોલીસ તાલીમ મહાવિદ્યાલય, જુનાગઢના પત્ર ક્રમાંક : સીબી-૩-એ/ફાયરીંગ/૪૬૫૨/૧૭, તા. ૧૯-૦૮-૨૦૧૭ થી હથિયારી લોકરક્ષક બેચ નં. ૫ તેમજ બિન હથીયારી લોકરક્ષક બેચ નં. ૧૦ ના તાલીમાર્થી જવાનોને ફાયરીંગ પ્રેકટીસ લેવા માટે પોલીસ તાલીમ મહાવિદ્યાલય, જુનાગઢનાં 'બફેલ રેન્જ ફાયરીંગ બટ' ખાતે તા. ૨૨-૦૮-૨૦૧૭ થી તા. ૨૪-૦૮-૨૦૧૭ સુધીનું જાહેરનામુ પ્રસિધ્ધ કરવા અત્રે દરખાસ્ત રજુ કરેલ છે.

સબબ રજુ થયેલ દરખાસ્તની વિચારણા કરતા, ઉકત ફાયરીંગ દરમ્યાન તે વિસ્તારમાં લોકો તથા વાહનોની અવર-જવર ભયજનક જણાતાં હું, પી. વી. અંતાણી, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, જુનાગઢ જિલ્લો, જુનાગઢ, સને-૧૯૫૧ના ગુજરાત પોલીસ અધિનિયમની આંક-૨૨ની કલમ-૩૩(૧)(બી) હેઠળ મને મળેલ સત્તાનીરૂએ **તા. ૨૨-૦૮-૨૦૧૭થી તા. ૨૪-૦૮-૨૦૧૭ સુધીની મુદત માટે (બંન્ને દિવસ સહીત) સવારના ૦૬-૦૦થી સાંજના ૧૮-૦૦ કલાક સુધી પોલીસ તાલીમ મહાવિદ્યાલય, જુનાગઢનાં બફેલ રેન્જનાં આજુ-બાજુના ૧-કી.મી. વિસ્તારમાં રાહદારીઓને તેમજ વાહનોને ઉપરોકત સમય દરમ્યાન પ્રવેશબંધી ફરમાવું છું.**

આજ તા. ૧૯, માહે ઓગસ્ટ-૨૦૧૭ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા કરી જાહેર જનતાની જાણ તથા અમલ થવા માટે પ્રસિધ્ધ કર્યું.

જુનાગઢ, ૧૯ માહે ઓગષ્ટ, સને ૨૦૧૭.

---

સને ૧૯૫૧ના ગુજરાત પોલીસ અધિનિયમ આંક-૨૨ની કલમ-૩૩ની પેટાકલમ-(૧) (બી) અન્વયેનું

## જાહેરનામું

નં. એમએજી/સી/દામો.કુંડ/૪૨૭૭/૨૦૧૭.-જુનાગઢ શહેર ખાતે ભવનાથ તળેટી મુકામે દામોદરકુંડ ખાતે ચાલુ વર્ષે તા. ૨૧-૦૮-૨૦૧૭ ના રોજ ભાદરવી અમાસના તહેવાર સબબ દરવર્ષની જેમ ચાલુ વર્ષે પણ ઉજવવામાં આવનાર છે. આ તહેવાર નિમીતે દામોદર કુંડમાં યાત્રાળુઓ સ્નાન કરી પાણી રેડવા બહોળી સંખ્યામાં આવે છે. જેથી કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે હેતુથી તથા ટ્રાફીક નિયમન થઈ શકે માટે તા. ૨૦-૦૮-૨૦૧૭ ના રોજ ક્લાક ૨૦-૦૦ થી તા. ૨૧-૦૮-૨૦૧૭ ના કલાક ૧૬-૦૦ સુધી નીચે મુજબના રસ્તાઓ એક માર્ગીય જાહેર કરવા ગુજરાત પોલીસ એકટની કલમ-૩૩(૧)(બી) હેઠળ પ્રસિધ્ધ કરવા પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢના પત્ર નં. સી/એલઆઈબી/ભા.અ./જા.ના./૧૬૪૪/૧૭, તા. ૧૬-૦૮-૨૦૧૭ થી દરખાસ્ત રજુ થયેલ છે.

**વન-વે જાહેર કરવાના થતા રસ્તાઓ,**

**(૧) જુનાગઢ શહેરમાંથી સ્મશાન સુધી જવા માટે.**

ભરડાવાવ થી સ્મશાન સુધી (વાહનો જઈ શકશે.)

**(૨) સ્મશાન થી જુનાગઢ શહેર સુધી આવવા માટે.**

સ્મશાનથી ગીરનાર દરવાજા સુધી (વાહનો પરત આવી શકશે.)

પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢ તરફથી રજુ થયેલ ઉપરોકત દરખાસ્ત વ્યાજબી જણાતી હોય, ટ્રાફીક નિયમન કરવા તથા સાવચેતીના પગલા લેવાનુ અનિવાર્ય જણાતા, હું, પી. વી. અંતાણી, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, જુનાગઢ જિલ્લો, જુનાગઢ, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ના આંક-૨૨ની કલમ-૩૩(૧)(બી) અન્વયે મને મળેલ અધિકારની રૂઈએ તા. ૨૦-૦૮-૨૦૧૭ ના કલાક ૨૦-૦૦ થી તા. ૨૧-૦૮-૨૦૧૭ ના કલાક ૧૬-૦૦ સુધી ઉપરમાં જણાવેલ રસ્તાઓ વન-વે જાહેર કરવા ફરમાવું છું.

આ જાહેરનામાનો ભંગ કરનાર વ્યકિત ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ (આંક-૨૨)ની કલમ-૧૩૧ માં જણાવેલ શિક્ષાને પાત્ર ઠરશે.

આજ તારીખ ૧૯ માહે ઓગષ્ટ, સને-૨૦૧૭ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા કરી જાહેર જનતાની જાણ તથા અમલ થવા માટે પ્રસિધ્ધ કર્યું.

જુનાગઢ, ૧૯ માહે ઓગષ્ટ, સને ૨૦૧૭.

---

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ કાઢેલ

## હુકમ

નં. એમએજી/સી/૪૧૮૬/૨૦૧૭.-પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢના પત્ર નં. એસ.ઓ.જી./ઘર નોકર/જાહેરનામુ/૪૦૯/૧૭, તા. ૧૦-૦૮-૨૦૧૭ ના પત્રથી રજુ થયેલ દરખાસ્તની વિગતે જુનાગઢ જિલ્લામાં કેટલાક ઘરકુટંબો ધ્વારા ઘરકામ માટે બહારના વ્યકિતને ઘરઘાટી (Domestic Help) તરીકે રાખવામાં આવે છે. જેમાં કેટલાક ઘરઘાટીઓ ઘરમાં કિંમતી વસ્તુઓની ચોરી સ્ત્રી/બાળકો ઉપર અત્યાચાર અને મિલ્કત પડાવવા વૃધ્ધ ઘરમાલીકોની હત્યા, લુંટ, ચોરી વિ. મિલ્કત વિરૂધ્ધના ગુન્હાઓ, શરીર સબંધી ગુન્હાઓ આચરતા હોવાનું ધ્યાન ઉપર આવેલ છે. જેનાથી માનવ જીંદગીની ખુવારી થાય અને લોકોની સંપતીને નુકશાન થાય છે અને આવા ગુન્હા આચર્યા બાદ ઘરઘાટી અન્ય રાજ્ય/જિલ્લામાં નાશી જતા હોય છે. જેથી ગુન્હાઓ વણશોધાયેલ રહે છે. જેથી આવા બનાવો બનતા અટકાવવા તથા જુનાગઢ જિલ્લા વિસ્તારની સલામતી અને શાંતી જાળવવા સારૂ આવા ઘરઘાટી (Domestic Help) ઓના પુરા નામ, સરનામા, ફોટોગ્રાફ વિગેરે માહિતી તૈયાર રાખવા માટે સી.આર.પી.સી. કલમ-૧૪૪ મુજબનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા વિનંતી કરેલ છે.

જિલ્લામાં જાહેર સલામતી અને સુરક્ષા જાળવવા તથા ઉપરોકત દરખાસ્તમાં જણાવેલ ગુનાઓનું પગેરૂ મેળવવામાં પોલીસ ખાતાને મદદ મળી રહે, તે હેતુને લક્ષમાં લેતાં, પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢ તરફથી કરાયેલ દરખાસ્ત વ્યાજબી જણાય છે. સબબ, હું, પી. વી. અંતાણી, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, જુનાગઢ જિલ્લો, જુનાગઢ, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ ની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂ છું કે, જુનાગઢ જિલ્લાના સમગ્ર વિસ્તારનાં જે ઘરકુટુંબો તરફથી આવી બહારની વ્યકિતને ઘરઘાટી (Domestic Help) તરીકે ઘરકામ ઉપર રાખવામાં આવેલ છે તેની હકિકત નીચેના નમુનાનાં રજીસ્ટરમાં નોંધી સ્થળ પર રાખવું. **તેમજ પત્રક સ્વરૂપે ઉકત માહિતી તૈયાર કરી, સબંધિત પોલીસ સ્ટેશનને તુર્તજ મોકલી આપવી.**

| ક્રમ | ઘર માલીકનું નામ/સરનામું, મોબાઇલ/ ટેલીફોન નંબર | ઘરકામે રાખેલ ઘરઘાટી (Domestic Help) નું પુરૂ નામ, સરનામું તથા સંપર્ક નંબર | ઘરકામે રાખેલ ઘરઘાટી (Domestic Help) ના મુળ વતનનું સરનામું તથા સંપર્ક નંબર | ઘરકામે રાખેલ ઘરઘાટી (Domestic Help) ને રાખ્યા તારીખ | ઘરકામે રાખેલ ઘરઘાટી (Domestic Help) અગાઉ જે સ્થળે કામ કરતા હોય તે માલીકનું પૂરૂ નામ, સરનામું તથા સંપર્ક નંબર | ઘરકામે રાખેલ ઘરઘાટી (Domes-tic Help) કોના રેફરન્સ, પરિચયથી કામે રાખેલ છે? તે સ્થાનિક રહીશનું પુરૂ નામ, સરનામું તથા સંપર્ક નંબર | ઘરકામે રાખેલ ઘરઘાટી (Domestic Help) ના બે થી ત્રણ સબંધિઓનું પુરૂ નામ, સરનામું (તેમના વતન સહિતના) તથા સંપર્ક નંબર | ઘરકામે રાખેલ ઘરઘાટી (Domestic Help) નો ફોટો ગ્રાફસ | રીમાર્કસ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |

આ હુકમ તા. ૧૮-૦૮-૨૦૧૭ થી દિવસ-૬૦ માટે અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય દંડ સંહીતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમની જાહેર જનતાને જાણ સંબંધીત કચેરીઓએ તેમના નોટીસ બોર્ડ પર, સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યા ઉપર નકલ ચોટાડીને તથા માહિતી ખાતાએ વર્તમાન પત્રોમાં પ્રસિધ્ધી કરી કરવાની રહેશે.

આજ તારીખ : ૧૪ માહે ઓગષ્ટ, સને-૨૦૧૭ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે જાહેર જનતાની જાણ તથા અમલવારી માટે આ હુકમ પ્રસિધ્ધ કરવામાં આવ્યો.

જુનાગઢ, ૧૪ માહે ઓગષ્ટ, સને ૨૦૧૭.

---

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ કાઢેલ

## હુકમ

નં. એમએજી/સી/૪૧૮૭/૨૦૧૭.-પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢના પત્ર નં. એસ.ઓ.જી./મજુર/જાહેરનામું/૪૦૮/૧૭, તા. ૧૦-૦૮-૨૦૧૭ ના પત્રથી રજુ થયેલ દરખાસ્તની વિગતે જુનાગઢ જિલ્લામાં ભુતકાળમાં બનેલ લુંટ, અપહરણ, ચોરી, ઠગાઈ, વિશ્વાસઘાત તથા છેતરપીંડી જેવા બનાવોના આરોપીઓની વિગતો જોતા ઘણા કિસ્સાઓમાં કારખાનામાં, મકાન બાંધકામ ઔદ્યોગિક વસાહતની ફેકટરીઓ, ખેતી, હીરા ઉદ્યોગમાં તેમજ વેપાર-ધંધામાં મજુર તરીકે કામ કરતાં કારીગરો ઉપરોક્ત પ્રકારના ગંભીર ગુન્હા આચર્યા બાદ અન્ય રાજ્ય/જિલ્લામાં નાશી જતાં હોય છે. તેના કારણે ગુન્હા વણશોધાયેલા રહેવા પામે છે. તેમજ ઘણા કિસ્સાઓમાં તેમના વતનમાં કે અન્ય શહેરમાં ગંભીર ગુન્હાઓ આચરી જુનાગઢ જિલ્લામાં આશરો લેતા હોય છે. તેથી જુનાગઢ જિલ્લા વિસ્તારની સલામતી અને શાંતી જાળવવા સારૂ આવા મજુર/કારીગરોનું રજીસ્ટર/બાયોડેટા તૈયાર રાખવા માટે સી.આર.પી.સી. કલમ-૧૪૪ મુજબનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા વિનંતી કરેલ છે.

જિલ્લામાં જાહેર સલામતી અને સુરક્ષા જાળવવા તથા ઉપરોક્ત દરખાસ્તમાં જણાવેલ ગુનાઓનું પગેરૂ મેળવવામાં પોલીસ ખાતાને મદદ મળી રહે, તે હેતુને લક્ષમાં લેતાં, પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢ તરફથી કરાયેલ દરખાસ્ત વ્યાજબી જણાય છે. સબબ હું, પી. વી. અંતાણી, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, જુનાગઢ જિલ્લો, જુનાગઢ, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩(૧૯૭૪ના નં.૨)ની કલમ-૧૪૪ હેઠળ મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂ છું કે, જુનાગઢ જિલ્લાના સમગ્ર વિસ્તારનાં તમામ કારખાનેદારો, મકાન બાંધકામ બિલ્ડર્સો, ફાઉન્ડ્રી ઉદ્યોગ, હીરા ઉદ્યોગ, ખેતી, ફેકટરી ઉદ્યોગ ધંધા સાથે સંકળાયેલા તમામ પ્રાઈવેટ સેકટરના માલીકો અને મેનેજમેન્ટ કે જેઓના યુનીટમાં કર્મચારીઓ/કારીગરો, મજુરો કે ભાગીયા હાલમાં કામ ઉપર છે તેવા કાયમી, હંગામી કે કોન્ટ્રાકટના કર્મચારીઓ/કારીગરો/મજુરોની હકિકત નીચેના નમુનાનાં રજીસ્ટરમાં નોંધી સ્થળ પર રાખવું. **તેમજ પત્રક સ્વરૂપે ઉક્ત માહિતી તૈયાર કરી, સબંધિત પોલીસ સ્ટેશનને દિન-૧૫માં મોકલી આપવું.**

INDEX

| ક્રમ | પેઢીના માલીક/ ખેડુતનું નામ તથા સરનામું તથા ધંધાની વિગત, માલીકના મોબાઈલ/ ફોન નંબર તથા ધંધાના ટેલીફોન નંબર | કામે રાખેલ કર્મચારી/ કારીગર/મજુર કે ભાગીયાનું પુરૂ નામ, ઓળખચીન્હ, હાલનું પુરૂ સરનામું તથા મોબાઈલ, ટેલીફોન નંબર | કર્મચારી/ કારીગર કે મજુર ભાગીયાના મુળ વતનનું પુરૂ સરનામું તથા વતનના ટેલીફોન નંબર | કર્મચારી/ કારીગર/ મજુર કે ભાગીયાને નોકરીમાં રાખ્યાની તારીખ | કર્મચારી/ કારીગર/ મજુર કે ભાગીયા અગાઉ જે સ્થળે કામ કરતા હોય તે માલીકનું પુરૂં નામ, સરનામું તથા મોબાઈલ, ટેલીફોન નંબર | કર્મચારી/ કારીગર/ મજુર કે ભાગીયાને કોના રેફરન્સ/ પરિચયથી નોકરીએ રાખેલ તે સ્થાનીક રહીશનું પુરૂં નામ, સરનામું મોબાઈલ, ટેલીફોન નંબર | કર્મચારી/ કારીગર/ મજુર કે ભાગીયાના બે થી ત્રણ સગા-સબંધીના પુરા નામ તથા સરનામા (તેમના વતન સહીતના) તથા ટેલીફોન, મોબાઈલ નંબર | કર્મચારી/ કારીગર/ મજુર કે ભાગીયાનો ફોટો | હથિયાર ધરાવતા હોય તો તેની વિગત |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |

આ હુકમની તા. ૧૮-૦૮-૨૦૧૭ થી દિવસ-૬૦ માટે અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય દંડ સંહીતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમની જાહેર જનતાને જાણ સંબંધીત કચેરીઓએ તેમના નોટિસ બોર્ડ પર, સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યા ઉપર નકલ ચોંટાડીને તથા માહિતી ખાતાએ વર્તમાનપત્રોમાં પ્રસિધ્ધી કરી કરાવાની રહેશે.

આજ તારીખ : ૧૪ માહે ઓગષ્ટ, સને-૨૦૧૭ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે જાહેર જનતાની જાણ તથા અમલવારી માટે આ હુકમ પ્રસિધ્ધ કરવામાં આવ્યો.

જુનાગઢ, ૧૪ માહે ઓગષ્ટ, સને ૨૦૧૭.

---

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ કાઢેલ

## હુકમ

નં. એમએજી/સી/૪૨૪૩/૨૦૧૭.-પોલીસ અધિક્ષકશ્રી જુનાગઢના પત્ર ક્રમાંક : એસ.ઓ.જી./જા.નામુ/મકાન/૪૧૪/૧૭, તા. ૧૬-૦૮-૨૦૧૭ ના પત્રથી ત્રાસવાદી તેમજ અસામાજીક તત્વો શહેરોમાં તેમજ ગીચ વસ્તીવાળા વિસ્તારોમાં ગુપ્ત આશરો મેળવી જાહેર સલામતી અને શાંતીનો ભંગ કરે છે તેમજ આતંકવાદી પ્રવૃતિ કરે છે. જેથી માનવ જીંદગીની ખુવારી થાય છે અને જાહેર તેમજ લોકોની સંપતીને નુકશાન પહોંચાડે છે. બહારના રાજયોમાંથી કે દેશ બહારથી આવતા આવા તત્વો કોઈના મકાન ભાડે રાખીને રહેતા હોય છે અને વિસ્તારનો સર્વે કરી સ્થાનિક પરિસ્થીતીથી માહિતગાર થઈને તેઓની ત્રાસવાદી પ્રવૃત્તિને અંજામ આપતા હોય છે, આથી સમગ્ર જિલ્લામાં કોઈ મકાન માલિક સંબંધીત પોલીસ સ્ટેશનને જાણ કર્યા સિવાય કોઈ વ્યક્તિને મકાન ભાડે આપી શકાશે નહી તેનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા દરખાસ્ત કરાયેલ છે.

જુનાગઢ જિલ્લો વિશાળ દરીયા કિનારો ધરાવે છે. જિલ્લામાં પવિત્ર યાત્રાધામ ગિરનાર તથા સોમનાથ આવેલા છે. આ સિવાય જિલ્લામાં પ્રવાસ-પર્યટનના તથા ધાર્મિક ઘણા સ્થળો આવેલા છે. જ્યાં વિશાળ પ્રમાણમાં દેશ-વિદેશના પ્રવાસીઓ યાત્રાળુઓ આવે છે. આજ રીતે જિલ્લામાં આવેલ ઔદ્યોગિક એકમોમાં પરપ્રાંતના માણસો કામ-ધંધા અર્થે આવે છે. આવા સંજોગોમાં ત્રાસવાદી પ્રવૃત્તિ સાથે સંકળાયેલા કોઈ વ્યક્તિ સ્થાનિકે ભાડેથી મકાન લઈ સ્થાનિક માણસો સાથે ભળી જઈ બદઈરાદો પાર ન પાડે તે માટે જાહેર જનતાની સલામતી તથા સુરક્ષા માટે તકેદારીના પગલા લેવા આવશ્યક જણાતાં હોય પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢ તરફથી કરાયેલ દરખાસ્ત વ્યાજબી જણાય છે.

આથી હું, પી. વી. અંતાણી, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, જુનાગઢ જિલ્લો, જુનાગઢ, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ ના નં. ૨)ની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂ છું કે, જુનાગઢ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં કોઈ મકાન માલિક અગર તો આ માટે આવા મકાન માલિકે ખાસ સત્તા આપેલ વ્યક્તિ જ્યારે મકાન ભાડે આપે ત્યારે સંબંધીત પોલીસ સ્ટેશને જાણ કર્યા સિવાય કોઈ વ્યક્તિને મકાન ભાડેથી આપી શકશે નહી. ભાડે આપેલ મકાનની વિગત ભાડુઆત એ સંબંધીત દલાલ કે જેઓએ ભાડુઆતની ઓળખાણ આપેલ હોય તે અંગેની જરૂરી માહિતી નીચેના કોલમો મુજબ જે તે વિસ્તારના પોલીસ સ્ટેશન ખાતે આપવાની રહેશે.

| અનુ. | મકાન માલિકનું નામ, સરનામુ અને ટેલીફોન/મોબાઇલ નંબર તથા ભાડે આપેલ મકાનની વિગત, જેમાં ક્યા વિસ્તારમાં મકાન આવેલ છે અને મકાનનુ બાંધકામ કેટલા ચો.મી. માં છે તેની વિગત | મકાન ભાડે આપવા સત્તા ધરાવતા વ્યક્તિનું નામ, સરનામું, ટેલીફોન/ મોબાઇલ નંબર | મકાન કઇ તારીખથી ભાડે આપેલ છે તથા માસીક ભાડુ કેટલુ છે? | જે વ્યક્તિને મકાન ભાડે આપેલ છે તેનું પુરૂ નામ હાલનું સરનામું, ટેલીફોન/ મોબાઇલ નંબર ફોટા સાથે | જે વ્યક્તિને મકાન ભાડે આપેલ છે તેમના મુળ વતનનું પાકુ સરનામુ તથા વતનમાં ઓળખતા ત્રણ સગા સંબંધીના નામ અને સરનામા | મકાન માલીકને ભાડુઆતનો સંપર્ક કરાવનાર વ્યક્તિનું નામ, સરનામું, ટેલીફોન/ મોબાઇલ નંબર | રીમાર્કસ |
|---|---|---|---|---|---|---|---|
| (૧) | (૨) | (૩) | (૪) | (૫) | (૬) | (૭) | (૮) |
| | | | | | | | |

આ હુકમ તા. ૨૩-૦૮-૨૦૧૭ ના રોજ થી દિવસ-૬૦ માટે અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડસંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમની જાહેર જનતાને જાણ સંબંધીત કચેરીઓએ તેમના નોટિસ બોર્ડ પર સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યા ઉપર નકલ ચોટાડીને તથા માહિતી ખાતાએ વર્તમાનપત્રોમાં પ્રસિધ્ધી કરી કરવાની રહેશે.

આજ તારીખ ૧૯ માહે ઓગષ્ટ, સને-૨૦૧૭ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે જાહેર જનતાની જાણ તથા અમલવારી માટે આ હુકમ પ્રસિધ્ધ કરવામાં આવ્યો.

જુનાગઢ, ૧૯ માહે ઓગષ્ટ, સને ૨૦૧૭.

---

## ફોજદારી કાર્યરીતિ આધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ કાઢેલ હુકમ

## હુકમ

નં. : એમએજી/સી/વાહન લે-વેચ/૪૨૪૨/૨૦૧૭.-ગુજરાત રાજ્ય સહિત સમગ્ર દેશોમાં છેલ્લા કેટલાક સમયથી આતંકવાદી ભાંગફોડીયા તત્વો દેશના અલગ અલગ રાજ્યમાં આતંક ફેલાવાના હેતુથી રજીસ્ટર ન થતા હોય તેવા સાયકલ/મોપેડ/અન્ય વાહનોના ઉપયોગ કરતા હોવાનું જણાય છે. આતંકવાદી કૃત્યમાં આવા વાહનનો ઉપયોગ થયા બાદ આવા વાહનોની કોઈ સ્પષ્ટ નોંધણી ન હોવાના કારણે તેના મુળ માલીક સુધી પહોંચવાનું તપાસ એજન્સી/પોલીસ માટે ખુબ જ મુશ્કેલ બનતું હોય છે. મહદઅંશે આવા વાહનોના વેચાણ વખતે આવા જુના વાહનોની લે-વેચ કરતી વખતે તેમજ આવા વાહનો ભાડે આપતી વખતે વેપારીઓએ ખરીદનાર/ ગ્રાહક પાસેથી ઓળખના પુરતા પુરાવા મેળવ્યા વગર વાહનોનું વેચાણ કરતા હોય છે, લે-વેચ કરતા હોય છે કે ભાડે આપતા હોય છે. મોટા શહેરોમાં બનેલ અમુક બનાવોથી જણાય છે કે ત્રાસવાદી/અસામાજીક તત્વો આવા રજીસ્ટ્રર્ડ ન થતા હોય તેવા સાયકલ/ મોપેડ/અન્ય વાહનોની ખરીદી કે ભાડે મેળવી જાહેર સલામતી અને શાંતિનો ભંગ કરે તેમજ માનવ જીંદગીની ખુવારી થાય અને લોકોની સંપતિને નુકશાન પહોંચે તે કોશીશ કરી રહયા છે.

બહારના રાજ્યોમાંથી અગર દેશ બહારથી આવતા આવા તત્વો રજીસ્ટર્ડ ન થતા હોય તેવા સાયકલ/મોપેડ/અન્ય વાહનોનું વેચાણ કરનાર, આવા વાહનોની લે-વેચ કરનાર તથા આવા વાહનો ભાડે આપનાર વેપારીઓ ઉપર નિયંત્રણો મુકવા પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢના પત્ર નં. એસ.ઓ.જી./જાહેરનામું/વાહન/લે-વેચ/૪૧૫/૧૬, તા. ૧૬-૦૮-૨૦૧૭ થી દરખાસ્ત રજુ થયેલ છે. ઉક્ત દરખાસ્ત વ્યાજબી જણાતી હોય, આથી હું, પી. વી. અંતાણી, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, જુનાગઢ જિલ્લો, જુનાગઢ, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪નો બીજો અધિનિયમ)ના કાયદાની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે, સમગ્ર જુનાગઢ જિલ્લાના વિસ્તારમાં રજીસ્ટર્ડ ન થતા હોય, તેવા સાયકલ/મોપેડ/અન્ય વાહનોનું વેચાણ કરનાર, આવા વાહનોની લે-વેચ કરનાર તથા આવા વાહનો ભાડે આપનાર વેપારીઓ જ્યારે જ્યારે આવા વાહનોની લે-વેચ કરે કે આવા વાહનો ભાડે આપે ત્યારે જે તે વ્યક્તિને આવું વાહન વેચાણ કરેલ હોય, આવું વાહન ખરીદેલ હોય અથવા તો જે વ્યકિતને ભાડે આપેલ હોય તેવી વ્યકિત પાસેથી જરૂરી માહિતી/આધાર-પુરાવા મેળવી નીચે દર્શાવ્યા પ્રમાણે રજીસ્ટર્ડની નિભાવણી કરીને તેમજ જરૂરી જણાયે જિલ્લા મેજીસ્ટ્રેટ, પોલીસ અધિક્ષક, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, સબ ડિવીઝનલ મેજીસ્ટ્રેટ, એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ કે તેમના તાબાના અધિકારી માંગે ત્યારે તેઓને અવશ્ય આપવાનો આથી હુકમ કરવામાં આવે છે.

તદનુસાર નવા/જુના વાહનોનું વેચાણ કરનાર, લે-વેચ કરનાર તથા ભાડે આપનાર વેપારીઓએ નીચે દર્શાવેલ નમુનાના રજીસ્ટરની સ્થાનીક પોલીસ સ્ટેશનના સીક્કા કરાવી, અવશ્યકપણે નિભાવણી કરવાનો આથી હુકમ કરવામાં આવે છે.

| ક્રમ | વાહન કોને વેચેલ છે/ કોની પાસેથી ખરીદેલ છે, કોને ભાડે આપેલ છે, તેનું પુરૂ નામ, જ્ઞાતી(જાત), ઉંમર, સરનામું, કોન્ટેક્ટ નંબર | વાહનનો નંબર/પ્રકાર, એન્જીન નંબર તથા તથા ચેસીસ નંબર | રજુ કરેલ આધાર-પુરાવા જેવા કે રેશનકાર્ડ/ ચૂંટણીકાર્ડ/ડ્રાઈવીંગ લાયસન્સ/બેન્કની પાસબુક/પાનકાર્ડ/પાસપોર્ટ/ઈલેક્ટ્રીક બીલ/ ટેલીફોન બીલ (ખરીદનાર પાસેથી તેમની સહીથી પ્રમાણીત થયેલ ઝેરોક્ષ નકલ મેળવીને ફાઈલ બનાવી રાખવી.) | વાહન કોને વેચેલ છે./ કોની પાસેથી ખરીદેલ છે./ કોને ભાડે આપેલ છે. તેનો તાજેતરનો પાસપોર્ટ સાઈઝનો ફોટોગ્રાફ |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |

આવા વેપારીએ દર મહીનાને અંતે આવા ખરીદ-વેચાણ કરેલ વાહનોની વિગતો એસ.ઓ.જી. શાખા, નવી પોલીસ અધિક્ષકશ્રીની કચેરી, શશીકુંજ સામે, દ્વારકાપુરી સોસાયટી રોડ, જુનાગઢ ખાતે અચુક રજુ કરવાની રહેશે.

આ હુકમ તા. ૨૩-૦૮-૨૦૧૭ થી દિન-૬૦ માટે અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ જાહેરનામું જાહેર વિસ્તારોમાં સહેલાઈથી દેખી શકાય તેવી રીતે તેની નકલ ચોંટાડીને તેમજ સ્થાનિક વર્તમાનપત્રોમાં બહોળી પ્રસિધ્ધી આપીને પ્રસિધ્ધ કરવાનું આથી હું ફરમાવું છું.

આજ તારીખ ૧૯ માહે ઓગષ્ટ, સને-૨૦૧૭ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા કરી જાહેરનામું બહાર પાડેલ છે.

જુનાગઢ, ૧૯ માહે ઓગષ્ટ, સને ૨૦૧૭.

**પી. વી. અંતાણી,**

અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
જુનાગઢ જિલ્લો, જુનાગઢ.

---

## જાહેરનામુ

નં. ડી.એમ.-૧/ફા.બટ/ઈ.નં. ૩૪૮૮૧/૧૭.-ભાવનગર જિલ્લાના શિહોર ગામની સર્વે નં. ૨૮૨ની શિહોર-ટાણા રોડની દક્ષિણ બાજુએ આવેલ જમીન કે જેનો ઉપયોગ હાલ પોલીસ તંત્ર દ્વારા ફાયરીંગ બટ માટે થાય છે. આ ફાયરીંગ બટ ખાતે આગામી તા. ૧૮-૦૮-૨૦૧૭ના રોજ ઈન્ડીયન ફલેગ કમાન્ડીંગ ઓફીસરશ્રી, આઈ.એન.એસ. સાવીત્રી, પીપાવાવ પોર્ટ, રાજુલાનો ફાયરીંગ પ્રોગ્રામનું આયોજન કરવામાં આવેલ છે. જે સંદર્ભે શિહોરના સર્વે નં. ૨૮૨માં ફાયરીંગ બટના સ્થળની પેરીફેરીથી આજુબાજુના ૧૦૦ મીટર સુધીના વિસ્તારમાં તકેદારીના પગલા રૂપે જાહેરનામુ બહાર પાડવા પોલીસ અધિક્ષકશ્રી, ભાવનગરની કચેરીના પત્ર નં. ૬૫/સીબી-૫/૧૫૮૮/૨૦૧૭, તા. ૧૪-૦૮-૨૦૧૭થી દરખાસ્ત રજૂ થયેલ છે. જે દરખાસ્ત મુજબનું જાહેરનામુ બહાર પાડવું જરૂરી જણાય છે.

સબબ, જાનમાલની સલામતી ખાતર ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(ફ) થી મળેલ અધિકારની રૂઈએ હું આર. પી. ચોધરી(જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ભાવનગર જિલ્લો, ભાવનગર આથી ફરમાવું છું કે, શિહોર ગામના સર્વે નં. ૨૮૨, શિહોર-ટાણા રોડની દક્ષિણ દિશાએ ફાયરીંગ બટનું ક્ષેત્રફળ ૨–૧૯–૫૩ આરે માં આવેલ છે તે સ્થળ તથા તેની પેરી ફેરીથી આજુબાજુના ૧૦૦ મીટર સુધીના વિસ્તારમાં આગામી તા. ૧૮-૦૮-૨૦૧૭ના રોજ કોઈપણ શખ્શે જવું નહીં તેમજ ઢોરોને સદરહું વિસ્તારમાં ચરાવવા નહીં.

જાહેરનામાનો અમલ તથા તેનો ભંગ બદલના પગલા લેવા માટે ફરજ પરના કોઈપણ હેડ કોન્સ્ટેબલ તથા તેનાથી ઉપરના અધિકારીને અધિકાર રહેશે.

આ જાહેરનામાનો ભંગ કર્યેથી આ અધિનિયમની કલમ-૧૩૧ મુજબ સજા થશે.

આજ તારીખ : ૧૬-૦૮-૨૦૧૭ના રોજ મારી સહી તથા કચેરીના સીકકા કરી જાહેર જનતાની જાણ માટે જાહેરનામું બહાર પાડવામાં આવ્યુ.

ભાવનગર, ૧૬ માહે ઓગષ્ટ, સને ૨૦૧૭.

---

## જાહેરનામુ

નં. ડી.એમ.-૧/અખબાર પત્ર/જા.ના./૨૦૧૭.-તાજેતરમાં શહેરી વિસ્તાર તથા વિકસીત વિસ્તારમાં કોઈ પણ ખાદ્ય પદાર્થો (ખાસ કરીને તળેલી વાનગી) વિક્રેતા/દુકાનદાર દ્વારા અખબાર પત્રમાં લપેટીને પેક કરવામાં આવે છે. ફુડ એન્ડ સીક્યુરીટી સ્ટાન્ડર્ડ ઓથોરીટી ઓફ ઈન્ડીયા (એફએસએસએઆઈ) મુજબ,

અખબારોમાં તળેલા ખોરાકનાં રેપિંગમાં સ્વાસ્થયનું જોખમ રહેલુ છે. કારણ કે અખબાર શાહીમાં ઘણા જોખમી રસાયણો છે જે આરોગ્ય સમસ્યાઓને વધારી શકે છે. કાર્બનિક રસાયણો અને પ્રિન્ટીંગ શાહિઓના સંપર્કમાં એડિટિવ્સ (ઉમેરેલી વસ્તુ) અને ફોટો ઈનિયેટર્સ(આરંભ કરનાર)નો સમાવેશ થાય છે, જે હાનિકારક અસરો ધરાવે છે તથા લોકોનાં સ્વાસ્થ્ય માટે હાનીકારક નીવડે છે. જેથી કોઈપણ વ્યક્તિએ અખબારપત્રમાં લપેટીને પેક કરવામાં આવેલ ખોરાકનું સેવન કરવુ જોઈએ નહી.

આથી હું, આર. પી. ચૌધરી(જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ભાવનગર જિલ્લો, ભાવનગર, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪નો બીજો અધિનિયમ)ના કાયદાની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ સત્તાની રૂઈએ આથી હુકમ કરું છું કે, લોકોનું સ્વાસ્થય જળવાઈ રહે તે માટે ભાવનગર જિલ્લામાં સમાવિષ્ટ થતાં કોઈ પણ વિસ્તારમાં કોઈ પણ વિક્રેતા/દુકાનદાર/લારી/કેબીનધારકોએ અખબાર પત્રમાં લપેટીને કોઈ પણ પ્રકારના ખાદ્ય પદાર્થો (ખાસ કરીને તળેલી વાનગી)નું વેચાણ કરવુ નહિ.

આ હુકમ તા. ૧૬-૦૮-૨૦૧૭ થી તા. ૧૪-૧૦-૨૦૧૭ સુધી (બંને દિવસો સુધ્ધા) દિન-૬૦ માટે અમલમાં રહેશે.

આ જાહેરનામાનો અમલ સંબંધિત પોલીસ થાણાના અધિકારીશ્રીઓ, પ્રાદેશિક અધિકારીશ્રી, ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડ, ભાવનગર, કમિશનરશ્રી, મહાનગરપાલિકા, ભાવનગર, મુખ્ય કારોબારી અધિકારીશ્રી, ભાવનગર વિસ્તાર વિકાસ સત્તા મંડળ, ભાવનગર, નિર્દિષ્ટ અધિકારીશ્રી, અલંગ વિસ્તાર વિકાસ સત્તા મંડળ, અલંગ, સંબંધિત તાલુકા મામલતદારશ્રીઓ તથા સંબંધિત ચીફ ઓફીસરશ્રી, નગરપાલિકાઓએ કરાવવાનો રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ જાહેરનામું ઉપર નિર્દિષ્ટ કરેલ વિસ્તારોમાં સહેલાઈથી દેખી શકાય તેવી રીતે તેની નકલ ચોંટાડીને તેમજ સ્થાનિક વર્તમાનપત્રોમાં બહોળી પ્રસિધ્ધી આપીને પ્રસિધ્ધ કરવાનું આથી હું ફરમાવું છું.

આજ તા. ૧૬-૦૮-૨૦૧૭ના રોજ મારી સહી તથા કચેરીનો સિકકો કરી જાહેરનામું બહાર પાડેલ છે.

ભાવનગર, ૧૬ માહે ઓગષ્ટ, સને ૨૦૧૭.

---

## જાહેરનામુ

નં. ડી.એમ.-૧/હ.જા./ઈ.નં. ૩૫૦૬૮/૨૦૧૭.-આગામી ઓગષ્ટ/૨૦૧૭-સપ્ટેમ્બર/૨૦૧૭નાં માસ દરમ્યાન તા. ૧૭-૦૮-૨૦૧૭નાં રોજ પતેતી, તા. ૧૮-૦૮-૨૦૧૭નાં રોજ જૈન પર્યુષણ, તા. ૨૫-૦૮-૨૦૧૭નાં રોજ ગણેશ ચતુર્થી, તા. ૨૬-૦૮-૨૦૧૭નાં રોજ રૂષી પાંચમ, તા. ૦૨-૦૯-૨૦૧૭નાં રોજ બકરી ઈદ, તા. ૦૫-૦૯-૨૦૧૭નાં રોજ ગણેશ વિસર્જન વિગેરે તહેવારો/ઉત્સવો ઉજવનારા હોય, આ દિવસોમાં કાયદો અને વ્યવસ્થા જાળવવા તથા આ તહેવારો દરમિયાન સુલેહ-શાંતિ જળવાય રહે તેમજ રાજયની વર્તમાન પરિસ્થિતિને અનુલક્ષીને અગમચેતીના પગલા લેવા અનિવાર્ય જણાતાં સમગ્ર ભાવનગર જિલ્લામાં લોકો જાહેરમાં તિક્ષ્ણ હથિયારો જેવા કે છરી, કુંહાડી, ધારીયા, તલવાર, ગુપ્તી, કુંડેલીવાળી લાકડીઓ, લોખંડના પાઈપ, ભાલા વિગેરે જેવા પ્રાણઘાતક હથિયારો લઈને હરે ફરે નહિ, તે માટે પ્રતિબંધ ફરમાવતું જાહેરનામું જાહેર શાંતિ અને સલામતી જાળવવા સારુ બહાર પાડવું જરૂરી જણાય છે.

સબબ, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૧) અન્વયે મને મળેલ અધિકારની રુઈએ હું, આર. પી. ચૌધરી (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભાવનગર જિલ્લો, ભાવનગર, આથી જાહેર શાંતિ અને સલામતી જાળવવા સારું ફરમાવું છું કે કોઈએ નીચેની અનુસુચિમાં દર્શાવેલ વિસ્તારમાં તા. ૧૮-૦૮-૨૦૧૭ થી તા. ૧૬-૦૯-૨૦૧૭ સુધી (બંન્ને દિવસો સુધ્ધા).

(ક) કોઈ વ્યકિત કે વ્યક્તિના સમુહ ધ્વારા જાહેરમાં તિક્ષ્ણ હથિયારો જેવાં કે છરી, કુંહાડી, ધારીયા, તલવાર, ગુપ્તી, કુંડેલીવાળી લાકડીઓ, લોખંડના પાઈપ, ભાલા તથા દંડા, બંદુક, લાઠી અથવા શારીરીક ઈજા પહોંચાડી શકાય તેવી બીજી કોઈ ચીજવસ્તુઓ કે હથિયારો જાહેરમાં લઈ જવા નહિ.

(ખ) કોઈ પણ જાહેર જગ્યામાં લોકોને શારીરીક નુકશાન કરે તેવા પદાર્થો તથા લાયસન્સ/પરમીટ વગર સ્ફોટક પદાર્થ લઈ જવા, લાવવા નહિ.

(ગ) પથ્થરો અથવા બીજા શસ્ત્રો અથવા ફેંકી શકાય તેવા કોઈ સાધન સામગ્રી કે યંત્રો જાહેરમાં એકઠા કરવા/તૈયાર કરવા તેમજ સભા/સરઘસની મંજુરી આપનાર સક્ષમ અધિકારીશ્રીની મંજુરી લીધા વગર સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલ લઈ જવી નહિ.

(ઘ) વ્યકિત કે વ્યકિતના જુથ ધ્વારા કોઈ અન્ય વ્યકિત કે વ્યકિતના સમુહના શબ અથવા આકૃતિઓ કે પુતળા જાહેરમાં દેખાડવા નહિ.

**આ હુકમનો ખંડ (ક) નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહિ.**

(૧) સરકારી નોકરી કે કામ કરતી કોઈ વ્યક્તિને જો ત્યાંના ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથિયાર લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા આવું કોઈપણ હથીયાર લઈ જવાની તેની ફરજ હોય.

(૨) પોલીસ અધિક્ષકશ્રી અથવા તેણે અધિકૃત કરેલ પોલીસ અધિકારી કે જેને શારીરીક અશક્તિને કારણે લાકડી અથવા લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તે વ્યક્તિને.

(૩) જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી અથવા અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રીએ આ અર્થે ખાસ અધિકૃત કરે તેવી બીજી કોઈ વ્યક્તિને.

અનુસુચિ :

ભાવનગર જિલ્લાનો સમગ્ર વિસ્તાર.

આ જાહેરનામાનો કોઈ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને ઓછામાં ઓછી ચાર મહિનાની અને વધુમાં વધુ એક વર્ષની કેદની સજા અને ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૫ (૧) મુજબની દંડની પણ સજા થશે.

''જાહેરનામાનો અમલ અને તેના ભંગ બદલના પગલા લેવા માટે ફરજ પરના કોઈપણ હેડ કોન્સ્ટેબલ તથા તેનાથી ઉપરના અધિકારીને અધિકાર રહેશે.''

આ જાહેરનામું ઉપર નિર્દિષ્ટ કરેલ વિસ્તારમાં સહેલાઈથી દેખી શકાય તેવી રીતે તેની નકલ ચોંટાડીને તેમજ સ્થાનિક વર્તમાનપત્રોમાં બહોળી પ્રસિધ્ધી આપીને પ્રસિધ્ધ કરવાનું આથી હું ફરમાવું છું.

આજ તા. ૧૬-૦૮-૨૦૧૭ ના રોજ મારી સહી તથા સીકકો માર્યો.

ભાવનગર, ૧૬ માહે ઓગષ્ટ, સને ૨૦૧૭.

---

## જાહેરનામુ

નં. ડીએમ-૧/TET-II/પરીક્ષા/ઈ.નં. ૩૪૫૯૦/૧૭.- ભાવનગર શહેર આગામી તા. ૨૦-૦૮-૨૦૧૭નાં રોજ ૦૩-૦૦ થી ૫-૦૦ ક. દરમ્યાન ગુજરાત રાજ્ય પરીક્ષા બોર્ડ, ગાંધીનગર દ્વારા TET-II પરીક્ષા-૨૦૧૭ લેવાનાર છે. આ પરીક્ષા દરમિયાન પરીક્ષા કેન્દ્ર ખાતે પરીક્ષાર્થીઓ નિર્ભયતાથી, શાંતિપૂર્વક તેમજ એખલાસભર્યા વાતાવરણમાં પરીક્ષા આપી શકે, પરીક્ષા કેન્દ્રોની આજુબાજુના વિસ્તારોમાં અસામાજિક ગુંડાતત્વો એકઠા થઈ પરીક્ષાર્થીઓને ખલેલ પહોંચાડે નહિ તેમજ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે માટે જાહેર હિતમાં હું આર. પી. ચૌધરી, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભાવનગર જિલ્લો, ભાવનગર, ભારતના ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪નો બીજો) ની કલમ-૧૪૪ થી મને મળેલ અધિકારની રૂઈએ આગામી તા. ૨૦-૦૮-૨૦૧૭ ના રોજ ૦૩-૦૦ થી ૫-૦૦ ક. દરમ્યાન આ સાથે સામેલ યાદી મુજબના પરીક્ષા કેન્દ્રો ખાતે નીચે મુજબના પ્રતિબંધો ફરમાવું છું.

(૧) પરીક્ષા કેન્દ્રની ૧૦૦ મીટરની ત્રિજ્યામાં આવેલા ઝેરોક્ષ/ફેકસ/સ્કેનરનાં વ્યવસાય સાથે સંકળાયેલા વેપારીઓએ ઝેરોક્ષ, સ્કેનર તેમજ ફેકસ મશીનના ઉપયોગ પર.

(૨) પરીક્ષા કેન્દ્રની ૧૦૦ મીટરની ત્રિજ્યામાં મોટા અવાજે લાઉડસ્પીકર કે બેન્ડવાજા વિગેરે ધ્વનિવર્ધક સાધનોના ઉપયોગ પર.

(૩) પરીક્ષા કેન્દ્રમાં મોબાઈલ ફોન કે અન્ય ઈલેકટ્રોનિક ગેઝેટ લઈ જવા કે તેના ઉપયોગ પર.

(૪) પરીક્ષા કેન્દ્રની ૨૦૦ મીટરની ત્રિજ્યાના વિસ્તારમાં ચાર કે તેથી વધુ માણસો એકઠા થવા પર.

(૫) પરીક્ષા કેન્દ્રોમાં પરીક્ષાર્થીઓ તથા ફરજ પરના સ્ટાફ કે અધિકૃત વ્યક્તિ સિવાય કોઈ અનઅધિકૃત વ્યક્તિએ પરીક્ષા કેન્દ્રમાં પ્રવેશવા પર.

સદરહું જાહેરનામું ઉકત જણાવ્યા મુજબના પરીક્ષા કેન્દ્રો ઉપરાંત જો નવા પરીક્ષા કેન્દ્રો જાહેર થશે તો તેને પણ લાગુ પડશે.

સદરહું જાહેરનામા/હુકમનો ઉલ્લંઘન કરનારને ભારતના ફોજદારી અધિનિયમ (સને ૧૮૬૦ના ૪૫માં અધિનિયમ)ની કલમ-૧૮૮ મુજબ સજા થશે.

''જાહેરનામાના અમલ તથા તેના ભંગ બદલ પગલા લેવા હેડકોન્સ્ટેબલથી નીચેના ન હોય તેવા અધિકારીશ્રીને અધિકૃત કરવામાં આવે છે.''

ઉપર નિર્દિષ્ટ કરેલા વિસ્તારોમાં સહેલાઈથી દેખી શકાય તેવી જગ્યાઓએ આ હુકમની નકલો ચોંટાડીને અને સ્થાનીક વર્તમાનપત્રો દ્વારા તેની બહોળી પ્રસિધ્ધી કરાવીને સદરહું હુકમ પ્રસિધ્ધ કરવો.

આજ તારીખ : ૧૬-૦૮-૨૦૧૭ ના રોજ મારી સહી કરી હુકમ પ્રસિધ્ધ કર્યો.

ભાવનગર, ૧૬ માહે ઓગષ્ટ, સને ૨૦૧૭.

**આર. પી. ચૌધરી,**
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
ભાવનગર.

## જિલ્લા શિક્ષણાધિકારી કચેરી, ભાવનગર

### ટાટ-૨ પરિક્ષા તા. ૨૦-૦૮-૨૦૧૭ ના કેન્દ્રોની યાદી સમય : ૧૫-૦૦ થી ૧૭-૦૦ P.M.

| ક્રમ | પરીક્ષા કેન્દ્રનું નામ | પરીક્ષાકેન્દ્રનુંસરનામું | સ્થળ સંચાલકનું નામ | સ્થળસંચાલકનો ફોન નંબર | બ્લોકની સંખ્યા | સીસીટીવી કેમેરા |
|---|---|---|---|---|---|---|
| ૧. | શ્રી એમ. કે. જમોડ હાઈસ્કુલ | માજીરાજ વાડી સામે, ભાવનગર | શ્રી જે એમ જમોડ | ૯૪૨૮૭૮૫૦૦૨ | ૧૫ | હા |
| ૨. | નંદકુંવરબા ક્ષત્રિય કન્યા વિદ્યાલય | નિલમ બાગ સર્કલ ભાવનગર | શ્રી રાજેસ્વરીબા ગોહિલ | ૯૯૭૯૦૮૯૯૫૧ | ૧૩ | હા |
| ૩. | શ્રી ટી. બી. જૈન હાઈસ્કુલ | ઘોઘા ગેટ, ભાવનગર. | શ્રી નયનાબેન ત્રિવેદી | ૯૪૨૬૨૧૫૮૪૦ | ૧૦ | હા |
| ૪. | શ્રી સ્વામિનારાયણ ગુરુકુળ | જી આઈ ડી સી, ચિત્રા ભાવનગર | શ્રી બટુકભાઈ પટેલ | ૯૪૨૮૧૧૮૮૯૩ | ૦૯ | હા |
| ૫. | શ્રી સ્વામિનારાયણ ગુરુકુળ | નિર્ભય સોસાયટી, ચિત્રા, ભાવનગર | શ્રી લાલજીભાઈ કોરડીયા | ૯૯૨૪૧૮૧૨૪૪ | ૧૦ | હા |
| ૬. | શ્રી તપોવન વિદ્યાલય | મસ્તરામબાપાના મંદિરની પાછળ, ચિત્રા, ભાવનગર | શ્રી જોષી રેખાબેન જી. | ૯૯૦૯૦૯૩૯૯૧ | ૦૮ | ના |
| ૭. | શ્રી સંસ્કાર વિદ્યાલય | આખલોલ જકાતનાકા સામે, ભાવનગર | શ્રી ભાવેશભાઈ વાજા | ૯૮૯૮૫૮૫૦૪૦ | ૦૮ | ના |
| ૮. | શ્રી એસ. કે. વિદ્યાલય | મસ્તારબાપાના મંદિર સામે, ચિત્રા, ભાવનગર | શ્રી વનરાજસિંહ | ૯૬૬૨૬૪૭૪૮૭ | ૦૮ | હા |
| ૯. | શ્રી એલ. ડી. ગુંદસરીયા | આહિર કન્યા વિદ્યાલય, લક્ષ્મીનગરની પાછળ, સિદસર રોડ, ભાવનગર | શ્રી નિતાબેન | ૯૧૭૩૦૯૨૭૧૯ | ૦૮ | હા |
| ૧૦. | શ્રી સારથી વિદ્યાલય | સિલ્વર બેલ્સ સ્કુલની પાછળ, કાળીયાબીડ, ભાવનગર | શ્રી કેતનભાઈ ત્રિવેદી | ૯૪૨૭૨૪૯૬૦૩ | ૦૮ | હા |
| ૧૧. | શ્રી બેબીલેન્ડ (જ્ઞાનગુરૂ) | રામમંત્ર મંદિરની સામે, કાળીયાબીડ, ભાવનગર | શ્રી પરેશભાઈ જાની | ૯૪૨૮૯૯૧૦૨૫ | ૧૦ | હા |
| ૧૨. | શ્રી જ્ઞાનમંજરી | સપ્તપદી હોલ સામે, કાળીયાબીડ, ભાવનગર | શ્રી હરેશભાઈ જાની | ૯૮૮૦૦૫૮૦૬૪<br>૮૯૮૦૦૨૮૦૬૪ | ૧૫ | હા |
| ૧૩. | શ્રી જ્ઞાનગુરુ (પારિજાત) | સાગવાડી, કાળીયાબીડ, ભાવનગર | શ્રી શિવરાજસિંહ રાઠોડ | ૮૦૦૦૩૬૧૧૪૨ | ૦૮ | હા |
| ૧૪. | શ્રી સિલ્વર બેલ્સ હાઈસ્કુલ | ભગવતી સર્કલ, કાળીયાબીડ, ભાવનગર | શ્રી રિમાબેન ગાંગુલી | ૯૪૨૬૫૫૫૬૬૬ | ૧૨ | હા |
| ૧૫. | શ્રી પ્રણવબક્ષી વિદ્યાલય | શિશુ વિહાર, ભાવનગર | શ્રી કાજીસ જજીસ | ૮૨૬૪૨૯૨૯૨૯ | ૦૮ | ના |
| ૧૬. | શ્રી મહાલક્ષ્મી ગર્લ્સ હાઈસ્કુલ | ડોન ચોક, ભાવનગર | શ્રી વિમળાબેન પટેલ | ૯૯૨૪૮૧૮૨૧૦ | ૦૮ | ના |
| ૧૭. | શ્રી ધનેશ મહેતા | ક્રેસન્ટ સર્કલ, ભાવનગર | શ્રી એસ. પી. કનારા | ૯૯૭૯૭૦૭૮૩૫ | ૦૮ | ના |
| ૧૮. | શ્રી કે. આર. દોશી હાઈસ્કુલ | સરદારનગર, ભાવનગર | શ્રી આશિફભાઈ આચાર્ય | ૯૮૨૫૨૭૭૨૫૦ | ૦૮ | ના |
| ૧૯. | શ્રી સર પી પી ઈન્સ્ટિટ્યુટ ઓફ સાઈન્સ કોલેજ | વાઘાવાડી રોડ, ભાવનગર | શ્રી એન વી મહેતા | ૯૪૨૭૭૫૪૮૦૧ | ૧૫ | હા |
| ૨૦. | શ્રી વળીયા આર્ટસ એન્ડ કોમર્સ કોલજ | વિદ્યાનગર, ભાવનગર | શ્રી પ્રો. એસ. પી. શર્મા | ૮૫૧૧૧૮૬૦૦૯ | ૧૫ | હા |

| ક્રમ | પરીક્ષા કેન્દ્રનું નામ | પરીક્ષાકેન્દ્રનુંસરનામું | સ્થળ સંચાલકનું નામ | સ્થળસંચાલકનો ફોન નંબર | બ્લોકની સંખ્યા | સીસીટીવી કેમેરા |
|---|---|---|---|---|---|---|
| ૨૧. | શ્રી સરકારી ઈજનેરી કોલેજ યુનિટ-૧ | વિદ્યાનગર, ભાવનગર | શ્રી પ્રો. એસ. એમ. ત્રિવેદી | ૯૪૨૬૯૨૩૫૮૫ | ૧૦ | હા |
| ૨૨. | શ્રી સરકારી ઈજનેરી કોલેજ યુનિટ-૨ | વિદ્યાનગર, ભાવનગર | શ્રી એ. જી. કુટે | ૯૪૨૬૧૨૮૭૭૯ | ૧૦ | હા |
| ૨૩. | શ્રીમતિ ન ચ ગાંધી મહિલા કોલેજ | મહિલા કોલેજ સર્કલ, યશવંતરાય નાટ્યગૃહની બાજુમાં, ભાવનગર | શ્રી દર્શાનાબેન રાવળ | ૯૪૨૭૩૪૭૬૩૯ | ૧૨ | હા |
| ૨૪. | શ્રી સરકારી ભાવસિંહજી પોલીટેકનિકલ કોલેજ યુનિટ-૧ | વિદ્યાનગર, ભાવનગર | શ્રી એસ. કે. ભટ્ટ | ૯૯૦૯૯૪૨૨૯૩ | ૧૦ | હા |

ભાવનગર, ૧૬ માહે ઓગષ્ટ, સને ૨૦૧૭.

**સહી/-** (અવાચ્ય),
જિલ્લા શિક્ષણાધિકારી, ભાવનગર.

---

## પોલીસ કમિશ્નર દ્વારા

## જાહેરનામું

ક્રમાંક : રાજ/સીપી/એલ.બી.-૨/ટ્રાફીક/જા.ના/૮૦૦/ ૨૦૧૭.-આગામી તા. ૧૩-૦૮-૨૦૧૭ થી તા. ૧૭-૦૮-૨૦૧૭ સુધી રેસકોર્ષ ગ્રાઉન્ડ ખાતે સાંસ્કૃતિક લોકમેળાનું આયોજન કરવામાં આવેલ હોય અને આ લોકમેળામાં રાજકોટ શહેર તથા આજુબાજુના ગામડાઓમાંથી ખુબ જ પ્રમાણમાં આમ જનતા લોકમેળો માણવા માટે આવતી હોય અને વાહનોનું પ્રમાણ ખુબ જ રહેતું હોય જેથી લોકમેળામાં આવતી આમ જનતા લોકમેળામાં સરળ રીતે હરીફરી શકે અને સુચારૂ તથા સલામત વાહન વ્યવહાર ચાલુ રહે અને અકસ્માતના બનાવો ન બને તે માટે વાહન વ્યવહારના સરળ ટ્રાફીક નિયમન માટે નીચે મુજબની વ્યવસ્થા કરવાનું હિતાવહ જણાય છે.

### પેરા-A

(૧) રેસકોર્ષ રીંગ રોડ ફરતો તમામ વાહનો માટે (ટ્રક, મેટાડોર, બસ, કાર, રીક્ષા, મોટર સાયકલ, સાયકલ) વિગેરે વાહનો માટે ''નો પાર્કીંગ'' જાહેર કરવામાં આવે છે.

(૨) રેસકોર્ષ રીંગ રોડ ફરતે લારી ગલ્લા, પાથરણા અને રેકડીઓ રાખવાની મનાઈ ફરમાવવામાં આવે છે.

(૩) કલાક ૦૯-૦૦ થી મેળો પુર્ણ થાય ત્યાં સુધી રેસકોર્ષ રીંગ રોડ પર વાહન ૧૦ કી.મી.ની ઝડપે જ ચલાવવાનું રહેશે.

(૪) ચાણકય બિલ્ડીંગ ચોકથી ફુલછાબ ચોકથી ભીલવાસ ચોક સુધી તમામ વાહનો માટે ''નો પાર્કિંગ ઝોન'' જાહેર કરવામાં આવે છે.

(૫) બહુમાળી ભવન સર્કલથી પોલીસ હેડકવાર્ટર સર્કલ સુધી બન્ને તરફ વાહન પ્રવેશબંધી ફરમાવવામાં આવે છે.

(૬) પોલીસ હેડકવાર્ટર સર્કલથી કિશાનપરા ચોક સુધી એક તરફ પ્રવેશબંધી તથા એક તરફ મહિલા પોલીસ સ્ટેશન તરફના રોડ ઉપર બન્ને બાજુએ વાહન વ્યવહાર ચાલુ રહેશે.

**નીચે મુજબના રસ્તાઓ બંધ રહેશે :**

(૧) ચાણકય બીલ્ડીગ ચોકથી બહુમાળી ભવન ચોક સુધી તમામ પ્રકારના વાહન માટે સાંજના ક. ૫-૦૦ થી મેળો પુર્ણ ન થાય ત્યા સુધી પ્રવેશ બંધી રહેશે.

(૨) પોલીસ હેડ કવાટર સર્કલથી જીલ્લા પંચાયત સર્કલ સુધી તમામ પ્રકારના વાહનો માટે સાંજના કલાક ૫-૦૦ થી મેળો પુર્ણ ન થાય ત્યા સુધી પ્રવેશ બંધી રહેશે.

(૩) જીલ્લા પંચાયત ચોકથી બહુમાળી ભવન સુધી તમામ પ્રકારના વાહનો માટે સાંજના કલાક ૫-૦૦ થી મેળો પુર્ણ ન થાય ત્યા સુધી પ્રવેશ બંધી રહેશે.

(૪) ચાણકય બીલ્ડીંગ ચોકથી બહુમળી ભવન તથા પો.હેડ.કવા. સર્કલથી જીલ્લા પંચાયત ચોક તથા જીલ્લા પંચાયત ચોકથી બહુમાળી ભવન ચોક સુધી અતુલ ઓટો અને છકડો રીક્ષા માટે સવારના ક. ૧૦-૦૦ થી મેળો પુર્ણ થાય ત્યા સુધી પ્રવેશ બંધી રહેશે.

**નીચે મુજબના રસ્તા ખુલ્લા રહેશે :**

(૧) ચાણકય બીલ્ડીંગ ચોકથી શ્રોફ રોડ, રૂડા બીલ્ડીંગ થઈ પોલીસ હેડ કવા. સર્કલ થઈ જુની એન.સી.સી. ચોકથી એરપોર્ટ તરફ જઈ શકાસે તથા સરકીટ હાઉસ થઈ ફુલછાબ ચોકથી જીલ્લા પંચાયત ચોકથી કિશાનપરા ચોક તરફ જઈ શકસે.

(૨) પો.હેડ.કવા. સર્કલથી રૂડા બીલ્ડીંગ તરફ જઈ શકાસે.

(૩) જીલ્લા પંચાયત ચોકથી ફુલછાબ ચોક તરફ તથા કિશાનપરા તરફ જઈ શકાસે તેમજ કિશાન પરા ચોકથી જુની એન.સી.સી. ચોક તરફ જઈ શકાસે.

(૪) એરપોર્ટ તરફથી આવતા વાહનો જુની એન.સી.સી. ચોકથી ડાબી બાજુ એટલે કે પો.હેડ.કવા. સર્કલ થઈ રૂડા બીલ્ડીંગ તરફ જઈ શકાસે તેમજ એરપોર્ટ તરફથી કિશાનપરા ચોક તરફ જવા માટે એરપોર્ટ ફાટક થઈ આમ્રપાલી ફાટક થઈ રૈયા રોડ તથા કાલાવડ રોડ તરફ જઈ શકાસે.

(૫) કોઈ પણ ભારે વાહન લોકમેળા દરમ્યાન રેસકોર્ષ રીંગ રોડ ઉપર પ્રવેશી શકશે નહી અને બાયપાસથી જ વાહન આવ જા કરશે.

## પેરા-B

તેમજ સદરહું લોકમેળા દરમ્યાન તા. ૧૩-૦૮-૨૦૧૭ થી તા. ૧૭-૦૮-૨૦૧૭ સુધી મેળામાં આવતી આમજનતાના ખાનગી વાહનો તેમજ ઓટો રીક્ષાઓ અને એસ.ટી. બસોને પાર્કીંગ કરવા માટે નીચે મુજબના સ્થળોએ પાર્કીંગ વ્યવસ્થા કરવામાં આવેલ હોય તે મુજબના જે તે સ્થળોએ તે જ પ્રકારના વાહનો પાર્કીંગ કરવાના રહેશે.

| ક્રમ | પાર્કીંગ સ્થળ | વાહનના પ્રકાર | વિગત |
|---|---|---|---|
| ૧. | નહેરૂ ઉદ્યાન, બહુમાળી ભવન સામે, પ્રવેશ બહુમાળી ચોકથી | કાર, મોટર સાયકલ, સાયકલ | ફ્રી પાર્કીંગ |
| ૨. | એરપોર્ટ ફાટકથી આમ્રપાલી ફાટક પુર્વ બાજુનો ભાગ રેલ્વે પાટા સામે | બસ, કાર, મો.સા./સાયકલ | ફ્રી પાર્કીંગ |
| ૩. | બાલભવન મેઈન ગેઈટથી આર્ટ ગેલેરી સુધીના રોડ ઉપર | મોટર સાયકલ તથા સાયકલ | ફ્રી પાર્કીંગ |
| ૪. | ચાણકય બિલ્ડીંગ ચોકથી શ્રોફ રોડ પર બન્ને બાજુના રસ્તાના સાઈડે એકની પાછળ એક ૩૦+૩૦ રીક્ષા માટે | ઓટો રીક્ષા/અતુલ રીક્ષા | ફ્રી પાર્કીંગ |
| ૫. | કિશાનપરા ચોક એ.જી. ઓફીસની દિવાલ પાસે ૧૫-રીક્ષા | અતુલ ઓટો રીક્ષા | ફ્રી પાર્કીંગ |
| ૬. | કિશાનપરા ચોક સાયકલ શેરીંગવાળી જગ્યા | ટુ-વ્હીલર માટે | ફ્રી પાર્કીંગ |
| ૭. | આયકર વાટીકા સામે ખુલ્લી જગ્યા પાસે રિલાયન્સના ગ્રાઉન્ડમાં | કાર, મો.સા./સાયકલ | ફ્રી પાર્કીંગ |
| ૮. | ચૌધરી હાઈસ્કુલ ગ્રાઉન્ડ | ટુ-વ્હીલર તથા ફોર-વ્હીલર માટે | ફ્રી પાર્કીંગ |
| ૯. | હોમગાર્ડ ઓફીસર કોલોની બહુમાળી ભવન સામે | ફકત સરકારી વાહનો માટે | -- |
| ૧૦. | આકાશવાણી રોડ, ૧૨ માળ બિલ્ડીંગથી સર્કિટ હાઉસ સુધી એક તરફ | ટુ વ્હિલર માટે | ફ્રી પાર્કીંગ |
| ૧૧. | એકલવ્ય સ્કુલ શાળા નં. ૧૮, રૂડા બિલ્ડીંગ વાળો રોડ | ટુ વ્હિલર માટે | ફ્રી પાર્કીંગ |

૨/- આથી હુ, અનુપમસિંહ ગહલૌત, પોલીસ કમિશ્નર, રાજકોટ શહેર, રાજકોટ, મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ-૩૩ (૧) અન્વયે મને મળેલ સતાની રૂઈએ તા. ૧૩-૦૮-૨૦૧૭ થી તા. ૧૭-૦૮-૨૦૧૭ સુધી દરરોજ સવારના કલાક ૮-૦૦ થી રાત્રીના કલાક ૧-૦૦ વાગ્યા સુધી ઉપર દર્શાવેલ પેરા-A માં જણાવ્યા મુજબની સુચનાનો ચુસ્તપણે અમલ કરવા તથા પેરા-B માં જણાવ્યા મુજબના જે તે સ્થળોએ તે જ પ્રકારના વાહનો પાર્કીંગ કરવા હુકમ કરૂ છું.

૩/- આ જાહેરનામું પગપાળા ચાલનારાઓને લાગુ પડશે નહી તેમજ પોલીસ વાહન, એમ્બ્યુલન્સ અને ફાયર બ્રિગેડના ફાયર ફાઈટર વાહનોને આકસ્મીક સંજોગોમાં લાગુ પડશે નહી. આકસ્મીક જરૂરીયાતના સંજોગોમાં મદદનીશ પોલીસ કમિશ્નર, ટ્રાફીક શાખા, રાજકોટ શહેરની લેખીત મંજુરી લઈ જે તે વિસ્તારમાં વસનારા નાગરીક તેમજ મહાનગરપાલિકાના વાહનો અવર જવર કરી શકશે.

૪/- આ જાહેરનામાનો ભંગ કરનારને મુંબઈ પોલીસ અધિનિયમ કલમ ૧૩૧ અનુસાર કામ ચલાવી શકાશે.

આજ રોજ તા. ૧૨-૦૮-૨૦૧૭ ના રોજ મારી સહી તથા કચેરીના સીકકા સાથે પ્રસિધ્ધ કર્યુ.

રાજકોટ, ૧૨ માહે ઓગષ્ટ, સને ૨૦૧૭.

---

ગુજરાત પોલીસ એકટ કલમ-૩૭(ઈ) અન્વયે કાઢેલ હુકમ

## જાહેરનામુ

ક્રમાંક : એસબી/જાહેરનામું/૨૬૧૬/૨૦૧૭.-રાજકોટ શહેરમાં કોઈપણ પ્રકારની જાહેર સુલેહ શાંતીનો ભંગ ન થાય અને જાહેર શાંતી અને કાયદો પ્રત્યે માન જળવાઈ રહે તેમજ કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે નીચે જણાવ્યા મુજબના નિયમોને આધિન રહીને જાહેરહીતમાં નીચેના કૃત્યોની મનાઈ કરવી જરુરી છે.

દરેક માઈક સીસ્ટમવાળાએ અવાજના પ્રદુષણને અટકાવવા અંગે નામદાર સુપ્રિમ કોર્ટના વખતોવખતના ચુકાદાના નિર્દેશો તથા ગુજરાત પોલ્યશન કંટ્રોલ બોર્ડ પર્યાવરણ ભવનના નં. ગુપ્રનિબોર્ડ/નોઈસ/યુનીટ-૪/જન-પીએન-૫/૫૧૨૫૨/તા. ૧૪-૫-૨૦૧૦ થી ઘોંઘાટ ઉત્પન્ન કરતાં અને નિપજાવતાં શ્રોતોના નિયંત્રણ અને નિયમન માટે ભારત સરકારના પર્યાવરણ અને વન મંત્રાલય દ્વારા પર્યાવરણ (સુરક્ષા) અધિનિયમ-૧૯૮૬ની કલમ-૬ તથા ૨૫ હેઠળ ધ્વનિ પ્રદુષણ (નિયમન અને નિયંત્રણ) નિયમો-૨૦૦૦નું તા. ૧૪-ફેબ્રુઆરી-૨૦૦૦નું જાહેરનામું પ્રસિધ્ધ કરાયેલ છે. જેમાં તા. ૧૧-૧-૨૦૧૦ના રોજ આ નિયમોમાં સુધારો કરવામાં આવેલ છે. જે પ્રમાણે ધ્વનિ પ્રદુષણ નિયમો-૨૦૦૦ અન્વયે ધ્વનિની માત્રાના ધોરણો નીચે મુજબ નકકી કરવામાં આવેલ છે તેનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

નોઈઝ સ્ટાન્ડર્ડ

| એરીયા કોડ વિસ્તાર | | ડેસીબલ (DB(A)Leq | |
|---|---|---|---|
| | | સવારનાકલાક ૬-૦૦ થી રાત્રીના કલાક ૨૨-૦૦ સુધી | રાત્રીના કલાક ૨૨-૦૦ થી સવારના કલાક ૬-૦૦ સુધી |
| એ. | ઔદ્યોગીક | ૭૫ | ૭૦ |
| બી. | વાણીજ્ય | ૬૫ | ૫૫ |
| સી. | રહેણાંક | ૫૫ | ૪૫ |
| ડી. | શાંત વિસ્તાર | ૫૦ | ૪૦ |

સામાન્ય રીતે દિવાળીના ફટાકડા ફુટવાના કારણે અને નવરાત્રીના તહેવારો દરમ્યાન તેમજ લગ્ન પ્રસંગો અને મેળાવડા દરમ્યાન લાઉડ સ્પીકર, ડ્રમ, પબ્લીક એડ્રેસ સીસ્ટમના ઉપયોગથી ધ્વનિ પ્રદૂષણ ફેલાતું જોવા મળે છે તેમજ રહેણાંક વિસ્તારમાં થઈ રહેલ ઔદ્યોગીક પ્રવૃતિ, વાહનોની અવર-જવર, તેમજ હોર્ન વગાડવાના કારણે તેમજ બાંધકામ દરમ્યાન ઉપયોગમાં લેવાતા સાધનોના કારણે ધ્વનિ પ્રદુષણ ફેલાતું જોવા મળે છે.

**તા. ૧૧-૧-૨૦૧૦ ના સુધારામાં આવરી લેવાયેલ મુખ્ય ધ્યાન આકર્ષક બાબતો નીચે મુજબ છે.**

(અ) રાત્રીના સમયગાળા રાત્રીના ૨૨-૦૦ થી સવારના કલાક ૬-૦૦ સુધીનો નિયત કરાયેલ છે અને આ સમયગાળા દરમ્યાન હોર્ન, ધ્વનિ, પ્રદુષણ પેદા કરતાં બાંધકામ અંગેના તમામ સાધનો, તેમજ ફટાકડા ફોડવા તથા લાઉડસ્પીકર અને વાજીંત્રો વગાડવા ઉપર પ્રતિબંધ છે.

(બ) જાહેર સ્થળોની વ્યાખ્યા નકકી કરાયેલ છે અને જાહેર સ્થળનો કબ્જો ધરાવનાર દ્વારા લાઉડસ્પીકર સીસ્ટમનો તથા અન્ય સાધનોની ઉત્પન્ન થતાં અવાજની માત્ર જે તે વિસ્તારની નિયત માત્રા કરતાં ૧૦ ડીબી(એ) થી વધવી ન જોઈએ તેવો પ્રતિબંધ મુકાયો છે.

(ક) ઉપર મુજબની ખાનગી સ્થળ થતી કાર્યવાહીના કારણે જ તે વિસ્તારની નિયત માત્રા કરતાં ૫-ડીબી(એ) થી વધવી ન જોઈએ તેવો પ્રતિબંધ મુકાયો છે.

વાસ્તે હું, અનુપમ સિંહ ગહલૌત, આઈ.પી.એસ., પોલીસ કમિશ્નર, રાજકોટ શહેર, ગુજરાત સરકારના ગુજરાત સરકારના ગૃહ વિભાગના તા. ૮-૧૧-૮૨ના નોટીફીકેશન નંબર : જીજી/૪૨૨/સીઆરસી/૧૦૮૨/એમ અન્વયે જે ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ ની કલમ-૨૦ નીચેની પેટા કલમ-(૧) નીચે બહાર પાડવામાં આવેલ છે અને તેનું પુનરાવર્તન ગુજરાત સરકારના ગૃહ વિભાગના તા. ૦૭-૦૧-૧૯૮૯થી બહાર પાડવામાં આવેલ સંકલીત જાહેરનામા નંબર : જીજી/૬/ફકઅ/૧૦૮૮/૬૭૫૦/મ. માં થયેલ છે જેમા રાજકોટ શહેરના પોલીસ કમિશ્નરશ્રી, સંયુકત પોલીસ કમિશ્નરશ્રી, નાયબ પોલીસ કમિશ્નરશ્રી અને સુપ્રિ. ઓફ પોલીસ (મદદનીશ પોલીસ કમિશ્નરશ્રીઓ)ને એકઝી. મેજી. તરીકે જાહેર કરવામાં આવેલ છે તેમજ તેઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૧૪૪ના અધિકારનો ઉપયોગ કરવા ખાસ અધિકૃત કરવામાં આવેલ છે. તે અધિકારની રૂએ નીચે જણાવેલ વિસ્તાર તથા સમય માટે નીચેના કૃત્યો કરવા પર પ્રતિબંધ ફરમાવું છું.

**: અમલવારીનો સમય :**

આ હુકમ તા. ૦૧-૦૯-૨૦૧૭ ના કલાક ૦૦-૦૦ થી તા. ૩૧-૧૦-૨૦૧૭ ના કલાક ૨૪-૦૦ સુધી અમલમાં રહેશે.

**: હદ વિસ્તાર :**

રાજકોટ શહેર પોલીસ કમિશ્નર હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

**: પ્રતિબંધિત કૃત્યો :**

માઈક સીસ્ટમ ભાડે આપનાર માલીક/ભાગીદાર, સંચાલક, મેનેજર, ઈવેન્ટ મેનેજર, સમગ્ર રાજકોટ શહેરના પોલીસ કમિશ્નરની હકુમતના વિસ્તારમાં વરઘોડા, રાજકીય, સામાજીક અથવા ધાર્મિક શોભાયાત્રા, રેલી, સરઘસમાં જાહેર રસ્તા કે જાહેર જગ્યામાં ઉપયોગ માટે તેમજ પાર્ટી પ્લોટ, ખુલ્લી જગ્યા, રહેણાંકોની પાસે નજીકમાં આવેલ ખાનગી માલિકીની ખુલ્લી જગ્યામાં ઉપયોગ માટે માઈક સીસ્ટમ ભાડે આપી શકાશે નહી.

૧. હોસ્પીટલો, શૈક્ષણિક સંસ્થાઓ, અદાલતો અને ધાર્મિક સ્થળોની આજુબાજુના ૧૦૦ મીટરના ઘેરાવાના વિસ્તારને

શાંત તરીકે ગણવામાં આવે છે જેથી શાંત વિસ્તારની આજુબાજુમાં માઈક સીસ્ટમનો ઉપયોગ થઈ શકે નહી.

૨. એકબીજા પ્રત્યે ઉશ્કેરણી થાય અને કોમ્યુનલ લાગણી ઉશ્કેરાય તેવા ઉચ્ચારણો/ગાયનેકનો માઈક સીસ્ટમમાં ઉપયોગ કરવો નહીં.

૩. રસ્તાની ડાબી બાજુ ચાલવા, ટ્રાફીકને અડચણ ન થાય તથા ટ્રાફીકના તમામ નિયમો/કાયદાઓનો અમલ કરવા તેમજ નાચગાન/ગરબી જાહેરમાર્ગમાં રોકાઈને કરવા નહી.

૪. ડી. જે સીસ્ટમ એમ્બીઅન્ટ એર કોલેટી સ્ટાન્ડર્ડ ઈન રીસ્પેકટ ઓફ નોઈઝ અંગે નામદાર સુપ્રિમ કોર્ટના વખતો વખતના ચુકાદાના નિર્દેશ તથા ધી નોઈઝ પોલ્યુશન (રેગ્યુલેશન એન્ડ કંટ્રોલ) રૂલ્સ ૨૦૦૦ના ઈન્વાયરમેન્ટ પ્રોટેકશનની જોગવાઈઓ મુજબ એમ્બીઅન્ટ એર કોલેટી સ્ટાન્ડર્ડ હોવું જોઈએ તે જોતા ડી. જે. સીસ્ટમ વગાડવા માટે ઉપર જણાવેલ તમામ પ્રાવધાનોનો અનો જોગવાઈઓનો ઉલંઘન કરતાં હોય તેવું જાહેર જગ્યાએ ખુલ્લા સ્થળોએ વગાડવા પર પ્રતિબંધ છે.

પરંતુ નીચેની શરતોને આધિન અગાઉથી અધિકૃત પરવાનગી આધારે ઉપરોકત પ્રતિબંધમાંથી છુટછાટ રહેશે.

**માઈક સીસ્ટમ વગાડવા માટેનો પ્રતિબંધમાંથી છુટછાટ માટેની શરતો :**

૧. માઈક સીસ્ટમ વગાડવા માટે તેના માલીક/ભાગીદારને પરવાનગી અરજી એકથી વધારે પોલીસ સ્ટેશનનો વિસ્તાર આવતો હોય તો તેવા સંજોગોમાં જે તે ડી. સી. પી. શ્રીને અરજી કરવી પરંતુ એક જ પો. સ્ટે. વિસ્તાર આવતો હોય તો તેવા સંજોગોમાં જે તે પો. સ્ટે.ના પો. ઈન્સ. ને અરજી દિન-૭ પહેલા કરી પુર્વ મંજુરી મેળવી લેવાની રહેશે અને આપેલ શરતોનો ચુસ્તપણે બીનચુક અમલ કરવાનો રહેશે અને શરતોનો ભંગ થયે પરવાનગી રદબાતલ થયેલ ગણાશે.

૨. વરઘોડા/રેલી સમય દરમ્યાનમાં ઉપરોકત શરતોનો ભંગ કરે અથવા કોઈ અનિચ્છનીય બનાવ બને તો તેની જવાબદારી પરવાનેદારની રહેશે.

૩. રાજકોટ શહેર પોલીસ કમિશ્નરના અધિકાર ક્ષેત્રની અંદર જાહેર જગ્યામાં અથવાનો જાહેરમાં સાંભળી શકાય તેવી જગ્યામાં માઈક સીસ્ટમ/વાજીંત્રનો ઉપયોગ અધિકૃત કરેલ અધિકારીની લેખીત પરવાનગી સિવાય કરી શકાશે નહી. તેમજ અવાજનું પ્રદુષણ ફેલાવી શકાશે નહી.

૪. આવી પરવાનગી માટેની અરજી લેખીત હોવી જોઈએ અને તેનો ઉપયોગ કરનાર વ્યકિતની તેના ઉપર સહી હોવી જોઈએ.

૫. આવી પરવાનગીની અરજી તેનો ઉપયોગ કરવાના હોય તે દિવસના સાત દિવસથી ઓછા નહી તેટલા સમય પહેલા પરવાનગી કાઢી આપવા માટે અધિકૃત અધિકારીને અરજી કરવાની રહેશે.

પરંતુ વ્યાજબી કારણ દર્શાવતા સાત દિવસ કરતા ઓછા સમયની અંદર માંગવામાં આવેલ પરવાનગી, તેમ કરવા માટે અધિકૃત અધિકારી પોતાની વિવેક બુધ્ધિ અનુસાર આપી શકશે.

૬. અરજદાર અથવા તેના પ્રતિનિધીએ મળેલ પરવાનગી સાથે માઈક સીસ્ટમ/વાજીંત્રનો ઉપયોગ થાય તે સમયે ઉપરોકત જાહેર જગ્યા ઉપર હાજર રહેવું પડશે. ફરજ ઉપરના પોલીસ અધિકારી આ અંગેનો પરવાનો જોવા માગે ત્યારે પરવાના ધારકોએ તે રજુ કરવાનો રહેશે.

૭. માઈક સીસ્ટમ/વાજીંત્રનો ઉપયોગ ઉપરોકત અવાજની માત્રા દર્શાવતા શીડયુલ પ્રમાણે સવાર કલાક ૬-૦૦ થી રાત્રિ કલાક ૨૨-૦૦ સુધી જ રહેશે.

૮. અવાજ પ્રદૂષણ (નિયમ અને પ્રતિબંધ) નિયમ ૨૦૦૦ની જોગવાઈઓ પ્રમાણે સામાન્ય રીતે માઈક સીસ્ટમ/વાજીંત્રનો ઉપયોગ રાતના કલાક ૧૦-૦૦ થી વહેલી સવારના કલાક ૬-૦૦ સુધીના સમય દરમ્યાન વગાડી ન શકાય તેવી જોગવાઈઓ હોઈ આ સમય માટે માઈક સીસ્ટમ/વાજીંત્ર માટે કોઈ પરવાનગી આપવામાં આવશે નહી.

નોંધ :- ઉપરોકત નિયમોની જોગવાઈઓ પ્રમાણે દર વર્ષે સરકારશ્રી તરફથી નક્કી કરેલ દિવસો દરમ્યાન આવી પરવાનગી રાતના કલાક ૧૦-૦૦ના જગ્યાએ કલાક ૧૨-૦૦ વાગ્યા સુધી મળી શકશે.

૯. કોઈપણ વિસ્તારમાં ઘોંઘાટ/અવાજનો હવામાનમાં પ્રમાણ ઉપરોકત જણાવેલ શીડ્યુલમાં જણાવ્યા મુજબના ડેસીબલ પ્રમાણે દિવસ અને રાત્રી દરમ્યાન નામદાર સુપ્રિમ કોર્ટે ઠરાવેલ છે તે પ્રમાણે રાખવાનું રહેશે. પરવાનેદારે આ માત્રાનો ભંગ થાય તે જોવાનું રહેશે.

નોંધ :- કોઈ ઓડીટોરીયમ, કોન્ફરન્સ હોલ, કોમ્યુનીટી હોલ કે ખાનગી મકાન જેવા બંધ સ્થળો વિગેરેમાં માઈક સીસ્ટમ અંદરના ભાગે વગાડવા ઉપર કોઈ પ્રતિબંધ નથી. પરંતુ તેનો અવાજ જે તે સ્થળથી બહાર જવો જોઈએ નહી.

૧૦. મંદિરો, ચર્ચ અને મસ્જીદોમાં માઈક સીસ્ટમ/વાજીંત્રનો અવાજ એ રીતે મર્યાદિત કરેલ હોવો જોઈએ કે સંકુલની હદ બહાર જાય નહી.

૧૧. ગતિમાન વાહનમાંથી કોઈપણ સીસ્ટમ/વાજીંત્રનો ઉપયોગ પોલીસ કમિશ્નરશ્રી તરફથી અધિકૃત કરેલા અધિકારીની પરવાનગી સીવાય કોઈપણ હેતુ માટે વાપરવો નહી અથવા ચલાવવો નહી.

૧૨. માઈક સીસ્ટમ વાજીંત્રનો પરવાનો ધરાવનાર વ્યકિત આસપાસના રહેવાસીઓ અથવા રાહદારીઓને અડચણ, હરકત, અગવડ, જોખમ, ભય અથવા નુકશાન અટકાવવા માટે પોલીસ કમિશ્નર અથવા તેઓના તરફથી અધિકૃત

કરેલ કોઈપણ અધિકારી તેને યોગ્ય લાગે તેટલી મુદ્દત માટે કોઈપણ જગ્યાએ પરવાનો ધરાવનારને માઈક સીસ્ટમ/વાજીંત્ર વાપરવા મનાઈ કરવાનો હુકમ કરી શકશે.

૧૩. ફરજ પરના પોલીસ અધિકારી દ્વારા ઉપર જણાવેલ નિયમો તથા પરવાનગી પત્રમાં દર્શાવેલ વિસ્તાર અને સમય અંગે કોઈ ભંગ કરે તો વાહન તથા માઈક સીસ્ટમ/વાજીંત્ર અને તેના ઉપરકણો જપ્ત કરી કાયદેસર કરી શકશે.

આ જાહેરનામા હુકમના ભંગ બદલ ઈ.પી. કો. કલમ-૧૩૫ મુજબનો ગુન્હો નોંધી ઉપરોકત માલીક, ભાગીદારે, મેનેજર, સંચાલકની બીન જામીન લાયક ગુના માટે ધરપકડ કરી તમામ માઈક સીસ્ટમ ગુનાના કામે મુદ્દામાલ તરીકે કબ્જે કરવામાં આવશે.

**: શીક્ષા :**

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ગુજરાત પોલીસ એકટ કલમ-૧૩૫ મુજબ શિક્ષાને પાત્ર થશે.

તમામને વ્યકિતગત રીતે આ નોટિસની બજવણી કરવી શક્ય ન હોય આથી એકતરફી હુકમ કરૂ છું કે, જાહેર જનતાની જાણ સારૂ સ્થાનીક વર્તમાનપત્ર, આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર મારફતે પ્રસિધ્ધિ દ્વારા તથા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સપેકટર, મદદનીશ પોલીસ કમિશ્નર, નાયબ પોલીસ કમિશ્નર તથા પોલીસ કમિશ્નર કચેરીના નોટિસ બોર્ડ ઉપર હુકમની નકલ ચોંટાડીને પ્રસિધ્ધિ કરવામાં આવેશે. તેમજ સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધી કરવામાં આવશે. ગુજરાત પોલીસ એકટ કલમ-૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજ તા. ૨૧-૦૮-૨૦૧૭ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

રાજકોટ, ૨૧ માહે ઓગષ્ટ, સને ૨૦૧૭.

---

## ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ના ૨૨માં અધિનિયમની કલમ-૩૭(૧) અન્વયે કાઢેલ હુકમ

## જાહેરનામું

ક્રમાંક : એસબી/જાહેરનામું/૨૬૧૪/૨૦૧૭.-રાજકોટ શહેરમાં હાલની વર્તમાન પરિસ્થિતિમાં આગામી દિવસોમાં જુદી-જુદી ધાર્મીક શોભાયાત્રાઓ તથા બકરીઈદ, દશેરા, મહોરમ, ગાંધી જ્યંતી, દિવાળી, નવુ વર્ષ, ભાઈબીજ, સરદાર પટેલ જયંતી જેવા તહેવારો આવતાં હોય તથા રેલીઓ/ધરણાના કાર્યક્રમો યોજવામાં આવતાં હોય તેમજ હાલની આતંકવાદી પ્રવૃતિ લક્ષમાં લેતા કોઈપણ પ્રકારનો સુલેહ શાંતીનો ભંગ ન થાય, જાહેર સલામતી તથા કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે અને પ્રદુષણ રહીત વાતાવરણ રાખવા તથા પ્રાઈવેટ સિકયુરીટી એજન્સીના માણસો લાયસન્સવાળા હથિયારો જાહેર જગ્યામાં લઈને ફરે છે અને લોનના હપ્તા ઉઘરાવવા જમીનના વિવાદોમાં જઈ લાયસન્સવાળા હથિયારોનો ઉપયોગ પણ કરે છે. આવા ઘણા ખરા હથિયારો બીજા રાજ્યોમાંથી ઓલ ઈન્ડીયા લાયસન્સ મેળવી રાજકોટમાં મુખ્યત્વે ઉપયોગ કરે છે. લાયસન્સવાળા હથિયારોથી કરેલ ગુન્હાઓની કેટલીક ફરીયાદો પણ દાખલ થયેલ છે. જેથી પ્રાઈવેટ સિકયુરીટી એજન્સીના માણસો જાહેર જગ્યામાં લાયસન્સવાળા હથિયારો લઈને ફરે નહીં તે પ્રવૃત્તિને અંકુશમાં લેવી જરૂરી જણાય છે.

વાસ્તે, હું, અનુપમ સિંહ ગહલૌત, આઈ.પી.એસ., પોલીસ કમિશ્નર, રાજકોટ શહેર, ગુજરાત પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ના ૨૨માં અધિનિયમની કલમ-૩૭(૧) મુજબની મને મળેલ અધિકારની રૂએ નીચે જણાવેલ વિસ્તારમાં નીચેના કૃત્યો કરવા પર પ્રતિબંધ ફરમાવું છું.

**પ્રતિબંધિત કૃત્યો**

(૧) શસ્ત્રો, ડંડા, લાકડી, લાઠી, તલવાર, ભાલા, સોટા, ખંજર, તથા ચપ્પા તથા શારીરીક હિંસા પહોંચાડવામાં ઉપયોગ થઈ શકે તેવી બીજી ચીજો લઈ જવાની કે અન્ય રીતે સ્વબચાવ સિવાય સાથે રાખીને ફરવા ઉપર,

(૨) પરવાનાવાળા હથિયારો લઈ જાહેર જગ્યાઓએ જવા, હવામાં ફાયર કરવા, મેળા, ધાર્મિક સરઘસ કે વ્યક્તિઓના સમુદાયમાં લઈ જવા ઉપર.

(૩) સ્ફોટક પદાર્થ લઈ જવા ઉપર.

(૪) પથ્થરો અથવા બીજા શસ્ત્રો અથવા ફેંકવાના અથવા નાખવાના યંત્રો અથવા સાધનો લઈ જવાની, એકઠા કરવા તથા તૈયારી કરવા ઉપર.

(૫) સરઘસ સાથે સળગતી મસાલ રાખવા ઉપર.

(૬) વ્યક્તિના પુતળા બાળવા-લટકાવવાની-પુતળાને ફાંસી આપવા ઉપર.

(૭) પ્રાઈવેટ સિકયોરીટી એજન્સીના સંચાલક અને કર્મચારી લાયસન્સવાળા હથિયારો સાથે લઈ પોતાની ફરજ સિવાયના સમયે જાહેર જગ્યામાં જવા ઉપર.

(૮) જાહેરમાં અન્ય લોકોને ત્રાસ થાય તે રીતે બુમ પાડવા, ગીતો ગાવા તથા વાદ્ય વગાડવા ઉપર.

રાજકોટ શહેરમાં તાજેતરમાં બનેલ ખુન, ખુનની કોશીષ, લુંટ, ધાડના બનાવોમાં ઉપયોગમાં લેવાયેલ જીગઝેક પ્રકારના ચાઈનીઝ ચપ્પાઓના ઉપયોગને લઈને રાજકોટ શહેર વિસ્તારમાં આવા જીગઝેક પ્રકારના ચાઈનીઝ બનાવટના ચપ્પુઓ સાથે રાખવા અને વેંચાણ કરવા પર પ્રતિબંધ મૂકવા અતિ આવશ્યક છે.

: અમલવારીના સમય :

આ હુકમનો અમલ ૦૧-૦૯-૨૦૧૭ના કલાક ૦૦/૦૦ થી તારીખ : ૩૧-૧૦-૨૦૧૭ના કલાક ૨૪/૦૦ સુધી.

: વિસ્તાર :

રાજકોટ શહેર પોલીસ કમિશ્નરની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

: અપવાદ :

(૧) આ જાહેરનામું જે વ્યકિતઓ સરકારી અથવા અર્ધસરકારી નોકરી અથવા કામગીરીમાં હોય અને તેમને જેના ઉપરી અધિકારીઓએ આવી કોઈ હથિયાર લઈ જવા ફરમાવ્યું હોય અથવા કોઈ હથિયાર લઈ જવાની તેની ફરજ હોય તેને લાગુ પડશે નહીં.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનારને સને-૧૯૫૧ના ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૫(૧) મુજબ શિક્ષાને પાત્ર છે.

તમામને વ્યકિતગત રીતે આ નોટિશની બજવણી કરવી શકય ન હોય એકતરફી હુકમ કરૂં છું કે, જાહેર જનતાની જાણ સારૂ સ્થાનિક વર્તમાનપત્ર, આકાશવાણી, અને દુરદર્શન કેન્દ્ર મારફતે પ્રસિધ્ધી દ્વારા તથા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેકટર, મદદનીશ પોલીસ કમિશ્નર, નાયબ પોલીસ કમિશ્નર તથા પોલીસ કમિશ્નર કચેરીના નોટિશ બોર્ડ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધી કરવામાં આવશે. તેમજ સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધી કરવામાં આવશે. ગુજરાત પોલીસ એકટ કલમ-૧૨૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજ તારીખ : ૨૧-૦૮-૨૦૧૭ ના રોજ મારી સહી અને સિકકો કરી આપેલ છે.

રાજકોટ, ૨૧ માહે ઓગષ્ટ, સને ૨૦૧૭.

---

## ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ના ૨૨માં અધિનિયમની કલમ-૩૭(૩) અન્વયે કાઢેલ હુકમ

## જાહેરનામું

ક્રમાંક : એસ.બી./જાહેરનામું/૨૬૧૫/૨૦૧૭.-રાજકોટ શહેરમાં હાલની વર્તમાન પરિસ્થિતિમાં આગામી દિવસોમાં જુદી-જુદી ધાર્મીક શોભાયાત્રાઓ, રેલીઓ, ધરણાના કાર્યક્રમો યોજવામાં આવતાં હોય તેમજ બકરીઈદ, દશેરા, મહોરમ, ગાંધી જયંતી, દિવાળી, નવુ વર્ષ, ભાઈબીજ, સરદાર પટેલ જયંતી જેવા તહેવારો આવનાર છે. હાલની આતંકવાદી ગતિવિધી/પ્રવૃતિને લક્ષમાં લેતા કોઈપણ પ્રકારની સુલેહ શાંતીનો ભંગ ન થાય, જાહેર સલામતી તથા કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે ચાર કરતા વધારે માણસોના ભેગા થવા ઉપર, કોઈ સભા બોલાવવા, સરઘસ કાઢવા ઉપર પ્રતિબંધ મુકવાની જરૂર જણાય છે.

વાસ્તે, હું, અનુપમ સિંહ ગહલૌત, આઈ.પી.એસ., પોલીસ કમિશ્નર, રાજકોટ શહેર, ગુજરાત પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ના ૨૨માં અધિનિયમની કલમ-૩૭(૩) મુજબની મને મળેલ અધિકારની રૂએ નીચે જણાવેલ વિસ્તારમાં નીચેના કૃત્યો કરવા પર પ્રતિબંધ ફરમાઉ છું.

: પ્રતિબંધિત કૃત્યોં :

ચાર કરતા વધારે માણસોના ભેગા થવા ઉપર, કોઈ સભા બોલાવવા કે સરઘસ કાઢવા ઉપર.

: અમલવારીના પીરીયડ અને વિસ્તાર :

આ હુકમનો અમલ તારીખ : ૦૧-૦૯-૨૦૧૭ના કલાક ૦૦-૦૦ થી તારીખ : ૩૧-૧૦-૨૦૧૭ના કલાક ૨૪-૦૦ સુધી.

: પ્રતિબંધિત વિસ્તાર :

પોલીસ કમિશ્નરશ્રી, રાજકોટ શહેરની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

: અપવાદ :

આ જાહેરનામું સરકારી ફરજ પર હોય અથવા કામગીરીમાં હોય તેવી વ્યક્તિઓ તથા હોમગાર્ડ કે અન્ય સરકારી અથવા અર્ધસરકારી એજન્સીઓ જેઓ કાયદેસરની ફરજ પર હોય તેઓને તથા સ્મશાનયાત્રા અને લગ્નનાં વરઘોડાને લાગુ પડશે નહીં.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનારને સને-૧૯૫૧ના ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૫(૩) મુજબ શિક્ષાને પાત્ર છે.

હું આથી આદેશ આપુ છું કે, આ હુકમની જાહેરાત ઉપર જણાવેલ વિસ્તારમાં સહેલાઈથી દેખી શકાય તેવી જગ્યાઓએ તેની નકલો ચોંટાડીને, લાઉડસ્પીકર વાહન દ્વારા, સ્થાનિક વર્તમાનપત્રો તેમજ આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર પરથી કરાવવી.

આજ તારીખ : ૨૧-૦૮-૨૦૧૭ ના રોજ મારી સહી અને સિકકો કરી આપેલ છે.

રાજકોટ, ૨૧ માહે ઓગષ્ટ, સને ૨૦૧૭.

---

## ગુજરાત પોલીસ એકટ કલમ-૩૭ (ઈ) અન્વયે કાઢેલ

## હુકમ

ક્રમાંક : એસ.બી./જાહેરનામુ પ્રસિધ્ધી/૧૪/૨૬૧૭/૨૦૧૭.-રાજકોટ શહેરમાં કોઈપણ પ્રકારની જાહેર સુલેહ શાંતીનો ભંગ ન થાય અને જાહેર શાંતી અને કાયદો પ્રત્યે માન જળવાઈ રહે તેમજ કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે નીચે જણાવ્યા મુજબના નિયમોને આધિન રહીને જાહેરહીતમાં નીચેના કૃત્યોની મનાઈ કરવી જરૂરી છે.

દરેક માઈક સીસ્ટમવાળાએ અવાજના પ્રદૂષણને અટકાવવા અંગે નામદાર સુપ્રિમ કોર્ટના વખતોવખતના ચુકાદાના નિર્દેશો તથા ગુજરાત પોલ્યશન કંટ્રોલ બોર્ડ પર્યાવરણ ભવનના નં. ગુપ્રનિબોર્ડ/નોઈસ/યુનીટ-૪/જન-પીએન-૫/૫૧૨૫૨/તા. ૧૪-૦૫-૨૦૧૦ થી

ઘોંઘાટ ઉત્પન્ન કરતાં અને નિપજાવતાં શ્રોતોના નિયંત્રણ અને નિયમન માટે ભારત સરકારના પર્યાવરણ અને વન મંત્રાલય દ્વારા પર્યાવરણ (સુરક્ષા) અધિનિયમ૧૯૮૬ની કલમ-૬ તથા ૨૫ હેઠળ ધ્વનિ પ્રદુષણ (નિયમન અને નિયંત્રણ) નિયમો-૨૦૦૦નું તા. ૧૪-ફેબ્રુઆરી-૨૦૦૦નું જાહેરનામું પ્રસિધ્ધ કરાયેલ છે. જેમાં તા. ૧૧-૦૧-૨૦૧૦ના રોજ આ નિયમોમાં સુધારો કરવામાં આવેલ છે. જે પ્રમાણે ધ્વનિ પ્રદુષણ નિયમો-૨૦૦૦ અન્વયે ધ્વનિની માત્રાના ધોરણો નીચે મુજબ નકકી કરવામાં આવેલ છે તેનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

રાજકોટ શહેરમાં વર્તમાન સમયમાં વાહનોની સંખ્યામાં દીન-પ્રતિદીન મોટાપાયે વધારો થતો જોવા મળી રહેલ છે અને શહેરમાં ટુવ્હિલર વાહનથી હેવી વાહનોમાં કર્કશ પ્રકારનાં તેમજ મ્યુઝીકલ તથા એર હોર્ન ફીટ કરવામાં આવતા હોય છે જેને કારણે અવાજનું પ્રદુષણ ખુબ જ પ્રમાણમાં વધતુ હોય અને વૃધ્ધો તેમજ નાના બાળકો તેમજ હોસ્પીટલના દર્દીઓ અને શાળા, કોલેજમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને ખલેલ (હાની) પહોંચતી હોય જેથી ઉપરોકત મુદાઓ ધ્યાને લઈ હાઈટોન હોર્નના સેલીંગ કરવુ, ફીટીંગ કરવું તે બિલકુલ હીતાવહ નથી જેના કારણે જાહેર જનતાની સલામતિ અને સુખાકારી જળવાઈ રહે તે માટે નીચે જણાવ્યા મુજબ પ્રતિબંધ મુકવા ઉચીત જણાય છે.

વાસ્તે હું, અનુપમ સિંહ ગહલૌત, આઈ.પી.એસ, પોલીસ કમિશ્નર, રાજકોટ શહેર, ગુજરાત સરકારના ગુજરાત સરકારના ગૃહ વિભાગના તા. ૦૮-૧૧-૮૨ના નોટીફીકેશન નંબર : જીજી/૪૨૨/સીઆરસી/૧૦૮૨/એમ અન્વયે જે ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ ૨૦ નીચેની પેટા કલમ-(૧) નીચે બહાર પાડવામાં આવેલ છે અને તેનું પુનરાવર્તન ગુજરાત સરકારના ગૃહ વિભાગના તા. ૦૭-૦૧-૧૯૯૮થી બહાર પાડવામાં આવેલ સંકલીત જાહેરનામા નંબર : જીજી/૬/ફકઅ/૧૦૮૮/૬૭૫૦/મ.માં થયેલ છે, જેમાં રાજકોટ શહેરના પોલીસ કમિશ્નરશ્રી, સંયુકત પોલીસ કમિશ્નરશ્રી, નાયબ પોલીસ કમિશ્નરશ્રી, અને સુપ્રિ. ઓફ પોલીસ (મદદનીશ પોલીસ કમિશ્નરશ્રીઓ)ને એકઝી.મેજી. તરીકે જાહેર કરવામાં આવેલ છે તેમજ તેઓને ગુજરાત પોલીસ એકટ કલમ-૩૭(ઈ), ૧૩૫ના અધિકારનો ઉપયોગ કરવા ખાસ અધિકૃત કરવામાં આવેલ છે. તે અધિકારની રૂએ નીચે જણાવેલ વિસ્તાર તથા સમય માટે નીચેના કૃત્યો કરવા પર પ્રતિબંધ ફરમાવું છું.

**: અમલવારીનો સમય :**

આ હુકમ તા. ૦૧-૦૯-૨૦૧૭ ના કલાક ૦૦-૦૦ થી તા. ૩૧-૧૦-૨૦૧૭ના કલાક ૨૪-૦૦ સુધી અમલમાં રહેશે.

**: હદ વિસ્તાર :**

રાજકોટ શહેર પોલીસ કમિશ્નર હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

**: પ્રતિબંધિત કૃત્યો :**

તમામ પ્રકારના યાત્રિક વાહનોમાં કર્કશ પ્રકારના તેમજ મ્યુઝીકલ તથા એરહોર્ન સેલીંગ અને ફીટીંગ કરવા પર પ્રતિબંધ ફરમાવુ છું અને આવા પ્રકારના હોર્નનો ઉપયોગ કરી શકાશે નહી.

**: શિક્ષા :**

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ગુજરાત પોલીસ એકટ કલમ-૧૩૫ મુજબ શિક્ષાને પાત્ર થશે.

તમામને વ્યકિતગત રીતે આ નોટિસની બજવણી કરવી શકય ન હોય આથી એકતરફી હુકમ કરું છું, જાહેર જનતાની જાણ સારુ સ્થાનીક વર્તમાનપત્ર, આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર મારફતે પ્રસિધ્ધિ ધ્વારા તથા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સપેકટર, મદદનીશ પોલીસ કમિશ્નર, નાયબ પોલીસ કમિશ્નર તથા પોલીસ કમિશ્નરની કચેરીના નોટીસ બોર્ડ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધી કરવામાં આવશે. તેમજ સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધી કરવામાં આવશે. ગુજરાત પોલીસ એકટ કલમ-૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજ તારીખ ૨૧-૦૮-૨૦૧૭ના રોજ મારી સહી અને સિકકો કરી આપેલ છે.

રાજકોટ, ૨૧ માહે ઓગષ્ટ, સને ૨૦૧૭.

---

**જી.પી.એકટ કલમ-૩૩(૧) (ખ) (w)(ii) અન્વયે કાઢેલ હુકમ**

**જાહેરનામુ**

(૧) ક્રમાંક : એસબી/જાહેરનામું/૨૬૧૮/૨૦૧૭.-ભુતકાળમાં પઠાણકોટ, પંજાબ ખાતે આવેલ એરફોર્સ સ્ટેશન પર આતંકવાદીઓ સૈન્યના ગણવેશ ધારણ કરી હુમલો કરેલ હતો, આ સિવાય અગાઉ પણ સૈન્યના ગણવેશમાં આવીને આતંકવાદીઓ દ્વારા હુમલા કરવામાં આવેલ છે.

(૨) રાજયમાં વિવિધ શહેર/જિલ્લાઓ ખાતે સૈન્ય તથા અન્ય સશસ્ત્ર તથા પોલીસ દળોના ગણવેશ તથા તેની સાથે સામ્યતા ધરાવતા વસ્ત્રોનું વેચાણ તથા તેનો ઉપયોગ થતો હોય છે. આવા વસ્ત્રો ધારણ કરી અસામાજીક તત્વો દ્વારા દેશદ્રોહી/ગેરકાયદેસર પ્રવૃતી માટે ઉપયોગ થવાનો સંભવ છે. જેના કારણે રાષ્ટ્રીય સુરક્ષાને ગંભીર ખતરો ઉદભવી શકે છે. આ બાબત સુરક્ષાના પરિપ્રેક્ષ્યમાં ઘણી ગંભીર પ્રકારની હોઈ બજારમાં બિનઅધિકૃત રીતે વેચાતા તથા ઉપયોગમાં લેવાતા સશસ્ત્ર દળોના ગણવેશ તથા પોલીસ (પોશાક) તથા અન્ય ચીજ-વસ્તુઓ ઉપર પ્રતિબંધ લાવવો ખુબ જ જરૂરી છે.

(૩) જેથી સૈન્ય તથા સશસ્ત્રદળોના તથા પોલીસના ગણવેશનો બિનઅધિકૃત રીતે વેચાણ તથા તેના ઉપયોગ બદલ ભારતીય દંડ સંહિતા-૧૮૬૦ ની કલમો ૧૪૦, ૧૭૦ અને ૧૭૧ માં જોગવાઈઓ કરવામાં આવેલ છે. જેથી સૈન્ય તેમજ અન્ય સશસ્ત્રદળો તથા પોલીસના ગણવેશ તથા તેના સાથે સામ્યતા ધરાવતા વસ્ત્રોના વેચાણ/ઉપયોગ પર પ્રતિબંધ મુકવો જરૂરી અને અનિવાર્ય હોય જેથી આ સંબધેનુ જાહેરનામું ગુજરાત પોલીસ અધિનીયમ કલમ-૩૩(૧)(ખ) (w)(ii) થી મળેલ

સતાની રૂએ હું અનુપમ સિંહ ગહલૌત, પોલીસ કમિશ્નર, રાજકોટ શહેર, રાજકોટ શહેરની હકુમત વિસ્તારમાં સૈન્ય તથા અન્ય સશસ્ત્ર દળોના તથા પોલીસના ગણવેશ તથા તેની સાથે સામ્યતા ધરાવતા વસ્ત્રોનું વેચાણ તથા તેનો ઉપયોગ પર પ્રતિબંધ મુકવામાં આવે છે.

: અમલવારીનો સમય :

આ હુકમ તા. ૦૧-૦૯-૨૦૧૭ ના કલાક ૦૦-૦૦ થી તા. ૩૧-૧૦-૨૦૧૭ના કલાક ૨૪-૦૦ સુધી અમલમાં રહેશે. આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ગુજરાત પોલીસ અધિનીયમ ૧૯૫૧ની કલમ ૧૧૩, ૧૧૭, ૧૩૧ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

તમામને વ્યકિતગત રીતે આ નોટિસની બજવણી કરવી શક્ય ન હોય આથી એકતરફી હુકમ કરુ છું. જાહેર જનતાની જાણ સારુ સ્થાનીક વર્તમાનપત્ર, આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર મારફતે પ્રસિધ્ધી દ્વારા સારુ પોલીસ સ્ટેશનના નોટીશ બોર્ડ ઉપર તથા પોલીસ ઈન્સપેકટર, મદદનીશ પોલીસ કમિશ્નર, નાયબ પોલીસ કમિશ્નર તથા પોલીસ કમિશ્નરની કચેરીના નોટીસ બોર્ડ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધી કરવામાં આવશે. તેમજ સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધી કરવામાં આવશે. ગુજરાત પોલીસ એકટ કલમ-૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજ રોજ તારીખ ૨૧ માહે ૦૮-૨૦૧૭ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

રાજકોટ, ૨૧ માહે ઓગષ્ટ, સને ૨૦૧૭.

અનુપમ સિંહ ગહલૌત,
પોલીસ કમિશ્નર,
રાજકોટ શહેર, રાજકોટ.

---

## જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ દ્વારા

## નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : નધણ/ક-૩/૨૨૯/જેએમઆર/સે-૪૫૦૪૭/૨૦૧૭.- જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળી, જામનગર, આથી જાહેર કરે છે કે, શ્રી ખાયડી મહિલા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., મર્યાદિત મુ. : ખાયડી, તા. : લાલપુર, જિલ્લો : જામનગર, સને-૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો-૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

જામનગર, ૦૯ માહે ઓગષ્ટ, સને ૨૦૧૭.

વી. એમ. મહેતા,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, જામનગર.

## નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : નધણ/ઝ/૧૦૫/૭૮૨/ઝ/ઉ-૧૫૬૨૦/સને-૨૦૧૭.- આથી જાહેર કરે છે કે, શ્રી રામવાવ દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી. (વાડી વિસ્તાર) ખાંભોદર, મર્યાદિત સ્થળ : રામવાવ (વાડી વિસ્તાર) ખાંભોદર, તાલુકો : પોરબંદર, જિલ્લો : પોરબંદર.

સને-૧૯૬૧નો ગુજરાત કાયદો ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો-૧૯૬૧ ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

પોરબંદર, ૦૪ માહે ઓગષ્ટ, સને ૨૦૧૭.

એમ. એસ. લોખંડે,
જિલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
પોરબંદર.

---

## નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : નધણ/૦૧/ખ-૩/૬૯૯/૨૦૧૭.-જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ભાવનગર, આથી જાહેર કરે છે કે, શ્રી ગુંદી મહિલા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., સ્થળ : ગુંદી, તાલુકો : ભાવનગર, જિલ્લો : ભાવનગર, સને-૧૯૬૧ નાં ગુજરાત સહકારી મંડળી અધિનિયમની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવેલ છે.

નોંધણી નં.: બીએનઆર સે.દૂ.-૪૫૩૩૯/૨૦૧૭, તા. ૦૫-૦૮-૨૦૧૭.

ભાવનગર, ૦૫ માહે ઓગષ્ટ, સને ૨૦૧૭.

---

## નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : નધણ/૦૧/ખ-૩/૬૯૧/૨૦૧૭.-જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ભાવનગર, આથી જાહેર કરે છે કે, શ્રી માખણિયા મહિલા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., સ્થળ : માખણિયા, તાલુકો : તળાજા, જિલ્લો : ભાવનગર, સને-૧૯૬૧ નાં ગુજરાત સહકારી મંડળી અધિનિયમની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવેલ છે.

નોંધણી નં.: બીએનઆર સે.દૂ.-૪૫૩૩૮/૨૦૧૭, તા. ૦૫-૦૮-૨૦૧૭.

ભાવનગર, ૦૫ માહે ઓગષ્ટ, સને ૨૦૧૭.

ડી. વી. ગઢવી,
જિલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
ભાવનગર.

©

सत्यमेव जयते

# The Gujarat Government Gazette


**SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION**

***PUBLISHED BY AUTHORITY***

**VOL. LVIII] THURSDAY, 07th SEPTEMBER, 2017/BHADRA 16, 1939 No. 36**


**Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central section in order that it may be filed as a separate compilation.**

# PART-I


| PART - I | Pages | PART - I - B | Pages |
|---|---|---|---|
| Government Notifications Appointments Promotions, Leave of absence, Rules and orders (Other than those published in Part-I-A, IV-A, IV-B, and IV-C) list of publications for sales etc., Miscellaneous Notifications Appoint-ments etc., | 939-954 | (Suppliment) Government Notifications Published under Land Acquisition Act only Supplement. | Nil |
| | | **PART - II** Miscellaneous Notices, Advertisments, List of Books Sanctioned by the Director of Education, List of Jurors. Schedule of Estates by the Official Assignee, Summary of Births and Deaths, etc., | 1673-1744 |
| **PART - I - A** Order and Notifications (Other than those published in Part-IV-B) under the Gujarat Local Boards, Village Panchayats, Municipals, Boroughs, (Districts) Municipals Primary Education and Local Fund Audits, Acts., | Nil | **PART - III** Miscellaneous Supplements Season and Crop Reports, Prices, Current Rainfalls Returns, District Local Boards Accounts etc., | Nil |

# GOVERNMENT NOTIFICATIONS, ORDERS APPOINTMENTS, ETC.

## SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

## NOTIFICATION

### MISCELLANEOUS NOTIFICATIONS APPOINTMENTS ETC.

## By the Principal District Judge

## NOTIFICATION

No. U.HC/73/B.7(1)/5077 of 2017.

**I**

**Higher Standard Departmental Examination :**

**PART-I :** The successful candidates who appeared in the examination in all papers and successful to pass the examination as per merits :

| | |
|---|---|
| (1) | Mr. K. K. Mehta, Assistant,<br>Principal Civil Court, Mandvi. |
| (2) | Mr. M. D. Moga, Assistant,<br>Principal Civil Court, Mandvi. |

**PART-II :** Successful candidates who have retained the previous exemption :

| | |
|---|---|
| (1) | Mr. J. V. Mevada, Assistant,<br>Principal Civil Court, Dayapar. |
| (2) | Mrs. Z. T. Parmar, Assistant,<br>Principal Senior Civil Court, Bhuj. |
| (3) | Mr. A. H. Piprani, Assistant,<br>District Court, Bhuj. |

**II**

**Lower Standard Departmental Examination :**

**PART-I :** The Successful candidates who appeared in the examination in all papers and successful to pass the examination as per merits :

| | |
|---|---|
| (1) | Mr. M. R. Daki, Assistant,<br>Principal Senior Civil Court, Bhuj. |
| (2) | Mr. S. B. Jadeja, Assistant,<br>4th Additional Senior Civil Court, Bhuj. |
| (3) | Mr. D. J. Jani, Assistant,<br>Principal Civil Court, Bhachau. |
| (4) | Mr. N. M. Patat, Assistant,<br>Principal Senior Civil Court, Bhuj. |
| (5) | Mr. D. D. Ahir, Assistant,<br>Principal Senior Civil Court, Gandhidham. |

**PART-II :** Successful candates who have retained the previous exemption :

| | |
|---|---|
| (1) | Mr. R. D. Acharya, Assistant,<br>Principal Senior Civil Court, Gandhidham. |
| (2) | Mr. S. A. Chaudhari, Assistant,<br>Taluka Legal Services Committee, Bhuj. |

**III**

The following candidates who appeared in the Higher Standard Departmental Examination-2017 and failed to pass the examination but exempted from appearing in any paper :

| Sr.No. | Name of Employee | Paper No. |
|---|---|---|
| (1) | Mr. P. I. Bhill,<br>Principal Civil Court, Naliya | Oral Test |
| (2) | Mr. N. B. Chauhan, Assitant,<br>Additional Dist. Court, Bhuj. | II |
| (3) | Mr. V. P. Chauhan, Assistant,<br>Principal Sr. Civil Court, Anjar. | II |
| (4) | Mr. J. J. Parmar, Assistant,<br>2nd Additional Civil Court, Anjar. | IV & Oral Test |
| (5) | Mr. S. M. Shaikh, Assistant,<br>Principal Civil Court, Naliya. | II |
| (6) | Mr. T. J. Vaghela, Assistant,<br>Principal Civil Court, Rahpar. | Oral Test |
| (7) | Mr. O. J. Vora, Assistant,<br>District Legal Services Authority, Bhuj. | I, II, IV & Oral Test |

**IV**

The following candidates who appeared in the Lower Standard Departmental Examination-2017 and failed to pass the examination but he is exempted from appearing in the papers shown against their names :

| | | |
|---|---|---|
| (1) | Mr. B. V. Bukoliya, Assitant,<br>Principal Civil Court, Nakhatrana | Type Test |
| (2) | Mr. N. N. Ramani, Assistant,<br>2nd Additional District Court,<br>Gandhidham | Type Test |
| (3) | Mr. A. M. Raval, Assistant, 3rd<br>Addl. Senior Civil Court, Bhuj. | Type Test |
| (4) | Mr. S. S. Raval, Assistant,<br>Principal Senior Civil Court, Bhuj. | Type Test |

Entries regarding passing the respective examination be made in the Service Book of the concerned incumbents.

Kachchh-Bhuj, 22nd August, 2017.

**(Sd.) Illegible,**
Principal District Judge,
Kachchh at Bhuj.

---

***Read :***

*(1) Government Resolution Social Justice & Empowerment Department, Sachivalaya, Gandhinagar No. G/L/16/JJA/1597/2425/876(01)/CHH-I dated 09-08-2001.*

*(2) The Juvenile Justice (Care & Protection of Children) Act, 2015.*

*(3) Hon'ble High Court Notification No. A-0705(II)/2017 (36) dated: 04-05-2017.*

*(4) This office Notification No. B/9101/2017, dated : 09-05-2017.*

*(5) Hon'ble High Court letter No. A-2402/2006 dated: 06-07-2017.*

*(6) This Office Notification No. B/13436/2017, dated : 28-29-07-2017.*

*(7) Hon'ble High Court Letter No. A.2402/2006, dated : 16-08-2017.*

## NOTIFICATION

No. B./14484/2017.-As per the direction issued by the Hon'ble High Court vide letter cited at preamble at Sr. No. 7 and earlier this office notification cited at preamble at Sr. No. 6, therefore the sitting of Juvenile Justice Board is modified as under.

Mr. K. R. Rathod, Additional Civil Judge & Judicial Magistrate First Class, Bhavnagar (Senior most Judicial Magistrate) and Chairperson of Juvenile Justice Board for area comprising the District of Bhavnagar, to hold his Sitting **Full Day in a week on every Thursday, Friday and working Saturday of each month** instead of every day after recess Daily, untill the reduce the pendency of below 100 cases or more, **with immediate effect.**

Bhavnagar, 22nd August, 2017.

**J. J. Pandya,**
Principal District Judge,
Bhavnagar.

---

## કલેક્ટર દ્વારા

વંચાણમાં લીધા :

(૧) આ કચેરીના હુકમ નં. પરવ/કસન/વશી/૧૨૮૦-૧૩૨૦/૧૭, તા. ૦૩-૦૮-૨૦૧૭.

(૨) સેકશન અધિકારીશ્રી, અ.ના.પુ. અને ગ્રા.બા. વિભાગ ગાંધીનગરનાં પત્ર ક્રમાંક : કસન-૧૦૨૦૧૭-૨૨૩-બ, તા. ૧૮-૦૮-૨૦૧૭.

(૩) સેકશન અધિકારીશ્રી, અ.ના.પુ. અને ગ્રા.બા. વિભાગ ગાંધીનગરનાં પત્ર ક્રમાંક : કસન-૧૦૨૦૧૭-૨૨૩-બ, તા. ૦૧-૦૮-૨૦૧૭.

(૪) ધી કેરોસીન/રીસ્ટ્રીકશન ઓન યુઝ એન્ડ ફિક્સેશન ઓફ સેલીંગ પ્રાઈઝ ઓર્ડર ૧૯૯૩.

## હુકમ

નં. પરવ/કસન/વશી/૧૩૯૯/૨૦૧૭.-સરકારશ્રીના વંચાણ લીધેલ અનુ. નં. ૩ ના પત્રથી કંપનીના એક્ષડેપો રેટમાં થયેલ ફેરફાર ધ્યાને લઈ કેરોસીનના નવા ભાવો બાંધવા જણાવતા અત્રેના વંચાણે લીધેલ અનું. નં. ૧ ના હુકમથી સરકારશ્રીની સૂચનાં અનુસાર પીડીએસ કેરોસીનના જિલ્લાનાં જુદા જુદા કેન્દ્રો માટે કેરોસીન એજન્ટો, જથ્થાબંધ વિક્રેતાઓ તેમજ છુટક વિક્રેતાઓનાં દુમાડ (વડોદરા), કંડલા, જામનગર (ખાવડી), બારેજા, કાલીગ્રામ, વાડીનાર (એસ.આર.) તથા પાલનપુર ડેપોથી રોડ રસ્તે આવતા કેરોસીનના વિતરણના ભાવો મુકરર કરવામાં આવેલ છે.

સેકશન અધિકારીશ્રી, અ.ના.પુ. અને ગ્રા.બા. વિભાગ ગાંધીનગરના વંચાણમાં લીધેલ અનું. નં. ૨ ના પત્રથી આઈ.ઓ.સી.એલ., એચ.પી.સી.એલ. તથા બી.પી.સી.એલ. કંપનીના તા. ૧૬-૦૮-૨૦૧૭ ના પત્રોની નકલ અત્રે મોકલી આપી, આઈ.ઓ.સી.એલ., એચ.પી.સી.એલ. તથા બી.પી.સી.એલ. કંપની દ્વારા પીડીએસ કેરોસીનના વિવિધ સપ્લાય પોઈન્ટના એક્ષ ડેપો રેટમાં કરવામાં આવેલ ફેરફાર ધ્યાને લઈ જરૂરી કાર્યવાહી કરવા જણાવેલ છે. ત્રણે કંપનીના સદરહું

પત્રોમાં અત્રેના જિલ્લા માટેના સપ્લાય પોઈન્ટ પૈકી કંડલા ડેપોના નવા એક્ષ ડેપો રેટ રૂા. ૧૮૫૮૪.૦૧/- જામનગર (ખાવડી, વાડીનાર) : રૂા. ૧૮૫૫૨.૦૦/-, સાબરમતી (કાલીગ્રામ, બારેજા) : રૂા. ૧૮૫૬૨.૮૭/-, તથા કોયલી (દુમાડ): રૂા. ૧૮૫૫૨.૦૦/-, તેમજ સિધ્ધપુર (પાલનપુર) : રૂા. ૧૮૬૨૧.૯૩/- દર્શાવેલ છે. તથા નવા એક્ષ ડેપો રેટ મુજબનો ફેરફાર તા. ૧૬-૦૮-૨૦૧૭ ની અસરથી કરવા જણાવેલ છે.

ઉકત વિગતે અત્રેના વંચાણમાં લીધેલ અનુ. નં. ૧ ના હુકમથી બાંધવામાં આવેલ ભાવોમાં સરકારશ્રીના વંચાણમાં લીધેલ અનુ. નં. ૨ ના પત્રની સુચનાનુસાર તથા આ હુકમના પેરા-૨ મુજબ થયેલ ફેરફારની વિગતો ધ્યાને લઈ કેરોસીનના નવા ભાવો મુકરર કરવાના થાય છે.

સબબ હું, એસ. એલ. અમરાણી, (આઈ.એ.એસ.), કલેક્ટર અમરેલી, જિલ્લો અમરેલી, વંચાણે લીધેલ અનુ. નં. ૪ નાં ધી કેરોસીન રીસ્ટ્રીકશન ઓન યુઝ એન્ડ ફિક્સેશન ઓફ સેલીંગ પ્રાઈઝ ઓર્ડર–૧૯૯૩ થી મને મળેલ અધિકારની રુઈએ ઉકત વિગતો ધ્યાને લઈ દુમાડ, કંડલા, જામનગર (ખાવડી), વાડીનાર, બારેજા, કાલીગ્રામ તથા પાલનપુર ડેપો થી જિલ્લાનાં તાલુકાઓ અને અન્ય મથકોના અંતર ધ્યાને લઈ રોડ રસ્તે આવતા ઘરગથ્થુ કેરોસીનનાં ભાવો આ સાથે સામેલ પરિશિષ્ટ-૧માં જણાવેલ વિગતે મુકરર કરવા આથી હુકમ કરુ છું.

અત્રેનાં અગાઉના હુકમોમાં રાખવામાં આવેલ બાકીની શરતો/સૂચનાંઓ યથાવત રહેશે.

આ હુકમનો અમલ તા. ૧૬-૦૮-૨૦૧૭ થી કરવાનો રહેશે. તમામ મામલતદારશ્રીઓએ તેમના તાલુકા હસ્તકના એજન્ટ તથા છુટક વિક્રેતાઓને આ હુકમની જાણ તુરત જ કરવાની રહેશે.

આ હુકમથી મુકરર કરેલ ભાવો કરતા વધુ ભાવો (એજન્ટ, છુટક વિક્રેતા) લેવામાં આવતા હોવાનું જણાશે તો તેમની સામે આ હુકમનાં ભંગ બદલ આવશ્યક ચીજવસ્તુઓ અધિનિયમ-૧૯૫૫ની કલમ-૩નો ભંગ ગણી શિક્ષાત્મક પગલા લેવામાં આવશે.

અમરેલી, ૧૮ માહે ઓગષ્ટ, સને ૨૦૧૭.

એસ. એલ. અમરાણી,
કલેક્ટર,
અમરેલી.

---

**વંચાણ :**

(૧) ધી કેરોસીન (રીસ્ટ્રીકશન ઓન યુઝ એન્ડ ફીકસેશન ઓફ સેલીંગ પ્રાઈઝ) ઓર્ડર-૧૯૯૩.

(૨) અત્રેના જાહેરનામા નાં.સપ-કસન-પરીવહન-દર-વધારો-૨૦૧૪, તા. ૨૦-૦૯-૨૦૧૪.

(૩) અત્રેના જાહેરનામા નાં.સપ/કસન/જથ્થાબંધ અને છુટક/ભાવ/મુકરર/૪-૫/૨૦૧૭, તા. ૨૦-૦૪-૧૭.

(૪) સરકારશ્રીના પત્ર ક્રમાંક : કસન/૧૦૨૦૧૭/૨૨૩/બ તા. ૦૫-૦૭-૨૦૧૭.

(૫) અત્રેના જાહેરનામા નાં. સપ/કસન/ભાવ મુકરર વીથ GST/૧ ઓગષ્ટ/૨૦૧૭, તા. ૧૮-૦૭-૨૦૧૭.

(૬) સરકારશ્રીના પત્ર ક્રમાંક : કસન/૧૦૨૦૧૭/૪૫૮/બ તા. ૨૫-૦૭-૨૦૧૭.

(૭) સરકારશ્રીના પત્ર ક્રમાંક : કસન/૧૦૨૦૧૭/૨૨૩/બ તા. ૧૮-૦૮-૨૦૧૭.

## જાહેરનામું

નાં. સપ-કસન-ભાવ-મુકરર વીથ GST-૧૬ ઓગષ્ટ-૨૦૧૭.-અત્રેના વંચાણ-(૨) વાળા જાહેરનામાથી પરિવહન સમિતિની બેઠકમાં થયેલ વિચારણા મુજબ પરીવહન દર માટેના ભાવ નકકી થયેલ હતા. ત્યાર બાદ ડીલર્સના કમીશન અને છુટક વિક્રેતા કમીશનમાં વધારો થતા તે મુજબ ક્રમ-(૩) વાળા જાહેરનામાથી ભાવ નકકી થયેલ હતા. અને છેલ્લે વંચાણ-(૫) વાળા જાહેરનામાથી કંપની ઈન્સ્ટોલેશનના ઉપાડ ભાવમાં વધારો કરતાં તે મુજબ GST ઉમેરીને તા. ૦૧-૦૮-૨૦૧૭ ની અસરથી અમલમાં આવે તે મુજબ છુટક તથા જથ્થાબંધ ભાવો નકકી કરવામાં આવેલ.

સરકારશ્રીના અન્ન નાગરીક પુરવઠા વિભાગ ગાંધીનગરના વંચાણ-(૭) વાળા પત્ર મુજબ કંપનીના ૧ કે.એલ.ના ભાવ જુના રૂા. ૧૮૩૩૪.૦૧/- હતા. તે વધારીને નવો ભાવ ૧ કે.એલ.નો રૂા. ૧૮૫૮૪.૦૧/- કરેલ છે. તેમજ સરકારશ્રીના વંચાણ-(૬) વાળા પત્રથી રાજય કર કમિશનરશ્રી, ગુજરાત રાજય, અમદાવાદ પાસેથી મેળવેલ સ્પષ્ટતાઓ નજરે પી.ડી.એસ. કેરોસીન ઉપર GST લગાડવા બાબતે ઓઈલ કંપનીના ડેપોથી તાલુકા મથક સુધીના પરીવહન ખર્ચ, કેરોસીનના જથ્થાબંધ વિક્રેતાના કમિશન, કેરોસીનના છુટક વિક્રેતાના કમિશન તથા ડોરસ્ટેપ ડીલીવરી પર આમ દરેક સ્ટેપ ઉપર ૫% GST ઉમેરીને નવેસરથી જથ્થાબંધ અને છુટક ભાવો નકકી કરવા માટે જણાવેલ છે.

સબબ, સરકારશ્રીના વંચાણ-(૬)ની સુચનાઓ તથા વંચાણ-(૭) થી કંડલા ઈન્સ્ટોલેશન ઉપાડના ભાવમાં થયેલ વધારા નજરે વંચાણ-(૧) વાળા હુકમથી મળેલ અધિકારીની રૂએ હું, કલેકટર-કચ્છ, કંડલા ઈન્સ્ટોલેશન ડેપોથી આવતા ઘરગથ્થુ વપરાશના કેરોસીનના એક કીલોલીટરના કંપનીના ભાવ તથા ૧ જુલાઈ ૨૦૧૭ થી અમલમાં આવેલ જી.એસ.ટી ના લાગુ પડેલ કર મુજબ જથ્થાબંધ વેંચાણ ભાવ તથા એક લીટરના છુટક વેચાણ ભાવ આ સાથેના પત્રકની વિગતે તાલુકાવાઈઝ નીચે મુજબ નવેસરથી નકકી કરવાનું ઠરાવુ છુ.

| અનું. | તાલુકાના મુખ્ય મથકનું નામ | એક કીલોલીટર કેરોસીનના તાલુકાના મુખ્ય મથક માટેના જથ્થાબંધ વેંચાણ ભાવ (૧૦૦૦ લીટર) રૂા. પૈસા | એક લીટર કેરોસીનનો તાલુકાના મુખ્ય મથક માટેના છુટક વેંચાણ ભાવ રૂા. પૈસા | વિશેષ નોંધ |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧ | ગાંધીધામ | ૨૦૮૬૫.૮૪ | ૨૧.૯૫ | -- |
| ૨ | અંજાર | ૨૦૯૪૫.૫૪ | ૨૨.૦૦ | -- |
| ૩ | ભચાઉ | ૨૧૦૧૮.૫૧ | ૨૨.૦૭ | -- |
| ૪ | ભુજ | ૨૧૧૮૭.૫૬ | ૨૨.૨૪ | -- |
| ૫ | મુન્દ્રા | ૨૧૧૮૭.૫૬ | ૨૨.૨૪ | -- |
| ૬ | રાપર | ૨૧૨૮૧.૪૮ | ૨૨.૩૩ | -- |
| ૭ | માંડવી | ૨૧૪૦૭.૭૫ | ૨૨.૪૬ | -- |
| ૮ | નખત્રાણા | ૨૧૩૯૯.૯૮ | ૨૨.૪૫ | -- |
| ૯ | અબડાસા, મુ. નલીયા | ૨૧૫૬૩.૧૫ | ૨૨.૬૧ | -- |
| ૧૦ | લખપત, મુ. દયાપર | ૨૧૬૮૫.૫૨ | ૨૨.૭૪ | -- |

ઉપર મુજબના મુકરર કરવામાં આવેલ ભાવો જિલ્લાના તાલુકાના મુખ્ય મથકના હોઈ કેરોસીનના ઓઈલ કંપનીના જથ્થાબંધ વિક્રેતાઓ કેરોસીનના છુટક વિક્રેતાના સ્થળ સુધી કેરોસીનની ડીલીવરી આપવા જાય ત્યારે ૦ થી ૧૦(દસ) કિ.લો. મીટરના દરેક સ્ટેજે વધુમાં વધુ ૫૦ કિ.મી સુધી ૧ (એક) લીટરે ૧૦ (દસ) પૈસા જે વધુમાં વધુ પચાસ કિ.મી.ની મર્યાદામાં સ્ટેજ ચાર્જ લઈ શકશે. અને લીધેલ સ્ટેજ ચાર્જ ઉપર ૫% GST લગાડીને જથ્થાબંધ વિક્રેતાએ બિલ અંકારવાનુ રહેશે.

કેરોસીનના છુટક વિક્રેતા સ્ટેજ ખર્ચની રકમ બિલ મુજબ ગણતરી કરતા નજીકના ૦૫ (પાંચ) પૈસાના ગુણાંકમાં છુટક વિક્રેતા કેરોસીનના વેંચાણ બિલ બનાવી કેરોસીનનું વેંચાણ કરી શકશે.

આ જાહેરનામાનો અમલ તા. ૧૬-૦૮-૨૦૧૭ની અસરથી કરવાનો રહેશે.

કચ્છ-ભુજ, ૨૧ માહે ઓગષ્ટ, સને ૨૦૧૭.

જિલ્લો : કચ્છ

ઘરગથ્થું વપરાશના કેરોસીનના જથ્થાબંધ વેંચાણ ભાવ તથા છુટક વેંચાણ ભાવ નકકી કરવાની વિગત દર્શાવતું પત્રક

GST અમલીકરણ બાદ લાગુ પડેલ કર મુજબ નક્કી થયેલ ભાવ

૧૬ ઓગષ્ટ-૨૦૧૭ની અસરથી

| ક્રમ | વિગત | કચ્છ જિલ્લાના તાલુકાના મુખ્ય મથકનું નામ (તાલુકા) | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | ગાંધીધામ | અંજાર | ભચાઉ | ભુજ | મુન્દ્રા | રાપર | નખત્રાણા | માંડવી | અબડાસા | લખપત |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ |
| ૧ | એક કિલોલીટરના ઓઈલ કંપનીના વેંચાણ ભાવ રૂપિયા | ૧૮૫૮૪.૦૧ | ૧૮૫૮૪.૦૧ | ૧૮૫૮૪.૦૧ | ૧૮૫૮૪.૦૧ | ૧૮૫૮૪.૦૧ | ૧૮૫૮૪.૦૧ | ૧૮૫૮૪.૦૧ | ૧૮૫૮૪.૦૧ | ૧૮૫૮૪.૦૧ | ૧૮૫૮૪.૦૧ |
| ૨ | ૧ જુલાઈ ૨૦૧૭ થી અમલમાં આવેલ GST પ્રમાણે લાગુ પડેલ કર મુજબ ઓઈલ કંપનીના વેંચાણ ભાવમાં કરવાનો થતો વધારો (કંપની ધ્વારા નકકી થયેલ વેંચાણ ભાવના ૫% મુજબ, | ૯૨૯.૨ | ૯૨૯.૨ | ૯૨૯.૨ | ૯૨૯.૨ | ૯૨૯.૨ | ૯૨૯.૨ | ૯૨૯.૨ | ૯૨૯.૨ | ૯૨૯.૨ | ૯૨૯.૨ |
| ૩ | જથ્થાબંધ વિક્રેતાનું કમીશન રૂા. (૧ કે.એલ.ના) કેન્દ્રનું રૂા.૭૮૭.૮૨+રાજ્યનું રૂા.૧૮૦.૩૦= કુલ રૂા. ૯૬૮.૧૨ | ૯૬૮.૧૨ | ૯૬૮.૧૨ | ૯૬૮.૧૨ | ૯૬૮.૧૨ | ૯૬૮.૧૨ | ૯૬૮.૧૨ | ૯૬૮.૧૨ | ૯૬૮.૧૨ | ૯૬૮.૧૨ | ૯૬૮.૧૨ |
| ૪ | એક કિલોલીટરનો પરિવહન દર રૂપિયા. | ૩૨૦.૧૦ | ૩૯૬.૦૦ | ૪૬૫.૫૦ | ૬૨૬.૫૦ | ૬૨૬.૫૦ | ૭૧૫.૯૫ | ૮૨૮.૮૦ | ૮૩૬.૨૦ | ૯૮૪.૨૦ | ૧૧૦૦.૭૫ |
| ૫ | કોલમ ૩+૪ પર ૫% GST | ૬૪.૪૧ | ૬૮.૨૧ | ૭૧.૬૮ | ૭૯.૭૩ | ૭૯.૭૩ | ૮૪.૨૦ | ૮૯.૮૫ | ૯૦.૨૨ | ૯૭.૬૨ | ૧૦૩.૪૪ |
| ૬ | એક કિલોલીટર કેરોસીનનું જથ્થાબંધ વેંચાણ ભાવ રૂપિયા. | ૨૦૮૬૫.૮૪ | ૨૦૯૪૫.૫૪ | ૨૧૦૧૮.૫૧ | ૨૧૧૮૭.૫૬ | ૨૧૧૮૭.૫૬ | ૨૧૨૮૧.૪૮ | ૨૧૩૯૯.૯૮ | ૨૧૪૦૭.૭૫ | ૨૧૫૬૩.૧૫ | ૨૧૬૮૫.૫૨ |
| ૭ | એક કિલોલીટર કેરોસીનનું છુટક વિક્રેતાનું કમિશન રૂા. ૯૪૬.૦૦+ રાજયનું એકસ્ટ્રા ઓર્ડીનરી કમિશન રૂા. ૫૪.૦૦= કુલ રૂા. ૧૦૦૦.૦૦ | ૧૦૦૦.૦૦ | ૧૦૦૦.૦૦ | ૧૦૦૦.૦૦ | ૧૦૦૦.૦૦ | ૧૦૦૦.૦૦ | ૧૦૦૦.૦૦ | ૧૦૦૦.૦૦ | ૧૦૦૦.૦૦ | ૧૦૦૦.૦૦ | ૧૦૦૦.૦૦ |
| ૮ | એક કિલોલીટર કેરોસીનનું છુટક વિક્રેતાનું કમિશન રૂા. ૯૪૬.૦૦+ રાજયનું એકસ્ટ્રા ઓર્ડીનરી કમિશન રૂા. ૫૪.૦૦= કુલ રૂા. ૧૦૦૦.૦૦ પર GST ૫% મુજબ રૂા. ૫૦/- | ૫૦.૦૦ | ૫૦.૦૦ | ૫૦.૦૦ | ૫૦.૦૦ | ૫૦.૦૦ | ૫૦.૦૦ | ૫૦.૦૦ | ૫૦.૦૦ | ૫૦.૦૦ | ૫૦.૦૦ |
| ૯ | એક કિલોલીટર કેરોસીનના કુલ્લ રૂપિયા | ૨૧૯૧૫.૮૪ | ૨૧૯૯૫.૫૪ | ૨૨૦૬૮.૫૧ | ૨૨૨૩૭.૫૬ | ૨૨૨૩૭.૫૬ | ૨૨૩૩૧.૪૮ | ૨૨૪૪૯.૯૮ | ૨૨૪૫૭.૭૫ | ૨૨૬૧૩.૧૫ | ૨૨૭૩૫.૫૨ |
| ૧૦ | એક લીટર કેરોસીનનું છુટક વેંચાણભાવ રૂા. | ૨૧.૯૨ | ૨૨.૦૦ | ૨૨.૦૭ | ૨૨.૨૪ | ૨૨.૨૪ | ૨૨.૩૩ | ૨૨.૪૫ | ૨૨.૪૬ | ૨૨.૬૧ | ૨૨.૭૪ |

કચ્છ-ભુજ, ૨૧ માહે ઓગષ્ટ, સને ૨૦૧૭.

રેમ્યા મોહન,
કલેકટર-કચ્છ.

INDEX

વંચાણે લીધાં :

(૧) આ કચેરીના તા. ૦૩-૦૮-૨૦૧૭ ના હુકમ નં. : પરવ/કસન/વશી/૧૦૮/૧૭.

(૨) સરકારશ્રીના આર. એ. ચાવડા, સેકશન અધિકારી, અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રા.બા. વિભાગ, ગાંધીનગરના તા. ૧૮-૦૮-૨૦૧૭ ના પત્ર ક્રમાંક : કસન-૧૦૨૦૧૭-૨૨૩-બ

(૩) સરકારશ્રીના એમ. ઝેડ. શ્રોફ ઉપસચિવશ્રી, અન્ન અને નાગરિક પુરવઠા અને ગ્રા.બા. વિભાગ, ગાંધીનગરના તા. ૨૫-૦૭-૨૦૧૭ ના પત્ર ક્રમાંક : કસન-૧૦૨૦૧૭-૪૫૮-બ

(૪) સરકારશ્રીના ઉપસચિવશ્રી તા. ૦૬-૦૯-૨૦૧૬ ના પત્ર ક્રમાંક : કસન-૧૦૨૦૧૬-૩૭૩-બ

## હુકમ

નાં. પરવ/કસન/વશી/૧૬૯૦/૧૭.-વંચાણે લીધેલ સંદર્ભ-૧ના આ કચેરીના હુકમ થી વાડીનાર એસ્સાર ઓઈલ કાં. ટર્મીનલ ઉપરથી આવતા જાહેર વિતરણ યોજના હેઠળના કેરોસીનના જથ્થાબંધ તેમજ છુટક વિતરણના ભાવો નક્કી કરવામાં આવેલ છે.

ઉક્ત વંચાણ–૨ના સરકારશ્રીના આર. એ. ચાવડા, સેકશન અધિકારી, અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રા.બા. વિભાગ, ગાંધીનગરના તા.૧૮-૦૮-૨૦૧૭ ના પત્ર ક્રમાંક : કસન-૧૦૨૦૧૭-૨૨૩-બ થી તથા Bharat Petroleum Corporation Limited નો તા. ૧૬-૦૮-૨૦૧૭ ના મેઈલ તથા ઈન્ડીયન ઓઈલ કોર્પોરેશન લી., અમદાવાદએ Ex-Mi Rates તેઓના તા. ૧૬-૦૮-૨૦૧૭ ના પત્ર ક્રમાંક : Ref : SLC/PDS SKO/Gujarat થી પીડીએસ કેરોસીન બાબતે વિવિધ સપ્લાય પોઈન્ટના Ex-Mi Ratesમાં થયેલ ફેરફારથી પીડીએસ કેરોસીનના નવા ભાવ જાહેર કરેલ હોય તે મુજબ જિલ્લામાં કેરોસીનના ભાવ નિયત કરવા જણાવવામાં આવેલ છે. દેવભૂમિ દ્વારકા જિલ્લામાં Ex-Mi Rates રૂા. ૧૮૩૦૨/- હતાં જેમાં રૂા. ૨૫૦/- નો વધારો થઈ નવા ભાવ રૂા. ૧૮૫૫૨/- નિયત કરવામાં આવેલ છે. જે ભાવ બાંધણા વંચાણે લીધા : ૧ થી ભાવ બાંધણાનો હુકમ કરવામાં આવેલ છે.

ઉક્ત વંચાણે લીધા : (૩) થી ભાવ સરકારશ્રીના એમ. ઝેડ. શ્રોફ, ઉપસચિવશ્રી, અન્ન અને નાગરિક પુરવઠા અને ગ્રા.બા. વિભાગ, ગાંધીનગરના તા. ૨૫-૦૭-૨૦૧૭ ના પત્ર ક્રમાંક : કસન-૧૦૨૦૧૭-૪૫૮-બ થી ઈંડિયન ઓઈલ કોર્પોરેશન લિમિટેડ તથા બી.પી.સી.એલ.ના વિવિધ સપ્લાય પોઈન્ટના કેરોસીનના Ex-Mi Rate માં જી.એસ.ટી. નો ૫% (પાંચ ટકા) દર ઉમેરીને ભાવ બાંધણા કરવાના રહેશે. કેરોસીનનો સપ્લાય પોઈન્ટ ભાવ ૧૮૩૦૨/- નિયત થયેલ છે. જેમાં એચ.પી.સી.એલ. કંપની સિવાયની કંપનીઓએ સપ્લાય પોઈન્ટના કેરોસીન ભાવ ઉપર જી.એસ.ટી. લગાડેલ ન હોવાથી, નકકી થયેલ સપ્લાય પોઈન્ટના કેરોસીન ભાવ પર, ટ્રાન્સ પોર્ટ ચાર્જીસ પર, એજન્ટ કમિશન પર, ડોર સ્ટેપ ડીલીવરી ના દર ઉપર, એમ કુલ નકકી થતા જથ્થાબંધ ૧ કિલોના જથ્થાબંધ ભાવ પર ૫% જી.એસ.ટી. લગાડીને તથા છુટક વિક્રેતાના કમિશન ઉપર ૫% જી.એસ.ટી. લગાડીને પરિશિષ્ટ-૧ મુજબ નવા બાવ બાંધણા કરવા હુકમ કરવામાં આવે છે.

સબબ, કેરોસીન (રીસ્ટ્રીકશન ઓન યુઝ એન્ડ ફીકસેશન ઓફ સેલીંગ પ્રાઈઝ) ઓર્ડર ૧૯૯૩ ની કંડીકા-૨ના સબ કલોઝ-ડી(૧) થી મળેલ સતાની રૂએ દેવભૂમિ દ્વારકા જિલ્લાના દરેક તાલુકા માટે જાહેર વિતરણ યોજના હેઠળ વેચાણ થતા એસ્સાર ઓઈલ કાં. લી., વાડીનાર ઉપરથી આવતા કેરોસીનના જથ્થાબંધ તથા છુટક વેચાણ ભાવ આ સાથેના પરિશિષ્ટ-૧ ની વિગતે આથી હુકમ કરવામાં આવે છે.

સદરહું નિયત ભાવથી વધુ ભાવે વેચાણ કરનાર એજન્ટ, જથ્થાબંધ કે છુટક વિક્રેતા, વ્યાજબી ભાવના દુકાનદાર સામે ધી કેરોસીન (વપરાશ પર નિયંત્રણ અને અધિકતમ કિંમત નક્કી કરવા) બાબત હુકમ-૧૯૯૩ ની કલમ-૪(૧) સી તેમજ ગુજરાત આવશ્યક ચીજવસ્તુ (પરવાના નિયંત્રણ અને જથ્થા જાહેરાત) આદેશ-૧૯૮૧ ની કલમ-૨૨ ના ભંગ બદલ આવશ્યક ચીજવસ્તુ અધિનિયમ-૧૯૫૫ ની કલમ-૩ ના ભંગ ગણી શિક્ષાત્મક કાનુની કાર્યવાહી કરવામાં આવશે.

આ હુકમથી નિયત કરવામાં આવેલ ભાવ તા. ૧૬-૦૮-૨૦૧૭ થી અમલમાં આવશે.

## પરિશિષ્ટ-૧

એસ્સાર ઈન્ડસ્ટ્રીઝ ઈન્સ્ટોલેશન ઉપરથી આવતા એક કિલો લીટર કેરોસીન જથ્થાબંધ તથા છુટક વેચાણ ભાવ
સરકારશ્રીના સેકશન અધિકારીશ્રી, અન્ન અને નાગરિક પુરવઠા અને ગ્રા.બા. વિભાગ, ગાંધીનગરના
તા. ૧૮-૦૮-૨૦૧૭ ના પત્ર ક્રમાંક : કસન-૧૦૨૦૧૭-૨૨૩-બ અન્વયે
આ કચેરીના તા. ૧૮-૦૮-૨૦૧૭ ના હુકમ ક્રમાંક : નાં. પરવ/કસન/વશી/૧૬૯૦/૧૭ સાથેનું પત્રક

| ક્રમ | તાલુકાનું નામ | એજન્ટ/જથ્થાબંધ વિક્રેતાએ વેચાણ કરવાનો એક કિલોલીટરનો ભાવ રૂા. પૈસા | છુટક વિક્રેતા/વાજબી ભાવના દુકાનદાર/ ફેરિયાએ વેચાણ કરવાનો છુટક એક લીટરનો ભાવ રૂા. પૈસા |
|---|---|---|---|
| ૧ | ખંભાળીયા | ૨૧૭૧૪.૯૫ | ૨૨.૭૫ |
| ૨ | ભાણવડ | ૨૧૮૦૨.૪૮ | ૨૨.૮૫ |
| ૩ | કલ્યાણપુર | ૨૧૯૬૯.૨૨ | ૨૩.૦૦ |
| ૪ | દ્વારકા | ૨૨૧૮૫.૯૯ | ૨૩.૨૫ |

**નોંધ** : આ હુકમથી નક્કિ કરેલ ભાવથી વધુ ભાવ લેવામાં આવવાનો કિસ્સો ધ્યાને આવશે તો સંબંધકર્તા સામે શિક્ષાત્મક કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

દેવભૂમિ દ્વારકા, ૧૮ માહે ઓગષ્ટ, સને ૨૦૧૭.

---

એસ્સાર ઈન્ડસ્ટ્રીઝ લી., વાડીનાર ઈન્સ્ટોલેશન ઉપરથી આવતા એક કિલો લીટરના કેરોસીનના જથ્થાબંધ તથા છુટક વેચાણ ભાવ
જિલ્લો : દેવભૂમિ દ્વારકા

| ક્રમ | વિગત | ખંભાળીયા ૪૩ કી.મી. | ભાણવડ ૧૨૧ કી.મી. | કલ્યાણપુર ૧૬૧ કી.મી. | દ્વારકા ૨૧૩ કી.મી. |
|---|---|---|---|---|---|
| 1 | રાઉન્ડ ટ્રીપ અંતર કિ.મી. (આવક-જાવક) | 43 | 121 | 161 | 213 |
| 2 | એકસ કંપની ડેપો ભાવ | 18552.00 | 18552.00 | 18552.00 | 18552.00 |
| 3 | ટ્રાન્સ ચાર્જીસ ૧૦૦ કી.મી. સુધીના એક કે.એલ. ના રૂા. ૮૧૦.૭૮ પૈસા | 810.78 | 810.78 | 810.78 | 810.78 |
| 4 | ટ્રાન્સપોર્ટ ચાર્જીસ (રૂા. ૩.૫૫ પૈસા) + ૦.૪૨ પૈસા પ્રતિ કિલી મુજબ= ૩.૯૭ પૈસા પ્રતિ કે.એલ./પ્રતિ કી.મી. ૧૦૦ કિ.મી. ઉપર | 0.00 | 83.37 | 242.17 | 448.61 |
| 5 | એજન્ટ કમીશન. કેન્દ્ર-૭૮૭.૮૨+ રાજય-૧૮૦.૩૦(ભારત સરકારશ્રીના તા. ૨૮-૧૦-૨૦૧૬ નો પત્ર તથા સરકારશ્રીના તા. ૨૯-૧૦-૨૦૧૬ ના પત્ર ક્રમાંક : કસન/૧૦૨૦૧૬/જીઓઆઈ-૬-બ અન્વયે ૭૧૪.૧૮ સામે ૭૮૭.૮૨ @ ૭૩.૬૪ નો વધારો | 968.12 | 968.12 | 968.12 | 968.12 |
| 6 | ડેપો ડીલીવરીના જથ્થાબંધ ભાવ (૧ કિ.લો.ના જી.એસ.ટી. વગર) (રો : ૨+૩+૪+૫ = ૬ | 20330.90 | 20414.27 | 20573.07 | 20779.51 |
| 7 | ડોરસ્ટેપ ડીલીવરી પરીવહન દર એક કે.એલ.ના | 350.00 | 350.00 | 350.00 | 350.00 |
| 8 | સરકારશ્રીના અ.ના.પુ. અને ગ્રા.બા. વિભાગના તા. ૦૫-૦૭-૨૦૧૭ ના પત્ર ક્રમાંક : કસન/૧૦૨૦૧૭/૨૨૩/બ તથા તા. ૨૫-૦૭-૨૦૧૫ ના પત્ર ક્રમાંક : કસન-૧૦૨૦૧૭-૪૫૮-બ મુજબ કેરોસીન પર લગાડવાનો થતો ૫% GST {( રો-6+ રો-7)*5/100} | 1034.05 | 1038.21 | 1046.15 | 1056.48 |
| 9 | ડોરસ્ટેપ ડીલીવરી માટેના જથ્થાબંધ ભાવ (૧ કિલો લીટરના) (રો : ૬+૭+૮) | 21714.95 | 21802.48 | 21969.22 | 22185.99 |

| ક્રમ | વિગત | ખંભાળીયા ૭૩ કી.મી. | ભાણવડ ૧૨૧ કી.મી. | કલ્યાણપુર ૧૬૧ કી.મી. | દ્વારકા ૨૧૩ કી.મી. |
|---|---|---|---|---|---|
| 10 | છુટક વિક્રેતા કમીશન + એક્સ્ટ્રા ચાર્જ ૯૪૬-૦૦ + ૫૪-૦૦ (સરકારશ્રીના તા. ૧૫-૦૪-૨૦૧૭ ઠરાવ ક્રમાંક : કસન-૧૦૨૦૧૨-એમપી-૧૧-બ મુજબ | 1000.00 | 1000.00 | 1000.00 | 1000.00 |
| 11 | સરકારશ્રીના અ.ના.પુ. અને ગ્રા.બા. વિભાગના તા. ૦૫-૦૭-૨૦૧૭ ના પત્ર ક્રમાંક : કસન/૧૦૨૦૧૭/૨૨૩/બ તથા તા. ૨૫-૦૭-૨૦૧૫ ના પત્ર ક્રમાંક : કસન-૧૦૨૦૧૭-૪૫૮-બ મુજબ કેરોસીન પર લગાડવાનો થતો ૫% GST | 50.00 | 50.00 | 50.00 | 50.00 |
| 12 | કુલ જથ્થાબંધ ભાવ (૧ કિલો લીટરના) છુટક વિક્રેતા માટેના (રોઃ ૯+૧૦+૧૧) | 22764.95 | 22852.48 | 23019.22 | 23235.99 |
| 13 | ૧ લીટરનો ભાવ | 22.76 | 22.85 | 23.02 | 23.24 |
| 14 | સરકારશ્રીના તા. ૧૫-૩-૮૩ ના ઠરાવની જોગવાઈ મુજબ નજીકના પાંચ પૈસાના રાઉન્ડ ફીગર લક્ષમાં લેતા નકકી થતા ૧ લીટરના ભાવ. | **22.75** | **22.85** | **23.00** | **23.25** |

દેવભૂમિ દ્વારકા, ૧૮ માહે ઓગષ્ટ, સને ૨૦૧૭.

સહી, (અવાચ્ય),
કલેકટર,
દેવભૂમિ દ્વારકા.

---

## અખબારી યાદી

સરકારીશ્રીના અન્ન નાગરિક પુરવઠા અને ગ્રા. બા. વિભાગના તા. ૨૫-૦૭-૨૦૧૭ ના પત્ર તથા તા. ૧૮-૦૮-૨-૧૭ નાં પત્રથી સુચિત થયા મુજબ કેરોસીનના એસ્સાર ઈન્ડસ્ટ્રીઝ લી. વાડીનાર ઈન્સ્ટોલેશન સપ્લાય પોઈન્ટના નવા ભાવો ઈન્ડીયન ઓઈલ કું. લી., અમદાવાદ તરફથી નિયત કરવામાં આવેલ છે જે મુજબ કેરોસીનના નવા ભાવો બાંધવામાં આવેલ છે જેની વિગત નીચે મુજબ છે જેની જાહેર જનતા તથા સબંધિતશ્રીઓએ નોંધ લેવી.

| ક્રમ | તાલુકાનું નામ | એજન્ટ/જથ્થાબંધ વિક્રેતાએ વેચાણ કરવાનો એક કિલો લીટરનો ભાવ રૂા. પૈસા | છુટક વિક્રેતા/વાજબી ભાવના દુકાનદાર/ ફેરિયાએ વેચાણ કરવાનો છુટક એક લીટરનો ભાવ રૂા. પૈસા |
|---|---|---|---|
| ૧ | ખંભાળીયા | ૨૧૭૧૪.૯૫ | ૨૨.૭૫ |
| ૨ | ભાણવડ | ૨૧૮૦૨.૪૮ | ૨૨.૮૫ |
| ૩ | કલ્યાણપુર | ૨૧૯૬૯.૨૨ | ૨૩.૦૦ |
| ૪ | દ્વારકા | ૨૨૧૮૫.૯૯ | ૨૩.૨૫ |

નોંધ : આથી નક્કિ કરેલ ભાવથી વધુ ભાવ લેવામાં આવવાનો કિસ્સો ધ્યાને આવશે તો સંબંધકર્તા સામે શિક્ષાત્મક કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

દેવભૂમિ દ્વારકા, ૧૮ માહે ઓગષ્ટ, સને ૨૦૧૭.

સહી, (અવાચ્ય),
કલેકટર,
દેવભૂમિ દ્વારકા વતી.

---

## જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની
કલમ-૩૭ની પેટા કલમ-૩ હેઠળનું

## જાહેરનામું

નં. એમએજી/સી/૩૭૩/૧૭૩૬૫/૨૦૧૭.-તાજેતરના ભૂતકાળમાં ગુજરાતમાં વિવિધ સમાજ જુથો ધ્વારા વિવિધ માંગણીઓ સબબ આંદોલનો અને રજુઆતો થતાં રહયા હતા. તે તથા તેના જેવા અન્ય મુદાઓ પરત્વે વિવિધ સામાજીક અને અન્ય પ્રકારના જુથો ધ્વારા વિવિધ પ્રકારની માંગણી કે બચાવના આઘાત/પ્રત્યાઘાત રૂપે આવેદનપત્રો આપવા, ધરણાઓ કરવા, વિરોધ પ્રદર્શન-રેલીઓ કાઢવાની પરવાનગી સાથે કે પરવાનગી વગરની ચેષ્ટાઓ થઈ રહી છે. જેના કારણે સમયાંતરે વિવિધ સમાજ જુથો ધ્વારા ધરણા, દેખાવો સહીતના આકસ્મિક કાર્યક્રમો થવાનની શકયતાને નકારી શકાય નહી. ઉપરાંત પોરબંદર નગરપાલિકા વિસ્તારમાં ભૂગર્ભ ગટર યોજનાની કામગીરી તથા તેને કારણે ખોદાયેલ રસ્તાઓનો પ્રશ્ન રહેલો છે, જે બાબતે પણ જુદા જુદા લોક જુથો ધ્વારા રજુઆત, એક યા બીજા કારણોસર વિરોધ પ્રદર્શન થતું રહે છે. તેના કારણે કોઈપણ સમયે જાહેર સુલેહ શાંતિભંગ થવાની શકયતા નકારી શકાય નહી. સબબ, પોરબંદર જિલ્લામાં અગમચેતીના પગલા રૂપે સભા, સરઘસ, રેલી, ધરણા, ઉપવાસ જેવા કાર્યક્રમો વખતે કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતી જળવાઈ રહે અને પોલીસની કામગીરીમાં મદદરૂપ થઈ શકે તે માટે ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૩) મુજબનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા પોલીસ અધિક્ષકશ્રી, પોરબંદર તરફથી તા. ૧૮-૦૮-૨૦૧૭થી દરખાસ્ત થઈ આવેલ છે. જે દરખાસ્તની વિગતે તથા પ્રવર્તમાન સંજોગો નજરે પોલીસ અધિક્ષકશ્રી પોરબંદરની દરખાસ્ત મુજબ આ જિલ્લામાં ઉકત જાહેરનામું બહાર પાડવુ ઈષ્ટ જણાય છે. તેથી ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭ ની પેટા કલમ-૩ થી મળેલ અધિકારની રૂઈએ હું, અશોક કાલરીયા, આઈ.એ.એસ., જિલ્લા મેજિસ્ટ્રેટ, પોરબંદર જિલ્લો, પોરબંદર, આથી સમગ્ર પોરબંદર જિલ્લા વિસ્તારમાં તા. ૨૧-૦૮-૨૦૧૭ થી તા. ૦૪-૦૯-૨૦૧૭ સુધી બન્ને દિવસો સહિતની મુદત માટે કોઈપણ સભા, મંડળી કે સરઘસ માટે મનાઈ ફરમાવું છું, આ હુકમ નીચેનાને લાગુ પડશે નહિ.

૧. ફરજ ઉપર હોય તેવી ગૃહરક્ષક મંડળી.

૨. સરકારની નોકરીએ અવરજવર કરતી હોય તેવી વ્યકિત.

૩. લગ્નનો વરઘોડો.

૪. સરકારશ્રી તરફથી યોજવામાં આવતા કાર્યક્રમો.

૫. સક્ષમ અધિકારીની કાયદેસર પરવાનગી લઈને કાઢેલા સરઘસ સહીતના કાર્યક્રમો.

આ હુકમનું પાલન ન કરનાર અથવા તેનું પાલન ન કરવામાં કોઈને મદદ કરનાર ગુન્હો સાબિત થયે સદરહુ અધિનિયમની કલમ-૧૩૫ની પેટા કલમ-૩ મુજબ રૂા. ૨૦૦/- સુધીના દંડની શિક્ષાને પાત્ર ઠરશે તેમજ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ ગુન્હો સાબિત થયે તે વ્યકિતને એક માસની સાદી કેદ, અથવા રૂા. ૨૦૦/- સુધીના દંડ અથવા બન્ને શિક્ષા થઈ શકે અને હુકમની અવગણનાથી માનવજીવન અથવા સ્વાસ્થ્ય અથવા સલામતી માટે કોઈપણ ભય ઉત્પન્ન કરે અથવા કોઈ હુલ્લડ કરે કે બખેડો કરે તો તેવી વ્યકિતને છ માસ સપરિશ્રમ અથવા સાદી કેદ અથવા રૂા. ૧૦૦૦/- એક હજાર સુધીના દંડ સહિતની બન્ને શિક્ષાને પાત્ર ઠરશે.

આજ તા. ૨૧-૦૮-૨૦૧૭ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો લગાવી જાહેર જનતાની જાણ તથા અમલ માટે પ્રસિધ્ધ કર્યુ.

પોરબંદર, ૨૧ માહે ઓગષ્ટ, સને ૨૦૧૭.

---

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩(૧) અન્વયે

## જાહેરનામું

નં. : એમએજી/સી/૧૬૫૦૩/૨૦૧૭.-આગામી દિવસમાં જન્માષ્ટમીનો તહેવાર આવે છે. જે અન્વયે આગામી દિવસોમાં પોરબંદર ચોપાટી ગ્રાઉન્ડ ખાતે જન્માષ્ટમી લોકમેળોનું આયોજન તા. ૧૪-૦૮-૨૦૧૭ થી તા. ૧૯-૦૮-૨૦૧૭ દિન-૬ સુધી યોજાનાર હોય જે અનુસંધાને કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તેમજ સુવ્યવસ્થિત રીતે ટ્રાફીક નિયમન થાય અને કોઈ દુર્ઘટના ન સર્જાય તે માટે નીચે જણાવેલ વિગતેના રસ્તાઓમાં તેમના નામ સામે જણાવેલ વાહનોને જણાવેલ સમયગાળા માટે અવર-જવર કરવા ઉપર પ્રતિબંધ લાદતું એકમાર્ગીય રસ્તાઓ જાહેર કરતુ અને મેળા માટે આવતા વાહનો માટે પાર્કીંગની જગ્યા જાહેર કરતુ જાહેરનામું પ્રસિધ્ધ કરવા પોલીસ અધિક્ષકશ્રી પોરબંદરના પત્ર ક્રમાંક : એલઆઈબી/જન્માષ્ટમી/જાના/૩૯૭/૨૦૧૭, તા. ૦૩-૦૮-૨૦૧૭ થી દરખાસ્ત થઈ આવેલ છે. ઉકત દરખાસ્ત અન્વયે ટ્રાફીક નિયમન માટે જાહેરનામું પ્રસિધ્ધ કરવું ઈષ્ટ જણાય છે.

સબબ, હું, અશોક કાલરીયા, આઈ.એ.એસ., જિલ્લા મેજીસ્ટ્રેટ, પોરબંદર જિલ્લો, પોરબંદર, આથી હું ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩(૧)(ખ) અન્વયે મળેલ સત્તાની રૂએ નીચે મુજબની વિગતે ટ્રાફીક નિયમન પ્રતિબંધ ફરમાવું છું.

| ક્રમ | રસ્તાનું નામ | કયા પ્રકારના વાહનો માટે | તારીખ તથા સમય |
|---|---|---|---|
| **વાહન અવર-જવર પ્રતિબંધ** | | | |
| ૧. | જુના ફુવારા થી રીલાયન્સ ફુવારા સુધી | ૧. રીક્ષા (થ્રી વ્હીલર તમામ)<br>૨. લાઈટ મોટર વ્હીકલ (ફોર વ્હીલર) | તા.૧૪-૦૮-૨૦૧૭થીતા.૧૯-૦૮-૨૦૧૭(દિવસ-૬) સુધી કલાક ૧૭-૦૦ થી રાતના ૧-૦૦ સુધી |
| ૨. | પોલીસ હેડકવાર્ટરના મેઈન ગેઈટ થી એસ. ટી. સર્કલ સુધી | ૧. રીક્ષા (થ્રી વ્હીલર તમામ)<br>૨. લાઈટ મોટર વ્હીકલ (ફોર વ્હીલર) | તા.૧૪-૦૮-૨૦૧૭થીતા.૧૯-૦૮-૨૦૧૭(દિવસ-૬) સુધી કલાક ૧૭-૦૦ થી રાતના ૧-૦૦ સુધી |
| ૩. | ચોપાટી મેળા મેદાનમાં પ્રવેશવાના તમામ ગેઈટ થી અંદર લઈ જવા કે બહાર લઈ જવાની મનાઈ કરવી. | તમામ પ્રકારના વાહનો | તા.૧૪-૦૮-૨૦૧૭થીતા.૧૯-૦૮-૨૦૧૭(દિવસ-૬) સુધી કલાક ૧૨-૦૦ થી રાતના ૨૪-૦૦ સુધી |
| ૪. | એસ. ટી. સર્કલ રીલાયન્સ ફુવારા-ઓશીયોનિક હોટલ-કનકાઈ મંદિર સુધી | તમામ પ્રકારના વાહનો | તા.૧૪-૦૮-૨૦૧૭થીતા.૧૯-૦૮-૨૦૧૭(દિવસ-૬) સુધી કલાક ૧૨-૦૦ થી રાતના ૨૪-૦૦ સુધી |
| **એકમાર્ગીય રસ્તાઓ જાહેર કરવા** | | | |
| ૧. | રેલ્વે સ્ટેશન પોલીસ ચોકીથી રામગેસ્ટ હાઉસ સુધી ફકત પ્રવેશ માટે વન-વે | ૧. રીક્ષા (થ્રી વ્હીલર તમામ)<br>૨. લાઈટ મોટર વ્હીકલ (ફોર વ્હીલર વાહનો) | તા.૧૪-૦૮-૨૦૧૭થીતા.૧૯-૦૮-૨૦૧૭(દિવસ-૬) સુધી કલાક ૧૭-૦૦ થી રાતના ૧-૦૦ સુધી |
| ૨. | ઈન્દ્રેશ્વર મંદિરથી ચોપાટી દાદુના જીમ સુધી ફકત પ્રવેશ માટે વન-વે | ૧. રીક્ષા (થ્રી વ્હીલર તમામ)<br>૨. લાઈટ મોટર વ્હીકલ (ફોર વ્હીલર વાહનો) | તા.૧૪-૦૮-૨૦૧૭થીતા.૧૯-૦૮-૨૦૧૭(દિવસ-૬) સુધી કલાક ૧૭-૦૦ થી રાતના ૧-૦૦ સુધી |
| ૩. | દાદુના જીમથી એસ. ટી. ડેપોની પાછળ ભંગાર બજારવાળો રસ્તો સુધી ફકત પ્રવેશ માટે વન-વે | ૧. રીક્ષા (થ્રી વ્હીલર તમામ)<br>૨. લાઈટ મોટર વ્હીકલ (ફોર વ્હીલર વાહનો) | તા.૧૪-૦૮-૨૦૧૭થીતા.૧૯-૦૮-૨૦૧૭(દિવસ-૬) સુધી કલાક ૧૭-૦૦ થી રાતના ૧-૦૦ સુધી |
| **પાર્કીંગ વ્યવસ્થા** | | | |
| ૧. | જ્યુબેલીના પુલ તરફથી આવતા થ્રીવ્હીલર તથા ફોર વ્હીલર માટેનું પાર્કીંગ | પુર્ણીમાં લોજ પાસેથી જુની કોર્ટ કમ્પાઉન્ડના દક્ષિણ તરફના ગેઈટથી પ્રવેશ કરી અને કોર્ટ કમ્પાઉન્ડમાં પાર્ક કરશે અને ત્યાથી વાહન ઉતર તરફના ગેઈટથી બહાર કાઢી રામ જરૂખાવાળા રસ્તે થઈ હરીશ ટોકીઝ પાસેથી બહાર જશે. | |
| ૨. | માધવપુર તરફથી આવતા વાહનો થ્રીવ્હીલર તથા ફોર વ્હીલર માટેનું પાર્કીંગ | વીર ભનુની ખાંભીથી જુરીબાગ કૈલાશ ગેરેજ થઈ કનકાઈ મંદિરે અને ત્યાંથી વસંતજી ખેરાજ સ્કુલ પાસેના રસ્તેથી ચોપાટી ખોડીયાર મંદિર પાસેના પાર્કીંગના વાહનો પાર્ક કરશે અને ત્યાથી વાહનો લઈ આજ રસ્તે નવા ફુવારા જી.ઈ.બી. કોલોની વીરભનુની ખાંભીથી બહાર જશે અને હેવી વ્હીકલ ટ્રક જેવા વાહનો બિરલા રોડ કામદાર કલ્યાણ કેન્દ્રની પાછળ પાર્ક કરશે. | |
| ૩. | કર્લીના પુલ તરફથી આવતા વાહનો થ્રી વ્હીલર તથા ફોર વ્હીલર માટેનું પાર્કીંગ | કમલાબાગ સર્કલથી બિરલા હોલ પાસેથી ધોબીઘાટ થનગનાટ ગરબી વાળા મેદાનમાં વાહન પાર્ક કરશે અને ત્યાંથી વાહનો લઈ જુના ફુવારા રેલ્વે સ્ટેશન પોલીસ ચોકીથી અથવા નવા ફુવારા વિરભનુની ખાંભીથી બહાર નિકળશે. | |

આ મેળાના આયોજનમાં સંકળાયેલ ફરજ પરના અને કારપાસ વાળા વાહનો, સરકારી/અર્ધ સરકારી વાહનો, બિમાર/અશકત/ અપંગ માણસોને લઈ જતા વાહનોને આ જાહેરનામાનો પ્રતિબંધ લાગુ પડશે નહી.

એસ. ટી. ની બસો જે કર્લીના પુલ તરફથી આવતી તથા જ્યુબેલીના પુલ તરફથી આવતી તમામ બસો રાણીબાગ હેડપોસ્ટ થઈ એસ. ટી. ડેપોએ આવશે.

આ જાહેરનામાનો ભંગ કરનાર વ્યકિત ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧ હેઠળ સજાને પાત્ર ઠરશે.

આજરોજ તા. ૧૦-૦૮-૨૦૧૭ ના રોજ આ જાહેરનામું બહાર પાડવામાં આવ્યું.

પોરબંદર, ૧૦ માહે ઓગષ્ટ, સને ૨૦૧૭.

અશોક કાલરીયા,
જિલ્લા મેજીસ્ટ્રેટ, પોરબંદર.

## અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

સને-૧૯૫૧ના ગુજરાત પોલીસ અધિનિયમ (આંક-૨૨)ની કલમ-૩૭(૩) અન્વયેનું

## જાહેરનામું

નં. એમએજી/સી/૩૭(૩)/૪૩૫૨/૨૦૧૭.-પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢના પત્ર નં. સી/એલઆઈબી/જાહેરનામું/સભા-સરઘસ/૧૯૭૬/૧૭, તા. ૨૧-૦૮-૨૦૧૭ થી (૧) ગીરનાર પર્વત ઉપર ગુરુ દત્તાત્રેયની રક્ષિત સ્મારકની જગ્યા ખાતે તથા ત્રીજી ટુંક ખાતે હિન્દુ અને જૈન ધર્મના લોકો વચ્ચે વિવાદ ચાલુ હોય, આ સ્થળે વિવાદના કારણે અગાઉ ગુન્હાઓ બનવા પામેલ છે. જેથી આ વિસ્તારનો જાહેરનામામાં સમાવેશ કરવો જરૂરી હોય, (૨) ચાલુ માસમાં હિન્દુ સમુદાયનો ગણપતી ઉત્સવ નિમીતે ગણપતીજીની સ્થપના-વિસર્જન તથા સાથોસાથ મુસ્લીમ સમુદાયનો બકરી ઈદ તહેવારની સાથોસાથ ઉજવણી કરવામાં આવનાર હોય, જેથી ખુબ જ મોટા પ્રમાણમાં માનવ મહેરામણ એકઠા થતો હોય, (૩) વીજ પુરવઠો અનિયમીત તથા પુરતા પ્રમાણમાં મળતો ન હોય કિસાનો દ્વારા ઘેરાવ/વિરોધ જેવા આંદોલનાત્મક કાર્યક્રમો કરવામાં આવે તેમજ હાલમાં મોંઘવારીના પ્રશ્ને પણ આંદોલનો થવાની શક્યતા નકારી શકાય નહી. (૪) આ સમય દરમિયાન સાંઢા ગામે ગૌચરની જમીન મુદ્દે ચાલી રહેલ દલિત આંદોલન પણ ગતિમાં હોય, (૫) હાલમાં જી.એસ.ટી. મુદ્દે ચાલી રહેલ વિરોધ પ્રદર્શન અનુસંધાને સવિશેષ તકેદારી રાખવી આવશ્યક છે. જેથી જુનાગઢ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તથા જાહેર સુલેહ શાંતી જળવાઈ રહે તે હેતુસર સભા-સરઘસ વગર પરવાનગીએ કોઈ કાઢે નહીં તે માટેનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા અત્રે દરખાસ્ત રજુ થયેલ છે.

પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢ તરફથી ઉકત વિગતે રજુ થયેલ દરખાસ્ત વ્યાજબી જણાતા ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ના આંક-૨૨ની કલમ-૩૭ની પેટા કલમ-૩થી મને મળેલ અધિકારની રૂએ હું, પી. વી. અંતાણી, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, જુનાગઢ જિલ્લો, જુનાગઢ, આથી જુનાગઢ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં તા. ૨૫-૦૮-૨૦૧૭ ના રોજથી તા. ૦૭-૦૯-૨૦૧૭ (બંન્ને દિવસો સહીત) સુધીની મુદત માટે કોઈ પણ સભા કે સરઘસ માટે મનાઈ હુકમ ફરમાવું છું. આદેશ કરૂ છું કે, આ હુકમ નીચેનાને લાગુ પડશે નહી.

(૧) ફરજ ઉપર હોય તેવી ગૃહરક્ષક મંડળીઓ.

(૨) સરકારી નોકરીએ અવરજવર કરતી હોય તેવી વ્યકિતને.

(૩) કોઈ લગ્નના વરઘોડાને.

(૪) સ્મશાન યાત્રા કે જેમાં જોડાનાર વ્યકિતઓને.

(૫) સક્ષમ અધિકારીશ્રીની કાયદેસર પરવાનગી લઈને.

આ હુકમનું પાલન ન કરનાર અથવા તેનું પાલન ન કરવામાં કોઈને મદદ કરનારને ગુનો સાબિત થયેથી, દંડની શિક્ષાને પાત્ર ઠરશે તથા ભારતીય દંડ સહિતાની કલમ-૧૮૮ મુજબનો ગુનો સાબિત થયેથી, જે તે વ્યકિતને એક માસની સાદી કેદ અથવા રૂા. ૨૦૦/- સુધીનો દંડ અગર બંન્ને શિક્ષા થઈ શકશે અને આ હુકમની અવગણના માનવ જીવનને કોઈ નુકશાન અથવા સ્વાસ્થ્યને અથવા સલામતીને કોઈ ભય ઉત્પન્ન થાય અથવા કોઈ હુલ્લડ-બખેડો થાય તો તેવી વ્યકિતને-૬ (છ) માસ પરિશ્રમ અથવા સાદી કેદ અથવા રૂા. ૧૦૦૦/- સુધીનો દંડ સહિત બંન્ને શિક્ષાને પાત્ર ઠરશે.

આજ તારીખ : ૨૪, માહે ઓગષ્ટ, સને ૨૦૧૭ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા કરી, જાહેર જનતાની જાણ તથા અમલ થવા માટે પ્રસિધ્ધ કર્યુ.

જુનાગઢ, ૨૪ માહે ઓગષ્ટ, સને ૨૦૧૭.

**પી. વી. અંતાણી,**
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
જુનાગઢ જિલ્લો, જુનાગઢ.

---

## જાહેરનામું

નં. ડીએમ-૧/ફા.બટ/ઈ.નં. ૩૪૪૩૪/૨૦૧૭.-ભાવનગર જિલ્લાના શિહોર ગામની સર્વે નં. ૨૮૨ની શિહોર-ટાણા રોડની દક્ષિણ બાજુએ આવેલ જમીન કે જેનો ઉપયોગ હાલ પોલીસ તંત્ર દ્વારા ફાયરીંગ બટ માટે થાય છે. આ ફાયરીંગ બટ ખાતે તા. ૨૮-૦૮-૨૦૧૭ થી તા. ૩૦-૦૮-૨૦૧૭ એમ કુલ દિન-૩ દરમ્યાન એસ.બી.આઈ. નિલમબાગ શાખાનાં સીક્યુરીટી ગાર્ડના ફાયરીંગ પ્રેકટીસ પ્રોગ્રામનું આયોજન કરવામાં આવેલ છે. જે સંદર્ભે શિહોરના સર્વે નં. ૨૮૨માં ફાયરીંગ બટના સ્થળની પેરીફેરીથી આજુબાજુના ૧૦૦ મીટર સુધીના વિસ્તારમાં તકેદારીના પગલા રૂપે જાહેરનામુ બહાર પાડવા પોલીસ અધિક્ષકશ્રી, ભાવનગરની કચેરીના પત્ર નં. ૬૫/સીબી-૫/૧૫૭૬/૨૦૧૭, તા. ૦૯-૦૮-૨૦૧૭ થી દરખાસ્ત રજૂ થયેલ છે. જે દરખાસ્ત મુજબનું જાહેરનામુ બહાર પાડવું જરૂરી જણાય છે.

સબબ, જાનમાલની સલામતી ખાતર ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(ફ)થી મળેલ અધિકારની રૂઈએ હું, આર. પી. ચૌધરી (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ભાવનગર જિલ્લો, ભાવનગર આથી ફરમાવું છું કે, શિહોર ગામના સર્વે નં. ૨૮૨, શિહોર-ટાણા રોડની દક્ષિણ દિશાએ ફાયરીંગ બટનું ક્ષેત્રફળ હેકટર ૨-૧૯-૫૩ આરેમાં આવેલ છે તે સ્થળ તથા તેની પેરી ફેરીથી આજુબાજુના ૧૦૦ મીટર સુધીના વિસ્તારમાં આગામી તા. ૨૮-૦૮-૨૦૧૭ થી તા. ૩૦-૦૮-૨૦૧૭ દરમ્યાન કોઈપણ શખ્શે જવું નહીં તેમજ ઢોરોને સદરહું વિસ્તારમા ચરાવવા નહીં.

જાહેરનામાનો અમલ તથા તેનો ભંગ બદલ પગલા લેવા માટે ફરજ પરના કોઈપણ હેડ કોન્સ્ટેબલ તથા તેનાથી ઉપરના અધિકારીને અધિકાર રહેશે.

આ જાહેરનામાનો ભંગ કર્યેથી આ અધિનિયમની કલમ-૧૩૧ મુજબ સજા થશે.

આજ તારીખ : ૨૨-૦૮-૨૦૧૭ના રોજ મારી સહી તથા કચેરીના સીક્કા કરી જાહેર જનતાની જાણ માટે જાહેરનામું બહાર પાડવામાં આવ્યુ.

ભાવનગર, ૨૨ માહે ઓગષ્ટ, સને ૨૦૧૭.

**આર. પી. ચૌધરી,**

અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,

ભાવનગર.

---

## જાહેરનામું

નં.ડી.એમ./વશી/૪૮૨૨ થી ૪૮૩૨/૨૦૧૭.-આગામી તા. ૨૦-૦૮-૨૦૧૭ રોજ બોટાદ શહેર ખાતે રાજય પરીક્ષા બોર્ડ, ગાંધીનગર દ્વારા આયોજીત TET-2 ની પરીક્ષા લેવાનાર છે. આ પરીક્ષા દરમ્યાન પ્રશ્નપત્રો તેમજ તેમાં જણાવેલ પ્રશ્નોના ઉત્તરોની ઝેરોક્ષ કોપીઓ કરાવી ગેરરીતી આચરવામાં ન આવે, તેમજ પરીક્ષા કેન્દ્રો ખાતે પરીક્ષાર્થીઓ નિર્ભયતાથી, શાંતિપૂર્વક તેમજ એખલાસભર્યા વાતાવરણમાં પરીક્ષા આપી શકે, પરીક્ષા કેન્દ્રોની આજુબાજુના વિસ્તારોમાં અસામાજીક ગુંડાતત્વો એકઠા થઈ પરીક્ષાર્થીઓને ખલેલ પહોંચાડે નહિ તેમજ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે માટે જાહેર હિતમાં હું, બી. વી. લીંબાસીયા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, બોટાદ જિલ્લો, બોટાદ, ભારતના ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪નો ૨ જો)ની કલમ-૧૪૪થી મને મળેલ અધિકારની રૂઈએ ફરમાવું છું કે, આગામી તા. ૨૦-૦૭-૨૦૧૭ ના રોજ બપોરના ૦૩-૦૦ કલાકથી બપોરના ૦૫-૦૦ કલાક દરમિયાન નીચેની અનુસુચિમાં દર્શાવેલ પરીક્ષા કેન્દ્રો ઉપર નીચે મુજબનાં પ્રતિબંધો ફરમાવવામાં આવે છે.

(૧) પરીક્ષા કેન્દ્રોની ૧૦૦ મીટરની ત્રિજ્યામાં આવેલા ઝેરોક્ષ/ફેકસનાં વ્યવસાય સાથે સંકળાયેલા વેપારીઓએ ઝેરોક્ષ તેમજ ફેકસ મશીનના ઉપયોગ પર.

(૨) પરીક્ષા કેન્દ્રોની ૧૦૦ મીટરની ત્રિજ્યામાં મોટા અવાજે લાઉડસ્પીકર કે બેન્ડવાજા વિગેરે ધ્વનિ વર્ધક સાધનોના ઉપયોગ પર.

(૩) પરીક્ષા કેન્દ્રમાં મોબાઈલ ફોન લઈ જવા પર.

(૪) પરીક્ષા કેન્દ્રની ૨૦૦ મીટરની ત્રિજ્યાના વિસ્તારમાં ચાર કે તેથી વધુ માણસો એકઠા થવા પર.

(૫) પરીક્ષા કેન્દ્રોમાં પરીક્ષાર્થીઓ તથા ફરજ પરના સ્ટાફ કે અધિકૃત વ્યક્તિ સિવાય કોઈ અનઅધિકૃત વ્યક્તિએ પરીક્ષા કેન્દ્રમાં પ્રવેશવા પર.

### અનુસૂચિ

**TET-2 પરીક્ષા કેન્દ્રોની યાદી**

| ક્રમ | પરીક્ષા કેન્દ્રનું નામ | ગામ/શહેર |
|---|---|---|
| ૧ | આર.સી.એ. બોયઝ હાઈસ્કુલ, હવેલી પાછળ, પાળીયાદ રોડ, બોટાદ | બોટાદ |
| ૨ | શ્રી એમ.ડી. શાહ વિદ્યાલય, પાળીયાદ રોડ, બોટાદ | બોટાદ |
| ૩ | પી. વી. દોશી વિદ્યાલય, પાળીયાદ રોડ, બોટાદ | બોટાદ |
| ૪ | સમાંતર સ્વાયતમાધ્યમિક વિદ્યાલય, બોટાદ | બોટાદ |
| ૫ | શ્રી આર. પી. કોરડીયા માધ્યમિક શાળા, બોટાદ | બોટાદ |
| ૬ | યોગીરાજ વિદ્યા મંદિર માધ્યમિક શાળા, બોટાદ | બોટાદ |
| ૭ | શ્રીમતી એલ. જ. શાહ ગર્લ્સ હાઈસ્કુલ, બોટાદ | બોટાદ |

સદરહું જાહેરનામાનો ઉલ્લંઘન કરનારને ભારતના ફોજદારી અધિનિયમ (સને ૧૮૬૦ના ૪૫માં અધિનિયમ)ની કલમ-૧૮૮ મુજબ સજા થશે.

"જાહેરનામાના અમલ તથા તેના ભંગ બદલ પગલા લેવા હેડકોન્સ્ટેબલથી નીચેના ન હોય તેવા અધિકારીશ્રીને અધિકૃત કરવામાં આવે છે.

ઉપર નિર્દિષ્ટ કરેલા વિસ્તારોમાં સહેલાઈથી દેખી શકાય તેવી જગ્યાઓએ આ જાહેરનામાની નકલો ચોંટાડીને અને સ્થાનિક વર્તમાનપત્રો દ્વારા તેની બહોળી પ્રસિધ્ધી કરાવીને સદરહું જાહેરનામું પ્રસિધ્ધ કરવું.

આજ તારીખ : ૧૧-૦૮-૨૦૧૭ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી જાહેરનામું પ્રસિધ્ધ કર્યું.

બોટાદ, ૧૧ માહે ઓગષ્ટ, સને ૨૦૧૭.

---

વંચાણે લીધા :

(૧) જિલ્લા શિક્ષણાધિકારીશ્રી ના તા. ૦૯-૦૮-૨૦૧૭ ના પત્ર નં. પરીક્ષા/ટેટ-૨/૨૦૧૭/૨૪૬૩-૬૫.

(૨) અત્રેના તા. ૧૧-૦૮-૨૦૧૭ ના જાહેરનામા નં. ડીએમ/વશી/૪૮૨૨ થી ૪૮૩૨/૨૦૧૭.

## સુધારા હુકમ

નં.ડી.એમ./વશી/૪૮૭૭ થી ૪૮૮૭/૨૦૧૭.-આગામી તા. ૨૦-૦૮-૨૦૧૭ રોજ બોટાદ શહેર ખાતે રાજય પરીક્ષા બોર્ડ, ગાંધીનગર દ્વારા આયોજીત TET-2 ની પરીક્ષા લેવાનાર છે. આ પરીક્ષા દરમ્યાન પ્રશ્નપત્રો તેમજ તેમાં જણાવેલ પ્રશ્નોના ઉત્તરોની ઝેરોક્ષ કોપીઓ કરાવી ગેરરીતી આચરવામાં ન આવે, તેમજ પરીક્ષા કેન્દ્રો ખાતે પરીક્ષાર્થીઓ નિર્ભયતાથી, શાંતિપૂર્વક તેમજ એખલાસભર્યા વાતાવરણમાં પરીક્ષા આપી શકે, પરીક્ષા કેન્દ્રોની આજુબાજુના વિસ્તારોમાં અસામાજીક ગુંડાતત્વો એકઠા થઈ પરીક્ષાર્થીઓને ખલેલ પહોંચાડે નહિ તેમજ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે માટે જાહેર હિતમાં વંચાણે લીધેલ પત્ર-૧ ધ્યાને લઈ

ભારતના ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪નો ૨ જો)ની કલમ-૧૪૪થી મને મળેલ અધિકારની રૂઈએ ઉકત વંચાણ વાળા પત્રથી જાહેરનામુ પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. પરંતુ શરત ચુકથી સદરહુ જાહેરનામામાં તા. ૨૦-૦૭-૨૦૧૭ લખવામાં આવેલ છે.

સબબ આગામી યોજાનાર શિક્ષક યોગ્યતા કસોટી-૨ TET-2 ૨૦૧૭ ની લેખીત પરીક્ષા કામે પ્રસિધ્ધ કરવામાં આવેલ જાહેરનામાની તા. ૨૦-૦૭-૨૦૧૭ ના બદલે તા. ૨૦-૦૮-૨૦૧૭ નો સુધારો કરવામાં આવેલ છે.

બોટાદ, ૧૮ માહે ઓગષ્ટ, સને ૨૦૧૭.

**બી. વી. લીંબાસીયા,**

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
બોટાદ.

---

**તરણેતર મેળા દરમ્યાન હથિયારોની હરીફાઇ રાખવામાં ન આવે તે મુજબનું**

## જાહેરનામું

ક્રમાંક : મજશ-૩/હથિયાર બંધી જા.નામું/૨૦૧૭/વશી-૮૪૯૩ થી ૮૫૧૩.-સુરેન્દ્રનગર જિલ્લામા આગામી સમયમાં તરણેતર લોકમેળો તા. ૨૪-૦૮-૧૭ થી તા. ૨૭-૦૮-૧૭ દરમ્યાન યોજાનાર છે. આ લોકમેળામાં વિવિધ પ્રકારની રમત-ગમત હરીફાઈઓ રાખવામાં આવેલ છે. અને થાનગઢ તેમજ મળી પો.સ્ટે. વિસ્તારમાં કોળી ભરવાડ સમાજના લોકો વચ્ચે તથા ધ્રાંગધ્રા સીટી તથા ધ્રાંગધ્રા તાલુકા પો.સ્ટે. વિસ્તારમાં દરબાર-ભરવાડ સમાજના લોકો વચ્ચે જુથ અથડામણના બનાવો પામેલ છે. તેમજ અત્રેના જિલ્લાની હાલની કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ ધ્યાને પોલીસ અધિક્ષકશ્રી, સુરેન્દ્રનગરના તા. ૧૩-૦૮-૨૦૧૭ ના પત્ર ક્રમાંક : એલઆઈબી/જાહેરનામું/૭૮૧/૧૭ થી ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૮(એ) તથા (સી) હેઠળનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા દરખાસ્ત થઈ આવેલ છે. તાજેતરની પરિસ્થિતિમાં જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ સારી રીતે જળવાઈ રહે તે માટે જાહેર વ્યવસ્થાના હેતુ માટે હથિયારબંધી ફરમાવવી મને જરુરી જણાય છે.

વાસ્તે, હું, ચંદ્રકાંત જી. પંડયા (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સુરેન્દ્રનગર, જિલ્લો સુરેન્દ્રનગર, ગુજરાત પોલીસ અધિનિયમ–૧૯૫૧ની કલમ-૩૩ હેઠળ અમોને પ્રાપ્ત થયેલ અધિકારની રુએ તરણેતર લોકમેળામાં યોજાનાર રમત-ગમત હરીફાઈમાં હથિયારોની હરીફાઈ જેવી કે તલવાર બાજી, લાકડીઓના દાવ જેવા અન્ય કોઈ હથિયાર રાખવામાં ન આવે તેમજ તરણેતર મેળા દરમ્યાન હથિયારોની કોઈપણ હરીફાઈ રાખવામાં ન આવે તે મુજબનું જાહેરનામું તા. ૨૪-૦૮-૨૦૧૭ થી તા. ૨૭-૦૮-૨૦૧૭ સુધી (બંન્ને તારીખો સહિત) ના સમયગાળા દરમ્યાન મનાઈ ફરમાવું છુ.

આ જાહેરનામું સમગ્ર સુરેન્દ્રનગર જિલ્લાના તમામ વિસ્તારોમાં સહેલાઈથી દેખી શકાય, વાંચી શકાય તેવી જગ્યાએ તેની નકલો ચોંટાડી અને તે વિસ્તારમાં પોલીસ લાઉડ સ્પીકર વાહનો દ્વારા સ્થાનિક વર્તમાનપત્રો મારફતે તેમજ ગુજરાત રાજયના અસાધારણ ગેઝેટમાં જાહેર કરીને પ્રસિધ્ધ કરવાનું ફરમાવું છું.

જો કોઇ ઇસમ ઉપરોકત હુકમનો ભંગ કરશે અગર ભંગ કરવામાં મદદગારી કરશે તો આવા ઈસમો ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૮(એ) તથા (સી) હેઠળ દંડ અને શિક્ષાને પાત્ર થશે.

આજ રોજ મારી સહી તથા કચેરીની મુદ્રા સાથે જાહેરનામું બહાર પાડવામાં આવેલ છે.

સુરેન્દ્રનગર, ૧૯ માહે ઓગષ્ટ, સને ૨૦૧૭.

**ચંદ્રકાંત પંડયા,**

અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
સુરેન્દ્રનગર જિલ્લો.

---

## સંયુકત વાણિજ્યિક વેરા કમિશ્નર દ્વારા

વંચાણે લીધું :

૧. નાયબ રાજ્ય કર કમિશનરશ્રી, વર્તુળ-૨૩, રાજકોટના પત્ર ક્રમાંક : નાકશ્રી/વ-૨૩/રાજ/અન્વે/સી ફોર્મ/૨૦૧૬-૧૭/જા. ૧૮૬૧, તા. ૨૧-૦૭-૨૦૧૭.

## જાહેરનામુ

ક્રમાંક : સં.રા.ક.કમિ/વિ-૧૧/વવટ/ધા.ફોર્મ રદ/૨૦૭-૧૮/જા. ૧/૧૮, ૨૧-૦૮-૨૦૧૭.-સહાયક વાણિજ્યિકવેરા કમીશનરશ્રી, ઘટક-૫, રાજકોટ ના ક્ષેત્રાધિકાર હેઠળના વેપારીશ્રી ભૂમી ટ્રેડીંગ નો.નં. ૨૪૦૯૦૫૦૦૮૩૨ કેન્દ્રીય નો.નં. ૨૪૫૯૦૫૦૦૮૩૨ ધરાવતા હતા. તેઓનો નોંધણી નંબર વંચાણે લીધેલ-૧ મુજબ તા. ૦૫-૧૦-૨૦૧૫ થી અમલી બનતો નોંધણી દાખલો ધડમૂળથી (Abinitio) રદ કરેલ છે. જેથી વેપારીશ્રીએ વર્ષ ૨૦૧૬-૧૭ દરમિયાન ઓનલાઈન જનરેટ કરેલ તમામ ''સી'' ફોર્મ નીચે દર્શાવ્યા મુજબ રદ કરવા ઠરાવું છું.

| ક્રમ | વેપારીનું નામ, ટીન નંબર | રદ કરવાપાત્ર સી ફોર્મ નંબર | રદ કરવાપાત્ર કુલ પાના | રદનું કારણ |
|---|---|---|---|---|
| ૧ | નંદીની એન્ટરપ્રાઈઝ<br>નો.નં. ૨૪૦૯૦૫૦૦૮૩૨<br>કેન્દ્રીય નો.નં. ૨૪૫૯૦૫૦૦૮૩૨ | ૨૪૧૦૭૧૧૪૬૩૪૧૬૩૧-૧ સી ફોર્મ | ૧ | નોંધણી નંબર ધડમૂળ (Abinitio) થી રદ થયેલ હોવાથી |

આથી હું, શ્રી એસ એમ સકસેન, સંયુકત રાજ્ય કરકમિશનરશ્રી, વિભાગ-૧૦, રાજકોટ કેન્દ્રીય વેચાણવેરા નિયમ-૧૯૭૦ના નિયમ-૪(એ)ના પેટા નિયમ-૭ અન્વયે મને મળેલ સત્તાની રૂએ ઉપરોકત દર્શાવેલ ''સી'' ફોર્મ રદ કરવા ઠરાવું છું.

રાજકોટ, ૨૧ માહે ઓગષ્ટ, સને ૨૦૧૭.

**એસ. એમ. સકસેન,**
સંયુકત રાજય કરકમિશનરશ્રી,
વિભાગ-૧૦, રાજકોટ.

---

## જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ દ્વારા

### નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : નધણ/૦૧/ક-૨/૭૧/૪૭૪/૨૦૧૭.-જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, બોટાદ આથી જાહેર કરે છે કે, શ્રી બોટાદ જિલ્લા સહકારી સંઘ લીમીટેડ., સ્થળ : બોટાદ, તાલુકો : બોટાદ, જિલ્લો : બોટાદ સને-૧૯૬૧ નાં ગુજરાત સહકારી મંડળી અધિનિયમની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવેલ છે.

નોંધણી નં : સં-૧૮(૧)/૨૦૧૭, તા. ૦૬-૦૭-૨૦૧૭.

બોટાદ, ૦૬ માહે જુલાઈ, સને ૨૦૧૭.

**સંગીતા રૈયાણી,**
જિલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
બોટાદ.

---

### નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : નધણ/જ-૨/૪૮૪/આરજેટી : સે.-૪૫૦૦૦, તા. ૧૮-૦૮-૨૦૧૭-જિલ્લા રજિસ્ટ્રાર, સ.મં., રાજકોટ, આથી જાહેર કરે છે કે, શ્રી વામન ક્રેડીટ કો-ઓપરેટીવ સોસાયટી લી., મર્યાદિત સ્થળ : રાજકોટ, તાલુકો : રાજકોટ, જિલ્લો : રાજકોટ, સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો-૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

રાજકોટ, ૧૮ માહે ઓગષ્ટ, સને ૨૦૧૭.

---

### નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : નધણ/જ-૨/૪૮૮/આરજેટી : સે.-૪૫૦૦૧, તા. ૧૮-૦૮-૨૦૧૭-જિલ્લા રજિસ્ટ્રાર, સ.મં., રાજકોટ, આથી જાહેર કરે છે કે, વ્રજભુમિ શરાફી સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ : રાજકોટ, તાલુકો : રાજકોટ, જિલ્લો : રાજકોટ, સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો-૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

રાજકોટ, ૧૮ માહે ઓગષ્ટ, સને ૨૦૧૭.

---

### નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : નધણ/જ-૨/૪૮૦/આરજેટી : સે.-૪૪૯૯૯, તા. ૧૮-૦૮-૨૦૧૭.-જિલ્લા રજિસ્ટ્રાર, સ.મં., રાજકોટ, આથી જાહેર કરે છે કે, શ્રી મહેસુલ કર્મચારી ધિરાણ અને ગ્રાહક સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ : રાજકોટ, તાલુકો : રાજકોટ, જિલ્લો : રાજકોટ, સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો-૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

રાજકોટ, ૧૮ માહે ઓગષ્ટ, સને ૨૦૧૭.

---

### નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : નધણ/જ-૨/૫૦૧/આરજેટી : સે.-૪૫૦૦૪, તા. ૨૧-૦૮-૨૦૧૭.-જિલ્લા રજિસ્ટ્રાર, સ.મં., રાજકોટ, આથી જાહેર કરે છે કે, શ્રી હર્ષવર્ધન ક્રેડીટ કો-ઓપરેટીવ સોસાયટી લી., મર્યાદિત સ્થળ : રાજકોટ, તાલુકો : રાજકોટ, જિલ્લો : રાજકોટ, સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો-૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

રાજકોટ, ૨૧ માહે ઓગષ્ટ, સને ૨૦૧૭.

---

## નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : નધણ/જ-૨/૫૦૨/આરજેટી : સે.-૪૫૦૦૩, તા. ૨૧-૦૮-૨૦૧૭.-જિલ્લા રજિસ્ટ્રાર, સ.મં., રાજકોટ, આથી જાહેર કરે છે કે, શ્રી ઉપલેટા ખેડુત સેવા સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ : ઉપલેટા, તાલુકો : ઉપલેટા, જિલ્લો : રાજકોટ, સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો-૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

રાજકોટ, ૨૧ માહે ઓગષ્ટ, સને ૨૦૧૭.

---

## નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : નધણ/જ-૨/૫૦૦/આરજેટી : સે.-૪૫૦૦૨, તા. ૨૧-૦૮-૨૦૧૭.-જિલ્લા રજિસ્ટ્રાર, સ.મં., રાજકોટ, આથી જાહેર કરે છે કે, શ્રી જામટીંબડી મહિલા દુધ ઉત્પાદક સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ : જામટીંબડી, તાલુકો : ઉપલેટા, જિલ્લો : રાજકોટ, સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો-૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

રાજકોટ, ૨૧ માહે ઓગષ્ટ, સને ૨૦૧૭.

---

## નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : નધણ/જ-૨/૫૦૪/આરજેટી : સે.-૪૫૯૬૪, તા. ૨૨-૦૮-૨૦૧૭.-જિલ્લા રજિસ્ટ્રાર, સ.મં., રાજકોટ, આથી જાહેર કરે છે કે, શ્રી અક્ષર પુરૂષોતમ ક્રેડીટ કો-ઓપરેટીવ સોસાયટી લી., મર્યાદિત સ્થળ : ગોંડલ, તાલુકો : ગોંડલ, જિલ્લો : રાજકોટ, સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો-૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

રાજકોટ, ૨૨ માહે ઓગષ્ટ, સને ૨૦૧૭.

**ટી. સી. તીરથાણી,**
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
રાજકોટ.

## નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : નધણ/ચ/૩૮૭/૧૩૯૨/સે.દુ.-૪૨૮૦૯/૨૦૧૭.- જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, મોરબી, આથી જાહેર કરે છે કે, શ્રી મહર્ષિ મહિલા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ : વૃદાવન નગર-મહર્ષિ ટાઉનશીપ, હળવદ, તાલુકો : હળવદ, જિલ્લો : મોરબી.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

મોરબી, ૨૩ માહે ઓગષ્ટ, સને ૨૦૧૭.

**એસ. જી. રૈયાણી,**
જિલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
મોરબી.

---

## નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : નધણ/ક-૩/૩૫૮/૨૦૧૭.-આથી જાહેર કરવામાં આવે છે શ્રી ચંદ્રશેખર આઝાદ બચત-ધિરાણ અને ગ્રાહક સહકારી મંડળી લી., મુ. સુરેન્દ્રનગર, તા. વઢવાણ, જિલ્લો-સુરેન્દ્રનગરને સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામા આવે છે. જેનો નોંધણી નંબર ક્રમાંક : નધણ/ક-૩/એસએનઆર/સે.(શ)૭૯૩૨, તા. ૧૯-૦૮-૨૦૧૭ છે.

સુરેન્દ્રનગર, ૨૧ માહે ઓગષ્ટ, સને ૨૦૧૭.

**આર. એ. મકવાણા,**
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
સુરેન્દ્રનગર.

---

PRINTED AT THE GOVERNMENT PRESS, RAJKOT COMPLAINTS ABOUT GAZETTE MUST BE MADE WITHIN A FORTNIGHT FROM THE DATE OF THIS PUBLICATION ACCOMPANIED BY THE WRAPPER.

©

सत्यमेव जयते


# The Gujarat Government Gazette

**SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION**

***PUBLISHED BY AUTHORITY***

**VOL. LVIII] THURSDAY, 14th SEPTEMBER, 2017/BHADRA 23, 1939 No. 37**

**Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central section in order that it may be filed as a separate compilation.**


# PART-I


| PART - I | Pages | PART - I - B | Pages |
|---|---|---|---|
| Government Notifications Appointments Promotions, Leave of absence, Rules and orders (Other than those published in Part-I-A, IV-A, IV-B, and IV-C) list of publications for sales etc., Miscellaneous Notifications Appoint-ments etc., | 955-974 | (Suppliment) Government Notifications Published under Land Acquisition Act only Supplement. | Nil |
| **PART - I - A** Order and Notifications (Other than those published in Part-IV-B) under the Gujarat Local Boards, Village Panchayats, Municipals, Boroughs, (Districts) Municipals Primary Education and Local Fund Audits, Acts., | Nil | **PART - II** Miscellaneous Notices, Advertisments, List of Books Sanctioned by the Director of Education, List of Jurors. Schedule of Estates by the Official Assignee, Summary of Births and Deaths, etc., | 1745-1808 |
| | | **PART - III** Miscellaneous Supplements Season and Crop Reports, Prices, Current Rainfalls Returns, District Local Boards Accounts etc., | Nil |

# GOVERNMENT NOTIFICATIONS, ORDERS APPOINTMENTS, ETC.

## SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

## NOTIFICATION

### MISCELLANEOUS NOTIFICATIONS APPOINTMENTS ETC.

---

## By the Principal District Judge

**Read :**

1. Hon'ble High Court of Gujarat Email dated : 22-08-2017.
2. Notification No. GK/54/2017/SPC/102017/GOI-44/D. Dated : 16-08-2017 of Legal Department, Sachivalaya, Gandhinagar.

## NOTIFICATION

No. (Judi)/1359/2017.-In view of the Notification cited in the preamble dated 16-08-2017, the Government of Gujarat, Legal Department conferred by sub-section (2) of section 3 read with section 12 of the Commercial Courts, Commercial Division and Commercial Appeallate Division of Hon'ble High Court Act 2015 (4 of 2016), specifies the name of the Court of Principal Senior Civil Judges of all District as a Commercial Courts and such the undersigned is pleased to specifies the Court of Principal Senior Civil Judge, Amreli as a Commercial Court of Judicial District : Amreli for dealing with disputes of Commercial and Financial nature having valuation of less than rupees One Crore.

Amreli, 31st August, 2017.

**J. R. Shah,**

Principal District Judge,
Amreli.

---

**Read :**

1. Letter No. PBB/658/2017 dated 24-04-2017 of Executive Engineer, R & B Division, Bhavnagar.
2. Hon'ble High Court letter No. C. 0102(6)2017 dated 31-07-2017.

## NOTIFICATION

No. B/14649/2017.-As per letter cited at preamble at Sr. No. 1 of Executive Engineer, R & B Division, Bhavnagar, requested the undersigned to vacate the possession of District Court Building, Bhavnagar for the purpose of to start the repairing work immediately.

In District Court, Building, Bhavnagar, the Court of Principal District Judge, Additional District Judge, ADM, Nazir, Criminal Branch was housed in first floor and in first floor all the offices and Courts Rooms are vacated earlier.

And in Ground floor the Court of Principal Senior Civil and 5th Additional Senior Civil Judge, District Government Pleader Office, and Branches of Principal Senior Civil Court, Strong Room, and Bar Room are housed. As per the request of Executive Engineer, R & B Division, the offices and Courts which are housed in gruond floor, are required to be vacated.

Under the above circumstance, the undersigned is pleased pass the order of housing of Courts and offices of following courts in Labour and Industrial Court Building, situated at Panwadi, Opposite Tapibai Ayurvedic Hospital, S. T. Road, Bhavnagar, as under with effect from 01-09-2017 B.O.H.

The Court of 5th Additional Senior Civil Judge and Additional Chief Judicial Magistrate, Bhavnagar and Judge, Special Court, (ASBY), Bhavnagar (Mr. M. M. Saiyad), alongwith his staff, is housed in 4th floor, Court Room No. 1, and Staff Room, in Labour and Industrial Court Building, situated at Panwadi, Opposite Tapibai Ayurvedic Hospital, S. T. Road, Bhavnagar.

The Court of 7th Additional Senior Civil Judge and Additional Chief Judicial Magistrate, Bhavnagar (Mr. M. S. Dave), (Special Court of Negotiable Instrument Act) alongwith his staff, is housed in 3rd floor, Court Room No. 1, and Staff Room, in Labour and Industrial Court Building, situated at Panwadi, Oppsite Tapibai Ayurvedic Hospital, S. T. Road, Bhavnagar.

The Court of 9th Additional Senior Civil Judge and Additional Chief Judicial Magistrate, Bhavnagar (Mr. P. M. Shah), (Special Court of Negotiable Instrument Act) alongwith his staff, is housed in 3rd floor, Court Room No. 2, and Staff Room, in Labour and Industrial Court Building, situated at Panwadi, Oppsite Tapibai Ayurvedic Hospital, S. T. Road, Bhavnagar.

Bhavnagar, 24th August, 2017.

**J. J. Pandya,**

Principal District Judge,
Bhavnagar.

---

## By the I/c Principal District Judge

***Read :***

*(1) Section-22 of Chapter-IV of the Gujarat Civil Courts Act, 2005.*

*(2) Letter No. C. 2103/6, dated 30-12-2005 read with letter No. C.2103/91, dated 07-01-1994 of Hon'ble High Court of Gujarat, Ahmedabad.*

*(3) Rules-50(1) & (2) of the Gujarat Civil Services (Leave) Rules, 2002.*

## NOTIFICATION

No. UHC/07/2017.-The Following Judicial Officers working in the Subordinate Courts of this District were prevented from availing of Summer Vacation-2017 commencing from 13-05-2017 to 11-06-2017 (both days inclusive) for the period shown against their respective names under Rule-50(2) of Gujarat Civil Services (Leave) Rules 2002.

| Sr. No. | Name & Designation of the Judicial Officers | Period for which prevented | Days | Remarks |
|---|---|---|---|---|
| 01 | Mr. M. Y. Radhanpurwala, Judge, SCC, Rajkot. | 13-05-2017 to 11-06-2017 | 30 | — |
| 02 | Ms. S. B. Mehta, Addl. Judge, SCC, Rajkot. | 13-05-2017 to 11-06-2017 | 30 | — |
| 03 | Mr. A. Y. Dave, PSCJ, Rajkot. | 13-05-2017 to 11-06-2017 | 30 | — |
| 04 | Mr. H. A. Brahmbhatt, CJM, Rajkot. | 13-05-2017 to 02-06-2017 & 05-06-2017 to 11-06-2017 | 28 | — |
| 05 | Mr. E. M. Shaikh, 2nd ASCJ & ACJM, Rajkot. | 13-05-2017 to 11-06-2017 | 30 | — |
| 06 | Mr. M. S. Baqui, 3rd ASCJ & ACJM, Rajkot. | 13-05-2017 to 11-06-2017 | 30 | — |
| 07 | Ms. N. G. Surti, 4th ASCJ & ACJM, Rajkot. | 13-05-2017 to 11-06-2017 | 30 | — |
| 08 | Ms. B. R. Rajput, 5th ASCJ & ACJM, Rajkot. | 13-05-2017 to 11-06-2017 | 30 | — |
| 09 | Ms, M. S. Sutariya, 6th ASCJ & ACJM, Rajkot. | 13-05-2017 to 11-06-2017 | 30 | — |
| 10 | Mr. S. M. Govani, 7th ASCJ & ACJM, Rajkot. | 13-05-2017 to 11-06-2017 | 30 | — |
| 11 | Mr. R. D. Mehta, 8th ASCJ & ACJM, Rajkot. | 13-05-2017 to 11-06-2017 | 30 | — |
| 12 | Ms. H. S. Patel, 9th ASCJ & ACJM, Rajkot. | 13-05-2017 to 11-06-2017 | 30 | — |
| 13 | Mr. J. D. Solanki, 10th ASCJ & ACJM, Rajkot. | 13-05-2017 to 11-06-2017 | 30 | — |
| 14 | Mr. B. H. Ghasura, 11th ASCJ & ACJM, Rajkot. | 13-05-2017 to 11-06-2017 | 30 | — |
| 15 | Mr. M. D. Brahmbhatt, 12th ASCJ & ACJM, Rajkot. | 13-05-2017 to 11-06-2017 | 30 | — |
| 16 | Mr. V. S. Gadhvi, 13th ASCJ & ACJM, Rajkot. | 13-05-2017 to 11-06-2017 | 30 | — |
| 17 | Ms. K. D. Parmar, 14th ASCJ & ACJM, Rajkot. | 13-05-2017 to 11-06-2017 | 30 | — |
| 18 | Mr. R. K. Modh, Full Time Secretary, DLSA, Rajkot. | 13-05-2017 to 11-06-2017 | 30 | — |
| 19 | Ms. A. J. Rana, ACJ, Rajkot. | 13-05-2017 to 11-06-2017 | 30 | — |
| 20 | Mr. M. J. Gadhvi, 2nd ACJ, Rajkot. | 13-05-2017 to 11-06-2017 | 30 | — |
| 21 | Mr. Mohit Sharma, 3rd ACJ, Rajkot. | 13-05-2017 to 11-06-2017 | 30 | — |
| 22 | Ms. Neetu Sharma, 4th ACJ, Rajkot. | 13-05-2017 to 11-06-2017 | 30 | — |
| 23 | Ms. P. K. Pandya, 5th ACJ, Rajkot. | 13-05-2017 to 11-06-2017 | 30 | — |
| 24 | Mr. A. A. Kheradawala, JMFC [Main], Rajkot. | 13-05-2017 to 11-06-2017 | 30 | — |
| 25 | Ms. R. A. Singh, JMFC, [Traffice], Rajkot. | 13-05-2017 to 11-06-2017 | 30 | — |
| 26 | Mr. K. D. Dwivedi, JMFC, [Muni], Rajkot. | 13-05-2017 to 11-06-2017 | 30 | — |
| 27 | Mr. M. F. Pathan, JMFC, [Railways], Rajkot. | 13-05-2017 to 11-06-2017 | 30 | — |
| 28 | Mr. P. N. Raval, Principal Senior Civil Judge, Gondal | 13-05-2017 to 11-06-2017 | 30 | — |
| 29 | Ms. A. H. Mundra, ASCJ, Gondal. | 13-05-2017 to 11-06-2017 | 30 | — |
| 30 | Mr. S. G. Chanchu, ACJ, Gondal. | 13-05-2017 to 11-06-2017 | 30 | — |
| 31 | Ms. R. V. Vaishya, 2nd ACJ, Gondal. | 13-05-2017 to 11-06-2017 | 30 | — |
| 32 | Mr. S. S. Patel, 3rd ACJ, Gondal. | 13-05-2017 to 11-06-2017 | 30 | — |

| Sr. No. | Name & Designation of the Judicial Officers | Period for which prevented | Days | Remarks |
|---|---|---|---|---|
| 33 | Ms. S. D. Kapadiya, 4th ACJ, Gondal. | 13-05-2017 to 11-06-2017 | 30 | — |
| 34 | Mr. M. B. Bhavsar, PCJ, Jetpur. | 13-05-2017 to 11-06-2017 | 30 | — |
| 35 | Ms. P. L. Das, ACJ, Jetpur. | 13-05-2017 to 11-06-2017 | 30 | — |
| 36 | Mr. B. V. Vyas, 2nd ACJ, Jetpur. | 13-05-2017 to 11-06-2017 | 30 | — |
| 37 | Mr. B. J. Pandya, PSCJ, Dhoraji. | 13-05-2017 to 11-06-2017 | 30 | — |
| 38 | Mr. M. R. Nadpara, ASCJ, Dhoraji | 13-05-2017 to 11-06-2017 | 30 | — |
| 39 | Mr. T. M. Shrimali, ACJ, Dhoraji. | 13-05-2017 to 11-06-2017 | 30 | — |
| 40 | Mr. Gaurav Sharma, 2nd ACJ, Dhoraji. | 13-05-2017 to 11-06-2017 | 30 | — |
| 41 | Mr. H. A. Maka, PCJ, Upleta. | 13-05-2017 to 11-06-2017 | 30 | — |
| 42 | Mr. R. B. Pariyani, PCJ, Jasdan. | 13-05-2017 to 11-06-2017 | 30 | — |
| 43 | Mr. Deepesh Mittal, ACJ, Jasdan. | 13-05-2017 to 11-06-2017 | 30 | — |
| 44 | Mr. F. F. Bardoliwala, PCJ, Paddhari. | 13-05-2017 to 11-06-2017 | 30 | — |
| 45 | Mr. J. A. Patel, PCJ, Kotda-Sangani. | 13-05-2017 to 11-06-2017 | 30 | — |
| 46 | Mr. N. R. Patel, PCJ, Jamkandorna. | 13-05-2017 to 11-06-2017 | 30 | — |
| 47 | Mr. T. G. Shukla, PCJ, Lodhika. | 13-05-2017 to 11-06-2017 | 30 | — |

Rajkot, 28th August, 2017.

**M. M. Babi,**
I/c. Principal District Judge,
Rajkot.

---

## ઈ/ચા. મુખ્ય જિલ્લા ન્યાયાધિશ દ્વારા

વંચાણે લીધા :

૧. ગુજરાત સિવિલ કોર્ટસ એકટ-૨૦૦૫ના પ્રકરણ-૪ની કલમ-૨૨.
૨. નામદાર ગુજરાત વડી અદાલત, અમદાવાદના પત્ર નંબર સી. ૨૧૦૩/૨૦૦૬, તા. ૩૦-૧૨-૦૫ સાથે વાંચતા પત્ર નંબર સી. ૨૧૦૩/૯૧, તા. ૦૭-૦૧-૧૯૯૧.
૩. ગુજરાત સિવિલ સર્વિસીસ (લીવ) રૂલ્સ-૨૦૦૨ ના નિયમ-૫૦(૧) અને (૨).

## જાહેરનામું

નં. ઉહક/૦૭/૨૦૧૭.-આ જિલ્લાની તાબાની અદાલતોમાં ફરજ બજાવતા નીચે દર્શાવ્યા પ્રમાણેના જ્યુડીશ્યલ ઓફિસરશ્રીઓને તારીખ ૧૩-૦૫-૨૦૧૭ થી તા. ૧૧-૦૬-૨૦૧૭ (બન્ને દિવસો સહિત) સુધીના સમયના ઉનાળુ વેકેશન-૨૦૧૭ દરમ્યાન તેઓના નામ સામે જણાવેલ સમયગાળા માટે તેઓશ્રીને ગુજરાત સિવિલ સર્વિસ (રજા) નિયમો-૨૦૦૨ માં દર્શાવેલ નિયમ-૫૦(૨) માં કરેલ જોગવાઈ મુજબ વેકેશન ભોગવતા અટકાવવામાં આવેલ છે.

| ક્રમ નં. | નામ અને હોદ્દો | વેકેશન ભોગવતા અટકાયત કરવામાં આવેલ સમય | દિવસો | વિશેષ નોંધ |
|---|---|---|---|---|
| ૦૧ | શ્રી એમ. વાય. રાધનપુરવાલા, જજ, સ્મોલ કોઝીઝ કોર્ટ, રાજકોટ. | ૧૩-૦૫-૧૭ થી ૧૧-૦૬-૧૭ | ૩૦ | -- |
| ૦૨ | કુ. એસ. બી. મહેતા, એડીશ્નલ જજ, સ્મોલ કોઝીઝ કોર્ટ, રાજકોટ. | ૧૩-૦૫-૧૭ થી ૧૧-૦૬-૧૭ | ૩૦ | -- |
| ૦૩ | શ્રી એ. વાય. દવે, પિન્સીપાલ સીનીયર સીવીલ જજ, રાજકોટ. | ૧૩-૦૫-૧૭ થી ૧૧-૦૬-૧૭ | ૩૦ | -- |
| ૦૪ | શ્રી એચ. એમ. બ્રહમભટ, ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ, રાજકોટ. | ૧૩-૦૫-૧૭ થી ૦૨-૦૬-૧૭<br>૦૫-૦૬-૧૭ થી ૧૧-૦૬-૧૭ | ૨૮ | -- |
| ૦૫ | શ્રી ઈ. એમ. શેખ, ૨જા અધિક સીનીયર સીવીલ જજ, રાજકોટ. | ૧૩-૦૫-૧૭ થી ૧૧-૦૬-૧૭ | ૩૦ | -- |
| ૦૬ | શ્રી એમ. એસ. બાકી, ૩જા અધિક સીનીયર સીવીલ જજ, રાજકોટ. | ૧૩-૦૫-૧૭ થી ૧૧-૦૬-૧૭ | ૩૦ | -- |
| ૦૭ | કુ. એન. જી. સુરતી, ૪થા અધિક સીનીયર સીવીલ જજ, રાજકોટ. | ૧૩-૦૫-૧૭ થી ૧૧-૦૬-૧૭ | ૩૦ | -- |

| ક્રમ નં. | નામ અને હોદ્દો | વેકેશન ભોગવતા અટકાયત કરવામાં આવેલ સમય | દિવસો | વિશેષ નોંધ |
|---|---|---|---|---|
| ૦૮ | કુ. બી. આર. રાજપુત, ૫માં અધિક સીનીયર સીવીલ જજ, રાજકોટ. | ૧૩-૦૫-૧૭ થી ૧૧-૦૬-૧૭ | ૩૦ | -- |
| ૦૯ | કુ. એમ. એસ. સુતરીયા, ૬ઠા અધિક સીનીયર સીવીલ જજ, રાજકોટ. | ૧૩-૦૫-૧૭ થી ૧૧-૦૬-૧૭ | ૩૦ | -- |
| ૧૦ | શ્રી એસ. એમ. ગોવાણી, ૭માં અધિક સીનીયર સીવીલ જજ, રાજકોટ. | ૧૩-૦૫-૧૭ થી ૧૧-૦૬-૧૭ | ૩૦ | -- |
| ૧૧ | શ્રી આર. ડી. મહેતા, ૮મા અધિક સીનીયર સીવીલ જજ, રાજકોટ. | ૧૩-૦૫-૧૭ થી ૧૧-૦૬-૧૭ | ૩૦ | -- |
| ૧૨ | કુ. એચ. એસ. પટેલ, ૯મા અધિક સીનીયર સીવીલ જજ, રાજકોટ. | ૧૩-૦૫-૧૭ થી ૧૧-૦૬-૧૭ | ૩૦ | -- |
| ૧૩ | શ્રી જે. ડી. સોલંકી, ૧૦મા અધિક સીનીયર સીવીલ જજ, રાજકોટ. | ૧૩-૦૫-૧૭ થી ૧૧-૦૬-૧૭ | ૩૦ | -- |
| ૧૪ | શ્રી બી. એમ. ઘાસુરા, ૧૧મા અધિક સીનીયર સીવીલ જજ, રાજકોટ. | ૧૩-૦૫-૧૭ થી ૧૧-૦૬-૧૭ | ૩૦ | -- |
| ૧૫ | શ્રી એમ. ડી. બ્રહમભટ, ૧૨મા અધિક સીનીયર સીવીલ જજ, રાજકોટ. | ૧૩-૦૫-૧૭ થી ૧૧-૦૬-૧૭ | ૩૦ | -- |
| ૧૬ | શ્રી વી. એસ. ગઢવી, ૧૩મા અધિક સીનીયર સીવીલ જજ, રાજકોટ. | ૧૩-૦૫-૧૭ થી ૧૧-૦૬-૧૭ | ૩૦ | -- |
| ૧૭ | કુ. કે. ડી. પરમાર, ૧૪મા અધિક સીનીયર સીવીલ જજ, રાજકોટ. | ૧૩-૦૫-૧૭ થી ૧૧-૦૬-૧૭ | ૩૦ | -- |
| ૧૮ | શ્રી આર. કે. મોઢ, ફુલ ટાઈમ સેક્રેટરી, ડીએલએસએ, રાજકોટ. | ૧૩-૦૫-૧૭ થી ૧૧-૦૬-૧૭ | ૩૦ | -- |
| ૧૯ | કુ. એ. જે. રાણા, અધિક સીનીયર સીવીલ જજ, રાજકોટ. | ૧૩-૦૫-૧૭ થી ૧૧-૦૬-૧૭ | ૩૦ | -- |
| ૨૦ | શ્રી એમ. જે. ગઢવી, બીજા અધિક સીવીલ જજ, રાજકોટ. | ૧૩-૦૫-૧૭ થી ૧૧-૦૬-૧૭ | ૩૦ | -- |
| ૨૧ | શ્રી મોહીત શર્મા, ત્રીજા અધિક સીવીલ જજ, રાજકોટ. | ૧૩-૦૫-૧૭ થી ૧૧-૦૬-૧૭ | ૩૦ | -- |
| ૨૨ | કુ. નીતુ શર્મા, ચોથા અધિક સીવીલ જજ, રાજકોટ. | ૧૩-૦૫-૧૭ થી ૧૧-૦૬-૧૭ | ૩૦ | -- |
| ૨૩ | કુ. પી. કે. પંડયા, પાંચમા અધિક સીવીલ જજ, રાજકોટ. | ૧૩-૦૫-૧૭ થી ૧૧-૦૬-૧૭ | ૩૦ | -- |
| ૨૪ | શ્રી એ. એ. ખેરાદાવાલા, જ્યુડી. મેજી. ફ. ક. મેઈન, રાજકોટ. | ૧૩-૦૫-૧૭ થી ૧૧-૦૬-૧૭ | ૩૦ | -- |
| ૨૫ | કુ. આર. એ. સીંઘ, જ્યુડી. મેજી. ફ. ક. ટ્રાફીક, રાજકોટ. | ૧૩-૦૫-૧૭ થી ૧૧-૦૬-૧૭ | ૩૦ | -- |
| ૨૬ | શ્રી કે. ડી. દ્રીવેદી, જ્યુડી. મેજી. ફ. ક. મ્યુનીસીપલ, રાજકોટ. | ૧૩-૦૫-૧૭ થી ૧૧-૦૬-૧૭ | ૩૦ | -- |
| ૨૭ | શ્રી એમ. એફ. પઠાણ, જ્યુડી. મેજી. ફ. ક. રેલ્વે, રાજકોટ. | ૧૩-૦૫-૧૭ થી ૧૧-૦૬-૧૭ | ૩૦ | -- |
| ૨૮ | શ્રી પી. એન. રાવલ, પ્રિન્સીપાલ સીનીયર સીવીલ જજ, ગોંડલ. | ૧૩-૦૫-૧૭ થી ૧૧-૦૬-૧૭ | ૩૦ | -- |
| ૨૯ | કુ. એ. એચ. મુન્દ્રા, એડીશ્નલ સીનીયર સીવીલ જજ, ગોંડલ. | ૧૩-૦૫-૧૭ થી ૧૧-૦૬-૧૭ | ૩૦ | -- |
| ૩૦ | શ્રી એસ. જી. ચાંચુ, અધિક સીવીલ જજ, ગોંડલ. | ૧૩-૦૫-૧૭ થી ૧૧-૦૬-૧૭ | ૩૦ | -- |
| ૩૧ | કુ. આર. વી. વૈશ્ય, બીજા અધિક સીવીલ જજ, ગોંડલ. | ૧૩-૦૫-૧૭ થી ૧૧-૦૬-૧૭ | ૩૦ | -- |
| ૩૨ | શ્રી એસ. એસ. પટેલ, ત્રીજા સીવીલ જજ, ગોંડલ. | ૧૩-૦૫-૧૭ થી ૧૧-૦૬-૧૭ | ૩૦ | -- |
| ૩૩ | કુ. એસ. ડી. કાપડીયા, ચોથા અધિક સીવીલ જજ, ગોંડલ. | ૧૩-૦૫-૧૭ થી ૧૧-૦૬-૧૭ | ૩૦ | -- |
| ૩૪ | શ્રી એમ. બી. ભાવસાર, પ્રિન્સીપાલ સીવીલ જજ, જેતપુર. | ૧૩-૦૫-૧૭ થી ૧૧-૦૬-૧૭ | ૩૦ | -- |
| ૩૫ | કુ. પી. એલ. દાસ, અધિક સીવીલ જજ, જેતપુર. | ૧૩-૦૫-૧૭ થી ૧૧-૦૬-૧૭ | ૩૦ | -- |
| ૩૬ | શ્રી બી. વી. વ્યાસ, ૨જા અધિક સીવીલ જજ, જેતપુર. | ૧૩-૦૫-૧૭ થી ૧૧-૦૬-૧૭ | ૩૦ | -- |
| ૩૭ | શ્રી બી. જે. પંડયા, પ્રિન્સીપાલ સીનીયર સીવીલ જજ, ધોરાજી. | ૧૩-૦૫-૧૭ થી ૧૧-૦૬-૧૭ | ૩૦ | -- |
| ૩૮ | શ્રી એમ. આર. નાદપરા, એડીશનલ સીનીયર સીવીલ જજ, ધોરાજી | ૧૩-૦૫-૧૭ થી ૧૧-૦૬-૧૭ | ૩૦ | -- |
| ૩૯ | શ્રી ટી. એમ. શ્રીમાળી, અધિક સીવીલ જજ, ધોરાજી. | ૧૩-૦૫-૧૭ થી ૧૧-૦૬-૧૭ | ૩૦ | -- |
| ૪૦ | શ્રી ગૌરવ શર્મા, ૨જા અધિક સીવીલ જજ, ધોરાજી. | ૧૩-૦૫-૧૭ થી ૧૧-૦૬-૧૭ | ૩૦ | -- |
| ૪૧ | શ્રી એચ. એ. માકા, પ્રિન્સીપાલ સીવીલ જજ, ઉપલેટા. | ૧૩-૦૫-૧૭ થી ૧૧-૦૬-૧૭ | ૩૦ | -- |
| ૪૨ | શ્રી આર. બી. પારીયાણી, પ્રિન્સીપાલ સીવીલ જજ, જસદણ. | ૧૩-૦૫-૧૭ થી ૧૧-૦૬-૧૭ | ૩૦ | -- |
| ૪૩ | શ્રી દીપેશ મીતલ, અધિક સીવીલ જજ, જસદણ. | ૧૩-૦૫-૧૭ થી ૧૧-૦૬-૧૭ | ૩૦ | -- |
| ૪૪ | શ્રી એફ. એફ. બારડોલીવાલા, પ્રિન્સીપાલ સીવીલ જજ, પડધરી. | ૧૩-૦૫-૧૭ થી ૧૧-૦૬-૧૭ | ૩૦ | -- |

| ક્રમ નં. | નામ અને હોદ્દો | વેકેશન ભોગવતા અટકાયત કરવામાં આવેલ સમય | દિવસો | વિશેષ નોંધ |
|---|---|---|---|---|
| ૪૫ | શ્રી જે. એ. પટેલ, પ્રિન્સીપાલ સીવીલ જજ, કોટડાસાંગાણી. | ૧૩-૦૫-૧૭ થી ૧૧-૦૬-૧૭ | ૩૦ | -- |
| ૪૬ | શ્રી એન. આર. પટેલ, પ્રિન્સીપાલ સીવીલ જજ, જામકંડોરણા. | ૧૩-૦૫-૧૭ થી ૧૧-૦૬-૧૭ | ૩૦ | -- |
| ૪૭ | શ્રી ટી. જી. શુકલા, પ્રિન્સીપાલ સીવીલ જજ, લોધીકા. | ૧૩-૦૫-૧૭ થી ૧૧-૦૬-૧૭ | ૩૦ | -- |

રાજકોટ, ૨૮ માહે ઓગષ્ટ, સને ૨૦૧૭.

**એમ. એમ. બાબી,**
ઈ/ચા. મુખ્ય જિલ્લા ન્યાયાધીશ,
રાજકોટ.

---

## જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા
ગુજરાત પોલીસ અધિનિયમની
કલમ-૩૩ની પેટા કલમ-(૧) અન્વયેનું

## પ્રાથમિક જાહેરનામુ

નં. એમએજી/સી/૩૧૮૦/૨૦૧૭.-પોલીસ અધિક્ષકશ્રી, ગીર સોમનાથ જિલ્લો વેરાવાળના પત્ર નં. સી/એલ.આઈ.બી./પ્લાસ્ટીક પ્રતિબંધ/જા.ના./૭૩૧/૨૦૧૭, તા. ૨૧-૦૭-૨૦૧૭ થી રજુ થયેલ વિગતો મુજબ જાહેર જીવનમા ઉપયોગમા લેવાતા પ્લાસ્ટીક કે જેમા મુખ્યત્વે પ્લાસ્ટીકની કોથળીઓ, પ્લાસ્ટીકના કપ, ખાદ્ય સામગ્રીના પેકીંગમાં વપરાતા પ્લાસ્ટીક આરોગ્ય માટે ખતરારૂપ હોય, ઉપરાંત લોકો દ્વારા આ પ્લાસ્ટીકની થેલીઓની અંદર વધેલા ખાદ્ય પદાર્થ ભરી રોડ ઉપર ફેંકવામા આવતો હોવાથી પ્રાણીઓ આ પ્લાસ્ટીકની બેગ સાથેનો ખાદ્ય પદાર્થ ખાવાથી મૃત્યુને ભેટેલા અથવા લોકો દ્વારા પશુઓના ઓપરેશન કરાવી તેઓના પેટમાંથી પ્લાસ્ટીકનો જથ્થો કાઢેલાના ઘણા કિસ્સાઓ પ્રકાશમાં આવેલ છે. તેમજ પ્લાસ્ટીકની બેગ સાથે ખાદ્ય પદાર્થવાળી વસ્તુઓ ગટરોમાં નાંખવાથી ગટરો પેક થઈ જવાના કારણે ગંદકી ફેલાતી હોવાના કિસ્સાઓ પણ જાણવા મળેલ છે. આવા પ્લાસ્ટીકના ઉપયોગથી ઝેરીલો ઓકસીઝન ફેલાવવાથી આરોગ્ય અને પર્યાવરણ બન્નેને નુકશાન થતુ હોય તેવા પ્લાસ્ટીકના ઉપયોગ ઉપર પ્રતિબંધ મુકવા જાહેરનામુ બહાર પાડવા દરખાસ્ત રજુ થયેલ છે.

ચીફ ઓફિસરશ્રી, વેરાવળ-પાટણ, સંયુકત નગરપાલીકા, વેરાવળના પત્ર ક્રમાંક : મ્યુની./સેનીટેશન/૯૬૧, તા. ૨૭-૦૭-૨૦૧૭ થી રજુ થયેલ વિગતો મુજબ શહેરમાં પ્લાસ્ટીકની થેલીઓના આડેધડ ઉપયોગથી જાહેર રોડ ઉપર ગંદકી થાય છે. તેમજ ગંદા પાણીના નિકાલની ગટરોમા પ્લાસ્ટીક જવાથી ગટરો-ધોરીયા બ્લોક થઈ જાય છે અને ગંદુ પાણી જાહેરમાં વહેવાથી પ્રશ્નો પણ ઉભા થાય છે. શહેરના પ્રજાજનો તરફથી પણ અવાર-નવાર પ્લાસ્ટીકની થેલીઓ ઉપર પ્રતિબંધ ફરમાવવા રજુઆતો કરવામા આવેલ છે. સુપ્રસિધ્ધ સોમનાથ યાત્રાધામ ખાતે પણ બહારના પ્રવાસીઓ મોટી સંખ્યામા આવતા હોવાથી આ વિસ્તારમા પણ પ્લાસ્ટીકના વપરાશના કારણે સફાઈ કામગીરીમા ખુબ જ અડચણ થાય છે. તેમજ શહેરમા ગટર સફાઈની કામગીરી દરમ્યાન પણ ગટરની અંદરથી ૮૦% કચરો પ્લાસ્ટીકનો જ નિકળતો હોય છે. પ્લાસ્ટીક કચરા વ્યવસ્થાપન નિયમો-૨૦૧૬ના નિયમ-૪ (સી અને ડી) ની જોગવાઈ મુજબ ૫૦ માઈક્રોન કરતા ઓછી જાડાઈ ધરાવતા પ્લાસ્ટીક કેરી બેગ, શીટ તથા અન્ય તેના જેવા ઉત્પાદન, સંગ્રહ, વેંચાણ અને વિતરણ ઉપર પ્રતિબંધ હોય, આવા પ્રતિબંધીત પ્લાસ્ટીકનુ વેચાણ, સંગ્રહ અને વપરાશ ઉપર પ્રતિબંધ ફરમાવવાનુ જાહેરનામુ બહાર પાડવા ચીફ ઓફીસરશ્રી તરફથી પણ દરખાસ્ત રજુ થયેલ છે.

ઉપરોકત વિગતેનુ જાહેરનામુ બહાર પાડવા રજુ થયેલ દરખાસ્ત અત્રેને યોગ્ય જણાયેલ છે.

સબબ હું, અજયકુમાર, આઈ.એ.એસ., જિલ્લા મેજીસ્ટ્રેટ, ગીર સોમનાથ જિલ્લો, વેરાવળ, ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૩૩ની પેટા કલમ-(૧) હેઠળ મને મળેલ અધિકારની રૂઈએ અને પ્લાસ્ટીક કચરા વ્યવસ્થાપન નિયમો-૨૦૧૬ના નિયમ-૪ (સી અને ડી) ની જોગવાઈ મુજબ વેરાવળ-પ્રભાસ પાટણ નગરપાલીકા વિસ્તારમા ૫૦ માઈક્રોનથી ઓછી જાડાઈ ધરાવતા પ્લાસ્ટીક કેરી બેગ, શીટ તથા અન્ય તેના જેવા ઉત્પાદન, સંગ્રહ, વેંચાણ અને વિતરણ ઉપર કાયમી ધોરણે પ્રતિબંધ મુકવા અંગેનુ જાહેરનામુ બહાર પાડવા વિચારણા કરૂ છું.

આ જાહેરનામુ આખરી કરતા પહેલા જે કોઈ વ્યકિતને વાંધા કે સુચનો હોય તે આ પ્રાથમિક જાહેરનામું પ્રસિધ્ધ થયાની તારીખથી દિવસ-૩૦ (ત્રીસ) મા નીચે સહી કરનારને ઉદેશીને વાંધા સુચનો મોકલી શકે છે. નિયત મુદતમાં રજુ થયેલ વાંધા સુચનો આ જાહેરનામુ આખરી કરતા પહેલા ધ્યાને લેવામાં આવશે. મુદત બહાર આવેલ સુચનો કે વાંધા ધ્યાને લેવામાં આવશે નહી.

આ પ્રાથમીક જાહેરનામું આજ તા. ૨૦ મી, માહે ઓગષ્ટ-૨૦૧૭ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કો કરી જાહેર જનતાની જાણ માટે પ્રસિધ્ધ કર્યુ.

ગીર સોમનાથ, ૨૦ માહે ઓગષ્ટ, સને ૨૦૧૭.

**અજયકુમાર,**
જિલ્લા મેજીસ્ટ્રેટ,
ગીર સોમનાથ જિલ્લો, વેરાવળ.

---

## અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

### ફોજદારી કાર્યરીતિ આધિનિયમ-૧૯૭૩(૧૯૭૪નો બીજો અધિનિયમ)ના કાયદાની કલમ-૧૪૪ હેઠળ હુકમ

## જાહેરનામું

નં. : હોમ/પલસ/વશી/૯૪૪૯-૯૫૦૦/૨૦૧૭.-પોલીસ અધિક્ષકશ્રી, અમરેલીના તા. ૦૯-૦૮-૨૦૧૭ ના પત્ર જા.નં. એસઓજી/જાહેરનામુ/રીન્યુ/હોટેલ માલિક/૨૫૨/૧૭ નાં પત્રથી ત્રાસવાદ/અસામાજીક તત્વો શહેરોમાં તેમજ ગીચ વસ્તીવાળા વિસ્તારોમાં ગુપ્ત આશરો મેળવી જાહેર સલામતી અને શાંતીનો ભંગ કરે છે તેમજ આતંકવાદી પ્રવૃતિ કરે છે. જેથી માનવ જીન્દગીની ખુવારી થાય છે અને જાહેર તેમજ લોકોની સંપતીને નુકશાન પહોંચાડે છે. બહારના રાજ્યોમાંથી કે દેશ બહારથી આવતા આવા તત્વો હોટલ/ગેસ્ટહાઉસ ભાડે રાખીને રહેતા હોય છે અને વિસ્તારનો સર્વે કરી સ્થાનિક પરિસ્થિતિથી માહિતગાર થઇને તેઓની ત્રાસવાદી પ્રવૃતિને અંજામ આપતા હોય છે. આથી સમગ્ર જિલ્લામાં કોઇ હોટલ/ગેસ્ટહાઉસ માલીક સંબંધિત પોલીસ સ્ટેશનને જાણ કર્યા સિવાય કોઇ વ્યકિતને હોટલ/ગેસ્ટહાઉસમાં રૂમ ભાડે આપી શકશે નહી તેવું જાહેરનામું પ્રસિધ્ધ કરવા દરખાસ્ત કરાયેલ છે.

અમરેલી જિલ્લો વિશાળ દરીયા કિનારો ધરાવે છે. જિલ્લામાં પ્રવાસ-પર્યટનના તથા ધાર્મિક ઘણા સ્થળો આવેલા છે જ્યાં વિશાળ પ્રમાણમાં દેશ-વિદેશના પ્રવાસીઓ, યાત્રાળુઓ આવે છે. આજ રીતે જિલ્લામાં આવેલ ઔદ્યોગિક એકમોમાં પરપ્રાન્તના માણસો કામ-ધંધા અર્થે આવે છે. આવા સંજોગોમાં ત્રાસવાદી પ્રવૃતિ સાથે સંકળાયેલ કોઇ વ્યકિત હોટલમાં આશરો લઇ સ્થાનિક માણસો સાથે ભળી જઇ બદઇરાદો પાર ન પાડે તે માટે જાહેર જનતાની સલામતી તથા સુરક્ષા માટે તકેદારીના પગલા લેવા આવશ્યક જણાતા હોય પોલીસ અધિક્ષકશ્રી, અમરેલી તરફથી કરાયેલ દરખાસ્ત વ્યાજબી જણાય છે.

આથી હું ડી. ડી. પંડયા, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, અમરેલી, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨) ની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ સતાની રૂએ આથી હુકમ કરૂ છું કે, અમરેલી જિલ્લાના સમગ્ર વિસ્તારમાં કોઈ હોટલ/ગેસ્ટહાઉસના માલીક અગર તો આ માટે આવા હોટલ/ગેસ્ટહાઉસ/લોજ ભાડાથી, રાહતદરે ચાલતી કે સખાવતથી ચાલતી, તમામ સરકારી, ધાર્મીક કે ટ્રસ્ટના અને ખાનગી વ્યવસ્થાઓ/સંસ્થાઓના માલીક, અગર તો માલીકે ખાસ સતા આપેલ વ્યકિત જ્યારે હોટલમાં રાજ્ય બહારથી આવતા પ્રવાસી/મુસાફરને રૂમ ભાડે આપે ત્યારે સંબંધીત પોલીસ સ્ટેશનને જાણ કરવાની રહેશે. આ અંગેની જરૂરી માહિતી નીચેના કોલમો મુજબ જે તે વિસ્તારના પોલીસ સ્ટેશન ખાતે આપવાની રહેશે. તથા દર માસના અંતે પત્રક રૂપે આ માહીતી પોલીસ અધિક્ષકશ્રી, અમરેલીને મોકલવાની રહેશે.

| અ.નુ | હોટલ માલીકનું નામ, સરનામું અને ટેલીફોન/ મોબાઈલ નંબર તથા હોટલનું નામ, સરનામું અને ટેલીફોન/ મોબાઈલ | લાયસન્સ નંબર | આહાર ગૃહનું લાયસન્સ ધરાવે છે કે કેમ ? લાયસન્સ નંબર | લાયસન્સ કઇ તારીખથી કઇ તારીખ સુધી રીન્યું થયેલ છે. | આવેલ પેસન્જરનું પુરૂ નામ, ઉ. વ., ધંધો અને મોબાઇલ નંબર, પુરૂ સરનામું | પ્રવાસી/ મુસાફર જે વાહનમાં આવે તે વાહનનો રજીસ્ટ્રેશન નંબર | રજુ કરેલ ઓળખ કાર્ડની સંપુર્ણ વિગત | કઇ તારીખથી આવેલ છે. તારીખ/ સમય | કઇ તારીખે જવાના છે. તારીખ/ સમય | કયાં હેતુ માટે આવેલ છે. | આવેલ પેસેન્જરની સહી |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ |

આ હુકમ તા. ૨૨-૦૮-૨૦૧૭ થી તા. ૨૦-૧૦-૨૦૧૭ સુધી (બંન્ને દિવસો સહિત) દિવસ-૬૦ માટે અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમની જાહેર જનતાને જાણ સબંધીત કચેરીઓએ તેમના નોટીસ બોર્ડ પર, સહેલાઈથી જોઈ શકાય તેની જાહેર જગ્યા ઉપર નકલ ચોંટાડીને તથા માહીતી ખાતાએ વર્તમાન પત્રોમાં પ્રસિધ્ધી કરી કરવાની રહેશે. બોમ્બે પોલીસ એકટની કલમ-૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજ, તા. ૨૧ ઓગષ્ટ, સને. ૨૦૧૭ નાં રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે જાહેર જનતાની જાણ તથા અમલવારી માટે આ હુકમ પ્રસિધ્ધ કરવામાં આવ્યો.

અમરેલી, ૨૧ માહે ઓગષ્ટ, સને ૨૦૧૭.

---

INDEX

ફોજદારી કાર્યરીતિ આધિનિયમ-૧૯૭૩(૧૯૭૪નો બીજો અધિનિયમ)ના કાયદાની કલમ-૧૪૪ હેઠળ હુકમ

## જાહેરનામું

નં. હોમ/પલસ/વશી/૯૭૦૧ થી ૯૭૫૦/૨૦૧૭.-પોલીસ અધિક્ષકશ્રી, અમરેલીના તા. ૦૯-૦૮-૨૦૧૭નાં પત્ર જા.નં. એસઓજી/જાહેરનામું/રીન્યુ/મજુર કારીગર/૨૫૦/૧૭ થી ત્રાસવાદ/અસામાજીક તત્વો શહેરોમાં તેમજ ગીચ વસ્તીવાળા વિસ્તારોમાં ગુપ્ત આશરો મેળવી જાહેર સલામતી અને શાંતીનો ભંગ કરે છે તેમજ આતંકવાદી પ્રવૃતિ કરે છે. જેથી માનવ જીંદગીની ખુવારી થાય છે અને જાહેર તેમજ લોકોની સંપતીને નુકશાન પહોંચાડે છે. બહારના રાજ્યોમાંથી કે દેશ બહારથી જેવા કે નેપાળથી આવતા આવા તત્વો જિલ્લા વિસ્તારમાં આવેલ નાના મોટા કારખાના/જીનીંગ મીલો/ઈન્ડસ્ટ્રીઝ/પોર્ટ વિસ્તાર/શીપયાર્ડ વિસ્તાર/હોટેલો/ખેત મજુરો તરીકે ખેતર વિસ્તારમાં કામ કરતા મજુરો પુષ્કળ પ્રમાણમાં હોય, અને આ લોકો જે વિસ્તારમાં જે જગ્યાએ રહે છે, કામ ધંધો વ્યવસાય કરે છે. તેના માલીકોની પાસે આવા કારીગરો/મજુરો અંગેની કોઈ પ્રકારની હકિકત કે પુરેપુરી વિગત રાખવામાં આવતી નથી અને આવા ઈસમો કોઈ ગુન્હો કરી જિલ્લાની હદ વિસ્તાર બહાર જતા રહે બાદ તેઓને શોધવા અત્યંત મુશ્કેલ બની જાય છે. આથી સમગ્ર જિલ્લા વિસ્તારમાં આવેલ નાના મોટા કારખાના/જીનીંગ મીલો/ઈન્ડસ્ટ્રીઝ/પોર્ટ વિસ્તાર/શીપયાર્ડ વિસ્તાર/હોટલો/ખેત મજુરો તરીકે ખેતર વિસ્તારમાં કામ કરતા મજુરો અંગેની સંપુર્ણ વિગતો સાથેનું નિયત નમુનામાં રજીસ્ટર નિભાવવુ ફરજીયાત બનાવવામાં આવે તેવું જાહેરનામું પ્રસિધ્ધ કરવા દરખાસ્ત કરાયેલ છે.

આથી હું ડી. ડી. પંડયા, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, અમરેલી, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨) ની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ સતાની રૂએ આથી હુકમ કરૂ છું કે, અમરેલી જિલ્લાના સમગ્ર વિસ્તારમાં નાના મોટા કારખાના/જીનીંગ મીલો/ઈન્ડસ્ટ્રીઝ/પોર્ટ વિસ્તાર/શીપયાર્ડ વિસ્તાર/હોટલો/ખેત મજુરો તરીકે ખેતર વિસ્તારમાં કામ કરવા માટે મજુરો રાખનાર માલિકો/જમીન માલીકોએ નીચે જણાવ્યા મુજબના કોલમ મુજબની સંપુર્ણ વિગતો સાથેનું રજીસ્ટર ફરજિયાત નિભાવવા તેમજ રાજ્ય બહારથી આવતા આવા મજુરો/કારીગરોને જ્યારે જ્યારે ઓદ્યોગીક મીલ/જીનીંગ મીલો/સંસ્થાઓ/પોર્ટ/ખેત માલીક/હોટેલના માલીકો કામકાજ અર્થે રાખે ત્યારે કોલમ મુજબની માહિતી સબંધિત પોલીસ સ્ટેશનમાં ૨૪ કલાક અંદર બિનચુક મોકલી આપવાની રહેશે તથા દરમાસના અંતે પત્રક રૂપે આ માહીતી પોલીસ અધિક્ષકશ્રી, અમરેલીને મોકલવાની રહેશે.

| ક્રમ | મજુર/કારીગરનું પુરૂ નામ તેમજ પુરેપુરૂ શારીરિક વર્ણન તેમજ મોબાઇલ નંબર | મજુર/કારીગરનું વતનનું પુરૂ સરનામુ, નજીકના પો.સ્ટે.ની વિગત | તે ક્યારથી પોતાને ત્યાં કામ કરે છે. અગાઉ કોને કોને ત્યા કામ કરેલ છે. ગુજરાતમાં કેટલા સમયથી છે. | કોની ઓળખાણથી પોતાને ત્યાં કામે રાખેલ છે. તેનું પુરૂ નામ સરનામુ તથા મોબાઇલ નંબર | મજુર/કારીગરના આઇ.ડી. પ્રુફની વિગત (એક નકલ ફાઇલ બનાવી રાખવું) | મજુર/ કારીગરનો ફોટોગ્રાફ સહિ સાથેનો |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |

આ હુકમ તા. ૨૨-૦૮-૨૦૧૭ થી તા. ૨૦-૧૦-૨૦૧૭ સુધી (બંન્ને દિવસો સહિત) દિવસ-૬૦ માટે અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમની જાહેર જનતાને જાણ સબંધીત કચેરીઓએ તેમના નોટીસ બોર્ડ પર, સહેલાઈથી જોઈ શકાય તેની જાહેર જગ્યા ઉપર નકલ ચોંટાડીને તથા માહીતી ખાતાએ વર્તમાન પત્રોમાં પ્રસિધ્ધી કરી કરવાની રહેશે. બોમ્બે પોલીસ એકટની કલમ-૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજ, તા. ૨૧ ઓગષ્ટ, સને ૨૦૧૭ નાં રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે જાહેર જનતાની જાણ તથા અમલવારી માટે આ હુકમ પ્રસિધ્ધ કરવામાં આવ્યો.

અમરેલી, ૨૧ માહે ઓગષ્ટ, સને ૨૦૧૭.

---

ફોજદારી કાર્યરીતિ આધિનિયમ-૧૯૭૩(૧૯૭૪નો બીજો અધિનિયમ)ના કાયદાની કલમ-૧૪૪ હેઠળ હુકમ

## જાહેરનામું

નં. : હોમ/પલસ/વશી/૯૬૦૧ થી ૯૬૫૦/૨૦૧૭.-પોલીસ અધિક્ષકશ્રી, અમરેલીના તા. ૦૯-૦૮-૨૦૧૭ ના પત્ર નં. એસઓજી/જાહેરનામુ/વાહન લે-વેચ/૨૪૭/૧૭ ની વિગતે ગુજરાત સહિત સમગ્ર દેશોમાં છેલ્લા કેટલાક સમયથી આતંકવાદી ભાંગફોડીયા તત્વો દેશના અલગ અલગ રાજ્યમાં આતંક ફેલાવાના હેતુથી રજીસ્ટ્રર ન થયા/થતા હોય, તેવા સાયકલ/મોપેડ/અન્ય વાહનોના ઉપયોગ કરતા હોવાનું જણાય છે. આતંકી કૃત્યમાં આવા વાહનોનો ઉપયોગ થયા બાદ આવા વાહનોની કોઈ સ્પષ્ટ નોંધણી

ન હોવાના કારણે તેના મુળ માલીક સુધી પહોંચવાનું તપાસ એજન્સી/પોલીસ માટે ખુબ જ મુશ્કેલ બનતુ હોય છે. મહદઅંશે આવા વાહનોના વેચાણ વખતે આવા જુના વાહનોની લે-વેચ કરતી વખતે તેમજ આવા વાહનો ભાડે આપતી વખતે વેપારીઓએ ખરીદનાર/ગ્રાહક પાસેથી ઓળખના પુરતા પુરાવા મેળવ્યા વગર વાહનોનું વેચાણ કરતા હોય છે. લે-વેચ કરતા હોય છે કે ભાડે આપતા હોય છે. મોટા શહેરોમાં બનેલ અમુક બનાવોથી જણાય છે કે ત્રાસવાદી/અસામાજીક તત્વો આવા રજીસ્ટ્રર્ડ ન થતા હોય, તેવા સાઈકલ/મોપેડ/અન્ય વાહનો ખરીદી કે ભાડેથી મેળવી જાહેર સલામતી અને શાંતિનો ભંગ કરે તેમજ માનવ જિંદગીની ખુવારી થાય અને લોકોની સંપતિને નુકશાન પહોચે તે કોશીશ કરી રહયા છે.

બહારના રાજ્યોમાંથી અગર દેશ બહારથી આવતા આવા તત્વો રજીસ્ટર્ડ ન થતા હોય તેવા સાઈકલ/મોપેડ/અન્ય વાહનો ખરીદી/ભાડેથી મેળવી સ્થાનિક પરિસ્થિતિથી માહિતગાર થઈને તેઓની ત્રાસવાદી પ્રવૃત્તિઓને અંજામ આપતા હોય છે. જેથી રજીસ્ટ્રર્ડ ન થતા હોય તેવા સાઈકલ/મોપેડ/અન્ય વાહનોનું વેચાણ કરનાર તથા આવા જુના વાહનોની લે-વેચ કરનાર તથા આવા વાહનો ભાડે આપનાર વેપારીઓ ઉપર નિયંત્રણો મુકવા જરૂરી જણાય છે.

આથી હું ડી. ડી. પંડયા, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, અમરેલી, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨) ની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ સતાની રૂએ આથી હુકમ કરૂં છુ કે, અમરેલી જિલ્લાના સમગ્ર વિસ્તારમાં વાહનો લે-વેચ કરનાર વેપારીઓએ અમરેલી જિલ્લા વિસ્તારમા રજિસ્ટર્ડ ન થતા હોય તેવા સાયકલ/મોપેડ/અન્ય વાહનોનું વેચાણ કરનાર, તથા આવા જુના વાહનોની લે-વેચ કરનાર તથા આવા વાહનો ભાડે આપનાર વેપારીઓ, જ્યારે જ્યારે આવા નવા/જુના વાહનોનું વેચાણ કરે, નવા/જુના વાહનોની લે-વેચ કરે કે આવા વાહનો ભાડે આપે ત્યારે જે તે વ્યક્તિને આવુ વાહન વેચાણ કરેલ હોય, અથવા આવુ વાહન ખરીદેલ હોય અથવા તો જે વ્યકિતને ભાડે આપેલ હોય, તેવી વ્યકિત પાસેથી જરૂરી માહિતી/આધાર પુરાવા મેળવી નીચે દર્શાવ્યા મુજબના કોલમ વાઈઝ રજીસ્ટર નિભાવવા માટે જણાવવામાં આવે છે.

| અનુ. નં. | વાહન કોને વેચેલ છે?/ કોની પાસેથી ખરીદેલ છે?/ કોને ભાડે આપેલ છે? તેનું પુરૂ નામ-જાત-ઉંમર-સરનામુ- કોન્ટેક નંબર | વાહનનો પ્રકાર, એન્જીન નંબર તથા ચેસિસ નંબર | રજુ કરેલ આધાર પુરાવા જેવા કે રેશનકાર્ડ/ ચૂંટણીકાર્ડ/ડ્રાઈવીંગ લાયસન્સ/બેન્કની પાસબુક/પાનકાર્ડ/પાસપોર્ટ/ઈલેકટ્રીક બીલ/ ટેલીફોન બીલ (ખરીદનાર પાસેથી તેમની સહીથી પ્રમાણીત થયેલ ઝેરોક્ષ નકલ મેળવીને ફાઈલ બનાવી રાખવી.) | વાહન કોને વેચેલ છે?/ કોની પાસેથી ખરીદેલ છે?/ કોને ભાડે આપેલ છે? તેનો તાજેતરનો પાસપોર્ટ સાઈઝનો ફોટોગ્રાફ |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |

ઉપર મુજબનું રજીસ્ટર નિભાવીને દર માસના અંતે એસ.ઓ.જી. શાખાની કચેરી, બહુમાળી ભવન, બ્લોક નં. એ-૧૦૪, રાજમહેલ કમ્પાઉન્ડ, અમરેલીની કચેરીમાં મોકલી આપવા સબંધિત વેપારીઓને જણાવવામાં આવે છે.

આ હુકમ તા. ૨૨-૦૮-૨૦૧૭ થી તા. ૨૦-૧૦-૨૦૧૭ સુધી (બંન્ને દિવસો સહિત) દિવસ-૬૦ માટે અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમની જાહેર જનતાને જાણ સબંધીત કચેરીઓએ તેમના નોટીસ બોર્ડ પર, સહેલાઈથી જોઈ શકાય તેની જાહેર જગ્યા ઉપર નકલ ચોંટાડીને તથા માહીતી ખાતાએ વર્તમાન પત્રોમાં પ્રસિધ્ધી કરી કરવાની રહેશે. બોમ્બે પોલીસ એકટની કલમ-૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજ તા. ૨૧ ઓગષ્ટ, સને ૨૦૧૭ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે જાહેર જનતાની જાણ તથા અમલવારી માટે આ હુકમ પ્રસિધ્ધ કરવામાં આવ્યો.

અમરેલી, ૨૧ માહે ઓગષ્ટ, સને ૨૦૧૭.

---

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩(૧૯૭૪નો બીજો અધિનિયમ)ના કાયદાની કલમ-૧૪૪ હેઠળ હુકમ

## જાહેરનામું

નં. : હોમ/પલસ/વશી/૯૫૫૧ થી ૯૬૦૦/૨૦૧૭.-પોલીસ અધિક્ષકશ્રી, અમરેલીના તા. ૦૯-૦૮-૨૦૧૭ ના પત્ર નં. એસઓજી/જાહેરનામુ/રીન્યુ/મોબાઈલ-સીમકાર્ડ/૨૪૮/૧૭ ની વિગતે ગુજરાત સહિત સમગ્ર દેશોમાં આતંકવાદ અને ત્રાસવાદના કૃત્યોના બનાવો તાજેતરમાં બનવા પામેલ છે. અમરેલી જિલ્લા કક્ષાએ આવા કોઈ અનિચ્છનીય બનાવ ન બને અને કાયદો-વ્યવસ્થા

જળવાઈ રહે તે માટે અમરેલી જિલ્લા કક્ષાએ જિલ્લા પોલીસ તંત્ર ધ્વારા સાવચેતીના પગલા રૂપે ઘનિષ્ઠ ચેકીંગ તથા અનેક વિવિધ પ્રકારના પગલાઓ લેવાઈ રહેલ છે. રાજયમાં બનતા આવા ગુન્હાઓમાં મોબાઈલ ફોનના ઉપયોગ થાય છે. તેમજ મોબાઈલ ચોરીઓના બનાવોનું પ્રમાણ વધવા પામેલ છે. આવા ગુન્હાઓ શોધી કાઢવા માટે ગુન્હામાં વપરાયેલ અથવા ગયેલ મોબાઈલ ફોનના આઈ.એમ.ઈ.આઈ. નંબરનું ટ્રેકીંગ કરીને ગુન્હાના મુળ સુધી પહોચવા પ્રયત્નો કરવામાં આવે છે. ઘણી વખતે મોબાઈલ ફોનના વપરાશ કરતા સુધી પહોંચવામાં આવે ત્યારે જાણવા મળે છે કે તેમને કોઈ અજાણ્યા માણસ પાસેથી મોબાઈલ ફોન ખરીદેલ છે. જે મોબાઈલ વેચનાર/ખરીદ કરનારને ચોરાયેલ અથવા ગુન્હામા વપરાયેલ હોવાની માહિતી હોતી નથી. જેથી તપાસમાં ફળદાયક હકિકત મળતી નથી. આ બાબતે કોઈ વ્યકિતઓ મોબાઈલ/સીમકાર્ડ હેન્ડ સેટ વિગેરે વગર ઓળખકાર્ડ અથવા કોઈપણ ઓળખકાર્ડ વગર લેનાર/વેચનારની જવાબદારી નક્કી કરવી અને પ્રસ્તુત બાબતે આવા ગુન્હાઓના મુળ સુધી પહોચી સાચા આરોપીને શોધી કાઢવા માટે જુના/નવા મોબાઈલ/સીમકાર્ડ કોની પાસેથી ખરીદેલ અથવા કોને વેચાણે આપેલ તે હાલના સંજોગોને ધ્યાને લઈ જાણવુ ખુબજ જરૂરી જણાય છે.

આથી હું ડી. ડી. પંડયા, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, અમરેલી, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨) ની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ સતાની રૂએ આથી હુકમ કરૂ છું કે, અમરેલી જિલ્લાના સમગ્ર વિસ્તારમાં જુના મોબાઈલ લે-વેચ કરનાર તથા સીમકાર્ડ લે-વેચ કરનાર વેપારીએ મોબાઈલ લેતા પહેલા મોબાઈલ વેચનારનું તથા જુના મોબાઈલ વેચતી વખતે મોબાઈલ ખરીદનારનું ઓળખ અંગેનું પુરેપુરૂ નામ, સરનામુ નોંધવુ ફરજીયાત બનાવવામાં આવે તે માટે નીચે દર્શાવ્યા મુજબના કોલમ વાઈઝ રજીસ્ટર નિભાવવામાં આવે તે જરૂરી છે.

જુના મોબાઇલ ખરીદતી વખતે વેપારીએ નિભાવવાનું રજીસ્ટર

| અનુ. નંબર | મોબાઇલની વિગત/કંપનીનું નામ | ચોભય નંબર | મોબાઇલ વેચનાર/ખરીદનારના નામ, સરનામાની વિગત | આઇ.ડી. પ્રુફની વિગત |
|---|---|---|---|---|
| | | | | |

જુના મોબાઇલ વેચતી વખતે વેપારીએ નિભાવવાનું રજીસ્ટર

| અનુ. નંબર | મોબાઇલની વિગત/કંપનીનું નામ | ચોભય નંબર | મોબાઇલ વેચનાર/ખરીદનારના નામ, સરનામાની વિગત | આઇ.ડી. પ્રુફની વિગત |
|---|---|---|---|---|
| | | | | |

નવા સીમકાર્ડ વેચાણ કરતી વખતે વેપારીએ નિભાવવાનું રજીસ્ટર

| અનું. નંબર | સીમકાર્ડની વિગત/કંપનીનું નામ | સીમકાર્ડ નંબર | સીમકાર્ડ ખરીદનારના નામ, સરનામાની વિગત | સીમકાર્ડ ખરીદનારના આઇ.ડી. પ્રુફની વિગત | સીમ કાર્ડ ખરીદનારની સહી |
|---|---|---|---|---|---|
| | | | | | |

આ હુકમ તા. ૨૨-૦૮-૨૦૧૭ થી તા. ૨૦-૧૦-૨૦૧૭ સુધી (બંન્ને દિવસો સહિત) દિવસ-૬૦ માટે અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમની જાહેર જનતાને જાણ સબંધીત કચેરીઓએ તેમના નોટીસ બોર્ડ પર, સહેલાઈથી જોઈ શકાય તેની જાહેર જગ્યા ઉપર નકલ ચોંટાડીને તથા માહીતી ખાતાએ વર્તમાન પત્રોમાં પ્રસિધ્ધી કરી કરવાની રહેશે. બોમ્બે પોલીસ એકટની કલમ-૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજ તા. ૨૧ ઓગષ્ટ, સને ૨૦૧૭ નાં રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે જાહેર જનતાની જાણ તથા અમલવારી માટે આ હુકમ પ્રસિધ્ધ કરવામાં આવ્યો.

અમરેલી, ૨૧ માહે ઓગષ્ટ, સને ૨૦૧૭.

---

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ નો બીજો અધિનિયમ) ના કાયદાની કલમ-૧૪૪ હેઠળ હુકમ

## જાહેરનામુ

નં. હોમ/પલસ/વશી/૯૬૫૧ થી ૯૭૦૦/૨૦૧૭.-પોલીસ અધિક્ષકશ્રી, અમરેલીના તા. ૦૯-૦૮-૨૦૧૭, ના પત્ર નં. એસઓજી/જાહેરનામુ/રીન્યુ/સી.સી.ટી.વી./૨૪૬/૧૭, થી ભુતકાળમાં અમરેલી જિલ્લામાં જુદા-જુદા સ્થળોએ ચોરી તથા લુંટફાટના બનાવ હોય, જે અંગે વર્તમાનપત્રો અને ટીવી ન્યુઝમાં આવા સમાચારો રોજ-બરોજ જોવામાં આવતા હોય, જેથી બેંકો, એટીએમ સેન્ટરો, સોના-ચાંદીના શોરૂમો, જ્વેલર્સની દુકાનો, આંગડીયા પેઢી, કપાસની જીનીંગ મીલો, સહકારી બેંકો, સારી હોટલો, સાઈબર કાફે, કપડાના મોટા વેપારીઓની પેઢી, ભંગારના વેપારીઓ, ભંગારના ડેલા ધરાવતાં વેપારીઓ, ઈમારતી લાકડાની મોટી પેઢીઓ, ખેતીવાડી ઉત્પન્ન બજાર સમીતી, માર્કેટીગ યાર્ડ, પેટ્રોલપંપો, ઈલેકટ્રીક બીલોના કલેકશન સેન્ટરો જેવા સ્થળોએ કે જયા મોટી રકમની અથવા કિંમતી ચીજવસ્તુની લે-વેચ અને લેવડ-દેવડ થતી હોય, આવા સ્થળોએ ગુનેગારો નાણાની લેવડદેવડ અને હેરાફરી વખતે થોડા આગળ પાછળ કે બાજુમાં રહી ગતીવિધીની દેખરેખ અને વોચ કરી મોકો મળતા આવા આર્થિક ગુન્હાઓનો અંજામ આપતા હોય છે અને ઘણા કિસ્સાઓમાં આવી મોટી રકમ અને કિંમતી ચીજવસ્તુ મેળવી લેવા માટે ગુનેગાર ગમે તે હદ સુધી ભોગ બનનારને માર મારતા અને જાનથી મારી નાખતા પણ અચકાતા નથી. આવા ગુન્હાઓ બનતા અટકે અને બનેલા ગુન્હાઓ સહેલાઈથી શોધી શકાય અને આમ નાગરીકના જાનમાલનું રક્ષણ થાય અને સમાજમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે હેતુસર આધુનિક વિજ્ઞાન અને ટેકનોલોજીનો બહોળો ઉપયોગ કરવાની વર્તમાન યુગની જરૂરિયાત હોય, આવા તમામ સ્થળોએ વ્યુહાત્મક જગ્યાઓએ નાઈટ વિઝન સી.સી.ટી.વી. કેમેરા કે જેમાં છેલ્લા એક મહીનાનું બેકઅપ મળી રહે તેવા કેમેરા મુકવાથી ઘણી જ સરળતા રહે તેમ હોય, આવા સ્થળના માલીકોને નાઈટ વિઝન સી.સી.ટી.વી. કેમેરા મુકવા પોલીસ વિભાગ તરફથી વારંવાર સુચન કરવામાં આવેલ છે. છતાં પણ જોઈએ તેવો પ્રતિસાદ મળેલ ન હોય, અને જરૂરત છે તેવા તમામ સ્થળોએ સી.સી.ટી.વી. કેમેરા લગાડવામાં આવેલ ન હોય, જેથી સમગ્ર અમરેલી જિલ્લામાં આવેલ બેંકો, સહકારી બેંકો/સંસ્થાઓ, એટીએમ સેન્ટરો, આંગડીયા પેઢીઓ, સોના-ચાંદીના શોરૂમો, જવેલર્સ, કપાસની જીનીંગ મીલો, ઈમારતી લાકડાના મોટા વેપારીઓ, કપડાના મોટા વેપારીઓ, ભંગારના વેપારીઓ, ભંગારના ડેલા ધરાવતાં વેપારીઓ, ખેતીવાડી ઉત્પન્ન બજાર સમીતી, સાઈબર કાફે, ઈલેકટ્રીક બીલના કલેકશન સેન્ટરો વિગેરે સ્થળોએ કે જયાં રોજરોજ મોટી રકમની નાણાકીય લેવડ-દેવડ અથવા કિંમતી ચીજવસ્તુઓની લે-વેચ થાય છે. તેવા તમામ સ્થળોએ તેમના માલીકોને વ્યુહાત્મક સ્થળોએ નાઈટ વિઝન સી.સી.ટી.વી. કેમેરા લગાવવા ફરજ પાડવાની જરૂરિયાત હોય, આ અંગે જરૂરી જાહેરનામુ પ્રસિધ્ધ કરવા દરખાસ્ત કરાયેલ છે. રજુ થયેલ દરખાસ્તની વિગતો ધ્યાને લેતા, જાહેર જનતાની સલામતી તથા સુરક્ષા માટે તકેદારીના પગલા લેવા આવશ્યક જણાતા હોય, જેથી પોલીસ અધિક્ષકશ્રી, અમરેલી તરફથી કરાયેલ દરખાસ્ત વ્યાજબી જણાય છે.

આથી હું ડી. ડી. પંડયા, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, અમરેલી, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ ના નં.૨) ની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ સતાની રૂએ આથી હુકમ કરૂ છું કે, અમરેલી જિલ્લાના સમગ્ર વિસ્તારમાં આવેલ બેંકો, સહકારી બેંકો/સંસ્થાઓ, એટીએમ સેન્ટરો, આંગડીયા પેઢીઓ, સોના-ચાંદીના શોરૂમો, જવેલર્સ, કપાસની જીનીંગ મીલો, ઈમારતી લાકડાના મોટા વેપારીઓ, કપડાના મોટા વેપારીઓ, ખેતીવાડી ઉત્પન્ન બજાર સમીતી, સાઈબર કાફે, ઈલેકટ્રીક બીલના કલેકશન સેન્ટરો વિગેરે સ્થળોએ કે જયાં રોજેરોજ મોટી રકમની નાણાકીય લેવડ-દેવડ અથવા કિંમતી ચીજવસ્તુઓની લે-વેચ થાય છે. તેવા તમામ સ્થળોના પ્રવેશદ્વાર, બેઝમેન્ટ પાર્કિંગ/ઓપન પાર્કિંગ તેમજ રોડ પરની અવર-જવર પર દેખરેખ રાખી શકાય તે રીતે તેમના માલીકોને વ્યુહાત્મક સ્થળોએ નાઈટ વિઝન સી.સી.ટી.વી. કેમેરા લગાવવા અંગેની વ્યવસ્થા કરવાની રહેશે તેમજ સી.સી.ટી.વી. કેમેરામાં ઓછામાં ઓછા છ માસના રેકોર્ડીંગ સંગ્રહ કરવાનો રહેશે.

આ હુકમ તા. ૨૨-૦૮-૨૦૧૭ થી તા. ૨૦-૧૦-૨૦૧૭ સુધી (બંન્ને દિવસો સહિત) દિવસ-૬૦ માટે અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ફોજદારી કાયદાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમની જાહેર જનતાને જાણ સબંધીત કચેરીઓએ તેમના નોટીસ બોર્ડ પર, સહેલાઈથી જોઈ શકાય તેની જાહેર જગ્યા ઉપર નકલ ચોંટાડીને તથા માહીતી ખાતાએ વર્તમાન પત્રોમાં પ્રસિધ્ધી કરી કરવાની રહેશે. ગુજરાત પોલીસ એકટની કલમ-૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજ તા. ૨૧ ઓગષ્ટ, સને ૨૦૧૭ નાં રોજ મારી સહી તથા કચેરીના સિકકા સાથે જાહેર જનતાની જાણ તથા અમલવારી માટે આ હુકમ પ્રસિધ્ધ કરવામાં આવ્યો.

અમરેલી, ૨૧ માહે ઓગષ્ટ, સને ૨૦૧૭.

---

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪નો બીજો અધિનિયમ) ના કાયદાની કલમ-૧૪૪ હેઠળ હુકમ

## જાહેરનામુ

નં. : નાચિ/પલસ/૩/વશી/૯૭૫૧ થી ૯૮૦૦/૨૦૧૭.-પોલીસ અધિક્ષકશ્રી, અમરેલીના તા. ૦૯-૦૮-૨૦૧૭ ના પત્ર નં. જા.નં. એસઓજી/જાહેરનામુ/મકાન ભાડુઆત/૨૫૧/૨૦૧૭ થી ત્રાસવાદ/અસામાજીક તત્વો શહેરોમાં તેમજ ગીચ વસ્તીવાળા વિસ્તારોમાં ગુપ્ત આશરો મેળવી જાહેર સલામતી અને શાંતીનો ભંગ કરે છે. તેમજ આતંકવાદી પ્રવૃતિ કરે છે. જેથી માનવ જીંદગીની ખુવારી થાય છે અને જાહેર તેમજ લોકોની સંપતીને નુકશાન પહોંચાડે છે. બહારના રાજ્યો માંથી કે દેશ બહારથી આવતા આવા તત્વો કોઇના મકાન ભાડે રાખીને રહેતા હોય છે અને વિસ્તારનો સર્વે કરી સ્થાનિક પરિસ્થીતીથી માહિતગાર થઇને તેઓની ત્રાસવાદી પ્રવૃતિને અંજામ આપતા હોય છે. આથી સમગ્ર જિલ્લામાં કોઇ મકાન માલીક સંબંધિત પોલીસ સ્ટેશનને જાણ કર્યા સિવાય કોઇ વ્યકિતને મકાન ભાડે આપી શકશે નહી તેવું જાહેરનામું પ્રસિધ્ધ કરવા દરખાસ્ત કરાયેલ છે.

અમરેલી જિલ્લો વિશાળ દરીયા કિનારો ધરાવે છે. જિલ્લામાં પ્રવાસ-પર્યટનના તથા ધાર્મિક ઘણા સ્થળો આવેલા છે જ્યાં વિશાળ પ્રમાણમાં દેશ-વિદેશના પ્રવાસીઓ, યાત્રાળુઓ આવે છે. આજ રીતે જિલ્લામાં આવેલ ઔદ્યોગિક એકમોમાં પરપ્રાન્તના માણસો કામ-ધંધા અર્થે આવે છે. આવા સંજોગોમાં ત્રાસવાદી પ્રવૃતિ સાથે સંકળાયેલ કોઇ વ્યકિત સ્થાનિક કે ભાડેથી મકાન લઇ સ્થાનિક માણસો સાથે ભળી જઇ બદઇરાદો પાર ન પાડે તે માટે જાહેર જનતાની સલામતી તથા સુરક્ષા માટે તકેદારીના પગલા લેવા આવશ્યક જણાતા હોય પોલીસ અધિક્ષકશ્રી, અમરેલી તરફથી કરાયેલ દરખાસ્ત વ્યાજબી જણાય છે.

આથી હું ડી. ડી. પંડયા, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, અમરેલી, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨) ની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ સતાની રૂએ આથી હુકમ કરૂ છું કે, અમરેલી જિલ્લાના સમગ્ર વિસ્તારમાં કોઈ મકાન માલીક અગર તો આ માટે આવા મકાન માલીકે ખાસ સતા આપેલ વ્યકિત જ્યારે મકાન ભાડે આપે ત્યારે સંબંધીત પોલીસ સ્ટેશનને જાણ કર્યા સિવાય કોઈ વ્યકિતને મકાન ભાડેથી આપી શકશે નહી. ભાડે આપેલ મકાનની વિગત ભાડુઆત અને સંબંધીત દલાલ કે જેઓએ ભાડુઆતની ઓળખાણ આપેલ હોય તે અંગેની જરૂરી માહિતી નીચેના કોલમો મુજબ જે તે વિસ્તારના પોલીસ સ્ટેશન ખાતે આપવાની રહેશે. તથા દર માસના અંતે પત્રક રૂપે આ માહીતી પોલીસ અધિક્ષકશ્રી, અમરેલીને મોકલવાની રહેશે.

| અનુ. | મકાન માલીકનું નામ, સરનામું અને ટેલીફોન/મોબાઈલ નંબર તથા ભાડે આપેલ મકાનની વિગત, જેમાં કયા વિસ્તારમાં મકાન આવેલ છે અને મકાનનું બાંધકામ કેટલા ચો.મી. માં છે તેની વિગત | મકાન ભાડે આપતા સત્તા ધરાવતા વ્યક્તિનું નામ, સરનામું, ટેલીફોન/મોબાઈલ નંબર | મકાન કઇ તારીખથી ભાડે આપેલ છે તથા માસીક ભાડુ કેટલું છે ? | જે વ્યક્તિને મકાન ભાડે આપેલ છે. તેનુ પુરૂ નામ, હાલનું સરનામું, ટેલીફોન/મોબાઈલ નંબર | જે વ્યક્તિને મકાન ભાડે આપેલ છે તેમના મુળ વતનનું પાકુ સરનામું તથા વતનમાં ઓળખતા ત્રણ સગા-સબંધીના નામ અને સરનામાં | મકાન માલીકને ભાડુઆતનો સંપર્ક કરાવનાર વ્યક્તિનું નામ, સરનામું, ટેલીફોન/મોબાઈલ નંબર | રીમાર્કસ |
|---|---|---|---|---|---|---|---|
| (૧) | (૨) | (૩) | (૪) | (૫) | (૬) | (૭) | (૮) |

આ હુકમ તા. ૨૨-૦૮-૨૦૧૭ થી તા. ૨૦-૧૦-૨૦૧૭ સુધી (બંન્ને દિવસો સહિત) દિવસ-૬૦ માટે અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમની જાહેર જનતાને જાણ સબંધીત કચેરીઓએ તેમના નોટીસ બોર્ડ પર, સહેલાઈથી જોઈ શકાય તેની જાહેર જગ્યા ઉપર નકલ ચોંટાડીને તથા માહીતી ખાતાએ વર્તમાન પત્રોમાં પ્રસિધ્ધી કરી કરવાની રહેશે. બોમ્બે પોલીસ એકટની કલમ-૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજ તા. ૨૧ ઓગષ્ટ, સને-૨૦૧૭ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે જાહેર જનતાની જાણ તથા અમલવારી માટે આ હુકમ પ્રસિધ્ધ કરવામાં આવ્યો.

અમરેલી, ૨૧ માહે ઓગષ્ટ, સને ૨૦૧૭.

---

ફોજદારી કાર્યરીતિ આધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪નો બીજો અધિનિયમ) ના કાયદાની કલમ-૧૪૪ હેઠળ હુકમ

## જાહેરનામું

નં. : હોમ/પલસ/વશી/૯૫૦૧ થી ૯૫૫૦/૨૦૧૭.-પોલીસ અધિક્ષકશ્રી, અમરેલીના તા. ૦૯-૦૮-૨૦૧૭ ના પત્ર જા. નં. એસઓજી/જાહેરનામું/રીન્યુ/STD-PCO/૨૪૯/૧૭ થી હાલના પ્રવર્તમાન આંતકવાદના સંજોગો અને ભૂતકાળમાં ગુજરાત રાજ્યના બોમ્બે બ્લાસ્ટ જેવા આંતકવાદના કૃત્યોના બનાવો બનવા પામેલ છે અને આંતકવાદી સંસ્થા/સંગઠનો સાથે સંકળાયેલ આંતકીઓ તેમજ ધરફોડ ચોરી, લુટ, ધાડ, ચીલઝડપ જેવા ગુનાઓ કરવાની ટેવવાળા રીઢા ગુનેગારો ઘણી વખત પોતાની પાસેના મોબાઈલ ફોનના ઉપયોગ કરવાના બદલે એસ.ટી.ડી.પી.સી.ઓ.માં જઈને ફોન ધ્વારા ધમકી આપવા, ખંડણી ઉઘરાવવા, અપશબ્દો બોલવા તેમજ મહીલાઓની જાતિ સતામણી કરવાના બનાવો બનવા પામતા હોય છે. આવા એસ.ટી.ડી.પી.સી.ઓ.માંથી કરવામાં આવતા ફોન માટે એસ.ટી.ડી.પી.સી.ઓ.ના ધારકો કોલ ડીટેઈલની કોઈપણ જાતની માહીતી નિભાવતા નથી જેના કારણે ગુનેગારો સુધી પહોચવું અશકય બને છે. આમ, આવા ગુનાઓ બનતા અટકાવી શકાય અને આરોપીને શોધી કાઢવા માટે એસ.ટી.ડી.પી.સી.ઓ.માં ફોન કરવા માટે આવતા ગ્રાહકોના નામ, સરનામાની વિગત નિભાવવા માટેનું રજીસ્ટર નિભાવવું જરૂરી જણાય છે. જેથી ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ જાહેરનામું પ્રસિધ્ધ કરવા દરખાસ્ત થઈ આવેલ છે. ઉકત દરખાસ્તની ચકાસણી કરતા આવા ગુનાઓ થતાં અટકાવવા અને આરોપીઓને શોધી કાઢવા માટે દરખાસ્ત મુજબનો હુકમ કરવો અમોને ઈષ્ટ જણાય છે.

આથી હું ડી. ડી. પંડયા, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, અમરેલી, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ (સી.આર.પી.સી.)-૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨) ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ સતાની રૂએ અમરેલી જિલ્લામાં આવેલ એસ.ટી.ડી.પી.સી.ઓના ધારકોએ એસ.ટી.ડી.પી.સી.ઓ.માંથી ગ્રાહક ધ્વારા કરવામાં આવતા ફોનનું ગ્રાહકોની વિગત દર્શાવતું રજીસ્ટર નીચે મુજબની વિગતે નિભાવવા અને અમલવારી કરવા હુકમ ફરમાવું છું.

| અનુ. નંબર | STD/PCO નું પુરૂ નામ તથા સરનામું તથા ફોન નંબર | STD/PCO ના માલીક/ દુકાનદારનું પુરૂનામ તથા સરનામુ તથા મોબાઈલ નંબર | ફોન કરવા આવેલ ગ્રાહકનું પુરૂ નામ તથા સરનામું તથા મોબાઈલ નંબર તથા તેના આઈ.ડી. પ્રુફની વિગત નંબર સાથે. | જે નંબર ઉપર કોન્ટેક કરવામાં આવે તે નંબર અને જે તારીખે/સમયે કોલ કરે તેની વિગત |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |

આ હુકમ તા. ૨૨-૦૮-૨૦૧૭ થી તા. ૨૦-૧૦-૨૦૧૭ સુધી (બંને દિવસો સહિત) દિવસ-૬૦ માટે અમલમાં રહેશે.

(૧) ઉપરોકત કોલમવાઈઝ રજીસ્ટ્રરો સબંધિતોશ્રીઓએ/દુકાનદારોએ બે વર્ષ સુધી જાળવવાનુ રહેશે.

(૨) ઉપર મુજબની વિગતોના રજીસ્ટરો પોલીસ અધિકારી/કર્મચારી તરફથી વેરીફીકેશન અર્થે માંગવામાં આવે ત્યારે બતાવવાનું રહેશે.

**શિક્ષા :**

આ હુકમનું ઉલ્લંઘન કરનારને ભારતના ફોજદારી અધિનિયમ-૧૮૬૦ની કલમ-૧૮૮ અન્વયે સજા થઈ શકશે.

હું એવો આદેશ કરૂ છું કે, પોલીસ અધિક્ષકશ્રી, અમરેલી ધ્વારા આ હુકમ અમરેલી જિલ્લામાં નિર્દિષ્ટ વિસ્તારમાં સહેલાઈથી દેખાઈ આવે તેવા સ્થળોએ તેની નકલ ચોટાડીને અને સદરહુ વિસ્તારમાં ઢંઢેરો પીટાવીને લાઉડ સ્પીકર મારફતે તેની જાહેરાત આપીને અથવા સ્થાનિક કેબલ ઓપરેટરો મારફત તેનું પ્રસારણ કરીને પ્રસિધ્ધ કરવાનું રહેશે.

આજ તા. ૨૧ ઓગષ્ટ-૨૦૧૭ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે જાહેર જનતાની જાણ તથા અમલવારી માટે આ હુકમ પ્રસિધ્ધ કરવામાં આવ્યો.

અમરેલી, ૨૧ માહે ઓગષ્ટ, સને ૨૦૧૭.

ડી. ડી. પંડયા,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
અમરેલી.

---

ગુજરાત પોલિસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૧) મુજબનું

## જાહેરનામું

નાં. મેજી/પોલ/જાહેરનામું/૩૭(૧)/૦૯/૧૭.- સપ્ટેમ્બર-૨૦૧૭ માં કચ્છ જિલ્લામાં યોજાનાર વિવિધ ધાર્મિક તહેવારો તથા મેળાઓની ઉજવણી નજરે જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તેમજ કોઈ અનિચ્છનીય બનાવ બનવા ન પામે તેમજ સુલેહ શાંતી જળવાઈ રહે તે હેતુથી સાવચેતીના પગલા લેવાનું ઈષ્ટ જણાય છે.

આથી હું, ડી. આર. પટેલ, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, કચ્છ-ભુજ, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭ (૧) અન્વયે મને મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે તા. ૦૧-૦૯-૨૦૧૭ થી તા. ૩૦-૦૯-૨૦૧૭ સુધી બન્ને દિવસો સહિત નીચેની અનુસૂચિમાં જણાવેલ વિસ્તારમાં :-

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, ધોકા, છરી, બંદુક, લાકડી, લાઠી, હજામનો અસ્ત્રો, ત્રિશુલ, શારીરિક ઈજા પહોંચાડી શકાય તેવું કોઈ સાધન સાથે લઈ જવું નહીં.

(ખ) કોઈ ક્ષયકારી અથવા સ્ફોટક પદાર્થ લઈ જવું નહીં.

(ગ) પથ્થરો અથવા બીજા શસ્ત્રો અથવા તે શસ્ત્રો ફેંકવા અથવા નાખવાના યંત્રો અથવા સાધનો લઈ જવા, એકઠા કરવા કે તૈયાર કરવા નહીં.

(ઘ) કોઈ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલ લઈ જવી નહીં.

(ચ) વ્યક્તિઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પુતળાં દેખાડવા નહીં.

(છ) લોકોએ બૂમ પાડવાની, ગીતો ગાવા તથા વાદ્ય વગાડવા નહીં.

(જ) જો છટાદાર ભાષણ આપવાથી, ચાળા પાડવાથી અથવા નકલ કરવાથી તથા ચિત્રો, નિશાનીઓ, જાહેર ખબરો અથવા બીજા કોઈ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવાથી, દેખાડવાથી અથવા તેનો ફેલાવો કરવાથી અરૂચિ અથવા નિતીનો ભંગ થતો હોય અથવા જેનાથી રાજ્યની સલામતી જોખમાતી હોય અથવા જેને પરિણામે રાજ્ય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ આપવાની, તે ચાળા વિગેરે કરવા અથવા તે ચિત્રો, નિશાનીઓ વિગેરે તૈયાર કરવા, દેખાડવા અથવા તેનો ફેલાવો કરવા નહીં.

આ હુકમ નીચેના વ્યક્તિઓને લાગુ પડશે નહીં.

(ક) સરકારી નોકરી પર કામ કરતી વ્યક્તિ એટલે કે તેના ઉપરી અધિકારીએ ફરમાવ્યું હોય અથવા કોઈ હથિયાર લઈ જવાની ફરજ હોય.

(ખ) એ અથવા અધિકૃત કરેલ કોઈપણ પોલીસ અધિકારીએ જેની અશક્તિના કારણે લાકડી અથવા લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તેવી વ્યક્તિઓ.

(ગ) જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, પોલીસ અધિકારીશ્રીએ અથવા અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ અથવા સબ-ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રીએ અધિકૃત કરેલ તેવી બીજા કોઈ વ્યક્તિઓને.

અનુસૂચિ : ''સમગ્ર કચ્છ જિલ્લાનો વિસ્તાર''

આ જાહેરનામાનો કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને ઓછામાં ઓછી ચાર (૪) માસની અને વધુમાં વધુ એક (૧) વર્ષની કેદની સજા થશે. આ ઉપરાંત ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ-૧૩૫ (૧) મુજબ દંડની સજા થશે.

આ જાહેરનામા હેઠળ તપાસ કરવાનાં, જાહેરનામાનાં પાલન કરાવવનાં અને તપાસનાં અંતે ચાર્જશીટ રજુ કરવાના અધિકાર જિલ્લાનાં પોલીસ અધિકારીશ્રીઓ તેમજ હેડ કોન્સ્ટેબલ કે તે ઉપરનાં કર્મચારીઓને રહેશે. આ જાહેરનામાની જાહેરાત પોલીસ ખાતાએ દાંડી પીટાવીને તેમજ જાહેરનામાની નકલો મુખ્ય મથકોએ ચોંટાડીને કરવી.

આજરોજ તા. ૩૦-૦૮-૨૦૧૭ ના રોજ મારી સહી કરી કચેરીનો સિક્કો મારી બહાર પાડ્યો.

કચ્છ-ભુજ, ૩૦ માહે ઓગષ્ટ, સને ૨૦૧૭.

ડી. આર. પટેલ,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
કચ્છ-ભુજ.

---

ફોજદારી કાર્યરિતી અધિનિયમ-૧૯૭૩ની
કલમ-૧૪૪(૧) અન્વયે

## જાહેરનામું

નં. એમએજી/સી/બકરી ઈદ/૪૪૩૧/૨૦૧૭.-પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢના પત્ર નં. સી/એલઆઈબી/બકરી ઈદ/ ૧૯૯૫/૧૭, તા. ૨૩-૦૮-૨૦૧૭ ના પત્રથી થઈ આવેલ દરખાસ્તની વિગતે, આગામી તારીખ : ૦૨-૦૯-૨૦૧૭ના રોજ મુસ્લીમ લોકોનો પવિત્ર તહેવાર ''બકરી ઈદ'' ઉજવવામાં આવનાર છે. સદરહું તહેવારને અનુલક્ષીને કાયદો અને વ્યવસ્થા જાળવાઈ રહે તે હેતુસર કોઈ પણ ઢોર, પશુઓની કતલખાના બહાર જાહેર જગ્યાઓએ કે શેરીઓમાં કતલ કરવા પર, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ ની કલમ-૧૪૪(૧) હેઠળ તહેવારના આગલા તથા પાછલા દિવસો સહીત તા. ૩૧-૦૮-૨૦૧૭ થી તા. ૦૪-૦૯-૨૦૧૭ સુધી પ્રતિબંધ ફરમાવતું જાહેરનામું પ્રસિધ્ધ કરવાની દરખાસ્ત અત્રે રજુ થયેલ છે. જે દરખાસ્ત અંગે વિચારણા કરતાં વ્યાજબી જણાય છે.

આથી હું, પી. વી. અંતાણી, જી.એ.એસ., અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, જુનાગઢ જિલ્લો, જુનાગઢ, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪(૧) અન્વયે મને મળેલ સત્તાની રૂઈએ આથી ફરમાવું છું કે, જુનાગઢ જિલ્લાના

સમગ્ર વિસ્તારમાં કોઈ વ્યકિતએ તા. ૩૧-૦૮-૨૦૧૭ થી તા. ૦૪-૦૯-૨૦૧૭ સુધી (બન્ને દિવસો સહિત) કતલખાનાની બહાર જાહેર જગ્યાઓએ કે શેરીઓમાં કોઈપણ ઢોર, પશુની કતલ કરવી નહીં કે કરાવવી નહી.

આ જાહેરનામાનો ભંગ કરનાર ઈ.પી.કો. ક.-૧૮૮, હેઠળ શિક્ષાને પાત્ર ઠરશે.

આ જાહેરનામું આજ તા. ૩૦ માહે ઓગષ્ટ-૨૦૧૭ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી જાહેર જનતાની જાણ તથા અમલ થવા માટે પ્રસિધ્ધ કર્યું.

જુનાગઢ, ૩૦, માહે ઓગષ્ટ, સને ૨૦૧૭.

**પી. વી. અંતાણી,**
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
જુનાગઢ જિલ્લો, જુનાગઢ.

---

સંદર્ભ :

(૧) અત્રેથી પ્રસિધ્ધ કરાયેલ જાહેરનામું નં. ડી.એમ.-૧/TET-II/પરીક્ષા/ઈ. નં. ૩૧૮૫૮/૧૭, તા. ૨૬-૦૭-૨૦૧૭.

(૨) રાજ્ય પરીક્ષા બોર્ડ, ગાંધીનગરનો પત્ર નં. રાપબો/TET-II/૨૦૧૭/૪૩૯૧-૪૪૯૦, તા. ૨૬-૦૭-૨૦૧૭.

(૩) ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગરની પરીક્ષા મોકુફ રાખવા અંગેની જાહેરાત, તા. ૨૭-૦૭-૨૦૧૭.

## હુકમ

નં.ડી.એમ.-૧/TET-II/પરીક્ષા/ઈ. નં. ૩૧૮૫૮/૨૦૧૭.- આ કચેરીના જાહેરનામા નં. ડી.એમ.-૧/TET-II/પરીક્ષા/ઈ. નં. ૩૧૮૫૮/૧૭, તા. ૨૬-૦૭-૨૦૧૭થી ભાવનગર જિલ્લામાં આગામી તા. ૩૦-૦૭-૨૦૧૭નાં રોજ સવારે ૧૦-૦૦ થી ૧૨-૦૦ ક. સુધી ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર દ્વારા સિનીયર કલાર્ક (વર્ગ-૩)ની પરીક્ષા તેમજ બપોર પછી સમય ૩-૦૦ થી ૫-૦૦ ક. સુધી ગુજરાત રાજ્ય પરીક્ષા બોર્ડ, ગાંધીનગર દ્વારા TET-II પરીક્ષા-૨૦૧૭ લેવાનાર હોઈ, આ પરીક્ષા દરમિયાન પરીક્ષા કેન્દ્ર ખાતે પરીક્ષાર્થીઓ નિર્ભયતાથી, શાંતિપૂર્વક તેમજ એખલાસભર્યા વાતાવરણમાં પરીક્ષા આપી શકે, પરીક્ષા કેન્દ્રોની આજુબાજુના વિસ્તારોમાં અસામાજિક ગુંડાતત્વો એકઠા થઈ પરીક્ષાર્થીઓને ખલેલ પહોંચાડે નહિ તેમજ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે માટે જરૂરી પ્રતિબંધ ફરમાવતું જાહેરનામું બહાર પાડવામાં આવેલ છે.

રાજ્ય પરીક્ષા બોર્ડ, ગાંધીનગરએ તેમની સંદર્ભ-૨ ના પત્રથી રાજ્યમાં ભારે વરસાદની સ્થિતિને ધ્યાને રાખી પરીક્ષાર્થીઓનાં બહોળા હિતમાં તા. ૩૦-૦૭-૨૦૧૭ના રોજ યોજાનાર શિક્ષક યોગ્યતા કસોટી (TET-II) પરીક્ષા મુલત્વી રાખવાનો નિર્ણય કરેલ છે તથા ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગરએ સંદર્ભ-૩ની જાહેરાતથી તા. ૩૦-૦૭-૨૦૧૭ના રોજ યોજાનાર સિનિયર કલાર્ક વર્ગ-૩ સંવર્ગની પરીક્ષા મોકુફ રાખવાનો નિર્ણય કરેલ છે.

સબબ, ભાવનગર જિલ્લામાં આગામી તા. ૩૦-૦૭-૨૦૧૭નાં રોજ સવારે ૧૦-૦૦ થી ૧૨-૦૦ ક. સુધી ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર દ્વારા સિનીયર કલાર્ક (વર્ગ-૩) ની પરીક્ષા તેમજ બપોર પછી સમય ૩-૦૦ થી ૫-૦૦ ક. સુધી ગુજરાત રાજ્ય પરીક્ષા બોર્ડ, ગાંધીનગર દ્વારા લેવાનાર TET-II પરીક્ષા-૨૦૧૭ પરીક્ષા હાલ મોકુફ રખાયેલ હોઈ ઉકત પરીક્ષાને અનુસંધાને અત્રેથી પ્રસિધ્ધ કરાયેલ જાહેરનામું રદ કરવામાં આવે છે.

આજ તારીખ : ૨૮-૦૭-૨૦૧૭ના રોજ મારી સહી કરી હુકમ પ્રસિધ્ધ કર્યો.

ભાવનગર, ૨૮ માહે જુલાઈ, સને ૨૦૧૭.

---

## જાહેરનામું

નં. ડીએમ-૧/ઋષીપાંચમ/૨૦૧૭.-ભાવનગર તાલુકાના કોળીયાક ગામ પાસે આવેલ નિષ્કલંક મહાદેવજીના મંદીરે આગામી ઋષી પાંચમ નિમિત્તે આગામી તા. ૨૬-૦૮-૨૦૧૭ ના રોજ દિવસ દરમિયાન પરંપરાગત લોકમેળો ભરાનાર છે. આ મેળામાં મોટી સંખ્યામાં યાત્રાળુઓ વાહન દ્વારા આવતા હોય છે. અને આ સ્થળે જવા માટે એક જ રસ્તો હોઈ, જેથી આ મેળા દરમ્યાન ટ્રાફીક નિયમન જળવાઈ રહે અને વાહન વ્યવહાર સ્થગિત ન થાય તેમજ અકસ્માતો નિવારી શકાય તે માટે ટ્રાફિક નિયમન કરવાનું જરૂરી જણાય છે. આથી ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧)(બી) અન્વયે મને મળેલ અધિકારની રૂઈએ હું આર. પી. ચૌધરી, જી.એ.એસ., અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભાવનગર જિલ્લો, ભાવનગર, આથી આ મેળા દરમિયાન નીચેની અનુસૂચિમાં દર્શાવેલ રસ્તાને આગામી તા. ૨૬-૦૮-૨૦૧૭ ના રોજ એક દિવસ ક. ૬-૦૦ થી ક. ૨૦-૦૦ માટે ટ્રાફિક નિયમન સારૂં નીચે મુજબ હુકમ કરૂ છું. આ જાહેરનામું તમામ પ્રકારના વાહનોને લાગુ પડશે.

**અનુસૂચિ :**

(૧) મેળામાં સરકારી ફરજ પર ન હોય તેવા તમામ ખાનગી મોટા વાહનો ગુંદી ગામ પાસે તેમના પેસેન્જરો ઉતારી દઈ ત્યાંથી હોઈદડ ગામ જવાના રસ્તા પર તેમના વાહનો પાર્કિંગ કરવા લઈ જવાના રહેશે.

(૨) આ મેળામાં ખાનગી ટુ વ્હીલર તથા ફોર વ્હીલર વાહનો કોળીયાક ગામથી નિષ્કલંક મહાદેવ જતાં રસ્તામાં આવતાં શીતળા માતાના મંદીર સુધી જઈ શકશે. અને આ વાહનો આનંદ મેળા ક્રિકેટ ગ્રાઉન્ડમાં પાર્ક કરવાના રહેશે.

(૩) આ મેળામાં પેસેન્જરોને લાવવા લઈ માટે આવતી એસ.ટી. બસો કોળીયાક ગામથી નિષ્કલંક મહાદેવ જતાં રસ્તામાં ધાવડી માતાના મંદીરના દરવાજા સુધી જઈ શકશે.

(૪) આ મેળામાં સરકારી ફરજ પર રોકાયેલ સરકારી વાહનો નિષ્કલંક મહાદેવના પટાંગણ સુધી જઈ શકશે.

આ જાહેરનામાના ભંગ અગર ઉલ્લંઘન કરનાર સદરહું અધિનિયમની કલમ-૧૩૧ હેઠળ શિક્ષાને પાત્ર થશે. આ જાહેરનામાના અમલ તથા તેના ભંગ બદલ પગલા લેવા હેડકોન્સ્ટેબલથી નીચેના દરજ્જાના ન હોય તેવા અધિકારીશ્રીને અધિકૃત કરવામાં આવે છે.

આ જાહેરનામું ઉપર નિર્દિષ્ટ કરેલા વિસ્તારમાં સહેલાઈથી દેખી શકાય તેવી જગ્યાઓએ તેની નકલો ચોંટાડીને તેમજ સ્થાનીક વર્તમાનપત્રોમાં બહોળી પ્રસિધ્ધી આપીને પ્રસિધ્ધી કરવાનું ફરમાવું છું.

આ જાહેરનામા અન્વયે મહેસુલી તંત્રના, પોલીસ તંત્રના, જિલ્લા પંચાયતના, માર્ગ અને મકાન વિભાગના, આરોગ્ય તંત્રના, પોર્ટ વિભાગના, એસ.ટી. કોર્પોરેશન, પી.જી.વી.સી.એલ. તથા માહિતી વિભાગના વાહનોને આ જાહેરનામામાંથી મુકિત આપવામાં આવે છે.

મેં આજ તા. ૨૪-૦૮-૨૦૧૭ ના રોજ મારી સહી કરી કચેરીનો સિક્કો માર્યો.

ભાવનગર, ૨૪ માહે ઓગષ્ટ, સને ૨૦૧૭.

**આર. પી. ચૌધરી,**
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
ભાવનગર.

---

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની
કલમ-૧૪૪ હેઠળનું

## જાહેરનામુ

નં. : જે/એમએજી/ટયુશન કલાલીસ/પ્રતિબંધ/જા.નામુ/ ફા.નં. ૩૧/૨૦૧૫.-રાજકોટ જિલ્લા ગ્રામ્ય વિસ્તારમાં ઘણા સ્થળોએ વહેલી સવારના ટયુશન કલાસીસ શરૂ થાય છે. આ ટયુશન કલાસીસમાં વિદ્યાર્થીઓ/વિદ્યાર્થીનીઓ અભ્યાસ કરવા જાય છે. અગાઉ સુરત શહેરમાં વહેલી સવારના શૈક્ષણિક ટયુશન કલાસમાં જતા વિદ્યાર્થીનીની એકલતાનો લાભ લઈ ગંભીર પ્રકારનો ગુન્હો બનેલ છે. ભવિષ્યમાં રાજકોટ જિલ્લા ગ્રામ્ય વિસ્તારમાં પણ આવા પ્રકારના ગંભીર ગુન્હાઓ બનવા પામે નહીં અને શાંતિ તેમજ સલામતી જોખમાય નહીં તે હેતુસર જાહેર હીતમાં વિદ્યાર્થીનીઓની સલામતી માટે રાજકોટ શહેર પોલીસ કમીશ્નરેટ સિવાયના રાજકોટ જિલ્લા ગ્રામ્ય વિસ્તારમાં વહેલી સવારે કલાકે ૭-૦૦ વાગ્યા પહેલા તથા સાંજના કલાક ૮-૦૦ બાદ વિદ્યાર્થીનીઓના શૈક્ષણિક ટયુશન કલાસીસ શરૂ કરવા પર પ્રતિબંધ મુકવો જરૂરી જણાય છે.

વાસ્તે, હું, હર્ષદ વોરા, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, રાજકોટ જિલ્લા, રાજકોટ, ક્રિમિનલ પ્રોસીજર કોડ-૧૯૭૩ની કલમ-૧૪૪ થી મને મળેલ સતાની રૂએ રાજકોટ જિલ્લાના રાજકોટ પોલીસ કમિશ્નરેટ વિસ્તાર સિવાયના રાજકોટ જિલ્લા ગ્રામ્ય વિસ્તારમાં સવારના ૦૭-૦૦ કલાક પહેલા તથા સાંજના કલાક ૦૮-૦૦ કલાક બાદ વિદ્યાર્થીનીઓ (Girl Student) ના શૈક્ષણિક ટયુશન કલાસીસ ચાલુ રાખવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

અપવાદ :

આ પ્રતિબંધ વિદ્યાર્થીઓ (Boys Student) ને લાગુ પડતો નથી.

સમયમર્યાદા :

આ હુકમ તા. ૦૪-૦૯-૨૦૧૭ થી તા. ૦૩-૧૧-૨૦૧૭ સુધી અમલમાં રહેશે.

સજા :

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર ઠરશે.

તમામને વ્યકિતગત રીતે આ નોટીસની બજવણી કરવી શકય ન હોય એકતરફી હુકમ કરૂં છું. આ હુકમ રાજકોટ રૂરલ જિલ્લામાં સમગ્ર વિસ્તારમાં સહેલાઈથી દેખાઈ આવે તેવા સ્થળોએ તેની નકલ ચોંટાડીને અને સદરહુ વિસ્તારમાં ઢંઢેરો પીટાવીને અથવા લાઉડ સ્પીકર મારફતે તેની જાહેરાત આપીને અથવા રેડીયો ઉપર તેનુ પ્રસારણ કરીને પ્રસિધ્ધ કરવાનું રહેશે.

આજ તા. ૩૦મી, માહે-ઓગષ્ટ-૨૦૧૭ ના રોજ મારી સહી તથા સીક્કા હેઠળ હુકમ કર્યો.

રાજકોટ, ૩૦ માહે ઓગષ્ટ, સને ૨૦૧૭.

**હર્ષદ વોરા,**
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
રાજકોટ જિલ્લા, રાજકોટ.

---

## પોલીસ કમિશ્નર દ્વારા

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની
કલમ-33(૧)(ખ) અન્વયે કાઢેલ જાહેરનામુ

## હુકમ

ક્રમાંક : સીબી-૪/ફાયરીંગ પ્રેકટીસ/વશી. ૧૪૪૬/ ૨૦૧૭.-રાજકોટ જિલ્લાના રાજકોટ તાલુકાના ઘંટેશ્વર એસ.આર.પી. જુથ ૧૩ ખાતે આવેલ બફેલ રેન્જમાં તા. ૦૬-૦૯-૨૦૧૭ થી તા. ૨૮-૦૯-૨૦૧૭ સુધી કુલ દિવસ-૨૩ રાજકોટ ગ્રામ્ય જિલ્લાના તમામ પો.સ્ટે. તથા હેડ કવાર્ટરના અધિકારીશ્રી/

કર્મચારીઓનું ફાયરીંગ પ્રેકટીસ માટે આ ફાયરીંગ બટનો વિસ્તાર તથા આજુ બાજુનો વિસ્તાર તેમજ બટની પાછળના ભાગનો ખુલ્લાં વિસ્તારમાં ફાયરીંગ પ્રેકટીસ દરમ્યાન જાહેર જનતાની સલામતી માટે પ્રતિબંધિત વિસ્તાર જાહેર કરવો જરૂરી જણાય છે. જેથી તે અંગે નીચે મુજબ હુકમ કરૂ છું.

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩ (૧)(ખ) થી મળેલ અધિકારની રૂએ હું, અનુપમ સિંહ ગહલૌત, પોલીસ કમિશ્નર, રાજકોટ શહેર આથી આદેશ કરૂ છુ કે, રાજકોટ તાલુકાના ગામ ઘંટેશ્વર એસ.આર.પી. ગ્રુપ-૧૩ ખાતે આવેલ ફાયરીંગ બટની આજુબાજુનો વિસ્તાર તેમજ બટની પાછળના ખુલ્લા વિસ્તારમાં તા. ૦૬-૦૯-૨૦૧૭ થી તા. ૨૮-૦૯-૨૦૧૭ સુધી કુલ દિવસ-૨૩ જાહેર જનતાએ પ્રવેશ કરવો નહીં, ત્યાંથી પસાર થવું નહી કે કોઈ વાહન કે ઢોર સાથે ત્યાંથી પસાર થવુ નહી.

આ હુકમ અન્વયે ઉપરોક્ત દર્શાવેલ સમગ્ર વિસ્તારમાં સહેલાયથી દેખાય આવે તેવા સ્થળોએ ફલેગ માર્ક લગાવી સદરહુ વિસ્તારમાં ઢંઢેરો કે લાઉડ સ્પીકર મારફતે તેની જાહેરાત કરવાની રહેશે.

આ હુકમના ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૧ તથા ભારતીય ફોજદારી અધિનિયમ કલમ-૧૮૮ હેઠળ શિક્ષાપાત્ર થશે.

આજ, તા. ૦૫-૦૯-૨૦૧૭ના રોજ મારી સહી તથા સિક્કા હેઠળ હુકમ કર્યો.

રાજકોટ, ૦૫ માહે સપ્ટેમ્બર, સને ૨૦૧૭.

અનુપમ સિંહ ગહલૌત,
પોલીસ કમિશ્નર,
રાજકોટ શહેર.

---

## જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ દ્વારા નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : નધણ/૦૧/ખ-૩/૭૭૩/૪૭૭૩/૨૦૧૭.-જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ભાવનગર, આથી જાહેર કરે છે કે, શ્રી સહિયર મહિલા બચત અને ધિરાણ સહકારી મંડળી લી., સ્થળ : મહુવા, તાલુકો : મહુવા, જિ. ભાવનગર, સને ૧૯૬૧ નાં ગુજરાત સહકારી મંડળી અધિનિયમની કલમ-૯ અન્વયે આજ રોજ નોંધવામાં આવી છે.

નોંધણી નં. : બીએનઆરસે.-૪૫૩૪૦/૨૦૧૭, તા. ૨૮-૦૮-૨૦૧૭.

ભાવનગર, ૨૮ માહે ઓગષ્ટ, સને ૨૦૧૭.

---

## નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : નધણ/૦૧/ખ-૩/૭૭૯/૪૭૭૪/૨૦૧૭.-જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ભાવનગર, આથી જાહેર કરે છે કે, ધ ડ્રીમ ઈન્ડીયા મલ્ટીપર્પઝ ક્રેડીટ કો-ઓપરેટીવ સોસાયટી લી., સ્થળ : ભાવનગર, તાલુકો : ભાવનગર, જિ. ભાવનગર, સને ૧૯૬૧ નાં ગુજરાત સહકારી મંડળી અધિનિયમની કલમ-૯ અન્વયે આજ રોજ નોંધવામાં આવી છે.

નોંધણી નં. : બીએનઆરસે.-૪૫૩૪૧/૨૦૧૭, તા. ૨૮-૦૮-૨૦૧૭.

ભાવનગર, ૨૮ માહે ઓગષ્ટ, સને ૨૦૧૭.

---

## નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : નધણ/૦૧/ખ-૩/૭૮૫/૪૭૭૫/૨૦૧૭.-જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ભાવનગર, આથી જાહેર કરે છે કે, ધ અસ્તિત્વ ક્રેડીટ કો-ઓપરેટીવ સોસાયટી લી., સ્થળ : ભાવનગર, તાલુકો : ભાવનગર, જિ. ભાવનગર, સને ૧૯૬૧ નાં ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમની કલમ-૯ અન્વયે આજ રોજ નોંધવામાં આવી છે.

નોંધણી નં. : બીએનઆરસે.-૪૫૩૪૨/૨૦૧૭, તા. ૨૮-૦૮-૨૦૧૭.

ભાવનગર, ૨૮ માહે ઓગષ્ટ, સને ૨૦૧૭.

ડી. વી. ગઢવી,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
ભાવનગર.

---

વંચાણે લીધા :

(૧) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ તથા ૧૦૮ હેઠળની જોગવાઈઓ.

(૨) ગુજરાત સરકારશ્રીના કૃષિ અને સહકાર વિભાગના જાહેરનામાં ક્રમાંક : જીએચકેએચ/૬૨/૨૦૧૧/નબસ/ ૧૨/૨૦૦૨/૩૦૧૧/છ, તા. ૨૧-૦૭-૨૦૧૧.

(૩) અત્રેની કચેરીના આદેશ ક્રમાંક: ફડચ/ગ-૨/૧૨૪/૨૦૧૭, તા. ૨૩-૦૬-૨૦૧૭ થી મંડળીને ફડચામાં લઈ જવાનો વચગાળા આદેશ.

## અંતિમ આદેશ

ક્રમાંક : ફડચ/ગ-૨/૧૯૪/૨૦૧૭.-આથી હું, ટી. સી. તીરથાણી, જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, રાજકોટ, ઉપર વંચાણે લીધેલ ક્રમ-૨ વાળા જાહેરનામાથી મળેલ અધિકાર અને સત્તાની રૂઈએ તેમજ આમુખમાં જણાવેલ વિગતો ધ્યાને

લઈને શ્રી ઈંદિરા ગાંધી સામુદાયિક ખેતી સહકારી મંડળી લી., મુ. મોટી પાનેલી, તા. ઉપલેટા, જિ. રાજકોટ (નોંધણી નંબર ખે-૨૫૧૮, તા. તા. ૧૯-૦૬-૧૯૮૯) ના ગુજરાત સહકારી મંડળીઓનાં અધિનિયમ-૧૯૬૧ ની કલમ-૧૦૭ અન્વયે ફડચામાં લઈ જવાના વચગાળાના આદેશને, આજ કાયદાની કલમ-૧૦૮ (૧) અન્વયે કાયમી રાખતો આદેશ આપુ છું. અને ફડચા અધિકારી તરીકે સહકારી અધિકારીશ્રી (ફડચો)-૨ લગત જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, રાજકોટની નિમણૂંક કરુ છું. જે અન્વયે સદરહુ મંડળીનાં ફડચા અધિકારીએ મંડળીની ફડચાની તમામ કામગીરી નિયત મુદતમાં પૂર્ણ કરવી.

રાજકોટ, ૦૧ માહે સપ્ટેમ્બર, સને ૨૦૧૭.

---

વંચાણે લીધા :

(૧) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ તથા ૧૦૮ હેઠળની જોગવાઈઓ.

(૨) ગુજરાત સરકારશ્રીના કૃષિ અને સહકાર વિભાગના જાહેરનામાં ક્રમાંક : જીએચકેએચ/૬૨/૨૦૧૧/નબસ/૧૨/૨૦૦૨/૩૦૧૧/છ, તા. ૨૧-૦૭-૨૦૧૧.

(૩) અત્રેની કચેરીના આદેશ ક્રમાંકઃ ફડચ/ગ-૨/૧૩૮/૨૦૧૭, તા. ૦૫-૦૭-૨૦૧૭ થી મંડળીને ફડચામાં લઈ જવાનો વચગાળા આદેશ.

## અંતિમ આદેશ

ક્રમાંક : ફડચ/ગ-૨/૧૯૩/૨૦૧૭.-આથી હું ટી. સી. તીરથાણી, જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, રાજકોટ, ઉપર વંચાણે લીધેલ ક્રમ-૨ વાળા જાહેરનામાથી મળેલ અધિકાર અને સત્તાની રૂઈએ તેમજ આમુખમાં જણાવેલ વિગતો ધ્યાને લઈને શ્રી મહાત્મા ગાંધી સામુદાયિક ખેતી સહકારી મંડળી લી., મુ. મોટી પાનેલી, તા. ઉપલેટા, જિ. રાજકોટ (નોંધણી નંબર-ખે ૨૨૩૩, તા. ૦૪-૦૬-૧૯૭૫) ના ગુજરાત સહકારી મંડળીઓનાં અધિનિયમ-૧૯૬૧ ની કલમ-૧૦૭ અન્વયે ફડચામાં લઈ જવાના વચગાળાના આદેશને, આજ કાયદાની કલમ-૧૦૮(૧) અન્વયે કાયમી રાખતો આદેશ આપુ છું. અને ફડચા અધિકારી તરીકે સહકારી અધિકારીશ્રી (ફડચો)-૨ લગત જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, રાજકોટની નિમણૂંક કરુ છું. જે અન્વયે સદરહુ મંડળીનાં ફડચા અધિકારીએ મંડળીની ફડચાની તમામ કામગીરી નિયત મુદતમાં પૂર્ણ કરવી.

રાજકોટ, ૦૧ માહે સપ્ટેમ્બર, સને ૨૦૧૭.

---

વંચાણે લીધા :

(૧) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ તથા ૧૦૮ હેઠળની જોગવાઈઓ.

(૨) ગુજરાત સરકારશ્રીના કૃષિ અને સહકાર વિભાગના જાહેરનામાં ક્રમાંક : જીએચકેએચ/૬૨/૨૦૧૧/નબસ/૧૨/૨૦૦૨/૩૦૧૧/છ, તા. ૨૧-૦૭-૨૦૧૧.

(૩) અત્રેની કચેરીના આદેશ ક્રમાંકઃ ફડચ/ગ-૨/૧૨૬/૨૦૧૭, તા. ૨૩-૦૬-૨૦૧૭ થી મંડળીને ફડચામાં લઈ જવાનો વચગાળા આદેશ.

## અંતિમ આદેશ

ક્રમાંક : ફડચ/ગ-૨/૧૯૨/૨૦૧૭.-આથી હું, ટી. સી. તીરથાણી, જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, રાજકોટ, ઉપર વંચાણે લીધેલ ક્રમ-૨ વાળા જાહેરનામાથી મળેલ અધિકાર અને સત્તાની રૂઈએ તેમજ આમુખમાં જણાવેલ વિગતો ધ્યાને લઈને શ્રી સર્વોદય સામુદાયિક ખેતી સહકારી મંડળી લી., મુ. મોટી પાનેલી, તા. ઉપલેટા, જિ. રાજકોટ (નોંધણી નંબર-ખે ૭૪૦, તા. તા. ૧૭-૦૩-૧૯૭૧) ના ગુજરાત સહકારી મંડળીઓનાં અધિનિયમ-૧૯૬૧ ની કલમ-૧૦૭ અન્વયે ફડચામાં લઈ જવાના વચગાળાના આદેશને, આજ કાયદાની કલમ-૧૦૮(૧) અન્વયે કાયમી રાખતો આદેશ આપુ છું. અને ફડચા અધિકારી તરીકે સહકારી અધિકારીશ્રી (ફડચો)-૨ લગત જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, રાજકોટની નિમણૂંક કરુ છું. જે અન્વયે સદરહુ મંડળીનાં ફડચા અધિકારીએ મંડળીની ફડચાની તમામ કામગીરી નિયત મુદતમાં પૂર્ણ કરવી.

રાજકોટ, ૦૧ માહે સપ્ટેમ્બર, સને ૨૦૧૭.

---

## નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : નધણ/જ-૨/૫૧૪/નં. આરજેટી : ઉ.-૧૩૫૯૭, તા. ૦૧-૦૯-૨૦૧૭.-જિલ્લા રજિસ્ટ્રાર, સ. મં., રાજકોટ, આથી જાહેર કરે છે કે, શ્રી સોનલ મજુર બાંધકામ સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ : રાજકોટ, તાલુકો : રાજકોટ, જિલ્લો : રાજકોટ, સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો-૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

રાજકોટ, ૦૧ માહે સપ્ટેમ્બર, સને ૨૦૧૭.

**ટી. સી. તીરથાણી,**
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
રાજકોટ.

---

## મદદનીશ જિલ્લા રજીસ્ટ્રાર (હાઉસીંગ) સહકારી મંડળીઓ દ્વારા

વંચાણે લીધા :

(૧) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ થી૧૦૮ની જોગવાઈ

(૨) સરકારશ્રીનાં કૃષિ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગરનાં તા. ૨૧-૦૭-૨૦૧૧ નાં જાહેરનામાં ક્રમાંક : જી.એચ.કે.એચ./૫૧/૨૦૧૧/એન.એસ.બી./૧૨/૨૦૦૨/ ૩૦૧૧/ચ., તથા તા. ૨૬-૦૮-૨૦૧૧ના જી.એચ.કે.એચ./ ૬૨/૨૦૧૧/એન.એસ.બી./૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ.

(૩) અત્રેની કચેરીના હુકમ ક્રમાંક :ફડચ/૦૧/હાઉ/૧૪૩/૨૦૧૬, તા. ૦૪-૦૮-૨૦૧૬ થી કરવામાં આવેલ મંડળીને ફડચામાં લઈ જવાનો વચગાળાનો આદેશ.

### હુકમ

ક્રમાંક : ફડચ/ધરમ/ફ-૧૯૪૬૮/હાઉ/૯૭/૨૦૧૭.-હું આર. જી. ગળથરા મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર (હાઉસીંગ) સહકારી મંડળીઓ, ભાવનગર ઉકત વંચાણ લીધા ક્રમ-(૧) ની જોગવાઈ તથા ક્રમ-(૨)નાં જાહેરનામાંથી મળેલ સત્તાની રૂઈએ શ્રી સુર્યોદય કો. ઓપ. હાઉસીંગ સહકારી મંડળી લી., મુ. તા. જિ. ભાવનગર કે જેનો નોંધણી ક્રમાંક : ૧૨૨૫૨ તા. ૧૮-૦૨-૧૯૮૭ છે. તેનો વંચાણે લીધા ક્રમ-(૩)નાં હુકમથી કરવામાં આવેલ વચગાળાનાં આદેશને બહાલી આપી કાયમી કરુ છુ. અને ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી ફડચા લગત જિલ્લા રજિસ્ટ્રાર સહ. મંડળીઓની કચેરીની નિમણુંક કરૂ છું.

ભાવનગર, ૧૬ માહે ઓગષ્ટ, સને ૨૦૧૭.

---

વંચાણે લીધા :

(૧) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ થી૧૦૮ની જોગવાઈ

(૨) સરકારશ્રીનાં કૃષિ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગરનાં તા. ૨૧-૦૭-૨૦૧૧ નાં જાહેરનામાં ક્રમાંક : જી.એચ.કે.એચ./૫૧/૨૦૧૧/એન.એસ.બી./૧૨/૨૦૦૨/ ૩૦૧૧/ચ., તથા તા. ૨૬-૦૮-૨૦૧૧ના જી.એચ.કે.એચ./ ૬૨/૨૦૧૧/એન.એસ.બી./૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ.

(૩) અત્રેની કચેરીના હુકમ ક્રમાંક :ફડચ/૦૧/હાઉ/૧૫૯/૨૦૧૬, તા. ૧૭-૦૯-૨૦૧૬ થી કરવામાં આવેલ મંડળીને ફડચામાં લઈ જવાનો વચગાળાનો આદેશ.

### હુકમ

ક્રમાંક : ફડચ/ધરમ/ફ-૧૯૪૬૬/હાઉ/૯૫/૨૦૧૭.-હું આર. જી. ગળથરા મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર (હાઉસીંગ) સહકારી મંડળીઓ, ભાવનગર ઉકત વંચાણ લીધા ક્રમ-(૧) ની જોગવાઈ તથા ક્રમ-(૨)નાં જાહેરનામાંથી મળેલ સત્તાની રૂઈએ શ્રી પ્રેમલ કો. ઓપ. હાઉસીંગ સહકારી મંડળી લી., મુ. તા. જિ. ભાવનગર કે જેનો નોંધણી ક્રમાંક : ૧૧૨૮૮ તા. ૨૫-૦૯-૧૯૮૫ છે. તેનો વંચાણે લીધા ક્રમ-(૩)નાં હુકમથી કરવામાં આવેલ વચગાળાનાં આદેશને બહાલી આપી કાયમી કરુ છુ. અને ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી ફડચા લગત જિલ્લા રજિસ્ટ્રાર સહ. મંડળીઓની કચેરીની નિમણુંક કરૂ છું.

ભાવનગર, ૧૬ માહે ઓગષ્ટ, સને ૨૦૧૭.

---

વંચાણે લીધા :

(૧) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ થી૧૦૮ની જોગવાઈ

(૨) સરકારશ્રીનાં કૃષિ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગરનાં તા. ૨૧-૦૭-૨૦૧૧ નાં જાહેરનામાં ક્રમાંક : જી.એચ.કે.એચ./૫૧/૨૦૧૧/એન.એસ.બી./૧૨/૨૦૦૨/ ૩૦૧૧/ચ., તથા તા. ૨૬-૦૮-૨૦૧૧ના જી.એચ.કે.એચ./ ૬૨/૨૦૧૧/એન.એસ.બી./૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ.

(૩) અત્રેની કચેરીના હુકમ ક્રમાંક :ફડચ/૦૧/હાઉ/૧૪૪/૨૦૧૬, તા. ૦૪-૦૮-૨૦૧૬ થી કરવામાં આવેલ મંડળીને ફડચામાં લઈ જવાનો વચગાળાનો આદેશ.

### હુકમ

ક્રમાંક : ફડચ/ધરમ/ફ-૧૯૪૬૯/હાઉ/૯૮/૨૦૧૭.-હું આર. જી. ગળથરા મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર (હાઉસીંગ) સહકારી મંડળીઓ, ભાવનગર ઉકત વંચાણ લીધા ક્રમ-(૧) ની જોગવાઈ તથા ક્રમ-(૨)નાં જાહેરનામાંથી મળેલ સત્તાની રૂઈએ શ્રી માયા કો. ઓપ. હાઉસીંગ સહકારી મંડળી લી., મુ. તા. જિ. ભાવનગર કે જેનો નોંધણી ક્રમાંક : ૪૦૯૪ તા. ૧૮-૧૨-૧૯૭૩ છે. તેનો વંચાણે લીધા ક્રમ-(૩)નાં હુકમથી કરવામાં આવેલ વચગાળાનાં આદેશને બહાલી આપી કાયમી કરુ છુ. અને ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી ફડચા લગત જિલ્લા રજિસ્ટ્રાર સહ. મંડળીઓની કચેરીની નિમણુંક કરૂ છું.

ભાવનગર, ૧૬ માહે ઓગષ્ટ, સને ૨૦૧૭.

---

વંચાણે લીધા :

(૧) સરકારશ્રીનાં કૃષિ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગરનાં તા. ૨૧-૦૭-૨૦૧૧ નાં જાહેરનામાં ક્રમાંક : જી.એચ.કે.એચ./૫૧/૨૦૧૧/એન.એસ.બી./૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ., તથા તા. ૨૬-૦૮-૨૦૧૧ના જી.એચ.કે.એચ./૬૨/૨૦૧૧/એન.એસ.બી./૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ.

(૨) ફડચા અધિકારીશ્રી સહકારી અધિકારી ફડચા નં.-૪-અને શ્રી જ્યુબીલી કો. ઓ. હાઉ. સોસા. લી., મુ. તા. જિ. ભાવનગર તા. ૦૭-૦૯-૨૦૧૫ નો અહેવાલ.

## આદેશ

ક્રમાંક : ફડચ/ધરમ/૦૧/હાઉ/૯૯/૨૦૧૭.-શ્રી જ્યુબીલી કો. ઓ. હાઉ. સોસા. લી., મુ. તા. જિ. ભાવનગર જે સહકારી કાયદા અન્વયે નોંધણી નં. ઘ-૨૩૧૯, તા. ૨૫-૧૨-૧૯૬૬ થી નોંધાયેલ છે. જેને આ કચેરીના હુકમ ક્રમાંક સરખા તા. ૦૩-૦૧-૨૦૦૪ થી ફડચામાં લઈ જવાનો આદેશ કરવામાં આવેલ છે. અને તે અન્વયે આ મંડળીની ફડચાની કાર્યવાહી આ કચેરીના તા. ૦૫-૦૧-૨૦૧૩ ના સરખા ક્રમાંકના આદેશથી પુર્ણ કરવાનું જાહેર કરવામાં આવેલ. સદરહુ મંડળીની છેલ્લી સાધારણ સભા અને અંતિમ ઓડીટ વગેરે થઈ જતા ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ ની કલમ-૨૦(૧) અન્વયે હું આર. જી. ગળથરા, મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર (હાઉસીંગ) સહકારી મંડળીઓ ભાવનગર સદરહું મંડળીની નોંધણી રદ કરૂ છું. મંડળીના ફડચા અધિકારીએ સદરહું સંસ્થાનું તમામ દફતર વિગેરે દિન-૧૫ માં આ કચેરીની ફડચા શાખામાં સોંપી દેવું.

ભાવનગર, ૧૬ માહે ઓગષ્ટ, સને ૨૦૧૭.

વંચાણે લીધા :

(૧) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ થી૧૦૮ની જોગવાઈ

(૨) સરકારશ્રીનાં કૃષિ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગરનાં તા. ૨૧-૦૭-૨૦૧૧ નાં જાહેરનામાં ક્રમાંક : જી.એચ.કે.એચ./૫૧/૨૦૧૧/એન.એસ.બી./૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ., તથા તા. ૨૬-૦૮-૨૦૧૧ના જી.એચ.કે.એચ./૬૨/૨૦૧૧/એન.એસ.બી./૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ.

(૩) અત્રેની કચેરીના હુકમ ક્રમાંક : ફડચ/૦૧/હાઉ/૧૩૭/૨૦૧૬, તા. ૦૪-૦૮-૨૦૧૬ થી કરવામાં આવેલ મંડળીને ફડચામાં લઈ જવાનો વચગાળાનો આદેશ.

## હુકમ

ક્રમાંક : ફડચ/ધરમ/ફ-૧૯૪૬૭/હાઉ/૯૬/૨૦૧૭.-હું આર. જી. ગળથરા મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર (હાઉસીંગ) સહકારી મંડળીઓ, ભાવનગર ઉક્ત વંચાણ લીધા ક્રમ-(૧) ની જોગવાઈ તથા ક્રમ-(૨)નાં જાહેરનામાંથી મળેલ સત્તાની રૂઈએ શ્રી મોચી કો. ઓપ. હાઉસીંગ સહકારી મંડળી લી., મુ. તા. જિ. ભાવનગર કે જેનો નોંધણી ક્રમાંક : ૧૩૨૩૯ તા. ૦૬-૦૫-૧૯૯૧ છે. તેનો વંચાણે લીધા ક્રમ-(૩)નાં હુકમથી કરવામાં આવેલ વચગાળાનાં આદેશને બહાલી આપી કાયમી કરુ છુ. અને ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી ફડચા લગત જિલ્લા રજિસ્ટ્રાર સહ. મંડળીઓની કચેરીની નિમણૂંક કરૂ છું.

ભાવનગર, ૧૬ માહે ઓગષ્ટ, સને ૨૦૧૭.

**આર. જી. ગળથરા,**
મદદનિશ જિલ્લા રજિસ્ટ્રાર
(હાઉસીંગ) સહકારી મંડળીઓ,
ભાવનગર.

---

PRINTED AT THE GOVERNMENT PRESS, RAJKOT COMPLAINTS ABOUT GAZETTE MUST BE MADE WITHIN A FORTNIGHT FROM THE DATE OF THIS PUBLICATION ACCOMPANIED BY THE WRAPPER.

© 

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

*PUBLISHED BY AUTHORITY*

VOL. LVIII] THURSDAY, 21st SEPTEMBER, 2017/BHADRA 30, 1939 No. 38

**Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central section in order that it may be filed as a separate compilation.**

# PART-I


| PART - I | Pages | PART - I - B | Pages |
|---|---|---|---|
| Government Notifications Appointments Promotions, Leave of absence, Rules and orders (Other than those published in Part-I-A, IV-A, IV-B, and IV-C) list of publications for sales etc., Miscellaneous Notifications Appoint-ments etc., | 975-994 | (Suppliment) Government Notifications Published under Land Acquisition Act only Supplement. | Nil |
| **PART - I - A** Order and Notifications (Other than those published in Part-IV-B) under the Gujarat Local Boards, Village Panchayats, Municipals, Boroughs, (Districts) Municipals Primary Education and Local Fund Audits, Acts., | Nil | **PART - II** Miscellaneous Notices, Advertisments, List of Books Sanctioned by the Director of Education, List of Jurors. Schedule of Estates by the Official Assignee, Summary of Births and Deaths, etc., | 1809-1856 |
| | | **PART - III** Miscellaneous Supplements Season and Crop Reports, Prices, Current Rainfalls Returns, District Local Boards Accounts etc., | Nil |

# GOVERNMENT NOTIFICATIONS, ORDERS APPOINTMENTS, ETC.

## SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

## NOTIFICATION

### MISCELLANEOUS NOTIFICATIONS APPOINTMENTS ETC.

---

## By the Principal District Judge

***Read :***

1. Hon'ble High Court of Gujarat E-mail, dated : 22-08-2017
2. Legal Department, Sachivalaya, Gandhinagar Notification No. GK/54/2017/SPC/102017/ GOI-44/D. Dt. 16-08-2017

### NOTIFICATION

No. ADM/230/2017.-In view of the Notification of cited in the preamble at Sr. No. (2), the Government of Gujarat, Legal Department conferred by sub-section (2) of section 3 read with section 12 of the Commercial Courts, Commercial Division and Commercial Appellate Division of High Courts Act, 2015 (4 of 2016), specifies the name of the Court of Principal Senior Civil Judges of all Districts as a Commercial Courts and as such the undersigned is pleased to specifies the Court of Principal Senior Civil Judge, Khambhaliya as a Commercial Court of Judicial District, Devebhumi Dwarka for dealing with disputes of Commercial and Financial nature having valuation of less than Rupees One Crore.

Devbhumi Dwarka, 31st August, 2017.

**D. M. Vyas,**
Principal District Judge,
Devbhumi Dwarka at
Khambhaliya.

---

**Read :**

(1) Notification No. A. 1201/2017/[69], dated, 16-08-2017 of the Hon'ble High Court of Gujarat.

### NOTIFICATION

No. ADM/B. 25/2017.-In view of the Hon'ble High Court of Gujarat Notification cited above, have taken over the charge of the post of Principal District Judge, Gir Somnath at Veraval with effect from 01-09-2017 forenoon.

All top Secret, Secret Confidential and Demi-Official correspondence meant for the Principal District and Sessions Judge, Gir Somnath at Veraval may please be sent in envelope addressed to me by name as under :

**Telephone numbers**

| | | | |
|---|---|---|---|
| Mr. A. D. Mogal | STD Code | : | 02876 |
| Principal District Judge, | Office | : | 244888 |
| District Court, | Direct | : | 246433 |
| Rajendra Bhuvan Road, | Residence | : | 244033 |
| Gir Somnath at Veraval, | Fax | : | 243943 |
| Pin-362 365. | Mobile No. | : | 98258 68282 |
| E-mail(o)-addldistcourt.veraval@gmail.com | | | |

Gir Somnath at Veraval, 1st September, 2017.

**A. D. Mogal,**
Principal District Judge,
Gir Somnath at Veraval.

---

***Read :***

Notification No. GK/54/2017/SPC/102017/ GOI-44/D, Dated : 16-08-2017 of the Legal Department, Government of Gujarat.

### NOTIFICATION

No. BHU/14773/2017.-Consequent upon the notifications reffered above, issued by the Legal Department, it is notified for general information to all concerned, that, Legal Department conferred by sub-section (2) of section 3 read with section 12 of the Commercial Courts, Commercial Division and Commercial Appellate Division of High Courts Act, 2015 (4 of 2016), specifies the name of the court of Principal Senior Civil Judges of all Districts as a Commercial Courts and as such the undersigned is pleased to specifies the court of Principal Senior Civil Judge, Bhavnagar as a Commercial Court of Judicial District, Bhavnagar for dealing with disputes of Commercial and Financial nature having valuation of less than rupees one crore. **with immediate effect**

Bhavnagar, 29th August, 2017.

---

INDEX

**NOTIFICATION NO. 935/2017**

No. B-5(7)/14902/2017.-Out of the candidates appeared in the Departmental Higher and Lower Standard examination held in the District Court, Bhavnagar, on 3rd & 4th July 2017, following candidates have passed the examination successfully and their names have been arranged in accordance with merits.

**HIGHER STANDARD EXAMINATION**

1. Ms. S. D. Pathak

**LOWER STANDARD EXAMINATION**

| | |
|---|---|
| 1 | Kanzariya Pankaj Ramjibhai |
| 2 | Gandhi Vibha Hareshbhai |
| 3 | Dabhi Vinodkumar Bharatbhai |
| 4 | Gohil Vitthalbhai Madhabhai |
| 5 | Solanki Pruthvirajsinh C. |
| 6 | Vyas Miteshkumar Rajendrabhai |
| 7 | Hadiyal Gaurav Bharatbhai |
| 8 | Gaha Altaf Ismailbhai |
| 9 | Makwana Alpeshkumar B. |
| 10 | Gohil Jaypalsinh Bahadursinh |
| 11 | Parmar Akshayraj Ajitsinh |
| 12 | Dave Hardik Bhanushankar |
| 13 | Parmar Karanbhai Agarshangbhai |
| 14 | Thakkar Dhaval Girishbhai |
| 15 | Rajyaguru Devdeep M. |
| 16 | Prajapati Mukesh Dahrmabhai |
| 17 | Rathod Mahipalsinh Ghanshyambhai |
| 18 | Gohil Vishnba Yashpalsinh |
| 19 | Trivedi Deep J. |
| 20 | Gohil Chetan Himmatbhai |
| 21 | Narigara Sharadkumar M. |
| 22 | Gohil Jaypalsinh Dashrathsinh |
| 23 | Chauhan Prakashkumar N. |
| 24 | Dasadiya Muddasar Rajakbhai |
| 25 | Chavda Pradip Udaybhai |
| 26 | Jani Ashish Arvindbhai |
| 27 | Solanki Hirendrasinh B. |
| 28 | Ulva Sangram Vihabhai |
| 29 | Joshi Kushang Bharatbhai |
| 30 | Bhammar Nirav J. |
| 31 | Gohil Karansinh Ajaysinh |
| 32 | Baraiya Pradipkumar N. |
| 33 | Padhiyar Brijesh Ghanshyambhai |
| 34 | Jadeja Yashavantsinh S. |
| 35 | Valiya Karankumar Mohanbhai |
| 36 | Pandya Chetankumar B. |
| 37 | Maru Chetankumar Khimjibhai |
| 38 | Gohil Rahul Devjibhai |
| 39 | Kareliya Amardip Devjibhai |
| 40 | Gohil Yashpalsinh Ajitsinh |
| 41 | Tebhani Nilesh Chhanabhai |
| 42 | Makavana Prakashkumar J. |
| 43 | Thakkar Shweta J. |
| 44 | Bambhaniya Natubhai B. |
| 45 | Shilu Pradipkumar Vineshbhai |
| 46 | Parmar Haresh Nanjibhai |
| 47 | Rathod Nileshkumar D. |
| 48 | Jesani Mahendra R. |
| 49 | Baloch Chirag Jamiyatkhan |
| 50 | Sumra Sanjay Atmarambhai |
| 51 | Chavda Tirthrajsinh Prabhatsinh |
| 52 | Bhandari Nilesh Gagjibhai |
| 53 | Solanki Shambhubhai L. |
| 54 | Chauhan Dharmeshkumar M. |
| 55 | Dave Nilkanth Hareshbhai |
| 56 | Jadav Bharatbhai Panchabhai |
| 57 | Dave Bhavin Vindokumar |
| 58 | Ravisaheb Sanjaykumar V. |
| 59 | Christian Jackey J. |
| 60 | Khokhar Makbul Hanifbhai |
| 61 | Solanki Vijaybhai M. |
| 62 | Zala Rajendrasinh Narendrasinh |
| 63 | Sarvaiya Manoj L. |
| 64 | Raba Karan Mulubhai |
| 65 | Chauhan Vijaybhai Shamjibhai |
| 66 | Gohil Kuldipsinh Jayendrasinh |
| 67 | Gorajiya Pradipkumar B. |
| 68 | Vora Kamleshkumar B. |
| 69 | Dangar Ramkumar Dhirajlal |
| 70 | Moradiya Sharadbhai G. |
| 71 | Solanki Sidhdhrajbhai B. |

Bhavnagar, 29th/31st August, 2017.

**J. J. Pandya,**
Principal District Judge,
Bhavnagar.

**Read :** N*otification No. GK/54/2017/SPC/10217/ GOI-44/D, dated : 16th August 2017 of the Govt. of Gujarat, Legal Department, Sachivalay Gandhinagar.*

## NOTIFICATION

No. Judi./6088/2017.-Consequent upon the Notification Cited in the Preamble at above Passed by the Government of Gujarat, Legal Department, Sachivalaya, Gandhinagar, conferred by sub-section (2) of section (3) read with section 12 of the Commercial Courts, Commercial Division and Commercial Appellate Division of High Courts Act, 2015 (4 of 2016), specifies the name of the Court of Principal Senior Civil Judges of all Districts as a Commercial Courts and as such the undersigned is pleased to specifies the Court of Principal Senior Civil Judge, Surendranagar as a Commercial Court of Judicial District of Surendranagar for dealing with disputes of Commercial and Financial nature having valuation of less than rupees one crore.

Surendranagar, 06th September, 2017.

**I. D. Patel,**
Principal District Judge,
Surendranagar.

---

## કલેક્ટર દ્વારા

વંચાણ :

(૧) ધી કેરોસીન (રીસ્ટ્રીકશન ઓન યુઝ એન્ડ ફીક્સેશન ઓફ સેલીંગ પ્રાઈઝ) ઓર્ડર-૧૯૯૩.

(૨) અત્રેના જાહેરનામાં નાં. સપ-કસન પરીવહન-દર-વધારો-૨૦૧૪, તા. ૨૦-૦૯-૨૦૧૪.

(૩) અત્રેના જાહેરનામા નાં. સપ/કસન/જથ્થાબંધ અને છુટક/ભાવ/મુકરર/૪-૫/૨૦૧૭, તા. ૨૦-૦૪-૨૦૧૭.

(૪) અત્રેના જાહેરનામા નાં. સપ/કસન/ભાવ મુકરર વીથ GST/૧૮ ઓગષ્ટ/૨૦૧૭, તા. ૧૯-૦૮-૨૦૧૭.

(૫) સરકારશ્રીના પત્ર ક્રમાંક : કસન/૧૦૨૦૧૭/૨૨૩/બ, તા. ૧૮-૦૮-૨૦૧૭.

(૬) સરકારીશ્રીના પત્ર ક્રમાંક : કસન/૧૦૨૦૧૭/૨૨૩/બ, તા. ૦૧-૦૯-૨૦૧૭.

## જાહેરનામું

નાં. સપ-કસન-ભાવ-મુકરર વીથ GST-૧ સપ્ટેમ્બર-૨૦૧૭.-અત્રેના વંચાણ-(૨) વાળા જાહેરનામાથી પરિવહન સમિતિની બેઠકમાં થયેલ વિચારણા મુજબ પરીવહન દર માટેના ભાવ નક્કી થયેલ હતા. ત્યાર બાદ ડીલર્સના કમીશન અને છુટક વિક્રેતા કમીશનમાં વધારો થતા તે મુજબ ક્રમ-(૩) વાળા જાહેરનામાથી ભાવ નક્કી થયેલ હતા. અને તેમજ સરકારશ્રીના વંચાણ-(૪) વાળા પત્ર થી રાજ્ય કર કમિશનરશ્રી, ગુજરાત રાજ્ય, અમદાવાદ પાસેથી મેળવેલ સ્પષ્ટતાઓ નજરે પી.ડી.એસ. કેરોસીન ઉપર GST લગાડવા બાબતે ઓઈલ કંપનીના ડેપોથી તાલુકા મથક સુધીના પરીવહન ખર્ચ, કેરોસીનના જથ્થાબંધ વિક્રેતાના કમિશન, કેરોસીનના છુટક વિક્રેતાના કમિશન તથા ડોરસ્ટેપ ડીલીવરી પર આમ દરેક સ્ટેપ ઉપર ૫% GST ઉમેરીને નવેસરથી જથ્થાબંધ છુટક ભાવો નકકી કરવા માટે જણાવેલ છે. તે મુજબ ભાવો નકકી કરાયેલ અને ત્યારબાદ વંચાણ (૫) થી ૧૬-૦૮-૨૦૧૭ થી અમલમાં આવે તે રીતે ભાવો નકકી થયેલ.

સરકારશ્રીના અન્ન નાગરિક પુરવઠા વિભાગ ગાંધીનગરના વંચાણ-(૬) વાળા પત્ર મુજબ કંપનીના ૧ કે.એલ.ના ભાવ જુના રૂા. ૧૮૫૮૪.૦૧/- હતા. તે વધારીને નવો ભાવ ૧ કે.એલ.નો રૂા. ૧૮૮૩૪.૦૧/- કરેલ છે. સબબ, સરકારશ્રીના વંચાણ-(૪)ની સુચનાઓ તથા વંચાણ-(૬) થી કંડલા ઈન્સ્ટોલેશન ઉપાડના ભાવમાં થયેલ વધારા નજરે વંચાણ-(૧) વાળા હુકમથી મળેલ અધિકારીની રૂએ હું, કલેકટર-કચ્છ, કંડલા ઈન્સ્ટોલેશન ડેપોથી આવતા ઘરગથ્થુ વપરાશના કેરોસીનના એક કીલોલીટરના કંપનીના વધેલ ભાવ તથા ૧ જુલાઈ ૨૦૧૭ થી અમલમાં આવેલ જી.એસ.ટી. ના લાગુ પડેલ કર મુજબ જથ્થાબંધ વેંચાણ ભાવ તથા એક લીટરના છુટક વેચાણ ભાવ આ સાથેના પત્રકની વિગતે તાલુકાવાઈઝ નીચે મુજબ નવેસરથી નકકી કરવાનું ઠરાવું છું.

| અનુ. | તાલુકાના મુખ્ય મથકનું નામ | એક કિલો લીટર કેરોસીનના તાલુકાના મુખ્ય મથક માટેના જથ્થાબંધ વેંચાણ ભાવ (૧૦૦૦ લીટર) રૂા. પૈસા | એક લીટર કેરોસીનનો તાલુકાના મુખ્ય મથક માટેના છુટક વેચાણ ભાવ રૂા. પૈસા | વિશેષ નોંધ |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧ | ગાંધીધામ | ૨૧૧૨૮.૩૪ | ૨૧.૧૩ | -- |
| ૨ | અંજાર | ૨૧૨૦૮.૦૪ | ૨૧.૨૦ | -- |
| ૩ | ભચાઉ | ૨૧૨૮૧.૦૧ | ૨૧.૨૮ | -- |
| ૪ | ભુજ | ૨૧૪૫૦.૦૬ | ૨૧.૪૫ | -- |
| ૫ | મુન્દ્રા | ૨૧૪૫૦.૦૬ | ૨૧.૪૫ | -- |
| ૬ | રાપર | ૨૧૫૪૩.૯૮ | ૨૧.૫૪ | -- |
| ૭ | માંડવી | ૨૧૬૭૦.૨૫ | ૨૧.૬૭ | -- |
| ૮ | નખત્રાણા | ૨૧૬૬૨.૪૮ | ૨૧.૬૬ | -- |
| ૯ | અબડાસા, મુ. નલીયા | ૨૧૮૨૫.૬૫ | ૨૧.૮૨ | -- |
| ૧૦ | લખપત, મુ. દયાપર | ૨૧૯૪૮.૦૨ | ૨૧.૯૪ | -- |

ઉપર મુજબના મુકરર કરવામાં આવેલ ભાવો જિલ્લાના તાલુકાના મુખ્ય મથકના હોઈ કેરોસીનના ઓઈલ કંપનીનાં જથ્થાબંધ વિક્રેતાઓ કેરોસીનના છુટક વિક્રેતાના સ્થળ સુધી કેરોસીનની ડીલીવરી આપવા જાય ત્યારે ૦ થી ૧૦(દસ) કી.લો. મીટરના દરેક સ્ટેજે વધુમાં વધુ ૫૦ કિ.મી. સુધી ૧ (એક) લીટરે ૧૦ (દસ) પૈસા જે વધુમાં વધુ પચાસ કિ.મી.ની મર્યાદામાં સ્ટેજ ચાર્જ લઈ શકશે. અને લીધેલ સ્ટેજ ચાર્જ ઉપર ૫% GST લગાડીને જથ્થાબંધ વિક્રેતાએ બિલ અંકારવાનું રહેશે.

કેરોસીનના છુટક વિક્રેતા સ્ટેજ ખર્ચની રકમ બિલ મુજબ ગણતરી કરતા નજીકના ૦૫ (પાંચ) પૈસાના ગુણાંકમાં છુટક વિક્રેતા કેરોસીનના વેંચાણ બિલ બનાવી કેરોસીનનું વેચાણ કરી શકશે.

આ જાહેરનામાનો અમલ તા. ૦૧-૦૯-૨૦૧૭ ની અસરથી કરવાનો રહેશે.

કચ્છ-ભુજ, ૦૬ માહે સપ્ટેમ્બર, સને ૨૦૧૭.

રેમ્યા મોહન,
કલેકટર,
કચ્છ-ભુજ.

---

INDEX

## ઘરગથ્થું વપરાશના કેરોસીનના જથ્થાબંધ વેંચાણ ભાવ તથા છુટક વેંચાણ ભાવ નક્કી કરવાની વિગત દર્શાવતું પત્રક

જિલ્લો : કચ્છ

GST અમલીકરણ બાદ લાગુ પડેલ કર મુજબ નક્કી થયેલ ભાવ

૧૬ ઓગષ્ટ-૨૦૧૭ની અસરથી

| ક્રમ | વિગત | કચ્છ જિલ્લાના તાલુકાના મુખ્ય મથકનું નામ (તાલુકા) | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | ગાંધીધામ | અંજાર | ભચાઉ | ભુજ | મુન્દ્રા | રાપર | નખત્રાણા | માંડવી | અબડાસા | લખપત |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ |
| ૧ | એક કિલોલીટરના ઓઈલ કંપનીના વેંચાણ ભાવ રૂપિયા | ૧૮૮૩૪.૦૧ | ૧૮૮૩૪.૦૧ | ૧૮૮૩૪.૦૧ | ૧૮૮૩૪.૦૧ | ૧૮૮૩૪.૦૧ | ૧૮૮૩૪.૦૧ | ૧૮૮૩૪.૦૧ | ૧૮૮૩૪.૦૧ | ૧૮૮૩૪.૦૧ | ૧૮૮૩૪.૦૧ |
| ૨ | ૧ જુલાઈ ૨૦૧૭ થી અમલમાં આવેલ GST પ્રમાણે લાગુ પડેલ કર મુજબ ઓઈલ કંપનીના વેંચાણ ભાવમાં કરવાનો થતો વધારો (કંપની ધ્વારા નક્કી થયેલ વેંચાણ ભાવના ૫% મુજબ | ૯૪૧.૭ | ૯૪૧.૭ | ૯૪૧.૭ | ૯૪૧.૭ | ૯૪૧.૭ | ૯૪૧.૭ | ૯૪૧.૭ | ૯૪૧.૭ | ૯૪૧.૭ | ૯૪૧.૭ |
| ૩ | જથ્થાબંધ વિક્રેતાનું કમીશન રૂા. (૧ કે.એલ.ના) કેન્દ્રનું રૂા.૭૮૭.૮૨+રાજ્યનું રૂા.૧૮૦.૩૦= કુલ્લ રૂા. ૯૬૮.૧૨ | ૯૬૮.૧૨ | ૯૬૮.૧૨ | ૯૬૮.૧૨ | ૯૬૮.૧૨ | ૯૬૮.૧૨ | ૯૬૮.૧૨ | ૯૬૮.૧૨ | ૯૬૮.૧૨ | ૯૬૮.૧૨ | ૯૬૮.૧૨ |
| ૪ | એક કિલોલીટરનો પરિવહન દર રૂપિયા. | ૩૨૦.૧૦ | ૩૯૬.૦૦ | ૪૬૫.૫૦ | ૬૨૬.૫૦ | ૬૨૬.૫૦ | ૭૧૫.૯૫ | ૮૨૮.૮૦ | ૮૩૬.૨૦ | ૯૮૪.૨૦ | ૧૧૦૦.૭૫ |
| ૫ | કોલમ ૩+૪ પર ૫% GST | ૬૪.૪૧ | ૬૮.૨૧ | ૭૧.૬૮ | ૭૯.૭૩ | ૭૯.૭૩ | ૮૪.૨૦ | ૮૯.૮૫ | ૯૦.૨૨ | ૯૭.૬૨ | ૧૦૩.૪૪ |
| ૬ | એક કિલોલીટર કેરોસીનનું જથ્થાબંધ વેંચાણ ભાવ રૂપિયા. | ૨૧૧૨૮.૩૪ | ૨૧૨૦૮.૦૪ | ૨૧૨૮૧.૦૧ | ૨૧૪૫૦.૦૬ | ૨૧૪૫૦.૦૬ | ૨૧૫૪૩.૯૮ | ૨૧૬૬૨.૪૮ | ૨૧૬૭૦.૨૫ | ૨૧૮૨૫.૬૫ | ૨૧૯૪૮.૦૨ |
| ૭ | એક કિલોલીટર કેરોસીનનું છુટક વિક્રેતાનું કમિશન રૂા. ૯૪૬.૦૦+ રાજયનું એક્સ્ટ્રા ઓર્ડીનરી કમિશન રૂા. ૫૪.૦૦= કુલ્લ રૂા. ૧૦૦૦.૦૦ | ૧૦૦૦.૦૦ | ૧૦૦૦.૦૦ | ૧૦૦૦.૦૦ | ૧૦૦૦.૦૦ | ૧૦૦૦.૦૦ | ૧૦૦૦.૦૦ | ૧૦૦૦.૦૦ | ૧૦૦૦.૦૦ | ૧૦૦૦.૦૦ | ૧૦૦૦.૦૦ |
| ૮ | એક કિલોલીટર કેરોસીનનું છુટક વિક્રેતાનું કમિશન રૂા. ૯૪૬.૦૦+ રાજયનું એક્સ્ટ્રા ઓર્ડીનરી કમિશન રૂા. ૫૪.૦૦= કુલ્લ રૂા. ૧૦૦૦.૦૦ પર ૫% GST મુજબ રૂા. ૫૦/- | ૫૦.૦૦ | ૫૦.૦૦ | ૫૦.૦૦ | ૫૦.૦૦ | ૫૦.૦૦ | ૫૦.૦૦ | ૫૦.૦૦ | ૫૦.૦૦ | ૫૦.૦૦ | ૫૦.૦૦ |
| ૯ | એક કિલોલીટર કેરોસીનના કુલ્લ રૂપિયા | ૨૨૧૭૮.૩૪ | ૨૨૨૫૮.૦૪ | ૨૨૩૩૧.૦૧ | ૨૨૫૦૦.૦૬ | ૨૨૫૦૦.૦૬ | ૨૨૫૯૩.૯૮ | ૨૨૭૧૨.૪૮ | ૨૨૭૨૦.૨૫ | ૨૨૮૭૫.૬૫ | ૨૨૯૯૮.૦૨ |
| ૧૦ | એક લીટર કેરોસીનનું છુટક વેંચાણભાવ રૂા. | ૨૨.૧૮ | ૨૨.૨૬ | ૨૨.૩૩ | ૨૨.૫૦ | ૨૨.૫૦ | ૨૨.૫૯ | ૨૨.૭૧ | ૨૨.૭૨ | ૨૨.૮૮ | ૨૩.૦૦ |

કચ્છ-ભુજ, ૦૬ માહે સપ્ટેમ્બર, સને ૨૦૧૭.

**રેમ્યા મોહન,**
કલેકટર, કચ્છ-ભુજ.

## જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪નો બીજો અધિનિયમ)ના કાયદાની કલમ-૧૪૪ તથા ગુજરાત પોલીસ એકટની કલમ-૩૭ (૩) અન્વયે કાઢેલ

### હુકમ

નં. ડીએમ.-૧/બ્લુ વ્હેલ ગેમ/જા.ના./પર૫૮ થી ૫૨૯૯/૨૦૧૭.-વિવિધ માધ્યમથી અમારા ધ્યાન ઉપર આવેલ છે કે, બ્લુ વ્હેલ ગેમ/બ્લુ વ્હેલ ચેલેન્જ વિગેરે નામોથી સોશ્યલ મિડીયા પ્લેટફોર્મ તથા ઈન્ટરનેટના વિવિધ કોમ્યુનિકેશન પ્લેટફોર્મના ઉપયોગ કરી ક્યુરેટર/એડમિનિસ્ટ્રેટર બનીને યુવાનોને આત્મહત્યા માટે દુષ્પ્રેરિત કરવામાં આવી રહયા છે. ઉપરોકત ગેમ/ચેલેન્જના ભાગ રૂપે ક્યુરેટર/એડમિનિસ્ટ્રેટર દ્વારા આપેલ ક્રમશઃ સૂચનાઓના અંતે આત્મહત્યા કરવા માટે પ્રેરિત કરવામાં આવે છે.

વાસ્તે, હું **સુજીત કુમાર (આઈ.એ.એસ.), જિલ્લા મેજીસ્ટ્રેટ, બોટાદ જિલ્લો, બોટાદ**, ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪નો બીજો અધિનિયમ)ના કાયદાની કલમ-૧૪૪ તથા ગુજરાત પોલીસ એકટની કલમ-૩૭(૩) હેઠળ મળેલ સત્તા હેઠળ બોટાદ જિલ્લામાં જાહેર સલામતિ અને સુરક્ષાને લક્ષમાં રાખી કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે હેતુસર એવા કોઈપણ પ્લેટફોર્મ (બ્લુ વ્હેલ ગેમ/બ્લુ વ્હેલ ચેલેન્જ વિગેરે) મારફતે ક્યુરેટરના/એડમિનિસ્ટ્રેટરનાં રોલ પ્લે કરવા, આત્મહત્યા માટે ઈન્ટરનેટના માધ્યમથી દુષ્પ્રેરિત કરવા અથવા એવી ગેમ/કોમ્યુનિકેશનમાં ભાગ લેવા કે તેમાં મદદરૂપ થવા પ્રતિબંધિત કરવામાં આવે છે. સાથોસાથ જે પણ વ્યક્તિને બોટાદ જિલ્લામાં કોઈપણ અન્ય વ્યક્તિ એવી ગતિવિધિમાં ભાગ લે છે, તે ધ્યાને આવે તો નજદિકનાં પોલીસ સ્ટેશનમાં ઓછામાં ઓછા સમયમાં મૌખિક કે લેખિત જાણ કરવાની ફરજ કરવામાં આવે છે.

**: અપવાદ :**

ગુનાના તપાસની કામગીરી અને શૈક્ષણિક સંશોધનના કામે કરવામાં આવતી કાર્યવાહી પર આ જાહેરનામુ લાગુ પડતુ નથી.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનારા ભારતના ફોજદારી અધિનિયમ સને-૧૮૬૦ની કલમ-૧૮૮ તથા ગુજરાત પોલીસ એકટની કલમ-૧૩૫ મુજબ શિક્ષાને પાત્ર થશે.

હું આથી આદેશ આપુ છું કે, આ હુકમની જાહેરાત ઉપર જણાવેલ વિસ્તારોમાં સહેલાઈથી દેખી શકાય તેવી જગ્યાઓએ તેની નકલ ચોંટાડી, લાઉડ સ્પીકર વાહન દ્વારા તેમજ સ્થાનિક વર્તમાનપત્રો, આકાશવાણી અને દુરદર્શન કેન્દ્રો ઉપરથી પ્રસિધ્ધ કરાવવી.

આજ તા. ૦૬-૦૯-૨૦૧૭ ના રોજ મારી સહી સિકકા કરી આપેલ છે.

બોટાદ, ૦૬ માહે સપ્ટેમ્બર, સને ૨૦૧૭.

**સુજીત કુમાર,**
જિલ્લા મેજિસ્ટ્રેટ,
બોટાદ.

## અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭ની પેટા કલમ-૧ તથા ૩ અન્વયેનો હુકમ

### જાહેરનામુ

નં. હોમ/૫લસ/૩/વશી/૯૯૮૪ થી ૧૦૦૫૦/૨૦૧૭.- (૧) આગામી દિવસો દરમ્યાન ગણેશ ઉત્સવ તેમજ બકરી ઈદનો તહેવાર આવતો હોય તથા હાલની પ્રવર્તમાન પરિસ્થિતીને અનુલક્ષીને સમગ્ર અમરેલી જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાય રહે તે માટે તેમજ જાહેર સુલેહ શાંતિ અને સલામતી જાળવવા માટે ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭ની પેટા કલમ-૧ તથા કલમ-૩ અન્વયે પગલા લેવા પુરતા કારણો છે. તેની મને ખાત્રી થઈ છે.

(૨) જેથી હું, **ડી. ડી. પંડયા, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, અમરેલી**, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭ની પેટા કલમ-૧ તથા કલમ-૩ અન્વયે મળેલ સત્તાની રૂઈએ આથી ફરમાવું છું કે,

(૩) તા. ૩૧-૦૮-૨૦૧૭ થી તા. ૧૪-૦૯-૨૦૧૭ (બંને દિવસો સહિત) અમરેલી જિલ્લાના સમગ્ર વિસ્તારમાં,

(૪) કોઈપણ ઈસમે શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટા, બંદુક, ચપ્પુ, લાકડી અથવા લાઠી અથવા શારિરીક ઈજા અને હિંસા પહોંચાડવા ઉપયોગી થઈ શકે તેવી બીજી કોઈપણ ચીજવસ્તુ, સ્ફોટક પદાર્થ અથવા પથ્થરો સાથે ઘર બહાર નીકળવું નહીં. કોઈ આકૃતિઓ અથવા પુતળા દેખાડવા નહીં અને બુમો પાડવી નહીં તથા સુત્રોચાર કરવા નહીં.

(૫) આ હુકમ નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહીં.

(અ) ફરજ પર રોકાયેલ પોલીસ તથા હોમ ગાર્ડ સહિતના તમામ સરકારી તેમજ અર્ધ સરકારી કર્મચારી તથા અધિકારીઓને,

(બ) શારિરીક અશક્તિને કારણે લાકડી તથા લાઠી લઈને ફરવુ જરૂરી છે તેવી વ્યક્તિઓને,

(૬) વધુમાં ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭ની પેટા કલમ-૩ હેઠળ મળેલ સત્તાની રૂઈએ,

**તારીખ : ૩૧-૦૮-૨૦૧૭ થી તા. ૧૪-૦૯-૨૦૧૭ (બંને દિવસો સહિત)** અમરેલી જિલ્લાનાં સમગ્ર વિસ્તારની અંદર સબંધિત સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી/તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટશ્રીની પુર્વ મંજુરી/પરવાનગી સિવાય કોઇ સભા મંડળી ભરવાની અથવા સરઘસ કાઢવાની હું મનાઈ ફરમાવું છુ.

(૭) ઉપરોક્ત પેરા-૬(છ) માં કરવામાં આવેલ આદેશ ફરજ પરના કોઈપણ સરકારી/બિનસરકારી કર્મચારીઓ અને અધિકારીઓને તેમજ કોઈપણ લગ્નનાં વરઘોડાને અથવા સ્મશાનયાત્રાને લાગુ પડશે નહીં.

(૮) આ જાહેરનામાનું ઉલ્લંઘન કરનાર અથવા ઉલ્લંઘન માટે મદદ કરનાર શખ્સ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૫ની જોગવાઈ મુજબ સજા તથા દંડને પાત્ર થશે.

હું એવો પણ આદેશ કરૂં છું કે પોલીસ અધિક્ષકશ્રી, અમરેલીએ સદરહું હુકમ નિર્દિષ્ટ કરેલ વિસ્તારમાં સહેલાઈથી દેખી શકાય તેવી જગ્યાએ તેની નકલ ચોટાડીને તથા લાઉડ સ્પીકર તેમજ સ્થાનિકેથી પ્રસિધ્ધ થતા સ્થાનીક વર્તમાનપત્રો ધ્વારા તેની બહોળી જાહેરાત કરી/કરાવીને પ્રસિધ્ધ કરવો.

(૯) આજ તારીખ ૨૯-ઓગષ્ટ-૨૦૧૭ ના રોજ મારી સહી તથા સિક્કો કરી હુકમ બહાર પાડયો.

અમરેલી, ૨૯ માહે ઓગષ્ટ, સને ૨૦૧૭.

ડી. ડી. પંડ્યા,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
અમરેલી.

---

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ના આંક-૨૨ની કલમ-૩૭ (૧) અન્વયે

## જાહેરનામું

નં. એમએજી/સી/૩૭(૧)/૪૫૬૬/૨૦૧૭.-પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢની કચેરીના પત્ર નં. સી/એલઆઈબી/જાહેરનામુ/હથિ.બંધી/૨૦૫૬/૧૭, તા. ૦૫-૦૯-૨૦૧૭ થી (૧) ગીરનાર પર્વત ઉપર ગુરૂ દત્તાત્રેય રક્ષિત સ્મારકની જગ્યા ખાતે તથા ત્રીજી ટુંક ખાતે હિન્દુ અને જૈન ધર્મના લોકો વચ્ચે વિવાદ ચાલુ હોય, આ સ્થળે વિવાદના કારણે અગાઉ ગુન્હાઓ બનવા પામેલ છે. જેથી આ વિસ્તારનો જાહેરનામામાં સમાવેશ કરવો જરૂરી હોય, (૨) આગામી સમયમાં હિન્દુ ધર્મનો માં નવદુર્ગાનો પવિત્ર પર્વ તથા મુસ્લીમ બિરાદરોનો મહોરમનો તહેવાર ઉજવવામાં આવનાર હોય, જેથી ખુબ જ ભીડ રહેતી હોય, (૩) વીજ પુરવઠો અનીયમીત તથા પુરતા પ્રમાણમાં મળતો ન હોય કિસાનો ધ્વારા ઘેરાવ/વિરોધ જેવા આંદોલનાત્મક કાર્યક્રમો કરવામાં આવે તેમજ હાલમાં મોંઘવારીના પ્રશ્ને પણ આંદોલનો થવાની શક્યતા નકારી શકાય નહી. (૪) આ સમય દરમિયાન સાંઢા ગામે ગૌચરની જમીન મુદ્દે ચાલી રહેલ દલિત આંદોલન પણ ગતિમાં હોય, (૫) હાલમાં જી.એસ.ટી. મુદ્દે ચાલી રહેલ વિરોધ પ્રદર્શન અનુસંધાને તકેદારી રાખવી આવશ્યક છે. જેથી જુનાગઢ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તથા જાહેર સુલેહશાંતી જળવાઈ રહે તે હેતુસર હથિયારબંધીનું જાહેરનામુ પ્રસિધ્ધ કરવા અત્રેને દરખાસ્ત થઈ આવેલ છે.

ઉક્ત રજુ થયેલ દરખાસ્ત વ્યાજબી જણાતાં સુલેહશાંતિ જાળવવા સારૂ અને કાયદો વ્યવસ્થાની સ્થિતિ યથાવત જળવાય રહે તેમજ કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે હું, પી. વી. અંતાણી, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, જુનાગઢ જિલ્લો, જુનાગઢ, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ના આંક-૨૨ની કલમ-૩૭ (૧) અન્વયે મને મળેલ અધિકારની રૂએ સમગ્ર જુનાગઢ જિલ્લા વિસ્તારમાં તા. ૦૯-૦૯-૨૦૧૭ થી તા. ૦૭-૧૦-૨૦૧૭ સુધી બન્ને દિવસો સહિત નીચે પ્રમાણે મનાઈ ફરમાવું છું કે, કોઈ પણ વ્યકિત,

(ક) શસ્ત્ર, દંડા, તલવાર, ભાલા, ચપ્પુ, લાકડી અથવા શારીરીક હિંસા પહોંચાડવામાં ઉપયોગી થઈ શકે તેવી બીજી કોઈ ચીજો લઈ જવી નહીં.

(ખ) પથ્થરો અથવા બીજા શસ્ત્રો ફેંકવા અથવા નાખવામાં ઉપયોગી હોય તેવા યંત્રો અથવા સાધનો લઈ જવા, એકઠા કરવા તથા તૈયાર કરવા નહીં.

(ગ) વ્યક્તિઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવા નહીં.

(ઘ) અપમાન કરવા અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેર બિભત્સ સુત્રો પોકારવા નહી, અસ્લીલ ગીતો ગાવા નહી.

(ચ) જેનાથી સુરૂચીનો અને શાંતિનો ભંગ થાય તેવુ ભાષણ કરવુ નહી, તેવા હાવ ભાવ કરવા નહી, તેવી ચેષ્ટા કરવી નહી તથા ચિત્રો, પ્લેકાર્ડ અથવા બીજા કોઈ પદાર્થ અથવા વસ્તુઓ કરવી નહીં.

(૩) આ હુકમ નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહી.

૧. સરકારશ્રીની નોકરીમાં કામ કરતી કોઈ વ્યક્તિ કે જેના ઉપરી અધિકારીઓને ફરમાવ્યા હોય અથવા આવા કોઈ હથિયાર લઈ જવાની તેમની ફરજ હોય.

૨. જિલ્લા પોલીસ અધિકારીશ્રીએ જે તે શારિરીક અશક્તિને કારણે લાઠી લઈ જવાની અથવા શુભ હેતુથી ધંધો કરવાની પરવાનગી આપી હોય તે વ્યક્તિ.

૩. ખેડુતો પોતાની ખેતીકામ માટે ખેતીના ઓજારો લઈ જવામાં હાડમારી ન થાય, તે અને રોજીંદા કામ કરી શકે તે આશયથી ખેડુતો પોતાના ઓજારો ખેતીકામ માટે લઈ જતા હોય.

આ જાહેરનામાના કોઈ ખંડનો ભંગ કરનાર અથવા પાલન ન કરવામાં મદદ કરનાર વ્યક્તિને ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૫(૧) મુજબ એક વર્ષની મુદત સુધીની કેદની શિક્ષા અને દંડને પાત્ર થશે. આ ઉપરાંત ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ તે વ્યક્તિનો ગુનો સાબીત થયેથી એક માસની સાદી કેદ અગર રૂા. ૨૦૦/- નો દંડ અગર બન્ને શિક્ષા થઈ શકશે અને આ હુકમની અવગણના માનવજીવનને અથવા સ્વાસ્થ્યને અથવા સલામતીને નુકશાન કરે, ભય ઉત્પન્ન થાય અથવા કોઈ હુલ્લડ બખેડો થાય તો તેવી વ્યક્તિને-૬ (છ) માસ સુધીની પરિશ્રમ અથવા સાદી કેદ અથવા રૂા. ૧૦૦૦/- સુધીનો દંડ સહીત બંન્ને શિક્ષાને પાત્ર ઠરશે.

આજ તારીખ : ૦૫ મી, માહે સપ્ટેમ્બર, સને-૨૦૧૭ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા કરી જાહેર જનતાની જાણ તથા અમલ થવા માટે પ્રસિધ્ધ કર્યુ.

જુનાગઢ, ૦૫ માહે સપ્ટેમ્બર, સને ૨૦૧૭.

પી. વી. અંતાણી,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
જુનાગઢ.

---

સને-૧૯૫૧ ના ગુજરાત પોલીસ અધિનિયમની
કલમ-૩૭ (૩) અન્વયેનું

## જાહેરનામું

નં. એમએજી/સી/૩૪૭૭/૨૦૧૭.-પોલીસ અધિક્ષકશ્રી, ગીર-સોમનાથના પત્ર નં. સી/એલઆઈબી/જા.ના./સ.સ.બંધી/૮૯૫/૧૭, તા. ૩૦-૦૮-૨૦૧૭ થી રજુ થયેલ વિગતો મુજબ (૧) વેરાવળ/પ્ર.પાટણ, કોડીનાર તથા ઉના કોમી દૃષ્ટિએ અત્યંત સંવેદનશીલ હોય નાના સરખા બનાવથી અફવાઓના કારણે હિન્દુ મુસ્લીમ વચ્ચે ઘર્ષણ થવા સંભાવના રહે છે. અફવાના કારણે લોકો એકઠા થવાના બનાવો ધ્યાને લેતા વિશેષ તકેદારી રાખવી આવશ્યક છે. (૨) પ્રભાસ પાટણ ખાતે ભગવાન સોમનાથનું મંદિર આવેલ છે. જેથી સવિશેષ તકેદારી રાખવી આવશ્યક છે. (૩) આ માસમા હિન્દુ લોકોના ધાર્મિક તહેવારોની ઉજવણી થનાર હોય, જેથી ધાર્મિક તથા જાહેર સ્થળોએ મોટી સંખ્યામાં લોકો એકઠા થતા હોય, તેમજ શ્રી સોમનાથ મંદીર ખાતે આ તહેવારો દરમ્યાન બહોળી સંખ્યામાં જનમેદની એકઠી થતી હોય જેથી કોઈ અનિચ્છનિય બનાવ ન બને તે માટે, તેમજ વિવિધ કાર્યક્રમો દરમિયાન કાયદો વ્યવસ્થાની દ્રષ્ટીએ તાકેદારી રાખવી ખુબ જ આવશ્યક છે. (૪) ખેડુતોના પાકની સીઝન ચાલુ હોવાથી વીજ વપરાશ વધવાના કારણે વીજળીની આવક-જાવક થતી હોય, વીજ પુરવઠાના પ્રશ્નોએ લોકો દ્વારા આંદોલનો થવાની શકયતા હોય, જેથી લોકો ટોળાના રૂપમા એકઠા ન થાય તે માટે કાયદો વ્યવસ્થાની દૃષ્ટિએ તકેદારી રાખવી ખુબ જ આવશ્યક છે. (૫) અત્રેના જિલ્લામા આવેલ ગીર/જંગલ વિસ્તારમા સિંહ તથા અન્ય વન્ય પ્રાણીઓના શિકારના બનાવો બનતા હોય, તેમજ ગેરકાયદોસર ટોળાના રૂપમા લાયન શો યોજાતા હોય, કાયદો અને વ્યવસ્થાની દ્રષ્ટીએ તકેદારી રાખવી ખુબજ આવશ્યકતા છે. જેથી ગીર સોમનાથ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં કાયદો વ્યવસ્થા તથા જાહેર સુલેહશાંતિ જળવાઈ રહે તે હેતુસર સભા/સરઘસ વગર પરવાનગીએ કોઈ કાઢે નહી તે માટેનુ જાહેરનામુ પ્રસિધ્ધ કરવા પોલીસ અધિક્ષકશ્રી તરફથી દરખાસ્ત રજુ થયેલ છે.

પોલીસ અધિક્ષકશ્રી, ગીર-સોમનાથ તરફથી ઉકત વિગતે રજુ થયેલ દરખાસ્ત વ્યાજબી જણાતા ગુજરાત પોલીસ અધિનીયમ ૧૯૫૧ની કલમ ૩૭ની પેટા કલમ ૩ થી મને મળેલ અધિકારની રૂઈએ હું, એચ. આર. મોદી, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ગીર-સોમનાથ જિલ્લો, વેરાવળ, આથી ગીર-સોમનાથ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં તા. ૦૬-૦૯-૨૦૧૭ ના રોજ થી તા. ૦૫-૧૦-૨૦૧૭ (બંને દિવસો સહીત) સુધીની મુદત માટે કોઈપણ સભા કે સરઘસ માટે મનાઈ હુકમ ફરમાવુ છું. વધુમા આદેશ કરૂ છુ કે, આ હુકમ નીચેનાને લાગુ પડશે નહી.

(૧) ફરજ ઉપર હોય તેવી ગૃહરક્ષણ મંડળીઓને.

(૨) સરકારી નોકરીએ અવર જવર કરતી હોય તેવી વ્યકિતને.

(૩) કોઈ લગ્નના વરઘોડાને.

(૪) સ્મશાનયાત્રામા જોડાનાર વ્યકિતઓને.

(૫) સક્ષમ અધિકારીશ્રીની કાયદેસર પરવાનગી મેળવનારને.

આ હુકમનુ પાલન ન કરનાર અથવા તેનુ પાલન ન કરવામાં કોઈને મદદ કરનારને ગુનો સાબીત થયેથી, દંડની શિક્ષાને પાત્ર ઠરશે. તથા ભારતીય દંડ સહિતાની કલમ ૧૮૮ મુજબનો ગુનો સાબીત થયેથી, જે તે વ્યકિતને એક માસની સાદી કેદ અથવા રૂા. ૨૦૦/- સુધીનો દંડ અગર બંને શિક્ષા થઈ શકશે અને આ હુકમની અવગણના માનવ જીવનને કોઈ નુકશાન અથવા સ્વાસ્થયને અથવા સલામતીને કોઈ ભય ઉત્પન્ન થાય અથવા કોઈ હુલ્લડ બખેડો થાય તો તેવી વ્યકિતને ૬ (છ) માસ પરિશ્રમ અથવા સાદી કેદ અથવા રૂા. ૧૦૦૦/- સુધીનો દંડ સહિત બંને શિક્ષાને પાત્ર ઠરશે.

આજ તારીખ ૦૫ માહે-સપ્ટેમ્બર, સને ૨૦૧૭ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા કરી જાહેર જનતાની જાણ તથા અમલ થવા માટે પ્રસિધ્ધ કર્યુ.

ગીર-સોમનાથ, ૦૫ માહે સપ્ટેમ્બર, સને ૨૦૧૭.

---

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની
કલમ-૩૭ (૧) અન્વયે

## જાહેરનામું

નં. એમએજી/સી/૩૪૭૮/૨૦૧૭.-પોલીસ અધિક્ષકશ્રી, ગીર સોમનાથની કચેરીના પત્ર નં. સી/એલઆઈબી/હથિ.બંધી/જા.ના./૮૯૪/૨૦૧૭, તા. ૩૦-૦૮-૨૦૧૭ થી રજુ થયેલ વિગતો મુજબ (૧) વેરાવળ, પ્ર.પાટણ, કોડીનાર તથા ઉના કોમી દૃષ્ટિએ અત્યંત સંવેદનશીલ હોય, નાના સરખા બનાવથી અફવાના કારણે હિન્દુ મુસ્લીમ વચ્ચે ઘર્ષણ થવાની સંભાવના રહે છે. જેથી વિશેષ તકેદારી રાખવી આવશ્યક છે. (૨) પ્રભાસ પાટણ ખાતે સુપ્રસિધ્ધ ભગવાન સોમનાથ મહાદેવનુ મંદિર આવેલ છે. જેથી સવિશેષ તકેદારી રાખવી આવશ્યક છે. (૩) આ માસમા ધાર્મિક સ્થળો, જાહેર સ્થળો વિગેરે જગ્યાઓએ મોટી સંખ્યામા લોકો એકઠા થતા હોય, તેમજ સોમનાથ મંદિર ખાતે આ તહેવારો

દરમ્યાન બહોળી સંખ્યામા જનમેદની એકઠી થતી હોય, જેથી કોઈ બનાવ ન બને તે માટે તેમજ વિવિધ કાર્યક્રમો દરમ્યાન કાયદો વ્યવસ્થાની દ્રષ્ટિએ તકેદારી રાખવી ખુબજ આવશ્યક છે. (૪) અત્રેના જિલ્લામા આવેલ ગીર/જંગલ વિસ્તારમા સિંહ તથા અન્ય વન્ય પ્રાણીઓના શિકારના બનાવો બનતા હોય, જેથી કાયદો વ્યવસ્થાની દ્રષ્ટિએ તકેદારી રાખવી ખુબજ આવશ્યક છે. સબબ, ગીર સોમનાથ જિલ્લાના સમગ્ર વિસ્તારમા કાયદો વ્યવસ્થા તથા જાહેર સુલેહશાંતિ જળવાઈ રહે તે હેતુસર હથિયારબંધીનુ જાહેરનામુ પ્રસિધ્ધ કરવા પોલીસ અધિક્ષકશ્રી દ્વારા દરખાસ્ત થઈ આવેલ છે.

ઉકત રજુ થયેલ દરખાસ્ત વ્યાજબી જણાતા સુલેહશાંતી જાળવવા સારૂ અને કાયદો વ્યવસ્થાની સ્થિતિ યથાવત જળવાઈ રહે તેમજ કોઈ જાતનો અનિચ્છનીય બનાવ બને નહી તે માટે હું, એચ.આર.મોદી,જી.એ.એસ., અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ગીરસોમનાથ જિલ્લો, વેરાવળ, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૧) અન્વયે મને મળેલ અધિકારની રૂઈએ સમગ્ર ગીર-સોમનાથ, જિલ્લાના વિસ્તારમા તા. ૦૬-૦૯-૨૦૧૭ થી તા. ૦૫-૧૦-૨૦૧૭ સુધી બન્ને દિવસો સહિત નીચે પ્રમાણે મનાઈ ફરમાવું છુ કે, કોઈ પણ વ્યકિતએ...

(ક) શસ્ત્ર દંડા, તલવાર, ભાલા, ચપુ, લાકડી અથવા શારીરિક હિંસા પહોંચાડવામા ઉપયોગી થઈ શકે તેવી બીજી કોઈ ચીજો લઈ જવી નહી.

(ખ) પથ્થરો અથવા બીજા શસ્ત્રો ફેકવા અથવા નાખવામાં ઉપયોગી હોય તેવા યંત્રો અથવા સાધનો લઈ જવા એકઠા કરવા તથા તૈયાર કરવા નહી.

(ગ) વ્યક્તિઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવા નહી.

(ઘ) અપમાન કરવા અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેર બિભત્સ સુત્રો પોકારવા નહી. અશ્લીલ ગીતો ગાવા નહી.

(ચ) જેનાથી સુરૂચીનો અને શાંતિનો ભંગ થાય તેવુ ભાષણ કરવુ નહી, તેવા હાવભાવ કરવા નહી, તેવી ચેષ્ટા કરવી નહી તથા ચિત્રો, પ્લે કાર્ડ અથવા બીજા કોઈ પદાર્થ અથવા વસ્તુઓ કરવી નહી.

**આ હુકમ નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહી.**

૧. સરકારશ્રીની નોકરીમાં કામ કરતી કોઈ વ્યક્તિ કે જેના ઉપર અધિકારીઓને ફરમાવ્યા હોય અથવા આવા કોઈ હથિયાર લઈ જવાની તેમની ફરજ હોય.

૨. જિલ્લા પોલીસ અધિકારીશ્રીએ જે તે શારીરિક અશક્તિને કારણે લાઠી લઈ જવાની અથવા શુભ હેતુથી ધંધો કરવાની પરવાનગી આપી હોય તે વ્યક્તિ.

૩. ખેડુતો પોતાની ખેતીકામ માટે ખેતીના ઓજારો લઈ જવામાં હાડમારી ન થાય તેમને રોજીંદા કામ કરી શકે તે આશયથી ખેડુતો પોતાના ઓજારો ખેતીકામ માટે લઈ જતા હોય.

આ જાહેરનામાના કોઈ ખંડનો ભંગ કરનાર અથવા પાલન ન કરવામાં મદદ કરનાર વ્યક્તિને ગુજરાત પોલીસ અધિનિયમ કલમ ૧૯૫૧ની કલમ ૧૩૫ (૧) મુજબ એક વર્ષની મુદત સુધીની કેદની શિક્ષા તેમજ દંડને પાત્ર થશે. આ ઉપરાંત ભારતીય દંડ સંહિતાની કલમ ૧૮૮ મુજબ તે વ્યક્તિનો ગુનો સાબીત થયેથી એક માસની સાદી કેદ અગર રૂા. ૨૦૦/- નો દંડ અગર બંને શિક્ષા થઈ શકશે અને આ હુકમની અવગણના માનવજીવનને અથવા સ્વાસ્થ્યને અથવા સલામતીને નુકશાન કરે, ભય ઉત્પન્ન થાય અથવા કોઈ હુલ્લડ, બખેડો થાય તો તેવી વ્યક્તિને ૬ (છ) માસ સુધીની પરિશ્રમ અથવા સાદી કેદ અથવા રૂા. ૧૦૦૦/- સુધીનો દંડ સહિત બંને શિક્ષાને પાત્ર ઠરશે.

આજ તા. ૦૪ માહે-સપ્ટેમ્બર, સને ૨૦૧૭ ના રોજ મારી સહી તથા કચેરીના સીક્કા કરીને જાહેર જનતાની જાણ તથા અમલ થવા માટે પ્રસિધ્ધ કર્યુ.

ગીર-સોમનાથ, ૦૪ માહે સપ્ટેમ્બર, સને ૨૦૧૭.

---

**ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ કાઢેલ**

## હુકમ

નં. એમએજી/સી/૩૫૬૪/૨૦૧૭.-પોલીસ અધિક્ષકશ્રી, ગીર-સોમનાથના પત્ર ક્રમાંક :સી/એલઆઈબી/ટે-૩/સ.પ્ર.બં.જા.ના/ ૭૧૪/૨૦૧૭, તા. ૨૮-૦૮-૨૦૧૭ થી રજુ થયેલ દરખાસ્તની વિગતે ગીર સોમનાથ જિલ્લામા આવેલ પવિત્ર યાત્રાધામ શ્રી સોમનાથ મંદીરની દક્ષિણ દિશા તરફ અરબી સમુદ્રમા આ મંદીરના દર્શનાર્થે આવતા યાત્રાળુઓ સમદ્રની ભૌગોલીક પરિસ્થિતિથી અજાણ હોય, સમુદ્રમા સ્નાન કરવા જતા ડુબી જવાના બનાવો બનવા પામેલ છે.

શ્રી સોમનાથ મંદિર પાસેનો સમુદ્ર કિનારો પ્રથમ દ્રષ્ટિએ છીછરો દેખાય છે પરંતુ થોડા અંદર જતા સમુદ્રમા બહુજ મોટા વજનદાર ખડકાળ પથ્થરો છે. જેથી સમુદ્રમા સ્નાન કરવા ગયેલ વ્યકિત સહેલાઈથી બહાર આવી શકતી નથી તથા આ અરબી સમુદ્ર વિસ્તારમા આવતા મોજાઓ વાંકાચુંકા તથા ઘાતક આવે છે.

હાલમા આ સ્થળે નવી ચોપાટી બનાવવાનુ કામ ચાલુ થયેલ છે તથા મોટા પથ્થરો સમુદ્રમા ઉતારી રસ્તો બનાવેલ છે. જેની સાથે પાણીનો પ્રવાહ સતત અથડાતો હોય, સેવાળવાળા પથ્થરના કારણે કોઈપણ વ્યક્તિ તેના ઉપરથી લપસી જવાના કારણે સમુદ્રમા ડુબી જાય તેવી શક્યતાઓ રહે છે.

અમુક કિસ્સામાં અમુક વ્યક્તિઓ પોતે આ પવિત્ર યાત્રાધામના દર્શન કરી પોતાના આત્માને મોક્ષ મળશે તેવો વિચાર ધરાવી સમુદ્રમા પડી આત્મહત્યા કરે છે. છેલ્લા ૧૦ વર્ષમા પ્રભાસ પાટણ પોલીસ સ્ટેશન તથા સોમનાથ મરીન પોલીસ સ્ટેશન ખાતે આવા ઘણા બનાવો નોંધાયેલ છે, તેમ જણાવી શ્રી સોમનાથ

મંદીરની દક્ષિણ દિશા તરફ અરબી સમુદ્રમાં, સોમનાથ મંદિરની પુર્વે-પશ્ચિમ બન્ને સાઈડમા આશરે ચાર કિ.મી.ના વિસ્તારમા સમુદ્ર કાંઠે કોઈપણ વ્યક્તિઓને સમુદ્રમા સ્નાન કરવા જવા માટે કે સમુદ્રના ઉંડા પાણીમા પ્રવેશ કરવા ઉપર પ્રતિબંધ ફરમાવતુ સી.આર.પી.સી. એકટની કલમ-૧૪૪ તળે જાહેરનામુ બહાર પાડવા પોલીસ અધિક્ષકશ્રી, ગીર સોમનાથ તરફથી દરખાસ્ત રજુ થયેલ છે.

પોલીસ અધિક્ષકશ્રી, ગીર સોમનાથ તરફથી રજુ થયેલ દરખાસ્તની વિગતે શ્રી સોમનાથ મંદિર ખાતે આવેલ દરીયા કિનારે મોજામા તણાઈ જવાથી, સ્નાન કરવા જતા ડૂબી જવાથી કે અન્ય રીતે માનવ મૃત્યુના બનાવો બનવા પામેલ છે. આવા બનાવો બનતા અટકાવવાના ભાગરૂપે રજુ થયેલ દરખાસ્ત વ્યાજબી જણાય છે.

આથી હુ, એચ. આર. મોદી, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ગીર-સોમનાથ જિલ્લો, વેરાવળ, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ સત્તાની રૂઈએ આથી હુકમ કરૂ છું કે, ગીર સોમનાથ વેરાવળ જિલ્લાના પ્રભાસપાટણ મુકામે આવેલ શ્રી સોમનાથ મંદીરની દક્ષિણ દિશા તરફ અરબી સમુદ્રમા, સોમનાથ મંદીરની પુર્વ-પશ્ચિમ બન્ને સાઈડના આશરે ૪ (ચાર) કિ.મી.ના વિસ્તારમા સમુદ્ર કાંઠે કોઈપણ વ્યક્તિએ સમુદ્રમાં સ્નાન કરવા જવુ નહી કે સમુદ્રના ઉંડા પાણીમા પ્રવેશ કરવો નહી.

ફરજની રૂઈએ આ વિસ્તારમાં કોઈ સરકારી ખાતાના કર્મચારી/અધિકારીઓએ કોઈ કાર્યવાહી કરવાની થતી હોય તો તેઓને આ હુકમની જોગવાઈ લાગુ પડશે નહી.

આ હુકમ તા. ૧૭-૦૯-૨૦૧૭ થી તા. ૧૬-૧૧-૨૦૧૭ સુધી અમલમા રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહીતાની કલમ–૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમની જાહેર જનતાને જાણ સંબંધીત કચેરીઓએ તેમના નોટીસ બોર્ડ પર, સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યા ઉપર નકલ ચોટાડીને તથા માહિતી ખાતાએ વર્તમાન પત્રોમાં પ્રસિધ્ધી કરી કરવાની રહેશે.

આજ તારીખઃ ૦૬ માહે સપ્ટેમ્બર, સને-૨૦૧૭ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે જાહેર જનતાની જાણ તથા અમલવારી માટે આ હુકમ પ્રસિધ્ધ કરવામા આવ્યો.

ગીર સોમનાથ, ૦૬ માહે સપ્ટેમ્બર, સને ૨૦૧૭.

---

**ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ કાઢેલ હુકમ**

## જાહેરનામુ

નં. એમએજી/સી/૩૫૬૫/૧૭.-પોલીસ અધિક્ષકશ્રી ગીર સોમનાથના પત્ર ક્રમાંક : એલઆઈબી/પે.પંપ./સીસીટીવી/જા.ના./૭૧૩/૧૭, તા. ૦૩-૦૯-૨૦૧૭ના પત્રથી જણાવ્યા મુજબ ગીર સોમનાથ જિલ્લો કોસ્ટલ એરીયા ધરાવતો જિલ્લો છે અને બાર જ્યોતિર્લીંગ પૈકીનું એક સુપ્રસિધ્ધ સોમનાથ મંદિર આવેલ છે. તેમજ સુપ્રસિધ્ધ ધાર્મિક સ્થળ ત્રિવેણી સંગમ/દેહોત્સર્ગ/ગીતા મંદિર /તુલશીશ્યામ જેવા મોટા ધાર્મિક સ્થળો આવેલા છે. તેમજ આ જિલ્લામા સુત્રાપાડા ખાતે જી.એચ.સી.એલ., કોડીનાર ખાતે અંબુજા સિમેન્ટ ફેકટરી અને વેરાવળ ખાતે ઈન્ડીયન રેયોન ફેકટરી જેવા ઔદ્યોગિક એકમો આવેલ છે. જે ઔદ્યોગિક એકમોમાં પરપ્રાંતના મજુરો/કર્મચારીઓ કામ કરે છે. આ ઉપરાંત ગીર સોમનાથ જિલ્લાની સહહદે જુનાગઢ, પોરબંદર, અમરેલી જિલ્લાઓ તેમજ કેન્દ્રશાષીત પ્રદેશ દિવ આવેલ છે અને કોસ્ટલ/નેશનલ હાઈવે તથા સ્ટેટ હાઈવે સાથે ગીર સોમનાથ જિલ્લો જોડાયેલ છે.

ગુપ્તચર સંસ્થાઓના વખતો વખતના અહેવાલો તથા અમદાવાદમાં ભુતકાળમા બનેલ આંતકવાદી તત્વો દ્વારા અલગ-અલગ જગ્યાઓએ શ્રેણીબધ્ધ બોમ્બ ધડાકા કરી મોટી જાનહાની તેમજ મિલ્કતની હાની કરવામા આવેલ છે. તેમજ રાજયમા લુંટ, ધાડ તથા વાહન ચોરી જેવા મિલ્કત વિરૂધ્ધના ગુન્હાઓ બનતા હોય છે. આવી રાષ્ટ્ર વિરોધી પ્રવૃતિ કરતી ગેંગ રાજયના હાઈ-વે/શહેરમા લુંટ, ધાડ, વિગેરે જેવા ગંભીર ગુન્હાઓ આચરતા હોય છે.

આવા પ્રકારના ગુન્હાઓ કરતા ગુન્હેગારોને પકડવા સરળતા રહે અને તપાસ દરમ્યાન ગુન્હેગારને શોધી કાઢવા માટે તથા આવા બનાવોમા આરોપીઓની ઓળખ થઈ શકે તે માટે તેમજ લોકોને સુરક્ષા પુરી પાડવાના હેતુથી ગીર સોમનાથ જિલ્લામા આવેલ હાઈવે/શહેરના તમામ પેટ્રોલપંપ ઉપર સી.સી ટી.વી. કેમેરા (નાઈટ વિઝન તથા હાઈ ડેફીનેશન) વીથ રેકોર્ડીંગ સિસ્ટમ રાખવા અંગે ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ જાહેરનામું પ્રસિધ્ધ કરવા દરખાસ્ત થઈ આવેલ છે.

ગીર સોમનાથ જિલ્લાના નાગરીકોની જાનમાલની સલામતી જળવાઈ રહે, આ પ્રકારના ગુન્હા કરતા લોકોની ઓળખ મળી રહે, તેમજ ગુન્હાના મુળ સુધી પહોંચી સાચા આરોપીને પકડી શકાય તેમજ આવા ગુન્હાઓ બનતા નિવારી શકાય તે માટે પોલીસ અધિક્ષકશ્રી, ગીર સોમનાથ તરફથી કરાયેલ દરખાસ્ત વ્યાજબી જણાય છે.

આથી હું, એચ. આર. મોદી, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ગીર સોમનાથ જિલ્લો, વેરાવળ ફોજદારી અધિનિયમ-૧૯૭૩ ની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ સત્તાની રૂઈએ આથી હુકમ કરૂં છું કે, ગીર સોમનાથ જિલ્લાના હાઈવે ઉપર/શહેરોમાં આવેલ તમામ પેટ્રોલપંપ ખાતે આવનાર તમામ માણસોને સરળતાથી ઓળખી શકાય તે રીતે ઉકત સ્થળોએ સી.સી.ટી.વી. કેમેરા ગોઠવી ઉકત વિગતોનું રેકોર્ડીંગ કરવુ. તેમજ આ ડેટા બેકઅપ ૩૦-દિવસ સુધી જાળવી રાખવો, તેમજ સલામતી વિષયક બાબતો સંભાળતી પોલીસ સહીતની કોઈ એજન્સી આવા ડેટાની માંગણી કરે ત્યારે બનતી ત્વરાએ ઉપલબ્ધ કરવો.

આ હુકમ તા. ૧૭-૦૯-૨૦૧૭ થી તા. ૧૬-૧૧-૨૦૧૭ સુધી અમલમા રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય દંડ સંહીતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમની જાહેર જનતાને જાણ સંબંધિત કચેરીઓએ તેમના નોટીસ બોર્ડ પર, સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યા ઉપર નકલ ચોટાડીને તથા માહિતી ખાતાએ વર્તમાન પત્રોમાં પ્રસિધ્ધી કરી કરવાની રહેશે.

આજ તારીખ : ૦૬ માહે સપ્ટેમ્બર, સને-૨૦૧૭ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે જાહેર જનતાની જાણ તથા અમલવારી માટે આ હુકમ પ્રસિધ્ધ કરવામાં આવ્યો.

ગીર સોમનાથ, ૦૬ માહે સપ્ટેમ્બર, સને ૨૦૧૭ .

---

## ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ કાઢેલ

વંચાણે લીધા :

(૧) ઉપસચિવશ્રી, ગૃહ વિભાગ, ગુજરાત સરકાર, ગાંધીનગરના પત્ર ક્રમાંક : વિ.૧/કવઅ/૧૦૨૦૧૪/૧૨૩૭૮, તા. ૨૧-૦૬-૨૦૧૪.

(૨) પોલીસ અધિક્ષકશ્રી, ગીર સોમનાથના પત્ર નં. સી/ એલઆઈબી/બોર.જા/૭૧૬/૨૦૧૭, તા. ૦૩-૦૯-૨૦૧૭.

### હુકમ

નં. એમએજી/સી/૩૫૬૨/૨૦૧૭.-રાજ્યમાં ભુગર્ભ જળ મેળવવા માટે ખેડુતો દ્વારા પાણીના બોર બનાવવામા આવે છે અને આવા બોર નકામા બનતા તે બોર પ્રત્યે બોરના માલીક દ્વારા નિષ્કાળજી સેવવામા આવે છે અને બોર ખુલ્લા મુકી દેવાના કારણે નાના બાળકો તેમા પડી જતા મૃત્યુ પામવાના કે ગંભીર પ્રકારની ઈજાઓ થવાના બનાવો અવાર-નવાર રાજ્યમા બની રહેલ છે. આવા ગંભીર પ્રકારના બનાવો નિવારવા તેમજ તકેદારીના પગલા લઈ શકાય તે માટે ઉપ સચિવશ્રી, ગૃહ વિભાગના વંચાણે લીધા ક્રમ નં.-૧ ના પત્રથી જાહેરનામુ પ્રસિધ્ધ કરવા સુચના થઈ આવેલ છે. તેમજ પોલીસ અધિક્ષકશ્રી, ગીર સોમનાથ વંચાણે લીધા ક્રમ નં.-૨ના પત્રથી ઉપરોકત બાબતેના જાહેરનામાનો સમયગાળો વધારવા દરખાસ્ત થઈ આવેલ છે.

આવા ગંભીર અને માનવ જીંદગી જોખમમા મુકતા બનાવો બનતા અટકાવવા જાહેર હિતમા ઈચ્છનીય છે. જેથી વર્તમાન પરિસ્થિતિને લક્ષમા લઈ જાહેર સુલેહ અને શાંતિ જાળવવા તથા માનવ જિંદગી જોખમાતી બચાવવા પગલા લેવા આવશ્યક છે.

આથી હું, એચ. આર. મોદી, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ગીર સોમનાથ જિલ્લો, વેરાવળ ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ ની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ સત્તાની રૂઈએ આથી હુકમ કરૂ છું કે, ગીર સોમનાથ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં નીચે જણાવેલ મુદ્દાઓ પરત્વે તકેદારીના પગલા લેવા ફરમાન કરૂ છુ.

(૧) જે તે વિસ્તારમા બોરવેલ બનાવતા પહેલા સબંધિત વિભાગની મંજુરી મેળવવી અને તે અંગેની ખાતરી જમીન માલીક, બોરવેલ માલીક તથા બોર બનાવનાર એજન્સીએ સબંધિત પોલીસ અધિકારીને કરાવવાની રહેશે.

(૨) બોરવેલ બનાવ્યા બાદ કોઈ જાનહાનિ થાય નહી અથવા બોરવેલમા કોઈ બાળક, અન્ય વ્યકિત કે જાનવર પડી ન જાય તેમજ કોઈપણ પ્રકારનો અકસ્માત ન સર્જાય તે અંગેના તમામ તકેદારીના પગલા જેવા કે, બોરને ફરતી મજબુત ફેન્સીંગ વાડ, મજબુત ભરતી દિવાલ કરવાની/કરાવવાની રહેશે.

(૩) આમ છતા અનઅધિકૃત રીતે કે ચોકકસ સુચનાઓનુ પાલન કરવામા ન આવે તો બોર બનાવનાર, બોર માલીક, જમીન માલીક સામે સુરક્ષા વ્યવસ્થાનુ યોગ્ય પાલન ન કરવા તેમજ બેદરકારી દાખવવા બાબતે કાયદાકીય સબંધીત જોગવાઈઓ મુજબ કાયદેસરના પગલા સબંધીત પોલીસ સ્ટેશનના અધિકારીઓએ લેવાના રહેશે.

(૪) જુના તથા બંધ પડેલ અથવા અવાવરૂ જગ્યા હોય તેવા બોરવેલના માલીકો/જમીન માલીકોએ પણ ઉપરોકત બાબતે કાળજી રાખવાની રહેશે.

આ હુકમની જાહેર જનતાને જાણ સંબંધીત કચેરીઓએ તેમના નોટીસ બોર્ડ પર, સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યા ઉપર નકલ ચોટાડીને તથા માહિતી ખાતાએ વર્તમાન પત્રોમા પ્રસિધ્ધી કરી કરવાની રહેશે. ગુજરાત પોલીસ એકટની કલમ-૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આ હુકમ તા. ૧૭-૦૯-૨૦૧૭ થી તા. ૧૬-૧૧-૨૦૧૭ સુધી અમલમા રહેશે.

આજ તારીખ : ૦૬ માહે સપ્ટેમ્બર-૨૦૧૭ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે જાહેર જનતાની જાણ તથા અમલવારી માટે આ હુકમ પ્રસિધ્ધ કરવામાં આવ્યો.

ગીર સોમનાથ, ૦૬ માહે સપ્ટેમ્બર, સને ૨૦૧૭.

---

## ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ કાઢેલ

### હુકમ

નં. એમએજી/સી/૩૫૬૩/૨૦૧૭.-પોલીસ અધિક્ષકશ્રી ગીર સોમનાથ જિલ્લાના પત્ર ક્રમાંક : એસઓજી/એટીએમ ચોકીયાત/જાહેરનામુ/૭૧૫/૨૦૧૭, તા. ૦૩-૦૯-૨૦૧૭ના

પત્રથી જણાવેલ વિગતે ભુતકાળમા ગુજરાત રાજ્યમા વડોદરા, અમદાવાદ, કચ્છ જિલ્લાઓમાં રાષ્ટ્ર વિરોધી તત્વો, લુટારાઓ, ધાડપાડુઓની ગેંગો ધ્વારા એટીએમ મશીનોની ચોરી કરી જવાના બનાવો બનેલ છે. તેમજ વેરાવળ શહેરમા પણ ભુતકાળમા એસ.બી.આઈ. બેન્કના એ.ટી.એમ. માંથી ગ્રાહકની નજર ચુકવી, એ.ટી.એમ. કાર્ડ લઈ જઈ અન્ય જગ્યાએથી રોકડ ઉપાડી લીધેલ હોવાનો ગુન્હો બનેલ છે. તેમજ વેરાવળ શહેરમા આઈ.ડી.બી.આઈ. બેન્કમાંથી નજર ચુકવી ગ્રાહકના નાણા લઈ ગયેલાનો બનાવ બનેલ છે. આવી ગેરકાયદેસરની પ્રવૃતિના કારણે નાગરીકોના જીવ જોખમાય છે, મિલ્કતોને હાની પહોંચે છે. નાગરીકોમાં અસુરક્ષાની ભાવના ઉભી થાય છે અને તંત્ર પ્રત્યે ધીમે ધીમે નાગરીકો વિશ્વાસ ગુમાવે છે. આ પ્રકારના ગુન્હાઓ આચરતા ગુન્હેગારને પકડવાનુ ઘણુજ મુશ્કેલ બને પરંતુ આ પ્રકારના ગુન્હા આચરતા ગુન્હેગારોની તપાસ દરમ્યાન જે જગ્યાએ બેન્ક/એ.ટી.એમ. ઉપર ચોકીયાતો ન હોય તેમજ સી.સી.ટી.વી. કેમેરા લગાડેલા ન હોય તેવા એ.ટી.એમ. મશીનો ચોરી કરી લઈ ગયેલાના બનાવો બનવા પામેલ છે. જેથી એ.ટી.એમ.મા મશીનમા રહેલ નાણાની સલામતી માટે તથા નાગરીકોમા સુરક્ષાની ભાવના ઉભી થાય તે માટે એ.ટી.એમ. મશીન ઉપર ચોકીયાત રાખવા અત્યંત જરૂરી છે.

લોકોને સુરક્ષા પુરી પાડવાના હેતુથી ગીર સોમનાથ જિલ્લામા આવેલ તમામ એ.ટી.એમ. મશીનો ઉપર ૨૪-કલાક રાઉન્ડ ધ કલોક ૩-શીફટમાં ચોકીયાતો મુકવા તથા એ.ટી.એમ. મશીનો/ બેંકોમાં સી.સી.ટી.વી. (નાઈટ વીઝન વીથ હાઈડેફીનેશન) વીથ રેકોર્ડીંગ સીસ્ટમ કેમેરા રાખવા સંબંધેનુ જાહેરનામુ સી.આર.પી.સી. ૧૯૭૩ની કલમ-૧૪૪ તળે દિન-૬૦ માટે પ્રસિધ્ધ કરવા પોલીસ અધિક્ષકશ્રી, ગીર સોમનાથ જિલ્લો, વેરાવળ તરફથી દરખાસ્ત થઈ આવેલ છે.

ગીર સોમનાથ જિલ્લાના એ.ટી.એમ. મશીન/બેંકોમા રહેલ નાણાની સલામતી જળવાઈ રહે, એ.ટી.એમ. મશીનમાં ચોરી કરતા ગુન્હેગારોની ઓળખ મળી રહે, લોકોમા સલામતી જળવાઈ રહે, આવા ગુન્હાનુ પ્રમાણ ઘટે, જેથી પોલીસ અધિક્ષકશ્રી, ગીર સોમનાથ જિલ્લો, વેરાવળ તરફથી કરાયેલ દરખાસ્ત વ્યાજબી જણાય છે.

આથી હું, એચ. આર. મોદી, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ગીર સોમનાથ જિલ્લો, વેરાવળ ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨)ની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ સત્તાની રૂઈએ આથી હુકમ કરૂ છું કે,

(૧) ગીર સોમનાથ જિલ્લામા આવેલ તમામ બેંકોએ તેમના એ.ટી.એમ. ચેમ્બરની અંદરના ભાગે તથા એ.ટી.એમ.ના બહારના ભાગે અને બેંકમા પુરતી સંખ્યામાં સી.સી.ટી.વી. કેમેરા (નાઈટ વીઝન વીથ રેકોર્ડીંગ સીસ્ટમ) સાથેના ગોઠવી આ રેકોર્ડીંગનો ડેટા ૩૦-દિવસ સુધી રાખવો.

(૨) ગીર સોમનાથ જિલ્લામા આવેલ તમામ બેંકોના એ.ટી.એમ. ની બહારના ભાગે અને બેંકોમા ગાડીના નંબર દેખાય તે રીતે તેમજ ગાડીમા ડ્રાયવર તેમજ તેની બાજુમાં બેઠેલ વ્યક્તિનુ રેકોર્ડીંગ થઈ શકે તે રીતે વાહન અને વ્યક્તિની ઓળખ થઈ શકે તે મુજબ પુરતી સંખ્યામાં કેમેરા ગોઠવવા.

(૩) ગીર સોમનાથ જિલ્લામાં આવેલ તમામ બેંકોના એ.ટી.એમ. મશીનો ઉપર ૨૪-કલાક ૩ શીફટમાં ચોકીદારો રાખવા.

(૪) સી.સી.ટી.વી. કેમેરા (નાઈટ વિઝન તથા હાઈ-ડેફીનેશનના) વીથ રેકોર્ડીંગ સીસ્ટમ પુરતી સંખ્યામા રાખવા અને વ્યકિત કે વાહન આઈડેન્ટીફાઈ થઈ શકે અને રાત્રી દરમ્યાન રેકોર્ડીંગ કરી શકે તેવા સારી કવોલીટીના અને ૩૦ દિવસ સુધી રેકોર્ડીંગ રહે તે રીતે ગોઠવવાના રહેશે.

આ હુકમ તા. ૧૭-૦૯-૨૦૧૭ થી તા. ૧૬-૧૧-૨૦૧૭ સુધી અમલમા રહેશે.

આ હુકમનો ભંગ કરનાર ભારતીય દંડ સંહીતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમની જાહેર જનતાને જાણ સંબંધીત કચેરીઓએ તેમના નોટીસ બોર્ડ પર, સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યા ઉપર નકલ ચોંટાડીને તથા માહિતી ખાતાએ વર્તમાન પત્રોમાં પ્રસિધ્ધી કરી કરવાની રહેશે.

આજ તારીખ : ૦૬ માહે સપ્ટેમ્બર, સને ૨૦૧૭ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે જાહેર જનતાની જાણ તથા અમલવારી માટે આ હુકમ પ્રસિધ્ધ કરવામાં આવ્યો.

ગીર સોમનાથ, ૦૬ માહે સપ્ટેમ્બર, સને ૨૦૧૭.

**એચ. આર. મોદી,**
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
ગીર સોમનાથ જિલ્લો,
વેરાવળ.

---

**વિષય :** લોકોની જાનની સલામતી માટે પીજીવીસીએલના ઈલેકટ્રીક પોલ/નેટવર્ક પરથી કેબલ ટી.વી. નેટવર્કના કેબલ દૂર કરવા બાબત.

## જાહેરનામુ

નં. ડીએમ-૧/PGVCL/જા.ના/ઈ.નં.૩૪૩૯૦/૨૦૧૭.- ભાવનગર શહેર તથા જિલ્લામાં પી.જી.વી.સી.એલ.ના ઈલેકટ્રીક પોલ તેમજ નેટવર્ક પર કેબલ ટી.વી. ઓપરેટરો દ્વારા કોઈપણ પ્રકારની મંજુરી વગર કેબલ પ્રસ્થાપિત કરી ઉપયોગ કરવામાં આવે છે. જેના કારણે વિજ અકસ્માતના બનાવો બનવા પામતા હોય છે.

સબબ, ભાવનગર શહેર તથા જિલ્લામાં પી.જી.વી.સી.એલ.ના ઈલેકટ્રીક પોલ તેમજ નેટવર્ક પર કેબલ ટી.વી. ઓપરેટરો દ્વારા કોઈપણ પ્રકારની મંજુરી વગર પ્રસ્થાપિત કરવામાં આવતા કેબલ દુર કરવા અત્યંત જરૂરી જણાય છે.

આથી ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪નો બીજો અધિનિયમ) ના કાયદાની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ સત્તાની રૂઈએ હું, **આર. પી. ચૌધરી (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ભાવનગર જિલ્લો,** ભાવનગર હુકમ કરુ છું કે, ભાવનગર શહેર તથા જિલ્લામાં પી.જી.વી.સી.એલ.ના ઈલેકટ્રીક પોલ તેમજ નેટવર્ક પર કેબલ ટી.વી. ઓપરેટરો દ્વારા કોઈપણ પ્રકારના કેબલ પ્રસ્થાપિત કરવા નહીં.

આ જાહેરનામું તા. ૦૧-૦૯-૨૦૧૭ થી તા. ૩૦-૧૦-૨૦૧૭ સુધી (બંને દિવસો સુધ્ધા) દિન-૬૦ માટે અમલમાં રહેશે.

આ જાહેરનામાનો ભંગ કરનાર વ્યકિત ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

''જાહેરનામાના અમલ તથા તેના ભંગ બદલ પગલા લેવા પી.જી.વી.સી.એલ.નાં સક્ષમ અધિકારીશ્રી, હેડકોન્સ્ટેબલથી નીચેના ન હોય તેવા પોલીસ અધિકારીશ્રી તથા મામલતદારશ્રી, મનોરંજન કર, ભાવનગરને અધિકૃત કરવામાં આવે છે.''

આ જાહેરનામું જાહેર વિસ્તારોમાં સહેલાઈથી દેખી શકાય તેવી રીતે તેની નકલ ચોંટાડીને તેમજ સ્થાનિક વર્તમાનપત્રોમાં બહોળી પ્રસિધ્ધી આપીને પ્રસિધ્ધ કરવાનું આથી હું ફરમાવું છું.

આજ તા. ૩૧-૦૮-૨૦૧૭ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી જાહેરનામું બહાર પાડેલ છે.

ભાવનગર, ૩૧ માહે ઓગષ્ટ, સને ૨૦૧૭.

**આર. પી. ચૌધરી,**
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
ભાવનગર.

---

## મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૭(૧) અન્વયે કાઢેલો હુકમ

## જાહેરનામુ

નં. ડી.એમ./વશી/૫૨૫૮ થી ૫૨૭૮/૨૦૧૭.-બોટાદ જિલ્લામાં ચાલુ માસ સપ્ટેમ્બર-૨૦૧૭ તથા ઓકટોબર-૨૦૧૭ ના આગામી માસ દરમ્યાન તા. ૨૧-૦૯-૨૦૧૭ ના રોજ નવરાત્રી પ્રારંભ, તથા તા. ૩૦-૦૯-૨૦૧૭ ના રોજ દશેરા વિજ્યા દશમી, તથા તા. ૨-૧૦-૨૦૧૭ ના રોજ ગાંધી જયંતિ, તથા તા. ૦૫-૧૦-૨૦૧૭ ના રોજ શરદ પુર્ણિમા તથા સુલેહ શાંતી જળવાઈ રહે તેમજ ચાલુ માસમાં આવતા ધાર્મિક-સમાજીક તહેવારો/ઉત્સવો તેમજ રાજ્યની વર્તમાન પરીસ્થિતીને અનુલક્ષીને અગમચેતીના પગલા લેવા અનિવાર્ય જણાતા, આ માસ દરમ્યાન નીચેની વિગતે પ્રતિબંધ ફરમાવતુ જાહેરનામુ પ્રસિધ્ધ કરવાની જરૂરીયાત જણાય છે. કોઈ વ્યકિત કે વ્યકિતનાં સમુહ દ્વારા જાહેરમાં તીક્ષ્ણ હથીયારો જેવા કે, છરી, કુહાડી, ધારીયા, તલવાર, ગુપ્તી, કુંડલીવાળી લાકડીઓ, લોખંડના પાઈપ, ભાલા તથા દંડા, બંદુક લાઠી અથવા શારીરિક હિંસામાં ઉપયોગી થઈ શકે તેવા પ્રાણઘાતક હથીયારો લઈને હરે ફરે નહી, તે માટે પ્રતિબંધ ફરમાવતું જાહેરનામું જાહેર શાંતી અને સલામતી જાળવવા સારૂ બહાર પાડવું જરૂરી જણાય છે.

સબબ મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ ના મુંબઈ ના ૨૨માં અધિનિયમની કલમ-૩૭(૧) અન્વયે મને મળેલ સત્તાની રૂએ હું, બી. વી. લીંબાસીયા, (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, બોટાદ જિલ્લો, બોટાદ, આથી જાહેર શાંતી અને સલામતી જાળવવા સારૂં ફરમાવું છું કે કોઈએ નીચેની અનુસુચિમાં દર્શાવેલ વિસ્તારમાં તા. ૦૯-૦૯-૨૦૧૭ થી તા. ૦૮-૧૦-૨૦૧૭ સુધી (બન્ને દિવસો સુધ્ધા) ૩૦ દિવસ

(ક) છરી, કુહાડી, ધારીયા, તલવાર, ગુપ્તી, કુંડેલીવાળી લાકડીઓ, લોખંડના પાઈપ, ભાલા અથવા શારીરિક ઈજા પહોંચાડી શકાય તેવું બીજુ કોઈપણ સાધન સાથે લઈ જવા નહીં.

(ખ) કોઈપણ જાહેર જગ્યામાં સ્ફોટક પદાર્થો કે લોકોને શારીરીક નુકશાન કરે તેવા પદાર્થો સાથે લઈ જવા નહીં.

(ગ) પથ્થરો અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓ સાથે લઈ જવી નહીં, એકઠા કરવા નહી, તૈયાર કરવા નહી.

(ઘ) સરઘસમાં સળગતાં કાકડા અથવા સળગતી મશાલો સાથે લઈ જવી નહીં.

(ચ) વ્યકિત કે વ્યકિતના જુથ દ્વારા કોઈ અન્ય વ્યકિત કે વ્યકિતના શબ અથવા આકૃતીઓ કે પુતળા જાહેરમાં દેખાડવા નહીં.

**આ હુકમનો ખંડ (ક)-(ખ)-(ગ)-(ઘ) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં.**

(૧) સરકારી નોકરી કે કામ કરતી કોઈ વ્યકિતને જો ત્યાંના ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથીયાર લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા આવું કોઈપણ હથીયાર લઈ જવાની તેની ફરજ હોય.

(૨) પોલીસ અધિક્ષક અથવા તેણે અધિકૃત કરેલ પોલીસ અધિકારી કે જેને શારીરિક અશકિતને કારણે લાકડી અથવા લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તે વ્યકિતને.

(૩) જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, અથવા અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રીએ આ અર્થે ખાસ અધિકૃત કરે તેવી બીજી કોઈ વ્યકિતને.

(૪) કાયદેસરના હથીયાર પરવાના ધરાવનાર વ્યકિતને.

અનુસુચિ :

બોટાદ જિલ્લાનો સમગ્ર વિસ્તાર.

આ જાહેરનામાનો કોઈ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને ઓછામાં ઓછી ચાર મહિનાની અને વધુમાં વધુ એક વર્ષની કેદની સજા અને મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૧૩૫(૧) મુજબ દંડની પણ સજા થશે.

''જાહેરનામાનો અમલ અને તેના ભંગ બદલના પગલા લેવા મોટ ફરજ પરના કોઈપણ હેડકોન્સ્ટેબલને તથા તેનાથી ઉપરી અધિકારીને અધિકાર રહેશે.''

આ હુકમ ઉપર નિર્દિષ્ટ કરેલાં વિસ્તારમાં સહેલાઈથી દેખી શકાય તેવી રીતે તેની નકલ ચોંટાડીને તેમજ સ્થાનિક વર્તમાનપત્રોમાં બહોળી પ્રસિધ્ધી આપીને પ્રસિધ્ધ કરવાનું આથી હું ફરમાવું છું.

આજ તારીખ : ૦૬-૦૯-૨૦૧૭ ના રોજ મારી સહી તથા કચેરીનો સિકકો કરીને હુકમ પ્રસિધ્ધ કર્યો.

બોટાદ, ૦૬ માહે સપ્ટેમ્બર, સને ૨૦૧૭.

બી. વી. લીંબાસીયા,

અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
બોટાદ.

---

વંચાણે : (૧) પોલીસ અધિક્ષકશ્રી, સુરેન્દ્રનગરના તા. ૦૭-૦૯-૨૦૧૭ ના પત્ર ક્રમાંક : એલઆઈબી/જા.પ્ર/ ૮૮૫/ ૧૭.

## જાહેરનામું

ક્રમાંક : મજસ/૩/જા.નામું/૨૦૧૭/વશી/૯૪૫૮ થી ૯૫૦૦.- વંચાણ ક્રમાંક-૧ વાળા પત્રથી વન વે માંથી ટુવે કરવા અંગેનું જાહેરનામુ બહાર પાડવા અંગેની દરખાસ્ત અત્રેને મળેલ છે.

સુરેન્દ્રનગરમાં માઈ મંદીરથી જવાહર ચોક રોડનું સમારકામ ચાલુ હોય જેથી આ રોડ પર વાહનોની અવરજવર બંધ કરાવવી જરૂરી હોય જેથી આ રોડના બદલે વાહનો હેન્ડલુમથી ટાવર ચોકના રોડ પર પસાર કરવા જરૂરી હોઈ અને ટાવર રોડ વન વે હોય જેથી તાત્કાલીક ધોરણે હેન્ડલુમથી ટાવર ચોક સુધીનો રોડ વન વે માંથી ટુ વે કરવા જરૂરી જણાતા તથા હેન્ડલુમથી ટાવર ચોકના રોડ પર પસાર થતા વાહનો એકી-બેકી તારીખો મુજબ પાર્કીંગ થાય તે પણ જરૂરી છે.

વાસ્તે હું ડી. બી. ટાંક, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સુરેન્દ્રનગર જિલ્લો, મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩(૧)(ખ) મુજબ જેલ ચોકથી માઈ મંદિર રોડ પર તા. ૧૭-૦૯-૨૦૧૭ સુધી વાહનો માટે પ્રતિબંધ કરવામાં આવે છે તથા હેન્ડલુમથી ટાવર ચોકના રોડ પરનું પાર્કીંગ એકી-બેકી તારીખો મુજબ કરવા તથા ટુ વે વાહનવ્યવહાર કરવા ફરમાવું છું.

આ જાહેરનામુ તા. ૧૭-૦૯-૨૦૧૭ ના રાત્રીના ૧૨-૦૦ કલાક સુધી અમલમાં રહેશે.

જો કોઈ ઈસમ આ જાહેરનામાનો ભંગ કરશે તો મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૧૩૧ મુજબ શિક્ષા પાત્ર થશે.

આ જાહેરનામુ સમગ્ર સુરેન્દ્રનગર જિલ્લાના તમામ વિસ્તારોમાં સહેલાઈથી દેખી શકાય, વાંચી શકાય તેવી જગ્યાએ તેની નકલો ચોંટાડી અને તે વિસ્તારોમાં પોલીસ લાઉડસ્પીકર વાહનો દ્વારા સ્થાનિક વર્તમાનપત્રો મારફતે તેમજ ગુજરાત અસાધારણ ગેઝેટમાં પ્રસિધ્ધ કરવાનું ફરમાવું છું.

આજરોજ મારી સહી તથા કચેરીની મુદ્રા સાથે આ જાહેરનામુ બહાર પાડવામાં આવેલ છે.

સુરેન્દ્રનગર, ૧૧ માહે સપ્ટેમ્બર, સને ૨૦૧૭.

ડી. બી. ટાંક,

અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
સુરેન્દ્રનગર જિલ્લો.

---

**સંદર્ભ :** ઉપસચિવશ્રી (કા.વ્ય.), ગૃહ વિભાગ, ગાંધીનગરના તા. ૦૫-૦૯-૨૦૧૭ નો મેઈલ

## જાહેરનામું

ક્રમાંક : મજસ/વશી/જા.નામુ./૨૦૧૭/૯૧૬૩ થી ૯૨૬૭.- વિવિધ માધ્યમથી અમારા ધ્યાને આવેલ છે કે, બ્લુ વ્હેલ ગેમ/બ્લુ વ્હેલ ચેલેન્જ વિગેરે નામોથી સોશ્યલ મિડીયા પ્લેટફોર્મ તથા ઈન્ટરનેટના વિવિધ કોમ્યુનિકેશન પ્લેટફોર્મના ઉપયોગ કરી કયુરેટર/એડમિનિસ્ટ્રેટર બનીને યુવાનોને આત્મહત્યા માટે દુષ્પ્રેરિત કરવામા આવી રહયા છે. ઉપરોકત ગેમ/ચેલેંજના ભાગરૂપે કયુરેટર/એડમિનિસ્ટ્રેટર દ્વારા આપેલ ક્રમશઃ સૂચનાઓના અંતે આત્મહત્યા કરવા માટે પ્રેરિત કરવામાં આવે છે.

વાસ્તે હું ચંદ્રકાંત પંડયા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સુરેન્દ્રનગર જિલ્લો, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ સને-૧૯૭૩ (૧૯૭૪ના નંબર-૨) ની કલમ-૧૪૪ તથા ગુજરાત પોલીસ એકટની કલમ-૩૭(૩) અન્વયે મળેલ સત્તા હેઠળ સુરેન્દ્રનગર જિલ્લા વિસ્તારમાં જાહેર સલામતી અને સુરક્ષાને લક્ષમાં રાખી કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતી જળવાઈ રહે તે હેતુસર એવો કોઈપણ પ્લેટફોર્મ (બ્લુ વ્હેલ ગેમ/બ્લુ વ્હેલ ચેલેન્જ વિગેરે) મારફતે કયુરેટરના/એડમિનિસ્ટ્રેટરના રોલ પ્લે કરવા, આત્મહત્યા માટે ઈન્ટરનેટના માધ્યમથી દુષ્પ્રેરિત કરવા અથવા એવી ગેમ કોમ્યુનિકેશનમાં ભાગ લેવા કે તેમાં મદદરૂપ થવા પ્રતિબંધિત કરવામાં આવે છે. સાથોસાથ જે પણ વ્યક્તિને સુરેન્દ્રનગર જિલ્લા વિસ્તારમાં કોઈપણ અન્ય વ્યક્તિ એવી ગતિવિધિમાં ભાગ લે છે, તે ધ્યાને આવે તો નજદીકના પોલીસ સ્ટેશનમાં ઓછામાં ઓછા સમયમાં મૌખિક કે લેખિત જાણ કરવામાં ફરજ કરવામાં આવે છે.

: અપવાદ :

ગુનાના તપાસની કામગીરી અને શૈક્ષણિક સંશોધનના કામે કરવામાં આવતી કાર્યવાહી પર આ જાહેરનામું લાગુ પડશે નહિ.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર ભારતના ફોજદારી અધિનિયમ સને-૧૮૬૦ની કલમ-૧૮૮ તથા ગુજરાત પોલીસ એકટની કલમ-૧૩૫ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ જાહેરનામુ સમગ્ર સુરેન્દ્રનગર જિલ્લાના તમામ વિસ્તારોમાં સહેલાઈથી દેખી શકાય વાંચી શકાય તેવી જગ્યાએ તેની નકલ ચોંટાડી અને તે વિસ્તારોમાં પોલીસ લાઉડસ્પીકર વાહનો દ્વારા સ્થાનિક વર્તમાનપત્રો મારફતે તેમજ ગુજરાત અસાધરણ ગેઝેટમાં પ્રસિધ્ધ કરવાનું ફરમાવું છું.

આજરોજ મારી સહી તથા કચેરીની મુદ્રા સાથે આ જાહેરનામુ બહાર પાડવામાં આવેલ છે.

સુરેન્દ્રનગર, ૦૬ માહે સપ્ટેમ્બર, સને ૨૦૧૭.

ચંદ્રકાંત પંડયા,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
સુરેન્દ્રનગર જિલ્લો.

---

## પોલીસ કમિશ્નર દ્વારા

ગુજરાત પોલીસ એકટની કલમ-૩૭ (એફ) અન્વયે કાઢેલ

### હુકમ

નંબર : એસબી/જાહેરનામુ/૨૮૪૭/૨૦૧૭.-વિવિધ માધ્યમથી અમારા ધ્યાન ઉપર આવેલ છે કે, બ્લુ વ્હેલ ગેમ/બ્લુ વ્હેલ ચેલેન્જ વિગેરે નામોથી સોશયલ મિડીયા પ્લેટફોર્મ તથા ઈન્ટરનેટના વિવિધ કોમ્યુનિકેશન પ્લેટફોર્મના ઉપયોગ કરી કયુરેટર/એડમિનિસ્ટ્રેટર બનીને યુવાનોને આત્મહત્યા માટે દુષ્પ્રેરીત કરવામા આવી રહ્યા છે. ઉપરોકત ગેમ/ચેલેન્જના ભાગરૂપે કયુરેટર/એડમિનિસ્ટ્રેટર દ્વારા આપેલ ક્રમશઃ સૂચનાઓના અંતે આત્મહત્યા કરવા માટે પ્રેરિત કરવામાં આવે છે.

વાસ્તે હું, **અનુપમ સિંહ ગહલૌત, (I.P.S.), પોલીસ કમિશ્નર,** રાજકોટ શહેર, ઉપરોકત દર્શાવેલ કલમોમાં મળેલ સત્તા હેઠળ રાજકોટ શહેર હકુમત વિસ્તારમાં જાહેર સલામતી અને સુરક્ષાને લક્ષમાં રાખી કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતી જળવાઈ રહે તે હેતુસર એવા કોઈપણ પ્લેટફોર્મ (બ્લુ વ્હેલ ગેમ/બ્લુ વ્હેલ ચેલેન્જ વિગેરે) મારફતે કયુરેટરના/એડમિનિસ્ટ્રેટરના રોલ પ્લે કરવા, આત્મહત્યા માટે ઈન્ટરનેટના માધ્યમથી દુષ્પ્રેરિત કરવા અથવા એવી ગેમ/કોમ્યુનિકેશનમાં ભાગ લેવા કે તેમાં મદદરૂપ થવા પ્રતિબંધિત કરવામાં આવે છે. સાથોસાથ જે પણ વ્યક્તિને રાજકોટ શહેર વિસ્તારમાં કોઈપણ અન્ય વ્યક્તિ એવી ગતિવિધિમાં ભાગ લે છે, તે ધ્યાને આવે તો નજદીકના પોલીસ સ્ટેશનમાં ઓછામાં ઓછા સમયમાં મૌખિક કે લેખિત જાણ કરવાની ફરજ કરવામાં આવે છે.

: અપવાદ :

ગુનાના તપાસની કામગીરી અને શૈક્ષણિક સંશોધનના કામે કરવામા આવતી કાર્યવાહી પર આ જાહેરનામા લાગુ પડતુ નથી.

: અમલવારી સમય :

આ હુકમનો અમલ તા. ૦૮-૦૯-૨૦૧૭ ના ક. ૦૦-૦૦ થી તા. ૩૧-૧૦-૨૦૧૭ ના ક. ૨૪-૦૦ સુધી.

: વિસ્તાર :

રાજકોટ શહેર પોલીસ કમિશ્નરની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલંઘન કરનારા ગુજરાત પોલીસ એકટની કલમ ૧૩૫ મુજબ શિક્ષાને પાત્ર થશે.

હુ આથી આદેશ આપુ છું કે, આ હુકમની જાહેરાત ઉપર જણાવેલ વિસ્તારોમાં સહેલાઈથી દેખી શકાય તેવી જગ્યાઓએ તેની નકલ ચોંટાડી, લાઉડસ્પીકર વાહન દ્વારા તેમજ સ્થાનિક વર્તમાનપત્રો, આકાશવાણી અને દુરદર્શન કેન્દ્રો ઉપરથી પ્રસિધ્ધ કરાવવી.

આજ તા. ૧૧ માહે ૦૯-૨૦૧૭ ના રોજ મારી સહી અને સીકકો કરી આપેલ છે.

રાજકોટ, ૧૧ માહે સપ્ટેમ્બર, સને ૨૦૧૭.

અનુપમ સિંહ ગહલૌત,
પોલીસ કમિશ્નર,
રાજકોટ શહેર, રાજકોટ.

---

## જિલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ દ્વારા

### નોંધણીનું પ્રમાણપત્ર

જાવક/નંબર/નધણ/ચ/૧૪૦/૨૪૧૬/૨૦૧૭.-જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, અમરેલી, શ્રી માધવ દુધ ઉત્પાદક સ. મં. લિ., મુ. : હડમતીયા, તા. : રાજુલા, જિ. : અમરેલીને નોંધણી નં. :

નધણ/એ.એમ.આર/''સે''(દુ)૩૯૫૭૫/૨૦૧૭, તા. ૦૬-૦૯-૨૦૧૭ થી સને ૧૯૬૧ નો ગુજરાત સહકારી મંડળીઓનો અધિનિયમ (૧૯૬૨નો ૧૦મો)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

અમરેલી, ૦૬ માહે સપ્ટેમ્બર, સને ૨૦૧૭.

**એસ. એન. જોષી,**
જિલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
અમરેલી.

---

વંચાણે લીધા :

(૧) ગુજરાત સહકારી મંડળીઓનાં અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭-૧૦૮ની જોગવાઈઓ.

(૨) ગુજરાત સરકારશ્રીનાં કૃષિ, સહકાર અને ગ્રામ્ય વિકાસ વિભાગનાં જાહેરનામાં ક્રમાંક : જીએચકેએચ/૫૧/૨૦૦૫ એન.એસ.સી.બી./૧૨/૨૦૦૨/૩૦૧૧/સીએચ, તા. ૨૧-૦૭-૨૦૧૧.

(૩) ઓડીટર ગ્રેડ-૨, સ. મં., દેવભૂમિ દ્વારકા મંડળીના ઓડીટ અન્વયેના ૧૮-૦૫-૨૦૧૫ ના પત્રથી રજુ થયેલ ખાસ અહેવાલ.

(૪) શ્રી ફોટ સેવા સહકારી મંડળી લી. મુ. ફોટ, તા. ખંભાળીયા, જિ. દેવભૂમિ દ્વારકાને આપેલ કારણદર્શક નોટિસ ફડચ/ગ/૨૯૫/૨૦૧૬ તા. ૨૬-૧૦-૨૦૧૬.

(૫) કારણદર્શક નોટિસ અન્વયે મંડળીના મંત્રીએ તા. ૧૫-૧૧-૨૦૧૬ના પત્રથી મંત્રીએ રજુ કરેલ લેખિત રજુઆત.

(૬) મંડળીને આપેલ કારણદર્શક નોટિસ તા. ફડચ/ગ/૦૫/૨૦૧૭, તા. ૧૩-૦૨-૨૦૧૭.

(૭) આ કચેરીના વચગાળાના આદેશ ક્રમાંક ફડચ/ગ/૯૫/૨૦૧૭, તા. ૪-૭-૨૦૧૭.

શ્રી ફોટ સેવા સહકારી મંડળી લી. મુ. ફોટ, તા. જામ- ખંભાળીયા, જિ. દેવભૂમી દ્વારકા ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ હેઠળ નોંધણી નંબર-૧૦૭૩, તા. ૨૬-૧૨-૧૯૫૪ થી નોંધાયેલ સંસ્થા છે.

ઉક્ત વંચાણે લીધા : આંક-૩ થી રજુ થયેલ ખાસ અહેવાલની વિગતે તથા વંચાણે લીધા આંક-૧ની જોગવાઈયો ધ્યાને લઈ મંડળીને નીચેના કારણોસર ફડચામાં લઈ જવા વંચાણે લીધા આંક-૪ થી કારણદર્શક નોટિસ આપવામાં આવેલ.

(૧) મંડળી દ્વારા ઓડીટ અહેવાલની દૂરસ્તી કરવામાં આવેલ નથી, સહકારી કાયદાની કલમ-૮૫ ની જોગવાઈનો ભંગ કરેલ છે.

(૨) મંડળીનું રેકર્ડ/દફતર/હિસાબી પત્રકો કોમન એકાઉન્ટ સીસ્ટમ મુજબ નિભાવેલ નથી.

(૩) ઓડીટ સમય દરમ્યાન ૧૨/૧૩ નાં વર્ષમાં માત્ર-૧૬ સભાસદોને ટુ. મુ. ધિરાણ કરવામાં આવેલ છે.

(૪) તા. ૩૧-૩-૧૫ અંતે રૂા. ૧૭,૮૭,૦૯૪/- સભાસદ લેણું બાકી છે. જુના કનર્વજન/રીફેજમેન્ટ/રીશેડયુલ લેણાં બાકી ઉપરાંત ૯૩/૯૪, ૯૫/૯૬, ૦૧/૦૨, ૦૪/૦૫, ૦૫/૦૬, ૦૭/૦૮ નાં વર્ષનાં બાકી લેણાં છે. આ લેણાં વસુલ કરવા મંડળી દ્વારા કોઈ કાર્યવાહી કરવામાં આવેલ નથી. આ તમામ લેણું રૂા. ૧૭,૮૭,૦૯૪/- મુદત વિતી બાકી બોલે છે.

(૫) સભાસદ બાકી લેણાંનું ખરાબ/શકમંદ લેણાંનું વર્ગીકરણ કરેલ નથી. તેમજ એન. પી. એ. ની જોગવાઈ કરવામાં આવેલ નથી.

(૬) મંડળીનું તા. ૩૧-૩-૨૦૧૫ અંતે સભાસદ ધિરાણ બાકી રૂા. ૧૭,૮૭,૦૯૪/- ની સામે બેંક લોન રૂા. ૫૨,૨૭,૨૩૦/- ભરપાઈ કરવાની બાકી બોલે છે. આમ બેંકલોન રૂા. ૩૪,૪૦,૧૩૬/- વધુ બાકી છે. જેને કારણે બેંક લોન વ્યાજનું ભારણ વધતુ જાય છે.

(૭) બેંક લોન બાકીમાં નીચે મુજબ તફાવત આવે છે. બેંક સ્ટેટમેન્ટ મુજબ બેંક લોન બાકી રૂા. ૫૫,૫૧,૭૫૨/- મંડળીના હિસાબી પત્રક મુજબ બેંક લોન બાકી રૂા. ૫૨,૨૭,૨૩૦/- **તફાવત રૂા. ૩,૨૪,૫૨૨/-**

(૮) મંડળી દ્વારા જે સભાસદ લોન બાકીદારનાં પત્રકો રજુ થયેલ છે તેમાં ૯૫/૯૬, ૦૦/૦૧, ૦૫/૦૬ ની બાકીદારની યાદી રજુ થયેલ નથી જે બાકીદાર યાદીઓ રજુ થયેલ છે તેમાં તફાવત આવેલ છે. આમ બાકીદાર યાદીઓ ચોકસાઈપૂર્વક તૈયાર કરવામાં આવેલ નથી.

(૯) મંડળીનાં બેંક ચાલુ ખાતામાં મોટી રકમનો તફાવત આવે છે.

બેંક સ્ટેટમેન્ટ મુજબ બેલેન્સ રૂા. ૯૬,૮૪૭/-
**તફાવત રૂા. ૫૫૦૩૧/-**
મંડળીના હિસાબી પત્રક મુજબ રૂા. ૪૧,૮૧૬/-

(૧૦) મંડળીમાં અગાઉનાં વર્ષોમાં હિસાબી પત્રકોમાં વ્યાજ લેણાની બાકી/વ્યાજ આવ્યા ખાતે રૂા. ૨૩,૩૮,૬૪૩/- ની જોગવાઈ દર્શાવેલ છે. પરંતુ આ જોગવાઈ ચોકકસ ગણત્રી સાથેની નથી/કોઈ યાદી આધાર દફતરે નથી, માત્ર ખોટ ઓછી દર્શાવવા માટે આ જોગવાઈ કરેલ હોય તેમ જણાય છે.

(૧૧) વાર્ષિક સાધારણ સભાઓમાં કોરમ ન હોવા છતાં કાર્યવાહી કરવામાં આવેલ છે.

(૧૨) મંડળીની કમીટીમાં ૩ થી ૪ સભ્યો મુદત વીતેલ બાકીદાર છે તેને દુર કરેલ નથી.

(૧૩) મંડળી સ્થગિત સ્થિતિમાં છે.

## અંતિમ આદેશ

ક્રમાંક : ફડચ/ગ/૧૩૬/૫૧૫/૨૦૧૭.- આથી હું, ટી. સી. તિર્થાણી, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, દેવભુમિ દ્વારકા ઉકતક વંચાણે લીધેલ આંક-૨ થી મળેલ સત્તાની રૂએ શ્રી ફોટ સેવા સહકારી મંડળી લી., મુ. ફોટ, તા. જામ-ખંભાળીયા, જિ. દેવભૂમિ દ્વારકા, નોંધણી નંબર : ૧૦૭૩, તા. ૨૬-૧૨-૧૯૫૪ને આમુખમાં જણાવેલ વિગતો અને ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ હેઠળની જોગવાઈઓ અન્વયે ફડચામાં લઈ જવા અંગે ઉકત વંચાણે લીધા આંક-૬ થી કરવામાં આવેલ વચગાળાના આદેશ ને કાયમી કરતો અંતિમ આદશે કરૂં છું. અને સદરહું મંડળી ની તમામ કામગીરી કરવા માટે સહકારી કાયદાની કલમ-૧૦૮ અન્વયે ફડચા અધિકારી તરીકે બ્રાંચ મેનેજરશ્રી જામનગર જિલ્લા સહકારી બેંક લી. ભાડથર શાખા મુ. ભાડથર, તા. ખંભાળીયાની નિમણુંક કરૂ છું. નિયુકત ફડચા અધિકારી એ મંડળીના તમામ દફતર, માલ મિલ્કતનો ચાર્જ તાત્કાલીક સંભાળી નિયત સમયમાં ફડચાની તમામ કામગીરી પુર્ણ કરવાની રહેશે.

દેવભુમિ દ્વારકા, ૦૫ માહે સપ્ટેમ્બર, સને ૨૦૧૭.

**ટી. સી. તિર્થાણી,**
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
દેવભુમિ દ્વારકા.

---

## નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : નધણ/ઝ/૧૧૪/૯૪૯/પી.બી.આર./સા-૧૦૪૬૨/ સને-૨૦૧૭.-આથી જાહેર કરે છે કે, શ્રી બાલાજી ક્રેડીટ એન્ડ કન્ઝયુમર્સ કો. ઓપરેટીવ સોસાયટી લી., મુ. છાયા, પોરબંદર, મર્યાદિત સ્થળ : છાંયા, પોરબંદર, તાલુકો : પોરબંદર, જિલ્લો : પોરબંદર.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો-૧૯૬૧ ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

પોરબંદર, ૭ માહે સપ્ટેમ્બર, સને ૨૦૧૭.

**એમ. એસ. લોખંડે,**
જિલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
પોરબંદર.

---

## નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : નધણ/જ-૨/૫૫૫/નં. આરજેટી:સે.દુ. ૪૫૯૬૫, તા. ૧૧-૦૯-૨૦૧૭.-જિલ્લા રજિસ્ટ્રાર, સ.મં., રાજકોટ, આથી જાહેર કરે છે કે, શ્રી લોઠડા મહિલા દુધ ઉત્પાદક સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ : લોઠડા, તાલુકો : રાજકોટ, જિલ્લો: રાજકોટ, સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો-૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

રાજકોટ, ૧૧ માહે સપ્ટેમ્બર, સને ૨૦૧૭.

**ટી. સી. તીરથાણી,**
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
રાજકોટ.

---

વંચાણે લીધા :

(૧) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ તથા ૧૦૮ હેઠળની જોગવાઈઓ.

(૨) ગુજરાત સરકારશ્રીના કૃષિ અને સહકાર વિભાગના જાહેરનામાં ક્રમાંક : જીએચકેએચ/૬૨/૨૦૧૧/નસબ/૧૨/ ૨૦૦૨/૩૦૧૧/છ, તા. ૨૧-૦૭-૨૦૧૧.

(૩) અત્રેની કચેરીનાં આદેશ ક્રમાંક : ફડચ/ગ-૨/૧૭૩/૨૦૧૭, તા. ૨૯-૦૭-૧૭ થી મંડળીને ફડચામાં લઈ જવાનો વચગાળા આદેશ.

## અંતિમ આદેશ

ક્રમાંક : ફડચ/ગ-૨/૨૦૦/૨૦૧૭.-આથી હું, ટી. સી. તીરથાણી, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, રાજકોટ, ઉપર વંચાણે લીધેલ ક્રમ-૨ વાળા જાહેરનામાથી મળેલ અધિકાર અને સત્તાની રૂઈએ તેમજ આમુખમાં જણાવેલ વિગતો ધ્યાને લઈને શ્રી એ. પી. એમ. સી.ના કર્મચારીઓની શરાફી સહકારી મંડળી લી., મુ. તા. ગોંડલ, જિ. : રાજકોટ (નોંધણી નંબર : સે. ૫૭૯૮, તા. ૦૭-૦૧-૧૯૯૬) ના ગુજરાત સહકારી મંડળીઓનાં અધિનિયમ-૧૯૬૧ ની કલમ-૧૦૭ અન્વયે ફડચામાં લઈ જવાના વચગાળાના આદેશને, આજ કાયદાની કલમ-૧૦૮(૧) અન્વયે કાયમી રાખતો આદેશ આપુ છું. અને ફડચા અધિકારી તરીકે સહકારી અધિકારીશ્રી (ફડચો)-૨ લગત જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, રાજકોટની નિમણૂંક કરૂં છું. જે અન્વયે સદરહું મંડળીનાં ફડચા અધિકારીએ મંડળીની ફડચાની તમામ કામગીરી નિયત મુદતમાં પૂર્ણ કરવી.

રાજકોટ, ૧૩ માહે સપ્ટેમ્બર, સને ૨૦૧૭.

---

વંચાણે લીધા :

(૧) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ તથા ૧૦૮ હેઠળની જોગવાઈઓ.

(૨) ગુજરાત સરકારશ્રીના કૃષિ અને સહકાર વિભાગના જાહેરનામાં ક્રમાંક : જીએચકેએચ/૬૨/૨૦૧૧/નસબ/૧૨/૨૦૦૨/૩૦૧૧/છ, તા. ૨૧-૦૭-૨૦૧૧.

(૩) અત્રેની કચેરીનાં આદેશ ક્રમાંક : ફડચ/ગ-૨/૧૪૧/૨૦૧૭, તા. ૦૫-૦૭-૧૭ થી મંડળીને ફડચામાં લઈ જવાનો વચગાળા આદેશ.

## અંતિમ આદેશ

ક્રમાંક : ફડચ/ગ-૨/૨૦૧/૨૦૧૭.-આથી હું, ટી. સી. તીરથાણી, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, રાજકોટ, ઉપર વંચાણે લીધેલ ક્રમ-૨ વાળા જાહેરનામાથી મળેલ અધિકાર અને સત્તાની રૂઈએ તેમજ આમુખમાં જણાવેલ વિગતો ધ્યાને લઈને શ્રી માલીયાસણ (અમરગઢ) જુથ સેવા સહકારી મંડળી લી., મુ. માલીયાસણ, તા. જિ. : રાજકોટ (નોંધણી નંબર : સે. ૨૫૫૫૧, તા. ૩૦-૧૦-૧૯૯૩) ના ગુજરાત સહકારી મંડળીઓનાં અધિનિયમ-૧૯૬૧ ની કલમ-૧૦૭ અન્વયે ફડચામાં લઈ જવાના વચગાળાના આદેશને, આજ કાયદાની કલમ-૧૦૮(૧) અન્વયે કાયમી રાખતો આદેશ આપુ છું. અને ફડચા અધિકારી તરીકે સહકારી અધિકારીશ્રી (ફડચો)-૨ લગત જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, રાજકોટની નિમણૂંક કરૂં છું. જે અન્વયે સદરહું મંડળીનાં ફડચા અધિકારીએ મંડળીની ફડચાની તમામ કામગીરી નિયત મુદતમાં પૂર્ણ કરવી.

રાજકોટ, ૧૩ માહે સપ્ટેમ્બર, સને ૨૦૧૭.

---

વંચાણે લીધા :

(૧) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ તથા ૧૦૮ હેઠળની જોગવાઈઓ.

(૨) ગુજરાત સરકારશ્રીના કૃષિ અને સહકાર વિભાગના જાહેરનામાં ક્રમાંક : જીએચકેએચ/૬૨/૨૦૧૧/નસબ/૧૨/૨૦૦૨/૩૦૧૧/છ, તા. ૨૧-૦૭-૨૦૧૧.

(૩) અત્રેની કચેરીનાં આદેશ ક્રમાંક : ફડચ/ગ-૨/૧૬૮/૨૦૧૭, તા. ૨૭-૦૭-૧૭ થી મંડળીને ફડચામાં લઈ જવાનો વચગાળા આદેશ.

## અંતિમ આદેશ

ક્રમાંક : ફડચ/ગ-૨/૨૦૨/૨૦૧૭.-આથી હું, ટી. સી. તીરથાણી, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, રાજકોટ, ઉપર વંચાણે લીધેલ ક્રમ-૨ વાળા જાહેરનામાથી મળેલ અધિકાર અને સત્તાની રૂઈએ તેમજ આમુખમાં જણાવેલ વિગતો ધ્યાને લઈને શ્રી કિશાન સેવા સહકારી મંડળી લી., મુ. ડોડીયાળા, તા. જસદણ, જિ. : રાજકોટ (નોંધણી નંબર : સે. ૩૨૯૧૫, તા. ૨૦-૦૩-૨૦૦૨) ના ગુજરાત સહકારી મંડળીઓનાં અધિનિયમ-૧૯૬૧ ની કલમ-૧૦૭ અન્વયે ફડચામાં લઈ જવાના વચગાળાના આદેશને, આજ કાયદાની કલમ-૧૦૮(૧) અન્વયે કાયમી રાખતો આદેશ આપુ છું. અને ફડચા અધિકારી તરીકે સહકારી અધિકારીશ્રી (ફડચો)-૨ લગત જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, રાજકોટની નિમણૂંક કરૂં છું. જે અન્વયે સદરહું મંડળીનાં ફડચા અધિકારીએ મંડળીની ફડચાની તમામ કામગીરી નિયત મુદતમાં પૂર્ણ કરવી.

રાજકોટ, ૧૩ માહે સપ્ટેમ્બર, સને ૨૦૧૭.

**ટી. સી. તીરથાણી,**
જિલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
રાજકોટ.

---

વંચાણે લીધા :

(૧) સરકારશ્રીના કૃષિ અને સહકાર વિભાગના જાહેરનામા ક્રમાંક : જી.એચ.કે.એચ./૨૦૧૧/એન.એસ.બી/૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ/તા. ૨૧-૦૭-૨૦૧૧

(૨) ઓડીટર ગ્રેડ-૨ સ.મં. દૂધ સુરેન્દ્રનગરના અહેવાલ નં. અષણ/૧૭, તા. ૦૧-૦૨-૨૦૧૭.

(૩) અત્રેની કચેરીના આદેશ ક્રમાંક : ફડચ/ગ-૨/૯૮૩/૨૦૧૭, તા. ૨૧-૦૭-૨૦૧૭

(૪) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ ૧૦૭ તથા ૧૦૮ની જોગવાઈઓ.

## અંતિમ આદેશ

ક્રમાંક : ફડચ/ગ-૨/૧૧૩૧/૨૦૧૭.-શ્રી રામપર દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., મુ. : રામપર, તા. : મુળી, જિ. : સુરેન્દ્રનગર કે જેનો નોંધણી નં. એસએનઆર.સે.દૂ. ૩૪૦૧૨, તા. ૧૯-૧૨-૨૦૦૬થી સહકારી કાયદા હેઠળ નોંધાયેલ સહકારી મંડળી છે. જેને વંચાણે લીધેલ ક્રમ-૩ના આદેશ થી કાયદાની કલમ-૧૦૭ અન્વયે ફડચામાં લઈ જવા વચગાળાનો આદેશ કરવામાં આવેલ અને તે આદેશ સામે મંડળીએ જે કાંઈ રજુઆત કરવાની હોય તો આદેશની તારીખથી માસ-૧ માં યોગ્ય આધાર પુરાવા સાથે રજુઆત કરવા જણાવેલ પરંતુ આજદિન સુધી મંડળી તરફથી કોઈ રજુઆત આવેલ નથી. જેથી સદરહુ મંડળીના સંચાલકોને મંડળી ચલાવવામાં બિલકુલ રસ ન હોય, તેવુ જણાય છે માટે ઉપર્યુકત વંચાણે લીધેલ વચગાળાનો આદેશ સહકારી કાયદાની કલમ-૧૦૭ (૩) અન્વયે કાયમી કરવામાં આવે છે. તેમજ કાયદાની કલમ ૧૦૮ (૧) અન્વયે

ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી (ફડચો નં. ૧) અત્રેની કચેરીની નિમણુંક કાયમી કરવામાં આવે છે.

સુરેન્દ્રનગર, ૨૮ માહે ઓગષ્ટ, સને ૨૦૧૭.

સહી, (અવાચ્ય),
જિલ્લા રજિસ્ટ્રાર.
સહકારી મંડળીઓ, સુરેન્દ્રનગર.

---

**મદદનીશ જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ (પંચાયત) દ્વારા**

**નોંધણીનું પ્રમાણપત્ર**

નાં. સહ/નધણ/વશી/૧૯૪/૨૦૧૭.-મદદનીશ જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, (પંચાયત) રાજકોટ આથી જાહેર કરે છે કે, શ્રી તથાગત કો. ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી, મુ. : તરઘડીયા, તા. : રાજકોટ, જિ. : રાજકોટની ગુજરાત સહકારી મંડળીઓનો અધિનિયમ-૧૯૬૧ (સને-૧૯૬૨નો ગુજરાતનો કાયદો-૧૦)ની કલમ-૯ (૧) (અ) અન્વયે આજરોજ નોંધણી કરવામાં આવી. જેનો નોંધણી નંબર ઘ-૧૪૭૫૫ છે.

રાજકોટ, ૦૫ માહે સપ્ટેમ્બર, સને ૨૦૧૭.

**પી. જી. જાડેજા,**
મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ (પંચાયત),
રાજકોટ.

**મદદનીશ જિલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ (હાઉસીંગ) દ્વારા**

**નોંધણીનું પ્રમાણપત્ર**

જા.નં. ધરમ/૦૨/૫૩૦/૨૦૧૭.-આથી મદદનીશ જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ (હાઉસીંગ), રાજકોટ, આથી જાહેર કરેલ છે કે, શ્રી શિવધામ હાઉસીંગ સર્વિસ કો-ઓપરેટીવ સોસાયટી લી., રાજકોટ, તાલુકો/જિલ્લો : રાજકોટની ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ (સને : ૧૯૬૨નો ગુજરાતનો કાયદો-૧૦)ની નકલ-૯ (૧)(અ) અન્વયે આજરોજ નોંધણી કરવામાં આવી. જેનો નોંધણી નંબર : RJT/સા-૪૪૨૦, તા. ૨૯-૦૮-૨૦૧૭ છે.

રાજકોટ, ૨૯ માહે ઓગષ્ટ, સને ૨૦૧૭.

**એસ. જે. હાલારી,**
મદદનીશ જિલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ (હાઉસીંગ),
રાજકોટ.

---

PRINTED AT THE GOVERNMENT PRESS, RAJKOT COMPLAINTS ABOUT GAZETTE MUST BE MADE WITHIN A FORTNIGHT FROM THE DATE OF THIS PUBLICATION ACCOMPANIED BY THE WRAPPER.

©

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

*PUBLISHED BY AUTHORITY*

**VOL. LVIII] THURSDAY, 28th SEPTEMBER, 2017/ASHVINA 06, 1939 No. 39**

**Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central section in order that it may be filed as a separate compilation.**

# PART-I


| PART - I | Pages | PART - I - B | Pages |
|---|---|---|---|
| Government Notifications Appointments Promotions, Leave of absence, Rules and orders (Other than those published in Part-I-A, IV-A, IV-B, and IV-C) list of publications for sales etc., Miscellaneous Notifications Appoint-ments etc., | 995-1012 | (Suppliment) Government Notifications Published under Land Acquisition Act only Supplement. | Nil |
| **PART - I - A** Order and Notifications (Other than those published in Part-IV-B) under the Gujarat Local Boards, Village Panchayats, Municipals, Boroughs, (Districts) Municipals Primary Education and Local Fund Audits, Acts., | Nil | **PART - II** Miscellaneous Notices, Advertisments, List of Books Sanctioned by the Director of Education, List of Jurors. Schedule of Estates by the Official Assignee, Summary of Births and Deaths, etc., | 1857-1912 |
| | | **PART - III** Miscellaneous Supplements Season and Crop Reports, Prices, Current Rainfalls Returns, District Local Boards Accounts etc., | Nil |

# GOVERNMENT NOTIFICATIONS, ORDERS APPOINTMENTS, ETC.

## SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

## NOTIFICATION

### MISCELLANEOUS NOTIFICATIONS APPOINTMENTS ETC.

## By the Principal District Judge

**Read :** 1. *Hon'ble High Court's letter No. C2001/2017, Dt. 25-02-2014.*

### NOTIFICATION

No. B./243/2017.-In view of the Hon'ble High Court of Gujarat, Ahmedabad, letter cited in the preamble at Sr. No. 1 and as per the guideline prescribed by the Hon'ble Supreme Court of India in the Case of Ms. Binu Tamta and Ant V/s High Court of Delhi and others. It is necessary to constitute Gender Sensitization & Internal Complaint Committee "GSICC" for providing safe work environment for women employee working on the Establishment of Judicial District of Devbhumi Dwarka @ Khambhalia.

The Undersigned is pleased to constitute Gender Sensitization & Internal Complaint Committee "GSICC" for providing safe work environment for women employee working on the establishment of Devbhumi Dwarka Judicial District and to nominate the following members in the "GSICC"

| Sr. No. | Name | Designation |
|---|---|---|
| 1 | Mrs. S. N. Solanki, Additional District Judge, Khambhalia | Chair person |
| 2 | Mr. N. K. Dabhi, 2nd Additional Sr. Civil Judge, Khambhalia | Member |
| 3 | Mr. N. I. Dhebar, Advocate | Member |
| 4 | Mrs. S. R. Vasava, APP Khambhalia | Member |
| 5 | Ms. S. P. Agravat, Staff Member | Member |

The "GSICC" has to follow the guideline issued by the Hon'ble Supreme Court of India in the case of Mr. Binu Tamta and anr. V/s High Court of Delhi and others.

The "GSICC" is also requested to meet at least once in four months in calender year and annual report of the compliments and action taken by them and submit the report to this office in the first week of January of each year.

Devbhumi Dwarka, Khambhaliya, 13th September, 2017.

**Read :** 1. *Hon'ble High Court's letter No. A.1318/2014, Dt. 04-09-2017.*

### NOTIFICATION

No. B./242/2017.-In view of the Hon'ble High Court of Gujarat, Ahmedabad, letter cited in the preamble and as per provision of sexual harassment 2013.

The Undersigned is pleased to constitute **"Gender Sensitization & I. C. C."** for providing safe work environment for women employee working on the establishment of Devbhumi Dwarka Judicial District and to nominate the following members in the **"Gomplaints Committee"**

| Sr. No. | Name | Designation |
|---|---|---|
| 1 | Mrs. S. N. Solanki, Additional District Judge, Khambhalia | Chair person |
| 2 | Mr. N. K. Dabhi, 2nd Additional Sr. Civil Judge, Khambhalia | Member |
| 3 | Mr. N. I. Dhebar, Advocate | Member |
| 4 | Mrs. S. R. Vasava, APP Khambhalia | Member |
| 5 | Ms. S. P. Agravat, Staff Member | Member |

The Internal Complaint Committee has to follow the provisions of the Sexual Harassment of Women at work place (Prevention, Prohibition and Redressal) Act, 2013.

The Internal Complaint Committee is also requested to submit the report to this office in accordance with the provisions of the Sexual Harassment of Women at work place (Prevention, Prohibition and Redressal), Act, 2013.

Devbhumi Dwarka, Khambhalia, 13th September, 2017.

**D. M. Vyas,**
Principal District Judge,
Devbhumi Dwarka @
Khambhalia.

---

INDEX

## I/C Principal District Judge

***Read :***

*(1) Letter No. PBB/658/2017 dated 24-04-2017 of Executive Engineer, R & B Division, Bhavnagar.*

*(2) Hon'ble High Court Letter No. C. 0102(6)/2017 dated 31-07-2017.*

## NOTIFICATION

No. B/15368/2017.-As per letter cited at preamble at Sr. No. 1 of Executive Engineer, R & B Division, Bhavnagar, requested the undersigned to vacate the possession of District Court Building, Bhavnagar for the purpose of to start the repairing work immediately.

In District Court, Building, Bhavnagar, the Court of Principal District Judge, Additional District Judge, ADM, Nazir, Criminal Branch was housed in first floor and in first floor all the offices and Courts Rooms are vacated earlier.

And in Ground floor the Court of Principal Senior Civil Judge and 5th Additional Senior Civil Judge and District Government Pleader Office, and Branches of Principal Senior Civil Court, Strong Room, and Bar Room are housed. As per the request of Executive Engineer, R & B Division, the offices and Courts which are housed in ground floor, are required to be vacated.

Under the above circumstance the undersigned is pleased pass the following order of housing the Court of 5th Additional Senior Civil Judge & ACJM and Special Court (Alang), Bhavnagar as under with effect from 15-09-2017.

The Court of 5th Additional Senior Civil Judge and Additional Chief Judicial Magistrate, Bhavnagar and Judge, Special Court, (ASBY), Bhavnagar (Mr. M. M. Saiyad), alongwith his staff, is housed in Chief Court Building at Ground Floor, beside the court of 2nd. Additional Senior Civil Judge & ACJM, Bhavnagar.

Bhavnagar, 12th September, 2017.

**R. I. Ganeriwal,**

I/c. Principal District Judge,
Bhavnagar.

---

## કલેક્ટર દ્વારા

વંચાણે લીધા :

(૧) આ કચેરીના હુકમ નં. ૫૨વ/કસન/વશી/૧૩૯૯-૧૪૪૩/૧૭, તા. ૧૮-૦૮-૨૦૧૭.

(૨) સેકશન અધિકારીશ્રી, અ.ના.પુ. અને ગ્રા.બા. વિભાગ ગાંધીનગરનાં પત્ર ક્રમાંક : કસન-૧૦૨૦૧૭-૨૨૩-બ, તા. ૦૧-૦૯-૨૦૧૭.

(૩) સેકશન અધિકારીશ્રી, અ.ના.પુ. અને ગ્રા.બા. વિભાગ, ગાંધીનગરનાં પત્ર ક્રમાંક : કસન-૧૦૨૦૧૭-૨૨૩-બ, તા. ૧૮-૦૮-૨૦૧૭.

(૪) ધી કેરોસીન/રીસ્ટ્રીકશન ઓન યુઝ એન્ડ ફિક્સેશન ઓફ સેલીંગ પ્રાઈઝ ઓર્ડર-૧૯૯૩.

## હુકમ

નં. ૫૨વ/કસન/વશી/૧૫૩૮-૧૫૭૨/૨૦૧૭.-સરકારશ્રીના વંચાણે લીધેલ અનુ. નં. ૩ ના પત્રથી ત્રણે કંપનીના એક્ષડેપો રેટમાં થયેલ ફેરફાર ધ્યાને લઈ કેરોસીનના નવા ભાવો બાંધવા જણાવતા અત્રેના વંચાણે લીધેલ અનું. નં. ૧ ના હુકમથી સરકારશ્રીની સૂચનાં અનુસાર પીડીએસ કેરોસીનના જિલ્લાનાં જુદા જુદા કેન્દ્રો માટે કેરોસીન એજન્ટો, જથ્થાબંધ વિક્રેતાઓ તેમજ છુટક વિક્રેતાઓનાં દુમાડ (વડોદરા), કંડલા, જામનગર (ખાવડી), બારેજા, કાલીગ્રામ, વાડીનાર (એસ.આર.) તથા પાલનપુર ડેપોથી રોડ રસ્તે આવતા કેરોસીનના ભાવો મુકરર કરવામાં આવેલ છે.

સેકશન અધિકારીશ્રી, અ.ના.પુ. અને ગ્રા.બા. વિભાગ ગાંધીનગરના વંચાણમાં લીધેલ અનુ.નં. ૨ ના પત્રથી આઈ.ઓ.સી.એલ., એચ.પી.સી.એલ. તથા બી.પી.સી.એલ. કંપનીના તા. ૦૧-૦૯-૨૦૧૭ ના પત્રોની નકલ અત્રે મોકલી આપી, આઈ.ઓ.સી.એલ., એચ.પી.સી.એલ. તથા બી.પી.સી.એલ. કંપની દ્વારા પીડીએસ કેરોસીનના વિવિધ સપ્લાય પોઈન્ટના એક્ષ ડેપો રેટમાં કરવામાં આવેલ ફેરફાર ધ્યાને લઈ જરૂરી કાર્યવાહી કરવા જણાવેલ છે. ત્રણે કંપનીના સદરહું પત્રોમાં અત્રેના જિલ્લા માટેના સપ્લાય પોઈન્ટ પૈકી કંડલા ડેપોના નવા એક્ષ ડેપો રેટ રૂા. ૧૮૮૩૪.૦૧/-, જામનગર (ખાવડી, વાડીનાર) : રૂા. ૧૮૮૦૨.૦૦/-, સાબરમતી (કાલીગ્રામ, બારેજા) :- રૂા. ૧૮૮૧૨.૮૭/-, તથા કોયલી (દુમાડ) :- રૂા. ૧૮૮૦૨.૦૦/-, તેમજ સિધ્ધપુર (પાલનપુર) :- રૂા. ૧૮૮૭૧.૯૩/-, દર્શાવેલ છે. તથા નવા એક્ષ ડેપો રેટ મુજબનો ફેરફાર તા. ૦૧-૦૯-૨૦૧૭ ની અસરથી કરવા જણાવેલ છે.

ઉક્ત વિગતે અત્રેના વંચાણમાં લીધેલ અનુ. નં. ૧ ના હુકમથી બાંધવામાં આવેલ ભાવોમાં સરકારશ્રીના વંચાણમાં લીધેલ અનુ.નં. ૨ ના પત્રની સુચનાનુસાર તથા આ હુકમના પેરા–૨ મુજબ થયેલ ફેરફારની વિગતો ધ્યાને લઈ કેરોસીનના ભાવો મુકરર કરવાના થાય છે.

સબબ હું, એસ. એલ. અમરાણી, (આઈ.એ.એસ.), કલેક્ટર અમરેલી, જિલ્લો અમરેલી, વંચાણે લીધેલ અનુ. નં. ૪ નાં ધી

કેરોસીન રીસ્ટ્રીકશન ઓફ યુઝ એન્ડ ફિક્સેશન ઓફ સેલીંગ પ્રાઈઝ ઓર્ડર–૧૯૯૩ થી મને મળેલ અધિકારની રુઈએ ઉક્ત વિગતો ધ્યાને લઈ દુમાડ, કંડલા, જામનગર (ખાવડી), વાડીનાર, બારેજા, કાલીગ્રામ તથા પાલનપુર ડેપોથી જિલ્લાનાં તાલુકાઓ અને અન્ય મથકોનાં અંતર ધ્યાને લઈ રોડ રસ્તે આવતા ઘરગથ્થુ કેરોસીનનાં ભાવો આ સાથે સામેલ પરિશિષ્ટ-૧માં જણાવેલ વિગતે મુકરર કરવા આથી હુકમ કરૂ છું.

અત્રેનાં અગાઉના હુકમોમાં રાખવામાં આવેલ બાકીની શરતો/સુચનાંઓ યથાવત રહેશે.

આ હુકમનો અમલ તા. ૦૧-૦૯-૨૦૧૭ થી કરવાનો રહેશે. તમામ મામલતદારશ્રીઓએ તેમના તાલુકા હસ્તકના એજન્ટ તથા છુટક વિક્રેતાઓને આ હુકમની જાણ તુરત જ કરવાની રહેશે.

આ હુકમથી મુકરર કરેલ ભાવો કરતા વધુ ભાવો (એજન્ટ, છુટક વિક્રેતા) લેવામાં આવતા હોવાનું જણાશે તો તેમની સામે આ હુકમનાં ભંગ બદલ આવશ્યક ચીજવસ્તુઓ અધિનિયમ-૧૯૫૫ ની કલમ-૩નો ભંગ ગણી શિક્ષાત્મક પગલા લેવામાં આવશે.

અમરેલી, ૦૫ માહે સપ્ટેમ્બર, સને ૨૦૧૭.

---

**પરીશિષ્ટ-૧ જિલ્લો - અમરેલી**

દુમાડ (વડોદરા) ડેપો ઉપરથી આવતાં કેરોસીન એજન્ટે છુટક વિક્રેતાને વેચાણ કરવાનો ૧૦૦૦ લીટરનો વેચાણ ભાવ તથા છુટક વિક્રેતાઓ/ફેરીયાઓએ એક લીટરનો ગ્રાહકોને વેચાણ આપવાનો ભાવ

| અનું | સંગ્રહ કેન્દ્ર | એજન્ટે છુટક વિક્રેતાને વેચાણ કરવાનો ૧૦૦૦ લીટરનો વેચાણ ભાવ | | છુટક વિક્રેતાએ ગ્રાહકોને વેચાણ કરવાનો ૧ લી. નો ભાવ |
|---|---|---|---|---|
| | | ડેપો ડિલીવરી | ડોરસ્ટેપ ડિલીવરી (પરીવહન ખર્ચ સાથે) | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧ | અમરેલી | ૨૩૨૧૨.૪૮ | ૨૩૪૨૨.૪૮ | ૨૪.૪૭ |
| ૨ | ધારી | ૨૩૫૬૩.૬૦ | ૨૩૭૭૩.૬૦ | ૨૪.૮૨ |
| ૩ | સાવરકુંડલા | ૨૩૩૦૦.૨૬ | ૨૩૫૧૦.૨૬ | ૨૪.૫૬ |
| ૪ | લાઠી | ૨૩૦૩૬.૯૨ | ૨૩૨૪૬.૯૨ | ૨૪.૩૦ |
| ૫ | વડીયા | ૨૩૬૨૭.૪૪ | ૨૩૮૩૭.૪૪ | ૨૪.૮૯ |
| ૬ | રાજુલા | ૨૩૫૩૯.૬૬ | ૨૩૭૪૯.૬૬ | ૨૪.૮૦ |
| ૭ | બાબરા | ૨૩૦૩૬.૯૨ | ૨૩૨૪૬.૯૨ | ૨૪.૩૦ |
| ૮ | લીલીયા | ૨૩૦૬૦.૮૬ | ૨૩૨૭૦.૮૬ | ૨૪.૩૨ |
| ૯ | ખાંભા | ૨૩૫૨૩.૭૦ | ૨૩૭૩૩.૭૦ | ૨૪.૭૮ |
| ૧૦ | જાફરાબાદ | ૨૩૯૧૪.૭૨ | ૨૪૧૨૪.૭૨ | ૨૫.૧૭ |
| ૧૧ | વીજપડી | ૨૩૪૯૯.૭૬ | ૨૩૭૦૯.૭૬ | ૨૪.૭૬ |
| ૧૨ | દામનગર | ૨૨૮૬૯.૩૪ | ૨૩૦૭૯.૩૪ | ૨૪.૧૩ |
| ૧૩ | બગસરા | ૨૩૪૭૫.૮૨ | ૨૩૬૮૫.૮૨ | ૨૪.૭૪ |
| ૧૪ | ડુંગર | ૨૩૬૫૯.૩૬ | ૨૩૮૬૯.૩૬ | ૨૪.૯૨ |
| ૧૫ | ખંભાળા | ૨૩૧૫૬.૬૨ | ૨૩૩૬૬.૬૨ | ૨૪.૪૨ |
| ૧૬ | કલોરાણા | ૨૩૨૩૬.૪૨ | ૨૩૪૪૬.૪૨ | ૨૪.૫૦ |
| ૧૭ | દેવળીયા | ૨૩૨૩૬.૪૨ | ૨૩૪૪૬.૪૨ | ૨૪.૫૦ |
| ૧૮ | ટીંબી | ૨૪૦૫૦.૩૮ | ૨૪૨૬૦.૩૮ | ૨૫.૩૧ |

અમરેલી, ૦૫ માહે સપ્ટેમ્બર, સને ૨૦૧૭.

---

**પરીશિષ્ટ-૧ જિલ્લો - અમરેલી**

કંડલા ડેપો ઉપરથી આવતાં કેરોસીન એજન્ટે છુટક વિક્રેતાને વેચાણ કરવાનો ૧૦૦૦ લીટરનો વેચાણ ભાવ તથા છુટક વિક્રેતાઓ/ફેરીયાઓએ એક લીટરનો ગ્રાહકોને વેચાણ આપવાનો ભાવ

(૩) પરવાનગી મેળવનાર શખ્સ પોતે તેમના તાજીયા, પંજો, ડોલી, હાથી, ઘોડા સાથે ફરતી મંડળીના સરઘસના કારણે ફરતા માણસોની વર્તણુંક અને સુલેહશાંતિ ભરી રસમો માટે તે પોતે જવાબદાર રહેશે. કોઈપણ શખ્સ અગર મંડળી અથવા સરઘસની વર્તણુંકને અવ્યવસ્થિત અથવા સુલેહ શાંતિ માટે જોખમકારક જણાયે તેઓને આપવામાં આવેલ પરવાનગી રદ કરવામાં આવશે.

(૪) જે તે સબ ડિવિઝનલ મેજીસ્ટ્રેટશ્રી દ્વારા અપાયેલ પરવાનગીમાં દર્શાવેલ માર્ગને આધિન રહીને પરવાનગી મેળવનાર શખ્સ પોતાના તાજીયા, પંજો, ડોળી, હાથી, ઘોડા સરઘસમાં ફેરવી શકશે. પરવાનગીમાં મુકરર કરેલ સ્થળે વાજીંત્ર વગાડી શકશે.

(૫) જાહેર રસ્તા આગળ સ્થળો ઉપર ઢોલ અથવા બીજા કોઈ પણ વાજીંત્રો વગાડવા માટેની પરવાનગી તા. ૨૭-૦૯-૨૦૧૭ થી તા. ૦૩-૧૦-૨૦૧૭ સુધી આપવામાં આવશે.

(૬) શહાદતની રાત્રે સાંજના ૫-૦૦ (પાંચ) અને બીજા દિવસની સવારના ૨-૦૦ (બે) વાગ્યા સમય દરમ્યાન સરઘસ ફેરવવાના રહેશે. તાજીયા દરમ્યાન દફન અને ઠંડા કરવાના દિવસે બપોરના ૨-૩૦ થી બીજા દિવસના સવારના ૬-૦૦ કલાક સુધીમાં સરઘસ અને તાજીયાની ક્રિયા પુરી કરવી પડશે આ હુકમનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

(૭) રસ્તા ઉપર તાજીયા અગર મંડળી વિગેરેની લાંબા સમય સુધી એક રસ્તા ઉપર રાખવા દેવા માટે કે થોભવા દેવામાં આવશે નહીં. સ્થળ ઉપર હાજર રહેલા પોલીસ અધિકારીશ્રીઓના હુકમને આધિન રહી વધુમાં વધુ પાંચ મીનીટમાં તાજીયા અગર તેની ડોળી મંડળને ચોકારીને આગળ વધવું પડશે.

(૮) પરાપૂર્વથી ચાલતાં આવેલ અને પરવાનગીમાં બતાવ્યા ક્રમ પ્રમાણે તાજીયા સાર્વજનિક રસ્તા ઉપર એક પછી એક લઈ જવા પોલીસ ઈન્સ્પેકટર અને પોલીસ સબ ઈન્સ્પેકટર દ્વારા દર સાલનાં આધારે આપેલ અનુક્રમ નંબર એક પછી એક લાઈનમાં ચલાવવા અને જયારે સામસામા તાજીયા આવે ત્યાર પછી દરેક તાજીયા અગર મંડળીઓ તેમની ડાબી બાજુએ રહીને સામેથી આવનાર તાજીયાને રસ્તો આપવો. ગાડી અગર ઘોડા ઉપર સવાર તથા માણસ મળે તો તાજીયા સામે જનાર શખ્સોએ તે વાજીંત્ર બંધ કરી ડાબી બાજુએથી તાજીયા વિગેરે લઈને આગળ વધવું અને તાજીયા એક એક પાછળ બીજો આવે તે રીતે પોતપોતાની ગલી આવતી હોઈ તે ગલીના નાકે થોભવું અને જયારે પોતાનો નંબર આવે ત્યાર પછી પાછળ દાખલ થઈ જવું, સામેલ થઈ જવું.

(૯) કોઈપણ શખ્સે તલવાર, ખંજર, સોટી, લાકડી, ચપ્પુઓ કે ભાલા કે તેવા પ્રકારના કોઈપણ હથિયાર તથા બીજા કોઈપણ પ્રકારના હથિયાર લઈને ફરવું નહીં.

(૧૦) રમત-ગમત માટે જે શખ્સોએ પરવાનગી મેળવેલ હોય એ શખ્સોને જે રમત-ગમતના સઘળા સાધનો અગર હથિયાર પોલીસની દેખરેખ નીચે લઈ જવા દેવામાં આવશે.

(૧૧) મહોરમમાં ભાગ લેનાર શખ્સોએ બીજા કોમના સ્વાંગ, વેષો કાઢવા નહીં, ઈત્તર કોમના ધર્મની લાગણી દુભાય, દુશ્મનાવટ ઉભી થાય અગર તો સુલેહશાંતિનો ભંગ થાય તેવો કૃત્યો કરવા નહીં.

(૧૨) આ જાહેરનામું તા. ૨૭-૦૯-૨૦૧૭ થી તા. ૦૩-૧૦-૨૦૧૭ સુધી (બન્ને) દિવસો સહિત અમલમાં રહેશે.

(૧૩) આ જાહેરનામું પોલીસ ખાતાના સભ્યો, હોમ ગાર્ડસના સભ્યો તથા જેઓને પોતાની ફરજની રૂએ હથિયાર ધારણ કરવાનું હોય તેને લાગુ પડશે નહી.

(૧૪) હથિયારબંધીનું તથા સભા-સરઘસ બંધીનું જાહેરનામુ જે અમલમાં હોય તેની અમલવારી ચાલુ રહેશે.

આ જાહેરનામાનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર વ્યકિત સને-૧૯૫૧ના ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૪૧ તથા ૧૩૫ માં દર્શાવેલ શિક્ષાને પાત્ર ઠરશે તથા ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબની શિક્ષાને પાત્ર ઠરશે.

આ જાહેરનામું આજરોજ તારીખઃ ૨૬ માહે સપ્ટેમ્બર, સને ૨૦૧૭ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરીને જાહેર જનતાને જાણ તથા અમલ માટે પ્રસિધ્ધ કર્યુ.

જુનાગઢ, ૨૬, માહે સપ્ટેમ્બર, સને ૨૦૧૭.

---

## ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪(૧) અન્વયેનું

## જાહેરનામું

નં. એમએજી/સી/મહોરમ/૪૯૮૬(૨)/૨૦૧૭.-આગામી તા. ૦૧-૧૦-૨૦૧૭ ના રોજ મુસલમાન ભાઈઓનો તહેવાર મહોરમ (તાજીયા) આવે છે તેથી સદરહુ તહેવારને અનુલક્ષીને કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે અને સુલેહશાંતી અર્થે સાવચેતીના પગલા લેવાનું ઈષ્ટ જણાતાં તા. ૨૪-૦૯-૨૦૧૭ થી તા.૦૩-૧૦-૨૦૧૭સુધી (બન્ને દિવસો સહીત) ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩(સને-૧૯૭૪ અધિનિયમ નંબર-૨)ની કલમ-૧૪૪ (૧) હેઠળ કોઈપણ ઢોર પશુઓની કતલખાના બહાર જાહેર જગ્યાઓએ કે શેરીઓમાં કતલ કરવા પર પ્રતિબંધ ફરમાવતું જાહેરનામું પ્રસિધ્ધ કરવા પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢના પત્ર નં. સી/એલઆઈબી/મહોરમ/૨૧૫૨/૨૦૧૭, તા. ૨૨-૦૯-૨૦૧૭ થી દરખાસ્ત રજુ થયેલ છે.

સબબ, ઉપરોકત દર્શાવેલ દિવસોએ કોઈપણ કતલખાનાની બહાર જાહેર ખાનગી સ્થળે પાડા, ભેંસની કતલને કારણે તેમજ કોઈ શેરીમાં કે સ્થળોએ દેખાઈ આવે તે રીતે અન્ય કોઈ પણ પશુની કતલને કારણે જાહેર સુલેહશાંતીનો ભંગ થાય તેમ હોઈ, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (સને-૧૯૭૪નો અધિનિયમ નંબર-૨) ની કલમ-૧૪૪(૧)ની હેઠળ પગલા લેવાનું પુરતુ કારણ છે, અને તે તાત્કાલિક અટકાવવું ઈચ્છનીય છે.

તેથી હું, પી. વી. અંતાણી, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, જુનાગઢ જિલ્લો, જુનાગઢ, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (સને-૧૯૭૪ના અધિનિયમ નં.-૨)ની કલમ-૧૪૪(૧) અન્વયે મને મળેલ સત્તાની રૂએ આથી મનાઈ હુકમ ફરમાવુ છું

કે, જુનાગઢ જિલ્લાના તમામ તાલુકાના શહેરો કે કસ્બાઓ તથા ગામડાઓના વિસ્તારમાં કોઈ વ્યકિતએ તા. ૨૭-૦૯-૨૦૧૭ થી તા. ૦૩-૧૦-૨૦૧૭ સુધી બન્ને દિવસો સહિત કતલખાનાની બહાર કોઈ જાહેર જગ્યાઓ કે શેરીઓમાં કોઈ પણ ઢોર, પશુઓની કતલ કરવી નહી અથવા કોઈ શેરીમાં અથવા જાહેર સ્થળોએ દેખાઈ આવે તે રીતે કોઈ પશુની કતલ કરવી નહી.

આ જાહેરનામા ભંગ કરનાર ઈ.પી.કો. કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર ઠરશે.

આ જાહેરનામું આજરોજ તારીખઃ ૨૬ માહે સપ્ટેમ્બર, સને ૨૦૧૭ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરીને જાહેર જનતાને જાણ તથા અમલ માટે પ્રસિધ્ધ કર્યુ.

જુનાગઢ, ૨૬ માહે સપ્ટેમ્બર, સને ૨૦૧૭.

---

**અડચણ હુલ્લડ વિગેરે અટકાવવા અંગેનો મેજીસ્ટ્રેટનો હુકમ.**
**અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, જુનાગઢ જિલ્લો, જુનાગઢ દ્વારા**
**(જુઓ સી.આર.પી.સી. કલમ-૧૪૪)**

**હુકમ**

નં.એમએજી/સી/મહોરમ/૪૯૮૬(૩)/૨૦૧૭.- પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢના પત્ર નં. સી/એલઆઈબી/મહોરમ/જાહેરનામા/૨૧૫૨/૨૦૧૭, તા. ૨૨-૦૯-૨૦૧૭ ની દરખાસ્તથી જાહેર કરેલ વિગતે રાજકોટ જિલ્લાના જેતપુર શહેરના તાજીયાઓ સુન્ની મુસ્લીમ જમાત દ્વારા તાજીયા ટાઢા કરવા બાબતે જુનાગઢ જિલ્લાના માંગરોળ બારામાં લઈ જવામાં આવે છે અને માંગરોળ શહેરમાં મુસ્લીમ કોમ્યુનિટિમાં શીયા (તબલીક) અને સુન્ની (બીન તબલીક) વચ્ચે ઘર્ષણ થવાની શકયતા હોય અને માંગરોળ બંદર વિસ્તારમાં હિન્દુ અને મુસ્લીમ કોમના ખારવાઓ વચ્ચે મનદુઃખ હોય અને આમ માંગરોળ શહેરનું વાતાવરણ સુમેળભર્યુ ન હોય અને તેથી માંગરોળ બારામાં જેતપુરના તાજીયા ચાલુ સાલે ટાઢા કરવા વ્યાજબી અને સુમેળભર્યુ જણાતુ ન હોય આવી પરિસ્થિતિમાં માંગરોળ બારામાં ઉપરના તાજીયા તા. ૨૪-૦૯-૨૦૧૭ થી તા. ૦૩-૧૦-૨૦૧૭ સુધીમાં પ્રવેશે નહી તે અંગેનો હુકમ કરવા દરખાસ્ત થયેલ છે.

પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢની દરખાસ્ત વ્યાજબી જણાતી હોય, હું, પી. વી. અંતાણી, જી.એ.એસ. અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, જુનાગઢ, ફોજદારી કાર્યરીતિ અધિનિયમની કલમ-૧૪૪ હેઠળ સુન્ની જમાત જેતપુર, જિ. રાજકોટને જણાવું છું કે, ચાલુ સાલે તા. ૨૭-૦૯-૨૦૧૭ થી તા. ૦૩-૧૦-૨૦૧૭ સુધીના સમય દરમ્યાન માંગરોળ બારામાં જેતપુરના તાજીયા ટાઢા કરવા જવુ નહી.

આમ કરવા સારૂ આથી જેતપુર તાલુકાની સમસ્ત મુસ્લીમ જનતાને/પ્રજાને સુચના અને જાણ કરવામાં આવે છે.

(૧) આ તાજીયા જેતપુરથી જુનાગઢ જિલ્લાની ચોકી સોરઠથી શરૂ થતી હદમાં હાઈ-વે ઉપર કે અન્ય કોઈ માર્ગે લઈ જવા પ્રવેશવું નહી તેમજ ધોરાજીથી જુનાગઢના રોડ ઉપર પણ જુનાગઢ જિલ્લાની ઝાલણસરથી શરૂ થતી હદમાં પ્રવેશવું નહી.

(૨) જુનાગઢ જિલ્લાનાં માંગરોળ બારામાં આ તાજિયા ટાઢા કરવા અન્ય કોઈ માર્ગે પણ જુનાગઢ જિલ્લામાં પ્રવેશવું નહી.

આ જાહેરનામું આજરોજ તારીખ : ૨૬ માહે સપ્ટેમ્બર, સને ૨૦૧૭ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરીને જાહેર જનતાને જાણ તથા અમલ માટે પ્રસિધ્ધ કર્યુ.

જુનાગઢ, ૨૬ માહે સપ્ટેમ્બર, સને ૨૦૧૭.

**પી. વી. અંતાણી,**
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
જુનાગઢ જિલ્લો,
જુનાગઢ.

---

**ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની**
**કલમ-૧૪૪ હેઠળનુ**
**જાહેરનામુ**

નં. એમએજી/સી/૮૪૮૬/૨૦૧૭.-પોલીસ અધિક્ષકશ્રી, ગીર સોમનાથ જિલ્લો, વેરાવળના પત્ર ક્રમાંકઃ સી/એલ.આઈ.બી./જા. નામુ/પ્રસિધ્ધ/૭૨૭/૨૦૧૭, તા. ૦૯-૦૯-૨૦૧૭ થી રજુ થયેલ વિગતો મુજબ ગીર સોમનાથ જિલ્લાના તાલાલા ખાતે મામલતદાર કચેરી સામે ઈકોઝોન સહિત ખેડુતોને લગતા વિવિધ પ્રશ્નો બાબતે તા. ૨૪-૦૭-૨૦૧૭ થી પ્રતિક ધરણા અને બાદ તા. ૦૪-૦૯-૨૦૧૭ થી આમરણાંત ઉપવાસ ચાલુ કરવામા આવેલ છે. જેમા શ્રી પ્રવિણભાઈ ભોજાભાઈ રામ, પ્રમુખશ્રી, ગુજરાત જન અધિકાર મંચની આગેવાની હેઠળ આશા વર્કર બહેનો ઈકોઝોન સહિતના પ્રશ્નોના સમર્થનમા તેમજ આશા વર્કર બહેનોના વેતન વધારવાની માંગણી સંદર્ભે આમરણાંત ઉપવાસ ઉપર બેસેલ છે. જેના પ્રત્યાઘાત રૂપે જન આક્રોશ વ્યકત કરી, ઠેર ઠેર વિરોધ

પ્રદર્શન કરી, પ્રદર્શનકારીઓ રોડ ઉપર ઉતરી આવી, સરકારી મિલ્કતોને નુકશાન કરવાની શકયતા હોય, તેમજ રોડ રસ્તા તથા દુકાનો બંધ કરાવવાથી જનજીવન ઉપર તેની માઠી અસર થતી હોય, લોકો-લોકો વચ્ચે પરસ્પર વૈમનસ્ય ફેલાવાની શકયતા નકારી શકાય તેમ નથી. વળી આ જિલ્લો કોમી દ્રષ્ટિએ પણ સંવેદનશીલ હોય, તેમજ આગામી તા. ૨૧-૦૯-૨૦૧૭ થી હિન્દુ સમાજનો ધાર્મિક તહેવાર ચાલુ થનાર હોય, તે કારણોસર દરેક શહેરમા ખરીદી માટે આમ જનતાની ટ્રાફીક મોટા પ્રમાણમાં રહેતી હોવાથી કાયદો વ્યવસ્થાની પરિસ્થિતિ ખોરંભાય તેવી શકયતા નકારી શકાય નહી. જેથી ગીર સોમનાથ જિલ્લાના સમગ્ર વિસ્તારમા કાયદો વ્યવસ્થા તથા સુલેહશાંતિ જળવાઈ રહે તે હેતુસર ચાર થી વધુ વ્યક્તિઓ વગર પરવાનગીએ એકઠા ન થાય તે માટે જાહેરનામુ પ્રસિધ્ધ થવા દરખાસ્ત રજુ થયેલ છે.

ગીર સોમનાથ જિલ્લામા કાયદો વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તેમજ કોઈ અનિચ્છનિય બનાવ ન બને તે હેતુથી પોલીસ અધિક્ષકશ્રી, ગીર સોમનાથ તરફથી રજુ થયેલ દરખાસ્ત મુજબ ઉપરોકત બાબતેનુ જાહેરનામુ બહાર પાડવુ યોગ્ય જણાય છે.

આથી હું, એચ. આર. મોદી, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ગીર સોમનાથ જિલ્લો, વેરાવળ, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ સત્તાની રૂઈએ હુકમ કરૂ છુ કે, ગીર સોમનાથ જિલ્લાના સમગ્ર વિસ્તારમા સક્ષમ અધિકારીશ્રીની પરવાનગી વગર ચાર કરતા વધારે વ્યક્તિઓએ એકઠા થવુ નહી.

આ જાહેરનામુ તા. ૧૧-૦૯-૨૦૧૭ થી તા. ૨૦-૦૯-૨૦૧૭ સુધી અમલમા રહેશે.

આ જાહેરનામુ સરકારી ફરજ ઉપર રોકાયેલ કર્મચારીઓ, સરકારી કાર્યક્રમો, લગ્નના વરઘોડા, અંતિમયાત્રા તેમજ સક્ષમ અધિકારીશ્રીની પરવાનગી મેળવનારને લાગુ પડશે નહી.

આ જાહેરનામાનો ભંગ કરનાર વ્યક્તિ ઈ.પી.કો.ની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ જાહેરનામાની જાહેર જનતાને જાણ સંબંધીત કચેરીઓએ તેમના નોટીસ બોર્ડ ઉપર સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યા ઉપર નકલ ચોટાડીને તથા માહિતી ખાતાએ વર્તમાન પત્રોમાં પ્રસિધ્ધી કરી કરવાની રહેશે. ગુજરાત પોલીસ એકટની કલમ–૧૬૩ મુજબ પોલીસ અઈધકારીઓ પણ આ જાહેરનામાની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજ તારીખઃ ૧૦ માહે સપ્ટેમ્બર, સને ૨૦૧૭ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે જાહેર જનતાની જાણ તથા અમલવારી માટે આ જાહેરનામુ પ્રસિધ્ધ કરવામાં આવ્યુ.

વેરાવળ, ૧૦ માહે સપ્ટેમ્બર, સને ૨૦૧૭.

**એચ. આર. મોદી,**
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
ગીર સોમનાથ જિલ્લો,
વેરાવળ.

---

**ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧) બી હેઠળ**

## જાહેરનામું

નાં. એમએજી/જાહેરનામું/૧૮૯૯૭/૨૦૧૭.-CASO/ Dy. Commandant, CISF Unit, ASG Porbandar ના પત્ર ક્રમાંક : PR-17019/CISF/ASG-PBR/QM/ARC OCTOBER/2017/815, dt. 11-09-2017 ના પત્રથી પોરબંદર તાલુકાના ઓડદર ગામે આવેલ પોલીસ ફાયરીંગ રેન્જના સ્થળે આગામી તા. ૦૬-૧૦-૨૦૧૭ના ૭-૦૦ થી ૧૩-૦૦ કલાક સુધી જાહેરનામું બહાર પાડવા દરખાસ્ત અત્રે કરેલ છે. ઉક્ત દરખાસ્ત ધ્યાને લેતા ફાયરીંગ સબબ સવાલવાળા સ્થળની આજુબાજુ અવર-જવર કરનારાઓને કોઈ નુકશાન ન થાય તે હેતુથી જાહેરનામું બહાર પાડવુ ઈષ્ટ જણાય છે.

સબબ હું, એમ. એચ. જોષી, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, પોરબંદર જિલ્લો, પોરબંદર સને ૧૯૫૧ના ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧)બી હેઠળ મને મળેલ સત્તાની રૂઈએ તા. ૦૬-૧૦-૨૦૧૭ના ૭-૦૦ કલાકથી ૧૩-૦૦ કલાક સુધી પોરબંદર તાલુકાના ઓડદર ગામ તરફ રસ્તા નજીક દરિયા કિનારાના ફાયરીંગ બટ વિસ્તારમાં પૂર્વ ભાગે-૧ ફલાંગ, પશ્ચિમ ભાગે-૧ ફલાંગ, ઉતર ભાગે-૩ ફલાંગ, દક્ષિણ ભાગે-૧ ફલાંગ અને ત્યાંથી દરીયામાં ૫ (પાંચ) કિ. મી. સુધી રાહદારીઓને

તેમજ વાહનો માટે તથા વ્યક્તિગત તેમજ વહાણ/બોટ લઈને જનાર માછીમારોને અવર જવર કરવા ઉપરોક્ત સમય દરમ્યાન પ્રવેશબંધી ફરમાવું છું.

આ જાહેરનામાના કોઈપણ ખંડનો ભંગ કે ઉલ્લંઘન કરનાર વ્યક્તિ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧માં જણાવેલ શિક્ષાને પાત્ર ઠરે છે.

આ જાહેરનામું આજ રોજ તા. ૧૬-૦૯-૨૦૧૭ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે જાહેર જનતાની જાણ તથા અમલ માટે પ્રસિધ્ધ કર્યુ.

પોરબંદર, ૧૬ માહે સપ્ટેમ્બર, સને ૨૦૧૪.

**એમ. એચ. જોષી,**
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
પોરબંદર.

---

## જાહેરનામું

નં. ડીએમ-૧/મહોરમ/ઈ.નં.૩૯૯૨૨/૨૦૧૭.-આગામી તા. ૩૦-૦૯-૨૦૧૭ તથા તા. ૦૧-૧૦-૨૦૧૭ના રોજ મહોરમના તહેવાર નિમિતે ભાવનગર શહેરમાં તાજીયાના ઝુલુસ નીકળવાના હોઈ, જેના અનુસંધાને ટ્રાફીકનું નિયમન કરવાની જરૂર જણાતાં હું, આર.પી.ચૌધરી (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભાવનગર જિલ્લો, ભાવનગર, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧) હેઠળ મને મળેલ અધિકારની રૂઈએ ભાવનગર શહેરમાંના નીચે જણાવેલ રસ્તાઓને તા. ૩૦-૦૯-૨૦૧૭ના કલાક ૧૮-૦૦ થી તા. ૦૨-૧૦-૨૦૧૭ સવારે ૦૫-૦૦ કલાક દરમ્યાન એકમાર્ગીય જાહેર કરૂં છું. આથી નીચેના રસ્તાઓ ઉપર પ્રવેશબંધી રહેશે.

(૧) ભાવનગર શહેરનાં હેરીસ રોડના નાકાથી શેલારશા ચોક, સંઘેડીયા બઝાર થઈને અલકા ટોકીઝ સુધી.

(૨) અલકા ટોકીઝથી વડવા તલાવડી ચોક થઈ ચાવડી ગેઈટથી બાપુની વાડી, પાવર હાઉસ સુધી.

(૩) વાસણઘાટથી શેલારશા ચોક અને મીની ગેસ્ટ હાઉસ સુધી.

(૪) ખારગેટ ચોકથી મામાકોઠા અને બાર્ટન ચોકથી હલુરીયા ચોક સુધી.

(૫) સંતકંવરરામ ચોકથી કેસરબાઈની મસ્જીદ થઈ હલુરીયા ચોક સુધી.

(૬) એસ.પી. કચેરી સામે રોડથી નવાપરા રણવીર હનુમાનજી મંદીર થઈ મનહરકુંવરબા રાજપુત છાત્રાલય સુધી.

(૭) જોગીવાડની ટાંકીથી રૂપાપરી રોડ બાર્ટન ચોક સુધી.

(૮) ખડપીઠ મોર્ડન સર્વીસ સ્ટેશનથી નવાપરા ચોક, એસ.પી. કચેરી રોડ, રણવીર હનુમાનજી મંદિર સુધી.

(૯) પારસીની અગીયારીથી મનહરકુંવરબા રાજપુત છાત્રાલય સુધી.

(૧૦) દિપક ચોકથી વીમાના દવાખાના સુધી, તાજીયાના રૂટ પર સામેથી મોટા વાહનો ચલાવવા પર પ્રતિબંધ રહેશે.

આ જાહેરનામાનો ભંગ કરનારને ગુજરાત પોલીસ અધિ.-૧૯૫૧ની કલમ-૧૩૧ મુજબ સજા થઈ શકે છે.

''જાહેરનામાના અમલ તથા તેના ભંગ બદલ પગલા લેવા માટે ફરજ ઉપરના પોલીસ સબઈન્સ્પેકટરથી નીચેના ન હોય તેવા અધિકારીશ્રીને અધિકૃત કરવામાં આવે છે.''

મહેસુલ, પંચાયત, હોસ્પીટલ, વીજળી વિગેરે આવશ્યક સેવાઓનો સંબંધીત સ્ટાફને આ જાહેરનામું લાગુ પડતું નથી.

ઉપર નિર્દિષ્ટ કરેલા વિસ્તારોમાં જાહેરનામાની નકલો ચોંટાડીને અને વર્તમાનપત્રો મારફતે તેની બહોળી પ્રસિધ્ધિ કરાવવી.

આજ તા. ૨૦-૦૯-૨૦૧૭ના રોજ મારી સહી સીક્કો કરીને સદરહું જાહેરનામું પ્રસિધ્ધ કરવામાં આવ્યું.

ભાવનગર, ૨૦ માહે સપ્ટેમ્બર, સને ૨૦૧૭.

**આર. પી. ચૌધરી,**
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
ભાવનગર.

---

### ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૩) હેઠળનું

## જાહેરનામું

ક્રમાંક : મજશ-૩/સભા સરઘસબંધી જા.નામું/૨૦૧૭/ વશી-૯૬૫૯ થી ૯૭૫૯.-સુરેન્દ્રનગર જિલ્લામા હાલની કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિને ધ્યાને રાખી સુરેન્દ્રનગર જિલ્લાનાં તમામ પોલીસ સ્ટેશન વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ સારી રીતે જળવાઈ રહે તે હેતુસર પોલીસ અધિક્ષકશ્રી, સુરેન્દ્રનગરના તા. ૧૫-૦૯-૨૦૧૭ના પત્ર ક્રમાંક : એલઆઈબી/જા.પ્ર./૯૦૪/૨૦૧૭ થી ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૩) હેઠળનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા દરખાસ્ત થઈ આવેલ છે. તાજેતરની પરિસ્થિતિમાં જિલ્લામાં

કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ સારી રીતે જળવાઈ રહે તે માટે જાહેર વ્યવસ્થાના હેતુ માટે પાંચ કે તેથી વધુ લોકોએ ભેગા થવા ઉપર તથા સભા સરઘસ યોજવા મનાઈ ફરમાવવી મને જરૂરી જણાય છે.

વાસ્તે હું, ચંદ્રકાંત જી. પંડયા(જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, સુરેન્દ્રનગર જિલ્લો, સુરેન્દ્રનગર, મને મળેલ અધિકારની રુએ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧નાં ૨૨ માંની કલમ-૩૭ (૩) અન્વયે અમોને મળેલ અધિકારની રુએ સુરેન્દ્રનગર જિલ્લાના સમગ્ર વિસ્તારમાં તા. ૧૬-૦૯-૨૦૧૭ થી તા. ૩૦-૦૯-૨૦૧૭ સુધી (બંન્ને તારીખો સહિત)ના સમયગાળા દરમ્યાન નગરપાલીકા વિસ્તારમાં સબંધિત સબ ડીવીજનલ મેજીસ્ટ્રેટશ્રી તથા ગ્રામ્ય વિસ્તારમાં મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટશ્રીની અગાઉથી મંજુરી મેળવ્યા સિવાય પાંચ કે તેથી વધુ લોકોએ ભેગા થવા ઉપર તથા સભા-સરઘસ યોજવાની મનાઈ ફરમાવું છુ.

આ પ્રતિબંધ લગ્નનાં વરઘોડા, સ્મશાનયાત્રા તથા શોભાયાત્રાની પુર્વ મંજુરી મેળવેલ હશે તેને લાગુ પડશે નહીં.

આ જાહેરનામું સુરેન્દ્રનગર જિલ્લાના તમામ વિસ્તારોમાં સહેલાઈથી દેખી શકાય વાંચી શકાય તેવી જગ્યાએ તેની નકલો ચોંટાડીને અને તે વિસ્તારમાં પોલીસ લાઉડ સ્પીકર વાહન દ્વારા સ્થાનિક વર્તમાનપત્રો મારફતે તેમજ ગુજરાત રાજયના અસાધારણ ગેઝેટમાં જાહેર કરીને પ્રસિધ્ધ કરવાનું ફરમાવું છું.

જો કોઈ ઈસમ ઉપરોકત હુકમનો ભંગ કરશે અગર ભંગ કરવામાં મદદગારી કરશે તો આવા ઈસમો ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૫ હેઠળ દંડ અને શિક્ષાને પાત્ર થશે.

આજ રોજ મારી સહી તથા કચેરીની મુદ્રા સાથે જાહેરનામું બહાર પાડવામાં આવે છે.

સુરેન્દ્રનગર, ૧૫ માહે સપ્ટેમ્બર, સને ૨૦૧૭.

---

## ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૧) હેઠળનું

## જાહેરનામું

ક્રમાંક : મજશ-૩/હથિયારબંધી જા.નામું/૨૦૧૭/વશી-૯૫૫૮ થી ૯૬૫૮.-સુરેન્દ્રનગર જિલ્લામા ખાસ કરીને ચોટીલા, થાન, ધ્રાંગધ્રા, સાયલા, મુળી વિસ્તારમાં વર્ગ વિગ્રહનાં બનાવો બને છે. તથા તેમજ અત્રેના જિલ્લાની હાલની કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ ધ્યાને રાખી સુરેન્દ્રનગર જિલ્લાનાં તમામ પોલીસ સ્ટેશન વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ સારી રીતે જળવાઈ રહે તે હેતુસર પોલીસ અધિક્ષકશ્રી, સુરેન્દ્રનગરના તા. ૧૪-૦૯-૨૦૧૭ ના પત્ર ક્રમાંક : એલઆઈબી/જા.પ્ર./૯૦૫/૧૭ થી ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૭(૧) હેઠળનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા દરખાસ્ત થઈ આવેલ છે. તાજેતરની પરિસ્થિતિમાં જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ સારી રીતે જળવાઈ રહે તે માટે જાહેર વ્યવસ્થાના હેતુ માટે હથિયારબંધી ફરમાવવી મને જરૂરી જણાય છે.

વાસ્તે હું, ચંદ્રકાંત જી. પંડયા, (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, સુરેન્દ્રનગર જિલ્લો, સુરેન્દ્રનગર, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ના ૨૨ માની કલમ-૩૭(૧) હેઠળ અમોને પ્રાપ્ત થયેલ અધિકારની રૂએ સુરેન્દ્રનગર જિલ્લાના સમગ્ર વિસ્તારમાં તા. ૧૬-૦૯-૨૦૧૭ થી તા. ૩૦-૦૯-૨૦૧૭ સુધી (બંન્ને તારીખો સહીત)ના સમયગાળા દરમ્યાન નગરપાલિકા વિસ્તારમાં સંબંધિત સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી તથા ગ્રામ્ય વિસ્તારમાં મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટશ્રીની અગાઉથી મંજુરી મેળવ્યા સિવાય નીચેની વિગતેના કૃત્યો કરવાની મનાઈ ફરમાવું છું.

(૧) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટા, ખંજર, ચપ્પા, લાકડી/લાઠી, ધોકા, બંદુક, કુંડળીવાળી લાકડી તથા શારિરીક ઈજા પહોંચાડી શકે તેવા કોઈપણ પ્રકારના સાધનો ધારણ કરવાની કે સાથે લઈ જવાની.

(૨) પરવાના વાળા હથીયારો લઈ જાહેર જગ્યાઓએ જવા, હવામાં ફાયર કરવા, મેળા, ધાર્મિક સરઘસ કે વ્યકિતઓના સમુદાયમાં લઈ જવા.

(૩) પથ્થરો અથવા બીજા શસ્ત્રો અથવા તે શસ્ત્રો ફેકવાના અથવા નાખવાના યંત્રો અથવા સાધનો લઈ જવાની, તથા એકઠા કરવાની તથા તૈયાર કરવાની.

(૪) કોઈ પણ ક્ષયકારી પદાર્થ અથવા વિસ્ફોટક પદાર્થો ધારણ કરવાની કે સાથે લઈ જવાની.

(૫) વ્યકિતઓ અથવા તેમના શબ અથવા આકૃતિઓ અથવા પુતળા તૈયાર કરવાની, દેખાડવાની કે સળગાવવાની કે સાથે લઈ જવાની.

(૬) જેનાથી સુરચિનો ભંગ થાય અથવા નિતિનો ભંગ થાય તેવું ભાષણ કરવાની, તેવી ચેષ્ઠા કરવાની, તેવા ચિત્રો-પત્રિકા-પ્લે કાર્ડ- અથવા બીજા કોઈ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવાની અથવા ફેલાવો કરવાની કે સાથે લઈ જવાની.

(૭) બુમો પાડવાની, અપમાન કરવાના અથવા જાહેર કરવાનાં ઈરાદાથી જાહેરમાં વિવિધ શબ્દો પોકારવા તેમજ અશ્લીલ ગીતો ગાવા અથવા ટોળામાં ફરવાની.

(૮) કોઈ સરઘસમાં જલતી અને પેટાવેલી મસાલ લઈ જવાની.

(૯) પ્રાઈવેટ સીકયુરીટી એજન્સીના સંચાલક અને કર્મચારી લાયસન્સ વાળા હથીયારો સાથે લઈ પોતાની ફરજ સિવાયના સમયે જાહેર જગ્યામાં જવા ઉપર.

(૧૦) કોઈ ક્ષયધર્મી અથવા સ્ફોટક પદાર્થ લઈ જવાની.

(૧૧) ખુન, ખુનની કોશીષ, ધાડ, લુંટ તથા ઈજાના બનાવોમા ઉપયોગમા લેવાતા તથા લેવાઈ શકે તેવા જીગઝેક પ્રકારના ચાઈનીઝ ચપ્પાઓ સાથે રાખવા કે વેચાણ કરવા ઉપર.

**આ હુકમ નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહી**

(૧) સરકારી નોકર કે કામ કરતી વ્યકિત કે જેને તેમના ઉપરી અધિકારીશ્રીઓએ આવું કોઈપણ હથિયાર લઈ જવા ફરમાવ્યું હોય અથવા કોઈપણ હથિયાર લઈ જવાની તેમની ફરજ હોય તેવી વ્યકિત.

(૨) જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી, સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી, મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટશ્રીએ અથવા તેઓએ કે જેને શારિરીક અશકિતના કારણે લાકડી/લાઠી લઈ જવાની પરવાનગી આપવામાં આવી હોય.

આ જાહેરનામું સમગ્ર સુરેન્દ્રનગર જિલ્લાના તમામ વિસ્તારોમાં સહેલાઈથી દેખી શકાય, વાંચી શકાય, તેવી જગ્યાએ તેની નકલો ચોંટાડી અને તે વિસ્તારમાં પોલીસ લાઉડસ્પીકર વાહનો દ્વારા, સ્થાનિક વર્તમાનપત્રો મારફતે તેમજ ગુજરાત રાજયના અસાધારણ ગેઝેટમાં જાહેર કરીને પ્રસિધ્ધ કરવાનું ફરમાવું છું.

જો કોઈ ઈસમ ઉપરોક્ત હુકમનો ભંગ કરશે અગર ભંગ કરવામાં મદદગારી કરશે તો આવા ઈસમો ગુજરાત પોલીસ અધિનિમય-૧૯૫૧ની કલમ-૧૩૫ હેઠળ દંડ અને શિક્ષાને પાત્ર થશે.

આજ રોજ મારી સહી તથા કચેરીની મુદ્રા સાથે જાહેરનામું બહાર પાડવામાં આવે છે.

સુરેન્દ્રનગર, ૧૫ માહે સપ્ટેમ્બર, સને ૨૦૧૭.

---

વંચાણે :

૧. પોલીસ અધિક્ષકશ્રી, સુરેન્દ્રનગરના તા. ૦૭-૦૯-૨૦૧૭ના પત્ર ક્રમાંક : એલઆઈબી/જા.પ્ર./૮૮૫/૧૭.

**જાહેરનામું**

ક્રમાંક : મજસ/૩/જા.નામું./વશી-૯૨૭૫ થી ૯૩૭૫/ ૨૦૧૭.-વંચાણ ક્રમાંક-૧ વાળા પત્રથી વન વે માંથી ટુવે કરવા અંગેનું જાહેરનામુ બહાર પાડવા અંગેની દરખાસ્ત અત્રેને મળેલ છે.

સુરેન્દ્રનગરમાં માઈ મંદિરથી જવાહર ચોક રોડનું સમાર કામ ચાલુ હોય જેથી આ રોડ પર વાહનોની અવર-જવર બંધ કરાવવી જરૂરી હોય જેથી આ રોડના બદલે વાહનો હેન્ડલુમથી ટાવર ચોકના રોડ પર પસાર કરવા જરૂરી હોઈ ટાવર રોડ વન વે હોય જેથી તાત્કાલીક ધોરણે હેન્ડલુમ થી ટાવર ચોક સુધીનો રોડ વન વેમાંથી ટુ વે કરવા જરૂરી જણાતા તથા હેન્ડલુમથી ટાવર ચોકના રોડ પર પસાર થતા વાહનો એકી-બેકી તારીખો મુજબ પાર્કીંગ થાય તે જરૂરી છે.

વાસ્તે હું ચંદ્રકાંત પંડયા, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, સુરેન્દ્રનગર જિલ્લો, મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧)(ખ) મુજબ હેન્ડલુમથઈ માઈ મંદિર રોડ પર તા. ૧૧-૦૯-૨૦૧૭ સુધી વાહનો માટે પ્રતિબંધ કરવામાં આવે છે. તથા હેન્ડલુમથી ટાવર ચોકના રોડ પરનું પાર્કીંગ એકી-બેકી તારીખો મુજબ કરવા ફરમાવું છું.

આ જાહેરનામુ તા. ૧૧-૦૯-૧૭ ના રાત્રીના ૧૨-૦૦ કલાક સુધી અમલમાં રહેશે.

જો કોઈ ઈસમ આ જાહેરનામાંનો ભંગ કરશે તો મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧ હેઠળ શિક્ષા પાત્ર થશે.

આ જાહેરનામુ સમગ્ર સુરેન્દ્રનગર જિલ્લાના તમામ વિસ્તારોમાં સહેલાઈથી દેખી શકાય વાંચી શકાય તેવી જગ્યાએ તેની નકલો ચોંટાડી અને તે વિસ્તારોમાં પોલીસ લાઉડસ્પીકર વાહનો દ્વારા સ્થાનિક વર્તમાનપત્રો મારફતે તેમજ ગુજરાત અસાધરણ ગેઝેટમાં પ્રસિધ્ધ કરવાનું ફરમાવું છું.

આજ રોજ મારી સહી તથા કચેરીની મુદ્રા સાથે જાહેરનામું બહાર પાડવામાં આવેલ છે.

સુરેન્દ્રનગર, ૦૭ માહે સપ્ટેમ્બર, સને ૨૦૧૭.

**ચંદ્રકાંત પંડ્યા,**
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
સુરેન્દ્રનગર જિલ્લો.

---

**જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ દ્વારા**

વંચાણે લીધા :

(૧) અત્રેની કચેરીના ફડચાના અંતિમ હુકમ નંબર : ફડચ/ગ-૩/ ૪૦૮ થી ૪૧૫, તા. ૦૬-૦૭-૨૦૧૭.

(૨) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ સને-૧૯૬૧ ની કલમ-૧૧૪(૧) ની તથા કલમ-૨૦(૧) ની જોગવાઈ.

(૩) સરકારશ્રીનાં કૃષિ સહકાર અને ગ્રામ્ય વિકાસ વિભાગનાં નોટીફીકેશન નંબર જી.એચ.કે.એચ./૬૨/૨૦૧૧/એન.એસ. બી./૧૨/૨૦૦૨/૩૦૧૧/સી.એચ., તા. ૨૧-૦૭-૨૦૧૧ તથા તા. ૨૬-૦૮-૨૦૧૧.

(૪) ફડચા અધિકારીશ્રી વાવડી ફળ અને શાકભાજી ઉત્પાદક સહકારી મંડળી લી., મુ. વાવડી, તા. રાજુલા, જિલ્લો અમરેલીના તા. ૧૪-૦૯-૨૦૧૭ ની દરખાસ્ત.

**હુકમ**

જાવક નં. ફડચ/ગ-૩/૫૧૧ થી ૫૧૬/૨૦૧૭.-(૧) શ્રી વાવડી ફળ અને શાકભાજી ઉત્પાદક સહકારી મંડળી લી., મુ. વાવડી, તા. રાજુલા, જિલ્લો અમરેલીના વંચાણે લીધેલ ક્રમાંક નં.-૧ના હુકમથી ફડચાથી લઈ જવામાં આવેલ છે.

(૨) સદરહું મંડળીનો નોંધણી નંબર ૩૨૯૫૭, તા. ૧૬-૧૦-૨૦૦૨ થી નોંધાયેલ છે.

(૩) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ સને-૧૯૬૧ની કલમ-૧૧૪(૧) તથા ૨૦(૧) તથા વંચાણે લીધેલ ક્રમ નં.-૩ હેઠળ મને મળેલ સત્તાની રૂએ શ્રી વાવડી ફળ અને શાકભાજી ઉત્પાદક સહકારી મંડળી લી., મુ. વાવડી, તા. રાજુલા, જિ. અમરેલીની ફડચાની કામગીરી સમાપ્ત થયેલી જાહેર કરૂ છુ. તેમજ આ કાયદાની કલમ-૨૦ (૧) હેઠળ મંડળીની નોંધણી રદ કરૂ છું.

---

વંચાણે લીધા :

૧. ગુજરાત રાજ્યના સહકારી મંડળીઓના અધિનિયમ–૧૯૬૧ની કલમ-૧૦૭ અને ૧૦૮ ની જોગવાઈઓ.

૨. સરકારશ્રીનાં હુકમથી સહકાર અને ગ્રામ્ય વિકાસ વિભાગનાં નોટીફીકેશન ક્રમાંક જી.એમ.કે.એચ/૬૨/૨૦૧૧/એન.એસ. બી/૧૨/૨૦૦૨/૩૦૧૧/સી.એચ/તા. ૨૧-૦૭-૨૦૧૧ તથા તા. ૨૬-૦૮-૨૦૧૧

૩. આ કચેરીનો વચગાળાનો ફડચા આદેશ નં. ફડચ/ગ-૩/૪૩૧ થી ૪૩૭, તા. ૧૪-૦૭-૨૦૧૭.

## અંતિમ આદેશ

જાવક નં. : ફડચ/ગ-૩/૫૨૪ થી ૫૩૧/૨૦૧૭.-આથી હું, એસ. એન. જોષી, જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, અમરેલી, આમુખ-૨ થી મને મળેલ અધિકારીની રૂએ શ્રી પીપળીકાંઠા વિભાગીય ખારવા મત્સ્ય ઉધોગ સહકારી મંડળી લી., મુ. પીપળીકાંઠા, તા. જાફરાબાદ, જિ. અમરેલી કે જેની નોંધણી નં. ૬૫૮, તા. ૧૨-૦૮-૧૯૯૬ને ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૧૦૭(૧) (ગ)-૨ અન્વયેથી ફડચામાં લઈ જવાનો ફડચાનો અંતિમ આદેશ કરવામાં આવે છે. અને આમુખ-૧ અન્વયે ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી (ફડચા)ની નિમણુંક કરવામાં આવે છે, ફડચા અધિકારીએ ફડચાની કામગીરી નિયમોનુસાર પાંચ વર્ષની મર્યાદામાં પૂર્ણ કરવાની રહેશે.

અમરેલી, ૨૬ માહે સપ્ટેમ્બર, સને ૨૦૧૭.

**એસ. એન. જોષી,**
જિલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
અમરેલી.

---

## નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : નધણ/ઝ/૧૧૮/૯૭૩/પીબીઆર/સા-૧૦૪૬૩/ સને-૨૦૧૭.-આથી જાહેર કરે છે કે, શ્રી સુદામા ક્રેડીટ એન્ડ કન્ઝયુમર્સ કો. ઓપ. સો. લી. પોરબંદર, મર્યાદિત સ્થળ : પોરબંદર, તાલુકો : પોરબંદર, જિલ્લો : પોરબંદર.

સને-૧૯૬૧નો ગુજરાત કાયદો ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો-૧૯૬૧ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

પોરબંદર, ૨૧ માહે સપ્ટેમ્બર, સને ૨૦૧૭.

**એમ. એસ. લોખંડે,**
જિલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
પોરબંદર.

---

## નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : નધણ/જ-૨/૬૦૩/નં. આરજેટી:સે-૪૫૯૬૬, તા. ૨૭-૦૯-૨૦૧૭.-જિલ્લા રજીસ્ટ્રાર, સ.મં., રાજકોટ, આથી જાહેર કરે છે કે, શ્રી દેવદત્ત ક્રેડીટ કો-ઓપરેટીવ સોસાયટી લી., મર્યાદિત સ્થળ : રાજકોટ, તાલુકો : રાજકોટ, જિલ્લોઃ રાજકોટ, સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો-૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

રાજકોટ, ૨૭ માહે સપ્ટેમ્બર, સને ૨૦૧૭.

---

## નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : નધણ/જ-૨/૬૦૭/નં. આરજેટી:સે-૪૫૯૬૭, તા. ૨૮-૦૯-૨૦૧૭.-જિલ્લા રજીસ્ટ્રાર, સ.મં., રાજકોટ, આથી જાહેર કરે છે કે, શ્રી આઈકૃપા ક્રેડીટ કો-ઓપરેટીવ સોસાયટી લી., મર્યાદિત સ્થળ : રાજકોટ, તાલુકો : રાજકોટ, જિલ્લોઃ રાજકોટ, સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો-૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

રાજકોટ, ૨૮ માહે સપ્ટેમ્બર, સને ૨૦૧૭.

**ટી. સી. તીરથાણી,**
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
રાજકોટ.

---

વંચાણે લીધા :

(૧) સરકારશ્રીનાં કૃષિ અને સહકાર વિભાગના જાહેરનામા ક્રમાંક : જી.એચ.કે.એચ./૨૦૧૧/એન.એસ.બી./૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ/ તા. ૨૧-૭-૨૦૧૧.

(૨) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિમય-૧૯૬૧ની કલમ-૧૦૭ તથા ૧૦૮ની જોગવાઈઓ.

(૩) અત્રેની કચેરીના તા. ૨૧-૦૮-૨૦૧૭ ના પત્ર ક્રમાંક ફડચ/ગ-૨/૧૦૯૦/૨૦૧૭.

(૪) ઓડીટર ગ્રેડ-૨ (પ્રમાણીત) સ. મં. સુરેન્દ્રનગરના પત્ર ક્રમાંક નં. અષણ/પ્ર/૨૫/૨૦૧૭ તા. ૧૭-૭-૨૦૧૭.

## વચગાળાનો આદેશ

ક્રમાંક : ફડચ/ગ-૨/૧૨૪૦/૨૦૧૭.-આથી હું, આર. એ. મકવાણા, જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, સુરેન્દ્રનગર, ગુજરાત સહકારી મંડળીઓનો અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયે મને મળેલ સત્તાની રૂએ શ્રીહરી ફળ અને શાકભાજી ઉત્પાદન અને વેચાણ સહકારી મંડળી લી., મુ. ખોડુ, તા. વઢવાણ, જિ. સુરેન્દ્રનગરને ફડચામાં લઈ જવા વચગાળાનો આદેશ કરૂ છું. અને કલમ-૧૦૮ અન્વયે મંડળીના ફડચા અધિકારી તરીકે અત્રેની કચેરીના સહકારી અધિકારી ફડચો નંબર-૧ની નિમણુંક કરૂ છું.

સદરહું આદેશ અન્વયે મંડળીએ કાંઈ રજુઆત કરવાની હોય તો આદેશની તારીખથી માસ-૧માં રજુઆતના સમર્તનમાં જરૂરી હોય તેવા આધાર પુરાવા સાથે યોગ્ય રજુઆત કરવી. અન્યથા સદરહું આદેશને આજ અધિનિયમની કલમ-૧૦૭(૩) અન્વયે કાયમી કરવામાં આવશે જેની નોંધ લેવી.

સુરેન્દ્રનગર, ૨૫ માહે સપ્ટેમ્બર, સને ૨૦૧૭

આર. એ. મકવાણા,
જિલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
સુરેન્દ્રનગર.

---

## મદદનીશ જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ (હાઉસીંગ) દ્વારા

## નોંધણીનું પ્રમાણપત્ર

જા. નં. : નધણ/હાઉસીંગ/૧૮૦/૫૩૫૪/૨૦૧૭.-જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ભુજ-કચ્છ, આથી જાહેર કરવામાં આવે છે કે, શ્રી રઘુવીર નગર કો. ઓપ. હાઉસીંગ સર્વિસ સોસાયટી લી., ધ્રાંગધ્રા, જિ. સુરેન્દ્રરનગરને સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામા આવે છે.

જેનો નોંધણી ક્રમાંક : નધણ હાઉસીંગ/એસએનઆર/સા-૧૦૦૨૧ સને ૨૦૧૭ તા. ૧૮-૦૯-૨૦૧૭ છે.

ભુજ-કચ્છ, ૧૯ માહે સપ્ટેમ્બર, સને ૨૦૧૭.

(સહી) અવાચ્ય,
મદદનીશ જિલ્લા રજીસ્ટ્રાર,
સહ. મંડળીઓ (હાઉસીંગ),
ભુજ-કચ્છ.

---

વંચાણે લીધા :

(૧) સરકારશ્રીનાં કૃષિ અને સહકાર વિભાગનાં જાહેરનામા ક્રમાંક : જી.એચ.કે.એચ./૨૦૧૧/એન.એસ.બી./૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ/તા. ૨૧-૦૭-૨૦૧૧.

(૨) જિલ્લા રજીસ્ટ્રારશ્રી સહકારી મંડળીઓ સુરેન્દ્રનગરની કચેરીનાં આદેશ ક્રમાંક : ફડચ/ગ-૨/૮૧૬/૨૦૦૮ તા. ૨૫-૦૮-૨૦૦૮.

(૩) ફડચા અધિકારીશ્રીનં ૧ લગત જિલ્લા રજિસ્ટ્રાર સ. મં. સુરેન્દ્રનગરની તા. ૨૦-૭-૨૦૧૭ની દરખાસ્ત.

(૫) ગુજરાત સહકારી મંડળીઓનાં અધિનિયમ-૧૯૬૧ની કલમ-૨૦ ની જોગવાઈઓ

## હુકમ

ક્રમાંક: ફડચ/હાઉસીંગ/૧૭૮/૫૩૬૪/૨૦૧૭.-શ્રી શકિત કો-ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લી., મુ. : વઢવાણ, તા. : વઢવાણ, જિ. : સુરેન્દ્રનગર જેનો નોંધણી નં.-૪૭૨, તા. ૦૭-૦૪-૧૯૬૧ થી સહકારી કાયદા હેઠળ નોંધાયેલી સહકારી મંડળી છે જેને વંચાણે લીધેલ ક્રમ-૨ નાં આદેશ થી કલમ-૧૦૭ અન્વયે ફડચામાં લઈ જવામાં આવેલ છે. જેની ફડચા કામગીરી મંડળીનાં ફડચા અધિકારીએ પુર્ણ કરી વંચાણે લીધેલ ક્રમ-૩ થી નોંધણી રદ કરવા અને ફડચા કામગીરી સમાપ્ત કરવા દરખાસ્ત કરેલ છે.

સબબ ઉપરોકત વિગતો ધ્યાને લઈ ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૧૪ અન્વયે મંડળીની ફડચા કામગીરી સમાપ્ત કરવામાં આવેલ છે અને આ જ કાયદાની કલમ-૨૦ અન્વયે મંડળીની નોંધણી રદ કરવામાં આવે છે.

ભુજ-કચ્છ, ૧૯ માહે સપ્ટેમ્બર, સને ૨૦૧૭.

બી. એસ. રૂડાણી,
મદદનીશ જિલ્લા રજીસ્ટ્રાર,
સ. મં. (હાઉસીંગ),
ભુજ-કચ્છ.

વંચાણે લીધા :

(૧) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૧૪(૧) તથા ૨૦(૧) હેઠળની જોગવાઈઓ.

(૨) સરકારશ્રીના કૃષિ અને સહકાર વિભાગના તા. ૨૧-૭-૨૦૧૧ ના જાહેરનામાં ક્રમાંક : જીએચકેએચ/૬૨/૨૦૧૧/એનએસબી/૧૨/૩૦૧૧/સીએચ. થી થયેલ સતા સોંપણી.

(૩) કચેરીનાં ફડચાના અંતિમ આદેશ ક્રમાંક : ધરમ/ફડચ/૦૧/૩૨૪ થી ૩૩૩/૨૦૧૩, તા. ૧૭-૦૪-૨૦૧૩.

(૪) ફડચા અધિકારીશ્રીની તા. ૦૧-૦૯-૨૦૧૭ ના પત્રથી રજુ થયેલ નોંધણી રદની દરખાસ્ત.

## હુકમ

ક્રમાંક : ધરમ/ફડચ/૦૧/૪૯૨/૨૦૧૭.-આથી હું, એસ. જે. હાલારી, મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, (હાઉસીંગ) રાજકોટ ઉકત વંચાણે-(૨) વાળા જાહેરનામાથી મને મળેલ અધિકારની રૂએ ગુજરાત સહકારી મંડળીઓનાં અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયે ફડચામાં લઈ જવામાં આવેલ શ્રી પંચશીલ કો-ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લી., મોટીપાનેલી, તા. ઉપલેટા, જિ. રાજકોટ (નોંધણી નં. ઘ-૭૩૨૩, તા. ૨૦-૬-૧૯૮૧) ની ફડચાની કાર્યવાહી સહકારી કાયદાની કલમ-૧૪૪ હેઠળ સમાપ્ત જાહેર કરું છું. તેમજ તે કાયદાની કલમ-૨૦(૧) અન્વયે સદરહું મંડળીની આ કયદા હેઠળ નોંધણી રદ કરુ છું.

રાજકોટ, ૨૧ માહે સપ્ટેમ્બર, સને ૨૦૧૭.

**એસ. જે. હાલારી,**
મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ (હાઉસીંગ),
રાજકોટ.

---

મદદનીશ જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ,
જિલ્લા પંચાયત (પંચાયત) દ્વારા

## નોંધણીનું પ્રમાણપત્ર

જાવક નં. : સહ-૧/નધણ/વર્ક/૧૨૫૪/૨૦૧૭.-જિલ્લા પંચાયત, જામનગર આથી જાહેર કરે છે કે શ્રી ધ્રાંગેશ્વર સેવા સહકારી મંડળી લી., ધ્રાંગડા, સ્થળ : ધ્રાંગડા, તાલુકો : જામનગર, જિલ્લો : જામનગર ને સને ૧૯૬૨ ના ગુજરાત કાયદા-૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને-૧૯૬૧) ની કલમ-૯ (૧) (૪) અન્વયે આજરોજ નોંધવામાં આવે છે.

નોંધણી ક્રમાંક : સે-૪૧૪૭૫, સને ૨૦૧૭.

જામનગર, ૨૧ માહે સપ્ટેમ્બર, સને ૨૦૧૭.

---

## નોંધણીનું પ્રમાણપત્ર

જાવક નં. : સહ-૧/નધણ/વર્ક/૧૨૫૩/૨૦૧૭.-જિલ્લા પંચાયત, જામનગર આથી જાહેર કરે છે કે શ્રી સુમરી (ધુતારપુર) સેવા સહકારી મંડળી લી., સુમરી (ધુરાતરપુર), સ્થળ : સુમરી (ધુરાતરપુર), તાલુકો : જામનગર, જિલ્લો : જામનગર ને સને ૧૯૬૨ ના ગુજરાત કાયદા-૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને-૧૯૬૧) ની કલમ-૯ (૧) (૪) અન્વયે આજરોજ નોંધવામાં આવે છે.

નોંધણી ક્રમાંક : સે-૪૧૪૭૪, સને ૨૦૧૭.

જામનગર, ૨૧ માહે સપ્ટેમ્બર, સને ૨૦૧૭.

**ડી. જે. મજીઠીયા,**
મદદનીશ જિલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ (પંચાયત),
જિલ્લા પંચાયત, જામનગર.

---

PRINTED AT THE GOVERNMENT PRESS, RAJKOT COMPLAINTS ABOUT GAZETTE MUST BE MADE WITHIN A FORTNIGHT FROM THE DATE OF THIS PUBLICATION ACCOMPANIED BY THE WRAPPER.

©

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

**SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION**

***PUBLISHED BY AUTHORITY***

**VOL. LVIII] THURSDAY, 19th OCTOBER, 2017/ASHVINA 27, 1939 No. 42**

**Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central section in order that it may be filed as a separate compilation.**

# PART-I

| PART - I | Pages | PART - I - B | Pages |
|---|---|---|---|
| Government Notifications Appointments Promotions, Leave of absence, Rules and orders (Other than those published in Part-I-A, IV-A, IV-B, and IV-C) list of publications for sales etc.,<br>Miscellaneous Notifications Appoint-ments etc., | 1067-1094 | (Suppliment) Government Notifications Published under Land Acquisition Act only Supplement. | Nil |
| **PART - I - A**<br>Order and Notifications (Other than those published in Part-IV-B) under the Gujarat Local Boards, Village Panchayats, Municipals, Boroughs, (Districts) Municipals Primary Education and Local Fund Audits, Acts., | Nil | **PART - II**<br>Miscellaneous Notices, Advertisments, List of Books Sanctioned by the Director of Education, List of Jurors. Schedule of Estates by the Official Assignee, Summary of Births and Deaths, etc., | 1993-2032 |
| | | **PART - III**<br>Miscellaneous Supplements Season and Crop Reports, Prices, Current Rainfalls Returns, District Local Boards Accounts etc., | Nil |

# GOVERNMENT NOTIFICATIONS, ORDERS APPOINTMENTS, ETC.
## SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION
## NOTIFICATION
### MISCELLANEOUS NOTIFICATIONS APPOINTMENTS ETC.

## By the Principal District Judge
### NOTIFICATION

No. B/Adm./5768/2017.-It is hereby notified for general information of all concerned that, the Court of Principal Civil Judge & J.M.F.C., Nakhatrana shall start functioning in the newly constructed building at the below mentioned address w.e.f. 02-10-2017.

| | | |
|---|---|---|
| Name of the Court and Address | : | Court of the Principal Civil Judge & Judicial Magistrate, First Class, Opp. P.G.V.C.L. Office, Bhuj-Lakhpat Highway, Nakhatrana-Kachchh. |
| Telephone/ Fax Number | : | (02835) (Office/Fax) 222329 (Direct) 222327 |

Kachchh-Bhuj, 29th September, 2017.

**MEHUL M. GANDHI,**
Principal District Judge,
Kachchh at Bhuj.

---

## જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

### ફોજદારી કાર્યરીતિ અધિનિયમ સને ૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨) ની કલમ ૧૪૪ અન્વયે કાઢેલ હુકમ

### હુકમ

ના. મેજી/પોલ/જાહેરનામું/૧૪/૦૯/૨૦૧૭.-સરકારશ્રીના જુદા જુદા જાહેરનામાઓથી કચ્છ જિલ્લામાં નેશનલ હાઈવે ઉપર નિયત કરેલ સ્થળોએ જુદા જુદા ટોલ પ્લાઝા ખાતેથી વાહનો પાસેથી નિયત કરેલ ચાર્જ વસુલ કરવામાં આવે છે અને આ અંગે નિયત એજન્સી સાથે કરાર કરી ચાર્જ વસુલ કરવાનો અધિકાર આપવામાં આવેલ છે. જે માટે જુદા જુદા ટોલ પ્લાઝા લોકેશન નિયત કરવામાં આવેલ છે. જે પૈકી કચ્છ જિલ્લામાં નીચે જણાવેલ અનુસુચિમાં જણાવેલ સ્થળે ટોલ પ્લાઝા રાખવામાં આવેલ છે. સરકારશ્રીના જાહેરનામામાં ઉલ્લેખ થયેલ જુદા જુદા વાહનોને ટોલ ટેક્ષ ભરવામાંથી મુકિત આપવામાં આવેલ છે અથવા કન્સેશન પાસ આપવાની જોગવાઈ કરવામાં આવેલ છે.

સદરહુ ટોલ પ્લાઝાની નજીકમાં જુદા જુદા ગામો આવેલ છે. આ ગામોના લોકો કોમર્શિયલ વાહનો ધરાવે છે. આવા વાહન ધારકો સરકારશ્રીના ઉપરોકત જાહેરનામાનો અમલ કરી નિયત ટોલ ચાર્જ ચુકવણી કરતા નહીં હોવાના સંદર્ભમાં આ ટોલ પ્લાઝાઓ ખાતે આવાર નવાર સુલેહ શાંતિનો ભંગ થવાના અને નિયત કંપનીના એજન્ટો, નોકરો તેમજ સીક્યુરીટી સ્ટાફ વચ્ચે જાહેરમાં મારા-મારી અને તોડફોડના બનાવો બને છે. જેને લઈને આંદોલનાત્મક કાર્યક્રમો યોજવામાં આવે છે. જેમાં ચક્કા જામના કારણે વાહન વ્યવહાર થંભી જવાના પ્રસંગો બને છે. પરીણામે સામાન્ય મુસાફર જનતા અગવડતા, અસલામતી અને ભય અનુભવે છે. કેટીલીક વખત એમ્બુલન્સ, ફાયર ફાઈટર જેવા વાહનો સમયસર જે તે સ્થળે પહોંચી શકતા નથી. જેથી લોકોના જાન માલને જોખમ ઉભુ થવાની પુરે પુરી શકયતાઓ રહેલી છે. આવા બનાવો નિવારી શકાય તે માટે આ ટોલ પ્લાઝાથી પસાર થતા વાહનો સરકારશ્રીના ઉપરોકત જાહેરનામાનો અમલ કરે અને નિયત કરવામાં આવેલ ટોલ દરની ચુકવણી કરે તેમજ સરકારશ્રીના અધિકૃત કરેલ વ્યકિતઓની કામગીરીમાં અડચણ ન કરે તે માટે યોગ્ય પગલાં લેવા યોગ્ય જણાય છે.

વધુમાં રાષ્ટ્ર અને રાજ્યની સલામતી માટે તેમજ ગુનાખોરી નિયંત્રણમાં રાખવા માટે જિલ્લામાં સીસીટીવી કેમેરા લગાવવા અંગેનું જાહેરનામું અમલમાં છે. ગુનેગારો ગુનાના સ્થળેથી અન્ય જિલ્લામાં તેમજ રાજ્ય બહાર પણ નાસી જતા હોય છે. તેમણે ઉપયોગમાં લીધેલા વાહનની વિગતો પછીથી મળતી હોય છે. જિલ્લાના ટોલ નાકાઓ ઉપર સીસીટીવી કેમેરા લગાવવામાં આવેલા છે. પરંતુ કેટલાક લોકો ટોલનાકા નજીકમાં આવેલ તેમની જમીનમાં થઈને વાહનોને ટોલ ગેઈટમાંથી પસાર થવું ન પડે તે રીતે બાયપાસ થવાની સવલત પુરી પાડે છે. આવા વાહનો ટોલગેઈટમાંથી પસાર થતા ન હોવાના કારણે વાહનોના પ્રકાર અને ચાલકની ઓળખ મળી શકતી નથી. આવા વાહનોનું સીસીટીવી કેમેરામાં રેકોર્ડીંગ થઈ શકતું નથી. પરીણામે ગુનાખોરીમાં સંડોવાયેલ વાહનોને પકડવાનો પ્રશ્ન ઉપસ્થિત થાય ત્યારે પકડી શકાતા નથી અને આવી પ્રવૃત્તિમાં સંડોવાયેલા વાહનોની ભાળ મળી શકતી ન હોય તમામ વાહનો જિલ્લાના ટોલનાકા પર પસાર થતા સમયે ઉભા રહે તથા સરકારશ્રીએ જાહેરનામાથી નક્કી કરેલ ટોલ ટેક્ષ ચુકવી ને જ પસાર થાય તે માટે જાહેર હિત અને જાહેર સલામતીના કારણોસર આદેશ કરવો જરૂરી જણાય છે.

જેથી હું, રેમ્યા મોહન, આઈ.એ.એસ., જિલ્લા મેજીસ્ટ્રેટ, કચ્છ-ભુજ, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ના નં.૨)ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે, કચ્છ જિલ્લાની મહેસુલી હદમાં આવેલ નીચે અનુસુચિમાં જણાવેલ ટોલ નાકાઓ પરથી પસાર થતા નાના મોટા તમામ વાહનોના ચાલકોએ તેમનુ વાહન ટોલ નાકા પર ઠરાવેલ

નિશ્ચિત જગ્યાએ થોભાવવું તથા સરકારશ્રીએ નકકી કરેલ ટોલ ટેક્ષ ચુકવી તેની પહોંચ મેળવી અથવા નિયમોનુસાર મુકિત મળવાપાત્ર હોય તો તેનું કાર્ડ કે પાસ ટોલ પ્લાઝાના કર્મચારી, એજન્ટ કે નોકરને બતાવીને તે બાદ જ ટોલનાકુ પસાર કરવું. વિશેષમાં ઉપરોકત ટોલનાકા નજીક આવેલ જમીનમાંથી બાયપાસ થઈ પસાર થવાના બદલે પોતાની ખાનગી માલીકીની જમીનમાંથી બાયપાસ થઈ પસાર થઈ શકે તેવો કોઈ બાયપાસ રસ્તો વાહન ચાલકોને પૂરો પાડવા પર પ્રતિબંધ ફરમાવું છું.

અનુસૂચિ :

૧. મોખા ટોલ પ્લાઝા, તા. મુંદરા (કચ્છ)

૨. સામખીયાળી ટોલ પ્લાઝા, સામખીયાળી તા. ભચાઉ (કચ્છ)

૩. સુરજબારી ટોલ પ્લાઝા, તા. ભચાઉ (કચ્છ)

૪. માખેલ ટોલ પ્લાઝા, તા. રાપર (કચ્છ)

૫. ધાણેટી ટોલ પ્લાઝા, તા. ભુજ

તમામને વ્યક્તિગત રીતે નોટીસની બજવણી કરવી શક્ય ન હોઈ આથી એક તરફી હુકમ કરું છું. જાહેર જનતાની જાણ સારૂ સ્થાનિક વર્તમાનપત્રો, આકાશવાણી મારફતે પ્રસિદ્ધિ કરાવવી તથા તમામ પોલીસ સ્ટેશન તથા હોટલ/ગેસ્ટ હાઉસ/લોજમાં સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિદ્ધિ કરવી.

ફોજદારી કાર્યરીતિ અધિનીયમની કલમ-૧૯૫ની આદેશાત્મક જોગવાઈઓ ધ્યાને લઈ આ જાહેરનામાનાં ભંગ બદલ ભારતીય ફોજદારી ધારાની કલમ-૧૮૮ અન્વયે ગુના કામે આ જાહેરનામા હેઠળ તપાસ કરવાનાં, જાહેરનામાનાં પાલન કરાવવાનાં અને તપાસનાં અંતે ચાર્જશીટ રજુ કરવાના અધિકાર જિલ્લાનાં પોલીસ અધિકારીશ્રીઓ તેમજ હેડ કોન્સ્ટેબલ કે તે ઉપરનાં કર્મચારીઓને રહેશે.

આ હુકમ સમગ્ર કચ્છ જિલ્લાના સમગ્ર વિસ્તાર માટે લાગુ પડશે. આ જાહેરનામું તા. ૧૩-૦૯-૨૦૧૭ થી તા. ૦૮-૧૧-૨૦૧૭ સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કે ઉલ્લંઘન કરનાર ઈસમ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ ની મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજરોજ તા. ૧૨-૦૯-૨૦૧૭ રોજ મારી સહી કરી કચેરીનો સિક્કો મારી બહાર પાડયો.

કચ્છ-ભુજ, ૧૨ માહે સપ્ટેમ્બર, સને ૨૦૧૭.

---

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ સને ૧૯૭૩
(૧૯૭૪ ના નં. ૨)ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ

## હુકમ

નાં. મેજી/પોલ/સાયકલ/મોપેડ/જાહેરનામુ/૧૩/૦૯/૨૦૧૭.- વર્તમાન સમયમાં શિક્ષણ વિભાગનુ સ્થાન અતિ મહત્વનુ બન્યુ છે અને શિક્ષણનું મહત્વ વધતાં શિક્ષણ સાથે સંકળાયેલ વિવિધ સંસ્થાઓનો પણ અવિરતપણે વિકાસ થયેલ છે.

કચ્છ જિલ્લામાં તાલુકા મથકો પર વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ આવેલી છે. અને આવી શૈક્ષણિક સંસ્થાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને પુરક અને વધુ તાલીમ માટે દરેક તાલુકા મથકો પર વિવિધ ખાનગી ટ્યુશન કલાસીસ અસ્તિત્વમાં આવેલ છે. આ ટ્યુશન કલાસીસ રાત દિવસ ધમધમતા રહે છે. ઘણા ટ્યુશન કલાસમાં વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓ રાત્રીનાં સમયમાં કે વહેલી સવારે ટ્યુશન કલાસ ભરવા જતા હોવાનુ ધ્યાને આવેલ છે. અને તે દરમિયાન ઘણી વિદ્યાર્થીનીઓ સાથે છેડતી કે બીજા કાયદો વ્યવસ્થાને લગતા પ્રશ્નો ઉપસ્થિત થતા હોવાનુ ધ્યાને આવેલ છે આ ઉપરાંત જિલ્લામાં વિવિધ ટ્યુશન કલાસ મહદ્અંશે ભાડાના મકાનોમાં ચાલે છે. જેથી ટ્યુશન કલાસના મકાનની આસપાસ આવેલ રહિશોને પણ વિદ્યાર્થીઓની સતત અવર-જવરથી પરેશાન થાય છે. ટ્યુશન કલાસના સંચાલકો તરફથી વિદ્યાર્થીઓની શારીરિક છેડતી કરતા હોવાની બાબતે પણ રજુઆત થયેલ છે. આમ તમામ બાબતો ધ્યાને લેતા જિલ્લામાં ચાલતા ટ્યુશન કલાસો માટે ચોક્કસ સમય રાખવો જરૂરી જણાય છે.

જેથી હું, રેમ્યા મોહન, આઈ.એ.એસ., જિલ્લા મેજીસ્ટ્રેટ, કચ્છ-ભુજ, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-(સી.આર.પી.સી.) ૧૯૭૩ (૧૯૭૪ ના નં. ૨)ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે, જિલ્લાની મહેસુલી હદમાં આવેલ ખાનગી ટ્યુશન કલાસીસ સવારે ૦૮-૦૦ કલાક સાંજે ૧૯-૦૦ કલાક સુધી ચાલુ રાખી શકાશે. તે સિવાયના સમયમાં ટ્યુશન કલાસીસ ચલાવવા મનાઈ ફરમાવું છું.

ફોજદારી કાર્યરીતિ અધિનીયમની કલમ-૧૯૫ની આદેશાત્મક જોગવાઈઓ ધ્યાને લઈ આ જાહેરનામાનાં ભંગ બદલ ભારતીય ફોજદારી ધારાની કલમ-૧૮૮ અન્વયે ગુના કામે આ જાહેરનામા હેઠળ તપાસ કરવાનાં, જાહેરનામાનાં પાલન કરાવવાનાં અને તપાસનાં અંતે ચાર્જશીટ રજુ કરવાના અધિકાર જિલ્લાનાં પોલીસ અધિકારીશ્રીઓ તેમજ હેડ કોન્સ્ટેબલ કે તે ઉપરનાં કર્મચારીઓને રહેશે.

તમામને વ્યકિતગત રીતે નોટીસની બજવણી કરવી શક્ય ન હોઈ આથી એક તરફી હુકમ કરું છું. જાહેર જનતાની જાણ સારૂ સ્થાનિક વર્તમાનપત્રો, આકાશવાણી મારફતે પ્રસિદ્ધિ કરાવવી.

આ હુકમ સમગ્ર કચ્છ જિલ્લાના સમગ્ર વિસ્તાર માટે લાગુ પડશે. આ જાહેરનામું તા. ૧૩-૦૯-૨૦૧૭ થી તા. ૦૮-૧૧-૨૦૧૭ સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કે ઉલ્લંઘન કરનાર ઈસમ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ની મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજરોજ તા. ૧૨-૦૯-૨૦૧૭ ના રોજ મારી સહી કરી કચેરીનો સિક્કો મારી બહાર પાડયો.

કચ્છ-ભુજ, ૧૨ માહે સપ્ટેમ્બર, સને ૨૦૧૭.

---

## ફોજદારી કાર્યરીતિ અધિનિયમ સને ૧૯૭૩ (૧૯૭૪ ના નં. ૨)ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ

## હુકમ

ના. મેજી/પોલ/લશ્કરી ગણવેશ/જાહેરનામું-૧૨/૦૯/૨૦૧૭.- તાજેતરમાં પઠાણકોટ, પંજાબ ખાતે આવેલ એરફોર્સ સ્ટેશન પર આતંકવાદીઓ સૈન્યના ગણવેશ ધારણ કરી હુમલો કરેલ હતો. આ સિવાય અગાઉ પણ સૈન્યના ગણવેશમાં આવીને આતંકવાદીઓ દ્વારા હુમલાઓ કરવામાં આવેલ છે.

જિલ્લામાં વિવિધ શહેરોમાં/ગામોમાં સૈન્ય તથા અન્ય સશસ્ત્ર દળોના ગણવેશ તથા તેની સામ્યતા ધરાવતા વસ્ત્રોનું વેચાણ તથા ઉપયોગ થતો હોય છે. આવા વસ્ત્રો ધારણ કરી અસામાજીક તત્વો દ્વારા દેશદ્રોહી/ગેરકાયદેસર પ્રવૃતિઓ માટે ઉપયોગ થવાનો સંભવ રહે છે. જેના કારણે રાષ્ટ્રીય સુરક્ષાને ગંભીર ખતરો ઉદભવી શકે છે. ભારતીય દંડ સંહિતા, ૧૮૬૦ ની કલમ ૧૪૦, ૧૭૦ અને ૧૭૧માં આ બાબતે જોગવાઈ કરવામાં આવેલ છે. આ બાબત સુરક્ષાના પરીપ્રક્ષ્યમાં ઘણી ગંભીર પ્રકારની હોઈ, બજારમાં બીનઅધિકૃત રીતે વેચાતા તથા ઉપયોગમાં લેવાતા સશસ્ત્ર દળોના ગણવેશ (પોશાક) તથા અન્ય ચીજ-વસ્તુઓ ઉપર પ્રતિબંધ લાવવો જરૂરી છે.

જેથી હું, રેમ્યા મોહન, આઈ.એ.એસ., જિલ્લા મેજીસ્ટ્રેટ, કચ્છ-ભુજ, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-(સી.આર.પી.સી.) ૧૯૭૩ (૧૯૭૪ ના નં. ૨)ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે, કચ્છ જિલ્લાની મહેસુલી હદમાં આવેલ વિસ્તારમાં કોઈ પણ દુકાનોમાં કે કોઈપણ વ્યકિતએ સશસ્ત્ર દળોનો ગણવેશ કે તેની સામ્યતા ધરાવતા વસ્ત્રો કે અન્ય ચીજવસ્તુઓનું બીનઅધિકૃત રીતે વેચાણ કરવુ નહિ કે ઉપયોગ કરવો નહિ.

તમામને વ્યકિતગત રીતે નોટીસની બજવણી કરવી શક્ય ન હોઈ આથી એક તરફી હુકમ કરું છું. જાહેર જનતાની જાણ સારૂ સ્થાનિક વર્તમાનપત્રો, આકાશવાણી, ઈલેકટ્રોનિક મીડીયા, પોસ્ટર વિ. માધ્યમથી બહોળી પ્રસિદ્ધિ કરાવવી તથા તમામ પોલીસ સ્ટેશન તથા જાહેરમાં સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિદ્ધિ કરવી.

ફોજદારી કાર્યરીતિ અધિનીયમની કલમ-૧૯૫ની આદેશાત્મક જોગવાઈઓ ધ્યાને લઈ આ જાહેરનામાનાં ભંગ બદલ ભારતીય ફોજદારી ધારાની કલમ-૧૮૮ અન્વયે ગુના કામે આ જાહેરનામા હેઠળ તપાસ કરવનાં, જાહેરનામાનાં પાલન કરાવવાનાં અને તપાસનાં અંતે ચાર્જશીટ રજુ કરવાના અધિકાર જિલ્લાનાં પોલીસ અધિકારીશ્રીઓ તેમજ હેડ કોન્સ્ટેબલ કે તે ઉપરનાં કર્મચારીઓને રહેશે.

આ હુકમ સમગ્ર કચ્છ જિલ્લાના સમગ્ર વિસ્તાર માટે લાગુ પડશે. આ જાહેરનામું તા. ૧૩-૦૯-૨૦૧૭ થી તા. ૦૮-૧૧-૨૦૧૭ સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કે ઉલ્લંઘન કરનાર ઈસમ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ની મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજરોજ તા. ૧૨-૦૯-૨૦૧૭ના રોજ મારી સહી કરી કચેરીનો સિક્કો મારી બહાર પાડયો.

કચ્છ-ભુજ, ૧૨ માહે સપ્ટેમ્બર, સને ૨૦૧૭.

---

## ફોજદારી કાર્યરીતિ અધિનિયમ સને ૧૯૭૩ (૧૯૭૪ ના નં. ૨)ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ

## હુકમ

ના. મેજી/પોલ/મજુર પ્રાથમિક સુવિધા/જાહેરનામું/૧૦/૦૯/ ૨૦૧૭.-તાજેતરમાં ગુજરાત રાજ્યમાં બાંધકામ હેઠળના ઈમારતમાં મહિલા મજૂરો ઉપર બળાત્કારના બનાવ બનેલા છે. જે ગુન્હાની તપાસ દરમ્યાન જાણવા મળેલ છે કે બળાત્કારના ભોગ બનનાર મહિલાઓ અને મજૂરોને સંબંધિત મજૂર ઠેકેદાર દ્વારા બાંધકામના સ્થળે પીવાના પાણી, વિજળી, શૌચાલય વિગેરે પ્રાથમિક સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવેલ ન હતી. આ પ્રકારના પ્રાથમિક સુવિધાથી વંચિત મહિલા મજૂરો અને તેમના નાબાલિક બાળકો બળાત્કારના ભોગ બને તેવી સંભાવના રહે છે.

કચ્છ જિલ્લામાં ભુકંપ પછી મોટી સંખ્યામાં ઔદ્યોગીક એકમોના આગમનથી પરપ્રાંતિય શ્રમિકો મોટી સંખ્યામાં વસવાટ કરે છે. જેઓને પાણી, વિજળી, રહેણાંક અને શૌચાલયની પ્રાથમિક સુવિધાઓ કોન્ટ્રાકટરો દ્વારા મળે તે જોવું ઈચ્છનીય છે.

જેથી હું, રેમ્યા મોહન, આઈ.એ.એસ., જિલ્લા મેજીસ્ટ્રેટ, કચ્છ-ભુજ, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-(સી.આર.પી.સી.) ૧૯૭૩ (૧૯૭૪ ના નં. ૨)ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે, કચ્છ જિલ્લાની મહેસુલી હદમાં આવેલ તમામ ઔદ્યોગિક એકમો, બાંધકામની જગ્યાઓ, ઈંટના ભઠ્ઠાઓ, ખાણો ખાતે મજૂરી કરતા મજૂરોને લેબર કોન્ટ્રાકટર દ્વારા પાણી, વિજળી, રહેણાંક અને શૌચાલયની પ્રાથમિક સુવિધાઓ પૂરી પાડવાની રહેશે.

તમામને વ્યકિતગત રીતે નોટીસની બજવણી કરવી શક્ય ન હોઈ આથી એક તરફી હુકમ કરું છું. જાહેર જનતાની જાણ સારૂ સ્થાનિક વર્તમાનપત્રો, આકાશવાણી મારફતે પ્રસિદ્ધિ કરાવવી તથા તમામ પોલીસ સ્ટેશન તથા ઔદ્યોગિક એકમોમાં સહેલાઈથી

જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિદ્ધિ કરવી.

ફોજદારી કાર્યરીતિ અધિનીયમની કલમ-૧૯૫ની આદેશાત્મક જોગવાઈઓ ધ્યાને લઈ આ જાહેરનામાનાં ભંગ બદલ ભારતીય ફોજદારી ધારાની કલમ-૧૮૮ અન્વયે ગુના કામે આ જાહેરનામા હેઠળ તપાસ કરવાનાં, જાહેરનામાનાં પાલન કરાવવાનાં અને તપાસનાં અંતે ચાર્જશીટ રજુ કરવાના અધિકાર જિલ્લાનાં પોલીસ અધિકારીશ્રીઓ તેમજ હેડ કોન્સ્ટેબલ કે તે ઉપરનાં કર્મચારીઓને રહેશે.

આ હુકમ સમગ્ર કચ્છ જિલ્લાના સમગ્ર વિસ્તાર માટે લાગુ પડશે. આ જાહેરનામું તા. ૧૩-૦૯-૨૦૧૭ થી તા. ૦૮-૧૧-૨૦૧૭ સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કે ઉલ્લંઘન કરનાર ઈસમ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ની મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજરોજ તા. ૧૨-૦૯-૨૦૧૭ના રોજ મારી સહી કરી કચેરીનો સિક્કો મારી બહાર પાડયો.

કચ્છ-ભુજ, ૧૨ માહે સપ્ટેમ્બર, સને ૨૦૧૭.

---

## ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ

## હુકમ

ના. મેજી/પોલ/જી.પી.એસ.સી/૧૪૪/જાહેરનામું/૧૫/૦૯/૨૦૧૭.-કચ્છ જિલ્લામાં કેબલ ટી.વી. ઓપરેટરો દ્વારા કોઈપણ પ્રકારની મંજુરી લીધા વગર પી.જી.વી.સી.એલ.ની વીજ કનેકશન લાઈન નેટવર્ક તથા બી.એસ.એન.એલના થાભલાનો ઉપયોગ કરી પોતાના કેબલો ગેરકાયદેસર લંબાવીને ગ્રાહકોને ટી.વી. કેબલ/ઈન્ટરનેટ કનેકશન આપવામાં આવે છે. આ બાબત જાહેર જનતાના જાન-માલની સલામતી માટે અત્યંત જોખમી છે. ભૂતકાળમાં પણ આ કારણે ઘણા અકસ્માતના બનાવો બનેલ છે. જેમાં માનવ મૃત્યુના બનાવો પણ નોંધાયેલ છે. આમ જાહેર જનતાના જાન-માલની સલામતી માટે પી.જી.વી.સી.એલ. નેટવર્ક તથા બી.એસ.એન.ના થાંભલા પરથી ટીવી/ઈન્ટરનેટના કેબલ દૂર કરવા અત્યંત જરૂરી છે.

જેથી, રેમ્યા મોહન, આઈ.એ.એસ., જિલ્લા મેજીસ્ટ્રેટ, કચ્છ-ભુજ, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪નો બીજો અધિનિયમ)ના કાયદાની કલમ-૧૪૪ મુજબ મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, જિલ્લામાં કોઈ પણ ટી.વી. કેબલ ઓપરેટરે પી.જી.વી.સી.એલ.ના ઈલેકટ્રીક નેટવર્ક તથા બી.એસ.એન.એલ.ના થાભલા પર ટીવી કેબલ પ્રસ્થાપિત કરેલ હોય તો તે દુર કરવા અને કોઈએ નવા પ્રસ્થાપિત કરવા નહીં. તેમજ પી.જી.વી.સી.એલ. દ્વારા દુર કરાયેલ ટી.વી. કેબલ પી.જી.વી.સી.એલ.ના નેટવર્ક પર પુનઃસ્થાપિત કરવા નહીં.

ફોજદારી કાર્યરીતી અધિનીયમની કલમ-૧૯૫ ની આદેશાત્મક જોગવાઈઓ ધ્યાને લઈ આ જાહેરનામાનાં ભંગ બદલ ભારતીય ફોજદારી ધારાની કલમ-૧૮૮ અન્વયે ગુના કામે આ જાહેરનામા હેઠળ તપાસ કરવાનાં, જાહેરનામાનાં પાલન કરાવવાનાં અને તપાસનાં અંતે ચાર્જશીટ રજુ કરવાના અધિકાર જિલ્લાનાં પોલીસ અધિકારીશ્રીઓ તેમજ હેડ કોન્સ્ટેબલ કે તે ઉપરનાં કર્મચારીઓને રહેશે.

આ હુકમ તા. ૧૩-૦૯-૨૦૧૭ થી તા. ૦૮-૧૧-૨૦૧૭ સુધી અમલમાં રહેશે. આ હુકમના કોઈપણ ખંડ કે ભાગનો ભંગ કરનાર વ્યકિત સામે ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

તમામને વ્યકિતગત રીતે નોટિસની બજવણી કરવી શક્ય ન હોઈ આથી એકતરફી હુકમ કરૂ છું. જાહેર જનતાની જાણ સારૂ સ્થાનિક વર્તમાનપત્રો, આકાશવાણી, મારફતે પ્રસિદ્ધિ કરાવવી. તથા સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિદ્ધિ કરવી.

આજરોજ તા. ૧૨-૦૯-૨૦૧૭ ના રોજ મારી સહી અને કચેરીનો સિક્કો કરી બહાર પાડયું.

કચ્છ-ભુજ, ૧૨ માહે સપ્ટેમ્બર, સને ૨૦૧૭.

---

## ફોજદારી કાર્યરીતિ અધિનિયમ સને ૧૯૭૩ (૧૯૭૪ ના નં. ૨)ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ

## હુકમ

ના. મેજી/પોલ/બોર-કુવા/જાહેરનામું/૧૧/૦૯/૨૦૧૭.-ખુલ્લા બોર-કુવામાં બાળકોના પડી જવાના ઘણા કિસ્સાઓ બનેલ છે. કેટલાક કિસ્સાઓમાં બાળકોના મૃત્યુ થવા પામેલ છે. આવા ખુલ્લા બોર-કુવા સંબંધે સાવચેતીના પગલાં લેવા માટે નામ. સુપ્રિમ કોર્ટ ઓફ ઈન્ડિયાએ ગાઈડલાઈન આપેલી છે. ખુલ્લા બોર-કુવામાં બાળકોના પડી જવાના બનાવો ન બને તે માટે તકેદારીના પગલાં લેવા જરૂરી છે.

જેથી, હું, રેમ્યા મોહન, આઈ.એ.એસ., જિલ્લા મેજીસ્ટ્રેટ, કચ્છ-ભુજ, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ (સી.આર.પી.સી.) ૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨)ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે, કચ્છ જિલ્લાની મહેસુલી હદમાં બોર-કુવા બનાવવા પહેલાં તથા બનાવ્યા બાદ બોર વેલ/ટયુબ વેલના માલિક/ઉપયોગકર્તા/ડ્રીલીંગ એજન્સીએ નીચે મુજબના હુકમોનું પાલન કરવાનું રહેશે.

1. બોર વેલ/ટયુબ વેલનું બાંધકામ શરૂ કરતા પહેલાં જગ્યાના માલિકે સ્થાનિક સત્તામંડળ તથા સ્થાનિક પોલિસને ૧૫ દિવસ પહેલાં જાણ કરવાની રહેશે.
2. તમામ સરકારી, અર્ધ સરકારી, પ્રાઈવેટ ડ્રીલીંગ એજન્સીએ સ્થાનિક સત્તામંડળ પાસે રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે.

3. બોલ વેલ/ટયુબ વેલનું બાંધકામ અથવા સમારકામ ચાલુ હોય ત્યારે નીચે જણાવેલ વિગતો સાથેનું સલામતી સૂચક સાઈનબોર્ડ લગાવવાનું રહેશે.
   3.1. બોર વેલ/ટયુબ વેલના બાંધકામ અથવા સમારકામ ચાલુ હોય ત્યારે ડ્રીલીંગ એજન્સીનું નામ તથા પૂરૂં સરનામું.
   3.2. બોર વેલ/ટયુબ વેલનો ઉપયોગ કરનાર એજન્સી અથવા માલિકનું નામ તથા પૂરૂ સરનામું
4. બોર વેલ/ટયુબ વેલનું બાંધકામ અથવા સમારકામ ચાલુ હોય ત્યારે તેની આજુબાજુ કાંટાળા તાર અથવા યોગ્ય વાડ/અંતરાયો રાખવાના રહેશે.
5. વેલ કેસીંગની આજુબાજુ ૦.૫૦×૦.૫૦×૦.૬૦ (૦.૩૦ મીટર ગ્રાઉન્ડ લેવલ ઉપર તથા ૦.૩૦ મીટર ગ્રાઉન્ડ લેવલ નીચે) સિમેન્ટ કોંક્રીટવાળું પ્લેટફોર્મ બનાવવાનું રહેશે.
6. સ્ટીલ પ્લેટ વેલ્ડીંગ કરી અથવા નટ બોલ્ટ સાથે મજબુત પ્લેટ ફીટ કરી બોર વેલ/ટયુબવેલનું કેપીંગ કરવાનું રહેશે.
7. પંપ સમારકામ અથવા અન્ય કોઈ સમારકામ દરમ્યાન બોર વેલ/ટયુબ વેલ ખુલ્લા છોડી શકાશે નહીં.
8. બાંધકામ/સમારકામ પૂર્ણ થયા બાદ ખાડા/ચેનલમાં માટી ભરવાની રહેશે.
9. બીન ઉપયોગી અથવા ત્યજી દેવાયેલ બોર વેલ/ટયુબ વેલ અંગે સ્થાનિક સત્તામંડળ પાસેથી એક પ્રમાણપત્ર મેળવવાનું રહેશે અને માટી/રેતી/કાંકરા વિગેરે દ્વારા નીચેથી ગ્રાઉન્ડ લેવલ સુધી ભરી દેવાના રહેશે.
10. ડ્રીલીંગ પૂર્ણ થયા બાદ ગ્રાઉન્ડ લેવલ ડ્રીલીંગ શરૂ કર્યા પહેલાં જે સ્થિતિમાં હોય તે સ્થિતિમાં લાવવાનું રહેશે.
11. જે બોર વેલ/ટયુબ વેલ હાલ બીન ઉપયોગી હોય પરંતુ ભવિષ્યમાં તેનો ઉપયોગ કરવાનો હોય તેને નટ-બોલ્ટ સાથે બોરકેપ લગાવી ઢાંકી દેવાના રહેશે.

તમામને વ્યક્તિગત રીતે નોટિસની બજવણી કરવી શક્ય ન હોઈ આથી એકતરફી હુકમ કરૂં છું. જાહેર જનતાની જાણ સારૂ સ્થાનિક વર્તમાનપત્રો, આકાશવાણી મારફતે પ્રસિદ્ધિ કરાવવી તથા તમામ પોલીસ સ્ટેશન તથા ઔદ્યોગીક એકમોમાં સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિદ્ધિ કરવી.

ફોજદારી કાર્યરીતિ અધિનીયમની કલમ-૧૯૫ ની આદેશાત્મક જોગવાઈઓ ધ્યાને લઈ આ જાહેરનામાનાં ભંગ બદલ ભારતીય ફોજદારી ધારાની કલમ-૧૮૮ અન્વયે ગુના કામે આ જાહેરનામા હેઠળ તપાસ કરવાનાં, જાહેરનામાનાં પાલન કરાવવાનાં અને તપાસનાં અંતે ચાર્જશીટ રજુ કરવાના અધિકાર જિલ્લાનાં પોલીસ અધિકારીશ્રીઓ તેમજ હેડ કોન્સ્ટેબલ કે તે ઉપરનાં કર્મચારીઓને રહેશે.

આ હુકમ સમગ્ર કચ્છ જિલ્લાના સમગ્ર વિસ્તાર માટે લાગુ પડશે. આ જાહેરનામું તા. ૧૩-૦૯-૨૦૧૭ થી તા. ૦૮-૧૧-૨૦૧૭ સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કે ઉલ્લંઘન કરનાર ઈસમ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ની મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજરોજ તા. ૧૨-૦૯-૨૦૧૭ ના રોજ મારી સહી કરી કચેરીનો સિક્કો મારી બહાર પાડયો.

કચ્છ-ભુજ, ૧૨ માહે સપ્ટેમ્બર, સને ૨૦૧૭.

---

**ફોજદારી કાર્યરીતિ અધિનિયમ સને ૧૯૭૩ (૧૯૭૪ ના નં. ૨)ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ**

**હુકમ**

ના. મેજી/પોલ/મજુર નોંધણી/જાહેરનામું/૦૮/૦૯/૨૦૧૭.- કચ્છ જિલ્લામાં ભુકંપ બાદ રાજય સરકારશ્રીની નીતિ અનુસાર મોટા પ્રમાણમાં ઔદ્યોગિક એકમો શરૂ થયેલા છે અને તે ઔદ્યાગિક એકમોમાં રાજય બહારથી/જિલ્લા બહારથી મોટા ભાગે મજુરો કોન્ટ્રાકટરો દ્વારા પૂરા પાડવામાં આવતા હોય છે અને તે મજુરોને કારણે અને ઔદ્યોગિક એકમોને કારણે જિલ્લામાં રાજય બહારના લોકોની આવન-જાવનનું પ્રમાણ વધેલ છે અને તપાસમાં જિલ્લા બહારના આવા લોકોની સંડોવણી માલુમ પડેલ છે.

જિલ્લામાં લુંટ, ધાડ અને ચોરીના બનાવો ઉપર અંકુશ આવે અને રાજ્ય અને જિલ્લા બહારથી આવતા અસામાજિક તત્વો ઉપર પુરતી વોચ રહે તેમજ પોલિસ તપાસ માટે વિગતો ઉપલબ્ધ બને તે માટે કચ્છ જિલ્લામાં આવેલ તમામ ઔદ્યોગિક એકમો તરફથી જે લેબર કોન્ટ્રાકટરો પાસેથી મજુરો મેળવવામાં આવે છે. તેઓને કામે રાખતા પહેલા તેઓ બાબતે નામ, સરનામા સહિતની જરૂરી વિગતો રખાય તે સુનિશ્ચિત કરવું ખુબ જ જરૂરી જણાય છે.

જેથી હું, રેમ્યા મોહન, આઈ.એ.એસ., જિલ્લા મેજીસ્ટ્રેટ, કચ્છ-ભુજ, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-(સી.આર.પી.સી.) ૧૯૭૩ (૧૯૭૪ ના નં. ૨)ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે, કચ્છ જિલ્લાની મહેસુલી હદમાં આવેલ તમામ ઔદ્યોગિક એકમોએ લેબર કોન્ટ્રાકટર પાસેથી મેળવેલ મજુરો બાબતે નીચે મુજબની કાર્યપદ્ધતિ મુજબ અમલ કરવાનું રહેશે.

(૧) દરેક ઔદ્યોગિક એકમો લેબર કોન્ટ્રાકટરોએ પ્રથમ મદદનીશ મજુર કમિશ્નરશ્રી, ગાંધીધામ અથવા ભુજ (જેનો વિસ્તાર લાગુ પડે તે પ્રમાણે) પાસેથી નોંધણી કરાવી લેવાની રહેશે. ત્યારબાદ વણ નોંધાયેલ લેબર કોન્ટ્રાકટરો, મજુરો પુરા પાડવાની કામગીરી કરી શકશે નહી. આ તારીખ પછી લેબર કોન્ટ્રાકટરોએ મજુર પુરા પાડતા પહેલાં સંબંધીત મદદનીશ મજુર કમિશ્નરશ્રી પાસેથી નોંધણી કરાવી લેવાની રહેશે.

(૨) નોંધણી મેળવેલ લેબર કોન્ટ્રાકટરોએ જુદા જુદા ઔદ્યોગિક એકમોને પુરા પાડેલ મજુરોની યાદી મદદનીશ કમિશ્નરશ્રી, ગાંધીધામ તથા પોલીસ અધિક્ષકશ્રી, પશ્ચિમ કચ્છ ભુજ તથા પુર્વ કચ્છ, ગાંધીધામને દર માસે પુરી પાડવાની રહેશે. તેમાં મજુરોના નામ, પાકા સરનામા તથા ફોટા સાથે ઉંમર સહિતની વિગતો આપવાની રહેશે. પુરા પાડેલ મજુરોની ઓળખ સાબિત કરવા માટે ફોટા સાથેના ઓળખપત્રની નકલ લેબર કોન્ટ્રાકટરે પોતાની કચેરીમાં રાખવાની રહેશે અને માંગણી થયે રજુ કરવાની રહેશે.

(૩) કામે રાખેલ મજુરો પૈકી મજુરો છુટા થાય તો તેની વિગત તથા નવા ઉમેરાયેલા નામોની યાદી દર ત્રણ માસે મજુર કમિશ્નરશ્રી, ગાંધીધામ તથા જે તે વિસ્તારના નજીકના પોલિસ સ્ટેશનને દર માસે પુરી પાડવાની રહેશે.

(૪) ઔદ્યોગિક એકમોએ રોકેલ લેબર કોન્ટ્રાકટરોની માહિતી દર માસે જે તે વિસ્તારના પોલિસ સ્ટેશનને તથા મદદનીશ મજુર કમિશ્નરશ્રી, ગાંધીધામને આપવાની રહેશે.

(૫) લેબર કોન્ટ્રાકટરોએ કામે રાખેલ મજુરોની સંપુર્ણ વિગત તથા ફોટા સાથેનું રજીસ્ટર નિભાવવાનું રહેશે. તે મદદનીશ મજુર કમિશ્નરશ્રી, ભુજ/ગાંધીધામ પાસેથી સહી, સિક્કા કરાવેલ હોવું જોઈશે. જિલ્લા/રાજય બહારથી પુરા પાડેલ મજુરોનું જે તે જિલ્લા/રાજ્યનું પુરું સરનામું ફોટો સહિત રજીસ્ટરમાં પુરાવાના આધારે નોંધવું જોઈશે.

(૬) કોઈપણ લેબર કોન્ટ્રાકટરો નોંધણી કરાવ્યા સિવાય ઔદ્યોગિક એકમોને મજુરો પુરા પાડી શકશે નહી, તેવી જ રીતે ઔદ્યોગિક એકમ પણ નોંધણી સિવાયના લેબર કોન્ટ્રાકટરોથી મજુરો મેળવી શકશે નહી.

તમામને વ્યક્તિગત રીતે નોટીસની બજવણી કરવી શક્ય ન હોઈ આથી એક તરફી હુકમ કરું છું. જાહેર જનતાની જાણ સારૂ સ્થાનિક વર્તમાનપત્રો, આકાશવાણી મારફતે પ્રસિદ્ધિ કરાવવી તથા તમામ પોલીસ સ્ટેશન તથા ઔદ્યોગિક એકમોમાં સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિદ્ધિ કરવી.

ફોજદારી કાર્યરીતિ અધિનીયમની કલમ-૧૯૫ની આદેશાત્મક જોગવાઈઓ ધ્યાને લઈ આ જાહેરનામાનાં ભંગ બદલ ભારતીય ફોજદારી ધારાની કલમ-૧૮૮ અન્વયે ગુના કામે આ જાહેરનામા હેઠળ તપાસ કરવાનાં, જાહેરનામાનાં પાલન કરાવવાનાં અને તપાસનાં અંતે ચાર્જશીટ રજુ કરવાના અધિકાર જિલ્લાનાં પોલીસ અધિકારીશ્રીઓ તેમજ હેડ કોન્સ્ટેબલ કે તે ઉપરનાં કર્મચારીઓને રહેશે.

આ હુકમ સમગ્ર કચ્છ જિલ્લાના સમગ્ર વિસ્તાર માટે લાગુ પડશે. આ જાહેરનામું તા. ૧૩-૦૯-૨૦૧૭ થી તા. ૦૮-૧૧-૨૦૧૭ સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કે ઉલ્લંઘન કરનાર ઈસમ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ની મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજરોજ તા. ૧૨-૦૯-૨૦૧૭ ના રોજ મારી સહી કરી કચેરીનો સિક્કો મારી બહાર પાડયો.

કચ્છ-ભુજ, ૧૨ માહે સપ્ટેમ્બર, સને ૨૦૧૭.

---

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ સને ૧૯૭૩
(૧૯૭૪ના નં. ૨)ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ

## હુકમ

ના. મેજી/પોલ/ટ્રાન્સપોર્ટ ડ્રાઈવર/જાહેરનામુ/૦૬/૦૯/૨૦૧૭.-કચ્છ જિલ્લામાં ભુકંપ બાદ રાજ્ય સરકારશ્રીની નીતિ અનુસાર મોટા પ્રમાણમાં ઔદ્યોગિક એકમો શરૂ થયેલા છે અને તે ઔદ્યોગિક એકમોને કારણે ટ્રાન્સપોર્ટ ઉદ્યોગનો વિકાસ થયેલ છે. જેના અનુસંધાને ટ્રાન્સપોર્ટ ઓપરેટરો રાજ્ય બહારથી/જિલ્લા બહારથી મોટા ભાગે ડ્રાયવરો અને કલીનરોને કામે રાખતા હોય છે. જેને કારણે જિલ્લામાં રાજ્ય બહારના લોકોની આવન-જાવનનું પ્રમાણ વધેલ છે. જિલ્લામાં કાર્યરત કેન્દ્ર સરકાર તથા રાજ્ય સરકારની ગુપ્તચર એજન્સીઓ તરફથી આવતા ઈનપુટ મુજબ રાષ્ટ્ર વિરોધી પ્રવૃત્તિઓમાં જિલ્લા બહારના લોકોની સંડોવણી માલુમ પડેલ છે.

જિલ્લામાં લૂંટ, ધાડ અને ચોરીના બનાવો ઉપર અંકુશ આવે અને રાજ્ય અને જિલ્લા બહારથી આવતા અસામાજિક તત્વો ઉપર પુરતી વોચ રહે તેમજ પોલિસ તપાસ માટે વિગતો ઉપલબ્ધ બને તે માટે કચ્છ જિલ્લામાં કાર્યરત તમામ ટ્રાન્સપોર્ટ ઓપરેટરોએ પોતાના વાહનો પર ડ્રાયવરો/કલીનરોને કામે રાખતા પહેલા તેઓના નામ, સરનામા સહિતની જરૂરી વિગતો સંબંધીત પોલિસ સ્ટેશનમાં આપે તે સુનિશ્ચિત કરવું ખુબજ જરૂરી જણાય છે.

જેથી, હું, રેમ્યા મોહન, આઈ.એ.એસ., જિલ્લા મેજીસ્ટ્રેટ, કચ્છ-ભુજ, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-(સી.આર.પી.સી.) ૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨)ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે, કચ્છ જિલ્લાની મહેસુલી હદમાં આવેલ તમામ ટ્રાન્સપોર્ટ ઓપરેટરોએ પોતાના વાહનો પર કામે રાખેલ રાજ્ય બહારના ડ્રાયવરો/કલીનરો બાબતે નીચે મુજબની કાર્યપદ્ધતિ મુજબ અમલ કરવાનું રહેશે.

(૧) દરેક ટ્રન્સપોર્ટ ઓપરેટરોએ કામે રાખેલ રાજ્ય બહારના ડ્રાયવરો/કલીનરોની સંબંધીત પોલિસ સ્ટેશનમાં ડીટેઈલ બાયોડેટા સહિત નોંધણી કરાવી લેવાની રહેશે. ત્યારબાદ વણ નોંધાયેલ ડ્રાયવરો/કલીનરો કામગીરી કરી શકશે નહી.

(૨) કામે રાખેલ રાજ્ય બહારના ડ્રાયવરો/કલીનરો પૈકી કોઈ છુટા થાય તો તેની વિગત તથા નવા ઉમેરાયેલા નામોની યાદી દર માસે જે તે વિસ્તારના નજીકના પોલિસ સ્ટેશનને પુરી પાડવાની રહેશે.

(૪) કોઈપણ ટ્રાન્સપોર્ટ ઓપરેટરો રાજ્ય બહારના ડ્રાયવરો/કલીનરોની નોંધણી કરાવ્યા સિવાય કામે રાખી શકશે નહી,

તમામને વ્યક્તિગત રીતે નોટીસની બજવણી કરવી શક્ય ન હોઈ આથી એક તરફી હુકમ કરું છું. જાહેર જનતાની જાણ સારૂ સ્થાનિક વર્તમાનપત્રો, આકાશવાણી મારફતે પ્રસિદ્ધિ કરાવવી તથા તમામ પોલીસ સ્ટેશન તથા ઔદ્યોગિક એકમોમાં સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિદ્ધિ કરવી.

ફોજદારી કાર્યરીતિ અધિનીયમની કલમ-૧૯૫ની આદેશાત્મક જોગવાઈઓ ધ્યાને લઈ આ જાહેરનામાનાં ભંગ બદલ ભારતીય ફોજદારી ધારાની કલમ-૧૮૮ અન્વયે ગુના કામે આ જાહેરનામા હેઠળ તપાસ કરવાનાં, જાહેરનામાનાં પાલન કરાવવાનાં અને તપાસનાં અંતે ચાર્જશીટ રજુ કરવાના અધિકાર જિલ્લાનાં પોલીસ અધિકારીશ્રીઓ તેમજ હેડ કોન્સ્ટેબલ કે તે ઉપરનાં કર્મચારીઓને રહેશે.

આ હુકમ સમગ્ર કચ્છ જિલ્લાના વિસ્તાર માટે લાગુ પડશે. આ જાહેરનામું તા. ૧૩-૦૯-૨૦૧૭ થી તા. ૦૮-૧૧-૨૦૧૭ સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કે ઉલ્લંઘન કરનાર ઈસમ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ની મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજરોજ તા. ૧૨-૦૯-૨૦૧૭ ના રોજ મારી સહી કરી કચેરીનો સિક્કો મારી બહાર પાડયો.

ભુજ-કચ્છ, ૧૨ માહે સપ્ટેમ્બર, સને ૨૦૧૭.

---

**ફોજદારી કાર્યરીતિ અધિનિયમ સને ૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨)ની કલમ ૧૪૪ અન્વયે કાઢેલ હુકમ**

## હુકમ

ના. મેજી/પોલ/સાઈકલ/મોપેડ/જાહેરનામુ/૦૩/૦૯/૨૦૧૭.- દેશમાં બનતા ગુનાઓમાં સીરીયલ બોમ્બ બ્લાસ્ટ જેવા હુમલાઓમાં સાયકલનો ઉપયોગ કરવામાં આવેલ હોવાનું તપાસમાં ધ્યાને આવેલ છે. આ પ્રકારના હુમલાઓમાં સાયકલ, સ્કુટર, ટીફીન કે પાઈપનો ઉપયોગ થતો હોય છે. જેથી નવા જુના સાયકલ/સ્કુટર/મોપેડ/બાઈક ખરીદી સમયે ખરીદનાર વ્યક્તિની ઓળખ માટે વેપારીઓએ કોઈ માન્યતા પ્રાપ્ત દસ્તાવેજી પુરાવા જેવા કે રેશનકાર્ડ, ચૂંટણીકાર્ડ વિગેરે મેળવી તેની ખરાઈ કરી સાયકલ/સ્કુટર/મોપેડ/બાઈક વેચાણ સમયે બીલમાં સાયકલ/સ્કુટર/મોપેડ/બાઈકનો પ્રકાર, ચેસીસ નંબર, ગ્રાહકનું પૂરૂં નામ, સરનામું, ટેલીફોન નં. વિગેરે સાથેની વિગત દર્શાવે તે જાહેર જનતાના હિતમાં છે.

જેથી વર્તમાન સંજોગોમાં રાષ્ટ્રીય સુરક્ષાને ધ્યાને લઈ કચ્છ જિલ્લામાં કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે હેતુથી સાયકલ/સ્કુટર/મોપેડ/બાઈકના વેચાણ ઉપર કાયદાકીય નિયંત્રણ હોવું અતિ જરૂરી છે.

જેથી હું, રેમ્યા મોહન, આઈ.એ.એસ., જિલ્લા મેજીસ્ટ્રેટ, કચ્છ-ભુજ, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-(સી.આર.પી.સી.) ૧૯૭૩ (૧૯૭૪ ના નં. ૨)ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે, કચ્છ જિલ્લાની મહેસુલી હદમાં આવેલ તમામ જુના/નવા સાયકલ/સ્કુટર/મોપેડ/બાઈક લે-વેચ કરતા વેપારીઓ જુના-નવા સાયકલ/સ્કુટર/મોપેડ/બાઈકના ખરીદ અને વેચાણ અંગે નીચે જણાવ્યા મુજબનું પાલન કરવાનું રહેશે.

જુના/નવા સાયકલ/સ્કુટર/મોપેડ/બાઈક લે-વેચ કરતા વેપારીઓએ નવા જુના સાયકલ/સ્કુટર/મોપેડ/બાઈક ખરીદી સમયે ખરીદનાર વ્યક્તિની ઓળખ માટે વેપારીઓએ કોઈ માન્યતા પ્રાપ્ત દસ્તાવેજી પુરાવા જેવા કે રેશનકાર્ડ, ચુંટણીકાર્ડ વિગેરે મેળવી તેની ખરાઈ કરી સાયકલ/સ્કુટર/મોપેડ/બાઈક વેચાણ સમયે બીલમાં સાયકલ/સ્કુટર/મોપેડ/બાઈકનો પ્રકાર, ચેસીસ નંબર, ગ્રાહકનું પૂરૂં નામ, સરનામું, ટેલીફોન નં. વિગેરે લખવાનું રહેશે.

તમામને વ્યક્તિગત રીતે નોટીસની બજવણી કરવી શક્ય ન હોઈ આથી એક તરફી હુકમ કરું છું. જાહેર જનતાની જાણ સારૂ સ્થાનિક વર્તમાનપત્રો, આકાશવાણી, મારફતે પ્રસિદ્ધિ કરાવવી તથા તમામ પોલીસ સ્ટેશન તથા જુના/નવા સાયકલ/સ્કુટર/મોપેડ/બાઈક લે-વેચ કરતા વેપારીઓ, ડીસ્ટ્રીબ્યુટરો, જથ્થાબંધ વેપારીઓના ધંધાના સ્થળે સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર હુકમની નકલ ચોંટાડી પોલિસે તેની પ્રસિદ્ધિ કરવી.

ફોજદારી કાર્યરીતિ અધિનીયમની કલમ-૧૯૫ની આદેશાત્મક જોગવાઈઓ ધ્યાને લઈ આ જાહેરનામાનાં ભંગ બદલ ભારતીય ફોજદારી ધારાની કલમ-૧૮૮ અન્વયે ગુના કામે આ જાહેરનામા હેઠળ તપાસ કરવાનાં, જાહેરનામાનાં પાલન કરાવવાનાં અને તપાસનાં અંતે ચાર્જશીટ રજુ કરવાના અધિકાર જિલ્લાનાં પોલીસ અધિકારીશ્રીઓ તેમજ હેડ કોન્સ્ટેબલ કે તે ઉપરનાં કર્મચારીઓને રહેશે.

આ હુકમ સમગ્ર કચ્છ જિલ્લાના સમગ્ર વિસ્તાર માટે લાગુ પડશે. આ જાહેરનામું તા. ૧૩-૦૯-૨૦૧૭ થી તા. ૦૮-૧૧-૨૦૧૭ સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કે ઉલ્લંઘન કરનાર ઈસમ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ની મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજરોજ તા. ૧૨-૦૯-૨૦૧૭ ના રોજ મારી સહી કરી કચેરીનો સિક્કો મારી બહાર પાડયો.

કચ્છ-ભુજ, ૧૨ માહે સપ્ટેમ્બર, સને ૨૦૧૭.

---

**ફોજદારી કાર્યરીતિ અધિનિયમ સને ૧૯૭૩ (૧૯૭૪ ના નં. ૨)ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ**

## હુકમ

ના. મેજી/પોલ/સીમકાર્ડ/જાહેરનામું/૦૪/૦૯/૨૦૧૭.- રાજ્યમાં બનતા ગુનાઓમાં મોબાઈલ ફોન તેમજ ખોટા નામે લીધેલ સીમકાર્ડના ઉપયોગ થાય છે. મોબાઈલ ફોન નેટવર્ક ધરાવતી દરેક કંપનીઓ તરફથી સીમકાર્ડ વેંચવા કે ખરીદવા પર કોઈ ચોકકસ પ્રકારની નીતિનું પાલન કરવામાં આવતું નથી. આ અંગે મોબાઈલ કંપનીને સોંપવાના થતા દસ્તાવેજોની પણ યોગ્ય ખરાઈ કરવામાં આવતી નથી. સ્થાનિક પોલિસ તરફથી અવાર નવાર મોબાઈલ સીમકાર્ડ વેચતા ડીલરો, ફેરીયાઓને ચેક કરવામાં આવતા તેઓ પાસે સીમકાર્ડ વેચાણ અંગેના કોઈ દસ્તાવેજી આધારો પોતા પાસે

રાખતા નથી કે કયા દસ્તાવેજ ધારકને કયુ સીમકાર્ડ આપવામાં આવેલ છે તે અંગેની માહિતી તેઓ પાસે રહેતી નથી.

જેથી વર્તમાન સંજોગોમાં રાષ્ટ્રીય સુરક્ષાને ધ્યાને લઈ કચ્છ જિલ્લામાં કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે હેતુથી સીમકાર્ડના ખરીદ તથા વેચાણ કરનાર ઉપર કાયદાકીય નિયંત્રણ હોવું અતિ જરૂરી છે.

જેથી હું, રેમ્યા મોહન, આઈ.એ.એસ., જિલ્લા મેજીસ્ટ્રેટ, કચ્છ-ભુજ, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-(સી.આર.પી.સી.) ૧૯૭૩ (૧૯૭૪ ના નં. ૨)ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે, કચ્છ જિલ્લાની મહેસુલી હદમાં આવેલ તમામ મોબાઈલ ફોન સર્વિસ પ્રોવાઈડર કંપનીઓ, તેના ડીસ્ટ્રીબ્યુટરો, જથ્થાબંધ વેપારી અને રીટેઈલ વેપારીઓએ સીમકાર્ડના ખરીદ અને વેચાણ અંગે નીચે જણાવ્યા મુજબનું પાલન કરવાનું રહેશે.

(૧) મોબાઈલ કંપનીઓ તરફથી વેચાણ માટે ડીસ્ટ્રીબ્યુટરો કે જથ્થાબંધ વેપારીઓને આપવામાં આવતાં સીમકાર્ડના નંબરોનું રજિસ્ટર એરિયાવાઈઝ ડીસ્ટ્રીબ્યુટરોએ અને જથ્થાબંધ વેપારીઓએ નિભાવવું.

(૨) ડીસ્ટ્રીબ્યુટરો કે જથ્થાબંધ વેપારીઓ તરફથી રીટેલરોને વેચાણ માટે આપવામાં આવતા સીમકાર્ડના નંબરોનું રજીસ્ટર રીટેલરોએ પણ નિભાવવું, જેમાં જે તે નંબર કઈ વ્યકિતને વેચવામાં આવેલ છે અને સાથોસાથ તે માટે જે દસ્તાવેજો લેવામાં આવેલ હોય તેની પણ નોંધ કરવી.

(૩) મોબાઈલ કંપનીઓએ તેમના સીમકાર્ડનું વેચાણ કરતા ડીસ્ટ્રીબ્યુટરો અને તેના રીટેલરોની યાદી તેઓના કંપની કોડ સાથેની નજીકના પોલિસ સ્ટેશન તેમજ પોલિસ અધિક્ષકશ્રીની કચેરીએ મોકલી આપવી તેમજ આ યાદીમાં ફેરફાર થાય તો તેની પણ જાણ કરવી.

(૪) સીમકાર્ડ ખરીદવા આવનાર વ્યકિત જે દસ્તાવેજો આપે છે તે દસ્તાવેજોની પ્રાથમિક ચકાસણી કરવી અને રીટેલરની જવાબદારી હોઈ તે દસ્તાવેજો જેવા કે ફોટો આઈડી ધરાવતા દસ્તાવેજો સાથે અલગથી આપવામાં આવતા પાસપોર્ટ સાઈઝના ફોટાની સરખામણી કરવી.

(૫) મોટાભાગે દસ્તાવેજોની ખરાઈ માટે ખાનગી પેઢીઓને કોન્ટ્રાકટ સોંપવામાં આવે છે. આવા સંજોગોમાં તેવા લોકોની પુરેપુરી માહિતી સ્થાનિક પોલિસ અને મોબાઈલ કંપનીઓએ સોંપવી.

(૬) મોબાઈલ સીમના ડીસ્ટ્રીબ્યુટરો સીમકાર્ડના વેચાણ અર્થે સીમકાર્ડ, કોઈપણ ફેરીયા કે પાનના ગલ્લાવાળાઓને આપતા હોવાનું જણાઈ આવેલ છે. જે ખુબ જ ગંભીર બાબત છે. જેથી આવા સીમકાર્ડનું વેચાણ ફકત નગરપાલિકા કે ગ્રામ પંચાયતમાં શોપ એન્ડ એસ્ટાબ્લીશમેન્ટ એકટ હેઠળ નોંધાયેલ લાયન્સસ ધારકને જ વેચવા આપે તેવી વ્યવસ્થા કરવી.

(૭) મોબાઈલ કંપનીઓએ કોઈપણ મોબાઈલ સીમકાર્ડનું એકટીવેશન કરતા પહેલા સીમકાર્ડ ખરીદનારે આપેલ દસ્તાવેજોની યોગ્ય ચકાસણી કર્યા બાદ જ સીમકાર્ડ એકટીવ કરવું.

તમામને વ્યક્તિગત રીતે નોટીસથી બજવણી કરવી શક્ય ન હોઈ આથી એક તરફી હુકમ કરું છું. જાહેર જનતાની જાણ સારૂ સ્થાનિક વર્તમાનપત્રો, આકાશવાણી મારફતે પ્રસિદ્ધિ કરાવવી તથા તમામ પોલીસ સ્ટેશન તથા મોબાઈલ સીમકાર્ડ લે-વેચ કરતા વેપારીઓ, ડીસ્ટ્રીબ્યુટરો, જથ્થાબંધ વેપારીઓ તેમજ મોબાઈલ કંપનીઓની ઓફિસમાં સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર હુકમની નકલ ચોંટાડી પોલિસે તેની પ્રસિદ્ધિ કરવી.

ફોજદારી કાર્યરીતિ અધિનિયમની કલમ-૧૯૫ની આદેશાત્મક જોગવાઈઓ ધ્યાને લઈ આ જાહેરનામાનાં ભંગ બદલ ભારતીય ફોજદારી ધારાની કલમ-૧૮૮ અન્વયે ગુના કામે આ જાહેરનામા હેઠળ તપાસ કરવાનાં, જાહેરનામાનાં પાલન કરાવવાનાં અને તપાસનાં અંતે ચાર્જશીટ રજુ કરવાના અધિકાર જિલ્લાનાં પોલીસ અધિકારીશ્રીઓ તેમજ હેડ કોન્સ્ટેબલ કે તે ઉપરનાં કર્મચારીઓને રહેશે.

આ હુકમ સમગ્ર કચ્છ જિલ્લાના સમગ્ર વિસ્તાર માટે લાગુ પડશે. આ જાહેરનામું તા. ૧૩-૦૯-૨૦૧૭ થી તા. ૦૮-૧૧-૨૦૧૭ સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કે ઉલ્લંઘન કરનાર ઈસમ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ની મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજરોજ તા. ૧૨-૦૯-૨૦૧૭ ના રોજ મારી સહી કરી કચેરીનો સિક્કો મારી બહાર પાડયો.

કચ્છ-ભુજ, ૧૨ માહે ઓગસ્ટ, સને ૨૦૧૭.

---

**ફોજદારી કાર્યરીતિ અધિનિયમ સને ૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨)ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ**

## હુકમ

ના. મેજી/પોલ/ઘાસચારા વેચાણ/જાહેરનામું/૦૯/૦૯/૨૦૧૭.-કચ્છ જિલ્લામાં રસ્તા પર કે સરકારી જમીનો અને ખાનગી પ્લોટ પર અનઅધિકૃત વ્યકિતઓ દ્વારા અનધિકૃત રીતે ઘાસચારો વેંચવામાં આવતો હોવાનું ધ્યાને આવેલ છે. આ વ્યકિતઓ દ્વારા એક જગ્યાએ ઢોરો એકત્ર કરી ગ્રાહકોને ઘાસચારો વેંચી એકત્ર કરેલ ઢોરોને આપવામાં આવે છે. આ એકત્ર થયેલ ઢોરો ઘણીવાર નિરંકુશ થઈ અન્ય નાગરીકોને ઈજા પહોંચાડે છે તેમજ જાહેર જનતાને નુકસાન કરે છે. જેથી જાહેર જનતાની સુરક્ષાના હિતમાં જાહેરમાં સરકારી તથા ખાનગી જમીનો પર અનધિકૃત રીતે ઘાસચારો વેંચવા પર પ્રતિબંધ જરૂરી છે.

જેથી હું, રેમ્યા મોહન, આઈ.એ.એસ., જિલ્લા મેજીસ્ટ્રેટ, કચ્છ-ભુજ, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-(સી.આર.પી.સી.) ૧૯૭૩ (૧૯૭૪ ના નં. ૨)ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે, કચ્છ જિલ્લાની મહેસુલી હદમાં

આવેલ તમામ નગરપાલિકાઓની હદમાં અધિકૃત કરેલ સ્થળો સિવાયના કોઈપણ સ્થળ પર ઘાસચારાનો વેપાર કરી શકાશે નહી.

તમામને વ્યક્તિગત રીતે નોટીસની બજવણી કરવી શક્ય ન હોઈ આથી એક તરફી હુકમ કરું છું. જાહેર જનતાની જાણ સારૂ સ્થાનિક વર્તમાનપત્રો, આકાશવાણી મારફતે પ્રસિદ્ધિ કરાવવી તથા તમામ પોલીસ સ્ટેશન તથા ઔદ્યોગિક એકમોમાં સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિદ્ધિ કરવી.

ફોજદારી કાર્યરીતિ અધિનિયમની કલમ-૧૯૫ની આદેશાત્મક જોગવાઈઓ ધ્યાને લઈ આ જાહેરનામાનાં ભંગ બદલ ભારતીય ફોજદારી ધારાની કલમ-૧૮૮ અન્વયે ગુના કામે આ જાહેરનામા હેઠળ તપાસ કરવાનાં, જાહેરનામાનાં પાલન કરાવવાનાં અને તપાસનાં અંતે ચાર્જશીટ રજુ કરવાના અધિકાર જિલ્લાનાં પોલીસ અધિકારીશ્રીઓ તેમજ હેડ કોન્સ્ટેબલ કે તે ઉપરનાં કર્મચારીઓને રહેશે.

આ હુકમ સમગ્ર કચ્છ જિલ્લાના સમગ્ર વિસ્તાર માટે લાગુ પડશે. આ જાહેરનામું તા. ૧૩-૦૯-૨૦૧૭ થી તા. ૦૮-૧૧-૨૦૧૭ સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કે ઉલ્લંઘન કરનાર ઈસમ ભારતીય દંડ સહિતાની કલમ-૧૮૮ની મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજરોજ તા. ૧૨-૦૯-૨૦૧૭ ના રોજ મારી સહી કરી કચેરીનો સિક્કો મારી બહાર પાડ્યો.

કચ્છ-ભુજ, ૧૨ માહે સપ્ટેમ્બર, સને ૨૦૧૭.

---

**ફોજદારી કાર્યરીતિ અધિનિયમ સને ૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨) ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ**

## હુકમ

ના. મેજી/પોલ/સીસીટીવી કેમેરા/જાહેરનામુ/૦૫/૦૯/૨૦૧૭.-કચ્છ જિલ્લો ઔદ્યોગિક રીતે અતિઝડપથી વિકાસ પામતો જિલ્લો છે. અને કચ્છમાં ઉદ્યોગોમાં બહારના રાજ્યોમાંથી કામદારો પુષ્કળ સંખ્યામાં આવતા હોય છે. કચ્છ જિલ્લામાં એન.આર.આઈ. લોકો પણ મોટી સંખ્યામાં રહે છે અને તેઓની થાપણો પણ બેંકોમાં રહે છે. જિલ્લામાં આવેલ બેંકો, પેટ્રોલપંપો, વાઈટલ ઈન્સ્ટોલેશનો, ટોલનાકા, સિનેમાઘરો, હોટલો, શોપીંગ સેન્ટરો, તેમજ જ્વેલર્સની દુકાનો વિગેરેમાં રોજબરોજ નાણાની લેવડદેવડ થતી હોય છે પરંતુ મોટા ભાગના કિસ્સાઓમાં કોઈ સિકયોરીટી ગાર્ડસ રાખતા હોય તેવું જણાઈ આવેલ નથી. જેથી આવા સંજોગોમાં લેભાગુ તત્વો લુંટ જેવા બનાવને અંજામ આપી શકે તેવી પુરીપુરી શકયતાઓ રહેલી છે. જેથી ભવિષ્યમાં આવા બેંક લુંટ કે અન્ય કોઈ બનાવો ન બને અને બને તો તે અંગે આવેલ તમામ ઈસમોની હરકત જાણી શકાય તે હેતુસર નીચે મુજબના પગલાં લેવા જરૂરી જણાય છે.

જેથી હું, રેમ્યા મોહન, આઈ.એ.એસ., જિલ્લા મેજીસ્ટ્રેટ, કચ્છ-ભુજ, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-(સી.આર.પી.સી.) ૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨)ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે, કચ્છ જિલ્લાની મહેસુલી હદમાં આવેલ તમામ રાષ્ટ્રીય, ખાનગી તેમજ સહકારી બેંકો, પેટ્રોલપંપો, વાઈટલ ઈન્સ્ટોલેશનો, જ્વેલર્સની દુકાનો, શોપીંગ સેન્ટરો, હોટલો, ટોલનાકાઓ તેમજ સિનેમાઘરોએ સીસીટીવી કેમેરા કેશીયરની કેબીન ઉપર, મેઈન દરવાજા ઉપર તથા ટ્રેઝરી ઉપર લગાવવા. તેમજ તેનું તેનો ડેટા એક માસ સુધી સાચવી રાખવો. તેમજ સદરહુ ડેટા પોલિસ અધિકારી તરફથી માંગણી કર્યે આપવાનો રહેશે.

તમામને વ્યક્તિગત રીતે નોટીસની બજવણી કરવી શક્ય ન હોઈ આથી એક તરફી હુકમ કરું છું. જાહેર જનતાની જાણ સારૂ સ્થાનિક વર્તમાનપત્રો, આકાશવાણી મારફતે પ્રસિદ્ધિ કરાવવી તથા તમામ પોલીસ સ્ટેશન તથા હોટલ/ગેસ્ટ હાઉસ/લોજમાં સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિદ્ધિ કરવી.

ફોજદારી કાર્યરીતિ અધિનીયમની કલમ-૧૯૫ની આદેશાત્મક જોગવાઈઓ ધ્યાને લઈ આ જાહેરનામાનાં ભંગ બદલ ભારતીય ફોજદારી ધારાની કલમ-૧૮૮ અન્વયે ગુના કામે આ જાહેરનામા હેઠળ તપાસ કરવાનાં, જાહેરનામાનાં પાલન કરાવવાનાં અને તપાસનાં અંતે ચાર્જશીટ રજુ કરવાના અધિકાર જિલ્લાનાં પોલીસ અધિકારીશ્રીઓ તેમજ હેડ કોન્સ્ટેબલ કે તે ઉપરનાં કર્મચારીઓને રહેશે.

આ હુકમ સમગ્ર કચ્છ જિલ્લાના સમગ્ર વિસ્તાર માટે લાગુ પડશે. આ જાહેરનામું તા. ૧૩-૦૯-૨૦૧૭ થી તા. ૦૮-૧૧-૨૦૧૭ સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કે ઉલ્લંઘન કરનાર ઈસમ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ની મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજરોજ તા. ૧૨-૦૯-૨૦૧૭ ના રોજ મારી સહી કરી કચેરીનો સિક્કો મારી બહાર પાડયો.

કચ્છ-ભુજ, ૧૨ માહે સપ્ટેમ્બર, સને ૨૦૧૭.

---

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ સને ૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨)ની કલમ ૧૪૪ અન્વયે કાઢેલ હુકમ

## જાહેરનામું

ના. મેજી/પોલ/મકાન ભાડા/જાહેરનામુ/૦૧/૦૯/૨૦૧૭.-ગુપ્તચર સંસ્થાના અહેવાલો અને અમુક બનાવોથી જણાય છે કે ત્રાસવાદી/અસામાજીક તત્વો કચ્છ જિલ્લાના વિસ્તારમાં ગુપ્ત આશરો મેળવી જાહેર સલામતી અને શાંતિનો ભંગ કરે તેમજ માનવ જીંદગીની ખુંવારી થાય અને લોકોની સંપત્તિને નુકશાન પહોંચાડવાની કોશીષ કરે તેમ છે.

બહારના રાજયોમાંથી અગર દેશ બહારથી આવતા આવા તત્વો કોઈ મકાન ભાડે રાખીને રહેતા હોય છે અને જગ્યા વગેરેનો સર્વે કરી સ્થાનિક પરિસ્થિતિથી માહિતીગાર થઈને તેઓની ત્રાસવાદી પ્રવૃત્તિઓને અંજામ આપતા હોય છે. ભુકંપ બાદ કચ્છ જિલ્લામા રાજ્ય સરકારશ્રીની નીતિ અનુસાર મોટા પ્રમાણમાં ઔદ્યોગિક એકમો શરૂ થયેલા છે. જેના પરિણામે બહારથી મોટા પ્રમાણમાં લોકો વસવાટ કરવા આવતા હોય છે. લોકોના જાન, સ્વાસ્થ્ય અને સલામતીને થતું જોખમ તથા જાહેર સુલેહશાંતી જાળવવા માટે ભાડેથી અપાતા મકાનો માટે નીચે મુજબની વ્યવસ્થા કરવી જરૂરી જણાય છે અને મકાન માલીકો ઉપર નિયંત્રણો મુકવા જરૂર જણાય છે.

જેથી હું, રેમ્યા મોહન, આઈ.એ.એસ., જિલ્લા મેજીસ્ટ્રેટ, કચ્છ-ભુજ, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ (સી.આર.પી.સી.) ૧૯૭૩ (૧૯૭૪ના નં.૨)ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે, કચ્છ જિલ્લાની હદમાં આવેલ તમામ ગ્રામ્ય તથા શહેરી વિસ્તારમાં સંબંધીત પોલિસ સ્ટેશને જાણ કર્યા સિવાય કોઈ વ્યકિતને મકાન ભાડે આપી શકાશે નહીં, ભાડે આપેલ મકાનની વિગત ભાડુઆત અને સંબંધીત દલાલ કે જેઓએ ભાડુઆતની ઓળખાણ આપેલ હોય તે અંગેની નીચે જણાવેલ જરૂરી માહિતી નીચેના કોલમો મુજબ જે તે વિસ્તારના પોલીસ સ્ટેશન ખાતે આપવાની રહેશે.

| અ.નં. | મકાન માલીકનું નામ, ભાડે આપેલ મકાનની વિગત, વિસ્તારનું નામ, મકાનનું બાંધકામ ક્ષેત્રફળ | મકાન ભાડે આપવા અધિકૃતતા ધરાવતા વ્યકિતનુ નામ, સરનામું, સંપર્ક નંબર સહિત | મકાન ભાડે આપેલ છે તથા માસીક ભાડુ કેટલું ? | કઈ વ્યકિતઓને ભાડે આપેલ છે તેમના પાકા નામ, સરનામા, સંપર્ક નંબર સહિત | મકાન માલીક અને ભાડુઆતનો સંપર્ક કરાવનાર વ્યક્તિનું નામ, સંપર્ક નંબર સહિત |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |

આ હુકમ તા. ૧૩-૦૯-૨૦૧૭ થી તા. ૦૮-૧૧-૨૦૧૭ સુધી (બન્ને દિવસો સહીત) અમલમાં આવશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય દંડ સંહિતાની કલમ ૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

ફોજદારી કાર્યરીતિ અધિનિયમની કલમ-૧૯૫ની આદેશાત્મક જોગવાઈઓ ધ્યાને લઈ આ જાહેરનામાનાં ભંગ બદલ ભારતીય ફોજદારી ધારાની કલમ-૧૮૮ અન્વયે ગુના કામે આ જાહેરનામા હેઠળ તપાસ કરવાનાં, જાહેરનામાનાં પાલન કરાવવાનાં અને તપાસનાં અંતે ચાર્જશીટ રજુ કરવાના અધિકાર જિલ્લાનાં પોલીસ અધિકારીશ્રીઓ તેમજ હેડ કોન્સ્ટેબલ કે તે ઉપરનાં કર્મચારીઓને રહેશે.

તમામને વ્યકિતગત રીતે નોટીસની બજવણી કરવી શક્ય ન હોઈ આથી એકતરફી હુકમ કરૂ છું. જાહેર જનતાની જાણ સારૂ સ્થાનિક વર્તમાન પત્ર, આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર મારફતે પ્રસિદ્ધિ કરવા તથા પોલીસ સ્ટેશનના નોટીસ બોર્ડ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિદ્ધિ કરવી.

આજરોજ તા. ૧૨-૦૯-૨૦૧૭ના રોજ મારી સહી કરી કચેરીનો સિક્કો મારી બહાર પાડવામાં આવે છે.

કચ્છ-ભુજ, ૧૨ માહે સપ્ટેમ્બર, સને ૨૦૧૭.

---

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ સને ૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨)ની કલમ ૧૪૪ અન્વયે કાઢેલ

## હુકમ

ના. મેજી/પોલ/હોટલ ગેસ્ટહાઉસ/જાહેરનામુ/૦૭/૦૯/૨૦૧૭.-ગુપ્તચર સંસ્થાના અહેવાલો અને અમુક બનાવોથી જણાય છે કે ત્રાસવાદી/અસામાજીક તત્વો કચ્છ જિલ્લાના વિસ્તારમા ગુપ્ત આશરો મેળવી જાહેર સલામતી અને શાંતિનો ભંગ કરે તેમજ માનવ જીંદગીની ખુંવારી થાય અને લોકોની સંપત્તિને નુકશાન પહોંચાડવાની કોશીષ કરે તેમ છે. ત્રાસવાદી/અસામાજીક તત્વો મહત્વના શહેરોમાં આવેલ ગેસ્ટ હાઉસ/હોટલ/લોજ/ધર્મશાળામાં રોકાણ કરતા હોય છે અને શહેરના સર્વે કરી સ્થાનિક પરિસ્થિતિથી માહિતગાર થઈને તેઓની ત્રાસવાદી તેમજ અસામાજીક પ્રવૃતિને અંજામ આપતા હોય છે. આ સ્થિતિને નિવારી શકાય અથવા તો અંકુશ મૂકી શકાય તે સારૂ તેમજ રાષ્ટ્રીય સુરક્ષા અને જાહેર વ્યવસ્થા અને સલામતી માટે ભયજનક વ્યક્તિઓ તથા આતંકવાદીઓને પકડવા તેમજ તેમને લગતી માહિતી મેળવવા અને તેમની હેરફેર અંગે સચોટ માહિતી રાષ્ટ્રીય હિતમાં મેળવવા માટે નીચેના પગલાં લેવા માટે પુરતા કારણો છે.

જેથી હું, રેમ્યા મોહન, આઈ.એ.એસ., જિલ્લા મેજીસ્ટ્રેટ, કચ્છ-ભુજ, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-(સી.આર.પી.સી.) ૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨)ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે, કચ્છ જિલ્લાની મહેસુલી હદમાં આવેલ તમામ હોટલ/ગેસ્ટ હાઉસ/લોજ માલિકોએ અને ધર્મશાળા સંચાલકોએ નીચે જણાવેલ કાર્યપદ્ધતિ મુજબ અમલ કરવાનું રહેશે.

(૧) હોટલ/ગેસ્ટ હાઉસ/લોજ/ધર્મશાળામાં રહેવા આવનાર દરેક મુસાફર દ્વારા તેમના પોતાના સ્વહસ્તાક્ષરમાં જ નીચે જણાવેલ નમુનામાં રજીસ્ટર નિભાવવાનું રહેશે.

| અ.નં. | નામ | ઉંમર | નાગરીકત્વ | મો.નં. | સરનામું | ફોટો આઈડી પ્રુફની વિગત |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |

| મુલાકાતનું કારણ | આવ્યા તારીખ/સમય | રૂમ નં. | હોટલ છોડયા તારીખ/સમય | બીલ નં. તારીખ | સહી |
|---|---|---|---|---|---|
| ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ |

(૨) આ રજીસ્ટરમાં મુસાફરની સહી સાથે પુરૂષ મુસાફરના ડાબા હાથના અંગુઠાનું અને સ્ત્રી મુસાફરના જમણા હાથના અંગુઠાનું નિશાન લેવાનું રહેશે.

(૩) દરેક હોટલ/લોજ/ધર્મશાળા/ગેસ્ટ હાઉસના રિસેપ્શન કાઉન્ટર ઉપર દરેક પ્રવાસી જોઈ શકે તે રીતે રજીસ્ટરમાં દરેક મુસાફરે જાતેથી પોતાના સ્વહસ્તાક્ષરમાં વિગતો લખી સહી કરવી પડશે, ફોટો ઓળખપત્ર રજુ કરવું પડશે તો જ હોટલમાં પ્રવેશ આપવામાં આવશે તે મુજબની જાહેરાતનું બોર્ડ મોટા અક્ષરે પ્રદર્શીત કરવાનું રહેશે.

(૪) દરેક હોટલ/લોજ/ધર્મશાળા/ગેસ્ટ હાઉસના રિસેપ્શન કાઉન્ટર ઉપર સી.સી. કેમેરા રાખવા જેથી પ્રવાસીઓ તથા તેમના સામાન વગેરેનું વિડીયો રેકોર્ડીંગ થઈ શકે. તે એક માસ સુધી સાચવવાનું રહેશે.

(૫) દરેક હોટલ/લોજ/ધર્મશાળા/ગેસ્ટ હાઉસમાં આવતા પ્રવાસી-ગેસ્ટના વાહનોની સંપૂર્ણ વિગત દર્શાવતું રજીસ્ટર નિભાવવાનું રહેશે. તેમજ પાર્કિંગની જગ્યાએ સી.સી. કેમેરા રાખવા જેથી પ્રવાસીઓ તથા તેમના સામાન અને વાહન વિગેરેનું વિડીયો રેકોર્ડીંગ થઈ શકે તે એક માસ સુધી સાચવી રાખવું પડશે.

(૬) મુસાફરના ફોટા ઓળખકાર્ડ (ચુંટણી ઓળખકાર્ડ, ડ્રાઈવીંગ લાયસન્સ, કચેરીનું ઓળખકાર્ડ, પાસપોર્ટ વિગેરે)ની સેલ્ફ એટેસ્ટેડ ફોટો કોપી હોટલના દફતરમાં રાખવી અથવા કોમ્પ્યુટરમાં સેવ રાખવાના રહેશે.

(૭) કચ્છ જિલ્લાની હદમાં આવેલ હોટલ/લોજ/ધર્મશાળા/ગેસ્ટ હાઉસના લાયસન્સ નોંધવામાં આવેલ માલિક સિવાય કોઈએ હોટલનું સંચાલન કરવું નહી તેમજ આવી હોટલ કોઈપણ પ્રકારના દિવાની હક જેવા કે ભાડે ચલાવવા આપવી, ગીરોખત થી ચલાવવા આપવી નહી.

(૮) કચ્છ જિલ્લાની હદમાં આવેલ હોટલો/લોજ/ધર્મશાળા/ગેસ્ટ હાઉસ ધાબાના માલીક, મેનેજર તથા તમામ કર્મચારીઓના નામ, સરનામાં, ફોન નંબર, મોબાઈલ નંબર, ફોટો સહિતની તમામ વિગત દર્શાવતી લેખીત માહિતી સંબંધીત પોલિસ સ્ટેશન, સંબંધકર્તા સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ, એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટને ફરજીયાત આપવી.

(૯) વિદેશી નાગરીકો/મુલાકાતી/ગેસ્ટ હોય તો તેમના પાસપોર્ટની સંપૂર્ણ વિગત રજીસ્ટરમાં નોંધવી તેમજ સી ફોર્મ ભરાવી એલ.આઈ.બી. એસ.પી. કચેરીએ જાણ કરવી.

(૧૦) હોટલ/ગેસ્ટ હાઉસમાં ઈન્ટરનેટ-વાઈફાઈ સિસ્ટમ કાર્યરત હોય તો તેની વિગતો રજીસ્ટર બનાવી સાચવી રાખવાની રહેશે.

તમામને વ્યક્તિગત રીતે નોટીસની બજવણી કરવી શક્ય ન હોઈ આથી એક તરફી હુકમ કરું છું. જાહેર જનતાની જાણ સારૂ સ્થાનિક વર્તમાનપત્રો, આકાશવાણી, મારફતે બહોળી પ્રસિદ્ધિ કરાવવી તથા તમામ પોલીસ સ્ટેશન તથા હોટલ/ગેસ્ટ હાઉસ/લોજમાં સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિદ્ધિ કરવી.

ફોજદારી કાર્યરીતિ અધિનિયમની કલમ-૧૯૫ની આદેશાત્મક જોગવાઈઓ ધ્યાને લઈ આ જાહેરનામાનાં ભંગ બદલ ભારતીય ફોજદારી ધારાની કલમ-૧૮૮ અન્વયે ગુના કામે આ જાહેરનામા હેઠળ તપાસ કરવાનાં, જાહેરનામાનાં પાલન કરાવવાનાં અને તપાસનાં અંતે ચાર્જશીટ રજુ કરવાના અધિકાર જિલ્લાનાં પોલીસ અધિકારીશ્રીઓ તેમજ હેડ કોન્સ્ટેબલ કે તે ઉપરનાં કર્મચારીઓને રહેશે.

આ હુકમ સમગ્ર કચ્છ જિલ્લાના સમગ્ર વિસ્તાર માટે લાગુ પડશે. આ જાહેરનામું તા. ૧૩-૦૯-૨૦૧૭ થી તા. ૦૮-૧૧-૨૦૧૭ સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કે ઉલ્લંઘન કરનાર ઈસમ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ની મુજબ શિક્ષાને પાત્ર થશે.

તા. ૧૨-૦૯-૨૦૧૭ ના રોજ મારી સહી કરી કચેરીનો સિક્કો મારી બહાર પાડયો.

કચ્છ-ભુજ, ૧૨ માહે સપ્ટેમ્બર, સને ૨૦૧૭.

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ સને ૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨)ની કલમ ૧૪૪ અન્વયે કાઢેલ હુકમ

## જાહેરનામું

ના. મેજી/પોલ/જુના મોબાઈલ/જાહેરનામુ/૦૨/૦૯/૨૦૧૭.-રાજ્યમાં બનતા ગુનાઓમાં મોબાઈલ ફોનના ઉપયોગ થાય છે. તેમજ મોબાઈલ ચોરીના ગુનાઓનું પ્રમાણ વધવા પામેલ છે. આવા ગુનાઓ શોધી શકવા માટે ગુનામાં વપરાયેલ અથવા ગયેલ મોબાઈલ ફોનના IMEI નંબરનું ટ્રેકીંગ કરી ગુનાના મુળ સુધી પહોંચવા પ્રયત્નો કરવામાં આવે છે. ઘણી વખતે મોબાઈલ ફોનના વપરાશ કર્તા સુધી પહોંચવામાં આવે ત્યારે જાણવા મળે છે કે તેમને કોઈ અજાણ્યા માણસ પાસેથી મોબાઈલ ખરીદેલ છે જે મોબાઈલ વેચનાર/ખરીદ કરનારને ચોરાયેલ અથવા ગુન્હામાં વપરાયેલ હોવાની માહિતી હોતી નથી.

પ્રસ્તુત બાબતે આવા ગુનાઓના મુળ સુધી પહોંચવા સાચા આરોપીને શોધી કાઢવા માટે જુના મોબાઈલના વપરાશકારે તે મોબાઈલ કોની પાસેથી ખરીદ કરેલ છે અથવા કોને વેચ્યો તે જાણવુ જરૂરી જણાય છે. જેથી જુના મોબાઈલ લે-વેચ કરનાર વેપારીએ મોબાઈલ લેતા પહેલા મોબાઈલ વેચનારનું તથા જુના મોબાઈલ વેચતી વખતે મોબાઈલ ખરીદનારનું ઓળખ અંગેનું પુરૂં નામ, સરનામું, નોંધવું જરૂરી જણાય છે.

જેથી હું, રેમ્યા મોહન, આઈ.એ.એસ., જિલ્લા મેજીસ્ટ્રેટ, કચ્છ-ભુજ, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-(સી.આર.પી.સી.) ૧૯૭૩ (૧૯૭૪ના નં ૨)ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે, કચ્છ જિલ્લાની મહેસુલી હદમાં આવેલ તમામ જુના મોબાઈલ લે-વેચ કરતા વેપારીઓને નીચે જણાવેલ મુજબની વિગતોનું રજીસ્ટર નિભાવવાનું રહેશે, અને માંગણી કર્યેથી રજુ કરવાનું રહેશે.

: જુના મોબાઈલ ખરીદતી અને વેચતી વખતે વેપારીએ નિભાવવાનું રજીસ્ટર :

| અનુ. નં. | મોબાઈલ ફોનની વિગત | IMEI નંબર | મોબાઈલ વેચનાર/ખરીદનારનું નામ તથા સરનામાની વિગત | આઈડી પ્રુફની વિગત અસલ પરથી ખરાઈ કરીને મેળવવી |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |

તમામને વ્યક્તિગત રીતે નોટીસની બજવણી કરવી શક્ય ન હોઈ આથી એક તરફી હુકમ કરું છું. જાહેર જનતાની જાણ સારૂ સ્થાનિક વર્તમાનપત્રો, આકાશવાણી મારફતે પ્રસિદ્ધિ કરાવવી તથા તમામ પોલીસ સ્ટેશન તથા મોબાઈલ લે-વેચ કરતા વેપારીઓની દુકાનમાં સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિદ્ધિ કરવી.

ફોજદારી કાર્યરીતિ અધિનિયમની કલમ-૧૯૫ની આદેશાત્મક જોગવાઈઓ ધ્યાને લઈ આ જાહેરનામાનાં ભંગ બદલ ભારતીય ફોજદારી ધારાની કલમ-૧૮૮ અન્વયે ગુના કામે આ જાહેરનામા હેઠળ તપાસ કરવાનાં, જાહેરનામાનાં પાલન કરાવવાનાં અને તપાસનાં અંતે ચાર્જશીટ રજુ કરવાના અધિકાર જિલ્લાનાં પોલીસ અધિકારીશ્રીઓ તેમજ હેડ કોન્સ્ટેબલ કે તે ઉપરનાં કર્મચારીઓને રહેશે.

આ હુકમ સમગ્ર કચ્છ જિલ્લાના સમગ્ર વિસ્તાર માટે લાગુ પડશે. આ જાહેરનામું તા. ૧૩-૦૯-૨૦૧૭ થી તા. ૦૮-૧૧-૨૦૧૭ સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કે ઉલ્લંઘન કરનાર ઈસમ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજરોજ તા. ૧૨-૦૯-૨૦૧૭ ના રોજ મારી સહી કરી કચેરીનો સિક્કો મારી બહાર પાડયો.

કચ્છ-ભુજ, ૧૨ માહે સપ્ટેમ્બર, સને ૨૦૧૭.

રેમ્યા મોહન,
જિલ્લા મેજીસ્ટ્રેટ,
કચ્છ-ભુજ.

---

## અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

ગુજરાત પોલિસ અધિનિયમ ૧૯૫૧ની કલમ ૩૭(૧) મુજબનું

## જાહેરનામું

નાં મેજી/પોલ/જાહેરનામું/૩૭(૧)/૧૦/૧૭.- ઓકટોબર-૨૦૧૭ માં કચ્છ જિલ્લામાં યોજાનાર ધાર્મિક તહેવારો તથા મેળાઓની ઉજવણી નજરે જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તેમજ કોઈ અનિચ્છનીય બનાવ બનવા ન પામે તેમજ સુલેહ શાંતી જળવાઈ રહે તે હેતુથી સાવચેતીના પગલા લેવાનું ઈષ્ટ જણાય છે.

આથી હું, ડી. આર. પટેલ, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, કચ્છ-ભુજ, ગુજરાત પોલિસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૧) અન્વયે મને મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે તા. ૦૧-૧૦-૨૦૧૭ થી તા. ૩૧-૧૦-૨૦૧૭ સુધી બન્ને દિવસો સહિત નીચેની અનુસૂચિમાં જણાવેલ વિસ્તારમાં :-

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, ધોકા, છરી, બંદુક, લાકડી, લાઠી, હજામનો અસ્ત્રો, ત્રિશુલ, શારિરીક ઈજા પહોંચાડી શકાય તેવું કોઈ સાધન સાથે લઈ જવું નહીં.

(ખ) કોઈ ક્ષયકારી અથવા સ્ફોટક પદાર્થ લઈ જવું નહી.

(ગ) પથ્થરો અથવા બીજા શસ્ત્રો અથવા તે શસ્ત્રો ફેંકવા અથવા નાખવાના યંત્રો અથવા સાધનો લઈ જવા, એકઠા કરવા તથા તૈયાર કરવા નહી.

(ઘ) કોઈ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલ લઈ જવી નહી.

(ચ) વ્યક્તિઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પૂતળાં દેખાડવા નહી.

(છ) લોકોએ બૂમ પાડવાની, ગીતો ગાવા તથા વાદ્ય વગાડવા નહી.

(જ) જો છટાદાર ભાષણ આપવાથી, ચાળા પાડવાથી અથવા નકલ કરવાથી તથા ચિત્રો, નિશાનીઓ, જાહેર ખબરો અથવા બીજા કોઈ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવાથી, દેખાડવાથી અથવા તેનો ફેલાવો કરવાથી અરૂચિ અથવા નિતીનો ભંગ થતો હોય અથવા જેનાથી રાજ્યની સલામતી જોખમાતી હોય અથવા જેને પરિણામે રાજ્ય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ આપવાની, તે ચાળા વિગેરે કરવા અથવા તે ચિત્રો, નિશાનીઓ વિગેરે તૈયાર કરવા, દેખાડવા અથવા તેનો ફેલાવો કરવા નહી.

**આ હુકમ નીચેના વ્યક્તિઓને લાગુ પડશે નહી.**

(ક) સરકારી નોકરી પર કામ કરતી વ્યક્તિ એટલે કે તેના ઉપરી અધિકારીએ ફરમાવ્યું હોય અથવા કોઈ હથિયાર લઈ જવાની ફરજ હોય.

(ખ) એ અથવા અધિકૃત કરેલ કોઈપણ પોલિસ અધિકારીએ જેની અશક્તિના કારણે લાકડી અથવા લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તેવી વ્યક્તિઓ.

(ગ) જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, પોલિસ અધિકારીશ્રીએ અથવા અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ અથવા સબ ડીવિઝનલ મેજીસ્ટ્રેટશ્રીએ અધિકૃત કરેલ તેવી બીજી કોઈ વ્યક્તિઓને.

**અનુસૂચિ : ''સમગ્ર કચ્છ જિલ્લાનો વિસ્તાર''**

આ જાહેરનામાનો કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને ઓછામાં ઓછી ચાર (૪) માસની અને વધુમાં વધુ એક (૧) વર્ષની કેદની સજા થશે. આ ઉપરાંત ગુજરાત પોલિસ અધિનિયમ ૧૯૫૧ની કલમ ૧૩૫ (૧) મુજબ દંડની સજા થશે.

આ જાહેરનામા હેઠળ તપાસ કરવાનાં, જાહેરનામાનાં પાલન કરાવવનાં અને તપાસનાં અંતે ચાર્જશીટ રજુ કરવાના અધિકાર જિલ્લાનાં પોલીસ અઈધકારીશ્રીઓ તેમજ હેડ કોન્સ્ટેબલ કે તે ઉપરનાં કર્મચારીઓને રહેશે. આ જાહેરનામાની જાહેરાત પોલિસ ખાતાએ દાંડી પીટાવીને તેમજ જાહેરનામાની નકલો મુખ્ય મથકોએ ચોટાડીને કરવી.

આજરોજ તા. ૨૮-૦૯-૨૦૧૭ ના રોજ મારી સહી કરી કચેરીનો સિક્કો મારી બહાર પાડ્યો.

કચ્છ-ભુજ, ૨૮ માહે સપ્ટેમ્બર, સને ૨૦૧૭.

ડી. આર. પટેલ,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
કચ્છ-ભુજ.

---

## ફોજદારી કાર્યરીતિ આધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ કાઢેલ હુકમ

## હુકમ

નં. એમએજી/સી/૫૧૭૪/૨૦૧૭.-પ્રવર્તમાન સંજોગોને ધ્યાને લઈ જુનાગઢ જિલ્લામાં કોસ્ટલ વિસ્તાર સહિત આંતરીક સુરક્ષા જાળવવામાં આવે છે. પરંતુ હાલની પ્રવર્તમાન આતંકવાદી પ્રવૃતિને ધ્યાને લઈ, સવિશેષ તકેદારી રાખવી આવશ્યક હોય, તેમજ વાઈટલ ઈન્સ્ટોલેશન તથા અન્ય સરકારી કચેરીઓની સલામતી હીતાવહ હોય, રીમોટ કંટ્રોલ સંચાલીત ડ્રોન, એરીયલ મીસાઈલ જેવા સંસાધનોથી દેશ વિરોધી સંગઠનો, આતંકવાદીઓ અને ભાંગ ફોડીયા તત્વો ગેરલાભ લઈ જુનાગઢ જિલ્લાની સુરક્ષાને હાની પહોંચાડે નહી તે માટે સમગ્ર જિલ્લા વિસ્તારમાં રીમોટથી ચલાવાતા ડ્રોન કે રીમોટથી કંટ્રોલ કરાતા એરીયલ મિસાઈલ કે પારાગ્લાઈડર રીમોટ કંટ્રોલ, માઈક્રો લાઈટ એર ક્રાફ્ટ ચલાવવા બાબતે ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ ની કલમ-૧૪૪ હેઠળ પ્રતિબંધ મુકતુ જાહેરનામુ બહાર પાડવા પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢના પત્ર નં. સી/એલઆઈબી/જા.ના./૨૨૧૪/૨૦૧૭, તા. ૦૩-૧૦-૨૦૧૭ થી દરખાસ્ત થઈ આવેલ છે. જે વ્યાજબી જણાય છે.

આથી હું, પી. વી. અંતાણી, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, જુનાગઢ જિલ્લો, જુનાગઢ, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ ના નં. ૨)ની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂ છું કે, જુનાગઢ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં રિમોટથી ચલાવાતા ડ્રોન કે રીમોટથી કંટ્રોલ કરાતા એરીયલ મિસાઈલ કે પારાગ્લાઈડર રીમોટ કંટ્રોલ, માઈક્રો લાઈટ એર ક્રાફ્ટ ચલાવવાની મનાઈ ફરમાવુ છું.

આ હુકમ તા. ૦૭-૧૦-૨૦૧૭ થી દિવસ–૬૦ સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય દંડસંહીતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમની જાહેર જનતાને જાણ સારૂ સંબંધીત કચેરીઓએ તેમના નોટીસ બોર્ડ પર, સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યા ઉપર નકલ ચોટાડીને તથા માહિતી ખાતાએ વર્તમાન પત્રોમાં પ્રસિદ્ધિ કરી કરવાની રહેશે.

આજ તારીખ : ૦૫, માહે ઓકટોબર, સને-૨૦૧૭ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે જાહેર જનતાની જાણ તથા અમલવારી માટે આ હુકમ પ્રસિધ્ધ કરવામાં આવ્યો.

જુનાગઢ, ૦૫ માહે ઓકટોબર, સને ૨૦૧૭.

---

**સને ૧૯૫૧ના ગુજરાત પોલીસ અધિનિયમ (આંક-૨૨)ની કલમ 33 ની પેટાકલમ-(૧) (બી) અન્વયેનું**

## જાહેરનામું

નં. એમએજી/સી/૫૦૬૯/૨૦૧૭.-જૂનાગઢ જિલ્લાના કેશોદ સ્થિત ક્ષય નિવારણ ક્ષેત્રે કામ કરતી અક્ષયગઢ સાર્વજનિક સંસ્થા આવેલ છે. આ સંસ્થાના મેનેજીંગ ટ્રસ્ટી સોરઠ ક્ષય નિવારણ સમિતિ, અક્ષયગઢ, તા. કેશોદ ધ્વારા અક્ષયનાથ મહાદેવના સાનિધ્યમાં શરદ પુર્ણિમા પ્રસંગે તા. ૦૩-૧૦-૨૦૧૭ થી તા. ૦૫-૧૦-૨૦૧૭ સુધી અક્ષયનાથ શરદમેળાનું આયોજન કરવામાં આવેલ છે. આ મેળામાં બહોળી સંખ્યામાં લોકો આવનાર હોય, ટ્રાફિકની સમસ્યા ન થાય અને લોકોની અવર-જવર સહેલાઈથી જળવાય રહે તે માટે પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢના પત્ર ક્રમાંક : સીબી-૪/૧૩૯/જાહેરનામુ/૧૭૨૯૪/૨૦૧૭, તા. ૨૭-૦૯-૨૦૧૭ થી નીચે જણાવેલ માર્ગોને એક માર્ગીય (વન વે) જાહેર કરવા માટે દરખાસ્ત થઈ આવેલ છે.

(૧) કેશોદ થી અક્ષયગઢ આવવા માટે દરખાસ્ત સાથેનાં નકશામાં દર્શાવેલ એ-બી-સી-ડી રસ્તે વાહનો પસાર થાય અને ડી સ્થળે ઉતારૂઓને ઉતારે ત્યા સુધીનો રસ્તો એકમાર્ગીય જાહેર કરવો અને

(૨) ઉપરોકત નકશામાં દર્શાવેલ ઈ-એફ-જી રસ્તે પસાર થઈ એચ-સ્થળેથી ઉતારૂઓને લઈ આઈ-સ્થળેથી મેળા વિસ્તારમાંથી બહાર નીકળીને જે-કે-એલ-એમ રસ્તે થઈ એ પોઈન્ટ પરથી કેશોદ રવાના થાય તે રીતે રસ્તો એકમાર્ગીય કરવો.

ઉપરોકત વિગતે લોકોની સલામતી અને સગવડતા માટે ટ્રાફિકનું નિયમન કરવાનુ ઈષ્ટ જણાતાં, હું, પી. વી. અંતાણી, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ જુનાગઢ જિલ્લો, જુનાગઢ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ના આંક-૨૨ ની કલમ-૩૩ (૧) (બી) અન્વયે મને મળેલ અધિકારીની રૂએ ઉપર જણાવેલ રસ્તાઓને તા. ૦૩-૧૦-૨૦૧૭ થી તા. ૦૫-૧૦-૨૦૧૭ (બંન્ને દિવસો સહિત) સુધીની મુદત માટે એક માર્ગીય (વન-વે) રાખવાનુ ફરમાવું છું.

આ જાહેરનામાનો ભંગ કરનાર વ્યકિત ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ (આંક-૨૨)ની કલમ-૧૩૧ માં જણાવેલ શિક્ષાને પાત્ર ઠરશે.

આજ તા. ૨૯-૦૯-૨૦૧૭ ના રોજ મારી સહી તથા કચેરીના સિકકા કરી જાહેર જનતાની જાણ તથા અમલ થવા માટે પ્રસિધ્ધ કર્યુ.

જુનાગઢ, ૨૯ માહે સપ્ટેમ્બર, સને ૨૦૧૭.

---

**ફોજદારી કાર્યરીતિ આધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ કાઢેલ હુકમ**

## હુકમ

નં. એમએજી/સી/૫૧૭૨/૨૦૧૭.-પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢના પત્ર નં. સી/એલઆઈબી/બોટગુમ/જા.નામુ/૨૨૧૫/૨૦૧૭, તા. ૦૩-૧૦-૨૦૧૭ના દરખાસ્ત પત્રથી જુનાગઢ જિલ્લાના ચોરવાડ, માંગરોળ મરીન, શીલ ખાતેથી વહાણ/બોટો દરીયામાં માચ્છીમારી માટે જાય છે અને મોટાભાગની વસ્તી માચ્છીમારીના ધંધા સાથે સંકળાયેલ છે. ગત તા. ૨૯-૧૧-૨૦૧૩ના રોજ મુંદ્રા બંદરથી નૈશાદ ઈશા થૈમ તથા જુસબ સુલેમાન જાફરાબાદી, રહે. બન્ને મોટા સલાયા, તા. માંડવી વાળાની માલીકીનું વહાણ MCV SHANE HIND (MNV 2176) સલાલા (ઓમાન) જવા ખાંડનો જથ્થો ભરીને ૧૨ ક્રુમેમ્બરો સહિત રવાના થયેલ હતું. મુંદ્રા બંદરેથી નીકળ્યા બાદ તા. ૦૨-૦૧-૨૦૧૪ ના રોજ વહાણનુ સોમાલીયન ચાચીયાઓએ અપહરણ કરેલ પરંતુ આ વહાણ ગુમ થવા સંબંધે તેના માલીકે કોઈ એજન્સી કે સરકારી તંત્રને જાણ કરી નોંધ કરાવેલ ન હતી. આ એક રાષ્ટ્રીય સલામતીને સ્પર્શતી ગંભીર

ઘટના છે. વહાણ ગુમ રહયુ હોય તે સમયગાળા દરમ્યાન વહાણ કે વહાણના ક્રુમેમ્બરોનો રાષ્ટ્ર વિરોધી પ્રવૃતિમાં ઉપયોગ થયો હોય તે બાબત નકારી શકાય નહી. આવી ઘટનાઓ અટકી શકે તે માટે સમગ્ર જુનાગઢ જિલ્લામાં આવેલ વહાણ/બોટ માલીકે જયારે પોતાનું વહાણ/બોટ વાતાવરણીય કારણસર/ચાચીયાઓ ધ્વારા અપહરણ થવાના કારણસર કે અન્ય કોઈપણ કારણોસર વહાણ/બોટ ગુમ થાય કે વહાણ/બોટ સાથેનો તેના માલીકનો સંપર્ક નિશ્ચિત સમયગાળા બાદ ન થતો હોય તો તે બાબતની જાણ સંબંધિત તમામ સરકારી એજન્સીને ફરજીયાત કરવી તેવુ જાહેરનામુ પ્રસિધ્ધ કરવા દરખાસ્ત કરાયેલ છે.

જુનાગઢ જિલ્લો વિશાળ દરીયા કિનારો ધરાવે છે અને મોટા પ્રમાણમાં માચ્છીમારી માટે બોટો દરીયામાં જાય છે. જેથી બોટો સાથે જતા લોકોની સલામતી તથા સુરક્ષા માટે તકેદારીના પગલા લેવા આવશ્યક જણાતા હોય, પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢ તરફથી કરાયેલ દરખાસ્ત વ્યાજબી જણાય છે.

આથી હું, પી. વી. અંતાણી, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, જુનાગઢ જિલ્લો, જુનાગઢ, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ ના નં. ૨)ની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ સત્તાની રૂઈએ આથી હુકમ કરૂ છું કે, જુનાગઢ જિલ્લાના વહાણ/બોટ માલીકોએ જયારે પોતાનું વહાણ/બોટ વાતાવરણીય કારણસર/ચાચીયાઓ ધ્વારા અપહરણ થવાના કારણસર કે અન્ય કોઈપણ કારણોસર વહાણ/બોટ ગુમ થાય કે વહાણ/બોટ સાથેનો તેના માલીકનો સંપર્ક નિશ્ચિત સમયગાળા બાદ ન થતો હોય તો તે બાબતેની જાણ નીચે મુજબના પત્રકની વિગતો સહની સબંધિત તમામ સરકારી એજન્સીઓને જાણ કરવી ફરજીયાત છે.

| ક્રમ | વહાણ/બોટનું નામ તથા નંબર | વહાણ/બોટ માલીકનું નામ તથા સરનામું તથા સંપર્ક નંબર | વહાણ/બોટમાં રવાના થયેલ ટંડેલ/ ખલાસીઓના નામ તથા સરનામાની વિગત | વહાણ/બોટ રવાના થયાની તારીખ, સમય તથા સ્થળ | વહાણ/બોટ પરત આવવાની સંભવીત તારીખ | અન્ય જરૂરી વિગતો | રીમાર્કસ |
|---|---|---|---|---|---|---|---|
| (૧) | (૨) | (૩) | (૪) | (૫) | (૬) | (૭) | (૮) |

આ હુકમ તા. ૦૭-૧૦-૨૦૧૭ થી દિવસ–૬૦ સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય દંડ સંહીતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમની જાહેર જનતાને જાણ સંબંધીત કચેરીઓએ તેમના નોટીસ બોર્ડ પર, સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યા ઉપર નકલ ચોટાડીને તથા માહિતી ખાતાએ વર્તમાન પત્રોમાં પ્રસિધ્ધી કરી કરવાની રહેશે.

આજ તારીખઃ ૦૫મી, માહે ઓકટોબર-૨૦૧૭ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે જાહેર જનતાની જાણ તથા અમલવારી માટે આ હુકમ પ્રસિધ્ધ કરવામાં આવ્યો.

જુનાગઢ, ૦૫ માહે ઓકટોબર, સને ૨૦૧૭.

પી. વી. અંતાણી
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
જુનાગઢ જિલ્લો, જુનાગઢ.

---

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭ (૧) અન્વયે

## જાહેરનામું

નં. એમએજી/સી/૩૯૧૯/૨૦૧૭.-પોલીસ અધિક્ષકશ્રી, ગીર સોમનાથની કચેરીના પત્ર નં. સી/એલઆઈબી/હથિ.બંધી/ જા.ના./૯૯૯/૨૦૧૭, તા. ૨૬-૦૯-૨૦૧૭ થી રજુ થયેલ વિગતો મુજબ (૧) વેરાવળ, પ્ર.પાટણ, કોડીનાર તથા ઉના કોમી દ્રષ્ટિએ અત્યંત સંવેદનશીલ હોય, નાના સરખા બનાવથી અફવાના કારણે હિન્દુ મુસ્લીમ વચ્ચે ઘર્ષણ થવા સંભાવના રહે છે. જેથી વિશેષ તકેદારી રાખવી આવશ્યક છે. (૨) પ્રભાસ પાટણ ખાતે સુપ્રસિધ્ધ ભગવાન સોમનાથ મહાદેવનું મંદિર આવેલ છે. જેથી સવિશેષ તકેદારી રાખવી આવશ્યક છે. (૩) આ માસમા હિન્દુ સમુદાયના વિવિધ ધાર્મિક તહેવારોની ઉજવણી થનાર હોય ધાર્મિક સ્થળો, જાહેર સ્થળો વિગેરે જગ્યાઓએ મોટી સંખ્યામાં લોકો એકઠા થતા હોય, તેમજ સોમનાથ મંદિર ખાતે આ તહેવારો દરમ્યાન બહોળી સંખ્યામાં જનમેદની એકઠી થતી હોય, જેથી કોઈ બનાવ ન બને તે માટે તેમજ વિવિધ કાર્યક્રમો દરમ્યાન કાયદો અને વ્યવસ્થાની દ્રષ્ટિએ તકેદારી રાખવી ખુબજ આવશ્યક છે. (૪) અત્રેના જિલ્લામાં આવેલ ગીર/જંગલ વિસ્તારમાં સિંહ તથા અન્ય વન્ય પ્રાણીઓના શિકારના બનાવો બનતા હોય, જેથી કાયદો અને વ્યવસ્થાની દ્રષ્ટિએ તકેદારી રાખવી ખુબજ આવશ્યક છે. સબબ, ગીર સોમનાથ જિલ્લાના સમગ્ર વિસ્તારમા કાયદો વ્યવસ્થા તથા જાહેર સુલેહશાંતિ જળવાઈ રહે તે હેતુસર હથિયારબંધીનું જાહેરનામુ પ્રસિધ્ધ કરવા પોલીસ અધિક્ષકશ્રી દ્વારા દરખાસ્ત થઈ આવેલ છે.

ઉકત રજુ થયેલ દરખાસ્ત વ્યાજબી જણાતા સુલેહશાંતી જાળવવા સારૂ અને કાયદો વ્યવસ્થાની સ્થિતિ યથાવત જળવાઈ રહે

તેમજ કોઈ જાતનો અનિચ્છનીય બનાવ બને નહી તે માટે હું, એચ. આર. મોદી, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ગીર-સોમનાથ જિલ્લો, વેરાવળ, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭ (૧) અન્વયે મને મળેલ અધિકારની રૂઈએ સમગ્ર ગીર-સોમનાથ, જિલ્લાના વિસ્તારમા તા. ૦૮-૧૦-૨૦૧૭ થી તા. ૦૮-૧૧-૨૦૧૭ સુધી બન્ને દિવસો સહિત નીચે પ્રમાણે મનાઈ ફરમાવું છુ કે, કોઈ પણ વ્યકિતએ...

(ક) શસ્ત્ર, દંડા, તલવાર, ભાલા, ચપ્પુ, લાકડી અથવા શારીરિક હિંસા પહોંચાડવામા ઉપયોગી થઈ શકે તેવી બીજી કોઈ ચીજો લઈ જવી નહી.

(ખ) પથ્થરો અથવા બીજા શસ્ત્રો ફેકવા અથવા નાખવામાં ઉપયોગી હોય તેવા યંત્રો અથવા સાધનો લઈ જવા એકઠા કરવા તથા તૈયાર કરવા નહી.

(ગ) વ્યક્તિઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવા નહી.

(ઘ) અપમાન કરવા અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેર બિભત્સ સુત્રો પોકારવા નહી, અશ્લીલ ગીતો ગાવા નહી.

(ચ) જેનાથી સુરૂચીનો અને શાંતિનો ભંગ થાય તેવુ ભાષણ કરવુ નહી, તેવા હાવભાવ કરવા નહી, તેવી ચેષ્ટા કરવી નહી તથા ચિત્રો, પ્લે કાર્ડ અથવા બીજા કોઈ પદાર્થ અથવા વસ્તુઓ કરવી નહી.

આ હુકમ નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહી.

૧. સરકારશ્રીની નોકરીમાં કામ કરતી કોઈ વ્યક્તિ કે જેના ઉપર અધિકારીઓને ફરમાવ્યા હોય અથવા આવા કોઈ હથિયાર લઈ જવાની તેમની ફરજ હોય.

૨. જિલ્લા પોલીસ અધિકારીશ્રીએ જે તે શારીરિક અશક્તિને કારણે લાઠી લઈ જવાની અથવા શુભ હેતુથી ધંધો કરવાની પરવાનગી આપી હોય તે વ્યક્તિ.

૩. ખેડુતો પોતાની ખેતીકામ માટે ખેતીના ઓજારો લઈ જવામાં હાડમારી ન થાય તેમને રોજીંદા કામ કરી શકે તે આશયથી ખેડુતો પોતાના ઓજારો ખેતીકામ માટે લઈ જતા હોય.

આ જાહેરનામાના કોઈ ખંડનો ભંગ કરનાર અથવા પાલન ન કરવામાં મદદ કરનાર વ્યક્તિને ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ ૧૩૫(૧) મુજબ એક વર્ષની મુદત સુધીની કેદની શિક્ષા તેમજ દંડને પાત્ર થશે. આ ઉપરાંત ભારતીય દંડ સંહિતાની કલમ ૧૮૮ મુજબ તે વ્યક્તિનો ગુનો સાબીત થયેથી એક માસની સાદી કેદ અગર રૂા. ૨૦૦/- નો દંડ અગર બન્ને શિક્ષા થઈ શકશે અને આ હુકમની અવગણના માનવજીવનને અથવા સ્વાસ્થ્યને અથવા સલામતીને નુકશાન કરે, ભય ઉત્પન્ન થાય અથવા કોઈ હુલ્લડ, બખેડો થાય તો તેવા વ્યક્તિ ૬ (છ) માસ સુધીની પરિશ્રમ અથવા સાદી કેદ અથવા રૂા. ૧૦૦૦/- સુધીનો દંડ સહિત બંને શિક્ષાને પાત્ર ઠરશે.

આજ તા. ૨૯ માહે સપ્ટેમ્બર, સને-૨૦૧૭ ના રોજ મારી સહી તથા કચેરીના સીક્કા કરીને જાહેર જનતાની જાણ તથા અમલ થવા માટે પ્રસિધ્ધ કર્યુ.

ગીર-સોમનાથ, ૨૯ માહે સપ્ટેમ્બર, સને ૨૦૧૭.

---

**સને ૧૯૫૧ના ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૩૭(૩) અન્વયેનું**

## જાહેરનામું

નં. એમએજી/સી/૩૯૨૦/૨૦૧૭.-પોલીસ અધિક્ષકશ્રી, ગીર-સોમનાથના પત્ર નં. સી/એલઆઈબી/જા.ના./સ.સ.બંધી/ ૯૯૮/૧૭, તા. ૨૬-૦૯-૨૦૧૭ થી રજુ થયેલ વિગતો મુજબ (૧) વેરાવળ/પ્ર.પાટણ, કોડીનાર તથા ઉના કોમી દૃષ્ટિએ અત્યંત સંવેદનશીલ હોય નાના સરખા બનાવથી અફવાઓના કારણે હિન્દુ મુસ્લીમ વચ્ચે ઘર્ષણ થવા સંભાવના રહે છે. અફવાના કારણે લોકો એકઠા થવાના બનાવ બનાવો ધ્યાને લેતા વિશેષ તકેદારી રાખવી આવશ્યક છે. (૨) પ્રભાસ પાટણ ખાતે ભગવાન સોમનાથનુ મંદિર આવેલ છે. જેથી સવિશેષ તકેદારી રાખવી આવશ્યક છે. (૩) આ માસમા હિન્દુ લોકોના ધાર્મિક તહેવારોની ઉજવણી થનાર હોય, જેથી ધાર્મિક તથા જાહેર સ્થળોએ મોટી સંખ્યામાં લોકો એકઠા થતા હોય, તેમજ શ્રી સોમનાથ મંદીર ખાતે આ તહેવારો દરમ્યાન બહોળી સંખ્યામાં જનમેદની એકઠી થતી હોય જેથી કોઈ અનિચ્છનિય બનાવ ન બને તે માટે, તેમજ વિવિધ કાર્યક્રમો દરમ્યાન કાયદો અને વ્યવસ્થાની દ્રષ્ટિએ તકેદારી રાખવી ખુબજ આવશ્યક છે. (૪) ખેડુતોના પાકની સીઝન ચાલુ હોવાથી વીજ વપરાશ વધવાના કારણે વિજળીની આવક-જાવક થતી હોય, વીજ પુરવઠાના પ્રશ્નોએ લોકો દ્વારા આંદોલનો થવાની શકયતા હોય, જેથી લોકો ટોળાના રૂપમા એકઠા ન થાય તે માટે કાયદો વ્યવસ્થાની દૃષ્ટિએ તકેદારી રાખવી ખુબ જ આવશ્યક છે. (૫) અત્રેના જિલ્લામા આવેલ ગીર/જંગલ વિસ્તારમાં સિંહ તથા અન્ય વન્ય પ્રાણીઓના શિકારના બનાવો બનતા હોય, તેમજ ગેરકાયદોસર ટોળાના રૂપમા લાયન શો યોજાતા હોય, કાયદો અને વ્યવસ્થાની દ્રષ્ટીએ તકેદારી રાખવી ખુબજ આવશ્યકતા છે. જેથી ગીર-સોમનાથ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં કાયદો વ્યવસ્થા તથા જાહેર સુલેહશાંતિ જળવાઈ રહે તે હેતુસર સભા/સરઘસ વગર પરવાનગીએ કોઈ કાઢે નહી તે માટેનુ જાહેરનામુ પ્રસિધ્ધ કરવા પોલીસ અધિક્ષકશ્રી તરફથી દરખાસ્ત રજુ થયેલ છે.

પોલીસ અધિક્ષકશ્રી, ગીર-સોમનાથ તરફથી ઉકત વિગતે રજુ થયેલ દરખાસ્ત વ્યાજબી જણાતા ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ ૩૭ની પેટા કલમ ૩ થી મને મળેલ અધિકારની રૂઈએ હું, એચ. આર. મોદી, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ગીર-સોમનાથ જિલ્લો, વેરાવળ, આથી ગીર-સોમનાથ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં તા. ૦૮-૧૦-૨૦૧૭ ના રોજ થી તા. ૦૭-૧૧-૨૦૧૭ (બંને દિવસો સહીત) સુધીની મુદત માટે કોઈ પણ સભા કે સરઘસ

માટે મનાઈ હુકમ ફરમાવુ છું. વધુમા આદેશ કરૂ છું કે, આ હુકમ નીચેનાને લાગુ પડશે નહી.

૧) ફરજ ઉપર હોય તેવી ગૃહરક્ષણ મંડળીઓને.

૨) સરકારી નોકરીએ અવર જવર કરતી હોય તેવી વ્યકિતને.

૩) કોઈ લગ્નના વરઘોડાને.

૪) સ્મશાનયાત્રામા જોડાનાર વ્યકિતઓને.

૫) સક્ષમ અધિકારીશ્રીની કાયદેસર પરવાનગી મેળવનારને.

આ હુકમનુ પાલન ન કરનાર અથવા તેનુ પાલન ન કરવામાં કોઈને મદદ કરનારને ગુનો સાબીત થયેથી, દંડની શિક્ષાને પાત્ર ઠરશે તથા ભારતીય દંડ સહિતાની કલમ ૧૮૮ મુજબનો ગુનો સાબીત થયેથી, જે તે વ્યકિતને એક માસની સાદી કેદ અથવા રૂા. ૨૦૦/- સુધીનો દંડ અગર બંને શિક્ષા થઈ શકશે અને આ હુકમની અવગણના માનવ જીવનને કોઈ નુકશાન અથવા સ્વાસ્થયને અથવા સલામતીને કોઈ ભય ઉત્પન્ન થાય અથવા કોઈ હુલ્લડ બખેડો થાય તો તેવી વ્યકિતને ૬ (છ) માસ પરિશ્રમ અથવા સાદી કેદ અથવા રૂા. ૧૦૦૦/- સુધીનો દંડ સહીત બંને શિક્ષાને પાત્ર ઠરશે.

આજ તારીખ ૨૯, માહે-સપ્ટેમ્બર, સને-૨૦૧૭ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા કરી જાહેર જનતાની જાણ તથા અમલ થવા માટે પ્રસિધ્ધ કર્યુ.

ગીર-સોમનાથ, ૨૯ માહે સપ્ટેમ્બર, સને ૨૦૧૭.

---

### ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩-૭૪ની કલમ-૧૪૪ (૧) અન્વયે

## જાહેરનામું

નં. એમએજી/સી/૫૯૧૭/૨૦૧૭.-પોલીસ અધિક્ષકશ્રી, ગીર સોમનાથના પત્ર નં. સી/એલઆઈબી/મહોરમ/ જા.ના./૨૧૨૯/ ૨૦૧૭, તા. ૨૯-૦૯-૨૦૧૭ ના પત્રથી રજુ થયેલ વિગતો મુજબ તા. ૩૦-૦૯-૨૦૧૭ અને તા. ૦૧-૧૦ ૨૦૧૭ ના રોજ મુસ્લીમ લોકોનો પવિત્ર તહેવાર ''મહોરમ'' આવે છે. તેથી સદરહું તહેવારને અનુલક્ષીને કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે હેતુસર કોઈ પણ ઢોર/પશુઓની કતલખાના બહાર જાહેર જગ્યાઓએ કે શેરીઓમાં કતલ કરવા ઉપર પ્રતિબંધ ફરમાવવા માટે ફોજદારી કાર્યરીતિ અધિનિયમની કલમ-૧૪૪ (૧) હેઠળ જાહેરનામુ પ્રસિધ્ધ કરવાની દરખાસ્ત પોલીસ અધિક્ષકશ્રી, ગીરસોમનાથ તરફથી અત્રે રજુ થયેલ છે. જે વ્યાજબી જણાય છે.

તેથી હું, એચ. આર. મોદી, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ગીર સોમનાથ જિલ્લો, વેરાવળ, ફોજદારી કાર્યરીતિ અધિનિયમની કલમ-૧૪૪(૧) અન્વયે મને મળેલ સત્તાની રૂઈએ આથી ફરમાવું છું કે, ગીરસોમનાથ જિલ્લાના તમામ તાલુકાનાં શહેરો કે કસ્બાઓ તથા ગામડાઓના વિસ્તારમાં કોઈપણ વ્યકિતએ તા. ૨૯-૦૯-૨૦૧૭ થી તા. ૦૩-૧૦-૨૦૧૭ સુધી (બન્ને દિવસો સહિત) કતલખાનાની બહારના કોઈ જાહેર કે ખાનગી સ્થળે આખલા, પાડા, ભેંસ કે અન્ય પશુની કતલ કરવી કે કરાવવી નહી.

આ જાહેરનામાનો ભંગ કરનાર ઈ.પી.કો.ક. ૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર ઠરશે.

આ જાહેરનામું આજ તા. ૨૯, માહે સપ્ટેમ્બર-૨૦૧૭ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી જાહેર જનતાની જાણ તથા અમલ થવા માટે પ્રસિધ્ધ કર્યુ.

ગીર સોમનાથ, ૨૯ માહે સપ્ટેમ્બર, સને ૨૦૧૭.

---

### ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧) ''એન'' અને ''ઓ'' અન્વયેનું

## જાહેરનામું

નં. એમએજી/સી/૫૭૧૭(૧)/મહોરમ/૨૦૧૭.-તા. ૩૦-૦૯-૨૦૧૭ અને તા. ૦૧-૧૦-૨૦૧૭ ના રોજ મુસ્લીમ સમુદાયનો ધાર્મિક તહેવાર મહોરમ (તાજીયાના) ઉજવવામાં આવનાર છે. મહોરમના દિવસો દરમ્યાન ગીર સોમનાથ જિલ્લામાં તાજીયાના સરઘસ વિગેરેનું નિયમન કરવાનું અને તે અંગે જાહેર સુલેહશાંતિ તથા જાહેર વ્યવસ્થા જળવાય તે માટે સાવચેતીના પગલા લેવા માટે ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧) ''એન'' અને ''ઓ'' અન્વયે જાહેરનામું સમગ્ર ગીર સોમનાથ જિલ્લાના વિસ્તાર માટે પ્રસિધ્ધ કરવાની પોલીસ અધિક્ષકશ્રી, ગીર સોમનાથના પત્ર નં. સી/એલઆઈબી/મહોરમ/જા. ના./૨૧૨૯/૨૦૧૭, તા. ૨૯-૦૯-૨૦૧૭ ના પત્રથી દરખાસ્ત રજુ થયેલ છે.

ઉક્ત દરખાસ્ત વ્યાજબી જણાતી હોય, હું, એચ. આર. મોદી, જી.એ.એસ. અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ગીર સોમનાથ જિલ્લો, વેરાવળ, સને-૧૯૫૧ના ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૩૩(૧) ''એન'' અને ''ઓ'' અન્વયે નીચે મુજબ ફરમાવું છું.

(૧) તાજીયા, પંજો, ડોલી, હાથી, ઘોડા ફેરવવા માટે સબંધકર્તા વિભાગના સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટશ્રી પાસેથી ઠરાવેલ મુદતમાં પરવાનગી અગાઉથી મેળવવી પડશે. આવી પરવાનગી મેળવવા માટે જાહેર વ્યવસ્થા જાળવવા પુરતી ખાત્રી અને રૂપિયા પાંચસોના જાતમુચરકા તથા તેટલી જ રકમના જામીન રજુ કરવાના રહેશે.

(૨) આવી પરવાનગી પરાપૂર્વથી ફેરવવામાં આવતા તાજીયા માટે અગર માનતાના તાજીયા માટે મુસ્લીમ કોમના કોઈપણ શખ્સને ઉપરોકત શરત નંબર એકમાં જણાવેલ શરતનું પાલન થયે આપવામાં આવશે. પરવાનગી મેળવનાર શખ્સોએ જયારે કોઈપણ મેજિસ્ટ્રેટ કે પોલીસ અધિક્ષકશ્રી પરવાનગી જોવા માંગે ત્યારે રજુ કરવી પડશે.

(૩) પરવાનગી મેળવનાર શખ્સ પોતે તેમના તાજીયા, પંજો, ડોલી, હાથી, ઘોડા સાથે ફરતી મંડળીના સરઘસના કારણે ફરતા માણસોની વર્તણુંક અને સુલેહશાંતિ ભરી રસમો માટે તે પોતે તેમજ તેના જામીન જવાબદાર રહેશે. કોઈપણ શખ્સ અગર મંડળી અથવા સરઘસની વર્તણુંકને અવ્યવસ્થિત અથવા સુલેહશાંતિ માટે જોખમકારક જણાયે તેઓને આપવામાં આવેલ પરવાનગી રદ કરવામાં આવશે.

(૪) જે તે સબડિવિઝનલ મેજિસ્ટ્રેટશ્રી દ્વારા અપાયેલ પરવાનગીમાં દર્શાવેલ માર્ગને આધિન રહીને પરવાનગી મેળવનાર શખ્સ પોતાના તાજીયા, પંજો, ડોળી, હાથી, ઘોડા સરઘસમાં ફેરવી શકશે. પરવાનગીમાં મુકરર કરેલ સ્થળે વાજીંત્ર વગાડી શકશે.

(૫) જાહેર રસ્તા આગળ સ્થળો ઉપર ઢોલ અથવા બીજા કોઈ પણ વાજીંત્રો વગાડવા માટેની પરવાનગી તા. ૨૯-૦૯-૨૦૧૫ થી તા. ૦૩-૦૧-૨૦૧૭ સુધી આપવામાં આવશે.

(૬) શહાદતની રાત્રે સાંજના ૫-૦૦ (પાંચ) અને બીજા દિવસની સવારના ૨-૦૦ (બે) વાગ્યા સમય દરમ્યાન સરઘસ ફેરવવાના રહેશે. તાજીયા દરમ્યાન દફન અને ઠંડા કરવાના દિવસે બપોરના ૨-૩૦ થી બીજા દિવસના સવારના ૬-૦૦ કલાક સુધીમાં સરઘસ અને તાજીયાની ક્રિયા પુરી કરવી પડશે. આ હુકમના ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

(૭) રસ્તા ઉપર તાજીયા અગર મંડળી વિગેરેની લાંબા સમય સુધી એક રસ્તા ઉપર રાખવા દેવા માટે કે થોભવા દેવામાં આવશે નહીં. સ્થળ ઉપર હાજર રહેલા પોલીસ અધિકારીશ્રીઓના હુકમને આધિન રહી વધુમાં વધુ પાંચ મીનીટમાં તાજીયા અગર તેની ડોળી મંડળને ચોકારીને આગળ વધવું પડશે.

(૮) પરાપૂર્વથી ચાલતાં આવેલ અને પરવાનગીમાં બતાવ્યા ક્રમ પ્રમાણે તાજીયા સાર્વજનિક રસ્તા ઉપર એક પછી એક લઈ જવા પોલીસ ઈન્સ્પેકટર અને પોલીસ સબ ઈન્સ્પેકટર દ્વારા દર સાલનાં આધારે આપેલ અનુક્રમ નંબર એક પછી એક લાઈનમાં ચલાવવા અને જયારે સામસામા તાજીયા આવે ત્યારે પછી દરેક તાજીયા અગર મંડળીઓ તેમની ડાબી બાજુએ રહીને સામેથી આવનાર તાજીયાને રસ્તો આપવો. ગાડી અગર ઘોડા ઉપર સવાર તથા માણસ મળે તો તાજીયા સામે જનાર શખ્સોએ તે વાજીંત્ર બંધ કરી ડાબી બાજુએથી તાજીયા વિગેરે લઈને આગળ વધવું અને તાજીયા એક એક પાછળ બીજો આવે તે રીતે પોતપોતાની ગલી આવતી હોઈ તે ગલીના નાકે થોભવું અને જયારે પોતાનો નંબર આવે ત્યાર પછી પાછળ દાખલ થવું, સામેલ થઈ જવું.

(૯) કોઈપણ શખ્સે તલવાર, ખંજર, સોટી, લાકડી, ચપ્પુઓ કે ભાલા કે તેવા પ્રકારના કોઈપણ હથિયાર તથા બીજા કોઈપણ પ્રકારના હથિયાર લઈને ફરવું નહીં.

(૧૦) રમત-ગમત માટે જે શખ્સોએ પરવાનગી મેળવેલ હોય એ શખ્સોને જે રમત-ગમતના સઘળા સાધનો અગર હથિયાર પોલીસની દેખરેખ નીચે લઈ જવા દેવામાં આવશે.

(૧૧) મહોરમમાં ભાગ લેનાર શખ્સોએ બીજા કોમના સ્વાંગ, વેષો કાઢવા નહીં, ઈત્તર કોમના ધર્મની લાગણી દુભાય, દુશ્મનાવટ ઉભી થાય અગર તો સુલેહશાંતિનો ભંગ થાય તેવો કૃત્યો કરવા નહીં.

(૧૨) પ્રભાસપાટણ ખાતે સોમનાથ મંદિર નજીક આવેલ નાની ખેલ મલેકવાડામાં મહોરમ તાજીયાના તહેવાર પર તાજીયા બેસે છે. જે માતમની રાત્રે વાજીંત્રો વગાડવાની સાથો ચોકારો લેવો નહીં.

(૧૩) આ જાહેરનામું તા. ૨૯-૦૯-૨૦૧૭ થી તા. ૦૩-૧૦-૨૦૧૭ સુધી (બન્ને) દિવસો સહિત અમલમાં રહેશે.

(૧૪) આ જાહેરનામું પોલીસ ખાતાના સભ્યો, હોમ ગાર્ડસના સભ્યો તથા જેઓને પોતાની ફરજની રૂઈએ હથિયાર ધારણ કરવાનું હોય તેને લાગુ પડશે નહીં.

(૧૫) હથિયાર બંધીનું તથા સભા-સરઘસ બંધીનું જાહેરનામું જે અમલમાં હોય તેની અમલવારી ચાલુ રહેશે.

આ જાહેરનામાનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર વ્યકિત સને-૧૯૫૧ના ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ તથા ૧૪૧ તથા ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબની શિક્ષાને પાત્ર ઠરશે.

આ જાહેરનામું આજરોજ તારીખ ૨૯ માહે સપ્ટેમ્બર, સને ૨૦૧૭ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરીને જાહેર જનતાને જાણ તથા અમલ માટે પ્રસિધ્ધ કર્યું.

ગીર સોમનાથ, ૨૯ માહે સપ્ટેમ્બર, સને ૨૦૧૭.

**એચ. આર. મોદી,**
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
ગીર સોમનાથ જિલ્લો,
વેરાવળ.

---

## જાહેરનામુ

નં. ડી.એમ.-૧/ફા.બટ/ઈ.નં. ૪૧૭૬૩/૧૭.-ભાવનગર જિલ્લાના શિહોર ગામની સર્વે નં. ૨૮૨ની શિહોર-ટાણા રોડની દક્ષિણ બાજુએ આવેલ જમીન કે જેનો ઉપયોગ હાલ પોલીસ તંત્ર દ્વારા ફાયરીંગ બટ માટે થાય છે. આ ફાયરીંગ બટ ખાતે આગામી તા. ૧૧-૧૦-૨૦૧૭ના રોજ આસીસ્ટન્ટ કમાન્ડન્ટ, સીઆઈએશએફ યુનિટ, ભાવનગરના કવાર્ટર ફાયરીંગ પ્રેકટીસ પ્રોગામનું આયોજન કરવામાં આવેલ છે. જે સંદર્ભે શિહોરના સર્વે નં. ૨૮૨માં ફાયરીંગ બટના સ્થળની પરીફેરીથી આજુબાજુના ૧૦૦ મીટર સુધીના વિસ્તારમાં તકેદારીના પગલા રૂપે જરૂરી જાહેરનામું બહાર પાડવા પોલીસ અધિક્ષકશ્રી, ભાવનગરની કચેરીના પત્ર નં. ૬૫/ સીબી-૫/૨૦૧૭/૨૦૧૭, તા. ૨૯-૦૯-૨૦૧૭થી દરખાસ્ત રજૂ થયેલ છે. જે દરખાસ્ત મુજબનું જાહેરનામું બહાર પાડવું જરૂરી જણાય છે.

સબબ જાનમાલની સલામતી ખાતર ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(ફ) થી મળેલ અધિકારીની રૂઈએ હું, આર. પી. ચૌધરી, (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ભાવનગર જિલ્લો, ભાવનગર આથી ફરમાવું છું કે, શિહોર ગામના સર્વે નં. ૨૮૨ શિહોર-ટાણા રોડની દક્ષિણ દિશાએ ફાયરીંગ બટનું ક્ષેત્રફળ ૨-૧૯-૫૩ આરે આવેલ છે તે સ્થળ તથા તેની પેરી ફેરીથી આજુબાજુના ૧૦૦ મીટર સુધીના વિસ્તારમાં આગામી તા. ૧૧-૧૦-૨૦૧૭ ના રોજ કોઈપણ શખ્શે જવું નહીં તેમજ ઢોરોને સદરહું વિસ્તારમાં ચરાવવા નહીં.

જાહેરનામાનો અમલ તથા તેના ભંગ બદલ પગલા લેવા માટે ફરજ પરના કોઈપણ હેડ કોન્સ્ટેબલ તથા તેનાથી ઉપરના અધિકારીને અધિકાર રહેશે.

આ જાહેરનામાનો ભંગ કર્યેથી આ અધિનિયમની કલમ-૧૩૧ મુજબ સજા થશે.

આજ તારીખ : ૦૫-૧૦-૨૦૧૭ના રોજ મારી સહી તથા કચેરીના સીક્કા કરી જાહેર જનતાની જાણ માટે જાહેરનામું બહાર પાડવામાં આવ્યુ.

ભાવનગર, ૦૫ માહે ઓકટોબર, સને ૨૦૧૭.

**આર. પી. ચૌધરી,**
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
ભાવનગર.

---

**મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-33 (૧) અન્વયે કાઢેલો હુકમ**

**જાહેરનામું**

ડી.એમ./વશી/૫૬૯૪ થી ૫૭૦૩/૨૦૧૭.-બોટાદ શહેરમાં ટ્રાફીક સમસ્યા અને લોકોની અવર જવર માટે ટુ-વ્હીલ તથા ફોર વ્હીલ વાહનો નો ઉતરોઉતર વધારો થવાના કારણે બોટાદ શહેરની ભૌગોલિક પરિસ્થિતિ ધ્યાને લેતા સાળીંગપુર થી પાળીયાદ તરફ જવાના માર્ગે કે જે સાળંગપુર ચાર રસ્તાથી ગોંડલ પાન પેલેસથી મસ્તરામ મંદિર સતવારા બોર્ડીંગ થઈ કાબા રૂપાની વાડીથી વકીલ પેટ્રોલ પંપ સામેથી પાળીયાદ રોડ ઉપર પ્રવેશ જાહેરનામુ બહાર પાડવામાં આવેલ. આ રોડ પરથી આવતાં ટ્રાફીકને ફકત સાળંગપુર રોડ પરથી પ્રવેશ માટે જાહેર કરવા તથા તેવીજ રીતે પાળીયાદ તરફથી સાળંગપુર તરફ જતાં વાહનો હવેલી ચોકથી મોબાઈલ બજાર કરમશી ભવાન કિરાણા સ્ટોરથી સાળંગપુર ચાર રસ્તા થઈ સાળંગપુર રોડ પર પ્રવેશ જાહેર કરવો ખૂબ જરૂરી જણાય છે.

ઉપરોકત પીક-અવર્સ દરમ્યાન એટલેકે સવારના ૧૦-૦૦ કલાકથી ૧૪-૦૦ કલાક તથા સાંજે ૧૭-૦૦ કલાક થી ૨૦-૦૦ ભારે વાહનો માટે પ્રવેશ નિષેધ જાહેર કરવો જરૂરી જણાય છે.

તેમજ હવેલી ચોકથી દિનદયાળ ચોક અને હીરા બજારમાં થતી ટ્રાફીક સમસ્યા નિવારવા ફકત એક બાજુ એકી-બેકી તારીખે એટલે કે એકી તારીખે જમણી બાજુ બેકી તારીખે ડાબી બાજુ દ્વી ચક્રીય વાહનો પાર્ક કરવા જાહેરનામુ બહાર પાડવાથી ટ્રાફીક વ્યવસ્થા નિવારી શકાય તેમ છે.

આ અંગે પોલીસ અધિક્ષકશ્રી, બોટાદનાતા. ૨૩-૦૯-૨૦૧૭ના પત્ર ક્રમાંક નં. ટ્રાફીક/જાહેરનામુ/૧૯૩/૨૦૧૭ થી દરખાસ્ત થઈ આવેલ છે.

સબબ મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩ (૧)(બી) નીચે મને મળેલ અધિકારની રૂએ હું, બી. વી. લીંબાસીયા, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, બોટાદ જિલ્લો, બોટાદ નીચે મુજબના રસ્તા ઉપર વાહનોને પસાર થવાનું ફરમાવું છું.

(૧) સાળંગપુર રોડથી પાળીયાદ તરફ જતા વાહનોને ફકત સાળંગપુર ચાર રસ્તાથી ગોંડલ પાન પેલેસ થી મસ્તરામ મંદિર-સતવારા બોર્ડીંગ થઈ કાબા રૂપાની વાડીથી વકીલ પેટ્રોલપંપ સામેથી પાળીયાદ રોડ ઉપર પ્રવેશ કરવાનો રહેશે.

(૨) પાળીયાદ તરફથી સાળંગપુર તરફ જતાં વાહનોને હવેલી ચોકથી મોબાઈલ બજાર, મહિલા મંડળ રોડ-કરમશી ભવાન કિરાણા સ્ટોરથી સાળંગપુર ચાર રસ્તા થઈ સાળંગપુર રોડ પર પ્રવેશ કરવાનો રહેશે.

(૩) તેમજ હવેલી ચોકથી દિન-દયાળચોક અને હિરા બજારમાં ટ્રાફીક સમસ્યા નિવારવા ફકત એકબાજુ દ્વિ-ચક્રી વાહનો પાર્ક કરવા એટલે કે, એકી તારીખે જમણી બાજુ તથા બેકી તારીખે ડાબી બાજુ વાહનો પાર્ક કરવાના રહેશે.

(૪) પીક-અવર્સ દરમ્યાન એટલેકે સવારના ૧૦-૦૦ કલાકથી ૧૪-૦૦ કલાક તથા સાંજે ૧૭:૦૦ કલાક થી ૨૦-૦૦ ભારે વાહનો માટે પ્રવેશ નિષેધ રહેશે.

(૫) હવેલી ચોકથી દિનદયાળ ચોક અને હીરા બજારમાં થતી ટ્રાફીક સમસ્યા નિવારવા ફકત એક બાજુ એકી-બેકી તારીખે એટલે કે એકી તારીખે જમણી બાજુ બેકી તારીખે ડાબી બાજુ દ્વી ચક્રીય વાહનો પાર્ક કરવાના રહેશે.

આ જાહેરનામું તા.૦૩-૧૦-૨૦૧૭ થી તા.૦૧-૧૨-૨૦૧૭ સુધી અમલમાં રહેશે.

આ હુકમ/જાહેરનામાનો ભંગ/ઉલ્લંઘન કરનારને મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૧૩૧ મુજબ શિક્ષા થશે.

જાહેરનામાનો અમલ અને તેના ભંગ બદલના પગલા લેવા માટે ફરજ પરના કોઈપણ હેડ કોન્સ્ટેબલ તથા તેનાથી ઉપરના અધિકારીને અધિકાર રહેશે.

ઉપર જણાવેલ સ્થળે આ જાહેરનામાની નકલો ચોંટાડીને તથા વર્તમાનપત્રો મારફત આ જાહેરનામાની બહોળી પ્રસિધ્ધી કરાવવી.

આજ તા. ૦૩-૧૦-૨૦૧૭ ના રોજ મારી સહી તથા કચેરીના સીક્કા કરી જાહેર જનતાની જાણ માટે જાહેરનામું બહાર પાડવામાં આવે છે.

બોટાદ, ૦૩ માહે ઓકટોબર, સને ૨૦૧૭.

---

# જાહેરનામુ

(૧) મોબાઈલ-સીમકાર્ડ (નવા/જુના)નું વેચાણ કરવા બાબત :

નં. ડી.એમ./વશી/૫૬૭૫ થી ૫૬૯૩/૨૦૧૭.-ગુજરાત રાજ્ય સહિત સમગ્ર દેશમાં બનતા ગુનાઓમાં મોબાઈલ ફોનના ઉપયોગ તથા મોબાઈલ ચોરીના ગુનાઓનું પ્રમાણ વધવા પામેલ છે. આવા ગુનાઓ શોધી કાઢવા માટે ગુનામાં વપરાયેલ અથવા ગયેલ મોબાઈલ ફોનના IMEI નંબરનું ટ્રેકીંગ કરીને ગુનાના મુળ સુધી પહોંચવાના પ્રયત્નો કરવામાં આવે છે. ઘણી વખતે મોબાઈલ ફોનના વપરાશકર્તા સુધી પહોંચવામાં આવે ત્યારે જાણવા મળે છે કે તેમણે કોઈ અજાણ્યા માણસ પાસેથી મોબાઈલ ફોન ખરીદેલ છે, જે મોબાઈલ વેચનાર/ખરીદનારને ચોરાયેલ અથવા ગુનામાં વપરાયેલ હોવાની માહિતી હોતી નથી, તેથી તપાસમાં કોઈ ફળદાયક હકિકત મળતી નથી. જેથી આ બાબતે કોઈપણ વ્યકિતઓ મોબાઈલ હેન્ડસેટ વગેરે વગર ઓળખકાર્ડ અથવા કોઈપણ ઓળખપત્ર વગર લેનાર/વેચનારની જવાબદારી નક્કી કરવા અને પ્રસ્તુત બાબતે આવા ગુનાઓના મુળ સુધી પહોચી, સાચા આરોપીને શોધી કાઢવા માટે જુના/નવા મોબાઈલ/સીમકાર્ડ કોની પાસેથી ખરીદેલ અથવા કોને વેચાણ આપેલ તે હાલના સંજોગોને ધ્યાને લઈ જાણવુ ખુબ જ જરુરી જણાય છે. આથી જુના/નવા મોબાઈલ/સીમકાર્ડની લે-વેચ કરતા વેપારીઓએ નીચે મુજબનાં નમુનામાં રજીસ્ટર નિભાવવાનું થાય છે.

| ક્રમ | મોબાઈલ/સીમકાર્ડની વિગત/કંપનીનું નામ | I.M.E.I. Number | મોબાઈલ/ સીમકાર્ડ ખરીદનાર/ વેચનારનું નામ તથા સરનામા, ટેલીફોન નંબરની વિગતો. | મોબાઈલ/ સીમકાર્ડ ખરીદનાર/ વેચનારના આઈડેન્ટીટી તથા રેસીડેન્ટ પ્રુફ. |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |

(૨) સાયકલ/મોપેડ/વિદ્યુતથી ચાલતા વાહનો તથા જુના વાહનો (તમામ પ્રકારના ફોર વ્હીલર, થ્રી વ્હીલર, ટુ વ્હીલર)ના વેચાણ કરવા બાબત :

ગુજરાત રાજ્ય સહિત સમગ્ર દેશમાં છેલ્લાં કેટલાક સમયથી આતંકવાદી ભાંગફોડીયા તત્વો દેશના અલગ-અલગ રાજ્યોમાં આતંક ફેલાવવાના હેતુથી રજિસ્ટર્ડ ન થતા હોય તેવા સાયકલ/મોપેડ/વિદ્યુતથી ચાલતા વાહનો તથા જુના વાહનો (તમામ પ્રકારના ફોર વ્હીલર, થ્રી વ્હીલર, ટુવ્હીલર)ના ઉપયોગ કરતા હોવાનું જણાય છે. આતંકિત કૃત્યમાં આવા વાહનોનો ઉપયોગ થયા બાદ આવા વાહનોની કોઈ સ્પષ્ટ નોંધણી ન હોવાના કારણે તેના મૂળ માલિક સુધી પહોંચવાનું તપાસ એજન્સી/પોલીસ માટે ખુબ જ મુશ્કેલ બનતું હોય છે. મહદઅંશે આવા વાહનોના વેચાણ વખતે આવા જૂના વાહનોની લે-વેચ કરતી વખતે તેમજ આવા વાહનો ભાડે આપતી વખતે વેપારીઓ ખરીદનાર/ગ્રાહક પાસેથી ઓળખના પુરતા પુરાવા મેળવ્યા વગર વાહનોનું વેચાણ કરતા હોય છે, લે-વેચ કરતા હોય છે કે ભાડે આપતા હોય છે.

.....બહારના રાજ્યોમાંથી અગર દેશ બહારથી આવતા આવા તત્વો રજિસ્ટર્ડ ન થતા હોય તેવા સાયકલ/મોપેડ/વિદ્યુતથી ચાલતા વાહનો તથા જુના વાહનો (તમામ પ્રકારના ફોર વ્હીલર, થ્રી વ્હીલર, ટુવ્હીલર) ખરીદી/ભાડેથી મેળવી સ્થાનિક પરિસ્થિતિથી માહિતગાર થઈને તેઓની ત્રાસવાદી પ્રવૃતિઓને અંજામ આપતા હોય છે. જેથી રજિસ્ટર્ડ ન થતા હોય તેવા સાઈકલ/મોપેડ/વિદ્યુતથી ચાલતા વાહનો તથા જુના વાહનો (તમામ પ્રકારના ફોર વ્હીલર, થ્રી વ્હીલર, ટુવ્હીલર)નું વેચાણ કરનાર, આવા વાહનોની લે-વેચ કરનાર તથા આવા વાહનો ભાડે આપનાર વેપારીઓ ઉપર નિયંત્રણો મૂકવા જરુરી જણાય છે. આથી સાયકલ/મોપેડ/વિદ્યુતથી ચાલતા વાહનો તથા જુના વાહનો (તમામ પ્રકારના ફોર વ્હીલર, થ્રી વ્હીલર, ટુ વ્હીલર) લે-વેચ કરતા વેપારીઓએ નીચે મુજબનાં નમુનામાં રજીસ્ટર નિભાવવાનું થાય છે.

| ક્રમ | વાહન કોને વેચેલ છે?/ કોની પાસેથી ખરીદેલ છે?/ કોને ભાડે આપેલ છે? તેનું પુરૂ નામ અને સરનામું, ટેલીફોન નંબર, ઉંમર. | વાહનનો પ્રકાર | વાહનનો એન્જીન નંબર/ચેસિસ નંબર | રજૂ કરેલ આધાર-પુરાવાઓ જેવા કે રેશનકાર્ડ/ચૂંટણી કાર્ડ/ડ્રાઈવિંગ લાયસન્સ/બેન્કની પાસબૂક/ પાનકાર્ડ/આકારણી પત્રક/પાસપોર્ટની નકલ/ઈલેકટ્રીક બીલ/ ટેલીફોન બીલ/ મોબાઈલ બીલ વિગેરેની પ્રમાણિત નકલો | વાહનના વેચાણ બીલ નંબર અને તારીખની વિગત |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |

(૩) મકાન તથા ઔધોગિક એકમો ભાડે આપવા બાબત :

રાજ્યમાં ત્રાસવાદી/અસામાજીક તત્વો શહેરોમાં તેમજ ગીચ વસ્તીવાળા વિસ્તારોમાં ગુપ્ત આશરો મેળવી જાહેર સલામતી અને શાંતીનો ભંગ કરી તેમજ આતંકવાદી પ્રવૃતિઓ કરતા હોવાથી માનવ જીંદગીની ખુવારી થાય અને જાહેર તેમજ લોકોની સંપતિને નુકશાન

પહોંચે છે, જેમાં બહારના રાજ્યોમાંથી કે દેશ બહારથી આવતા આવા તત્વો કોઈના મકાન ભાડે રાખીને રહેતા હોય છે. અને સ્થાનિક વિસ્તારનો સર્વે કરી સ્થાનિક પરિસ્થિતીથી માહિતગાર થઈને તેઓની ત્રાસવાદી પ્રવૃતિઓને અંજામ આપતા હોય છે. જેથી ભાડેથી મકાન આપતા મકાન માલીકોનો રાજ્ય અને દેશની સલામતી સાચવવા સહકાર મેળવવા માટે મકાન/ઔદ્યોગિક એકમોના માલીકો દ્વારા ભાડે અપાતા મકાનો/એકમો બાબતે નજીકના પોલીસ સ્ટેશને મકાન/એકમ ભાડે લેનારના નામો અંગે જાણ કરવામાં આવે તો આવી પ્રવૃતિ કરનારની યોગ્ય ચકાસણી થઈ શકે તે માટે મકાન માલીકો ઉપર થોડાંક નિયંત્રણો મુકવા સારુ રાજ્યના તમામ જિલ્લાઓમાં મકાન, ઔદ્યોગિક એકમો ભાડે આપતા પહેલા પોલીસતંત્રને નીચે મુજબનાં નમુનામાં જાણ કરવાની જરૂર જણાય છે.

| નં. | મકાન માલીકનું નામ તથા ભાડે આપવાનું મકાન/એકમ કયા શહેર અને તેના વિસ્તાર/ગામમાં આવેલ છે? તેનું બાંધકામ કેટલા ચો. મી. છે? | મકાન/એકમ ભાડે આપવા ખાસ સત્તા ધરાવતા વ્યકિતનું નામ | મકાન/એકમ કયારથી ભાડે આપવાનું છે તથા માસીક કેટલા ભાડાથી આપવા ધારેલ છે? | જે વ્યકિતને મકાન/એકમ ભાડે આપવાનું હોય તેનાં પાકા નામ/સરનામા તથા તેના સંપર્ક નંબરો સહિતની વિગતો | મકાન માલીકને ભાડુઆતનો સંપર્ક કરાવનાર વ્યક્તિનું નામ/સરનામું |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |

(૪) હોટલ/ગેસ્ટ હાઉસ/મુસાફરખાના ભાડે આપવા તથા તેમા સી.સી.ટી.વી. કેમેરા ગોઠવવા બાબત :

ગુજરાત રાજ્ય સહિત સમગ્ર દેશમાં આતંકવાદ/ત્રાસવાદી તત્વો બહારના રાજ્યો કે દેશ બહારથી આવતા હોય છે, અને હોટલ/ગેસ્ટ હાઉસ/મુસાફરખાના ભાડે રાખી રહેતા હોય છે. તેમજ વિસ્તારનો સર્વે કરી સ્થાનિક પરિસ્થિતિથી માહિતગાર થઈને ત્રાસવાદી પ્રવૃતિઓને અંજામ આપતા હોય છે. આ જિલ્લામાં પ્રવાસ-પર્યટનના તથા ધાર્મિક સ્થળો આવેલા છે, જ્યાં વિશાળ પ્રમાણમાં દેશ-વિદેશના પ્રવાસીઓ, યાત્રાળુઓ આવતા હોય છે. તેમજ આ જિલ્લામાં આવેલ ઔદ્યોગિક એકમોમાં પર પ્રાંતીય માણસો કામ-ધંધા અર્થે આવે છે. આવા સંજોગોમાં ત્રાસવાદી પ્રવૃતિ સાથે સંકળાયેલ કોઈ વ્યક્તિ હોટલ/ગેસ્ટહાઉસ/મુસાફરખાનામાં આશરો લઈ સ્થાનિક માણસો સાથે ભળી જઈ બદઈરાદો પાર ન પાડે તે માટે જાહેર જનતાની સલામતી તથા સુરક્ષા માટે તકેદારીના પગલા લેવા આવશ્યક છે. આથી હોટલ/ગેસ્ટહાઉસ/મુસાફરખાના, રાહતદરે ચાલતી કે સખાવતથી ચાલતી, તમામ સહકારી, ધાર્મીક કે ટ્રસ્ટના અને ખાનગી વ્યવસાયો/સંસ્થાઓના માલીકોએ નીચે મુજબના નમુનામાં રજિસ્ટર નિભાવવા, દર માસે સંબંધિત પોલીસ સ્ટેશનને જાણ કરવા તથા તેમાં સી.સી.ટી.વી. કેમેરા, આઈ.પી. કેમેરા નાઈટ વિઝન સાથેના નીચેની વિગતે ગોઠવવાના થાય છે.

| નં. | ગેસ્ટનું નામ સરનામું | સંપર્ક નંબર | આવ્યા તારીખ, સમય | કયાંથી આવ્યા છે? | કયાં જવાના છે? | આવવાનું કારણ | આઈ.ડી.પ્રુફની વિગત (જો રહેનાર સભ્યો એક જ કુટુંબના હોય ત્યારે કુટુંબની મુખ્ય વ્યક્તિનું આઈ.ડી. પ્રુફ મેળવવાનું રહેશે, જયારે કુટુંબ સિવાયના તમામ મુસાફરોનું આઈ.ડી. પ્રુફ મેળવવાનું રહેશે.) | ગયા તારીખ, સમય | ગેસ્ટનું નામ તથા સહી | રીમાર્કસ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ |

(૧) સી.સી.ટી.વી. કેમેરા, આઈ.પી. કેમેરા નાઈટ વિઝન સુવિધા સાથેના હોવા જોઈએ.

(૨) હોટલ, ગેસ્ટહાઉસ, મુસાફરખાનામાં પ્રવેશદ્વાર ઉપર ગ્રાહકનું મોઢું જોઈ શકાય તે રીતે મુખ્ય પ્રવેશદ્વાર ઉપર આઈ. પી. કેમેરા નાઈટ વિઝન સાથેના લગાડેલ હોવા જોઈએ.

(૩) વાહનનો નંબર જોઈ શકાય તે રીતે વાહન પાર્કિંગમાં આઈ.પી. કેમેરા નાઈટ વિઝન સાથેના લગાડેલ હોવા જોઈએ.

(૪) રીસેપ્શન ઉપર ગ્રાહકનું મોઢું જોઈ શકાય તે રીતે આઈ.પી. કેમેરા નાઈટ વિઝન સાથેના લગાડેલ હોવા જોઈએ.

(૫) ઓછામાં ઓછુ દિન-૧૫નું રેકોર્ડીંગ સ્ટોર રહેવું જોઈએ.

INDEX

(૫) બેન્ક તથા એ.ટી.એમ. માં સીસી ટીવી કેમેરા લગાવવા બાબત :

બોટાદ શહેર તથા જિલ્લામાં જુદી જુદી બેન્કો તથા બેન્કોના એટીએમ મશીનો આવેલા છે. આ બેન્કોમાં રોજની મોટા પ્રમાણમાં નાણાકિય લેવડ-દેવડ થાય છે અને મોટી સંખ્યામાં માણસોની અવર-જવર થાય છે. જેના કારણે છેતરપીંડી, પૈસાની ઉઠાંતરી વગેરે ગુન્હાઓ બનવાની શકયતા નકારી શકાય તેમ નથી. તેમજ ઘણા કિસ્સાઓમાં બનાવટી નોટો બેન્કના ભરણામાં આવે છે. આવા તથા છેતરપીંડી અને પૈસાની ઉઠાંતરી જેવા ગુન્હાઓ પર વોચ રાખવા અને તેને બનતાં અટકાવવા ખૂબજ જરૂરી છે. જો આવા બનાવ બને તો આવા બનાવને અંજામ આપનાર ઈસમો સુધી પંહોચવા માટે અને તેની ઓળખ માટે બેન્કો તથા બેન્કોના એટીએમ મશીનોમાં સી.સી.ટીવી કેમેરા હોવા જરૂરી જણાય છે.

(૬) પેટ્રોલપંપ ઉપર સીસી ટીવી કેમેરા લગાવવા બાબત :

બોટાદ જિલ્લા તથા શહેરમાં આવેલ જુદાં-જુદાં પેટ્રોલપંપ પર રોજના મોટા પ્રમાણમાં માણસોની અવર-જવર રહેતી હોય છે. કેટલીક વાર લુંટ જેવા ગુનાઓ બનતાં હોય છે. તેમજ અમુક અસામાજિક તત્વો ગુનો કરતાં પહેલાં વાહનોમાં ફયુઅલ પુરાવવા આવતાં હોય છે. તેથી આવા તમામ પ્રકારના માણસો ઉપર વોચ રાખવા અને તેને તથા તેની સાથે લઈ આવેલ વાહનો ઓળખવા ઈન્ટરનેટ કનેકટીવીટી તથા આઈ.પી. નાઈટ વિઝન સાથેના સીસી ટીવી કેમેરા હોવા જરૂરી જણાય છે અને બોટાદ જિલ્લામાં લુંટ, ધાડ તેમજ પેટ્રોલપંપ ઉપર ફાયરીંગના બનાવો બનેલ છે. જેથી શહેર તથા જિલ્લામાં કાયદો અને વયવસ્થાની પરિસ્થિતી જળવાઈ રહે તથા આંતરીક સુરક્ષાને ધ્યાને લઈને પેટ્રોલપંપ ઉપર સીસી ટીવી કેમેરા લગાવવા જરૂરી જણાય છે.

ઉકત જણાવેલ તમામ વિગતો મુજબ બોટાદ શહેર તથા જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તેમજ જાહેર સુરક્ષા અને સલામતી માટે ઉકત ગુન્હાઓ બનતા અટકાવવા અને જો બનાવ બને તો તે બનાવને અંજામ આપનાર ઈસમ સુધી પહોંચવા માટે અને તેની ઓળખ મેળવવી આવશ્યક છે. આથી હું બી. વી. લીંબાસીયા (G.A.S.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, બોટાદ જિલ્લો, બોટાદ, ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪નો બીજો અધિનિયમ)ના કાયદાની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ સત્તાની રુએ આથી હુકમ કરુ છુ કે, બોટાદ શહેર તથા જિલ્લાના મોબાઈલ-સીમકાર્ડ(નવા/જુના)નું વેચાણ કરનાર વિક્રેતાઓ, સાયકલ/મોપેડ/વિદ્યુતથી ચાલતા વાહનો તથા જુના વાહનો.....

(તમામ પ્રકારના ફોર વ્હીલર, થ્રી વ્હીલર, ટુવ્હીલર)ના વેપારીઓ, સમગ્ર બોટાદ જિલ્લા વિસ્તારમાં આવેલ તમામ શહેરી વિસ્તારો, ઔદ્યોગિક વિસ્તારો તેમજ ગ્રામ્ય વિસ્તારોમાં કોઈ પણ મકાન માલીક અગર તો આ માટે આવા મકાન માલીકે ખાસ સત્તા આપેલ વ્યકિતઓએ, બોટાદ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં હોટલ/ગેસ્ટ હાઉસ/મુસાફરખાના, રાહત દરે ચાલતી કે સખાવતથી ચાલતી, તમામ સહકારી, ધાર્મીક કે ટ્રસ્ટના અને ખાનગી વ્યવસાયો/સંસ્થાઓના માલીકોએ ઉપર દર્શાવ્યા મુજબના કોલમવાઈઝ રજીસ્ટર નિભાવવાનું રહેશે, અને હોટલ/ગેસ્ટહાઉસ/મુસાફરખાના, રાહત દરે ચાલતી કે સખાવતથી ચાલતી, તમામ સહકારી, ધાર્મીક કે ટ્રસ્ટના અને ખાનગી વ્યવસાયો/સંસ્થાઓમાં સી.સી.ટી.વી. કેમેરા, આઈ. પી. કેમેરા નાઈટ વિઝન સાથે લગાડવાના રહેશે, તેની ફરજીયાત જાળવણી કરવાની રહેશે. તેમજ માંગણી થયેથી પોલીસ અધીક્ષક, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ, એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ કે તેમના તાબાના અધિકારીને ઉપલબ્ધ કરાવવાની રહેશે.

સદરહું હુકમ તા. ૦૩-૧૦-૨૦૧૭ થી ૦૧-૧૨-૨૦૧૭ સુધી (બંને દિવસો સુધ્ધા) દિન-૬૦ માટે અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

‘‘જાહેરનામાના અમલ તથા તેના ભંગ બદલ પગલા લેવા હેડકોન્સ્ટેબલથી નીચેના ન હોય તેવા પોલીસ અધિકારીશ્રીને અધિકૃત કરવામાં આવે છે.’’

આ જાહેરનામું જાહેર વિસ્તારોમાં સહેલાઈથી દેખી શકાય તેવી રીતે તેની નકલ ચોંટાડીને તેમજ સ્થાનિક વર્તમાનપત્રોમાં બહોળી પ્રસિધ્ધી આપીને પ્રસિધ્ધ કરવાનું આથી હું ફરમાવું છું.

આજ, તા. ૩૧-૧૦-૨૦૧૭ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી જાહેરનામું બહાર પાડેલ છે.

બોટાદ, ૩૧ માહે ઓકટોબર, સને ૨૦૧૭.

**બી. વી. લીંબાસીયા,**
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
બોટાદ જિલ્લો, બોટાદ.

---

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૧) હેઠળનું

## જાહેરનામું

ક્રમાંક : મજશ-૩/હથિયારબંધી જા.નામું/૨૦૧૭/વશી-૯૮૭૫ થી ૯૯૭૫.-સુરેન્દ્રનગર જિલ્લામાં ખાસ કરીને ચોટીલા, થાન, ધ્રાંગધ્રા, સાયલા, મુળી વિસ્તારમાં વર્ગ વિગ્રહનાં બનાવો બનતા રહે છે, તેમજ અત્રેના જિલ્લાની હાલની કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ ધ્યાને રાખી સમગ્ર સુરેન્દ્રનગર જિલ્લાનાં તમામ પોલીસ સ્ટેશન વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ સારી રીતે જળવાઈ રહે તે હેતુસર પોલીસ અધિક્ષકશ્રી, સુરેન્દ્રનગરના તા. ૦૧-૧૦-૨૦૧૭ ના પત્ર ક્રમાંક : એલઆઈબી/જા.પ્ર./૯૭૬/૧૭ થી ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૭(૧) હેઠળનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા દરખાસ્ત થઈ આવેલ છે. તાજેતરની પરિસ્થિતિમાં જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ સારી રીતે જળવાઈ રહે તે માટે જાહેર વ્યવસ્થાના હેતુ માટે હથિયારબંધીનું જાહેરનામું ફરમાવવું મને જરૂરી જણાય છે.

વાસ્તે હું, ચંદ્રકાંત જી. પંડયા, (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, સુરેન્દ્રનગર જિલ્લો, સુરેન્દ્રનગર, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ના ૨૨ માની કલમ-૩૭(૧) અન્વયે અમોને પ્રાપ્ત થયેલ અધિકારની રૂએ સુરેન્દ્રનગર જિલ્લાના સમગ્ર વિસ્તારમાં તા. ૦૪-૧૦-૨૦૧૭ થી તા. ૧૫-૧૦-૨૦૧૭ સુધી (બંન્ને તારીખો સહીત) ના સમયગાળા દરમ્યાન નગરપાલિકા વિસ્તારમાં સંબંધિત સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી તથા ગ્રામ્ય વિસ્તારમાં મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટશ્રીની અગાઉથી મંજુરી મેળવ્યા સિવાય નીચેની વિગતેના કૃત્યો કરવાની મનાઈ ફરમાવું છું.

(૧) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટા, ખંજર, ચપ્પા, લાકડી/લાઠી, ધોકા, બંદુક, કુંડળીવાળી લાકડી તથા શારિરિક ઈજા પહોંચાડી શકે તેવા કોઈપણ પ્રકારના સાધનો ધારણ કરવાની કે સાથે લઈ જવાની.

(૨) પરવાના વાળા હથીયારો લઈ જાહેર જગ્યાઓએ જવા, હવામાં ફાયર કરવા, મેળા, ધાર્મિક સરઘસ કે વ્યકિતઓના સમુદાયમાં લઈ જવા.

(૩) પથ્થરો અથવા બીજા શસ્ત્રો અથવા તે શસ્ત્રો ફેકવાના અથવા નાખવાના યંત્રો અથવા સાધનો લઈ જવાની, તથા એકઠા કરવાની તથા તૈયાર કરવાની.

(૪) કોઈ પણ ક્ષયકારી પદાર્થ અથવા વિસ્ફોટક પદાર્થો ધારણ કરવાની કે સાથે લઈ જવાની.

(૫) વ્યકિતઓ અથવા તેમના શબ અથવા આકૃતિઓ અથવા પુતળા તૈયાર કરવાની, દેખાડવાની કે સળગાવવાની કે ફાંસી આપવાની કે સાથે લઈ જવાની.

(૬) જેનાથી સુરુચિનો ભંગ થાય અથવા તો નિતિનો ભંગ થાય તેવું ભાષણ કરવાની, તેવી ચેષ્ઠા કરવાની, તેવા ચિત્રો-પત્રિકા-પ્લે કાર્ડ અથવા બીજા કોઈ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવાની, અથવા ફેલાવો કરવાની કે સાથે લઈ જવાની.

(૭) બુમો પાડવાની, અપમાન કરવાના અથવા જાહેર કરવાનાં ઈરાદાથી જાહેરમાં બિભત્સ શબ્દો પોકારવા તેમજ અશ્લીલ ગીતો ગાવા અથવા ટોળામાં ફરવાની.

(૮) કોઈ સરઘસમાં જલતી અને પેટાવેલી મસાલ લઈ જવાની.

(૯) પ્રાઈવેટ સીકયુરીટી એજન્સીના સંચાલક અને કર્મચારી લાયસન્સ વાળા હથીયારો સાથે લઈ પોતાની ફરજ સિવાયના સમયે જાહેર જગ્યામાં જવા ઉપર.

(૧૦) કોઈ ક્ષયધર્મી અથવા સ્ફોટક પદાર્થ લઈ જવાની.

(૧૧) ખુન, ખુનની કોશીષ, ઘાડ, લુંટ તથા ઈજાના બનાવોમા ઉપયોગમા લેવાતા તથા લેવાઈ શકે તેવા જીગઝેક પ્રકારના ચાઈનીઝ ચપ્પાઓ સાથે રાખવા કે વેચાણ કરવા ઉપર.

**આ હુકમ નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહી**

(૧) સરકારી નોકર કે કામ કરતી વ્યકિત કે જેને તેમના ઉપરી અધિકારીશ્રીઓએ આવું કોઈપણ હથિયાર લઈ જવા ફરમાવ્યું હોય અથવા કોઈપણ હથિયાર લઈ જવાની તેમની ફરજ હોય તેવી વ્યકિત.

(૨) જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી, સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી, મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટશ્રીએ અથવા તેઓએ કે જેને શારીરીક અશકિતના કારણે લાકડી/લાઠી લઈ જવાની પરવાનગી આપવામાં આવી હોય.

આ જાહેરનામું સમગ્ર સુરેન્દ્રનગર જિલ્લાના તમામ વિસ્તારોમાં સહેલાઈથી દેખી શકાય, વાંચી શકાય, તેવી જગ્યાએ તેની નકલો ચોંટાડી અને તે વિસ્તારમાં પોલીસ લાઉડસ્પીકર વાહનો દ્વારા, સ્થાનિક વર્તમાનપત્રો મારફતે તેમજ ગુજરાત રાજ્યના અસાધારણ ગેઝેટમાં જાહેર કરીને પ્રસિધ્ધ કરવાનું ફરમાવું છું.

જો કોઈ ઈસમ ઉપરોક્ત હુકમનો ભંગ કરશે અગર ભંગ કરવામાં મદદગારી કરશે તો આવા ઈસમો ગુજરાત પોલીસ અધિનિમય-૧૯૫૧ની કલમ-૧૩૫ હેઠળ દંડ અને શિક્ષાને પાત્ર થશે.

આજ રોજ મારી સહી તથા કચેરીની મુદ્રા સાથે જાહેરનામું બહાર પાડવામાં આવેલ છે.

સુરેન્દ્રનગર, ૦૩ માહે ઓકટોબર, સને ૨૦૧૭.

---

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૩) હેઠળનું

## જાહેરનામું

ક્રમાંક : મજસ-૩/સભા સરઘસબંધી જા.નામું/વશી-૯૮૭૬ થી ૯૯૭૬/૨૦૧૭.-સુરેન્દ્રનગર જિલ્લામાં હાલની કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ ધ્યાને રાખી સુરેન્દ્રનગર જિલ્લાનાં તમામ પોલીસ સ્ટેશન વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ સારી રીતે જળવાઈ રહે તે હેતુસર પોલીસ અધિક્ષકશ્રી, સુરેન્દ્રનગરના તા. ૦૧-૧૦-૨૦૧૭ ના પત્ર ક્રમાંક : એલઆઈબી/જા.

પ્ર./૯૭૫/૨૦૧૭ થી ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૭(૩) હેઠળનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા દરખાસ્ત થઈ આવેલ છે. તાજેતરની પરિસ્થિતિમાં જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ સારી રીતે જળવાઈ રહે તે માટે જાહેર વ્યવસ્થાના હેતુ માટે પાંચ કે તેથી વધુ લોકોએ ભેગા થવા ઉપર તથા સભા સરઘસ યોજવા મનાઈ ફરમાવવી મને જરૂરી જણાય છે.

વાસ્તે, હું, ચંદ્રકાંત જી. પંડયા, (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, સુરેન્દ્રનગર જિલ્લો, સુરેન્દ્રનગર, મને મળેલ અધિકારની રૂએ ગુજરાત પોલીસ અધિનિયમ–૧૯૫૧નાં ૨૨ માંની કલમ-૩૭(૩) અન્વયે અમોને મળેલ અધિકારની રૂએ સુરેન્દ્રનગર જિલ્લાના સમગ્ર વિસ્તારમાં તા. ૦૪-૧૦-૨૦૧૭ થી તા. ૧૫-૧૦-૨૦૧૭ સુધીની (બંન્ને તારીખો સહીત) ના સમયગાળા દરમ્યાન નગરપાલિકા વિસ્તારમાં સંબંધિત સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી તથા ગ્રામ્ય વિસ્તારમાં સબંધિત મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટશ્રીની અગાઉથી મંજુરી મેળવ્યા સિવાય પાંચ કે તેથી વધુ લોકોએ ભેગા થવા ઉપર તથા સભા સરઘસ યોજવાની મનાઈ ફરમાવું છું.

આ પ્રતિબંધ લગ્નના વરઘોડા, સ્મશાનયાત્રા તથા શોભાયાત્રાની પુર્વ મંજુરી મેળવેલ હશે તેને લાગુ પડશે નહીં.

આ જાહેરનામું સુરેન્દ્રનગર જિલ્લાના તમામ વિસ્તારોમાં સહેલાઈથી દેખી શકાય, વાંચી શકાય તેવી જગ્યાએ તેની નકલો ચોંટાડીને અને તે વિસ્તારમાં પોલીસ લાઉડસ્પીકર વાહનો દ્વારા, સ્થાનિક વર્તમાનપત્રો મારફતે તેમજ ગુજરાત રાજ્યના અસાધારણ ગેઝેટમાં જાહેર કરીને પ્રસિધ્ધ કરવાનું ફરમાવું છું.

જો કોઈપણ ઈસમ ઉપરોક્ત હુકમનો ભંગ કરશે અગર ભંગ કરવામાં મદદગારી કરશે તો આવા ઈસમો ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૫ હેઠળ દંડ અને શિક્ષાને પાત્ર થશે.

આજ રોજ મારી સહી તથા કચેરીની મુદ્રા સાથે જાહેરનામું બહાર પાડવામાં આવેલ છે.

સુરેન્દ્રનગર, ૦૩ માહે ઓકટોબર, સને ૨૦૧૭.

---

## જાહેરનામું

ક્રમાંક : મજસ/૩/વશી/૩/૯૮૯૧ થી ૯૯૯૦/૨૦૧૭.- આગામી તા. ૦૭-૧૦-૨૦૧૭ નાં રોજ માન. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીનાઓ ચોટીલા તાલુકાના સાંગાણી ગામ, ચોટીલા-લીંબડી નેશનલ હાઈવે, ઓનેસ્ટ રેસ્ટોરન્ટની બાજુ માં ''ગ્રિન ફિલ્ડ હિરાસર એરપોર્ટના ખાત મુહૂર્ત'' કાર્યક્રમમાં પધારનાર છે. તેઓશ્રી Z+ અને SPG કક્ષાની સુરક્ષા વ્યવસ્થા ધરાવે છે. માન. વડાપ્રધાનશ્રી ચોટીલા-લીંબડી નેશનલ હાઈવે પર સાંગાણી ગામ પાસે બનાવેલ હેલીપેડ ખાતે ઉતરાણ કરી ચોટીલા-લીંબડી નેશનલ હાઈવે પર ઓનેસ્ટ રેસ્ટોરન્ટની બાજુમાં બનાવેલ સભા સ્થળ ખાતેના જાહેર સભા કાર્યક્રમમાં પધારનાર છે. હેલીપેડ તથા સભા સ્થળ ચોટીલા-લીંબડી નેશનલ હાઈવેની બાજુમાં આવેલ હોય જેથી માન. વડાપ્રધાનશ્રીની સુરક્ષા અને સલામતી તેમજ માન. વડાપ્રધાનશ્રીના કોન્વોય રૂટને ધ્યાને રાખી નીચે જણાવેલ રોડ પર તા. ૦૭-૧૦-૨૦૧૭નાં રોજ ૧૧-૦૦ કલાકથી ૧૭-૦૦ સુધી વાહન પ્રવેશબંધી અંગેનુ જાહેરનામું બહાર પાડવા પોલીસ અધિક્ષકશ્રી, સુરેન્દ્રનગર ના તા. ૦૩-૧૦-૨૦૧૭ ના પત્ર ક્રમાંક/એલઆઈબી/વીવીઆઈપી/બંદો/૯૮૭/૨૦૧૭ થી દરખાસ્ત થઈ આવેલ છે.

સબબ ઉપરોકત હકીકતે ટ્રાફીકનું નિયમન કરવા, જાહેર જનતાના જાન માલની સલામતી તથા અકસ્માત નિવારવા તથા ટ્રાફીકનું નિયમ કરવા બંદોબસ્ત કરવાનું મને જરૂરી જણાતાં હું, ચંદ્રકાંત જી. પંડયા, G.A.S., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, સુરેન્દ્રનગર જિલ્લા મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩ (૧) (ખ) થી મને મળેલ સત્તાની રૂએ નીચેના રસ્તા તા. ૦૭-૧૦-૨૦૧૭નાં ૧૧-૦૦ કલાકથી ૧૭-૦૦ કલાક સુધી ચોટીલા-લીંબડી નેશનલ હાઈવે પર આવેલ કાંધાસર જવાના રોડ થી ચોટીલા-લીંબડી નેશનલ હાઈવે પર આવેલ જલારામ મંદિર સુધીના હાઈવે પર માન. વડાપ્રધાનશ્રીના કોન્વોયના વાહનો તથા બંદોબસ્તમાં રહેલ વાહનો સિવાય અન્ય તમામ વાહનો માટે ઉપરોકત બને કાર્યક્રમ સ્થળ જે બાજુ છે તે સાઈડનો એક રોડ પર પ્રવેશબંધી માટે હંગામી ધોરણે ફેરફાર કરવા ફરમાવું છુ.

આ જાહેરનામાનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે. જો કોઈ ઈસમ આ જાહેરનામાનો ભંગ કરશે તો મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૦૩ માહે ઓકટોમ્બર સને ૨૦૧૭ ના રોજ મારી સહી તથા કચેરીની મુદ્રા સાથે જાહેરનામું બહાર પાડવામાં આવ્યું.

સુરેન્દ્રનગર, ૦૩ માહે ઓકટોબર, સને ૨૦૧૭.

**ચંદ્રકાંત પંડ્યા,**
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
સુરેન્દ્રનગર જિલ્લો.

---

## પોલીસ કમિશ્નર દ્વારા

ગુજરાત પોલીસ એકટ કલમ-૩૩(૧)બી, યુ, એચ, અન્વયે કાઢેલ હુકમ

## જાહેરનામું

નંબર : એસબી/જાહેરનામુ/૩૧૮૭/૨૦૧૭.-છેલ્લા કેટલાક સમયથી દિવાળી અને દેવદિવાળી જેવા અન્ય તહેવારો વખતે ચાઈનીઝ તુકકલ, ચાઈનીઝ લેન્ટર્ન ખુબ જ વધારે પ્રમાણમાં આકાશમાં ઉડાવવામાં આવે છે. તુકકલમાં હલકી કવોલીટીના સળગી જાય તેવા વેકસ પદાર્થોને કારણે પર્યાવરણને પણ નુકશાન

થાય છે. તેમજ સળગતી તુકકલ ગમે ત્યાં પડવાના કારણે જાનમાલ અને સંપતિને ઘણુ જ નુકશાન થાય છે. તેમજ શહેરની મધ્યમાં એરપોર્ટ (એરોડ્રામ) આવેલ હોય, આથી આવી બાબત નિવારવા ગુજરાત રાજય ગાંધીનગર પોલીસ મહાનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રીની કચેરી ક્રમાંક : જી-૧/કા અને વ્ય/ટિ-૩/એરપોર્ટ સીક્યુ./૨૬૯૧/૨૦૧૬, તા. ૨૬-૦૯-૨૦૧૬ ના ઓર્ડર મુજબ આદેશનું પાલન કરવાનું રહે છે. આથી પ્રજાના જાનમાલ તથા સંપતિને નુકશાન ન થાય અને શહેરમાં કાયદો અને વ્યવસ્થા જાળવણી હેતુસર નિયંત્રણો મુકવા આવશ્યક જણાય છે.

જેથી હું, અનુપમ સિંહ ગહલૌત, (I.P.S.), પોલીસ કમિશ્નર, રાજકોટ શહેર, રાજકોટ ગુજરાત પોલીસ એકટ કલમ ૩૩(૧)બી, યુ., એચ અન્વયે અને ગૃહ વિભાગ, ગુજરાત સરકાર, ગાંધીનગરના પત્ર ક્રમાંક નંબર : એસ.બી.૦૧/એલએઓ/૧૦૨૦૧૬/૨૫૭, તા. ૨૦-૦૯-૨૦૧૬ થી કરેલ આદેશ અન્વયે મને મળેલ સત્તાની રૂએ હુકમ કરૂ છુ કે,

રાજકોટ શહેર પોલીસ કમિશ્નરેટ વિસ્તારમાં આગામી દિવાળી તેમજ દેવદિવાળી પર્વને અનુલક્ષીને તા. ૧૦-૧૦-૨૦૧૭ ના કલાક ૦૦-૦૦ થી તા. ૦૬-૧૧-૨૦૧૭ ના કલાક ૨૪-૦૦ સુધી ચાઈનીઝ તુકકલ કે ચાઈનીઝ લેન્ટર્નના ઉત્પાદન, વેચાણ કે ઉડાડવા ઉપર પ્રતિબંધ ફરમાવવામાં આવેલ છે એટલે કે રાજકોટ શહેર પોલીસ કમિશ્નરેટ વિસ્તારમાં કોઈપણ વ્યકિત ચાઈનીઝ તુકકલ કે ચાઈનીઝ લેન્ટર્નનું ઉત્પાદન, વેચાણ કરી શકશે નહી અને આમ પ્રજાજનો આ ચાઈનીઝ તુકકલ કે ચાઈનીઝ લેન્ટર્ન ઉડાડી શકશે નહી.

### અમલવારી સમય

તા. ૧૦-૧૦-૨૦૧૭ ના કલાક ૦૦-૦૦ થી તા. ૦૬-૧૧-૨૦૧૭ ના કલાક ૨૪-૦૦ સુધી.

### પ્રતિબંધિત વિસ્તાર

રાજકોટ શહેર પોલીસ કમિશ્નરની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ગુજરાત પોલીસ એકટ કલમ-૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે.

તમામને વ્યક્તિગત રીતે નોટીશની બજવણી કરવી શક્ય ન હોય આથી એકતરફી હુકમ કરૂ છુ. સ્થાનિક વર્તમાનપત્ર, આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર મારફતે પ્રસિદ્ધિ દ્વારા તથા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેકટર, મદદનીશ પોલીસ કમિશ્નર, નાયબ પોલીસ કમિશ્નરશ્રી તથા પોલીસ કમિશ્નર કચેરીના નોટીશ બોર્ડ ઉપર હુકમની નકલ ચોટાડી પ્રસિધ્ધી કરવામાં આવશે તેમજ સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધી કરવામાં આવશે. ગુજરાત પોલીસ એકટ કલમ-૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજ તા. ૦૩-૧૦-૨૦૧૭ ના રોજ મારી સહી સિકકો કરી આપેલ છે.

રાજકોટ, ૦૩ માહે ઓકટોબર, સને ૨૦૧૭.

અનુપમ સિંહ ગહલૌત,
પોલીસ કમિશ્નર,
રાજકોટ શહેર, રાજકોટ.

---

## જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ દ્વારા

વંચાણે લીધા :

(૧) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ ૧૯૬૧ની કલમ-૧૦૭ તથા કલમ-૧૦૮ની જોગવાઈ.

(૨) સરકારશ્રીના કૃષિ અને સહકાર વિભાગ સચિવાલય, ગાંધીનગરનાં તા. ૨૧-૦૭-૨૦૧૧ના ક્રમાંક : જી.એચ. કે.એચ./૫૧/૨૦૧૧/એન.એસ.બી/૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ. તથા તા. ૨૬-૦૮-૨૦૧૧નાં જી.એચ.કે.એચ/૬૨/૨૦૧૧/ એન.એસ.બી./૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ.

(૩) શ્રી ભાવનગર જિલ્લા સહકારી બેંક લી ભાવનગરનો તા. ૧૦-૧૦-૨૦૧૬ રજુ થયેલ અહેવાલ.

(૪) અત્રેની કચેરીના જા.નં.ફડચ/૦૧/ખ-૪/૩૪૦/૨૦૧૭, તા. ૨૦-૦૭-૨૦૧૭ થી અપાયેલ કારણદર્શક નોટીસ.

### આદેશ

ક્રમાંક : ફડચ/૦૧/ખ-૪/૪૬૬/૨૦૧૭.-આથી હું. ડી. વી. ગઢવી, જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ભાવનગર વંચાણે લીધા ક્રમ (૧) ની જોગવાઈઓ હેઠળ અને ક્રમ (૨)થી મને મળેલ સત્તાની રૂઈએ શ્રી ભારાપરા સેવા સહકારી મંડળી લી., મુ. ભારાપરા, તા. તળાજા, જિ. ભાવનગરને ફડચામાં લઈ જવાનો આથી વચગાળાનો આદેશ કરુ છું અને ફડચા અધિકારી તરીકે ભાવનગર જિલ્લા સહકારી બેંક લી. ભાવનગરની આથી નીમણુંક કરવામાં આવે છે.

આ આદેશ થયેથી એક માસમાં જવાબદાર કાર્યવાહકો, પ્રમુખ/મંત્રીશ્રી તરફથી કોઈ લેખીત કે મૌખીક રજુઆત કરવામાં આવશે નહી અથવા કરેલ રજુઆત સંતોષ કારક જણાશે નહી તો વચગાળાનાં આદેશને બહાલી આપી કાયમી કરવામાં આવશે.

ભાવનગર, ૦૩ માહે ઓકટોબર, સને ૨૦૧૭.

---

વંચાણે લીધા :

(૧) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ ૧૯૬૧ની કલમ-૧૦૭ તથા કલમ-૧૦૮ની જોગવાઈ.

(૨) સરકારશ્રીના કૃષિ અને સહકાર વિભાગ સચિવાલય, ગાંધીનગરનાં તા. ૨૧-૦૭-૨૦૧૧ના ક્રમાંક : જી.એચ.

કે.એચ./૫૧/૨૦૧૧/એન.એસ.બી/૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ. તથા તા. ૨૬-૦૮-૨૦૧૧નાં જી.એચ.કે.એચ/૬૨/૨૦૧૧/ એન.એસ.બી./૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ.

(૩) શ્રી ઓડીટર ગ્રેડ-૨ (નં-૨) સ.મં. ભાવનગરનો ૦૧-૦૧-૨૦૧૬નો રજુ થયેલ અહેવાલ

(૪) અત્રેની કચેરીના જા.નં.ફડચ/૦૧/ખ-૪/૩૫૧/૨૦૧૭, તા. ૨૦-૦૭-૨૦૧૭ થી અપાયેલ કારણદર્શક નોટીસ.

## આદેશ

ક્રમાંક : ફડચ/૦૧/ખ-૪/૪૬૩/૨૦૧૭.-આથી હું. ડી. વી. ગઢવી, જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ભાવનગર વંચાણે લીધા ક્રમ (૧)ની જોગવાઈઓ હેઠળ અને ક્રમ (૨)થી મને મળેલ સત્તાની રૂઈએ શ્રી ભંડારીયા ડુંગળી ઉત્પાદક સ.મં.લી., મુ. ભંડારીયા, તા. ભાવનગર, જિ. ભાવનગરને ફડચામાં લઈ જવાનો આથી વચગાળાનો આદેશ કરુ છું અને ફડચા અધિકારી તરીકે સહકારી અધિકારી (ફડચા) લગત કચેરીની આથી નીમણુંક કરવામાં આવે છે.

આ આદેશ થયેથી એક માસમાં જવાબદાર કાર્યવાહકો, પ્રમુખ/મંત્રીશ્રી તરફથી કોઈ લેખીત કે મૌખીક રજુઆત કરવામાં આવશે નહી અથવા કરેલ રજુઆત સંતોષ કારક જણાશે નહી તો વચગાળાનાં આદેશને બહાલી આપી કાયમી કરવામાં આવશે.

ભાવનગર, ૦૩ માહે ઓકટોબર, સને ૨૦૧૭.

---

વંચાણે લીધા :

(૧) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ તથા કલમ-૧૦૮ની જોગવાઈ.

(૨) સરકારશ્રીના કૃષિ અને સહકાર વિભાગ સચિવાલય, ગાંધીનગરનાં તા. ૨૧-૦૭-૨૦૧૧ના ક્રમાંક : જી.એચ. કે.એચ./૫૧/૨૦૧૧/એન.એસ.બી/૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ. તથા તા. ૨૬-૦૮-૨૦૧૧નાં જી.એચ.કે.એચ/૬૨/૨૦૧૧/ એન.એસ.બી./૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ.

(૩) શ્રી એડી. સબ ઓડીટર (ન.જ.-૨) સહ.મં. ભાવનગરનો તા. ૩૦-૦૬-૨૦૧૭નો રજુ થયેલ અહેવાલ

(૪) અત્રેની કચેરીના જા.નં.ફડચ/૦૧/ખ-૪/૩૭૮/૨૦૧૭, તા. ૨૯-૦૭-૨૦૧૭થી અપાયેલ કારણદર્શક નોટીસ.

## આદેશ

ક્રમાંક : ફડચ/૦૧/ખ-૪/૪૬૪/૨૦૧૭.-શ્રી એડી. સબ ઓડીટર (ન.જ.-૨) સહ.મં. ભાવનગરની ઉપર મુજબની ભલામણ સાથે અમો સંમત થતા આથી હું, ડી. વી. ગઢવી, જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ભાવનગર વંચાણે લીધા ક્રમ (૧)ની જોગવાઈઓ હેઠળ અને ક્રમ (૨)થી મને મળેલ સત્તાની રૂઈએ શ્રી બુધેલ તેલીબીયા ઉત્પાદક સહકારી મંડળી લી., મુ. બુધેલ, તા. જિ. ભાવનગરને ફડચામાં લઈ જવાનો આથી વચગાળાનો આદેશ કરુ છું અને ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી (ફડચા) લગત જિલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ ભાવનગરની આથી નીમણુંક કરવામાં આવે છે.

આ આદેશ થયેથી એક માસમાં જવાબદાર કાર્યવાહકો, પ્રમુખ/મંત્રીશ્રી તરફથી કોઈ લેખીત કે મૌખીક રજુઆત કરવામાં આવશે નહી અથવા કરેલ રજુઆત સંતોષ કારક જણાશે નહી તો વચગાળાનાં આદેશને બહાલી આપી કાયમી કરવામાં આવશે.

ભાવનગર, ૦૩ માહે ઓકટોબર, સને ૨૦૧૭.

---

વંચાણે લીધા :

(૧) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ તથા કલમ-૧૦૮ની જોગવાઈ.

(૨) સરકારશ્રીના કૃષિ અને સહકાર વિભાગ સચિવાલય, ગાંધીનગરનાં તા. ૨૧-૦૭-૨૦૧૧ના ક્રમાંક : જી.એચ. કે.એચ./૫૧/૨૦૧૧/એન.એસ.બી/૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ. તથા તા. ૨૬-૦૮-૨૦૧૧નાં જી.એચ.કે.એચ/૬૨/૨૦૧૧/ એન.એસ.બી./૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ.

(૩) શ્રી સબ ઓડીટર સ.મં. પાલીતાણાનો તા. ૩૧-૧૨-૨૦૧૫નો રજુ થયેલ અહેવાલ.

(૪) અત્રેની કચેરીના જા.નં.ફડચ/૦૧/ખ-૪/૬૧/૧૬, તા. ૨૦-૦૭-૨૦૧૭થી અપાયેલ કારણદર્શક નોટીસ.

## આદેશ

ક્રમાંક : ફડચ/૦૧/ખ-૪/૪૬૮/૨૦૧૭.-આથી હું, ડી. વી. ગઢવી, જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ભાવનગર વંચાણે લીધા ક્રમ (૧)ની જોગવાઈઓ હેઠળ અને ક્રમ (૨)થી મને મળેલ સત્તાની રૂઈએ શ્રી જનરલ ઈલેકટ્રીક ગુડસ સપ્લાયર્સ એન્ડ સર્વિસીસ સહકારી મંડળી લી., મુ. તા. જિ. ભાવનગરને ફડચામાં લઈ જવાનો આથી વચગાળાનો આદેશ કરુ છું અને ફડચા અધિકારી તરીકે સહકારી અધિકારી (ફડચા) લગત કચેરીની આથી નીમણુંક કરવામાં આવે છે.

આ આદેશ થયેથી એક માસમાં જવાબદાર કાર્યવાહકો, પ્રમુખ/મંત્રીશ્રી તરફથી કોઈ લેખીત કે મૌખીક રજુઆત કરવામાં આવશે નહી અથવા કરેલ રજુઆત સંતોષ કારક જણાશે નહી તો વચગાળાનાં આદેશને બહાલી આપી કાયમી કરવામાં આવશે.

ભાવનગર, ૦૩ માહે ઓકટોબર, સને ૨૦૧૭.

---

વંચાણે લીધા :

(૧) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ તથા કલમ-૧૦૮ની જોગવાઈ.

(૨) સરકારશ્રીના કૃષિ અને સહકાર વિભાગ સચિવાલય, ગાંધીનગરનાં તા. ૨૧-૦૭-૨૦૧૧ના ક્રમાંક : જી.એચ.

કે.એચ./૫૧/૨૦૧૧/એન.એસ.બી/૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ. તથા તા. ૨૬-૦૮-૨૦૧૧નાં જી.એચ.કે.એચ/૬૨/૨૦૧૧/ એન.એસ.બી./૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ.

(૩) શ્રી ઓડીટર ગ્રેડ-૧ (પ્રમાણિત) સ.મં. ભાવનગરનો ૦૧-૦૬-૨૦૧૭નો રજુ થયેલ અહેવાલ.

(૪) અત્રેની કચેરીના જા.નં.ફડચ/૦૧/ખ-૪/૩૩૮/૨૦૧૭, તા. ૨૦-૦૭-૨૦૧૭થી અપાયેલ કારણદર્શક નોટીસ.

**આદેશ**

ક્રમાંક : ફડચ/૦૧/ખ-૪/૪૬૭/૨૦૧૭.-આથી હું, ડી. વી. ગઢવી, જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ભાવનગર વંચાણે લીધા ક્રમ (૧)ની જોગવાઈઓ હેઠળ અને ક્રમ (૨)થી મને મળેલ સત્તાની રૂઈએ શ્રી ભાગ્યલક્ષ્મી કો.ઓપ. ક્રેડીટ સોસાયટી સો. લી., મુ. તા. ભાવનગર, જિ. ભાવનગરને ફડચામાં લઈ જવાનો આથી વચગાળાનો આદેશ કરુ છું અને ફડચા અધિકારી તરીકે સહકારી અધિકારી (ફડચા) લગત કચેરીની આથી નીમણુંક કરવામાં આવે છે.

આ આદેશ થયેથી એક માસમાં જવાબદાર કાર્યવાહકો, પ્રમુખ/મંત્રીશ્રી તરફથી કોઈ લેખીત કે મૌખીક રજુઆત કરવામાં આવશે નહી અથવા કરેલ રજુઆત સંતોષ કારક જણાશે નહી તો વચગાળાનાં આદેશને બહાલી આપી કાયમી કરવામાં આવશે.

ભાવનગર, ૦૩ માહે ઓકટોબર, સને ૨૦૧૭.

---

વંચાણે લીધા :

(૧) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ તથા કલમ-૧૦૮ની જોગવાઈ.

(૨) સરકારશ્રીના કૃષિ અને સહકાર વિભાગ સચિવાલય, ગાંધીનગરનાં તા. ૨૧-૦૭-૨૦૧૧ના ક્રમાંક : જી.એચ. કે.એચ./૫૧/૨૦૧૧/એન.એસ.બી/૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ. તથા તા. ૨૬-૦૮-૨૦૧૧નાં જી.એચ.કે.એચ/૬૨/૨૦૧૧/ એન.એસ.બી./૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ.

(૩) શ્રી ઓડીટર ગ્રેડ-૧ (પ્રમાણિત) સ.મં. ભાવનગરનો તા. ૦૯-૦૩-૨૦૧૭નો રજુ થયેલ અહેવાલ.

(૪) અત્રેની કચેરીના જા.નં.ફડચ/૦૧/ખ-૪/૩૩૭/૨૦૧૭, તા. ૨૦-૦૭-૨૦૧૭થી અપાયેલ કારણદર્શક નોટીસ.

**આદેશ**

ક્રમાંક : ફડચ/૦૧/ખ-૪/૪૬૫/૨૦૧૭.-આથી હું, ડી. વી. ગઢવી, જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ભાવનગર વંચાણે લીધા ક્રમ (૧)ની જોગવાઈઓ હેઠળ અને ક્રમ (૨)થી મને મળેલ સત્તાની રૂઈએ શ્રી સોમનાથ મજુર બાંધકામ સ. મં. લી., મુ. મહુવા, તા. મહુવા, જિ. ભાવનગરને ફડચામાં લઈ જવાનો આથી વચગાળાનો આદેશ કરુ છું અને ફડચા અધિકારી તરીકે સહકારી અધિકારી (ફડચા) લગત કચેરીની આથી નીમણુંક કરવામાં આવે છે.

આ આદેશ થયેથી એક માસમાં જવાબદાર કાર્યવાહકો, પ્રમુખ/મંત્રીશ્રી તરફથી કોઈ લેખીત કે મૌખીક રજુઆત કરવામાં આવશે નહી અથવા કરેલ રજુઆત સંતોષ કારક જણાશે નહી તો વચગાળાનાં આદેશને બહાલી આપી કાયમી કરવામાં આવશે.

ભાવનગર, ૦૩ માહે ઓકટોબર, સને ૨૦૧૭.

**ડી. વી. ગઢવી,**
જિલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
ભાવનગર.

---

વંચાણે લીધા :

(૧) સરકારશ્રીના કૃષિ અને સહકાર વિભાગના જાહેરનામા ક્રમાંક : જી.એચ.કે.એચ./૨૦૧૧/એન.એસ.બી./૧૨/૨૦૦૨/ ૩૦૧૧/ચ, તા. ૨૧-૦૭-૨૦૧૧.

(૨) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ તથા ૧૦૮ની જોગવાઈઓ.

(૩) અત્રેની કચેરીના તા. ૦૪-૦૯-૨૦૧૭ ના પત્ર ક્રમાંક : ફડચ/ગ-૨/૧૧૫૭/૨૦૧૪.

**વચગાળાનો આદેશ**

ક્રમાંકઃ ફડચ/ગ-૨/૧૨૪૮/૨૦૧૭.-આથી હું આર. એ. મકવાણા, જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, સુરેન્દ્રનગર, ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયે મને મળેલ સતાની રૂએ શ્રી બામણવા શરાફી સહકારી મંડળી લી., મુ. બામણવા, તા. દશાડા, જિ. સુરેન્દ્રનગરને ફડચામાં લઈ જવા વચગાળાનો આદેશ કરૂં છું અને કલમ-૧૦૮ અન્વયે મંડળીના ફડચા અધિકારી તરીકે અત્રેની કચેરીના સહકારી અધિકારી ફડચો નંબર-૧ ની નિમણૂંક કરૂં છું.

સદરહું આદેશ અન્વયે મંડળીએ કાંઈ રજુઆત કરવાની હોય તો આદેશની તારીખથી માસ-૧ માં રજુઆતના સમર્થનમાં જરૂરી હોય તેવા આધાર પુરાવા સાથે યોગ્ય રજુઆત કરવી. અન્યથા સદરહું આદેશને આજ અધિનીયમની કલમ-૧૦૭(૩) અન્વયે કાયમી કરવામાં આવશે જેની નોંધ લેવી.

સુરેન્દ્રનગર, ૨૮ માહે સપ્ટેમ્બર, સને ૨૦૧૭.

**આર. એ. મકવાણા,**
જિલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
સુરેન્દ્રનગર.

PRINTED AT THE GOVERNMENT PRESS, RAJKOT COMPLAINTS ABOUT GAZETTE MUST BE MADE WITHIN A FORTNIGHT FROM THE DATE OF THIS PUBLICATION ACCOMPANIED BY THE WRAPPER.

© 

सत्यमेव जयते

# The Gujarat Government Gazette


**SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION**

***PUBLISHED BY AUTHORITY***

**VOL. LVIII]  THURSDAY, 26th OCTOBER, 2017/KARTIKA 04, 1939  No. 43**

**Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central section in order that it may be filed as a separate compilation.**


# PART-I


| **PART - I** | Pages | **PART - I - B** | Pages |
|---|---|---|---|
| Government Notifications Appointments Promotions, Leave of absence, Rules and orders (Other than those published in Part-I-A, IV-A, IV-B, and IV-C) list of publications for sales etc.,<br>Miscellaneous Notifications Appoint-ments etc., | 1095-1110 | (Suppliment) Government Notifications Published under Land Acquisition Act only Supplement. | Nil |
| | | **PART - II** | |
| | | Miscellaneous Notices, Advertisments, List of Books Sanctioned by the Director of Education, List of Jurors. Schedule of Estates by the Official Assignee, Summary of Births and Deaths, etc., | 2000-2080 |
| **PART - I - A** | | **PART - III** | |
| Order and Notifications (Other than those published in Part-IV-B) under the Gujarat Local Boards, Village Panchayats, Municipals, Boroughs, (Districts) Municipals Primary Education and Local Fund Audits, Acts., | Nil | Miscellaneous Supplements Season and Crop Reports, Prices, Current Rainfalls Returns, District Local Boards Accounts etc., | Nil |





INDEX

# Government Notifications, Orders Appointments, etc.
## SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION
## NOTIFICATION
### Miscellaneous Notifications appointments etc.

## By the Principal District Judge

***Read :***

*Hon'ble High Court of Gujarat, Ahmedabad, letter No. D.2912/2017 Dt. 03-10-2017*

### NOTIFICATION

No.B/16566/2017.-As per the direction by the Hon'ble High Court of Gujarat, Ahmedabad that one court of Judicial Magistrate First Class be assigned the work to deal with the cases of offences prescribed by the NALSA and such other offences, once in a month, such vide above preamble.

The undersigned is pleased to declare, the following courts are assigned the work to deal with the cases of offences prescribed by the NALSA and such other offences, once in a month for the area of their Jurisdiction **with immediate effect.**

| Sr. No. | Name of the Court | Station |
|---|---|---|
| 01 | Additional Civil Judge & Judicial Magistrate First Class. | Bhavnagar |
| 02 | Principal Civil Judge & Judicial Magistrate First Class | Ghogha |
| 03 | Principal Civil Judge & Judicial Magistrate First Class | Sihor |
| 04 | Principal Civil Judge & Judicial Magistrate First Class | Palitana |
| 05 | Principal Civil Judge & Judicial Magistrate First Class | Gariadhar |
| 06 | Principal Civil Judge & Judicial Magistrate First Class | Talaja |
| 07 | Additional Civil Judge & Judicial Magistrate First Class | Mahuva |
| 08 | Principal Civil Judge & Judicial Magistrate First Class | Umarala |
| 09 | Principal Civil Judge & Judicial Magistrate First Class | Vallabhipur |
| 10 | Principal Civil Judge & Judicial Magistrate First Class | Botad |
| 11 | Principal Civil Judge & Judicial Magistrate First Class | Gadhada |

They are also directed to follow the instruction given vide above referred High Court letter and also directed to forward the statement every month showing the number of cases disposed of (Category-Wise)

Bhavnagar, 06th/07th October, 2017.

**J. J. Pandya,**
Principal District Judge,
Bhavnagar.

---

***Read :***

*(1) Hon'ble High Court of Gujarat letter No.C.2103/2017, Dtd. 13-10-2017.*

*(2) This office Notification No. UHC/10/2016, dated : 31-12-2016.*

### NOTIFICATION

No. UHC/8/2017.-(For insertion in the Gujarat Government Gazette Part-I, Supplement to the Central Gazette, Rajkot Division)

In view of the Hon'ble High Court letter, cited in the preamble at Sr. No. 1, the undersigned is pleased **declare** the following day as Holiday.

**1. 16th October, 2017, Monday**

And in lieu thereof, following **day shall be working** for the Family Court, Rajkot and the Court subordinate to it in Rajkot.

**1. 23rd December, 2017 (4th Saturday)**

Rajkot, 13th October, 2017.

**S. M. Mehta**
Principal Judge,
Family Court, Rajkot.

---

## જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

ગુજરાત પોલીસ અધિનિયમની
કલમ-૩૩ની પેટા કલમ-(૧) અન્વયેનું

## આખરી જાહેરનામુ

નં. એમએજી/સી/૯૮૨૨/૨૦૧૭.-પોલીસ અધિક્ષકશ્રી, ગીર સોમનાથ જિલ્લો, વેરાવાળના પત્ર નં. સી/એલ.આઈ.બી/પ્લાસ્ટીક પ્રતિબંધ/જા.ના./૭૩૧/૨૦૧૭, તા. ૨૧-૦૭-૨૦૧૭થી રજુ થયેલ વિગતો મુજબ જાહેર જીવનમા ઉપયોગમા લેવાતા પ્લાસ્ટીક કે જેમા મુખ્યત્વે પ્લાસ્ટીકની કોથળીઓ, પ્લાસ્ટીકના કપ, ખાદ્ય સામગ્રીના પેકીંગમા વપરાતા પ્લાસ્ટીક આરોગ્ય માટે ખતરારૂપ હોય, ઉપરાંત લોકો દ્વારા આ પ્લાસ્ટીકની થેલીઓની અંદર વધેલો ખાદ્ય પદાર્થ ભરી રોડ ઉપર ફેંકવામા આવતો હોવાથી પ્રાણીઓ આ પ્લાસ્ટીકની બેગ સાથેનો ખાદ્ય પદાર્થ ખાવાથી મૃત્યુને ભેટેલા અથવા લોકો દ્વારા પશુઓના ઓપરેશન કરાવી તેઓના પેટમાંથી પ્લાસ્ટીકનો જથ્થો કાઢેલાના ઘણા કિસ્સાઓ પ્રકાશમા આવેલ છે. તેમજ પ્લાસ્ટીકની બેગ સાથે ખાદ્ય પદાર્થવાળી વસ્તુઓ ગટરોમા નાંખવાથી ગટરો પેક થઈ જવાના કારણે ગંદકી ફેલાતી હોવાના કિસ્સાઓ પણ જાણવા મળેલ છે. આવા પ્લાસ્ટીકના ઉપયોગથી ઝેરીલો ઓકસીઝન ફેલાવવાથી આરોગ્ય અને પર્યાવરણ બન્નેને નુકશાન થતુ હોય તેવા પ્લાસ્ટીકના ઉપયોગ ઉપર પ્રતિબંધ મુકવા જાહેરનામુ બહાર પાડવા દરખાસ્ત રજુ થયેલ છે.

ચીફ ઓફિસરશ્રી, વેરાવળ-પાટણ, સંયુકત નગરપાલીકા, વેરાવળના પત્ર ક્રમાંક : મ્યુની./સેનીટેશન/૯૬૧, તા. ૨૭-૦૭-૨૦૧૭થી રજુ થયેલ વિગતો મુજબ શહેરમા પ્લાસ્ટીકની થેલીઓના આડેધડ ઉપયોગથી જાહેર રોડ ઉપર ગંદકી થાય છે. તેમજ ગંદા પાણીના નિકાલની ગટરોમા પ્લાસ્ટીક જવાથી ગટરો-ધોરીયા બ્લોક થઈ જાય છે અને ગંદુ પાણી જાહેરમા વહેવાથી પ્રશ્નો પણ ઉભા થાય છે. શહેરના પ્રજાજનો તરફથી પણ અવાર-નવાર પ્લાસ્ટીકની થેલીઓ ઉપર પ્રતિબંધ ફરમાવવા રજુઆતો કરવામા આવેલ છે. સુપ્રસિધ્ધ સોમનાથ યાત્રાધામ ખાતે પણ બહારના પ્રવાસીઓ મોટી સંખ્યામા આવતા હોવાથી આ વિસ્તારમા પણ પ્લાસ્ટીકના વપરાશના કારણે સફાઈ કામગીરીમા ખુબ જ અડચણ થાય છે. તેમજ શહેરમા ગટર સફાઈની કામગીરી દરમ્યાન પણ ગટરની અંદરથી ૮૦% કચરો પ્લાસ્ટીકનો જ નિકળતો હોય છે. પ્લાસ્ટીક કચરા વ્યવસ્થાપન નિયમો-૨૦૧૬ના નિયમ-૪ (સી અને ડી)ની જોગવાઈ મુજબ ૫૦ માઈક્રોન કરતા ઓછી જાડાઈ ધરાવતા પ્લાસ્ટીક કેરી બેગ, શીટ તથા અન્ય તેના જેવા ઉત્પાદન, સગ્રહ, વેંચાણ અને વિતરણ ઉપર પ્રતિબંધ હોય, આવા પ્રતિબંધીત પ્લાસ્ટીકનુ વેંચાણ, સંગ્રહ અને વપરાશ ઉપર પ્રતિબંધ ફરમાવવાનુ જાહેરનામુ બહાર પાડવા ચીફ ઓફીસરશ્રી તરફથી પણ દરખાસ્ત રજુ થયેલ છે.

ઉપરોકત વિગતે રજુ થયેલ દરખાસ્ત અનુસંધાને આ કચેરીના હુકમ નં. એમએજી/સી/૩૧૮૦/૨૦૧૭, તા. ૨૮-૦૮-૨૦૧૭ થી પ્રાથમિક જાહેરનામુ પ્રસિધ્ધ કરવામા આવેલ છે. આ પ્રાથમિક જાહેરનામુ પ્રસિધ્ધ થયાની તારીખથી દિવસ-૩૦ (ત્રીસ)ની સમયમર્યાદામા વાંધા/સુચનો મંગાવવામા આવેલ છે.

સદરહુ પ્રાથમિક જાહેરનામુ તા. ૩૧-૦૮-૨૦૧૭ ના દૈનિક વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેલ છે. તેમજ પ્રસ્તુત બાબતે કોઈ વ્યકિત દ્વારા નિયત સમયમાં કોઈ વાંધા/સુચનો રજુ થયેલ નથી. જેથી ઉપરોકત બાબતેનુ જાહેરનામુ આખરી કરવુ વ્યાજબી જણાય છે.

સબબ હું, અજયકુમાર, આઈ.એ.એસ., જિલ્લા મેજીસ્ટ્રેટ, ગીર સોમનાથ જિલ્લો, વેરાવળ, ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૩૩ની પેટા કલમ-(૧) હેઠળ મને મળેલ અધિકારની રૂઈએ અને પ્લાસ્ટીક કચરા વ્યવસ્થાપન નિયમો-૨૦૧૬ના નિયમ-૪ (સી અને ડી)ની જોગવાઈ મુજબ વેરાવળ-પ્રભાસ પાટણ નગરપાલીકા વિસ્તારમા ૫૦ માઈક્રોનથી ઓછી જાડાઈ ધરાવતા પ્લાસ્ટીક કેરી બેગ, શીટ તથા અન્ય તેના જેવા ઉત્પાદન, સંગ્રહ, વેંચાણ અને વિતરણ ઉપર કાયમી ધોરણે પ્રતિબંધ ફરમાવુ છુ.

આ જાહેરનામાના કોઈપણ ખંડનો ભંગ કે ઉલ્લંઘન કરનાર વ્યકિત ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૧મા જણાવેલ શિક્ષાને પાત્ર રહેશે.

આ આખરી જાહેરનામુંઆજ તા. ૦૬ માહે ઓકટોમ્બર-૨૦૧૭ના રોજ મારી સહી તથા કચેરીનો સિકકો કરી જાહેર જનતાની જાણ માટે પ્રસિધ્ધ કર્યુ.

ગીર સોમનાથ, ૦૬ માહે ઓકટોબર, સને ૨૦૧૭.

**અજયકુમાર,**
જિલ્લા મેજીસ્ટ્રેટ,
ગીર સોમનાથ જિલ્લો, વેરાવળ.

---

### ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧) બી હેઠળ

## જાહેરનામું

નાં. એમએજી/જાહેરનામું/૫૧૦/૨૦૧૭.-Dy. Commandant, Gunnery Officer for commanding Officer ICGAE Near Civil Aerodrome, Porbandar ના પત્ર ક્રમાંક : GUN/311, dt. 05-10-2017 ના પત્રથી પોરબંદર તાલુકાના ઓડદર ગામે આવેલ પોલીસ ફાયરીંગ રેન્જના સ્થળે આગામી તા. ૧૦-૧૦-૨૦૧૭ ના ૭-૦૦ કલાક થી ૧૫-૦૦ કલાક સુધી જાહેરનામું બહાર પાડવા દરખાસ્ત અત્રે કરેલ છે. ઉક્ત દરખાસ્ત ધ્યાને લેતા ફાયરીંગ સબબ સવાલવાળા સ્થળની આજુબાજુ અવર-જવર કરનારાઓને કોઈ નુકશાન ન થાય તે હેતુથી જાહેરનામું બહાર પાડવુ ઈષ્ટ જણાય છે.

સબબ હું, અશોક કાલરીયા, આઈ.એ.એસ., જિલ્લા મેજીસ્ટ્રેટ, પોરબંદર જિલ્લો, પોરબંદર સને. ૧૯૫૧ ના ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧)બી હેઠળ મને મળેલ સત્તાની રૂઈએ તા. ૧૦-૧૦-૨૦૧૭ ના ૭-૦૦ કલાકથી ૧૫-૦૦

કલાક સુધી પોરબંદર તાલુકાના ઓડદર ગામ તરફ રસ્તા નજીક દરિયા કિનારાના ફાયરીંગ બટ વિસ્તારમાં પૂર્વ ભાગે-૧ ફલાંગ, પશ્ચિમ ભાગે-૧ ફલાંગ, ઉત્તર ભાગે-૩ ફર્લાગ, દક્ષિણ ભાગે-૧ ફર્લાગ અને ત્યાંથી દરીયામાં ૫(પાંચ) કિ. મી. સુધી રાહદારીઓને તેમજ વાહનો માટે તથા વ્યક્તિગત તેમજ વહાણ/બોટ લઈને જનાર માછીમારોને અવર જવર કરવા ઉપરોક્ત સમય દરમ્યાન પ્રવેશબંધી ફરમાવું છું.

આ જાહેરનામાના કોઈપણ ખંડનો ભંગ કે ઉલ્લંઘન કરનાર વ્યક્તિ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧માં જણાવેલ શિક્ષાને પાત્ર ઠરે છે.

આ જાહેરનામું આજ રોજ તા. ૦૭-૧૦-૨૦૧૭ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે જાહેર જનતાની જાણ તથા અમલ માટે પ્રસિધ્ધ કર્યુ.

પોરબંદર, ૦૭ માહે ઓકટોબર, સને ૨૦૧૭.

અશોક કાલરીયા,
જિલ્લા મેજીસ્ટ્રેટ,
પોરબંદર.

---

## અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

### ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭ની પેટા કલમ-૧ તથા ૩ અન્વયેનો હુકમ

## જાહેરનામુ

નં. હોમ/પલસ/૩/વશી/૧૨૧૬૫ થી ૧૨૨૨૦/૨૦૧૭.- (૧) આગામી દિવસો દરમ્યાન મહોરમ તાજીયાનો તહેવાર આવતો હોય તથા હાલની પ્રવર્તમાન પરિસ્થિતીને અનુલક્ષીને સમગ્ર અમરેલી જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાય રહે તે માટે તેમજ જાહેર સુલેહ શાંતિ અને સલામતી જાળવવા માટે ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭ની પેટા કલમ-૧ તથા કલમ-૩ અન્વયે પગલા લેવા પુરતા કારણો છે. તેની મને ખાત્રી થઇ છે.

(૨) જેથી હું, ડી. ડી. પંડયા, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, અમરેલી, ગુજરાત પોલીસ અધિનિયમ–૧૯૫૧ની કલમ–૩૭ની પેટા કલમ–૧ તથા કલમ–૩ અન્વયે મળેલ સત્તાની રૂઈએ આથી ફરમાવું છું કે,

(૩) તા. ૦૨-૧૦-૨૦૧૭ થી તા. ૧૬-૧૦-૨૦૧૭ (બંને દિવસો સહિત) અમરેલી જિલ્લાના સમગ્ર વિસ્તારમાં,

(૪) કોઇપણ ઈસમે શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટા, બંદુક, ચપ્પુ, લાકડી અથવા લાઠી અથવા શારિરીક ઈજા અને હિંસા પહોંચાડવા ઉપયોગી થઇ શકે તેવી બીજા કોઇપણ ચીજવસ્તુ, સ્ફોટક પદાર્થ અથવા પથ્થરો સાથે ઘર બહાર નીકળવુ નહીં. કોઈ આકૃતિઓ અથવા પુતળા દેખાડવા નહીં અને બુમો પાડવી નહીં તથા સુત્રોચ્ચાર કરવા નહીં.

(૫) આ હુકમ નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહીં.

(અ) ફરજ પર રોકાયેલ પોલીસ તથા હોમ ગાર્ડ સહિતના તમામ સરકારી તેમજ અર્ધ સરકારી કર્મચારી તથા અધિકારીઓને,

(બ) શારિરીક અશક્તિને કારણે લાકડી તથા લાઠી લઈને ફરવુ જરૂરી છે તેવી વ્યક્તિઓને,

(૬) વધુમાં ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭ની પેટા કલમ-૩ હેઠળ મળેલ સત્તાની રૂઈએ,

તારીખ : ૦૨-૧૦-૨૦૧૭ થી તા. : ૧૬-૧૦-૨૦૧૭ (બંને દિવસો સહિત) અમરેલી જિલ્લાનાં સમગ્ર વિસ્તારની અંદર સબંધિત સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી/તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટશ્રીની પુર્વ મંજુરી/પરવાનગી સિવાય કોઇ સભા મંડળી ભરવાની અથવા સરઘસ કાઢવાની હું મનાઈ ફરમાવુ છું.

(૭) ઉપરોક્ત પેરા-૬(છ) માં કરવામાં આવેલ આદેશ ફરજ પરના કોઇપણ સરકારી/બિનસરકારી કર્મચારીઓ અને અધિકારીઓને તેમજ કોઇપણ લગ્નનાં વરઘોડાને અથવા સ્મશાનયાત્રાને લાગુ પડશે નહીં.

(૮) આ જાહેરનામાનું ઉલ્લંઘન કરનાર અથવા ઉલ્લંઘન માટે મદદ કરનાર શખ્સ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૫ની જોગવાઈ મુજબ સજા તથા દંડને પાત્ર થશે.

હું એવો પણ આદેશ કરૂં છું કે પોલીસ અધિક્ષકશ્રી, અમરેલીએ સદરહું હુકમ નિર્દિષ્ટ કરેલ વિસ્તારમાં સહેલાઈથી દેખી શકાય તેવી જગ્યાએ તેની નકલ ચોટાડીને તથા લાઉડ સ્પીકર તેમજ સ્થાનિકેથી પ્રસિધ્ધ થતા સ્થાનીક વર્તમાંનપત્રો ધ્વારા તેની બહોળી જાહેરાત કરી/કરાવીને પ્રસિધ્ધ કરવો.

(૯) આજ તારીખ ૨૭–સપ્ટેમ્બર–૨૦૧૭ ના રોજ મારી સહી તથા સિક્કો કરી હુકમ બહાર પાડયો.

અમરેલી, ૨૭ માહે સપ્ટેમ્બર, સને ૨૦૧૭.

ડી. ડી. પંડ્યા,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
અમરેલી.

---

## જાહેરનામું

નં. ડીએમ/ડીસીએચ/પરિક્ષા/૧૯૧૯/૨૦૧૭.-ગુજરાત પબ્લીક સર્વિસ કમીશન, ગાંધીનગર દ્વારા (જાહેરાત ક્રમાંક : ૩૮/૨૦૧૭-૧૮) પોલીસ ઈન્સ્પેકટર (બિન હથિયારધારી), વર્ગ-૨ની જગ્યા ઉપર ભરતી માટેની પ્રિલીમીનરી પરીક્ષા તા. ૧૫-૧૦-૨૦૧૭ ના રોજ બપોરના ૧૪-૦૦ થી ૧૭-૦૦ કલાક સુધીના સમય દરમ્યાન યોજવામાં આવનાર છે. જે પરીક્ષા દરમ્યાન ચોરીઓના દુષણના કારણે તેજસ્વી ઉમેદવારોને નિયમોનુસાર પરીક્ષા આપવામાં અડચણ થવાની સંભાવના

રહે છે. આ ચોરીના દુષણમાં પ્રશ્નપત્રો કે તેના તૈયાર ઉતરો કોપીયર મશીન દ્વારા સત્વરે તૈયાર થઈ પરીક્ષા ખંડમાં પહોંચવાથી તેમજ મોબાઈલ ફોનથી પરીક્ષાર્થીને મદદ કરવાના બનાવોના કારણે તેજસ્વી ઉમેદવારોને માનસીક પરિતાપ થવાની સંભાવના છે. પરીક્ષાના તમામ કેન્દ્રોની આજુબાજુના વિસ્તારમાં ઝેરોક્ષ/ફોટોકોપી થવા પર પ્રતિબંધ ફરમાવતુ જાહેરનામુ બહાર પાડવું મને યોગ્ય જણાય છે.

આથી હું, રાજેન્દ્રકુમાર વી. સરવૈયા, જી.એ.એસ., અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, દેવભૂમિ દ્વારકા, મુ. ખંભાલીયા, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ મુજબ મને મળેલી સતાની રૂઈએ ફરમાવુ છું કે, ખંભાલિયા શહેરમાં આવેલ પરિશિષ્ટમાં દર્શાવેલ પરીક્ષા કેન્દ્રોની આજુબાજુના ૧૫૦ મીટરના વિસ્તારની હદમાં કોપીયર મશીન દ્વારા કોપીનો વ્યવસાય કરતા ધંધાર્થીઓ તથા અંગત ઉપયોગ માટે વપરાશ કરતા (સરકારી/અર્ધસરકારી કે જાહેર સાહસો સિવાયના) કોપીયર મશીન ધારકોને તા. ૧૫-૧૦-૨૦૧૭ ના રોજ બપોરના ૧૩-૦૦ થી ૧૮-૦૦ કલાક સુધી તેઓના કોપીયર મશીનો બંધ રાખવા તેમજ પરિશિષ્ટમાં જણાવેલ પરીક્ષા કેન્દ્રોમાં કોઈએ મોબાઈલ ફોન કે અન્ય કોઈ કોમ્યુનિકેશનના ઈલેક્ટ્રોનીક સાધનો સાથે પ્રવેશ કરવો નહી.

## પરિશિષ્ટ

પોલીસ ઈન્સ્પેકટર (બિન હથિયારધારી), વર્ગ-૨ (જાહેરાત ક્રમાંક : ૩૮/૨૦૧૭-૧૮)ની જગ્યા ઉપર ભરતી માટેની પ્રિલીમીનરી પરીક્ષા યોજવા માટે નિયત કરાયેલ પરીક્ષા કેન્દ્રોની યાદી

| ક્રમ | પરીક્ષા કેન્દ્ર શાળા/કોલેજનું નામ/સરનામું |
|---|---|
| ૧ | આદર્શ વિદ્યાલય, પોરનાકા, ખંભાળીયા. |
| ૨ | એમ. જી. દતાણી ગર્લ્સ હાઈ. પોરનાકા, ખંભાળીયા. |
| ૩ | એસ.એન.ડી.ટી. હાઈસ્કુલ, પોરનાકા, ખંભાળીયા. |
| ૪ | સાંદીપની હાઈસ્કુલ, શક્તિનગર, તા. ખંભાળીયા |
| ૫ | સેન્ટ કર્વે હાઈસ્કુલ, રામેશ્વર મંદિરની બાજુમાં, રામનાથપરા, ખંભાળીયા |
| ૬ | નવચેતન વિદ્યાલય, ભાણવડ ચોકડી, ગંગા જમના હોટેલ પાસે, ખંભાળીયા |
| ૭ | આર. એન. વારોતરીયા કન્યા વિદ્યાલય, દ્વારકા રોડ, હર્ષદપુર, ખંભાળીયા |

આ જાહેરનામું લોકોને સહેલાઈથી જાણ થાય તેવી રીતે જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, દેવભૂમિદ્વારકાએ બહોળી પ્રસિધ્ધિ કરાવવી. આ હુકમનો ભંગ કરનાર ભારતના ફોજદારી અધિનિયમ ૧૮૬૦ની કલમ-૧૮૮ તળે શિક્ષાપાત્ર થશે.

આજ તા. ૦૭મી માહે ઓકટોબર–૨૦૧૭ ના રોજ મારી સહી કરી તથા કચેરીની મહોર લગાડી બહાર પાડ્યો.

દેવભૂમિદ્વારકા, ૦૭ માહે ઓકટોબર, સને ૨૦૧૭.

**રાજેન્દ્રકુમાર વી. સરવૈયા,**
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
દેવભૂમિ દ્વારકા.
મુ. ખંભાલીયા

સને-૧૯૫૧ના ગુજરાત પોલીસ અધિનિયમ (આંક-૨૨)ની કલમ-૩૭ (૩) અન્વયેનુ

## જાહેરનામુ

નં. એમએજી/સી/૩૭(૩)/૫૨૦૦/૨૦૧૭.-પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢના પત્ર નં. સી/એલઆઈબી/જાહેરનામું/સભા-સરઘસ/૨૨૪૦/૧૭, તા. ૦૬-૧૦-૨૦૧૭ થી (૧) ગીરનાર પર્વત ઉપર ગુરુ દત્તાત્રેય રક્ષિત સ્મારકની જગ્યા ખાતે તથા ત્રીજી ટુંક ખાતે હિન્દુ અને જૈન ધર્મના લોકો વચ્ચે વિવાદ ચાલુ હોય, આ સ્થળે વિવાદના કારણે અગાઉ ગુન્હાઓ બનવા પામેલ છે. જેથી આ વિસ્તારનો જાહેરનામામાં સમાવેશ કરવો જરૂરી હોય, (૨) આવનાર સમયમાં હિન્દુ ધર્મનો દિવાળીનો તહેવાર ઉજવવામાં આવનાર હોય, જેથી ખુબ ભીડ રહેતી હોય, (૩) વીજપુરવઠો અનિયમીત તથા પુરતા પ્રમાણમાં મળતો ન હોય, કિસાનો ધ્વારા ઘેરાવ/વિરોધ જેવા આંદોલનાત્મક કાર્યક્રમો કરવામાં આવે તેમજ હાલમાં મોંઘવારીના પ્રશ્ને પણ આંદોલનો થવાની શક્યતા નકારી શકાય નહી. (૪) આ સમય દરમ્યાન પાટીદાર અનામત આંદોલન તથા દલિત આંદોલન પણ ગતિમા હોય, (૫) હાલમાં જી.એસ.ટી. મુદ્દે ચાલી રહેલ વિરોધ પ્રદર્શન અનુસંધાને સવિશેષ તકેદારી રાખવી આવશ્યક છે. જેથી જુનાગઢ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તથા જાહેર સુલેહ શાંતી જળવાઈ રહે તે હેતુસર સભા-સરઘસ વગર પરવાનગીએ કોઈ કાઢે નહી તે માટેનું જાહેરનામુ પ્રસિધ્ધ કરવા અત્રે દરખાસ્ત રજુ થયેલ છે.

પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢ તરફથી ઉકત વિગતે રજુ થયેલ દરખાસ્ત વ્યાજબી જણાતા ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ના આંક-૨૨ ની કલમ-૩૭ ની પેટા કલમ-૩ થી મને મળેલ અધિકારની રૂએ હું, પી. વી. અંતાણી, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, જુનાગઢ જિલ્લો, જુનાગઢ, આથી જુનાગઢ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં તા. ૦૯-૧૦-૨૦૧૭ ના રોજથી તા. ૨૨-૧૦-૨૦૧૭ (બંન્ને દિવસો સહીત) સુધીની મુદત માટે કોઈ પણ સભા કે સરઘસ માટે મનાઈ હુકમ ફરમાવુ છું. આદેશ કરૂ છું કે, આ હુકમ નીચેનાને લાગુ પડશે નહી.

(૧) ફરજ ઉપર હોય તેવી ગૃહરક્ષક મંડળીઓ.

(૨) સરકારી નોકરીએ અવર જવર કરતી હોય તેવી વ્યકિતને.

(૩) કોઈ લગ્નના વરઘોડાને.

(૪) સ્મશાન યાત્રા કે જેમાં જોડાનાર વ્યકિતઓને.

(૫) સક્ષમ અધિકારીશ્રીની કાયદેસર પરવાનગી લઈને.

આ હુકમનું પાલન ન કરનાર અથવા તેનું પાલન ન કરવામાં કોઈને મદદ કરનારને ગુનો સાબીત થયેથી, દંડની શિક્ષાને પાત્ર ઠરશે તથા ભારતીય દંડ સહિતાની કલમ-૧૮૮ મુજબનો ગુનો સાબીત થયેથી, જે તે વ્યકિતને એક માસની સાદી કેદ અથવા

રૂા. ૨૦૦/- સુધીનો દંડ અગર બન્ને શિક્ષા થઈ શકશે અને આ હુકમની અવગણના માનવ જીવનને કોઈ નુકશાન અથવા સ્વાસ્થ્યને અથવા સલામતીને કોઈ ભય ઉત્પન્ન થાય અથવા કોઈ હુલ્લડ બખેડો થાય તો તેવી વ્યકિતને-૬ (છ) માસ પરિશ્રમ અથવા સાદી કેદ અથવા રૂા. ૧૦૦૦/- સુધીનો દંડ સહીત બંન્ને શિક્ષાને પાત્ર ઠરશે.

આજ તારીખ : ૦૯, માહે ઓકટોબર, સને ૨૦૧૭ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા કરી, જાહેર જનતાની જાણ તથા અમલ થવા માટે પ્રસિધ્ધ કર્યુ.

જુનાગઢ, ૦૯ માહે ઓકટોબર, સને ૨૦૧૭.

---

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ના (આંક-૨૨)ની કલમ-૩૭ (૧) અન્વયે

## જાહેરનામું

નં. એમએજી/સી/૩૭(૧)/૫૨૦૧/૨૦૧૭.-પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢની કચેરીના પત્ર નં. સી/એલઆઈબી/ જાહેરનામુ/હથિ. બંધી/૨૨૩૯/૧૭, તા. ૦૬-૧૦-૨૦૧૭ થી (૧) ગીરનાર પર્વત ઉપર ગુરુ દત્તાત્રેય રક્ષિત સ્મારકની જગ્યા ખાતે તથા ત્રીજી ટુંક ખાતે હિન્દુ અને જૈન ધર્મના લોકો વચ્ચે વિવાદ ચાલુ હોય, આ સ્થળે વિવાદના કારણે અગાઉ ગુન્હાઓ બનવા પામેલ છે. જેથી આ વિસ્તારનો જાહેરનામામાં સમાવેશ કરવો જરૂરી હોય, (૨) આગામી સમયમાં હિન્દુ ધર્મનો દિવાળી તથા પરીક્રમાના તહેવારો ઉજવવામાં આવનાર હોય, જેથી ખુબ જ ભીડ રહેતી હોય,. (૩) વીજ પુરવઠો અનીયમીત તથા પુરતા પ્રમાણમાં મળતો ન હોય કિસાનો ધ્વારા ઘેરાવ/વિરોધ જેવા આંદોલનાત્મક કાર્યક્રમો કરવામાં આવે તેમજ હાલમાં મોંઘવારીના પ્રશ્ને પણ આંદોલનો થવાની શકયતા નકારી શકાય નહી. (૪) આ સમય દરમ્યાન પાટીદાર અનામત આંદોલન તથા દલિત આંદોલન પણ ગતિમા હોય, (૫) હાલમાં જી.એસ.ટી. મુદ્દે ચાલી રહેલ વિરોધ પ્રદર્શન અનુસંધાને તકેદારી રાખવી આવશ્યક છે. જેથી જુનાગઢ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તથા જાહેર સુલેહશાંતી જળવાઈ રહે તે હેતુસર હથિયારબંધીનું જાહેરનામુ પ્રસિધ્ધ કરવા અત્રેને દરખાસ્ત થઈ આવેલ છે.

ઉક્ત રજુ થયેલ દરખાસ્ત વ્યાજબી જણાતાં સુલેહશાંતિ જાળવવા સારૂ અને કાયદો વ્યવસ્થાની સ્થિતિ યથાવત જળવાય રહે તેમજ કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે હું, પી. વી. અંતાણી, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, જુનાગઢ જિલ્લો, જુનાગઢ, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ના આંક-૨૨ની કલમ-૩૭(૧) અન્વયે મને મળેલ અધિકારની રૂએ સમગ્ર જુનાગઢ જિલ્લા વિસ્તારમાં તા. ૦૯-૧૦-૨૦૧૭ થી તા. ૦૬-૧૧-૨૦૧૭ સુધી બન્ને દિવસો સહિત નીચે પ્રમાણે મનાઈ ફરમાવું છું કે, કોઈ પણ વ્યકિત,

(ક) શસ્ત્ર, દંડા, તલવાર, ભાલા, ચપ્પુ, લાકડી અથવા શારીરીક હિંસા પહોંચાડવામાં ઉપયોગી થઈ શકે તેવી બીજી કોઈ ચીજો લઈ જવી નહીં.

(ખ) પથ્થરો અથવા બીજા શસ્ત્રો ફેંકવા અથવા નાખવામાં ઉપયોગી હોય તેવા યંત્રો અથવા સાધનો લઈ જવા, એકઠા કરવા તથા તૈયાર કરવા નહીં.

(ગ) વ્યક્તિઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવા નહીં.

(ઘ) અપમાન કરવા અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેર બિભત્સ સુત્રો પોકારવા નહી, અસ્લીલ ગીતો ગાવા નહી.

(ચ) જેનાથી સુરૂચીનો અને શાંતિનો ભંગ થાય તેવુ ભાષણ કરવુ નહી, તેવા હાવ ભાવ કરવા નહી, તેવી ચેષ્ટા કરવી નહી તથા ચિત્રો, પ્લેકાર્ડ અથવા બીજા કોઈ પદાર્થ અથવા વસ્તુઓ કરવી નહીં.

(૩) આ હુકમ નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહી.

૧. સરકારશ્રીની નોકરીમાં કામ કરતી કોઈ વ્યક્તિ કે જેના ઉપરી અધિકારીઓને ફરમાવ્યા હોય અથવા આવા કોઈ હથિયાર લઈ જવાની તેમની ફરજ હોય.

૨. જિલ્લા પોલીસ અધિકારીશ્રીએ જે તે શારિરીક અશક્તિને કારણે લાઠી લઈ જવાની અથવા શુભ હેતુથી ધંધો કરવાની પરવાનગી આપી હોય તે વ્યક્તિ.

૩. ખેડુતો પોતાની ખેતીકામ માટે ખેતીના ઓજારો લઈ જવામાં હાડમારી ન થાય, તે અને રોજીંદા કામ કરી શકે તે આશયથી ખેડુતો પોતાના ઓજારો ખેતીકામ માટે લઈ જતા હોય.

આ જાહેરનામાના કોઈ ખંડનો ભંગ કરનાર અથવા પાલન ન કરવામાં મદદ કરનાર વ્યક્તિને ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૫(૧) મુજબ એક વર્ષની મુદત સુધીની કેદની શિક્ષા અને દંડને પાત્ર થશે. આ ઉપરાંત ભારતીય દંડ સહિતાની કલમ-૧૮૮ મુજબ તે વ્યક્તિનો ગુનો સાબીત થયેથી એક માસની સાદી કેદ અગર રૂા. ૨૦૦/- નો દંડ અગર બન્ને શિક્ષા થઈ શકશે અને આ હુકમની અવગણના માનવજીવનને અથવા સ્વાસ્થ્યને અથવા સલામતીને નુકશાન કરે, ભય ઉત્પન્ન થાય અથવા કોઈ હુલ્લડ બખેડો થાય તો તેવી વ્યક્તિને-૬ (છ) માસ સુધીની પરિશ્રમ અથવા સાદી કેદ અથવા રૂા. ૧૦૦૦/- સુધીનો દંડ સહીત બંન્ને શિક્ષાને પાત્ર ઠરશે.

આજ તારીખ : ૦૯ મી, માહે ઓકટોબર, સને-૨૦૧૭ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા કરી જાહેર જનતાની જાણ તથા અમલ થવા માટે પ્રસિધ્ધ કર્યુ.

જુનાગઢ, ૦૯ માહે ઓકટોબર, સને ૨૦૧૭.

---

ગુજરાત પોલીસ અધિનિયમ આંક-૨૨ની
કલમ-૩૩ની (૧)બી હેઠળ

**જાહેરનામુ**

નં. એમએજી/સી/ફાયરીંગ બટ/૫૨૫૧/૨૦૧૭.- કમાન્ડીંગ ઓફીસરશ્રી, ૮-ગુજરાત બટાલીયન એન.સી.સી., જુનાગઢના પત્ર નં.કેમ્પ/૮ બીએન/૨૦૧૭, તા. -૧૦-૨૦૧૭ થી તેઓને એન.સી.સી. કેમ્પ માટે ફાયરીંગ પ્રેકટીશ લેવા માટે પોલીસ મહાવિદ્યાલય, જુનાગઢના 'બફેલ રેન્જ ફાયરીંગ બટ' ખાતે આગામી તા. ૦૮-૧૧-૨૦૧૭ થી તા. ૧૦-૧૧-૨૦૧૭ તથા તા. ૨૨-૧૧-૨૦૧૭ થી તા. ૨૪-૧૧-૨૦૧૭ સુધીની મુદત માટે જાહેરનામું પ્રસિધ્ધ કરવા અત્રે દરખાસ્ત રજુ કરેલ છે. આ સંદર્ભે નાયબ પોલીસ અધિક્ષક અને ઉપાચાર્યશ્રી, પોલીસ તાલીમ મહાવિદ્યાલય, જુનાગઢના પત્ર નં. સીબી-૩-એ/ફા.બ./૪૯૨/૫૪૪૯/૧૭, તા. ૨૭-૦૯-૨૦૧૭ થી ઉકત ફાયરીંગ બટની તેઓને ફાળવણી કરેલ છે. તે પત્રની નકલ પણ રજુ કરેલ છે.

સબબ ઉપરોકત સમગ્ર વિગતે ઉકત ફાયરીંગ દરમ્યાન તે વિસ્તારમાં લોકો તથા વાહનોની અવર-જવર ભયજનક જણાતાં, હું, પી. વી. અંતાણી, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, જુનાગઢ જિલ્લો, જુનાગઢ, સને-૧૯૫૧ના ગુજરાત પોલીસ અધિનિયમની આંક-૨૨ની કલમ-૩૩(૧)(બી) હેઠળ મને મળેલ સત્તાની રૂએ તા. ૦૮-૧૧-૨૦૧૭ થી તા. ૧૦-૧૧-૨૦૧૭ દિન-૦૩ તથા તા. ૨૨-૧૧-૨૦૧૭ થી તા. ૨૪-૧૧-૨૦૧૭ના દિન-૦૩ માટે સવારે ૦૭-૦૦ કલાક થી બપોરના ૧૩-૦૦ કલાક સુધી અને બપોર બાદ ૧૫-૦૦ કલાક થી ૧૮-૦૦ કલાક સુધી પોલીસ તાલીમ મહાવિદ્યાલય, જુનાગઢનાં બફેલ રેન્જનાં આજુ-બાજુના ૧-કી.મી. વિસ્તારમાં રાહદારીઓને તેમજ વાહનોને ઉપરોકત સમય દરમ્યાન પ્રવેશ બંધી ફરમાવું છું.

આજ તા. ૦૯, માહે ઓકટોબર, સને-૨૦૧૭ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા કરી જાહેર જનતાની જાણ તથા અમલ થવા માટે પ્રસિધ્ધ કર્યુ.

જુનાગઢ, ૦૯ માહે ઓકટોબર, સને ૨૦૧૭.

---

ગુજરાત પોલીસ અધિનિયમ આંક-૨૨ની
કલમ-૩૩ની (૧)બી હેઠળ

**જાહેરનામુ**

નં. એમએજી/સી/ફાયરીંગ બટ/૫૨૮૧/૨૦૧૭.- આસીસ્ટન્ટ કમાંન્ડન્ટશ્રી, સી.આઈ.એસ.એફ. યુનીટ, દિવ એરપોર્ટના પત્ર નં. PR-11028/CISF/ASG(DIU)/ARC/QM/2017-1194, તા. ૦૭-૧૦-૨૦૧૭ થી સી.આઈ.એસ.એફ. સ્ટાફ, દિવના વાર્ષિક ફાયરીંગ પ્રેકટીશ લેવા માટે પોલીસ મહાવિદ્યાલય, જુનાગઢના 'બફેલ રેન્જ ફાયરીંગ બટ' ખાતે તા. ૨૨-૧૦-૨૦૧૭ ના રોજ જાહેરનામું પ્રસિધ્ધ કરવા અત્રે દરખાસ્ત રજુ કરેલ છે. આ સંદર્ભે નાયબ પોલીસ અધિક્ષક અને ઉપાચાર્યશ્રી, પોલીસ તાલીમ મહાવિદ્યાલય, જુનાગઢના પત્ર નં.સીબી-૩/એ/ફા.બ./૫૬૬૦/૧૭, તા. ૦૫-૧૦-૨૦૧૭ થી ઉકત ફાયરીંગ બટની તેઓને ફાળવણી કરેલ છે. તે પત્રની નકલ પણ રજુ કરેલ છે.

સબબ ઉપરોકત સમગ્ર વિગતે ઉકત ફાયરીંગ દરમ્યાન તે વિસ્તારમાં લોકો તથા વાહનોની અવર-જવર ભયજનક જણાતાં, હું, પી. વી. અંતાણી, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, જુનાગઢ જિલ્લો, જુનાગઢ, સને-૧૯૫૧ના ગુજરાત પોલીસ અધિનિયમની આંક-૨૨ ની કલમ-૩૩(૧)(બી) હેઠળ મને મળેલ સત્તાની રૂએ તા. ૨૨-૧૦-૨૦૧૭ ના રોજ સવારે ૦૭-૦૦ થી સાંજના ૧૮-૦૦ કલાક સુધી પોલીસ તાલીમ મહાવિદ્યાલય, જુનાગઢનાં બફેલ રેન્જનાં આજુ-બાજુના ૧-કી.મી. વિસ્તારમાં રાહદારીઓને તેમજ વાહનોને ઉપરોકત સમય દરમ્યાન પ્રવેશ બંધી ફરમાવું છું.

આજ તા. ૧૧, માહે ઓકટોબર-૨૦૧૭ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા કરી જાહેર જનતાની જાણ તથા અમલ થવા માટે પ્રસિધ્ધ કર્યુ.

જુનાગઢ, ૧૧ માહે ઓકટોબર, સને ૨૦૧૭.

**પી. વી. અંતાણી,**
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
જુનાગઢ જિલ્લો,
જુનાગઢ.

---

**જાહેરનામું**

નં.ડી.એમ.-૧/બોર્ડ પરીક્ષા/ઈ.નં. ૪૨૭૫૫/૨૦૧૭.- ભાવનગર શહેર તથા જિલ્લામાં આગામી તા. ૨૫-૧૦-૨૦૧૭ થી તા. ૦૬-૧૧-૨૦૧૭ દરમ્યાન ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહની ઓકટોબર-૨૦૧૭(ખાસ પરીક્ષા) ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા લેવાનાર છે. સદરહુ પરીક્ષાની તારીખ અને પરીક્ષાનો સમય નીચેની વિગતે છે.

| પરીક્ષાનું નામ | તારીખ | સમય |
|---|---|---|
| ધોરણ-૧૨ (એચ.એસ.સી.) સામાન્ય પ્રવાહ | તા. ૨૫-૧૦-૨૦૧૭ થી તા. ૦૬-૧૧-૨૦૧૭ | ૧૦-૩૦ ક. થી ૧-૪૫ ક. તથા ૩-૦૦ ક. થી ૬-૧૫ ક. |

આ પરીક્ષા દરમ્યાન પરીક્ષા કેન્દ્રો ખાતે પરીક્ષાર્થીઓ નિર્ભયતાથી, શાંતિપૂર્વક તેમજ એખલાસભર્યા વાતાવરણમાં પરીક્ષા આપી શકે, પરીક્ષા કેન્દ્રોની આજુબાજુના વિસ્તારોમાં અસામાજીક ગુંડાતત્વો એકઠા થઈ પરીક્ષાર્થીઓને ખલેલ પહોંચાડે નહિ તેમજ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે માટે જાહેર હિતમાં હું, ઉમેશ વ્યાસ, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ભાવનગર જિલ્લો, ભાવનગર, ભારતના ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪નો ૨ જો)ની કલમ-૧૪૪થી મને

મળેલ અધિકારની રૂઈએ જે તે પરીક્ષાના દિવસો દરમ્યાન આ સાથેની અનુસુચીમાં દર્શાવેલ ભાવનગર શહેર તથા જિલ્લામાં આવેલ જે તે પરીક્ષાના કેન્દ્રો ઉપર તેની સામે દર્શાવેલ સમય દરમ્યાન નીચે મુજબનાં પ્રતિબંધો ફરમાવવામાં આવે છે.

(૧) પરીક્ષા કેન્દ્રોની ૧૦૦ મીટરની ત્રિજ્યામાં આવેલા ઝેરોક્ષ/ ફેકસનાં વ્યવસાય સાથે સંકળાયેલા વેપારીઓએ ઝેરોક્ષ તેમજ ફેકસ મશીનના ઉપયોગ પર.

(૨) પરીક્ષા કેન્દ્રોની ૧૦૦ મીટરની ત્રિજ્યામાં મોટા અવાજે લાઉડ સ્પીકર કે બેન્ડવાજા વિગેરે ધ્વનિવર્ધક સાધનોના ઉપયોગ પર.

(૩) પરીક્ષા કેન્દ્રમાં મોબાઈલ ફોન કે અન્ય ઈલેકટ્રોનીકસ ગેઝેટ લઈ જવા તથા તેના ઉપયોગ પર.

(૪) પરીક્ષા કેન્દ્રની ૧૦૦ મીટરની ત્રિજ્યાના વિસ્તારમાં ચાર કે તેથી વધુ માણસો એકઠા થવા પર.

આ જાહેરનામાનો ભંગ કે ઉલ્લંઘન કરનારને ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧માં જણાવેલ શિક્ષાને પાત્ર રહેશે.

આજ તા. ૧૧ માહે ઓકટોબર, સને-૨૦૧૭ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા કરી જાહેર જનતાની જાણ તથા અમલ થવા માટે પ્રસિધ્ધ કર્યુ.

જુનાગઢ, ૧૧ માહે ઓકટોબર, સને ૨૦૧૭.

**સને-૧૯૫૧ ની ગુજરાત પોલીસ અધિનિયમ આંક-૨૨ ની કલમ ૩૩-૧-યુ અન્વયે**

## જાહેરનામુ

નં. એમએજી/સી/પરિક્રમા/૫૪૪૧/૨૦૧૭.-ગિરનાર પરિક્મ્મા તા. ૩૧-૧૦-૨૦૧૭ થી શરૂ થઈને તા. ૦૪-૧૧-૨૦૧૭ સુધી યોજાનાર છે. આ પરિક્રમા સામાન્ય રીતે બે દિવસ અગાઉથી શરૂ થઈ જતી હોય છે. આ સમય દરમ્યાન ભવનાથ તળેટીમાં હજારો યાત્રિકો અને ભાવિકો આવશે. આમ ગિરનાર અનામત જંગલ વિસ્તારમાં હજારો યાત્રિકો આવવા સંભવ હોય અને કોઈ વ્યક્તિ તરફથી ફટાકડા ફોડવાથી અનામત જંગલ વિસ્તારમાં આગ લાગવાનો ભય હોય, જેથી ઉક્ત જંગલ વિસ્તારમાં તમામ પ્રકારનાં ફટાકડા લઈ જવા, વેચાણ તથા ફોડવા ઉપર પ્રતિબંધ ફરમાવવા પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢના પત્ર ક્રમાંક : સી/એલઆઈબી/પરીક્રમા/૨૩૪૪/૧૭, તા. ૧૮-૧૦-૨૦૧૭ થી દરખાસ્ત રજુ થયેલ છે.

ઉપરોક્ત દરખાસ્ત વ્યાજબી જણાતી હોય, હું, પી. વી. અંતાણી, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, જુનાગઢ જિલ્લો, જુનાગઢ, સને-૧૯૫૧ના ગુજરાત પોલીસ અધિનિયમ આંક-૨૨ની કલમ-૩૩(૧) (યુ) અન્વયે મને મળેલ સત્તાની રૂએ તા. ૨૯-૧૦-૨૦૧૭ થી તા. ૦૪-૧૧-૨૦૧૭ સુધી (બન્ને દિવસો સહીત) ગિરનાર પરિક્રમા રૂટમાં જંગલ વિસ્તારમાં તમામ પ્રકારના ફટાકડા લઈ જવા તથા વેંચવા તેમજ ફોડવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

આ જાહેરનામાનો ભંગ કે ઉલ્લંઘન કરનારને ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૧૩૧માં જણાવેલ શિક્ષાને પાત્ર રહેશે.

આજ તા. ૧૮ માહે ઓકટોબર, સને-૨૦૧૭ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા કરી જાહેર જનતાની જાણ તથા અમલ થવા માટે પ્રસિધ્ધ કર્યુ.

જુનાગઢ, ૧૮ માહે ઓકટોબર, સને ૨૦૧૭.

---

**સને-૧૯૫૧ના ગુજરાત પોલીસ અધિનિયમ આંક-૨૨ની કલમ ૩૩-૧-સી હેઠળ**

## જાહેરનામું

નં. એમએજી/સી/પરિક્રમા/૫૪૪૦/૧૭.-જુનાગઢ જિલ્લામાં દર વર્ષે પરંપરાગત ગીરનાર પરિક્રમાનું આયોજન કરવામાં આવે છે.ચાલુ વર્ષ દરમ્યાન આગામી તા. ૩૧-૧૦-૨૦૧૭ થી તા. ૦૪-૧૧-૨૦૧૭ સુધી ગીરનાર પરિક્રમાનું આયોજન કરવામાં આવેલ છે. આ પરિક્રમામાં ભાગ લેવા માટે મોટી સંખ્યામાં યાત્રાળુઓ ભવનાથ ખાતે આવે છે. આ પરિક્રમા સામાન્ય રીતે બે દિવસ અગાઉથી શરૂ થઈ જતી હોય છે. આ સમય દરમ્યાન જૂનાગઢ મુકામે ભવનાથ તળેટીમાં બહોળા પ્રમાણમાં વાહનોની અવર જવર રહેશે. જેથી ટ્રાફીકનાં સરળ નિયમન અને કોઈ પણ પ્રકારના અકસ્માતો નિવારવા માટે નીચે જણાવેલ વિગતે તા. ૨૯-૧૦-૨૦૧૭ થી તા. ૦૪-૧૧-૨૦૧૭ સુધી બન્ને દિવસો સહીત વાહન-પાર્કિંગ માટે સ્થળ નકકી કરવા માટે પોલીસ અધિક્ષકશ્રી જુનાગઢના પત્ર નં. સી/એલઆઈબી/પરિક્રમા/૨૩૪૩/૧૭, તા. ૧૮-૧૦-૨૦૧૭ થી અત્રે દરખાસ્ત રજુ થયેલ છે.

ઉપરોકત દરખાસ્ત વ્યાજબી જણાતા હું, પી. વી. અંતાણી, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, જુનાગઢ જિલ્લો, જુનાગઢ સને-૧૯૫૧ ના ગુજરાત પોલીસ અધિનિયમ આંક-૨૨ ની કલમ-૩૩ની પેટા કલમ-૧ ના ફકરા-સી-અન્વયે મળેલ અધિકારની રૂઈએ નીચે જણાવેલ સ્થળો તા. ૨૯-૧૦-૨૦૧૭ થી તા. ૦૪-૧૧-૨૦૧૭ સુધી (બન્ને દિવસો સહીત) વાહનોના પાર્કિગ સ્થળો તરીકે નકકી કરી જાહેર કરૂ છું.

**વાહનોના જાહેર પાર્કિંગ સ્થળો :**

| | | |
|---|---|---|
| ૧ | જિલ્લા જેલની વાડી, મજેવડી-ભવનાથ રોડ | તમામ પ્રકારના વાહનો |
| ૨ | સાયન્સ મ્યુઝીયમ સામે, ફાયર સ્ટેશનની બાજુમાં | તમામ પ્રકારના વાહનો |
| ૩ | નીચલા દાતાર પાસે ખુલ્લી જગ્યા | તમામ પ્રકારના વાહનો |
| ૪ | વૃધ્ધાશ્રમ (અપનાઘર) સામેની ખુલ્લી જગ્યા | તમામ પ્રકારના વાહનો |
| ૫ | જિલ્લા પંચાયત ગેસ્ટ હાઉસ સામે | તમામ પ્રકારના વાહનો |

**વાહનોના ખાનગી પાર્કિંગ સ્થળો :**

| | | |
|---|---|---|
| ૧ | વકિલશ્રી દિપેન્દ્રભાઈ યાદવની વાડી (ભરડાવાવથી ગિરનાર દરવાજા રોડ ઉપર) | તમામ પ્રકારના વાહનો |
| ૨ | મજેવડી રોડ જુના દારૂખાનાની ખુલ્લી જગ્યા (માલીક-શ્રી ડોલરભાઈ કોટેચા) | તમામ પ્રકારના વાહનો |
| ૩ | શશીકાંતભાઈ દવેની વાડી (મજેવડી દરવાજાથી ભરડાવાવ રોડ, જિલ્લા જેલની વાડી પર) | તમામ પ્રકારના વાહનો |
| ૪ | પ્રકૃતિધામ કચ્છી ભવનની વાડી સામે રૂપાયતન પાટીયા પાસે | તમામ પ્રકારના વાહનો |
| ૫ | અશોકબાગ આંબાવાડી મજેવડી દરવાજાથી ભરડાવાવ જતા રસ્તે | તમામ પ્રકારના વાહનો |
| ૬ | જમાલવાડી નામે ઓળખાતી જગ્યા, મજેવડી દરવાજા-ભવનાથ રોડ | તમામ પ્રકારના વાહનો |

આ જાહેરનામાનો ભંગ કે ઉલ્લંઘન કરનાર સને-૧૯૫૧ ના ગુજરાત પોલીસ અધિનિયમ આંક-૨૨ ની કલમ-૧૩૧ માં જણાવેલ શિક્ષાને પાત્ર થશે.

આજ તા. ૧૮ માહે ઓકટોમ્બર, સને-૨૦૧૭ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા કરી જાહેર જનતાની જાણ તથા અમલ થવા માટે પ્રસિધ્ધ કર્યુ.

જુનાગઢ, ૧૮ માહે ઓકટોબર, સને ૨૦૧૭.

**પી. વી. અંતાણી,**
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
જુનાગઢ જિલ્લો, જુનાગઢ.

## જાહેરનામુ

નં. ડીએમ-૧/પી.આઈ./પરીક્ષા/ઈ.નં. ૪૩૪૮૯/૧૭.-ભાવનગર જિલ્લામાં આગામી તા. ૧૫-૧૦-૨૦૧૭નાં રોજ બપોરના ૨-૦૦ ક. થી ૫-૦૦ ક. દરમ્યાન ગુજરાત જાહેર સેવા આયોગ, ગાંધીનગર દ્વારા પોલીસ ઈન્સ્પેકટર(બિન હથિયારધારી)(વર્ગ-૨) ની લેખિત પરીક્ષા લેવાનાર છે. આ પરીક્ષા દરમિયાન પરીક્ષા કેન્દ્ર ખાતે પરીક્ષાર્થીઓ નિર્ભયતાથી, શાંતિપૂર્વક તેમજ એખલાસભર્યા વાતાવરણમાં પરીક્ષા આપી શકે, પરીક્ષા કેન્દ્રોની આજુબાજુના વિસ્તારોમાં અસામાજિક ગુંડાતત્વો એકઠા થઈ પરીક્ષાર્થીઓને ખલેલ પહોંચાડે નહિ તેમજ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે માટે જાહેર હિતમાં હું ઉમેશ વ્યાસ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભાવનગર જિલ્લો, ભાવનગર, ભારતના ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪નો ૨જો)ની કલમ-૧૪૪થી મને મળેલ અધિકારની રૂઈએ આગામી તા. ૧૫-૧૦-૨૦૧૭નાં રોજ બપોરના ૨-૦૦ કલાક થી ૫-૦૦ કલાક સુધી આ સાથે સામેલ યાદી મુજબના પરીક્ષા કેન્દ્રો ખાતે નીચે મુજબનાં પ્રતિબંધો ફરમાવું છું.

(૧) પરીક્ષા કેન્દ્રની ૧૦૦ મીટરની ત્રિજ્યામાં આવેલા ઝેરોક્ષ/ફેકસ/સ્કેનરનાં વ્યવસાય સાથે સંકળાયેલા વેપારીઓએ ઝેરોક્ષ, સ્કેનર તેમજ ફેકસ મશીનના ઉપયોગ પર.

(૨) પરીક્ષા કેન્દ્રની ૧૦૦ મીટરની ત્રિજ્યામાં મોટા અવાજે લાઉડ સ્પિકર કે બેન્ડવાજા વિગેરે ધ્વનિવર્ધક સાધનોના ઉપયોગ પર.

(૩) પરીક્ષા કેન્દ્રમાં મોબાઈલ ફોન કે અન્ય ઈલેક્ટ્રોનિક ગેઝેટ લઈ જવા કે તેના ઉપયોગ પર.

(૪) પરીક્ષા કેન્દ્રની ૨૦૦ મીટરની ત્રિજ્યાના વિસ્તારમાં ચાર કે તેથી વધુ માણસો એકઠા થવા પર.

(૫) પરીક્ષા કેન્દ્રોમાં પરીક્ષાર્થીઓ તથા ફરજ પરના સ્ટાફ કે અધિકૃત વ્યક્તિ સિવાય કોઈ અનઅધિકૃત વ્યક્તિએ પરીક્ષા કેન્દ્રમાં પ્રવેશવા પર.

સદરહું જાહેરનામું ઉકત જણાવ્યા મુજબના પરીક્ષા કેન્દ્રો ઉપરાંત જો નવા પરીક્ષા કેન્દ્રો જાહેર થશે તો તેને પણ લાગુ પડશે.

સદરહું જાહેરનામા/હુકમનો ઉલ્લંઘન કરનારને ભારતના ફોજદારી અધિનિયમ (સને ૧૮૬૦ના ૪૫માં અધિનિયમ)ની કલમ-૧૮૮ મુજબ સજા થશે.

“જાહેરનામાના અમલ તથા તેના ભંગ બદલ પગલા લેવા હેડકોન્સ્ટેબલથી નીચેના ન હોય તેવા અધિકારીશ્રીને અધિકૃત કરવામાં આવે છે.

ઉપર નિર્દિષ્ટ કરેલા વિસ્તારોમાં સહેલાઈથી દેખી શકાય તેવી જગ્યાઓએ આ હુકમની નકલો ચોંટાડીને અને સ્થાનિક વર્તમાનપત્રો દ્વારા તેની બહોળી પ્રસિધ્ધી કરાવીને સદરહું હુકમ પ્રસિધ્ધ કરવો.

આજ તારીખ : ૧૩-૧૦-૨૦૧૭ના રોજ મારી સહી કરી હુકમ પ્રસિધ્ધ કર્યો.

ભાવનગર, ૧૩ માહે ઓકટોબર, સને ૨૦૧૭.

---

Online Job Application System (GPSC)

પેટા કેન્દ્રો (શાળા/કોલેજ)ની યાદી અને ફાળવેલ કુલ બ્લોક અને કુલ ઉમેદવારની વિગત દર્શાવતું પત્રક

જાહેરાત નંબર : GPSC/201718/38 ---- Job Title:Police Inspector (Unarmed), Class-2-201718

District Name : BHAVNAGAR

| ક્રમ | પેટા કેન્દ્ર (શાળા/કોલેજનું નામ) | પેટા કેન્દ્રનું સરનામું | ઉપયોગમાં લેવાનાર રૂમમાં ઉમેદવારની સંખ્યા | ઉપયોગમાં લેવાનાર રૂમની સંખ્યા | ફાળવેલ ઉમેદવારના બેઠક નંબર | ફાળવેલ ઉમેદવારની સંખ્યા | ઈન્ચાર્જ વ્યકિતનું નામ અને ફોન નંબર |
|---|---|---|---|---|---|---|---|
| 1 | 19 FATIMA CONVENT HIGH SCHOOL | MERUBAUG, GHOGHA ROAD, BHAVNAGAR | 240 | 10 | 106053143-106053382 | 240 | SR BINI JOSEPH 9429642910 |
| 2 | GOVT. MAJIRAJ GIRLS HIGH SCHOOL, | NR. HALURIA CHOWK, CRESENT ROAD, BHAVNAGAR | 264 | 11 | 106053383-106053646 | 264 | AVNIBA MORI 9924032031 |
| 3 | SHREE SWAMINARAYAN GURUKUL | SAHAJANAND SWAMI MARG GURUKUL CAMPUS, SARDA NAGAR, BHAVANAGAR | 288 | 12 | 106053647-206053934 | 288 | R I HARANIYA 9824260950 |
| 4 | B N VIRANI HIGH SCHOOL | PLOT NO-35, VIRANI CIRCLE, KALIYABID, BHAVNAGAR | 240 | 10 | 106053935-106054174 | 240 | ARVINDKUMAR JETHBHAI BHOOT 9978784365 |
| 5 | B N VIRANI HIGHER SEC-ONDARY SCHOOL | PLOT NO-35, VIRANI CIRCLE, KALIYABID, BHAVNAGAR | 240 | 10 | 106054175-106054414 | 240 | DR. KASHMIRA V SUTARIYA 9327369090 |

| ક્રમ | પેટા કેન્દ્ર (શાળા/કોલેજનું નામ) | પેટા કેન્દ્રનું સરનામું | ઉપયોગમાં લેવાનાર રૂમમાં ઉમેદવારની સંખ્યા | ઉપયોગમાં લેવાનાર રૂમની સંખ્યા | ફાળવેલ ઉમેદવારના બેઠક નંબર | ફાળવેલ ઉમેદવારની સંખ્યા | ઈન્ચાર્જ વ્યકિતનું નામ અને ફોન નંબર |
|---|---|---|---|---|---|---|---|
| 6 | ST MARY S HIGH SCHOOL | SHIVAJI CIRCLE, GHOGHA ROAD, BHAVNAGAR | 240 | 10 | 106054415-106054654 | 240 | FATHER SIJO 9426967903 |
| 7 | ST. MARY'S HIGH SCHOOL ENG MEDIUM | SHIVAJI CIRCLE, GHOGHA ROAD, BHAVNAGAR | 240 | 10 | 106054655-106054894 | 240 | FATHER TITUS 9427250126 |
| 8 | AL MAHDI HIGH SCHOOL CEN A | 541 A B NR. SHISHUVIHAR CIRCLE BHAVNAGAR | 240 | 10 | 106054895-106055134 | 240 | SMT MALVIKABEN N VYAS 7203033911 |
| 9 | AL MAHDI HIGH SCHOOL CEN B | 542 A B NR. SHISHUVIHAR CIRCLE BHAVNAGAR | 240 | 10 | 106055135-106055374 | 240 | DILIPKUMAR V SHETH 9924617989 |
| 10 | 23 SHRI VISHUDHANAND VIDHYAMANDIR | CHITTRANJAN CHOWK, VIDHYANAGAR, OPP. BAHERA MUNGA SCHOOL, BHAVNAGAR | 360 | 15 | 106055375-106055734 | 360 | SHRI LALJIBHAI G DHANDHALA 9428182382 |
| 11 | HOME SCHOOL ENG MEDIUM GHARSHALA INSTITUTE | HARBHAI TRIVEDI MARG NEAR SHIKHAR FLAT VAGHAVADI ROAD, BHAVNAGAR | 240 | 10 | 106055735-106055974 | 240 | VALERIAN FERNANDES 9328727913 |
| 12 | SIR P P INSTITUE OF SCIENCE | GIJUBHAI BADHEKA MARG, VAGHA VADI ROAD, AKSHAR VADI, BHAVNAGAR | 360 | 15 | 106055975-106056334 | 360 | PROF. NITINBHAI MEHTA 9427754701 |
| 13 | 13 SHRI B M COMMERCE HIGH SCHOOL | 1510, GHOGHA CIRCLE, GHOGHA ROAD, BHAVNAGAR | 288 | 12 | 106056335-106056622 | 288 | SHRI PARESHBHAI V TRIVEDI 9427614968 |
| 14 | 09 SHANITLAL SHAH HIGH SCHOOL | HIGH COURT ROAD, HALURIYA CHOCK, BHAVNAGAR | 240 | 10 | 106056623-106056862 | 240 | SHRI D K VYAS 9428637274 |
| 15 | 21 SHRI KUMAR SHALA | DAIRY ROAD, B/H NILAMBAUG PALACE, BHAVNAGAR | 240 | 10 | 106056863-106057102 | 240 | SHRI BALDEVSINH GOHIL 9879605757 |
| 16 | GOVERNMENT ENGINEERING COLLEGE CENTRE-A | NR. SIR B.P.T.I. COLLEGE, VIDHYANAGAR, BHAVNAGAR | 240 | 10 | 106057103-106057342 | 240 | DR. J. M. PATEL 9426837119 |
| 17 | SHREE VIDHYADHISH SEC. & HIGH. SECONDARY SCHOOL | OPP SARDAR PATEL EDU. INSTITUE, KALIYABID, BHAVNAGAR | 360 | 15 | 106057343-106057702 | 360 | BHARGAV SAKARIYA 7300021516 |
| 18 | 10 SANATAN DHARMA VIVIDHLAXI HIGH SCHOOL | VADAVA PADAR, DEVAKI ROAD, VADVA, BHAVNAGAR | 240 | 10 | 106057703-106057942 | 240 | DR. M. M. DAFDA 9426966653 |
| 19 | 22 SHRI ARYAKUL KANYA VIDHYALAY | BHARATNAGAR, OPP. JAIN DERASAR, SHAHER FARTI SADAK, SHRINATHJINAGAR ROAD, BHAVNAGAR | 288 | 12 | 106057943-106058230 | 288 | GUARANGBHAI KANADA 8487969359 |
| 20 | SMT N C GANDHI & 7 B V GANDHI MAHILA ARTS & COMMERCE COLLEGE | MAHILA COLLEGE ROAD, PLOT NO.-883, DIAMOND CHOWK, BHAVNAGAR | 288 | 12 | 106058231-106058518 | 288 | DARSHANABEN RAVAL 9427347639 |
| 21 | 05 ST XAVIERS HIGH SCHOOL | JAIL ROAD, BHAVNAGAR | 240 | 10 | 106058519-106058758 | 240 | FATHER V. S. MATTHEW 9725598017 |
| 22 | SHRI SAHJANAND VIDHYALAY | TARSAMIYA ROAD, KHARSI, BHAVNAGAR | 240 | 10 | 106058759-106058998 | 240 | NARENDRASINH G. GOHIL 9426438446 |
| 23 | 15 SHRI R K GHARSHALA VINAY MANDIR CEN A | VAGHAVADI ROAD, PARIMAL CHAWK, BHAVNAGAR | 360 | 15 | 106058999-106059358 | 360 | PRADIPKUMAR V TRIVEDI 8460070014 |
| 24 | 07 SHRI VIDHYAVIHAR MADHYAMIK SCHOOL | DESAINAGAR, OPP. PETROL PUMP, BHAVNAGAR | 240 | 10 | 106059359-106059598 | 240 | SHRI CHHAGANBHAI SHARDULBHAI JAMBUCHA 9898201194 |
| 25 | CHRIST HIGH SCHOOL | SIDSAR CHITRA ROAD, BHAVNAGAR | 240 | 10 | 106059599-106059838 | 240 | FATHER REJIMO 9426255800 |
| 26 | 18 SHRI DAULAT ANANT VALIYA HIGH SCHOOL | SHASTRINAGAR, BHAVNAGAR | 240 | 10 | 106059839-106060078 | 240 | JAYDIPSINH GOHIL 9601618145 |
| 27 | SHRI DAXINAMURTI VINAY MANDIR | GIJUBHAI MARG, PARIMAL CHOWK, BHAVNAGAR | 288 | 12 | 106060079-106060366 | 288 | BHARATBHAI V. PATEL 9998994130 |
| 28 | SHRI GIJUBHAI VINAY MANDIR | SATYA NARAYAN MARG, NEAR KALAXETRA PARIMAL CHOWK, BHAVNAGAR | 240 | 10 | 106060367-106060606 | 240 | BHAVNABEN I. BHATT 9426171413 |

| ક્રમ | પેટા કેન્દ્ર (શાળા/કોલેજનું નામ) | પેટા કેન્દ્રનું સરનામું | ઉપયોગમાં લેવાનાર રૂમમાં ઉમેદવારની સંખ્યા | ઉપયોગમાં લેવાનાર રૂમની સંખ્યા | ફાળવેલ ઉમેદવારના બેઠક નંબર | ફાળવેલ ઉમેદવારની સંખ્યા | ઈન્ચાર્જ વ્યક્તિનું નામ અને ફોન નંબર |
|---|---|---|---|---|---|---|---|
| 29 | THE K. P. E. S. COLLEGE | KAIRALI VIDHYABHAVAN-3, OPP. AYODHYANAGARI, NEAR P E S HIGH SCHOOL, KALIYABID, BHAVNAGAR | 240 | 10 | 106060607-106060846 | 240 | DR BHAVESHBAHI JANI 9428221618 |
| 30 | NAVODAYA PUBLIC SCHOOL | SIDSAR ROAD, SITARAM PARK, P-108, NEAR LILA CIRCLE, BHAVNAGAR | 240 | 10 | 106060847-106061086 | 240 | KALPESHBHAI R ACHARYA 0 |
| 31 | GNAN MANJARI INSTITUTE OF TECHNOLOGY | NEAR ISCON ELEVEN, SIDSAR ROAD, BHAVNAGAR | 360 | 15 | 106061087-106061446 | 360 | JIMIT K. SHUKLA 9601601003 |
| 32 | SHRI SANDIPANI VIDHYALAYA | 123/B, SARITA SOCIETY, SHERI-8, BHAVNAGAR | 240 | 10 | 106061447-106061686 | 240 | VIPULBHAI CHAUHAN 9898190634 |
| 33 | SAHAJANAND VIDHYALAYA | SHIV NAGAR, TALAJA ROAD, BHAVNAGAR | 240 | 10 | 106061687-106061926 | 240 | AVANIBEN MEHTA 9727707174 |
| 34 | SHRI GYANMANJARI VIDHYAPITH | NEAR SARDAR PATEL EDUCATIONAL INSTITUTE KALI-YABID BHAVNAGAR | 360 | 15 | 106061927-106062286 | 360 | RAJESHBHAI V ASODARA 8980028051 |
| 35 | VALIA ARTS & COMMERCE COLLEGE | VALIA COLLEGE CAMPUS, OPP. BHAVSINHJI POLYTECHNIC VIDHYANAGAR, BHAVNAGAR | 360 | 15 | 106062287-106062646 | 360 | DR. S P SHARMA 9848397908 |
| 36 | SHRI V P KAPADIYA MAHILA COLLEGE | HIGH COURT ROAD, BHAVNAGAR | 192 | 8 | 106062647-106062838 | 192 | CHANDRIKA-BEN SOLANKI 9427780948 |
| 37 | SHRI T B JAIN GIRLS HIGH SCHOOL | SHRI TRIBHOVANDAS BHANJI JAIN GIRLS HIGH SCHOOL, GHOGHA GATE, BHAVNAGAR | 240 | 10 | 106062839-106063078 | 240 | NAYANA-BEN TRIVEDI 9426315840 |
| 38 | 17 SHRI M K JAMOD HIGH SCHOOL | NR. MAJIRAJ WADI ROAD, PANWADI, VADVA, BHAVNAGAR | 360 | 15 | 106063079-106063438 | 360 | JAYESHBHAI M JAMOD 9428785002 |
| 39 | 12 SHRI NANDKUVARBA KSHTRIYA KANYA VIDHYALAY | NILAMBAUG CHOWK, BHAVNAGAR | 240 | 10 | 106063439-106063678 | 240 | RAJESHWARIBA K. GOHIL 9979089951 |
| 40 | SIR BHAVSINHJI POLYTECHINIC COLLGE | B.P.T.I. VIDHYANAGAR, BHAVNAGAR | 360 | 15 | 106063679-106064038 | 360 | S B JANI 9428408300 |
| 41 | 06 SHRI SWAMINARAYAN VIDHYALAY | G.I.D.C. CHITRA, BHAVNAGAR | 240 | 10 | 106064039-106064278 | 240 | SHRI BATUK-BHAI O PATEL 9428118893 |
| 42 | SHRI SWAMINARAYAN MADHYAMIK SHALA | NIRBHAY SOCIETY, CHITRA, BHAVNAGAR | 240 | 10 | 106064279-106064518 | 240 | LALJIBHAI C. GORADIYA 9924181244 |
| 43 | SHRI TAPOVAN MADHYAMIK SHALA | SAHYOG SOCIETY, SIDSAR ROAD, CHITRA, BHAVNAGAR | 240 | 10 | 106064519-106064758 | 240 | REKHABEN JITESHBHAI JOSHI 990909399 |
| 44 | SHRI S K VIDHYAMANDIR | OPP. MASTRAM BAPA MANDIR NEAR PANI NI VAV GIDC CHITRA, BHAVNAGAR | 240 | 10 | 106064759-106064998 | 240 | RAVIBHAI RATHOD 9586689439 |
| 45 | K P E S HIGH SCHOOL | BEHIND VIRANI SCHOOL, KALIYABID, BHAVNAGAR | 240 | 10 | 106064999-106065238 | 240 | YOGESHBHAI DEVLUK 9427749156 |
| 46 | GYANGURU SECONDARY & HIGHER SECONDARY SCHOOL | CM-170, 171, SAAGVADI, KALIYABID, BHAVNAGAR | 240 | 10 | 103035239-106065478 | 240 | SHIVRAJSINH V. RATHOD 8000361142 |
| 47 | AMARJYOTI SARASWATI VIDHYALAYA (SILVER BELLS) | SHANTINAGAR, KALIYABID, BHAVNAGAR | 240 | 10 | 106065479-106065718 | 240 | BHUMIBA GOHIL 9374747473 |
| 48 | SARTHI VIDHYA SANKUL | NR. BHAGWATI CIRCLE, B/H SILVER BELLS SCHOOL, KALIYABID, BHAVNAGAR | 106 | 5 | 106065719-106065824 | 106 | KETANBHAI TRIVEDI 9427249603 |
| | **Sub Total** | | **12682** | **529** | | **12682** | |

ભાવનગર, ૧૩ માહે ઓક્ટોબર, સને ૨૦૧૭.

---

# જાહેરનામું

નં. ડી.એમ.-૧/જા.ના./ઈ. નં. ૪૩૬૫૭/૨૦૧૭.-ભાવનગર શહેર તથા જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તેમજ જાહેર સુરક્ષા અને સલામતી માટે ગુન્હાઓ બનતા અટકાવવા અને જો બનાવ બને તો તે બનાવને અંજામ આપનાર ઈસમ સુધી પહોંચવા માટે અને તેની ઓળખ મેળવવા માટે ભાવનગર શહેર તથા જિલ્લાના સમગ્ર વિસ્તાર માટે ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪નો બીજો અધિનિયમ) ના કાયદાની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ અધિકારની રૂઈએ હું, ઉમેશ વ્યાસ (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ભાવનગર નીચે મુજબનો હુકમ કરૂં છું.

(૧) મોબાઈલ-સીમકાર્ડ (નવા/જુના)નું વેચાણ કરવા બાબત :

ગુજરાત રાજ્ય સહિત સમગ્ર દેશમાં બનતા ગુનાઓમાં મોબાઈલ ફોનના ઉપયોગ તથા મોબાઈલ ચોરીના ગુનાઓનું પ્રમાણ વધવા પામેલ છે. આવા ગુન્હાઓ શોધી કાઢવા માટે ગુનામાં વપરાયેલ અથવા ખોવાઈ ગયેલ મોબાઈલ ફોનના IMEI નંબરનું ટ્રેકીંગ કરીને ગુનાના મુળ સુધી પહોંચવાના પ્રયત્નો કરવામાં આવે છે. ઘણી વખતે મોબાઈલ ફોનના વપરાશકર્તા સુધી પહોંચવામાં આવે ત્યારે જાણવા મળે છે કે તેમણે કોઈ અજાણ્યા માણસ પાસેથી મોબાઈલ ખરીદેલ છે, જે મોબાઈલ વેચનાર/ખરીદનારને ચોરાયેલ અથવા ગુનામાં વપરાયેલ હોવાની માહિતી હોતી નથી, તેથી તપાસમાં કોઈ ફળદાયક હકિકત મળતી નથી. જેથી મોબાઈલ હેન્ડસેટ ખરીદનાર/વેચનાર વ્યકિતની જવાબદારી નક્કી કરવા અને પ્રસ્તુત બાબતે આવા ગુનાઓના મુળ સુધી પહોચી, સાચા આરોપીને શોધી કાઢવા માટે જુના/નવા મોબાઈલ/સીમકાર્ડ કોની પાસેથી ખરીદેલ છે કે કોને વેચાણ આપેલ છે તે હાલના સંજોગોને ધ્યાને લઈ જાણવુ ખુબ જ જરુરી જણાય છે. આથી જુના/નવા મોબાઈલ/સીમકાર્ડની લે-વેચ કરતા વેપારીઓએ નીચે મુજબનાં નમુનામાં રજીસ્ટર નિભાવવાનું થાય છે.

| ક્રમ | મોબાઈલ/સીમકાર્ડની વિગત/કંપનીનું નામ | I.M.E.I. Number | મોબાઈલ/ સીમકાર્ડ ખરીદનાર/વેચનારનું નામ તથા સરનામા, ટેલીફોન નંબરની વિગતો | મોબાઈલ/ સીમકાર્ડ, ખરીદનાર/વેચનારના આઈડેન્ટીટી તથા રેસીડેન્ટ પ્રુફ |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |

(૧) મોબાઈલ-સીમકાર્ડ લે-વેચ અંગેના રજિસ્ટર/રેકર્ડ સાચવવાની મુદત ૧ વર્ષની રહેશે.

(૨) કોમ્પ્યુટરાઈઝ રજિસ્ટર નિભાવી શકાશે પરતું તેનું નિયમિત બેકઅપ લેવાનું રહેશે.

(૩) મોબાઈલ-સીમકાર્ડની લે-વેચ થયેલ હોય તે અંગેના દસ્તાવેજી પુરાવા તથા આઈ.ડી. પ્રુફ લે-વેચ સમયે જ મેળવવાના રહેશે અને તેની અલાયદી ફાઈલ રાખવી જે ચેકીંગ સમયે બતાવવાની રહેશે અને મોબાઈલ-સીમકાર્ડ લે-વેચ કર્યાની તારીખથી દિન-૧૫માં રજિસ્ટરમાં સંપૂર્ણ નોંધ કરી અદ્યતન રાખવાનું રહેશે.

(૪) શોપીંગ મોલમાં મોબાઈલ લે-વેચ કરતા વેપારીઓએ જાહેરનામાંનો અમલ કરવાનો રહેશે.

(૨) સાયકલ/મોપેડ/વિદ્યુતથી ચાલતા વાહનો તથા જુના વાહનો (તમામ પ્રકારના ફોર વ્હીલર, થ્રી વ્હીલર, ટુ વ્હીલર)ના વેચાણ કરવા બાબત :

ગુજરાત રાજ્ય સહિત સમગ્ર દેશમાં છેલ્લા કેટલાક સમયથી આતંકવાદી ભાંગફોડીયા તત્વો દેશના અલગ અલગ રાજ્યોમાં આતંક ફેલાવાના હેતુથી રજિસ્ટર્ડ ન થતા હોય તેવા સાયકલ/મોપેડ/વિદ્યુતથી ચાલતા વાહનો તથા જુના વાહનો (તમામ પ્રકારના ફોર વ્હીલર, થ્રી વ્હીલર, ટુ વ્હીલર)ના ઉપયોગ કરતા હોવાનું જણાય છે. આતંકી કૃત્યમાં આવા વાહનોનો ઉપયોગ થયા બાદ આવા વાહનોની કોઈ સ્પષ્ટ નોંધણી ન હોવાના કારણે તેના મૂળ માલીક સુધી પહોંચવાનું તપાસ એજન્સી/પોલીસ માટે ખૂબજ મુશ્કેલ બનતું હોય છે. મહદઅંશે આવા વાહનોના વેચાણ વખતે આવા જૂના વાહનોની લે-વેચ કરતી વખતે તેમજ આવા વાહનો ભાડે આપતી વખતે વેપારીઓ ખરીદનાર/ગ્રાહક પાસેથી ઓળખના પુરતા પુરાવા મેળવ્યા વગર વાહનોનું વેચાણ કરતા હોય છે, લે-વેચ કરતા હોય છે કે ભાડે આપતા હોય છે. બહારના રાજ્યોમાંથી અગર દેશ બહારથી આવતા આવા તત્વો રજિસ્ટર્ડ ન થતા હોય તેવા સાયકલ/મોપેડ/વિદ્યુતથી ચાલતા વાહનો તથા જુના વાહનો (તમામ પ્રકારના ફોર વ્હીલર, થ્રી વ્હીલર, ટુવ્હીલર) ખરીદી/ભાડેથી મેળવી સ્થાનિક પરિસ્થિતિથી માહિતગાર થઈને તેઓની ત્રાસવાદી પ્રવૃત્તિઓને અંજામ આપતા હોય છે. જેથી રજિસ્ટર્ડ ન થતા હોય તેવા સાયકલ/મોપેડ/વિદ્યુતથી ચાલતા વાહનો તથા જુના વાહનો (તમામ પ્રકારના ફોર વ્હીલર, થ્રી વ્હીલર, ટુ વ્હીલર)નું વેચાણ કરનાર, આવા વાહનોની લે-વેચ કરનાર તથા આવા વાહનો ભાડે આપનાર વેપારીઓ ઉપર નિયંત્રણો મૂકવા જરુરી જણાય છે. આથી સાયકલ/મોપેડ/વિદ્યુતથી ચાલતા વાહનો તથા જુના વાહનો (તમામ પ્રકારના ફોર વ્હીલર, થ્રી વ્હીલર, ટુ વ્હીલર) લે-વેચ કરતા વેપારીઓએ નીચે મુજબનાં નમુનામાં રજીસ્ટર નિભાવવાનું રહેશે.

| ક્રમ | વાહન કોને વેચેલ છે?/કોની પાસેથી ખરીદેલ છે?/ કોને ભાડે આપેલ છે? તેનું પુરૂ નામ અને સરનામું, ટેલીફોન નંબર, ઉંમર | વાહનનો પ્રકાર | વાહનનો એન્જીન નંબર/ચેસિસ નંબર | રજૂ કરેલ આધાર-પુરાવાઓ જેવા કે રેશનકાર્ડ/ ચૂંટણીકાર્ડ/ડ્રાઈવિંગ લાયસન્સ/બેન્કની પાસબૂક/પાનકાર્ડ/આકારણી પત્રક/પાસપોર્ટની નકલ/ઈલેક્ટ્રીક બીલ/ ટેલીફોન બીલ/મોબાઈલ બીલ વિગેરેની પ્રમાણિત નકલો | વાહનના વેચાણ બીલ નંબર અને તારીખની વિગત |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |

(૩) મકાન તથા ઔદ્યોગિક એકમો ભાડે આપવા બાબત :

રાજ્યમાં ત્રાસવાદી/અસામાજીક તત્વો શહેરોમાં તેમજ ગીચ વસ્તીવાળા વિસ્તારોમાં ગુપ્ત આશરો મેળવી જાહેર સલામતી અને શાંતીનો ભંગ કરી તેમજ આતંકવાદી પ્રવૃતિ કરતા હોવાથી માનવ જીંદગીની ખુવારી થાય અને જાહેર તેમજ લોકોની સંપતિને નુકશાન પહોંચે છે, જેમાં બહારના રાજ્યોમાંથી કે દેશ બહારથી આવતા આવા તત્વો કોઈના મકાન ભાડે રાખીને રહેતા હોય છે અને સ્થાનિક વિસ્તારનો સર્વે કરી સ્થાનિક પરિસ્થિતીથી માહિતગાર થઈને તેઓની ત્રાસવાદી પ્રવૃતિઓને અંજામ આપતા હોય છે. જેથી રાજ્ય અને દેશની સલામતી સાચવવા સહકાર મેળવવા માટે મકાન/ઔદ્યોગિક એકમોના માલીકો દ્વારા રાજ્ય/દેશ બહારની વ્યકિતઓને ભાડે અપાતા મકાનો/એકમો બાબતે નજીકના પોલીસ સ્ટેશને મકાન/એકમ ભાડે લેનારના નામો અંગે જાણ કરવામાં આવે તો આવી પ્રવૃતિ કરનારની યોગ્ય ચકાસણી થઈ શકે. જે વિગતે મકાન/ઔદ્યોગિક એકમના માલીકો ઉપર થોડાંક નિયંત્રણો મુકવા સારુ ભાવનગર જિલ્લામાં મકાન, ઔદ્યોગિક એકમો ભાડે આપતા પહેલા પોલીસતંત્રને નીચે મુજબનાં નમુનામાં જાણ કરવાની રહેશે.

| નં. | મકાન માલીકનું નામ તથા ભાડે આપવાનું મકાન/એકમ કયા શહેર અને તેના વિસ્તાર/ગામમાં આવેલ છે ? તેનું બાંધકામ કેટલા ચો. મી. છે ? | મકાન/એકમ ભાડે આપવા ખાસ સતા ધરાવતા વ્યકિતનું નામ | મકાન/એકમ કયારથી ભાડે આપવાનું છે તથા માસીક કેટલા ભાડાથી આપવા ધારેલ છે? | જે વ્યકિતને મકાન/એકમ ભાડે આપવાનું હોય તેનાં પાકા નામ/સરનામા તથા તેના સંપર્ક નંબરો સહિતની વિગતો | મકાન માલીકને ભાડુઆતનો સંપર્ક કરાવનાર વ્યક્તિનું નામ/સરનામું |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |

(૪) હોટલ/ગેસ્ટહાઉસ/મુસાફરખાના ભાડે આપવા તથા તેમા સી.સી.ટી.વી. કેમેરા ગોઠવવા બાબત :

ગુજરાત રાજ્ય સહિત સમગ્ર દેશમાં આતંકવાદ/ત્રાસવાદી તત્વો બહારના રાજ્યો કે દેશ બહારથી આવતા હોય છે, અને હોટલ/ગેસ્ટહાઉસ/મુસાફરખાના ભાડે રાખી રહેતા હોય છે. તેમજ વિસ્તારનો સર્વે કરી સ્થાનિક પરિસ્થિતિથી માહિતગાર થઈને ત્રાસવાદી પ્રવૃતિઓને અંજામ આપતા હોય છે. ભાવનગર જિલ્લો વિશાળ દરીયાકિનારો ધરાવે છે. આ જિલ્લામાં પ્રવાસ-પર્યટનના તથા ધાર્મિક સ્થળો આવેલા છે, જ્યાં વિશાળ પ્રમાણમાં દેશ-વિદેશના પ્રવાસીઓ, યાત્રાળુઓ આવતા હોય છે. તેમજ આ જિલ્લામાં આવેલ ઔદ્યોગિક એકમોમાં પર પ્રાંતીય માણસો કામ-ધંધા અર્થે આવે છે. આવા સંજોગોમાં ત્રાસવાદી પ્રવૃતિ સાથે સંકળાયેલ કોઈ વ્યક્તિ હોટલ/ગેસ્ટહાઉસ/મુસાફરખાનામાં આશરો લઈ સ્થાનિક માણસો સાથે ભળી જઈ બદઈરાદો પાર ન પાડે તે માટે તે માટે જાહેર જનતાની સલામતી તથા સુરક્ષા માટે તકેદારીના પગલા લેવા આવશ્યક છે. આથી હોટલ/ગેસ્ટહાઉસ/મુસાફરખાના, રાહતદરે ચાલતી કે સખાવતથી ચાલતી, તમામ સહકારી, ધાર્મીક કે ટ્રસ્ટના અને ખાનગી વ્યવસાયો/સંસ્થાઓના માલીકોએ નીચે મુજબના નમુનામાં રજિસ્ટર નિભાવવા, દર માસે સબંધિત પોલીસ સ્ટેશનને જાણ કરવા તથા તેમાં સી.સી.ટી.વી. કેમેરા, ઈન્ટરનેટ કનેકટીવીટી તથા આઈ.પી. કેમેરા નાઈટ વિઝન સાથેના નીચેની વિગતે ગોઠવવાના રહેશે.

| નં. | ગેસ્ટનું નામ સરનામું | સંપર્ક નંબર | આવ્યા તારીખ, સમય | ક્યાંથી આવ્યા છે? | ક્યાં જવાના છે? | આવવાનું કારણ | આઈ.ડી.પ્રુફની વિગત (રહેનાર સભ્યો એક જ કુટુંબના હોય ત્યારે કુટુંબની મુખ્ય વ્યક્તિનું આઈ.ડી. પ્રુફ મેળવવાનું રહેશે, જ્યારે કુટુંબ સિવાયના અન્ય તમામ મુસાફરોનું આઈ.ડી. પ્રુફ મેળવવાનું રહેશે.) | ગયા તારીખ, સમય | ગેસ્ટનું નામ તથા સહી | રીમાર્કસ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ |

(૧) સી. સી. ટી.વી. કેમેરા, ઈન્ટરનેટ કનેકટીવીટી તથા આઈ. પી. કેમેરા નાઈટ વિઝન સુવિધા સાથેના હોવા જોઈએ.

(૨) હોટલ, ગેસ્ટહાઉસ, મુસાફરખાનામાં પ્રવેશદ્વાર ઉપર ગ્રાહકનું મોઢું જોઈ શકાય તે રીતે મુખ્ય પ્રવેશદ્વાર ઉપર આઈ.પી. કેમેરા નાઈટ વિઝન સાથેના લગાડેલ હોવા જોઈએ.

(૩) વાહનનો નંબર જોઈ શકાય તે રીતે વાહન પાર્કિંગમાં આઈ.પી. કેમેરા નાઈટ વિઝન સાથેના લગાડેલ હોવા જોઈએ.

(૪) રીસેપ્શન ઉપર ગ્રાહકનું મોઢું જોઈ શકાય તે રીતે આઈ.પી. કેમેરા નાઈટ વિઝન સાથેના લગાડેલ હોવા જોઈએ.

(૫) ઓછામાં ઓછુ દિન-૧૫નું રેકોર્ડીંગ સ્ટોર રહેવું જોઈએ.

(૫) પાકા બાંધકામવાળા રેસ્ટોરન્ટો-ભોજનાલયો, ટ્રાવેલ્સ એજન્સીની બસો, શાળા કોલેજ તેમજ અન્ય શૈક્ષણિક સંકુલોની બસો, જુદી-જુદી તમામ બેંકો, બેંકના એ.ટી.એમ. મશીન સેન્ટરો, સોના-ચાંદીની દુકાનો, પેટ્રોલ પંપ તથા પાંચ કે તેથી વધુ દુકાન હોય તેવા કોમર્શીયલ કોમ્પલેક્ષોમાં ઇન્ટરનેટ કનેકટીવીટી તથા આઇપી નાઇટવીઝન સાથેના સી.સી.ટી.વી. કેમેરા લગાવવા બાબતઃ

ભાવનગર શહેર તથા જિલ્લામાં ખૂબ મોટા પ્રમાણમાં રેસ્ટોરન્ટો, ટ્રાવેલ્સ એજન્સીઓ, શાળા, કોલેજ તેમજ અન્ય શૈક્ષણિક સંકુલો, જુદી-જુદી બેંકો, એ.ટી.એમ. મશીન, સોના-ચાંદીની દુકાનો, પેટ્રોલ પંપ તથા કોમર્શીયલ કોમ્પલેક્ષ આવેલા છે. આ તમામ સ્થળોએ મોટી સંખ્યામાં માણસો/વાહનોની અવર-જવર રહેતી હોય છે જેને લીધે અપહરણ, છેડતીના બનાવો, લૂંટ, નશીલા પદાર્થોની હેરાફેરી વિગેરે જુદા-જુદા પ્રકારના ગુન્હાઓ બનવાની શકયતાને નકારી શકાય તેમ નથી તથા હાલના ઝડપી વાહનવ્યવહારના સમયમાં દુરના ઈસમો એ.ટી.એમ. મશીનો, સોના-ચાંદીની દુકાન તથા પેટ્રોલ પંપની રેકી કરી પ્લાન બનાવી લુંટના ગુન્હાઓ આચરે છે અને આવા ગુન્હાઓ ભવિષ્યમાં બનતા રહે અને તેના પ્રમાણમાં વધારો થતો રહે તે હકિકત નકારી શકાય નહી તથા ભાવનગર જિલ્લામાં ચોરી તથા ચેઈન સ્નેચીંગના બનાવો બનવા પામે છે અને આ બનાવોમાં ગયેલ સોના-ચાંદીના ઘરેણા ચોર ઈસમો મોટાભાગે સોના-ચાંદીની દુકાને વેચવા જતા હોય છે અને સોના-ચાંદીના વેપારીઓ ઓછી કિંમતે ચોરીના ઘરેણા પૈસાની લાલચે ખરીદી કરે છે અને લીધેલ ઘરેણાને ઓગાળીને લગડી બનાવી નાખે છે. જેથી ચોરીમાં ગયેલ ઘરેણાની ઓળખ શકય બનતી નથી અને ઘણા કિસ્સાઓમાં ચોર ઈસમ જે સોના-ચાંદીની દુકાને ઘરેણા વેચેલ હોય તે દુકાન બતાવતા હોય છે પરંતુ સોની(વેપારી) ઘણા કિસ્સામાં તે હકિકત સ્વિકારતા નથી અને તે સમયે કોઈ ચોક્કસ પુરાવા નહી હોવાના કારણે તપાસમાં મુશ્કેલીઓ ઉભી થવા પામે છે. તેથી ભાવનગર શહેર અને જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે, તેમજ ઉક્ત ગુન્હાઓ બનતા અટકાવવા અને જો બનાવ બને તો તે બનાવને અંજામ આપનાર ઈસમ સુધી પહોંચવા માટે અને તેની ઓળખ મેળવવા માટે ભાવનગર શહેર તથા જિલ્લામાં આવેલ પાકા બાંધકામવાળા રેસ્ટોરન્ટો-ભોજનાલયો, ટ્રાવેલ્સ એજન્સીની બસો, શાળા, કોલેજ તેમજ અન્ય શૈક્ષણિક સંકુલોની બસો, જુદી-જુદી તમામ બેંકો, બેંકના એ.ટી.એમ. મશીન સેન્ટરો, સોના-ચાંદીની દુકાનો, પેટ્રોલ પંપ તથા પાંચ કે તેથી વધુ દુકાન હોય તેવા કોમર્શીયલ કોમ્પલેક્ષોમાં ઈન્ટરનેટ કનેકટીવીટી તથા આઈપી નાઈટવીઝન સાથેના સી.સી.ટી.વી કેમેરા હોવા જરૂરી જણાતા હોય, સમગ્ર ભાવનગર જિલ્લામાં આવેલ તમામ પાકા બાંધકામવાળા રેસ્ટોરન્ટો-ભોજનાલયો, ટ્રાવેલ્સ એજન્સીની બસો, શાળા કોલેજ તેમજ અન્ય શૈક્ષણિક સંકુલોની બસો, જુદી-જુદી તમામ બેંકો, બેંકના એ.ટી.એમ. મશીન સેન્ટરો, સોના-ચાંદીની દુકાનો, પેટ્રોલ પંપો તથા પાંચ કે તેથી વધુ દુકાન હોય તેવા કોમર્શીયલ કોમ્પલેક્ષોમાં ઈન્ટરનેટ કનેકટીવીટી તથા આઈપી નાઈટવીઝન સાથેના સી.સી.ટી.વી. કેમેરાઓ લગાવવાના રહેશે.

- સદરહું જાહેરનામું તા. ૧૮-૧૦-૨૦૧૭ થી ૧૬-૧૨-૨૦૧૭ સુધી (બંને દિવસો સુધ્ધા) દિન-૬૦ માટે અમલમાં રહેશે.
- આ જાહેરનામાનો ભંગ કરનાર વ્યકિત ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.
- ''જાહેરનામાના અમલ તથા તેના ભંગ બદલ પગલા લેવા હેડકોન્સ્ટેબલથી નીચેના ન હોય તેવા પોલીસ અધિકારીશ્રીને અધિકૃત કરવામાં આવે છે.''
- આ અંગેનું રેકર્ડ/માહિતી પોલીસ અધીક્ષકશ્રી, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, સબ ડીવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી, એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટશ્રી કે તેમના તાબાના અધિકારીશ્રી દ્વારા સુચના મળ્યે રજુ કરવાની રહેશે.

આ જાહેરનામું જાહેર વિસ્તારોમાં સહેલાઈથી દેખી શકાય તેવી રીતે તેની નકલ ચોંટાડીને તેમજ સ્થાનિક વર્તમાનપત્રોમાં બહોળી પ્રસિધ્ધી આપીને પ્રસિધ્ધ કરવાનું આથી હું ફરમાવું છું.

આજ, તા. ૧૬-૧૦-૨૦૧૭ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી જાહેરનામું બહાર પાડેલ છે.

ભાવનગર, ૧૬ માહે ઓકટોબર, સને ૨૦૧૭.

---

## જાહેરનામું

નં. ડી.એમ.-૧/દિવાળી/ઈ. નં. ૪૩૪૫૪/૨૦૧૭.-આગામી તા. ૧૯-૧૦-૨૦૧૭ ના રોજ દિવાળીનો તહેવાર આવનાર હોઈ, ભાવનગર શહેરમાં મુખ્ય બજારો ખાતે તહેવારોને કારણે લોકોનો ખુબ જ ઘસારો થવાની સંભાવના છે. જેથી નીચે જણાવેલ વિસ્તારમાં ટ્રાફીકનું નિયમન કરવાની જરૂરીયાત જણાય છે. આથી ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧)(બી) તળે મને મળેલ અધિકારની રૂઈએ હું, ઉમેશ વ્યાસ, (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભાવનગર જિલ્લો, ભાવનગર ફરમાવું છું કે, તા. ૧૬-૧૦-૨૦૧૭ થી તા. ૧૯-૧૦-૨૦૧૭ સુધી (બન્ને દિવસો સુધ્ધા) દરરોજ દિવસના ૧૬-૦૦ કલાકથી રાત્રીના ૦૨-૦૦ કલાક (બીજા દિવસના) સુધી નીચે જણાવેલ રસ્તાઓમાં સાયકલ સહિત કોઈપણ જાતના ભારે અથવા હળવા વાહનોને લાવવા કે લઈ જવા નહી તથા થોભાવવા કે મુકવા નહી તેમજ સાયકલો દોરીને પણ લઈ જવી નહી.

**રસ્તાનું નામ :**

(૧) મોતીબાગથી ઘોઘાગેટ, ઘોઘાગેટથી ખારગેટ સુધીનો રસ્તો (બંને તરફ).

(૨) શેલારશા ચોકથી હેરીશ રોડ (બંને તરફ).

(૩) બાર્ટન લાઈબ્રેરીથી વોરાબજારમાં જવાનો રસ્તો (બંને તરફ).

(૪) ગોળબજારથી જમાદાર શેરી સુધીનો રસ્તો (બંને તરફ).

(૫) હેવમોર ચોકથી ગંગાજળીયા તળાવ/ઘોઘા ગેઈટ પોલીસ ચોકી સુધીનો રસ્તો (બંને તરફ).

(૬) હાઈકોર્ટ રોડ જે. કે. રેસ્ટોરન્ટથી ઘોઘા ગેટ સુધીનો રસ્તો (બંને તરફ).

(૭) પીરછલ્લા રોડ ગૃહલક્ષ્મી વસ્તુભંડારથી ટી. બી. જૈન ગર્લ્સ હાઈસ્કુલ સુધી (બંને તરફ).

આ જાહેરનામું ફાયરબ્રીગેડના વાહનો, મહેસુલ, પોલીસ ખાતાના (ફરજ ઉપરના વાહનો), એમ્બ્યુલન્સ, ગુજરાત ઈલેક્ટ્રીસીટી બોર્ડના ફરજ ઉપરના વાહનો, પોસ્ટલ વાહનો, કોર્પોરેશનનાં ઈમરજન્સી વાહન, સરકારી વાહનો, પ્રિન્ટ તથા ઈલેક્ટ્રોનિક મિડીયાના વાહનો તથા ડેરીના વાહનોને લાગુ પડશે નહી.

આ જાહેરનામાનો ભંગ કરનારને મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧ મુજબ શિક્ષા થશે.

''જાહેરનામાનો અમલ અને તેના ભંગ બદલના પગલા લેવા માટે ફરજ પરના પોલીસ સબ ઈન્સપેકટરથી નીચેના ન હોય તેવા અધિકારીશ્રીને અધિકૃત કરવામાં આવે છે.''

ઉપર જણાવેલ સ્થળે આ જાહેરનામાની નકલો ચોંટાડીને તથા વર્તમાનપત્રો મારફત આ જાહેરનામાની બહોળી પ્રસિધ્ધિ કરાવવી.



INDEX

આજ તારીખ ૧૩-૧૦-૨૦૧૭ના મારી સહી તથા કચેરીના સીક્કા કરી જાહેર જનતાની જાણ માટે જાહેરનામું બહાર પાડવામાં આવે છે.

ભાવનગર, ૧૩ માહે ઓકટોબર, સને ૨૦૧૭.

---

## જાહેરનામું

નં. ડી.એમ.-૧/હ.જા./ઈ.નં. ૪૩૪૩૬/૨૦૧૭.-આગામી ઓકટોબર-૨૦૧૭ નવેમ્બર-૨૦૧૭ નાં માસ દરમ્યાન તા. ૧૮-૧૦-૨૦૧૭નાં કાળીચૌદશ, તા. ૧૯-૧૦-૨૦૧૭નાં રોજ દિવાળી, તા. ૨૦-૧૦-૨૦૧૭નાં રોજ બેસતુ વર્ષ, તા. ૨૧-૧૦-૨૦૧૭નાં રોજ ભાઈબીજ, તા. ૩૧-૧૦-૨૦૧૭નાં રોજ સરદાર પટેલ જયંતિ, તા. ૦૪-૧૧-૨૦૧૭નાં રોજ ગુરૂનાનક જયંતિ તથા તા. ૧૪-૧૧-૨૦૧૭નાં રોજ નહેરૂ જયંતિ વિગેરે તહેવારો/ઉત્સવો ઉજવનારા હોય, આ દિવસોમાં કાયદો અને વ્યવસ્થા જાળવવા તથા આ તહેવારો દરમ્યાન સુલેહ-શાંતી જળવાઈ રહે તેમજ રાજ્યની વર્તમાન પરિસ્થિતિને અનુલક્ષીને અગમચેતીના પગલા લેવા અનિવાર્ય જણાતાં સમગ્ર ભાવનગર જિલ્લામાં લોકો જાહેરમાં તિક્ષ્ણ હથિયારો જેવા કે છરી, કુંહાડી, ધારીયા, તલવાર, ગુપ્તી, કુંડેલીવાળી લાકડીઓ, લોખંડના પાઈપ, ભાલા વિગેરે જેવા પ્રાણઘાતક હથિયારો લઈને હરે ફરે નહી, તે માટે પ્રતિબંધ ફરમાવતું જાહેરનામું જાહેર શાંતી અને સલામતી જાળવવા સારૂ બહાર પાડવું જરૂરી જણાય છે.

સબબ, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૧) અન્વયે મને મળેલ અધિકારની રૂઈએ હું, ઉમેશ વ્યાસ, (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભાવનગર જિલ્લો, ભાવનગર, આથી જાહેર શાંતિ અને સલામતી જાળવવા સારૂં ફરમાવું છું કે કોઈએ નીચેની અનુસૂચિમાં દર્શાવેલ વિસ્તારમાં તા. ૧૮-૧૦-૨૦૧૭ થી તા. ૧૬-૧૧-૨૦૧૭ સુધી (બન્ને દિવસો સુધ્ધા).

(ક) કોઈ વ્યકિત કે વ્યક્તિના સમુહ દ્વારા જાહેરમાં તિક્ષ્ણ હથિયારો જેવાં કે છરી, કુંહાડી, ધારીયા, તલવાર, ગુપ્તી, કુંડેલીવાળી લાકડીઓ, લોખંડના પાઈપ, ભાલા તથા દંડા, બંદુક, લાઠી અથવા શારીરિક ઈજા પહોંચાડી શકાય તેવી બીજી કોઈ ચીજવસ્તુઓ કે હથિયારો જાહેરમાં લઈ જવા નહિ.

(ખ) કોઈપણ જાહેર જગ્યામાં લોકોને શારીરીક નુકશાન કરે તેવા પદાર્થો તથા લાયસન્સ/પરમીટ વગર સ્ફોટક પદાર્થ લઈ જવા, લાવવા નહિ.

(ગ) પથ્થરો અથવા બીજા શસ્ત્રો અથવા ફેંકી શકાય તેવા કોઈ સાધન સામગ્રી કે યંત્રો જાહેરમાં એકઠા કરવા/તૈયાર કરવા તેમજ સભા/સરઘસની મંજુરી આપનાર સક્ષમ અધિકારીશ્રીની મંજુરી લીધા વગર સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલ લઈ જવી નહિ.

(ઘ) વ્યકિત કે વ્યકિતના જુથા દ્વારા કોઈ અન્ય વ્યકિત કે વ્યકિતના સમુહના શબ અથવા આકૃતિઓ કે પુતળા જાહેરમાં દેખાડવા નહીં.

**આ હુકમનો ખંડ (ક) નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહીં.**

(૧) સરકારી નોકરી કે કામ કરતી કોઈ વ્યક્તિને જો ત્યાંના ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથીયાર લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા આવું કોઈપણ હથીયાર લઈ જવાની તેની ફરજ હોય.

(૨) પોલીસ અધિક્ષકશ્રી અથવા તેણે અધિકૃત કરેલ પોલીસ અધિકારી કે જેને શારીરિક અશક્તિને કારણે લાકડી અથવા લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તે વ્યક્તિને.

(૩) જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી અથવા અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રીએ આ અર્થે ખાસ અધિકૃત કરે તેવી બીજી કોઈ વ્યક્તિને.

**અનુસૂચિ :**

**ભાવનગર જિલ્લાનો સમગ્ર વિસ્તાર.**

આ જાહેરનામાંનો કોઈ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને ઓછામાં ઓછી ચાર મહિનાની અને વધુમાં વધુ એક વર્ષની કેદની સજા અને ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૫ (૧) મુજબની દંડની પણ સજા થશે.

''જાહેરનામાનો અમલ અને તેના ભંગ બદલના પગલા લેવા માટે ફરજ પરના કોઈપણ હેડ કોન્સ્ટેબલને તથા તેનાથી ઉપરના અધિકારીને અધિકાર રહેશે.''

આ જાહેરનામું ઉપર નિર્દિષ્ટ કરેલા વિસ્તારમાં સહેલાઈથી દેખી શકાય તેવી રીતે તેની નકલ ચોંટાડીને તેમજ સ્થાનિક વર્તમાનપત્રોમાં બહોળી પ્રસિધ્ધિ આપીને પ્રસિધ્ધ કરવાનું આથી હું ફરમાવું છું.

આજ તા. ૧૩-૧૦-૨૦૧૭ ના રોજ મારી સહી તથા સીક્કો માર્યો.

ભાવનગર, ૧૩ માહે ઓકટોબર, સને ૨૦૧૭.

**ઉમેશ વ્યાસ,**
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
ભાવનગર.

---

## જાહેરનામુ

નં. ડી.એમ./વશી/૫૮૫૪/૨૦૧૭.-બોટાદ શહેર તથા જિલ્લામાં આગામી તા. ૨૫-૧૦-૨૦૧૭ થી તા. ૦૬-૧૧-૨૦૧૭ દરમ્યાન ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક અને ઉ. માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા બોટાદ શહેર અને જિલ્લામાં એચ.એસ.સી./એસ.એસ.સી.ની પરીક્ષા લેવાનાર છે. આ પરીક્ષા દરમિયાન પરીક્ષા કેન્દ્રો ખાતે પરીક્ષાર્થીઓ નિર્ભયતાથી, શાંતિપૂર્વક તેમજ એખલાસભર્યા વાતાવરણમાં પરીક્ષા આપી શકે, પરીક્ષા કેન્દ્રોની આજુબાજુના વિસ્તારોમાં અસામાજીક ગુંડાતત્વો એકઠા થઈ પરીક્ષાર્થીઓને ખલેલ પહોંચાડે નહિ તેમજ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે માટે જાહેર હિતમાં હું બી. વી. લીંબાસીયા (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, બોટાદ જિલ્લો, બોટાદ, ભારતના ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪નો ૨ જો)ની કલમ-૧૪૪થી મને મળેલ અધિકારની રૂઈએ ફરમાવું છું કે, આગામી તા. ૨૫-૧૦-૨૦૧૭ થી તા. ૦૬-૧૧-૨૦૧૭ સુધી ધોરણ-૧૨ (સામાન્ય પ્રવાહ) માટે પરીક્ષાના દિવસો દરમિયાન સવારના ૧૦-૩૦ કલાકથી બપોરના ૧૮-૧૫ કલાક દરમ્યાન, પરીક્ષા કેન્દ્રો ઉપર નીચે મુજબનાં પ્રતિબંધો ફરમાવવામાં આવે છે.

(૧) પરીક્ષા કેન્દ્રોની ૧૦૦ મીટર ત્રિજ્યામાં આવેલા ઝેરોક્ષ/ફેકસનાં વ્યવસાય સાથે સંકળાયેલા વેપારીઓએ ઝેરોક્ષ તેમજ ફેકસ મશીનના ઉપયોગ પર.

(૨) પરીક્ષા કેન્દ્રોની ૧૦૦ મીટરની ત્રિજ્યામાં મોટા અવાજે લાઉડ સ્પિકર કે બેન્ડવાજા વિગેરે ધ્વનિ વર્ધક સાધનોના ઉપયોગ પર.

(૩) પરીક્ષા કેન્દ્રમાં મોબાઈલ ફોન લઈ જવા પર.

(૪) પરીક્ષા કેન્દ્રની ૨૦૦ મીટરની ત્રિજ્યાના વિસ્તારમાં ચાર કે તેથી વધુ માણસો એકઠા થવા પર.

(૫) પરીક્ષા કેન્દ્રોમાં પરીક્ષાર્થીઓ તથા ફરજ પરના સ્ટાફ કે અધિકૃત વ્યક્તિ સિવાય કોઈ અનઅધિકૃત વ્યક્તિએ પરીક્ષા કેન્દ્રમાં પ્રવેશવા પર.

સદરહું જાહેરનામાનો ઉલ્લંઘન કરનારને ભારતના ફોજદારી અધિનિયમ (સને ૧૮૬૦ના ૪૫માં અધિનિયમ)ની કલમ-૧૮૮ મુજબ સજા થશે.

''જાહેરનામાના અમલ તથા તેના ભંગ બદલ પગલા લેવા હેડકોન્સ્ટેબલથી નીચેના ન હોય તેવા અધિકારીશ્રીને અધિકૃત કરવામાં આવે છે.

ઉપર નિર્દિષ્ટ કરેલા વિસ્તારોમાં સહેલાઈથી દેખી શકાય તેવી જગ્યાઓએ આ જાહેરનામાની નકલો ચોંટાડી અને સ્થાનિક વર્તમાનપત્રો દ્વારા તેની બહોળી પ્રસિધ્ધી કરાવીને સદરહું જાહેરનામું પ્રસિધ્ધ કરવું.

આજ તારીખ : ૧૬-૧૦-૨૦૧૭ના રોજ મારી સહી તથા કચેરીનો સિકકો કરી જાહેરનામું પ્રસિધ્ધ કર્યુ.

બોટાદ, ૧૬ માહે ઓકટોબર, સને ૨૦૧૭.

**બી. વી. લીંબાસીયા,**
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
બોટાદ.

ફોજદારી કાર્યરિતી અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪નું

## જાહેરનામું

ક્રમાંક : મજસ/૩/વ/પરીક્ષા/બિન હથિયાર ધારી/વશી/૧૦૨૦૨ થી ૧૦૩૦૧-૧૦૨૦૧૭.-૧. સુરેન્દ્રનગર જિલ્લામાં ચાલુ વર્ષે GPSC દ્વારા તા. ૧૫-૧૦-૨૦૧૭ નાં રોજ બપોરે ૦૨-૦૦ થી ૦૫-૦૦ દરમ્યાન પોલિસ વર્ગ-૨ ની પ્રિલિમનરી પરીક્ષા લેવાનાર છે. જેથી જિલ્લાના તમામ પરીક્ષા કેન્દ્રોની આજુબાજુ ૧૪૪ ની (પ્રતિબંધાત્મક) કલમ લાગુ કરવા તેમજ કેન્દ્રોની ૧૦૦ મીટર ત્રિજ્યાના વિસ્તારમાં ઝેરોક્ષ કોપી સેન્ટર બંધ રાખવા અંગે જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, સુરેન્દ્રનગર જિલ્લા તરફથી દરખાસ્ત થઈ આવતા આ અંગે પ્રતિબંધ મુકવાનું મને જરૂરી જણાયેલ છે.

૨. વાસ્તે હું, ચંદ્રકાંત જી પંડયા, (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, સુરેન્દ્રનગર જિલ્લો, સુરેન્દ્રનગર, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ અધિકારની રૂએ સુરેન્દ્રનગર જિલ્લાના આ સાથેના પરિશિષ્ટમાં જણાવેલ વિસ્તારમાં તેની સામે દર્શાવેલ પરીક્ષા કેન્દ્રમાં પરીક્ષાર્થીઓ શાંતીથી પરીક્ષા આપી શકે તે માટે પરીક્ષા કેન્દ્રથી ૧૦૦ (સો) મીટરના ત્રિજ્યાના વિસ્તારમાં ઝેરોક્ષ કોપી સેન્ટર બંધ રાખવા અંગે મનાઈ ફરમાવુ છું.

૩. તેમજ ઉક્ત દિવસ દરમ્યાન તા. ૧૫-૧૦-૨૦૧૭ ના રોજ બપોરે ૦૨-૦૦ (૧) થાનગઢ (૨) પાટડી (૩) ચુડા (૪) લીંબડી (૫) લખતર (૬) ધ્રાંગધ્રા (૭) સાયલા (૮) મૂળી (૯) વઢવાણ (૧૦) રતનપર (૧૧) જોરાવરનગર (૧૨) સુરેન્દ્રનગરમાં પરીક્ષા કેન્દ્રો (સ્થળો) ની આજુબાજુમાં આવેલી તમામ ઝેરોક્ષ મશીનની દુકાનોના સંચાલકો દ્વારા પરીક્ષા સમય થતી ગેરરીતિઓ અટકાવવા સારૂ તમામ ઝેરોક્ષ મશીનોનો દર્શાવેલ સમય સુધી તેની ઝેરોક્ષ નકલ કાઢવા ઉપયોગ નહી કરવા તેમજ પરીક્ષા સ્થળોની આજુબાજુની તમામ ઝેરોક્ષની દુકાનો બંધ રાખવા માટેનો પણ આથી પ્રતિબંધ ફરમાવવામાં આવે છે.

### પરિશિષ્ટ

| ક્રમ | તાલુકો | શહેર | પરીક્ષા કેન્દ્રનું નામ | પરીક્ષા કેન્દ્રનું સરનામુ |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧ | વઢવાણ | સુરેન્દ્રનગર | શ્રી એન. ડી. આર. ન્યું ઈંગલીશ હાઈસ્કુલ, સુરેન્દ્રનગર | સહજાનંદ પાર્ક, ડેમ રોડ ગાયત્રી સોસાયટી પાછળ, સુરેન્દ્રનગર. |
| ૨ | વઢવાણ | સુરેન્દ્રનગર | અંકુર વિદ્યાલય, સુરેન્દ્રનગર | ચંદનનગર સોસાયટી, શકિત પરા, સુરેન્દ્રનગર. |
| ૩ | વઢવાણ | સુરેન્દ્રનગર | દયામયી માતા હાલસ્કુલ, સુરેન્દ્રનગર | દાળમીલ રોડ, ડેમ પાસે, સુરેન્દ્રનગર |
| ૪ | વઢવાણ | સુરેન્દ્રનગર | જ્ઞાનસેતુ વિદ્યાલય, સુરેન્દ્રનગર | માંડવરાયજી સોસાયટી, રતનપર, સુરેન્દ્રનગર |
| ૫ | વઢવાણ | સુરેન્દ્રનગર | આર. પી. પી. ગર્લ્સ હાઈસ્કુલ, સુરેન્દ્રનગર | સુરેન્દ્રનગર એજ્યુકેશન સોસાયટી, વાદીપરા, સુરેન્દ્રનગર |
| ૬ | વઢવાણ | સુરેન્દ્રનગર | સંસ્કારતીર્થ સેકન્ડરી સ્કુલ, સુરેન્દ્રનગર | પી એન્ડ ટી કવાર્ટર પાસે, દાળમીલ રોડ, સુરેન્દ્રનગર |
| ૭ | વઢવાણ | સુરેન્દ્રનગર | સંસ્કૃતિ સ્કુલ ઓફ થોટસ, સુરેન્દ્રનગર | જયહિંદ સોસાયટી કોર્નર, દેરાસર ચોક, જીનતાન રોડ, સુરેન્દ્રનગર |
| ૮ | વઢવાણ | સુરેન્દ્રનગર | સરદાર પટેલ વિદ્યાલય, સુરેન્દ્રનગર | સાયન્ટીફીક કેમ્પસ, પ્રમુખ સ્વામી માર્ગ, ૮૦ ફુટ રોડ, સુરેન્દ્રનગર. |
| ૯ | વઢવાણ | સુરેન્દ્રનગર | સી. પી. ઓઝા શારદા મંદિર, સુરેન્દ્રનગર | કોઠારી રોડ, સમય કાર્યાલય સામે, સુરેન્દ્રનગર. |
| ૧૦ | વઢવાણ | સુરેન્દ્રનગર | જે. એન. વી. વિદ્યાલય, સુરેન્દ્રનગર | એમ. પી. શાહ આર્ટસ એન્ડ સાયન્સ કોલેજ પાછળ, સુરેન્દ્રનગર |
| ૧૧ | વઢવાણ | સુરેન્દ્રનગર | એમ. પી. શાહ કોર્મસ કોલેજ સેન્ટર-એ | બસ સ્ટેન્ડ પાસે, વઢવાણ રોડ, સુરેન્દ્રનગર. |
| ૧૨ | વઢવાણ | સુરેન્દ્રનગર | એમ. પી. શાહ કોર્મસ કોલેજ સેન્ટર-બી | બસ સ્ટેન્ડ પાસે, વઢવાણ રોડ, સુરેન્દ્રનગર. |
| ૧૩ | વઢવાણ | સુરેન્દ્રનગર | શ્રી એસ. એન. વિદ્યાલય | ૬૦ ફુટ રોડ, અલ્કાપુરી ચોક, સ્વાગત એપાર્ટમેન્ટ સામે, સુરેન્દ્રનગર. |
| ૧૪ | વઢવાણ | સુરેન્દ્રનગર | શ્રીમતી સદગુણાબેન સી. યુ શાહ મ્યુનિસિપલ ગર્લ્સ હાઈસ્કુલ, સુરેન્દ્રનગર | લાયન્સ હોલ પાસે, વાદીપરા, સુરેન્દ્રનગર |
| ૧૫ | વઢવાણ | સુરેન્દ્રનગર | સન્ની સ્કાય ઈંગ્લીશ હાઈસ્કુલ, સુરેન્દ્રનગર | માનવમંદિર રોડ, જીનતાન ઉદ્યોગનગર પાસે, સુરેન્દ્રનગર |

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
|---|---|---|---|---|
| ૧૬ | વઢવાણ | સુરેન્દ્રનગર | સ્વસ્તિક હાઈસ્કુલ, સુરેન્દ્રનગર | મેડીકલ કોલેજ સામે, દુધરેજ રોડ, સુરેન્દ્રનગર. |
| ૧૭ | વઢવાણ | સુરેન્દ્રનગર | તિરૂપતિ ઈન્ટરનેશનલ સ્કુલ, સુરેન્દ્રનગર | જીન કમ્પાઉન્ડ, ઘર હો તો ઐસા કેમ્પસ એરીયા, ૮૦ ફુટ રોડ, રેલ્વે ક્રોસિંગ સામે, સુરેન્દ્રનગર |
| ૧૮ | વઢવાણ | સુરેન્દ્રનગર | અલ્ટ્રાવીઝન એકેડમી, સુરેન્દ્રનગર | ૮૦ ફુટ રોડ, મેઘાણી બાગ રોડ સામે, દ્વારકેશનગર, સુરેન્દ્રનગર |
| ૧૯ | વઢવાણ | સુરેન્દ્રનગર | શ્રીમતી એમ. એમ. શાહ ગર્લ્સ સ્કુલ, વઢવાણ | માળોદ રોડ, વિકાસ વિદ્યાલય, અનાથઆશ્રમ સામે, વઢવાણ રોડ, વઢવાણ |
| ૨૦ | વઢવાણ | સુરેન્દ્રનગર | સંકલ્પ વિદ્યાલય, વઢવાણ | મોર્ડન કલાસીસ પાસે, રતનદીપ સોસાયટી, ૮૦ ફુટ રોડ, વઢવાણ, સુરેન્દ્રનગર |
| ૨૧ | વઢવાણ | સુરેન્દ્રનગર | શ્રી સી. યુ. શાહ કોલેજ ઓફ કોમર્સ મેનેજમેન્ટ એન્ડ કોમ્પ્યુટર એજયુકેશન, વઢવાણ | દુધની ડેરી સામે, દરબાર બોર્ડીંગ પાસે, સી. યુ. શાહ ઈંગ્લીશ સ્કુલ પાછળ, વઢવાણ |
| ૨૨ | વઢવાણ | સુરેન્દ્રનગર | અક્ષર એકેડમી | અવધેશ્વર પાસે, રતનપર |
| ૨૩ | વઢવાણ | સુરેન્દ્રનગર | શ્રીમતી સવિતાબેન હિંમતલાલ ગોલાણી માધ્યમિક વિદ્યાલય, વઢવાણ | મુળચંદ રોડ, પોલીટેકનીક પાછળ, વઢવાણ |
| ૨૪ | વઢવાણ | સુરેન્દ્રનગર | સનશાઈન ઈન્ટરનેશનલ સ્કુલ | નવો ૮૦ ફુટ રોડ, એસ.ટી. નગર, વઢવાણ સીટી |
| ૨૫ | વઢવાણ | સુરેન્દ્રનગર | શ્રીમતી સદગુણા સી. યુ. શાહ હોમ સાયન્સ અને સી. યુ. શાહ આર્ટસ અને કોમર્સ મહીલા કોલેજ, સેન્ટર-એ, વઢવાણ સીટી | મહાત્મા ગાંધી હોસ્પીટલ પાછળ, કડવા પાટીદાર બોર્ડીંગ પાસે, વઢવાણ સીટી |
| ૨૬ | વઢવાણ | સુરેન્દ્રનગર | શ્રીમતી સદગુણા સી. યુ. શાહ હોમ સાયન્સ અને સી. યુ. શાહ આર્ટસ અને કોમર્સ મહીલા કોલેજ, સેન્ટર-બી, વઢવાણ સીટી | મહાત્મા ગાંધી હોસ્પીટલ પાછળ, કડવા પાટીદાર બોર્ડીંગ પાસે, વઢવાણ સીટી |
| ૨૭ | વઢવાણ | સુરેન્દ્રનગર | કે. પી. ગર્લ્સ હાઈસ્કુલ, વઢવાણ | પાટીદાર ગર્લ્સ હાઈસ્કુલ, ગાંધી હોસ્પીટલ પાછળ, વઢવાણ |
| ૨૮ | વઢવાણ | સુરેન્દ્રનગર | આર. એ. પટેલ બોયઝ હાઈસ્કુલ, વઢવાણ૭ | ૬૦ ફુટ રીંગ રોડ, લો કોલેજ પાસે, વઢવાણ |
| ૨૯ | વઢવાણ | સુરેન્દ્રનગર | સી. યુ. શાહ ઈંગ્લીસ હાઈસ્કુલ, વઢવાણ સીટી | દુધની ડેરી સામે, વઢવાણ સીટી |
| ૩૦ | વઢવાણ | સુરેન્દ્રનગર | દર્શન વિદ્યાલય | સહજાનંદ પાર્ક પાસે, ન્યુ બીલ્ડીંગ, પટેલ સોસાયટી પાસે, રતનપર, સુરેન્દ્રનગર. |
| ૩૧ | વઢવાણ | સુરેન્દ્રનગર | શ્રી ગિતાંજલી વિદ્યાલય, વઢવાણ | શીયાણી પોલ પાસે, અમરધામ મંદિર પાસે, લીંબડી રોડ, વઢવાણ |
| ૩૨ | વઢવાણ | સુરેન્દ્રનગર | વન વર્લ્ડ હાઈસ્કુલ, વઢવાણ | ડી. આર. મેડીકલ હોલ સામે, જી.આઈ.ડી.સી., વઢવાણ |
| ૩૩ | વઢવાણ | સુરેન્દ્રનગર | પીજીએનએમએસ ગર્લ્સ હાઈસ્કુલ એન્ડ એમ. કે. દિવાન હાયર સેકન્ડરી સ્કુલ, સુરેન્દ્રનગર | જોરાવરનગર, સુરેન્દ્રનગર |
| ૩૪ | વઢવાણ | સુરેન્દ્રનગર | શ્રીમતી સવિતાબેન વાડીલાલ વકિલ માધ્યમિક શાળા (સવાશાળા) | કેરઓફ સવા શાળા, કોઝવે રોડ, જોરાવરનગર, સુરેન્દ્રનગર. |

આ જાહેરનામું સમગ્ર સુરેન્દ્રનગર જિલ્લાના તમામ વિસ્તારોમાં સહેલાઈથી દેખી-વાંચી શકાય તેવી જગ્યાએ નકલો ચોટાડીને પોલીસ લાઈડ સ્પીકર વાહનો દ્વારા, સ્થાનિક વર્તમાન પત્રો મારફત તથા ગુજરાત રાજ્યના અસાધારણ ગેઝેટમાં જાહેર કરીને પ્રસિધ્ધ કરવાનું ફરમાવું છું.

જો કોઈ ઈસમ આ જાહેરનામાનો ભંગ કરશે, કે તેમ કરવામાં મદદગારી કરશે તો ભારતીય ફોજદારી ધારાની કલમ-૧૮૮ હેઠળ દંડ અને શિક્ષાને પાત્ર થશે.

આજ તા. ૧૧મી માહે ઓકટોમ્બર, સને-૨૦૧૭ના રોજ મારી સહી તથા કચેરીની મુદ્રા સાથે જાહેરનામું બહાર પાડવામાં આવ્યું.

સુરેન્દ્રનગર, ૧૧ માહે ઓકટોમ્બર, સને ૨૦૧૭.

ચંદ્રકાન્ત જી પંડયા,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
સુરેન્દ્રનગર જિલ્લો.

---

## પોલીસ કમિશ્નર દ્વારા

ગુજરાત પોલીસ એકટ કલમ-૩૭ (ઈ) અન્વયે કાઢેલ

### હુકમ

ક્રમાંક : એસબી/જાહેરનામું/૩૪૩૬/૨૦૧૭.-રાજકોટ શહેરમાં કોઈપણ પ્રકારની જાહેર સુલેહ શાંતીનો ભંગ ન થાય અને જાહેર શાંતી અને કાયદા પ્રત્યે માન જળવાઈ રહે તેમજ કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે નીચે જણાવ્યા મુજબના નિયમોને આધિન રહીને જાહેર હીતમાં નીચેના કૃત્યોની મનાઈ કરવી જરુરી છે.

દરેક માઈક સીસ્ટમવાળાએ અવાજના પ્રદુષણને અટકાવવા અંગે નામદાર સુપ્રિમ કોર્ટના વખતો વખતના ચુકાદાના નિર્દેશો તથા ગુજરાત પોલ્યશન કંટ્રોલ બોર્ડ, પર્યાવરણ ભવનના નં. ગુપ્રનિબોર્ડ/ નોઈસ/યુનીટ-૪/જન-પીએન-૫/૫૧૨૫૨/તા. ૧૪-૫-૨૦૧૦ થી ઘોંઘાટ ઉત્પન્ન કરતાં અને નિપજાવતાં શ્રોતોના નિયંત્રણ અને નિયમન માટે ભારત સરકારના પર્યાવરણ અને વન મંત્રાલય દ્વારા પર્યાવરણ (સુરક્ષા) અધિનિયમ ૧૯૮૬ની કલમ-૬ તથા ૨૫ હેઠળ ધ્વનિ પ્રદુષણ (નિયમન અને નિયંત્રણ) નિયમો-૨૦૦૦નું તા. ૧૪-ફેબ્રુઆરી-૨૦૦૦નું જાહેરનામું પ્રસિધ્ધ કરાયેલ છે. જેમાં તા. ૧૧-૧-૨૦૧૦ના રોજ આ નિયમોમાં સુધારો કરવામાં આવેલ છે. જે પ્રમાણે ધ્વનિ પ્રદુષણ નિયમો-૨૦૦૦ અન્વયે ધ્વનિની માત્રાના ધોરણો નીચે મુજબ નક્કી કરવામાં આવેલ છે તેનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

નોઈઝ સ્ટાન્ડર્ડ

| એરીયા કોડ વિસ્તાર | | ડેસીબલ (DB(A)Leq | |
|---|---|---|---|
| | | સવારના કલાક ૬-૦૦ થી રાત્રીના કલાક ૨૨-૦૦ સુધી | રાત્રીના કલાક ૨૨-૦૦ થી સવારના કલાક ૬-૦૦ સુધી |
| એ. | ઔદ્યોગીક | ૭૫ | ૭૦ |
| બી. | વાણીજ્ય | ૬૫ | ૫૫ |
| સી. | રહેણાંક | ૫૫ | ૪૫ |
| ડી. | શાંત વિસ્તાર | ૫૦ | ૪૦ |

સામાન્ય રીતે દિવાળીના ફટાકડા ફુટવાના કારણે અને નવરાત્રીના તહેવારો દરમ્યાન તેમજ લગ્ન પ્રસંગો અને મેળાવડા દરમ્યાન લાઉડસ્પીકર, ડ્રમ, પબ્લીક એડ્રેસ સીસ્ટમના ઉપયોગથી ધ્વનિ પ્રદુષણ ફેલાતું જોવા મળે છે તેમજ રહણાંક વિસ્તારમાં થઈ રહેલ ઔદ્યોગીક પ્રવૃતિ, વાહનોની અવર-જવર તેમજ હોર્ન વગાડવાના કારણે તેમજ બાંધકામ દરમ્યાન ઉપયોગમાં લેવાતા સાધનોના કારણે ધ્વનિ પ્રદુષણ ફેલાતું જોવા મળે છે.

**તા. ૧૧-૧-૨૦૧૦ ના સુધારામાં આવરી લેવાયેલ મુખ્ય ધ્યાન આકર્ષક બાબતો નીચે મુજબ છે.**

(અ) રાત્રીના સમયગાળા રાત્રીના ૨૨-૦૦ થી સવારના કલાક ૬-૦૦ સુધીનો નિયત કરાયેલ છે અને આ સમયગાળા દરમ્યાન હોર્ન, ધ્વનિ પ્રદુષણ પેદા કરતાં બાંધકામ અંગેના તમામ સાધનો, તેમજ ફટાકડા ફોડવા તથા લાઉડસ્પીકર અને વાજીંત્રો વગાડવા ઉપર પ્રતિબંધ છે.

(બ) જાહેર સ્થળોની વ્યાખ્યા નક્કી કરાયેલ છે અને જાહેર સ્થળનો કબ્જો ધરાવનાર દ્વારા લાઉડસ્પીકર સીસ્ટમનો તથા અન્ય સાધનોથી ઉત્પન્ન થતાં અવાજની માત્રા જે તે વિસ્તારની નિયત માત્રા કરતાં ૧૦ ડીબી(એ) થી વધવી ન જોઈએ તેવો પ્રતિબંધ મુકાયો છે.

(ક) ઉપર મુજબની ખાનગી સ્થળે થતી કાર્યવાહીના કારણે, જે તે વિસ્તારની નિયત માત્રા કરતાં ૫-ડીબી(એ) થી વધવી ન જોઈએ તેવો પ્રતિબંધ મુકાયો છે.

વાસ્તે હું, અનુપમ સિંહ ગહલૌત, આઈ.પી.એસ., પોલીસ કમિશ્નર, રાજકોટ શહેર, ગુજરાત સરકારના ગુજરાત સરકારના ગૃહ વિભાગના તા. ૮-૧૧-૮૨ના નોટીફીકેશન નંબર : જીજી/૪૨૨/સીઆરસી/૧૦૮૨/એમ અન્વયે જે ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ ની કલમ-૨૦ નીચેની પેટા કલમ-(૧) નીચે બહાર પાડવામાં આવેલ છે અને તેનું પુનરાવર્તન ગુજરાત સરકારના ગૃહ વિભાગના તા. ૦૭-૦૧-૧૯૮૯ થી બહાર પાડવામાં આવેલ સંકલીત જાહેરનામા નંબર : જીજી/૬/ફકઅ/૧૦૮૮/૬૭૫૦/મ. માં થયેલ છે. જેમાં રાજકોટ શહેરના પોલીસ કમિશ્નરશ્રી, સંયુકત પોલીસ કમિશ્નરશ્રી, નાયબ પોલીસ કમિશ્નરશ્રી, અને સુપ્રિ. ઓફ પોલીસ

(મદદનીશ પોલીસ કમિશ્નરશ્રીઓ)ને એક્ઝી. મેજી. તરીકે જાહેર કરવામાં આવેલ છે તેમજ તેઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૧૪૪ના અધિકારનો ઉપયોગ કરવા ખાસ અધિકૃત કરવામાં આવેલ છે. તે અધિકારની રૂએ નીચે જણાવેલ વિસ્તાર તથા સમય માટે નીચેના કૃત્યો કરવા પર પ્રતિબંધ ફરમાવું છું.

**અમલવારીનો સમય :**

આ હુકમ તા. ૦૧-૧૧-૨૦૧૭ ના કલાક ૦૦-૦૦ થી તા. ૩૧-૧૨-૨૦૧૭ ના કલાક ૨૪-૦૦ સુધી અમલમાં રહેશે.

**હદ વિસ્તાર :**

રાજકોટ શહેર પોલીસ કમિશ્નર હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

**પ્રતિબંધિત કૃત્યો :**

માઈક સીસ્ટમ ભાડે આપનાર માલીક/ભાગીદાર, સંચાલક, મેનેજર, ઈવેન્ટ મેનેજર, સમગ્ર રાજકોટ શહેરના પોલીસ કમિશ્નરની હકુમતના વિસ્તારમાં વરઘોડા, રાજકીય, સામાજીક અથવા ધાર્મિક શોભાયાત્રા, રેલી, સરઘસમાં જાહેર રસ્તા કે જાહેર જગ્યામાં ઉપયોગ માટે તેમજ પાર્ટી પ્લોટ, ખુલ્લી જગ્યા, રહેણાંકની પાસે નજીકમાં આવેલ ખાનગી માલિકીની ખુલ્લી જગ્યામાં ઉપયોગ માટે માઈક સીસ્ટમ ભાડે આપી શકાશે નહી.

૧. હોસ્પીટલો, શૈક્ષણિક સંસ્થાઓ, અદાલતો અને ધાર્મિક સ્થળોની આજુબાજુના ૧૦૦ મીટરના ઘેરાવાના વિસ્તારને શાંત તરીકે ગણવામાં આવે છે જેથી શાંત વિસ્તારની આજુબાજુમાં માઈક સીસ્ટમનો ઉપયોગ થઈ શકે નહી.

૨. એકબીજા પ્રત્યે ઉશ્કેરણી થાય અને કોમ્યુનલ લાગણી ઉશ્કેરાય તેવા ઉચ્ચારણો/ગાયનેકનો માઈક સીસ્ટમમાં ઉપયોગ કરવો નહી.

૩. રસ્તાની ડાબી બાજુ ચાલવા, ટ્રાફીકને અડચણ ન થાય તથા ટ્રાફીકના તમામ નિયમો/કાયદાઓનો અમલ કરવા તેમજ નાચગાન/ગરબી જાહેરમાર્ગમાં રોકાઈને કરવા નહી.

૪. ડી. જે. સીસ્ટમ એમ્બીઅન્ટ એર કોલેટી સ્ટાન્ડર્ડ ઈન રીસ્પેક્ટ ઓફ નોઈઝ અંગે નામદાર સુપ્રિમ કોર્ટના વખતો વખતના ચુકાદાના નિર્દેશ તથા ધી નોઈઝ પોલ્યુશન (રેગ્યુલેશન એન્ડ કંટ્રોલ) રૂલ્સ ૨૦૦૦ના ઈન્વાયરમેન્ટ પ્રોટેકશનની જોગવાઈ મુજબ એમ્બીઅન્ટ એર કોલેટી સ્ટાન્ડર્ડ હોવું જોઈએ તે જોતા ડી. જે. સીસ્ટમ વગાડવા માટે ઉપર જણાવેલ તમામ પ્રાવધાનોનો અને જોગવાઈઓનો ઉલ્લંઘન કરતાં હોય તેવું જાહેર જગ્યાએ ખુલ્લા સ્થળોએ વગાડવા પર પ્રતિબંધ છે.

પરંતુ નીચેની શરતોને આધિન અગાઉથી અધિકૃત પરવાનગી આધારે ઉપરોક્ત પ્રતિબંધમાંથી છુટછાટ રહેશે.

**માઈક સીસ્ટમ વગાડવા માટેનો પ્રતિબંધમાંથી છુટછાટ માટેની શરતો :**

૧. માઈક સીસ્ટમ વગાડવા માટે તેના માલીક/ભાગીદારને પરવાનગી અરજી એકથી વધારે પોલીસ સ્ટેશનનો વિસ્તાર આવતો હોય તો તેવા સંજોગોમાં જે તે ડી. સી. પી. શ્રીને અરજી કરવી પરંતુ એક જ પો. સ્ટે. વિસ્તાર આવતો હોય તો તેવા સંજોગોમાં જે તે પો. સ્ટે.ના પો. ઈન્સ.ને અરજી દિન-૭ પહેલા કરી પુર્વ મંજુરી મેળવી લેવાની રહેશે અને આપેલ શરતોનો ચુસ્તપણે બીનચુક અમલ કરવાનો રહેશે અને શરતોનો ભંગ થયે પરવાનગી રદબાતલ થયેલ ગણાશે.

૨. વરઘોડા/રેલી સમય દરમ્યાનમાં ઉપરોક્ત શરતોનો ભંગ કરે અથવા કોઈ અનિચ્છનીય બનાવ બને તો તેની જવાબદારી પરવાનેદારની રહેશે.

૩. રાજકોટ શહેર પોલીસ કમિશ્નરના અધિકાર ક્ષેત્રની અંદર જાહેર જગ્યામાં અથવાતો જાહેરમાં સાંભળી શકાય તેવી જગ્યામાં માઈક સીસ્ટમ/વાજીંત્રનો ઉપયોગ અધિકૃત કરેલ અધિકારીની લેખીત પરવાનગી સિવાય કરી શકાશે નહી. તેમજ અવાજનું પ્રદુષણ ફેલાવી શકાશે નહી.

૪. આવી પરવાનગી માટેની અરજી લેખીત હોવી જોઈએ અને તેનો ઉપયોગ કરનાર વ્યકિતની તેના ઉપર સહી હોવી જોઈએ.

૫. આવી પરવાનગીની અરજી તેનો ઉપયોગ કરવાના હોય તે દિવસના સાત દિવસથી ઓછા નહી તેટલા સમય પહેલા પરવાનગી કાઢી આપવા માટે અધિકૃત અધિકારીને અરજી કરવાની રહેશે.

પરંતુ વ્યાજબી કારણ દર્શાવતા સાત દિવસ કરતા ઓછા સમયની અંદર માંગવામાં આવેલ પરવાનગી, તેમ કરવા માટે અધિકૃત અધિકારી, પોતાની વિવેક બુધ્ધિ અનુસાર આપી શકશે.

૬. અરજદાર અથવા તેના પ્રતિનિધીએ મળેલ પરવાનગી સાથે માઈક સીસ્ટમ/વાજીંત્રનો ઉપયોગ થાય તે સમયે ઉપરોક્ત જાહેર જગ્યા ઉપર હાજર રહેવું પડશે. ફરજ ઉપરના પોલીસ અધિકારી આ અંગેનો પરવાનો જોવા માગે ત્યારે પરવાના ધારકોએ તે રજુ કરવાનો રહેશે.

૭. માઈક સીસ્ટમ/વાજીંત્રનો ઉપયોગ ઉપરોક્ત અવાજની માત્રા દર્શાવતા શીડયુલ પ્રમાણે સવાર કલાક ૬-૦૦ થી રાત્રિ કલાક ૨૨-૦૦ સુધી જ રહેશે.

૮. અવાજ પ્રદુષણ (નિયમ અને પ્રતિબંધ) નિયમ ૨૦૦૦ની જોગવાઈઓ પ્રમાણે સામાન્ય રીતે માઈક સીસ્ટમ/વાજીંત્રનો ઉપયોગ રાતના કલાક ૧૦-૦૦ થી વહેલી સવારના કલાક ૬-૦૦ સુધીના સમય દરમ્યાન વગાડી ન શકાય તેવી જોગવાઈઓ હોઈ આ સમય માટે માઈક સીસ્ટમ/વાજીંત્ર માટે કોઈ પરવાનગી આપવામાં આવશે નહી.

નોંધ : ઉપરોકત નિયમોની જોગવાઈઓ પ્રમાણે દર વર્ષે સરકારશ્રી તરફથી નક્કી કરેલ દિવસો દરમ્યાન આવી પરવાનગી રાતના કલાક ૧૦-૦૦ના જગ્યાએ કલાક ૧૨-૦૦ વાગ્યા સુધી મળી શકશે.

૯. કોઈપણ વિસ્તારમાં ઘોંઘાટ/અવાજનો હવામાનમાં પ્રમાણ ઉપરોકત જણાવેલ શીડ્યુલમાં જણાવ્યા મુજબના ડેસીબલ પ્રમાણે દિવસ અને રાત્રી દરમ્યાન નામદાર સુપ્રિમ કોર્ટે ઠરાવેલ છે તે પ્રમાણે રાખવાનું રહેશે. પરવાનેદારે આ માત્રનો ભંગ ન થાય તે જોવાનું રહેશે.

નોંધ : કોઈ ઓડીટોરીયમ, કોન્ફરન્સ હોલ, કોમ્યુનીટી હોલ કે ખાનગી મકાન જેવા બંધ સ્થળો વિગેરેમાં માઈક સીસ્ટમ અંદરના ભાગે વગાડવા ઉપર કોઈ પ્રતિબંધ નથી. પરંતુ તેનો અવાજ જે તે સ્થળથી બહાર જવો જોઈએ નહી.

૧૦. મંદિરો, ચર્ચ અને મસ્જીદોમાં માઈક સીસ્ટમ/વાજીંત્રનો અવાજ એ રીતે મર્યાદિત કરેલ હોવો જોઈએ કે સંકુલની હદ બહાર જાય નહી.

૧૧. ગતિમાન વાહનમાંથી કોઈપણ સીસ્ટમ/વાજીંત્રનો ઉપયોગ પોલીસ કમિશ્નરશ્રી તરફથી અધિકૃત કરેલા અધિકારીની પરવાનગી સીવાય કોઈપણ હેતુ માટે વાપરવો નહી અથવા ચલાવવો નહી.

૧૨. માઈક સીસ્ટમ વાજીંત્રનો પરવાનો ધરાવનાર વ્યકિત આસપાસના રહેવાસીઓ અથવા રાહદારીઓને અડચણ, હરકત, અગવડ, જોખમ, ભય અથવા નુકશાન અટકાવવા માટે પોલીસ કમિશ્નર અથવા તેઓના તરફથી અધિકૃત કરેલ કોઈપણ અધિકારી તેને યોગ્ય લાગે તેટલી મુદ્દત માટે કોઈપણ જગ્યાએ પરવાનો ધરાવનારને માઈક સીસ્ટમ/ વાજીંત્ર વાપરવા મના કરવાનો હુકમ કરી શકશે.

૧૩. ફરજ પરના પોલીસ અધિકારી દ્વારા ઉપર જણાવેલ નિયમો તથા પરવાનગી પત્રમાં દર્શાવેલ વિસ્તાર અને સમય અંગે કોઈ ભંગ કરે તો વાહન તથા માઈક સીસ્ટમ/વાજીંત્ર અને તેના ઉપરકણો જપ્ત કરી કાયદેસર કરી શકશે.

આ જાહેરનામા હુકમના ભંગ બદલ ગુજરાત પોલીસ એકટ-૧૩૫ મુજબનો ગુન્હો નોંધી ઉપરોકત માલીક, ભાગીદારે, મેનેજર, સંચાલકની બીન જામીન લાયક ગુના માટે ધરપકડ કરી તમામ માઈક સીસ્ટમ ગુનાના કામે મુદ્દામાલ તરીકે કબ્જે કરવામાં આવશે.

### શિક્ષા :

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ગુજરાત પોલીસ એકટ કલમ-૧૩૫ મુજબ શિક્ષાને પાત્ર થશે.

તમામને વ્યકિતગત રીતે આ નોટિસની બજવણી કરવી શક્ય ન હોય આથી એકતરફી હુકમ કરુ છુ કે, જાહેર જનતાની જાણ સારુ સ્થાનીક વર્તમાનપત્ર, આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર મારફતે પ્રસિધ્ધિ ધ્વારા તથા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સપેકટર, મદદનીશ પોલીસ કમિશ્નર, નાયબ પોલીસ કમિશ્નર તથા પોલીસ કમિશ્નર કચેરીના નોટીસ બોર્ડ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધી કરવામાં આવશે. તેમજ સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધી કરવામાં આવશે. ગુજરાત પોલીસ એકટ કલમ-૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજ તા. ૨૪-૧૦-૨૦૧૭ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

રાજકોટ, ૨૪ માહે ઓકટોબર, સને ૨૦૧૭.

---

### ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ના ૨૨માં અધિનિયમની કલમ-૩૭(૩) અન્વયે કાઢેલ હુકમ

## જાહેરનામું

ક્રમાંક : એસ.બી./જાહેરનામું/૩૪૩૫/૨૦૧૭.-રાજકોટ શહેરમાં હાલની વર્તમાન પરિસ્થિતિમાં આગામી દિવસોમાં જુદી-જુદી ધાર્મીક શોભાયાત્રાઓ, રેલીઓ, ધરણાના કાર્યક્રમો યોજવામાં આવતાં હોય તેમજ ગુરૂ નાનક જયંતી, ઈદ એ મીલાદ, ક્રિસમસ જેવા તહેવારો આવનાર છે. હાલની આતંકવાદી ગતિ/પ્રવૃતિને લક્ષમાં લેતા કોઈપણ પ્રકારની સુલેહ શાંતીનો ભંગ ન થાય, જાહેર સલામતી તથા કાયદો અને વ્યવસ્થા જળવાય રહે તે માટે ચાર કરતા વધારે માણસોના ભેગા થવા ઉપર, કોઈ સભા બોલાવવા, સરઘસ કાઢવા ઉપર પ્રતિબંધ મુકવાની જરૂર જણાય છે.

વાસ્તે, હું, અનુપમસિંહ ગહલૌત, આઈ.પી.એસ., પોલીસ કમિશ્નર, રાજકોટ શહેર, ગુજરાત પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ના ૨૨માં અધિનિયમની કલમ-૩૭(૩) મુજબની મને મળેલ અધિકારની રૂએ નીચે જણાવેલ વિસ્તારમાં નીચેના કૃત્યો કરવા પર પ્રતિબંધ ફરમાઉ છું.

### પ્રતિબંધિત કૃત્યો

ચાર કરતા વધારે માણસોના ભેગા થવા ઉપર, કોઈ સભા બોલાવવા કે સરઘસ કાઢવા ઉપર.

### અમલવારીના પીરીયડ અને વિસ્તાર

આ હુકમનો અમલ ૦૧-૧૧-૨૦૧૭ ના કલાક ૦૦/૦૦ થી તારીખ : ૩૧-૧૨-૨૦૧૭ ના કલાક ૨૪-૦૦ સુધી.

### પ્રતિબંધિત વિસ્તાર

પોલીસ કમિશ્નરશ્રી, રાજકોટ શહેરની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

### અપવાદ

આ જાહેરનામું સરકારી ફરજ અથવા કામગીરીમાં હોય તેવી વ્યક્તિઓ તથા હોમગાર્ડ કે અન્ય સરકારી અથવા અર્ધસરકારી એજન્સી જેઓ કાયદેસરની ફરજ પર હોય તેઓને તથા સ્મશાન યાત્રા અને લગ્નનાં વરઘોડાને લાગુ પડશે નહીં.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનારને સને-૧૯૫૧ના ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૫(૩) મુજબ શિક્ષાને પાત્ર છે.

હું આથી આદેશ આપું છું કે, આ હુકમની જાહેરાત ઉપર જણાવેલ વિસ્તારમાં સહેલાઈથી દેખી શકાય તેવી જગ્યાઓએ તેની નકલો ચોંટાડીને, લાઉડસ્પીકર વાહન દ્વારા, સ્થાનિક વર્તમાન પત્રો તેમજ આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર પરથી કરાવવી.

આજ તારીખ : ૨૪-૧૦-૨૦૧૭ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

રાજકોટ, ૨૪ માહે ઓકટોબર, સને ૨૦૧૭.

---

ગુજરાત પોલીસ એકટ કલમ-૩૭(ઈ) અન્વયે કાઢેલ

## હુકમ

ક્રમાંક : એસબી/જાહેરનામું પ્રસિધ્ધી/૧૪/૩૪૩૭/૨૦૧૭.- રાજકોટ શહેરમાં કોઈપણ પ્રકારની જાહેર સુલેહ શાંતીનો ભંગ ન થાય અને જાહેર શાંતી અને કાયદા પ્રત્યે માન જળવાઈ રહે તેમજ કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે નીચે જણવ્યા મુજબના નિયમોને આધિન રહીને જાહેર હીતમાં નીચેના કૃત્યોની મનાઈ કરવી જરૂરી છે.

દરેક માઈક સીસ્ટમવાળાએ અવાજના પ્રદુષણને અટકાવવા અંગે નામદાર સુપ્રિમ કોર્ટના વખતોવખતના ચુકાદાના નિર્દેશો તથા ગુજરાત પોલ્યશન કંટ્રોલ બોર્ડ પર્યાવરણ ભવનના નં. ગુપ્રનિબોર્ડ/ નોઈસ/યુનીટ-૪/જન-પીએન-૫/૫૧૨૫૨/તા. ૧૪-૫-૨૦૧૦ થી ઘોંઘાટ ઉત્પન્ન કરતાં અને નિપજાવતાં શ્રોતોના નિયંત્રણ અને નિયમન માટે ભારત સરકારના પર્યાવરણ અને વન મંત્રાલય દ્વારા પર્યાવરણ (સુરક્ષા) અધિનિયમ-૧૯૮૬ની કલમ-૬ તથા ૨૫ હેઠળ ધ્વની પ્રદુષણ (નિયમન અને નિયંત્રણ) નિયમો-૨૦૦૦નું તા. ૧૪-ફેબ્રુઆરી-૨૦૦૦નું જાહેરનામું પ્રસિધ્ધ કરાયેલ છે. જેમાં તા. ૧૧-૧-૨૦૧૦ના રોજ આ નિયમોમાં સુધારો કરવામાં આવેલ છે. જે પ્રમાણે ધ્વની પ્રદુષણ નિયમો-૨૦૦૦ અન્વયે ધ્વનીની માત્રાના ધોરણોને નીચે મુજબ નક્કી કરવામાં આવેલ છે તેનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

રાજકોટ શહેરમાં વર્તમાન સમયમાં વાહનોની સંખ્યામાં દીન પ્રતિદીન મોટાપાયે વધારો થતો જોવા મળી રહેલ છે અને શહેરમાં ટુ-વ્હિલર વાહનથી હેવી વાહનોમાં કર્કશ પ્રકારનાં તેમજ મ્યુઝીકલ તથા એર હોર્ન ફીટ કરવામાં આવતા હોય છે જેના કારણે અવાજનું પ્રદુષણ ખુબજ પ્રમાણમાં વધતુ હોય અને વૃધ્ધો તેમજ નાના બાળકો તેમજ હોસ્પીટલના દર્દીઓ અને શાળા, કોલેજમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને ખલેલ (હાની) પહોંચતી હોય જેથી ઉપરોકત મુદાઓ ધ્યાને લઈ હાઈટોન હોર્નના સેલીંગ કરવું, ફીટીંગ કરવુ તે બિલુકલ હીતાવહ નથી જેના કારણે જાહેર જનતાની સલામતિ અને સુખાકારી જળવાઈ રહે તે માટે નીચે જણાવ્યા મુજબ પ્રતિબંધ મુકવા ઉચીત જણાય છે.

વાસ્તે હું, અનુપમ સિંહ ગહલૌત, આઈ.પી.એસ., પોલીસ કમિશ્નર, રાજકોટ શહેર, ગુજરાત સરકારના ગૃહ વિભાગના તા. ૮-૧૧-૮૨ના નોટીફીકેશન નંબર : જીજી/૪૨૨/સીઆરસી/૧૦૮૨/એમ અન્વયે જે ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ ની કલમ-૨૦ નીચેની પેટા કલમ-(૧) નીચે બહાર પાડવામાં આવેલ છે અને તેનું પુનરાવર્તન ગુજરાત સરકારના ગૃહ વિભાગના તા. ૦૭-૦૧-૧૯૮૯ થી બાહર પાડવામાં આવેલ સંકલીત જાહેરનામા નંબર : જીજી/૬/ફકઅ/૧૦૮૮/૬૭૫૦/મ. માં થયેલ છે. જેમાં રાજકોટ શહેરના પોલીસ કમિશ્નરશ્રી, સંયુકત પોલીસ કમિશ્નરશ્રી, નાયબ પોલીસ કમિશ્નરશ્રી, અને સુપ્રિ. ઓફ પોલીસ (મદદનીશ પોલીસ કમિશ્નરશ્રીઓ)ને એક્ઝી. મેજી. તરીકે જાહેર કરવામાં આવેલ છે તેમજ તેઓને ગુજરાત પોલીસ એકટ કલમ-૩૭(ઈ), ૧૩૫ ના અધિકારનો ઉપયોગ કરવા ખાસ અધિકૃત કરવામાં આવેલ છે. તે અધિકારની રૂએ નીચે જણાવેલ વિસ્તાર તથા સમય માટે નીચેના કૃત્યો કરવા પ્રતિબંધ ફરમાવું છું.

### અમલવારીનો સમય

આ હુકમ તા. ૦૧-૧૧-૨૦૧૭ ના કલાક ૦૦-૦૦ થી તા. ૩૧-૧૨-૨૦૧૭ ના કલાક ૨૪-૦૦ સુધી અમલમાં રહેશે.

### હદ વિસ્તાર

રાજકોટ શહેર પોલીસ કમિશ્નર હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

### પ્રતિબંધિત કૃત્યો

તમામ પ્રકારના યાંત્રિક વાહનોમાં કર્કશ પ્રકારના તેમજ મ્યુઝીકલ તથા એરહોર્ન સેલીંગ અને ફીટીંગ કરવા પર પ્રતિબંધ ફરમાવું છું અને આવા પ્રકારના હોર્નનો ઉપયોગ કરી શકાશે નહી.

### શીક્ષા

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ગુજરાત પોલીસ એકટ કલમ-૧૩૫ મુજબ શિક્ષાને પાત્ર થશે.

તમામને વ્યકિતગત રીતે આ નોટિસની બજવણી કરવી શક્ય ન હોય આથી એકતરફી હુકમ કરૂ છું કે, જાહેર જનતાની જાણ સારૂ સ્થાનીક વર્તમાનપત્ર, આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર મારફતે પ્રસિધ્ધિ દ્વારા તથા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સપેકટર, મદદનીશ પોલીસ કમિશ્નર, નાયબ પોલીસ કમિશ્નર તથા પોલીસ કમિશ્નર કચેરીના નોટિસ બોર્ડ ઉપર હુકમની નકલ ચોંટાડીને પ્રસિધ્ધિ કરવામાં આવેશે. તેમજ સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધી કરવામાં આવશે. ગુજરાત પોલીસ એકટ કલમ-૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજ તા. ૨૪-૧૦-૨૦૧૭ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

રાજકોટ, ૨૪ માહે ઓકટોબર, સને ૨૦૧૭.

---

**જી.પી.એકટ કલમ-૩૩(૧) (ખ) (w)(ii) અન્વયે કાઢેલ હુકમ**

## જાહેરનામું

(૧) ક્રમાંક : એસબી/જાહેરનામું/૩૪૩૮/૨૦૧૭.-ભુતકાળમાં પઠાણકોટ, પંજાબ ખાતે આવેલ એરફોર્સ સ્ટેશન પર આતંકવાદીઓ સૈન્યના ગણવેશ ધારણ કરી હુમલો કરેલ હતો, આ સિવાય અગાઉ પણ સૈન્યના ગણવેશમાં આવીને આતંકવાદીઓ દ્વારા હુમલા કરવામાં આવેલ છે.

(૨) રાજ્યમાં વિવિધ શહેર/જિલ્લાઓ ખાતે સૈન્ય તથા અન્ય સશસ્ત્ર દળોના ગણવેશ તથા તેની સાથે સામ્યતા ધરાવતા વસ્ત્રોનું વેચાણ તથા તેનો ઉપયોગ થતો હોય છે. આવા વસ્ત્રો ધારણ કરી અસામાજીક તત્વો દ્વારા દેશદ્રોહી/ગેરકાયદેસર પ્રવૃતી માટે ઉપયોગ થવાનો સંભવ છે. જેના કારણે રાષ્ટ્રીય સુરક્ષાને ગંભીર ખતરો ઉદભવી શકે છે. આ બાબત સુરક્ષાના પરિપ્રેક્ષ્યમાં ઘણી ગંભીર પ્રકારની હોઈ બજારમાં બિનઅધિકૃત રીતે વેચાતા તથા ઉપયોગમાં લેવાતા સશસ્ત્ર દળોના ગણવેશ (પોશાક) તથા અન્ય ચીજ-વસ્તુઓ ઉપર પ્રતિબંધ લાવવો ખુબ જ જરૂરી છે.

(૩) જેથી સૈન્ય તથા સશસ્ત્રદળોના ગણવેશનો બિનઅધિકૃત રીતે વેચાણ તથા તેના ઉપયોગ બદલ ભારતીય દંડ સંહિતા-૧૮૬૦ ની કલમો ૧૪૦, ૧૭૦ અને ૧૭૧ માં જોગવાઈઓ કરવામાં આવેલ છે. જેથી સૈન્ય તેમજ અન્ય સશસ્ત્રદળોના ગણવેશ તથા તેના સાથે સામ્યતા ધરાવતા વસ્ત્રોના વેચાણ/ઉપયોગ પર પ્રતિબહંધ મુકવો જરૂરી અને અનિવાર્ય હોય જેથી આ સંબંધેનુ જાહેરનામું ગુજરાત પોલીસ અધિનિયમ કલમ ૩૩(૧) (ખ) (w) (ii) થી મળેલ સતાની રૂએ હું, અનુપમ સિંહ ગહલૌત, (I.P.S.), પોલીસ કમિશ્નર, રાજકોટ શહેર, સૈન્ય તથા અન્ય સશસ્ત્ર દળોના ગણવેશ તથા તેની સાથે સામ્યતા ધરાવતા વસ્ત્રોનું વેચાણ તથા તેનો ઉપયોગ પર પ્રતિબંધ મુકવો જરૂરી છે.

**અમલવારીનો સમય**

આ હુકમ તા. ૦૧-૧૧-૨૦૧૭ ના કલાક ૦૦-૦૦ થી તા. ૩૧-૧૨-૨૦૧૭ ના કલાક ૨૪-૦૦ સુધીનો રહેશે.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લઘંન કરનાર ગુજરાત પોલીસ અધિનીયમ ૧૯૫૧ની કલમ ૧૧૩, ૧૧૭, ૧૩૧ હેઠળ શિક્ષાને પાત્ર થશે.



INDEX

તમામને વ્યકિતગત રીતે આ નોટિસની બજવણી કરવી શક્ય ન હોય આથી એકતરફી હુકમ કરૂ છું. જાહેર જનતાની જાણ સારૂ સ્થાનીક વર્તમાન પત્ર, આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર મારફતે પ્રસિધ્ધિ દ્વારા સારૂ પોલીસ સ્ટેશનના નોટિશ બોર્ડ ઉપર તથા પોલીસ ઈન્સપેકટર, મદદનીશ પોલીસ કમિશ્નર, નાયબ પોલીસ કમિશ્નર તથા પોલીસ કમિશ્નરની કચેરીના નોટિસ બોર્ડ ઉપર હુકમની નકલ ચોંટાડીને પ્રસિધ્ધી કરવામાં આવશે. તેમજ સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધી કરવામાં આવશે. ગુજરાત પોલીસ એકટ કલમ-૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજરોજ તારીખ ૨૪ માહે ૧૦-૨૦૧૭ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

રાજકોટ, ૨૪ માહે ઓકટોબર, સને ૨૦૧૭.

---

**ગુજરાત પોલીસ એકટની કલમ-૩૭(એફ) અન્વયે કાઢેલ**

## હુકમ

નંબર એસબી/જાહેરનામુ/૩૪૩૯/૨૦૧૭.-વિવિધ માધ્યમથી અમારા ધ્યાન ઉપર આવેલ છે કે, બ્લુ વ્હેલ ગેમ/બ્લુ વ્હેલ ચેલેન્જ વિગેરે નામોથી સોશયલ મિડીયા પ્લેટફોર્મ તથા ઈન્ટરનેટના વિવિધ કોમ્યુનિકેશન પ્લેટફોર્મના ઉપયોગ કરી કયુરેટર/એડમિનિસ્ટ્રેટર બનીને યુવાનોને આત્મહત્યા માટે દુષ્પ્રેરિત કરવામાં આવી રહ્યા છે. ઉપરોકત ગેમ/ચેલેન્જના ભાગરૂપે કયુરેટર/એડમિનિસ્ટ્રેટર દ્વારા આપેલ ક્રમશઃ સૂચનાઓના અંતે આત્મહત્યા કરવા માટે પ્રેરિત કરવામાં આવે છે.

વાસ્તે હું, અનુપમ સિંહ ગહલૌત, (I.P.S.), પોલીસ કમિશ્નર, રાજકોટ શહેર, ઉપરોકત દર્શાવેલ કલમોમાં મળેલ સત્તા હેઠળ રાજકોટ શહેર હકુમત વિસ્તારમાં જાહેર સલામતી અને સુરક્ષાને લક્ષમાં રાખી કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતી જળવાઈ રહે તે હેતુસર એવા કોઈપણ પ્લેટફોર્મ (બ્લુ વ્હેલ ગેમ/બ્લુ વ્હેલ ચેલેન્જ વિગેરે) મારફતે કયુરેટરના/એડમિનિસ્ટ્રેટરના રોલ પ્લે કરવા, આત્મહત્યા માટે ઈન્ટરનેટના માધ્યમથી દુષ્પ્રેરિત કરવા અથવા એવી ગેમ/કોમ્યુનિકેશનમાં ભાગ લેવા કે તેમાં મદદરૂપ થવા પ્રતિબંધિત કરવામાં આવે છે. સાથોસાથ જે પણ વ્યક્તિને રાજકોટ શહેર વિસ્તારમાં કોઈપણ અન્ય વ્યક્તિ એવી ગતિવિધિમાં ભાગ લે છે, તે ધ્યાને આવે તો નજદીકના પોલીસ સ્ટેશનમાં ઓછામાં ઓછા સમયમાં મૌખિક કે લેખિત જાણ કરવાની ફરજ કરવામાં આવે છે.

**: અપવાદ :**

ગુનાના તપાસની કામગીરી અને શૈક્ષણિક સંશોધનના કામે કરવામાં આવતી કાર્યવાહી પર આ જાહેરનામું લાગુ પડતુ નથી.

: અમલવારી સમય :

આ હુકમનો અમલ તા. ૦૧-૧૧-૨૦૧૭ ના ક. ૦૦-૦૦ થી તા. ૩૧-૧૨-૨૦૧૭ ના ક. ૨૪-૦૦ સુધી.

: વિસ્તાર :

રાજકોટ શહેર પોલીસ કમિશ્નરની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલંઘન કરનારા ગુજરાત પોલીસ એકટની કલમ-૧૩૫ મુજબ શિક્ષાને પાત્ર થશે.

હું આથી આદેશ આપું છું કે, આ હુકમની જાહેરાત ઉપર જણાવેલ વિસ્તારોમાં સહેલાઈથી દેખી શકાય તેવી જગ્યાઓએ તેની નકલ ચોંટાડી, લાઉડસ્પીકર વાહન દ્વારા તેમજ સ્થાનિક વર્તમાનપત્રો, આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર ઉપરથી પ્રસિધ્ધ કરાવવી.

આજ તા. ૨૪ માહે ૧૦-૨૦૧૭ ના રોજ મારી સહી અને સીકકો કરી આપેલ છે.

રાજકોટ, ૨૪ માહે ઓકટોબર, સને ૨૦૧૭.

---

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ના ૨૨માં અધિનિયમની કલમ-૩૭(૧) અન્વયે કાઢેલ હુકમ

## જાહેરનામું

ક્રમાંક : એસબી/જાહેરનામું/૩૪૩૪/૨૦૧૭.-રાજકોટ શહેરમાં હાલની વર્તમાન પરિસ્થિતિમાં આગામી દિવસોમાં જુદી-જુદી ધાર્મીક શોભાયાત્રાઓ તથા ગુરૂ નાનક જયંતી, ઈદ એ મીલાદ, ક્રિસમસ જેવા તહેવારો આવતાં હોય તથા રેલીઓ/ ધરણાના કાર્યક્રમો યોજવામાં આવતાં હોય તેમજ હાલની આતં કવાદી પ્રવૃતિ લક્ષમાં લેતા કોઈપણ પ્રકારનો સુલેહ શાંતીનો ભંગ ન થાય, જાહેર સલામતી તથા કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે અને પ્રદુષણ રહીત વાતાવરણ રાખવા તથા પ્રાઈવેટ સિકયુરીટી એજન્સીના માણસો લાયસન્સવાળા હથિયારો જાહેર જગ્યામાં લઈને ફરે છે અને લોનના હપ્તા ઉઘરાવવા, જમીનના વિવાદોમાં જઈ લાયસન્સવાળા હથિયારોનો ઉપયોગ પણ કરે છે. અને આવા ઘણાખરા હથિયારો બીજા રાજ્યોમાંથી ઓલ ઈન્ડીયા લાયસન્સ મેળવી રાજકોટમાં મુખ્યત્વે ઉપયોગ કરે છે લાયસન્સવાળા હથિયારોથી કરેલ ગુન્હાઓમાં કેટલીક ફરીયાદો પણ દાખલ થયેલ છે. જેથી પ્રાઈવેટ સિકયુરીટી એજન્સીના માણસો જાહેર જગ્યામાં લાયસન્સવાળા હથિયારો લઈને ફરે નહીં તે પ્રવૃત્તિ અંકુશમાં લેવી પણ જરૂરી જણાય છે.

વાસ્તે, હું, અનુપમ સિંહ ગહલૌત, આઈ.પી.એસ., પોલીસ કમિશ્નર, રાજકોટ શહેર, ગુજરાત પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ના ૨૨માં અધિનિયમની કલમ-૩૭(૧) મુજબની મને મળેલ અધિકારની રૂએ નીચે જણાવેલ વિસ્તારમાં નીચેના કૃત્યો કરવા પર પ્રતિબંધ ફરમાવું છું.

પ્રતિબંધિત કૃત્યો

(૧) શસ્ત્રો, ડંડા, લાકડી, લાઠી, તલવાર, ભાલા, સોટા, ખંજર, તથા ચપ્પા તથા શારીરિક હિંસા પહોંચાડવામાં ઉપયોગ થઈ શકે તેવી બીજી ચીજો લઈ જવાની કે અન્ય રીતે સ્વબચાવ સિવાય સાથે રાખીને ફરવા ઉપર.

(૨) પરવાનાવાળા હથિયારો લઈ જાહેર જગ્યાઓએ જવા, હવામાં ફાયર કરવા, મેળા, ધાર્મિક સરઘસ કે વ્યક્તિઓના સમુદાયમાં લઈ જવા ઉપર.

(૩) સ્ફોટક પદાર્થ લઈ જવા ઉપર.

(૪) પથ્થરો અથવા બીજા શસ્ત્રો અથવા ફેંકવાના અથવા નાખવાના યંત્રો અથવા સાધનો લઈ જવાની, એકઠા કરવા તથા તૈયારી કરવા ઉપર.

(૫) સરઘસ સાથે સળગતી મશાલ રાખવા ઉપર.

(૬) વ્યક્તિના પુતળા બાળવા-લટકાવવાની-પુતળાને ફાંસી આપવા ઉપર.

(૭) પ્રાઈવેટ સિકયોરીટી એજન્સીના સંચાલક અને કર્મચારી લાયસન્સવાળા હથિયારો સાથે લઈ પોતાની ફરજ સિવાયના સમયે જાહેર જગ્યામાં જવા ઉપર.

(૮) જાહેરમાં અન્ય લોકોને ત્રાસ થાય તે રીતે બુમ પાડવા, ગીતો ગાવા તથા વાદ્ય વગાડવા ઉપર.

રાજકોટ શહેરમાં તાજેતરમાં બનેલ ખુન, ખુનની કોશીષ, લુંટ, ધાડના બનાવોમાં ઉપયોગમાં લેવાયેલ જીગઝેક પ્રકારના ચાઈનીઝ ચપ્પાઓના ઉપયોગને લઈને રાજકોટ શહેર વિસ્તારમાં આવા જીગઝેક પ્રકારના ચાઈનીઝ બનાવટના ચપ્પુઓ સાથે રાખવા અને વેંચાણ કરવા પર પ્રતિબંધ મૂકવા અતિ આવશ્યક છે.

અમલવારીના સમય

આ હુકમનો અમલ ૦૧-૧૧-૨૦૧૭ ના કલાક ૦૦/૦૦ થી તા. ૩૧-૧૨-૨૦૧૭ ના કલાક ૨૪/૦૦ સુધી.

વિસ્તાર

રાજકોટ શહેર પોલીસ કમિશ્નરની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

અપવાદ

(૧) આ જાહેરનામું જે વ્યકિતઓ સરકારી અથવા અર્ધસરકારી નોકરી અથવા કામગીરીમાં હોય અને તેમને જેના ઉપરી અધિકારીઓએ આવું કોઈ હથિયાર લઈ જવા ફરમાવ્યું હોય અથવા કોઈ હથિયાર લઈ જવાની તેની ફરજ હોય તેને લાગુ પડશે નહીં.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર સને-૧૯૫૧ના ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૫(૧) મુજબ શિક્ષાને પાત્ર છે.

તમામને વ્યક્તિગત રીતે આ નોટિશની બજવણી કરવી શકય ન હોય એકતરફી હુકમ કરૂં છું કે, જાહેર જનતાની જાણ સારૂ સ્થાનિક વર્તમાનપત્ર, આકાશવાણી, અને દુરદર્શન કેન્દ્ર મારફતે પ્રસિધ્ધી દ્વારા તથા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેકટર, મદદનીશ પોલીસ કમિશ્નર, નાયબ પોલીસ કમિશ્નર તથા પોલીસ કમિશ્નર કચેરીના નોટિશ બોર્ડ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધી કરવામાં આવશે. તેમજ સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધી કરવામાં આવશે. ગુજરાત પોલીસ એકટ કલમ-૧૨૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજ તારીખ ૨૪-૧૦-૨૦૧૭ ના રોજ મારી સહી અને સિકકો કરી આપેલ છે.

રાજકોટ, ૨૪ માહે ઓકટોબર, સને ૨૦૧૭.

અનુપમ સિંહ ગહલૌત,
પોલીસ કમિશ્નર,
રાજકોટ શહેર, રાજકોટ.

---

## જિલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ દ્વારા નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : નધણ/ઝ/૧૨૭/૧૦૨૮/પીબીઆર/સા-૧૦૪૬૪/ સને ૨૦૧૭.-આથી જાહેર કરે છે કે, શ્રી મહાત્મા ક્રેડીટ એન્ડ કન્ઝયુમર્સ કો.ઓપ. સો. લી., પોરબંદર, મર્યાદિત સ્થળ : પોરબંદર, મુ. : પોરબંદર, તાલુકો : પોરબંદર, જિલ્લો : પોરબંદર.

સને-૧૯૬૧નો ગુજરાત કાયદો ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો-૧૯૬૧ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

પોરબંદર, ૧૭ માહે ઓકટોબર, સને ૨૦૧૭.

એમ. એસ. લોખંડે,
જિલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
પોરબંદર.

---

## નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : નધણ/૦૧/ખ-૩/૧૦૨૫/૨૦૧૭.-જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ભાવનગર, આથી જાહેર કરે છે કે, શ્રી શેવાળીયા મહિલા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., સ્થળ : શેવાળીયા, તાલુકો : તળાજા, જિલ્લો : ભાવનગર, સને-૧૯૬૧ નાં ગુજરાત સહકારી મંડળી અધિનિયમની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવેલ છે.

નોંધણી નં. : બીએનઆર સે.દૂ.-૪૫૩૫૪/૨૦૧૭.

ભાવનગર, ૧૧ માહે ઓકટોબર, સને ૨૦૧૭.

## નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : નધણ/૦૧/ખ-૩/૧૦૩૩/૨૦૧૭.-જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ભાવનગર, આથી જાહેર કરે છે કે, શ્રી ત્રાંબક મહિલા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., સ્થળ : ત્રાંબક, તાલુકો : ઘોઘા, જિલ્લો : ભાવનગર, સને-૧૯૬૧ નાં ગુજરાત સહકારી મંડળી અધિનિયમની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવેલ છે.

નોંધણી નં. : બીએનઆર સે.દૂ.-૪૫૩૫૫/૨૦૧૭.

ભાવનગર, ૧૧ માહે ઓકટોબર, સને ૨૦૧૭.

---

## નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : નધણ/૦૧/ખ-૩/૧૦૪૧/૨૦૧૭.-જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ભાવનગર, આથી જાહેર કરે છે કે, શ્રી શોભાવડ મહિલા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., સ્થળ : શોભાવડ, તાલુકો : તળાજા, જિલ્લો : ભાવનગર, સને-૧૯૬૧ નાં ગુજરાત સહકારી મંડળી અધિનિયમની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવેલ છે.

નોંધણી નં. : બીએનઆર સે.દૂ.-૪૫૩૫૬/૨૦૧૭.

ભાવનગર, ૧૧ માહે ઓકટોબર, સને ૨૦૧૭.

---

## નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : નધણ/૦૧/ખ-૩/૯૬૬/૨૦૧૭.-જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ભાવનગર, આથી જાહેર કરે છે કે, શ્રી સારવદર મહિલા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., સ્થળ : સારવદર, તાલુકો : ઘોઘા, જિલ્લો : ભાવનગર, સને-૧૯૬૧ નાં ગુજરાત સહકારી મંડળી અધિનિયમની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવેલ છે.

નોંધણી નં. : બીએનઆર સે.દૂ.-૪૫૩૪૭/૨૦૧૭.

ભાવનગર, ૦૯ માહે ઓકટોબર, સને ૨૦૧૭.

---

## નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : નધણ/૦૧/ખ-૩/૯૭૪/૨૦૧૭.-જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ભાવનગર, આથી જાહેર કરે છે કે, શ્રી કુંભારીયા મહિલા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., સ્થળ : કુંભારીયા, તાલુકો : મહુવા, જિલ્લો : ભાવનગર, સને-૧૯૬૧ નાં ગુજરાત સહકારી મંડળી અધિનિયમની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવેલ છે.

નોંધણી નં. : બીએનઆર સે.દૂ.-૪૫૩૪૮/૨૦૧૭.

ભાવનગર, ૦૯ માહે ઓકટોબર, સને ૨૦૧૭.

---

વંચાણે લીધા :

(૧) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૧૪(૧) તથા ૨૦(૧) હેઠળની જોગવાઈઓ.

(૨) ગુજરાત સરકારશ્રીના કૃષિ અને સહકાર વિભાગના જાહેરનામાં ક્રમાંક : જીએચકેએચ/૫૧/૨૦૧૧/નબસ/૧૨/૨૦૦૨/૩૦૧૧/છ/તા. ૨૧-૦૭-૨૦૧૧.

(૩) કચેરીનાં ફડચાના અંતિમ આદેશ ક્રમાંક : ફડચ/ગ-૨/૨૪૬/૨૦૧૬, તા. ૧૫-૦૯-૨૦૧૬.

(૪) ફડચા અધિકારીશ્રીની તા. ૨૫-૦૯-૨૦૧૭ ના પત્રથી રજુ થયેલ નોંધણી રદની દરખાસ્ત.

## હુકમ

ક્રમાંક : ફડચ/ગ-૨/૨૧૬/૨૦૧૭.-આથી હું, ટી. સી. તીરથાણી, જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, રાજકોટ, અમોને વંચાણે લીધા આંક (૨) વાળા જાહેરનામાથી મળેલ અધિકારની રૂએ શ્રી ભગવતસિંહજી હાઈસ્કુલના કર્મચારીઓની શરાફી સહકારી મંડળી લી., મુ. તા. ધોરાજી, જિ. : રાજકોટ, નોંધણી નંબર : સે-૨૭૫૪૯, તા. ૩૧-૦૩-૧૯૯૫ ની ફડચાની કાર્યવાહી સહકારી કાયદાની કલમ-૧૧૪ હેઠળ સમાપ્ત જાહેર કરૂ છું. તેમજ તેજ કાયદાની કલમ-૨૦(૧) હેઠળ સદરહુ મંડળીની નોંધણી રદ કરતો હુકમ કરૂ છું.

રાજકોટ, ૦૯ માહે ઓકટોબર, સને ૨૦૧૭.

---

## નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : નધણ/જ-૨/૬૫૭/નં.આરજેટી:સે-૪૫૯૬૯/૨૦૧૭-જિલ્લા રજિસ્ટ્રાર, સ.મં., રાજકોટ, આથી જાહેર કરે છે કે, શ્રી ભગવદભૂમિ નાગરિક શરાફી સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ : ગોંડલ, તાલુકો : ગોંડલ, જિલ્લોઃ રાજકોટ, સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો-૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

રાજકોટ, ૨૩ માહે ઓકટોબર, સને ૨૦૧૭.

---

## નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : નધણ/જ-૨/૬૫૧/નં.આરજેટી:સે-૪૫૯૬૮/૨૦૧૭.-જિલ્લા રજિસ્ટ્રાર, સ.મં., રાજકોટ, આથી જાહેર કરે છે કે, શ્રી બાલાજી યુવા ક્રેડીટ કો-ઓપરેટીવ સોસાયટી લી., મર્યાદિત સ્થળ : રાજકોટ, તાલુકો : રાજકોટ, જિલ્લોઃ રાજકોટ, સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો-૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

રાજકોટ, ૧૨ માહે ઓકટોબર, સને ૨૦૧૭.

ટી. સી. તીરથાણી,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
રાજકોટ.

---

## મદદનીશ જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ (હાઉસીંગ) દ્વારા

વંચાણે લીધા :

(૧) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭(૧) (અ) ૧૦૮ની જોગવાઈઓ.

(૨) સરકારશ્રીના કૃષિ અને સહકાર વિભાગનાં જાહેરનામાં ક્રમાંક : જીએચકેએચ/૫૧/૨૦૦૫/એનએસબી/૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ, તા. ૨૧-૦૭-૨૦૧૧ થી થયેલ સતા સોંપણી.

(૩) મંડળીના મંત્રીશ્રી મારફત ખાસ સાધારણ સભા તા. ૦૨-૦૮-૨૦૧૩ ના ઠરાવ નં.૩ સબબ, તા. ૨૨-૦૮-૨૦૧૩ થી મંડળીને સ્વૈચ્છિક ફડચામાં લઈ જવાની દરખાસ્ત.

(૪) આ કચેરીના તા. ૨૬-૦૮-૨૦૧૩ તથા તા. ૨૪-૦૯-૨૦૧૩ થી મંડળીને ફડચામાં લઈ જવા અપાયેલ કારણદર્શક નોટિસ.

(૫) શ્રી નરેન્દ્રસિંહ એસ. વાઘેલાના કુલમુખત્યાર દશરથભાઈ જે. વાળાની રજુઆત.

(૬) શ્રી અધિક રજિસ્ટ્રાર (અપીલ) સહકારી મંડળીઓ, ગાંધીનગરનો રીવીઝન અપીલ નં.૧૯૧/૨૦૧૩ તથા તેમાં તા. ૧૮-૧૦-૨૦૧૩ના આપેલ મનાઈ હુકમ.

(૭) શ્રી અધિક રજિસ્ટ્રાર (અપીલ) સહકારી મંડળીઓ, ગાંધીનગરનો રીવીઝન અપીલ નં.૧૯૧/૨૦૧૩માં તા. ૦૪-૦૮-૨૦૧૭ નો હુકમ.

(૮) શ્રી જયનાથ કો-ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લી., રાજકોટની તા. ૦૯-૦૮-૨૦૧૭ નાં મંડળીને સ્વૈચ્છિક ફડચામાં લઈ જવાની દરખાસ્ત.

(૯) આ કચેરીના તા. ૧૧-૦૯-૨૦૧૭ નાં પત્ર ક્રમાંક : ધરમ/ફડચ/૦૧/૪૬૮ થી ૪૭૮/૨૦૧૭ થી મંડળીને ફડચામાં લઈ જવા અપાયેલ કારણદર્શક નોટિસ.

(૧૦) શ્રી જયનાથ કો-ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લી., રાજકોટ, દ્વારા તા. ૨૦-૦૯-૨૦૧૭ તથા તા. ૨૧-૦૯-૨૦૧૭ નાં રજુ કરેલ જવાબ.

(૧૧) શ્રી અધિક રજિસ્ટ્રાર (અપીલ) સહકારી મંડળીઓ, ગાંધીનગરનો રીવીઝન અપીલ નં. ૧૯૨/૨૦૧૩ માં તા. ૧૩-૧૦-૨૦૧૭ નો હુકમ

## અંતિમ આદેશ

ક્રમાંક : ધરમ/ફડચ/૦૧/૫૩૭ થી ૫૪૩/૨૦૧૭.-આથી હું, એસ. જે. હાલારી, મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ (હાઉસીંગ), રાજકોટ, વંચાણે લીધા ક્રમ-૧ વાળા જાહેરનામાથી અત્રને મળેલ અધિકાર અને સત્તાની રૂઈએ તેમજ આમુખમાં જણાવેલ વિગતો ધ્યાને લઈ શ્રી જયનાથ કો-ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લી., રાજકોટ, તા. જિ. રાજકોટ (નોંધણી નં : ઘ-૫૧૧૯, તા. ૦૬-૧૨-૧૯૭૫) ને ગુજરાત સહકારી મંડળીઓનાં અધિનિયમ-૧૯૬૧ ની કલમ-૧૦૭ (૧) (એ) અન્વયે ફડચામાં લઈ જવાના વચ્ચગાળાના આદેશને કાયદાની કલમ-૧૦૮(૧) અન્વયે કાયમી રાખતો આદેશ આપું છું અને ફડચા અધિકારી તરીકે સહકારી અધિકારી (ગ્રાહક) લગત જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, રાજકોટની નિમણૂંક કરું છું. જે અન્વયે નિયુકત ફડચા અધિકારીએ સદરહુ મંડળીનો તમામ દફતર, માલ-મિલ્કતનો ફડચાનો ચાર્જ સંભાળી અંતિમ ઓડીટ કરાવી, મંડળીની ફડચાની તમામ કામગીરી નિયત મુદતમાં પૂર્ણ કરવાની રહેશે.

રાજકોટ, ૧૭ માહે ઓકટોબર, સને ૨૦૧૭.

એસ. જે. હાલારી,

મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ (હાઉસીંગ),
રાજકોટ.

---

## મદદનીશ જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ (પંચાયત) દ્વારા

વંચાણે લીધા :

(૧) ગુજરાત સરકારશ્રીના કૃષિ અને સહકાર વિભાગના ઠરાવ ક્રમાંક : જીએચકેએચ/૧૭૨/૮૧/સીએચએ/૪૯૭૮/૪૨૨૯/ડી, તા. ૩૧-૦૮-૧૯૮૧.

(૨) જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ, રાજકોટનાં તા. ૯-૧૨-૨૦૧૬ ના આદેશ ક્રમાંક : ફડચ/ગ-૨/૩૦૫/૨૦૧૬ થી મંડળીને ફડચામાં લઈ જવાનો અંતિમ આદેશ.

(૩) ફડચા અધિકારીશ્રી શ્રી જય સરદાર સેવા સહકારી મંડળી લી., રામોદ અને સહકારી અધિકારી (ફડચો) લગત જિલ્લા રજીસ્ટ્રાર, સ. મં., રાજકોટની તા. ૨૨-૦૫-૨૦૧૭ ની દરખાસ્ત જે જિલ્લા રજીસ્ટ્રારશ્રી, સ. મં., રાજકોટના તા. ૩૧-૦૫-૨૦૧૭ ના પત્રથી રજુ થયેલ દરખાસ્ત.

(૪) મંડળીના સભ્યોની મંડળીને ફડચામાંથી પુનઃરચના કરી આપવા માટે તા. ૨૦-૦૫-૨૦૧૭ ની ખાસ સાધારણ સભાનો ઠરાવ નં.-૨.

(૫) જિલ્લા પંચાયત, રાજકોટની ઉત્પાદન સહકાર અને સિંચાઈ સમિતિની તા. ૧૨-૧૦-૨૦૧૭ ની બેઠકનાં મંજુર થયેલ ઠરાવ નં.-૩૬.

(૬) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૯ તથા સને : ૧૯૬૫ ના ગુજરાત સહકારી મંડળીઓના નિયમોના નિયમ-૧૦ ની જોગવાઈઓ.

## હુકમ

ક્રમાંક : સહ/નધણ/વશી/૨૯૦ થી ૩૦૦/૨૦૧૭.-આથી હું, પી. જી. જાડેજા, મદદનીશ જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ (પંચાયત) રાજકોટ ઉકત વંચાણે લીધેલ ક્રમાંક-(૧) થી મળેલ અધિકારની રૂઈએ, વંચાણે ક્રમાંક-(૫) થી થયેલ ઠરાવથી મંજુરી આપ્યા અનુસાર તેમજ વંચાણે લીધેલ ક્રમાંક (૬) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ ની કલમ-૧૯ ની જોગવાઈઓને આધીન આમુખમાં જણાવેલ વિગતો/શરતો ધ્યાને લઈ શ્રી જય સરદાર સેવા સહકારી મંડળી લી., મુ. રામોદ, તા. કોટડાસાંગાણી, જિ. રાજકોટ. (નોંધણી નાં. સે-૩૭૨૩૩ તા. ૦૩-૧૦-૨૦૧૧) ને પુનઃરચના કરવાનો આથી આદેશ કરૂ છું.

રાજકોટ, ૧૬ માહે ઓકટોબર, સને ૨૦૧૭.

---

## નોંધણીનું પ્રમાણપત્ર

નાં. : સહ/નધણ/વશી/૨૮૯/૨૦૧૭.-મદદનીશ જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ (પંચાયત), રાજકોટ, આથી જાહેર કરે છે કે, શ્રી જયકિશાન સિંચાઈ સહકારી મંડળી લી., મુ. : ખોડાપીપર, તા. : પડધરી, જિલ્લો : રાજકોટની ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ (સને ૧૯૬૨ નો ગુજરાતનો કાયદો-૧૦) ની કલમ-૯(૧)(અ) અન્વયે આજરોજ નોંધણી કરવામાં આવી. જેનો નોંધણી નંબર : ખે-૧૦૯૪૨ છે.

રાજકોટ, ૧૬ માહે ઓકટોબર, સને ૨૦૧૭.

---

## નોંધણીનું પ્રમાણપત્ર

નાં. : સહ/નધણ/વશી/૨૮૪/૨૦૧૭.-મદદનીશ જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ (પંચાયત), રાજકોટ, આથી જાહેર કરે છે કે, શ્રી સરદાર સિંચાઈ સહકારી મંડળી લી., મુ. : ખોડાપીપર, તા. : પડધરી, જિલ્લો : રાજકોટની ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ (સને ૧૯૬૨ નો ગુજરાતનો કાયદો-૧૦) ની કલમ-૯(૧)(અ) અન્વયે આજરોજ નોંધણી કરવામાં આવી. જેનો નોંધણી નંબર : ખે-૧૦૯૪૧ છે.

રાજકોટ, ૧૬ માહે ઓકટોબર, સને ૨૦૧૭.

---

## નોંધણીનું પ્રમાણપત્ર

નાં. : સહ/નધણ/વશી/૨૭૪/૨૦૧૭.-મદદનીશ જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ (પંચાયત), રાજકોટ, આથી જાહેર કરે છે કે, શ્રી જલધારા સિંચાઈ સહકારી મંડળી લી., મુ. : ખોડાપીપર, તા. : પડધરી, જિલ્લો : રાજકોટની ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ (સને ૧૯૬૨ નો ગુજરાતનો કાયદો-૧૦) ની કલમ-૯(૧)(અ) અન્વયે આજરોજ નોંધણી કરવામાં આવી. જેનો નોંધણી નંબર : ખે-૧૦૯૪૦ છે.

રાજકોટ, ૧૬ માહે ઓકટોબર, સને ૨૦૧૭.

---

## નોંધણીનું પ્રમાણપત્ર

નાં. : સહ/નધણ/વશી/૨૭૩/૨૦૧૭.-મદદનીશ જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ (પંચાયત), રાજકોટ, આથી જાહેર કરે છે કે, શ્રી વ્રજભુમી જળસિંચન સહકારી મંડળી લી., મુ. : ધોળીધાર, તા. : જામકંડોરણા, જિલ્લો : રાજકોટની ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ (સને ૧૯૬૨ નો ગુજરાતનો કાયદો-૧૦) ની કલમ-૯(૧)(અ) અન્વયે આજરોજ નોંધણી કરવામાં આવી. જેનો નોંધણી નંબર : ખે-૧૦૯૩૯ છે.

રાજકોટ, ૧૬ માહે ઓકટોબર, સને ૨૦૧૭.

---

## નોંધણીનું પ્રમાણપત્ર

નાં. : સહ/નધણ/વશી/૨૬૯/૨૦૧૭.-મદદનીશ જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ (પંચાયત), રાજકોટ, આથી જાહેર કરે છે કે, શ્રી વૃન્દાવન જળસિંચન સહકારી મંડળી લી., મુ. : ધોળીધાર, તા. : જામકંડોરણા, જિલ્લો : રાજકોટની ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ (સને ૧૯૬૨ નો ગુજરાતનો કાયદો-૧૦) ની કલમ-૯(૧)(અ) અન્વયે આજરોજ નોંધણી કરવામાં આવી. જેનો નોંધણી નંબર : ખે-૧૦૯૩૮ છે.

રાજકોટ, ૧૬ માહે ઓકટોબર, સને ૨૦૧૭.

**પી. જી. જાડેજા,**
મદદનીશ જિલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ (પંચાયત),
રાજકોટ.

---

PRINTED AT THE GOVERNMENT PRESS, RAJKOT COMPLAINTS ABOUT GAZETTE MUST BE MADE WITHIN A FORTNIGHT FROM THE DATE OF THIS PUBLICATION ACCOMPANIED BY THE WRAPPER.

©

सत्यमेव जयते



# The Gujarat Government Gazette

**SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION**

***PUBLISHED BY AUTHORITY***

**VOL. LVIII] THURSDAY, 09th NOVEMBER, 2017/KARTIKA 18, 1939 No. 45**

**Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central section in order that it may be filed as a separate compilation.**


# PART-I



| Part | Pages |
|---|---|
| **PART - I**<br>Government Notifications Appointments Promotions, Leave of absence, Rules and orders (Other than those published in Part-I-A, IV-A, IV-B, and IV-C) list of publications for sales etc.,<br>Miscellaneous Notifications Appoint-ments etc., | 1141-1164 |
| **PART - I - A**<br>Order and Notifications (Other than those published in Part-IV-B) under the Gujarat Local Boards, Village Panchayats, Municipals, Boroughs, (Districts) Municipals Primary Education and Local Fund Audits, Acts., | Nil |
| **PART - I - B**<br>(Suppliment) Government Notifications Published under Land Acquisition Act only Supplement. | Nil |
| **PART - II**<br>Miscellaneous Notices, Advertisments, List of Books Sanctioned by the Director of Education, List of Jurors. Schedule of Estates by the Official Assignee, Summary of Births and Deaths, etc., | 2129-2168 |
| **PART - III**<br>Miscellaneous Supplements Season and Crop Reports, Prices, Current Rainfalls Returns, District Local Boards Accounts etc., | Nil |

# GOVERNMENT NOTIFICATIONS, ORDERS APPOINTMENTS, ETC.
## SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION
## NOTIFICATION
### MISCELLANEOUS NOTIFICATIONS APPOINTMENTS ETC.

---

## By the Principal District Judge

***Read :***

*(1) This Office Notification No.B/UHC/10/17638/2016, Dated : 27-12-2016.*

*(2) This Office Notification No.B/UHC/10/8472/2017, Dated : 29-04-2017.*

*(3) Hon'ble High Court Letter No.C.2103/2017, Dated : 13-10-2017.*

### NOTIFICATION

No. UHC/10/16901/2017.-In view of the Hon'ble High Court letter cited in the preamble at Sr. No. 3, the undersigned is pleased to following day declared as Holiday.

**1. 16th October, 2017 (Monday)**

And in lieu thereof, following day shall be working for the District Court, Bhavnagar inclusive of all offices and its subordinate Courts.

**1. 23rd December, 2017 (Saturday)**

Bhavnagar, 13th October, 2017.

**J. J. Pandya,**
Principal District Judge,
Bhavnagar.

---

## જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

### લોક પ્રતિનિધિત્વ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૧૨૭ (ક) હેઠળનો

### હુકમ

નં. એમએએજી/સી/વિ.સ.સા.ચૂં./૧/૨૦૧૭.-ભારતના ચૂંટણી પંચ તરફથી ગુજરાત વિધાનસભા સામાન્ય ચૂંટણી-૨૦૧૭ માટેનો કાર્યક્રમ નકકી કરવામાં આવેલ છે. જે અંતર્ગત જુનાગઢ જિલ્લામાં ઉકત ચૂંટણી તા. ૦૯-૧૨-૨૦૧૭ના રોજ યોજાનાર છે.

આ ચૂંટણી દરમ્યાન રાજકીય પક્ષો તેમના ટેકેદારો-ઉમેદવારો દ્વારા ચોપાનીયા, ભીતપત્રો વિ. દ્વારા ચૂંટણી પ્રચાર કરવામાં આવનાર છે. આ ચૂંટણી પ્રચારના સાહિત્યના કારણે કોઈ અનિચ્છનીય બનાવ ન બને, આચાર સંહિતાનું પાલન થાય જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાય રહે, મુકત અને ન્યાયી ચૂંટણી યોજાય તે માટે ચૂંટણીને લગતા ચોપાનીયા, ભીંત પત્રો વિ. સાહિત્યના મુદ્રણ અને પ્રકાશન બાબતે નિયમન કરવું જરૂરી જણાય છે.

સબબ હું, ડૉ. રાહુલ ગુપ્તા, આઈ.એ.એસ., જિલ્લા મેજીસ્ટ્રેટ, જુનાગઢ જિલ્લો, જુનાગઢ, લોક પ્રતિનિધિત્વ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૨૭(ક)ની જોગવાઈ હેઠળ ચૂંટણીને લગતા ચોપાનીયા, ભીંતપત્રો વિગેરેના મુદ્રણ અને પ્રકાશન માટે નીચેની વિગતે અમલ કરવા હુકમ કરૂ છું.

(૧) કોઈપણ વ્યકિત, જેના પર તેના મુદ્રક અને પ્રકાશકનાં સ્પષ્ટ દેખાય આવે તે રીતે નામ અને સરનામા ન હોય તેવા ચૂંટણીને લગતા ચોપાનીયા કે ભીંતપત્રો છાપી કે પ્રસિધ્ધ કરી શકાશે નહીં અથવા છપાવી કે પ્રસિધ્ધ કરાવી શકશે નહી.

(૨) કોઈપણ વ્યકિત ચૂંટણીને લગતા ચોપાનીયા કે ભીંતપત્રો છાપી શકશે નહીં કે છપાવવાની વ્યવસ્થા કરી શકશે નહીં સિવાય કે :

(ક) તેની સહીવાળા અને તેને અંગત રીતે ઓળખતી હોય તેવી બે વ્યકિતઓએ શાખ કરેલ પ્રકાશકની ઓળખ અંગેના નમુના-ક માં એકરારની બે નકલ તેણે મુદ્રકને આપી હોય, અને

(ખ) લખાણ છપાયા પછી મુદ્રકે ત્રણ દિવસની અંદર છાપકામ કરેલ લખાણની ચાર નકલો, પ્રકાશકના એકરારની એક નકલ તથા મુદ્રકે છાપકામ કરેલ દસ્તાવેજની નકલોની સંખ્યા અને મુદ્રક કામ અંગે થયેલ ખર્ચની વિગતો નમુના-ખ ની એક નકલ નીચેનાને મોકલી હોય,

(૧) રાજ્યના પાટનગરમાં છાપવામાં આવ્યું હોય ત્યારે મુખ્ય ચૂંટણી અધિકારીને, અને

(૨) બીજે પ્રસંગે, તે જે જિલ્લામાં છાપવામાં આવ્યું હોય તે જિલ્લાના જિલ્લા મેજીસ્ટ્રેટને

(૩) આ કલમ પુરતુ :

(ક) હાથે નકલો કરવા સિવાય લખાણની વધુ નકલો કાઢવાની કોઈપણ પ્રક્રિયા મુદ્રણ ગણાશે અને 'મુદ્રક' એ શબ્દના તે પ્રમાણે અર્થ થશે, અને

(ખ) ''ચૂંટણીને લગતુ ચોપાનીયું અથવા ભીંતપત્ર'' એટલે ઉમેદવાર કે ઉમેદવારના જુથની ચૂંટણીની તકો વધારવા કે તેને પ્રતિકુળ અસર પહોંચાડવા માટે વહેંચવામાં આવેલ કોઈ છાપેલુ ચોપાનીયું, હેન્ડબીલ, સુત્રપાટિયું અથવા બીજુ લખાણ અથવા ચૂંટણીને લગતુ ભીંતપત્ર એવો અર્થ થાય છે. પરંતુ માત્ર ચૂંટણી સભાની તારીખ, સમય, સ્થળ, અને બીજી વિગતો આપતા અથવા ચૂંટણી એજન્ટ કે કાર્યકરોને કામકાજ અંગેની સુચનાઓ આપતા હેન્ડબીલ સુત્રપાટિયાં કે ભીતપત્રોનો તેમાં સમાવેશ થતો નથી.

(૪) પેટા કલમ (૧) અથવા પેટા કલમ (૨) ની કોઈ પણ જોગવાઈનો ભંગ કરનાર વ્યકિત, છ માસ સુધીની કેદ અથવા બે હજાર રૂપિયા સુધીના દંડની અથવા બન્ને શિક્ષાને પાત્ર થશે. તેમજ મુદ્રણાલયનું લાયસન્સ રદ કરવા પાત્ર થશે.

આ હુકમ સમગ્ર જુનાગઢ જિલ્લાના વિસ્તારમાં હુકમની તારીખથી અમલમાં આવશે અને તે ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ થવાની તા. ૨૦-૧૨-૨૦૧૭ સુધી અમલમાં રહેશે.

આજ તારીખ : ૨૬ માહે ઓકટોબર-૨૦૧૭ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કો કરી બહાર પાડેલ છે.

જુનાગઢ, ૨૬ માહે ઓકટોબર, સને ૨૦૧૭.

---

વિષય :

(૧) ગુજરાત વિધાનસભા સામાન્ય ચૂંટણી-૨૦૧૭. ચૂંટણી દરમ્યાન કાયદો અને વ્યવસ્થા જાળવવા હથિયાર જમા લેવા બાબત.

વંચાણે લીધા :

(૧) ભારતના ચૂંટણી પંચના તા. ૧-૯-૨૦૦૯ના હુકમ પત્ર નં. ૪૬૪/આઈ.એન.એસ.ટી./૨૦૦૯/ઈપીએસ.

(૨) શસ્ત્ર અધિનિયમ-૧૯૫૯ની કલમ-૨૨(૧)(બી).

## હુકમ

નં. એમએજી/સી/વિ.સ.સા.ચૂં./૨/૨૦૧૭.-ભારતના ચૂંટણી પંચ તરફથી ગુજરાત વિધાનસભા સામાન્ય ચૂંટણી-૨૦૧૭ માટેનો કાર્યક્રમ નકકી કરવામાં આવેલ છે. જે અંતર્ગત જુનાગઢ જિલ્લામાં ઉકત ચૂંટણી તા. ૦૯-૧૨-૨૦૧૭ ના રોજ યોજાનાર છે. જેની મતગણતરી તા. ૧૮-૧૨-૨૦૧૭ ના રોજ થનાર છે.

પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢ તરફથી પત્ર નં.સી/એલઆઈબી/વિ.સ.ચૂં./હથિયાર/૨૩૯૮/૧૭, તા. ૨૫-૧૦-૨૦૧૭ થી થઈ આવેલ દરખાસ્ત મુજબ, ચૂંટણી મુકત ન્યાય અને શાંતિપુર્ણ વાતાવરણમાં યોજાય તેમજ કાયદો અને વ્યવસ્થા સંપુર્ણપણે જળવાય રહે તે માટે જુનાગઢ જિલ્લામાં તમામ સ્વરક્ષણ તથા પાકરક્ષણના પરવાનાધારકોના હથિયારો ચૂંટણી પ્રક્રિયા પુરી થતા સુધી પોલીસ સ્ટેશનમાં અનામત જમા લેવામાં આવે તે અંગેના હુકમો થવા દરખાસ્ત થઈ આવેલ છે.

પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢ તરફથી રજુ થયેલ ઉપરોકત દરખાસ્ત વ્યાજબી જણાતી હોય, જિલ્લામાં યોજાનાર ઉપરોકત ચૂંટણી દરમ્યાન જાહેર સલામતી જોખમાય નહી તેમજ આ ચૂંટણી મુક્ત અને ન્યાયી વાતાવરણમાં યોજાય તથા કાયદો અને વ્યવસ્થા જળવાય રહે તે હેતુસર જિલ્લામાં આવેલ તમામ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલ પાકરક્ષણ તેમજ સ્વરક્ષણના પરવાના તળેના હથિયારો સંબંધકર્તા પરવાનેદાર પાસેથી મેળવી જમા લેવા શસ્ત્ર અધિનિયમ-૧૯૫૯ની કલમ-૨૨(૧)(બી)ની જોગવાઈ હેઠળ આથી હુકમ કરવામાં આવે છે.

આ હુકમ હેઠળ જમા લેવાયેલ હથિયારો સંબંધીત પોલીસ સ્ટેશનમાં સલામત અને સુરક્ષીત રીતે રાખવાના રહેશે, જમા લીધેલ હથિયારની પહોંચ આપવાની રહેશે તથા ઉકત ચૂંટણીનું પરીણામ જાહેર થયાના એક અઠવાડીયા બાદ તુર્ત જ સંબંધીત પરવાનેદારને તેનું હથિયાર સોંપવાનું રહેશે.

આ હુકમ બેંક કે અન્ય સંસ્થાઓ કે જયાં સીકયોરીટીના પ્રશ્ન હોય તેવા પરવાનેદારને લાગુ પડશે નહીં.

પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢએ આ હુકમની અમલવારી કરાવી હથિયારો જમા લેવામાં આવે તથા પરત કરવામાં આવે ત્યારે પોલીસ સ્ટેશનવાઈઝ સંકલીત અહેવાલ અત્રેને રજુ કરવાનો રહેશે.

જુનાગઢ, ૨૬ માહે ઓકટોબર, સને ૨૦૧૭.

---

### ધી પ્રીવેન્શન ઓફ ડેમેજીસ ઓફ પબ્લીક પ્રોપર્ટી એકટ-૧૯૮૪ હેઠળ કરાયેલ

## હુકમ

નં. એમએજી/સી/વિ.સ.સા.ચૂં./૪/૨૦૧૭.-ભારતના ચૂંટણી પંચ તરફથી ગુજરાત વિધાનસભા સામાન્ય ચૂંટણી-૨૦૧૭ માટેનો કાર્યક્રમ નકકી કરવામાં આવેલ છે. જે અંતર્ગત જુનાગઢ જિલ્લામાં ઉકત ચૂંટણી તા. ૦૯-૧૨-૨૦૧૭ના રોજ યોજાનાર છે.

આ ચૂંટણી દરમ્યાન રાજકીય પક્ષો, ઉમેદવારો તથા તેના ટેકેદારો દ્વારા પોસ્ટર, બેનર્સ, હોર્ડિંગ્સ દ્વારા ચૂંટણી પ્રચાર કરવામાં આવનાર છે. આ ચૂંટણી પ્રચારમા ચૂંટણીની આદર્શ આચાર સંહિતાનું પાલન થાય, તથા ચૂંટણી મુકત, ન્યાયી તથા પારદર્શક રહે અને ચૂંટણી પ્રચાર દરમ્યાન જાહેર મિલ્કને નુકશાન પહોંચાડીને બગાડ કરતો અટકાવવા માટે ચૂંટણી પ્રચારના બોર્ડ/બેનર્સ વિ. ના ઉપયોગ નિયંત્રીત કરવા જરૂરી જણાય છે.

સબબ હું, ડૉ. રાહુલ ગુપ્તા, આઈ.એ.એસ., જિલ્લા મેજીસ્ટ્રેટ, જુનાગઢ જિલ્લો, જુનાગઢ, ધી પ્રીવેન્શન ઓફ ડેમેજીસ ઓફ

પબ્લીક પ્રોપર્ટી એક્ટ-૧૯૮૪ હેઠળ સમગ્ર જુનાગઢ જિલ્લાના વિસ્તારમાં ઉપરોક્ત ચૂંટણી દરમ્યાન ચૂંટણી લક્ષી જાહેરાત, પાટીયા, બેનર્સ, કટ આઉટ મુકવા વિગેરે માટે નીચેની બાબતોનો અમલ કરવા હુકમ કરૂ છું.

(૧) કોઈપણ જાહેર મિલ્કત/જાહેર જગ્યા પર દીવાલ પર લખાણ કરવા, પોસ્ટર્સ/કાગળો ચોંટાડવા અથવા કોઈપણ રીતે નુકશાન કરવા અથવા લખાણો, જાહેરાતના પાટીયા, ઝંડા વગેરે લગાડવા/પ્રદર્શિત કરવા દેવામાં આવશે નહીં.

(૨) આમ છતાં, જો સ્થાનિક કાયદાઓ, ચુકવણી કરીને કે અન્ય રીતે આવા હેતુઓ માટે ખાસ કરીને મુકરર કરવામાં આવેલા જાહેર સ્થળે જાહેર ખબરનાં સૂત્રો લખવાની, પોસ્ટર્સ, વગેરે પ્રદર્શિત કરવાની કે લખાણો, પાટિયા ઝંડા વગેરે લગાડવાની રજા કે છૂટ આપતા હોય તો, કાયદાની પ્રસ્તુત જોગવાઈઓ પ્રમાણે અને કોર્ટના આદેશોને ચુસ્તપણે આધિન રહીને એમ કરવા દેવાની રજા આપવી. એ બાબત સુનિશ્ચિત કરવી કે આવી કોઈ જગ્યા પર કોઈ અમુક પક્ષ (પક્ષો) અથવા ઉમેદવાર (રો) નું વર્ચસ્વ/ઈજારો ન હોય. તમામ પક્ષો અને ઉમેદવારોને આ બાબતમાં સમાન તક આપવી.

(૩) વધુમાં, કોઈ પણ ચૂંટણી જાહેર કરવામાં આવ્યા પછી, આ હેતુ માટે આપવામાં આવેલી કોઈપણ જગ્યાનો વિસ્તાર વધારવો કે ઘટાડવો નહીં.

જાહેર મિલકતનો અર્થ ધ પ્રિવેન્શન ઓફ ડેમેજીસ ઓફ પબ્લીક પ્રોપર્ટી એક્ટ-૧૯૮૪ની કલમ-૨ (બી) મુજબનો રહેશે અને બગાડનો અર્થ ભારતીય દંડ સંહિતાની કલમ-૪૨૫ મુજબનો રહેશે.

કોઈ રાજકીય પક્ષ/ઉમેદવાર તથા કોઈ વ્યક્તિ દ્વારા ઉક્ત નિયમોનો ભંગ કરી ચૂંટણી લક્ષી કટ-આઉટ, જાહેરાત, પાટીયા અથવા બેનર્સ પ્રદર્શિત કરવામાં આવશે તો તે ધી પ્રીવેન્શન ઓફ ડેમેજીસ ઓફ પબ્લીક પ્રોપર્ટી એક્ટ-૧૯૮૪ની કલમ-૩ મુજબની શિક્ષાને પાત્ર ઠરશે.

આ હુકમ સમગ્ર જુનાગઢ જિલ્લાના વિસ્તારમાં હુકમની તારીખથી અમલમાં આવશે અને તે ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ થવાની તા. ૨૦-૧૨-૨૦૧૭ સુધી અમલમાં રહેશે.

આજ તારીખ : ૨૬ માહે ઓકટોબર-૨૦૧૭ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી બહાર પાડેલ છે.

જુનાગઢ, ૨૬ માહે ઓકટોબર, સને ૨૦૧૭.

ડૉ. રાહુલ ગુપ્તા,
જિલ્લા મેજીસ્ટ્રેટ,
જુનાગઢ જિલ્લો, જુનાગઢ.

---

વિષય :

વિધાનસભાની સામાન્ય ચૂંટણી-૨૦૧૭ ચૂંટણી દરમ્યાન કાયદો અને વ્યવસ્થા જાળવવા હથિયાર જમા લેવા બાબત.

વંચાણે લીધા :

(૧) ભારતના ચૂંટણી પંચના હુકમ ક્રમાંક : ૪૬૪/૯૬-L&O/PLN-1. તા. ૧૩-૦૩-૧૯૯૬.

(૨) શસ્ત્ર અધિનિયમ-૧૯૫૯ની કલમ-૨૨(૧)(બી).

## હુકમ

નં. એમએજી/સી/વિધાનસભા ચૂંટણી/૧૮/૨૦૧૭.-ભારતના ચૂંટણી પંચ તરફથી વિધાનસભા સામાન્ય ચૂંટણી-૨૦૧૭ માટેનો કાર્યક્રમ નકકી કરવામાં આવેલ છે. જે અંતર્ગત ગીર સોમનાથ જિલ્લામાં વિધાનસભાની ચૂંટણી તા. ૦૯-૧૨-૨૦૧૭ના રોજ યોજાનાર છે. જેની મત ગણતરી તા. ૧૮-૧૨-૨૦૧૭ના રોજ થનાર છે.

ઉપર વંચાણે લીધેલ ક્રમ-૧ની જોગવાઈ મુજબ ચૂંટણીઓ જાહેર થાય ત્યાર બાદ ચૂંટણી મુકત અને ન્યાયી રીતે કરવા માટે આવશ્યક કાયદો અને વ્યવસ્થાની જાળવણી કરવા સારૂ તુર્ત જ પરવાના વાળા હથિયારો જમા લેવાની તથા મતગણતરી પુરી થયે પરિણામ જાહેર થયા બાદ એક અઠવાડીયા પછી જમા લેવાયેલ હથિયારો પરવાનેદારને પરત કરવાની જોગવાઈ થયેલ છે.

જિલ્લામાં યોજાનાર વિધાનસભાની સામાન્ય ચૂંટણી દરમ્યાન જાહેર સલામતી જોખમાય તેવી શકયતા નકારી શકાય તેમ નથી. આ ચૂંટણી મુકત અને ન્યાયી વાતાવરણમા યોજાય તથા કાયદો વ્યવસ્થા જળવાય રહે તે હેતુસર **ગીર સોમનાથ જિલ્લામા આવેલ તમામ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલ** પાકરક્ષણ તેમજ સ્વરક્ષણના પરવાના તળેના હથિયારો સંબંધકર્તા પરવાનેદાર પાસેથી મેળવી જમા લેવા શસ્ત્ર અધિનિયમ-૧૯૫૯ની કલમ-૨૨ (૧) (બી) ની જોગવાઈ હેઠળ આથી હુકમ કરવામાં આવે છે.

આ હુકમ હેઠળ જમા લેવાયેલ હથિયારો શસ્ત્ર નિયમો-૨૦૧૬ના નિયમ-૪૭ અને ૪૮ હેઠળ સંબંધીત પોલીસ સ્ટેશનમાં સલામત અને સુરક્ષીત રીતે રાખવાના રહેશે. જમા લીધેલ હથિયારની પહોંચ આપવાની રહેશે. તથા વિધાનસભાની ચૂંટણીનું પરિણામ જાહેર થયાના એક અઠવાડીયા બાદ સંબંધીત પરવાનેદારને તેનું હથિયાર પરત સોપવાનું રહેશે.

આ હુકમ નીચેની વ્યકિત/સંસ્થાઓને લાગુ પડશે નહી.

(૧) રાષ્ટ્રીયકૃત બેન્કો કે જેઓને બેન્કની કેશ/કરન્સી લઈ આવવા તથા લઈ જવા માટે તેમની ફરજના ભાગ રૂપે બેન્કના હથિયાર પરવાના વાળા શસ્ત્રો રાખવાની પરવાનગી આપવામાં આવેલ હોય તે વ્યકિતને.

(૨) ધોરણસર પરવાનગી મેળવેલ હોય તેવા પરવાનેદારોને.

પોલીસ અધિક્ષકશ્રી, ગીર સોમનાથએ આ હુકમની અમલવારી કરાવવી. હથિયારો જમા લેવામાં આવે તથા પરત કરવામાં આવે ત્યારે પોલીસ સ્ટેશનવાઈઝનો સંકલીત અહેવાલ અત્રેને રજુ કરવાનો રહેશે.

ગીર સોમનાથ, ૨૬ માહે ઓકટોબર, સને ૨૦૧૭.

(સહી) અવાચ્ય,
જિલ્લા મેજીસ્ટ્રેટ,
ગીર સોમનાથ જિલ્લો,
વેરાવળ.

---

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની
કલમ-૩૭ની પેટા કલમ-૩ હેઠળનું

## જાહેરનામું

નં. એમએજી/સી/૩૭૩/૨૭૯/૨૦૧૭/૧.-તાજેતરના ભૂતકાળમાં ગુજરાતમાં વિવિધ સમાજ જુથો ધ્વારા વિવિધ માંગણીઓ સબબ આંદોલનો અને રજુઆતો થતાં રહયા હતા. તે તથા તેના જેવા અન્ય મુદાઓ પરત્વે વિવિધ સામાજીક અને અન્ય પ્રકારના જુથો ધ્વારા વિવિધ પ્રકારની માંગણી કે બચાવના આઘાત/પ્રત્યાઘાત રૂપે આવેદનપત્રો આપવા, ધરણાઓ કરવા, વિરોધ પ્રદર્શન-રેલીઓ કાઢવાની પરવાનગી સાથે કે પરવાનગી વગરની ચેષ્ટાઓ થઈ રહી છે. જેના કારણે સમયાંતરે વિવિધ સમાજ જુથો ધ્વારા ધરણા, દેખાવો સહીતના આકસ્મિક કાર્યક્રમો થવાની શકયતાને નકારી શકાય નહી. ઉપરાંત પોરબંદર નગરપાલિકા વિસ્તારમાં ભૂગર્ભ ગટર યોજનાની કામગીરી તથા તેને કારણે ખોદાયેલ રસ્તાઓનો પ્રશ્ન રહેલો છે, જે બાબતે પણ જુદા જુદા લોક જુથો ધ્વારા રજૂઆત, એક યા બીજા કારણોસર વિરોધ પ્રદર્શન થતું રહે છે. તેના કારણે કોઈપણ સમયે સુલેહ શાંતિભંગ થવાની શકયતા નકારી શકાય નહી. સબબ, પોરબંદર જિલ્લામાં અગમચેતીના પગલા રૂપે સભા, સરઘસ, રેલી, ધરણા, ઉપવાસ જેવા કાર્યક્રમો વખતે કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતી જળવાઈ રહે અને પોલીસની કામગીરીમાં મદદરૂપ થઈ શકે તે માટે ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૩) મુજબનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા પોલીસ અધિક્ષકશ્રી, પોરબંદર તરફથી તા. ૨૬-૦૯૨૦૧૭ થી દરખાસ્ત થઈ આવેલ છે. જે દરખાસ્તની વિગતે તથા પ્રવર્તમાન સંજોગો નજરે પોલીસ અધિક્ષકશ્રી, પોરબંદરની દરખાસ્ત મુજબ આ જિલ્લામાં ઉકત જાહેરનામું બહાર પાડવુ ઈષ્ટ જણાય છે. તેથી ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭ની પેટા કલમ-૩ થી મળેલ અધિકારની રૂઈએ હું, અશોક કાલરીયા, આઈ.એ.એસ., જિલ્લા મેજિસ્ટ્રેટ, પોરબંદર જિલ્લો, પોરબંદર, આથી સમગ્ર પોરબંદર જિલ્લા વિસ્તારમાં તા. ૨૭-૦૯-૨૦૧૭ થી તા. ૧૦-૧૦-૨૦૧૭ સુધી બન્ને દિવસો સહિતની મુદત માટે કોઈપણ સભા, મંડળી કે સરઘસ માટે મનાઈ ફરમાવું છું. આ હુકમ નીચેનાને લાગુ પડશે નહિ.



INDEX

૧. ફરજ ઉપર હોય તેવી ગૃહરક્ષક મંડળી.

૨. સરકારની નોકરીએ અવરજવર કરતી હોય તે વ્યકિત.

૩. લગ્નનો વરઘોડો.

૪. સરકારશ્રી તરફથી યોજવામાં આવતા કાર્યક્રમો.

૫. સક્ષમ અધિકારીની કાયદેસર પરવાનગી લઈને કાઢેલા સરઘસ સહીતના કાયક્રમો

આ હુકમનું પાલન ન કરનાર અથવા તેનું પાલન ન કરવામાં કોઈને મદદ કરનાર ગુન્હો સાબિત થયે સદરહુ અધિનિયમની કલમ-૧૩૫ની પેટા કલમ-૩ મુજબ રૂા. ૨૦૦/- સુધીના દંડની શિક્ષાને પાત્ર ઠરશે તેમજ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ ગુન્હો સાબિત થયે તે વ્યકિતને એક માસની સાદી કેદ, અથવા રૂા. ૨૦૦/- સુધીના દંડ અથવા બન્ને શિક્ષા થઈ શકે અને હુકમની અવગણનાથી માનવજીવન અથવા સ્વાસ્થ્ય અથવા સલામતી માટે કોઈપણ ભય ઉત્પન્ન કરે અથવા કોઈ હુલ્લડ કરે કે બખેડો કરે તો તેવી વ્યકિતને છ માસ સપરિશ્રમ અથવા સાદી કેદ અથવા રૂા. ૧૦૦૦/- એક હજાર સુધીના દંડ સહિતની બન્ને શિક્ષાને પાત્ર ઠરશે.

આજ તા. ૨૭-૦૯-૨૦૧૭ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો લગાવી જાહેર જનતાની જાણ તથા અમલ માટે પ્રસિધ્ધ કર્યુ.

પોરબંદર, ૨૭ માહે સપ્ટેમ્બર, સને ૨૦૧૭.

---

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭ (૧) અન્વયે

## જાહેરનામું

નં. એમએજી/સી/૩૭૧/૨૭૯/૨૦૧૭.-પોરબંદર જિલ્લામાં લોકોની સલામતી જળવાઈ રહે અને અસામાજિક તત્વો ધ્વારા ગુનાહિત કૃત્યોમાં હથિયારો, ચપ્પુ, લાઠી, દંડા, પાઈપ, સળિયા જેવા સાધનોનો ઉપયોગ ન થાય અને પોલીસની કામગીરીમાં મદદરૂપ થાય તે હેતુથી અને પોરબંદર જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ ૩૭ (૧) અન્વયે હથિયાર બંધીનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા પોલીસ અધિક્ષકશ્રી, પોરબંદરએ તા. ૨૬-૦૯-૨૦૧૭ના રોજ દરખાસ્ત કરેલ છે.

સબબ, પોરબંદર જિલ્લા વિસ્તારમાં ઉપર્યુકત કારણોસર સુલેહ શાંતિ જળવાઈ રહે તેમજ કોઈ જાતનો અનિચ્છનીય બનાવ બને નહિ તે માટે હું, **અશોક કાલરીયા, આઈ.એ.એસ., જિલ્લા મેજિસ્ટ્રેટ, પોરબંદર, જિલ્લો પોરબંદર**, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭ (૧) અન્વયે મળેલ સત્તાની રૂએ સમગ્ર પોરબંદર જિલ્લા પોલીસ વિસ્તારમાં તા. ૦૧-૧૦-૨૦૧૭ થી તા. ૨૯-૧૦-૨૦૧૭ સુધી બંને દિવસો સહિત નીચે પ્રમાણે મનાઈ ફરમાવું છું.

૧. શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, ચપ્પુ, બંદૂક, લાકડી, લાઠી અથવા શારિરીક ઈજા પહોંચાડવામાં ઉપયોગી થઈ શકે તેવી ચીજ લઈ જવી નહિ.

૨. કોઈપણ ક્ષયધર્મી અથવા સ્ફોટક પદાર્થો લઈ જવા નહિ.

૩. પત્થરો અથવા બીજા શસ્ત્રો અથવા તે ફેરવવામાં અથવા નાખવામાં ઉપયોગમાં આવતાં સાધનો લઈ જવા નહી, એકઠા કરવા નહી, તથા તૈયાર કરવા નહિ.

૪. કોઈ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલ લઈ જવી નહિ.

૫. વ્યકિતઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પૂતળાં દેખાડવા કે સળગાવવા નહિ.

૬. લોકોએ બૂમો પાડવી નહી, વધુ અવાજથી ગીતો ગાવા નહી તથા વાદ્ય વગાડવા નહિ.

૭. જે છટાદાર ભાષણ આપવાથી, ચાળા પાડવાથી અથવા નકલ કરવાથી તથા ચિત્રો, નિશાનીઓ, જાહેરખબરો અથવા બીજા કોઈ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવાથી, દેખાડવાથી અથવા તેનો ફેલાવો કર્યેથી આવા અધિકારીના અભિપ્રાય પ્રમાણે સુરૂચિ અથવા નીતિનો ભંગ થતો હોય અથવા જેનાથી રાજ્યની સલામતી જોખમાતી હોય અથવા જેને પરિણામે રાજ્ય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ કરવાનો તે ચાળા વિગેરે કરવાની અથવા તે ચિત્રો, નિશાનીઓ વિગેરે તૈયાર કરવાનો, દેખાડવાની અથવા તેવો ફેલાવો કરવો નહિ.

**આ હુકમ નીચેની વ્યકિતઓને તેમાં દર્શાવ્યા પુરતી બાબતો માટે લાગુ પડશે નહિ.**

૧. સરકારી નોકરીમાં કામ કરતી કોઈ વ્યકિત કે જેના ઉપરી અધિકારીશ્રીએ ફરમાવ્યું હોય અથવા કોઈ હથિયાર લઈ જવાનું તેની ફરજમાં હોય તેવી વ્યકિતઓને હથિયાર લઈ જવાની બાબત માટે.

૨. પોલીસ અધિક્ષકશ્રીએ શારિરિક અશકિતના કારણે લાકડી લઈ જવાની અથવા શુભ હેતુથી ધંધો કરવાની પરવાનગી આપી હોય તે વ્યકિતને લાકડી લઈ જવાની કે શુભહેતુથી ધંધો કરવાની બાબત માટે.

૩. પોતાની ખેતીમાં ઓજારો લઈ જવામાં હાડમારી ન થાય અને રોજિંદા કામમાં ઉપયોગ કરી શકે તેવા આશયથી પોતાની ખેતીકામ માટે ખેતીના ઓજારો લઈ જતા હોય તેવા ખેડૂતોને ખેતીના ઓજારો લઈ જવાની બાબત માટે.

આ જાહેરનામાંના કોઈ ખંડનો ભંગ કરનાર અથવા પાલન ન કરવામાં મદદ કરનાર વ્યકિતને ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ ૧૩૫(૧) મુજબ એક વર્ષની મુદત સુધીની શિક્ષા અને દંડને પાત્ર થશે. આ ઉપરાંત ભારતીય દંડસંહિતાની કલમ-૧૮૮ મુજબ જે તે વ્યકિતઓનો ગુનો સાબિત થયેથી એક માસની સાદી કેદ અથવા રૂા. ૨૦૦/-નો દંડ અગર તો બંને થઈ શકે છે. આ હૂકમની અવગણનાથી માનવજીવનને અથવા સ્વાસ્થ્યને અથવા સલામતીને કોઈપણ ભય ઉત્પન્ન કરે અથવા કોઈ હૂલ્લડ અથવા કોઈ બખેડો કરે તેવી વ્યકિત ૬(છ) માસની સપરિશ્રમ અથવા સખ્ત અથવા રૂા. ૧૦૦૦/- એક હજાર રૂપિયા સુધીનો દંડ અથવા બંને શિક્ષાને પાત્ર ઠરશે.

આજ તા. ૨૭-૦૯-૨૦૧૭ મારી સહી તથા કચેરીનો સિક્કો લગાવી જાહેર જનતાની જાણ તથા અમલવારી માટે પ્રસિધ્ધ કર્યુ.

પોરબંદર, ૨૭ માહે સપ્ટેમ્બર, સને ૨૦૧૭.

---

## ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયેનું

## જાહેરનામું

નં.એમએજી/સીસી ટીવી કેમેરા/૧૯૪૧૯/૨૦૧૭.-પોરબંદર જિલ્લાની જાહેર સુરક્ષા અને સલામતી સાથે અન્ય ગુન્હાહીત કૃત્યો પર રોક લગાવવા માટે પોરબંદર જિલ્લામાં આવેલ તમામ જ્ઞાતિની વાડીઓ અને પ્રસંગો યોજાતા ખાનગી સ્થળોના પ્રવેશદ્વાર પર કલોઝ સર્કીટ કેમેરા લગાડવા જરૂરી હોય અને આ બાબતે પોલીસ અધિક્ષકશ્રી, પોરબંદરના પત્ર ક્રમાંક : અરજ/ડીએમ/૩૩/૧૭૧૦૭૦૦/૨૦૧૭, તા. ૧૮-૦૯-૨૦૧૭ થી હકારાત્મક અભિપ્રાય આપેલ છે. જેથી પોરબંદર જિલ્લામાં આવેલ તમામ જ્ઞાતિની વાડીઓ અને પ્રસંગો યોજાતા ખાનગી સ્થળોના પ્રવેશદ્વાર પર કલોઝ સર્કીટ કેમેરા લગાડવા આવશ્યક હોવાનું ઈષ્ટ જણાય છે.

સબબ હું, **અશોક કાલરીયા, આઈ.એ.એસ., જિલ્લા મેજીસ્ટ્રેટ, પોરબંદર,** ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયેની જોગવાઈ મુજબ પોરબંદર જિલ્લામાં આવેલ તમામ જ્ઞાતિની વાડીઓ અને પ્રસંગો યોજાતા ખાનગી સ્થળોના પ્રવેશદ્વાર પર કલોઝ સર્કીટ કેમેરા રેકોર્ડીંગ સીસ્ટમ સાથેના ફરજીયાત લગાડવા આથી હુકમ કરવામાં આવેલ છે. આ હુકમની અમલવારી ચુસ્તપણે કરવાની રહેશે.

હું એવો આદેશો કરૂ છું કે, પોલીસ અધિક્ષકશ્રી, પોરબંદર ધ્વારા આ હુકમ પોરબંદર જિલ્લામાં નિર્દિષ્ટ વિસ્તારમાં સહેલાઈથી દેખાઈ આવે તેવા સ્થળોએ તેની નકલ ચોટાડીને અને સદરહું વિસ્તારમાં ઢંઢેરો પીટાવીને અથવા લાઉડ સ્પીકર મારફતે તેની જાહેરાત આપીને અથવા સ્થાનિક કેબલ ઓપરેટરો મારફત તેનું પ્રસારણ કરીને પ્રસિધ્ધ કરવાનું રહેશે.

આ હુકમનું ઉલ્લંઘન કરનારને ભારતનાં ફોજદારી અધિનિયમ-૧૮૬૦ ની કલમ-૧૮૮ અન્વયે સજા થઈ શકશે.

આજ તા. ૧૭-૧૦-૨૦૧૭ ના રોજ મારી સહી અને સિકકા કરી બહાર પાડેલ છે.

પોરબંદર, ૧૭ માહે ઓકટોબર, સને ૨૦૧૭.

અશોક કાલરીયા,
જિલ્લા મેજીસ્ટ્રેટ,
પોરબંદર.

---

**અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા**

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયેનો

**હુકમ**

નં. ડીએમ/ડીસીએચ/૩૧૯૬/૧૪૪/૨૦૧૭.-આગામી તા. ૨૫-૧૦-૨૦૧૭ થી તા. ૦૬-૧૧-૨૦૧૭ સુધી એસ.એસ. સી. તથા એચ. એસ. સી. ની પરીક્ષાઓ યોજાનાર છે. જે પરીક્ષાઓ દરમ્યાન ચોરીઓના દુષણના કારણે તેજસ્વી વિદ્યાર્થીઓને નિયમોનુસાર પરીક્ષા આપવામાં અડચણ થવાની સંભાવના રહે છે. આ ચોરીના દુષણમાં પ્રશ્નપત્રો કે તેના તૈયાર ઉત્તરો કોપીયર મશીન દ્વારા સત્વરે તૈયાર થઈ પરીક્ષા ખંડમાં પહોંચવાથી તેમજ મોબાઈલ ફોનથી પરીક્ષાર્થીને મદદ કરવાના બનાવોના કારણે તેજસ્વી વિદ્યાર્થીઓ કે જેઓ નિયમ અનુસાર પરીક્ષા આપતા હોય તેવા વિદ્યાર્થીઓને માનસીક પરિતાપ થવાની સંભાવના છે, આથી ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ મુજબ પગલા લેવા પ્રતિબંધિત હુકમો કરવા માટે પુરતુ કારણ હોવાનું જણાતા તેમ કરવું ઈચ્છનિય છે, એવો મારો અભિપ્રાય છે.

તેથી હું, એચ. આર. કેલૈયા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, જામનગર જિલ્લો, જામનગર, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ મુજબ મને મળેલી સત્તાની રૂઈએ ફરમાવું છું કે, જામનગર જિલ્લામાં પરીક્ષા માટે નક્કી કરાયેલા **પરિશિષ્ટ** મુજબના પરીક્ષા કેન્દ્રોની આજુબાજુના ૧૫૦ મીટરના વિસ્તારની હદમાં કોપીયર મશીન દ્વારા કોપીનો વ્યવસાય કરતા ધંધાર્થીઓ તથા અંગત ઉપયોગ માટે વપરાશ કરતા (સરકારી/અર્ધસરકારી કે જાહેર સાહસો સિવાયના) કોપીયર મશીન ધારકોને તા. ૨૫-૧૦-૨૦૧૭ થી ૦૬-૧૧-૨૦૧૭ સુધી સવારના ૯-૩૦ થી સાંજના ૦૬-૦૦ કલાક સુધી (જાહેર રજા સિવાયના દિવસોમાં) તેઓના કોપીયર મશીનો દ્વારા પરીક્ષા વિષયક પત્રો, દસ્તાવેજી કાગળોની નકલો કાઢવી નહી, તેમજ પરિશિષ્ટમાં જણાવેલ પરીક્ષા કેન્દ્રોમાં કોઈએ મોબાઈલ ફોન સાથે પ્રવેશ કરવો નહી.

**પરિશિષ્ટ**

જામનગર શહેર

| ક્રમ | શાળાનું નામ |
|---|---|
| ૧ | એ. કે. દોશી વિદ્યાલય, જામનગર |
| ૨ | જે. કે. સોની કન્યા વિદ્યાલય, જામનગર |
| ૩ | સોઢા ઉમેદસિંહજી હાઈસ્કુલ, જામનગર |
| ૪ | શારદા મંદિર હાઈસ્કુલ, જામનગર |

આ જાહેરનામાની લોકોને સહેલાઈથી જાણ થાય તેવી રીતે જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, જામનગરએ બહોળી પ્રસિધ્ધિ કરવી.

આજ તા. ૨૪ માહે ઓકટોબર-૨૦૧૭ ના રોજ મારી સહી કરી તથા કચેરીની મહોર લગાડી બહાર પાડ્યું.

જામનગર, ૨૪ માહે ઓકટોબર, સને ૨૦૧૭.

---

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૩) હેઠળનું

**જાહેરનામું**

નં. ડીએમ/ડીસીએચ/૩૧૯૬-૩૭(૩)/૨૦૧૭.- આગામી તા. ૨૫-૧૦-૨૦૧૭ થી તા. ૦૬-૧૧-૨૦૧૭ સુધી એસ.એસ. સી. તથા એચ. એસ. સી. ની પરીક્ષાઓ યોજાનાર છે. આ પરીક્ષાઓ શાંતિથી લેવાય તથા કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાય રહે તે હેતુથી પરીક્ષાના તમામ કેન્દ્રોની આજુબાજુના ૨૦૦ મીટરના વિસ્તારમાં ૪ ચાર કે તેથી વધુ વ્યક્તિને એકઠા થવા પર પ્રતિબંધ ફરમાવતુ જાહેરનામું બહાર પાડવું યોગ્ય જણાય છે. તેથી હું, એચ. આર. કેલૈયા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, જામનગર જિલ્લો, જામનગર, ગુજરાત પોલીસ અધિનિયમ–૧૯૫૧ની કલમ–૩૭ ની પેટા કલમ–(૩) થી મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, તા. ૨૫-૧૦-૨૦૧૭ થી તા. ૦૬-૧૧-૨૦૧૭ સુધી સવારના ૦૯-૩૦ કલાક થી સાંજના ૦૬-૦૦ કલાક સુધી (જાહેર રજા સિવાયના દિવસોમાં) પરિશિષ્ટમાં દર્શાવેલ પરીક્ષા કેન્દ્રોની આજુ બાજુના ૨૦૦ મીટરના વિસ્તારમાં ચાર કે તેથી વધુ વ્યક્તિઓની કોઈ મંડળી કોઈએ ભરવી નહીં કે બોલાવવી નહીં કે સરઘસ કાઢવું નહીં અને એકઠા થવું નહીં.

**પરિશિષ્ટ**

જામનગર શહેર

| ક્રમ | શાળાનું નામ |
|---|---|
| ૧ | એ. કે. દોશી વિદ્યાલય, જામનગર |
| ૨ | જે. કે. સોની કન્યા વિદ્યાલય, જામનગર |
| ૩ | સોઢા ઉમેદસિંહજી હાઈસ્કુલ, જામનગર |
| ૪ | શારદા મંદિર હાઈસ્કુલ, જામનગર |

વધુમાં હું આદેશ કરૂં છું કે, આ હુકમ નીચેનાને લાગુ પડશે નહીં.

૧. સરકારની નોકરીમાં અથવા રોજગારમાં હોય તે વ્યક્તિને.

૨. ફરજ ઉપર હોય તેવા ગૃહ રક્ષકદળની વ્યક્તિને.

૩. લગ્નના વરઘોડાને.

૪. સ્મશાનયાત્રાને.

૫. પ્રમાણીત પરિક્ષાર્થીને.

૬. જિલ્લા પોલીસ અધિકારીશ્રી, જિલ્લા શિક્ષણાધિકારીશ્રી અથવા તેમણે અધિકૃત કરેલ અધિકારીઓએ પરવાનગી આપેલ હોય તે વ્યકિઓને.

આ જાહેરનામાની લોકોને સહેલાઈથી જાણ થાય તેવી રીતે જિલ્લા શિક્ષણાધિકારી, જામનગરે બહોળી પ્રસિધ્ધી કરાવવી. આ જાહેરનામાનો ભંગ કરનાર સદરહું અધિનિયમની કલમ-૧૩૫ની પેટા કલમ-૩ તથા ભારતના ફોજદારી અધિનિયમ-૧૮૬૦ની કલમ-૧૮૮ તળે શિક્ષાપાત્ર થશે.

આજ તા. ૨૪ માહે ઓકટોબર-૨૦૧૭ ના રોજ મારી સહી કરી તથા કચેરીની મહોર લગાડી બહાર પાડ્યો.

જામનગર, ૨૪ માહે ઓકટોબર, સને ૨૦૧૭.

**એચ. આર. કેલૈયા,**
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
જામનગર.

---

**ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયેનો**

## હુકમ

નં. ડીએમડી/ડીસીએચ/પરીક્ષા/૨૦૦૮/૧૭.-ગુજરાત રાજ્ય સેકન્ડરી એન્ડ હાયર સેકન્ડરી બોર્ડ દ્વારા આયોજીત જાહેર પરિક્ષાઓ એચ.એસ.સી., સામાન્ય પ્રવાહ ઓકટોબર-૨૦૧૭ ની પરીક્ષા તા. ૨૫-૧૦-૨૦૧૭ થી તા. ૧૬-૧૧-૨૦૧૭ સુધી યોજાનાર છે. જે પરીક્ષા દરમ્યાન ચોરીઓના દુષણના કારણે તેજસ્વી વિદ્યાર્થીઓને નિયમોનુસાર પરીક્ષા આપવામાં અડચણ થવાની સંભાવના રહે છે. આ ચોરીના દુષણમાં પ્રશ્નપત્રો કે તેના તૈયાર ઉત્તરો કોપીયર મશીન દ્વારા સત્વરે તૈયાર થઈ પરીક્ષા ખંડમાં પહોંચવાથી તેજસ્વી વિદ્યાર્થીઓ કે જેઓ ઉચ્ચતર માધ્યમીક શિક્ષણ બોર્ડના નિયમ અનુસાર પરીક્ષા આપતા હોય તેવા વિદ્યાર્થીઓને માનસીક પરિતાપ થવાની સંભાવના છે, જિલ્લા શિક્ષણાધિકારી, દેવભૂમિ દ્વારકા તરફથી ઉકત પરીક્ષા શાંતિપુર્ણ વાતાવરણમાં યોજાય તેમજ તમામ પરીક્ષા કેન્દ્રો પર કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે આ સંબંધમાં જાહેરનામું બહાર પાડવા દરખાસ્ત મળેલ છે. જે વ્યાજબી જણાતા ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ ની કલમ-૧૪૪ મુજબ પગલા લેવા પ્રતિબંધિત હુકમો કરવા માટે પુરતુ કારણ હોવાનું જણાતા તેમ કરવું ઈચ્છનીય છે, એવો મારો અભિપ્રાય છે.

તેથી હું, એચ. કે. વ્યાસ, (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, દેવભૂમિ દ્વારકા, મુ. ખંભાલીયા, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ મુજબ મને મળેલી સત્તાની રૂઈએ ફરમાવું છું કે આ જિલ્લાના પરીક્ષા કેન્દ્રો

૧. એસ.એન.ડી.ટી. હાઈસ્કુલ, પોર નાકા બહાર, ખંભાળીયા

૨. એમ. જી. દતાણી ગર્લ્સ હાઈસ્કુલ, એસ.એન.ડી.ટી. કેમ્પસ, પોરનાકા બહાર, ખંભાળીયા.

ની આજુબાજુના ૧૫૦ મીટરના વિસ્તારની હદમાં કોપીયર મશીન દ્વારા ઝેરોક્ષ અને કોપીનો વ્યવસાય કરતા ધંધાર્થીઓ તથા અંગત ઉપયોગ માટે વપરાશ કરતા (સરકારી/અર્ધસરકારી કે જાહેર સાહસો સિવાયના) કોપીયર મશીન ધારકોને તા. ૨૫-૧૦-૨૦૧૭ થી તા. ૧૬-૧૧-૨૦૧૭ સુધી સવારના ૧૦-૦૦ થી ૧૮-૩૦ વાગ્યા સુધી તેઓના કોપીયર મશીનો બંધ રાખવા તેમજ ઉપર જણાવેલ પરીક્ષા કેન્દ્ર પર કોઈએ મોબાઈલ ફોન કે અન્ય કોઈ કોમ્યુનિકેશનના ઈલેકટ્રોનિકસ સાધનો સાથે પ્રવેશ કરવા પર પ્રતિબંધ ફરમાવું છું.

આ હુકમની લોકોને સહેલાઈથી જાણ થાય તેવી રીતે જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, દેવભૂમિદ્વારકાએ બહોળી પ્રસિધ્ધિ કરાવવી.

આજ તા. ૨૩મી માહે ઓકટોબર-૨૦૧૭ ના રોજ મારી સહી કરી તથા કચેરીની મ્હોર લગાડી બહાર પાડ્યો.

દેવભૂમિદ્વારકા, ૨૩ માહે ઓકટોબર, સને ૨૦૧૭.

**એચ. કે. વ્યાસ,**
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
દેવભૂમિ દ્વારકા.

---

**ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩ ની પેટા કલમ-૧(ધ ક) તથા (ધ ખ) હેઠળ કાઢલે**

## હુકમ

નં.એમએજી/સી/વિ.સ.સા.ચૂં./૩/૨૦૧૭.-ભારતના ચૂંટણી પંચ તરફથી ગુજરાત વિધાનસભા સામાન્ય ચૂંટણી-૨૦૧૭ માટેનો કાર્યક્રમ નકકી કરવામાં આવેલ છે. જે અંતર્ગત જુનાગઢ જિલ્લામાં ઉકત ચૂંટણી તા. ૦૯-૧૨-૨૦૧૭ ના રોજ યોજાનાર છે.

આ ચૂંટણી દરમ્યાન રાજકીય પક્ષો, ઉમેદવારો તથા તેના ટેકેદારો દ્વારા પોસ્ટર, બેનર્સ, હોર્ડિંગ્સ દ્વારા ચૂંટણી પ્રચાર કરવામાં આવનાર છે. આ ચૂંટણી પ્રચારમાં ચૂંટણીની આદર્શ આચારસંહિતાનું પાલન થાય તથા ચૂંટણી મુક્ત, ન્યાયી તથા પારદર્શક રહે તે માટે ખાનગી મિલ્કત/સ્થળ/જગ્યા વિ. પર ચૂંટણી પ્રચારના બોર્ડ/બેનર્સ વિ. ઉપયોગ પર નિયંત્રીત કરવા જરૂરી જણાય છે.

INDEX

સબબ હું, પી. વી. અંતાણી, જી.એ.એસ. અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, જુનાગઢ જિલ્લો, જુનાગઢ, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની નીચેની કલમ-૩૩ની પેટા કલમ-૧(ઘ ક) તથા (ઘ ખ) હેઠળ મને મળેલ સત્તાની રૂએ ઉપરોક્ત ચૂંટણી દરમ્યાન ખાનગી મિલકત/સ્થળ જમીન પર ચૂંટણી પ્રચારના બોર્ડ, બેનર્સ, કમાન, તોરણ પોસ્ટર વિ. મુકવા માટે નીચેની બાબતોનો અમલ કરવા હુકમ કરૂં છું.

(૧) જો સ્થાનિક કાયદાઓ ખાનગી જગ્યાઓ પર દીવાલ પર લખાણ કરવા, પોસ્ટરો ચોંટાડવા, પાટિયા/ઝંડા લખાણો વિ. લગાડવાની મંજુરી આપતા ન હોય તો ખાનગી મિલ્કતના માલિકની મંજુરી મળી હોય તો પણ ખાનગી જગ્યા પર દીવાલ પર લખાણ, કરી શકાશે નહી, પોસ્ટરો ચોંટાડી શકાશે નહી, પાટિયા ઝંડા, લખાણો લગાડી શકાશે નહી.

(૨) કોઈપણ સ્થાનિક કાયદા હેઠળના કોઈપણ પ્રતિબંધને આધિન રહીને, રાજકીય પક્ષો, ઉમેદવારો, તેમના એજન્ટો, કાર્યકર્તાઓ અને ટેકેદારો અન્ય કોઈ વ્યકિતને અગવડ ન પડે તે રીતે તેમની પોતાની મિલકત ઉપર તેમના ચૂંટણી પ્રતિકને દર્શાવતા તેમના પક્ષના બેનર, ફ્લેગ લગાવી શકશે. પરંતુ શરત એ રહેશે કે તેઓ સ્વેચ્છાથી અને કોઈપણ પક્ષ, સંગઠન કે વ્યકિત તરફથી કોઈપણ પ્રકારના દબાણ વગર તેમના ખુદ ના સંકલ્પથી આમ કરતા હોય.

(૩) સ્થાનિક કાયદાઓ જ્યાં તેના માલિકની પરવાનગીથી ખાનગી જગ્યામાં દીવાલો પર લખાણ કરવાની અને પોસ્ટરો ચોંટાડવાની, હોર્ડિંગ્સ, બેનર્સ વગેરે લગાડવાની મંજુરી આપતા હોય ત્યાં ચૂંટણી લડતા ઉમેદવારો અથવા સંબંધીત રાજકીય પક્ષોએ મિલકતના માલિક પાસેથી લેખિત પરવાનગી મેળવવાની રહેશે અને આવી મેળવેલ પરવાનગીની નકલ તેમજ પ્રસિધ્ધ કરેલ હોર્ડીંગ્સ, બેનર્સની ફોટોગ્રાફ્સ બે નકલમાં અને નિયત પ્રોફોર્માના પત્રક સાથે તેમાં (ખાનગી) મિલ્કતના જે માલિક પાસેથી આવી પરવાનગી મેળવી હોય તેનું નામ અને સરનામું, આ હેતુ માટે તેના દ્વારા કરવામાં આવેલા અથવા કરવામાં આવનાર ખર્ચ તેમાં દર્શાવીને, તે ચૂંટણી અધિકારીને અથવા આ હેતુ માટે તેમના દ્વારા પદનામિત કરવામાં આવેલા અધિકારીને મોકલી આપવાની રહેશે. ચૂંટણી અધિકારી અથવા ચૂંટણી નિરીક્ષક અથવા ચૂંટણીની કામગીરી સાથે સંકળાયેલા કોઈપણ અધિકારી સરળતાથી તપાસ કરી શકે એ માટે, ચૂંટણી લડતા ઉમેદવારે ગામ/વિસ્તાર/નગરવાર આવી માહિતી, આવશ્યક પરવાનગી મેળવી લીધા પછી ૩ દિવસની અંદર ચૂંટણી અધિકારીને અથવા અધિકૃત અધિકારીને પૂરી પાડવાની રહેશે.

આ હુકમનો ભંગ કરના ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૧૩૧ તથા ચૂંટણી અંગેના આચાર સંહિતાની જોગવાઈઓ હેઠળની શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ સમગ્ર જુનાગઢ જિલ્લાના વિસ્તારમાં હુકમની તારીખથી અમલમાં આવશે અને તે ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ થવાની તા. ૨૦-૧૨-૨૦૧૭ સુધી અમલમાં રહેશે.

આજ તારીખ ૨૬ માહે ઓકટોબર-૨૦૧૭ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કો કરી બહાર પાડેલ છે.

જુનાગઢ, ૨૬ માહે ઓકટોબર, સને ૨૦૧૭.

---

### ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩ તથા ૩૭ હેઠળ કાઢેલ

## હુકમ

નં. એમએજી/સી/વિ.સ.સા ચૂં./૫/૨૦૧૭.-ભારતના ચૂંટણીપંચ તરફથી ગુજરાત વિધાન સામાન્ય ચૂંટણી-૨૦૧૭ માટેનો કાર્યક્રમ નકકી કરવામાં આવેલ છે. જે અંતર્ગત જુનાગઢ જિલ્લામાં ઉકત ચૂંટણી તા. ૦૯-૧૨-૨૦૧૭ ના રોજ યોજાનાર છે.

આ ચૂંટણી દરમ્યાન રાજકીય પક્ષો, ઉમેદવારો તથા તેમના ટેકેદારો દ્વારા સભા-સરઘસ અંતર્ગત લાઉડસ્પીકર દ્વારા ચૂંટણી પ્રચાર કરવામાં આવનાર છે આ ચૂંટણી પ્રચાર દરમ્યાન જાહેર જનતાને ત્રાસ, જોખમ, ભય અથવા નુકશાન થતું અટકાવવા, કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાય રહે, કોઈ અનિચ્છનીય બનાવ ન બને જિલ્લામાં જાહેર સુલેહશાંતી અને સલામતીને હાનિ પહોંચે અને લોકોમાં સંવાદિતા યથાવત જળવાય રહે તે હેતુસર સાવચેતીના ભાગ રૂપે આગોતરા પગલા ભરવા જરૂરી જણાય છે.

સબબ હું, પી. વી. અંતાણી, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, જુનાગઢ જિલ્લો, જુનાગઢ, ગુજરાત પોલસી અધિનિયમ-૧૯૫૧ ની નીચેની કલમો દ્વારા મને મળેલ અધિકારીની રૂએ નીચે મુજબના હુકમ કરૂં છું.

(અ) લાઉડ સ્પીકરના ઉપયોગ અંગે :

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧)(થ) તથા કલમ-૩૩(૧)(૫)(૩) હેઠળ રસ્તામાં અથવા રસ્તા નજીક અથવા સાર્વજનીક કે ખાનગી જગ્યાઓમાં ચૂંટણી પ્રચાર કે અન્ય હેતુ માટે જાહેરમાં લાઉડ સ્પીકર વગાડવા માટે નીચે મુજબના નિયમોનું પાલન કરવા ફરમાવું છું.

(૧) સક્ષમ અધિકારીશ્રીની પરવાનગી મેળવ્યા સિવાય જાહેરમાં લાઉડસ્પીકર વગાડી શકશે નહી. આવી પરવાનગી નોઈઝ પોલ્યુશન (રેગ્યુલેશન એન્ડ કન્ટ્રોલ) રૂલ્સ-૨૦૦૦ ના નિયમ-૩ને અનુરૂપ તથા ના. સુપ્રિમ કોર્ટે રીટ પીટીશન નં. ૭૨/૯૮ વીથ સીવીલ અપીલ નં. ૩૭૩૫/૨૦૦૫ માં આપેલ ગાઈડલાઈન મુજબ આપવાની રહેશે.

(૨) લાઉડસ્પીકર વગાડવા સક્ષમ અધિકારીશ્રી તરફથી જે શરતે પરવાનગી અપાયેલ છે તે શરતોનું પાલન

કરવાનું રહેશે. લાઉડસ્પીકર ફક્ત સવારના ૬-૦૦ કલાકથી રાત્રીના ૧૦-૦૦ કલાક સુધી જ જાહેર જનતાને ત્રાસ, જોખમ, ભય અથવા નુકશાન ન થાય તે રીતે વગાડવાનું રહેશે.

(૩) લાઉડસ્પીકર વગાડવાની પરવાનગી મળેલ હોય તેમ છતાં પરવાનગીના સ્થળ નજીક સરકારી કે અર્ધ સરકારી કચેરીઓ, શૈક્ષણિક કે ધાર્મિક સંસ્થાઓ કે દવાખાના આવેલ હોય તો સદરહું કચેરીઓ, સંસ્થાઓની કામગીરીમાં કોઈપણ અડચણ ન થાય તે રીતે તદન ધીમા અવાજથી વગાડવાના રહેશે.

(બ) સભ-સરઘસ દરમ્યાનના વર્તન-વર્તણૂંક અંગે :

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧)(૬) તથા કલમ-૩૭(૧)(ક) થી (છ) હેઠળ સભા-સરઘસ દરમ્યાન નીચેના નિયમોનું પાલન કરવા ફરમાવું છું.

(૧) સક્ષમ અધિકારીશ્રીની મંજુરી મળ્યા બાદ જ સભા-સરઘસનું આયોજન કરવાનું રહેશે તથા જે શરતે પરવાનગી અપાયેલ છે તે શરતોનું પાલન કરવાનું રહેશે.

(૨) સભા-સરઘસમાં નીચેના કૃત્યો કરવાની મનાઈ ફરમાવામાં આવે છે.

(ક) શસ્ત્ર, દંડા, તલવાર, ભાલા, સોટા, બંદુક, ચપ્પુ, લાકડી અથવા લાઠી અથવા શારીરિક હિંસા પહોંચાડવામાં ઉપયોગ થઈ શકે તેવી બીજી કોઈ ચીજો લઈ જવી.

(ખ) કોઈપણ ક્ષયધર્મી અથવા સ્ફોટક પદાર્થ લઈ જવની.

(ગ) પથ્થરો અથવા બીજા શસ્ત્રો અથવા તે શસ્ત્રો ફેંકવાના અથવા નાખવાના યંત્રો અથવા સાધનો લઈ જવાની, એકઠા કરવાની તથા તૈયાર કરવાની.

(ગગ) કોઈ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલ લઈ જવાની.

(ઘ) વ્યકિતઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવાની/બાળવાની.

(ચ) લોકોએ બૂમ પાડવાની, ગીતો ગાવાની તથા વાદ્ય વગાડવાની.

(છ) જે છટાદાર ભાષણ આપવાથી, ચાળા પાડવાથી અથવા નકલ કરવાથી તથા ચિત્રો, નિશાનીઓ, જાહેર ખબરો અથવા બીજા કોઈ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવાથી, દેખાડવાથી અથવા તેનો ફેલાવો કર્યાથી આવા અધિકારીના અભિપ્રાય પ્રમાણે સુરુચિ અથવા નિતીનો ભંગ થતો હોય અથવા જનાથી રાજ્યની સલામતી જોખમાતી હોય અથવા જેના પરીણામે રાજ્ય ઉથલી પડવાનો સંભવ હો તેવાં છટાદાર ભાષણ આપવાની, તે ચાળા વગેરે કરવાની અને તે ચિત્રો, નિશાનીઓ વગેરે તૈયાર કરવાની, દેખાડવાની અથવા તેનો ફેલાવો કરવાની.

આ હુકમનો ભંગ કરનાર ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧, ૧૩૫ તથા ચૂંટણી અંગેના આચાર સંહિતાની જોગવાઈઓ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ સમગ્ર જુનાગઢ જિલ્લાના વિસ્તારમાં હુકમની તારીખથી અમલમાં આવશે અને તે ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ થવાની તા. ૨૦-૧૨-૨૦૧૭ સુધી અમલમાં રહેશે.

આજ તારીખ : ૨૬, માહે ઓકટોબર-૨૦૧૭ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કો કરી બહાર પાડેલ છે.

જુનાગઢ, ૨૬ માહે ઓકટોબર, સને ૨૦૧૭.

---

### સને-૧૯૫૧ ના ગુજરાત પોલીસ અધિનિયમ (આંક-૨૨)ની કલમ ૩૩ની પેટા કલમ-(૧) (બી) અન્વયેનું

## જાહેરનામું

નં. એમએજી/સી/પરિક્રમા/૫૫૨૬/૨૦૧૭.-પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢના પત્ર નં. સી/એલઆઈબી/પરિક્રમા/૨૩૯૨/૧૭, તા. ૨૩-૧૦-૨૦૧૭ થી થઈ આવેલ દરખાસ્તની વિગતે, આગામી તા. ૩૧-૧૦-૨૦૧૭ થી તા. ૦૪-૧૧-૨૦૧૭ સુધી જુનાગઢ ખાતે પરંપરાગત રીતે ગીરનાર પરિક્રમા યોજાનાર છે, જેમાં લાખોની સંખ્યામાં જનમેદની એકત્ર થાય છે. સને ૨૦૧૨માં મહાશિવરાત્રી મેળા દરમ્યાન મેળાક્ષેત્રમા પ્રવેશ રૂટ ઉપર પાજનાકા ખાતે ટ્રાફીકજામના કારણે સર્જાયેલ ધકકામુકીના બનાવમાં અઘટિત બનાવ બનવા પામેલ. આ દુઃખદ બનાવને ધ્યાને લેતા, કોઈ પણ પ્રકારના અકસ્માત નિવારણ અને ટ્રાફીક નિયમનના હેતુસર, ગીરનાર પરિક્રમાના દિવસો દરમ્યાન વાહનોનું નિયંત્રણ કરવાની જરૂરીયાત હોઈ, પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢ તરફથી ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૩૩ (૧) બી મુજબ જાહેરનામું પ્રસિધ્ધ થવા દરખાસ્ત થઈ આવેલ છે.

સદરહુ દરખાસ્ત સંબંધે વિચારણા કરતાં, પરિક્રમા દરમ્યાન વિશાળ જનસમુદાય અને ભુતકાળનો અનિચ્છનીય બનાવ ધ્યાને લેતાં, અકસ્માત નિવારણ અને લોકોની અવરજવરને અડચણ ન થાય અને ટ્રાફીકનું નિયંત્રણ કરવા માટે સાવચેતીના પગલા લેવાનું અનિવાર્ય જણાતાં, હું પી. વી. અંતાણી, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, જુનાગઢ જિલ્લો, જુનાગઢ, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩ (૧) (બી) થી મને મળેલ અધિકારની રૂઈએ, તા. ૨૯-૧૦-૨૦૧૭ થી તા. ૦૪-૧૧-૨૦૧૭ સુધી યોજાનાર ગીરનાર પરિક્રમા દરમ્યાન ભરડાવાવ-ગીરનાર દરવાજાથી ભવનાથ તરફ વાહનોની અવરજવર માટે નીચે મુજબ ફરમાવું છું કે,

(૧) તા. ૨૯-૧૦-૨૦૧૭ થી તા. ૦૪-૧૧-૨૦૧૭ સુધી તમામ પ્રકારના વાહનો (પેસેન્જર રીક્ષા/મહાનગરપાલીકા સંચાલીત મીની બસ તથા જી.એસ.આર.ટી.સી. મીની બસ સિવાયના) ભરડાવાવ-ગીરનાર દરવાજાથી ભવનાથ તરફ જવા માટે પ્રતિબંધ ફરમાવું છું.

(૨) તા. ૩૧-૧૦-૨૦૧૭ થી તા. ૦૪-૧૧-૨૦૧૭ દરમ્યાન લોકોની આવક વધુ થાય ત્યારે જાહેર સલામતીના હેતુસર પરિસ્થિતિનું મુલ્યાંકન કરીને નાના અથવા મોટા અથવા બન્ને પ્રકારના વાહનોની સદરહુ વિસ્તારમાં અવર-જવર પર પોલીસતંત્ર પ્રતિબંધ કરી શકાશે તેવુ ફરમાવું છું.

ગીરનાર પરિક્રમાની કામગીરી સાથે સંકળાયેલ સરકારના સબંધિત ખાતા તથા પોલીસ ખાતા ધ્વારા મંજુરી આપવામા આવેલ પાસવાળા વાહનોને આ જોગવાઈ લાગુ પડશે નહી.

આ જાહેરનામાનો ભંગ કરનાર ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ (આંક-૨૨) ની કલમ-૧૩૧ માં જણાવેલ શિક્ષાને પાત્ર ઠરશે.

આજ તારીખ : ૨૫મી, માહે ઓકટોબર, સને-૨૦૧૭ ના રોજ મારી સહી તથા કચેરીના સીકકા કરી, જાહેર જનતાની જાણ તથા અમલ થવા માટે પ્રસિધ્ધ કર્યુ.

જુનાગઢ, ૨૫ માહે ઓકટોબર, સને ૨૦૧૭.

---

### સને-૧૯૫૧ ના ગુજરાત પોલીસ અધિનિયમ (આંક-૨૨)ની કલમ-૩૭ (૩) અન્વયેનુ

### જાહેરનામુ

નં. એમએજી/સી/૩૭(૩)/૫૪૮૫/૨૦૧૭.-પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢના પત્ર નં. સી/એલઆઈબી/જાહેરનામું/સભા-સરઘસ/૨૩૭૯/૧૭, તા.૨૨-૧૦-૨૦૧૭ થી (૧) ગીરનાર પર્વત ઉપર ગુરુ દત્તાત્રેયની રક્ષિત સ્મારકની જગ્યા ખાતે તથા ત્રીજી ટુંક ખાતે હિન્દુ અને જૈન ધર્મના લોકો વચ્ચે વિવાદ ચાલુ હોય, આ સ્થળે વિવાદના કારણે અગાઉ ગુન્હાઓ બનવા પામેલ છે. જેથી આ વિસ્તારનો જાહેરનામામાં સમાવેશ કરવો જરૂરી હોય, (૨) આવનાર સમયમાં હિન્દુ ધર્મનો દેવદિવાળી તહેવાર તથા ગિરનાર પરીક્રમા આવનાર હોય, જેથી ખુબ ભીડ રહેતી હોય, (૩) વીજ પુરવઠો અનિયમીત તથા પુરતા પ્રમાણમાં મળતો ન હોય કિસાનો ધ્વારા ઘેરાવ/વિરોધ જેવા આંદોલનાત્મક કાર્યક્રમો કરવામાં આવે તેમજ હાલમાં મોંઘવારીના પ્રશ્ને પણ આંદોલનો થવાની શકયતા નકારી શકાય નહી. (૪) આ સમય દરમ્યાન પાટીદાર અનામત આંદોલન તથા દલિત આંદોલન પણ ગતિમા હોય, (૫) હાલમાં જી.એસ.ટી. મુદ્દે ચાલી રહેલ વિરોધ પ્રદર્શન અનુસંધાને સવિશેષ તકેદારી રાખવી આવશ્યક છે. જેથી જુનાગઢ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તથા જાહેર સુલેહ શાંતી જળવાઈ રહે તે હેતુસર સભા-સરઘસ વગર પરવાનગીએ કોઈ કાઢે નહી તે માટેનું જાહેરનામુ પ્રસિધ્ધ કરવા અત્રે દરખાસ્ત રજુ થયેલ છે.

પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢ તરફથી ઉકત વિગતે રજુ થયેલ દરખાસ્ત વ્યાજબી જણાતા ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ના આંક-૨૨ની કલમ-૩૭ની પેટા કલમ-૩ થી મને મળેલ અધિકારની રૂએ હું, પી. વી. અંતાણી, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, જુનાગઢ જિલ્લો, જુનાગઢ, આથી જુનાગઢ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં તા. ૨૪-૧૦-૨૦૧૭ ના રોજથી તા. ૦૬-૧૧-૨૦૧૭ (બંન્ને દિવસો સહીત) સુધીની મુદત માટે કોઈપણ સભા કે સરઘસ માટે મનાઈ હુકમ ફરમાવુ છું. આદેશ કરૂ છું કે, આ હુકમ નીચેનાને લાગુ પડશે નહી.

(૧) ફરજ ઉપર હોય તેવી ગૃહરક્ષક મંડળીઓ.

(૨) સરકારી નોકરીએ અવર જવર કરતી હોય તેવી વ્યકિતને.

(૩) કોઈ લગ્નના વરઘોડાને.

(૪) સ્મશાન યાત્રા કે જેમાં જોડાનાર વ્યકિતઓને.

(૫) સક્ષમ અધિકારીશ્રીની કાયદેસર પરવાનગી લઈને.

આ હુકમનું પાલન ન કરનાર અથવા તેનું પાલન ન કરવામાં કોઈને મદદ કરનારને ગુનો સાબીત થયેથી, દંડની શિક્ષાને પાત્ર ઠરશે તથા ભારતીય દંડ સહિતાની કલમ-૧૮૮ મુજબનો ગુનો સાબીત થયેથી, જે તે વ્યકિતને એક માસની સાદી કેદ અથવા રૂા. ૨૦૦/- સુધીનો દંડ અગર બન્ને શિક્ષા થઈ શકશે અને આ હુકમની અવગણના માનવ જીવનને કોઈ નુકશાન અથવા સ્વાસ્થ્યને અથવા સલામતીને કોઈ ભય ઉત્પન્ન થાય અથવા કોઈ હુલ્લડ બખેડો થાય તો તેવી વ્યકિતને-૬ (છ) માસ પરિશ્રમ અથવા સાદી કેદ અથવા રૂા. ૧૦૦૦/- સુધીનો દંડ સહીત બંન્ને શિક્ષાને પાત્ર ઠરશે.

આજ તારીખ : ૨૩, માહે ઓકટોબર, સને ૨૦૧૭ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા કરી, જાહેર જનતાની જાણ તથા અમલ થવા માટે પ્રસિધ્ધ કર્યુ.

જુનાગઢ, ૨૩ માહે ઓકટોબર, સને ૨૦૧૭.

---

### સને ૧૯૫૧ના ગુજરાત પોલીસ અધિનિયમ આંક-૨૨ની કલમ ૩૩-૧-બી અન્વયે

### જાહેરનામું

નં. એમએજી/સી/પરિક્રમા/૫૪૪૨-૮૦/૨૦૧૭.-જુનાગઢ જિલ્લામાં જુનાગઢ ખાતે તા. ૩૧-૧૦-૨૦૧૭ થી તા. ૦૪-૧૧-૨૦૧૭ દરમ્યાન ગિરનાર પરિક્મ્મા યોજાનાર છે. આ પરિક્રમા સામાન્ય રીતે બે દિવસ અગાઉથી શરૂ થઈ જતી હોય છે. આ પરિક્રમામાં ભાગ લેવા માટે મોટી સંખ્યામાં યાત્રાળુઓ ભવનાથ ખાતે આવે છે. આ પ્રરિક્રમામાં કાયદો અને વ્યવસ્થા જાળવવા તથા

ટ્રાફિક નિયમન કરવા માટે પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢના પત્ર નં. સી/એલઆઈબી/પરિક્રમા/૨૩૪૫/૧૭, તા. ૧૮-૧૦-૨૦૧૭ તથા પત્ર નં. સી/એલઆઈબી/પરિક્રમા/૨૩૫૧/૧૭, તા. ૧૮-૧૦-૨૦૧૭ના પત્રોથી (૧) રસ્તા એક માર્ગીય કરવા તથા (૨) પરિક્રમાના રસ્તા ઉપર વાહનોની અવર-જવર પર પ્રતિબંધ મુકવા ગુજરાત પોલીસ અધિનિયમ ૩૩ (૧) (બી) મુજબ જાહેરનામુ પ્રસિધ્ધ કરવા દરખાસ્ત રજુ થયેલ છે.

ઉપરોક્ત આવેલ દરખાસ્ત વ્યાજબી જણાતી હોય, હું, પી. વી. અંતાણી, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, જુનાગઢ જિલ્લો, જુનાગઢ, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ના આંક-૨૨ની કલમ-૩૩ (૧)(બી) અન્વયે મને મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે :

(૧) તા. ૨૯-૧૦-૨૦૧૭ થી તા. ૦૪-૧૧-૨૦૧૭ (બન્ને દિવસો સહિત) દરમ્યાન નીચેના માર્ગો એક માર્ગીય જાહેર કરવામાં આવે છે.

(જુનાગઢ શહેરમાંથી ભવનાથ જવા માટે)

(૧) ભરડાવાવથી સ્મશાન સુધી.

(૨) વડલી ચોકથી ભવનાથ મંદિર, મૃગી કુંડ તળાવની પાળ સુધી.

(ભવનાથથી જુનાગઢ શહેર તરફ આવવા માટે)

(૧) મંગલનાથની જગ્યાએથી વડલી ચોક સુધી.

(૨) સ્મશાનથી ગીરનાર દરવાજા સુધી.

(૨) તા. ૨૯-૧૦-૨૦૧૭ થી તા. ૦૪-૧૧-૨૦૧૭ સુધી (બન્ને દિવસો સહિત) કોઈપણ પ્રકારના વાહનોની (સરકારી વાહનો અને ફરજ ઉપરના અધિકારીઓના વાહનો સિવાય) ભવનાથ તળેટીથી આગળ પરિક્રમાના રસ્તાઓ ઉપર અવર-જવર કરવા પર પ્રતિબંધ ફરમાવવામાં આવે છે.

આ હુકમ ગિરનાર પરિક્રમા સંલગ્ન વિવિધ વિભાગોના ફરજ પરના વાહનો તથા અન્ય સરકારી વાહનો તથા ફરજ ઉપરના અધિકારીના વાહનો અને નાયબ વન સંરક્ષકશ્રી, જુનાગઢ વિભાગ, જુનાગઢ તરફથી જેમને વાહનના પાસ અપાયેલ છે તેવા સ્વૈચ્છીક સંસ્થાઓના વાહનો તેમજ પોલીસ વિભાગ તરફથી પાસ અપાયેલ હોય તેવા વાહનોને લાગુ પડશે નહી.

આ હુકમનો ભંગ કરનાર સને-૧૯૫૧ના ગુજરાત પોલીસ અધિનિયમ આંક-૨૨ ની કલમ-૧૩૧માં દર્શાવેલ શિક્ષાને પાત્ર ઠરશે.

આજ તા. ૨૪ માહે ઓકટોબર, સને ૨૦૧૭ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા કરી જાહેર જનતાની જાણ તથા અમલ થવા માટે પ્રસિધ્ધ કર્યુ.

જુનાગઢ, ૨૪ માહે ઓકટોબર, સને ૨૦૧૭.

---

**સને ૧૯૫૧ના ગુજરાત પોલીસ અધિનિયમ આંક-૨૨ની કલમ-૪૩ (૧) અન્વયે**

## જાહેરનામુ

નં. એમએજી/સી/પરિક્રમા/૫૪૭૪/૧૭.-જુનાગઢ જિલ્લામાં જુનાગઢ ખાતે પરંપરાગત રીતે ગીરનાર પરિક્રમા તા. ૩૧-૧૦-૨૦૧૭ થી તા. ૦૪-૧૧-૨૦૧૭ સુધી યોજાનાર છે. આ પરિક્રમા સામાન્ય રીતે બે દિવસ અગાઉથી શરૂ થઈ જતી હોય છે. આ પરિક્રમામાં ઘણા બહોળા પ્રમાણમાં યાત્રાળુઓ તથા ભાવિકો એકત્રિત થનાર હોય, સદરહુ મેળામાં ચેપી રોગો અટકાવવા તથા જાહેર સુખાકારીના પગલા લેવા સને-૧૯૫૧ના ગુજરાત પોલીસ અધિ.-૧૯૫૧ની કલમ-૪૩(૧) અન્વયે જરૂરી જાહેરનામું પ્રસિધ્ધ કરવા પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢના પત્ર નં. સી/એલઆઈબી/પરિક્રમા/૨૩૫૩/૧૭, તા. ૧૮-૧૦-૨૦૧૭ થી અત્રે દરખાસ્ત રજુ થયેલ છે.

ઉપરોક્ત આવેલ દરખાસ્ત વ્યાજબી જણાતી હોય હું, પી. વી. અંતાણી, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, જુનાગઢ જિલ્લો, જુનાગઢ, સને-૧૯૫૧ના ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૪૩(૧) અન્વયે મળેલ અધિકારની રૂએ તા. ૨૯-૧૦-૨૦૧૭ થી તા. ૦૪-૧૧-૨૦૧૭ સુધી (બન્ને દિવસો સહિત) જુનાગઢ શહેર તેમજ ભવનાથ તળેટી તેમજ તેની આસપાસ ફરતા ૮ કી.મી. ના અંતરના વિસ્તારમાં પીવાના પાણી પરત્વે માણસોને પીવાના ઉપયોગમાં ન આવે તેવા કૃત્યો કરવાની, જાહેર તંદુરસ્તીને નુકશાન પહોંચાડે તેવી રીતે ખાદ્ય પદાર્થોને ધુળ લાગે તથા માખીઓ બેસે એ રીતે રાખવાની તદઉપરાંત તેવો ખોરાક ચીજવસ્તુઓ જે તે આરોગ્ય ખાતાના કર્મચારઓ/અધિકારીશ્રીઓની સુચના વિરૂધ્ધ રાખવા તથા વેંચવાની અગર તેની ગંદકી કરવાની તથા રકતપિત અને ચેપીરોગવાળા શખ્સોને દાખલ થવા દેવાની આથી મનાઈ ફરમાવવામાં આવે છે.

ઉપરોક્ત બાબતે દેખરેખ રાખી યોગ્ય પગલા લેવા જુનાગઢ જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી તથા તેઓશ્રીએ નિયુકત કરેલા કર્મચારીઓ તથા જુનાગઢ મહાનગરપાલિકાનાં આરોગ્ય અધિકારીશ્રીએ અગર તેઓએ જેને નિયુકત કરેલા હોય તેવા તેમના કર્મચારીઓને આથી અધિકાર આપવામાં આવે છે.

આ જાહેરનામાનો ભંગ કે ઉલ્લંઘન કરનાર શખ્સ સને-૧૯૫૧ ના ગુજરાત પોલીસ અધિનિયમ આંક-૨૨ની કલમ-૧૩૯માં જણાવેલ શિક્ષાને પાત્ર થશે.

આજ તા. ૨૪ માહે ઓકટોબર, સને-૨૦૧૭ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા કરી જાહેર જનતાની જાણ તથા અમલ થવા માટે પ્રસિધ્ધ કર્યુ.

જુનાગઢ, ૨૪ માહે ઓકટોબર, સને ૨૦૧૭.

**પી. વી. અંતાણી,**
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
જુનાગઢ જિલ્લો, જુનાગઢ.

---

## ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩ તથા ૩૭ હેઠળ કાઢેલ

## હુકમ

નં. એમએજી/સી/વિધાનસભા ચૂંટણી/૪/૨૦૧૭.-ભારતના ચૂંટણીપંચ તરફથી વિધાનસભા સામાન્ય ચૂંટણી-૨૦૧૭ માટેનો કાર્યક્રમ નકકી કરવામાં આવેલ છે. જે અંતર્ગત ગીર સોમનાથ જિલ્લામાં વિધાનસભાની ચૂંટણી તા. ૦૯-૧૨-૨૦૧૭ ના રોજ યોજાનાર છે.

આ ચૂંટણી દરમ્યાન રાજકીય પક્ષો, ઉમેદવારો તથા તેમના ટેકેદારો દ્વારા સભા-સરઘસ અંતર્ગત લાઉડસ્પીકર દ્વારા ચૂંટણી પ્રચાર કરવામાં આવનાર છે આ ચૂંટણી પ્રચાર દરમ્યાન જાહેર જનતાને ત્રાસ, જોખમ, ભય અથવા નુકશાન થતું અટકાવવા, કાયદો-વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાય રહે, કોઈ અનિચ્છનીય બનાવ ન બને અને જિલ્લામાં જાહેર સુલેહશાંતી અને સલામતીને હાનિ ન પહોંચે અને લોકોમાં સંવાદિતા યથાવત જળવાય રહે તે હેતુસર સાવચેતીના ભાગ રૂપે આગોતરા પગલા ભરવા જરૂરી જણાય છે.

સબબ હું, એચ. આર. મોદી, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ગીર સોમનાથ જિલ્લો, વેરાવળ, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની નીચેની કલમો દ્વારા મને મળેલ અધિકારીની રૂઈએ નીચે મુજબના હુકમ કરૂં છું.

(અ) લાઉડ સ્પીકરના ઉપયોગ અંગે :

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧)(થ) તથા કલમ-૩૩(૧)(૫)(૩) હેઠળ રસ્તામાં અથવા રસ્તા નજીક અથવા સાર્વજનીક કે ખાનગી જગ્યાઓમાં ચૂંટણી પ્રચાર કે અન્ય હેતુ માટે જાહેરમાં લાઉડ સ્પીકર વગાડવા માટે નીચે મુજબના નિયમોનું પાલન કરવા ફરમાવું છું.



(૧) સક્ષમ અધિકારીશ્રીની પરવાનગી મેળવ્યા સિવાય જાહેરમાં લાઉડસ્પીકર વગાડી શકશે નહી. આવી પરવાનગી નોઈઝ પોલ્યુશન (રેગ્યુલેશન એન્ડ કન્ટ્રોલ) રૂલ્સ-૨૦૦૦ ના નિયમ-૦૩ને અનુરૂપ તથા નામ. સુપ્રિમ કોર્ટ દ્વારા રીટ પીટીશન નં. ૭૨/૧૯૯૮ વીથ સીવીલ અપીલ નં. ૩૭૩૫/૨૦૦૫ માં આપેલ ગાઈડલાઈન મુજબ આપવાની રહેશે.

(૨) લાઉડસ્પીકર વગાડવા સક્ષમ અધિકારીશ્રી તરફથી જે શરતે પરવાનગી અપાયેલ છે તે શરતોનું પાલન કરવાનું રહેશે. લાઉડસ્પીકર ફકત સવારના ૬-૦૦ કલાકથી રાત્રીના ૧૦-૦૦ કલાક સુધી જ જાહેર જનતાને ત્રાસ, જોખમ, ભય અથવા નુકશાન ન થાય તે રીતે વગાડવાનું રહેશે.

(૩) લાઉડસ્પીકર વગાડવાની પરવાનગી મળેલ હોય તેમ છતાં પરવાનગીના સ્થળ નજીક સરકારી કે અર્ધ સરકારી કચેરીઓ, શૈક્ષણિક કે ધાર્મિક સંસ્થાઓ કે દવાખાના આવેલ હોય તો સદરહું કચેરીઓ, સંસ્થાઓની કામગીરીમાં કોઈપણ દખલગીરી ન થાય તે રીતે તદન ધીમા અવાજથી વગાડવાના રહેશે.

(બ) સભ-સરઘસ દરમ્યાનના વર્તન-વર્તણૂંક અંગે :

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧)(દ) તથા કલમ-૩૭(૧)(ક) થી (છ) હેઠળ સભા-સરઘસ દરમ્યાન નીચેના નિયમોનું પાલન કરવા ફરમાવું છું.

(૧) સક્ષમ અધિકારીશ્રીની મંજુરી મળ્યા બાદ જ સભા-સરઘસનું આયોજન કરવાનું રહેશે તથા જે શરતે પરવાનગી અપાયેલ છે તે શરતોનું પાલન કરવાનું રહેશે.

(૨) સભા-સરઘસમાં નીચેના કૃત્યો કરવાની મનાઈ ફરમાવામાં આવે છે.

(ક) શસ્ત્ર, દંડા, તલવાર, ભાલા, સોટા, બંદુક, ચપ્પુ, લાકડી અથવા લાઠી અથવા શારીરિક હિંસા પહોંચાડવામાં ઉપયોગ થઈ શકે તેવી બીજી કોઈ ચીજો લઈ જવી.

(ખ) કોઈપણ ક્ષયધર્મી અથવા સ્ફોટક પદાર્થ લઈ જવાની.

(ગ) પથ્થરો અથવા બીજા શસ્ત્રો અથવા તે શસ્ત્રો ફેંકવાના અથવા નાખવાના યંત્રો અથવા સાધનો લઈ જવાની, એકઠા કરવાની તથા તૈયાર કરવાની.

(ઘ) કોઈ સરઘસમાં સળગતી અથવા પેટાવેલી મશાલ લઈ જવાની.

(ચ) વ્યકિતઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવાની.

INDEX

(છ) લોકોએ બૂમ પાડવાની, ગીતો ગાવાની તથા વાદ્ય વગાડવાની.

(૩) ચૂંટણી સભા-સરઘસ-વર્તાલાપ કે મતદારના વ્યકિતગત સંપર્ક દરમ્યાન કોઈને ઉતારી પાડતા, ચરિત્ર્ય ખંડન કરતા પ્રવચન કરવા નહી, ધર્મ, જાતિ, જન્મ સ્થળ, નિવાસ, ભાષા વિગેરેની ભૂમિકા ઉપર જુદાજુદા જનસમૂહ/વર્ગ વચ્ચે વૈમનસ્ય, તિરસ્કાર, દ્વેષ વધે તથા જનસંવાહિતાની જાળવણીને વિપરીત અસર થાય તેવા પ્રવચન, ચોકાવનાર સમાચારવાળા ઉચ્ચારણ કરવા નહી કે તેમ કરવા કોઈને પ્રોત્સાહન આપવું નહિ.

(૪) જેનાથી સુરૂચિ તથા નીતિનો ભંગ થતો હોય અથવા રાજયની સલામતી જોખમાતી હોય તેવા છટાદાર ભાષણ આપવાનું, ચાળા પાડવાનું કે નકલ કરવાના કૃત્ય કરવાની મનાઈ ફરમાવવામાં આવે છે.

(૫) જેનાથી સુરૂચિ અથવા નીતિનો તથા ચૂંટણીપંચ દ્વારા જાહેર થયેલ આચારસંહિતાનો ભંગ થતો હોય તેવા ચિત્રો, અન્ય જાહેરાતો, પોસ્ટરો, નિશાનીઓ, જાહેર ખબરો અથવા વસ્તુઓ તૈયાર કરવાના કૃત્યો કરવાની મનાઈ ફરમાવવામાં આવે છે.

આ હુકમનો ભંગ કરનાર ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧/૧૩૫ તથા ચૂંટણી અંગેના આચાર સંહિતાની જોગવાઈઓ હેઠળની શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ સમગ્ર ગીર સોમનાથ જિલ્લાના વિસ્તારમાં આ હુકમ બહાર પડયાથી ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ થાય ત્યાં સુધી એટલે કે તા. ૨૦-૧૨-૨૦૧૭ સુધી અમલમાં રહેશે.

આજ તારીખ : ૨૬, માહે ઓકટોબર-૨૦૧૭ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કો કરી બહાર પાડેલ છે.

ગીર સોમનાથ, ૨૬ માહે ઓકટોબર, સને ૨૦૧૭.

---

## ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ કાઢેલ

## હુકમ

નં. એમએજી/સી/વિધાનસભા ચૂંટણી/૫/૨૦૧૭.-ભારતના ચૂંટણીપંચ તરફથી વિધાનસભા સામાન્ય ચૂંટણી-૨૦૧૭ માટેનો કાર્યક્રમ નકકી કરવામાં આવેલ છે. જે અંતર્ગત ગીર સોમનાથ જિલ્લામાં વિધાનસભાની ચૂંટણી તા. ૦૯-૧૨-૨૦૧૭ ના રોજ યોજાનાર છે.

આ ચૂંટણી દરમ્યાન રાજકીય પક્ષો, ઉમેદવારો તથા તેમના ટેકેદારો દ્વારા ચૂંટણીના કામે વાહનોનો ઉપયોગ થનાર છે. આ વાહનોના ઉપયોગના કારણે જાહેર જનતાને કોઈ ભય, ત્રાસ કે નુકશાન ન પહોંચે, મુક્ત અને ન્યાયી ચૂંટણી પ્રક્રિયામાં વાહનોનો દુરઉપયોગ અટકે, ચૂંટણીની આદર્શ આચારસંહિતાનું પાલન થાય તથા ચૂંટણી પ્રચારમાં વાહનના ઉપયોગ બાબતે આક્ષેપ-પ્રતિ આક્ષેપ દ્વારા જાહેર સુલેહ શાંતિનો ભંગ થાય તેવા સંજોગો ઉપસ્થિત ન થાય તથા કાયદો અને વ્યવસ્થા જળવાય રહે તે માટે વાહનોના ઉપયોગ માટે નિયમો કરવા જરૂરી જણાય છે.

સબબ, હું, એચ. આર. મોદી, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ગીર સોમનાથ જિલ્લો, વેરાવળ, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ સત્તાની રૂઈએ વિધાનસભા સામાન્ય ચૂંટણી-૨૦૧૭ દરમ્યાન રાજકીય પક્ષો, ટેકેદારો, ઉમેદવારો દ્વારા થનાર વાહનોના ઉપયોગ માટે નીચે મુજબના નિયમો કરી તેના અમલ માટે હુકમ કરૂં છું.

(૧) ગુજરાત મોટર વાહન નિયમો-૧૯૮૯ના નિયમ-૧૨૫ ની જોગવાઈ હેઠળ પ્રાદેશિક વાહન વ્યવહાર સમિતિએ નીચેની શરતોએ વિધાનસભા સામાન્ય ચૂંટણી-૨૦૧૭ દરમ્યાન ટ્રાન્સપોર્ટ વાહનો પર જાહેર પ્રદર્શિત કરવા પરવાનગી આપેલ છે.

(૧) આ વાહનમાં જાહેરાત એવી રીતે લગાડવાની રહેશે કે, ડ્રાઈવરને વાહન ચલાવતી વખતે આગળ-પાછળ તથા બંને બાજુએ વિઝનમાં અવરોધ ઉભો ન થાય.

(૨) માઈક કે ઓડીયો/વિડીયો/લાઉડસ્પીકરની મંજુરી સક્ષમ અધિકારીશ્રી પાસેથી મેળવવાની રહેશે. વગર મંજુરીએ તેનો ઉપયોગ કરી શકાશે નહીં.

(૩) સ્પીડ લીમીટ માટે સરકારશ્રીના જાહેરનામાંનો અમલ ચૂસ્તપણે કરવાનો રહેશે.

(૪) લોક તાંત્રિક વ્યવસ્થામાં ચૂંટણી સમયે આવી મંજુરી પ્રાદેશિક વાહન વ્યવહાર સતામંડળે નિયત કરેલ તારીખ સુધી અમલી રહેશે.

(૫) તમામ મંજુરી માટે નીચે મુજબનું ફી નું ધોરણ રાખવું.

| | વાહનનો પ્રકાર | ફીની રકમ |
|---|---|---|
| (૧) | ટુ વ્હીલર/થ્રી વ્હીલર ટ્રાન્સપોર્ટ વાહન | રૂા. ૫૦૦/- |
| (૨) | અન્ય ટ્રાન્સપોર્ટ વાહનો માટે | રૂા. ૧૦૦૦/- |

(૬) ટ્રાન્સપોર્ટ વાહનના ડ્રાઈવરને વાહનો ચલાવવામાં અડચણ ન થાય તે રીતે ફીટીંગ કરવાનું રહેશે.

(૭) આવી પરવાનગી માગનાર વાહન માલિકના વાહનના તમામ દસ્તાવેજો જેવા કે, ટેક્ષ, પરમીટ, ફીટનેશ વગેરે અમલી હોવા જોઈએ.

INDEX

(૮) મોટર વાહન અધિનિયમ તથા તેના હેઠળ ઘડેલ કેન્દ્રીય મોટર વાહન નિયમો તથા ગુજરાત મોટર વાહન નિયમોનું કડકપણે પાલન કરવાનું રહેશે.

(૯) જો ચૂંટણી સંબંધિત જાહેરાત પ્રદર્શિત કરવાની હશે, તો ચૂંટણી અંગેના કાયદા તથા ચૂંટણીપંચે જાહેર કરેલ આદર્શ આચારસંહિતાનો કડકપણે અમલ કરવાનો રહેશે.

(૧૦) સુરૂચીનો ભંગ કરે કે અશ્લીલ જાહેરાત પ્રદર્શિત કરી શકાશે નહીં.

(૧૧) વાહનના મૂળ માળખામાં (Basic feature) ફેરફાર થાય એ રીતે કે, વાહનના મૂળ માળખામાં (Basic feature) ફેરફાર કરીને આવી કોઈ જાહેરાત પ્રદર્શિત કરી શકાશે નહી.

(૧૨) મોટર વાહન અધિનિયમ-૧૯૮૮ના માર્ગ સલામતીના ધોરણો-જોગવાઈનો ભંગ થવો જોઈએ નહી.

સબબ, ચૂંટણી પ્રચારમાં વાહનના ઉપયોગની પરવાનગી આપનાર સક્ષમ અધિકારીશ્રીએ આ શરતો તથા તે સિવાયની અન્ય શરતો સાથે વાહનની મંજુરી આપવાની રહેશે તથા સંબંધકર્તાએ તે શરતોનું પાલન કરવાનું રહેશે.

(૨) કોઈપણ રાજકીય પક્ષો કે બીન રાજકીય પક્ષો તેમના ઉમેદવારો કે તેઓની સહમતીથી કોઈ વ્યક્તિ દ્વારા કે કોઈપણ ઉમેદવારના ચૂંટણી પ્રચારમાં વાહનોના ઉપયોગ કરવામાં આવે તેવા તમામ સત્તા ધરાવતા અધિકૃત અધિકારી પાસે, આવા પ્રચારમાં વપરાતા વાહનો રજીસ્ટર કરવાના રહેશે અને રજીસ્ટર કરાયેલ વાહન પરત્વેનો પરમીટ તેઓશ્રી પાસેથી મેળવીને ઓરીઝનલ પરમીટ વાહનની ઉપર સહેલાઈથી દેખાઈ આવે તે રીતે વિન્ડસ્કીન ઉપર ચોંટાડવાની રહેશે. આ પરમીટમાં વાહન ક્યા વિસ્તારમાં ઉપયોગમાં લેવા માટે નોંધણી કરાવવામાં આવેલ છે તેની સ્પષ્ટ વિગતો પણ દર્શાવવાની રહેશે. પરમીટ મેળવ્યા સિવાય અને વાહન રજીસ્ટર કરાવ્યા સિવાય કોઈપણ વાહનનો ઉપયોગ ચૂંટણી પ્રચાર માટે કરી શકાશે નહીં.

આ નિયંત્રણો યાંત્રિક શક્તિથી કે અન્ય કોઈ રીતે ચાલતાં વાહનોને લાગુ પડશે. આવા વાહનોમાં મીની બસ, સ્ટેશન વેગન, ટેક્સી, ખાનગીકાર, ટ્રક કે ટ્રેલર કે તે વિનાનું ટ્રેક્ટર, ઓટો રીક્ષા, સ્કુટર વિ.નો સમાવેશ થાય છે. પરંતુ આ નિયંત્રણો માત્ર આજ વાહનો પુરતા મર્યાદિત રહેશે નહી.

આ હુકમનો ભંગ કર્યેથી ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ હેઠળ કસુરવાર સામે પગલા લેવાની કાર્યવાહી કરવામાં આવશે અને ગૂન્હો સાબિત થયે એક માસની સાદી કેદ અથવા રૂા. ૨૦૦/- દંડ અથવા બંન્ને સજા થઈ શકશે. આ ઉપરાંત મોટર વાહન અધિનિયમ-૧૯૮૮ તથા ચૂંટણી આચાર સંહિતાના ભંગ બદલની શિક્ષાને પાત્ર ઠરશે.

આ હુકમ સમગ્ર ગીર સોમનાથ જિલ્લાના વિસ્તારમાં લાગુ પડશે અને તે ઈસ્યુ કર્યા તારીખથી બે માસ સુધી અમલમાં રહેશે.

આજ તારીખ : ૨૬ માહે ઓકટોબર-૨૦૧૭ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કો કરી બહાર પાડેલ છે.

જુનાગઢ, ૨૬ માહે ઓકટોબર, સને ૨૦૧૭.

---

ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ કાઢેલ

હુકમ

નં. એમએજી/સી/વિધાનસભા ચૂંટણી/૧૬/૨૦૧૭.-ભારતના ચૂંટણીપંચ તરફથી વિધાનસભા સામાન્ય ચૂંટણી-૨૦૧૭ માટેનો કાર્યક્રમ જાહેર થયેલ છે. વિધાનસભા સામાન્ય ચૂંટણી-૨૦૧૭ અંતર્ગત તા. ૦૯-૧૨-૨૦૧૭ ના રોજ મતદાન યોજાનાર છે.

આ ચૂંટણી અંતર્ગત જુદા-જુદા રાજકીય પક્ષો, ઉમેદવારો તથા તેમના ટેકેદારો દ્વારા ચૂંટણી પ્રચારમાં વેગ આવેલ છે અને પ્રચાર તેની પરાકાષ્ઠા તરફ જઈ રહેલ છે. ભારતના ચૂંટણીપંચના ધ્યાન પર આવેલ છે કે, કેટલાક વાંધાજનક એસ. એમ. એસ. (ટુંકા સંદેશ સેવા)નો દુરઉપયોગ કેટલાક લોકો દ્વારા કરવામાં આવી રહેલ છે. આવા સંદેશાઓ લોકસભાની ચૂંટણી અંતર્ગત સ્થાપિત હિતો ધરાવતા ઈસમો દ્વારા કરવામાં આવી રહેલ છે. જેના પરિણામે ચૂંટણીના કાયદાની જોગવાઈઓ, આદર્શ આચારસંહિતા તથા ભારતના ચૂંટણીપંચ દવારા બહાર પાડવામાં આવેલ આદેશો/સુચનાઓનો ભંગ થાય છે. કેટલીક વખત ઈરાદાપૂર્વક ઉશ્કેરણીજનક અફવાઓ એસ.એમ.એસ. દ્વારા ફેલાવવામાં આવે છે. તેના પરીણામ સ્વરૂપે પ્રજાની સુલેહ-શાંતિનો ભંગ થાય છે અને ચુંટણી પ્રક્રિયા ઉપરાંત રોજીંદા જીવન-વ્યવહાર ઉપર પણ તેની વ્યાપક ખોટી અસરો ફેલાય છે અને સામુહિક માનસીક તંગદીલી પેદા થતી હોય છે. સબબ આવી શકયતાઓનું તાત્કાલીક અસરકારક નિવારણ કરવું અતિ આવશ્યક અને અનિવાર્ય બનેલ છે.

સબબ હું, એચ. આર. મોદી, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ગીર સોમનાથ જિલ્લો, વેરાવળ, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ સત્તાની રૂએ સમગ્ર ગીર સોમનાથ જિલ્લા વિસ્તારમાં નીચેના કૃત્યો કરવા પર પ્રતિબંધ ફરમાવું છું.

મોબાઈલ સર્વિસ આપતી કંપનીઓ જેવી કે, વોડાફોન, બી.એસ.એન.એલ. (સેલવન), રીલાયન્સ, ટાટા મોબાઈલ, એરટેલ, આઈડીયા, વિડીયોકોન, યુનિનોર વિગેરે કંપનીઓ ગીર સોમનાથ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં તા. ૦૭-૧૨-૨૦૧૭ ના રોજ કલાક ૦૦-૦૦ થી તા. ૦૯-૧૨-૨૦૧૭ ના કલાક ૨૪-૦૦ સુધી કાયદાનો ભંગ થાય તેવા ચૂંટણીની આદર્શ આચારસંહિતાનો ભંગ થાય તેવા તથા ભારતના ચૂંટણીપંચ દવારા બહાર પાડવામાં આવેલ આદેશો/સુચનાઓનો ભંગ થાય તેવા અને મુકત, ન્યાયી

અને શાંતીપુર્ણ ચૂંટણી પ્રક્રિયાને ખલેલ પહોંચાડે તેવા ગૃપ/બલ્ક એસ.એમ.એસ.ના પ્રસારણને સંપૂર્ણ પણે પ્રતિબંધીત કરશે.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ભારતના ફોજદારી અધિનિયમની કલમ-૧૮૮ હેઠળ બીનજામીનલાયક ફોજદારી ગુન્હો છે. જેથી કોઈ કંપનીના સંચાલક, કર્મચારી, એજન્ટ કે કોઈ રાજકીય પક્ષ કે કોઈપણ ઈસમ આ હુકમનું ઉલ્લંઘન કરશે નહી. તમામને વ્યકિતગત રીતે નોટિસ બજવણી શક્ય ન હોય આથી એકતરફી હુકમ કરૂં છું.

હુકમ નિર્દિષ્ટ કરેલ વિસ્તારોમાં સહેલાઈથી દેખી શકાય તેવી જગ્યાએ તેમજ મોબાઈલ સર્વિસ આપતી કચેરીઓની મુખ્ય કચેરીઓ ઉપર તેમજ તેના સંચાલક, એજન્ટને બજવણી અને તેની નકલો ચોંટાડી અને રાબેતા મુજબ વર્તમાનપત્રો અને રાજ્યપત્રોમાં પ્રસિધ્ધ કરવી, પ્રસિધ્ધ કરવા સારૂં હું ફરમાવું છું.

આજ તારીખ : ૨૬ માહે ઓકટોબર-૨૦૧૭ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી બહાર પાડેલ છે.

જુનાગઢ, ૨૬ માહે ઓકટોબર, સને ૨૦૧૭.

---

**ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ કાઢેલ**

**હુકમ**

નં. એમએજી/સી/વિધાનસભા ચૂંટણી/૨૨/૨૦૧૭.-ભારતના ચૂંટણીપંચ તરફથી વિધાનસભા સામાન્ય ચૂંટણી-૨૦૧૭ માટેનો કાર્યક્રમ જાહેર થયેલ છે. વિધાનસભા સામાન્ય ચૂંટણી-૨૦૧૭ અંતર્ગત તા. ૦૯-૧૨-૨૦૧૭ ના રોજ મતદાન યોજાનાર છે.

આ ચૂંટણી માટે ચૂંટણી પંચની જોગવાઈ મુજબના સમયગાળા દરમ્યાન રાજકીય પક્ષો, ઉમેદવારો તથા તેમના ટેકેદારો દ્વારા ચૂંટણી પ્રચાર કરવામાં આવનાર છે. આ ચૂંટણી પ્રચાર દરમ્યાન તથા ચૂંટણીના મતદાન દરમ્યાનની પ્રક્રિયા કોઈપણ જાતની ખલેલ વિના શાંત વાતાવરણમાં યોજાય તેમજ બહારના તોફાની તત્ત્વો આ મતદાનની કાર્યવાહી દરમ્યાન મતદારોને ખલેલ પહોંચાડે નહીં તથા અન્ય ગેરકાયદેસરની પ્રવૃત્તિ મતદાન દરમ્યાન આચરે નહી તે માટે તેમજ મતદાન દરમ્યાન આક્ષેપ-પ્રતિ આક્ષેપ દ્વારા જાહેર સુલેહ-શાંતિનો ભંગ થાય તેવા સંજોગો ઉપસ્થિત ન થાય તથા કાયદો અને વ્યવસ્થા જળવાય રહે તે માટે નીચે જણાવ્યા મુજબના પ્રતિબંધ મુકવાની જરૂર જણાય છે.

સબબ હું, એચ. આર. મોદી, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ગીર સોમનાથ જિલ્લો, વેરાવળ, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ સત્તાની રૂઈએ સમગ્ર ગીર સોમનાથ જિલ્લામાં નીચેના કૃત્યો કરવા પર પ્રતિબંધ ફરમાવું છું.

(અ) ચૂંટણી પ્રચાર પુરો થયા બાદ :

(૧) ચૂંટણીને લગતા ૧૯૫૧ના લોકપ્રતિનિધિત્વ અધિ. મુજબ બનતા ગૂનાઓની વ્યાખ્યા કલમ-૧૨૬ અનુસાર કોઈ મતદાન વિસ્તારમાં કોઈ ચૂંટણી માટેનું મતદાન પુરૂં કરવા નિયત કરેલા સમયે પુરા થતા અડતાલીસ કલાકના સમય દરમ્યાન કોઈપણ વ્યકિતએ કોઈપણ મતદાન વિસ્તારમાં જાહેરસભા બોલાવવી, ભરવી કે તેમાં હાજરી આપવી નહીં.

(૨) કોઈ સભા ભરવી નહી કે બોલાવવી નહીં અથવા સરઘસ કાઢવું નહીં.

**અપવાદ :** આ હુકમ જે માણસ સરકારી નોકરી/ કામગીરીમાં હોય, જેઓ ફરજ ઉપર હોઈ તેમને તથા મરણોત્તર તેમજ લગ્ન અંગેના સરઘસને તથા સરકારી કાર્યક્રમને લાગુ પડશે નહીં.

(૩) મતદારના વ્યકિતગત સંપર્ક દરમ્યાન કોઈને ઉતારી પાડતાં, ચારિત્ર્ય ખંડન કરતા પ્રવચનો કરવાં નહીં.

(૪) ચૂંટણી પ્રચારનો સમયગાળો પુરો થયા પછી રાજકીય પદાધિકારીઓએ તરત મતદાન વિભાગ છોડી દેવાનો રહેશે.

(૫) મતદાર વિભાગની હદમાં મતદાર વિભાગની બહારથી આવતાં વાહનોની સંબંધિત પોલીસ સ્ટેશને નોંધ કરાવવાની રહેશે.

(બ) મતદાનના દિવસે :

(૧) જે તે મતદાન મથકમાં ચૂંટણી પંચ તરફથી નક્કી કરાયેલ પાત્રતા સિવાયની કોઈપણ વ્યકિત પ્રવેશી શકશે નહી તથા મતદાન કરનાર મતદારો સિવાય ચારથી વધુ વ્યકિતઓએ એકત્ર થવું નહી.

(૨) મતદાન મથકની જગ્યાની હદથી ૨૦૦ મીટર સુધીના અંતરમાં રાજકીય પક્ષો તથા હરીફ ઉમેદવારો દ્વારા કોઈપણ કેમ્પ ઉભા કરવાં નહીં. ૨૦૦ મીટર દુર ઉમેદવાર દ્વારા ઊભા કરવામાં આવેલા બુથ ઉપરથી અથવા ઉમેદવાર તરફથી જે કાપલી મતદારને આપવામાં આવે તેમાં કોઈપણ ઉમેદવારનું નામ, પ્રતિક, સંજ્ઞા કે અન્ય કોઈ લખાણ હોવું જોઈએ નહીં. કોઈપણ મતદાર કે વ્યકિત મતદાન મથકની ૨૦૦ મીટરની હદમાં આવી કોઈ કાપલી કે જેમાં ઉમેદવારનું નામ, પ્રતિક કે સંજ્ઞાનું લખાણ હોય તે લઈ પ્રવેશી શકશે નહીં.

(૩) મતદાન મથકની ૨૦૦ મીટરની હદમાં કોઈપણ વ્યકિત ધ્વનિનો પડઘો પડતું લાઉડસ્પીકર કે મેગાફોન કે બીજુ કોઈ સાધન, પેજર, કોર્ડલેસ ફોન, સેલ્યુલર ફોન કે વાયરલેસ લઈ પ્રવેશી શકશે નહીં.

આ પ્રતિબંધ જે માણસ સરકારી નોકરીમાં અથવા ચૂંટણી કામગીરીની ફરજ ઉપર હોય અને ચૂંટણીપંચના તત્કાલિન આદેશાનુસાર અધિકૃત કરાયેલ હોય તેમને લાગુ પડશે નહીં.

(૪) મતદાન મથકની ૨૦૦ મીટરની ત્રિજ્યામાં પ્રચારનું કોઈપણ સાહિત્ય, બેનર, પોસ્ટર, કટઆઉટ વિગેરે રાખી શકાશે નહીં.

(૫) આર.પી. એક્ટ-૧૯૫૧, કલમ-૧૨૩(૫) અને કલમ-૧૩૩માં દર્શાવ્યા મુજબ ઉમેદવારો કે તેના ચૂંટણી એજન્ટે અથવા ઉમેદવાર કે તેના ચૂંટણી એજન્ટની સંમતિથી બીજી કોઈ વ્યકિતએ કલમ-૨૫ હેઠળ જોગવાઈ કરેલ મતદાન મથક સુધી અથવા મતદાન મથકથી અથવા કલમ-૨૯(૧) હેઠળ મતદાન માટે નિયત કરેલ સ્થળ સુધી કે સ્થળથી કોઈપણ મતદારને મફત પરત લાવવા-લઈ જવા માટે કોઈ વાહન કે બીજા કોઈ સાધનોનો ઉપયોગ કરવો નહી કે એવું કોઈ વાહન કે બીજું કોઈ સાધન પૈસા આપીને અથવા બીજી રીતે ભાડે રાખવું કે મેળવવું નહીં.

(૬) આર. પી. એક્ટ-૧૯૫૧ની કલમ-૧૩૧માં દર્શાવ્યા મુજબ કોઈપણ મતદાન મથકે મતદાન ચાલતું હોઈ તે તારીખ કે તારીખોએ કોઈપણ વ્યકિતએ મતદાન માટે મતદાન મથકે આવતી કોઈ વ્યકિતને ત્રાસ થાય કે મતદાન મથક પર ફરજ બજાવતાં અધિકારીઓ અને બીજી વ્યકિતઓના કામમાં દખલ થાય એવું નીચેનું કાંઈ કરવું નહીં.

(ક) મતદાન મથકમાં અથવા તેના દરવાજે અથવા તેની નજીકના ખાનગી કે જાહેર સ્થળે માનવ ધ્વનિને વધારતું કે તેનો પડઘો પાડતું મેગાફોન કે લાઉડ-સ્પીકર વાપરવું નહી કે તેવું સંચાલન કરવું નહીં, અથવા

(ખ) મતદાન મથકમાં અથવા તેના દરવાજે અથવા તેની નજીકનાં જાહેર કે ખાનગી સ્થળે બુમો પાડીને કે બીજી રીતે ધાંધલ કરવી નહીં.

(૭) આર. પી. એક્ટ-૧૯૫૧ની કલમ-૧૩૨માં દર્શાવ્યા મુજબ કોઈપણ વ્યકિતએ મતદાન માટે નિયત કરેલ સમય દરમ્યાન મતદાન મથકે ગેરવર્તણુંક કરવી નહી તેમજ મતદાન મથકના પ્રમુખ અધિકારીએ આપેલ કાયદેસર સુચનાઓનું પાલન કરવાનું રહેશે.

(૮) આર. પી. એક્ટ-૧૯૫૧ની કલમ-૧૩૦માં દર્શાવ્યા મુજબ મતદાન મથકોમાં અમલ અથવા તેની નજીક પ્રચાર કરવાની મનાઈ : (૧) જે તારીખે અથવા તારીખોએ મતદાન મથકે મતદાન ચાલુ હોય તે તારીખ અથવા તારીખોએ મતદાન મથકમાં અથવા તેનાથી સો મીટરના અંતરમાં આવેલા કોઈ જાહેર કે ખાનગી સ્થળે, કોઈપણ વ્યકિતને નીચેનું કાંઈપણ કરવું નહી, એટલે કે,

(ક) મત માટે પ્રચાર કરવો, અથવા

(ખ) કોઈપણ મતદારને મત આપવા આગ્રહપૂર્વક વિનંતી કરવી, અથવા

(ગ) અમુક ઉમેદવારને મત ન આપવા માટે કોઈ મતદારને સમજાવવો, અથવા

(ઘ) કોઈ મતદારને ચૂંટણીમાં મત ન આપવા સમજાવવો, અથવા

(ચ) ચૂંટણીને લગતી (સરકારી નોટિસ સિવાયની બીજી) કોઈ નોટિસ કે નિશાની પ્રદર્શિત કરવી.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર લોકપ્રતિનિધિત્વ અધિ. ૧૯૫૧ની જોગવાઈઓ તથા ભારતના ફોજદારી અધિનિયમની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ પ્રસિધ્ધ કર્યાની તારીખથી તા. ૨૦-૧૨-૨૦૧૭ સુધી સમગ્ર ગીર સોમનાથ જિલ્લાના વિસ્તારમાં અમલમાં રહેશે.

આજ તારીખ : ૨૬ માહે ઓકટોબર-૨૦૧૭ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કો કરી બહાર પાડેલ છે.

ગીર સોમનાથ, ૨૬ માહે ઓકટોબર, સને ૨૦૧૭.

**એચ. આર. મોદી,**

અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
ગીર સોમનાથ જિલ્લો,
વેરાવળ.

---

## સબ ડિવીઝનલ મેજીસ્ટ્રેટ દ્વારા

**ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪નો-અધિનિયમ ક્રમાંક-૨)ની કલમ-૧૪૪ હેઠળ કાઢેલ**

### હુકમ

નં. એમએજી/સી/વિ.સા.ચૂંટણી-૧૭/૧૪૪(૧)/૧૦/૨૦૧૭.- ભારતના ચૂંટણી પંચ તરફથી ગુજરાત વિધાનસભા સામાન્ય ચૂંટણી-૨૦૧૭ માટેનો કાર્યક્રમ નકકી કરવામાં આવેલ છે. જે અંતર્ગત જુનાગઢ જિલ્લાના જુનાગઢ સબ ડિવીઝન વિસ્તારમાં ઉકત ચૂંટણી તા. ૦૯-૧૨-૨૦૧૭ ના યોજાનાર છે.

આ ચૂંટણી દરમ્યાન જુનાગઢ જિલ્લાનાં સમગ્ર જુનાગઢ સબ ડિવીઝનના તાલુકાઓમાં તમામ સ્તરે કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તથા મતદારો પોતાનો મત મુકત અને નિર્ભય રીતે આપી શકે તેમજ સમગ્ર ચૂંટણી પ્રક્રિયા માટે જરૂરી શાંતીમય વાતાવરણમાં વિક્ષેપો ઉભા થાય નહી અને જાહેર સુલેહશાંતીનો ભંગ થતો અટકાવવાનું અત્યંત જરૂરી જણાતુ હોવાથી ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪નો અધિનિયમ ક્રમાંક-૨)ની કલમ-૧૪૪ મુજબ પગલાં લેવા માટે પુરતા કારણો છે.

વાસ્તે, હું, જે. એમ. રાવલ, જી.એ.એસ., સબ ડિવીઝનલ મેજીસ્ટ્રેટ, જુનાગઢ સબ ડીવીઝન, જુનાગઢ જિલ્લો જુનાગઢ, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪નો અધિનિયમ ક્રમાંક-૨)ની કલમ-૧૪૪ મુજબ મને મળેલ સત્તાની રૂઈએ આથી ફરમાવું છું કે, સમગ્ર જુનાગઢ સબ ડિવીઝનના વિસ્તારમાં કોઈપણ ઈસમે પોતાના પરવાનાવાળા હથિયાર સાથે લઈને નિકળવું કે ફરવુ નહી. ઉપરાંત દંડા, તલવાર, ભાલા, ચપ્પુ, લાકડી, લાઠી અથવા શારિરીક હિંસા પહોચાડવામાં ઉપયોગ થઈ શકે તેવી બીજી ચીજો સાથે લઈ ઘર બહાર નિકળવું કે ફરવું નહી.

**આ હુકમ નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં.**

(૧) ફરજ ઉપર રોકાયેલ પોલીસ કર્મચારી/અધિકારીઓ કે જેઓના ફરજના ભાગરૂપે શસ્ત્રો રાખવાની પરવાનગી આપવામાં આવી હોય તેવી વ્યકિતને.

(૨) શારિરીક અશકિતના કારણે લાકડી અથવા લાઠી લઈ ફરવુ જરૂરી હોય તે વ્યકિતને.

(૩) રાષ્ટ્રીયકૃત બેન્કો કે તેઓને તે બેન્કની કેશ-કરન્સી લઈ આવવા તથા લઈ જવા માટે તેની ફરજના ભાગરૂપે બેંકના હથિયાર પરવાનાવાળા શસ્ત્રો રાખવાની પરવાનગી આપવામાં આવેલ હોય, તે વ્યકિતને.

ઉપર્યુકત જાવાઈઓનો ભંગ કર્યેથી ઈન્ડીયન પીનલ કોડ કલમ-૧૮૮ હેઠળ કસુરવાર સામે પગલા લેવાની કાર્યવાહી કરવામાં આવશે અને ગુન્હો સાબિત થયે એક માસની સાદી કેદ અથવા રૂા. ૨૦૦/- દંડ અથવા બન્નેની સજા થઈ શકે છે.

આ હુકમ સમગ્ર જુનાગઢ સબ ડિવીઝનના વિસ્તારમાં હુકમની તારીખથી અમલમાં આવશે અને તે ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ થવાની તા. ૨૦-૧૨-૨૦૧૭ સુધી અમલમાં રહેશે.

આજ તારીખ ૨૭ માહે ઓકટોબર-૨૦૧૭ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કો કરી બહાર પાડેલ છે.

જુનાગઢ, ૨૭ માહે ઓકટોબર, સને ૨૦૧૭.

---

**ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪નો-અધિનિયમ)ની કલમ-૧૪૪ હેઠળ કાઢેલ**

## હુકમ

નં. એમએજી/સી/વિ.સા.ચૂંટણી-૧૭/૧૪૪(૨)/૧૦/૨૦૧૭.- ભારતના ચૂંટણી પંચ તરફથી ગુજરાત વિધાનસભા સામાન્ય ચૂંટણી-૨૦૧૭ માટેનો કાર્યક્રમ નકકી કરવામાં આવેલ છે. જે અંતર્ગત જુનાગઢ જિલ્લામાં ઉકત ચૂંટણી તા. ૦૯-૧૨-૨૦૧૭ ના યોજનાર છે. ભારતના ચૂંટણી આયોગ દ્વારા આદર્શ આચારસંહિતા બહાર પાડી તેનું કડકપણે પાલન કરવાની સુચનાઓ આપવામાં આવેલ છે. સરકારી કચેરીઓમાં માણસો ટોળા સ્વરૂપે એકઠા થઈ કાયદો અને વ્યવસ્થા જાળવવામાં બાધકરૂપ ન થાય તે માટે સરકારી કચેરીઓમાં ટોળા સ્વરૂપે એકઠા થવા પર પ્રતિબંધ મુકવાની જરૂર જણાય છે.

આથી હું, જે. એમ. રાવલ, જી.એ.એસ., સબ ડિવીઝનલ મેજીસ્ટ્રેટ, જુનાગઢ જિલ્લો જુનાગઢ, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪નો બીજો અધિનિયમ) ની કલમ-૧૪૪ થી મને મળેલ સત્તાની રૂઈએ આથી નીચે મુજબ હુકમ ફરમાવું છું.

ચૂંટણી પ્રક્રિયા દરમ્યાન જૂનાગઢ જિલ્લાના જુનાગઢ સબ ડિવીઝન વિસ્તારની તમામ સરકારી કચેરીઓના કમ્પાઉન્ડમાં આમ જનતાના રૂપમાં કે ટોળાના રૂપમાં કોઈપણ રીતે ચાર કે તેથી વધુ વ્યકિતઓને એકઠા થવા પર પ્રતિબંધ ફરમાવું છું.

**આ પ્રતિબંધ નીચે મુજબની વ્યકિતઓને લાગુ પડશે નહીં.**

(૧) આ હુકમ ફરજ ઉપર રોકાયેલ તમામ સરકારી તથા અર્ધ સરકારી કર્મચારીઓ/અધિકારીઓને લાગુ પડશે નહીં.

(૨) આવેદનપત્ર આપવા માટે સક્ષમ અધિકારીશ્રીની પુર્વ મંજુરી મેળવેલ હોય, તેવી આવેદનપત્ર આપવા આવનાર વ્યકિતઓને લાગુ પડશે નહીં.

આ જાહેરનામાનું ઉલ્લંઘન કરનાર અથવા ઉલ્લંઘન માટે મદદ કરનાર શખ્સ ભારતીય દંડસંહિતાની કલમ-૧૮૮ હેઠળ સજાને પાત્ર થશે.

આ હુકમ સમગ્ર જુનાગઢ સબ ડિવીઝન વિસ્તારમાં હુકમની તારીખથી અમલમાં આવશે અને તે ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ થવાની તા. ૨૦-૧૨-૨૦૧૭ સુધી અમલમાં રહેશે.

આજ તારીખ ૨૭ માહે ઓકટોબર-૨૦૧૭ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કો કરી બહાર પાડેલ છે.

જુનાગઢ, ૨૭ માહે ઓકટોબર, સને ૨૦૧૭.

**જે. એમ. રાવલ,**
સબ ડિવીઝન મેજીસ્ટ્રેટ,
જુનાગઢ.

---

## પોલીસ કમિશ્નર દ્વારા

**ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ હુકમ**

## જાહેરનામું

ક્રમાંક : એસબી/જાહેરનામુ/૩૪૬૮/૨૦૧૭.-ભારતનું ચુંટણી પંચ, નવી દિલ્હી તરફથી વિધાનસભા સામાન્ય ચુંટણીઓ તા. ૧૪-૧૧-૨૦૧૭ થી તા. ૨૦-૧૨-૨૦૧૭ દરમિયાન યોજવાનું તા. ૨૫-૧૦-૨૦૧૭ની પ્રેસનોટ નં.ઈસીઆઈ/પીએન/૮૦/૨૦૧૭ થી જાહેર કરવામાં આવેલ છે. ચુંટણીઓ સમગ્ર ગુજરાત રાજયમાં

બે તબકકાઓમાં યોજાનાર છે. પ્રથમ તબકકામાં સમાવીષ્ટ રાજકોટ શહેર પોલીસ કમિશ્નરેટ હકુમત વિસ્તારમાં તા. ૦૯-૧૨-૨૦૧૭ના રોજ ચુંટણી યોજાનાર છે. જેથી ચુંટણી પ્રચારના અભિયાન રૂપે રાજકીય પક્ષોના કાર્યકરો અને ચુંટણી ઉમેદવારો તરફથી પોતપોતાના મત વિસ્તારમાં ચુંટણી પ્રચાર ઝુંબેશ શરૂ કરવામાં આવેલ છે. આ હેતુ માટે તેઓ દ્વારા મોટા પ્રમાણમાં વાહનોનો ઉપયોગ પણ કરવામાં આવતો હોય છે. ઉમેદવાર કે તેના ચુંટણી એજન્ટની સંમતિથી બીજા કોઈ વ્યકિત, કાર્યકર, ટેકેદાર દ્વારા પ્રચાર માટે વાહનોનો ઉપયોગ કરવામાં આવતો હોય છે. તેવા સંજોગોમાં આવા વાહનોના ઉપયોગ પર યોગ્ય રીતે જાહેર થાય તથા ચુંટણી નિષ્પક્ષ અને ન્યાયી વાતાવરણમાં યોજી શકાય તે હેતુથી તેમજ તેની અસર સામાન્ય જનમાનસ તેમજ પ્રતિસ્પર્ધી ઉમેદવારો ઉપર પણ થાય, જેના કારણે સાચી-ખોટી ફરીયાદો ઉપસ્થિત થવાની સંભાવના રહે તેમજ સુલેહશાંતી ભંગ થવા સંભવ હોય ચુંટણીના સરળ સંચાલનના હેતુથી ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪નો ૨-જો અધિનિયમ) ની કલમ-૧૪૪ હેઠળ નીચે મુજબનો હુકમ કરવો ઈષ્ટ જણાય છે.

હું, અનુપમસિંહ ગહલૌત, આઈ.પી.એસ., પોલીસ કમિશ્નર, રાજકોટ શહેર, રાજકોટ, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩(૧૯૭૪નો ૨-જો અધિનિયમ)ની કલમ-૧૪૪ થી મળેલ સત્તાની રૂએ આથી ફરમાવું છું કે, કોઈપણ રાજકીય પક્ષ, વ્યકિત, સંસ્થા, ચુંટણીનો ઉમેદવાર અથવા તો તેઓની સહમતીથી કોઈપણ વ્યકિત દ્વારા કોઈપણ ઉમેદવારના કે પક્ષના કામે ચુંટણીના કામે વાહનોનો સબંધિત વિધાનસભા મતદાર વિભાગમાં કે રાજકોટ શહેરમાં ઉપયોગ કરવામાં આવે તેવા તમામ વાહનો સબંધિત વિધાનસભા મતદાર વિભાગના ચુંટણી અધિકારી પાસે રજીસ્ટર કરાવવાના રહેશે અને રજીસ્ટર કરાવેલ વાહનની પરમીટ તેઓની પાસેથી મેળવી તે વાહનોની વિન્ડ સ્કીન ઉપર અથવા નાના વાહનમાં પણ સહેલાઈથી દેખાઈ આવે તે રીતે સ્ટીકર ચોંટાડવાના રહેશે. તેમજ વાહનમાં કલર કે આકારમાં કોઈ ફેરફાર કરી શકાશે નહી. આ પરમીટમાં વાહન વિધાનસભા મતદાર વિભાગના કયાં વિસ્તારમાં ઉપયોગમાં લેવા માટે નોંધણી કરાવવામાં આવી છે તેની સ્પષ્ટ વિગતો દર્શાવવાની રહેશે. ચુંટણી અધિકારી પાસે પરમીટ મેળવ્યા અને વાહન આર.ટી.ઓ. રજીસ્ટર કરાવ્યા સીવાય કોઈપણ વાહનોનો ઉપયોગ ચુંટણી પ્રચાર માટે કે ચુંટણીના કામે કરી શકાશે નહી.

આ નિયંત્રણો યાંત્રીક શકિતથી કે અન્ય કોઈ રીતે ચાલતા વાહનોને લાગુ પડશે. આ વાહનોમાં મીની બસ, સ્ટેશન વેગન, ટેકસી, ખાનગી કાર, ટ્રક કે ટ્રેલર કે તે વિનાનું ટ્રેકટર, ઓટોરીક્ષા, સ્કુટર વિગેરેનો સમાવેશ થાય છે.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ભારતના ફોજદારી અધિનિયમ હેઠળ શીક્ષાપાત્ર થશે.

આ જાહેરનામું સી.આર.પી.સી. કલમ-૧૪૪ ની જોગવાઈ મુજબ હુકમની તારીખથી બે માસ એટલે કે, તા. ૨૭-૧૦-૨૦૧૭ થી તા. ૨૪-૧૨-૨૦૧૭ સુધી અમલમાં રહેશે તેમજ રાજકોટ શહેર પોલીસ કમિશ્નરેટ વિસ્તારને લાગુ પડશે.

તમામને વ્યકિતગત રીતે નોટિસની બજવણી કરવી શકય ન હોય આથી એકતરફી હુકમ કરું છું કે જાહેર જનતાની જાણ સારૂ સ્થાનિક વર્તમાનપત્ર, આકાશવાણી, દુરદર્શન કેન્દ્ર મારફતે પ્રસિધ્ધી દ્વારા તથા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેકટર, મદદનીશ પોલીસ કમિશ્નર, નાયબ પોલીસ કમિશ્નર, તથા પોલીસ કમિશ્નર કચેરીના નોટિસ બોર્ડ ઉપર જાહેનામાની નકલ ચોંટાડી પ્રસિધ્ધી કરવામાં આવશે તેમજ સહેલાઈથી જોઈ શકાય, જાણી શકાય, વાંચી શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર આ જાહેરનામાંની નકલ ચોંટાડી પ્રસિધ્ધી કરાવવામાં આવશે. ગુજરાત પોલીસ એકટ કલમ-૧૨૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ જાહેરનામાની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજ તા. ૨૬મી માહે ઓકટોબર-૨૦૧૭ ના રોજ મારી સહી તથા સીકકા હેઠળ હુકમ કર્યો.

રાજકોટ, ૨૬ માહે ઓકટોબર, સને ૨૦૧૭.

---

## ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ હુકમ

## જાહેરનામુ

ક્રમાંક : એસ.બી./જાહેરનામુ/૩૪૬૯/૨૦૧૭.-ભારતનું ચુંટણી પંચ, નવી દિલ્હી તરફથી વિધાનસભાની સામાન્ય ચુંટણીઓ તા. ૧૪-૧૧-૨૦૧૭ થી તા. ૨૦-૧૨-૨૦૧૭ દરમિયાન યોજવાનું તા. ૨૫-૧૦-૨૦૧૭ ની પ્રેસનોટ નં ઈસીઆઈ/પીએન/૮૦/૨૦૧૭ થી જાહેર કરવામાં આવેલ છે. ચુંટણીઓ સમગ્ર ગુજરાત રાજયમાં બે તબકકાઓમાં યોજાનાર છે. પ્રથમ તબકકામાં સમાવીષ્ટ જિલ્લાઓ પૈકી રાજકોટ શહેર તા. ૦૯-૧૨-૨૦૧૭ ના રોજ ચુંટણી યોજાનાર છે. આ ચુંટણી દરમ્યાન સમગ્ર રાજકોટ શહેર હકુમત વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તથા મતદારો પોતાનો મત મુકત અને નિર્ભય રીતે આપી શકે તેમજ સમગ્ર ચુંટણી પ્રક્રિયા શાંતિમય વાતાવરણમાં યોજાય તથા વિક્ષેપો ઉભા થાય નહી અને ચુંટણીના સરળ સંચાલન માટે જાહેર સુલેહશાંતીનો ભંગ થતો અટકાવવો અત્યંત જરૂરી જણાતો હોય ફોજદારી કર્યારીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ નો ૨-જો અધિનિયમ) ની કલમ-૧૪૪ મુજબ નીચે મુજબના પગલા લેવા પુરતા કારણો છે.

હુ, અનુપમ સિંહ ગહલૌત, આઈ.પી.એસ., પોલીસ કમિશ્નર, રાજકોટ શહેર, રાજકોટ, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪નો ૨-જો અધિનિયમ)ની કલમ-૧૪૪ થી મળેલ સત્તાની રૂએ આથી ફરમાવું છું કે, રાજકોટ શહેર, રાજકોટ તાલુકા સહિતના સમગ્ર જિલ્લાના વિસ્તારમાં આ હુકમની તારીખથી

તા. ૨૭-૧૦-૨૦૧૭ થી તા. ૨૪-૧૨-૨૦૧૭ સુધી અધિકૃત અને સક્ષમ અધિકારી પાસેથી પુર્વ પરવાનગી મેળવ્યા સિવાય ચાર કરતા વધુ વ્યકિતઓએ એકત્રીત થવું નહી અથવા કોઈ સભા ભરવી નહી કે કોઈ સરઘસ કાઢવું નહી. સભા-સરઘસની મંજુરી આપવા માટે સક્ષમ અધિકારી તરીકે સબંધિત વિધાનસભા મતદાર વિભાગના ચુંટણી અધિકારીને અધિકૃત કરવામાં આવે છે. તેમજ સભા-સરઘસનો ખર્ચ ઉમેદવારના ચુંટણી ખર્ચના હિસાબોમાં ઉમેરવાનો રહેશે.

વધુમાં હું આદેશ કરૂ છુ કે, આ હુકમ નીચેનાને લાગુ પડશે નહી.

અપવાદ :

(૧) ફરજ ઉપર હોય તેવી ગૃહરક્ષક દળની વ્યકિતને.

(૨) કોઈ લગ્નના વરઘોડાને.

(૩) સરકારી નોકરીમાં અથવા રોજગારમાં હોય તે વ્યકિતને.

(૪) કોઈ સ્મશાનયાત્રાને.

આ જાહેરનામુ સી.આર.પી.સી. કલમ-૧૪૪ ની જોગવાઈ મુજબ હુકમની તારીખથી બે માસ એટલે કે, તા. ૨૭-૧૦-૨૦૧૭ થી તા. ૨૪-૧૨-૨૦૧૭ સુધી અમલમાં રહેશે. તેમજ આ જાહેરનામાની અમલવારી રાજકોટ શહેર, પોલીસ કમિશ્નર હુકમત હેઠળના સમગ્ર વિસ્તારને લાગુ પડશે.

શિક્ષા :

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ભારતના ફોજદારી અધિનિયમ હેઠળ શિક્ષાપાત્ર થશે.

આજ તા.૨૬ મી, માહે. ઓકટોબર-૨૦૧૭ ના રોજ મારી સહી તથા સીકકા હેઠળ હુકમ કર્યો.

રાજકોટ, ૨૬ માહે ઓકટોબર, સને ૨૦૧૭.

અનુપમ સિંહ ગહલૌત,
પોલીસ કમિશ્નર,
રાજકોટ શહેર.

---

## સંયુકત વાણિજિયકવેરા કમિશ્નર દ્વારા

વંચાણે લીધું :

(૧) મેં સમર્થ ફલડ પાવર એજન્સીસ, નો. ન. 24075501004 ના ખોવાયેલ એફ ફોર્મ બાબતે રા. વે. અધિકારીશ્રી (સકશ્રી). ઘટક (21) અમદાવાદના ના જા. 6023 ની દરખાસ્ત.

(૨) ના.રા.વે. કમિ.શ્રી, વર્તુળ (21), જા 5104 , તા. 03-10-2017 ની દરખાસ્ત

## આદેશ

ક્રમાંક : સંરાવેક/વિ-૨/વવટ-૧/ધારાકીય ફોર્મસ રદ/૨૦૧૭-૧૮/જા. ૫૪૧૮/૩૯/૧૭.-સ.રા.વે. કમિ.શ્રી, ઘટક-૨૧ ના કાર્યક્ષેત્ર હેઠળના વેપારી મે. સમર્થ ફલડ પાવર એજન્સીસ..નો.નં. 24075501004 ના ફોર્મ-એફ અત્રેથી ઈસ્યુ કરવામાં આવેલ હતા જે નીચેની વિગતે ફોર્મ-F નંગ-૪ વેપારી દ્વારા ખોવાય જતા રદ કરવા ઠરાવું છું.

| ક્રમ | વેપારીનું નામ અને નોં. નંબર | ફોર્મ ઈસ્યુ કરનાર કચેરી | રદ કરવાપાત્ર ફોર્મ નંબર | રદ કરવાપાત્ર કુલ પાના | રદ કરવાનું કારણ |
|---|---|---|---|---|---|
| ૧ | મે. સમર્થ ફલડ પાવર એજન્સીસ નો.નં. 24075501004 | સ.રા.વે.કમિ.શ્રીની કચેરી, ઘટક-21. અમદાવાદ રા.વે. અધિ-(..સકશ્રી.) | ફોર્મ-F નંબર<br>(1) 24-0667054<br>(2) 24-0590908<br>(3) 24-0729349<br>(4) 24-0729350<br>TOTAL FORM 4. | નંગ. ૪ | વેપારી દ્વારા ખોવાઈ જતા |

આથી હું, કે. પી. શાહ, સંયુકત રાજય વેરા કમિશ્નર, વિભાગ-૨, અમદાવાદ, કેન્દ્રીય વેચાણવેરા નિયમ ૧૯૭૦ના નિયમ-૪ (એ) ના પેટા નિયમ-૭ અન્વયે મને મળેલ સત્તાની રુએ ઉપરોકત દર્શાવેલ ફોર્મ રદ કરવા ઠરાવું છું.

અમદાવાદ, ૧૦ માહે ઓકટોબર, સને ૨૦૧૭.

કે. પી. શાહ,
સંયુકત રાજ્ય વેરા કમિશનર,
વિભાગ-૨, અમદાવાદ.

---

## જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ દ્વારા

## નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : નધણ/ક-૩/૨૬૭/જેએમઆર/સે-૪૫૦૪૯/૨૦૧૭.- જિલ્લા રજિસ્ટ્રાર, સ.મં. જામનગર આથી જાહેર કરે છે કે, શ્રી ધુનડા મહિલા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ : ધુનડા, તા. : જામજોધપુર, જિ. જામનગર, સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો-૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

જામનગર, ૧૧ માહે ઓકટોબર, સને ૨૦૧૭.

વી. એમ. મહેતા,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
જામનગર.

---

વંચાણે લીધા :

(૧) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ થી ૧૦૮ ની જોગવાઈ.

(૨) સરકારશ્રીનાં કૃષિ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગરનાં તા. ૨૧-૦૭-૨૦૧૧ નાં જાહેરનામાં ક્રમાંક : જી.એચ.કે.એચ./૫૧/૨૦૧૧/એન.એસ.બી./૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ તથા તા. ૨૬-૦૮-૨૦૧૧ નાં જી.એચ.કે.એચ./૬૨/૨૦૧૧/એન.એસ.બી./૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ.

(૩) અત્રેની કચેરીનાં હુકમ ક્રમાંકઃફડચ/૦૧/ખ-૪/૩૪૩/૨૦૧૭, તા. ૨૦-૦૭-૨૦૧૭ થી કરવામાં આવેલ મંડળીને ફડચામાં લઈ જવાનો વચગાળાનો આદેશ.

### હુકમ

ક્રમાંક:ફડચ/ઉખસ/ફ/૧૮૩૦૨/ખ-૪/૪૭૨/૨૦૧૭.-આથી હું, ડી. વી. ગઢવી, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ભાવનગર, ઉકત વંચાણ લીધા ક્રમ-(૧) ની જોગવાઈ તથા ક્રમ-(૨)નાં જાહેરનામાંથી મળેલ સત્તાની રૂઈએ શ્રી દર્પણ ચેરીટેબલ ટ્રસ્ટનાં કર્મચારીની સહકારી મંડળી લી., મુ. મહુવા, તા. મહુવા, જિ. ભાવનગર કે જેનો નોંધણી નં. સે-૭૦૨૬, તા. ૦૩-૦૪-૧૯૯૮ છે. તેનો વંચાણે લીધા ક્રમ-(૩) નાં હુકમથી કરવામાં આવેલ વચગાળાનાં આદેશને બહાલી આપું છું અને તેને કાયમી કરૂ છું અને ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી (ફડચા) લગત કચેરી, ભાવનગરની નિમણુંક કરૂ છું.

ભાવનગર, ૦૩ માહે સપ્ટેમ્બર/ઓકટોબર, સને ૨૦૧૭.

વંચાણે લીધા :

(૧) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ થી ૧૦૮ ની જોગવાઈ.

(૨) સરકારશ્રીનાં કૃષિ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગરનાં તા. ૨૧-૦૭-૨૦૧૧ નાં જાહેરનામાં ક્રમાંક : જી.એચ.કે.એચ./૫૧/૨૦૧૧/એન.એસ.બી./૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ તથા તા. ૨૬-૦૮-૨૦૧૧ નાં જી.એચ.કે.એચ./૬૨/૨૦૧૧/એન.એસ.બી./૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ.

(૩) અત્રેની કચેરીનાં હુકમક્રમાંક :ફડચ/૦૧/ખ-૪/૩૮૦/૨૦૧૭, તા. ૨૯-૦૭-૨૦૧૭ થી કરવામાં આવેલ મંડળીને ફડચામાં લઈ જવાનો વચગાળાનો આદેશ.

### હુકમ

ક્રમાંક:ફડચ/ઉખસ/ફ/૧૮૩૦૧/ખ-૪/૪૭૪/૨૦૧૭.-આથી હું, ડી. વી. ગઢવી, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ભાવનગર, ઉકત વંચાણ લીધા ક્રમ-(૧) ની જોગવાઈ તથા ક્રમ-(૨)નાં જાહેરનામાંથી મળેલ સત્તાની રૂઈએ શ્રી ઝાંઝમેર સેવા સહકારી મંડળી લી., મુ. ઝાંઝમેર, તા. તળાજા, જિ. ભાવનગર કે જેનો નોંધણી નં.-૭૫, તા. ૦૭-૦૬-૧૯૩૫ છે. તેનો વંચાણે લીધા ક્રમ-(૩) નાં હુકમથી કરવામાં આવેલ વચગાળાનાં આદેશને બહાલી આપું છું અને તેને કાયમી કરૂ છું અને ફડચા અધિકારી તરીકે ભાવનગર જિલ્લા સહકારી બેંક લી. મુ. ભાવનગરની નિમણુંક કરૂ છું.

ભાવનગર, ૦૩ માહે સપ્ટેમ્બર/ઓકટોબર, સને ૨૦૧૭.

---

વંચાણે લીધા :

(૧) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ થી ૧૦૮ ની જોગવાઈ.

(૨) સરકારશ્રીનાં કૃષિ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગરનાં તા. ૨૧-૦૭-૨૦૧૧ નાં જાહેરનામાં ક્રમાંક : જી.એચ.કે.એચ./૫૧/૨૦૧૧/એન.એસ.બી./૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ તથા તા. ૨૬-૦૮-૨૦૧૧ નાં જી.એચ.કે.એચ./૬૨/૨૦૧૧/એન.એસ.બી./૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ.

(૩) અત્રેની કચેરીનાં હુકમક્રમાંક :ફડચ/૦૧/ખ-૪/૩૪૪/૨૦૧૭, તા. ૨૦-૦૭-૨૦૧૭ થી કરવામાં આવેલ મંડળીને ફડચામાં લઈ જવાનો વચગાળાનો આદેશ.

## હુકમ

ક્રમાંક:ફડચ/ઉખસ/ફ/૧૮૩૦૦/ખ-૪/૪૭૩/૨૦૧૭.-આથી હું, ડી. વી. ગઢવી, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ભાવનગર, ઉક્ત વંચાણ લીધા ક્રમ-(૧) ની જોગવાઈ તથા ક્રમ-(૨)નાં જાહેરનામાંથી મળેલ સત્તાની રૂઈએ શ્રી ઈરીગેશન એમ્પ. ક્રેડીટ એન્ડ કન્ઝુ. સહકારી મંડળી લી., મુ. તા. જિ. ભાવનગર કે જેનો નોંધણી નં.-૩૩૯૬૯, તા. ૧૭-૦૮-૨૦૦૨ છે. તેનો વંચાણે લીધા ક્રમ-(૩) નાં હુકમથી કરવામાં આવેલ વચગાળાનાં આદેશને બહાલી આપું છું અને તેને કાયમી કરૂ છું અને ફડચા અધિકારી તરીકે ભાવનગર જિલ્લા સહકારી બેંક લી. મુ. ભાવનગરની નિમણુંક કરૂ છું.

ભાવનગર, ૦૩ માહે સપ્ટેમ્બર/ઓક્ટોબર, સને ૨૦૧૭.

ડી. વી. ગઢવી,
જિલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
ભાવનગર.

---

વંચાણે લીધા :

(૧) સરકારશ્રીના કૃષિ અને સહકાર વિભાગના જાહેરનામા ક્રમાંક : જીએચકેએચ/૪૫-૨૦૦૫/એનએસબી/૧૨/૨૦૦૨/૩૦૧૧/સીએચ/તા. ૦૧-૧૨-૨૦૦૫.

(૨) અત્રેની કચેરીના આદેશ ક્રમાંક : ફડચ/ગ-૨/૩૮૦/૫૨૮૪/૧૯૯૩, તા. ૧૦-૦૭-૧૯૯૩.

(૩) અત્રેની કચેરીના આદેશ ક્રમાંક : ફડચ/ગ-૨/૧૩૩૦/૨૦૧૦, તા. ૧૨-૧૦-૨૦૧૦.

(૪) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ–૧૯૬૧ની કલમ–૧૦૮.

## આદેશ

જા. ક્રમાંક : ફડચ/ગ-૨/૧૩૨૫/૬૦૫૪/૨૦૧૭.- શ્રી ઝાલાવાડ જીનીંગ એન્ડ પ્રેસીંગ સહકારી મંડળી લી., મુ. સુરેન્દ્રનગર, તા. વઢવાણ, જિલ્લો : સુરેન્દ્રનગર કે જે નોંધણી નંબર-૨૭૮૩, તા. ૪-૬-૧૯૫૭ થી સહકારી કાયદા હેઠળ નોંધાયેલી સહકારી સંસ્થા છે. જેને વંચાણે લીધેલ ક્રમાંક-૨ ના આદેશથી કાયદાની કલમ-૧૦૭ અન્વયે ફડચામાં લઈ જવામાં આવેલ છે અને વંચાણે લીધેલ ક્રમાંક-૩ થી કલમ-૧૦૮ અન્વયે મંડળીના ફડચા અધિકારી તરીકે કચેરીના સહકારી અધિકારી (ફડચો નંબર-૧) ની નિમણુંક કરવામાં આવેલ છે. જે વહીવટી અનુકુળતાએ ફેરફાર કરી મંડળીના ફડચા અધિકારી તરીકે કચેરીના સહકારી અધિકારી (બજાર) ની આથી નિમણુંક કરવામાં આવે છે. નિયુક્ત ફડચા અધિકારીએ ત્વરિત મંડળીનો ચાર્જ સંભાળી નિયત સમય મર્યાદામાં ફડચા કામગીરી પુર્ણ કરવી.

સુરેન્દ્રનગર, ૨૬ માહે ઓક્ટોબર, સને ૨૦૧૭.

વંચાણે લીધા :

(૧) સરકારશ્રીના કૃષિ અને સહકાર વિભાગના જાહેરનામા ક્રમાંક : જીએચકેએચ/૪૫-૨૦૦૫/એનએસબી/૧૨/૨૦૦૨/૩૦૧૧/સીએચ/તા. ૦૧-૧૨-૨૦૦૫.

(૨) અત્રેની કચેરીના આદેશ ક્રમાંક : ફડચ/ગ-૨/૨૦/૨૦૧૨, તા. ૨-૧-૨૦૧૨.

(૩) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ–૧૯૬૧ની કલમ–૧૦૮.

## આદેશ

જા. ક્રમાંક : ફડચ/ગ-૨/૧૩૨૬/૬૦૪૬/૨૦૧૭.-શ્રી લખતર ગ્રૃપ કો-ઓપ. કોટન સેલ જીનીંગ એન્ડ પ્રેસીંગ સહકારી મંડળી લી., મુ. લખતર, તા. લખતર, જિલ્લો : સુરેન્દ્રનગર કે જે નોંધણી નંબર-૨૫૦૮, તા. ૧૩-૧૨-૧૯૯૩ થી સહકારી કાયદા હેઠળ નોંધાયેલી સહકારી સંસ્થા છે. જેને વંચાણે લીધેલ ક્રમાંક-૨ ના આદેશથી કાયદાની કલમ-૧૦૭ અન્વયે ફડચામાં લઈ જવામાં આવેલ છે અને કલમ-૧૦૮ અન્વયે મંડળીના ફડચા અધિકારી તરીકે કચેરીના સહકારી અધિકારી (ફડચો નંબર-૧) ની આમુખ-૨ ના તા. ૨-૧-૨૦૧૨ ના હુકમથી નિમણુંક કરવામાં આવેલ હતી. જેમાં વહીવટી અનુકુળતાએ ફેરફાર કરી મંડળીના ફડચા અધિકારી તરીકે કચેરીના સહકારી અધિકારી (બજાર) ની આથી નિમણુંક કરવામાં આવે છે. નિયુક્ત ફડચા અધિકારીએ ત્વરિત મંડળીનો ચાર્જ સંભાળી નિયત સમય મર્યાદામાં ફડચા કામગીરી પુર્ણ કરવી.

સુરેન્દ્રનગર, ૨૬ માહે ઓક્ટોબર, સને ૨૦૧૭.

આર. એમ. મકવાણા,
જિલ્લા રજીસ્ટ્રાર.
સહકારી મંડળીઓ,
સુરેન્દ્રનગર.

---

## મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ (હાઉસીંગ) દ્વારા

વંચાણે લીધા :

(૧) સરકારશ્રીના કૃષિ અને સહકાર વિભાગના તા. ૨૧-૦૭-૨૦૧૧ ના જાહેરનામા ક્રમાંક જીએચકેએચ/૬૨/૨૦૦૨/૩૦૧૧/ચ થી થયેલ સત્તા સોંપણી.

(૨) ગુજરાત સહકારી મંડળીઓનાં અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ તથા ૧૦૮ હેઠળની જોગવાઈઓ.

(૩) અત્રેની કચેરીનાં તા. ૨૪-૦૭-૨૦૧૭ નાં પત્ર ક્રમાંક : ઘરમ/ફડચ/૦૧/૩૫૮/૨૦૧૭ થી મંડળીને ફડચામાં લઈ જવા કારણદર્શક નોટિસ.

(૪) અત્રેની કચેરીના તા. ૦૫-૦૯-૨૦૧૭ નાં ક્રમાંક : ઘરમ/ફડચ/૦૧/૪૪૬ થી ૪૫૧/૨૦૧૭ થી મંડળીને ફડચામાં લઈ જવાનો વચ્ચગાળા આદેશ.

## અંતિમ આદેશ

ક્રમાંક : ફડચ/૦૧/૫૫૮ થી ૫૬૪/૨૦૧૭.-આથી હું, શ્રી એસ. જે. હાલારી, મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ (હાઉસીંગ), રાજકોટ વંચાણે લીધેલ આંક-૧ વાળા જાહેરનામાથી અત્રેને મળેલ અધિકાર અને સત્તાની રૂઈએ તેમજ આમુખમાં જણાવેલ વિગતો ધ્યાને લઈ શ્રી જય યોગેશ્વર કો-ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લી., પડધરી મુ. તા. પડધરી, જિ. રાજકોટ (નોંધણી નં. ઘ-૧૨૧૩૩, તા. ૦૯-૦૪-૧૯૯૦) ને ગુજરાત સહકારી મડળીઓનાં અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ (૧) (એ) અન્વયે ફડચામાં લઈ જવાના વચ્ચગાળાના આદેશને કાયદાની કલમ-૧૦૮(૧) અન્વયે કાયમી રાખતો આદેશ આપું છું અને ફડચા અધિકારી તરીકે સહકારી અધિકારી (ફડચો) લગત જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, રાજકોટની નિમણૂંક કરું છું. જે અન્વયે સદરહુ મંડળીના ફડચા અધિકારીએ, મંડળીનો ચાર્જ સંભાળી, અંતિમ ઓડીટ કરાવી, મંડળીની ફડચાની તમામ કામગીરી નિયત મુદતમાં પૂર્ણ કરવાની રહેશે.

રાજકોટ, ૨૩ માહે ઓકટોબર, સને ૨૦૧૭.

---

વંચાણે લીધા :

(૧) સરકારશ્રીનાકૃષિઅનેસહકારવિભાગનાતા.૨૧-૦૭-૨૦૧૧ના જાહેરનામા ક્રમાંક જીએચકેએચ/૬૨/૨૦૦૨/૩૦૧૧/ચ થી થયેલ સતા સોંપણી.

(૨) ગુજરાત સહકારી મંડળીઓનાં અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ તથા ૧૦૮ હેઠળની જોગવાઈઓ.

(૩) અત્રેની કચેરીનાં તા. ૨૯-૦૬-૨૦૧૭ નાં પત્ર ક્રમાંક : ઘરમ/ફડચ/૦૧/૨૯૫/૨૦૧૭ થી મંડળીને ફડચામાં લઈ જવા કારણદર્શક નોટિસ.

(૪) અત્રેની કચેરીના તા. ૦૮-૦૮-૨૦૧૭ નાં ક્રમાંક : ઘરમ/ફડચ/૦૧/૪૧૩ થી ૪૧૮/૨૦૧૭ થી મંડળીને ફડચામાં લઈ જવાનો વચ્ચગાળા આદેશ.

## અંતિમ આદેશ

ક્રમાંક : ફડચ/૦૧/૫૭૭ થી ૫૭૭/૨૦૧૭.-આથી હું, શ્રી એસ. જે. હાલારી, મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ (હાઉસીંગ), રાજકોટ વંચાણે લીધેલ આંક-૧ વાળા જાહેરનામાથી અત્રેને મળેલ અધિકાર અને સત્તાની રૂઈએ તેમજ આમુખમાં જણાવેલ વિગતો ધ્યાને લઈ શ્રી ભંગી કામદાર કો-ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લી., રાજકોટ, જિ. રાજકોટ (નોંધણી નં. ઘ-૩૭૬૭, તા. ૧૭-૦૮-૧૯૭૨) ને ગુજરાત સહકારી મડળીઓનાં અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ (૧) (એ) અન્વયે ફડચામાં લઈ જવાના વચ્ચગાળાના આદેશને કાયદાની કલમ-૧૦૮(૧) અન્વયે કાયમી રાખતો આદેશ આપું છું અને ફડચા અધિકારી તરીકે સહકારી અધિકારી (ફડચો) લગત જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, રાજકોટની નિમણૂંક કરું છું. જે અન્વયે સદરહુ મંડળીના ફડચા અધિકારીએ, મંડળીનો ચાર્જ સંભાળી, અંતિમ ઓડીટ કરાવી, મંડળીની ફડચાની તમામ કામગીરી નિયત મુદતમાં પૂર્ણ કરવાની રહેશે.

રાજકોટ, ૨૩ માહે ઓકટોબર, સને ૨૦૧૭.

---

વંચાણે લીધા :

(૧) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ ની કલમ-૧૧૪ (૧) તથા ૨૦ (૧) હેઠળની જોગવાઈઓ.

(૨) સરકારશ્રીનાકૃષિઅનેસહકારવિભાગનાતા.૨૧-૦૭-૨૦૧૧ના જાહેરનામા ક્રમાંક જીએચકેએચ/૬૨/૨૦૧૧/એનએસબી/૧૨/૩૦૧૧/સીએચ. થી થયેલ સતા સોંપણી.

(૩) કચેરીના અંતિમ આદેશ ક્રમાંક : ધરમ/ફડચ/૦૧/૧૦૮ થી ૧૧૫/૨૦૧૭, તા. ૧૪-૦૩-૨૦૧૭.

(૪) ફડચા અધિકારીશ્રીની તા. ૨૫-૦૯-૨૦૧૭ ના પત્રથી રજુ થયેલ નોંધણી રદની દરખાસ્ત.

## હુકમ

ક્રમાંક : ઘરમ/ફડચ/૦૧/૫૭૮ થી ૫૮૪/૨૦૧૭.-આથી હું, શ્રી એસ. જે. હાલારી, મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ (હાઉસીંગ), રાજકોટ વંચાણે-(૨) વાળા જાહેરનામાથી મને મળેલ અધિકારની રૂએ ગુજરાત સહકારી મંડળીઓનાં અધિનિયમ-૧૯૬૧ ની કલમ-૧૦૭ અન્વયે ફડચામાં લઈ જવામાં આવેલ શ્રી અંકુર કો-ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લી., ઉપલેટા, તા. ઉપલેટા, જિ. રાજકોટ

(નોંધણી નં. ઘ-૬૪૯૦, તા. ૦૯-૦૭-૧૯૮૦) ની ફડચાની કાર્યવાહી, સહકારી કાયદાની કલમ-૧૧૪ હેઠળ સમાપ્ત જાહેર કરું છું. તેમજ તે જ કાયદાની કલમ-૨૦(૧) અન્વયે સદરહુ મંડળીની આ કાયદા હેઠળ નોંધણી રદ કરું છું.

રાજકોટ, ૨૩ માહે સપ્ટેમ્બર/ઓકટોબર, સને ૨૦૧૭.

---

વંચાણે લીધા :

(૧) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ તેમજ ૧૦૮ ની જોગવાઈઓ.

(૨) સરકારશ્રીના કૃષિ અને સહકાર વિભાગના તા. ૨૧-૦૭-૨૦૧૧ નાં જાહેરનામા ક્રમાંક જીએચકેએચ/૬૨/૨૦૦૨/૩૦૧૧/ચ,

(૩) શ્રી બી. સી. સખિયા, પ્રમાણિત ઓડીટર, સહકારી મંડળીઓ, રાજકોટ પેનલ નં. ૨૧૦ની તા. ૨૩-૦૬-૨૦૧૭ની કલમ-૧૦૭ હેઠળની દરખાસ્ત

(૪) આ કચેરીના તા. ૧૧-૦૯-૨૦૧૭ નાં ક્રમાંક : ઘરમ/ ફડચ/૦૧/૪૭૯ થી ૪૮૪/૨૦૧૭ થી મંડળીને ફડચામાં લઈ જવા અંગેનો વચગાળાનો આદેશ.

(૫) પ્રમુખ/મંત્રીશ્રી રામ અમરસ્મૃતિ કો. ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લી., રાજકોટનો તા. ૨૧-૦૯-૨૦૧૭ નાં રજુ કરેલ જવાબ.

## અંતિમ આદેશ

ક્રમાંક : હાઉ/ઘરમ/ફડચ/૦૧/૫૪૫ થી ૫૫૧/૨૦૧૭.-આથી હું, શ્રી એસ. જે. હાલારી, મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ (હાઉસીંગ), રાજકોટ વંચાણે લીધા આંક-૧ વાળા જાહેરનામાથી અત્રેને મળેલ અધિકાર અને સત્તાની રૂઈએ તેમજ આમુખમાં જણાવેલ વિગતો ધ્યાને લઈ શ્રી રામ અમર સ્મૃતિ કો.ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લી., રાજકોટ, જિ. રાજકોટ (નોંધણી નં. ઘ-૩૭૬૮, તા. ૦૮-૦૭-૧૯૭૨) ને ગુજરાત સહકારી મડળીઓનાં અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ (૧) (એ) અન્વયે ફડચામાં લઈ જવાના વચ્ચગાળાના આદેશને કાયદાની કલમ-૧૦૮(૧) અન્વયે કાયમી રાખતો આદેશ આપું છું અને ફડચા અધિકારી તરીકે સહકારી અધિકારી (ગ્રાહક) લગત જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, રાજકોટની નિમણૂંક કરું છું. જે અન્વયે સદરહુ મંડળીના ફડચા અધિકારીએ, મંડળીનો ચાર્જ સંભાળી,અંતિમ ઓડીટ કરાવી, મંડળીની ફડચાની તમામ કામગીરી નિયત મુદતમાં પૂર્ણ કરવાની રહેશે.

રાજકોટ, ૨૩ માહે ઓકટોબર, સને ૨૦૧૭.

**એસ. જે. હાલારી,**
મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ(હાઉસીંગ),
રાજકોટ.

---

PRINTED AT THE GOVERNMENT PRESS, RAJKOT COMPLAINTS ABOUT GAZETTE MUST BE MADE WITHIN A FORTNIGHT FROM THE DATE OF THIS PUBLICATION ACCOMPANIED BY THE WRAPPER.

©

सत्यमेव जयते

# The Gujarat Government Gazette


## SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

*PUBLISHED BY AUTHORITY*

**VOL. LVIII] THURSDAY, 16th NOVEMBER, 2017/KARTIKA 25, 1939 No. 46**

**Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central section in order that it may be filed as a separate compilation.**


# PART-I


| Part | Pages |
|---|---|
| **PART - I**<br>Government Notifications Appointments Promotions, Leave of absence, Rules and orders (Other than those published in Part-I-A, IV-A, IV-B, and IV-C) list of publications for sales etc.,<br>Miscellaneous Notifications Appoint-ments etc., | 1165-1226 |
| **PART - I - A**<br>Order and Notifications (Other than those published in Part-IV-B) under the Gujarat Local Boards, Village Panchayats, Municipals, Boroughs, (Districts) Municipals Primary Education and Local Fund Audits, Acts., | Nil |
| **PART - I - B**<br>(Suppliment) Government Notifications Published under Land Acquisition Act only Supplement. | Nil |
| **PART - II**<br>Miscellaneous Notices, Advertisments, List of Books Sanctioned by the Director of Education, List of Jurors. Schedule of Estates by the Official Assignee, Summary of Births and Deaths, etc., | 2169-2216 |
| **PART - III**<br>Miscellaneous Supplements Season and Crop Reports, Prices, Current Rainfalls Returns, District Local Boards Accounts etc., | Nil |

# GOVERNMENT NOTIFICATIONS, ORDERS APPOINTMENTS, ETC.
## SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION
## NOTIFICATION
### MISCELLANEOUS NOTIFICATIONS APPOINTMENTS ETC.

### જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩(૧૯૭૪નો બીજો અધિનિયમ) નાં કાયદાની કલમ-૧૪૪ હેઠળ

### હુકમ

નં. હોમ/પલસ/વશી/૧૨૯૭૬-૧૩૦૨૦/૨૦૧૭.- ભારતીય નિર્વાચન આયોગ દ્વારા વિધાનસભા સામાન્ય ચૂંટણી-૨૦૧૭નો ચૂંટણી કાર્યક્રમ જાહેર થયેલ છે. તે મુજબ અમરેલી જિલ્લામાં વિધાનસભા સામાન્ય ચૂંટણીઓનું મતદાન તારીખ: ૦૯-૧૨-૨૦૧૭ ના રોજ યોજાનાર છે અને મતગણતરી તા. ૧૮-૧૨-૨૦૧૭ના રોજ થનાર હોય, જેથી ચૂંટણીની તમામ પ્રક્રિયા પૂર્ણ થતાં સુધી ભારતના ચૂંટણી પંચ ધ્વારા હથિયાર સંબંધે જરૂરી સૂચનાઓ તેમના તા. ૧૨-૧૧-૧૯૯૯ના હુકમ ક્રમાંક-૪૬૪/એલએન્ડઓ/૯૯/પીએલએન-૧/તથા ભારતનાચૂંટણીપંચના પત્ર ક્રમાંક ૪૬૪/એલએન્ડઓ/૨૦૦૭/પીએલએન/આઈ, તા. ૦૮-૦૧-૨૦૦૭ થી હથિયાર અંગે જરૂરી સુચના બહાર પાડેલ છે.

ચૂંટણી દરમ્યાન જિલ્લાની કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે માટે જરૂરી પ્રબંધ કરવો આવશ્યક જણાય છે. મુકત, ન્યાયી અને શાંતિપૂર્ણ ચૂંટણી યોજાય તેમજ ચૂંટણી પ્રક્રિયા દરમ્યાન લોકોની સલામતિ રહે, સુલેહશાંતિનો ભંગ થતો અટકાવી શકાય તે હેતુસર તથા ચૂંટણીપંચ ધ્વારા બહાર પાડવામાં આવેલ આદર્શ આચાર સંહિતાની ચૂસ્તપણે અમલવારી કરી શકાય તે માટે અમરેલી જિલ્લાના હથિયાર પરવાનેદારોએ ધારણ કરેલ હથિયારના સંદર્ભમાં કેટલાક પ્રતિબંધ મુકવાનું આવશ્યક જણાય છે.

જેથી, હું, એસ. એલ. અમરાણી, I. A. S. જિલ્લા મેજીસ્ટ્રેટ, અમરેલી, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની (૧૯૭૪ નો બીજો અધિનિયમની) કલમ-૧૪૪ અન્વયે મળેલ સતાની રૂઈએ આથી ફરમાવું છું કે,

(૧) અમરેલી જિલ્લાના સંસ્થાકીય સિવાયના, જિલ્લાના સમગ્ર વિસ્તારના વ્યકિતગત પ્રકારના હથિયાર પરવાના ધારકો તથા જિલ્લા બહારથી મેળવેલ હથીયાર પરવાના ધારણ કરનાર વ્યકિતઓ કે, જેઓ હાલ અત્રેના જિલ્લાના સમગ્ર વિસ્તારમા વસવાટ કરતાં હોય તેવા તમામ હથીયાર પરવાનેદારોએ તેમના હથીયાર કે હથિયારો આ જાહેરનામુ બહાર પાડયાની તારીખથી દિન-૭(સાત)માં સબંધિત પોલીસ સ્ટેશનમાં જમા કરાવવાના રહેશે.

આ હુકમ હેઠળ જમા લેવાયેલ હથીયારો શસ્ત્ર નિયમો-૨૦૧૬ના નિયમ-૪૭ અને ૪૮ હેઠળ સંબંધિત પોલીસ સ્ટેશનમાં સલામત તથા સુરક્ષિત રીતે રાખવાના રહેશે અને જમા લીધેલ હથિયારની પહોચ આપવાની રહેશે તથા ચૂંટણી આચારસંહિતા પુર્ણ થયા બાદ સંબંધિત પરવાનેદારને તેનું હથીયાર પરત સોંપવાનું રહેશે.

(૨) રાષ્ટ્રીય બેન્કો કે જેઓના બેંકની કેશ કરન્સી લઈ આવવા તથા લઈ જવા માટે તેની ફરજના ભાગરૂપે બેકના હથિયાર પરવાનાવાળા શસ્ત્રો રાખવાની પરવાનગી આપવામાં આવતી હોય, તેઓને હથિયાર જમા કરાવવાનું રહેશે નહિ.

(૩) અમરેલી જિલ્લાના સંસ્થાકીય સિવાયના જિલ્લાના સમગ્ર વિસ્તારના વ્યકિતગત પ્રકારના હથીયાર પરવાના ધારકો તથા જિલ્લા બહારથી મેળવેલ હથીયાર પરવાના ધારણ કરનાર વ્યકિતઓ કે જેઓ હાલ અત્રેના જિલ્લામાં વસવાટ કરતા હોય તેવા તમામ હથીયાર પરવાનેદારોના તેમના હથીયાર સબંધિત પોલીસ સ્ટેશનમાં જમા કરાવવાના રહેશે.

(૪) નીચે દર્શાવ્યા મુજબના વ્યકિતઓએ ધારણ કરેલ હથિયાર પરવાના હેઠળના પરવાનેદારોના સંદર્ભમાં વ્યકિતગત અને વિગતવાર સમીક્ષા કરીને તેમના હથિયાર પોલીસ સ્ટેશનમાં જમા લેવા માટે જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી, અમરેલીને અધિકૃત કરવામાં આવે છે.

(અ) જામીન ઉપર છોડેલી વ્યકિતઓ,
(બ) ફોજદારી ગુન્હાઓ કર્યાની ભુમિકાવાળી વ્યકિતઓ,
(ક) હુલ્લડના ગુન્હામાં ખાસ કરીને ચૂંટણી સમય દરમ્યાન સંડોવાયેલા વ્યકિતઓ,
(ડ) ગંભીર ગુનામાં સંડોવાયેલા વ્યકિતઓ,
(ઈ) ચૂંટણીની પ્રક્રિયા દરમ્યાન કાયદો અને વ્યવસ્થા જાળવવામાં બાધકરૂપ થાય તેમ હોય તેવા ઈસમો,

(૫) ચૂંટણીની પ્રક્રિયા શરૂ થયેલ હોઈ યોગ્ય સમયમાં નોટીસ બજાવી શકાય તેમ ન હોઈ અને સુનાવણી આપવાનું શક્ય ન હોઈ ઉપર પેરામાં જણાવેલ હુકમ હું ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ ની કલમ-૧૪૪ હેઠળ જાહેર કરૂં છું.

(૬) સદરહુ આદેશ, કાયદો અને વ્યવસ્થાનો ચાર્જ સંભાળતા અધિકારીશ્રીઓ, સુરક્ષા કર્મચારીઓ, ચૂંટણીપંચે નીમેલા નિરીક્ષકોને લાગુ પડશે નહીં.

(૭) આ આદેશનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન માટે મદદ કરનાર શખ્સ શસ્ત્ર અધિનિયમ-૧૯૫૯ની કલમ ૨૫ હેઠળ તેમજ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ હેઠળ સજાને પાત્ર થશે. આ હુકમ તા. ૨૦-૧૨-૨૦૧૭ સુધી અમલમાં રહેશે.

આજ તારીખ : ૨૬ ઓકટોબર-૨૦૧૭ ના રોજ મારી સહી તથા સિક્કો કરી હુકમ બહાર પાડ્યો.

અમરેલી, ૨૬ માહે ઓકટોબર, સને ૨૦૧૭.

**એસ. એલ. અમરાણી,**
જિલ્લા મેજીસ્ટ્રેટ,
અમરેલી.

---

### ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭ની પેટા કલમ-૩ હેઠળનું

## જાહેરનામું

નં. એમએજી/સી/૩૭૩/૨૭૧૦/૨૦૧૭.-તાજેતરના ભૂતકાળમાં ગુજરાતમાં વિવિધ સમાજ જુથો દ્વારા અનામતની માંગણીઓ સબબ આંદોલનો અને રજુઆતો થતાં રહયા હતા. તે તથા તેના જેવા અન્ય મુદ્દાઓ પરત્વે વિવિધ સામાજીક અને અન્ય પ્રકારના જુથો દ્વારા વિવિધ પ્રકારની માંગણીઓ કે બચાવના આધાત/પ્રત્યાઘાત રૂપે આવેદનપત્રો આપવા, ધરણાઓ કરવા, વિરોધ પ્રદર્શન-રેલીઓ કાઢવાની પરવાનગી સાથે કે પરવાનગી વગરની ચેષ્ટાઓ થઈ રહી છે. જેના કારણે સમયાંતરે વિવિધ સમાજ જુથો દ્વારા ધરણા, દેખાવો સહીતના આકસ્મિક કાર્યક્રમો થવાની શકયતાને નકારી શકાય નહીં. ઉપરાંત પોરબંદર નગરપાલિકા વિસ્તારમાં ભૂગર્ભ ગટર યોજનાની કામગીરી તથા તેને કારણે ખોદાયેલ રસ્તાઓનો પ્રશ્ન રહેલો છે, જે બાબતે પણ જુદા જુદા લોક જુથો દ્વારા રજૂઆત, એક યા બીજા કારણોસર વિરોધ પ્રદર્શન થતું રહે છે. તેના કારણે કોઈપણ સમયે સુલેહ શાંતિભંગ થવાની શકયતા નકારી શકાય નહી. સબબ, પોરબંદર જિલ્લામાં અગમચેતીના પગલા રૂપે સભા, સરઘસ, રેલી, ધરણા, ઉપવાસ જેવા કાર્યક્રમો વખતે કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતી જળવાઈ રહે અને પોલીસની કામગીરીમાં મદદરૂપ થઈ શકે તે માટે ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૩) મુજબનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા પોલીસ અધિક્ષકશ્રી, પોરબંદર તરફથી તા. ૨૭-૧૦-૨૦૧૭ થી દરખાસ્ત થઈ આવેલ છે. જે દરખાસ્તની વિગતે તથા પ્રવર્તમાન સંજોગો નજરે પોલીસ અધિક્ષકશ્રી, પોરબંદરની દરખાસ્ત મુજબ આ જિલ્લામાં ઉકત જાહેરનામું બહાર પાડવું ઈષ્ટ જણાય છે. તેથી ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭ની પેટા કલમ-૩થી મળેલ અધિકારની રૂઈએ હું, અશોક કાલરીયા, આઈ.એ.એસ., જિલ્લા મેજીસ્ટ્રેટ, પોરબંદર જિલ્લો, પોરબંદર, આથી સમગ્ર પોરબંદર જિલ્લા વિસ્તારમાં તા. ૨૭-૧૦-૨૦૧૭ થી તા. ૦૯-૧૧-૨૦૧૭ સુધી બન્ને દિવસો સહિતની મુદત માટે કોઈપણ સભા, મંડળી કે સરઘસ માટે મનાઈ ફરમાવું છું. આ હુકમ નીચેનાને લાગુ પડશે નહિ.

૧. ફરજ ઉપર હોય તેવી ગૃહરક્ષક મંડળી.
૨. સરકારની નોકરીએ અવરજવર કરતી હોય તે વ્યકિત.
૩. લગ્નનો વરઘોડો.
૪. સરકારશ્રી તરફથી યોજવામાં આવતા કાર્યક્રમો.
૫. સક્ષમ અધિકારીની કાયદેસર પરવાનગી લઈને કાઢેલા સરઘસ સહીતના કાર્યક્રમો.

આ હુકમનું પાલન ન કરનાર અથવા તેનું પાલન ન કરવામાં કોઈને મદદ કરનાર ગુન્હો સાબિત થયે સદરહું અધિનિયમની કલમ-૧૩૫ની પેટા કલમ-૩ મુજબ રૂા. ૨૦૦/- સુધીના દંડની શિક્ષાને પાત્ર ઠરશે, તેમજ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ ગુન્હો સાબિત થયે તે વ્યકિતને એક માસની સાદી કેદ અથવા રૂા. ૨૦૦/- સુધીના દંડ અથવા બંને શિક્ષા થઈ શકે અને હુકમની અવગણનાથી માનવજીવન અથવા સ્વાસ્થ્ય અથવા સલામતી માટે કોઈપણ ભય ઉત્પન્ન કરે અથવા કોઈ હુલ્લડ કરે કે બખેડો કરે તો તેવી વ્યકિતને છ માસ સપરિશ્રમ અથવા સાદી કેદ અથવા રૂા. ૧૦૦૦/- એક હજાર સુધીના દંડ સહિતની બન્ને શિક્ષાને પાત્ર ઠરશે.

આજ તા. ૨૭-૧૦-૨૦૧૭ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો લગાવી જાહેર જનતાની જાણ તથા અમલ માટે પ્રસિધ્ધ કર્યું.

પોરબંદર, ૨૭ માહે ઓકટોબર, સને ૨૦૧૭.

---

### લોક પ્રતિનિધિત્વ અધિનિયમ-૧૯૫૧ની કલમ ૧૨૭ (ક) અન્વયેનું

## જાહેરનામું

નં. : એમએજી/વશી/૩/૧૦/૨૦૧૭.-ભારત ચૂંટણી પંચ, નવી દિલ્હીની પ્રેસનોટ ક્રમાંક : ઈસીઆઈ/પીએન/૮૦/૨૦૧૭, તા. ૨૫-૧૦-૨૦૧૭ થી ગુજરાત વિધાનસભા સામાન્ય ચૂંટણી-૨૦૧૭ નો કાર્યક્રમ બહાર પાડવામાં આવેલ છે. જે અન્વયે ૮૩-પોરબંદર તથા ૮૪-કુતિયાણા વિધાનસભા મતદાર વિભાગની સામાન્ય ચૂંટણી આગામી તા. ૦૯-૧૨-૨૦૧૭ ના રોજ યોજાનાર છે. અને મતગણતરી તા. ૧૮-૧૨-૨૦૧૭ ના રોજ છે. ચૂંટણી પ્રક્રિયા તા. ૨૦-૧૨-૨૦૧૭ના રોજ પૂર્ણ થનાર છે. સબબ, આ ચૂંટણી શાંતિથી અને ભયમૂકત વાતાવરણમાં નિર્ભય રીતે યોજાય તે હેતુથી પોરબંદર જિલ્લાના તમામ ખાનગી મુદ્રણાલયોના માલિકો/સંચાલકો/ભાગીદારો તથા ઝેરોક્ષ કે અન્ય કોઈ રીતે નકલો છાપનારાઓ નકલો કરનાઓને આથી જાણ કરવામાં આવે છે કે સને ૧૯૫૧ ના લોકપ્રતિનિધિત્વ અધિનિયમની કલમ-૧૨૭

(ક)ની જોગવાઈ મુજબ ચૂંટણી અંગેના કોઈ સાહિત્ય, ભીંતપત્ર, ચોપાનીયા કે આવી અન્ય સામગ્રી પર મુદ્રક પંક્તિમાં મુદ્રક અને પ્રકાશનના નામ અને પુરા સરનામા સ્પષ્ટપણે અવશ્ય છાપેલા હોવા જોઈએ.

તેમજ ઉક્ત અધિનિયમની કલમ-૧૨૭ (ક) ની જોગવાઈ મુજબનું એકરારનામું પ્રકાશક પાસેથી મુદ્રકે બે નકલમાં મેળવી તેની એક નકલ ઉપર જમાવેલ વિગતે તેમણે કે તેમના પ્રતિનિધિએ મુદ્રિત કરેલા (છાપેલા) દસ્તાવેજોની ચાર નકલો સાથે નીચે સહી કરનારને દિવસ-બે માં મળી જાય તે રીતે રજુ કરવાની રહેશે.

સને ૧૯૫૧ ના લોકપ્રતિનિધિત્વ અધિનિયમની કલમ-૧૨૭(ક) ની જોગવાઈઓ અને ચુંટણીપંચની આ અંગેની સુચનાઓના કોઈ પણ ઉલ્લંઘન ખુબ ગંભીરતાથી જોવામાં આવશે અને યોગ્ય કેસોમાં રાજ્યના પ્રવર્તમાન કાયાદની જોગવાઈ અન્વયે મુદ્રણાલયનું લાયસન્સ/રજિસ્ટ્રેશન રદ કરવાના તથા અન્ય કાનુની રાહે કાર્યવાહી કરવા જેવા કડક પગલાં લેવામાં આવશે જેની તમામ સંબંધકર્તાઓએ નોંધ લેવી.

આ જાહેરનામાની અમલવારી આજરોજ તા. ૨૫-૧૦-૨૦૧૭ થી ચુંટણીની પ્રક્રિયા પૂર્ણ થાય ત્યાં સુધી એટલે કે તા. ૨૦-૧૨-૨૦૧૭ સુધી કરવાની રહેશે.

આજ રોજ તા. ૨૫ ઓકટોબર ૨૦૧૭ ના રોજ મારી સહી તથા સિક્કો લગાવી પ્રસિધ્ધિ કરી.

પોરબંદર, ૨૫ માહે ઓકટોબર, સને ૨૦૧૭.

---

**ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ હુકમ**

**હુકમ**

ક્રમાંક : એમએજી/સી/૫/૧૦/૨૦૧૭.-ભારત ચૂંટણી પંચ, નવી દિલ્હીની પ્રેસનોટ ક્રમાંક : ઈસીઆઈ/પીએન/૮૦/૨૦૧૭, તા. ૨૫-૧૦-૨૦૧૭ થી ગુજરાત વિધાસનભા સામાન્ય ચૂંટણી-૨૦૧૭ નો કાર્યક્રમ બહાર પાડવામાં આવેલ છે. જે અન્વયે ૮૩-પોરબંદર તથા ૮૪-કુતિયાણા વિધાનસભા મતદાર વિભાગની સામાન્ય ચૂંટણી આગામી તા. ૦૯-૧૨-૨૦૧૭ ના રોજ યોજાનાર છે. અને ત્યારબાદ મતગણતરી તા. ૧૮-૧૨-૨૦૧૭ ના રોજ છે. સબબ, આ ચૂંટણી શાંતિથી અને ભયમૂકત વાતાવરણમાં નિર્ભય રીતે યોજાય તે હેતુથી પોરબંદર જિલ્લા પુરતી જાહેર શાંતી અને સલામતી જાળવવા પગલા લેવા જરૂરી છે તેમજ પોરબંદર જિલ્લામાં કોઈપણ પ્રકારની સુલેહ શાંતિનો ભંગ ન થાય અને જાહેર સલામતી અને કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે હાલ વિધાનસભા સામાન્ય ચુંટણીને અનુલક્ષીને કેન્દ્રીય ચુંટણી બંધારણની કલમ-૩૨૪ મુજબ બહાર પાડેલ આચાર સંહિતાની જોગવાઈઓ અમલ માટે નીચે જણાવ્યા મુજબ પ્રતિબંધ મુકવાની જરૂર જણાય છે.

સબબ, વિધાનસભા સામાન્ય ચુંટણીને અનુલક્ષીને આચાર સંહિતાની અમલવારી અર્થે નીચે મજબ અમલવારી કરવા પોરબંદર જિલ્લા વિસ્તારમાં તા. ૨૫-૧૦-૨૦૧૭ કલાક ૦-૦૦ થી તા. ૨૦-૧૨-૨૦૧૭ કલાક ૨૪-૦૦ સુધી નીચેના કૃત્યો કરવા પ્રતિબંધ ફરમાવું છું.

જે છટાદાર ભાષણો આપવાનથી, ચાલા પાડવાથી અથવા નકલો કરવાથી, ચિત્રો, નિશાનીઓ, જાહેર ખબરો અથવા પદાર્થ અથવા વસ્તુઓ તૈયાર કરવાની, દેખાડવાની અથવા તેનો ફેલાવો કરવાની અથવા આવા અધિકારીઓના અભિપ્રાયો પ્રમાણે સુરૂચી અથવા નીતિનો ભંગ થતો હોય અથવા તેનાથી રાજ્ય સલામતી જોખમાતી હોય અથવા જેના પરીણામે રાજ્ય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણો અથવા ચાળા વિગેરે કરવાની અને તેવા ચિન્હો નિશાનીઓ વિગેરે તૈયાર કરવાની દેખાડવાની અથવા તેનો ફેલાવો કરવાના કૃત્યો કરવા આથી પ્રતિબંધ ફરમાવું છું.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર ભારતના ફોજદારી અધિનિયમ-૧૮૬૦ ની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમની જાહેરાત ઉપર જણાવેલ વિસ્તારમાં સહેલાઈથી દેખી શકાય તેવી જગ્યાઓએ તેની નકલ ચોટાડીને બહોળી પ્રસિધ્ધી કરાવવાની રહેશે.

આજ તા. ૨૫-૧૦-૨૦૧૭ ના રોજ મારી સહી અને સીક્કો કરી બહાર પાડવામાં આવેલ છે.

પોરબંદર, ૨૫ માહે ઓકટોબર, સને ૨૦૧૭.

---

**ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળનો હુકમ**

**ભારતનાં ચુંટણીપંચ તરફથી બહાર પાડવામાં આવેલ આદર્શ આચાર સંહિતાના ભાગરૂપે અમલવારી કરવા અંગેનો**

## જાહેરનામું

નં. એમએજી/સી/આચાર સંહિતા/૨/૧૦/૨૦૧૭.-ગુજરાત વિધાનસભા સામાન્ય ચૂંટણી-૨૦૧૭ ના અનુસંધાને ભારત ચૂંટણી પંચ, નવી દિલ્હીની પ્રેસનોટ ક્રમાંક : ઈસીઆઈ/પીએન/૮૦/ ૨૦૧૭, તા. ૨૫-૧૦-૨૦૧૭ થી ગુજરાત વિધાસનભા સામાન્ય ચૂંટણી-૨૦૧૭ નો કાર્યક્રમ બહાર પાડવામાં આવેલ છે. જે અન્વયે ૮૩-પોરબંદર તથા ૮૪-કુતિયાણા વિધાનસભા મતદાર વિભાગની સામાન્ય ચૂંટણી આગામી તા. ૦૯-૧૨-૨૦૧૭ ના રોજ યોજાનાર છે. અને ત્યારબાદ મતગણતરી તા. ૧૮-૧૨-૨૦૧૭ના રોજ છે. ચૂંટણીની પ્રક્રિયા તા. ૨૦-૧૨-૨૦૧૭ ના રોજ પુર્ણ થાય છે. સબબ, આ ચૂંટણી શાંતિથી અને ભયમૂકત વાતાવરણમાં

નિર્ભય રીતે યોજાય તે હેતુથી વિધાનસભા સામાન્ય ચૂંટણી-૨૦૧૭ ના અનુસંધાને ભારતના ચુંટણીપંચ તરફથી આદર્શ આચાર સંહિતા બહાર પાડી તેનું કડકપણે પાલન કરવાની પણ સુચનાઓ આપવામાં આવેલ છે. જેનો તમામ રાજકીય પક્ષ અને ચુંટણી લડતા ઉમેદવારોએ તથા તેમના કાર્યકર્તાઓએ ચુસ્તપણે અમલ કરવાનો રહે છે. સદરહું આચાર સંહિતા અનુસાર સરકારી આરામગૃહો, ડાકબંગલાઓ તથા વિશ્રામગૃહોનો ચુંટણી કામે ઉપયોગ કરવા ઉપર પ્રતિબંધ છે.

આથી પોરબંદર જિલ્લામાં સમાવિષ્ટ સરકારી, અર્ધ સરકારી, સહકારી તમામ આરામગૃહો, ડાક બંગલાઓ, વિશ્રામગૃહો તથા જાહેર સ્થળો હોય તેવા તમામ ગૃહોનો કે સ્થળોનો કોઈ રાજકીય પક્ષના હોદેદારો, કાર્યકરો ચૂંટણી લડતા ઉમેદવારો/ચૂંટણી એજન્ટો રાજકીય હેતુસર અથવા ચુંટણી વિષયક બાબતો ચુંટણી પ્રચારના હેતુસર ઉપયોગ કરવા અંગે પ્રતિબંધ ફરમાવવામાં આવે છે.

રાજકીય પ્રવૃતિમાં રાજકીય ચર્ચા ટેલીફોન ઉપર વાર્તાલાપ તથા મુલાકાતીઓ સહિતની બાબતોને સમાવેશ થશે.

આ જાહેરનામાનો અમલ ચુંટણી પ્રક્રિયા તા. ૨૦-૧૨-૨૦૧૭ના રોજ પૂર્ણ થતા સુધી કરવાનો રહેશે અને હુકમનો ભંગ કરનાર વ્યક્તિ સામે સને ૧૯૫૧ ના લોક પ્રતિનિધિત્વ ધારા હેઠળ કડક યોગ્ય પગલા લેવામાં આવશે. ઉપરાંત ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ તે વ્યક્તિનો ગુન્હો સાબિત થયેથી એક માસની સાદી કેદ અગર રૂા. ૨૦૦/- સુધીનો દંડ અગર બન્ને શિક્ષા થઈ શકે અને આ હુકમની અવગણનાથી માનવજીવનને અથવા સ્વાસ્થયને અથવા સલામતીને નુકશાન કે ભય ઉત્પન્ન થાય અથવા કોઈ હુલ્લડ/બખેડો થાય તો તેવી વ્યક્તિને ૬ (છ) માસ સુધીની સપરિશ્રમ અથવા સાદી કેદ અથવા રૂા. ૧૦૦૦/- એક હજાર સુધીનો દંડ અથવા બન્ને શિક્ષાને પાત્ર ઠરશે.

આજ રોજ તા. ૨૫ ઓકટોબર ૨૦૧૭ ના રોજ મારી સહી તથા સિક્કો લગાવી પ્રસિધ્ધ કરવામાં આવ્યું.

પોરબંદર, ૨૫ માહે ઓકટોબર, સને ૨૦૧૭.

---

### ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-33 ની પેટા કલમ-(૧)ના ફકરા-આર(3) અને ડબલ્યુ અન્વયેનું ધ્વનિવર્ધક યંત્રોના ઉપયોગ ઉપર પ્રતિબંધ લાદતું

## જાહેરનામું

નં. એમએજી/વિધાનસભા ચૂંટણી/૧/૧૦/૨૦૧૭.- ભારત ચૂંટણી પંચ, નવી દિલ્હીની પ્રેસનોટ ક્રમાંક : ઈસીઆઈ/પીએન/૮૦/૨૦૧૭, તા. ૨૫-૧૦-૨૦૧૭ થી વિધાસનભા સામાન્ય ચૂંટણી-૨૦૧૭ નો કાર્યક્રમ બહાર પાડેલ છે. જે અન્વયે ૮૩-પોરબંદર તથા ૮૪-કુતિયાણા વિધાનસભા મતદાર વિભાગની સામાન્ય ચૂંટણી આગામી તા. ૦૯-૧૨-૨૦૧૭ ના રોજ યોજાનાર છે. અને ત્યારબાદ મતગણતરી તા. ૧૮-૧૨-૨૦૧૭ ના રોજ છે. સબબ, આ ચૂંટણી શાંતિથી અને ભયમુકત વાતાવરણમાં નિર્ભય રીતે યોજાય તે હેતુથી ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩ની પેટા કલમ-૧ના ફકરા (આર)(૩) અને ડબલ્યુ અન્વયેનું નીચે પ્રમાણેનું પ્રાથમિક જાહેરનામું જાહેર જનતા તથા લાગતા વળગતાની જાણ માટે પ્રસિધ્ધ કરવામાં આવે છે અને આ પ્રાથમિક જાહેરનામું અમલમાં લાવવા માટે તા. ૧૦-૧૧-૨૦૧૭ ના રોજ વિચારણામાં લેવાશે તેની જાણ આથી સર્વેને કરવામાં આવે છે.

૨. ઉપરમાં બતાવેલ તારીખ પહેલા કોઈપણ શખ્સ તરફથી પ્રાથમિક જાહેરનામા અંગે અત્રે વાંધાઓ કે સુચન મળશે તે શ્રી જિલ્લા મેજીસ્ટ્રેટ, પોરબંદર તરફથી લક્ષમાં લેવામાં આવશે.

**પ્રાથમિક જાહેરનામું :**

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩ની પેટા કલમ-૧નાં ફકરા (આર)(૩) અને ડબલ્યુ થી પ્રાપ્ત થયેલ અધિકાર અન્વયે પોરબંદર જિલ્લા માટે નીચે પ્રમાણેના નિયમો કરવામાં આવશે.

આ નિયમો તુરત જ અમલમાં આવશે.

આજરોજ તા. ૨૫ ઓકટોબર-૨૦૧૭ ના રોજ મારી સહી તથા સીકકો લગાવી પ્રસિધ્ધ કરવામાં આવ્યું.

**નિયમો :**

૧. કોઈપણ શખ્સ × × × કોઈપણ જાહેર જગ્યા અગર જાહેર મનોરંજનના સ્થળથી ૨૦૦ મીટરના અંતરમાં જિલ્લા મેજિસ્ટ્રેટ અથવા આ બાબતમાં તેઓના તરફથી અધિકારો આપેલ કોઈપણ અધિકારી તરફથી આપયેલ પરવાનગીમાં જણાવેલ શરતો અન્વયે આપવામાં આવેલ હશે, તે સિવાય ધ્વનિવર્ધક યંત્રનો ઉપયોગ કરશે નહીં અથવા ઉપયોગ ચાલુ રાખશે નહીં અથવા ઉપયોગ માટે અથવા ઉપયોગ ચાલુ રાખવા માટે પરવાનગી આપશે નહીં.

૨. જિલ્લા મેજિસ્ટ્રેટની પરવાનગી મેળવ્યા સિવાય કોઈ પણ ધ્વનિવર્ધક યંત્રને ચાલતા ફરતા વાહનમાંથી કોઈપણ હેતુ માટે ઉપયોગ થઈ શકશે નહીં અથવા ઉપયોગ ચાલુ રાખી શકશે નહીં અથવા ઉપયોગ માટે પરવાનગી આપી શકાશે નહીં.

૩. જિલ્લા મેજિસ્ટ્રેટની અગાઉથી પરવાનગી મેળવ્યા સિવાય કોઈપણ ધ્વનિવર્ધક યંત્ર જાહેર રસ્તા તરફ રાખી ગોઠવી શકાશે નહીં અથવા આવી રીતે તેનો ઉપયોગ ચાલુ રાખી શકાશે નહીં.

૪. (૧) કોઈપણ થોભેલા વાહનમાંથી ધ્વનિવર્ધક યંત્રોનો ઉપયોગ કરવા માટેની પરવાના નીચે પ્રમાણે હકીકત પુરી પાડયા સિવાય આપવામાં આવશે નહીં.

(અ) પરવાનો આપનાર અધિકારીને ધ્વનિવર્ધક યંત્રવાળુ વાહન જે જાહેર સ્થળોએ થોભાવવા માટે ઈચ્છા ધરાવતા હોય તેવા સ્થળોની યાદી, તારીખ અને વાપરવા માટેનો સમય જણાવતી હકીકત સાથેની અરજી.

(બ) પરવાનો આપનાર અધિકારીને ધ્વનિવર્ધક યંત્રોનો ઉપયોગ વાહનમાંથી કરવામાં આવે તેથી વાહન વ્યવહારને નડતરરૂપ થશે નહીં તેવી ખાત્રી.

(૨) પેટા નિયમ(૧) અન્વયે આપવામાં આવેલ પરવાનો હંમેશા એ શરતોને અનુસરીને રહેશે કે જો રસ્તા ઉપરની ભીડ દુર કરવા કાયદો વ્યવસ્થા અથવા તો અવરોધ થતો અટકાવવા કોઈપણ પોલીસ ઓફીસરને જરૂરી જણાય કે જે વાહનમાંથી ધ્વનિવર્ધક યંત્રનો ઉપયોગ કરવામાં આવે છે. તે બીજા કોઈ સ્થળે ખસેડવું જોઈએ ત્યારે પરવાનો ધરાવનાર શખ્સને તે પ્રમાણે વાહન ખસેડવા માટે સુચના આપવાનો અધિકાર રહેશે અને પરવાનો ધરાવનાર તેવી સુચના પ્રમાણે વર્તશે.

૫. કોઈપણ ધ્વનિવર્ધકયંત્ર કોઈપણ પરવાનો ધરાવનાર શખ્સ જાહેર સ્થળ અથવા જાહેર મનોરંજન સ્થળની બાજુમાં રહેતા અથવા કોઈપણ મકાનમાં અથવા રહેણાંકમાં કાર્ય ચલાવતા કોઈપણ બીજા શખ્સોને ખલેલ પહોંચાડે તે રીતે અથવા ત્રાસ ઉપજાવે તે રીતે ઉપયોગ કરશે નહીં અથવા ચાલુક રાખસે નહીં અથવા ચાલુ રાખવાની પરવાનગી આપશે નહીં.

૬. કોન્સ્ટેબલના દરજ્જાથી ઉપરના કોઈપણ પોલીસ અધિકારીને કોઈપણ જાહેર મનોરંજન સ્થળ કે જગ્યા ધ્વનિવર્ધક યંત્રનો ઉપયોગ થતો હોય તેવું સ્થળ તેનાં કાર્યક્ષેત્રની હદમાં આવતુ હશે તો પરવાનગીની કોઈપણ શરતોનો ભંગ થતો નથી તેની ખાત્રી કરવા માટે દાખલ થવાને સંપૂર્ણ અધિકાર રહેશે.

૭. જો આવા કોઈપણ પરવાનો ધરાવનાર શખ્સ ઉપરના કોઈપણ નિયમોને અથવા તો પરવનો જે શરતોને આધીન આપવામાં આવેલ છે તે શરૃતોનો ભંગ કરશે તો જિલ્લા મેજિસ્ટ્રેટ અથવા નિયમ-૧ અન્વયે અધિકાર આપવામાં આવેલ કોઈપણ અધિકારી નિયંમ-૨ અન્વયે આપવામાં આવેલ પરવાનો યોગ્ય જણાયે રદ કરી શકશે.

૮. ઉપર્યુકત જણાવેલા નિયમો જિલ્લા પોલીસ અધિકારી અથવા તેમની હકુમત હેઠળના કોઈપણ પોલીસ અધિકારીને ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૬ અન્વયે કોઈ ખાસ સુચનાઓ પ્રસંગોપાત આપવાનું જરૂર જણાય ત્યારે તેવા હુકમ આપવામાં અવરોધ ગણાશે નહીં અથવા કલમ-૩૭ની પેટા કલમ-(૧) અન્વયે કોઈપણ જાહેરનામું બહાર પાડવામાં અથવા કલમ-૩૮ની પેટા કલમ-(૧) અન્વયે કોઈપણ હુકમ કરવામાં અવરોધ ગણાશે નહીં

૯. આ નિયમોમાં ગમે તે જણાવ્યું હોય અથવા તે હેઠળ આપવામાં આવેલ પરવાનગીની શરતોમાં ગમે તે ઠરાવ્યું હોય તેમ છતાં જિલ્લા મેજિસ્ટ્રેટ અથવા તો તેમના તરફથી અધિકાર આપવામાં આવેલ કોઈપણ અધિકારી કોઈપણ એક અથવા બધા ધ્વનિવર્ધક યંત્રના પરવાના ધરાવનાર શખ્સને કોઈપણ જગ્યામાં તેને યોગ્ય તેટલા સમયમાં આજુબાજુમાં રહેતા શખ્સોને અથવા બાજુમાંથી પસાર થતાં શખ્સોને હરકત, સુવિધા, ત્રાસ, જોખમ, ભય અથવા નુકશાન થતું અટકાવવા માટે ધ્વનિવર્ધક યંત્રનો ઉપયોગ કરવા માટે ધ્વનિવર્ધક યંત્ર ઉપયોગ કરવા માટે મનાઈ ફરમાવી શકશે.

આજ રોજ તા. ૨૫ ઓકટોબર ૨૦૧૭ ના રોજ મારી સહી તથા સિક્કો લગાવી પ્રસિધ્ધ કરવામાં આવ્યું.

પોરબંદર, ૨૫ માહે ઓકટોબર, સને ૨૦૧૭.

---

**ભારતીય ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયેનો**

## હુકમ

નં. એમએજી/વશી/૪/૧૦/૨૦૧૭.-ભારત ચૂંટણી પંચ, નવી દિલ્હીની પ્રેસનોટ ક્રમાંક : ઈસીઆઈ/પીએન/૮૦/૨૦૧૭, તા. ૨૫-૧૦-૨૦૧૭ થી વિધાસનભા સામાન્ય ચૂંટણી-૨૦૧૭ નો કાર્યક્રમ બહાર પાડેલ છે. જે અન્વયે ૮૩-પોરબંદર તથા ૮૪-કુતિયાણા વિધાનસભા મતદાર વિભાગની સામાન્ય ચૂંટણી આગામી તા. ૦૯-૧૨-૨૦૧૭ ના રોજ યોજાનાર છે. અને ત્યારબાદ મતગણતરી તા. ૧૮-૧૨-૨૦૧૭ ના રોજ છે. અને ભારત ચૂંટણી પંચની સુચનાનુસાર મતદાનના દિવસે મતદાન મથકના ૧૦૦ મીટરના વિસ્તારમાં કોઈપણ વ્યક્તિ મોબાઈલ, સેલ્યુલર ફોન, કોર્ડલેસ ફોન, વાયરલેસ સેટ, વોકીટોકી જેવા સાધનો લઈ જઈ શકાશે નહિ કે સાથે રાખી શકશે નહિ, તેવી રીતે મતગણતરીના દિવસે મતગણતરી સ્થળે પણ સલામતી દળ દ્વારા કોર્ડન કારયેલા પ્રતિબંધીત વિસ્તારમાં પણ કોઈપણ વ્યક્તિ ઉપર મુજબના સાધનો ઈન્સ્ટુમેન્ટ લઈ જઈ શકશે નહિ, સાથે રાખી શકશે નહિ તે પ્રકારે પ્રતિબંધ ફરમાવવામાં આવે છે. તેમ છતાં કોઈ વ્યક્તિ દ્વારા ઉપરોક્ત સુચનાનું ઉલ્લંઘન કરી આવા સાધનો, ઈન્સ્ટુમેન્ટ લઈ જવામાં આવશે અને તેના કબ્જામાંથી મળી આવશે તો તે જપ્ત કરવામાં આવશે અને તેમની સામે ચૂંટણી પંચની સુચનાઓનું ઉલ્લંઘન કરવા બદલ કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે, જેની સબંધકર્તાઓએ નોંધ લેવી.

કાયદો અને વ્યવસ્થા સાથે સંકળાયેલ અધિકારીઓ, સલામતી અધિકારીઓ કે જેઓની ફરજો મતદાન મથક

મતગણતરી સ્થળની નજીકમાં ફાળવેલ હોય તેમની ઓફિશ્યલ ફરજો સબબ આવા ઈન્સ્ટુમેન્ટ સાધનોનો ઉપયોગ કરી શકશે ત્થા તેઓને ઉક્ત પ્રતિબંધ લાગુ પડશે નહિ. તેવીજ રીતે ચૂંટણીપંચ દ્વારા નિયુક્ત થયેલા ચુંટણી નિરીશ્રકશ્રીઓને ઉક્ત ઈન્સ્ટુમેન્ટ, સાધનોનો ઉપયોગ કરવાનો પ્રતિબંધ લાગુ પડશે નહિ. મતદાન તેમજ મતગણતરીની કામગીરી સાથે સંકળાયેલા અધિકારીઓને પણ તેમની ફરજોનાં ભાગરૂપે ઉક્ત ઈન્સ્ટુમેન્ટ, સાધનોનો ઉપયોગ કવરાનો થાયતેવા કિસ્સાઓમાં ઉક્ત પ્રતિબંધ લાગુ પડશે નહિ.

આ હુકમ તા. ૦૯-૧૨-૨૦૧૭ અને તા. ૧૮-૧૨-૨૦૧૭ ના રોજ લાગુ પડશે. આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર ભારતના ફોજદારી અધિનિયમ-૧૮૬૦ની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

ઉપરોક્ત સુચનાઓની જાણ ઉમેદવારશ્રીઓ તેમના ચૂંટણી એજન્ટશ્રીઓ તથા રાજકીયપક્ષોને અવશ્ય કરવી અને ઉક્ત હુકમનું ચુસ્તપણે પાલન કરવા જાહેર જનતાએ નોંધ લેવી.

આજ રોજ તા. ૨૫ ઓકટોબર ૨૦૧૭ ના રોજ મારી સહી તથા સિક્કો લગાવી પ્રસિધ્ધિ કરી.

પોરબંદર, ૨૫ માહે ઓકટોબર, સને ૨૦૧૭.

---

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૧) અન્વયે

## જાહેરનામું

નં. એમએજી/સી/૩૭૧/૨૭૧૦/૨૦૧૭.-પોરબંદર જિલ્લામાં લોકોની સલામતી જળવાઈ રહે અને અસામાજિક તત્વો દ્વારા ગુનાહિત કૃત્યોમાં હથિયારો, ચપ્પુ, લાઠી, દંડા, પાઈપ, સળિયા જેવા સાધનોનો ઉપયોગ ન થાય અને પોલીસની કામગીરીમાં મદદરૂપ થાય તે હેતુથી અને પોરબંદર જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૧) અન્વયે હથિયારબંધીનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા પોલીસ અધિક્ષકશ્રી, પોરબંદરએ તા. ૨૩-૧૦-૨૦૧૭ ના રોજ દરખાસ્ત કરેલ છે.

સબબ, પોરબંદર જિલ્લા વિસ્તારમાં ઉપર્યુકત કારણોસર સુલેહ-શાંતિ જળવાઈ રહે તેમજ કોઈ જાતનો અનિચ્છનીય બનાવ બને નહિ તે માટે હું, અશોક કાલરીયા, આઈ.એ.એસ., જિલ્લા મેજિસ્ટ્રેટ, પોરબંદર, જિલ્લો પોરબંદર, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૧) અન્વયે મળેલ સત્તાની રૂએ સમગ્ર પોરબંદર જિલ્લા પોલીસ વિસ્તારમાં તા. ૩૧-૧૦-૨૦૧૭ થી તા. ૨૮-૧૧-૨૦૧૭ સુધી બંને દિવસો સહિત નીચે પ્રમાણે મનાઈ ફરમાવું છું.

૧. શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, ચપ્પુ, બંદૂક, લાકડી, લાઠી અથવા શારિરીક ઈજા પહોંચાડવામાં ઉપયોગી થઈ શકે તેવી ચીજ લઈ જવી નહિ.

૨. કોઈપણ ક્ષયધર્મી અથવા સ્ફોટક પદાર્થો લઈ જવા નહિ.

૩. પત્થરો અથવા બીજા શસ્ત્રો અથવા તે ફેરવવામાં અથવા નાખવામાં ઉપયોગમાં આવતાં સાધનો લઈ જવા નહી, એકઠા કરવા નહી તથા તૈયાર કરવા નહિ.

૪. કોઈ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલ લઈ જવી નહિ.

૫. વ્યકિતઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પૂતળાં દેખાડવા કે સળગાવવા નહિ.

૬. લોકોએ બૂમો પાડવી નહી, વધુ અવાજથી ગીતો ગાવા નહી તથા વાદ્ય વગાડવા નહિ.

૭. જે છટાદાર ભાષણ આપવાથી, ચાળા પાડવાથી અથવા નકલ કરવાથી તથા ચિત્રો, નિશાનીઓ, જાહેરખબરો અથવા બીજા કોઈ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવાથી, દેખાડવાથી અથવા તેનો ફેલાવો કર્યેથી આવા અધિકારીના અભિપ્રાય પ્રમાણે સુરૂચિ અથવા નીતિનો ભંગ થતો હોય અથવા જેનાથી રાજ્યની સલામતી જોખમાતી હોય અથવા જેને પરિણામે રાજ્ય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ કરવાનો તે ચાળા વિગેરે કરવાની અથવા તે ચિત્રો, નિશાનીઓ વિગેરે તૈયાર કરવાનો, દેખાડવાની અથવા તેવો ફેલાવો કરવો નહિ.

**આ હુકમ નીચેની વ્યકિતઓને તેમાં દર્શાવ્યા પુરતી બાબત માટે લાગુ પડશે નહિ.**

૧. સરકારી નોકરીમાં કામ કરતી કોઈ વ્યકિત કે જેના ઉપરી અધિકારીશ્રીએ ફરમાવ્યું હોય અથવા કોઈ હથિયાર લઈ જવાનું તેની ફરજમાં હોય.

૨. પોલીસ અધિક્ષકશ્રીએ શારિરીક અશકિતના કારણે લાકડી લઈ જવાની અથવા શુભ હેતુથી ધંધો કરવાની પરવાનગી આપી હોય તે વ્યકિત.

૩. પોતાની ખેતીમાં ઓજારો લઈ જવામાં હાડમારી ન થાય અને રોજિંદા કામમાં ઉપયોગ કરી શકે તેવા આશયથી પોતાની ખેતીકામ માટે ખેતીના ઓજારો લઈ જતા હોય તેવા ખેડૂતોને ખેતીના ઓજારો લઈ જવાની બાબત માટે.

આ જાહેરનામાં કોઈ ખંડનો ભંગ કરનાર અથવા પાલન ન કરવામાં મદદ કરનાર વ્યકિતને મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૫(૧) મુજબ એક વર્ષની મુદત સુધીની શિક્ષા અને દંડને પાત્ર થશે. આ ઉપરાંત ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ જે વ્યકિતઓના ગુનો સાબિત થયેથી એક માસની સાદી કેદ અથવા રૂા. ૨૦૦/-નો દંડ અગર તો બંને થઈ

શકે છે અને આ હુકમની અવગણનાથી માનવજીવનને અથવા સ્વાસ્થયને અથવા સલામતીને કોઈપણ ભય ઉત્પન્ન કરે અથવા કોઈ હુલ્લડ અથવા કોઈ બખેડો કરે તેવી વ્યકિતને ૬(છ) માસની સપરિશ્રમ અથવા સખ્ત અથવા રૂા. ૧૦૦૦/- એક હજાર રૂપિયા સુધીનો દંડ અથવા બંને શિક્ષાને પાત્ર ઠરશે.

આજ તા. ૨૭-૧૦-૨૦૧૭ મારી સહી તથા કચેરીનો સિક્કો લગાવી જાહેર જનતાની જાણ તથા અમલવારી માટે પ્રસિધ્ધ કર્યું.

પોરબંદર, ૨૭ માહે ઓકટોબર, સને ૨૦૧૭.

**અશોક કાલરીયા,**
જિલ્લા મેજીસ્ટ્રેટ,
પોરબંદર.

---

વિષય :

ખાસ કાર્યપાલક મેજીસ્ટ્રેટ તરીકેના અધિકારો એનાયત કરવા બાબત.

સંદર્ભ :

સરકારશ્રીના ગૃહ વિભાગ, ગાંધીનગરના જાહેરનામા ક્રમાક : જી.જી./૭૬/સી.આર.પી.સી./૩૨૧૨/૫૯૩/મ, તા. ૧૮-૧૦-૨૦૧૨.

## હુકમ

નં. ડીએમ-૧/વિધાનસભા/જા.નં.૩૦/૨૦૧૭.-ભારતનાં ચૂંટણી આયોગ દ્વારા વિધાનસભા સામાન્ય ચૂંટણી-૨૦૧૭નો ચૂંટણી કાર્યક્રમ જાહેર થયેલ છે. જેમાં મતદાન તા. ૦૯-૧૨-૨૦૧૭ના રોજ તથા મતગણતરી તા. ૧૮-૧૨-૨૦૧૭ના રોજ હાથ ધરવામાં આવનાર છે.

સરકારશ્રીના ગૃહ વિભાગ, ગાંધીનગરના સંદર્ભવાળા જાહેરનામાથી રાજ્યમાં જ્યારે-જ્યારે ભારતના ચુંટણીપંચ દ્વારા લોકસભા કે રાજ્ય વિધાનસભાની ચુંટણી જાહેર થાય તથા રાજ્ય ચુંટણી પંચ દ્વારા સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની ચુંટણીઓ જાહેર થાય ત્યારે તે અંગે બહાર પાડવામાં આવતા જાહેરનામાની તારીખથી મેજીસ્ટ્રેરીયલ પાવર ધરાવતા ન હોય તેવા ચુંટણી અધિકારીઓ, મદદ. ચુંટણી અધિકારીઓ, ઝોનલ ઓફીસરશ્રીઓ વિવિધ કામગીરી માટે નિયુકત નોડલ ઓફીસરશ્રી, ફલાઈંગ સ્કવોર્ડ તથા સ્ટેટીક સર્વેલન્સ ટીમમાં નિયુકત તથા જિલ્લા ચુંટણી અધિકારીશ્રીને ચુંટણી કામગીરી માટે નિયુકત કરવા જણાય તે રીતે નિયુકત કરવામાં આવે તેવા તમામ અધિકારીશ્રીઓ અને કર્મચારીશ્રીઓને જિલ્લા. મેજી. દ્વારા તેમની જે વિસ્તાર અને નિશ્ચિત સમયગાળા માટે ભારતીય ફોજદારી કાર્યરીતિ અધિનિયમની કલમ-૪૪, ૧૦૩, ૧૦૪, ૧૨૯ અને ૧૪૪ના અધિકારો તા. ૨૦-૧૨-૨૦૧૭ના રોજ ચુંટણી પ્રક્રિયા પૂર્ણ થતા સુધીના સમયગાળા માટે ભોગવવા અધિકાર એનાયત કરેલ છે.

આથી ભારતના ચૂંટણી આયોગ દ્વારા વિધાનસભા સામાન્ય ચૂંટણી-૨૦૧૭ના કામે નિયુકત કરેલ ચૂંટણી અધિકારીશ્રીઓ, મદદનીશ ચૂંટણી અધિકારીશ્રીઓને તેમજ જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી દ્વારા નિયુકત કરેલ ઝોનલ અધિકારીશ્રીઓ, ખાસ ઝોનલ અધિકારીશ્રીઓ તથા રીઝર્વ ઝોનલ અધિકારીશ્રીઓ, સેકટર મેજીસ્ટ્રેટશ્રીઓ ફલાઈંગ સ્કવોડના વડા, સ્ટેટીક સર્વેલન્સ ટીમના વડાને જે વિસ્તાર અને નિશ્ચિત સમયગાળા માટે નિમણૂંક કરવામાં આવેલ હોય, તે વિસ્તાર અને સમયગાળા માટે તા. ૨૦-૧૨-૨૦૧૭ સુધી ભારતીય ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ ની કલમ-૨૧ મુજબ ખાસ કાર્યપાલક મેજીસ્ટ્રેટ તરીકેના તથા સદરહું અધિનિયમ તળેના નીચે મુજબના અધિકારો એનાયત કરવા આથી હુકમ કરવામાં આવે છે.

| ક્રમ | કલમ | વિગત |
|---|---|---|
| ૧ | ૪૪ | મેજીસ્ટ્રેટે પકડવા બાબત. |
| ૨ | ૧૦૩ | પોતાની હાજરીમાં જડતી લેવાની મેજીસ્ટ્રેટની સત્તા. |
| ૩ | ૧૦૪ | થયેલા દસ્તાવેજ વગેરે કબજે લેવાની સત્તા. |
| ૪ | ૧૨૯ | મુલકી દળનો ઉપયોગ કરીને મંડળીઓ વિખેરવા બાબત. |
| ૫ | ૧૪૪ | ત્રાસદાયક બાબતો કે ભયના સંદેશાના તાકીદના સંજોગોમાં હુકમ કરવાની સત્તા. |

ભાવનગર, ૨૭ માહે ઓકટોબર, સને ૨૦૧૭.

---

વિષય :

કાર્યપાલક મેજીસ્ટ્રેટ તરીકેના અધિકારો એનાયત કરવા બાબત.

સંદર્ભ :

સરકારશ્રીના ગૃહ વિભાગ, ગાંધીનગરના ૦૭-૧૧-૨૦૧૭ના જાહેરનામા ક્રમાંક : જી.જી./૭૯/સીઆરપીસી/૩૨૯૯/૪૯૪૪/મ.

## હુકમ

નં.ડીએમ-૧/વિધાનસભા/જા.ના.૧/૨૦૧૭.-ભારતના ચુંટણી આયોગ દ્વારા વિધાનસભા સામાન્ય ચૂંટણી-૨૦૧૭નો ચૂંટણી કાર્યક્રમ જાહેર થયેલ છે. આમુખના જાહેરનામાથી વિધાનસભા સામાન્ય ચૂંટણી-૨૦૧૭ના ચુંટણીના જાહેરનામાની તારીખથી ચુંટણી પ્રક્રીયા પૂર્ણ થાય ત્યાં સુધીના સમયગાળા માટે જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી દ્વારા કામગીરી માટે નિયુકત કરવામાં આવેલ નાયબ મામલતદાર, સર્કલ ઓફીસરથી ઉતરતી કક્ષાના ન હોય તેવા મહેસુલ સંવર્ગના અથવા તેને સમકક્ષ સંવર્ગના અન્ય ખાતાના વર્ગ-૩ ના તમામ ચુંટણી અધિકારીશ્રીઓ, મદદનીશ ચુંટણી અધિકારીશ્રીઓ, ઝોનલ અધિકારીશ્રીઓ, ખાસ ઝોનલ અધિકારીશ્રીઓ અને રીઝર્વ ઝોનલ અધિકારીશ્રીઓ તેમજ સેકટર

મેજીસ્ટ્રેટશ્રીઓને જે વિસ્તાર અને નિશ્ચિત સમયગાળા માટે નિમણૂંક કરવામાં આવેલ હોય, તે વિસ્તાર અને સમયગાળા માટે ભારતીય ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૨૧ મુજબ ખાસ કાર્યપાલક મેજીસ્ટ્રેટ તરીકેના તથા સદરહું અધિનિયમ કલમ-૧૪૪ ના અધિકારો એનાયત થયેલ છે.

આથી ભારતના ચૂંટણી આયોગ દ્વારા વિધાનસભા સામાન્ય ચૂંટણી-૨૦૧૭ના કામે નિયુકત કરેલ ચૂંટણી અધિકારીશ્રીઓ તથા મદદનીશ ચુંટણી અધિકારીશ્રીઓને તેમજ જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી દ્વારા નિયુકત કરેલ ઝોનલ અધિકારીશ્રીઓ, ખાસ ઝોનલ અધિકારીશ્રીઓને તથા રીઝર્વ ઝોનલ અધિકારીશ્રીઓ, સેકટર મેજીસ્ટ્રેટશ્રીઓને જે વિસ્તાર અને નિશ્ચિત સમયગાળા માટે નિમણૂંક કરવામાં આવેલ હોય, તે વિસ્તાર અને સમયગાળા માટે તા. ૨૦-૧૨-૨૦૧૭ સુધી ભારતીય ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ ની કલમ-૨૧ મુજબ ખાસ કાર્યપાલક મેજીસ્ટ્રેટ તરીકેના તથા સદરહું અધિનિયમ કલમ-૧૪૪ના અધિકારો એનાયત કરવા આથી હુકમ કરવામાં આવે છે.

ભાવનગર, ૨૫ માહે ઓકટોબર, સને ૨૦૧૭.

હર્ષદ પટેલ,
જિલ્લા મેજીસ્ટ્રેટ,
ભાવનગર.

---

વિષય : વિધાનસભા સામાન્ય ચૂંટણીઓ-૨૦૧૭
ચૂંટણીને લગતા ચોપાનીયાના મુદ્રણ અને પ્રસિધ્ધી પર નિયંત્રણ.

નં. : ડીએમ/વિ.સ.ચૂંટણી/૦૨/૨૦૧૭.-શ્રીમાન, તમો ........ શહેર/ગામમાં પ્રિન્ટીંગ પ્રેસ ધરાવો છો. ચૂંટણી દરમ્યાન ચૂંટણીને લગતા ચોપાનીયા અને ભીંતપત્રોના મુદ્રણ અને પ્રસિધ્ધી પરત્વે સને. ૧૯૫૧ ના લોક પ્રતિનિધિત્વ અધિનિયમની કલમ-૧૨૭(ક) ની જોગવાઈઓ લાગુ પડે છે. આ અંગે ઉકત કલમ-૧૨૭(ક) માં નીચે મુજબની જોગવાઈ છે.

(અ) કલમ-૧૨૭(ક) ચોપાનીયા, ભીંતપત્રો વગેરેના મુદ્રણ પર નિયંત્રણ.

(૧) કોઈપણ વ્યકિત જેના પર મુદ્રક અને પ્રકાશકના નામ અને સરનામા ન હોય એવા ચૂંટણીને લગતા ચોપાનીયા કે ભીતપત્રો છાપી કે પ્રસિધ્ધ કરી શકશે નહીં અથવા છપાવી કે પ્રસિધ્ધી કરાવી શકશે નહીં.

(૨) કોઈપણ વ્યકિત ચૂંટણીને લગતા ચોપાનીયા કે ભીતપત્રો છાપી શકશે નહીં કે છપાવવાની વ્યવસ્થા કરી શકશે નહીં સિવાય કે,

(ક) તેની સહીવાળા અને અંગત રીતે ઓળખતી હોય એવી બે વ્યકિતઓએ શાખ કરેલ, પ્રકાશકની ઓળખ અંગેના એકરારની બે નકલ તેણે મુદ્રકને આપી હોય અને,

(ખ) લખાણ છપાયા પછી મુદ્રકે યોગ્ય સમયની અંદર લખાણની એક નકલ સાથે એકરારપત્રની એક નકલ નીચેનાને મોકલી હોય :

૧. રાજ્યના પાટનગરમાં છાપવામાં આવ્યુ હોય ત્યારે મુખ્ય ચૂંટણી અધિકારીને અને

૨. બીજે પ્રસંગે, તે જે જિલ્લામાં છપાવવામાં આવ્યુ હોય તે જિલ્લાના જિલ્લા મેજીસ્ટ્રેટને.

(૩) આ કલમ પુરતું :

(ક) હાથ નકલો કરવા સિવાય લખાણની વધુ નકલો કાઢવાની કોઈપણ પ્રક્રિયા મુદ્રણ ગણાશે અને ''મુદ્રક'' એ શબ્દનો તે પ્રમાણે અર્થ થશે અને

(ખ) ''ચૂંટણીને લગતુ ચોપાનીયુ અથવા ભીંતપત્રો'' એટલે ઉમેદવાર કે ઉમેદવારના જુથની ચૂંટણીની તકો વધારવા કે તેને પ્રતિકુળ અસર પહોંચાડવા માટે વહેચવામાં આવેલ કોઈ છાપેલુ ચોપાનિયુ, હેન્ડબીલ અથવા સુત્ર પાટિયુ અથવા ચૂંટણીને લગતુ ભીંતપત્ર એવો અર્થ થાય છે, પરંતુ માત્ર ચૂંટણી સભાની તારીખ, સમય, સ્થળ અને બીજી વિગતો આપતા અથવા ચૂંટણી એજન્ટ કે કાર્યકરોને કામકાજ અંગેની સુચનાઓ આપતા હેન્ડબીલ, સુત્રપાટીયા અથવા ભીંતપત્રોનો તેમાં સમાવેશ થતો નથી.

(૪) પેટા કલમ(૧) અથવા પેટા કલમ(૨) ની કોઈપણ જોગવાઈઓનો ભંગ કરનાર વ્યકિત છ માસ સુધીની કેદ અથવા બે હજાર રૂપિયા સુધીની દંડની અથવા બંને શિક્ષાને પાત્ર થશે.

(બ) ઉકત કાયદાકીય જોગવાઈ લક્ષમાં લેતા દરેક મુદ્રણાલયોએ નીચેની કાર્યપધ્ધતિ અનુસરવાની રહેશે.

(૧) ચૂંટણી સંબંધિ કોઈપણ ચોપાનીયા અથવા ભીંતપત્રો વગેરેનું મુદ્રણ હાથ ધરતા પહેલા મુદ્રકે આ સાથેના નિયત કરેલ ફોર્મ ''જોડાણ-ક'' માં કલમ-૧૨૭(૨) મુજબ પ્રકાશક પાસેથી એકરારપત્ર બે નકલમાં મેળવવાના રહેશે, આ એકરારપત્ર પર પ્રકાશકે યોગ્ય રીતે સહી કરવાની રહેશે અને જે બે વ્યકિતઓ પ્રકાશકને અંગત રીતે ઓળખતી હોય એમણે તેના પર શાખ કરવાની રહેશે. જ્યારે એકરારપત્ર અત્રેને મોકલવામાં આવે ત્યારે તમારે તે અધિકૃત કરીને મોકલવાનું રહેશે.

(૨) મુદ્રકે પ્રકાશકના એકરારપત્ર સાથે મુદ્રિત સામગ્રીની ચાર(૪) નકલો તેના મુદ્રણના ત્રણ દિવસની અંદર અત્રેને મોકલવાની રહેશે. આવી મુદ્રીત સામગ્રી અને એકરારપત્ર સાથે મુદ્રકે છાપેલ દસ્તાવેજોની નકલોની સંખ્યા અને તેના મુદ્રણકામ અંગે થયેલ ખર્ચને લગતી માહિતી તથા આ સાથેના ''જોડાણ-ખ'' મુજબ નિયત પ્રોફોર્મામાં રજુ

કરવાની રહેશે. આ માહિતી તમોએ છાપેલ ચૂંટણીના દરેક ચોપાનિયા, ભીંતપત્રો વગેરેની બાબતમાં આવા દરેક દસ્તાવેજના મુદ્રણના ત્રણ(૩) દિવસની અંદર માહિતી સંયુકત રીતે નહિ પણ અલગ-અલગ અત્રેને એટલે કે 'જિલ્લા મેજીસ્ટ્રેટ' લાલબંગલો, બોટાદને રજુ કરવાની રહેશે.

(૩) તમોએ છાપેલા, મુદ્રિત કરેલા ચૂંટણી અંગેના કોઈપણ ચોપાનિયા કે ભીંતપત્રો કે આવી અન્ય સામગ્રી પર મુદ્રક પં કિતમાં મુદ્રક અને પ્રકાશકના નામ અને સરનામા સ્પષ્ટપણે દર્શાવવાના રહેશે.

(૪) ચૂંટણી અંગેના કોઈપણ ચોપાનીયા કે ભીંતપત્રોમાં ધર્મ, જાતિ, જ્ઞાતિ, કોમ કે ભાષાને આગળ ધરીને અપીલ કરવી કે વિરોધી ઉમેદવારોના ચારિત્રય ખંડન જેવી કોઈ ગેરકાનુની બાબતનો સમાવેશ કરી શકાશે નહિ.

ઉપર્યુકત પેરા-(અ) તથા (બ)ની સમગ્ર હકિકતે કાયદાકિય જોગવાઈ તથા પ્રક્રિયાનું ચૂંટણી અંગેના કોઈપણ ચોપાનિયા કે ભીંતપત્રોના મુદ્રણ સમયે ચૂસ્તપણે પાલન કરવા નોંધ લેશો. ઉકત સુચનાના ઉલ્લંઘન બદલ વ્યકિત સામે પ્રેસ રજીસ્ટ્રેશન એકટ નીચે પગલા લેવામાં આવશે તેમજ મુદ્રણાલયનું લાયસન્સ પણ રદ કરવા જેવા કડક પગલા લેવામાં આવશે તથા ભારતીય દંડ સંહિતાની જોગવાઈ અનુસાર પગલા લેવામાં આવશે તેની નોંધ લેશો.

બોટાદ, ૨૫ માહે ઓકટોબર, સને ૨૦૧૪.

---

ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળનું

## જાહેરનામુ

ક્રમાંક:ડીએમ/ડીસીએચ/૧૮/૨૦૧૭.-આગામી વિધાનસભા સામાન્ય ચૂંટણી-૨૦૧૭ માટેનું મતદાન તા. ૦૯-૧૨-૨૦૧૭ ના રોજ યોજાનાર છે. મતદાનના દિવસે મતદાન મથક આજુબાજુ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે અને મતદારો શાંતિ પૂર્વક મતદાન કરી શકે તે માટે ચારથી વધુ વ્યકિતઓને મતદાન મથકથી ૧૦૦ મીટરની ત્રિજયામાં એકઠા થવા ઉપર પ્રતિબંધ ફરમાવતુ જાહેરનામું બહાર પાડવા મને જરૂરી જણાય છે.

જેથી હું સુજીત કુમાર, આઈ.એ.એસ., જિલ્લા મેજીસ્ટ્રેટ, બોટાદ, જિલ્લો બોટાદ, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ ની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ સતાની રૂએ ફરમાવું છુ કે,

બોટાદ જિલ્લાના તમામ વિધાનસભા મતદાર વિભાગમાં સામાન્ય ચૂંટણીઓ માટે નકકી કરવામાં આવેલ મતદાન મથકોથી ૧૦૦ મીટરની ત્રિજ્યાના વિસ્તારમાં તા. ૦૯-૧૨-૨૦૧૭ ના સવારના ૭-૦૦ થી મતદાન પુર્ણ થાય ત્યા સુધી ચાર કરતા વધારે વ્યકિતઓની મંડળી કોઈએ ભરવી નહી કે બોલાવવી નહી કે સરઘસ કાઢવુ નહી અને એકઠા થવુ નહી.

વધુમાં આદેશ કરૂ છુ કે આ જાહેરનામુ નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહી.

(૧) સરકારી નોકરીમાં અથવા તેમની ફરજની રૂએ રોજગારીમાં હોય તેવી વ્યકિતઓને.

(૨) ફરજ ઉપર હોય તેવા બિન પોલીસ દળો જેવા કે ગૃહ રક્ષક દળ, ગ્રામ રક્ષક દળ, જી.આઈ.એસ.એફ. ફોરેસ્ટ, કસ્ટમ, સેન્ટ્રલ એકસાઈઝ, એન.સી.સી. વિગેરે કે જેને ખાસ પોલીસ.

(૩) લગ્નના વરઘોડાને.

(૪) સ્મશાન યાત્રાને.

(૫) વિધાનસભા સામાન્ય ચૂંટણી-૨૦૧૭ માટે મતદાર યાદીમાં નોંધાયેલ માન્ય મતદારોની મતદાન સમયેની હરોળ (ક્યુ)ને.

(૬) પોલીસ અધિક્ષકશ્રી અથવા તેમણે અધિકૃત કરેલ અધિકારીશ્રીએ અને જિલ્લાના ચૂંટણી અધિકારીશ્રી અગર મદદનીશ ચૂંટણી અધિકારીશ્રી અગર સબંધિત તાલુકા મામલતદારશ્રીએ અધિકૃત કરેલ વ્યકિતઓને.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાપાત્ર થશે.

વિધાનસભા સામાન્ય ચૂંટણી-૨૦૧૭ અન્વયે એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટની સત્તા ધરાવતા એકજીકયુટીવ મેજીસ્ટ્રેટશ્રીઓ તેમના કાર્યક્ષેત્રમાં આ જાહેરનામાનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર ઈસમો સામે આઈ.પી.સી. કલમ-૧૮૮ મુજબ ફરીયાદ દાખલ કરવાની રહેશે.

આ જાહેરનામાની જાહેર જનતાને જાણ થાય તે રીતે તેની બહોળી પ્રસિધ્ધી કરવી.

આજ તા. ૨૫ માહે નવેમ્બર-૨૦૧૭ ના રોજ મારી સહી તથા કચેરીની મહોર લગાવી બહાર પાડયું.

બોટાદ, ૨૫ માહે નવેમ્બર, સને ૨૦૧૭.

---

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની
કલમ-૧૪૪ હેઠળનું

## જાહેરનામુ

ક્રમાંક : ડીએમ/ડીસીએચ/૧૯/૨૦૧૭.-ગુજરાત વિધાનસભાની સામાન્ય ચૂંટણી-૨૦૧૭નું મતદાન બોટાદ જિલ્લામાં તા. ૦૯-૧૨-૨૦૧૭ ના રોજ થનાર છે. આ ચૂંટણીનું મતદાન મુકત, ન્યાયી અને શાંતિપુર્ણ વાતાવરણમાં યોજાય તે જોવાનો ચૂંટણીપંચનો અભિગમ રહેલો છે. આ ઉપરાંત આદર્શ આચાર સંહિતાનું પાલન થાય અને ખર્ચ ઉપર નિયંત્રણ તથા દેખરેખ જળવાઈ રહે તે જરૂરી છે. મતદાન માટે મુકરર થયેલ મતદાન મથકોની આસપાસના વિસ્તારમાં મતદાનના દિવસે ઉમેદવારો કે તેમના કાર્યકરો/ટેકેદારો દ્વારા પ્રચાર ઝુંબેશ કરવામાં આવે તેવી પૂરેપૂરી સંભાવના રહેલી છે. મતદાન કરવા જતા મતદારોને કોઈ ડર ન રહે તેમજ મતદાન કરવા કે ન કરવા બાબતે

કોઈ દબાણ ન થાય, ચૂંટણીના સંદર્ભમાં ચૂંટણી સબંધી પ્રતિકો દર્શાવી મતદારોનું ધ્યાન ખેંચવામાં ન આવે તે જોવુ જરૂરી છે. રાજકિય પક્ષો કે ઉમેદવારોના કાર્યકરો વચ્ચે ઘર્ષણ થતુ નિવારવા માટે અને મતદાન મથકોની આસપાસના વિસ્તારમાં જાહેર શાંતિ અને સલામતિ તેમજ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે હેતુથી કેટલાક કૃત્યો ઉપર પ્રતિબંધ ફરમાવવાનું જરૂરી જણાયેલ છે.

જેથી હું, સુજીત કુમાર, આઈ.એ.એસ., જિલ્લા મેજીસ્ટ્રેટ, બોટાદ જિલ્લા, બોટાદ, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ ની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ સતાની રૂએ ફરમાવું છું કે તા. ૦૯-૧૨-૨૦૧૭ ના રોજ નીચેના કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવવામાં આવે છે.

: કૃત્યો :

(૧) મતદાનના દિવસે મુકરર થયેલ મતદાન મથકના ૨૦૦ મીટરના વિસ્તારમાં ચૂંટણી સંબંધી બુથ ઉભા કરી શકાશે નહી. ચૂંટણી એજન્ટ અથવા પક્ષના/ઉમેદવારના કાર્યકર મતદાન મથકથી ૨૦૦ મીટરની બહાર મતદારોને મતદાર કાપલીના વિતરણ માટે ટેબલ અને ખુરશી રાખી શકશે. આવા સ્થળે ઉમેદવાર ૩×૧.૫ ફુટનું ફકત ૧(એક) બેનર રાખી શકશે.

(૨) મતદાનના દિવસે મતદાન મથકની ૨૦૦ મીટરના વિસ્તારમાં ચૂંટણી પ્રચાર કરી શકાશે નહી. ચૂંટણી સબંધી પત્રિકાઓનું વિતરણ થઈ શકશે નહી તેમજ ચૂંટણી પ્રતિકો દર્શાવી શકાશે નહી. મતદાન કરવા જતાં મતદારને ડર કે ભય ઉભો થાય તેવું કોઈ કૃત્ય કરી શકાશે નહી.

(૩) મતદારને કોઈ ઉમેદવારની તરફેણમાં કે વિરૂદ્ધમાં મતદાન કરવા કે મતદાન ન કરવા દબાણ કરી શકાશે નહી, કે કોઈપણ પ્રકારનું પ્રલોભન આપી શકાશે નહી.

(૪) મતદાનના દિવસે મતદાન મથકની આસપાસના ૨૦૦ મીટરના વિસ્તારમાં ચૂંટણી સબંધી હેતુ માટે મોબાઈલ ફોન, કોડલેસ ફોન જેવા વિજાણુ યંત્રોનો ઉપયોગ થઈ શકશે નહી.

(૫) મતદાનના દિવસે ઉમેદવાર/રાજકીય પક્ષના મંજુરીવાળા ચૂંટણી સબંધી વાહનોને પણ મતદાન મથકવાળા બિલ્ડીંગમાં પ્રવેશ કરવા ઉપર પ્રતિબંધ રહેશે.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને કેબલ ટેલીવિઝન (નિયમન) અધિનિયમ-૧૯૯૫ની જોગવાઈ મુજબ તથા ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાપાત્ર થશે.

વિધાનસભા સામાન્ય ચૂંટણી-૨૦૧૭ અન્વયે એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટની સત્તા ધરાવતા એકજીકયુટીવ મેજીસ્ટ્રેટશ્રીઓ તેમના કાર્યક્ષેત્રમાં આ જાહેરનામાનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર ઈસમો સામે આઈ.પી.સી. કલમ-૧૮૮ મુજબ ફરીયાદ દાખલ કરવાની રહેશે.

આ જાહેરનામાની જાહેર જનતાને જાણ થાય તે રીતે તેની બહોળી સિધ્ધ કરવી.

આજ તા. ૨૫ માહે નવેમ્બર-૨૦૧૭ ના રોજ મારી સહી તથા કચેરીની મહોર લગાવી બહાર પાડયું.

બોટાદ, ૨૫ માહે નવેમ્બર, સને ૨૦૧૭.

---

**શસ્ત્ર અધિનિયમ-૧૯૫૯ ની કલમ-૨૨ (૧) (ખ) હેઠળનો**

**હુકમ**

નં. ડી.એમ./વિ.સ.ચટણ/૦૭/૨૦૧૭.-ગુજરાત વિધાનસભાની સામાન્ય ચૂંટણી-૨૦૧૭ નું મતદાન બોટાદ જિલ્લામાં તા. ૦૯-૧૨-૨૦૧૭ ના રોજ થનાર છે. ભારતના ચૂંટણી પંચ દ્વારા ચૂંટણી યોજવા અંગેની જાહેરાત તા. ૨૫-૧૦-૨૦૧૭ના રોજ કરવામાં આવેલી છે. આ તારીખથી સમગ્ર રાજ્યમાં આદર્શ આચાર સંહિતા અમલમાં આવેલ છે. ચૂંટણી અનુસંધાને ઉમેદવાર કે સંભવિત ઉમેદવાર કે કોઈપણ રાજકીય પક્ષ કે કોઈપણ વ્યક્તિ/સંસ્થા ધ્વારા ચૂંટણી સંબંધી સભા, સરઘસ/રેલી કે તેવો કોઈપણ કાર્યક્રમ યોજવાની સંભાવના છે. આ ચૂંટણીનું મતદાન મુક્ત, ન્યાયી અને શાંતિપુર્ણ વાતાવરણમાં યોજાય તે જોવાનો ચૂંટણી પંચનો અભિગમ રહેલો છે. આથી સમગ્ર જિલ્લામાં જાહેર સુલેહશાંતિ અને કાયદો-વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે માટે યોગ્ય પગલા લેવાનું ઉચિત જણાયેલ છે. ચૂંટણી સંબંધિ કાર્યક્રમોમાં અને જાહેર સ્થળોએ લોકો તેમના પરવાનાવાળા હથિયાર સાથે રાખીને એકઠા થાય કે પસાર થાય તો લોકોમાં ભયમુક્ત વાતાવરણ ઉભુ કરવાનો હેતુ જળવાઈ નહી. વધુમાં મતદાનની પ્રક્રિયા તેમજ મતદ ગણતરીની પ્રક્રિયા શાંતિપુર્ણ વાતાવરણમાં પુરી કરી શકાય તે માટે પરવાનાવાળા હથિયારો ચૂંટણી પ્રક્રિયા પુર્ણ થાય ત્યાં સુધી સબંધિત પોલીસ સ્ટેશન ખાતે જમા લેવાનું વ્યાજબી અને યોગ્ય જણાય છે.

તેથી, હું, સુજીત કુમાર, આઈ. એ. એસ., જિલ્લા મેજિસ્ટ્રેટ, બોટાદ, શસ્ત્ર અધિનિયમ-૧૯૫૯ ની કલમ-૨૨ (૧) (ખ) તળે મને મળેલ સત્તાની રૂએ, આથી ફરમાવું છું કે, બોટાદ જિલ્લાના આત્મરક્ષણના તથા પાકરક્ષણના તમામ પરવાનેદારો (અપવાદ સિવાય) એ તેમના હથિયાર પરવાનાઓ દિવસ-૭ માં સંબંધિત પોલીસ સ્ટેશનમાં જમા કરાવી તે અંગેની પહોંચ મેળવી લેવી. (પોલીસ સ્ટેશન તરફથી સુચના મળવાની રાહ જોયા વિના આ હુકમને સુચના ગણી હથિયારો જમા કરાવી દેવાના રહેશે.)

**: અપવાદો :**

૧. બોટાદ જિલ્લામાં ફરજ બજાવતા તમામ મેજિસ્ટ્રેટશ્રીઓ, કેન્દ્ર સરકાર તેમજ રાજ્ય સરકારના તમામ અધિકારીઓ/કર્મચારીઓ, કે જેઓને કાયદા મુજબ હથિયાર (સરકારી કે અંગત) ધારણ કરવાની મંજુરી આપેલ છે અથવા પરવાનો ધરાવે છે તેમને અથવા ચૂંટણીની ફરજ ઉપર હોય તેમને લાગુ પડશે નહી.

૨. બેંકના રક્ષણ માટે બેંકના મેનેજરશ્રીના હોદ્દાની રૂએ પરવાનો મંજુર કરાયેલ હોય તે પરવાના અન્વયેના હથિયારોને લાગુ પડશે નહી.

૩. માન્યતા ધરાવતી સીક્યુરીટી એજન્સીઓના ગનમેન કે જેઓ રાષ્ટ્રીયકૃત, સહકારી કે કોમર્શીયલ બેન્કો, એ.ટી.એમ. તથા કરન્સી ચેસ્ટ લેવડ-દેવડ કરતાં હોય તેવા હથીયારધારી સીક્યુરીટી ગાર્ડને તેમના હથીયાર જમા કરાવવામાં આથી મુકિત આપવામાં આવે છે. આવા સીક્યુરીટી ગાર્ડ તેઓ જે બેન્કમાં ફરજ બજાવતાં હોવાનું સબંધિત બેન્કના મેનેજરનું પ્રમાણપત્ર તેઓના ફોટોગ્રાફ સાથેનું પોતાની પાસે રાખવાનું રહેશે.

૪. મોટા ઔદ્યોગીક એકમો, જાહેર સાહસો, બોર્ડ/નિગમની સલામતી માટે જે તે એકમના સંચાલક/જવાબદાર અધિકારીના નામે મંજુર કરાયેલ પરવાના અન્વયેના હથિયારો.

૫. જિલ્લા મેજિસ્ટ્રેટ અથવા અધિક જિલ્લા મેજિસ્ટ્રેટએ ખાસ પરવાનગી આપેલ હોઈ તેઓને લાગુ પડશે નહી.

વધુમાં આથી આદેશ કરુ છું કે, ઉપરોક્ત તમામ હથિયારો ચૂંટણી પ્રક્રિયા પુર્ણ થવાની તા. ૨૦-૧૨-૨૦૧૭ પછી દિવસ-૭માં સબંધિત તમામ પરવાનેદારોને પરત સોંપી આપવા અંગેની કાર્યવાહી સંબંધિત પોલીસ સ્ટેશનના અધિકારીએ પૂર્ણ કરી લેવાનો રહેશે. આવા હથિયારો સમયસર પરત મેળવી લેવાની જવાબદારી સંબંધિત પરવાનેદારની રહેશે.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર શસ્ત્ર અધિનિયમ-૧૯૫૯ ની કલમ-૩૦ તથા ફોજદારી કાર્યરીતિ અધિનિયમની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમનો જાહેરાત બોટાદ જિલ્લાની હદમાં સહેલાઈથી દેખી શકાય તેવી જગ્યાઓએ તેની નકલો ચોડીને તેમજ વર્તમાન પત્રો ધ્વારા કરવી.

આજ તા. ૨૫ માહે, ઓકટોબર-૨૦૧૭ના રોજ મારી સહી તથા કચેરીની મહોર લગાડી બહાર પાડ્યો.

બોટાદ, ૨૫ માહે ઓકટોબર, સને ૨૦૧૭.

---

**ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળનું**

**જાહેરનામુ**

ક્રમાંક : ડીએમ/ડીસીએચ/૧૬/૨૦૧૭.-ગુજરાત વિધાનસભાની સામાન્ય ચૂંટણી-૨૦૧૭નું મતદાન બોટાદ જિલ્લામાં તા. ૦૯-૧૨-૨૦૧૭ ના રોજ થનાર છે. આ ચૂંટણીનું મતદાન મુક્ત, ન્યાયી અને શાંતિપુર્ણ વાતાવરણમાં યોજાય તે જોવાનો ચૂંટણીપંચનો અભિગમ રહેલો છે. આ ઉપરાંત આદર્શ આચાર સંહિતાનું પાલન થાય અને ખર્ચ ઉપર નિયંત્રણ તથા દેખરેખ જળવાઈ રહે તે જરૂરી છે. લોક પ્રતિનિધિત્વ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૧૨૬ તથા ભારતના ચૂંટણી પંચના તા. ૦૮-૦૧-૨૦૦૭ ના પત્ર ક્રમાંક 464/INST/2007-PLN-1 ની માર્ગદર્શક સુચના અનુસાર મતદાન પુરૂ થવાના સમય પહેલા ૪૮-૦૦ કલાક અગાઉથી ચૂંટણી પ્રચાર કરવાનો અંત આવે છે. આ રીતે ચૂંટણી પ્રચાર બંધ થયા બાદ કોઈપણ રાજકીય પક્ષ/ઉમેદવારના પ્રચારકો/કાર્યકર્તાઓ કે જેઓ સબંધિત મત વિસ્તારના મતદાર ન હોય તેમણે તેવો વિસ્તાર છોડીને જતા રહેવાનું થાય છે. જિલ્લામાં જાહેર શાંતિ અને સલામતી તેમજ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે હેતુથી નીચે મુજબ હુકમ ફરમાવવાનું જરૂરી જણાયેલ છે.

જેથી હું, સુજીત કુમાર, આઈ.એ.એસ., જિલ્લા મેજીસ્ટ્રેટ, બોટાદ જિલ્લા, બોટાદ, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ ની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ સતાની રૂએ ફરમાવું છું કે બોટાદ જિલ્લામાં તમામ વિધાનસભા મતદાર વિભાગોમાં મતદાન પુરૂ થવાના સમય પહેલા ૪૮-૦૦ કલાક અગાઉ થી એટલે કે ચૂંટણી પ્રચાર બંધ થયા બાદ કોઈપણ રાજકીય પક્ષ/ઉમેદવારના પ્રચારકો/કાર્યકર્તાઓ કે જેઓ સબંધિત મત વિસ્તારના મતદાર ન હોય તેમણે તેવો વિસ્તાર છોડીને જતા રહેવાનું રહેશે.

: અપવાદો :

૧. ઉમેદવારોના મતદાન એજન્ટોને આ હુકમ લાગુ પડશે નહી. (મતદાન એજન્ટ હોવા અંગેનો આધાર સાથે રાખવાનો રહેશે.)

૨. ઉમેદવારના/રાજકીય પક્ષના ચૂંટણી સબંધિ કામગીરી સંભાળતા કાર્યકરોએ તેઓ જે-તે વિધાનસભા મત વિસ્તારના મતદાર હોવા અંગેનો આધાર (ફોટો ઓળખપત્ર સાથે) સાથે રાખવાનો રહેશે.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાપાત્ર થશે.

વિધાનસભા સામાન્ય ચૂંટણી-૨૦૧૭ અન્વયે એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટની સત્તા ધરાવતા એકજીકયુટીવ મેજીસ્ટ્રેટશ્રીઓ તેમના કાર્યક્ષેત્રમાં આ જાહેરનામાનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર ઈસમો સામે આઈ.પી.સી. કલમ-૧૮૮ મુજબ ફરીયાદ દાખલ કરવાની રહેશે.

આ હુકમની જાહેરાત બોટાદ જિલ્લાની હદમાં સહેલાઈથી દેખી શકાય તેવી જગ્યાઓએ તેની નકલો ચોડીને તેમજ વર્તમાન પત્રો દ્વારા કરવા.

આજ તા. ૨૫ માહે નવેમ્બર-૨૦૧૭ ના રોજ મારી સહી તથા કચેરીની મહોર લગાડી બહાર પાડયું.

બોટાદ, ૨૫ માહે નવેમ્બર, સને ૨૦૧૭.

---

**ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળનું**

## જાહેરનામુ

ક્રમાંક : ડીએમ/ડીસીએચ/૧૭/૨૦૧૭.-વિધાનસભા સામાન્ય ચૂંટણી-૨૦૧૭ માટેનું મતદાન તા. ૦૯-૧૨-૨૦૧૭ ના રોજ યોજાનાર છે. મતદાનના દિવસે મતદારોના મતની ગુપ્તતા જળવાઈ રહે તેમજ મતદાનની પ્રક્રિયામાં કોઈ અવરોધ ઉભો ન થાય તથા જાહેર સલામતી જળવાઈ રહે તે માટે મતદાન મથકની અંદર મોબાઈલ ફોન જેવા ઉપકરણો સાથે પ્રવેશ કરવા ઉપર પ્રતિબંધ ફરમાવતું જાહેરનામું બહાર પાડવું મને જરૂરી જણાય છે.

જેથી હું, સુજીત કુમાર, આઈ.એ.એસ., જિલ્લા મેજીસ્ટ્રેટ, બોટાદ જિલ્લા, બોટાદ, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ ની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ સતાની રૂએ ફરમાવું છું કે,

વિધાનસભા સામાન્ય ચૂંટણી-૨૦૧૭ માટે બોટાદ જિલ્લામાં નકકી થયેલ મતદાન મથકોમાં મતદાન એજન્ટ, ઉમેદવાર કે તેના ચૂંટણી એજન્ટ તેમજ સબંધિત મતદાન મથકના નોંધાયેલ મતદારો મોબાઈલ ફોન સાથે તા. ૦૯-૧૨-૨૦૧૭ ના સવારના ૭-૦૦ થી મતદાન પુર્ણ થાય ત્યાં સુધી પ્રવેશ કરી શકશે નહિ.

વધુમાં આદેશ કરૂ છું કે, મતદાન મથકમાં મોબાઈલ ફોન, કોડલેસ ફોન તથા વિજાણું ઉપકરણો સાથે પ્રવેશનો પ્રતિબંધ નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહિ.

૧. ચૂંટણી ફરજ સોંપાયેલ સરકારી અધિકારી અને કર્મચારીને.

૨. ચૂંટણી અધિકારીશ્રીએ ખાસ અધિકૃત કરેલ અધિકારીઓ/કર્મચારીઓ/વ્યકિતઓને.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને ભારતના ફોજદારી અધિનિયમની કલમ-૧૮૮ મુજબ સજા થશે.

વિધાનસભા સામાન્ય ચૂંટણી-૨૦૧૭ અન્વયે એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટની સત્તા ધરાવતા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટશ્રીઓ તેમના કાર્યક્ષેત્રમાં આ જાહેરનામાનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર ઈસમો સામે આઈ.પી.સી. કલમ-૧૮૮ મુજબ ફરીયાદ દાખલ કરવાની રહેશે.

આ જાહેરનામાની જાહેરાત જનતાને જાણ થાય તે રીતે તેની બહોળી પ્રસિધ્ધ કરવી.

આજ તા. ૨૫ માહે નવેમ્બર-૨૦૧૭ ના રોજ મારી સહી તથા કચેરીની મહોર લગાવી બહાર પાડયું.

બોટાદ, ૨૫ માહે નવેમ્બર, સને ૨૦૧૭.

---

વિષય : ચૂંટણી ફરજ માટે નિમાયેલા અધિકારીઓને/કર્મચારીઓને કાર્યપાલક મેજીસ્ટ્રેટની સતાઓ આપવા બાબત.

સંદર્ભ : સરકારશ્રીના ગૃહ વિભાગના તા. ૧૮-૧૦-૨૦૧૨ ના જાહેરનામા ક્રમાંક : જી.જી./૭૬/સીઆરપીસી/૩૨૧૨/૫૯૩/મ.

## આદેશ

નં. ડીએમ/વિ.સ.ચટણ/૦૧/૨૦૧૭.-વિધાનસભા સામાન્ય ચુંટણી-૨૦૧૭ અનુસંધાને બોટાદ જિલ્લાના તમામ વિધાનસભા મતદાર વિભાગો માટે જેમને મુખ્ય નિર્વાચન અધિકારીશ્રી તરફથી, આ કચેરી તરફથી, નોડલ અધિકારીશ્રી તરફથી, ચૂંટણી અધિકારી/મદદનીશ ચૂંટણી અધિકારી તરફથી ચૂંટણી વિષયક કામગીરી સોંપવામાં આવેલ હોય અને તે પૈકી જે અધિકારીઓ/કર્મચારીઓને હોદાની રૂએ કાર્યપાલક મેજીસ્ટ્રેટના અધિકાર મળેલા નથી તેવા અધિકારીઓ/કર્મચારીઓને ચુંટણીની કામગીરી મુકત અને ન્યાયી રીતે કરી શકાય તેમજ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ પર સંપૂર્ણપણે નિયંત્રણ રાખી શકાય તે માટે સરકારશ્રીના ગૃહ વિભાગના વંચાણ-૧માં દર્શાવેલ જાહેરનામાં મુજબ ફોજદારી કાર્યરીતિ અધિનિયમ ૧૯૭૩ ની કલમ-૨૧ હેઠળ ખાસ કાર્યપાલક મેજીસ્ટ્રેટ તરીકેના તથા આ અધિનિયમની કલમ-૪૪, ૧૦૩, ૧૦૪, ૧૨૯ અને ૧૪૪ ના અધિકારો મળવાપાત્ર થાય છે.

ઉકત અધિકારો ભોગવવા માટેનો વિસ્તાર અને સમયગાળો નિશ્ચિત કરવા માટે જિલ્લા મેજીસ્ટ્રેટને અધિકૃત કરવામાં આવેલ છે. હાલ ભારતના ચૂંટણી પંચની સૂચના અનુસાર રાજકીય પક્ષો/ઉમેદવારો તરફથી કરવામાં આવતા ખર્ચ ઉપર દેખરેખ અને નિયંત્રણ જળવાઈ રહે તે માટે સ્ટેટીક સર્વેલન્સ ટીમોની રચના કરવામાં આવેલી છે. આ ટીમોએ તેમની કામગીરી એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટની ઉપસ્થિતિમાં કરવાની રહે છે. જેમને એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટના અધિકારો હોદાની રૂએ મળેલા છે તેવા નાયબ મામલતદાર સંવર્ગના કર્મચારીઓને અન્ય ફરજો ફાળવવામાં આવેલી છે. આવા કર્મચારીઓની મર્યાદિત સંખ્યાને ધ્યાને લઈ સ્ટેટીક સર્વેલન્સ ટીમ માટે અન્ય ખાતાના કર્મચારીઓને ફરજો ફાળવવાનું જરૂરી જણાયેલ છે. આ કર્મચારીઓ એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટના અધિકારો હોદ્દાની

રૂએ ધરાવતા નથી. નીચે જણાવેલ કર્મચારીઓને ફલાઈંગ સ્કવોડ તથા સ્ટેટીક સર્વેલન્સ ટીમમાં નિયુકત કરવામાં આવેલ છે અને તેઓ જે વિધાનસભા મતદાર વિભાગમાં નિયુકત થયેલ હોય તે વિસ્તારના કાર્યક્ષેત્રમાં વિધાનસભા ચુંટણી-૨૦૧૭ની આચાર સંહિતા અમલમાં આવ્યા તા. ૨૫-૧૦-૨૦૧૭ થી મતગણતરી પુર્ણ થાય ત્યાં સુધીના સમયગાળા માટે ખાસ કાર્યપાલક મેજીસ્ટ્રેટ તરીકેના સરકારશ્રીએ આપેલ અધિકારો બોટાદ જિલ્લાની હદમાં ભોગવવા અધિકૃત કરવામાં આવે છે.

## ફલાઈંગ સ્કવોડ

| ક્રમ | વિધાનસભા મતદાર વિભાગ | ક્રમ | ફલાઈંગ સ્કવોડ નિયુકત કરવામાં આવતા કર્મચારીનું નામ | હોદ્દો | કચેરી | મો. નંબર |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૧૦૬ ગઢડા | ૧. | ૧. શ્રી સી. એસ. બોદર | એ.ટી.ડી.ઓ. | ગ્રામ વિકાસ તાલુકા પંચાયત વલ્લભીપુર | 8141303425 |
| | | ૨. | ૨. શ્રી એમ. એચ. પટેલ | ઈજનેર | ન. પા. ગઢડા | 9429406809 |
| | | ૩. | ૩. શ્રી ડી. કે. ત્રીવેદી | એ.ટી.ડી.ઓ | તાલુકા પંચાયત કચેરી ઉમરાળા | 7021238730 |
| ૨ | ૧૦૭ બોટાદ | ૪. | ૧. શ્રી આર. કે. લાકડીયા | વેચાણ વેરા નિરિક્ષક | વેચાણ વેરા કચેરી બોટાદ | 9879575119 |
| | | ૫. | ૨. શ્રી એન. બી. રામાનુજ | સીની. આસી. | વિભાગીય કચેરી, પી.જી.વી.સી.એલ. બોટાદ | 9925731171 |
| | | ૬. | ૩. શ્રી કે. એલ. પરમાર | કુટીર ઉદ્યોગ અધિકારી ગ્રેડ-૨ | જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર બોટાદ | 9712941082 |
| ૩ | ૫૯ ધંધુકા | ૭. | ૧. શ્રી આર. આર. કણઝરીયા | સી.વી.આઈ. | આસી. સેલ્ટેક્ષ ઓફીસરની કચેરી ઘટક-૧૦ ડી-૭ બહુમાળી ભવન, લાલ દરવાજા અમદાવાદ | 9714143988 |
| | | ૮. | ૨. શ્રી પી. કે. મોરીયા | સી.વી.આઈ. | આસી. સેલ્ટેક્ષ ઓફીસરની કચેરી ઘટક-૧૦ ડી-૭ બહુમાળી ભવન, લાલ દરવાજા અમદાવાદ | 9824912376 |

## સ્ટેટીક સર્વેલન્સ ટીમ

| ક્રમ | વિધાનસભા મતદાર વિભાગ | સ્ટેટીક સર્વેલન્સ ટીમ નિયુકત કરવામાં આવતા કર્મચારીનું નામ | હોદ્દો | કચેરી | મો. નંબર |
|---|---|---|---|---|---|
| ૧ | ૧૦૬ ગઢડા | શ્રી આર. એમ. ખેર | સી. કલાર્ક | તાલુકા પંચાયત ગઢડા | 9429469793 |
| | | શ્રી એન. એમ. ગોહિલ | સ. ઈ | તાલુકા પંચાયત ગઢડા | 9979051356 |
| | | શ્રી જી. બી. ઝાલા | વસુલાત કલાર્ક | ન. પા. ગઢડા | 9429406806 |
| | | શ્રી જી. કે. મોરી | વિસ્તરણ અધિકારી | તાલુકા પંચાયત ગઢડા | 9426936899 |
| ૨ | ૧૦૭ બોટાદ | શ્રી જે. ઓ. લાણીયા | સી. આસી. | વિભાગીય કચેરી પી.જી.વી.સી.એલ. બોટાદ | 9099902203 |
| | | શ્રી એસ. વી. ગોસાઈ | સમાજ કલ્યાણ નિરિક્ષક | જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી (વિજા) ની કચેરી બોટાદ | 7814410448 |
| | | શ્રી સી. કે. દેવળીયા | સમાજ કલ્યાણ નિરિક્ષક | જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી (વિજા) ની કચેરી બોટાદ | 9427088552 |
| ૩ | ૫૯ ધંધુકા | શ્રી સાહિલ પરવાલ | ઈન્સપેકટર | ૧૦૧ સેન્ટ્રલ જી.એસ.ટી. કમિશ્નરેટ ગાંધીનગર ઓલ્ડ હાઈકોર્ટ નવરંગપુરા અમદાવાદ | |
| | | શ્રી સમયસિંઘ મીણા | ઈન્સપેકટર | ૧૦૧ સેન્ટ્રલ જી.એસ.ટી. કમિશ્નરેટ ગાંધીનગર ઓલ્ડ હાઈકોર્ટ નવરંગપુરા અમદાવાદ | |

ઉકત કર્મચારી/અધિકારીએ કાર્યપાલક મેજીસ્ટ્રેટ તરીકેના અધિકારોનો ઉપયોગ ફકત ચૂંટણી લક્ષી કામગીરી માટે જ કરવાનો રહેશે અને આ અધિકારોનો દુરપયોગ ન થાય તેની તકેદારી રાખવાની રહેશે તેમજ તેમણે સબંધિત મતદાર વિભાગના ચૂંટણી અધિકારીશ્રીની સુચના મુજબ ફરજો બજાવવાની રહેશે.

બોટાદ, ૨૫ માહે ઓકટોબર, સને ૨૦૧૭.

સુજીતકુમાર,
જિલ્લા મેજીસ્ટ્રેટ,
બોટાદ.

## અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩(૧૯૭૪નો બીજો અધિનિયમ)નાં કાયદાની કલમ-૧૪૪ હેઠળ હુકમ

### જાહેરનામુ

(૧) નં. હોમ/પલસ/વશી/૧૩૦૨૧-૧૩૦૭૦/૨૦૧૭.-(૧) અમરેલી જિલ્લામાં વિધાનસભા સામાન્ય ચૂંટણી-૨૦૧૭ ને લક્ષમાં લઈ, જાહેર શાંતિ અને સલામતિ જાળવવા પગલાં લેવા જરૂરી છે. તેમજ અમરેલી જિલ્લામાં કોઈ પ્રકારની સુલેહશાંતિનો ભંગ ન થાય અને જાહેર સલામતોને અને કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે અને હાલમાં વિધાનસભા ચૂંટણીને અનુલક્ષીને કેન્દ્રીય ચૂંટણી આયોગે બંધારણની કલમ-૩૨૪ મુજબ બહાર પાડેલ ચૂંટણી આચાર સંહિતાની જોગવાઈઓના અમલ માટે નીચે જણાવ્યા મુજબ પ્રતિબંધ મૂકવાની જરૂર જણાય છે.

(૨) આથી હું, જે. એમ. ભટ્ટ, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, અમરેલી, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની (૧૯૭૪નો બીજો અધિનિયમની) કલમ-૧૪૪ અન્વયે મળેલ સત્તાની રૂઈએ સમગ્ર અમરેલી જિલ્લામા વિસ્તારમાં તારીખ : ૨૬-૧૦-૧૭ થી તા. ૨૦-૧૨-૧૭ સુધી (બંને દિવસો સહિત) નીચેના કૃત્યો કરવા પર આથી પ્રતિબંધ ફરમાવું છું,

#### કૃત્યો

(૧) જે છટાદાર ભાષણો આપવાથી, ચાળા પાડવાથી અથવા નકલો કરવાની, ચિત્રો, નિશાનીઓ, જાહેર ખબરો અથવા પદાર્થ અથવા વસ્તુઓ તૈયાર કરવાની, દેખાડવાની અથવા તેનો ફેલાવો કરવાની અથવા આવા અધિકારીઓના અભિપ્રાય પ્રમાણે સુરૂચિ અથવા નીતિનો ભંગ થતો હોય અથવા તેનાથી રાજ્યની સલામતિ જોખમાતી હોય અથવા જેના પરીણામે રાજ્ય ઉથલી પડવાનો સંભવ હોય, તેવા છટાદાર ભાષણો આપવાની અથવા ચાળા વિગેરે કરવાની અને તેના ચિન્હો, નિશાનીઓ વગેરે તૈયાર કરવાની, દેખાડવાની અથવા તેનો ફેલાવો કરવાના કૃત્યો.

(૩) આ હુકમનું ઉલ્લંઘન કરનાર અથવા ઉલ્લંઘન માટે મદદ કરનાર શખ્સ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

(૪) આથી હું, આદેશ આપુ છું કે આ હુકમની જાહેરાત અમરેલી જિલ્લાના સમગ્ર વિસ્તારમાં સહેલાઈથી દેખી શકાય તેવી જગ્યાઓએ તેની નકલો ચોંટાડીને, તેમજ વર્તમાનપત્રો અને દૂરદર્શન પરથી બહોળી પ્રસિધ્ધી કરાવવી.

(૫) આજ તારીખ : ૨૬ મી ઓકટોબર-૨૦૧૭ ના રોજ મારી સહી તથા સિક્કો કરી હુકમ બહાર પાડ્યો.

અમરેલી, ૨૬ માહે ઓકટોબર, સને ૨૦૧૭.

ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪નો બીજો અધિનિયમ) ના કાયદાની કલમ-૧૪૪ હેઠળ હુકમ

### જાહેરનામું

(૧) નં. હોમ/પલસ/૩/વશી/૧૩૪૧૧-૧૩૪૬૦/૨૦૧૭.- (૧) વિધાનસભા સામાન્ય ચૂંટણી-૨૦૧૭ અંતર્ગત ભારતીય નિર્વાચન આયોગ તરફથી જાહેરનામું બહાર પાડવામાં આવેલ છે. જેને અનુલક્ષી વિધાનસભા સામાન્ય ચૂંટણી માટે મતદાન તારીખ : ૦૯-૧૨-૨૦૧૭નાં રોજ તથા મતગણતરી તારીખ : ૧૮-૧૨-૨૦૧૭નાં રોજ રાખવામાં આવેલ છે. ચુંટણીપંચની સુચના અનુસાર મતદાનનાં દિવસે મતદાન મથકના ૧૦૦ મીટરની ત્રિજ્યાનાં વિસ્તારમાં કોઈપણ વ્યક્તિએ મોબાઈલ સેલ્યુલર ફોન, કોર્ડલેસ ફોન, વાયરલેસ સેટ, વોકીટોકી જેવા સાધનો સાથે કોઈ લઈ જઈ શકશે નહીં કે સાથે રાખી શકશે નહીં. તેવી જ રીતે મતગણતરીનાં દિવસે મત ગણતરી સ્થળે પણ સલામતી દળ દ્વારા કોર્ડન કરાયેલ પ્રતિબંધિત વિસ્તારમાં પણ કોઈપણ વ્યક્તિએ ઉપર મુજબનાં સાધનો/ઈન્સ્ટ્રુમેન્ટ સાથે લઈ જઈ શકશે નહીં કે સાથે રાખી શકશે નહીં. તે પ્રકારે પ્રતિબંધ ફરમાવવામાં આવે છે. તેમ છતાં કોઈ વ્યક્તિ દ્વારા ઉક્ત સૂચનાનું ઉલ્લંઘન કરી આવા સાધનો/ઈસ્ટ્રુમેન્ટ સાથે લઈ જશે કે તેમનાં કબજામાંથી મળી આવશે તો તે જપ્ત કરવામાં આવશે.

**આ હુકમ નીચેનાંને લાગુ પડશે નહી.**

(૧) કાયદો અને વ્યવસ્થા સાથે સંકળાયેલ અધિકારીઓ, સલામતી અધિકારીઓ કે જેઓની ફરજ મતદાન મથક, મતગણતરી સ્થળની નજીકમાં ફાળવેલ હોય તેમની ઓફીશ્યલ ફરજો સબબ આવા સાધનોનો ઉપયોગ કરી શકશે.

(૨) ચુંટણી પંચ દ્વારા નિયુક્ત થયેલ ચૂંટણી અધિકારીશ્રીઓ તેમજ મતદાન અને મતગણતરીની કામગીરી સાથે સંકળાયેલ અધિકારીશ્રીઓને તેમની ફરજના ભાગરૂપે ઉક્ત ઈન્સ્ટ્રુમેન્ટનો ઉપયોગ કરવાનો થાય તેવા કિસ્સાઓમાં.

(૨) આ હુકમનું ઉલ્લંઘન કરનાર અથવા ઉલ્લંઘન માટે મદદ કરનાર શખ્સ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ હેઠળ સજાને પાત્ર થશે. આ હુકમનો અમલ સમગ્ર અમરેલી જિલ્લાના વિસ્તારમાં તારીખ : ૦૯-૧૨-૨૦૧૭ તથા તારીખ : ૧૮-૧૨-૨૦૧૭ના રોજ કરવાનો રહેશે.

આજ તારીખ ૨૬ મી ઓકટોબર-૨૦૧૭ ના રોજ મારી સહી તથા સિકકો કરી હુકમ બહાર પાડ્યો.

અમરેલી, ૨૬ માહે ઓકટોબર, સને ૨૦૧૭.

**ભારતના ચુંટણી પંચ તરફથી બહાર પાડવામાં આવેલ આદર્શ, આચાર સંહીતાના ભાગરૂપે અમલવારી કરવા અંગેનું**

## જાહેરનામું

નં. હોમ/પલસ/૩/વશી/૧૩૩૭૬-૧૩૪૧૦/૨૦૧૭.-(૧) વિધાનસભા સામાન્ય ચૂંટણી-૨૦૧૭ના અનુસંધાને ભારતના ચુંટણી પંચ તરફથી આદર્શ આચાર સંહિતા બહાર પાડી તેનું કડકપણે પાલન કરવાની સુચનાઓ આપવામાં આવેલ છે. જેનો તમામ રાજકીય પક્ષો અને ચુંટણી લડતા ઉમેવારોએ તથા તેમના કાર્યકરોએ ચુસ્તપણે અમલ કરવાનો રહે છે. સદરહું આચાર સંહીતામાં સરકારી આરામગૃહો, ડાક બંગલાઓ, તથા વિશ્રામગૃહોનો ચુંટણીના કામે ઉપયોગ કરવા ઉપર પ્રતિબંધ છે.

(૨) આથી અમરેલી જિલ્લામાં સમાવિષ્ટ સરકારી, અર્ધસરકારી, સહકારી, તમામ આરામગૃહો, ડાક બંગલાઓ, વિશ્રામગૃહો, તથા જાહેર સ્થળો હોય તેવા તમામ ગૃહો કે સ્થળોનો રાજકીય પક્ષોના હોદેદારો, કાર્યકરો ચુંટણી લડતા ઉમેદવારો કે તેમના એજન્ટોએ રાજકીય હેતુસર અથવા ચુંટણી વિષયક પ્રચારના હેતુસર ઉપયોગ કરવા પ્રતિબંધ કરવામાં આવે છે. રાજકીય પ્રવૃતિમાં રાજકીય ચર્ચા, ટેલીફોન ઉપર વાર્તાલાપ તથા મુલાકાતી સહીતની બાબતોનો સમાવેશ થશે.

(૩) આ જાહેરનામાનો અમલ ચુંટણી પ્રક્રીયા પૂર્ણ થતા સુધી કરવાનો રહેશે. અને જાહેરનામાનો ભંગ કરનાર વ્યકિત સામે સને-૧૯૫૧ના લોક પ્રતિનિધિત્વ ધારા હેઠળ કડક પગલા લેવામાં આવશે ઉપરાંત ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ અન્વયે શિક્ષા કરવામાં આવશે.

(૪) આજ તારીખ : ૨૬મી ઓકટોબર-૨૦૧૭ ના રોજ મારી સહી તથા સિકકો કરી હુકમ બહાર પાડ્યો.

અમરેલી, ૨૬ માહે ઓકટોબર, સને ૨૦૧૭.

---

**ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ નો બીજો અધિનિયમ) નાં કાયદાની કલમ-૧૪૪ હેઠળ**

## હુકમ

(૧) નં. હોમ/પલસ/વશી/૧૩૩૨૬-૧૩૩૭૫/૨૦૧૭.- (૧) વિધાનસભા સામાન્ય ચૂંટણી-૨૦૧૭ અંતર્ગત ભારતીય નિર્વાચન આયોગ તરફથી કાર્યક્રમ બહાર પાડવામાં આવેલ છે. અને ચૂંટણી પ્રક્રિયા પણ શરુ થયેલ હોય, જેને અનુલક્ષી ચુંટણી પ્રચાર અભિયાન રાજકીય પક્ષોના કાર્યકરો અને ઉમેદવારો તરફથી શરૂ કરવામાં આવેલ છે. જે અન્વયે ઉમેદવારોના અત્યંત ખર્ચાળ પ્રચાર પર નિયંત્રણ મુકવા અંગેના તથા કાયદો અને વ્યવસ્થાની જાળવણી માટે ચૂંટણી પંચ તરફથી આપાયેલ સુચના મુજબ આ આચાર સંહિતાનો અમલ કરવા અને લોકોની માલ મીલ્કતને થતી હાની/બગાડ અટકાવવા પર નિયંત્રણ કરવાના હેતુ સારૂ સાવચેતિના પગલા લેવા જરૂરી જણાતા, હોઈ

(૨) હું, જે. એમ. ભટ્ટ, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, અમરેલી, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ ની (૧૯૭૪ નો બીજો અધિનિયમની) કલમ-૧૪૪ અન્વયે મળેલ સત્તાની રૂઈએ આથી ફરમાવું છું કે,

(૧) કોઈ ઉમેદવારોએ રાજકિયપક્ષોએ કે તેમના ટેકેદારોએ કોઈ કટાઉટ દરવાજા (GATES) કે કમાનો (ARCHES) ઉભા કરવા નહી.

(૨) જાહેર કે ખાનગી કે મકાનોની દિવાલો પર સુત્રો લખવા પોસ્ટર ચોંટાડવા, પ્રચાર સામગ્રી ચોંટાડવા અંગે પ્રવર્તમાન સ્થાનિક કાયદાઓનો ચુસ્ત પણે અમલ કરવો.

(૩) ઉમેદવાર, ઉમેદવારીપત્રો ભરવા કે ઉમેદવારીપત્રોની ચકાસણીમાં હાજરી આપવા કે ચૂંટણીપ્રતિકની ફાળવણીની પ્રક્રિયામાં હાજરી આપવા માટે ચૂંટણી અધિકારીશ્રીની કચેરીમાં જાય ત્યારે મોટા સરઘસ આકારે જવું નહી.

(૪) ખાનગી સ્થળોએ માલિકની પરવાનગી હોય તો પણ હોર્ડિંગ્સ પ્રદર્શિત કરવા નહીં.

(૫) જ્યાં એક પક્ષે સભાઓ યોજી હોય, એવા સ્થળોએ બીજા પક્ષે સરઘસ લઈ જવું નહીં. તેમજ પોતાના પક્ષના ચોપાનીયા વહેંચીને ખલેલ પહોંચાડવી નહીં. એક પક્ષે બહાર પાડેલા ભિંતપત્રો બીજા પક્ષના કાર્યકરોએ દુર કરવા નહીં.

(૩) આ હુકમનું ઉલ્લંઘન કરનાર અથવા ઉલ્લંઘન માટે મદદ કરનાર શખ્સ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ હેઠળ સજાને પાત્ર થશે. આ હુકમનો અમલ સમગ્ર અમરેલી જિલ્લાના વિસ્તારમાં હુકમની તારીખથી ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ થતાં સુધી કરવાનો રહેશે.

(૪) આજ તારીખ ૨૬ ઓકટોબર-૨૦૧૭ ના રોજ મારી સહી તથા સિકકો કરી હુકમ બહાર પાડ્યો.

અમરેલી, ૨૬ માહે ઓકટોબર, સને ૨૦૧૭.

---

**મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩ની પેટા-કલમ-૧ (આર) અન્વયેનો**

## હુકમ

નં. હોમ/પલસ/વશી/૧૩૨૨૧-૧૩૩૨૫/૨૦૧૭.-(૧) વિધાનસભા સામાન્ય ચૂંટણી-૨૦૧૭ ના કામે ભારતીય નિર્વાચન આયોગ ધ્વારા કાર્યક્રમ જાહેર થયેલ છે તે મુજબ ચૂંટણીઓનું મતદાન તા. ૦૯-૧૨-૨૦૧૭ ના રોજ યોજાનાર છે અને

મતગણતરી તા. ૧૮-૧૨-૨૦૧૭ના રોજ યોજાનાર છે. જેથી ચૂંટણી સબબ ઉમેદવારો, રાજકીય પક્ષો, કાર્યકરો વિગેરે દ્વારા ચૂંટણીના પ્રચારના કોઈ હેતુ માટે સભા કે સરઘસો યોજી તેમાં માઈકનો ઉપયોગ કરી અવાજનું પ્રદુષણ રોકવા અત્યંત આવશ્યક અને અનિવાર્ય જણાતા તેમજ લાઉડ સ્પીકર વગાડવાથી ધ્વની પ્રદુષણથી લોકોની તંદુરસ્તીને વિપરીત અસર પહોંચે છે. તેમજ લાઉડ સ્પીકરથી લોકોને ખલેલ ન પહોંચે અને લોકો/જાહેર પ્રજાને ધ્વની પ્રદુષણથી મુક્ત રાખવા માટે લાઉડ સ્પીકરનો ઉપયોગ કરવા પર પ્રતિબંધ મુકવો જરૂરી જણાય છે.

ગુજરાત પોલીસ અધિનિમય-૧૯૫૧ની કલમ-૩૩ની પેટા-કલમ-૧ (આર) અન્વયે મળેલ સત્તાની રૂઈએ હું, જે. એમ. ભટ્ટ, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, અમરેલી, જિલ્લાના તમામ વિસ્તારમાં નીચેની વિગતે લાઉડ સ્પીકરનો ઉપયોગ કરવા પર પ્રતિબંધ આથી ફરમાવું છું.

(૧) પરવાનગી સિવાય ચૂંટણી પ્રચાર કે વાહન પર રાખી માઈક ન વગાડવા.

(૨) સવારના ૦૬-૦૦ કલાકથી રાત્રિના ૧૦-૦૦ કલાક સુધી જ માઈકનો ઉપયોગ સક્ષમ અધિકારીશ્રીની પરવાનગી મેળવીને જ કરવાનો રહેશે.

(૩) ઉપર નિયત થયેલા સમય સિવાય ઉપયોગમાં લેવાયેલ કોઈપણ લાઉડ સ્પીકર કે અન્ય જોડાયેલ ઉપકરણો સહિત જપ્ત કરવામાં આવશે.

(૪) વાહનોમાં લાઉડ સ્પીકરનો ઉપયોગ કરતા તમામ રાજકીય પક્ષો, ઉમેદવારો કે કાર્યકરોએ લાઉડ સ્પીકર વાપરવા માટેની પરવાનગી આપતા સત્તા અધિકારીશ્રીને આ વાહનોની નોંધણી/ઓળખ નંબરો જણાવવા અને પરવાનગીપત્ર પર નોંધ કરવાની રહેશે.

(૫) લેખિત પરવાનગી વગર જે વાહનમાં લાઉડ સ્પીકરનો ઉપયોગ કરવામાં આવ્યો હોય તે વાહન, ઉપયોગમાં લેવાયેલ લાઉડ સ્પીકર અને તમામ ઉપકરણો સહિત જપ્ત કરવામાં આવશે.

(૬) ઉમેદવારે કે કાર્યકરે ઉપરોક્ત જણાવ્યા મુજબની પરવાનગી મેળવી તેની જાણ ચૂંટણી અધિકારીશ્રીને અને સ્થાનિક પોલીસ અધિકારીને કરવાની રહેશે.

(૭) કોઈ પણ મતવિસ્તારમાં મતદાન સમાપ્ત કરવા માટે નિયત કરવામાં આવેલા સમયના પહેલાના ૪૮ કલાક દરમ્યાન વાહન પર ગોઠવેલ કે અન્ય પ્રકારના લાઉડ સ્પીકરનો ઉપયોગ કરવો નહીં.

(૮) આ જાહેરનામુ ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ થાય ત્યાં સુધી અમલમાં રહેશે. આ જાહેરનામાનો ઉલ્લંઘન કરનાર અથવા ઉલ્લંઘન માટે મદદ કરનાર શખ્સ સને-૧૯૫૧ ના મુંબઈ પોલીસ અધિનિયમ આંક-૨૨ ની કલમ-૧૩૧ માં દર્શાવેલ શિક્ષાને પાત્ર થશે.

(૧૧) આજ તારીખઃ ૨૬ ઓકટોબર-૨૦૧૭ ના રોજ મારી સહી તથા સિકકો કરી હુકમ બહાર પાડ્યો.

અમરેલી, ૨૬ માહે ઓકટોબર, સને ૨૦૧૭.

---

### ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩(૧૯૭૪નો બીજો અધિનિયમ)નાં કાયદાની કલમ-૧૪૪ હેઠળ હુકમ

## જાહેરનામુ

નં. હોમ/૫લસ/૩/વશી/૧૩૬૭૧-૧૬૭૨૦/૨૦૧૭.- આગામી વિધાનસભા સામાન્ય ચૂંટણી-૨૦૧૭ સંદર્ભે ચુંટણી સમય દરમ્યાન રાજકીય પક્ષ/ઉમેદવારો તરફથી વિશાળ કટઆઉટ, જાહેરાત પાટીયા, બેનર્સ વિગેરે ધ્વારા પૈસાની તાકાતનું આડંબર યુકત પ્રદર્શન ન થાય તે હેતુથી રાજયના ચુંટણીપંચે નક્કી કરેલ આચારસંહિતા મુજબ તથા અપાયેલ વિવિધ સુચનાઓ અનુસાર નિયમન કરવું જરૂરી હોય, આથી હું, જે. એમ. ભટ્ટ, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, અમરેલી, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ થી મને મળલે સતાની રૂઈએ સમગ્ર અમરેલી જિલ્લાના સમગ્ર વિસ્તારમાં તારીખ : ૨૬-૧૦-૨૦૧૭ થી તારીખ : ૨૦-૧૨-૨૦૧૭ સુધી (બંન્ને દિવસો સહિત)ચુંટણી લક્ષી ધ્વજ અને બેનર્સ મુકવા બાબતે નીચે મુજબના નિયમો તાત્કાલીક અમલમાં લાવવા જરૂરી હોવાથી, નીચે મુજબના નિયમોનું પાલન કરવા ફરમાવું છુ.

(૧) કોઈપણ રાજકીય પક્ષો, ઉમેદવારો, અન્ય સંગઠનો, વ્યકિતઓ ધ્વારા ધ્વજ, બેનર્સ, હોર્ડીંગ, કટઆઉટ કે અન્ય પ્રચારના સાધનો બોર્ડ વિગેરે કોઈ પણ જાહેર જગ્યાએ તેમજ રસ્તા ઉપર મુકી શકાશે નહિ. આવા કટઆઉટ, બેનર્સ લગાડવા માટે જાહેર સ્થળો, ખાનગી માલીકીની મિલકતો માટે સક્ષમ સતાધિકારીની મંજુરી મેળવવાની રહેશે. અને (૧) આવા હોર્ડીંગની સાઈઝ ૧૫ ફુટ X ૮ ફુટથી વધારે હોવી જોઈએ નહી. (૨) કટઆઉટની ઉંચાઈ ૮ ફુટથી વધવી જોઈએ નહી. (૩) કટ આઉટ, જાહેરાત પાટીયા, બેનર્સ વિગેરે કોઈપણ સ્થળે મુકતા પહેલા તે અંગેની જાણ, શહેરી, જિલ્લા, જિલ્લા ચુંટણી અધિકારી અને કલેકટરશ્રીને તેમજ જિલ્લા પોલીસ અધિક્ષકશ્રીને કરવાની રહેશે. આ અંગેનો ખર્ચ જે વિસ્તારમાં હોર્ડીસ, કટઆઉટ, વિગેરે મુકેલ હોય તે વિસ્તારના ઉમેદવારના ચુંટણી ખર્ચના હિસાબોમાં યોગ્ય જગ્યાએ દર્શાવવાનો રહેશે. એટલે કે ખાનગી માલીકીની મિલકતો, સરકારી, મ્યુનીસીપાલીટી કે સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓ વિગેરે હસ્તકની જાહેર જગ્યાએ (આવી જગ્યા કે મિલ્કત ભાડેથી કે કોન્ટ્રાકટથી આપી હશે તો પણ) સક્ષમ અધિકારીની મંજુરી મેળવ્યા વિના મુકી શકાશે નહી.

(૨) કોઈપણ રાજકીય પક્ષો, ઉમેદવારો, અન્ય સંગઠનો, વ્યકિતઓ ધ્વારા કોઈપણ ખાનગી મિલકત ઉપર હંગામી, ઝડપથી અને ત્વરીત દુર થઈ શકે તેવી ઝંડીઓ અને બેનર્સ સિવાયનું કોઈપણ પ્રચાર સાહિત્ય, સાધનો કે સામગ્રી મીલકતના માલિકની પરવાનગી મેળવી હશે તો પણ મુકી/લગાડી/પ્રદર્શિત કરી શકાશે નહી.

(૩) કોઈપણ રાજકીય પક્ષો, ઉમેદવારો, અન્ય સંગઠનો, વ્યકિતઓ ચૂંટણી પ્રચાર માટે મેદાનોની અછત હોવાથી નીચેની શરતોને આધીન શાળા/કોલેજોના મકાનો રાજકીય મીટીંગ માટે ઉપયોગ કરી શકશે.

(I) શાળા અને કોલેજોના શૈક્ષણિક સમયપત્રકને કોઈપણ સંજોગોમાં અસર થવી જોઈએ નહી.

(II) શાળા/કોલેજોના વ્યવસ્થાપકોને તેની સામે કોઈ વાંધો હોવો જોઈએ નહી અને શાળા/કોલેજોના વ્યવસ્થાપક મંડળની અને સબ ડીવીઝનલ ઓફીસરની અગાઉથી મંજુરી લીધી હોવી જોઈએ.

(III) આવી મંજુરી વહેલા તે પહેલાના ધોરણે આપેલી હોવી જોઈએ. કોઈપણ રાજકીય પક્ષને આ મેદાનોનો એકહથ્થું ઉપયોગ કરવાની પરવાનગી આપવી નહી.

(IV) શાળા/કોલેજોના મેદાનોનો રાજકીય મીટીંગ માટે ઉપયોગ માટેની ફાળવણીમાં કોઈ ભંગને ચુંટણી પંચ ગંભીરતાથી જોશે અને આ બાબતની જવાબદારી સબ ડીવીઝનલ ઓફીસરની રહેશે.

(V) રાજકીય પક્ષો અને ઉમેદવારોએ કાળજી રાખવાની રહેશે કે ઉપર્યુકત ધોરણોના ભંગ ન થાય તે માટે કાળજી અને તકેદારી રાખવાની રહેશે.

(VI) જો આ મેદાનોનો પ્રચાર માટે ઉપયોગ કરવાનો હોય તો તેને કોઈપણ નુકશાન વગર સંબંધિત સંસ્થાને પરત સોપવું અને જો કોઈ નુકશાન થયુ હોય તેના વળતર સાથે પરત સોપવું. સબંધિત રાજકીય પક્ષ/પક્ષો મેદાન પરત સોપતી વખતે નુકશાનનું વળતર ચૂકવવા માટે જવાબદાર રહેશે.

ઉપર્યુક્ત સિવાયના સ્થળોએ સભા કે માટીંગ કે રેલી રાખી હોય, તે સ્થળની અંદર જે સમય દરમ્યાન સભા કે મીટીંગ કે રેલી યોજવામાં આવી હોય, તેટલા સમય દરમ્યાન જ બેનર્સ હોર્ડીંગ, કટ આઉટ, પોસ્ટર્સ વિગેરે પ્રદર્શિત કરી શકશે અને સભા પુરી થયા પછી તુર્તજ સભા કે મીટીંગ કે રેલીના સ્થળે પ્રદર્શિત કરવામાં આવેલ બેનર્સ, હોર્ડીંગ, કટ આઉટ, પોસ્ટર્સ વિગેરે દૂર કરવાના રહેશે. તેમજ સ્થાનિક વહીવટી તંત્રે લાદેલા નિયંત્રણો તેમજ સ્થાનિક કાયદાઓ હેઠળના નિયંત્રણો અને જો કોર્ટના કોઈ હુકમો હોય તો તેને આધિન ચુંટણી પ્રચાર માટેના સરઘસમા પોસ્ટર્સ અને બેનર્સ પ્રદર્શિત કરવાની પરવાનગી આપી શકાશે. તે સિવાય કોઈ ઉમેદવારોએ રાજકીય પક્ષોએ કે તેમના ટેકેદારો, અન્ય સંગઠનો, વ્યકિતઓ, ધ્વારા કોઈ કટ આઉટ દરવાજા (Gates) કે કમાનો (Arches) ઉભા કરવા નહી.

(૪) કોઈપણ રાજકીય પક્ષો, ઉમેદવારો, અન્ય સંગઠનો, વ્યકિતઓ ધ્વારા ઉકત નિયમોનો ભંગ કરી, ચુંટણીલક્ષી ધ્વજ, બેનર્સ, હોર્ડીંગ્સ, બોર્ડ, પોસ્ટર, કટ આઉટ કે અન્ય કોઈપણ પ્રકારનું પ્રચાર સાહિત્ય વિગેરે પ્રદર્શિત કરશે તો ભારતીય ફોજદારી ધારાની કલમ-૧૮૮ તથા ૧૭૧(ઝ) હેઠળ સજાને પાત્ર થશે. શિક્ષાપાત્ર કાર્યવાહીને પાત્ર ઠરશે. ''આ હુકમનો અમલ તથા તેના ભંગ બદલ પગલાં લેવા માટે હેડકોન્સ્ટેબલ થી નીચેના ન હોય, તેવા પોલીસ અધિકારીશ્રીને અધિકૃત કરવામાં આવે છે.''

(૫) આજ તારીખ ૨૬ મી ઓકટોબર-૨૦૧૭ ના રોજ મારી સહી તથા સિકકો કરી હુકમ બહાર પાડ્યો.

અમરેલી, ૨૬ માહે ઓકટોબર, સને ૨૦૧૭.

---

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩(૧૯૭૪ નો બીજો અધિનિયમ) નાં કાયદાની કલમ-૧૪૪ હેઠળ હુકમ

## જાહેરનામુ

(૧) નં. હોમ/પલસ/૩/વશી/૧૩૫૨૧-૧૩૫૭૦/૨૦૧૭.- આગામી વિધાનસભા સામાન્ય ચૂંટણી-૨૦૧૭ માટે અમરેલી જિલ્લામાં તારીખ : ૦૯-૧૨-૨૦૧૭ નાં રોજ મતદાન થનાર છે. જેનાં અનુસંધાને મતદાનના દિવસે વાહનોના ઉપયોગ ઉપર દેખરેખ રાખવા અને મતદારો માટે વાહનોનો દુરઉપયોગ કરી મતદારોને અયોગ્ય રીતે રીઝવી ન શકાય તે હેતુથી અને જો આમ કરવામાં ન આવે તો તેમનાં પ્રતિસ્પર્ધી ઉમેદવારો તથા જનસામાન્ય તરફથી સાચી ખોટી ફરિયાદો ઉપસ્થિત થવા અને એકબીજા જુથો વચ્ચે મનદુઃખ અને ઘર્ષણ ઉભુ થવાની સંભાવના તેમજ સુલેહશાંતિનો ભંગ થવા સંભવ રહે છે. જે અટકાવવા તેમજ ઉકત ચૂંટણી દરમ્યાન વાહનોના દુરઉપયોગ પર નિયંત્રણ કરવા હેતુ સારૂ સાવચેતીના પગલા લેવા અનિવાર્ય જણાતા,

(૨) આથી, હું, જે. એમ. ભટ્ટ, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, અમરેલી, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની (૧૯૭૪નો બીજો અધિનિયમની) કલમ-૧૪૪ અન્વયે મળેલ સતાની રૂઈએ આથી ફરમાવું છું કે,

(૩) કોઈપણ રાજકીય પક્ષો કે બિનરાજકીય પક્ષો તેમનાં ઉમેદવારો અગર અપક્ષ ઉમેદવારો કે તેઓના ચુંટણી એજન્ટ દ્વારા અથવા તેઓની સહમતિથી બીજા કોઈ વ્યકિત દ્વારા મતદાનના દિવસે,

(ક) મતદારોને મતદાન મથક સુધી લાવવા અને મતદાન મથક થી લઈ જવાની મફત સગવડ માટે વાહનો ભાડે રાખવા કે મેળવવા અથવા એ રીતે વાહનોનો ઉપયોગ કરવા ઉપર પ્રતિબંધ ફરમાવવામાં આવે છે.

(ખ) વિધાનસભાની ચૂંટણી બાબતમાં ચૂંટણી લડતા દરેક ઉમેદવાર મતદાનના દિવસે નીચે પ્રમાણે વાહનનો ઉપયોગ કરી શકશે.

૧. પોતાના ઉપયોગ માટે સમગ્ર મતદાર વિભાગ પુરતું એક વાહન.

૨. આ ઉપરાંત યથા પ્રસંગ ચૂંટણી એજન્ટ અથવા કાર્યકરો અથવા તેના પક્ષના કાર્યકરોના ઉપયોગ માટે વિધાનસભા મતદાર દીઠ એક વાહન વાપરવા હક્કદાર રહેશે.

(ગ) ઉક્ત ઉપયોગમાં લેવાનાર વાહન વિધાનસભા ઉમેદવારે તેના ચુંટણી અધિકારીશ્રી પાસે નોંધણી કરાવવાનું રહેશે અને નોંધણી કરાવેલ વાહનની પરમીટ તેઓશ્રી પાસેથી મેળવી તે અસલ પરમીટ વાહનની ઉપર સહેલાઈથી દેખાઈ આવે તે રીતે વીન્ડસ્કીન પર ચોંટાડવાની રહેશે.

(ઘ) આ ઉપરાન્ત સ્પષ્ટતા કરવાની કે હવેથી ઉમેદવાર કે તેના એજન્ટ અથવા પક્ષના કાર્યકરો કે કાર્યકરો માત્ર ચાર/ત્રણ/કે બે પૈડાવાળાં વાહનો, દા.ત. મોટરકાર (દરેક પ્રકારની), ટેક્ષી, ઓટોરીક્ષા કે રીક્ષા અને દ્વિચક્રી વાહનોનો જ ઉપયોગ કરી શકશે. આ વાહનોમાં ડ્રાયવર સહિત કુલ-પાંચથી વધારે વ્યક્તિઓ બેસી શકશે નહિ.

(ચ) મતદાનના દિવસે જો ઉમેદવાર મતદાર વિભાગ વિસ્તારમાં હાજર નહિ રહે તો, ઉમેદવારના પોતાના ઉપયોગ માટે મંજૂરી માટે અપાયેલ વાહન અન્ય કોઈ વ્યક્તિઓ દ્વારા વાપરી શકાશે નહિ.

(૪) આ હુકમનું ઉલ્લંઘન કરનાર અથવા ઉલ્લંઘન માટે મદદ કરનાર શખ્સ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ હેઠળ સજાને પાત્ર થશે. આ હુકમનો અમલ સમગ્ર અમરેલી જિલ્લાના વિસ્તારમાં તા. ૦૯-૧૨-૨૦૧૭ ના દિવસે કરવાનો રહેશે.

(૫) આજ તારીખ ૨૬ ઓકટોબર-૨૦૧૭ ના રોજ મારી સહી તથા સિક્કો કરી હુકમ બહાર પાડ્યો.

અમરેલી, ૨૬ માહે ઓકટોબર, સને ૨૦૧૭.

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪નો બીજો અધિનિયમ) નાં કાયદાની કલમ-૧૪૪ હેઠળ હુકમ

## જાહેરનામુ

નં. હોમ/૫લસ/૩/વશી/૧૩૫૭૧-૧૩૬૨૦/૨૦૧૭.- આગામી વિધાનસભા સામાન્ય ચૂંટણી-૨૦૧૭ માટે અમરેલી જિલ્લામાં તારીખ : ૦૯-૧૨-૨૦૧૭ નાં રોજ મતદાન થનાર છે. જેના અનુસંધાને ચૂંટણી પ્રચાર અભિયાનરૂપે રાજકીય/બિન રાજકીયપક્ષનાં કાર્યકરો અને ચૂંટણી ઉમેદવારો તરફથી ચૂંટણી પ્રચાર ઝુંબેશ પોતપોતાના મત વિસ્તારમાં શરૂ કરવામાં આવેલ હોય આ પ્રચારનાં હેતુ માટે તેઓ દ્વારા કે તેની સહમતિથી બીજા કોઈ વ્યક્તિ દ્વારા પ્રચાર માટે વાહનોનો ઉપયોગ કરવામાં આવશે. તે સંજોગોમાં આવા વાહનો ઉપર દેખરેખ રાખવા અને ઉમેદવારનાં પ્રચાર માટે વપરાતા વાહનોનાં સબંધમાં થતો ખર્ચ યોગ્ય રીતે જાહેર થાય તે હેતુથી અને જો આમ કરવામાં ન આવે તો તેમનાં પ્રતિસ્પર્ધી ઉમેદવારો તથા જનસામાન્ય તરફથી સાચી ખોટી ફરીયાદો ઉપસ્થિત થવા અને એકબીજા જુથો વચ્ચે મનદુઃખ અને ઘર્ષણ ઉભુ થવાની સંભાવના તેમજ સુલેહશાંતિનો ભંગ થવા સંભવ રહે છે.

(૨) આથી હું, જે. એમ. ભટ્ટ, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, અમરેલી, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની (૧૯૭૪નો બીજો અધિનિયમ) કલમ-૧૪૪ અન્વયે મળેલ સતાની રૂઈએ આથી ફરમાવું છું કે,

(૩) કોઈપણ રાજકીય પક્ષો કે બિન રાજકીય પક્ષો તેમનાં ઉમેદવારો કે તેની સહમતિથી બીજા કોઈ વ્યક્તિ દ્વારા ચૂંટણી પ્રચાર માટે વાહનોનો ઉપયોગ કરવામાં આવે તેવા તમામ વાહનો વિધાનસભાનાં ચૂંટણી ઉમેદવારે તેમના ચૂંટણી અધિકારીશ્રી પાસે આવા વાહનો રજીસ્ટર કરાવવાનાં રહેશે અને રજીસ્ટર કરાયેલ વાહન માટે તેઓશ્રી પાસેથી પરમીટ મેળવી, અસલ પરમીટ જ વાહનોની ઉપર સહેલાઈથી દેખાય આવે તે રીતે વિન્ડસ્કીન પર ચોંડવાની રહેશે. કોઈપણ સંજોગોમાં પરમીટની ફોટોકોપી ચાલશે નહિ, ઉપરાન્ત પરમીટ મેળવ્યા સિવાય અને વાહન રજીસ્ટર કરાવ્યા સિવાય કોઈપણ વાહનોનો ચૂંટણી પ્રચાર માટે ઉપયોગ કરી શકાશે નહીં. આ નિયંત્રણો યાંત્રિક શક્તિથી કે અન્ય રીતે ચાલતા તમામ વાહનોને લાગુ પડશે.

(૪) આ હુકમનું ઉલ્લંઘન કરનાર અથવા ઉલ્લંઘન માટે મદદ કરનાર શખ્સ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ હેઠળ સજાને પાત્ર થશે.

(૫) આ હુકમનો અમલ સમગ્ર અમરેલી જિલ્લાના વિસ્તારમાં હુકમની તારીખથી ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ થતા સુધી કરવાનો રહેશે.

(૬) આજ તારીખ ૨૬ મી ઓકટોબર-૨૦૧૭ના રોજ મારી સહી તથા સિક્કો કરી હુકમ બહાર પાડ્યો.

અમરેલી, ૨૬ માહે ઓકટોબર, સને ૨૦૧૭.

---

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ નો બીજો અધિનિયમ)નાં કાયદાની કલમ-૧૪૪ હેઠળ

## હુકમ

(૧) નં. નાચિ/પલસ/૩/વશી/૧૩૪૩૧-૧૩૫૨૦/૨૦૧૭.-(૧) ગુજરાત રાજયમાં વિધાનસભા સામાન્ય ચૂંટણી-૨૦૧૭ અંતર્ગત ભારતીય નિર્વાચન આયોગ તરફથી શરૂ કરવામાં આવેલ છે. જેને અનુલક્ષી ચુંટણી પ્રચાર અભિયાન રાજકીય પક્ષોના કાર્યકરો અને ઉમેદવારો તરફથી શરૂ કરવામાં આવેલ છે. જે અન્વયે ઉમેદવારો અથવા કાર્યકરો મકાન માલીકોની પરવાનગી લીધા વીના ચુંટણી લક્ષી પ્રચાર પત્રો ચોડીને, સુત્રો લખીને, નિશાની ચીત્રીને વિગેરે દ્વારા સાર્વજનીક અને ખાનગી મકાનોની દિવાલ બગાડે છે. આ માટે મુખ્ય ચૂંટણી અધિકારીશ્રી, ગુજરાત રાજ્ય તરફથી રાજકીય પક્ષો અને ઉમેદવારોના માર્ગદર્શન માટે આચાર સંહિતા અને તે અંગે સુચનાઓ થઈ આવેલ છે. જે મુજબ રાજકીય પક્ષો અથવા ઉમેદવારો પોતાના કાર્યકરોને ધ્વજ દંડ ઉભા કરવા, બેનરો લટકાવવા, નોટીસો ચોટાડવા, સુત્રો લખવા વિગેરે માટે પરવાનગી વિના કોઈપણ વ્યક્તિની જમીન મકાન, કમ્પાઉન્ડ, દિવાલ વિગેરેનો ઉપયોગ કરવા દેશે નહી તેવી જોગવાઈ કરવામાં આવેલ છે. આથી આ આચાર સંહિતાનનો અમલ કરવા અને લોકોની માલ મીલ્કતને થતી હાની/બગાડ અટકાવવા માટે ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ આ રાજકીય પક્ષો, ઉમેદવારો અને તેઓના કાર્યકરોને જણાવવામાં આવે છે કે સબંધિત મકાન માલિકોની પરવાનગી લીધા વિના જાહેર તથા ખાનગી મીલ્કત ઉપર ચુંટણી લક્ષી પ્રચારપત્રો ચોડીને, સુત્રો લખીને દિવાલ બગાડવી નહી તેમજ કોઈ ધ્વજદંડ કે બેનરો લટકાવવા નહી તેમજ કોઈપણ વ્યકિતની જમીન, મકાન, કમ્પાઉન્ડ દિવાલ વિગેરેની પરવાનગી વગર ઉપયોગ કરવો નહી.

જાહેર મકાન એ શબ્દ પ્રયોગ બાબતમાં આથી જણાવવામાં આવે છે કે આ શબ્દ પ્રયોગમાં મીલ્કત, ધોરીમાર્ગ પર અથવા માર્ગના મહત્વના ચાર રસ્તા પર માર્ગ દિશા બતાવવા સાઈન બોર્ડ, માઈલ પથ્થરો, રેલ્વે ફાટક ઉપર ચેતવણી નોટીસ, રેલ્વે પ્લેટફોર્મ, બસ ટર્મીનલ્સના બોર્ડ તેમજ જાહેર જનતાની સગવડતા માટે પ્રદર્શીત કરેલ હોય તેવા અન્ય નોટીસ બોર્ડનો સમાવેશ થશે.

(૨) ભારતીય ચૂંટણી કમીશ્નર તરફથી થયેલ હુકમ મુજબ કોઈપણ સંજોગોમાં ત્રણ કરતા વધારે સુરક્ષા વાહનો ધરાવતો કાફલો કેન્દ્રના અથવા રાજ્ય સરકારના કોઈ મંત્રીએ લઈ જવા નહીં તેમજ રાજકીય પક્ષ કે ઉમેદવાર કે ચુંટણી એજન્ટે ચુંટણીના પ્રચાર માટે કાફલામાં ત્રણ થી વધુ વાહનો એકી સાથે લઈ જઈ શકશે નહી તેવું ઠરાવેલ છે. આથી ચૂંટણી પંચના આદેશની અમલવારી કરવા આ જિલ્લામાં આવેલ તમામ રાજકીય પક્ષો, ઉમેદવારો અને તેમના ચુંટણી એજન્ટોને ફરમાવવામાં આવે છે કે ચુંટણીના પ્રચાર માટે જતા કાફલામાં એકી સાથે ત્રણ થી વધુ વાહનો લઈ જઈ શકાશે નહી.

(૩) આ હુકમનું ઉલ્લંઘન કરનાર અથવા ઉલ્લંઘન માટે મદદ કરનાર શખ્સ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ હેઠળ સજાને પાત્ર થશે.

(૪) આ હુકમનો અમલ સમગ્ર અમરેલી જિલ્લાના વિસ્તારમાં હુકમની તારીખથી ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ થતા સુધી કરવાનો રહેશે.

(૫) આજ તારીખ ૨૬ ઓકટોબર-૨૦૧૭ ના રોજ મારી સહી તથા સિકકો કરી હુકમ બહાર પાડ્યો.

અમરેલી, ૨૬ માહે ઓકટોબર, સને ૨૦૧૭.

---

## અખબારી યાદી

નં. નાચિ/પલસ/વશી/૧૭.-ભારતીય નિર્વાચન આયોગ તરફથી આગામી વિધાનસભા સામાન્ય ચુંટણી-૨૦૧૭ નો કાર્યક્રમ બહાર પાડવામાં આવેલ છે. સબબ અમરેલી જિલ્લાના તમામ ખાનગી મુદ્રણાલયોના માલીકો/સંચાલકોને તથા ઝેરોક્ષ કે અન્ય રીતે નકલો છાપનારાઓને આથી જણાવવામાં આવે છે કે ચૂંટણીપંચની જોગવાઈ અનુસાર ચૂંટણી અંગેના સાહીત્ય, ભીતપત્ર, ચોપાનીયા, કે આવી અન્ય સામગ્રી પર મુદ્રક પંકિતમાં મુદ્રક અને પ્રકાશનના નામ અને પુરા સરનામાં સ્પષ્ટપણે અવશ્ય છાપવાના રહેશે. તેમજ સદરહું ચૂંટણીપંચના હુકમની જોગવાઈ મુજબનું એકરારનામું પ્રકાશક પાસેથી મુદ્રકે બે નકલમાં મેળવી તેની એક નકલ ઉપર જણાવ્યાની વિગતે તેમણે કે તેમના પ્રતિનિધિએ મુદ્રક કરેલ (છાપેલ દસ્તાવેજની) ચાર નકલો સાથે નીચે સહી કરીને દિન-૨માં મળી જાય તે રીતે રજુ કરવાની રહેશે.

ચૂંટણીપંચના હુકમની જોગવાઈઓ અને ચુંટણી પંચની આ અંગેની સુચનાઓના કોઈપણ ઉલ્લંઘનને ખુબ જ ગંભીરતાથી લેવામાં આવશે અને આવા કેસોમાં પ્રવર્તમાન જોગવાઈઓ મુજબ મુદ્રણાલયનું લાયસન્સ/રજીસ્ટ્રેશન રદ કરવા જેવા કડક પગલા લેવામાં આવશે જેની તમામ સબંધકર્તાઓએ નોંધ લેવી.

અમરેલી, માહે ઓકટોબર, સને ૨૦૧૭.

**વિષયઃ** પેમ્પલેટસ અને પોસ્ટર્સના છાપકામ અને પ્રસિધ્ધ બાબત.

નં. હોમ/પલસ/વશી/૧૩૦૭૧-૧૩૧૨૦/૧૭.-જય ભારત સાથ ઉપરોકત વિષય સબંધે જણાવવાનું કે, વિધાનસભા સામાન્ય ચુંટણી-૨૦૧૭ દરમ્યાન વ્યકિતગત અથવા રાજકીય પક્ષો ધ્વારા જુદી જુદી પત્રિકાઓ, પેમ્ફલેટસ પોસ્ટરો, કે જો કોઈ ચૂંટણી અંગેનું સાહિત્ય પ્રેસમાં છપાવવામાં આવે તેની ચાર નકલો અને પ્રેસના માલિકે (પ્રકાશકે) નમુના-''ક''માં કરેલ એકરારપત્ર (ડેકલેરેશન) તેમજ પ્રસિધ્ધ કરનાર વ્યકિતએ નમુના ''ખ'' માં કરેલ એકરારપત્ર (ડેકલેરેશન) સાથે સાહિત્ય છાપકામોની ચાર પત્રો અત્રેની કચેરીએ મોકલવા દરેક પ્રેસ માલિકો/સંચાલકોને લખવામાં આવેલ પત્રની નકલો આ સાથે સામેલ રાખી મોકલેલ છે. તો આપના તાલુકામાં આવેલ પ્રેસ માલિકોને તેની નકલો પહોંચતી કરી સ્થળપ્રતે સહિ લઈને સહિવાળી નકલ અત્રેની કચેરીને દિન-૪ (ચાર)માં મોકલી આપશો.

અમરેલી, માહે ઓકટોબર, સને ૨૦૧૭.

જે. એમ. ભટ્ટ,<br>
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,<br>
અમરેલી.

---

**ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪નો અધિનિયમ) ની કલમ-૧૪૪ હેઠળ કાઢેલ**

## હુકમ

નં.એમએજી/સી/વિધાનસભા ચૂંટણી/૦૧/૨૦૧૭.-ભારતના ચૂંટણી પંચ દ્વારા વિધાનસભા સામાન્ય ચૂંટણી-૨૦૧૭ માટેનો કાર્યક્રમ જાહેર થયેલ છે. વિધાનસભા સામાન્ય ચૂંટણી-૨૦૧૭ના અનુસંધાને ભારતના ચૂંટણીપંચ તરફથી આદર્શ આચારસંહિતા બહાર પાડી તેનું કડકપણે પાલન કરવાની સૂચનાઓ આપવામાં આવેલ છે. જેનો તમામ રાજકીય પક્ષો અને ચૂંટણી લડતા ઉમેદવારોએ તથા તેમના કાર્યકરોએ ચુસ્તપણે અમલ કરવાનો રહે છે. સદરહું આચાર સંહીતામાં સરકારી આરામગૃહો, ડાક બંગલાઓ તથા વિશ્રામગૃહોનો ચૂંટણીના કામે ઉપયોગ કરવા ઉપર પ્રતિબંધ છે. આથી હું, એચ. આર. મોદી, જી.એ.એસ. અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ગીર સોમનાથ જિલ્લો, વેરાવળ ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ થી મને મળેલ સત્તાની રૂઈએ ફરમાવું છું કે, ગીર સોમનાથ જિલ્લામાં સમાવિષ્ટ સરકારી, અર્ધસરકારી, સહકારી તમામ આરામગૃહો, ડાક બંગલાઓ, વિશ્રામગૃહો તથા જાહેર સ્થળો હોય તેવા તમામ આરામગૃહો કે સ્થળોનો રાજકીય પક્ષોના હોદેદારો, કાર્યકરો, ચૂંટણી લડતા ઉમેદવારો કે તેમના એજન્ટોએ રાજકીય હેતુસર અથવા ચૂંટણી વિષયક પ્રચારના હેતુસર ઉપયોગ કરવા પ્રતિબંધ કરવામાં આવે છે. રાજકીય પ્રવૃતિમાં રાજકીય ચર્ચા, ટેલીફોન ઉપર વાર્તાલાપ તથા મુલાકાતી સહિતની બાબતનો સમાવેશ થશે.

વિશ્રામગૃહ, ડાક બંગલા અને સરકારી રહેણાંકના ઉપયોગનો સત્તાધારી પક્ષના સભ્યો કે ઉમેદવારો એક હથ્થુ અધિકારો ભોગવશે નહી અને આવા રહેણાંકનો ઉપયોગ બીજા પક્ષના સભ્યો કે ઉમેદવારોને પણ કરવા દેવાનો રહેશે. પરંતુ કોઈપણ પક્ષ કે ઉમેદવારો આવા રહેણાંક (તેની સાથે જોડાયેલ આંગણું)નો ઉપયોગ પ્રચાર, કચેરી કે અન્ય ચૂંટણી વિષયક હેતુ માટે કરી શકશે નહીં. સરકારી વિશ્રામગૃહ, અતિથિગૃહ વિગેરેમા રાજકીય પક્ષના સભ્યોની પ્રાસંગિક મિટીંગને પણ મંજુરી આપી શકાશે નહીં. ચૂંટણી પ્રચારમાં આવેલા જે મહાનુભાવોને સરકારી વિશ્રામગૃહ/અતિથિગૃહ વિગેરેમાં રહેવા માટે રૂમ ફાળવવામાં આવી હોય તે મહાનુભાવોને લાવતા લઈ જતા વાહનને જ સરકારી વિશ્રામગૃહ/અતિથિગૃહ વિગેરેના કમ્પાઉન્ડમાં રાખી શકશે. જો તેઓ આ માટે એક કરતા વધારે વાહનોનો ઉપયોગ કરતા હોય તો બેથી વધારે વાહનોને વિશ્રામગૃહ/અતિથિગૃહના કમ્પાઉન્ડમાં રાખી શકશે નહીં.

એક જ વ્યકિતને ૪૮ કલાકથી વધુ સમય માટે રૂમ ફાળવી શકાશે નહીં. તેમજ ચૂંટણી પ્રચાર માટે આવતા કોઈપણ મહાનુભાવોને મતદાન પુરૂ થવાના ૪૮ કલાક પહેલા વિશ્રામગૃહ/અતિથિગૃહમાં રહેવા માટે રૂમ ફાળવી શકાશે નહીં.

જે રાજકીય પદાધિકારીઓને ઝેડ કક્ષાની કે જે તે રાજયના કાયદાની જોગવાઈ અનુસાર સમાજ કે તેથી વધુ કક્ષાની સુરક્ષા આપવામાં આવેલી હોય તેમને રાજ્ય સરકાર હસ્તકના સરકારી વિશ્રામગૃહ/અતિથિગૃહ, કેન્દ્ર સરકાર અગર રાજ્ય સરકારના જાહેર સાહસોના વિશ્રામગૃહ/અતિથિગૃહમાં રહેવા માટે રૂમ ફાળવી શકાશે. પરંતુ ચૂંટણી કામગીરી સંભાળતા અધિકારી અગર નિરીક્ષકોને અગાઉથી આ રૂમ ફાળવવામાં આવેલ ન હોય તે શરતે જ આ પ્રકારે રહેવા માટે રૂમો ફાળવી શકાશે. જો કે રાજકીય પદાધીકારીઓ વિશ્રામગૃહ/અતિથિગૃહમાં રહેતા હોય તે દરમ્યાન કોઈપણ પ્રકારની રાજકીય પ્રવૃતિ હાથ ધરી શકશે નહીં.

આ હુકમનું ઉલ્લંઘન કરનાર અથવા ઉલ્લંઘન માટે મદદ કરનાર શખ્સ ભારતીય દંડસંહિતાની કલમ-૧૮૮ હેઠળ સજાને પાત્ર થશે.

આ જાહેરનામુ ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ થતાં સુધી એટલે કે તા. ૨૦-૧૨-૨૦૧૭ સુધી અમલમાં રહેશે.

આજ તારીખઃ ૨૬, માહે : ઓક્ટોબર-૨૦૧૭ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કો કરી બહાર પાડેલ છે.

ગીર સોમનાથ, ૨૬ માહે ઓક્ટોબર, સને ૨૦૧૭.

લોક પ્રતિનિધિત્વ અધિનિયમ-૧૯૫૧ની
કલમ-૧૨૭ (ક) હેઠળનો

## હુકમ

નં. એમએએજી/સી/વિધાનસભા ચૂંટણી/૬/૨૦૧૭.-ભારતના ચૂંટણી પંચ તરફથી વિધાનસભા સામાન્ય ચૂંટણી-૨૦૧૭ની ચૂંટણી માટેનો કાર્યક્રમ નક્કી કરવામાં આવેલ છે. જે અંતર્ગત ગીર સોમનાથ જિલ્લામાં વિધાનસભાની ચૂંટણી તા. ૦૯-૧૨-૨૦૧૭ના રોજ યોજાનાર છે.

આ ચૂંટણી દરમ્યાન રાજકીય પક્ષો તેમના ટેકેદારો-ઉમેદવારો દ્વારા ચોપાનીયા, ભીંતપત્રો વિગેરે દ્વારા ચૂંટણી પ્રચાર કરવામાં આવનાર છે. આ ચૂંટણી પ્રચારના સાહિત્યના કારણે કોઈ અનિચ્છનીય બનાવ ન બને, આચાર સંહિતાનું પાલન થાય, જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાય રહે, મુકત અને ન્યાયી વાતાવરણમાં ચૂંટણી યોજાય તે માટે ચૂંટણીને લગતા ચોપાનીયા, ભિંતપત્રો વિગેરે સાહિત્યના મુદ્રણ અને પ્રકાશન બાબતે નિયમન કરવું જરૂરી જણાય છે.

સબબ હું, એચ. આર. મોદી, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ગીર સોમનાથ જિલ્લો, વેરાવળ, લોક પ્રતિનિધિત્વ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૨૭(ક) હેઠળ ચૂંટણીને લગતા ચોપાનીયા, ભીંતપત્રો વિગેરેના મુદ્રણ અને પ્રકાશન માટે નીચેની વિગતે પ્રતિબંધ મુકવા હુકમ કરૂં છું.

(૧) કોઈપણ વ્યકિત જેના પર તેના મુદ્રક અને પ્રકાશનના સ્પષ્ટ દેખાય આવે તે રીતે નામ-સરનામા ન હોય તેવા ચૂંટણીને લગતા ચોપાનીયા કે ભિંતપત્રો છાપી કે પ્રસિધ્ધ કરી શકાશે નહીં અથવા છપાવી કે પ્રસિધ્ધ કરાવી શકાશે નહીં.

(૨) કોઈપણ વ્યકિત ચૂંટણીને લગતા ચોપાનીયા કે ભીંતપત્રો છાપી શખશે નહીં કે છપાવવાની વ્યવસ્થા કરી શકાશે નહીં સિવાય કે :

(ક) તેની સહીવાળા અને તેને અંગત રીતે ઓળખતી હોય તેવી વ્યકિતઓએ શાખ કરેલ પ્રકાશકની ઓળખ અંગેના નમુના-ક માં એકરારની બે નકલ તેણે મુદ્રકને આપી હોય અને,

(ખ) લખાણ છપાયા પછી મુદ્રકે ત્રણ દિવસની અંદર છાપકામ કરેલ લખાણની ચાર નકલો, પ્રકાશકના એકરારની એક નકલ તથા મુદ્રકે છાપકામ કરેલ દસ્તાવેજની નકલોની સંખ્યા અને મુદ્રક કામ અંગે થયેલ ખર્ચની વિગતો નમુના-ખ ની એક નકલ નીચેનાને મોકલી હોય,

(૧) રાજ્યના પાટનગરમાં છાપવામાં આવ્યું હોય ત્યારે મુખ્ય ચૂંટણી અધિકારી અને

(૨) બીજે પ્રસંગે જો જિલ્લામાં છાપવામાં આવ્યું હોય તે જિલ્લાના જિલ્લા મેજીસ્ટ્રેટને

(૩) આ કલમ પુરતુ :-

(ક) હાથે નકલો કરવા સિવાય લખાણની વધુ નકલો કાઢવાની કોઈપણ પ્રક્રિયા મુદ્રણ ગણાશે અને ''મુદ્રક'' એ શબ્દનો તે પ્રમાણે અર્થ થશે અને

(ખ) ''ચૂંટણીને લગતુ ચોપાનીયું અથવા ભીંતપત્ર'' એટલે ઉમેદવાર કે ઉમેદવારોના જુથની ચૂંટણીની તકો વધારવા કે તેને પ્રતિકુળ અસર પહોંચાડવા માટે વહેંચવામાં આવેલ કોઈ છાપેલું ચોપાનીયું કે હેન્ડ બીલ અથવા બીજુ-ત્રીજુ લખાણ અથવા ચૂંટણીને લગતુ ભીંતપત્ર એવો અર્થ થાય છે. પરંતુ માત્ર ચૂંટણી સભાની તારીખ, સમય, સ્થળ અને બીજી વિગતો આપતા અથવા ચૂંટણી એજન્ટ કે કાર્યકરોને કામકાજ અંગેની સુચનાઓ આપતા હેન્ડ બીલ કે ભીંતપત્રોનો તેમાં સમાવેશ થતો નથી.

પેટા-કલમ-(૧) અથવા પેટા કલમ-(૨)ની કોઈ પણ જોગવાઈઓનો ભંગ કરનાર વ્યકિત છ માસ સુધીના કેદની અથવા બે હજાર રૂપિયા સુધીના દંડની અથવા બન્ને શિક્ષાને પાત્ર થશે. તેમજ મુદ્રાલયોનું લાયસન્સ રદ કરવા પાત્ર થશે.

આ હુકમ સમગ્ર ગીર સોમનાથ જિલ્લાના વિસ્તારમાં પ્રસિધ્ધ થયા તારીખથી તાત્કાલીક અસરથી ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ થાય ત્યાં સુધી એટલે કે તા. ૨૦-૧૨-૨૦૧૭ સુધી અમલમાં રહેશે.

આજ તારીખ : ૨૬ માહે : ઓક્ટોબર-૨૦૧૭ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કો કરી બહાર પાડેલ છે.

ગીર સોમનાથ, ૨૬ માહે ઓક્ટોબર, સને ૨૦૧૭.

---

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩ની પેટા
કલમ-૧ (ધ ક) તથા (ધ ખ) હેઠળ કાઢેલ

## હુકમ

નં.એમએજી/સી/વિધાનસભા ચૂંટણી/૭/૨૦૧૭.-ભારતના ચૂંટણી પંચ તરફથી વિધાનસભા સામાન્ય ચૂંટણી-૨૦૧૭ માટેનો કાર્યક્રમ નક્કી કરવામાં આવેલ છે. જે અંતર્ગત ગીર સોમનાથ જિલ્લામા વિધાનસભાની ચૂંટણી તા. ૦૯-૧૨-૨૦૧૭ના રોજ યોજાનાર છે.

આ ચૂંટણી દરમ્યાન રાજકીય પક્ષો, ઉમેદવારો તથા તેના ટેકેદારો દ્વારા પોસ્ટર, બેનર્સ, હોર્ડિંગ્સ દ્વારા ચૂંટણી પ્રચાર કરવામાં આવનાર છે આ ચૂંટણી પ્રચારમાં ચૂંટણીની આદર્શ આચારસંહિતાનું પાલન થાય, ચૂંટણી મુક્ત, ન્યાયી તથા પારદર્શક રહે તે માટે

ખાનગી મિલ્કત/સ્થળ/જગ્યા વિગેરે ઉપર ચૂંટણી પ્રચારના બોર્ડ/બેનર્સ વિગેરેના ઉપયોગ નિયંત્રિત કરવા જરૂરી જણાય છે.

સબબ હું, એચ. આર. મોદી, જી.એ.એસ, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ગીર સોમનાથ જિલ્લો, વેરાવળ, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની નીચેની કલમ-૩૩ ની પેટા કલમ-૧ (ધ ક) તથા (ધ ખ) હેઠળ મને મળેલ સત્તાની રૂઈએ વિધાનસભાની સામાન્ય ચૂંટણી-૨૦૧૭ દરમ્યાન ખાનગી મિલકત/સ્થળ જમીન ઉપર ચૂંટણી પ્રચારના બોર્ડ, બેનર્સ, કમાન તોરણ પોસ્ટર્ડ વિગેરે મુકવા માટે નીચેની બાબતોનો અમલ કરવા હુકમ કરૂ છુ.

(૧) જો સ્થાનિક કાયદાઓ ખાનગી જગ્યાઓ પર દિવાલ પર લખાણ કરવા, પોસ્ટરો ચોંટાડવા, પાંટિયા/ઝંડા/લખાણો વિગેરે લગાડવાની મંજુરી આપતા ન હોય તો ખાનગી મિલ્કતના માલિકની મંજુરી મળી હોય તો પણ ખાનગી જગ્યા ઉપર દિવાલ ઉપર લખાણ કરી શકાશે નહીં, પોસ્ટરો ચોંટાડી શકાશે નહી, પાંટિયા/ઝંડા/લખાણો લગાડી શકાશે નહી.

(૨) કોઈપણ સ્થાનિક કાયદા હેઠળના કોઈપણ પ્રતિબંધને આધિન રહીને, રાજકીય પક્ષો, ઉમેદવારો, તેમના એજન્ટો, કાર્યકર્તાઓ અને ટેકેદારો અન્ય કોઈ વ્યકિતને અગવડ ન પડે તે રીતે તેમની પોતાની મિલકત ઉપર તેમના ચૂંટણી પ્રતિકને દર્શાવતા તેમના પક્ષના બેનર, ફલેગ લગાવી શકશે પરંતુ શરત એ રહેશે કે તેઓ સ્વેચ્છાથી અને કોઈપણ પક્ષ, સંગઠન કે વ્યકિત તરફથી કોઈપણ પ્રકારના દબાણ વગર તેમના ખુદના સંકલ્પથી આમ કરતા હોય.

(૩) સ્થાનિક કાયદાઓ જયાં તેના માલિકની પરવાનગીથી ખાનગી જગ્યામા દિવાલો ઉપર લખાણ કરવાની અને પોસ્ટરો ચોંટાડવાની, હોર્ડિગ્સ, બેનર્સ વગેરે લગાડવાની મંજુરી આપતા હોય ત્યાં, ચૂંટણી લડતા ઉમેદવારો અથવા સંબંધીત રાજકીય પક્ષોએ મિલકતના માલિક પાસેથી લેખિત પરવાનગી મેળવવાની રહેશે અને તેની ફોટો નકલો નિયત પ્રોફોર્માના પત્રક સાથે તેમાં (ખાનગી) મિલ્કતના જે માલિક પાસેથી આવી પરવાનગી મેળવી હોય તેનું નામ અને સરનામું, આ હેતુ માટે તેના દ્વારા કરવામાં આવેલા અથવા કરવામાં આવનાર ખર્ચ તેમાં દર્શાવીને, તે ચૂંટણી અધિકારીને અથવા હેતુ માટે તેમના દ્વારા પદનામિત કરવામાં આવેલા અધિકારીને મોકલી આપવાની રહેશે. ચૂંટણી અધિકારી અથવા ચૂંટણી નિરીક્ષક અથવા ચૂંટણીની કામગીરી સાથે સંકળાયેલા કોઈપણ અધિકારી સરળતાથી તપાસ કરી શકે એ માટે, ચૂંટણી લડતા ઉમેદવારે ગામ/વિસ્તાર/નગરવાર આવી માહિતી, આવશ્યક પરવાનગી મેળવી લીધા પછી ૩ દિવસની અંદર ચૂંટણી અધિકારીને અથવા અધિકૃત અધિકારીને પૂરી પાડવાની રહેશે.

આ હુકમનો ભંગ કરનાર ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧ તથા ચૂંટણી અંગેની આચાર સંહિતાની જોગવાઈઓ હેઠળની શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ સમગ્ર ગીર સોમનાથ જિલ્લાના વિસ્તારમાં તાત્કાલીક અસરથી ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ થાય ત્યાં સુધી એટલે કે તા. ૦૯-૧૨-૨૦૧૭ સુધી અમલમાં રહેશે.

આજ તારીખ : ૨૬, માહે ઓકટોમ્બર-૨૦૧૭ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કો કરી બહાર પાડેલ છે.

ગીર સોમનાથ, ૨૬ માહે ઓકટોબર, સને ૨૦૧૭.

---

### ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે

## હુકમ

નં. એમએજી/સી/વિધાનસભા ચૂંટણી/૮/૨૦૧૭.-ગીર સોમનાથ જિલ્લામા વિધાનસભાની આગામી સામાન્ય ચૂંટણીઓ તા. ૦૯-૧૨-૨૦૧૭ ના રોજ યોજાનાર છે. જે ચૂંટણી દરમ્યાન પ્રચાર તથા જાહેરાતો રાજકીય પક્ષો, ઉમેદવારો, સંસ્થાઓ તરફથી તેમજ ટેકેદારો તરફથી ઈલેકટ્રોનીક મીડીયા માધ્યમથી પ્રસારણ સ્થાનિક કંન્ટ્રોલરૂમ થી તથા ટીવી ચેનલના રાજ્ય, આંતરરાજ્ય કે આંતરરાષ્ટ્રીય તેમજ AM અને FM રેડીયો નેટવર્ક, સિનેમા ગૃહો વગેરેથી કરવામાં આવે છે. ભારતના ચૂંટણીપંચે વિધાનસભાની ચૂંટણીઓ મુક્ત અને ન્યાયી વાતાવરણમાં યોજી શકાય તેમજ ચૂટણીપંચે જાહેર કરેલ આદર્શ આચારસંહિતાની અમલવારી સુનિશ્ચિત કરી શકાય, ચૂંટણી પ્રચાર સમયગાળા દરમ્યાન હરીફ ઉમેદવારો, રાજકીય પક્ષો, સામાન્ય નાગરીકો તરફથી આચારસંહિતાનો ભંગ થયાની ફરીયાદો મળતી રહે છે. આવી ફરીયાદોમાં તથ્ય છે કે કેમ? તે ચકાસી શકાય તથા આદર્શ આચારસંહિતાનું કે લોક પ્રતિનિધિત્વ અધિનિયમ-૧૯૫૧ની કોઈ કલમોનો કે અત્રેથી બહાર પાડવામાં આવેલ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૧૪૪ હેઠળના જાહેરનામાનો ભંગ થયેલ છે કે કેમ? તે ચકાસી જો ભંગ થયાનું જણાય તો તાકિદના ધોરણે સબંધિતો સામે યોગ્ય પગલા લઈ શકાય તે માટે નીચે જણાવેલ વિગતે આદેશ કરવો જરૂરી જણાય છે.

સબબ હું, એચ. આર. મોદી, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ગીર સોમનાથ જિલ્લો, વેરાવળ, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ થી મળેલ સત્તાની રૂઈએ આથી ફરમાવું છું કે, સ્થાનિક કેબલ નેટવર્ક, ટીવી ચેનલ, સિનેમાગૃહો વગેરે ધ્વારા ઈલેકટ્રોનીક પ્રસાર માધ્યમ તરીકે તેઓ તરફથી આ જાહેરનામાની તારીખથી ચૂંટણી પ્રક્રિયા પુરી થતાં સુધીના સમયગાળા દરમિયાન પ્રત્યેક દિવસે સવારના ૦૬-૦૦ કલાકથી બીજા દિવસના સવારના ૦૬-૦૦ કલાક સુધીમાં કરવામાં આવેલ પ્રસારણની પ્રત્યેક સી.ડી. પુરા થતાં ચોવીસ કલાકના

સમયગાળા બાદ તુરતજ સવારના ૧૦-૩૦ કલાક સુધીમાં મદદ. માહિતી નિયામકશ્રી, ગીર સોમનાથની કચેરી ખાતે રૂબરૂ પહોંચાડી, સી.ડી. પહોંચાડયા બદલ પહોંચ મેળવી રેકર્ડમાં જાળવવી તેમજ જરૂરીયાતના પ્રસંગે ૨૪ કલાક પુરા થતા પહેલા પણ કરવામાં આવેલ પ્રસારણની સીડી માંગવામાં આવે તો રજુ કરવાની રહેશે.

મદદ. માહિતી નિયામકશ્રી, આદર્શ આચારસંહિતાની અમલવારી અર્થે નિયુકત નોડલ અધિકારીશ્રી તથા સબંધિત ચૂંટણી અધિકારીશ્રી તથા મદદ. ચૂંટણી અધિકારીશ્રીએ પણ જરૂરીયાતના કિસ્સામાં અમલવારી માટે તાકિદે કાર્યવાહી કરવી.

આ હુકમ ઈસ્યુ કર્યા તારીખથી બે માસ સુધી અમલમાં રહેશે. તેમજ તે ગીર સોમનાથ જિલ્લાના સમગ્ર વિસ્તારને લાગુ પડશે.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર લોક પ્રતિનિધિત્વ અધિનિયમ-૧૯૫૧ની કલમની જોગવાઈ મુજબ તથા ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ તથા હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ : ૨૬, માહે ઓકટોમ્બર-૨૦૧૭ના રોજ મારી સહી તથા સિક્કા હેઠળ હુકમ કર્યો.

ગીર સોમનાથ, ૨૬ માહે ઓકટોબર, સને ૨૦૧૭.

---

### ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ કાઢેલ

### હુકમ

નં. એમએજી/સી/વિધાનસભા ચૂંટણી/૧૧/૨૦૧૭.-ભારતના ચૂંટણી પંચ તરફથી વિધાનસભા સામાન્ય ચૂંટણી-૨૦૧૭ માટેનો કાર્યક્રમ જાહેર થયેલ છે. વિધાનસભા સામાન્ય ચૂંટણી-૨૦૧૭ અંતર્ગત ગીર સોમનાથ જિલ્લામાં ઉકત ચુંટણીના સંદર્ભે તા. ૧૪-૧૧-૨૦૧૭ થી તા. ૨૪-૧૧-૨૦૧૭ સુધી ઉમેદવારી પત્રો રજુ કરવાનો, ચકાસવાનો અને પરત ખેંચવાનો સમયગાળો નિયત કરવામાં આવેલ છે.

ઉકત ચૂંટણી દરમ્યાન ઉમેદવારીપત્રો રજુ કરવાના સમય દરમ્યાન ઉમેદવારી પત્રો રજુ કરવાના સ્થળે રાજકીય પક્ષો, ઉમેદવારો તથા તેમના ટેકેદારો/ગૃપો દ્વારા વાહનોનો ઉપયોગ થનાર છે. તેમજ ઉમેદવારી પત્રો રજુ કરવાના સમય દરમ્યાન મોટી સંખ્યામાં ઉમેદવારના ટેકેદારો/જુદા જુદા ગૃપો એકત્ર થવા સંભવ હોય તે સંજોગોમાં ઉમેદવારી પત્રો રજુ કરવાના સ્થળે તંગદીલીભર્યુ વાતાવરણ ન સર્જાય તેમજ આક્ષેપ-પ્રતિ આક્ષેપ દ્વારા જાહેર સુલેહશાંતીનો ભંગ થાય તેવા સંજોગો ઉપસ્થિત ન થાય તથા કાયદો વ્યવસ્થા જળવાઈ રહે તે હેતુથી ભારતના ચૂંટણી પંચ તરફથી આપવામાં આવેલ ગાઈડલાઈન મુજબ વાહનોની સંખ્યા ઉપર નિયંત્રણ તથા વ્યકિતઓની સંખ્યા ઉપર નિયમન કરવું જરૂરી જણાય છે.

સબબ, હું, એચ. આર. મોદી, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ગીર સોમનાથ જિલ્લો, વેરાવળ, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ સત્તાની રૂઈએ ગીર સોમનાથ જિલ્લાના વિસ્તારમા માટે તા. ૧૪-૧૧-૨૦૧૭ થી તા. ૨૪-૧૧-૨૦૧૭ દરમ્યાન ઉમેદવારી પત્રો રજુ કરવા, ચકાસવા અને પરત ખેંચવાના સમયે ઉમેદવારી પત્રો રજુ કરવાના સ્થળે રાજકીય પક્ષો, ઉમેદવારો તથા તેમના ટેકેદારો/ગૃપો ધ્વારા વાહનોનો થનાર ઉપયોગ અંતર્ગત તેમજ ઉમેદવારી પત્રો રજુ કરવાના સમય દરમ્યાન મોટી સંખ્યામાં ઉમેદવારોના ટેકેદારો/જુદા જુદા ગૃપો એકત્ર થવા સંભવ હોય તે સંજોગોમાં ઉમેદવારી પત્રો રજુ કરવાના સ્થળે તંગદીલી ભર્યુ વાતાવરણ ન સર્જાય તથા કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે હેતુથી ભારતના ચૂંટણી પંચ તરફથી તેઓના તા. ૦૯-૦૨-૨૦૦૭ ના પત્રથી આપવામાં આવેલ ગાઈડલાઈન મુજબ વાહનોની સંખ્યા ઉપર નિયંત્રણ તથા વ્યકિતઓની સંખ્યા ઉપર નિયમન માટે નીચે મુજબના નિયમો કરી તેના અમલ માટે હુકમ કરુ છુ.

(૧) વિધાનસભા સામાન્ય ચૂંટણી-૨૦૧૭ના ચૂંટણી અધિકારીશ્રી તથા મદદનીશ ચૂંટણી અધિકારીશ્રીની કચેરી ખાતે ઉમેદવારી પત્ર રજુ કરવાના સમયે તેઓશ્રીની કચેરીની આસપાસ ૧૦૦ મીટરની ત્રિજયામાં ત્રણ કરતા વધારે વાહનો એકી સાથે ચલાવવા નહી.

(૨) વિધાનસભા સામાન્ય ચૂંટણી-૨૦૧૭ ચૂંટણી અધિકારીશ્રી તથા મદદનીશ ચૂંટણી અધિકારીશ્રીની કચેરી ખાતે ઉમેદવારી પત્ર રજુ કરવાના સમયે તેઓશ્રીની કચેરીની આસપાસ ૧૦૦ મીટરની ત્રિજયામાં પાંચ કે તેથી વધુ વ્યકિતઓએ એકી સાથે ભેગા થવું નહી.

આ હુકમનો ભંગ કર્યેથી ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ હેઠળ કસુરવાર સામે પગલા લેવાની કાર્યવાહી કરવામાં આવશે અને ગૂન્હો સાબિત થયે એક માસની સાદી કેદ અથવા રૂા.૨૦૦/- દંડ અથવા બન્નેની સજા થઈ શકશે.

આ હુકમ ગીર સોમનાથ જિલ્લામાં ઉપર દર્શાવેલ વિસ્તાર માટે તા. ૧૪-૧૧-૨૦૧૭ થી તા. ૨૪-૧૧-૨૦૧૭ સુધી (જાહેર રજાના દિવસો સિવાય) સવારના ૧૦-૩૦ કલાકથી બપોરના ૧૫-૩૦ કલાક દરમ્યાન અમલમાં રહેશે.

આજ તા. ૨૬, માહે ઓકટોમ્બર-૨૦૧૭ના રોજ મારી સહી તથા કચેરીના સિકકો કરી બહાર પાડેલ છે.

ગીર સોમનાથ, ૨૬ માહે ઓકટોબર, ૨૦૧૭.

---

**ધી પ્રીવેન્શન ઓફ ડેમેજીસ ઓફ પબ્લીક પ્રોપર્ટી એક્ટ-૧૯૮૪ હેઠળ કરાયેલ**

## હુકમ

નં.એમએજી/સી/વિધાનસભા ચૂંટણી/૧૦/૨૦૧૭.-ભારતના ચૂંટણી પંચ તરફથી વિધાનસભા સામાન્ય ચૂંટણી-૨૦૧૭ માટેનો કાર્યક્રમ નકકી કરવામાં આવેલ છે. જે અંતર્ગત ગીર સોમનાથ જિલ્લામા વિધાનસભાની ચૂંટણી તા. ૦૯-૧૨-૨૦૧૭ના રોજ યોજાનાર છે.

આ ચૂંટણી દરમ્યાન રાજકીય પક્ષો, ઉમેદવારો તથા તેના ટેકેદારો દ્વારા પોસ્ટર, બેનર્સ, હોર્ડિંગ્સ દ્વારા ચૂંટણી પ્રચાર કરવામાં આવનાર છે. આ ચૂંટણી પ્રચારમાં ચૂંટણીની આદર્શ આચાર સંહિતાનું પાલન થાય તથા ચૂંટણી મુક્ત, ન્યાયી તથા પારદર્શક રહે અને ચૂંટણી પ્રચાર દરમ્યાન જાહેર મિલ્કતને નુકશાન પહોંચાડીને બગાડ કરતો અટકાવવા માટે ચૂંટણી પ્રચારના બોર્ડ/બેનર્સ વિગેરેના ઉપયોગ નિયંત્રીત કરવા જરૂરી જણાય છે.

સબબ હું, એચ. આર. મોદી, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ગીર સોમનાથ જિલ્લો, વેરાવળ, ધી પ્રીવેન્શન ઓફ ડેમેજીસ ઓફ પબ્લીક પ્રોપર્ટી એક્ટ-૧૯૮૪ હેઠળ સમગ્ર ગીર સોમનાથ જિલ્લાના હદ વિસ્તારમાં વિધાનસભાની સામાન્ય ચૂંટણી-૨૦૧૭ દરમ્યાન ચૂંટણીલક્ષી જાહેરાત, પાંટીયા, બેનર્સ, કટ આઉટ મુકવા વિગેરે માટે નીચેની બાબતોનો અમલ કરવા હુકમ કરૂ છું.

(૧) કોઈપણ જાહેર મિલ્કત/જાહેર જગ્યા ઉપર દીવાલ ઉપર લખાણ કરવા, પોસ્ટર્સ/કાગળો ચોંટાડવા અથવા કોઈપણ રીતે નુકશાન કરવા અથવા લખાણો, જાહેરાતના પાંટીયા, ઝંડા વગેરે લગાડવા/પ્રદર્શિત કરવા દેવામાં આવશે નહીં.

(૨) આમછતા જો સ્થાનિક કાયદાઓ, ચુકવણી કરીને કે અન્ય રીતે આવા હેતુઓ માટે ખાસ કરીને મુકરર કરવામાં આવેલા જાહેર સ્થળે જાહેર ખબરના સૂત્રો લખવાની, પોસ્ટર્સ, વિગેરે પ્રદર્શિત કરવાની કે લખાણો, પાંટીયા, ઝંડા વિગેરે લગાડવાની રજા કે છૂટ આપતા હોય તો, કાયદાની પ્રસ્તુત જોગવાઈઓ પ્રમાણે અને કોર્ટના આદેશોને ચુસ્તપણે આધિન રહીને આમ કરવા દેવાની રજા આપવી. એ બાબત સુનિશ્ચિત કરવી કે આવી કોઈ જગ્યા પર કોઈ અમુક પક્ષ (પક્ષો) અથવા ઉમેદવાર (રો)નુ વર્ચસ્વ/ઈજારો ન હોય. તમામ પક્ષો અને ઉમેદવારોને આ બાબતમાં સમાન તક આપવી.

(૩) વધુમા, કોઈપણ ચૂંટણી જાહેર કરવામાં આવ્યા પછી આ હેતુ માટે આપવામાં આવેલી જગ્યાનો વિસ્તાર વધારવો કે ઘટાડવો નહી.

જાહેર મિલકતનો અર્થ ધ પ્રિવેન્શન ઓફ ડેમેજીસ ઓફ પબ્લીક પ્રોપર્ટી એક્ટ-૧૯૮૪ની કલમ-૨(બી) મુજબનો રહેશે અને બગાડનો અર્થ ભારતીય દંડ સંહિતાની કલમ-૪૨૫ મુજબનો રહેશે. જાહેર મિલકતને નુકશાન પહોંચાડીને નુકશાન કરવાની બાબત સદરહું કાયદાની કલમ-૩માં દર્શાવ્યા મુજબની રહેશે.

કોઈ રાજકીય પક્ષ/ઉમેદવાર તથા કોઈ વ્યક્તિ દ્વારા ઉક્ત નિયમોનો ભંગ કરી ચૂંટણી લક્ષી કટ-આઉટ જાહેરાત પાટીયા અથવા બેનર્સ પ્રદર્શિત કરવામાં આવશે તો તે ધી પ્રીવેન્શન ઓફ ડેમેજીસ ઓફ પબ્લીક પ્રોપર્ટી એક્ટ-૧૯૮૪ની કલમ-૩ મુજબની શિક્ષાને પાત્ર ઠરશે.

આ હુકમ સમગ્ર ગીર સોમનાથ જિલ્લાના વિસ્તારમાં આ હુકમ બહાર પડયાથી ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ થાય ત્યાં સુધી એટલે કે તા. ૨૦-૧૨-૨૦૧૭ સુધી અમલમાં રહેશે.

આજ તારીખ: ૨૬, માહે ઓકટોમ્બર-૨૦૧૭ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કો કરી બહાર પાડેલ છે.

ગીર સોમનાથ, ૨૬ માહે ઓકટોબર, સને ૨૦૧૭.

---

**ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ કાઢેલ**

## હુકમ

નં. એમએજી/સી/વિધાનસભા ચૂંટણી/૨૬/૨૦૧૭.-ભારતના ચૂંટણી પંચ તરફથી વિધાનસભા સામાન્ય ચૂંટણી-૨૦૧૭ માટેનો કાર્યક્રમ નક્કી કરવામાં આવેલ છે. જે અંતર્ગત ગીર સોમનાથ જિલ્લામાં વિધાનસભાની સામાન્ય ચૂંટણી તા. ૦૯-૧૨-૨૦૧૭ ના રોજ યોજાનાર છે.

આ ચૂંટણી દરમ્યાન સમગ્ર ગીર સોમનાથ જિલ્લામાં તમામ સ્તરે કાયદો વ્યવસ્થા જળવાઈ રહે તથા મતદારો પોતાનો મત મુક્ત અને નિર્ભય રીતે આપી શકે તેમજ સમગ્ર ચૂંટણી પ્રક્રિયા માટે જરૂરી શાંતીમય વાતાવરણમાં વિક્ષેપો ઉભા થાય નહી અને જાહેર સુલેહશાંતીનો ભંગ થતો અટકાવવાનું અત્યંત જરૂરી જણાતુ હોવાથી ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ મુજબ પગલાં લેવા માટે પુરતા કારણો છે.

વાસ્તે હું, એચ. આર. મોદી, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ગીર સોમનાથ જિલ્લો, વેરાવળ, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ મુજબ મને મળેલ સત્તાની રૂઈએ આથી ફરમાવું છું કે, સમગ્ર ગીર સોમનાથ જિલ્લાના વિસ્તારમાં કોઈપણ ઈસમે પોતાના પરવાનાવાળા હથિયાર સાથે લઈને બહાર નિકળવું કે ફરવુ નહી. ઉપરાંત દંડા, તલવાર, ભાલા, ચપ્પુ, લાકડી, લાઠી, અથવા શારિરીક હિંસા પહોચાડવામાં ઉપયોગ થઈ શકે તેવી બીજી ચીજો સાથે લઈ ઘર બહાર નિકળવું કે ફરવું નહી.

આ હુકમ નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહી.

(૧) ફરજ ઉપર રોકાયેલ પોલીસ કર્મચારી/અધિકારીઓ કે જેઓને ફરજના ભાગરૂપે શસ્ત્રો રાખવાની પરવાનગી આપવામાં આવી હોય તેવી વ્યકિતને.

(૨) શારિરીક અશકિતના કારણે લાકડી અથવા લાઠી લઈ ફરવુ જરૂરી હોય તે વ્યકિતને.

(૩) રાષ્ટ્રીયકૃત બેન્કો કે તેઓને તે બેન્કની કેશ-કરન્સી લઈ આવવા તથા લઈ જવા માટે તેની ફરજના ભાગરૂપે બેન્કના હથિયાર પરવાનાવાળા શસ્ત્રો રાખવાની પરવાનગી આપવામાં આવેલ હોય, તે વ્યકિતને તેમજ સક્ષમ અધિકારીશ્રીની પરવાનગી મેળવનારને.

ઉપર્યુકત જોગવાઈઓનો ભંગ કર્યેથી ઈન્ડીયન પીનલ કોડ કલમ-૧૮૮ હેઠળ કસુરવાર સામે પગલા લેવાની કાર્યવાહી કરવામાં આવશે અને ગુન્હો સાબિત થયે એક માસની સાદી કેદ અથવા રૂા. ૨૦૦/- દંડ અથવા બન્નેની સજા થઈ શકે છે.

આ હુકમ ઈસ્યુ કર્યા તારીખથી બે માસ સુધી અમલમાં રહેશે. તેમજ તે ગીર સોમનાથ જિલ્લાના સમગ્ર વિસ્તારને લાગુ પડશે.

આજ તારીખઃ ૨૬, માહે ઓકટોમ્બર-૨૦૧૭ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કો કરી બહાર પાડેલ છે.

ગીર સોમનાથ, ૨૬ માહે ઓકટોબર, સને ૨૦૧૭.

---

**ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ ની કલમ-૧૪૪ હેઠળ કાઢેલ**

## હુકમ

નં. એમએજી/સી/વિ.સ.સા.ચૂં./૨૫/૨૦૧૭.-ભારતના ચૂંટણીપંચ દ્વારા વિધાનસભા સામાન્ય ચૂંટણી-૨૦૧૭ નો કાર્યક્રમ બહાર પાડવામાં આવેલ છે. જે અંતર્ગત ગીર સોમનાથ જિલ્લામાં તા. ૦૯-૧૨-૨૦૧૭ ના રોજ ચૂંટણી યોજાનાર છે. જેને ધ્યાને લઈને સમગ્ર ચૂંટણી પ્રક્રિયા દરમ્યાન કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે અને કોઈ અનિચ્છનિય બનાવ ન બને તે માટે જાહેર સુલેહ શાંતિનો ભંગ કે હુલ્લડ કે બખેડો અટકાવવા માટે ચૂંટણી જાહેર થયાની તારીખથી મત ગણતરીના સમય સુધી હથિયાર પરવાના ધારણ કરતાં પરવાનેદારોને પોતાના હથિયાર ધારણ કરી જાહેરમાં ફરવા દેવા પર પ્રતિબંધ મુકવા માટે ભારતના ચૂંટણીપંચ તરફથી સુચના થઈ આવેલ છે.

વાસ્તે હું, એચ. આર. મોદી, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ગીર સોમનાથ જિલ્લો, વેરાવળ, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ થી મને મળેલ અધિકારની રૂઈએ નીચે પ્રમાણે હુકમ કરૂં છું.

(૧) આ હુકમની તારીખથી ચૂંટણી પ્રક્રિયા પુર્ણ થયા તારીખ સુધી એટલે કે તા. ૨૦-૧૨-૨૦૧૭ સુધી આ જિલ્લાના કોઈપણ પરવાનેદારને પોતાના હથીયાર સાથે જાહેરમાં ફરવા પર પ્રતિબંધ ફરમાવું છું.

આ હુકમનો ભંગ કરનાર શખ્સ ભારતીય દંડ સહિતાની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમનો નીચે મુજબ અપવાદ છે.

(૧) માત્ર પ્રધાનમંત્રીશ્રી તથા એવી અન્ય રાજકીય વ્યકિતઓ કે જેમને ઉગ્રવાદી-ત્રાસવાદીઓ તરફથી જાનથી મારી નાખવાની ધમકીઓ આપવામાં આવેલ હોય તેના સંદર્ભમાં સલામતીની જરૂરીયાત/સુરક્ષા જરૂરીયાત હોય તેવી વ્યકિત.

(૨) ફરજ પરના સરકારી પોલીસ કર્મચારીઓ કે જેમને તેમના ઉપરી અધિકારીશ્રીએ આવું હથિયાર લઈ જવા ફરમાવ્યું હોય અથવા હથિયાર લઈ જવાની તેની ફરજ હોય તેવી વ્યકિત.

(૩) રાષ્ટ્રીયકૃત બેન્કો કે તેઓને તે બેન્કની કેશ-કરન્સી લઈ આવવા તથા લઈ જવા માટે તેની ફરજના ભાગરૂપે બેન્કના હથિયાર પરવાનાવાળા શસ્ત્રો રાખવાની પરવાનગી આપવામાં આવેલ હોય તેવી વ્યકિતને તેમજ સક્ષમ અધિકારીશ્રીની પરવાનગી મેળવનારને.

આજ તા. ૨૬ માહે ઓકટોબર, ૨૦૧૭ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે હુકમ બહાર પાડવામાં આવ્યો.

ગીર સોમનાથ, ૨૬ માહે ઓકટોબર, સને ૨૦૧૭.

---

**ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ કાઢેલ**

## હુકમ

નં. એમએજી/સી/વિ.સ.સા.ચૂં./૨૮/૨૦૧૭.--ભારતના ચૂંટણીપંચ દ્વારા વિધાનસભા સામાન્ય ચૂંટણી-૨૦૧૭ નો કાર્યક્રમ બહાર પાડવામાં આવેલ છે. જે અંતર્ગત ગીર સોમનાથ જિલ્લામાં તા. ૦૯-૧૨-૨૦૧૭ ના રોજ ચૂંટણી યોજાનાર છે. ચૂંટણીના મૂકત, ન્યાયી અને સરળ સંચાલન માટે તથા કાયદો અને વ્યવસ્થાની જાળવણી સુનિશ્ચિત કરવા જાહેર શાંતિ અને સલામતી જળવાઈ રહે તે માટે મતદાન મથકમાં તથા તેની નજીક પ્રચાર કરવા ઉપર પ્રતિબંધ ફરમાવવો જરૂરી જણાય છે.

વાસ્તે હું, એચ. આર. મોદી, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ગીર સોમનાથ જિલ્લો, વેરાવળ, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ થી મને મળેલ અધિકારની રૂઈએ નીચે પ્રમાણે પ્રતિબંધ ફરમાવું છું.

તા. ૦૯-૧૨-૨૦૧૭ ના રોજ મતદાનના દિવસે મતદાન મથકની અંદર તથા મતદાન મથકથી ૧૦૦ મીટરના અંતરમાં આવેલ વિસ્તારમાં કોઈપણ વ્યકિતએ નીચેના કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

(૧) મત માટે પ્રચાર કરવો.

(૨) મતદારોને ધાક-ધમકી આપીને કે રંજાડીને મતદાન કરવા જતા અટકાવવા.

(૩) કોઈ મતદારને મત આપવા આગ્રહપૂર્વક વિનંતી કરવી.

(૪) અમૂક ઉમેદવારને મત ન આપવા માટે કોઈ મતદારને સમજાવવા.

(૫) કોઈ મતદારને ચૂંટણીમાં મત ન આપવા સમજાવવા.

(૬) ચૂંટણીને લગતી (સરકારી નોટિસ સિવાયની) કોઈ નોટિસ કે નિશાની પ્રદર્શિત કરવી.

(૭) સેલ્યુલર/મોબાઈલ ફોન, કોડલેસ ફોન, પેજર, વાયરલેસ સેટ અને અન્ય વિજાણું સંદેશા વ્યવહારના સાધનો લઈ જવાની.

(૮) વાહનો સાથે આવવું.

(૯) મતદાન મથકમાં મતદાન માટે આવેલ મતદાર, ઉમેદવાર, ચૂંટણી એજન્ટ તથા ચૂંટણી પંચે અધિકૃત કરેલ વ્યકિત સિવાયની વ્યકિતએ પ્રવેશ કરવો.

**આ હુકમમાં નીચે મુજબ અપવાદ છે.**

કાયદો અને વ્યવસ્થાના ઈન્ચાર્જ અધિકારીઓ અને મતદાન મથક નજીક ફરજ ઉપર મુકેલ સલામતી કર્મચારીઓ તેમની વિધિસર ફરજો બજાવવા દરમ્યાન સેલ્યુલર/મોબાઈલ ફોન, કોડલેસ ફોન, પેજર, વાયરલેસ સેટ અને અન્ય વિજાણું સંદેશા વ્યવહારના સાધનોનો ઉપયોગ કરી શકશે. આજ પ્રમાણે ભારતના ચૂંટણીપંચે નિમેલ નીરિક્ષકો અને ચૂંટણી ફરજો પરના પોલીસ અધિકારીશ્રીઓ સહિતના મતદાનની ફરજોનો હવાલો ધરાવતા અધિકારીઓ/કર્મચારીઓ તેમની વીધિસરની ફરજો દરમ્યાન આવા સાધનોનો ઉપયોગ કરી શકશે.

આ હુકમનો ભંગ કરનાર શખ્સ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ હેઠળ તથા લોકપ્રતિનિધિત્વ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૦ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ સમગ્ર ગીર સોમનાથ જિલ્લાના વિસ્તારમાં તાત્કાલીક અસરથી અમલમાં આવશે અને તે ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ થાય ત્યાં સુધી એટલે કે તા. ૨૦-૧૨-૨૦૧૭ સુધી અમલમાં રહેશે.

આજ તા. ૨૬ માહે ઓકટોબર-૨૦૧૭ ના રોજ મારી સહી તથા કચેરીના સિકકો કરી બહાર પાડેલ છે.

ગીર સોમનાથ, ૨૬ માહે ઓકટોબર, સને ૨૦૧૭.

---

**ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ કાઢેલ**

## હુકમ

નં. એમએજી/સી/વિ.સ.સા.ચૂં./૨૭/૨૦૧૭.--ભારતના ચૂંટણીપંચ તરફથી દ્વારા વિધાનસભા સામાન્ય ચૂંટણી-૨૦૧૭ માટેનો કાર્યક્રમ નકકી કરવામાં આવેલ છે. જે અંતર્ગત ગીર સોમનાથ જિલ્લામાં તા. ૦૯-૧૨-૨૦૧૭ ના રોજ ચૂંટણી યોજાનાર છે. ભારતના ચૂંટણી આયોગ દ્વારા આદર્શ આચાર સંહિતા બહાર પાડી તેનું કડકપણે પાલન કરવાની સુચનાઓ આપવામાં આવેલ છે. સરકારી કચેરીઓમાં તથા મતદાન મથકો આસપાસ માણસો ટોળા સ્વરૂપે એકઠા થઈ કાયદો અને વ્યવસ્થા જાળવવામાં બાધકરૂપ ન થાય તે માટે ઉકત સ્થળે ટોળા સ્વરૂપે એકઠા થવા પર પ્રતિબંધ મુકવાની જરૂર જણાય છે.

આથી હું, એચ. આર. મોદી, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, ગીર સોમનાથ જિલ્લો, વેરાવળ, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ થી મને મળેલ સત્તાની રૂઈએ આથી નીચે મુજબ હુકમ ફરમાવું છું.

ચૂંટણી પ્રક્રિયા દરમ્યાન જિલ્લાની તમામ સરકારી કચેરીઓના કમ્પાઉન્ડમાં તથા જેતે મતદાનમથકના ૧૦૦ મીટરના વિસ્તારમાં આમ જનતાના રૂપમાં કે ટોળાના રૂપમાં કોઈપણ રીતે ચાર કે તેથી વધુ વ્યકિતઓને એકઠા થવા પર પ્રતિબંધ ફરમાવું છું.

**આ પ્રતિબંધ નીચે મુજબની વ્યકિતઓને લાગુ પડશે નહીં.**

(૧) આ હુકમ ફરજ ઉપર રોકાયેલ તમામ સરકારી તથા અર્ધ સરકારી કર્મચારીઓ/અધિકારીઓને લાગુ પડશે નહીં.

(૨) આવેદનપત્ર આપવા માટે સક્ષમ અધિકારીશ્રીની પુર્વ મંજુરી મેળવેલ હોય, તેવી આવેદનપત્ર આપવા આવનાર વ્યકિતઓને લાગુ પડશે નહીં. જાહેરાત

આ જાહેરનામાનું ઉલ્લંઘન કરનાર અથવા ઉલ્લંઘન માટે મદદ કરનાર શખ્સ ભારતીય દંડસંહિતાની કલમ-૧૮૮ હેઠળ સજાને પાત્ર થશે.

આ હુકમ સમગ્ર ગીર સોમનાથ જિલ્લાના વિસ્તારમાં તાત્કાલીક અસરથી અમલમાં આવશે અને તે ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ થાય ત્યાં સુધી અમલમાં રહેશે.

આજ તારીખ ૨૬ માહે ઓકટોબર-૨૦૧૭ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કો કરી બહાર પાડેલ છે.

ગીર સોમનાથ, ૨૬ માહે ઓકટોબર, સને ૨૦૧૭.

---

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ ની કલમ-૧૪૪ હેઠળ કાઢેલ

## હુકમ

નં. એમએએજી/સી/વિધાનસભા ચૂંટણી/૨૧/૨૦૧૭.- ભારતના ચૂંટણી પંચ તરફથી વિધાનસભા સામાન્ય ચૂંટણી-૨૦૧૭ માટેનો કાર્યક્રમ જાહેર થયેલ છે. વિધાનસભા સામાન્ય ચૂંટણી-૨૦૧૭ અંતર્ગત તા. ૦૯-૧૨-૨૦૧૭ ના રોજ મતદાન યોજાનાર છે. તેમજ મત ગણતરી તા. ૧૮-૧૨-૨૦૧૭ ના રોજ યોજાનાર છે.

મતગણતરીના દિવસે મત ગણતરીના સ્થળે ચૂંટણીના પરિણામો જાણવા માટે મોટી સંખ્યામાં માણસો એકત્ર થવાની શક્યતાઓ રહેલી છે. ચૂંટણીના પરિણામોના કારણે પણ તેના પ્રત્યાઘાતો પડે તેવી સંભાવના છે. આ કારણે મત ગણતરીના સ્થળે તંગદીલીભર્યુ વાતાવરણ ન સર્જાય તથા કાયદો વ્યવસ્થા જળવાય રહે તે માટે ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ ની કલમ-૧૪૪ હેઠળ અમૂક કૃત્યો પર પ્રતિબંધ મૂકવાની જરૂર જણાય છે.

સબબ હું, એચ. આર. મોદી, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ગીર સોમનાથ જિલ્લો, વેરાવળ ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ ની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ સત્તાની રૂઈએ વિધાનસભા સામાન્ય ચૂંટણી-૨૦૧૭ અન્વયે નક્કી કરવામાં આવેલ મત ગણતરીના સ્થળે નીચે મુજબના કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

મત ગણતરીના સ્થળની ૨૦૦ મીટરની ત્રિજયામાં તા. ૧૭-૧૨-૨૦૧૭ ના રોજ રાત્રીના ૧૨-૦૦ કલાકથી તા. ૧૮-૧૨-૨૦૧૭ ના રોજ મત ગણતરીની કામગીરી પૂર્ણ ન થાય ત્યાં સુધીના સમય માટે :

(૧) સક્ષમ અધિકારીશ્રીની મંજુરી વગર ચાર કે તેથી વધુ માણસોએ એકી સાથે એકઠા થવું નહી.

(૨) જાહેર સુલેહશાંતી જોખમાય તેવા સૂત્રો પોકારવા નહી.

(૩) જાહેર સુલેહશાંતી જોખમાય તેવી અફવાઓ ફેલાવી નહી.

(૪) કોઈપણ વ્યક્તિએ લાઠી અગર ઈજા થાય તેવા હથિયાર સાથે રાખીને ફરવું નહી.

(૫) કોઈ વ્યક્તિએ કોઈ પણ જાતના વિસ્ફોટક પદાર્થો અગર આગ લાગે તેવો કોઈ પદાર્થ સાથે રાખવો નહી.

(૬) કોઈ વ્યક્તિએ કોડ લેસ ફોન, મોબાઈલ ફોન, વાયરલેસ સાથે પ્રવેશવું નહી.

(૭) મત ગણતરી ખંડની અંદર અધિકૃત અધિકારીશ્રીએ જેમને અધિકૃત કરી ઓળખપત્ર આપેલ છે તે સિવાયની કોઈપણ વ્યક્તિએ પ્રવેશવું નહી.

આ પ્રતિબંધ જે માણસ સરકારી નોકરીમાં અથવા ચૂંટણી કામગીરીની ફરજ ઉપર હોય અને ચૂંટણી પંચના તત્કાલીન આદેશાનુસાર અધિકૃત કરાયેલ હોય તેમને લાગુ પડશે નહી.

આ હુકમનો ભંગ અથવ ઉલ્લંઘન કરનાર ભારતના ફોજદારી અધિનિયમની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ : ૨૬ માહે, ઓકટોબર-૨૦૧૭ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા કરી બહાર પાડેલ છે.

ગીર સોમનાથ, ૨૬ માહે ઓકટોબર, સને ૨૦૧૭.

---

## અખબારી યાદી

નં. એમએએજી/સી/વિધાનસભા ચૂંટણી/૬/૨૦૧૭.-ભારતના ચૂંટણી પંચ તરફથી વિધાનસભા સામાન્ય ચૂંટણી-૨૦૧૭ માટેનો કાર્યક્રમ નક્કી કરવામાં આવેલ છે. જે અંતર્ગત ગીર સોમનાથ જિલ્લામાં વિધાનસભા બેઠકોની ચૂંટણી તા. ૦૯-૧૨-૨૦૧૭ના રોજ યોજાનાર છે. ભારતના ચૂંટણીપંચના તા. ૦૨-૦૯-૧૯૯૪ના હુકમથી ચૂંટણી અંગેના સાહિત્ય, ભિંતપત્ર, પેમ્પલેટ, ચોપાનીયાની છાપકામ ઉપર નિયંત્રણ મુકવામાં આવેલ છે. સબબ ગીર સોમનાથ જિલ્લાના તમામ ખાનગી મુદ્રણાલયોના માલિકો, સંચાલકોને તથા ઝેરોક્ષ કે અન્ય રીતે નકલો છાપનારાઓને આથી જાણ કરવામાં આવે છે કે,

(૧) ભારતના ચૂંટણીપંચના તા. ૦૨-૦૯-૧૯૯૪ના હુકમની જોગવાઈ મુજબ ઉપરોક્ત ચૂંટણી અંગેના કોઈપણ સાહિત્ય ચોપાનીયા, ભિંતપત્ર, પેમ્પલેટ, કે આવી અન્ય સામગ્રી ઉપર મુદ્રક અને પ્રકાશકના નામ અને પુરા સરનામા તથા પ્રિન્ટ કરેલ સાહિત્યની સંખ્યાની વિગતો અવશ્યપણે છાપેલા હોવા જોઈશે.

(૨) ભારતના ચૂંટણીપંચના તા. ૦૨-૦૯-૧૯૯૪ના હુકમની જોગવાઈ હેઠળ નિયત નમુના-ક માં એકરારનામું પ્રકાશક પાસેથી મુદ્રકે ચાર નકલમાં મેળવી તેની એક નકલ ઉપરમાં જણાવ્યા વિગતેના તેમણે કે તેમના પ્રતિનિધીએ મુદ્રિત કરેલ (છાપેલ દસ્તાવેજોની) બે નકલો સાથે નીચે સહી કરનારને દિવસ-૩ માં મળી જાય તે રીતે રજુ કરવાની રહેશે. આવી વિસ્તૃત સામગ્રી અને એકરાર પત્ર સાથે મુદ્રકે છાપેલા દસ્તાવેજોની નકલોની સંખ્યા અને તેના મુદ્રણ કામ અંગે થયેલ ખર્ચને લગતી માહિતી પણ નિયત નમુના-ખ મુજબ રજુ કરવાની રહેશે.

ભારતના ચૂંટણીપંચની આ અંગેની સુચનાઓના કોઈપણ ઉલ્લંઘનને ખુબ ગંભીરતાથી જોવામાં આવશે અને યોગ્ય કેસોમાં રાજ્યના પ્રવર્તમાન કાયદાની જોગવાઈ અન્વયે મુદ્રણાલયનું લાયસન્સ/રજીસ્ટ્રેશન રદ કરવા જેવા કડક પગલા લેવામાં આવશે જેની તમામ સબંધકર્તાઓએ નોંધ લેવી.

ઉક્ત અખબાર યાદીમા નિર્દિષ્ટ કરેલ સુચનાઓનો સમગ્ર ગીર સોમનાથ જિલ્લાના વિસ્તારમાં તાત્કાલીક અસરથી ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ થાય ત્યાં સુધી એટલે કે તા. ૨૦-૧૨-૨૦૧૭ સુધી અમલમાં રહેશે.

ગીર સોમનાથ, ૨૬ માહે ઓકટોબર, સને ૨૦૧૭.

**એચ. આર. મોદી,**
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
ગીર સોમનાથ જિલ્લો,
વેરાવળ.

---

**ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪નો બીજો અધિનિયમ) ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલો હુકમ**

વિષય : હથિયાર પરવાનેદારોએ હથિયાર સાથે લઈને ફરવા ઉપર પ્રતિબંધ ફરમાવવા બાબત.

## જાહેરનામું

નં. ડીએમ/૧/વિધાનસભા/જા.ના. ૨/૨૦૧૭.-ભારતનાં ચૂંટણી આયોગ દ્વારા વિધાનસભા સામાન્ય ચૂંટણી-૨૦૧૭ યોજવાનું જાહેર કરેલ છે. જેમાં મતદાન તા. ૦૯-૧૨-૧૭ના રોજ તથા તા. ૧૮-૧૨-૨૦૧૭ ના રોજ મતગણતરી હાથ ધરવામાં આવનાર છે. ભારતના ચૂંટણી આયોગ દ્વારા હથિયારો અંગે જરૂરી સૂચના તેમના તા. ૧-૯-૨૦૦૯ના પત્ર નં. ૪૬૪/આઈ.એન.એસ.ટી./૨૦૦૯/ઈપીએસ. થી બહાર પાડેલ છે.

ચૂંટણી દરમ્યાન કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે માટે જરૂરી પ્રબંધ મુકવો આવશ્યક જણાય છે. મુકત, ન્યાયી અને શાંતીપૂર્ણ ચૂંટણી યોજાય તેમજ ચૂંટણી પ્રક્રિયા દરમ્યાન લોકોની સલામતી રહે, સુલેહ શાંતીનો ભંગ થતો અટકાવી શકાય તે હેતુસર હથિયાર પરવાનેદારોને હથિયારો સાથે લઈને હરવા ફરવા ઉપર પ્રતિબંધ મુકવો આવશ્યક જણાય છે.

આથી હું, ઉમેશ વ્યાસ (જી.એ.એસ.) અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ભાવનગર જિલ્લો, ભાવનગર, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪નો બીજો અધિનિયમ)ની કલમ-૧૪૪ થી મને મળેલ સત્તાની રૂઈએ ફરમાવું છું કે,

(૧) ભાવનગર જિલ્લાના સમગ્ર વિસ્તારમાં કોઈ વ્યકિતએ શસ્ત્ર અધિનિયમ ૧૯૫૯ ની કલમ-૨ની વ્યાખ્યામાં આવતું કોઈપણ હથિયાર ધારણ ફરી ફરવું નહી. તેમજ હથિયાર પોતાના રહેઠાણના સ્થળે પોતાની સેફ કસ્ટડીમાં રાખવા.

(૨) જિલ્લા બહારથી મેળવેલ હથિયાર પરવાના ધારણ કરનાર વ્યકિતઓ કે જેઓ હાલ અત્રેના જિલ્લામાં વસવાટ કરતા હોય તેમને પણ પોતાનું હથિયાર પોતાના રહેણાંકના સ્થળે પોતાની સેફ કસ્ટડીમાં રાખવું. અને હથિયાર ધારણ કરી હરવું-ફરવું નહીં.

(૩) ચૂંટણી પ્રક્રિયા શરૂ થયેલ હોઈ, યોગ્ય સમયમાં નોટીસ બજાવી શકાય તેમ ન હોઈ અને સુનાવણી આપવાનું શકય ન હોઈ નીચે દર્શાવ્યા મુજબના વ્યકિતઓએ ધારણ કરેલ હથિયાર પરવાના હેઠળના પરવાનેદારોના સંદર્ભમાં વ્યકિતગત અને વિગતવાર સમીક્ષા કરીને તેમના હથિયાર પોલીસ સ્ટેશનમાં જમા લેવા માટે જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી, ભાવનગરને અધિકૃત કરવામાં આવે છે.

(અ) જામીન ઉપર છોડેલી વ્યકિતઓ,

(બ) ફોજદારી ગુન્હાઓ કર્યાની ભૂમિકાવાળી વ્યકિતઓ,

(ક) હુલ્લડના ગુન્હામાં ખાસ કરીને ચૂંટણી સમય દરમ્યાન સંડોવાયેલા વ્યકિતઓ,

(ડ) ગંભીર ગુનામાં સંડોવાયેલા વ્યકિતઓ,

(ઈ) ચૂંટણીની પ્રક્રિયા દરમ્યાન કાયદો અને વ્યવસ્થા જાળવવામાં બાધકરૂપ થાય તે હોય તેવા ઈસમો,

સદરહું જાહેરનામું કાયદો અને વ્યવસ્થાનો ચાર્જ સંભાળતાં અધિકારીશ્રીઓ, સુરક્ષા કર્મચારીઓ, ચૂંટણી પંચે નિમેલા નિરીક્ષકો, ચૂંટણી સાથે સંકળાયેલા અધિકારીશ્રીઓને લાગુ પડશે નહીં.

સદરહું આદેશનો ભંગ કરી જો કોઈ વ્યકિત પાસે શસ્ત્ર અધિનિયમ-૧૯૫૯ ની કલમ-૨ ની વ્યાખ્યામાં આવતું કોઈપણ હથિયાર ધારણ કરતાં જોવામાં આવશે તો સબંધીત પોલીસ અધિકારીશ્રીઓ તથા સ્થળ પરનાં સુરક્ષા અધિકારીશ્રીઓ આ હથિયાર જપ્ત કરી શકશે.

સદરહું આદેશનો ભંગ કરનાર ભારતીય દંડસંહિતાની કલમ-૧૮૮ હેઠળ સજાને પાત્ર થશે.

આ હુકમ ભાવનગર જિલ્લાના સમગ્ર વિસ્તારને લાગુ પડશે.

આ જાહેરનામુ પ્રસિધ્ધ થયા તારીખથી તા. ૨૦-૧૨-૨૦૧૭ સુધી અમલમાં રહેશે.

આજ તારીખ: ૨૫-૧૦-૨૦૧૭ના રોજ મારી સહી સિક્કાથી સદરહું જાહેરનામુ પ્રસિધ્ધ કરવામાં આવ્યું.

ભાવનગર, ૨૫ માહે ઓકટોબર, સને ૨૦૧૭.

---

**ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪નો બીજો અધિનિયમ)ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલો હુકમ**

વિષય : વિશ્રામગૃહ, ડાકબંગલા, અતિથગિૃહ, સરકારી રેસ્ટ હાઉસ વિગેરેનાં ઉપયોગનું નિયમન કરવા બાબત.

## જાહેરનામું

નં. ડીએમ-૧/વિધાનસભા/જા.ના.૩/૨૦૧૭.-ભારતનાં ચૂંટણી આયોગ દ્વારા વિધાનસભા સામાન્ય ચૂંટણી-૨૦૧૭નો ચૂંટણીનો કાર્યક્રમ જાહેર થયેલ છે. વિધાનસભા સામાન્ય ચૂંટણી-

૨૦૧૭ ના અનુસંધાને ભારતના ચૂંટણી આયોગ તરફથી આદર્શ આચાર સંહિતા બહાર પાડી તેનું કડકપણે પાલન કરવાની સુચનાઓ આપવામાં આવેલ છે. જેનો તમામ રાજકીય પક્ષો અને ચૂંટણી લડતા ઉમેદવારોએ તથા તેમના કાર્યકરોએ ચુસ્તપણે અમલ કરવાનો રહે છે. સદરહું આચારસંહિતામાં સરકારી આરામગૃહો, ડાક બંગલાઓ, તથા વિશ્રામગૃહોનો ચૂંટણીના કામે ઉપયોગ કરવા ઉપર પ્રતિબંધ છે. આથી હું, ઉમેશ વ્યાસ, (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ભાવનગર જિલ્લો, ભાવનગર, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪નો બીજો અધિનિયમ)ની કલમ-૧૪૪ થી મને મળેલ સત્તાની રૂઈએ ફરમાવું છું કે,

ભાવનગર જિલ્લામાં સમાવિષ્ટ સરકારી, અર્ધસરકારી, સહકારી, તમામ આરામગૃહો, ડાકબંગલાઓ, વિશ્રામગૃહો તથા જાહેર સ્થળો હોય તેવા તમામ આરામગૃહો કે સ્થળોનો રાજકીય પક્ષોના હોદેદારો, કાર્યકરો ચૂંટણી લડતા ઉમેદવારો કે તેમના એજન્ટોએ રાજકીય હેતુસર અથવા ચૂંટણી વિષયક પ્રચારના હેતુસર ઉપયોગ કરવા પ્રતિબંધ કરવામાં આવે છે. રાજકીય પ્રવૃતિમાં રાજકીય ચર્ચા, ટેલીફોન ઉપર વાર્તાલાપ તથા મુલાકાતી સહીતની બાબતોનો સમાવેશ થશે.

વિશ્રામગૃહ, ડાકબંગલા અને સરકારી રહેણાંકના ઉપયોગનો સત્તાધારી પક્ષના સભ્યો કે ઉમેદવારો એક હથ્થું અધિકારો ભોગવશે નહિ અને આવા રહેંણાંકનો ઉપયોગ બીજા પક્ષના સભ્યો કે ઉમેદવારોને પણ કરવા દેવાનો રહેશે. પરંતુ કોઈપણ પક્ષ કે ઉમેદવારો આવા રહેણાંક (તેની સાથે જોડાયેલ આંગણું) નો ઉપયોગ પ્રચાર, કચેરી કે અન્ય ચૂંટણી વિષયક હેતુ માટે કરી શકશે નહિ. સરકારી વિશ્રામગૃહ, અતિથીગૃહ વગેરેમાં રાજકીય પક્ષના સભ્યોની પ્રાસંગીક મીટીંગને પણ મંજુરી આપી શકાશે નહીં. ચૂંટણી પ્રચારમાં આવેલા જે મહાનુભાવોને સરકારી વિશ્રામગૃહ/અતિથીગૃહ વગેરેમાં રહેવા માટે રૂમ ફાળવવામાં આવી હોય તે મહાનુભાવોને લાવતા લઈ જતા વાહનને જ સરકારી વિશ્રામગૃહ/અતિથીગૃહ વિગેરેના કમ્પાઉન્ડમાં રાખી શકાશે. જો તેઓ આ માટે એક કરતાં વધારે વાહનોનો ઉપયોગ કરતાં હોય તો બે થી વધારે વાહનોને વિશ્રામગૃહ/અતિથીગૃહનાં કમ્પાઉન્ડમાં રાખી શકાશે નહિ.

એક જ વ્યકિતને ૪૮ કલાકથી વધુ સમય માટે રૂમ ફાળવી શકાશે નહિં તેમજ ચૂંટણી પ્રચાર માટે આવતા કોઈપણ મહાનુભવોને મતદાન પુરૂ થવાના ૪૮ કલાક પહેલા વિશ્રામગૃહ-અતિથીગૃહમાં રહેવા માટે રૂમ ફાળવી શકાશે નહીં.

જે રાજકીય પદાધીકારીઓને ઝેડ કક્ષાની કે જે તે રાજયના કાયદાની જોગવાઈ અનુસાર સમાન કે તેથી વધુ કક્ષાની સુરક્ષા આપવામાં આવેલી હોય તેમને રાજય સરકાર હસ્તકના સરકારી વિક્ષામગૃહ/અતિથિગૃહ, કેન્દ્ર સરકાર અગર રાજય સરકારના જાહેર સાહસોના વિશ્રામગૃહ/અતિથિગૃહમાં રહેવા માટે રૂમ ફાળવી શકાશે. પરંતુ ચૂંટણી કામગીરી સંભાળતા અધિકારી અગર નિરિક્ષકોને અગાઉથી આ રૂમ ફાળવવામાં આવેલ ન હોય તે શરતે જ આ પ્રકારે રહેવા માટે રૂમો ફાળવી શકાશે. જો કે રાજકીય પદાધીકારીઓ વિશ્રામગૃહ/અતિથિગૃહમાં રહેતા હોય તે દરમિયાન કોઈપણ પ્રકારની રાજકીય પ્રવૃતિ હાથ ધરી શકશે નહીં.

આ હુકમનું ઉલ્લંઘન કરનાર અથવા ઉલ્લંઘન માટે મદદ કરનાર શખ્સ ભારતીય દંડસંહિતાની કલમ-૧૮૮ હેઠળ સજાને પાત્ર થશે.

આ હુકમ ભાવનગર જિલ્લાના સમગ્ર વિસ્તારને લાગુ પડશે.

આ જાહેરનામું પ્રસિધ્ધ થયા તારીખથી તા. ૨૦-૧૨-૨૦૧૭ સુધી અમલમાં રહેશે.

આજ તારીખ: ૨૫-૧૦-૨૦૧૭ના રોજ મારી સહી સિક્કો કરી હુકમ બહાર પાડયો.

ભાવનગર, ૨૫ માહે ઓકટોબર, સને ૨૦૧૭.

---

**ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪નો બીજો અધિનિયમ) ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલો હુકમ**

વિષય : જાહેર મકાન, જમીન, ખાનગી મકાન, દિવાલ વગેરે મિલકતોનો બગાડ થતો અટકાવવા બાબત.

## જાહેરનામું

નં. ડીએમ/૧/વિધાનસભા/જા.ના.૪/૨૦૧૭.-ભારતનાં ચૂંટણી આયોગ દ્વારા વિધાનસભા સામાન્ય ચૂંટણી-૨૦૧૭ યોજવાનું જાહેર કરેલ છે. જેને અનુલક્ષી ચૂંટણી પ્રચાર અભિયાન રાજકીય પક્ષોના કાર્યકરો અને ઉમેદવારો તરફથી શરૂ કરવામાં આવેલ છે. જે અન્વયે ઉમેદવારો અથવા કાર્યકરો મકાન માલીકોની પરવાનગી લીધા વીના ચૂંટણી લક્ષી પ્રચાર પત્રો ચોડીને, સુત્રો લખીને, નિશાની ચીત્રીને વિગેરે દ્વારા સાર્વજનીક અને ખાનગી મકાનોની દિવાલ બગાડે છે. આ માટે મુખ્ય ચૂંટણી અધિકારીશ્રી ગુજરાત રાજ્ય તરફથી રાજકીય પક્ષો અને ઉમેદવારોના માર્ગદર્શન માટે આચાર સંહિતા અને તે અંગે સુચનાઓ થઈ આવેલ છે. જે મુજબ રાજકીય પક્ષો અથવા ઉમેદવારો પોતાના કાર્યકરોને ધ્વજ દંડ ઉભા કરવા, બેનરો લટકાવવા, નોટિસો ચોટાડવા, સુત્રો લખવા વિગેરે માટે પરવાનગી વિના કોઈપણ વ્યક્તિની જમીન, મકાન, કમ્પાઉન્ડ, દિવાલ વિગેરેનો ઉપયોગ કરવા દેશે નહી તેવી જોગવાઈ કરવામાં આવેલ છે આથી આ આચાર સંહિતાનો અમલ કરવા અને લોકોની માલ મીલ્કતને થતી હાની/બગાડ અટકાવવા માટે હું, ઉમેશ વ્યાસ, (જી.એ.એસ.) અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ભાવનગર ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ની (૧૯૭૪નો બીજો અધિનિયમની) કલમ-૧૪૪ હેઠળ મળેલ સત્તાની રૂઈએ ફરમાવું છું કે,

(૧) સરકારી કે સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ કે બોર્ડ, નિગમો, સહકારી મંડળીઓ કે સરકારશ્રીનો જેમાં હિસ્સો સમાયેલ હોય તેવા કોઈપણ મકાનો, ભવનો, કમ્પાઉન્ડ વોલ પર ચૂંટણીલક્ષી કોઈપણ પ્રકારની જાહેરાત કે પ્રચાર-પ્રસાર કરી શકાશે નહી કે તેવી જમીનમાં બોર્ડ/હોર્ડીંગ્સ મૂકી શકાશે નહી પરંતુ સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાના આ અંગેના નિયમો હોય તો તે નિયમોનું નિયમાનુસાર પાલન કરવાનું રહેશે અને આ બાબતે પૂર્વ પરવાનગી લેવાની રહેશે.

(૨) કોઈપણ રાજકીય પક્ષો, ઉમેદવારો અને તેઓના કાર્યકરોએ સબંધિત મકાન માલિકોની પરવાનગી લીધા વિના જાહેર તથા ખાનગી મિલ્કત ઉપર ચૂંટણી લક્ષી પ્રચારપત્રો ચોંટીને, સુત્રો લખીને દિવાલો બગાડવી નહી તેમજ કોઈ ધ્વજદંડ કે બેનરો લટકાવવા નહી તેમજ કોઈપણ વ્યક્તિની જમીન, મકાન, કમ્પાઉન્ડ દિવાલ વિગેરેનો પરવાનગી વગર ઉપયોગ કરવો નહી અને સબંધીત માલિકની લેખિત પરવાનગી મેળવેલ હોય તો પણ માત્ર હંગામી નકલ, સરળતાથી દૂર કરી શકાય અને હટાવી શકાય તેવા માત્ર ધ્વજ, બેનર્સ વિગેરે ખાનગી મકાન કે મિલ્કત ઉપર મૂકી શકાશે.

(૩) ખાનગી મકાન કે મિલ્કત ઉપર કાયમી કે અર્ધકાયમી બગાડ કરી શકશે નહી. સબંધિત માલિક પરવાનગી આપે તો પણ કાયમી કે અર્ધકાયમી બગાડ કરી શકાશે નહી.

(૪) સબંધીત પક્ષ કે તેનાં ઉમેદવારોએ ખાનગી મકાન કે મિલ્કત ઉપર સબંધીત માલિકની પરવાનગીથી મુકેલ ધ્વજ, બેનર્સ વિગેરેની ચૂંટણી અધિકારીને તથા સ્થાનિક સ્વરાજની સંસ્થાને મોડામાં મોડા ૩(ત્રણ) દિવસમાં જાણ કરવાની રહેશે.

(૫) કોઈપણ રાજકીય પક્ષો કે ઉમેદવારોએ કાર્યકરોએ સમર્થકો દ્વારા ધ્વજ, આધારદંડ, બેનર્સ, નોટીસ લગાવવા, સુત્રો લખવા માટે કોઈ જાહેર મકાન, જમીન, ખાનગી મકાન, દિવાલ, હાઈ-વે અથવા બે માર્ગો ક્રોસ થતા હોય ત્યાં દિશાસુચક સાઈનબોર્ડ, હાઈ-વે પરના માઈલ સ્ટોન, રેલ્વે ક્રોસીંગ પાસે ચેતવણીના બોર્ડ, રેલ્વે-બસ સ્ટેશન પ્લેટફોર્મના નામ, વોર્ડ અગર જનતાની સગવડ માટે પ્રદર્શિત કરેલ કોઈ નોટીસ બોર્ડ વિગેરે જાહેર અથવા ખાનગી મિલકતોનો બગાડ કરવાનો રહેશે નહી.

(૬) ખાનગી માલિકીની મિલકતો ઉપર સબંધિતોની પરવાનગી વગર માલ મિલકતનો બગાડ કરી શકાશે નહી.

(૭) ખાનગી કે મકાનોની દિવાલો પર સુત્રો લખવા, પોસ્ટર ચોંટાડવા, પ્રચાર સામગ્રી ચોંટાડવા અંગે પ્રવર્તમાન સ્થાનિક કાયદાઓનો ચુસ્તપણે અમલ કરવો.

(૮) એક પક્ષે બહાર પાડેલ ભિંતપત્રો બીજા પક્ષના કાર્યકરોએ દુર કરવા નહી.

(૯) રાજકીયપક્ષે/ઉમેદવારે આ અંગે કરવામાં આવેલ ખર્ચની વિગતો ખર્ચ રજીસ્ટરમાં નોંધવાની રહેશે.

આ જાહેરનામાનું ઉલ્લંઘન કરનાર અથવા ઉલ્લંઘન માટે મદદ કરનાર શખ્સ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ હેઠળ સજાને પાત્ર થશે.

આ હુકમ ભાવનગર જિલ્લાના સમગ્ર વિસ્તારને લાગુ પડશે.

આ જાહેરનામુ પ્રસિધ્ધ થયા તારીખથી તા. ૨૦-૧૨-૨૦૧૭ સુધી અમલમાં રહેશે.

આજ તા. ૨૫-૧૦-૨૦૧૭ના રોજ મારી સહી, સિક્કો કરી હુકમ બહાર પાડ્યો.

ભાવનગર, ૨૫ માહે ઓકટોબર, સને ૨૦૧૭.

---

## ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૧)(એફ) અન્વયે કાઢેલો હુકમ

વિષય : ચૂંટણીને લગતા ચોપાનીયા ભીતપત્રો વગેરેના મુદ્રણ પર નિયંત્રણ મુકવા બાબત.

## હુકમ

નં. ડીએમ-૧/વિધાનસભા/જા.ના. ૫/૨૦૧૭.-ભારતનાં ચૂંટણી આયોગ દ્વારા વિધાનસભા સામાન્ય ચૂંટણી-૨૦૧૭નો ચૂંટણીનો કાર્યક્રમ જાહેર થયેલ છે અને તે મુજબ મતદાનની તારીખ ૯-૧૨-૨૦૧૭ તેમજ ગણતરી તા. ૧૮-૧૨-૨૦૧૭ના રોજ નક્કી કરવામાં આવેલ છે. ઉમેદવારોના ખર્ચ ઉપર નિયંત્રણ રાખવા તથા ચૂંટણીને લગતા ચોપાનીયા, ભીતપત્રો વગેરેના મુદ્રણમાં શાબ્દીક નિયંત્રણ માટે ચૂંટણીને લગતા ચોપાનીયા, ભીતપત્રો વિગેરેના મુદ્રણ પર નિયંત્રણ રાખવુ આવશ્યક છે.

ચૂંટણી દરમ્યાન રાજકીયપક્ષોના ઉમેદવારો તરફથી ચૂંટણીને લગતા ચોપાનીયા, ભીંતપત્રો વિગેરે છપાવવામાં આવે છે. આ ચોપાનીયા, ભીતપત્રો વિગેરે પર મુદ્રક અને પ્રકાશકનું નામ અને સરનામુ છપાવવાની ખાસ આવશ્યકતા છે.

જેથી હું, ઉમેશ વ્યાસ (જી.એ.એસ.) અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ભાવનગર જિલ્લો, ભાવનગરને ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૧)(એફ)થી મને મળેલ સત્તાની રૂઈએ હુકમ કરૂં છુ કે,

૧. કોઈપણ વ્યકિત જેના પર મુદ્રક અને પ્રકાશકના નામ અને સરનામા ન હોય એવા ચૂંટણીને લગતા ચોપાનીયા કે ભીતપત્રો, હેન્ડબીલ, પ્લેકાર્ડ છાપી કે પ્રસિધ્ધ કરી શકશે નહી અથવા છપાવી કે પ્રસિધ્ધી કરાવી શકશે નહી.

૨. કોઈપણ વ્યકિત ચૂંટણીને લગતા ચોપાનીયા કે ભીતપત્રો છાપી શકશે નહી કે છપાવવાની વ્યવસ્થા કરી શકશે નહી સિવાય કે,

(ક) તેની સહીવાળા અને તેને અંગત રીતે ઓળખતો હોય તેવી વ્યકિતઓએ શાખ કરેલ પ્રકાશકની ઓળખ અંગેના એકરારની બે નકલ તેણે મુદ્રકને આપી હોય,

(ખ) ઉમેદવારો તરફથી પ્રચાર માટે હોર્ડીંગ, પ્લેકાર્ડ, પોષ્ટર, ચોપાનીયા, ભીતપત્રો વિગેરે સાહિત્ય છાપવામાં આવે ત્યારે જે તે પ્રેસના માલિક કે મુદ્રકે આવા સાહિત્ય ઉપર પોતાનું નામ, મુદ્રકનું નામ સરનામું તથા છાપેલા સાહિત્યની સંખ્યા લખવાની રહેશે.

૩. છાપકામની કોઈપણ બાબત જે ગેરકાયદે અપરાધ પૂર્વગ્રહ ઉભો કરતા અથવા લીંગ, ધર્મ, જાતિ, જ્ઞાતિ, સમાજ અથવા ભાષા અથવા સામાવાળાના ચરિત્ર પર જીવલેણ હુમલા જેવી વાંધાજનક બાબતો હોવી જોઈએ નહી. અને વ્યકિતગત અસરકારક આક્ષેપો થઈ શકે તેવું લખાણ ન હોવું જોઈએ. આચારસંહિતાનો ભંગ થાય તેવુ કોઈ લખાણ લખી શકશે નહી.

૪. આવુ સાહિત્ય છાપનારે તેની ૪(ચાર) નકલ જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી તથા બે નકલ સબંધિત ચૂંટણી અધિકારીશ્રીને મોકલી આપવાની રહેશે. તેમજ તે અંગે નિયત જોડાણમાં તે અંગેની લેખિતમાં જાહેરાત કરવાની રહેશે. આ સુચનાની તમામ પ્રિન્ટીંગ પ્રેસના માલિકો-મુદ્રકોએ ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

૫. રાજકીયપક્ષે/ઉમેદવારે આ અંગે કરવામાં આવેલ ખર્ચની વિગતો, ખર્ચ રજીસ્ટમાં નોંધવાની રહેશે.

આ હુકમનો ભંગ કરનાર ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર ઠરશે.

આ હુકમ ભાવનગર જિલ્લામા સમાવિષ્ટ થતા તમામ વિસ્તારને લાગુ પડશે.

આ જાહેરનામુ પ્રસિધ્ધ થયા તારીખથી તા. ૨૦-૧૨-૨૦૧૭ સુધી અમલમાં રહેશે.

આજ તા. ૨૫-૧૦-૨૦૧૭ના રોજ મારી સહી, સિક્કો કરી સદરહુ હુકમ પ્રસિધ્ધ કરવામાં આવ્યો.

ભાવનગર, ૨૫ માહે ઓક્ટોબર, સને ૨૦૧૭.

---

**ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪નો બીજો અધિનિયમ) નાં કાયદાની કલમ-૧૪૪ હેઠળ હુકમ**

વિષય : જાહેર સલામતી અંગે કાયદો અને વ્યવસ્થા જાળવવા અંગે ઉશ્કેરણીજનક ભાષણો વગેરેના પર પ્રતિબંધ બાબત.

## જાહેરનામું

નં. ડીએમ-૧/વિધાનસભા/જા.ના.૬/૨૦૧૭.-ભારતનાં ચૂંટણી પંચ દ્વારા વિધાનસભા સામાન્ય ચૂંટણી-૨૦૧૭નો ચૂંટણીનો કાર્યક્રમ જાહેર થયેલ છે. વિધાનસભા સામાન્ય ચૂંટણી-૨૦૧૭ને લક્ષમાં લઈ, જાહેર શાંતિ અને સલામતિ જાળવવા પગલા લેવા જરૂરી છે. તેમજ કોઈ પ્રકારની સુલેહશાંતિનો ભંગ ન થાય અને જાહેર સલામતી અને કાયદો અને વ્યવસ્થા જળવાય રહે તે માટે ભારતના ચૂંટણી પંચ દ્વારા બહાર પાડેલ આચારસંહિતાની જોગવાઈઓના અમલ માટે નીચે જણાવ્યા મુજબ પ્રતિબંધ મુકવાની જરૂર જણાય છે.

આથી હું, ઉમેશ વ્યાસ (જી.એ.એસ.) અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ભાવનગર જિલ્લો, ભાવનગર, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની (૧૯૭૪નો બીજો અધિનિયમની) કલમ-૧૪૪ અન્વયે મને મળેલ સત્તાની રૂઈએ નીચેના કૃત્યો કરવા પર આથી પ્રતિબંધ ફરમાવું છું.

### કૃત્યો

જે ઉશ્કેરણીજનક ભાષણો આપવાથી, ચાળા પાડવાથી અથવા નકલો કરવાની, ચિત્રો, નિશાનીઓ, જાહેર ખબરો અથવા પદાર્થ અથવા વસ્તુઓ તૈયાર કરવાની, દેખાડવાની અથવા તેનો ફેલાવો કરવાની અથવા સક્ષમ અધિકારીના અભિપ્રાય પ્રમાણે સુરૂચિ અથવા નિતિનો ભંગ થતો હોય અથવા તેનાથી રાજયની સલામતી જોખમાતી હોય અથવા જેના પરિણામે જાહેર વ્યવસ્થા જાળવવામાં વિક્ષેપ થવા સંભવ હોય, તેવા ઉશ્કેરણીજનક ભાષણો આપવાની અથવા ચાળા વિગેરે કરવાની અને તેના ચિન્હો, નિશાનીઓ વિગેરે તૈયાર કરવાની દેખાડવાની અથવા તેનો ફેલાવો કરવાના કૃત્યો તથા વ્યકિતગત આક્ષેપોના કૃત્યો, આદર્શ આચારસંહિતાનો ભંગ થાય તેવા કૃત્યો.

આ હુકમનું ઉલ્લંઘન કરનાર અથવા ઉલ્લંઘન માટે મદદ કરનાર શખ્સ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ હેઠળ સજાને પાત્ર થશે.

આ હુકમ ભાવનગર જિલ્લાના સમગ્ર વિસ્તારને લાગુ પડશે.

આ જાહેરનામુ પ્રસિધ્ધ થયા તારીખથી તા. ૨૦-૧૨-૨૦૧૭ સુધી અમલમાં રહેશે.

આજ તારીખઃ ૨૫-૧૦-૨૦૧૭ના રોજ મારી સહી તથા સિક્કો કરી હુકમ બહાર પાડયો.

ભાવનગર, ૨૫ માહે ઓક્ટોબર, સને ૨૦૧૭.

---

**ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪નો બીજો અધિનિયમ) નાં કાયદાની કલમ-૧૪૪ હેઠળ હુકમ**

**વિષય** : ચૂંટણીપ્રચાર વખતે કટઆઉટ, ધ્વજ, બેનર, હોર્ડીંગ, પોસ્ટર વગેરેના ઉપયોગ ઉપર તથા શાળા કોલેજોના મેદાનોના ઉપયોગ ઉપર નિયમન કરવા બાબત.

## જાહેરનામું

નં. ડીએમ-૧/વિધાનસભા/જા.ના.૭/૨૦૧૭.-ભારતના ચૂંટણી આયોગ દ્વારા વિધાનસભા સામાન્ય ચૂંટણી-૨૦૧૭નો ચૂંટણીનો કાર્યક્રમ જાહેર થયેલ છે. વિધાનસભા સામાન્ય ચૂંટણી-૨૦૧૭ સંદર્ભે ચૂંટણી પ્રક્રિયા દરમ્યાન રાજકીય પક્ષો/ઉમેદવારો તરફથી વિશાળ કટઆઉટ, જાહેરાત પાટીયા/બેનર્સ વિગેરે દ્વારા પૈસાની તાકાતનું આડંબરયુકત પ્રદર્શન ન થાય તે હેતુથી ભારતના ચૂંટણી આયોગ દ્વારા નક્કી કરેલ આચારસંહીતા મુજબ તથા અપાયેલ વિવિધ સુચનાઓ અનુસાર નિયમન કરવું જરૂરી છે.

આથી હું, ઉમેશ વ્યાસ (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ભાવનગર જિલ્લો, ભાવનગર ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪નો બીજો અધિનિયમની)ની કલમ-૧૪૪ થી મને મળેલ સત્તાની રૂઈએ ચુંટણીલક્ષી ચોપાનીયા, ભીતચિત્રો, હોર્ડીંગ, બેનર્સ છાપવા/લગાવવા બાબતે તથા શાળા, કોલેજોના મેદાનના ઉપયોગ પર નિયમન કરવા નીચે મુજબનાં નિયમો તાત્કાલિક અમલમાં લાવવા જરૂરી હોવાથી નીચે મુજબના નિયમોનું પાલન કરવા ફરમાવુ છું.

૧. રાજકીય પક્ષો/ઉમેદવારોએ જે સ્થળે ચૂંટણી પ્રચાર માટે સભા રાખી હોય તે સ્થળની અંદર જે સમય દરમિયાન સભા યોજવામાં આવી હોય તેટલા સમય દરમિયાન જ બેનર્સ, હોર્ડીંગ્સ, કટ આઉટ, પોસ્ટર્સ વગેરે દૂર કરવાના રહેશે તેમજ સ્થાનિક વહીવટી તંત્રએ લાદેલા નિયંત્રણો તેમજ સ્થાનિક કાયદાઓ હેઠળના નિયંત્રણો અને જો કોર્ટનો કોઈ હુકમ હોય તો તેને આધીન ચૂંટણી પ્રચાર માટે સરઘસમાં પોસ્ટર્સ અને બેનર્સ પ્રદર્શિત કરવાની પરવાનગી આપી શકાશે તે સીવાય કોઈ ઉમેદવારોએ, રાજકીય પક્ષોએ કે તેમના ટેકેદારોએ કોઈ કટાઉટ દરવાજા (GATES) કે કમાનો (ARCHES) ઉભા કરવા નહી.

૨. જાહેર કે ખાનગી મકાનોની દિવાલો પર સુત્રો લખવા, પોસ્ટર ચોંટાડવા, પ્રચાર સામગ્રી ચોંટાડવા અંગે પ્રવર્તમાન સ્થાનિક કાયદાઓનો ચુસ્તપણે અમલ કરવો.

૩. કોઈપણ રાજકીય પક્ષો, ઉમેદવારો, અન્ય સંગઠનો, વ્યકિતઓ દ્વારા કોઈપણ ખાનગી મિલ્કત ઉપર કટઆઉટ, જાહેરાત પાટીયા, બેનર્સ વિગેરે જગ્યાના માલીકની પૂર્વ મંજુરી વગર મૂકી શકાશે નહી અને તેની માપસાઈઝ ભારતીય ચૂંટણી આયોગ દ્વારા નક્કી કર્યા મુજબની હોવી જોઈશે.

૪. કોઈપણ રાજકીય પક્ષો, ઉમેદવારો, અન્ય સંગઠનો, વ્યકિતઓ દ્વારા કોઈપણ જગ્યાએ કટ આઉટ જાહેરાતના પાટીયા, બેનર વિગેરે મુકતા પહેલા તે અંગેની જાણ ચૂંટણી અધિકારીશ્રી અને કલેકટરશ્રીને તેમજ જિલ્લા પોલીસ અધિક્ષકશ્રીને કરવાની રહેશે.

૫. જ્યાં એક પક્ષે સભાઓ યોજી હોય, એવા સ્થળોએ બીજા પક્ષે સરઘસ લઈ જવું નહીં. તેમજ પોતાના પક્ષના ચોપાનીયા વહેંચીને ખલેલ પહોંચાડવી નહીં. એક પક્ષે બહાર પાડેલા ભિંતપત્રો બીજા પક્ષના કાર્યકરોએ દૂર કરવા નહીં અને ભારતના ચૂંટણી આયોગની આદર્શ આચારસંહિતાનું પાલન કરવાનું રહેશે.

૬. કોઈપણ રાજકીય પક્ષો, ઉમેદવારો, અન્ય સંગઠનો, વ્યકિતઓ ચૂંટણી પ્રચાર માટે શાળા અને કોલેજોના મેદાનોમાં નીચેની શરતોએ રાજકીય મિટીંગો માટે પરવાનગી લઈ ઉપયોગ કરી શકશે અને આવી મિટિંગો સવારના ૬:૦૦ થી રાત્રીના ૧૦:૦૦ વાગ્યા સુધી જ યોજવાની રહેશે.

(૧) શાળા અને કોલેજોના શૈક્ષણિક સમય પત્રકને કોઈપણ સંજોગોમાં અસર થવી જોઈએ નહીં.

(૨) શાળા કોલેજોના વ્યવસ્થાપકોને તેની સામે વાંધો હોવો જોઈએ નહી અને શાળા/કોલેજોના વ્યવસ્થાપક મંડળની અગાઉથી મંજુરી લીધેલી હોવી જોઈએ.

(૩) આવી મંજુરી વહેલા તે પહેલાના ધોરણે આપેલી હોવી જોઈએ. કોઈપણ રાજકીય પક્ષને આ મેદાનોનું એકહથ્થું ઉપયોગ કરવાની પરવાનગી આપવી નહીં.

(૪) શાળા/કોલેજોના મેદાનોનો રાજકીય મીટીંગ માટે ઉપયોગ માટેની ફાળવણીમાં કોઈ ભંગને ચૂંટણી આયોગ ગંભીરતાથી જોશે અને આ બાબતની જવાબદારી સભા માટે મંજુરી આપનાર સબડીવીઝનલ ઓફીસરશ્રીની રહેશે.

(૫) રાજકીય પક્ષો અને ઉમેદવારોએ ઉપર દર્શાવેલા ધોરણોનો ભંગ ન થાય તે માટે કાળજી અને તકેદારી લેવાની રહેશે.

(૬) જો આ મેદાનોનો પ્રચાર માટે ઉપયોગ કરવાનો હોય તો તેને કોઈપણ નુકશાન વગર સંબંધિત સંસ્થાને પરત સોંપવું અને જો કોઈ નુકશાન થયું હોય તો તેના વળતર સાથે પરત સોંપવું. સંબંધિત રાજકીય પક્ષ/પક્ષે મેદાન પરત સોંપતી વખતે નુકશાનનું વળતર ચૂકવવા માટે જવાબદાર રહેશે.

૭. રાજકીયપક્ષો/ઉમેદવારે આ અંગે કરવામાં આવેલ ખર્ચની વિગતો, ખર્ચ રજીસ્ટરમાં નોંધવાની રહેશે.

આ હુકમનું ઉલ્લંઘન કરનાર અથવા ઉલ્લંઘન માટે મદદ કરનાર શખ્સ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ હેઠળ સજાને પાત્ર થશે.

આ હુકમ ભાવનગર જિલ્લાના સમગ્ર વિસ્તારને લાગુ પડશે.

આ જાહેરનામું પ્રસિધ્ધ થયા તારીખથી તા. ૨૦-૧૨-૨૦૧૭ સુધી અમલમાં રહેશે.

આજ તારીખઃ ૨૫-૧૦-૨૦૧૭ના રોજ મારી સહી, સિક્કો કરી સદરહુ જાહેરનામું પ્રસિધ્ધ કરવામાં અવ્યું.

ભાવનગર, ૨૫ માહે ઓકોબર, સને ૨૦૧૭.

---

## ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪નો બીજો અધિનિયમ) નાં કાયદાની કલમ-૧૪૪ હેઠળ હુકમ

વિષય : ચૂંટણી અધિકારીશ્રીની પૂર્વ મંજુરી મેળવ્યા વગર ચૂંટણી પ્રચાર માટે વાહનોના ઉપયોગ પર નિયમન કરવા બાબત.

## જાહેરનામું

નં. ડીએમ-૧/વિધાનસભા/જા.ના. ૮/૨૦૧૭.-ભારતનાં ચૂંટણી આયોગ દ્વારા વિધાનસભા સામાન્ય ચૂંટણી-૨૦૧૭ યોજવાનું જાહેર કરેલ છે. તે મુજબ વિધાનસભા સામાન્ય ચૂંટણી-૨૦૧૭ માટે ભાવનગર જિલ્લામાં તા. ૯-૧૨-૨૦૧૭ નાં રોજ મતદાન થનાર છે. જેના અનુસંધાને ચૂંટણી પ્રચાર અભિયાનરૂપે રાજકીય/બિનરાજકીય પક્ષનાં કાર્યકરો અને ચૂંટણી ઉમેદવારો તરફથી ચૂંટણી પ્રચાર ઝુંબેશ પોતપોતાના મત વિસ્તારમાં શરૂ કરવામાં આવેલ હોય આ પ્રચારનાં હેતુ માટે તેઓ દ્વારા કે તેની સહમતિથી બીજા કોઈ વ્યકિત દ્વારા પ્રચાર માટે વાહનોનો ઉપયોગ કરવામાં આવશે. તે સંજોગોમાં આવા વાહનો ઉપર દેખરેખ રાખવા અને ઉમેદવારનાં પ્રચાર માટે વપરાતા વાહનોમાં સબંધમાં થતો ખર્ચ યોગ્ય રીતે જાહેર થાય તે હેતુથી અને જો આમ કરવામાં ન આવે તો તેમનાં પ્રતિસ્પર્ધી ઉમેદવારો તથા જનસામાન્ય તરફથી સાચી ખોટી ફરીયાદો ઉપસ્થિત થવા અને એકબીજા જુથો વચ્ચે મનદુઃખ અને ઘર્ષણ ઉભુ થવાની સંભાવના તેમજ સુલેહશાંતિનો ભંગ થવા સંભવ રહે છે.

આથી હું, ઉમેશ વ્યાસ, (જી.એ.એસ.) અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ભાવનગર, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની (૧૯૭૪ નો બીજો અધિનિયમ)ની કલમ-૧૪૪ અન્વયે મળેલ સત્તાની રૂઈએ આથી ફરમાવું છું કે,

(૧) કોઈપણ રાજકીય પક્ષો કે બિન રાજકીય પક્ષો કે તેમના ઉમેદવારો કે તેની સહમતિથી બીજા કોઈ વ્યક્તિ દ્વારા ચૂંટણી પ્રચાર માટે વાહનોનો ઉપયોગ કરવામાં આવે તેવા તમામ વાહનો વિધાનસભાંના ચૂંટણી ઉમેદવારે તે વાહનના ઉપયોગ માટે પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીશ્રી, ભાવનગર તથા વાહનમાં લાઉડ સ્પીકર વગાડવા માટે સબંધિત પોલીસ સ્ટેશન અધિકારીની પરવાનગી મેળવી તેની નકલ સાથે સબંધિત ચૂંટણી અધિકારીશ્રી પાસે આવા વાહનો રજિસ્ટર કરાવવાનાં રહેશે. અને રજિસ્ટર કરાયેલ વાહન માટે તેઓશ્રી પાસેથી પરમીટ મેળવી, અસલ પરમીટ જ વાહનોની ઉપર સહેલાઈથી દેખાય આવે તે રીતે વિન્ડસ્કીન પર ચોંટાડવાની રહેશે. કોઈપણ સંજોગોમાં પરમીટની ફોટોકોપી ચાલશે નહિ, ઉપરાંત પરમીટ મેળવ્યા સિવાય અને વાહન રજીસ્ટર કરાવ્યા સિવાય કોઈપણ વાહનનો ચૂંટણી પ્રચાર માટે ઉપયોગ કરી શકાશે નહીં. આ નિયંત્રણો યાંત્રિક શકિતથી કે અન્ય રીતે ચાલતા તમામ વાહનોને લાગુ પડશે.

(૨) ભારતીય ચૂંટણી આયોગના આદેશ મુજબ કોઈપણ સંજોગોમાં રાજકીય પક્ષ કે ઉમેદવાર કે ચૂંટણી એજન્ટે ચૂંટણીના પ્રચાર માટે કાફલામાં ૧૦ થી વધુ વાહનો એકી સાથે લઈ જઈ શકશે નહી તેવું ઠરાવેલ છે. આથી ચૂંટણી આયોગના આદેશની અમલવારી કરવા આ જિલ્લામાં આવેલ તમામ રાજકીય પક્ષો, ઉમેદવારો અને તેમના ચૂંટણી એજન્ટોને ફરમાવવામાં આવે છે કે ચૂંટણીના પ્રચાર માટે જતા કાફલમાં એકી સાથે ૧૦ થી વધુ વાહનો લઈ જઈ શકાશે નહી.

(૩) ચૂંટણી પ્રચાર માટે ઉપયોગમાં લેવાનાર વાહનો બે, ત્રણ અને ચાર વ્હીલવાળા રહેશે જેમાં ડ્રાઈવર સહિત વધુમાં વધુ પાંચ વ્યકિતઓથી વધુ બેસી શકશે નહી.

(૪) રાજકીયપક્ષે/ઉમેદવારે આ અંગે કરવામાં આવેલ ખર્ચની વિગતો, ખર્ચ રજીસ્ટરમાં નોંધવાની રહેશે.

આ હુકમનું ઉલ્લંઘન કરનાર અથવા ઉલ્લંઘન માટે મદદ કરનાર શખ્શ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ હેઠળ સજાને પાત્ર થશે.

આ હુકમ ભાવનગર જિલ્લાના સમગ્ર વિસ્તારને લાગુ પડશે.

આ જાહેરનામુ પ્રસિધ્ધ થયા તારીખથી તા. ૨૦-૧૨-૨૦૧૭ સુધી અમલમાં રહેશે.

આજ તા. ૨૫-૧૦-૨૦૧૭ના રોજ મારી સહી, સિક્કો કરી હુકમ બહાર પાડ્યો.

ભાવનગર, ૨૫ માહે ઓક્ટોબર, સને ૨૦૧૭.

---

## ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩ ની પેટા કલમ-૧(આર)(૩) હેઠળ હુકમ

વિષય : ચૂંટણી પ્રચાર માટે વાહનો તથા લાઉડ સ્પીકરના ઉપયોગ પર નિયમન કરવા બાબત.

## જાહેરનામું

નં. ડીએમ-૧/વિધાનસભા/જા.ના.૯/૨૦૧૭.-ભારતનાં ચૂંટણી આયોગ દ્વારા વિધાનસભા સામાન્ય ચૂંટણી-૨૦૧૭નો ચૂંટણીનો કાર્યક્રમ જાહેર થયેલ છે. તે મુજબ મતદાન તા. ૦૯-૧૨-૨૦૧૭

ના રોજ યોજાનાર છે અને મતગણતરી તા. ૧૮-૧૨-૨૦૧૭ ના રોજ થનાર છે. જેથી ચૂંટણી સબબ ઉમેદવારો, રાજકીય પક્ષો, કાર્યકરો વિગેરે દ્વારા ચૂંટણીના પ્રચારના કોઇ હેતુ માટે સભા કે સરઘસો યોજે તેમાં માઇકનો ઉપયોગ કરી અવાજનું પ્રદુષણ રોકવા અત્યંત આવશ્યક અને અનિવાર્ય જણાતા તેમજ લાઉડ સ્પીકર વગાડવાથી ધ્વની પ્રદુષણથી લોકોની તંદુરસ્તીને વિપરીત અસર પહોંચે છે. તેમજ લાઉડ સ્પીકર લોકોને ખલેલ ન પહોંચે અને લોકો/જાહેર પ્રજાને ધ્વની પ્રદુષણથી મુકત રાખવા મટો લાઉડ સ્પીકરનો ઉપયોગ કરવા પર પ્રતિબંધ મુકવો જરૂરી જણાય છે.

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩ ની પેટા કલમ-૧(આર)(૩) અન્વયે મળેલ સત્તાની રૂઈએ હું ઉમેશ વ્યાસ (જી.એ.એસ.) અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ભાવનગર જિલ્લો, ભાવનગર, ભાવનગર જિલ્લાના તમામ વિસ્તારમાં નીચેની વિગતે લાઉડ સ્પીકરનો ઉપયોગ કરવા પર આથી પ્રતિબંધ ફરમાવું છું.

(૧) કોઈપણ રાજકીય પક્ષો કે બિન રાજકીય પક્ષો કે તેમનાં ઉમેદવારો કે તેની સહમતિથી બીજા કોઈ વ્યક્તિ દ્વારા ચૂંટણી પ્રચાર માટે વાહનોનો ઉપયોગ કરવામાં આવે તેવા તમામ વાહનો વિધાનસભાનાં ચૂંટણી ઉમેદવારે તે વાહનના ઉપયોગ માટે પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીશ્રી, ભાવનગર તથા વાહનમાં લાઉડ સ્પીકર વગાડવા માટે સબંધિત પોલીસ સ્ટેશન અધિકારીની પરવાનગી મેળવી તેની નકલ સાથે સબંધિત ચૂંટણી અધિકારીશ્રી પાસે આવા વાહનો રજિસ્ટર કરાવવનાં રહેશે. અને રજિસ્ટર કરાયેલ વાહન માટે તેઓશ્રી પાસેથી પરમીટ મેળવી, અસલ પરમીટ જ વાહનોની ઉપર સહેલાઈથી દેખાય આવે તે રીતે વિન્ડસ્કીન પર ચોંટાડવાની રહેશે. કોઈપણ સંજોગોમાં પરમીટની ફોટોકોપી ચાલશે નહી, ઉપરાન્ત પરમીટ મેળવ્યા સિવાય અને વાહન રજિસ્ટર કરાવ્યા સિવાય કોઈપણ વાહનનો ચૂંટણી પ્રચાર માટે ઉપયોગ કરી શકાશે નહીં. આ નિયંત્રણો યાંત્રિક શકિતથી કે અન્ય રીતે ચાલતા તમામ વાહનોને લાગુ પડશે.

(૨) સક્ષમ અધિકારીની પરવાનગી સિવાય ચૂંટણી પ્રચાર કે વાહન પર માઇક રાખી માઇક વગાડી શકાશે નહી.

(૩) સવારના ૬.૦૦ કલાકથી રાત્રિના ૧૦.૦૦ કલાક સુધી જ માઇકનો ઉપયોગ સક્ષમ અધિકારીશ્રીની પરવાનગી મેળવીને જ કરવાનો રહેશે.

(૪) ઉપર નિયત થયેલા સમય સિવાય ઉપયોગમાં લેવાયેલ કોઇપણ લાઉડ સ્પીકર કે અન્ય જોડાયેલ ઉપકરણો સહિત જપ્ત કરવામાં આવશે.

(૫) વાહનોમાં લાઉડ સ્પીકરનો ઉપયોગ કરતા તમામ રાજકીય પક્ષો ઉમેદવારો કે કાર્યકરોએ લાઉડ સ્પીકર વાપરવા માટેની પરવાનગી આપતા સત્તા અધિકારીશ્રીને વાહનોની નોંધણી/ઓળખ નંબરો જણાવવા અને પરવાનગી પત્ર પર તેની નોંધ કરાવવાની રહેશે.

(૬) લેખિત પરવાનગી વગર જે વાહનમાં લાઉડ સ્પીકરનો ઉપયોગ કરવામાં આવ્યો હોય તે વાહન, ઉપયોગમાં લેવાયેલ લાઉડ સ્પીકર અને તમામ ઉપકરણો સહિત જપ્ત કરવામાં આવશે.

(૭) ઉમેદવારે કે કાર્યકરે ઉપરોકત જણાવ્યા મુજબની પરવાનગી મેળવી તેની જાણ ચૂંટણી અધિકારીશ્રીને અને સ્થાનિક પોલીસ અધિકારીને કરવાની રહેશે.

(૮) કોઈપણ મતવિસ્તારમાં મતદાન સમાપ્ત કરવા માટે નિયત કરવામાં આવેલ સમયના પહેલા ૪૮ કલાક દરમ્યાન વાહન પર ગોઠવેલ કે અન્ય પ્રકારના લાઉડ સ્પીકરનો ઉપયોગ કરવો નહીં.

(૯) રાજકીય પક્ષો/ઉમેદવારે આ અંગે કરવામાં આવેલ ખર્ચની વિગતો, ખર્ચ રજીસ્ટરમાં નોંધવાની રહેશે.

આ હુકમનું ઉલ્લંઘન કરનાર અથવા ઉલ્લંઘન માટે મદદ કરનાર શખ્સ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૫૧ની કલમ–૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ ભાવનગર જિલ્લાના સમગ્ર વિસ્તારને લાગુ પડશે.

આ જાહેરનામું પ્રસિધ્ધ થયા તારીખથી તા. ૨૦-૧૨-૨૦૧૭ સુધી અમલમાં રહેશે.

આજ તારીખઃ ૨૫-૧૦-૨૦૧૭ના રોજ મારી સહી, સિક્કો કરી સદરહુ જાહેરનામું પ્રસિધ્ધ કરવામાં આવ્યું.

ભાવનગર, ૨૫ માહે ઓક્ટોબર, સને ૨૦૧૭.

---

**ફોજદારી કાર્યરીતિ અધિનિયમ (૧૯૭૪નો બીજો અધિનિયમ) ૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ હુકમ**

વિષય : ચૂંટણી પ્રચાર માટે કોઈપણ ધાર્મિક સ્થળોનો ઉપયોગ કરવા પર પ્રતિબંધ લાદવા બાબત.

## હુકમ

નં. ડીએમ-૧/વિધાનસભા/જા.ના.૧૦/૨૦૧૭.-ભારતનાં ચૂંટણી આયોગ દ્વારા વિધાનસભા સામાન્ય ચૂંટણી-૨૦૧૭નો ચૂંટણીનો કાર્યક્રમ જાહેર થયેલ છે અને તે મુજબ મતદાન તા. ૦૯-૧૨-૨૦૧૭ ના રોજ યોજાનાર છે તેમજ મતગણતરીની તા. ૧૮-૧૨-૨૦૧૭ ના રોજ થનાર છે તે મુજબ ચૂંટણી પ્રક્રિયા દરમ્યાન આદર્શ આચાર સંહિતાનો અમલ કરવા ધાર્મિક સ્થળોનો ચૂંટણી પ્રચાર માટે ઉપયોગ ન થાય તે અંગેના નિયંત્રણ રાખવાની જરૂર છે.

આથી હું, ઉમેશ વ્યાસ (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ભાવનગર જિલ્લો, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ થી મને મળેલ સત્તાની રૂઈએ ફરમાવું છું કે,

(૧) કોઈપણ મંદીર, મસ્જીદ, ચર્ચ, ગુરૂદ્વારા અથવા કોઈપણ ધાર્મિક/પ્રાર્થના સ્થળોનો ચૂંટણી પ્રચાર માટે ઉપયોગ કરી શકશે નહી.

(૨) ધાર્મિક સંસ્થાઓ (દૂર ઉપયોગ નિવારણ) અધિનિયમ-૧૯૮૮ હેઠળ ધાર્મિક સંસ્થાઓના ફંડ અને જગ્યાનો ચૂંટણી પ્રચાર માટે ઉપયોગ કરી શકાતો નથી તેથી તે કાયદાનું અસરકારક રીતે પાલન કરવાનું રહેશે.

(૩) આ અંગે ભારતના ચૂંટણી આયોગની આદર્શ આચારસંહિતાનું પાલન કરવાનું રહેશે.

આ હુકમનો ભંગ/ઉલ્લંઘન કરનાર ઈસમ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ ભાવનગર જિલ્લાના સમગ્ર વિસ્તારને લાગુ પડશે.

આ જાહેરનામું પ્રસિધ્ધ થયા તારીખથી તા. ૨૦-૧૨-૨૦૧૭ સુધી અમલમાં રહેશે.

આજ તારીખ: ૨૫-૧૦-૨૦૧૭ના રોજ મારી સહી, સિક્કો કરી સદરહુ હુકમ પ્રસિધ્ધ કરવામાં આવ્યો.

ભાવનગર, ૨૫ માહે ઓક્ટોબર, સને ૨૦૧૭.

---

**ફોજદારી કાર્યરીતિ અધિનિયમ (૧૯૭૪નો બીજો અધિનિયમ) ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલો હુકમ**

વિષય : મતદાનના દિવસે મતદાન મથકની ૧૦૦ મીટરની ત્રિજ્યામાં અનઅધિકૃત વ્યકિતએ પ્રવેશ કરવા પર પ્રતિબંધ મુકવા બાબત.

## જાહેરનામું

નં. ડીએમ-૧/વિધાનસભા/જા.ના.૧૧/૨૦૧૭.-ભારતનાં ચૂંટણી આયોગ દ્વારા વિધાનસભા સામાન્ય ચૂંટણી-૨૦૧૭નો ચૂંટણીનો કાર્યક્રમ જાહેર થયેલ છે. જે મુજબ તા. ૦૯-૧૨-૨૦૧૭ ના રોજ મતદાનની કાર્યવાહી હાથ ધરવામાં આવનાર છે. જે સંદર્ભે મુક્ત અને ન્યાયી રીતે ચૂંટણી યોજાય તે માટે મતદાનના દિવસે સુલેહ શાંતિ તથા કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે નીચે મુજબના પ્રતિબંધો મુકવા જરૂરી જણાય છે.

આથી હું, ઉમેશ વ્યાસ (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ભાવનગર જિલ્લો, ભાવનગર, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪નો બીજો અધિનિયમ) ની કલમ-૧૪૪થી મને મળેલ સત્તાની રૂઈએ ફરમાવું છું કે,

(૧) મતદાન મથકના ૧૦૦ મીટર વિસ્તારમાં કોઈપણ અનઅધિકૃત વ્યકિતએ પ્રવેશવું નહિ, પ્રચાર કરવો નહિ, રાજકીય પક્ષોના પ્રતિકો કે ઉમેદવારોના પ્રતિકો લાવવા નહિ. કોઈ નિશાનીઓ રાખવી નહિ.

(૨) એક ઉમેદવારના એકથી વધારે મતદાનમથક એજન્ટને ૧૦૦ મીટર વિસ્તારમાં હાજર રહેવું નહિ.

(૩) રાવટી, તંબુ, ટેબલ, મંડપ મુકવા નહિ.

(૪) કોઈપણ પક્ષના ચિન્હવાળી સ્લીપો વહેંચવી નહિ/લાવવી નહિ.

(૫) પક્ષ કે ઉમેદવારના પ્રતિકવાળી સ્લીપ કે વસ્તુઓ લાવવી નહિ કે કોઈ સંજ્ઞા કરવી નહિ.

(૬) પક્ષ કે ઉમેદવાર દ્વારા વાહનોની અંદર મતદારોને મતદાન મથકે લાવવા અને લઈ જવા ઉપર પ્રતિબંધ મુકવામાં આવે છે.

સદર આદેશ કાયદો અને વ્યવસ્થાનો ચાર્જ સંભાળતા અધિકારીઓ, સુરક્ષા કર્મચારીઓ, ચૂંટણી પંચે નિમેલા નિરીક્ષકો, મતદાન અધિકારીઓને લાગુ પડશે નહિ.

સદર જાહેરનામાનો ભંગ કરનાર ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ હેઠળ સજાને પાત્ર થશે.

આ હુકમ ભાવનગર જિલ્લાના સમગ્ર વિસ્તારને લાગુ પડશે.

આજ તારીખ: ૨૫-૧૦-૨૦૧૭ના રોજ મારી સહી, સિક્કો કરી સદરહુ હુકમ પ્રસિધ્ધ કરવામાં આવ્યો.

ભાવનગર, ૨૫ માહે ઓક્ટોબર, સને ૨૦૧૭.

---

**ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪નો બીજો અધિનિયમ)ના કાયદાની કલમ-૧૪૪ હેઠળ હુકમ**

વિષય : મતદાનના દિવસે મતદાન મથકની ૨૦૦ મીટરની ત્રિજ્યામાં ચાર કરતા વધુ માણસોએ ભેગા થવા પર પ્રતિબંધ બાબત.

## જાહેરનામું

નં. ડીએમ-૧/વિધાનસભા/જા.ના.૧૨/૨૦૧૭.-ભારતનાં ચૂંટણી આયોગ દ્વારા વિધાનસભા સામાન્ય ચૂંટણી-૨૦૧૭નો ચૂંટણીનો કાર્યક્રમ જાહેર થયેલ છે અને તે મુજબ મતદાન તા.૦૯-૧૨-૨૦૧૭ ના રોજ નિયત કરવામાં આવેલ મતદાન મથકો ઉપર યોજાનાર હોય જેથી નિયત કરેલા મતદાન મથકોએ મતદાન સરળ અને શાંતિપૂર્ણ થાય અને તેમા કોઈ અનુરોધ પેદા થાય નહિ તે માટે તેમજ આ નિયત કરેલા મતદાન કેન્દ્રોએ જુદા-જુદા પક્ષના લોકો-ટેકેદારો-કાર્યકરો એકઠા થાય ત્યારે એકબાજા વચ્ચે સંઘર્ષ ન થાય તથા જાહેર સુલેહશાંતિ તેમજ કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે નિયત કરેલ મતદાન મથકોની આજુબાજુના ૨૦૦ મીટરના વિસ્તારમાં ચાર કરતા વધુ માણસોએ ભેગા નહીં થવા માટે તેમજ ચૂંટણીના કામે ઉપયોગમાં લેવાનાર ઉપરોકત નિયત સ્થળોએ આવેલા મતદાન કેન્દ્રોના મકાનોમાં

બિનઅધિકૃત વ્યકિતઓ દાખલ થાય નહી તે માટે ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની (૧૯૭૪નો બીજો અધિનિયમ) કલમ-૧૪૪ મુજબ પગલા લેવા સારૂ મને પુરતુ કારણ જણાય છે.

આથી હું, ઉમેશ વ્યાસ (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ભાવનગર જિલ્લો ભાવનગર, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ ની કલમ-૧૪૪ હેઠળ અમોને મળેલ સત્તાની રૂઈએ ફરમાવું છું કે,

તા. ૦૯-૧૨-૨૦૧૭ના રોજ સવારના ૭-૦૦ કલાકથી તા. ૧૦-૧૨-૨૦૧૭ના ૨૪-૦૦ કલાક (બન્ને દિવસો સહિત) સુધી ચુંટણી અંગેની કામગીરી માટેના નિયત કરેલા મતદાન મથકોએ મતદાનની કામગીરી પુરી થાય તે સુધીના સમય તેમજ મતદાનને લગતી અન્ય કામગીરી પુર્ણ થાય તે સમય સુધી નિયત કરવામાં આવેલ મતદાન મથકોના ૨૦૦ મીટરના વિસ્તારમાં ચાર કરતા વધારે માણસોએ ભેગા થવુ નહી, તેમજ ઉપરોકત સ્થળોએ ચુંટણી કામ માટે ઉપયોગમાં લેવાનાર મકાનો તથા તેના કમ્પાઉન્ડની ૨૦૦ મીટરના વિસ્તારની અંદર બિનઅધિકૃત વ્યકિત-વ્યકિતઓએ પ્રવેશ કરવો નહી.

વધુમાં હું આદેશ કરૂં છું કે, આ હુકમ નીચેનાઓને લાગુ પડશે નહીં.

૧. ચૂંટણી અંગેની કામગીરીમાં રોકવામાં આવેલ ચૂંટણી ફરજ માટેના સરકારી અધિકારી અને કર્મચારીઓને.

૨. કાયદો અને વ્યવસ્થાની જાળવણી માટે ફરજ ઉપર મુકાયેલ પોલીસ અધિકારી-કર્મચારી તથા હોમગાર્ડને.

૩. સબંધિત ચૂંટણીના ઉમેદવારો/ચૂંટણી એજન્ટ/મતદાન એજન્ટને તથા ચૂંટણી અધિકારીશ્રીઓ તથા ચૂંટણીપંચ દ્વારા અધિકૃત કરવામાં આવે તે,

૪. સ્થળે હાજર ફરજ પરના પોલીસ અધિકારીશ્રી દ્વારા અધિકૃત કરવામાં આવે તે,

૫. અધિકૃત મતદારોને મત આપવા જતા તેમજ મતદાન પછી પરત આવવા સુધીના સમય સુધી.

આ હુકમનો ભંગ/ઉલ્લંઘન કરનાર ઈસમ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ ભાવનગર જિલ્લાના સમગ્ર વિસ્તારને લાગુ પડશે.

આ હુકમનો અમલ તા. ૦૯-૧૨-૨૦૧૭ થી તા. ૧૦-૧૨-૨૦૧૭ સુધી અમલમાં રહેશે.

આજ તારીખઃ ૨૫-૧૦-૨૦૧૭ના રોજ મારી સહી, સિક્કો કરી હુકમ પ્રસિધ્ધ કરવામાં આવ્યો.

ભાવનગર, ૨૫ માહે ઓક્ટોબર, સને ૨૦૧૭.

---

**ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪નો બીજો અધિનિયમ)ના કાયદાની કલમ-૧૪૪ હેઠળ હુકમ**

**વિષય : મતદાનના દિવસે વાહનોના ઉપયોગ પર નિયંત્રણ રાખવા બાબત.**

## જાહેરનામું

નં. ડીએમ-૧/વિધાનસભા/જા.ના.૧૩/૨૦૧૭.-ભારતનાં ચૂંટણી આયોગ દ્વારા વિધાનસભા સામાન્ય ચૂંટણી-૨૦૧૭ યોજવાનું જાહેર કરેલ છે. તે મુજબ ભાવનગર જિલ્લામાં તા. ૦૯-૧૨-૨૦૧૭ ના રોજ મતદાન થનાર છે. જેના અનુસંધાને મતદાનના દિવસે વાહનોના ઉપયોગ ઉપર દેખરેખ રાખવા અને મતદારો માટે વાહનોનો દુરૂપયોગ કરી મતદારોને અયોગ્ય રીત રીઝવી ન શકાય તે હેતુથી અને જો આમ કરવામાં ન આવે તો તેમનાં પ્રતિસ્પર્ધી ઉમેદવારો તથા જનસામાન્ય તરફથી સાચી ખોટી ફરીયાદો ઉપસ્થિત થવા અને એકબીજા જૂથો વચ્ચે મનદુઃખ અને ઘર્ષણ ઉભુ થવાની સંભાવના તેમજ સુલેહશાંતિનો ભંગ થવા સંભવ રહે છે. જે અટકાવવા તેમજ ઉકત ચૂંટણી દરમ્યાન વાહનોના દુરૂપયોગ પર નિયંત્રણ કરવા હેતુ સારૂ સાવચેતીના પગલા લેવા અનિવાર્ય જણાતા આથી હું ઉમેશ વ્યાસ (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભાવનગર, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની (૧૯૭૪નો બીજો અધિનિયમ)ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ સત્તાની રૂઈએ ફરમાવું છું કે,

(૧) કોઈપણ રાજકીય પક્ષો કે બિનરાજકીય પક્ષો તેમનાં ઉમેદવારો અગર અપક્ષ ઉમેદવારો કે તેઓના ચૂંટણી એજન્ટ દ્વારા અથવા તેઓની સહમતિથી બીજા કોઈ વ્યકિત દ્વારા મતદાનના દિવસે, મતદારોને મતદાન મથક સુધી લાવવા અને મતદાન મથકથી લઈ જવાની મફત સગવડ માટે વાહનો ભાડે રાખવા કે મેળવવા અથવા એ રીતે વાહનોનો ઉપયોગ કરવા ઉપર પ્રતિબંધ ફરમાવવામાં આવે છે.

(૨) વિધાનસભાની ચૂંટણી બાબતમાં ચૂંટણી લડતા દરેક ઉમેદવાર મતદાનના દિવસે નીચે પ્રમાણે વાહનનો ઉપયોગ કરી શકશે.

(૧) પોતાના ઉપયોગ માટે સમગ્ર મતદાર વિભાગ પૂરતું એક વાહન.

(૨) આ ઉપરાંત યથાપ્રસંગ ચૂંટણી એજન્ટ અથવા કાર્યકરો અથવા તેના પક્ષના કાર્યકરોના ઉપયોગ માટે વિધાનસભા મતદાર દીઠ એક વાહન વાપરવા હક્કદાર રહેશે.

(૩) આ વાહનો ૨-૩ અને ૪ વ્હીલવાળા રહેશે. જેમાં ડ્રાઈવર સહિત ૫ (પાંચ) વ્યક્તિથી વધુ સંખ્યામાં માણસો બેસાડી શકાશે નહી.

INDEX

(૩) ઉકત ઉપયોગમાં લેવાનાર વાહન વિધાનસભા ઉમેદવારે તેના ચૂંટણી અધિકારીશ્રી પાસે નોંધણી કરાવવાનું રહેશે અને નોંધણી કરાવેલ વાહન પર તેની પરમીટ તેઓશ્રી પાસેથી મેળવી તે અસલ પરમીટ વાહનની ઉપર સહેલાઈથી દેખાઈ આવે તે રીતે વીન્ડસ્કીન પર ચોંટાડવાની રહેશે.

(૪) મતદાનના દિવસે જો ઉમેદવાર મતદાર વિભાગ વિસ્તારમાં હાજર નહિ રહે તો, ઉમેદવારના પોતાના ઉપયોગ માટે મંજૂરી માટે અપાયેલ વાહન અન્ય કોઈ વ્યક્તિઓ દ્વારા વાપરી શકાશે નહિ.

આ હુકમનું ઉલ્લંઘન કરનાર અથવા ઉલ્લંઘન માટે મદદ કરનાર શખ્સ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમનો અમલ તા. ૦૯-૧૨-૨૦૧૭ ના દિવસે કરવાનો રહેશે.

આ હુકમ ભાવનગર જિલ્લાના સમગ્ર વિસ્તારને લાગુ પડશે.

આજ તારીખઃ ૨૫-૧૦-૨૦૧૭ના રોજ મારી સહી તથા સિક્કો કરી હુકમ બહાર પાડયો.

ભાવનગર, ૨૫ માહે ઓક્ટોબર, સને ૨૦૧૭.

---

**ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪નો બીજો અધિનિયમ)ના કાયદાની કલમ-૧૪૪ હેઠળ હુકમ**

**વિષય : મતદાન મથકો ઉપર તથા તેની નજીકના વિસ્તારોમાં મતદાનના દિવસે પ્રચાર કરવા તથા અડચણ થતી અટકાવવા તથા વ્યવસ્થા જાળવવા બાબત.**

## જાહેરનામું

નં. ડીએમ-૧/વિધાનસભા/જા.ના.૧૪/૨૦૧૭.-ભારતનાં ચૂંટણી આયોગ દ્વારા વિધાનસભા સામાન્ય ચૂંટણી-૨૦૧૭નો ચૂંટણીનો કાર્યક્રમ જાહેર થયેલ છે. તે મુજબ આગામી તા. ૦૯-૧૨-૨૦૧૭ ના રોજ મતદાન યોજાનાર છે. ચૂંટણીના મુક્ત, ન્યાયી અને સરળ સંચાલન માટે તથા કાયદો અને વ્યવસ્થાની જાળવણી સુનિશ્ચિત કરવા જાહેર શાંતિ અને સલામતી જળવાઈ રહે તે માટે મતદાન મથકમાં અડચણ અટકાવવા તથા તેની નજીક પ્રચાર કરવા પર પ્રતિબંધ ફરમાવવો જરૂરી જણાય છે.

આથી હું, ઉમેશ વ્યાસ (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ભાવનગર જિલ્લો, ભાવનગર, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪નો બીજો અધિનિયમ) ની કલમ-૧૪૪થી મને મળેલ સત્તાની રૂઈએ નીચે પ્રમાણે ફરમાવું છું કે,

તા. ૦૯-૧૨-૨૦૧૭ ના રોજ મતદાનના દિવસે મતદાન મથકની અંદર તથા મતદાન મથકથી ૧૦૦ મીટરના અંતરમાં આવેલ વિસ્તારમાં કોઈપણ વ્યકિતએ નીચેના કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવુ છું.

(૧) મત માટે પ્રચાર કરવો.

(૨) મતદારોને ધાક-ધમકી આપીને કે રંજાડીને મતદાન કરવા જતા અટકાવવા.

(૩) કોઈ મતદારોને મત આપવા આગ્રહપુર્વક વિનંતી કરવી.

(૪) અમુક ઉમેદવારને મત ન આપવા માટે કોઈ મતદારને સજાવવા.

(૫) કોઈ મતદારને ચૂંટણીમાં મત ન આપવા સમજાવવા.

(૬) ચૂંટણીને લગતી (સરકારી નોટિસ સિવાયની) કોઈ નોટીસ કે નિશાની પ્રદર્શિત કરવી.

(૭) વાહન સાથે આવવું.

(૮) મતદાન મથકમાં મતદાર, ઉમેદવાર/ચૂંટણી એજન્ટ તથા ચૂંટણી પંચે અધિકૃત કરેલ વ્યકિત સિવાયની વ્યકિતએ પ્રવેશ કરવો.

(૯) મતદારે પોતાનો મત આપ્યા પછી મતદાન મથક તથા તેનાં વિસ્તાર ન છોડી અડચણ ઉભી કરવી.

**આ હુકમમાં નીચે મુજબ આપવાદ છે.**

કાયદો અને વ્યવસ્થાના ઈન્ચાર્જ અધિકારીઓ અને મતદાન મથક નજીક ફરજ ઉપર મુકેલ સલામતી કર્મચારીઓ, રાજ્ય ચૂંટણી પંચે નિમેલ નિરીક્ષકો અને ચૂંટણી ફરજ પરના અધિકારીશ્રીઓ સહિતના મતદાનની ફરજોનો હવાલો ધરાવતા અધિકારીઓ/કર્મચારીઓને ઉપરની ક્રમ નં. ૭ની બાબતો લાગુ પડશે નહી.

આ હુકમનો ભંગ/ઉલ્લંઘન કરનાર ઈસમ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ ભાવનગર જિલ્લાના સમગ્ર વિસ્તારને લાગુ પડશે.

આ હુકમનો અમલ તા. ૦૯-૧૨-૨૦૧૭ ના રોજ મતદાનના દિવસે કરવાનો રહેશે.

આજ તારીખઃ ૨૫-૧૦-૨૦૧૭ના રોજ મારી સહી, સિક્કો કરી સદરહુ હુકમ પ્રસિધ્ધ કરવામાં આવ્યો.

ભાવનગર, ૨૫ માહે ઓક્ટોબર, સને ૨૦૧૭.

---

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪નો બીજો અધિનિયમ)ના કાયદાની કલમ-૧૪૪ હેઠળ હુકમ

**વિષય : મતદાનના દિવસે મોબાઈલ, સેલ્યુલર ફોન, કોર્ડલેસ વિગેરે ઉપકરણોના ઉપયોગ ઉપર પ્રતિબંધ અંગે.**

## જાહેરનામું

નં. ડીએમ-૧/વિધાનસભા/જા.ના.૧૫/૨૦૧૭.-ભારતનાં ચૂંટણી આયોગ દ્વારા વિધાનસભા સામાન્ય ચૂંટણી-૨૦૧૭નો ચૂંટણીનો કાર્યક્રમ જાહેર થયેલ છે. તે મુજબ આગામી તા. ૦૯-૧૨-૨૦૧૭ ના રોજ મતદાન યોજાનાર છે. મુક્ત અને ન્યાયી રીતે ચૂંટણી યોજાય તેમજ ચૂંટણી પ્રક્રિયા યોજાય તે દરમ્યાન સુલેહશાંતિનો ભંગ થતો અટકાવી શકાય તેમજ મતદાન કેન્દ્રો ખાતે મતદાનના દિવસે તેમજ મત ગણતરી મથક ખાતે ચૂંટણી પ્રચાર થતો અટકાવવા તથા મતદાનમાં ખલેલ ન પડે તે માટે કાયદો વ્યવસ્થા જાળવવા મતદાન કેન્દ્રોના સ્થળે કોઈપણ વ્યકિતને સેલ્યુલર ફોન, કોર્ડલેસ ફોન, વાયરલેસ સેટ, મોબાઈલ ફોન સાથે પ્રવેશવા ઉપર પ્રતિબંધ મુકવો આવશ્યક છે.

આથી હું, **ઉમેશ વ્યાસ (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ભાવનગર જિલ્લો, ભાવનગર** ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪નો બીજો અધિનિયમ)ની કલમ-૧૪૪થી મને મળેલ સત્તાની રૂઈએ ફરમાવું છું કે,

ચૂંટણી આયોગ દ્વારા માન્ય કરેલ તમામ મતદાન મથકોએ કોઈપણ વ્યકિત મતદાનના દિવસોએ સેલ્યુલર ફોન, કોર્ડલેસ ફોન, વાયરલેસ સેટ, મોબાઈલ ફોન સાથે લઈ જઈ શકશે નહીં અથવા તેનો ઉપયોગ કરી શકશે નહીં.

સદર આદેશ કાયદો-વ્યવસ્થાનો ચાર્જ સંભાળતાં અધિકારીશ્રીઓ, સુરક્ષા કર્મચારીઓ તથા ચૂંટણી આયોગે નિમેલા ચૂંટણીની ફરજ પરના તમામ અધિકારીશ્રી, કર્મચારીશ્રીઓને લાગુ પડશે નહીં.

સદર આદેશનો ભંગ કરી જો કોઈ વ્યકિત પાસે સેલ્યુલર ફોન, પેજર, કોર્ડલેસ ફોન, વાયરલેસ સેટ/વોકીટોકી સેટ જેવા સાધનો મળી આવશે તો સ્થળ પરના સુરક્ષા અધિકારી આ સાધનો જપ્ત કરી શકશે.

સદર આદેશનો ભંગ કરનાર ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ ભાવનગર જિલ્લાના સમગ્ર વિસ્તારને લાગુ પડશે.

આ હુકમ મતદાનની તા. ૦૯-૧૨-૨૦૧૭ ના રોજ અમલમાં રહેશે.

આજ તારીખઃ ૨૫-૧૦-૨૦૧૭ના રોજ મારી સહી, સિક્કો કરી સદરહું હુકમ પ્રસિધ્ધ કરવામાં આવ્યો.

ભાવનગર, ૨૫ માહે ઓક્ટોબર, સને ૨૦૧૭.

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪નો બીજો અધિનિયમ)ના કાયદાની કલમ-૧૪૪ હેઠળ હુકમ

**વિષય : મતગણતરીના દિવસે ચાર કે તેથી વધુ માણસોએ એકઠા થવા તથા મોબાઈલ, સેલ્યુલર ફોન, કોર્ડલેસ વગેરે ઉપકરણોના ઉપયોગ ઉપર પ્રતિબંધ બાબત.**

## જાહેરનામું

નં. ડીએમ-૧/વિધાનસભા/જા.ના.૧૬/૨૦૧૭.-ભારતના ચૂંટણી અયોગ દ્વારા વિધાનસભા સામાન્ય ચૂંટણી-૨૦૧૭નો ચૂંટણી કાર્યક્રમ જાહેર થયેલ છે. તે મુજબ તા.૧૮-૧૨-૨૦૧૭ના રોજ મતગણતરી હાથ ધરવામાં આવનાર છે. મતગણતરી મથકમાં પ્રવેશ પર નિયંત્રણ કરવા સારુ સલામતી અધિકારીઓએ કોર્ડન કરેલ વિસ્તારમાં મતગણતરીના દિવસે મતગણતરી સ્થળની આજુ બાજુના વિસ્તારમાં અસામાજીક/અનઅધિકૃત તત્વો પ્રવેશ ન કરે અને મતગણતરી કામ શાંતીથી થાય, કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે અને મતગણતરી મથકે મતદાનની ગુપ્તતા જાળવવા મતગણતરીના દિવસે સલામતી દળ દ્વારા કોર્ડન કરાયેલ પ્રતિબંધિત વિસ્તારમાં કોઈપણ વ્યક્તિને સેલ્યુલર ફોન, કોડલેસ ફોન, વાયરલેસ સેટ, મોબાઈલ ફોન સાથે પ્રવેશવા પ્રતિબંધ મુકવો આવશ્યક છે તેમજ મતગણતરીના દિવસે મતગણતરીના સ્થળના આજુબાજુના વિસ્તારમાં અસામાજિક/અનઅધિકૃત તત્વો પ્રવેશ ન કરે અને મતગણતરી કામ શાંતિથી પૂર્ણ થાય, કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે લોકોના ટોળા સ્વરૂપે એકઠા થવા પર નિયંત્રણ મૂકવું જરૂરી જણાય છે.

આથી હું, **ઉમેશ વ્યાસ (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ભાવનગર જિલ્લો, ભાવનગર,** ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ ની (૧૯૭૪નો બીજો અધિનિયમ) કલમ-૧૪૪થી મને મળેલ સત્તાની રૂઈએ ફરમાવું છું કે,

(૧) મતગણતરી સ્થળ અને તેની આજુબાજુના ૨૦૦ મીટર સુધીના વિસ્તારમાં મતગણતરીના દિવસે સવારના કલાક ૭-૦૦ થી મતગણતરી પુરી ન થાય ત્યાં સુધી ચાર કે તેથી વધુ માણસોએ રાજયમાર્ગો ઉપર, શેરીઓમાં, ગલીઓમાં કે પેટા ગલીઓમા એકઠા થવુ નહી, સભાઓ ભરવી નહી.

(૨) મતગણતરીના સ્થળે સલામતી દળ દ્વારા કોર્ડન કરાયેલ પ્રતિબંધિત વિસ્તારમાં કોઈપણ વ્યકિતએ મતગણતરીના દિવસે સેલ્યુલર ફોન, કોડલેસ ફોન, વાયરલેસ સેટ, મોબાઇલ ફોન વગેરે ઉપકરણો સાથે લઇ જઇ શકશે નહી અને તેનો ઉપયોગ કરી શકશે નહી.

ઉપર ક્રમ નં. ૧ થી મુકેલો પ્રતિબંધ મતગણતરીના કાર્યમાં રોકાયેલ અધિકૃત કર્મચારી/અધિકારીઓ/મતગણતરી એજન્ટોને મતગણતરી સ્થળ પુરતો લાગુ પડશે નહી.

ઉપર ક્રમ નં. ૨ થી મુકેલો પ્રતિબંધ મતગણતરીના કાર્યમાં રોકાયેલ અધિકૃત કર્મચારી/અધિકારીઓને મતગણતરી સ્થળ પુરતો લાગુ પડશે નહી.

આ હુકમ ભાવનગર શહેરમાં આવેલ સરકાર એન્જિનીયરીંગ કોલેજ, વિદ્યાનગર ખાતે રાખવામાં મતગણતરી કેન્દ્ર તથા તેની આજુબાજુના ૨૦૦ મીટરમાં આવેલ વિસ્તારને લાગુ પડશે.

સદર આદેશનો ભંગ કરનાર ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ હેઠળ સજાને પાત્ર થશે.

આ જાહેરનામું તા. ૧૮-૧૨-૨૦૧૭ ના રોજ મતગણતરીના દિવસ માટે અમલમાં રહેશે.

આજ તારીખઃ ૨૫-૧૦-૨૦૧૭ના રોજ મારી સહી, સિક્કો કરી જાહેરનામું પ્રસિધ્ધ કરવામાં આવ્યું.

ભાવનગર, ૨૫ માહે ઓક્ટોબર, સને ૨૦૧૭.

---

## અખબારી યાદી

નં. ડીએમ-૧/વિધાનસભા/૧૮/૨૦૧૭.-ભારતનાં ચુંટણી આયોગ દ્વારા વિધાનસભા સામાન્ય ચૂંટણી-૨૦૧૭નો ચુંટણીનો કાર્યક્રમ જાહેર થયેલ છે. તેના અનુસંધાને જિલ્લામાંના તમામ ખાનગી મુદ્રણાલયોના મુદ્રકો/પ્રકાશકોને સુચના આપવામાં આવે છે કે, તેમણે છાપેલાં ચુંટણી અંગેના કોઈ ચોપાનીયા કે ભીતપત્રો કે આવી અન્ય સામગ્રી પર મુદ્રક પંક્તિમાં તેમનું નામ, સરનામું સ્પષ્ટ દર્શાવવું. સદરહુ છાપકામ કરવામાં આવે તેના ત્રણ દિવસની અંદર છાપકામ કરેલી સામગ્રીની ચાર નકલો જરૂરી એકરારપત્ર સાથે ચાર નકલ જિલ્લા મેજીસ્ટ્રેટશ્રીને તથા બે નકલ સબંધિત ચુંટણી અધિકારીશ્રીને મોકલવી. આ બાબતે ચુંટણી આયોગની કોઈપણ સુચનાના ઉલ્લંઘનને ખુબ જ ગંભીરતાથી લઈ મુદ્રણાલયનું લાયસન્સ/રજીસ્ટ્રેશન રદ કરવા તથા ફોજદારી કાર્યવાહી સહિતના પગલા જેવા કડક પગલા લેવામાં આવશે. જેની તમામ સબંધકર્તાઓએ નોંધ લેવી.

ભાવનગર, ૨૫ માહે ઓક્ટોબર, સને ૨૦૧૭.

---

## અખબારી યાદી

નં. ડીએમ-૧/વિધાનસભા/૧૯/૨૦૧૭.-ભારતનાં ચુંટણી આયોગ દ્વારા વિધાનસભા સામાન્ય ચૂંટણી-૨૦૧૭નો ચુંટણીનો કાર્યક્રમ જાહેર થયેલ છે. તેના અનુસંધાને ભાવનગર જિલ્લામાં સભા, સરઘસો તથા શોભાયાત્રા કાઢવા અંગે અત્રેના જાહેરનામા નં.ડી.એમ.-૧/વશી/૧૩૨૯/૮૭, તા. ૧૦-૦૮-૧૯૮૭થી હુકમ બહાર પાડવામાં આવેલ છે. ચુંટણી સંદર્ભે જુદા જુદા રાજકીય પક્ષો/ઉમેદવાર તરફથી સભા/સરઘસનું આયોજન થતુ હોય છે. જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતી જળવાઈ રહે તે માટે રાજકીય પક્ષો/ઉમેદવારોને સભા, સરઘસની મંજુરી મેળવવા માટે ભાવનગર, પાલીતાણા, અને મહુવા શહેર માટે સબંધિત સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રીની અને તે સિવાયના વિસ્તાર માટે સબંધિત અધિકારીશ્રી દ્વારા સભા-સરઘસ માટે રજૂ થતી અરજીનું પ્રાયોરીટી રજી. તૈયાર કરશે રજૂ થયેલ અરજીઓને નિયમોની જોગવાઈ હેઠળ તપાસી જોઈ પ્રાયોરીટી મુજબ મંજુરી આપવામાં આવશે અને આવી મંજુરીની જાણ સબંધિત ચૂંટણી અધિકારીશ્રીઓને કરવામાં આવશે અને ચૂંટણી અધિકારીશ્રીઓએ આવા તમામ કાર્યક્રમોની પ્રારંભથી અંત સુધી અચૂકપણે વિડીયોગ્રાફી કરવાની રહેશે.

ભાવનગર, ૨૫ માહે ઓક્ટોબર, સને ૨૦૧૭.

---

## અખબારી યાદી

નં. ડીએમ-૧/વિધાનસભા/૨૦/૨૦૧૭.-ભારતનાં ચુંટણી આયોગ દ્વારા વિધાનસભા સામાન્ય ચૂંટણી-૨૦૧૭નો ચુંટણીનો કાર્યક્રમ જાહેર થયેલ છે. સદરહું ચુંટણી અન્વયે કેટલીક વ્યકિતઓ દ્વારા વાંધાજનક શોર્ટ મેસેજ સર્વિસીસ(એસએમએસ) અન્ય વ્યકિતઓને મોકલી આદર્શ આચારસંહિતાના ભંગ તથા ચુંટણી કાયદાનો ભંગ થતો હોય છે. જેથી સદરહું ચુંટણી સંદર્ભે આદર્શ આચારસંહિતા તેમજ ચુંટણી કાયદાનો ભંગ થાય તેવા શોર્ટ મેસેજ સર્વિસીસ(એસએમએસ) નહી કરવા જણાવવામાં આવે છે. જો કોઈ વ્યકિત દ્વારા આદર્શ આચાર સંહિતાના ભંગ તથા ચુંટણી કાયદાના ભંગ સબબના શોર્ટ મેસેજ સર્વિસીસ(એસએમએસ) કરવામાં આવશે તો તેની સામે લોક પ્રતિનિધિત્વ ધારા, ભારતીય ફોજદારી ધારા તેમજ ચુંટણી નિયમો હેઠળની જોગવાઈઓ તથા ચુંટણી પંચની પ્રવર્તમાન કાયદાની જોગવાઈઓ મુજબ કડક પગલા લેવામાં આવશે જેની તમામ સંબંધકર્તાઓએ નોંધ લેવી.

ભાવનગર, ૨૫ માહે ઓક્ટોબર, સને ૨૦૧૭.

---

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪નો બીજો અધિનિયમ) ના કાયદાની કલમ-૧૪૪ હેઠળ હુકમ

વિષય : **સરકારી કચેરીઓના કમ્પાઉન્ડમાં ચાર કરતા વધુ વ્યકિતઓએ એકત્ર થવા ઉપર પ્રતિબંધ મુકવા બાબત.**

## જાહેરનામુ

નં. ડીએમ-૧/વિધાનસભા/જા.ના. ૨૪/૨૦૧૭.-ભારતનાં ચુંટણી પંચ દ્વારા વિધાનસભા સામાન્ય ચૂંટણી-૨૦૧૭ યોજવાનું જાહેર કરેલ છે. વિધાનસભા સામાન્ય ચૂંટણી-૨૦૧૭નું મતદાન તા. ૦૯-૧૨-૨૦૧૭ના રોજ નક્કી થયેલ છે અને ભારતના ચૂંટણી આયોગ દ્વારા આચાર સંહિતા બહાર પાડવામાં આવેલ છે. સરકારી કચેરીઓમાં માણસો ટોળા સ્વરૂપે એકઠા થઈ, કાયદો અને વ્યવસ્થા જાળવવામાં બાધકરૂપ ન થાય તે માટે સરકારી કચેરીઓમાં ટોળા સ્વરૂપે એકઠા થવા પર પ્રતિબંધ મુકવાની જરૂર જણાય છે.

આથી હું, ઉમેશ વ્યાસ (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ભાવનગર, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની (૧૯૭૪નો બીજો અધિનિયમની) કલમ-૧૪૪ અન્વયે મને મળેલ સત્તાની રૂઈએ આથી નીચે મુજબ પ્રતિબંધ ફરમાવુ છુ.

આ પ્રતિબંધ નીચે મુજબની વ્યકિતઓને લાગુ પડશે નહી.

(૧) આ હુકમ ફરજ ઉપર રોકાયેલ તમામ સરકારી તથા અર્ધસરકારી કર્મચારીઓ/અધિકારીઓને લાગુ પડશે નહી.

(૨) આવેદનપત્ર આપવા માટે સક્ષમ અધિકારીશ્રીની પૂર્વ મંજુરી મેળવેલ હોય, તેવી આવેદન પત્ર આપવા આવનાર વ્યકિતઓને લાગુ પડશે નહી.

આ હુકમનું ઉલ્લંઘન કરનાર અથવા ઉલ્લંઘન માટે મદદ કરનાર શખ્સ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ ભાવનગર જિલ્લાના સમગ્ર વિસ્તારને લાગુ પડશે.

આ જાહેરનામું પ્રસિધ્ધ થયા તારીખથી તા. ૨૦-૧૨-૨૦૧૭ સુધી અમલમાં રહેશે.

આજ તારીખ : ૨૬-૧૦-૨૦૧૭ના રોજ મારી સહી તથા સિક્કો કરી હુકમ બહાર પાડયો.

ભાવનગર, ૨૬ માહે ઓકટોબર, સને ૨૦૧૭.

---

**ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪નો બીજો અધિનિયમ) નાં કાયદાની કલમ-૧૪૪ હેઠળનું**

વિષય : ચૂંટણી દરમિયાન સરકારી તથા બોર્ડ/નિગમ/કોર્પોરેશનના વાહનોના દુર ઉપયોગ પર પ્રતિબંધ બાબત.

## જાહેરનામું

નં. ડીએમ-૧/વિધાનસભા/જા.ના. ૨૫/૨૦૧૭.-ભારતનાં ચુંટણી આયોગ દ્વારા વિધાનસભા સામાન્ય ચૂંટણી-૨૦૧૭ યોજવાનું જાહેર કરેલ છે. તે મુજબ વિધાનસભા સામાન્ય ચૂંટણી-૨૦૧૭ અંતર્ગત તા. ૦૯-૧૨-૨૦૧૭ નાં રોજ મતદાન થનાર છે. ભારતના ચુંટણી આયોગ તરફથી આદર્શ આચાર સંહિતા બહાર પાડી તેનું કડકપણે પાલન કરવાની સુચનાઓ આપવામાં આવેલ છે. મુખ્ય ચૂંટણી અધિકારીશ્રી, ગુ.રા. ગાંધીનગરના તા. ૨૫-૧૦-૨૦૧૭ના પરીપત્ર અન્વયે તમામ રાજકીય પક્ષો અને ચુંટણી લડતા ઉમેદવારોએ તથા તેમના કાર્યકરોએ ચુસ્તપણે અમલ કરવાનો રહે છે. સદરહું આચાર સંહીતામાં કેન્દ્ર કે રાજય સરકારના મંત્રીશ્રીઓ, રાજકીય/બિનરાજકીય પક્ષનાં કાર્યકરો અને ચૂંટણી ઉમેદવારો દ્વારા ચૂંટણી પ્રચાર કાર્ય અથવા ચૂંટણીને સબંધકર્તા બાબતો અંગે કોઈપણ જાતની મુસાફરી દરમિયાન સરકારી તથા બોર્ડ/નિગમ/કોર્પોરેશનના વાહનોનો ઉપયોગ કરવા ઉપર પ્રતિબંધ છે.

આથી હું, ઉમેશ વ્યાસ (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભાવનગર જિલ્લો, ભાવનગર, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની (૧૯૭૪નો બીજો અધિનિયમની) કલમ-૧૪૪ અન્વયે મળેલ સતાની રૂઈએ ફરમાવું છું કે,

કેન્દ્ર કે રાજય સરકારના મંત્રીશ્રીઓ વગેરે ચૂંટણી પ્રચાર કાર્ય અથવા ચૂંટણીને સબંધકર્તા બાબતો અંગે કોઈપણ જાતની મુસાફરીમાં સરકારી વાહનોનો બિલકુલ ઉપયોગ કરી શકશે નહીં. આવા વાહનોમાં હેલીકોપ્ટર, એરક્રાફ્ટ, કાર, જીપ, ઓટોમોબાઈલ બોટ વગેરેનો સમાવેશ થાય છે. સરકારી વાહનો ઉપરાંત રાજ્ય સરકારના સાહસો, સંયુકત સાહસો, સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ, નિગમો, નગરપાલિકાઓ, મહાનગરપાલીકાઓ, ખરીદ-વેચાણ સંઘો, મહાસંઘો, સહકારી સોસાયટીઓ, જિલ્લા-તાલુકા પંચાયતો તેમજ જાહેર નાણાનો જરા પણ હિસ્સો હોય તેવી કોઈપણ સંસ્થાઓના વાહનો ચૂંટણી પ્રચાર માટે બિલ્કુલ ઉપયોગ કરી શકાશે નહીં.

આ જાહેરનામાનું ઉલ્લંઘન કરનાર અથવા ઉલ્લંઘન માટે મદદ કરનાર શખ્સ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ હેઠળ સજાને પાત્ર થશે.

આ જાહેરનામું ભાવનગર જિલ્લાના સમગ્ર વિસ્તારને લાગુ પડશે.

આ જાહેરનામુ પ્રસિધ્ધ થયા તારીખથી તા. ૨૦-૧૨-૨૦૧૭ સુધી અમલમાં રહેશે.

આજ તારીખ : ૨૬-૧૦-૨૦૧૭ના રોજ મારી સહી સિક્કો કરી જાહેરનામું બહાર પાડયું.

ભાવનગર, ૨૬ માહે ઓકટોબર, સને ૨૦૧૭.

---

**ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪નો બીજો અધિનિયમ) નાં કાયદાની કલમ-૧૪૪ હેઠળનું**

વિષય : તા. ૧૩-૪-૨૦૦૪ના નામ. સુપ્રિમ કોર્ટના આદેશ મુજબ ચૂંટણી અંગેની જાહેરાતો ટી.વી. ચેનલો તથા ખાનગી ચેનલોમાં પ્રસારીત કરવા પર નિયમન કરવા બાબત.

## જાહેરનામું

નં. ડીએમ-૧/વિધાનસભા/જા.ના. ૨૬/૨૦૧૭.-ભારતનાં ચુંટણી આયોગ દ્વારા વિધાનસભા સામાન્ય ચૂંટણી-૨૦૧૭ યોજવાનું જાહેર કરેલ છે. સદરહુ વિધાનસભા ચુંટણી અન્વયે રાજકીય પક્ષો, ઉમેદવારો તેમજ તેમના કાર્યકરો દ્વારા આદર્શ આચારસંહિતા તથા ચુંટણી કાયદાનો ભંગ થતો હોય તેવી રાજકીય પ્રકારની તથા ચૂંટણીને સ્પર્શતી હોય તેવી જાહેરાતો ટી.વી. ચેનલો તથા ખાનગી ચેનલોમાં પ્રસારીત કરાવવામાં આવતી હોય છે. જેનું નિયમન કરવા માટે નામ. સુપ્રિમ કોર્ટના તા. ૧૩-૦૪-૨૦૦૪ના આદેશ મુજબ ચૂંટણી અંગેની જાહેરાતો ટી.વી. ચેનલો તથા ખાગની ચેનલોમાં પ્રસારીત કરવા પર નિયમન કરવું જરૂરી જણાય છે. આથી હું, ઉમેશ વ્યાસ(જી.એ.એસ.), અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,

ભાવનગર જિલ્લો, ભાવનગર, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની (૧૯૭૪ નો બીજો અધિનિયમની) કલમ-૧૪૪ અન્વયે મળેલ સતાની રૂઈએ આથી ફરમાવું છું કે,

સદરહુ વિધાનસભા ચુંટણી અન્વયે રાજકીય પક્ષો, ઉમેદવારો તેમજ તેમના કાર્યકરો દ્વારા આદર્શ આચારસંહિતા તથા ચુંટણી કાયદાનો ભંગ થતો હોય તેવી જાહેરાતો ટી.વી. ચેનલો તથા ખાનગી ચેનલો, રેડીયો, કેબલ ટી.વી. નેટવર્ક, ખાનગી એફ.એમ. ચેનલમાં પ્રસારીત ના થાય તે માટે ચૂંટણી પ્રચાર કરવા ઈચ્છતા રાજકીય પક્ષો, ઉમેદવારો કે તેમના કાર્યકરોએ ઝીંગલ્સ, જાહેરાત કે જે દ્રશ્ય અને શ્રાવ્ય માધ્યમોનો ઉપયોગ કરતી હોય તે જાહેરાતોને ટેપ/સી.ડી અને પ્રમાણિત કરેલ ટ્રાન્સ સ્ક્રીપ્ટ સાથે મિડીયા સર્ટીફીકેશન અને મોનીટરીંગ કમિટિ (એમ.સી.એમ.સી.)ના સભ્ય સચિવશ્રી, નાયબ માહિતી નિયામકશ્રી, ભાવનગરને અરજી કરવાની રહેશે અને એમ.સી.એમ.સી. કમિટિ દ્વારા જાહેરાત એપ્રુવ થયા બાદ જિલ્લા અધિકારીશ્રી દ્વારા જાહેરાત પ્રસિધ્ધ કરવા માટે મંજુરી આપવામાં આવશે. આથી જિલ્લા ચૂંટણી અધિકારીશ્રીની પરવાનગી વગર ટી.વી., રેડીયો, કેબલ ટી.વી. નેટવર્ક તથા ખાનગી એફ.એમ. ચેનલોમાં ચૂંટણી અંગેની જાહેરાત પ્રસારીત કરવી નહીં.

આ જાહેરનામાનું ઉલ્લંઘન કરનાર અથવા ઉલ્લંઘન માટે મદદ કરનાર શખ્સ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ હેઠળ સજાને પાત્ર થશે.

આ જાહેરનામું ભાવનગર જિલ્લાના સમગ્ર વિસ્તારને લાગુ પડશે.

આ જાહેરનામું પ્રસિધ્ધ થયા તારીખથી તા. ૨૦-૧૨-૨૦૧૭ સુધી અમલમાં રહેશે.

આજ તારીખ : ૨૬-૧૦-૨૦૧૭ના રોજ મારી સહી તથા સિક્કો કરી જાહેરનામું બહાર પાડ્યું.

ભાવનગર, ૨૬ માહે ઓકટોબર, સને ૨૦૧૭.

---

**ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪નો બીજો અધિનિયમ)ની કલમ-૧૪૪ અન્વયેનું**

વિષય : ચૂંટણી પ્રચાર માટે રાજકીય પક્ષો/ઉમેદવારોએ હંગામી ચૂંટણી કાર્યાલય શરૂ કરવા માટે પાલન કરવાની સૂચનાઓ બાબત.

**જાહેરનામું**

નં. ડીએમ-૧/વિધાનસભા/જા.ના. ૨૭/૨૦૧૭.-ભારતનાં ચુંટણી આયોગ દ્વારા વિધાનસભા સામાન્ય ચૂંટણી-૨૦૧૭ યોજવાનું જાહેર કરેલ છે. તે મુજબ વિધાનસભા સામાન્ય ચૂંટણી-૨૦૧૭ અંતર્ગત તા. ૦૯-૧૨-૨૦૧૭ નાં રોજ મતદાન થનાર છે. ભારતના ચુંટણી આયોગના પરીપત્ર તા. ૧૨-૧૧-૨૦૦૭થી આદર્શ આચારસંહિતા બહાર પાડી તેનું કડકપણે પાલન કરવાની સુચનાઓ આપવામાં આવેલ છે. જેનો તમામ રાજકીય પક્ષો અને ચુંટણી લડતા ઉમેદવારોએ તથા તેમના કાર્યકરોએ ચુસ્તપણે અમલ કરવાનો રહે છે. સદરહું આચાર સંહિતામાં રાજકીય પક્ષો/ઉમેદવારો દ્વારા ચૂંટણી પ્રચાર માટે હંગામી ચૂંટણી કાર્યાલય શરૂ કરવા માટેની સૂચનાઓ થયેલ છે.

આથી હું, ઉમેશ વ્યાસ (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભાવનગર જિલ્લો, ભાવનગર, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪નો બીજો અધિનિયમ)ની કલમ-૧૪૪ થી મને મળેલ સત્તાની રૂઈએ ફરમાવું છું કે, રાજકીય પક્ષો/ઉમેદવારો દ્વારા ચૂંટણી પ્રચાર માટે હંગામી ચૂંટણી કાર્યાલય શરૂ કરવા માટે નીચે મુજબની સૂચનાઓનું પાલન કરવાનું રહેશે.

(૧) જાહેર કે ખાનગી સ્થળે કોઈ પણ પ્રકારના દબાણ દ્વારા ચૂંટણી કાર્યાલય શરૂ કરી શકાશે નહીં.

(૨) ધાર્મિક સ્થળોએ કે તેના પરીસરમાં ચૂંટણી કાર્યાલય શરૂ કરી શકાશે નહીં.

(૩) કોઈ પણ શૈક્ષણિક સંસ્થા કે દવાખાનાની આજુ-બાજુમાં ચૂંટણી કાર્યાલય શરૂ કરી શકાશે નહીં.

(૪) હયાત મતદાન મથકની ૨૦૦ મીટરની ત્રિજયામાં ચૂંટણી કાર્યાલય શરૂ કરી શકાશે નહીં.

(૫) ચૂંટણી કાર્યાલયે રાજકીય પક્ષનો એક જ ફલેગ તથા પક્ષના ચિન્હ/ફોટોગ્રાફ સાથેનું એક જ બેનર પ્રદર્શિત કરી શકશે.

(૬) ચૂંટણી કાર્યાલયે પ્રદર્શિત કરેલા બેનરની સાઈઝ ૪ ફુટ X ૮ ફુટ થી વધુ હોવી જોઈએ નહી.

સદર જાહેરનામાનો ભંગ કરનાર ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ હેઠળ સજાને પાત્ર થશે.

આ જાહેરનામું ભાવનગર જિલ્લાના સમગ્ર વિસ્તારને લાગુ પડશે.

આ જાહેરનામું પ્રસિધ્ધ થયા તારીખથી તા. ૨૦-૧૨-૨૦૧૭ સુધી અમલમાં રહેશે.

આજ તા. ૨૬-૧૦-૨૦૧૭ના રોજ મારી સહી, સિક્કો કરી સદરહું જાહેરનામું પ્રસિધ્ધ કરવામા આવ્યું.

ભાવનગર, ૨૬ માહે ઓકટોબર, સને ૨૦૧૭.

---

**મુંબઈ પ્રોહિબીશન અધિનિયમ-૧૯૪૯નાં કાયદાની કલમ-૧૪૨ હેઠળનું**

વિષય : ચૂંટણી દરમિયાન પ્રતિબંધીત પીણાનો ઉપયોગ પર પ્રતિબંધ મુકવા બાબત.

**જાહેરનામું**

નં. ડીએમ-૧/વિધાનસભા/જા.ના.૨૫/૨૦૧૭.-ભારતનાં ચુંટણી આયોગ દ્વારા વિધાનસભા સામાન્ય ચૂંટણી-૨૦૧૭ યોજવાનું જાહેર કરેલ છે. સદરહુ વિધાનસભા ચુંટણી દરમ્યાન કાયદો અને વ્યવસ્થા જળવાય રહે તેમજ મુકત અને ન્યાયી

વાતાવરણમાં નિષ્પક્ષ રીતે ચુંટણી યોજાય અને ગુજરાતમાં દારૂ બંધી હોવા છતાં ચૂંટણી દરમિયાન દારૂ પી, દંગા-ફસાદ કરી લોકોમાં ભયનું વાતાવરણ પેદા ન કરે તે માટે ચૂંટણી દરમિયાન દારૂ તેમજ અન્ય પ્રતિબંધીત પીણાનો ઉપયોગ ન થાય તે માટે તાત્કાલીક જરૂરી પ્રતિબંધક પગલા લેવાની જરૂર જણાય છે.

આથી હું, ઉમેશ વ્યાસ(જી.એ.એસ.), અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભાવનગર જિલ્લો, ભાવનગર, મુંબઈ નશાબંધી અધિનિયમ-૧૯૪૯નાં કાયદાની કલમ-૧૪૨ અન્વયે મળેલ સતાની રૂઈએ આથી ફરમાવું છું કે, સદરહુ વિધાનસભા ચુંટણી દરમિયાન દારૂના લાઈસન્સ હોલ્ડરસહિત કોઈએ પર પ્રાંતીય દારૂ કે દેશી દારૂનું કે અન્ય કોઈ પ્રતિબંધીત પીણાનું વેચાણ કે વિતરણ કરવું નહી.

આ હુકમનું ઉલ્લંઘન કરનાર અથવા ઉલ્લંઘન માટે મદદ કરનાર શખ્સ મુંબઈ નશાબંધી અધિનિયમ-૧૯૪૯ની કલમ ૬૫, ૬૬ મુજબ સજાને પાત્ર થશે.

આ જાહેરનામું ભાવનગર જિલ્લાના સમગ્ર વિસ્તારને લાગુ પડશે.

આ જાહેરનામુ પ્રસિધ્ધ થયા તારીખથી તા. ૨૦-૧૨-૨૦૧૭ સુધી અમલમાં રહેશે.

આજ તા. ૨૬-૧૦-૨૦૧૭ના રોજ મારી સહી તથા સિક્કો કરી જાહેરનામું બહાર પાડ્યું.

ભાવનગર, ૨૬ માહે ઓકટોબર, સને ૨૦૧૭.

---

**ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩(૧૯૭૪ નો બીજો અધિનિયમ)નાં કાયદાની કલમ-૧૪૪ હેઠળનું**

વિષય : શોર્ટ મેસેજ સર્વીસીસ (SMSs) ના ઉપયોગ પર પ્રતિબંધ મુકવા બાબત.

## જાહેરનામું

નં. ડીએમ-૧/વિધાનસભા/જા.ના.૨૯/૨૦૧૭.-ભારતનાં ચુંટણી આયોગ દ્વારા વિધાનસભા સામાન્ય ચૂંટણી-૨૦૧૭ યોજવાનું જાહેર કરેલ છે. સદરહુ ચુંટણી અન્વયે કેટલીક વ્યકિતઓ દ્વારા આદર્શ આચારસંહિતા તથા ચુંટણી કાયદાનો ભંગ થતો હોય તેવા વાંધાજનક શોર્ટ મેસેજ સર્વીસીસ (SMSs) અન્ય વ્યકિતઓને મોકલતા હોય છે. જેથી સદરહું ચુંટણી સંદર્ભે આદર્શ આચારસંહિતાનો, ચુંટણી કાયદાનો તથા ભારતના ચૂંટણી આયોગ દ્વારા વખતો વખત અપાતી સૂચના/આદેશનો ભંગ થાય તેવા શોર્ટ મેસેજ સર્વીસીસ (SMSs) પર પ્રતિબંધ મૂકવો જરૂરી જણાય છે. આથી હું, ઉમેશ વ્યાસ (જી.એ.એસ.) અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભાવનગર જિલ્લો, ભાવનગર, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની (૧૯૭૪નો બીજો અધિનિયમની) કલમ-૧૪૪ અન્વયે મળેલ સતાની રૂઈએ આથી ફરમાવું છું કે,

(૧) સદરહુ ચુંટણી અન્વયે કોઈ વ્યકિતએ આદર્શ આચારસંહિતાના ભંગ તથા ચુંટણી કાયદાનો તથા ભારતના ચૂંટણી આયોગ દ્વારા વખતો વખત અપાતી સૂચના/આદેશનો ભંગ થતો હોય છે તેવા વાંધાજનક શોર્ટ મેસેજ સર્વીસીસ (SMSs) અન્ય વ્યકિતઓને મોકલવા નહીં.

(૨) ચૂંટણી પ્રચારના સમયગાળા દરમિયાન ચૂંટણી પ્રચાર માટે કરાયેલ જથ્થાબંધ (બલ્ક) એસ.એમ.એસ.નો ખર્ચ ઉમેદવારે ખર્ચ રજીસ્ટરમાં નોંધવાનો રહેશે.

(૩) મતદાન પૂર્ણ થવાના ૪૮ કલાક પહેલાના સમયગાળામાં ચૂંટણી પ્રચાર કે રાજકીય હેતુ માટે જથ્થા બંધ(બલ્ક) એસ.એમ.એસ. કરી શકાશે નહીં.

આ જાહેરનામાનું ઉલ્લંઘન કરનાર અથવા ઉલ્લંઘન માટે મદદ કરનાર શખ્સ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ તથા લોકપ્રતિનિધિત્વ અધિનિયમ-૧૯૫૧ હેઠળ સજાને પાત્ર થશે.

આ જાહેરનામું ભાવનગર જિલ્લાના સમગ્ર વિસ્તારને લાગુ પડશે.

આ જાહેરનામુ પ્રસિધ્ધ થયા તારીખથી તા. ૨૦-૧૨-૨૦૧૭ સુધી અમલમાં રહેશે.

આજ તારીખ : ૨૬-૧૦-૨૦૧૭ના રોજ મારી સહી તથા સિક્કો કરી જાહેરનામું બહાર પાડયું.

ભાવનગર, ૨૬ માહે ઓકટોબર, સને ૨૦૧૭.

---

**ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪નો બીજો અધિનિયમ) નાં કાયદાની કલમ-૧૪૪ હેઠળનું**

વિષય : ઉમેદવારી ફોર્મ ભરવા આવતી વખતે વાહનો તથા વ્યકિતઓના સંખ્યા પર નિયમન બાબત.

## જાહેરનામું

નં. ડીએમ-૧/વિધાનસભા/જા.ના. ૩૩/૨૦૧૭.-ભારતનાં ચુંટણી આયોગ દ્વારા વિધાનસભા સામાન્ય ચૂંટણી-૨૦૧૭ યોજવાનું જાહેર કરેલ છે. તે મુજબ વિધાનસભા સામાન્ય ચૂંટણી-૨૦૧૭ અંતર્ગત તા. ૦૯-૧૨-૨૦૧૭ નાં રોજ મતદાન થનાર છે. ભારતના ચુંટણી આયોગના તા. ૯-૨-૨૦૦૭ના પરીપત્રની વિગતે આદર્શ આચારસંહિતા બહાર પાડી તેનું કડકપણે પાલન કરવાની સુચનાઓ આપવામાં આવેલ છે. જેનો તમામ રાજકીય પક્ષો અને ચુંટણી લડતા ઉમેદવારોએ તથા તેમના કાર્યકરોએ ચુસ્તપણે અમલ કરવાનો રહે છે. સદરહું આચાર સંહીતામાં ઉમેદવારે ચૂંટણી અધિકારી પાસે ઉમેદવારી ફોર્મ ભરવા આવતી વખતે ચૂંટણી અધિકારીની કચેરીની ૧૦૦ મીટરની ત્રિજયામાં ત્રણ થી વધુ વાહનો લાવવા પર તથા ચૂંટણી અધિકારીના રૂમમાં ઉમેદવારી ફોર્મ ભરવા જતી વખતે ઉમેદવાર સહિત અન્ય ચાર એમ કુલ પાંચ કરતા વધુ વ્યકિતઓના પ્રવેશવા પર પ્રતિબંધ છે.

આથી હું, ઉમેશ વ્યાસ (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભાવનગર જિલ્લો, ભાવનગર, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની (૧૯૭૪નો બીજો અધિનિયમની) કલમ-૧૪૪ અન્વયે મળેલ સતાની રૂઈએ આથી ફરમાવું છું કે,

ઉમેદવારે ચૂંટણી અધિકારી પાસે ઉમેદવારી ફોર્મ ભરવા આવતી વખતે ચૂંટણી અધિકારી તથા મદદનીશ ચૂંટણી અધિકારીની કચેરીની ૧૦૦ મીટરની ત્રિજયામાં વધુમાં વધુ ત્રણ વાહનો લાવી શકશે તથા ચૂંટણી અધિકારી તથા મદદનીશ ચૂંટણી અધિકારીના રૂમમાં ઉમેદવારી ફોર્મ ભરવા જતી વખતે ઉમેદવાર સહિત અન્ય ચાર એમ વધુમાં વધુ પાંચ વ્યકિતઓએ જ પ્રવેશવાનું રહેશે.

આ જાહેરનામાનો ઉલ્લંઘન કરનાર અથવા ઉલ્લંઘન માટે મદદ કરનાર શખ્સ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ હેઠળ સજાને પાત્ર થશે.

આ જાહેરનામું ભાવનગર જિલ્લાના સમગ્ર વિસ્તારને લાગુ પડશે.

આ જાહેરનામું તા. ૧૪-૧૧-૨૦૧૭થી તા. ૨૧-૧૧-૨૦૧૭ સુધી ઉમેદવારી ફોર્મ ભરવાના દિવસોએ અમલમાં રહેશે.

આજ તારીખઃ ૦૬-૧૧-૨૦૧૭ના રોજ મારી સહી સિક્કો કરી જાહેરનામું બહાર પાડયું.

ભાવનગર, ૦૬ માહે ઓકટોબર, સને ૨૦૧૭.

---

### ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪નો બીજો અધિનિયમ) નાં કાયદાની કલમ-૧૪૪ હેઠળનું

વિષય : ચૂંટણી પ્રચાર સમય પૂર્ણ થયા બાદ જે-તે મતદાર ક્ષેત્રના મતદાર સિવાયના રાજકીય કાર્યકર્તાઓના તે મતદાર ક્ષેત્રમાં રહેવા પર પ્રતિબંધ બાબત.

### જાહેરનામું

નં. ડીએમ-૧/વિધાનસભા/જા.ના. ૩૪/૨૦૧૭.-ભારતનાં ચુંટણી આયોગ દ્વારા વિધાનસભા સામાન્ય ચૂંટણી-૨૦૧૭ યોજવાનું જાહેર કરેલ છે. તે મુજબ વિધાનસભા સામાન્ય ચૂંટણી-૨૦૧૭ અંતર્ગત તા. ૦૯-૧૨-૨૦૧૭ નાં રોજ મતદાન થનાર છે. ભારતના ચુંટણી આયોગના તા. ૮-૧-૨૦૦૭ના પરીપત્રથી આદર્શ આચારસંહિતા બહાર પાડી તેનું કડકપણે પાલન કરવાની સુચનાઓ આપવામાં આવેલ છે. જેનો તમામ રાજકીય પક્ષો અને ચુંટણી લડતા ઉમેદવારોએ તથા તેમના કાર્યકરોએ ચુસ્તપણે અમલ કરવાનો રહે છે. સદરહું આચારસંહીતામાં ચૂંટણી પ્રચાર પૂર્ણ થયા બાદ જે-તે મતદાર ક્ષેત્રના મતદાર સિવાયના રાજકીય કાર્યકર્તાઓએ તાત્કાલીક અસરથી મતદાર ક્ષેત્ર છોડી દેવા અને તે મતદાર ક્ષેત્રમાં રહેવા પર પ્રતિબંધ છે.

આથી હું ઉમેશ વ્યાસ (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભાવનગર જિલ્લો, ભાવનગર, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની (૧૯૭૪ નો બીજો અધિનિયમની) કલમ-૧૪૪ અન્વયે મળેલ સતાની રૂઈએ આથી ફરમાવું છું કે,

વિધાનસભા સામાન્ય ચૂંટણી-૨૦૧૭નો ચૂંટણી પ્રચાર સમય પૂર્ણ થયા બાદ જે-તે મતદાર ક્ષેત્રના મતદાર સિવાયના રાજકીય કાર્યકર્તાઓએ તે મતદાર ક્ષેત્રમાં રહેવું નહી.

આ જાહેરનામાનું ઉલ્લંઘન કરનાર અથવા ઉલ્લંઘન માટે મદદ કરનાર શખ્સ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ હેઠળ સજાને પાત્ર થશે.

આ જાહેરનામું ભાવનગર જિલ્લાના સમગ્ર વિસ્તારને લાગુ પડશે.

આ જાહેરનામુ તા. ૨૦-૧૨-૨૦૧૭ ના રોજ મતદાન પૂર્ણ થયા સુધી અમલમાં રહેશે.

આજ તારીખ : ૦૬-૧૧-૨૦૧૭ના રોજ મારી સહી સિકકો કરી જાહેરનામુ બહાર પાડયું.

ઉમેશ વ્યાસ,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
ભાવનગર.

---

### ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ-૩૭ (૧) (છ) હેઠળનું

### જાહેરનામું

નં. ડી.એમ/ડીસીએચ./વિ.સ.ચટણ/૦૮/૨૦૧૭.- વિધાનસભા સામાન્ય ચુંટણી-૨૦૧૭ અન્વયે ભારતના ચુંટણી આયોગ દ્વારા બંધારણની કલમ-૩૨૪ મુજબ બહાર પાડેલ ચુંટણી આચારસંહિતાની જોગવાઈઓના અમલ માટે બોટાદ જિલ્લામાં જાહેર શાંતિ અને સલામતી તેમજ કાયદો અને વ્યવસ્થા જળવાય રહે તે હેતુથી પગલા લેવા જરૂરી છે.

તેથી હું, બી. વી. લીંબાસીયા, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, બોટાદ, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૭ (૧) (છ) તળે મને મળેલ સત્તાની રૂએ, આથી ફરમાવું છું કે, બોટાદ જિલ્લાના હદ વિસ્તારમાં તા. ૨૬-૧૦-૨૦૧૭ ના કલાક ૧૧-૦૦ થી તા. ૨૦-૧૨-૨૦૧૭ ના કલાક ૨૪-૦૦ સુધી નીચેના કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ રહેશે.

: કૃત્યો :

(૧) જો છટાદાર ભાષણ આપવાથી, ચાળા પાડવાથી અથવા નકલ કરવાથી તથા ચિત્રો, નિશાનીઓ, જાહેર ખબરો અથવા બીજા કોઈ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવાથી, દેખાડવાથી અથવા તેનો ફેલાવો કરવાથી અથવા જિલ્લા

ચુંટણી અધિકારીશ્રી દ્વારા અધિકૃત કરાયેલ અધિકારી તથા સંબંધિત મતદાર વિભાગના નિર્વાચન અધિકારી અથવા તેના દ્વારા અધિકૃત કરાયેલ અધિકારીના અભિપ્રાય પ્રમાણે સુરૂચિ અથવા નિતિનો ભંગ થતો હોય અથવા જેનાથી રાજ્યની સલામતી જોખમાતી હોય અથવા જેને પરીણામે રાજ્ય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ આપવાની, તે ચાળા કરવાની અને તે ચિત્રો, તે નિશાનીઓ વિગેરે તૈયાર કરવાની, દેખાડવાની અથવા ફેલાવો કરવાના કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ રહેશે.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૫(૧) મુજબ દંડની સજાને પાત્ર થશે.

આ હુકમની જાહેરાત બોટાદ જિલ્લાની હદમાં સહેલાઈથી દેખી શકાય તેવી જગ્યાઓએ તેની નકલો ચોડીને તેમજ વર્તમાનપત્રો દ્વારા કરાવવી.

આજ તા. ૨૫ માહે ઓકટોબર-૨૦૧૭ ના રોજ મારી સહી તથા કચેરીની મહોર લગાડી બહાર પાડયુ.

બોટાદ, ૨૫ માહે ઓકટોબર, સને ૨૦૧૭.

---

## અખબારી યાદી

નં. ડી.એમ/વિ.સ.ચુંટણી/૦૯/૨૦૧૭.-આગામી વિધાનસભા સામાન્ય ચૂંટણી-૨૦૧૭ ના સંદર્ભમાં જિલ્લાના તમામ પ્રિન્ટીંગ પ્રેસ ધરાવનારાઓનું ધ્યાન ભારતના ચૂંટણી પંચની સુચના તરફ દોરવામાં આવે છે તે અનુસાર જિલ્લાના તમામ પ્રેસ માલિકોને જણાવવાનું કે,

૧. કોઈપણ વ્યક્તિ જેના પર તેના મુદ્રક અને પ્રકાશકના નામ અને સરનામા ન હોય એવા ચૂંટણીને લગતા ચોપાનીયા કે ભીંતપત્રો છાપી કે પ્રસિધ્ધ કરી શકશે નહી અથવા છપાવી કે પ્રસિધ્ધી કરાવી શકશે નહી.

૨. પ્રકાશકની ઓળખ અંગેના બે વ્યક્તિઓએ શાખ કરેલા એકરારનામાની બે નકલ મુદ્રકને જોડાણ-ક માં આપવાની રહેશે અને મુદ્રકે આવા એકરારપત્રો બે નકલમાં મેળવી લેવાના રહેશે.

૩. દરેક મુદ્રણાલય, ફોટોકોપી કરનાર કે રોનીયો કોપી કાઢનાર કે કોમ્પ્યુટર પ્રિન્ટ કાઢનાર એ ચૂંટણી સાહિત્ય છપાયા પછી એકરારપત્રની એક નકલ અધિકૃત કરી તથા છાપેલ સાહિત્યની એક નકલ (વધારાની ત્રણ નકલ સાથે) કલેકટર અને જિલ્લા મેજિસ્ટ્રેટશ્રીને દિવસ-૩ માં મોકલી આપવાની રહેશે.

૪. ઉપર ક્રમ-૧ થી ૩ માં દર્શાવેલ જોગવાઈઓનો ભંગ કરનાર વ્યક્તિ લોક પ્રતિનિધિત્વ ધારા-૧૯૫૧ ની કલમ-૧૨૭ (ક) મુજબ છ(૬) માસ સુધીની કેદ અથવા બે હજાર રૂપીયા સુધીના દંડની અથવા બંને શિક્ષાને પાત્ર થશે.

૫. આવા લખાણોમાં ધર્મ, જાતિ, જ્ઞાતિ, કોમ કે ભાષાને આગળ ધરીને અપીલ કરવી અથવા વિરોધી ઉમેદવારના ચારિત્રયખંડન જેવી કોઈ ગેર કાનુની બાબતોનો સમાવેશ કરી શકાશે નહી.

૬. મુદ્રકે પ્રકાશકના એકરારપત્રની નકલ પ્રમાણિત કરીને તથા છાપેલા દસ્તાવેજોની વિગત જોડાણ-ખ માં અલગ-અલગ રીતે દિવસ-૩માં જિલ્લા મેજિસ્ટ્રેટને રજુ કરવાની રહેશે.

૭. જિલ્લાના તમામ પ્રિન્ટીંગ પ્રેસ ધરાવનારાઓએ કે ફોટો કોપી કે લેઝર પ્રિન્ટીંગ કરનાર કે રોનીયો કોપી કરનાર કે કોમ્પ્યુટર પ્રિન્ટ કરનાર સંચાલકોએ તેમના નામ-સરનામાં અંગેની માહિતી દિવસ-૨માં સંબંધિત મામલતદારશ્રીની કચેરીના સરનામે મોકલી આપવાની રહેશે.

૮. મતદારોના માર્ગદર્શન માટે છપાવવામાં આવતી ઓળખ કાપલીમાં કોઈ ચોક્કસ ઉમેદવાર કે પક્ષનો પ્રચાર થાય તેવી કોઈ વિગત છપાવી શકાશે નહી એટલે કે ઓળખ કાપલીમાં પ્રકાશક, ઉમેદવાર કે પક્ષના નામ છપાવવાના રહેશે નહી.

ઉપર મુજબની કાર્યવાહીનો ચુસ્તપણે અમલ કરવા સંબંધકર્તાએ નોંધ લેવી.

બોટાદ, ૨૫ માહે ઓકટોબર, સને ૨૦૧૭.

---

## ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ-૩૭ (૧) (છ) હેઠળનું

## જાહેરનામું

નં. ડી.એમ/ચૂંટણી/૧૨/૨૦૧૭.-વિધાનસભા સામાન્ય ચૂંટણી-૨૦૧૭ સંદર્ભે ભારતના નિર્વાચન આયોગ દ્વારા રાજકીય પક્ષો અને ઉમેદવારો માટે બહાર પાડવામાં આવેલ આચાર સંહિતા મુજબ કોઈ રાજકીયપક્ષો અથવા ઉમેદવાર પોતાના કાર્યકરને ધ્વજદંડ ઉભા કરવા, બેનરો લટકાવવા, નોટીસ ચોંટાડવા, સુત્રો વિગેરે લખવા માટે મકાન માલિકની પરવાનગી વિના જમીન, મકાન, કમ્પાઉન્ડ, દિવાલ વગેરેનો ઉપયોગ કરવા દેશે નહિ અને જાહેર મિલ્કત ઉપર આવુ કૃત્ય કરશે નહિ તેવી નીતિ નક્કી કરવામાં આવેલ છે. આથી ભારતના નિર્વાચન આયોગે દ્વારા નક્કી કરવામાં આવેલ આચાર સંહિતાના પાલન માટે ઉક્ત નિર્દિષ્ટ કાર્યો કરવા પર પ્રતિબંધ ફરમાવવો જરૂરી જણાયેલ છે.

તેથી હું, બી. વી. લીંબાસીયા, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, બોટાદ, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૭ (૧) (છ) તળે મને મળેલ સત્તાની રૂએ, આથી ફરમાવું છું કે, બોટાદ જિલ્લાના હદમાં કોઈપણ વ્યક્તિએ તા. ૨૦-૧૨-૨૦૧૭ સુધી.

(૧) કેન્દ્ર અને રાજ્ય સરકાર, સ્થાનિક સંસ્થાઓ તેમજ જાહેર સાહસોના મકાનો (કમ્પાઉન્ડની દિવાલ સહિત) વીજળી અને ટેલીફોનના થાંભલાઓ ઉપર ચૂંટણી પ્રચારના ઈરાદાથી કોઈપણ ચૂંટણી અંગેનું બેનર, ચિન્હો, સહિત કોઈપણ સાહિત્યનું લખાણ અથવા ટેલીફોનના થાંભલાના આધારે અથવા અન્ય કોઈપણ મકાનોના આધારે રસ્તાઓ ઉપર કોઈ બેનર, પોસ્ટર અથવા ચૂંટણી પ્રચાર સંબંધિત સાહિત્યનું પ્રદર્શન કરવું નહિ તેમજ કમાનો પણ ઉભી કરવી નહી.

(૨) ઉપરોક્ત પેરા-૧માં જણાવેલ મકાનો સિવાયના મકાનો ઉપર (કમ્પાઉન્ડની દિવાલ સહિત) ચૂંટણી પ્રચાર સંબંધિત કોઈપણ પોષ્ટર, લખાણ, ચિન્હ, મકાન માલિક/કબ્જેદારની પૂર્વ મંજુરી સિવાય ચોંટાડવુ, ચિતરવુ અથવા પ્રદર્શીત કરવુ નહિં.

આ જાહેરનામાના કોઈપણ ખંડનું ઉલ્લંઘન કરનારને ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૫ (૧) મુજબ ઓછામાં ઓછા ૪ મહિનાની અને વધુમાં વધુ એક વર્ષની કેદની સજા થશે અને દંડની સજાને પાત્ર પણ થશે.

આજ તા. ૨૫ માહે ઓકટોબર-૨૦૧૭ ના રોજ મારી સહી તથા કચેરીની મહોર લગાડી બહાર પાડયુ.

બોટાદ, ૨૫ માહે ઓકટોબર, સને ૨૦૧૭.

---

ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ-૩૭(૧)(છ) હેઠળનું

## જાહેરનામું

નં. ડી.એમ/વિ.સ.ચૂંટણી/૧૩/૨૦૧૭.-ગુજરાત વિધાનસભાની સામાન્ય ચૂંટણી-૨૦૧૭ નું મતદાન બોટાદ જિલ્લામાં તા. ૦૯-૧૨-૨૦૧૭ ના રોજ થનાર છે. ભારતના ચૂંટણી પંચ દ્વારા ચૂંટણી યોજવા અંગેની જાહેરાત તા. ૨૫-૧૦-૨૦૧૭ ના રોજ કરવામાં આવેલી છે. આ તારીખથી સમગ્ર રાજ્યમાં આદર્શ આચાર સંહિતા અમલમાં આવેલ છે. આ ચૂંટણી માટે ઉમેદવારો ઉમેદવારી ફોર્મ ભરવા સમયે તેમના ટેકેદારો અને વાહનો સાથે ચૂંટણી અધિકારી/મદદનીશ ચૂંટણી અધિકારીની કચેરીમાં જશે. આ ચૂંટણીનું મતદાન મુક્ત, ન્યાયી અને શાંતિપુર્ણ વાતાવરણમાં યોજાય તે જોવાનો ચૂંટણીપંચનો અભિગમ રહેલો છે. આ ઉપરાંત આદર્શ આચાર સંહિતાનું પાલન થાય અને ખર્ચ ઉપર નિયંત્રણ તથા દેખરેખ જળવાઈ રહે તે જરૂરી છે. ભારતના ચૂંટણી પંચની વખતો વખતની સૂચના અનુસાર ઉમેદવારી ફોર્મ ભરવા સમયે ચૂંટણી અધિકારી/મદદનીશ ચૂંટણી અધિકારીની કચેરીના ૧૦૦ મીટરના વિસ્તારમાં કોઈપણ સંજોગોમાં ત્રણ કરતાં વધુ વાહનો રાખવા કે હંકારવાની મંજુરી મળવા પાત્ર નથી. આ હુકમનું પાલન ન થાય તો લોકોમાં ભયમુક્ત વાતાવરણ ઉભુ કરવાનો હેતુ જળવાઈ નહી. વધુમાં ચૂંટણી અધિકારી/મદદનીશ ચૂંટણી અધિકારીની કચેરીઓમાં આવતા સામાન્ય નાગરિકોને અગવડતા ઉભી થાય નહી તેમજ ટ્રાફીકની સમસ્યા નિવારી શકાય તે જોવું જરૂરી છે. આથી સમગ્ર જિલ્લામાં જાહેર સુલેહશાંતિ અને કાયદો-વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે અને આદર્શ આચાર સંહિતાનું પાલન થાય તે માટે યોગ્ય પગલા લેવાનું ઉચિત જણાયેલ છે.

તેથી હું, બી. વી. લીંબાસીયા, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, બોટાદ, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ ની કલમ-૧૪૪ તળે મને મળેલ સત્તાની રૂએ, આથી ફરમાવુ છું કે

૧. સમગ્ર બોટાદ જિલ્લામાં વિધાનસભાની સામાન્ય ચૂંટણી-૨૦૧૭ અન્વયે ઉમેવારોએ ચૂંટણી પ્રચારમાં ઉપયોગમાં લેવાના વાહનો માટે સક્ષમ સત્તાધિકારી પાસેથી પરવાનગી મેળવી લેવાની રહેશે તથા તેને સંબંધિત વાહનોના વિન્ડસ્કીન પર બહારથી જોઈ શકાય તે રીતે પ્રદર્શિત કરવાની રહેશે.

૨. ચૂંટણી પ્રચાર માટે પરવાનગી મેળવેલ વાહનોનો ચૂંટણી પ્રચાર માટે કોન્વોયમાં ઉપયોગ કરવાના કિસ્સામાં ભારતના ચૂંટણી પંચની છેવટની સુચના મુજબ ઉપયોગ કરવાનો રહેશે.

૩. ઉમેદવારો કે તેની દરખાસ્ત કરનારાઓ ફોર્મ ભરવા સમયે ચૂંટણી અધિકારી/મદદનીશ ચૂંટણી અધિકારીની કચેરીના ૧૦૦ મીટરના વિસ્તારમાં ત્રણ કરતાં વધુ વાહનો રાખી શકાશે નહી કે હંકારી શકાશે નહી.

: અપવાદો :

૧. તમામ પ્રકારના સરકારી/અર્ધ સરકારી વાહનો.

૨. રાજકીય ક્ષેત્રના અગ્રણીઓ કે જેમને Z+ સુરક્ષા વ્યવસ્થા પુરી પાડવામાં આવતી હોય અથવા જેમની જિંદગીને ત્રાસવાદીઓની ધમકીના કારણે જોખમ હોય, તેમને પુરી પાડવામાં આવેલ સુરક્ષા વ્યવસ્થા માટેના વાહનો કોન્વોયના વાહનોની ગણતરીમાંથી બાકાત રહેશે.

આ હુકમ બોટાદ જિલ્લા મેજીસ્ટ્રેટની હકુમત હેઠળનાં સમગ્ર વિસ્તારને લાગુ પડશે.

વિધાનસભા સામાન્ય ચૂંટણી-૨૦૧૭ અન્વયે એક્ઝીક્યુટીવ મેજિસ્ટ્રેટની સત્તા ધરાવતા એક્ઝીક્યુટીવ મેજિસ્ટ્રેટશ્રીઓ તેમના કાર્યક્ષેત્રમાં આ જાહેરનામાનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર ઈસમો સામે આઈ. પી. સી. કલમ-૧૮૮ મુજબ ફરીયાદ દાખલ કરવાની રહેશે.

આ હુકમની જાહેરાત બોટાદ જિલ્લાની હદમાં સહેલાઈથી દેખી શકાય તેવી જગ્યાઓએ તેની નકલો ચોડીને તેમજ વર્તમાન પત્રો દ્વારા કરવી.

આજ તા. ૨૫ માહે ઓકટોબર-૨૦૧૭ ના રોજ મારી સહી તથા કચેરીની મહોર લગાડી બહાર પાડયુ.

બોટાદ, ૨૫ માહે ઓકટોબર, સને ૨૦૧૭.

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ ૧૦૭૩ ની કલમ-૧૪૪ હેઠળનું

## જાહેરનામું

નં. ડી.એમ/વિ.સ.ચૂંટણી/૧૪/૨૦૧૭.-ગુજરાત વિધાનસભાની સામાન્ય ચૂંટણી-૨૦૧૭ નું મતદાન બોટાદ જિલ્લામાં તા. ૦૯-૧૨-૨૦૧૭ ના રોજ થનાર છે. ભારતના ચૂંટણી પંચ દ્વારા ચૂંટણી યોજવા અંગેની જાહેરાત તા. ૨૫-૧૦-૨૦૧૭ ના રોજ કરવામાં આવેલ છે. ભારતના ચૂંટણી પંચની વખતો વખતની સૂચના અનુસાર ઉમેદવારી ફોર્મ ભરવા સમયે ચૂંટણી અધિકારી/મદદનીશ ચૂંટણી અધિકારીની કચેરીના ૧૦૦ મીટરના વિસ્તારમાં કોઈપણ સંજોગોમાં ત્રણ કરતાં વધુ વાહનો રાખવા કે હંકારવા ઉપર પ્રતિબંધ ફરમાવતું જાહેરનામું અત્રેથી બહાર પાડવામાં આવેલ છે. ઉમેદવારી ફોર્મ ભરવા સમટે ચૂંટણી અધિકારી/મદદનીશ ચૂંટણી અધિકારીની કચેરીનાં કોઈ ગેરવ્યવસ્થા ઉભી ન થાય તે માટે ચૂંટણી અધિકારી/મદદનીશ ચૂંટણી અધિકારીની કચેરીમાં ઉમેદવારી ફોર્મ ભરવા સમયે પ્રવેશ કરતા માણસોની સંખ્યા ઉપર નિયંત્રણ ફરમાવવું વ્યાજબી અને યોગ્ય જણાય છે.

તેથી હું, બી. વી. લીંબાસીયા, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, બોટાદ, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ ૧૯૭૩ ની કલમ-૧૪૪ તળે મને મળેલ સત્તાની રૂએ, આથી ફરમાવુ છું કે, સમગ્ર બોટાદ જિલ્લામાં વિધાનસભાની સામાન્ય ચૂંટણી-૨૦૧૭ અનુસંધાને ઉમેદવારી ફોર્મ ભરવા સમયે ચૂંટણી અધિકારી/મદદનીશ ચૂંટણી અધિકારીની કચેરીમાં ઉમેદવાર સહિત કુલ-૫ (પાંચ) કરતા વધુ વ્યક્તિઓ પ્રવેશ કરી શકશે નહિ. આ અંગે જે-તે ચૂંટણી અધિકારી/મદદનીશ ચૂંટણી અધિકારીની કચેરી ખાતે ફરજ પર રહેલા પોલીસ અધિકારી/કર્મચારીની સુચના મુજબ વર્તવાનું રહેશે.

**: અપવાદો :**

૧. સરકારી/અર્ધ સરકારી કર્મચારીઓ/અધિકારીઓ.

૨. રાજકીય ક્ષેત્રના અગ્રણીઓ કે જેમને Z+ સુરક્ષા વ્યવસ્થા પુરી પાડવામાં આવતી હોય અથવા જેમની જિંદગીને ત્રાસવાદીઓની ધમકીના કારણે જોખમ હોય, તેમને પુરી પાડવામાં આવેલ સુરક્ષા વ્યવસ્થાના સ્ટાફને મુક્તિ રહેશે.

આ હુકમ બોટાદ જિલ્લા મેજીસ્ટ્રેટની હકુમત હેઠળનાં સમગ્ર વિસ્તારને લાગુ પડશે.

વિધાનસભા સામાન્ય ચૂંટણી-૨૦૧૭ અન્વયે એક્ઝીક્યુટીવ મેજિસ્ટ્રેટની સત્તા ધરાવતા એક્ઝીક્યુટીવ મેજિસ્ટ્રેટશ્રીઓ તેમના કાર્યક્ષેત્રમાં આ જાહેરનામાનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર ઈસમો સામે આઈ. પી. સી. કલમ-૧૮૮ મુજબ ફરીયાદ દાખલ કરવાની રહેશે.

આ હુકમની જાહેરાત બોટાદ જિલ્લાની હદમાં સહેલાઈથી દેખી શકાય તેવી જગ્યાઓએ તેની નકલો ચોડીને તેમજ વર્તમાન પત્રો દ્વારા કરવી.

આજ તા. ૨૫ માહે ઓકટોબર-૨૦૧૭ ના રોજ મારી સહી તથા કચેરીની મહોર લગાડી બહાર પાડયુ.

બોટાદ, ૨૫ માહે ઓકટોબર, સને ૨૦૧૭.

---

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ ૧૯૭૩ની કલમ-૧૪૪(એ) હેઠળનું

## જાહેરનામું

નં. : ડીએમ/વિ.સ.ચૂં/૦૨/૨૦૧૭.-ગુજરાત વિધાનસભાની સામાન્ય ચૂંટણી-૨૦૧૭ નું મતદાન બોટાદ જિલ્લામાં તા.૦૯-૧૨-૨૦૧૭ ના રોજ થનાર છે. ભારતના ચૂંટણી પંચ દ્વારા ચૂંટણી સબંધી જાહેરનામુ તા.૨૫/૧૦/૨૦૧૭ ના રોજ બહાર પાડવામાં આવેલ છે. આ તારીખથી સમગ્ર રાજ્યમાં આદર્શ આચાર સંહિતા અમલમાં આવેલ છે. ચૂંટણી અનુસંધાને ઉમેદવાર કે સંભવિત ઉમેદવાર કે કોઈપણ રાજકીય પક્ષ કે કોઈપણ વ્યકિત/સંસ્થા દ્વારા ચૂંટણી સબંધી સભા, સરઘસ/રેલી કે તેવો કોઈપણ કાર્યક્રમ યોજવાની સંભાવના છે. આ ચૂંટણીનું મતદાન મુક્ત, ન્યાયી અને શાંતિપૂર્ણ વાતાવરણમાં યોજાય તે જોવાનો ચૂંટણીપંચનો અભિગમ રહેલ છે. ચૂંટણી સંબંધી કાર્યક્રમોમાં અને જાહેર સ્થળોએ લોકો તેમના પરવાનાવાળા હથિયાર સાથે રાખીને એકઠા થાય કે પસાર થાય તો લોકોમાં ભયમુકત વાતાવરણ ઉભુ કરવાનો હેતુ જળવાઈ નહી. આથી સમગ્ર જિલ્લામાં જાહેર સુલેહશાંતિ અને કાયદો-વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે માટે યોગ્ય પગલા લેવાનું ઉચિત જણાયેલ છે.

તેથી, હું બી.વી. લીંબાસીયા, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, બોટાદ , ફોજદારી કાર્યરીતિ અધિનિયમ ૧૯૭૩ ની કલમ-૧૪૪(એ) તળે મને મળેલ સત્તાની રૂએ, આથી ફરમાવુ છું કે

## હુકમ

બોટાદ જિલ્લાના આત્મરક્ષણના તથા પાકરક્ષણના તમામ પરવાનેદારો (અપવાદ સિવાયના) એ તેમના પરવાનાવાળા હથિયાર સાથે કોઈ સરઘસ કાઢવા કે સભા યોજવા કે તેમાં ભાગ લેવા કે હથિયાર સાથે જાહેર સ્થળે ફરવા ઉપર પ્રતિબંધ ફરમાવવામાં આવે છે.

**અપવાદો**

૧. ફરજની રૂએ જેમને સરકારી હથિયાર ફાળવવામાં આવેલ હોય તેવા સ્વરક્ષથણ માટે અંગત હથિયાર પરવાનો મંજુર કરાયેલ હોય તેવા તમામ સરકારી અધિકારીઓ.

૨. તમામ મેજીસ્ટ્રેટ, કસ્ટમ, ફોરેસ્ટ, ઈન્કમટેક્ષ, સેન્ટ્રલ એકસાઈઝ, પોર્ટ, રેલ્વે, સંરક્ષણની ત્રણેય પાંખોના અધિકારીઓ/કર્મચારીઓ.

૩. ફરજની રૂએ જેમને હથિયાર ફાળવવામાં આવેલ હોય તેવા હોમગાર્ડના જવાનો.

આ હુકમ બોટાદ જિલ્લા મેજીસ્ટ્રેટની હકુમત હેઠળના સમગ્ર વિસ્તારને લાગુ પડશે.

વિધાનસભા સામાન્ય ચૂંટણી-૨૦૧૭ અન્વયે એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટની સત્તા ધરાવતા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટશ્રીઓ તેમના કાર્યક્ષેત્રમાં આ જાહેરનામાનો ભંગ કરનાર અથવા ઉલ્લઘંન કરનાર ઈસમો સામે આઈ.પી.સી. કલમ-૧૮૮ મુજબ ફરીયાદ દાખલ કરવાની રહેશે.

આ હુકમની જાહેરાત બોટાદ જિલ્લાની હદમાં સહેલાઈથી દેખી શકાય તેવી જગ્યાઓએ તેની નકલો ચોડીને તેમજ વર્તમાનપત્રો દ્વારા કરવી.

આજ તા. ૨૫ માહેઃ ઓકટોબર-૨૦૧૭ ના રોજ મારી સહી તથા કચેરીની મહોર લગાડી બહાર પાડયુ.

બોટાદ, ૨૫ માહે ઓક્ટોબર, સને ૨૦૧૭.

---

વિષય : મતદાન મથકના ૨૦૦ મીટરના વિસ્તારમાં હથિયાર સાથે પ્રવેશવાની મનાઈ અંગે.

## અખબારી યાદી

નં. ડીએમ/વિ.સ.ચૂં./૨૫૧૦/૧૭.-વિધાનસભા સામાન્ય ચૂંટણી-૨૦૧૭ અનુસંધાને આથી જિલ્લાના તમામ મતદારો/ નાગરિકોનું ધ્યાન લોક પ્રતિનિધિત્વ ધારા-૧૯૫૧ ની કલમ-૧૩૪(બી) (૧૯૯૬ ના સુધારા મુજબ દાખલ થયેલ) તરફ દોરવામાં આવેલ છે. જે અનુસાર ચૂંટણી ફરજ અને કાયદો વ્યવસ્થાની જાળવણી સાથે સંકળાયેલ અધિકારી/કર્મચારીઓ સિવાય કોઈપણ વ્યક્તિ હથિયાર ધારા ૧૯૫૯ માં વ્યાખ્યા કર્યા મુજબના હથિયાર સાથે મતદાન કેન્દ્રની આજુબાજુના ૨૦૦ (બસો) મીટરના વિસ્તારમાં પ્રવેશી શકશે નહી.

ઉકત જોગવાઈઓનો ભંગ કરનાર વ્યકિતની વિરૂધ્ધ ઉપરોકત કાયદા હેઠળ ગુન્હો દાખલ કરવામાં આવશે. આ ગુન્હો બે વર્ષની સજા અને દંડને પાત્ર છે અને તે કોગ્નીઝેબલ છે. આ ઉપરાંત આવી વ્યકિત પરવાનેદાર કે અન્ય કાયદેસરના હથિયારધારી હશે તો તેના હથિયારો જપ્ત કરી પરવાના રદ કરવાની સત્તા પણ આ કાયદા હેઠળ અપાઈ છે. જેની જાહેર જનતાએ નોંધ લેવા વિનંતી છે.

બોટાદ, ૨૫ માહે ઓક્ટોબર, સને ૨૦૧૭.

---

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ ૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળનું

## જાહેરનામું

નં. : ડીએમ/વિ.સ.ચૂંટણી/૦૩/૨૦૧૭.-ભારતના ચૂંટણી આયોગ દ્વારા તા. ૧૨-૧૧-૦૭ ના પત્ર ક્રમાંકઃ ૪૩૭/૬/૨૦૦૭ (INST)-PLN-III થી બહાર પાડવામાં આવેલ સુચના મુજબ વિધાનસભા સામાન્ય ચૂંટણી-૨૦૧૭ અનુસંધાને કોઈપણ ઉમેદવાર કે સંભવિત ઉમેદવાર કે કોઈપણ રાજકીય પક્ષ કે કોઈપણ વ્યકિત/સંસ્થાને ચૂંટણીના હેતુ માટે ખોલવાનું થતું ચૂંટણી કાર્યાલય ઉકત ચૂંટણી માટે નિયત થયેલ મતદાન મથકથી ૨૦૦ મીટરના વિસ્તારમાં તેમજ કોઈપણ માન્ય શૈક્ષણિક સંસ્થા/હોસ્પિટલ તેમજ ધાર્મિક સ્થળની લગોલગ ખોલવા માટે પ્રતિબંધ ફરમાવામાં આવેલ છે. ઉપર જણાવેલ વિસ્તારમાં ચૂંટણી કાર્યાલયો ખોલવામાં આવે તો વિદ્યાર્થીઓને, દર્દીઓને, દર્શનાર્થીઓને/ શ્રધ્ધાળુઓને તેમજ મતદાનના દિવસે મતદારોને વિક્ષેપ પડવાની અને ટ્રાફીકની ગેરવ્યવસ્થા થવાની પુરેપુરી સંભાવના રહે છે. જેના કારણે જાહેર સુલેહ શાંતિ અને કાયદો વ્યવસ્થાની પરિસ્થિતિને વિપરીત અસર પડી શકે છે.

ભારતના ચૂંટણી પંચે બહાર પાડેલ ચૂંટણી આચાર સંહિતાના અમલ માટે તથા બોટાદ જિલ્લામાં જાહેર શાંતિ અને સલામતી તેમજ કાયદો અને વ્યવસ્થા જળવાય રહે તે હેતુથી યોગ્ય પગલા લેવા જરૂરી છે.

તેથી, હું બી.વી. લીંબાસીયા, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, બોટાદ, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ ૧૯૭૩ ની કલમ-૧૪૪ તળે મને મળેલ સત્તાની રૂએ, આથી ફરમાવું છું કે : બોટાદ જિલ્લાના હદ વિસ્તારમાં નીચેના કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ રહેશે.

### કૃત્યો :

૧. ચૂંટણીના હેતુ માટે ખોલવાનું થતું ચૂંટણી કાર્યાલય ઉકત ચૂંટણી માટે નિયત થયેલ મતદાન મથકથી ૨૦૦ મીટરના વિસ્તારમાં તેમજ કોઈપણ માન્ય શૈક્ષણિક સંસ્થા/હોસ્પિટલ તેમજ ધાર્મિક સ્થળ/સંકુલની લગોલગ ખોલવા માટે પ્રતિબંધ ફરમાવવામાં આવે છે.

૨. ઉપરોકત હુકમનું પાલન થાય તે રીતે ખોલવામાં આવેલા ચૂંટણી કાર્યાલયમાં પાર્ટી સિમ્બોલ/ફોટોગ્રાફ વાળા ફકત એક જ પાર્ટી ફલેટ અને બેનર લગાવી શકાશે. આવા બેનરની સાઈઝ ''૪ ફુટ × ૮ ફુટ'' ની મર્યાદામાં રાખવાની રહેશે.

૩. કોઈપણ જાહેર કે ખાનગી મિલકતમાં અનધિકૃત કબજો/ દબાણ કરીને ચૂંટણી કાર્યાલય ખોલી શકાશે નહી.

૪. સ્થાનિક સત્તા મંડળના જે કોઈ નિયંત્રણો લાગુ પડતા હશે તેનું પાલન કરવાનું રહેશે.

૫. ચૂંટણીના સંદર્ભમાં અમલમાં રહેલી આદર્શ આચાર સંહિતા અને ખર્ચ સબંધી નિયંત્રણોનું પાલન થાય તે જોવાનું રહેશે.

આ હુકમ બોટાદ જિલ્લા મેજીસ્ટ્રેટની હકુમત હેઠળના સમગ્ર વિસ્તારને લાગુ પડશે.

વિધાનસભા સામાન્ય ચૂંટણી-૨૦૧૭ અન્વયે એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટની સત્તા ધરાવતા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટશ્રીઓ તેમના કાર્યક્ષેત્રમાં આ જાહેરનામાનો ભંગ કરનાર અથવા ઉલ્લઘંન કરનાર ઈસમો સામે આઈ.પી.સી. કલમ-૧૮૮ મુજબ ફરીયાદ દાખલ કરવાની રહેશે.

આ હુકમની જાહેરાત બોટાદ જિલ્લાની હદમાં સહેલાઈથી દેખી શકાય તેવી જગ્યાઓએ તેની નકલો ચોડીને તેમજ વર્તમાનપત્રો દ્વારા કરવી.

આજ તા. ૨૫ માહે ઓકટોબર-૨૦૧૭ ના રોજ મારી સહી તથા કચેરીની મહોર લગાડી બહાર પાડયુ.

બોટાદ, ૨૫ માહે ઓક્ટોબર, સને ૨૦૧૭.

---

### ફોજદારી કાર્યરીતિ અધિનિયમ ૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળનું

## જાહેરનામું

નં. : ડીએમ/વિ.સ.ચૂં/૦૪/૨૦૧૭.-ગુજરાત વિધાનસભાની સામાન્ય ચૂંટણી-૨૦૧૭ નું મતદાન બોટાદ જિલ્લામાં તા.૦૯-૧૨-૨૦૧૭ ના રોજ થનાર છે. ભારતના ચૂંટણી પંચ દ્વારા ચૂંટણી અંગેની જાહેરાત તા.૨૫/૧૦/૨૦૧૭ ના રોજ કરવામાં આવેલી છે. આ તારીખથી સમગ્ર રાજ્યમાં આદર્શ આચાર સંહિતા અમલમાં આવેલ છે. ચૂંટણી અનુસંધાને ઉમેદવાર કે સંભવિત ઉમેદવાર કે કોઈપણ રાજકીય પક્ષ કે કોઈપણ વ્યકિત/સંસ્થા દ્વારા ચૂંટણી સબંધી સરઘસ/રેલી કે તેવો કોઈપણ કાર્યક્રમ યોજવાની સંભાવના છે. આ ચૂંટણીનું મતદાન મુકત, ન્યાયી અને શાંતિપૂર્ણ વાતાવરણમાં યોજાય તે જોવાનો ચૂંટણીપંચનો અભિગમ રહેલ છે. ભારતના ચૂંટણી પંચના તા. ૧૫-૧-૯૬ ના હુકમ ક્રમાંકઃ 437/6/96/PLN-III/ થી ચૂંટણી સબંધી સમુહ કે કાફલામાં કે રેલી/સરઘસમાં કોઈપણ સંજોગોમાં ત્રણ કરતાં વધુ વાહનો રાખવા કે હંકારવાની મંજુરી મળવા પાત્ર નથી. આ હુકમનું પાલન ન થાય તો લોકોમાં ભયમુકત વાતાવરણ ઉભુ કરવાનો હેતુ જળવાઈ નહી. આથી સમગ્ર જિલ્લામાં જાહેર સુલેહશાંતિ અને કાયદો-વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે અને આદર્શ આચાર સંહિતાનું પાલન થાય તે માટે યોગ્ય પગલા લેવાનું ઉચિત જણાયેલ છે.

તેથી, હું બી.વી. લીંબાસીયા, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, બોટાદ, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ ૧૯૭૩ ની કલમ-૧૪૪ તળે મને મળેલ સત્તાની રૂએ, આથી ફરમાવું છું કે : સમગ્ર બોટાદ જિલ્લામાં ચૂંટણી સંબંધી કોઈ સરઘસ કે રેલી કે કાફલા કે સમુહમાં કે કોઈ કાર્યક્રમમાં ત્રણ કરતાં વધુ વાહનો રાખી શકાશે નહી કે હંકારી શકાશે નહી.

### અપવાદો

૧. તમામ પ્રકારના સરકારી/અર્ધ સરકારી વાહનો.

૨. રાજકીય ક્ષત્રા અગ્રણીઓ કે જેમને z+ સુરક્ષા વ્યવસ્થા પુરી પાડવામાં આવતી હોય અથવા જેમની જિંદગીને ત્રાસવાદીઓની ધમકીના કારણે જોખમ હોય, તેમને પુરી પાડવામાં આવેલ સુરક્ષા વ્યવસ્થા માટેના વાહનો ઉપરોકત ત્રણ વાહનોની ગણતરીમાંથી બાકાત રહેશે.

આ હુકમ બોટાદ જિલ્લા મેજીસ્ટ્રેટની હકુમત હેઠળના સમગ્ર વિસ્તારને લાગુ પડશે.

વિધાનસભા સામાન્ય ચૂંટણી-૨૦૧૭ અન્વયે એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટની સત્તા ધરાવતા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટશ્રીઓ તેમના કાર્યક્ષેત્રમાં આ જાહેરનામાનો ભંગ કરનાર અથવા ઉલ્લઘંન કરનાર ઈસમો સામે આઈ.પી.સી. કલમ-૧૮૮ મુજબ ફરીયાદ દાખલ કરવાની રહેશે.

આ હુકમની જાહેરાત બોટાદ જિલ્લાની હદમાં સહેલાઈથી દેખી શકાય તેવી જગ્યાઓએ તેની નકલો ચોડીને તેમજ વર્તમાનપત્રો દ્વારા કરવી.

આજ તા. ૨૫ માહે ઓકટોબર-૨૦૧૭ ના રોજ મારી સહી તથા કચેરીની મહોર લગાડી બહાર પાડયુ.

પોરબંદર, ૨૫ માહે ઓક્ટોબર, સને ૨૦૧૭.

---

### ફોજદારી કાર્યરીતિ અધિનિયમ ૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળનું

## જાહેરનામું

ક્રમાંક : ડીએમ/વિ.સ.ચૂં/૦૫/૨૦૧૭.-વિધાનસભા સામાન્ય ચૂંટણી-૨૦૧૭ નું મતદાન બોટાદ જિલ્લામાં તા.૦૯-૧૨-૨૦૧૭ ના રોજ થનાર છે. ભારતના ચૂંટણી પંચ દ્વારા ચૂંટણી યોજવા અંગેની જાહેરાત તા.૨૫-૧૦-૨૦૧૭ ના રોજ કરવામાં આવેલી છે. આ તારીખથી સમગ્ર રાજ્યમાં આદર્શ આચાર સંહિતા અમલમાં આવેલ છે. ચૂંટણી અનુસંધાને ઉમેદવાર કે સંભવિત ઉમેદવાર કે કોઈપણ રાજકીય પક્ષ કે કોઈપણ વ્યકિત/સંસ્થા દ્વારા ચૂંટણી સબંધી સભા, સરઘસ/રેલી કે તેવો કોઈપણ કાર્યક્રમ યોજવાની સંભાવના છે. આ ચૂંટણીનું મતદાન મુકત, ન્યાયી અને શાંતિપૂર્ણ વાતાવરણમાં યોજાય તે જોવાનો ચૂંટણીપંચનો અભિગમ રહેલો છે. ચૂંટણી સંબંધી પ્રચાર માટે કે આવેદનપત્ર આપવાના હેતુથી કે દેખાવો યોજવાના હેતુથી જાહેર સ્થળોએ લોકો ટોળા સ્વરૂપે એકઠા કે પસાર થાય તો લોકોમાં ભયમુકત વાતાવરણ ઉભુ કરવાનો હેતુ જળવાઈ નહી. આથી સમગ્ર જિલ્લામાં જાહેર સુલેહ શાંતિ અને કાયદો-વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે અને તે માટે યોગ્ય પગલા લેવાનું ઉચિત જણાયેલ છે.

જેથી, હું બી.વી. લીંબાસીયા, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, બોટાદ, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ ની કલમ-૧૪૪ તળે મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, બોટાદ જિલ્લામાં તા.૨૬-૧૦-૨૦૧૭ થી તા. ૨૦-૧૨-૨૦૧૭ સુધી ચાર કરતા વધારે વ્યકિતઓની મંડળી કોઈએ ભરવી નહી કે બોલાવવી નહી કે સરઘસ કાઢવુ નહી અને એકઠા થવુ નહી.

વધુમાં આદેશ કરૂ છુ કે આ જાહેરનામુ નીચેની વ્યકિતઓની લાગુ પડશે નહી.

૧. સરકારી નોકરીમાં અથવા તેમની ફરજની રૂએ રોજગારીમાં હોય તેવી વ્યકિતઓને.

૨. ફરજ ઉપર હોય તેવા બિન પોલીસ દળો જેવા કે ગૃહ રક્ષક દળ, ગ્રામ રક્ષક દળ, જી.આઈ.એસ.એફ. ફોરેસ્ટ, કસ્ટમ, સેન્ટ્રલ એકસાઈઝ, એન.સી.સી. વિગેરે કે જેને ખાસ પોલીસ અધિકારીના અધિકારો એનાયત થયેલ હોય તેવી વ્યકિતઓને.

૩. લગ્નના વરઘોડાને.

૪. સ્મશાન યાત્રાને.

૫. ચૂંટણી અધિકારી, મદદનીશ ચૂંટણી અધિકારી અથવા આવી પરવાનગી આપવા માટે અધિકૃત કાર્યપાલક મેજિસ્ટ્રેટ દ્વારા મંજુરી આપેલ વ્યકિતઓને.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને કેબલ ટેલીવિઝન (નિયમન) અધિનિયમ-૧૯૯૫ની જોગવાઈ મુજબ તથા ભારતીય દંડ સંહિતાની કલમ ૧૮૮ હેઠળ શિક્ષાપાત્ર થશે.

વિધાનસભા સામાન્ય ચૂંટણી-૨૦૧૭ અન્વયે એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટની સત્તા ધરાવતા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટશ્રીઓ તેમના કાર્યક્ષેત્રમાં આ જાહેરનામાનો ભંગ કરનાર અથવા ઉલ્લઘંન કરનાર ઈસમો સામે આઈ.પી.સી. કલમ-૧૮૮ મુજબ ફરીયાદ દાખલ કરવાની રહેશે.

વિશેષમાં ઉપર જણાવેલ વિસ્તારમાં જાહેરનામુ સહેલાઈથી જોઈ શકાય તે રીતે તેની નકલ ચોંટાડીને પ્રસિધ્ધ કરવા કાર્યવાહી કરવી.

આજ તા. ૨૫ માહે ઓકટોબર-૨૦૧૭ ના રોજ મારી સહી તથા કચેરીની મહોર લગાડી બહાર પાડયુ.

બોટાદ, ૨૫ માહે ઓક્ટોબર, સને ૨૦૧૭.

---

**ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ ૧૪૪ હેઠળનું**

## જાહેરનામું

ક્રમાંક : ડીએમ/વિ.સ.ચૂંટણી/૦૬/૨૦૧૭.-વિધાનસભા સામાન્ય ચૂંટણીઓ-૨૦૧૭ ની બોટાદ જિલ્લાના તમામ વિધાનસભા મતદાર વિભાગો માટે મતદાન તા. ૦૯-૧૨-૨૦૧૭ ના રોજ યોજવાનું તા. ૨૫-૧૦-૨૦૧૭ના રોજ જાહેર કરવામાં આવેલ છે. પ્રવર્તમાન ચૂંટણી દરમ્યાન પ્રચાર તથા જાહેરાતો રાજકીય પક્ષો, ઉમેદવારો, સંસ્થાઓ તરફથી તેમજ ઉમેદવારોના ટેકેદારો તરફથી ઈલેક્ટ્રોનીક મીડીયાના માધ્યમથી પ્રસારણ સ્થાનિક કંટ્રોલરૂમથી તથા ટી. વી. ચેનલના રાજ્ય, આંતરરાજ્ય કે આંતરરાષ્ટ્રીય તેમજ એ.એમ. અને એફ.એમ. રેડીયો નેટવર્કના નિયંત્રણ માટે કેબલ ટેલીવિઝન (નિયમન) અધિનિયમ-૧૯૯૫ તથા કેબલ ટેલીવિઝન નેટવર્ક (વિનિમયો) નિયમો-૧૯૯૪ અમલમાં છે. જે મુજબ જાહેરાત નિયત કરેલ આચાર સંહિતાને અનુરૂપ હોય તે સિવાય કોઈપણ વ્યકિત કોઈ જાહેરાત પ્રસારિત કે પુનઃપ્રસારિત કરી શકે નહી. તેમજ જાહેરાતો કોઈ ધાર્મિક કે રાજકીય હેતુ પ્રત્યે દિશા નિર્દેશ કરતી હોવી જોઈએ નહી તેવી જોગવાઈ છે. ભારતના ચૂંટણીપંચે ચૂંટણીઓ નિષ્પક્ષ, તટસ્થ, શાંતિપૂર્ણ વાતાવરણમાં યોજાય તથા કોઈ પક્ષ, સંસ્થા કે ઉમેદવારની તરફેણ કે વિરૂધ્ધમાં કે ચૂંટણીપંચે જાહેર કરેલ આદર્શ આચાર સંહિતાની જોગવાઈઓ વિરૂધ્ધ કોઈપણ ચૂંટણી વિષયક જાહેરાત ઈલેક્ટ્રોનિકના માધ્યમથી કરવામાં ન આવે તે માટે સંવિધાનની કલમ-૧૪૨ હેઠળની સતાનો ઉપયોગ કરીને તા. ૧૫-૦૪-૨૦૦૪ ના હુકમ ક્રમાંક : ૫૦૯/૭૫/જેએસ/૧ થી નામ.સુપ્રિ. કોર્ટ એસએલપી (સિવિલ) નં. ૬૬૭૯/૨૦૦૪ ના કામમાં ઠરાવેલ વિગતે આદેશાત્મક જોગવાઈ કરેલ છે.

તેમજ ભારતના ચૂંટણીપંચના તા. ૨૭-૦૮-૨૦૧૨ ના પત્ર ક્રમાંક : ૪૯૧/પેઈડ ન્યુઝ/૨૦૧૨/મીડીયાની માર્ગદર્શક સુચનાઓ અન્વયે અધિક મુખ્ય નિર્વાચન અધિકારીશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગરના તા. ૩૧-૦૮-૨૦૧૨ ના પત્ર નં. ઈએલસી/૧૦૧૦/૨૩૩(૨)/છથી થયેલ સુચનાનુસાર જિલ્લા કક્ષાએ તમામ પ્રકારની જાહેરાતો, જીંગલ્સ, ઈન્સર્શન્સ, બાઈટસ વગેરેના સર્ટીફીકેશન માટે મીડીયા સર્ટીફીકેશન એન્ડ મોનીટરીંગ કમીટીની રચના કલેક્ટર અને જિલ્લા ચૂંટણી અધિકારીના અધ્યક્ષ સ્થાને કરવામાં આવેલ છે. જે અંગેની કામગીરી નાયબ નિયામકશ્રી, માહિતી ખાતુ, બોટાદ સભ્ય સચિવ તરીકે સંભાળે છે.

સબબ, ઉપરોકત સૂચનાની ચુસ્તપણે અમલવારી સુનિશ્ચિત કરવા અને ચૂંટણીના સરળ સંચાલન માટે નીચે મુજબ હુકમ કરવો ઈષ્ટ જણાય છે. જેથી હું બી.વી. લીંબાસીયા, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, બોટાદ જિલ્લો, બોટાદ ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ ની કલમ-૧૪૪ થી મને મળેલ સતાની રૂએ આથી ફરમાવું છુ કે,

૧. ટેલીવિઝન ચેનલ અને કેબલ નેટવર્ક પર જાહેરાત આપવા વિચારતા દરેક નોંધાયેલ રાજકીય પક્ષ અને ચૂંટણી લડતા ઉમેદવારે આવી જાહેરાત ટેલીકાસ્ટના સુચિત આરંભની તારીખથી મોડામાં મોડા ત્રણ દિવસ અગાઉ અરજી કરવાની રહેશે.

૨. બીજી કોઈ વ્યકિત અથવા બિન નોંધાયેલ રાજકીય પક્ષો, સંસ્થા વિગેરેએ આવી જાહેરાત ટેલીકાસ્ટના સુચિત આરંભની તારીખથી મોડામાં મોડા સાત દિવસ અગાઉ અરજી કરવાની રહેશે.

૩. ઈલેક્ટ્રોનિક ફોર્મમાં સુચિત જાહેરાતની બે નકલ તેમજ તેની યોગ્ય રીતે પ્રમાણિત કરેલ બે નકલ અરજી સાથે જોડવાની રહેશે.

૪. આવી જાહેરાત, જીંગલ્સ, ઈન્સર્શન્સ, બાઈટસ વિગેરેનું સર્ટીફીકેશન મેળવવા માટેની અરજી જિલ્લા કક્ષાની મીડીયા સર્ટીફીકેશન એન્ડ મોનીટરીંગ કમીટીના સભ્ય સચિવ અને નાયબ માહિતી નિયામકશ્રી, બોટાદને કરવાની રહેશે. આ અરજીમાં નીચે જણાવેલ બાબતોનો સમાવેશ કરવાનો રહેશે.

(એ) જાહેરાત નિર્માણનું ખર્ચ

(બી) ઈન્સર્શન્સની સંખ્યાના વિભાજન અને આવા દરેક ઈન્સર્શન માટે વસુલ કરવામાં આવનાર સુચિત દર સાથે ટેલીવિઝન ચેનલ અથવા કેબલ નેટવર્ક પર આવી જાહેરાતના સુચિત પ્રસારણનું અંદાજીત ખર્ચ.

(સી) મુકેલ જાહેરાત ઉમેદવાર કે ઉમેદવારો પક્ષોની ચૂંટણીની ભાવિ શક્યતાના લાભ માટે છે કે કેમ ? તે બાબત પણ જણાવવાની રહેશે.

(ડી) જાહેરાત રાજકીય પક્ષ અથવા ઉમેદવાર સિવાયની કોઈ વ્યકિતએ આપી હોય તો તે વ્યકિત સોગંદ પર જાહેર કરશે કે, તે કોઈ રાજકીય પક્ષ કે ઉમેદવારના લાભ માટે નથી અને ઉક્ત જાહેરાત કોઈ રાજકીય પક્ષ અથવા ઉમેદવારે પુરસ્કૃત કરી નથી કે સોંપણી કરી નથી કે તેની ચુકવણી કરી નથી.

(ઈ) બધી ચુકવણી એકાઉન્ટ પેઈ ચેકથી કરવામાં આવશે એવી કબુલાત.

૫. ટેલીકાસ્ટ માટે જાહેરાત, જીંગલ્સ, ઈન્સર્શન્સ, બાઈટનું પ્રમાણપત્ર મેળવ્યા વિના જાહેરાત, જીંગલ્સ, ઈન્સર્શન્સ, બાઈટનું પ્રસારણ થઈ શકશે નહીં.

૬. ચૂંટણી કામગીરી માટે નિયુક્ત ચૂંટણી અધિકારીશ્રીઓ, મદદનીશ ચૂંટણી અધિકારીશ્રીઓ તથા ચૂંટણી કામગીરી સાથે સંકળાયેલ તમામ અધિકારીશ્રીઓને જાહેરાતોના પ્રસારણ પર દેખરેખ રાખવા માટે અધિકૃત કરવામાં આવે છે. તથા કેબલ ટેલીવિઝન અધિનિયમ-૧૯૯૫, તે હેઠળના નિયમો તથા નામ. સુપ્રિમ કોર્ટના અને ભારતના ચૂંટણી પંચના ઉક્ત આદેશ પરત્વે તપાસણી અને સીઝર સહિતની કામગીરી કરવાની સતા આપવામાં આવે છે.

આ જાહેરનામું તા. ૨૫-૧૦-૨૦૧૭ થી તા. ૧૮-૧૨-૨૦૧૭ સુધી અમલમાં રહેશે. તેમજ બોટાદ જિલ્લાના સમગ્ર વિસ્તારને પણ લાગુ પડશે. આ હુકમની સમગ્ર જિલ્લામાં તમામની જાણકારી અર્થે બહોળી પ્રસિધ્ધિ કરવાની રહેશે.

શિક્ષા :

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને કેબલ ટેલીવિઝન (નિયમન) અધિનિયમ-૧૯૯૫ની જોગવાઈ મુજબ તથા ભારતીય દંડ સહીતાની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાપાત્ર થશે.

વિધાનસભા સામાન્ય ચૂંટણી-૨૦૧૭ અન્વયે એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટની સત્તા ધરાવતા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટશ્રીઓ તેમના કાર્યક્ષેત્રમાં આ જાહેરનામાનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર ઈસમો સામે આઈ.પી.સી. કલમ-૧૮૮ મુજબ ફરીયાદ દાખલ કરવાની રહેશે.

વિશેષમાં ઉપર જણાવેલ વિસ્તારમાં જાહેરનામુ સહેલાઈથી જોઈ શકાય તે રીતે તેની નકલ ચોંટાડીને પ્રસિધ્ધ કરવા કાર્યવાહી કરવી.

આજ તા. ૨૫ માહે ઓકટોબર, ૨૦૧૭ ના રોજ મારી સહી તથા કચેરીની મહોર લગાવી હુકમ બહાર પાડયો.

બોટાદ, ૨૫ માહે ઓકટોબર, સને ૨૦૧૭.

---

વિષય : <u>વિધાનસભા સામાન્ય ચૂંટણી-૨૦૧૭</u>
દારૂ વિગેરેના વેચાણ પર પ્રતિબંધ

નં. : ડીએમ/વિ.સ.ચૂંટણી/૧૫/૨૦૧૭.-ઉપરોકત વિષયે આપનું લક્ષ લોક પ્રતિનિધિત્વ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૧૩૫(એ) તરફ દોરતા જણાવવાનું કે વિધાનસભાની સામાન્ય ચૂંટણી-૨૦૧૭ નું મતદાન તા. ૦૯-૧૨-૨૦૧૭ ના રોજ યોજાનાર હોય તેના અડતાલીસ કલાક અગાઉથી તેમજ મતગણતરી તા. ૧૮-૧૨-૨૦૧૭ ના રોજ હોય તેનાં આગળનાં દિવસથી મતગણતરી દિવસ સુધી ''ડ્રાય ડે'' જળવાઈ રહે તે માટે લાયસન્સ ધરાવતા કોઈપણ કલબ, સ્ટાર હોટલ, રેસ્ટોરન્ટ, વિગેરે દ્વારા ઉપર્યુકત દિવસોએ દારૂ વેચવામાં ન આવે તે જોવા સબંધિતને ઘટિત સુચના અપાઈ જવા વિનંતી છે.

મતદાન અને મત ગણતરી દરમ્યાન કાયદો વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તેમજ મતદાનને વિપરીત અસર થાય તેવી કોઈ પરિસ્થિતિ ઉપસ્થિત ન થાય તે માટે બોટાદ જિલ્લામાં દારૂ રાખવાનું અને વેચવાનું લાયસન્સ ધરાવતી વ્યકિત કે સંસ્થાઓ હસ્તક રહેલા દારૂના જથ્થાની તા. ૨૮-૧૦-૨૦૧૭ ના સવારના ૮-૦૦ કલાક ની સ્થિતિની સ્ટોક પોઝીશન મેળવી પોલીસ ખાતાના અધિકારીઓના સંકલનમાં રહી યોગ્ય કાર્યવાહી કરી તે અંગેનો અહેવાલ અત્રેને તથા પોલીસ અધિક્ષકશ્રીને પાઠવવા વિનંતી છે.

બોટાદ, ૨૫ માહે ઓકટોબર, સને ૨૦૧૭.

**બી. વી. લીંબાસીયા,**
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
બોટાદ.

---

## સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ દ્વારા

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪નો-અધિનિયમ ક્રમાંક-૨)ની કલમ-૧૪૪ હેઠળ કાઢેલ

### હુકમ

નં. એમએજી/જાહેરનામું/૨૫૧૦/૨૦૧૭.-ભારતનાં ચૂંટણી પંચ તરફથી ગુજરાત વિધાનસભા સામાન્ય ચૂંટણી-૨૦૧૭ માટેનો કાર્યક્રમ નકકી કરવામાં આવેલ છે. જે અંતર્ગત જુનાગઢ જિલ્લાનાં કેશોદ સબ ડીવીઝન વિસ્તારમાં ઉકત ચૂંટણી તા. ૦૯-૧૨-૨૦૧૭ નાં રોજ યોજનાર છે.

આ ચૂંટણી દરમ્યાન જુનાગઢ જિલ્લાનાં સમગ્ર કેશોદ સબ ડીવીઝનનાં તાલુકાઓમાં તમામ સ્તરે કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તથા મતદારો પોતાનો મત મુકત અને નિર્ભય રીતે આપી શકે તેમજ સમગ્ર ચૂંટણી પ્રક્રિયા માટે જરૂરી શાંતિમય વાતાવરણમાં વિક્ષેપો ઉભા થાય નહી અને જાહેર સુલેહશાંતીનો ભંગ થતો અટકાવવાનું અત્યંત જરૂરી જણાતું હોવાથી ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ નો અધિનિયમ ક્રમાંક-૨) ની કલમ-૧૪૪ મુજબ પગલા લેવા માટે પુરતા કારણો છે.

વાસ્તે, હું, રેખાબા સરવૈયા, જી.એ.એસ., સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ, કેશોદ, જિલ્લો જુનાગઢ, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪નો અધિનિયમ ક્રમાંક-૨) ની કલમ-૧૪૪ મુજબ મને મળેલ સત્તાની રૂઈએ આથી ફરમાવુ છુ કે, સમગ્ર કેશોદ સબ ડીવીઝનનાં વિસ્તારમાં કોઈપણ ઈસમે પોતાના પરવાનાવાળા હથિયાર સાથે લઈને બહાર નિકળવુ કે ફરવું નહી. ઉપરાંત દંડા, તલવાર, ભાલા, ચપ્પુ, લાકડી, લાઠી, અથવા શારિરીક હિંસા પહોચાડવામાં ઉપયોગ થઈ શકે તેવી બીજી ચીજો સાથે લઈ ઘર બહાર નિકળવું કે ફરવું નહી.

આ હુકમ નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહી.

(૧) ફરજ ઉપર રોકાયેલ પોલીસ કર્મચારી/અધિકારીઓ કે જેઓનાં ફરજનાં ભાગરૂપે શસ્ત્રો રાખવાની પરવાનગી આપવામાં આવી હોય તેવી વ્યકિતને.

(૨) શારિરીક અશકિતનાં કારણે લાકડી અથવા લાઠી લઈ ફરવું જરૂરી હોય તે વ્યકિતને.

(૩) રાષ્ટ્રિયકૃત બેન્કો કે તેઓને તે બેન્કની કેશ-કરન્સી લઈ આવવા તથા લઈ જવા માટે તેની ફરજનાં ભાગરૂપે બેન્કનાં હથિયાર પરવાનાવાળા શસ્ત્રો રાખવાની પરવાનગી આપવામાં આવેલ હોય, તે વ્યકિતને.

ઉપર્યુકત જોગવાઈઓનો ભંગ કર્યેથી ઈન્ડીયન પીનલ કોડ કલમ-૧૮૮ હેઠળ કસુરવાર સામે પગલા લેવાની કાર્યવાહી કરવામાં આવશે અને ગુન્હો સાબિત થયે એક માસની સાદી કેદ અથવા રૂા. ૨૦૦/- દંડ અથવા બંનેની સજા થઈ શકે છે.

આ હુકમ સમગ્ર કેશોદ સબ ડીવીઝનનાં વિસ્તારમાં હુકમની તારીખથી અમલમાં આવશે અને તે ચૂંટણી પ્રક્રિયા પુર્ણ થવાની તા. ૨૦-૧૨-૨૦૧૭ સુધી અમલમાં રહે.

આજ તા. ૨૫ માહે ઓકટોબર-૨૦૧૭ ના રોજ મારી સહી તથા કચેરીનાં સિક્કો કરી બહાર પાડેલ છે.

કેશોદ, ૨૫ માહે ઓકટોબર, સને ૨૦૧૭.

---

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪નો-અધિનિયમ)ની કલમ-૧૪૪ હેઠળ કાઢેલ

### હુકમ

નં. એમએજી/જાહેરનામું/૨૫૧૦-૨/૨૦૧૭.-ભારતનાં ચૂંટણી પંચ તરફથી ગુજરાત વિધાનસભા સામાન્ય ચૂંટણી-૨૦૧૭ માટેનો કાર્યક્રમ નકકી કરવામાં આવેલ છે. જે અંતર્ગત જુનાગઢ જિલ્લામાં ઉકત ચૂંટણી તા. ૦૯-૧૨-૨૦૧૭ નાં રોજ યોજાનાર છે. ભારતનાં ચૂંટણી આયોગ દ્વારા આદર્શ આચારસંહિતા બહાર પાડી તેનું કડકપણે પાલન કરવાની સુચનાઓ આપવામાં આવેલ છે. સરકારી કચેરીઓમાં માણસો ટોળા સ્વરૂપે એકઠા થઈ કાયદો અને વ્યવસ્થા જાળવવાનાં બાધકરૂપ ન થાય તે માટે સરકારી કચેરીઓમાં ટોળા સ્વરૂપે એકઠા થવા પર પ્રતિબંધ મુકવાની જરૂર જણાય છે.

આથી હું, રેખાબા સરવૈયા, જી.એ.એસ., સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ, કેશોદ, જિલ્લો જુનાગઢ, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪નો બીજો અધિનિયમ) ની કલમ-૧૪૪ મુજબ મને મળેલ સત્તાની રૂઈએ આથી નીચે મુજબ ફરમાવુ છુ.

આ પ્રતિબંધ નીચે મુજબની વ્યકિતઓને લાગુ પડશે નહી.

(૧) આ હુકમ ફરજ ઉપર રોકાયેલા તમામ સરકારી તથા અર્ધ સરકારી કર્મચારીઓ/અધિકારીઓને લાગુ પડશે નહી.

(૨) આવેદન પત્ર આપવા માટે સક્ષમ અધિકારીશ્રીની પુર્વ મંજુરી મેળવેલ હોય તેવી આવેદન પત્ર આપવા આવનાર વ્યકિતઓને લાગુ પડશે નહી.

આ જાહેરનામું ઉલ્લંઘન કરનાર અથવા ઉલ્લંઘન માટે મદદ કરનાર શખ્સ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ હેઠળ સજાને પાત્ર થશે.

આ હુકમ સમગ્ર કેશોદ સબ ડીવીઝનનાં વિસ્તારમાં હુકમની તારીખથી અમલમાં આવશે અને તે ચૂંટણી પ્રક્રિયા પુર્ણ થવાની તા. ૨૦-૧૨-૨૦૧૭ સુધી અમલમાં રહે.

આજ તા. ૨૫ માહે ઓકટોબર-૨૦૧૭ ના રોજ મારી સહી તથા કચેરીનાં સિક્કો કરી બહાર પાડેલ છે.

કેશોદ, ૨૫ માહે ઓકટોબર, સને ૨૦૧૭.

રેખાબા સરવૈયા,
સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ,
કેશોદ.

---

**ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩**
**(૧૯૭૪નો અધિનિયમ ક્રમાંક-૨)ની કલમ-૧૪૪ હેઠળ કાઢેલ**

**હુકમ**

નં. એમએજી/સી/ચૂંટણી/૧/૧૦/૨૦૧૭.-ભારતના ચૂંટણી પંચ તરફથી ગુજરાત વિધાનસભા સામાન્ય ચૂંટણી-૨૦૧૭ માટેનો કાર્યક્રમ નકકી કરવામાં આવેલ છે. જે અંતર્ગત જુનાગઢ જિલ્લાના વિસાવદર સબ ડિવિઝન વિસ્તારમાં ઉકત ચૂંટણી તા. ૦૯-૧૨-૨૦૧૭ના રોજ યોજનાર છે.

આ ચૂંટણી દરમ્યાન જુનાગઢ જિલ્લાના સમગ્ર વિસાવદર સબ ડિવિઝનના તાલુકાઓમાં તમામ સ્તરે કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તથા મતદારો પોતાનો મુકત અને નિર્ભય રીતે આપી શકે તેમજ સમગ્ર ચૂંટણી પ્રક્રિયા માટે જરૂરી શાંતિમય વાતાવરણમાં વિક્ષેપો ઉભા થાય નહીં અને જાહેર સુલેહશાંતિનો ભંગ થતો અટકાવવાનું અત્યંત જરૂરી જણાતુ હોવાથી ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ નો અધિનિયમ ક્રમાંક-૨) ની કલમ-૧૪૪ મુજબ પગલાં લેવા માટે પુરતા કારણો છે.

વાસ્તે, હું ડી. વી. વાળા, જી.એ.એસ., સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ વિસાવદર, જિલ્લો જુનાગઢ ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩(૧૯૭૪નો અધિનિયમ ક્રમાંક-૨)ની કલમ-૧૪૪ મુજબ મને મળેલ સત્તાની રૂઈએ આથી ફરમાવું છું કે, જુનાગઢ જિલ્લાના સમગ્ર વિસાવદર સબ ડિવિઝનના વિસ્તારમાં કોઈ પણ ઈસમે પોતાના પરવાનાવાળા હથિયાર સાથે લઈને બહાર નિકળવું કે ફરવુ નહી. ઉપરાંત દંડા, તલવાર, ભાલા, ચપ્પુ, લાકડી, લાઠી અથવા શારિરીક હિંસા પહોંચાડવામાં ઉપયોગ થઈ શકે તેવી બીજી ચીજો સાથે લઈ ઘર બહાર નિકળવું કે ફરવું નહી.

આ હુકમ નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં.

(૧) ફરજ ઉપર રોકાયેલ પોલીસ કર્મચારી/અધિકારીઓ કે જેઓના ફરજના ભાગરૂપે શસ્ત્રો રાખવાની પરવાનગી આપવામાં આવી હોય તેવી વ્યકિતને.

(૨) શારિરીક અશકિતના કારણે લાકડી અથવા લાઠી લઈ ફરવુ જરૂરી હોય તે વ્યકિતને.

(૩) રાષ્ટ્રીયકૃત બેન્કો કે તેઓને તે બેન્કની કેશ-કરન્સી લઈ આવવા તથા લઈ જવા માટે તેની ફરજના ભાગરૂપે બેન્કના હથિયાર પરવાનાવાળા શસ્ત્રો રાખવાની પરવાનગી આપવામાં આવેલ હોય, તે વ્યકિતને.

ઉપર્યુકત જોગવાઈઓનો ભંગ કર્યેથી ઈન્ડીયન પીનલ કોડ કલમ-૧૮૮ હેઠળ કસુરવાર માટે પગલા લેવાની કાર્યવાહી કરવામાં આવશે અને ગુન્હો સાબિત થયે એક માસની સાદી કેદ અથવા રૂા. ૨૦૦/- દંડ અથવા બન્નેની સજા થઈ શકે છે.

આ હુકમ સમગ્ર વિસાવદર સબ ડિવિઝનના વિસ્તારમાં હુકમની તારીખથી અમલમાં આવશે અને તે ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ થવાની તા. ૨૦-૧૨-૨૦૧૭ સુધી અમલમાં રહેશે.

આજ તારીખ : ૨૭ માહે. ઓકટોબર-૨૦૧૭ના રોજ મારી સહી તથા કચેરીના સિકકો કરી બહાર પાડેલ છે.

વિસાવદર, ૨૭ માહે ઓકટોબર, સને ૨૦૧૭.

---

**ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩**
**(૧૯૭૪નો અધિનિયમ ક્રમાંક-૨)ની કલમ-૧૪૪ હેઠળ કાઢેલ**

**હુકમ**

નં. એમએજી/સી/ચૂંટણી/૨/૧૦/૨૦૧૭.-ભારતના ચૂંટણી પંચ તરફથી ગુજરાત વિધાનસભા સામાન્ય ચૂંટણી-૨૦૧૭ માટેનો કાર્યક્રમ નકકી કરવામાં આવેલ છે. જે અંતર્ગત જુનાગઢ જિલ્લામાં ઉકત ચૂંટણી તા. ૦૯-૧૨-૨૦૧૭ ના રોજ યોજનાર છે. ભારતના ચૂંટણી આયોગ ધ્વારા આદર્શ આચાર સંહિતા બહાર પાડી તેનુ કડકપણે પાલન કરવાની સુચનાઓ આપવામાં આવેલ છે. સરકારી કચેરીઓમાં માણસો ટોળા સ્વરૂપે એકઠા થઈ કાયદો અને વ્યવસ્થા જાળવવાના બાધકરૂપ ન થાય તે માટે સરકારી કચેરીઓમાં ટોળા સ્વરૂપે એકઠા થવા પર પ્રતિબંધ મુકવાની જરૂર જણાય છે.

આથી, હું ડી. વી. વાળા, જી.એ.એસ., સબ ડિવિઝનલ મેજીસ્ટ્રેટ, વિસાવદર, જિલ્લો જુનાગઢ, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ નો અધિનિયમ)ની કલમ-૧૪૪ થી મને મળેલ સત્તાની રૂઈએ આથી નીચે મુજબ ફરમાવું છું.

ચૂંટણી પ્રક્રીયા દરમ્યાન જુનાગઢ જિલ્લાના વિસાવદર સબ ડિવિઝન વિસ્તારની તમામ સરકારી કચેરીઓના કમ્પાઉન્ડમાં આમ જનતાના રૂપમાં કે ટોળાના રૂપમાં કોઈ પણ રીતે ચાર કે તેથી વધુ વ્યકિતઓને એકઠા થવા પર પ્રતિબંધ ફરમાવું છું.

આ પ્રતિબંધ નીચે મુજબની વ્યકિતઓને લાગુ પડશે નહીં.

(૧) આ હુકમ ફરજ ઉપર રોકાયેલા તમામ સરકારી તથા અર્ધસરકારી કર્મચારીઓ/અધિકારીઓને લાગુ પડશે નહિ.

(૨) આવેદનપત્ર આપવા માટે સક્ષમ અધિકારીશ્રીની પુર્વ મંજુરી મેળવી હોય, તેવી આવેદનપત્ર આપવા આવનાર વ્યકિતઓને લાગુ પડશે નહિ.

આ જાહેરનામાનું ઉલ્લંઘન કરનાર અથવા ઉલ્લંઘન માટે મદદ કરનાર શખ્સ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ હેઠળ સજાને પાત્ર થશે.

આ હુકમ સમગ્ર વિસાવદર સબ ડિવિઝનના વિસ્તારમાં હુકમની તારીખથી અમલમાં આવશે અને તે ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ થવાની તા. ૨૦-૧૨-૨૦૧૭ સુધી અમલમાં રહેશે.

આજ તારીખ : ૨૭ માહે. ઓકટોબર-૨૦૧૭ના રોજ મારી સહી તથા કચેરીના સિકકો કરી બહાર પાડેલ છે.

વિસાવદર, ૨૭ માહે ઓકટોબર, સને ૨૦૧૭.

ડી. વી. વાળા,
સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ,
વિસાવદર.

---

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની
કલમ-૧૪૪ હેઠળ હુકમ

**હુકમ**

નાં. એમ.એ.જી/૧/૨૦૧૭.-ભારતનાં ચૂંટણી પંચ તરફથી વિધાનસભા સામાન્ય ચૂંટણીનો કાર્યક્રમ બહાર પાડવામાં આવેલ છે. જે મુજબ સને : ૨૦૧૭ ના તા. ૦૯-૧૨-૨૦૧૭ ના રોજ પોરબંદર સબ-ડીવીઝનમાં વિધાનસભાની સામાન્ય ચૂંટણી માટે મતદાન થનાર છે. આ ચૂંટણી દરમ્યાન સબ-ડીવીઝનમાં તમામ સ્તરે કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તથા મતદારો પોતાનો મત મુકત અને નિર્ભય રીતે આપી શકે તેમજ સમગ્ર ચૂંટણી પ્રક્રિયા માટે જરૂરી શાંતિમય વાતાવરણમાં વિરોધ ઉભો થાય નહિ અને જાહેર સુલેહ શાંતિનો ભંગ થતો અટકાવવો અત્યંત જરૂરી જણાતું હોવાથી ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ના ૨-જા અધિનિયમ) ની કલમ-૧૪૪ મુજબ પગલા લેવા માટે પુરતાં કારણો છે.

તેથી હું, કનુભાઈ બાટી (જી.એ.એસ.), સબ-ડીવીઝનલ મેજિસ્ટ્રેટ, પોરબંદર આથી ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪નાં ૨-જા અધિનિયમ)ની કલમ-૧૪૪ મુજબ મને મળેલ સત્તાની રૂઈએ આથી ફરમાવું છું કે, આ હુકમના જાહેરનામાના દિવસથી તા. ૨૦-૧૨-૨૦૧૭ સુધી કોઈ પણ ઈસમે પોતાના પરવાનાવાળા હથિયાર સાથે લઈને બહાર નીકળવું નહિ, ઉપરાંત દંડા, તલવાર, ભાલા, ચપ્પુ, લાકડી, લાઠી અથવા શારિરીક હિંસા પહોંચાડવામાં ઉપયોગ થઈ શકે તેવી બીજી કોઈ ચીજો સાથે લઈ બહાર નીકળવું કે ફરવું નહિં.

આ હુકમ નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહિં.

૧. ફરજ ઉપર રોકાયેલા પોલીસ કર્મચારી/અધિકારીઓ કે જેઓની ફરજનાં ભાગ રૂપે શસ્ત્રો રાખવાની પરવાનગી આપવામાં આવેલ છે.

૨. શારિરીક અશકિતના કારણે લાકડી અથવા લાઠી લઈ ફરવું જરૂરી હોય તે વ્યકિતને.

૩. જિલ્લાની રાષ્ટ્રીયકૃત બેન્કો કે જેઓને તે બેન્કની ચેક કરન્સી લઈ આવવા તથા લઈ જવા માટે તેઓને ફરજના ભાગરૂપે બેન્કના પરવાનાવાળા શસ્ત્રો રાખવાની પરવાનગી આપવામાં આવેલ છે.

આજ તા.: ૨૫મી માહે, ઓકટોબર, સને. ૨૦૧૭ ના રોજ અમારી સહી તથા કચેરીના સિક્કા કરી બહાર પાડયો.

પોરબંદર, ૨૫ માહે ઓકટોબર, સને ૨૦૧૭.

---

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની
કલમ-૧૪૪ અન્વયે કરેલ હુકમ

**હુકમ**

નાં. : એમએજી/૨/૨૦૧૭.-આગામી વિધાનસભા સામાન્ય ચૂંટણી ડીસેમ્બર-૨૦૧૭ માં યોજાનાર છે. જે અંતર્ગત ભારતના નિર્વાચન આયોગ દ્વારા કાર્યક્રમ બહાર પાડવામાં આવેલ છે. જેને અનુલક્ષીને આગામી વિધાનસભા સામાન્ય ચૂંટણીમાં સમાવિષ્ય થતાં પોરબંદરના સબ-ડીવીઝન વિસ્તારમાં મતદાન તા. ૦૯-૧૨-૨૦૧૭ ના રોજ ૮૩-પોરબંદર તથા ૮૪-કુતિયાણા વિધાનસભા મતદાર વિભાગનાં નિયત કરવામાં આવેલ મતદાન મથકો ઉપર થનાર છે.

જેથી નિયત કરેલા મતદાન મથકોએ મતદાન સરળ અને શાંતિપુર્ણ રીતે થાય અને કોઈ અવરોધ પેદા થાય નહિ તે માટે તેમજ આ નિયત કરેલા મતદાન કેન્દ્રોએ જુદા જુદા પક્ષના લોકો/ટેકેદારો/કાર્યકરો એકઠા થાય ત્યારે એક બીજા વચ્ચે સંઘર્ષ ન થાય, જાહેર સુલેહ શાંતિ તેમજ કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે નિયત કરેલ મતદાન મથકોની આજુબાજુના ૨૦૦ મીટરના વિસ્તારમાં ચાર કરતા વધુ માણસોએ ભેગા નહી થવાનું તેમજ ચૂંટણીના કામે ઉપયોગમાં લેવાનાર ઉપરોકત નિયત સ્થળોએ આવેલ મતદાન મથકોના મકાનોમાં બિન અધિકૃત વ્યકિતઓ દાખલ થાય નહીં તે માટે ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ મુજબ પગલા લેવા સારૂ મને પુરતુ કારણ જણાય છે.

વાસ્તે હું, કનુભાઈ બાટી (જી.એ.એસ.), સબ-ડીવીઝનલ મેજિસ્ટ્રેટ, પોરબંદર ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ ની કલમ-૧૪૪ હેઠળ અમોને મળેલ સત્તાની રૂઈએ આથી ફરમાવું છું કે, તા. ૦૮-૧૨-૨૦૧૭ ના શુન્ય કલાકથી તા. ૦૯-૧૨-૨૦૧૭ ના ૨૪-૦૦ કલાક (બન્ને દિવસો સહિત) સુધી ચૂંટણી અંગેની કામગીરી માટેના નિયત કરેલ મતદાન મથકોએ મતદાનની કામગીરી પૂર્ણ થાય તે સમય સુધી નિયત કરવામાં આવેલ મતદાન મથકોના ૨૦૦ મીટરના વિસ્તારમાં ચાર કરતા વધારે માણસોએ ભેગા થવું નહીં. આ હુકમ ઉપરોકત સ્થળોએ ચૂંટણી કામ માટે ઉપયોગમાં લેવાનાર મકાનો તથા તેના કમ્પાઉન્ડની ૨૦૦ મીટરના વિસ્તારની અંદર બિનઅધિકૃત વ્યકિત/વ્યકિતઓને લાગુ પડશે.

વધુમાં હું આદેશ કરૂં છે કે, આ હુકમ નીચેનાઓને લાગુ પડશે નહિ.

(૧) ચૂંટણી અંગેની કામગીરીમાં રોકવામાં આવેલ ચૂંટણી ફરજ માટેના સરકારી અધિકારી અને કર્મચારીઓને,

(૨) કાયદો અને વ્યવસ્થાની જાળવણી માટે ફરજ ઉપર મુકાયેલ પોલીસ અધિકારી, કર્મચારી તથા હોમગાર્ડઝને,

(૩) સંબંધિત ચૂંટણીના ઉમેદવારો/ચૂંટણી એજન્ટ/મતદાન એજન્ટને તથા ચૂંટણી અધિકારીશ્રીઓ તથા ચૂંટણીપંચ દ્વારા અધિકૃત કરવામાં આવે તે વ્યકિતઓને,

(૪) જિલ્લા મેજિસ્ટ્રેટ/અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા અધિકૃત કરવામાં આવે તેમને.

(૫) અધિકૃત મતદારોને મત આપવા જવા તેમજ મતદાન પછી પાછા આવવા સુધીના સમય સુધી.

સદરહું હુકમના કોઈપણ ખંડનો ભંગ અગર ઉલ્લંઘન કરનાર શખ્સ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તા. ૨૫, ઓકટોબર, ૨૦૧૭ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી બહાર પાડેલ છે.

પોરબંદર, ૨૫ માહે ઓકટોબર, સને ૨૦૧૭.

---

**ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ હુકમ**

**હુકમ**

નં. : એમએજી/૩/૨૦૧૭.-આગામી વિધાનસભા સામાન્ય ચૂંટણી-૨૦૧૭ અંતર્ગત ભારતનાં ચૂંટણી નિર્વાચન આયોગ દ્વારા ચૂંટણી કાર્યક્રમ બહાર પાડવામાં આવેલ છે. જે મુજબ મતદાન તા. ૦૯-૧૨-૨૦૧૭ ના રોજ હોય, તેના અનુસંધાને ચૂંટણી પ્રચાર અભિયાનરૂપે રાજકીય/બીન રાજકીય પક્ષોના કાર્યકરો અને ચૂંટણી ઉમેદવારો તરફથી ચૂંટણી પ્રચાર ઝુંબેશ પોત પોતાના મત વિસ્તારમાં શરૂ કરવામાં આવેલ હોય, આ પ્રકારના હેતુ માટે તેઓ દ્વારા મોટા પ્રમાણમાં વાહનોનો ઉપયોગ પણ કરવામાં આવનાર હોય, ઉમેદવાર કે તેની સહમતીથી બીજા કોઈ વ્યકિત દ્વારા પ્રચાર માટે વાહનોના ઉપયોગ કરવામાં આવશે તે સંજોગોમાં આવા વાહનોના ઉપયોગ ઉપર દેખરેખ રાખવા અને ઉમેદવારના પ્રચાર માટે વપરાતા વાહનોના સંબંધમાં લગતો ખર્ચ યોગ્ય રીતે જાહેર થાય તે હેતુથી અને જો આમ કરવામાં ન આવે તો આગામી ચૂંટણી કેટલી ન્યાયી, નિષ્પક્ષ રીતે યોજાય તેનું અનુમાન ન થાય. જેની અસર સામાન્ય જનમાનસ ઉપર થાય તેમજ પ્રતિસ્પર્ધી ઉમેદવાર ઉપર પણ થાય. જેનાં કારણે સાચી ખોટી ફરીયાદો ઉપસ્થિત થવાનો અવકાશ રહેતા ઉમેદવારોના એકબીજા જુથો વચ્ચે મનદુઃખ થાય અને ઘર્ષણ ઉભુ થવાની સંભાવના રહે, તેથી સુલેહ શાંતિ ભંગ થવા સંભવ હોઈ આથી હું, કનુભાઇ બાટી (જી.એ.એસ.), સબ ડિવીઝન મેજિસ્ટ્રેટ, પોરબંદર ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ અને મને મળેલ અધિકારની રૂઈએ હુકમ કરૂં છું કે,

કોઈપણ રાજકીય પક્ષો કે બીન રાજકીય પક્ષો તેમના ઉમેદવારો કે તેઓની સહમતીથી કોઈપણ વ્યકિત દ્વારા કે કોઈપણ ઉમેદવારના ચૂંટણી પ્રચારમાં વાહનોનો પોરબંદર સબ-ડિવીઝનમાં ઉપયોગ કરવામાં આવે તે વાહનો જે-તે મતવિસ્તારનાં ચૂંટણી અધિકારીશ્રી અથવા મદદનીશ ચૂંટણી અધિકારીશ્રી અથવા તે અર્થે અધિકૃત સક્ષમ સત્તા પાસે આ પ્રચારમાં વપરાતા વાહનો રજીસ્ટર કરાવવાના રહેશે અને રજીસ્ટર કરાવેલ વાહન પરત્વેની પરમીટ તેઓશ્રી પાસેથી મેળવી તે વાહનોની ઉપર સહેલાઈથી દેખાઈ આવે તે રીતે વીન્ડસ્કીન પર ચોંટાડવાની રહેશે. આ પરમીટમાં વાહન કયા વિસ્તારમાં ઉપયોગમાં લેવા માટે નોંધણી કરાવવામાં આવી છે તેની સ્પષ્ટ વિગતો દર્શાવવાની રહેશે. પરમીટ મેળવ્યા સિવાય અને વાહન રજિસ્ટર કરાવ્યા સિવાય કોઈપણ વાહનોનો ઉપયોગ પોરબંદર સબ-ડિવીઝન વિસ્તારમાં ચૂંટણી પ્રચાર માટે કરી શકાશે નહિં.

આ નિયંત્રણો યાંત્રિક શકિતથી કે અન્ય કોઈ રીતે ચાલતા વાહનોને લાગુ પડશે. આ વાહનોમાં મીનીબસ, ટેકસી, ખાનગી કાર, ટ્રક કે ટ્રેલર કે તે વિનાનું ટ્રેકટર, ઓટો રીક્ષા, સ્કુટર વિગેરેનો સમાવેશ થાય છે, પરંતુ નિયંત્રણો માત્ર આજ વાહનો પુરતા સીમિત રહેશે નહિ.

ઉપરોકત હુકમનો ભંગ કર્યેથી ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ હેઠળ કસુરવાર સામે પગલા લેવાની કાર્યવાહી કરવામાં આવશે અને ગુન્હો સાબિત થયે એક માસની સાદી કેદ અથવા રૂા. ૨૦૦/- નો દંડ અથવા બંનેની સજા થઈ શકે છે.

આ હુકમનો અમલ પોરબંદર સબ ડિવીઝનના સમગ્ર વિસ્તારમાં હુકમની તારીખથી તા. ૨૦-૧૨-૨૦૧૭ સુધી કરવાનો રહેશે.

આજ તા. ૨૫, માહે ઓકટોબર, સને ૨૦૧૭ના રોજ અમારી સહી તથા કચેરીનો સિક્કો કરી જાહેર જનતાની જાણ તથા અમલ માટે હુકમ પ્રસિધ્ધ કર્યો.

પોરબંદર, ૨૫ માહે ઓકટોબર, સને ૨૦૧૭.

---

**ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩/૧૯૭૪નાં ૨-જા અધિનિયમની કલમ-૧૪૪ હેઠળ હુકમ**

**હુકમ**

નાં. : એમ.એ.જી/૪/૨૦૧૭.-આગામી વિધાનસભા સામાન્ય ચૂંટણી-૨૦૧૭ યોજવા માટે ભારતના નિર્વાચન આયોગ, નવી દિલ્હી દ્વારા તા. ૨૫-૧૦-૨૦૧૭ના રોજ ચૂંટણી કાર્યક્રમ બહાર પાડવામાં આવેલ છે જેના અનુસંધાને ભારતના નિર્વાચન આયોગ, નવી દિલ્હી દ્વારા ચૂંટણી પ્રક્રિયાની પવિત્રતા જળવાઈ રહે અને લોકોની સાચી પસંદગી બહાર લાવી શકાય તે માટે ચૂંટણી પ્રચાર તથા ચૂંટણી સંબંધી પ્રવાસ માટે વાહનોના દુરુપયોગ થતો અટકાવવા અને આદર્શ આચાર સંહિતાનો અમલ કરવા સુચના થઈ આવેલ છે. સબબ માહે : ડીસેમ્બર-૨૦૧૭ ના માસ દરમ્યાન યોજાનાર વિધાનસભા સામાન્ય ચૂંટણી-૨૦૧૭ દરમ્યાન પોરબંદર સબ-ડીવીઝનના મત વિસ્તારના મતદારો મુકત

અને નિર્ભય રીતે મતદાન કરી શકે અને લોકોની સાચી પસંદગી બહાર લાવી શકાય તે માટે સરકારી, અર્ધ-સરકારી, કેન્દ્ર અને રાજય સરકાર તથા સંયુકત ક્ષેત્રના એકમો, નિગમો, સ્થાનિક સંસ્થાઓ, ખરીદ-વેંચાણ-સંઘ, સરકારી સંસ્થાઓ, નગરપાલિકાઓ તેમજ જિલ્લા અને તાલુકા પરિષદો, રાજકીય પક્ષો ઉમેદવાર અને તેમની સાથે સંકળાયેલ અન્ય કોઈપણ વ્યકિત દ્વારા વાહનો, હેલિકોપ્ટર, વિમાન, બોટ, હોવર ક્રાફટ વિગેરેના થતાં દુરુપયોગ અટકાવવા તથા હાલનાં સંજોગોને લક્ષમાં લેતા ઉપસ્થિત થયેલ સંજોગોમાં વાહનોના ચૂંટણી પ્રચાર માટે દુરુપયોગ થવાની શકયતા જણાતા અને તેવા પ્રસંગે જાહેર સુલેહ શાંતિને વિપરીત અસર કરતી પરિસ્થિતિ સર્જાવાની સંભાવના રહેલ હોય, અને તેવા કારણોસર ઘર્ષણ થવાના પ્રસંગોને નિવારવા સાવચેતીના પગલા લેવા જરૂરી અને અનિવાર્ય જણાય છે. સબબ હું, કનુભાઈ બાટી (જી.એ.એસ.), સબ-ડીવીઝનલ મેજિસ્ટ્રેટ, પોરબંદર, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ અમોને મળેલ અધિકારની રૂઈએ હુકમથી ફરમાવું છું કે,

૧. કેન્દ્ર અને રાજય સરકારના તથા સંયુક્ત ક્ષેત્રના જાહેર ઉપક્રમો, સ્થાનિક સંસ્થાઓ, ખરીદ-વેંચાણ બોર્ડ/સંઘ, સહકારી મંડળીઓ, સ્વાયત જિલ્લા/તાલુકા પરિષદો અન્ય કોઈપણ સંસ્થા કે, જેના સમગ્ર ભંડોળમાં જાહેર નિધીના નાના સરખા હિસ્સાનું પણ રોકાણ કરવામાં આવ્યું હોય, એવી કોઈપણ સંસ્થાની માલીકીના હેલીકોપ્ટર, વિમાન, કાર જીપ, અન્ય વાહનો, બોટ, હોવર ક્રાફટ વિગેરે જેવા કોઈપણ વાહનોના ચૂંટણી સબંધે પ્રત્યક્ષ અથવા પરોક્ષ રીતે ઉપયોગ કરવા પર સંપુર્ણ પ્રતિબંધ રહેશે.

૨. કેન્દ્ર અથવા રાજયના મંત્રીશ્રીનો રક્ષાકાફલો કોઈપણ સંજોગોમાં કાર/વાહનો ત્રણથી વધુ વાહનના બનેલા કાફલા (કોનવે) લઈ જવો નહિ, મોટા રક્ષાકાફલાને વિભાજીત કરવાનો રહેશે. આમ છતાં આ બાબત એવી કોઈ વ્યક્તિ સંબંધમાં આપવામાં આવેલી સુરક્ષા સૂચનાઓને આધીન રહીને અમલ કરવાનો રહેશે.

૩. કોઈપણ રાજકીય પક્ષો, ઉમેદવારો અને તેમના ચૂંટણી એજન્ટ, કાર્યકરોએ ચૂંટણી પ્રચાર માટે જતાં કાફલામાં એકસાથે ત્રણથી વધુ વાહનો જેવા કે કાર, જીપ, બોટ, હોવર ક્રાફટ કે પરિવહનના હેતુ માટે ઉપયોગમાં લઈ શકાય તેવું યાંત્રિક શકિતથી ચાલતું કે અન્ય રીતે ચાલતું કોઈપણ વાહન એકસાથે ત્રણથી વધુ સંખ્યામાં લઈ જઈ શકાશે નહિં.

૪. આ હુકમનો ભંગ કર્યેથી કસુરવાર સામે ભારતીય ફોજદારી અધિનિયમની કલમ-૧૮૮ નીચે કાર્યવાહી કરવામાં આવશે અને ગુન્હો સાબિત થયેથી એક માસની સાદી કેદ અથવા રૂપીયા ૨૦૦-૦૦ (બસ્સો) પુરા દંડ અથવા બંને સજા થઈ શકે છે.

આ હુકમ પોરબંદર સબ-ડિવીઝનના સમગ્ર વિસ્તારમાં હુકમની તારીખથી તા. ૨૦-૧૨-૨૦૧૭ના ૨૪-૦૦ કલાક સુધી અમલમાં રહેશે.

આજ તા. ૨૫, માહે ઓક્ટોબર, સને ૨૦૧૭ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા કરી બહાર પાડયો.

કુતયિાણા, ૨૫ માહે ઓક્ટોબર, સને ૨૦૧૭.

---

## ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ હુકમ

## હુકમ

નાં. : એમ.એ.જી./સી/૫/૨૦૧૭.-આગામી વિધાનસભા સામાન્ય ચૂંટણી-૨૦૧૭ અંતર્ગત ભારતનાં ચૂંટણી આયોગ દ્વારા ચૂંટણી કાર્યક્રમ બહાર પાડવામાં આવેલ છે. જે મુજબ તા. ૦૯-૧૨-૨૦૧૭ના રોજ મતદાન થનાર હોય અને મતદાનના દિવસોએ વાહનોના ઉપયોગ ઉપર દેખરેખ રાખવા તથા મતદારો માટે વાહનોનો દુરુપયોગ કરી મતદારોને અયોગ્ય રીતે રીઝવી ન શકાય તે હેતુથી અને આમ કરવામાં ન આવે તો આગામી વિધાનસભાની ચૂંટણી ન્યાય નિષ્પક્ષ રીતે યોજાય તેવું અનુમાન થઈ શકે નહીં જેની અસર સામાન્ય જન માનસ ઉપર તેમજ પ્રતિસ્પર્ધી ઉમેદવારો ઉપર પણ થાય જેના કારણે સાચી-ખોટી ફરિયાદો ઉપસ્થિત થવાનો પુરતો અવકાશ રહે. પરિણામે એક બીજા જુથો વચ્ચે મન દુ:ખો થાય અને ઘર્ષણ ઉભું થવાની પુરતી સંભાવના રહે, તે અટકાવવા તેમજ આગામી ચૂંટણીઓ દરમ્યાન ઉપયોગમાં લેવામાં આવતાં વાહનોનો દુરુપયોગ થતો અટકાવવાના હેતુથી સાવચેતીના પગલાં લેવા અનિવાર્ય જણાય છે. સબબ હું, કનુભાઈ બાટી (જી.એ.એસ.), સબ ડિવીઝનલ મેજિસ્ટ્રેટ, પોરબંદર, આથી ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ અમોને મળેલ અધિકારની રૂઈએ નીચે પ્રમાણે હુકમ ફરમાવું છું.

(૧) કોઈપણ રાજકીય પક્ષો કે બિનરાજકીય પક્ષો કે તેમના ઉમેદવારો અગર અપક્ષ ઉમેદવારો કે તેઓના ચૂંટણી એજન્ટ દ્વારા અથવા તેઓની સહમતિથી બીજી કોઈ વ્યકિત દ્વારા મતદાનના દિવસે,

(ક) મતદારોને મતદાન મથક સુધી લાવવા અને મતદાન મથક ખાતેથી લઈ જવાની મફત સગવડ માટે વાહનો ભાડે રાખવા કે મેળવવા અથવા તે રીતે વાહનોનો ઉપયોગ કરવા ઉપર પ્રતિબંધ ફરમાવવામાં આવે છે.

(ખ) આગામી વિધાનસભાની ચૂંટણી દરમ્યાન ઉમેદવાર મતદાનનાં દિવસે નીચે પ્રમાણેના વાહનોનો ઉપયોગ કરવા હક્કદાર રહેશે.

(૧) ઉમેદવાર પોતાના ઉપયોગ માટે સમગ્ર વિધાનસભા મતદાર વિભાગ પુરતું એક જ વાહનની સંબંધિત ચૂંટણી અધિકારીશ્રી દ્વારા અધિકૃત કરેલ સક્ષમ અધિકારીશ્રી પાસે નોંધણી કરાવી ઉપયોગ કરી શકશે અને સદરહું વાહનની નોંધણી કરાવ્યાનો આધાર વાહન સાથે રાખવાનો રહેશે.

(૨) આ ઉપરાંત યથા પ્રસંગે સંબંધિત ઉમેદવારશ્રીના ચૂંટણી એજન્ટ અથવા કાર્યકરના ઉપયોગ માટે વિધાનસભા મતદાર વિભાગમાં સમાવિષ્ટ થતા પ્રત્યેક વિધાનસભા દીઠ એક વાહનની સંબંધિત ચૂંટણી અધિકારીશ્રી અગર ચૂંટણી અધિકારીશ્રી દ્વારા અધિકૃત કરેલ સક્ષમ અધિકારીશ્રી પાસે નોંધણી કરાવી ઉપયોગ કરી શકશે અને સદરહું વાહનની નોંધણી કરાવ્યાનો આધાર વાહન સાથે રાખવાનો રહેશે.

આવા વાહનોની ઓળખ સહેલાઈથી પ્રસ્થાપિત થઈ શકે અને હરીફ ઉમેદવારને બીનજરૂરી અસુવિધા ઉભી ન થાય તે માટે મતદાનના દિવસે ઉપર ૧(ખ) (૧) તથા ૧(ખ) (૨) માં દર્શાવેલ વાહનો ચૂંટણી અધિકારીશ્રી અથવા મદદનીશ ચૂંટણી અધિકારીશ્રી અથવા આ કામે તેઓશ્રી દ્વારા અધિકૃત કરવામાં આવેલ હોય તેવા સક્ષમ સત્તાધિકારીશ્રી પાસે આવા વાહનો રજીસ્ટર કરાવવાના રહેશે અને રજીસ્ટર કરાવેલ વાહનો પરત્વેની પરમીટ તેઓશ્રી પાસેથી મેળવીને વાહનોની ઉપર સહેલાઈથી દેખાઈ આવે તે રીતે વિન્ડ સ્ક્રીન ઉપર ચોટાડયા સિવાય સદરહું વાહનનો ઉપયોગ કરી શકશે નહિ.

આ હુકમનો ભંગ કરનાર કસુરવાર વ્યકિત સામે ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ હેઠળ પગલાં લેવાની કાર્યવાહી કરવામાં આવશે અને ગુન્હો સાબિત થયે એક માસની સાદી કેદ અથવા રૂપીયા ૨૦૦-૦૦ નો દંડ અથવા બંને સજા થઈ શકે છે.

આ હુકમનો અમલ પોરબંદર સબ-ડિવીઝનના સમગ્ર વિસ્તારમાં તા. ૦૮-૧૨-૨૦૧૭ તથા તા. ૦૯-૧૨-૨૦૧૭ ના દિવસે કરવાનો રહેશે.

આજ તા. ૨૫ માહે ઓક્ટોબર, સને ૨૦૧૭ના રોજ અમારી સહી તથા કચેરીનો સિક્કો કરી જાહેર જનતાની જાણ તથા અમલ માટે હુકમ પ્રસિધ્ધ કર્યો.

પોરબંદર, ૨૫ માહે ઓક્ટોબર, સને ૨૦૧૭.

---

### ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ હુકમ

### હુકમ

નાં. : એમ.એ.જી./સી/૬/૨૦૧૭.-વિધાનસભા સામાન્ય ચૂંટણી-૨૦૧૭ અંતર્ગત ભારતનાં નિર્વાચન આયોગ દ્વારા તા.૨૫-૧૦-૨૦૧૭ના રોજ ચૂંટણી કાર્યક્રમ બહાર પાડવામાં આવેલ છે. જેને અનુલક્ષીને ઉમેદવારો, રાજકીય પક્ષોના કાર્યકરો દ્વારા ચૂંટણી પ્રચાર અભિયાન કરવામાં આવશે. જે અન્વયે ઉમેદવારો અથવા તેના કાર્યકરો દ્વારા સાર્વજનિક અને ખાનગી મકાન માલિકોની પરવાનગી લીધા વિના મકાનોની દિવાલો ઉપર ચૂંટણીલક્ષી પ્રચારપત્રો ચોડીને, સુત્રો લખીને, પ્રસિદ્ધિની નિશાની કરીને વિગેરે દ્વારા સાર્વજનિક અને ખાનગી મકાનોની દિવાલ બગાડવામાં આવે છે. આ માટે ભારતમાં ચૂંટણી આયોગ, નવી દિલ્હી તથા મુખ્ય ચૂંટણી અધિકારીશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગર દ્વારા રાજકીય પક્ષોને અને ઉમેદવારોના માર્ગદર્શન માટે આદર્શ આચારસંહિતા અને તે અંગેના અમલ માટે સૂચના થઈ આવેલ છે. તે મુજબ રાજકીય પક્ષો, ઉમેદવારો કે તેમના કાર્યકરોને ધ્વજ દંડ ઉભા કરવા, બેનરો લગાવવા, નોટિસો ચોંટાડવી, સુત્રો લખવા વિગેરે માટે પૂર્વપરવાનગી મેળવ્યા સિવાય કોઈપણ વ્યકિતનો કે સાર્વજનીક જાહેર માલિકોની જમીન, મકાન, કંપાઉન્ડ, દિવાલ વિગેરેનો ઉપયોગ કરવાનો નથી, તેવી જોગવાઈ કરવામાં આવેલ છે. સબબ આચારસંહિતાનો ચૂસ્તપણે અમલ કરવા અને લોકોની તથા જાહેર અને સાર્વજનિક માલ-મિલ્કતને થતી હાનિ, નુકશાન, બગાડ થતો અટકાવવા તથા તેવા સંજોગોમાં ઉપસ્થિત થનાર જૂથો વચ્ચે ઘર્ષણ ઉપસ્થિત થવાના કારણે કાયદો વ્યવસ્થાની પરિસ્થિતિ તથા જાહેર સુલેહ શાંતિને વિપરીત સંજોગો નિવારવા સાવચેતીના પગલા લેવા જરૂરી અને અનિવાર્ય જણાય છે. સબબ હું, કનુભાઈ બાટી (જી.એ.એસ.), સબ ડિવીઝનલ મેજિસ્ટ્રેટ, પોરબંદર, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ અમોને મળેલ અધિકારની રૂઈએ નીચે પ્રમાણે હુકમ ફરમાવું છું.

પોરબંદર સબ ડીવીઝનના સમગ્ર વિસ્તારમાં કોઈપણ રાજકીય પક્ષો, ઉમેદવારો અને તેમનાં કાર્યકરોને સંબંધિત ખાનગી, સાર્વજનિક જમીન, કંપાઉન્ડ, મકાન, મકાનની દિવાલોના માલિકની અગાઉથી લેખીત પરવાનગી મેળવ્યા સિવાય આવી જમીન, કંપાઉન્ડ, મકાન, મકાનની દિવાલ, કંપાઉન્ડની દિવાલ ઉપર ચૂંટણીલક્ષી પ્રચારપત્રો ચોડીને લખીને, નિશાનીઓ ચીતરીને દિવાલો બગાડવી નહિ તેમજ ધ્વજ દંડ ઉભા કરવા નહિ, બેનરો લટકાવવા નહિ, નોટિસો ચોટાડવી નહિ, સુત્રો લખવા નહિ - તે માટે મનાઈ ફરમાવું છું, તેમજ આ હુકમનો ભંગ કર્યેથી કસુરવાન સામે ભારતીય દંડ સંહિતા-૧૮૬૦ની કલમ-૧૮૮ હેઠળ કાર્યવાહી કરવામાં આવશે અને ગુન્હો સાબિત થયેથી એક માસની સાદી કેદ અથવા રૂા. ૨૦૦/- અંકે બસો પૂરાનો દંડ અથવા બંને સજા થઈ શકે છે.

આ હુકમ પોરબંદર સબ-ડિવીઝનના સમગ્ર વિસ્તારમાં આ હુકમની તારીખથી તા. ૨૦-૧૨-૨૦૧૭ સુધી અમલમાં રહેશે.

આજ તા. ૨૫, ઓક્ટોબર : ૨૦૧૭ના રોજ અમારી સહી તથા કચેરીનો સિક્કો કરી હુકમ પ્રસિદ્ધ કર્યો.

પોરબંદર, ૨૫ માહે ઓક્ટોબર, સને ૨૦૧૭.

**કનુભાઈ બાટી,**
સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ,
પોરબંદર.

---

### ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલો

### હુકમ

નાં. : એમ.એ.જી.-૧-૨૦૧૭.-ભારતનાં ચૂંટણી પંચ તરફથી વિધાનસભા સામાન્ય ચૂંટણીનો કાર્યક્રમ બહાર પાડવામાં આવેલ છે. જે મુજબ સને : ૨૦૧૭ ના તા. ૦૯-૧૨-૨૦૧૭ ના રોજ

કુતિયાણા સબ-ડીવીઝનમાં વિધાનસભાની સામાન્ય ચૂંટણી માટે મતદાન થનાર છે. આ ચૂંટણી દરમ્યાન સબ-ડીવીઝનમાં તમામ સ્તરે કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તથા મતદારો પોતાનો મત મુક્ત અને નિર્ભય રીતે આપી શકે તેમજ સમગ્ર ચૂંટણી પ્રક્રિયા માટે જરૂરી શાંતિમય વાતાવરણમાં વિરોધ ઉભો થાય નહિ અને જાહેર સુલેહ શાંતિનો ભંગ થતો અટકાવવો અત્યંત જરૂરી જણાતું હોવાથી ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪નાં ૨-જા અધિનિયમ) ની કલમ-૧૪૪ મુજબ પગલા લેવા માટે પુરતાં કારણો છે.

તેથી હું, કનુભાઈ બાટી, જી.એ.એસ., સબ-ડીવીઝનલ મેજિસ્ટ્રેટ, કુતિયાણા આથી ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪નાં ૨-જા અધિનિયમ)ની કલમ-૧૪૪ મુજબ મને મળેલ સત્તાની રૂઈએ આથી ફરમાવું છું કે, આ હુકમના જાહેરનામામાં ૨૦-૧૨-૨૦૧૭ સુધી કોઈપણ ઈસમે પોતાના પરવાનાવાળા હથિયાર સાથે લઈને બહાર નીકળવું નહી. ઉપરાંત દંડા, તલવાર, ભાલા, ચપ્પુ, લાકડી, લાઠી અથવા શારિરીક હિંસા પહોંચાડવામાં ઉપયોગ થઈ શકે તેવી બીજી કોઈ ચીજો સાથે લઈ બહાર નીકળવું કે ફરવું નહિં.

આ હુકમ નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહિં.

૧. ફરજ ઉપર રોકાયેલા પોલીસ કર્મચારી/અધિકારીઓ કે જેઓની ફરજનાં ભાગ રૂપે શસ્ત્રો રાખવાની પરવાનગી આપવામાં આવેલ છે.

૨. શારિરીક અશકિતના કારણે લાકડી અથવા લાઠી લઈ ફરવું જરૂરી હોય તે વ્યકિતને.

૩. જિલ્લાની રાષ્ટ્રીયકૃત બેન્કો કે જેઓને તે બેન્કની ચેક-કરન્સી લઈ આવવા તથા લઈ જવા માટે તેઓને ફરજના ભાગરૂપે બેન્કના પરવાનાવાળા શસ્ત્રો રાખવાની પરવાનગી આપવામાં આવેલ છે.

આજ તારીખઃ ૨૫, માહે ઓકટોબર, સને ૨૦૧૭ ના રોજ અમારી સહી તથા કચેરીના સિક્કા કરી બહાર પાડ્યો.

કુતયિાણા, ૨૫ માહે ઓકટોબર, સને ૨૦૧૭.

---

**ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે કરેલ**

## હુકમ

નાં. : એમ.એ.જી.-૨-૨૦૧૭.-આગામી વિધાનસભા સામાન્ય ચૂંટણી ડીસેમ્બર-૨૦૧૭ માં યોજાનાર છે. જે અંતર્ગત ભારતના નિર્વાચન આયોગ દ્વારા કાર્યક્રમ બહાર પાડવામાં આવેલ છે. જેને અનુલક્ષીને આગામી વિધાનસભા સામાન્ય ચૂંટણીમાં સમાવિષ્ટ થતાં કુતિયાણા સબ-ડીવીઝન વિસ્તારમાં મતદાન તા. ૦૯-૧૨-૨૦૧૭ ના રોજ ૮૩-પોરબંદર તથા ૮૪-કુતિયાણા વિધાનસભા મતદાર વિભાગનાં નિયત કરવામાં આવેલ મતદાન મથકો ઉપર થનાર છે.

જેથી નિયત કરેલા મતદાન મથકોએ મતદાન સરળ અને શાંતિપુર્ણ રીતે થાય અનને કોઈ અવરોધ પેદા થાય નહિ તે માટે તેમજ આ નિયત કરેલા મતદાન કેન્દ્રોએ જુદા જુદા પક્ષના લોકો/ટેકેદારો/કાર્યકરો એકઠા થાય ત્યારે એક બીજા વચ્ચે સંઘર્ષ ન થાય, જાહેર સુલેહ શાંતિ તેમજ કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે નિયત કરેલ મતદાન મથકોની આજુબાજુના ૨૦૦ મીટરના વિસ્તારમાં ચાર કરતા વધુ માણસોએ ભેગા નહી થવાનું તેમજ ચૂંટણીના કામે ઉપયોગમાં લેવાનાર ઉપરોક્ત નિયત સ્થળોએ આવેલ મતદાન મથકોના મકાનોમાં બિન અધિકૃત વ્યકિતીઓ દાખલ થાય નહીં તે માટે ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ મુજબ પગલા લેવા સારૂ મને પુરતુ કારણ જણાય છે.

વાસ્તે હું, કનુભાઈ બાટી, (જી.એ.એસ.), સબ-ડીવીઝનલ મેજિસ્ટ્રેટ, કુતિયાણા ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ ની કલમ-૧૪૪ હેઠળ અમોને મળેલ સત્તાની રૂઈએ આથી ફરમાવું છું કે, તા. ૦૮-૧૨-૨૦૧૭ ના શુન્ય કલાકથી તા. ૦૯-૧૨-૨૦૧૭ ના ૨૪-૦૦ કલાક (બન્ને દિવસો સહિત) સુધી ચૂંટણી અંગેની કામગીરી માટેના નિયત કરેલ મતદાન મથકોએ મતદાનની કામગીરી પુર્ણ થાય તે સમય સુધી નિયત કરવામાં આવેલ મતદાન મથકોના ૨૦૦ મીટરના વિસ્તારમાં ચાર કરતા વધારે માણસોએ ભેગા થવું નહીં. આ હુકમ ઉપરોકત સ્થળોએ ચૂંટણી કામ માટે ઉપયોગમાં લેવાનાર મકાનો તથા તેના કમ્પાઉન્ડની ૨૦૦ મીટરના વિસ્તારની અંદર બિનઅધિકૃત વ્યકિત/વ્યકિતઓને લાગુ પડશે.

વધુમાં હું આદેશ કરૂં છે કે, આ હુકમ નીચેનાઓને લાગુ પડશે નહિં.

(૧) ચૂંટણી અંગેની કામગીરીમાં રોકવામાં આવેલ ચૂંટણી ફરજ માટેના સરકારી અધિકારી અને કર્મચારીઓને.

(૨) કાયદો અને વ્યવસ્થાની જાળવણી માટે ફરજ ઉપર મુકાયેલ પોલીસ અધિકારી, કર્મચારી તથા હોમગાર્ડઝને.

(૩) સંબંધિત ચૂંટણીના ઉમેદવારો/ચૂંટણી એજન્ટ/મતદાન એજન્ટને તથા ચૂંટણી અધિકારીશ્રીઓ તથા ચૂંટણીપંચ દ્વારા અધિકૃત કરવામાં આવે તે વ્યકિતઓને.

(૪) જિલ્લા મેજિસ્ટ્રેટ/અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા અધિકૃત કરવામાં આવે તેમને.

(૫) અધિકૃત મતદારોને મત આપવા જવા તેમજ મતદાન પછી પાછા આવવા સુધીના સમય સુધી.

સદરહું હુકમના કોઈપણ ખંડનો ભંગ અગર ઉલ્લંઘન કરનાર શખ્સ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તા. ૨૫ મી, ઓકટોબર, ૨૦૧૭ ના રોજ મારી સહી તથા સિક્કો કરી બહાર પાડેલ છે.

કુતિયાણા, ૨૫ માહે ઓકટોબર, સને ૨૦૧૭.

---

### ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ

### હુકમ

નં. : એમ.એ.જી-૩-૨૦૧૭.-આગામી વિધાનસભા સામાન્ય ચૂંટણી-૨૦૧૭ અંતર્ગત ભારતનાં ચૂંટણી નિર્વાચન આયોગ દ્વારા ચૂંટણી કાર્યક્રમ બહાર પાડવામાં આવેલ છે. જે મુજબ મતદાન તા. ૦૯-૧૨-૨૦૧૭ ના રોજ હોય, તેના અનુસંધાને ચૂંટણી પ્રચાર અભિયાનરૂપે રાજકીય/બીનરાજકીય પક્ષોના કાર્યકરો અને ચૂંટણી ઉમેદવારો તરફથી ચૂંટણી પ્રચાર ઝુંબેશ પોત પોતાના મત વિસ્તારમાં શરૂ કરવામાં આવેલ હોય, આ પ્રકારના હેતુ માટે તેઓ દ્વારા મોટા પ્રમાણમાં વાહનોનો ઉપયોગ પણ કરવામાં આવનાર હોય, ઉમેદવાર કે તેની સહમતિથી બીજા કોઈ વ્યક્તિ દ્વારા પ્રચાર માટે વાહનોના ઉપયોગ કરવામાં આવશે તે સંજોગોમાં આવા વાહનોના ઉપયોગ ઉપર દેખરેખ રાખવા અને ઉમેદવારના પ્રચાર માટે વપરાતા વાહનોના સંબંધમાં લગતો ખર્ચ યોગ્ય રીતે જાહેર થાય તે હેતુથી અને જો આમ કરવામાં ન આવે તો આગામી ચૂંટણી કેટલી ન્યાયી, નિષ્પક્ષ રીતે યોજાય તેનું અનુમાન ન થાય. જેની અસર સામાન્ય જનમાનસ ઉપર થાય તેમજ પ્રતિસ્પર્ધી ઉમેદવાર ઉપર પણ થાય. જેનાં કારણે સાચી ખોટી ફરિયાદો ઉપસ્થિત થવાનો અવકાશ રહેતા ઉમેદવારોના એકબીજા જુથો વચ્ચે મનદુઃખ થાય અને ઘર્ષણ ઉભુ થવાની સંભાવના રહે, તેથી સુલેહ શાંતિ ભંગ થવા સંભવ હોઈ આથી હું, કનુભાઈ બાટી (જી.એ.એસ.), સબ ડિવીઝન મેજિસ્ટ્રેટ, કુતિયાણા ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ અને મને મળેલ અધિકારની રૂઈએ હુકમ કરૂં છું કે,

કોઈપણ રાજકીય પક્ષો કે બીનરાજકીય પક્ષો કે તેમના ઉમેદવારો કે તેઓની સહમતીથી કોઈપણ વ્યકિત દ્વારા કે કોઈપણ ઉમેદવારના ચૂંટણી પ્રચારમાં વાહનોનો કુતિયાણા સબ-ડિવીઝનમાં ઉપયોગ કરવામાં આવે તે વાહનો જે-તે મતવિસ્તારનાં ચૂંટણી અધિકારીશ્રી અથવા મદદનીશ ચૂંટણી અધિકારીશ્રી અથવા તે અર્થે અધિકૃત સક્ષમ સત્તા પાસે આ પ્રચારમાં વપરાતા વાહનો રજીસ્ટર કરાવવાના રહેશે અને રજીસ્ટર કરાવેલ વાહન પરત્વેની પરમીટ તેઓશ્રી પાસેથી મેળવી તે વાહનોની ઉપર સહેલાઈથી દેખાઈ આવે તે રીતે વીન્ડસ્કીન પર ચોંટાડવાની રહેશે. આ પરમીટમાં વાહન કયા વિસ્તારમાં ઉપયોગમાં લેવા માટે નોંધણી કરાવવામાં આવી છે તેની સ્પષ્ટ વિગતો દર્શાવવાની રહેશે. પરમીટ મેળવ્યા સિવાય અને વાહન રજિસ્ટર કરાવ્યા સિવાય કોઈપણ વાહનોનો ઉપયોગ કુતિયાણા સબ-ડિવીઝન વિસ્તારમાં ચૂંટણી પ્રચાર માટે કરી શકાશે નહિ.

આ નિયંત્રણો યાંત્રિક શકિતથી કે અન્ય કોઈ રીતે ચાલતા વાહનોને લાગુ પડશે. આ વાહનોમાં મીનીબસ, ટેકસી, ખાનગી કાર, ટ્રક કે ટ્રેલર કે તે વિનાનું ટ્રેકટર, ઓટો રીક્ષા, સ્કુટર વિગેરેનો સમાવેશ થાય છે, પરંતુ નિયંત્રણો માત્ર આજ વાહનો પુરતા સીમિત રહેશે નહિ.

ઉપરોકત હુકમનો ભંગ કર્યેથી ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ હેઠળ કસુરવાર સામે પગલા લેવાની કાર્યવાહી કરવામાં આવશે, અને ગુન્હો સાબીત થયે એક માસની સાદી કેદ અથવા રૂા. ૨૦૦-૦૦નો દંડ અથવા બંનેની સજા થઈ શકે છે.

આ હુકમનો અમલ પોરબંદર સબ ડિવીઝનના સમગ્ર વિસ્તારમાં હુકમની તારીખથી તારીખ ૨૦-૧૨-૨૦૧૭ સુધી કરવાનો રહેશે.

આજ તા. ૨૫, માહે ઓકટોબર-૨૦૧૭ના રોજ અમારી સહી તથા કચેરીનો સિક્કો કરી જાહેર જનતાની જાણ તથા અમલ માટે હુકમ પ્રસિધ્ધ કર્યો.

કુતયિાણા, ૨૫ માહે ઓકટોબર, સને ૨૦૧૭.

---

### ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩/૧૯૭૪નાં ૨-જા અધિનિયમની કલમ-૧૪૪ હેઠળ

### હુકમ

નં. : એમ.એ.જી.-૪-૨૦૧૭.-આગામી વિધાનસભા સામાન્ય ચૂંટણી-૨૦૧૭ યોજવા માટે ભારતના નિર્વાચન આયોગ, નવી દિલ્હી દ્વારા તા. ૨૫-૧૦-૨૦૧૭ના રોજ ચૂંટણી કાર્યક્રમ બહાર પાડવામાં આવેલ છે જેના અનુસંધાને ભારતના નિર્વાચન આયોગ, નવી દિલ્હી દ્વારા ચૂંટણી પ્રક્રિયાની પવિત્રતા જળવાઈ રહે અને લોકોની સાચી પસંદગી બહાર લાવી શકાય તે માટે ચૂંટણી પ્રચાર તથા ચૂંટણી સબંધી પ્રવાસ માટે વાહનોના દુરુપયોગ થતો અટકાવવા અને આદર્શ આચાર સંહિતાનો અમલ કરવા સુચના થઈ આવેલ છે. સબબ માહે : ડિસેમ્બર-૨૦૧૭ના માસ દરમ્યાન યોજાનાર વિધાનસભા સામાન્ય ચૂંટણી-૨૦૧૭ દરમ્યાન કુતિયાણા સબ-ડીવીઝનના મત વિસ્તારના મતદારો મુકત અને નિર્ભય રીતે મતદાન કરી શકે અને લોકોની સાચી પસંદગી બહાર લાવી શકાય તે માટે સરકારી, અર્ધ-સરકારી, કેન્દ્ર અને રાજય સરકાર તથા સંયુકત ક્ષેત્રના એકમો, નિગમો, સ્થાનિક સંસ્થાઓ, ખરીદ-વેંચાણ-સંઘ, સરકારી સંસ્થાઓ, નગરપાલિકાઓ તેમજ જિલ્લા અને તાલુકા પરિષદો, રાજકીય પક્ષો, ઉમેદવાર અને તેમની સાથે સંકળાયેલ અન્ય કોઈપણ વ્યકિત દ્વારા વાહનો, હેલિકોપ્ટર, વિમાન, બોટ, હોવર ક્રાફટ વિગેરેના થતાં દુરુઉપયોગ અટકાવવા તથા હાલનાં સંજોગોને લક્ષમાં લેતા ઉપસ્થિત થયેલ સંજોગોમાં વાહનોના ચૂંટણી પ્રચાર માટે દુરુઉપયોગ થવાની શકયતા જણાતા અને તેવા પ્રસંગે જાહેર સુલેહ શાંતિને વિપરીત અસર કરતી પરિસ્થિતિ સર્જાવાની સંભાવના રહેલ હોય, અને તેવા કારણોસર ઘર્ષણ થવાના પ્રસંગોને નિવારવા સાવચેતીના પગલા લેવા જરૂરી અને અનિવાર્ય જણાય છે. સબબ હું, કનુભાઈ બાટી, (જી.એ.એસ.), સબ-ડીવીઝનલ મેજિસ્ટ્રેટ, કુતિયાણા, ફોજદારી કાર્યરીતિ

અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ અમોને મળેલ અધિકારની રૂઈએ હુકમથી ફરમાવું છું કે,

૧. કેન્દ્ર અને રાજય સરકારના તથા સંયુક્ત ક્ષેત્રના એકમો, સ્થાનિક સંસ્થાઓ, ખરીદ-વેંચાણ બોર્ડ/સંઘ, સહકારી મંડળીઓ, સ્વાયત જિલ્લા/તાલુકા પરિષદો અન્ય કોઈપણ સંસ્થા કે, જેના સમગ્ર ભંડોળમાં જાહેર નિધિના નાના સરખા હિસ્સાનું પણ રોકાણ કરવામાં આવ્યું હોય, એવી કોઈપણ સંસ્થાની માલીકીના હેલીકોપ્ટર, વિમાન, કાર જીપ, અન્ય વાહનો, બોટ, હોવરક્રાફ્ટ વિગેરે જેવા કોઈપણ વાહનોના ચૂંટણી સબંધે પ્રત્યક્ષ અથવા પરોક્ષ રીતે ઉપયોગ કરવા પર સંપુર્ણ પ્રતિબંધ રહેશે.

૨. કેન્દ્ર અથવા રાજ્યના મંત્રીશ્રીનો રક્ષાકાફલો કોઈપણ સંજોગોમાં કાર/વાહનો ત્રણથી વધુ વાહનના બનેલા કાફલા (કોનવે) લઈ જવો નહિ, મોટા રક્ષાકાફલાને વિભાજીત કરવાનો રહેશે. આમ છતાં આ બાબત એવી કોઈ વ્યક્તિ સંબંધમાં આપવામાં આવેલી સુરક્ષા સૂચનાઓને આધીન રહીને અમલ કરવાનો રહેશે.

૨. કોઈપણ રાજકીય પક્ષો, ઉમેદવારો અને તેમના ચૂંટણી એજન્ટ, કાર્યકરોએ ચૂંટણી પ્રચાર માટે જતાં કાફલામાં એકસાથે ત્રણથી વધુ વાહનો જેવા કે, કાર, જિપ, બોટ, હોવર ક્રાફટ કે પરિવહનના હેતુ માટે ઉપયોગમાં લઈ શકાય તેવું યાંત્રીક શકિતથી ચાલતું કે અન્ય રીતે ચાલતું કોઈપણ વાહન એકીસાથે ત્રણથી વધુ સંખ્યામાં લઈ જઈ શકાશે નહિં.

૪. આ હુકમનો ભંગ કર્યેથી કસુરવાર સામે ભારતીય ફોજદારી અધિનિયમની કલમ-૧૮૮ નીચે કાર્યવાહી કરવામાં આવશે અને ગુન્હો સાબીત થયેથી એક માસની સાદી કેદ અથવા રૂપીયા ૨૦૦-૦૦ (બસ્સો) પુરા દંડ અથવા બંને સજા થઈ શકે છે.

આ હુકમ પોરબંદર સબ-ડિવીઝનના સમગ્ર વિસ્તારમાં હુકમની તારીખથી તારીખ ૨૦-૧૨-૨૦૧૭ના ૨૪-૦૦ કલાક સુધી કરવાનો રહેશે.

આજ તા. ૨૫, માહે ઓકટોબર-૨૦૧૭ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા કરી બહાર પાડયો.

કુતયિાણા, ૨૫ માહે ઓકટોબર, સને ૨૦૧૭.

---

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ

## હુકમ

નાં. : એમ.એ.જી.-સી-૫-૨૦૧૭.-આગામી વિધાનસભા સામાન્ય ચૂંટણી-૨૦૧૭ અંતર્ગત ભારતનાં ચૂંટણી આયોગ દ્વારા ચૂંટણી કાર્યક્રમ બહાર પાડવામાં આવેલ છે. જે મુજબ તા. ૦૯-૧૨-૨૦૧૭ના રોજ મતદાન થનાર હોય અને મતદાનના દિવસોએ વાહનોના ઉપયોગ ઉપર દેખરેખ રાખવા તથા મતદારો માટે વાહનોનો દુરુઉપયોગ કરી મતદારોને અયોગ્ય રીતે રીઝવી ન શકાય તે હેતુથી અને આમ કરવામાં ન આવે તો આગામી વિધાનસભાની ચૂંટણી ન્યાય નિષ્પક્ષ રીતે યોજાય તેવું અનુમાન થઈ શકે નહીં જેની અસર સામાન્ય જન માનસ ઉપર તેમજ પ્રતિસ્પર્ધી ઉમેદવારો ઉપર પણ થાય જેના કારણે સાચી-ખોટી ફરિયાદો ઉપસ્થિત થવાનો પુરતો અવકાશ રહે. પરિણામે એક બીજા જુથો વચ્ચે મનદુઃખો થાય અને ઘર્ષણ ઉભું થવાની પુરતી સંભાવના રહે, તે અટકાવવા તેમજ આગામી ચૂંટણીઓ દરમ્યાન ઉપયોગયમાં લેવામાં આવતાં વાહનોનો દુરઉપયોગ થતો અટકાવવાના હેતુથી સાવચેતીના પગલાં લેવા અનિવાર્ય જણાય છે. સબબ હું, કનુભાઈ બાટી, (જી.એ.એસ.), સબ-ડિવીઝનલ મેજિસ્ટ્રેટ, કુતિયાણા, આથી ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ અમોને મળેલ અધિકારની રૂઈએ નીચે પ્રમાણે હુકમથી ફરમાવું છું.

(૧) કોઈપણ રાજકીય પક્ષો કે બિનરાજકીય પક્ષો કે તેમના ઉમેદવારો અગર અપક્ષ ઉમેદવારો કે તેઓના ચૂંટણી એજન્ટ દ્વારા અથવા તેઓની સહમતિથી બીજા કોઈ વ્યકિત દ્વારા મતદાનના દિવસે,

(ક) મતદારોને મતદાન મથક સુધી લાવવા અને મતદાન મથક ખાતેથી લઈ જવાની મફત સગવડ માટે વાહનો ભાડે રાખવા કે મેળવવા અથવા તે રીતે વાહનોનો ઉપયોગ કરવા ઉપર પ્રતિબંધ ફરમાવવામાં આવે છે.

(ખ) આગામી વિધાનસભા ચૂંટણી દરમ્યાન ઉમેદવાર મતદાનનાં દિવસે નીચે પ્રમાણેના વાહનોનો ઉપયોગ કરવા હક્કદાર રહેશે.

(૧) ઉમેદવાર પોતાના ઉપયોગ માટે સમગ્ર વિધાનસભા મતદાર વિભાગ પુરતું એક જ વાહનની સંબંધિત ચૂંટણી અધિકારીશ્રી દ્વારા અધિકૃત કરેલ સક્ષમ અધિકારીશ્રી પાસે નોંધણી કરાવી ઉપયોગ કરી શકશે અને સદરહુ વાહનની નોંધણી કરાવ્યાનો આધાર વાહન સાથે રાખવાનો રહેશે.

(૨) આ ઉપરાંત યથા પ્રસંગે સંબંધિત ઉમેદવારશ્રીના ચૂંટણી એજન્ટ અથવા કાર્યકરના ઉપયોગ માટે વિધાનસભા મતદાર વિભાગમાં સમાવિષ્ટ થતા પ્રત્યેક વિધાનસભા મત વિસ્તાર દીઠ એક વાહની સંબંધિત ચૂંટણી અધિકારીશ્રી અગર ચૂંટણી અધિકારીશ્રી દ્વારા અધિકૃત કરેલ સક્ષમ અધિકારીની પાસે નોંધણી કરાવી ઉપયોગ કરી શકશે અને સદરહુ વાહનની નોંધણી કરાવ્યાનો આધાર વાહન સાથે રાખવાનો રહેશે.

આવા વાહનોની ઓળખ સહેલાઈથી પ્રસ્થાપિત થઈ શકે અને હરીફ ઉમેદવારને બીનજરૂરી અસુવિધા ઉભી ન થાય તે માટે મતદાનના દિવસે ઉપર ૧(ખ) (૧) તથા ૧(ખ) (૨) માં દર્શાવેલ

INDEX

વાહનો ચૂંટણી અધિકારીશ્રી અથવા મદદનીશ ચૂંટણી અધિકારીશ્રી અથવા આ કામે તેઓશ્રી દ્વારા અધિકૃત કરવામાં આવેલ હોય તેવા સક્ષમ સત્તાધિકારીશ્રી પાસે આવા વાહનો રજીસ્ટર કરાવવાના રહેશે અને રજીસ્ટર કરાવેલ વાહનો પરત્વેની પરમીટ તેઓશ્રી પાસેથી મેળવીને વાહનોની ઉપર સહેલાઈથી દેખાઈ આવે તે રીતે વિન્ડ સ્ક્રીન ઉપર ચોટાડયા સિવાય સદરહું વાહનનો ઉપયોગ કરી શકશે નહિ.

આ હુકમનો ભંગ કરનાર કસુરવાર વ્યકિત સામે ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ હેઠળ પગલાં લેવાની કાર્યવાહી કરવામાં આવશે અને ગુન્હો સાબીત થયે એક માસની સાદી કેદ અથવા રૂપીયા ૨૦૦-૦૦ નો દંડ અથવા બંને સજા થઈ શકે છે.

આ હુકમનો અમલ કુતિયાણા સબ-ડિવીઝનના સમગ્ર વિસ્તારમાં તા. ૦૮-૧૨-૨૦૧૭ તથા તા. ૦૯-૧૨-૨૦૧૭ના દિવસે કરવાનો રહેશે.

આજ તા. ૨૫, માહે ઓકટોબર-૨૦૧૭ના રોજ અમારી સહી તથા કચેરીનો સિક્કો કરી જાહેર જનતાની જાણ તથા અમલ માટે હુકમ પ્રસિધ્ધ કર્યો.

કુતયિાણા, ૨૫ માહે ઓકટોબર, સને ૨૦૧૭.

---

### ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ

### હુકમ

નાં. : એમ.એ.જી.-સી-૬-૨૦૧૭.-વિધાનસભા સામાન્ય ચૂંટણી-૨૦૧૭ અંતર્ગત ભારતનાં નિર્વાચન આયોગ દ્વારા તા. ૨૫-૧૦-૨૦૧૭ના રોજ ચૂંટણી કાર્યક્રમ બહાર પાડવામાં આવેલ છે. જેને અનુલક્ષીને ઉમેદવારો, રાજકીય પક્ષોના કાર્યકરો દ્વારા ચૂંટણી પ્રચાર અભિયાન કરવામાં આવશે. જે અન્વયે ઉમેદવારો અથવા તેના કાર્યકરો દ્વારા સાર્વજનિક અને ખાનગી મકાન માલિકોની પરવાનગી લીધા વિના મકાનોની દિવાલો ઉપર ચૂંટણીલક્ષી પ્રચારપત્રો ચોડીને, સુત્રો લખીને પ્રસિદ્ધિની નિશાની કરીને વિગેરે દ્વારા સાર્વજનીક અને ખાનગી મકાનોની દિવાલ બગાડવામાં આવે છે. આ માટે ભારતમાં ચૂંટણી આયોગ, નવી દિલ્હી તથા મુખ્ય ચૂંટણી અધિકારીશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગર દ્વારા રાજકીય પક્ષોને અને ઉમેદવારોના માર્ગદર્શન માટે આદર્શ આચારસંહિતા અને તે અંગેના અમલ માટે સૂચના થઈ આવેલ છે. તે મુજબ રાજકીય પક્ષો, ઉમેદવારો કે તેમના કાર્યકરોને ધ્વજ દંડ ઉભા કરવા, બેનરો લગાવવા, નોટિસો ચોંટાડવી, સુત્રો લખવા વિગેરે માટે પૂર્વ પરવાનગી મેળવ્યા સિવાય કોઈપણ વ્યકિતનો કે સાર્વજનીક જાહેર માલિકોની જમીન, મકાન, કંપાઉન્ડ, દિવાલ વિગેરેનો ઉપયોગ કરવાનો નથી, તેવી જોગવાઈ કરવામાં આવેલ છે. સબબ આચારસંહિતાનો ચૂસ્તપણે અમલ કરવા અને લોકોની તથા જાહેર અને સાર્વજનિક માલ-મિલ્કતને થતી હાનિ, નુકશાન, બગાડ થતો અટકાવવા તથા તેવા સંજોગોમાં ઉપસ્થિત થનાર જૂથો વચ્ચે ઘર્ષણ ઉપસ્થિત થવાના કારણે કાયદો વ્યવસ્થાની પરિસ્થિતિ તથા જાહેર સુલેહ શાંતિને વિપરીત સંજોગો નિવારવા સાવચેતીના પગલા લેવા જરૂરી અને અનિવાર્ય જણાય છે. સબબ હું, કનુભાઈ બાટી (જી.એ.એસ.), સબ-ડિવીઝનલ મેજિસ્ટ્રેટ, કુતિયાણા, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ ની કલમ-૧૪૪ હેઠળ અમોને મળેલ અધિકારની રૂઈએ નીચે પ્રમાણે હુકમ ફરમાવું છું.

કુતિયાણા સબ ડીવીઝનના સમગ્ર વિસ્તારમાં કોઈપણ રાજકીય પક્ષો, ઉમેદવારો અને તેમનાં કાર્યકરોને સંબંધિત ખાનગી, સાર્વજનિક જમીન, કંપાઉન્ડ, મકાન, મકાનની દિવાલોના માલિકની અગાઉથી લેખીત પરવાનગી મેળવ્યા સિવાય આવી જમીન, કંપાઉન્ડ, મકાન, મકાનની દિવલ, કંપાઉન્ડની દિવાલ ઉપર ચૂંટણીલક્ષી પ્રચારપત્રો ચોડીને લખીને, નિશાનીઓ ચીતરીને દિવાલો બગાડવી નહિ તેમજ ધ્વજદંડ ઉભા કરવા નહિ, બેનરો લટકાવવા નહિ, નોટિસો ચોંટાડવી નહિ, સુત્રો લખવા નહિ-તે માટે મનાઈ ફરમાવું છું, તેમજ આ હુકમનો ભંગ કર્યેથી કસુરવાન સામે ભારતીય દંડ સંહિતા-૧૮૬૦ની કલમ-૧૮૮ હેઠળ કાર્યવાહી કરવામાં આવશે અને ગુન્હો સાબીત થયેથી એક માસની સાદી કેદ અથવા રૂા. ૨૦૦-૦૦ અંકે બસો પૂરાનો દંડ અથવા બંને સજા થઈ શકે છે.

આ હુકમનો કુતિયાણા સબ-ડિવીઝનના સમગ્ર વિસ્તારમાં આ હુકમની તારીખથી તા. ૨૦-૧૨-૨૦૧૭ સુધી અમલમાં રહેશે.

આજ તા. ૨૫, માહે ઓકટોબર, સને ૨૦૧૭ નાં રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી હુકમ પ્રસિધ્ધ કર્યો.

કુતયિાણા, ૨૫ માહે ઓકટોબર, સને ૨૦૧૭.

**કનુભાઈ બાટી,**
સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ,
કુતિયાણા.

---

### પોલીસ કમિશ્નર દ્વારા

### ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે હુકમ

### જાહેરનામું

ક્રમાંક : રાજ/સીપી./એલ.બી.૧/વિ.ચું/જા.નામુ./૩૦૦૬/૨૦૧૭.-ભારતના ચુંટણીપંચ, નવી દિલ્હી તરફથી વિધાનસભાની સામાન્ય ચૂંટણી યોજવાનું તા. ૨૫-૧૦-૨૦૧૭ના રોજ જાહેર કરવામાં આવેલ છે. રાજકોટ શહેરમાં તા. ૦૯-૧૨-૨૦૧૭ના રોજ મતદાન થનાર છે. આ વિધાનસભાની ચુંટણી દરમ્યાન રાજકોટ શહેર પોલીસ કમિશ્નરેટ વિસ્તારમાં તમામ સ્તરે કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તથા મતદારો પોતાનો મત મુક્ત અને નિર્ભય રીતે આપી શકે તેમજ સમગ્ર ચુંટણી પ્રક્રિયા માટે જરૂરી શાંતિમય વાતાવરણમાં વિક્ષેપો ઉભા થાય નહી અને જાહેર સુલેહ શાંતિનો ભંગ થતો અટકાવવા અત્યંત જરૂરી જણાતુ

હોવાથી તથા ભારતના બંધારણના અનુચ્છેદ ૨૪૩-૯ અને ૨૪૩-વક ની જોગવાઈ હેઠળ શાંતિપુર્ણ, મુક્ત અને ન્યાયી વાતાવરણમાં ચુંટણી યોજવા નિવારક પગલાના ભાગરૂપે વિવિધ પગલાઓ લેવાનું જરૂરી જણાતુ હોવાથી ફોજદારી અધિનિયમ-૧૯૭૩ ની કલમ-૧૪૪ મુજબ પગલા લેવા માટેના પુરતા કારણો છે.

૨/- સબબ હું, અનુપમ સિંહ ગહલૌત, પોલીસ કમિશ્નર, રાજકોટ શહેર, રાજકોટ, આથી આગામી ગુજરાત રાજયની વિધાનસભાની પેટા ચુંટણીને અનુલક્ષીને જાહેર શાંતિ અને સલામતિના હિતમાં ફોજદારી અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪નો ૨ જો અધિનિયમ) ની કલમ-૧૪૪ મુજબ મને મળેલ સત્તાની રૂએ રાજકોટ શહેર પોલીસ કમિશ્નરરેટ વિસ્તારમાં રહેતા દરેક જાતના હથિયારોના પરવાનેદારોને આદેશ કરૂ છું કે, તેઓએ તેમની પાસેના પરવાનાવાળા દરેક પ્રકારના હથિયારો આ જાહેરનામું પ્રસિધ્ધ થયાની તારીખથી દિન-૭માં જે તે લાગતા વળગતા પોલીસ સ્ટેશનમાં અનામત જમા કરાવી દેવા અને સંબંધકર્તા તમામ પોલીસ સ્ટેશનોએ તેમના પોલીસ સ્ટેશનના કાર્યક્ષેત્ર હેઠળના વિસ્તારમાં રહેતા અને હથિયાર પરવાનો ધરાવતા તમામ હથિયાર પરવાનેદારશ્રીઓ તરફથી તેમના પરવાનાવાળા હથિયારો જમા કરાવવામાં આવે તે માટેના પગલા લેવા તેમજ આ પ્રકારે તમામ હથિયારો જમા થઈ ગયા અંગેની જાણ અત્રેની કચેરીને કરવા આદેશ કરૂ છું.

૩/- આ આદેશ પોલીસ કમિશ્નર, રાજકોટ શહેર તરફથી ઈસ્યુ કરાયેલ લાયસન્સો સિવાય બીજા પણ દરેક હથિયાર પરવાનેદારો કે જેઓએ બીજા કોઈપણ હથિયાર લાયસન્સ આપનાર સત્તાધિશ તરફથી હથિયાર લાયસન્સ મેળવેલ હોય તેમને પણ લાગુ પડશે. તેમજ આ આદેશ રાજકોટ શહેર પોલીસ કમિશ્નરરેટ હદ વિસ્તારમાં રહેતા અને રાજકોટ શહેરની મુલાકાતે આવેલ તમામ હથિયાર પરવાના ધારકોને લાગુ પડશે તેમજ હથિયાર ખરીદ-વેચાણ કરતા પરવાનેદારો હથિયાર ખરીદ-વેંચાણ આ સમયગાળા દરમ્યાન કરશે તો પણ હથિયારની સોંપણી આ જાહેરનામાની તારીખથી ચુંટણી પ્રક્રિયા પુર્ણ થતા સુધી પરવાના ધારકોને કરી શકશે નહી. તેમજ સંબંધીત પોલીસ સ્ટેશને જે તે પરવાનેદારશ્રીને તેમનું અનામત જમા લીધેલ હથિયાર તા. ૧૫-૦૧-૨૦૧૮ પછી પરત કરવાનું રહેશે અને તેના માટે કોઈપણ અલગ હુકમની જરૂરીયાત રહેશે નહી.

૪/- આ આદેશમાંથી નીચે જણાવ્યા મુજબના હથિયાર પરવાનેદારશ્રીઓને મુકિત આપવામાં આવે છે.

(અ) રાજકોટ શહેર પોલીસ કમિશ્નરરેટ વિસ્તારમાં આવેલ સરકારી, અર્ધ સરકારી સંસ્થાઓ (બેંક કોર્પોરેશન સહિત) સ્થાનિક સ્વરાજની સંસ્થાઓના નામે જે હથિયાર પરવાનો ધરાવતા હોય તથા જે રાજય કે રાષ્ટ્રીય કે આંતર રાષ્ટ્રીય લેવલની શુટીંગ સ્પર્ધામાં ભાગ લેનાર સ્પોર્ટસ પર્સન છે તેમને તેમના પરવાનાવાળા હથિયારો જમા કરાવવામાંથી મુકિત આપવામાં આવે છે. પરંતુ જે તે વ્યકિતના વ્યકિતગત નામે ઈસ્યુ થયેલ પરવાનેદાર હથિયાર ધારકોને ઉકત આદેશમાંથી મુકિત મળશે નહી.

(બ) માન્યતા ધરાવતી સિક્યુરીટી એજન્સીઓના ગનમેન કે, જેઓ રાષ્ટ્રીયકૃત, સહકારી કે કોર્મશીયલ બેંકો, એ.ટી.એમ. તથા કરન્સી ચેસ્ટની લેવડ-દેવડ કરતા હોય તેવા હથિયારધારી સિકયુરીટી ગાર્ડને તેમના હથિયાર જમા કરાવવામાંથી મુકિત આપવામાં આવે છે. આવા સિકયુરીટી ગાર્ડે તેઓ જે તે બેંકમાં સિકયુરીટી ગાર્ડ તરીકે ફરજ બજાવતા હોવાનું સંબંધિત બેંક મેનેજરનું પ્રમાણપત્ર તેઓના ફોટોગ્રાફ સાથેનું પોતાની પાસે રાખવાનું રહેશે તેમજ જે તે સંબંધિત બેંકના મેનેજરશ્રીએ આવા સિકયુરીટી ગાર્ડની વિગતવારની માહિતીની જાણ જે તે સંબંધિત પો.સ્ટે.ને કરવાની રહેશે અને સંબંધિત પો.સ્ટે.એ આ અંગે નિયમાનુસારની ચકાસણી કરી લેવાની રહેશે.

(ક) કેન્દ્ર સરકાર તેમજ રાજ્ય સરકારના અધિકારી/ કર્મચારીઓ કે જેઓને કાયદા મુજબ હથિયાર ધારણ કરવાની મંજુરી આપેલ છે અને ચુંટણીની ફરજ ઉપર હોય તેમને લાગુ પડશે નહી.

(ડ) પોલીસ કમિશ્નરશ્રીએ ખાસ પરવાનગી આપેલ હોય તેમને લાગુ પડશે નહી.

(ઈ) પોલીસ કમિશ્નરશ્રીએ ખાસ પરવાનગી આપેલ હોય તેમને લાગુ પડશે નહી.

૫/- હથિયાર પરવાનેદારોએ ઉકત વિગતે તેમના પરનાવાનાવાળા હથિયારો જે તે લગત પોલીસ સ્ટેશનમાં જમા કરાવવાના રહેશે. તે હથિયારના કાર્ટીઝ/દારૂગોળો જમા કરાવવાની જરૂર નથી.

૬/- આ આદેશનું પાલન નહી કરનાર શસ્ત્ર અધિનિયમ-૧૯૫૯ની કલમ-૨૫ હેઠળ સજાને પાત્ર ઠરે છે. તેમજ ઈપીકો કલમ-૧૮૮ મુજબ પણ પગલા લેવામાં આવશે જેની નોંધ લેવી.

૭/- આ આદેશની પ્રસિધ્ધી વર્તમાનપત્રો ધ્વારા તેમજ જાહેર નોટીસ બોર્ડ ઉપર ચોટાડી કરવાની રહેશે.

૮/- આજરોજ તા. ૨૫-૧૦-૨૦૧૭ ના રોજ આ આદેશ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે પ્રસિધ્ધ કરવામાં આવે છે.

રાજકોટ, ૨૫ માહે ઓકટોબર, સને ૨૦૧૭.

**અનુપમ સિંહ ગહલૌત,**
પોલીસ કમિશ્નર,
રાજકોટ શહેર.

PRINTED AT THE GOVERNMENT PRESS, RAJKOT COMPLAINTS ABOUT GAZETTE MUST BE MADE WITHIN A FORTNIGHT FROM THE DATE OF THIS PUBLICATION ACCOMPANIED BY THE WRAPPER.

©

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

**SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION**

***PUBLISHED BY AUTHORITY***

**VOL. LVIII] THURSDAY, 23rd NOVEMBER, 2017/AGRAHAYAN 02, 1939 No. 47**

**Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central section in order that it may be filed as a separate compilation.**

# PART-I



| PART - I | Pages | PART - I - B | Pages |
|---|---|---|---|
| Government Notifications Appointments Promotions, Leave of absence, Rules and orders (Other than those published in Part-I-A, IV-A, IV-B, and IV-C) list of publications for sales etc., Miscellaneous Notifications Appoint-ments etc., | 1227-1246 | (Suppliment) Government Notifications Published under Land Acquisition Act only Supplement. | Nil |
| **PART - I - A** | | **PART - II** | |
| Order and Notifications (Other than those published in Part-IV-B) under the Gujarat Local Boards, Village Panchayats, Municipals, Boroughs, (Districts) Municipals Primary Education and Local Fund Audits, Acts., | Nil | Miscellaneous Notices, Advertisments, List of Books Sanctioned by the Director of Education, List of Jurors. Schedule of Estates by the Official Assignee, Summary of Births and Deaths, etc., | 2217-2264 |
| | | **PART - III** | |
| | | Miscellaneous Supplements Season and Crop Reports, Prices, Current Rainfalls Returns, District Local Boards Accounts etc., | Nil |

# GOVERNMENT NOTIFICATIONS, ORDERS APPOINTMENTS, ETC.
## SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION
# NOTIFICATION
## MISCELLANEOUS NOTIFICATIONS APPOINTMENTS ETC.

### અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭ની પેટા કલમ-૧ તથા કલમ-૩ અન્વયેનો હુકમ

### જાહેરનામુ

નં. હોમ/પલસ/૩/વશી/૧૨૭૫૧ થી ૧૨૮૧૦/૨૦૧૭.- (૧) આગામી દિવસો દરમ્યાન દિવાળીનો તહેવાર આવતો હોય તથા હાલની પ્રવર્તમાન પરિસ્થિતીને અનુલક્ષીને સમગ્ર અમરેલી જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાય રહે તે માટે તેમજ જાહેર સુલેહ શાંતિ અને સલામતી જાળવવા માટે ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭ની પેટા કલમ-૧ તથા કલમ-૩ અન્વયે પગલા લેવા પુરતા કારણો છે. તેની મને ખાત્રી થઇ છે.

(૨) જેથી હું, **જે. એમ. ભટ્ટ, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, અમરેલી,** ગુજરાત પોલીસ અધિનિયમ–૧૯૫૧ની કલમ–૩૭ની પેટા કલમ-૧ તથા કલમ-૩ અન્વયે મળેલ સત્તાની રૂઈએ આથી ફરમાવું છું કે,

(૩) તા. ૧૮-૧૦-૨૦૧૭ થી તા. ૦૧-૧૧-૨૦૧૭ (બંને દિવસો સહિત) અમરેલી જિલ્લાના સમગ્ર વિસ્તારમાં,

(૪) કોઈપણ ઈસમે શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટા, બંદુક, ચપ્પુ, લાકડી અથવા લાઠી અથવા શારિરીક ઈજા અને હિંસા પહોંચાડવા ઉપયોગી થઇ શકે તેવી બીજી કોઈપણ ચીજવસ્તુ, સ્ફોટક પદાર્થ અથવા પથ્થરો સાથે ઘર બહાર નીકળવુ નહીં. કોઈ આકૃતિઓ અથવા પુતળા દેખાડવા નહીં અને બુમો પાડવી નહીં તથા સુત્રોચ્ચાર કરવા નહીં.

(૫) આ હુકમ નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહીં.

(અ) ફરજ પર રોકાયેલ પોલીસ તથા હોમ ગાર્ડ સહિતના તમામ સરકારી તેમજ અર્ધ સરકારી કર્મચારી તથા અધિકારીઓને,

(બ) શારિરીક અશક્તિને કારણે લાકડી તથા લાઠી લઈને ફરવુ જરૂરી છે તેવી વ્યક્તિઓને,

(૬) વધુમાં ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭ની પેટા કલમ-૩ હેઠળ મળેલ સત્તાની રૂઈએ,

**તારીખ : ૧૮-૧૦-૨૦૧૭ થી તા. ૦૧-૧૧-૨૦૧૭ (બંને દિવસો સહિત)** અમરેલી જિલ્લાનાં સમગ્ર વિસ્તારની અંદર સબંધિત સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી/તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટશ્રીની પુર્વ મંજુરી/પરવાનગી સિવાય કોઇ સભા મંડળી ભરવાની અથવા સરઘસ કાઢવાની હું મનાઈ ફરમાવું છુ.

(૭) ઉપરોક્ત પેરા-૬(છ) માં કરવામાં આવેલ આદેશ ફરજ પરના કોઈપણ સરકારી/બિનસરકારી કર્મચારીઓ અને અધિકારીઓને તેમજ કોઈપણ લગ્નનાં વરઘોડાને અથવા સ્મશાનયાત્રાને લાગુ પડશે નહીં.

(૮) આ જાહેરનામાનું ઉલ્લંઘન કરનાર અથવા ઉલ્લંઘન માટે મદદ કરનાર શખ્સ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૫ની જોગવાઈ મુજબ સજા તથા દંડને પાત્ર થશે.

હું એવો પણ આદેશ કરૂં છું કે, પોલીસ અધિક્ષકશ્રી, અમરેલીએ સદરહું હુકમ નિર્દિષ્ટ કરેલ વિસ્તારમાં સહેલાઈથી દેખી શકાય તેવી જગ્યાએ તેની નકલ ચોટાડીને તથા લાઉડ સ્પીકર તેમજ સ્થાનિકેથી પ્રસિધ્ધ થતા સ્થાનીક વર્તમાનપત્રો ધ્વારા તેની બહોળી જાહેરાત કરી/કરાવીને પ્રસિધ્ધ કરવો.

(૯) આજ તારીખ ૧૭-ઓકટોબર-૨૦૧૭ ના રોજ મારી સહી તથા સિક્કો કરી હુકમ બહાર પાડયો.

અમરેલી, ૧૭ માહે ઓકટોબર, સને ૨૦૧૭.

---

### ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩(૧૯૭૪ નો બીજો અધિનિયમ) નાં કાયદાની કલમ-૧૪૪ હેઠળ

### હુકમ

નં. નાચિ/પલસ/૩/વશી/૧૨૫૨૫ થી ૧૨૬૦૦/૨૦૧૭.- (૧) જિલ્લા શિક્ષણાધિકારીશ્રી અમરેલીના તા. ૦૯-૧૦-૨૦૧૭ના પત્રથી રજુ થયેલ દરખાસ્ત મુજબ સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, ગાંધીનગર ધ્વારા તા. ૧૫-૧૦-૨૦૧૭ના રોજ બપોરે ૧૪-૦૦ કલાકથી ૧૭-૦૦ કલાક સુધી પોલીસ ઈન્સપેકટર (બિન હથિયારધારી) વર્ગ-૨ની જગ્યાઓ પર ભરતીની લેખિત પરિક્ષા અમરેલી જિલ્લા મથકના નીચે દર્શાવેલ પરિક્ષા કેન્દ્રો પર યોજાનાર હોય પરિક્ષા દરમ્યાન કાયદો અને વ્યવસ્થા જળવાય રહે તેમજ પરીક્ષા ખંડમાં મોબાઈલ, પેજર, કેલ્કયુલેટર કે અન્ય પ્રકારના ઈલેકટ્રોનીકસ સાધનો તથા વ્હાઈટનર/કરેકશન ફકયુટ તેમજ પરિક્ષા કેન્દ્રોમાં વીજાણું યંત્રો તથા આસપાસના વિસ્તારોમાં ઝેરોક્ષ મશીનો પર પરિક્ષા સમય દરમ્યાન પ્રતિબંધ ફરમાવવા માટે કલમ-૧૪૪ મુજબનું જાહેરનામુ બહાર પાડવા અત્રે દરખાસ્ત થયેલ છે.

| ક્રમ | પરિક્ષા કેન્દ્રનું નામ તથા સરનામુ |
|---|---|
| ૧ | શ્રી કે.કે. પારેખ હાઈસ્કુલ (લીલાવતી)જિલ્લા પંચાયત રોડ, અમરેલી |
| ૨ | શ્રી કમાણી ફોરવર્ડ હાઈસ્કુલ યુનિટ-૧, લાઠી રોડ, અમરેલી |
| ૩ | શ્રી કમાણી ફોરવર્ડ હાઈસ્કુલ યુનિટ-૨, લાઠી રોડ, અમરેલી |

| | |
|---|---|
| ૪ | શ્રી ટી. પી. અને એમ. ટી. મ્યુનીસિપલ ગર્લ્સ હાઈસ્કુલ, અમરેલી |
| ૫ | શ્રી એસ. એસ. અજમેરા ગર્લ્સ હાઈસ્કુલ, સ્ટેશન રોડ, અમરેલી |
| ૬ | શ્રી પાઠક સ્કુલ યુનિટ-૧, હનુમાનપરા, અમરેલી |
| ૭ | શ્રી પાઠક સ્કુલ યુનિટ-૨, હનુમાનપરા, અમરેલી |
| ૮ | શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ટ્રસ્ટ સંચાલિત કન્યા શાળા યુનિટ-૧ (પટેલ સંકુલ) ચક્કરગઢ રોડ, અમરેલી |
| ૯ | શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ટ્રસ્ટ સંચાલિત કન્યા શાળા યુનિટ-૨ (પટેલ સંકુલ) ચક્કરગઢ રોડ, અમરેલી |
| ૧૦ | શ્રી જીજીબેન ફોરવર્ડ ગર્લ્સ હાઈસ્કુલ, લાઠી રોડ, અમરેલી |
| ૧૧ | શ્રી ઓકસફોર્ડ હાઈસ્કુલ, લાઠી રોડ, અમરેલી |
| ૧૨ | શ્રી અમરેલી જિલ્લા વિદ્યાસભા સ્કુલ, લાઠી રોડ, અમરેલી |
| ૧૩ | શ્રી સી. વી. ગજેરા (વિદ્યાસભા), લાઠી રોડ, અમરેલી |
| ૧૪ | શ્રી સેન્ટ મેરી સ્કુલ, લાઠી રોડ, અમરેલી |
| ૧૫ | શ્રી કે. બી. ઝાલાવાડીયા, સુખનાથ પરા, અમરેલી |

ઉકત સ્પર્ધાત્મક પરીક્ષા દરમ્યાન કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે માટે તેમજ જાહેર સુલેહશાંતિ અને સલામતી જાળવવા ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે પગલાં લેવા પુરતા કારણો છે. તેની મને ખાત્રી થઈ છે.

(૨) આથી હું, જે. એમ. ભટ્ટ, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, અમરેલી, ફોજદારી કાર્યરીતિ અધિનિયમની કલમ-૧૪૪ અન્વયે પગલાં લેવા પુરતા કારણો છે. તેની મને ખાત્રી થઈ છે.

(૩) તા. ૧૫-૧૦-૨૦૧૭ ના રોજ સવારે ૧૪-૦૦ કલાકથી ૧૭-૦૦ કલાક સુધી ઉકત પરીક્ષા કેન્દ્રોની ૧૦૦ મીટરની ત્રિજ્યામાં ચારથી વધુ વ્યક્તિઓએ ભેગા થવું નહિ તથા પરીક્ષાખંડમાં પરીક્ષાર્થી અને સુપરવાઈઝરશ્રીઓ સેલ્યુલર/મોબાઈલ ફોન, પેજર, કેલ્કયુલેટર કે અન્ય પ્રકારના ઈલેકટ્રોનીક સાધનો તથા વ્હાઈટનર/કરેકશન ફ્કયુટ કે ગેરરીતી કરવામાં ઉપયોગી થાય તેવા ઉપકરણો લઈ જઈ શકશે નહિ. તેમજ તા. ૧૫-૧૦-૨૦૧૭ના રોજ બપોરના ૧૪-૦૦ કલાકથી ૧૭-૦૦ કલાક સુધી ઉક્ત પરીક્ષા કેન્દ્રોની ૧૦૦ મીટરની ત્રિજ્યા વિસ્તારમાં ખાનગી ઝેરોક્ષ સેન્ટરો તથા ઝેરોક્ષ મશીનો બંધ રાખવા તેમજ પ્રાઈવેટ ફેકસ મશીનો પણ બંધ રાખવા ફરમાવું છુ.

(૪) આ હુકમનું ઉલ્લંઘન કરનાર અથવા ઉલ્લંઘન માટે મદદ કરનાર શખ્સ ભારતીય દંડ સંહિતાની કલમ ૧૮૮ હેઠળ સજાને પાત્ર થશે.

(૫) આજ તા. ૧૨ મી નવેમ્બર–૨૦૧૭ના રોજ મારી સહી તથા સિક્કો કરી હુકમ બહાર પાડયો.

અમરેલી, ૧૨ માહે ઓકટોબર, સને ૨૦૧૭.

જે. એમ. ભટ્ટ,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
અમરેલી.

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની
કલમ-૧૪૪ હેઠળ કાઢેલ

## હુકમ

નં. એમએજી/સી/વિ.સ.સા.ચૂં./૬/૨૦૧૭.-ભારતના ચૂંટણી પંચ તરફથી ગુજરાત વિધાનસભા સામાન્ય ચૂંટણી-૨૦૧૭ માટેનો કાર્યક્રમ નક્કી કરવામાં આવેલ છે. જે અંતર્ગત જુનાગઢ જિલ્લામાં વિધાનસભાની ચૂંટણી તા. ૦૯-૧૨-૨૦૧૭ના રોજ યોજાનાર છે.

આ ચૂંટણી દરમ્યાન રાજકીય પક્ષો, ઉમેદવારો તથા તેમના ટેકેદારો દ્વારા ચૂંટણી પ્રચારના કામે વાહનોનો ઉપયોગ થનાર છે. આ વાહનોના ઉપયોગના કારણે જાહેર જનતાને કોઈ ભય, ત્રાસ કે નુકશાન ન પહોંચે, મુક્ત અને ન્યાયી ચૂંટણી પ્રક્રિયામાં વાહનોનો દુર ઉપયોગ અટકે, ચૂંટણીની આદર્શ આચાર સંહિતાનું પાલન થાય તથા ચૂંટણી પ્રચારમાં વાહનના ઉપયોગ બાબતે આક્ષેપ-પ્રતિ આક્ષેપ દ્વારા જાહેર સુલેહ શાંતિનો ભંગ થાય તેવા સંજોગો ઉપસ્થિત ન થાય તથા કાયદો અને વ્યવસ્થા જળવાય રહે તે માટે ચૂંટણી પ્રચાર માટે વાહનોના ઉપયોગ માટે નિયમો કરવા જરૂરી જણાય છે.

સબબ, હું, પી. વી. અંતાણી, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, જુનાગઢ જિલ્લો, જુનાગઢ, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ સત્તાની રૂએ ઉપરોક્ત ચુંટણી દરમ્યાન રાજકીય પક્ષો-ઉમેદવારો-ટેકેદારો દ્વારા ચૂંટણી પ્રચાર માટે વાહનોના થનાર ઉપયોગ માટે નીચે મુજબના નિયમો કરી તેના અમલ માટે હુકમ કરૂ છું.

(૧) ગુજરાત મોટર વાહન નિયમો-૧૯૮૯ના નિયમ-૧૨૫(૧) ની જોગવાઈ હેઠળ પ્રાદેશિક વાહન વ્યવહાર સમિતિએ નીચેની શરતોએ ઉપરોક્ત ચુંટણી દરમ્યાન ટ્રાન્સપોર્ટ વાહનો પર જાહેરાત પ્રદર્શિત કરવા પરવાનગી આપેલ છે.

(૧) આ વાહનમાં જાહેરાત એવી રીતે લગાડવાની રહેશે કે, ડ્રાઈવરને વાહન ચલાવતી વખતે આગળ-પાછળ તથા બંને બાજુએ વિઝનમાં અવરોધ ઉભો ન થાય.

(૨) માઈક કે ઓડીયો/વિડીયો/લાઉડ સ્પીકરની મંજુરી સક્ષમ અધિકારીશ્રી પાસેથી મેળવવાની રહેશે. વગર મંજુરીએ તેનો ઉપયોગ કરી શકાશે નહી.

(૩) સ્પીડ લીમીટ માટે સરકારશ્રીના જાહેરનામાનો અમલ ચૂસ્તપણે કરવાનો રહેશે.

(૪) લોક તાંત્રિક વ્યવસ્થામાં ચૂંટણી સમયે આવી મંજુરી ભારતના ચૂંટણી પંચે નિયત કરેલ તારીખ અને સમય સુધી અમલી રહેશે.

(૫) તમામ મંજુરી માટે નીચે મુજબનું ફી નું ધોરણ રાખવું.

| ટ્રાન્સપોટ વાહનનો પ્રકાર | | ફી ની રકમ |
|---|---|---|
| (૧) | ટુ વ્હીલર/થ્રી વ્હીલર (ટ્રાન્સપોર્ટ વાહન) | રૂા. ૫૦૦/- |
| (૨) | અન્ય ટ્રાન્સપોર્ટ વાહનો માટે | રૂા. ૧૦૦૦/- |

(૬) ટ્રાન્સપોર્ટ વાહનના ડ્રાઈવરને વાહન ચલાવવામાં અડચણ ન થાય તે રીતે ફીટીંગ કરવાનું રહેશે.

(૭) આવી પરવાનગી માગનાર વાહન માલિકના વાહનના તમામ દસ્તાવેજો જેવા કે, ટેક્ષ, પરમીટ, ફીટનેશ વગેરે અમલી હોવા જોઈશે.

(૮) મોટર વાહન અધિનિયમ તથા તેના હેઠળ ઘડેલ કેન્દ્રીય મોટર વાહન નિયમો તથા ગુજરાત મોટર વાહન નિયમોનું કડકપણે પાલન કરવાનું રહેશે.

(૯) જો ચૂંટણી સંબંધિત જાહેરાત પ્રદર્શિત કરવાની હશે, તો ચૂંટણી અંગેના કાયદા તથા ચૂંટણીપંચએ જાહેર કરેલ આદર્શ આચારસંહિતાનો કડકપણે અમલ કરવાનો રહેશે.

(૧૦) સુરૂચીનો ભંગ કરે તેવી કે અશ્લીલ જાહેરાત પ્રદર્શિત કરી શકાશે નહી.

(૧૧) વાહનના મૂળ માળખામાં (Basic Feature) ફેરફાર થાય એ રીતે કે, વાહનના મૂળ માળખામાં (Basic Feature) ફેરફાર કરીને આવી કોઈ જાહેરાત પ્રદર્શિત કરી શકાશે નહી.

(૧૨) મોટરવાહનઅધિનિયમ-૧૯૮૮નામાર્ગસલામતીના ધોરણો-જોગવાઈનો ભંગ થવો જોઈએ નહી.

કોઈ પણ રાજકીય પક્ષ કે ઉમેદવારે ચૂંટણી પ્રચારમાં ઉપયોગમાં લેવાના વાહન અંગે પ્રથમ મોટર વ્હીકલ એકટ હેઠળ પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીશ્રીની પરવાનગી/એન.ઓ.સી. મેળવીને, તેની નકલ સાથે સંબંધિત ચૂંટણી અધિકારી/અધિકૃત અધિકારી પાસે રજુ કરી ચૂંટણી પ્રચાર માટેના વાહનની પૂર્વમંજુરી મેળવવાની રહેશે.

ચૂંટણી પ્રચારમાં વાહનના ઉપયોગની પરવાનગી આપનાર ચૂંટણી અધિકારીશ્રી/અધિકૃત અધિકારીશ્રીએ આ શરતો તથા ચૂંટણી પંચની સુચનાઓ મુજબ અન્ય શરતો સાથે ચૂંટણી પ્રચાર અંગેના વાહનની મંજુરી આપવાની રહેશે તથા પરવાનગી મેળવનાર રાજકીય પક્ષ/ઉમેદવાર/ટેકેદારોએ તે શરતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૨) કોઈપણ રાજકીય પક્ષ કે ઉમેદવાર કે તેમની સહમતીથી કોઈ વ્યક્તિ દ્વારા ઉમેદવારના ચૂંટણી પ્રચાર માટે વાહનોનો ઉપયોગ કરવામાં આવે તેવા તમામ વાહનોની, ચૂંટણી અધિકારી/અધિકૃત અધિકારી પાસે નોંધણી કરાવવાની રહેશે અને નોંધણી કરાયેલ વાહન સંબંધેની પરમીટ મેળવીને, ઓરીજીનલ પરમીટ વાહનની ઉપર સહેલાઈથી દેખાઈ આવે તે રીતે વીન્ડ સ્કીન ઉપર ચોંટાડવાની રહેશે. આ પરમીટમાં વાહન ક્યા વિસ્તારમાં ઉપયોગમાં લેવા માટે નોંધણી કરાવવામાં આવેલ છે તેની સ્પષ્ટ વિગતો પણ દર્શાવવાની રહેશે. પરમીટ મેળવ્યા સિવાય અને વાહન નોંધણી કરાવ્યા સિવાય કોઈપણ વાહનનો ઉપયોગ ચૂંટણી પ્રચાર માટે ઉપયોગ કરી શકાશે નહી.

(૩) ભારતીય ચૂંટણી આયોગના આદેશ મુજબ કોઈ પણ સંજોગોમાં રાજકીય પક્ષ કે ઉમેદવાર કે ચુંટણી એજન્ટે ચુંટણીના પ્રચાર માટે કાફલામાં ૧૦ થી વધુ વાહનો એકી સાથે લઈ જઈ શકશે નહી તેવું ઠરાવેલ છે. આથી ચુંટણી આયોગના આદેશની અમલવારી કરવા આ જિલ્લામાં આવેલ તમામ રાજકીય પક્ષો, ઉમેદવારો અને તેમના ચુંટણી એજન્ટોને ફરમાવવામાં આવે છે કે, ચુંટણીના પ્રચાર માટે જતાં કાફલામાં એકી સાથે ૧૦ વાહનો જ રહેશે અને વચ્ચે ૧૦૦ મીટરનો ગેપ રાખવાનો રહેશે.

(૪) રાજકીય પક્ષે/ઉમેદવારે આ અંગે કરવામાં આવેલ ખર્ચની વિગતો, ખર્ચ રજીસ્ટરમાં નોંધવાની રહેશે.

આ નિયંત્રણો યાંત્રિક શક્તિથી કે અન્ય કોઈ રીતે ચાલતાં વાહનોને લાગુ પડશે. આવા વાહનોમાં ટેકસી, ખાનગીકાર, ટ્રક, ટ્રેલર સાથેનુ કે તે વિનાનું ટ્રેકટર, ઓટો રીક્ષા, ઈ-રીક્ષો, સ્કુટર, મીનીબસ, સ્ટેશન વેગન વિ. નો સમાવેશ થાય છે પરંતુ આ નિયંત્રણો માત્ર આ જ વાહનો પુરતા મર્યાદિત રહેશે નહી.

આ હુકમનો ભંગ કર્યેથી ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ હેઠળ કસુરવાર સામે પગલા લેવાની કાર્યવાહી કરવામાં આવશે અને ગૂન્હો સાબિત થયે એક માસની સાદી કેદ અથવા રૂા. ૨૦૦/- દંડ અથવા બન્નેની સજા થઈ શકશે. આ ઉપરાંત મોટર વાહન અધિનિયમ-૧૯૮૮ તથા ચૂંટણી આચાર સંહિતાના ભંગ બદલની શિક્ષાને પાત્ર ઠરશે.

આ હુકમ સમગ્ર જુનાગઢ જિલ્લાના વિસ્તારમાં હુકમની તારીખથી અમલમાં આવશે અને તે ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ થવાની તા. ૨૦-૧૨-૨૦૧૭ સુધી અમલમાં રહેશે.

આજ તારીખ : ૦૮ માહે નવેમ્બર-૨૦૧૭ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કો કરી બહાર પાડેલ છે.

જુનાગઢ, ૦૮ માહે નવેમ્બર, સને ૨૦૧૭.

---

## ગુજરાત પોલીસ અધિનિયમ આંક-૨૨ની કલમ-૩૩ની (૧) બી હેઠળ

## જાહેરનામુ

નં. એમએજી/સી/ફાયરીંગ બટ/૫૭૮૮/૨૦૧૭.-પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢએ તેઓના પત્ર ક્રમાંક : સી-૨/બી/ફાયરીંગ બટ/૧૯૩૩૬/૨૦૧૭, તા. ૦૩-૧૧-૨૦૧૭ થી જિલ્લાના પોલીસ અધિકારી તથા કર્મચારીઓને સને-૨૦૧૭ ના વર્ષના વાર્ષિક ફાયરીંગ પ્રેકટીસ લેવા માટે પોલીસ તાલીમ મહાવિદ્યાલય, જુનાગઢનાં 'બફેલ રેન્જ ફાયરીંગ બટ' ખાતે તા. ૦૧-૧૧-૨૦૧૭ થી તા. ૦૭-૧૧-૨૦૧૭ દિન-૦૭, તા. ૧૧-૧૧-૨૦૧૭ થી

તા. ૨૩-૧૧-૨૦૧૭ દિન-૧૩ તથા તા. ૨૫-૧૧-૨૦૧૭ થી તા. ૩૦-૧૧-૨૦૧૭ દિન-૬ સુધીની મુદત માટે (બન્ને દિવસો સહિત) જાહેરનામું પ્રસિધ્ધ કરવા અત્રે દરખાસ્ત રજુ કરેલ છે. પોલીસ તાલીમ મહાવિદ્યાલય, જુનાગઢ તરફથી ફાયરીંગ પ્રેક્ટીશ માટેની અપાયેલ મંજુરી/સંમતી આપેલ છે.

સબબ રજુ થયેલ દરખાસ્તની વિચારણા કરતા, ઉકત ફાયરીંગ દરમ્યાન તે વિસ્તારમાં લકો તથા વાહનોની અવર-જવર ભયજનક જણાતાં, હું, પી. વી. અંતાણી, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, જુનાગઢ જિલ્લો, જુનાગઢ, સને-૧૯૫૧ના ગુજરાત પોલીસ અધિનિયમની આંક-૨૨ ની કલમ-૩૩(૧)(બી) હેઠળ મને મળેલ સત્તાની રૂએ **તા. ૧૧-૧૧-૨૦૧૭ થી તા. ૨૩-૧૧-૨૦૧૭ દિન-૧૩ તથા તા. ૨૫-૧૧-૨૦૧૭ થી તા. ૩૦-૧૧-૨૦૧૭ દિન-૬ સુધીની મુદત માટે (બંન્ને દિવસ સહીત) સવારે ૦૬-૦૦ થી સાંજના ૧૮-૦૦ કલાક સુધી પોલીસ તાલીમ મહાવિદ્યાલય, જુનાગઢનાં બફેલ રેન્જનાં આજુ-બાજુના ૧-કી.મી. વિસ્તારમાં રાહદારીઓને તેમજ વાહનોને ઉપરોકત સમય દરમ્યાન પ્રવેશ બંધી ફરમાવું છું.**

આજ તા. ૦૮, માહે નવેમ્બર-૨૦૧૭ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા કરી જાહેર જનતાની જાણ તથા અમલ થવા માટે પ્રસિધ્ધ કર્યુ.

જુનાગઢ, ૦૮ માહે નવેમ્બર, સને ૨૦૧૭.

**પી. વી. અંતાણી,**
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
જુનાગઢ જિલ્લા, જુનાગઢ.

---

## ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ કાઢેલ

## હુકમ

નં. એમએજી/સી/૪૩૪૫/૨૦૧૭.-પોલીસ અધિક્ષકશ્રી, ગીર સોમનાથ જિલ્લાના પત્ર ક્રમાંકઃ એસઓજી/એટીએમ/ચોકીયાત/ જાહેરનામુ/૧૦૧૪/૨૦૧૭, તા. ૨૬-૧૦-૨૦૧૭ ના પત્રથી જણાવેલ વિગતે ભુતકાળમા ગુજરાત રાજ્યમા વડોદરા, અમદાવાદ, કચ્છ જિલ્લાઓમાં રાષ્ટ્ર વિરોધી તત્વો, લુટારાઓ, ધાડપાડુઓની ગેંગો દ્વારા એટીએમ મશીનોની ચોરી કરી જવાના બનાવો બનવા બનેલ છે. તેમજ વેરાવળ શહેરમા પણ ભુતકાળમા એસ.બી.આઈ. બેન્કના એ.ટી.એમ.માંથી ગ્રાહકની નજર ચુકવી, એ.ટી.એમ. કાર્ડ લઈ જઈ અન્ય જગ્યાએથી રોકડ ઉપાડી લીધેલ હોવાનો ગુન્હો બનેલ છે. તેમજ વેરાવળ શહેરમા આઈ.ડી.બી.આઈ. બેન્કમાંથી નજર ચુકવી ગ્રાહકના નાણા લઈ ગયેલાનો બનાવ બનેલ છે. આવી ગેરકાયદેસરની પ્રવૃતિના કારણે નાગરીકોના જીવ જોખમાય છે, મિલ્કતોને હાની પહોંચે છે. નાગરીકોમાં અસુરક્ષાની ભાવના ઉભી થાય છે અને તંત્ર પ્રત્યે ધીમે ધીમે નાગરીકો વિશ્વાસ ગુમાવે છે. આ પ્રકારના ગુન્હાઓ આચરતા ગુન્હેગારને પકડવાનુ ઘણુ જ મુશ્કેલ બને પરંતુ આ પ્રકારના ગુન્હા આચરતા ગુન્હેગારોની તપાસ દરમ્યાન જે જગ્યાએ બેન્ક/એ.ટી.એમ. ઉપર ચોકીયાતો ન હોય તેમજ સી.સી.ટી.વી. કેમેરા લગાડેલા ન હોય તેવા એ.ટી.એમ. મશીનો ચોરી કરી લઈ ગયેલાના બનાવો બનવા પામેલ છે. જેથી એ.ટી.એમ. મશીન ઉપર ચોકીયાત રાખવા અત્યંત જરુરી છે.

લોકોને સુરક્ષા પુરી પાડવાના હેતુથી ગીર સોમનાથ જિલ્લામા આવેલ તમામ એ.ટી.એમ. મશીનો ઉપર ૨૪-કલાક રાઉન્ડ ધ કલોક ૩-શીફટમાં ચોકીયાતો મુકવા તથા એ.ટી.એમ. મશીનો/બેંકોમાં સી.સી.ટી.વી. (નાઈટ વીઝન વીથ હાઈડેફીનેશન) વીથ રેકોર્ડીંગ સીસ્ટમ કેમેરા રાખવા સંબંધેનુ જાહેરનામુ સી.આર.પી.સી. ૧૯૭૩ની કલમ-૧૪૪ તળે દિન-૬૦ માટે પ્રસિધ્ધ કરવા પોલીસ અધિક્ષકશ્રી, ગીર સોમનાથ જિલ્લો, વેરાવળ તરફથી દરખાસ્ત થઈ આવેલ છે.

ગીર સોમનાથ જિલ્લાના એ.ટી.એમ. મશીન/બેંકોમા રહેલ નાણાની સલામતી જળવાઈ રહે, એ.ટી.એમ. મશીનમાં ચોરી કરતા ગુન્હેગારોની ઓળખ મળી રહે, લોકોમા સલામતી જળવાઈ રહે, આવા ગુન્હાનુ પ્રમાણ ઘટે, જેથી પોલીસ અધિક્ષકશ્રી, ગીર સોમનાથ જિલ્લો, વેરાવળ તરફથી કરાયેલ દરખાસ્ત વ્યાજબી જણાય છે.

આથી હું, એચ. આર. મોદી, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ગીર સોમનાથ જિલ્લો, વેરાવળ ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨)ની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ સત્તાની રૂઈએ આથી હુકમ કરૂ છું કે,

(૧) ગીર સોમનાથ જિલ્લામા આવેલ તમામ બેંકોએ તેમના એ.ટી.એમ. ચેમ્બરની અંદરના ભાગે તથા એ.ટી.એમ.ના બહારના ભાગે અને બેંકમા પુરતી સંખ્યામાં સી.સી.ટી.વી. કેમેરા (નાઈટ વીઝન વીથ રેકોર્ડીંગ સીસ્ટમ) સાથેના ગોઠવી આ રેકોર્ડીંગનો ડેટા ૩૦-દિવસ સુધી રાખવો.

(૨) ગીર સોમનાથ જિલ્લામા આવેલ તમામ બેંકોના એ.ટી.એમ.ની બહારના ભાગે અને બેંકોમા ગાડીના નંબર દેખાય તે રીતે તેમજ ગાડીમાં ડ્રાયવર તેમજ તેની બાજુમાં બેઠેલ વ્યક્તિનું રેકોર્ડીંગ થઈ શકે તે રીતે વાહન અને વ્યક્તિની ઓળખ થઈ શકે તે મુજબ પુરતી સંખ્યામાં કેમેરા ગોઠવવા.

(૩) ગીર સોમનાથ જિલ્લામા આવેલ તમામ બેંકોના એ.ટી.એમ. મશીનો ઉપર ૨૪-કલાક ૩ શીફટમાં ચોકીદારો રાખવા.

(૪) સી.સી.ટી.વી. કેમેરા (નાઈટ વિઝન તથા હાઈ-ડેફીનેશનના) વીથ રેકોર્ડીંગ સીસ્ટમ પુરતી સંખ્યામા રાખવા અને વ્યકિત કે વાહન આઈડેન્ટીફાઈ થઈ શકે અને રાત્રી દરમ્યાન રેકોર્ડીંગ કરી શકે તેવા સારી કવોલીટીના અને ૩૦ દિવસ સુધી રેકોર્ડીંગ રહે તે રીતે ગોઠવવાના રહેશે.

આ હુકમ તા. ૧૯-૧૧-૨૦૧૭ થી તા. ૧૮-૦૧-૨૦૧૮ સુધી અમલમા રહેશે.

આ હુકમનો ભંગ કરનાર ભારતીય દંડ સંહીતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમની જાહેર જનતાને જાણ સંબંધીત કચેરીઓએ તેમના નોટીસ બોર્ડ પર, સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યા

ઉપર નકલ ચોટાડીને તથા માહિતી ખાતાએ વર્તમાન પત્રોમાં પ્રસિધ્ધી કરી કરવાની રહેશે.

આજ તારીખ : ૨૭ માહે ઓકટોબર, સને-૨૦૧૭ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે જાહેર જનતાની જાણ તથા અમલવારી માટે આ હુકમ પ્રસિધ્ધ કરવામાં આવ્યો.

ગીર સોમનાથ, ૨૭ માહે ઓકટોબર, સને ૨૦૧૭.

---

ગુજરાત પોલીસ અધિનિયમની
કલમ-૩૩ (૧)(બી) હેઠળનું

## જાહેરનામું

નં. : એમએજી/સી/૪૩૪૨/૧૭.-ગીર સોમનાથ જિલ્લાના વેરાવળ તાલુકાના પ્રભાસપાટણ મુકામે શ્રી સોમનાથ મંદિર આવેલ છે. આગામી તા. ૩૧-૧૦-૨૦૧૭ થી તા. ૦૪-૧૧-૨૦૧૭ દરમ્યાન પરંપરાગત રીતે પ્રભાસ પાટણ મુકામે, હોટલ સફારી સામેના ગ્રાઉન્ડમા કાર્તિકી પુર્ણીમાના મેળાનું આયોજન કરવામાં આવેલ છે. આ મેળામા બહોળી સંખ્યામા યાત્રીકો/ભાવીકો એકત્રીત થનાર હોય, યાત્રાળુઓની અવર-જવરના કારણે લોકોની સલામતી માટે, કોઈ અકસ્માતનો બનાવ બનવા ન પામે તે હેતુસર નીચેની વિગતે જાહેરનામુ બહાર પાડવા પોલીસ અધિક્ષકશ્રી, ગીર સોમનાથના પત્ર નં. સી/એલઆઈબી/કાર્તિકી પુર્ણીમા મેળા/ જા.ના./૧૦૧૬/૨૦૧૭, તા. ૨૬-૧૦-૨૦૧૭ થી દરખાસ્ત થઈ આવેલ છે.

(૧) ગુડલક સર્કલથી તમામ પ્રકારના વાહનો એક માર્ગીય રીતે વેણેશ્વર ચેકપોસ્ટ, ગૌરીકુંડ ચેકપોસ્ટ થઈ સોમનાથ ટ્રસ્ટના વાહન પાર્કિંગ સ્થળ ખાતે વાહનો પાર્ક કરવાના રહેશે.

(૨) ગૌરીકુંડ પાસેના સોમનાથ ટ્રસ્ટના વાહન પાર્કીંગ સ્થળમાં પાર્ક થયેલા વાહનો પર જતી વખતે પ્રજાપતિ ધર્મશાળા, અવધુતેશ્વર થઈ સફારી બાયપાસ રોડ ઉપરથી બહાર જઈ શકશે. આ રીતે આવક-જાવક બન્ને રસ્તાઓ વન-વે રહેશે.

(૩) ટુ-વ્હીલર વાહનો ગુડલક સર્કલથી વેણેશ્વર ખાતે થયેલ પાર્કિંગ સ્થળ સુધી જઈ શકશે.

(૪) ગૌરીકુંડ ચેક પોસ્ટથી હમીરજી સર્કલ (ત્રિવેણી સર્કલ) થી ગીતા મંદિર સુધી તમામ પ્રકારના વાહનોની અવર-જવર ઉપર પ્રતિબંધ મુકવો.

ઉકત થઈ આવેલ દરખાસ્ત ધ્યાને લેતા તે મુજબનું જાહેરનામુ પ્રસિધ્ધ કરવુ જરૂરી અને વ્યાજબી જણાય છે.

આથી હું, એચ. આર. મોદી, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ગીર સોમનાથ જિલ્લો, વેરાવળ, સને-૧૯૫૧ના ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૩૩ (૧) (બી) થી મને મળેલ અધિકારની રૂઈએ પ્રભાસ પાટણ મુકામે, હોટલ સફારી સામેના ગ્રાઉન્ડમા આયોજીત થનાર કાર્તિકી પુર્ણિમાના મેળા દરમ્યાન કાયદો અને વ્યવસ્થા જાળવવા તથા ટ્રાફીક નિયમન માટે ઉપર મુજબની ક્રમ નં. ૧ થી ૪ ની વિગતેનો પ્રતિબંધ ફરમાવવા આથી હુકમ કરું છુ.

એસ.ટી. બસ, મેડીકલ વાહનો, સરકારી ફરજ ઉપરના અન્ય વાહનો, ઓન ડયુટી અતી આવશ્યક સેવાના વાહનો અને અંતિમ વાહીનીને આ હુકમથી મુકિત આપવામા આવે છે.

સદરહુ જાહેરનામાંના કોઈપણ ખંડનો ભંગ કે ઉલ્લંઘન કરનારસને-૧૯૫૧ નાગુજરાતપોલીસઅધિનિયમનીકલમ-૧૩૧માં જણાવેલ શિક્ષાને પાત્ર ઠરશે.

આ હુકમ તા. ૩૧-૧૦-૨૦૧૭ ના કલાક ૦૮-૦૦ થી તા.૦૪-૧૧-૨૦૧૭ના કલાક ૨૪-૦૦ સુધી (બન્ને દિવસો સહિત) અમલમા રહેશે.

આ જાહેરનામું આજ તા. ૨૭ માહે ઓકટોબર, ૨૦૧૭ ના રોજ મારી સહી તથા કચેરીનો સિકકો કરી જાહેર જનતાની જાણ માટે પ્રસિધ્ધ કર્યુ.

વેરાવળ, ૨૭ માહે ઓકટોબર, સને ૨૦૧૭.

---

ફોજદારી કાર્યરીતિ આધિનિયમ-૧૯૭૩ની
કલમ-૧૪૪ હેઠળ કાઢેલ

## હુકમ

નં. : એમએજી/સી/૪૩૪૩/વાહન લે-વેચ/૨૦૧૭.-પોલીસ અધિક્ષકશ્રી, ગીર સોમનાથના પત્ર ક્રમાંક : એલઆઈબી/વાહન લે-વેચ/જા.ના./૧૦૧૫/૧૭, તા. ૨૬-૧૦-૨૦૧૭ થી રજુ થયેલ વિગતો મુજબ ગુજરાત રાજ્ય સહિત સમગ્ર દેશમા છેલ્લા કેટલાક સમયથી આતંકવાદી/ભાંગફોડીયા તત્વો દેશના અલગ અલગ રાજ્યોમાં આતંક ફેલાવવાના હેતુથી રજીસ્ટર્ડ ન થતા હોય તેવા સાયકલ/મોપેડ તથા અન્ય વાહનોનો ઉપયોગ કરતા હોવાનું જણાયેલ છે. આતંકવાદી કૃત્યમા આવા વાહનનો ઉપયોગ થયા બાદ આવા વાહનોની કોઈ નોંધણી ન હોવાના કારણે તેના મુળ માલીક સુધી પહોંચવાનું તપાસ એજન્સી/પોલીસ માટે ખુબ જ મુશ્કેલી બનતું હોય છે. મહદઅંશે આવા વાહનોના વેચાણ વખતે અથવા જુના વાહનોની લે-વેચ કરતી વખતે તેમજ આવા વાહનો ભાડે આપતી વખતે વેપારીઓ ખરીદનાર/ગ્રાહક પાસેથી ઓળખના પુરાવા મેળવ્યા વગર વાહનોનું વેચાણ કરતા હોય છે, લે-વેચ કરતા હોય છે કે ભાડે આપતા હોય છે. તાજેતરમા છેલ્લા થોડાક વર્ષોથી દેશના મોટા શહેરોમાં બનેલ અમુક બનાવોથી જણાય છે કે ત્રાસવાદી/અસામાજીક તત્વો આવા રજીસ્ટર્ડ ન થતા હોય તેવા સાયકલ/મોપેડ/અન્ય વાહનો ખરીદી કે ભાડે મેળવી જાહેર સલામતી અને શાંતિનો ભંગ કરે તેમજ માનવ જીંદગીની ખુમારી થાય અને લોકોની સંપતિને નુકશાન પહોંચે તેવી કોશીષ કરી રહયા છે.

બહારના રાજ્યોમાંથી અગર દેશ બહારથી આવતા આવા તત્વો રજીસ્ટર્ડ ન થતા હોય તેવા સાયકલ/મોપેડ/અન્ય વાહનો ખરીદી/લે-વેચ અથવા ભાડેથી મેળવી સ્થાનિક પરિસ્થિતિથી માહિતગાર થઈને તેઓની ત્રાસવાદી પ્રવૃતિઓને અંજામ આપતા હોય છે. જેથી રજીસ્ટર્ડ ન થતા હોય તેવા સાયકલ/મોપેડ/અન્ય વાહનોનું વેચાણ કરનાર તથા આવા જુના વાહનોની લે-વેચ કરનાર

તથા આવા વાહનો ભાડે આપનાર વેપારીઓ ઉપર નિયંત્રણો મુકવા જરૂરી જણાય છે. જેથી પોલીસ અધિક્ષકશ્રી, ગીર સોમનાથ જિલ્લો, વેરાવળ તરફથી રજુ થયેલ દરખાસ્ત મુજબનુ જાહેરનામુ પ્રસિધ્ધ કરવુ ઉચિત જણાય છે.

આથી હું, એચ. આર. મોદી, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટી, ગીર સોમનાથ જિલ્લો, વેરાવળ, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ ના કાયદાની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ સત્તાની રૂઈએ આથી હુકમ કરૂ છું કે, સમગ્ર ગીરસોમનાથ જિલ્લાના વિસ્તારમાં રજીસ્ટર્ડ ન થતા હોય, તેવા સાયકલ/મોપેડ/અન્ય વાહનોનું વેચાણ કરનાર, આવા વાહનોની લે-વેચ કરનાર તથા આવા વાહનો ભાડે આપનાર વેપારીઓ જ્યારે જ્યારે આવા વાહનોની લે-વેચ કરે કે આવા વાહનો ભાડે આપે ત્યારે જે તે વ્યક્તિને આવું વાહન વેચાણ કરેલ હોય, આવુ વાહન ખરીદેલ હોય અથવા તો જે વ્યકિતને ભાડે આપેલ હોય તેવી વ્યકિત પાસેથી માહિતી/આધાર પુરાવા તેમજ ઓળખ મેળવીને નિયત નમુના પ્રમાણેના રજીસ્ટર્ડની નિભાવણી કરવાનો આથી હુકમ કરવામા આવે છે. તેમજ જરૂરી જણાયે સક્ષમ અધિકારી માંગે ત્યારે તેઓને વિગતો પુરી પાડવાની રહેશે.

આ હુકમ બહાર પડયા તારીખથી દિન-૬૦ સુધી અમલમા રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ જાહેરનામું જાહેર વિસ્તારોમાં સહેલાઈથી દેખી શકાય તેવી રીતે તેની નકલ ચોંટાડીને તેમજ સ્થાનીક વર્તમાનપત્રોમાં બહોળી પ્રસિધ્ધી આપીને પ્રસિધ્ધ કરવાનું આથી હું ફરમાવું છું.

આજ તારીખ : ૨૭ માહે ઓકટોમ્બર, સને-૨૦૧૭ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા કરી જાહેરનામું બહાર પાડેલ છે.

ગીર સોમનાથ, ૨૭ માહે ઓકટોમ્બર, સને ૨૦૧૭.

---

## ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ તળેનુ

## જાહેરનામુ

નં. : એમએજી/સી/૪૩૪૬/૨૦૧૭.-પોલીસ અધિક્ષકશ્રી, ગીર સોમનાથના પત્ર ક્રમાંક : એલઆઈબી/મોબાઈલ/લે-વેચ/જાહેરનામું/૧૦૧૩/૨૦૧૭, તા. ૨૬-૧૦-૨૦૧૭ ના પત્રથી રજુ થયેલ દરખાસ્તની વિગતે રાજયમા અને જિલ્લામા બનતા ગુન્હાઓમા મોબાઈલ ફોનનો ઉપયોગ થાય છે, તેમજ મોબાઈલ ચોરીના ગુન્હાઓનુ પ્રમાણ વધવા પામ્યુ છે. આવા ગુન્હાઓ શોધી કાઢવા માટે ગુન્હામા વપરાયેલ અથવા ગયેલ મોબાઈલ ફોનના IMEI નંબરનુ ટ્રેકીંગ કરીને ગુન્હાના મુળ સુધી પહોચવા પ્રયત્નો કરવામા આવે છે. ઘણી વખત મોબાઈલ ફોન વપરાશકર્તા સુધી પહોંચવામાં આવે ત્યારે જાણવા મળે કે તેમણે કોઈ અજાણ્યા માણસ પાસેથી મોબાઈલ ખરીદેલ છે. જે મોબાઈલ વેચનાર/ખરીદનારને ચોરાયેલ અથવા ગુન્હામાં વપરાયેલ હોવાની માહીતી હોતી નથી. આવા ગુન્હાઓના મુળ સુધી પહોંચી સાચા આરોપીને શોધી કાઢવા માટે જુના મોબાઈલ લે-વેચ કરનાર વેપારીએ મોબાઈલ લેતા પહેલા મોબાઈલ વેચનારનુ તથા જુના મોબાઈલ લેતી વખતે મોબાઈલ ખરીદનારનુ ઓળખ અંગેનુ પુરુ નામ, સરનામુ નોંધવુ ફરજીયાત બનાવવા તથા જુના મોબાઈલ વેચતા, ખરીદતા વેપારી દ્વારા નિયત રજીસ્ટર નિભાવવામાં આવે તે માટેનુ જાહેરનામુ બહાર પાડવા પોલીસ અધિક્ષકશ્રી, ગીર સોમનાથ જિલ્લા, વેરાવળ તરફથી દરખાસ્ત રજુ કરાયેલ છે.

ગીર સોમનાથ જિલ્લામા બનતા ગુન્હાઓમા વપરાતા મોબાઈલ તેમજ મોબાઈલ ચોરીના ગુન્હાઓમાં જુના મોબાઈલ ખરીદ/વેચાણ કરતા વેપારીઓ તરફથી આવા મોબાઈલ તથા વાહનો ખરીદતા/વેચતા વ્યક્તિની માહીતી મળી રહે તેમજ ગુન્હાના મુળ સુધી પહોચી સાચા આરોપીને પકડી શકાય તેમજ આવા બનતા ગુન્હાઓ નિવારી શકાય તે માટે પોલીસ અધિક્ષકશ્રી, ગીર સોમનાથ વેરાવળ તરફથી કરાયેલ દરખાસ્ત વ્યાજબી જણાય છે.

આથી હું, એચ. આર. મોદી, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ગિર સોમનાથ જિલ્લો, વેરાવળ, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ સત્તાની રૂઈએ આથી હુકમ કરૂ છું કે, ગીર સોમનાથ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં જુના કે નવા મોબાઈલ લેનાર/વેચનાર વેપારીએ કોઈપણ વ્યક્તિઓની પુરતી ખરાઈ ઓળખકાર્ડ અથવા ઓળખપત્ર વગર જુના મોબાઈલ લઈ શકશે નહી કે વેચી શકશે નહી તથા જુના કે નવા મોબાઈલ ખરીદતી અને વેચતી વખતે નિયત નમુનાનુ રજીસ્ટર નિભાવવાનુ રહેશે અને તેમા વિગતો નોંધવાની રહેશે.

આ હુકમ બહાર પડયા તારીખથી દિન-૬૦ સુધી અમલમા રહેશે.

આ જાહેરનામાનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહીતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમની જાહેર જનતાને જાણ સંબંધીત કચેરીઓએ તેમના નોટીસ બોર્ડ પર, સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યા ઉપર નકલ ચોટાડીને તથા માહિતી ખાતાએ વર્તમાન પત્રોમાં પ્રસિધ્ધી કરી કરવાની રહેશે. ગુજરાત પોલીસ એકટની કલમ-૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજ તા. ૨૭ મી માહે ઓકટોમ્બર, સને-૨૦૧૭ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે જાહેર જનતાની જાણ તથા અમલવારી માટે આ હુકમ પ્રસિધ્ધ કરવામા આવ્યો.

ગીર સોમનાથ, ૨૭ માહે ઓકટોમ્બર, સને ૨૦૧૭.

---

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની
કલમ-૧૪૪ હેઠળ કાઢેલ

**હુકમ**

નં. એમએજી/સી/૪૩૪૭/૨૦૧૭.-પોલીસ અધિક્ષકશ્રી, ગીર સોમનાથ જિલ્લો, વેરાવળના પત્ર ક્રમાંક : એલઆઈબી/લેબર કોન્ટ્રા./જા.નામુ/૧૦૧૨/૧૭, તા. ૨૬-૧૦-૨૦૧૭ ના પત્રથી રજુ થયેલ વિગતો મુજબ ગીર સોમનાથ જિલ્લામા વેરાવળ મુકામે રેયોન ફેકટરી, સુત્રાપાડા મુકામે જી.એચ.સી.એલ. અને સિધ્ધિ સિમેન્ટ ફેકટરી, કોડીનાર મુકામે અંબુજા ફેકટરી તથા સ્યુગર ફેકટરી જેવા ઔદ્યોગીક એકમો આવેલા છે. તેમજ ગીર સોમનાથ જિલ્લામાંથી નેશનલ હાઈવે નં.-૮(ઈ) પસાર થાય છે. જે રોડ ઉપર હાઈવે ઓથોરીટી દ્વારા તથા માર્ગ અને મકાન વિભાગ દ્વારા રોડના તથા અન્ય બાંધકામના કામોમા અન્ય રાજોયમાથી મજુરો લાવી તેમનુ મજુરી કામમા ઉપયોગ કરવામા આવે છે. જે મજુરો, મજુર ઠેકેદારો તથા સપ્લાયર્સ/કોન્ટ્રાકટરો દ્વારા લાવવામા આવે છે. તેમજ આ જિલ્લામા મિલ્કત વિરૂધ્ધના ગુન્હાઓ બનતા હોય અને આવા ગુન્હાઓની તપાસના અનુસંધાને મોટાભાગના કિસ્સાઓમા જાણવા મળેલ છે કે, ગુજરાત બહારના રાજયોમાથી આવેલા પરપ્રાંતિય મજુરો પ્રાથમિક ધોરણે રોડ ઉપર ખાડા ખોદવાના તેમજ ઔદ્યોગીક એકમોમા મજુરી કામ મેળવી સ્થાનીક પરિસ્થિતિથી માહિતગાર થઈ મોટી ઘરફોડ ચોરી, લુંટ તથા અન્ય મિલ્કત વિરૂધ્ધના ગુન્હાઓ આચરી પરત પોતાના વતનમા જતા રહેતા હોય, આવા ગુન્હા વણ શોધાયેલા રહે છે. જેથી માન. મુખ્યમંત્રીશ્રી, ગુજરાત રાજ્યના તા. ૦૮-૦૭-૨૦૧૪ ના રોજ બ્રિફીંગ મિટીંગમા આપવામા આવેલ સુચના મુજબ સમગ્ર ગીર સોમનાથ જિલ્લામાં આવેલ ઔદ્યોગીક એકમો તથા અન્ય જગ્યાઓએ પરપ્રાંતના (ગુજરાત રાજય બહારના) મજુરોને કામે રાખનાર મજુર ઠેકેદારો તથા સપ્લાયર્સ/કોન્ટ્રાકટર્સ જયારે આવા મજુરોને કામે રાખે ત્યારે નિયત કરેલ ફોર્મમા માહિતી જે તે પોલીસ સ્ટેશનમા પુરી પાડે તે અંગેનુ જાહેરનામુ પ્રસિધ્ધ કરવા દરખાસ્ત કરાયેલ છે.

ગીર સોમનાથ જિલ્લો વિશાળ દરીયા કિનારો ધરાવે છે જિલ્લામાં પવિત્ર યાત્રાધામ સોમનાથ આવેલા છે, આ સિવાય જિલ્લામાં પ્રવાસ-પર્યટનના તથા ધાર્મિક ઘણા સ્થળો આવેલા છે. જયાં વિશાળ પ્રમાણમાં દેશ-વિદેશના પ્રવાસીઓ યાત્રાળુઓ આવે છે આજ રીતે જિલ્લામાં આવેલ ઔદ્યોગીક એકમોમાં પરપ્રાંતના માણસો કામ ધંધા અર્થે આવે છે આવા સંજોગોમાં જાહેર જનતાની સલામતી તથા સુરક્ષા માટે તકેદારીના પગલા લેવા આવશ્યક જણાતા હોય પોલીસ અધિક્ષકશ્રી, ગીર સોમનાથ જિલ્લો, વેરાવળ તરફથી કરાયેલ દરખાસ્ત વ્યાજબી જણાય છે.

આથી હું, એચ. આર. મોદી, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ગીર સોમનાથ જિલ્લો, વેરાવળ ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨)ની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ સત્તાની રૂઈએ આથી હુકમ કરૂ છું કે, ગીર સોમનાથ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં કોઈ પરપ્રાંતના (ગુજરાત રાજય બહારના) મજુરોને કામે રાખનાર મજુર ઠેકેદારો, કોન્ટ્રાકટર, સપ્લાયર્સ તથા અન્ય કોઈ મજુરો કામે રાખનારાઓએ આવા મજુરોને કામે રાખે ત્યારે નિયત નમુનાના ફોર્મમા માહિતી ભરપાઈ કરી સબંધીત પોલીસ સ્ટેશન ખાતે પુરી પાડવાની રહેશે.

આ હુકમ બહાર પડયા તારીખથી દિન-૬૦ સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય દંડ સંહીતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમની જાહેર જનતાને જાણ સંબંધીત કચેરીઓએ તેમના નોટીસ બોર્ડ પર, સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યા ઉપર નકલ ચોટાડીને તથા માહિતી ખાતાએ વર્તમાન પત્રોમાં પ્રસિધ્ધી કરી કરવાની રહેશે. બોમ્બે પોલીસ એકટની કલમ-૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજ તારીખ : ૨૭ મી, માહે ઓકટોમ્બર, ૨૦૧૭ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે જાહેર જનતાની જાણ તથા અમલવારી માટે આ હુકમ પ્રસિધ્ધ કરવામાં આવ્યો.

ગીર સોમનાથ, ૨૭ માહે ઓકટોમ્બર, સને ૨૦૧૭.

---

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની
કલમ-૧૪૪ હેઠળ કાઢેલ

**હુકમ**

નં. એમએજી/સી/૪૩૪૮/૨૦૧૭.-પોલીસ અધિક્ષકશ્રી ગીર સોમનાથ વેરાવળના પત્ર ક્રમાંક : એલઆઈબી/એસટીડી-પીસીઓ/જાહેરનામુ/૧૦૧૧/૧૭, તા. ૨૬-૧૦-૨૦૧૭ ના પત્રથી રજુ થયેલ વિગતો મુજબ ગીર સોમનાથ જિલ્લો કોસ્ટલ એરીયા ધરાવતો જિલ્લો છે અને બાર જ્યોર્તિલીંગમાનુ એક સુપ્રસિધ્ધ સોમનાથ મંદિર ગીર સોમનાથ જિલ્લામા આવેલ છે. તેમજ સુપ્રસિધ્ધ ધાર્મિક સ્થળ ત્રિવેણી સંગમ, દેહોત્સર્ગ, ગીતા મંદિર ગીર સોમનાથ જિલ્લામા આવેલ છે. આ ધાર્મિક સ્થળોએ બહોળા પ્રમાણમા માણસો દર્શનાર્થે આવતા હોય છે. તેમજ આ જિલ્લામા સુત્રાપાડા ખાતે જી.એચ.સી.એલ. તથા કોડીનાર ખાતે અંબુજા સિમેન્ટ ફેકટરી આવેલ છે અને વેરાવળ ખાતે ઈન્ડીયન રેયોન ફેકટરી પણ આવેલ છે. ગીર સોમનાથ જિલ્લાની શરહદે જુનાગઢ, પોરબંદર, અમરેલી જિલ્લાઓ તેમજ કેન્દ્રશાષીત પ્રદેશ દિવ આવેલ છે. અને કોસ્ટલ/નેશનલ હાઈવે તથા સ્ટેટ હાઈવે સાથે ગીર સોમનાથ જિલ્લો જોડાયેલ છે.

અગાઉ ગુજરાત રાજયમાં સ્થાનિક એસ.ટી.ડી./પી.સી.ઓ. ઉપરથી બનાવટી કોલ (ફેઈલ કોલ) દ્વારા ધમકી આપવાના ખંડણી માંગવાના, અપશબ્દો બોલવાના, મહીલાઓની જાતીય સતામણી કરવાના, ખોટી માહીતી આપવાના વગેરે કિસ્સાઓ બનેલ છે. જેથી પોલીસની કામગીરી વધી રહેલ છે. ગેરકાયદેસર બનાવોની પ્રવૃતિના કારણે નાગરીકોમાં અસુરક્ષાની ભાવના ઉભી થાય છે અને તંત્ર પ્રત્યે નાગરિકો ધીમે-ધીમે વિશ્વાસ ગુમાવે છે. આ પ્રકારના ગુનાઓ આચરતા ગુન્હેગારોને પકડવાનું ઘણુ જ મુશ્કેલ બને પરંતુ

આ પ્રકારના ગુન્હાઓ આચરતા ગુન્હેગારોની તપાસ દરમ્યાન જે જગ્યાએ એસ.ટી.ડી./પી.સી.ઓ. ધારકો કોલની આઈડેન્ટીટી ચકાસતા ન હોય તેમજ કોલ ડીટેઈલની નામ, સરનામાની માહીતીનું રજીસ્ટર રાખતા ન હોય ત્યા બનવા પામેલ છે. લોકોના જાનમાલની રક્ષા કરવી તે તંત્રની ફરજ છે. જેથી ગીર સોમનાથ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની જાળવણીના હેતુસર તમામ એસ.ટી.ડી./પી.સી.ઓ ધારકોએ કોલરની આઈડેન્ટીટી ચકાસવા તેમજ કોલ ડીટેઈલની નામ અને સરનામાની માહિતીનું રજીસ્ટર નિભાવવા નોટીફીકેશન હોવું અત્યંત જરૂરી છે. જેના પરીણામે સ્થાનિક એસ.ટીડી./પી.સી.ઓ. ઉપરથી બનાવટી કોલ (ફેઈક કોલ) દ્વારા ધમકી આપવાના, ખંડણી માંગવાના, અપશબ્દો બોલવાના, મહીલાઓની જાતિય સતામણી કરવાના, ખોટી માહીતી આપવાના કિસ્સાઓ બનતા અટકશે અને આવા કિસ્સો બનતા ગુન્હેગારને પકડવામાં સરળતા રહેશે. જેથી ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ લોકોને સુરક્ષા પુરી પાડવાના હેતુથી ગીરસોમનાથ જિલ્લામાં આવેલ તમામ એસ.ટી.ડી./પી.સી.ઓ. ધારકોએ કોલરની આઈડેન્ટીટી ચકાસવા તેમજ કોલ ડીટેઈલની નામ, સરનામાની માહીતી રજીસ્ટર રાખવા અંગેનું દિન-૬૦ નું જાહેરનામુ પ્રસિધ્ધ કરવા પોલીસ અધિક્ષકશ્રી, ગીર સોમનાથ જિલ્લો વેરાવળ તરફથી દરખાસ્ત રજુ કરાયેલ છે.

ગીર સોમનાથ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે, લોકોમાં સલામતીની ભાવના જળવાઈ રહે, તેમજ બનાવટી કોલ કરનાર ગુન્હેગારોની ઓળખ મળી રહે, આવા ગુન્હાનુ પ્રમાણ ઘટે, લોકોને સુરક્ષા પુરી પાડવાના હેતુસર પોલીસ અધિક્ષકશ્રી, ગીર સોમનાથ તરફથી કરાયેલ દરખાસ્ત વ્યાજબી જણાય છે.

આથી હું, એચ. આર. મોદી, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ગીર સોમનાથ જિલ્લો, વેરાવળ ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ સત્તાની રૂઈએ આથી હુકમ કરૂં છું કે, ગીરસોમનાથ જિલ્લા ના સમગ્ર વિસ્તારમાં આવેલ એસ.ટી.ડી./પી.સી.ઓ. ધારકોએ કોલરની આઈડેન્ટીટી ચકાસવી અને કોલ ડીટેઈલના નામ, સરનામાનું રજીસ્ટર નિભાવવાનું રહેશે. તેમજ સલામતી વિષયક બાબતો સંભાળતી પોલીસ સહીતની કોઈ એજન્સી આવા રજીસ્ટરની માંગણી કરે ત્યારે બનતી ત્વરાએ ઉપલબ્ધ કરવાનું રહેશે.

આ હુકમ બહાર પાડયા તારીખથી દિન-૬૦ સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહીતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમની જાહેર જનતાને જાણ સંબંધીત કચેરીઓએ તેમના નોટીસ બોર્ડ પર, સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યા ઉપર નકલ ચોટાડીને તથા માહિતી ખાતાએ વર્તમાન પત્રોમાં પ્રસિધ્ધી કરી કરવાની રહેશે.

આજ તારીખ : ૨૭ માહે ઓકટોમ્બર, સને-૨૦૧૭ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે જાહેર જનતાની જાણ તથા અમલવારી માટે આ હુકમ પ્રસિધ્ધ કરવામાં આવ્યો.

ગીર સોમનાથ, ૨૭ માહે ઓકટોમ્બર, સને ૨૦૧૭.

ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૩૩(૧)-ભ અન્વયે

## જાહેરનામુ

ક્રમાંક : એમએજી/સી/દિવાળી/૧૫૦૧/૧૭.-પોલીસ અધિક્ષકશ્રી, ગીર સોમનાથના પત્ર ક્રમાંક : સી/એલઆઈબી/જાહેરનામુ/૧૦૮૦/૧૭, તા. ૧૪-૧૦-૨૦૧૭ થી રજુ થયેલ વિગતો મુજબ ગીર સોમનાથ જિલ્લામાં ચાલુ વર્ષ તા. ૧૭-૧૦-૨૦૧૭ થી તા. ૨૧-૧૦-૨૦૧૭ સુધી ધનતેરસ, રૂપચૌદશ, દિવાળી, નુતનવર્ષ, ભાઈબીજ તથા તા. ૩૧-૧૦-૨૦૧૭ ના રોજ દેવદિવાળીના તહેવારો દરમ્યાન ફોડવામાં આવતા ફટાકડા-દારૂખાનાથી આગ લાગવાના તેમજ રાહદારીઓને દાઝવાના કે અકસ્માતો થવાનો પુરો સંભવ હોય, જેથી જાહેર જનતાની સુલેહ શાંતિ અને સલામતી જોખમાય નહીં તે માટે આગામી દિવાળીના તહેવારો દરમ્યાન ગીર સોમનાથ જિલ્લામાં જાહેર રસ્તાઓ ઉપર તથા આનંદ પ્રમોદના સ્થળો તેમજ ગલીઓમાં, મકાનોમાં તેમજ ટ્રાફીકની અવર-જવર વાળા જાહેર માર્ગો ઉપર કે મેઈન ચોકમાં તથા ઈલેકટ્રીકના સબ સ્ટેશન થાંભલાની નજીક આવતા ૫૦ ચોરસ ફુટની અંદર ફટાકડા દારૂગોળો ફોડવાનો કે આતશબાજીના કારણે આગ લાગવાના કે દાજી જવાના બનાવોની સંભાવના હોય, સ્થાવર/જંગલ, સરકારી બિનસરકારી મિલ્કતોને નુકસાન થવાની સંભાવના હોય, જેથી કાયદો અને વ્યવસ્થા જાળવવા સારૂ ગીર સોમનાથ જિલ્લાના ઉકત સમગ્ર વિસ્તારમાં તા. ૧૭-૧૦-૨૦૧૭ થી તા. ૨૧-૧૦-૨૦૧૭ સુધી તા. ૩૧-૧૦-૨૦૧૭ ના રોજ તમામ પ્રકારના ફટાકડા ફોડવા પર પ્રતિબંધ ફરમાવવા પોલીસ અધિક્ષકશ્રી તરફથી દરખાસ્ત રજુ થયેલ છે.

ઉપરોક્ત દરખાસ્ત વ્યાજબી જણાતી હોય, હું, એચ. આર. મોદી, જી..એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ગીર સોમનાથ જિલ્લો, વેરાવળ સને-૧૯૫૧ ના ગુજરાત પોલીસ અધિનિયમ-આંક-૨૨ ની કલમ-૩૩(૧)(ભ) અન્વયે મળેલ સત્તાની રૂએ તા. ૧૭-૧૦-૨૦૧૭ થી તા. ૨૧-૧૦-૨૦૧૭ સુધી (બન્ને દિવસો સહીત) તથા તા. ૩૧-૧૦-૨૦૧૭ના રોજ સમગ્ર ગીર સોમનાથ જિલ્લામાં જાહેર રસ્તાઓ ઉપર તથા આનંદ પ્રમોદના સ્થળો તેમજ ગલીઓમાં, મકાનોમાં તેમજ ટ્રાફીકની અવર-જવર વાળા જાહેર માર્ગો ઉપર કે મેઈન ચોકમાં તથા ઈલેકટ્રીકના સબ સ્ટેશન અને થાંભલાની નજીક આવતા ૫૦ ચોરસ ફુટની અંદર ફટાકડા/દારૂગોળો ફોડવાનો કે આતશબાજી પર પ્રતિબંધ ફરમાવું છું.

આ જાહેરનામાનો ભંગ કે ઉલ્લંઘન કરનારને ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧માં જણાવેલ શિક્ષાને પાત્ર રહેશે.

આજ તા. ૦૦ મી માહે ઓકટોબર, સને-૨૦૧૭ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા કરી જાહેર જનતાની જાણ તથા અમલ થવા માટે પ્રસિધ્ધ કર્યું.

જુનાગઢ, ૦૦ માહે ઓકટોબર, સને-૨૦૧૭.

---

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની
કલમ-૧૪૪ હેઠળ કાઢેલ

## હુકમ

નં. એમએજી/સી/૪૨૨૨/૨૦૧૭.-જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, ગીર સોમનાથનાના પત્ર ક્રમાંક : શિ.નિ./પરીક્ષા/ઓકટોબર-૧૭/ તા. ૧૨-૧૦-૨૦૧૭ થી રજુ થયેલ દરખાસ્તની વિગતે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા આગામી તા. ૨૫-૧૦-૨૦૧૭ થી તા. ૦૬-૧૧-૨૦૧૭ સુધી ધો-૧૨ સામાન્ય પ્રવાહની પરીક્ષા લેવાનાર છે. આ પરીક્ષા દરમ્યાન કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે માટે જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, ગીર સોમનાથ દ્વારા પરીક્ષા સ્થળોની આસપાસ જરૂરી પ્રતિબંધાત્મક જાહેરનામુ બહાર પાડવા જણાવવામાં આવેલ છે.

ઉપરોક્ત પરીક્ષા પરીક્ષાર્થીઓ અસામાજીક તત્વોના ત્રાસ/ભય વિના આપી શકે તથા બિલ્ડીંગ કંડકટરશ્રીઓ અસામાજીક તત્વોના ત્રાસ/ભય વીના જાહેર પરિક્ષાનું સંચાલન કરે તે જરૂરી છે. તેમજ આ પરીક્ષા દરમ્યાન ચોરીઓના દુષણના કારણે પરીક્ષાર્થીઓના ભાવી પર અસર ન પડે તે માટે કોપીરાઈટ/ડુપ્લીકેટ પ્રશ્નપત્રો કે તેના ઉત્તરો કોપીઈંગ મશીન દ્વારા ન થાય તથા તે પરીક્ષાખંડમાં ન પહોંચે તે માટે પણ પ્રતિબંધનાત્મક આદેશો કરવા આવશ્યક છે.

આથી હું, એચ. આર. મોદી, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ગીર સોમનાથ જિલ્લો, વેરાવળ, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ ની કલમ-૧૪૪ મુજબ મને મળેલ અધિકારની રૂઈએ જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, ગીર સોમનાથએ નક્કી કર્યા મુજબના પરિક્ષા તથા બિલ્ડીંગોના વિસ્તારમાં તા. ૨૫-૧૦-૨૦૧૭ થી તા. ૦૬-૧૧-૨૦૧૭ સુધી ઉપરોકત પરીક્ષા દરમ્યાન નીચે મુજબના કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

(૧) પરીક્ષા કેન્દ્રોની આસપાસ ૨૦૦ મીટરના વિસ્તારમાં કોઈપણ માર્ગ ઉપર, ચોકમાં કે ગલીઓમાં ચાર કરતા વધારે લોકોએ એકઠા થવું નથી. સરઘસો કાઢવા નહીં તેમજ સુત્રો પોકારવા નહી.

(૨) પરીક્ષા કેન્દ્રોના સ્થળે પરીક્ષા દરમ્યાન ઝેરોક્ષ સેન્ટરો બંધ રાખવા તેમજ કોપી રાઈટ કે ડુપ્લીકેટ પ્રશ્નપત્રો કે તેના જવાબોની કોપીઈંગ મશીન દ્વારા કોઈએ કોપી કરવી નહી.

(૩) પરીક્ષાર્થીઓ, શિક્ષકો, સંચાલકો, વહીવટી કર્મચારીઓ, જાહેર જનતા કે ફરજ ઉપરના તમામ પ્રકારના સરકારી નોકરોએ પરીક્ષા સબંધી ચોરી ગણાય તેવી કોઈ વસ્તુ અથવા ઈલેટ્રોનીક આઈટમ જેવી કે મોબાઈલ ફોન, પેજર, કેલ્કયુલેટર વિગેરે, પુસ્તક, કાપલી, ઝેરોક્ષ નકલો પરીક્ષા સ્થળમાં લઈ જવા નહી કે તનુ વહન કરવુ નહી કે કરવા મદદગારી કરવી નહી. તેમ જ તેવી કોઈ પણ વસ્તુ રાખી પરીક્ષા સ્થળમાં પ્રવેશવુ નહી.

(૪) પરીક્ષાર્થી ઉમેદવાર અને પરીક્ષા સબંધીત કામગીરીમાં રોકાયેલા ફરજ પરના અધિકૃત માણસો સિવાય અન્ય કોઈ બિનઅધિકૃત માણસોએ ઉપરોકત પ્રતિબંધીત વિસ્તારમાં દાખલ થવું નહી.

(૫) પરીક્ષા ખંડમાં શાન્તીપુર્ણ રીતે પરીક્ષા આપતા પરીક્ષાર્થીઓને અન્ય કોઈ વ્યક્તી અથવા પરીક્ષાર્થીએ જાતે પરીક્ષામાં ચોરી કરીને/કરાવીને/કરવામાં મદદગારી કરીને અથવા ચોરી ગણાય તેવા કોઈ સાહીત્યની આપ-લે કરીને/કરાવીને ત્રાસ અથવા ખલેલ અથવા ભય પહોચે તેવુ કૃત્ય કરવું નહી.

**આ હુકમ નીચેનાને લાગુ પડશે નહી.**

(૧) પોતાના અંગત ઉપયોગ માટે કોપીઈંગ મશીનનો વપરાશ કરતી વ્યકિતઓને.

(૨) ફરજની રૂઈએ જે કર્મચારીને મુકિત આપવામાં આવી હોય તેવી વ્યકિતઓને એકત્રીત થવાની જોગવાઈ લાગુ પડશે નહી.

(૩) લગ્નનો વરઘોડો કે અંતિમયાત્રાને આ હુકમ લાગુ પડશે નહી.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત સામે ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ હેઠળ પગલા લેવાની કાર્યવાહી કરવામાં આવશે અને ગૂન્હો સાબિત થયે એક માસની સાદી કેદ અથવા રૂા. ૨૦૦/- નો દંડ અથવા બંનેની સજા થઈ શકશે.

આજ તા. ૧૭-૧૦-૨૦૧૭ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી જાહેર જનતાની જાણ તથા અમલવારી માટે પ્રસિધ્ધ કર્યુ.

ગીર સોમનાથ, ૧૭ માહે ઓકટોબર, સને ૨૦૧૭.

**એચ. આર. મોદી,**
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
ગીર સોમનાથ જિલ્લો,
વેરાવળ.

---

## જાહેરનામું

નં. ડી.એમ.-૧/ફા.બટ/ઈ.નં. ૪૪૦૩૩/૨૦૧૭.-ભાવનગર જિલ્લાના શિહોર ગામની સર્વે નં. ૨૮૨ની શિહોર-ટાણા રોડની દક્ષિણ બાજુએ આવેલ જમીન કે જેનો ઉપયોગ હાલ પોલીસ તંત્ર દ્વારા ફાયરીંગ બટ માટે થાય છે. આ ફાયરીંગ બટ ખાતે આગામી તા. ૨૩-૧૦-૨૦૧૭ થી તા. ૦૪-૧૧-૨૦૧૭ દરમ્યાન ભાવનગર જિલ્લાના પોલીસ કર્મચારીનો વાર્ષિક ફાયરીંગ પ્રોગ્રામનું આયોજન કરવામાં આવેલ છે. જે સંદર્ભે શિહોરના સર્વે નં. ૨૮૨ માં ફાયરીંગ બટના સ્થળની પેરીફેરીથી આજુબાજુના ૧૦૦ મીટર સુધીના વિસ્તારમાં તકેદારીના પગલા રૂપે જાહેરનામું બહાર પાડવા પોલીસ અધિક્ષકશ્રી, ભાવનગરની કચેરીના પત્ર નં. ૬૫/સીબી-૫/ ૨૪૩૬/૨૦૧૭, તા. ૧૭-૧૦-૨૦૧૭ થી દરખાસ્ત રજુ થયેલ છે. જે દરખાસ્ત મુજબનું જાહેરનામું બહાર પાડવું જરૂરી જણાય છે.

સબબ જાનમાલની સલામતી ખાતર ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(ફ)થી મળેલ અધિકારીની રૂઈએ હું, ઉમેશ વ્યાસ, (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ભાવનગર જિલ્લો, ભાવનગર આથી ફરમાવું છું કે, શિહોર ગામના સર્વે નં. ૨૮૨, શિહોર-ટાણા રોડની દક્ષિણ દિશાએ ફાયરીંગ બટનું ક્ષેત્રફળ હેકટર ૨-૧૯-૫૩ આરે માં આવેલ છે. તે સ્થળ તથા તેની

પેરીફેરીથી આજુબાજુના ૧૦૦ મીટર સુધીના વિસ્તારમાં આગામી તા. ૨૩-૧૦-૨૦૧૭ થી તા. ૦૪-૧૧-૨૦૧૭ દરમ્યાન કોઈપણ શખ્સે જવું નહી તેમજ ઢોરોને સદરહું વિસ્તારમાં ચરાવવા નહી.

જાહેરનામાનો અમલ તથા તેના ભંગ બદલના પગલા લેવા માટે ફરજ પરના કોઈપણ હેડ કોન્સ્ટેબલ તથા તેનાથી ઉપરના અધિકારીને અધિકાર રહેશે.

આ જાહેરનામાનો ભંગ કર્યેથી આ અધિનિયમની કલમ-૧૩૧ મુજબ સજા થશે.

આજ તારીખ : ૧૮-૧૦-૨૦૧૭ ના રોજ મારી સહી તથા કચેરીના સીક્કા કરી જાહેર જનતાની જાણ માટે જાહેરનામું બહાર પાડવામાં આવ્યું.

ભાવનગર, ૧૮ માહે ઓકટોબર, સને ૨૦૧૭.

ઉમેશ વ્યાસ,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
ભાવનગર.

---

## જાહેરનામું

નં.ડી.એમ./વશી/૫૭૮૪/૨૦૧૭.-આગામી તા. ૧૫-૧૦-૨૦૧૭ રોજ બોટાદ શહેર ખાતે ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા પોલીસ ઈન્સપેકટર વર્ગ-૨ની પરીક્ષા લેવાનાર છે. આ પરીક્ષા દરમ્યાન પ્રશ્નપત્રો તેમજ તેમાં જણાવેલ પ્રશ્નોના ઉત્તરોની ઝેરોક્ષ કોપીઓ કરાવી ગેરરીતી આચરવામાં ન આવે, તેમજ પરીક્ષા કેન્દ્રો ખાતે પરીક્ષાર્થીઓ નિર્ભયતાથી, શાંતિપૂર્વક તેમજ એખલાસભર્યા વાતાવરણમાં પરીક્ષા આપી શકે, પરીક્ષા કેન્દ્રોની આજુબાજુના વિસ્તારોમાં અસામાજીક ગુંડાતત્વો એકઠા થઈ પરીક્ષાર્થીઓને ખલેલ પહોંચાડે નહિ તેમજ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે માટે જાહેર હિતમાં હું, બી. વી. લીંબાસીયા, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, બોટાદ જિલ્લો, બોટાદ, ભારતના ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪નો ૨ જો)ની કલમ-૧૪૪થી મને મળેલ અધિકારની રૂઈએ ફરમાવું છું કે, આગામી તા. ૧૫-૧૦-૨૦૧૭ ના રોજ બપોરના ૦૨-૦૦ કલાકથી સાંજના ૦૫-૦૦ કલાક દરમિયાન પરીક્ષા કેન્દ્રો ઉપર નીચે મુજબનાં પ્રતિબંધો ફરમાવવામાં આવે છે.

(૧) પરીક્ષા કેન્દ્રોની ૧૦૦ મીટરની ત્રિજ્યામાં આવેલા ઝેરોક્ષ/ફેકસનાં વ્યવસાય સાથે સંકળાયેલા વેપારીઓએ ઝેરોક્ષ તેમજ ફેકસ મશીનના ઉપયોગ પર.

(૨) પરીક્ષા કેન્દ્રોની ૧૦૦ મીટરની ત્રિજ્યામાં મોટા અવાજે લાઉડસ્પીકર કે બેન્ડવાજા વિગેરે ધ્વનિવર્ધક સાધનોના ઉપયોગ પર.

(૩) પરીક્ષા કેન્દ્રમાં મોબાઈલ ફોન લઈ જવા પર.

(૪) પરીક્ષા કેન્દ્રની ૨૦૦ મીટરની ત્રિજ્યાના વિસ્તારમાં ચાર કે તેથી વધુ માણસો એકઠા થવા પર.

(૫) પરીક્ષા કેન્દ્રોમાં પરીક્ષાર્થીઓ તથા ફરજ પરના સ્ટાફ કે અધિકૃત વ્યક્તિ સિવાય કોઈ અનઅધિકૃત વ્યક્તિએ પરીક્ષા કેન્દ્રમાં પ્રવેશવા પર.

સદરહું જાહેરનામાનો ઉલ્લંઘન કરનારને ભારતના ફોજદારી અધિનિયમ (સને ૧૮૬૦ના ૪૫માં અધિનિયમ)ની કલમ-૧૮૮ મુજબ સજા થશે.

“જાહેરનામાના અમલ તથા તેના ભંગ બદલ પગલા લેવા હેડકોન્સ્ટેબલથી નીચેના ન હોય તેવા અધિકારીશ્રીને અધિકૃત કરવામાં આવે છે.

ઉપર નિર્દિષ્ટ કરેલા વિસ્તારોમાં સહેલાઈથી દેખી શકાય તેવી જગ્યાઓએ આ જાહેરનામાની નકલો ચોંટાડીને અને સ્થાનિક વર્તમાનપત્રો દ્વારા તેની બહોળી પ્રસિધ્ધી કરાવીને સદરહું જાહેરનામું પ્રસિધ્ધ કરવું.

આજ તારીખ : ૦૬-૧૦-૨૦૧૭ ના રોજ મારી સહી તથા કચેરીનો સિકકો કરી જાહેરનામું પ્રસિધ્ધ કર્યું.

બોટાદ, ૦૬ માહે ઓકટોબર, સને ૨૦૧૭.

---

### મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૭(૧) અન્વયે કાઢેલ

## જાહેરનામુ

નં.ડી.એમ./વશી/૫૭૭૫/૨૦૧૭.-બોટાદ જિલ્લામાં ચાલુ માસ ઓકટોબર-૨૦૧૭ તથા નવેમ્બર-૨૦૧૭ ના આગામી માસ દરમ્યાન તા. ૧૯-૧૦-૨૦૧૭ ના રોજ દિવાળી, તથા તા. ૨૦-૧૦-૨૦૧૭ ના રોજ વિક્રમ સંવત નવુ વર્ષની ઉજવણી તથા તા. ૨૧-૧૦-૨૦૧૭ ના રોજ ભાઈબીજ, તથા તા.૦૪-૧૧-૨૦૧૭ના રોજ દેવ દિવાળી તથા સુલેહ શાંતી જળવાઈ રહે તેમજ ચાલુ માસમાં આવતા ધાર્મિક-સામાજીક તહેવારો/ઉત્સવો તેમજ રાજ્યની વર્તમાન પરીસ્થિતીને અનુલક્ષીને અગમચેતીના પગલા લેવા અનિવાર્ય જણાતા, આ માસ દરમ્યાન નીચેની વિગતે પ્રતિબંધ ફરમાવતુ જાહેરનામુ પ્રસિધ્ધ કરવાની જરૂરીયાત જણાય છે. કોઈ વ્યકિત કે વ્યકિતનાં સમુહ દ્વારા જાહેરમાં તીક્ષ્ણ હથીયારો જેવા કે, છરી, કુહાડી, ધારીયા, તલવાર, ગુપ્તી, કુંડલીવાળી લાકડીઓ, લોખંડના પાઈપ, ભાલા તથા દંડા, બંદુક, લાઠી અથવા શારીરિક હિંસામાં ઉપયોગી થઈ શકે તેવા પ્રાણઘાતક હથીયારો લઈને હરે ફરે નહી, તે માટે પ્રતિબંધ ફરમાવતું જાહેરનામું જાહેર શાંતી અને સલામતી જાળવવા સારૂ બહાર પાડવું જરૂરી જણાય છે.

સબબ મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ ના મુંબઈ ના ૨૨માં અધિનિયમની કલમ-૩૭(૧) અન્વયે મને મળેલ સત્તાની રૂએ હું, બી. વી. લીંબાસીયા, (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, બોટાદ જિલ્લો, બોટાદ, આથી જાહેર શાંતી અને સલામતી જાળવવા સારૂં ફરમાવું છું કે કોઈએ નીચેની અનુસુચિમાં દર્શાવેલ વિસ્તારમાં તા. ૦૯-૧૦-૨૦૧૭ થી તા. ૦૮-૧૧-૨૦૧૭ સુધી (બન્ને દિવસો સુધ્ધા) ૩૦-દિવસ

(ક) છરી, કુહાડી, ધારીયા, તલવાર, ગુપ્તી, કુંડલીવાળી લાકડીઓ, લોખંડના પાઈપ, ભાલા અથવા શારીરિક ઈજા પહોંચાડી શકાય તેવું બીજુ કોઈપણ સાધન સાથે લઈ જવા નહીં.

(ખ) કોઈપણ જાહેર જગ્યામાં સ્ફોટક પદાર્થો કે લોકોને શારીરીક નુકશાન કરે તેવા પદાર્થો સાથે લઈ જવા નહીં.

(ગ) પથ્થરો અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓ સાથે લઈ જવી નહી, એકઠા કરવા નહી, તૈયાર કરવા નહી.

(ઘ) સરઘસમાં સળગતાં કાકડા અથવા સળગતી મશાલો સાથે લઈ જવી નહીં.

(ચ) વ્યકિત કે વ્યકિતના જુથ દ્વારા કોઈ અન્ય વ્યકિત કે વ્યકિતના શબ અથવા આકૃતિઓ કે પુતળા જાહેરમાં દેખાડવા નહીં.

**આ હુકમનો ખંડ (ક)-(ખ)-(ગ)-(ઘ) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં.**

(૧) સરકારી નોકરી કે કામ કરતી કોઈ વ્યકિતને જો ત્યાંના ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથીયાર લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા આવું કોઈપણ હથીયાર લઈ જવાની તેની ફરજ હોય.

(૨) પોલીસ અધિક્ષક અથવા તેણે અધિકૃત કરેલ પોલીસ અધિકારી કે જેને શારીરિક અશકિતને કારણે લાકડી અથવા લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તે વ્યકિતને.

(૩) જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, અથવા અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રીએ આ અર્થે ખાસ અધિકૃત કરે તેવી બીજી કોઈ વ્યકિતને.

(૪) કાયદેસરના હથીયાર પરવાના ધરાવનાર વ્યકિતને.

**અનુસુચિ :**

**બોટાદ જિલ્લાનો સમગ્ર વિસ્તાર.**

આ જાહેરનામાનો કોઈ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને ઓછામાં ઓછી ચાર મહિનાની અને વધુમાં વધુ એક વર્ષની કેદની સજા અને મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૧૩૫(૧) મુજબ દંડની સજા થશે.

''જાહેરનામાના અમલ અને તેના ભંગ બદલના પગલા લેવા મોટ ફરજ પરના કોઈપણ હેડકોન્સ્ટેબલને તથા તેનાથી ઉપરના અધિકારીને અધિકાર રહેશે.''

આ હુકમ ઉપર નિર્દિષ્ટ કરેલા વિસ્તારમાં સહેલાઈથી દેખી શકાય તેવી રીતે તેની નકલ ચોંટાડીને તેમજ સ્થાનિક વર્તમાનપત્રોમાં બહોળી પ્રસિધ્ધી આપીને પ્રસિધ્ધ કરવાનું આથી હું ફરમાવું છું.

આજ તારીખ : ૦૭-૧૦-૨૦૧૭ ના રોજ મારી સહી તથા કચેરીનો સિકકો કરીને હુકમ પ્રસિધ્ધ કર્યો.

બોટાદ, ૦૭ માહે ઓકટોબર, સને ૨૦૧૭.

## જાહેરનામું

નં. ડીએમ/વશી/૬૦૭૧/૨૦૧૭.-અધિક ઈજનેરશ્રી, પી.જી.વી.સી.એલ., વર્તુળ કચેરી બોટાદના તા. ૧૩-૧૦-૨૦૧૭ ના પત્ર નં. બીટીસીઓ/ટેક-૨/અકસ્માત/૪૧૫૭ થી બોટાદ જિલ્લામાં પી.જી.વી.સી.એલ.ના ઈલેકટ્રીક પોલ નેટવર્ક ઉપર કેબલ ટીવી ઓપરેટરોના કેબલ તેમજ અન્ય સંચાર માધ્યમના વાયરો કોઈપણ પ્રકારની મંજુરી વગર પ્રસ્થાપિત કરવામાં આવેલા હોય, જેના કારણે વિજ અકસ્માતના બનાવો બનવા પામતાં હોય છે. આથી આ અંગે જાહેરનામું પ્રસિધ્ધ કરવા દરખાસ્ત કરવામાં આવેલ છે.

સબબ, બોટાદ શહેર તથા જિલ્લામાં પી.જી.વી.સી.એલ.ના ઈલેકટ્રીક પોલ તેમજ નેટવર્ક પર કેબલ ટી.વી. ઓપરેટરો દ્વારા કોઈપણ પ્રકારની મંજુરી વગર પ્રસ્થાપિત કરવામાં આવતાં કેબલ દુર કરવા અત્યંત જરૂરી જણાય છે.

આથી ભારતના ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪નો બીજો અધિનિયમ)ની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ સત્તાની રૂએ હું, બી. વી. લીંબાસીયા (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ બોટાદ જિલ્લો, બોટાદ, હુકમ કરૂં છું કે, બોટાદ શહેર તથા જિલ્લામાં પી.જી.વી.સી.એલ.ના ઈલેકટ્રીક પોલ તેમજ નેટવર્ક પર કેબલ ટી.વી. ઓપરેટરો દ્વારા કોઈપણ પ્રકારના કેબલ પ્રસ્થાપિત કરવા નહીં. તેમજ પી.જી.વી.સી.એલ. દ્વારા દૂર કરવામાં આવેલ ટીવી કેબલ પી.જી.વી.સી.એલ.ના નેટવર્ક પર પુન:પ્રસ્થપિત કરવા નહીં.

આ જાહેરનામું તા. ૦૨-૧૧-૨૦૧૭ થી તા. ૩૧-૧૨-૨૦૧૭ સુધી (બન્ને દિવસો સુધ્ધા) દિન-૬૦ માટે અમલમાં રહેશે.

આ જાહેરનામાનો ભંગ કરનાર વ્યકિત ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

''જાહેરનામાના અમલ તથા તેના ભંગ બદલ પગલા લેવા પી.જી.વી.સી.એલ.ના સક્ષમ અધિકારીશ્રી, હેડકોન્સ્ટેબલથી નીચેના ન હોય તેવા પોલીસ અધિકારીશ્રી તથા જે તે તાલુકાના મામલતદારશ્રીને અધિકૃત કરવામાં આવે છે.''

આ જાહેરનામું જાહેર વિસ્તારોમાં સહેલાઈથી દેખી શકાય તેવી રીતે તેની નકલ ચોંટાડીને તેમજ સ્થાનિક વર્તમાનપત્રોમાં બહોળી પ્રસિધ્ધિ આપીને પ્રસિધ્ધ કરવાનું આથી હું ફરમાવું છું.

આજ તારીખ : ૦૨-૧૧-૨૦૧૭ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી જાહેરનામું પ્રસિધ્ધ કરેલ છે.

બોટાદ, ૦૨ માહે નવેમ્બર, સને ૨૦૧૭.

---

**મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ ૩૭(૧) અન્વયે કાઢેલો હુકમ**

## જાહેરનામુ

નં. ડીએમ/વશી/૭૦૬૪ થી ૭૦૮૧/૨૦૧૭.-બોટાદ જિલ્લામાં ચાલુ માસ નવેમ્બર-૨૦૧૭ તથા ડીસેમ્બર-૨૦૧૭ ના આગામી માસ દરમ્યાન તા. ૦૨-૧૨-૨૦૧૭ ના રોજ ઈદેમિલાદ

તથા આગામી ગુજરાત રાજયની વિધાનસભા સામાન્ય ચુંટણી-૨૦૧૭ અનુસંધાને હાલની પ્રવર્તમાન પરિસ્થિતિને અનુલક્ષી સુલહે-શાંતી જળવાઈ રહે તેમજ ચાલુ માસમાં આવતા ધાર્મિક, સામાજીક તહેવારો/ઉત્સવો તેમજ રાજ્યની વર્તમાન પરિસ્થિતિને અનુલક્ષીને અગમચેતીના પગલા લેવા અનિવાર્ય જણાતા, આ માસ દરમ્યાન નીચેની વિગતે પ્રતિબંધ ફરમાવતુ જાહેરનામુ પ્રસિધ્ધ કરવાની જરૂરીયાત જણાય છે. કોઈ વ્યકિત કે વ્યકિતનાં સમુહ દ્વારા જાહેરમાં તીક્ષ્ણ હથીયારો જેવા કે, છરી, કુહાડી, ધારીયા, તલવાર, ગુપ્તી, કુંડલીવાળી લાકડીઓ, લોખંડના પાઈપ, ભાલા તથા દંડા, બંદુક લાઠી અથવા શારીરિક હિંસામાં ઉપયોગી થઈ શકે તેવા પ્રાણઘાતક હથીયારો લઈને હરે-ફરે નહી તે માટે પ્રતિબંધ ફરમાવતું જાહેરનામું જાહેર શાંતી અને સલામતી જાળવવા સારૂ બહાર પાડવું જરૂરી જણાય છે.

સબબ મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ ના મુંબઈના ૨૨માં અધિનિયમની કલમ-૩૭(૧) અન્વયે મને મળેલ સત્તાની રૂએ હું, બી. વી. લીંબાસીયા, (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, બોટાદ જિલ્લો, બોટાદ, આથી જાહેર શાંતી અને સલામતી જાળવવા સારૂં ફરમાવું છું કે કોઈએ નીચેની અનુસુચિમાં દર્શાવેલ વિસ્તારમાં તા. ૦૯-૧૧-૨૦૧૭ થી તા. ૦૮-૧૨-૨૦૧૭ સુધી (બન્ને દિવસો સુધ્ધા) ૩૦ દિવસ

(ક) છરી, કુહાડી, ધારીયા, તલવાર, ગુપ્તી, કુંડેલીવાળી લાકડીઓ, લોખંડના પાઈપ, ભાલા અથવા શારીરિક ઈજા પહોંચાડી શકાય તેવું બીજુ કોઈપણ સાધન સાથે લઈ જવા નહીં.

(ખ) કોઈપણ જાહેર જગ્યામાં સ્ફોટક પદાર્થો કે લોકોને શારીરિક નુકશાન કરે તેવા પદાર્થો સાથે લઈ જવા નહીં.

(ગ) પથ્થરો અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓ સાથે લઈ જવી નહીં, એકઠા કરવા નહી, તૈયાર કરવા નહી.

(ઘ) સરઘસમાં સળગતાં કાકડા અથવા સળગતી મશાલો સાથે લઈ જવી નહીં.

(ચ) વ્યકિત કે વ્યક્તિના જુથ દ્વારા કોઈ અન્ય વ્યક્તિ કે વ્યક્તિના શબ અથવા આકૃતિઓ કે પુતળા જાહેરમાં દેખાડવા નહીં.

**આ હુકમનો ખંડ (ક)-(ખ)-(ગ)-(ઘ) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં.**

(૧) સરકારી નોકરી કે કામ કરતી કોઈ વ્યકિતને જો ત્યાંના ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથીયાર લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા આવું કોઈપણ હથીયાર લઈ જવાની તેની ફરજ હોય.

(૨) પોલીસ અધિક્ષક અથવા તેણે અધિકૃત કરેલ પોલીસ અધિકારી કે જેને શારીરિક અશકિતને કારણે લાકડી અથવા લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તે વ્યકિતને.

(૩) જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, અથવા અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રીએ આ અર્થે ખાસ અધિકૃત કરે તેવી બીજી કોઈ વ્યકિતને.

(૪) કાયદેસરના હથીયાર પરવાના ધરાવનાર વ્યકિતને.

અનુસુચિ :

બોટાદ જિલ્લાનો સમગ્ર વિસ્તાર.

આ જાહેરનામાનો કોઈ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને ઓછામાં ઓછી ચાર મહિનાની અને વધુમાં વધુ એક વર્ષની કેદની સજા અને મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૧૩૫(૧) મુજબ દંડની પણ સજા થશે.

''જાહેરનામાનો અમલ અને તેના ભંગ બદલના પગલા લેવા માટે ફરજ પરના કોઈપણ હેડકોન્સ્ટેબલને તથા તેનાથી ઉપરના અધિકારીને અધિકાર રહેશે.''

આ હુકમ ઉપર નિર્દિષ્ટ કરેલા વિસ્તારમાં સહેલાઈથી દેખી શકાય તેવી રીતે તેની નકલ ચોંટાડીને તેમજ સ્થાનિક વર્તમાનપત્રોમાં બહોળી પ્રસિધ્ધી આપીને પ્રસિધ્ધ કરવાનું આથી હું ફરમાવું છું.

આજ તારીખ : ૦૯-૧૧-૨૦૧૭ ના રોજ મારી સહી તથા કચેરીનો સિકકો કરીને હુકમ પ્રસિધ્ધ કર્યો.

બોટાદ, ૦૯ માહે નવેમ્બર, સને ૨૦૧૭.

**બી. વી. લીંબાસીયા,**
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
બોટાદ.

---

## ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળનું

## જાહેરનામુ

નં. જે/એમએજી/ટયુશન કલાલીસ/પ્રતિબંધ/જા.નામુ/ફા.નં. ૩૧/૨૦૧૫.-રાજકોટ જિલ્લા ગ્રામ્ય વિસ્તારમાં ઘણા સ્થળોએ વહેલી સવારના ટયુશન કલાસીસ શરૂ થાય છે. આ ટયુશન કલાસીસમાં વિદ્યાર્થીઓ/વિદ્યાર્થીનીઓ અભ્યાસ કરવા જાય છે. અગાઉ સુરત શહેરમાં વહેલી સવારના શૈક્ષણિક ટયુશન કલાસમાં જતા વિદ્યાર્થીનીની એકલતાનો લાભ લઈ ગંભીર પ્રકારનો ગુન્હો બનેલ છે. ભવિષ્યમાં રાજકોટ જિલ્લા ગ્રામ્ય વિસ્તારમાં પણ આવા પ્રકારના ગંભીર ગુન્હાઓ બનવા પામે નહીં અને શાંતી તેમજ સલામતી જોખમાય નહીં તે હેતુસર જાહેર હીતમાં વિદ્યાર્થીનીઓની સલામતી માટે રાજકોટ શહેર પોલીસ કમિશ્નરેટ સિવાયના રાજકોટ જિલ્લા ગ્રામ્ય વિસ્તારમાં વહેલી સવારે કલાકે ૭-૦૦ વાગ્યા પહેલા તથા સાંજના કલાક ૮-૦૦ બાદ વિદ્યાર્થીનીઓના શૈક્ષણિક ટયુશન કલાસીસ શરૂ કરવા પર પ્રતિબંધ મુકવો જરૂરી જણાય છે.

વાસ્તે, હું, હર્ષદ વોરા, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, રાજકોટ જિલ્લા, રાજકોટ, ક્રિમિનલ પ્રોસીજર કોડ-૧૯૭૩ ની કલમ-૧૪૪ થી

મને મળેલ સતાની રૂએ રાજકોટ જિલ્લાના રાજકોટ પોલીસ કમિશ્નરેટ વિસ્તાર સિવાયના રાજકોટ જિલ્લા ગ્રામ્ય વિસ્તારમાં સવારના ૦૭-૦૦ કલાક પહેલા તથા સાંજના કલાક ૦૮-૦૦ કલાક બાદ વિદ્યાર્થીનીઓ (Girl Student) ના શૈક્ષણિક ટ્યુશન કલાસીસ ચાલુ રાખવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

અપવાદ :

આ પ્રતિબંધ વિદ્યાર્થીઓ (Boys Student) ને લાગુ પડતો નથી.

સમયમર્યાદા :

આ હુકમ તા. ૦૪-૧૧-૨૦૧૭ થી તા. ૦૩-૦૧-૨૦૧૮ સુધી અમલમાં રહેશે.

સજા :

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

તમામને વ્યકિતગત રીતે આ નોટિસની બજવણી કરવી શકય ન હોય એકતરફી હુકમ કરૂં છું. આ હુકમ રાજકોટ રૂરલ જિલ્લામાં સમગ્ર વિસ્તારમાં સહેલાઈથી દેખાઈ આવે તેવા સ્થળોએ તેની નકલ ચોંટાડીને અને સદરહુ વિસ્તારમાં ઢંઢેરો પીટાવીને અથવા લાઉડ સ્પીકર મારફતે તેની જાહેરાત આપીને અથવા રેડીયો ઉપર તેનું પ્રસારણ કરીને પ્રસિધ્ધ કરવાનું રહેશે.

આજ તા. ૩૦મી, માહે-ઓકટોબર-૨૦૧૭ ના રોજ મારી સહી તથા સીક્કા હેઠળ હુકમ કર્યો.

રાજકોટ, ૩૦ માહે ઓકટોબર, સને ૨૦૧૭.

હર્ષદ વોરા,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
રાજકોટ જિલ્લા,
રાજકોટ.

---

## પોલીસ કમિશ્નર દ્વારા

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની
કલમ-૩૩(૧) (ખ) અન્વયે કાઢેલ

## જાહેરનામુ

ક્રમાંક : સીબી-૪/ફાયરીંગ પ્રેકટીસ/વશી. ૧૮૨૯/ ૨૦૧૭.- રાજકોટ જિલ્લાના રાજકોટ તાલુકાના ઘંટેશ્વર એસ.આર.પી. જુથ ૧૩ ખાતે આવેલ બફેલ રેન્જમાં તા. ૨૬-૧૦-૨૦૧૭ થી તા. ૩૧-૧૦-૨૦૧૭ સુધી એન.સી.સી. ગર્લ્સ બટાલીયન કેડેટોની ફાયરીંગ પ્રેકટીસ માટે આ ફાયરીંગ બટનો વિસ્તાર તથા આજુ બાજુનો વિસ્તાર તેમજ બટની પાછળના ભાગનો ખુલ્લાં વિસ્તારમાં ફાયરીંગ પ્રેકટીસ દરમ્યાન જાહેર જનતાની સલામતી માટે પ્રતિબંધિત વિસ્તાર જાહેર કરવો જરૂરી જણાય છે. જેથી તે અંગે નીચે મુજબ હુકમ કરૂ છું.

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩ (૧) (ખ) થી મળેલ અધિકારની રૂએ હું, અનુપમ સિંહ ગહલૌત, પોલીસ કમિશ્નર, રાજકોટ શહેર, આથી આદેશ કરૂ છું કે, રાજકોટ તાલુકાના ગામ ઘંટેશ્વર એસ.આર.પી. ગૃપ-૧૩ ખાતે આવેલ ફાયરીંગ બટની આજુબાજુનો વિસ્તાર તેમજ બટની પાછળના ખુલ્લા વિસ્તારમાં તા. ૨૬-૧૦-૨૦૧૭ થી તા. ૩૧-૧૦-૨૦૧૭ ના રોજ જાહેર જનતાએ પ્રવેશ કરવો નહી, ત્યાંથી પસાર થવુ નહી કે કોઈ વાહન કે ઢોર સાથે ત્યાંથી પસાર થવુ નહી.

આ હુકમ અન્વયે ઉપરોક્ત દર્શાવેલ સમગ્ર વિસ્તારમાં સહેલાયથી દેખાય આવે તેવા સ્થળોએ ફ્લેગ માર્ક લગાવી સદરહુ વિસ્તારમાં ઢંઢેરો કે લાઉડસ્પીકર મારફતે તેની જાહેરાત કરવાની રહેશે.

આ હુકમના ભંગ અથવા ઉલ્લઘન કરનાર ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૧ તથા ભારતીય ફોજદારી અધિનિયમ કલમ-૧૮૮ હેઠળ શિક્ષાપાત્ર થશે.

આજ, તા. ૨૫-૧૦-૨૦૧૭ના રોજ મારી સહી તથા સિક્કા હેઠળ હુકમ કર્યા.

રાજકોટ, ૨૫ માહે ઓકટોબર, સને ૨૦૧૭.

---

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની
કલમ-૩૩(૧)(ખ) અન્વયે કાઢેલ

## જાહેરનામુ

ક્રમાંક : સીબી-૪/ફાયરીંગ પ્રેકટીસ/વશી. ૧૬૪૨/ ૨૦૧૭.- રાજકોટ જિલ્લાના રાજકોટ તાલુકાના ઘંટેશ્વર એસ.આર.પી. જુથ ૧૩ ખાતે આવેલ બફેલ રેન્જમાં તા. ૦૧-૧૦-૨૦૧૭ થી તા. ૧૮-૧૦-૨૦૧૭ સુધી એસ.આર.પી. ગૃપ-૧૩ ઘંટેશ્વરના અધિકારીશ્રી/કર્મચારીઓનું વર્ષ-૨૦૧૭ના વર્ષના બીજા તબક્કાનું ફાયરીંગ પ્રેકટીસ માટે આ ફાયરીંગ બટનો વિસ્તાર તથા આજુબાજુનો વિસ્તાર તેમજ બટની પાછળના ભાગનો ખુલ્લાં વિસ્તારમાં ફાયરીંગ પ્રેકટીસ દરમ્યાન જાહેર જનતાની સલામતી માટે પ્રતિબંધિત વિસ્તાર જાહેર કરવો જરૂરી જણાય છે. જેથી તે અંગે નીચે મુજબ હુકમ કરૂ છું.

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩ (૧) (ખ) થી મળેલ અધિકારની રૂએ હું, અનુપમ સિંહ ગહલૌત, પોલીસ કમિશ્નર, રાજકોટ શહેર, આથી આદેશ કરૂ છુ કે, રાજકોટ તાલુકાના ગામ ઘંટેશ્વર એસ.આર.પી. ગૃપ-૧૩ ખાતે આવેલ ફાયરીંગ બટની આજુબાજુનો વિસ્તાર તેમજ બટની પાછળના ખુલ્લા વિસ્તારમાં તા. ૦૧-૧૦-૨૦૧૭ થી તા. ૧૮-૧૦-૨૦૧૭ ના રોજ જાહેર જનતાએ પ્રવેશ કરવો નહી, ત્યાંથી પસાર થવુ નહી કે કોઈ વાહન કે ઢોર સાથે ત્યાંથી પસાર થવુ નહી.

આ હુકમ અન્વયે ઉપરોક્ત દર્શાવેલ સમગ્ર વિસ્તારમાં સહેલાયથી દેખાય આવે તેવા સ્થળોએ ફ્લેગ માર્ક લગાવી સદરહુ

વિસ્તારમાં ઢંઢેરો કે લાઉડસ્પીકર મારફતે તેની જાહેરાત કરવાની રહેશે.

આ હુકમના ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૧ તથા ભારતીય ફોજદારી અધિનિયમ કલમ-૧૮૮ હેઠળ શિક્ષાપાત્ર થશે.

આજ તા. ૨૭-૦૯-૨૦૧૭ના રોજ મારી સહી તથા સિક્કા હેઠળ હુકમ કર્યા.

રાજકોટ, ૨૭ માહે સપ્ટેમ્બર, સને ૨૦૧૭.

---

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની
કલમ-૩૩(૧)(ખ) અન્વયે કાઢેલ

## જાહેરનામુ

ક્રમાંક : સીબી-૪/ફાયરીંગ પ્રેકટીસ/વશી. ૧૮૫૭/ ૨૦૧૭.- રાજકોટ જિલ્લાના રાજકોટ તાલુકાના ઘંટેશ્વર એસ.આર.પી. જુથ ૧૩ ખાતે આવેલ બફેલ રેન્જમાં તા. ૦૧-૧૧-૨૦૧૭ થી તા. ૧૦-૧૨-૨૦૧૭ સુધી રાજકોટ શહેરના પોલીસદળના અધિકારીશ્રીઓ/કર્મચારીઓનું માહે નવેમ્બર-૨૦૧૭ના વાર્ષિક ફાયરીંગ પ્રેકટીસ માટે આ ફાયરીંગ બટનો વિસ્તાર તથા આજુબાજુનો વિસ્તાર તેમજ બટની પાછળના ભાગનો ખુલ્લાં વિસ્તારમાં ફાયરીંગ પ્રેકટીસ દરમ્યાન જાહેર જનતાની સલામતી માટે પ્રતિબંધિત વિસ્તાર જાહેર કરવો જરૂરી જણાય છે. જેથી તે અંગે નીચે મુજબ હુકમ કરૂ છું.

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩ (૧)(ખ) થી મળેલ અધિકારની રૂએ હું, અનુપમ સિંહ ગહલૌત, પોલીસ કમિશ્નર, રાજકોટ શહેર આથી આદેશ કરૂ છુ કે, રાજકોટ તાલુકાના ગામ ઘંટેશ્વર એસ.આર.પી. ગૃપ-૧૩ ખાતે આવેલ ફાયરીંગ બટની આજુબાજુનો વિસ્તાર તેમજ બટની પાછળના ખુલ્લા વિસ્તારમાં તા. ૦૧-૧૧-૨૦૧૭ થી તા. ૧૦-૧૨-૨૦૧૭ ના રોજ જાહેર જનતાએ પ્રવેશ કરવો નહી, ત્યાંથી પસાર થવુ નહી કે કોઈ વાહન કે ઢોર સાથે ત્યાંથી પસાર થવુ નહી.

આ હુકમ અન્વયે ઉપરોક્ત દર્શાવેલ સમગ્ર વિસ્તારમાં સહેલાયથી દેખાય આવે તેવા સ્થળોએ ફલેગ માર્ક લગાવી સદરહુ વિસ્તારમાં ઢંઢેરો કે લાઉડસ્પીકર મારફતે તેની જાહેરાત કરવાની રહેશે.

આ હુકમના ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૧ તથા ભારતીય ફોજદારી અધિનિયમ કલમ-૧૮૮ હેઠળ શિક્ષાપાત્ર થશે.

આજ તા. ૩૦-૧૦-૨૦૧૭ના રોજ મારી સહી તથા સિક્કા હેઠળ હુકમ કર્યા.

રાજકોટ, ૩૦ માહે ઓકટોબર, સને ૨૦૧૭.

---

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની
કલમ-૧૪૪ અન્વયે કાઢેલ

## હુકમ

વંચાણે લીધા :

જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, રાજકોટની કચેરીના ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ હુકમ નં. જે/એમએજી/વિ.સા.ચું/જા.નામું/૨૦૧૭/૫, તા. ૨૫-૧૦-૨૦૧૭

ક્રમાંક : એસ.બી./જાહેરનામુ/૩૮૦૭/૨૦૧૭.-ભારતનું ચુંટણી પંચ, નવી દિલ્હી તરફથી વિધાનસભા સામાન્ય ચૂંટણીઓ તા. ૧૪-૧૧-૨૦૧૭ થી તા. ૨૦-૧૨-૨૦૧૭ દરમિયાન યોજવાનું તા. ૨૫-૧૦-૨૦૧૭ની પ્રેસનોટ નં. ઈસીઆઈ/ પીએન/૮૦/૨૦૧૭ થી જાહેર કરવામાં આવેલ છે. ચુંટણીઓ સમગ્ર ગુજરાત રાજયમાં બે તબકકાઓમાં યોજાનાર છે. પ્રથમ તબકકામાં સમાવીષ્ટ જિલ્લાઓ પૈકી રાજકોટ શહેર/જિલ્લામાં તા. ૦૯-૧૨-૨૦૧૭ ના રોજ ચુંટણી યોજાનાર છે. ચુંટણી માટેના ઉમેદવારી પત્રો રજુ કરવા માટે સમયે રાજકીય પક્ષોના ઉમેદવારો તેમજ અપક્ષ ઉમેદવારો મોટી સંખ્યામાં કાર્યકરો, ટેકેદારો અને સમર્થકો સાથે ઢોલ નગારા અને વાહનોની મોટી સંખ્યા લઈ ચુંટણી અધિકારી/મદદનીશ ચુંટણી અધિકારી સમક્ષ ઉમેદવારી પત્ર રજુ કરવા આવે છે. જેના કારણે ચુંટણી અધિકારી/મદદનીશ ચુંટણી અધિકારીની કચેરીમાં અવ્યવસ્થા અને ઓવર ક્રાઉડીંગની પરિસ્થિતિ ઉભી થાય છે. આ સ્થિતિ નિવારવા અને ચુંટણીના સરળ સંચાલન માટે ભારતના ચુંટણી પંચે તા. ૦૯-૦૨-૨૦૦૭ ના સ્થાયી હુકમ ક્રમાંક : ૪૬૪/આઈએનએસટી/૨૦૦૭/પીએલએન-૧ થી સુચનાઓ આપેલ છે. જે સુચનાઓની અમલવારી સુનિશ્ચિત કરવા નીચે મુજબ હુકમ કરવો જરૂરી જણાતુ હોય, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

(૧) ઉમેદવારી પત્રો રજુ કરવા માટે ચુંટણી અધિકારી/નિર્દિષ્ટ મદદનીશ ચુંટણી અધિકારીની કચેરીમાં ઉમેદવાર અથવા તેના દરખાસ્ત કરનાર અને અન્ય ચાર મળી પાંચ વ્યકિતઓ જ પ્રવેશી શકશે. માન્યતા પ્રાપ્ત સીવાયના પક્ષ તેમજ અપક્ષ ઉમેદવારોના દરખાસ્ત કરનારાની સંખ્યા દસ હોય તેઓના કિસ્સામાં પણ પ્રથમ તબક્કે ઉમેદવાર અને અન્ય ચાર તેમજ જરૂર જણાય તો પ્રથમ ઉમેદવાર સાથે ગયેલા ચાર દરખાસ્ત કરનારા ચુંટણી અધિકારીની કચેરીમાંથી બહાર નીકળી જાય ત્યારબાદ બાકીના ચાર અને ત્યારબાદ અન્ય બે દરખાસ્ત કરનારાઓ ચુંટણી અધિકારીની કચેરીમાં પ્રવેશી શકશે. એટલે કે, કોઈપણ સુચિત ઉમેદવારે તેમના ટેકેદારો, દરખાસ્ત કરનારાઓ કે સમર્થકો સાથે ચાર થી વધુ સંખ્યામાં ચુંટણી અધિકારી/નિર્દિષ્ટ મદદનીશ ચુંટણી અધિકારીની કચેરીમાં પ્રવેશ કરવો નહી.

(૨) ઉમેદવારી પત્ર રજુ કરવા આવતા સમયે ચુંટણી અધિકારી કે મદદનીશ ચુંટણી અધિકારીની કચેરી આસપાસના ૧૦૦ મીટરના વિસ્તારમાં વધુમાં વધુ ત્રણ વાહનો સાથે પ્રવેશી શકાશે. ત્રણથી વધુ વાહનો સાથે કચેરીના ૧૦૦ મીટરના વિસ્તારમાં કોઈએ પ્રવેશવું નહી.

(૩) ઉપર મુજબની સુચનાઓના અમલ ઉમેદવાર જ્યારે તેઓનુ ઉમેદવારી પ્રમાણપત્ર લેવા આવે ત્યારે પણ કરવાનો રહેશે.

આ જાહેરનામુ સી.આર.પી.સી. કલમ-૧૪૪ની જોગવાઈ મુજબ હુકમની તારીખથી એટલે કે, તા. ૧૮-૧૧-૨૦૧૭ થી તા. ૨૪-૧૨-૨૦૧૭ સુધી અમલમાં રહેનાર છે. તે પ્રમાણે રાજકોટ શહેરમાં લાગુ પડશે. આ હુકમની સમગ્ર રાજકોટ શહેર વિસ્તારમાં જાણકારી અર્થે બહોળી પ્રસિધ્ધી કરવાની રહેશે.

શિક્ષા :

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ભારતના ફોજદારી અધિનિયમની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાપાત્ર થશે.

આજ તારીખ ૧૮ માહે-નવેમ્બર-૨૦૧૭ના રોજ મારી સહી તથા સીક્કા હેઠળ હુકમ કર્યો.

રાજકોટ, ૧૮ માહે નવેમ્બર, સને ૨૦૧૭.

અનુપમ સિંહ ગહલૌત,
પોલીસ કમિશ્નર,
રાજકોટ શહેર.

---

## સંયુક્ત રાજ્ય વેરા કમિશ્નર દ્વારા

વંચાણમાં લીધું :

૧. નાયબ રાજયવેરા કમિશ્નરશ્રી, વર્તુળ-૧૦, વડોદરાના પત્રક/નાક/વ-૧૦/ડુપ્લીકેટ એફ ફોર્મ/વડોદરા/૨૦૧૭-૧૮/જા.૨૨૫૨, તા. ૧૧-૧૦-૨૦૧૭.

૨. વા. વે. કચેરી, ઘટક-૧, વડોદરાની કચેરીના પત્રકમાં/જા.૧૦૭૮૫૭, તા. ૨૪-૦૩-૨૦૧૭.

૩. અત્રેની ફાઈલ ઉપરનો આદેશ તા. ૧૬-૧૦-૨૦૧૭.

## જાહેરનામું

ક્રમાંક : સંરાવેક/વવટ-૧/વિ-૫/વડોદરા/વવટ-૧/ધા.ફોર્મ રદ/ફા.નં.-૩૧/૨૦૧૭-૧૮/જા.૪૩૮૪/૪૪૦૩-સહાયક રાજ્ય વેરા કમિશ્નરશ્રી, ઘટક-૩૯, વડોદરાના કાર્યક્ષેત્ર હેઠળના વેપારીશ્રી મે. અમેયા પર્ફોમેટ પ્રા. લી., પો. અમેયા ટાવર, ૧૦ રાધાકિષ્ણા ક્રોસીંગ રોડ, પી.એફ નજીક, અકોટા, વડોદરા કે જેઓ સ્થાનીક કાયદા હેઠળ ટીન નં.-૨૪૧૯૦૨૦૧૧૮૭, કેન્દ્રીય કાયદા હેઠળ ટીન નં.-૨૪૬૯૦૨૦૧૧૮૭ ધરાવે છે. તેઓને ઈસ્યુ કરવામાં આવેલ ધારાકીય ફોર્મ-'' એફ '' ફોર્મ નંબર-૦૬૮૬૪૧૧ રૂ. ૪૧,૦૩,૦૪૨/-નું કુલ નંગ-૧ ખોવાઈ ગયેલ હોવાથી વંચાણમાં લીધેલ દરખાસ્ત ક્રમાંક (૧) અને (૨) મુજબ વેપારીશ્રીના નીચે દર્શાવ્યા મુજબના ''એફ'' ફોર્મ નંબર-૦૬૮૬૪૧૧ કુલ પાન-૧ (એક) ખોવાઈ ગયેલ છે તે રદ કરવા ઠરાવું છું.

| ક્રમ | વેપારીશ્રીનું નામ/ફોર્મ ઇસ્યુ કરનાર કચેરી | નોંધણી નંબર | રદ કરવાપાત્ર ''એફ'' ફોર્મ નંબર | રદ કરવાના કારણો | રદ કરવાપાત્ર પાના |
|---|---|---|---|---|---|
| ૧ | મે. અમેયા પર્ફોમેટ પ્રા લી., પો. અમેયા ટાવર, ૧૦ રાધાકિષ્ણા ક્રોસીંગ રોડ, પી.એફ ઓફિસ નજીક, અકોટા, વડોદરા | સ્થા. ટીન નં-૨૪૧૯૦૨૦૧૧૮૭, કેન્દ્રીય કાયદા હેઠળ ટીન નં-૨૪૬૯૦૨૦૧૧૮૭ | ''એફ'' ફોર્મ નંબર-૦૬૮૬૪૧૧ | ખોવાઈ જવાથી | કુલ પાન-૧ (એક) |

આથી હું, કે. પી. શાહ, સંયુકત રાજય વેરા કમિશ્નરશ્રી, વિભાગ-૫, વડોદરા, કેન્દ્રીય વેચાણવેરા અધિનિયમ-૧૯૭૦ના નિયમ-૪(એ)ના નિયમ-૭ અન્વયે મને મળેલ સત્તાની રૂએ ઉપરોકત દર્શાવેલ ''એફ'' ફોર્મ રદ કરવા ઠરાવું છું.

રાજકોટ, ૧૭/૧૧ માહે ઓકટોબર/નવેમ્બર, સને ૨૦૧૭.

કે. પી. શાહ,
સંયુકત રાજય વેરા કમિશ્નર,
વિભાગ-૫, વડોદરા.

---

## જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ દ્વારા

### નોંધણીનું પ્રમાણપત્ર

જાવક/નંબર/નધણ/ચ/૧૮૭/૨૦૧૭.-જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, અમરેલી, શ્રી ભોજલરામ નાગરીક શરાફી સ.મં.લિ., મુ. : ચલાલા, તા. : ધારી, જિ. : અમરેલીને નોંધણી નં. : નધણ/એ.એમ.આર/''સે''(શ)૩૯૫૭૭/૨૦૧૭, તા. ૨૭-૧૦-૨૦૧૭ થી સને ૧૯૬૧નો ગુજરાત સહકારી મંડળીઓનો અધિનિયમ (૧૯૬૨નો ૧૦મો)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

અમરેલી, ૨૭ માહે ઓકટોબર, સને ૨૦૧૭.

---

### નોંધણીનું પ્રમાણપત્ર

જાવક/નંબર/નધણ/ચ/૧૮૦/૨૦૧૭.-જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, અમરેલી, શ્રી વડીયા સુરગપરા મહિલા દુધ ઉત્પાદક સ.મં.લિ., મુ. : વડીયા, તા. : વડીયા, જિ. : અમરેલીને નોંધણી નં. : નધણ/એ.એમ.આર/''સે''(દુ)૩૯૫૭૬/૨૦૧૭, તા. ૨૬-૧૦-૨૦૧૭ થી સને ૧૯૬૧નો ગુજરાત સહકારી મંડળીઓનો અધિનિયમ (૧૯૬૨નો ૧૦મો)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

અમરેલી, ૨૬ માહે ઓકટોબર, સને ૨૦૧૭.

---

### નોંધણીનું પ્રમાણપત્ર

જાવક નંબર/નધણ/ચ/૨૦૫/૩૫૩૯/૨૦૧૭.-જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ અમરેલી, શ્રી અમરેલી જિલ્લા નાગરીક શરાફી સ. મં. લિ., મુ. અમરેલી, તા. : અમરેલી, જિ. અમરેલી ને નોંધણી નં. : નધણ/એ.એમ.આર/''સે''(શ)૩૯૫૭૮/૨૦૧૭, તા. ૧૩-૧૧-૨૦૧૭ થી સને ૧૯૬૧ નો ગુજરાત સહકારી મંડળીઓનો અધિનિયમ (૧૯૬૨નો ૧૦મો)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

અમરેલી, ૧૩ માહે નવેમ્બર, સને ૨૦૧૭.

**એસ. એન. જોષી,**
જિલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, અમરેલી.

---

### નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : નધણ/૦૧/ક-૨/૩૩૧/૨૦૧૭.-જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ભુજ-કચ્છ, આથી જાહેર કરે છે કે, શ્રી પખો દુધ ઉત્પાદક સહકારી મંડળી લી., મુ. : પખો, તાલુકો : લખપત, જિલ્લો : ભુજ-કચ્છને સને: ૧૯૬૨ના ગુજરાતના કાયદા-૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને-૧૯૬૧) ની કલમ-૯ મુજબ આજ રોજ નોંધવામાં આવે છે.

નોંધણી નંબર : નધણ/કેટીએચ/''સે''(દુ)૪૫૫૩૨, તારીખ : ૧૪-૧૧-૨૦૧૭

ભુજ-કચ્છ, ૧૪ માહે નવેમ્બર, સને ૨૦૧૭.

---

### નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : નધણ/૦૧/ક-૨/૩૩૩/૨૦૧૭.-જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ભુજ-કચ્છ, આથી જાહેર કરે છે કે, શ્રી નાની દધ્ધર દુધ ઉત્પાદક સહકારી મંડળી લી., મુ. : નાની દધ્ધર, તાલુકો : ભુજ, જિલ્લો : ભુજ-કચ્છને સને: ૧૯૬૨ના ગુજરાતના કાયદા-૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને-૧૯૬૧) ની કલમ-૯ મુજબ આજ રોજ નોંધવામાં આવે છે.

નોંધણી નંબર : નધણ/કેટીએચ/''સે'' (દુ) ૪૫૫૩૩, તારીખ : ૧૪-૧૧-૨૦૧૭

ભુજ-કચ્છ, ૧૪ માહે નવેમ્બર, સને ૨૦૧૭.

**જી. એસ. સોલંકી,**
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
ભુજ-કચ્છ.

---

### નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : નધણ/ક-૩/૨૮૧/નં. નધણ/જેએમઆર/સે-૪૫૦૫૦, તા. ૦૧-૧૦-૨૦૧૭.- જિલ્લા રજિસ્ટ્રાર, સ. મં. જામનગર, આથી જાહેર કરે છે કે, શ્રી શિશાંગ મહિલા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ : શિશાંગ, તા. : કાલાવડ, જિ. જામનગર. સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો-૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

જામનગર, ૦૧ માહે ઓકટોબર, સને ૨૦૧૭.

---

### નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : નધણ/ક-૩/૨૮૬/જેએમઆર/સા-૮૧૬૭/૨૦૧૭.- જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, જામનગર, આથી જાહેર કરે છે કે, શ્રી મા શકિત ખેત ઉત્પાદન ખરીદ વેચાણ સહકારી મંડળી લી., મર્યાદિત મુ. : ચાંપાબેરાજા, તા. : જામનગર, જિલ્લો : જામનગર સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો-૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

જામનગર, ૧૩ માહે નવેમ્બર, સને ૨૦૧૭.

**વી. એમ. મહેતા,**
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
જામનગર.

## નોંધણીનું પ્રમાણપત્ર

નં. નધણ/ઝ/૧૨૯/૧૦૪૬/પીબીઆર/સા-૧૦૪૬૫/ સને ૨૦૧૭.-આથી જાહેર કરે છે કે, શ્રી મામાદેવ ક્રેડીટ એન્ડ કન્ઝયુમર્સ કો. ઓપ. સો. લી. છાંયા, મર્યાદિત સ્થળ : છાંયા, પોરબંદર, મુ. છાયા, તા. પોરબંદર, જિ.: પોરબંદર. સને ૧૯૬૧નો ગુજરાત કાયદો ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો-૧૯૬૧ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

પોરબંદર, ૨૬ માહે ઓકટોબર, સને ૨૦૧૭.

---

## નોંધણીનું પ્રમાણપત્ર

નં. નધણ/ઝ-૮૬/૧૦૫૮/પી.બી.આર/ઉ-૧૫૬૨૧/સને ૨૦૧૭.-આથી જાહેર કરે છે કે, શ્રી ખીજદડ ફળ અને શાકભાજી ઉત્પાદક સહકારી મંડળી લી. ખીજદડ, મર્યાદિત સ્થળ : ખીજદડ, મુ. ખીજદડ તા. રાણાવાવ, જિ.: પોરબંદર. સને ૧૯૬૧નો ગુજરાત કાયદો ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો-૧૯૬૧ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

પોરબંદર, ૦૨ માહે નવેમ્બર, સને ૨૦૧૭.

એમ. એસ. લોખંડે,
જિલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
પોરબંદર.

---

વંચાણે લીધા :

(૧) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ તથા ૧૦૮ હેઠળની જોગવાઈ.

(૨) ગુજરાત સરકારશ્રીના કૃષિ અને સહકાર વિભાગના જાહેરનામાં ક્રમાંક : જીએચકેએચ/૬૨/૨૦૧૧/નસબ/૧૨/૨૦૦૨/ ૩૦૧૧/છ, તા. ૨૧-૦૭-૨૦૧૧.

(૩) અત્રેની કચેરીના આદેશ ક્રમાંક : ફડચ/ગ-૨/૧૯૮/૨૦૧૭, તા. ૦૪-૦૯-૨૦૧૭ થી મંડળીને ફડચામાં લઈ જવાનો વચગાળા આદેશ.

## અંતિમ આદેશ

ક્રમાંક : ફડચ/ગ-૨/૨૨૯/૨૦૧૭.-આથી હું, ટી. સી. તીરથાણી, જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, રાજકોટ, ઉપર વંચાણે લીધેલ ક્રમ-૨ વાળા જાહેરનામાથી મળેલ અધિકાર અને સત્તાની રૂએ તેમજ આમુખમાં જણાવેલ વિગતો ધ્યાને લઈને શ્રી ગોંડલાધાર મજુર બાંધકામ સહકારી મંડળી લી., મુ. ગોંડલધાર, તા. વિંછીયા, જિ. રાજકોટ (નોંધણી નંબર : ૭૦૧૭, તા. ૨૪-૦૫-૧૯૭૬ના ગુજરાત સહકારી મંડળીઓનાં અધિનિયમ-૧૯૬૧ ની કલમ-૧૦૭ અન્વયે ફડચામાં લઈ જવાના વચગાળાના આદેશને, આજ કાયદાની કલમ-૧૦૮(૧) અન્વયે કાયમી રાખતો આદેશ આપું છું અને ફડચા અધિકારી તરીકે સહકારી અધિકારીશ્રી (ફડચો)-૨ લગત જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, રાજકોટની નિમણૂંક કરૂ છું. જે અન્વયે સદરહુ મંડળીના ફડચા અધિકારીએ મંડળીની ફડચાની તમામ કામગીરી નિયત મુદતમાં પૂર્ણ કરવી.

રાજકોટ, ૧૩ માહે નવેમ્બર, સને ૨૦૧૭.

---

વંચાણે લીધા :

(૧) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ તથા ૧૦૮ હેઠળની જોગવાઈ.

(૨) ગુજરાત સરકારશ્રીના કૃષિ અને સહકાર વિભાગના જાહેરનામાં ક્રમાંક : જીએચકેએચ/૬૨/૨૦૧૧/નબસ/૧૨/૨૦૦૨/ ૩૦૧૧/છ, તા. ૨૧-૦૭-૨૦૧૧.

(૩) અત્રેની કચેરીના આદેશ ક્રમાંક : ફડચ/ગ-૨/૨૦૬/૨૦૧૭, તા. ૨૦-૦૯-૨૦૧૭ થી મંડળીને ફડચામાં લઈ જવાનો વચગાળા આદેશ.

## અંતિમ આદેશ

ક્રમાંક : ફડચ/ગ-૨/૨૩૫/૨૦૧૭.-આથી હું, ટી. સી. તીરથાણી, જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, રાજકોટ, ઉપર વંચાણે લીધેલ ક્રમ-૨ વાળા જાહેરનામાથી મળેલ અધિકાર અને સત્તાની રૂઈએ તેમજ આમુખમાં જણાવેલ વિગતો ધ્યાને લઈને શ્રી શિવમ મજુર બાંધકામ સહકારી મંડળી લી., મુ. હરીપર (પાળ), તા. લોધીકા, જિ. રાજકોટ (નોંધણી નંબર-ઉ ૧૧૯૪૮, તા. ૨૨-૦૯-૨૦૦૩) ના ગુજરાત સહકારી મંડળીઓનાં અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયે ફડચામાં લઈ જવાના વચગાળાના આદેશને, આજ કાયદાની કલમ-૧૦૮(૧) અન્વયે કાયમી રાખતો આદેશ આપુ છું અને ફડચા અધિકારી તરીકે સહકારી અધિકારીશ્રી (ફડચો)-૨ લગત જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, રાજકોટની નિમણૂંક કરુ છું. જે અન્વયે સદરહુ મંડળીનાં ફડચા અધિકારીએ મંડળીની ફડચાની તમામ કામગીરી નિયત મુદતમાં પૂર્ણ કરવી.

રાજકોટ, ૧૩ માહે નવેમ્બર, સને ૨૦૧૭.

---

વંચાણે લીધા :

(૧) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ તથા ૧૦૮ હેઠળની જોગવાઈ.

(૨) ગુજરાત સરકારશ્રીના કૃષિ અને સહકાર વિભાગના જાહેરનામાં ક્રમાંક : જીએચકેએચ/૬૨/૨૦૧૧/નબસ/૧૨/૨૦૦૨/ ૩૦૧૧/છ, તા. ૨૬-૦૮-૨૦૧૧.

(૩) અત્રેની કચેરીના આદેશ ક્રમાંક : ફડચ/ગ-૨/૨૧૦/૨૦૧૭, તા. ૨૮-૦૯-૨૦૧૭ થી મંડળીને ફડચામાં લઈ જવાનો વચગાળા આદેશ.

## અંતિમ આદેશ

ક્રમાંક : ફડચ/ગ-૨/૨૩૪/૨૦૧૭.-આથી હું, ટી. સી. તીરથાણી, જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, રાજકોટ, ઉપર વંચાણે લીધેલ ક્રમ-૨ વાળા જાહેરનામાથી મળેલ અધિકાર અને સત્તાની રૂઈએ તેમજ આમુખમાં જણાવેલ વિગતો ધ્યાને લઈને શ્રી માંડણકુંડલા શાકભાજી ફળફળાદિ ખરીદ વેચાણ સહકારી મંડળી લી., મુ. માંડણકુંડલા, તા. ગોંડલ, જિ. રાજકોટ (નોંધણી નંબર-સે. ૪૦૫૦૯, તા. ૧૬-૦૧-૨૦૧૨) ના ગુજરાત સહકારી મંડળીઓનાં અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયે ફડચામાં લઈ જવાના વચગાળાના આદેશને, આજ કાયદાની કલમ-૧૦૮(૧) અન્વયે કાયમી રાખતો આદેશ આપુ છું અને ફડચા અધિકારી તરીકે સહકારી અધિકારીશ્રી (ફડચો)-૨ લગત જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, રાજકોટની નિમણૂંક કરુ છું. જે અન્વયે સદરહુ મંડળીનાં ફડચા અધિકારીએ મંડળીની ફડચાની તમામ કામગીરી નિયત મુદતમાં પૂર્ણ કરવી.

રાજકોટ, ૧૩ માહે નવેમ્બર, સને ૨૦૧૭.

**ટી. સી. તીરથાણી,**
જિલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
રાજકોટ.

---

### મદદનીશ જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, જિલ્લા પંચાયત દ્વારા

## નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : જિ.પં./સહક/૧૧૭/નધણ-ખ-૧-સે-૩૭૫૧૨/સને : ૧૯-૦૯-૨૦૧૭.-આથી જાહેર કરે છે કે, શ્રી પઠાપીર સેવા સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ : મુ. ભેટકડી, તા. : પોરબંદર, જિ. : પોરબંદર.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો, ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો-૧૯૬૧ ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવેલ છે.

પોરબંદર, ૧૯ માહે સપ્ટેમ્બર, સને ૨૦૧૭.

---

## નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : જિ.પં./સહક/૧૧૮/નધણ-ખ-૧-સે-૩૭૫૧૩/સને : ૧૯-૦૯-૨૦૧૭.-આથી જાહેર કરે છે કે, શ્રી ગોરખનાથ સેવા સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ : મુ. ફટાણા, તા. : પોરબંદર, જિ. : પોરબંદર.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો, ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો-૧૯૬૧ ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવેલ છે.

પોરબંદર, ૧૯ માહે સપ્ટેમ્બર, સને ૨૦૧૭.

---

## નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : જિ.પં./સહક/૧૧૯/નધણ-ખ-૧-સે-૩૭૫૧૪/સને : ૧૯-૦૯-૨૦૧૭.-આથી જાહેર કરે છે કે, શ્રી રાતડી સેવા સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ : મુ. રાતડી, તા. : પોરબંદર, જિ. : પોરબંદર.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો, ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો-૧૯૬૧ ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવેલ છે.

પોરબંદર, ૧૯ માહે સપ્ટેમ્બર, સને ૨૦૧૭.

---

## નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : જિ.પં./સહક/૧૨૦/નધણ-ખ-૧-સે-૩૭૫૧૫/સને : ૧૯-૦૯-૨૦૧૭.-આથી જાહેર કરે છે કે, શ્રી થેપડા સેવા સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ : મુ. થેપડા, તા. : કુતિયાણા, જિ. : પોરબંદર.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો, ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો-૧૯૬૧ ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવેલ છે.

પોરબંદર, ૧૯ માહે સપ્ટેમ્બર, સને ૨૦૧૭.

## નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : જિ.પં./સહક/૧૨૧/નધણ-ખ-૧-સે-૩૭૫૧૬/સને : ૧૯-૦૯-૨૦૧૭.-આથી જાહેર કરે છે કે, શ્રી ટેરી સેવા સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ : મુ. ટેરી, તા. : કુતિયાણા, જિ. : પોરબંદર.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો, ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો-૧૯૬૧ ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવેલ છે.

પોરબંદર, ૧૯ માહે સપ્ટેમ્બર, સને ૨૦૧૭.

---

## નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : જિ.પં./સહક/૧૨૨/નધણ-ખ-૧-સે-૩૭૫૧૭/સને : ૧૯-૦૯-૨૦૧૭.-આથી જાહેર કરે છે કે, શ્રી બિલડી સેવા સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ : મુ. બિલડી, તા. : કુતિયાણા, જિ. : પોરબંદર.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો, ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો-૧૯૬૧ ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવેલ છે.

પોરબંદર, ૧૯ માહે સપ્ટેમ્બર, સને ૨૦૧૭.

## નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : જિ.પં./સહક/૧૨૩/નધણ-ખ-૧-સે-૩૭૫૧૮/સને : ૧૯-૦૯-૨૦૧૭.-આથી જાહેર કરે છે કે, શ્રી રોઘડા સેવા સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ : મુ. રોઘડા, તા. : કુતિયાણા, જિ. : પોરબંદર.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો, ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો-૧૯૬૧ ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવેલ છે.

પોરબંદર, ૧૯ માહે સપ્ટેમ્બર, સને ૨૦૧૭.

---

## નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : જિ.પં./સહક/૧૨૪/નધણ-ખ-૧-ઉ-૧૩૧૪૨/સને : ૧૯-૦૯-૨૦૧૭.-આથી જાહેર કરે છે કે, શ્રી મંગલમુર્તિ વણાટ ઉત્પાદક સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ : મુ. રોઘડા, તા. : કુતિયાણા, જિ. : પોરબંદર.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો, ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો-૧૯૬૧ ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવેલ છે.

પોરબંદર, ૧૯ માહે સપ્ટેમ્બર, સને ૨૦૧૭.

---

**મદદનીશ જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ,**
**જિલ્લા પંચાયત દ્વારા**

## નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : જિપં/સહક/૧૩૪/નધણ-ખ-૧-ઉ-૧૩૧૪૩ સને : ૦૨-૧૧-૨૦૧૭.-આથી જાહેર કરે છે કે, શ્રી ગરવી ગુજરાત હાથ વણાટ ઉત્પાદક સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ : મું. ધરસન, તા. : કુતિયાણા, જિ. : પોરબંદર.

સને-૧૯૬૧નો ગુજરાત કાયદો, ગુજરાત સહકારી મંડળીઓ કાયદો-૧૯૬૧ ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

પોરબંદર, ૦૨ માહે નવેમ્બર, સને ૨૦૧૭.

---

## નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : જિપં/સહક/૧૩૫/નધણ-ખ-૧-ઉ-૧૩૧૪૪ સને : ૦૨-૧૧-૨૦૧૭.-આથી જાહેર કરે છે કે, શ્રી ચામુંડા વણકર ઉત્પાદક સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ : મું. માધવપુર, તા. : પોરબંદર, જિ. : પોરબંદર.

સને-૧૯૬૧નો ગુજરાત કાયદો, ગુજરાત સહકારી મંડળીઓ કાયદો-૧૯૬૧ ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

પોરબંદર, ૦૨ માહે નવેમ્બર, સને ૨૦૧૭.

---

## નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : જિપં/સહક/૧૩૬/નધણ-ખ-૧-ઉ-૧૩૧૪૫/સને : ૦૨-૧૧-૨૦૧૭.-આથી જાહેર કરે છે કે, શ્રી રાધેક્રિષ્ના મહિલા હસ્તકલા ઉત્પાદક અને વેચાણ સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ : મું. માધવપુર (ઘેડ), તા. : પોરબંદર, જિ. : પોરબંદર.

સને-૧૯૬૧નો ગુજરાત કાયદો, ગુજરાત સહકારી મંડળીઓ કાયદો-૧૯૬૧ ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

પોરબંદર, ૦૨ માહે નવેમ્બર, સને ૨૦૧૭.

(સહી) અવાચ્ય,
મદદનીશ જિલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, જિલ્લા પંચાયત
પોરબંદર.

---

PRINTED AT THE GOVERNMENT PRESS, RAJKOT COMPLAINTS ABOUT GAZETTE MUST BE MADE WITHIN A FORTNIGHT FROM THE DATE OF THIS PUBLICATION ACCOMPANIED BY THE WRAPPER.

©

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

*PUBLISHED BY AUTHORITY*

**VOL. LVIII] THURSDAY, 30th NOVEMBER, 2017/AGRAHAYAN 09, 1939 No. 48**

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central section in order that it may be filed as a separate compilation.

# PART-I


| | Pages | | Pages |
|---|---|---|---|
| **PART - I**<br>Government Notifications Appointments Promotions, Leave of absence, Rules and orders (Other than those published in Part-I-A, IV-A, IV-B, and IV-C) list of publications for sales etc.,<br>Miscellaneous Notifications Appoint-ments etc., | 1247-1264 | **PART - I - B**<br>(Suppliment) Government Notifications Published under Land Acquisition Act only Supplement. | Nil |
| **PART - I - A**<br>Order and Notifications (Other than those published in Part-IV-B) under the Gujarat Local Boards, Village Panchayats, Municipals, Boroughs, (Districts) Municipals Primary Education and Local Fund Audits, Acts., | Nil | **PART - II**<br>Miscellaneous Notices, Advertisments, List of Books Sanctioned by the Director of Education, List of Jurors. Schedule of Estates by the Official Assignee, Summary of Births and Deaths, etc., | 2265-2320 |
| | | **PART - III**<br>Miscellaneous Supplements Season and Crop Reports, Prices, Current Rainfalls Returns, District Local Boards Accounts etc., | Nil |

# Government Notifications, Orders Appointments, etc.

## SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

## NOTIFICATION

### Miscellaneous Notifications appointments etc.

---

## By the Principal District Judge

**Read :**

(01) *Hon'ble High Court letter No. A.-2404/98, dated 25-08-2000.*

*(02) This Office Notification No. B-10/9646/2017, dated 19-05-2017.*

*(03) Hon'ble High Court Notification No. A-0705(II)/ 2017 (86) dated 15-11-2017.*

## NOTIFICATION

No. B-10/18255/2017.-The 4th Additional Senior Civil Judge & ACJM, Bhavnagar, is hereby ordered to be a Special Judge, exclusively the cases arising from the Alang Ship Breaking yard, who is competent to try such cases **w.e.f. 18-11-2017 B.O.H.,** instead of 5th Additional Senior Civil Judge & ACJM, Bhavnagar.

Bhavnagar, 16th November, 2017.

---

***Read :***

*(1) Legal Department, Resolution No. ABP/102008/D/ (Pt-I), dated 07-06-2010.*

*(2) Hon'ble High Court Letter No. A. 0705 (II)/2017 (86), dated 15-11-2017.*

*(3) This Office Notification No. 564/2017, dated 19/20-05-2017.*

## NOTIFICATION

No. B-4/18256/1234/2017.-The Court of 9th Additional Senior Civil Judge & ACJM, Bhavnagar is hereby nominated to be a Special Judge, to try the cases filed under the Negotiable Instrument Act, with effect from 18-11-2017 B.O.H. instead of 10th Additional Senior Civil Judge & ACJM, Bhavnagar.

Bhavnagar, 16th November, 2017.

---

***Read :***

*(1) Legal Department, Resolution No. ABP/102008/D/ (Pt-I), dated 07-06-2010.*

*(2) Hon'ble High Court Letter No. A. 0705 (II)/2017 (86), dated 15-11-2017.*

*(3) This Office Notification No. 563/2017, dated 19/20-05-2017.*

## NOTIFICATION

No. B-4/18257/1235/2017.-The Court of 8th Additional Senior Civil Judge & ACJM, Bhavnagar is hereby nominated to be a Special Judge, to try the cases filed under the Negotiable Instrument Act, with effect from 18-11-2017 B.O.H. instead of 9th Additional Senior Civil Judge & ACJM, Bhavnagar.

Bhavnagar, 16th November, 2017.

---

***Read :***

*(1) Legal Department, Resolution No. ABP/102008/D/ (Pt-I), dated 07-06-2010.*

*(2) Hon'ble High Court Letter No. A. 0705 (II)/2017 (86), dated 15-11-2017.*

*(3) This Office Notification No. 562/2017, dated 19/20-05-2017.*

## NOTIFICATION

No. B-4/18258/1236/2017.-The Court of 6th Additional Senior Civil Judge & ACJM, Bhavnagar is hereby nominated to be a Special Judge, to try the cases filed under the Negotiable Instrument Act, with effect from 18-11-2017 B.O.H. instead of 7th Additional Senior Civil Judge & ACJM, Bhavnagar.

Bhavnagar, 16th November, 2017.

**J. J. Pandya,**
Principal District Judge,
Bhavnagar.

---

## જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

*વિષય :* ચૂંટણી ફરજ માટે નિમાયેલા અધિકારીઓને ખાસ કાર્યપાલક મેજીસ્ટ્રેટની સત્તાઓ આપવા બાબત.

વંચાણમાં લીધા :

૧. ફોજદારી કાર્યરિતી અધિનિયમ-૧૯૭૩ની કલમ-૨૧.

૨. સરકારશ્રીના ગૃહ વિભાગના જાહેરનામા ક્રમાંક : જીજી/૭૬/સીઆરપીસી/૩૨૧૨/૫૩૯/મ તા. ૧૮-૧૦-૨૦૧૨.

૩. નાયબ જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી, અમરેલીના પત્ર નં. ચટણ/૧/વશી/૯૦૫/૨૦૧૭, તા. ૦૨-૧૧-૨૦૧૭.

### હુકમ

નં. નાચિ/પલસ/વશી/૧૪૩૩૧-૧૪૫૬૦/૧૭.-ફોજદારી કાર્યરિતી અધિનિયમ-૧૯૭૩ની કલમ-૨૧થી ખાસ વિસ્તાર માટે અથવા ખાસ કાર્યો બજાવવા માટે યોગ્ય લાગે તેટલી મુદત માટે ખાસ કાર્યપાલક મેજીસ્ટ્રેટશ્રીના અધિકાર આપવાની જોગવાઈ થયેલ છે.

આ બાબતે સરકારશ્રીની ગૃહ વિભાગના વંચાણે લીધેલ ક્રમ-૨ના જાહેરનામાથી ભારતના ચૂંટણી પંચ તરફથી ચૂંટણીઓ જાહેર થાય ત્યારે જાહેરનામાની તારીખથી મેજીસ્ટ્રીયલ પાવર્સ ધરાવતાં ન હોય તેવા ચૂંટણી અધિકારીશ્રીઓ, મદદનીશ ચૂંટણી અધિકારીશ્રીઓ, ઝોનલ ઓફીસરશ્રીઓ તરીકે નિમાયેલ અધિકારીશ્રીઓ અને કર્મચારીઓને જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી દ્વારા તેમની જે વિસ્તાર અને નિશ્ચિત સમયગાળા માટે ભારતીય ફોજદારી કાર્યરિતી અધિનિયમની કલમ-૨૧ હેઠળ ખાસ કાર્યપાલક મેજીસ્ટ્રેટ તરીકેના તથા આ અધિનિયમની કલમ-૪૪, ૧૦૩, ૧૦૪, ૧૨૯, ૧૪૪ ના અધિકારો ચૂંટણીની જાહેરાત થયા તારીખથી ચૂંટણી પુર્ણ થતાં સુધીના સમયગાળા માટે ભોગવશે. આ અધિકારીશ્રીઓ અને કર્મચારીશ્રીઓને કયા વિસ્તાર અને સમયગાળા માટે નિમણૂંક આપવી, તે અંગેનો નિર્ણય જિલ્લા મેજીસ્ટ્રેટશ્રીઓએ કરવાનો રહેશે તેવું ઠરાવેલ છે.

ભારતના ચૂંટણીપંચ દ્વારા વિધાનસભા સામાન્ય ચૂંટણી-૨૦૧૭ નો કાર્યક્રમ પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. અમરેલી જિલ્લાના અલગ-અલગ ૫-વિધાનસભા મત વિસ્તારોમાં તે કાર્યક્રમ અંતર્ગત સંબંધિત ચૂંટણી અધિકારીશ્રીઓ દ્વારા તેમના વિધાનસભા મત વિસ્તાર માટે ઝોનલ ઓફીસરશ્રીઓને નિમવામાં આવેલ છે. તેઓને ખાસ કાર્યપાલક મેજીસ્ટ્રેટશ્રીના અધિકારો આપવા વંચાણે લીધેલ નાયબ જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી અમરેલીના ક્રમ-૩ માં જણાવેલ પત્રથી દરખાસ્ત થઈ આવેલ છે.

સબબ હું, એસ. એલ. અમરાણી, આઈ.એ.એસ., જિલ્લા મેજીસ્ટ્રેટ, અમરેલી, જિલ્લો અમરેલી, ઉપર વંચાણે લીધેલ ક્રમ-૧ તથા ક્રમ-૨ની જોગવાઈ હેઠળ અમરેલી જિલ્લામાં સમાવિષ્ટ વિધાનસભા મત વિસ્તારમાં સંબંધિત ચૂંટણી અધિકારીશ્રીઓ દ્વારા નિમણૂંક આપેલ નીચે જણાવેલ પત્રકમાં દર્શાવેલ ઝોનલ ઓફીસરશ્રીઓને તેમના નામ સામે દર્શાવેલ કામગીરીના વિસ્તાર તથા સમયમર્યાદા પુરતા ખાસ કાર્યપાલક મેજીસ્ટ્રેટ તરીકેના ફોજદારી કાર્યરિતી અધિનિયમની કલમ-૪૪, ૧૦૩, ૧૦૪, ૧૨૯, ૧૪૪ ના અધિકારો ભોગવવા માટેના અધિકારો આપવામાં આવે છે.

સંબંધિત ચૂંટણી અધિકારીશ્રી દ્વારા હવે પછી ઝોનલ અધિકારીશ્રીની નિમણૂંકોમાં ફેરબદલી સુધારા થાય તો તે બદલીથી આવનાર અધિકારીશ્રીઓને પણ આ હુકમ આપોઆપ લાગુ પડશે.

ઉક્ત હુકમ ચૂંટણી પ્રક્રીયા પૂર્ણ થાય ત્યા સુધી એટલે કે તા. ૨૦-૧૨-૨૦૧૭ સુધી અમલમાં રહેશે.

| ક્રમ | ઝોનલ અધિકારીશ્રીનું નામ, હોદ્દો તથા મોબાઈલ નંબર | કામગીરીનો વિસ્તાર | સમય ગાળો |
|---|---|---|---|
| ૧ | શ્રી ધવલકુમાર લલીતભાઈ જોષી, વ્યાખ્યાતા, ડો. જે. એન. મહેતા સરકારી પોલીટેકનીક અમરેલી, તા. જિ. અમરેલી. મો. ૯૪૨૭૨૭૪૮૮૪ | ઝોનલ અધિકારીશ્રીને ફાળવવામાં આવેલ ઝોનલ રૂટના વિસ્તાર પુરતા | હુકમ થયાની તારીખથી તા. ૨૦-૧૨-૨૦૧૭ સુધી |
| ૨ | શ્રી મેહુલકુમાર રાઘવજીભાઈ રાઠોડ, વ્યાખ્યાતા, ડો. જે. એન. મહેતા સરકારી પોલીટેકનીક અમરેલી, તા. જિ. અમરેલી. મો. ૯૪૨૬૫૨૮૬૭૨ | | |
| ૩ | શ્રી સુનિલભાઈ મનસુખભાઈ ગોયાણી ઈન્ચા. આચાર્ય શ્રી સરકારી હાઈ. અને સેકન્ડરી સ્કુલ, લીલીયા મોટા. મો. ૯૪૨૮૯૬૯૬૯૭ | | |
| ૪ | શ્રી નિરવભાઈ જગદીશભાઈ કારીયા, મ.શિક્ષક, શ્રી સરકારી હાઈ. અને સેકન્ડરી સ્કુલ, લીલીયા મોટા. મો. ૯૪૨૯૦૯૪૬૦૬ | | |
| ૫ | શ્રી જીગ્નેશભાઈ પ્રવિણભાઈ મકવાણા, આસી. એન્જીનીયર, નાયબ કાર્યપાલક કચેરી, નાની સિંચાઈ પંચાયત, લીલીયા મોટા. મો. ૯૪૯૯૮૦૧૪૬૬ | | |
| ૬ | શ્રી દિવ્યેશભાઈ ધીરૂભાઈ પટેલ, આસી. એન્જીનીયર, નાયબ કાર્યપાલક કચેરી, નાની સિંચાઈ પંચાયત લીલીયા મોટા. મો. ૯૯૦૯૫૦૭૫૭૩ | | |

INDEX

| ૧ | ૨ | ૩ | ૪ |
|---|---|---|---|
| ૭ | શ્રી કે. એમ. મકવાણા, અધ્યાપક, કાનકીયા કોલેજ, સાવરકુંડલા, તા. સાવરકુંડલા, જિ. અમરેલી. મો. ૯૪૨૭૨૪૨૧૬૬ | અધિકારીશ્રીને ફાળવવામાં આવેલ ઝોનલ રૂટના વિસ્તાર પુરતા | હુકમ થયાની તારીખથી તા. ૨૦-૧૨-૨૦૧૭ સુધી |
| ૮ | શ્રી ડી. એલ. ચાવડા, અધ્યાપક, શ્રીમતિ વી. ડી. ઘેલાણી, સાવરકુંડલા. મો. ૯૪૨૯૦૭૩૨૪૬ | | |
| ૯ | શ્રી વી. સી. ચૌધરી, નાયબ એન્જીનીયર, પી.જી.વી.સી.એલ., રૂરલ, સાવરકુંડલા. મો. ૯૯૨૫૦૯૩૯૦ | | |
| ૧૦ | શ્રી એ. વી. વડેચા, જુનિયર એન્જીનીયર, પી.જી.વી.સી.એલ., રૂરલ સબ ડીવીઝન, સાવરકુંડલા, તા. સાવરકુંડલા, જિ. અમરેલી. મો. ૯૯૭૮૯૩૪૮૦૮ | | |
| ૧૧ | શ્રી રાજેશકુમાર બળવંતરાય મહેતા, વ્યાખ્યાતા, ડો. જે. એન. મહેતા સરકારી પોલીટેકનીક, અમરેલી. તા. જિ. અમરેલી. મો. ૯૦૧૬૦૬૭૪૦૭ | | |
| ૧૨ | શ્રી ઈકબાલભાઈ બચુભાઈ સવંટ, એડીશનલ આસી. એન્જીનીયર, નાયબ કાર્યપાલક કચેરી, સવારકુંડલા. મો. ૯૪૨૬૪૩૭૭૧૨ | | |
| ૧૩ | શ્રી અરજણભાઈ કચરાભાઈ પરમાર, અધ્યાપક, વી. ડી. કાણકીયા કોલેજ, સાવરકુંડલા. મો. ૯૭૨૫૯૩૨૮૭૭ | | |
| ૧૪ | શ્રી વીજયભાઈ એ. ગામીત, જેટકો, સાવરકુંડલા, તા. સાવરકુંડલા, જિ. અમરેલી. ૯૯૨૫૨૧૧૦૬૦ | | |
| ૧૫ | શ્રી ઈમરાનભાઈ એ. દલ, નાયબ માર્ગ અને મકાન એન્જીનીયર, સાવરકુંડલા. મો. ૯૮૨૪૪૩૮૫૩૩ | | |
| ૧૬ | શ્રી રણધીરભાઈ વિભાભાઈ કોઠીવાળ, વ્યાખ્યાતા, ડો. જે. એન. મહેતા સરકારી પોલીટેકનીક, અમરેલી, તા. જિ. અમરેલી. મો. ૯૭૨૪૫૭૯૫૯૪ | | |
| ૧૭ | શ્રી બાલબદ્રસિંહ બી. ગોહીલ, નાયબ માર્ગ અને મકાન એન્જીનીયર, સાવરકુંડલા. મો. ૯૭૩૭૩૭૯૯૭૯ | | |
| ૧૮ | શ્રી કરણભાઈ વાલજીભાઈ પરમાર, વ્યાખ્યાતા, ડો. જે. એન. મહેતા, સરકારી પોલીટેકનીક, અમરેલી, તા. જિ. અમરેલી. મો. ૮૯૦૫૧૫૨૬૯૫ | | |
| ૧૯ | શ્રી ચન્દુલાલ અરજણભાઈ ચાવડા, નાયબ કાર્યપાલક એન્જીનીયર, સિંચાઈ પેટા વિભાગ, સાવરકુંડલા, તા. સાવરકુંડલા, જિ. અમરેલી. મો. ૯૫૭૪૦૬૫૨૦૫ | | |
| ૨૦ | શ્રી રૂષભકુમાર દીનેશભાઈ વનરા, વ્યાખ્યાતા, ડો. જે. એન. મહેતા, સરકારી પોલીટેકનીક અમરેલી, તા. જિ. અમરેલી. મો. ૯૪૨૯૬૮૫૫૮૮ | | |
| ૨૧ | શ્રી દીલીપભાઈ ડી. ભટ્ટ, અધ્યાપક, વી. ડી. કણાકીયા કોલેજ, સાવરકુંડલા. મો. ૯૪૨૭૭૪૭૭૪૪ | | |
| ૨૨ | શ્રી એમ. બી. કાતરીયા, મ. ઈ. નાની સિંચાઈ, પથીકા આશ્રમ, સાવરકુંડલા. મો. ૯૪૨૬૨૪૩૦૯૮ | | |
| ૨૩ | શ્રી બી. બી. પટેલ, પી.જી.વી.સી.એલ., વિજપડી, તા. સાવરકુંડલા. મો. ૯૯૨૫૨૧૧૮૫૦ | | |
| ૨૪ | શ્રી કાંતીભાઈ ભયલુભાઈ પટેલ, અધ્યાપક, શ્રીમતી વી. ડી. ઘેલાણી, મહીલા કોલેજ, સાવરકુંડલા. મો. ૯૪૨૯૦૭૫૭૪૨ | | |
| ૨૫ | શ્રી હર્ષભાઈ કનૈયાલાલ વાઘેલા, વ્યાખ્યાતા, ડો. જે. એન. મહેતા, સરકારી પોલીટેકનીક, અમરેલી. તા. જિ. અમરેલી. મો. ૯૦૩૩૮૪૪૨૨૮ | | |
| ૨૬ | શ્રી આર. કે. કુરેશી, અધ્યાપક, વી. ડી. ઘેલાણી કન્યા કોલેજ, સાવરકુંડલા. મો. ૯૪૨૯૬૧૩૫૧૫ | | |
| ૨૭ | શ્રી બીસુભાઈ દેવાભાઈ વરુ અધ્યાપક, વી. ડી. કાણકીયા કોલેજ, સાવરકુંડલા. મો. ૯૪૨૯૩૫૨૩૩૯ | | |
| ૨૮ | શ્રી એસ. પી. બોરડ, નાયબ એન્જીનીયર, પી.જી.વી.સી.એલ., સાવરકુંડલા. મો. ૯૯૨૫૨૦૯૩૮૮ | | |
| ૨૯ | શ્રી એમ. એમ. ચૌધરી, નાયબ ઈજનેરશ્રી, પી.જી.વી.સી.એલ. (ગ્રામ્ય), બાબરા. મો. નં. ૭૫૬૭૦૩૨૪૫૨ | | |
| ૩૦ | શ્રી એચ. ડી. સોલંકી, એસ.ઓ.શ્રી, માર્ગ અને મકાન પેટા વિભાગ, અમરેલી. મો. ૯૯૦૪૧૯૭૭૦૦ | | |
| ૩૧ | શ્રી ટી. એ. સોની, જુ.ઈ., પીજીવીસીએલ (ગ્રામ્ય), બાબરા. મો.નં. ૯૯૨૫૨૦૯૩૬૧ | | |
| ૩૨ | શ્રી સી. આર. ખુમાણ, આસી. પ્રોફેસર, જે. એન. મહેતા, સરકારી પોલીટેકનીક, અમરેલી. મો.નં.૯૬૩૮૪૭૯૮૪૬ | | |
| ૩૩ | શ્રી એચ.આર.વડાવીયા, આચાર્ય, વાંડલીયા હાઈસ્કુલ. મો.નં. ૯૪૨૬૨૨૭૦૬૭ | | |
| ૩૪ | શ્રી એ. એસ. પરમાર, આસી. પ્રોફેસર, જે.એન. મહેતા પોલી.ટેક., અમરેલી. મો.નં. ૯૬૦૧૦૧૪૯૧૪ | | |
| ૩૫ | શ્રી એ. બી. ડઢાણીયા, આચાર્ય, મોટા દેવળીયા હાઈસ્કુલ. મો.નં. ૯૪૨૭૨૩૮૯૬૯ | | |
| ૩૬ | શ્રી એમ. બી. ઝાલા, આચાર્ય, થોરખાણ હાઈસ્કુલ. મો.નં. ૯૯૧૩૪૪૩૫૩૬ | | |
| ૩૭ | શ્રી જે. પી. મકવાણા, જુ.ઈ., પી.જી.વી.સી.એલ., બાબરા. મો.નં. ૯૯૭૮૯૩૪૭૯૯ | | |
| ૩૮ | શ્રી એસ. ડી. નાકરાણી, આચાર્ય, ચમારડી હાઈસ્કુલ. મો.નં. ૯૯૦૯૬૩૬૩૯૩ | | |
| ૩૯ | શ્રી વાય. એસ. ઠાકર, પ્રોફેસર, કે.કે. પારેખ કોમર્સ કોલેજ, અમરેલી. મો.નં. ૯૮૯૮૭૯૪૭૯૭ | | |
| ૪૦ | શ્રી કે. આર. પોકીયા, જુ.ઈ. પી.જી.વી.સી.એલ., બાબરા. મો.નં. ૯૯૨૫૨૦૯૪૨૩ | | |
| ૪૧ | શ્રી સી. સી. ડામોર, ના.ઈ. પી.જી.વી.સી.એલ. (શહેર), બાબરા. મો.નં. ૯૯૨૫૨૦૯૩૫૯ | | |
| ૪૨ | શ્રી પી. જે. પરમાર, આચાર્ય, સરકારી વિનયન અને વાણીજય કોલેજ, બાબરા. મો.નં. ૯૯૨૪૫૫૦૧૫૦ | | |

| ૧ | ૨ | ૩ | ૪ |
|---|---|---|---|
| ૪૩ | શ્રી આર. એ. નિમાવત, વ્યાખ્યાતા, ડો. જે.એન.મહેતા સરકારી પોલીટેકનીક, અમરેલી. મો. ૯૦૩૩૩૯૧૮૬૫ | અધિકારીશ્રીને ફાળવવામાં આવેલ ઝોનલ રૂટના વિસ્તાર પુરતા | હુકમ થયાની તારીખથી તા. ૨૦-૧૨-૨૦૧૭ સુધી |
| ૪૪ | શ્રી હિતેષકુમાર બી. રેણુકા વ્યાખ્યાતા, ડો. જે.એન.મહેતા સરકારી પોલીટેકનીક, અમરેલી. મો. ૯૪૨૬૫૭૫૬૯૯ | | |
| ૪૫ | શ્રી જે. પી. માલવી, વ્યાખ્યાતા, ડો. જે.એન.મહેતા સરકારી પોલીટેકનીક, અમરેલી. મો. ૯૮૭૯૦૫૭૭૦૪ | | |
| ૪૬ | શ્રી આર. વી. જીયાણી, વ્યાખ્યાતા, ડો. જે.એન.મહેતા સરકારી પોલીટેકનીક, અમરેલી. મો. ૯૪૨૬૩૩૩૮૦૩ | | |
| ૪૭ | શ્રી વી. આર. ઉનાગર, વ્યાખ્યાતા, ડો. જે.એન.મહેતા સરકારી પોલીટેકનીક, અમરેલી. મો. ૮૪૬૦૮૩૯૧૫૯ | | |
| ૪૮ | શ્રી કે. બી. મકવાણા, વ્યાખ્યાતા, ડો. જે.એન.મહેતા સરકારી પોલીટેકનીક, અમરેલી. મો. ૯૮૯૮૭૩૮૬૮૧ | | |
| ૪૯ | શ્રી જે. એન. ગૌસ્વામી, નાયબ કાર્યપાલક ઈજનેર, પી.જી.વી.સી.એલ. દામનગર, મો. ૯૯૨૫૨૦૯૩૬૨ | | |
| ૫૦ | શ્રી એમ. એસ. જોગાણી, મદદનીશ ઈજનેર ના.કા.ઈ. સિંચાઈ પેટા વિ-૧, અમરેલી. મો. ૯૪૨૮૬૧૫૭૬૮ | | |
| ૫૧ | શ્રી એન. આર. પટેલ, વ્યાખ્યાતા, ડો. જે.એન.મહેતા સરકારી પોલીટેકનીક, અમરેલી. મો. ૯૪૨૭૨૩૧૬૩૭ | | |
| ૫૨ | શ્રી જે. એન. વઘાસીયા, વ્યાખ્યાતા, ડો. જે.એન.મહેતા સરકારી પોલીટેકનીક, અમરેલી. મો. ૮૫૧૧૨૧૧૧૭૫ | | |
| ૫૩ | શ્રી જે. ડી. રાઠોડ, વહીવટી અધિકારી જનરલ હોસ્પિટલ, અમરેલી. મો. ૯૦૯૯૪૦૭૬૩ | | |
| ૫૪ | શ્રી એન. જી. ઢોરકોળી, નાયબ ઈજનેર, મા.મ. (પંચાયત)લાઠી. મો. ૯૪૨૬૨૮૭૨૪૪ | | |
| ૫૫ | શ્રી એમ. એમ. કડછા, નાયબ કાર્યપાલક ઈજનેર, પી.જી.વી.સી.એલ., લાઠી. મો. ૯૯૨૫૨૦૯૩૫૫ | | |
| ૫૬ | શ્રી બી. ડી. સેજુ, ચીફ ઓફીસર, લાઠી. મો.નં. ૯૯૦૪૭૦૮૮૧૨ | | |
| ૫૭ | શ્રીમતી રેખાબેન જોષી, સી.ડી.પી.ઓ.શ્રી, આઈ.સી.ડી.એસ., બાબરા. મો.નં. ૯૯૭૮૨૭૩૩૪૨ | | |
| ૫૮ | કે. એન. પટેલ, મ.ઈ. સિંચાઈ અને મોજણી, રાજુલા. મો. ૯૫૩૭૫૦૭૪૫૦ | | |
| ૫૯ | શ્રી એમ. એસ. સરતાનપરા, ના.કા.ઈ. ક્ષાર અંકુશ રાજુલા. મો. ૮૯૮૦૦૯૯૯૨૯ | | |
| ૬૦ | શ્રી આર. એ. બલાઈ, મ. ઈ. પી.જી.વી.સી.એલ., રાજુલા. મો. ૯૯૨૫૨૦૯૩૯૩ | | |
| ૬૧ | શ્રી કે. ડી. નિનામા, ના.કા.ઈ. પી.જી.વી.સી.એલ., રાજુલા. મો. ૯૮૭૯૩૪૫૩૨૮ | | |
| ૬૨ | એમ. એ. જાની, આચાર્યશ્રી, એલ. કે. ગૌસ્વામી હાઈસ્કુલ, વાવેરા, મો. ૯૬૮૭૬૦૪૧૪૩ | | |
| ૬૩ | શ્રી ડી. એ. ચૌહાણ, અ.મ.ઈ. ધાતરવાડી-૨, રાજુલા. મો.નં. ૯૯૨૫૨૦૯૪૨૮, ૮૯૮૦૦૩૮૩૦૦ | | |
The following candidates are declared successful at the Higher Standard Departmental Examination held on 03-07-2017 to 05-07-2017 and their names are arranged as per their merit.

1. Mr. S. V. Vaghela, Assistant, Family Court, Rajkot.
2. Kum. A. J. Ramanuj, Assistant, Family Court, Rajkot.
3. Mr. R. B. Chudasama, Assistant, Family Court, Rajkot.

**LOWER STANDARD DEPARTMENTAL EXAMINATION-2017.**

The following candidate is declared successful at the lower Standard Departmental Examination held on 03-07-2017 to 05-07-2017 and his name is arranged as per his merit.

1. A. D. Mahadik, Assistant, Family Court, Rajkot.

Rajkot, 28th November, 2017.

**S. M. Mehta,**
Principal Judge,
Family Court, Rajkot.

---

### By the Principal District Judge

**Read :**

*(1) Notification No. GK/54/2017/SPC/10217/GOI-44/D, dated : 16th August,2017 of the Govt. of Gujarat, Legal Department, Sachivalaya, Gandhinagar.*

*(2) District Court, Surendranagar Notification No. Judi./6088/17, dtd. 06-09-2017.*

### NOTIFICATION

No. Judi./7973/2017.-Presently, the Principal Senior Civil Judge, Surendrangar is specifies as a Commercial Court of Judicial District of Surendrangar for dealing with disputes of Commercial and Financial nature having valuation of less than repees one crore, as per the notification cited in the preamble at Sr. No.2, the undersigned is please to modifiy the notification cited in preamble at Sr. No. 2 and specifies the name of the Commercial Courts as shown in Column (2) of Schedule appended here to, in the area of local limits as specified in column (3) of the said Schedule, for dealing with disputes of Commercial and Financial nature having valuation of less than rupees one crore, under the Commercial Courts, Commercial Division and Commercial Appellate Division of High Courts Act, 2015, w.e.f. 01-12-2017.

**SCHEDULE**

| Sr. No. | Name of the Court | Areas of Jurisdiction |
|---|---|---|
| 1 | Principal Senior Civil Judge, Surendranagar | Surendrangar Head Quarter , Lakhtar Taluka, Wadhwan Taluka, Muli Taluka, Chotila Taluka & Thangadh Taluka |
| 2 | Principal Senior Civil Judge, Dhrangadhra | Dharangadhara Taluka, Patdi Taluka |
| 3 | Principal Senior Civil Judge, Limbdi | Limbdi Taluka, Chuda Taluka, Sayla Taluka |

Surendranagar, 21st November, 2017.

**I. D. Patel,**
Principal District Judge,
Surendranagar.

---

### કલેક્ટર દ્વારા

વંચાણમાં લીધા :

(૧) આ કચેરીના હુકમ નં. પરવ/કસન/વશી/૧૫૩૮-૧૫૭૨/૧૭, તા. ૦૫-૦૯-૨૦૧૭.

(૨) સેકશન અધિકારીશ્રી, અ.ના.પુ. અને ગ્રા.બા. વિભાગ, ગાંધીનગરનાં પત્ર ક્રમાંક : કસન-૧૦૨૦૧૭-જીઓઆઈ-૪/બ, તા. ૦૮-૦૯-૨૦૧૭.

(૩) સેકશન અધિકારીશ્રી,, અ.ના.પુ. અને ગ્રા.બા. વિભાગ, ગાંધીનગરના પત્ર ક્રમાંક : કસન-૧૦૨૦૧૭-૨૨૩-બ, તા. ૧૮-૦૯-૨૦૧૭.

(૪) સેકશન અધિકારીશ્રી, અ.ના.પુ. અને ગ્રા.બા. વિભાગ, ગાંધીનગરના પત્ર ક્રમાંક : કસન-૧૦૨૦૧૭-૨૨૩-બ, તા. ૦૧-૦૯-૨૦૧૭

(૫) ધી કેરોસીન/રીસ્ટ્રીકશન ઓન યુઝ એન્ડ ફિક્સેશન ઓફ સેલીંગ પ્રાઈઝ ઓર્ડર ૧૯૯૩.

## હુકમ

નં.પરવ/કસન/વશી/૧૬૧૮-૧૬૫૫/૨૦૧૭.-સરકારશ્રીના વંચાણે લીધેલ અનુ. નં. ૪ ના પત્રથી ત્રણે કંપનીના એક્ષડેપો રેટમાં થયેલ ફેરફાર ધ્યાને લઈ કેરોસીનના નવા ભાવો બાંધવા જણાવતા અત્રેના વંચાણે લીધેલ અનુ.નં. ૧ ના હુકમથી સરકારશ્રીની સૂચનાં અનુસાર પીડીએસ કેરોસીનના જિલ્લાનાં જુદા જુદા કેન્દ્રો માટે કેરોસીન એજન્ટો, જથ્થાબંધ વિક્રેતાઓ તેમજ છુટક વિક્રેતાઓનાં દુમાડ (વડોદરા), કંડલા, જામનગર (ખાવડી), બારેજા, કાલીગ્રામ, વાડીનાર (એસ.આર.) તથા પાલનપુર ડેપોથી રોડ રસ્તે આવતા કેરોસીનના વિતરણના ભાવો મુકરર કરવામાં આવેલ છે.

સરકારશ્રીના વંચાણમાં લીધેલ અનુ.નં. ૨ ના પત્રથી ભારત સરકારના તા. ૦૫-૦૯-૨૦૧૭ ના પત્રની નકલ અત્રે મોકલી આપી કેન્દ્ર સરકાર દ્વારા કેરોસીનના જથ્થાબંધ ડિલરના કમિશનમાં કરવામાં આવેલ ફેરફાર મુજબ નવા ભાવ બાંધણીના હુકમ કરવા જણાવેલ છે. તેમજ સરકારશ્રીના વંચાણમાં લીધેલ અનુ. નં. ૩ના પત્રથી આઈ.ઓ.સી.એલ., એચ.પી.સી.એલ. તથા બી.પી.સી.એલ. કંપની દ્વારા પીડીએસ કેરોસીનના વિવિધ સપ્લાય પોઈન્ટના એક્ષ ડેપો રેટમાં કરવામાં આવેલ ફેરફાર ધ્યાને લઈ જરૂરી કાર્યવાહી કરવા જણાવેલ છે.

સરકારશ્રીના અનું. નં. ૨ના પત્રથી જણાવ્યા અનુસાર કેન્દ્ર સરકાર દ્વારા કેરોસીનના (ફોર્મ નં. ૧૫ વાળા) જથ્થાબંધ ડિલરનું કમીશન પ્રતિ કે.એલ. રૂા. ૭૮૭.૮૨/- થી વધારી રૂા. ૧૦૦૮.૮૩/- કરવામાં આવેલ છે તથા કેરોસીનના (ફોર્મ નં. ૧૫ સિવાય) જથ્થાબંધ ડિલરનું કમિશન રૂા. ૭૨૩.૮૭/- થી વધારી રૂા. ૯૨૮.૧૦/- નકકી કરવામાં આવેલ છે. તેમજ સરકારશ્રીના અનું. નં.૩ ના પત્ર મુજબ ત્રણે કંપનીઓ દ્વારા અત્રેના જિલ્લા માટેના સપ્લાય પોઈન્ટ પૈકી કંડલા ડેપોના નવા એક્ષ ડેપો રેટ રૂા. ૧૯૦૮૪.૦૧/-, જામનગર (ખાવડી, વાડીનાર) :- રૂા. ૧૯૦૫૨.૦૦/-, સાબરમતી (કાલીગ્રામ, બારેજા) :- રૂા. ૧૯૦૬૨.૮૭/- તથા કોયલી (દુમાડ) :- રૂા. ૧૯૦૫૨.૦૦/-, તેમજ સિધ્ધપુર (પાલનપુર) :- રૂા. ૧૯૧૨૧.૯૩/- નકકી કરવામાં આવેલ છે.

ઉકત વિગતે ફોર્મ નં. ૧૫ વાળા કેરોસીનના જથ્થાબંધ ડિલરના કમીશનમાં થયેલ વધારો તેમજ ત્રણે કંપનીઓ દ્વારા વિવિધ સપ્લાય પોઈન્ટના એક્ષ ડેપો રેટમાં કરવામાં આવેલ ફેરફાર ધ્યાને લઈ અમરેલી જિલ્લા માટે કેરોસીનના નવા ભાવો મુકરર કરવાના થાય છે.

સબબ હું, એસ. એલ. અમરાણી, (આઈ.એ.એસ.), કલેક્ટર અમરેલી, જિલ્લો અમરેલી, વંચાણે લીધેલ અનુ. નં. ૫ નાં ધી કેરોસીન રીસ્ટ્રીકશન ઓન યુઝ એન્ડ ફિક્સેશન ઓફ સેલીંગ પ્રાઈઝ ઓર્ડર–૧૯૯૩ થી મને મળેલ અધિકારની રુઈએ ઉકત વિગતો ધ્યાને લઈ દુમાડ, કંડલા, જામનગર (ખાવડી), વાડીનાર, બારેજા, કાલીગ્રામ તથા પાલનપુર ડેપોથી જિલ્લાનાં તાલુકાઓ અને અન્ય મથકોનાં અંતર ધ્યાને લઈ રોડ રસ્તે આવતા ઘરગથ્થુ કેરોસીનનાં ભાવો આ સાથે સામેલ પરિશિષ્ટ-૧માં જણાવેલ વિગતે મુકરર કરવા આથી હુકમ કરુ છું.

અત્રેના અગાઉના હુકમોમાં રાખવામાં આવેલ બાકીની શરતો/સુચનાંઓ યથાવત રહેશે.

આ હુકમનો અમલ તા. ૧૬-૦૯-૨૦૧૭ થી કરવાનો રહેશે. તમામ મામલતદારશ્રીઓએ તેમના તાલુકા હસ્તકના એજન્ટ તથા છુટક વિક્રેતાઓને આ હુકમની જાણ તુરત જ કરવાની રહેશે.

આ હુકમથી મુકરર કરેલ ભાવો કરતા વધુ ભાવો (એજન્ટ, છુટક વિક્રેતા) લેવામાં આવતા હોવાનું જણાશે તો તેમની સામે આ હુકમના ભંગ બદલ આવશ્યક ચીજ વસ્તુઓ અધિનિયમ-૧૯૫૫ ની કલમ-૩ નો ભંગ ગણી શિક્ષાત્મક પગલા લેવામાં આવશે.

અમરેલી, ૨૦ માહે સપ્ટેમ્બર, સને ૨૦૧૭.

---

**પરીશિષ્ટ-૧ જિલ્લો - અમરેલી**

દુમાડ (વડોદરા) ડેપો ઉપરથી આવતાં કેરોસીન એજન્ટે છુટક વિક્રેતાને વેચાણ કરવાનો ૧૦૦૦ લીટરનો વેચાણ ભાવ તથા છુટક વિક્રેતાઓ/ફેરીયાઓએ એક લીટરનો ગ્રાહકોને વેચાણ આપવાનો ભાવ

| અનું. | સંગ્રહ કેન્દ્ર | એજન્ટે છુટક વિક્રેતાને વેચાણ કરવાનો ૧૦૦૦ લીટરનો વેચાણ ભાવ | | છુટક વિક્રેતાએ ગ્રાહકોને વેચાણ કરવાનો ૧ લી. નો ભાવ |
|---|---|---|---|---|
| | | ડેપો ડિલીવરી | ડોરસ્ટેપ ડિલીવરી (પરીવહન ખર્ચ સાથે) | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧ | અમરેલી | ૨૩૭૦૭.૦૪ | ૨૩૯૧૭.૦૪ | ૨૪.૯૭ |
| ૨ | ધારી | ૨૪૦૫૮.૧૬ | ૨૪૨૬૮.૧૬ | ૨૫.૩૨ |
| ૩ | સાવરકુંડલા | ૨૩૭૯૪.૮૨ | ૨૪૦૦૪.૮૨ | ૨૫.૦૫ |
| ૪ | લાઠી | ૨૩૫૩૧.૪૮ | ૨૩૭૪૧.૪૮ | ૨૪.૭૯ |
| ૫ | વડીયા | ૨૪૧૨૨.૦૦ | ૨૪૩૩૨.૦૦ | ૨૫.૩૮ |
| ૬ | રાજુલા | ૨૪૦૩૪.૨૨ | ૨૪૨૪૪.૨૨ | ૨૫.૨૯ |
| ૭ | બાબરા | ૨૩૫૩૧.૪૮ | ૨૩૭૪૧.૪૮ | ૨૪.૭૯ |
| ૮ | લીલીયા | ૨૩૫૫૫.૪૨ | ૨૩૭૬૫.૪૨ | ૨૪.૮૨ |
| ૯ | ખાંભા | ૨૪૦૧૮.૨૬ | ૨૪૨૨૮.૨૬ | ૨૫.૨૮ |
| ૧૦ | જાફરાબાદ | ૨૪૪૦૯.૨૮ | ૨૪૬૧૯.૨૮ | ૨૫.૬૭ |
| ૧૧ | વીજપડી | ૨૩૯૯૪.૩૨ | ૨૪૨૦૪.૩૨ | ૨૫.૨૫ |
| ૧૨ | દામનગર | ૨૩૩૬૩.૯૦ | ૨૩૫૭૩.૯૦ | ૨૪.૬૨ |
| ૧૩ | બગસરા | ૨૩૯૭૦.૩૮ | ૨૪૧૮૦.૩૮ | ૨૫.૨૩ |
| ૧૪ | ડુંગર | ૨૪૧૫૩.૯૨ | ૨૪૩૬૩.૯૨ | ૨૫.૪૧ |
| ૧૫ | ખંભાળા | ૨૩૬૫૧.૧૮ | ૨૩૮૬૧.૧૮ | ૨૪.૯૧ |
| ૧૬ | કલોરાણા | ૨૩૭૩૦.૯૮ | ૨૩૯૪૦.૯૮ | ૨૪.૯૯ |

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
|---|---|---|---|---|
| ૧૭ | દેવળીયા | ૨૩૭૩૦.૯૮ | ૨૩૯૪૦.૯૮ | ૨૪.૯૯ |
| ૧૮ | ટીંબી | ૨૪૫૪૪.૯૪ | ૨૪૭૫૪.૯૪ | ૨૫.૮૦ |

અમરેલી, ૨૦ માહે સપ્ટેમ્બર, સને ૨૦૧૭.

---

**પરીશિષ્ટ-૧ જિલ્લો - અમરેલી**

કંડલા ડેપો ઉપરથી આવતાં કેરોસીન એજન્ટે છુટક વિક્રેતાને વેચાણ કરવાનો ૧૦૦૦ લીટરનો વેચાણ ભાવ તથા છુટક વિક્રેતાઓ/ફેરીયાઓએ એક લીટરનો ગ્રાહકોને વેચાણ આપવાનો ભાવ

| અનું. | સંગ્રહ કેન્દ્ર | એજન્ટે છુટક વિક્રેતાને વેચાણ કરવાનો ૧૦૦૦ લીટરનો વેચાણ ભાવ | | છુટક વિક્રેતાએ ગ્રાહકોને વેચાણ કરવાનો ૧ લી. નો ભાવ |
|---|---|---|---|---|
| | | ડેપો ડિલીવરી | ડોરસ્ટેપ ડિલીવરી (પરીવહન ખર્ચ સાથે) | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧ | અમરેલી | ૨૩૭૨૪.૬૯ | ૨૩૯૩૪.૬૯ | ૨૪.૯૮ |
| ૨ | ધારી | ૨૪૦૬૩.૮૪ | ૨૪૨૭૩.૮૪ | ૨૫.૩૨ |
| ૩ | સાવરકુંડલા | ૨૪૦૫૯.૮૫ | ૨૪૨૬૯.૮૫ | ૨૫.૩૨ |
| ૪ | લાઠી | ૨૩૫૮૧.૦૫ | ૨૩૭૯૧.૦૫ | ૨૪.૮૪ |
| ૫ | વડીયા | ૨૩૭૨૪.૬૯ | ૨૩૯૩૪.૬૯ | ૨૪.૯૮ |
| ૬ | રાજુલા | ૨૪૩૭૧.૦૭ | ૨૪૫૮૧.૦૭ | ૨૫.૬૩ |
| ૭ | બાબરા | ૨૩૪૩૭.૪૧ | ૨૩૬૪૭.૪૧ | ૨૪.૭૦ |
| ૮ | લીલીયા | ૨૩૭૪૦.૬૫ | ૨૩૯૫૦.૬૫ | ૨૫.૦૦ |
| ૯ | ખાંભા | ૨૪૧૯૯.૫૦ | ૨૪૪૦૯.૫૦ | ૨૫.૪૬ |
| ૧૦ | જાફરાબાદ | ૨૪૫૩૮.૬૫ | ૨૪૭૪૮.૬૫ | ૨૫.૮૦ |
| ૧૧ | વીજપડી | ૨૪૨૪૩.૩૯ | ૨૪૪૫૩.૩૯ | ૨૫.૫૦ |
| ૧૨ | દામનગર | ૨૩૭૦૮.૭૩ | ૨૩૯૧૮.૭૩ | ૨૪.૯૭ |
| ૧૩ | બગસરા | ૨૩૯૮૦.૦૫ | ૨૪૧૯૦.૦૫ | ૨૫.૨૪ |
| ૧૪ | ડુંગર | ૨૪૪૬૬.૮૩ | ૨૪૬૭૬.૮૩ | ૨૫.૭૩ |
| ૧૫ | ખંભાળા | ૨૩૫૬૫.૦૯ | ૨૩૭૭૫.૦૯ | ૨૪.૮૩ |
| ૧૬ | કલોરાણા | ૨૩૫૫૭.૧૧ | ૨૩૭૬૭.૧૧ | ૨૪.૮૨ |
| ૧૭ | દેવળીયા | ૨૩૬૨૦.૯૫ | ૨૩૮૩૦.૯૫ | ૨૪.૮૮ |
| ૧૮ | ટીંબી | ૨૪૫૭૮.૫૫ | ૨૪૭૮૮.૫૫ | ૨૫.૮૪ |

અમરેલી, ૨૦ માહે સપ્ટેમ્બર, સને ૨૦૧૭.

---

**પરીશિષ્ટ-૧ જિલ્લો - અમરેલી**

જામનગર (ખાવડી) ડેપો ઉપરથી આવતાં કેરોસીન એજન્ટે છુટક વિક્રેતાને વેચાણ કરવાનો ૧૦૦૦ લીટરનો વેચાણ ભાવ તથા છુટક વિક્રેતાઓ/ફેરીયાઓએ એક લીટરનો ગ્રાહકોને વેચાણ આપવાનો ભાવ

| અનું. | સંગ્રહ કેન્દ્ર | એજન્ટે છુટક વિક્રેતાને વેચાણ કરવાનો ૧૦૦૦ લીટરનો વેચાણ ભાવ | | છુટક વિક્રેતાએ ગ્રાહકોને વેચાણ કરવાનો ૧ લી. નો ભાવ |
|---|---|---|---|---|
| | | ડેપો ડિલીવરી | ડોરસ્ટેપ ડિલીવરી (પરીવગન ખર્ચ સાથે) | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧ | અમરેલી | ૨૩૧૬૮.૩૯ | ૨૩૩૭૮.૩૯ | ૨૪.૪૩ |
| ૨ | ધારી | ૨૩૫૧૯.૫૧ | ૨૩૭૨૯.૫૧ | ૨૪.૭૮ |
| ૩ | સાવરકુંડલા | ૨૩૪૩૯.૭૧ | ૨૩૬૪૯.૭૧ | ૨૪.૭૦ |
| ૪ | લાઠી | ૨૩૦૬૪.૬૫ | ૨૩૨૭૪.૬૫ | ૨૪.૩૨ |
| ૫ | વડીયા | ૨૩૦૦૮.૭૯ | ૨૩૨૧૮.૭૯ | ૨૪.૨૭ |
| ૬ | રાજુલા | ૨૩૬૭૯.૧૧ | ૨૩૮૮૯.૧૧ | ૨૪.૯૪ |
| ૭ | બાબરા | ૨૨૯૦૫.૦૫ | ૨૩૧૧૫.૦૫ | ૨૪.૧૭ |
| ૮ | લીલીયા | ૨૩૩૧૨.૦૩ | ૨૩૫૨૨.૦૩ | ૨૪.૫૭ |
| ૯ | ખાંભા | ૨૩૬૬૩.૧૫ | ૨૩૮૭૩.૧૫ | ૨૪.૯૨ |
| ૧૦ | જાફરાબાદ | ૨૪૦૫૪.૧૭ | ૨૪૨૬૪.૧૭ | ૨૫.૩૧ |
| ૧૧ | વીજપડી | ૨૩૬૩૯.૨૧ | ૨૩૮૪૯.૨૧ | ૨૪.૯૦ |
| ૧૨ | દામનગર | ૨૩૧૮૪.૩૫ | ૨૩૩૯૪.૩૫ | ૨૪.૪૪ |
| ૧૩ | બગસરા | ૨૩૨૭૨.૧૩ | ૨૩૪૮૨.૧૩ | ૨૪.૫૩ |
| ૧૪ | ડુંગર | ૨૩૭૯૮.૮૧ | ૨૪૦૦૮.૮૧ | ૨૫.૦૬ |
| ૧૫ | ખંભાળા | ૨૩૦૨૪.૭૫ | ૨૩૨૩૪.૭૫ | ૨૪.૨૮ |
| ૧૬ | કલોરાણા | ૨૩૧૦૪.૫૫ | ૨૩૩૧૪.૫૫ | ૨૪.૩૬ |
| ૧૭ | દેવળીયા | ૨૩૧૦૪.૫૫ | ૨૩૩૧૪.૫૫ | ૨૪.૩૬ |
| ૧૮ | ટીંબી | ૨૪૧૮૯.૮૩ | ૨૪૩૯૯.૮૩ | ૨૫.૪૫ |

અમરેલી, ૨૦ માહે સપ્ટેમ્બર, સને ૨૦૧૭.

---

**પરીશિષ્ટ-૧ જિલ્લો - અમરેલી**

બારેજા ડેપો ઉપરથી આવતાં કેરોસીન એજન્ટે છુટક વિક્રેતાને વેચાણ કરવાનો ૧૦૦૦ લીટરનો વેચાણ ભાવ તથા છુટક વિક્રેતાઓ/ફેરીયાઓએ એક લીટરનો ગ્રાહકોને વેચાણ આપવાનો ભાવ

| અનું. | સંગ્રહ કેન્દ્ર | એજન્ટે છુટક વિક્રેતાને વેચાણ કરવાનો ૧૦૦૦ લીટરનો વેચાણ ભાવ | | છુટક વિક્રેતાએ ગ્રાહકોને વેચાણ કરવાનો ૧ લી. નો ભાવ |
|---|---|---|---|---|
| | | ડેપો ડિલીવરી | ડોરસ્ટેપ ડિલીવરી (પરીવહન ખર્ચ સાથે) | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧ | અમરેલી | ૨૩૫૪૬.૮૮ | ૨૩૭૫૬.૮૮ | ૨૪.૮૧ |
| ૨ | ધારી | ૨૩૮૯૮.૦૦ | ૨૪૧૦૮.૦૦ | ૨૫.૧૬ |
| ૩ | સાવરકુંડલા | ૨૩૬૩૪.૬૬ | ૨૩૮૪૪.૬૬ | ૨૪.૮૯ |
| ૪ | લાઠી | ૨૩૩૭૧.૩૨ | ૨૩૫૮૧.૩૨ | ૨૪.૬૩ |
| ૫ | વડીયા | ૨૩૯૬૧.૮૪ | ૨૪૧૭૧.૮૪ | ૨૫.૨૨ |

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
|---|---|---|---|---|
| ૬ | રાજુલા | ૨૩૮૭૪.૦૬ | ૨૪૦૮૪.૦૬ | ૨૫.૧૩ |
| ૭ | બાબરા | ૨૩૩૭૧.૩૨ | ૨૩૫૮૧.૩૨ | ૨૪.૬૩ |
| ૮ | લીલીયા | ૨૩૩૯૫.૨૬ | ૨૩૬૦૫.૨૬ | ૨૪.૬૬ |
| ૯ | ખાંભા | ૨૩૮૫૮.૧૦ | ૨૪૦૬૮.૧૦ | ૨૫.૧૨ |
| ૧૦ | જાફરાબાદ | ૨૪૪૩૨.૬૬ | ૨૪૬૪૨.૬૬ | ૨૫.૬૯ |
| ૧૧ | વીજપડી | ૨૩૮૩૪.૧૬ | ૨૪૦૪૪.૧૬ | ૨૫.૦૯ |
| ૧૨ | દામનગર | ૨૩૨૦૩.૭૪ | ૨૩૪૧૩.૭૪ | ૨૪.૪૬ |
| ૧૩ | બગસરા | ૨૩૮૧૦.૨૨ | ૨૪૦૨૦.૨૨ | ૨૫.૦૭ |
| ૧૪ | ડુંગર | ૨૩૯૯૩.૭૬ | ૨૪૨૦૩.૭૬ | ૨૫.૨૫ |
| ૧૫ | ખંભાળા | ૨૩૪૯૧.૦૨ | ૨૩૭૦૧.૦૨ | ૨૪.૭૫ |
| ૧૬ | ક્લોરાણા | ૨૩૫૭૦.૮૨ | ૨૩૭૮૦.૮૨ | ૨૪.૮૩ |
| ૧૭ | દેવળીયા | ૨૩૫૭૦.૮૨ | ૨૩૭૮૦.૮૨ | ૨૪.૮૩ |
| ૧૮ | ટીંબી | ૨૪૪૮૮.૫૨ | ૨૪૬૯૮.૫૨ | ૨૫.૭૫ |

અમરેલી, ૨૦ માહે સપ્ટેમ્બર, સને ૨૦૧૭.

---

**પરીશિષ્ટ-૧ જિલ્લો - અમરેલી**

કાલીગ્રામ ડેપો ઉપરથી આવતાં કેરોસીન એજન્ટે છુટક વિક્રેતાને વેચાણ કરવાનો ૧૦૦૦ લીટરનો વેચાણ ભાવ તથા છુટક વિક્રેતાઓ/ફેરીયાઓએ એક લીટરનો ગ્રાહકોને વેચાણ આપવાનો ભાવ

| અનું. | સંગ્રહ કેન્દ્ર | એજન્ટે છુટક વિક્રેતાને વેચાણ કરવાનો ૧૦૦૦ લીટરનો વેચાણ ભાવ | | છુટક વિક્રેતાએ ગ્રાહકોને વેચાણ કરવાનો ૧ લી. નો ભાવ |
|---|---|---|---|---|
| | | ડેપો ડિલીવરી | ડોરસ્ટેપ ડિલીવરી (પરીવહન ખર્ચ સાથે) | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧ | અમરેલી | ૨૩૫૩૮.૯૦ | ૨૩૭૪૮.૯૦ | ૨૪.૮૦ |
| ૨ | ધારી | ૨૩૮૯૦.૦૨ | ૨૪૧૦૦.૦૨ | ૨૫.૧૫ |
| ૩ | સાવરકુંડલા | ૨૩૬૨૬.૬૮ | ૨૩૮૩૬.૬૮ | ૨૪.૮૯ |
| ૪ | લાઠી | ૨૩૩૬૩.૩૪ | ૨૩૫૭૩.૩૪ | ૨૪.૬૨ |
| ૫ | વડીયા | ૨૩૯૫૩.૮૬ | ૨૪૧૬૩.૮૬ | ૨૫.૨૧ |
| ૬ | રાજુલા | ૨૩૮૬૬.૦૮ | ૨૪૦૭૬.૦૮ | ૨૫.૧૩ |
| ૭ | બાબરા | ૨૩૩૬૩.૩૪ | ૨૩૫૭૩.૩૪ | ૨૪.૬૨ |
| ૮ | લીલીયા | ૨૩૩૮૭.૨૮ | ૨૩૫૯૭.૨૮ | ૨૪.૬૫ |
| ૯ | ખાંભા | ૨૩૮૫૦.૧૨ | ૨૪૦૬૦.૧૨ | ૨૫.૧૧ |
| ૧૦ | જાફરાબાદ | ૨૪૨૪૧.૧૪ | ૨૪૪૫૧.૧૪ | ૨૫.૫૦ |
| ૧૧ | વીજપડી | ૨૩૮૨૬.૧૮ | ૨૪૦૩૬.૧૮ | ૨૫.૦૯ |
| ૧૨ | દામનગર | ૨૩૧૯૫.૭૬ | ૨૩૪૦૫.૭૬ | ૨૪.૪૬ |

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
|---|---|---|---|---|
| ૧૩ | બગસરા | ૨૩૮૦૨.૨૪ | ૨૪૦૧૨.૨૪ | ૨૫.૦૬ |
| ૧૪ | ડુંગર | ૨૩૯૮૫.૭૮ | ૨૪૧૯૫.૭૮ | ૨૫.૨૫ |
| ૧૫ | ખંભાળા | ૨૩૪૮૩.૦૪ | ૨૩૬૯૩.૦૪ | ૨૪.૭૪ |
| ૧૬ | ક્લોરાણા | ૨૩૫૬૨.૮૪ | ૨૩૭૭૨.૮૪ | ૨૪.૮૨ |
| ૧૭ | દેવળીયા | ૨૩૫૬૨.૮૪ | ૨૩૭૭૨.૮૪ | ૨૪.૮૨ |
| ૧૮ | ટીંબી | ૨૪૩૭૬.૮૦ | ૨૪૫૮૬.૮૦ | ૨૫.૬૪ |

અમરેલી, ૨૦ માહે સપ્ટેમ્બર, સને ૨૦૧૭.

---

**પરીશિષ્ટ-૧ જિલ્લો - અમરેલી**

વાડીનાર (એસ્સાર ઓઈલ) ડેપો ઉપરથી આવતાં કેરોસીન એજન્ટે છુટકર વિક્રેતાને વેચાણ કરવાનો ૧૦૦૦ લીટરનો વેચાણ ભાવ તથા છુટક વિક્રેતાઓ/ફેરીયાઓએ એક લીટરનો ગ્રાહકોને વેચાણ આપવાનો ભાવ

| અનું. | સંગ્રહ કેન્દ્ર | એજન્ટે છુટક વિક્રેતાને વેચાણ કરવાનો ૧૦૦૦ લીટરનો વેચાણ ભાવ | | છુટક વિક્રેતાએ ગ્રાહકોને વેચાણ કરવાનો ૧ લી. નો ભાવ |
|---|---|---|---|---|
| | | ડેપો ડિલીવરી | ડોરસ્ટેપ ડિલીવરી (પરીવહન ખર્ચ સાથે) | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧ | અમરેલી | ૨૩૨૭૨.૧૩ | ૨૩૪૮૨.૧૩ | ૨૪.૫૩ |
| ૨ | ધારી | ૨૩૬૨૩.૨૫ | ૨૩૮૩૩.૨૫ | ૨૪.૮૮ |
| ૩ | સાવરકુંડલા | ૨૩૫૪૩.૪૫ | ૨૩૭૫૩.૪૫ | ૨૪.૮૦ |
| ૪ | લાઠી | ૨૩૧૬૮.૩૯ | ૨૩૩૭૮.૩૯ | ૨૪.૪૩ |
| ૫ | વડીયા | ૨૩૧૧૨.૫૩ | ૨૩૩૨૨.૫૩ | ૨૪.૩૭ |
| ૬ | રાજુલા | ૨૩૭૮૨.૮૫ | ૨૩૯૯૨.૮૫ | ૨૫.૦૪ |
| ૭ | બાબરા | ૨૩૦૦૮.૭૯ | ૨૩૨૧૮.૭૯ | ૨૪.૨૭ |
| ૮ | લીલીયા | ૨૩૪૧૫.૭૭ | ૨૩૬૨૫.૭૭ | ૨૪.૬૮ |
| ૯ | ખાંભા | ૨૩૭૬૬.૮૯ | ૨૩૯૭૬.૮૯ | ૨૫.૦૩ |
| ૧૦ | જાફરાબાદ | ૨૪૧૫૭.૯૧ | ૨૪૩૬૭.૯૧ | ૨૫.૪૨ |
| ૧૧ | વીજપડી | ૨૩૭૪૨.૯૫ | ૨૩૯૫૨.૯૫ | ૨૫.૦૦ |
| ૧૨ | દામનગર | ૨૩૨૮૮.૦૯ | ૨૩૪૯૮.૦૯ | ૨૪.૫૫ |
| ૧૩ | બગસરા | ૨૩૩૭૫.૮૭ | ૨૩૫૮૫.૮૭ | ૨૪.૬૪ |
| ૧૪ | ડુંગર | ૨૩૯૦૨.૫૫ | ૨૪૧૧૨.૫૫ | ૨૫.૧૬ |
| ૧૫ | ખંભાળા | ૨૩૧૨૮.૪૯ | ૨૩૩૩૮.૪૯ | ૨૪.૩૯ |
| ૧૬ | ક્લોરાણા | ૨૩૨૦૮.૨૯ | ૨૩૪૧૮.૨૯ | ૨૪.૪૭ |
| ૧૭ | દેવળીયા | ૨૩૨૦૮.૨૯ | ૨૩૧૪૮.૨૯ | ૨૪.૪૭ |
| ૧૮ | ટીંબી | ૨૪૨૯૩.૫૭ | ૨૪૫૦૩.૫૭ | ૨૫.૫૫ |

અમરેલી, ૨૦ માહે સપ્ટેમ્બર, સને ૨૦૧૭.

---

**પરીશિષ્ટ-૧ જિલ્લો - અમરેલી**

પાલનપુર ડેપો ઉપરથી આવતાં કેરોસીન એજન્ટે છુટક વિક્રેતાને વેચાણ કરવાનો ૧૦૦૦ લીટરનો વેચાણ ભાવ તથા છુટક વિક્રેતાઓ/ફેરીયાઓએ એક લીટરનો ગ્રાહકોને વેચાણ આપવાનો ભાવ

| અનું | સંગ્રહ કેન્દ્ર | એજન્ટે છુટક વિક્રેતાને વેચાણ કરવાનો ૧૦૦૦ લીટરનો વેચાણ ભાવ | | છુટક વિક્રેતાએ ગ્રાહકોને વેચાણ કરવાનો ૧ લી. નો ભાવ |
|---|---|---|---|---|
| | | ડેપો ડિલીવરી | ડોરસ્ટેપ ડિલીવરી (પરીવહન ખર્ચ સાથે) | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧ | અમરેલી | ૨૪૫૦૨.૬૫ | ૨૪૭૧૨.૬૫ | ૨૫.૭૬ |
| ૨ | ધારી | ૨૪૮૪૫.૭૯ | ૨૫૦૫૫.૭૯ | ૨૬.૧૧ |
| ૩ | સાવરકુંડલા | ૨૪૭૭૩.૯૭ | ૨૪૯૮૩.૯૭ | ૨૬.૦૩ |
| ૪ | લાઠી | ૨૪૪૦૨.૯૦ | ૨૪૬૧૨.૯૦ | ૨૫.૬૬ |
| ૫ | વડીયા | ૨૪૯૩૩.૫૭ | ૨૫૧૪૩.૫૭ | ૨૬.૧૯ |
| ૬ | રાજુલા | ૨૫૦૮૫.૧૯ | ૨૫૨૯૫.૧૯ | ૨૬.૩૫ |
| ૭ | બાબરા | ૨૪૩૬૬.૯૯ | ૨૪૫૭૬.૯૯ | ૨૫.૬૩ |
| ૮ | લીલીયા | ૨૪૬૫૦.૨૮ | ૨૪૮૬૦.૨૮ | ૨૫.૯૧ |
| ૯ | ખાંભા | ૨૪૯૭૩.૪૭ | ૨૫૧૮૩.૪૭ | ૨૬.૨૩ |
| ૧૦ | જાફરાબાદ | ૨૫૨૬૮.૭૩ | ૨૫૪૭૮.૭૩ | ૨૬.૫૩ |
| ૧૧ | વીજપડી | ૨૪૯૭૩.૪૭ | ૨૫૧૮૩.૪૭ | ૨૬.૨૩ |
| ૧૨ | દામનગર | ૨૪૩૪૭.૦૪ | ૨૪૫૫૭.૦૪ | ૨૫.૬૧ |
| ૧૩ | બગસરા | ૨૪૭૬૯.૯૮ | ૨૪૯૭૯.૯૮ | ૨૬.૦૩ |
| ૧૪ | ડુંગર | ૨૫૦૯૩.૧૭ | ૨૫૩૦૩.૧૭ | ૨૬.૩૫ |
| ૧૫ | ખંભાળા | ૨૪૯૦૯.૬૩ | ૨૫૧૧૯.૬૩ | ૨૬.૧૭ |
| ૧૬ | કલોરાણા | ૨૪૯૪૧.૫૫ | ૨૫૧૫૧.૫૫ | ૨૬.૨૦ |
| ૧૭ | દેવળીયા | ૨૪૬૦૨.૪૦ | ૨૪૮૧૨.૪૦ | ૨૫.૮૬ |
| ૧૮ | ટીંબી | ૨૫૨૫૨.૭૭ | ૨૫૪૬૨.૭૭ | ૨૬.૫૧ |

અમરેલી, ૨૦ માહે સપ્ટેમ્બર, સને ૨૦૧૭.

**એસ. એલ. અમરાણી,**
કલેકટર,
અમરેલી.

---

## જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

**ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩(૧) (ખ) હેઠળનું**

## જાહેરનામુ

નં. એમએએજી/સી/૪૭૪૯/૨૦૧૭.-પોલીસ અધિક્ષકશ્રી, ગીર સોમનાથના પત્ર ક્રમાંક : સી/એલ.આઈ.બી./વિ.સ.ચૂં./મતગણતરી/૨૧૫/૨૦૧૭, તા. ૨૩-૧૧-૨૦૧૭ થી રજુ થયેલ વિગતો મુજબ વિધાનસભા સામાન્ય ચૂંટણી-૨૦૧૭ અંતર્ગત અત્રેના જિલ્લામાં સમાવિષ્ટ વેરાવળ, તાલાલા, કોડીનાર અને ઉના વિધાનસભા બેઠકોની મતગણતરી તા. ૧૮-૧૨-૨૦૧૭ ના રોજ પ્રભાસ પાટણ પોલીસ સ્ટેશન વિસ્તારમા અને ડારી ટોલનાકા પાસે આવેલ નારણદાસ જેઠાલાલ સોનેચા મેનેજમેન્ટ ટેકનીકલ ઈન્સ્ટીટયુટ, મુ. ચાંડુવાવ, તા. વેરાવળ ખાતે થનાર છે. આ મતગણતરી કેન્દ્ર ખાતે ચારેય વિધાનસભા મત વિસ્તારના તમામ રાજકીય પક્ષના ઉમેદવારો તથા તેમના સમર્થકો મોટી સંખ્યામા વાહનો લઈને આવનાર હોવાથી મતગણતરી કેન્દ્રની આસપાસ આશરે ૨૦,૦૦૦ થી ૨૫,૦૦૦ અથવા તેનાથી વધારે માણસો તથા આશરે ૩,૦૦૦ થી ૪,૦૦૦ ની સંખ્યામા વાહનો આવવાની શકયતા છે. મતગણતરી કેન્દ્રની આસપાસ વાહન પાર્કિંગની વ્યવસ્થા અંગે જોતા આશરે ૨૦૦ થી ૨૫૦ વાહનો પાર્કિંગ થઈ શકે તેમ હોય, બાકીના વાહનો નેશનલ હાઈ-વે ઉપર પાર્ક થવાની પુરેપુરી સંભાવના છે.

ઉપરોકત કારણોસર વેરાવળથી જુનાગઢ તરફ જતો રસ્તો વાહનો પાર્કિંગ થવાના કારણે બંધ થવાની અથવા ટ્રાફિકની સમસ્યાથી જામ થવાની પુરેપુરી સંભાવના છે. તેમજ જુનાગઢથી વેરાવળ તરફ આવતા રોડ ઉપર માણસોના ટોળા ઉભા રહેવાના કારણે પણ રસ્તો જામ થવાની શકયતાના કારણે રોજીંદી આવક-જાવક કરતા વાહનો ઉપર વ્યાપક પ્રમાણમાં અસર કરે તેવી શકયતા હોય, ટ્રાફિક વ્યવસ્થા ખોરવાઈ જવાના કારણે કાયદો વ્યવસ્થાની જાળવણીની પરિસ્થિતિ ઉપર પણ અતિ ગંભિર અસર પડે તેમ છે. મતગણતરી કેન્દ્રની બાજુમાં આવેલ ડારી ટોલનાકા ઉપર ટોલટેકસ ભરવા બાબતે ઘર્ષણના બનાવો ભુતકાળમાં બનેલ છે અને પ્રભાસ પાટણ પોલીસ સ્ટેશન ખાતે ગુન્હાઓ પણ દાખલ થયેલ છે. તેમજ મતગણતરીના દિવસે ટોલનાકા ઉપર સંઘર્ષ થવાની સંભાવના છે.

મતગણતરી પુરી થયા બાદ વિજેતા ઉમેદવારોના સમર્થકો વાહનો સાથે નીકળનાર હોય અને સુત્રોચ્ચાર થવાના કારણે રોડ ઉપર નીકળતા વાહનોમા તોડફોડ થવાની શકયતા પણ નકારી શકાય નહીં. ગીર સોમનાથ જિલ્લો રાજકીય રીતે સંવેદનશીલ હોય, ભુતકાળમા આવા બનાવો બનેલા છે.

ઉપરોકત પરિસ્થિતિ નિવારી શકાય તેમજ કાયદો વ્યવસ્થા તથા ટ્રાફિક વ્યવસ્થાની જાળવણી સુચારૂ રીતે થઈ શકે તે સારૂ વેરાવળથી જુનાગઢ તરફ નેશનલ હાઈ-વે ઉપર વાહન-વ્યવહાર ચાલુ રહે તે રીતે જુનાગઢથી વેરાવળ તરફ આવતો રોડ સુપાસીથી નમસ્તે હોટલ સુધી વન-વે જાહેર કરવા પોલીસ અધિક્ષકશ્રી તરફથી દરખાસ્ત રજુ થયેલ છે.

ઉપરોકત વિગેત વિધાનસભા સામાન્ય ચૂંટણી-૨૦૧૭ના મતગણતરી કેન્દ્ર ઉપર અને બાજુમાંથી પસાર થતા રસ્તા ઉપર કાયદો વ્યવસ્થા તેમજ ટ્રાફીક વ્યવસ્થા જળવાઈ રહે તથા કોઈ અનિચ્છનિય બનાવ ન બને તે માટે પોલીસ અધિક્ષકશ્રી તરફથી રજુ થયેલ દરખાસ્ત મુજબનુ જાહેરનામુ પ્રસિધ્ધ કરવુ આવશ્યક જણાય છે.

સબબ, હું અજયપ્રકાશ, આઈ.એ.એસ., જિલ્લા મેજીસ્ટ્રેટ, ગીર સોમનાથ જિલ્લો, વેરાવળ, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧)(ખ) હેઠળ મને મળેલ સત્તાની રૂઈએ વેરાવળથી જુનાગઢ તરફ જતા નેશનલ હાઈ-વે ઉપર વાહન

વ્યવહાર ચાલુ રહે તે રીતે જુનાગઢથી વેરાવળ તરફ આવતો નેશનલ હાઈ-વે સુપાસીથી હોટલ નમસ્તે (વેરાવળ બાયપાસ) સુધી વન-વે જાહેર કરવા આથી હુકમ કરૂ છુ.

આ જાહેરનામુ તા. ૧૮-૧૨-૨૦૧૭ ના રોજ સવારના ૦૭-૦૦ કલાકથી વિધાનસભા સામાન્ય ચૂંટણી-૨૦૧૭ની મતગણતરીની કામગીરી પુર્ણ થયા સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૧ મા જણાવેલ શિક્ષાને પાત્ર ઠરશે.

આજ તારીખ ૨૭મી માહે નવેમ્બર-૨૦૧૭ ના રોજ મારી સહી તથા કચેરીના સિકકા સાથે જાહેર જનતાની જાણ તથા અમલવારી માટે આ જાહેરનામુ પ્રસિધ્ધ કરવામાં આવ્યું.

ગીર સોમનાથ, ૨૭ માહે નવેમ્બર, સને ૨૦૧૭.

અજયપ્રકાશ,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
ગીર સોમનાથ જિલ્લો, વેરાવળ.

---

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની
કલમ-33(૧) એન. અને ઓ. અન્વયેનું

## જાહેરનામું

નં. એમએજી/સી/૨૬૯/૨૦૧૭/૨.-આગામી તા. ૩૦-૦૯-૨૦૧૭ તથા તા. ૦૧-૧૦-૨૦૧૭ ના રોજ મહોરમ/તાજીયાના તહેવાર આવે છે. મહોરમના દિવસો દરમ્યાન જિલ્લાના તાજીયાના સરઘસ વિગેરેનું નિયમન કરવાનું અને તે અંગે જાહેર સુલેહ શાંતિ તથા જાહેર વ્યવસ્થા જળવવા સાવચેતીના પગલા લેવા માટે ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧) એન. અને ઓ. અન્વયે જાહેરનામું સમગ્ર પોરબંદર જિલ્લા પોલીસ વિસ્તાર સહીત સમગ્ર પોરબંદર જિલ્લાના વિસ્તાર માટે તા. ૩૦-૦૯-૨૦૧૭ થી તા. ૦૨-૧૦-૨૦૧૭ સુધી પ્રસિધ્ધ કરવા પોલીસ અધિક્ષકશ્રી, પોરબંદરે દરખાસ્ત અત્રે તા. ૨૫-૦૯-૨૦૧૭ ના રોજ કરેલ છે.

સબબ, હું, અશોક કાલરીયા, આઈ.એ.એસ., જિલ્લા મેજિસ્ટ્રેટ, પોરબંદર જિલ્લો, પોરબંદર, સને-૧૯૫૧ની ગુજરાત પોલીસ અધિનિયમ-આંક-૨૨ની કલમ-૩૩(૧) એન. અને ઓ. અન્વયે પ્રાપ્ત થયેલ સત્તાની રૂઈએ નીચે મુજબ ફરમાવું છું.

૧. તાજીયા, પંજો, ડોલી, હાથી, ઘોડા ફેરવવા માટે સબંધકર્તા વિભાગના સબડિવિઝનલ મેજિસ્ટ્રેટશ્રી પાસેથી ઠરાવેલ મુદતમાં પરવાનગી અગાઉથી મેળવવી પડશે. આવી પરવાનગી મેળવવા માટે જાહેર વ્યવસ્થા જાળવવા પુરતો ખાત્રી અને રૂા. ૫૦૦/-નાં જાતમુચરકા તથા તેટલી જ રકમના જામીન રજુ કરવાના રહેશે.

૨. આવી પરવાનગી પર પૂર્વથી ફેરવવામાં આવતા તાજીયા માટે અગરતો મતવાના તાજીયા માટે મુસ્લીમ કોમના કોઈ પણ શખ્સને ઉપરોકત શરત નંબર ૧ માં જણાવેલ શરતનું પાલન થયે આપવામાં આવશે. પરવાનગી મેળવનાર શખ્સોએ જયારે કોઈપણ મેજિસ્ટ્રેટશ્રી કે પોલીસ અધિકારીશ્રી પરવાનગી જોવા માંગે ત્યારે રજુ કરવી પડશે.

૩. પરવાનગી મેળવનાર શખ્સ પોતે તેમના તાજીયા, પંજો, ડોલી, હાથી, ઘોડા સાથે ફરતી મંડળીમાં સરઘસના કારણે ફરતા માણસોની વર્તણુંક અને સુલેહ શાંતિ ભરી રસમો માટે તે પોતે તેમજ તેમના જામીનની જવાબદારી રહેશે. કોઈપણ શખ્સ અગર મંડળી અથવા સરઘસની વર્તણુંકને અવ્યવસ્થિત અથવા સુલેહ શાંતિ માટે જોખમ કારક જણાયે ફરજ બજાવતા પોલીસ અધિકારીશ્રીએ સોંપેલ પરવાનગી રદ કરવામાં આવશે.

૪. જે તે સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટશ્રી દ્વારા અપાયેલ પરવાનગીમાં દર્શાવેલ માંગને આધિન રહીને પરવાનગી મેળવનાર શખ્સ પોતાના તાજીયા, પંજો, ડોળી, હાથી, ઘોડા સરઘસ ફેરવી શકશે. પરવાનગીમાં મુકરર કરેલ સ્થળે વાજીંત્ર વગાડી શકશે.

૫. જાહેર રસ્તા આગળ સ્થળો ઉપર ઢોલ અથવા બીજા કોઈપણ વાજીંત્રો વગાડવા માટેની પરવાનગી તા. ૩૦-૦૯-૨૦૧૭ થી તા. ૦૨-૧૦-૨૦૧૭ સુધી આપવામાં આવશે.

૬. શહાદતની રાત્રે સાંજના ૧૭-૦૦ કલાકે થી રાત્રીના ૨-૦૦ વાગ્યા સમય દરમ્યાન સરઘસ ફેરવવાના રહેશે. તાજીયા દરમ્યાન દફન અને ઠંડા કરવાના દિવસે બપોરના ૧૫-૦૦ કલાક થી રાત્રીના ૨-૦૦ કલાક સુધીમાં સરઘસ અને તાજીયાની ક્રિયા પુરી કરવી પડશે. આ હુકમના ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

૭. રસ્તા ઉપર તાજીયા અગર મંડળી વિગેરેની લાંબા સમય સુધી એક રસ્તા ઉપર રાખવા દેવા માટે કે થોભવા દેવામાં આવશે નહિં. સ્થળ ઉપર હાજર રહેલા પોલીસ અધિકારીશ્રીઓના હુકમને આધિન રહી વધુમાં વધુ પાંચ મીનીટમાં તાજીયા અગર તો જેની ડોળી મંડળીને ચકાસીને આગળ વધવું પડશે.

૮. પરપૂર્વથી ચાલતાં આવેલ અને પરવાનગીમાં બતાવ્યા ક્રમ પ્રમાણે તાજીયા સાર્વજનિક રસ્તા ઉપર એક પછી એક લઈ જવા પોલીસ ઈન્સ. શ્રી અને પો. સબ ઈન્સ. શ્રી દ્વારા દર સાલનાં આધારે આપેલ અનુક્રમ નંબર એક પછી એક લાઈનમાં ચલાવવા અને જયારે સામસામા તાજીયા આવે ત્યાર પછી દરેક તાજીયા અગર મંડળીઓ તેમની ડાબી બાજુએ રહીને સામેથી આવનાર તાજીયાને રસ્તો આપવો ગાડી અગર ઘોડા ઉપર સવાર તથા માણસ મળે તો તાજીયા સામે જનાર શખ્સોનું વાજીંત્ર બંધ કરી બીજા આવે તે રીતે પોતપોતાની ગલી આવતી હોઈ તે ગલીમાં નાકે થોભવું અને જયારે પોતાનો નંબર આવે ત્યારે પછી દાખલ થઈ સામેલ થઈ જવું.

૯. કોઈપણ શખ્સે તલવાર, ખંજર, સોટી, લાકડી, ચપ્પુઓ કે ભાલા કે તેવા પ્રકારના કોઈપણ હથિયાર તથા બીજા કોઈપણ પ્રકારના હથિયાર લઈને ફરવું નહીં.

૧૦. રમત-ગમત માટે જે શખ્સોએ પરવાનગી મેળવેલ હોય તે શખ્સોને જે રમતગમતના સઘળા સાધનો અગર હથિયાર પોલીસની દેખરેખ નીચે લઈ જવા દેવામાં આવશે.

૧૧. મહોરમમાં ભાગ લેનાર શખ્સોએ બીજા કોમના સ્વાંગ, વેશો કાઢવા નહીં, ઈત્તર કોમના ધર્મની લાગણી દુભાય, દુશ્મનાવટ ઉભી થાય અગર તો સુલેહશાંતિનો ભંગ થાય તેવો કૃત્યો કરવા નહીં.

૧૨. આ જાહેરનામું તા. ૩૦-૦૯-૨૦૧૭ થી તા. ૦૨-૧૦-૨૦૧૭ સુધી ત્રણ દિવસો સહિત અમલમાં રહેશે.

૧૩. આ જાહેરનામું પોલીસ ખાતાના સભ્યો, હોમગાર્ડસના સભ્યો તથા જેઓને પોતાની ફરજની રૂઈએ હથિયાર ધારણ કરવાનું હોય તેને લાગુ પડશે નહીં.

૧૪. હથિયારબંધીનું તથા સભા સરઘસબંધીનું જાહેરનામું અમલમાં હોય તેની અમલવારી ચાલુ રહેશે.

આ જાહેરનામાનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર વ્યકિત સને-૧૯૫૧ના ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૧માં દર્શાવેલ શિક્ષાને તથા ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબની શિક્ષાને પાત્ર ઠરશે.

આ જાહેરનામું આજરોજ તારીખ ૨૬-૦૯-૨૦૧૭ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કો કરીને જાહેર જનતાને જાણ તથા અમલ માટે પ્રસિધ્ધ કરવામાં અવ્યું.

પોરબંદર, ૨૬ માહે સપ્ટેમ્બર, સને ૨૦૧૭.

---

ફોજદારી કાર્યવાહી અધિનિયમ-૧૯૭૩ની
કલમ-૧૪૪(૧) અન્વયે

## હુકમ

નં. એમએજી/સી/૧૪૪/૨૬૯/૨૦૧૭/૧.-આગામી તા. ૩૦-૦૯-૨૦૧૭ તથા તા. ૦૧-૧૦-૨૦૧૭ ના રોજ મુસ્લીમ લોકોના મહોરમ તાજીયાના તહેવાર આવે છે. તેથી સદરહું તહેવારને અનુલક્ષીને કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે અને જાહેર સુલેહ શાંતિ જાળવવા અર્થે સાવચેતીના પગલા લેવાનું ઈષ્ટ જણાતા તા. ૩૦-૦૯-૨૦૧૭ થી તા. ૦૨-૧૦-૨૦૧૭ સુધી બંને દિવસો સહિત ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ અને ૧૯૭૪ના અધિનિયમ નંબર-૨ની કલમ-૧૪૪(૧) હેઠળ કોઈપણ ઢોર, પશુઓની કતલખાના બહાર જાહેર જગ્યાએ કે શેરીઓમાં કતલ કરવા પર પ્રતિબંધ ફરમાવતું જાહેરનામું પ્રસિધ્ધ કરવા પોલીસ અધિક્ષકશ્રી, પોરબંદર તરફથી તા. ૨૫-૦૯-૨૦૧૭ થી દરખાસ્ત થઈ આવેલ છે.

સબબ ઉપરમાં દર્શાવેલ દિવસોએ કોઈપણ કતલખાનાની બહાર જાહેર કે ખાનગી સ્થળે ગાય, આખલા, બળદ, પાડા, ભેંસ, વાછરડા અને વાછડીના કતલને કારણે તેમજ કોઈ શેરીમાં કે સ્થળમાં દેખાઈ તે રીતે અન્ય કોઈપણ પશુની કતલને કારણે સુલેહ શાંતિનો ભંગ થવાનો સંભવ છે. અને ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ અને-૧૯૭૪ના અધિનિયમ નંબર-૨ ની કલમ-૧૪૪(૧) હેઠળ પગલા લેવા માટેનું પુરતુ કારણ છે, અને તે તાત્કાલીક અટકાવવું ઈચ્છનીય છે અને તેવું જાહેરનામું પ્રસિધ્ધ કરવાનું ઈષ્ટ જણાય છે.

તેથી હું, અશોક કાલરીયા, આઈ.એ.એસ., જિલ્લા મેજિસ્ટ્રેટ, પોરબંદર જિલ્લો, પોરબંદર, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ અને ૧૯૭૪ની અધિ. નં. ૨ ની કલમ-૧૪૪(૧) અન્વયે મળેલ સત્તાની રૂઈએ આથી ફરમાવું છું કે, પોરબંદર જિલ્લા પોલીસ જિલ્લાના તમામ તાલુકાના શહેરો કે કસ્બાઓ તથા ગામડાઓના વિસ્તારમાં કોઈપણ વ્યક્તિએ તા. ૩૦-૦૯-૨૦૧૭ થી તા. ૦૨-૧૦-૨૦૧૭ સુધી બંને દિવસો સહિત કતલખાનાની બહારના કોઈપણ જાહેર જગ્યાએ કે શેરીઓમાં ગાય, આખલા, બળદ, પાડા, ભેંસ, વાછરડા અને વાછરડીની કતલ કરવી નહિં અથવા જાહેર સ્થળમાં દેખાઈ તે રીતે કોઈપણ પશુની કતલ કરવી નહીં.

આ જાહેરનામાનો ભંગ કરનાર ઈ.પી.કો.ક. ૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર ઠરશે.

આ હુકમ આજરોજ તા. ૨૬-૦૯-૨૦૧૭ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી જાહેર જનતાની જાણ તથા અમલ માટે પ્રસિધ્ધ કર્યું.

પોરબંદર, ૨૬ માહે સપ્ટેમ્બર, સને ૨૦૧૭.

અશોક કાલરીયા,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
પોરબંદર.

---

## અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની
કલમ-૧૪૪ હેઠળ કાઢેલ હુકમ

## જાહેરનામું

નં. એમએજી/સી/૬૧૫૪/૨૦૧૭.-પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢના પત્ર ક્રમાંક : સી/એલઆઈબી/જા.નામુ/૨૬૬૯/૧૭, તા. ૨૩-૧૧-૨૦૧૭ ના પત્રથી થઈ આવેલ દરખાસ્તની વિગતે, રાજયમાં પાટીદાર અનામત આંદોલન સંબંધેના બનેલા બનાવો, ગીર સોમનાથ જિલ્લાના ઉના તાલુકામાં થયેલ દલીત આંદોલન તેમજ સ્થાનીક કક્ષાએ બનતી બાબતોએ અવાર નવાર જિલ્લા તેમજ તાલુકા કક્ષાએ આવેલ વિવિધ સરકારી કચેરીઓ સમક્ષ, લોકો રજુઆતના બહાને માંગણીના કારણો દર્શાવી ઉપવાસ/ધરણા/દેખાવો/સુત્રોચ્ચાર જેવા કૃત્યો કરી પોતાનો વિરોધ દર્શાવતા હોય છે. સરકારી કચેરીના પરિસર તેમજ તેની આસપાસમાં બેસી જવાથી સફાઈના પપ્રનો ઉપસ્થિત થાય છે, ઘોંઘાટ થાય છે, સરકારી કચેરીના પરિસર તેમજ તેની આસપાસમાં બેસી જવાથી સફાઈના પ્રશ્નો ઉપસ્થિત થાય છે, ઘોંઘાટ થાય છે, સરકારી

કચેરીઓની રોજીંદી કાર્યવાહીમાં રૂકાવટ ઉભી થતી હોય છે, તેઓ દ્વારા અતિક્રમણ કરી સરકારી કચેરીઓને બાનમાં લઈ અને સરકારી મિલ્કતને નુકશાન પહોંચાડતા હોય છે. આવા પ્રસંગે તેઓને ખસેડવા માટે બળનો ઉપયોગ કરવો પડે છે. જેને હિસાબે કાયદો અને વ્યવસ્થાના પ્રશ્નો ઉદભવે છે. જેથી તે બાબતોનુ નિયમન કરવા આવી પ્રવૃતિઓ નિવારી શકાય તે માટે ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ ની કલમ-૧૪૪ અન્વયે સમગ્ર જિલ્લામાં આવેલ તમામ સરકારી કચેરીઓની ૨૦૦ મીટની ત્રિજયામાં આવતા વિસ્તારમાં નીચે મુજબના કૃત્યો કરવા માટે પ્રતિબંધ ફરમાવતુ જાહેરનામું પ્રસિધ્ધ કરવા દરખાસ્ત કરેલ છે. જે દરખાસ્ત વિચારણામાં લેતા વ્યાજબી અને ઉચિત જણાય છે.

સબબ,હું, પી. વી. અંતાણી, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, જુનાગઢ જિલ્લો, જુનાગઢ, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ ના નં. ૨)ની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ સત્તાની રૂએ, જુનાગઢ જિલ્લામાં આવેલ તમામ સરકારી કચેરીઓની ૨૦૦ મીટરની ત્રિજયામાં નીચે મુજબના કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ મુકવા હુકમ કરૂ છું.

(૧) કોઈએ ઉપવાસ ધરણા ઉપર બેસવું નહી.

(૨) જાહેર સુલેહશાંતિ જોખમાય તેવા સુત્રોચ્ચાર કરવા નહી.

(૩) કોઈ પણ વ્યકિતએ લાઠી અગર ઈજા થાય તેવા હથિયાર સાથે પ્રવેશ કરવો નહી.

(૪) કોઈ વિસ્ફોટક પદાર્થ અથવા આગ લાગે તેવા પદાર્થો સાથે રાખવા નહી.

(૫) ચાર કે તેથી વધુ માણસોએ ભેગા થવુ નહી કે અતિક્રમણ કરવુ નહી.

(૬) સરકારી કચેરી આસપાસ કે સરકારી કચેરીના પરિસરમાં ગંદકી/કચરો કરવો નહી.

આ હુકમ, તા. ૨૮-૧૧-૨૦૧૭ થી દિવસ–૬૦ માટે અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમની જાહેર જનતાને જાણ સંબંધીત કચેરીઓએ તેમના નોટિસ બોર્ડ પર, સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યા ઉપર નકલ ચોટાડીને તથા માહિતી ખાતાએ વર્તમાન પત્રોમાં પ્રસિધ્ધી કરી કરવાની રહેશે.

આજ તારીખ ૨૭ મી માહે નવેમ્બર, સને-૨૦૧૭ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે જાહેર જનતાની જાણ તથા અમલવારી માટે આ હુકમ પ્રસિધ્ધ કરવામાં આવ્યો.

જુનાગઢ, ૨૭ માહે નવેમ્બર, સને ૨૦૧૭.

**પી. વી. અંતાણી,**
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
જૂનાગઢ જિલ્લો, જૂનાગઢ.

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની
કલમ-૧૪૪ હેઠળ કાઢેલ હુકમ

## જાહેરનામું

નં. એમએજી/સી/૪૩૯૯/૨૦૧૭.-પોલીસ અધિક્ષકશ્રી ગીર સોમનાથના પત્ર ક્રમાંક : એલઆઈબી/હોટલ/સીસીટીવી/જા.ના./ ૧૦૩૨/૨૦૧૭, તા. ૩૧-૧૦-૨૦૧૭ ના પત્રથી રજુ થયેલ વિગતો મુજબ ગીરસોમનાથ જિલ્લો કોસ્ટલ એરીયા ધરાવતો જિલ્લો છે અને બાર જ્યોર્તિલીંગ પૈકીનું એક સુપ્રસિધ્ધ સોમનાથ મંદિર આવેલ છે. તેમજ સુપ્રસિધ્ધ ધાર્મિક સ્થળ ત્રિવેણી સંગમ દેહોત્સર્ગ/ગીતા મંદિર/તુલશીશ્યામ જેવા મોટા ધાર્મિક સ્થળો આવેલા છે અને જુનાગઢ જિલ્લામાં શિવરાત્રી તથા ગીરનાર લીલી પરિક્રમા જેવા મોટા મેળાઓ પુરા થયા બાદ આ જગ્યાઓએ બહોળા પ્રમાણમા ધાર્મિક માણસો દર્શનાર્થે આવતા હોય છે. જેમા લાખોની જનમેદની એકત્ર થાય છે. તેમજ આ જિલ્લામાં સુત્રાપાડા ખાતે જી.એચ.સી.એલ., કોડીનાર ખાતે અંબુજા સિમેન્ટ ફેકટરી અને વેરાવળ ખાતે ઈન્ડીયન રેયોન ફેકટરી જેવા ઓદ્યોગિક એકમો આવેલ છે. જે ઔદ્યોગિક એકમોમાં પરપ્રાંતના મજુરો/ કર્મચારીઓ કામ કરે છે. આ ઉપરાંત ગીર સોમનાથ જિલ્લાને અડીને જુનાગઢ, પોરબંદર, અમરેલી જિલ્લાઓ તેમજ કેન્દ્રશાષીત પ્રદેશ દિવ આવેલ છે અને કોસ્ટલ/ નેશનલ હાઈવે તથા સ્ટેટ હાઈવે સાથે ગીર સોમનાથ જિલ્લો જોડાયેલ છે. તેમજ આગામી સમયમા હિન્દુ તથા મુસ્લિમ લોકોના વિવિધ તહેવારો આવતા હોય, લોકોની સુરક્ષા જાળવવી એ તંત્રની ફરજ બને છે.

ગુપ્તચર સંસ્થાઓના વખતો વખતના અહેવાલો તથા અમદાવાદમાં ભુતકાળમા બનેલ આંતકવાદી તત્વો દ્વારા અલગ-અલગ જગ્યાઓએ શ્રેણીબધ્ધ બોમ્બ ધડાકાઓ કરી મોટી જાનહાની તેમજ મિલકતની હાની કરવામા આવેલ છે. તેમજ લુંટ, ધાડ જેવા મિલ્કત વિરૂધ્ધના ગુન્હાઓ બનતા હોય છે.આવી રાષ્ટ્ર વિરોધી પ્રવૃતિ કરતી ગેંગ રાજય/શહેરની અને હાઈવે પરની હોટલો, ગેસ્ટ હાઉસો, લોજીંગ બોર્ડીંગ, ડાયનીંગ હોલ, રેસ્ટોરન્ટ, ધર્મશાળા, અતિથીગૃહ, વિશ્રામગૃહ, મુસાફર ખાના, રિસોર્ટ વિગેરેનો રોકાણ માટે ઉપયોગ કરતા હોય છે.

આવા પ્રકારના ગુન્હાઓ કરતા ગુન્હેગારોની ઓળખ સહેલાઈથી થઈ શકે તેમજ લોકોને સુરક્ષા પુરી પાડવાના હેતુથી ગીર સોમનાથ જિલ્લામા આવેલ તમામ હોટલો, ગેસ્ટ હાઉસો, લોજીંગ બોર્ડીંગ, ડાયનીંગ હોલ, ભોજનાલય, રેસ્ટોરન્ટ, ધર્મશાળા, અતિથીગૃહ, વિશ્રામગૃહ, મુસાફર ખાના, રિસોર્ટ, બેન્કો, સિનેમાઘરો, શોપીંગ મોલ, આંગડીયા પેઢી, સાયબરકાફે, સોની વેપારીની દુકાનો વિગેરે સ્થળો પર સી.સી.ટી.વી. કેમેરા (નાઈટ વિઝન તથા હાઈ ડેફીનેશન) વીથ રેકોર્ડીંગ સિસ્ટમ રાખવા અંગે ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ જાહેરનામુ પ્રસિધ્ધ કરવા દરખાસ્ત થઈ આવેલ છે.

ગીર સોમનાથ જિલ્લાના નાગરીકોની સલામતી જળવાઈ રહે, આવા પ્રકારના ગુન્હા કરતા લોકોની ઓળખ મળી રહે, તેમજ

ગુન્હાના મુળ સુધી પહોંચી સાચા આરોપીને પકડી શકાય તેમજ આવા ગુન્હાઓ બનતા નિવારી શકાય તે માટે પોલીસ અધિક્ષકશ્રી, ગીર સોમનાથ તરફથી કરાયેલ દરખાસ્ત વ્યાજબી જણાય છે.

આથી હું, એચ. આર. મોદી, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ગીર સોમનાથ જિલ્લો, વેરાવળ ફોજદારી અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ સત્તાની રૂઈએ આથી હુકમ કરૂ છું કે, ગીર સોમનાથ જિલ્લામાં આવેલ હાઈવે/શહેરમાં આવેલ તમામ હોટલો, ગેસ્ટ હાઉસો, લોજીંગ બોર્ડીંગ, ડાયનીંગ હોલ, રેસ્ટોરન્ટ, ધર્મશાળા, અતિથીગૃહ, વિશ્રામગૃહ, મુસાફર ખાના, રિસોર્ટ, બેન્કો, સિનેમાઘરો, શોપીંગ મોલ, આંગડીયા પેઢી, સાયબરકાફે, સોની વેપારીની દુકાનો વિગેરે સ્થળો પર આવનાર તમામ માણસોને સરળતાથી ઓળખી શકાય તે રીતે સી.સી.ટી.વી. કેમેરા ગોઠવી ઉકત વિગતોનું રેકોર્ડીંગ કરવુ. તેમજ આ ડેટા બેકએપ-૧૫ દિવસ સુધી જાળવી રાખવો, તેમજ સલામતી વિષયક બાબતો સંભાળતી પોલીસ સહીતની કોઈ એજન્સી આવા ડેટાની માંગણી કરે ત્યારે બનતી ત્વરાએ ઉપલબ્ધ કરવો.

આ હુકમ બહાર પડયા તારીખથી દિન-૬૦ સુધી અમલમાં રહેશે.

હુકમનો ભંગ કરનાર વ્યકિત આઈ.પી.સી.ની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમની જાહેર જનતાને જાણ સંબંધિત કચેરીઓએ તેમના નોટીસ બોર્ડ પર સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગયા ઉપર નકલ ચોટાડીને તથ માહિતી ખાતાએ વર્તમાન પત્રોમાં પ્રસિધ્ધી કરી કરવાની રહેશે.

આજ, તારીખઃ ૦૩ માહે નવેમ્બર, સને-૨૦૧૭ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે જાહેર જનતાની જાણ તથા અમલવારી માટે આ હુકમ પ્રસિધ્ધ કરવામાં આવ્યો.

ગીર સોમનાથ, ૦૩ માહે નવેમ્બર, સને ૨૦૧૭.

---

**ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની**
**કલમ-૧૪૪ હેઠળ કાઢેલ**

## હુકમ

નં. એમએજી/સી/૪૬૮૪/૨૦૧૭.-પોલીસ અધિક્ષકશ્રી, ગીર-સોમનાથના પત્ર ક્રમાંકઃ સી/એલઆઈબી/ટિ-૩/સ.પ્ર.બં.જા.ના/૧૦૪૫/૨૦૧૭, તા. ૦૮-૧૧-૨૦૧૭ થી રજુ થયેલ દરખાસ્તની વિગતે ગીર સોમનાથ જિલ્લામા આવેલ પવિત્ર યાત્રાધામ શ્રી સોમનાથ મંદીરની દક્ષિણ દિશા તરફ અરબી સમદ્રમાં આ મંદીરના દર્શનાર્થે આવતા યાત્રાળુઓ સમુદ્રની ભૌગોલીક પરિસ્થિતિથી અજાણ હોય, સમુદ્રમા સ્નાન કરવા જતા ડુબી જવાના બનાવો બનવા પામેલ છે.

શ્રી સોમનાથ મંદિર પાસેનો સમુદ્ર કિનારો પ્રથમ દ્રષ્ટિએ છીછરો દેખાય છે પરંતુ થોડા અંદર જતા સમુદ્રમા બહુજ મોટા વજનદાર ખડકાળ પથ્થરો છે. જેથી સમુદ્રમા સ્નાન કરવા ગયેલ વ્યકિત સહેલાઈથી બહાર આવી શકતી નથી તથા આ અરબી સમુદ્ર વિસ્તારમા આવતા મોજાઓ વાંકાચુંકા તથા ઘાતક આવે છે.

હાલમાં આ સ્થળે નવી ચોપાટી બનાવવાનુ કામ ચાલુ થયેલ છે તથા મોટા પથ્થરો સમુદ્રમા ઉતારી રસ્તો બનાવેલ છે જેની સાથે પાણીનો પ્રવાહ સતત અથડાતો હોય, સેવાળવાળા પથ્થરના કારણે કોઈપણ વ્યક્તિ તેના ઉપરથી લપસી જવાના કારણે સમુદ્રમાં ડુબી જાય તેવી શક્યતાઓ રહે છે.

અમુક કિસ્સામાં અમુક વ્યક્તિઓ પોતે આ પવિત્ર યાત્રાધામના દર્શન કરી પોતાના આત્માને મોક્ષ મળશે તેવો વિચાર ધરાવી સમુદ્રમા પડી આત્મહત્યા કરે છે. છેલ્લા ૧૦ વર્ષમા પ્રભાસ પાટણ પોલીસ સ્ટેશન તથા સોમનાથ મરીન પોલીસ સ્ટેશન ખાતે આવા ઘણા બનાવો નોંધાયેલ છે, તેમ જણાવી શ્રી સોમનાથ મંદીરની દક્ષિણ દિશા તરફ અરબી સમુદ્રમાં, સોમનાથ મંદિરની પુર્વે-પશ્ચિમ બન્ને સાઈડમા આશરે ચાર કી.મી.ના વિસ્તારમા સમુદ્ર કાંઠે કોઈપણ વ્યક્તિઓને સમુદ્રમા સ્નાન કરવા જવા માટે કે સમુદ્રમા ઉંડા પાણીમા પ્રવેશ કરવા ઉપર પ્રતિબંધ ફરમાવતુ સી.આર.પી.સી. એકટની કલમ-૧૪૪ તળે જાહેરનામુ બહાર પાડવા પોલીસ અધિક્ષકશ્રી, ગીર સોમનાથ તરફથી દરખાસ્ત રજુ થયેલ છે.

પોલીસ અધિક્ષકશ્રી, ગીર સોમનાથ તરફથી રજુ થયેલ દરખાસ્તની વિગતે શ્રી સોમનાથ મંદિર ખાતે આવેલ દરીયા કિનારે મોજામા તણાઈ જવાથી, સ્નાન કરવા જતા ડૂબી જવાથી કે અન્ય રીતે માનવ મૃત્યુના બનાવો બનવા પામેલ છે. આવા બનાવો બનતા અટકાવવાના ભાગરૂપે રજુ થયેલ દરખાસ્ત વ્યાજબી જણાય છે.

આથી હું, એચ. આર. મોદી, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ગીર-સોમનાથ જિલ્લો, વેરાવળ, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂ છું કે, ગીર સોમનાથ વેરાવળ જિલ્લાના પ્રભાસપાટણ મુકામે આવેલ શ્રી સોમનાથ મંદીરની દક્ષિણ દિશા તરફ અરબી સમુદ્રમાં, સોમનાથ મંદીરની પુર્વે-પશ્ચિમ બન્ને સાઈડના આશરે ૪ (ચાર) કી.મી.ના વિસ્તારમા સમુદ્ર કાંઠે કોઈપણ વ્યક્તિએ સમુદ્રમાં સ્નાન કરવા જવુ નહી કે સમુદ્રના ઉંડા પાણીમા પ્રવેશ કરવો નહી.

ફરજની રૂઈએ આ વિસ્તારમાં કોઈ સરકારી ખાતાના કર્મચારી/અધિકારીઓએ કોઈ કાર્યવાહી કરવાની થતી હોય તો તેઓને આ હુકમની જોગવાઈ લાગુ પડશે નહી.

આ હુકમ બહાર પડયા તારીખથી દિન-૬૦ સુધી અમલમા રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહીતાની કલમ–૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમની જાહેર જનતાને જાણ સંબંધીત કચેરીઓએ તેમના નોટીસ બોર્ડ પર, સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યા ઉપર નકલ ચોંટાડીને તથા માહિતી ખાતાએ વર્તમાન પત્રોમાં પ્રસિધ્ધી કરી કરવાની રહેશે.

આજ તારીખ : ૨૨ માહે નવેમ્બર-૨૦૧૭ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે જાહેર જનતાની જાણ તથા અમલવારી માટે આ હુકમ પ્રસિધ્ધ કરવામા આવ્યો.

ગીર સોમનાથ, ૨૨ માહે નવેમ્બર, સને ૨૦૧૭.

---

### ફોજદારી કાર્યરીતિ આધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ કાઢેલ

### હુકમ

નં. : એમએજી/સી/૪૬૮૫/૨૦૧૭.-પોલીસ અધિક્ષકશ્રી, ગીર સોમનાથ જિલ્લો, વેરાવળના પત્ર ક્રમાંક : એલઆઈબી/બોટ-વહાણ-ગુમ/જા.નામું/૧૦૪૬/૧૭, તા. ૦૮-૧૧-૨૦૧૭ ના પત્રથી જણાવ્યા મુજબ ગીર સોમનાથ જિલ્લાની દક્ષિણે વિશાળ અરબી સમુદ્ર આવેલ છે અને આ જિલ્લાનો મોટાભાગનો વિસ્તાર દરીયા કિનારે આવેલ છે. તેમજ વેરાવળ બંદર તથા નવા બંદર ખાતેથી વહાણ/બોટો દરીયામાં માચ્છીમારી માટે જાય છે તેમજ મોટાભાગની વસતી માચ્છીમારીના ધંધા સાથે સંકળાયેલ છે. તા. ૨૯-૧૧-૨૦૧૩ના રોજ મુંદ્રા બંદરથી નૌશાદ ઈશા થૈમ તથા જુઆબ સુલેમાન જાફરાબાદી, રહે. બન્ને મોટા સાયલા, તા. માંડવી જિ. કચ્છવાળાની માલીકીનું વહાણ MCV SHANE HIND (MNV 2176) સલાલા (ઓમાન) જવા ખાંડનો જથ્થો ભરીને ૧૨ ક્રુમેમ્બરો સહિત રવાના થયેલ હતું. મુંદ્રા બંદરેથી નીકળ્યા બાદ તા. ૦૨-૦૧-૨૦૧૪ ના રોજ વહાણનું સોમાલીયન ચાંચીયાઓએ અપહરણ કરેલ પરંતુ આ વહાણ ગુમ થવા સંબંધે તેના માલીકે કોઈ એજન્સી કે સરકારી તંત્રને જાણ કરી નોંધ કરાવેલ ન હતી. આમ, આ એક રાષ્ટ્રીય સલામતીને સ્પર્શતી ગંભીર ઘટના છે. તેમજ ભુતકાળમાં આંતકવાદી હુમલા થયેલ તેમાં આતંકવાદીઓ દ્વારા દરીયામાંથી પોરબંદરની “કુબેર” નામની બોટનું અપહરણ કરી આતંકી હુમલાને અંજામ આપેલ હોવાનું જણાયેલ છે. જેથી વાતાવરણીય કારણોસર/ચાંચીયાઓ દ્વારા અપહરણ થવાના કારણોસર કે અન્ય કોઈ કારણોસર વહાણ/બોટ ગુમ થયા અંગેની તથા વહાણ/બોટ સાથેનો સંપર્ક ન થતો હોવા અંગેની જાણ કરવા અંગેની પ્રથા/નિયમો હોવા રાષ્ટ્રીય સુરક્ષાની બાબતે જરૂરી છે. તેમજ આવી ઘટનાઓ અટકી શકે તે માટે સમગ્ર ગીર સોમનાથ જિલ્લામાં આવેલ વહાણ/બોટ માલીકે જયારે પોતાનું વહાણ/બોટ માચ્છીમારી માટે દરીયામાં જાય કોઈપણ કારણોસર વહાણ/બોટ પરત આવવાની સંભવિત તારીખથી સતત સાત દિવસ સુધી સંપર્ક સ્થાપવા પ્રયાસ કરવા છતાં સંપર્ક થતો ન હોય, ત્યારે સંબંધિત તમામ સરકારી એજન્સીઓને જાણ કર્યા સીવાય બોટ દરીયાની અંદર ન જાય તેવુ જાહેરનામું પ્રસિધ્ધ કરવા દરખાસ્ત કરાયેલ છે.

ગીર સોમનાથ જિલ્લો વિશાળ દરીયા કિનારો ધરાવે છે અને મોટા પ્રમાણમાં માચ્છીમારી માટે બોટો દરીયામાં જાય છે. જેથી બોટો સાથે જતા લોકોની સલામતી તથા સુરક્ષા માટે તકેદારીના પગલા લેવા આવશ્યક જણાતા હોય પોલીસ અધિક્ષકશ્રી, ગીર સોમનાથ જિલ્લો, વેરાવળ તરફથી કરાયેલ દરખાસ્ત વ્યાજબી જણાય છે.

આથી હું, એચ. આર. મોદી, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ગીર સોમનાથ જિલ્લો, વેરાવળ, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ ની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ સત્તાની રૂઈએ આથી હુકમ કરૂં છું કે, ગીર સોમનાથ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં કોઈ બોટ માલીક અગર તો બોટ ભાડે રાખનાર કે અન્ય કોઈ બોટ દરીયામાં લઈ જનાર વ્યકિત બોટ દરીયામાં લઈ જાય અને કોઈપણ કારણસર વહાણ/બોટ પરત આવવાની સંભવિત તારીખથી સતત ચાર દિવસ સુધી સંપર્ક સ્થાપવા પ્રયાસ કરવા છતા સંપર્ક થતો ન હોય તેવા સંજગોમાં નિયત નમુનાના પત્રકની વિગતો સહની માહિતી સાથે નજીકના પોલીસ સ્ટેશન અને સંબંધીત તમામ સરકારી એજન્સીઓને જાણ કરવી ફરજીયાત છે.

આ હુકમ બહાર પડયા તારીખથી દિન-૬૦ સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય દંડસંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમની જાહેર જનતાને જાણ સંબંધીત કચેરીઓએ તેમના નોટિસ બોર્ડ પર, સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યા ઉપર નકલ ચોંટાડીને તથા માહિતી ખાતાએ વર્તમાનપત્રોમાં પ્રસિધ્ધી કરી કરવાની રહેશે. ગુજરાત પોલીસ એકટની કલમ-૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજ તારીખઃ ૨૨ માહે નવેમ્બર-૨૦૧૭ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે જાહેર જનતાની જાણ તથા અમલવારી માટે આ હુકમ પ્રસિધ્ધ કરવામાં આવ્યો.

ગીર સોમનાથ, ૨૨ માહે નવેમ્બર, સને ૨૦૧૭.

---

### ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ કાઢેલ

વંચાણે લીધા :

(૧) ઉપસચિવશ્રી, ગૃહ વિભાગ, ગુજરાત સરકાર, ગાંધીનગરના પત્ર ક્રમાંક : વિ.૧/કવઅ/૧૦૨૦૧૪/૧૨૩૭૮, તા. ૨૧-૦૬-૨૦૧૪.

(૨) પોલીસ અધિક્ષકશ્રી, ગીર સોમનાથના પત્ર નં. સી/ એલઆઈબી/બોર.જા/૧૦૪૮/૨૦૧૭, તા. ૦૮-૧૧-૨૦૧૭.

### હુકમ

નં. એમએજી/સી/૪૬૮૬/૨૦૧૭.-રાજ્યમાં ભુગર્ભ જળ મેળવવા માટે ખેડુતો દ્વારા પાણીના બોર બનાવવામાં આવે છે અને આવા બોર નકામા બનતા તે બોર પ્રત્યે બોરના માલીક દ્વારા

નિષ્કાળજી સેવવામાં આવે છે અને બોર ખુલ્લા મુકી દેવાના કારણે નાના બાળકો તેમાં પડી જતા મૃત્યુ પામવાના કે ગંભીર પ્રકારની ઈજાઓ થવાના બનાવો અવાર-નવાર રાજ્યમાં બની રહેલ છે. આવા ગંભીર પ્રકારના બનાવો નિવારવા તેમજ તકેદારીના પગલા લઈ શકાય તે માટે ઉપ સચિવશ્રી, ગૃહ વિભાગના વંચાણે લીધા ક્રમ નં.-૧ ના પત્રથી જાહેરનામુ પ્રસિધ્ધ કરવા સુચના થઈ આવેલ છે. તેમજ પોલીસ અધિક્ષકશ્રી, ગીર સોમનાથ વંચાણે લીધા ક્રમ નં.-૨ના પત્રથી ઉપરોક્ત બાબતેનું જાહેરનામુ પ્રસિધ્ધ કરવા દરખાસ્ત થઈ આવેલ છે.

આવા ગંભીર અને માનવ જીંદગી જોખમમાં મુકતા બનાવો બનતા અટકાવવા જાહેર હિતમાં ઈચ્છનીય છે. જેથી વર્તમાન પરિસ્થિતિને લક્ષમાં લઈ જાહેર સુલેહ અને શાંતિ જાળવવા તથા માનવ જીંદગી જોખમાતી બચાવવા પગલા લેવા આવશ્યક છે.

આથી હું, એચ. આર. મોદી, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ગીર સોમનાથ જિલ્લો, વેરાવળ, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ સત્તાની રૂઈએ આથી હુકમ કરૂ છું કે, ગીર સોમનાથ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં નીચે જણાવેલ મુદ્દાઓ પરત્વે તકેદારીના પગલા લેવા ફરમાન કરૂં છું.

(૧) જે તે વિસ્તારમાં બોરવેલ બનાવતા પહેલા સબંધિત વિભાગની મંજુરી મેળવવી અને તે અંગેની ખાતરી જમીન માલીક, બોરવેલ માલીક તથા બોર બનાવનાર એજન્સીએ સબંધિત પોલીસ સ્ટેશનના અધિકારીને કરાવવાની રહેશે.

(૨) બોરવેલ બનાવ્યા બાદ કોઈ જાનહાનિ થાય નહી અથવા બોરવેલમાં કોઈ બાળક, અન્ય વ્યકિત કે જાનવર પડી ન જાય તેમજ કોઈપણ પ્રકારનો અકસ્માત ન સર્જાય તે અંગેના તમામ તકેદારીના પગલા જેવા કે, બોરને ફરતી મજબુત ફેન્સીંગ વાડ, મજબુત ભરતી દિવાલ કરવાની/કરાવવાની રહેશે.

(૩) આમ છતાં અનઅધિકૃત રીતે કે ચોકકસ સુચનાઓનું પાલન કરવામાં ન આવે તો બોર બનાવનાર, બોર માલીક, જમીન માલીક સામે સુરક્ષા વ્યવસ્થાનુ યોગ્ય પાલન ન કરવા તેમજ બેદરકારી દાખવવા બાબતે કાયદાકીય સબંધીત જોગવાઈઓ મુજબ કાયદેસરના પગલા સબંધીત પોલીસ સ્ટેશનના અધિકારીઓએ લેવાના રહેશે.

(૪) જુના તથા બંધ પડેલ અથવા અવાવરૂ પરિસ્થિતિમાં હોય તેવા બોરવેલના માલીકો/જમીન માલીકોએ પણ ઉપરોક્ત બાબતે કાળજી રાખવાની રહેશે.

આ હુકમની જાહેર જનતાને જાણ સંબંધીત કચેરીઓએ તેમના નોટીસ બોર્ડ પર, સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યા ઉપર નકલ ચોંટાડીને તથા માહિતી ખાતાએ વર્તમાનપત્રોમાં પ્રસિધ્ધી કરી કરવાની રહેશે. ગુજરાત પોલીસ એકટની કલમ-૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આ હુકમ બહાર પડયા તારીખથી દિન-૬૦ સુધી અમલમાં રહેશે.

આજ તારીખઃ ૨૨ માહે નવેમ્બર-૨૦૧૭ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે જાહેર જનતાની જાણ તથા અમલવારી માટે આ હુકમ પ્રસિધ્ધ કરવામાં આવ્યો.

ગીર સોમનાથ, ૨૨ માહે નવેમ્બર, સને ૨૦૧૭.

---

**ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ કાઢેલ**

## હુકમ

નં. એમએજી/સી/૪૬૮૮/૨૦૧૭.-પોલીસ અધિક્ષકશ્રી, ગીર સોમનાથ જિલ્લો, વેરાવળના પત્ર ક્રમાંક : એલઆઈબી/મકાનભાડા/જા.નામું/૧૦૪૭/૧૭, તા. ૦૮-૧૧-૨૦૧૭ ના પત્રથી રજુ થયેલ વિગોત મુજબ ગીર સોમનાથ જિલ્લો કોસ્ટલ એરીયા ધરાવતો જિલ્લો છે અને બાર જ્યોર્તિલીંગમાનું એક સુપ્રસિધ્ધ સોમનાથ મહાદેવનું મંદીર આવેલ છે. તેમજ પ્રસિધ્ધ ધાર્મિક સ્થળો જેવાકે, ત્રિવેણી સંગમ, દેહોત્સર્ગ, ગીતા મંદિર, તુલસીશ્યામ જેવા મોટા ધાર્મિક સ્થળો આવેલા છે અને આ ધાર્મિક સ્થળોએ બહોળા પ્રમાણમાં યાત્રાળુઓ દર્શનાર્થે આવતા હોય છે.

વર્તમાન સમયમાં ત્રાસવાદી તેમજ અસામાજીક તત્વો શહેરોમાં તેમજ ગીચ વિસ્તારોમાં ગુપ્ત આશરો મેળવી જાહેર સલામતી અને શાંતીનો ભંગ કરેલ હોવાના બનાવો બનવા પામેલ છે તેમજ આતંકવાદી પ્રવૃતિ કરે છે. જેથી માનવ જીંદગીની ખુવારી થાય છે અને જાહેર તેમજ લોકોની સંપતીને નુકશાન પહોંચાડે છે. આગામી સમયમાં વિવિધ તહેવારો આવતા હોય અને સોમનાથ મંદિર ખાતે બહોળા પ્રમાણમાં જનમેદની એકત્રીત થતી હોય, તેમજ ગુપ્તચર એજન્સીઓ તરફથી અવાર-નવાર આંતકવાદી પ્રવૃતિઓ બાબતે ઈનપુટ મળતા હોય છે. જેથી સમગ્ર ગીર સોમનાથ જિલ્લામાં કોઈ મકાન/દુકાન/ઔદ્યોગીક એકમોની જગ્યાના માલિક સબંધીત પોલીસ સ્ટેશનને જાણ કર્યા સિવાય કોઈ વ્યક્તિને મકાન ભાડે આપી શકશે નહી તેવું જાહેરનામું પ્રસિધ્ધ કરવા પોલીસ અધિક્ષકશ્રી દ્વારા દરખાસ્ત કરાયેલ છે.

ગીર સોમનાથ જિલ્લો વિશાળ દરીયા કિનારો ધરાવે છે. જિલ્લામાં પવિત્ર યાત્રાધામ શ્રી સોમનાથ મંદિર આવેલ છે. આ સિવાય જિલ્લામાં પ્રવાસ-પર્યટનના તથા ધાર્મિક ઘણા સ્થળો આવેલા છે. જ્યાં વિશાળ પ્રમાણમાં દેશ-વિદેશના પ્રવાસીઓ આવે છે. આજ રીતે જિલ્લામાં આવેલ ઔદ્યોગિક એકમોમાં પરપ્રાંતના માણસો કામ-ધંધા અર્થે આવે છે. આવા સંજોગોમાં ત્રાસવાદી પ્રવૃત્તિ સાથે સંકળાયેલા કોઈ વ્યક્તિ સ્થાનિકે ભાડેથી મકાન/દુકાન/ઔદ્યોગીક એકમોની જગ્યા લઈ સ્થાનિક માણસો સાથે ભળી જઈ બદઈરાદો પાર ન પાડે તે માટે જાહેર જનતાની સલામતી તથા સુરક્ષા માટે તકેદારીના પગલા લેવા આવશ્યક જણાતાં હોય પોલીસ અધિક્ષકશ્રી, ગીર સોમનાથ જિલ્લો, વેરાવળ તરફથી કરાયેલ દરખાસ્ત વ્યાજબી જણાય છે.

આથી હું, એચ. આર. મોદી, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ગીર સોમનાથ જિલ્લો, વેરાવળ, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ ના નં. ૨)ની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂ છું કે, ગીર સોમનાથ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં કોઈ મકાન/દુકાન/ઔદ્યોગીક એકમોના માલિક કે સંચાલક અગર તો આ માટે આવા મકાન માલિકે ખાસ સત્તા આપેલ વ્યક્તિ જ્યારે મકાન/દુકાન/ઔદ્યોગીક એકમ ભાડે આપે ત્યારે સંબંધીત પોલીસ સ્ટેશને નિયત નમુનાની વિગતો સહની જાણ કર્યા સિવાય કોઈ વ્યક્તિને મકાન/દુકાન/ઔદ્યોગીક એકમોની જગ્યા ભાડેથી આપી શકશે નહી. ભાડે આપેલ મકાન/દુકાન/ઔદ્યોગીક એકમોની જગ્યાની વિગત ભાડુઆત અને સંબંધીત દલાલ કે જેઓએ ભાડુઆતની ઓળખાણ આપેલ હોય તે અંગેની જરૂરી માહિતી નિયત મુજબ જે તે વિસ્તારના પોલીસ સ્ટેશન ખાતે આપવાની રહેશે.

આ હુકમ બહાર પડયા તારીખથી દિન-૬૦ સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમની જાહેર જનતાને જાણ સંબંધીત કચેરીઓએ તેમના નોટિસ બોર્ડ પર, સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યા ઉપર નકલ ચોટાડીને તથા માહિતી ખાતાએ વર્તમાન પત્રોમાં પ્રસિધ્ધી કરી કરવાની રહેશે. બોમ્બે પોલીસ એકટની કલમ-૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજ તારીખ : ૨૨મી, માહે નવેમ્બર, ૨૦૧૭ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે જાહેર જનતાની જાણ તથા અમલવારી માટે આ હુકમ પ્રસિધ્ધ કરવામાં આવ્યો.

ગીર સોમનાથ, ૨૨ માહે નવેમ્બર, સને ૨૦૧૭.

---

**ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-33 (૧)(ખ) હેઠળનું**

## જાહેરનામુ

નં. એમએજી/સી/૫૫૯૦/૨૦૧૭.-પોલીસ અધિક્ષકશ્રી, ગીર સોમનાથના પત્ર ક્રમાંક : એલઆઈબી/ભારે વાહનો/ડાયવર્ટ/જા.ના./૨૭૧૮/૨૦૧૭, તા. ૨૭-૧૧-૨૦૧૭ થી રજુ થયેલ વિગતો મુજબ તા. ૨૯-૧૧-૨૦૧૭ ના રોજ ભારતના માન. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી તથા ગુજરાત રાજ્યના માન. મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી આ જિલ્લાના સુત્રાપાડા તાલુકાના પ્રાંચી ગામે પધારનાર છે. મહાનુભાવોની સભા ગાંગેથા ગ્રામ વિસ્તારમાં બનાવવામાં આવેલ હેલીપેડથી પાણીકોઠા જવાના રસ્તે, પીખોર-ટીંબડી રોડ, શ્રી માધવરાય ટ્રસ્ટની જગ્યા, મુ. પ્રાંચી ખાતે રાખવામાં આવેલ છે. જે સભાસ્થળ સુધી બાય રોડ મુસાફરી કરનાર હોય, તેમજ જાહેર સભાને સંબોધનાર હોય, આ જાહેર સભામાં કોડીનાર તરફથી તેમજ વેરાવળ તરફથી મોટી સંખ્યામા લોકો એકત્રિત થનાર હોવાથી ટ્રાફીક ડાયવર્ટ કરવો જરૂરી હોય, કોડીનાર-અંબુજા તરફથી વેરાવળ તરફ જતા હેવી વાહનો વાયા પ્રાંચીના બદલે અંબુજા જેટીના બાયપાસ રોડ ઉપર ડાયવર્ટ કરી વાયા કણજોતર-ધામળેજ-લોઢવા-સુત્રાપાડા થઈ વેરાવળ તરફ પસાર થાય તે રીતે રૂટ ડાયવર્ટ માટેનુ જાહેરનામુ પ્રસિધ્ધ થવા દરખાસ્ત રજુ થયેલ છે. જે દરખાસ્ત મુજબ જાહેરનામુ પ્રસિધ્ધ કરવુ યોગ્ય જણાય છે.

સબબ, હું, એચ. આર. મોદી, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ગીર સોમનાથ જિલ્લો, વેરાવળ, ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૩૩(૧)(ખ) હેઠળ મને મળેલ સત્તાની રૂઈએ કોડીનાર-અંબુજા તરફથી વેરાવળ તરફ જતા હેવી વાહનો વાયા પ્રાંચીના બદલે અંબુજા જેટીના બાયપાસ રોડ ઉપર ડાયવર્ટ થઈ વાયા કણજોતર-ધામળેજ-લોઢવા-સુત્રાપાડા થઈ વેરાવળ તરફ પસાર થાય તે માટે અમલવારી કરવા આથી હુકમ કરૂ છું.

આ જાહેરનામુ તા. ૨૯-૧૧-૨૦૧૭ના રોજ કલાક ૦૯-૦૦ થી કલાક ૧૫-૦૦ સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૧ મા જણાવેલ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખઃ ૨૮મી, માહે નવેમ્બર-૨૦૧૭ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે જાહેર જનતાની જાણ તથા અમલવારી માટે આ જાહેરનામુ પ્રસિધ્ધ કરવામાં આવ્યુ.

ગીર સોમનાથ, ૨૮ માહે નવેમ્બર, સને ૨૦૧૭.

**એચ. આર. મોદી,**
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
ગીર સોમનાથ જિલ્લો,
વેરાવળ.

---

## જાહેરનામું

નં. ડીએમ-૧/પાલીતાણા/પ્રવેશબંધી/જા.ના./૧૭.-આગામી તા. ૨૯-૧૧-૨૦૧૭ ના રોજ માન. પ્રધાનમંત્રીશ્રીના ભાવનગર જિલ્લાના પાલીતાણા ખાતેનાં કાર્યક્રમ અંતર્ગત પાલીતાણા ખાતેના ગારીયાધાર રોડ ઉપર સભા સ્થળ તથા હેલીપેડ રાખેલ હોઈ, ટ્રાફીક જામના પ્રશ્નો ઉભા ન થાય તેમજ ટ્રાફીક સુચારુ રીતે ચાલુ રહે તે માટે તા. ૨૯-૧૧-૨૦૧૭ ના રોજ ક. ૯-૦૦ થી ક. ૧૮-૦૦ સુધી નીચે દર્શાવેલ રસ્તાઓમાં સાઈકલ સહિતના કોઈપણ જાતના ભારે અથવા હળવા વાહનો લાવવા કે લઈ જવા નહિં તથા પાર્ક કરવા નહિ તે બાબતે પ્રતિબંધ ફરમાવતું જાહેરનામું પ્રસિધ્ધ કરવા અંગે પોલીસ અધિક્ષકશ્રી, ભાવનગરએ તા. ૨૮-૧૧-૨૦૧૭ ના પત્ર નં. એલ.આઈ.બી./જાહેરનામુ/૫૦૧૩/૨૦૧૭ થી દરખાસ્ત કરેલ હોઈ, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧)(બી) નીચે મને મળેલ અધિકારીની રૂઈએ

હું ઉમેશ વ્યાસ, જી.એ.એસ., અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભાવનગર જિલ્લો, ભાવનગર નીચેની વિગતે પ્રવેશબંધી જાહેર કરૂ છું.

(૧) પાલીતાણા ઘેટી રીંગરોડ ચોકડી થી જાળીયા ગામના પાટીયા સુધીનો રોડ.

ઉપરોકત તારીખ દરમ્યાન ઉપરોકત સમય સિવાયના સમય માટે નીચે મુજબ ડાયવર્ઝન રહેશે.

(૧) પાલીતાણા શહેર તેમજ તળાજાથી આવતા તમામ વાહનોને ગારીયાધાર જવા માટે પાલીતાણા ભૈરવનાથ ચોક, બસ સ્ટેન્ડ, વડીયા ચોકડી, જાળિયા ગામ થઈ જાળીયા ગામના પાટીયાથી ગારીયાધાર રોડ થઈને જવાનું રહેશે.

(૨) ગારીયાધાર તરફથી આવતા તમામ વાહનોએ પાલીતાણા તેમજ તળાજા તરફ જવા માટે જાળીયા ગામના પાટીયાથી જાળીયા ગામ, વડીયા ગામ, બસ સ્ટેન્ડ, ભૈરવનાથ ચોક થઈ તળાજા રોડ તરફ જવાનું રહેશે.

(૩) ભાવનગર તરફથી આવતા વાહનોએ ગારીયાધાર જવા માટે રેલ્વે ફાટક થી વડીયા ચોકડી, વડીયા ગામ, જાળીયા ગામ થઈ જાળીયા ગામના પાટીયાથી ગારીયાધાર રોડ થઈને જવાનું રહેશે.

(૪) ઘેટી ગામ તરફથી આવતા તમામ વાહનોએ પાલીતાણા શહેરમાં આવતા તેમજ ભાવનગર જવા માટે બહારપરા વિસ્તારમાં થઈ પાલીતાણા શહેરમાં ભૈરવનાથ ચોક, બસ સ્ટેન્ડ થઈ ભાવનગર જવાનું રહેશે.

આ હુકમ/જાહેરનામાનો ભંગ/ઉલ્લંઘન કરનારને ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧ મુજબ શિક્ષા થશે.

''જાહેરનામાનો અમલ અને તેના ભંગ બદલના પગલા લેવા માટે ફરજ પરના કોઈપણ હેડકોન્સ્ટેબલને અધિકાર રહેશે.''

ઉપર જણાવેલ સ્થળે આ જાહેરનામાની નકલો ચોંટાડીને તથા વર્તમાનપત્રો મારફત આ જાહેરનામાની બહોળી પ્રસિધ્ધિ કરાવવી.

આજ તા. : ૨૮-૧૧-૨૦૧૭ ના મારી સહી તથા સીક્કા કરી જાહેર જનતાની જાણ માટે જાહેરનામું બહાર પાડવામાં આવે છે.

ભાવનગર, ૨૮ માહે નવેમ્બર, સને ૨૦૧૭.

---

## જાહેરનામુ

નં. ડીએમ-૧/ઈદ-એ-મિલાદ/ઈ.નં. ૪૭૫૬૨/૨૦૧૭.- આગામી તા. ૦૨-૧૨-૨૦૧૭ના રોજ ઈદ-એ-મીલાદનો તહેવાર ઉજવાનાર છે. આ તહેવારના દિવસે ભાવનગર શહેરમાં ચાવડીગેટ પાસે આવેલ મહંમદશા બાપુની વાડીએથી એક ઝુલુસ નીકળનાર છે. આ ઝુલુસમાં ઘોડાગાડી, બગી, ઘોડા, ઉંટગાડી, રીક્ષાઓ, ટ્રક, મોટર વિગેરે વાહનો મોટા પ્રમાણમાં જોડાનાર છે. જે વાહનોમાં ઝુલુસના માણસો અંદર બેસીને નીકળે છે. જેથી વાહન વ્યવહાર સ્થગીત થાય નહીં અને ટ્રાફીકનું નિયમન થાય તે માટે ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩ (૧)(બી) અન્વયે મને મળેલ સત્તાની રૂઈએ હું ઉમેશ વ્યાસ, (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ભાવનગર જિલ્લો, ભાવનગર, નીચે જણાવેલ રસ્તાઓને તા. ૦૨-૧૨-૨૦૧૭ ના રોજ સવારના ૮-૦૦ કલાકથી બપોરના ૧૪-૦૦ સુધી એકમાર્ગીય જાહેર કરૂં છું.

(૧) ચાવડીગેટથી વડવા તલાવડી થઈ અલકા ગેટ ચોક સુધીનો રસ્તો :- અલકા ચોક તરફથી વડવા તલાવડી થઈ ચાવડી ગેટ તરફ આવતા તમામ પ્રકારના વાહનો માટે પ્રવેશબંધી.

(૨) અલકા ચોકથી મતવા ચોક થઈ શેલારશા ચોક સુધીનો રસ્તો :- શેલારશા ચોકથી મતવા ચોક તરફ આવતા તમામ પ્રકારના વાહનો માટે પ્રવેશબંધી.

(૩) મીનીગેસ્ટ હાઉસથી શેલારશા ચોક સુધીનો રસ્તો :- મીનીગેસ્ટ હાઉસથી શેલારશા ચોક તરફ આવતા તમામ પ્રકારના વાહનો માટે પ્રવેશબંધી.

(૪) વાસણઘાટ થી દરબારી કોઠાર થઈ શેલારશા ચોક સુધીનો રસ્તો :- વાસણઘાટ થી દરબારી કોઠાર થઈ શેલારશા ચોક તરફ આવતા તમામ પ્રકારના વાહનો માટે પ્રવેશબંધી.

(૫) હેરીસરોડના નાકાથી આંબાચોક થઈ શેલારશા ચોક સુધીનો રસ્તો :- હેરીસરોડ તરફથી શેલારશા ચોક તરફ આવતા તમામ પ્રકારના વાહનો માટે પ્રવેશબંધી.

(૬) ઘોઘાગેટથી હેરીસરોડના નાકા સુધીની રસ્તો :- ઘોઘગેટથી હેરીસરોડ તરફ આવતા તમામ પ્રકારના વાહનો માટે પ્રવેશબંધી.

(૭) બાર્ટન લાયબ્રેરી ચોકથી વોરા બજાર જસુભાઈ જવેલર્સવાળાની દુકાન સુધીનો રસ્તો:-બાર્ટન લાયબ્રેરી ચોકથી વોરા બજાર જસુભાલ જવેલર્સવાળાની દુકાન તરફ આવતા તમામ પ્રકારના વાહનો માટે પ્રવેશબંધી.

(૮) હલુરીયાચોકથી બાર્ટન ચોક સુધીનો રસ્તો :-હલુરીયા ચોક તરફથી આવતા તેમજ મામાકોઠાથી બાર્ટન ચોક તરફ આવતા તમામ પ્રકારના વાહનો માટે પ્રવેશબંધી.

(૯) હલુરીયા ચોકથી હાઈકોર્ટ રોડથી ઘોઘાગેટ ચોક સુધીનો રસ્તો :-ઘોઘાગેટચોકથી હાઈકોર્ટ રોડ થઈ હલુરીયા ચોક તરફ આવતા તમામ પ્રકારના વાહનો માટે પ્રવેશબંધી.

(૧૦) વાસણઘાટથી ગંગાજળીયા તળાવ, હેવમોર ચોક થઈ ઘોઘાગેઈટ સુધીનો રસ્તો :-વાસણઘાટથી ગંગાજળીયા તળાવ, હેવમોર ચોક થઈ ઘોઘાગેઈટ તરફ આવતા તમામ પ્રકારના વાહનો માટે પ્રવેશબંધ.

આ હુકમ/જાહેરનામાનો ભંગ કરનારને ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧ મુજબ શિક્ષા થશે.

''જાહેરનામાનો અમલ અને તેના ભંગ બદલના પગલા લેવા માટે ફરજ પરના કોઈપણ હેડ કોન્સ્ટેબલને તથા તેનાથી ઉપરના અધિકારીને અધિકાર રહેશે.''

ઉપર જણાવેલ સ્થળે જાહેરનામાની નકલો ચોંટાડીને તથા વર્તમાનપત્રો મારફત આ જાહેરનામાની બહોળી પ્રસિધ્ધી કરાવવી.

આજ તા. ૨૮-૧૧-૨૦૧૭ ના રોજ મારી સહી તથા કચેરીના સીક્કા કરી જાહેર જનતાની જાણ માટે જાહેરનામું બહાર પાડવામાં આવે છે.

ભાવનગર, ૨૮ માહે નવેમ્બર, સને ૨૦૧૭.

ઉમેશ વ્યાસ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
ભાવનગર.

---

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૩) હેઠળનું

## જાહેરનામું

ક્રમાંક : મજસ-૩/સભા સરઘસબંધી જા.નામું/૨૦૧૭/વશી-૧૨૧૦૦ થી ૧૨૧૯૯.-સુરેન્દ્રનગર જિલ્લામાં થાન, ધ્રાંગધ્રા, સાયલા, મુળી તથા ચોટીલા પો.સ્ટે. વિસ્તારમાં વર્ગ વિગ્રહનાં બનાવો બનતા રહે છે. જેથી અત્રેના જિલ્લાની હાલની કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ ધ્યાને રાખી સુરેન્દ્રનગર જિલ્લાનાં તમામ પોલીસ સ્ટેશન વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ સારી રીતે જળવાઈ રહે તે હેતુસર પોલીસ અધિક્ષકશ્રી, સુરેન્દ્રનગરના તા. ૧૪-૧૧-૨૦૧૭ના પત્ર ક્રમાંક : એલઆઈબી/જા.પ્ર./૧૧૧૦/૨૦૧૭ થી ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૩) હેઠળનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા દરખાસ્ત થઈ આવેલ છે. તાજેતરની પરિસ્થિતિમાં જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ સારી રીતે જળવાઈ રહે તે માટે જાહેર વ્યવસ્થાના હેતુ માટે પાંચ કે તેથી વધુ લોકોએ ભેગા થવા ઉપર તથા સભા સરઘસ યોજવા મનાઈ ફરમાવવી મને જરૂરી જણાય છે.

વાસ્તે, હું, ચંન્દ્રકાંત જી. પંડયા, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, સુરેન્દ્રનગર, જિલ્લો-સુરેન્દ્રનગર, મને મળેલ અધિકારની રૂએ ગુજરાત પોલીસ અધિનિયમ–૧૯૫૧નાં ૨૨ માંની કલમ-૩૭(૩) અન્વયે અમોને મળેલ અધિકારની રૂએ સુરેન્દ્રનગર જિલ્લાના સમગ્ર વિસ્તારમાં તા. ૧૭-૧૧-૨૦૧૭ થી તા. ૩૦-૧૧-૨૦૧૭ સુધી (બંન્ને તારીખો સહીત)ના સમયગાળા દરમ્યાન નગરપાલિકા વિસ્તારમાં સંબંધિત સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી તથા ગ્રામ્ય વિસ્તારમાં મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટની અગાઉથી મંજુરી મેળવ્યા સિવાય પાંચ કે તેથી વધુ લોકોએ ભેગા થવા ઉપર તથા સભા સરઘસ યોજવાની મનાઈ ફરમાવું છું.

આ પ્રતિબંધ લગ્નના વરઘોડા, સ્મશાનયાત્રા તથા શોભાયાત્રાની પુર્વ મંજુરી મેળવેલ હશે તેને લાગુ પડશે નહીં.

આ જાહેરનામું સુરેન્દ્રનગર જિલ્લાના તમામ વિસ્તારોમાં સહેલાઈથી દેખી શકાય, વાંચી શકાય તેવી જગ્યાએ તેની નકલો ચોંટાડીને અને તે વિસ્તારમાં પોલીસ લાઉડસ્પીકર વાહનો દ્વારા, સ્થાનિક વર્તમાનપત્રો મારફતે તેમજ ગુજરાત રાજ્યના અસાધારણ ગેઝેટમાં જાહેર કરીને પ્રસિધ્ધ કરવાનું ફરમાવું છું.

જો કોઈપણ ઈસમ ઉપરોક્ત હુકમનો ભંગ કરશે અગર ભંગ કરવામાં મદદગારી કરશે તો, આવા ઈસમો ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૫ હેઠળ દંડ અને શિક્ષાને પાત્ર થશે.

આજ રોજ મારી સહી તથા કચેરીની મુદ્રા સાથે જાહેરનામું બહાર પાડવામાં આવેલ છે.

સુરેન્દ્રનગર, ૧૭ માહે નવેમ્બર, સને ૨૦૧૭.

---

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૧) હેઠળનું

## જાહેરનામું

ક્રમાંક : મજશ-૩/હથિયારબંધી જા.નામું/૨૦૧૭/વશી-૧૨૦૦૦ થી ૧૨૦૯૯.-સુરેન્દ્રનગર જિલ્લામાં હાલની પરિસ્થિતિ તેમજ હાલની આંતકવાદી પ્રવૃતિને લક્ષમાં લેતા કોઈ પણ પ્રકારનો સુલેહ શાંતિનો ભંગ ન થાય જાહેર સલામતી તથા કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિને અનુલક્ષીને સમગ્ર સુરેન્દ્રનગર જિલ્લામાં દરેક પોલીસ સ્ટેશન વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ સારી રીતે જળવાઈ રહે તે હેતુસર પોલીસ અધિક્ષકશ્રી, સુરેન્દ્રનગરના તા. ૧૪-૧૧-૨૦૧૭ ના પત્ર ક્રમાંક : એલઆઈબી/જા.પ્ર./૧૧૦૯/૨૦૧૭ થી ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૭(૧) હેઠળનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા દરખાસ્ત થઈ આવેલ છે. તાજેતરની પરિસ્થિતિમાં જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ સારી રીતે જળવાઈ રહે તે માટે જાહેર વ્યવસ્થાના હેતુ માટે હથિયારબંધી ફરમાવવી મને જરૂરી જણાય છે.

વાસ્તે હું, ચંદ્રકાંત જી. પંડયા, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, સુરેન્દ્રનગર જિલ્લો, સુરેન્દ્રનગર, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ના ૨૨ માની કલમ-૩૭(૧) હેઠળ અમોને પ્રાપ્ત થયેલ અધિકારની રૂએ સુરેન્દ્રનગર જિલ્લાના સમગ્ર વિસ્તારમાં તા. : ૧૭-૧૧-૨૦૧૭ થી તા. : ૩૦-૧૧-૨૦૧૭ સુધી (બંન્ને તારીખો સહીત)ના સમયગાળા દરમ્યાન નગરપાલિકા વિસ્તારમાં સંબંધિત સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી તથા ગ્રામ્ય વિસ્તારમાં મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટશ્રીની અગાઉથી મંજુરી મેળવ્યા સિવાય નીચેની વિગતેના કૃત્યો કરવાની મનાઈ ફરમાવું છું.

(૧) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, ધોકા, બંદુક, ચપ્પુ, લાકડી/લાઠી, કુલ્લીવાળી લાકડી તથા શારિરિક ઈજા પહોંચાડી શકે તેવા કોઈપણ પ્રકારના સાધનો ધારણ કરવાની કે સાથે લઈ જવાની.

(૨) પથ્થરો અથવા ફેંકી શકાય તેવી કોઈપણ પ્રકારની વસ્તુઓ ફેંકવાની કે ધકેલવાનાં યંત્રો અથવા સાધનો ધારણ કરવાની કે સાથે સાથે લઈ જવાની.

(૩) વ્યકિતઓ અથવા તેમના શબ અથવા આકૃતિઓ અથવા પુતળા તૈયાર કરવાની દેખાડવાની કે સળગાવવાની કે સાથે લઈ જવાની.

(૪) કોઈ પણ ક્ષયકારી પદાર્થ અથવા વિસ્ફોટક પદાર્થો ધારણ કરવાની કે સાથે લઈ જવાની.

(૫) જેનાથી સુરુચિનો ભંગ થાય અથવા તો નિતિનો ભંગ થાય તેવું ભાષણ કરવાની, તેવી ચેષ્ઠા કરવાની, તેવા ચિત્રો-પત્રિકા-પ્લે કાર્ડ- અથવા બીજા કોઈ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવાની, અથવા ફેલાવો કરવાની કે સાથે લઈ જવાની.

(૬) બુમો પાડવાની, અપમાન કરવાના અથવા જાહેર કરવાનાં ઈરાદાથી જાહેરમાં બિભત્સ શબ્દો પોકારવા તેમજ અશ્લીલ ગીતો ગાવા અથવા ટોળામાં ફરવાની.

(૭) કોઈ સરઘસમાં જલતી અને પેટાવેલી મસાલ લઈ જવાની.

**આ હુકમ નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહી**

(૧) સરકારી નોકર કે કામ કરતી વ્યકિત કે જેને તેમના ઉપરી અધિકારીશ્રીઓએ આવું કોઈપણ હથિયાર લઈ જવા ફરમાવ્યું હોય અથવા કોઈપણ હથિયાર લઈ જવાની તેમની ફરજ હોય તેવી વ્યકિત.

(૨) જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી, સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી, મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટશ્રીએ અથવા તેઓએ કે જેને શારીરીક અશકિતના કારણે લાકડી/લાઠી લઈ જવાની પરવાનગી આપવામાં આવી હોય.

આ જાહેરનામું સમગ્ર સુરેન્દ્રનગર જિલ્લાના તમામ વિસ્તારોમાં સહેલાઈથી દેખી શકાય, વાંચી શકાય, તેવી જગ્યાએ તેની નકલો ચોંટાડી અને તે વિસ્તારમાં પોલીસ લાઉડ સ્પીકર વાહનો દ્વારા, સ્થાનિક વર્તમાનપત્રો મારફતે તેમજ ગુજરાત રાજ્યના અસાધારણ ગેઝેટમાં જાહેર કરીને પ્રસિધ્ધ કરવાનું ફરમાવું છું.

જો કોઈ ઈસમ ઉપરોક્ત હુકમનો ભંગ કરશે અગર ભંગ કરવામાં મદદગારી કરશે તો આવા ઈસમો ગુજરાત પોલીસ અધિનિમય-૧૯૫૧ની કલમ-૧૩૫ હેઠળ દંડ અને શિક્ષાને પાત્ર થશે.

આજ તા. માહે નવેમ્બર સને-૨૦૧૭ નાં રોજ મારી સહી તથા કચેરીની મુદ્રા સાથે જાહેરનામું બહાર પાડવામાં આવેલ છે.

સુરેન્દ્રનગર, ૧૫ માહે નવેમ્બર, સને ૨૦૧૭.

---

## હુકમ

ક્રમાંક : મજશ-૩/વશી/વિ.સ.સા.ચૂં.-૧૧/૨૦૧૭.-ગુજરાત વિધાનસભાની સામાન્ય ચૂંટણીઓ-૨૦૧૭ અગામી ડિસેમ્બર માસની તા. ૦૯-૧૨-૨૦૧૭ અને તા. ૧૪-૧૨-૨૦૧૭ ના રોજ યોજાનાર હોય વિવિધ રાજકીય પક્ષો દ્વારા જુદા-જુદા પ્રશ્ને વિવિધ કાર્યક્રમો તથા ચૂંટણી પ્રચાર કરવામાં આવી રહેલ છે. લોકપ્રતિનિધિત્વ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૨૬ ની જોગવાઈ મુજબ તમામ પ્રેસ/કેબલ નેટવર્ક તેમજ અન્ય માધ્યમો દ્વારા તા. ૦૯-૧૨-૨૦૧૭ ના સવારના ૮-૦૦ કલાકથી તા. ૧૪-૧૨-૨૦૧૭ ના સાંજના ૬-૦૦ કલાક સુધી ચૂંટણી અંગેના કોઈપણ પ્રકારના પરિણામોની આગાહી કોઈપણ પ્રકારે ન કરવામા આવે તે માટે કોઈ વ્યકિત, રાજકીય કાર્યકર્તા/પક્ષના કાર્યકરો/ઉમેદવાર નીચેના કૃત્યો કરી શકશે નહીં.

વાસ્તે હું, ચંદ્રકાંત જી. પંડયા, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, સુરેન્દ્રનગર જિલ્લો, સુરેન્દ્રનગર, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ હેઠળ અમોને પ્રાપ્ત થયેલ અધિકારની રૂએ સુરેન્દ્રનગર જિલ્લાના સમગ્ર વિસ્તારમાં ચૂંટણી દરમ્યાન ચૂંટણીના પરિણામોની આગાહી અંગેના પ્રસારણો/જાહેરાત પર નીચે મુજબના પ્રતિબંધ ફરમાવું છું.

**વિસ્તાર :**

સુરેન્દ્રનગર જિલ્લામાં સમાવિષ્ટ ગુજરાત વિધાનસભા મતદાર વિભાગનો સમગ્ર વિસ્તાર.

આ હુકમ સમગ્ર સુરેન્દ્રનગર જિલ્લાના તમામ વિસ્તારોમાં સહેલાઈથી દેખી શકાય, વાંચી શકાય, તેવી જગ્યાએ તેની નકલો ચોંટાડી અને તે વિસ્તારમાં પોલીસ લાઉડ સ્પીકર વાહનો દ્વારા, સ્થાનિક વર્તમાનપત્રો મારફતે તેમજ ગુજરાત રાજ્યના અસાધારણ ગેઝેટમાં જાહેર કરીને પ્રસિધ્ધ કરવાનું ફરમાવું છું.

જો કોઈ ઈસમ ઉપરોક્ત હુકમનો ભંગ કરશે અગર ભંગ કરવામાં મદદગારી કરશે તો આવા ઈસમો લોક પ્રતિનિધત્વ અધિનિમય-૧૯૫૧ની કલમ-૧૨૬(૨) તથા સને ૧૯૫૧ ના ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ તથા ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ તા. ૨૮ માહે નવેમ્બર સને-૨૦૧૭ નાં રોજ મારી સહી તથા કચેરીની મુદ્રા સાથે હુકમ બહાર પાડવામાં આવ્યો.

સુરેન્દ્રનગર, ૨૮ માહે નવેમ્બર, સને ૨૦૧૭.

ચંદ્રકાંત જી. પંડ્યા,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
સુરેન્દ્રનગર જિલ્લો.

---

## સબ ડિવીઝનલ મેજીસ્ટ્રેટ દ્વારા

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩નની
કલમ-૧૪૪ હેઠળ કાઢેલ હુકમ

## જાહેરનામું

નં. એમએજી/સી/દાતાર ઉર્ષ/૨૪૧૧/૨૦૧૫.-પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢના તા. ૨૩-૧૧-૨૦૧૭ ના પત્ર ક્રમાંક :

સી/એલઆઈબી/જાહેરનામુ/૨૬૬૨/૨૦૧૭થી તા. ૨૯-૧૧-૨૦૧૭ થી તા. ૦૨-૧૨-૨૦૧૭ સુધી જુનાગઢ શહેર ખાતે આવેલ ઉપલા-નીચલા દાતારની જગ્યામાં ઉર્ષનો તહેવાર ઉજવવામાં આવનાર છે, જેમા બહોળા પ્રમાણમાં હિન્દુ તથા મુસ્લીમ લોકો ભાગ લે છે. છેલ્લા ઘણા સમયથી ઉપલા દાતારની જગ્યામાં મુંજાવરની નિમણુંક બાબતે હિન્દુ તથા મુસ્લીમ કોમ વચ્ચે વિવાદ ચાલતો હોય જેથી પ્રવર્તમાન સંજોગોને ધ્યાને લઈ ઉર્ષ દરમ્યાન કોઈ જાતનો અનિચ્છનીય બનાવ બનવા ન પામે તે હેતુસર તથા કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાય રહે તે માટે વિલીંગ્ડન ડેમથી ઉપલા દાતારની જગ્યા સુધીનું સીઆરપીસી ૧૪૪ મુજબનુ જાહેરનામુ તા. ૨૯-૧૨-૨૦૧૭ થી તા. ૦૨-૧૨-૨૦૧૭ સુધીનું પ્રસિધ્ધ કરવા દરખાસ્ત રજુ થયેલ છે.

પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢ તરફથી થયેલ ઉપરોકત દરખાસ્ત અમોને વ્યાજબી જણાયેલ છે.

સબબ હું, જે. એમ. રાવલ, જી.એ.એસ., સબ ડિવીઝનલ જિલ્લા મેજીસ્ટ્રેટ, જુનાગઢ, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ મુજબ મને મળેલ અધિકારની રૂએ તા. ૨૯-૧૧-૨૦૧૭ ના રોજ ૦૦-૦૦ (શુન્ય) કલાકથી તા. ૦૨-૧૨-૨૦૧૭ ના રોજ ૨૪-૦૦ (ચોવીસ) કલાક સુધી ઉપલા દાતાર તરફ જતા તમામ માર્ગો, પગદંડીઓ અને પગથીયા સહિત, ઉપલા દાતાર પર જવા સારૂ ઉપલા દાતારના સમગ્ર ડુંગર વિસ્તારમાં વીલીંગ્ડન ડેમ સાઈટ અને જાહેર ઉધાન સિવાય, નીચે દર્શાવેલા અપવાદ સિવાય કોઈપણ વ્યક્તિને પ્રવેશબંધી ફરમાવું છું, એટલે કે ઉપરોક્ત વિસ્તારની અંદર કોઈ વ્યક્તિએ નીચે મુજબના અપવાદ અન્વયે અધિકૃત રીતે મેળવેલ લેખિત પરવાનગી સિવાય દાખલ થવુ નહીં, હરવું-ફરવું નહી અને પરવાનગી વગર એ વિસ્તારનો બીજી કોઈ રીતે ઉપયોગ કરવો નહી કે આ વિસ્તારમાં કોઈ ફેરફાર કરવો નહીં.

(૧) તારીખ : ૨૯-૧૧-૨૦૧૭ ના રોજ ૦૦-૦૦ (શુન્ય) કલાકથી તા. ૦૨-૧૨-૨૦૧૭ ના રોજ ૨૪-૦૦ (ચોવીસ) કલાક સુધી ઉપરોક્ત પ્રતિબંધિત વિસ્તારમાં જવા સારુ ફરજ પરના એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટશ્રીની પરમીટ મેળવીને જનાર અને પરમીટની શરતો મુજબ વર્તનાર વ્યક્તિઓને લાગુ પડશે નહી.

(૨) આ અંગેની આપવામાં આવેલ પરમીટમાં જણાવેલ તારીખો અને કલાકો દરમ્યાન ઉપલા દાતાર જનાર દર્શનાર્થી દર્શન કરી ઉપલા દાતારથી નીચે ઉતરી આવવાનું રહેશે.

(૩) અધિકૃત રીતે ફરજ પર રહેલા સરકારી કર્મચારી/અધિકારીશ્રીઓ તથા બંદોબસ્તના ફરજ પરના કર્મચારી/અધિકારીશ્રીઓને લાગુ પડશે નહીં.

આ હુકમનો ભંગ કર્યેથી ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ હેઠળ કસુરવાર સામે પગલા લેવાની કાર્યવાહી કરવામાં આવશે અને ગૂન્હો સાબિત થયે એક માસની સાદી કેદ અથવા રૂા. ૨૦૦/- દંડ અથવા બન્નેની સજા થઈ શકે છે.



આજરોજ તારીખ : ૨૪ નવેમ્બર-૨૦૧૭ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે હુકમ બહાર પાડ્યો.

જુનાગઢ, ૨૪ માહે નવેમ્બર, સને ૨૦૧૭.

---

### ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ કાઢેલ હુકમ

### જાહેરનામુ

નં. એમએજી/સી/દાતાર ઉર્ષ/૨૪૧૧ (૧)/૨૦૧૭.-પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢના તા. ૨૩-૧૧-૨૦૧૭ ના પત્ર ક્રમાંક : સી/એલઆઈબી/જાહેરનામુ/૨૬૬૩/૨૦૧૭ થી એવી દરખાસ્ત થયેલ છે કે, તા. ૨૯-૧૧-૨૦૧૭ થી તા. ૦૨-૧૨-૨૦૧૭ સુધી જુનાગઢ શહેર ખાતે આવેલ ઉપલા-નીચલા દાતારની જગ્યામાં ઉર્ષનો તહેવાર ઉજવવામાં આવનાર છે જેમા બહોળા પ્રમાણમાં હિન્દુ તથા મુસ્લીમ લોકો ભાગ લે છે. છેલ્લા ઘણા સમયથી ઉપલા દાતારની જગ્યામાં મુંજાવરની નિમણુંક બાબતે હિન્દુ તથા મુસ્લીમ સમાજ વચ્ચે વિવાદ ચાલતો હોય, જેથી પ્રવર્તમાન સંજોગોને ધ્યાને લઈ ઉર્ષ દરમ્યાન કોઈ જાતનો અનિચ્છનીય બનાવ બનવા ન પામે તે હેતુસર તથા કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાય રહે તે માટે દાતાર ઉર્ષ દરમ્યાન ઉપલા દાતાર ખાતે જવા માટેની સીડીના પ્રથમ પગથીયાથી ઉપલા દાતાર સુધી વીડીયોગ્રાફી/ફોટોગ્રાફી કરવાની સી.આર.પી.સી.-૧૪૪ મુજબનુ મનાઈ ફરમાવતું જાહેરનામુ તા. ૨૯-૧૧-૨૦૧૭ થી તા. ૦૨-૧૨-૨૦૧૭ સુધીનું પ્રસિધ્ધ કરવું.

પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢ તરફથી થયેલ ઉક્ત દરખાસ્ત અમોને વ્યાજબી જણાયેલ છે.

સબબ હું, જે. એમ. રાવલ, જી.એ.એસ., સબબ ડિવીઝનલ જિલ્લા મેજીસ્ટ્રેટ, જુનાગઢ ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ મુજબ મને મળેલ અધિકારની રૂએ તા. ૨૯-૧૧-૨૦૧૭ થી તા. ૦૨-૧૨-૨૦૧૭ (બન્ને દિવસ સહીત) સુધી ઉપલા દાતાર ખાતે જવા માટે સીડીના પ્રથમ પગથીયાથી ઉપલા દાતાર સુધીના કોઈ પણ ભાગમાં વિડીયોગ્રાફી/ફોટોગ્રાફી કરવાની મનાઈ ફરમાવુ છુ.

આ હુકમનો ભંગ કર્યેથી ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ હેઠળ કસુરવાર સામે પગલા લેવાની કાર્યવાહી કરવામાં આવશે અને ગૂન્હો સાબિત થયે એક માસની સાદી કેદ અથવા રૂા. ૨૦૦/- દંડ અથવા બન્નેની સજા થઈ શકે છે.

આજરોજ તારીખ : ૨૪ નવેમ્બર-૨૦૧૭ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે હુકમ બહાર પાડ્યો.

જુનાગઢ, ૨૪ માહે ડીસેમ્બર, સને ૨૦૧૭.

**જે. એમ. રાવલ,**
સબ ડિવીઝનલ મેજીસ્ટ્રેટ,
જુનાગઢ.

## પોલીસ કમિશ્નર દ્વારા

## જાહેરનામું

ક્રમાંક : રાજ/સીપી/એલબી-૨/ટ્રાફીક/જા.ના./૧૦૯૦/૨૦૧૭.- રાજકોટ શહેરમાં આવેલ રેસકોર્ષ ફરતેનો રીંગ રોડ એ શહેરની વચ્ચો વચ્ચ મધ્યભાગે આવેલ ફોર ટ્રેક રોડ છે. આ રોડ વહેલી સવારના હજારોની સંખ્યામાં રાજકોટ શહેરના તમામ વર્ગના નાગરીકો ચાલવા (મોર્નીંગ વોક) માટે સવારના લગભગ કલાક ૫-૩૦ થી કલાક ૭-૩૦ વાગ્યાના સમયે નીકળે છે. સામાન્ય રીતે જોવામાં આવે તો આવી રીતે સવારના મોર્નીંગ વોક માટે ચાલનારાઓની સંખ્યામાં ઉત્તરોતર વધારો થતો જાય છે. જે સંજોગે આ પ્રકારે પગે ચાલનાર નાગરીકો સાથે વાહન ચાલકો ધ્વારા અકસ્માત થવાની પુરેપુરી શક્યતાઓ રહેલી છે. વધુમાં નાગરીકો સવારના મોર્નીંગ વોક માટે નીકળે છે. તે વર્ગ શારિરીક કસરત અને માનસીક શાંતિ મેળવવા માટે સવારના ભાગે ચાલવા નીકળતા હોય છે જે સંજોગોમાં તે જ રોડ પર વાહન વ્યવહાર ટ્રાફિક ચાલુ હોય તો સ્વાભાવિક રીતે તેઓ નિશ્ચિત પણે સલામત રીતે ચાલી શકતા નથી. તેમજ આ રીંગ રોડ ઉપર વાહનોના ધુમાડા ધ્વારા ફેલાતા પ્રદુષણનો ભોગ બનતા હોય છે જેના કારણે આ નાગરીકો તરફથી આ બાબતે અકસ્માતની સંભાવનાઓ ઘટે તેમજ પ્રદુષણમાં પણ ઘટાડો થાય તે માટે યોગ્ય પગલા ભરવા અવાર-નવાર રજુઆત કરવામાં આવે છે.

૨/- રાજકોટ શહેરમાં રેસકોર્ષ ફરતે સવારના ભાગે પગે ચાલી મોર્નીંગ વોક માટે નીકળતા નાગરીકો સલામતી અનુભવે અને પ્રદુષણનો ભોગ ન બને તે માટે રેસકોર્ષ ફરતેનો રીંગ રોડ તમામ પ્રકારના વાહનો માટે એક માર્ગીય (વન-વે) જાહેર કરવાની આવશ્યકતા જણાય છે.

### હુકમ

૩/- આથી હુ, અનુપમ સિંહ ગહલૌત, પોલીસ કમિશ્નર, રાજકોટ શહેર, રાજકોટ, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧) બી અને સી થી મને મળેલ સત્તાની રૂઈએ નીચે જણાવેલ રસ્તોઓને તેમાં જણાવેલ વિગતે તમામ પ્રકારના વાહનો માટે તા. ૦૪-૧૦-૨૦૧૭ થી ૩૦-૧૧-૨૦૧૭ સુધી એક માર્ગીય (વન-વે) જાહેર કરવા હુકમ કરૂ છું. આ હુકમ સવારના કલાક ૦૫-૩૦ થી કલાક ૦૭-૩૦ સુધી તમામ પ્રકારના વાહનો માટે લાગુ પડશે.

રેસકોર્ષ રીંગ રોડ :

રેસકોર્ષ રીંગ રોડને એક માર્ગીય (વન-વે) કરવામાં આવે છે. જે મુજબ રેસકોર્ષ રીંગ રોડનો ફકત બહારના ભાગે આવેલ રોડ એક તરફી ''ક્લોક વાઈઝ'' જાહેર કરવામાં આવે છે. એટલે કે જિલ્લા પંચાયત ચોકથી એ. જી. ઓફીસ, કીસાનપરા સર્કલ, મેયરશ્રીનો બંગલો, બીગબાઈટ આઈસ્કીમ, જુની એન. સી. સી. ઓફીસ, પોલીસ હેડ કર્વાટર સર્કલ, બહુમાળી ભવન, ગેલેક્સી સિનેમાથી પોલીસ કમિશ્નર કચેરી થઈ જિલ્લા પંચાયત ચોકમાં થઈ તે રીતે તમામ પ્રકારના વાહનો માટે એક તરફી રસ્તો ચાલુ રહેશે.

આ ફોરટ્રેક રીંગ રોડનો અંદરનો જે રસ્તો છે તે રોડ ઉપર સવારના કલાક ૦૫-૩૦ થી કલાક ૦૭-૩૦ વાગ્યા સુધી તમામ પ્રકારના વાહનોની અવર જવર ઉપર પ્રતિબંધ રહે છે. અને ફકત પગે ચાલી મોર્નીંગ વોક કરવા માટે નીકળેલ નાગરીકો માટે જ આ રસ્તો ચાલુ રહેશે.

૪/- અત્રેના જાહેરનામા ક્રમાંક : રાજ/સીપી/એલબી-૨/ટ્રાફીક/જા.ના./૭૭૯/૨૦૧૭, તા. ૨૫-૦૭-૨૦૧૭ અન્વયે બે માસ માટે પ્રાયોગિક ધોરણે જાહેરનામું પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. જે અન્વયે જાહેરનામાને રાજકોટ શહેરના નાગરીકો તરફથી સારો પ્રતિસાદ મળેલ હોય જેથી ફરી આ જાહેરનામું તા. ૦૪-૧૦-૨૦૧૭ થી તા. ૩૦-૧૧-૨૦૧૭ સુધી એટલે કે બે માસ માટે બહાર પાડવામાં આવે છે.

૫/- આ જાહેરનામું ફરજ પરના પોલીસ વાહનો, એમ્બ્યુલન્સ તથા ફાયર બ્રીગેડના વાહનોને આકસ્મિક સંજોગોમાં લાગુ પડશે નહીં.

૬/- આ હુકમના ભંગ બદલ ગુજરાત પોલીસ અધિનિયમો ૧૯૫૧ની કલમ ૧૩૧ અને આઈ.પી.સી. કલમ ૧૮૮ મુજબ પગલા લેવામાં આવશે.

આજ રોજ તારીખ ૦૩-૧૦-૨૦૧૭ ના રોજ મારી સહી સીક્કા સાથે જાહેર જનતાની જાણ માટે પ્રસિધ્ધ કરવામાં આવે છે.

રાજકોટ, ૦૩ માહે ઓકટોબર, સને ૨૦૧૭.

## જાહેરનામું

ક્રમાંક : રાજ/સીપી/એલબી-૨/ટ્રાફીક/જા.ના./૧૩૫૨/૨૦૧૭.- રાજકોટ શહેરમાં આવેલ રેસકોર્ષ ફરતેનો રીંગ રોડ એ શહેરની વચ્ચો વચ્ચ મધ્યભાગે આવેલ ફોર ટ્રેક રોડ છે. આ રોડ વહેલી સવારના હજારોની સંખ્યામાં રાજકોટ શહેરના તમામ વર્ગના નાગરીકો ચાલવા (મોર્નીંગ વોક) માટે સવારના લગભગ કલાક ૫-૩૦ થી કલાક ૭-૩૦ વાગ્યાના સમયે નીકળે છે. સામાન્ય રીતે જોવામાં આવે તો આવી રીતે સવારના મોર્નીંગ વોક માટે ચાલનારાઓની સંખ્યામાં ઉત્તરોતર વધારો થતો જાય છે. જે સંજોગે આ પ્રકારે પગે ચાલનાર નાગરીકો સાથે વાહન ચાલકો ધ્વારા અકસ્માત થવાની પુરેપુરી શક્યતાઓ રહેલી છે. વધુમાં નાગરીકો સવારના મોર્નીંગ વોક માટે નીકળે છે. તે વર્ગ શારિરીક કસરત અને માનસીક શાંતિ મેળવવા માટે સવારના ભાગે ચાલવા નીકળતા હોય છે જે સંજોગોમાં તે જ રોડ પર વાહન વ્યવહાર ટ્રાફિક ચાલુ હોય તો સ્વાભાવિક રીતે તેઓ નિશ્ચિત પણે સલામત રીતે ચાલી શકતા નથી. તેમજ આ રીંગ રોડ ઉપર વાહનોના ધુમાડા ધ્વારા ફેલાતા પ્રદુષણનો ભોગ બનતા હોય છે જેના કારણે આ નાગરીકો તરફથી આ બાબતે અકસ્માતની સંભાવનાઓ ઘટે તેમજ પ્રદુષણમાં પણ ઘટાડો થાય તે માટે યોગ્ય પગલા ભરવા અવાર-નવાર રજુઆત કરવામાં આવે છે.

૨/- રાજકોટ શહેરમાં રેસકોર્ષ ફરતે સવારના ભાગે પગે ચાલી મોર્નીંગ વોક માટે નીકળતા નાગરીકો સલામતી અનુભવે અને પ્રદુષણનો ભોગ ન બને તે માટે રેસકોર્ષ ફરતેનો રીંગ રોડ

તમામ પ્રકારના વાહનો માટે એક માર્ગીય (વન-વે) જાહેર કરવાની આવશ્યકતા જણાય છે.

## હુકમ

૩/- આથી હુ, અનુપમ સિંહ ગહલૌત, પોલીસ કમિશ્નર, રાજકોટ શહેર, રાજકોટ, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧) બી અને સી થી મને મળેલ સત્તાની રૂઈએ નીચે જણાવેલ રસ્તોઓને તેમાં જણાવેલ વિગતે તમામ પ્રકારના વાહનો માટે તા. ૦૧-૧૨-૨૦૧૭ થી ૩૧-૦૧-૨૦૧૮ સુધી એક માર્ગીય (વન-વે) જાહેર કરવા હુકમ કરૂ છું. આ હુકમ સવારના કલાક ૦૫-૩૦ થી કલાક ૦૭-૩૦ સુધી તમામ પ્રકારના વાહનો માટે લાગુ પડશે.

**રેસકોર્ષ રીંગ રોડ :**

રેસકોર્ષ રીંગ રોડને એક માર્ગીય (વન-વે) કરવામાં આવે છે. જે મુજબ રેસકોર્ષ રીંગ રોડનો ફકત બહારના ભાગે આવેલ રોડ એક તરફી "કલોક વાઈઝ" જાહેર કરવામાં આવે છે. એટલે કે જિલ્લા પંચાયત ચોકથી એ. જી. ઓફીસ, કીસાનપરા સર્કલ, મેયરશ્રીનો બંગલો, બીગબાઈટ આઈસ્કીમ, જુની એન. સી. સી. ઓફીસ, પોલીસ હેડ કર્વાટર સર્કલ, બહુમાળી ભવન, ગેલેક્સી સિનેમાથી પોલીસ કમિશ્નર કચેરી થઈ જિલ્લા પંચાયત ચોકમાં થઈ તે રીતે તમામ પ્રકારના વાહનો માટે એક તરફી રસ્તો ચાલુ રહેશે.

આ ફોરટ્રેક રીંગ રોડનો અંદરનો જે રસ્તો છે તે રોડ ઉપર સવારના કલાક ૦૫-૩૦ થી કલાક ૦૭-૩૦ વાગ્યા સુધી તમામ પ્રકારના વાહનોની અવર જવર ઉપર પ્રતિબંધ રહે છે. અને ફકત પગે ચાલી મોર્નીંગ વોક કરવા માટે નીકળેલ નાગરીકો માટે જ આ રસ્તો ચાલુ રહેશે.

૪/- અત્રેના જાહેરનામા ક્રમાંક : રાજ/સીપી/એલબી-૨/ ટ્રાફીક/જા.ના./૧૦૯૦/૨૦૧૭, તા. ૦૩-૧૦-૨૦૧૭ અન્વયે બે માસ માટે પ્રાયોગિક ધોરણે જાહેરનામું પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. જે અન્વયે જાહેરનામાને રાજકોટ શહેરના નાગરીકો તરફથી સારો પ્રતિસાદ મળેલ હોય જેથી ફરી આ જાહેરનામું તા. ૦૧-૧૨-૨૦૧૭ થી તા. ૩૧-૦૧-૨૦૧૮ સુધી એટલે કે બે માસ માટે બહાર પાડવામાં આવે છે.

૫/- આ જાહેરનામું ફરજ પરના પોલીસ વાહનો, એમ્બ્યુલન્સ તથા ફાયર બ્રીગેડના વાહનોને આકસ્મિક સંજોગોમાં લાગુ પડશે નહીં.

૬/- આ હુકમના ભંગ બદલ ગુજરાત પોલીસ અધિનિયમો ૧૯૫૧ની કલમ ૧૩૧ અને આઈ.પી.સી. કલમ ૧૮૮ મુજબ પગલા લેવામાં આવશે.

આજ રોજ તારીખ ૨૭-૧૧-૨૦૧૭ ના રોજ મારી સહી સીક્કા સાથે જાહેર જનતાની જાણ માટે પ્રસધ્ધ કરવામાં આવે છે.

રાજકોટ, ૨૪/૨૭ માહે નવેમ્બર, સને ૨૦૧૭.

**અનુપમસિંહ ગહલૌત,**
પોલીસ કમિશ્નર,
રાજકોટ શહેર.

---

## સંયુકત રાજય વેરા કમિશ્નર દ્વારા

વંચાણમાં લીધુ :

(૧) મે. ફેબલ ફુડ પ્રોડકટસ નો.ન...24072502565 ના ખોવાયેલ "C" ફોર્મ બાબતે રા. વે. અધિકારીશ્રી (સકશ્રી), ઘટક (૧૫), અમદાવાદના ના જા... ૭૨૫૨ તા. ૨૭-૦૯-૨૦૧૭ની દરખાસ્ત.

(૨) ના. રા. વે. કમિ.શ્રી વર્તુળ (૪) ના જા ૨૯૦૫ તા. ૧૧-૧૦-૨૦૧૭ની દરખાસ્ત.

## આદેશ

ક્રમાંક : સંરાવેક/વિ-૨/વવટ-૧/ધારાકીય ફોર્મસ રદ/૨૦૧૭-૧૮/જા. ૫૭૫૪/૭૨/૨૦૧૭.-સ.રા.વે. કમિ.શ્રી ઘટક-૧૫ ના કાર્યક્ષેત્ર હેઠળના વેપારી મે. ફેબલ ફુડ પ્રોડકટસ નો.ન. 24072502565 ના ફોર્મ-"C" અત્રેથી ઈસ્યુ કરવામા આવેલ હતા. જે નીચેની વિગતે ફોર્મ "C" નંગ-૧ વેપારી ધ્વારા ખોવાય જતા રદ કરવા ઠરાવુ છુ.

| ક્રમ | વેપારીનું નામ અને નોંધણી નંબર | ફોર્મ ઈસ્યુ કરનાર કચેરી | રદ કરવાપાત્ર ફોર્મ નંબર | રદ કરવાપાત્ર કુલ પાના | રદ કરવાનું કારણ |
|---|---|---|---|---|---|
| ૧ | ફેબલ ફુડ પ્રોડકટસ નો. ન. ૨૪૦૭૨૫૦૨૫૬૫ | સ.રા.વે. કમિ.શ્રીની કચેરી ઘટક-૧૫, અમદાવાદ રા. વે. અધિ-(..સકશ્રી) | ફોર્મ- "C" નંબર (1) 24-7558106 | નંગ. ૧ | વેપારી ધ્વારા ખોવાઈ જતા |

આથી હું, એસ. બી. મહેતા, સંયુકત રાજય કર કમિશનર વિભાગ-૨ અમદાવાદ કેન્દ્રીય વેચાણ વેરા નિયમ ૧૯૭૦ ના નિયમ-૪ (એ) ના પેટા નિયમ-૭ અન્વયે મને મળેલ સત્તાની રુએ ઉપરોકત દર્શાવેલ ફોર્મ રદ કરવા ઠરાવુ છુ.

અમદાવાદ, ૩૦ માહે ઓકટોબર, સને ૨૦૧૭.

વંચાણમાં લીધુ :

(૧) મે. ટ્રેસર રેન્ડ ઈન્ડિયા પ્રા. લી., નો.ન...24075200289 ના ખોવાયેલ "C" ફોર્મ બાબતે રા. વે. અધિકારીશ્રી (૧), ઘટક (૨૨), અમદાવાદના ના જા... ૬૫૪૨/૪૩, તા. ૧૯-૦૯-૨૦૧૭ ની દરખાસ્ત.

(૨) ના. રા. વે. કમિ.શ્રી વર્તુળ (૬) ના જા ૬૨૩૭, તા. ૧૬-૧૧-૨૦૧૭ની દરખાસ્ત.

**આદેશ**

ક્રમાંક : સંરાવેક/વિ-૨/વવટ-૧/ધારાકીય ફોર્મસ રદ/૨૦૧૭-૧૮/જા. ૬૨૦૦/૧૭.-સ.રા.વે. કમિ.શ્રી ઘટક-૨૨ ના કાર્યક્ષેત્ર હેઠળના વેપારી મે. ટ્રેસર રેન્ડ ઈન્ડિયા પ્રા. લી., નો.ન. 24075200289 ના ફોર્મ-''C'' અત્રેથી ઈસ્યુ કરવામા આવેલ હતા. જે નીચેની વિગતે ફોર્મ ''C'' નંગ-૨ વેપારી ધ્વારા ખોવાય જતા રદ કરવા ઠરાવુ છુ.

| ક્રમ | વેપારીનું નામ અને નોંધણી નંબર | ફોર્મ ઈસ્યુ કરનાર કચેરી | રદ કરવાપાત્ર ફોર્મ નંબર | રદ કરવાપાત્ર કુલ પાના | રદ કરવાનું કારણ |
|---|---|---|---|---|---|
| ૧ | ટ્રેસર રેન્ડ ઈન્ડિયા,<br>નો. ન. ૨૪૦૭૫૨૦૦૨૮૯ | સ.રા.વે. કમિ.શ્રીની કચેરી ઘટક-૨૨, અમદાવાદ | ફોર્મ- ''C'' નંબર<br>(1) 24A-0206759<br>(2) 24A-0207095 | નંગ. ૨ | વેપારી ધ્વારા ખોવાઈ જતા |

આથી હું, એસ. બી. મહેતા, સંયુકત રાજય કર કમિશનર વિભાગ-૨ અમદાવાદ કેન્દ્રીય વેચાણ વેરા નિયમ ૧૯૭૦ ના નિયમ-૪ (એ) ના પેટા નિયમ-૭ અન્વયે મને મળેલ સત્તાની રુએ ઉપરોકત દર્શાવેલ ફોર્મ રદ કરવા ઠરાવુ છુ.

અમદાવાદ, ૨૦ માહે નવેમ્બર, સને ૨૦૧૭.

**એસ. બી. મહેતા,**

સંયુકત રાજય વેરા કમિશનર,
વિભાગ-૨, અમદાવાદ.

---

વંચાણે લીધું :

(૧) નાયબ રાજય કર કમિશનરશ્રી, વર્તુળ-૨૩ રાજકોટના પત્ર ક્રમાંક : નાકશ્રી/વ-૨૩/રાજ/અન્વે/સી ફોર્મ/૨૦૧૭-૧૮/૧૭૩૪ તા. ૧૪-૦૭-૨૦૧૭.

**જાહેરનામુ**

ક્રમાંક : સં.રા.ક. કમિ/વિ-૧૦/સી ફોર્મ/ધા. ફોર્મ રદ/૨૦૭-૧૮/જા ૪૫/૬૨, તા. ૧૬-૧૧-૨૦૧૭.-સહાયક વાણિજ્યિક વેરા કમીશનરશ્રી,ઘટક-૪, રાજકોટના ક્ષેત્રાધિકાર હેઠલના વેપારીશ્રી કીર્તિ ટ્રેડીંગ નો.નં. ૨૪૦૯૧૧૦૨૫૧૪ કેન્દ્રીય નો. નં. ૨૪૫૯૧૧૦૨૫૧૪ ધરાવતા હતા. તેઓનો નોંધણી નંબર વંચાણે લીધેલ-૧ મુજબ તા. ૨૩-૦૯-૨૦૧૫ થી અમલી બનતો નોંધણી દાખલો ધડમૂળથી (Abinitio) રદ કરેલ છે. જેથી વેપારીશ્રીએ વર્ષ ૨૦૧૬-૧૭ દરમિયાન ઓનલાઈન જનરેટ કરેલ તમામ ''સી'' ફોર્મ નીચે દર્શાવ્યા મુજબ રદ કરવા ઠરાવું છું.

| ક્રમ | વેપારીનું નામ, ટીન નંબર | રદ કરવાપાત્ર સી ફોર્મ નંબર | રદ કરવા પાત્ર કુલ પાના | રદનું કારણ |
|---|---|---|---|---|
| ૧ | કીર્તિ ટ્રેડીંગ<br>નો. નં. ૨૪૦૯૧૧૦૨૫૧૪<br>કેન્દ્રીય નો. નં. ૨૪૫૯૧૧૦૨૫૧૪ | ૨૪૧૦૨૨૧૭૦૦૯૧૭૩૩ | ૧ | નોંધણી નંબર ધડમૂળ (Abinitio) થી રદ થયેલ હોવાથી |

આથી હું, એસ. એમ. સકસેના, સંયુકત રાજય કર કમિશનરશ્રી, વિભાગ-૧૦, રાજકોટ કેન્દ્રીય વેચાણવેરા નિયમ-૧૯૭૦ના નિયમ-૪(એ)ના પેટા નિયમ-૭ અન્વયે મને મળેલ સત્તાની રૂએ ઉપરોકત દર્શાવેલ ''સી'' ફોર્મ રદ કરવા ઠરાવું છું.

રાજકોટ, ૧૬ માહે નવેમ્બર, સને ૨૦૧૭.

વંચાણે લીધું :

(૧) નાયબ રાજ્ય કર કમિશનરશ્રી, વર્તુળ-૨૩ રાજકોટના પત્ર ક્રમાંક : નાકશ્રી/વ-૨૩/રાજ/અન્વે/સી ફોર્મ/૨૦૧૭-૧૮/૧૭૩૪ તા. ૧૪-૦૭-૨૦૧૭.

## જાહેરનામુ

ક્રમાંક : સં.રા.ક. કમિ/વિ-૧૦/સી ફોર્મ/ધા. ફોર્મ રદ/૨૦૭-૧૮/જા ૨૭/૪૪, તા. ૧૬-૧૧-૨૦૧૭.-સહાયક વાણિજ્યિક વેરા કમીશનરશ્રી, ઘટક-૫, રાજકોટ ના ક્ષેત્રાધિકાર હેઠળના વેપારીશ્રી સાધના ટ્રેડીંગ નો.નં. ૨૪૦૯૧૮૦૮૭૦૯ કેન્દ્રીય નો. નં. ૨૪૫૯૧૮૦૮૭૦૯ ધરાવતા હતા. તેઓનો નોંધણી નંબર વંચાણે લીધેલ-૧ મુજબ તા. ૨૯-૦૧-૨૦૧૬ થી અમલી બનતો નોંધણી દાખલો ધડમૂળથી (Abinitio) રદ કરેલ છે. જેથી વેપારીશ્રીએ વર્ષ ૨૦૧૬-૧૭ દરમિયાન ઓનલાઈન જનરેટ કરેલ તમામ ''સી'' ફોર્મ નીચે દર્શાવ્યા મુજબ રદ કરવા ઠરાવું છું.

| ક્રમ | વેપારીનું નામ, ટીન નંબર | રદ કરવાપાત્ર સી ફોર્મ નંબર | રદ કરવા પાત્ર કુલ પાના | રદનું કારણ |
|---|---|---|---|---|
| ૧ | સાધના ટ્રેડીંગ કું.<br>નો. નં. ૨૪૦૯૧૮૦૮૭૦૯<br>કેન્દ્રીય નો. નં. ૨૪૫૯૧૮૦૮૭૦૯ | (૧) ૨૪૧૦૭૦૮૯૦૮૭૧૬૧૭<br>(૨) ૨૪૧૦૭૦૮૯૦૮૬૧૬૧૭<br>(૩) ૨૪૧૦૭૦૮૯૦૮૮૧૬૧૭<br>(૪) ૨૪૧૦૭૦૮૯૦૮૯૧૬૩૧ | ૪ | નોંધણી નંબર ધડમૂળ (Abinitio) થી રદ થયેલ હોવાથી |

આથી હું, શ્રી એસ. એમ. સકસેના, સંયુકત રાજય કર કમિશનરશ્રી, વિભાગ-૧૦, રાજકોટ કેન્દ્રીય વેચાણ વેરા નિયમ-૧૯૭૦ના નિયમ-૪(એ) ના પેટા નિયમ-૭ અન્વયે મને મળેલ સત્તાની રૂએ ઉપરોકત દર્શાવેલ ''સી'' ફોર્મ રદ કરવા ઠરાવું છું.

રાજકોટ, ૧૬ માહે નવેમ્બર, સને ૨૦૧૭.

---

વંચાણે લીધું :

(૧) નાયબ રાજ્ય કર કમિશનરશ્રી, વર્તુળ-૨૩ રાજકોટના પત્ર ક્રમાંક : નાકશ્રી/વ-૨૩/રાજ/અન્વે/સી ફોર્મ/૨૦૧૭-૧૮/૫૬૫૦ તા. ૩૧-૦૧-૨૦૧૭.

## જાહેરનામુ

ક્રમાંક : સં.રા.ક. કમિ/વિ-૧૦/સી ફોર્મ/ધા. ફોર્મ રદ/૨૦૭-૧૮/જા ૬૩/૭૯, તા.-સહાયક વાણિજ્યિક વેરા કમીશનરશ્રી, ઘટક-૫, રાજકોટ ના ક્ષેત્રાધિકાર હેઠળના વેપારીશ્રી ભૂમિ ટ્રેડીંગ નો.નં. ૨૪૦૯૨૩૦૦૫૧૮ કેન્દ્રીય નો. નં. ૨૪૫૯૨૩૦૦૫૧૮ ધરાવતા હતા. તેઓનો નોંધણી નંબર વંચાણે લીધેલ-૧ મુજબ તા. ૨૩-૦૯-૨૦૧૫ થી અમલી બનતો નોંધણી દાખલો ધડમૂળથી (Abinitio) રદ કરેલ છે. જેથી વેપારીશ્રીએ વર્ષ ૨૦૧૬-૧૭ દરમિયાન ઓનલાઈન જનરેટ કરેલ તમામ ''સી'' ફોર્મ નીચે દર્શાવ્યા મુજબ રદ કરવા ઠરાવું છું.

| ક્રમ | વેપારીનું નામ ટીન નંબર | રદ કરવાપાત્ર સી ફોર્મ નંબર | | | | રદ કરવા પાત્ર કુલ પાના | રદનું કારણ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ભૂમિ ટ્રેડીંગ કું.<br>નો. નં.<br>૨૪૦૯૨૩૦૦૫૧૮<br>કેન્દ્રીય નો. નં.<br>૨૪૫૯૨૩૦૦૫૧૮ | (૧) | ૨૪૧૦૧૧૨૦૭૩૪૧૬૦૨ | (૬) | ૨૪૧૦૯૬૪૫૮૪૬૧૫૧૭ | ૪૫ | નોંધણી નંબર ધડમૂળ (Abinitio) થી રદ થયેલ હોવાથી |
| | | (૨) | ૨૪૧૦૧૧૨૦૭૪૬૧૬૧૭ | (૭) | ૨૪૧૦૧૧૨૦૭૩૬૧૬૧૭ | | |
| | | (૩) | ૨૪૧૦૧૧૨૦૭૪૦૧૬૧૭ | (૮) | ૨૪૧૦૧૧૫૩૦૮૦૧૬૧૭ | | |
| | | (૪) | ૨૪૧૦૯૬૪૫૮૪૧૧૫૧૭ | (૯) | ૨૪૧૦૧૧૫૦૮૦૨૧૬૧૭ | | |
| | | (૫) | ૨૪૧૦૧૧૨૦૭૨૭૧૬૧૬ | (૧૦) | ૨૪૧૦૧૧૫૦૮૦૪૧૬૧૭ | | |

| ક્રમ | વેપારીનું નામ<br>ટીન નંબર | રદ કરવાપાત્ર સી ફોર્મ નંબર | | | | રદ કરવા પાત્ર કુલ પાના | રદનું કારણ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | | (૧૧) | ૨૪૧૦૧૧૨૦૭૨૮૧૬૩૧ | (૨૯) | ૨૪૧૦૧૧૨૦૭૪૩૧૬૩૧ | | |
| | | (૧૨) | ૨૪૧૦૧૧૨૦૭૨૫૧૬૩૧ | (૩૦) | ૨૪૧૦૯૬૪૫૮૪૩૧૫૩૧ | | |
| | | (૧૩) | ૨૪૧૦૧૧૨૦૭૩૭૧૬૩૧ | (૩૧) | ૨૪૧૦૯૬૪૫૮૪૭૧૫૩૧ | | |
| | | (૧૪) | ૨૪૧૦૧૧૫૦૮૦૩૧૬૩૧ | (૩૨) | ૨૪૧૦૧૧૫૦૮૦૫૩૬૩૧ | | |
| | | (૧૫) | ૨૪૧૦૧૧૨૦૭૩૦૧૬૩૧ | (૩૩) | ૨૪૧૦૧૧૫૩૦૮૧૧૬૩૧ | | |
| | | (૧૬) | ૨૪૧૦૯૬૪૫૮૪૪૧૫૩૧ | (૩૪) | ૨૪૧૦૯૬૪૫૮૪૦૧૫૦૨ | | |
| | | (૧૭) | ૨૪૧૦૧૧૨૦૭૩૩૧૬૩૧ | (૩૫) | ૨૪૧૧૨૦૦૬૩૩૫૧૫૩૭ | | |
| | | (૧૮) | ૨૪૧૦૧૧૨૦૭૩૧૧૬૩૧ | (૩૬) | ૨૪૧૦૯૬૪૫૮૪૫૧૫૦૨ | | |
| | | (૧૯) | ૨૪૧૦૧૧૨૦૭૨૬૧૬૩૧ | (૩૭) | ૨૪૧૦૧૧૨૦૭૩૫૧૬૦૨ | | |
| | | (૨૦) | ૨૪૧૦૯૬૪૫૮૩૭૧૫૩૧ | (૩૮) | ૨૪૧૦૯૬૪૫૮૩૬૧૫૦૨ | | |
| | | (૨૧) | ૨૪૧૦૯૬૨૭૦૪૭૧૫૩૧ | (૩૯) | ૨૪૧૦૯૬૪૫૮૪૨૧૫૦૨ | | |
| | | (૨૨) | ૨૪૧૦૯૬૪૫૮૩૯૧૫૩૧ | (૪૦) | ૨૪૧૦૧૧૨૦૭૪૨૧૬૦૨ | | |
| | | (૨૩) | ૨૪૧૦૧૧૨૦૭૪૫૧૬૩૧ | (૪૧) | ૨૪૧૦૧૧૨૦૭૩૮૧૬૦૨ | | |
| | | (૨૪) | ૨૪૧૦૧૧૨૦૭૩૯૧૬૩૧ | (૪૨) | ૨૪૧૦૯૬૪૫૮૩૮૧૫૦૨ | | |
| | | (૨૫) | ૨૪૧૦૧૧૨૦૭૪૯૩૬૩૧ | (૪૩) | ૨૪૧૦૧૧૨૦૭૨૯૧૬૧૦ | | |
| | | (૨૬) | ૨૪૧૦૧૧૨૦૭૪૮૧૬૩૧ | (૪૪) | ૨૪૧૦૧૧૨૦૭૩૨૧૬૧૦ | | |
| | | (૨૭) | ૨૪૧૦૧૧૨૦૭૪૪૧૬૩૧ | (૪૫) | ૨૪૧૦૧૧૨૦૭૪૭૧૬૧૦ | | |
| | | (૨૮) | ૨૪૧૦૧૧૨૦૭૪૧૧૬૩૧ | | | | |

આથી હું, શ્રી એસ. એમ. સકસેના, સંયુકત રાજય કર કમિશનરશ્રી, વિભાગ-૧૦, રાજકોટ કેન્દ્રીય વેચાણ વેરા નિયમ-૧૯૭૦ના નિયમ-૪(એ) ના પેટા નિયમ-૭ અન્વયે મને મળેલ સત્તાની રૂએ ઉપરોકત દર્શાવેલ ''સી'' ફોર્મ રદ કરવા ઠરાવું છું.

રાજકોટ, ૧૬ માહે નવેમ્બર, સને ૨૦૧૭.

**એસ. એમ. સકસેના,**
સંયુકત રાજય કર કમિશનર,
વિભાગ-૧૦, રાજકોટ.

---

PRINTED AT THE GOVERNMENT PRESS, RAJKOT COMPLAINTS ABOUT GAZETTE MUST BE MADE WITHIN A FORTNIGHT FROM THE DATE OF THIS PUBLICATION ACCOMPANIED BY THE WRAPPER.

©

सत्यमेव जयते

# The Gujarat Government Gazette


**SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION**

***PUBLISHED BY AUTHORITY***

**VOL. LVIII] THURSDAY, 14th DECEMBER, 2017/AGRAHAYAN 23, 1939 No. 50**

**Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central section in order that it may be filed as a separate compilation.**


# PART-I


| PART - I | Pages | PART - I - B | Pages |
|---|---|---|---|
| Government Notifications Appointments Promotions, Leave of absence, Rules and orders (Other than those published in Part-I-A, IV-A, IV-B, and IV-C) list of publications for sales etc., Miscellaneous Notifications Appoint-ments etc., | 1287-1296 | (Suppliment) Government Notifications Published under Land Acquisition Act only Supplement. | Nil |
| **PART - I - A** | | **PART - II** | |
| Order and Notifications (Other than those published in Part-IV-B) under the Gujarat Local Boards, Village Panchayats, Municipals, Boroughs, (Districts) Municipals Primary Education and Local Fund Audits, Acts., | Nil | Miscellaneous Notices, Advertisments, List of Books Sanctioned by the Director of Education, List of Jurors. Schedule of Estates by the Official Assignee, Summary of Births and Deaths, etc., | 2377-2432 |
| | | **PART - III** | |
| | | Miscellaneous Supplements Season and Crop Reports, Prices, Current Rainfalls Returns, District Local Boards Accounts etc., | Nil |

# GOVERNMENT NOTIFICATIONS, ORDERS APPOINTMENTS, ETC.
## SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION
# NOTIFICATION
### MISCELLANEOUS NOTIFICATIONS APPOINTMENTS ETC.

---

### કલેક્ટર દ્વારા

વંચાણે લીધા :

(૧) આ કચેરીના તા. ૧૩-૦૯-૨૦૧૭ ના હુકમ નં. : પરવ/કસન/વશી/૧૯૫૧/૧૭.

(૨) સરકારશ્રીના આર. એ. ચાવડા, સેકશન અધિકારી, અન્ન નાગરિક પુરવઠા અને ગ્રા. બા. વિભાગ, ગાંધીનગરના તા. ૧૮-૦૯-૨૦૧૭ ના પત્ર ક્રમાંક : કસન/૧૦૨૦૧૭/૨૨૩/બ.

(૩) સરકારશ્રીના એમ. ઝેડ. શ્રોફ ઉપસચિવશ્રી, અન્ન અને નાગરિક પુરવઠા અને ગ્રા. બા. વિભાગ, ગાંધીનગરના તા. ૨૫-૦૭-૨૦૧૭ ના પત્ર ક્રમાંક : કસન/૧૦૨૦૧૭/૪૫૮/બ.

(૪) સરકારશ્રીના ઉપસચિવશ્રી તા. ૬-૯-૨૦૧૬ ના પત્ર ક્રમાંક : કસન/૧૦૨૦૧૬/૩૭૩/બ.

### હુકમ

નાં. પરવ/કસન/વશી/૧૮૯/૨/૨૦૧૭.-વંચાણે લીધેલ સંદર્ભ-૧ ના આ કચેરીના હુકમથી વાડીનાર એસ્સાર ઓઈલ કું. ટર્મીનલ ઉપર થી આવતા જાહેર વિતરણ યોજના હેઠળના કેરોસીનના જથ્થાબંધ તેમજ છુટક વિતરણના ભાવો નક્કી કરવામાં આવેલ છે.

ઉકત વંચાણ-૨ ના સરકારશ્રીના આર. એ. ચાવડા, સેકશન અધિકારી, અન્ન નાગરિક પુરવઠા અને ગ્રા. બા. વિભાગ, ગાંધીનગરના તા. ૧૮-૦૯-૨૦૧૭ ના પત્ર ક્રમાંક : કસન-૧૦૨૦૧૭-૨૨૩-બ થી તથા Bharat Petroleum Corporation Limitedનો તા. ૧૬-૦૯-૨૦૧૭ ના મેઈલ તથા ઈન્ડીયન ઓઈલ કોર્પોરેશન લી. અમદાવાદએ Ex-Mi Rates તેઓના તા. ૧૮-૦૯-૨૦૧૭ ના પત્ર ક્રમાંક Ref : SLC/PDS SKO/Gujarat થી પીડીએસ કેરોસીન બાબતે વિવિધ સપ્લાય પોઈન્ટના Ex-Mi Ratesમાં થયેલ ફેરફારથી પીડીએસ કેરોસીનના નવા ભાવ જાહેર કરેલ હોય તે મુજબ જિલ્લામાં કેરોસીનના ભાવ નિયત કરવા જણાવવામાં આવેલ છે. દેવભૂમિ દ્વારકા જિલ્લામાં Ex-Mi Rates રૂા. ૧૮૮૦૨/- હતાં જેમાં રૂા. ૨૫૦/- નો વધારો થઈ નવા ભાવ રૂા. ૧૯૦૫૨/- નિયત કરવામાં આવેલ છે. જે ભાવ બાંધણા વંચાણે લીધા-૧ થી ભાવ બાંધણાનો હુકમ કરવામાં આવેલ છે.

ઉકત વંચાણે લીધા-(૩) થી ભાવ સરકારશ્રીના એમ. ઝેડ. શ્રોફ, ઉપસચિવશ્રી, અન્ન અને નાગરિક પુરવઠા અને ગ્રા. બા. વિભાગ, ગાંધીનગરના તા. ૨૫-૦૭-૨૦૧૭ ના પત્ર ક્રમાંક : કસન-૧૦૨૦૧૭-૪૫૮-બ થી ઈંડિયન ઓઈલ કોર્પોરેશન લિમિટેડ તથા બી.પી.સી.એલ. ના વિવિધ સપ્લાય પોઈન્ટના કેરોસીનના Ex-Mi Rates માં જી.એસ.ટી. નો ૫% (પાંચ ટકા) દર ઉમેરીને ભાવ બાંધણા કરવાના રહેશે. કેરોસીનનો સપ્લાય પોઈન્ટ ભાવ ૧૮૮૦૨/- નિયત થયેલ છે. જેમાં એચ.પી.સી.એલ. કંપની સિવાયની કંપનીઓએ સપ્લાય પોઈન્ટના કેરોસીન ભાવ ઉપર જી.એસ.ટી. લગાડેલ ન હોવાથી, નકકી થયેલ સપ્લાય પોઈન્ટના કેરોસીન ભાવ પર, ટ્રાન્સપોર્ટ ચાર્જીસ પર, એજન્ટના કમિશન પર, ડોર સ્ટેપ ડીલીવરી ના દર ઉપર, એમ કુલ નકકી થતા જથ્થાબંધ ૧ કિલો ના જથ્થાબંધ ભાવ પર ૫% જી.એસ.ટી. લગાડીને તથા છુટક વિક્રેતાના કમિશન ઉપર ૫% જી.એસ.ટી. લગાડીને પરિશિષ્ટ-૧ મુજબ નવા ભાવ બાંધણા કરવા હુકમ કરવામાં આવે છે.

સબબ, કેરોસીન (રીસ્ટ્રીકશન ઓન યુઝ એન્ડ ફીકસેશન ઓફ સેલીંગ પ્રાઈઝ) ઓર્ડર ૧૯૯૩ ની કંડીકા-૨ના સબ કલોઝ-ડી(૧) થી મળેલ સત્તાની રૂએ દેવભૂમિ દ્વારકા જિલ્લાના દરેક તાલુકા માટે જાહેર વિતરણ યોજના હેઠળ વેચાણ થતા એસ્સાર ઓઈલ કું. લી., વાડીનાર ઉપરથી આવતા કેરોસીનના જથ્થાબંધ તથા છુટક વેચાણ ભાવ આ સાથેના પરિશિષ્ટ-૧ ની વિગતે આથી હુકમ કરવામાં આવે છે.

સદરહું નિયત ભાવથી વધુ ભાવે વેચાણ કરનાર એજન્ટ, જથ્થાબંધ કે છુટક વિક્રેતા, વ્યાજબી ભાવના દુકાનદાર સામે ધી કેરોસીન (વપરાશ પર નિયંત્રણ અને અધિકતમ કિંમત નક્કી કરવા) બાબત હુકમ-૧૯૯૩ ની કલમ-૪(૧) સી તેમજ ગુજરાત આવશ્યક ચીજવસ્તુ (પરવાના નિયંત્રણ અને જથ્થા જાહેરાત) આદેશ-૧૯૮૧ ની કલમ-૨૨ ના ભંગ બદલ આવશ્યક ચીજવસ્તુ અધિનિયમ-૧૯૫૫ ની કલમ-૩ ના ભંગ ગણી શિક્ષાત્મક કાનુની કાર્યવાહી કરવામાં આવશે.

આ હુકમથી નિયત કરવામાં આવેલ ભાવ તા. ૧૬-૦૯-૨૦૧૭ થી અમલમાં આવશે.

દેવભૂમિ દ્વારકા, ૨૧ માહે સપ્ટેમ્બર, સને ૨૦૧૭.

## પરિશિષ્ટ-૧

એસ્સાર ઈન્ડસ્ટ્રીઝ ઈન્સ્ટોલેશન ઉપરથી આવતા એક કિલો લીટર કેરોસીન જથ્થાબંધ તથા છુટક વેચાણ ભાવ
સરકારશ્રીના સેકશન અધિકારીશ્રી, અન્ન અને નાગરિક પુરવઠા અને ગ્રા.બા.વિભાગ, ગાંધીનગરના
તા. ૧૮-૦૯-૨૦૧૭ ના પત્ર ક્રમાંક : કસન-૧૦૨૦૧૭-૨૨૩-બ અન્વયે
આ કચેરીના તા.૧૮-૦૯-૨૦૧૭ ના હુકમ ક્રમાંક : નાં. પરવ/કસન/વશી/૧૮૯/૨/૧૭ સાથેનું પત્રક

| ક્રમ | તાલુકાનું નામ | એજન્ટ/જથ્થાબંધ વિક્રેતાએ વેચાણ કરવાનો એક કિલો લીટરનો ભાવ રૂા. પૈસા | છુટક વિક્રેતા/વાજબી ભાવના દુકાનદાર/ફેરિયાએ વેચાણ કરવાનો છુટક એક લીટરનો ભાવ રૂા. પૈસા |
|---|---|---|---|
| ૧ | ખંભાળીયા | ૨૨૪૭૨.૦૧ | ૨૩.૫૦ |
| ૨ | ભાણવડ | ૨૨૫૫૯.૫૪ | ૨૩.૬૦ |
| ૩ | કલ્યાણપુર | ૨૨૭૨૬.૨૮ | ૨૩.૮૦ |
| ૪ | દ્વારકા | ૨૨૯૪૩.૦૫ | ૨૪.૦૦ |

**નોંધ** : આ હુકમથી નક્કિ કરેલ ભાવથી વધુ ભાવ લેવામાં આવવાનો કિસ્સો ધ્યાને આવશે તો સંબંધકર્તા સામે શિક્ષાત્મક કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

દેવભૂમિ દ્વારકા, ૨૧ માહે સપ્ટેમ્બર, સને ૨૦૧૭.

---

## પરિશિષ્ટ-૨

એસ્સાર ઈન્ડસ્ટ્રીઝ લી., વાડીનાર ઈન્સ્ટોલેશન ઉપરથી આવતા એક કિલો લીટરના કેરોસીનના જથ્થાબંધ તથા છુટક વેચાણ ભાવ
જિલ્લો : દેવભૂમિ દ્વારકા

| ક્રમ | વિગત | ખંભાળીયા ૪૩ કી.મી. | ભાણવડ ૧૨૧ કી.મી. | કલ્યાણપુર ૧૬૧ કી.મી. | દ્વારકા ૨૧૩ કી.મી. |
|---|---|---|---|---|---|
| 1 | રાઉન્ડ ટ્રીપ અંતર કિ.મી. (આવક-જાવક) | 43 | 121 | 161 | 213 |
| 2 | એકસ કંપની ડેપો ભાવ (જી.એસ.ટી. લગાડયા વગર) | 19052.00 | 19052.00 | 19052.00 | 19052.00 |
| 3 | ટ્રાન્સપોર્ટ ચાર્જીસ ૧૦૦ કી.મી. સુધીના એક કે.એલ. ના રૂા. ૮૧૦.૭૮ પૈસા | 810.78 | 810.78 | 810.78 | 810.78 |
| 4 | ટ્રાન્સપોર્ટ ચાર્જીસ (રૂા. ૩.૫૫ પૈસા) + ૦.૪૨ પૈસા પ્રતિ કિલી મુજબ= ૩.૯૭ પૈસા પ્રતિ કે.એલ./પ્રતિ કી.મી. ૧૦૦ કી.મી. ઉપર | 0.00 | 83.37 | 242.17 | 448.61 |
| 5 | એજન્ટ કમીશન. કેન્દ્ર-૧૦૦૮.૮૩ + રાજય-૧૮૦.૩૦ (ભારત સરકારશ્રીના તા. ૫-૯-૨૦૧૭ નો પત્ર તથા સરકારશ્રીના તા. ૮-૯-૨૦૧૭ ના પત્ર ક્રમાંક: કસન/૧૦૨૦૧૭/જીઓઆઈ-૪-બ અન્વયે ૭૮૭.૮૨ સામે ૧૦૦૮.૮૩ @ ૨૨૧.૦૧ નો વધારો | 1189.13 | 1189.13 | 1189.13 | 1189.13 |
| 6 | ડેપો ડીલીવરીના જથ્થાબંધ ભાવ (૧ કિલો ના જી.એસ.ટી. વગર) (રો : ૨+૩+૪+૫ = ૬) | 21051.91 | 21135.28 | 21294.08 | 21500.52 |
| 7 | ડોરસ્ટેપ ડીલીવરી પરીવહન દર એક કે.એલ.ના | 350.00 | 350.00 | 350.00 | 350.00 |
| 8 | સરકારશ્રીના અ.ના.પુ. અને ગ્રા.બા. વિભાગના તા. ૦૫-૦૭-૨૦૧૭ પત્ર ક્રમાંક : કસન/૧૦૨૦૧૭/૨૨૩/બ તથા તા. ૨૫-૦૭-૨૦૧૫ ના પત્ર ક્રમાંક : કસન/૧૦૨૦૧૭/૪૫૮/બ મુજબ કેરોસીન પર લગાડવાનો થતો ૫% GST {(રો-6+ રો-7)*5/100} | 1070.10 | 1074.26 | 1082.20 | 1092.53 |
| 9 | ડોરસ્ટેપ ડીલવરી માટેના જથ્થાબંધ ભાવ (૧ કિલો લીટરના) (રો : ૬+૭+૮) | 22472.01 | 22559.54 | 22726.28 | 22943.05 |

| ક્રમ | વિગત | ખંભાળીયા ૪૩ કી.મી. | ભાણવડ ૧૨૧ કી.મી. | કલ્યાણપુર ૧૬૧ કી.મી. | દ્વારકા ૨૧૩ કી.મી. |
|---|---|---|---|---|---|
| 10 | છુટક વિક્રેતા કમીશન+એક્સ્ટ્રા ચાર્જ ૯૪૬-૦૦ + ૫૪-૦૦ (સરકારશ્રીના તા. ૧૫-૪-૨૦૧૭ ઠરાવ ક્રમાંક : કસન/૧૦૨૦૧૨/એમપી/૧૧/બ મુજબ) | 1000.00 | 1000.00 | 1000.00 | 1000.00 |
| 11 | સરકારશ્રીના અ.ના.પુ. અને ગ્રા.બા. વિભાગના તા. ૦૫-૦૭-૨૦૧૭ પત્ર ક્રમાંક : કસન/૧૦૨૦૧૭/૨૨૩/બ તથા તા. ૨૫-૦૭-૨૦૧૫ ના પત્ર ક્રમાંક : કસન/૧૦૨૦૧૭/૪૫૮/બ મુજબ કેરોસીન પર લગાડવાનો થતો ૫% GST (રો : ૧૦ પર ૫% જી.એસ.ટી.) | 50.00 | 50.00 | 50.00 | 50.00 |
| 12 | કુલ જથ્થાબંધ ભાવ (૧ કીલો લીટરના) છુટક વિક્રેતા માટેના (રો : ૯+૧૦+૧૧) | 23522.01 | 23609.54 | 23776.28 | 23993.05 |
| 13 | ૧ લીટરનો ભાવ | 23.52 | 23.61 | 23.78 | 23.99 |
| 14 | સરકારશ્રીના તા. ૧૫-૩-૮૩ ના ઠરાવની જોગવાઈ મુજબ નજીકના પાંચ પૈસાના રાઉન્ડ ફીગર લક્ષમાં લેતા નક્કી થતા ૧ લીટરના ભાવ. | 23.50 | 23.60 | 23.80 | 24.00 |

દેવભૂમિ દ્વારકા, ૨૧ માહે સપ્ટેમ્બર, સને ૨૦૧૭.

જે. આર. ડોડીયા,
કલેકટર,
દેવભૂમિ દ્વારકા.

---

## અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

ગુજરાત પોલિસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૧) મુજબનું

## જાહેરનામું

નાં. મેજી/પોલ/જાહેરનામું/૩૭(૧)/૧૨/૧૭, તા. ૦૧-૧૨-૨૦૧૭.-ડીસેમ્બર-૨૦૧૭ માં કચ્છ જિલ્લામાં યોજાનાર ધાર્મિક તહેવારો તથા મેળાઓની ઉજવણી તથા વિધાનસભા ચુંટણી-૨૦૧૭ નજરે જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તેમજ કોઈ અનિચ્છનીય બનાવ બનવા ન પામે તેમજ સુલેહ શાંતી જળવાઈ રહે તે હેતુથી સાવચેતીના પગલા લેવાનું ઈષ્ટ જણાય છે.

આથી હું, ડી. આર. પટેલ, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, કચ્છ ભુજ, ગુજરાત પોલિસ અધિનિયમ-૧૯૫૧ની કલમ ૩૭ (૧) અન્વયે મને મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે તા. ૦૧-૧૨-૨૦૧૭ થી તા. ૩૧-૧૨-૨૦૧૭ સુધી બન્ને દિવસે સહિત નીચેની અનુસૂચિમાં જણાવેલ વિસ્તારમાં :

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, ધોકા, છરી, બંદુક, લાકડી, લાઠી, હજામનો અસ્ત્રો, ત્રિશુલ, શારીરિક ઈજા પહોંચાડી શકાય તેવું કોઈ સાધન સાથે લઈ જવું નહી.

(ખ) કોઈ ક્ષયકારી અથવા સ્ફોટક પદાર્થ લઈ જવું નહીં.

(ગ) પથ્થરો અથવા બીજા શસ્ત્રો અથવા તે શસ્ત્રો ફેંકવા અથવા નાખવાના યંત્રો અથવા સાધનો લઈ જવા, એકઠા કરવા તથા તૈયાર કરાવવા નહી.

(ઘ) કોઈ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલ લઈ જવી નહી.

(ચ) વ્યક્તિઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પુતળાં દેખાડવાના નહી.

(છ) લોકોએ બૂમ પાડવાની, ગીતો ગાવા તથા વાદ્ય વગાડવા નહી.

(જ) જો છટાદાર ભાષણ આપવાથી, ચાળા પાડવાથી અથવા નકલ કરવાથી તથા ચિત્રો, નિશાનીઓ, જાહેર ખબરો અથવા બીજા કોઈ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવાથી, દેખાડવાથી અથવા તેનો ફેલાવો કરવાથી અરૂચિ અથવા નિતીનો ભંગ થતો હોય અથવા જેનાથી રાજ્યની સલામતી જોખમાતી હોય અથવા જેને પરિણામે રાજ્ય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ આપવાની, તે ચાળા વિગેરે કરવા અથવા તે ચિત્રો, નિશાનીઓ વિગેરે તૈયાર કરવા, દેખાડવા અથવા તેનો ફેલાવો કરવો નહી.

આ હુકમ નીચેના વ્યક્તિઓને લાગુ પડશે નહી.

(ક) સરકારી નોકરી પર કામ કરતી વ્યક્તિ એટલે કે તેના ઉપરી અધિકારીએ ફરમાવ્યું હોય અથવા કોઈ હથિયાર લઈ જવાની ફરજ હોય.

(ખ) એ અથવા અધિકૃત કરેલ કોઈપણ પોલિસ અધિકારીએ જેની અશક્તિના કારણે લાકડી અથવા લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તેવી વ્યક્તિઓ.

(ગ) જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, પોલિસ અધિકારીશ્રીએ અથવા અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ અથવા સબ ડીવિઝનલ મેજીસ્ટ્રેટશ્રીએ અધિકૃત કરેલ તેવી બીજા કોઈ વ્યક્તિઓને.

અનુસૂચિ : ''સમગ્ર કચ્છ જિલ્લાનો વિસ્તાર''

આ જાહેરનામાનો કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને ઓછામાં ઓછી ચાર (૪) માસની અને વધુમાં વધુ એક (૧) વર્ષની કેદની સજા થશે. આ ઉપરાંત ગુજરાત પોલિસ અધિનિયમ ૧૯૫૧ની કલમ ૧૩૫ (૧) મુજબ દંડની સજા થશે.

આ જાહેરનામા હેઠળ તપાસ કરવાનાં, જાહેરનામાનાં પાલન કરાવવાનાં અને તપાસનાં અંતે ચાર્જશીટ રજુ કરવાના અધિકાર જિલ્લાનાં પોલીસ અધિકારીશ્રીઓ તેમજ હેડ કોન્સ્ટેબલ કે તે ઉપરનાં કર્મચારીઓને રહેશે. આ જાહેરનામાની જાહેરાત પોલિસ ખાતાએ દાંડી પીટાવીને તેમજ જાહેરનામાની નકલો મુખ્ય મથકોએ ચોટાડીને કરવી.

આજરોજ તા. ૦૧-૧૨-૨૦૧૭ ના રોજ મારી સહી કરી કચેરીનો સિક્કો મારી બહાર પાડ્યો.

કચ્છ-ભુજ, ૦૧ માહે ડિસેમ્બર, સને ૨૦૧૭.

ડી. આર. પટેલ,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
કચ્છ-ભુજ.

---

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩ (૧) (ખ) હેઠળનું

## જાહેરનામુ

નાં.ડીએમ/ડીસીએચ/૨૧૨/૨૦૧૭-પોલીસ અધિક્ષકશ્રી, જામનગર તરફથી મળેલ દરખાસ્ત મુજબ જામનગર શહેરમાં ભારતના માન. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી તા. ૦૪-૧૨-૨૦૧૭ ના રોજ જામનગર શહેરમાં પ્રદર્શન ગ્રાઉન્ડ ખાતે કાર્યક્રમમાં પધારનાર છે. જેથી મહાનુભાવશ્રીની સુરક્ષા વ્યવસ્થાને ધ્યાને લઈ લાલ બંગલા સર્કલથી સાત રસ્તા સર્કલ તરફનો ટ્રાફિક વિનુ માંકડના પુતળાથી ગુરૂદવારા સર્કલ તરફ ડાયવર્ટ કરવા અંગેનું જાહેરનામુ પ્રસિધ્ધ કરવા દરખાસ્ત કરેલ છે.

સદરહુ જગ્યાએ ટ્રાફિક જામની સ્થિતિ નિવારવા ટ્રાફિકવાળા રસ્તા વૈકલ્પીક રસ્તાઓ ઉપર વાળવા ગેરવ્યવસ્થા અટકાવવા તથા મહાનુભાવની સલામતીની દ્રષ્ટિએ પોલીસ અધિક્ષકશ્રી, જામનગર તરફથી મળેલ દરખાસ્ત વ્યાજબી અને ઉચિત જણાય છે.

જેથી હું, એચ. આર. કેલૈયા, જી.એ.એસ., અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, જામનગર, જિલ્લો જામનગર, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ ૩૩ (૧) (ખ) હેઠળ મને મળેલ સતાની રૂઈએ આથી ફરમાવું છું કે તા. ૦૪-૧૨-૨૦૧૭ ના કલાક ૧૩-૦૦ થી કલાક ૨૦-૦૦ દરમિયાન પરિશિષ્ટમાં જણાવેલ માર્ગો પર તત્કાલીન વાહનવ્યવહાર બંધ રહેશે.

### પરિશિષ્ટ

વિનુમાંકડના પુતળાથી સાત રસ્તા સર્કલ સુધીનો રસ્તો વાહનવ્યવહાર માટે બંધ રહેશે. લાલ બંગલા સર્કલ થી સાત રસ્તા સર્કલ તરફનો રોડ-રસ્તાનો ટ્રાફિક વિનુ માંકડના પુતળાથી ગુરુદવારા સર્કલ તરફ ડાઈવર્ટ કરવાનો રહેશે.

### અપવાદ

ઈમરજન્સી સેવામાં રોકાયેલ એમ્બ્યુલન્સ, એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ તથા ફાયર સર્વિસને SPGના સંકલનમાં રહી જરૂર જણાયે મુક્તિ આપવાની રહેશે.

આ જાહેરનામુ તાત્કાલીક અસરથી અમલમાં લાવવું જરૂરી હોય, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩ (૬) ના પરંતુકની જોગવાઈ મુજબ તાત્કાલીક અસરથી અમલમાં લાવવામાં આવે છે.

આ હુકમનો ભંગ કે ઉલ્લંઘન કરનાર સદરહુ અધિનિયમની કલમ-૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તા. ૦૨ ડિસેમ્બર-૨૦૧૭ના રોજ મારી સહી તથા કચેરીની મહોર લગાવી બહાર પાડયું.

જુનાગઢ, ૦૨ માહે ડિસેમ્બર, સને ૨૦૧૭.

એચ. આર. કેલૈયા,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
જામનગર.

---

ગુજરાત પોલીસ અધિનિયમ આંક-૨૨ની
કલમ-૩૩ની (૧) બી હેઠળ

## જાહેરનામુ

નં. એમએજી/સી/ફાયરીંગ બટ/૬૨૨૬/૨૦૧૭.-નાયબ પોલીસ અધિક્ષક અને ઉપાચાર્યશ્રી, પોલીસ તાલીમ મહાવિદ્યાલય, જુનાગઢના પત્ર ક્રમાંક : સીબી-૩-એ/ફાયરીંગ/૬૧૩/૭૦૩૩/૧૭, તા. ૨૭-૧૧-૨૦૧૭ થી બિન હથિયારી લોકરક્ષક બેચ નં.-૧૧ ના કુલ-૧૨૫૯ તાલીમાર્થીઓ તેમજ હથિયારી લોક રક્ષક બેચ નં.૬ ના કુલ-૧૭૭ તાલીમાર્થીઓની ફાયરીંગ પ્રેકટીસ લેવા માટે પોલીસ તાલીમ મહાવિદ્યાલય, જુનાગઢના 'બફેલ રેન્જ ફાયરીંગ બટ' ખાતે તા. ૦૧-૧૨-૨૦૧૭ થી તા. ૩૧-૧૨-૨૦૧૭ સુધીનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા અત્રે દરખાસ્ત રજુ કરેલ છે.

સબબ રજુ થયેલ દરખાસ્તની વિચારણા કરતા, ઉકત ફાયરીંગ દરમ્યાન તે વિસ્તારમાં લોકો તથા વાહનોની અવર-જવર ભયજનક જણાતાં હું, પી. વી. અંતાણી, જી.એ.એસ., અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, જુનાગઢ જિલ્લો, જુનાગઢ, સને-૧૯૫૧ના ગુજરાત પોલીસ અધિનિયમની આંક-૨૨ની કલમ-૩૩(૧)(બી) હેઠળ મને મળેલ સત્તાની રૂએ તા. ૦૧-૧૨-૨૦૧૭ થી તા. ૩૧-૧૨-૨૦૧૭ સુધીની મુદત માટે (બંન્ને દિવસ સહીત) સવારના ૦૬-૦૦ થી સાંજના ૧૮-૦૦ કલાક સુધી પોલીસ તાલીમ મહાવિદ્યાલય,

જુનાગઢનાં બફેલ રેન્જનાં આજુ-બાજુના ૧-કી.મી. વિસ્તારમાં રાહદારીઓને તેમજ વાહનોને ઉપરોકત સમય દરમ્યાન પ્રવેશબંધી ફરમાવું છું.

આજ તા. ૩૦, માહે નવેમ્બર–૨૦૧૭ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા કરી જાહેર જનતાની જાણ તથા અમલ થવા માટે પ્રસિધ્ધ કર્યુ.

જુનાગઢ, ૩૦ માહે નવેમ્બર, સને ૨૦૧૭.

**પી. વી. અંતાણી,**
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
જુનાગઢ જિલ્લો, જુનાગઢ.

---

## જાહેરનામુ

નં. ડી.એમ.-૧/ફા. બટ/ઈ. નં. ૪૦૭૫૮/૧૭.-ભાવનગર જિલ્લાના શિહોર ગામની સર્વે નં. ૨૮૨ની શિહોર-ટાણા રોડની દક્ષિણ બાજુએ આવેલ જમીન કે જેનો ઉપયોગ હાલ પોલીસ તંત્ર દ્વારા ફાયરીંગ બટ માટે થાય છે. આ ફાયરીંગ બટ ખાતે આગામી તા. ૨૭-૦૯-૨૦૧૭ના રોજ એસ.બી.આઈ. બેંક, નિલમબાગ શાખાના સીકયુરીટી ગાર્ડના ફાયરીંગ પ્રેકટીસ પ્રોગામનું આયોજન કરવામાં આવેલ છે. જે સંદર્ભે શિહોરના સર્વે નં. ૨૮૨ માં ફાયરીંગ બટના સ્થળની પેરીફેરીથી આજુબાજુના ૧૦૦ મીટર સુધીના વિસ્તારમાં તકેદારીના પગલા રૂપે જાહેરનામુ બહાર પાડવા પોલીસ અધિક્ષકશ્રી, ભાવનગરની કચેરીના પત્ર નં. ૬૫/સીબી-૫/૨૦૦૪/૨૦૧૭, તા. ૨૫-૦૯-૨૦૧૭ થી દરખાસ્ત રજૂ થયેલ છે. જે દરખાસ્ત મુજબનું જાહેરનામુ બહાર પાડવું જરૂરી જણાય છે.

સબબ જાનમાલની સલામતી ખાતર ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(ફ) થી મળેલ અધિકારની રૂઈએ હું, આર. પી. ચોધરી (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ભાવનગર જિલ્લો, ભાવનગર, આથી ફરમાવું છું કે, શિહોર ગામના સર્વે નં. ૨૮૨ શિહોર-ટાણા રોડની દક્ષિણ દિશાએ ફાયરીંગ બટનું ક્ષેત્રફળ ૨-૧૯-૫૩ આરે માં આવેલ છે તે સ્થળ તથા તેની પેરી ફેરીથી આજુબાજુના ૧૦૦ મીટર સુધીના વિસ્તારમાં આગામી તા. ૨૭-૦૯-૨૦૧૭ના રોજ કોઈપણ શખ્સે જવુ નહીં તેમજ ઢોરોને સદરહું વિસ્તારમાં ચરાવવા નહીં.

જાહેરનામાનો અમલ તથા તેનો ભંગ બદલ પગલા લેવા માટે ફરજ પરના કોઈપણ હેડ કોન્સ્ટેબલ તથા તેનાથી ઉપરના અધિકારીને અધિકાર રહેશે.

આ જાહેરનામાનો ભંગ કર્યેથી આ અધિનિયમની કલમ-૧૩૧ મુજબ સજા થશે.

આજ તારીખ : ૨૬-૦૯-૨૦૧૭ના રોજ મારી સહી તથા કચેરીના સીક્કા કરી જાહેર જનતાની જાણ માટે જાહેરનામું બહાર પાડવામાં આવ્યું.

ભાવનગર, ૨૬ માહે સપ્ટેમ્બર, સને ૨૦૧૭.

**આર. પી. ચૌધરી,**
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
ભાવનગર.

---

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૩) હેઠળનું

## જાહેરનામું

ક્રમાંક : મજશ-૩/સભા સરઘસબંધી જા.નામું/૨૦૧૭/વશી-૧૨૩૦૦ થી ૧૨૩૯૯.-સુરેન્દ્રનગર જિલ્લામાં થાન, ધ્રાંગધ્રા, સાયલા, મૂળી તથા ચોટીલા તથા પો.સ્ટે. વિસ્તારમાં વર્ગ વિગ્રહનાં બનાવો બનતા રહે છે તેમજ અત્રેના જિલ્લાની હાલની કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ ધ્યાને રાખી સુરેન્દ્રનગર જિલ્લાનાં તમામ પોલીસ સ્ટેશન વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ સારી રીતે જળવાઈ રહે તે હેતુસર પોલીસ અધિક્ષકશ્રી, સુરેન્દ્રનગરના તા. ૨૯-૧૧-૨૦૧૭ના પત્ર ક્રમાંક : એલઆઈબી/જા.પ્ર./૧૧૯૧/૨૦૧૭ થી ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૩) હેઠળનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા દરખાસ્ત થઈ આવેલ છે. તાજેતરની પરિસ્થિતિમાં જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ સારી રીતે જળવાઈ રહે તે માટે જાહેર વ્યવસ્થાના હેતુ માટે પાંચ કે તેથી વધુ માણસોને એકઠા થવા તેમજ સરઘસ કાઢવા નહી દેવા પર સમગ્ર સુરેન્દ્રનગર જિલ્લામાં સભા-સરઘસ યોજવા મનાઈ ફરમાવવી મને જરૂરી જણાય છે.

વાસ્તે, હું, ચંન્દ્રકાંત જી. પંડયા, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, સુરેન્દ્રનગર જિલ્લો, સુરેન્દ્રનગર, મને મળેલ અધિકારની રૂએ ગુજરાત પોલીસ અધિનિયમ–૧૯૫૧નાં ૨૨ માંની કલમ-૩૭(૩) અન્વયે અમોને મળેલ અધિકારની રૂએ સુરેન્દ્રનગર જિલ્લાના સમગ્ર વિસ્તારમાં તા. ૨-૧૨-૨૦૧૭ થી તા. ૧૫-૧૨-૨૦૧૭ સુધી (બંન્ને તારીખો સહિત) ના સમયગાળા દરમ્યાન નગરપાલિકા વિસ્તારમાં સબંધિત સબ ડીવીજનલ મેજીસ્ટ્રેટશ્રી તથા ગ્રામ્ય વિસ્તારમાં મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટશ્રીની અગાઉથી મંજુરી મેળવ્યા સિવાય પાંચ કે તેથી વધુ લોકોએ ભેગા થવા ઉપર તથા સભા-સરઘસ યોજવાની મનાઈ ફરમાવુ છું.

આ પ્રતિબંધ લગ્નનાં વરઘોડા, સ્મશાનયાત્રા તથા શોભાયાત્રાની પુર્વ મંજુરી મેળવેલ હશે તેને લાગુ પડશે નહીં.

આ જાહેરનામું સુરેન્દ્રનગર જિલ્લાના તમામ વિસ્તારોમાં સહેલાઈથી દેખી શકાય, વાંચી શકાય તેવી જગ્યાએ તેની નકલો ચોંટાડીને અને તે વિસ્તારમાં પોલીસ લાઉડસ્પીકર વાહનો દ્વારા સ્થાનિક વર્તમાનપત્રો મારફતે તેમજ ગુજરાત રાજ્યના અસાધારણ ગેઝેટમાં જાહેર કરીને પ્રસિધ્ધ કરવાનું ફરમાવું છું.

જો કોઇ ઇસમ ઉપરોક્ત હુકમનો ભંગ કરશે અગર ભંગ કરવામાં મદદગારી કરશે તો આવા ઈસમો ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૫ હેઠળ દંડ અને શિક્ષાને પાત્ર થશે.

આજરોજ મારી સહી તથા કચેરીની મુદ્રા સાથે જાહેરનામું બહાર પાડવામાં આવે છે.

સુરેન્દ્રનગર, ૨૯ માહે નવેમ્બર, સને ૨૦૧૭.

---

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૧) હેઠળનું

## જાહેરનામું

ક્રમાંક : મજશ-૩/હથિયારબંધી જા.નામું/૨૦૧૭/વશી-૧૨૨૦૦ થી ૧૨૨૯૯.-સુરેન્દ્રનગર જિલ્લામાં હાલની વર્તમાન પરિસ્થિતિ તેમજ હાલની આતંકવાદી પ્રવૃત્તિને લક્ષમાં લેતા કોઈપણ પ્રકારનો સુલેહ શાંતિનો ભંગ ન થાય જાહેર સલામતી તથા કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે માટે પ્રદુષણ રહીત વાતાવરણ રાખવા તેમજ અત્રેના સમગ્ર જિલ્લામાં ખાસ કરીને ચોટીલા, થાન, ધ્રાંગધ્રા, સાયલા, મૂળી વિસ્તારમાં વર્ગ વિગ્રહના બનતા રહે છે. જેને અનુલક્ષીને સમગ્ર સુરેન્દ્રનગર જિલ્લામાં દરેક પોલીસ સ્ટેશન વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ સારી રીતે જળવાઈ રહે તે હેતુસર પોલીસ અધિક્ષકશ્રી, સુરેન્દ્રનગરના તા. ૨૯-૧૧-૨૦૧૭ ના પત્ર ક્રમાંક : એલઆઈબી/જા.પ્ર./૧૧૯૦/૨૦૧૭ થી ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૭(૧) હેઠળનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા દરખાસ્ત થઈ આવેલ છે. તાજેતરની પરિસ્થિતિમાં જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ સારી રીતે જળવાઈ રહે તે માટે જાહેર વ્યવસ્થાના હેતુ માટે હથિયારબંધી ફરમાવવી મને જરૂરી જણાય છે.

વાસ્તે હું, ચંદ્રકાંત જી. પંડયા, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, સુરેન્દ્રનગર જિલ્લો, સુરેન્દ્રનગર, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ના ૨૨ માની કલમ-૩૭(૧) અન્વયે અમોને પ્રાપ્ત થયેલ અધિકારની રૂએ સુરેન્દ્રનગર જિલ્લાના સમગ્ર વિસ્તારમાં તા. ૨-૧૨-૨૦૧૭ થી તા. ૧૫-૧૨-૨૦૧૭ સુધી (બંન્ને તારીખો સહીત)ના સમયગાળા દરમ્યાન નગરપાલિકા વિસ્તારમાં સંબંધિત સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી તથા ગ્રામ્ય વિસ્તારમાં મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટશ્રીની અગાઉથી મંજુરી મેળવ્યા સિવાય નીચેની વિગતેના કૃત્યો કરવાની મનાઈ ફરમાવું છું.

(૧) શસ્ત્ર, દંડા, તલવાર, ભાલા, સોટા, ખંજર, ચપ્પા, લાકડી, લાઠી, ધોકા, બંદુક, કુડલીવાળી લાકડી તથા શારિરીક ઈજા પહોંચાડી શકે તેવા કોઈપણ પ્રકારના સાધનો ધારણ કરવાની કે સાથે લઈ જવાની.

(૨) પરવાનાવાળા હથીયારો લઈ જાહેર જગ્યાઓએ જવા, હવામાં ફાયર કરવા, મેળા ધાર્મિક સરઘસ કે વ્યકિતઓના સમુદાયમાં લઈ જવા.

(૩) પથ્થરો અથવા બીજા શસ્ત્રો અથવા તે શસ્ત્રો ફેંકવાના અથવા નાખવાના યંત્રો અથવા સાધનો લઈ જવાની, એકઠા કરવાની તથા તૈયાર કરવાની.

(૪) કોઈપણ ક્ષયકારી પદાર્થ અથવા વિસ્ફોટક પદાર્થો ધારણ કરવાની કે સાથે લઈ જવાની.

(૫) વ્યકિતઓ અથવા તેમના શબ અથવા આકૃતિઓ અથવા પુતળા તૈયાર કરવાની, દેખાડવાની કે સળગાવવાની કે ફાંસી આપવાની કે સાથે લઈ જવાની.

(૬) જેનાથી સુરચિનો ભંગ થાય અથવા તો નિતિનો ભંગ થાય તેવું ભાષણ કરવાની, તેવી ચેષ્ટા કરવાની, તેવા ચિત્રો-પત્રિકા પ્લેકાર્ડ અથવા ફેલાવો કરવાની કે સાથે લઈ જવાની.

(૭) બુમો પાડવાની, અપમાન કરવાના અથવા જાહેર કરવાનાં ઈરાદાથી જાહેરમાં વિવિધ શબ્દો પોકારવા તેમજ અશ્લીલ ગીતો ગાવા અથવા ટોળામાં ફરવાની.

(૮) કોઈ સરઘસમાં જલતી અને પેટાવેલી મશાલ લઈ જવાની.

(૯) પ્રાઈવેટ સીકયુરીટી એજન્સીના સંચાલક અને કર્મચારી લાયસન્સવાળા હથીયારો સાથે લઈ પોતાની ફરજ સિવાયના સમયે જાહેર જગ્યામાં જવા ઉપર.

(૧૦) કોઈ ક્ષયધર્મી અથવા સ્ફોટક પદાર્થ લઈ જવાની.

(૧૧) ખુન, ખુનની કોશીષ, ઘાડ, લુંટ તથા ઈજાના બનાવોમાં ઉપયોગમાં લેવાતા તથા લેવાઈ શકે તેવા જીગઝેક પ્રકારના ચાઈનીઝ ચપ્પાઓ સાથે રાખવા કે વેચાણ કરવા ઉપર.

આ હુકમ નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહી

(૧) સરકારી નોકર કે કામ કરતી વ્યકિત કે જેને તેમના ઉપરી અધિકારીશ્રીઓએ આવું કોઈપણ હથિયાર લઈ જવા ફરમાવ્યું હોય અથવા કોઈપણ હથિયાર લઈ જવાની તેમની ફરજ હોય તેવી વ્યકિત.

(૨) જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી, સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી, મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટશ્રીએ અથવા તેઓએ કે જેને શારિરીક અશકિતના કારણે લાકડી/લાઠી લઈ જવાની પરવાનગી આપવામાં આવી હોય આ જાહેરનામું સમગ્ર સુરેન્દ્રનગર જિલ્લાના તમામ વિસ્તારોમાં સહેલાઈથી દેખી શકાય, વાંચી શકાય, તેવી જગ્યાએ તેની નકલો ચોંટાડી અને તે વિસ્તારમાં પોલીસ લાઉડસ્પીકર વાહનો દ્વારા, સ્થાનિક વર્તમાનપત્રો મારફતે તેમજ ગુજરાત રાજ્યના અસાધારણ ગેઝેટમાં જાહેર કરીને પ્રસિધ્ધ કરવાનું ફરમાવું છું.

જો કોઈ ઈસમ ઉપરોક્ત હુકમનો ભંગ કરશે અગર ભંગ કરવામાં મદદગારી કરશે તો આવા ઈસમો ગુજરાત પોલીસ અધિનિમય-૧૯૫૧ની કલમ-૧૩૫ હેઠળ દંડ અને શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૨૯ માહે નવેમ્બર સને-૨૦૧૭ નાં રોજ મારી સહી તથા કચેરીની મુદ્રા સાથે જાહેરનામું બહાર પાડવામાં આવેલ છે.

સુરેન્દ્રનગર, ૨૯ માહે નવેમ્બર, સને ૨૦૧૭.

**ચંદ્રકાંત જી. પંડ્યા,**
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
સુરેન્દ્રનગર જિલ્લો.

---

## સબ ડિવીઝનલ મેજીસ્ટ્રેટ દ્વારા

**ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪નો-અધિનિયમ ક્રમાંક-૨)ની કલમ-૧૪૪ હેઠળ કાઢેલ**

### હુકમ

નં. એમએજી/સી/વિ.સા.ચૂંટણી-૧૭/૧૪૪(૧)/૧૦/૨૦૧૭.-ભારતના ચૂંટણી પંચ તરફથી ગુજરાત વિધાનસભા સામાન્ય ચૂંટણી-૨૦૧૭ માટેનો કાર્યક્રમ નકકી કરવામાં આવેલ છે. જે અંતર્ગત જુનાગઢ જિલ્લાના વંથલી સબ ડીવીઝન વિસ્તારમાં ઉકત ચૂંટણી તા. ૦૯-૧૨-૨૦૧૭ના રોજ યોજાનાર છે.

આ ચૂંટણી દરમ્યાન જુનાગઢ જિલ્લાના સમગ્ર વંથલી સબ ડીવીઝનના તાલુકાઓમાં તમામ સ્તરે કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તથા મતદારો પોતાનો મત મુકત અને નિર્ભય રીતે આપી શકે તેમજ સમગ્ર ચૂંટણી પ્રક્રિયા માટે જરૂરી શાંતીમય વાતાવરણમાં વિક્ષેપો ઉભા થાય નહીં અને જાહેર સુલેહશાંતીનો ભંગ થતો અટકાવવાનું અત્યંત જરૂરી હોવાથી ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪નો અધિનિયમ ક્રમાંક-૨)ની કલમ-૧૪૪ મુજબ પગલાં લેવા માટે પુરતા કારણો છે.

વાસ્તે, હું, કેયુર પી. જેઠવા, જી.એ.એસ., સબ ડિવીઝનલ મેજીસ્ટ્રેટ, વંથલી સબ ડીવીઝન, વંથલી જિલ્લો-જુનાગઢ ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪નો અધિનિયમ ક્રમાંક-૨)ની કલમ-૧૪૪ મુજબ મને મળેલ સત્તાની રૂઈએ આથી ફરમાવું છું કે, સમગ્ર જુનાગઢ સબ ડિવીઝનના વિસ્તારમાં કોઈપણ ઈસમે પોતાના પરવાનાવાળા હથિયાર સાથે લઈને બહાર નિકળવું કે ફરવુ નહી. ઉપરાંત દંડા, તલવાર, ભાલા, ચપ્પુ, લાકડી, લાઠી અથવા શારિરીક હિંસા પહોચાડવામાં ઉપયોગ થઈ શકે તેવી બીજી ચીજો સાથે લઈ ઘર બહાર નિકળવું કે ફરવું નહીં.

**આ હુકમ નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં.**

(૧) ફરજ ઉપર રોકાયેલ પોલીસ કર્મચારી/અધિકારીઓ કે જેઓના ફરજના ભાગરૂપે શસ્ત્રો રાખવાની પરવાનગી આપવામાં આવી હોય તેવી વ્યકિતને.

(૨) શારિરીક અશકિતના કારણે લાકડી અથવા લાઠી લઈ ફરવું જરૂરી હોય તે વ્યકિતને.

(૩) રાષ્ટ્રીયકૃત બેન્કો કે તેઓને તે બેન્કની કેશ-કરન્સી લઈ આવવા તથા લઈ જવા માટે તેની ફરજના ભાગરૂપે બેન્કના હથિયાર પરવાનાવાળા શસ્ત્રો રાખવાની પરવાનગી આપવામાં આવેલ હોય, તે વ્યકિતને.

ઉપર્યુકત જોગવાઈનો ભંગ કર્યેથી ઈન્ડીયન પીનલ કોડ કલમ-૧૮૮ હેઠળ કસુરવાર સામે પગલા લેવાની કાર્યવાહી કરવામાં આવશે અને ગુન્હો સાબિત થયે એક માસની સાદી કેદ અથવા રૂા. ૨૦૦/- દંડ અથવા બન્નેની સજા થઈ શકે છે.

આજ તારીખઃ ૨૭ માહે ઓકટોબર-૨૦૧૭ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કો કરી બહાર પાડેલ છે.

વંથલી, ૨૭ માહે ઓકટોબર, સને ૨૦૧૭.

---

**ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪નો-અધિનિયમ)ની કલમ-૧૪૪ હેઠળ કાઢેલ**

### હુકમ

નં. એમએજી/સી/વિ.સા.ચૂંટણી-૧૭/૧૪૪(૨)/૧૦/૨૦૧૭.-ભારતના ચૂંટણી પંચ તરફથી ગુજરાત વિધાનસભા સામાન્ય ચૂંટણી-૨૦૧૭ માટેનો કાર્યક્રમ નકકી કરવામાં આવેલ છે. જે અંતર્ગત જુનાગઢ જિલ્લામાં ઉકત ચૂંટણી તા. ૦૯-૧૨-૨૦૧૭ ના રોજ યોજાનાર છે. ભારતના ચુંટણી આયોગ દ્વારા આદર્શ આચાર સંહિતા બહાર પાડી તેનું કડકપણે પાલન કરવાની સુચનાઓ આપવામાં આવેલ છે. સરકારી કચેરીઓમાં માણસો ટોળા સ્વરૂપે એકઠા થઈ કાયદો અને વ્યવસ્થા જાળવવાના બાધકરૂપ ન થાય તે માટે સરકારી કચેરીઓમાં ટોળા સ્વરૂપે એકઠા થવા પર પ્રતિબંધ મુકવાની જરૂર જણાય છે.

આથી હું, કેયુર પી. જેઠવા, જી.એ.એસ., સબ ડિવીઝનલ મેજીસ્ટ્રેટ, વંથલી, જિલ્લો-જુનાગઢ, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪નો બીજો અધિનિયમ)ની કલમ-૧૪૪થી મને મળેલ સત્તાની રૂઈએ આથી નીચે મુજબ ફરમાવું છું.

ચુંટણી પ્રક્રિયા દરમ્યાન જુનાગઢ જિલ્લાના વંથલી સબ ડિવીઝન વિસ્તારની તમામ સરકારી કચેરીઓના કમ્પાઉન્ડમાં આમ જનતાના રૂપમાં કે ટોળાના રૂપમાં કોઈપણ ચાર કે તેથી વધુ વ્યકિતઓને એકઠા થવા પર પ્રતિબંધ ફરમાવું છું.

**આ પ્રતિબંધ નીચે મુજબની વ્યકિતઓને લાગુ પડશે નહીં.**

(૧) આ હુકમ ફરજ ઉપર રોકાયેલ તમામ સરકારી તથા અર્ધ સરકારી કર્મચારીઓ/અધિકારીઓને લાગુ પડશે નહીં.

(૨) આવેદનપત્ર આપવા માટે સક્ષમ અધિકારીશ્રીની પુર્વ મંજુરી મેળવેલ હોય, તેવી આવેદનપત્ર આપવા આવનાર વ્યકિતઓને લાગુ પડશે નહી.

આ જાહેરનામાનું ઉલ્લંઘન કરનાર અથવા ઉલ્લંઘન માટે મદદ કરનાર શખ્સ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ હેઠળ સજાને પાત્ર થશે.

આ હુકમ સમગ્ર વંથળી સબ ડિવીઝન વિસ્તારમાં હુકમની તારીખથી અમલમાં આવશે અને તે ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ થવાની તા. ૨૦-૧૨-૨૦૧૭ સુધી અમલમાં રહેશે.

આજ તારીખઃ ૨૭ માહે ઓકટોબર-૨૦૧૭ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કો કરી બહાર પાડેલ છે.

જુનાગઢ, ૨૭ માહે ઓકટોબર, સને ૨૦૧૭.

કેયુર પી. જેઠવા,
સબ ડિવીઝનલ મેજીસ્ટ્રેટ,
વંથલી.

---

## જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ દ્વારા

## નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : નધણ/૦૧/ક-૨/૩૨૯/૧૨૬૧/૨૦૧૭.-જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ભુજ-કચ્છ, આથી જાહેર કરે છે કે, શ્રી લુડવા મહિલા દુધ ઉત્પાદક સહકારી મંડળી લી., મુ. લુડવા, તાલુકો : માંડવી, જિલ્લો : ભુજ-કચ્છને સને ૧૯૬૨ના ગુજરાતના કાયદા-૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને-૧૯૬૧) ની કલમ-૯ મુજબ આજરોજ નોંધવામાં આવે છે.

નોંધણી નંબર : નધણ/કેટીએચ/"સે" (દુ) ૪૫૫૩૧, તા. ૧૪-૧૧-૨૦૧૭.

ભુજ-કચ્છ, ૧૪ માહે નવેમ્બર, સને ૨૦૧૭.

---

## નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : નધણ/૦૧/ક-૨/૩૪૦/૧૩૪૬/૨૦૧૭.-જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ભુજ-કચ્છ આથી જાહેર કરે છે કે, શ્રી વાગડ વિસ્તાર ખેત ઉત્પાદન ખરીદ-વેચાણ સહકારી મંડળી લી., મુ. રાપર, તાલુકો : રાપર, જિલ્લો : ભુજ-કચ્છને સને ૧૯૬૨ના ગુજરાતના કાયદા-૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને-૧૯૬૧) ની કલમ-૯ મુજબ આજરોજ નોંધવામાં આવે છે.

નોંધણી નંબર : નધણ/કેટીએચ/"ઉ" (સે) ૧૫૩૧૦, તા. ૨૩-૧૧-૨૦૧૭.

ભુજ-કચ્છ, ૨૩ માહે નવેમ્બર, સને ૨૦૧૭.

જી. એસ. સોલંકી,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
ભુજ-કચ્છ.

---

વંચાણે લીધા :

(૧) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ–૧૯૬૧ની કલમ-૧૦૭ તથા ૧૦૮ની જોગવાઈઓ.

(૨) ગુજરાત સરકારશ્રીના કૃષિ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગરના જાહેરનામા ક્રમાંક : ધખ/૫૧/૨૦૦૫/ એન.એસ.બી./૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ, તા. ૨૧-૦૭-૨૦૧૧.

(૩) અત્રેની કચેરીનાં તા. ૦૮-૦૩-૨૦૧૭નો વચગાળાનો ફડચાનો આદેશ નં. ફડચ/ખ-૪/૧૧૨/૧૭.

## અંતિમ આદેશ

જા. નં. : ફડચ/૧૮૬૪૦/ખ-૪/૫૩૨/૨૦૧૭/૪૭૧૧.-આથી હું, આર. પી. ખરાડી, જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, જુનાગઢ, મને સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયે મળેલ સત્તા અધિકારની રૂએ શ્રી મોમાઈ મજુર સહકારી મંડળી લી., મુ. શેપા, તા. માંગરોળ, જિલ્લોઃ જુનાગઢ કે જેના નોંધણી નં. ૮૨૮૧, સને ૧૯૮૦-૮૧ થી નોંધાયેલ સહકારી સંસ્થા છે. તેને અધિનિયમની કલમ-૧૦૭(૧) (સી) (૪) અન્વયે ફડચામાં લઈ જવાનો અંતિમ હુકમ કરૂ છું. સદર મંડળીના ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી (ફડચો) લગત આ કચેરીની નિમણુંક કરૂ છું.

ફડચા અધિકારીશ્રીએ મંડળીનો તમામ પ્રકારનો ચાર્જ સંભાળી લઈ તેના ચાર્જલીસ્ટની નકલ મંડળીનાં છેલ્લા સરવૈયા હિશાબી પત્રકો સાથે અત્રેની કચેરીને મોકલી મંડળીની ફડચા ફી ની નિયત ધોરણે આકારણી કરી, સહકારી કાયદાની કલમ-૧૧૪ હેઠળ આ હુકમની તારીખ થી ૫ વર્ષ ની અંદર કામગીરી પુર્ણ કરવાની રહેશે.

જુનાગઢ, ૨૦ માહે નવેમ્બર, સને ૨૦૧૭.

આર. પી. ખરાડી,
જિલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, જુનાગઢ.

---

## નોંધણીનું પ્રમાણપત્ર

